જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ

(સચિત્ર)

લેખક : શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ

સંપાદક : આ. વિજય મુનિચન્દ્રસૂરિ

પ્રકાશક : આ. ઉંકારસૂરિ જ્ઞાનમંદિર - સૂરત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી સિદ્ધિ-વિનય-ભદ્ર-જનક-વિલાસ-ઓંકારસૂરિભ્યો નમઃ

આ. ઓંકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલિ મૌક્તિક - ૨૭

જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ

(સચિત્ર)

[શ્રી મહાવીર સ્વામીના સમયથી સં. ૧૯૬૦ સુધીના
શ્વેતાંબર જૈનોના સાહિત્યનું ક્રમબદ્ધ દિગ્દર્શન]

: લેખક :

શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ

: સંપાદક :

આ. વિજય મુનિચન્દ્રસૂરિ

: પ્રકાશક :

આ. ઓંકારસૂરિ જ્ઞાનમંદિર
સુભાષચોક, ગોપીપુરા,
સૂરત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Shahityano Sankshipt Itihas

By : Mohanlal Dalichand Desai

Updated by : Ac. Munichandrasuri M.S.

વી. સં. ૨૫૩૨

વિ. સં. ૨૦૬૨

ઇ. સ. ૨૦૦૬

કિમત : રૂા. ૪૦૦/-

: પ્રાપ્તિસ્થાન :

આ. ઉંકારસૂરિ જ્ઞાન મંદિર
આ. ઉંકારસૂરિ આરાધના ભવન
સુભાષચોક, ગોપીપુરા,
સૂરત ૩૯૫૦૦૧
E-mail omkarsuir@radiffmail.com

ઉંકાર સાહિત્ય નિધિ
વિજયભદ્ર ચે. ટ્રસ્ટ
પાર્શ્વ ભક્તિનગર હાઈવે,
ભીલડીયાજી, જિ. બનાસકાંઠા
ફોન : ૦૨૭૪૪-૨૩૩૧૨૯

સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ - ૧.
ફોન : ૨૫૩૫૬૬૯૨

મુદ્રક :
કિરીટ ગ્રાફીકસ, ૨૦૯, આનંદ શોપીંગ સેન્ટર, રતનપોળ, અમદાવાદ-૧. ફોન : ૦૭૯-૨૫૩૫૨૬૦૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

।। પ્રકાશકીય ।।

'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' મોહનલાલ દ. દેસાઈની એક અતિ મહત્ત્વની કૃતિ છે.

કનૈયાલાલ મુન્શી એ 'સાહિત્ય સંસદ' દ્વારા પ્રગટ થનારા સાહિત્યના ઈતિહાસ માટે જૈન સાહિત્ય વિષે લખવા શ્રી દેસાઈને જવાબદારી સોંપી.

શ્રી દેસાઈએ એ માટે લખેલ નિબંધનું કદ વધતું રહ્યું અને છેવટે અને સ્વતંત્ર ગ્રંથ તરીકે "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ" એ નામે વિ. સં. ૧૯૮૯માં પ્રગટ થયો.

જૈન સાહિત્યના ઈતિહાસનો અતિ અગત્યનો આ ગ્રંથ વર્ષોથી દુર્લભ હતો તેનું પુનઃ પ્રકાશન કરતાં અમને ઘણો આનંદ થાય છે.

આનું સંપાદન પૂ. આ. ભ. શ્રી મુનિચન્દ્રસૂરિ મ.સા. એ રસપૂર્વક કર્યું છે. આ પૂર્વે શ્રી હીરાલાલા ૨. કાપડિયાના "જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ" ભાગ ૧-૨-૩ પણ પૂ. આચાર્ય ભગંવતે સંપાદિત કર્યા છે જેનું પ્રકાશન પણ અમારી સંસ્થાએ કર્યું છે.

પૂ. આ. ભ. મુનિચન્દ્રસૂરિ મ.સા. આ ઉપરાંત શ્રી કાપડિયાના 'પાઈઅ ભાષઆઓ અને સાહિત્ય' નું પણ સંપાદન કરી રહ્યા છે. જેનું પ્રકાશન પણ અમે ટુંક સમયમાં કરવા ધારીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથના પુનઃ પ્રકાશન વખતે સંપાદક આચાર્યશ્રીએ એમાં અનેકવિધ નવી સામગ્રીઓ ઉમેરી ગ્રંથને વધુ ઉપયોગી બનાવ્યો છે.

આ ગ્રંથ પ્રકાશનનો લાભ પૂ. આ. ભ. શ્રી અરવિંદસૂરિ મ.સા.ના વિ.સં. ૨૦૬૧ના આ. ઉંકારસૂરિ આરાધના ભવનમાં થયેલ ચાતુર્માસની અનુમોદનાર્થે શ્રી સંઘે જ્ઞાન ખાતામાંથી લીધો છે. અને સગરામપુરા, ઉમરા આદિ સ્થળોથી શ્રાવિકા બહેનોએ પણ જ્ઞાન દ્રવ્ય અર્પણ કરીને લાભ લીધો છે.

સહુ શ્રુતપ્રેમીઓ આ ગ્રંથનો વધુને વધુ ઉપયોગ કરી સમ્યગ્જ્ઞાનને પ્રાપ્ત કરે એજ અભ્યર્થના.

લી. ટ્રસ્ટીગણ

આચાર્ય ઉંકારસૂરિ આરાધનાભવન

સુભાષચોક ગોપીપુરા

સૂરત ૩૯૫૦૦૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપાદકીય

મોહનલાલ દ. દેસાઇ લિખિત ''જૈન સાહિત્યનો સંક્ષિત ઇતિહાસ'' ઘણા વર્ષોથી દુર્લભ હતો. કેટલીક નવી વિગતો ઉમેરાઇએ પુનઃ પ્રકાશિત થઇ રહ્યો છે તે ઘણા આનંદની વાત છે.

મૂળતો આ ઇતિહાસ '' જૈન ગૂર્જર કવિઓ'' ની પ્રસ્તાવના તરીકે મૂકવાનો શ્રી દેસાઇનો ઇરાદો હતો પણ જેમ જેમ લખતા ગયા, કદ વધતું ગયું અને છેવટે એને જૈન શ્વે. કોન્ફરન્સ દ્વારા સ્વતંત્ર પુસ્તક તરીકે પ્રગટ કરવામાં આવ્યું. (ઇ.સ. ૧૯૩૩માં પ્રગટ થયેલા આ ગ્રંથની ૫૦૦ નકલ લેખકે પોતે પણ પ્રસિદ્ધ કરી છે.)

આ ઇતિહાસ લેખનમાં લેખકે મર્યાદા સ્વીકારેલી છે. ગ્રંથ-ગ્રંથકાર વિષે ઉલ્લેખ જ કરવો ગ્રંથનો પરિચય વગેરે વિશેષ નહિં. જો કે કુવલયમાળા/ સમરાઇચ્ચ કથા વગેરે વિશિષ્ટ ગ્રંથોના પરિચયો આપ્યા પણ છે. આ માટે વિદ્વાનોએ આપેલા પરિચય વગેરેનો સાર આપવાની પદ્ધતિ માટે ભાગે રાખી છે.

આમ છતાં આ ઇતિહાસમાં પ્રસિદ્ધ ઐતિહાસિક વ્યક્તિઓનો પરિચય આપવામાં આવ્યો છે. અને ઘણી જગ્યાએ જે તે વ્યક્તિ વિષે વિગતો આપતાં ઉપલબ્ધ સાહિત્યનાં તમામ ગ્રંથોની નોંધ એક જ સ્થળે આપી દીધી છે.

(જુઓ કુમારપાળ.....) પારા ૩૬૪ થી ૩૮૬ અને ટિ. ૨૮૯ વગેરે.

આ નોંધ કોઇ પણ અભ્યાસીને તે તે બાબતે આગળ વધવા માર્ગદર્શક બને તેવી છે.

હરિવલ્લભ ભાયાણીના શબ્દોમાં કહીએ તો -

વર્ષોથી દુર્લભ આ ગ્રંથના પુનઃપ્રકાશનની આવશ્યકતા વિદ્વાનોમાં ચર્ચાતી હતી.

શ્રી રતીલાલ દીપચંદ દેસાઇ લખે છે કે

''સ્વનામધન્યશ્રી મોહનલાલ દીલચંદ દેસાઇએ આ યુગમાં જૈનસાહિત્યની જે અસાધારણ સેવા કરી હતી તેનું મૂલ્ય આંકી શકાય તેમ નથી. સમયના વીતવા સાથે એમના ગ્રંથનું મૂલ્ય ઘટવાને બદલે કે એ વીસરાઇ જવાને બદલે અભ્યાસીઓને એની ઉપયોગિતા વિશેષ સમજાતી જતી હોવાને કારણે એની માંગ હજુ ચાલુ જ છે, એ એક જ બિના એમના ગ્રંથોની ગુણવત્તા બતાવવા માટે પૂરતી છે. આ સ્થિતિમાં એમણે તૈયાર કરેલ પ્રચૂર માહિતીથી સભર અને અત્યારે અલભ્ય બનેલ ''જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'' નામે દળદાર ગ્રંથ શક્ય હોય તો જરૂરી સુધાર વધારા સાથે, નહીં તો એના મૂળ રૂપમાં ફરી છપાવવો જોઇએ. (જૈન સાહિત્ય સમારોહ ગુચ્છ - પૃ. ૧૨૪)

તાજેતરમાં પ્રગટ થયેલા શ્રી હી.ર. કાપડીયાના 'જૈન સંસ્કૃતસાહિત્યનો ઇતિહાસ' ભાગ ૧-૨- ઉનું કાર્ય ચાલુ હતું ત્યારે આ બાબતે સલાહ સૂચન માર્ગદર્શન માટે વિદ્વાનોને પૂછપરછ કરી હતી. એ રીતે પૂ.આ.ભ.શ્રી પ્રદ્યુમ્નસૂરિ મ.સા.ના પણ સૂચનો મંગાવેલા. એમણે ઉપયોગી સૂચનો કાપડિયાના ઇતિહાસ પરત્વે આપ્યા અને એવું સુચન કર્યું કે મો.દ.દેસાઇનો ઇતિહાસ-પણ-પુનઃ પ્રકાશિત કરવા જેવો છે. આપણે ત્યાં દેસાઇ જેવા શ્રાવક ગૃહસ્થે જે ભગીરથ કાર્યો કર્યા છે એવું કામ કરનાર દિગંબર જૈન સાહિત્ય કે અજૈન સાહિત્યમાં પણ કોઇએ કર્યું નથી.

અજૈન સાહિત્ય બાબતે શ્રી કેશવહર્ષદધ્રુવે શ્રી દેસાઇને ત્યાં સુધી લખ્યું છે કે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"તમે જૈન ગુજરાતી સાહિત્યની જેવી સેવા બજાવી છે તેવી જૈનેતર ગુજરાતી સાહિત્યની સેવા બજાવનાર કોઇ નથી." (જૈન સાહિત્ય સમારોહ ગુચ્છ પૃ.૧૭૫) (જયંત કોઠારીના લેખમાંથી)

પૂ.આ.ભ.શ્રી પ્રદ્યુમ્નસૂરિ મ.સાની પ્રરેણા અમને ગમી ગઇ. કાપડિયાના ઇતિહાસ સંપાદન દ્વારા ઘણું નવું જાણવા મળશે એવી ગણતરી પણ ખરી.

અને આ ગ્રથનું પુનમુદ્રણ શરું થયું.

પ્રસ્તુત સંસ્કરણ

આ સંસ્કરણમાં અમે દેસાઇએ પાછળ પૂર્તિમાં આપેલી વિગતો તે તે સ્થળે જોડી દીધી છે.

આ સિવાય દેસાઇનું લખાણ જેમનું તેમ જ રહેવા દઇ અમને જે નવું ઉમેરાવા જેવું લાગ્યું તે તે સ્થળે { } કૌંસની અંદર (ઇટાલિક ટાઇપમાં) મુકી દીધું છે. દેસાઇના બધા વિચારો સાથે અમે સમંત છીએ એમ માનવું નહીં.

અને અમે જે ઉમેરા કર્યા છે તેની ટુંકી વિગત આ પ્રમાણે છે.

- તે ગ્રંથ પ્રકાશિત થયો હોય તો તેના પ્રકાશક, સંપાદક આદિની વિગત આપી છે. જુઓ પારા ૧૬૫, ૨૯૯, ૩૨૭, ૩૪૧, ૩૯૧, ૪૦૧, ૪૬૪, ૪૭૬, ૪૭૮, ૪૯૬, ૫૦૩, ૫૬૨ વગેરે.

  કોઇ ગ્રંથના અનેક સ્થળેથી પ્રકાશનો થયા હોય તો પણ અમે બધી વિગતો જોડી નથી. આવી વિસ્તૃતી વિગતો માટે શ્રી હીરાલાલ ર. કાપડીયા લિખિત "જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ" ભા.૧-૨-૩ જોવા. આનુ અમે સંપાદન કર્યું છે. આ. ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલી- સૂરત દ્વારા વિ.સં ૨૦૬૦માં પ્રગટ થયા છે.
- તે ગ્રંથના અનુવાદ, વિવેચન પ્રગટ થયાની નોંધ જુઓ પારા ૧૭૩, ૨૪૪, ૩૨૪, ૩૨૭ વગેરે
- તે ગ્રંથ અન્ય નામે પ્રગટ થયો હોય કે અન્યગ્રંથના પેટા ગ્રંથ તરીકે પ્રગટ થયાની વિગત જુઓ પરા ૨૪૨, ૨૯૯, ૩૩૯, ૪૭૪, ૪૭૮ વગેરે
- ગ્રંથકારની અન્ય ગ્રંથરચના વિષે નવી વિગત. જુઓ પારા ૧૮૯, ટિ. ૧૩૬, ૨૦૬, ૨૪૩, ૨૮૦ વગેરે
- તે ગ્રંથના આધારે રચાયેલ ગ્રંથની વિગત. જુઓ પારા ૨૮૪.
- અન્ય વિદ્વાનોએ કોઇ વિશેષ બાબતો જણાવી હોય તેની નોંધ. જુઓ પારા. ૨૧, ટિ. ૭૪, ૧૬૮, ટિ. ૧૨૨, ૮૬૫
- ગ્રંથકકારના સમય વિષે વિગત. જુઓ પાર ૧૮૯
- તે ગ્રંથ કે ગ્રંથકાર વિષે લખાયેલા પુસ્તકો, લેખો આદિની નોંધ. જુઓ પારા ૧૮૮, ૨૦૩, ટિ. ૧૫૮, ૬૪૨
- અન્ય વિદ્વાનોએ દેસાઇથી ભિન્ન અભિપ્રાય દર્શાવ્યો હોય તેની વિગત. જુઓ ટિ. ૮૪, પારા ૨૦૩, ૩૧૭, ૫૨૦, ૬૦૧, ૬૦૪, ૬૨૯, ૬૩૯, ટિ. ૫૪૨
- વિશેષ વિગતો. જુઓ પારા ૧૪૫, ૨૦૬, ૨૦૯, ૨૧૧, ૩૨૪, ૩૨૭, ૪૯૨, ૪૯૯
- તે ગ્રંથની સંસ્કૃત છાયા, અન્ય અપ્રગટ ટીકા આદિની નોંધ ટિ ૨૨૨, પારા ૪૭૪, ૫૫૩
- તે નામના અન્ય ગ્રંથકારો તેમના ગ્રંથોની વિગત. જુઓ પારા ૩૨૦, ટિ. ૨૬૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- દેસાઇની ભૂલ કે ગેરસમજ જણાતી હોય ત્યાં વિગતો દ્વારા સ્પષ્ટી કરણ. જુઓ પારા ૫૪૪, ૫૮૬, ૭૫૫, ૧૧૦૮
- અન્ય અપ્રગટ ગ્રંથો વિષે તેના સારસંક્ષેપ કે અનુવાદના પ્રકાશનની વિગત. જુઓ પાર ૫૬૯, ૭૫૫
- પ્રથમવાર પ્રગટ થતાં ગ્રંથો વિષે નોંધ. જુઓ પારા ૫૬૨, ૫૮૬, ૬૮૮ વિગેરે
- તે ગ્રંથ ઉપર કોઇ નૂતન ટીકા વગેરે રચાયા હોય પ્રગટ થયા હોય તેની નોંધ. જુઓ પારા ૨૨૧, ૫૮૯, ૭૫૩
- તે ગ્રંથનું સંપાદન કાર્ય ચાલુ હોય કે પ્રેસકોપી ક્યાંય હોય તેની નોંધ જુઓ પારા ૮૭૧, ૮૮૦

ઋણ સ્વીકાર

પરમ કૃપાળુ પરમાત્માની અસીમકૃપાના બળે જ આ કાર્ય થઇ શક્યું છે.

સંઘસ્થવરિ આ.ભ. શ્રીમદ્ વિજય **સિદ્ધિસૂરીશ્વરજી** માહરાજા
યુગમહર્ષિ આ.ભ શ્રીમદ્ વિજય **ભદ્રસૂરીશ્વરજી** મહારાજા
સંઘએકતા શિલ્પી આ.ભ.શ્રીમદ્ વિજય **ઉંકારસૂરીશ્વરજી** મહારાજા
વર્ધમાન તપોનિધિ આ.ભ.શ્રીમદ્ વિજય **ભદ્રંકરસૂરીશ્વજી** મહારાજા
આદિ ગુરુભગવંતોના દિવ્ય આશીષ અને
પ્રશાંત મૂર્તિ પૂ. આ.ભ.શ્રી **અરવિંદસૂરીશ્વરજી** મહારાજા
ભક્તિયોગાચાર્ય પૂ.આ.ભ.શ્રી **યશોવિજયસૂરીશ્વરજી** મહારાજા
વિદ્વવર્ય મુનિરાજશ્રી **જંબૂવિજયજી** મ.સા.,
આરાધનારત ગુરુદેવ પૂ. મૂનિરાજશ્રી **જિનચંદ્રવિજય** મ.સા આદિના શુભાશિષના બળે આ સંપાદન કાર્ય થયું છે.

દેવગુરુના ચરણે અનંત વંદના

ગ્રંથ સંપાદનના આ કાર્યમાં અનેક મુનિરાજો સાધ્વીજીઓ આદિએ પ્રુફ-વાંચન વગેરે કરી આપી કાર્ય સરળ બનાવ્યું છે સહવર્તી શિષ્યો મુનિ **દિવ્યરત્નવિજય** અને મુનિ **હીંકારરત્નવિજય** આદિ અનેક રીતે સહયોગી બન્યા છે. પ્રો. **કાંતીભાઈ બી. શાહે** પ્રુફો જોઈ જરુરી સૂચનો કર્યા છે. તેઓ પણ ધન્યવાદને પાત્ર છે.

અનેક જ્ઞાનભંડારોના અનેક ગ્રંથો પ્રસંગે પ્રસંગે વાંચવા મળ્યા છે. આ.શ્રી.કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર કોબા અને મુનિશ્રી **અજયસાગરજી** આદિનો પણ પૂર્ણ સહકાર મળ્યો છે. સહુને ધન્યવાદ!

ગ્રંથના છપાઈ ગયેલા ફર્મા વાંચી વિદ્વદ્વર્ય આચાર્ય શ્રી **જગચ્ચન્દ્રસૂરિ** મ.સા. (ડેલાવાળા) એ ચીવટ પૂર્વક શુદ્ધિપત્રક બનાવી આપ્યું છે. ખૂબ ખૂબ ધન્યવાદ! વાચકોને શુદ્ધિપત્રકનો ઉપયોગ કરવા ભલામણ છે.

જૈન ઉપાશ્રય
બેણપ, તા. વાવ (જિ. બી. કે.)
વિ.સં. ૨૦૬૨, વૈ. વ. ૮

પૂ. આ.ભ.શ્રી.મદ્વિજયભદ્રસૂરીશ્વરજી મ.સાના શિષ્યરત્ન
મુનિરાજશ્રી જિનચંદ્રવિજયજી. મ.સાના વિનેય
આ. વિજય મુનિચંદ્રસૂરિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિવેદન.

भवबीजांकुरजनना-रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णु वां हरो जिनो वा नमस्तस्मै ॥

- ભવરૂપ વૃક્ષના બીજાંકુર એવા રાગાદિક જેના ક્ષય પામ્યા હોય તે ગમે તો બ્રહ્મા હોય, ગમે તો વિષ્ણુ હોય, ગમે તો મહાદેવ હોય કે ગમે તો જિન હોય-તેને મારો નમસ્કાર છે. - હેમાચાર્યકૃત મહાદેવસ્તોત્ર.

'આપણે નિશ્ચય કરીએ કે સત્યની આરાધના છોડવાના નથી. સત્ય માટે દુનિયામાં સાચી અહિંસા એજ ધર્મ છે. અહિંસા તે પ્રેમનો સાગર છે. તેનું માપ જગતમાં કોઇ કાઢી શક્યું જ નથી. એ પ્રેમસાગરથી આપણે ઊભરાઇ જઈએ તો આપણામાં એવી ઉદારતા આવે કે તેમાં આખા જગતને આપણે સંકેલી શકીએ છીએ. એ કઠિન વસ્તુ છે ખરી, છતાં સાધ્ય છે. તેથી આપણે શરૂઆતથી પ્રાર્થનામાં સાંભળ્યું કે શંકર હો કે વિષ્ણુ, બ્રહ્મા હો કે ઈન્દ્ર, બુદ્ધ હો કે સિદ્ધ, મારૂં માથું તેને જ નમે જે રાગદ્વેષરહિત છે, જેણે કામો જીતેલા છે, જે અહિંસાની-પ્રેમની મૂર્ત્તિ છે.

૧. **આ ઇતિહાસની ઉત્પત્તિનો ઇતિહાસ** એ છે કેઃ- ગૂજરાતની અસ્મિતા માટે ગૌરવ ધરાવનાર અને તેની પ્રતિષ્ઠા વધે તેમ કરવા મથનાર સિદ્ધહસ્ત લેખક-નવલકથાકાર શ્રીયુત કનૈયાલાલ માણેકલાલ મુનશી M. A. LL.B. એડવોકેટે સાહિત્ય-સંસદ સ્થાપી. તે દ્વારા 'ગુજરાત' નામનું સચિત્ર માસિક કાઢ્યું. તેમણે મને સને ૧૯૨૨ના ઓકટોબરમાં અંગ્રેજીમાં પત્રદ્વારા જણાવ્યું કે :-

'We have decided to start a work on a history of literature and a Gujarati dictionary.

As a personal friend I have already guaranteed your co-operation and we are going to burden you with the whole load of old Jain literature in which you are the best available authoriry. I think we cannot give you any well-known author but we will have to give you the whole host of obscure Jain authors and you will have to do your utmost in producing the work on a line which will justify the existence of our 'Sahitya Sansad.'

It is a tremendous task and to carry it out through within the short time i.e. before March 1923 is well-nigh impossible but if the Sansad wants to justify the role which it has proposed to play there is no other alternative but to accomplish the impossibility.

- 'અમોએ સાહિત્યના ઇતિહાસ પર એક ગ્રંથ અને ગૂજરાતી શબ્દકોષ કાઢવા નિર્ણય કર્યો છે.

એક અંગત મિત્ર તરીકે મેં તમારા સહકારની જામીનગીરી કયારની આપી છે અને અમો જૂનું જૈન સાહિત્ય કે જેમાં તમે, જેટલા હસ્તગત છે તેમાં, શ્રેષ્ઠ પ્રમાણભૂત છો, તેનો સર્વ ભાર તમોપર લાદવાના છીએ. હું ધારૂં છું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે તમોને કોઈ પણ પ્રસિદ્ધ ગ્રંથકારનું કાર્ય અમે આપી શકતા નથી. પણ તમને અપ્રસિદ્ધ જૈન ગ્રંથકારોના આખા સમૂહનું કાર્ય આપવું પડશે અને તમારે તે કાર્ય આપણી 'સાહિત્ય સંસદ્'ની વિદ્યમાનતાને સાર્થક કરે તેવી શૈલી પર તૈયાર કરવામાં તમારાથી બની શકે તેટલી શક્તિથી કરવું પડશે.

તે જબરૂં કામ છે અને તે ટુંક સમયમાં એટલે ૧૯૨૩માં માર્ચ સુધીમાં પાર પાડવું એ લગભગ અશકય છે, પરંતુ જો સંસદ જે ભાગ ભજવવા બહાર પડેલી છે તે કૃતાર્થ કરવા માંગતી હોય તો તે અશકય વાતને સિદ્ધ કરવા સિવાય છૂટકો નથી.' [જુઓ **જૈનયુગ** પોષ ૧૯૮૨ પૃ. ૧૭૧.]

૨. આના ઉત્તરમાં સુરત મેં જણાવ્યું કે 'આપે લીધેલી યોજના મહાભારત છે અને તેમાં મારાથી યથાશક્તિ અને યથામતિ ફાળો અપાય તેમ હું પ્રયત્નશીલ રહીશ. મને ૨૩ના માર્ચ સુધીમાં તે બંને મહાકાર્યો પૂરાં થવાં અશકય લાગે છે, છતાં પ્રયત્નો **ભગીરથ** હશે તો જ સાધ્ય થવાનો 'ચાન્સ' લાગે છે.' [જૈનયુગ પોષ ૧૯૮૨ પૃ. ૧૭૧]

૩. ગૂજરાતી સાહિત્યના ઈતિહાસ પર **એક** ગ્રંથ જુદા જુદા લેખકોના લેખોવાળો પ્રકટ કરવો, તેના કરતાં તેનાં પાંચ 'વૉલ્યુમો' અમુક અમુક વિષયનાં કરી તે પરના લેખો 'ગુજરાત'માં ચૈત્ર સં. ૧૯૮૦ થી પ્રકટ કરવા શરૂ કરી દેવા એવી સને ૧૯૨૪ના જાન્યુઆરીમાં અંગ્રેજીમાં લખેલી કાચી યોજના મને સૂચના માટે મોકલવામાં આવી અને તેમાં ચોથું ને પાંચમું વૉલ્યુમ નરસિંહથી દયારામ સુધીનાં ચારસો વર્ષ માટે રાખી તેમાં 'જૈન સાહિત્ય' મૂકી તે સંબંધીનું કાર્ય કેટલા પૃષ્ઠમાં કરવું ઘટે તે માટે મારી સૂચના માંગી. આ કાળનું જૈનોનું ગૂજરાતી સાહિત્ય ઘણું હોઈ તેને થોડાં પૃષ્ઠોમાં ન્યાય ન આપી શકાય એમ મેં જણાવ્યું.

૪. આ દરમ્યાન 'ગુજરાતી સાહિત્ય' એ નામની મહાભારત યોજનાનો ખરડો છપાવીને શ્રીયુત મુનશીએ પ્રકટ કર્યો હતો. તેના તંત્રીમંડલના પ્રમુખ તરીકે તેઓ હતા અને તે મંડલના સભાસદો તરીકે અન્ય દશ સભ્યો-લેખકોની નિમણૂંક કરવામાં આવી હતી. તેમાં મારૂં નામ પણ હતું. આ યોજનામાં ભૂમિકાનો પ્રથમ ભાગ, અને પછી આરંભકાલ, મધ્યકાલ અને અર્વાચીનકાલ એમ કાલના ભાગ પ્રમાણે ત્રણ કાલ એટલે કુલ ચાર ભાગ પાડ્યા હતા, અને એ દરેક ભાગને અમુક ખંડોમાં વહેંચી કુલ દશ ખંડોની કાચી ગોઠવણ ઘડી કાઢી હતી. (વૈશાખ સુદ ૯ મંગળ-જુઓ તે વખતનું 'ગુજરાત'). આ યોજનામાં ધીમે ધીમે સુધારા વધારા થતા ગયા. તેમાં મધ્યકાલના યુગની શરૂઆત સં. ૧૪૫૯માં અમદાવાદની સ્થાપનાથી ગણીને સં. ૧૯૦૮ સુધી તેનો અંત સ્વીકારાયો. ભૂમિકાના પ્રથમ અને બીજો એમ બે ખંડ, અને મધ્યકાલનો પાંચમો ખંડ એમ ત્રણ ખંડ પ્રથમ હાથ ધરવામાં આવ્યા.' મધ્યકાલને પમો ૬ઠ્ઠો ને ૭મો એમ ત્રણ ખંડ આપેલા તે પૈકી પાંચમા ખંડનો વિષય 'મધ્યકાલના સાહિત્યના પ્રવાહો વીશે અગ્રલેખો' રાખ્યો હતો. તે અગ્રલેખોમાં સાતમો અગ્રલેખ નામે 'જૈન સંપ્રદાય અને આ મધ્યકાલનું ગુજરાતી સાહિત્ય' મૂકી તેના લેખક તરીકે મારૂં નામ પ્રસિદ્ધ કર્યું હતું.

આ પાંચમા ખંડના અગ્રલેખ લખનારાઓને સૂચનાઓ તંત્રીમંડલે એ કરી હતી કેઃ-

૧ દરેક અગ્રલેખ 'ગુજરાત'નાં ૨૦ કે ૨૫ પૃષ્ઠોથી વધારે લાંબો ન કરવો.

૨ દરેક અગ્રલેખનાં ૪, ૫ કે ૬ પ્રકરણો કરવાં.

૩ દરેક અગ્રલેખો એવી રીતે વહેંચવામાં આવ્યા છે કે તેથી એક જ વિષય તેમાં આવી જાય. આથી બીજા વિષય વીશે કે સામાન્ય વિષય સંબંધી એમાં કૈં પણ ન આવે તો ચાલશે.

૪ બને ત્યાં સુધી આધાર ટાંકવાની તસ્દી લેવી અને તે વિષય સંબંધી પુસ્તકોની યાદી યોગ્ય લાગે તો પરિશિષ્ટમાં આપવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫ દરેક અગ્રલેખમાં એક બલ આવી જાય છે તો તે બલની ઉત્પત્તિ, તેનું ગુજરાતમાં દર્શન કેમ થયું અને તેણે કેવું સ્વરૂપ પકડ્યું તે પણ તેમાં આવી જવાં જોઇએ. બાકીના ભાગમાં તે બલનો વિકાસ, તેનો પરિપાક, તેનું સાહિત્યમાં દર્શન, તેમાં સાહિત્યમાં આવેલી વિશિષ્ટતા અને સમૃદ્ધિ, તેનું અદૃષ્ટ થવું અને તેની બીજા બલોપર અસરઃ આ વસ્તુઓ પર બને તો દૃષ્ટિબિંદુઓ રજુ કરવાં. (વૈશાખ સુદ ૯ મંગળ.)

આ યોજનામાં ધીમે ધીમે સુધારા વધારા થતા ગયા.

૫. ૧૯૨૪ના જુનમાં 'જૈન સંપ્રદાય અને આ કાલનું સાહિત્ય' ના પરનો લેખ લખાઈ ગયો હશે, નહિ તો સત્વર શરૂ કરી જુનની અંતે મળે તેમ મંત્રીએ પત્રથી જણાવ્યું. સાથે લખવાના મુદ્દાઓની નોંધ મોકલી કેઃ- '૧ જૈન સંપ્રદાયનો ઉદય, ૨ તેનું સ્થાન ૩ તેનું ગુજરાતમાં આગમન, ૪ વલભી. ચાવડા અને સોલંકી સમયનો જૈન મત, ૫ મુસલમાન રાજ્યની શરૂઆતમાં જૈન ધર્મની સ્થિતિ, ૬ દશમી સદીમાં જૈન ધર્મની ગુજરાતના જીવન પર અસર, ૭ મુસલમાન રાજ્ય પહેલાંનું જૈન સાહિત્ય, ૮ મધ્યકાલના જૈન સાહિત્યના મુખ્ય ગુણ, ૯ પ્રબંધ સાહિત્ય, તેની વિશિષ્ટતા, ખુબીઓ અને ખોડો, ૧૦ નરસિંહ યુગના જૈન કવિઓ, ૧૧ નાકર અને પ્રેમાનંદ યુગના કવિઓ, ૧૨ દયારામ યુગના કવિઓ ૧૩ આ યુગોમાં સાહિત્યની પ્રગતિ અને વિકાસ, ૧૪ મધ્યકાલમાં સાંસ્કારિક બલ તરીકે જૈનમત, સાહિત્યમાં પ્રતિબિંબિત થયેલું હોય તે'-તે નોંધમાં મથાળે નોંધ કરી હતી કે '૩૦ થી ૩૫ લખેલાં પાનાં કરતાં વધારે નહીં. પહેલાં મથાળાં બે પાનાં કરતાં વધુ નહીં'-આટલા ટુંકા લખાણમાં આ ૧૪ મદ્દા સમાવી આખો લેખ લખવાનું મારે માટે અશકય હતું; ત્યારપછી શ્રી મુનિશીએ આ અગ્રલેખમાં એવાં પ્રકરણો પાડવાનું સૂચન કરી ગયા કે '(1) Jainism 4 Printed pages (2) Jainism as a political & social force in Hindu-Gujrat આરંભકાલ 830-1459 (3) Jain literature in the આરંભકાલ (4) Jainism as a political and social force during the મધ્યકાલ સં. ૧૪૫૯ to ૧૯૦૮ (5) The growth and progress of Jain literature during મધ્યકાલ (6) The characteristic from (પ્રબંધ Form) of Jain litrature (7) The ideal of Jain literature during this age. ત્યાર પછી તે બાબત પર ખૂબ ઊહાપોહ, મંત્રણા, આગ્રહ થતાં રહ્યાં અને થોડાં વધારે પાનાં થશે તો ચાલશે. પણ લખવા માંડો-આમ તે પ્રમુખ શ્રી મુનશીએ જણાવ્યું એટલે છેવટે ઉપરના સર્વ મુદ્દાઓ પર લક્ષ રાખી 'જૈનો અને તેમનું સાહિત્ય' એવું મથાળું બાંધી તેના પર નિબંધ લખવાનું મેં સને ૧૯૨૬ના પ્રારંભમાં શરૂ કર્યું.

૬. તે લખતાં ૩૫ પછી ૪૦, પછી ૫૦ એમ પૃષ્ઠો પ્રમુખ શ્રીયુત મુનશીએ વધારી આપવા છતાં પણ મધ્યકાલીન (સં. ૧૪૫૯ થી સં. ૧૯૦૮ સુધીના) સાહિત્યનો વારો આવે તે પહેલાંનાં પ્રકરણોનાં પૃષ્ઠો પદ થઇ ગયાં. આથી જગ્યાનો અતિ સંકોચ પડ્યો. મધ્યકાલીન ગૂજરાતી સાહિત્ય માટે પ્રધાનતઃ લખવાનું હતું તે અતિ ગૌણ કરી નાંખવું પડ્યું. તે સાહિત્યના જૈન કવિઓ અને તેમની કૃતિઓનો માત્ર નામનિર્દેશ કરી તે ભાગ ટૂંકાવવો પડ્યો. દરેક શતકવાર જૈન કવિઓનાં કાવ્યોના નમુનાઓ તૈયાર કરેલા તે ઉક્ત નિબંધમાંથી બાદ કરવા પડ્યા. તત્કાલીન રાજકીય સ્થિતિ અને અન્ય ધર્મોના પ્રવાહોનો સ્પર્શ જ કરી ન શકાયો.

૭. આ રીતે લખાયેલો નિબંધ જે પંદર પ્રકરણોમાં પૂરો થયો તે આ પ્રમાણે છેઃ- ૧ જૈન ધર્મનો ઉદય અને તેનું સ્થાન ૨ આગમ કાલ-આરંભકાલ (વિ. સં. પૂર્વે ૪૭૦ થી વિ. સં. ૩૦૦), ૩ વલભી અને ચાવડાનો સમય (સં. ૩૦૦ થી સં. ૧૦૦૦), ૪ સોલંકી વંશ (સં. ૧૦૦૧ થી ૧૨૩૦), ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હેમયુગ-હેમચંદ્રસૂરિ (સં. ૧૧૪૫ થી ૧૨૨૯), ૬ અપભ્રંશ સાહિત્ય (વિ. ૮ થી ૧૨ મી સદીનું), ૭ સોલંકી વંશ-અનુસંધાન (સં. ૧૨૩૦-૧૨૯૯), ૮ વસ્તુપાલ તેજપાલનો સમય (વસ્તુ-તેજ યુગ સં. ૧૨૭૫ થી ૧૩૦૦), ૯ વાઘેલા વંશ (સં. ૧૩૦૦ થી ૧૩૫૬), ૧૦ ગૂજરાતમાં મુસલમાનો (સં. ૧૩૫૬ થી ૧૪૫૬), ૧૧ સોમસુંદર યુગ (સં. ૧૪૫૬ થી ૧૫૦૦), ૧૨ વિક્રમ સોળમું શતક, લાવણ્યસમય યુગ (સં. ૧૫૪૦ થી ૧૫૯૦), ૧૩ હીરવિજયસૂરિનો-હૈરક યુગ (૧૭મો સૈકો), ૧૪ યશોવિજય યુગ (૧૮મું શતક), ૧૫ વિક્રમ ૧૯મું શતક-ઉપસંહાર.

૮. સાહિત્ય સંસદ તરફથી 'ગુજરાતી સાહિત્ય' (ગુજરાતની સંસ્કૃતિના શબ્દદેહનું દિગ્દર્શન) ખંડ ૫ મો નામે 'મધ્યકાલનો સાહિત્યપ્રવાહ' સાત ભાગમાં વિભક્ત કરી પ્રકટ કરવામાં આવ્યો, તેમાં બીજા-ત્રીજા-અને ચોથા ભાગમાં પૃ. ૬૬ થી ૧૫૮ સુધીનાં કુલ ૯૩ છાપેલાં પૃષ્ઠોમાં મારો ઉક્ત નિબંધ સન ૧૯૨૬માં જ પ્રકટ થયો. આ નિબંધ માટે શ્રીયુત નાનાલાલ ચિમનલાલ મહેતા I. C. S. (સિવિલિયન)એ પ્રતાબગઢ ઔંધથી તા. ૨૬-૧૦-૧૯૨૬ના મારા પરના પત્રમાં જણાવ્યું કે:-

'I have been reading your 'જૈનો ને તેમનું સાહિત્ય' in Gujarati Sahitya with much admiration for sound scholarship and proper perspective. I do not think there is anything in the Gujarati literature or in any other language that I know of, what gives such detailed information about Jain literature. x x x

- હું 'ગુજરાતી સાહિત્ય'માં તમારો 'જૈનો ને તેમનું સાહિત્ય' (એ નિબંધ) વાંચી ગયો છું અને તેમાંનાં સંગીન વિદ્વત્તા અને યથાસ્થિત રેખાદર્શન માટે મને અતિ આદર ઉત્પન્ન થયો છે. ગૂજરાતી વાઙ્મયમાં કે મને માહીતી જેની છે એવી કોઈ બીજી ભાષામાં જૈન સાહિત્ય સંબંધી આવી વિસ્તૃત માહિતી આપે એવું કંઈપણ હોય એમ હું ધારતો નથી.

૯. આ અને બીજા વિદ્વાનોના સારા અભિપ્રાયોથી મને પ્રોત્સાહન મળ્યું. તેથી તે વિષયમાં તજજ્ઞ એવા વિદ્વાનોને બતાવી તેમની સૂચનાઓ મેળવવા મેં પ્રયત્ન કર્યા. મારા મિત્ર પંડિતશ્રી લાલચંદ ભગવાનદાસ ગાંધીને તેનો અમુક ભાગ જોવા મોકલી આપ્યો, ને તેમણે જોઈ જઈ તેમાં અહીં તહીં યોગ્ય સુધારાવધારા ટુંકમાં કર્યા પણ પછીના ભાગ અનવકાશ આદિના કારણે પોતે જોઈ ન શક્યા. પછી મારા સુહૃદોઃ-પંડિત શ્રી બેચરદાસ, રા. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી અને રા. રસિકલાલ છોટલાલ કાપડીઆ તે છપાયેલો નિબંધ વાંચી જોઈ ગયા અને તે સંબંધી કંઈક સૂચનો યત્રતત્ર તેમણે કર્યા. બીજા જૈન સાક્ષરોને જૈન યુગના તંત્રી તરીકે મેં તેના કાર્તિક માગશર ૧૯૮૩ના અંકમાં ઉક્ત નિબંધમાં સુધારા વધારા સૂચવવા માટે પ્રેમપૂર્વક જાહેર આમંત્રણ કરેલું પણ કોઈએ સૂચના કરવા તસ્દી લીધી નથી. આ રીતે આ નિબંધ તે આકારમાં જ થોડા અહિં તહીં ફેરફાર સાથે રહ્યો.

૧૦. **'જૈન ગૂર્જર કવિઓ-બીજો ભાગ'** નામના મારા ગ્રંથની પ્રસ્તાવના તરીકે આ નિબંધ તે ગ્રંથના પ્રથમ ભાગના નિવેદનમાં જણાવ્યા પ્રમાણે આપવાનો મેં વિચાર રાખ્યો હતો, પરંતુ તેને સપ્રમાણ સંશોધિત વર્દ્ધિત આકારમાં પુનઃ લેખારૂઢ કરી મૂકવાનો અને ખાસ કરી જૈન આગમ-સાહિત્યનો ઇતિહાસ ઉમેરવાનો મારા સહૃદય મિત્રો અને ખાસ કરી મારા સુહૃદ રા. મોહનલાલ ભગવાનદાસ ઝવેરીનો આગ્રહ થતાં તેમ કરવાનો અથાગ પરિશ્રમ સને ૧૯૨૮ના વર્ષથી આરંભ્યો. તે નિબંધનું નામ ફેરવીને **'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'** રાખી, શ્રીમન્ મહાવીર પ્રભુના આગમ-સાહિત્યથી શરૂઆત કરી એક એક પ્રકરણ હું લખતો ગયો. સાત સાત પ્રકરણોનો એક વિભાગ કરવામાં આવ્યો, ને જેમ જેમ લખાઇ પ્રકરણ તૈયાર થાય તેમ તેમ તેનાં ૫૦-૧૦૦ પૃષ્ઠ છાપવા મોકલાતાં ગયાં. પ્રથમ હમો ૧૯૨૮ના જુલાઇમાં છાપખાને મોકલાયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧. ત્યાં એક અઘટિત ઘટના થઈ. તા. ૧૮-૮-૨૮ને દિને મારા ટેબલ પર મારા ચાર વર્ષની વયના ચિ. રમણિકલાલે દીવાસળી સળગાવી-તેથી થયેલી ન્હાની આગને પરિણામે આ જૈન સાહિત્યના ઇતિહાસની સં. ૧૩૦૦ પછીની મારી નોંધો બળીને ખાખ થઇ ગઈ; અને બીજાં થોડાં પુસ્તક વગેરે કેટલુંક દાઝી ગયું, પણ આગ વિશેષ પસરી નહિ તેથી ઘણું બચી ગયું તે માટે પ્રભુનો ઉપકાર ! ન્યૂટન અને તેના પ્રિય શ્વાનનો દાખલો યાદ આવ્યો ! આ કારણે સં. ૧૩૦૦ પછીની નોંધો પુનઃ કરી પુનર્લેખન કરવામાં પરિશ્રમ લેતાં મૂળ કરતાં વિશેષ સારૂં લખાયું હશે એ પ્રતીતિથી જે થયું તે સારાને માટે એ કહેવત અનુસાર રમણિકે રમણીય કર્યું એવો મારા મને સંતોષ લીધો.

૧૨. આ છપાવાનો આરંભ ૧૯૨૮ના સપ્ટેંબરમાં થયો. કારણ કે મે માસમાં 'જૈન ગૂર્જર કવિઓ-બીજો ભાગ'-એ ગ્રંથનું મૂળ વસ્તુ છપાતું હતું તે પૂરૂં થયું હતું અને આ નિબંધ બાકી હતો. તે નિબંધનાં મૂળ 'ગુજરાત' માસિકના કદ જેવાં ૯૩ છપાયેલ પૃષ્ઠ હતાં તે શોધિત-વર્દ્ધિત થઈને તે ગ્રંથના કદનાં બહુ તો ત્રણસોથી ચારસો છપાયેલ પૃષ્ઠો થશે એમ અડસટો થયો હતો. એક બાજુ લખાતું જાય ને બીજી બાજુ છપાતું જાય; પ્રેસાદિની અનિયમિતતા પણ આડી આડી આવતી જાય, છતાં બનતી ત્વરા રાખવામાં મેં પ્રમાદ પ્રાયઃ સેવ્યો નથી.

૧૩. જૈન ગૂર્જર કવિઓ-બીજા ભાગની પ્રસ્તાવના તરીકે આ ઇતિહાસ છપાતો હતો. તેથી તેની સાથે તે આવનાર હતો, પરંતુ તે પ્રસ્તાવના જુદા પુસ્તક રૂપે પણ પ્રકટ થાય તો વધારે સારૂં, બને એવો અભિપ્રાય પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં મૂકેલા મારા 'જૂની ગૂજરાતી ભાષાનો સંક્ષિપ્ત ઇતિહાસ' નામના નિબંધ માટે કેટલાક વિદ્વાનોએ જુદા ગ્રંથાકારે બહાર પાડવાની પરમ આવશ્યકતા જણાવી હતી, તેથી તેની પાંચસેં નકલ મારા તરફથી મારા ખર્ચે જુદી છાપી આપવાનું શ્રી જૈન શ્વે. કૉ.ના જનરલ સેક્રેટરી રા. મોહનલાલ ઝવેરીની સંમતિ લઇ મેં પ્રેસને કહી દીધું હતું, ને તે પ્રમાણે છપાયેલ છે.

૧૪. આમ છપાતાં મૂળ ત્રણસોથી ચારસો પૃષ્ઠ ધારેલા હતાં, તેને બદલે સને ૧૯૩૦ની આખરે હીરવિજયસૂરિના સમય સુધીના છ વિભાગનાં જ છપાઈને પ૬૦ પૃષ્ઠ થયાં-એટલે ધારેલ કરતાં દોઢું બમણું છપાઇ ગયું, અને તે ઉપરાંત બીજું વધારે છપાવવાનું બાકી રહ્યું એટલે આ ઇતિહાસની બધી નકલો જૂદા જ પુસ્તક રૂપે બહાર પાડ્યા વગર છૂટકો જ નથી એમ સમજાતાં ઉક્ત 'જૈન ગૂર્જર કવિઓ-બીજો ભાગ' કે જે કયારનો (સને ૧૯૨૮ના સપ્ટેમ્બર પહેલાં) પ્રેસમાં છપાઇ ગયો હતો. તે પુસ્તક રૂપે આ સંબંધીના નિવેદન સહિત બહાર પાડી દેવાનું સને ૧૯૩૧ના પ્રારંભમાં નક્કી થયું ને તેના પરિણામે તે ઉક્ત ઇતિહાસની પ્રસ્તાવના વગરનો બંધાઇ ૧૯૩૧ના પ્રથમાર્ધમાં બહાર પડી ગયો, કે જે સંબંધી વિદ્વાનો-પત્રકારોના અભિપ્રાય આ ગ્રંથને અંતે મૂકવામાં આવ્યા છે અને તે પરથી તેનું મૂલ્ય આંકી શકાશે. આ ઇતિહાસ કુલ ૮ **વિભાગમાં** ને તે દરેકનાં ૭ પ્રકરણ એટલે કુલ ૫૬ પ્રકરણમાં-૫૭૭ ટિપ્પણ સહિતના ૧૧૯૫ પેરામાં-૮૩૨ પૃષ્ઠમાં સને ૧૯૩૧ના લગભગ આખરે છપાઇ રહ્યો. પછી વિસ્તૃત **અનુક્રમણિકા** કરતાં લગભગ ૭૫૦૦ કાપલીઓ વિશેષ નામો આદિની થઇ ને તેને ૨૩ વિષયમાં અક્ષરાનુક્રમે ગોઠવી પ્રેસમાં ૧૯૩૨ના મે માસમાં મોકલતાં તેનાં ૧૮૮ પૃષ્ઠ છાપતાં પ્રેસે પાંચ માસ લીધા. તે અનુક્રમણિકા એ આ ઇતિહાસના વિશેષ શબ્દો-નામોનો કોશ છે.

૧૫. આ **વિસ્તૃત અનુક્રમણિકા** પછી **'શુદ્ધિ અને વૃદ્ધિપત્રક'** મૂકેલું છે. તે સંબંધી જણાવવાનું કે આખો ઇતિહાસ મૂળ છપાઇ જતાં ત્રણ વર્ષ લાગ્યાં. દરમ્યાન તેના પર પ્રકાશ પાડતાં ચાર પુસ્તકો બહાર પડ્યાંઃ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) પં. સુખલાલ કૃત તત્ત્વાર્થ સૂત્ર પર ગૂ૦ વ્યાખ્યા ભાગ બીજાની પ્રસ્તાવના (પ્ર૦ ગૂજરાત વિદ્યાપીઠ) (૨)અ૦ સુખલાલ સંઘવી અને અ૦ બેચરદાસ દોશીએ તૈયાર કરેલ સન્મતિપ્રકરણ-પ્રસ્તાવના અનુવાદ વિવેચન આદિ સહિત પ્ર૦ શ્રી પુંજાભાઇ જૈન ગ્રંથમાળા કાર્યાલય, અમદાવાદ). (૩) મુનિશ્રી કલ્યાણવિજય કૃત નિબંધ નામે 'વીરનિર્વાણ સંવત્ ઔર જૈન કાલગણના' (પ્ર. નાગરી પ્રચારિણી પત્રિકા ૧૦-૪ અને ૧૧-૧ અંકમાં, પછી જુદા પુસ્તકાકારે પ્ર૦ ક. વિ. શાસ્ત્ર સમિતિ, જાલોર {પ્ર. શા.ચિ.એ.રી}) અને (૪) તે મુનિશ્રીની પ્રભાવકચરિતના પ્રબંધોની પર્યાલોચના (પ્ર૦ ચ. નું ગુ. ભાષાંતર પ્ર૦ જૈન આત્માનંદ સભા ભાવનગર. {બીજી આવૃત્તિ આ. ૐકારસૂરિ જ્ઞાન મંદિર દ્વારા પ્રગટ થઈ છે.} આ ચારેમાંથી ઉપયુક્ત લાગેલી હકીક્તોની દરેક પારા અને ટિપ્પણવાર નોંધ કરી તે વૃદ્ધિને **શુદ્ધિ અને વૃદ્ધિપત્રક**માં આ પુસ્તકને અંતે પ્રકટ કરેલ છે; આથી આ ઇતિહાસ સાંપ્રતકાલ સુધી લભ્ય માહિતીવાળો (uptodate) કરવામાં આવ્યો છે. તે પત્રકમાં આવેલ વિશેષ શબ્દો-નામોને ઉપર્યુક્ત 'વિસ્તૃત અનુક્રમણિકા' માં દાખલ કરવાનું શકય નહોતું તેમ તેની જુદી અનુક્રમણિકા થઇ શકી નથી તેને માટે મને ખેદ થાય છે. પણ વસ્તુસ્થિતિ સમજાતાં વાચકો તેને નિભાવી લેશે. {આ આવૃત્તિમાં તે વિશેષશબ્દો દાખલ કરી દીધા છે.}

૧૬. આ ઇતિહાસના અગ્ર ભાગમાં આ **નિવેદન** સાથે, પ્રો. **કામદાર**ની **પ્રસ્તાવના,** {આ આવૃત્તિમાં પ્રસ્તાવના પ્રગટ કરવામાં આવી નથી.} આ ગ્રંથમાં વાપરેલા ટુંકા અક્ષરો સમજાવવા માટે **સાંકેતિક અક્ષરોની સમજ,** જે સાઠ ચિત્રો આમાં રાખેલાં છે તે દરેકની ટુંકી હકીક્ત સમજાવતો **ચિત્રપરિચય;** તથા તે સર્વ ઉપરાંત આ ઇતિહાસના દરેક વિભાગ ને તેના દરેક પ્રકરણમાં આવતી હકીક્તો અતિ સંક્ષેપમાં જણાવતો સામાન્ય **વિષયાનુક્રમ** મૂકેલ છે. આ સર્વ વાચકોને દરેક જાતની સરલતા આપી દરેક રીતે માર્ગદર્શક થશે.

૧૭. આ ઇતિહાસના ચોથા વિભાગનું ચોથું પ્રકરણ નામે 'વસ્તુ-તેજયુગમાં સાહિત્ય પ્રવૃત્તિ' તે છપાતું હતું ત્યારે એક વાનગી તરીકે **જૈનયુગ**ના ભાદ્રપદથી કાર્ત્તક ૧૯૮૫-૮૬ ના અંકમાં પૃ. ૮૨ થી ૯૫ માં પણ તેના તંત્રી તરીકે મેં નિવેદિત કર્યું હતું કે જે પરથી તેના વાચકોને તે ઇતિહાસ કેવી શૈલી પર લખાય છે તે જાણવાનું મળી આવે. આ પ્રકરણ વાંચી **કૌ**મુદી પત્રના વિદ્વાન્ તંત્રીશ્રી **વિ**જયરાય ધ્રુવે તેના માર્ચ ૧૯૩૦ના પૃ. ૧૯૭ પર પોતાની ૨૧-૨-૩૦ ની 'ડાયરીમાંથી' એ મથાળા નીચે જણાવ્યું હતું કેઃ-

'છ અઠવાડિયાં પર આવેલ આ અંક ('જૈનયુગ' ભાદરવાથી કાર્ત્તક) આજેજ કેકે નિવૃત્તિથી જોઈ શકયો. તેનાં સવાસોથી પણ વધુ પાનાંમાં મોટે ભાગે તે જૈનોપયોગી કે પ્રાચીન સાહિત્યના અભ્યાસીઓને ઉપયોગી વિદ્વત્તા ભરચક ભરી છે. મિત્રદાવે મારૂં પહેલું ધ્યાન તો ગુજરાતના ગણતર તરૂણ વિદ્વાનોમાંના એક **ચી**મનલાલ **જે. શા**હના ઉત્તર હિંદમાંના જૈનધર્મ વિશેના એમના નિબંધની અનુક્રમણિકાએ ખેંચ્યું. આટલા પરથી જ લેખકની મહેનત ને ઝીણવટ એટલી બધી દેખાય છે કે આખું પુસ્તક પ્રગટ થયે એ વિષયના વાડ્મયમાં કીમતી ઉમેરો થવાનો જ. આ જ કથન તંત્રી રચિત 'જૈનસાહિત્યનો ઇતિહાસ'માંથી વસ્તુપાળ તેજપાળના યુગની સાહિત્યપ્રવૃત્તિનું પ્રકરણ પ્રસ્તુત અંકમાં છપાયું છે, તેને વિશે કરી શકાય. શો જીવનપર્યંત કર્યાજ કરેલો સાહિત્ય-સંચય ! **મો**હનભાઈ સામે કોઇપણ વાજબી ફરિયાદ હોય તો એ જ હોઈ શકે કે પોતાનાં સાધનશક્તિનો લાભ આજ પહેલાં જુજ પ્રમાણમાં તેઓ આપતા હતા; હવે વધુ આપે છે, પણ હજી પૂરતા પ્રમાણમાં કદાચ નહીં. વસ્તુપાળ તત્કાલીન આંતરપ્રાંતીય પ્રતિષ્ઠા વાળા કવિ અને વિદ્યાપોષક હતા, તેમણે રૂા. ૧૮ હજાર (જો એ વાતમાં ખાસ અત્યુક્તિ ન હોય તો) માત્ર લાયબ્રેરીઓ પાછળ જ ખર્ચેલા, તેથી એઓ તો સંવત તેરમા સૈકાના કાર્નેજી જેવા; આ બધું મને તો આ લેખે જ પહેલીવાર શીખવ્યું.

૧૮. હવે આ સમગ્ર ઇતિહાસ બહાર પડે છે, તો તેના અધ્યયનથી ઘણી વાતો નવી અને તે પહેલીવારની માલૂમ પડશે. તેની ટુંક સિલસિલાબંધ તપાસ (survey) જૂદી આપવા અને તેમાં જે જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુસ્તકો મુદ્રિત થઈ ગયાં છે તે સર્વેની વિષય-માહિતી, તેમજ ટીકાત્મક ચર્ચા કરી મૂકવા સંકલ્પ હતો પણ તે પાર પડી શકયો નથી. તેમ કરતાં હજુ કેટલાંયે વર્ષો વીતી જાય અને કદાચ મનની મનમાં સમાય, તે ભયથી જેટલું બની શકે તેટલું, સંગ્રહ કરી એક 'સંગ્રહ-ગ્રંથ' તરીકે યા કૃતિઓ કર્ત્તા વગેરેના સમયબદ્ધ અનુક્રમમાં તેના 'કોશ' તરીકે હાલ આપી પ્રકટ કરવું તે વાત મુખ્યપણે લક્ષમાં રાખી સાથે સાથે બની શકે તેટલી વિષયમાહિતી ને ચર્ચા પણ ટુંકમાં લખી નાંખી આ ઇતિહાસ પ્રકટ કરી નાંખેલ છે. તે લખતાં-છપાતાં ચાર વર્ષ વીતી ગયાં. એની પાછળ દિનરાત શ્રમ લેવામાં મેં કચાશ રાખી નથી. સમય લઈ પોતાને ખર્ચે જૂદે જૂદે સ્થળે જઈ પુસ્તકભંડારો જોઈ તપાસી આવવા, તેમાંથી મળેલાં તેમજ અન્ય પ્રાપ્તવ્ય સાધનોને પ્રાપ્ત કરી સંગ્રહ કરવો, તેમાંથી નોંધો-ટાંચણો કરી લેવાં, તે પરથી પ્રમાણો આપી પ્રકરણો લખવાં, છાપવા મોકલવાં, તેનાં પ્રુફોનું શોધન કરવું, તેને પાછાં મંગાવી સુધારવાં-પ્રેષવાં, જેની વિસ્તૃત અનુક્રમણિકા કરવી વગેરે બધુંય એકલે પંડે કોઈની પણ સહાય વગર-એક 'પ્રુફ-રીડર' જેવાની પણ મદદ વગર કરીને આ પુસ્તક મેં ગૂજરાતને સાદર ધર્યું છે.

૧૯. જે સ્થળના જૈન પુસ્તક ભંડારો હું સં. ૧૯૮૬ સુધીમાં જાતે જઈ તપાસી આવ્યો તેનો ઉલ્લેખ મેં મારા જૈનગૂર્જર કવિઓના પ્રથમ અને બીજા ભાગનાં નિવેદનોમાં કર્યો છે. આ જોવામાં પહેલેથી મારી દૃષ્ટિ દેશી ભાષા-કવિઓ પ્રત્યે હતી. સંસ્કૃત આદિમાં ગ્રંથ રચનારની થોડી પ્રશસ્તિઓ પહેલાં લખી રાખી હતી તે મેં શ્રી જિનવિજયને આપી દીધી હતી. મને એ સ્વપ્ને પણ ન હતું કે મારે આવો ઇતિહાસ લખવાનું અતિ શ્રમસાધ્ય કાર્ય કરવું પડશે; સં. ૧૯૮૫ માના મે માસની છૂટીમાં ખેડાના ભંડાર જોવા હું ગયો ત્યારથી બધી ભાષામાં રચાયેલાં હસ્તલિખિત પુસ્તકોની પ્રશસ્તિઓ લેવી-તપાસવી મેં શરૂ કરી. પછી સં. ૧૯૮૭ના આશોમાં મહુવામાં મારા મુરબ્બી મિત્ર રા. ફુલચંદ ખુશાલચંદ શાહને ત્યાં રહી ત્યાંના શ્રી યશોવૃદ્ધિ જૈન બાલાશ્રમના હસ્તકનો મુનિ ગુલાબનો તથા ત્યાંના વૃદ્ધ મુનિશ્રી તિલકવિજયનો એમ બે પુસ્તકસંગ્રહ તપાસ્યા. તે વખતે ત્યાં શ્રી વિજયમોહનસૂરિને વિનંતિ કરતાં તેમના વડોદરાના 'શ્રી મુક્તિકમલ જૈન મોહન જ્ઞાનમંદિર'ની ટીપ જોવા મળી. ને પછી સં. ૧૯૮૮ના માગશર-માહમાં તે ટીપમાંની ગૂજરાતી ભાષાની બધી અને બીજી ભાષાની થોડી જોવા માગેલી હસ્તપ્રતો મુંબઈ મારે ખર્ચે મોકલવાની વ્યવસ્થા તેમના લખાણથી શેઠ પાનાચંદ ધારશી અને રા. લાલચંદ નંદલાલ શાહ દ્વારા થઈ ને તેનો લાભ મેં લીધો. આ દરમ્યાન મુંબાઈના શ્રી મહાવીર સ્વામીના દહેરાસર, પાયધુનીમાંનો જિનદત્તસૂરિ ભંડાર પણ મેં જોઈ લીધો. આ રીતે ગ્રંથો તપાસવામાં નિમિત્તભૂત થનાર સર્વેનો ઉપકાર હું સ્વીકારૂં છું.

૨૦. મારા મુરબ્બી મિત્ર શ્રીયુત કેશવલાલ પ્રેમચંદ મોદી B.A.LL.B. વકીલ, અમદાવાદ-તેમણે અમદાવાદના અનેક જૈન ભંડારોની તપાસ લેવામાં, મને બીજી રીતે પ્રેરણા કરવામાં (દા.ત. ફૉર્બસ ગૂજરાતી સભાએ 'જૈન અને બૌદ્ધ મતનો સંક્ષિપ્ત ઇતિહાસ તેના સિદ્ધાંતો અને વૈદિક મત સાથે તેની તુલના' પર નિબંધ માટે મને રૂ. ૫૦૦ નું પારિતોષિક આપવાનું સન ૧૯૧૪માં ઠરાવેલું હતું તે લખવામાં મને પ્રેરણા કરનાર તેઓ હતા), સાહિત્ય સામગ્રીની સહાય આપવામાં અને અનેક રીતે મારી સાહિત્ય સેવામાં રસ લેવામાં જે શ્રમ, પ્રીતિ અને સહકાર દાખવ્યાં છે તે માટે તેમનો હું ઋણી છું. તેમનો સ્વર્ગવાસ સને ૧૯૩૨ના જુનમાં થતાં આખા જૈન સાહિત્યજગત્‌માં ખોટ પડી છે. કારણ કે જૈન સાહિત્ય સંબંધી પાશ્ચિમાત્ય સ્કૉલરો સાથે અખંડ પત્ર વ્યવહાર કરનાર, તેમને હસ્તલિખિત પુસ્તકો પૂરાં પાડનાર, અપ્રકટ ગ્રન્થોને પ્રકટ કરાવવામાં ભારે જહેમત લેનાર, ગમે તે ભંડારમાંથી કે સાધુ પાસેથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોઈતી પ્રત મેળવી આપનાર, સાહિત્યસેવીઓને અનેકવિધ સહાય દેનાર તેમના જેવા સરલસ્વભાવી સજ્જન હાલ સાંપડે તેમ નથી. તેમના આત્માને શાંતિ મળો !

૨૧. **ભંડારો-સૂચીપત્રો**-જૈન ભંડારો અને તેની ઉપયોગિતા સંબંધી આ ગ્રંથમાં પારા ૧૧૧૧-પમાં લખાયું છે છતાં તેના સંબંધમાં જેટલું કહીએ તેટલું ઓછું છે.

શ્વેતાંબર જૈનોએ-જૈન સાધુઓએ ગૂજરાતને સાહિત્યથી સમૃદ્ધ કરવામાં-શોભાવવામાં મોટો ફાળો આપ્યો છે, અને દરેક ગામ અને શહેરમાં રહેતા ઉપાશ્રયોમાં ગ્રંથભંડારો રાખી સાહિત્યને સાચવી રાખ્યું છે. તે દરેક ભંડારની ટીપ મેળવી કોઈપણ પુસ્તક-કૃતિની પ્રત ક્યાં મળે છે તેની નોંધ લેવા ઉપરાંત હાલમાં જે જે પ્રસિદ્ધ ભંડારો છે તેનો સમગ્ર જનતા સહેલાઈથી-વિશેષ મુશ્કેલી વગર લાભ લઈ શકે, તે માટે તેમને સાર્વજનિક ભંડારો કરાવવા પ્રયાસ સેવવાનો છે અને જે જે પ્રસિદ્ધ ભંડાર છે તેની શોધખોળ કરી બહાર લાવવાની જરૂર છે.

૨૨. રાય બહાદુર **હી**રાલાલે ૧૭-૧૨-૩૧ દિને **પ**ટણામાં 'ઑલ-ઈંડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સ'ના પ્રમુખ તરીકે આપેલ ભાષણમાંથી ભંડારોની શોધખોળની જરૂર સંબંધે ફકરો નોંધવા જેવો છેઃ-

A thorough exploration of Bhandaras, which the foresight and excellent arrangements of the Jainas have so carefully preserved, has yet to be made. Regarding Pattan Jaina Bhandaras Professor Peterson said: 'I know of no town in India and only a few in the world, which can boast of so great a store of documents of such venerable antiquity. They would be the pride and jealously guarded treasure of any University Library in Europe.' There are 13,000 manuscripts in Pattan, a descriptive and annotated catalogue of which is in course of preparation.

-જે ભંડારો જૈનોની દીર્ઘદૃષ્ટિ અને તેમના ઉત્કૃષ્ટ પ્રબંધથી સંભાળપૂર્વક સંરક્ષિત રહ્યા છે. તેની સંપૂર્ણ શોધખોળ હજી કરવાની રહે છે. પાટણના જૈન ભંડારો સંબંધી પ્રોફેસર પીટર્સને કહ્યું હતું:- 'પાટણ જેવું ભારતમાં એક પણ શહેર મેં જોયું નથી. તેમજ તેના જેવાં આખા જગત્‌માં માત્ર જુજ શહેરો છે કે જે આટલી બધી ભવ્ય પ્રાચીનતાવાળી હસ્તલિખિત પ્રતોનો સંગ્રહ ધરાવવાનું અભિમાન ધરાવી શકે. આ પ્રતો તો યુરોપની કોઈ પણ યુનિવર્સિટી (વિદ્યાપીઠ)ના પુસ્તકાલયનો મગરૂરી લેવા લાયક અને અદેખાઈ આવે એવી રીતે સંગ્રહી સાચવી રાખેલો ખજાનો થઈ શકે તેમ છે.' પાટણમાં તેર હજાર હસ્તલિખિત પ્રતો છે કે જેનું વર્ણનાત્મક અને ટીકાવાળું સૂચીપત્ર તૈયાર થાય છે.

૨૩. આ સૂચીપત્ર મૂળ સ્વ૦ સાક્ષર શ્રી **ચિ**મનલાલ **ડા**હ્યાભાઈ દલાલ M.A.એ તૈયાર કરેલું અને તેને સુધારી વિસ્તારી સુંદર આકારમાં વિશેષ માહિતી સાથે મૂકવાનું કાર્ય મારા મિત્ર પંડિત શ્રી **લા**લચંદ **ભ**ગવાનદાસ **ગાં**ધી તૈયાર કરે છે ને તે ગાયકવાડ સરકાર તરફથી તેની પૌર્વાત્ય ગ્રંથમાલામાં છપાતું જાય છે. જેસલમેરના પ્રાચીન જૈન ભંડારમાના પ્રાચીન ગ્રંથોનું સૂચીપત્ર તે બંને ભાઈઓના તે રીતે થયેલ પ્રયાસને પરિણામે તેજ ગ્રંથમાલામાં ક્યારનું છપાઈ ગયું છે. **લીં**બડીનો ભંડાર કાઠિયાવાડમાં મોટામાં મોટો છે અને તેનું સૂચીપત્ર ગ્રંથ અને ગ્રંથકારની નામાવલી ને રચ્યા-લખ્યા સંવતવાલું સાક્ષર મુનિશ્રી **પુ**ણ્યવિજયના મહાપ્રયાસના પરિણામે બહાર પડી ચૂકયું છે, પણ તે ઉપર્યુક્ત બે સૂચીપત્રોની બરોબરી કરી શકે તેમ નથી, છતાંયે તેવા સ્વરૂપે પણ બીજા ભંડારો જેવા કે પ્રવર્ત્તક શ્રીમન્ **કા**ન્તિવિજયજીના **વ**ડોદરા અને **છા**ણીના બે ભંડાર, **વિ**જયધર્મસૂરિનો હાલ **આ**ગ્રામાં રહેલ ભંડાર, **વિ**જયનેમિસૂરિના **ખં**ભાત અને **અ**મદાવાદમાંના ભંડાર, **સુ**રતના **મો**હનલાલજી જૈન શ્વે૦ જ્ઞાનભંડાર-**જૈ**નાનંદ પુસ્તક ભંડાર-**જિ**નદત્તસૂરિ ભંડાર-**સી**મંધર સ્વામીના મંદિરમાનો તે વડા ચૌટાના ઉપાશ્રયનો વગેરે ભંડાર, **રા**ધનપુરનો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીકાનેરનો, કચ્છ-કોડાયનો, કલકત્તા ગુલાબકુમારી લાયબ્રેરીનો આદિ અનેક સ્થળના ભંડારોની ટીપો છપાઈ બહાર પડે તો સારૂં.

૨૪. શ્રીયુત ન્હાનાલાલ **ચી. મ**હેતા આઈ.સી.એસ. જણાવે છે કે 'ગુજરાતનો અઢળક પૈસો દાન અને બીજા ન્યાતજાતના વરાઓમાં ખરચાય છે. તો શું એ સંભવિત નથી કે ગુજરાતના પાટનગરમાં ગુજરાતનું એક સંગ્રહાલય ઉભું થાય અને ત્યાં ગુજરાતની ભૂતકાળની અને હાલની સમૃદ્ધિઓનું ભાન આવે અને એના ભવિષ્યની ઝાંખી થાય એવી વસ્તુઓનો સંગ્રહ થાય. જૈન શ્રીમંતોમાં તો ભંડારો સ્થાપવાની અને જ્ઞાન-સંસ્થાઓ નીભાવવાની જુની પરંપરા છે. હજી જૈન સાધુઓમાં જેટલા ધુરંધર પંડિતો નીકળશે તેનાથી દશમાં ભાગના પણ બીજા સંપ્રદાયમાંથી નહિ નીકળે. જૈન પ્રજાની આસ્થા હજી સાધુ યતિઓ ઉપર છે. એ બન્નેનું કર્ત્તવ્ય છે કે જૈન સંઘની કીર્ત્તિનો ધ્વજ એક સમૃદ્ધ જૈન સંગ્રહાલય ઉપર ફરકે. સાધન તો અનેક મોજૂદ છે. એ ભેગાં કરવાની અને એને યોગ્ય મકાનમાં સજાવવાની જ જરૂર છે. જૈન જનતા સામે પૈસાનો સવાલ ઉભો કરીએ એ તો ધૃષ્ટતાજ કહેવાય.' (**'પ્રસ્થાન'**-મહા ૧૯૮૫ પૃ. ૨૩૪)

૨૫. **પ્રદર્શનો**-ભંડારમાં, સાધુઓ, યતિઓ તેમજ ખાનગી વ્યક્તિઓ પાસે રહેલી અપ્રસિદ્ધ હસ્તલિખિત પ્રતો જાહેર પ્રજા સમક્ષ મૂકવાની તક સાહિત્ય પરિષદ સાથે તેના આશ્રય નીચે ભરાતા સાહિત્ય પ્રદર્શન સમયે બહુ જ અલ્પ પ્રમાણમાં લેવામાં આવે છે, અને તેનો પણ જોઈએ તેવો વ્યવહારૂ લાભ લઈ શકાતો નથી. કારણ કે તેનો અહેવાલ, તેની યાદી વગેરે તે પ્રદર્શન જેના આશ્રય નીચે ભરાય તે સંસ્થા પ્રકટ કરતી નથી. તેથી તે માત્ર તમાસારૂપે-થોડા દિવસના દૃશ્યરૂપે નિવડે છે.

૨૬. જૈન સાહિત્ય પ્રદર્શન સં. ૧૯૮૭ ના પોષમાં અમદાવાદ ભરાયું હતું તે પહેલાં જ અગાઉથી જૈનયુગના ૧૫-૧-૩૧ના અંકમાં મેં સ્પષ્ટ જણાવ્યું હતું કે :-

પ્રદર્શન લોકો સંખ્યાબંધ આવીને જોઈ જાય, મોટી સંખ્યા જોઈને જણાવે કે જૈનોનું સાહિત્ય ઘણું છે અને પાંચ પચીસ દિવસ તે ખુલ્લું રહે અને પછી તેને સમેટી લેવામાં આવે તેથી પ્રદર્શનની ખરી મહત્તા અને ઉપયોગિતા સિદ્ધ નહિ થાય. તે સિદ્ધ કરવા માટે નીચેની સૂચનાનો અમલ કરવા મારી આગ્રહપૂર્વક ભલામણ છેઃ-

૧. પ્રદર્શનમાં જે જે મૂકાય તેની સામાન્ય માર્ગદર્શક માહિતી આપતું અને ખાસ લક્ષ ખેંચનારી વસ્તુઓની મહત્તા સમજાવનારૂં પુસ્તક છપાવી જુજ કિંમતે જોવા આવનાર જનતાને પૂરૂં પાડવું.

૨. સર્વ પ્રદર્શિત સાહિત્યની વિગતવાર વર્ણનાત્મક સૂચી છપાવી બહાર પાડવી.

૩. વિદ્વાનો અભ્યાસીઓ અને સાહિત્યજ્ઞોને નોતરવા અને તેમના બહોળા જ્ઞાનનો લાભ ભાષણો-વ્યાખ્યાનો દ્વારા જનતાને આપવો.

૪. તે તે વિદ્વાનો અને સાહિત્ય પ્રેમીઓને, કળાવિદોને પ્રદર્શિત સામગ્રીની પૂરી નોંધ કરવા, પોતાને ખપ પૂરતું ઉતારી લેવા વગેરેની સર્વ જાતની સગવડ કરી આપવી.

૫. 'જૈન ગૂર્જર કવિઓ'માં જે શૈલી પર ગૂજરાતી ભાષાના શતકવાર જૈન કવિઓ લઈને તેની દરેક કૃતિઓના આદિ અને અંત ભાગોની નોંધ કરવામાં આવી છે તે શૈલીપર સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં રચાયેલી કૃતિઓના જૈન ગ્રંથકારોની શતકવાર વર્ણનાત્મક સૂચી તેમની અંતની સંપૂર્ણ પ્રશસ્તિઓ અને આદિનાં મંગલાચરણ સહિત તેમજ તેની પ્રતો જ્યાં જ્યાં મળે છે તે ભંડાર, પ્રતની પત્રસંખ્યા, લેખકપ્રશસ્તિ વગેરે સહિત પ્રકટ કરવામાં આવે તો જૈન સાહિત્યનો અને સાહિત્યકારોનો ઇતિહાસ પૂરો પાડવામાં મહાન્‌માં મહાન ફાળો આપી શકાશે.

૬. ઐતિહાસિક ગ્રંથો જે જે હોય તે છપાવી પ્રકટ કરવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭. સુંદર ચિત્રકામની કૃતિઓના ફોટા પાડી તેના 'બ્લૉકો' કરાવી છપાવી બહાર પાડવા.

આ સૂચનાઓનો અમલ કરવામાં ભારે પુરૂષાર્થ અને મહાભારત શ્રમ સેવવાની જરૂર છે. તે માટે યોગ્ય કાર્યકર્ત્તાઓને ચુંટી નિયુક્ત કરવામાં આવે, તેમણે એકઠી કરેલ સામગ્રીને પ્રકટ કરવા માટે દ્રવ્યનો વ્યય થાય તો જ આ પ્રદર્શનની સંગીન કિંમત ચિરકાલ સુધી અંકાશે અને તેનું કાર્ય અમર થશે. નહિ તો તે પાંચ પચીસ દહાડાનો તમાસો જેમ તેવાં પ્રદર્શનો થાય છે તેમ લેખાશે.

આ પ્રદર્શન સાહિત્યનું જ હોઈ તેમાં સાહિત્ય સંબંધી જ કથની હોઈ શકે-એટલે કે સાહિત્યનો કેમ પ્રચાર અને વિચાર થાય, વર્ત્તમાન જમાનામાં જૂના સાહિત્યનો લાભ કેવી રીતે મેળવી શકાય અને જમાનાની જરૂર પ્રમાણે તે સાહિત્યમાંથી નવીન શૈલી પર કેવી રીતે સાહિત્ય ઘડી શકાય તેનો ઊહાપોહ, મીમાંસા અને સદોદિત વિચાર કરવાનું હોય. પક્ષાપક્ષી સાહિત્યમાં હોય જ નહિ. સર્વ જનો ત્યાં આવી શકે, ભાગ લઈ શકે અને સાહિત્યની સુગંધનો લાભ ઉઠાવી શકે એ પ્રમાણે પ્રદર્શનના કાર્યવાહકો કરશે અને તેમ હોઈ પક્ષાપક્ષી રાખ્યા વગર સર્વે પોતપોતાનો ફાળો વિના સંકોચે આપશે.

૨૭. 'પ્રસ્થાન'ના એક વિદ્વાન તંત્રી રા. રસિકલાલ છોટાલાલ પરીખ ઉપર્યુક્ત પ્રદર્શનમાં ભ્રમણ કરી પોતાના વિચાર તે પત્રના પોષ ૧૯૮૭ ના અંકમાં પૃ. ૧૮૫-૮ પર જણાવે છે તે ઉપયોગી હોઈ ટુંકમાં સારરૂપે અત્ર મૂકવામાં આવે છે :-

''અક્ષરે અક્ષરે દીવા બળે''–કાર્લાઈલનું એક સુપ્રસિદ્ધ વાક્ય છે :-The true university in these days is a collection of books-આજના જમાનામાં પુસ્તકસંગ્રહ એ ખરી વિદ્યાપીઠ છે.' દરેક સંસ્કારી પ્રજામાં આ જાતની વિદ્યાપીઠ હોય છે. પ્રાચીન ભારત વર્ષ પણ આ સંસ્કારિતામાં અગ્રણી હતો. ઉક્ત પ્રદર્શનમાં ગુજરાતની જનતાને પ્રથમવાર કાર્લાઈલે કહેલી વિદ્યાપીઠના પ્રાચીન રૂપનું દર્શન થયું. પ્રાચીન કાળમાં હિંદુસ્તાનમાં વાડ્મય કેટલી વિવિધ રીતે, કેટલી મનોહર રીતે, કેટલી ભક્તિથી, કેટલી ચીવટથી અને બુદ્ધિથી પુસ્તકારૂઢ થતું તેનું ગમગીની ઊપજાવે એવી પરિસ્થિતિમાં મોહક દર્શન થયું. ગમગીની જૈન સંપ્રદાયના સ્ત્રી પુરૂષોનો મોટો ભાગ જે જડતાથી એ જ્ઞાનપૂજા (?) કરતો હતો, અને પ્રદર્શનના વ્યવસ્થાપકો એ જડતાને જે રીતે પોષતા હતા તેથી થઈ.

'આ દર્શન ખરેખર મોહક હતું. સૌથી મોટું આકર્ષણ અક્ષરકળા હતી; બીજા અર્થમાં પણ જાણે એ કળા અક્ષર લાગતી હતી ! અક્ષરો એટલા તાજા લાગતા હતા કે જાણે ગઈ કાલેજ લખ્યા હોય! આજના મુદ્રણયુગમાં આ લેખનકળા બહુ ઉપેક્ષા પામી છે; પણ સાચા કેળવણીકારો સુંદર અક્ષરોનું મહત્ત્વ સમજે છે. એવા કેળવણીકારોને આમાં ઘણું જોવા જાણવાનું મળે. આ અક્ષરો જેટલું ધ્યાન રોકતા હતા તેટલું જ ધ્યાન સચિત્ર ગ્રંથ રોકતા હતા. લખાણની સાથે બુદ્ધિને ચિત્રથી મદદ કરવાની પ્રથા ઘણાને આજની લાગે. પણ પુસ્તક રચનાની આ પદ્ધતિ હિંદુસ્થાનમાં પ્રાચીન છે એ ત્યાં રહેલા કાગળના, તાડપત્રોના અને કપડાના ગ્રંથો ઉપરથી સ્પષ્ટ દેખાતું હતું. અહીંઆ એ કહેવું અપ્રસ્તુત નહિ ગણાય કે આકારની દૃષ્ટિએ થોડાંક ચિત્રો જ કલાયુક્ત હતાં, પણ રંગની મોહકતા અને તાજગી માટે લગભગ બધાં જ ચિત્રો ધ્યાન ખેંચે એવાં હતાં. + + +

'આ સિવાય બાકીની તો જૈનોની દ્રવ્ય પૂજા-જડ પૂજા હતી. દ્રવ્ય શબ્દ ચાલુ વ્હેવ્હારી પૈસાના અર્થમાં તેમજ જૈન દર્શનની પરિભાષાના અર્થમાં વાપરૂં છું. જડપૂજા કેટલી હદ સુધી જઈ શકે છે એ જે અજ્ઞાનતાથી ત્યાં વાસકેપ (? વાસક્ષેપ) નખાતો હતો તથા પૈસા મુકાતા હતા તે ઉપરથી જણાતું હતું. બીચારા ભાવિક જૈનો એક જ શ્રદ્ધાથી આગમ ગ્રંથને, કાવ્ય અને અલંકાર ગ્રંથોને, વૈદકના ગ્રંથોને, જ્યોતિષના ગ્રંથો વગેરેને જે રીતે નમતા હતા. તેથી ખરેખર ગ્લાનિ ઊપજતી હતી. બધાનો આકાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૂની પ્રતોનો-અને જૂની પ્રતો એટલે પૂજાનો વિષય-જેમાંથી અઢળક ધન મળી જાય કે એકદમ મુક્તિ મળી જાય એવું આમાં કાંઇક અગમ્ય છે. એવી માન્યતાનો વિષય! પ્રદર્શનની ગોઠવણીમાં કોઈપણ જાણકાર માણસનો હાથ હોય એમ જણાતું ન હતું; વિષયો પ્રમાણે ગ્રંથો ગોઠવવાનો પ્રયત્ન હતો પણ તેમાં ઘણી ભૂલો હતી. સ્ત્રીઓને માટે કાંઈ ખાસ સગવડ ન હતી. જે રીતે ધક્કામુકીમાં સ્ત્રી-પુરુષો ભેગા થઇ જતા, જોનાર કાંઈ જોઈ શકે એ પહેલાં પ્રદર્શકો જે રીતે બૂમો પાડતા, જ્ઞાનપૂજા કરવાની હાસ્યજનક હાકલો જે રીતે થતી-તે ઉપરથી પ્રેક્ષકને જરૂર એમ લાગે કે જાણે અમદાવાદમાં હજી પહેલી વાર પ્રદર્શન ભરાય છે. વ્યવસ્થિત ધંધો ચલાવનારા જૈન વ્યવસ્થિત પ્રદર્શન ન ભરી શકે એ કેવી જ્ઞાન પૂજા કહેવાય ? વર્ત્તમાન જૈનો એકલી દ્રવ્યપૂજા કરવાની કુશળતા તેમણે ગુમાવી દીધી છે ? જેના પૂર્વજોએ હિંદુસ્તાન માટે આટલો વારસો સોંપ્યો તે જૈનો તેનું વ્યવસ્થિત પ્રદર્શન પણ ન ભરી શકે ?' x x [એક પ્રતની નોંધ લેતાં ભઈયાએ હાથ પકડ્યો-'શેઠકી મનાઈ હૈ ! કુચ બી લીખનેકી મનાઈ હૈ-એ કારણ બતાવવું, છેવટે પ્રદર્શનના એક કાર્યકર્ત્તા પાસે જવું વગેરે ખેદકારક પ્રસંગની રા. રસિકદાસની નોંધ અત્ર ઉતારવી યોગ્ય નથી.]

'આ પ્રદર્શન જોઈ દરેક પ્રાચીન સંસ્કૃતિના અભ્યાસીને થયું હશે કે ગુજરાત પાસે હજી આ પ્રાચીન ગ્રંથોની સમૃદ્ધિ ઘણી છે. આ ગ્રંથોને કોઇ સાર્વજનિક સંસ્થામાં વ્યવસ્થિત રીતે સાચવવા જોઇએ, (આ ગ્રંથો કેવળ જૈનોની મુડી નથી, તે આખા ભારતવર્ષની સમૃદ્ધિ છે.) તેમનું વ્યવસ્થિત રીતે વર્ગીકરણ થવું જોઈએ, તેમનાં વર્ણન આપતાં સૂચીપત્રો થવાં જોઇએ, ખાસ ગ્રંથોના સંપાદન થવાં જોઈએ ઇત્યાદિ ઇત્યાદિ,-પણ અનેક વિઘ્નો છે ! જૈનો ઉપર કહ્યું તેમ હજી દ્રવ્યપૂજામાં રાચે છે, સંપ્રદાયની સંકુચિતતામાં હજી શરમ જોતા નથી, ગુજરાતનો ઇતર વિદ્વાનવર્ગ જૈન સાહિત્યની ઉપેક્ષા કરે છે, ગુજરાતનો ધનિક વર્ગ અસંસ્કારી છે, તેમને આવી બાબતોમાં પૈસા ખર્ચવા નકામા લાગે છે-ઈત્યાદિ વિચાર પરંપરા મારા જેવાને થાય તેથી શું ?'

૨૮. આમ પ્રદર્શન ભરાયા પહેલાં મેં અને ભરાયા પછી રા. રસિકલાલભાઈએ જણાવ્યું છતાં તેનું કંઇએ પણ રચનાત્મક સ્થાયી કાર્ય દેખાયું નથી; હમણાં ખબર મળી છે કે 'જૈનસાહિત્ય પ્રદર્શન વીર સં. ૨૪૫૭ પ્રશસ્તિ સંગ્રહ' એ મથાળાથી કેટલાક ગ્રંથોની પ્રશસ્તિઓનો સંગ્રહ વિદ્યારસિક મુનિ શ્રી ચતુરવિજયજીના સંશોધકપણા નીચે આસ્તે આસ્તે છપાય છે. બહાર પડે ત્યારે ખરો. આ છતાં પણ તે માટે અને સાહિત્યપ્રદર્શન ગોઠવી જનતાને દર્શન કરાવવા માટે લીધેલ શ્રમ ખાતર દેશવિરતિ સમાજને કંઇક અભિનંદન ઘટે છે.

૨૯. સાર્વજનિક ભંડાર અને પ્રદર્શન ઉપરાંત વિદ્વાનો ઉત્પન્ન કરવાનાં ધામોની-**વિહાર કે આશ્રમો**ની બહુ જરૂર છે, પણ તેમાં ઘણી મુશ્કેલી છે. એ માટે ધન, વિદ્વત્તા અને જીવનસમર્પણ હોય તો જ એવાં ધામ ઉભાં થઈ નભી શકે. આ વિશે એક સુંદર બનાવ **ગાં**ધીજીએ મ્હૈસૂરની મુલાકાત ૧૯૨૭ના ઓગસ્ટમાં લીધી ત્યારે બન્યો તે લક્ષમાં રાખવા યોગ્ય છે. 'મ્હૈસૂરનું પુરાતત્ત્વ ખાતું એક આશ્ચર્યકારક વસ્તુ છે. ત્રીસ વર્ષો થયાં એ કામ કરે છે. એ ખાતા દ્વારા મ્હેસૂરના પુરાતત્ત્વનાં તમામ સાધનોની શોધખોળ થઇ છે. શિલાલેખોનું વર્ગીકરણ થયું છે અને હજી વધારે ને વધારે પ્રકાશ પડ્યો જાય છે. એ ખાતાનું એક 'પુરાતત્ત્વમંદિર' છે. મંદિરની બહાર દિવાલમાં પ્રાચીન મૂર્ત્તિઓનાં દર્શન કરીને જ માણસ જાણે છે કે ક્યા મંદિરમાં તે પ્રવેશ કરી રહ્યો છે. એના પુસ્તકાલયમાં ૧૧,૦૦૦ હસ્તલેખો છે. આજે એના મુખી ડૉ. **શામશા**સ્ત્રી છે. આ હસ્તલિખિત પ્રતોમાંથી **કૌ**ટિલ્યનું '**અર્થ**શાસ્ત્ર' એમણે ખોળ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને એની શુદ્ધ પ્રત અને ભાષાંતર એમણે બહાર પાડ્યાં. ડૉકટરનો ઈતિહાસ જાણવા જેવો છે. જેમ પંડિત ધર્માનંદ કોસંબીએ પાલીનો અભ્યાસ કર્યા પછી જ મોટી ઉંમરે અંગ્રેજીનો અભ્યાસ કર્યો તેમ બાવીશેક વર્ષો સંસ્કૃતનો ગંભીર અભ્યાસ કર્યા પછી જ ડૉ. શામશાસ્ત્રી અંગ્રેજી ભણ્યા. બંને પંડિતોને પોતાના અભ્યાસના ફળ વિશાળ વાચકવર્ગને આપવાને અર્થે અંગ્રેજી જાણવાની જરૂર લાગી ત્યારે જ તેઓ અંગ્રેજી શીખ્યા. (હાલ પં. સુખલાલજીએ અંગ્રેજીનો અભ્યાસ કયારનો શરૂ કર્યો છે,) ડૉક્ટર સાદા, ભલા, અભ્યાસમાં ખૂંચેલા પંડિત છે. પોતાનું પ્રસિદ્ધ પુસ્તક તથા પોતાના પરિશ્રમના ફળ વર્ણવતો પોતાના ખાતાનો દળદાર હેવાલ લઈને તેઓ ગાંધીજીને ચરણે પડ્યા. કેટલોક સંવાદ કર્યો. મુખ્ય પ્રશ્ન એ હતો કે 'અશોકને ઉપગુપ્ત, પુષ્યમિત્રને પતંજલિ, કુમારપાળને હેમચંદ્ર, વિજયનગરના રાજ્યને વિદ્યારણ્ય જેવા વ્યવહારનિષ્ણાત સાધુઓ મળ્યા હતા. એવા સાધુઓ ઉત્પન્ન થાય તો આપણી સ્થિતિ ફરી જાય. આ માર્ગ મઠો સ્થાપવાથી જ મોકળો થઈ શકે. આપ એવાં મઠોની સ્થાપના ન કરી શકો?' તેના ઉત્તરમાં ગાંધીજીએ પોતાની અશક્તિ અને તેમાં રહેતી મુશ્કેલીઓ જે શબ્દોમાં જણાવી તે માટે નવજીવન તા. ૧૪-૮-૨૭ નું વાંચવા વાચકોને ભલામણ છે.

૩૦. આવા વિહારો સ્થાપવા એ મધુરું સ્વપ્ન ગણાશે, પણ તે અગર તેના જેવું કંઈક ફલિત કરવું યોગ્ય છે. અમદાવાદમાં પુરાતત્વ મંદિર થવાથી ત્યાં શ્રી જિનવિજય, પં. સુખલાલ અને બહેચરદાસ, ધર્માનન્દ કોસંબી, રસિકલાલ, કાલેલકર કાકા આદિ વિદ્વાનોની મંડળી જામી હતી, અને 'પુરાતત્ત્વ' નામનું ત્રિમાસિક નિકળતું હતું, દિલ્હીમાં 'સમન્તભદ્રાશ્રમ' ખોલાવી તેના આશ્રય તળે 'અનેકાન્ત' માસિક કાઢનાર પં. જુગલકિશોર મુખત્યારનો પ્રયત્ન પણ થઈ શમી ગયો. આ પ્રયત્નોના ફળ તરીકે અનેક પુસ્તકો, લેખો વગેરે પ્રાપ્ત થયેલ છે. પરંતુ એ પાછળ સંસ્કારી ધનિકોના ધનનું પીઠબળ સારા પ્રમાણમાં નહિ હોવાથી તે ચિરંજીવી થયા નહિ, એ ખેદનો વિષય છે. જો મઠ-વિહાર જેવું બની શકે તેવું ન હોય તો જ્યાં વિદ્વાનો એકઠા મળી શકે અને પોતાનું કાર્ય ધપાવવા માટે પુસ્તકસંગ્રહ આદિ સાધનો તથા યોગ્ય આજીવિકા મેળવી શકે એવાં ધામો રાજ્ય અગર સંસ્કારી ધનિકો ધારે તો સ્થાપી નિભાવી શકે.

૩૧. શ્રીમંત મહારાજા ગાયકવાડ સરકારનો જૈનસાહિત્ય પ્રત્યેનો પરમાદર જાણીતો છે. તેમણે પાટણના જૈનભંડારોની સદ્‌ગત સાક્ષર શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદી પાસે પ્રથમ ફેરિસ્ત કરાવી પ્રકટ કરી હતી. પરંતુ ભૂલમાં તેની થોડી નકલો છપાઈ-ત્યારપછી સદ્‌ગત સાક્ષર શ્રી ચીમનલાલ દલાલ પાસે તે પાટણના ભંડારો અને જેસલમેરના જૈનભંડારનાં સૂચીપત્રો તૈયાર કરાવ્યાં તે પૈકી પ્રથમનું છપાય છે તે બીજું છપાઈ ગયેલ છે. પાટણના ભંડારમાંથી દ્વયાશ્રય, યોગબિંદુ, અનેકાંતપ્રવેશ, વિક્રમાર્ક પ્રબંધ-સિંહાસન દ્વાત્રિંશિકા, કુમારપાલપ્રબંધ આદિનાં ગુજરાતી ભાષાંતર ઉક્ત સદ્‌ગત મણિલાલ નભુભાઈ પાસે તૈયાર કરી મહારાજા સાહેબે પ્રકટ કરાવ્યાં, હમણાં વડોદરામાં 'પૌર્વાત્ય ગાયકવાડ ગ્રંથમાલા' રૂપે ઉપયોગી પ્રાચીન પુસ્તકોનાં વિદ્વાનો પાસે સંશોધન કરાવી પ્રકાશન કરવા માંડ્યાં છે. તેમાં જૈન પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે-તેના ૬૨ ગ્રંથો પ્રસિદ્ધ થયાં છે, ૩૦ છપાય છે અને બીજા તૈયાર થાય છે. તદુપરાંત 'ઓરિયન્ટલ ઈન્સ્ટિટયૂટ' સ્થાપી સંસ્કૃત પ્રાકૃત માગધી વગેરે ભાષાના અપ્રસિદ્ધ ગ્રંથોની લગભગ પંદર હજાર હસ્તલિખિત પ્રતો મેળવી એક ખાસ સંગ્રહ કરવામાં આવ્યો છે અને 'સેંટ્રલ લાયબ્રેરી' નામના મહાપુસ્તકાલયમાં એક લાખ ઉપરાંત પુસ્તકો રાખવામાં આવ્યાં છે. રાજદફતરની ભાષા પોતાની મુખ્ય વસ્તીની ભાષા ગૂજરાતી રાખી છે, ગૂજરાતી પ્રાચીન કાવ્યમાળામાં ૩૬ ગ્રંથો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અગાઉ પ્રસિદ્ધ કરાવ્યાં કે જેમાં એક જૈન કવિ નેમવિજયનો શીલવતી રાસ દાખલ થયેલો છે. રાજ્યમાં પ્રાથમિક કેળવણી મફત અને ફરજીયાત કરી છે, અને આખા રાજ્યમાં ૪૫ કસ્બા પુસ્તકાલયો, ૮૦૦ ગ્રામ્યપુસ્તકાલયો, ૧૨ ખાસ સ્ત્રી અને બાળકો માટેનાં પુસ્તકાલયો અને ૧૬૦ વાંચનગૃહો તેમજ ફરતી ચોપડીઓની પેટીઓની વ્યવસ્થા લોકોમાં વાંચનનો શોખ અને વિચાર-વિકાસ વધે એ માટે કરી છે. આ સર્વ માટે તે શ્રીમંતનો ભારે ઉપકાર પ્રજાએ માનવો જોઈએ.

૩૨. પૂર્વે વિદ્યાપોષક રાજવીઓ તરફથી વિદ્વાનોને રાજ્યાશ્રય મળતો. જેવો રાજા તેવી પ્રજા, જેવી પ્રજા તેવો રાજા એમ અન્યોન્યાશ્રયી હતું. જેવી પ્રજા તેવું સાહિત્ય ઘડાતું, જેવું સાહિત્ય તેવું પ્રજાજીવન થતું, છતાં રાજકારણ (politics) ધર્મ, સાહિત્ય, વિજ્ઞાન, વ્યાપાર વગેરેના સર્વપ્રદેશો પર સત્તા કે અંકુશ ભોગવતું નહોતું.

મનુષ્યના માનસ પાસે સામાન્ય રીતે ખડા થતા પ્રશ્નોનો અમુક નિર્દિષ્ટ રીતે તોડ કરવામાં વિશાલ જનસમૂહના માનસના પ્રત્યાઘાતોનો અભ્યાસ રાજકારણ કરાવે છે, તેથી રાજકારણનો સંબંધ માનસશાસ્ત્રને લગતા માનવતાના દરેક પ્રદેશ સાથે થોડો કે વધુ છે; તેથી રાજકારણની દૃષ્ટિએ કોઈપણ રાષ્ટ્રપ્રશ્નનો ઉકેલ કરવામાં રાષ્ટ્રનાં સાહિત્ય, કલા, વિજ્ઞાન વગેરે સર્વ પ્રદેશો પર લક્ષ અપાવું જ જોઈશે. તેમાં જે જે વસ્તુ પ્રાચીન વિચારો, કળા ઈત્યાદિનો મહિમા સિદ્ધ કરે અને તેને વિષેનો આપણો આદર વધારે તે તે વસ્તુ આપણને સ્વરાજ્યને પંથે લઈ જનારી છે એ વિષે શંકાને સ્થાન ન હોય.

૩૩. સામાન્ય રીતે ઈતિહાસ ભૂતકાલના રાજકારણ (Politics) તરીકે લેખાય છે અને તેથી રાજકર્ત્તાઓના જીવન, રાજનીતિ, કાવાદાવા પ્રપંચો, વગેરેના વૃત્તાંતને ઈતિહાસ કહેવામાં આવે છે. તત્ત્વતઃ જોતાં ઈતિહાસ તે ભૂતકાલનું માત્ર રાજકારણ નથી, તે તો દાખલા ને પ્રત્યક્ષ ઉદાહરણોથી બોધ કરતી ફિલસુફી છે. આપણા પ્રાચીન મહાન્ પુરૂષો પોકારી પોકારી ખાત્રી આપે છે કે આપણે પણ મહાન્ થઈ શકીએ-બની શકીએ. પૂર્વના મહાન્ વીરોમાં મહત્તા નિરખવી એ પ્રજાકીય પ્રજ્ઞા (national wisdom) નો પ્રાથમિક પ્રારંભ છે. એમ પણ બને કે પોતાની વસ્તુઓ-વ્યક્તિઓ પ્રત્યેના અભિનિવેશ (prejudice) થી આપણને કોઈ વખત તે માટેની દાઝ-ઉત્કટ પ્રીતિ (patriotism of prejudice) અવશ્ય થઈ આવે, પણ તેવી પ્રર્વગ્રહવાળી પ્રીતિ કરતાં સાચા અભિમાનથી પ્રેરાઈ ઉત્પન્ન થયેલી ઉત્કટ પ્રીતિ વધારે ઉચ્ચ ને ઉદાત્ત છે. મહાન્ નરોને સન્માનતાં આપણે આપણી સમસ્ત માનવતા (humanity) ને સન્માનીએ છીએ. 'આપણાં મહાન નરોને સન્માનતાં આપણે આપણા દેશને સન્માનીએ છીએ. આ કારણે સારાસાર વિચારપૂર્વક પ્રેમથી ભૂતકાળને એક ખજાના રૂપે સાચવી રાખવાનો આરંભ કરવો એ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી પ્રજાકીય અસ્મિતા (consciousness) નું ચિન્હ છે. એ આપણી પાસે હોય તો પછી ભવિષ્યની ચિંતા કે ભીતિ રાખવાપણું રહેતું નથી. છતાં જૂનાને તદ્દન વળગી રહી તેમાં લેશ માત્ર પણ પરિવર્ત્તન કરવાપણું રહેતું નથી એમ સમજવાનું નથી. એમ સમજવું એ વિકાસવાદનું ઉલ્લંઘન છે.'

૩૪. આ ઈતિહાસમાં શ્વેતામ્બર જૈનો કે જેમણે મુખ્યત્વે પશ્ચિમ ભારતમાં-ગૂજરાત કાઠિયાવાડ રાજપૂતાના માલવા વગેરેમાં પોતાનો પ્રભાવ વિસ્તાર્યો છે. તેમના રચેલા સાહિત્યનો ઈતિહાસ છે; એટલે તેને **'જૈન શ્વેતામ્બર સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ'** કહીએ તો ચાલે, પણ પ્રમાણસર ટુંકું નામ રાખવા ખાતર 'શ્વેતામ્બર' એ શબ્દ મેં મૂકયો નથી. શ્રી મહાવીર પ્રભુના જન્મસ્થાન ઉત્તર ભારતમાંથી જૈન ધર્મ મથુરા આદિ સ્થળોમાં પ્રસરી એક ધારા પશ્ચિમ ભારતમાં ગઈ તે શ્વેતામ્બર, અને બીજી ધારા દક્ષિણમાં ગઈ તે દિગંબર-એમ સામાન્યતઃ કહેવાય છે. દિગંબર સાહિત્ય પણ વિશાલ છે, દિગંબરોમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેક મહાન આચાર્યો અને ધર્મોપદેશકો થયા છે, અને તેમના પ્રતાપે દક્ષિણમાં અનેક જૈન રાજાઓ, મંત્રીઓ, અસંખ્ય મંદિરો અને તેથી વિશેષ જૈન ધર્માનુયાયીઓ થયા છે. વિક્રમના બારમા શતક સુધી તો તેમણે આખા દક્ષિણ ભારતને એક લાકડીએ હાંકેલ છે. તે સર્વ ઇતિહાસ મનોરમ્ય, વિસ્મયકારક અને વ્યાપક છે. તે સંબંધી રા. શર્માએ Jainism in South Indiaપર એક નિબંધ અનેક પ્રકરણોવાળો લખી પહેલા વર્ગમાં M.A. ની પદવી મુંબઈ યુનિવર્સિટી પાસેથી સં. ૧૯૮૪માં મેળવી છે, કે જેમાંથી નવ પ્રકરણોનો ટુંક સાર ગૂજરાતીમાં કરી મેં જૈનયુગના માહથી ચૈત્ર ૧૯૮૫ના અંકમાં આપ્યો છે. આ દિગંબરી સાહિત્યનો ઇતિહાસ ગૂજરાતીમાં લખવા માટે મેં પ્રયત્ન કરી જોયો, પણ પછી મને લાગ્યું કે કોઈ દિગંબર વિદ્વાન મહાશય જ તેને સંપૂર્ણ ન્યાય આપી શકે-અને તેવા મહાશય મારા મિત્ર શ્રી નાથુરામ પ્રેમી અગર તો શ્રી જુગલકિશોર મુખત્યાર છે કે જેમણે જૂદા જૂદા દિગંબર સાહિત્યભંડારો અને પુસ્તકો જોઈ તપાસી ગ્રંથ પ્રશસ્તિઓ આદિ નોંધી શિલાલેખોમાં સાંપડતા ઇતિહાસ પર પ્રકાશ ફેંકતા ભાગોને તેમજ બીજી ઐતિહાસિક સામગ્રીને સંગ્રહી લીધેલ છે, અને જેઓ આખા દિગંબર સાહિત્યને સાલવાર-સમયાનુક્રમમાં સુંદર રીતે અને વળી તે પરના પોતાના ઊહાપોહ અને વિવેચન સહિત લખી પ્રજા સમક્ષ મૂકવામાં આવશ્યક ઉત્કંઠા અને વિદ્વત્તા, સાધન અને સમય ધરાવે છે, તેઓ તે કાર્ય ઉપાડી લેશે એમ ઈચ્છીશું. તે કાર્ય સત્વર થઈ જાય તો દિગંબરોએ પ્રાકૃત સંસ્કૃત, અપભ્રંશ, હિંદી ઉપરાંત તામિલ અને કર્ણાટકી ભાષાનું સાહિત્ય ખેડવામાં જે મહાન્ ફાળો આપ્યો છે તે જણાય. એમ થતાં જૈનના બંને સંપ્રદાયોનું સાહિત્ય જનતા સમક્ષ મૂકાતાં એક બીજાની સરખામણીમાં કોણે કઈ રીતે એક બીજાથી વધારે સેવા બજાવી છે તે માલૂમ પડશે અને તે સમસ્ત જૈન સાહિત્યનું મૂલ્ય અને સ્થાન આર્યસંસ્કૃતિમાં શું છે તે સ્પષ્ટ જણાઈ આવશે.

૩૫. દિગંબર તથા શ્વેતાંબર જૈનોનું કેટલુંક સાહિત્ય પ્રકટ થયું છે અને તેથી અનેકગણું અપ્રસિદ્ધ છે; અને આ ઇતિહાસથી શ્વે૦ અપ્રસિદ્ધ સાહિત્યનો ખ્યાલ આવશે અને જૈન ધર્મ અને સાહિત્ય સંબંધી જે ભ્રામક-ભ્રમણામય વિચારો તેના સંબંધી અજાણપણાને લીધે પૂર્વગ્રહના પરિણામે યત્ર તત્ર વિદ્યમાન છે, તે વિચારવાન સમૂહમાંથી જરૂર દૂર થશે. વિશેષમાં આથી એ વાત તો ચોક્કસ નક્કી થાય છે કે જેમ બ્રાહ્મણ સંપ્રદાયે સાહિત્યસર્જનમાં અપૂર્વ ફાળો આપ્યો છે, તેજ રીતે શ્રમણ સંપ્રદાયે પણ પોતાની રીતિએ યથાશક્તિ અને યથામતિ સારો ફાળો આપ્યો છે. આ ભાવના લક્ષમાં આવતાં બંને વૈદિક અને અવૈદિક સંપ્રદાયો એક બીજાને ઉવેખી શકે તેમ નથી, પરંતુ અન્યોન્ય સહકાર સાધી ભારતના ગૌરવમાં બંને વધારો કરી શકે તેમ છે. ગાંધીજી કહે છે કે 'જૈન શું કે બીજા ધર્મના મહાન સિદ્ધાંતો માત્ર તે તે નામે ઓળખાતા સમાજ માટે નથી. પણ આખા મનુષ્યજાતિ માટે ઉદ્‌બોધક અને તારક છે.'

૩૬. પટણામાં ૧૭-૧૨-૩૦ ના રોજ ભરાયેલ 'અખિલ હિંદપૌર્વાત્ય પરિષદ્'ના પ્રમુખ તરીકેના વ્યાખ્યાનમાં રાય બહાદુર હીરાલાલજી જૈન સાહિત્ય સંબંધે કથે છે કે :-

Some how or other, their (Jainas') literature did not catch the attention of scholars. This may be due to the reticence of the old Jainas, who did not like to show their `granthas' to others and were till recently very much opposed to print and publish them. Anyhow it is now well-known, as it was to a few scholars formerly that the jaina literature is very voluminous and important from several points of views. Written as it is in Prakrit, the spoken language of the ordinary people in ancient days, it opens out a most extensive field for a philologist. It has come in

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

contract with almost all the Indian languages. Even the Dravidian languages have been influenced by it.'

- ગમે તે કારણે, તેઓના (જૈનોના) વાઙ્મય પ્રત્યે વિદ્વાનોનું ધ્યાન ખેંચાયું નહિ. આમ બનવું તે જૂના જૈનો કે જેઓ પોતાના 'ગ્રન્થો' બીજાને બતાવવા ઈચ્છતા નહિ અને હાલ સુધી તેમને છપાવી પ્રકટ કરવામાં ઘણા વિરોધી હતા તેમની ઉપેક્ષા વૃત્તિને લઈને હોય. ગમે તેમ પણ થોડા પંડિતોને પહેલાં વિદિત હતું ને હાલ સર્વને વિદિત થયેલ છે કે જૈન વાઙ્મય અતિ વિશાળ છે અને અનેક દૃષ્ટિબિંદુઓથી ઉપયોગી છે. પ્રાચીન કાલમાં સામાન્યજનોની બોલાતી ભાષા પ્રાકૃતમાં તે લખાયેલું છે તેથી તે ભાષાશાસ્ત્રી માટે એક અત્યંત વિસ્તૃત ક્ષેત્ર ખુલ્લું કરી આપે છે. તે ભારતની લગભગ બધી ભાષાઓના સંપર્કમાં આવેલું છે. દ્રાવીડ ભાષાઓ પર પણ તેની (એટલે દિગંબર જૈન સાહિત્યની) અસર થયેલી છે.

૩૭. શ્વેતામ્બર જૈન સાહિત્યના આ ઇતિહાસમાં તે સાહિત્યનો ઇતિહાસ આપવામાં અગ્રગ્રણ્ય ગ્રંથકારોના જીવનવૃત્તાંત ઉપરાંત પ્રતિષ્ઠિત જૈનોનો પણ ટુંક ઇતિહાસ આવી જાય છે. તેના કારણમાં (૧) મૂળ ઉત્પત્તિ જે નિબંધથી થઇ તેનો વિષય 'જૈનો અને તેમનું સાહિત્ય' એ હતો, તેથી તેમાં જૈનોના સંબંધી આછું પાતળું લખાયેલું જ હતું અને તે આમાં વિસ્તાર પામ્યું, (૨) જૈન સાહિત્ય એ નામજ બે અર્થમાં વાપરી શકાયઃ-એક તો જૈન ધર્મના સિદ્ધાંતો સમજાવતું સાહિત્ય, અને બીજું જૈન ધર્મના અનુયાયીઓએ રચેલું સાહિત્ય. આમાંનું પહેલા પ્રકારનું પણ બીજા પ્રકારનું એટલે જૈન ધર્મના અનુયાયીઓથી જ રચેલું હોય છે, પણ બીજા પ્રકારનું તે પહેલા પ્રકારનું હોય જ એવો નિયમ નથી. દા.ત. જૈનાચાર્ય શ્રી હેમચંદ્ર કૃત સિદ્ધ હૈમ વ્યાકરણ એ ભાષાઓનું વ્યાકરણ હોઈ સર્વને-જૈન કે જૈનતરને સામાન્ય છે. છતાં સિદ્ધ હૈમ વ્યાકરણની ગણના તેના રચનાર જૈન હોવાને લીધે જૈન સાહિત્યમાં થઈ છે. (૩) 'ન હિ ધર્મો ધામિકૈ વિના'- દરેક ધર્મનો આધાર તેના અનુયાયીઓ પર છે. જે ધર્મના માનનારા વિદ્યમાન છે તે ધર્મ જીવિત ધર્મ છે, જે ધર્મના અનુયાયી નથી તે ધર્મ મૃત ધર્મ છે, તે જ પ્રમાણે દરેક ધર્મના સાહિત્યનું સૃજન, રક્ષણ, પોષણ તે ધર્મના અનુયાયીઓ તરફથી જ થાય છે, અને જૈન સાહિત્યના સૃજન કરનારા સાધુઓ અને રક્ષણ કરનારા શ્રાવકો બંને તે સાહિત્યના ઉપકારી છે.

૩૮. સાહિત્યસર્જકો પ્રધાનપણે શ્વેતાંબર સૂરિઓ-આચાર્યો, મુનિઓ છે; શ્રી મહાવીરભ.ના પ્રવચન-આગમ સાહિત્યની 'પંચાગી' છે, તેમાં મૂલ આગમ પર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ-અવચૂર્ણિ, ટીકાવૃત્તિ વગેરે ઉત્પન્ન કરવા ઉપરાંત તે આગમને અનુલક્ષીને ધાર્મિક ગ્રંથો તેમજ અને અનેક સાહિત્યપ્રદેશોમાં વિહરી તે તે વિષયની-કાવ્ય, મહાકાવ્ય, નાટક, કથા-કાદંબરી, વ્યાકરણ, છંદ, કોશ, જ્યોતિષ, ન્યાય-તર્ક આદિ વિષયની કૃતિઓ રચનાર તરીકે સંસાર ત્યાગ કરી શ્રમણદીક્ષા લઇ ધર્મોપદેશક તરીકે સ્થાને સ્થાને વિહરનાર આચાર્યો અને તેમની શિષ્યપરંપરાનો ઉપકાર મુખ્યપણે છે કે જે કદિ ભૂલી શકાય તેમ નથી. દીક્ષા એ પરાક્રમ છે અને તેની પાછળ પૂર્વ જન્મના મહાસંસ્કાર અથવા તો આ જન્મમાં મેળવેલું અનુભવ જ્ઞાન હોય છે; તે તો આત્મસમર્પણ છે અને આત્મસમર્પણ બાહ્યાડંબરથી નથી થતું, એ માનસિક વસ્તુ છે; અને તેને અંગે કેટલાક બાહ્યાચાર આવશ્યક થઈ પડે છે પણ તે જ્યારે આંતર શુદ્ધિનું અને આંતર ત્યાગનું ખરું ચિહ્ન હોય ત્યારે જ શોભી શકે;-એ દીક્ષાના રહસ્યને પામેલા સૂરિવરો લોકકલ્યાણ અર્થે જે બોધ આપી ગયા, ગ્રંથો લખી ભવિષ્યની પ્રજા માટે મૂકી ગયા તેમને આપણાં વંદન છે. શ્રી મહાવીરપ્રભુના પ્રવચનને યોગ્ય-આચાર્યના જે ગુણો ગણાવ્યા છે તેમાં તે દેશકાલભાવને જાણનાર, નાનાવિધ દેશભાષાઓનો જ્ઞાતા સ્વધર્મ અને પરધર્મનાં શાસ્ત્રોનો પારગામી હોવો જોઈએ એ વાત ખાસ લક્ષ ખેંચે છે. તેની ગાથાઓ નીચે પ્રમાણે છેઃ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

''देस कुलजाइरूवी संघयणी धिइजुओ अणासंसी ।
अविकत्थणो अमाई थिरपरिवाडी गहियवक्को ॥ १ ॥

जियपरिसो जियनिद्दो मज्झत्थो देसकालभावन्नू ।
आसन्नलद्धपइभो णाणाविहदेसभासण्णू ॥ २ ॥

पंचविहे आयारे जुत्तो सुत्तत्थतदुभयविहिन्नू ।
आहरणहेउकारणणयणिउणो गाहणाकुसलो ॥ ३ ॥

ससमयपरसमयविऊ गंभीरो दित्तिमं सिवो सीमो ।
गुणसयकलिओ जुत्तो पवयणसारं परिकहेउं'' ॥ ४ ॥

-(સારા) દેશ, કુલ, જાતિ અને રૂપવાળો, (મજબૂત) સંહનન (શરીરના બંધારણ)વાળો, ધૃતિયુક્ત, અનાશંસી (શ્રોતા પાસેથી કોઇ ચીજની આકાંક્ષા ન રાખનાર), અવિકત્થન (વિકથા ન કહેનાર-હિતમિતભાષી), અમાયી-નિષ્કપટી, સ્થિરપરિપાટીવાળો એટલે પરિચિત ગ્રંથના સૂત્રને યથાવત્ કહેનાર-કોઇપણ સૂત્રને કે શબ્દને ગાળી કે ઉડાડી ન નાંખી તેને અખંડ સાચવી રાખનાર, ગ્રાહ્યવાકય એટલે સર્વત્ર અસ્ખલિત જ્ઞાનવાળો હોય. ૧

પર્ષદ્-સભાને જીતનારો-સભાક્ષોભ ન પામનાર, જીતનિદ્ર અપ્રમત્ત, મધ્યસ્થ, **દેશકાલભાવને જાણનાર,** આસન્નલબ્ધપ્રતિભ એટલે જેણે પ્રતિભા લગભગ મેળવી લીધી હોય એવો, અને **નાનાવિધ દેશ ભાષાઓનો જ્ઞાતા** હોય. ૨

(જ્ઞાનાદિ) પાંચ આચારથી યુક્ત, સૂત્ર-અર્થ-તથા તે બંનેની વિધિને જાણનાર, ઉદાહરણ હેતુ કારણ નયમાં નિપુણ અને ગ્રાહણાકુશલ એટલે કોઈપણ વિષયનું ગ્રહણ કરવામાં કુશલ હોય. ૩

સ્વ સમય અને પર સમય (શાસ્ત્ર)નો વેત્તા, ગંભીર, દીપ્તિમાન, શિવ-કલ્યાણ હેતુ રાખનાર, સૌમ્ય, ગુણશતવાળો-અનેકગુણસંપન્ન એવો પ્રવચનનો સાર કહેવાને યોગ્ય છે. ૪

[જુઓ હરિભદ્રસૂરિ કૃત દશવૈકાલિક પર ટીકા પૃ. ૫ દે. લા. અને શીલાંકસૂરિ કૃત આચારાંગ ટીકા પૃ. ૧ આ. સમિતિ]

૩૯. આ મુનિઓના માતાપિતા સમાન શ્રાવક-શ્રાવિકાઓએ તેમનું પોષણ અને પાલન પૂજ્ય બુદ્ધિથી કરી તેમનો ઉપદેશ સાંભળ્યો છે ને પાળ્યો છે. તે ઉપદેશના પરિણામે ગૂજરાતના જૈન ગૃહસ્થોએ અગણિત દ્રવ્યનો ખર્ચ કરી જિનમંદિરો, ઉપાશ્રયો, પૌષધ શાળાઓ, જ્ઞાનભંડારો સ્થાપ્યાં છે અને સાહિત્યનાં સર્વ ઉપકરણો પૂરાં પાડ્યાં છે. આના પરિણામે અસંખ્ય હસ્તપ્રતો-તાડપત્રો પર અને કાગળ પર લખાયેલી હજુ સુધી આપણને સાંપડે છે, અને શિલ્પ-કલાના ભવ્ય નમુના રૂપે અનેક જિનાલયો હાલ વિદ્યમાન છે. આ શ્રાવકો પૈકી કેટલાક મંત્રીઓ, સેનાપતિઓ, રાજદ્વારી પુરૂષો, સાહસિક વ્યાપારીઓ, સુખીશ્રીમંતો થયા છે; જ્યારે ગ્રંથકારો,-કવિઓ બહુ જ થોડા શ્રાવકો થયેલા જણાયા છે.

(૪૦. પંડિત સુખલાલજી વાઙ્મયનો એક ભાગ-'દાર્શનિક સાહિત્ય' લઈ તેમાં **ગૂજરાતે આપેલા ફાળા** સંબંધમાં જણાવે છે કેઃ-)

'ભારતની જ્ઞાનસમૃદ્ધિ બહુ જુના વખતથી જાણીતી છે અને અપાર છે. તે અનેક જાતની છે. એ જ્ઞાનસમૃદ્ધિની અનેક શાખાઓમાં એક જ શાખા આ વિદ્યાના અભ્યુદયકાળમાં હજુ પણ એવી રહી છે કે જેની બાબતમાં પશ્ચિમીય વિચારકોની દૃષ્ટિ પણ ભારત તરફ વળે છે. એ શાખા તે દાર્શનિક વિદ્યાની શાખા. ભારતીય દર્શનવિદ્યાની ત્રણ પ્રધાન શાખાઓમાં વૈદિક શાખા લઈએ અને તેના પહેલેથી ઠેઠ સુધીના સાહિત્યની રચનાના પ્રદેશો તરફ નજર ફેંકીએ તો આપણને જણાશે કે વૈદિક દર્શનસાહિત્યની રચનામાં ગૂજરાતનો ફાળો પહેલેથી આજ સુધી નથી જ. વેદો, ઉપનિષદો, સૂત્રો, ભાષ્યો, ટીકાઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પ્રકરણગ્રંથો કે ક્રોડપત્રો એ બધાની રચનામાં **પંજાબ, બ્રહ્માવર્ત, કાશી, મિથિલા,** દક્ષિણ, બંગાળ અને **કાશ્મીર** જનપદ વગેરેનો હિસ્સો છે, પણ એકાદ સંદિગ્ધ અપવાદને બાદ કરીએ તો તે રચનાઓમાં ગૂજરાતનો ફાળો નજરે નથી જ પડતો. બૌદ્ધ પિટકોનો ઉદ્‌ભવ તો **મ**ગધમાં થયો, એનું સંસ્કૃત સંસ્કરણ અને પછીનું દર્શનિક સાહિત્ય હિંદુસ્તાનના બધા ભાગોમાં જન્મ્યું. ગૂજરાતમાં જન્મેલું બૌદ્ધ સાહિત્ય કયું અને કેટલું છે એનો સ્પષ્ટ નિર્ણય કરવો અત્યારે કઠણ છે છતાં એમાં જરાયે શંકા નથી કે સાતમા સૈકા પહેલાં અને ત્યાં સુધીના જે મોટા મોટા બૌદ્ધ મઠોમાં **ગુણ**મતિ, **સ્થિ**રમતિ જેવા અસાધારણ વિદ્વાન ભિક્ષુકો રહેતા અને ભણાવતા ત્યાં બૌદ્ધ સાહિત્ય અવશ્ય રચાયું હતું. **બો**ધિચર્યાવતાર જેવા વિશિષ્ટ ગ્રંથની રચના **કા**ઠિઆવાડમાં જ થયાનું કલ્પાય છે.

૪૧. 'આવી સ્થિતિ છતાં ગૂજરાતને શરમાવા કે સંકોચાવા જેવું કશુંજ નથી. તેનું કારણ એ છે કે તેણે જૈન દાર્શનિક સાહિત્યની રચનામાં મોટામાં મોટો ફાળો આપ્યો છે. આપણે જાણીએ છીએ કે મૂળમાં તો જૈન દર્શનનું સાહિત્ય બૌદ્ધ દર્શનના સાહિત્યની પેઠે **મ**ગધમાં જ જન્મ પામેલું પણ પછીના કાળમાં તેની રચના દક્ષિણ અને ઉત્તર હિંદુસ્તાનમાં થતી ગઇ અને છેલ્લાં પંદરસો વર્ષનો ઇતિહાસ તો સ્પષ્ટ કહે છે કે જૈન દર્શનના પ્રધાનતમ સાહિત્યની રચના, તેની પુરવણી અને તેનો વિકાસ એ બધું ગૂજરાતમાં જ થયું છે. ગૂજરાતે માત્ર જૈનદર્શનના સાહિત્યને જન્માવી કે વિકસાવીને જ સંતોષ નથી માન્યો પણ એણે તો પોતાના ખોળામાં જુદા જુદા પ્રાંતમાં જન્મેલા અને ઉછરેલા કિંમતી સાહિત્યને બહુ કાળજીથી સંભાળી રાખ્યું છે અને તેથી જ કેટલાયે અપૂર્વ અને દુર્લભ ગ્રંથરત્નો એક માત્ર ગૂજરાતના ખૂણે ખાંચેથી જ અત્યારે પણ જડી આવે છે.' (**પ્રસ્થાન,** મહા ૧૯૮૫, પૃ. -૨૧૭-૮)

૪૨. ગૂજરાતની આ ગૌરવગાથા તે **શ્વેતાંબર જૈનોની** ગૌરવગાથા. તેમણે તે ગૌરવનું કાર્ય કર્યું છે. વિશેષમાં શ્વેતામ્બરોનો ઇતિહાસ તે ઉત્તર પશ્ચિમ ભારતનો ઇતિહાસ. એથી આ ઇતિહાસમાં ગૂજરાતનો પ્રાચીન ઇતિહાસ પણ આવી જાય છે. સં. ૧૯૮૧ના આશ્વિનના **'જૈનયુગ'** માસિકમાં પૃ. ૬૭ પર તંત્રી તરીકે મેં જણાવ્યું હતું કે ગૂજરાતનો પ્રાચીન ઇતિહાસ એટલે ટુંકામાં કહીએ તો ગૂજરાતમાં જૈનોનો ઇતિહાસ. શ્રી વનરાજ ચાવડો કે જેને ઉછેરનાર જૈન સાધુ, રાજ્યતિલક કરનાર જૈન શ્રાવિકા અને જેના રાજમંત્રી પણ જૈન શ્રાવક હતા તેના રાજ્યથી તે કરણઘેલાના રાજ્ય સુધીમાં મંત્રી પદે પરંપરાથી જૈનો જ હતા કે જેઓએ મંત્રી-અમાત્ય તરીકે, દંડનાયક-સેનાપતિ તરીકે અને કોષાધ્યક્ષ તરીકે ઉજ્જવળ કારકીર્દિ બતાવી રાજ્ય અને પ્રજાના હિતમાં તેમજ પોતાના જૈન સંઘના પ્રભાવ અને ગૌરવ સાચવવામાં પ્રબળ ફાળો આપ્યો છે. ગૂજરાતનો આ કાળનો ઇતિહાસ સંપૂર્ણપણે, વિશ્વસનીય પ્રમાણોથી સુંદર અને ઓજસ્વિની ભાષામાં જ્યારે લખાશે ત્યારે જ તેમનાં કીર્ત્તિગાન યથેષ્ટ કરી શકીશું. તે વખતે આવો ઇતિહાસ લખવાનું બીડું ગૂજરાત પુરાતત્ત્વ મંદિરના આચાર્ય શ્રી **જિ**નવિજયજીએ લીધું હતું. તેથી મને તથા ઘણાને આનંદ થયો હતો, કારણ કે તેમને પુરાતત્ત્વનો અતિ શોખ છે, પોતાની પાસે પ્રશસ્તિઓને શિલાલેખોનો બહોળો સંગ્રહ છે, પુરાતત્ત્વ મંદિરમાં પુસ્તકોનો જબરો જથ્થો છે, તેમને સંસ્કૃત પ્રાકૃત બંને ભાષાનું ઉંડુ જ્ઞાન છે, ભાષા પર પ્રભુત્વ છે વળી તેમણે તે સંબંધી વિશાલ વાંચન કર્યું છે. તેમજ નવીન પાશ્ચિમાત્ય શૈલીનો પરિચય મેળવ્યો છે અને પોતે સંશોધનબુદ્ધિ તેમજ અનેક હકીકતોમાંથી સારભૂત સત્ય હકીકત તારવી લેવાની શક્તિ ધરાવે છે, વગેરે ગૂજરાતના ઇતિહાસને સર્જાવવા માટેના ઉચિત એવા ઘણા ગુણ તેમનામાં છે; અને તેઓ સ્થિરચિત્તથી એક સ્થલે દૃઢસંકલ્પપૂર્વક લખવા માંડે એટલું બાકી હતું; પરંતુ તેઓ લગભગ સાત વર્ષ વીતી ગયા છતાં અત્યાર સુધીમાં તેનું એક પ્રકરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ લખી પૂરૂં પાડી શકયા નથી; જ્યારે તેમના જેટલા ગુણો નહિ ધરાવતો એવો હું મારા ધંધાનો વ્યવસાય, કૌટુંબિક તેમજ સામાજિક વ્યવહાર સાચવ્યે-રાખ્યે જતાં ફાજલ પડતા સમયનો લાભ લઈ વિશ્વસનીય અને બને ત્યાં સુધી તે તે કાલનાં પ્રમાણો મેળવી જુદાં જુદાં સ્થળે પરિભ્રમણ કરી ત્યાંનાં મંદિરો, ભંડારો તપાસી શિલાલેખો પ્રશસ્તિઓ, ગ્રંથગત નોંધો વગેરે જે કાંઈ મળ્યું તે મેળવી તે પરથી મારી મર્યાદિત શક્તિ અને મતિ પ્રમાણે ગૂજરાતી ભાષામાં તે ઇતિહાસના એક ભાગ નામે જૈન સાહિત્યના ઇતિહાસને લિપિબદ્ધ કરી શકયો છું તે જનતા સમક્ષ ધરવામાં આવે છે. સાથે સાથે અત્રે નિવેદિત કરવું યોગ્ય છે કે થોડુંક થયાં શ્રીમાન્ જિનવિજયે ડૉ. રવીન્દ્રનાથ ટાગોરના 'વિશ્વભારતી'-શાન્તિનિકેતનમાં અધ્યાપક તરીકે રહી શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સના શત્રુંજય તીર્થ સંબંધીના ખાસ અધિવેશનના પ્રમુખ સાહેબ શ્રી બહાદુરસિંહ સિંઘીથી સ્થાપિત 'સિંઘી જૈન ગ્રંથમાલા'નું કામ વ્યવસ્થિત રીતે અને સંગીનતાપૂર્વક ચાલુ કર્યું છે અને ચાર ગ્રંથો-પ્રબંધ ચિંતામણી, તેને લગતા પુરાતન પ્રબંધોનો સંગ્રહ, વિવિધ તીર્થકલ્પ, અને પુરાતન સમય લિખિત જૈન પુસ્તક પ્રશસ્તિસંગ્રહ તેમના તંત્રીપદ નીચે નિર્ણયસાગર પ્રેસમાં છપાય છે અને બીજા પણ તૈયાર થાય છે. આ રીતે ગૂજરાતના ઇતિહાસની સામગ્રી મુખ્યપણે તેઓ તૈયાર કરી રહ્યા છે; તેમના તરફથી ખાસ અપેક્ષિત વસ્તુ-તે ઇતિહાસનું ઘડતર હજુ બાકી છે-દૂર છે. તે સત્વર વિનાવિલંબે તેમની પાસેથી પ્રાપ્ત થાઓ એ હૃદયેચ્છા હું પુનઃ પ્રદર્શિત કરૂં છું.

શ્રી જિનવિજય તરફથી ખાસ અપેક્ષિત વસ્તુ-ગુજરાતના ઇતિહાસનું ઘડતર હજુ બાકી છે-દૂર છે, તે સત્વર વિનાવિલંબે તેમની પાસેથી પ્રાપ્ત થાઓ એ હૃદયેચ્છા વ્યક્ત કર્યા પછી હવે જણાવતાં આનંદ થાય છે કે તેમણે તે ઇતિહાસના પ્રથમ માર્ગદર્શક સ્તંભ રૂપ 'ગુજરાતની પ્રાચીન સંસ્કૃતિ' એ વિષય પર મુંબઈ યુનિવર્સિટીની શ્રી વસનજી વ્યાખ્યાનમાળામાં ૨૮મી જૂનથી ત્રીજી જુલાઈ ૩૩ માં પાંચ વ્યાખ્યાનોઃ-૧ પ્રાચીન ગૂજરાતની ભૌગોલિક પરિસીમા સંબંધી ઊહાપોહ, ૨ પ્રાચીન ગુજરાતના (રાજકીય) ઇતિહાસનું સિંહાવલોકન, ૩ પ્રાચીન ગૂજરાતનું ધાર્મિક અને સાંપ્રદાયિક જીવન, ૪ ગૂજરાતનું સામાજિક અને પ્રજાકીય જીવન, ૫ ગુજરાતની સાર્વજનિક સંસ્કૃતિ-નીતિ, રીતિ, કળા, વિજ્ઞાન આદિ-એ મથાળાનાં આપ્યા હતાં-તેમાં ગૂજરાતની સંસ્કૃતિના ત્રણ યુગો પાડ્યા હતા-૧ અમદાવાદ પર અંગ્રેજી સલતનતનો ઝુંડો ફરક્યો ત્યારથી અર્વાચીન યુગ, ૨ તે પૂર્વનો ઇસલામી સત્તાનો એટલે અણહિલ્લપુરની ક્ષત્રિય રાજસત્તાનો છત્રભંગ થયો ત્યારથી મધ્યયુગ, અને ૩ તે પહેલાંનો એટલે સ્થૂલરૂપે ગુપ્ત સામ્રાજ્યના અંતકાળથી વિ.સં. ૫૫૦ થી ૧૩૫૦ સુધીનો પ્રાચીન યુગ. આ પ્રાચીન યુગ હિંદ માટે મધ્ય યુગ ગણાય, પણ ગૂજરાત માટે પ્રાચીન યુગ છે કારણ કે તે પહેલાં ગૂજરાતનું ગૂજરાત તરીકે અસ્તિત્વજ ન હતું. આ વ્યાખ્યાનો પ્રકટ થનાર છે. તેથી ઘણો પ્રકાશ પડશે. આ પ્રયત્ન માટે શ્રી જિનવિજયને ધન્યવાદ ઘટે છે. (જુઓ **જૈનયુગ** પાક્ષિક જુલાઈ ૩૩નો અંક).

૪૩. સંસ્કૃત સાહિત્યના ઇતિહાસ મેકડોનલ, કીથ આદિએ અંગ્રેજીમાં લખ્યા છે, પણ તે જોઈ જોઈ જઈ તેની શૈલી અને રચના અવગાહી તે અનુસાર આ ઇતિહાસમાં કાર્યપદ્ધતિ રાખવાનું મારાથી બની શકયું નથી. જૈન ગ્રંથોનો મોટો સમૂહ તો હજુ અમુદ્રિત છે અને ભંડારોમાં દાબડામાં પુરાયેલો છે, માત્ર તેનાં નામ, ને કર્ત્તાનો ટુંક પરિચય તે સંબંધીની જે પ્રશસ્તિઓ બુહ્લર, કિલ્હોર્ન, પીટર્સન, ભાંડારકર આદિએ સરકાર તરફથી કરેલા પોતાના હસ્તલિખિત પ્રતોના રીપોર્ટોમાં તથા સ્વ. દલાલ પં. લાલચંદ અને પ્રોફે. વેલણકર આદિના સૂચીપત્રોમાં પ્રકટ થઈ છે. તેમાંથી મેળવી શકાયો છે, તેથી તે દરેકનાં નામ, કર્તા તથા રચના સમય આપવા ઉપરાંત તેની પરીક્ષા તે સંબંધી ઊહાપોહ-વિવેચન કરવાનું બની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકયું નથી એટલે કે લેખકની કૃતિઓ પર વિવેચન કરવામાં લક્ષમાં રાખવાની અનેક બાબતો જેવી કે કૃતિઓ પરથી તેના લેખકનું વ્યક્તિત્વ, જે જે અસરો કે પ્રવાહોથી એનું વ્યક્તિત્વ બંધાયું હોય અને એની કૃતિ માટે જે હેતુઓ પ્રાપ્ત થયા હોય તે, તેની સર્વ કૃતિઓમાં રહેલી સર્વવ્યાપક ભાવના, જે જમાનામાં તે જન્મેલ હોય તેને લીધે તથા આજુબાજુની વિદ્યમાન પરિસ્થિતિઓને લીધે તેનું ક્ષેત્ર ઘડાયું હોય તે અને તે પરથી તેની કૃતિઓ ઈતિહાસની ઘટનામાં જે સ્થાન ભોગવતી હોય તે, લેખકની જે પ્રકારની સાહિત્યની કૃતિ હોય તે પ્રકારની ઉત્તમોત્તમ શિષ્ટ કૃતિઓના ધોરણે તે કૃતિની તુલના, તેમજ લેખક આપણા પર કેવી છાપ પાડે છે અને આપણી નજર સંમુખ કેવું ચિત્ર ખડું કરે છે તે-એમ વિશિષ્ટ, ઐતિહાસિક શિષ્ટ યા આદર્શ (Classical) અને અંગત દૃષ્ટિબિંદુઓથી જોતાં સાંપડતી બાબતો આલેખવી ઘટે તે આલેખી શકાઇ નથી; પ્રકટ થયેલ કૃતિઓ સંબંધી તેવી આવશ્યક બાબતો મૂકવા માટે જરૂરનાં દીર્ઘઅભ્યાસ, સતત મનન અને ચિંતન થઇ શકયાં નથી; (જોકે સામાન્ય રીતે જેમણે સારો અભ્યાસ કર્યો હોય એવા વિદ્વાનોના ગ્રાહ્ય મતો અવતાર્યા છે.) વળી 'પ્રત્યેક ગ્રંથની બાહ્ય પરીક્ષા તેના પૂરા રહસ્યને જોઇને જ કરવી જોઈએ; આંતરિક પરીક્ષા તો અધિકાંશ વાચકોના મન ઉપર આખા ગ્રંથની શી અસર પડી છે એ જોઈને જ થઇ શકે.' અપ્રકટ ગ્રંથોમાં તો મોટે ભાગે લેખકના સમય સહિત તેની કૃતિઓના નામાનિર્દેશથી સંતોષ રાખવો પડ્યો છે, ઘણી હકીકતો વિસ્તારના ભયથી મૂકી દેવી પડી છે.

કોઈ વખત જેને વિષે દૃઢ મત ધરાવતા છતાં મેં મૌન સાચવ્યું છે. કેમ કે હું માનું છું કે ઘણી વખત ગેરસમજ, કડવાં વેણ અથવા તેથી પણ વધારે આકરાં પરિણામો ખેડીને પણ મૌન રાખવાનો જાહેર સેવકનો ધર્મ થઈ જાય છે, એટલે કેટલાક પ્રસંગો એવા હોય છે. જ્યારે વાણી કરતાં મૌન વધારે શોભે છે.

દરેક યુગના જૈન સાહિત્યની વાત કરતાં તે યુગનાં અન્ય ધર્મના પ્રવાહો-અન્ય ધર્મીઓનું સાહિત્ય-સામાજિક અને રાજકીય સ્થિતિ-પરિવર્ત્તનો, વગેરેની યથાસ્થિત નોંધ કરી તેની જૈન સાહિત્ય પર કે જૈન સાહિત્યની તેની ફેર અસર બતાવી શકાઈ નથી, અને એમ વિસ્તૃત ઈતિહાસ કરવા જતાં તો જીવનનાં અનેક વર્ષો વીતાવવાં પડે અને આ ગ્રંથ જેવાં અનેક 'વૉલ્યુમો' કરવાં પડે; માટે આ ગ્રંથ બને તેટલો સંક્ષેપમાં લખેલ હોવાથી તેનું નામ 'જૈન સાહિત્યનો **સંક્ષિપ્ત** ઈતિહાસ' એમ રાખ્યું છે. વિસ્તૃત ઈતિહાસ અનેક 'વૉલ્યુમો'માં લખનાર કોઈ સમર્થ વિચારક, વિદ્વાન્, અને વીરપુરૂષ ભવિષ્યમાં જાગે એમ હું ઇચ્છું છું. તેને આ મારો પ્રયત્ન કિંચિત્ પણ માર્ગદર્શક થશે તો હું કૃતાર્થ છું.

૪૪. શ્વે. જૈનોનું પ્રાકૃત અને સંસ્કૃત સાહિત્ય જેટલું વિદ્યમાન જણાયું તે સર્વનો ઉલ્લેખ આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે, અપભ્રંશ સાહિત્ય સંબંધી વિસ્તારથી મેં મારા **'જૈનગૂર્જર** કવિઓ પ્રથમ ભાગ' એ ગ્રંથમાં પ્રસ્તાવના તરીકે મૂકેલા 'જૂની ગૂજરાતીનો સંક્ષિપ્ત ઈતિહાસ' એ નામના મારા નિબંધમાં વર્ણન કર્યું છે. તેથી તે સંબંધી વિભાગ ૪ પ્રકરણ ૧ માં વિ. ૮મીથી ૧૩મી સદીના તે સાહિત્યનો ટુંકો અહેવાલ આપી બાકીની સદીના સાહિત્યનો માત્ર નામનિર્દેશ તે તે સદીનાં પ્રકરણો સાથે આપી દીધો છે; ગૂજરાતી સાહિત્યના વિ. ૧૩મી થી ૧૮મી સદીમાં થયેલા જૈન કવિઓ અને ગદ્ય લેખકોની વિસ્તૃત સૂચી રૂપે 'જૈન ગૂર્જર કવિઓ'ના બે ભાગ બહાર પાડેલા છે. તેથી અને ૧૯-૨૦ મી સદીના જૈન કવિઓ-ગદ્ય લેખકોએ ગૂજરાતી સાહિત્યમાં આપેલો ફાળો-શતકવાર કવિઓની કાવ્ય-પ્રસાદી વગેરે ઘણી ઉપયુક્ત બાબતો તે ગ્રંથના **ત્રીજા** ભાગમાં આપવાનો મારો મનોરથ છે, તેથી આ પુસ્તકમાં તો તેમનો માત્ર નામનિર્દેશ કરી સંતોષ રાખ્યો છે. હિંદી સાહિત્ય તો બહુ જુજ-અતિ અલ્પ છે. તેથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન ગૂર્જર કવિઓમાં હિંદી કૃતિઓનો ઉલ્લેખ અન્ય કૃતિઓ પેઠે કરી દીધો છે. આ ગ્રથમાં જે સાહિત્ય આદિનો ઉલ્લેખ થયો છે તે ઉપરાંત બીજાું જૈન સાહિત્ય ભંડારોમાં ક્યાંક સચવાયેલું પડ્યું હશે. તેનો નિર્ણય સર્વ ભંડારોનાં પુસ્તકોનું નિરીક્ષણ અને વર્ગીકરણ કરવામાં આવે ત્યાર પછી થઈ શકે.

૪૫. સ્થાનકવાસી સંપ્રદાય મુખ્યપણે ૩૨ જૈનાગમ માને છે અને તેથી તેના પર 'ભાષા'માં કરેલ બાલાવબોધ-'ટબાઓ' વિશેષ તેમનામાં માલૂમ પડે છે, ખોડીદાસ આદિ 'ભાષા' કવિઓ થઈ ગયા છે. તેમનો અન્યની પેઠે ઉલ્લેખ કર્યો છે. આ ઉપરાંત ખાસ મૌલિક પ્રભા પાડે તેવું એક બાજાું રહ્યું. પણ સુંદર સંગ્રહગ્રંથ જેવું પણ- એટલે કે ખાસ ઉલ્લેખવા યોગ્ય તેમનું સાહિત્ય મારી નજરે આવ્યું નથી. હું કુલધર્મથી શ્વે૦ મૂર્ત્તિપૂજક છું, પણ પૂજ્ય મામાશ્રીને ત્યાં ઉછરેલો, ને તેઓ કુલધર્મથી સ્થાનકવાસી, પણ સર્વ ધર્મ પ્રત્યે ઉદાર હૃદયના એટલે તેમના સમાગમથી સ્થાનકવાસી સંપ્રદાય પ્રત્યે પણ પ્રેમ, ઉદારતા અને સહિષ્ણુતા મારામાં મૂળથી કેળવાયાં છે. વિશાલ દૃષ્ટિથી અવલોકતાં તે સંપ્રદાય માટે ઐતિહાસિક બિના જે કંઈ મળી તે ટુંકમાં સમભાવે મૂકવામાં આવી છે. જાુઓ પાન ૫૦૬ થી ૫૧૨નું પ્રકરણ [અલબત્ત તેના મૂર્ત્તિપૂજા નિષેધ આદિ સિદ્ધાંતના ગુણદોષની ચર્ચા આ ગ્રંથમાં કરવી નિરર્થક અને અપ્રસ્તુત છે, તેથી કરી નથી. આ સ્થિતિમાં કોઈને જરા પણ વિરોધ કરવાનો પ્રસંગ આવે તેમ નથી. તેવી વાતો જ્યારે 'જૈન સંપ્રદાયોનો સંક્ષિપ્ત ઈતિહાસ' (Short History of Jaina Church) લખવામાં આવે ત્યારે તેમાં સ્થાન પામી શકે. એવો ઈતિહાસ પ્રકટ થાય તો તે મનોરંજક, બોધદાયક અને શિક્ષાપ્રદ જરૂર બને તેમ છે. કોઈ લેખક અભિનિવેશ-પૂર્વગ્રહ-સ્વસંપ્રદાય મોહને તજી પ્રેમ ઉદારભાવ અને સહિષ્ણુતાને સજી તેવો ઈતિહાસ લખવા પ્રેરાય એ ઈચ્છીશું. આ લેખકનો તેમ કરવાનો મનોરથ છે, તે પાર પડશે કે નહિ એ ભવિષ્યના ગર્ભની વાત છે.] છેલ્લાં ચાર પ્રકરણમાં જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતો, તેની સંસ્થાઓ, તીર્થો વગેરેની અતિ ટુંક માહિતી આપી છે. જૈન ધર્મના સિદ્ધાંતો સંબંધી વિશેષ માહિતી શ્રી ફોર્બસ ગુજરાતી સભાએ પારિતોષક નિબંધ તરીકે સને ૧૯૧૪માં પસાર કરેલો મારો નિબંધ નામે 'જૈન અને બૌદ્ધ મતનો સંક્ષિપ્ત ઈતિહાસ, તેના સિદ્ધાંતો અને વૈદિક મત સાથે તુલના' બહાર પડશે ત્યારે તેમાંથી મળી શકશે. તેને લખાયે ૧૮ વર્ષ થયાં અને તે દરમ્યાન અનેક માર્ગદર્શક પુસ્તકો, માહિતી, સાધનો પ્રકાશમાં આવ્યાં છે તેથી તે સર્વનો લાભ લઈ મૂળ નિબંધ સાંપ્રતકાલીન (uptodate) કરવા પાછળ અવકાશ, અને ભારે પરિશ્રમ લેવાની જરૂર છે. જૈન ગૂર્જર કવિઓના બે ભાગ, અને આ ઈતિહાસનો ગ્રંથ તૈયાર કરી છપાવવામાં સર્વ અવકાશ અને મહેનત ખર્ચાઈ જવાથી તે નિબંધનો સ્પર્શ કરી શકાયો નથી. આ કારણે તે ફોર્બસ ગુજરાતી સભા અને જનસમાજ મને ક્ષમા કરશે. હવે તે બને તેટલી શીઘ્રતાથી હાથમાં લઈ તેનું પુનર્લેખન-સંશોધન વર્દ્ધન કરી પ્રકાશન કરવા હું પ્રયત્નશીલ રહીશ.

૪૬. ભૂતકાલ પ્રત્યે સામાન્ય રીતે અક્ષમ કે અસહિષ્ણુ નથી થવાતું. ભૂતકાલની વાત કરતાં અનેક પ્રકારનો ઉદાર આત્મનિગ્રહ અને સહનશીલતા રહે છે. પૂર્વકાલના ધર્મ, ધાર્મિક સંપ્રદાય-સાહિત્ય, કે ધર્મતંત્ર જેવા વિષયને વિચારવાનો પ્રસંગ આવે તો તેમાં અનેક માનસિક અવ્યવસ્થાઓ-વિકૃતિઓ થઈ હોય છતાં તેને ઉત્પન્ન કરનારા પ્રત્યે તિરસ્કાર અને નિન્દા વ્યક્ત કરવાનું મન થતું નથી અને કાળજીથી તે પ્રત્યે આંખમિંચામણાં કરી યા તેને એક બાજુ રાખી આગળ વધવામાં આવે છે. વળી ભૂતકાળમાં તે સર્વ બનેલું એટલે આપણને તેની સાથે સાક્ષાત્ પરિચય હોતો નથી, તેથી જ્યારે તેમના પ્રત્યે સારા કે નરસા અભિનિવેશ પણ જાગતા નથી. પણ વર્ત્તમાન-આપણી નજર આગળ પસાર થએલો વર્ત્તમાન વિચારવાનું હાથ ધરવામાં આવે ત્યારે આપણી લાગણી સ્વસ્થ રહેતી નથી-બદલાઇ જાય છે, અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણો તીવ્ર આવેશ બહાર નીકળે છે, અનિષ્ટ તત્ત્વો પ્રત્યે સહનશીલતા રહેતી નથી અને સત્ય કહેવા જતાં કોઈને ખોટું લગાડવાનો, કોઇ વખત વધુ પડતું કહી જવાનો, તેમ કોક ટાણે અન્યાય કરી દેવાનો પણ પ્રસંગ આવવાનો સંપૂર્ણ સંભવ છે. 'જીવતા માણસની પૂરી આંકણી તેના સમકાલીનો મૂકી જ નથી શકતા; તેમનાથી કંઈક ને કંઈક પક્ષપાત થઈ જ જાય'-આ કારણે વર્ત્તમાન પહેલાંના એટલે જે જૈન ગ્રંથકારોને મેં જાતે જોયા-જાણ્યા-ઓળખ્યા નથી તેનો આમાં સમાવેશ કર્યો છે. એટલે જે વર્ષમાં હું સગીર મટી ગયો હતો તે સંવત્ ૧૯૬૦ ના વર્ષ પહેલાં જે સ્વર્ગસ્થ થયા તેમને જ આમાં સ્થાન આપવાની સીમા રાખી છે. ત્યારપછીના વિદ્યમાન કે અવિદ્યમાન્ નોંધવા લાયક વ્યક્તિઓ સંબંધી ખાસ કંઈ કહ્યું નથી-આટલા ખુલાસાથી કોઈને હવે પૂછવાનું કે ટીકા કરવાનું કારણ નહિ રહે કે શા માટે વિદેશીય-પાશ્ચિમાત્ય વિદ્વાનોને હસ્તલિખિત જૈન ગ્રથો પૂરાં પાડી તે દ્વારા પશ્ચિમમાં જૈન ધર્મના અભ્યાસકો વધારનાર શ્રી વિજયધર્મસૂરિ, અધ્યાત્મ-યોગના રસિક અનેક ગ્રંથોના પ્રયોજક કવિ શ્રી બુદ્ધિસાગર સૂરિ, અનેક પુસ્તકોનું સુંદર સંશોધન કરનાર મહાન્ અભ્યાસક વિદ્વાન્ ગ્રેજ્યુએટ શ્રી ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ, સિદ્ધહસ્ત લેખક અને વિચારક શ્રી વાડીલાલ મોતીલાલ શાહ વગેરે સ્વર્ગસ્થોને તેમજ વિદ્યમાનોમાં અપ્રકટ રહેલા આગમસાહિત્યને પ્રકટ કરાવી તેનો તે રીતે ઉદ્ધાર કરનાર શ્રી સાગરાનંદ સૂરિ, પંડિતોમાં વિચારક પંડિતવર્ય સુખલાલ, પં. બેચરદાસ, અને પં. લાલચંદ, સુંદર લેખક રા. સુશીલ, વર્ત્તમાન પત્રકાર રા. અમૃતલાલ શેઠ, સોરઠી લોકસાહિત્યના ઉદ્ધારક લેખક અને કવિશ્રી ઝવેરચંદ મેઘાણી, નવલકથાકાર રા. ચુનિલાલ વર્ધમાન શાહ, આદિને આ ઇતિહાસમાં સ્થાન આપી શકાયું નથી.

૪૭. આ સાથે એ પણ કહી દેવું યોગ્ય છે કે વીસમી સદી તે ચાલુ સદી છે; તેમાં સ્વર્ગવાસ થનાર શ્રી આત્મારામજી (વિજયાનંદ સૂરિ), શ્રી વીરચંદ ગાંધી, શેઠ પ્રેમચંદ રાયચંદ, શ્રી ડાહ્યાભાઈ ધોળશાજી, શ્રી રાયચંદ કવિ વિષે પ્રમાણ કરતાં વિશેષ લખી જવાયું છે, પરંતુ તે પણ મારા પોતાના વિશિષ્ટ મત અનુસાર નહિ, પણ પ્રમાણિક વિદ્વાનોના ગ્રાહ્ય મત અનુસાર લખાયું છે; અને આવો ઇતિહાસ ફરી વાર બહાર પડશે ત્યારે ખરો, એટલે તત્ત્વનું જેટલું ટુંકમાં લખાય તેટલું તેમના સંબંધી લખી બહાર પાડી દેવું ઠીક છે એ હેતુથી કંઈક વિશેષ લખાયું છે તો તે ક્ષંતવ્ય ગણાશે.

૪૮. **જૈનો હિંદુ** છે—જે માણસ હિન્દુસ્થાનમાં હિન્દુકુળમાં જન્મીને વેદ, ઉપનિષદ, પુરાણાદિ ગ્રન્થોને ધર્મગ્રન્થરૂપે માને; જે માણસ સત્ય અહિંસાદિ પાંચ યમોને વિષે શ્રદ્ધા રાખે ને તે યથાશક્તિ પાળે, જે માણસ આત્મા છે પરમાત્મા છે, આત્મા અજ અને અમર છે તેમ છતાં દેહાધ્યાસથી સંસારમાં અનેક યોનિમાં આવજા કર્યા કરે છે, તેને મોક્ષ છે, અને મોક્ષ એ પરમ પુરૂષાર્થ છે એમ માને, જે વર્ણાશ્રમ ને ગૌરક્ષા ધર્મને માને તે હિન્દુ છે-આવી વ્યાખ્યા હિન્દુની ગાંધીજીએ કરી છે, તેજ ગાંધીજી ગૌતમબુદ્ધ માટે જણાવે છે કે : 'મારો તો નિશ્ચિત અભિપ્રાય છે કે બૌદ્ધધર્મનો અથવા બુદ્ધના ઉપદેશનો પૂરો પરિપાક ભારતવર્ષમાં જ થયો હતો. એથી ઉલટું થવું શકય પણ નહોતું. કારણ ગૌતમ પોતે હિંદુ હતા-હિંદુશ્રેષ્ઠ હતા. હિંદુ ધર્મના ઉત્તમાંશથી તેઓ ભીંજાયા હતા. કેટલાંક તત્ત્વો જે વેદમાં દટાઈ રહેલાં હતા અને જેની પર જાળાં બાઝી ગયાં હતાં તે તત્ત્વોને તેમણે નવજીવન આપ્યું. વેદમાં રહેલા ઝળહળતા સત્ય પર શબ્દોનું-નિરર્થક શબ્દજાળનું જે અરણ્ય જામ્યું હતું. તેમાંથી તેમના મહાન હિંદુ આત્માએ પોતાનો રસ્તો શોધી કાઢ્યો. વેદના કેટલાક શબ્દોમાંથી તેમણે જે અર્થનું દોહન કર્યું. તેનાથી એમના કાળના માણસો સાવ અજાણ હતા. ભારતવર્ષની ભૂમિ એમને આ ધર્મકાર્યને સારૂ સૌથી અનુકૂળ લાગી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુદ્ધ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેમની પાછળ જનાર અને તેમને વીંટળાઈ વળનાર ટોળાં ઇતરધર્મીઓનાં નહિ પણ હિંદુઓનાં જ હતાં અને તેઓ વેદધર્મથી રંગાયેલાં હતાં. પણ બુદ્ધનો ઉપદેશ તેમના હૃદયની જેમ સાર્વભૌમ અને સર્વવ્યાપી હતો, અને તેથી તે એમના નિર્વાણ પછી પણ ટક્યો અને આખી પૃથ્વી પર ફરી વળ્યો. બુદ્ધના અનુયાયી ગણાવાનું જોખમ વહોરીને પણ હું કહું છું કે એ હિંદુ ધર્મનો વિજય છે. બુદ્ધે હિંદુધર્મનો અસ્વીકાર કદી કર્યો નહોતો, તેમણે તો તેનો પાયો વિશાળ કર્યો; તેમણે હિંદુધર્મને નવજીવન આપ્યું અને એનું નવું રહસ્ય બતાવ્યું. બુદ્ધના ઉપદેશનો મહત્ત્વનો ભાગ હિંદુધર્મમાં ભળી જઈને આજે તેનું અંગ થઈ ગયો છે. આજે હવે હિંદુ-ભારત-વર્ષ પાછાં પગલાં ભરે, અને ગૌતમે હિંદુધર્મ પર જે સુધારાનું મોજું ફેરવ્યું તેને ભૂંસી નાંખી શકે, એ શકય રહ્યું નથી. પોતાના ભારે આપભોગથી, ભવ્ય ત્યાગથી અને જીવનની નિષ્કલંક પવિત્રતાથી તેઓ હિંદુધર્મ પર કદી ન ભૂંસાય એવી છાપ મૂકી ગયા, અને હિંદુધર્મ એ મહાન ગુરૂનો કાયમનો ઋણી બનેલો છે.'

૪૯. શ્રી બુદ્ધના સમકાલીન શ્રી ભ.મહાવીર હતા અને તેમને વિષે પણ શ્રી બુદ્ધ માટે જે ઉપર કહ્યું છે તે પ્રાયઃ કહી શકાય તેમ છે. શ્રી મહાવીરને વેદવિત્ (પ્રા. વેયવી) તરીકે આચારાંગમાં સ્પષ્ટ વર્ણવેલ છે. બૌદ્ધ ધર્મ તે નામથી હિંદમાં લુપ્ત થયો, અને જૈન ધર્મે પોતાનું નામ-વ્યક્તિત્વ હિંદમાં અત્યાર સુધી જાળવી રાખ્યું. બંનેની અસર-બંનેનાં તત્ત્વોની મેળવણી હિંદુ ધર્મમાં થઈ છે. બંનેના સંસ્કાર પ્રકૃતિથી આર્યધર્મી છે. હિંદુઓનો ધર્મ વિશાળવ્યાપી હોઈ તેણે પોતામાં નિરીશ્વરવાદી નાસ્તિક ચાર્વાકની ફિલસૂફીનો પણ સમાવેશ કર્યો છે. બૌદ્ધો અને જૈનો વેદાદિને પોતાના ધર્મગ્રંથો ન માનતા છતાં તે આર્ય સંસ્કારવાળા છે-આર્યધર્મનાં જ અંગ છે. હિંદુઓના ધર્મને જો હિન્દુ ધર્મ કહેવામાં આવે તો ભારતમાં ઉત્પન્ન થનારા સર્વ ધર્મ હિન્દુ ધર્મ કહેવાવા યોગ્ય છે.

૫૦. જૈન એક જાતિ નથી પણ એક ધર્મ છે-આર્ય ધર્મ છે-ભારતવર્ષમાં જન્મેલો ધર્મ છે. હિંદુ એ જાતિ છે અને તેથી જૈનો જાતિએ (by race) હિંદુ છે. જૈન ધર્મ પાળનારામાં હિંદમાં વસતી વણિક આદિ જુદી જુદી વર્ણો-જાતિઓ છે. ગમે તે વર્ણના તે ધર્મ પાળી શકે છે.

૫૧. **શાસ્ત્ર**-દરેક ધર્મમાં તેના મુખ્ય ધર્મગ્રંથોને 'શાસ્ત્ર' કહેવામાં આવે છે; અને તેનું પ્રમાણ છેવટનું-નિર્ણયાત્મક ગણવામાં આવે છે. કોઈ વખત એક ધર્મશાસ્ત્રમાં કંઈ તો બીજા ધર્મના શાસ્ત્રમાં તેથી જુદું જ હોય એમ જોવામાં આવે છે. શાસ્ત્રની કસોટી શી એમ પ્રશ્ન થતાં તેનો ઉત્તર પ્રજ્ઞ પુરૂષો એમ આપે છે કે જે શાસ્ત્ર વચન સત્યનું, અહિંસાનું, બ્રહ્મચર્યનું વિરોધી હોય તે ગમે ત્યાંથી મળ્યું હોય છતાં તે અપ્રમાણ છે. જેને બુદ્ધિ સમજે નહિ, જે હૃદયમાં ખૂંચે તે શાસ્ત્ર નહિ. એમ ન હોય તે આપણને ધર્મભ્રષ્ટ થવાનો ભય રહે. જે શાસ્ત્ર મદિરાપાન, માંસભક્ષણ, પાખંડ ઇત્યાદિ શીખવે તે શાસ્ત્ર ન કહેવાય. શાસ્ત્ર એવું હોઈ જ ન શકે કે જે અક્કલની બહાર હોય, જે સત્ય ન હોય, જેને હૃદય ન માને. બાકી શાસ્ત્રના અર્થ તો ગમે તેવા થઈ શકે. આપણે શાસ્ત્રને નામે શું નથી કરતા ? શાસ્ત્રને નામે બાવાઓ ભાંગ પીયે છે અને ગાંજો ફૂંકે છે; શાસ્ત્રને નામે દેવી ભક્તો માંસ મદિરાનું સેવન કરે છે, અનેક માણસો વ્યભિચાર કરે છે, અને મદ્રાસ ઈલાકામાં કુમળી બાળાઓને વેશ્યા બનાવવામાં આવે છે. આના કરતાં શાસ્ત્રનો બીજો શો અનર્થ હોઈ શકે ? આવાં અનર્થકારી શાસ્ત્રોની અસર-ગતિ રોકવી ઘટે. જાહેર સેવા કરનારનો ધર્મ પ્રજાના પ્રવાહની જે ગતિ હોય તેમાં તણાવાનો નથી; પણ જો તે ગતિ અવળી હોય તો તેને સવળી કરવાનો છે. જો પોતાના દિલમાં 'ના' હોય છતાં સ્હામાનું મ્હોં જોઈને તેને 'હા' જોઈએ છે કે 'ના' એ વિચારી લઈને તે પ્રમાણે વાત કરવામાં આવે છે એ કાયરતા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૨. ધાર્મિક જીવનની બે ભાવના જુદી પાડી શકાય. એક પ્રવૃત્તિની અને બીજી નિવૃત્તિની, એક કર્મની અને બીજી જ્ઞાનની, એક ગૃહસ્થની અને બીજી સંન્યાસની. આ પૈકી નિવૃત્તિ ધર્મને સ્વીકારનારા-દીક્ષિત મુનિઓ-ધર્મગુરૂઓ સાહિત્યના વિકાસ અને વિસ્તાર માટે પોતાના પૂર્વજોનું અનુકરણ કરી એટલું બધું કરી શકે એવી તેમની નિવૃત્તિની સ્થિતિ છે કે જૈન ગૃહસ્થોનો બધો સમૂહ કે તેમની સંસ્થાઓ કરે તેના કરતા સરસાઇ બતાવી શકે. 'એ નિવૃત્તિ પ્રવૃત્તિમાં છૂપાયેલી હોવી જોઇએ. દેહ માત્ર પ્રવૃત્તિ વિના એક ક્ષણભર પણ ટકી શકે નહિ એ સ્વયંસિદ્ધ વસ્તુ છે. પ્રત્યેક શ્વાસ આપણે લઇએ છીએ એ પ્રવૃત્તિ-સૂચક છે. ત્યાં નિવૃત્તિનો અર્થ આ જ હોઈ શકે કે શરીર નિરંતર પ્રવૃત્ત રહેવા છતાં આત્મા નિવૃત્ત રહે એટલે કે તેને વિષે અનાસક્ત રહે. તેથી નિવૃત્તિપરાયણ મનુષ્ય કેવળ પરમાર્થને ખાતર જ પ્રવૃત્તિ કરે. નિવૃત્તિ એટલે અનાસક્તિપૂર્વક પરમાર્થે આચરેલી પ્રવૃત્તિ.' -આવી નિવૃત્તિથી પોતે પરમાર્થે સાહિત્યપ્રવૃત્તિ કર્યા કરશે તો વર્ત્તમાન જૈન સાધુઓ સત્ય અને અહિંસાના જગદ્‌વ્યાપી ધર્મને સમજાવવામાં મહાન્ ફાળો આપી શકશે. ખરી ધર્મ જાગૃતિથી પ્રાચીન સંસ્કૃતિમાં જેટલું સત્ય, શિવ અને સુંદર છે તેટલાનો જ સંગ્રહ કરવાની ધગશ હોય તો આપણી સ્થિતિ આજે જુદી જ હોય. એનો પુનરૂદ્ધાર કરવામાં ધર્મના વ્યાપક સ્વરૂપને નજરમાં રાખી ભગિરથ મૌલિક પ્રયત્નો થશે ત્યારે જ આપણને પ્રાચીન સભ્યતાની ખોવાઈ ગયેલી ચાવી હાથમાં આવશે.

૫૩. આચાર્યશ્રી કાકાસાહેબ **કાલેલકરે** એક વ્યાખ્યાનમાં **ધર્મનું વ્યાપક સ્વરૂપ** શું છે તે યથાર્થ શબ્દોમાં કહ્યું છે કે :- 'ધર્મ માત્રમાં બુદ્ધિ, અનુભવ, શ્રદ્ધા, અંતઃકરણની લાગણીઓ, કાવ્યકલ્પના અને કલારસિકતા એ બધી વસ્તુઓ હોય છે, હોવી જ જોઈએ. એની સાથે વ્યક્તિનો સમાજ અને વિશ્વ સાથેનો સંબંધ, જીવનવ્યાપી સંઘ સ્થાપવાની વૃત્તિ અને આવશ્યકતા, તેમજ ક્ષેમવૃત્તિ (Conservatism) અને પરિવર્ત્તનવૃત્તિ (Radicalism) એ બંને બાજુ ધર્મમાં સ્વભાવતઃ હોય છે અને હોવાં જોઇએ, આમાંથી એકે અંગ જો ઓછું કરીએ તો ધર્મ વિકલાંગ થવાનો, અને મનુષ્યજીવન માટે અપર્યાપ્ત નીવડવાનો. ધર્મમાં શ્રદ્ધાની માત્રા વધવાથી ધર્મ બગડતો નથી. લાગણી અને કોમળતા વધવાથી તે પોચો થતો નથી. કાવ્યકલ્પનાઓ વધવાથી તે અસત્યપ્રેરક થતો નથી. કલારસિકતા વધવાથી તે હીનતાનો સંગ્રાહક બનતો નથી. વિશ્વ સાથેનો સંબંધ પૂર્ણપણે સ્વીકારવાથી તે અવ્યવહારૂ થતો નથી. ક્ષેમવૃત્તિને અંગીકારવાથી તે જડ થતો નથી. પરિવર્ત્તનશીલતાને આવકાર આપવાથી તે વિનાશક બનતો નથી. ધર્મનું મરણ તો અજ્ઞાન, વિલાસિકતા અને બાહ્ય સત્તામાં છે. ભ્રમમૂલક અસત્યથી સત્ય ઢંકાય, પણ કોઇ કાળે વીંધાય નહિ. કેમ કે અસત્યના પેટમાં પણ સત્ય જ છુપાયેલું રહે છે. સત્યનો પરાજય સત્તામાં છે. કોઈપણ ધર્મ જ્યારે અજ્ઞાનને સાંખે છે, વિલાસિતા સાથે માંડવાળ કરે છે, અથવા સત્તાની ઉપાસના કરે છે ત્યારે એ ધર્મ પ્રથમ સુલભ થાય છે, રોચક થાય છે, વિશાળ થાય છે અને અંતે પરપોટાની પેઠે ફુટી જાય છે.'

૫૪. પ્રવૃત્તિ-ધર્મમાં રાચતા એવા યુવકો સાહિત્ય, વિજ્ઞાન, ધર્મ કે સમાજના સંબંધે ધારે તો ઘણું કરી શકે—જૂનામાંથી નવું સર્જી શકે—પૂર્વજોના સાહિત્ય પ્રત્યે આદર તેમનામાં ઉત્પન્ન કરાય તો તેઓ તેનો વિસ્તાર શાસ્ત્રીય અને તાર્કિક પદ્ધતિથી યુક્તિ પુરઃસર કરી શકે, અને ભૂતકાલ અને ભવિષ્યકાલના સેતુરૂપ બની વર્ત્તમાનકાલને ઉજ્જવલ બનાવી શકે. યુવકો પ્રત્યે બંડખોર કહી ઉપેક્ષા કરવી, તેમને હરકોઇ પ્રકારે નિન્દવા, તેમની અવગણના અને અવહેલના કરવી, તેમનો જુસ્સો દબાવી દેવો અને તેમની પ્રવૃત્તિઓને વિચારસ્ફુરણાઓને અનિષ્ટ ઉચ્છૃંખલ તથા અહિતકારી ગણી જ લેવી-એ તેમનું માનસ નહિ સમજવાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપસ્થિત થયેલાં પરિણામો છે. વસ્તુતઃ અંધશ્રદ્ધા, ગતાનુગતિકતા, કુપ્રથાઓ સામે પ્રહાર કરી જ્ઞાનપૂર્વક શ્રદ્ધા, વિચારપૂર્વક પ્રવૃત્તિ અને સુપ્રથાઓનું વાતાવરણ જમાવવું એ એક જાતનું બંડ છે. એવું બંડ તો આદરણીય છે, ઉત્તેજનીય છે. આ દૃષ્ટિથી શ્રીમાન્ મહાવીર પ્રભુના સમગ્ર જીવનને વિચારપૂર્વક લક્ષમાં લેતાં જણાશે કે તેઓ એક જબરા બંડખોર હતા. વેદવિહિત હિંસા, ચાતુર્વર્ણ્યથી થયેલી સંકુચિતતા અને સ્ત્રીઓ તથા શૂદ્રો પ્રત્યે અન્યાયી વર્ત્તનની સામે મહાન સામનો તેમણે કર્યો હતો અને શુદ્ધ સર્વતોભદ્ર અહિંસા સમજાવી, ચતુર્વિધ સંઘની સ્થાપના કરી તે સંઘમાં સ્ત્રીઓ તથા શુદ્રોને સમાન અધિકાર વાળું સ્થાન આપ્યું હતું. અનિષ્ટ તત્ત્વો અને વહેમોનાં જાળાં જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં પોકાર કરી તેને પીંખી નાંખી તેની બદલીમાં ઈષ્ટ તત્ત્વો અને સત્ય શ્રદ્ધા સત્ય જ્ઞાન અને સત્ય આચારની સ્થાપના કરવી એમાં યુવકોના યૌવનનો+જોસનો વ્યય થાય એ ગૌરવાસ્પદ છે. તે બીજે રસ્તે વહી જવાં ન જોઈએ, વહી જતાં હોય તો સવળે રસ્તે વાળી તેમને અભિનંદન-ઉત્તેજના આપી વૃદ્ધોએ અમીદૃષ્ટિ અને પ્રેમભાવ દાખવવાં ઘટે. યુવકો અને નવજવાનોનો વર્ગ જ હમેશાં હરકોઈ પ્રજાની બધી આશા અને ઉમેદોનો ખજાનો છે.

૫૫. ભણેલા યુવકો ન્યાય ચાહે છે, યુક્તિ ઈચ્છે છે. 'અમે જે કહીએ છીએ તે પૂર્વજો કહી ગયા છે, અને તે આ પ્રકારે જ કહી ગયા છે તો તેને તે પ્રકારે જ સત્ય તરીકે સ્વીકારો, કારણ કે પૂર્વજોનાં કથનો દ્રવ્યક્ષેત્રકાળભાવથી અબાધિત-અપરિવર્ત્તનશીલ છે, સનાતન સત્ય છે'-એમ કહેવાથી બધા યુવકો માની નહિ જાય. તેમાં ન્યાય ને યુક્તિ હશે, તે બરાબર સમજમાં ઉતરી શકે તેવી રીતે બતાવવામાં આવશે તો તેઓ સ્વીકારશે, નહિ તો વખતે સામા થઈ જશે. એમ સમજી તેમની સાથે આદરભર્યો વર્ત્તાવ કરવામાં આવશે તો જ તેમનામાં નિજ માન અને પૂર્વજોનું માન જળવાશે યુક્તિ કે ન્યાય દાખવવા જેટલી બુદ્ધિ કે શક્તિ ન હોય અને તે છતાં સ્વમાન જાળવવું હોય તો પ્રેમદૃષ્ટિથી યુવકો જે કરે તે જોયાં કરવું-મૌન સેવવું એમ આજનો યુગધર્મ કહે છે. અત્યારે તો વિરોધ, પ્રતિકાર, પ્રણાલિકાભંગ, આક્રમણ, એવા એવા અનેક શબ્દોના રણકાર સંભળાય છે. આથી ભડકવાનું નથી, પરંતુ યુગમાં એક પ્રકારનું જોસ-બળ આવ્યું છે તેના ચિન્હ તરીકે એ રણકાર છે એમ સમજી આનંદવાનું છે અને વિશેષમાં તેનો લાભ લઈ તે રણકાર વધુ ને વધુ ગતિ લઈ યોગ્ય પ્રગતિના પંથે વહી એક પ્રચંડ મહાન્ અવાજ બની વિશાલવ્યાપી થાય, આખા ભારતમાં ફરી વળે એવું હૃદયપૂર્વક ઈચ્છવાનું છે. એની ગતિથી, ચેતનાથી બધી જાતની પરવશતા-મન વચન શરીરની પરવશતા જશે, અજ્ઞાન, ગરીબાઈ દૂર થશે અને ધાર્મિક ઝનૂન, સામાજિક સડાઓ, અને ચૂસ્ત મૂર્ખતાઓનાં પ્રદર્શનો નાશ પામશે; ટુંકામાં આપણી આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રગતિમાં આડે આવનાર મહા વિઘ્નનો નાશ થશે. આવા સામનાનો અર્થ વૃદ્ધ મુરબ્બીઓ સામેનો વિરોધ કે તેમનો તિરસ્કાર સમજવાનો નથી. આ સંબંધી પ્રાચીન ફિલસૂફીઓના મહાન્ અભ્યાસી પ્રોફેસર સર રાધાકૃષ્ણનૂના લખનૌ વિદ્યાપીઠના ૩૧ મા પદવીપ્રદાન-સમારંભ વખતે આપેલું ભાષણ મનનીય છે. તેઓ જણાવે છે કે :-

'બગડી ગયેલ સામાજિક વ્યવસ્થા અને ધાર્મિક ઝનૂન સામે બંડ કરનાર યુવકોના હાથમાં ખરૂં ભવિષ્ય છે. અત્યારે પરિસ્થિતિ એવી ગંભીર છે કે જેઓ તે યુવકો પ્રત્યે ઉપેક્ષા રાખે તેઓ ક્રૂરતાનો અપરાધ કરે છે. લોકોની ઉપેક્ષા પર અન્યાય વૃદ્ધિ પામે છે. ખરાબ શેઠ, ભ્રષ્ટ નેતા, અસત્યનિષ્ઠ ગુરૂ-એ બધા વધતા જાય છે. તેનું કારણ તેમના પ્રત્યે સામનો કદિપણ કરવામાં નથી આવ્યો તે છે. અન્યાય કરનારા નભે છે. કારણ કે જેઓમાં ન્યાયની ભાવના હોય છે તેઓ જડભરત જેવા અક્રિય બેઠા રહે છે. સમાજમાંના અન્યાયો સામે સામનો કરવાનો જુસ્સો એ આજ્ઞાનો કે નિયમોનો અનાદર અથવા અસહનશીલતા છે એવી ખોટી ભ્રમણામાં પડવાનું નથી. બીજાઓની લાગણી પ્રત્યે માન અને ઉંડા આંતરિક વિવેક સાથે તે સામનો તદ્દન સંગત છે. આપણે શિષ્ટસમાજ માટેની આવશ્યક એવી પ્રધાનભૂત વિનયશીલ રીતભાતને તિલાંજલિ દેવી ન જોઈએ.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૬. વિનયી વર્ત્તન રાખી ધર્મમાં દેખાતું ક્લેશમય ઝનૂની વાતાવરણ અને સમાજમાં ઘુસી ગયેલ ખોટી માન્યતા અને વહેમોના પરિણામે રહેલ સડાઓ સામે સત્ય અને અહિંસાનાં સાધનથી સામનો કરવામાં યુવકો સફલતા મેળવી શકશે એ નિઃસંદેહ છે. વાણી અને વિચારના અસંયમથી ધાર્યો ઘા થઈ શકશે નહિ અને એમ કરતાં નિશાન ખાલી જવાથી પ્રત્યાઘાત વધારે જોરવાળો થશે. સાંસ્કારિક, ધાર્મિક, સાહિત્યવિષયક, સામાજિક પ્રશ્નને છેડી તેની વિચારણા, નિમંત્રણા યુવકો કરશે તો શાસ્ત્રો શાસ્ત્ર બની સંહારક બન્યાં છે, સાહિત્ય નિવૃત્તિપ્રધાન હોઈ આત્માને જડ બનાવે છે, સમાજ અધઃપતન પ્રત્યે જાય છે એવા આક્ષેપો દૂર કરી પોતે અતિ ઉપયોગી થઈ શકશે.

૫૭. આપણામાં આવેશ છે, સારી ભાવનાઓ પણ છે, પરંતુ એ આવેશથી કે એ ભાવથી આપણો ઉદ્ધાર થવાનો નથી, તેનાથી આપણું માગ્યું આપણને મળવાનું નથી. આપણે જે કરેલું હશે તે જ કાયમ રહેવાનું છે અને તે ઉપરથી જ ભવિષ્યનું ઘડતર થવાનું છે. આપણા આવેશને આપણે કૃતિમાં ન મુકીએ, એ આવેશનું સુંદર પરિણામ ન લાવીએ તો એ આવેશ મિથ્યા છે. ભાવનાઓ જગાડવાનું કાર્ય સારૂં છે. તેની તેવે વખતે જરૂર પણ છે. પરંતુ ભાવનાઓ જગાડવામાં રોકાવા કરતાં આપણે કામ જ કરવા લાગી જઈશું તો તેની અસર વધારે થશે અને કામ કરી બતાવીને આપણે વધારે દૃઢ ભાવનાઓ જગાડી શકીશું. આપણી પ્રાચીન સંસ્કૃતિ વિષે, આપણા ધર્મની સાહજિક સરળતા વિષે અડગ વિશ્વાસને લીધે જ વિરોધ અને વિખવાદનાં વાદળોમાં અનેક મહાજન શાંતિ અને આશા જાળવી શક્યા છે. તે વિશ્વાસ આપણામાં જાગૃત અને પ્રજ્વલિત રહે તો આશા, હિંમત અને બળમાં વૃદ્ધિ થતી જાય એ નિઃશંક છે.

૫૮. સાહિત્યનો રસ અક્ષરજ્ઞાન વગર લઈ શકાય તેમ નથી. અક્ષરજ્ઞાન અને તેનાથી સાક્ષર થવું એ એક વાત છે, અને ખરા ચારિત્રવાન્ થવું એ બીજી વાત છે. ગાંધીજી કહે છે કે મારો અનુભવ છે કે માણસનું ચારિત્ર એ તેની લખી વાંચી શકવાની કેળવણીથી તદ્દન ઈલાયદી વસ્તુ છે અને એકલી લખવા વાંચવાની કેળવણી માણસની નૈતિક કમાઈમાં એક દમડીનો પણ ઉમેરો કરે છે એવો નિયમ નથી. જે કેળવણી આપણી બધી મર્દાનગી હરી લે, આપણને નાદાર અને નાસ્તિક કરી મૂકે, અસંતોષથી આપણાં જીવનને ભરી દે અને બીજી બાજુએ અસંતોષ મટાડવા માટે કશો જ માર્ગ ન રાખીને દશે દિશાએ આપણને નાસીપાસીજ પીરસી મૂકે તે ખરી કેળવણી નથી. અક્ષરજ્ઞાન એટલે જ દરજ્જે જરૂરનું છે જેટલે દરજ્જે તે આપણી વિચારશક્તિને ખીલવે ને આપણને સારાસારનો નિર્ણય કરતાં આવડે. આપણે મનુષ્ય બનવું એ પ્રથમ ભણતર છે. મનુષ્ય જ અક્ષર જ્ઞાનને લાયક છે. અક્ષરજ્ઞાનથી મનુષ્યત્વ નથી આવતું. આપણે આપણા બળને વિષે અજ્ઞાત છીએ તેથી-તે અજ્ઞાનથી બીજા દોષો આવી જાય છે. આપણામાં રહેલા આત્માને વિષે જ શંકા છે, તેના ગુણોને વિષે શ્રદ્ધા નથી. આ અજ્ઞાન કેવળ અક્ષરજ્ઞાનથી નથી જવાનું. માત્ર વિચારના પરિવર્ત્તનથી જ જઈ શકે છે.

૫૯. આપણે પોતે ને આપણી પ્રજાએ અક્ષરકેળવણી લઈ બુદ્ધિ ખીલવવાની જેટલી જરૂર છે તેટલી જ જરૂર નૈતિક કેળવણી લેવાની છે. નીતિની કેળવણી એટલે ધર્મનું ભાન થવું. જેને ધર્મ ઉપર આસ્થા બેઠી છે, જે તેના સ્વરૂપને સમજે છે તેની સાથે જગત એકંદરે કજીઓ કરતું નથી ને કરવા આવે તો પેલો પુરૂષ તેને વિનયપૂર્વક દૂર કરાવી શકે છે. અહીં ધર્મનો અર્થ માત્ર ધર્મગ્રંથોમાં લખેલાં ક્રિયાકાંડ કરવાં એ નથી, પણ પોતાને ઓળખવો, ઈશ્વરની પહેચાન કરવી એ છે; અને જેમ જેને વણતાં ન આવડે તે વણકર નથી થઈ શકતો તેમ જે અમુક નિયમોનું પાલન નથી કરતો તે પોતાને ઓળખી જ નથી શકતો. તે નિયમો તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સત્ય, અહિંસા ને બ્રહ્મચર્ય છે. આ બધાનું જ્ઞાન ધર્મસાહિત્યમાંથી મેળવી શકાય છે. ધર્મ-પુસ્તકોમાંથી પરમાત્માનો મેળાપ અને સત્યનું દર્શન મળી શકશે.

૬૦. ભારતવર્ષની પુરાણી **વિદ્યાપીઠોની** પેઠે આપણી હાલની યુનિવર્સિટીઓમાં જ્યાં લગી દેશમાં વિદ્યાદાન ચારિત્રવાન શિક્ષકોની મારફતે નહિ થાય, જ્યાં સુધી ગરીબમાં ગરીબ હિંદીને સારામાં સારી વિદ્યા પહોંચી શકે એવી સ્થિતિ નહિ હોય, જ્યાં સુધી વિદ્યા અને ધર્મનો સંપૂર્ણ સંગમ નહિ થયો હોય, જ્યાં સુધી પર-ભાષાની મારફતે શિક્ષણ આપી બાળકો અને જુવાનોમાં મનની ઉપર અસહ્ય બોજો પડે છે તે દૂર કરવામાં નહિ આવ્યો હોય, ત્યાં સુધી પ્રજાજીવન કદી ઉચ્ચ બનવાનું નથી એ નિઃશંક છે. પ્રજાકીય શિક્ષણ તે તે પ્રાંતની ભાષા મારફતે અપાવું જોઈએ. શિક્ષકો ઉચ્ચ કોટિના હોવા જોઈએ. જ્યાં વિદ્યાર્થીને સ્વચ્છ હવાપાણી મળે, જ્યાં મકાન અને આસપાસની જમીન આરોગ્યનો પદાર્થપાઠ આપતી હોય એવી જગ્યાએ શાળા હોવી જોઈએ અને જેમાંથી મુખ્ય ધર્મોનું જ્ઞાન મળી શકે એવી શિક્ષણપદ્ધતિ હોવી જોઈએ. આવી વિદ્યાપીઠો એક નહિ પણ અનેક -પ્રાંતપ્રાંતમાં ઉભી થશે ત્યારે વિદ્યા અને ધર્મનો સંપૂર્ણ સંગમ પ્રાપ્ત થશે.

૬૧. ગૂજરાતમાં જે વિદ્યાપીઠ સ્થપાઈ તેણે કંઈ કાર્ય કરી બતાવ્યું. અત્યારે તેની સ્થિતિ ગૂજરાતને શોભે તેવી નથી. તેવી વિદ્યાપીઠમાં શિક્ષણનું વાહન ખરી **ગૂજરાતી ભાષા** હોવી જ જોઈએ. જે ગૂજરાતી લાખો ગૂજરાતના ભણેલા વતની બોલે છે ને લખે છે તે ખરી ગૂજરાતી. ગૂજરાતી સંસ્કૃતની અને પ્રાકૃતની દીકરી હોઈ તેનો આધાર સંસ્કૃત-પ્રાકૃત ઉપર હોવો જ જોઈએ એમાં તો કોઈ શંકા ન લાવી શકે. જેમ જેમ આપણામાં પ્રજાપ્રેમ વધતો જાય છે તેમ તેમ આપણામાં ભાષાપ્રેમ વધવો જોઈએ દેશપ્રેમ હોય ને ભાષાપ્રેમની ખેવના ન હોય એ અસંભવિત છે. હિંદુ (જેમાં જૈનો સમાય છે), મુસલમાન ને પારસી એ ત્રણે કોમો ગૂજરાતી બોલે છે, ત્રણે વેપારી હોઈ આખા હિંદુસ્તાનમાં ને દેશાવરમાં ફરનારી છે. એ ત્રણેને ગૂજરાતી તરીકે ઓળખાવનાર વસ્તુ તેમની ભાષા છે. તેની સેવા ત્રણે કોમે કરવી અને તે ભાષામાં શિક્ષણ આપનારી વિદ્યાપીઠને સ્થાપિત-પોષિત અને વર્દ્ધિત કરવી એ તેમની ફરજ છે.

૬૨. પ્રજાકીય ઉન્નતિમાં સ્વભાષા પ્રેમ ઉપરાંત દેશની સર્વ સામાન્ય ભાષા પર પણ આદર હોવો જોઈએ. તે ભાષા તે હિન્દી છે. તેનું શિક્ષણ તે પ્રજાકીય શિક્ષણના મૂળાક્ષર સમાન છે. તેથી નવજવાનોએ **હિન્દી ભાષા** શીખી લેવી જોઈએ; કે જેથી અત્યારે દેશના એક પ્રાંતના નવ જવાનોને બીજા પ્રાંતમાં જવું ને ખપ લાગવું સો સો વાત થઈ પડે છે તેમ ન બને. ચાલાક, નમ્ર, અને મહેનતુ હરકોઈ જવાન એ થોડા માસમાં શીખી લઈ શકે. એ શીખવામાં સહેલી ભાષા છે. તેમાં કેટલાયે શબ્દો તો ઘરના જ લાગશે, કારણ દ્રાવિડી ભાષાઓ સિવાયની ઉત્તરની ભાષાઓના મોટા ભાગનો શબ્દભંડોળ એક જ છે. એ ભાષા ઉચ્ચ અને વિદ્વત્તા ભર્યા વિચારોને સુદ્ધાં પહોંચી વળે તેવી છે.

૬૩. અંગ્રેજી ભાષા એ પરભાષા છે, અને સાહિત્યની દૃષ્ટિએ તેનું મહત્ત્વ ઘણું છે. અંગ્રેજી ગ્રંથોમાં ભારે વિભૂતિઓ સમાયેલ છે, પણ અંગ્રેજીનું શિક્ષણ સમસ્ત પ્રજાવર્ગ પર લાદિ નહિ શકાય. અંગ્રેજી ભાષા આજકાલનો વાયુ છે. તેના પ્રત્યે તિરસ્કાર ન કરતાં એ ભાષા શીખવી એ જુદી વસ્તુ છે અને તેને માતૃભાષા-માદરીજબાન બનાવવી એ જુદી વસ્તુ છે. રાજકારણી ભાષા અથવા વ્યાપારની ભાષા ઉપરાંત અંગ્રેજીનું બીજું સ્થાન નથી એમ અંગ્રેજીભાષામાં વિશારદ થયેલ કેટલાક પ્રજાનેતાઓ જણાવે છે. હાલ તે રાજભાષા છે અને તે પ્રત્યે લોકોનું ધ્યાન ઘણું વળ્યું છે અને એને પરિણામે અસંખ્ય ગ્રેજ્યુએટો-યુનિવર્સિટીના પદવીધરો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિંદના દરેક ઇલાકામાં પ્રાપ્ત થયા છે અને વિશેષ નીકળતા જાય છે. એમાંના કેટલાકે દેશની, સાહિત્યની, ધર્મની, કોમની, જાતિની સેવા ઘણી સારી બજાવી છે.

૬૪. આપણા ઉચ્ચ અંગ્રેજી શિક્ષણ પામેલા સંસ્કારી ગ્રેજ્યુએટોએ ઘણું ઘણું કરવાનું રહે છે. યુનિવર્સિટીનું શિક્ષણ, અખંડ અને ઉચ્ચ વિચાર-સરણિ પ્રત્યેના પ્રેમનો વિકાસ, અને લૌકિક પ્રથાઓ તથા દૃઢીભૂત થયેલી અનુચિત ભાવનાઓની સામે વિરોધ કરવાની શક્તિ ન કેળવી શકે તો તે શું કામનું ? સુશિક્ષિત જન તો જ્યાં સત્ય હોય ત્યાંથી તેને શોધી કાઢી તેને અનુસરશે અને ઘણા લોકો અનુસરે છે તે પ્રમાણે-ગતાનુગતિક ગાડરપ્રવાહ પ્રમાણે અનુસરવાની ચોખ્ખી ના પાડશે. જ્ઞાનમાં શક્તિ છે અને સત્ય સ્વતંત્રતાને માર્ગ કરી આપે છે. દેશનું નવીન ઘડતર કરવા માટે આપણે વિચારવું ઘટે અને પ્રજ્ઞાથી કાર્યક્રમની વ્યવસ્થા કરવી ઘટે. નૂતન ઝાંખી કરવાથી નિપજતી અચલ શ્રદ્ધા, નવીન શરૂઆત અને આશામાંથી સર્જન થાય છે. વર્ત્તમાનયુગમાં ચારે બાજુ અનેક આંદોલનો, વિચારપ્રવાહો અને પ્રશ્ન-ઉકેલણી ગતિમાન્ થયેલ છે. તેમાં વિચારસરણિ ઢીલી અને મુંઝાયેલી રહે, સ્પષ્ટ સૂક્ષ્મદર્શન ન થાય એ સ્વાભાવિક છે આપણી સમાજના અને સંસ્કૃતિના પ્રદેશોમાં પણ વસ્તુસ્થિતિ લગભગ એવી છે. આપણે અભિમાન અને આત્મનિંદા એ બે છેડા વચ્ચે ઝૂલીએ છીએ. સમાજદેહમાં જે ઘા પડ્યા છે તે કેમ રૂઝવવા તે સૂજતું નથી. રૂઢિ શાસ્ત્રને નામે પીડી રહી છે, બીજી બાજુ ક્રાંતિકારક તર્કવાદ આખી સ્થિતિની ઉથલપાથલ કરી નાંખે તે પ્રમાણે પોતાના સિદ્ધાંતો ફેંકી રહ્યો છે. સામાજિક અને દેશનાં સંસ્કૃતિવિષયક બળો છિન્નભિન્ન થઈ ગયાં છે. આમાં જૂનું અને નવું એ બંનેનું ઐક્ય-એકીકરણ કેમ કરવું એ મોટો પ્રશ્ન છે અને તે પ્રશ્નનું નિરાકરણ યુનિવર્સિટીનું શિક્ષણ ન કરી શકે તો તેવા શિક્ષણથી શું લાભ ?

૬૫. ભૂતકાલનું–જૂનું એટલું સોનું, એમ સમજી તેનું બધું રોમાંચકારક-વિસ્મયકારક (romantic) લાગે છે પણ જો તેનાથી આપણે સર્વસંતુષ્ટ રહીએ તો તેથી અધઃપતન પ્રત્યે જવાય, કારણ કે એવી અનેક જૂની પ્રથાઓ અને રૂઢિઓ પ્રચલિત છે કે જે વર્ત્તમાનમાં તે સ્વરૂપે ઉપયોગી નથી. पुराणमित्येव न साधु सर्वम् । -જેટલું જૂનું એટલું બધું સારૂં એમ જ નથી. જીવનપ્રવાહમાં ભૂતકાલ તે વર્ત્તમાનકાલ નથી. મૌલિકતા અને સાહસિકતાથી પ્રગતિ આવે છે. અનુકરણથી અને જૂને ચીલે ચાલ્યા જવાની વૃત્તિથી સડો થાય છે. ભૂતકાલની દેખાતી પ્રજ્ઞા ગમે તેટલી સંપૂર્ણ હોય, છતાં તે જે રૂપોમાં આચ્છાદિત છે તે રૂપો છેવટનાં-આત્યંતિક નથી. તેઓને ભાંગીને નવાં બનાવવાની જરૂર છે. ભણેલાઓએ જીવનનું તાત્ત્વિક સ્વરૂપ પ્રાપ્ત કરી તેને નવાં કાર્યોમાં કામે લગાડવું જોઈએ. એક જાતિ કે કોમનું તાત્ત્વિક સ્વરૂપ તે પૂર્વ યુગોમાં જે સ્થિતિમાં સ્થિર થયેલ હોય તેમાંથી પણ મળતું નથી; કોઈપણ પ્રજાના ઇતિહાસની પર્યાલોચના કરીએ તો એવું ઉંડું ને પાયામાંથી ચણેલું કંઈક મળી આવશે કે જે સંપૂર્ણતા પામ્યા વગર નિરંતર નવીન ને નવીન થતું જાય. આ વિકાસ પામતી વૃદ્ધિ-વિકાસવાદ જીવનનું રહસ્ય છે–તાત્ત્વિક સ્વરૂપ છે. આર્ય સંસ્કૃતિમાં મનુષ્યના આત્માની અમરતા પર, સમસ્ત વિશ્વની અનંતતા પર અને જ્યાંથી સત્ય મળે ત્યાંથી તેના શોધનપર પ્રધાન ભાર મૂકવામાં આવ્યો છે. ભારતદેશે જીવનના વિકાસક્રમ પ્રત્યે પોતાનું તત્ત્વજ્ઞાન વિસ્તાર્યું છે. શુદ્ધ આત્માની પ્રાપ્તિના પ્રયત્ન વડે જ મુંઝવણમાં નાંખે તેવાં અનાવશ્યક આવરણોનો નાશ થશે. જે વસ્તુઓ ડગી નથી તે કાયમ દૃઢ રહે તેટલા માટે આસપાસ જે કાષ્ઠ, ઘાસ અને ઠુંઠાં ઉભાં રહ્યાં હોય તેનો રસ્તો કરી નાંખવો જોઈએ-દૂર કરવાં જોઈએ.

૬૬. ભારતના બધા આર્ય ધર્મોમાં મૂળતત્ત્વો અને તે સંબંધીની ફિલસુફી લગભગ એક પ્રકારની, એક જ ઉદ્દેશ-સાધ્ય પ્રત્યે પ્રયાણ કરનારી છે. માત્ર શબ્દ-પરિભાષા જુદી જુદી વાપરવામાં આવી છે. છતાં જૈન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે જૈનેતર, બ્રાહ્મણ કે બ્રાહ્મણેતર વગેરેમાં આંતરિક એકતા ન દેખાતી હોય અને કવચિત્ કવચિત્ ક્લેશ ને કલહનું રૂપ લેતી હોય તો તે દુઃખદાયક છે, નરી મૂર્ખતા છે. એક જ ભૂમિમાં ઉછરનાર, એક જ ભૂમિનાં અન્ન પાણીથી પોષણ લેનાર, એક જ પ્રકારની સંસ્કૃતિના સંસ્કાર પામનાર, એક જ જાતનાં સુખદુઃખો ભોગવનાર અરસપરસ સહકાર, પ્રેમ અને વિશ્વાસ દાખવી શકે અને તેથી એકતા સાધી શકે; અને તે સાથે દરેક પોતપોતાની વિશિષ્ટ વિધિ ક્રિયાઓનું પાલન પણ કરી શકે અને પોતાનો ધર્મ પાળી શકે પણ એક બીજા તે માટે કંઈપણ વિરોધ રાખી ન શકે.

૬૭. જૂદી જૂદી સંસ્કૃતિમાં ઉછરેલી પણ એકબીજા સાથે જ વસતી હિન્દુ અને મુસ્લિમ જાતિમાં પણ ઐક્ય જોકે દુઃસાધ્ય અમુક વખત સુધી હોય પણ અસાધ્ય તો નથી. એક જાતનાં દુઃખમાંથી બંને પસાર થઇ તે સાથે સહેવાની અને તેનો પ્રતિકાર કરવાની તકો મેળવે, એક બીજા એકબીજાનાં પોતાને ઈષ્ટ લાગતાં તત્ત્વો ગ્રહણ કરે અને એકબીજાની ધર્મક્રિયાઓ પ્રત્યે સહિષ્ણુતા રાખે, યા દરેક પૃથગ્ રીતે પોતાની પ્રગતિ કરે પણ સામાન્ય જ્યાં બચાવ કરવો પડે ત્યાં એકત્રિત થઈ બચાવ કરે તો એકતા શીઘ્ર સુલભ થાય. સમ્રાટ અકબરે એકતાની દિશામાં શુભ પ્રયાસ કર્યો હતો, તેણે તો દરેક ધર્મના આચાર્યો, મોલવીઓને ભેગા કરી તેમની પાસે તેમના ધર્મનાં તત્ત્વો સંબંધી હકીકત મેળવી 'દીને ઈલાહી' નામનો બધામાંથી ઈષ્ટ તત્ત્વો લઈને કરેલો નવો મત કાઢ્યો; તેમજ ભાષા પણ આખા દેશમાં એક કરી નાંખી. બીજા પ્રયત્નોમાં શિલ્પકળામાં બંને સંસ્કૃતિનો મેળ થયેલો જોવાય છે; સંગીતમાં **તા**નસેને અને **શિ**ખ ગુરૂઓએ બંનેનું સંયોજન (adjustment) કર્યું. કબીર અને ગુરૂ **ના**નકે બંને સંસ્કૃતિમાંથી ધાર્મિક ભજનો રચી-સંગ્રહી બંનેમાં સમભાવ પેદા કરવાનો શ્રમ ઉઠાવ્યો. આમ અનેક પ્રયત્નો થવાથી કેટલીક સરળતાઓ થઇ ગઇ. મુસ્લિમમાંથી હિંદુ ધર્મને મળતો સુફીવાદ ઉત્પન્ન થયો; પોતે વિદેશી રહ્યા નથી એમ સમજાયું, એક બીજા સુખસંપથી રહેવા લાગ્યા; છતાં એકબીજાની સંસ્કૃતિ, સાહિત્ય અને ઈતિહાસનું અજ્ઞાન અલગપણાની ભાવના ઉત્પન્ન કરવા માટે ઓછું જવાબદાર નથી. એકબીજાના સાહિત્યનો એક બીજાએ અભ્યાસ કરવો એ કોમવાદ દૂર કરવા માટે એક રાજમાર્ગ છે.

૬૮. સાહિત્ય કે વિજ્ઞાન ગમે તે હો, પરંતુ તેના વિષે બે તત્ત્વો સ્થાપિત છે તે પ્રત્યે દુર્લક્ષ કરી શકાય તેમ નથી. (૧) કોઈપણ સાહિત્ય કે વિજ્ઞાન બીજાં સાહિત્ય કે વિજ્ઞાનોનાં ઉપલબ્ધ સમાંતર (collateral) પુરાવા પ્રત્યે અલક્ષ કરી શકે નહિ, (૨) સાહિત્ય કે વિજ્ઞાન અમુક જાતિના લોકો માટે જ નથી. પરંતુ સંસ્કૃતિવાળા જગત્માં સમસ્ત વિદ્યાવાન્ જાતિ માટે છે. એક ધર્મની કે એક દેશની કે એક જાતિની વ્યક્તિએ સર્જેલા સાહિત્ય કે વિજ્ઞાનને એકાકી પૃથક્ રાખી ન શકાય, અને સર્વ વ્યક્તિઓ-પછી તે વ્યક્તિ ગમે તે ધર્મ પાળતી, ગમે તે દેશની કે જાતિની હોય-ના સાહિત્ય કે વિજ્ઞાનના સિદ્ધાંતોને શ્રી હરિભદ્રસૂરિના **યો**ગબિંદુના નીચેના શ્લોક પ્રમાણે અંગીકાર કરવા ઘટે; તેમ કરવાથી ફલસિદ્ધિ અચૂક થાય છે :-

आत्मीयः परकीयो वा कः सिद्धांतो विपश्चिताम् ?।
दृष्टेष्टाबाधितो यस्तु युक्तस्तस्य परिग्रहः ॥

–વિદ્વાનોને પોતાનો સિદ્ધાંત કે પારકાનો સિદ્ધાંત એવું શું છે ? જે સિદ્ધાંત દૃષ્ટ અને ઈષ્ટથી-વસ્તુ અને સ્વરૂપથી-અબાધિત એટલે અવિરૂદ્ધ હોય તેનો પરિગ્રહ એટલે સ્વીકાર કરવો યોગ્ય છે. કહ્યું છે કે :-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यस्माद् यो यस्य योग्यः स्यात् तत्तेनालोच्य सर्वथा ।
प्रारब्धव्यमुपायेन सम्यगेष सतां नयः ॥

શ્રી રાયચંદ કવિ કહે છે કે :-

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.

ગાંધીજી કહે છે કે 'જૈન દર્શનમાં અહિંસાનો એટલી બધી સૂક્ષ્મતાથી વિચાર કરવામાં આવ્યો છે કે તે અહિંસાધર્મને નામે પણ ઓળખાય છે. તેથી અહિંસાને પોષક એવાં જે કાંઈ તત્ત્વો જૈનેતર ગ્રંથો કે સંપ્રદાયોમાં મળી આવે તે બધાં જૈનોને માટે આદરણીય છે, તેવી જ રીતે જૈન દર્શનમાં જે જે અહિંસાધર્મ આદિનાં તત્ત્વો છે તે અજૈનોને માટે આદરણીય છે. વળી તેઓ કહે છે કે 'ધર્મને સભ્યતાની સાથે સરખાવી શકાય. જેમ આપણે પોતાની સભ્યતાને સાચવતા છતાં બીજી સભ્યતામાં જે સારૂં હોય તેનો અનાદર ન કરતાં તેમાંથી તે લઈએ છીએ, તેમ પરધર્મને વિષે પણ કરાય.'

૬૯. આ પુસ્તક જે નિબંધની સંશોધિત-વર્દ્ધિત બૃહત્ આવૃત્તિ છે તે નિબંધની પ્રેરણા કરનાર સાહિત્યસંસદ્‌ના પ્રમુખ સાક્ષર શ્રી કનૈયાલાલ મુનશી, તેની આવૃત્તિ કરવાની પ્રેરણા કરનાર મારા મિત્રો, જૈન પુસ્તક ભંડારો જોવા તપાસવાની સગવડતા કરી આપનાર મુનિ અને શ્રાવક મહાશયો, હસ્તલિખિત પ્રતોના સંબંધી બહાર પડેલ રીપોર્ટો-સૂચીઓ અને તેના ઘડનારા વિદ્વાનો, ચિત્રોના 'બ્લૉકો' વિના બદલાએ સૌજન્યથી પૂરાં પાડનાર સજ્જનો અને સંસ્થાઓ, વગેરે જે જે આ પુસ્તકના પ્રકાશનમાં ઉપકારક-નિમિત્તભૂત થયા છે તે સર્વેનો તેમજ પ્રસ્તાવના લખવા માટે (કે જેમાંના બધા વિચાર સાથે હું સંમત નથી) વડોદરા કોલેજમાં ઈતિહાસના પ્રોફેસર કામદારનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું અને ખાસ કરી શ્વે. જૈનોની મહાન્ સંસ્થા-શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ કે જેણે મારી આ કૃતિને પ્રકાશિત કરી એક પ્રકારે અખિલ ભારતના સાહિત્યની સેવા કરી છે તેનું ઋણ વિસર્યું વિસરાય તેમ નથી. તે મહાસંસ્થાએ આખી જૈન શ્વે. સમાજમાં પ્રબલ જાગ્રતિ ફેલાવી છે, સુધારા તથા પ્રગતિશીલ કેળવણીના પ્રચારનું વિશાલ વાતાવરણ ઉપજાવ્યું છે, દેશના હિતને તથા સ્વધર્મને જાળવી વિચારસ્વાતંત્ર્યનો પાયો નાંખ્યો છે, ભય વહેમ સંકુચિતતા અનર્થપરંપરા ઘેલછા અસહિષ્ણુતા અને અવિવેક પર પ્રહાર કરી સમાજને સીધા અને પ્રગતિશીલ માર્ગે દોરી છે—એમ અનેકાનેક લાભો આ મહાસંસ્થાએ કર્યા છે અને તે દ્વારા થઈ શકે તેમ છે. તે એક જીવંત પ્રાણવાન્ નિયમબદ્ધ, સંગઠિત, એકત્ર, જાજ્વલ્યમાન સંસ્થા સર્વથા બની રહે એ મારી હૃદયેચ્છા છે.

૭૦. આ ઈતિહાસમાં વિશ્વસનીય હકીક્તોનો પ્રમાણ—આધાર આપી સંગ્રહ કરવામાં આવ્યો છે. મળેલી અસંખ્ય હકીકતોને પ્રમાણપુરઃસર લેવી, તેમાંથી ખરૂં શું છે તે તારવવું અને તેની યથાસ્થાને યથા રીતે યોજના કરવી એમાં બહુ મહેનત, મગજમારી અને વિચારપૂર્વક મનન કરવાં પડયાં છે અને તેથી योजकस्तत्र दुर्लभः । એ કથન બરાબર સમજાયું છે. અત્યુક્તિ કોઈપણ સ્થળે બનતાં સુધી ન થાય એની કાળજી રાખી છે; કારણ કે તેનાથી મૂળ વસ્તુને અન્યાય થાય છે અને તે વસ્તુને યથાર્થ સ્વરૂપે સમજી શકાતી નથી. ગાંધીજી ખરૂં કહે છે કે 'અત્યુક્તિ એ અસત્યનું એક ભૂંડું સ્વરૂપ છે. અસત્ય વડે પ્રજા ચઢતી હોય તો પણ આપણે એ ચઢતીનો અસ્વીકાર કરવો એ વધારે શોભે, કેમ કે એવી ચઢતી એ છેવટે પડતી કરાવે છે.' તેજ પ્રમાણે હું જૈન હોઈ જૈન સાહિત્યની ચઢતી અત્યુક્તિથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બતાવું એવી ઈચ્છામાં રહેલો સંપ્રદાયમોહ મેં સ્વીકાર્ય ગણ્યો નથી એ નમ્રપણે જણાવું છું, તેમજ સર્વ ધર્મો પ્રત્યે પ્રેમ, ઉદારતા અને સહિષ્ણુતા રાખવાનો આદર્શ સ્વીકાર્યો છે અને તેથી બીજા સંપ્રદાય પ્રત્યે તિરસ્કાર કે નિંદાવચન લેશ પણ ન વપરાય અને સમભાવબુદ્ધિ જાગૃત રહે તેની પણ કાળજી રાખી છે.

૭૧. શ્રુત-સાહિત્ય પ્રત્યેની ભક્તિએ આ કૃતિ કરવામાં મને પ્રેરિત કર્યો છે; આ વખતે શ્રી **માન**તુંગ સૂરિના **આદિનાથ-ભક્તામર** સ્તોત્રનું નીચેનું પદ્ય સ્મરણમાં બરાબર આવે છે કે :-

अल्पश्रुतं श्रुतवतां परिहासधाम, त्वद्भक्तिरेव मुखरीकुरुते बलान्माम् ।
यत्कोकिलः किल मधौ मधुरं विरौति , तच्चारुचूतकलिकानिकरैकहेतुः ॥

–હું રહ્યો અલ્પશ્રુત આ શ્રુતવાન પુરૂષોના પરિહાસનું સ્થાન, છતાં તારી ભક્તિ જ મને પરાણે બોલતો કરે છે; જેમ કોકિલા વસંતમાં મધુર રવ કરે છે તેમાં હેતુ માત્ર આમ્રકળીઓનો સમૂહ જ છે.

મહાન્ કવિ કાલિદાસનાં નીચેનાં બે શ્લોકાર્ધમાં વર્ણવેલી છે. તેવી મારી ગતિ-સ્થિતિ છે તે હું મુક્તકંઠે જણાવું છું:–

मणौ वज्रसमुत्कीर्णे सूत्रस्येवास्ति मे गतिः ॥

–વજ્રથી વીંધાયેલા રત્નમાં સૂત્રની જેમ (અત્ર) મારી ગતિ છે.

प्रांशुलभ्ये फले लोभादुद्बाहुरिव वामनः ॥

–ઉંચાથી જે ફલ લભ્ય થાય તેમ છે તે પ્રત્યે વામન (ઠીંગણો) તે ફલના લોભથી પ્રેરાઈ પોતાનો હાથ લંબાવે, એવી મારી સ્થિતિ છે.

૭૨. જૈન ધર્મ અને તેના સાહિત્ય પ્રત્યે જ્યારે જ્યારે ખોટા આક્ષેપો થાય છે ત્યારે ત્યારે એક સુપ્રસિદ્ધ અંગ્રેજી ભજનની કડી યાદ આવે છે કે 'જ્યારે ધૂમસ ઉડી જશે ને વાતાવરણ સ્વચ્છ થશે ત્યારે આપણે એક બીજાને અધિક પીછાનીશું.'

મારા આ પ્રયત્નથી શ્વેતામ્બર જૈનોએ આર્ય સંસ્કૃતિની ભવ્ય ઈમારતમાં કેટલો સુંદર ફાળો આપ્યો છે. તેનો બરાબર ખ્યાલ જૈન કે જૈનેતર–સર્વ સાહિત્યવિલાસી વર્ગમાં આવશે તો મારો પરિશ્રમ નિરર્થક નથી ગયો એ સમજાતાં આ સાહિત્યસેવકને આનંદ થશે. આવા પ્રયત્નો બૌદ્ધ, વૈષ્ણવ, શૈવ, શીખ, જરથોસ્તી, ખ્રિસ્તી અને ઈસ્લામી ધર્મના સાહિત્યના ઈતિહાસો લખી બહાર પાડવામાં તે તે ધર્મના વિદ્વાનો કરશે તો વિશેષ આનંદ થશે.

મુંબઈ નવેંબર ૧૯૩૨. **મોહનલાલ દલીચંદ દેસાઈ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાંકેતિક અક્ષરોની સમજ.

અ.=અધ્યયન.
અં.=અંગ્રેજી.
અપ.=અપભ્રંશ
આ.=આગમ (ગચ્છ) (૨) આવૃત્તિ
આ. સ. ઈ=આર્કિયોલૉજિકલ સર્વે ઓફ ઇન્ડિયા (Archiological Survey of India).
આ. સ. આગમોદય સમિતિ
આ. સમિતિ
આ. સભા=જૈન આત્માનંદ સભા, ભાવનગર.
આં.=આંચલિક, અંચલ ગચ્છીય
ઇં.એ.=ઇંડિયન ઍન્ટિક્વરી (Indian Antiquary)
ઇ. ઓ.=ઇંડિયા ઓફિસની હસ્ત પ્રતોનું કૅટેલૉગ
ઉ.=(૧)ઉદ્દેશ (૨) ઉપાધ્યાય.
ઉ૦ / ઉપ૦ } ઉપકેશ–ઉકેશ ગચ્છીય
ઐ.=ઐતિહાસિક
ઓસ.=ઓસવાલ.
કા.=કાવ્ય.
કાથવટે રી.=કાથવટેના હસ્તપ્રતોવિષયક રીપોર્ટ.
નં. ૧ સને ૧૮૬૯-૭૦
નં. ૨ સને ૧૮૯૧-૯૫
કાસ.=કાસદ્‌હ ગચ્છીય
કાં.વડો.=કાંતિવિજયજી પ્રવર્ત્તકનો પુસ્તક ભંડાર, વડોદરા.
કાં. છાણી= ,,–છાણી.
કી.=કીલ્હૉર્નના હસ્તપ્રતોવિષયક રીપોર્ટ.
નં. ૧ સને ૧૮૬૯–૭૦
નં. ૨ સને ૧૮૮૦–૮૧
નં. ૩ સને ૧૮૮૧–૮૨
ખ.=ખરતર ગચ્છીય
ગ.=(૧) ગચ્છ, ગચ્છીય (૨) ગદ્ય.
ગા. ઓ. ઇ.=ગાયકવાડ ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ વડોદરા.
ગા. ઓ સી.=ગાયકવાડ ઓરિયેન્ટલ સીરીઝ, વડોદરા.
ગુ.=ગુલાબકુમારી લાયબ્રેરી, કલકત્તામાંનો હસ્તપ્રતોનો ભંડાર.
ગૂ.=ગૂજરાતી
ગૂ. ભા.=ગૂજરાતી ભાષાંતર.
ગૂ. સા. પરિષદ્‌=ગૂજરાતી સાહિત્ય પરિષદ્‌
ગો. ના.=ગોકળદાસ નાનજી હસ્તકનો ભંડાર
ચં.=ચંદ્રકુલ
ચો.=ચોપઇ
જ્યો.=જ્યોતિષ
જા.=જાલંધર (ગચ્છ)
જિ. ૨=જિનવિજય સંપાદિત પ્રાચીન જૈનલેખસંગ્રહ, બીજો ભાગ/ જિ. આ. = જિન શાસન આરાધના ટ્રસ્ટ
જૂ. ગૂ.=જૂની ગૂજરાતી
જેસ.=જેસલમેર ભંડારના ગ્રંથોની સૂચી (ગા. ઓ. સી. નં. ૨૧)
જેસ.પ્ર. ,, ની પ્રસ્તાવના તેમાં
જે. પ્ર. પંડિત લાલચંદે લખેલ ગ્રંથકર્ત્તા પરિચય
જૈ. ગૂ. કવિઓ=જૈન ગૂર્જર કવિઓ
જૈ. ધ. સભા / જૈન ધ. સભા, } જૈન ધર્મપ્રસારક સભા ભાવનગર
જૈન સા. સં.=જૈન સાહિત્ય સંશોધક
ટિ.=ટિપ્પણ, ટિપ્પણી
ડો. ભાવ.=ડોસાભાઈ અભેચંદ સંઘનો ભંડાર, ભાવનગર
ત.=તપાગચ્છ, તપાગચ્છી
દિ.=દિગંબર
દે. લા.=શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ, સુરત.
નં.=નંબર (સંખ્યાનો અંક)
ના.=નાહર પૂરણચંદજી સંગ્રહિત જૈન લેખસંગ્રહ કે જેના ત્રણ ભાગ બહાર પડયા છે.
ના. પ્ર પ્ર. નાગરી પ્રચારિણી પત્રિકા, કાશી.
નાગરી પ્ર. પ્ર.
નિ. પ્રે.=નિર્ણયસાગર પ્રેસ, મુંબઇ
પ્ર૦(૧)=પ્રકાશક, પ્રકટકર્ત્તા, (૨) પ્રકરણ (૩) પ્રસ્તાવના
પ્ર. ચ.=પ્રભાવક ચરિત
પ્રા૦=પ્રાકૃત પ્રા. ભા. = પ્રાકૃત ભારતી અકાદમી
પં.=પંડિત, પંન્યાસ, (૨) પંક્તિ
પા. પાટણના પુસ્તક ભંડારોની સૂચિ
પા. સૂચી (કે જે ગા. ઓ. સી. માં પ્રકટ થનાર છે તે)
પાર્શ્વ=પાર્શ્વચંદ્ર-પાયચંદ ગચ્છીય
પિપ્પ.=પિપ્પલ ગચ્છીય
પિપ્પ૦ ખ૦=પિપ્પલીક ખરતરગચ્છ
પી૦=પીટર્સનના હસ્તપ્રતોવિષયક રીપોર્ટ.
નં. ૧ સને ૧૮૮૨-૮૩
નં. ૨ સને ૧૮૮૩-૮૪
નં. ૩ સને ૧૮૮૪-૮૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નં. ૪ સને ૧૮૮૬-૯૨
નં. ૫ સને ૧૮૯૨-૯૫
નં. ૬ સને ૧૮૯૫-૯૮
પુ.=પુસ્તક.
પૃ.=પૃષ્ઠ.
પો.,પોર.=પોરવાડ.
પૌ.=પૌર્ણમિક, પૂર્ણિમાગચ્છીય.
બં. એ. સો. જ.=બંગાલ એશિયાટિક સોસાયટી જર્નલ.
બાલા. બાળા=બાલાવબોધ, બાળાવબોધ.
બિ.ઈ.=બિબ્લિઓથેકા ઇંડિકા.
(Bibliotheca Indica)
બુ.=બુદ્ધિસાગરસૂરિ પ્રેરિત જૈન ધાતુપ્રતિમા લેખસંગ્રહ (કે જેના બે ભાગ બહાર પડયા છે)
બુહ્.=બુહ્લરના હસ્તપ્રતવિષયક રીપોર્ટ,
નં. ૧ સને ૧૮૭૦-૭૧
નં. ૨ સને ૧૮૭૧-૭૨
નં. ૩ સને ૧૮૭૨-૭૩
નં. ૪ સને ૧૮૭૩-૭૪
નં. ૫ સને ૧૮૭૪-૭૫
નં. ૬ સને ૧૮૭૫-૭૬
નં. ૭ સને ૧૮૭૬-૭૮
નં. ૮ સને ૧૮૭૯-૮૦
બૃ.=બૃહત્,
બૃ.ટિ. બૃહત્ ટિપ્પનિકા (કે જે જૈન સા. સં. ના ખંડ ૧ અંક ૪ માં પ્રકટ થઈ છે.)
બૉડ્.=બૉડ્લિયન.
બૌ.=બૌદ્ધ.
ભં.=ભંડાર.
ભા.=ભાગ. ભા. જ્ઞા. = ભારતીય જ્ઞાનપીઠ
ભાવ.=ભાવનગર.
ભાં.=ભાંડારકરના હસ્તપ્રત વિષયક રીપોર્ટ.
નં. ૧ સને ૧૮૭૯-૮૦
નં. ૨ સને ૧૮૮૦-૮૨
નં. ૩ સને ૧૮૮૨-૮૩
નં. ૪ સને ૧૮૮૩-૮૪
નં. ૫ સને ૧૮૮૪-૮૭
નં. ૬ સને ૧૮૮૭-૯૧
ભાં. ઈ.=ભાંડારકર ઈન્સ્ટિટ્યૂટ, પૂના (કે જેમાં ડેક્કન કોલેજમાં પહેલાં રહેતી મુંબઈ સરકારની બધી હસ્તપ્રતો રાખવામાં આવી છે.)
ભી. મા.=ભીમશી માણેક (તે નામની દુકાન પાયધુની મુંબઈમાં છે.)
મિત્ર=મિત્રના હસ્તપ્રતોના રીપોર્ટ, કલકત્તા.
મુ.=મુદ્રિત.
ય. ગ્રં.=યશોવિજય ગ્રંથમાલા- મૂલ કાશી, હાલ ભાવનગર.
રા.ઈ.=राजपूतानेका इतिहास.
રી.=રીપોર્ટ.
રુદ્ર.=રુદ્રપલ્લીય ગચ્છ.
રૉ. એ. સો.=રૉયલ એશિયાટિક સોસાયટી.
લ.=લઘુ.
લીં.=લીંબડીનો મૂર્ત્તિપૂજક સંઘનો પુસ્તક ભંડાર.
લોં.=લોંકા સંપ્રદાય-ગચ્છના.
વ્યા.=વ્યાકરણ.
વિ.=વિભાગ.
વિવેક. ઉદે.=વિવેકવિજય યતિનો પુસ્તક ભંડાર, ઉદયપુર.
વે.=પ્રોફે. વેલણકર સંપાદિત મુંબઈ રો. એ. સો. ની હસ્તપ્રતોનું કેટેલૉગ.
વેબર.=વેબરે કરેલ બર્લિનની લાયબ્રેરીની હસ્તપ્રતોનાં કેટેલૉગ.
વૈ.=વૈયાકરણ.
વૉ.=વૉલ્યુમ.
શ્રી.=શ્રીમાલી.
શ્વે.=શ્વેતામ્બર.
શિ.=શિષ્ય.
સ્ત.=સ્તવન.
સ્વ.=સ્વર્ગસ્થ.
સં.=(૧) સંપાદક (૨) સંતાનીય (૩) સંસ્કૃત
સં. કૉ. સંસ્કૃત કૉલેજ, કલકત્તાની હસ્તપ્રતોનું કેટેલૉગ વૉ. ૧૦ (જૈન હસ્તપ્રતો)
સમિતિ=આગમોદય સમિતિ
સાગર ભં,=સાગર ઉપાશ્રય, પાટણમાંનો પુસ્તક ભંડાર.
સૂ.=સૂત્ર.
સૅ. બુ. ઈ. સેક્રેડ બુક્સ ઑફ ધ ઈસ્ટ
S.B.E. (Sacred Bocks of the East.)
હર્ષ. = હર્ષપુષ્પામૃત ગ્રંથમાલા
હા. ભં.=હાલાભાઇ ભંડાર, ફોફલીયાવાડા પાટણમાંનો પુસ્તક ભંડાર.
હિં.=હીંદી.
હી. હં.=હીરાલાલ હંસરાજ પંડિત, જામનગર (હાલ સ્વ.)
હે.ગ્રં.=હેમચંદ્ર ગ્રંથમાલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિત્ર-પરિચય.

[આ ગ્રંથમાં બધાં મળી સાઠેક ચિત્રો છે. તેના આઠ પ્રકાર પાડી શકાય; (૧) ધાતુ તેમજ પાષાણની પ્રાચીન જિન મૂર્તિઓ (૨) પાષણનાં આયાગપટ અને જિનમંદિરો. (૩) પાષાણની ઐતિહાસિક વ્યક્તિઓની મૂર્તિઓ (૪) પાષણપર કોતરેલ કાવ્યમય યંત્ર (૫) હસ્તપ્રતો પૈકી તડપત્રની પ્રત કે તેના કાષ્ઠફલક પરનાં ચિત્રિત ગ્રંથકારો-આચાર્યો આદિનાં ચિત્રો (૬) કાગળપરની કલ્પસૂત્રની પ્રતોમાંનાં રંગિત ચિત્રો (૭) કાગળ પર લિખિત પ્રતોમાંના કવિના સ્વહસ્તાક્ષરોના નમુના બતાવતાં તેનાં પાનાંઓ (૮) અર્વાચીન સમયની વ્યક્તિઓના ફોટાઓ. તે સર્વે ગ્રંથના આકાર ને કદને અનુરુપ હતા તેજ પસંદ કરી મૂકેલ છે. શેઠ પ્રેમચંદ રાયચંદ અને રાજબાઈ ટાવરના બ્લૉક શ્રી કૉન્ફરન્સ ઑફિસના ખર્ચે કરાવવા પડ્યા હતા. બાકી અન્ય બધા માંગણી કરતાં તુરત જ મોકલી આપવામાં નીચેની વ્યક્તિઓ અને સંસ્થાઓએ સૌજન્ય બતાવ્યું છે તે માટે તે સર્વેનો ઉપકાર છેઃ-

૧. **બાબુ પૂરણચંદ નાહર M.A.B.L.** કલકત્તા, ૨ **બી.**બી.એંડ.સી.આઈ.રેલ્વે, ૩ શેઠ જીવણચંદ **સા**કરચંદ, સુરત, ૪-૫ દેવચંદ **લા**લભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ અને **આ**ગમોદય સમિતિ ૬ **ગા**યકવાડ ઓરિયેંટલ ઈન્સ્ટટ્યુટ, વડોદરા, ૭ જૈન **આ**ત્માનંદ સભા. ભાવનગર, ૮ જૈન સસ્તી વાંચનમાળા પાલીતાણા, ૯ ડૉ. **ત્રિ**ભોવનદાસ **લ**હેરચંદ **શા**હ, મુંબઈ, ૧૦ મુંબઈ **માં**ગરોળ જૈન સભા. આ પૈકી મારા મુરબ્બી **શ્રી પૂ**રણચંદ **ના**હરનો ફાળો જબરો છે. તેમણે તો પોતાની પાસેનો બધો સંગ્રહ પૈકી જેટલું માંગ્યું તેટલું વિના આંચકે અને પ્રસન્નતાથી મને મોકલી આપ્યું પરંતુ દિલગીર છું કે તેમાંથી આ ગ્રંથના કદ કરતાં વધુ મોટા બ્લોકો ઘણી સુંદર શિલ્પકૃતિઓના હોવા છતાં તેનો લાભ લઈ શકાયો નથી. આવા નિઃસ્વાર્થ સાહિત્યના કાર્યમાં કયો સાહિત્યરસિક નિઃસ્વાર્થ સહાય આપવાની તક ન લે ? ભાગ્યે જ રડ્યાખડ્યા એક બે હતા કે જેનાથી નિઃસ્વાર્થભાવે સહાય ન આપી શકાઈ. જે જૈન હોય તે તો આપે, પણ જૈનેતર સંસ્થા જેવી કે **બી. એન્ડ સી. આઈ.** રેલ્વે અને ગાયકવાડ ઓરિયેન્ટલ ઈન્સ્ટટ્યૂટે માંગ્યા ભેગા તુરત જ પ્રતિકૃતિના બ્લોકો મોકલી આપ્યા તે માટે તેઓ વિશેષ ધન્યવાદને પાત્ર છે. આવી ભાવના જૈનોમાં જૈનેતરો પ્રત્યે સદા રહો એમ ઈચ્છીશું.

નવા બ્લોકો અનેકના બનાવી શકાય એમ હતું. છતાં ફંડના અભાવે તે બની શકયું નથી. આથી તૈયાર બ્લોકો પર જ મુખ્યત્વે આધાર રાખવો પડ્યો છે.]

૧ કમઠ તાપસ અને પાર્શ્વનાથ રાજકુમાર-(મુસલમાન પૂર્વના સમયના કલ્પસૂત્રમાંથી).

૨ શ્રી પાર્શ્વનાથ કુમાર અને કમઠ તાપસ-(મુગલ સમયના કલ્પસૂત્રમાંથી).

–આ ચિત્ર રંગીન છે. આવાં ચિત્રો કલ્પસૂત્રની અનેક પ્રતિઓમાં સાંપડે છે. કલ્પસૂત્ર મૂલ લગભગ બારસો ગાથામાં છે, અને તે પર્યુષણ પર્વમાં ઉપાશ્રયોમાં શ્રાવકસમુદાય પાસે વંચાય છે, અને તેની પ્રતમાંનાં ચિત્રો બતાવાય છે. આ પ્રથાથી પૂર્વે કલ્પસૂત્રની અનેક પ્રતો સુવર્ણ અને રૌપ્ય અક્ષરોમાં લખાયેલી અને રંગીન ચિત્રોથી ચિત્રાયેલી, અનેક ભંડારોમાં ઉપલબ્ધ થાય છે. જે બે પ્રતમાંથી આ ચિત્ર લેવાયાં છે તેમાંથી એક મુસલમાન આવ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પહેલાની પ્રત છે ને બીજી મુગલ સમયની છે તેથી તે તે વખતે ચિત્રકળા કેવી હતી તેનો નમુનો આપવા ખાતર તેને અત્ર મૂકયાં છે. પહેલાં શ્રી પૂરણચંદ્ર નાહરજીએ તેના બ્લોક કરાવી પોતાના Epitome of Jainism નામના અંગ્રેજી પુસ્તકમાં મૂકયાં હતાં. પ્રસંગ એ છે કે કમઠ નામનો તાપસ અગ્નિનો તાપ લઈ તપશ્ચર્યા કરતો હતો. તે તપશ્ચરણ ધ્યેય વગરનું છે અને મોક્ષદાયક નથી એમ સિદ્ધ કરવા પાર્શ્વનાથ કુમારે આવીને જે સળગતાં લાકડાથી અગ્નિ કરવામાં આવ્યો હતો. તેમાંથી બળતો સર્પ કાઢી બતાવ્યો હતો ને આવી હોળીના તાપમાં અનેક જીવો બળી મરે છે તો તેવા હિંસક તપથી આત્મિક લાભ નથી એમ સમજાવ્યું હતું.

૩ શ્રી આદિનાથપ્રભુની ધાતુ-પ્રતિમા સં. ૧૦૭૭

- આ પ્રાચીન મૂર્ત્તિ ભારતના વાયવ્ય પ્રાંતમાંથી બાબુ પૂરણચંદ નાહરને પ્રાપ્ત થઈ છે. બંને બાજુ કાયોત્સર્ગમાં ઊભી રહેલી અને મધ્યમાં પદ્માસનમાં બેઠેલી મૂર્ત્તિઓ છે. સિંહાસનની નીચે નવ ગ્રહ અને તેની નીચે વૃષભ-યુગલ છે. આ કારણે મૂલ મૂર્ત્તિ શ્રી આદિનાથજીની છે અને તે યક્ષ યક્ષિણી આદિ સહિત બહુ મનોજ્ઞ અને પ્રાચીન છે. દરેક ધાતુની પ્રતિમાની પાછળ લેખ પ્રાયઃ કોતરેલ હોય છે તે પ્રમાણે આની પાછળનો લેખ આ પ્રમાણે છેઃ-**'પજ્જક સુત અંબદેવેન ॥ સં. ૧૦૭૭'** [ના. ૨, નં. ૧૦૦૧] આના કરતાં પ્રાચીન સંવત્‌વાળી પ્રતિમા અતિ વિરલ-કોકજ દેખવામાં આવી છે. પ્રાચીન શિલાલેખોમાં મથુરા અને કલિંગના લેખો એક બાજુએ મૂકતાં હસ્તિકુંડનો સં. ૯૯૬ નો ને સં. ૧૦૫૩નો (જિ. ૨ નં. ૩૧૮ તથા ના. ૧, નં. ૮૯૮) સાંપડે છે અને સં. ૧૦૮૮ માં વિમલવસહિનું સ્થાપત્ય આવે છે. ત્યારપછી ૧૦૯૧, ને ૧૧૦૦ (જિ. ૨, નં. ૪૨૭ ને ૫૪૪)ના સાંપડે છે; એટલે ૧૦ મા અને ૧૧મા સૈકાના કોક લેખ મળે છે ને તે પહેલાંના શ્વે. લેખો મથુરા ને કલિંગ સિવાય બીજે કયાંય પ્રાયઃ બિલકુલ મળતા નથી. શ્રી જિનવિજયજીએ સં. ૧૯૭૭માં લખ્યું હતું કે ''ભારતના ઇતિહાસમાં જેને 'મધ્યયુગ' કહેવામાં આવે છે તે યુગના જૈન લેખો ભાગ્યે જ મળી આવે છે. જૈન ઇતિહાસ માટે આ એક વિચારણીય પ્રશ્ન છે. કેવળ લેખોની દૃષ્ટિએ જ નહિ, પરંતુ સમગ્ર જૈન સાહિત્યની દૃષ્ટિએ પણ આ પ્રશ્ન વિચારવા જેવો છે. શ્વેતાંબરીય સૂત્ર સાહિત્યને બાદ કરતાં બીજું સાહિત્ય પણ એ યુગમાં જૈનોના હાથે વધારે લખાયું નથી, તેમજ સ્થાપત્ય પણ જાણવા જેવું કે નોંધવા જેવું મંડાયું નથી. હિંદુસ્થાનના રાષ્ટ્રીય ઇતિહાસની દૃષ્ટિએ પૂર્ણ જાહોજલાલીવાળો ગણાતો એ કાળ જૈન ઇતિહાસની દૃષ્ટિએ બહુ જ અપ્રકાશિત દેખાય છે...'' આના ઉત્તરમાં જણાવીશું કે તે યુગના ઇતિહાસને માટે જોઈએ તેટલી શોધખોળ તે વખતે થઈ નહોતી. હમણાં મુનિશ્રી કલ્યાણવિજયજીએ પ્રાચીન આગમ-ચૂર્ણિઓ વગેરે પરથી અનેક ઐતિહાસિક તત્ત્વો ખોળી કાઢ્યાં છે કે જે તેમણે 'વીર નિર્વાણ સંવત્ ઔર જૈન કાલગણના' નામના હિંદી વિશાલ નિબંધમાં {૧. આનું પુનઃ પ્રકાશન શારદાબાઈ ચી.એ.ટી. સેંટર દ્વારા અમદાવાદથી થયું છે.} તેમજ પ્રભાવક ચરિતની પ્રસ્તાવનામાં {૨. આનું પુનઃ પ્રકાશન ૐકાર સૂરિજ્ઞાનમંદિર ગ્રંથાવલીમાં સૂરતથી થયું છે.} પ્રકટ કર્યા છે ને ધીમે ધીમે વિશેષ શોધખોળ થતાં વધુ પ્રકાશ પડશે એ નિર્વિવાદ છે.

૪ ભગવાન શ્રી મહાવીર

—આ એક હમણાંનું નવીન ચિત્ર છે. કમલમાં પદ્માસનસ્થ મહાવીર પ્રભુની મૂર્ત્તિ છે. પાસે તેમના લાંછન-ચિન્હરૂપી સિંહને મૂકેલ છે. આસપાસ ચમર ઢોળાય છે. પોતે ઉપદેશ દેતા હોય તેને સાંભળનાર એક બાજુ જણાવેલ છે. મસ્તક પાસે અશોકનું વૃક્ષ છે ને ઉપર ત્રણ છત્ર છે.

૫. ઈ.સ. પ્રારંભનો અર્હત્પૂજા માટેનો આયાગપટમથુરા પારા ૧૭૪

—મથુરાના નૈઋત્ય ખૂણા પાસે આગ્રા અને ગોવર્ધનના રસ્તાની વચ્ચે આવલી કંકાલી-તીલા નામની ટેકરી છે તે ખોદાવતાં સને ૧૮૭૦ માં મળેલ ઘણા શિલાલેખો અને બીજી વસ્તુઓમાં ખંડિત અને અખંડિત જૈન પ્રતિમાઓ, થાંભલાઓનું વર્ણન કનિંગહામે કરેલું છે. આ માટે જુઓ વિન્સેન્ટ સ્મિથનું પુસ્તક નામે 'જૈન એન્ડ અધર એન્ટિક્વિટિઝ ઓફ મથુરા' અને 'આર્કિઓલૉજિકલ સર્વે ઓફ ઇંડિઆ સને ૧૮૭૦' તે પૈકી આ આયાગપટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ છે. તે શિલા છે ને સિંહનાદિકે સ્થાપેલ છે. તેની વચ્ચે જૈન તીર્થંકરની પ્રતિમા કોતરેલી છે અને આસપાસ જૂદી જૂદી જાતની પવિત્ર નિશાનીઓ છે. અષ્ટમંગલમાં દર્પણ, ભદ્રાસન, વર્દ્ધમાન, શ્રીવત્સ, મત્સ્ય યુગ, સ્વસ્તિક, કુંભ અને નંદાવર્ત્ત ગણાતા પૈકી કેટલાક જોવામાં આવે છે, તે પટ પર ઘણી પ્રાચીન લિપિમાં લખાયેલો લેખ છે કે જે પ્રાયઃ કનિષ્કના રાજ્યના સમયમાં ઈ.સ. પ્રારંભ લગભગ લખાયેલો હોવો જોઈએ. તે આ પ્રમાણે છેઃ-

૧ નમો અરહંતાણં સિંહકસ વણિકસ પુત્રેણ કોશિકિપુત્રેણ

૨ સિંહનાદિકેન આયાગપટો પ્રતિથાપિતો અરહંતપૂજયે

–અર્હતોનો નમસ્કાર, સિંહક વણિકના પુત્ર અને કૌશિકીના પુત્ર સિંહનાદિક (સિંહનાંદિક)થી આયાગપટ અર્હત્‌ની પૂજા અર્થે પ્રતિસ્થાપિત-પ્રતિષ્ઠાપિત થયો.

૬ સં. ૯૫ માં જૈન યતિ કણ્હની મૂર્ત્તિ-મથુરા

–આ એક જૈન સ્તૂપનો ભાગ છે કે જે ઉક્ત મથુરાની કંકાલી તીલા ટેકરીમાંથી નીકળેલ છે. તે સ્તૂપના બે ભાગ પાડેલા છે. ઉપલો ભાગ સાંકડો છે અને તેના મધ્યમાં સ્તૂપની આકૃતિ છે અને સ્તૂપની બંને બાજુએ જિનની બબ્બે આકૃતિઓ છે. કુલ તે ચાર આકૃતિઓ (મૂર્ત્તિઓ) છેલ્લા ચાર તીર્થંકર **નમિ, નેમિ, પાર્શ્વ** અને વર્ધમાનની છે. નીચેના ભાગમાં કણ્હ (?) ની મૂર્તિ છે કે જેના માનમાં આ સ્તૂપ બનાવવામાં આવ્યો હતો. કણ્હની મૂર્તિને વસ્ત્ર પહેરાવેલાં હોવાથી તે શ્વેતાંબર મૂર્તિ માની શકાય. આમાં આવેલ મૂળ લેખ કોઈ અનિર્ણીત લિપિમાં છે. આરંભમાં ૯૫ (?) ની સાલ હોવાનું જણાય છે કે જે વખતે વાસુદેવનું રાજ્ય હતું. તે લેખ આ પ્રમાણે છેઃ-

૧ (સિ)દ્ધમ્ સં. ૯૫(?) ગ્રો ૨ દિ ૧૮ કોટ્ટય (ા) તો ગણાતો થાનીયાતો કુલાતો વઇર(ાતો) (સા)ખાતો આર્ય અરહ (મહ)

૨ સિસિનિ ધામથાયે (?) ગ્રહદતસ્ય ધિ...ધનહથિ

-સિદ્ધ સંવત ૯૫ (?) માં બીજા (માસ) માં ૧૮ દિવસે કોટ્ટય (કોટિક) ગણનાં થાનીય કુલના વૈરશાખાના આર્ય મહા(દિન)ની શિષ્યણી ધામથ (?) ની વિનતિથી ગૃહદત્તની પુત્રી અને ધનહથી (ધનહરિત)ની સ્ત્રીની (ભેટ)

આમાં કણ્હની વસ્ત્ર પરિધાનવાળી મૂર્ત્તિ ઉપરાંત ચાર તીર્થંકરની પ્રતિમાઓ કોતરેલી છે.

૭ ધાતુની અર્ધ પદ્માસનસ્થ જિનમૂર્ત્તિ-જૂની કર્ણાટકી લિપિલેખ સહિત

-જિનમૂર્તિ સામાન્ય રીતે વિશાલ પ્રમાણમાં પદ્માસનસ્થ જોવામાં આવે છે અને જે કેટલીક ઉભી-કાર્યોત્સર્ગસ્થ હોય છે તેને 'કાઉસગ્ગીઆ' કહેવામાં આવે છે. અર્દ્ધપદ્માસનસ્થ જિનમૂર્તિ વિરલ જોવાય છે, જ્યારે તેવી બુદ્ધની મૂર્ત્તિઓ ઘણી દેખાય છે. રખેને આ બદ્ધમૂર્ત્તિ હોય એવો કોઈને ભ્રમ થાય તો તે દૂર કરવા માટે આમાં અનેક યોગો એવા છે કે જે આ મૂર્ત્તિને જિનમૂર્ત્તિ તરીકે સિદ્ધ કરે છે. (૧) આની કર્ણાટકી લિપિનો ઉકેલ શ્રી પૂરણચંદ્રજી નાહરે મહામહોપાધ્યાય રાય બહાદુર પંડિત **ગૌરી**શંકરજી ઓઝા અને ડા૦ **હીરા**નન્દ શાસ્ત્રી જેવાં બે મહાવિદ્વાનો પાસે વંચાવી કરાવ્યો છે તે અનુક્રમે આ રીતે છે :- **શ્રી જીનવલભન સજ્જન ભજીયવય મડિસિદ પ્રતીમ; શ્રીજિનવલ્લભન સજ્જન ચેટિય ભય મડિસિદ પ્રતિમે** 'મડિસિદ'નો અર્થ-'ની વિનતિથી'-ના કહેવાથી એમ થાય છે. **શ્રી જિનવલ્લભ**ની સજ્જન **ભ**ગીયબય-**ચે**ટિયભયના કહેવાથી પ્રતિમા-એવો કંઈ અર્થ છે ને તેમાં જિનનું સ્પષ્ટ નામ છે. (૨) આખી બેઠકની નીચે નવગ્રહની નવ નાની આકૃતિઓ છે, કે જે કોઈ પણ બુદ્ધમૂર્ત્તિમાંથી મળી આવતી નથી (૩) શિર ઉપર ત્રણ છત્ર છે અને શાસન દેવ અને દેવી છે. આ સર્વ પરથી જિનમૂર્ત્તિ સિદ્ધ થાય છે. આ પીતળની મૂર્ત્તિની કર્ણાટકી લિપિ **આઠમી સદીની** આસપાસની જૂની છે એમ **ઓ**ઝાનું કહેવું છે. આ મૂર્ત્તિ શ્રી **પૂ**રણચંદ **નાહ**રને ઉદયપુર પાસેના ગામ **સવી**નાખેડામાંથી પ્રાપ્ત થઈ છે ને તે તેમની પોતાની પાસે કલકત્તામાં હજુ સુધી છે. વળી **નાહ**રજી જણાવે છે કે 'વીર'ના મહાવીર જયંતી અંક વર્ષ ૪ અંક ૧૨-૧૩ માં પૃ. ૩૦૦ પર એક ચિત્ર-ફોટો મૂકેલ છે કે જેમાં **પા**રીસના પ્રદર્શનમાંથી એક ધાતુની મૂર્ત્તિનો એક બ્લૉક છે કે જે આ મૂર્ત્તિના જેવો છે. વળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી જાતની એક બીજી જિનમૂર્તિ પણ નાહરજીને ઉપલબ્ધ થઇ છે. તેમાં ૧૦-૧૧ સદીનો કર્ણાટકી શિલાલેખ છે, કે જેને ત્રિમાસિક ''રૂપ'' માં (નં. ૧૭ જાન્યુ. ૧૯૨૪ પૃ. ૪૮ ઉપર) પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

૮. અજંટા પાસે જૈનમંદિરનો દ્વાર મંડપ

–અજંટાની ગુફા એ ભારતનું એક જોવા લાયક પ્રસિદ્ધ સ્થળ છે. તેમાં મુખ્ય બૌદ્ધ મંદિરો અને તેમાંનાં રંગીન ચિત્રો બહુ પ્રાચીન હોવા છતાં તેની સુંદરતા ને રંગો જળવાઈ રહ્યાં છે. આ ગુફામાં જૈન મંદિરો પણ હતાં કે જે હાલ શીર્ણ વિશીર્ણ દશામાં છે તે પૈકી એકનો ફોટો સને ૧૮૬૬ માં પ્રકટ થયેલ Architecture at Ahmedabad માં પ્રસિદ્ધ થયો હતો તે અત્ર મૂકેલ છે. તેનું શિખર નાશ પામ્યું છે પણ તે ઘણું મોટું અને પિરામિડ આકારનું હોવું જોઇએ. કારણ કે તેનો મંડપ અતિ વિશાલ છે. તેના મંડપના થાંભલા ને તે દરેકની કારીગરી અતિશય સુંદર છે. તે મંદિર આઠમા સૈકાનું અનુમનાય છે.

૯. આબૂ પર વિમલશા મંત્રીનું દહેરૂં-'વિમલ વસહિ' પારા ૨૮૯

૧૦ આબૂ 'વિમલવસહિ'ના ઘુમટનું અપ્રતિમ નકશી કામ પારા ૨૮૯

–પહેલું ચિત્ર સન ૧૮૬૬માં પ્રકટ થયેલ Architecture at Ahmedabad નામના પુસ્તકમાં આવેલા ફોટાનો બ્લોક છે, બીજું ચિત્ર શ્રી પૂરણચંદ નાહરે પોતાના Epitome of Jainism માં પ્રગટ કરેલ છે તે છે ને તે તેમના સૌજન્યથી અમને પ્રાપ્ત થયું છે કે જે વાત ચિત્રપર નોંધવી ભૂલથી રહી ગયેલ છે. 'આ મંદિરો પ્રેક્ષકને તેના અણીશુદ્ધ નકશી કામથી વિચારમાં ગરક કરી દે છે. તેના ખ્યાલમાં આ મનુષ્યકૃતિ હોય એમ આવી શકતું નથી. તે એટલા તો પૂર્ણ છે કે તેમાં કાંઇ ફેરફાર કરી નજ શકાય. દહેરાંના પ્લાનની વ્યવસ્થા એવી છે કે ચારે બાજુ દહેરીઓ અને વચમાં મુખ્ય મંદિર છે, અને તેવી વ્યવસ્થા ગિરનાર પરનાં દેવળોમાં છે. પ્રવેશદ્વાર આગળ એક મંડપ છે, તે મંડપ આગળ ૬ સ્તંભવાળો એક લંબચોરસ ઓરડો છે, કે જેમાં હાથીઓ પર અંબાડીમાં બેઠેલા વિમળશા તથા તેના કુટુંબીઓ વિરાજે છે. હાથીનાં પુતળાં કદમાં ન્હાનાં પણ પ્રમાણસર છે ને અંબાડીનું કામ ઘણું સારૂં કર્યું છે. વિમાનમાં ઋષભદેવ-આદિનાથની પદ્માસને બેસાડેલી મૂર્ત્તિ છે. શિખર નીચું છે. તદ્દન આગળના ભાગના મંડપનું કામ પણ બહુ સરસ છે.

'મંડપ અને વિમાન વચ્ચે ગર્ભગૃહ છે. મંડપ પ્રમાણસર ઉંચાઇનો અને તેમાં સફેદ આરસ પરના નકશી કામથી એટલો તો સુંદર લાગે છે કે તેને જોઈને પ્રેક્ષક તો સ્તબ્ધ જ બની જાય છે. ઉપરનો ઘુમટ અષ્ટકોણમાં આવેલા થાંભલા પર ઉંચકવામાં આવ્યો છે ને તેનાં થરો અંદરથી જુદી જુદી નકશી કામમાં કોરેલાં છે. આ નકશીકામમાં આલેખન કરતાં જ હાલના જમાનામાં માણસોની ધીરજ ન રહે તેમ છે. આ દરેક થર પરનું કામ એવું તો એક બીજાને ઘટતું કર્યું છે કે તેમાં કોઇપણ જાતનો ફેરફાર ઘટે નહિ, લગભગ દરેક યુરોપિયન પ્રવાસી તો આને જોઈને પોતાનું અભિમાન કોરે મુકી દે છે અને તેજ વખતે તે આ કામની શ્રેષ્ઠતા પોતાના મનમાં લાવે છે અને સ્વીકારે છે. આ મુખ્ય મકાનની આસપાસ થોડે છેટે ચારે બાજુ બેવડા થાંભલાની હારોવાળી ઓશરી છે, ને તેમાં ચારે બાજુ નાની નાની દહેરીઓ છે. આ ઓશરી પર અગાસી છે. થાંભલા પર એક ચોરસની અંદર બીજો ચોરસ જેના ખુણાઓ પહેલાની બાજુના મધ્ય પર પડે એવી આકૃતિથી પત્થરો ગોઠવ્યા છે અને તે દરેક ખાતામાં જુદાં જુદાં કાલ્પનિક ચિત્રો કરેલાં છે. કોઇમાં ભૌમિતક આકૃતિઓ તો કોઇમાં વેલો, તો કોઇમાં દેવદેવીઓનાં ચિત્રો કરેલાં છે.' –રા. પાઠક. વિશેષ માટે જુઓ મુનિ જયંતવિજય લિખિત 'આબૂ' નામનું પુસ્તક.

૧૧. જે. ભં. તાડપત્ર પુસ્તકના કાષ્ટફલક પર ચિત્રિત જિનવલ્લભ સૂરિ પારા ૩૧૪-૬

૧૨. જે. ભં. તાડપત્ર પુસ્તકના કાષ્ઠફલક પર ચિત્રિત જિનદત્ત સૂરિ પારા ૩૧૭-૩૧૯

–જેસલમેરના ભંડારમાં પાંચસો વર્ષના જૂના પ્રાચીન તાડપત્રના પુસ્તકની કાષ્ઠપટ્ટિકા ૨૬½ X૩¾ ના માપની હતી તે પર જિનવલ્લભસૂરિ અને જિનદત્તસૂરિનું ચિત્રફલક હતું તે જિનકૃપાચંદ્રસૂરિના પ્રસાદથી પં. લાલચંદે અપભ્રંશકાવ્યત્રયીના પુસ્તકમાં પ્રકટ કરાવ્યું તે અત્ર પુનઃ મૂકવામાં આવેલ છે. તે ચિત્ર જોતાં એમ જણાય છે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિત્રકારો તે વખતે ગમે તેમ ચિતરતા, મૂલ પુરૂષની આબાદ પ્રતિકૃતિ પર લક્ષ ન રાખતા, તેમજ ચિત્રનું દેહપ્રમાણ અંગોપાંગની યથાસ્થિતતા વગેરે પર પણ ધ્યાન રહેતું નહોતું. તે સમયના ચિત્રકલાના નમુના રૂપે આ ગણવાનું છે.

૧૩. ઈડર ગઢનું બાવન જિનાલય.

—આ ઈડરના ગઢ ઉપર આવેલું આદિનાથ મંદિર છે, તે કુમારપાલ રાજાએ બંધાવી તેમાં ભ. આદિનાથની પ્રતિમા સ્થાપિત કરી. ખરતર ગચ્છના જિનપતિ સૂરિ કે જેઓ કુમારપાલના સમકાલીન હતા (વિ. સં. ૧૨૧૦ થી ૧૨૭૭) તેમણે પોતાની બનાવેલી તીર્થમાળામાં લખ્યું છે કે-

ઇડરગિરૌ નિવિષ્ટં ચૌલુક્યાધિપકારિતં જિનં પ્રથમં ।

સોમસુંદર સૂરિના શિષ્ય પ્રશિષ્યમાંથી એકે સં. ૧૫૩૩ લગભગ રચેલી ઈડરગઢ ચૈત્યપરિપાટી (જૈનયુગ-માહથી ચૈત્ર સં. ૧૯૮૫ પૃ. ૩૪૧-૩૪૩)માં પણ જણાવ્યું છે કે—

ગઢ ઊપરિ ગિરિસમીસુંઇ, પ્રાસાદ કરાવી
કુમર નરેસરિ આદિનાહ, પડિમા સંઠાવી. ૧૦

x x x x

'રાય વિહાર' વિહાર કંતિ ઇણિ કારણિ કહીઇ ૧૧

x x x x

કુમાર નરવરઇ કુમાર નરવરઇ ગુરુ અ વિહાર
ગિરિ ઉપરિ કારવીઆ આદિનાહ જિણબિંબ ઠાવિઅ ૧૭

x x x x

'કુમર નરિંદ વિહાર' પૂઠિ પાસાય પઇટ્ઠિય. ૧૬

આ પરથી તેને 'રાયવિહાર' 'કુમારવિહાર' કહેવામાં આવતો. આનો જીર્ણોદ્ધાર ઈડરના વચ્છરાજ શેઠના પુત્ર ગોવિંદશાહે સોમસુન્દર સૂરિના સમયમાં કરાવેલો એવું સોમસૌભાગ્ય કાવ્યમાં સર્ગ ૭ શ્લો. ૧૦ પૃ. ૧૦૭ માં સ્પષ્ટ જણાવ્યું છેઃ-

યઃ પર્વતોપરિ ગરિષ્ટમતિઃ કુમાર- પાલોર્વરેશ્વરવિહારમુદારચિત્તઃ ।
જીર્ણં સકર્ણમઘવાનઘવાસનાવાન્ દ્રવ્યવ્યયેન બહુલેન સમુદ્દધાર ॥

—જે મોટી બુદ્ધિવાળા, ઉદાર ચિત્તવાળા, વિદ્વાનોમાં ઇંદ્રરૂપ અને નિષ્પાપ વાસનાવાળા એવા તે ગોવિન્દસાધુએ ઘણું દ્રવ્ય ખર્ચી પર્વતપર રહેલા કુમારપાલ પૃથ્વીનાથ-રાજાના વિહારનો સારી રીતે ઉદ્ધાર કર્યો.

આ વાત ગોવિન્દશાહના સમકાલીન ગુણરત્ન સૂરિએ પોતાના સં. ૧૪૬૬ના ક્રિયારત્ન સમુચ્ચયની પ્રશસ્તિમાં કહી છે કે-

તેષ્વાદ્યો ગુણવાન્નિયદ્દરપુરે પ્રોત્તુંગમાદ્યાર્હતો
યઃ પ્રાસાદમચીકરત્સ વિનયી ગોવિન્દસંઘાધિપઃ । (પી. ૬ પૃ. ૧૭-૧૮)

—તે (વચ્છરાજના) પહેલા પુત્ર ગુણવાન્ અને વિનયી ગોવિન્દ સંઘપતિએ ઈડર પુરમાં આદિનાથ જિનનો ઉચ્ચ પ્રાસાદ કર્યો. (આમાં ઉદ્ધાર કર્યો એવું ખાસ લખ્યું નથી) મુનિસુંદર સૂરિએ જિનસ્તોત્ર રત્નકોશમાં ઇલદુર્ગાલંકાર શ્રી ઋષભદેવ સ્તોત્ર રચ્યું છે. તેમાં કુમારપાલ અને ગોવિન્દ બંનેનો ઉલ્લેખ કર્યો છે. (જૈન સ્તોત્ર સંગ્રહ ભા. ૨, પૃ. ૧૪૧-૨ પ્ર. યશો. ગ્રંથમાલા નં. ૯)ને ત૦ હેમવિમલ સૂરિના પ્રશિષ્ય જિનમાણિકય ગણિના શિષ્ય અનંતહંસ ગ. ઈડર ચૈત્યપરિપાટીમાં વળી એમ જણાવે છે કેઃ-

વચ્છરાજ પહિલુ ઉદ્ધાર બીજુ કુંઅરપાલ
ત્રીજુ સાહ ગોવિંદરાજ ચઉપટ ચઉસાલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચંપકસાહ કરાવીઉ એ ચઉથુ જીર્ણ ઉદ્ધાર
ઊલટં હઈડું ઉલ્લસિઉં એ નિર૦ દેખી સિંહ દૂઆર. ૨૦

—એટલે આ મંદિરના ચાર ઉદ્ધાર થયા-પહેલો વચ્છરાજનો, બીજો (રાજા) કુમારપાલનો, ત્રીજો ગોવિંદરાજનો અને ચોથો ચંપકશાહનો, આમાં પહેલો ઉદ્ધારક વચ્છરાજ કોણ હતો તે જણાવ્યું નથી. છેલ્લા ચંપકશાહ સંબંધમાં પણ વિશેષ હકીક્ત મળી નથી.

આ આદિનાથ મંદિરના આદિનાથનું બિંબ ત૦ વિજયદેવસૂરિના સમયમાં તેઓ અમદાવાદ ચોમાસું હતા ત્યારે યવનોએ ભાંગી નાંખ્યું. તેથી તેના પ્રમાણ જેટલું જ નવીન બિંબ પાછું શ્રાવકોએ કરાવ્યું અને નટીપદ્ર (હાલના નડીયાદ)ની મ્હોટી પ્રતિષ્ઠામાં તે બિંબની સૂરીશ્વરના હસ્તે પ્રતિષ્ઠા કરાવી ગિરિ ઉપર રહેલા તે ચૈત્યમાં ચૈત્યોદ્ધારપૂર્વક તેને સ્થાપિત કર્યું:-

राजनगरे चतुर्मासं स्थिताः । तत्रावसरे इलादुर्गे श्री ऋषभदेवबिम्बं यवनै र्व्यंगितं ततस्तत्प्रमाणमेव नवीनं बिम्बं श्राद्धैर्विधाप्य नटीपद्रे महत्यां प्रतिष्ठायां श्री सूरिभिः प्रतिष्ठाप्य गिरिशिरःस्थ-चैत्ये चैत्योद्धारपूर्वकं स्थापितं।

એમ ગુણવિજય તપગણપતિ ગુણપદ્ધતિમાં જણાવે છે (જુઓ વિજયદેવ સૂરિ માહાત્મ્યનું પરિશિષ્ટ). તેજ ગુણવિજય પોતાની સં. ૧૬૮૮ ની વિજયપ્રશસ્તિ ટીકાની પ્રશસ્તિમાં એજ પ્રકારનું જણાવે છેઃ—

जीर्णे श्रीमद्युगादीशे यवनैर्व्यंगिते सति । तत्पदे स्थापितो येन नूतनः प्रथमप्रभुः ॥ १५ ॥

આ મંદિરનો હમણાં પુનઃ ઉદ્ધાર શ્રી શ્વેતાંમ્બર સંઘ તરફથી કરવામાં આવ્યો છે ને તેનો રીપોર્ટ સં. ૧૯૭૫માં બહાર પડ્યો છે. જાુઓ તે રીપોર્ટમાં અને જૈનયુગના ૧૯૮૨ના માગશરના અંકમાં મારો લખેલો 'ઈડરનો સંક્ષિપ્ત ઈતિહાસ.'

૧૪. કુમારપાલનું અજીતનાથ મંદિર-તારંગા. પારા ૩૭૪-૩૭૬

—તારંગા—તારણદુર્ગ પર કુમારપાલે અજીતનાથનું સુંદર દેવાલય બંધાવ્યું હતું અને તેમાં અજિતનાથની મ્હોટી પ્રતિમા પ્રતિષ્ઠાપિત કરી હતી; પરંતુ તે પ્રતિમાને મ્લેચ્છોએ ભગ્ન કરતાં સોમસુંદરસૂરિના સમયમાં ઈડરના ગોવિંદશાહે નવીન પ્રતિમા કરાવી તેમના હસ્તથી સ્થાપી હતી. મુનિસુંદરસૂરિએ તારણદુર્ગાલંકાર અજિતસ્વામિસ્તોત્રમાં પોતાના જિનસ્તોત્રરત્નકોશમાં (યશોવિજય-ગ્રંથમાલા નં. ૯ જૈનસ્તોત્ર સંગ્રહ ભા. ૨) તે બંનેનું સ્મરણ કર્યું છે કેઃ—

कुमारपालस्य कथं न मित्रं गोविन्दसंघाधिपतिर्भवेत्सः ।
ग्रीष्मे कलौ म्लेच्छदवाग्नितापै- स्तन्न्यस्तबिंबापगमेन शुष्कम् ॥ ९ ॥

સોમસૌભાગ્ય કાવ્યમાં આ ગોવિન્દકૃત ઉદ્ધારનું વર્ણન આ પ્રમાણે આપ્યું છેઃ—

यस्तारणक्षितिधरे कृतचित्तशैत्ये-चैत्ये कुमारनृपते र्द्युपते र्महोभिः ।
चिक्षेप दक्षविनतो नवभारपट्टान् स्तंभाश्च दंभरहितो महितो नरेंद्रैः ॥ ११ ॥ सर्ग ७॥

- દક્ષ પુરૂષોથી નમેલા, દંભરહિત અને રાજાઓથી સન્માન પામેલા એવા (ગોવિંદ સાધુએ) તેજથી સૂર્ય જેવા એવા શ્રી કુમારપાલ નૃપતિના ચિત્તને શીતળ કરે તેવા તારંગાજીના પર્વતના ચૈત્યમાં નવ ભારપદ (ભારવાડ) અને સ્તંભો નંખાવ્યા.

ત્યારપછી તેજ સર્ગમાં જણાવ્યું હતું કે આરાસણમાંથી મોટી શિલા મંગાવી તેમાંથી મોટું અજિતનાથનું બિંબ કરાવી તેને ઈડરના રાવ પુંજાના સમયમાં ભારે ઠાઠમાઠથી સોમસુંદરસૂરિના હાથે પ્રતિષ્ઠિત કરાવ્યું (શ્લો. ૮૩) તેનો સં. ૧૪૭૯ છે. જાુઓ પારા ૬૬૪. ગુરૂગુણરત્નાકર પૃ. ૧૧ શ્લો. ૬૦માં गोविन्दकारित गजांकजिनप्रतिष्ठा, तारंगकेऽथ महती गुणराजयात्रा । એમ કહેલું છે. તે બિંબ હાલ વિદ્યમાન છે. આ મંદિરનો ઉદ્ધાર અઢીલાખ કોરી ખર્ચી શાહ વર્ધમાન અને પદમશી એ બે ભાઈઓએ સં. ૧૬૮૨ અને ૧૬૮૮ વચમાં કરાવ્યો હતો. એવો ઉલ્લેખ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્યાણસાગરસૂરિના રાસ (ઢાલ ૩૫) માં છે. આ સાથે કહીએ કે આબૂ પરના સં. ૧૨૯૬ના એક લેખ પરથી જણાય છે કે અજિતનાથના ગૂઢ મંડપમાં નાગપુરીય સા લાહડે આદિનાથનું બિંબ કરાવી ખત્તક-ગોખલામાં ભરાવ્યું હતું. તારંગા તીર્થ યાત્રા કરવા લાયક છે, વળી તેનું વાતાવરણ બહુ આરોગ્યપ્રદ છે.

૧૫ 'કલિકાલસર્વજ્ઞ' શ્રી હેમચંદ્ર સૂરિ; પરમાર્હતશ્રી કુમારપાલ ભૂપાલ

- આ ચિત્રો ૧૭ ક્રમાંકના (૧૨૯૪ની તાડપ્રત પર ચિતરેલા) ચિત્રઉપરથી પ્રસિદ્ધ વર્ત્તમાન ચિત્રકાર ધુરંધર પાસે સુધરાવી તેને સુંદર રંગોથી સુશોભિત કરાવી તેનો રંગીન બ્લોક જૈન આત્માનંદ સભાએ સોમપ્રભાચાર્ય કૃત કુમારપાલ પ્રતિબોધના ગૂ૦ ભાષાંતર (વિ.સં. ૧૯૮૩)માં મૂકેલ તેજ અત્ર વાપરેલ છે. જૂના પરથી વર્ત્તમાનમાં કેવું 'ટચિંગ' કરી રૂપ અપાય છે તે બન્નેને સરખાવવાથી જણાશે. વધુ માટે જુઓ નીચે ઉક્ત ચિત્રનો પરિચય, ચિત્ર નં. ૧૭.

૧૬ મહં. શ્રી વસ્તુપાલ-મહં. શ્રી લલિતાદેવી-મહં. શ્રી વેજલદેવી

—ગૂજરાતની ધંધુકાની ગાદી પર રાજ કરતા વીરધવલના પ્રસિદ્ધ મંત્રી વસ્તુપાલ મહાન્ યોધ્ધો હોવા ઉપરાંત એક સાહિત્યરસિક, અને સાહિત્યકાર પણ હતો; ને વિશેષમાં તેણે તથા તેના ભાઈ તેજપાલ મંત્રીએ અનેક સુંદર અને ભવ્ય સ્થાપત્યકલાના નમુનેદાર મંદિરો બંધાવી ગૂજરાતની શિલ્પકલામાં મહાન્ ફાળો આપ્યો છે. વસ્તુપાલ અને સાથે તેની બે સ્ત્રીઓનાં તથા તેના ભાઈ તેજપાલ ને તેની સ્ત્રી અનુપમા દેવીનાં બાવલાં આબૂ પરની લૂણિગવસહીમાં છે તે તેના સમયમાં જ શિલ્પીએ બનાવેલાં છે. તે પૈકી મહત્તમ વસ્તુપાલ અને સાથે સાથે તેની સ્ત્રીઓ મહત્તમા લલિતાદેવી અને વેજલદેવી હોવાથી તે બધાનું એકી સાથે ચિત્ર અત્ર મૂકવામાં આવ્યું છે; જ્યારે તેજપાલ ને તેની સ્ત્રીનું ચિત્ર મૂકવામાં નથી આવ્યું. આ મૂર્ત્તિઓનું ચિત્ર ગા.ઓ.સી.માં પ્રગટ થયેલા વસ્તુપાલ કૃત નરનારાયણાનંદ નામના મહાકાવ્યમાં પ્રથમ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

૧૭ સં. ૧૨૯૪ની તાડપત્રની પ્રતમાં ચિત્રિત શ્રી હેમાચાર્ય અને રાજન્ કુમારપાલ

—આ પાટણના ભંડારમાંની હેમાચાર્યકૃત ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્રની તાડપત્રની પ્રત ઉપરના ચિત્રનો ફોટો લઈ તે પરથી કરેલ બ્લૉક છે, તેમાં હેમાચાર્ય અને કુમારપાલ સ્વર્ગસ્થ થયે લગભગ ૬૨ વર્ષ ગયાં પછી ચિત્રેલ તેમનાં ચિત્રો છે તે પર પ્રથમ ધ્યાન પ્રસિદ્ધ જૈન સાક્ષરશ્રી સદ્‌ગત ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલ એમ.એ.નું ત્યાં ભંડારોની ફેરિસ્ત કરવા જતાં ગયું ને તેમણે ફોટો લઈ તેની નકલ મારા પર મોકલતાં તેનો બ્લૉક જૈન શ્વે. કૉન્ફરન્સ તરફથી કરાવી તેના મુખપત્ર શ્રી જૈન. શ્વે. કૉ. હેરલ્ડના જુલાઈ-ઓકટોબર ૧૯૧૫ના જૈન ઈતિહાસ-સાહિત્ય અંકના વિશેષાંકમાં તંત્રી તરીકે મેં પૃ. ૨૭૫ પાસે પ્રગટ કર્યો હતો તે આટલા વર્ષે પુનઃ પ્રગટ થાય છે. તેથી બ્લૉક સારો નથી રહ્યો ને સારી પ્રતિકૃતિ આવી શકી નથી.

૧૮ મહામાત્ય વસ્તુપાલ તેજપાલનાં મંદિર-ગિરનાર (પારા ૫૨૭ અને ૫૨૭ક)

—ગિરનાર પર નેમિનાથ મંદિરના મૂળ દ્વાર સામે વસ્તુપાળ તેજપાળનાં મંદિર આવેલાં છે. 'પ્લાનની વ્યવસ્થામાં મને આ સર્વ કોઈ કરતાં સારાં લાગે છે. મુખ્ય મંડપની ત્રણ બાજુ પર વિમાનો ગોઠવેલાં છે અને તેને ફરતો ઓટલો છે. symmetry સમમાનત્વથી આ મંદિરો ઘણાં ભવ્ય લાગે છે.' (રા. પાઠક). ત્યાંના એક શિલાલેખ પર (જિ. ૨ નં. ૪૪) લખેલ છે કે વિ. સં. ૧૨૮૯ ના આશ્વિન વદિ ૧૫ સોમ દિને મહામાત્ય શ્રી વસ્તુપાલે પોતાના કલ્યાણ માટે, જેની પાછળ કપર્દિ યક્ષનું મંદિર છે એવું 'શત્રુંજયાવતાર' નામનું આદિનાથનું મંદિર, તેના અગ્રભાગમાં ડાબી બાજુએ પત્ની લલિતાદેવીના પુણ્યાર્થ ૨૦ જિનોથી અલંકૃત એવું 'સંમેત શિખરાવતાર' નામનું મંદિર, તેમજ જમણી બાજુ બીજી પત્નિ સોખુકાના શ્રેય સારૂ ૨૪ જિનવાળું એવું 'અષ્ટાપદાવતાર' નામનું મંદિર એમ ચાર મંદિરો કરાવ્યાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯ કચ્છ-ભદ્રેશ્વરનું પ્રસિદ્ધ મંદિર (જગડુશાનું)

–કચ્છના પૂર્વ કિનારે હાલના ભદ્રેશ્વરથી જૂનું ભદ્રેશ્વર-ભદ્રાવતી મોટા વિસ્તારમાં આવેલું છે. હાલ ત્યાં જૈન દેવાલય, શિવમંદિરના ઘુમટના થાંભલા વગેરે તથા દુદાવાવ અને તેની પાસે બે મસ્જીદના બાકી રહેલાં ખંડેરો છે. જૂનું જૈન દેરાસર છે તેને જગદેવશાહ-જગડૂશાહનું દેવળ કહેવામાં આવે છે. તે પ્રાચીન કૃતિ છે તે પર સુધારા વધારા થયા છે; કેટલા ને કયારે તે જણાયું નથી. દેવળનો નીચલો ભાગ સૌથી જૂનો લાગે છે. બાકીનો ભાગ હાલની બાંધણી મુજબનો છે, અથવા તે સાવચેતીથી દુરસ્ત થયો હોય અને તે જગડુશાહે સં. ૧૩૧૨ માં સમરાવેલ હોય. દેરાસરના તૂટેલા ભાગના ટેકામાં મૂકાયેલી કમાનો જૂના વખતની હશે અને બાકીનો બહારનો ભાગ પાછળથી બનાવેલો છે. દેવળના થાંભલા પર લેખ હતા. હાલ માત્ર 'સં. ૧૧૩૪ ના વૈશાક સુદ ૧૫' એટલા શબ્દો વંચાય છે તે જીર્ણોદ્ધારની મિતિ સમજાય છે. તેની આસપાસની દેરીઓ તેરમા સૈકાથી યાત્રાળુઓએ બંધાવેલી લાગે છે. આના જૂના કિલ્લાની દિવાલો સને ૧૭૬૩માં પાડી નંખાઈ હતી અને સને ૧૮૧૦માં મુંદ્રાગામ વસાવવામાં આ મંદિરના પત્થરો વપરાયા છે.

ભદ્રેશ્વરના દેરાસરની રચના આબૂ પરનાં જૈન મંદિરો જેવી છે. તેને ૪૮ X ૮૫ ફૂટનો ચોક આવેલો છે- ફરતી પર દેહરીઓ છે અને ભમતી છે. પછી દેરાસર છે કે જેના આગલા ભાગમાં થાંભલાવાળા ત્રણ ઘુમટ છે. મોટા ઘુમટ નીચે રંગમંડપ છે. તેના એક સ્તંભપર સં. ૧૩૨૩ અને એક ઉપર ૧૩૫૮ કોરેલા હતા. એક બાજુ પ્રતિમાઓ સંતાડવા ઓરડીઓ છે ને તેની નીચે બીજા ખંડો છે કે જેમાં ભોંપરના પત્થર ઉપાડી જઈ શકાય છે. મુસલમાન વગેરેના ત્રાસ વખતે તેમાં પ્રતિમાઓ પધરાવી ઉપર રેતી નાંખી જમીન જેવો દેખાવ કરવામાં આવતો. દેરાસર ઓતરાદા બારનું છે. (એવા બારનું સામાન્યતઃ હોતું નથી). ગભારામાં શ્વેત આરસની ત્રણ પ્રતિમા છે. મૂળનાયક અજીતનાથ છે. તેની નીચે ૬૨૨ (? ૧૬૨૨)ની સાલ હોવાનું જણાય છે. તેની જમણી બાજુએ ફણાવાળા **પાર્શ્વનાથ** છે. તેના પર સં. ૧૨૩૨ની સાલ છે. ને ડાબી બાજુના **શાંતિનાથ** પર પણ તેજ સાલ છે. પીઠની દીવાલ ઉપર મૂળનાયકની આસપાસ કાઉસગ્ગીઆ છે, જમણી બાજુના છેડે શામળા પાર્શ્વનાથજી છે (વિશેષ માટે જુઓ રા. બ. દલપતરામ ખખ્ખરનો 'રીપોર્ટ ઓન ધ એન્ટિક્વિટિઝ ઓફ કચ્છ એન્ડ કાઠિયાવાડ' પાનું ૨૦૬-૨૦૯ તથા રા. મગનલાલ દ. ખખ્ખરનું જગડૂ ચરિતનું ભાષાંતર) {ઇ. સ. ૨૦૦૧ જાન્યુ.ના આવેલ ભૂકંપમાં આ જિનાલયને ઘણું નુકશાન થવાથી તેનો પાયાથી જિર્ણોદ્ધાર ચાલી રહ્યો છે.}

આ ભદ્રાવતીનું પ્રાચીન મંદિર સંપ્રતિ રાજાએ કરાવેલું કહેવાય છે ને તેમાં મુખ્ય નાયક પાર્શ્વનાથ હતા. વર્ધમાનશા અને તેના ભાઈ પદમસીએ સં. ૧૬૮૨ અને ૧૬૮૮ વચમાં તેનો ઉદ્ધાર કરાવ્યો એ વાત કલ્યાણસાગર સૂરિના રાસ (ઢાલ ૩૫) માં આ પ્રમાણે છેઃ-

ભદ્રાવતી નગરી માંહેજી, પ્રાચીન જેહ પ્રાસાદ
પાર્શ્વ પ્રભુનું જેહ કહેજી, **સંપ્રતિ**નો જશવાદ,
ગુરૂ ઉપદેશે કરાવીયોજી, તેહનો જીર્ણોદ્ધાર
દોઢ લાખ કોરી ખરચીજી, તેઓએ તિહાં મનોહાર.

૨૦ જિનદત્તસૂરિની મૂર્ત્તિ પ્ર૦ સં. ૧૩૩૪ પાટણ (પારા ૩૧૭-૩૧૯)

–પાટણના ટાંગડિયાવાડા નામના વાડામાં જિનમંદિર છે ત્યાં આ મૂર્ત્તિ છે કે જેનો પ્રતિષ્ઠાલેખ નીચે પ્રમાણે છેઃ-

'સંવત્ ૧૩૩૪ વૈશાખ વદિ ૫ શ્રી **જિનદત્તસૂરિ** મૂર્ત્તિઃ શ્રી **જિનેશ્વર** સૂરિશિષ્ય શ્રી **જિનપ્રબોધસૂરિ**ણા...(પ્રતિષ્ઠતા)

આ પ્રતિષ્ઠા કરનાર જિનપ્રબોધ સૂરિ - મૂળ પ્રબોધમૂર્તિ ગણિ કે જેમણે સં. ૧૩૨૮ માં કાતંત્ર દુર્ગપદ પ્રબોધ નામની કાતંત્ર વ્યાકરણ પર ટીકા રચી (પારા ૫૯૬), તે જિનદત્તસૂરિના શિ. જિનપતિ શિ. જિનેશ્વર સૂરિના શિષ્ય ને પટ્ટધર હતા ને તેમની મૂર્ત્તિ પણ પાલણપુરમાં તેમના શિષ્ય જિનચંદ્રસૂરિએ સં. ૧૩૫૧માં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિષ્ઠિત કરેલી તે ખંભાતમાં વિદ્યમાન છે. આ બ્લોક પંડિત શ્રી લાલચંદ સંશોધિત **જિનદત્તસૂરિ** કૃત **અપભ્રંશકાવ્યત્રયી** પ્ર. ગાયકવાડ ઓ. સીરીઝ નં. ૩૭માં પ્રથમ પ્રકાશિત થયેલ છે.

૨૧. રાણકપુરનું ધરણાશાનું મંદિર સં. ૧૪૯૭ પારા ૬૬૫

- આ ખાસ જોવા લાયક મનોરમ્ય અને આકર્ષણીય મંદિર છે, તેના સંબંધી ટુંકી હકીકત પારા ૬૬૫માં અને ૬૬૮માં આવી છે અને વિશેષમાં જેણે જાણવું હોય તેણે શ્રી જિન વિજયના 'પ્રાચીન જૈન લેખ સંગ્રહ' ભાગ બીજાના અવલોકનનાં પૃ. ૧૮૫ થી ૧૯૭ વાંચવાં. તેના સંબંધમાં સર જેઈમ્સ ફર્ગ્યુસને જણાવ્યું છે કે 'તેનો દરેક સ્તંભ એક એકથી જુદો છે તથા તે બધા ઉત્તમ રીતે ગોઠવ્યા છે અને તેમના ઉપર ભિન્નભિન્ન ઉંચાઈના ઘુમ્મટો ગોઠવેલા છે. આ બધા ઉપરથી મન ઉપર ઘણી સારી અસર થાય તેમ છે. ખરેખર, આવી સારી અસર કરે એવું તથા સ્તંભોની સુંદર ગોઠવણી વિષે સૂચના કરે એવું **હિંદુસ્તાનમાં બીજું એકપણ દેવાલય નથી.** ગોઠવણીની ઉત્તમતા ઉપરાંત બીજી જાણવાલાયક બાબત એ છે કે તેણે રોકેલી જગ્યા ૪૮૦૦૦ ચો. ફૂટ છે એટલે કે મધ્યકાલીન યુરોપીય દેવળોના જેટલી છે અને કારીગરી તથા સુન્દરતામાં તો તેમના કરતાં ઘણી રીતે ચઢે તેમ છે.' History of Indian and Eastern Architecture પૃ. ૧૪૧-૨.

સ્વ. મણીલાલ વ્યાસ લખે છે કે 'મારવાડમાં સાદડી ગામની પાસે રાણકપુરનું જૈન દેહરાસર બહુ જોવાલાયક છે. એ દેહરાસરની સામે હજાર બારસેં વર્ષ પહેલાંનું એક જૂનું દહેરૂં છે, અત્યારે તેમાં જૈન તીર્થકરની મૂર્ત્તિ પધરાવી છે, પણ મૂળમાં તે સૂર્યનું મંદિર હતું એમ કહેવાય છે. એ દહેરા ઉપર જે કંઈ પૂતળાં ગોઠવ્યાં છે તે જોઈએ તો તેમાં તદન બિભત્સ સ્વરૂપે કોકનાં ચોરાસી આસનો ગોઠવ્યાં છે. જોનાર આશ્ચર્યચકિત થાય કે ધર્મના દેવળ ઉપર આ શું ? આવું આ એક જ દેહરા ઉપર હોય એમ પણ નથી, જૂનાં અનેક દહેરાં આવાં ચિત્રોથી મઢાયાં છે. આ સ્થિતિ કયાંથી ઉત્પન્ન થઈ ?' (સુરત ગૂ૦ સા૦ પરિષદ રીપોર્ટ-પ્રદર્શન વિભાગ પૃ. ૧૬) કહેવાતા પહેલાના સૂર્ય મંદિર અને હાલ જૈન મંદિરમાં ઉપલી સ્થિતિ છે એમ અમે ત્યાં ગયા હતા તે વખતે અમારા લક્ષમાં આવ્યું નથી. આ મંદિર તે ધરણાશાના મુખ્ય મંદિરથી અલગ-જૂદું છે.

આ ધરણાકના મંદિરનો શિલાલેખ સમજવામાં ઓઝાજીની કંઈક ગેરસમજણ થઈ છે (જુઓ તેમના રાજપૂતાનેકા ઈતિહાસ પૃ. ૬૨૫નું ટિપ્પણ; તેમાં ધરણાક-ધરણાશાહનું નામજ નથી. તેણે નહિ કે રત્ના તથા તેના પુત્રપૌત્રોએ, તે બંધાવ્યું ને તેણે, નહિ કે ગુણરાજે, અજાહરી આદિનાં મંદિરો બંધાવ્યાં ને જીર્ણોદ્ધાર કર્યો.)

૨૨ સાદડીનું જૈનમંદિર.

-આ સ્વ. શેઠ પ્રેમચંદ રાયચંદના ઉત્તેજનથી The Committee of Architectural Antiquities of Western India માટે સને ૧૮૬૬માં Antiquities of Westen India Architecture at Ahmedabad-the Capital of Goozerat કે જેમાં કર્નલ બ્રિગ્સના લીધેલા ફોટો, થિયોડોર હોપનો ઐતિહાસિક અને વર્ણનાત્મક દિગ્દર્શનરૂપી વૃત્તાંત અને જેઈમ્સ ફર્ગ્યુસનની શિલ્પકળાવિષયક નોંધો અંગ્રેજીમાં લંડનમાં છપાયેલ છે તેમાંથી આ બ્લોક લીધો છે. ફર્ગ્યુસન જણાવે છે કે સ્થંભોની એવી ગોઠવણી કરી છે કે જેથી ઈમારતની અંદર સૂર્યનો તડકો જરાપણ પ્રવેશ ન પામે અને તે છતાં પ્રકાશ reflect થઈને - પ્રતિબિંબિત થઈને આવે આવી રીતિ અમદાવાદની મસ્જીદોમાં પૂર્વે વપરાઈ છે. પ્રકાશ લાવવાની આવી રીત કોઈપણ જૈન મંદિરોમાં હજુ સુધી માલુમ નથી પડી, પણ તે છતાં તેના જેવી કંઈક વ્યવસ્થા સાદડીના જૈન મંદિરમાં છે. આ મંદિરમાં મુખ્યપણે પ્રકાશ અંદરના મંડપોમાંથી આવતો હોવાથી સ્તંભોની જે વ્યવસ્થા કરવાથી પ્રકાશ આવે તેવું મુખ્યપણે આ મંદિરમાં નથી. આ બ્લોક અત્યારથી છાસઠ વર્ષ જૂનો છે તેથી આજ પ્રમાણે સાદડીમાં તે મંદિર જળવાઈ રહ્યું છે કે કેમ તે હું કહી ન શકું. સંભવતઃ જળવાઈ રહ્યું હશે. {પ્રાયઃ જળવાયું નથી. }

૨૩ ચિતોડનો જૈન કીર્ત્તિસ્તંભ. (ટિ. ૪૪૪)

-સુપ્રસિદ્ધ ઓઝાજી કહે છે કે ચિતોડ પર 'લાખોટાની બારી' નામની ખડકીથી રાજટીલા સુધી સડક સીધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દક્ષિણમાં થઇ છે. માર્ગમાં પહેલાં ડાબી બાજુ સાત માળવાળો જૈન કીર્ત્તિસ્તંભ આવે છે કે જેને દિગંબર સંપ્રદાયના બઘેરવાલ મહાજન સા (સાહ, શેઠ) **નાય**ના પુત્ર **જી**જીએ વિ. સં. ની ચૌદમી સદીના ઉત્તરાર્ધમાં બનાવ્યો હતો. આ કીર્ત્તિસ્તંભ આદિનાથનું સ્મારક છે. તેની ચારે બાજુ પર અનેક નાની જૈન મૂર્તિઓ કોતરેલી છે. આ કીર્ત્તિસ્તંભપરની છત્રી વિજળી પડવાથી તુટી ગઈ અને સ્તંભને ઘણી હાનિ પહોંચી હતી, પરંતુ વર્ત્તમાન રાણા સાહેબે એંસી હજાર રૂ. ખર્ચી લગભગ પહેલાં જેવી છત્રી કરાવી અને સ્તંભની મરામત કરાવી છે, જૈન કીર્ત્તિસ્તંભની પાસે જ મહાવીર સ્વામીનું મંદિર છે કે જેનો જીર્ણોદ્ધાર મહારાણા કુંભાના સમયમાં વિ. સં. ૧૪૯૫ (ઇ. સ. ૧૪૩૮)માં ઓસવાલ મહાજન ગુણરાજે કરાવ્યો હતો. આ સમયે આ મંદિર તુટી ફુટી દશામાં પડેલું છે.' (**રાજપૂતાનેકા ઇતિહાસ** પૃ. ૩૫૨).

રા. **ભાં**ડારકરે ઉક્ત કીર્તિસ્તંભ (શ્વેતાંબર) સંઘવી કુમારપાલે બંધાવ્યો હતો એમ તેમણે સં. ૧૪૯૫ માં **ચા**રિત્રગણિએ સંસ્કૃતમાં રચેલી ચિત્રકૂટ મહાવીર પ્રાસાદ પ્રશસ્તિં તેના અંગ્રેજી સાર સહિત રૉ. એ.સો.ના જર્નલ વૉ. ૨૩ નં. ૬૩ માં પ્રકટ કરી છે તેમાં પૃ. ૪૭ પર જણાવ્યું છે, પણ તેમાં ચૂક થઈ લાગે છે કે જે અમે નીચે જણાવી છે. કુંભારાણાના સમયમાં સં. ૧૪૯૫માં ઉક્ત મહાવીર પ્રાસાદનો જીર્ણોદ્ધાર ગુણરાજે કર્યો એવા **ઓ**ઝાજીના કથનમાં પણ ચૂક છે. તે **ગુ**ણરાજે રાણા **મો**કલ (કુંભારાણાના પૂર્વાધિકારી)ના આદેશથી તે પ્રાસાદનો ઉદ્ધાર કર્યો અને તેના પુત્રોએ તેમાં **સો**મસુંદર સૂરિના હાથે સં. ૧૪૮૫ માં પ્રતિષ્ઠા કરાવી એવો તે પ્રશસ્તિમાં સ્પષ્ટ ઉલ્લેખ છે. તે પ્રશસ્તિ કુંભારાણાના રાજ્યમાં સં. ૧૪૯૫માં રચાઈ તે પરથી આ ભૂલ થઇ લાગે છે તેના મૂળ શ્લોક નીચે પ્રમાણે છેઃ-

x x x

उच्चै मंडप पंक्ति देवकुलिका निस्तीर्यमाणश्रियं कीर्त्तिस्तंभसमीपवर्तिनममु श्रीचित्रकूटाचले
प्रसादं सृजतः प्रसादमसमं श्रीमोकलोर्वीपते-रादेशाद् गुणराज साधुरमितस्वर्दध्यो दधार्षीन्मुदा ॥ ८६ ॥

x x x

वर्षे श्रीगुणराज साधु तनयाः पंचाष्टरत्नप्रभे न्यास्यन्त प्रतीमामिमामनुपमां श्रीवर्धमानप्रभोः ॥ ९१ ॥

x x x

प्राग्वंशस्य ललाम मंडपगिरिं शोभां नयन्नैष्टिक- प्रष्ठः प्रत्यहमष्टधा जिनपतेः पूजाः सृजन् द्वादश ।
संघाधीश कुमारपाल सुकृती कैलासलक्ष्मीहृतौ दक्षं दक्षिणतोऽस्य सोदरमिव प्रासादमादीधपत् ॥ ९५ ॥

આ શાર્દુલનો ભાવાર્થ પુરાતત્ત્વજ્ઞ શ્રી ડી. આર. ભાંડારકરે એવો મૂકયો છેઃ- 'પહેલાં તો આપણને ખબર મળે છે કે આ રચના એટલે કે **કીર્ત્તિસ્થંભ** પહેલાં પ્રથમ સંઘનાયક પ્રાગ્વંશ એટલે પોરવાડ વંશના, ગિરિ જેવા મંડપની લક્ષ્મી આપતા એવા, અને જિનપતિની આઠ પ્રકારે બાર પૂજા હમેશાં કરતા એવા કુમારપાલે બાંધ્યો હતો' (આજ કારણે મેં ટિ. ૪૪૪ માં તે પ્રમાણે જણાવ્યું છે. પરંતુ આ ચિત્રપરિચય લખતા પુનઃ વિચાર કરતાં આ ભાવાર્થ ચૂકવાળો લાગે છે. ને ખરો એ લાગે છે કે પ્રાગ્વંશના ભૂષણરૂપ મંડપગિરિ-માંડવગઢને શોભા આપતો એટલે તેનો નિવાસી નૈષ્ઠિકમાં ઉત્તમ, જિનપતિની બાર પૂજા અષ્ટપ્રકારે હમેશાં કરતો એવો જે સંઘપતિ ધન્ય કુમારપાલ તેણે આની (મંદિર કે કીર્ત્તિસ્તંભની) દક્ષિણે એક બીજો ભાઇ હોય તેવું બીજું મંદિર બંધાવ્યું. આજ રીતે પછીના શ્લોકમાં જણાવ્યું છે કેઃ-

ऊकेशवंशतिलकः सुकृतोरुतेजा-स्तेजात्मजः प्रतिवसन्निह चित्रकूटे
चाचाह्वयः सुजनलोचनदत्तशैत्यं चैत्यं च चारु निरमीमपदुत्तरस्याम् ॥ ९६ ॥

– ઉકેશ (ઓશવાલ) વંશના તિલક રૂપ સુકૃત રૂપી મહાતેજવાળો તેજાનો પુત્ર અહીં ચિત્રકૂટ (ચિતોડ) માં જ વસતો ચાચા (નામનો હતો) તેણે આની ઉત્તરમાં સજ્જનોનાં લોચનને ટાઢક આપતું એવું સુંદર ચૈત્ય બંધાવ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૪ ચિતોડમાં 'અષ્ટાપદ' જૈનમંદિર-'શૃંગાર ચાવડી'-સિંગાર ચૌરી સં. ૧૫૦૫

-ચિતોડપર મહેલોની પાસે ઉત્તરે સુંદર કોતરણીવાળું એક નાનું મંદિર છે તેને સિંગાર ચૌરી (શૃંગાર ચૌરી)-શૃંગાર ચાવડી કહે છે. આના મધ્યમાં એક નાની વેદી પર ચાર સ્તંભવાળી છત્રી બનાવેલી છે. લોક કહે છે કે અહીં રાણા કુંભાની રાજકુમારીનો વિવાહ થયો હતો ને તેની આ ચોરી છે. વાસ્તવમાં ઈતિહાસના અંધકારમાં-અજ્ઞાનપણામાં આ કલ્પનાની સૃષ્ટિ થઈ છે કારણ કે તેના એક સ્તંભ ઉપર કોતરેલા વિ. સં. ૧૫૦૫ (ઈ.સ. ૧૪૪૮)ના શિલાલેખથી વિદિત થાય છે કે રાણા કુંભાના ભંડારી (કોષાધ્યક્ષ) વેલાક કે જે સાહ કેલ્હાનો પુત્ર હતો તેણે **શાંતિનાથનું** આ જૈન મંદિર બંધાવ્યું અને તેની પ્રતિષ્ઠા 'ખરતરગચ્છના જિનસેન (? જિનચંદ્ર) સૂરિએ કરી હતી. જે સ્થાનને લોકો ચોરી બતાવે છે તે ખરી રીતે ઉક્ત મૂર્ત્તિની વેદી છે અને સંભવ છે કે મૂર્ત્તિ ચોમુખ (જેની ચારે બાજુએ એક એક મૂર્ત્તિ હોય છે એવી) હોય. શૃંગાર ચૌરીની થોડે છેટે નવલખ્ખા (નવકોઠા) નામનું સ્થાન છે. જુઓ પારા ૭૧૯ ને ટિ. ૪૬૬ માં જણાવેલાં પ્રમાણ.

૨૫ ગિરનારની સંગ્રામ સોની (?સમરસિંહ)ની ટુંક (સં. ૧૪૯૪)

-**સંગ્રામ** સોની કોણ ને ક્યારે થયા તેને માટે વિશ્વસ્ત પ્રમાણોની ખોટ છે અને અમે તેમના સંબંધી આ ગ્રંથમાં કંઈ જણાવ્યું નથી. તેથી જે કંઈ ઉપલબ્ધ થાય છે તેનો વિચાર કરીશું. આ સંગ્રામસોની તે સમરાશાહ કે જેણે શત્રુંજયનો ઉદ્ધાર કર્યો તે સાથે ભેળવી દેવાના નથી. તે એક ભિન્ન વ્યક્તિ લાગે છે. ગિરનાર સંબંધી રેવયકપ્પસંખેવો (ગદ્યપ્રાકૃત), જિનપ્રભસૂરિકૃત ઉજ્જયન્તસ્તવ (સં.) અને શ્રી રૈવતકલ્પ (ગદ્ય પ્રા૦), શ્રી ઉજ્જયન્ત મહાતીર્થકલ્પ (પ્રા. ગદ્ય), અને તપા ધર્મઘોષસૂરિકૃત્ત શ્રી ગિરિનારકલ્પ (સં. ગદ્ય) કે જે સર્વ પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહના પરિશિષ્ટ તરીકે પ્રગટ થયેલ છે. તેમજ ત્યાં પ્રકટ થયેલ વસ્તુપાલતીર્થયાત્રાવર્ણનમાં તથા તેની અંદરના વિજયસેનસૂરિકૃત રેવંતગિરિ રાસુમાં કયાંય પણ સંગ્રામ કે સમરસિંહ સોનીનો ઉલ્લેખ નથી. એટલે ત૦ ધર્મઘોષસૂરિ સુધીમાં તે થયા નહોતા એમ કહી શકાય. પ્રથમ ત૦ સોમસુંદરસૂરિના શિષ્ય પ્રશિષ્યમાંના એક હેમહંસગણિએ ત. રત્નશેખર સૂરિના રાજ્યે (સં. ૧૫૦૨ થી ૧૫૧૭ વચ્ચે) ગિરનાર-ચૈત્ર પ્રવાડી ગૂજરાતીમાં રચી છે (પ્ર. પુરાતત્ત્વ ૧-૩ પૃ. ૨૯૨) તેમાં ઓસવાલ-સોની **સમરસિંહ-માલદેવ**નો (સંગ્રામસિંહનો નહિ) ઉલ્લેખ આવે છેઃ-

સમરસિંહ-માલદેવ તણઉ ઉદ્ધાર નિહાલઉ
મંડપિ મંડિઅ અતિ વિસાલ ચઉવીસ જિણાલઉ. ૬

x x x x

ધન ધન **સોની સમરસિંહ માલદે** વ્યવહારિઅ
જેહિ **કલ્યાણત્રય-વિહાર**-ઉદ્ધાર કરાવિઅ
ચિહું દિસિ ત્રિહું ભૂમીહિં મૂલનાયક તિહાં બાર
કાસગિ રહિઆ પ્રથમ ભૂમિ સિરિ નેમિકુમાર
ઘડતાં જસુ ચાતલિ અંજલિઈ સવે ટલંતા રોગ
સેવિઉ સ્વામી પૂરવઈ નિરમાલડીએ અનુદિન ભોગસંયોગ ૨૫ ? (૨૧)
દિકખ-નાણ-નિવ્વાણ તિહાં સિરિ સોહઈ છઈત્ર
જીરણ પ્રતિમા વામ પાસિ ધુરિ તાસુ સનાત્ર
મંડપ સયલ વિસાલ મેઘમંડપ રૂલિઆલઉ
ત્રિહું દિસિ ભદ્રતણા પ્રસાદ બાવન્ન જિણાલઉ
ઓસવંસિ શ્રી **સમરસી માલદેવિ** મનરંગિ
સંવત ચઉદ ચુરાણવઈ નિરમાલડીએ ઉદ્ધરિઉ ઉત્તંગ ૨૬ ? (૨૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પરથી જણાય છે કે ઓશવંશના સોની સમરસિંહ-માલદેવ નામના વ્યવહારી-વણિકોએ સં. ૧૪૯૪માં (એટલે કવિના જ કાલમાં) કલ્યાણત્રય વિહારનો ઉદ્ધાર કરાવ્યો હતો. ચારે બાજુ ત્રણ ભૂમિ. વિશાલ મંડપ-મેઘમંડપ રળીયામણો છે. બીજાં ત્રણ મંદિરો ભદ્ર જાતનાં હતાં ને બાવન જિનાલય હતું. (ચાર દ્વારવાળા મંદિરના ફરતાં-મુખ્ય દરવાજા સિવાય બાકીના એ ત્રણ દરવાજાઓની સન્મુખ-બીજાં ત્રણ મંદિરો હોય તેને 'ભદ્ર' પ્રાસાદ કહેવામાં આવે છે. આ પ્રવાડીની જૂની પ્રત મને પ્રાપ્ત થઇ છે.) આ ઉધ્ધારમાં આસપાસ ત્રણ દહેરાંવાળો ભદ્ર જાતનો પ્રાસાદ પોતે કરાવેલો લાગે છે, અને તેથી તેને સમરસિંહ-માલદે સોનીની ટુંક સં. ૧૪૯૪માં થયેલી કહી શકાય. અત્યારે જે મંદિર સંગ્રામ સોનીનું કહેવામાં આવે છે. તેનું વર્ણન આને મળતું આવે છે. તે ટુંકનું દેરૂં પ્રાચીન છે. રંગમંડપ સુંદર છે, તેની ઉપર બેઠક છે. ગર્ભાગાર પણ વિશાળ છે. તેની ભમતીમાં ત્રણ દેરાસર છે. જેમ્સ બર્જેસ કહે છે કે સગરામ સોની ૧૬ મા સૈકામા પાછલા અર્ધ ભાગમાં થયો છે (તે યથાર્થ નથી). શેઠ પ્રેમાભાઇ હેમાભાઇએ આશરે ૧૮૪૩માં આ ટુંક સમરાવી છે. આ દેરૂં ગિરનાર પર સૌથી ઉંચું લાગે છે. હમણાં મૂર્ત્તિ-પ્રતિમાઓના ઘણા હેરફેર થઇ ગયા છે.

સંગ્રામ સોની સંબંધી વૃદ્ધ પૌશાલીય પટ્ટાવલીમાં કહેલું છે કે 'શ્રી ઉદયવલ્લભ સૂરીશ્વરપટ્ટે શ્રી જ્ઞાનસાગરસૂરિ ગુરવઃ કથંભૂતાઃ ? સત્યાર્થાઃ, શ્રી વિમલનાથચરિતપ્રમુખાનેક નવ્ય ગ્રન્થ લહરી પ્રકટનાત્ સાર્થકાહ્વા યેષાં શ્રી જ્ઞાનસાગર સૂરીણાં મુખાત્ મંડપદુર્ગ નિવાસી વ્યવહારિવર્યઃ પાતશાહિ શ્રી ખલચી મહિમ્મદ ગ્યાસદ્દીન સુરત્રાણ પ્રદત્ત 'નગદલમલિક' બિરૂદધરઃ સાધુ શ્રી સંગ્રામ સૌવર્ણિક નામા સવૃત્તિં શ્રીપંચમાંગં શ્રુત્વા ગોયમેતિ પ્રતિપદં સૌવર્ણટંકકમમુચત્ । ષટ્ત્રિંશત્સહસ્રપ્રમાણાઃ સુવર્ણટંકકાઃ સંજાતાઃ, યદુપદેશાત્તદ્ દ્રવિણવ્યયેન માલવકે મંડપદુર્ગ પ્રભૃતિ પ્રતિનગરં ગુર્જરધરાયા-મણહિલ્લપુરપત્તન-રાજનગર-સ્તંભતીર્થ-ભૃગુકચ્છ પ્રમુખં પ્રતિપુરં ચિત્કોશમકાર્ષીત્ । પુનર્યદુપદેશાત્ સમ્યક્ત્વ સ્વદારસંતોષવ્રત વાસિતાન્તઃકરણેન વન્ધ્યામ્રતરુઃ સફલીચકે । તથાહિ...'

—આ પરથી જણાય છે કે વૃદ્ધપૌશાલિક-વૃદ્ધ કે બૃહત્ તપાગચ્છના ઉદયવલ્લભસૂરિના શિષ્ય જ્ઞાનસાગરસૂરિ કે જેમણે વિમલનાથ ચરિત (જુઓ પારા ૭૧૯) પ્રમુખ અનેક નવ્ય ગ્રંથો રચી પોતાનું નામ સાર્થક કર્યું હતું. તેમના મુખેથી-બાદશાહશ્રી ખિલચી મહિમ્મદ ગ્યાસદ્દીન સુલતાને આપેલી 'નગદલમલિક' પદવીના ધારણ કરનાર માંડવગઢવાસી વણિકશ્રેષ્ઠ સંગ્રામ સોનીએ ભગવતી નામનું પાંચમું અંગ સટીક સાંભળીને તેમાં જે ગોયમ-ગૌતમ એ શબ્દ આવતાં એક સુવર્ણટંક-સોના મહોર મુકી એમ ૩૬ હજાર સોનૈયા થયા તે, તેમના ઉપદેશથી માલવામાં માંડવગઢ આદિ દરેક નગરમાં અને ગૂર્જરધરામાં અણહિલપુર પાટણ, રાજનગર, ખંભાત, ભરૂચ આદિ દરેક નગરમાં જ્ઞાનભંડાર કરાવ્યા[1] અને જેના ઉપદેશથી તેણે સમ્યક્ત્વ અને સ્વસ્ત્રીસંતોષવ્રતથી વિશુદ્ધ મનવાળા થઈને વંધ્ય આમ્રવૃક્ષને સફલ કર્યું હતું. (પછી તે આમ્રવક્ષની કથા કહી છે અને ગૂજરાતના દરિદ્ર બ્રાહ્મણે માંડવગઢમાં આવી તેની સ્તુતિ કરતાં પોતાનાં આભૂષણો ને લાખ રૂા. દાન કર્યું તે વાત જણાવી છે-ગિરનાર ગલ્પ પ્ર૦ હંસવિજય જૈન ફી લાયબ્રેરી અમદાવાદ). આ પટ્ટાવલીની સાલની માહિતી નથી, પરંતુ આમાં પણ સંગ્રામ સોનીએ ગિરનાર પર મંદિર બંધાવ્યું છે કે ઉદ્ધાર કર્યો તેનો કિંચિન્માત્ર ઉલ્લેખ નથી. જ્ઞાનસાગરસૂરિનો સમય સં. ૧૫૧૭થી ૧૫૫૧ સુધી તેમના પ્રતિષ્ઠાલેખ પરથી નિશ્ચિત છે, તે દરમ્યાન સંગ્રામસોની થયા ગણાય.

---

૧ ખૂબીની વાત એ છે કે આવી જ વાત રત્નમંદિર ગણિએ પોતાના ઉપદેશ તરંગિણી ગ્રંથમાં (પૃ. ૧૧૫-૬ ભાષાં. ભી. મા.) અને પેથડના ચરિત્રરૂપે રચેલ સુકૃતસાગરમાં (પૃ. ૧૧૦-૧ આ. સભા) પેથડશાહ-ધર્મઘોષ સૂરિના સંબંધે નોંધી છેઃ-

'શ્રી ધર્મઘોષસૂરિજીના ઉપદેશથી પેથડશાહે તેમના મુખથી (તેમના શિષ્ય મુનિના મુખથી સુ.સા.) અગ્યારે અંગો સાંભળવા માંડયાં, તેમાં પાંચમા અંગ મધ્યે (પાંચમું અંગ સાંભળવા માંડ્યુ ને તેમાં સુ. સા.) જ્યાં જ્યાં 'ગોયમા' એવી રીતનો શબ્દ આવતો ગયો, ત્યાં ત્યાં તે નામથી આનંદ પામીને દરેક નામે તેણે એકેક સોનામહોર મુકી અને એવી રીતે તેણે છત્રીસ હજાર સોના મહોરોથી તે આગમની પૂજા કરી, અને તે દ્રવ્યથી તેણે સર્વ શાસ્ત્રો લખાવીને ભૃગુકચ્છાદિક દરેક શહેરોના ભંડારમાં (સાત મોટા ભંડારમાં સુ.સા.) રાખ્યાં. (તે સર્વ પુસ્તકોને માટે પટ્ટસૂત્ર, રેશમી દોરાનું વેષ્ટન અને સુવર્ણની પાટલીઓ કરાવી તે મંત્રીએ પોતાનું ધન કૃતાર્થ કર્યું. સુ. સા.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરોક્ત સમરસિંહ ને આ સંગ્રામસોનીના નામમાં સેળભેળ થવાને લીધે સમરસિંહને બદલે સંગ્રામ સોની થઇ ગયું લાગે છે.

પ્રસિદ્ધ ભાનુચંદ્ર ઉપાધ્યાયના શિષ્ય ઋદ્ધિચંદ્રે સંગ્રામસોનીનો ૨૦ કડીનો ટુંકો રાસ રચ્યો છે. તેમાં વાંઝીઆ આંબાના ફળ્યાની એક જ વાત જણાવી છે; જ્યારે તે અને શાસ્ત્ર લખાવવાની વાત શીલવિજયે સં. ૧૭૪૬-૪૮માં રચેલી તીર્થમાલા (પ્રા. તીર્થમાલાસંગ્રહ પૃ. ૧૧૨)માં જણાવી છેઃ-

નયરી અવંતી આગલી વલી, માંડવગઢ દીપિં મહાબલી
શ્રી સુપાસ સેવું જિનરાય, આદિ વીરના પ્રણમું પાય. ૫૨
ઓસવંશ અનોપમ નામ, સંગ્રામ સોની એણિ ઠામ,
શીલિં સફલ કર્યો સહકાર, બહુ જસવાદ લહ્યો સંસારિ. ૫૩
જિણિ સિદ્ધાંત સુણી ભગવતી, હેમમુદ્રા મેહેલી દીપતી,
છત્રીસ સહસ ગૌતમનિં નામિ, શાસ્ત્ર લિખાવ્યાં પુન્યનિ કામિ. ૫૪

જ્ઞાનસાગરસૂરિના વ્યાખ્યાન અને ઉપદેશથી સંગ્રામસોનીએ ખર્ચેલ સોનૈયાની વાત વીરવંશાવલી (જૈન સા. સંશોધક ખંડ ૧ -૩ પૃ. ૫૬)માં તેના લેખક પોતાની પૂર્વજ સોમસુંદરસૂરિથી થઇ એમ કહે છે. તેનો સાર એ છે કે :-

ગૂજરાતના વઢીયાર ખંડના લોલાડા ગામના પ્રાગ્વાટ અવટ કે સોની સંગ્રામ સપરિવાર માંડવગઢમાં જઈ ત્યાં વ્યાપારાદિથી સારી સંપત્તિ મેળવી પાદશાહ ગ્યાસુદીનનો મંત્રી થયો. ત્યાં ત. સોમસુંદરસૂરિ આવતાં તેમના ભગવતીસૂત્રના વ્યાખ્યાનમાં દરેક 'ગોયમા ગૌતમ' એ શબ્દ આવતાં એક સોનૈયો-કુલ છત્રીસહજાર સોનૈયા આપ્યા ને તે ગુરુના ઉપદેશથી તે દ્રવ્યને તથા એક લાખ હજાર સોનૈયાને જ્ઞાનખાતામાં એટલે વિ. સં. ૧૪૫૧ માં કલ્પસૂત્ર અને કાલકસૂરિ કથા સચિત્રિત સુવર્ણાક્ષરે તથા રૂપાક્ષરે લખાવી સકલ સાધુઓને ભણવા આપવામાં ખર્ચ્યા અને કેટલીક પ્રતો જ્ઞાનકોશમાં સ્થાપી. માંડવગઢમાં સુપાર્શ્વપ્રાસાદ, મગસીતીર્થમાં મગસીપાર્શ્વનો બિંબપ્રાસાદ સં. ૧૪૭૨ માં સ્થાપેલ. ભેઇ, મંદસોર, બ્રહ્મંડલ, સામલીયા, ધાર, નગર, ખેડી, ચંદ્રાઉલી-ચંદ્રાવતી પ્રમુખ નગરમાં તેણે સત્તર પ્રાસાદ કરાવ્યા ને સોમસુંદરી સૂરિએ તમામ પ્રતિષ્ઠિત કર્યા. એકાવન મંદિરોનો જીર્ણોદ્ધાર કર્યો.'- આમાં આંબો ફળવાની પણ હકીકત છે. આમાં ઘણો વિસ્તાર છતાં ને સોમસુંદરસૂરિનો સંબંધ છતાં 'સોમસૌભાગ્ય કાવ્ય' કે જે તે સૂરિના જીવનવૃત્તાંત રૂપે જ રચાયેલું છે. તેમાં એક પણ શબ્દ નથી; વળી પ્રસ્તુત ગિરનાર પરના સંગ્રામ સોનીના કહેવાતા મંદિર સંબંધી આ વીરવંશાવલીમાં પણ કંઈ ઉલ્લેખ નથી. તેથી અમારૂં અનુમાન તે સમરસિંહ માલદેવનું મંદિર હોવાનું ખરૂં હોય એમ જણાય છે. સંગ્રામ સોની પણ ઐતિહાસિક ભિન્ન વ્યકિત જણાય છે કે જેણે ઘણું દ્રવ્ય પુસ્તક લખવવામાં ખરચ્યું છે.

૨૬ જામનગરનું જિનમંદિર સં. ૧૬૭૮ (પારા ૮૨૮)

- લાલણ વંશીય ઓસવાલ વર્ધમાન અને પદ્મસિંહ એ બે ભાઇઓએ પ્રાયઃ આ મંદિર કરાવેલું છે; પ્રતિષ્ઠા અંચલગચ્છના કલ્યાણસાગર સૂરિએ સં. ૧૬૭૮ માં કરી. તે સૂરિનો રાસ તેમના શિષ્યના પ્રશિષ્ય ઉદયસાગરસૂરિએ સં. ૧૮૦૨ માં રચ્યો છે, (પ્ર૦ કચ્છવરાડીયાવાલા શાહ ઘેલાભાઇ તથા દેવજીભાઇ માણેક) તેમાં ઢાલ ૧૪મીથી ૨૭, ૨૯મી પછીના દુહા, ૩૨મી ઢાલ પછી ઢાલ ૪૦ સુધીમાં આ બંનેભાઈનાં જીવનવૃત્તાંત વિસ્તારથી આપેલ છે. લાલણ તે પારકર દેશના પરમાર રાજા રાવજીનો પુત્ર હતો ને તેને અં. જયસિંહસૂરિ (સં. ૧૨૩૬ થી ૬૮) એ દુષ્ટ રોગથી મુક્ત કરતાં સરત પ્રમાણે રાવજી જૈનધર્મી થયો. તેની ચૌદ પેઢી ગયા પછી અમરશી કચ્છ-આરીખાણામાં થયા તેને વર્ધમાન નામનો પુત્ર સં. ૧૬૦૬ શ્રા. શુ. ૫ ને દિને અને પદમસી નામનો પુત્ર સં. ૧૬૧૭માં થયો. પછી બંને મહાકાલીના પ્રતાપે શ્રીમંત થઇ ભદ્રાવતીમાં ગયા ને ત્યાં ચીનદેશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે સાકર રેશમ અને અફીણનો વેપાર કર્યો. ત્યાંથી કલ્યાણસાગર સૂરિના ઉપદેશથી શત્રુંજયનો સંઘ બંનેએ કાઢ્યો. નાવમાં નાગના બંદર આવી રણ ઉતરી નવાનગર આવતાં તેના રાજાએ ત્યાં તેઓ આવાસ કરે તો પોતે વેપારમાં અર્ધું દાણ લેશે એમ કહ્યું. ત્યાંથી નીકળી શત્રુંજય પહોંચી જાત્રા કીધી ને ત્યાં ગુરૂના ઉપદેશથી બે પ્રાસાદનું ખાત સં. ૧૬૫૦ માગ૦ વદ ૯ ને દિને કર્યું. સાથે આવેલ નવાનગરના નાગડગોત્રી રાયસીએ પણ એક જિનપ્રાસાદનું વદ તેરસને દિને ખાત કર્યું. પછી એક માસે નવાનગર આવી ત્યાંના રાજાના આગ્રહથી ત્યાં પાંચહજાર ઓસવાલ સાથે રહ્યા. સંઘમાં ૩૨ લાખ કોરી ખર્ચી.

નવાનગરમાં બંને ભાઈએ જબરો વેપાર કરી ૧૫ વર્ષમાં ખૂબ નાણું મેળવ્યું. પછી સં. ૧૬૬૮ માં ત્યાં જિનમંદિરનું ખાત કર્યું (શ્રા. શુ. ૫). છસો કારીગરો કામે લગાડયા. દશહજાર મહોર આપી રાજા પાસે જગ્યા લીધી. તે મંદિરનું શિખર પૂરૂં થયું. સલાટોએ લાંચ લઈ તે ઉંચા મંદિરનું શિખર જેટલું ઉંચું જોઈએ તેટલું ન કર્યું. ભમતીની દહેરી અર્ધી થઈ હતી ત્યારે ગુરૂને બોલાવી તેમાં શાંતિજિનની ત્રણ મૂર્તિ સં. ૧૬૭૬ના વૈ. શુ. ૩ દિને સ્થાપી. વળી રાજસીના બંધુ નેણસીએ રાજસીમંદિર બંધાવી તેમાં ભેળવી દીધું ને તેમાં ચોમુખ સંભવદેવ સ્થાપ્યા. પછી વર્ધમાન ને પદ્મસિંહ બંને ગુરૂને લઈ પાલીતાણાનો સંઘ લઈ ગયા ને ચાર લાખ કોરી ખર્ચી. સં. ૧૬૭૬. ત્યાંથી નવાનગર આવી સં. ૧૬૭૮ ના વૈ. શુ. ૫ દિને જિનમંદિરની ભમતીની વર્ધમાનશાએ પ્રતિષ્ઠા કરી.

નવાનગર રાજાના હડમત ઠાકર નામના ખજાનચીએ રાજા પાસે નવહજાર કોરીની ચીઠી વર્ધમાનશા પર લખાવી તેમાં બે મીંડા પોતે ઉમેરી નવલાખની ચીઠી વર્ધમાનશાના હાથમાં આપી. પરાંતમાં નવહજાર એટલે મુંઝાયા. રાજા અંતઃપુરમાં હોઈ ન મળ્યો. રસ્તામાં એક જોગીએ ચિત્રાવેલી આપી ને તેથી નવલાખ તોલી આપી. પછી બંને બંધુઓ આ રાજ્યમાં રહેવું સારૂં નહિ એમ કરી પ્રભાતે ચાર હજાર ઓસવાલને સાથે લઈ ભદ્રાનગરી તરફ ચાલ્યા. રાજાએ ઘણા માણસ પાછા બોલાવવા મોકલ્યા પણ તેનું ન માનતાં કચ્છ ગયા. રણમલ્લ રાજાએ માન આપ્યું ને ભદ્રાવતીમાં રહ્યા. પછી પાવાગઢમાં જઈ મહાકાલીના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો. સં. ૧૬૮૨માં ભદ્રાવતીમાં રત્નાદિની અનેક પ્રતિમાઓ ભરાવી. બે લાખ ખરચી આગમ ગ્રંથો લખાવી ગુરૂના ભંડારમાં રાખ્યા. ભદ્રાવતીના પ્રાચીન પ્રાસાદ (ભ. પાર્શ્વનો-સંપ્રતિ રાજાએ બંધાવેલ કહેવાતો)નો જીર્ણોદ્ધાર કર્યો. નવાનગરના મંદિરના ખર્ચ માટે નવ વાડી ને ચાર ખેતર આપ્યાં. ગિરનાર પર શ્રી નેમિ મંદિરનો, તારંગામાં અજિત મંદિરનો, આબૂપર વિમલવસહિનો ને વસ્તુપાલ તેજપાલનાં મંદિરોનો ઉદ્ધાર કર્યો. સંમેતશિખરપર પાદુકા બંધાવી. શત્રુંજયપર ધ્વજા ચડાવી દેવદ્રવ્યમાં બે લાખ કોરી આપી. વૈભાર, ચંપા, કાકંદી, પાવાપુરી રાજગૃહી, વાણારસી, હસ્તિનાપુર વગેરેની જાત્રા કરી બે વર્ષ ગાળી ભદ્રાવતી આવ્યા. સં. ૧૬૮૫ માં અમરસાગરને સૂરિપદ અપાયું તેનો ઉત્સવ કર્યો. સં. ૧૬૮૮ માં વર્ધમાનશાનો સ્વર્ગવાસ થયો. દાહસ્થલે છત્રીવાલી દહેરી કરી ત્યાં શાંતિનાથ ચરણો સ્થાપ્યાં. પદમસીએ વહુઓમાં કુસંપનાં બીજ જોઈ સંપત્તિના ભાગ પોતાના ને પોતાના ભાઈના પુત્રોમાં વહેંચી દીધા. ચિત્રાવેલ પણ ચાલી ગઈ. મારીવાયુ જલપ્રલયથી ભદ્રાવતીનો નાશ સંવત્ ૧૬૮૯ માં દૈવીકોપથી થયો ને પદ્મસિંહ પુત્રો સહિત માંડવી જઈ વસ્યા ને વર્ધમાનના પુત્રો ભુજમાં જઈ વસ્યા.

પદ્મસિંહે વર્ધમાનશાનું મરણ થયા પછી તેમનો મરૂ ભાષામાં ગદ્યબંધ પ્રબંધ ચોપડામાં લખાવ્યો, તેમજ મેરૂજી નામના ચરણે પોતાની ભાષામાં તેના સંબંધમાં સાતસો કવિત કર્યા. વર્ધમાનના પુત્ર જગડુના કહેવાથી કલ્યાણસાગરસૂરિએ વર્ધમાન શેઠનું સંસ્કૃતમાં ચરિત સ્વશિષ્ય અમરસાગરજીને રચવા કહ્યું કે જેણે સં. ૧૬૯૧ શ્રા. શુ. ૭ ને રચી સંપૂર્ણ કર્યું. આ બધાં ચરિત્રોનો સાર લઈ આ રાસ રચવામાં આવ્યો છે. તેથી તેમાંની હકીકતો ઐતિહાસિક છે. વળી તે રાસમાં પ્રસ્તુત મંદિર સંબંધી જણાવ્યું છે (ઢાલ ૫૧ મી પછીના દુહામાં) કેઃ-

સં. ૧૭૨૫ માં મુસલમાનોની ફોજ હાલારમાં આવતાં નવાનગરના શ્રાવકોએ બધાં મંદિરોની પ્રતિમા ઉથાપી ભોંયરામાં ભંડારી દીધી. (સોરઠના ફોજદાર કુતુબુદ્દીને નવાનગર હાથ કરી તેનું નામ ઈસલામનગર પાડી તેને ખાલસા સરકાર સાથે જોડી દીધું. ગૂજરાતના સુબા જોધપુરના જસવંતસિંહે જામ તમાચીને સં. ૧૬૭૩માં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાદી પાછી અપાવી પણ ઔરંગજેબ જીવતો રહ્યો ત્યાં સુધી નવાનગર મુસલમાનોના હાથમાં રહ્યું. ઈ.સ. ૧૭૦૯ માં જામ રાયસિંગ ગાદીએ બેઠો પણ ત્યારપછી ઘણાં વર્ષ સુધી મુસલમાનોનો ત્રાસ રહ્યો. (કાઠિયાવાડ સર્વસંગ્રહ પૃ. ૪૫૭-૪૫૮). આથી મંદિરો ઉજ્જડ જેવાં સં. ૧૭૮૭ સુધી રહ્યાં. તે દરમ્યાન મુસલમાનોએ જિનમંદિરોનાં દ્વારો તોડી તેમાં ઘણીવાર માલ ભર્યો. વર્ધમાનના વંશજ તલકશી શાહે સં. ૧૭૮૮ શ્રા. શુ. ૭ ગુરૂએ પુનઃ પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી બધાં મંદિરો સમરાવ્યાં.

આ બંને ભાઈઓનાં વૃત્તાંત ઉક્ત રાસ છપાઈ પ્રસિદ્ધ થયો તે પહેલાં પંડિત (હાલ સ્વ.) હીરાલાલ હંસરાજે શ્રી વિજયાનંદાભ્યુદય કાવ્યમાં પૃ. ૩૬૨-૬૫ ઉપર આપેલ છે કે જે શ્રીજિનવિજયે 'પ્રાચીન લેખસંગ્રહ' ભાગ ૨ ના લેખ નં. ૨૧ ના અવલોકનમાં ઉતારી લીધેલ છે.

૨૭ શત્રુંજયપરનું મુખ્ય આદિનાથ મંદિર.

—આ મંદિરનો સવિસ્તર ઇતિહાસ વાંચવો હોય તો જુઓ શ્રી જિનવિજય સંપાદિત 'શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબન્ધ' પરની તેમની પ્રસ્તાવના પૃ. ૨૭ થી ૩૭. શત્રુંજય સંબંધી જુઓ ધનેશ્વરસૂરિકૃત શત્રુંજય મહાત્મ્ય, ત. ધર્મઘોષસૂરિકૃત પ્રાકૃત શત્રુંજયકલ્પ. વર્ત્તમાનમાં મુખ્ય મંદિર જે છે તેનું આ ચિત્ર છે. તેનો ઉદ્ધાર ગુર્જર મહામાત્ય, બાહડ (સંસ્કૃત વાગ્ભટ) મંત્રી દ્વારા થયો. સં. ૧૨૧૧ (પારા ૩૮૪) તે માટે પ્રબંધ ચિંતામણીમાં પૂરો વૃત્તાંત આવ્યો છે. પછી તેની પ્રતિમાનો ભંગ સં. ૧૩૬૯માં મુસલમાનોના હાથે થયો. તેથી તેનો પુનઃઉદ્ધાર સમરસિંહ-સમરશાહે સં. ૧૩૭૧ માં કર્યો. (પારા ૬૧૯ થી ૬૨૨). તેણે સ્થાપિત કરેલી મૂર્ત્તિનો ભંગ વળી મુસલમાનોએ કર્યો ને તે ખંડિતરૂપમાં ઘણો વખત રહી, પછી કર્માશાહે સં. ૧૫૮૭ ચૈત્ર વદિ ૬ રવિને દિને ઉદ્ધાર કર્યો. (જુઓ પારા ૭૩૨ થી ૭૩૫). આ મુખ્ય દેવળ બે માળનું અને ઉંચા શિખરવાળું છે. તેની આસપાસ નાની નાની દહેરીઓ આવી રહેલી છે કે જે જૈન દહેરાની ખાસ ખાસીયત જણાય છે.

૨૮ શત્રુંજયપરનાં જૈન મંદિરોનું વિહંગાવલોકન.

-આ ચિત્ર સને ૧૮૬૬ લગભગ લેવાયું છે ને 'આર્કિટેક્ચર એટ અહમદાવાદ' ના પુસ્તકમાં પહેલા પાને પ્રસિદ્ધ થયું છે. તેમાં આખો ગઢ જોઈ શકાય છે અને તેની અંદર અને બહારનાં મંદિરોનાં શિખરો દેખાય છે એ પરથી તે પર્વત જાણે 'The City of Temples' -મંદિરોનું એક નગર બની ગયું હોય નહિ એમ સ્પષ્ટ દીસે છે. તે મંદિરો તપાસતાં જુદા જુદા શતકોની શિલ્પકળાનાં જીવન્ત નમુનાઓ સાંપડે છે. જુલાઈના ૧૯૦૬ ના Dawn નામના માસિકમાં એક વિદ્વાન્ બંગાલી મહાશયે લખ્યું છે કેઃ-

The Jainas choose wooded mountains and the most lovely retreats of nature for thair places of pilgrimage and cover them with exquisitely carved shrines in white marble or dazzling stucco. Their contribution to Indian Art is of the greatest importance and India is indebted for a number of its most beautiful architectural monuments such as the spelendid temples of Abu, Girnar and S'atrunjaya in Gujrat.

અત્ર દહેરાંના સમૂહની આસપાસ એક ઉંચી દિવાલ બાંધેલી છે, તેને 'ગઢ' કહે છે. તે દહેરાંના સમૂહોના અમુક રીતસર ભાગો કર્યા છે કે જેને 'ટુંક' કહે છે. તેમાં મુખ્ય મન્દિર આદીશ્વરની ટુંક ઉપરાંત આઠ ટુંકો છે તેનો પરિચય 'શત્રુંજયપરનાં જૈન મંદિરો' પારા ૯૯૧ એ ચિત્ર માટે લખતાં આપીશું.

૨૯ શ્રી સુમતિનાથપ્રભુની ધાતુ-મૂર્ત્તિ સં. ૧૫૧૨ રાજગૃહ.

—આ એક સુંદર મૂર્ત્તિ છે અને તે વખતની-સોળમા સૈકાના પ્રારંભના મૂર્ત્તિનિર્માણનો નમુનો છે. હાલ તે રાજગૃહના ગામના મંદિરમાં પંચતીર્થી તરીકે છે ને તેની પાછળ કોતરેલ લેખ નીચે પ્રમાણે છેઃ-

'સંવત્ ૧૫૧૨ વર્ષે વૈશાષ સુદિ ૧૩ ઉકેશ સા. ભાદા ભાર્યા ભરમાદે પુત્ર સા. નાયક ભાર્યા નાયકદે ફદેકૂ પૂત્ર સા. અદાકેન ભા. સોનાઈ ભ્રાતૃ સા. જોગાદિ કુટુંબયુતેન શ્રી સુમતિનાથ બિંબ કારિતં પ્રતિષ્ઠિતં શ્રી સૂરિભિઃ ॥ વઢલી વાસ્તવ્યઃ ॥ શ્રી ॥ (નાહર ૨, નં. ૧૮૪૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૦ પ્રસિદ્ધ થાહરૂશાહની પ્રશસ્તિ-લોદ્રવા મંદિર સં. ૧૬૭૫ (પારા ૮૪૬)

-લોદ્રવામાં મૂળ મંદિરના ડાબી બાજુના ઉત્તર દિશાના મંદિરમાં મૂલનાયકજીની શ્યામ પાષાણની ઘણી મનોજ્ઞ સહસ્ર ફણવાળી મૂર્ત્તિ પ્રતિષ્ઠિત છે તેની ચરણ ચોકી-પબાસન પર આ લેખ કોતરેલો છેઃ-॥ સં. ૧૬૭૫ માર્ગશીર્ષ સુદિ ૧૨ તિથૌ ગુરૌ **ભાં**ડશાલિક સા. શ્રીમાલ ભા. **ચાં**પલદે પુત્રરત્ન **થાહરૂ**કેણ ભાર્યા **ક**નકાદે પુત્ર હરરાજ મેઘરાજાદિયુજા શ્રી **ચિં**તામણિ **પા**ર્શ્વનાથ બિંબ કા૦ પ્ર૦ ચ યુગપ્રધાન શ્રી **જિ**નસિંહ સૂરિ પટ્ટપ્રભાકર ભ૦ શ્રી **જિ**નરાજસૂરિભિઃ પ્રતિષ્ઠિતં । (પછી ઉપર જણાવ્યું છે કેઃ) ॥ શ્રી લોદ્રવા નગરે । શ્રી બૃહત્ખરતર ગચ્છાધીશૈઃ। (નાહર ૩, નં. ૨૫૭૨) જુઓ ચિત્ર નં. ૪૦.

૩૧-૩૨ શિલ્પકલાનો નમુનો-પત્થરની બે મૂર્ત્તિઓ જેસલમેર સં. ૧૫૮૩

-આ ચિત્ર શ્રીપૂર્ણચંદ્ર નાહરથી સંગૃહીત જૈનલેખ સંગ્રહ-જેસલમેર (તૃતીય ખંડ)ની ભૂમિકામાં પૃ. ૩૩માં મૂકેલું છે. તેમાં 'શિલ્પકલા' સંબંધી લખતાં તેઓ જણાવે છે કે 'વિશેષતા તો એ છે કે આ સ્થાન (જેસલમેર) આટલું દુર્ગમ હોવા છતાં પણ ત્યાં ભારતના શિલ્પકલામાં કુશલ કારીગરો દ્વારા જે મંદિર વગેરે બનાવાયેલાં છે તે કેવલ ત્યાંના ધનાઢ્ય લોકોની ધર્મપરાયણતા અને શિલ્પ પ્રેમનું જ્વલંત ઉદાહરણ છે. ત્યાંની મનોજ્ઞ શિલ્પકલાના બે નમુના આ આપેલાં છે. પાષાણમાં કેટલા નૈપુણ્યથી શિલ્પીએ એ મૂર્ત્તિઓ બનાવી છે તે ચિત્રોના ભાવથી જ અનુભવવામાં આવશે. પાઠક એ પણ જોશે કે ત્યાંના શ્રી શાંતિનાથજીના મંદિરના ઉપરનું દૃશ્ય કેટલું સુંદર છે !' વગેરે.

૩૩ 'જગદ્‌ગુરુ' શ્રી હીરવિજયસૂરિ મૂર્ત્તિ.

-આ મૂર્ત્તિ હીરવિજયસૂરિનું આબેહૂબ ચિત્ર નથી, પણ એક મહાન્ આચાર્ય સ્વર્ગસ્થ થયા ત્યારપછી તેમના સ્મારક તરીકે એક બે વર્ષમાં ઘડાવેલી મૂર્ત્તિ છે કે જે પહેલાં ખંભાતમાં હતી અને પાછળથી તેના પર ખાસ લેખ કોતરેલો હોવા છતાં તે જોયા કે જોવરાવ્યા વગર ગૌતમસ્વામીની મૂર્ત્તિ ગણીને મહુવામાં શ્રાવકો લઈ આવ્યા ને હાલ તેના મુખ્ય મંદિરના મુખ્યમંડપની પાસેના ભાગમાં તે બિરાજે છે ને તે મેં જોઈ છે. તેના પર શિલાલેખ નીચે પ્રમાણે છેઃ-

'૧૬૫૩ પાતસાહિ શ્રી અકબર પ્રવર્ત્તિત સં. ૪૧ વર્ષે ફા૦ સુદિ ૮ દિને શ્રીસ્તંભતીર્થવાસ્તવ્ય શ્રા૦ પડમા (ભા.) પાંચી નામ્ન્યા શ્રીહીરવિજયસૂરીશ્વરાણાં મૂર્ત્તિઃ કા૦ પ્ર૦ તપાગચ્છે (ચ્છે) શ્રી વિજયસેનસૂરિભિઃ'

આ મૂર્તિના પર ચાંદીનાં ટીલાં ચોંટાડયાં છે અને તેના પર શ્રાવકો કેસરનાં તિલકો કર્યે જઈ તેની જિનપૂજા જેવી પૂજા કરે છે. આ ચાંદીનાં ચગદાંઓથી મૂળ મૂર્ત્તિની જે કંઈ સુંદરતા હોય તેથી ઑર ઘટાડો થાય છે.

૩૪ અકબરનું હીરવિજયસૂરિને ફરમાન

-આ ફરમાન ઉર્દુમાં છે અને તેનો ગૂજરાતી અનુવાદ નીચે પ્રમાણે છેઃ-

અલ્લાહુ અકબર.

જલાલુદ્દીન મુહમ્મદ અકબર બાદશાહ ગાજીનું ફરમાન.

અલ્લાહુ અકબરના સિક્કા સાથે શ્રેષ્ઠ ફરમાનની નકલ અસલ મુજબ છે.

મહાન્ રાજ્યને ટેકો આપનાર, મહાન્ રાજ્યના વફાદાર, સારા સ્વભાવ અને ઉત્તમ ગુણવાળા, અજિત રાજ્યને મજબૂતી આપનાર, શ્રેષ્ઠ રાજ્યના ભરોસાદાર, શાહી મહેરબાનીને ભોગવનાર, રાજાની નજરે પસંદ કરેલ અને ઉંચા દરજ્જાના ખાનોના નમૂના સમાન મુબારિજ્જુદ્દીન (ધર્મવીર) આઝમખાને બાદશાહી મહેરબાનીઓ અને બક્ષીસોના વધારાથી શ્રેષ્ઠતાનું માન મેળવી જાણવું જે-જૂદી જૂદી રીતભાતવાળા, ભિન્ન ધર્મવાળા, વિશેષ મતવાળા અને ભિન્ન પંથવાળા, સભ્ય કે અસભ્ય, નાના કે મોટા, રાજા કે રંક, અથવા દાના કે નાદાન-દુનિયાના દરેક દરજ્જા કે જાતના લોકો, કે જેમાંની દરેક વ્યક્તિ પરમેશ્વરના નૂરને જાહેર થવાની જગ્યા છે, અને દુનિયાને પેદા કરનારે નિર્માણ કરેલા ભાગ્યને જાહેર થવાની અસલ જગ્યા છે; તેમજ સૃષ્ટિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંચાલક (ઈશ્વરની અજાયબી ભરેલી અનામત છે; તેઓ પોત પોતાના શ્રેષ્ઠ માર્ગમાં દૃઢ રહીને તથા તન અને મનનું સુખ ભોગવીને પ્રાર્થના અને નિત્ય ક્રિયાઓમાં તેમજ પોતાના હેતુઓ પ્રાપ્ત કરવામાં લાગેલા રહી, શ્રેષ્ઠ બક્ષીસ કરનાર (ઈશ્વર) તરફથી લાંબી ઉંમર મળે, અને સારાં કામ કરવાની પ્રેરણા થાય, એવી દુવા કરે, કારણ કે-માણસજાતમાંથી એકને રાજાને દરજ્જે ઉંચે ચઢાવવામાં અને સરદારીનો પહેરવેશ પહેરાવવામાં પૂરે પૂરૂં ડહાપણ એ છે કે-તે સામાન્ય મહેરબાની અને અત્યંત દયા કે જે પરમેશ્વરની સંપૂર્ણ દયાનો પ્રકાશ છે, તેને પોતાની નજર આગળ રાખી જો તે બધાઓની સાથે મિત્રતા મેળવી ન શકે, તો કમમાં કમ બધાઓની સાથે સલાહ-સંપનો પાયો નાખી પૂજવા લાયક જાતના (પરમેશ્વરના) બધા બંદાઓ સાથે મહેરબાની, માયા અને દયાને રસ્તે ચાલે, અને ઈશ્વરે પેદા કરેલી બધી વસ્તુઓ (બધાં પ્રાણીઓ) કે જે ઉંચા પાયાવાળા પરમેશ્વરની સૃષ્ટિનાં ફળ છે, તેમને મદદ કરવાની નજર રાખી તેમના હેતુઓ પાર પાડવામાં અને તેમના રીતરીવાજો અમલમાં લાવવામાં મદદ કરે, કે જેથી બળવાન નિર્બળ ઉપર જુલ્મ નહિં ગુજારતાં, દરેક મનુષ્ય મનથી ખુશી અને સુખી થાય. આ ઉપરથી યોગાભ્યાસ કરનારાઓમાં શ્રેષ્ઠ, હીરવિજયસૂરિ સેવડા (સં. શ્વેતપટ-શ્વેતાંબર) અને તેમના ધર્મને પાળનારા, કે જેમણે અમારી હજુરમાં હાજર થવાનું માન મેળવ્યું છે અને જેઓ અમારા દરબારના ખરા હિતેચ્છુઓ છે, તેમના યોગાભ્યાસનું ખરાપણું, વધારો અને પરમેશ્વરની શોધ ઉપર નજર રાખી હુકમ થયો કે-

તે શહેરના (તે તરફના) રહેવાસીઓમાંથી કોઈએ એમને હરકત-અડચણ કરવી નહિં, અને એમનાં મંદિરો તથા ઉપાશ્રયોમાં ઉતારો કરવો નહિં. તેમ તેમને તુચ્છકારવા પણ નહિં. વળી જો તેમાંનું (મંદિરો કે ઉપાશ્રયોમાંનું) કંઈ પડી ગયું કે ઉજ્જડ થઈ ગયું હોય, અને તેને માનનારા ચાહનારા કે ખેરાત કરનારાઓમાંથી કોઈ તેને સુધારવા કે તેનો પાયો નાખવા ઈચ્છે તો તેનો, કોઈ ઉપલક જ્ઞાનવાળાએ (અજ્ઞાનીએ) કે ધર્માન્ધે અટકાવ પણ કરવો નહિં અને જેવી રીતે ખુદાને નહિં ઓળખનારા, વરસાદનો અટકાવ અને એવાં બીજાં કામો કે જે ઈશ્વરના અધિકારનાં છે તેનો આરોપ, મૂર્ખાઈ અને બેવકુફીને લીધે જાદુનાં કામ જાણી, તે બીચારા-ખુદાને ઓળખનારા ઉપર મૂકે છે અને તેમને અનેક પ્રકારનાં કષ્ટો આપે છે; એવાં કામો તમારા રક્ષણ અને બંદોબસ્તમાં, કે જે તમે સારા નસીબવાળા અને બાહોશ છો, થવાં જોઈએ નહિં.

વળી એમ પણ સાંભળવામાં આવ્યું છે કે હાજી હબીબુલ્લાહ[૧] કે જે અમારી સત્યની શોધ અને ખુદાની ઓળખાણ વિષે થોડું જાણે છે, તેણે આ જમાતને ઈજા કરી છે, એથી અમારા પવિત્ર મન કે જે દુનિયાનો બંદોબસ્ત કરનાર છે તેને ઘણું ખોટું લાગ્યું છે. (દુખનું કારણ થયું છે); માટે તમારે તમારી રીયાસતથી એવા ખબરદાર રહેવું જોઈએ કે-કોઈ કોઈના ઉપર જુલ્મ કરી શકે નહિ.

તે તરફના વર્ત્તમાન અને ભવિષ્યના હાકેમો, નવાબો અને રીયાસતનો પૂરેપૂરો અથવા કેટલેક અંશે કારભાર કરનારા મુસદ્દીઓનો નિયમ એ છે કે રાજાનો હુકમ કે જે પરમેશ્વરના ફરમાનનું રૂપાન્તર છે તેને પોતાની સ્થિતિ સુધારવાનો વસીલો જાણી તેનાથી વિરૂદ્ધ વર્ત્તન કરે નહિં, અને તે પ્રમાણે કરવામાં દીન અને દુનિયાનું સુખ તથા પ્રત્યક્ષ સાચી આબરૂ જાણે. આ ફરમાન વાંચી તેની નકલ રાખી લઈ તેમને આપવું જોઈએ, કે જેથી હમેશાંની તેમને માટે સનદ થાય. તેમ તેઓ પોતાની ભક્તિની ક્રિયાઓ કરવામાં ચિંતાતુર પણ થાય નહિં; અને ઈશ્વરભક્તિમાં ઉત્સાહ રાખે. એ જ ફરજ જાણી એથી વિરુદ્ધનો દખલ થવા દેતા નહિં.

ઇલાહી સંવત્ ૩૫ (સં. ૧૬૪૭) ના અઝાર મહિનાની છઠ્ઠી તારીખ ને ખુરદાદ નામના દિવસે લખ્યું, મુતાબિક ૨૮ માહે મુહરમ સને ૯૯૯ હીઝરી.

---

૧ આ સુલતાન હબીબલો એ નામે ઓળખાતો ખંભાતનો ખોજો હતો. તેણે સૂરિજીનું અપમાન કરી તેમને ખંભાત બહાર કાઢયા હતા. આથી તેમના શિષ્ય ધનવિજય દિલ્હી જઈ ત્યાં દરબાર પાસે રહેતા શાંતિચંદ્ર ઉપાધ્યાયને મળ્યા કે જેણે બાદશાહ પાસેથી ફરમાન મેળવ્યું. પછી તે ખોજાએ સૂરિને બોલાવી ભારે સ્વાગત કર્યું ને તેમના ઉપદેશથી બંદીવાનોંને મુક્ત કર્યાં ને આખા ગામમાં 'અમારી પડહ' વગડાવ્યો. (**સૂરીશ્વર અને સમ્રાટ** પૃ. ૧૮૮ થી ૧૯૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુરીદો (અનુયાયીઓ)માંના નમ્રમાં નમ્ર **અબુલફજલ**ના લખાણથી અને ઈબ્રાહિમ હુસેનની નોંધથી. નકલ અસલ મુજબ છે. (સૂરીશ્વર અને સમ્રાટ-પરિશિષ્ટ ક)

ઉપ અકબરનું વિજયસેન સૂરિને ફરમાન પારા ૮૦૪

-આ ઉર્દુ ફરમાનનું ગુજરાતી ભાષાંતર નીચે પ્રમાણે છે :-

અલ્લાહુ અકબર

અબુ અલમુજફ્ફર સુલતાન...નો હુકમ.

ઉંચા દરજ્જાના નિશાનની નકલ અસલ મુજબ છે.

આ વખતે ઉંચા દરજ્જાવાળા નિશાનને બાદશાહી મહેરબાનીથી નિકળવાનું માન મળ્યું (છે) કે-હાલના અને ભવિષ્યના હાકેમો, જાગીરદારો, કરોડીઓ અને **ગુજરાત** સુબાના તથા **સોરઠ** સરકારના મુસદ્દીઓએ,

સેવડા (જૈન સાધુ) લોકો પાસે ગાય અને આખલાને તથા ભેંશ અને પાડાને કોઈપણ વખતે મારવાની તથા તેનાં ચામડાં ઉતારવાની મનાઈ સંબંધી શ્રેષ્ઠ અને સુખના ચિન્હવાળું ફરમાન છે, અને તે શ્રેષ્ઠ ફરમાન પાછળ લખેલું છે કે–

'દર મહિનામાં કેટલાક દિવસ એ ખાવાને ઈચ્છવું નહિ. એ ફરજ અને વ્યાજબી જાણવું.

તથા જે પ્રાણીઓએ ઘરમાં કે ઝાડો ઉપર માળા નાંખ્યા હોય, તેવાઓનો શિકાર કરવાથી કે કેદ કરવાથી (પાંજરામાં પૂરવાથી) દૂર રહેવામાં પૂરી કાળજી રાખવી.

(વળી) એ માનવા લાયક ફરમાનમાં લખ્યું છે કે ''યોગાભ્યાસ કરનારાઓમાં શ્રેષ્ઠ **હીરવિજય**સૂરિના શિષ્ય **વિજયસેન**સૂરિ સેવડા અને તેમના ધર્મને પાળનારા-જેમણે અમારા દરબારમાં હાજર થવાનું માન મેળવ્યું છે અને જેઓ અમારા દરબારના ખાસ હિતેચ્છુઓ છે-તેમના યોગાભ્યાસનું ખરાપણું અને વધારો તથા પરમેશ્વરની શોધ ઉપર નજર રાખી (હુકમ) થયો કે-એમના દેવળ કે ઉપાશ્રયમાં કોઈએ ઉતારો લેવો નહિં, અને એમને તુચ્છકારવા નહિ; તથા જો તે જીર્ણ થતાં હોય અને તેથી તેના માનનારા, ચાહનારા કે ખેરાત કરનારાઓમાંથી કોઈ તેને સુધારે કે તેનો પાયો નાંખે, તો કોઈ ઉપલકિયા જ્ઞાનવાળાએ કે ધર્માન્ધે તેનો અટકાવ કરવો નહિં અને જેવી રીતે ખુદાને નહિ ઓળખનારા વરસાદનો અટકાવ અને એવાં બીજાં કામો, કે જે પૂજવા લાયક જાતનાં (ઈશ્વરનાં) કામો છે, તેનો આરોપ મૂર્ખાઈ અને બેવકૂફીના લીધે જાદુનાં કામ જાણી, તે બિચારા ખુદાને માનનારા ઉપર મૂકે છે અને તેમને અનેક જાતનાં દુઃખો આપે છે, તેમ તેઓ જે ધર્મક્રિયાઓ કરે છે તેમાં અટકાવ કરે છે. એવાં કામોનો આરોપ એ બિચારાઓ પર નહિં મૂકતાં એમને પોતાની જગ્યા અને મુકામે સુખેથી ભક્તિનું કામ કરવા દેવું, તેમ પોતાના ધર્મમુજબ ક્રિયાઓ કરવા દેવી.

તેથી (તે) શ્રેષ્ઠ ફરમાન મુજબ અમલ કરી એવી તાકીદ કરવી જોઈએ કે-એ ફરમાનનો અમલ સારામાં સારી રીતે થાય અને તેની વિરૂદ્ધ કોઈ હુકમ કરે નહિં. (દરેકે) પોતાની ફરજ જાણી ફરમાનથી દરગુજર કરવી નહિં, અને તેથી વિરૂદ્ધ કરવું નહિં. તા. ૧લી શહર્યુર મહિનો, ઈલાહી સને ૪૬, મુવાફિક તા. ૨૫ મહિનો સફર સને ૧૦૧૦ હીઝરી (સં. ૧૬૫૮)

પેટાનું વર્ણન

ફરવરદીન મહિનો; જે દિવસોમાં સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં જાય છે તે દિવસો, ઈદ, મેહરનો દિવસ, દરેક મહિનાના રવિવારો, તે દિવસ કે જે બે સૂફિયાના દિવસોની વચમાં આવે છે, રજબ મહિનાના સોમવારો, આબાન મહિનો કે જે બાદશાહના જન્મનો મહિનો છે, દરેક શમરત મહિનાનો પહેલો દિવસ જેનું નામ ઓરમઝ છે, અને બાર પવિત્ર દિવસો કે જે શ્રાવણ માસના છેલ્લા છ અને ભાદરવાના પ્રથમ છ દિવસો મળીને કહેવાય છે (પર્યુષણ) (**સૂરીશ્વર અને સમ્રાટ** પરિશિષ્ટ ખ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૬ જહાંગીરનું વિવેકહર્ષ આદિને ફરમાન (પારા ૮૨૦)

આ ફરમાન ઉર્દુમાં છે તેનો ગૂજરાતીમાં અનુવાદ નીચે પ્રમાણે છેઃ-

અલ્લાહુ અકબર. નકલ

(તા. ૨૬ માહે ફરવરદીન અને ૫ ના કરાર મુજબના ફરમાનની.)

તમામ રક્ષણ કરેલાં રાજ્યોના મોટા હાકેમો; મોટા દીવાની મહાન્ કામોના કારકુનો, રાજ્ય કારભારના બંદોબસ્ત કરનારાઓ, જાગીરદારો અને કરોડીઓએ જાણવું કે-

દુનિયાને જીતવાના અભિપ્રાય સાથે અમારો ઇન્સાફી ઇરાદો પરમેશ્વરને રાજી કરવામાં રોકાયેલો છે અને અમારા અભિપ્રાયનો પૂરો હેતુ, તમામ દુનિયા કે જેને પરમેશ્વરે બનાવી છે તેને ખુશી કરવા તરફ રજુ થયેલો છે, (તેમાં) ખાસ કરીને પવિત્ર વિચારવાળાઓ અને મોક્ષ ધર્મવાળાઓ, કે જેમનો હેતુ સત્યની શોધ અને પરમેશ્વરની પ્રાપ્તિ કરવાનો છે, તેઓને રાજી કરવા તરફ અમે વધારે ધ્યાન દઈએ છીએ; તેથી આ વખતે **વિવેકહર્ષ, પરમાનદ, મહાનંદ** અને **ઉદયહર્ષ** કે જેઓ તપાયતિ (તપાગચ્છના સાધુ) **વિજયસેન** સૂરિ, **વિજયદેવ** સૂરિ અને **નંદિવિજયજી** કે જેઓ 'ખુશફહમ' ખિતાબ-વાળા છે-તેમના ચેલાઓ છે, તેઓ આ વખત અમારી હજુરમાં હતા, અને તેમણે દરખાસ્ત અને વિનતિ કરી કે-

'જો સમગ્ર રક્ષણ કરેલા રાજ્યમાં અમારા પવિત્ર બાર દિવસો-જે ભાદરવા પજુસણના દિવસો છે-તેમાં હિંસા કરવાની જગ્યાઓમાં કોઈપણ જાતના જીવોની હિંસા કરવામાં નહિં આવે તો અમને માન મળવાનું કારણ થશે અને ઘણા જીવો આપના ઉંચા અને પવિત્ર હુકમથી બચી જશે. તેમ તેનો સારો બદલો આપના પવિત્ર-શ્રેષ્ઠ અને મુબારક રાજ્યને મળશે.'

અમે બાદશાહી રહેમ નજર, દરેક નાત-જાતના અને ધર્મના હેતુ તથા કામને ઉત્તેજન આપવા બલ્કે દરેક પ્રાણીને સુખી કરવા તરફ રાખી છે, તેથી એ વિનતિ કબુલ કરી દુનિયાએ માનેલો અને માનવા લાયક જહાંગિરી હુકમ થયો કે-

મજકૂર બાર દિવસોમાં દર વર્ષે હિંસા કરવાની જગ્યાઓમાં તમામ રક્ષણ કરેલા રાજ્યની અંદર પ્રાણીઓને મારવામાં આવે નહિં, અને એ કામની તૈયારી કરવામાં (પણ) આવે નહિં. વળી એ સંબંધી દર વર્ષનો નવો હુકમ કે સનદ (પણ) માંગવામાં આવે નહિં.

આ હુકમ મુજબ અમલ કરી ફરમાનથી વિરૂદ્ધ વર્ત્તવું નહિં. અને આડે માર્ગે જવું જોઈએ નહિં. એ ફરજ જાણવી જોઈએ.

નમ્રમાં નમ્ર **અબુલખૈરના** લખાણથી અને મહમ્મુદ સૈદની નોંધથી. નકલ અસલ મુજબ.

(**સૂરીશ્વર અને સમ્રાટ્**, પરિશિષ્ટ ગ).

૩૭ શ્રી હીરવિજય સૂરિનો અકબર બાદશાહે કરેલો સત્કાર

-આ ચિત્ર શ્રી જિનવિજય સંપાદિત કૃપારસકોશની હિંદી ભૂમિકા સાથે, તેમજ શ્રી વિદ્યાવિજય કૃત હિંદીમાં વિજયપ્રશસ્તિસારમાં પૃ. ૩૩માં તેમજ આનંદકાવ્ય મહોદધિ મૌ. ૫ મું-ઋષભદાસ કવિકૃત હીરવિજય સૂરિરાસમાં ભૂમિકા પહેલાં આપવામાં આવે છે. આ ચિત્ર કયાંથી પ્રાપ્ત થયું એ કયાંય જણાવવામાં આવ્યું નથી. પણ છેલ્લા ઉક્ત ગ્રંથમાં તે ચિત્રમાંની દરેક વ્યક્તિનાં નામ આપેલ છેઃ- હીરસૂરિને અકબર બંને વચમાં મળે છે. હીરસૂરિ પાછળના સાધુઓનાં અનુક્રમે ચંદ્રસૂરિ (?), જગમાલ મહાત્મા અને માલદેવમહાત્મા એ નામ આપ્યાં છે, અને અકબરની તદ્દન પાછળ કર્માશાહ, તેની પાસે બીરબલ અને તેની આગળ અને અકબરની પાછળ કાઝી એ નામ આપ્યાં છે. ને પ્રસંગ સં. ૧૬૩૯ નો પ્રથમ સમાગમ બતાવ્યો છે. હીરસૂરિ સાથે તે વખતે ગયેલા સાધુઓ પૈકી ચંદ્રસૂરિ, જગમાલ અને માલદેવ નામના સાધુઓ મળતા નથી. ગમે તેમ હો, આ ચિત્ર પાછળથી ચિતરાયું લાગે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. આવું જ ચિત્ર, ખરતર ગચ્છના જિનચંદ્રસૂરિ સાથે અકબરનો મિલાપ થયો છે એ પ્રકારનું બીકાનેરના ખરતર ભટ્ટારક શ્રી પૂજ્ય પાસે છે એમ 'મહાજનવંશ મુક્તાવલિ'ની પ્રસ્તાવના પૃ. ૫-૬ પરના ઉ૦ રામલાલ ગણીના કથન પરથી જણાય છે. તેમાં અકબર સાથે ઉક્ત ત્રણ-બિરબલ, કર્મચંદ બછાવત તથા કાજી ખાનખા ગણાવ્યા છે ને શ્રીગુરૂ મહારાજ જિનચંદ્ર સાથે ત્રણ સાધુનાં નામ લખ્યાં છે કે 'વેષહર્ષ' (ખરૂં નામ વિવેકહર્ષ કે જે તપાગચ્છના હતા), પરમાનંદ (કે જે નામના પણ તપાગચ્છમાં હતા) ને સમયસુંદર કે જે ખરતર ગચ્છના પ્રસિદ્ધ કવિ સાધુ. આ ને અત્ર છાપેલી છબી એક તો નથી એવી શંકા રહે છે તે વીકાનેરના ખ૦ શ્રી પૂજ્ય પાસેની જોવા મળે ત્યારે દૂર થઈ શકે.

૩૮ સમયસુંદરગણિના હસ્તાક્ષરમાં સ્વકૃત ગૂ૦આદિનાથ સ્ત૦ સં. ૧૬૯૯ (પારા ૮૪૭)

(આ સ્ત૦ ની એક પાનાની પ્રત પં. લાલચંદ ભ. ગાંધી પાસે છે)

ત્રિવિધર કરી ઉચરૂંજી ॥ ભગવંત તુમ્હ હજૂરિ ।
વારવાર ભાંજ્યુ વલીજી । છૂટક બારઉ દૂરિ ॥ ૧૮ ॥ કૃ૦ ॥
આપ કાજિ સુખ રાચતઈજી । કીધી આરંભ કોડિ ।
જયણા ન કરી જીવનીજી । દેવદયા પર છોડિ ॥ ૧૯ ॥ કૃ૦ ॥
વચન દોષ વ્યાપક કહ્યાજી । દાખ્યા અનરથ દંડ ।
કુડ કહ્યઉં બહુ કેલવીજી । વ્રત કીધઉં સતખંડ ॥ ૨૦ ॥ કૃ૦ ॥
અણદીધું લીજઇ ત્રિણુંજી । તઉ હિ અદત્તાદાન ।
તે દુષણ લાગાં ઘણાંજી । ગિણતા નાવઈ ગાન ॥ ૨૧ ॥ કૃ૦ ॥
ચંચલ જીવ રહઈ નહીંજી । રાચઈ રમણી રૂપ ।
કામવિટંબણ સી કહુંજી । તું જાણઇ તે સરૂપ ॥ ૨૨ ॥ કૃ૦ ॥
માયા મમતા મઈ પડ્યઉજી । કીધઉ અધિકઉ લોભ ।
પરિગહ મેલ્યઉ કારિમઉજી । ન ચડી સંયમ સોભ ॥ ૨૩ ॥ કૃ૦ ॥
લાગા મુઝનઈ લાલચઈજી । રાત્રીભોજન દોષ ।
મઈ મન મૂંક્યઉ મોકલઉજી । ન ધર્યો પરમ સંતોષ ॥ ૨૪ ॥ કૃ૦ ॥
ઈણ ભવિ પરભવિ દુહવ્યાજી । જીવ ચઉરાસી લાખ ।
તે મુઝ મિછામિ દુકડઉંજી । ભગવંત તોરી સાખિ ॥ ૨૫ ॥ કૃ૦ ॥
કરમાદાન પનર કહ્યાજી । પ્રગટ અઢારહ પાપ ।
જે મઈ સેવ્યા તેહવઈજી । બગસિર માય બાપ ॥ ૨૬ ॥ કૃ૦ ॥
મુઝ આધાર છઈ એતલઉજી । સરદહણા છઈ સૂધ ।
જિનધર્મ મીઠઉ મનિ ગમઈજી । જિમ સાકરસું દુધ ॥ ૨૭ ॥ કૃ૦ ॥
રિષભ દેવ તું રાજીયઉજી । શેત્રુંજે ગિરિ સિંણગાર ।
પાપ આલોઆં આપણાજી । કરિ પ્રભુ મોરી સાર ॥ ૨૮ ॥ કૃ૦ ॥
મર્મ એહ જિનધર્મનઉ જી । પાપ આલોયાં જાઇ ।
મનસું મિછામિ દુકડઉંજી । દેતાં દુરિ પુલાઇ ॥ ૨૯ ॥ કૃ૦ ॥
તું ગતિ તું મતિ તું ધણીજી । તું સાહિબ તું દેવ ।
આણ ધરૂં સિરિ તાહરીજી । ભવિ ૨ તોરી સેવ ॥ ૩૦ ॥ કૃ૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલસ.

ઈમ ચડિય સેત્રુંજ ચરણ ભેટયા નાભિનંદન જિણ તણા ।
કરજોડિ આદિ જિણંદ આગઇ પાપ આલોયાં આપણાં ।
જિણચંદ સૂર સૂરીસ સદ્‌ગુરૂ પ્રથમ સિષ્ય સુજસ ઘણઉ ।
ગણિ સકલચંદ સુસીસ વાચક **સમય**સુંદર ગુણ ભણઈ ॥૩૧॥
॥ઈતિશ્રી સેત્રુંજયમંડણ શ્રી આદિનાથ સ્તવનઃ ॥ સમાપ્ત ॥
સંવત સોલ ૯૯ વર્ષે ભાદ્રવા સુદિ ૧૩ દિને લિષિતં ॥ સ્વયમેવ ॥

૩૯ શેઠ શાંતિદાસ અને શ્રીરાજસાગરસૂરિ (પારા ૮૩૩-૪)

–આ ચિત્ર 'ગૂજરાતનું પાટનગર' એ પુસ્તકના પૃ. ૬૦૧ સામે પ્રથમ પ્રકટ થયું છે ને ત્યાં જણાવ્યું છે કે 'આ ચિત્ર નગરશેઠના વંશજોની દેખરેખમાં ચાલતા એક અપાસરામાં થાંભલા ઉપર જડેલું છે. ચિત્ર ઓછામાં ઓછું બસો વર્ષનું જુનું દેખાય છે. કોઈ જૂના ચિત્રની નકલ હોય એમ લાગે છે. રંગ હજી પણ સારો રહેલો છે. હાંડીઓ વગેરે સામગ્રી પણ સારી ચીતરેલી છે. આ ચિત્ર રંગમાં મોટું કરવા જેવું છે.'

૪૦ સં. ૧૬૭૫ ના લોદ્રવાના પાર્શ્વનાથ મંદિરમાં શિલામાં કોતરેલ શતદલપદ્મ યંત્ર

-લોદ્રવા તે જેસલમેરની પશ્ચિમે પાંચ ગાઉ દૂર ગામ છે. પ્રાચીન **સમય**માં તે રાજધાનીનું શહેર હતું ને સં. ૧૨૧૨ માં જેસલમેરનો ગઢ બંધાયો પછી ત્યાંથી જેસલમેર રાજધાની થઈ. પ્રાચીન કાલથી પાર્શ્વનાથ મંદિર લોદ્રવામાં હતું. હાલમાં તે એક નાનું ગામ માત્ર રહેલ છે. તેમાં આ પ્રશસ્તિનો શિલાલેખ ગર્ભદ્વારમાં ડાબી બાજુ દિવાલમાં લગાવ્યો છે. તેની લંબાઈ ૨૨ X ૧૭ ઈંચ છે. આમાં સો પાંખડીવાળું કમળ હોય નહિ! તેવા આકારમાં કાવ્ય ગોઠવ્યું છે કે જે અલંકારનો એક નમુનો છે. આ શતદલપદ્મ યંત્ર કે જે વચમાં કોતરેલું છે. તેની સો પાંખડીઓમાં પચીસ શ્લોકોનાં સો ચરણ છે અને કેંદ્રમાં 'મં' એ અક્ષર છે તે આ સર્વ ચરણોનો અંત્ય અક્ષર છે. શબ્દોના આદિ અક્ષરનું પદ બનાવવું તેના કરતાં છેલ્લા એક અક્ષરને લઈ કાવ્ય કરવું વધુ કઠિન છે. શ્રી જેસલમેરવાસી ઓસવાલકુલ ભૂષણ ખરતરગચ્છીય સંઘવી થાહરૂસાહ ભણસાલીએ સં. ૧૬૭૫ માં આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તેના ઉત્સવ પર આવી મળેલા સાધુમંડલમાંથી **સહજ**કીર્ત્તિ ગણિ નામના વિદ્વાને આ કાવ્ય રચેલ છે. આ લેખ પ્રથમ સને ૧૯૩૦માં 'જેસલમીર ભાંડાગારીય ગ્રંથાનાં સૂચી' (ગા. ઓ. સી. નં. ૨૧)ના પરિશિષ્ટના પૃ. ૭૧-૭૬ માં પ્રકાશ પામ્યો હતો, પછી નાહરજીએ શુદ્ધ કરી પોતાના જૈન લેખસંગ્રહ તૃતીયખંડ (જેસલમેર)ના પુસ્તકના પૃ. ૧૬૦-૧૬૬ માં પુનઃ પ્રકાશિત કરેલ છે.

મધ્ય ભાગમાં

૧	શ્રી નિવાસં સુરશ્રેણિસેવ્યક્રમં	૨	વામકામાગ્નિ સંતાપનીરોપમં
૨	માધવેશાદિદેવાધિકોપક્રમં	૪	તત્ત્વસંજ્ઞાન વિજ્ઞાનભવ્યાશ્રમં ॥ ૧ ॥
૫	નવ્યનીરાગતા કેલિકર્મ્મક્ષમં	૬	યસ્ય ભવ્યૈર્ભજે નામ સંપદ્રમં
૭	નીરસં પાપહં સ્મર્યતે સત્તમં	૮	તિગ્મમોહાર્ત્તિવિધ્વંસતાપાશ્રમ ॥ ૨ ॥
૯	લબ્ધપ્રમોદજનકાદર સૌખ્યધામં	૧૦	તાપાધિક પ્રમદસાગરમસ્તકામં
૧૧	ઘંટારવપ્રકટિતાદ્‌ભુતકીર્ત્તિરામં	૧૨	નક્ષત્રરાજિરજના(ની)શનતાભિરામં ॥ ૩ ॥
૧૩	ઘંટાપથપ્રથિતકીર્ત્તિરમોપયામં	૧૪	નાગાધિપઃ પરમભક્તિવશાતસવામં ।
૧૫	ગંભીરધીરસમતામયમાજગામં	૧૬	મં(મ)ર્ત્યાનતં નમત તં જિનપંક્તિકામં ॥૪॥
૧૭	સંસારકાંતારમપાસ્યનામં	૧૮	કલ્યાણમાલાસ્પદમસ્તશામં ।
૧૯	લાભાય બભ્રામ તવાવિરામં	૨૦	લોભાભિભૂતઃ શ્રિતરાગધૂમં ॥ ૫ ॥
૨૧	કર્મ્મણાં રાશિરસ્તોકલોકોદ્‌ગમં	૨૨	સંસૃતેઃ કારણં મે જિનેશાવમં ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२३ पूर्णपुण्याढ्य दुःखं विधत्तेंऽतिमं
२४ र्ण्ण(न)क्षमस्त्वां विना कोऽपि तं दुर्गमं ॥६॥
२५ कार्म्मणं निर्वृतेर्हंतुमन्येऽसमं
२६ यं(य)क्षराट्पूज्य तेनोच्यते निर्ममं ।
२७ श्रीपते तं जहि द्राग् विधायोद्यमं
२८ दानशौंडाद्य मे देहि रुद्धिप्रमं ॥ ७ ॥
२९ यस्य कृपाजलधेर्विश्रामं
३० कंठगताशुसुभटसंग्रामं ।
३१ भयजनकव्यायामं
३२ जेतारं जगतः श्रितयामं ॥ ८ ॥
३३ कक्षीकृतवसुभृत्पुर्ग्रामं
३४ लापोच्चारमहामं ।
३५ केशोच्चयमिह नयने क्षामं
३६ लिगति कमलां कुरु ते क्षेमं ॥ ९ ॥
३७ कलयति जगताप्रेमं
३८ लंभयति सौख्य पटलमुद्दामं ।
३९ कालं हंति च गतपरिणामं
४० महतं महिमस्तोमं ॥ १० ॥
४१ रसनयेप्सितदानसुरद्रुमं
४२ हितमहीरुहवृद्धिजलोत्तमं ।
४३ तं (त) रुणपुण्यरमोदयसंगमं
४४ समरसामृतसुंदरसंयमं ॥ ११ ॥
४५ हिनस्ति सद्ध्यानवशातस्य मध्यमं
४६ तं तीर्थनाथं स्वमतःप्लवंगमं ।
४७ सुरासुराधीशममोघनैयमं
४८ रैः नाथसंपूजितपद्युगं स्तुमं ॥ १२ ॥
४९ संसारमालाकुलचित्तमादिमं
५० शास्त्रार्थसंवेदनशून्यमश्रमं ।
५१ रम्याप्तभावस्थितपूर्णचिद्रुमं
५२ सर्पांकितः शोषितपापकर्द्दमं ॥ १३ ॥
५३ रत्नत्रयालंकृतनित्यहेमं
५४ सीमाद्रिसारोपमसत्त्वसोम ।
५५ शोभामयो ज्ञानमयं विसामं
५६ षड्वर्ग मां देव विधेह्यकामं ॥ १४ ॥
५७ भावविभासकनष्टविलोमं
५८ स्कंदितस्कंदलतं प्रणमामं ।
५९ रंगपतंगनिवारण सुभीभं
६० कंबुदानं जिनपहा ते भौमं ॥ १५ ॥
६१ मंत्रेश्वरः पार्श्वपतिः परिश्रमं
६२ लालाश्रितस्यापनया मनोरमं ।
६३ कर्मोस्थितं मे जिनसाधुनैगमं
६४ रंभाविलासालस नेत्रनिर्गमं ॥ १६ ॥
६५ समितिसारशरीरमविभ्रमं
६६ हरिनतोत्तमभूरिगमागमं ।
६७ श्रयत तं नितमानभुजंगमं
६८ फलसमृद्धिविधानपराक्रमं ॥ १७ ॥
६९ णम्रैर्यशःसृजति शं जिनसार्व्वभौमं
७० तारस्वरेण विबुधैः श्रित शतैर्होमं ।
७१ शोकारिमारिविरहयतवात्तदामं
७२ भव्यैः स्तुतं निहतदुर्मतदंडषमं ॥ १८ ॥
७३ मद्यांबुजध्वंसविधौ महद्धिमं
७४ न वाजयत्याशु मनस्तुरंगमं ।
७५ मंत्रोपमं ते जिनराज पंचमं
७६ स्तवेन युक्तं गुणरत्नकुट्टिमं ॥ १९ ॥
७७ कलिशैलोरु व्याधाम
७८ माहात्म्यं हृदयंगमं ।
७९ लब्धश्रितवसुत्रामं
८० यंतिवर्गस्तुतं नुमं ॥ २० ॥
८१ लोकोत्पत्तिविनाशसंस्थितिविदां
मुख्यं जिनं वै स्तुमं
८२ द्रव्यारक्तसमाधरं नमत भो
पूजां वरां पाश्चिमं ।
८३ परपक्षस्य तव स्तवं त्वन्निमित्तकरींद्रगे
८४ तत्तद्भावमयं वस वदतस्त्रैकभ्यस्तर्वंद ॥ २१ ॥
८५ नयनाननसद्रोमं
८६ संततिं तव जंगमं ।
८७ स्थावराशु(सु)मतां स्यामं
८८ नयते शमकृत्रिमं ॥ २२ ॥
८९ दासानुदासस्य ममं
९० नवानंद विहंगमं ।
९१ माद्यति प्राप्य सुमं
९२ नंपा(नया)क्षत्तां महाद्रुमं ॥ २३ ॥
९३ क्षमाबोहित्थनिर्यामं
९४ मानवार्च्यं महाक्षमं ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

९५ गुणिपूज्यं प्रीणयामं ९६ रुं(रु)चि स्तौमि नमं नमं ॥ २४ ॥
९७ स्मरंति यं सुंदरयक्षकर्द्दमं ९८ रागात् समादाय महंति कौंकुमं ।
९९ मिथो मिलित्वा नवजाड्यकुंकुमं १०० चंद्राननं तं प्रविलोकतादमं ॥ २५ ॥

કેંદ્રમાં લંબગોળમાં **मं. १००** છે તે સાંકેતિક વર્ણ છે, અર્થાત્ તે યંત્રની સો પાંખડીઓમાં લખેલા ૨૫ શ્લોકોનાં **सो** ચરણોનો અંત્ય અક્ષર મં છે.

તેના ઉપરના ભાગમાં કોરની પાસે જમણી બાજુએ ૨૫મા શાર્દુલ વિક્રીડિત છંદમાં સં. ૧૬૮૩ની કાર્ત્તિક શુદ પૂર્ણિમાએ વાચક રત્નસાગરની કૃપાથી સહજકીર્ત્તિ ગણિએ લોદ્રપુરમાં રહી આ શતદલોપેત પદ્મ દ્વારા પાર્શ્વનાથનું સ્તવન રચ્યું એમ જણાવ્યું છે :-

इत्थं पार्श्वजिनेश्वरो भुवनदिक्कुंभ्यंगचंद्रात्मके
वर्षे वाचक रत्नसागर कृपया राकादिने कार्त्तिके ।
मासे लोद्रपुरस्थितः शतदलोपेतेन पद्मेन सन् ।
नूतोयं सहजादिकीर्त्ति गणिना कल्याणमालाप्रदः ॥ २५ ॥

ડાબી બાજુએ પ્રતિષ્ઠાપક શ્રી જિનરાજસૂરિ કે જે પાદશાહે આપેલા યુગવર-યુગપ્રધાન બિરૂદવાળા જિનચંદ્ર સૂરિના પટ્ટધર જિનસિંહસૂરિના પટ્ટધર હતા. તેમણે સં. ૧૬૭૫ના સહસ માસની શુક્લ બારશે પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી તે જણાવતા શાર્દૂલ છંદમાં બે શ્લોક છે, તે પછી ત્રણ શ્લોક કે જેમાં પ્રસિદ્ધ થાહરૂએ ચૈત્ય બંધાવ્યું તેની વંશાવલિ સહિત વખાણ છે, તે નીચેના ભાગમાં જમણી ને ડાબી બાજુ થઈને છે.

॥ ऐं नमः ॥ श्री साहिर्गुणयोगतो युगवरेत्यच्छं पदं दत्तवान्
येभ्यः श्री जिनचंद्र सूरय इलाविख्यातसत्कीर्त्तयः ।
तत्पट्टेऽमित तेजसो युगवराः श्री जैनसिंहाभिधा
स्तत्पट्टांबुज भास्करा गणधराः श्री जैनराजाः श्रुताः ॥ १ ॥
तै भाग्योदयसुंदरै रिषुसरस्वत्योडशब्दे १६७५ सित
द्वादश्यां सहसः प्रतिष्ठितमिदं चैत्यं स्वहस्तश्रिया ।
यस्य प्रौढतरप्रतापतरणेः श्री पार्श्वनाथेशितुः
જમણી બાજુ નીચેના ભાગમાં
सोयं पुण्यभरां तनोतु विपुलां लक्ष्मी जिनःसर्वदा ॥ २ ॥
पूर्वं श्री सगरो नृपो ऽभवदलंकारोऽन्वये यादवे
पुत्रौ श्रीधरराज पूर्वकधरौ तस्याथ ताभ्यां क्षितौ ।
श्रीमल्लोद्रपुरे जिनेशभवनं सत्कारितं षीमसी
तत्पुत्र स्तदनुक्रमेण सुकृती जातः सुतः पूनसी ॥ ३ ॥
तत्पुत्रो वरधर्म्मकर्म्मणि रतः ख्यातोऽखिलैः सद्गुणैः
श्रीमल्ल स्तनयोऽथ तस्य सुकृती श्री थाहरू नामकः ।
श्री शत्रुंजयतीर्थसंघरचनादीन्युत्तमानि ध्रुवं
यः कार्याण्यकरोत्तथा त्वसरफीं पूर्णां प्रतिष्ठाक्षणे ॥ ९ ॥
प्रादात् सर्वजनस्य जैनसमयं चालेखयत् पुस्तकं
सर्वं पुण्यभरेण पावनमलं जन्म स्वकीयं व्यधात् ।
तेनायं भुवनस्य यस्य जिनपस्योद्धारकः कारितः
सार्धं सद्धरराज-मेघतनयाभ्यां पार्श्वनाथो मुदे ॥ ५ श्रीः

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેંદ્ર ઉપરાંતના વર્તુળના પરિધિમાં સો પાંખડીઓના સો કોઠા છે, તે સર્વેનાં ચરણોનો જે પ્રથમ અક્ષર છે તેનાથી પણ નીચેના ત્રણ શ્લોક પાર્શ્વનાથ સ્તુતિરૂપ બને છેઃ-

श्री वामातनयं नीतिलताघन घनागमं सकलालोकसंपूर्णकायं श्रीदायकं भजे ॥ १ ॥
कलाकेलिं कलंकामरहितं सहितं सुरैः । संसारसरसीशोषभास्करं कमलाकरं ॥२॥
सहस्रफणता शोभमान मस्तक मालयं । लोद्र पत्तन संस्थान दानमानं क्षमा गुरुं ॥३॥ स्मरामि च ॥

૪૧ શ્રાવક કવિ ઋષભદાસના હસ્તાક્ષરમાં સ્વકૃત વ્રતવિચારરાસ સં. ૧૬૭૯

-કવિના હસ્તાક્ષરમાં વ્રતવિચારરાસની મારી પાસે પ્રત હતી તે મેં શેઠ દેવચંદ લા૦ જૈન પુ. ફંડના એક ટ્રસ્ટી શેઠ જીવણચંદ સાકરચંદને આપી હતી ને તેમાંથી છેલ્લા પૃષ્ઠનો બ્લોક કરાવી તેમણે આનંદ કાવ્ય મહોદધિના ૭ મા ભાગમાં તે કવિના જીવન-કવન સંબંધે લખેલા મારા નિબંધ સાથે મૂકયો હતો. તે નીચે ઉતારીએ છીએઃ-

...અ માહાખેત્ર ભરતિં ભલુ । દેસ ગુજરાતિમ્હા સોય ગાસ્યુ ।
રાય **વી**સલ વડો । ચ્યતુર જે ચાવા(વ)ડો । નગર વિસલ તિણઇ
વેગી વાસ્યુ ॥ ૬૦ ॥ પૂણ્ય.
સોય નગરિં વસઈ । પ્રાગવંસિં વડો । **મ**ઇહઈરાજનો સૂત તે
સીહ સરીખો ।
તેહ **ત્રં**બાવતિ નગર વાશિં રહ્યુ । નામ તસ સંઘવી **સાં**ગણ પેખો ॥ ૬૧ ॥ પૂણ્ય૦
તેહનિં નંદનિં **ઋ**ષભદાસિ કવ્યુ । નગર ત્રંબાવતી માંહિં ગાયુ ।
પૂણ્ય પૂર્ણ ભયુ । કાજ સખરો વાયુ । સકલ પદાર્થ સાર પાયુ ॥ ૬૨ ॥
પૂણ્ય પ્રગટ ભયુ ॥ ૨ ॥
અ(ઇ)તી શ્રી વરત વીચાર રાસ સંપૂર્ણ । સંવત ૧૬૭૯ વર્ષે ચઈત્ર વદિ ૧૩ ગરૂવારે લષીતં ॥ સંઘવી **ઋ**ષભદાસ સાંગણ૦ ગાથા૦ ૮૬૨

૪૨ જિનહર્ષના હસ્તાક્ષરમાં સ્વકૃત શત્રુંજય માહાત્મ્ય રાસ સં. ૧૭૫૫ (પારા ૯૭૬)

–વિક્રમના અઢારમા સૈકામાં જિનહર્ષ નામના સાધુએ ઘણી કૃતિઓ ગૂજરાતી પદ્યમાં પ્રાયઃ પાટણમાં રચી છે તે માટે જુઓ મારો 'જૈન ગૂર્જર કવિઓ' બીજો ભાગ પૃ. ૮૧ થી ૧૧૯. તેમના હસ્તાક્ષરની તેમની પોતાની ઘણી કૃતિઓ પાટણના ફોફલીઆવાડાના ભંડારમાં મેં જાતે જોઈ છે. ગૂજરાતી પદ્ય સળંગ પદચ્છેદ વગર એક જ પંક્તિમાં અગાઉ લખાતું ને જ્યાં ચરણ પૂરૂં થાય ત્યાં ઉભી લીટી કરવામાં આવતી ને કડી પૂરી થતી ત્યાં બે ઉભી લીટી કરી ત્યાં ધ્રુવ પદનો પ્રથમ અક્ષર કે શબ્દ કે શબ્દો મીંડાથી વાળી દેવામાં આવતા. તેમની કૃતિ નામે 'શત્રુંજય માહાત્મ્ય' રાસ સં. ૧૭૫૫માં રચાઈ, તેની પ્રતના ૬૬ મા પત્રની બીજી બાજુનો આ બ્લોક છે ને તેનો પદચ્છેદ કરી નીચે આપેલ છેઃ-

.....ભરત ચક્રીનઉ રે ।
સૂર્યયશા અયોધ્યા ધણી । સાત્ત્વિકમાહિ નગીનઉ રે ॥ ૭ એ ॥
તે આઠિમ ચઉવિશિ સદા । પર્વ દિવસ તપ ભાવઈ રે ।
નિશ્ચયથી ન ચલઈ તે કિમેહી । જઉ સુર તાસ ચલાવઈ રે ॥ ૮ એ ॥
પૂર્વ તણી દિશિ જઉ છોડીનઈ । પછિમ દિશિ રવિં જાયઈરે ।
સાયર મર્યાદા તજઈ । સુરગિરિ કાંપઈ વાયઈરે ॥ ૯ એ ॥
સુરદ્રુમ જઉ નિષ્ફલ હુવઈ । તઉ પિણિ તે નવિ ચૂકઈ રે
પ્રાણ જાતા પિણિ આપણા । જિન આણા નવિ મૂંકઈ રે ॥ ૧૦ એ ॥
ઉર્વશી સાંભલિ તવ હસી । ચિંતઇ ઈમ મન માહેરે ।
ઊતર દેવા પ્રભુ ભણી । સકીયઇ નહી સંબાહેરે ॥ ૧૧ એ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોવઉ અવચાર્યઉં કહઇ । વિબુધાધિપ પિણિ એહવું રે ।
મહૂઆ માણસની પરઇ । બોલઇ જેહવું તેહવુંરે ॥ ૧૨ એ ॥
સાત ધાતુથી ઊપનઉ । દેહ આહારઇ અન્નો રે ।
તે પિણિ દેવે નવિ ચલઇ । માનઇ કવણ વચન્નો રે ॥ ૧૩ એ ॥
અછઇ ઉખાણો આગલઉ । પાસઉ પડત સુદાઓ રે
ખોટો તેહનઇ કુણ કરઇ । રાજા કરઈ સુન્યાઓરે ॥ ૧૪ એ ॥
પ્રભુ વચન ખોટઉ કરૂં । તેહનઇ પાસઇ જાઉં રે
માણસનઉ સ્યઉ આસરઉ । વ્રતથી તાસ ચૂકાઉરે ॥ ૧૫ એ ॥
એહવી પ્રતિજ્ઞા કરી । ઉર્વશી રંભા લેઇરે
હાથે વીણા ધારતી । સ્વર્ગ થકી આવેઇરે ॥ ૧૬ એ ॥
નયરી અયોધ્યા ઉદ્યાનમઇ । ચૈત્ય પ્રથમ જિનસ્વામી રે ।
તાસ પ્રબંધ મલ્હાવતી । રૂપઇ મોહઈ કામી રે ॥ ૧૭ એ ॥
શાખિ શાખા બઇઠા હુતા । પંખી મૂઢ અજાણરે ।
તૂણ ચુણંતા તે રહ્યા । નાદ સુણી મૂર્છાણા રે ॥ ૧૮ એ ॥
અર્દ્ધ ચર્બિત મૃગલા પસૂ । નિશ્ચલ નયણ જોવંતા રે ।
ઘટિત પાષાણ તણી પરઈ । મોહ્યા ગાન સુણંતારે ॥ ૧૯ એ ॥
સૂર્યયશા ઇણિ અવસરઇ । અસ્વકેલી કરિ વલીયારે ।
શ્રવણે તે દેવી તણા । ગીત સરસ સાંભલીયારે ॥ ૨૦ એ ॥
વાજ વિમુખ વાજી થયા । ગજ ગતિ સજ્જ ન થાયરે ।
પાયક પિણિ પય નવિ ચલઇ । સેના સહુ મૂંઝાયઈરે ॥ ૨૧ એ ॥
એહવી સેના દેખિનઇ । રાજા ઇણિ પરિ ભાખઇ રે ।
મંત્રીસ્વર એ સ્યું થયઉ । સહૂ ચેતના પાખઈરે ॥ ૨૨ એ ॥
સચિવ કહઇ રાજા પ્રતઈં । સાંભલિ તું ભૂપાલો રે ।
એ જિનહરષ ઇકવીસમી । ત્રીજા ખંડની ઢાલો રે ॥ ૨૩ એ ॥
સર્વ ગાતા ૬૮૬ ॥

દૂહા ॥

નાદઇં તૂસઇ દેવતા । ધર્મ નાદથી ધારિ ।
સુખ પામઇ નૃપ નાદથી । નાદઇ વશિ હુઇ નારિ ॥ ૧ ॥
નાદઇ પકડાવઇ સરપ । રહઇ રોતઉ લઘુ બાલ ।
શિર આપઇ મૃગ નાદથી । એહવઉ નાદ રસાલ ॥ ૨ ॥
નાદ એહ ગુરૂ યોગથી । લહીયઇ તાસ પસાય ।
આપઇ પરમાનંદ સુખ । દુખ ચિંતા સહુ જાઇ ॥ ૩ ॥
ચૈત્યઇ જઇ જુહારીયઇ । શ્રી યુગાદિ જિનરાજ ।
ગાન તણઉ રસ પામીયઇ । એક પંથ દુઇ કાજ ॥ ૪ ॥
નરપતિ એહવું ચીંતવી । સૈન્ય સચિવ સંઘાત ।
દેહરા માહે આવીયો । રાજા ઉલસિત ગાત ॥ ૫ ॥
દીપ જોતિ પ્રગટી તિસઇ । દીઠી વસુધાનાથ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૩ શત્રુંજય પરનાં જૈન મંદિરો

૪૪ શત્રુંજય પર શેઠ મોતીશાની ટૂંક

-શત્રુંજય પરનાં મંદિરનું આ ચિત્ર હમણાં લીધેલું છે. જ્યારે સન ૧૮૬૬માં લીધેલું ચિત્ર 'શત્રુંજય પરનાં જૈન મંદિરોનું વિહંગાવલોકન'એ નામથી અગાઉ અપાઈ ગયું છે; તેના પરિચયમાં જણાવેલી મુખ્ય મંદિર સિવાયની આઠ ટૂંકો છે તે આ પ્રમાણે (૧) ચોમુખજીની--તે બે વિભાગમાં છે--બહારનાને 'ખરતર વસતિ' અને અંદરનાને 'ચોમુખ-વસહિ' કહે છે. આ પર્વતના સૌથી ઉંચા ભાગ પર છે. ચોમુખ એટલે ચતુર્મુખ-ચારે બાજુ મૂર્ત્તિવાળો ચાર દ્વારવાળો પ્રાસાદ, તેમાં આદિનાથની ચાર મૂર્ત્તિ છે. અમદાવાદના સોમજી પુત્ર રૂપજીએ સં. ૧૬૭૫માં તે વસહી બંધાવી (પારા. ૮૪૬) 'ખરતરવસહી' સંબંધી મારી ઐતિહાસિક નોંધ માટે જુઓ જૈનયુગ પુ. ૪ પૃ. ૫૨૩ (૨) છીપાવસહીની છીપા એટલે ભાવસાર લોકોએ બંધાવેલી-તેમાં ૩ મોટાં મંદિર ને ૪ નાની દહેરી છે. સં. ૧૭૯૧ (પારા ૯૮૫) (૩) સાકરચંદ પ્રેમચંદની-તેમાં ત્રણ મોટાં દહેરાં ને બાકીની નાની નાની દહેરીઓ છે. સં. ૧૮૯૩ (પારા ૯૯૧) (૪) ઉજમબાઈની-નંદીશ્વર દ્વીપની. ઉજમબાઈ તે અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઈની ફઈ. ભૂતલ ઉપર નાનાં નાનાં ૫૭ પર્વત-શિખર સંગેમરમરનાં છે ને તે દરેક પર ચોમુખ પ્રતિમા મૂકી છે. આનાં શિખરોની ચોતરફ સુંદર કારીગરીવાળી જાળી લગાવી છે. (પારા ૯૮૬) આ સં. ૧૮૯૬માં બની. (૫) હેમાભાઈની-અમદાવાદના નગરશેઠ હેમાભાઈએ સં. ૧૮૮૨માં કરાવેલ ચાર મંદિર ને ૪૩ દહેરીઓ (પારા ૯૮૬), (૬) પ્રેમાભાઈ મોદીની-તે પણ અમદાવાદના વાસી અને મહા ધનિક હતા. તેમણે છ મંદિર ને ૫૧ દહેરીઓ બનાવી. (૭) બાલાભાઈની-નાનાં મોટાં અનેક મંદિર સં. ૧૮૯૩ (પારા ૯૯૧) (૮) મોતીશાહ શેઠની ટુંક કે જે માટે નીચે તથા પારા ૯૯૧માં જુઓ. દરેક સંબંધી વિશેષ જાણવાના ઉત્સુકે શ્રી જિનવિજય સંપાદિત શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધમાં તેમનો ઉપોદ્‌ઘાત જોવો.

મોતીશા મૂળ સુરતના ઓસવાલ, પછી તેમણે મુંબઈ રહી એક જબરા વ્યાપારી તરીકે ઘણું ધન મેળવ્યું. તેમણે તેનો વ્યય અનેક સખાવતોમાં ને શત્રુંજય પર પોતાની ટુંક બાંધવામાં કર્યો, જ્યારે તેમના ભાગીઆ અને મિત્ર અમદાવાદના હઠીસિંહ કેસરીસિંહે ત્યાં એક મોટું બાવન જિનાલય બાંધ્યું. શત્રુંજયનાં બે શિખરો હતાં કે જે જૈન મંદિરોથી વિભૂષિત હતાં તેની વચ્ચે મોટી ખાઈ હતી તેને કુંતાસરની ખાડ કહેવામાં આવતી. મોતીશાહે તેમના ઉક્ત મિત્ર હઠીસિંહને કહ્યું કે આ ખાડ ખટકે છે તો તે પૂરી તે પર ટૂંક બનાવું એમ દિલમાં થાય છે. હઠીસિંહે કહ્યું 'મોટા રાજા અને મંત્રીઓ પૂર્વે તે કાર્ય ન કરી શકયા તો તમારૂં શું ગજું ?' મોતીશાહે હસી જણાવ્યું 'ધર્મ પ્રભાવથી તે ખાડને હું પૂરી શકું.' ત્યારથી ખાડ પૂરવાનું કામ ચાલુ થયું. તે પૂરૂં કરી તે પર લાખો રૂ. લગાવી બહુ ભવ્ય અને સાક્ષાત્ દેવવિમાન જેવું મંદિર કરાવ્યું. તે મંદિરની ચારે બાજુ શેઠ હઠીસિંહ, દીવાન અમરચંદ દમણી, મામા પ્રતાપમલ્લ આદિ પ્રસિદ્ધ ધનિકોએ પોતપોતાનાં મંદિર બંધાવ્યાં, ને તે બધાં આસપાસ કોટ કરાવ્યો. મંદિરોનું કાર્ય પૂરૂં થવા આવ્યું હતું ત્યાં મોતીશાનો દેહાન્ત થયો એટલે તેમના પુત્ર ખીમચંદે સંઘ કાઢી યાત્રા કરી તેમાં પ્રતિષ્ઠા સં. ૧૮૯૩માં કરાવી. સંઘ મોટો હતો, બાવન ગામના સંઘ જનો આવ્યા હતા. કહેવાય છે કે આ ટુંકમાં એક કરોડથી અધિક ખર્ચ થયો. લગભગ ૧૬ મંદિર ને સવાસો દહેરીઓ આ ટુંકમાં થઇ. જુઓ પારા ૯૯૧.

૪૫ શેઠ હઠીસિંહ કેસરીસિંહ-અમદાવાદ સ્વ. સં. ૧૯૦૧ (પારા ૯૯૧)

--આ ઓસવાલ શેઠનું મંદિર અમદાવાદમાં પ્રસિદ્ધ છે કે જેના ફોટાઓ આમાં આપેલ છે. તેમનો પહેરવેશ બતાવે છે કે કેવી પાઘડી બાંધવામાં આવતી, વળી કડિયું લાંબી બાંયનું અને કેડ સુધીનું વચમાં કસવાળું પહેરવામાં આવતું. ઉપર શાલ ઓઢવામાં આવતી. તેમના સંબંધી પૂરો ઇતિહાસ મેળવવાના જિજ્ઞાસુએ વીરવિજય નિર્વાણરાસ (જૈન ઐ. ગૂર્જરકાવ્યસંચય પૃ. ૯૮), વીરવિજય કૃત હઠીસિંહની અંજન શલાકાનાં ઢાળીયાં-૬ ઢાળમાં સં. ૧૯૦૩ જોવાં. તેમની પત્ની હરકુંઅર શેઠાણી બહુ નામી અને બુદ્ધિશાળી હતા. શેઠાણીએ મંદિર-પ્રતિષ્ઠા કરાવી સિદ્ધાચલ ગિરનાર સંઘ કાઢી અનેક સુકૃત્યો કરી ભારે નામ કાઢ્યું હતું. હઠીસિંહ શેઠની ઓળખાણ તેમના ઉક્ત મંદિરના પ્રતિષ્ઠાલેખમાં આપેલ છે કે ઓસવાલ નિહાલચંદ પુત્ર ખુશાલચંદને માણકી ભાર્યાથી થયેલ કેશરીસિંહના બાઈ સુરજથી થયેલ પુત્ર હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૬ હઠીસિંહનું દેહેરૂં-અમદાવાદ સં. ૧૯૦૩ પારા ૯૯૧

-શેઠ હઠીસિંહની છબીની પાછળ તેમના દેહેરાનો આ બ્લોક મૂક્યો છે તે જે પુસ્તકનો ઉલ્લેખ સાદડીનું જૈન મંદિર એ નામના ચિત્રનો પરિચય આપતાં કરેલ છે તેમાંથી એટલે સન ૧૮૬૬માં એટલે લગભગ તે બંધાયા પછી વીશેક વર્ષે લીધેલો તેમાં પ્રસિદ્ધ થયો છે તે પરથી લીધેલ છે. {આ આવૃત્તિમાં નવો ફોટો મુક્યો છે.} તેમાં જેઇમ્સ ફર્ગ્યુસન લખે છે કે :- 'જે મંદિર શેઠ હઠીસિંહે લગભગ વીશ વર્ષ પહેલાં કર્યું હતું તે ધર્મનાથ નામના તીર્થંકરનું છે, તેનો નકશો-પ્લાન આબૂ પર્વત પરના ઓછામાં ઓછા ૧૧ સૈકા જેટલા જૂનાં મંદિરોમાં ગ્રહણ કરેલી ગોઠવણો પર લીધેલો છે કે જે ગોઠવણો હજુ સુધી ચાલી આવેલી છે. આ બધાં દેવાલયોની રચના મુખ્યપણે એવી હોય છે કે નીચે ચોરસના પાયાવાળું-'વિમાન' હોય છે. અને તેમાં મૂલનાયકની મૂર્ત્તિ બેસાડવામાં આવે છે. કોઇ વખત આવાં ત્રણ વિમાન હોય છે. જેમ આ હઠીસિંહના દેહેરામાં છે તેમ, ને કોઈ વખત ચાર જેમ સાદડીના જૈન મંદિરમાં છે તેમ હોય છે. તેના પર ખાસ વિશિષ્ટ પ્રકારનું 'શિખર' કરવામાં આવે છે કે જેમાં જૈનોએ છેલ્લાં આઠ શતકો દરમ્યાન ભાગ્યે જ ફેરફાર કરેલ છે. આની પાસે આગળના ભાગમાં એક કે એકથી વધારે મંડપો હોય છે. આ દેહેરામાં મુખ્ય મંડપને બે માળ છે અને તેની આગળ પાછો એક ખુલ્લો મંડપ છે કે જે પર ઘુમટ ૧૨ સ્તંભોના ટેકાવાળો છે. આટલું તો દરેક દેહરાસરને હોય જ. પણ આ દહેરામાં જેમ આબૂ, સાદડી અને જ્યાં જ્યાં દેહરાસરને પૂર્ણ થઈ જાય ત્યાં આખા મંદિરની આસપાસ નાની દહેરીઓની હાર હોય છે કે જે દરેકમાં ૨૪ પૈકી અમુક અમુક તીર્થંકરની મૂર્ત્તિ હોય છે, અને કોઈ દાખલામાં એકમાં ચોવીસેની હોય છે. આબૂ પર દરેક દહેરી શ્વેત આરસમાં bas-reliefs એટલે બહાર થોડુંક ઉપસી આવેલા કોતરકામ-પ્રતિચ્છાયાથી વિભૂષિત હોય છે, કે જેમાં તીર્થંકરના જીવનપ્રસંગો ચિત્રેલ હોય છે, અને સાંપ્રત કાલમાં ઓછામાં ઓછું એટલું તો સામાન્ય રીતે હોય છે કે આની દેહેરીઓ પર શિખરો હંમેશ જેવાં બંધાવવામાં આવે છે. આથી બહારના વંડાને એક જાતની ભવ્યતા આવે છે અને સાથે અર્થનો ભાવ આવે છે કે જે ભાગ્યે જ બીજી જાતના શિલ્પકામમાં જોવામાં આવશે અને આખી ગોઠવણી મુખ્ય લક્ષણો સુધી પ્રસન્નતા આપે છે અને વિવિધ ભાગોની ગૌણતામાં મહાન્ કૌશલ્ય દેખાડે છે. મંદિરના મુખડાના આ વંડાના મુખ્ય અગ્રભાગની વચમાં બહારનો દરવાજો છે.'

આ મંદિર સંબંધી પ્રતિષ્ઠા લેખમાં જણાવ્યું છે કે 'તે હઠિસિંહ શેઠે બંધાવ્યું. તે બાવન જિનાલયવાળું છે. એને ત્રણ માળ ને ત્રણ શિખર છે, બે રંગમંડપો છે. એવા એ મનહર મંદિરની અંદર **શાંતિ**સાગર સૂરિના હાથે પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરાવી. હઠિસિંહ શેઠ સ્વર્ગસ્થ થયા ત્યારે તેમની સ્ત્રી હરકુંઅરે આ મંદિર વગેરેનું બાકીનું સઘળું કામ પૂરૂં કરાવી તેનો પ્રતિષ્ઠા-ઉત્સવ ઘણા ઠાઠમાઠ અને ખર્ચથી ઉજવ્યો હતો. તેણી જોકે સ્ત્રી હતી પરંતુ પુરૂષો પણ ન કરી શકે એવાં તેણીએ કામ કર્યા હતાં. આની પ્રશસ્તિ સલાટ રહેમાનના પુત્ર ઈસફે કોતરી હતી. આ દહેરાનો સલાટ મુસલમાન હતો એ બિના આથી સ્પષ્ટ થાય છે. (જુઓ જિ૦ ૨, નં. ૫૪૬)

૪૭ સં. ૧૯૦૩ના હઠીસિંહના દહેરાનો બહારનો દેખાવ. અમદાવાદ.

૪૮ હઠીસિંહના મંદિરનું દ્વાર.

૪૯ તે મંદિરનો અંદરનો ભાગ.

આ ત્રણે ચિત્રો ઉપર પરિચય જે હઠિસિંહના દહેરાનો આપ્યો છે તેને લગતાં છે એટલે વિશેષ કહેવાની જરૂર નથી.

૫૦ શ્રી આત્મારામજી-(વિજયાનંદ સૂરિ)

૫૧ વીરચંદ રાઘવજી ગાંધી B.A. પારા ૧૦૧૪-૧૮

-આ આચાર્યનો ઉપકાર ગૂજરાતના અને ખાસ કરી પંજાબના જૈન શ્વે. મૂ. સમાજ પર અમાપ છે. તેઓ હમણાં થોડાં વર્ષો પહેલાં થઈ ગયા તેથી તેમનું જીવનવૃત્તાંત વિશેષ મળી આવે છે, અને તેનો સાર જરા કંઈક વિશેષ એક અર્ધા પ્રકરણ જેટલા પ્રમાણમાં આ ગ્રંથમાં જાણી જોઈને આપેલ છે. જુઓ વિભાગ ૭ પ્રક. ૭ પારા ૧૦૦૪ થી ૧૦૧૩

ઉપર્યુક્ત શ્રી આત્મારામજીની પ્રેરણાથી તેમનું સ્થાન યથાશક્તિ લેવા માટે ચિકાગોની વિશ્વ ધર્મપરિષદ્માં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન ધર્મના એક પ્રતિનિધિ તરીકે જનાર જૈન ગ્રેજ્યુએટ **વીરચંદભાઈ**નું જીવન પણ ટૂંકમાં છતાં અન્ય કરતાં વિશેષ પ્રમાણમાં આપવામાં આવ્યું છે, કે જેથી તેનું અનુકરણ હાલના જૈન ગ્રેજ્યુએટો પોતપોતાની રીતે યથામતિ જરૂર કરે. આત્મારામજીના શિષ્ય-પ્રેરિત તરીકે તેમના ચિત્ર પાછળ જ વીરચંદભાઈનું ચિત્ર મૂકેલ છે.

૫૨. દાનવીર શેઠ પ્રેમચંદ રાયચંદ

૫૩. મુંબઈ યુનિવર્સિટીને પ્રેમચંદ શેઠની બક્ષીસ રાજબાઈ ટાવર.

—પ્રેમચંદશેઠની વિખ્યાતી હિન્દ તેમજ હિન્દ બહાર ઘણી છે. કીર્ત્તિના લોભ વગર અઠંગ વેપાર ખેલી મેળવેલાં નાણાંનો કેળવણી માટે તેમજ બીજી અનેક ઉપયોગી સખાવતોમાં સદ્વ્યય કરેલ છે અને કોઈપણ સરકારી 'ટાઇટલ'-પદવીની ભૂખ રાખી નથી. તેમની સખાવતોમાં કેટલીક તો વ્યાપક-સાર્વજનિક હતી.

આવી સખાવતો પૈકી એક રાજબાઈ ટાવર છે કે જેમાં રાજબાઈ તે પોતાના માતુશ્રીનું નામ છે. હાલ કેટલાક રાજાબાઈ નામ કહે છે તે ભૂલ છે. શેઠ ને તેમની સખાવતો સંબંધી પારા ૧૦૧૯-૨૦માં જણાવી દીધું છે.

૫૪ અધ્યાત્મી ફિલસુફ રાયચંદ કવિ

૫૫ મહાત્મા મોહનદાસ ગાંધી

—રાયચંદભાઈ 'કવિ' તરીકે ઓળખાતા કારણ કે અતિશય નાનપણથી કવિતા રચતા. પણ પછી કવિતા કરવાનું મૂકી દઈ અધ્યાત્મ અને ફીલસુફીમાં ઉંડા ઉતરી અનેક આત્માઓના ઉપકારક થયા તે પૈકી એક મહાત્મા મોહનદાસ ગાંધી છે કે જેમની ખ્યાતિ આખા જગત્માં અત્યારે તેમના વિદ્યમાનપણામાં જ થઈ ગઈ છે. ગાંધીજીએ જે રાયચંદ ભાઈના સંબંધમાં લખ્યું છે, કહ્યું છે તે ટૂંકાવી આ ગ્રંથમાં મૂકયું છે. મારો પોતાનો એક પણ શબ્દ જ્યારે બીજાના સંબંધમાં બનતાં સુધી નથી લખ્યો ત્યારે રાયચંદભાઈ સંબંધી તો ખાસ બિલકુલ નથી લખ્યો. આથી બંનેનાં ચિત્રો એકની પાછળ બીજું એમ મૂકેલાં છે.

૫૬ રાય બદ્રીદાસે કરાવેલ જૈનમંદિર, કલકત્તા.

—કાલાનુક્રમે છેલ્લામાં છેલ્લું સં. ૧૯૦૩માં પૂરૂં થયેલ અમદાવાદનું પ્રસિદ્ધ હઠીસિંહનું મંદિર છે કે જેનું ચિત્ર તથા તેનો પરિચય આમાં કરાવેલ છે. ત્યારપછી થયેલાં નવાં મંદિરોમાં કલકત્તાનું રાય બદ્રીદાસ મુકીમે કરાવેલું મંદિર સુપ્રસિદ્ધ છે કે જે કલકત્તામાં એક જોવાલાયક ચીજ ગણાય છે. આ રાય બદ્રીદાસ શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ (પારા ૧૦૫૮)ની બીજી મુંબઈની સ્મરણીય બેઠકના પ્રમુખ હતા.

૫૭. 'જૈન'ના આદ્યતંત્રી સ્વ૦ ભગુભાઈ ફતેચંદ કારભારી

—સદ્ગત ભગુભાઈના સાક્ષાત્ પરિચયમાં હું આવેલ છું. ને તેમની અનેક હકીક્તોની મને માહિતી છે તે અત્રે મૂકી શકાઈ નથી. સ્થાનાભાવે જાહેર સેવા માટે તેમણે જે ભોગ આપ્યો ને 'જૈન' નામનું પ્રથમ અઠવાડિક પત્ર કાઢી એક મોટું વિચારવાહન પૂરૂં પાડવામાં પહેલ કરી તેનું માત્ર દિગ્દર્શન પારા ૧૦૫૭ માં કરાવ્યું છે. તેમનું ખરૂં અને વિસ્તૃત જીવનચરિત્ર લખવાની જરૂર છે.

૫૮ ગિરનારપરનાં જૈન મંદિરોનું વિહંગાવલોકન

૫૯ આબૂપરનાં જૈન મંદિરો—વિમલવસહિ વગેરેનું વિહંગાવલોકન.

—શત્રુંજય, ગિરનાર અને આબૂ એ શ્વેતામ્બર જૈનોનાં ગૂજરાતમાં પ્રસિદ્ધ મહાતીર્થો છે. શત્રુંજયપરનાં મુખ્ય આદિનાથ મંદિર અને અન્ય જૈનમંદિરોનું વિહંગાવલોકન આપણે સપરિચય કરી ગયા છીએ. રા. પાઠક લખે છે કે ઘણેભાગે જૈનલોકો વેપારી જ હોય છે. ગૂજરાતમાં તેમની સંખ્યા ઘણી છે અને તેથી કરીને ગૂજરાતના સ્થાપત્યપર તેમની સ્થાપત્ય શૈલીની અસર બહુ થઈ છે. દક્ષિણ અને ઉત્તરના હિંદના ચાલતા સ્થાપત્યમાં તેઓએ કેટલોક સુધારો કર્યો છે અને પછી તો તેમના બહોળા ફેલાવાથી તે કાયમ થઈ ગૂજરાતમાં હિંદ મિશ્રિત પદ્ધતિ સ્થપાઈ. આબૂપરનાં અને ગિરનારપરનાં તેમનાં દેવળો પર નજર કરીશું તો તે આપણને લાંબા અનુભવ પછીનાં અને નાના નાના અવયવોથી પૂર્ણ થયેલાં માલૂમ પડશે. આટલી કક્ષાએ પહોંચ્યા પછી તે પદ્ધતિ વધારે કોતરકામવાળી થઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમનામાં દેવળ બાંધી મૂર્ત્તિ બેસાડવી એ એક બહુ જ પુણ્ય કાર્ય ગણાય છે અને તેઓ તેને એક ફરજ સમજે છે. વળી દેવળ બાંધવાથી મોક્ષ મળે છે. (તીર્થંકર ગોત્ર બંધાય છે) તેવી માન્યતાથી વ્યક્તિપરત્વે દેવળો થઈ તેઓ કદમાં નાનાં નાનાં પણ સમૂહમાં બંધાય છે અને દરેક વ્યકિત પોતાના બંધાવેલા દેવળને નાનું હોય છતાં કારીગીરીથી ભરપૂર કરી દેવા ઉત્સુક હોય છે. આથી તેનામાં જે ભવ્યતા-grandeur આવવી જોઈએ તે નથી આવતી. વળી આવો દેવળનો સમૂહ પર્વતોપર એકાંત જગાએ હોય છે, તે પરથી તેઓ એકાંત સ્થળ વધારે પસંદ કરતા હોવા જોઈએ. શત્રુંજય, ગિરનાર, તળાજા, આબુ પર્વત, તારંગા વગેરે સ્થળોએ તેઓએ એવી સારી જગા પસંદ કરી છે કે જ્યાં ચોમાસાનું પાણી ન ભરાય. એનાં બાંધકામ એવાં તો મજબૂત કર્યા છે કે કુદરતની અડચણોની સામે તેઓ ઘણાં વર્ષોથી ટક્કર મારી રહ્યાં છે.'

જૈન દેહરાંની રચનામાં - પ્લાનમાં પદ્માસનસ્થ તીર્થંકરોની મૂર્ત્તિવાળું 'વિમાન' હોય છે, જેના પર પિરામિડના આકારનું શિખર ચઢાવવામાં આવે છે. આગળના ભાગમાં થાંભલાવાળો મંડપ હોય છે અને તેના પર આડા થરોવાળો ઘુમટ ચઢાવાય છે. આ ઘુમટ ચોરસપર અષ્ટકોણમાં મૂકાયેલા પહેલા થરપરથી ગોળાકારમાં થતાં થતાં મથાળે મધ્યમાં ભેગો થાય છે, જ્યાંથી એક લોલક કરી નાંખવામાં આવે છે. આ ઘુમટને ટેકવનારા થાંભલા ઉપરાંત ચોકડી આકારના થાંભલા વધારાના મૂકીને મંડપ મોટો કરે છે. આટલું મુખ્ય દહેરૂં.

કયાંક કયાંક મુખ્ય દહેરાની આસપાસ નાની નાની દહેરીઓ (દેવકુલિકાઓ) હોય છે. આવાં દહેરાંઓ ગિરનાર અને આબૂપર છે. મંડપ પરના શિખરમાં માળ બનાવવામાં આવે છે-તે ત્રિકોણાકારમાં ઉભો થાય છે, બાજુઓ જરાક ગોળ હોય છે. તેમાં પણ આડા થરો મૂકેલા છે. બહારની રેષા અંદરની રેષા સાથે સમાન્તરજ લેવામાં આવે છે. મંડપપરનાં ઘુમટો ભાગ્યે જ ૩૦ ફૂટથી વધારે વ્યાસના હોય છે. આ શિખરો અને ઘુમટો આડા થરોનાં હોઈ કોઈપણ જાતના આઘાત તેના પાયાની બહાર પડતા નથી. તેથી તે ઘણાં વરસો લગી ટકી રહે તેવાં હોય છે.

મંડપના થાંભલાઓ ઘણા જુદી જુદી જાતના હોવા છતાં દરેક સારા આકારનાજ હોય છે. તેના પરનું શરૂ ચાર બાજુ ટેકાવાળું (bracketted) હોઈ ઉપર આવતા પાટડાનો ભાર સારી રીતે ઝીલી શકે તેવું હોય છે.

નકશીકામમાં જૈન દહેરાંઓ સૌથી ચઢે તેવાં છે. ભૌમિતિક આકારો, વેલ, પૂતળાં વગેરે આ પદ્ધતિમાં ઘણાં જોવામાં આવે છે. આપણામાં સ્વતંત્ર પૂતળાં-કામ ભાગ્યે જ જોવામાં આવે છે. મૂર્ત્તિઓની પછવાડે કાંઇક ઓઠીંગણ-ટેકણ જેવું દરેકમાં જોવામાં આવે છે. અસલની મૂર્ત્તિઓમાં જે ગાંભીર્યભાવ આપણને પ્રતીત થાય છે. તે હવેની પ્રતિમાપર નથી આવતો અને તેટલે અંશે હવેની તે કળા અધોગતિ પામેલી છે. વળી આ તીર્થંકરોને ઓળખવાને માટે ચિન્હો-લાંછનો પણ નિશ્ચિત કરેલાં છે. હાથી, ઘોડા, વરઘોડા વગેરે આ પદ્ધતિમાં ઘણું બતાવવામાં આવ્યું છે.

ઉપરની ખાસીયતો (peculiarities) જરા અપવાદરૂપ પણ નવીનતાવાળાં શત્રુંજય પરનાં જૈન મંદિરો છે. ત્યાંનાં કેટલાંક દહેરાં (સન) ૧૧ મા સૈકા જેટલાં જૂનાં છે. ૧૪-૧૫ સૈકામાં મુસલમાનોના ઝપાટામાં જો આ ન આવ્યાં હોત તો આપણને તેમાં ઘણું જોવાનું મળી શકત, તો પણ ૧૬ સૈકાના છેલ્લા અડધમાં જૈન લોકોએ ત્યાંનાં કેટલાંક દહેરાંઓ ફરીવાર ચણાવ્યાં; ત્યારથી મંદિરો થવા લાગ્યાં તે ઠેઠ અત્યાર સુધી થયાં. તેમાં પણ ૭૦ વરસોમાં પુર જોસમાં બંધાયાં છે, પણ આ પછવાડે બંધાવેલાં માંથી મૂર્ત્તિકામના કેટલાક અવયવો બહુ સારા નથી થયા. (પાઠક-સુરત ગૂ. સા. ૫ રીપોર્ટ)

ગિરનાર દરિયાની સપાટીથી લગભગ ત્રણ હજાર ફૂટ ઉંચો છે. ત્યાં જૈનોનાં દહેરાંમાં નેમિનાથજીની ટૂંક પહેલાં આવે છે. તેના જીર્ણ શીર્ણ કાષ્ઠમય દહેરાંનો ઉદ્ધાર સજ્જનમંત્રીએ કર્યો સં. ૧૧૮૫ (પારા ૩૦૬). ત્યાં એક નષ્ઠ સંવત્‌વાળો લેખ છે કે જે Antiquities of Kathiawar પૃ. ૧૫૯માં છપાયો છે. તે લેખ મેં યાત્રાએ જતાં મહેનત કરી ઉતારી લીધો છે. તેમાં જણાવ્યું છે કે-

वंशेऽस्मिन् यदुनामकाबरपते रप्युग्रशौर्यावले रासीद्राजकुलं गुणौघविपुलं श्रीयादवख्यातिमत् ॥
अत्राभून्नृप मंडलीनतपदः श्रीमंडलीकः क्रमात् प्रासादं गुरु हेमपत्रततिभि र्योचीकरन्नेमिनः ॥ ९ ॥

એટલે કે યદુવંશમાં મંડલીક નામનો રાજા થયો. તેણે નેમિનાથનો પ્રાસાદ હેમના પતરાંઓથી બંધાવ્યો. (આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંડલીક નવઘણનો પિતા થાય તે સોરઠી તવારીખ પ્રમાણે સં. ૧૨૭૦ માં અને અન્ય પ્રમાણે સં. ૧૩૧૬ માં ગાદીપર બેઠો) આ લેખમાં છેલ્લા માંડલિક રાજાનું વર્ણન છે ને શાણરાજનું વર્ણન છે કે જેણે વિમલનાથ પ્રાસાદ ગિરનારમાં સં. ૧૫૯૮ માં કરાવી રત્નસિંહસૂરિ પાસે પ્રતિષ્ઠિત કરાવ્યો (પારા ૭૧૯) તેથી તે સાલનો લેખ છે એમ સ્પષ્ટ થાય છે. આ શાણરાજના પૂર્વજહરપતિશાહે સં. ૧૪૪૯માં નેમિપ્રસાદનો ઉદ્ધાર કર્યો. (જૈ. ગૂ. કવિઓ ભા-૨, પૃ. ૭૩૯). હાલ તે મોટા ચોકમાં છે. આસપાસ લગભગ ૭૦ નાની દેરીઓ છે. આના મંડપની અંદર દિવાલમાં ત્રણ મૂર્ત્તિ એક સાથે મૂકેલી મેં જોઈ છે. નાની છે તે સં. ૧૨૭૫ માં બનાવેલી શ્રી કુંજરા પદ્રીય (?) ગચ્છના શાંતિસૂરિની છે, બીજી બે મોટી મોટી મૂર્ત્તિ છે તે શ્રી હેમચન્દ્રસૂરિની અને શ્રી કુમારપાલદેવની છે કે જે તરફ કોઈનું લક્ષ ગયું નથી. એક થાંભલા પર સં. ૧૧૧૩ ના જેઠ ૧૪ દિને નેમીશ્વરજિનાલય કરાવ્યું ને બીજા થાંભલા પર સં. ૧૧૩૫ માં પ્રતિષ્ઠા કરાવી, ને ત્રીજામાં સં. ૧૩૩૪ માં દેવાલય સમરાવ્યું એમ લેખ છે. સંગ્રામ સોનીની ટુંક અને વસ્તુપાલ તેજપાલની ટુંક સંબંધી જુદાં ચિત્રો છે ને તેમનો પરચિય અલગ કરાવ્યો છે. તદુપરાંત મેરકવશીની ટુંક, કુમારપાલની ટુંક અને સંપ્રતિરાજાની ટુંક છે. આ પૈકી ઘણી ટુંકો કેશવજી નાયકે સમરાવી. સં. ૧૯૩૨ નો તે બાબતનો લેખ છે. (પારા ૯૯૨). ઉપર ચડતાં અંબાજીની ટુંક આવે છે.

આબૂપરના વિમલસહિ, લૂણિગવસહિ આદિ મંદિરો પૈકી વિમલસહીનું જૂદું ચિત્ર ને જૂદો પરિચય આપેલ છે. લૂણિગવસહિ તે વસ્તુપાલના ભાઈ તેજપાલે કરાવેલું મંદિર છે ને તે વિમલવસહિના ઉત્તરપૂર્વના ખૂણાપર આવેલું છે અને તે પશ્ચિમાભિમુખ છે,તેના પ્લાનની વ્યવસ્થા વિમલવસહિ જેવીજ છે પણ પૂર્વતરફ ઓશરીમાં દહેરીઓને બદલે સ્થાપનારના કુટુંબનો વરઘોડો બતાવ્યો છે અને આ ભાગ મુખ્ય મંદિરથી જુદો કરવા, વચ્ચે કોતરકામવાળી ભીંત છે. આ કોતરકામ નાના નાના ચોરસનું કરેલું છે. આખું મકાન ૧૫૫'×૯૨' વાળા લંબચોરસમાં હોઈ વિમલવસહિ કરતાં જરા મોટું છે. તેના મંડપના થાંભલાઓ વધારે ઉંચા છે અને તે આઠ જુદી જુદી જાતના છે, જ્યારે વિમલવસહિમાં એકી જાતનો છે. મંડપ પરનો ઘુમટ ઉંચકવામાં આવ્યો છે, પણ તેનું અંદરનું નકશીકામ પહેલાના કરતાં ચઢીયાતું છે. ઘુમટના બીજા થરથી ૧૬ બેઠક પર ૧૬ વિદ્યાદેવીની જુદી જુદી સ્થિતિમાં પુતળીઓ કરી છે. આ ઘુમટની બરોબર મધ્યમાં ઉપરથી એક લોલક કર્યું છે, જે બહુજ સરસ ગણાય છે. તે બહુજ કોમળ છે. ગુલાબના મોટા ફુલને તેની દાંડલીથી ચત્તું પકડીએ ને જે આકાર થાય તે આકાર આનો છે. આલોલકના પ્રમાણમાં ઇંગ્લાંડના ૭મા હેન્રીના વેસ્ટ મિનિસ્ટરમાંનાં લોલકો પ્રમાણ વિનાનાં અને ભારે લાગે છે. આ લોલકની સુંદરતા અને સુકુમારતાનો ખ્યાલ માત્ર નજરે જોયાથી જ આવે. (પારા ૫૨૬).

૭-૯-૩૩ મો. દ. દેશાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષયાનુક્રમ

પૃષ્ઠ

પ્રકાશકીય ૩
સંપાદકીય ૪
નિવેદન ૭
સાંકેતિક અક્ષરોની સમજ ૩૭
ચિત્ર પરિચય ૩૯
વિષયાનુક્રમ ૬૯
વિરલ વિદ્વત્પ્રતિભા અને મનુષ્યપ્રતિભા ૮૪
ધન્ય ઉપાસના ! ધન્ય જીવન ! ૯૧

વિભાગ પહેલો

શ્રી મહાવીર અને આગમ સાહિત્ય પારા ૧-૧૪૦ પૃષ્ઠ ૧-૬૦

પ્રકરણ ૧લું જૈનધર્મનો ઉદય અને તેનું સ્થાન

પારા ૧-ભારતના આર્ય ધર્મની ત્રણ શાખાઓ-વૈદિક જૈન અને બોદ્ધ. ૨- ચોવીસ તીર્થંકરો. ૩- ભ પાર્શ્વનાથ ઐ. વ્યક્તિ. ૪- ભ.પાર્શ્વનાથનો ચાતુર્યામ ધર્મ, મહાવીનો પંચશિક્ષા ધર્મ. ૬-૭ શ્રીમહાવીર અને બુદ્ધ સમકાલિન, તેમની તુલના ૮- શ્રી મહાવીરનો ઉપદેશ. ૯- શ્રી મહાવીર ૧૦- તેમના અનુયાયી રાજાઓ. ૧૧- શ્રી મહાવીરના ઉપદેશની અસર. ૧૨-૧૪ જૈન ધર્મનો અન્યધર્મો પર પ્રભાવ. ૨-૯

પ્રકરણ ૨જું આગમકાલ

૧૫-તપસ્વીને દર્શનકાર શ્રી મહાવીર. ૧૬- તેમના સમયની ભાશા. ૧૭- ગણધરો. ૧૮-૨૦ તેમણે ગુંથેલાં ૧૨ અંગો, આચાર, સૂત્રકૃત, સ્થાન, સમવાય, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ, જ્ઞાતાધર્મ, ઉપાસક, અંતકૃદ્, અનુત્તરોપપાતિક, પ્રશ્નવ્યાકરણ, વિપાક, દૃષ્ટિવાદ. ૨૧- દૃષ્ટિવાદના પાંચ ભાગ પરિકર્મ, સૂત્ર, પૂર્વ, અનુયોગ ને ચૂલિકા. ૨૨- અંગોની ભાષા. ૨૩-૨૫ શ્રી મહાવીર નિર્વાણ પછીના પટ્ટધરો અને પ્રકરણ શ્રી ધર્મદાસ કૃત ઉપદેશમાલા, શય્યંભવ કૃત દશવૈકાલિક. ૧૦-૨૦

પ્રકરણ ૩જું આગમકાલ (ચાલુ)

૨૬-આર્ય ભદ્રબાહુ-તેમની નિર્યુક્તિઓ ૨૭ પ્રાભૃતો ૨૮-૩૦ મગધસંઘ (પાટલિપુત્ર પરિષદ્) ૩૧ માથુરીવાચના (મથુરા પરિષદ્) ૩૨ વલભી વાચના (વલભીપુર પરિષદ્). ૨૧-૨૫

પ્રકરણ ૪થું શ્રુતસાહિત્ય

૩૩- દેવવાચકનું નંદીસૂત્ર-તેમાં ઉલ્લેખિત શ્રુત અંગો, આવશ્યક, ૩૪-ઉત્કાલિક શ્રુત લગભગ બત્રીશ. ૩૫-૩૬ કાલિક શ્રુત લગભગ બત્રીશ. ૩૭-૩૮ ઉપસંહાર, શ્રુતની સ્થિતિ. પંચાગી. શ્વે. મૂર્ત્તિપૂજકોને માન્ય ૪૫ આગમ તે. સર્વ વીરાત્ ૯૮૦ની વલભી વાચનાને અનુસરે છે. ૨૬-૩૦

પ્રકરણ પમું ઉપલબ્ધ શ્રુત-સાહિત્ય : ૧૧ અંગો

૧૧ અંગોનો પરિચય :- ૩૯-૪૨ આચારાંગનો. ૪૩-૪૬ સૂત્રકૃતાંગનો, ૪૭-૪૮ સ્થાનાંગનો, ૪૯ સમવાયાંગ ૫૦-૫૧ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ ૫૨-૩ જ્ઞાત ધર્મ કથા ૫૪ ઉપાસક ૫૫ અંતકૃત ૫૬ અનુરોપપાતિક ૫૭ પ્રશ્નવ્યાકરણ ૫૮ વિપાક-નો પરિયચ ૫૯ અંગના ઉપાંગ ૩૧-૩૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ ૬ઠું ઉપલબ્ધ શ્રુત - સાહિત્ય અંગ સિવાયનાં આગમો

બાર ઉપાંગોનો પરિચયઃ- ૬૦ઉવવાઇ, ૬૨ રાયપેસણી, ૬૩ જીવાભિગમ, ૬૪-૫ પ્રજ્ઞાપના ૬૬ સૂર્ય પ્રજ્ઞપ્તિ, ૬૭ જંબૂદ્વિપ પ્રજ્ઞપ્તિ ૬૮ ચંદ્ર પ્રજ્ઞપ્તિ ૬૯ ઉકત છેલ્લાં ત્રણ ઉપાંગ ૭૦ કાપ્પયા-નિરયાવલિકા ૭૧કપ્પવડંસિયા ૭૨પુપ્ફિયા ૭૩પુપ્ફચુલિકા ૭૪ વિન્હ દસા ૭૫ છેલ્લા ચાર નિરયાવલિ સૂત્રો. ૭૬ અંગ ને ઉપાંગ સંબંધ. ચાર મૂલસૂત્રોનો પરિચયઃ- ૭૭ ચાર મૂલસૂત્રો ૭૮-૯ આવશ્યક ૮૦-૪ દશવૈકાલિક, ૮૫-૮ ઉત્તરાધ્યયન, ૮૯-૯૦ પિંડનિર્યુક્તિ, ઓઘ નિર્યુક્તિ બે પૈકી એક ૯૧ નંદી સૂત્ર ૯૨ અનુયોગદ્વાર. ૩૯-૪૮

પ્રકરણ ૭મું ઉપલબ્ધ શ્રુત સાહિત્ય

૯૨-૯૫ છ છેદ સૂત્રોઃ- ૯૬-૭ પહેલું નિશીથ ૯૮-૯ બીજું બૃહત્કલ્પ ૧૦૦ ત્રીજું વ્યવહાર, ૧૦૧ ચોથુ દશાશ્રુતસ્કંધ, પાંચમું પંચકલ્પ ૧૦૨ છઠું મહાનિશીથ. ૧૦૩ દશ પ્રકીર્ણક (પયન્ના) ૧૦૪-૧૧૩ તે દશનો પરિચય, ૧૧૪-૧૨૭ બીજાં પ્રકીર્ણકો (પયન્નાઓ) ૧૨૮ જિનભદ્ર ક્ષમાશ્રમણ કૃત વિશેષાવશ્યક ભાષ્ય. ૧૨૯ કુલ ચોરાશી આગમો ૧૩૦-૫ આગમો સંબંધિ વિન્ટરનિટ્ઝ ૧૩૬ ડૉ. યાકોબીનું કથન ૧૩૭ વેબરનું Sacred Literature of the Jainas ૧૩૮-૯ આગમ સંબંધિ સિદ્ધસેન દિવાકર. ૧૪૦ ઉપસંહાર ૪૯-૬૦

વિભાગ - ૨જો

પ્રાકૃત સાહિત્યનો મધ્યકાલ અને સંસ્કૃત સાહિત્યનો ઉદયકાલ પારા ૧૪૧-૨૬૦ પૃ.૬૧-૧૩૨

પ્રકરણ ૧લું આરંભિક ઐતિહાસીક ઘટનાઓ

૧૪૧ વીરાત્ બીજો સૈકો-અશોક સમ્રાટ બૌદ્ધ શ્રમણો નિગ્ગંથ તે જૈનો ૧૪૨ બૌધ્ધોની અસર. જિનકલ્પની વિચ્છિન્નતા, નગરવાસ, સંપ્રતિરાજા, ૧૪૩ કલિંગ ચક્રવર્તિ ખારવેલ ૧૪૪ કાલકાચાર્ય ૧૪૫ ભરૂચનું શકુનિકા વિહાર, ખપુટાચાર્ય ને તેના ભુવન ૬૧-૬૭

પ્રકરણ ૨ જું ઉમાસ્વાતિ વચાક, પાદલિપ્તસૂરિ આદિ

૧૪૬-૭ ઉમાસ્વાતિ વાચક ૧૪૮-૯ તેમનો મહાગ્રંથ તત્ત્વાર્થ સૂત્ર સભાષ્ય ૧૫૦ પાદલિપ્ત સૂરિ ૧૫૧ સિદ્ધસેન દિવાકર તેનો યુગ. ૬૮-૭૨

પ્રકરણ ૩જું સિદ્ધસેન-યુગ

૧૫૨-૧૫૪ સિદ્ધસેન દિવાકર તેમના પહેલા ન્યાયશાસ્ત્રની સ્થિતિ. તેઓ જૈન ન્યાયશાસ્ત્રના સ્થાપક-તર્કપ્રધાન પુરૂષ. ૧૫૫-૮ સન્મતિ-તર્ક નામનો મહાન્ ન્યાયગ્રંથ, ૧૫૯ પ્રતિભાવાન્ ને સ્વતંત્ર વિચારક, ૧૬૦-૬૨ તેમની બત્રીશ દ્વાત્રિંશિકા-સ્તુતિઓ ૧૬૩ દાર્શનિક ૧૬૪ સિદ્ધાંત પ્રધાન નહિ પણ તર્કપ્રધાન ૧૬૫ દિગંબરોમાં તેમનો આદર ૧૬૬ શ્વે. આચાર્યોમાં મહાન્ પ્રતિષ્ઠા ૧૬૭ અન્ય કૃતિઓ. ૧૬૮-૧૭૧ તેમનુ જીવન ચરિત્ર-કિવદન્તીઓ. ૧૭૨ સંસ્કૃત-પ્રાકૃતભાષા, મૌલિક ગ્રંથકાર ૧૭૨ ક ૭૩-૮૩

પ્રકરણ ૪થું વિક્રમ સં. ૧ થી ૩૦૦ વિમલસૂરિ, મથુરાસ્તૂપો, મથુરાસંઘ, દિગંબર-શ્વેતાંબર ભેદ, જૈન ન્યાયશાસ્ત્રનો પ્રથમ યુગ.

૧૭૩ વિમલસૂરિનું પઉમચરિયમ્ ૧૭૪ વિક્રમ બીજી સદીના મથુરાના જૈન સ્તૂપો ૧૭૫ મથુરાસંઘ-પરિષદ્ ૧૭૬ દિગંબરશ્વેતાંબર ભેદ (વિ. સં. ૨૩૯ કે ૧૩૬) ૧૭૭ સમંતભદ્ર કૃત આપ્તમીમાંસા ૧૭૮-૯ સંસ્કૃત ભાષામાં ગ્રંથરચનાનો પ્રારંભ ૧૮૦ જૈન ન્યાયશાસ્ત્રોનો પહેલો યુગ. ૮૯-૪૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ પમું ગુપ્ત અને વલભી સમય. આચાર્ય મલ્લવાદી.

જિનભદ્ર ક્ષમાશ્રવણ વિ. સં. ૩૦૦ થી ૮૦૦

૧૮૧ ગુપ્ત સમય ભાષ્ય ને ચૂર્ણિઓની રચના ૧૮૨ કુવલયમાલાથી મળતી હકીકત ૧૮૩ ગુપ્તવંશના જૈનાચાર્ય દેવગુપ્ત ૧૮૪ તેમની શિષ્યપરંપરા. ભિન્નમાલ. જૈન મંદિરોથી રમ્ય ગૂર્જર દેશ. ૧૮૫ તત્ત્વાચાર્ય; તે પ્રાયઃ શિલાંકસૂરિ હોય. ૧૮૬ મલ્લવાદી ૧૮૭ તેમનો દ્વાદશાર નયચક્રવાલ ગ્રંથ. તે પરની પછીની ટીકાઓ. ૧૮૯ ન્યાયબિંદુ ટીકા પર ટિપ્પન ૧૯૦-૧ ચૈત્યવાસીઓ ૧૯૨ શિવશર્મસૂરિ. કર્મપ્રકૃતિ ગ્રંથ ૧૯૩ ચંદ્રર્ષિ મહત્ત-પંચસંગ્રહ નામનો કર્મગ્રંથ. ૧૯૪-૫ વલભી સંઘ પરિષદ્ ૧૯૬ પ્રાચીન જૈનેતર સાહિત્ય ૧૯૭ સિદ્ધસેન ગણિ-તત્ત્વાર્થ ટીકા. ૧૯૮ હરિભદ્ર સૂરિને તેનો યગુ ૧૯૯ સૌરાષ્ટ્ર સાથે જૈનોનો સંબંધ, વલભીપુર ૨૦૦ વલભી-ભંગ, ૨૦૧ આનંદપુર, ધનેશ્વર સૂરિ. ૨૦૨ બીજા કાલકસૂરિ ૨૦૩ સંઘદાસ ક્ષમાશ્રમણ-વસુદેવ હિંડી. ધર્મસેન મહત્તર. ૨૦૪ સમ્રાટ હર્ષ-બાણભટ્ટ, મયૂર કવિ, માનતુંગ સૂરિ ૨૦૫ ચંડ વૈયાકરણ ૨૦૬-૨૧૦ જિનભદ્ર ક્ષમાશ્રમણ-વિશેષા વશ્યકભાષ્ય, ૨૧૧ જિનદાસ મહત્તર-નંદી ચૂર્ણિ, નિશીથ ચૂર્ણિ ૨૨૨ વલભીના મૈત્રકો. **૯૧-૧૦૬**

પ્રકરણ ૬ ઠું હરિભદ્ર-યગુ (વિ. સં. ૫૮૫ અથવા વિ. સં. ૭૫૭ થી ૮૨૭)

૨૧૩ હરિભદ્ર સૂરિ. પ્રસ્તાવ ૨૧૪-૫ ટુંક જીવન. ૨૧૬ તેમની સમભાવી ગવેષણા ૨૧૭-૮તેમના ગ્રંથો ૨૧૯-૨૨૩ તેમની વિશેષતાઓ ૨૨૪ તેમણે ઉલ્લેખેલ જૈનેતર ગ્રંથકારો ૨૨૫ તેમનો સમય નિર્ણય ૨૨૬ એક યુગકાર ૨૨૭-૮ યૌગસાહિત્યમાં નવો યુગ સ્થાપક ૨૨૮-૨૩૧ દાર્શનિક કવિ, કથાકાર ૨૩૯ તેમનો શ્રી મહાવીરના માર્ગમાં અટલ વિશ્વાસ. **૧૦૭-૧૧૮**

પ્રકરણ ૭ મું ચાવડાનો સમય (વિ. સં. ૮૦૦ થી ૧૦૦૦)

૨૩૩-૪ ગૂજરાત - પાટણની સ્થાપના, શ્રીમાલથી શ્રી માલી, ગૂજરાતમાં પોરવાડો ૨૩૫-૬ વનરાજ. જૈનોની સહાય ને તેમની મહત્તા. મંત્રી સેનાપતિ પદ ૨૩૭-૮ ઉદ્યોતનસૂરની કુવલયમાલા. ૨૩૯ હરિભદ્ર-તેનો યુગ ૨૪૦-૧ સમ્રાટ્ વત્સરાજ ૨૪૨ બપ્પભટ્ટીસૂરિ, કનોજનો આમ અને ગૌડનો ધર્મરાજા ૨૪૩ જયસિંહસૂરિ-ધર્મોપદેશમાલાવૃત્તિ ૨૪૪ શીલાંકસૂરિ. આચારાંગ ને સૂત્રકૃતાંગ ટીકા ૨૪૫ અંગવિદ્યાના અભ્યાસક વીસૂરિ ૨૪૬-૨૫૪ સિદ્ધર્ષિસૂરિ, ઉપમિતિ ભવપ્રપંચ કથા ને અન્યગ્રંથો ૨૫૫ વિજયસિંહસૂરિ-ભુવનસુંદરી કહા ૨૫૬-૮ મહેશ્વરસૂરિની પંચમી કહા ૨૫૯ નાગરી લિપિ, અપભ્રંશભાષા ૨૬૦ ચાવડા-ચૈત્યવાસીનો સંબંધ. **૧૧૯-૧૩૨**

વિભાગ ૩ જો

સંસ્કૃત સાહિત્યનો ઉત્કર્ષ વિ. સં. ૧૦૦૧ થી સં. ૧૨૩૦ પારા ૨૬૧-૩૨૬ પૃ. ૧૩૩-૨૧૮

પ્રકરણ ૧ લું. સોલંકી વંશનો સમય-મૂલરાજથી કર્ણ (વિ. સં. ૧૦૦૧ થી ૧૧૫૦)

૨૬૧ સોલંકી વંશ. મૂલરાજ વગેરે ૨૬૨ જંબૂ અને તેના ગ્રંથો ૨૬૩ પ્રદ્યુમ્નસૂરિ દિગંબરવાદી જેતા. બે રાજાને જૈન કર્યા૨૬૪-૮ મહાદર્શનિક અભયદેવસૂરિ-સન્મતિતર્ક પર ટીકા ૨૬૯ જૈન ન્યાયશાસ્ત્રનો બીજો યગુ ૨૭૦ ત્રિભુવનગિરિના રાજા-પછી ધનેશ્વરસૂરિ. ધારાધીશ મુંજના ૨૭૧ વીરગણિ ૨૭૨ મહાકવિ ધનપાલ, તેનો પ્રાકૃતકોશ, ૨૭૩ તે કવિનું જીવન ૨૭૪ ભોજ રાજાનો બહુમાન્ય પંડિત-તિલકમંજરી કથા ૨૭૫-૭ કથાની વિશેષતા ૨૭૮ તેના ભાઇ શોભનમુનિ, શોભનસ્તુતિ ૨૭૯ ધનપાલકૃત અન્યકૃતિઓ ૨૮૦ વાદિવેતાલ શાંતિસૂરિ ૨૮૧ વર્ધમાનસૂરિ ૨૮૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનચંદ્રગણિ, વીરાચાર્ય ૨૮૩ ચૈત્યવાસીઓનો પરાજય કરનાર જિનેશ્વરસૂરિ (ખરતર), ૨૮૪ તેના બંધુ બુદ્ધિસાગરના અને તેના ગ્રંથો, તેમજ તેના શિષ્યો. ૨૮૫ સોઢલની ઉદયમંજરી કથામાં ઉલ્લેખિત ચંદનાચાર્ય અને 'ખડ્ગકવિ' બિરૂદવાળા વિજયસિંહ સૂરિ ૨૮૬-૨૯૦ વિમલમંત્રી અને તેની 'વિમલવસતિ' ૨૯૧ જાહિલ્લમંત્રી ૨૯૨ દ્રોણાચાર્ય અને સૂરાચાર્ય ૨૯૨-૪ નવાં-ગવૃત્તિકાર અભયદેવસૂરિ ૨૯૫ સાધારણ કવિ-સિદ્ધસેનસૂરિ ૨૯૬ નમિસાધુ ૨૯૭ 'સૈદ્ધાન્તિક શિરોમણિ' દેવેન્દ્રસાધુ, ગુણચંદ્ર, શાલિભદ્રસૂરિ, ૨૯૮ ચંદ્રપ્રભ મહત્તર ૨૯૯ વર્ધમાનાચાર્ય. પૌર્ણમિક ગચ્છસ્થાપક ચંદ્રપ્રભ સૂરિ ૩૦૦ કવિ બિલ્હણ. **૧૩૩-૧૫૧**

પ્રકરણ ૨ જું સોલંકી વંશનો સમય - સિદ્ધરાજ જયસિંહ. વિ. સં. ૧૧૫૦ થી ૧૧૯૯

૩૦૧-૩૦૪ 'સિદ્ધરાજ' જયસિંહ ૩૦૫-૭ જૈન મંત્રીઓ દંડાધિપ વગેરે ૩૦૦ પાટણની પ્રભુતા, ગૂજરાતનો વૈભવ શ્રીમાળી વાણીઆ. ૩૦૦ રાજપુસ્તક ભંડાર ૩૧૦ કેટલીક ઘટનાઓ ૩૧૧-૩ મલધારી અભયદેવસૂરિ (ક) શાંતિસૂરિ ૩૧૪-૬ જિનવલ્લભ સૂરિ ૩૧૭ જિનદત્ત સૂરિ ૩૧૮ રામદેવ, જિનભદ્રસૂરિ ૩૧૯ પદ્માનંદ ૩૨૦ વાગ્ભટ્ટ ૩૨૧-૨ મહાકવિ શ્રીપાલ ૩૨૩ વીરાચાર્ય ૩૨૪ દેવભદ્રસૂરિ ૩૨૫ વીરગણિ - સમુદ્રઘોષ સૂરિ ૩૨૬ વર્ધમાન સૂરિ ૩૨૭ દેવચંદ્ર સૂરિ (હેમાચાર્યના ગુરૂ), શાંતિ સૂરિ (પિપ્પલગચ્છ સ્થાપક), ૩૨૮ દેવસૂરિ ૩૨૯ ધર્મઘોષસૂરિ, સમુદ્રઘોષ ૩૩૦ યશોદેવસૂરિ, સિદ્ધસૂરિ, વિનયચંદ્ર. **૧૫૨-૧૬૪**

પ્રકરણ ૩ જું સિદ્ધરાજ જયસિંહનો સમય (ચાલુ) સં. ૧૧૫૦ થી ૧૧૯૯

૩૩૨-૪ મુનિચંદ્રસૂરિ, તેમના ગ્રંથો ૩૩૫ શ્રીચંદ્રસૂરિ, તેમના ગ્રંથો ૩૩૬ આંચલિક ગચ્છની સ્થાપના ૩૩૭ ધનેશ્વરસૂરિ ૩૩૮ યશોદેવસૂરિ-તેમના ગ્રંથો ૩૩૯-૪૦ મલધારી હેમચંદ્રસૂરિ, તેમના ગ્રંથો-શિષ્યો ૩૨૪ સં. ૧૧૭૯ ની તાડ. પ્રત ૩૨૪-૫ શ્વેતામ્બર દિગંબર વચ્ચે વાદ. વાદિદેવસૂરિનો જય, તેમનું જીવન ૩૪૬ 'વાયગ્ર-સિંહ શિશુકૌ' આનંદ-અમર-ચંદ્રસૂરિ ૩૪૭ બૃ. ગ. હરિભદ્રસૂરિ ૩૪૮ જિનેશ્વર ૩૪૯ વિજયસિંહસૂરિ ૩૫૦ સં. ૧૧૮૫ ની પ્રતો ૩૫૧ ધર્મઘોષસૂરિ યશોભદ્રસૂરિ ૩૫૨ મહેંદ્રસૂરિ ૩૫૩ સુમતિ સૂરિ ૩૫૪ આમ્રદેવસૂરિ જયદેવનું છંદઃશાસ્ત્ર, નન્નદેવસૂરિ ૩૫૫ સિદ્ધસૂરિ, જયકીર્ત્તિનું છંદોનુશાસન ૩૫૬ જયમંગલની કવિશિક્ષા ૩૫૭-૯ મલધારી શ્રીચંદસૂરિ ૩૬૦ તેમના શિ. દેવભદ્રસૂરિ ૩૬૧ વર્ધમાનસૂરિ વૈયાકરણ ૩૬૨ તેમની સિદ્ધરાજવર્ણન નામની કૃતિ ૩૬૩ સાગરચંદ્ર. **૧૬૫-૧૭૪**

પ્રકરણ ૪ થું કુમારપાલનો સમય સં. ૧૧૯૯ થી ૧૨૩૦

૩૬૪ - ૩૮૨ કુમાર પાલ, તેનો પ્રતાપ-રાજવિસ્તાર, અમારિ ઘોષણા, મદ્યનિષેધ, પરમાર્હત, તેનું ધાર્મિક જીવન, મંદિરો, દેવાલયમંડિત દેશ, આદર્શ જૈનરાજ્ય, ૩૮૩-૮૭ જૈન મંત્રીઓ, દંડનાયકો વગેરે ૩૮૮ એકવીસ જ્ઞાનભંડાર. **૧૭૫-૧૮૪**

પ્રકરણ ૫ મું કુમારપાલનો સમય. (ચાલુ) સં. ૧૧૯૯ થી ૧૨૩૦

સાહિત્યપ્રવૃત્તિ ૩૮૯ મલયગિરિ-મહાન્ સંસ્ક-ત ટીકાકાર, વૈયાકરણ, ૩૯૦ લક્ષ્મણ ગણિ ૩૯૧ જિનભદ્ર, ચંદ્રસેન, નેમિ ચંદ્ર, કનકચંદ્ર (?) રવિપ્રભ. ૩૯૨ શ્રીપાલના પુત્ર કવિ સિદ્ધપાલ ૩૯૨ ક તાડપત્રોપર લખાયેલી પ્રતો ૩૯૩ સહીચંદ્રસૂરિ ૩૯૪ વાદિ નેમિચ્દ્ર, ૩૯૫ શ્રાવક કવિ દુર્લભરાજ ૩૯૬ વિજયસિંહસૂરિ ૩૯૭ હરિભદ્રસૂરિ ૩૯૮ તાડપત્રની પ્રતો ૩૯૯ પદ્મપ્રભસૂરિ ૪૦૦ પરમાનંદસૂરિ ૪૦૧ હેમાચાર્ય શિષ્ય દેવચંદ્ર મુનિનું નાટક ૪૦૨ શ્રીચંદ્રસૂરિ ૪૦૩ વાદિદેવસૂરિનો સ્વ. ૪૦૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિરત્નસૂરિ ૪૦૫ જગદેવ, સૂદન વિપ્ર ૪૦૬ તાડપ્રત ૪૦૭-૧૦ મુનિરત્નસૂરિ સોમપ્રભ સૂરિને તેમના ગ્રંથો ૧૮૫-૧૯૨

પ્રકરણ ૬ ઠું હેમયુગ સં. ૧૧૬૨-૧૨૨૯

હેમચંદ્રસૂરિ સંબંધી કથનો, તેમનાં પોતાનાં વચનો ૪૧૧-૨ તેમના સંબંધી પ્રસ્તાવ ૪૧૩ ગુરૂપરંપરા ૪૧૪-૧૫ દીક્ષા, આચાર્યપદ ૪૧૬-૭ સિદ્ધરાજ સાથેના પ્રસંગો ૪૧૮ સિદ્ધહૈમવ્યાકરણની રચના ૪૧૯ ત્રિ. શં. પુરૂષચરિત્રની રચના ૪૨૧-૩ ગૂજરાતનું પ્રધાનવ્યાકરણ ૪૨૪-૫ રાજાઓ સાથેનો સંબંધ ૪૨૬-૯ કુમારપાલ સાથેનો પ્રસંગો ૪૩૦ અન્યગ્રંથો ૪૩૧ 'કલિકાલ સર્વજ્ઞ'. ૨૮૫ ૩૦૦ ૧૯૩-૨૦૨

પ્રકરણ ૭ મું હેમયુગ (ચાલુ)

હેમાચાર્ય સંબંધી અન્ય ગ્રંથકારો - ૪૩૨ તેમની સાહિત્યસેવા-વ્યાકરણ ૪૩૩ તેનાં પાંચ અંગો ૪૩૫ 'અપભ્રંશ' વ્યાકરણના આદિકર્તા ૪૩૬-૭ વ્યાકરણની વિશિષ્ટતા ૪૩૮-૪૪૧ દ્વયાશ્રય મહાકાવ્ય, બે સંસ્કૃત તેમજ પ્રાકૃત. ૪૪૨ ચાર કોષગ્રંથો ૪૪૩-૫ ચાર અનુશાસન-શબ્દ, લિંગ, કાવ્ય અને છંદ ૫૨; વાદાનુશાસન ૪૪૬-૮ ન્યાયનો પ્રમાણમીમાંસા ગ્રંથ ૪૪૯ બે બત્રીશીઓ-ન્યાયસંદર્ભિત ૪૫૦ જૈન ન્યાયશાસ્ત્રનો ત્રીજો યુગ - પુષ્પિત કાલ ૪૫૧-૨ યોગશાસ્ત્ર ૪૫૩ સ્તોત્રો ૪૫૪ અર્હન્નીતિ ૪૫૫ આનંદ શંકરભાઈનો અભિપ્રાય ૪૫૬ અનેક જિનમંદિરોની પ્રતિષ્ઠા ૪૫૭ ધર્મશ્રદ્ધા ૪૫૮ અન્ય દર્શનો પ્રત્યે સમભાવ ૪૫૯ પૂર્વ ગ્રંથકારોની પ્રશંસા ૪૬૦-૧ કનૈયાલાલ મુનશીનો મત ૪૬૨-૬ હેમાચાર્યનું શિષ્યમંડળ. રામચંદ્રસૂરિ તેમના ગ્રંથો ૪૬૭ ગુણચંદ્ર ૪૬૮ બાલચંદ્ર ૪૬૯ રામભદ્રકૃત નાટક ૪૭૦ હેમયુગનો પ્રતાપ. ૨૦૩-૨૧૮

વિભાગ ૪ થો

'ભાષા' સાહિત્યનો ઉદય પારા ૪૭૧-૬૬૦ પૃ ૨૧૯-૨૯૬

પ્રકરણ ૧ લું અપભ્રંશ સાહિત્ય.

૪૭૧ હેમાચાર્ય અપભ્રંશના પાણિની ૪૭૨ ગૂજરાતી ભાષાની જનની અપભ્રંશ; ગૂ. ના ત્રણ યુગ; તેનો આરંભ, ૪૭૩ અપભ્રંશ સાહિત્ય મુક્યત્વે જૈનો પાસે ૪૭૪ વિ. ૮ થી ૧૦ મી સદીનું અપભ્રંશ સાહિત્ય. સ્વયંભૂદેવ, ત્રિભુવન સ્વયંભૂ, ધવલ ૪૭૫ વિ. ૧૧ મી સદી મહેશ્વર, ધનપાલ, પુષ્પદંત, શ્રીચંદ્ર, સાગરદત્ત, નયનન્દિ, કનકામર, ૪૭૬ વિ. ૧૨ મી સદી અભયદેવ, સાધારણ, દેવચંદ્ર, વર્ધમાન, લક્ષ્મણ, જિનદત્ત, ધાહિલ, મુનિચંદ્ર ૪૭૭ સં. ૮૩૫ ની કુવલયમાલા. અઢાર દેશીભાષા-સૌરાષ્ટ્ર, લાટ, ગૂર્જર દેશની બોલીઓ ૪૭૮ વિ. ૧૩ મી સદી યોગીન્દ્ર, માઇલ્લધવલ, હરિભદ્ર, વરદત્ત, રત્નપ્રભ. ૨૨૦-૨૨૩

પ્રકરણ ૨ જું સોલંકી વંશનો સમય (અનુસંધાન) સં. ૧૨૩૦ થી સં. ૧૨૯૯

૪૭૯ અજયપાલ અને જૈનો ૪૮૦ મંત્રી યશઃપાલ ૪૮૧ નરપતિ ૪૮૨ પ્રદ્યુમ્ન સૂરિ ને જિનપતિ સૂરિ. ૪૮૩ રત્નપ્રભ સૂરિ ૪૮૪ મહેશ્વર સૂરિ ૪૮૫ મૂલરાજ તથા ભોળોભીમ ૪૮૬ જગદેવનો આબૂ પર ઉદ્ધાર આદિ ૪૮૭ હેમપ્રભ સૂરિ, માણિકયચંદ્રસૂરિ, પરમાનંદ સૂરિ ૪૮૮ દંડનાયક સોભનદેવ, મુદ્રાધિકારી રત્નસિંહ. ૪૮૯ દેવભદ્રસૂરિ ને તેના શિષ્ય સિદ્ધસેનસૂરિ ૪૯૦ આડસ શ્રાવક મહાકવિ ૪૯૧ ઉદયપ્રભસૂરિ, પૃથ્વીચંદ્ર, ૪૯૨ ઉદયસિંહ ૪૯૩ નેમિચંદ્ર ભંડારી શ્રાવક ૪૯૪ મલયપ્રભ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૯૫ તિલકાચાર્ય, ધર્મઘોષ, દેવેન્દ્રસૂરિઓ ૪૯૬ વાયડ ગચ્છના જિનદત્ત અને જીવદેવસૂરિ ૪૯૭ ગુણવલ્લભ, અજીતદેવ, હરિભદ્ર, પૂર્ણભદ્ર. ૪૯૮ વિજયપાલ કવિ ૪૯૯ બે ભાઈઓ-અંબડ મંત્રી અને આલ્હાદન દંડનાયક, વર્ધમાનસૂરિ ૫૦૦ તાડપત્રની પ્રતો ૫૦૧ રાજા પ્રલ્હાદનદેવ-પાલણપુર સ્થાપક, ૫૦૨ જુઓ વસ્તુપાલ યુગ ૫૦૩-૪ અપભ્રંશ સાહિત્ય-૧૩મી સદીનું. રત્નપ્રભ, સોમપ્રભ, મહાકવિ અમરકીર્તિ-નાગરકુલ, જયદેવ. ૫૦૫ જૂની ગૂજરાતીનું સાહિત્ય. શાલિભદ્રસૂરિ, નેમિચંદ ભંડારી, ધર્મ વિજયસૂરિ, મંગલસૂરિ. પૃ. ૨૨૪-૨૩૧

પ્રકરણ ૩ જું. વસ્તુ-તેજયુગ સં. ૧૨૭૫ થી સં. ૧૩૦૩

વસ્તુપાલનું આત્મવૃતાંત, સોમેશ્વરકૃત પ્રશસ્તિ ૫૦૬ મહામાત્ય વસ્તુપાલ - તેજપાલ ૫૦૭ હિંદુ સંસ્ક-તિના રક્ષક અને અન્ય સંસ્કૃતિ પ્રત્યે આદરવાળા, ૫૦૮ વિદ્વન્માન્ય વસ્તુપાલ, રાજકાર્યદક્ષ તેજપાલ ૫૦૯ પૂર્વવૃતાત ૫૧૦ જન્મ-મંત્રીઓ ૫૧૧ ભોળાભીમની નિર્બળતા ૫૧૨ વીરધવલની પસંદગી ૫૧૩ રાજકુશલ મંત્રીઓ ૫૧૪-૫ લડાયક યોદ્ધો-યુદ્ધવીર વસ્તુપાલ ૫૧૬ બંનેની દક્ષશ્રતા ૫૧૭ તેજપાલ પણ યોદ્ધો ૫૧૮ યવનો સાથે સંગ્રામ ૫૧૯ ભદ્રેશ્વરના ભીમસેન સાથે યુદ્ધ ૫૨૦ કુટુંબ-પરિવાર. ૫૨૧ 'દશા' વણિકોની ઉત્પત્તિ ૫૨૨-૫ ધનપ્રાપ્તિ-સુકૃત્યોમાં વ્યય, સૈયદનું દ્રવ્ય વગેરે; સર્વધર્મનાં મંદિરો. ૫૨૬ લૂણિગ-વસહિ, આબૂ ૫૨૭ સુકૃત્યોની નોંધ ૫૨૭ ક અન્ય ધર્મ સંબંધીનાં સુકૃત્યોની નોંધ. ૫૨૮ ભરૂચશકુનિકા વિહાર ૫૨૯ મહાયાત્રા ૫૩૦ એક કવિની અન્યોક્તિ. પૃ. ૨૩૨-૨૪૫

પ્રકરણ ૪ થું. વસ્તુ-તેજયગુમાં સાહિત્ય પ્રવૃત્તિ સં. ૧૨૭૫ થી સં. ૧૩૦૩

વસ્તુપાલની ઉક્તિઓ ૫૩૧-૪ વિદ્વાન-કવિ, કાવ્યપરીક્ષક અને કવિઓનો ભોજ વસ્તુપાલ, નિરભિમાન, પુસ્તક બંડારો, કવિઓનો આશ્રયદાતા ૫૩૫-૬ રાજકવિ સોમેશ્વર સોમશર્મા ૫૩૭ હરિહર ૫૩૮ સુભટ ૫૩૯ નાનાક ૫૪૦ જૈન-બ્રાહ્મણ વચ્ચે પ્રીતિ ૫૪૧શૈવ સંપ્રદાય ને વિષ્ણુભક્તિ ૫૪૨-૩ અરિસિંહ ૫૪૪-૬ અમરચંદ્રસૂરિ, તેમના ગ્રંતો ૫૪૭ 'લઘુભોજરાજ' વસ્તુપાલ ૫૪૮-૫૧ બાલચંદ્રસૂરિ ૫૫૨ જયસિંહસૂરિ ૫૫૩ ઉદયપ્રભસૂરિ ૫૫૪ વસ્તુપાલનો પુસ્તકસંગ્રહ, ૫૫ તેની અન્ય વિદ્વાનોને પ્રેરણા ૫૫૬-૭ નરચંદ્રસૂરિ, ૫૫૮ તેના ગુરૂ દેવપ્રભસૂરિ ૫૫૯ 'કવિન્દ્રબંધુ' યશોવીર મંત્રી ૫૬૦-૧ આ યુગમાં તાડપત્ર પર લખાયેલી પ્રતો ૫૬૨- ૩ મણિકયચંદ્રસૂરિ, તિલકાચાર્ય, અભયદેવ આદિ ગ્રંથકારો ૫૬૪ વિનયચંદ્રસૂરિ ૫૬૫ તપાગચ્છસ્થાપક જગચ્ચંદ્રસૂરિ ૫૬૬ સંઘપતિ પૂનડ, સર્વદેવસૂરિ, ૫૬૭ જિનપાલ ઉ. ૫૬૮ દિ. પંડિત આશાધર, ૫૬૯ મહેંદ્રસૂરિ ૫૭૦ પદ્મપ્રભ ૫૭૦ સુમતિ ૫૭૧ ગુણાકર, દેવેન્દ્ર ૫૭૨ તેમના યુગ સંબંધી પ્રો. આનંદશંકર ૫૭૫ તેમજ સ્વ. ચીમનલાલ દલાલ. જૈનોનો ગૂજરાત પર ઉપકાર. પૃ. ૨૪૬-૨૬૪

પ્રકરણ ૫ મું વાઘેલા વંશનો સમય સં. ૧૩૦૦ થી ૧૩૫૬

૫૭૬ વિશલદેવ, ૫૭૭ તપાગચ્છમાં મતભેદ-બે પક્ષો ૫૭૮ દાનવીર જગશાહ ૫૭૯ ઉદયનમંત્રીના પ્રપૌત્ર સલખણ ૫૮૦ પેથડમંત્રી ૫૮૧ તેણે કરાવેલા ૮૪ મંદિર ૫૮૨ તેનો પુત્ર ઝાંઝણ ૫૮૩ ત. દેવેન્દ્રસૂરિ અને તેમના ગ્રંથો ૫૮૪-૫ આ સમયમાં લકાયેલ તાડપત્રની પ્રતો ૫૮૬ સર્વાનંદ, પરમાનંદ, યશોદેવ ૫૮૭ તાડપ્રતો, અજિતપ્રભ, ૫૮૮ પૂર્ણકલશ, ૫૮૯ અભયતિલક ૫૯૦ ચંદ્રતિલક ૫૯૧ વિદ્યાનંદ ૫૯૨ જિનેશ્વર, જયમંગલ, ૫૯૩ પ્રબોધચંદ્ર ૫૯૪ ધર્મતિલક, મુનિદેવ, સિંહતિલક, નરચંદ્ર, ૫૯૫ પ્રદ્યુમ્નસુરિ, ૫૯૬ વિનયચંદ્ર, રત્નપ્રભ, પ્રબોધમૂર્તિ-જિનપ્રબોધ, સોમચંદ્ર ૫૯૭ ધર્મઘોષ, સોમપ્રભ, ૫૯૮ ક્ષેમકીર્ત્તિ, માનતુંગ, ધર્મકુમાર, વિવકસાગર ૫૯૯ પ્રભાવક ચરિતકાર પ્રભાચંદ્ર ૬૦૦ માલચંદ્ર, માણિક્ય, ૬૦૧ મલ્લિષેણ, ૬૦૨ પ્રસિદ્ધ ગ્રંથકાર જિનપ્રભ-સૂરિ વિવિધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થકલ્પ, ૬૦૩ તેની ઐતિહાસિકતા, ૬૦૪ સ્તવનો, રાજશેખર, ૬૦૫ કાગળોનો ગૂજરાતમાં પ્રવેશ, ૬૦૬ અપભ્રંશ સાહિત્ય-જિનપ્રભ, ૬૦૭ જૂની ગૂજરાતીમાં સાહિત્યકવિઓ વિનયચંદ્ર, સોમમૂર્ત્તિ, જગડુ, પદ્મ, ૬૦૮ ગૂ. ગદ્યકૃતિઓ ૬૦૯ બાલશિક્ષા કર્ત્તા સંગ્રામસિંહ ૬૧૦ ગૂર્જરદેશના હિન્દુ રાજ્યનો અંત. મુસલમાનો ૬૧૧ ત્યારસુધી જૈન પંડિતોની અપૂર્વ સાહિત્ય સેવા. પૃ. ૨૬૫-૨૭૮

પ્રકરણ ૬ ઠું ગુજરાતમાં મુસલમાનો. સં. ૧૩૫૬ થી ૧૪૦૦.

૬૧૨-૧૫ મુસલમાનો આવ્યે ગૂર્જરભૂમિની થયેલી સ્થિતિ ૬૧૬ ભાષા ગદ્યકૃતિઓ-બાલાવબોધો ૬૧૭ જૈનોનું ભાષાસાહિત્ય, ૬૧૮ અલાઉદીન ખીલજી - ગુજરાત આદિ પર જીત ૬૧૯ અલપખાનસૂબો જૈન મંદિરોનો ભંગ ૬૨૦-૨ શંત્રુજય તીર્થોદ્ધારક-સમરસિંહ ૬૨૩-૬ આબુ તીર્થનોઉદ્ધાર, મંદિર, પ્રતિમાઓ ૬૨૭ સાહિત્ય પ્રવૃત્તિ-મેરૂતુંગકૃત ઐ. પ્રબંધ ચિતામણી ૬૨૮ પ્રબંધો ૬૨૯ ઐ. સ્થવિરાવલી તેમજ બીજા ગ્રંથો ૬૩૦ વિદ્યાકર, ફેરૂનાં વાસ્તુસાર અને જ્યોતિઃસારાદિ, કમલપ્રભ, સોમતિલક ૬૩૧ સુધાકલશનું સંગીતોપનિષત્ અને તેનો સાર ૬૩૨ જિનકુશલસૂરિ, લબ્ધિનિધાન ૬૩૩ રૂ. સોમતિલકસૂરિ, પ્રભાનંદ, રત્નદેવ ૬૩૪ તાડપત્ર પર લખાયેલ પ્રતો ૬૩૫ શ્રીતિલક, શ્રીચંદ્ર, ૬૩૬ સર્વાનંદસૂરિનું જગડૂચરિત, ભુવનતુંગ, ૬૩૭ જુની ગુજરાતીનું સાહિત્ય-ગદ્યકૃતિઓ ૬૩૮ પ્રજ્ઞાતિલક શિષ્ય, ૬૩૯ અંબદેવકૃત સમરારાસો, જિનપદ્મ ૬૪૦ સોલણું. પૃ. ૨૭૯-૨૮૭

પ્રકરણ ૭ મું ગુજરાતમાં મુસલમાનો. સં. ૧૪૦૧ થી ૧૪૫૬

૬૪૧ ઐ. બનાવો ૬૪૨ રાજશેખરકૃત ઐ. ચોવીસ પ્રબંધોનો પ્રબંધોકોષ, તથા અન્ય ગ્રંથો ૬૪૩ ગુણસમૃદ્ધિ મહત્તરા, મેરૂતુંગ ૬૪૪ મુનિભદ્ર, ૬૪૫ ભાવદેવ ૬૪૬ જયસિંહ સૂરિકૃત હમ્મીર મહાકાવ્ય ને અન્ય ગ્રંથો ૬૪૭ ગુણકાર, મહેંદ્રપ્રભ, મલયેંદુ, ૬૪૮ રત્નશેખર, ૬૪૯ દેવેન્દ્ર, ૬૫૦ જયશેખરસૂરિ ૬૫૧ મેરૂતુંગસૂરિ, મહેંદ્રપ્રભ ૬૫૨ દેવસુન્દરસૂરિના આચાર્યશિષ્યો ૬૫૩ જ્ઞાનસાગર, કુલમંડન, મુનિસુંદર, દેવમૂર્તિ, સાધુરત્ન, ક્ષેમંકર ૬૫૪ નયચંદ્રકૃત હમ્મીર મહાકાવ્ય ને અન્ય કૃતિઓ ૬૫૫ આ સમયમાં લખાયેલી તાડપત્રની પ્રતો ૬૫૬ જૂની ગુજરાતીનું સાહિત્યૃતરૂણ પ્રભનો બાલાવબોધ ૬૫૭ જૂની ગુજરાતીનું કાવ્યસાહિત્ય-રાજશેખર, વિજયભદ્ર, વિનયપ્રભ, હરસેવક, જિનોદય, જ્ઞાનકલશ, વિદ્ધણુ, મેરૂનંદન, દેવસુંદર, દેવસુંદરશિષ્ય, મુનિસુંદર, વસ્તિગ, સાધુહંસ, ૬૫૮ કુમમંડનકૃત મુગ્ધાવબોધ ઔકિતક, ૬૫૯ અમદાવાદ-રાજધાની ૬૬૦ જૈન સાધુઓનું શારદાસેવન-સ્વ. રણજિતરામ. કેટલાક ગ્રંથો પૃ. ૨૮૮-૨૯૬

વિભાગ ૫ મો

'ભાષા' સાહિત્યનો મધ્યકાલ પારા. ૬૬૧-૭૮૭ પૃ. ૨૯૭-૩૫૦

પ્રકરણ ૧ લું સોમસુંદર-યગુ. સં. ૧૪૫૬-૧૫૦૦

સોમસુંદરસૂરિનું વૃતાંત ૬૬૧ તે સૂરિનો જન્મ, દીક્ષા આદિ ૬૬૨ આચાર્યપદ ૬૬૩ સોમસુદરયુગ ૬૪૪ વડનગર અને ઈડરમાં સૂરિજી, તારંગાની પ્રતિષ્ઠા, દેલવાડા, અમદાવાદનો પાતસહમાન્ય ગુણરાજ સંઘવી. ચિતોડનો જૈન કીર્તિસ્તંભ ૬૬૫ મહુવા, પાટણ, દેલવાડામાં વિહાર, રાણપુર-રાણકપુર મંદિરનો નિર્માતા ધરણા સા. ૬૬૬ અન્ય કાર્યો-મંદિર પ્રતિષ્ઠા, તીર્થયાત્રા વેગેર ૬૬૭ જેસલમેરમાં લક્ષ્મણ વિહાર ૬૬૮ સ્થાપત્યકલા-અમદાવાદ ને રાણકપુર ૬૬૯ લેખનકલાનો વિકાસ, પુસ્તક સંગ્રહ, મોઢ જ્ઞાતિનો પર્વત ૬૭૦ આ યુગમાં લખાયેલી તાડપત્રપરની પ્રતો. પૃ. ૨૯૭-૩૦૪

પ્રકરણ ૨ જું સોમસુન્દર-યગુમાં સાહિત્ય પ્રવૃત્તિ.

સોમસુંદર સંબંધી મુનિસુદંર ૬૭૨ ગુણરત્નસૂરિ-તેમના ગ્રંથો ૬૭૩ સોમસુદંરનો શિષ્યપરિવાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૭૪-૫ મુનિસુંદરસૂરિ ૬૭૬ જયચંદ્રસૂરિ ૬૭૭ ભુવનસુંદરસૂરિ ૬૭૮ જિનકીર્તિસૂરિ ૬૭૯ રત્નશેખરસૂરિ ૬૮૦ અન્ય શિષ્ય પ્રશિષ્યાદિ ૬૮૧ માણિક્ય સુંદરસૂરિ, ૬૮૨ માણિક્યશેખર સૂરિ, ૬૮૩ દેવમૂર્ત્તિ ૬૮૪ તાડપત્રની પ્રત ૬૮૫ હર્ષભૂષણ, જિનસુંદર ૬૮૬ ચારિત્રસુંદર ૬૮૭ રામચંદ્રસૂરિ ૬૮૮ શુભશીલકૃત કથાસાહિત્ય. ૬૮૯ ઐતિહાસિક ગ્રંથો ૬૯૦ કીર્તિરાજ, ધીરસુંદર, ૬૯૧ સોમસુંદરસૂરિ કૃત ગ્રંથો. પૃ. ૩૦૫-૩૧૧

પ્રકરણ ૩ જું આ યુગમાં ખરતર ગચ્છીયની ખાસ સેવા, અને ગુજરાતી સાહિત્ય સં. ૧૪૫૬ થી ૧૫૧૦

૬૯૨-૩ ખ. જિનભદ્રસૂરિ-તેમણે સ્થપાવેલ અનેક જ્ઞાનકોશ, ૬૯૪ જિનવર્દ્ધન ૬૯૫-૬ જયસાગર-ગ્રંથો અને પુસ્તક લિખાપન ૬૯૭ જિનસાગર, ધર્મચંદ્ર, મંત્રીમંડન અને તેના ગ્રંથો, મંડનો આત્મવૃતાંત ૬૯૮-૭૦૧ મંડન મંત્રીના પૂર્વજો, ૭૦૨-૩ મંડન મંત્રી, ૭૦૪ મંડનના ગ્રંથો ૭૦૫ ધનદ અને તેનાં ત્રણ શતકો ૭૦૬ સિદ્ધાન્ત-કોશ, ૭૦૭ અપભ્રંશ સાહિત્ય-જયશેખ, હેમસાર, વિસાલરાજ. ૭૦૮ ગુજરાતી ભાષાસાહિત્ય-ગદ્ય કૃતિઓ ૭૦૯ ગુજરાતી કાવ્યસાહિત્ય જયશેખર, સોમસુંદર, હીરાનંદ, જયસાગર, માંડણ શ્રાવક, ચંપો, દેવરત્નસૂરિ શિ, સાધુકીર્તિ, તેજવર્દ્ધન, મંડલિક, સર્વાનંદ, જયવલ્લભ, રત્નમંડન, ૭૧૦ નરસિંહ મહેતાને ગૂર્જર 'આદિ કવિ' હવે નહિ કહી શકાય. ૭૧૧ તેની પહેલાનું ગૂજરાતી સાહિત્ય, ૭૧૨-૪ જયશેખરકૃત પ્રબોધ ચિંતામણી રૂપક કાવ્ય સં. ૧૪૬૨, ૭૧૫ તેમાંના છંદો, માણિક્યસુંદરકૃત ગદ્યમાં પૃથ્વીચંદ્ર ચરિત્ર ૭૧૭ પદ, માર્ગ, દેશી, 'પ્રભાતિયાં' ૭૧૮ ગૂ. જૈન કવિઓના કાવ્યનમુના અપાયા નથી તનું કારણ. પૃ. ૩૧૨-૩૨૧

પ્રકરણ ૪ થું. વિક્રમ સોળમુ શતક સં. ૧૫૦૧-૧૬૦૦

ઐતિહાસિક ઘટનાઓ.

ગુરૂગુણરત્નાકાર કાવ્યમાંથી મંગલાચરણ ૭૧૯ રાણાકુંભાનો ભંડારી વેલાક, ચિતોડ શૃંગારચાવડી-સિંગારચૌરી, રાણાજીનું કર ન લેવાનું વ્યવસ્થાપત્ર, જાનાગઢનો માંડલકિ રાજા, ખંભાતનો શાણ રાજ ૭૨૦ વાણીઆના દશા-વીસા ભેદ ૭૨૧ લક્ષ્મીસાગર સૂરિનું ચરિત્ર ૭૨૨ દેવગિરિના ધન્યરાજ અને નગરાજ, સંઘવી ગદો, ડુગર અને સંડો ૭૨૦ અમદાવાદનો મંત્રી કર્મણ સંઘવી, સીરોહીનો કીમો સંઘવી ૭૨૪ ઇડરમાં લક્ષ્મી સાગર સૂરિ ૭૨૫ સીરોહીના મંત્રીઓ. સં. સહસા ૭૨૬ માંડવગઢના સં. વેલો ૭૨૭ પિંપલપુરને દેવાસના સંઘવીઓ ૭૨૮-૯ માંડવના 'માફરમલિક' મેઘમંત્રી તથા બીજા સંઘપતિઓ ૭૩૦ કમલસંયમ, શ્રીમાલી મલ્લરાજ, જિનસમુદ્ર, શ્રીમાલી દેવોનો જ્ઞાનકોશ, ૭૩૧ એક વાણિયો શાહ, બીજો પાદશાહ'-ખેમો હડાલીઓ, ઓસવાલ મંત્રી નગરાજ. ૭૩૨ કર્માશાહનો શત્રુંજયનો ઉદ્ધાર ૭૩૩-૫ તેની હકીકત. પૃ. ૩૨૫-૩૩૨

પ્રકરણ ૫ મું સોળમા શતકમાં સંપ્રદાયની છિન્નભિન્નતા.

સુક્તિમુકતાવલીનાં અવતરણ ૭૩૬ અમદાવાદમાં લોકાંશાહ, મૂર્તિપૂજાનિષેધ ૭૩૭ ભાણાથી પ્રતિમાનિષેધ, બીજો ને તેનો મત, ઢૂંઢિયા-સ્થાનકવાસી ૭૩૮ કડવો-કડવા મત-સાધુ નિષેધ ૭૩૯પાશ્ચચંદ્ર-તેનો ગચ્છ. ૭૪૦ શિથિલાચાર સામે કડક આચાર, વૈષ્ણવ સંપ્રદાયનો પ્રવેશ ૭૪૧ તે વૈષ્ણવ મતની ટુંકી વિગત ૭૪૨ આનંદવિમલ સૂરિનો ક્રિયોદ્ધાર ૭૪૩ ધર્મની છિન્નભિન્નતા મુસલમાનોની મૂર્તિભંજકતા, મહમદ બેગડો, હિંદુઓનો કાળ. પૃ. ૩૩૩-૩૩૬

પ્રકરણ ૬ ઠું સોળમાં શતકમાં સાહિત્યપ્રવૃત્તિ

રઘુવંશટીકામાંથી શારદા સ્તુતિ ૭૪૪ તપોરત્ન ને ગુણરત્ન ૭૫૫ પાટણના શ્રીમાલી પર્વતનું ગ્રંથલિકાપન ૭૪૬ સોમધર્મ ૭૪૭ સોમદેવ, ગુણાકર. ૭૪૮ ચારિત્રવર્ધન ૭૪૯ ઉદયધર્મ, સર્વસુંદર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૫૦ સાધુસોમ, ઋષિવર્ધન, ધર્મચંદ્ર ૭૫૧ સત્યરાજ, હેમહંસ, જ્ઞાનસાગર ૭૫૨ રત્નમંડનનો ભોજપ્રબંધ અને બીજા ગ્રંથો, શુભશીલ, અમરચંદ્ર, સાધુસોમ, સંગ્રામસિંહ, ૭૫૩ પ્રતિષ્ઠાસોમકૃત સોમસૌભાગ્ય, રાજવલ્લભ, આદિ ૭૫૪ સિદ્ધસૂરિ, સત્યરાજ, ભાવચંદ્ર, વિનયભૂષણ, લક્ષ્મીનિવાસ, સોમચારિત્રકૃત ગુરૂ ગુણરત્નકરકાવ્ય, ૭૫૫ સાધુ વિજય, સર્વવિજય, શુભવર્દન, જિનમાણિક્ય. ૭૫૬ કમલસંયમ, ઉદયસાગર ૭૫૭ કીર્તિવલ્લભ, ઈંદ્રહંસ, લબ્ધિસાગર, ૭૫૮ તિલક, સિદ્ધાંતસાગર, અનંતહંસ, વિનયહંસ, સોમદેવ, સૌભાગ્યનંદિ, વિદ્યારત્ન, ગજસાર; ૭૫૯ પર્વત, અરસિંહ રાણો ૭૬૦ જિનહંસ, સહજસુંદરહ, હર્ષકુલ, ૭૬૧ લઠ્મીકલ્લો, ૭૬૨ હૃદયસૌભાગ્ય, ૭૬૩ અપભ્રંશ સાહિત્ય-રત્નમંડન, યશઃકીર્તિ સિંહસેન-રઇધુ, જયમિત્ર, દેવનન્દિ. પૃ. ૩૩૭-૩૪૨

પ્રકરણ ૭ મું સોળમી સદીનું ગુજરાતી સાહિત્ય.

૭૬૪-૫ ગૂજરાતી ગદ્ય સાહિત્ય, ૭૬૬-૭૬૯ ગૂજરાતી જૈન કવિઓનું કવિતા સાહિત્ય ૭૭૦ લાવણ્યસમય-યુગ ૭૭૧-૩ તેમની કૃતિઓ ૭૭૪ અન્ય ભાષા કવિઓ ૭૭૫-૭ જૈન પૌરાણિક ગૂ. સાહિત્ય ૭૭૮ રસિક કાવ્ય-પ્રેરક નમિનાથ અને સ્થૂલભદ્ર ચરત્રો, ૭૭૯ જૈન દર્શનનાં તત્વો પર કાવ્યો ૭૮૦ સંવાદ ૭૮૧ લોકકથાનું સાહિત્ય ૭૮૩ ઐતિહાસિક તેમજ લોકસાહિત્યના ખેડનાર જૈનો-શામળભટ્ટ પૂર્વે ૭૮૩ જૈન મહાપૂરૂષો ૫, તીર્થોપર કાવ્યો ઐ. મહત્વ ૭૮૪ ભાષાંતરો ૭૮૫ આ શતક ના જૈનેતર કવિઓ ૭૮૬-૭ હીરવિજયસૂરિનો ઉદય સમયસ્થિતિ. કેટલાક પ્રકાશનો પૃ. ૩૪૩-૩૫૦

વિભાગ ૬ ઠ્ઠો

હૈરક યુગ (સં. ૧૬૦૧ થી ૧૭૦૦) ભાષા સાહિત્યનો મધ્યકાલ પાર ૭૮૮-૯૧૨

પૃ. ૩૫૧-૪૦૪

પ્રકરણ ૧ લું હીરવિજય સૂરિનું વૃતાંત.

૭૮૮ તે સંબંધીનાં સાધનો ૭૮૯-૯૫ હીરવિજયનું વૃતાંત મુખ્યત્વે હીરસૌભાગ્યકાવ્ય પરથી, જન્મ, દીક્ષા, આચાર્યપદ, શિષ્યાદિ. પૃ. ૩૫૧-૩૫૬

પ્રકરણ ૨ જું અકબરના દરબારમાં હીરવિજયસૂરિ અને બીજાઓ.

હેમવિપજયકૃત લેખપ્રશસ્તિમાંથી અવતરણ ૭૯૬-૭ અકબર સાથે મેળાપ, પુસ્તકોની ભેટ ૭૯૮ સોરીપુરની યાત્રા, અબલ ફૈજ ૭૯૯ અકબર બાદશાહનું જીવવધબંધનું ફરમાન 'જગદ્‌ગુરૂ' નું બિરૂદપ્રદાન, ૮૦૦ બાવનગજા યાત્રા, વિહાર આદિ ૮૦૧ અકબરનાં બીજાં વધુ ફરમાનો, ૮૦૨ ભાનુચંદ્ર ઉ. ૮૦૩-૪ વિજયસેનસૂરિ, નંદવિજય, બાદશાહનાં વધુ ફરમાન, ૮૦૫ 'સવાઈ' વિજયસેનસૂરિ ૮૦૬ હીરવિજયસૂરિની શત્રુંજય પર પ્રતિષ્ઠા, ઉનામાં સ્વર્ગ. ૮૦૭ શાતિચંદ્ર કૃત કૃપારસકોશ ૮૦૮ ભાનુચંદ્ર-સિદ્ધિચંદ્ર, ભાનુચંદ્રના ગ્રંથો ૮૦૯ વિજયસેન સૂરિનો વિશેષ પરિચય, ૮૧૦ ખ. જિનચંદ્રસૂરિ ૮૧૧-૧૩ જૈનધર્મની અકબર પર અસર, ૮૧૪ અબુલ ફજલની આઇને અકબરીમાં વિદ્વાન પૈકી જૈનો, બદાઉનીનો ઉલ્લેખ, અકબરની રાજસભામાં જૈનો ૮૧૭-૮ અકબર સાથે જૈનોનો પરિચય કાલ. પૃ. ૩૫૭-૩૬૭

પ્રકરણ ૩ જું કેટલીક ઐતિહાસિક વ્યક્તિઓ અને ઘટનાઓ.

જગદ્‌ગુરૂ કાવ્યને વિજયદેવસૂરિ-મહાત્મયનાં અવતરણો ૮૧૯-૨૧ ધર્મસાગર ૮૨૨-૪ વિવેકહર્ષ ૮૨૫ ભામાશાહ પ્રતાપરાણાના મંત્રી, ૮૨૬ તેનો ભાઇ તારાચંદ, ૮૨૭ આનંદવિજય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખંભાતનો તેજપાલસોની આગ્રાના કોનપાલ-સોનપાલ ભાઈઓ ૮૨૮ જામનગરના વર્ધમાનને પદ્મસિંહ ૮૨૯-૩૦ વિજયદેવસૂરિ તથા વિજયસિંહસૂરિ ૮૩૧ તપાગચ્છમાં ખળભળાટ, બે પક્ષો-'દેવસૂરિ' ને 'આણંદસૂર' ૮૩૨ પ્રતિષ્ઠાઓ ૮૩૩-૪ અમદાવાદના શાંતિદાસ શેઠ ૮૩૪ હીરવિજયસૂરિ એક જૈન પ્રભાવક. પૃ. ૩૬૮-૩૭૩

પ્રકરણ ૪ થું ખરતર જિનચંદ્રસૂરિ અને ખરતરોની સેવા.

કર્મચંદ્ર વંશાવલી પ્રબંધનું અવતરણ ૮૩૬ બીકાનેરના કર્મચંદ્રમંત્રી ૮૩૭ તેનું વૃત્તાંત, સિરોહી પર જીત ૮૩૯-૪૦ તે અને અકબર બાદશાહ ૮૪૧ ખતરત જિનચંદ્રસૂરિ ૮૪૩-૪ માનસિંહ જિનસિંહસૂરિ ૮૪૫ જહાંગીરનો હુકમ રદ કરાવ્યો ૮૬૪ ખ. જિનરાજસૂરિ ૮૪૭ સમય સુંદર ૮૪૮ ૫૦ બનારસીદાસ તેનો વૃતાંત અધ્યાત્મી જીવન. પૃ. ૩૭૪-૩૭૯

પ્રકરણ પમું સત્તરમા શતકની સાહિત્ય પ્રવૃત્તિ સંસ્કૃત પ્રાકૃત સાહિત્ય.

વિજયપ્રશસ્તિનું અવતરણ ૮૫૧ ઉદયધર્મ, રત્નાકર, જિનચંદ્ર, સાધુકીર્તિ જ્ઞાનપ્રમોદ, હીરકલશ ૮૫૨-૫૩ ધર્મ સાગર ઉપાધ્યાયના ગ્રંથો ૮૫૪ બ્રહ્મમુનિ ૮૫૫ વાનરઋષિ વિજય વિમલ ૮૫૬ નયરંગ આદિ ગ્રંથકારો ૮૫૭ ચંદ્રકીર્તિ ૮૫૮ સકલચંદ્ર ૫૮૯ હેમવિજય ને તેમના ગ્રંથો ૮૬૦ વીરભદ્ર, પદ્મસાગર ૮૬૧ રવિસાગર ૮૬૨ પુણ્યસાગર, પદ્મરાજ, ૮૬૩ જયસોમ, ૮૬૪ સમયસુંદરના ગ્રંથો, ૮૬૫ ગુણવિનયના ગ્રંથો ૮૬૬ ઉદયસિંહ, કલ્યાણરત્ન, ૮૬૭ ગુણવિજય, હીરપ્રસ્ન, કીર્તિવિજય ૮૬૮ ઉદયસિંહ, કલ્યાણરત્ન, ૮૬૭ ગુણવિજય, હીરપ્રશ્ન, કીર્તિવિજય ૮૬૮ શાંતિચંદ્ર, ૮૬૯ દેવવિજય, વિનયકુશલ ૮૭૦ કલનકકુશલ, ૮૭૧ જ્ઞાનવિમલ , વલ્લભ. પૃ. ૩૮૦-૩૮૭

પ્રકરણ ૬ ઠું સંસ્કૃત-પ્રાકૃત સાહિત્ય (અનુસંધાન)

હીરસૌભાગ્યનું અવતરણ ૮૭૨ હર્ષકીર્તિ ૮૭૩ નગર્ષિ, દેવવિજય ૮૭૪ જ્ઞાનતિલક, બુદ્ધિવિજય, હંસપ્રમોદ, આનંદવિજય, મેરૂ વિજય, ૮૭૫ શુભવિજય ૮૭૬ દેવવિજય, જયવિજય ૮૭૭ ભાનુચંદ્રના ગ્રંથો ૮૭૮ સિદ્ધિચંદ્રના ગ્રંથો, ૮૭૯ માનસાગર, હર્ષનંદન ૮૮૦ રત્નચંદ્ર ૮૮૧ સાધુસુંદર, ૮૮૨ તેજપાલ, સંઘવિજય, ચારિત્રસિંહ, રૂપચંદ્ર, દેવવિમલકૃત હીર-સૌભાગ્ય મહાકાવ્ય, ૮૮૩ સુમતિહર્ષ, જયવિજય, રાજચંદ્ર ૮૮૪ સહજકીર્તિ, શ્રીસાર ૮૮૫ ઉદયકીર્તિ, શ્રુતસાગર, રાજસુંદર ૮૮૬ દેવસાગર, ગુણવિજય, ૮૮૭ ભાવવિજય ૮૮૮ ધનરાજ ૮૮૯ કાલિદાસનાં કાવ્યોના ટીકાકારો મહિમસિંહ, શ્રીવિજય; જિનવિજય, વિનયવિજય ૮૯૦ હિતરૂચિ, માણિક્યચંદ્ર, દાનચંદ્ર, ધનવિજય, પદ્મસાગર, નયકુંજર. પૃ. ૩૮૮-૩૯૩

પ્રકરણ ૭ મું મધ્યકાલીન (૧૭ મા શતકનું) ગૂર્જર સાહિત્ય.

કેટલાંક અવતરણો ૮૯૧-૩ ગૂજરાતી ગદ્યસાહિત્ય-બાળાવબોધો ૮૯૪ સ્વતંત્ર ગદ્ય ગ્રંથો ૮૯૫ ગૂજરાતી કાવ્ય સાહિત્ય ૮૯૬ આ શતકનાં ગૂર્જર કવિઓની નામાવલી-તેમના કાવ્યકાલનાં વર્ષો સહિત ૮૯૭ ભક્તિમાર્ગની અસર-ભક્તિપ્રેરક સાહિત્ય ૮૯૮-૯૦૦ લોકકથાસહિત્ય, તેના નાયકો, ૯૦૧ તે સાહિત્યમાં જૈનોનો ફાળો ૯૦૨ Lyrics (ઉર્મિગીતો) ૯૦૩ ભાવાનુવાદો ૯૦૪ ઐતિહાસિક સાહિત્ય ૯૦૫ Romance અને Ballad-રોમાંચકારી વીરરસકાવ્ય અને યુદ્ધગીતો ૯૦૬ રૂપક કાવ્યો, સંવાદ, 'બારમાસ' ૯૦૭ ટુંકી કૃતિઓ ૯૦૮ ખંડનાત્મ કૃતિઓ ૯૦૯-૧૦ રાગો, દેશીઓ, ગીતો ૯૧૧ જૈનેતર વિદ્વાનોની અપેક્ષાએ જૈનોનું પૂર ૯૧૨ આ પ્રતાપવંતું શતક. કેટલાક ગ્રંથો પૃ. ૩૯૪-૪૦૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભાગ ૭ મો

યશોવિજય યુગ (સં. ૧૭૦૧ થી ૧૭૪૩)

'ભાષા' સાહિત્યનો અર્વાચીન કાલ પારા ૯૧૩-૧૦૧૮ પૃ. ૪૦૫

પ્રકરણ ૧ લું યશોવિજય યુગ.

આત્માવૃતાંતનાં તેમની કૃતિમાંથી અવતરણો ૯૧૩-૫ આનંદઘન-પરમ આદ્યાત્મી ને યોગી ૯૧૬ યશોવિજય અને કવિધ સાહિત્યના સ્રષ્ટા ૯૧૭-૯૨૫ 'સુજસવેલી' માંથી તેમનું જીવનવૃતાંત જન્મભૂમિ-માતાપિતા-દીક્ષા કાશીવાસ 'ન્યાયવિસારદ,' આગ્રામાં વિશેષ ન્યાયાભ્યાસ, અવધાન, ડભોઇમાં સ્વર્ગવાસ ૯૨૬ ટુંકી સ્તુતિ. પૃ. ૪૦૭-૪૧૨

પ્રકરણ ૨ જું (અનુસંધાન) સમયજ્ઞ સુધારક ન્યાયશાસ્ત્રી અને યોગવેત્તા યશોવિજય.

તેમના ગ્રંથોમાંથી અવતરણો ૯૨૭ અજોડ વિદ્વાન યશોવિજય ૯૨૮ શ્રુતયોગસંપન્નતા ૯૨૯ સમયજ્ઞ સુધારક યશોવિજય ૯૩૦ જૈન ન્યાયનો ચોથો યુગ નામે ફલ-કાળ ૯૩૧ પ્રખર ન્યાયવેત્તા યશોવિજય ૯૩૨ 'રહસ્ય' અંકિત ગ્રંથો ૯૩૩-૪ યોગવેત્તા યશોવિજય. પૃ. ૪૧૩-૪૧૮

પ્રકરણ ૩ જું અનુસંધાન અધ્યાત્મી યશોવિજય અને તેમના ગ્રંથો.

સુજસવેલિ અને શ્રીપાલરાસમાંથી અવતરણ ૯૩૫-૬ આનંદ ઘન સાથે સમાગમ, અષ્ટપદી ૯૩૭ આનંદઘન ચોવીસીનાં પદો પર પોતાનો બાલવબોધ ૯૧૮-૯ અધ્યાત્મી યશોવિજય જશવિલાસ, અધ્યાત્મસાર, ૯૪૦ પોતાની ભૂમિકા ને ધ્યેય ૯૪૧-૪ તેમના ગ્રંથો, ૯૪૫ પૌર્વાપર્યક્રમ, 'ઐંદ્ર'થી અંકિત પ્રારંભ. પૃ. ૪૧૯-૪૨૪

પ્રકરણ ૪ થું વિનયવિજય મેઘવિજય અને બીજાઓનું સાહિત્ય.

શાંતરસભાવના, મેઘદૂત સમસ્યાલેખનાં અવતરણ ૯૪૬-૮ વિનયવિજય-તેમના ગ્રંથો, અને યશોવિજયના સહાધ્યાયી હોવાની કિવદન્તી બરાબર નથી ૯૪૯ લવજીની લોંકા સંપ્રદાયમાં દીક્ષા, મુખે મુહપતી બાંધી. 'ઢૂંઢીયા' ધર્મદાસ ૯૫૦ સત્યવિજય-ક્રિયોદ્ધાર ૯૫૧-૭ મેઘવિજય, તેમની કૃતિઓ, ઐતિહાસિક, કાવ્યારાત્કૃતિ સમસ્યા પૂર્તિનાં કાવ્યો, લોકસાહિત્ય, વ્યાકરણ, જ્યોતિષ, અધ્યાત્મ સંબંધી ગ્રંથો, ખંડનાત્મક કૃતિઓ ૯૫૮ બીજા ગ્રંથકારોઃ– ૯૫૯ હિતરૂચિ, હર્ષનંદન અને સુમતિકલ્લોલ, શાંતિસાગર, ભાવવિજય, દાનચંદ્ર, જિનવિજય ૯૬૦ કલ્યાણસાગર, વિનયસાગર ૯૬૧ મહિમોદયનો જ્યોતિષગ્રંથ ૯૬૨ યશસ્વત્સાગર (જશવંતસાગર)ના ગ્રંથો ૯૬૩ હસ્તિરૂચિનો વૈદ્યક ગ્રંથ, વૃદ્ધિવિજય, માનવિજય, શાંતિદાસ શ્રીમાલી શેઠ. ૯૬૪ ઉદયચંદ્ર, મતિવર્ધન, લક્ષ્મીવલ્લભ. ૯૬૫ જ્ઞાનવિમલસૂરિ, માનવિજય, લબ્ધિચંદ્ર, રંગવિજયની ગૂર્જર દેશ ભૂપાવલી ૯૬૬ દાનવિજય ૯૬૭ રામવિજય, હંસરત્ન ૯૬૮ ભાવપ્રભસૂરિ ૯૬૯ વિમલસૂરિ, રત્નચંદ્ર, તેજસિંહ ૯૭૦ ભોજસાગર. યશો વિજયનો નયક તુંબ. પૃ. ૪૨૫-૪૩૩

પ્રકરણ ૫ મું અર્વાચીન ગુજરાતી સાહિત્ય. વિક્રમ ૧૮ મું શતક.

આનંદઘનનાં સ્તવનોમાંથી અવતરણ ૯૭૧ જૈન ગૂર્જર કવિઓ-બીજા ભાગનો હવાલો ૯૭૨-૪ ૧૮ મા શતકનું ગૂ. ગદ્ય સાહિત્ય ૯૭૫ ગૂ. કાવ્યસાહિત્ય માટે જૈન ગૂર્જરના કવિઓ બીજા ભાગનો હવાલો ૯૭૬-૭ આ શતકના કવિઓની નામાવલી અને તેમનો કવિત્વકાલ ૯૭૮ તે પૈકીનાં જેમનાં ચરિત્ર પ્રકટ થયાં છે તેનો ઉલ્લેખ ૯૭૯ તે પૈકીનાં જેમનાં ચરિત્ર પ્રકટ થયાં છે તેનો ઉલ્લેખ ૯૭૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોકકથા સાહિત્ય ૯૮૦ પદો-ભક્તિ વૈરાગ્ય પ્રેરિત ટુંકાં ગીતો તથા શલોકા ૯૮૧ 'બારમાસ' ની કૃતિઓ ૯૮૨ ઐ. સાહિત્ય ૯૮૩ દાર્શનિક વિષયપર-આધ્યાત્મ પર કૃતિઓ ૯૮૪ વૈદ્યક પર કૃતિ ૯૮૫ તીર્થો-તીર્થયાત્રાદિનું સાહિત્ય. પૃ. ૪૩૪-૪૪૦

પ્રકરણ ૬ ઠું. વિ. ૧૯ મું અને ૨૦ મું શતક.

આત્મપ્રબોધમાંથી મંગલાચરણ ૯૮૬ શાંતિદાસ શેઠના પ્રસિદ્ધ વંશજો-અમદાવાદના નગરશેઠ ૯૮૭ દુકાળો ૯૮૮ સ્વામિનારાયણ સંપ્રદાયક સ્થાપક સહજાનંદ સ્વામી ૯૮૯ ભીખમજીનો તેરાપંથ ૯૯૦ બાફણા ગોત્રના બહાદરમલ્લ આદિ સંઘપતિઓ ૯૯૧ મોતીશા, શત્રુંજય પરની મોતીસાની ટુંક, સાકરચંદ ને બાલાભાઈની ટુંકો, હઠીસિંગનું પ્રસિદ્ધ દહેરૂં-અમદાવાદ. ૯૯૨ કચ્છના જીવરાજશા, નરસિંહ નાથા, કેશવજી નાયક વગેરે. ૯૯૩ ૧૯મા શતકનું સાહિત્ય. સંસ્કૃતિમાં ગ્રંથકારો-ઉદયસાગર, રામવિજય, મયાચંદ્ર, ફતેન્દ્રસાગર ૯૯૪ વિજય લક્ષ્મીસૂરિ, પદ્મવિજય, ક્ષમાકલ્યાણ ને તેમના ગ્રંથો ૯૯૫ જિનકીર્તિ, કેશવ, ઉમેદચંદ્ર, રૂપવિજય, કસ્તુરચંદ, બાલચંદ અને ઋદ્ધિસાગર ૯૯૬ ગૂજરાતી કવિઓની નામાવલી અને કવિત્વકાલ ૯૯૭ તે પૈકીનાં જીવનવૃતાંતો ૯૯૮ લોકકથા અને ઐ. સાહિત્ય ૯૯૯ ગૂ. ગદ્યસાહિત્ય ૧૦૦૦ વિક્રમ ૨૦ મું શતક (સં ૧૯૦૧ થી ૧૯૬૦) ગૂ. કવિઓ ૧૦૦૧ વિશિષ્ટ નોંધ લેવા લાયક વ્યક્તિઓ ૧૦૦૨ ચિદાનંદજી ૧૦૦૩ હુકમમુનિ, વિજયરાજેંદ્રસૂરિ. પૃ. ૪૪૧-૪૪૯

પ્રકરણ ૭ મું. (૨૦ મું શતક અનુસંધાન) આત્મારામજી (વિજયાનંદસૂરિ)

ડૉ. હૉનલની સં. અર્પણપત્રિકામાંથી અવતર. ગૂ. સ્તુતિ ૧૦૦૪-૫ આત્મારામજીનું વૃંતાત ૧૦૦૬ આત્મારામજી અને ચિકાગો વિશ્વધર્મપરિષદ વગેરે ૧૦૦૭ સ્વર્ગવાસ ૧૦૦૮ તેમના ઉપદેશનાં ફલ ૧૦૦૯-૧૦૧૨ તેમનું વિશિષ્ટત્વ, અને ગુણગાન ૧૦૧૩ વીરચંદ રાઘવજી ગાંધી, તેમના પર ડાહ્યાભાઇ ધોળશાજીનું કાવ્ય ૧૦૧૪ જન્માદિ ૧૦૧૫ ચીકાગોની વિશ્વધર્મ પરિષદ્માં જૈન પ્રતિનિધિ ૧૦૧૬ અમેરિકામાં પ્રચારકાર્ય ૧૦૧૭ બે વખત વિદેશમાં ગમન ને સ્વર્ગવાસ ૧૦૧૮ વીરચંદ અને વિવેકાનંદની તુલના. કેટલાક ગ્રંથો પૃ. ૪૫૦-૪૫૮

વિભાગ ૮ મો.

વિક્રમ વીસમી સદી અને સામાન્ય હકીકત જૈન યુગ. પારા ૧૦૧૯-૧૧૯૫ પૃ. ૪૫૯-૫૪૦

પ્રકરણ ૧ લું પાશ્ચાત્ય કેળવણીનો ઉદય-વીસમી સદી.

ગાંધીજીનું અવતરણ-દાનવીર પ્રેમચંદ રાયચંદ ૧૦૧૯ તેમનું જીવનવૃંતાત અને વ્યાપક સખાવતો ૧૦૨૦ આગગાડીનો ગૂજરાતમાં પ્રવેશ. નાટકકાર ડાહ્યાભાઈ ધોળશાજી. તેમનાં કાવ્યોનાં અવતરણો ૧૦૨૧-૨ તેમનું જીવન ૧૦૨૩ તેમનાં નાટકો ૧૦૨૪ નાટકોનું અવલોકન ૧૦૨૫-૬ નાટકો સંગીત, અભિનય, કલાવિધાન વગેરે. પૃ. ૪૬૧-૪૬૬

પ્રકરણ ૨ જું આધ્યાત્મી ફિલસુફ રાયચંદ કવિ.

તેમનાં અવતરણો ૧૦૨૭ આત્મવૃતાંત ૧૦૨૮ ગ્રંથો ૧૦૨૯ 'કવિ' પણ પ્રધાનપણો ફિલસુફ ૧૦૩૦ નષ્ટ ગ્રંથો ૧૦૩૧ જૈનમાર્ગનો ઉદ્ધાર-હાલની સ્થિતિ ૧૦૩૨ મહાત્મા મોહનદાસ ગાંધી પર પ્રભાવ ૧૦૩૩-૪૧ ગાંધીજીએ આપેલ પરિચય-પોતાની આત્મકથામાંથી અને ખાસ લખેલ 'સંસ્મરણો' માંથી. રાયચંદભાઈનો સર્વ ધર્મ પ્રત્યે આદર ૧૦૪૨ તેમનાં લખાણ ૧૦૪૩ ટેલ્સટય અને રસ્કિન સાથે તુલના, 'કવિ' ના ગુણો ૧૦૪૪ નર્મદાશંકર મહેતાનો અભિપ્રાય ૧૦૪૫ આચાર્ય આનંદશંકર ધ્રુવનો અભિપ્રાય ૧૦૪૬ ગાંધીજી અને રાજચંદ્રની શૈલી. પૃ. ૪૬૭-૪૭૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ ૩ જું સાહિત્ય પ્રકાશકો સંસ્થાઓ. શા ભીમસિંહ માણેક.

પ્રકરણ રત્નાકરમાંથી અવતરણ ૧૦૪૭ ભીમશી માણેક. છપાવવા પ્રત્યે વિરોધ સામે ભીમશીનો પ્રયત્ન ૧૦૪૮ તેના સહાયકો ૧૦૪૯-૫૦ બહાર પાડેલા ગ્રંથો ૧૦૫૧ રાય ધનપતસિંહ બહાદુર. ૧૦૫૨ આગમોનું પ્રકાશન ૧૦૫૩ જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગર, ૧૦૫૪ જૈનપત્રો ૧૦૫૫ મુંબઈ માંગરોળ જૈન સભા, મુંબઈ ૧૦૫૬ જૈન આત્માનંદ સભા ભાવનગર, ૧૦૫૭ જૈન પત્રના સ્થાપક ભગુભાઈ ફ. કારભારી ને તેમની સાહિત્ય સેવા ૧૦૫૮ જૈન શ્વે. કોન્ફરન્સની અમૂલ્ય સેવા ૧૦૫૯ આ સંસ્થાઓ પ્રત્યે જૈન ધનાઢ્યોનું કર્તવ્ય ૧૦૬૦ જૈન સુશિક્ષિતે સાધુદીક્ષા લેવાની જરૂર ૧૦૬૧-૨ જૈનકોમે લક્ષમાં લેવાની બાબતો ૧૦૬૩ વણિક વૃત્તિનો ત્યાગ ઈષ્ટ છે. **પૃ. ૪૭૭-૪૮૫**

પ્રકરણ ૪ થું જૈન ધર્મ-સાહિત્ય-ઈતિહાસ-મુખ્ય સિદ્ધાંતો.

અવતરણો ૧૦૬૪ ભષા વિચારવાહક ૧૦૬૫ લિપિ. ૧૦૬૬ સાહિત્ય ૧૦૬૭ તેનું લખાવવું ૧૦૬૯-૭૦ સમ્યગ્જ્ઞાનપૂર્વક ગ્રંથોનો આશ્રય ૧૦૭૧ ધર્મસાહિત્યનો વિષયવિભાગ ૧૦૭૨ એના અભ્યાસની પદ્ધતિઓ ૧૦૭૩ ઈતિહાસ ૧૦૭૪ ઐતિહાસિક દૃષ્ટિથી વિચારતા વિદેશી પંડિતો ૧૦૭૫ વિદેશી વિદ્વાનોની જૈન સાહિત્ય સેવા ૧૦૭૬ જૈન ધર્મની ઉત્પત્તિ વિષે ભ્રમણાઓ ૧૦૭૭ વિશેષ સાહિત્ય પ્રકાશનથી-શોધખોળથી એ ભ્રમણાઓનો નાશ, ૧૦૭૮ પૂર્વ પશ્ચિમનો સહકાર ૧૦૭૯ ડૉ. હર્મ યાકોબીનું જીવન, તેનો ઉપકાર, ૧૦૮૦ અંગ્રેજીમાં લખાણ અને અંગ્રેજી શિક્ષણ ૧૦૮૧ ઈતિહાસકારની મુંઝવણ ૧૦૮૨ આદરસહિત ઐતિહાસિક દૃષ્ટિની જરૂર ૧૦૮૩-૪ જૈન ચાર મહાસિદ્ધાંતો અહિંસાવાદ, સામ્યવાદ, અનેકાંતવાદ ને કર્મવાદ. જૈન ધર્મની વિશેષતા ૧૦૮૫-૮ અહિંસાવાદ-તેનું સ્વરૂપ 'અહિંસા પરમોધર્મઃ' અને બીજા ધર્મો કરતાં વિશિષ્ટતા ૧૦૮૯-૯૨ સામ્યવાદ, ૧૦૯૩-૪ અનેકાંતવાદ-સ્યાદ્વાદ ૧૦૯૫-૬ કર્મવાદ ૧૦૯૭ આ ચાર સિદ્ધાંતોથી જૈન સાહિત્ય ૧૦૯૮-૧૧૦૦ જૈન ફિલસુફી ૧૧૦૧ જૈન ધર્મનો વિસ્તાર. **પૃ. ૪૮૬-૫૦૨**

પ્રકરણ ૫ મું જૈન સંઘ વ્યવસ્થા-જૈન સંસ્થાઓ.

નંદીસૂત્રમાંથી અવતરણ ૧૧૦૨ સંઘસંસ્થા, ૧૧૦૩ શ્રમણ સંઘ-સાધુસંસ્થા ૧૧૦૪ તેમાં સ્ત્રીને સ્થાન ૧૧૦૫-૭ તે સંસ્થામાં રૂપની આવશ્યકતા. ૧૧૦૮ સાધુનાં ઉપકાર, તેનાં વ્યાપક રૂપની આવશ્યક્તા. ૧૧૦૮ સાધુનાં ઉપકરણ, આચાર, પ્રવેશેલો શિથિલાચાર ૧૧૦૯-૧૦ જ્ઞાનસંસ્થા ૧૧૧૧-૪ જ્ઞાન-ભંડારો, જ્ઞાનનું માહાત્મ્ય, બ્રાહ્મણને જૈનના ભંડારોમાં ફેર ૧૧૧૫ કેંદ્રસ્થ ભંડારની જરૂર ૧૧૬-૮ પર્વો, પર્યુષણા કલ્પ અને પર્યુષણ પર્વનો મહિમા ૧૧૧૯-૨૧ તીર્થો, તેમનું સ્થળ તેમનું મૂળ મૂર્તિપૂજા ૧૧૨૨-૩ મૂર્તિ અને મંદિરો ૧૧૨૪ તીર્થો સાથે વિદ્યાધામની જરૂર ૧૧૨૫ તીર્થયાત્રા સંઘો ૧૧૨૬-૨૮ તીર્થના ઝઘડા તજી તીર્થનો સદુપયોગ કરો ૧૧૨૯ શ્રાવકસંસ્થા ૧૧૩૦ તેનો જ્ઞાનપ્રચાર, સાહિત્ય પ્રત્યે, શિલ્પકળામય મંદિરોના નિર્માણમાં ફાળો ૧૧૩૧ પાંજરાપોળ ૧૧૩૨ મનુષ્યદયા ૧૧૩૩ તેમની ધાર્મિક ક્રિયાઓ ૧૧૩૪ સંખ્યાબળ, વસ્તીપત્રક, ૧૧૩૫ મુખ્યત્વે વણિકો ૧૧૩૬ જુદી જુદી જ્ઞાતિના વણિકો ૧૧૩૭ જૈન સંખ્યા ઘટવાનાં કારણો. **પૃ. ૫૦૩-૫૧૭**

પ્રકરણ ૬ ઠું જૈન સંસ્કૃતિ-કલાઓ

સ્વ. રણજિતરામના લેખનું અવતરણ ૧૧૩૮ કલા તેનું સ્વરૂપ ૧૧૩૯ કલાનાં જુદાં જુદાં મૂર્તિમંત રૂપો ૧૧૪૦ શિલ્પકળા ૧૧૪૧ સંસ્કૃતિ-સંસ્કારિતા, તત્ત્વચિંતન, કળા વગેરે ૧૧૪૨ જૈનોના સ્થાપત્યથી ગૂજરાતની શોભા ૧૧૪૩-૪૫ મૂર્તિવિધાન, 'શાન્તં શિવં સુન્દર' નો આદર્શ ૧૧૪૫-૬ જૈન પ્રતિમાવિધાન પર શ્રીનાનાલાલ મહેતા ૧૧૪૭ જૈનકલા શિલ્પકળા પર શ્રી રવિસંકર રાવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧૪૮-૫૧ જૈનચિત્રકલા ૧૧૫૨ સંગીતકલા ૧૧૫૩ શ્રી પૂરણચંદ્રજી નાહરનું કલા સંગ્રહાલય નામે કુમરસિંહ ભવન ૧૧૫૪ સાહિત્ય અને કલા માટે સ્વ. રણજિતરામની થોડી સૂચનાઓ ૧૧૫૫ હાલના કળા વિહીન ધાર્મિક જીવન પર શ્રી પરમાણંદની લેખમાળા. પૃ. ૫૧૮-૫૨૬

પ્રકરણ ૭ મું ભારતી-પૂજામાં ગૂજરાતનો ફાળો અને ગૂજરાતમાં જૈન પ્રતાપ. સમયધર્મની વિચારણા.

મહાત્મા ગાંધીજીનું અવતરણ ૧૧૫૬-૫૯ ભારતી પૂજામાં શ્વેતાંબર જૈનોનો ફાળો ૧૧૬૦ ગૂજરાતમાં દાર્શનિક સાહિત્યમાં પ્રથમ અને પ્રધાન જૈનો ૧૧૬૧ ગુજરાતના તત્વજ્ઞાનીઓ ૧૧૬૨-૫ ગુજરાતમાં જૈન પ્રતાપ-હેમચંદ્રાચાર્ય, નર્મદાશંકર મહેતાનું અવતરણ, ધર્મની ખોટી વગોવણી, ગૂજરાતપર જૈન ધર્મની અસર ૧૧૬૬-૭૧ શું જૈન ધર્મ વિલુપ્ત થશે ? તે પ્રશ્નનાં કારણો, તેનો ઉત્તર, ખરા વિચારકો-સાહિત્યકો જરૂર પાકશે, હાલનો અહિંસાધર્મનો રાજકારણમાં પણ ઉપયોગ, આશાવાદ ૧૧૭૧ જૈન ધર્મનો પ્રાચીન વારસો-સાહિત્ય, તીર્થ અને કળા. ૧૧૭૨ ભૂતકાલની શોભા પરજ અવલંબી બેસી ન રહો, પૂર્વજોનાં પગલે ચાલો-આપકર્મી વીર બનો ૧૧૭૩-૮૦ શ્રી રામનારાયણ પાઠકની સૂચનાઓઃ ફિલસુફી અને સિદ્ધાંતો શુદ્ધ સ્વરૂપે પ્રકાશો, શિક્ષણપ્રબંધ, બોલતી ભાષામાં જ્ઞાન પ્રચાર, ગુજરાતમાં જૈન જ્ઞાનપીઠ ઉભી કરો. ૧૧૮૧ જ્ઞાનપીઠ (Chair) ની યોજના કરો ૧૧૮૨-૯૨ જૈન સાહિત્યના ઉદ્ધાર અર્થે આવશ્યક કાર્યોઃ સાહિત્ય પ્રકાશન, કેંદ્રસ્થ પુસ્તકાલય, વ્યાસપીઠ (Chair) અર્વાચીન પુસ્તકોની રચના, તત્ત્વજ્ઞાન જીવનમાં ઉતરે તેવાં પુસ્તકો-તેમાં જે વિશિષ્ટ તત્ત્વો છે તે પર સ્વતંત્ર અલગ પુસ્તકોની રચના, ભાષા અને તેને લગતા ગ્રંથોનું પ્રકાશન, અપભ્રંશ સાહિત્યનું પ્રકાસન, દેશી ગુજરાતી ભાષાની પ્રાચીન કૃતિઓનું પ્રસિદ્ધિકરણ, દેશી બોલાતી ભાષાનો ઉપયોગ ૧૧૯૩ જૈન સંસ્કૃતિ જૈનેતરોનો સમભાવ-સ્વ. રણજિતરામનો સ્વતંત્ર અભિપ્રાય. ૧૧૯૪ શ્રી કૃષ્ણલાલનો મત-જૈન અને જૈનેતર બંને બાજુ ઢાલની જોવી પડશે. ૧૧૯૫સર્વ સંસ્કૃતિમાંથી સારાં તત્ત્વોને અપનાવો. અંતિમ પ્રાર્થના. કવિ ન્હાનાલાલના શબ્દોમાં ભારતનાં યશોગાન ગાઈ સમાપ્તિ. પૃ. ૫૨૭-૫૪૦

જૈન ગૂર્જર કવિઓ-બીજોભાગ-સંબંધી અભિપ્રાયો પૃ. ૫૪૨-૫૪૪

વિસ્તૃત અનુક્રમણિકા પૃ. ૫૫૫-૬૬૭

૧. શ્રી મહાવીર ભગવાન્ સંબંધી અનુક્રમણિકા ૫૫૫

૨. જૈન ગ્રંથકારો, લેખકો, સૂરિઓ આદિની અનુક્રમણિકા ૫૫૫-૫૮૮

૩. જૈન સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથકૃતિની અનુક્રમણિકા ૫૮૮-૬૧૪

૪. જૈનકૃત અપભ્રંશ ગ્રંથકૃતિની અનુક્રમણિકા ૬૧૪-૬૧૬

૫. જૈનકૃત ગુજરાતી-દેશી ભાષામાં ગ્રંથકૃતિઓ વગેરે અનુક્રમણિકા ૬૧૬-૬૨૩

૬. જૈનકૃત અંગ્રેજીમાં ગ્રંથો વગેરેની અનુક્રમણિકા ૬૨૩

૭. (જૈન) ઐતિહાસિક સાધનો-કૃતિઓ આદિની અનુક્રમણિકા ૬૨૩-૬૩૦

૮. જૈન પારિભાષિક શબ્દો, બિરૂદો આદિની અનુક્રમણિકા ૬૩૦-૬૩૪

૯. જૈન તીર્થંકરો, તીર્થો, મંદિરો આદિની અનુક્રમણિકા ૬૩૪-૬૩૭

૧૦. જૈન ગચ્છ, ગણ, સંપ્રદાયાદિની અનુક્રમણિકા ૬૩૭-૬૩૮

૧૧. જૈન શ્રાવકો, મંત્રીઓ વગેરેની અનુક્રમણિકા ૬૩૮-૬૪૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨.	વાણીયા-બ્રાહ્મણાદિ જાતિ કુલ ગોત્રાદિની અનુક્રમણિકા	૬૪૬-૬૪૭
૧૩.	યુરોપીય સ્કોલરો આદિની અનુક્રમણિકા	૬૪૭-૬૪૮
૧૪.	યુરોપીયનની કૃતિઓની અનુક્રમણિકા	૬૪૮
૧૫.	જૈનેતર હિન્દુ ગ્રંથકારો-લેખકો આદિની અનુક્રમણિકા	૬૪૮-૬૫૩
૧૬.	જૈનેતર હિન્દુ આદિકૃત ગ્રંથો, લેખો આદિની અનુક્રમણિકા	૬૫૩-૬૫૬
૧૭.	મુસલમાનોની ઐતિહાસિક કૃતિઓ-કિતાબોની અનુક્રમણિકા	૬૫૬
૧૮.	જૈનેતર હિન્દુ દેવ-મંદિર સંપ્રદાય આદિની અનુક્રમણિકા	૬૫૬-૬૫૭
૧૯.	સ્થળો–સ્થાનાદિની અનુક્રમણિકા	૬૫૭-૬૬૬
૨૦.	હિંદુ રાજકર્ત્તાઓ, રાજવંશ, જાતિ આદિની અનુક્રમણિકા	૬૬૬-૬૭૦
૨૧.	મુસલમાન રાજકર્તા, સૂબા, જાતિ વગેરેની અનુક્રમણિકા	૬૭૧-૬૭૨
૨૨.	સામયિક પત્રો, ગ્રંથમાલા, પ્રેસ આદિની અનુક્રમણિકા	૬૭૨-૬૭૩
૨૩.	પ્રકીર્ણની અનુક્રમણિકા	૬૭૩-૬૬૭

● ■ ●

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિરલ વિદ્વત્પ્રતિભા અને મનુષ્યપ્રતિભા

જયંત કોઠારી

વિદ્વાનો તો ઘણા હોય છે, પરંતુ માણસ વિદ્વાન હોય તે સાથે કોઈ જીવનધ્યેયને વરેલો હોય, કર્મઠ હોય, ધન અને કીર્તિ બન્ને પરત્વે નિઃસ્પૃહ હોય, નિરભિમાની, નમ્ર અને જિજ્ઞાસુ હોય, ધર્મી અને નીતિમાર્ગી હોય તથા દેશવત્સલ, સમાજસેવાભાવી અને મનુષ્યપ્રેમી હોય એવું જવલ્લે જ બની આવતું હોય છે. મોહનલાલ દલીચંદ દેશાઈ આવા એક વિરલ વિદ્વાન પુરુષ હતા.

મોહનભાઈના 'જૈન ગૂર્જર કવિઓ' અને 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' જેવા આકારગ્રન્થો આપણી સામે હોવા છતાં એમની વિદ્વત્પ્રતિભાને આપણે હજુ પૂરેપૂરી ઓળખી શક્યા છીએ એવું કહેવાય એમ નથી. આ પ્રકારનાં કામો કેવો અખંડ પરિશ્રમ, કેવું સર્વસંગ્રહાત્મક (એન્સાઇક્લોપીડિક) ચિત્ત, કેવી શાસ્ત્રબુદ્ધિ ને વ્યવસ્થાસૂઝ માગે એની આપણને કલ્પના નથી ને મોહનભાઈએ તો આ મહાસાગરો એકલે હાથે ખૂંદ્યા-ખેડ્યા છે ! વળી, મોહનભાઈનાં બેચાર હજાર પાનાં થાય એટલા લખાણો તો અગ્રંથસ્થ હોઈને આપણાથી ઓઝલ રહ્યા છે. એમની મનુષ્યપ્રતિભાની તો વાત જ ક્યાં કરવી ? એમના જીવનની અને વ્યક્તિત્વની અલ્પ-સ્વલ્પ રેખાઓ મેળવવા માટે પણમથામણ કરવી પડે એવું છે.

ગરીબ કુટુંબમાં જન્મ :

મોહનભાઈનો જન્મ રાજકોટ જિલ્લાનાં વાંકાનેર તાલુકાના લુણસર ગામે, તા.૬ એપ્રિલ, ૧૮૮૫ (વિ.સં. ૧૯૪૧ ચૈત્ર વદ ૭)ને સોમવારના રોજ, દશાશ્રીમાળી વણિક કુટુંબમાં. ધર્મે શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન. પિતાનું નામ દલીચંદ, માતાનું નામ ઊજમબા, ઘેર દુઝાણું હતું એનું ઘી વેચાય અને દલીચંદભાઈ આજુબાજુનાં ગામોમાં ચીજવસ્તુઓની ફેરી કરતા તેમાંથી કુટુંબ નિર્વાહ થતો. કુટુંબનિર્વાહના સાધન તરીકે દુઝાણું તો ઊજમબાએ દલીચંદભાઈના અવસાન પછી પણ ચાલુ રાખેલું. આ રીતે કુટુંબની આર્થિક સ્થિતિ સામાન્ય હતી. મોહનભાઈ કહેતા કે હું ગરીબ કુટુંબમાં જન્મ્યો છું અને મામાની સહાયથી જ ભણી શક્યો છું. મામા પ્રાણજીવન મોરારજી શાહ રાજકોટ સ્ટેટના ડેપ્યુટી એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર હતા અને મોહનભાઈએ માધ્યમિક શિક્ષણ રાજકોટમાં એમને ત્યાં રહીને લીધેલું.

ધર્મનિષ્ઠ, ઉદારચરિત મામા :

મામા પ્રાણજીવનભાઈ જૈન સમાજના અગ્રણી અને રાજકોટની પ્રજામાં અત્યંત પ્રતિષ્ઠિત. સૌ 'ડીપોટી' તરીકે ઓળખે. પોતે અત્યંત ધાર્મિક વૃત્તિના જૈન શાસ્ત્રોના જાણકાર અને પ્રામાણિક, સત્યનિષ્ઠ, સાદાઈભર્યા જીવનના આગ્રહી હતા. નિયમિત સામાયિક-પ્રતિક્રમણ કરે.

પોતાના મહત્ત્વના આકરગ્રંથ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' (૧૯૩૩)નું અર્પણ પણ મોહનભાઈ મામાને જ કરે છે. એમાં ''તેઓ મારા જ્ઞાનગુરુ છે, મારામાં જે કંઈ સાહિત્યપ્રેમ, ધર્મરુચિ, જ્ઞાન, સંસ્કાર છે તે તેમનો પ્રતાપ'' એમ કહી પ્રબોધચંદ્રના નીચેના શ્લોકથી મામાને પોતાની વંદના અર્પે છે :

ज्ञानदानगुरुन् वन्दे यद् वाणीदीपिकारूचा । वाङ्मये विवरे स्वैरं सिद्ध्यर्थी विचराम्यहम् ।।

(જેમને કારણે સિદ્ધિની કામનાવાળો હું વાણીરૂપી દીવીના પ્રકાશથી વિસ્તૃત વાઙ્મયક્ષેત્રે વિચરું છું તે મને જ્ઞાનદાન કરનાર ગુરુને હું વંદું છું.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક અનેરું માનવવ્યક્તિત્વ

શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ

[જન્મ : ૬-૪-૧૮૮૫, લુણસર; અવસાન : ૨-૧૨-૧૯૪૫, રાજકોટ]

એટલે

'જૈન ગૂર્જર કવિઓ' અને 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' એ
વિરલ આકારગ્રંથોના નિર્માતા, સમર્થ સર્વસંગ્રહાકાર અને સૂચિકાર જ નહીં,
પણ 'જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડ' અને 'જૈનયુગ' ને
સંસ્થાનાં વાજિંત્ર ન રહેવા દેતાં એમાં સાહિત્યિક,
ઐતિહાસિક, સામાજિક વગેરે પ્રકારની માતબર સામગ્રી
પીરસનાર અત્યંત પરિશ્રમી પત્રકાર,
લગભગ દશ ગ્રંથો થાય એટલાં, સામયિકોમાં દટાયેલાં
વિચારાત્મક, ઐતિહાસિક, સાહિત્યિક વગેરે પ્રકારનાં
લખાણોના તથા પ્રાચીન સાહિત્યકૃતિઓના લેખક-સંપાદક
અને ખરા અર્થમાં એક વિદ્યાપુરુષ,
અનેક જૈન સંસ્થાઓના વિનમ્ર કાર્યકર તરીકે જૈન સમાજની
મૂલ્યવાન સેવા બજાવનાર અને એ સંસ્થાઓને નવા યુગનો
પ્રાણ વહતી બનાવવાનો ઉજ્જવળ ઉદ્યમ કરનાર,
જૈનેતર સામાજિક-સાહિત્યિક પ્રવૃત્તિઓમાં પણ યથાશક્તિ
યોગદાન કરનાર ને રાષ્ટ્રીય વિચારધારાના પુરસ્કર્તા

અને

આ ઉપરાંત, જીવનનિર્વાહને માટે વકીલાતના વ્યવસાયને
સ્વીકારી, સમાજસેવા અને વિદ્યાસેવા કેવળ નિઃસ્પૃહ ભાવે
કરવાનો સંકલ્પ ધરાવનાર, ગુણાનુરાગીગ સ્પષ્ટવક્તા,
સત્યનિષ્ઠ, સરલહૃદયી, માનવપ્રેમી તથા સાદાઈભર્યું
નીતિનિષ્ઠ જીવન જીવનાર એક અનેરું માનવવ્યક્તિત્વ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભ્યાસ :

મેટ્રિક્યુલેશન સુધી મોહનભાઈ રાજકોટમાં જ ભણ્યા હતા. બી.એ. (૧૯૦૮) અને એલ.એલ.બી. (૧૯૧૦)એ મુંબઈમાંથી થયા. બી.એ.માં એ વિલ્સન કોલેજના વિદ્યાર્થી હતા. રામનારાયણ વિ. પાઠક એમના કોલેજ સમયના મિત્ર હતા.

એલ.એલ.બી. થયા પછી મોહનભાઈએ ૧૯૧૦-૧૧માં જ હાઈકોર્ટ વકીલની સનદ મેળવી મુંબઈની સ્મોલકોઝ કોર્ટમાં વકીલાત શરૂ કરી અને છેક સુધી એ જ કરતા રહ્યા.

મોહનભાઈ પ્રતિષ્ઠિત વકીલ હતા પણ એમની યોગ્યતા અને સજ્જતાને છાજે એવી રીતે વકીલાતમાં એ આગળ આવ્યા નહીં. વકીલાત એમણે જમાવી નહીં, ન એમાંથી પૈસા કમાયા. ઊલટું, કુટુંબનો સારી રીતે નિર્વાહ કરવાની ચિંતામાંથી એ કદી મુક્ત થયા નહીં.

મોહનભાઈ પ્રિન્સેસ સ્ટ્રીટ પર લુહાર ચાલમાં તવાવાળા બિલ્ડીંગમાં બે રૂમ ને રસોડાના બ્લોકમાં પોતાનો ઘરસંસાર શરૂ કર્યો તે જીવનભર એમાં જ રહ્યા. ચોપડીઓથી ભરચક્ક એમના દીવનખંડમાં ખુરશી-ટેબલ પણ નહીં. પોતે ગાદી પર બેસે ને આવનાર ચટાઈ પર. મોહનભાઈની કક્ષાના વકીલનું ઘર આવું તો ન જ હોય.

સામાન્ય રીતે ઘરે એસાહિત્યસેવામાં જ સમય ગાળતા - રાતના બે વાગ્યા સુધી જાગીને ! કોર્ટમાં પણ નવરાશ હોય ત્યારે મોહનભાઈ પ્રૂફ જોતા બેઠા હોય. કોર્ટનાં વેકેશનો તો એ સામાન્ય રીતે 'જૈન ગુર્જર કવિઓ'ની સામગ્રી માટે જુદાં જુદાં સ્થળોએ જવામાં ગાળતા. પોતે સંકળાયેલા હોય એ સંસ્થાઓની હોદેદારોની મીટિંગો, જૈન સમાજની સભાઓ, સાહિત્ય પરિષદનાં સંમેલનો અને કોંગ્રેસના અધિવેશનોમાં હાજરી - આ બધા રોકાણો પણ મોહનભાઈના વકીલાતના સમય પર કાપ મૂકે. વળી પંડિત સુખલાલજી કે જિનવિજયજી મુંબઈમાં હોય ત્યારે કેવળ જ્ઞાનપિપાસાથી પ્રેરાઈને જ એમને નિયમિત મળવા જવાની - રજા હોય તો એમની સાથે રહેવાની- મોહનભાઈને ઉત્સુકતા. મોહનભાઈની વિદ્યાપ્રવૃત્તિ અને જાહેર સેવાપ્રવૃત્તિ વકીલાતને ભોગે જ વિકસતી રહી.

જાહેરજીવનની કામગીરીઓ - જૈન સમાજની

મોહનભાઈ જાહેરજીવનની કેવીકેવી જવાબદારી અદા કરવાની આવી ? ૧૯૧૨ના એપ્રિલથી ૧૯૧૯ જાન્યુ.-ફેબ્રુ. સુધી એમણે જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હેરલ્ડના માનાર્હ સંપાદકની કામગીરી બજાવી અને ૧૯૨૫ (વિ.સં. ૧૯૮૧ ભાદરવો)થી ૧૯૩૦ (વિ.સં. ૧૯૮૬ અસાડ-શ્રાવણ) સુધી એ જ સંસ્થાના મુખપત્ર 'જૈનયુગ'નું સંપાદન કર્યું. વચ્ચે ૧૯૧૬-૧૭ના અરસામાં એ મોતીચંદ કાપડિયા સાથે કોન્ફરન્સના જૈન એજ્યુકેશન બોર્ડના સેક્રેટરી થયેલા અને ૧૯૧૮ના અરસામાં કોન્ફરન્સના આસિસ્ટન્ટ સેક્રેટરી થયેલા. કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટીના સભ્ય તો એ હતા જ.

૧૯૧૫માં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના થઈ ત્યારે મોહનભાઈ એના સ્થાપક સભ્યો માંહેના એક હતા અને પછી જીવનભર એની વ્યવસ્થાપક સમિતિનાં સભ્યપદે રહ્યા હતા.

મુનિ જિનવિજયજી, પંડિત સુખલાલજી, નથુરામ પ્રેમી, પંડિત દરબારીલાલ વગેરેની સાથે મોહનભાઈને ઘરોબો હતો. એમની પ્રવૃત્તિઓમાં એ ઉત્સાહપૂર્વક રસ લેતા અને પોતાનાથી શક્ય એવી સઘળી મદદ કરતાં.

પ્રજાકીય ને રાષ્ટ્રીય જાહેરજીવન સાથે નાતો :

મોહનભાઈનો જાહેરજીવનનો રસ જૈન સમાજ પૂરતો મર્યાદિત ન હતો. કનૈયાલાલ મુનશીએ ૧૯૨૨માં સ્થાપેલી સાહિત્યસંસદના સ્થાપક સભ્યોમાંના એ એક હતા અને મુનશીએ સાહિત્યના ઈતિહાસની જે યોજના કરી તેના તંત્રીમંડળમાં પણ હતા. ૧૯૨૬માં મુંબઈમાં આઠમી ગુજરાતી સાહિત્ય પરિષદ ભરાઈ ત્યારે એની કારોબારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સભા તથા સત્કારમંડળના તેમજ નિબંધ પરીક્ષક સમિતિના મોહનભાઈ સભ્ય હતા. આમેય મોહનભાઈ ગુજરાતી સાહિત્ય પરિષદના સંમેલનમાં શક્ય હોય ત્યાં સુધી અચૂક હાજર રહેતા તથા નિબંધવાચન કરતા. ૧૯૨૭ની અમદાવાદની પત્રકાર પરિષદમાં તથા ૧૯૨૯ની પાટણની પુસ્તકાલય પરિષદમાં મોહનભાઈએ હાજરી આપેલી.

સાહિત્યસેવામાં અગ્રયાયી ને એકલવીર :

મોહનભાઈની જાહેરજીવનની અન્ય પ્રવૃત્તિઓ બીજાઓના સાથમાં ચાલતી અને એમાં ઘણીવાર એમને પાછળ રહેવાનું થતું. પરંતુ સાહિત્યસેવામાં તો મોહનભાઈ અગ્રયાયી અને એકલવીર હતા. ૧૯૦૭થી આરંભાયેલી એમની સાહિત્યયાત્રા ૧૯૨૪ સુધીમાં એમને નામે નાનાંમોટાં ૧૩ પુસ્તકો જેમાં 'જૈન સાહિત્ય રાસમાળા ભા.૧' (૧૯૧૩) જેવા અભ્યાસપૂર્ણ સંપાદન તથા 'જૈન અને બૌદ્ધ મતનો સંક્ષિપ્ત ઈતિહાસ - તેના સિદ્ધાંતો અને વૈદિક મત સાથે તુલના' જેવા તત્ત્વવિચારના મહત્ત્વાકાંક્ષી ઈનામી મહાનિબંધનો સમાવેશ થાય છે - તથા 'હેરલ્ડ'માંના સંખ્યાબંધ લખાણો એમને નામે જમા થયા છે. આ ગાળા દરમ્યાન મોટું કામ ચાલ્યું તે તો 'જૈન ગૂર્જર કવિઓ'નું, જેના ત્રણ ભાગ પછીથી ૧૯૨૬, ૧૯૩૧ અને ૧૯૪૪માં પ્રસિદ્ધ થયા. એ રીતે જોઈએ તો મોહનભાઈની શક્તિઓનો ખરો હિસાબ ૧૯૨૫ પછી મળે છે એમ કહેવાય. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' (૧૯૩૩) જેવા આકરગ્રંથ આ ગાળાનો તથા સિદ્ધિચંદ્રગણિવિરચિત 'ભાનુચંદ્રગણિરચિત'નું પ્રતિષ્ઠાભર્યું સંપાદન (૧૯૪૧) આ ગાળાનું અને 'જૈનયુગ'માં પીરસેલી ભરચક્ક સામગ્રી પણ આ ગાળાની. ઉપાધ્યાય યશોવિજયકૃત 'ગૂર્જર સાહિત્ય ભા.૧' (૧૯૩૬)નું વાસ્તવિક સંપાદન મોહનભાઈનું જ હતું અને આવાં અન્ય સંપાદનો એમના હાથે થવાની યોજના હતી તે કાળબળે પાર ન પડી.

૧૯૧૧માં મોહનભાઈ કમાતા થયા અને ૧૯૧૪માં તો પિતાનું અવસાન થયું. એટલે કુટુંબનો સંપૂર્ણ બોજો મોહનભાઈ પર આવી પડ્યો. માતા ૧૯૨૨-૨૩ સુધી લુણસર અને પછી રાજકોટ રહ્યા ને ૧૯૨૯માં એ પણ અવસાન પામ્યા. મોહનભાઈ પોતે બે વખત પરણેલા. પ્રથમ લગ્ન ૧૯૧૧માં જેતપુરના વકીલ અભેચંદ કાળીદાસ ઉદાણીની પુત્રી હેમકુંવર સાથે થયેલા. એમનું ૧૯૨૦ના અરસામાં અવસાન થતાં બીજાં લગ્ન એ વર્ષમાં રાજકોટના શામળદાસજી વાલજી ખારાની પુત્રી પ્રભાબહેન સાથે થયેલા.

પ્રથમ લગ્નથી મોહનભાઈને એક પુત્ર (નટવરલાલ) તથા એક પુત્રી (લાભુબહેન) થયેલાં અને બીજાં લગ્નથી બે પુત્ર (રમણીકલાલ તથા જયસુખલાલ) અને ત્રણ પુત્રી (તારાબહેન, રમાબહેન, ચંદ્રિકાબહેન) થયેલાં.

૧૯૪૪ના જાન્યુઆરીમાં જ્યારે પંડિત સુખલાલજીએ એમને સૂચવ્યું કે ''તમારી રુચિ, શક્તિ અને પ્રવૃત્તિ જોતાં મને લાગે છે કે હવે તો તમારે નિવૃત્ત થઈ તમારા પ્રિય કામ પાછળ જ જીવન વ્યતીત કરવું ઘટે'' ત્યારે મોહનભાઈએ આપેલો જવાબ એમની મથામણની પિછાન કરાવે છે : ''મારી ઇચ્છા પણ એવી જ છે. હું એ જ દૃષ્ટિથી કેટલીક કૌટુંબિક ગોઠવણ એવી કરવા વિચારું છું કે મુંબઈનું ખરચાળપણું ઓછું થાય. કોઈ સંસ્થા પાસેથી કાંઈ લીધા સિવાય આજ લગી કર્યું છે તેમ કામ કરું અને છેલ્લા જીવનનો શાંત ઉપયોગ કરી લઉં.'

લથડતી જતી તબિયત અને અવસાન :

પણ મોહનભાઈની આ ભાવના ફળીભૂત થઈ નહીં. રાજકોટ મામાને સમાચાર પહોંચે છે કે મોહનભાઈની શરીરની અને મનની અવસ્થા પણ બરાબર નથી એટલે મામા તરત મુંબઈ આવી મોહનભાઈને રાજકોટ લઈ જાય છે. દવાદારૂ શરૂ થાય છે પણ મોહનભાઈની માંદગી ગંભીર સ્વરૂપ લેતી જાય છે. ખાવાપીવા, પહેરવા-ઓઢવા જેવા સઘળાં વર્તનવ્યવહારનું સાનભાન ગુમાવી દે છે અને ગાંડપણની અવસ્થાએ પહોંચી જાય છે. અપાર પરિશ્રમ અને કૌટુંબિક જંજાળે મોહનભાઈના સુંદર શરીર-મનને કદાચ અંદરથી એટલાં કોરી ખાધાં છે કે ઉપચારો કારગત નીવડતા નથી અને મોહનભાઈ તા. ૨-૧૨-૧૯૪૫ને રવિવારના રોજ દેહ છોડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મામાની આંખમાં આંસુ :

જેમણે મોહનને અનન્ય લાડપ્રેમથી ઉછેર્યો હતો એ મામાને એના છેલ્લા દિવસો પણ સંભાળવાના આવ્યા. મોહનભાઈને માટે તો જીવનને આરંભે અને અંતે આ એક જ આશ્રય રહ્યો. ઉચ્ચ ધર્મબુદ્ધિ ધરાવતા મામાની આંખમાં કદી કોઈએ આંસુ જોયેલાં નહીં. વહાલા મોહનના અવસાન વખતે મામાની આંખમાં આંસુ ઊભરાઈ આવે છે.

કિસ્મતના અજબ ખેલ જેવી ઘટના :

મોહનભાઈના અવસાનના દિવસે કિસ્મતના અજબ ખેલ જેવી એક ઘટના બને છે. મોહનભાઈની અનેકવિધ સેવાઓની કદર રૂપે શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક કોન્ફરન્સે એમનું સંમાન કરવાનો અને એમને થેલી અર્પવાનો નિર્ણય કર્યો હતો. આ માટે ભરણું ચાલુ થયું હતું અને તેમાં રૂા. ૬,૦૦૦ ઉપરાંત રકમ ભેગી થઈ હતી. રાજકોટથી સમાચાર આવ્યા કરે છે કે મોહનભાઈ સાનભાન ગુમાવતા જાય છે, એમનો દેહ લાંબો સમય ટકે એમ નથી અને તેથી સંમાનકાર્યમાં હવે ઢીલ કરવામાં જોખમ છે. છેવટે માનપત્ર, ચાંદીનું કાસ્કેટ અને રૂા. ૬,૦૦૦ લઈને સંમાન સમિતિના પ્રતિનિધ તરીકે મોહનલાલ દીપચંદ ચોકસીને રાજકોટ રવાના કરવામાં આવે છે. પરંતુ શ્રી ચોકસી રાજકોટ પહોંચે છે ત્યારે મોહનભાઈનો ક્ષરદેહ ભસ્મીભૂત થઈ ચૂક્યો હોય છે.

મોડી અને મોળી કદર :

શ્રી ચોકસીએ ધરેલી ૬,૦૦૦ની થેલી મોહનભાઈનાં સંતાનોએ, મોહનભાઈના ગૌવરને છાજે એવી રીતે, પાછી વાળી, મામાએ એ રકમમાં પોતાના તરફથી રૂા. ૫૦૦ ઉમેરી આપ્યા. સંમાન ફંડ સ્મારક ફંડમાં ફેરવાયુ. મોહનભાઈના અવસાન પછી છેક ૧૧ વર્ષે તા. ૧૫-૭-૧૯૫૬ના રોજ કોન્ફરન્સમાં મોહનભાઈના તૈલચિત્રનું અનાવરણ પંડિત સુખલાલજીને હસ્તે થયેલું જાણવા મળે છે.

જૈન સમાજ મોહનભાઈની કદર કરવામાં મોડો અને મોળો પડ્યો એમાં શંકા નથી. કદાચ વાણિજ્યરસિક જૈન સમાજને મોહનભાઈની અસાધારણ સેવાની સમજ પડી નથી. અને મોહનભાઈએ જેમને પંદર વર્ષના છોડેલા એમના સૌથી નાના પુત્ર જયસુખભાઈએ પિતૃભક્તિથી પ્રેરાઈને પિતાના નામથી ગ્રંથપ્રકાશનાદિની પ્રવૃત્તિ કરવા શ્રી મહાવીર જૈન વિદ્યાલયને એક લાખ રૂપિયાનું દાન આપ્યું તેને માટે ધન્યવાદ આપવાના રહે છે. જે સમાજે કરવું જોઈતું હતું તે સંતાને કર્યું ! મોહનભાઈ ને એમનાં સંતાનોએ હંમેશા આપ્યું જ, કદી કંઈ લીધું નહીં !

હમણાં માહિતી મળી છે કે મોહનભાઈનો પુસ્તકસંગ્રહ જૈન સાહિત્ય વિકાસ મંડળના અમૃતલાલ કાળીદાસ દોશી પાસે પહોંચ્યો છે પણ વધારે અગત્યની તો એમની અન્ય અપ્રગટ સામગ્રી છે. એનું શું થયું ?

મોહનભાઈની ઉચિત કદર થઈ ન શકી પણ એમણે ભારે પરિશ્રમપૂર્વક એકઠી કરેલી મૂલ્યવાન સામગ્રીની સંભાળ પણ આપણે ન લઈ શક્યા એ વિદ્યાક્ષેત્રે આપણી નિષ્ક્રિયતાની નિશાની છે. આ માત્ર મોહનભાઈની સામગ્રીને જ સ્પર્શતી બાબત નથી, વ્યાપકપણે જોવા મળતી દુર્ઘટના છે એટલે એનો કેટલો અફસોસ કરીએ ?

મોહનભાઈના સ્વભાવમાં સંગ્રાહક વૃત્તિ છે. જે કંઈ સારૂ કે ઉપયોગી જણાયું એ સંઘરી લેવું. સંકલનશૈલીમાં આ સંગ્રહક વૃત્તિનો હિસ્સો પણ હોય. મોહનભાઈનાં પુસ્તકોમાં જે પ્રસ્તાર દેખાય છે તે આ સંગ્રાહક વૃત્તિનું જ પરિણામ છે. વિષય અંગેની એટલી બધી સામગ્રી મોહનભાઈ જોઈ વળતા કે એમનું વિષયનિરૂપણ ભારે વિગતભર્યું બન્યા વિના ન રહે. પોતાની સજ્જતાને કારણે આનુષાંગિક બાબતો ઉપર પ્રકાશ પાડવાનું યે એ ઇચ્છે અને બીજાને અપ્રસ્તુત કે અસંગત લાગે એવી વિગતોને ટાળવોનું એમનાથી ના બની શકે. આને સંગ્રાહક વૃત્તિ નહીં, પણ સર્વસંગ્રાહક (એન્સાઇક્લોપીડિક) વૃત્તિ જ કહેવી જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોહનભાઈની સર્વસંગ્રાહક વૃત્તિનો અદ્‌ભૂત દાખલો તો 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' છે. 'સંક્ષિપ્ત' તરીકે ઓળખાવાયેલા આ ગ્રંથના પાનાં ૧૧૦૦ જેટલાં છે ને 'જૈન ગૂર્જર કવિઓ'ના બીજા ભાગમાં પ્રસ્તાવના તરીકે મૂકવા ધારેલો લેખ (૨૦૦-૩૦૦) પાનાં ધાર્યા હોય; પહેલા ભાગમાં એવડો પ્રસ્તાવના લેખ છે. ૧૧૦૦ પાનાનાં ગ્રંથ રૂપે પરિણમ્યો છે ! મોહનભાઈ પછી હીરાલાલ કાપડિયાએ 'જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ'ના ગ્રંથો આપ્યા છે. ને હિંદીમાં જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસના કેટલાક ગ્રંથો પ્રગટ થયા છે તેમ છતાં મોહનભાઈના ગ્રંથની ઉપયોગિતા ઓછી થઈ નથી એનું કારણ એ ગ્રંથનું સર્વસંગ્રહાત્મક સ્વરૂપ જ છે મોહનભાઈએ ઘણા હસ્તપ્રતભંડારો જોયેલા તેનો લાભ આ ગ્રંથને મળ્યો છે. આજે હસ્તપ્રતભંડારો કોણ જોવા જાય ? મોહનભાઈએ કૃતિઓના લેખનની એટલે કે લિપિબદ્ધ થયાની, કૃતિઓ સંશોધિત થયાની વગેરે માહિતી પણ આમેજ કરી છે. સાહિત્યના ઈતિહાસમાં આવી માહિતી કોણ નાંખે ? એક દૃષ્ટિએ સાહિત્યના ઈતિહાસમાં એ માહિતી અપ્રસ્તૃત પણ લેખાય, પણ આ પ્રકારના માહિતીસંચયે જ મોહનભાઈના ગ્રંથને અદ્વિતીય બનાવ્યો છે.

મોહનભાઈના કાર્યનું મૂલ્યાંકન કરતી વેળા રામનાયક પાઠકે 'જૈન ગુર્જર કવિઓ'ને અનુલક્ષીને કહેલા આ શબ્દો યાદ કરવા જેવા છે : 'સંગ્રહની ગણના મૌલિક ગ્રંથથી ઊતરતી કરાય છે પણ આવા શાસ્ત્રીય સંપાદનની કિંમત સાહિત્યમાં ઘણી મોટી છે અને તેની મહેનત તો તે પ્રકારનું કામ જેણે થોડુંઘણુંયે કર્યું હોય તે જ સમજે છે.'' (પ્રસ્થાન દીપોત્સવી અંક - ૧૯૩૮)

મોહનભાઈના સાહિત્યનું ખરું મૂલ્ય સંદર્ભસાહિત્ય તરીકે છે અને સંદર્ભસાહિત્યના એ એક ઉત્તમ નિર્માતા છે. એમનું આ પ્રકારનું સાહિત્ય અનેક વિદ્યાકાર્યોને ઉપકારક બની શકે એવું છે, સંશોધનોને સામગ્રી અને દિશા પૂરી પાડે એવું છે. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' અને 'જૈન ગૂર્જર કવિઓ'ને અનુલક્ષીને હરિવલ્લભ ભાયાણી કહે છે કે ''દેશાઈના બંનેય આકરગ્રંથના બાદશાહી ખજાનાનો હું પોતે મારા કામ માટે વરસોથી લાભ ઊઠાવતો આવ્યો છું અને ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિના અનેક લેખકો-સંશોધકો પણ આજ સુધી એમ કરતા આવ્યા છે.'' (ભાષાવિમર્શ, એપ્રિલ-જૂન ૧૯૮૭) 'જૈન ગૂર્જર કવિઓ'માં મધ્યકાળના સાતસો વરસના ધર્મ, સંસ્કાર, સમાજજીવન, ઈતિહાસની એવી સમાગ્રી સમાયેલી છે કે એને આધારે નાનામોટા અનેક સંશોધન-લેખો તૈયાર થઈ શકે. મોહનભાઈએ સંગ્રહીત કરેલી સામગ્રીનો આવો અભ્યાસ થવો હજુ બાકી છે.

સંદર્ભસાહિત્યમાં વિવિધ પ્રકારની વર્ણાનુક્રમિક સૂચિઓ એક અનિવાર્ય અને અત્યંત મહત્ત્વનું અંગ છે. આવી સૂચિઓ વિના સંદર્ભ સાહિત્યનો ઘટતો ઉપયોગ થઈ શકતો નથી. મોહનભાઈની દૃષ્ટિ આ બાબતમાં આશ્ચર્યજનક રીતે લાંબે સુધી પહોંચે છે. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ'માં કર્તાઓ, કૃતિઓ, પારિભાષિક શબ્દો, તીર્થો, ગચ્છો, કુલગોત્રો, સ્થળસ્થાનાદિ વગેરે ૨૨ વિભાગમાં વહેંચાયેલી લગભગ ૨૦૦ પાનાંની વર્ણાનુક્રમિક સૂચિ છે. 'જૈન ગૂર્જર કવિઓ'માં કર્તા, કૃતિસૂચિ, કૃતિઓની વર્ગીકૃત સૂચિ, ગદ્યકારોને ગદ્યકૃતિઓની સૂચિ, સ્થળ-સ્થાનાદિની સૂચિ, કૃતિઓની સાલવારી સૂચિ વગેરે કેવી વિવિધ પ્રકારની સૂચિઓ એમણે જોડી છે!

મોહનભાઈમાં ઘણી બારીક વ્યવસ્થાસૂઝ હતી એમ હું માનું છું. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' અને 'જૈન ગૂર્જર કવિઓ' જેવા આકરગ્રંથો વ્યવસ્થાસૂઝ વિના રચી જ ન શકાય. એમાં જે વિપુલ સાધનસામગ્રીનો ઉપયોગ થયેલો છે એ ચુસ્ત વ્યવસ્થા ઉભી કર્યા વિના થઈ જ ન શકે. આ ગ્રંથોમાં મૂકાયેલી ભરપૂર વર્ણાનુક્રમિક સૂચિઓ એ વ્યવસ્થાસૂઝનું પરિણામ નથી તો શાનું છે ? 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ'માં ફકરાઓને અપાયેલા ક્રમાંક 'જૈન ગૂર્જર કવિઓ'માં સમયાનુક્રમે સામગ્રીની રજૂઆત, કર્તાઓને તથા કૃતિઓને ક્રમાંક આપવાની પદ્ધતિ, વર્ણાનુક્રમણીમાં કર્તાકૃતિક્રમાંક તથા પૃષ્ઠાંક બન્ને દર્શાવવાની અપનાવાયેલ રીત - આ બધું વ્યવસ્થાની ઝીણી સૂઝ ધરાવતો, વ્યવસ્થા માટે આગ્રહી માણસ જ કરી શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાહિત્યસૂચિ માટે ૨૫૦ જેટલા હસ્તપ્રતસંગ્રહો-સંસ્થાગત કે વ્યક્તિગત, મોટે ભાગે જાતે જોયેલા તો કેટલીક વાર સૂચિ રૂપે પ્રાપ્ત કરેલા - એમણે ઉપયોગમાં લીધા છે અને મુદ્રિત કૃતિઓ માટે તથા પૂરક માહિતી કે સંદર્ભ આપવા માટે એમણે જે ગ્રંથો, સામાયિકોમાંના લેખો વગેરેનો ઉપયોગ કર્યો છે તે બધાની યાદી કરીએ તો મોહનભાઈએ ઉપયોગમાં લીધેલાં સાધનોનો આંકડો ૫૦૦ સુધી કદાચ પહોંચી જાય. આનો અને ગ્રંથશ્રેણીનાં ૪,૦૦૦ ઉપરાંત પાનાંનો વિચાર કરીએ ત્યારે મોહનભાઈના અસાધારણ શ્રમની કંઈક ઝાંખી થાય.

નાગકુમાર મકાતી પણ નોંધે છે કે "શ્રી મોહનલાલ દેસાઈ એ પોતાની તબિયતની પણ પરવા કર્યા વિના એકલે હાથે આ ગ્રંથો માટે જે અમૂલ્ય સામગ્રી એકત્ર કરી હતી અને તેની પાછળ લોહીનું પાણી કર્યું હતું તેનો સામાન્ય માણસને એકદમ ખ્યાલ આવવો મુશ્કેલ છે. પરંતુ વર્ષોની જેહમત, ઉજાગરા અને સતત અધ્યયનના પરિપાક રૂપે આ ગ્રંથો તૈયાર થયેલા છે. તૈયાર ભોજનની પતરાળી ઉપર બેસનારને રાંધનારની તકલીફનો ખ્યાલ ભાગ્યે જ આવે છે." (શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનો ઈતિહાસ પૃ૧૧૫)

'સંક્ષિપ્ત' તરીકે ઓળખાયેલો પણ હજાર ઉપરાંત પાનામાં વિસ્તરતો 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' શ્રી મહાવીરસ્વામીના સમયથી સં. ૧૯૬૦ સુધીના શ્વેતામ્બર જૈન સાહિત્યનું કાલક્રમબદ્ધ દિગ્દર્શન કરાવે છે. સમકાલીન વ્યક્તિઓ પરત્વે તટસ્થ રહી શકાતું નથી એ સમજથી પોતે સગીર મટ્યા ત્યાં સુધી અવસાન પામેલા લેખકો આગળ અટકી જવાનો મોહનભાઈએ ઉપક્રમ રાખ્યો છે. દિગમ્બર સાહિત્યનો પોતાનાં સાધનશ્રમની મર્યાદાને કારણે એ સમાવેશ કરી શક્યા નથી, પણ શ્વેતાંબરમાં મૂર્તિપૂજક પરંપરા સાથે સ્થાનકવાસી પરંપરાના સાહિત્યની પણ તેમણે યત્કિંચિત્ નોંધ લીધી છે.

આ ગ્રંથ પાછળ મોહનભાઈનો સાતેક વર્ષનો અથાગ પરિશ્રમ પડેલો છે. મુનશીએ ગુજરાતી સાહિત્યના બૃહદ્ ઈતિહાસની યોજના કરી તેમાં મધ્યકાળના જૈનસાહિત્ય વિશે એક પ્રકરણ લખવાનું મોહનભાઈને સોંપવામાં આવ્યું અને કેટલીક ચર્ચાવિચારણા પછી એમણે ૧૯૨૬ના આરંભમાં આ પ્રકરણ લખવું આરંભ્યું. 'જૈન અને તેમનું સાહિત્ય' એ નામના આ લેખમાં મોહનભાઈને પૃષ્ઠમર્યાદાને કારણે ઘણી સંકડાશ અનુભવવી પડી - મધ્યકાલીન સાહિત્યનો વારો આવે તે પહેલાંજ ૫૬ પાનાં થઈ ગયાં અને જેને માટે લખવાનું હતું તે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને ગૌણ કરી નાખવું પડ્યું. માત્ર નામનિર્દેશથી ચલાવવું પડ્યું ને શતકવાર જૈન કવિઓનાં કાવ્યોના નમૂનાઓ તૈયાર કરેલા તે બાદ કરવા પડ્યા. આમ છતાં 'મધ્યકાળનો સાહિત્યપ્રવાહ' એ ગ્રંથમાં મુકાયેલા આ લેખે ઘણાં વિદ્વોનોનું સારું ધ્યાન ખેચેલું.

આ પછી મોહનભાઈએ આ લેખ એના યોગ્ય સ્વરૂપમાં 'જૈન ગૂર્જર કવિઓ'ના બીજા ભાગની પ્રસ્તાવના તરીકે મૂકવાનું વિચાર્યું. દરમિયાન એમાં આગમસાહિત્યનો ઈતિહાસ ઉમેરવાનું સૂચન આવ્યું. ૧૯૨૮માં ભારે પરિશ્રમપૂર્વક એ ભાગ તૈયાર કરી પ્રેસમાં પણ સામગ્રી મોકલવા માંડી. 'જૈન ગૂર્જર કવિઓ'નો ભાગ બીજો છપાઈ રહ્યો હતો તેનું પ્રકાશન અટકાવ્યું. પરંતુ ૧૯૩૦ સુધીમાં લેખમાં હીરવિજયસૂરિ સુધી પહોંચતાં જ ૫૬૦ પાનાં થઈ જવાથી એનો જુદો ગ્રંથ પ્રકાશિત કરવાનું નક્કી કર્યું. જે ૧૯૩૩માં પ્રકાશિત થયો. વચ્ચે બાળપુત્રે લગાડેલી નાનકડી આગમાં ઘણી નોંધ બળી ગઈ હતી. તે ફરીને તૈયાર કરવી પડી હતી.

મોહનભાઈએ પોતે સ્પષ્ટતા કરી છે કે આ ગ્રંથને સંગ્રહ ગ્રંથ એટલે કે રચાયેલી કૃતિઓ કર્તાઓ વગેરેના કોશ તરીકે પ્રગટ કરવાની મર્યાદા સ્વીકારવી પડી છે. એ સ્વરૂપને કાયમ રાખી બની શકે તેટલી વિષયમાહિતી ને ટૂંક ચર્ચા દાખલ કરી છે, પણ સાહિત્યની સિલાસિલાબંધ તપાસ ને સર્વ મુદ્રિત ગ્રંથોની વિષયમાહિતી ને સમીક્ષા આપી શકાઈ નથી. એટલે જ તો એ 'સંક્ષિપ્ત' તરીકે ઓળખાવાયેલો છે. આમ છતાં મોહનભાઈએ એટલાં બધાં સાધનોનો ઉપયોગ કર્યો છે કે આ ગ્રંથ કેવળ 'કોશ' રહી શક્યો નથી. એમાં ઘણી ઐતિહાસિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ચારિત્રાત્મક માહિતી આમેજ થઈ છે- મહત્ત્વની વ્યક્તિઓ પરત્વે તો ઘણી વિસ્તૃત, તથા ઘણી વાતો પહેલી વાર પ્રકાશમાં આવી છે. છેલ્લાં પ્રકરણોમાં જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતો, તેની સંસ્થાઓ, તીર્થો વગેરે વિશે કેટલીક પ્રાથમિક માહિતી અને પોતાના વિચારો જોડ્યા વગર મોહનભાઈ રહી શક્યા નથી. ઉપરાંત, ગ્રંથમાં જિનમૂર્તિઓ, જિનમંદિરો, અન્ય સ્થાપત્યો, ઐતિહાસિક વ્યક્તિઓ, પ્રાચીન પ્રતોમાંના રંગીન ચિત્રો, પ્રતોમાંના હસ્તાક્ષરો, લેખો વગેરેની મળી ૫૯ છબીઓ મૂકી છે અને તેના સવિસ્તર પરિચય ૬૨ પાનામાં આપ્યો છે, પોતાના નિવેદનમાં પણ ભંડારો, પ્રદર્શનો, વિહારો-આશ્રમો, કેળવણી, ભાષા, જાતિભેદ આદિ અનેક વિષયો પર ચર્ચા કરવાની તક એમણે લીધી છે. આમ, અનેક રીતે મોહનભાઈએ પોતાના ગ્રંથને સમૃદ્ધ કર્યો છે.

મોહનભાઈના સાહિત્યરસ, ઈતિહાસરસ, ધર્મરસ અને ગુણાનુરાગ આ સંગ્રગ્રંથમાં વ્યક્ત થયા વિના રહ્યા નથી. દરેક પ્રકરણને આરંભે મુકાયેલાં એક કે વધુ ઉદ્ધરણો જુઓ એટલે એ ઉદ્ધરહણો - આપનારા વ્યક્તિત્વનો ઉષ્માભર્યો સ્પર્શ થયા વિના રહેશે નહીં. ગ્રંથસામગ્રીમાં પણ મોહનભાઈએ કલમને મોકળી વહેવા દઈ ચારિત્રનાયક - કે ઐતિહાસિક પ્રસંગનો યોગ્ય મહિમા સ્થાપિત કર્યો છે. કર્તા-કૃતિની કોરી નોંધોના ખડકલા વચ્ચે આ બધું પડેલું છે તેથી - પહેલી નજરે આ ગ્રંથના વાચકનું ધ્યાન એ ન ખેંચે એવો સંભવ છે - પણ ધૈર્યથી આ ગ્રંથમાંથી પસાર થનારને એક સંગ્રહસ્થાનમાંથી મળે તેના કરતાં ઘણું વધારે મળશે એમાં શંકા નથી.

મોહનભાઈના આ ગ્રંથમાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને ગુજરાતી ભાષાના સાહિત્યની નોંધ છે. હિંદી કૃતિઓ જૂજ હોવાથી એની નોંધ પણ આવવા દીધી છે. ગુજરાતી કાવ્યસાહિત્ય પરત્વે મોહનભાઈને 'જૈન ગૂર્જર કવિઓ'નો હવાલો આપી કેવલ કવિનામયાદીથી સંતોષ માનવો પડ્યો છે.

મોહનભાઈની એક મહત્ત્વની સાહિત્યસેવા તે પ્રાચીન સાહિત્યકૃતિઓના સંપાદનની છે. પોતાની પુસ્તિકા 'જૈન સાહિત્ય અને શ્રીમંતોનું કર્તવ્ય' એ પુસ્તિકામાં પ્રાચીન ગ્રંથોના પ્રકાશનની અગત્ય મોહનભાઈએ ભારપૂર્વક બતાવી હતી. પછી તો પ્રાચીન જૈન સાહિત્યની શોધ, નોંધ, અભ્યાસ અને પ્રકાશન એમનું જીવનકાર્ય બની ગયું. 'સુજસવેલી ભાસ' એ કૃતિ અખંડ રૂપે મળી આવતાં મોહનભાઈને થયેલા અતિ ઉલ્લાસની વાત સુખલાલજીએ નોંધી છે તે આ કામનો એમનો રસ કેટલો ઉત્કટ હતો ને એમાં એ કેટલા ખૂંપી ગયેલા તે બતાવે છે. અનેક કૃતિઓ એમણે ઉતારી લીધેલી તેમાંથી કેટલીક ગ્રંથ રૂપે પ્રગટ થઈ છે, કેટલીક સામાયિકોમાં દટાયેલી પડી છે ને ઘણી તો અજ્ઞાતવાસમાં ચાલી ગઈ જણાય છે.

● ■ ●

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધન્ય ઉપાસના ! ધન્ય જીવન !

વીતેલા વર્ષો ઉપર દૃષ્ટિપાત કરીએ છીએ ત્યારે આજે એવું જણાય છે કે એ નજીકમાં વીતલો કાળ સુવર્ણકાળ હતો. વિદ્યાના ક્ષેત્રને લાગે વળગે છે ત્યાં સુધી તો હતો જ. માસિક પત્ર / પત્રિકા પણ કેવા માતબર અને જાજરમાન પ્રકાશિત થયા હતા. આજે કોઈ જૂના જ્ઞાનભંડારમાંથી તમને જૈનયુગ, જૈન કો. હેરલ્ડ, જૈન ધર્મ પ્રકાષ જૈન આત્માનંદ પ્રકાશન, જૈન સત્ય પ્રકાશ વગેરે જો જોવા મળે અને તમે માત્ર તેની અનુક્રમણિકા ઉપર જ અછડતી નજર ફેરવો તો લેખોના વિષયો અને લેખના નામોમાં તમને વૈવિધ્ય અને વૈશિષ્ટ્ય જોવા મળશે.

પ્રકાશનો પણ બધાં બળવત્તર જોવા મળે છે. પછીના કાળમાં ઉત્તરોત્તર આપણે આપણી વિદ્યા ઉપાસનાને નીચે ને નીચે લઈ ગયા અને છીછરી બનાવતા ગયા. ઊંચાઈ અને ઊંડાણ બન્ને ઘટ્યા. લક્ષ્ય અને પ્રયોજન બન્ને બદલાયા. કાળ તો તેમાં કારણ છે જ પણ આપણો પુરુષાર્થ પાંગળો-વામણો અને એકદેશીય બની ગયો છે. તે કેવું સ્વીકારવું ન ગમે છતાં સ્વીકારવું પડે તેવું વરવું સત્ય છે.

તે કાળ આપણને ચારસો વર્ષ પછી સાંપડ્યો હતો. તેનો તંતુ આટલો જલ્દી નિર્બળ બનાવવા જેવો ન હતો. અત્યારે પણ વ્યક્તિમત્તાની દૃષ્ટિએ આપણે સાવ નિરાશ થવા જેવી કે નિઃસાસા નાંખવા જેવી હાલતમાં નથી જ નથી. પણ તે શક્તિને યોગ્ય દિશા ચીંધનાર કે એ યોગ્ય દિશા તરફ દોરનાર મળી રહે તો પ્રગતિ દૂર નથી.

પોકારી-પોકારીને કહેવાનું મન થાય છે કે,

હે શ્રમણો ! હે શ્રમણીઓ ! હે શ્રાવકો ! હે શ્રાવિકાઓ !

પ્રભુ મહાવીર મહારાજાને ચારિત્ર પ્રાપ્ત થઈ ગયું હતું, પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી જ તેઓએ ધર્મનો અક્ષર કહેવાનું શરુ કર્યું હતું.

આપણે પણ જે કાંઈ તપ-ક્રિયા આચરીએ છીએ તેમાં શ્રદ્ધા છે એ વાત સ્વીકાર્ય પછી પણ એ શ્રદ્ધાને દૃઢ બનાવવા માટે તેને લૂણો ન લાગી જાય તે માટે તે-તે માં જવા માટે સમ્યગ્જ્ઞાનની ઉપાસના જરૂરી છે અત્યંત જરૂરી છે. શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાનને ક્રમશઃ સિદ્ધ કરવાના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજે ઊંડાણના ભોગે વિસ્તારને વધાવવામાં આવે છે. તે નિશાનીને સારી કેમ કહેવાય !

આજે આપણા ધર્મના, સંઘના કે શાસનનાં તમામ ક્ષેત્રે વિસ્તાર સધાયો છે તે દેખાય છે પણ તેમાં ઊંડાણ કેટલું ? એ પ્રશ્નનો ઉત્તર મેળવવા મથીએ છીએ ત્યારે મનને ગમગીની ઘેરી વળે છે.

ઇતિહાસનું કાર્ય જ આ છે કે તેમાંથી પ્રગટતી અખૂટ પ્રેરણાને ઝીલવાની છે. આપણે ત્યાં તપના ઉત્સવો થાય છે, ભક્તિની પ્રશંસા થાય છે, દાનના સન્માન થાય છે, ક્રિયાના બહુમાન થાય છે તો બીજા જીવો તેવું કરવા અનાયાસ જોડાય છે, અને તે - તે ક્ષેત્રમાં જીવોની સંખ્યા વધતી અનુભવાય છે. આપણે જ્ઞાનનું ગૌરવ કરતાં ક્યારે શીખીશું.

ભાઈઓ ! એ તો પાયો છે ! પાંદડે - પાંદડે પાણી ઘણું પાયું હવે મૂળમાં પાણી સીંચીએ. મૂળ મજબૂત હશે તો આપોઆપ વૃક્ષ લીલુંછમ રહેશે !

ભક્તિ, તપ, ક્રિયા કે દાન તેની પાછળ જ્ઞાનનું - ભાવનું બળ હશે તો તેજ પ્રાણવંત બની રહેશે અન્યથા એ નિષ્પ્રાણ બનીને થોડા જ સમયમાં કરમાવા લાગશે.

શ્રી મોહનભાઇ દલીચંદ દેસાઇ જે કાળમાં હતાં અને જે કાળમાં આવા ભગીરથ કામો તેમણે આદર્યા અને પૂર્ણ કર્યા તે કાળને નજર સમક્ષ લાવીએ ! ભૂતકાળ ક્યારેય નકામો નથી ! નિર્જીવ નથી ! તમને તેનો ઉપયોગ કરતાં આવડે તો એ છોડને ઉછેરવા માટે બળવાન ખાતરની ગરજ સારે તેમ છે.

કહેવાતાં પ્રવચનોમાં દૃષ્ટાન્તો સાંભળીને કે ગવાતી સજ્ઝાયમાં વર્ણવાતાં મહાપુરુષોનાં પ્રસંગો સાંભળીને કે ચિત્રોમાં દર્શાવેલી ઘટનાને નિહાળીને ચિત્ત ઉપર અસર થાય છે અને જીવ તેવું કરવા માટે આચરવા માટે તૈયાર થાય છે, તે શું છે ! તે શું બતાવે છે ! આને નિમિત્ત સ્વરૂપે લઈએ તો તેની અસરકારકતા પણ પ્રમાણી શકીએ એ ભૂતકાળ નહીં પણ જીવંત ઘટના છે.

કવિરાજ માઘના કાવ્યો જોઈને હવે આપણે કાવ્ય કરીશું નહીં આવી સુંદર અર્થગૂંથણી આપણા મનોરથનો વિષય પણ થઈ શકે તેમ નથી ! ત્યાં જેવા કવિ ભારવિના કાવ્યો જોયાં તો હા, આવી રચના તો આપણાંથી થઈ શકે અને પછી આપણે એવા-એવા કવિની ચિરંજીવીની રચનાને પામીએ છીએ એમ આવા ઇતિહાસના ગ્રન્થોમાં થયેલા સૈકાવાર કાર્યો ઉપર માત્ર નજર માંડીને એ કાર્યોની સૂચિને બારીકાઈથી જોઈએ તો બે લાભ થવા સંભવ છે. ઊંચાઈને આંબે તેવા કામની પ્રેરણા મળે અને આપણાથી થતાં કામોની અલ્પતા અનુભવી શકાય.

મોહનભાઈના પરિશ્રમને વર્ણવવાની વાત શબ્દોને કરી તો તેઓએ આવીને કાનમાં કહ્યું કે કાગળના મેદાનમાં ઉતારીને અમને શરમિંદા બનાવશો નહીં અમે પૂરેપૂરી અભિવ્યક્તિ કરવા લાચાર છીએ.

એક માણસ એક જીંદગીમાં ધીકતી વકીલાત બાજુ ઉપર મૂકી પુત્ર-પત્ની પરિવારમાં રહીને આવી જંગી સાહિત્યની ગવેષણાપૂર્ણ ઉપાસના કેવી રીતે કરી શક્યા હશે ! ક્યા ચન્દ્રક - માન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અકરામ કે શાલ સન્માનથી પ્રેરિત થઈને આવું કર્યું હશે ! કહેવું જ પડશે કે અંદરનો કોઈ એવો ધક્કો વાગ્યો હશે કે સ્વતંત્ર આત્મ હૃદયનાં ન નિવારી શકાય તેવા અવાજના પ્રેર્યા જ તેઓ આવા અત્યંત શારીરિક અને માનસિક પરિશ્રમને કારણે ઉત્તમકાર્યને સિદ્ધ કરી શક્યા હશે !

તેકાળે તો આવી સંપાદન પદ્ધતિ ને બિરદાવનારા / પ્રમાણનારા પણ જૂજ જ હતાં. ઘણાંને તો આ બધો નિરર્થક અને કશું નક્કી ન નીપજે તેવો શ્રમ જણાતો હતો ત્યારે તેઓ માંડ્યા રહ્યા અને માનતાં રહ્યા કે–

''उत्पस्यते कोऽपि समानधर्मा ।
कालोह्ययं निरवधि र्विपुला च पृथ्वी ।।''

અને તેમની આગાહી સાચી પડી ! શ્રી જયંત કોઠારી નીકળ્યા. તેમણે શ્રી મોહનભાઈનો નવો અવતાર ધાર્યો અને જૈન ગૂર્જર કવિઓને નવે અવતારે આપણી પાસે ધર્યા. જાણનારા, માણનારે તેમને પોંખ્યા પણ ખરા !

સાચા દિલનું વાવેતર ક્યારે પણ અફળ જતું નથી.

બધા જ સારાં કામની નોંધ લેવાય જ છે. ક્યારેક આપણી અધીરાઈને કારણે ''આ મોડું થયું.'' એવું મહેસૂસ થાય છે એટલું જ !

આપણે તેમના પરિશ્રમના પરિપાકના ફાલને જોઈશું તો આનો સંક્ષિપ્ત ઈતિહાસ છે તો આનો બૃહત્ ઈતિહાસ રચાય તો તેવો ''દરિયા જેવો ઊંડો અને વિશાળ, પહાડ જેવો ઊંચો અને ઉન્નત હોય'' એવું લાગે, એની કલ્પના પણ રોમાંચક છે.

આ ગ્રન્થ પ્રકાશિત થયા પછી બૃહત્ ઈતિહાસ હિન્દીમાં અનેક ભાગોમાં વિસ્તરેલો પ્રકાશિત થયો છે. (હવે તેના ગુજરાતી અનુવાદનાં ભાગ પણ પ્રકાશિત થયા છે.) તે તે વિષયના વિશિષ્ટ જ્ઞાતા દ્વારાં સંપાદિત થઈ પ્રકાશિત થયો છતાં આ મોટો કોશ જેવા નાના સંક્ષિપ્ત ઈતિહાસની ગરજ સતત અનુભવાતી રહી ! વિદ્વાનને આનો ખપ એક પેન કે પેન્સીલ જેવો સદાય રહ્યો છે, આ શું દર્શાવે છે ?

તમે તેના પરિશિષ્ટો ઉપર તો નજર માંડો.....! એકલે હાથે એકલપંડે આવું ગંજાવર કામ પૂરી ચોક્કસાઈથી કરવાનું ક્યારે બની શક્યું હશે !

એક સંસ્થા પણ આને પહોંચી વળવા વામણી દીસે છે તો એક વ્યક્તિ અને તે સંસારી વ્યક્તિ....! આ બધું જોઈને **'ધન્ય જીવન ધન્ય ઉપાસના'** એવા ઉદ્‌ગાર સરી પડે છે.

આ તો રોલ મોડલ છે, આને સામે રાખીને ઈતિહાસ કેવો હોઈ શકે તેનું ઉદાહરણ આ છે.

આના જેવો જૈન શિલ્પસ્થાપત્યનો ઈતિહાસ રચવાનો બાકી છે. કોઈ માતબર સંસ્થા આ બીડું ઝડપવા જેવું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સન્માનનીય વિદ્યાપુરુષ શ્રી મધુસૂદનભાઈ ઢાંકી આના માટે સુયોગ્ય વ્યક્તિ છે. તેમને આ વિષયનો વ્યાપક અને ઊંડો અભ્યાસ છે. આવા વિષયના તેઓએ છૂટા-છવાયા ઘણાં લેખો પણ લખ્યા છે. તેમની પાસે એક સળંગસૂત્ર ઇતિહાસ મેળવી શકાય.

દેશવાર દક્ષિણભારત / ઉત્તરભારતની પ્રાસાદ શૈલી, પ્રતિમાનિર્માણ શૈલી તેવી જ રીતે સૈકાવાર પણ પરિવર્તન પામી જૈન શિલ્પ-સ્થાપત્ય શૈલીનો સચિત્ર ઇતિહાસ મળી જાય.

તેઓ છે ત્યાં સુધીમાં જ આવા કામ કરવા / કરાવવા કટિબદ્ધ બનવું જોઈએ. જો કે આમે આ કામ માટે મોડા છીએ છતાં હજી બાજી હાથમાં છે, તેમ ગણીને તૈયાર થવું જોઇએ.

જૈન પરંપરાનો ઇતિહાસ લખાયો છે છપાયો છે પણ તેમાં જોઇએ તે એકેડેમિક સંપાદન પદ્ધતિ અખત્યાર થઇ નથી. કાચી સામગ્રી તરીકે આને ખપમાં લઇને અધિકૃત ઇતિહાસ આપી શકાય. એઓએ પણ મહેનત સારી જ કરી છે.

વર્તમાનકાળે સાધુ સંસ્થા (શ્વે.મૂ. જૈન) શાસન પ્રભાવનાના લેબલ નીચે જે પ્રભુમંદિર નિર્માણ-પ્રભુ પ્રતિમા નિર્માણ અને પૂજા - પૂજન મહોત્સવ રચનામાં વ્યસ્ત રહે છે, અને તેઓની સર્જનાત્મક શક્તિને પંચાંગ-આમંત્રણ પત્રિકાના ક્ષણજીવી કાર્યમાં જોતરે છે ત્યારે જે નવોદિત - આગંતુક સાધુ-સાધ્વીગણ છે તેમને તો એક દિશા આપવી આવશ્યક છે. તે કાર્યની યાદીમાં ઇતિહાસ લેખન અને તેની કાચી સામગ્રી લેખે જ્ઞાનભંડારોમાં સચવાયેલી હસ્તપ્રતોની રચના પ્રશસ્તિ - લેખક પ્રશસ્તિ ખૂબ જ ઉપયોગી બની શકે તેમ છે એથી એવા વિશાળ ફલકવાળા કાર્યક્ષેત્રને ઉઘાડી આપવું જોઇએ.

આ કાર્ય કરવાથી પણ મોહનભાઈને યોગ્ય અંજલિ આપી શકાશે. આ કાર્ય આચાર્યશ્રી મુનિચન્દ્રસૂરિ મહારાજના હાથે થયું છે તે બહુ રાજી થવા જેવી વાત છે. તેઓને આ વિષયનો રસ છે અને આમ તો તેઓ આવા કાર્ય કરીને વિદ્યારસ પિપાસુઓને વધુને વધુ સહાયક થવાનું જ કાર્ય કરી રહ્યા છે. આપણે ઇચ્છીએ કે આ બીજરૂપ કાર્યની શૃંખલા તેઓના હાથે રચાતી રહે.

આપણે ત્યાં આવા ક્ષેત્રમાં જે કાર્યો થયા છે તે એકાકી પુરુષના હાથે જ બહુધા થયા છે. ટીમવર્કની અપેક્ષા રાખીને રાહજોનારા રાહ જોતાં જ રહ્યા છે. અહીંની તાસીર છે. તો ભલે ! એમ જ થાઓ પણ કાર્ય થવું જોઇએ અને થાય છે તેથી મનને ટાઢક વળે છે એ જ ગન્તવ્ય છે.

આવા ગ્રન્થનો ઉપયોગ કરીને સંપાદકના શ્રમને - શક્તિને - સમયને વધુને વધુ સાર્થક બનાવીએ એ જ–

શ્રી નેમિ-અમૃત-દેવ-હેમચન્દ્રસૂરિ
શિષ્ય પ્રદ્યુમ્નસૂરિ

દેવકીનંદન,
નારણપુરા વિસ્તાર,
અમદાવાદ-૧૩,
વિ.સં. ૨૦૬૧
વસંતપંચમી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈનસાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ.

શુદ્ધિ પત્રક

(આ. શ્રી જગચ્ચન્દ્રસૂરિ મ.સા. (ડેલાવાળા) એ કરેલ શુદ્ધિકરણના આધારે આ શુદ્ધિપત્રક તૈયાર થયું છે.)

પૃષ્ઠ	પંક્તિ	શુદ્ધપાઠ
૨	૩	સુધર્મણે
૫	૨૩	પુરુષાર્થથી
૬	૨૦	ઉદ્વેયવ્વા
૭	૨૪	ઝંડો
૮	૨૮	રતિદેવ
૯	૯	તેરનું
૨૩	૧૭	ચરિત્ર
૨૩	૨૪	તેથી
૨૫	૧૬	રાયપસેણીમાં
૨૭	૭	પ્રકાર
૨૭	૮	આવે તે
૨૯	૭	ગરૂડોપપાત
૩૧	૪	શ્રુતધરા
૩૨	૨૪	અરસપરસ
૩૪	૨૨	આપેલું
૩૬	૮	મેઘકુમારની
૩૭	૧૬	જાલિકુમાર
૩૮	૮	આવે છે.
૪૨	૩	અગ્યારમું
૪૨	૧૮	અરસપરસ
૪૩	૬	સામાચારી
૪૩	૧૧	અગાઉ
૪૩	૧૧	શય્યંભવસૂરિએ
૪૩	૨૪	કામાખ્ય
૪૩	૩૧	પ્રગટ
૪૪	૨૯	ભાષાંતર
૪૬	૪	અચેલક
૫૧	૨૩	થનાર
૫૨	૧૨	આશાતના
૫૪	૧૪	આલોચના
૫૫	૧૦	સામાચારી
૫૫	૨૩	વંદિત્તુ સૂત્ર
૫૬	૨૨	મૂલસૂત્ર
૫૭	૨	બૃહત્કલ્પ
૫૮	૧	દિગંબરોએ
૫૯	૬	દર્શાવ્યો
૫૯	૧૧	तदष्टधा
૬૦	૭	દર્પણ
૬૦	૧૦	ગુણાકરકૃત
૬૧	૬	निश्चयान्
૬૧	૧૪	त्वदीयसूक्त -
		प्रतिपत्तिहेतवः ॥
૬૫	૩	કરાવ્યો
૬૫	૧૭	કલિંગ
૬૫	૩૦	સુદ
૭૦	૩૩	જિનવિજયજી
૭૪	૩૦	પરંપરા
૯૨	૩૪	કુંભકલશ
૯૭	૨૩	ચત્વાર
૯૯	૭	ચાણક્ય
૧૦૧	૧૬	ગયા
૧૦૧	૨૧	સમુપ્પન્નો
૧૦૩	૧૩	મળે છે.
૧૦૩	૧૪	ભાવવાહી
૧૦૪	૨૭	પૃથક્કરણ
૧૦૬	૧૮	મહત્તર
૧૦૭	૨	નિંવિષ્ટા
૧૦૯	૨૪	ઠરાવવા
૧૦૯	૩૧	અંગાઇસુ
૧૧૦	૧૮	સમરાદિત્ય
૧૧૧	૧૯	નન્દી સૂત્ર
૧૧૧	૨૪	સમુચ્ચય
૧૧૨	૨૧	બીજા
૧૧૩	૨૭	चरित्रम्
૧૧૩	૨૯	સમુચ્ચય
૧૧૩	૩૦	હરિભદ્રસૂરિ
૧૧૪	૧૮	સ્વભાવ
૧૧૪	૨૦	આદર
૧૧૫	૧૫	દિશા
૧૧૭	૬	સાંભળતા
૧૧૭	૨૧	સાધારણ
૧૧૮	૯	આપ્યું
૧૧૮	૧૦	જગતનું
૧૩૦	૧	ભાષા
૧૩૦	૭	ભંડાર
૧૩૦	૧૪	અપભ્રંશ
૧૩૪	૩૨	મધુકરી
૧૩૭	૧	ધનેશ્વર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃષ્ઠ	પંક્તિ	શુદ્ધપાઠ
૧૩૯	૨	સભાની
૧૩૯	૯	પ્રગાઢ
૧૩૯	૯	બાલ્યાવસ્થા
૧૩૯	૧૦	પરસ્પર
૧૩૯	૨૧	પરમત
૧૪૧	૪	અભ્યાસ
૧૪૧	૯	ગાથા
૧૪૨	૨૭	પારિતોષિક
૧૪૩	૧૬	જિનેશ્વર
૧૪૪	૧૧	સહસ્ર
૧૪૫	૨૨	આરાધના
૧૪૬	૧૩	કારભાર
૧૪૭	૧૪	નહિ પરન્તુ
૧૪૮	૨૪	સવારીએ અને
૧૪૯	૧૮	તેમના
૧૫૧	૩	જિણિંદ
૧૫૧	૧૬	ગૂર્જર સૈન્યે
૧૫૨	૬	પુરુષાર્થ
૧૫૪	૨૪	સ્વતંત્ર
૧૫૪	૩૧	જિનમંડન
૧૬૧	૧૪	આશ્રયથી
૧૬૧	૨૧	પ્રયાણ
૧૬૩	૧૭	ભવદ્
૧૬૪	૭	પ્રાકૃત
૧૬૫	૪	સિધ્ધ
૧૬૫	૯	આપી
૧૬૫	૧૧	આજ્ઞામાં
૧૬૫	૧૯	ગુર્વાવલી
૧૬૬	૧૫	સમુચ્ચય
૧૬૭	૨૬	સાંભળી
૧૬૭	૨૮	ઉપાશ્રય
૧૬૭	૩૨	આહાર
૧૬૮	૧૮	વિશેષાવશ્યક
૧૬૯	૨૩	આચાર્ય
૧૭૧	૨૫	સિદ્ધાન્ત
૧૭૧	૨૭	રિતિ
૧૭૫	૧૩	અજાણ્યો
૧૭૬	૧૪	લેખ
૧૭૮	૭	તેથી
૧૭૮	૧૪	પ્રચાર
૧૭૮	૧૭	કારણ
૧૮૦	૧૧	ગયાં છે.
૧૮૦	૨૪	સત્તાધારી
૧૮૧	૯	અર્થિઓને
૧૮૧	૩૦	ચૌદસો
૧૮૩	૩	હેમચંન્દ્ર
૧૮૩	૨૫	હોવાથી
૧૮૩	૨૬	તેથી
૧૮૫	૩	નિવાસસ્થાન
૧૮૫	૧૫	નિર્યુક્તિ
૧૮૬	૨૧	ચરિત્ર
૧૯૩	૧	ક્લૃપ્તં
૧૯૩	૧	દ્વ્યાશ્રયા
૧૯૩	૧	યોગશાસ્ત્રં
૧૯૫	૧૬	ઘણા
૧૯૭	૭	તથા
૧૯૮	૧૧	વ્યાકરણ
૧૯૮	૨૮	મિદં
૧૯૮	૨૯	પૂર્વજ
૧૯૯	૧૨	પાથોધે
૧૯૯	૧૨	એકેનાપિ
૨૦૧	૧	પારખુ
૨૦૧	૬	સંપ્રદાય
૨૧૧	૧	સ્યાદ્વાદ
૨૧૯	૪	સુહૃજ્જને
૨૨૦	૧	રૂક્ખ
૨૩૯	૨૩	સેના
૨૩૯	૨૪	અચાનક
૨૪૦	૨૪	જગતિ
૨૫૦	૧૫	સ્વેચ્છયા
૨૫૫	૩	દેવસૂરિ
૨૬૧	૨૪	પ્રભૃતિ
૨૬૩	૧૭	અંકેવાલિય
૨૮૪	૯	હેમચંદ્રાચાર્ય
૩૩૮	૨૬	ન્યાયાર્થમંજૂષા
૪૧૯	૨૪	આનંદઘન
૪૩૦	૩	જે નામ
૪૩૧	૮	ષટ્ત્રિંશિકા
૪૭૧	૫	જાય તેની
૪૭૮	૧	છાપવાની
૪૮૦	૧૨	પંડિત
૫૧૫	૨	સુખી
૫૪૩	૩૧	કરી શકું
૫૪૪	૧૫	શ્વેતાંબર
૫૪૫	૧૮	ગુજરાતી
૫૪૭	૧૭	જૈનેતર
૫૪૮	૪	અંતે
૫૪૮	૮	સૈકા
૫૪૯	૨૭	જોશે
૫૫૧	૨૭	ઉદાહરણ
૫૫૧	૨૮	ગદ્ય
૫૫૨	૧૨	અન્ય
૫૫૨	૧૫	કી હૈ
૫૫૩	૩	કા શ્રુત
૫૫૩	૨૪	પ્રકાશ
૫૫૩	૨૫	પ્રકાશે છે.
૫૫૪	૭	અગાઉ
૫૫૪	૧૦	ખેડાયેલું

.....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. કમઠ તાપસ અને
પાર્શ્વનાથ રાજકુમાર
(મુસલમાન પૂર્વના
સમયના
કલ્પસૂત્રમાંથી)

૨. શ્રી પાર્શ્વનાથ કુમાર
અને કમઠ તાપસ
(મુગલ સમયના
કલ્પસૂત્રમાંથી).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. શ્રી આદિનથપ્રભુની ધાતુ-પ્રતિમા સં. ૧૦૭૭



૪. ભગવાન શ્રી મહાવીર

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

Jain Education International

For Private & Personal Use Only

www.jainelibrary.org

પ. ઇ.સ. પ્રારંભનો અર્હત્પૂજા માટેનો આયાગપટ-મથુરા પારા ૧૭૪



૬. સં. ૯૫ માં જૈન યતિ કણ્હની મૂર્ત્તિ-મથુરા

૭. ધાતુની અર્ધ પદ્માસનસ્થ
જિનમૂર્ત્તિ-જૂની કર્ણાટકી
લિપિલેખ સહિત



૮. અજંટા પાસે જૈનમંદિરનો દ્વાર મંડપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



૯. આબૂ પર વિમલશા મંત્રીનું દહેરૂં-'વિમલ વસહિ' પારા ૨૮૯

૧૦. આબૂ 'વિમલવસહિ'ના ઘુમટનું અપ્રતિમ નકશી કામ પારા ૨૮૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



૧૧. જેસલમેર ભંડાર તાડપત્ર પુસ્તકના કાષ્ટફલક પર ચિત્રિત જિનવલ્લભ સૂરિ પારા ૩૧૪-૬

૧૨. જેસલમેર ભંડાર તાડપત્ર પુસ્તકના કાષ્ઠફલક પર ચિત્રિત જિનદત્ત સૂરિ પારા ૩૧૭-૩૧૯



૧૩. ઇડર ગઢનું
બાવન જિનાલય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪. કુમારપાલનું અજીતનાથ મંદિર-તારંગા. પારા ૩૭૪-૩૭૬

૧૫. 'કલિકાલસર્વજ્ઞ' શ્રી હેમચંદ્ર સૂરિ; પરમાર્હતશ્રી કુમારપાલ ભૂપાલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬. મહં. શ્રી વસ્તુપાલ-મહં.
શ્રી લલિતાદેવી-મહં.
શ્રી વેજલદેવી

૧૭. સં. ૧૨૯૪ની તાડપત્રની પ્રતમાં ચિત્રિત શ્રી હેમાચાર્ય અને રાજન્ કુમારપાલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



૧૮. મહામાત્ય વસ્તુપાલ તેજપાલનાં મંદિર-ગિરનાર
(પારા ૫૨૭ અને ૫૨૭ક)



૧૯. કચ્છ-ભદ્રેશ્વરનું પ્રસિદ્ધ મંદિર (જગડુશાનું)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૦. જિનદત્તસૂરિની મૂર્તિ પ્ર૦ સં. ૧૩૩૪ - પાટણ (પારા ૩૧૭-૩૧૯)

૨૧. રાણકપુરનું ધરણાશાનું મંદિર સં. ૧૪૯૭ પારા ૬૬૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



૨૨. સાદડીનું જૈનમંદિર.

૨૩. ચિતોડનો જૈન કીર્તિસ્તંભ. (ટિ. ૪૪૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



૨૪. ચિતોડમાં 'અષ્ટાપદ' જૈનમંદિર-'શૃંગાર ચાવડી'-સિંગાર ચૌરી સં. ૧૫૦૫

૨૫. ગિરનારની સંગ્રામ સોની (?સમરસિંહ)ની ટુંક (સં. ૧૪૯૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૬. જામનગરનું જિનમંદિર સં. ૧૬૭૮ (પારા ૮૨૮)



૨૭. શત્રુંજયપરનું મુખ્ય આદિનાથ મંદિર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૮. શત્રુંજયપરનાં જૈન મંદિરોનું વિહંગાવલોકન.

૨૯. શ્રી સુમતિનથપ્રભુની ધાતુ-મૂર્ત્તિ સં. ૧૫૧૨ રાજગૃહ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥श्रीलोद्रवानगरेश्रीवृ हत्खरतरगच्छाधीशैः॥
॥ सं१६७५मार्गशीर्षसुदि१२तिथौगुरोनांमशा लिकसा०श्रीमलसा०चांपलाद
पुत्ररत्नघाद हूकणना र्याकनकादपुत्रदूररा जसिंघराजा दियुजाश्रीचिंतामणिपार्श्वना
थबिंबंकाऽप्र०चयुगप्रधानश्रीजिनसिंहसूरिप दप्रनाकरन०श्रीजिनराजसूरिनिःप्रतिष्ठितं।

३०. પ્રસિદ્ધ થાહરૂશાહની પ્રશસ્તિ-લોદ્રવા મંદિર સં. ૧૬૭૫ (પારા ૮૪૬)

૩૧-૩૨. શિલ્પકલાનો નમુનો-પત્થરની બે મૂર્ત્તિઓ જેસલમેર સં. ૧૫૮૩

33. 'જગદ્‌ગુરુ' શ્રી હીરવિજયસૂરિ મૂર્ત્તિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



اسم اکبر

حکم مطاع ابو المظفر سلطان محمد

نقش فرمان عالیشان مواقع اصلاست

در ین وقت فرمان عالیشان صادر شد که

شرف نفاذ یابد و بداند که حکام و عاملان دار الملک کرمان

حال و استقبال و متصدیان سعادت

قرمان عالیشان سعادت نشان در باب منع

و معاف مطلقا در هیچ وقتی و سنه

و در ظهر فرمان عالیشان مسطور است که

نگذارند جلایب و مقولات متعرضات دانند و جاسوسانی که در خانه

و در دکان آشپانه بسته باشند و نصب

احتیاج تمام و صلاح مطلب ما الکلام نمایند و دیوان نانم ۱۲ دمان قید شده

که نظر بر آمد و شد کرده باشد و خدا طلبی عموماً مزاحم ان نباشد

سیورغال خطیبه جهت بخشیدن قابعان طریقت او که شرف ملازمت ما دریافته

اقدس در پایه اسر محلمان درگاه ابد پناه بعابد و مساکین ایشان تکلیف

و دیوسالهای ایشان باشند که نزد نیاید و احدات بایشان نداشته

و اگر آن بقاع در پرانه نهاده باشد و از معتقدان و محبان ایشان

و سایر صاحب خیران چیزی میخواست تو باشد که تغیر نمایند و باساس خدا آنرا

هیچ احدی ظاهر بینی و متعصبی بخود خا... نباید و جنبجه

کرده از خدا ناشناسان آمساک باران که کار الهی است ازانها نپذیرند

و با معامله دنیا با فسون و طلسم دانسته نسبت بان نامراد نباشد

مینمایند و انواع آزار بسیار میرسانند و در پرسش و طریق خود که میکنند

مانع میگردند مطلقاً کسی با شاکر امور بان نامراد نسبت

نکرده گذارند که بفراغ خاطر بجای و مقام خود بوده بعبادت اشتغال

نماید و طریق و روش خود را می نموده باشند باید که حسب

الفرمان عالیشان عمل نموده چنان تاکید نمایند که بخوبی تمرین

و جمعی بعمل در آید و احدی بخلاف حکم نتواند کرد در عهده

دانسته از فرموده در نگذرند و تخلف نمایند تحریراً فی التاریخ

غرة شهر ربیع الاول سنه ۹۶۶ موافق ۵ شهر مهر سنه ۱۰ الهی

૩૫. અકબરનું વિજયસેન સૂરિને ફરમાન પારા ૮૦૪

اسم اکبر

فرمان خلائق المربی محمد اکبر بادشاه غازی

نقش فرمان عالیشان باسم اکبر مکرر اصل است

اعتضاد الممالک العظمی اعتقاد الخلافة الکبری ذو الفضائل الوضیة

والشمائل المرضیة رکن السلطنة القاهرة مؤتمن الدولة الباهرة مروج

العنایات السلطانیة منظور الالتفات الخاقانیة صاحب الفضایل الصوریة والکمالات المعنویة ذو روح جهانیان

بلده مکان مبارز الدین اعظم خان بوفور الطاف و اعطاف دور افزون بادشاهی مشرف و ممتاز و فایز و بر خوردار

کرجون حکمی هست علیا مقامت مصروف آنست که جمیع طوایف انام و طبقات عالم از مخالف

مشارب و متبایدین مذاهب و مشتبه عجز ملل و مختلفین نحل از شریف و وضیع و کبیر و صغیر

و فقیر و فهیم و دانا و ناطق که هر کدام از انها مظهر تجلیات خاصه حق و مصدر ظهور تقادیر

سبحانی اند بین است و از دوایع بدایع ابدا نتظام بخش در طریق ایمن خود ثابت قدم بوده متفق

الحال و فارغ خاطر بمهمات عبادت و مهام عادت و سایر مطالب خود اشتغال داشته دوام دولت ما

قلمداد است توفیق تمالی از راهب متعال و کریم متفضال مسئلت نمایند هر حکمت بالغه که

دری از ابواب آدم منصب فرمان روایی و افراد سروری طبقات دانوا نشت که شفقت عام

و رافت مطلقه را کبر مرتوبیت از ظل رحمت بالغه ایزدی بیشوایی خود شناخته اکبر بادشاه

سرایی محبت کل متوانر سید باری بمامرت نهای صلح کل منزل الساس نهاده باجمیع عباد الهی سلوک

مهربانانه و طریق شفقتانه پیش گیرد و در موجودات خدایی که نتایج ایجاد علیه نهاد حضرت

وجود بوجودت نظام معان انواخته معاونت مقتضد و مشارب ایشان نماید تا دست قوی

از ضعیف کوتاه بوده هر کدام مسرور دل و مبتهج باطن باشند بنا بر این علی هذا تقریر فرمود

و کثرت ریاضت و خدا طلبی عدم مزاحمان هریکی سرور سیرده و تا بعان طریقه او کمر ارادت

در پایه اقدس محلمان درگاه اند حکم شد که هیچ احدی از سکنه آن دیار مزاحم احوال نباشند و در

و مساکین ایشان که دیوها و دیوسالهای ایشان باین کیفیه فرود نیاید و الطاف بایشان نرساند و کار از انها

دوخانی نهاده ماشد با دولان مشغل باشد و از معتقدان و محبان ایشان با سایر صاحب خیران محبتی

نباید که تغیر نماید با اساس خدا آنرا هیچ احدی حاضر نباشد و تصحیح نکند و مانع نشاید و چنانچه کرده هر

خلاف شناسان اساس کار را بر زوال آنرا که کار الهی است از نا امید کی و نا معامله دنیا با فسون و طلسم

داشته نسبت باین نامرادان خدا شناس منع نماید و انواع آزار میرسانند باید که امثال این امور در زمان

حکومت طلبات ادکه از عهده هوشمندان سعادت مندات نشود و جنان مسموع شود که حاجی جیسا شه

که روش حق طلبی و حق شناسی پیدا نماید آزار بی جا بجایی میرسانند نسبت بفایت بیاطل ادکس

که انتظام بخش عالم است کران آمده باید که ایشان از ممالک خود دار باشند که هیچ احدی کمیتی

ستم نتواند کرد طریق جمیع حکام و ولات حال و استقبال و جمیع متصدیان اشغال آنده دار ان کالیه

آنست که حکم بادشاهی را کر نرجان و فرمان الهیات عروة الوثقای صلاح حال خود دانسته تخلف ان را مطلقا

و معاونت دیت و دنیا و آب روی صورتی و معنوی در امتثال آن داند باید که این فرمان را مطالعه

نموده قول آنرا بر داشته حمایا انجا نماید تا هموار سند ایشان بوده در عبادات خود متوقع نباشند

و در خدا پرستی سرگرمی نمایند در عهدان دانسته تخلف ول عمال ندهند تحریراً فی التاریخ و در شهر ربیع

شهر از ماه الهی سنه ۳۵ مطابق ۲۸ شهر بهمن الحرام سنه ۹۹۹

૩૪. અકબરનું હીરવિજયસૂરિને ફરમાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૭. શ્રી હીરવિજય સૂરિનો અકબર બાદશાહે કરેલો સત્કાર



૩૬. જહાંગીરનું વિવેકહર્ષ આદિને ફરમાન (પારા ૮૨૦)



૩૮. સમયસુંદરગણિના હસ્તાક્ષરમાં સ્વકૃત ગૂ૦આદિનાથ સ્ત૦ સં. ૧૬૯૯ (પારા ૮૪૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



૩૯. શેઠ શાંતિદાસ અને શ્રીરાજસાગરસૂરિ (પારા ૮૩૩-૪)



૪૦. સં. ૧૬૭૫ ના લોદ્રવાના પાર્શ્વનાથ મંદિરમાં શિલામાં કોતરેલ શતદલપદ્મ યંત્ર

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org



૪૧. શ્રાવક કવિ ઋષભદાસના હસ્તાક્ષરમાં સ્વકૃત વ્રતવિચારરાસ સં. ૧૬૭૯

૪૨. જિનહર્ષના હસ્તાક્ષરમાં
સ્વકૃત શત્રુંજય માહાત્મ્ય
રાસ સં. ૧૭૫૫ (પારા ૯૭૬)

www.jainelibrary.org
For Private & Personal Use Only
Jain Education International

૪૩. શત્રુંજય પરનાં જૈન મંદિરો



૪૪. શત્રુંજય પર શેઠ મોતીશાની ટૂંક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૫. શેઠ હઠીસિંહ કેસરીસિંહ-અમદાવાદ સ્વ. સં. ૧૯૦૧ પારા ૯૯૧

૪૬. હઠીસિંહનું દેહેરૂં-અમદાવાદ સં. ૧૯૦૩ પારા ૯૯૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૭. સં. ૧૯૦૩ના હઠીસિંહના દહેરાનો બહારનો દેખાવ. અમદાવાદ.

૪૮. હઠીસિંહના મંદિરનું દ્વાર.



૪૯. તે મંદિરનો અંદરનો ભાગ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



૫૦. શ્રી આત્મારામજી-(વિજયાનંદ સૂરિ)

૫૧. વીરચંદ રાઘવજી ગાંધી B.A. પારા ૧૦૧૪-૧૮

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org



૫૨. દાનવીર શેઠ પ્રેમચંદ રાયચંદ



૫૩. મુંબઈ યુનિવર્સિટીને પ્રેમચંદ શેઠની બક્ષીસ
રાજબાઇ ટાવર



૫૪. અધ્યાત્મી ફિલસુફ રાયચંદ કવિ



૫૫. મહાત્મા મોહનદાસ ગાંધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



૫૬ રાય બદ્રીદાસે કરાવેલ જૈનમંદિર, કલકત્તા.



૫૭. 'જૈન'ના આદ્યતંત્રી સ્વ૦ ભગુભાઈ કૂતેચંદ કારભારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૮ ગિરનારપરનાં જૈન મંદિરોનું વિહંગાવલોકન



૫૯ આબૂપરનાં જૈન મંદિરો–વિમલવસહિ વગેરેનું વિહંગાવલોકન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભાગ પહેલો

ભ. શ્રી મહાવીર અને આગમ સાહિત્ય.

[વીરાત્ ૧ થી વીરાત્ ૯૮૦]

अरहंते वंदित्ता चउदसपुव्वी तहेव दसपुव्वी ।
एक्कारसंगसुत्तत्थधारए सव्व साहू य ॥ —ओघनिर्युक्ति.

—અરિહંતને, ચૌદ પૂર્વધરને, દશ પૂર્વધરને અને ૧૧ અંગના સૂત્રાર્થ ધારનાર સર્વ સાધુઓને વંદન કરીને (આરંભુ છું.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૧ જૈન ધર્મનો ઉદય અને તેનું સ્થાન

મંગલાચરણ

सर्वज्ञमीश्वरमनन्तमसंगमग्र्यं सार्वीयमस्मरमनीशमनीहमिद्धं ।
सिद्धं शिवं शिवकरं करणव्यपेतं श्रीमज्जिनं जितरिपुं प्रयतः प्रणौमि ॥

नमः श्री वर्धमानाय श्रीमते च सुधर्मेण ।
सर्वानुयोगवृद्धेभ्यो वाण्यै सर्वविदस्तथा ॥

* સર્વજ્ઞ, ઈશ્વર અનંત, અસંગ, અગ્ર્ય, સર્વહિતાવહ, અસ્મર, અનીશ, અનીહ, તેજસ્વી, સિદ્ધ, શિવ, શિવકર, કરણઇન્દ્રિયો અને શરીરરહિત, જિતરિપુ, શ્રીમાન જિનને પ્રયત્નપૂર્વક પ્રણમું છું.

શ્રી વર્ધમાનસ્વામીને, શ્રી સુધર્મગણધરને, સર્વાનુયોગવૃદ્ધોને અને સર્વજ્ઞની વાણીને નમસ્કાર.

-અભયદેવસૂરિકૃત ભગવતી સૂત્રટીકાના મંગલાચરણ પરથી.

શ્રીમહાવીર પ્રવચન

* पुरिसा ! सच्चमेव समभिजाणाहि । सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

—આચારાંગસૂત્ર.

—હે પુરુષો ! સત્યનું જ સમભિજ્ઞાન-પરિજ્ઞાન કરો. સત્યની આજ્ઞા ઉપર ઊભેલો મેધાવી-બુદ્ધિશાલી માર-મૃત્યુને તરી જાય છે.

* पगडं सच्चंसि धित्तिं कुव्वह ! एत्थो वरए मेहावी सव्वं पावकम्मं झोसइ । —આચારાંગસૂત્ર.

સ્પષ્ટરૂપે સત્ય પર સ્થિરતા કર. સત્યનિરત મેધાવી સર્વ પાપ-કર્મોને બાળી મૂકે છે.

पभू दोसे निराकिच्चा न विरुझेज्ज केणइ । मणसा वयसा चेव कायसा चेव अंतसो ॥

—સૂત્રકૃતાંગ સૂત્ર.

આત્મબલને જાગ્રત કરી દ્વેષને દૂર કરી કોઈથી પણ વિરોધ મન, વચન અને કાયાથી જીવનના અવસાન સુધી ન કર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે એગં જાણઇ સે સવ્વં જાણઇ । જે સવ્વં જાણઇ સે એગં જાણઇ ॥ —આચારાંગ. ૩/૪/૧૨૯
જે એકને (આત્માને) જાણે છે તે સર્વ જાણે છે; જે સર્વ જાણે છે તે એકને જાણે છે.

દિટ્ઠં સુયં મયં વિણ્ણાયં, જં એત્થ પરિકહિજ્જઇ ।
જે દૃષ્ટ-દેખાયું છે, સંભળાયું છે, અનુમત થયું છે, વિજ્ઞાત થયું છે તે પ્રમાણે કહેવું જોઇએ.

'જિન'-'તીર્થંકર'

૧. ભારતના આર્ય ધર્મની ત્રણ શાખાઓ : વૈદિક, જૈન અને બૌદ્ધ એ ત્રણે મળીને આર્યાવર્ત્તના પ્રાચીન ધર્મનું પૂર્ણ સ્વરૂપ બંધાય છે. પ્રાચીન આર્યાવર્ત્તમાં એવા અદ્‌ભુત મહાત્માઓ થયા છે કે જેમણે પોતાનાં મન, વાણી અને કાયા તદ્દન જીતી લીધાં હતાં. તેઓને ગુણની દૃષ્ટિથી **'જિન'**[1] (જિ ધાતુ જીતવું, એ પરથી જીતનાર)[2] **અર્હત્** (યોગ્ય) એ યથાર્થ નામ આપવામાં આવે છે, અને એમના ધર્મને ખાસ અનુસરનારા તે **'જૈન' 'આર્હત'** કહેવાય છે. એ મહાત્માઓએ પોતાના જીવનથી અને ઉપદેશથી અસંખ્ય જીવોને આ સંસારમાંથી તરાવી દીધા છે અને તેથી તેઓ **'તીર્થંકર'** નામે પણ ઓળખાય છે.

૨. જૈનો દરેક યુગ—મહાયુગમાં[3] ૨૪ તીર્થંકરો થએલા માને છે. વર્તમાન યુગમાં ૨૪ થએલા તેમાં સૌથી પહેલા **ઋષભદેવજી** અને છેલ્લા **વર્દ્ધમાન-મહાવીરસ્વામી**. ઋષભદેવજી અત્યંત પ્રાચીન કાળમાં થઇ ગયા. એમને બ્રાહ્મણો પણ વિષ્ણુના ૨૪ અવતારમાંના એક માને છે; અને એમના અદ્‌ભુત વૈરાગ્યની અને પરમહંસવૃત્તિની બહુ પ્રશંસા કરે છે. ઋષભદેવજી પછીના બીજા વીસ તીર્થંકરો પણ

---

૧. 'જિન' શબ્દ બુદ્ધના માટે, તેમજ વિષ્ણુના માટે પણ વપરાય છે. જુઓ.

સર્વજ્ઞઃ સુગતો બુદ્ધો ધર્મરાજસ્તથાગતઃ । સમન્તભદ્રો ભગવાન્મારજિલ્લોકજિત્‌જિનઃ ॥ અમરકોશઃ
જિનોઽર્હદ્ બુદ્ધ વિષ્ણુષુ । હેમચંદ્ર-અનેકાર્થ સંગ્રહઃ ૨-૩૭૮.
વળી 'જિન' (જૈનોના જિન) સંબંધી યોગવાસિષ્ઠમાં મુમુક્ષુ પ્રકરણમાં અહંકાર ખંડન અધ્યાયમાં ઉલ્લેખ છે કે :—
નાહં રામો ન મે વાઞ્છા ન ચ ભોગેષુ મે મનઃ । કેવલં શાન્તિમિચ્છામિ સ્વાત્મનીવ જિનો યથા ॥

૨. પ્રાચીન ઋગ્વેદમાં અર્હત્ યોગ્ય, મહાન્, સંમાન્ય વગેરે અર્થમાં વપરાયો છે. જુઓ. ઋગ્વેદ ૨, ૩-૧; ૨-૩-૩; ૭-૧૮; ૧૦-૨૨; ૨-૨; ૧૦-૯૯-૭. મૂળ.

આ. શ્રી. હેમચંદ્રના **અભિધાન ચિંતામણી** (૧,૨૪,૨૫)માં આ અર્હત્ શબ્દના પર્યાય નીચે પ્રમાણે આપ્યા છેઃ-
અર્હંજ્જિનઃ પારગતસ્ત્રિકાલવિત્ ક્ષીણાષ્ટકર્મા પરમેષ્ઠ્યધીશ્વરઃ । શંભુઃ સ્વયંભૂ ર્ભગવાઞ્જગત્પ્રભુ સ્તીર્થંકરસ્તીર્થકરો જિનેશ્વરઃ ॥

૩. આ 'યુગ-મહાયુગ' એ શબ્દ માટે જૈન 'અવસર્પિણી' અને 'ઉત્સર્પિણી' એ નામના મોટા કાલ-કાલચક્રના બે વિભાગો કહ્યા છે. અવ=નીચે સર્પ ધાતુ સરવું એ પરથી સરનાર તે અવસર્પિણી એટલે રૂપ, રસ, ગંધ આદિ વૈભવમાં ક્રમશઃ જે પડતો-ઊતરતો કાલ તે; જ્યારે રૂપ, રસ, ગંધ આદિ વૈભવમાં ઉત્ કહેતાં ઊંચો એટલે ક્રમશઃ ચઢતો કાલ તે ઉત્સર્પિણી. આ વિભાગોમાં સંખ્યા ન થઇ શકે એટલાં વર્ષો પસાર થઇ જાય છે. એ પ્રત્યેક વિભાગના છ ભાગ કર્યા છે તેને છ 'આરા' કહેવામાં આવે છે. ઉત્સર્પિણીના છ આરા પૂરા થાય કે અવસર્પિણીના આરા શરૂ થાય છે. વર્તમાનમાં અવસર્પિણીનો પાંચમો આરો ચાલે છે. હિંદુઓ વર્તમાન યુગને કલિયુગ કહે છે; પ્રો. **આનંદશંકર ધ્રુવ** કહે છે કે "ઇતિહાસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘણા પ્રાચીન કાળમાં થઇ ગયા. પછી બાવીસમા નેમિનાથજી તે કૃષ્ણના પૈતૃક ભાઈ સૌરાષ્ટ્રના ગિરિનાર પર્વત પર સિદ્ધિ પામ્યા. ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ એ કાશીના અશ્વસેન રાજાના પુત્ર-તેમણે ૭૦ વર્ષ સુધી જૈન ધર્મનો ઉપદેશ કર્યો* એમનો સમય વિ.સ. પૂર્વે ૮૨૦ થી ૭૨૦ (ઈ.સં. પૂર્વે ૮૭૬ થી ૭૭૬) એટલે કે તેઓ શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ પહેલા ૨૫૦ વર્ષે સિદ્ધ થયાં.

૩. આ પાર્શ્વનાથજીને ઐતિહાસિક વ્યક્તિ તરીકે ડો. યાકોબી (Jacobi) આદિએ હાલની શોધખોળથી સ્વીકારેલ છે. સર ભાંડારકરે નેમિનાથજીને પણ ઐતિહાસિક વ્યક્તિ તરીકે જણાવેલ છે અને તેમ ગણતાં સૌરાષ્ટ્ર (કે જેમાં હાલનું ગુજરાત સમાઇ જતું હતું) સાથે જૈનોનો સંબંધ શ્રી નેમિનાથ પહેલાંનો હતો એમ સિદ્ધ થઈ શકે.

૪. શ્રી મહાવીર ભ. પહેલાં ચાતુર્યામ સંવરવાદ (કે જેનો ઉલ્લેખ બૌદ્ધ ગ્રંથ દીઘનિકાયના બીજા સૂત્ર **સામગ્ગફલસુત્ત**[૫]માં તેમજ જૈન સૂત્રોમાં આવેલ છે.) સ્થાપિત થયો હતો. તે ચાર યામ એટલે વ્રત નામે પ્રાણઘાતમાંથી સર્વથા નિવૃત્તિ (અહિંસા), અસત્ય બોલવાથી સર્વથા નિવૃત્તિ (સત્ય), અદત્તાદાનમાંથી (ચોરીમાંથી) સર્વથા નિવૃત્તિ (અસ્તેય), અને પરિગ્રહમાંથી સર્વથા નિવૃત્તિ (અપરિગ્રહ); તે ચારનો પાર્શ્વજિન ઉપદેશ કરતા હતા. આ પરિગ્રહનો અર્થ એ છે કે કોઇપણ વસ્તુનો સંગ્રહ કરવો નહિ તેમાં સ્ત્રી પણ પરિગ્રહના વસ્તુરૂપે ગણાતી હતી. પણ શ્રી મહાવીર ભ.ના સમયમાં

પરત્વે ચાર મત શક્ય છે. (૧) સઘળું સ્થિર છે, નથી ચઢતું નથી ઉતરતું, નથી વધતું નથી ઘટતું, નથી આગળ ગતિ. નથી પાછળ ગતિ. આ મત વિચારવા જેવો નથી. (૨) જે બને છે તે આકસ્મિક-અર્થાત્ શાથી બને છે એ આપણે કહી ન શકીએ અર્થાત્ ઈતિહાસમાં કાર્યકારણભાવની સંકલના નથી. The Spirit bloweth as it listeth- આત્માના સ્વચ્છન્દ અનુસાર ગમે તે થયાં કરે છે. પણ પહેલાના જેવોજ મનુષ્યમતિને અવગણતો વિચાર છે. (૩) ત્રીજો સિદ્ધાન્ત 'cycle' યાને 'ચક્રનેમિ ક્રમ'નો છે. (મેઘદૂતમાં કહ્યું છે તેમ नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण) ડાર્વિન પછી એક સીધી લીટીમાં ઉત્તરોત્તર પ્રગતિનો સિદ્ધાન્ત જન્મ પામ્યો (કાવ્યપ્રકાશમાં સારાલંકારની વ્યાખ્યા આપી છે તેમ उत्तरोत्तरमुत्कर्षो भवेत् सारः परावधिः), પણ ઓગણીસમી સદીના આરંભ સુધી તેમ ન હતું. શેલિ ઈતિહાસના યુગને ઋતુઓના રૂપકથી ઓળખે છે (If winter comes, can spring be far behind ?) ગાડાનું પૈડું જેમ ફરે છે તેમ પ્રજાનું ભાગ્ય ફરે છે. એના અસ્તોદય થયાં જ કરે છે. આ આપણી, યુગકલ્પની કલ્પના છે જેનું સ્વરૂપ જૈનો 'ઉત્સર્પિણી' અને 'અવસર્પિણી' એ ઉન્નતિ અને અવનતિસૂચક શબ્દોથી બતાવે છે. આ તેમજ પૂર્વોક્ત પ્રગતિના સિદ્ધાન્તમાં નૈતિક દૃષ્ટ્યા દોષ એ છે કે એમાં મનુષ્યપ્રયત્નને અવકાશ રહેતો નથી. તેથી (૪) છેલ્લો વિકલ્પ એ સંભવે છે કે મનુષ્ય વ્યક્તિ તેમજ પ્રજા પોતાનું ભાગ્ય પોતાને હાથે ઘડે છે; ઉત્સર્પિણી-સત્યયુગમાં કલિયુગ કે કલિયુગમાં સત્યયુગ-ઉપજાવવાની એની શક્તિ છે. વસન્ત-કાર્તિક ૧૯૮૨ પૃ. ૩૬૫-૩૬૬.

૪. गते श्री पार्श्वनिर्वाणात्सार्द्धे वर्षशते द्वये । श्री वीरस्वामिनो जज्ञे महानंदपदोदयः ॥ —**अमरचंद्र-जिनेन्द्र चरित्रे**
अड्ढाइज्जसएहिं गएहिं वीरो जिणेसरो जाओ । —**प्रवचन सारोद्धार** ગાથા ૪૦૪.
એટલે પાર્શ્વના નિર્વાણથી અઢીસો વર્ષે **વીર** જિનેશ્વર જાત એટલે (ટીકામાં-સિદ્ધપણે) થયા.

૫. એ બૌદ્ધ ગ્રંથમાં એમ જણાવ્યું છે કે ચાતુર્યામ સંવરવાદ મહાવીર સ્વામીનો વાદ હતો પરંતુ જૈન ગ્રંથો ઉપરથી એવું જણાય છે કે તેમની પૂર્વે ૨૫૦ વર્ષ પર થયેલા ભ. પાર્શ્વનાથ તીર્થંકરના સમયમાં તે હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિગ્રહનો અર્થ સંકુચિત થયો, એટલે કે પરિગ્રહમાં ધન, ધાન્ય જમીન વગેરે ગણાવા લાગ્યું અને સ્ત્રીનો પરિગ્રહ પરિગ્રહ તરીકે ન સમજાયો એટલે કે અપરિગ્રહનો અર્થ કેવળ કોઈપણ વસ્તુનો સંગ્રહ કરવો નહિ એવો થવા લાગ્યો, અને કોઇ કોઈ પ્રસંગે સ્ત્રીસંગ કરવાને હરકત નથી એવું કેટલાક દંભી પરિવ્રાજકો પ્રતિપાદન કરવા લાગ્યા, તેથી શ્રી મહાવીરે સર્વથા મૈથુનવિરતિ એ પાંચમો યામ ઉક્ત ચાર યામો સાથે જોડી પંચશિક્ષારૂપે-પંચવ્રતરૂપે ઉપદેશ્યો. ઉત્તરાધ્યયન સૂત્ર).[૬]

૫. શ્રી મહાવીરનો જન્મ વિ.સં. પૂર્વે ૫૪૨ (ઇ.સ. પૂર્વે ૫૯૮)માં અને તેમનું નિર્વાણ **પાવાપુરીમાં** ૭૨ વર્ષની વયે વિ.સં. પૂર્વે ૪૭૦ (ઇ.સ. પૂર્વે ૫૨૬)માં કાર્ત્તિક (ગુજરાતી આશ્વિન) વદ અમાવાસ્યાને દિને થયું. તે દિને **લિચ્છવી** રાજાઓએ તે નિર્વાણના સ્મરણાર્થે પોતાના નગરમાં દીપમાલા-રોશની કરી હતી. આથી દીવાલી પર્વ થયું. ને તેમના નિર્વાણથી જૈનોનો શક ચાલતો આવ્યો છે. 'ઇતિહાસ ઉપરથી ધર્માચાર્યના નામથી શક ચલાવવાની પહેલ જૈનોએ કરેલી જણાય છે.' (લોકમાન્ય **તિલક**નું વડોદરાની ત્રીજી જૈન શ્વે. કોન્ફરન્સ વખતે કરેલું ભાષણ).

૬. નિર્ગ્રંથ **મહાવીર** અને શ્રમણ **બુદ્ધ** બંને સમકાલીન હતા. બંને નિર્વાણવાદી મહાપુરુષો હતા. બંનેનું લક્ષ્ય એક જ હતું; પરંતુ તે લક્ષ્ય સાધવાની બંનેની પ્રવૃત્તિ ભિન્ન હતી. બંનેના સમયમાં સમાજની અને ધર્મની સ્થિતિ સરખી જ હતી, ને ધાર્મિક અને સામાજિક ચળવળનો તે સમય હતો. ધર્મવિચારનાં પ્રખ્યાત 'દર્શનો' લગભગ આ સમયમાં-ક્ષત્રિયયુગમાં થયાં. વેદવિહિત હિંસાઆદિ, ક્રિયાકાંડે ધર્મનું સ્વરૂપ પકડ્યું હતું. શૂદ્રોને અને સ્ત્રીઓને માટે વેદાધ્યયન અને સન્યાસાદિનો નિષધે હતો. યજ્ઞોથી દેવકૃપા મનાવી મનુષ્યોને તારી આપવાના ક્રિયાકાંડો રચી વર્ણભેદની પ્રચંડ દીવાલો ઉભી કરી પોતાને સર્વોત્તમ-ઉચ્ચત્તમ માની મનાવી બ્રાહ્મણોએ લોભ, લાલચ, અજ્ઞાન અને અભિમાનને વશ થઇ આખા સમાજની સ્થિતિ ઉલટી કરીને બગાડી નાંખી હતી.

૭. જર્મન પ્રોફેસર **લોઇમાન** Leumann જણાવે છે કે[૭] :– 'બંને (શ્રી મહાવીર અને બુદ્ધ) ઉત્તમકુળમાં જન્મ પામ્યા હતા, બંને પોતાના જ કુટુંબમાં ઉછરીને મોટા થયા હતા અને બંને આશરે ત્રીશ ત્રીશ વર્ષના સંસારવ્યવહારથી કંટાળી આખરે સાધુ થયા. બંનેએ અતિ આતુરતાથી અને પોતાના પરિપૂર્ણ પરુષાર્થથી તપશ્ચર્યા આદરી, પણ તપ એમને તો કસોટી-પત્થર હતી. **મહાવીર** એમાં પાર ઉતર્યા અને એને અનુસરીને પોતાનો ધર્મ યોજ્યો નૈતિક સિદ્ધાંતોમાં અને ધાર્મિક ભાવનાઓમાં તો **મહાવીર** અને **બુદ્ધ** બંને લગભગ સરખા હતા; મુખ્ય વિષયોમાં તો એકમત જ હતા; એટલું જ નહિ પણ એમના સમયના બીજા વિચારકોના, (કેટલાક) નૈતિક અને ધાર્મિક અભિપ્રાયો સાથે પણ એ બંને એકમત હતા....બ્રાહ્મણધર્મના આચાર્યો જ્ઞાતિભેદના સંકુચિતપણાએ કરીને અને યજ્ઞમાં પશુઓને મારી હોમવાના ધર્મે કરીને બંધાઈ પડ્યા હતા. એજ ધર્મ આ સાધુઓને એકેવારે પાપકર્મ લાગ્યું,

૬. તે સૂત્રમાં અધ્યયન ૨૩ ગાથા ૨૩માં કહ્યું છે કે :

चाउज्जामो अ जो धम्मो । जो इमो पंचसिक्खिओ ॥ देसिओ वद्धमाणेणं । पासेण य महामुणी ॥

અર્થ : **પાર્શ્વ** મહામુનિએ જે ચાતુર્યામ ધર્મ કહ્યો છે તે જ **વર્ધમાન** સ્વામીએ પંચશિક્ષા રૂપે ઉપદેશ્યો છે.

૭. **'બુદ્ધ અને મહાવીર'** ગૂ. ભાષાંતર કરનાર રા. નરસિંહભાઇ ઇશ્વરભાઇ પટેલ પૃ. ૧૫, ૧૬, ૧૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણ કે માણસની કે પશુની હિંસાને સૌથી ભ્રષ્ટ પ્રકારનું પાપ એ માનતા હતા..... મહાવીરે બધો પુરુષાર્થ આત્મા ઉપર જ દાખવ્યો છે; એ માત્ર સાધુ જ ન હતા, પણ તપસ્વીયે હતા. પરંતુ બુદ્ધને સાચો બોધ પ્રાપ્ત થયા પછી એ તપસ્વી ના રહ્યા, માત્ર સાધુ જ રહ્યા અને પોતાનો બધો પુરુષાર્થ જીવનધર્મ ઉપર દાખવ્યો. એકનો ઉદ્દેશ એથી આત્મધર્મ થયો; બીજાનો લોકધર્મ થયો."

૮. તે વખતે શ્રી મહાવીરે જણાવ્યું કે (૧) "બધા જીવો આયુષ્યને અને સુખને ચાહે છે, દુઃખ અને વધ (મરણ) સૌને અપ્રિય છે, સર્વ કોઈ જીવવાની પ્રીતિવાળા અને વૃત્તિવાળા છે, જીવવું બધાને વહાલું છે."[૮] માટે જીવો અને જીવવા દો; (૨) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર-એ ઉપનામો માત્ર ક્રિયાજન્ય છે, માટે શાસ્ત્રશ્રવણ અને આચરણનો સર્વને સમાન હક્ક છે. બ્રાહ્મણ તેજ કે જે બ્રહ્મ-આત્માનું સ્વરૂપ જાણે, અને અહિંસાધર્મને વિશિષ્ટ માને;[૯] (૩) યજ્ઞ એ આત્મબલિદાન છે—હિંસાજનિત યજ્ઞ તે ખરો યજ્ઞ નથી[૧૦] (૪) લોકપ્રવાહને અનુસરશો નહીં;[૧૧] (૫) આત્માનો ઉદ્ધાર આત્મા પોતેજ સ્વબળથી કરી શકે છે ને તેથી પરમાત્મા બની શકે છે ને તેમ કરવા માટે જીવને લાગેલાં કર્મોનાં આવરણ આત્મબળથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી દૂર કરવાં જોઈએ; એ ત્રણ રત્નનો સામુદાયિક માર્ગ એ જ મોક્ષમાર્ગ છે.[૧૨] (૬) આ વડે સાંપ્રદાયિક દૃષ્ટિએ જૈન ન હોય છતાં અન્ય લિંગે કોઈ પણ સિદ્ધ થઈ શકે;[૧૩] (૭) સર્વ સિદ્ધાત્મા, પરમાત્મા છે —ઈશ્વર છે અને એ રીતે ઈશ્વરનું અસ્તિત્વ છે. આત્મા પોતે પોતાનાં કર્મનો કર્તા અને ભોક્તા છે.[૧૪] ટુંકમાં કવિસમ્રાટ્ **ટાગોર**ના

૮. सव्वे जीवा पियाउया, सुहसाया, दुक्खपडिकूला, अप्पियवहा पियजीविणो जीविउकामा । सव्वेसिं जीवियं पियं। (तम्हा) णातिवाएज्ज, किंचणं ॥ —**आचारांग सूत्र.**

—બધા જીવોને આયુષ્ય પ્રિય છે; સર્વે સુખના અભિલાષી છે, દુઃખ સર્વને પ્રતિકૂલ છે; વધ (મરણ) સૌને અપ્રિય છે. સર્વે કોઈને જીવિત=જીવવું પ્રિય છે. સર્વે જીવવાની ઈચ્છા રાખે છે. આ માટે કોઈને મારવો, કષ્ટ દેવું ન જોઈએ.

सव्वे पाणा सव्वे भूया सव्वे जीवा सव्वे सत्ता न हंतव्वा न अज्झावेयव्वा न परिघेतव्वा न उवद्दवेयव्वा एस धम्मे सुद्धे धुंवे नीए सासए समेच्च लोयं खेयन्नेहिं पवेइए ॥ —**आचारांगसूत्र.**

સર્વ પ્રાણ, સર્વ ભૂત, સર્વ જીવ, સર્વ સત્ત્વને ન હણવા, ન ક્લેશ ઉપજાવવો, ન પરિતાપ ઉપજાવવો, ન ઉપદ્રવ કરવો. આ ધર્મ શુદ્ધ ધ્રુવ ન્યાય શાશ્વત છે. લોકને સમ્યક્ પ્રકારે જાણી ખેદજ્ઞોએ પ્રવર્ત્તવું.

૯. જુઓ શ્રી **ઉત્તરાધ્યયન** સૂત્રમાં યજ્ઞીય અને હરિકેશીય એ બે અધ્યયનો. (૨૫ મું અને ૧૨ મું) તેમાં બ્રાહ્મણનાં લક્ષણો દર્શાવ્યા છે અને સાથે એ પણ સ્પષ્ટ બતાવ્યું છે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ માત્ર તે તેનાં કર્મો કરવાથી બને છે. સરખાવો **ધમ્મપદ**માં **બ્રાહ્મણવગ્ગ.**

૧૦. જુઓ શ્રી **ઉત્તરાધ્યયન** સૂત્રમાં વિજયઘોષ અને જયઘોષનો સંવાદ.

૧૧. णो लोगस्सेसणं चरे-એટલે લોકૈષણાને-લોકવાદને અનુસરશો નહીં-દુનિયાની દેખાદેખી કરશો નહીં.—**આચારાંગ**

૧૨. सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः —ઉમાસ્વાતિકૃત **तत्त्वार्थसूत्र. १/१**

૧૩. सेयंबरो य आसंबरो य बुद्धो वा तहय अन्नो वा । समभावभावीअप्पा लहइ मुक्खं न संदेहो॥ —**संबोधसत्तरी**

૧૪. अत्ता हि अत्तनुबंधु अत्ता अत्तनो मित्त —**आचारांग.** —આત્મા જ આત્માનો બંધુ છે, આત્મા આત્માનો મિત્ર છે.
સરખાવો : अत्तना व कतं पापं अत्तना संकिलिस्सति । अत्तना अकतं पापं अत्तना व विसुज्झति ।
सुद्धि असुद्धि पच्चन्तं नाञ्ञो अञ्ञं विसोधये ॥ —**धम्मपद**-१५६.
સરખાવો : आत्मनात्मानमुद्धरेत् । **भगवद्गीता.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દોમાં શ્રી **મહાવીરે** ''ડિંડિમ નાદથી એવો મોક્ષનો સંદેશ આર્યાવર્તમાં વિસ્તાર્યો કે, ધર્મ એ માત્ર સામાજિક રુઢિ નહીં પણ વાસ્તવિક સત્ય છે– મોક્ષ એ સાંપ્રદાયિક બાહ્ય ક્રિયાકાંડ પાળવાથી મળતો નથી, પણ સત્ય ધર્મના સ્વરૂપમાં આશ્રય લેવાથી મળે છે, અને ધર્મમાં મનુષ્ય અને મનુષ્ય વચ્ચેનો ભેદ સ્થાયી રહી શકતો નથી.'' તેમણે ઉપદેશ લોકભાષામાં આપ્યો ને તેમનાં પ્રવચન પણ તેમાં ગુંથાયાં.

૯. પરમ યોગી શ્રી મહાવીર કર્મના ઉદયપ્રયોગે વિચરનારા, અત્યંત વાચંયમ (મિતભાષી), ઉત્કટ અને તીવ્ર ચારિત્ર્ય પાળનારા (આપદ્ ધર્મને નામે પણ એક પણ બારી નહીં રાખનારા) હતા. શરીર, વચન અને મન એ ત્રણે તેમનાં દાસ હતાં. તેમણે આંખો બને તેટલી નિર્નિમેષ રાખી, ધ્યાન સેવી, અચેલક રહી, લોકલજ્જાને જીતી ઘણાં લાંબા સમય સુધી આરણ્યક બની આકરાં ટાઢ, તાપ, ભૂખ અને તરસ સહ્યાં કર્યાં હતા. તેમની તપશ્ચર્યા અતિ કડક અને તીવ્ર હતી. તેઓ તીવ્ર માર્ગના ઉપાસક હતા, ત્યારે શ્રીબુદ્ધે ઉગ્ર તપશ્ચર્યાનો ત્યાગ કરી મધ્યમ માર્ગ સ્વીકાર્યો હતો, અને તેમાં લોકના વ્યાવહારિક શ્રેયને પ્રથમ સ્થાન આપ્યું હતું. શ્રી મહાવીરે લોકનો સંસ્પર્શ સુદ્ધાં છોડ્યો હતો –અનેક સાધનોથી જુદી જુદી રીતે લક્ષ્ય સાધી શકાય એવા અનેકાન્ત ઉપદેશના સ્યાદ્વાદ તત્ત્વજ્ઞાનના પ્રચારક તેઓ હતા, તેથી તેમના માર્ગમાં વિનય, સ્વાધ્યાય, ધ્યાન, નગ્નતા કે સવસ્ત્રતા, તપ, નિરાહારાદિ દરેકને સ્થાન હતું. એટલે કે દરેક સાધનથી આત્મસ્વાસ્થ્યનું લક્ષ સાધી શકાય- તેમાં એકદેશીયતા નહોતી. 'અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે' એ તેમના અનુયાયીઓનો પ્રઘોષ હતો.[૧૫] તેમના પ્રરૂપેલા ભિક્ષુ અને ભિક્ષુણીના આચારો કડક અને નિરપવાદ હતા.[૧૬]

૧૦. જૈન કથન પ્રમાણે તેમના અનુયાયીઓમાં વૈશાલી નરેશ **ચેટક**[૧૭], કૌશામ્બીનો રાજા **શતાનિક**, મગધનરેશ **શ્રેણિક** (જૈન ગ્રંથોમાં **ભંભાસાર** અને બૌદ્ધ ગ્રંથોમાં **બિમ્બિસાર** છે. બંનેના ગ્રંથોમાં 'સેણિય' નામ પણ છે.) તેમનો પુત્ર **કોણિક** (અજાતશત્રુ) - તેનો પુત્ર **ઉદાયી**-ઉદયન, ઉજ્જયિનીનો **ચંડપ્રદ્યોત**, પોતનપુરનો રાજા **પ્રસન્નચંદ્ર**, વીતભયપટ્ટનનો **ઉદાયન** રાજા વગેરે હતા. આથી તેમના ઉપદેશની અસર વધુ થઈ.

૧૧. બ્રાહ્મણોના યજ્ઞયાગાદિમાં અનેક જાતની હિંસા થતી હતી તેનો નિષેધ કરવા શ્રી મહાવીર અને શ્રી બુદ્ધ બંને ક્ષત્રિય વીરોએ ઝુંડો ઉઠાવ્યો. (આ ક્ષત્રિય યુગ હતો.) આ સાથે આર્ય પ્રજામાં જાતિમત્સરને પરિણામે જડ થએલી વર્ણો તથા વર્ણશંકર જ્ઞાતિના અનેક ખંડો તથા વર્ણભેદના અનિષ્ટ બંધારણનો નિષેધ કરી એકજ જાતિ- **'સંઘ'**ની સ્થાપના કરી. જૈન ધર્મના આ મહામંડળ- 'સંઘ'ના ચાર વિભાગ છે : સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. પહેલા બે સંસાર તજી વૈરાગ્ય અને તપના તીવ્ર નિયમ પાળે છે અને છેલ્લા બે, સંસારમાં રહી મુનિઓના ઉપદેશ સાંભળે છે (શ્રુ-સાંભળવું, એ

૧૫. ધમ્મો મંગલમુક્કિટ્ઠં અહિંસા સંજમો તવો –**દશવૈકાલિક** સૂત્રની પ્રથમ ગાથા.

૧૬. જુઓ **આચારાંગ** આદિ સૂત્રો.

૧૭. જુઓ શ્રી જિનવિજયનો લેખ નામે **'વૈશાલિના ગણસત્તાક રાજ્યનો નાયક રાજા ચેટક'** **જૈન સાહિત્ય સંશોધક** ૨, ૩-૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધાતુ પરથી). આ સંઘમાં જે તેમના સિદ્ધાંતનો અનુયાયી થાય તે આ સંઘનો સભાસદ થઈ શકે અને એ સંઘના સર્વ માણસ સાથે સમાન વ્યવહાર કરી શકે. જૈન સાધુઓ **નિર્ગ્રન્થ, શ્રમણ, ભિક્ષુ** આદિ નામથી ઓળખાતા.[૧૮]

૧૨. જૈન 'નિર્ગ્રંથો' અને બૌદ્ધ 'શ્રમણો'ની સાધુતા, ઉગ્ર તપશ્ચર્યા અને નિઃસ્વાર્થ લોક-હિતવૃત્તિ જોઈને પુષ્કળ લોકો તેમના તરફ આકર્ષાયા. સર્વને સમાન ગણવા અને સર્વ જીવો તરફ દયા રાખવી એ સત્ય સિદ્ધાંતોએ લોકોને વશ કર્યા- બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યાદિ સંઘમાં જોડાયા. જે વિકૃત સ્વરૂપને બ્રાહ્મણધર્મ તે સમયે પામ્યો હતો, અને જે મનુષ્ય અને પશુની હિંસા ધર્મક્રિયાને નામે થતી હતી ને દુરાચાર તેમજ સોમપાનાદિ ચાલતાં હતાં, તેથી લોકોમાં તિરસ્કાર વધી ગયો ને જૈન તેમજ બૌદ્ધ સંઘ વધારે ને વધારે બળ પામતા ગયા. આ વિ.સં. આઠમા શતક સુધી ચાલ્યું. આથી બ્રાહ્મણોને પોતાના ધર્મ માટે ચિંતા થઈ, લોકોને ભાવતો અને તેમાં આદર ઉત્પન્ન કરે તેવો ધર્મ ઉત્પન્ન કરવાની પ્રવૃત્તિ જાગી. તેમણે ધર્મરૂપે મનાતા વિચારો અને ક્રિયાઓમાં ફેરફાર કરવાનું-સુધરવાનું સ્વીકારી ધર્મગ્રંથોની રચના કરી. યજ્ઞયાગાદિકમાં થતી હિંસાનો નિષેધ થતો ગયો. રા. **આ**નંદશંકરભાઈ કહે છે કે[૧૯] "**ઐતરીય**માં કહેવામાં આવ્યું છે કે સૌ પ્રથમ પુરુષમેધ હતો, ત્યાર બાદ અશ્વમેધ અને અજામેધ થવા લાગ્યો. અજામાંથી પણ છેવટે ડાંગરમાં યજ્ઞની સમાપ્તિ મનાવા લાગી. આવી રીતે ધર્મો શુદ્ધ થતા ગયા. **મહાવીરસ્વામીના** સમયમાં પણ એવી જ ચાળવણી થતી હતી એમ **ઉત્તરાધ્યયન** સૂત્રમાં આવેલા **વિજયઘોષ** અને **જયઘોષ**ના સંવાદ ઉપરથી જણાઈ આવે છે એ સંવાદમાં યજ્ઞનું યથાર્થ સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. વેદનું ખરૂં કર્ત્તવ્ય અગ્નિહોત્ર છે, અગ્નિહોત્રનું તત્ત્વ પણ આત્મબલિદાન છે. આ તત્ત્વને **કા**શ્યપ ધર્મ અથવા **ઋષભદેવનો** ધર્મ કહેવામાં આવે છે. બ્રાહ્મણનાં લક્ષણો પણ અહિંસાધર્મ વિશિષ્ટ આપ્યાં છે. બૌદ્ધ ધર્મના ગ્રંથોમાં પણ બ્રાહ્મણોનાં એવાંજ લક્ષણો આપ્યાં છે. **ગૌતમબુદ્ધ**ના સમયમાં બ્રાહ્મણનું જીવન બહુ જુદીજ જાતનું હતું. બ્રાહ્મણોના જીવનમાં જે ખામીઓ પ્રવેશી હતી તે બહુ પાછળથી પ્રવેશી હતી અને જૈનોએ બ્રાહ્મણોની ખામી સુધારવામાં પોતાની ફરજ બજાવી છે. જો જૈનોએ એ ખામી સુધારવાનું કાર્ય હાથમાં ન લીધું હોત તો બ્રાહ્મણોને પોતાને તે કામ હાથ ધરવું પડ્યું હોત."

૧૩. લોકમાન્ય **તિ**લકે જણાવ્યું છે કે "જૈનોના 'અહિંસા પરમો ધર્મ' ના ઉદાર સિદ્ધાંતે બ્રાહ્મણ ધર્મ ઉપર ચિરસ્મરણીય છાપ મારી છે. યજ્ઞયાગાદિકમાં પશુવધ થઈ યજ્ઞાર્થે હિંસા થતી હતી તે આજકાલ બંધ થઈ છે, તે જૈન ધર્મે એક મોટી છાપ બ્રાહ્મણ ધર્મ ઉપર મારી છે. પૂર્વકાળમાં યજ્ઞના બહાને અસંખ્ય પશુઓની હિંસા થતી હતી કે જેનું પ્રમાણ **મે**ઘદૂત કાવ્ય અને બીજા અનેક ગ્રંથોથી મળી આવે છે. રંતિદેવ રાજાએ જે યજ્ઞો કર્યા હતા તેમાં તેણે એટલા પશુઓનો વધ કર્યો હતો કે

---

૧૮. જૈન શ્રમણોના આચારમાંજ તપને પ્રાધાન્ય છે અને આવા શ્રમણનો ઉલ્લેખ **વાલ્મીકિ રામાયણ**ના નીચેના શ્લોકમાં કરેલો જણાય છે :-

ब्राह्मणा भुंजते नित्यं नाथवन्तश्च भुंजते । तापसा भुंजते चापि श्रमणाश्चैव भुंजते ॥ (बा.स. १८, पृ. २८.)

૧૯. સં. ૧૯૭૩ની કાર્ત્તિકી પૂર્ણિમાએ વઢવાણ કેંપમાં શ્રીમદ્ રાજચંદ્ર ચતુર્થ જયંતીપર આપેલ વ્યાખ્યાન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમના લોહી વડે નદીઓનું પાણી લાલ રંગનું બની ગયું હતું. તે કાળથી નદીનું નામ **ચર્મણ્વતી** પ્રસિદ્ધ છે. પશુવધથી સ્વર્ગ મળવાનો પૂર્વકાળે જે ખ્યાલ હતો તેની આ કથા એક સાક્ષી છે. આ અઘોર હિંસાથી બ્રાહ્મણો આજે મુક્ત છે તેનો યશ જૈન ધર્મને છે.''

૧૪. વિ.સં. આઠમા શતક સુધીમાં બ્રાહ્મણોનો હિંસા ધર્મ અને બ્રાહ્મણોની જન્મથી મનાતી વર્ણવ્યવસ્થા-એ બંનેને આ બે પ્રબલ વીરોએ અને તેમના અનુયાયી ઉપદેશકોએ મૂળમાંથી હલાવી નાંખ્યા. દિગંબર કથા પ્રમાણે **ભદ્રબાહુસ્વામિ**થી દક્ષિણમાં જૈન ધર્મનો પેસારો થયો ને ત્યારથી તેની મહત્તા અને અસર લોકોમાં વધતી ગઈ ને અનેક જૈનો થયા. પછી દક્ષિણમાં **કુમારિલ ભટ્ટ** અને **શંકરાચાર્ય** થયા-તેમણે વેદાંત ધર્મ અને મીમાંસા ધર્મ બતાવી બ્રાહ્મણ ધર્મનું રૂપાંતર કરી તેનો પુનરુદ્ધાર કર્યો. બૌદ્ધ અને જૈન ધર્મ સાથે વિરોધ કરી વાદવિવાદ કરી તેરમું જોર દક્ષિણમાં નરમ પાડ્યું. બનાવજોગ છે કે આ વખતે બ્રાહ્મણ પક્ષમાં કોઈ રાજસત્તા કામ કરતી હોય. પછી મુસલમાનોનાં આક્રમણ થયાં. પછીથી આખા ભારતના લોકો હિંદુ અને તેમનો દેશ હિંદુસ્તાન કહેવાયો.[૨૦]

બૌદ્ધ મઠો તુટવા લાગ્યા અને તેમનાં શાસ્ત્રાદિનો નાશ થતો ગયો. પરિણામે ધીમે ધીમે બૌદ્ધ ધર્મ ભારતવર્ષમાં નામશેષ થયો. જૈનોએ સમયને ઓળખી પોતાના બળનું સંગોપન કરી પોતાનો ધર્મ અત્યાર સુધી જાળવી રાખ્યો. જૈન ધર્મ પછીના કાળમાં ગૂજરાત આદિમાં પોતાનું જોર બહુ સારી રીતે બતાવી શક્યો.

૨૦. આજકાલ 'હિંદુ' શબ્દનો પ્રયોગ થાય છે, પરંતુ તેને સ્થાને પ્રાચીનકાલમાં 'આર્ય' પ્રયોગ થતો હતો. 'હિંદુ' નામ વિ.સં. ની આંઠમી શતાબ્દીના પૂર્વના ગ્રંથોમાં મળતું નથી. ફારસ (ઈરાન)ની ભાષામાં 'સ'ના સ્થાને 'હ' બોલાતો તેથી 'સમ' ને 'હફ્ત', 'સિંધુ' ને 'હિંદુ' આદિ બોલતા. આથી ઈરાનીઓએ સિંધુના નિકટવર્તી નિવાસીઓને હિંદુ કહ્યા. પછી આખા ભારતના લોકો હિંદુ અને તેમનો દેશ હિંદુસ્તાન કહેવાયો. પ્રાચીન કાલમાં આર્ય શબ્દ મોટો ગૌરવનો સૂચક હતો અને સન્માનાર્થે વપરાતો. રાણીઓ, સ્ત્રીઓ પોતાના પતિને 'આર્યપુત્ર'થી સંબોધતી તેમજ સાસુ અને સસરાને માટે ક્રમશઃ 'આર્યા' અને 'આર્ય' શબ્દો વાપરતી. બૌદ્ધોમાં પણ આ શબ્દ ગૌરવનો બોધક મનાતો; તેથી તેમના કેટલાયે પ્રસિદ્ધ ધર્માચાયો આદિના નામની સાથે આર્ય શબ્દ જોડેલો મળે છે, જેમકે આર્ય **અ**સંગ આર્ય **દે**વ, આર્ય **પા**ર્શ્વિક, આર્ય **સિં**હ આદિ. (આજ પ્રમાણે જૈનોમાં હતું, કે જે તેમના ધર્માચાર્યોના નામ પરથી જણાય છેઃ જેમકે **આર્ય ખ**પુત, આર્ય **મં**ગુ, આર્ય **સુ**હસ્તિ, આર્ય **મ**હાગિરિ આદિ– લેખક) જૈનોમાં સાધ્વી અત્યાર સુધી આર્યા (આરજા) કહેવાય છે. –**ઓઝાજી 'રાજપૂતાનેકા ઈતિહાસ'** પહલા ખંડ પૃ. ૩૭. ટિપ્પણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(વીરાત્ ૧ થી ૧૭૦ વર્ષો; એટલે વિ.સં પૂર્વે ૪૭૦ થી વિ.સં. પૂર્વે ૩૦૦).

तित्थयरे भगवंते अणुत्तरपरक्कमे अमिअनाणी। तिन्ने सुगइगइगए सिद्धिपहपएसए वंदे ॥

वंदामि महाभागं महामुणिं महायसं महावीरं । अमरनररायमहिअं तित्थयरमिमस्स तित्थस्स ॥

इक्कारस वि गणहरे पवायए पवयणस्स वंदामि । सव्वं गणहरवंसं वायगवंसं पवयणं च ॥

- **श्री भद्रबाहुस्वामि- आवश्यकनिर्युक्ति**पीठिकानंतर गाथा

- સર્વોત્કૃષ્ઠ પરાક્રમવાળા, અમિતજ્ઞાની, (સંસારથી) તરેલા, સુગતિ ગતિમાં એટલે મોક્ષમાં ગયેલા, સિદ્ધિના પથ-માર્ગના ઉપદેશક (એવા) **તીર્થંકર** ભગવાનને વંદન કરૂં છું

- મહાભાગ્ય, મહામુનિ, મહાયશ, અમર અને નરરાજથી પૂજિત, અને આ તીર્થના તીર્થંકર-તીર્થપ્રવર્ત્તક (એવા) **મહાવીર** ભ.ને વંદન કરૂં છું

- (**ગૌતમાદિ**) અગિયારે ગણધરો કે જે પ્રવચન-આગમના પ્રવાદક છે તેમને, સર્વ ગણધરોના વંશને, વાચકોના વંશને, અને પ્રવચન-આગમને હું વંદન કરૂં છું

'उपन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा'-त्रिपदी ॥

-ઉપજે છે, વા નાશ પામે છે વા ધ્રુવ રહે છેઃ એ ત્રણ પદ.

अत्थं भासइ अरहा, सुत्तं गंथंति गणहरा निउणं । सासणस्स हियट्ठाए, तओ सुत्तं पवत्तेइ ॥

-**श्री भद्रबाहुस्वामि** -**आवश्यकनिर्युक्ति** गाथा ९२.

- અર્હતો અર્થ (માત્ર) કહે છે, (નહિ કે દ્વાદશાંગરૂપ સૂત્ર) (અને) ગણધરો સૂત્ર (દ્વાદશાંગરૂપ) નિપુણ (એટલે સૂક્ષ્માર્થ પ્રરૂપક બહુ અર્થવાળું) અથવા નિગુણ (એટલે નિયત-પ્રમાણનિશ્ચિત ગુણોવાળું) ગૂંથે છે, તેથી શાસનના હિત માટે સૂત્ર પ્રવર્તે છે. (મલધારિ શ્રી હેમચંદ્રસૂરિકૃત વૃત્તિ સહિત **વિશેષાવશ્યક ભાષ્ય** પૃ. ૫૦૭).

सव्वप्पवायमूलं दुवालसंगं जओ समक्खायं । रयणागरतुल्लं खलु तो सव्वं सुंदरं तंमि ॥

- **श्री हरिभद्रसूरि -उपदेशपदे.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

– સર્વપ્રવાદોના મૂલરૂપ દ્વાદશ અંગ જે કારણથી સમાખ્યાત-પ્રસિદ્ધ છે તે કારણથી તેમાં રત્નાકરના જેવું સર્વ સુંદર જ છે.

णय किंचि अणुण्णायं पडिसिद्धं वावि जिणवरिंदेहिं ।
एसा तेसिं आणा कज्जे सच्चेण होअव्वं ॥ -संघदासगणिक्षमाश्रमण:

–જિનવરેંદ્રોએ-જિનોએ કંઈની અનુજ્ઞા આપી નથી તેમજ કંઈનો નિષેધ કર્યો નથી. તેમની આ આજ્ઞા છે કે સત્યથી કાર્યમાં વર્ત્તવું.

वंदे पादद्वितयं भक्त्या श्री गौतमादिसूरीणां ।
नि:शेषशास्त्रगंगाप्रवाहहिमवद्गिरिनिभानां ॥

–મલધારી **હેમચંદ્ર** કૃત **ધર્મોપદેશમાલા**નું મંગલાચરણ.

અર્થાત્ : સર્વ શાસ્ત્રરૂપ ગંગાપ્રવાહના હિમવદ્ગિરિ જેવા શ્રી **ગૌતમ** આદિ (**સુધર્મા, જંબૂ** વગેરે) સૂરિઓના ચરણયુગ ભક્તિથી વંદુ છું.

स्तौमि श्री गौतमादींस्तानेकादशमहाकवीन् । यैरपूरि द्वादशांगै: समस्या त्रिपदी गुरो: ॥
-**મુનિરત્ન-અમમચરિત્ર**

–જેમણે પોતાના ગુરુ (શ્રી **મહાવીર** પ્રભુ)ની ત્રિપદીની સમસ્યા બાર અંગોથી પૂરી તે **ગૌતમાદિ** ૧૧ મહાકવિઓને સ્તવું છું.

सा जीयाज्जैनी गौ: सद्धर्मोलंकृतिर्नवरसाढ्या । त्रिपदान्वितयापि यया भुवनत्रयगोचरोऽव्यापि ॥
–**ઉદયસિંહકૃત ધર્મવિધિ** વૃત્તિ (૧૨૮૬)નું મંગલાચરણ.

અર્થાત્ :- સદ્ધર્મને અલંકૃત કરનારી, નવરસથી સમૃદ્ધ, એવી જૈન ગૌ (વાણી, ગાય) કે જે ત્રણ પદ (ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણ પદ)થી યુક્ત છતાં (એને ત્રણ પદ-પગલાં છતાં) ત્રણે જગત્માં વ્યાપ્ત થઈ તે જય પામો.

૧૫. પ્રો૦ **લોયમાન** વિશેષમાં જણાવે છે કે :-

"ભ. **મહાવીર** અલૌકિક પુરુષ હતા, એમના જ જેવો બીજા કોઈ પુરુષ થયો નથી. વિચારની એમની પ્રબળતા વિષે તપશ્ચર્યા વિષે સાધુજીવનમાં એમના દુ:ખસહન વિષે, એમના પુરુષાર્થ વિષે અને માનવજાતિથી દૂર રહેવાની એમની વૃત્તિ વિષે આગળ કહી દીધું છે; વળી માણસને સંસારના બંધનમાં બાંધનાર કર્મ ઉપર એમણે પોતાનો ખાસ સિદ્ધાન્ત રચ્યો છે એ પણ કહ્યું છે. એકંદરે અત્યાર સુધી આપણને એ તપસ્વીના આદર્શ રૂપેજ દેખાયા છે, પણ વાસ્તવિક રીતે તો એ ઉપરાંત એમનામાં બીજું ઘણું વધારે હતું. એ મહાન્ વિચારક હતા, વિચારોમાં એ અગ્રેસર દર્શનકાર હતા. એમના સમયની સૌ વિદ્યાઓમાં એ પારંગત હતા, પોતાની તપશ્ચર્યાને બળે એ વિદ્યાઓને એમણે રચનાત્મક સ્વરૂપ આપી પૂર્ણ બનાવી હતી અને પ્રબળ સિદ્ધાન્ત્તતત્ત્વની અંદર ગોઠવી કાઢી હતી; એમણે આપણને **તત્ત્વવિદ્યા** (Ontology) આપી છે અને તેમાં સૌ તત્ત્વો-પાંચ દ્રવ્યોમાં (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાયમાં) ગોઠવી દીધાં છે ત્યાર પછી **વિશ્વવિદ્યા** (Cosmology) આપે છે. એમને મતે વિશ્વ વીશ પ્રદેશોમાં સમાઈ રહેલું છે, તેમાં સૌથી નીચે ભયંકર નરક છે, એની ઉપર બીજાં અનેક નરક આવેલાં છે, એમના ઉપર આપણું જગત્ આવે છે, એની ઉપર નક્ષત્ર-તારાથી ભરેલો પ્રદેશ આવે છે અને એના બાર ભાગ પડેલા છે. અને એટલા જ વર્ગમાં વહેંચાયેલા દેવલોક એ પ્રદેશોમાં વસે છે :- ત્યારપછી **જીવવિદ્યા** (Biology), એમાં સમસ્ત જીવોનોઃ- દૃશ્ય જીવોનો અને અદૃશ્ય જીવોનો (જેની અંદર નરકાવાસીઓ, ભૂતપ્રેતો અને દેવલોક પણ આવી જાય છે), ચોવીશ પ્રકારના જીવગણનો (આમાં પંચેન્દ્રિય ઉપરાંત ચતુરિન્દ્રિય, ત્રીન્દ્રિય, દ્વીન્દ્રિય અને એકેન્દ્રિય એ મુખ્ય છે.) સમાવેશ થાય છે, ત્યારપછી **માનસશાસ્ત્ર** (Psychology), એમાં આત્માના ચૈતન્યની જુદી જુદી દશાઓનું વર્ગીકરણ કરેલું છે. ટુંકામાં કહીએ તો **મહાવીરે** એમના સમયમાં જે વિદ્યાઓ વર્ત્તમાન હતી તે સૌનો ઉપયોગ કરીને એમણે પોતાની વિચારમાળા વ્યવસ્થિત કરી છે.[૨૧]

૧૬. શ્રી **મહાવીર**ના સમયમાં સર્વ ધર્મવિચાર અને તત્ સંબંધી રચના સંસ્કૃત ભાષામાં ચાલતી હતી. તે વખતે **ઋગ્, યજુષ** અને **સામ** વેદાદિ હતાં, સંસ્કૃત ભાષા લોકો વિશેષ કરીને સમજતા ન હતા. લોકભાષા પ્રાકૃત હતી, અને તે ભાષામાં જ કરેલો બોધ લોકમાં સંક્રાંત થાય, તે માટે શ્રી **મહાવીર** અને શ્રી **બુદ્ધ** બંનેએ પ્રાકૃતનો જ ઉપદેશાર્થે સ્વીકાર કર્યો. આ પ્રાકૃત ભાષા તે તે વખતની પૂર્વે **મગધ** દેશથી તે પશ્ચિમે **પંજાબ** અને દક્ષિણે **માળવા વૈદર્ભ** વગેરે પ્રદેશ સુધીની પ્રચલિત લોકભાષા. **મગધ** દેશનું મહાન્ રાજ્ય, તે પરથી તેને **'માગધી'** કહેવામાં આવતી; અને બૌદ્ધ ગ્રંથોની ભાષા પણ પ્રાકૃત છે કે જેને પશ્ચિમના વિદ્વાનો **'પાલી'** (પ્રાકૃતિ-પાયડી-પાલી) નામ આપે છે. જૈનોની પ્રાકૃતભાષાને **'અર્ધમાગધી'** કહેવામાં આવે છે. અને કોઈ **'મહારાષ્ટ્રી'** કહે છે. તેમની ધર્મભાષા એ રીતે પ્રાકૃત જ છે. શા માટે પ્રાકૃતમાં ? તો તે માટે **હરિભદ્રકૃત** 'ઉક્તં' એમ કહી **દશવૈકાલિક** ટીકા તથા **ધર્મબિંદુ** વૃત્તિમાં ટાંક્યું છે કે :-

बालस्त्रीमूढ(मंद)मूर्खाणां नृणां चारित्रकांक्षिणाम् । अनुग्रहार्थं सर्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः ॥

—ચારિત્રને ચાહનાર બાળ, સ્ત્રી, મંદ-મૂર્ખ વગેરે મનુષ્યોના અનુગ્રહ માટે સર્વજ્ઞોએ (પાઠાંતર તત્ત્વજ્ઞોએ) સિદ્ધાન્તને પ્રાકૃત બનાવ્યો છે.[૨૨]

૧૭. શ્રી **મહાવીર**ના મુખ્ય ૧૧ શિષ્યો હતા. એ **'ગણધર-'** મુનિઓના ગણના ધારક-ઉપરી કહેવાય છે. તે બધા બ્રાહ્મણો હતા. તેમાંના નવ શ્રી **મહાવીરની** હયાતીમાં નિર્વાણ પામ્યા. બાકીના બેમાં એક **ગૌતમ ઇન્દ્રભૂતિ** અને બીજા **સુધર્મા.** સુધર્માએ અંગો આદિ ગુંથી શ્રી **મહાવીરનો** ઉપદેશ જાળવી રાખ્યો.

---

૨૧. જુઓ ઉક્ત **બુદ્ધ અને મહાવીર.** પૃ. ૩૩

૨૨. **પ્રાકૃત દ્વયાશ્રય** કાવ્યની વૃત્તિમાં **રાજશેખરસૂરિએ** આ જ ભાવ વ્યક્ત કરેલ છે :-

बालस्त्र्यादिजडप्रायभव्यजन्तुहितेच्छया । प्राकृतागमकर्तृभ्यो गणभृद्भ्यो नमो नमः ॥

—બાળ, સ્ત્રી આદિ જડપ્રાય ભવ્ય જીવોના હિતની ઇચ્છાથી પ્રાકૃતમાં આગમો કરનાર ગણધરોને અમારા અનેકવાર નમસ્કાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૮. જૈનશાસ્ત્રના સૌથી પ્રાચીન ગ્રંથો **'અંગો'** કહેવાય છે. તે બાર છે અને તેમાં બારમું અંગ નામે **દૃષ્ટિવાદ**, જેમાં ચૌદ 'પૂર્વો'નો સમાવેશ થાય છે તે-પછી લુપ્ત થએલું છે અને તેમાં દર્શન સંબંધી વિવાદો, રહસ્યભૂત વિવિધ વિષયિક વિવેચન, તથા ચમત્કારી વિદ્યાઓ આદિ હતાં. બાકીનાં અગિયાર અંગો નામે **આચારાંગ** આદિ શ્વેતાંબર જૈનો હજુ સુધી અમુક પ્રમાણમાં જાળવી શક્યા છે.

૧૯. જેમાં પુરુષનાં ૧૨ અંગ નામે બે પગ, બે જંઘા (સાથળ), બે ઉરૂ, બે ગાત્રાર્ધ-પીઠ અને ઉદર, બે હાથ, એક ડોક અને એક મસ્તક છે,[૨૩] તેવી રીતે સમય-શ્રુતરૂપ પરમ પુરુષના-શ્રુત પુરુષના-સમયપુરુષના **આચાર** આદિ બાર અંગ છે. જૈન આમ્નાયમાં આને 'શ્રુત' કહેવામાં આવે છે તે અન્ય દર્શનમાં જેને 'શ્રુતિ' કહેવામાં આવે છે તે જ અર્થમાં છે. અર્હત્ પાસેથી સાંભળેલું એવો અર્થ 'શ્રુત'નો થઈ શકે.

પ્રાચીન બાર અંગો.

૨૦. પ્રાચીનકાળમાં બારે અંગોમાં જે હતું તે સર્વ અખંડપણે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવના પરિણામે અત્યારે નથી રહ્યું, તેમજ પ્રાચીન અંગોમાં શું હતું તેનું જો કે વિસ્તૃત વિગતવાર વર્ણન અત્યારે સાંપડતું નથી; તોપણ તે પ્રાચીન અંગોમાં સામાન્ય રીતે જે વિષયો હતા તેનો અતિ અલ્પ નિર્દેશ યત્રતત્ર કરવામાં આવ્યો છે. **સમવાય** નામના અંગમા (તેમજ **નંદી** સૂત્રમાં) તેનો નિર્દેશ જે છે તે અત્રે સંક્ષેપમાં ઉદ્ધૃત કરીએ :-

---

વર્દ્ધમાનસૂરિએ પોતાના **આચારદિનકર** નામના ગ્રંથમાં આગમમાંથી એક ગાથા ટાંકી છે ને **તત્ત્વનિર્ણય પ્રાસાદ** પૃ. ૪૧૨માં જણાવ્યું છે કે : यत उक्तमागमे-

मुत्तूण दिट्ठिवायं कालिय-उक्कालियंगसिद्धंतं । थी-बाल-वायणत्थं पाइयमुइयं जिणवरेहिं ॥

–દૃષ્ટિવાદ સિવાયના કાલિક-ઉત્કાલિક અંગ-સિદ્ધાંતને સ્ત્રી અને બાલકને વાંચવા માટે જિનવરોથી પ્રાકૃતમાં કહેવાયાં છે.

શ્રી **જિનભદ્ર** ગણિ ક્ષમાશ્રમણના **વિશેષાવશ્યક**માં ૫૫૧મી ગાથા આ પ્રમાણે છે. :-

जइ विय भूयावाए सव्वस्स वओमयस्स ओआरो। निज्जूहणा तहावि हु दुम्मेहे इत्थीय॥ गा. ५५१ ॥

–જો કે **ભૂતવાદ** (૧૨મા અંગ નામે દૃષ્ટિવાદ)માં સર્વ વચોમયવાઙ્મયનો અવતાર છે (એટલે કે બધુ વાઙ્મય સમાઇ જાય છે) તથાપિ ખરેખર દુર્મેધસ (લોકો) માટે અને સ્ત્રીઓ માટે (એ સિવાયનાં બીજાં-૧૧ અંગોની) નિર્યૂહણા-રચના છે.

આ ગાથા પર મલધારી શ્રી હેમચંદ્રસૂરિ પોતાની ટીકામાં સમજાવે છે કે :-

तेषु च निश्शेषमपि वाङ्मयमवतरति । अतश्चतुर्दशपूर्वात्मकं द्वादशमेवाङ्गमस्तु, किं शेषांगविरचनेन, अंगबाह्यश्रुतरचनेन वा ? ××× तत्र यद्यपि दृष्टिवादे सर्वस्याऽपि वाङ्मयस्याऽवतारोऽस्ति, तथापि दुर्मेधसां तदवधारणाद्ययोग्यानां मन्दमतीनां, तथा श्रावकादीनां स्त्रीणां चानुग्रहाय निर्यूहणा विरचना शेषश्रुतस्येति

–જો બધાં વાઙ્મય-બધાં અંગોનો સાર તે ચૌદ પૂર્વમાં આવી જાય છે ચૌદ પૂર્વ તે બારમું અંગ છે, તો પછી બાકીનાં અંગો રચવાનું અથવા અંગબાહ્ય શ્રુત રચવાનું કંઈ કારણ ? ત્યાં (જણાવવાનું કે) જો કે દૃષ્ટિવાદ (બારમા અંગ)માં સર્વ વાઙ્મય આવે છે, તથાપિ દુર્મેધસ એટલે તેનું અવધારણ કરવામાં અયોગ્ય એવા મંદમતિઓ તથા શ્રાવકાદિ તથા સ્ત્રીઓના અનુગ્રહ માટે બાકીનાં શ્રુતની રચના થઈ છે. (**વિશેષાવશ્યક** પૃ. ૨૯૮-૨૯૯ ગા. ૫૫૧)

૨૩. શ્રી **નંદીસૂત્રની** વૃત્તિમાં **મલયગિરિજી**એ સૂત્ર ૪૩ની ટીકામાં પ્રાચીન ગાથા 'ઉક્તં' કહીને મૂકી છે કે :-

पायदुगं जंघोरू गायदुगद्धं तु दोय बाहू य । गीवा सिरं च पुरिसो बारस अंगो सुयविसिट्ठो ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'(૧) **આચારાંગ**માં-પ્રરૂપેલા વિષયો- શ્રમણ નિર્ગ્રંથોનો સુપ્રશસ્ત આચાર, ગોચર (ભિક્ષા લેવાનો વિધિ), વિનય, વૈનયિક, કાયોત્સર્ગાદિસ્થાન વિહારભૂમિ આદિમાં ગમન, ચંક્રમણ (એટલે શરીરનો શ્રમ દૂર કરવા બીજા સ્થાનમાં ગમન), આહારાદિ પદાર્થોનું માપ, સ્વાધ્યાયાદિમાં નિયોગ, ભાષાસમિતિ, ગુપ્તિ, શય્યા, ઉપધિ, ભક્ત, પાન, ઉદ્‌ગમ આદિ (ઉદ્‌ગમ્ ઉત્પાદ અને એષણા), દોષોની વિશુદ્ધિ, શુદ્ધા-શુદ્ધ ગ્રહણ, વ્રત,· નિયમ, તપ અને ઉપધાન.

(૨) **સૂત્રકૃતાંગમાં**-સ્વસિદ્ધાન્ત, પરસિદ્ધાન્ત, સ્વ અને પરસિદ્ધાન્ત જીવ, અજીવ, જીવાજીવ, લોક, અલોક, લોકાલોક, જીવ-અજીવ-પુણ્ય-પાપ-આસ્રવ-સંવર-નિર્જરા-બંધ અને મોક્ષ સુધીના પદાર્થો, ઇતર દર્શનથી મોહિત સંદિગ્ધ નવા દીક્ષિતની બુદ્ધિની શુદ્ધિ માટે ૧૮૦ ક્રિયાવાદિના મત, ૮૪ અક્રિયા-વાદિના મત, ૬૭ અજ્ઞાનવાદિના મત, ૩૨ વિનયવાદિના મત-એ કુલ મળીને ૩૬૩ અન્યદૃષ્ટિના મતનો પરિક્ષેપ કરીને સ્વસમય સ્થાપન.

(૩) **સ્થાનાંગ**માં-સ્વસમયનું પરસમયનું અને સ્વપર સમયનું સ્થાપન, જીવનું, અજીવનું, જીવાજીવનું, લોકનું, આલોકનું અને લોકાલોકનું સ્થાપન,

(૪) **સમવાયાંગ**માં- સ્વસિદ્ધાન્ત, પરસિદ્ધાન્ત, સ્વપરસિદ્ધાન્ત અને એકાદિક કેટલા પદાર્થોનું એકોત્તરિક પરિવૃદ્ધિપૂર્વક પ્રતિપાદન એટલે પ્રથમ એક સંખ્યાવાળા પદાર્થોનું નિરૂપણ, પછી બેની સંખ્યાવાળા પદાર્થોનું, એમ ક્રમપૂર્વક પ્રતિપાદન અને દ્વાદશાંગ ગણિપિટકના પર્યવોનું પ્રતિપાદન.

(૫) **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ-(ભગવતીસૂત્ર)**માં- સ્વસમય, પરસમય, સ્વપર સમય, જીવ, અજીવ, જીવાજીવ, લોક, અલોક, લોકાલોક, જુદા જુદા પ્રકારના દેવ, રાજા, રાજર્ષિ અને અનેક પ્રકારે સંદિગ્ધ પુરુષોએ પૂછેલા પ્રશ્નોના શ્રીજિને વિસ્તારપૂર્વક કહેલા ઉત્તરો; કે જે ઉત્તરો દ્રવ્યગુણ ક્ષેત્રકાલ પર્યવ પ્રદેશ અને પરિણામના અનુગમ નિક્ષેપણ નય પ્રમાણ અને વિવિધ તથા સુનિપુણ ઉપક્રમ પૂર્વક યથાસ્તિ ભાવના પ્રતિપાદક છે, લોક અને અલોક જેનાથી પ્રકાશિત છે, જેઓ વિશાલ સંસાર સમુદ્રથી તારવામાં સમર્થ છે, ઇન્દ્રપૂજિત છે, ભવ્ય લોકોના હૃદયના અભિનંદક છે, અંધકારરૂપ મેલના નાશક છે, સુષ્ઠુદૃષ્ટ છે, દીપભૂત છે, ઈહા મતિ અને બુદ્ધિના વર્ધક છે, જેની સંખ્યા બરાબર છત્રીસ હજાર છે, અને જે ઉત્તરોના ઉપનિબંધનથી બહુ પ્રકારના શ્રુતાર્થો શિષ્યહિતાર્થ ગુણ હસ્તરૂપ છે.

(૬) [૨૪]**જ્ઞાતાધર્મકથા**માં-ઉદાહરણભૂત પુરુષોનાં નગરો, ઉદ્યાનો; ચૈત્યો, વનખંડો, રાજાઓ, માતાપિતા, સમવસરણો, ધર્માચાર્યો, ધર્મકથાઓ, ઐહલૌકિક અને પારલૌકિક ઋદ્ધિવિશેષો, ભોગપરિત્યાગો પ્રવ્રજ્યાઓ, શ્રુતપરિગ્રહો, તપ, ઉપધાન, પર્યાયો, સંલેખના, ભક્તપ્રત્યાખ્યાનો, પાદપોપગમનો, દેવલોકગમનો, સુકુલમાં પ્રત્યવતારો, બોધિલાભ અને અંતક્રિયાઓ.

---

૨૪. જૈન આગમ સાહિત્યમાં વાઙ્મયના પ્રકારની દૃષ્ટિએ ધર્મકથાનુયોગ નામનો એક આખો સ્વતંત્ર વિભાગ જ કરવામાં આવેલો છે, અને જ્ઞાતાધર્મકથા નામના આ આગમને એ વિભાગના નિર્દેશક તરીકે કહેવામાં આવે છે. શ્રુતપરંપરાએ કેટલીયે ક્રોડ એવી ધર્મકથાઓ તેમાં આલેખેલી હતી પણ તે કાલ પ્રભાવે નષ્ટ થઇ ગઇ અને વર્તમાનમાં માત્ર ૧૯ અધ્યાય જ એ આગમના ઉપલબ્ધ થાય છે; એને તે પણ તેના મૂળ રૂપમાં નહિં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) **ઉપાસકદશા**માં- ઉપાસકો (શ્રાવકો)નાં નગરો, ઉદ્યાનો, ચૈત્યો, વનખંડો, રાજાઓ, માતપિતાઓ, સમવસરણો, ધર્માચાર્યો, ઈહલોકના અને પરલોકના ઋદ્ધિવિશેષો..... અંતક્રિયાઓ (ઉપરના પારામાં કહ્યા પ્રમાણે).

(૮) **અંતકૃદ્દશા**માં- અંતકૃત્ (તીર્થંકરાદિ તદ્ભવે મોક્ષગામી) પુરુષનાં નગરો, ઉદ્યાનો, ચૈત્યો, વનખંડો, રાજાઓ, માતપિતાઓ સમવસરણો, ધર્માચાર્યો, ધર્મકથાઓ, આ લોકની અને પરલોકની ઋદ્ધિ, ભોગપરિત્યાગો, પ્રવ્રજ્યાઓ, શ્રુતપરિગ્રહ, તપ, ઉપધાન, બહુવિધ પ્રતિમાઓ ક્ષમા, આર્જવ, માર્દવ, સત્યસહિત શૌચ, ૧૭ પ્રકારનો સંયમ, ઉત્તમ બ્રહ્મચર્ય, અકિંચનતા, તપ ક્રિયાઓ, સમિતિઓ, ગુપ્તિઓ, અપ્રમાદયોગ, ઉત્તમ સ્વાધ્યાય અને ધ્યાનનું સ્વરૂપ, ઉત્તમ સંયમને પ્રાપ્ત અને જિતપરિષહ પુરુષોને ચાર પ્રકારનાં કર્મનો ક્ષય થયા પછી થયેલો કેવલજ્ઞાનનો લાભ, મુનિઓએ પાળેલો જેટલો પર્યાય, પાદપોપગત પવિત્ર મુનિવર જેટલાં ભક્તોને (ભોજનોને) વીતાવીને જ્યાં અંતકૃત થયા તે અને બીજા મુનિઓ જેઓ મુક્તિસુખને પામ્યા તે.

(૯) **અનુત્તરોપપાતિક**માં-અનુત્તરોપપાતિકોનાં નગરો..... અંતક્રિયાઓ (ઉપર **જ્ઞાતાધર્મકથા**માં જણાવ્યા પ્રમાણે.)

(૧૦) **પ્રશ્નવ્યાકરણ**માં-એકસો આઠ પ્રશ્નો, એકસો આઠ અપ્રશ્નો, એકસો આઠ પ્રશ્નાપ્રશ્નો, વિદ્યાના અતિશયો અને નાગકુમારની તથા સુવર્ણકુમારની સાથે થએલા દિવ્ય સંવાદો.

(૧૧) **વિપાકશ્રુત**માં-સુકૃત કર્મોનો અને દુષ્કૃત કર્મોનો ફલવિપાક તે ફલવિપાક સંક્ષેપથી બે પ્રકારનો કહ્યો છે-દુઃખવિપાક અને સુખવિપાક. તેમાં દશ દુઃખવિપાક અને દશ સુખવિપાક છે. દુઃખવિપાકમાં દુઃખવિપાક વાળાઓનાં નગરો, ઉદ્યાનો, ચૈત્યો, વનખંડો, રાજાઓ, માતપિતા, સમોસરણો, ધર્માચાર્યો, ધર્મકથા, નગરગમનો, સંસારપ્રબંધ અને દુઃખપરંપરા. સુખવિપાકમાં સુખવિપાકવાળાઓનાં નગરો ઉદ્યાનો..... અંતક્રિયાઓ (ઉપર **જ્ઞાતાધર્મકથા**માં જણાવ્યા પ્રમાણે)

(૧૨) **દૃષ્ટિવાદ**માં-સર્વ પદાર્થોની પ્રરૂપણા છે. તે દૃષ્ટિવાદ પાંચ પ્રકારનો છે. ૧. પરિકર્મ ૨. સૂત્ર, ૩. પૂર્વગત, (પૂર્વ) ૪. અનુયોગ અને ૫. ચૂલિકા.

આ બારેમાં જણાવેલા ઉક્ત વિષયાદિ અત્યારના ઉપલબ્ધ સૂત્રોમાં કાળવશથી ઘટી ગયાનું વૃદ્ધો કહે છે, (શ્રી **ભગવતીસૂત્ર**-પં. **બેચરદાસ** અનુવાદિત પ્રથમાભાગ પૃ.૧૦ થી ૧૨ ઉપરનું ટિપ્પણ.)

૨૧. હવે ઉક્ત **દૃષ્ટિવાદ**નું વર્ણન જોઈએઃ- તેના પાંચ ભાગ ઉપર કહેવાયા છે.

૧ **પરિકર્મ**-(એટલે યોગ્યતાકરણ) તે સાત પ્રકારનો છે. ૧ સિદ્ધ શ્રેણિક પરિકર્મ, ૨ મનુષ્ય શ્રેણિક, ૩ પુષ્ટ શ્રેણિક, ૪ અવગ્રહના શ્રેણિક, ૫ ઉપસંપાદન શ્રેણિક (ઉપસંપજ્જણ-અંગીકાર કરવા યોગ્ય), ૬ વિપજ્જહ (છાંડવા યોગ્ય) શ્રેણિક, ૭ ચ્યુતાચ્યુત શ્રેણિક(આમાંના પ્રથમનાં છ પરિકર્મ સ્વ સમયના વક્તવ્યને અનુસરે છે, અને છેલ્લું ચ્યુતાચ્યુત તે **ગોશાલાદિના આજીવિકાદિ** પાખંડી મતનું વક્તવ્ય જણાવે છે. આ પરિકર્મમાં 'નયો' (દૃષ્ટિબિંદુઓ)નો વિચાર હોય છે. પહેલાં છ પરિકર્મમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર એ ચાર નયોથી સ્વસમયના તે પરિકર્મનો વિચાર કરવામાં આવ્યો છે.) સિદ્ધ શ્રેણિકનાં ૧૪ પ્રકાર છેઃ-(૧) માતૃકા પદ, (૨) એકસ્થિત પદ, (૩) પદાર્થ પદ, (૪) 'પાઢોઆમાસ' પદ, (૫) કેતુભૂત, (૬) રાશિબદ્ધ, (૭) એકગુણ, (૮) દ્વિગુણ, (૯) ત્રિગુણ (૧૦) કેતુભૂત, (૧૧) પ્રતિગ્રહ (૧૨) સંસાર પ્રતિગ્રહ (૧૩) નંદાવર્ત્ત, (૧૪) સિદ્ધાબદ્ધ (સિદ્ધાપત્ત). એજ પ્રમાણે મનુષ્યશ્રેણિકના ૧૪ પ્રકાર તેમાં છેલ્લો સિદ્ધાબદ્ધ છે તેને બદલે મનુષ્યાબદ્ધ લેવો. પુષ્ટ શ્રેણિકના ૧૧ પ્રકારઃ- (૧) 'પાઢોઆમાસ'થી નંદાવર્ત સુધી ઉપર પ્રમાણે લેવા ને છેલ્લો પ્રકાર પુષ્ટાબદ્ધ લેવો. આજ પ્રમાણે અવગ્રહના શ્રેણિક, ઉપસંપાદન શ્રેણિક, વિપજ્જહ શ્રેણિક, ચ્યુતાચ્યુત શ્રેણિક, ના ૧૧ પ્રકાર છેવટના પ્રકારમાં તે તે રીતે ફેરફાર કરી લેવા.

(૨) **સૂત્ર**-(પૂર્વગત સૂત્રાર્થનું જે સૂચન કરે તે સૂત્ર. તે સૂત્રો સર્વ દ્રવ્યો, સર્વ પર્યાયો; સર્વ નયો, સર્વ ભંગ વિકલ્પોના પ્રદર્શક છે.) તે ૮૮ ભેદે છે. ૧ ઋજુઅંગ ૨ પરિણતાપરિણત, ૩ બહુભંગી, ૪ વિપ્રત્યયિક (વિનય ચારિત્ર), ૫ અનંતર, ૬ પરંપર સમાન, ૭ સંયૂથ, ૮ ભિન્ન, ૯ યથાત્યાગ, ૧૦ સૌવસ્તિક, ૧૧ ઘંટ, ૧૨ નંદાવર્ત્ત, ૧૩ બહુલ ૧૪ પૃષ્ટાપૃષ્ટ ૧૫ વિયાવર્ત્ત, ૧૬ એવંભૂત, ૧૭ દ્વિકાવર્ત્ત ૧૮ વર્ત્તમાનોત્પતક, ૧૯ સમભિરૂઢ, ૨૦ સર્વતોભદ્ર, ૨૧ પ્રણામ(પણામ), ૨૨ દ્વિ પ્રતિગ્રહ. આ ૨૨ પ્રકારને જુદી જુદી રીતે ચર્ચવામાં આવે છે. તેને ત્રણ નયથી (દ્રવ્યાર્થિક આદિથી) તેમજ ચારનયથી-સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ નયથી ચિંતવતાં ૨૨x૪=૮૮ પ્રકાર સૂત્રના ગણાવ્યા છે.

૩ **પૂર્વ**-દૃષ્ટિવાદમાં ૧૪ પૂર્વો છે તેનાં નામો નીચે પ્રમાણે છેઃ-

૧ **ઉત્પાદપૂર્વ**-સર્વ દ્રવ્ય અને પર્યાયોના ઉત્પાદની તેમાં પ્રરૂપણા છે.

૨ **આગ્રાયણી**-સર્વ દ્રવ્યો અને જીવવિશેષના પર્યાયોનું અગ્ર એટલે પરિમાણ તેમાં વર્ણવેલ છે. અગ્ર=પરિમાણ અને અયન=પરિચ્છેદ-સર્વ દ્રવ્યાદિના પરિણામનો પરિચ્છેદ જેમાં છે તે.

૩ **વીર્યપ્રવાદ**-તેમાં સકર્મ અને અકર્મ જીવો તથા અજીવોનું વીર્ય કહેલું-પ્રરૂપ્યું છે.

૪ **અસ્તિનાસ્તિ પ્રવાદ**-ધર્માસ્તિકાયાદિ જે વસ્તુ લોકમાં છે, અને ખરશૃંગાદિ જે વસ્તુ નથી અથવા સ્યાદ્વાદ અભિપ્રાય પ્રમાણે સર્વ વસ્તુ સ્વરૂપથી છે અને પરરૂપથી નથી એવું તેમાં જણાવેલું છે.

૫ **જ્ઞાનપ્રવાદ**-મતિ આદિ પંચવિધ જ્ઞાનનું સ્વરૂપ ભેદ પ્રભેદ વડે તેમાં કથન છે.

૬ **સત્યપ્રવાદ**- સત્ય=સંયમ વા સત્યવચન તેમાં ભેદ સહિત તેમજ તેના પ્રતિપક્ષ (અસત્ય) સહિત વર્ણવેલ છે.

૭ **આત્મપ્રવાદ**-તેમાં આત્મા-જીવ અનેક નયવડે બતાવેલો છે.

૮ **સમયપ્રવાદ-કર્મપ્રવાદ**-*તેમાં સમય એટલે સિદ્ધાન્તાર્થ કે જે કર્મરૂપ છે તેથી એટલે તેમાં કર્મસ્વરૂપ* પ્રરૂપ્યું છે, માટે આ પૂર્વનું સમય પ્રવાદ કે કર્મપ્રવાદ એ નામ આપેલ છે. વળી તેમાં જ્ઞાનાવરણાદિક આઠ પ્રકારના કર્મ પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ પ્રદેશ, આદિ ભેદ, પ્રભેદ કહેવામાં આવ્યા છે.

૯ **પ્રત્યાખ્યાનવાદ**-તેમાં સર્વ પ્રત્યાખ્યાનનું સ્વરૂપ ભેદ સહિત જણાવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦ **વિદ્યાનુપ્રવાદ**-તેમાં અનેકાતિશય વાળી વિદ્યા સાધનની અનુકુળતાથી સિદ્ધિપ્રકર્ષ વડે જણાવે છે-વિદ્યાના અતિશયો સાધનાની અનુકૂળતા વડે સિદ્ધિના પ્રકર્ષવડે વર્ણવ્યા છે.

૧૧ **અવન્ધ્ય-કલ્યાણ**-વન્ધ્ય એટલે નિષ્ફળ, નહિ એવું અવંધ્ય સફલ તેમાં જ્ઞાન તપ સંયોગ આદિ શુભ ફલો અને પ્રમાદ આદિ અશુભ ફલો વર્ણવ્યા છે. બીજા તેને કલ્યાણપૂર્વ કહે છે.

૧૨ **પ્રાણાયુઃ-પ્રાણાવાય** તેમાં પ્રાણ-જીવો એટલે પાંચ ઇંદ્રિય, ત્રણ પ્રકારનું બલ, ઉચ્છ્વાસ અને નિશ્વાસરૂપ પ્રાણોનું અથવા આયુ અનેક પ્રકારનું વર્ણવ્યું છે. જેમાં ભેદ સહિત પ્રાણવિધાન અને બીજા પ્રાણો વર્ણવેલા છે.

૧૩ **ક્રિયાવિશાલ**-કાયિકીઆદિ અને સંયમાદિ ક્રિયા વિશાલ એટલે ભેદ વડે વિસ્તીર્ણપણે ભેદ સહિત જણાવવામાં આવી છે.

૧૪ **બિંદુસાર**-અર્થાત્ લોકશબ્દ અધ્યાહાર છે. એટલે લોકબિંદુસાર. જે લોક એટલે જગત્માં, શ્રુતલોકમાં અક્ષરની ઉપર બિંદુ જેવા સારરૂપ-સર્વોત્તમ સર્વાક્ષરના સન્નિપાતથી લબ્ધિ હેતુ વાળું છે તે.

આ ચૌદે પૂર્વના પદ પરિમાણનો વિષય **સમવાયાંગ** ટીકામાં છે.[૨૫]

૪ **અનુયોગ**-(એટલે અનુરૂપ-અનુકૂલ યોગ અર્થાત્ સૂત્રની વસ્તુ સાથેનો અનુરૂપ સંબંધ) તે બે પ્રકારનો છે :

૧ મૂલ પ્રથમાનુયોગ-(મૂલ એટલે ધર્મના પ્રવર્ત્તનથી તીર્થંકરોનો પ્રથમ એટલે સમ્યક્ત્વની પ્રાપ્તિના લક્ષણ રૂપ પૂર્વભવાદિ ગોચર એવો અનુયોગ તે),

૨ ગંડિકાનુયોગ (ઈક્ષ્વાદિના પૂર્વાપર પર્વથી પરિચ્છિન્ન, મધ્યભાગ તે ગંડિકા તેની પેઠે એકાર્થ અધિકારવાળી ગ્રંથ પદ્ધતિ તેને ગંડિકા કહેવામાં આવે છે, તેનો અનુયોગ).

મૂલ પ્રથમાનુયોગમાં અર્હત્ ભગવંતોના સમ્યક્ત્વથી આરંભી પૂર્વભવો-દેવલોક ગમન, દેવભવનું આયુ, ત્યાંથી ચ્યવન, તીર્થંકરનો ઉત્પાત-જન્મ, અભિષેક, રાજશ્રીનો ત્યાગ, પ્રવ્રજ્યા, તપ, કેવલજ્ઞાન, તીર્થપ્રવર્ત્તન, શિષ્યો, ગણો, ગણધરો, આર્યાપ્રવર્ત્તિનીઓ, ચતુર્વિધ સંઘ.... સિદ્ધિ આદિ કહેવામાં આવેલ હોય છે. ગંડિકાનુયોગમાં કુલકરોની, તીર્થંકરોની, ચક્રવર્તિઓની દશાર્હની બલદેવની, વાસુદેવની, ગણધરોની, ભદ્રબાહુની, તપકર્મની, હરિવંશની, ઉત્સર્પિણીની, અવસર્પિણીની ચિત્રાન્તર ગંડિકાઓ, દેવતા મનુષ્ય તિર્યંચ નારક ગતિ ગમન વિવિધ પર્યટનો વગેરે કહેવામાં આવેલ હોય છે. *{"સૂત્રકાળમાં પ્રથમાનુયોગ અને ગંડિકાનુયોગ નામના ગ્રંથ હતા જ. પરંતુ કાળબળે તે લુપ્ત થઇ જવાને લીધે તેમાંની જે અને જેટલી હકિકતો મળી આવી તે આધારે તેનો પુનરુદ્ધાર આર્ય કાલકે કર્યો હતો. મને લાગે છે કે સૂત્રકાળમાં પ્રથમાનુયોગનું ગમે તે સ્વરૂપ હો. પરંતુ સ્થવિર આર્ય કાલકે પુનરુદ્ધાર કર્યો ત્યારે તેનું સ્વરૂપ શ્રી ભદ્રેશ્વરકૃત કહાવલી, શ્રી શીલાંકાચાર્ય કૃત ચઉપન્ન મહાપુરુષ ચ. અને આ. શ્રી હેમચન્દ્ર કૃત ત્રિશષ્ટિ*

---

૨૫. પૂર્વ સંબંધી આ હકીકત માટે **નંદીસૂત્ર, સમવાયાંગસૂત્ર, પ્રવચનસારોદ્ધાર** ટીકા પૃ. ૨૦૭-૨૦૮(પ્ર.દે.લા.) પરથી તેમજ **અભિધાન ચિંતામણી** પૃ ૧૦૪ થી ૧૦૬(ય. ગ્રં.)જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ.પુ.ચ.ને મળતું હોવું જોઈએ.'' - મુનિ પુણ્યવિજય જ્ઞાનાંજલી પૃ. ૧૨૫-૬.}

૫ ચૂલિકા- (ચૂલા એટલે શિખર, જેમ મેરૂની ચૂલા), તેમ દૃષ્ટિવાદમાં પરિકર્મ, સૂત્ર, પૂર્વાનુયોગમાં અનુક્ત અર્થના સંગ્રહવાળી ગ્રંથપદ્ધતિ તે ચૂલા-ચૂલિકા કહેવાય છે. પ્રથમનાં ચાર પૂર્વોને ચૂલા છે. બાકીનાં પૂર્વો ચૂલિકા વગરના છે. (પ્રથમ પૂર્વમાં ૪, બીજા પૂર્વમાં ૧૨, ત્રીજામાં ૮, અને ચોથામાં ૧૦, એમ કુલ ૩૪ ચૂલિકા છે; આ પ્રમાણે 'દ્વાદશાંગ ગણિપિટક' છે.[૨૬]

૨૨. આમાં પ્રથમનાં અગિયાર અંગોમાં ભાષા 'અર્ધમાગધી' હતી[૨૭] તેને 'આર્ષ પ્રાકૃત' પણ કહેવામાં આવે છે, 'આર્ષ' એટલે ઋષિ પ્રણીત.[૨૮]

દૃષ્ટિવાદ-ચૌદ પૂર્વોની ભાષા સંસ્કૃત હતી એમ **પ્રભાવકચરિત્ર**કાર **પ્રભાચંદ્રસૂરિ** જણાવે છે.[૨૯]

૨૩. આ આગમસૂત્રો શ્રી **મહાવીર**ના ગણધર **સુધર્માસ્વામી** આદિ એ ગુંથ્યાં હતાં. તે ઉપરાંત એમ કહેવાય છે કે શ્રી **મહાવીર**ના હસ્તદીક્ષિત શિષ્ય **વીરભદ્રગણિએ આતુર પ્રત્યાખ્યાન (આઉર પચ્ચકખાણ), ચતુઃશરણ(ચઉસરણ)** આદિ (વિ.સં પૂર્વે ૪૭૦ લગભગ) રચ્યા.

---

૨૬. આ દ્વાદશાંગ માટે જુઓ **સમવાયાંગ-અભયદેવસૂરિવૃત્તિ** પૃ. ૧૨૮-૧૩૨, **નંદીસૂત્ર મલયગિરિ** ટીકા પૃ. ૨૩૫ થી ૨૪૬.

૨૭. **भगवं च णं अद्धं मागहीए भासाए धम्ममाइक्खइ-** (**समवायांग**સૂત્ર પૃ.૬૦ સમિતિ) એટલે 'ભગવાન અર્ધમાગધીભાષા દ્વારા ધર્મને કહે છે.

गोयमा! देवा णं अद्धमागहाए भासाअे भासंति, सा वि य णं अद्धमागही भासा भासिज्जमाणि विसिस्सइ- **ભગવતી** અંગસૂત્ર શ૦ ૫, ઉ. ૪, પ્રશ્ન ૨૦. પૃ ૨૩૧ સમિતિ.

- હે ગૌતમ! દેવો અર્ધમાગધી ભાષા બોલે છે અને બોલાતી ભાષામાં પણ તે જ ભાષા અર્ધમાગધી ભાષા વિશિષ્ટ છે.

भासारिया जे णं अद्धमागहाए भासाए भासेंति- **પ્રજ્ઞાપના**-ઉપાંગ સૂત્ર પૃ-૫૬ આ. સમિતિ.

- જેઓ અર્ધમાગધી ભાષામાં બોલે છે તેઓને ભાષાર્ય-ભાષાની દૃષ્ટિએ આર્યો સમજવા'

આ ઉપરથી 'અર્ધમાગધી'ને ભાષા તરીકે અને 'શ્રી મહાવીર ભ. અર્ધમાગધીમાં ઉપદેશ કરતા હતા' એ બન્ને વાતો સ્વીકારી શકાય એવી છે.

નિશીથ ચૂર્ણિમાં 'पोराणमद्धमागहभासानिययं हवइ सुत्तं' એટલે **પુરાણસૂત્ર** અર્ધમાગધી ભાષાથી નિયત હોય છે. આમાં તે ચૂર્ણિકાર **જિનદાસ મહત્તર** 'અર્ધમાગધી' નો અર્થ બે પ્રકારે કરે છેઃ (૧) મગધદેશની અડધી ભાષામાં નિયત તે. (૨) અઢાર જાતની દેશી ભાષા નિયત તે. (અઢાર જાતની દેશી ભાષાનો ઉલ્લેખ **જ્ઞાતાસૂત્ર** પૃ. ૨૮ સમિતિ ટીકા પૃ. ૪૨ તથા **ઔપપાતિકસૂત્ર** પૃ. ૫૮ સમિતિ)-જુઓ પં. બહેચરદાસકૃત **પ્રાકૃત વ્યાકરણ**ની પ્રસ્તાવના.

૨૮. શ્રી હેમચંદ્રાચાર્યે આગમ સાહિત્યને આર્ષ પ્રાકૃતમાં ગણ્યું છે ને તેનું જુદું વ્યાકરણ આપ્યું નથી. તેઓ કહે છે કે : 'यद्यपि पोराणमद्धमागहभाषानिययं हवइ सुत्तं' इत्यादिना आर्षस्य अर्धमागधभाषानियतत्वमाम्नायि वृद्धैस्तदपि प्रायोऽस्यैव विधानात् न वक्ष्यमाणलक्षणस्य' હેમ પ્રાકૃત વ્યાકરણ પૃ. ૧૫૯ સૂત્ર ૨૮૭

૨૯. **પ્રભાવકચરિત્ર** માં કહ્યું છે કે : चतुदर्शाऽपि पूर्वाणि संस्कृतानि पुराऽभवन् ॥ ११४॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાકૃત ઉપદેશમાલાના[૩૦] રચનાર **ધર્મદાસગણિ** પણ શ્રી **મહાવીર** ભ.ના હસ્તદીક્ષિત શિષ્ય કહેવાય છે. તેમાં ૫૪૦ પ્રાકૃત ગાથા છે. આ ગ્રંથ આચાર પ્રતિપાદક સુંદર અને ઉપયોગી છે. [આ પર જૂનામાં જૂની ટીકા **સિદ્ધર્ષિ**કૃત છે તે, તેમજ તે પરની અર્વાચીન **રામ**વિજય ગણિની ટીકા પં. **હી.** હં. જામનગર પ્રકટ કરી છે. કથા એવી છે કે **ધર્મદાસગણિ** પોતે રાજા હતા ને પોતાના શિષ્ય **રણસિંહ**ને બોધ આપવા અર્થે આ કૃતિ બનાવી. પી. ૫, ૧૬૪; ૨૦૧૫૬૬-૭૧].

૨૪. શ્રી **મહાવીર** ભ. પછી ત્રણ 'કેવલી'(પૂર્ણજ્ઞાનવાન્) આચાર્યો નામે ઉપર્યુક્ત બ્રાહ્મણો **ગૌતમ-ઈન્દ્રભૂતિ** અને **સુધર્મા** તથા તેમના શિષ્ય વૈશ્યશ્રેષ્ઠીપુત્ર **જમ્બૂસ્વામી** થયા. અહીં સુધી એટલે વીરાત્ પ્રથમ શતક સુધી તો એ સર્વ સિદ્ધાંત તેમજ સંપૂર્ણ ત્યાગની કડકાઈ અબાધિત આબાદ રહ્યાં તે સમયના બધા અભ્યાસીઓ તે સિદ્ધાંતને કંઠસ્થ રાખતા હતા. શ્રમણો ભિન્ન ભિન્ન દેશમાં વિચરનારા હતા એટલે કાલાનુક્રમે ભિન્ન ભિન્ન દેશની ભાષાના સંસર્ગથી દુષ્કાળ આદિના કારણે સ્મૃતિભ્રંશને લીધે અને ઉચ્ચારભેદથી સિદ્ધાંતની ભાષા વગેરેમાં પરિવર્ત્તન થયું તેમજ તેમાંનુ કેટલુંક વિચ્છિન્ન થયું એ સ્વાભાવિક છે. આ વાત પછીનાં પ્રકરણોમાં સંઘની પરિષદો આદિથી સ્પષ્ટ થશે.

૨૫. જંબૂસ્વામીના શિષ્ય ક્ષત્રિય **પ્રભવ**ના બ્રાહ્મણ શિષ્ય **શય્યંભવસૂરિ** (જન્મ વીરાત્ ૩૬, સ્વર્ગ. વીરાત્ ૯૮) થયાં તેમણે પોતાના પુત્ર-શિષ્ય **મનક**મુનિ માટે ચૌદ પૂર્વમાંથી ઉદ્ધાર કરી **દશવૈકાલિક** સૂત્ર રચ્યું હતું (વીરાત્ ૭૨માં લગભગ). વિકાલથી નિવૃત્ત તે વૈકાલિક, અને દશ અધ્યયન

प्रज्ञातिशयसाध्यानि तान्युच्छिन्नानि कालत ॥ अधुनैकादशांग्यस्ति सुधर्मस्वामिभाषिता ॥ ११५ ॥
बालस्त्रीमूढमूर्खादिजनानुग्रहणाय सः ॥ प्राकृतां तामिहाऽकार्षीत् ×××॥ ११६॥

-ચૌદે પૂર્વો સંસ્કૃતમાં પુરાતનકાલે હતાં તે પ્રજ્ઞાતિશયસાધ્ય પણ કાલબળે ઉચ્છિન્ન થયા છે. હમણાં **સુધર્મ**-સ્વામિભાષિત અગ્યાર અંગો છે; તેને તેમણે બાલ, સ્ત્રી, મૂઢ અને મૂર્ખ વગેરેને પણ અનુગ્રહણ થાય તે માટે પ્રાકૃતમાં રચ્યાં છે.

પ્રોફે. વેબરે Sacred Literature of the Jainas એ નામનાં ગ્રંથ-નિબંધમાં જૈન આગમો સંબંધીની ચર્ચા કરી છે. તેની અંદર તે આગમોમાં પૂર્વે શું વિષયો હતા ને હાલમાં શું છે તથા દૃષ્ટિવાદમાં શો વિષય હોવો જોઈએ એ સારી રીતે ચર્ચેલ છે.

૩૦. આ ગ્રંથમાં 'શ્રી મહાવીર સમયની વ્યક્તિઓ ઉપરાંત શ્રી મહાવીર પછી થયેલા ઠેઠ **વજ્ર**સ્વામી અને **સિંહગિરિ** આદિનાં ઐતિહાસિક સૂચવન (Allusions) છે તેથી તેને ઐતિહાસિક દૃષ્ટિએ વીરાત્ ૫૨૦ ના અરસામાં રચાયો ધારીએ તો ખોટું નથી'-જુઓ સ્વ.**મન**:સુખલાલ કિરત્ચંદ મહેતાનો લેખ 'શ્રી ઉપદેશમાળાના પ્રણેતા શ્રીમાન્ ધર્મદાસગણિ શ્રી મહાવીર દેવના હસ્તદીક્ષિત શિષ્ય હતા ? એક ઐતિહાસિક પ્રશ્ન' **જૈન ધર્મપ્રકાશ** સં ૧૯૬૬ના કાર્ત્તિક, માગશર, અને પોશના અંક. આ સંબંધીના નિર્ણય સંબંધીનો લેખ તે જ માસિક **જૈનધર્મ** પ્રકાશના સં.૧૯૬૭ ના માહના અંકમાં છે તે પણ જુઓ. એક બીજા **ધર્મદાસ** થયા છે કે જેમણે **વિદગ્ધમુખમંડન** નામનો ગ્રંથ રચ્યો છે તેમનો સમય નિશ્ચિત થયો નથી. તે ગ્રંથ અંદર સમસ્યાઓ વગેરે છે અને જેના પર જૈનેતર વિદ્વાનોએ પણ ટીકા રચી છે. **વે. નં.**૧૫૬-૧૫૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં છે તેથી દશવૈકાલિક.[૩૧]

૩૧. આ પર તિલકાચાર્યે વૃતિ કરતાં કહ્યું છે કે (પી. ૩, ૩૯):-

शय्यंभवस्य श्रुतरत्नसिंधोः सर्वस्वभूतं दशकालिकं यत्।
उद्घाट्य बह्वर्थसुवर्णकोशं तद्भव्यसुग्राह्यमहं करोमि ॥

આ વૃતિ પહેલાં પ્રસિદ્ધ હરિભદ્રસૂરિ એ ટીકા રચી છે. વળી આ. શય્યંભવસૂરિની સ્તુતિ મુનિરત્નસૂરીએ અમમચરિત્રમાં કરી છે કે (પી. ૩, પૃ-૯૦)

शय्यंभवोस्तु वो भूत्यै चक्रे सर्वांगमूर्त्तिभृत्। येनादुःप्रसभाचार्यकालिकं दशकालिकम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(વીરાત્ ૧૭૦ થી ૯૮૦= વિ.સં. પૂર્વે ૩૦૦ થી વિ. સં. ૫૧૦).

આર્ય ભદ્રબાહુ.

વંદામિ **ભદ્દબાહું** પાઈણં ચરિમસયલસુયનાણી । સુત્તસ્સ કારગમિસિં દસાસુ કપ્પે ય વવહારે ॥

-દશાશ્રુતસ્કંધચૂર્ણી પી. ૪,૧૦૦.
-પંચકલ્પભાષ્ય. સંઘદાસ પી. ૪,૧૦૩

શ્રી ભદ્રબાહુ વંઃ પ્રીત્યૈ સૂરીઃ શૌરિરિવાસ્તુ સઃ ।
યસ્માદ્ દશાનાં જન્માસીન્ નિર્યુક્તીનામૃચામિવ ॥ -મુનિરત્ન- અમમચરિત્ર.

તત્ત્વાર્થરત્નૌઘવિલોકનાર્થં સિદ્ધાન્તસૌધાન્તરહસ્તદીપાઃ।
નિર્યુક્તયો યેન કૃતાઃ કૃતાર્થસ્તનોતુ ભદ્રાણિ સ ભદ્રબાહુઃ॥ -તિલકાચાર્ય-આવશ્યક નિર્યુક્તિ લઘુવૃત્તિ.

શ્રીકલ્પસૂત્રમમૃતં વિબુધોપયોગયોગ્યં જરામરણદારુણદુઃખહારિ ।
યેનોદ્ધૃતં મતિમતા મથિતાત્ શ્રુતાબ્ધેઃ શ્રીભદ્રબાહુગુરુવે પ્રણતોઽસ્મિ તસ્મૈ ॥

-ક્ષેમકીર્તિસૂરિ બૃહત્કલ્પ ટીકા.

યેનૈષા **પિંડ**નિર્યુક્તિ ર્યુક્તિરમ્યા વિનિર્મિતા । દ્વાદશાંગવિદે તસ્મૈ નમઃ શ્રી ભદ્રબાહવે ॥

-મલયગિરિસૂરિ પિંડનિર્યુક્તિ ટીકા.

- **દશાશ્રુત, કલ્પ** અને **વ્યવહાર** સૂત્રના રચનાર ઋષિ, છેલ્લા સકલશ્રુતજ્ઞાની, **પ્રાચીન** (ગોત્રના) **ભદ્રબાહુને** વંદુ છું

- જે સૂરિએ, શૌરિ(વિષ્ણુ)એ જેમ દશ જન્મ(અવતાર)લીધા તેની માફક ઋચાઓ જેવી દશ નિર્યુક્તિને જન્મ આપ્યો તે **ભદ્રબાહુ** અમારી પ્રીતિ માટે થાઓ.

-તત્ત્વાર્થરૂપી રત્નરાશિને જોવા અર્થે સિદ્ધાન્તરૂપી મહેલની અંદરના હાથ દીવડા જેવી નિર્યુક્તિઓ જેમણે રચી તે કૃતાર્થ **ભદ્રબાહુ** અમારા ભદ્રો-કલ્યાણોને વિસ્તારો.

- જે મહામતિએ મંથન કરાયેલા શ્રુતરૂપી સાગરમાંથી જરા મરણ રૂપ દારુણ દુઃખને ટાળનાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિબુધ (વિદ્વાન, અને દેવતા)ને ઉપયોગી એવું **કલ્પસૂત્ર** જેવું અમૃત બહાર કાઢ્યું તે શ્રી ભદ્રબાહુ ગુરુને હું વિશેષ પણે નમેલો છું.

- જેણે આ **પિંડનિર્યુક્તિ** યુક્તિથી રમ્ય બનાવી તે બાર-અંગ-જ્ઞાતા ભદ્રબાહુને નમસ્કાર.

૨૬. દશવૈકાલિકકાર **શય્યંભવ**ના શિષ્ય **યશોભદ્ર**ના બે બ્રાહ્મણ શિષ્ય નામે **સંભૂતિવિજય** અને **ભદ્રબાહુ** થયા. આર્ય **ભદ્રબાહુ** ૧૪ પૂર્વધર હતા. તેમણે દશ આગમો-પર ટીકા રૂપે તેમજ 'પૂર્વ'ના આધારે **આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ, સૂત્રકૃતાંગ, દશાશ્રુતસ્કંધ, કલ્પ, વ્યવહાર, સૂર્યપ્રજ્ઞપ્તિ અને ઋષિભાષિતો** પર 'નિર્યુક્તિઓ' રચી.[૩૧] 'નિર્યુક્તિ' એટલે જેમાંથી બદ્ધ થયેલા અર્થો નિર્યુક્ત-વિશેષપણે યા નિશ્ચયપણે યુક્ત-સિદ્ધ થાય છે તે આ પૈકી **વ્યવહાર સૂત્ર, દશા શ્રુતસ્કંધ** તથા **બૃહત્કલ્પ** પોતે ગુંથેલ છે ને તે પર પોતે નિર્યુક્તિ રચી છે. વિશેષમાં તેમણે **પિંડનિર્યુક્તિ** અને **ઓઘનિર્યુક્તિ** રચી. વળી **સંસક્ત** નિર્યુક્તિ પણ રચી એમ કહેવાય છે. **ઉવસગ્ગહરં** નામનું પ્રભાવક સ્તોત્ર રચ્યું. કહેવાય છે કે તદુપરાંત **વસુદેવ** ચરિત મૂળ પ્રાકૃતમાં રચ્યું કે જે સવાલક્ષ શ્લોક પ્રમાણ હતું એમ પ્રસિદ્ધ **હેમાચાર્યના** ગુરુ **દેવચંદ્રસૂરિ** જણાવે છે.[૩૨] અને જ્યોતિષ પર સંહિતા રચી.[૩૩] તેમણે **સ્થૂલ**ભદ્રને ૧૪ પૂર્વની વાચના આપી હતી. પોતે નેપાલમાં ધ્યાન ધરવા ગયા હતા તેમણે દક્ષિણમાં વિહાર કર્યો હતો, અને **ચંદ્રગુપ્ત** રાજા(સ્વ૦ વીરાત્ ૧૫૫ **પરિશિષ્ટ પર્વ** પ્રમાણે) એ

---

૩૧. આ સંબંધમાં **આવશ્યક** નિર્યુક્તિ રચતાં પોતે તેમાં આ બધાં આગમોની નિર્યુક્તિઓ' 'હું જિનોપદેશ વડે ઉદાહરણ-હેતુ-કારણ વગેરે પદવાળી સંક્ષેપમાં કહીશ' એમ જણાવ્યું છેઃ પૃ.૧૩ ય. ગ્રં.

આવસ્સગસ્સ દસકાલિઅસ્સ તહ ઉત્તરજ્ઝમાયારે । સૂઅગડે નિજ્જુત્તિં વવહારેસ્સેવ પરમનિઉણસ્સ ॥

કપ્પસ્સ ય નિજ્જુત્તિં વવહારસ્સેવ પરમનિઉણસ્સ । સૂરિઅપન્નત્તીએ વુચ્છં ઇસિભાસિઆણં ચ ॥

એએસિં નિજ્જુત્તિં વુચ્છામિ અહં જિણોવએસેણં । આહરણ-હેઉ-કારણ-પય નિવહમિણં સમાસેણ ॥

પદ્મમંદિરગણિ કૃત **ઋષિમંડલ પ્રકરણ** ટીકામાં સં.૧૫૫૩ કહેલું છે કેઃ-

ક્રમાદ્ દશચતુઃ પૂર્વવેદી સુરિગુણાગ્રણીઃ । ભદ્રબાહુર્યશોભદ્રૈર્ન્યસ્તઃ સૂરિપદક્રમે ॥

દશવૈકાલિકસ્યાઽઽચારાંગ-સૂત્રકૃતાંગયોઃ । ઉત્તરાધ્યયન-સૂર્યપ્રજ્ઞપ્ત્યોઃ કલ્પકસ્ય ચ ॥

વ્યવહારર્ષિભાષિતાવશ્યકાનામિમાઃ ક્રમાદ્ । દશાશ્રુતાખ્યસ્કંધસ્ય નિર્યુક્તી ર્દશ સોઽતનોત્ ॥

તથાન્યાં ભગવાંશ્ચક્રે સંહિતાં ભદ્રબાહવીં ।

૩૨. વંદામિ ભદ્દબાહું જેણ ય અઈરસિયં બહુકલાકલિયં । રઇયં સવાયલક્ખં ચરિયં વસુદેવરાયસ્સ ॥

-શાંતિનાહચરિય-મંગલચરણ.

૩૩. હાલમાં જે 'ભદ્રબાહુસંહિતા' એ નામનું પુસ્તક છપાયું છે તે આ ભદ્રબાહુકૃત નથી. વરાહમિહિરે વરાહસંહિતા રચી ને ભદ્રબાહુએ ભદ્રબાહુસંહિતા રચી એ પ્રવાદ છે. જુઓ રત્નશેખર કૃત **ચતુર્વિંશતિ પ્રબંધ**માં પહેલોજ 'ભદ્રબાહુ વરાહમિહિર પ્રબંધ'. તે બંન્નેના સમય સંબધીની ચર્ચા માટે જુઓ પંડિત બહેચરદાસની સંશોધિત પૂર્ણચંદ્રાચાર્ય રચિત **ઉપસર્ગહર સ્તોત્ર** લઘુવૃત્તિ-જિનસુરમુનિ રચિત **પ્રિયંકર નૃપ કથા** સમેત-માંનીં પોતાની પ્રસ્તાવના તથા વે. નં. ૩૮૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમનો શિષ્ય થઈ સાધુ દિક્ષા લીધી હતી એમ દિગંબર કથા કહે છે. તેઓ વીરાત્ ૧૭૦માં સ્વર્ગસ્થ થયા.[૩૪]

૨૭. આ સમયમાં 'પૂર્વો'માંથી પ્રાભૃતો-વિશિષ્ટ પ્રકીર્ણ ગ્રંથોની રચનાનો પ્રારંભ થયો જણાય છે.[૩૫]

મગધસંઘ (પાટલિપુત્ર પરિષદ્)

૨૮. વીરાત્ બીજી સદીમાં **નંદ**રાજાના સમયમાં દેશમાં (**મ**ગધમાં?) એક સમયે ઉપરાઉપરી બાર વર્ષનો મહાભીષણ દુકાળ પડતાં સંઘનો નિર્વાહ મુશ્કેલ થતાં કંઠસ્થ રહેલું ધર્મસાહિત્ય લુપ્ત થવાનો ભય થતાં, સુકાળ આવ્યે મગધમાં-પ્રાયઃ **પા**ટલીપુત્ર (પટણા) માં સંઘ ભેગો થયો ને જે જે યાદ હતું તે બધુ એકત્રિત કર્યું. (વીરાત્ ૧૬૦ આસપાસ.)[૩૬] આનું નામ **મગધ-(પાટલીપુત્ર) પરિષદ્ પા**ટલીપુત્રી વાચના (આ સંબંધમાં વિસ્તારથી **તિત્થોગાલી પઈન્નય**માં જણાવ્યું છે તે માટે જુઓ **'વીર નિર્વાણ સંવત્ ઔર જૈન કાલગણના'** નામનો મુનિશ્રી **ક**લ્યાણવિજયજીનો હિંદી નિબંધ પૃ. ૯૪ થી ૧૦૪). કહીએ તો ચાલે. **આ**ચારાંગ આદિ ૧૧ અંગો સંધાયા અને બારમું **દૃ**ષ્ટિવાદનામનું અંગ નાશ થયા જેવું લગભગ હતું અને માત્ર આર્ય **ભદ્રબાહુ જ** તે વખતે ૧૪ પૂર્વધર હતા. સંઘ દૃષ્ટિવાદ નિમિત્તે કંઈક વિચાર કરવા લાગ્યો. ભદ્રબાહુ આ વખતે **નેપાલદેશમાં મહાપ્રાણ** નામના ધ્યાન માટે હતા. તેમની પાસે **સ્થૂલભદ્ર** આદિ સાધુઓને 'પૂર્વ' શિખવા સંઘે મોકલ્યા **સ્થૂલભદ્ર** મૂળ નાગર બ્રાહ્મણ,

---

૩૪. વીરમોક્ષાદ્ વર્ષશતે સપ્તત્યગ્રે ગતે સતિ । ભદ્રબાહુરપિ સ્વામિ યયૌ સ્વર્ગં સમાધિના ॥

આમ હેમાચાર્યકૃત **પરિશિષ્ટ પર્વ**માં જણાવ્યું છે કે જેમાં ભદ્રબાહુનું ચારિત્ર પણ આપેલ છે. સર્ગ ૬ અને ૯.

૩૫. પ્રાભૃતો માટે વિશેષ જાણવા માટે જુઓ મુનિશ્રી કલ્યાણવિજયજીનો 'આપણાં પ્રાભૃતો'એ નામનો લેખ **જૈ**નયુગ પુ.૧ પૃ.૮૭ થી ૯૪ અને ૨ા. **મો**હનલાલ ઝવેરીનો 'અલભ્ય પ્રાભૃત ગ્રંથો' એ લેખ **જૈ**નયુગ પુ.૩, પૃ ૧૬૨.

૩૬. શ્રી હરિભદ્રસૂરિના **ઉપદેશ પદ** ઉપર મુનિચંદ્રસૂરિકૃત ટીકામાં જણાવ્યું છે કે :-

જાઓ અ તમ્મિ સમએ દુક્કાલો દોય દસય વરિસાણિ । સવ્વો સાહુસમૂહો ગઓ તઓ જલહિતીરેસુ ॥

તદુવરમે સો પુણરવિ પાડલિપુત્તે સમાગઓ વિહિયા । સંઘેણં સુયવિસયા ચિંતા કિં કસ્સ અત્થિત્તિ ॥

જં જસ્સ આસિ પાસે ઉદ્દેસજ્ઝયણમાઇ સંઘડિઉં । તં સવ્વં એક્કારસ અંગાઇં તહેવ ઠવિયાઇં ॥

- આ વખતે બાર વર્ષ સુધી દુષ્કાલ પડ્યો તથી સર્વ સાધુઓનો સમૂહ જલધિ એટલે સમુદ્રના તીરે ગયો. તે (દુકાલ)નો ઉપરમ થતાં-મટતાં તેઓ ફરીને **પા**ટલિપુત્રમાં વિધિ વડે આવ્યા એટલે સંઘને શ્રુત વિષયે ચિંતા થઈ કે કોની પાસે કેવો-કેટલો અર્થ છે? હવે જેના પાસે કાંઇ ઉદ્દેશ, અધ્યયન આદિ યાદ હતાં તે સર્વ એકઠાં કરી અગ્યાર અંગ સ્થાપિત કર્યા.

જુઓ હેમાચાર્યકૃત **પરિશિષ્ટ પર્વ** સર્ગ ૯ શ્લો. ૫૫ થી ૫૮, ધર્મઘોષસૂરિકૃત **ઋષિમંડલ** પ્રકરણ પર **પદ્મમંદિરની** વૃત્તિમાં **સ્થૂલભદ્ર** વૃત્તાંત, **જયાનંદસૂરિકૃત સ્થૂલભદ્રચરિત્ર, શુભશીલકૃત, ભરતેશ્વર બાહુબલી** વૃત્તિમાં **સ્થૂલભદ્ર** કથા આદિ; મારો 'પ્રાચીન જૈન પરિષદ્' લેખ સંવત કાર્ત્તિક ૧૯૭૨નો અંક તથા **જૈ**નયુગ કાર્ત્તિક માગશર ૧૯૮૩ નો અંક. તથા વિશેષમાં જુઓ હરિભદ્રસૂરિ કૃત **શિષ્યહિતા** નામની **આ**વશ્યક સૂત્ર પર વૃત્તિ પૃ. ૬૯૭-૯૮ (આ. સમિતિ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નંદના મંત્રી **શકડાલનો પુત્ર,** ને વીરાત્ ૧૫૬માં દીક્ષા લેનાર, તેમણે ૧૦ પૂર્વની મૂળ સૂત્ર તથા અર્થ સહિત વાચના લીધી ને છેવટના ૪ પૂર્વની મૂળ માત્ર વાચના લીધી. આ સર્વ શ્રી **ભદ્રબાહુ**ના સ્વર્ગગમન-વીરાત્ ૧૭૦ પહેલાં બન્યું.

૨૯. આ સમયમાં **સ્થૂલભદ્ર**ના સાધ્વી બહેન દ્વારા પ્રાપ્ત થયેલાં **ભાવના, વિમુક્તિ, રતિકલ્પ, અને વિવિક્તચર્યા-એ** નામના ચાર અધ્યયનો પૈકી પ્રથમનાં બે અધ્યયનને **આચારાંગ** સૂત્રની બે ચૂલિકા તરીકે યોજિત કર્યાં. અને બીજા બે અધ્યયનને **દશવૈકાલિક**ની ચૂલિકા તરીકે યોજિત કર્યા. **સ્થૂલભદ્ર** વીરાત્ ૨૧૯માં સ્વર્ગસ્થ થયા. તેઓ છેલ્લામાં છેલ્લા ૧૪-'પૂર્વધર' (પૂર્વ જાણનાર હતા). [પરિશિષ્ટ પર્વ સર્ગ ૯].

૩૦. આ ઉપરથી જાણી શકાય છે કે શ્રી વીરના બીજા સૈકાથી જ શ્રુતની છિન્નભિન્નતાની શરૂઆત થઈ હતી. આ 'મગધસંઘ' થી વ્યવસ્થામાં તેને મૂકાયું, પણ વિશેષ છિન્નભિન્નતા થવાના પ્રસંગો ઉત્તરોત્તર આવતા ગયા. વીરાત્ ૨૯૧ વર્ષે રાજા **સંપ્રતિ**ના રાજ્યમાં આર્ય**સુહસ્તિસૂરિ**ના સમયમાં બારવર્ષી દુકાળ પડ્યો હતો. આવા મહાકરાળ દુષ્કાળને અંગે સ્મૃતિભ્રંશ-સ્ખલના થાય, પાઠક-વાચકો મૃત્યુ પામે વગેરે કારણથી શ્રુતમાં અનવસ્થા થાય તે સ્વભાવિક છે.

માથુરી વાચના (મથુરા પરિષદ્)

૩૧. વીરાત્ ૮૨૭થી ૮૪૦ની વચ્ચે આર્ય [૩૭-૩૮]**સ્કંદિલ**ના સમયમાં વળી બીજો ભિષણ દુકાળ બાર વર્ષનો આ દેશે પાર કર્યો. તેનું વર્ણન **નંદી**સૂત્રની ચૂર્ણિમાં આપેલું છે કે 'બાર વર્ષનો ભયંકર દુષ્કાળ પડ્યે સાધુઓ અન્નને માટે જુદે જુદે સ્થળે હિંડતા-વિહરતા હોવાથી શ્રુતનું ગ્રહણ, ગુણન અને ચિંતન ન કરી શક્યા એથી તે શ્રુત વિપ્રનષ્ટ થયું, અને જ્યારે ફરીવાર સુકાળ થયો ત્યારે મથુરામાં શ્રી **સ્કંદિલાચાર્ય** પ્રમુખ સંઘે મોટો સાધુ સમુદાય ભેગો કરી જે જેને સાંભર્યું તે બધુ કાલિક શ્રુત સંઘટિત કર્યું. આ દુષ્કાળે તો માંડમાંડ બચી રહેલ તે શ્રુતની ઘણી વિશેષ હાનિ કરી. આ ઉદ્ધારને **માથુરી વાચના - 'સ્કાંદિલી વાચના'** કહેવામાં આવે છે. તે શૂરસેન દેશના પાટનગર મથુરામાં થયેલ હોવાથી તે શ્રુતમાં શૌરસેની ભાષાનું મિશ્રણ થયેલું સંભવે છે. આ સમય લગભગ આર્ય**રક્ષિત** સૂરિએ **અનુયોગદ્વાર** સૂત્ર રચ્યું.

૩૭-૩૮. **મેરૂતુંગ**સૂરિની **વિચારશ્રેણી**માં એમ લખ્યું છે કે 'શ્રી વિક્રમાત્ ૧૧૪ વર્ષે વજ્રસ્વામી, તદનુ ૨૩૯ વર્ષેઃ સ્કંદિલઃ એટલે કે વિક્રમથી ૧૧૪ વર્ષે **વજ્ર**સ્વામી (સ્વર્ગવાસી થયા) અને તેની પછી ૨૩૯ વર્ષ વ્યતીત થતાં **સ્કંદિલા**ચાર્ય થયાં આમાં ૨૩૯ વર્ષમાં ત્રણનો ઉમેરો થવો જોઈએ એટલે ૨૪૨ થતાં કુલ ત્રણસો છપ્પન વર્ષ પછી આચાર્ય **સ્કંદિલ**નો યુગપ્રધાન પર્યાય શરૂ થયો. **મેરૂતુંગે** આ ગણનામાં આર્ય **વજ્ર**સ્વામિના પછી **વજ્રસેન**ના અસ્તિત્વનાં ૩૩ વર્ષ ગણ્યાં છે. તેને બદલે ૩૬ વર્ષ જોઈએ. કારણ કે વજ્ર પછી ૧૩ વર્ષ આર્યરક્ષિત, ૨૦ વર્ષ **પુષ્પ**મિત્ર અને તેના પછી ૩ વર્ષ સુધી **વજ્રસેન** યુગપ્રધાન રહ્યા હતા. આથી વજ્ર પછી **વજ્રસેન** ૩૬ વર્ષ સુધી જીવીત રહ્યા. તેની પછી **નાગહસ્તી** ૬૯, **રેવતીમિત્ર** ૫૯ અને બ્રહ્મદ્વીપક **સિંહ** ૭૮ વર્ષ સુધી યુગપ્રધાન રહ્યા. કુલ વિક્રમ વર્ષ ૩૫૬ (૧૧૪+૩૬+૬૯+૫૯+૭૮=૩૫૬) **સિંહસૂરિ**ના સ્વર્ગવાસ સુધી થયાં. ત્યાર પછી આચાર્ય **સ્કંદિલ**નો યુગપ્રધાનત્વ પર્યાય શરૂ થયો. (મુનિ કલ્યાણવિજય). જુઓ **મેરૂતુંગ**સૂરિની **વિચારશ્રેણી-જૈન સાહિત્ય સંશોધક** ખંડ ૨,અંક ૩-૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વલભી વાચના (વલ્લભીપુર પરિષદ્)

૩૨. 'જે કાલે **માથુરી** વાચના થઇ તેજ કાલમાં **વલભી** નગરીમાં **નાગાર્જુનસૂરિ**એ પણ શ્રમણ સંઘ એકઠો કર્યો ને નષ્ટાવશેષ આગમ સિદ્ધાંતોનો ઉદ્ધાર શરૂ કર્યો. આગમ, તેના અનુયોગો, તથા પ્રકરણ ગ્રંથ જે યાદ હતાં તે લખવામાં આવ્યા અને તેમને વિસ્તૃત સ્થલોના પૂર્વાપર સંબંધ અનુસાર બરાબર કરી તે અનુસાર વાચના આપવામાં આવી. આને **'વલભી વાચના'** કહે છે અને તેને **'નાગાર્જુની વાચના'** પણ કહી શકાય. આચાર્ય **સ્કંદિલ** અને **નાગાર્જુન** બંને સમકાલીન સ્થવિરો હોવા છતાં દુર્ભાગ્યે આસપાસ મિલન ન થવાથી બંને વાચનાઓમાં યત્રતત્ર કંઈક ભિન્નતા રહી ગઈ કે જેનો ઉલ્લેખ હજી સુધી ટીકાઓમાં જોવાય છે. જુઓ **ભદ્રેશ્વરકૃત કથાવલી.** જુઓ મુનિ કલ્યાણવિજયજીનો હિંદી નિબંધ **'વીર નિર્વાણ સંવત્**.....પૃ. ૧૧૦-૧૧૧ (પારા ૧૯૫).

આ વીત્યા પછી વીરાત્ દશમાં સૈકામા બાર દુકાળીએ દેશ ઉપર પોતાનો પંજો ચલાવ્યો અને તે વખેતે ઘણા બહુ-શ્રુતોના અવસાન થવા સાથે જે જીર્ણશીર્ણ શ્રુત રહેલું હતું તે પણ બહુજ છિન્નભિન્ન થયું હતું. વીરાત્ ૯૮૦ વર્ષે (વિ. સં. ૫૧૦ માં), **દેવર્દ્ધિ** ક્ષમાશ્રમણે વલભીપુરમાં સંઘ એકત્રિત કરી જે જે યાદ હતું તે તે ત્રુટિત અત્રુટિત આગમના પાઠોને અનુક્રમે પોતાની બુદ્ધિથી સાંકળી પુસ્તકારૂઢ કર્યા લખવાનું ઘણું અને સૂત્રમાં વારંવાર એકજ પાઠના આલાપ (આલાવા)આવે તેથી વારંવાર લખવાને બદલે જેમ બીજા અમુક સૂત્રમાં છે તેમ, એ રીતે મુકવામાં આવ્યું. જેમકે વિમાનનો અધિકાર આવે ને તે બીજા સૂત્રમાં હોય તો જહા રાયપસેણીએ-જેમ **રાય**રપસેણીમાં છે તેમ, આધાર ટાંકવાનું રાખ્યું. આથી અંગની ભલામણ ઉપાંગમાં અને ઉપાંગની અંગમાં આપી છે આનું નામ **વલભીવાચના** કહેવાય છે. આ ઉદ્ધાર વખતે **દેવવાચકે નંદીસૂત્ર** રચ્યું છે. તેમાં સૂત્ર-આગમોનાં નામો આપ્યાં છે ને તે જ વખતે સંકલિત થયેલ **સમવાયાંગ**માં પણ તે નામો આપ્યાં છે તે જોઈશું.

'દેવર્દ્ધિગણિ ક્ષણાશ્રમણની અધ્યક્ષતામાં એકઠા થયેલા શ્રમણ સંઘે પૂર્વોક્ત બંને વાચના સમયે લખાયેલાં સિદ્ધાંતો ઉપરાંત જે જે ગ્રંથ, પ્રકરણ મોજુદ હતાં તે સર્વને લખાવી સુરક્ષિત કરવાનો નિશ્ચય કર્યો ને તે શ્રમણ-સમવસરણમાં બંને વાચનાઓના સિદ્ધાંતોનો પરસ્પર સમન્વય કરવામાં આવ્યો અને જ્યાં સુધી બની શક્યું ત્યાં સુધી ભેદ-ભાવ મટાડી તેને એકરૂપ કરી દીધું અને જે જે મહત્ત્વપૂર્ણ ભેદ હતા તેને પાઠાંતરના રૂપમાં ટીકા ચૂર્ણિઓમાં સંગ્રહીત કર્યું. કેટલાક પ્રકીર્ણક ગ્રંથ જે કેવલ એક જ વાચનામાં હતા તે તેવા જ રૂપે પ્રમાણ માનવામાં આવ્યા. આ વ્યવસ્થા પછી **સ્કંદિલની માથુરી વાચના** અનુસાર સર્વ સિદ્ધાંત લખવામાં આવ્યાં. જ્યાં જ્યાં **નાગાર્જુની** વાચનાનો મતભેદ કે પાઠભેદ હતો તે ટીકામાં લખી દેવામાં આવ્યો, પરંતુ જે પાઠાંતરોને નાગાર્જુનાનુયાયી કોઇ રીતે તજી દેવા તૈયાર ન હતા, તેને તેના મૂલ સૂત્રમાં પણ 'वायणंतरे पुण' -એ શબ્દો સહિત ઉલ્લેખવામાં આવ્યા. (જુઓ ટિ. ૧૩૯). આથી આ દેવર્ધિગણિની વાચના નહિ પણ **'પુસ્તક લેખન'** કહેવામાં આવે છે, ને વર્ત્તમાન જૈન આગમોનો મુખ્ય ભાગ **માથુરી વાચનાગત** છે, પરંતુ તેમાં કોઇ કોઇ સૂત્ર **વાલભી વાચના**નુગત પણ હોવાં જોઈએ. સૂત્રોમાં ક્યાંક ક્યાંક વિસંવાદ અને વિરોધ તથા વિરોધાભાસ સૂચક જે ઉલ્લેખ મળે છે તેનું કારણ પણ વાચનાઓનો ભેદ જ સમજવો જોઈએ. (એજન પૃ. ૧૧૨-૧૧૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[વીરાત્ ૯૮૦ માં રચાયેલા નંદીસૂત્રમાં નોંધાયેલું]

નમોત્થુ તે સિદ્ધ બુદ્ધ મુત્ત નીરય નિસ્સંગ માણમુરણ ગુણરયણસાગરમણન્તમપ્પમેય । નમોત્થુ તે મહઇ મહાવીર વદ્ધમાણ સામિસ્સ નમોત્થુ તે ભાવઓ તિકટ્ટુ॥ - **पाक्षिकसूत्रं.** पृ. ५८

–સિદ્ધ (કૃતાર્થ), બુદ્ધ મુક્ત નિરજ (રજહીન-કર્મરહિત), નિઃસંગ, માનને દળી નાંખનાર, ગુણરત્નના સાગર, તથા અનંત, અપ્રમેય, એવા તને નમસ્કાર હો ! મહત્-મોક્ષમાં જનાર એવા આપ મહાવીર વર્ધમાન સ્વામીને નમસ્કાર હો ! તું ભગવાનને ત્રણ વાર નમસ્કાર હો !

નમો તેસિં ખમાસમણાણં જેહિં ઇમં વાઇયં દુવાલસંગં ગણિપિડગં ભગવન્તં ।

નમો તેસિં ખમાસમણાણં જેહિં ઇમં વાઇયં છવ્વિહમાવસ્સયં ભગવન્તં ।

નમો તેસિં ખમાસમણાણં જેહિં ઇમં વાઇયં અંગબાહિરં ઉક્કાલિયં ભગવન્તં ।

નમો તેસિં ખમાસમણાણં જેહિં ઇમં વાઇયં અંગબાહિરં કાલિયં ભગવન્તં ॥ -**पाक्षिकसूत्रं.**

- જેમણે આ ભગવત્-દ્વાદશાંગ ગણિપટિક વાંચી આપ્યું-[એમને આપ્યું યા સૂત્રાર્થથી વાંચ્યું-વિરચ્યું] તે ક્ષમાશ્રમણો (ક્ષમાદિ ગુણપ્રધાન મહાતપસ્વી સ્વગુરુ તીર્થંકર ગણધરાદિને) નમસ્કાર.

- જેમણે આ ભગવત્-ષડ્વિધ આવશ્યકની વાચના કરી તે ક્ષમાશ્રમણોને નમસ્કાર.

- જેમણે આ ભગવત્-અંગબાહ્ય કાલિકની વાચના કરી તે ક્ષમાશ્રમણોને નમસ્કાર.

- જેમણે આ ભગવત્ -અંગબાહ્ય ઉત્કાલિકની વાચના કરી તે ક્ષમાશ્રમણોને નમસ્કાર.

૩૩. **દેવ** વાચકે **નંદીસૂત્ર** આ સમયમાં રચ્યું તેમાં પંચજ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું છે. 'શ્રુતજ્ઞાન' ના અધિકારમાં 'શ્રુત' સંબંધી ઉલ્લેખ કરતાં તેમાં અનેક સૂત્રોનાં નામ આપ્યાં છે તે નીચે આપેલાં છે ને તેમાં કૌંસમાં જે આપ્યું છે તે આ. **હરિભદ્ર** અને **મલયગિરિ**ની ટીકામાંથી મૂક્યું છે.

૧ બાર અંગ (૧ થી ૧૨) સમ્યક્ શ્રુત તરીકે દુવાલસંગ-ગણિપિડગં-'દ્વાદશાંગ ગણિપિટક' બાર અંગરૂપી ગણધરની પેટી-(સરખાવો બૌદ્ધ શાસ્ત્રોનું 'ત્રિપિટક'નામ) એટલે બાર અંગના નામ **નંદી**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર ૪૦, પૃ.૧૯૨માં આગાઉ પારા ૨૦માં જણાવ્યા પ્રમાણે આપ્યાં છે. આ 'અંગ પ્રવિષ્ટ' કહેવાય છે. તે ગણધર કૃત છે. વળી જુઓ **પાક્ષિકસૂત્ર** સટીક પૃ. ૭૦ થી ૭૧.

૨. **'અંગબાહ્ય કે અનંગ પ્રવિષ્ટ'**-(એટલે ઉક્ત બાર અંગની બહારનાં-સિવાયનાં સ્થવિરકૃત છે) તેના બે ભેદ કરેલ છે. આવશ્યક અને આવશ્યક વ્યતિરિક્ત. આવશ્યક (એટલે નિત્યકર્મ તે) છ પ્રકારનાં છે :- સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદનક, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન. આ છ નું સ્વરૂપ દાખવતા સૂત્રને ૧. **આવશ્યકસૂત્ર** કહેવામાં આવે છે. આવશ્યક સિવાયનાં તે આવશ્યક વ્યતિરિક્ત. તેના બે પ્રાકર : કાલિક અને ઉત્કાલિક (અમુક કાલે-એટલે જે રાત્રિ અને દિવસની પ્રથમ અને છેલ્લી પૌરૂષીમાં ભણાય તે કાલિક, ને ગમે તે કાલે-સર્વ કાળે પઢવામાં આવે થે ઉત્કાલિક.)

૩૪. ઉત્કાલિક[૩૯] અનેક પ્રકારના છે જેવાં કેઃ- [જુઓ **નંદી**નું સૂત્ર ૪૩ પૃ. ૨૦૨].

(૧-૩૨)૧ દશવૈકાલિક જુઓ ૨૫મો પારા, ૨ કલ્પ્યાકલ્પ્ય (કલ્પ્ય અને અકલ્પ્યનું પ્રતિપાદક). વળી સ્થવિરાદિ કલ્પનું પ્રતિપાદક તે કલ્પશ્રુત. તેમાં બે પ્રકાર. અલ્પ ગ્રંથ-અલ્પાર્થ અને મહાગ્રંથ-મહાર્થઃ-૩ **ક્ષુલ્લક કલ્પ** (નાનો કલ્પ)અને ૪ **મહાકલ્પ** (મોટો કલ્પ) ૫ **ઔપપાતિક** (ઉવવાઈ), ૬ **રાજપ્રશ્નીય** (રાયપસેણિય); ૭ **જીવાભિગમ**, ૮ **પ્રજ્ઞાપના** (જેમાં જીવાદિનું પ્રજ્ઞાપન કરવામાં આવ્યું છે.)-(અને તેનો મોટો ગ્રંથ તે) ૯ **મહા પ્રજ્ઞાપના**. ૧૦ **પ્રમાદાપ્રમાદ** (પ્રમાદ અને અપ્રમાદનું સ્પરૂપ પ્રતિપાદક), ૧૧ **નંદી**, ૧૨ **અનુયોગદ્વાર**, ૧૩ **દેવેન્દ્રસ્તવ**, ૧૪ **તંદૂલવેયાલિય**-તંદૂલ વૈચારિક, ૧૫ **ચંદ્રાવેધ્યક**,(ચંદાવિજ્ઝય), ૧૬ **સૂર્યપ્રજ્ઞપ્તિ** (સૂર્યની ચર્યાનું જેમાં પ્રજ્ઞાપન છે તે), ૧૭ **પૌરુષિમંડલ** (પુરુષ એટલે શંકુ-પુરુષશરીર-મનુષ્યની પૂરેપૂરી ઉંચાઈ તેમાંથી નિપજતી તે પૌરુષી-અર્થાત્ સર્વ વસ્તુની સ્વપ્રમાણ છાયા થાય છે ત્યારે પૌરુષી થાય છે. એવું પૌરુષી પ્રમાણ ઉત્તરાયણને અંતે અને દક્ષિણાયનની આદિમાં એક દિવસ થાય છે. ત્યારથી આઠ અંગુલનો સાઠમો ભાગ દક્ષિણાયને વધે છે ને ઉત્તરાયણે

---

૩૯. આ ઉત્કાલિક આવશ્યક વ્યતિરિક્ત સૂત્રનાં નામ **પાક્ષિકસૂત્ર**માં પૃ. ૬૧માં આપેલ છે. તે દરેકમાં શું આવે છે તે સંબંધી તે સૂત્ર પર સં.૧૧૮૦ માં વૃત્તિ રચનાર **યશોદેવસૂરિ**એ શ્રી **મલયગિરિ** કરતાં કઈક વિશેષતા આપી છે તે અત્ર જણાવી છેઃ-

૫મું **ઔપપાતિક**-ઉપપાત એટલે દેવનારક જન્મ અને સિદ્ધિગમન તેના અધિકારવાળું અધ્યયન તે ઉપાંગ છે. **આચારંગના** પ્રથમ અધ્યયન નામે શસ્ત્રપરિજ્ઞાના પહેલા ઉદ્દેશકમાં એવું સૂત્ર છે કે : **'एवमेगेसिं नो सन्ना भवइ, अत्थि वा मे आया उववाइए, नत्थि वा मे आया उववाइए । के वा अहं आसी, के वा इहच्चुए पिच्चा भविस्सामि'** તે સૂત્ર કે જેમાં ઔપપાતિકપણું નિર્દિષ્ટ છે તેનો અહિં પ્રપંચથી અર્થ કરી તે અંગના સમીપ ભાવે આચારાંગનું ઉપાંગ છે. ૬ઠું **રાજપ્રશ્નીય**-પ્રદેશી નામના રાજાના પ્રશ્નો તેના ઉપલક્ષણથી અધિકારવાળું અધ્યયન તે **સૂત્રકૃતાંગ**નું ઉપાંગ છે. ૭મું **જીવાભિગમ**-જીવોના ઉપલક્ષણથી અજીવોનું જેમાં જ્ઞાન છે તે. તે **સ્થા**નાંગનું ઉપાંગ છે. ૧૧મું **નંદી**-જે ભવ્યપ્રાણીઓને નંદે-આનંદે છે. તેમાં પાંચ પ્રકારના જ્ઞાનનું સ્વરૂપ પ્રતિપાદન કરેલ છે. ૧૨મું **અનુયોગદ્વાર**-અનુયોગ એટલે વ્યાખ્યાન તેનાં ઉપક્રમાદિ ચાર દ્વારા જેમાં કહ્યાં છે તે. ૧૩મું **દેવેન્દ્રસ્તવ**-ચમર વૈરોચન આદિનું સ્તવન, ભવનમાં રહેલ દેવ આદિનું સ્વરૂપાદિ વર્ણન જેમાં છે તે. ૧૪ **તંદૂલ વૈચારિક**-સો વર્ષના આયુષ્યવાળા પુરુષને પ્રતિદિન ભોગવે તેટલા તંદુલની સંખ્યા વિચારીને લક્ષમાં રાખી કરેલ ગ્રંથ વિશેષ. ૧૫ **ચંદ્રાવેધ્યક**-અહીં ચંદ્ર એચલે યંત્રપુત્રિકાના આંખમાં રાખેલ ગોળો લેવાનો છે. તેને આ એટલે મર્યાદાથી વિંધવામાં આવે છે તે આવેધ્ય તેનું વર્ણન જેમાં છે તે-રાધાવેધનું વર્ણન જેમાં છે તે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘટે છે. આમ મંડલે મંડલે જુદી જુદી પૌરૂષી થતી જે અધ્યયનમાં વર્ણવી છે તે અધ્યયનનું નામ પૌરૂષીમંડલ.). ૧૮. **મંડલપ્રવેશ** (જેમાં ચંદ્ર અને સૂર્યનો દક્ષિણ અને ઉત્તરનાં મંડલોમાં સંચરતાં એક મંડલથી બીજા મંડલમાં પ્રવેશ થાય છે તે પ્રકારનું વર્ણન છે તે), ૧૯. **વિદ્યાચરણવિનિશ્ચય** (વિદ્યા એટલે જ્ઞાન અને ચરણ એટલે ચારિત્ર તેમનાં ફલવિનિશ્ચયનો પ્રતિપાદક ગ્રંથ), ૨૦. **ગણિવિદ્યા** (ગણિ-આચાર્યનું જ્ઞાન, જ્યોતિષ્ક નિમિત્તાદિ પરિજ્ઞાનરૂપ, એ જ્ઞાનથી અમુક ક્રિયા અમુક વખતે કરવાની હોય તે કરવામાં આવે છે.), ૨૧. **ધ્યાનવિભક્તિ** (ધ્યાનના આર્ત્તધ્યાનાદિ ભેદ), ૨૨. **મરણવિભક્તિ** (મરણના ભેદ), ૨૩. **આત્મવિશુદ્ધિ** (કર્મને આલોચન, પ્રાયશ્ચિત્ત આદિથી દૂર કરી શુદ્ધિ કરવી તે), ૨૪. **વીતરાગશ્રુત** (રાગ કાઢી વીતરાગ સ્વરૂપનું જેમાં પ્રતિપાદન છે તે), ૨૫. **સંલેખનાશ્રુત** (દ્રવ્ય અને ભાવ સંલેખનાનું પ્રતિપાદન કરનાર અધ્યયન. આમાં ઉત્સર્ગથી દ્રવ્ય-સંલેખના, અને ક્રોધાદિ કષાયના પ્રતિપક્ષ-નમ્રતાદિના અભ્યાસ રૂપી ભાવ-સંલેખના બતાવી છે), ૨૬. **વિહારકલ્પ** (વિહાર-વિહરણ-વર્ત્તનનો કલ્પ એટલે વ્યવસ્થા, સ્થવિર-કલ્પાદિની જેમા વ્યવસ્થા છે તે), ૨૭. **ચરણવિધિ** (ચરણ-વ્રતાદિ ચારિત્રની જેમાં વિધિ છે તે), ૨૮. **આતુર-પ્રત્યાખ્યાન** (આતુર એટલે ક્રિયાતીત ક્રિયાથી હીન થયેલો ગ્લાન તેનું પ્રત્યાખ્યાન), ૨૯. **મહાપ્રત્યાખ્યાન** (મોટું પ્રત્યાખ્યાન આપવાની વિધિ જેમા છે તે). **નંદીસૂત્ર** ૪૩ પૃ.૨૦૨. જુઓ **મલય**૦ ટીકા પૃ.૨૦૩-૨૦૬. હરીભદ્ર ટીકા પૃ. ૯૦-૯૨ અન્યત્ર કે અન્ય પ્રતમાં **નિરયવિસોહી, મરણવિસોહી** અને **આયવિભત્તિ** (નરક વિશુદ્ધિ, મરણ વિશુદ્ધિ, અને આત્મવિભક્તિ. એ ત્રણ વધુ છે એટલે કુલ ૩૨ થાય છે.

૩૫. આવશ્યક વ્યતિરિક્ત ઉત્કાલિક શ્રુત અનેક પ્રકારનું છે. જેમકે :

(૧-૩૧) ૧. **ઉત્તરાધ્યયન** (ઉત્તર એટલે પ્રધાન અધ્યયનો જેમાં છે તે ટીકાકાર **મલયગિરિ** કહે છે કે બધાં અધ્યયનો પ્રધાન છે પણ રૂઢિથી આ ગ્રંથનાં અધ્યયનોને ઉત્તરાધ્યયન કહેવામાં આવે છે), ૨. **દશા** (દશ અધ્યયનવાળું તે દશાઃ- દશાશ્રુતસ્કંધ અને તેમાં સાધુનાં આચાર જેવાં કે સ્થવિર-કલ્પાદિ કલ્પ-આચાર છે તે), ૩. **કલ્પ** (બૃહત્કલ્પ), ૪ **વ્યવહાર** (પ્રાયશ્ચિત્ત જેમાં કરવામાં આવે છે એવા વ્યવહારનો ગ્રંથ), ૫. **નિશીથ** (નિશિથ એટલે મધ્યરાત્રિ તેનાં જેવું રહસ્યવાળું), તેથી ગ્રંથાર્થમાં મોટું તે, ૬. **મહાનિશીથ**, ૭. **ઋષિભાષિતાનિ** (ઋષિઓ એટલે પ્રત્યેકબુદ્ધ સાધુઓ આમાં **નેમિનાથ** તીર્થવર્ત્તી **નારદાદિ** વીશ, **પાર્શ્વનાથ** તીર્થવર્ત્તી ૧૫ અને **વર્ધમાનસ્વામિ** તીર્થવર્ત્તી ૧૦ ગ્રહણ કરવાનાં છે. તેઓએ ભાષિત એવા ૪૫ અધ્યયનો શ્રવણાદિ અધિકારવાળા છે તે), ૮. **જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ** (જંબૂદ્વીપાદિના સ્વરૂપનું પ્રજ્ઞાપન જે ગ્રંથ પદ્ધતિમાં છે તે), ૯. **દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ** (દ્વીપસાગરોનું પ્રજ્ઞાપન જેમાં છે તે), ૧૦. **ચંદ્રપ્રજ્ઞપ્તિ** (ચંદ્રના ચાર-ગમનના વિચારનો પ્રતિપાદક ગ્રંથ), ૧૧. **ક્ષુલ્લક વિમાનપ્રવિભક્તિ** (આવલિકામાં પ્રવિષ્ટ થયેલ તેમજ બીજા વિમાનોના ભેદો જેમાં છે તે-તેમાં નાનો ગ્રંથ તે ક્ષુલ્લક વિમાન પ્રવિભક્તિ, અને મોટો તે ૧૨. **મહાવિમાન** પ્રવિભક્તિ, ૧૩. **અંગ** ચૂલિકા (આચાર આદિની ચૂલિકા. ઉક્ત અનૂક્ત અર્થનો જેમાં સંગ્રહ હોય છે. તેવી ગ્રન્થપદ્ધતિને 'ચૂલિકા' કહેવામાં આવે છે), ૧૪. **વર્ગચૂલિકા** (વર્ગ એટલે અધ્યયનનો સમૂહ જેમકે **અંતકૃત્દશાના** આઠ વર્ગ છે; તેની ચૂલિકા), ૧૫. **વિવાહ ચૂલિકા** (**વ્યાખ્યા-ભગવતીની** ચૂલિકા), ૧૬. **અરૂણોપપાત**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(**અરૂણ** નામના દેવ સંબંધીના ગ્રંથનું પરાવર્ત્તન થતાં તે દેવના ઉપપાતનું કારણ થાય છે. તે. ચૂર્ણિકાર કહે છે. કે 'જ્યારે તે અધ્યયન પૂરૂં કરી શ્રમણ ભગવાન્ તેનું પરાવર્તન કરે છે ત્યારે આ **અરૂણ**દેવ ભગવાન્ પાસે આવે છે, કુસુમવૃષ્ટિ કરે છે; અંતર્હિત રહી ઉભો ઉભો દેશના સાંભળે છે. દેશના સમાપ્ત થતાં તે કહે છે કે 'સુસ્વાધ્યાયિતં સુસ્વાધ્યાયિતં ઇતિ વરં વૃણુ'-બરાબર સ્વાધ્યાય કર્યો, વર માગો, નિઃસ્પૃહ શ્રમણ ભગવાન્ કહે છે 'ન મે વરેણાર્થઃ'-મારે વરનો અર્થ નથી-પ્રયોજન નથી. ત્યારે અરુણદેવ પ્રદક્ષિણા દઈ વંદન કરી નમસ્કાર કરી પાછો જાય છે). એ પ્રમાણેઃ ૧૬ થી ૨૨માં સમજવું એટલે, ૧૭. **વરુણોપપાત**, ૧૮. **ગોરૂડોપપાત**, ૧૯. **ધરણોપપાત**, ૨૦. **વૈશ્રમણોપપાત**, ૨૧. **વેલંધરોપપાત, અને** ૨૨. **દેવેન્દ્રોપપાત.** ૨૩. **ઉત્થાનશ્રુત**, ૨૪. **સમુત્થાનશ્રુત** ૨૫. **નાગપરિજ્ઞા** (નાગકુમારોની પરિજ્ઞા જેમાં છે તે), ૨૬. **નિરયાવલિકા** (નરકવાસી આદિનું જેમાં વર્ણન છે તે), ૨૭. **કલ્પિકા**-(સૌધર્મ આદિ કલ્પનું જેમાં વર્ણન છે તે), ૨૮. **કલ્પાવતંસિકા** (તે કલ્પના કલ્પ વિમાનોનું વર્ણન જેમાં છે.), ૨૯. **પુષ્પિતા** (જેમાં ગૃહવાસની આકુલતાનો ત્યાગ કરી પ્રાણી સંયમ ભાવથી પુષ્પિત-સુખી થાય છે યા તો સંયમ ભાવના પરિત્યાગથી દુઃખની પ્રાપ્તિ કરી આકુલ બની ફરી સંયમભાવ ગ્રહણ કરી પુષ્પિત-સુખી થાય છે તે જણાવેલું છે.), ૩૦. **પુષ્પચૂડા** (તે વાત જેમાં વિશેષ અર્થથી સમજાવી છે તે). ૩૧. **વૃષ્ણિદશા**-(અંધ **વૃષ્ણિ** નામના રાજા સંબંધી દશ અધ્યયનમાં જેમાં વર્ણન છે તે) વગેરે **પ્રકીર્ણકો**-**નંદી**-સૂત્ર ૪૩ પૃ. ૨૦૨ **મલય**૦ ટીકા પૃ. ૨૦૬-૨૦૮ **હરિ**૦ ટીકા પૃ. ૯૩-૯૫.

૩૬. આ ઉપરાંત **પાક્ષિક** સૂત્રમાં નીચેનાં મળે છેઃ-

(૩૨-૩૬) ૩૨ **આસીવિષ ભાવના** (આસીવિષ એટલે સર્પ-તેના બે પ્રકાર, જાતિથી અને કર્મથી. જાતિથી સર્પ તે વીંછી, દેડકાં, સર્પ અને મનુષ્ય જાતી, કે જેનો ક્રમ જેમ જેમ વધારે વિષવાળા તેમ છે, ને કર્મથી સર્પો તે પંચેંદ્રિય તિર્યંચ, તેનું વર્ણન), ૩૩. **દૃષ્ટિવિષભાવના,** ૩૪. **ચારણભાવના** (અતિશય બહુ ગમન આગમન સ્વરૂપવાળું જેનું ચરણ છે તેને ચારણ કહે છે એટલે કે અતિશયવાળા ગમનાગમનની લબ્ધિવાળા સાધુઓ—તે બે પ્રકારનાં છેઃ વિદ્યાચારણ અને જંઘાચારણ- તેનું વર્ણન જેમાં છે તે), ૩૫. **મહા સ્વપ્ન ભાવના** (મહા સ્વપ્નો સંબંધી જેમાં વર્ણન છે તે) અને ૩૬ **તૈજસ નિસર્ગી** (તૈજસનો નિસર્ગ જેમાં વર્ણવ્યો છે તે). [**પાક્ષિક સૂત્ર** પૃ. ૬૬ થી ૬૯].

૩૭. ઉપર ગણાવ્યા પ્રમાણે ૧૨ અંગ, ૧ આવશ્યક સૂત્ર, ઉત્કાલિક આવશ્યક વ્યતિરિક્ત સૂત્ર ૩૨ ગણાવ્યાં તે, અને ૩૬ કાલિક આવશ્યક વ્યતિરિક્ત સૂત્ર એટલે કુલ ૮૧ નામવાર થયાં. (તેમાં દૃષ્ટિવાદનાં 'પૂર્વો' નષ્ટ થતાં ગયાં ને સંપૂર્ણ રીતે વીરાત્ ૧૦૦૦માં નષ્ટ થયાં-વિચ્છિન્ન થયાં.) અત્યારે તે સિવાયનાં ઉક્ત ૮૦ માંથી કેટલાંક ઉપલબ્ધ નથી વીરાત્ ૯૮૦ માં તે બધાં હશે. પછી પણ ધીમે ધીમે સ્મૃતિભ્રંશથી તે વખતમાં લેખિત પુસ્તકો આજ સુધી રહી ન શકે તેથી, તેમજ વચમાં અનેક ધર્મોએ-અન્ય ધર્મી રાજાઓ અને આચાર્યોએ જૈનધર્મ પર કરેલ આક્રમણથી તેમજ દુકોળોથી ઘણાં આગમો ને પુસ્તકો લય પામ્યાં. આગમો પૈકી જે કંઇ અવશિષ્ટ રહ્યાં છે તે ત્રુટક છે એને તેની સંખ્યા ૪૫ ગણાય છે કે જે શ્વેતાંબર મૂર્તિપૂજકો 'વીરવાણી' તરીકે સ્વીકારે છે; વળી તેઓ તેના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂળ ઉપરાંત તેનાં અન્ય ચાર અંગ નામે નિર્યુક્તિ, ચૂર્ણિ, ભાષ્ય અને ટીકા પૂર્વાચાર્યોએ રચેલ છે તે કે જેની સાથે સૂત્રનું મૂળ ઉમેરતાં સૂત્રની પંચાગી થાય છે તેને પણ સ્વીકારે છે.

૩૮. હવે અત્યારે તે અવશિષ્ટ ૪૫ જે સ્વરૂપમાં મળે છે તેનો અતિ સંક્ષિપ્ત પરિચય કરીએઃ તે સ્વરૂપ લગભગ વીરાત ૯૮૦ ની દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણની વલભી વાચના પ્રમાણે અત્યાર સુધી ચાલ્યું આવ્યું છે એમ કહી શકાશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અગિયાર અંગો

श्री जंबू-प्रभवः प्रभुर्गतभवः शय्यंभवः श्री यशोभद्राख्यः श्रुतकेवली च चरमः श्री भद्रबाहु र्गुरुः।
शीलस्वर्णकषोपलः सुविमलः श्री स्थूलभद्रः प्रभुः, सर्वेऽप्यार्यमहागिरिप्रभृतयः कुर्वन्तु वो मंगलम्॥
श्यामार्या-र्यसमुद्र-मंगु-समिताः श्री भद्रगुप्तादयः, श्रीमान् सिंहगिरिस्तथा धनगिरिः स्वामी च वैराभिधः।
श्री वैरो मुनिरार्यरक्षितगुरुः पुष्पो गुरुः स्कन्दिलः, श्री देवर्द्धिपुरःसराः श्रुतधारा कुर्वन्तु वो मंगलम्॥

- धर्मसूरि-**मंगलाष्टकं** पी. ५, १३९.

-**श्री जंबूस्वामी**, (તેમના શિષ્ય) **પ્રભવસ્વામી,** (તેમના શિષ્ય) ભવ જેણે ગાળી નાખ્યો છે એવા **શય્યંભવ,** (દશવૈકાલિક સૂત્ર કર્ત્તા) સૂરિ, (તેમના શિષ્ય) **યશોભદ્ર,** (તેમના શિષ્ય) ચરમ શ્રુત કેવલી **ભદ્રબાહુ ગુરુ,** (તેમના શિક્ષા શિષ્ય) શીલરૂપી સુવર્ણની કસોટી રૂપ સુવિમલ એવા પ્રભુ **સ્થૂલભદ્ર**, (તેમના શિષ્ય) આર્ય **મહાગિરિ** અમારૂં મંગલ કરો.

શ્યામાર્ય, (પ્રજ્ઞાપના સૂત્ર કર્ત્તા), આર્ય **સમુદ્ર,** આર્ય **મંગુ** સર્વે, **ભદ્રગુપ્તાદિ, સિંહગિરિ, ધનગિરિ, શ્રી વૈર (વજ્ર)** સ્વામી, **વજ્ર** મુનિ, આર્ય **રક્ષિત** (અનુયોગ દ્વાર કર્ત્તા), **પુષ્પ** (દુર્બલિકા પુષ્પ), ગુરુ **સ્કન્દિલ** (મથુરાવાચના વાળા) અને **દેવર્દ્ધિ** ગણિ (વલભીવાચના વાળા) એ પુરઃસર શ્રુતધરો– શ્રુતજ્ઞાનીઓ અમારૂં મંગલ કરો. (આ બધા માટે પટ્ટાવલી જુઓ).

૩૯. પહેલાં પ્રથમ આપણે ઉપલબ્ધ ૧૧ અંગો જોઈએ :-

(૧) **આચારાંગ**- જૈન સાધુઓએ કેવી રીતે પોતાના આચારનું પાલન કરવું તે વિષે આમાં વર્ણન છે. જૈનો કહે છે કે જે જ્ઞાન કોઈ કાર્યમાં પરિણત ન થાય તે જ્ઞાન વૃથા છે, તે માટે જૈન સાધુઓએ અહિંસા વ્રતના પાલનનો ઉપદેશ આપતાં પહેલાં કેટલા પ્રકારના જીવો છે તે સર્વ જાણવું જોઈએ. આ જ્ઞાન સહિત પ્રાણીહિંસાનો નિષેધ કરવામાં આવ્યો છે. આચારાંગમાં કહ્યું છે કે 'જે એકને જાણે છે તે સર્વને જાણે છેઃ જે સર્વ ને જાણે છે, તે એકને જાણે છે', -અર્થાત્ જે એક વસ્તુને તેના સર્વ પર્યાય (ફેરફાર) થકી જાણે છે, તે નિશ્ચયે સર્વને જાણે છે, કેમકે સર્વ જ્ઞાન વિના વિવક્ષિત એવી એક વસ્તુને, સ્વપર પર્યાય ભેદ થકી ભિન્ન કરીને તેનાં સર્વ રૂપોમાં સમજવી એ અશક્ય છે;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે સર્વને સર્વરૂપે સાક્ષાત્ જાણે છે, તે એકને પણ સ્વપર પર્યાય ભેદ થકી ભિન્ન રૂપે યથાર્થ જાણે છે. આ જ્ઞાનાદિક આસેવન વિધિનો પ્રતિપાદક ગ્રંથ છે.

૪૦. આચારાંગમાં બે મુખ્ય વિભાગ છે કે જેને 'શ્રુતસ્કંધ' કહે છે. તેમાંના પહેલામાં ૯ અધ્યયન છેઃ

૧. શસ્ત્ર પરિજ્ઞા- તેમાં દરેક યોનિમાંથી જીવ આવેલ છે, અને તેથી દરેક જીવ તેના સગા છે તો દરેકને સ્વ-આત્મા સમાન ગણવા ઉપદેશ કરેલ છે. વૈરભાવ રાખીશ તો દુઃખ પામીશ ને આત્માભાવથી અનંત સુખ પામીશ એમ પૂર્વભવની શ્રદ્ધા કરાવી જણાવ્યું છે કે પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય એ 'છ કાય' જીવોની હિંસા કરવી તે કર્મબંધ હેતુ છે, ૨. લોકવિજય-માતાદિ લૌકિક સંબંધ પર વિજય મેળવી અરતિ-ભોગ-માનાદિ ત્યાગ કરી સંયમમાં લીન થવાનો અધિકાર છે. ૩. શીતોષ્ણીય ટાઢ તાપાદિ પરિષહ અગ્લાનપણે કષાય છાંડી આત્માને ભાવી સહન કરવા, ૪. સમ્યક્ત્વ-સન્માર્ગમાં દૃઢ શ્રદ્ધાપૂર્વક પ્રવર્ત્તન, ૫. લોકસાર લોકમાં સાર ખેંચનાર એવા સત્યમુનિનું સ્વરુપ, ૬. ધૂત–કર્મથી મુક્ત કેમ થવું તેના ઉપાય–મુનિએ નિઃસંગ અને અપ્રતિબદ્ધ થવું એ મુખ્યતાએ છે, ૭. મહાપરિજ્ઞા–સંયમ પાળતા સાધુને કદાચિત્ પરિષહો ઉપજે તો સમ્યક્ રીતે શાંતિથી સહન કરવા એ મુખ્ય વાત તેમાં હતી. આ અધ્યયન વિચ્છિન્ન થયું છે. તેમાંથી બીજો શ્રુતસ્કંધ રચાયો કહેવાય છે, ૮. મોક્ષ–કર્મથી મુક્ત થવું–સ્વરુપપ્રાપ્ત થવું. મરણવિધિ, ૯. ઉપધાન–ઉપરના આઠ અધ્યયનમાં જે અર્થ છે તે **મહાવીર** પ્રભુએ આદર્યો છે એમ જણાવી સમસ્ત સાધુઓને સંયમમાં ઉત્સાહિત કર્યા છે. આમાં શ્રી **મહાવીરના** વર્ત્તનનો આદર્શ બતાવ્યો છે.

૪૧. બીજો શ્રુતસ્કંધ **આચારાગ્ર છે, આચારાંગનો** વધારો છે. તેમાં મુનિઓના નિયમોથી બદ્ધ એવાં ૧૬ અધ્યયન છે :- ૧. પિંડૈષણા–પિંડ એટલે આહાર મુનિએ કેવો ઈચ્છવો તે સંબંધીના, તેમજ તે કેવા સ્થાને-સમયે અને વિધિએ લેવો ન લેવો વગેરેના નિયમો છે. ૨. શય્યા-સૂવા સંબંધી, ૩. ઈર્યા-ચાલવા સંબંધી, ૪. ભાષા, ૫. વસ્ત્ર, ૬. પાત્ર, ૭. અવગ્રહ પ્રતિમા-રહેવાનાં મકાન, ૮. સ્થાન-ઉભા રહેવાના સ્થળ, ૯. નિષીથિકા- અભ્યાસ સ્થળ, ૧૦. ઉચ્ચારપ્રશ્રવણ–સ્થંડિલ એટલે મલોત્સર્ગ માટેનાં સ્થલ–સંબંધી મુનિને માટે નિયમો છે. ૧૧. શબ્દ–મુનિએ શબ્દમાં મોહિત ન થવું, ૧૨. રૂપ–રૂપ જોઈને મોહિત ન થવું, ૧૩. પરક્રિયા-બીજાની ક્રિયામાં મુનિએ કેમ વર્ત્તવું, ૧૪. અન્યોઅન્ય ક્રિયા-મુનિઓએ અરસ્પરસ થતી ક્રિયામાં કેવી રીતે વર્ત્તવું, ૧૫. ભાવના–શ્રી **મહાવીરનું** ચરિત્ર તથા પાંચ મહાવ્રતોની ભાવનાઓ. ૧૬. વિમુક્તિ–હિતોપદેશ–હિતશિક્ષાનાં કાવ્યો.

૪૨. [૪૦]**આ**ચારાંગમાં પ્રથમશ્રુતસ્કંધ જૂનામાં જૂનો છે ને તેમાં પહેલું અધ્યયન તો બીજા અધ્યયન

---

૪૦. (૪૮ પૃ. પરની ફુટનોટ) **આ**ચારાંગસૂત્ર (વે. નં. ૧૩૯૪-૯૬) તે પર ભદ્રબાહુ સ્વામિની નિર્યુક્તિ તથા **શી**લાંકાચાર્યની ટીકા સહિત આ૦ સમિતિ તરફથી પ્રકટ થયેલ છે. ડૉ. **યા**કોબીના ઈંગ્રેજી ભાષાંતર સે.બુ. ઈસ્ટમાં વૉ. ૨૨માં પ્રકટ થયેલ છે. તેનો પ્રથમ શ્રુતસ્કંધ પ્રો. **શુ**બ્રિંગે લિપ્ઝિગમાં સન ૧૯૧૦માં સંશોધિત કરી પ્રકટ કરેલ છે. ને તે જૈન સાહિત્ય સંશોધક સમિતિએ પ્રકટ કરેલ છે. આચારાંગનું ગુજરાતી ભાષાંતર પહેલાં પ્રથમ પ્રો. **૨**વજી દેવરાજ તથા બીજાઓએ કરીને છપાવ્યું. જુઓ વેબરનો લેખ ઇ. એ. વૉ. ૧૭ પૃ. ૩૪૧-૩૪૪ અને વૉ. ૧૮ પૃ. ૧૮૧-૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતાં વધુ પ્રાચીનતા દર્શાવે છે. બીજો શ્રુતસ્કંધ પહેલા શ્રુતસ્કંધ કરતાં ઘણો પાછળનો છે, અને તે તેમાં 'ચૂલા' (એટલે પરિશિષ્ટો) મૂકી છે તે પરથી જણાય છે.' (વિન્ટરનિટ્ઝ).

૪૩. હવે બીજું અંગ જોઈએ :-

(૨) **સૂત્રકૃતાંગ**—આમાં જ્ઞાન તથા વિનયાદિ ગુણો અને વિવિધ ધર્માચારો વર્ણિત છે. જૈનધર્મની નિયમાવલી સાથે અન્ય ૩૬૩ કુવાદીઓ[૪૧] કે જે શ્રી **મહાવીર** ભ.ના સમયમાં અસ્તિત્વ ધરાવતા હતા તેમની નિયમાવલિની તુલના કરી છે અને છેવટે બતાવી આપ્યું છે કે અહિંસા ધર્મના મૂળ રૂપ ધર્મ એજ શ્રેષ્ઠ ધર્મ છે. સાધુઓ આ પુસ્તકના અધ્યયનથી ધર્મ પ્રત્યે દૃઢ વિશ્વાસી બને છે. એ સિવાય વિવિધ પ્રકારના મદને (જાતિમદ વગેરે ૮ પ્રકારના મદને) તિરસ્કારી કાઢવામાં આવ્યા છે. વિનય એ પ્રધાન ભૂષણ છે એમ ખુલ્લી રીતે જણાવ્યું છે. આમાં બે શ્રુતસ્કંધ છે.

૪૪. પહેલા શ્રુતસ્કંધમાં ૧૬ અધ્યયન છે :- ૧. સમયાખ્ય-સ્વમત પરમતની પ્રરૂપણા છે. તેમાં પંચમહાભૂતવાદી (Materialists), આત્માદ્વૈતવાદી (Vedantis), તજ્જીવ તચ્છરીરવાદી (other materialists), અક્રિયાવાદી, આત્મષષ્ઠવાદી (forerunners of Vaisheshiks), પંચસ્કંધવાદી (અફલવાદી) અન્યબોધી (Baudhas & Ganayas), પૌરાણિક વિનયવાદી (followers of Goshala), પરતીર્થીના દોષદર્શન-લોકવાદ (Popular beliefs), ને જણાવી સ્વમત પ્રરૂપણા અર્થે ઉપસંહાર કરેલ છે. ૨. વૈતાલીય—હિતાહિત દર્શન છે. ૩. ઉપસર્ગ પરિજ્ઞા-શીતાદિ ઉપસર્ગ સહન કરવાં, માતા-પિતાદિ સ્નેહીના વિલાપ વગેરેથી સાધુમાર્ગથી પતિત ન થવું, ઉપસર્ગથી થતા અધ્યાત્મવિષાદનું દર્શન-તેથી ઉપસર્ગ સહન કરવા અને કુશાસ્ત્રોનાં વચનથી ચારિત્રભ્રષ્ટ ન થવું તે છે. ૪. સ્ત્રી પરિજ્ઞા-સ્ત્રીઓથી ન લલચાવું, સ્ત્રીના ઉપસર્ગથી ભ્રષ્ટ થયેલ સાધુ દુઃખ પામે છે. ૫. નરકવિભક્તિ-નરકનું વર્ણન, તે દુઃખથી ભય પામી સ્વધર્મ આદરવો. ૬. વીરસ્તુતિ—ભ. **મહાવીર**ની પદ્ય સ્તુતિ છે. ૭. કુશીલ પરિભાષા-યજ્ઞયાગાદિ, સ્નાનાદિ, તપશ્ચર્યામાં જ મોક્ષ માનનારા ભટકે છે. શુદ્ધ ચારિત્ર તેથી કંઈ ઓર જ છે. સાધુ પાટીઆ માફક (કરવત ગમે તેમ વેરે તો પણ) મધ્યસ્થભાવ અંગીકાર કરી સ્વરૂપમાં રમણ કરે છે. ૮. વીર્ય—બાલવીર્ય, પંડિતવીર્ય વિષે. ૯. ધર્મ. ૧૦. સમાધિ-૧૧. મોક્ષમાર્ગ-એ ત્રણમાં ઇંદ્રિય વિષય ત્યાગી આત્મધર્મમાં પ્રવર્ત્તવા રૂપી ચારિત્ર વિષે છે. ૧૨. સમવસરણ—પાખંડી મતો વિષે ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી (agnostics) ને વિનયવાદીનાં દોષોનું દર્શન, સ્વમતનું દર્શન, ૧૩ યથાતથ્ય-ધર્મનું યથાતથ્ય સ્વરૂપ, પાસત્થાદિ સાધુઓનું વર્ણન.

---

૪૧. સૂત્રકૃતાંગમાં પરવાદીના ૩૬૩ મત ગણ્યા છે તેમના સંગ્રહની ગાથા પ્રમાણે : ૧૮૦ ક્રિયાવાદીના, ૮૪ અક્રિયાવાદીના, ૬૭ અજ્ઞાનવાદીના અને ૩૨ વિનયવાદીના મત છે. '**સૂત્રકૃતાંગ**' એ નામનો પં. બહેચરદાસનો લેખ **પુરાતત્ત્વ** પુ. ૨, પૃ. ૧૨૫ આ સૂત્રપર વિશેષ માહિતી આપે છે. **સૂત્રકૃતાંગ** (અને **કલ્પસૂત્ર**)નાં અંગ્રેજી ભાષાંતર ડૉ. **યાકોબી**એ કરેલાં તે તેમની વિદ્વન્માન્ય પ્રસ્તાવના સહિત Sacred Books of the East વૉ. ૪૫માં પ્રકટ થયાં છે. **સૂત્રકૃતાંગ શીલાંકાચાર્ય**ની સંસ્કૃત ટીકા સહિત પ્ર. આ. સમિતિ નં. ૧૮માં અને બીજી કેટલીક ટીકા સહિત આગમસંગ્રહ વૉ. ૨ મુંબઈમાં ભીમશી માણેક તરફથી પ્રકટ થયેલ છે. વે૦ ૧૫૪૬-૧૫૬૩ જુઓ વેબરનો લેખ ઇં. એં. વૉ. ૧૭ પૃ. ૩૪૪-૩૪૫ અને વૉ. ૧૮ પૃ. ૧૮૧-૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪. ગ્રંથ પરિત્યાગ-વિવિધ પરિગ્રહનો ત્યાગ, ૧૫. આદાન (યમંતિ) એ છેલ્લાં ત્રણ, ચારિત્ર વિષે છે. ૧૬. ગાથા-માહણ (બ્રાહ્મણ), શ્રમણ, નિર્ગ્રન્થ, ભિક્ષુ એ ચાર શબ્દની સમજૂતી.

૪૫. બીજા શ્રુતસ્કંધમાં ૭ અધ્યયન છે. ૧ પૌંડરિક (the parable of a lotus)–ક્રિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી ને અજ્ઞાનવાદી કમળ-મોક્ષ લેવા સંકલ્પ કરે છે પણ સંસારથી વિરક્ત થઇ સંપૂર્ણ અંશે તેમ કરતા નથી, પણ કામભોગમાં રહી પ્રયત્ન કરે છે, તેથી કામભોગ રૂપી કાદવમાંથી નિકળી શકતા નથી. જ્યાં આરંભ પરિગ્રહની ઇચ્છા નથી–જ્યાં કામભોગને છેવટે દેહ તે અન્ય, ને હું અન્ય એમ સમજાય છે ત્યાં જ શુદ્ધ સ્વરૂપનું ભાન થવાની આશા ખરી–ત્યાંજ મોક્ષ મેળવવાની વકી ખરી. ૨. ક્રિયાસ્થાનકઃ- ઇચ્છા ત્યાં કષાય ને ત્યાંજ સંસાર. જ્યાં તેનો અભાવ ત્યાં મોક્ષ; તો ૧૨ સંપરાય ક્રિયા (સંસારક્રિયા)નો ત્યાગ કરી 'ઇર્યાવહી' અંગીકાર કરવાનો આમાં ઉપદેશ છે.; ૩. આહાર પરિજ્ઞા–શુદ્ધ એષણીય આહાર સંબંધી વર્ણન. ૪. પ્રત્યાખ્યાન પરિજ્ઞા–જ્યાં સુધી સર્વાંશે ત્યાગ નથી થયો ત્યાં સુધી જે કર્મબંધ જીવે દીઠા-ઓળખ્યા-વિચાર્યા નથી તેવા કર્મબંધો લાગે છે તે વિષે. ક્રિયા કરવાનું ભાન મટી જવું જોઇએ ૫. આચારઅનાચાર શ્રુત–આચાર અંગીકાર કરવા અને અનાચારનો ત્યાગ કરવો. ૬. આર્દ્રકીય–**આર્દ્રક** કુમારનો અન્ય દર્શનીઓ સાથેનો શાસ્ત્રાર્થ. ૭. નાલંદીય–શ્રાવકના આચારનો અધિકાર.

૪૬. પ્રો. વિન્ટરનિટ્ઝ કહે છે કેઃ 'સૂત્રકૃતાંગની રચના એકજ કર્ત્તાની હોય એમ સંભવે છે. વધારે નિશ્ચિત એ છે કે તેના સંકલનારે જુદા જુદા પદ્યો અને વ્યાખ્યાનો એકજ વિષયનાં એક સાથે મૂક્યાં છે. તેના બીજા શ્રુતસ્કંધમાં એથી જૂદું જ છે. તે પદ્યમાં જ છે અને તેમાં પરિશિષ્ટનો અકૌશલ સંગ્રહ છે. તે પ્રથમ શ્રુતસ્કંધ સાથે જોડેલ છે કારણ કે તેના વિષયો જેવા વિષયો પર તે છે. છતાં ભારતના સંપ્રદાયોના જીવન સંબંધી જ્ઞાન મળવવા માટે આ શ્રુતસ્કંધ ઘણો ઉપયોગી છે.'

૪૭. હવે ત્રીજું અંગ-**સ્થાનાંગ**[૪૨] જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, કાલ અને આકાશ એ છ દ્રવ્યોમાં જીવ સિવાયનાં અન્ય અજીવ છે. આ જીવાજીવના ભેદોને તેમજ તેમના ગુણ પર્યાયોને એક સંખ્યામાંથી દશ સંખ્યાસુધીની–તેની અનુક્રમણિકાને સ્થાન અપેલું છે. તે એક સંખ્યાને એક 'સ્થાન' બેને બે 'સ્થાન' એમ 'સ્થાન' નામ આપ્યું છે અને એ પ્રમાણે ભેદની વહેંચણી કરી છે. જીવ જ્યારે કર્મબંધનોથી મુક્ત થાય ત્યારે તેને 'સિદ્ધ' જીવ કહેવામાં આવે છે. 'સિદ્ધ' જીવો વળી સ્થાન-કલાના હિસાબે અવગાહન આદિ શ્રેણીમાં વિભક્ત છે. જેઓ કર્મબંધનથી મુક્ત થયા નથી તેઓ 'સંસારી' કહેવાય છે. 'સંસારી' જીવો ત્રણ ભાગમાં વહેંચાયેલા છેઃ ૧ સ્થાવર, ૨ સકલેન્દ્રિય ૩ વિકલેન્દ્રિય. આ પ્રકારે બીજાં દ્રવ્યોના સ્વરૂપની ઓળખાણ અને વિભાગ **સ્થાનાંગ** સૂત્રમાં વર્ણવ્યાં છે. ૭ અધ્યયનમાં સાત નિન્હવોવિરોધી ધર્મભેદોનું વર્ણન ઉપયોગી છે આખા સૂત્રના દશ અધ્યાય (કે જેને પણ 'સ્થાન' નામ અપ્યું છે) છે, તેમાં પહેલામાં એક એક બોલ, બીજામાં બે બે એમ દશમામાં દશ દશ બોલ જેના જેના હોય તેની વ્યાખ્યા વિભાગ સાથે કરી છે.

---

૪૨ **સ્થા**નાંગ સૂત્ર અભયદેવસૂરિની ટીકા સહિત પ્ર. આ. સમિતિ નં.૨૧-૨૨ (વે. નં. ૧૫૫૬-૫૯). જુઓ વેબરનો લેખ ઇ. એ. વૉ. ૧૮ પૃ. ૧૮૨-૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૮. પ્રો. વિન્ટરનિટ્ઝ કહે છે કેઃ- 'સ્થાનાંગમાં બૌદ્ધોના **અંગુત્તર** નિકાયની જેમ ૧ થી ૧૦ આંકડાના ક્રમમાં જુદા જુદા વિષયો ચર્ચવામાં આવ્યા છે. આ સંખ્યાઓમાં વારંવાર ઉપમાઓ આવે છે ઉદાહરણમાં જેવી કે જેમ ચાર જાતની પેટી છે તેમ ચાર જાતના ગુરુ છે. જેમ ચાર જાતનાં મત્સ્ય તેમ ચાર જાતની ભિક્ષા છે. આમાં નષ્ટ થયેલ દૃષ્ટિવાદમાં શું વિષયો હતા તેનું વર્ણન ઉપયોગી છે.'

૪૯. ચોથું અંગઃ- ૪ **સમવાયાંગ**[૪૩]

-આ સૂત્રમાં એકથી **કોડાકોડી** સંખ્યા સુધી જીવાજીવના ભેદ તેમજ તેમના ગુણપર્યાયોને તેમજ અન્ય હકીકત જાણવી છે; અને તે સંખ્યાના સમુદાયને 'સમવાય' એ નામ આપેલું છે.

૫૦. પાંચમું અંગઃ- ૫ **વ્યાખ્યા-પ્રજ્ઞપ્તિ**[૪૪]

-(આને હાલમાં **'ભગવતી'** સૂત્ર પણ કહેવામાં આવે છે) વ્યાખ્યા એટલે વિવિધ કથન, પ્રજ્ઞપ્તિ એટલે પ્રરૂપણા. જેમાં કોઇ રીતે અભિવિધિ વડે સર્વ જ્ઞેયપદાર્થોની વ્યાપ્તિપૂર્વક, અથવા મર્યાદા વડે-પરસ્પર અસંકીર્ણ- વિશાળ લક્ષણકથન પૂર્વક વિવિધ જીવાજીવાદિ ઘણા પદાર્થોના વિષયવાળાં, શ્રી મહાવીર ભગવાને ગૌતમાદિ શિષ્યો પ્રત્યે તેમના પૂછેલા પદાર્થોનાં પ્રતિપાદનો, કરેલાં છે તે વ્યાખ્યાઓ અને એ વ્યાખ્યાઓનું પ્રરૂપણ શ્રીમાન્ સુધર્માસ્વામીએ **જંબૂસ્વામી** પ્રત્યે જેમાં કરેલું છે તે 'વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ' આમાં ભ. શ્રી **મહાવીરસ્વામીને** તેમના મુખ્ય ગણધર ગૌતમસ્વામીએ પૂછેલા ૩૬૦૦૦ પ્રશ્નો અને તેના ઉત્તરો છે. પ્રશ્નોના ઉત્તરો આપી ભ. મહાવીરસ્વામીએ શિષ્યગણના સંહેદનું નિવારણ કરેલું તેનો વિસ્તૃત હેવાલ આ સૂત્રમાં છે; તેમજ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, સંબંધે અને પદાર્થોની સૂક્ષ્મ વ્યવસ્થા-જીવવિચાર આદિ અનેક બાબતોનું વિવેચન છે.

૫૧. આમાં અન્યતીર્થિકો **આજીવિકાદિ, પાર્શ્વાપત્યો** (પાર્શ્વનાથ પ્રભુના અનુયાયીઓ), વગેરે સંબંધી વર્ણનને ઉલ્લેખ છે. શ્રી મહાવીર ભ.ને માટે વેશાલીય નિયંથિપુત્ત (નિર્ગ્રન્થ પુત્ર) સંખક્ખા મોક્ખ સમણોવાસગ, પોક્ખલિ સમણોવાસગ, ધમ્મઘોસ, સુમંગલ આદિ નામો વપરાયા છે. **ઈન્દ્રભૂતિ** આદિ ગણધરો, અને બીજા શિષ્યો નામે **રોહ, ખંદય, કચ્ચાયન, કુરૂદત્તપુત્ત, અને તિસય, નારય-પુત્ત, સામાહત્થિ આનંદ અને સુનક્ખત્ત, માંગદિયપુત્તનાં** નામો આવે છે. વિરોધીમાં જમાલિ, શિષ્યાભાસ તરીકે ગોશાલ મંખલિપુત્તનું વિસ્તૃત વર્ણન છે. કોણિક રાજાના એટલે ભ.મહાવીરના સમયમાં કાશીકોશલના રાજાઓ નામે નવ મલ્લકી અને નવ લિચ્છવી રાજાઓ ઉપર વજ્જિ વિદેહપુત્તે વિજય મેળવ્યો તે વાત આવે છે અને કોશાંબીના રાજા **ઉદયન** (શતાનિકનો પુત્ર અને સહસ્સાણિયનો પૌત્ર)ની ફઈ જયંતી શ્રી મહાવીર ભ.નો ઉપદેશ સાંભળી ભિક્ષુણિ થઈ તેનો ઈતિહાસ જણાવ્યો છે. આ પરથી

---

૪૩. સમવાયાંગ અભયદેવસૂરિની ટીકા સહિત પ્ર.આ. સમિતિ નં. ૧૫ જુઓ વેબરનો લેખ ઇ. એૅ. વૉ. ૧૮ પૃ. ૩૭૧-૩૭૮.

૪૪. વ્યાખ્યા-પ્રજ્ઞપ્તિ કે ભગવતીસૂત્ર તેની અભયદેવસૂરિકૃત ટીકા સહિત, આ. સમિતિએ નં, ૧૨-૧૪ માં પ્રકટ કરેલ છે. તેનું ગુજરાતી ભાષાંતર પં. બહેચરદાસે કરેલ તે બે ભાગમાં શ્રી જિનાગમ પ્રકાશક સભા તરફથી પ્રકટ થયેલ છે. બાકીનું ભાષાંતર છપાય છે. વે. નં ૧૫૦૪ થી ૧૫૦૯. જુઓ વેબરનો લેખ ઇ. એ. વૉ. ૧૯ પૃ. ૬૨ થી ૬૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમજ આવી અનેક હકીકતથી શ્રી **મહાવીર** ભ.ના જીવનકાલ પર ઘણો પ્રકાશ પડે છે. નવમા શતકમાં એક શ્રીમંત બ્રાહ્મણને ત્યાં રાખેલી દાસીઓનાં નામો જેવાં કે **પલ્હવીયા, આરબી, બહાંલી, મુરંદી, પારસી** તે અનાર્યજાતીની-વિદેશીય હતી એમ સૂચવે છે. હિંદની ૧૬ જાતીઓ (અંગ, વંગ, મગહ, મલય, માલવય, અચ્છ, વચ્છ, કોચ્છ, (ત્થ?), પઢ્ઢ, લાઢ, વજ્જિ, માલિ, કોસી, કોસલ, અવાહ, સુભત્તર) જણાવી છે. ગ્રહોનાં નામ તેમજ બ્રાહ્મણોનાં શાસ્ત્રોનાં નામો ઋગ્વેદાદિનો ઉલ્લેખ પણ આમાં જોવામાં આવે છે. (વેબર.)

૫૨. છઠ્ઠું અંગ :- ૬ **જ્ઞાતાધર્મકથાંગ**[૪૫] –જ્ઞાત એટલે ઉદાહરણ રૂપ, ધર્મપ્રધાન કથાનું અંગ. તેના બે શ્રુતસ્કંધ છે : પહેલામાં ૧૯ અધ્યયન છે : ૧. ઉત્ક્ષિપ્ત અ૦- તેમાં શ્રેણિકના પુત્ર મેઘકુમાની કથા છે. તેનો પૂર્વભવ હાથીનો હતો. તે હાથીએ (સસલાને બચાવવા) એક પગ ઉત્ક્ષિપ્ત કર્યો-ઉપાડી એમને એમ રાખ્યો તે કારણે ઉત્ક્ષિપ્ત અ૦ ૨. સંઘાટક અ૦ -શેઠ અને ચોરની એક બીજાના સંબંધવાળી કથા-ઉદાહરણ કથા છે. ૩. અંડક અ૦- મોરના ઈંડા સંબંધી કથા, ૪. કૂર્મ અ૦-કાચબાની કથા, ૫. શૈલક અ૦- શૈલક રાજર્ષની. ૬. તુમ્બ અ૦, ૭. રોહિણી અ૦ તેમાં શ્રેષ્ઠિવધૂ રોહણીની, ૮. મલ્લી અ૦-૧૯ મા સ્ત્રી-તીર્થંકર **મલ્લિનાથની**. ૯. માકન્દી અ૦-તે નામના વણિક પુત્રની, ૧૦. ચંદ્રમાં, ૧૧. દાવદ્રવ-તે નામનું સમુદ્ર તટ પર થતું એક વૃક્ષ, ૧૨. ઉદક-નગરની ખાળનું પાણી, ૧૩. મંડૂક-નંદમણિકારનો જીવ ૧૪. તેતલી-તેતલિસુત નામના અમાત્ય, ૧૫. નંદીફલ-નંદિ નામના વૃક્ષના ફળે, ૧૬. અવરકંકા-ધાતકી ખંડ ભરતક્ષેત્રની રાજધાની તેમાં દ્રૌપદી (પાંડવોની સ્ત્રી)ની કથા છે. ૧૭ આઈણ્ણ-આકીર્ણ-તે પ્રકારના સમુદ્રમાં રહેતા અશ્વો., ૧૮. સુંસુમા-તે નામની શ્રેષ્ઠદુહિતા, ૧૯. પુંડરીક-એ નામનાં ૧૯ અધ્યયનો છે. બીજો શ્રુતસ્કંધ એક અધ્યયન જેટલો પરિશિષ્ટ રૂપે છે તેમાં નાના નાના ૧૦ વર્ગ કરી કથાથી સમજાવેલા છે.

૫૩. આમાં અનાર્યજાતિનાં નામોનો ઉલ્લેખ છે કેઃ 'બહૂહિં ચિલાઈયાહિં ખુજ્જાહિં વાવણિ વદ્દભિ બબ્બરિ વૌસિ જોણિય પલ્હવિ ઈસિણિ થારુગિણિ લાસિય લઉસિય દમિલિ સિંહલિ આરવિ પુલિંદી પક્કણિ બહલિ મુરુંડિ સબરિ પારસીહિં' વળી ૭૨ કલાઓનો પણ ઉલ્લેખ છે, તથા અઢાર દેશી ભાષાઓ એટલો માત્ર નામોલ્લેખ છે. (વે.).

૫૪. સાતમું અંગઃ- ૭ **ઉપાસક દશાઃ**[૪૬] -જેઓ ધર્મનું અવલંબન કરી સંસારનો પરિત્યાગ કરેછે તેઓને શ્રમણ-નિર્ગ્રન્થ, સાધુ-યતિ લેખવામાં આવે છે. પરંતુ જેઓ પોતાના આચારો સર્વાંશે સાધુઓની તુલ્ય પાળી શકે નહિ, તેઓ ગૃહસ્થો-ઉપાસકો-શ્રાવકો છે કારણ કે સંસારત્યાગીઓ જે વિધિ-અનુષ્ઠાન

૪૫. જ્ઞાતા૦ અભયદેવસૂરિની ટીકા સહિત પ્રસિદ્ધ આ૦ સમિતિ. નં. ૨૫ જુઓ. વેબરનો લેખ એજન પૃ. ૬૬-૭૦.

૪૬. આ 'ઉવાસગ-દસાઉ' મૂળ સંશોધિત કરી તેનો અંગ્રેજી અનુવાદ ડૉ. A. F. Hoernle એ કર્યો છે તે તેમની ઉપયોગી પ્રસ્તાવના અને નોંધો સહિત તેમજ અભયદેવસૂરિની ટીકા સહિત બિબ્લિઓથેકા ઇંડિકા, બંગાળ, કલકત્તા તરફથી સન ૧૮૮૫માં બહાર પડ્યો છે. અભયદેવસૂરિ ટીકા સહિત આ. સમિતિ નં. ૨૮ માં પ્રસિદ્ધ થયેલ છે. વે. નં. ૧૪૧૮-૧૪૨૧. જુઓ વેબર ઇ. એ. વો. ૨૦ પૃ. ૧૮-૧૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી શકે તે સર્વ, ગૃહીઓથી નજ બની શકે; આટલા માટે આ સૂત્રમાં શ્રી મહાવીર ભ.ના દશ શ્રાવકોના અધિકાર આપી તે પરથી ગૃહસ્થોએ પાળવા યોગ્ય આચારોનું વર્ણન છે. તે દશ શ્રાવકોનાં નામ આનંદ, કામદેવ, ચુલણીપિતા, સુરાદેવ, કુંડકોલિક, શકડાલ, (-પુત્ર), મહાશતક, નંદનીપિતા, શાલનિપિતા, (તેતલીપિતા-શાલિક પુત્ર) એ દશ મુખ્ય ગૃહી શિષ્યોના નામ પ્રમાણે આ સૂત્ર દશ અધ્યયનમાં વહેંચવામાં આવ્યું છે. તેથી આ સૂત્રનું નામ 'ઉપાસક દશા' પડ્યું છે. આ પરથી તે વખતે કેવાં કેવાં વિલાસી દ્રવ્યોનો ઉપયોગ થતો, કેવા કામોમાં ધનનો વ્યય થતો, કેવા પ્રકારનો પહેરવેશ તેઓ ધારણ કરતા તે વિગેરે વિષયોનું પણ જ્ઞાન થાય છે.

૫૫. આઠમું અંગઃ ૮ **અંતકૃત્ દશાઃ** [૪૭] -જેણે કર્મનો અથવા તેના ફલરૂપી સંસારનો અંત-નાશ કરેલો છે તે 'અંતકૃત્' કહેવાય છે. જૈનોમાં ૨૪ તીર્થંકરો થઇ ગયા છે. તેઓના વખતમાં થઇ ગયેલા ૧૦ અંતકૃત્ કેવલીનું-દૃષ્ટાંત તરીકે ગૌતમ કુમાર આદિનું કઠોર તપસ્યાપૂર્ણ જીવન તથા અંતે કર્મબંધનથી મુક્તિ વગેરે પ્રસંગોનું તથા મોક્ષગામી પ્રદ્યુમ્નાદિના અધિકારનું આમાં વર્ણન છે. ઉપાશકદશાઃમાં ગૃહસ્થોને યોગ્ય જીવન ગાળનાર આદર્શો ગૃહસ્થ માટે મૂક્યા છે, અને અંતકૃતદશાઃમાં સંસારત્યાગી જૈન ગણને ગૌતમ કુમાર આદિના આદર્શ પોતાના જીવન સાથે ગ્રંથિત કરવા પ્રેરે છે આ અંગના ૮ વર્ગ છે. 'વર્ગ' એટલે અધ્યયનનો સમૂહ-સંગ્રહ. ૧લા વર્ગમાં ૧૦ અધ્યયન ગૌતમકુમાર આદિના છે, બીજામાં અક્ષોભ કુમાર આદિના આઠ, ત્રીજામાં અનવયશકુમાર આદિનાં ૧૩, ચોથામાં જાલિકુમર આદિ ૧૦, પાંચમામાં પદ્માવતી આદિ સાધ્વીઓનાં ૧૦, છઠામાં માકાઇ ગાથાપતિ આદિનાં ૧૬, સાતમામાં નંદા રાણી આદિ શ્રેણિકરાજાની ૧૩ રાણીઓનાં ૧૩ અને આઠમામાં કાલી આદિ શ્રેણિકરાજાની ૧૦, રાણીઓ કે જેમણે આર્યા ચંદના પાસેથી સામાયિક આદિ ૧૧ અંગોનો અભ્યાસ કર્યો હતો તેમનાં ૧૦ અધ્યયન છે.

૫૬. નવમું અંગઃ-૯ **અનુત્તરોપપાતિક દશાઃ** [૪૮] અનુત્તર એટલે જેનાથી કોઇ પ્રધાન નથી એવો ઉત્તમ, ઉપપાત એટલે જન્મ જેનો છે તે 'અનુત્તરોપપાતિક.' જૈન ધર્મગ્રંથોમાં અનુત્તર વિમાન નામના સ્વર્ગનું વર્ણન છે. આ અનુત્તર વિમાનો સર્વાર્થસિદ્ધ આદિ નામનાં પાંચ છે આ પાંચમાં જન્મ લેનાર તે અનુત્તરોપપાતિક. તે એક ભવ કરી મોક્ષે અવશ્ય જનાર છે. એટલે તેઓ એકાવતારી છે. આ સ્વર્ગ જે જે મેળવી શક્યા તે ૩૩ પુરુષોનું વિવરણ આમાં છે આમાં મૂળ દશ અધ્યયન હતાં તે જણાવવા અનુત્તરોપપાતિક 'દશાઃ' એ નામ અપાયેલું છે. હાલ તેમાં ૩૩ અધ્યયન છે તે ત્રણ વર્ગમાં વહેંચેલા છે. પહેલા વર્ગમાં ૨૩ અધ્યયન છે તેમાં શ્રેણિક રાજાના જાલિકુમાર આદિ ગણાવેલા ૨૩

૪૭. અંતકૃત્ દશાસૂત્ર અભયદેવસૂરિની ટીકા સહિત કલકત્તામાં સન ૧૮૭૫માં, જૈન આત્મા. સભા. તરફથી અને આ. સમિતિ તરફથી નં. ૨૩માં પ્રગટ થયેલ છે. તેનું અંગ્રેજી ભાષાંતર L. D. Barnettનું કરેલું ઇ. સં. ૧૯૦૭માં પ્રસિદ્ધ થયું છે. વે. નં. ૧૩૮૯-૯૩. જુઓ વેબરનો લેખ ઇ. ઍં. વો.૨૦ પૃ ૧૯-૨૧.

૪૮. આ અનુત્તરોપપાતિક સૂત્રનું અંગ્રેજી ભાષાંતર L. D. Barnettથી કરાયેલું ઇ. સ. ૧૯૦૭માં અને ગૂ૦ ભાષાંતર જૈન આત્માનંદ સંભા તરફથી, પ્રસિદ્ધ થયું છે. અભયદેવસૂરિની સંસ્કૃત ટીકા સહિત આ૦ સમિતિ નં ૨૩ અને કલકત્તામાં સન ૧૮૭૫માં પ્રસિદ્ધ થયેલ છે. વે. નં. ૧૩૮૩-૮૭ જુઓ વેબર ઇ. ઍં. વો. ૨૦, પૃ. ૨૧-૨૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુત્રોનો અધિકાર છે. બીજામાં ૧૩ છે તેમાં **શ્રેણિક** રાજાના પુત્ર **દીર્ઘસેન** કુમાર આદિ ગણાવેલા ૧૩ના અધિકાર છે. ત્રીજા વર્ગમાં ૧૦ અધ્યયન છે તેમાં **ધન્ય, સુનક્ષત્ર ઋષિદાસ પેલક, રામપુત્ર, ચંદ્રકુમાર, પોષ્ઠીપુત્ર,** પેઢાલકુમાર, **પોટિલકુમાર, વહલકુમાર** એ દશ કે જેઓ સવાર્થસિદ્ધ વિમાનમાં ગયા તેમનો અધિકાર છે આ બહુ નાનું સૂત્ર છે દરેકમાં પહેલી કથા લગભગ પૂર્ણ છે. બાકીનાનું એ પ્રમાણે સમજવું એમ ટુંકાવ્યું છે.

૫૭. દશમું અંગ :- ૧૦ **પ્રશ્ન વ્યાકરણ દશા:**[૪૯] – તેનો અર્થ પ્રશ્ન એટલે વિદ્યા વિશેષ, સંબંધી વ્યાકરણ એટલે પ્રતિપાદન-વિવેચન દશ અધ્યયનમાં છે તે પ્રશ્ન વ્યાકરણ દશા : એવો અર્થ પૂર્વકાલે હતો. હમણાં જે દશ અધ્યયન છે તેમાં પાંચ આસ્રવદ્વાર(આસ્રવ એટલે જે દ્વારા કર્મો આપે છે તે દ્વાર) અને પાંચ સંવરદ્વાર (કે જેથી કર્મો આવતાં બંધ થાય છે તે) સંબંધી વિવેચન છે. પાંચ આસ્રવ તે હિંસા, મૃષા, અદત્ત (ચોરી), અબ્રહ્મ, અને પરિગ્રહ અને પાંચ સંવર તે તેના પ્રતિપક્ષી અહિંસા, સત્યવચન, અનુજ્ઞાથી દત્તનું ગ્રહણ (અસ્તેય), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ છે. આ દરેકનું એક એક એમ દશ દ્વાર છે. આમાં લગભગ ૫૩ અનાર્ય જાતિનાં નામ તથા ૯ ગ્રહોનાં નામ આવે છે.

૫૮. અગ્યારમું અંગ :- ૧૧ **વિપાકસૂત્ર**[૫૦] –આમાં શુભ અશુભના-પુણ્યપાપરૂપકર્મના વિપાક-ફળનું પ્રતિપાદન કરેલ છે. તેને કર્મવિપાકદશાઃ પણ કહેવામાં આવે છે : ઇંદ્રભૂતિ કોઈ ક્રૂર કાર્ય જોઈ ભ. **મહા**વીરને તે સંબંધી પૂછે છે, ને શ્રી **મહા**વીર ભ. પ્રસ્તુત વ્યક્તિઓના પૂર્વ ભવો કહી તે કાર્યનું સમાધાન કરે છે અને સાથે ભવિષ્યના ભવો પણ જણાવે છે. તેમાં 'જક્ખાયતન'-યક્ષના મંદિરનો ઉલ્લેખ આવે છે. તેના પ્રથમ શ્રુતસ્કંધમાં દશ અધ્યયન છે. બીજા શ્રુતસ્કંધમાં પણ નાના નાના દશ અધ્યયન છે.

પહેલામાં દશઃ- ૧. મૃગાપુત્ર, ૨. ઉજ્ઝિત, ૩. અભગ્નસેન, ૪. શકટ, ૫. બૃહસ્પતિદત્ત, ૬. નંદિષેણ, ૭. ઉમ્બરદત્ત, ૮. સોરિયદત્ત, ૯. દેવદત્તા, ૧૦. અંજૂદેવીનાં છે. બીજામાં સુબાહુ અને ભદ્રનંદી આદિનાં ટુંકા અધ્યયનો છે.

૫૯. આ પ્રમાણે ૧૧ અંગ હાલમાં વિદ્યમાન છે. (આ અંગો સંબંધી સામાન્ય વિવેચન માટે જુઓ વેબરનો લેખ ઇં. ઍ. વૉ. ૧૭ પૃ.૨૭૯-૨૯૨ અને ૩૩૯-૩૪૧. ૧૨મું દૃષ્ટિવાદ તો લુપ્ત થઈ ગયાનું અગાઉ જણાવી દીધું છે. (કે જે સંબંધમાં જુઓ ઇં. ઍ, વૉ. ૨૦. પૃ. ૧૭૦ થી ૧૮૧ વેબર.) આ અંગ (શરીર)ના અવયવો (ઉપાંગ) રૂપ ૧૨ ઉપાંગ છે.

---

૪૯. **પ્રશ્નવ્યાકરણ** - **અભયદેવસૂરિ**ની ટીકા સહિત આ૦ સમિતિ નં. ૨૬માં છપાયું છે. વે૦ નં. ૧૪૯૯-૧૫૦૨. જુઓ વેબર ઇં. ઍ. વૉ. ૨૦ પૃ. ૨૩-૨૬.

૫૦. **વિપાકસૂત્ર**-**અભયદેવસૂરિ**ની ટીકા સહિત અંતકૃત અને **અનુત્તરોપપાતિક** સાથે એકત્ર આ૦ સમિતિ દ્વારા પ્રસિદ્ધ થયું છે. જુઓ વેબરનો લેખ ઇં. ઍ. વૉ. ૨૦ પૃ. ૨૬-૨૯.

{આગમો અને આગમ ઉપરના વ્યાખ્યા સાહિત્યના પરિચય માટે જુઓ 'જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ' ભા. ૧, ૨, ૩ પ્રકા. પાર્શ્વનાથ વિદ્યાપીઠ વારાણસી ''જૈન આગમ મનન ઔર મીમાસા'' લે. દેવેન્દ્ર મુનિ શાસ્ત્રી }

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંગ સિવાયનાં આગમો.

वंदे वीरं तपोवीरं तपसा दुस्तपेन यः । शुद्धं स्वयं विदधे स्वर्णं स्वर्णकार इवाग्निना ॥
जिनप्रवचनं नौमि नवं तेजस्विमंडलम् । यतो ज्योतींषि धावन्ति हन्तुमन्तर्गतं तमः ॥

तिलकाचार्य-जीतकल्पवृत्ति.

–જેમ સોની અગ્નિથી સુવર્ણને શુદ્ધ બનાવે છે, તેમ જેમણે દુસ્તપ એવા તપ વડે પોતાના આત્માને શુદ્ધ બનાવ્યો એવા તપોવીર **વીર** (પ્રભુ) ને હું વંદું છું.

જ્યોતિઃ (તારા ગ્રહનક્ષત્રાદિ, જ્યોતિ) અંતર (આકાશ, હૃદય)નું તમસ્ (અંધકાર, અજ્ઞાન) હણવા દોડે છે તેવા અવનવા તેજસ્વીમંડલ કે જેમાંથી જ્યોતિ અંતર-હૃદયમાંના અંધકારને હણવા નીકળી દોડે છે તે રૂપ જિનપ્રવચનને નમું છું.

બાર ઉપાંગો

૬૦. પહેલું ઉપાંગ- ૧ **ઔપપાતિક** (ઉવવાઇ) સૂત્ર[૫૧] ઉપપાત–જન્મ (દેવને નરકનો જન્મ, કે સિદ્ધિગમન) તેના અધિકારવાળો આ ગ્રંથ છે. આમાં ચંપાનગરી, પૂર્ણભદ્રચૈત્ય, વનખંડ, અશોકવૃક્ષ, પૃથ્વીશિલાનું વર્ણન કરી કોણિક રાજા, તેની રાણી ધારિણી, તેનો રાજપરિવાર, મહાવીર પ્રભુનાં વર્ણકો છે. કોણિક શ્રી મહાવીર ભ.ને વંદે છે. ભ. મહાવીરના શિષ્યો-સાધુઓનું વર્ણક છે, તપ-બાહ્ય અને અભ્યંતર તપનું વર્ણન, મહાવીરના શ્રમણોનું, વાંદવા આવતા અસુર આદિ દેવતાઓનું, દેવીઓનું, જનો-લોકોનું, નગરી. કોણિક સેનાનું, **કોણિક**નું, નગરવાસીઓનું, **સુભદ્રા** પ્રમુખ દેવી–રાણીઓનું વર્ણન છે. પ્રભુ ધર્મકથા અર્ધમાગધીમાં કહે છે-દેશના આપે છે, સમવસરણનું વર્ણક આપી લાંબો ઉપોદ્ઘાત

૫૧. **ઔપપાતિક** સૂત્ર **અભયદેવસૂરિ**ની ટીકા સહિત કલકત્તાના સન ૧૮૮૦માં, તેમજ આ૦ સમિતિ તરફથી પ્રસિદ્ધ થયેલ છે. પ્રો. **લોયમાને** ૧૮૮૩માં સંશોધિત કરી શબ્દાર્થ કોષ (Glossary) સહિત લિપ્ઝિગમાં બહાર પાડેલ છે. વે.નં. ૧૪૨૩-૧૪૨૫. જુઓ વેબરનો લેખ ઇં. ઍ. વૉ. ૨૦, પૃ. ૩૬૫-૩૬૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂરો થાય છે. હવે ઉપપાતની કર્મબંધપૂર્વકથી કર્મબંધ પ્રરૂપણા જણાવે છે. જૂદા જૂદા સ્વરૂપના જનો-તાપસો, શ્રમણો, પરિવ્રાજકો, આદિનાં સ્વરૂપ બતાવ્યાં છે. પછી **અંબડ** પરિવ્રાજકનો અધિકાર આવે છે. શ્રમણો, આજીવકો, નિન્હવો, આદિ બતાવી કેવલી સમુદ્‌ઘાત અને સિદ્ધ સ્વરૂપનું નિરૂપણ કર્યું છે.

૬૧. બીજું ઉપાંગ- ૨ **રાયપસેણી**[૫૨] (રાજપ્રશ્નીય, રાજપ્રદેશીય?) રાજા પ્રદેશીના સંબંધી, આમાં પ્રથમ સૂર્યાભદેવ શ્રી **મહાવીરને** વાંદવા જાય છે તેનું વર્ણન આવે છે, પછી સૂત્રના નામ પ્રમાણે **પાર્શ્વનાથ**ના ગણધર શ્રી **કેશી**નો **શ્રાવસ્તી** નગરીના રાજા **પ્રદેશી** સાથેનો સંવાદ છે. **પ્રદેશી** આત્મા વગેરે અનેક વાત નહિ માનનાર હતો તેને સમજાવી **કેશી**સ્વામીએ શ્રી **મહાવીરના** સિદ્ધાન્તમાં શ્રદ્ધા કરાવી હતી. આ સંવાદથી આ સૂત્ર એક સાહિત્યનો રસપ્રદ ગ્રંથ છે એમ **વિન્ટર્‌નિટ્‌ઝનું** કહેવું છે.

૬૨. ત્રીજું ઉપાંગ—૩ **જીવાભિગમ**[૫૩] —જીવ (ઉપલક્ષણથી અજીવ પણ)નું અભિગમ-જ્ઞાન જેમાં છે તે. આમાં જીવ, અજીવ, જંબૂદ્વીપનું ક્ષેત્ર, પર્વત વગેરેનું વિસ્તારથી વર્ણન છે.

૬૪. ચોથું ઉપાંગ-૪ **પ્રજ્ઞાપના**[૫૪] -આનું સંકલન કરનાર **સુધર્માસ્વામિ**થી ૨૩માં આચાર્ય **શ્યામાચાર્ય** છે. પ્ર એટલે પ્રકર્ષપણે જ્ઞાપન એટલે જાણવું-જેમાં પદાર્થનું સ્વરૂપ પ્રકર્ષપણે-યથાવસ્થિત રૂપે જાણી શકાય છે અથવા જીવાજીવ આદિ પદાર્થની પ્રજ્ઞાપના છે તે પ્રજ્ઞાપના. આમાં જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષનું પ્રરૂપણ છે અને તે એ રીતે કે આમાંના ૩૬ પદમાં ૧, ૩, ૫, ૧૦ અને ૧૩મા પદોમાં જીવ અને અજીવની, ૧૬ અને ૨૨માં મન-વચન-કાય એ યોગ-આસ્રવની, ૨૩મા પદમાં બંધની, ૩૬મા માં કેવલિ સમુદ્ઘાતની વાત કરતાં સંવર, નિર્જરા અને મોક્ષ એ ત્રણની પ્રરૂપણા છે. લેશ્યા, સમાધિ, લોકસ્વરૂપ વગેરે આમાં સમજાવ્યું છે.

૬૫. આ પ્રજ્ઞાપના ૩૬ પદોમાં વિભક્ત છે : તેનાં નામ ૧ પ્રજ્ઞાપના, ૨ સ્થાન, ૩ અલ્પબહુત્વ-બહુવક્તવ્ય, ૪ સ્થિતિ, ૫ પર્યાય-(વિશેષ), ૬ ઉપપાતોદ્વર્ત્તના-(વ્યુત્ક્રાંતિ), ૭ ઉચ્છ્વાસ, ૮ સંજ્ઞા, ૯ યોનિ, ૧૦ ચરમ (ચરમાચરમ), ૧૧ ભાષા, ૧૨ શરીર, ૧૩ પરિણામ, ૧૪ કષાય, ૧૫ ઇંદ્રિય, ૧૬ પ્રયોગ, ૧૭ લેશ્યા, ૧૮ કાયસ્થિતિ, ૧૯ સમ્યક્ત્વ, ૨૦ અન્તક્રિયા, ૨૧ અવગાહના, ૨૨ ક્રિયા, ૨૩ કર્મ-પ્રકૃતિ, ૨૪ કર્મ(પ્રકૃતિ)બંધ ૨૫ કર્મવેદ, ૨૬ કર્મવેદ બંધ, ૨૭ કર્મપ્રકૃતિવેદ, ૨૮ આહાર, ૨૯ ઉપયોગ, ૩૦ પશ્યત્ત (દર્શનતા), ૩૧ સંજ્ઞા (પરિણામ) ૩૨ સંયમ (યોગ), ૩૩ જ્ઞાનપરિણામ- (અવધિ), ૩૪ પ્રવિચાર પરિણામ (પ્રવિચારણા), ૩૫ વેદના, અને ૩૬ સમુદ્ઘાત.

---

૫૨. રાયપસેણી સૂત્ર મલયગિરિની ટીકા સહિત આ૦ સમિતિ દ્વારા પ્રસિદ્ધ વે૦ નં. ૧૫૧૦ થી ૧૫૧૫. જુઓ. વેબરનો લેખ ઇ. એં. વૉ. ૨૦ પૃ. ૩૫૯-૩૭૧.

૫૩. જીવાભિગમ સૂત્ર મલયગિરિની ટીકા સહિત દે૦ લા૦ નં. ૫૦માં મુદ્રિત વે૦ નં. ૧૬૬૦ થી ૬૩; જુઓ વેબરનો લેખ એજન પૃ. ૩૭૧-૨,

૫૪. પ્રજ્ઞાપના સૂત્ર - મલયગિરિની ટીકા સહિત પ્રસિદ્ધ આ૦ સમિતિ નં. ૧૯,૨૦. વે૦ નં. ૧૪૯૪ થી ૧૪૯૮. જુઓ વેબર-એજન પૃ. ૩૭૨-૩૭૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૬. પાંચમું ઉપાંગ-૫ **સૂર્યપ્રજ્ઞપ્તિ** આમાં[૫૫] સૂર્યાદિ જ્યોતિષ્ ચક્રનું વર્ણન છે. સૂર્યપ્રજ્ઞપ્તિ પર **ભદ્રબાહુ સ્વામિએ** નિર્યુક્તિ રચી હતી, પણ આ. **મલયગિરિ** પોતાની ટીકામાં કહે છે કે 'તે કાલદોષથી નષ્ટ થઈ છે તેથી હું કેવલ સૂત્રની વ્યાખ્યા કરૂં છું.'

સૂર્યપ્રજ્ઞપ્તિમાં ૨૦ પ્રાભૃત છે : ૧ મંડલગતિ સંખ્યા, ૨ સૂર્યનો તિર્યક્ પરિભ્રમ, ૩ પ્રાકાશ્ય ક્ષેત્ર પરિણામ, ૪ પ્રકાશ સંસ્થાન, ૫ લેશ્યાપ્રતિઘાત, ૬ ઓજઃસંસ્થિતિ, ૭ સૂર્યાવારક, ૮ ઉદયસંસ્થિતિ, ૯ પૌરૂષી છાયા પ્રમાણ, ૧૦ યોગસ્વરૂપ, ૧૧ સંવત્સરોના આદિ અને અંત, ૧૨ સંવત્સરના ભેદ, ૧૩ ચંદ્રમાની વૃદ્ધિ અપવૃદ્ધિ, ૧૪ જ્યોત્સ્ના પ્રમાણ, ૧૫ શીઘ્રગતિનિર્ણય, ૧૬ જ્યોત્સ્ના લક્ષણ, ૧૭ ચ્યવન ને ઉપપાત, ૧૮ ચંદ્ર, સૂર્યઆદિની ઉંચાઈ, ૧૯ તેમનું પરિણામ. ૨૦ ચંદ્રાદિનો અનુભાવ.

૬૭. છઠ્ઠું ઉપાંગ- **જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ**-[૫૬]આમાં જંબૂદ્વીપનું વિસ્તારથી વર્ણન છે. ભૂગોળ વિષયક આ ગ્રંથ છે તેમાં ભારતવર્ષના વર્ણનમાં રાજા **ભરતની** કથાઓ ઘણો ભાગ લે છે.

૬૮. સાતમું ઉપાંગ-૭ **ચંદ્ર પ્રજ્ઞપ્તિ**-આમાં ચંદ્ર જ્યોતિષચક્રનું વર્ણન છે તે લગભગ સૂર્યપ્રજ્ઞપ્તિ જેવો સમાન ગ્રંથ છે. (વે૦ નં. ૧૪૫૭)

૬૯. નં. ૫ થી ૭ ઉપાંગો વૈજ્ઞાનિક ગ્રંથો (Scienctific Works) છે તેમાં ખગોળ, ભૂગોળ, વિશ્વવિદ્યા અને કાલના ભેદો આવે છે. (વિન્ટરનિટ્ઝ).

૭૦. આઠમું ઉપાંગ-૮ **કપ્પિયા (કલ્પિકા) –નિરયાવલિકા શ્રુતસ્કંધ** (નિરય એટલે નરકની આવલિ કરનારનું જેમાં વર્ણન છે તે.) આમાં મગધના રાજા **શ્રેણિક** (બૌદ્ધમાં બિમ્બિસાર)નું તેના પુત્ર **કોણિક** (અજાતશત્રુ)થી થયેલ મૃત્યુ (કે જેની વાત બૌદ્ધ ગ્રંથોમાં પણ આવે છે) વગેરે હકીકત છે. **શ્રેણિકના** દશ પુત્રો **કાલિકુમાર** આદિ, તેમના પિતામહ વૈશાલિના રાજા **ચેટકની** સાથે યુદ્ધમાં લડતાં મરાયા, પછી નરકમાં જઈ મોક્ષે જશે તેની હકીકત છે.

૭૧. નવમું ઉપાંગ - ૯ **કપ્પવડંસિયા** (કલ્પાવતંસિકા)- આમાં **શ્રેણિક**રાજાના દશ પૌત્રો **પદ્મકુમાર** આદિ દીક્ષા લઈ જુદા જુદા કલ્પ–દેવલોકમાં ગયા ને ત્યાંથી મોક્ષે જશે તેનું વર્ણન છે. તે દરેકનું એક એમ દશ અધ્યયન છે.

૭૨. દશમું ઉપાંગ-૧૦ **પુપ્ફિયા** (પુષ્પિકા)-આમાં પણ દશ અધ્યયન છે. શ્રી **મહાવીર** ભ.ને દશ દેવ-દેવીઓ પોતાના વિમાનમાંથી પુષ્પકમાં બેસીને વંદન કરવા આવે છે તેમના પૂર્વભવ ભ. **મહાવીર ગૌતમ સ્વામિ**ને જણાવે છે. આમાં ૧ ચંદ્ર, ૨ સૂર્યની પૂર્વકરણી, ૩ મહાશુક્રદેવનો પૂર્વભવ-સોમલબ્રાહ્મણ. ૪ બહુપુત્તીયા દેવીનો પૂર્વભવ–**સુભદ્રા** સાધ્વી, ૫ પૂર્ણભદ્ર દેવનો ભવ, ૬ માણિભદ્ર, ૭દત્તદેવ,

---

૫૫. **સૂર્ય** પ્રજ્ઞપ્તિ-**મલય**ગિરિની ટીકા સહિત મુદ્રિત આ૦ સમિતિ નં. ૨૪; વે૦ નં. ૧૫૫૪-૫૫. જુઓ વેબરનો લેખ ઇ. એં. વૉ. ૨૧ પૃ. ૧૪-૧૭.

૫૬. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ-**શાંતિ**ચંદ્રની ટીકા સહિત મુદ્રિત દે૦ લા૦ નં. ૫૨ અને ૫૪ વે૦ નં. ૧૪૫૮-૫૯. જુઓ વેબરનો લેખ ઇ. એ. વૉ. ૨૧ પૃ. ૧૭-૨૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮ બલનામ દેવ, ૯ શિવદેવ અને, ૧૦ અનાદીત દેવના પૂર્વભવ જણાવ્યા છે. આમાં ભગવતી પેઠે બ્રાહ્મણ-શાસ્ત્રોનાં નામો આવે છે.

૭૩. અગ્યારનું ઉપાંગ-૧૧ **પુપ્ફચુલિયા** (પુષ્પચૂલિકા)-આમાં પણ દશ અધ્યયન છે. તેમાં ઉપર પ્રમાણે **શ્રી, હરી** વગેરે ૧૦ દેવીઓની પૂર્વકરણીનો અધિકાર છે શ્રીનો પૂર્વભવ ભૂતા નામની સ્ત્રી હતો, તેની ભ. **પાર્શ્વ** નિગ્ગન્થ પ્રવચનમાં શ્રદ્ધા કરાવી હતી.

૭૪. બારમું ઉપાંગ-૧૨ **વન્હિ દસા**-(વૃષ્ણિ દશાઃ)-આમાં ૧૨ અધ્યયન છે. વૃષ્ણિક વંશના **બલભદ્રજી**ના ૧૨ પુત્રો નિષઢકુમાર આદિ **નેમિનાથ** પ્રભુ પાસે દિક્ષા લઈ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા હતા ને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષે જશે એનો અધિકાર છે.[૫૭]

૭૫. નં. ૮ થી ૧૨ બધાં **નિરયાવલિ** સૂત્રો નામે ઓળખાય છે. ખરી રીતે 'કપ્પિયા'સૂત્રને નિરયાવલિ નામ ઘટે છે.

૭૬. એમ કહેવામાં આવે છે કે ઉપાંગ તે અંગનું અવયવ છે તે પ્રમાણે ઉક્ત ઉપાંગો અમુક અંગોના ઉપાંગ છેઃ જેમકે ઔપપાતિક તે આચારાંગનું, રાજપ્રશ્નીય સૂત્રકૃતાંગનું, જીવાભિગમ તે સ્થાનાંગનું, પ્રજ્ઞાપના સમવાયાંગનું, સૂર્યપ્રજ્ઞપ્તિ તે ભગવતીનું, જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ તે જ્ઞાતાધર્મકથાંગનું, ચંદ્રપ્રજ્ઞપ્તિ તે ઉપાસક દશાંગનું, નિરયાવલિકા શ્રુતસ્કંધગત કલ્પિકાદિ પંચ વર્ગ-પંચોપાંગ તે અંતકૃત્દશાંગાદિથી દૃષ્ટિવાદ પર્યતનાં એટલે કલ્પિકા તે અંતકૃત્ દશાંગનું, કલ્પાવતંસિકા અનુત્તરોપપાતિક દશાંગનું, પુષ્પિતા તે પ્રશ્ન વ્યાકરણનું, પુષ્પચુલિકા તે વિપાક શ્રુતનું અને વૃષ્ણિદશા તે દૃષ્ટિવાદનું ઉપાંગ છે. (જુઓ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ પર શાંતિચંદ્રીય ટીકા પૃ ૧-૨). આમ બાર અંગનાં બાર ઉપાંગ કેવી રીતે અરસ્પરસ સંબંધ રાખે છે તેનું સૂક્ષ્મપણે અવલોકનથી પૃથક્કરણ કરી શકાયું નથી. વિન્ટરનિટ્ઝ કહે છે કે 'આ એક બીજાનો સંબંધ તદ્દન બાહ્ય પ્રકારનો છે.'

ચાર મૂલસૂત્ર

૭૭. **આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન** તથા **પિંડનિર્યુક્તિ** કે **ઓઘનિર્યુક્તિ** એ બે માંથી ગમે તે એકને લઈને-એમ ચાર મૂલસૂત્ર ગણાય છેઃ- **મૂલસૂત્ર** એ નામ પાડવામાં આશય અમને એ લાગે છે કે તે સર્વ સાધુઓને મૂલમાં-પહેલા પ્રથમ પઠન કરવાને યોગ્ય છે.

વેબર કહે છે કે મૂલસૂત્ર નામ કેમ પડ્યું તે સમજી શકાતું નથી; નિર્યુક્તિ જેની થઇ છે તેનું મૂલ સૂત્ર બતાવવા અર્થે તે વપરાયો હોય તેમ સંભવિત છે. તેનો ક્રમ તે ઉત્તરાધ્યયન, આવશ્યક દશવૈકાલિક, પિંડનિર્યુક્તિ એમ આપે છે.

---

૫૭. આ બાર ઉપાંગોમાંના નં. ૭ થી ૧૨ નો સાર હિંદીમાં **જ્ઞાનસુંદરજી** કૃત **શીઘ્રબોધ** ભાગ ૧૮માં આપેલો છે તે જુઓ. આ બધાં **શ્રીચંદ્રસૂરિ**ની ટીકા સહિત આ. સમિતિ નં.૩૩માં પ્રકટ થયેલ છે. વે. નં.૧૪૮૫-૮૬ જુઓ વેબરનો લેખ ઇ.એ.વૉ.૨૧ પૃ ૨૦-૨૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૮. પહેલું-મૂલસૂત્ર-૧ **આવશ્યક**[૫૮] અવશ્ય જે ક્રિયાનુષ્ઠાન કર્ત્તવ્ય છે તેને લગતું તે આવશ્યક, નિત્યકર્મનું પ્રતિપાદક. આવશ્યક છ પ્રકારનું છે ૧ સામાયિક (સમાઇય), ૨ ચતુર્વિંશતિસ્તવ (ચઉવીસત્થઓ), ૩ વંદનક (વંદણયં), ૪ પ્રતિક્રમણ (પડિક્કમણ), ૫ કાયોત્સર્ગ (કાઉસ્સગ્ગ), ૬ પ્રત્યાખ્યાન (પચ્ચખાણ).

૭૯. તેમાં **સામાયિક** અધ્યયનમાં-પીઠિકા, પહેલી અને બીજી વરવરિકા, ઉપસર્ગો, સમવસરણ, ગણધરવાદ, દશપ્રકારની સમાચારી, નિન્હવો, શેષ ઉપોદ્‌ઘાત નિર્યુક્તિ, નમસ્કાર નિર્યુક્તિ છે. પછી **ચતુર્વિંશતિસ્તવ** અધ્યયન; **વંદનાધ્યયન પ્રતિક્રમણાધ્યયન** કે જેમાં **જિનભદ્ર** ગણિ શ્રમાશ્રમણકૃત **ધ્યાનશતક** છે, તથા પારિષ્ઠાપનિકા નિર્યુક્તિ, સંગ્રહણી, યોગસંગ્રહ, નિર્યુક્તિ અને અસ્વાધ્યાય-નિર્યુક્તિ છે; **કાર્યોત્સર્ગ** અધ્યયન; અને છેવટે **પ્રત્યાખ્યાનનું** અધ્યયન છે.

૮૦. બીજુ મૂલસૂત્ર ૨ **દશવૈકાલિક**-[૫૯]

આ સૂત્ર ચૌદ-પૂર્વધર- **સય્યંભવસૂરિએ** પોતાના પુત્ર **મનક** માટે પૂર્વમાથી ઉદ્ધરી રચ્યું તે આગાઉ જણાવી દીધું છે. કાલથી નિવૃત્ત એવું-વિકાલે પઢી શકાય એવું દશ- અધ્યયનવાળું તે દશવૈકાલિક. તેમાં પહેલી ગાથામાં જણાવ્યું છે કે '**ધમ્મો મંગલમુક્કિટ્ઠં અહિંસા સંજમો તવો**' -અહિંસા, સંયમ અને તપ એ ઉત્કૃષ્ઠ મંગલરૂપ ધર્મ છે. તે અતિ ઉત્તમ અને નીતિના સિદ્ધાંતથી ભરપૂર છે.

૮૧. તેમાં ૧૦ અધ્યયન છે તેનાં નામઃ- ૧ દ્રુમપુષ્પિક-તેમાં ધર્મપ્રશંસા-ધર્મની સ્તુતિ છે, સકલ પુરૂષાર્થમાં ધર્મ પ્રધાન છે. દ્રુમના પુષ્પમાંથી ભ્રમર રસ ચુસી લે છતાં તેને ઈજા ન કરે તેમ શ્રમણ વર્ત્તે છે, એથી દ્રુમિપુષ્પિક અ. ૨ શ્રામણ્યપૂર્વિક-ધર્મ તરફ રૂચિ છતાં અભિનવ પ્રવ્રજિતને અધૃતિથી સંમોહ ન થાય તે માટે ધૃતિ-ધૈર્ય રાખવું તેનો અધિકાર છે. ૩ ક્ષુલ્લિકાચારકથા-ધૃતિ આચારમાં જોઇએ તેથી આચારકથા ક્ષુલ્લિકા એટલે નાની કહેવામાં આવે છે. તે આત્મસંયમનો ઉપાય છે. ૪ ષટ્‌જીવનિકા ઉક્ત-આચાર છ જીવ કાયગોચર હોવો જોઇએ અથવા આત્મસંયમ બીજા જીવોના જ્ઞાનપૂર્વક પાલન કરવો ઘટે તેથી તે રૂપ આ અધ્યયન છે. ૫ પિંડૈષણા-તે રૂપ ધર્મ દેહ સ્વસ્થ હોય તો પળાય, અને તેથી આહાર વગર પ્રાયઃ સ્વસ્થ થવાતું નથી માટે સાવદ્ય અને નિરવદ્ય એવા આહારમાં નિરવદ્ય આહાર ગ્રાહ્ય છે આમાં બે ઉદ્દેશક છે ભિક્ષાની વિશુદ્ધી તે તપઃ સંયમને ગુણકારી છે. ૬ મહાચાર કથા (ધર્મ અર્થ કામાધ્ય.)-ગોચરી-ભિક્ષાએ જતા મહાજન સમક્ષ સ્વાચાર નથી કહી શકાતો પણ આલયમાં ગુરુ કહે છે તેથી મહાજનને **યોગ્ય** એવી નાની નહિ પણ મોટી આચારની કથા ૭ વચન વિશુદ્ધિ તે કથા

---

૫૮. **આવશ્યક** પર ભદ્રબાહુ સ્વામીની નિર્યુક્તિ. (વે.નં.૧૫૨૯થી૧૫૩૭) તથા હરિભદ્રસૂરિ કૃત **શિષ્યહિતા** નામની ટીકા એ બંને પ્ર. આ. સમિતિ નં. ૧-૪; હરિભદ્રસૂરિકૃત આવશ્યક પર ટિપ્પણ પ્ર.દે.લા.નં.૫૩ (વે,૧૫૩૩) ષડાવશ્યક સૂત્ર પર દેવેન્દ્રસૂરિકૃત વંદારુવૃત્તિ પ્ર.દે.લા.નં.૮ તે વૃત્તિને **શ્રાવકાનુષ્ઠાન-વિધિ** પણ કહે છે.

૫૯. દશવૈકાલિક ભદ્રબાહુ સ્વામીની નિર્યુક્તિ સહિત. **લૉયમને** સંશોધી ટીકાસાહિત્ય સંબંધી અનેક ચર્ચા કરી, તે Z. D. M. G. ૪૬ પૃ. ૫૮૧ પ્રસિદ્ધ થયું છે. વળી ભદ્રબાહુ સ્વામિની નિર્યુક્તિ હરિભદ્રસૂરિની ટીકા સહિત શ્રી મુંબઇ ખંભાતના સંઘે શ્રી જિનઃયશસૂરી ગ્રથંમાલા નં.૧ તરીકે તેમજ હીરાલાલ હંસરાજે પ્રકટ કરેલ છે. (વે.નં ૧૪૭૫ થી ૮૦) જુઓ વેબર ઈ.એ.વો.૨૧ પૃ. ૩૩૯-૩૪૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આલયમાં હોવા છતાં ગુરુએ નિરવદ્ય વચનથી કહેવી ઘટે છે. ૮ આચારપ્રણિધિ-નિરવદ્ય વચન આચારમાં પ્રણિહિતને થાય છે. ૯ વિનય–આચારમાં પ્રણિહિત-દત્તચિત હોય તે યથાયોગ્ય વિનયસંપન્ન થાય છે. આમાં વિનયનો અધિકાર છે,ને ૪ ઉદ્દેશક છે, ૧૦ સભિક્ષુ–ઉક્ત નવે અધ્યયનના અર્થમાં તે વ્યવસ્થિત છે તે સમ્યગ્ ભિક્ષુ થાય છે. આ આમ સાધુ-ક્રિયાશાસ્ત્રની સમાપ્તિ થાય છે.

૮૨. કદિ કર્મપરતંત્રતાથી કોઈ સાધુ પતિત થાય તો તેનું સ્થિરીકરણ કરવું. તે માટે બે ચૂડા-ચૂલિકા છેવટે મૂકી છે. ૧ રતિવાક્ય ચૂડા-તે સાધુને સંયમમાં સ્થિરીકરણ માટે છે. તેમાં સાધુના દુષ્જીવન માટે નરકપાતાદિ દોષો વર્ણવેલા છે. ૨ વિવિક્તચર્યા ચૂડા-તેમાં સાધુ પતિત ન થાય તેવા ગુણના અતિરેકનું ફલ છે. વિવિક્તચર્યા એટલે એકાંતચર્યા–અનિયતચર્યા.

૮૩. શ્રી ભદ્રબાહુ સ્વામિ દશવૈકાલિક પરની નિર્યુક્તિમાં જણાવે છે કે ઉપરોક્ત ૪થું અધ્યયન આત્મપ્રમાદપૂર્વમાંથી પમું અ. કર્મપ્રવાદ પૂર્વમાંથી અને ૭ મું અ. સત્યપ્રવાદ પૂર્વમાંથી ઉદ્ધૃત કરેલ છે. અને બાકીના અધ્યયનો નવમા પ્રત્યાખ્યાન પૂર્વની ત્રીજી વસ્તુમાથી ઉદ્ધૃત કરેલ છે.

૮૪. આના બીજા અધ્યયનમાં **રાજીમતિ** અને **રથનેમિની** વાત ઉત્તરાધ્યયનમાંથી લીધેલી જણાય છે. આ સૂત્ર તેમજ **ઉત્તરાધ્યયન** વાંચતાં બૌદ્ધનું **ધમ્મપદ** યાદ આવે છે.

૮૫. ત્રીજું મૂલસૂત્રઃ ૩ **ઉત્તરાધ્યયન**-આ આખું સૂત્ર[૬૦]અતિ આનંદદાયક બોધના નિધિરૂપ છે. તેમાં ૩૬ અધ્યયનો છેઃ-૧ વિનય-ધર્મ વિનયમૂલ છે તેથી પ્રથમ વિનયનો અધિકાર આમાં આપ્યો છે. ૨ પરિષહ- વિનય સ્વસ્થચિત્તવાળાએ તથા પરિષહોથી પીડાતાએ પણ કરવાનો છે. તો તે પરિષહો કયા કયા છે તે તથા તેનું સ્વરૂપ આમાં બતાવ્યું છે. ૩ ચતુરંગીય-પરિષહ શું આલંબન લઈને સહેવા તેના ઉત્તરમાં મનુષ્યત્વ, ધર્મશ્રવણ, શ્રદ્ધા અને સંયમમાં વીર્યની સ્ફુરણા કરવી એ ધર્મનાં ચાર અંગો દુર્લભ છે તે આમાં બતાવેલા છે, ૪ પ્રમાદાપ્રમાદ-ત્રીજામાં ચાર દુર્લભ અંગો કહ્યા તે પ્રાપ્ત થયા છતાં પ્રમાદ સેવાય તો મહાદોષ થાય છે. તેથી પ્રમાદનો ત્યાગ તેના પ્રકાર સહિત, અને અપ્રમાદ કરવાનું કહેવા માટે આ અધ્યયન છે. ૫ અકામ મરણ-મરણવિભક્તિ-જ્યાંસુધી શરીરનો ભેદ-નાશ થાય ત્યાં સુધી ગુણની અભિલાષા કરવી એમ ચોથાને અંતે કહ્યું. તેથી મરણકાળે પણ પ્રમાદ ન કરવાનું કહ્યું તેથી મરણ કેટલા પ્રકારના છે તે-અકામમરણ, સકામ મરણ, પંડિત મરણ, વગેરે તે જાણવા માટે આ અધ્યયન છે. ૬ ક્ષુલ્લકનિર્ગ્રન્થીય-પંડિતમરણ વિદ્યા-જ્ઞાન તથા ચારિત્રવાળા સાધુ-નિર્ગ્રન્થને હોય છે. તેથી તેવા ક્ષુલ્લક-નાના સાધુનું સ્વરૂપ આમાં કહ્યું છે. ૭ ઔરભ્રીય નિર્ગ્રન્થપણું

---

૬૦. પ્રકાશિત-રાય ધનપતિસિંહ બહાદુર કલકત્તા સં.૧૯૩૬માં **લક્ષ્મીવલ્લભની** ટીકા સહિત; **વાદિવેતાલ શાંતિ** સૂરિની ટીકા સહિત દે.લા.નં. ૩૩,૩૬ અને ૪૧, જયકીર્તિની ટીકા સહિત પંડિત હીરાલાલ હંસરાજ, **કમલસંયમની** ટીકા સહિત યશોવિજય ગ્રંથમાલામાં **ભાવવિજયની** ટીકા સહિત જૈન આત્માનંદ સભા તરફથી વે.નં. ૧૩૯૯-૧૪૧૨. અંગ્રેજી ભષાંતર અને પ્રસ્તાવના ડૉ. Jacobi માં કરેલ તે S.B.E.માં વૉ.૨૪માં પ્રગટ થયેલ છે. અને મૂળ સંશોધી અંગ્રેજી પ્રસ્તાવના સહિત Carpentier નામનાં વિદ્વાને સન ૧૯૨૧માં પ્રગટ કરેલ છે ગુજરાતી ભાષાંતર સહિત જૈન ધ.સ. ભાવનગર તરફથી મૂળ તથા ગૂજરાતીમાં કથાઓ સહિત બે ભાગમાં પ્રસિદ્ધ થયેલ છે. જુઓ વેબરનો લેખ ઈ.એ.વૉ.૨૧ પૃ. ૩૦૯-૩૧૧ અને ૩૨૭-૩૨૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રસગૃદ્ધિના ત્યાગથી મળી શકે, ને તે ત્યાગ તેના દોષ જાણવાથી બરાબર થઈ શકે, તે દોષ દેખાડવા માટે ઉરભ્ર(ઘેટું) કાગણી, આમ્રફળ, વ્યવહાર-વેપાર, અને સમુદ્ર એ પાંચનાં દૃષ્ટાંતો આપે છે. ૮ કાપિલીય-રસગૃદ્ધિનો ત્યાગ નિર્લોભીને થઈ શકે તેથી આમાં નિર્લોભપણું બતાવે છે. તેમાં કપિલ મુનિનું ચરિત્ર હોવાથી તે અધ્યયનનું નામ કાપિલીય છે. ૯ નમિપ્રવ્રજ્યા-નિર્લોભી આ ભવમાં પણ ઇંદ્રાદિકથી પૂજાય છે. તે દેખાડવા આ અધ્યયન કહેવાય છે. આમાં નમિ નામના પ્રત્યેકબુદ્ધની પ્રવ્રજ્યા દીક્ષા છે. તે નમિની પેઠે બીજા ત્રણ પ્રત્યેકબુદ્ધ કરકંડુ, દ્વિમુખ, નગ્ગતિ થાય છે. ૧૦ દ્રુમપત્ર-દ્રુમ, એટલે ઝાડનું, પત્ર એટલે પાંદડું પાકી જતા પડી જાય છે તેમ જીવન ક્રમે કરી ક્ષીણ થાય છે માટે હે ગૌતમ! એક સમય માત્ર પણ પ્રમાદ કરવો નહિ એ પ્રકારથી ભ. મહાવીર અનુશાસન-શિક્ષા આપે છે. ૧૧ બહુશ્રુતપૂજા- દશમામાં પ્રમાદના ત્યાગનો જે ઉપદેશ આપ્યો તે ઉપદેશ વિવેકથી ધારી શકાય ને તે વિવેક બહુશ્રુતની પૂજાથી પ્રાપ્ત થયો છે. આમાં અબહુશ્રુતપણું અને બહુશ્રુતપણું સમજાવી તે શાથી પ્રાપ્ત થાય તે, અવિનીત-વિનીતનાં સ્થાનો વગેરે બતાવેલ છે. ૧૨ તપઃસમૃદ્ધિ-હરિકેશીય-બહુશ્રુતે તપ પણ કરવો જોઇએ તેથી તપની સમૃદ્ધિનું વર્ણન ને હરિકેશબલ નામના સાધુનું આમા ચરિત્ર છે. ૧૩ ચિત્રસંભૂતીય-તપ કરનારે નિદાન (નિયાણા) નો ત્યાગ કરવો ઘટે, તે માટે નિદાનનો દોષ બતાવવા ચિત્ર અને સંભૂતનું ઉદાહરણ અહીં અપાય છે. ૪ ઇષુકારીય-આમા નિર્નિદાનતા-નિયાણા રહિતપણાનો ગુણ કહ્યો છે એકજ વિમાનમાં રહેલ છ જીવો ત્યાંથી ચ્યવી ઇષુકાર નામના પુરમાં ઉપજ્યા અને તે છ પૈકી એક ઇષુકાર નામનો રાજા થયો તેથી આ અધ્યયનનું નામ ઇષુકારીય છે. ૧૫ સભિક્ષુક-નિયાણા રહિતપણાનો ગુણ ભિક્ષુ-સાધુને થાય છે. ભિક્ષુના ગુણો આમાં કહેવાયા છે. ૧૬ બ્રહ્મચર્યગુપ્તિ-બ્રહ્મચર્યસમાધિ-સાધુના ગુણો બ્રહ્મચર્યમાં જે સ્થિર હોય તેને તત્ત્વથી સંભવે. બ્રહ્મચર્ય તેની ગુપ્તિઓથી પાળી શકાય. તે ગુપ્તિઓ મન, વચન અને કાયાની છે. પછી બ્રહ્મચર્યનાં દશ સ્થાનો-સમાધિસ્થાનો કહ્યાં છે (કે જેની અંદર બ્રહ્મચર્યની નવ વાડ સમાઇ જાય છે) કે જેથી તે સમાધિથી પાળી શકાય. ૧૭ પાપશ્રમણીય-તેમાં પાપસ્થાનો સેવનાર પાપશ્રમણનું સ્વરૂપ છે. ૧૮ સંયતીય- પાપસ્થાનોનો ત્યાગ ભોગના ત્યાગથી–સંયતિ થવાથી થાય છે. તે ભોગના ત્યાગ પર સંજય રાજાની કથા છે. તે પરથી આ અધ્યયનને સંજયીય કહી શકાય. ૧૯ મૃગાપુત્રીય-ભોગનો ત્યાગ કરતાં શરીરની શુશ્રૂષા વર્જવાની છે તે પર મૃગાપુત્રની કથા છે. ૨૦ મહાનિર્ગ્રન્થીય-'સંસારમાં મારો રક્ષક કોઇ નથી, હું એકલો જ છુ' એવા અનાથપણાની ભાવના આમાં સિદ્ધ કરી છે ને તે પર અનાથી મુનિની કથા છે. ૨૧ સમુદ્રપાલીય-અનાથપણાનો વિચાર એકાંત-ચર્યા વિના થઇ શકતો નથી તેથી એકાંતચર્યા પર સમુદ્રપાલની કથા આમાં આવી છે. ૨૨ રથનેમીય-એકાંત ચર્યા ધીરજ વિના પાળી શકાતી નથી તેથી રથનેમિના દૃષ્ટાંતથી ચારિત્રમાં ધૃતિ રાખવાનો ઉપદેશ કર્યો છે. પ્રથમ શ્રી નેમિનાથનો રાજીમતિનો ત્યાગ ને દીક્ષા જણાવી રાજીમતિએ રથનેમિને કરલે ઉપદેશ વગેરે સુંદર કથા છે. ૨૩ કેશી-ગૌતમીય-સંયમમાં ધૃતિ રાખતાં, આવતી શંકાઓનું સમાધાન કરી સંયમ માર્ગમાં પ્રવર્ત્તવું. આમાં શ્રી પાર્શ્વનાથ ભ.ના ક્રમાગત શિષ્ય કેશીકુમાર અને શ્રી મહાવીર ભ.ના શિષ્ય ગૌતમસ્વામી વચ્ચે સંવાદ છે કેશીનો ખાસ પ્રશ્ન એ કે ભ.પાર્શ્વનાથે સાધુધર્મ ચાર મહાવ્રતવાળો કહ્યો અને શ્રી વર્ધમાને પાંચ મહાવ્રત વાળો કહ્યો વળી શ્રી પાર્શ્વનાથે સચેલક (સવસ્ત્ર) અને શ્રી વર્ધમાને અચેલક (વસ્ત્રરહિત) ધર્મ કહ્યો આમ બંન્નેમાં ફરક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેમ ? ગૌતમસ્વામી એ ઉત્તરમાં કહ્યું કે 'મધ્યના બાવીસ તીર્થંકરોના સાધુઓ ઋજુપ્રાજ્ઞ હોવાથી ચોથા અપરિગ્રહ મહાવ્રતમાં જ બ્રહ્મચર્યનો સમાવેશ કરી લે છે. અને તેમને સચેલક રહેવાનું કહ્યું છે. અને આ ૨૪મા તીર્થંકરના સાધુ વક્રજડ હોવાથી તેમને માટે બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ બે વ્રત જૂદા પાડી પાંચ મહાવ્રતો કહ્યાં છે. ને એચેલક ધર્મ કહ્યો છે. વગેરે અનેક પ્રશ્નોનું સમાધાન છે. ૨૪ પ્રવચન માતા-શંકાનું નિવારણ કરવામાં ભાષાસમિતિરૂપ વાગ્યોગની જરૂર છે, તેથી આમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ આઠ પ્રવચન માતાનું સ્વરૂપ આપ્યું છે. આ આઠમાં સર્વ દ્વાદશાંગરૂપ પ્રવચનનો સમાવેશ થાય છે. તેથી તે તેની માતારૂપ કહેવાય છે. ૨૫ યજ્ઞીય-આમાં જયઘોષ અને વિજયઘોષની કથા દ્વારા બ્રાહ્મણનાં લક્ષણ અને બ્રહ્મચર્યનાં ગુણ બતાવ્યા છે. વિજયઘોષ બ્રાહ્મણે યજ્ઞ આરંભ્યો તે વખેત જયઘોષ મુનિ ભિક્ષા લેવા જતાં તેણે ભિક્ષા ન આપી તેથી બંને વચ્ચે સંવાદ થાય છે. ને તેમાં બ્રાહ્મણનું લક્ષણ આપતાં પ્રસંગને લીધે સાધુ, બ્રાહ્મણ, મુનિ, તાપસ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, વગેરેનાં લક્ષણો પણ આપ્યાં છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે જન્મથી કાંઇ જાતિની પ્રાપ્તિ થતી નથી. માત્ર કંઠમાં યજ્ઞોપવિત ધારણ કરી લેવાથી બ્રાહ્મણ બની શકાય નહિં; વલ્કલ માત્રના પહેરવાથી કાંઇ યથાર્થ તપસ્વી બની જવાતું નથી તેમ યોગ્ય કાર્યો સિવાય બ્રાહ્મણ આદી જાતિને યોગ્ય બની શકાતું નથી. ૨૬ સામાચારી- સાધુ સામાચારી દશ પ્રકારની આવશ્યકી આદિ બતાવી છે તે ઉપરાંત બીજી રીતે સાધુ માટેની સામાચારી દિનકૃત્ય રાત્રિકૃત્ય વગેરે બતાવેલ છે. ૨૭ ખલુંકીય-સામાચારી અશઠપણાથી પળાય તે પર ગર્ગ નામના મુનિની કથા કહી તેમાં ખલુંક (બળદ-ગળીઆ બળદ)નું દૃષ્ટાંત આપી તે ઉપનયથી શિષ્યો પર ઉતાર્યુ છે. ૨૮ મોક્ષમાર્ગ-અશઠતાથી મોક્ષ સુલભ થાય છે. આમાં મોક્ષ માર્ગનાં ૪ કારણો નામે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ જણાવી તે દરેકના ભેદ સમજાવ્યા છે. ૨૯ સમ્યક્ત્વપરાક્રમ-વીતરાગ થયા વિના મોક્ષ માર્ગની પ્રાપ્તિ થતી નથી. તે સમજાવવા આ અધ્યયન છે. તેમાં સંવેગ, નિર્વેદ, ધર્મશ્રદ્ધા આદિ (૭૩) દ્વાર કહ્યાં છે. ૩૦ તપોમાર્ગ-આસ્રવદ્વાર બંધ કરી તપવડે કર્મનું શોષણ કરાય છે. તે તપના ૬ પ્રકારનાં બાહ્ય તપ અને ૬ પ્રકારના અંતરંગ તપ એમ બે ભેદ દરેકના પ્રભેદ સાથે જણાવેલ છે. ૩૧. ચરણવિધિ-ચરણ એટલે ચારિત્ર તેની વિધિ-વર્ણન છે. અમુકનો ત્યાગ ને અમુક ગુણોનો સ્વીકાર એ જણાવી ચારિત્રનું સ્વરૂપ બતાવ્યું છે. ૩૨ પ્રમાદસ્થાન-પ્રમાદનું જ્ઞાન કરી તેનો ત્યાગ કરવો ઘટે છે તેથી પ્રમાદનું સ્વરૂપ આપ્યું છે. રાગ, દ્વેષ, મોહ અને કષાયનું સ્વરૂપ ને તેના દોષ બતાવ્યા છે. ૩૩ કર્મપ્રકૃતિ-આમાં કર્મનું સ્વરૂપ તેના જ્ઞાનાવરણીયાદિ ભેદ અને ઉત્તર ભેદ વગેરેથી બતાવ્યું છે. ૩૪ લેશ્યા-લેશ્યાના પ્રકાર ને તેનું નિરૂપણ છે. ૩૫ અનગાર માર્ગ-અનગાર એટલે અગાર-ગૃહ રહિત એવા સાધુના ગુણો પંચમહાવ્રતાદિ પાળવાનું જણાવ્યું છે. ૩૬ જીવાજીવ-વિભક્તિ-સાધુ ગુણ સેવવામાં જીવાજીવનું સ્વરૂપ જાણવું આવશ્યક છે. તેથી જીવ અને અજીવ, તેના પ્રકાર વગેરે સમજાવ્યું છે.

૮૬. શ્રી ભદ્રબાહુ સ્વામિ આ પરની નિર્યુક્તિમાં જણાવે છેકે આનાં ૩૬ અધ્યયનમાં કેટલાંક અંગમાંથી **પ્રભવેલા**, કેટલાક જિનભાષિત, કેટલાક પ્રત્યેકબુદ્ધ સંવાદરૂપ છે (ગાથા-૪). તે પર આ. **શાં**તિસૂરિ ટીકા કરતાં જણાવે છે કે અંગ એટલે દૃષ્ટિવાદ આદિમાંથી ઉત્પન્ન થયેલ જેવાં કે પરીષહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધ્યયન (૨જું), જિનભાષિત જેવું કે દ્રુમપુષ્પિકા (દ્રુમપત્રક) અધ્ય. (૧૦મું) કે જે કેવલજ્ઞાન થયા પછી શ્રી ભ. મહાવીરે પ્રણીત કરેલું છે, પ્રત્યેકબુદ્ધમાંથી ઉત્પન્ન થયેલ તે કાપિલીય અધ્ય. (૮મું) છે ને સંવાદરૂપ તે કેશિગૌતમીય (૨૩મું અધ્ય.) છે.

૮૭. કવચિત્ એમ પણ કહેવાય છે કે ' તે અર્થથી શ્રી વર્ધમાનસ્વામીએ પોતાના અવસાન સમયે સોળ પહોરની દેશના આપી તે વખેતે પ્રરૂપ્યાં છે. તે દેશનામાં પ્રભુએ ૫૫ અધ્યયનો પુણ્યફળ વિપાકનાં અને ૫૫ અધ્યયન પાપફળ વિપાકનાં કહ્યાં છે. ત્યાર પછી પૂછ્યા વિના ઉત્તરાધ્યયનનાં ૩૬ અધ્યયનો પ્રકાશ્યાં છે તેથી તે અપૃષ્ટ વ્યાકરણ કહેવાય છે. છેવટ મરૂદેવા માતાનું પ્રધાન નામનું અધ્યયન પ્રરૂપતાં અંતર્મુહૂર્ત્તનું શૈલેશીકરણ કરી પ્રભુ મોક્ષ પદ પામ્યા છે' (જુઓ પ્રસ્તાવના જૈન ધર્મ પ્રસારક સભાએ સં ૧૯૮૧ માં ગૂજરાતી ભાષાંતર સહિત પ્રકટ કરેલ ઉત્તરાધ્યયન સૂત્ર) જ્યારે શ્રી **આત્મારામજી** શ્રી વીરના અવસાન સમયની દેશનામાં આ પ્રકાશાયાં એ વાત સ્વીકારતા નથી (જુઓ જૈનધર્મવિષયક પ્રશ્નોત્તર.)

૮૮. આ સૂત્ર વાંચતાં બૌદ્ધનું **સુત્ત નિપાત** યાદ આવે છે. આનાં કાવ્યોનાં સમાંતર બૌદ્ધ સાહિત્ય (**ધમ્મપદાદિ**)માં મળશે.

૮૯. ચોથા મૂલસૂત્રમાં બે નામે **પિંડનિર્યુક્તિ** અને **ઓઘનિર્યુક્તિ** પૈકી ગમે તે ગણાય છેઃ-૪ ક-પિંડનિર્યુક્તિ આ[૬૧] સંબંધમાં જણાવવાનું કે દશવૈકાલિક સૂત્રમાં પાંચમું અધ્યયન પિંડૈષણા છે. દશવૈકાલિક પર **ભદ્રબાહુ**સ્વામિએ નિર્યુક્તિ રચી છે, તેના ઉક્ત પાંચમાં અધ્યયન પર નિર્યુક્તિ રચતાં તે ઘણી મોટી થઈ તેથી તેને અલગ કરી પિંડનિર્યુક્તિ તેમણે રચી છે. આમાં પિંડ એટલે આહાર તે સંબંધી વર્ણન છે. તેમાં પિંડનિરૂપણ, ઉદ્ગમ દોષો, ઉત્પાદન દોષો, એષણા દોષો, અને ગ્રાસૈષણાના દોષો નિરૂપ્યા છે.

૯૦. જ્યારે ૪ ખ-**ઓઘનિર્યુક્તિ**-ઓઘ એટલે સામાન્ય-સાધારણ, સૂક્ષ્મ-વિશેષ વિગતમાં ઉતર્યા સિવાયની નિર્યુક્તિ,-માં ચરણસત્તરી કરણસત્તરી, પ્રતિલેખન, આદિ દ્વારોઃ- પ્રતિલેખન દ્વાર, પિંડદ્વાર, ઉપધિનિરૂપણ, અનાયતનવર્જન, પ્રતિષેવણાદ્વાર, આલોચનાદ્વાર, અને વિશુદ્ધિદ્વાર છે. આમાં ચરણ કરણનું મુખ્યપણે સ્વરૂપ છે.[૬૨]

૯૧. નંદી સૂત્ર- તે [૬૩]**દેવ**વાચક કૃત છે. તેમાં તીર્થંકર ગણધરાદિની આવલિકા, પર્ષદો, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનું સ્વરૂપ બતાવ્યુ છે.

---

૬૧. પિંડનિર્યુક્તિ-મલયગિરિની ટીકા સહિત મુદ્રિત દે. લા. નં. ૪૪ જુઓ વેબર ઈ.એ વૉ. ૨૧ પૃ. ૩૬૯.

૬૨. ઓઘનિર્યુક્તિ-દ્રોણાચાર્યની ટીકા સહિત મુદ્રિત આ. સ. નં. ૧૭; વે. નં. ૧૪૨૨ જુઓ વેબર ઈ.એ.વૉ.૨૧ પૃ ૩૭૦.

૬૩. નંદીસૂત્ર-મલયગિરિની ટીકા સહિત મુદ્રિત આ. સ. નં. ૧૬ અને તે પરની ચૂર્ણિ તથા હરિભદ્રસૂરિકૃત વૃત્તિ સહિત ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થા, રતલામ તરફથી સં. ૧૯૮૪માં પ્રસિદ્ધ થયેલ છે. (વે.નં.૧૪૮૨-૩) જુઓ વેબર ઈ. એ. વૉ. ૨૧ પૃ ૨૯૩-૩૦૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૨. અનુયોગદ્વાર-તે[૬૪] **આર્ય**રક્ષિતસૂરિકૃત છે તેમાં આવશ્યક શ્રુતસ્કંધના નિક્ષેપો, ઉપક્રમાધિકાર, આનુપૂર્વી, દશ નામ અધિકાર, પ્રમાણદ્વાર અધિકાર, નિક્ષેપ અધિકાર, અનુગમ અધિકાર, અને નયનો અધિકાર છે. આમાં નવ રસ, કાવ્યશાસ્ત્ર માટેની કેટલીક હકીકતો, ભારત રામાયણ કૌટિલ્ય ઘોટકમુખ આદિના ઉલ્લેખો પણ છે.

૬૪. **અ**નુયોગદ્વારસૂત્ર-મલધારી **હે**મચંદ્રસૂરિની ટીકા સહિત કલકત્તા સન-૧૮૮૦ અને મુંબઈમાં દે. લા. નં.૩૧ અને ૩૭ માં સન ૧૯૧૫-૧૬મા પ્રસિદ્ધ થયેલ છે. અને **હ**રિભદ્રસૂરિકૃત વૃત્તિ સહિત રતલામની ઉપર સહિતની સંસ્થા તરફથી સં. ૧૯૮૪માં પ્રકટ થયેલ છે. વે. નં ૧૩૮૮ જુઓ વેબર ઇં .એ. વૉ. ૨૧ પૃ ૩૦૧-૩૦૯. **નન્દી, અનુયોગદ્વાર આવશ્યક, ઓ**ઘનિર્યુક્તિ, **દ**શવૈકાલિક, **પિં**ડનિર્યુક્તિ, **ઉ**ત્તરાધ્યયન, એ સૂત્રોની સૂત્રગાથા, નિર્યુક્તિ, મૂલભાષ્યના અક્ષરાદિક્રમે, અંક શુદ્ધિ અને લઘુ તથા મોટો વિષયાનુક્રમ આ. સમિતિ નં ૫૫ માં મુદ્રિત થયેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रणम्यात्मगुरुंस्तान् घनसारशलाकयेव यद्वाचा ।
अज्ञानतिमिरपूरितमुद्घटितमांतरं चक्षुः ॥ -तिलकाचार्यकृत जीतकल्प वृत्ति.

-ઘનસાર (બરાસ, ઉત્તમ સાર) વાળી સળીના જેવી જેમની વાણીથી અજ્ઞાન તિમિરથી પૂરાયેલું આંતર ચક્ષુ ઉઘડ્યું છે એવા સ્વગુરુને પ્રણામ કરું છું.

'जडमतिरपि गुरुचरणोपास्ति समुद्भूतविपूलमतिविभवः ।
समयानुसारतोऽहं विदधे'पवित्र श्रुतवाङ्मयसारम् ॥

-(શ્રી મલયગિરિસૂરિની પ્રજ્ઞાપનાસૂત્રવૃત્તિની આદિમાંના શબ્દોમાં) હું જડમતિ છું છતાં પણ ગુરુચરણો પાસનાથી ઉદ્ભવેલ કંઈક વિશેષ મતિથી હું સમયાનુસાર પવિત્ર શ્રુત સાહિત્યનો સાર લખું છું.

'अर्हत्प्रोक्तं गणधरदृब्धं प्रत्येकबुद्धदृब्धं च ।
स्थविरग्रथितं च तथा प्रमाणभूतं त्रिधा सूत्रम्' ॥

-અર્હત્ નું કહેલું તે ગણધરે ગૂંથેલું, પ્રત્યેકબુદ્ધે ગૂંથેલું તથા સ્થવિરે ગૂંથેલુ એમ ત્રણે પ્રકારનું પ્રમાણભૂત સૂત્ર છે.

यदुक्तमर्थतोऽर्हद्भिः संदृब्धं सूत्रतश्च यत् ।
महाधीभिर्गणधरैस्तत् स्यादंगात्मकं श्रुतम् ॥

ततो गणधराणां यत् पारम्पर्याप्तवाङ्मयैः ।
शिष्यप्रशिष्यैराचार्यैः प्राज्यवाङ्मतिशक्तिभिः ॥

कालसंहननायुर्दोषादल्पशक्तिधीस्पृशाम् ।
अनुग्रहाय संदृब्धं तदनंगात्मकं श्रुतम् ॥

सृष्टान्यज्ञोपकाराय तेभ्योऽप्यर्वाक्तनर्षिभिः ।
शास्त्रैकदेशसंबद्धान्येवं प्रकरणान्यपि ॥ -विनयविजय-**लोकप्रकाश** द्रव्यलोक श्लोक ७९६-८००.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- કહ્યું છે કે શ્રી અર્હતોએ અર્થથી અને મહાબુદ્ધિવાન્ ગણધરોએ સૂત્રથી ગૂંથેલું જે શ્રુત તે 'અંગ' રૂપ શ્રુત.

તે પછી ગણધરોના પંરપરાથી વાઙ્મયને પામેલા અને પ્રકૃષ્ટ વાણી, મતિ અને શક્તિવાળા શિષ્ય પ્રશિષ્ય આચાર્યોએ કાલ સંહનન આયુષ્યના દોષથી અલ્પ બુદ્ધિવાળાના અનુગ્રહને માટે ગૂંથેલું જે શ્રુત તે અનંગાત્મક શ્રુત.

તેમના કરતાં વધારે સાંપ્રત ઋષિઓએ અજ્ઞજનોના ઉપકાર માટે શાસ્ત્રના એકદેશથી સંબદ્ધ થયેલા પ્રકરણો પણ રચ્યાં.

છ છેદ સૂત્રો

૯૩. કુલ છ છેદ સૂત્ર છેઃ-૧ **નિશીથ**-(લઘુનિશીથ), ૨ **બૃહત્કલ્પ,** ૩ **વ્યવહાર** ૪ **દશાશ્રુતસ્કંધ,** ૫ **પંચકલ્પ** અને ૬ **મહાનિશીથ.** આ પૈકી નિશીથ, પંચકલ્પ ને મહાનિશીથ ગણધરકૃત છે. અને બૃહત્કલ્પ, વ્યવહાર અને દશાશ્રુતસ્કંધ એ ત્રણના કર્તા **ભદ્રબાહુસ્વામી** છે, તેમાં પંચકલ્પ નામનું છેદસૂત્ર વિચ્છિન્ન થયું છે, પરંતુ તે પર **સં**ઘદાસગણિનુ ભાષ્ય ઉપલબ્ધ છે(પી.૧, ૧૦૩). આ છેદસૂત્રો પર નિર્યુક્તિ કે ભાષ્ય, બૃહત્ભાષ્ય, ચૂર્ણિ, અવિચૂરિ અનેક ટિપ્પનાદિ ભિન્ન ભિન્ન આચાર્યોએ રચ્યાં છે.

૯૪. આ છ છેદોમાં પ્રાયઃ સાધુ સાધ્વીઓના આચાર, ગોચરી, ભિક્ષા, કલ્પ, ક્રિયા, અને સામાન્ય નિયમમાર્ગોનું પ્રતિપાદન કર્યું છે. તેની સાથે સાથે દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ ઉત્સર્ગ અપવાદાદિ માર્ગોનું પણ સમયાનુસાર નિરૂપણ કર્યું છે. સામાન્ય રીતે આ છેદસૂત્રો 'અપવાદ માર્ગ'ના સૂત્રો ગણાય છે. આમાં જોકે વિશેષતાથી-ખાસ કરીને સાધુઓના આચારનું પ્રતિપાદન છે છતાં ક્વચિત્ ક્વચિત્ શ્રાવકના આચાર સંબંધી પણ તેમાં વક્તવ્ય છેઃ જેવા કે શ્રાવકોની ૧૧ પ્રતિમા (વ્રતવિશેષ)નો વિસ્તાર તથા ગુરુની ૩૩ આશાતના ટાળવી, અને કોઇ આચાર્ય પદવી-દાનને યોગ્ય ન હોય તો તે પદવી છોડાવવી તથા આલોચના કરવી વગેરે આચાર પણ છેદ સૂત્રોમાં છે.[૬૫]

૯૫. વિન્ટરનિટ્ઝ કહે છે કે 'આ છેદસૂત્રોમાં ખરી ઉપયોગી વાત [Kennel] ત્રીજાથી પાંચમા છેદસૂત્રોમાં છે કે જે સૂત્રમાં ઘણા પ્રાચીન છે. આ ત્રણેને એકત્રિત તરીકે 'દસા-કપ્પ-વવહાર' કહેવામાં આવે છે. છેદ સૂત્રોમાં કેટલીક દંતકથાઓ સાથે સાથે, બૌદ્ધોના **વિનયપિટકમાં**થી જે જાણીએ છીએ તે પ્રમાણે સાધુ સાધ્વીના આચાર, તેમને માટે પ્રાયશ્ચિત્તની આજ્ઞાઓ છે-ટુંકમાં સાધુસંઘનો આખો નિયમન ગ્રંથ છે.'

---

૬૫ પ્રો. **શુ**બ્રિંગે આ પૈકી **બૃ**હત્કલ્પ સન ૧૯૦૫માં, **વ્ય**વહાર અને **નિ**શીથ સૂત્રો સન ૧૯૧૮મા સંશોધિત કરેલાં લિપઝિગ્મમાં છપાયાં છે ને એ ત્રણે મૂળ એક સાથે 'જૈન સાહિત્ય સંશોધક સમિતિ' તરફથી મુદ્રિત થઈ પ્રગટ થયાં છે અને બૃહત્કલ્પ સૂત્ર, **દ**શાશ્રુતસ્કંધ સૂત્ર, વ્યવહારસૂત્ર, અને (લઘુ) નિશીથ સૂત્રનો સંક્ષિપ્ત સાર હિંદીમાં **જ્ઞા**નસુંદરજી કૃત શીઘ્રબોધ ભાગ ૧૯ થી ૨૨ મા પ્રકટ થઈ ગયો છે, વ્યવહાર સૂત્ર (વે. ને. ૧૫૨૧) ભાષ્ય તેમજ **મ**લયગિરિની ટીકા સહિત પ્રસિદ્ધ થયેલ છે. (પ્ર. માણેકમુનિ હસ્તે વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી અમદાવાદ) નિશીથ સૂત્ર માટે જુઓ વે. ન. ૧૪૮૭ છ છેદ સૂત્રો માટે જુઓ વેબર ઈ. એ. વૉ. ૨૧ પૃ. ૧૭૮ થી ૧૮૫ અને ૨૧૦ થી ૨૧૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૬. પહેલું છેદસૂત્ર-૧ **નિશીથ** સૂત્ર-આચારાંગ આદિ સૂત્રોમાં મુનિઓના આચારનું નિરૂપણ છે તે આચારથી પતિત થનારા માટે લઘુનિશીથસૂત્રમાં આલોચના લઈ પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થવાનું બતાવ્યું છે. સ્ખલના કરનાર મુનિઓને શિક્ષારૂપે નિશીથસૂત્ર છે એને પ્રમાદાદિથી ઉન્માર્ગે ગયેલાને સન્માર્ગ પર તે લાવે છે. પ્રાયશ્ચિત્તની મતલબ એ છે કે અજાણપણે એકવાર જે અકૃત્યનું સેવન થયું હોય તેની આલોચના કરી શુદ્ધ થવું ને બીજી વખત તેનું સેવન ન કરવું. એમાં ધર્મનિયમોનો ખજાનો છે.

૯૭. આ સૂત્રમાં ૨૦ ઉદ્દેશક છે. પહેલામાં લગભગ ૬૦ બોલ છે તેવું સાધું કરે, કરાવે યા અનુમોદે તેને માસિક પ્રાયશ્ચિત્ત આવે. બીજામા પણ લગભગ ૬૦ બોલ છે; ત્રીજામાં ૮૦ લગભગ બોલ છે. ચોથામાં સો ઉપરાંત બોલ છે, પાંચમામાં લગભગ ૮૦ છે. તે કરતાં કરાવતાં કે અનુમોદતાં લઘુ માસિક પ્રાયશ્ચિત્ત આવે; છઠ્ઠાથી ઓગણીસમા સુધીમાં ૭૭, ૯૧, ૧૭, ૨૮, ૪૭, ૯૨, ૩૦, ૬૦, ૪૫, ૧૫૪, ૫૦, ૧૫૧, ૬૪, ૩૬, બોલ છે. તે કરતાં કરાવતાં કે અનુમોદતાં ચાતુમાર્સિક પ્રાયશ્ચિત્ત આવે, ૨૦માં ઉદ્દેશકમાં આલોચના પૂર્વકનાં પ્રાયશ્ચિત્તો માસિક, લઘુમાસિક, ચર્તુમાસિક આદિ પ્રાયશ્ચિત્તો તેની વિધિ બતાવી છે.

૯૮. બીજું છેદસૂત્ર-૨ **(બૃહત્) કલ્પસૂત્ર**-માં છ ઉદ્દેશક છે. તે મુખ્ય સાધુ સાધ્વીઓનો આચાર કલ્પ છે. જે કર્મહેતુના હેતું અને સંયમને બાધક પદાર્થ, સ્થિતિ વગેરે છે, તેનો નિષેધ કરતાં શાસ્ત્રકારે 'ન કપ્પઈ' એટલે ન કલ્પે-ન ખપે, એને જે સંયમને સાધક છે તે 'કપ્પઈ' અર્થાત્ કલ્પે ખપે ,એમ બે પ્રકારે કહી આમાં તેવા પદાર્થ, સ્થાન, વસ્ત્ર, પાત્ર, આદિ જણાવ્યાં છે. વળી અમુક અકાર્ય માટે કયું પ્રાયશ્ચિત્ત દશ પ્રાયશ્ચિત્તમાંથી આપવું તે, અને કલ્પના છ પ્રકાર વગેરે જણાવેલ છે.

૯૯. વિન્ટરનિટ્ઝ કહે છે કેઃ- આ જૂનું પ્રમાણભૂત કલ્પસૂત્ર છે કે જે બૃહત્ કલ્પસૂત્ર કે બૃહત્ સાધુ કલ્પસૂત્ર કહેવાય છે. તે સાધ્વાચારનો મુખ્ય ગ્રંથ છે તેની આવશ્યક પૂર્તિ રૂપે વ્યવહારસૂત્ર છે. આ કલ્પસૂત્રમાં શિક્ષાના પ્રસંગો છે, ને વ્યવહારસૂત્રમાં અમુક અમુક શિક્ષા અમુક અમુક સ્ખલન માટે બતાવવામાં આવી છે. સમયમાં નિશીથ સૂત્ર આના પછીનું છે.

૧૦૦. ત્રીજું છેદસૂત્ર-૩ **વ્યવહારસૂત્ર**-માં દશ ઉદ્દેશક છે. પહેલામાં આચારથી પતિત થાનારા મુનિઓએ આલોચના (Confession) કરવી ઘટે તો આલોચના સાંભળનાર અને આલોચના કરનાર મુનિ કેવા હોવા જોઈએ, અને આલોચના કેવા ભાવથી કરવી જોઈએ,અને તેને કેટલું પ્રાયશ્ચિત્ત દેવું એ છે. બીજામાં એક કરતાં વધુ સાધુ વિહાર કરે તેમાં એક યા વધુ દોષ કરે તો અન્યે શું કરવું એ વગેરે જણાવ્યું છે. ત્રીજામાં સાધુઓને સાથે લઈ તેના ગણી-મુખી બનવામાં શું ગુણો જ્ઞાનચારિત્રાદિ જોઈએ તે, ને કોને આર્ચાય ઉપાધ્યાયાદિ સાત પદવી આપવી ન આપવી ઘટે તે બતાવ્યું છે. ચોથામાં કેટલા સાધુ સહિત કેવી રીતે વિહાર કે ચાર્તુમાસ-સ્થિતિ કરવી ઘટે તે છે. પાંચમામાં સાધ્વીઓની પદવીઓ ધારણ કરનારી પ્રવર્ત્તિની આદિએ કેવી રીતે વિહાર કે ચાર્તુમાસસ્થિતિ કરવી ઘટે વગેરે દર્શાવ્યું છે. છઠ્ઠામાં ગોચરી-ભિક્ષા, સ્થંડિલ, વસતિ ક્યાં અને કેમ કરવી ઘટે યા ન ઘટે તે , તેમજ અમુક સ્ખલના માટેનાં પ્રાયશ્ચિત્ત જણાવે છે. સાતમામાં બીજા સમવાયમાંથી આવેલ સાધ્વી માટે શું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવું, તેમજ સાધ્વીઓ માટેના નિયમ, સ્વાધ્યાય, પદવીદાન, ગૃહસ્થાદિની આજ્ઞા લઈ અમુક સંજોગોમાં વર્તવું વગેરે છે. આઠમામાં ગૃહસ્થના મકાનનો કેટલો ભાગ વાપરવો તેમને ત્યાંથી પાટ પાટલા કેવી રીતે લઈ આવવાં, પાત્રાદિ ઉપકરણો કેટલાં ખપે, ભોજન કેટલું કરવું તે બતાવ્યું છે. નવમામાં શય્યાતર (મકાન વાપરવા દેનાર)નો અધિકાર છે. તેનું કેવું મકાન વાપરવું ન વાપરવું, ભિક્ષુ પ્રતિમાઓમાં કેવું વર્તન આરાધક થાય વગેરે જણાવ્યું છે. દશમામાં બે પ્રકારની પ્રતિમા (અભિગ્રહ) બે જાતના પરિષહ, પાંચપ્રકારના વ્યવહાર, ૪ જાતનાં પુરુષ (સાધુ) જુદી જુદી રીતે, ૪ જાતના આચાર્યને શિષ્ય, સ્થવિરની તથા શિષ્યની ત્રણ ત્રણ ભૂમિકાઓ, અમુક અમુક આગમો ક્યારે શીખવવાં વગેરે નિરૂપ્યું છે.

૧૦૧. ચોથું છેદસૂત્ર-૪ **દશાશ્રુતસ્કંધ**-માં દશ અધ્યયન છે. પહેલામાં પુરુષ પોતાની પ્રકૃતિથી પ્રતિકૂલ આચરણ કરવાથી અસમાધિનું કારણ થાય છે, તે પ્રમાણે મુનિ પોતાના સંયમથી પ્રતિકૂલ આચરણ કરવાથી સંયમમાં અસમાધિ મેળવે છે, તેથી અસમાધિનાં ૨૦ સ્થાન, બીજામાં સબલ પ્રહાર થાય તો અશક્તિ આવે છે તેમ સાધુને ચારિત્રમાં અશક્તિ લાવનાર ૨૧ સબલ દોષ, ત્રીજામાં ગુરુની ૩૩ અશાતના, ચોથામાં આચાર્યની આઠ સંપદાને તેના ભેદ, શિષ્યના માટે ચાર પ્રકારના વિનયની પ્રવૃત્તિ અને તેના દરેકના ભેદ, પાંચમામાં ચિત્તસમાધિનાં દશ સ્થાન, છઠ્ઠામાં શ્રાવકની ૧૧ પ્રતિમાનું વિવરણ, સાતમામાં ભિક્ષુપ્રતિમા જણાવેલ છે. આઠમું વીર પ્રભુના ચ્યવન, જન્મ, સંહરણ, દીક્ષા, કેવલજ્ઞાન, ને મોક્ષ ક્યારે થયા તે સંબંધીનું પર્યુષણાકલ્પ છે કે જે પર્યુષણ વખતે સાધુઓ હાલ વ્યાખ્યાનમાં વાંચે છે, ને તેનું ટુંકુ નામ **કલ્પસૂત્ર** છે તે આ દશાશ્રુતસ્કંધનું ૮મું અધ્યયન છે; (આ માટે હવે પછી આગળ જુઓ) નવમામાં મહામોહનીય કર્મબંધના ૩૦ સ્થાન, અને દશમામાં નવ નિદાનો (નિયાણાં) જણાવ્યાં છે. (પાંચમું છેદસૂત્ર પંચકલ્પ હાલ મૂળ રૂપે ઉપલબ્ધ નથી, તેથી) હવે છઠ્ઠું છેદસૂત્ર કહીશું.

૧૦૨. છઠ્ઠું છેદસૂત્ર-૬ **મહાનિશીથ**-આ મૂળ નષ્ટ થયું હતું અને તેનો ઉદ્ધાર **હરિભદ્રસૂરિ** એ કર્યો હતો.[૬૬] 'તેમાં આલોચના અને પ્રાયશ્ચિત્ત છે. કર્મનો સિદ્ધાંત વ્રતભંગથી ને ખાસ કરીને ચોથા બ્રહ્મચર્યવ્રતના ભંગથી કેટલાં દુઃખ પડે છે તે બતાવી સિદ્ધ કર્યો છે. સારા નઠારા સાધુઓના આચાર સંબંધી કહેલું છે તેમજ **કમલપ્રભ** આદિની કથાઓ છે. તેમાં તાંત્રિક કથનો, આગમ નહિં એવા ગ્રંથો વગેરેનો ઉલ્લેખ છે તેથી તે, પછીનો ગ્રંથ હોય તેમ જણાય છે, એમ વિન્ટરનીટ્ઝ જણાવે છે. આ સૂત્ર હજુ પ્રસિદ્ધ થયું નથી. {*લા.દ. વિદ્યામંદિર વગેરેથી પ્રસિદ્ધ થયું છે.*}

દશ પ્રકીર્ણક (પયન્ના)

૧૦૩. પયન્ના આ છૂટાં પ્રકીર્ણ ગ્રંથો છે. તે વેદનાં પરિશિષ્ટોને (રચનાપદ્ધતિમાં) મળતાં આવે છે. તે પદ્યબંધ છે.

૧૦૪-૧૧૩. ૧. ચતુઃશરણ-ચારનું શરણ લેવાથી દુષ્કૃતની નિન્દા અને સુકૃતની અનુમોદના થાય છે. ને તે શરણ કુશલહેતુ છે. તે ચાર શરણ એટલે ૧ અર્હતો ૨ સિદ્ધો ૩ સાધુઓ અને ૪ ધર્મ એમ ચારનું શરણ. તે સ્વરૂપ પણ બતાવ્યું છે. કુલ ૬૩ ગાથા છે. આનું બીજું નામ કુશલાનુબંધિ છે.

૬૬. **જૈન ગ્રંથાવલી** પૃ.૧૭ ની ફુટનોટ આ સંબંધીની જુઓ. તથા મહાનિશીથનો અંત ભાગ જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨ **આતુરપ્રત્યાખ્યાન**-બાલમરણ, બાલપંડિતમરણ, અને પંડિતમરણ કોને થાય છે તે સમજાવ્યું છે. પછી પંડિતે આતુર-રોગાવસ્થામાં શેનાં શેનાં પ્રત્યાખ્યાન લેવાં-શું શું વોસિરાવવું-તજવું, શું શું ભાવના ભાવવી, સર્વ જીવને ખમાવવા, વગેરે તેમજ ઉત્તમ મરણ કેવી રીતે થાય તે સમજાવ્યું છે.

૩ **ભક્તપરિજ્ઞા**- અભ્યુદ્યત મરણથી આરાધના થાય છે. તે મરણ ભક્તપરિજ્ઞા, ઇંગિની અને પાદપોપગમન એમ ત્રણ પ્રકારનું છે. ભક્તપરિજ્ઞા-મરણ, સવિચારને અવિચાર એમ બે પ્રકારનું છે. સંસારની નિર્ગુણતા પિછાની પશ્ચાત્તાપપૂર્વક સર્વદોષ તજી આલોચના લઇ મેં સંસારમાં ઘણું ભોગવ્યું વગેરેનાં વિચાર કરવાપૂર્વક ભક્તપરિજ્ઞા મરણની-અનશનની વિધિ ને ભાવના આચરવાનું આમાં જણાવ્યું છે. આમાં ૧૭૨ ગાથા છે.

૪ **સંસ્તારક** - મરણ થયા પહેલાં સંથારો કરવામાં આવે છે તેના મહિમાનું આમાં કથન છે. એક સ્થળે - એક જ આસન રાખી - તે સંસ્તારક પર રહી અનશન લેવામાં આવે છે. તેનાં દ્રષ્ટાંતો આપેલ છે. આમાં ૧૨૩ ગાથા છે.

૫ **તંદુલવૈચારિક** - એકસો વર્ષના આયુષ્યવાળો પુરુષ પ્રતિદિન તંદુલ-ભાત ખાય તેની સંખ્યાના વિચારના ઉપલક્ષણથી આ નામ પડેલું છે. જેટલા દિવસો જેટલી રાત્રી જેટલા મુહૂર્ત્તો જેટલા ઉશ્વાસ ગર્ભમાં વસતા જીવોના થાય તે કહી તેની આહારવિધિ, ગર્ભાવસ્થા, શરીરોત્પાદહેતુ, જોડકા વર્ણન, સંહનન સંસ્થાન તન્દુલગણના વગેરે જણાવેલ છે. ગાથા ૧૩૯ ને થોડું ગદ્ય છે. *{કુલ ૧૭૭}*

૬ **ચંદ્રવેધ્યક** - રાધાવેધનું વર્ણન છે. રાધાવેધના ઉદાહરણથી આત્માએ કેવું એકાગ્ર ધ્યાન કરવું જોઈએ. તે બતાવી તેથી મોક્ષ પ્રાપ્ત થાય એમ કહ્યું છે. આ અપ્રકટ છે. *{બાબૂ ધનપતસિંહ, હર્ષપુષ્પામૃત ગ્રંથમાળા, કેશરબાઈ જ્ઞાનમંદિર પાટણથી સંસ્કૃતમાં અને આગમ સંસ્થાન ઉદયપુર (હિન્દી અનુવાદ સાથે) વગેરે દ્વારા પ્રગટ થયેલ છે.}*

૭ **દેવેન્દ્રસ્તવ** - વીરપ્રભુની દેવેન્દ્ર આવી સ્તુતિ કરે છે તો તે દેવેન્દ્ર ૩૨ છે ને તે ૩૨નું સ્વરૂપ, ને તેના પેટામાં દેવતાઓ, ચંદ્રસૂર્ય ગ્રહ નક્ષત્રાદિનાં નામ, વાસ, સ્થિતિ, ભવન પરિગ્રહ વગેરે કથન છે : ગાથા ૩૦૭ છે.

દશ પયન્નાના વિષયો.

૮ **ગણિવિદ્યા** - તેમાં જ્યોતિષનું કથન છે. તેમાં બલાબલ- વિધિ, નવ બલ નામે દિવસ, તિથિ, નક્ષત્ર, કરણ, ગ્રહદિવસ, મુહૂર્ત્ત, શકુન, લગ્ન, અને નિમિત્તનાં બલ. એ દરેકમાં અમુકમાં શું શું કરવું ઘટે એ બતાવ્યું છે. ૮૨ ગાથા છે.

૯ **મહાપ્રત્યાખ્યાન** - મોટા પ્રત્યાખ્યાન કરવાનું સ્વરૂપ છે. જે જે પાપો-દોષો થયા હોય તે સંભારી સંભારી તેનો ત્યાગ કરવો - ભાવશલ્ય કાઢી નાંખવું, પંડિતમરણ માટે સમાધિ થાય તેવી આત્મસ્થિતિ જાગ્રત કરી સર્વ અસત્-પ્રવૃત્તિને તજવી, દુઃખમય સંસાર પ્રત્યે વિરાગ રાખવો વગેરે સ્વરૂપ બતાવ્યું છે. ૧૪૨ ગાથા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦. **વીરસ્તવ** - આમાં શ્રી વીરપ્રભુની સ્તુતિ હોવી જોઈએ. અપ્રકટ છે. *{૪૩ ગાથાત્મક આ પ્રકીર્ણકમાં વીર પ્રભુના ૨૬ નામો દ્વારા સ્તુતિ છે. હર્ષપુષ્પામૃતગ્રન્થમાલા, મહાવીર વિદ્યાલય અને આગમ સંસ્થાન ઉદયપુર દ્વારા (હિંદી અનુવાદ સાથે પ્રગટ છે.)}*

૧૧૪. કોઈ આ દશ પયન્નામાં[૬૭] દેવેન્દ્રસ્તવ ને વીરસ્તવ બે એકઠાં મૂકે છે, અને સંસ્તારકને ગણતા નથી તેથી તેને બદલે મરણસમાધિ અને ગચ્છાચાર પયન્ના જણાવે છે. (આત્મારામજી કૃત જૈન ધર્મવિષયિક પ્રશ્નોત્તર). આ બંને હવે પછી જણાવેલ ૨૦ પયન્નામાં ગણાવ્યા છે.

૧૧૫. ગચ્છાચાર - આમાં ગચ્છનું સ્વરૂપ છે. સારો ગચ્છ સારા આચાર્યથી થાય છે. તે આચાર્યનાં લક્ષણો, શિષ્યની દશા, ગચ્છનાં લક્ષણો ને તેનું સ્વરૂપ બતાવી શિષ્યે સુગુણ ગચ્છમાં ગુર્વાજ્ઞાપૂર્વક નિવાસ કરવો ઘટે તે સમજાવ્યું છે. ગાથા ૧૩૭ છે. ગચ્છ એટલે સાધુસમુદાય. આમાં મુખ્ય ત્રણ અધિકારઃ આચાર્ય સ્વરૂપનિરૂપણ (ગા. ૪૦ સુધી), સાધુ સ્વરૂપનિરૂપણ અધિકાર (૧૦૬ ગાથા સુધી) અને સાધ્વીસ્વરૂપ અધિકાર (૧૩૪ ગાથા સુધી) છે. છેવટે આ પ્રકીર્ણક મહાનિશીથ, કલ્પ (બૃહત્કલ્પ) અને વ્યવહાર (એ છેદ સૂત્રો) માંથી સમુદ્ધૃત કર્યું છે એમ જણાવ્યું છે.

૧૧૬. મરણસમાધિ-તેમાં ગાથા ૬૬૩ છે. સમાધિથી મરણ કેમ થાય તે તેની વિધિપૂર્વક બતાવ્યું છે. આરાધના, આરાધક, અનારાધક, પરિકર્મથી અલોચના વગેરેનું સ્વરૂપ સૂરિગુણ, શલ્યોદ્ધાર, જ્ઞાનચારિત્રનો ઉદ્યમ, સંલેખનાવિધિ, કષાય પ્રમાદાદિ ત્યાગ, પ્રત્યાખ્યાન, પંડિતમરણ, અભ્યુદ્યતમરણ, ક્ષમાપના સંસ્તારક, અનિત્યાદિ ભાવના, મોક્ષ સુખની અપૂર્વતા, ધ્યાન વગેરે અનેક વિષયો છે. છેલ્લે જણાવ્યું છે કે આ મરણવિભક્તિ, મરણવિશુદ્ધિ, મરણસમાધિ, સંલેખનાશ્રુત, ભક્તપરિજ્ઞા, આતુરપ્રત્યાખ્યાન, અને આરાધના પ્રકીર્ણક એમ આઠ શ્રુતમાંથી આ મરણવિભક્તિ-મરણ સમાધિ રચેલી છે.

૧૧૭. આ રીતે ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૬ છેદસૂત્ર, ૪ મૂલસૂત્ર, બે સૂત્ર નામે **નંદી તથા અનુયોગદ્વાર**, અને દશ પયન્ના (પ્રકીર્ણક) એટલે કુલ મળી ૪૫ આગમ જૈન શ્વતાંમ્બર મૂર્તિપૂજકો[૬૮] માને છે. કોઈ હાલ મળી આવતાં સૂત્રોની ગણના ૮૪ની કરે છે તે કેવી રીતે કરે છે તે જોઈએ. જુઓ. પારા ૧૨૯.

---

૬૭. **દશ પયન્ના** - તે માટે જુઓ વેબર ઈ. એ. વૉ. ૨૧ પૃ. ૧૦૬ થી ૧૧૩, અને પૃ. ૧૭૭ થી ૧૭૮. આ. સમિતિ નં. ૪૫માં દશ પયન્ના પ્રસિદ્ધ થયા છે તેમાં ચતુઃશરણાદિ ઉપર જણાવેલા જે દશ છે તે પૈકી ચંદ્રવેધ્યક અને વીરસ્તવ સિવાયનાં આઠ અને ગચ્છાચાર તથા મરણ સમાધિ એ બે મળી દશ મૂકેલાં છે, અને સાથે સંસ્કૃત છાયા પણ આપી છે. ગચ્છાચાર પયન્ના તેના પરની **વા**નરર્ષિ = **વિ**જયવિમલકૃત નાની સંસ્કૃત ટીકા આ. સમિતિ નં. ૩૬માં, અને તે વાનરર્ષિની સં. બૃહદ્વૃત્તિ સહિત દયાવિમલ ગ્રંથમાલા નં. ૨૫ અમદાવાદમાં ગુજરાતી અનુવાદ સહિત પ્રગટ થયેલ છે, તેમજ જૈ. ધ. સભા તરફથી મૂલ અને ગુ. અનુવાદ પ્રકટ થયેલ છે, ઉક્ત વિજયવિમલ કૃત વૃત્તિ સાથે તંદુલવૈચારિક તથા અવચૂરિ સાથે ચતુઃશરણ બંને એક પુસ્તકમાં દે. લા. નં. ૫૯માં મુદ્રિત થયેલ છે. *{વિશેષ માટે જુઓ 'પ્રકીર્ણક સાહિત્ય એક અવલોકન' લે. ડો. અતુલકુમાર પ્રસાદસિંહ, શ્રમણ અંક ૧-૬ ઈ.સ. ૨૦૦૨.}*

૬૮. શ્વેતાંમ્બર અમૂર્ત્તિપૂજકો-સ્થાનકવાસી જૈનો તે પૈકીના ૩૨ અને તે વળી કેટલાક પાઠો રહિત તેમજ કેટલેક સ્થળે અર્થભેદથી માને છે તે આ છેઃ ૧૧ અંગ અને ૧૨ ઉપાંગ મળી ૨૩, ૨૪મું નિશીથ, ૨૫ બૃહત્કલ્પ, ૨૬ વ્યવહાર, ૨૭ દશાશ્રુતસૂત્ર, (એ ૨૪-૨૭ મળી ૪ છેદસૂત્ર), ૨૮ અનુયોગદ્વાર, ૨૯ નંદિસૂત્ર, ૩૦ દશવૈકાલિક, ૩૧ ઉત્તરાધ્યયન (એ ૨૮-૩૧ મળી ૪ મૂલસૂત્ર), ૩૨ આવશ્યક.

દિગંબરો તો આ શ્વેતાંબરોએ માનેલાં સૂત્રોને માનતા જ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧૮-૧૧૯. મૂળ આગમોના અંતર્ગતને જુદા ગણવામાં આવ્યાં છે તેને આપણે 'છુટક' કહીએ તે આઠ છેઃ-૧ **પર્યુષણાકલ્પ**[૬૯] (આર્યભદ્રબાહુ સ્વામિ કૃત દશાશ્રુતસ્કંધના આઠમા અધ્યયનરૂપે છે) તે અલગ પર્યુષણપર્વ પર વંચાય છે. ને તેને સામાન્ય રીતે 'કલ્પસૂત્ર' કહેવામાં આવે છે. તેનું પ્રમાણ ૧૨૦૦ શ્લોકથી કંઈક અધિક હોવાથી 'બારસાસૂત્ર' તરીકે પણ તેને ઓળખવામાં આવે છે. **વિન્ટરનિટ્ઝ** જણાવે છે કેઃ- 'આમા ત્રણ ભાગ છેઃ- ૧ જિનચરિત-તેમાં વધુ ભાગ શ્રી વર્ધમાન મહાવીરનું ચરિત્ર છે. અને તે બૌદ્ધનું **ललितविस्तर** યાદ આપે છે. ૨ થેરાવલિ- તેમાં સ્થવિરોની પરંપરા છે. આ **ભદ્રબાહુ** સ્વામિ કૃત હોઈ ન શકે કારણ કે તેમનાં પછીના સ્થવિરો તે છે. ઈ.સ. પહેલા સૈકાના મળી આવેલા શિલાલેખો બતાવે છે કે ઉક્ત થેરાવલિમાંનાં નામો કલ્પિત નહિ પણ ઐતિહાસિક છે. ૩ સમાચારી-આ કલ્પ ગ્રંથની તેના નામ પ્રમાણે મૂળ વસ્તુ જણાય છે. દંતકથા એવી છે કે **દેવર્દ્ધિગણિએ** જિનચરિત, થેરાવલી, ને સમાચારી કલ્પસૂત્રના મૂળ આગમમાં નહોતી તે ઉમેરી છે. આ દંતકથા આખી સાચી હોય' ૨ **જીતકલ્પસૂત્ર** આના કર્તા **જિનભદ્રગણિ** ક્ષમાશ્રમણ છે જીત એટલે આચાર અને તેનો કલ્પ એટલે વર્ણના અર્થાત્ આ જૈન શ્રમણોના આચારવિષયક છે તેમાં ૧૯ પ્રકારના પ્રાયશ્ચિત્તનું વિધાન કરવામાં આવ્યું છે. (નિશીથ છેદ સૂત્રમાં જીતકલ્પનું વિધાન છે. તેથી આ તેનું અંગ જ છે.) આ પ્રાયશ્ચિત્ત સંબંધી વિષય છેદ સૂત્રો અને બીજા ઘણા ગ્રંથોમાં ચર્ચવામાં આવ્યો છે. કેટલેક સ્થળે બહુ સંક્ષિપ્ત નહિ કે બહુ વિસ્તૃત નહીં એવી મધ્યમ રીતે સંકલના એ વિષયને સમજાવવા કરી હોય તેમ સંભવે છે.[૭૦]

૧૨૦-૧૨૫. ૩ **યતિજીતકલ્પ** અને ૪ **શ્રાદ્ધજીતકલ્પ**-આ બે અનુક્રમે **સોમપ્રભસૂરિ** અને **ધર્મઘોષસૂરિ**એ યતિઓ અને શ્રાવકના આચાર રૂપે સંકલિત કરેલ છે. *{सङ्घजियकप्पो-सटीक. सं. लाभसागर, प्र. आगमोद्धारक ग्रं.}* એ જીતકલ્પસૂત્રના પેટા સૂત્ર જેવા છે તેથી પરમાર્થે તે પણ છેદસૂત્ર છે. ૫ **પાક્ષિકસૂત્ર**-[૭૧] તેમાં પાક્ષિક દિવસે કરવાનાં પ્રતિક્રમણની વિગત આપી છે. પ્રતિક્રમણ એ આવશ્યકમાં ચોથું આવશ્યક છે તેથી આ આવશ્યકનું પેટા સૂત્ર છે. તેમા સાધુવ્રત ને શ્રુતનું કીર્ત્તન છે. ૬ **ક્ષામણાસૂત્ર**-આને પાક્ષિક ક્ષામણા સૂત્ર પણ કહે છે. એ સૂત્ર પાક્ષિક સૂત્રનાં પ્રાંતે આવતું હોવાથી તેની સાથે જ ગણાય છે. છતાં કોઈ કોઈ સ્થળે અલગ પણ ઉપલબ્ધ થાય છે. ૭ **વંદિત્તુંસૂત્ર**[૭૨] -તે શ્રાદ્ધ-પ્રતિક્રમણ છે તેના પહેલા શબ્દ 'વંદિત્તુ'થી વંદિત્તુસૂત્ર કહેવાય છે. ને તે શ્રાવકોનું પ્રતિક્રમણ હોવાથી આવશ્યક-સૂત્રનું પેટા સૂત્ર જ છે. ૮ **ઋષિભાષિત**-તેમાં ૪૫ અધ્યયન અથવા ભાષિત છે. આના પર

૬૯. આ **કલ્પ**સૂત્ર પ્રસ્તાવના સહિત સંશોધિત કરી ડૉ. Jocobi એ લિપ્ઝીગમાં સન ૧૮૭૯ માં પ્રકટ કર્યું ને અંગ્રેજી અનુવાદ સહિત S.B.E ના વૉ. ૨૨માં પ્રકટ કર્યું **ધ**ર્મસાગરની ટીકા સહિત, **વિ**નયવિજય, ને **લ**ક્ષ્મીવલ્લભની ટીકા સહિત પ્ર. જૈન આ. સભા. **વિ**નયવિજયની ટીકા સહિત પ્ર. દે.લા. નં. ૭. ૬૧ માં પ્રકટ થયેલ છે.

૭૦. મૂળ તથા તે પર **સિ**દ્ધસેન કૃત પ્રાકૃત બૃહચ્ચૂર્ણિ તેમજ શ્રી **ચં**દ્રસૂરિકૃત સંસ્કૃત વિષમપદ વ્યાખ્યા સમેત મુદ્રિત થયેલ છે. પ્ર. જૈન સાહિત્ય સંશોધક સમિતિ.*{जिनकल्प भाष्य सं. मुनि पुण्य वि. प्र. मोदी.}*

૭૧. **પા**ક્ષિકસૂત્ર-**ય**શોદેવસૂરિકૃત ટીકા સહિત પ્રસિદ્ધ દે. લા. નં. ૪; વે. નં. ૧૪૮૯ થી ૯૪

૭૨. **વં**દિત્તુસૂત્ર-**શ્રા**દ્ધ પ્રતિક્રમણપર જૂનામાં જૂની ટીકા તે સં. ૧૧૮૩ માં **વિ**જયસિંહસૂરીકૃત ચૂર્ણિ છે, (પી. પી, ૨૨), તે સૂત્ર પર **૨ત્ન**શેખરની ટીકા નામે **અ**ર્થદીપિકા દે. લા. નં. ૪૮માં પ્રકટ થઈ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભદ્રબાહુ સ્વામિએ રચેલી નિર્યુક્તિ હમણાં ઉપલબ્ધ થતી નથી. **સ્થા**નાંગના ૧૦મા સ્થાનમાં કહેલ છે તે **પ્ર**શ્નવ્યાકરણનું એક અધ્યયન હતું હાલમાં તેમાં તે નથી. **સમવાયાંગમાં** કહે છે કે તેમાં ૪૪ અધ્યયન-દેવલોકથી ચ્યુત ૪૪ ઋષિઓના અધિકાર હતા. હાલમાં ૪૫ અધ્યયન છે તે ભ. **નેમિનાથ**ના વખતના નારદાદિ ૨૦નાં, ભ. **પાર્શ્વ**નાથના વખતના ૧૫ના, અને ભ.મહાવીરના વખતના દશનાં છે. આ અધ્યયનો પ્રત્યેકબુદ્ધે કહેલાં છે.[૭૩]

૧૨૬. ઉપર ગણાવેલા ૧૦ પયન્ના (પ્રકીર્ણક) ઉપરાંત બીજા ૨૦ પયન્ના (પ્રકીર્ણક) મળે છે તેનાં નામ નીચે પ્રમાણે છે.

૧ **અજીવ કલ્પ,** ૨ **ગચ્છાચાર,** ૩ **મરણસમાધિ,** ૪ **સિદ્ધપ્રાભૃત,** ૫ **તીર્થોદ્ગાર,** ૬ **આરાધના-પતાકા,** ૭ **દ્વીપસાગર-પ્રજ્ઞપ્તિ,** ૮ **જ્યોતિષ્કરંડ** [૭૪] ૯ **અંગવિદ્યા**[૭૫] ૧૦ **તિથિપ્રકીર્ણક;,** ૧૧ **પિંડ વિશુદ્ધિ,** ૧૨ **સારાવલિ,** ૧૩ **પર્યન્તારાધના,** ૧૪ **જીવ વિભક્તિ,** ૧૫ **કવચ પ્રકરણ,** ૧૬ **યોનિપ્રાભૃત,** ૧૭ **અંગચૂલિયા,** ૧૮ **વગ્ગચૂલિયા,** ૧૯ **વૃદ્ધચતુઃશરણ,** ૨૦ **જંબૂપયન્ના.**

૧૨૭. આ ૨૦ પૈકી **ગ**ચ્છાચાર અને **મ**રણસમાધિ સંબંધી ઉપર કહેવાઈ ગયું છે. **જ્યો**તિષ્કરંડક એ સૂર્ય-પ્રજ્ઞપ્તિમાંથી ઉદ્ધૃત કરેલું છે. તેમાં ૨૧ અધિકાર છેઃ- કાલપ્રમાણ, સંવત્સરનું માન-પ્રમાણ, અધિકમાસની નિષ્પત્તિ, પર્વતિથિ સમાપ્તિ, અવમ રાત્ર, નક્ષત્રોનું પરિમાણ, ચન્દ્રસૂર્યપરિમાણ, ચંદ્રસૂર્યનક્ષત્રોની ગતિ, નક્ષત્રયોગ, જંબૂદ્વીપમાં, ચંદ્રસૂર્યનો મંડલવિભાગ, અયન, આવૃત્તિ, ચંદ્રસૂર્યનક્ષત્રોનું મંડલમાં મુર્હૂતગતિ પરિમાણ, ઋતુપરિમાણ, વિષુવો, વ્યતિપાતો, તાપક્ષેત્ર, દિવસોની વૃદ્ધિ અપવૃદ્ધિ, અમાવાસ્યા પૌર્ણમાસી, પ્રનષ્ટપર્વ અને પૌરૂષી-એમ ૨૧ અધિકાર છે. બીજાં પ્રકીર્ણકો અમારી જાણ પ્રમાણે અમુદ્રિત છે.

૧૨૮. આવશ્યક સૂત્રના સામાયિકાધ્યયનની **ભ**દ્રબાહુ સ્વામિની નિર્યુક્તિ પર ૫૦૦૦ (શ્લોક) ગ્રંથપ્રમાણ પ્રાકૃત ગાથાબદ્ધ ભાષ્ય શ્રી**જિ**નભદ્રગણિ ક્ષમાશ્રમણે રચેલ છે કે જેને [૭૬]**વિશેષાવશ્યક ભાષ્ય** કહેવામાં આવે છે. આ ભાષ્ય ગ્રન્થ જૈન પ્રવચનમાં એક મુકુટમણિ સમાન લેખાય છે.

૧૨૯. એટલે હવે ૧૧અંગ + ૧૨ ઉપાંગ + ૫ છેદસૂત્ર + ૩ મલસૂત્ર + (૪થા મૂલસૂત્ર ને નિર્યુક્તિમાં ગણીએ)+બે (નંદિ અને અનુયોગદ્વાર)+ઉપર જણાવેલ ૮ છૂટક + ૩૦ પયન્ના (૧૦ પયન્ના અગાઉ જણાવી ગયા તે ઉપરાંત ઉપલા ૧૨૬ માં પારામાં ગણાવેલ ૨૦ પયન્ના)+૧૨

---

૭૩. **ઋ**ષિભાષિત- રતલામ ઋષભદેવ કેશરીમલજી તરફથી હાલમાં પ્રકટ થયું છે.

૭૪. **જ્યો**તિષ્કરંડક **મ**લયગિરિની ટીકા સહિત રતલામની ઋષભદેવ કેશરીમલજી સંસ્થા તરફથી પ્રગટ થયેલ છે. કે જેમાં **પા**દલિપ્ત સૂરિ કૃત પ્રાકૃત ટીકાનાં અવતરણ છે. {*શિવાનંદ વાચકની ટીકા (ટિપ્પણ) સાથે જ્યો ક. પ્ર. મહાવીર વિદ્યાલય. સંપા. પુણ્ય વિ.મ.ના મતે જ્યો ક. ના કર્તા આ. પાદલિપ્તસૂરિ છે.*}

૭૫. **અં**ગવિદ્યા. પી. ૩, ૨૩૧; જૈસ. પ્ર.૨૫ {*પ્રાકૃતગ્રંથપરિષદ દ્વારા મુનિ પુણ્યવિ. સંપાદિત છપાયું છે.*}

૭૬. આ **વિ**શેષાવશ્યક-ભાષ્ય તે પરની મલધારી **હે**મચંદ્રની વૃત્તિ સહિત ય. ગ્રંથમાલામાં છપાયેલ છે. અને તેનું ગુજરાતી ભાષાંતર બે ભાગમાં આ.સમિતિ તરફથી પ્રકટ થયું છે. તે ભાષ્યની ગાથાઓની અક્ષરાનુક્રમણિકા પણ તે સમિતિએ નં. ૩૪ માં પ્રકટ કરી છે. વે.નં.૧૫૨૦. મલધારી હેમચંદ્રસૂરિ કહે છે કે આ. **જિ**નભદ્રે પોતે **કો**ટ્યાચાર્ય સાથે મળીને પોતાના આ ભાષ્યપર એક ટીકા રચી હતી પણ તે મળતી નથી. {*હવે મળી ગઈ છે. પ્ર. લા.દ. વિદ્યામંદિર વિશેષ માટે જુઓ પારા ૨૦૬* } કોઈ કહે છે કે **શી**લાંકાચાર્ય અને કોટ્યાચાર્ય બંને એક વ્યક્તિ છે જુઓ વે.નં ૧૫૫૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્યુક્તિઓ {ભદ્રબાહુ સ્વામિ કૃત **આ**વશ્યક નિ. **દ**શવૈકાલિક નિ., **ઉ**ત્તરાધ્યયન નિ. **આ**ચારાંગ નિ., **સૂ**ત્રકૃતાંગ નિ., **સૂ**ર્યપ્રજ્ઞપ્તિ નિ., **બૃ**હત્કલ્પ નિ., **વ્ય**વહાર નિ., **દ**શાશ્રુતસ્કંધ નિ., **ઋ**ષિભાષિત નિ.,(ઋષિભાષિત નિ. હાલ ઉપલબ્ધ નથી) પિંડ નિર્યુક્તિ અને સંસકત નિર્યુક્તિ કે જે સ્વતંત્ર નિર્યુક્તિ છે તે] + ૧ (આવશ્યક પર મહાભાષ્ય તે વિશેષાવશ્યકભાષ્ય) કુલ ૮૪ આગમો થાય છે. જુઓ પારા ૧૧૭.

૧૩૦. પ્રો. વિન્ટરનિટ્ઝ[૭૭] કહે છે કેઃ

''બૌદ્ધોનાં કરતાં ઘણા વધારે તીવ્ર શબ્દોમાં (સ્વરૂપમાં) જૈન ધર્મે ત્યાગ ધર્મ પર તથા સંઘના નિયમનના સર્વ પ્રકારો પર ભાર મૂક્યો છે અને શ્રી બુદ્ધના મુકાબલામાં શ્રી ભ. મહાવીરે તત્ત્વજ્ઞાનની એક વધુમાં વધુ વિકસિત પદ્ધતિ (આત્મશ્રદ્ધાની) ઉપદેશી છે.

૧૩૧. ઈ.સ.પ્રથમ સૈકામાં જૈન ધર્મમાં બે મોટા ભેદો -શ્વેતાંબર અને દિગંબરોના પડી ગયા હતા, જૈનો પોતાના સમસ્ત પવિત્ર સાહિત્યને સિદ્ધાન્ત કે આગમ કહે છે. બંને સંપ્રદાયો બાર અંગોને પોતાના સિદ્ધાન્તના પ્રધાન અને સૌથી ઉપયોગી ભાગ ગણવામાં એકમત છે. છતાં આપણે શ્વેતાંબરોના સિદ્ધાન્તને જ જાણીએ છીએ.

૧૩૨. ' આ આગમોની ભાષા પ્રાકૃત છે કે જેને આર્ષ અથવા અર્ધમાગધી કહેવામાં આવે છે. આ ભાષામાં ખુદ ભ. **મહાવીરે** ઉપદેશ કર્યો હશે. આ છતાં ગદ્યની ભાષા અને પદ્યની ભાષા વચ્ચે અંતર છે. પદ્યની ભાષા-બૌદ્ધ સિદ્ધાન્તની પાલિ ગાથાઓની પેઠે-અતિ પ્રાચીન રૂપો બતાવે છે. જૂનામાં જૂની ભાષા **આયારાંગ સુત્ત** (આચારાંગ સૂત્ર) માં છે તે પછી **સૂયગડાંગ સુત્ત**માં (સૂત્રકૃતાંગ સૂત્રમાં) અને **ઉત્તરાજ્ઝયણ** (ઉત્તરાધ્યયન)માં છે. જૈન સિદ્ધાંત સિવાયના જૈન ગ્રંથોની ભાષા જૈન મહારાષ્ટ્રી છે અને તેથી તદ્દન જૂદી ભાષા અર્ધમાગધી છે.

૧૩૩. 'આગમના પ્રમાણ અને પ્રાચીનતા સંબંધી શ્વેતાંબર જૈનોમાં એવી દંત કથા છે કેઃ મૂળ ઉપદેશ ૧૪ પૂર્વો (પૂર્વ એટલે જૂના)માં હતો કે જે ભ. **મહાવીરે** પોતે પોતાના શિષ્યો-ગણધરોને આપ્યો. પરંતુ આ'પૂર્વો' નું જ્ઞાન તુરંત જ થોડા સમયમાં નષ્ટ થયું. ભ. **મહાવીરના** એક શિષ્યે પોતાના શિષ્યને એમ ઉત્તરોત્તર આપતાં છ પાટ સુધી ચાલ્યું હતું. ભ. **મહાવીરના** નિર્વાણ પછી બીજા શતકમાં **મગધમાં** ભયંકર દુષ્કાળ બારવર્ષી પડ્યો તે સમયે મૌર્ય **ચંદ્રગુપ્ત મગધ**નો રાજા હતો અને સ્થવિર **ભદ્રબાહુ** સ્વામિ જૈનસંઘના નાયક હતા. દુકાળને કારણે તે પોતાના શિષ્યગણ સહિત વિહાર કરતાં દક્ષિણ ભારતમાં કર્ણાટક તરફ ગયા, અને **સ્થૂલભદ્રજી**-છેલ્લા ૧૪ પૂર્વધર મગધમાં પાછળ રહેલા સંઘના મુખી હતા, **ભદ્રબાહુ** સ્વામિની ગેરહાજરી દરમ્યાન એ સ્પષ્ટ થયું કે આગમનું જ્ઞાન વિચ્છિન્ન થવાનો ભય છે, તેથી **પાટલીપુત્રમાં** સંઘ(પરિષદ્) મળી ૧૧ અંગોને ભેગા કર્યા અને ૧૪ પૂર્વના અવશેષો બારમાં અંગ દૃષ્ટિવાદમાં એકત્રિત કરવામાં આવ્યા.જ્યારે **ભદ્રબાહુ** સ્વામિના અનુયાયીઓ **મગધ** પાછા ફર્યા, ત્યારે જેઓ ત્યાંથી નીકળી બહાર વિહાર કરી ગયા હતા તેમની તથા જેઓ ત્યાં ચાલુ રહ્યાં હતા તેમની વચ્ચે મોટો અંતર પડ્યો હતો. ત્યાં રહી ગયેલામાં શ્વેત વસ્ત્રો પહેરવાની પ્રથા પડી ગઈ હતી, પરંતુ બહાર વિહાર કરી જનારાએ ભ. **મહાવીરના** કડકમાં કડક ફરમાન મુજબ દૃઢ રહી નગ્ન રહેવાનું જ સ્વીકાર્યું. આ રીતે દિગંબરો અને

૭૭. જુઓ Winternitz Geschishtez from p. 289

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્વેતાંબરો વચ્ચે મોટો ભેદ પડ્યો. તે કારણે દિગંબ રોએ આગમને સ્વીકારવાનો નિષેધ કર્યો કારણ કે તેમણે જણાવ્યું કે તેમના પૂર્વો અને અંગો નષ્ટ થયાં છે. સમય જતાં શ્વેતાંબરોના આગમોમાં અવ્યવસ્થા થતાં વલભીમાં **દેવર્દ્ધિ** વાચકનાં પ્રમુખપણા નીચે સિદ્ધાંત એકત્રિત કરી લખવા માટે પરિષદ્ મળી પૂર્વોનાં અવશેષવાળું બારમું અંગ તે વખતે નષ્ટ થઈ ગયું હતું.[૭૮]

૧૩૪. 'ઈ.સ. પહેલા અને બીજા સૈકાના શિલાલેખો જણાવે છે કે તે વખતે જૈનો શ્વેતાંબરો અને દિગંબરો એ ભેદમાં વહેંચાઈ ગયા હતા, અને તે વખતે 'ગણો' હતા કે જેમાં આચાર્યોની પરંપરા આગમમાં જણાવી છે તેવી નોંધાઈ છે. તે લેખોમાં 'વાચક' ના બિરૂદધરોનો ઉલ્લેખ છે તે પરથી જણાય છે કે (વાચક એટલે વાંચનાર માટે) તે વખતે સિદ્ધાન્તો-આગમો વિદ્યમાન હોવા જ જોઈએ. શિલાલેખો બતાવે છે કે ઈ.સ. પહેલા સૈકામાં, આગમમાં બતાવેલ ૨ભ. મહાવીરની કથાઓ જેવી ભ. મહાવીરની કથાઓ કહેવામાં આવતી હતી. શ્વેતામ્બરોએ સિદ્ધાન્તમાં જૈન સાધુઓની અચેલકતા (નગ્નતા)સંબંધીના નિયમોમાં ફેરફાર કર્યો નથી એ હકીકત બતાવી આપે છે. કે તેઓએ સિદ્ધાંતમાં મનમાન્યા ફેરફાર કરવાની છૂટ લીધી નથી - હિંમત કરી નથી પરંતુ જેમ પરંપરાગત ચાલી આવેલાં તેજ પ્રમાણે ઉત્તરોત્તર આબાદ સ્થિતિમાં મળ્યા તેવા ઉત્તરોત્તર આપ્યાં છે છેવટમાં બૌદ્ધ દંતકથાને તે કેટલીક ખાસ વિલક્ષણતાઓમાં મળતાં આવે છે તેથી પણ પૂરવાર થાય છે કે જૈન દંતકથા વિશ્વસનીય છે.

૧૩૫. ' એટલું તો સત્ય છે કે સિદ્ધાન્તનાં ગ્રન્થો એક વખતે હસ્તીમાં આવ્યા હોય એમ નથી. **દેવર્દ્ધિ**ગણિએ સંકલિત કરેલ આગમ હાલ સાચવી રાખ્યાં છે તે જ્યારે સંઘની વ્યવસ્થા બરાબર થઈ અને સાધુજીવને નિશ્ચિત સ્વરૂપ લીધું ત્યારે તરતજ જે સાહિત્યવિષયક પ્રગતિ શરૂ થઈ તેના પરિણામનું છેલ્લું ફળ છે. તેમ છતાં આ ભ. **મહાવીરના** નિર્વાણ પછી બહુ લાંબા કાળે નહિ બની શક્યું હોય તેથી આગમના પ્રાચીનતમ ભાગો ભ. **મહાવીર**ના પહેલા શિષ્યના સમયના હોય યા તો બહુ તો **મહાવીર** નિર્વાણથી બીજા સૈકા સુધીના મૌર્ય **ચંદ્રગુપ્ત**ના સમયના હોય કે જે સમયમાં **પાટલીપુત્રની** પરિષદ્ ભરાઈ એમ દંત કથા કહે છે, જ્યારે તેથી ઓછા જૂના ભાગો **દેવર્દ્ધિ**ગણિના સમયના લગભગ હોઈ શકે.''

૧૩૬. ડૉ. **યાકોબી** કહે છે કે જૈનના સૂત્ર Classical સંસ્કૃત સાહિત્યથી વધુ પ્રાચીન છે એને તેમાંનાં કેટલાક તો ઉત્તર બૌદ્ધો (**મહાયાની**) ના જૂનામાં જૂના પુસ્તકોની સાથે બરોબરી કરે તેમ છે.

૧૩૭. જૈનોના આખા આગમ સાહિત્ય માટે જુઓ જર્મનીના પ્રોફેસર વેબર (Weber) કૃત બે વૉ.માં Sacred Literature of the Jainas આનું અંગ્રેજી ભાષાંતર **ઇંડિયન એંટિક્વરી** વૉ. ૧૭, ૧૮, ૧૯, ૨૦ અને ૨૧માં પ્રગટ થયેલ છે.

૧૩૮. શ્રીમદ્ ભ. **મહાવીરના** પ્રરૂપેલા આગમોના સાહિત્યનો વિભાગ અત્ર પૂરો થાય છે. તેમાંથી તેમના અનેક ઉચ્ચ અને વિશિષ્ટ સિદ્ધાન્તો મળી આવે છે. તે પૈકી કેટલાકનો ઉલ્લેખ, મૂલ સમર્થ બ્રાહ્મણ–પછી જૈન શ્રમણ થયેલ **સિદ્ધસેન** દિવાકર **મહાવીર** ભ.ની સ્તુતિ કરતાં કરે છેઃ દા. તરીકે

---

૭૮. **ભદ્રબાહુ સ્વામિ કર્ણાટકમાં ગયા એવું શ્વેતાંબરો તેમના સંબંધીના કોઇ પણ પ્રબંધ જણાવતાં નથી. આ કથન તેમજ શ્વેતાંબર અને દિગંબરોના ભેદ પડ્યા વાત ભદ્રબાહુના સંબંધની દિગંબરી કથા વગેરે લઈ આ વિન્ટરનિટ્ઝ તેમજ બીજા સ્કોલરોથી ઘડી કાઢવામાં આવેલ હોય એમ જણાય છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી મહાવીર ભ.ના અહિંસાના સિદ્ધાંતમાંથી જન્મેલા-જીવજંતુ વિજ્ઞાનનું માહાત્મ્ય દર્શાવતાં તેઓ પોતાની દ્વાત્રિંશિકાઓમાં કહે છે કેઃ-

य एष षड्जीवनिकायविस्तरः परैरनालीढपथस्त्वयोदितः ।
अनेन सर्वज्ञपरीक्षणक्षमास्त्वयि प्रसादोदयसोत्सवाः स्थिताः ॥

હે ભગવન્ ! બીજા વાદીઓને જેનો સ્પર્શ સુદ્ધાં નથી થયો એવો આ ષડ્ જીવનિકાયનો વિસ્તાર તેં જે દર્શવ્યો છે તે દ્વારા જ સર્વજ્ઞતાની પરીક્ષામાં ક્ષમ એવા-આ વાદીઓ તારા તરફ પ્રસન્નતા અને ઉત્સવ સાથે ઝૂકી ગયા છે. ૧, ૧૩.

૧૩૭. ભગવાન **મહાવીર**નું કર્મવિજ્ઞાનશાસ્ત્ર તો અદ્‌ભુત છે. એવું એ બીજા કોઈથી કહી શકાયું નથી એમ બતાવતાં તેઓ કહે છે કેઃ-

न कर्म कर्त्तारमतीत्य वर्तते य एव कर्त्ता स फलान्युपाश्नुते ।
तदष्टध्त पुद्‌गलमूर्तिकर्मजं यथात्थ नैवं भुवि कश्चनापरः ॥

न मानसं कर्म न देहवाङ्मयं शुभाशुभज्येष्ठफलं विभागशः ।
यदात्थ तेनैव समीक्ष्यकारिणः शरण्य ! सन्तस्त्वयि नाथ बुद्धयः ॥

'કર્ત્તા સિવાય કર્મ હોઈ શકતું નથી, જે કર્તા છે તેજ કર્મના ફળનો ભોક્તા છે' એ સિદ્ધાન્તને અવલંબી તેં જે આઠ પ્રકારનું પૌદ્‌ગલિક કર્મ પ્રરૂપ્યું છે તેવું સંસારમાં બીજો કોઈ કહી શક્યો નથી ૧,૨૬.

'કવેળ [૭૯] -માનસિક કર્મજ શુભાશુભ ફળને આપનારૂં છે અને કાયિક કે વાચિક કર્મ તેવું નથી એવો કર્મવિભાગ તારા કર્મવિજ્ઞાનમાં નથી. હે શરણ્ય ! તારા કર્મવિજ્ઞાનમાં તો માનસિક વાચિક અને કાયિક એ ત્રણે કર્મોને યથોચિત સ્થાન છે તેથીજ એટલે કર્મવિજ્ઞાનને લગતી તારી આવી અદ્‌ભુત વિચારશૈલીથી જ મુગ્ધ થયેલા વિચારક પુરુષો તારા તરફ જ નજર કરી રહ્યા છે. ૧,૨૭.

૧૪૦. છેવટે શ્રીમદ્ **અભયદેવસૂરિ**ના **સમવાયાંગ** સૂત્રવૃત્તિમાંના શ્લોકના શબ્દોમાં આ શ્રુતવાઙ્મયનો સાર પૂરો કરતાં કહીશું કેઃ-

दुःसम्प्रदायदसदूहनाद् वा, भणिष्यते यद् वितथं मयेह ।
तद् धीधनैर्मामनुकम्पयद्‌भिः शोध्यं मतार्थक्षतिरस्तु मैव ॥

❋ ❋ ❋

---

૭૯. જુઓ **'સૂત્રકૃતાંગ સૂત્રમાં આવેલા કેટલાક પરમતોનો ઉલ્લેખ'** ભિક્ષુકર્મવાદ **પુરાતત્ત્વ** પુસ્તક ૩ જું. પૃ.૧૨૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલાંક પ્રકાશનો

{ અલંકારચિંતામણિ - અજિતસેન પ્र. રાવજી દોશી સોલાપુર (રચના- ૧૪મી સદી)
નિઘંટુશેષ + શ્રીવલ્લભગણીટીકા સંપા. મુનિ પુણ્યવિજયજી, પ્र. લા.દ.વિ.મં.
પ્રમાણસાર-મુનીશ્વરસૂરિ - (જૈનદર્શન પ્રકરણ સંગ્રહ અંતર્ગત) પ્र. લા.દ.
ન્યાયવિનિશ્ચયવિવરણ - વાદિરાજસૂરિ સં. મહેન્દ્રકુમાર જૈન, પ્र. ભા. જ્ઞા.
તર્કતરંગિણી સં. વસંત જી. પરીખ, પ્र. લા.દ.
અલંકારદર્પણ સં. હરિવલ્લભ ભાયાણી, પ્र. લા.દ.
સૂક્તિરત્નકોશ - લક્ષ્મણ - સં. નીલાંજના શાહ પ્र. લા.દ.
કલ્યાણકારક - ઉગ્રાદિત્યાચાર્ય પ્र. સખારામ ને. ગ્રં. સોલાપુર
રસાવતાર - માણિક્યચન્દ્ર + આશ્ચર્યયોગમાલા - નાગાર્જુન (ગુણાકારકૃત ગુર્જરટીકા) આની હ.લિ.પ્રત ભાંડારકર ઈંસ્ટી. પુનામાં છે.

श्वेताम्बर जैनचार्यों द्वारा रचित वैद्यक ग्रन्थ

ग्रन्थ नाम	ग्रंथकार	भाषा	रचना काल
योगचिंतामणि	मूल हर्षकीर्तिसूरि		
	भाषा टीका नरसिंह (खरतर)	संस्कृत	सं० १६६२
वैद्यकसारोद्धार	हर्षकीर्तिसूरि	संस्कृत	सं० १६६२
ज्वरपराजय	जयरत्न	संस्कृत	-------
वैद्यवल्लभ	हस्तिरुचि	संस्कृत	-------
वैद्यकसाररत्न चौपाई	लक्ष्मी कुशल	गुजराती	सं० १६६४ फा०सु
सुबोधिनी वैद्यक	लक्ष्मीचंद्र	हिंदी	------
लंघनपथ्योपचार	दीपचंद्र	संस्कृत	सं० १७९२
बाल चिकित्सा निदान	---	----	------
योगरत्नाकर चौपाई	नयन शेखर	गुजराती	------
डम्भ क्रिया	धर्मसिंह धर्मवर्द्धन	हिंदी	
पथ्यापथ्य	महो० रामलालजी	----	वीर सं० २४३९
रामनिदान टबा सहित	उपर्युक्त	----	-----
रसामृत	माणिक्यदेव		}

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભાગ બીજો

પ્રાકૃત સાહિત્યનો મધ્યકાલ અને સંસ્કૃત સાહિત્યનો ઉદયકાલ

શ્રી મહાવીર સ્તુતિ

મહાકવિ શ્રી **સિદ્ધસેનદિવાકર** પોતાની **દ્વાત્રિંશિકાઓ** (બત્રીશીઓ)માં જણાવે છે કે:—

परस्पराक्षेपविलुप्तचेतसः स्ववादपूर्वापरमूढनिश्चयान् ।
समीक्ष्य तत्त्वोत्पथिकान् कुवादिनः कथं पुमान् स्याच्छिथिलादरस्त्वयि॥

હે ભગવન્! પરસ્પરના વિખવાદને લીધે જેઓનાં મન બહેર મારી ગયાં છે, અને એથીજ જેઓ પોતાના વાદને-સિદ્ધાંતને પણ સળંગ સમજી શકતા નથી એવા તથા તત્ત્વના માર્ગને મૂકી અવળે રસ્તે ચડેલા આ એકાંતવાદીઓની સમીક્ષા કરતો કયો પુરુષ તારા તરફ ન આકર્ષાય? અર્થાત્ એકાંતવાદના દુરાગ્રહથી કંટાળેલો પુરુષ તારા જેવા અનેકાંતવાદી સમન્વયવાદી તરફ જરૂર આકર્ષાય. ૧,૫.

वदन्ति यानेव गुणान्धचेतसः समेत्य दोषान् किल ते स्वविद्विषः।
त एव विज्ञानपथागताः सतां त्वदीयसूक्तप्रतिपतिहेतवः ॥

હે ભગવન્ : ગુણો તરફ અંધ રહેનારા અને એથીજ પોતાની જાતના અહિતકારી એવા આ એકાન્તવાદીઓ ભેગા થઈને તારા સિદ્ધાન્તમાં જે જે દોષો બતાવે છે તેજ દોષો અનેકાન્ત-વિજ્ઞાનની કસોટીએ કસાતાં તારું સૂક્ત સમજવામાં સાધનરૂપ નિવડે છે અર્થાત્ એકાન્તવાદીઓ જેને દોષરૂપ સમજે છે તેજ દોષ અનેકાન્ત-વિજ્ઞાનની દૃષ્ટિએ તપાસતાં તત્ત્વમાર્ગને સમજવાનું સાધન થાય છે. ૧,૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભાગ બીજો

પ્રાકૃત સાહિત્યનો મધ્યકાલ અને સંસ્કૃત સાહિત્યનો ઉદયકાલ

[વીરાત્ ૨૦૦ થી વિક્રમ સંવત્ ૧૦૦૦]

अलब्धनिष्ठाः प्रसमिद्धचेतसस्तव प्रशिष्याः प्रथयन्ति यद्यशः।
न तावदप्येकसमूहसंहताः प्रकाशयेयुः परवादिपार्थिवाः ॥

હે ભગવન્ ! વનવિહારી, અવધૂત અને અનગાર હોવાથી જેઓની ક્યાંક નિષ્ઠા-આસક્તિ નથી એવા જ્વલંત ચિત્તવાળા **તારા પ્રશિષ્યો** જે જાતનો યશ વિસ્તારે છે તેટલો પણ યશ એક સમૂહમાં સંકળાયેલા આ એકાંતવાદીઓ નથી મેળવી શકતા; અર્થાત્-જગત્માં ત્યાગ અને ચારિત્રની જ પૂજા થાય છે પણ વાદવિવાદ કે ખંડનમંડનની ધમાલને કોઇ પૂછતું પણ નથી,-**સિદ્ધસેન દ્વાત્રિંશિકા** ૧,૧૫

[આગમ સાહિત્ય કે જે સંબંધી પ્રથમ વિભાગમાં કહેવાયું તે મૂલમાં પ્રાકૃત ભાષામાં છે.' પ્રાકૃત સાહિત્ય એ જૈન સાહિત્યનો મૂળ પાયો છે, પણ જેમ સર્વત્ર પાયા કરતાં ઇમારત મોટી હોઇ વધી જાય છે, તેમ કાળ જતાં સંસ્કૃત સાહિત્ય જૈન વાઙ્મયમાં બહુ વધી ગયેલું છે. એ સંસ્કૃત સાહિત્ય કોઇ એકજ વિષય ઉપર નથી લખાયું: ભારતવર્ષમાં ચર્ચાએલો અને ખેડાએલો એવો તત્કાલીન એકે વિષય નથી કે જેના ઉપર જૈન વિદ્વાનોએ સંસ્કૃતમાં થોડું ઘણું લખ્યું ન હોય.' [૮૦]

---

૮૦. પં. **સુ**ખલાલ અને પં. **બ**હેચરદાસનો 'નયચક્ર' પર લેખ **જૈન યુગ** ભાદ્રપદ સં. ૧૯૮૪ પૃ.૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪૧. વીરાત્ બીજા અને ત્રીજા સૈકા વચ્ચેનો સમય બૌદ્ધ ધર્મને, અશોક રાજાનું મહાબલ હોવાથી **બુ**દ્ધના મધ્યમમાર્ગને અનુકૂળતા વિશેષ મળી. ચારે બાજુ બૌદ્ધ મઠ સ્થપાયા. બૌદ્ધ શ્રમણો **લં**કા આદિ અનેક સ્થળોએ ધર્મપ્રચાર અર્થે નીકળી પડ્યાં. **અ**શોકનાં ધર્મશાસનો છેક-દક્ષિણ સિવાયના સમસ્ત **ભા**રતમાં મહાસ્થંભો પર કોતરી સ્થાપવામાં આવ્યાં કે જે અદ્યાપિ પર્યંત વિદ્યમાન છે. તે પૈકી એક **સૌ**રાષ્ટ્રના ગિરનાર પાસે છે. તેણે પોતાના રાજ્યાભિષેકથી ૨૯ મા વર્ષે કાઢેલા સાતમા ધર્મશાસનમાં[૮૧] પોતાના રાજ્યના ૧૪ માં વર્ષમાં નીમેલા ધર્મ મહામાત્યોનો ઉલ્લેખ કર્યો છે. તેમાં જણાવેલું છે કે તેઓ 'સંઘ' (બૌદ્ધસંઘ)ની, આજીવિકોની, બ્રાહ્મણોની, **નિગ્ગંથ**ની દેખરેખ રાખશે. આ **નિગ્ગંથ** તે જૈનો તે પરથી જણાય છે કે તે સમયે ઉક્ત અનેકમાંનો જૈનધર્મ એક અગ્રેસર હતો.

૧૪૨. બૌદ્ધ શ્રમણો લોકોમાં દરદીઓને ઓસડ આપતા, દુઃખી દીનોને સહાય આપતા, પશુપક્ષીના રોગની ચિકિત્સા કરતા, વિદ્યાર્થીઓને વિદ્યાદાન દેતા, લોકોના આરોગ્ય સંબંધી સહાય કરવાને ચૂકતા ન હતા. આની અસર જૈનો પર થઈ હોય તે સંભવિત છે. **જં**બૂસ્વામીના પછી 'જિનકલ્પ' (શ્રી મહાવીર જિનનો-ના જેવો કડક આચાર) વિચ્છિન્ન થયો એવું જૈન કથન છે. (વીરાત્ ૬૪). તેનો અર્થ એ લાગે છે કે પૂર્વના એકાંતિક આધ્યાત્મિકપણામાં નરમાશ આવી. નગરવાસ સ્વીકારાયો. અને તેનેજ લીધે વસ્ત્ર પાત્રો આદિ ઉપકરણોની ઉપયોગિતા તરફ વિશેષ ધ્યાન ગયું ઉપદેશ-ગ્રંથ રચના-નિમિત્ત મંત્રાદિદ્વારા નિરીહભાવે લોકોની નિર્દોષ સેવા કરવા જૈન શ્રમણો પ્રેરાયા-તેમાં શુદ્ધ આશય શ્રી મહાવીર ભ.ના માર્ગનો પ્રચાર કરવાનો હતો. વળી અચેલક અને સચેલક વાદનાં તત્ત્વ શ્રી **મ**હાવીર ભ.ના સમયમાં હતાં તેનું બીજ રોપાયું અને તેનું વિશેષ બીજ સમ્રાટ **અ**શોકના પુત્ર **કુ**ણાલના પુત્ર રાજા[૮૨] **સં**પ્રતિના સમયમાં આર્ય **મ**હાગિરિ અને આર્ય **સુ**હસ્તિ થયા તે પૈકી આર્ય **મ**હાગિરિએ 'જિનકલ્પ' સ્વીકાર્યો' ને પોતે સંઘથી દૂર રહ્યા, ત્યારે રોપાયું. આર્ય સુહસ્તિએ 'સ્થવિરકલ્પ' માં રહી **સં**પ્રતિને પ્રતિબોધ્યો. **સં**પ્રતિએ સવાલાખ

૮૧. જુઓ Senartના Inscriptions de Piyadasi. વળી Epigraphica Indica Vol. II પૃ.૨૭૨. ટિપ્પણ. હમણાં અશોકના ધર્મશાસનો-લેખોની સયાજી ગ્રંથમાળામાં બહાર પડેલ ચોપડી.

૮૨. કુણાલ- ' **કુ**નાલના સ્થાને પુરાણોમાં **સુ**યશા નામ મળે છે. તે તેનું બિરૂદ હોવું જોઈએ. તેણે આઠ વર્ષ રાજ્ય કર્યું એમ પુરાણોમાં લખ્યું છે. તેનાં પછી તેનો પુત્ર **દ**શરથ થયો. દશરથનો શિલાલેખ **ના**ગાર્જુની ગુફા (ગયા પાસેની)માં કોતરેલ છે. તે પરથી જણાય છે કે તે ગુફાઓ આજીવકોને આપી હતી. બૌદ્ધોના **દિવ્યાવદાન** નામના પુસ્તકમાં તથા જૈનોના **પ**રિશિષ્ટ પર્વ, **વિ**ચાર શ્રેણી તથા **તી**ર્થકલ્પ પરથી જણાય છે કે કુનાલનો પુત્ર સંપ્રતિ હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવાં જિનાલયો, તેરહજાર જીર્ણ મંદિરનો ઉદ્ધાર, સાતસો દાનશાળાઓ કરાવી તથા અનાર્ય દેશમાં પણ ધર્મોપદેશકો મોકલી ધર્મોન્નતિ કરી. **સુ**હસ્તિ વીરાત્ ૨૯૧ (વિ. સં. પૂર્વે ૧૭૯) માં સ્વર્ગસ્થ થયા. આ **સં**પ્રતિ **ઉ**જ્જયિનીમાં રાજ્ય કરતાં હતા અને તે ઉજ્જયિની જૈનોનું કેન્દ્રસ્થાન થયું.[૮૩]

૧૪૩. બીજી બાજુ ઈ.સ. પૂર્વે બીજા સૈકાનો એક શિલાલેખ **ઓ**રિસામાં ખંડગિરિ પરની હાથી ગુફાનો મળે છે તે પૂરવાર કરે છે કે જૈનો **ભા**રતના દક્ષિણ-પૂર્વ ભાગમાં (અગ્નિ ખુણામાં) ઠેઠ કલિંગ સુધી પ્રસર્યા હતા. તે લેખો '**ક**લિંગચક્રવર્તી' મહારાજ મહા **મે**ઘવાહન **ખા**રવેલનાં છે. હાલ જેને **ઓ**ઢિયા-**ઓ**રીસા પ્રાંત કહે છે તે પ્રાચીન ઉત્કલ દેશની દક્ષિણે આવેલો કલિંગદેશ હતો એ પૂર્વ સમુદ્રનાં કાંઠે **ગો**દાવરીનાં મુખ સુધી પ્રસર્યો હતો. **ખા**રવેલે **મ**ગધ દેશ પર એ વખત સવારી કરી અને જે શ્રી **ઋ**ષભદેવની જૈનમૂર્તિ - 'કલિંગજિન' નામક મૂર્તિ મગધરાજ **નં**દરાજ[૮૪] **ક**લિંગમાંથી-ઉડીસામાંથી ઉઠાવી **પા**ટલીપુત્ર લાવ્યો હતો તે મૂર્ત્તિ **ખા**રવેલ પાછો લઈ આવ્યો ને તે સાથેજ અંગ-મગધના રાજ્યનું પુષ્કળ ધન **ક**લિંગમાં ખેંચી ગયો. તે **અં**ધ્ર, **મ**હારાષ્ટ્ર, અને વિદર્ભદેશને પણ પોતાના

(પુરાણોનાં હસ્તલિખિત પુસ્તકોમાં બહુધા સંપ્રતિનું નામ મળતું નથી તો પણ **વા**યુપુરાણની એક હસ્તલિખિત પ્રતિમાં દશરથના પુત્રનું નામ **સં**પ્રતિ આપ્યું છે. અને **મ**ત્સ્યપુરાણમાં '**સં**મતિ' પાઠ મળે છે કે જે **સં**પ્રતિનું જ અશુદ્ધ રૂપ છે.- **પા**ર્જિટર The Puran Text of the Dyansties of the Kali Age p. 28 or footnote 9) આ પરથી અનુમાન થાય કે **મૌ**ર્યદેશ કુનાલના બે પુત્રો (દશરથ અને સંપ્રતિ)માં વહેંચણ થતાં પૂર્વનો વિભાગ દશરથને અને પશ્ચિમનો વિભાગ **સં**પ્રતિના અધિકારમાં રહેલો હોય. **સં**પ્રતિની રાજધાની ક્યાંક **પા**ટલી પુત્ર અને ક્યાંક **ઉ**જ્જૈન લખેલ મળે છે..... પરંતુ એટલું માની શકાય તેમ છે કે (**રા**જપૂતાના **મા**લવા, **ગુ**જરાત તથા **કા**ઠિયાવાડ)-એ દેશોપર **સં**પ્રતિનું રાજ્ય રહ્યું હશે અને કેટલાયે જૈનમંદિર તેણે પોતાના સમયમાં બંધાવ્યા હશે. **તી**ર્થકલ્પમાં એ પણ લખ્યું છે કે પરમાર્હત સંપ્રતિએ અનાર્ય દેશોમાં પણ વિહાર (મંદિર) બંધાવ્યા હતા'- ઓઝાજી **રા.ઈ.** પ્રથમ ભાગ પૃ. ૯૪.

૮૩. 'અજમેર જિલાના **બ**ર્લી નામનાં ગામમાં વીર સંવત્ ૮૪ (વિ. સં. પૂર્વ ૩૮૬= ઈ.સં. પૂર્વે ૪૪૩) નો એક શિલાલેખ મળ્યો છે (કે જે અજમેરનાં 'મ્યુઝિયમ' સુરક્ષિત છે.)તે પરથી અનુમાન થાય છે કે **અ**શોકથી પહેલાં પણ રાજપૂતાનામાં જૈનધર્મનો પ્રસાર હતો. જૈન લેખકોનો એ મત છે કે રાજા **સં**પ્રતિ કે જે **અ**શોકનો વંશજ હતો, તેણે જૈનધર્મની ઘણી ઉન્નતિ કરી એને રાજપૂતાના તથા તેની આસપાસના પ્રદેશોમાં પણ તેણે કટલાક જિન મંદિરો બંધાવ્યા હતા. વિ સં. બીજી શતાબ્દીના બનેલા મથુરાના કંકાલી ટીલાવાળા જૈન સ્તૂપ પરથી તથા અહીંના કેટલાક અન્યસ્થાનોએ મળેલા પ્રાચીન શિલાલેખો તથા મૂર્ત્તિઓથી માલુમ પડે છે કે તે સમયે પણ અહીં (રાજપૂતાનામાં) જૈન ધર્મનો સારો પ્રચાર હતો. (આ વખતે રાજપૂતાના માલવામાં અંતર્ગત હતું.) બૌદ્ધ અને જૈનધર્મોના પ્રચારથી વૈદિકધર્મને ઘણી હાની પહોંચી, એટલું જ નહિં, કિંતુ તેમા પરિવર્ત્તન કરવું પડ્યું અને તે નવા સંચામાં ઢળીને પૌરાણિક ધર્મ બની ગયો. તેમાં બૌદ્ધ અને જૈનો સાથે મળતી ધર્મસંબંધિ ઘણી નવી વાતોએ પ્રવેશ કરી દીધો એટલું જ નહિ પરંતુ બુદ્ધદેવની ગણના વિષ્ણુના અવતારોમાં થઇ અને માંસ-ભક્ષણનો પણ થોડો ઘણો નિષેધ કરવામાં આવ્યો'.-**ઓ**ઝાજી **રાજપૂતાનેકા ઈતિહાસ** પ્રથમ ખંડ પૃ.૧૦-૧૧. બૌદ્ધ **દિવ્યાવદાનમાં સમ્પ્રદિનું** વર્ણન છે.

૮૪ -આ પર થી જણાય કે-'ઈ. સ. પૂર્વે ૪૫૮ વર્ષે અને વિ સં. પૂર્વે ૪૦૦માં ઉડીસામાં જૈન ધર્મનો એટલો પ્રચાર હતો કે ભગવન્ **મ**હાવીરના નિર્વાણ પછી ૭૫ વર્ષમાં જ ત્યાં મૂર્તિઓ પ્રચલિત થઈ ગઇ. જૈન સૂત્રોમાં લખેલું છે કે ભગવન્ શ્રી **મ**હાવીર પોતે ઉડીસામાં ગયા હતા, અને ત્યાં તેઓના પિતાના એક મિત્ર રાજ્ય કરતા હતા. આ લેખમાં લખેલું છે કે **કુ**મારી પર્વતપર અર્થાત **ખં**ડગિરિ ઉપર, જ્યાં આ લેખ છે ત્યાં ધર્મવિજય ચક્ર પ્રવર્ત્યું હતું અર્થાત્ ભગવાન્ મહાવીરે પોતે જ જૈન ધર્મનો ઉપદેશ કર્યો હતો, અથવા તેઓના પૂર્વવર્ત્તી કોઇ જિન તીર્થંકરે ઉપદેશ કર્યો હતો. ત્યાં પર્વત ઉપર એક કાય-નિષીદી અર્થાત્ જૈનસ્તૂપ હતો, જેમાં કોઇ અરિહંતનું અસ્થિ દાટવામાં આવેલું હતું. **ખા**રવેલ યા એના પહેલાના વખતની એવી અનેક ગુફાઓ અને મંદિરો આ પર્વત ઉપર છે કે જેના ઉપર ભ. **પા**ર્શ્વનાથનાં ચિન્હો તેમજ પાદુકાઓ છે, અને જે કોરી કાઢેલા છે, અને બ્રાહ્મી લિપિમાં લેખવાળા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલિંગની છાયા નીચે લાવ્યો અને તેનો પ્રતાપ રાજ્યકાળના બીજાજ વર્ષમાં નમર્દા અને મહાનદીથી કૃષ્ણા સુધી પ્રસર્યો.'આખા ભારતવર્ષમાં ઉત્તરાપથથી માંડીને પાંડ્યદેશ સુધી એની વિજયપતાકા ઉડી હતી. એની રાણીએ કલિંગના જૈન સાધુઓ માટે પ્રાસાદ કરવ્યો. પોતાના સ્વામીને કલિંગ ચક્રવર્તી કહ્યો. પોતાની જિનમૂર્તિને 'કલિંગ જિન' કહેલ છે ' જૈન ગ્રંથોમાં લખ્યું છે કે મૌર્ય **ચં**દ્રગુપ્તના સમયમાં જૈન સાધુઓ અને પંડિતોની સભા થઈ અને જે જૈન આગમો (અંગ)' લુપ્તપ્રાય થયાં હતાં તે ફરીથી વ્યવસ્થિત કરવામાં આવ્યાં પરન્તું આ ઉદ્ધારને ઘણા જૈનોએ ન સ્વીકાર્યો.... આ લેખમાં લખ્યું છે કે **ખા**રવેલ મૌર્યકાલમાં નષ્ટપ્રાય થયેલાં અંગ સપ્તિક (સાત અંગ)નો, ચોથા ભાગનો પુનરુદ્ધાર કરાવ્યો. ભગવાન્ **મ**હાવીર સ્વામીનું **વ**ર્ધમાન નામ સમસામયિક હતું એ આ લેખમાં ઉલ્લિખિત 'વર્ધમાન'એ શબ્દ પરથી ધ્વનિત થાય છે આ લેખ જેટલો જૂનો છે તેટલો કોઈ પણ જૈન ગ્રંથ નથી. ઐતિહાસિક ઘટના તેમજ જીવનચરિત્રનું વર્ણન પૂરૂં પાડનાર **ભા**રતવર્ષનો આ સૌથી પહેલો શિલાલેખ છે.[૮૫]

૧૪૪. ઉજ્જયિનીની ગાદીપર પછીથી થયેલા **ગ**ર્દભિલ્લ રાજાએ **કા**લિકાચાર્યની દીક્ષિત બહેન **સ**રસ્વતી સાધ્વીનું અપહરણ કરતાં **સિં**ધુના છત્રું સામંત રાજાઓ (સાહિ રાજાઓ- એમ **ક**થાવલિકાર જણાવે છે) ને પોતાના કરી ઘણું સૈન્ય એકઠું કરાવી **કા**લકાચાર્યે તે રાજાનેં નમાવ્યો અને પોતાની બહેનને મુક્ત કરાવી, વીરાત્ ૪૫૩ (વિ. સં. પૂર્વ ૧૭) લગભગ[૮૬] (જુઓ **કાલકાચાર્ય કથા**)

તેમાં જૈનસાધુઓ રહેતા હતા એ વાતનો ઉલ્લેખ છે. આ ઉપરથી એ સ્પષ્ટ છે કે આ સ્થાન એક જૈનતીર્થ જ છે તેમ જ ઘણું જૂનું છે.'- શ્રીયુત **જા**યસવાલ.

૮૫. જુઓ શ્રીયુત **જા**યસવાલનો છેલ્લો ટૂંકો હિંદીલેખ નામે 'कालिंग चक्रवर्त्ति महाराज खारवेल के शिलालेखका विवरण **नागरी प्रचारिणी पत्रिका** भाग ८ अंक ३ पृ. ३०१ કે જેનું ગુજરાતી ભાષાંતર **જૈન સાહિત્ય સંશોધક** ખંડ ૩ અંક ૪ પૃ.૩૬૬માં પ્રસિદ્ધ થયેલું છે. તેમણે આની પહેલા અનેક વખત અથાગ મહેનત કરી અનેક લેખો અંગ્રેજીમાં લખ્યા છે તે પાટણના પુરાતત્ત્વ સંબંધીના અંગ્રજી પત્રમાં પ્રકટ થયા છે. વળી જુઓ **જિ**નવિજયજી કૃત **પ્રાચીન લેખસંગ્રહ** ભાગ ૧ લો તથા દિવાનબહાદુર **કે**શવલાલ હ. ધ્રુવનો ઉહાપોહ 'આદિશુંગ પુષ્યમિત્ર' નામના પોતાના લેખમાં કર્યો છે તે-'સાચું સ્વપ્ન'ની પ્રસ્તાવનામાં.

૮૬. બે ત્રણ **કા**લકાચાર્ય થયાનું જણાવાય છે. એક કાલકાચાર્યે **પ્ર**થમાનુયોગ-એટલે **ધ**ર્મકથાનુયોગ રચ્યો. એની સાક્ષી રૂપે એક તાડપત્રની પ્રતમાં (પાટણનો તાડપત્ર ભંડાર) એક ગાથા છે કેઃ-

પઢમાણુઓગે કાસી જિણ-ચક્કિ-દસાર ચરિય પુવ્વભવે । કાલગસૂરી બહુણં લોગણુઓગે નિમિત્તં ચ ॥
તેમાં જિન (૨૪ તીર્થંકર), ચક્રવર્ત્તીઓ બલભદ્રાદિનાં પૂર્વભવો ચરિત્રો છે.
જિનપ્રભ સૂરિના **તીર્થકલ્પ**માં જણાવ્યું છે કે :
તહ ગદ્દભિલ્લરજ્જસ્સ ચ્છેયગો કાલગાયરિઓ હોહી । તેવણ્ણ ચઉસએહિં ગુણસયકલિઓ સુઅપઉત્તી ॥
- **ગ**ર્દભિલ્લ રાજ્યના છેદક **કા**લકાચાર્ય વીરાત્ ૪૫૩માં થયા.
વળી અન્ય **કા**લકાચાર્ય કે જેમણે પર્યુષણની પંચમીનું પર્વ ભાદ્રપદ શુદ ચોથ પર કર્યું તે વીરાત્ ૯૯૩માં થયા, એમ તે **તીર્થકલ્પ**માં જણાવ્યું છે :-
અન્વિત ત્રિનવતેર્નવશત્યા અત્યયેત્ર શરદાં જિનમોક્ષાત્ । કાલકો વ્યધિત વાર્ષિકમાર્યઃ પૂર્વભાદ્રપદશુક્લચતુર્થ્યામ્ ॥
કાલિકાચાર્યની પરંપરામાં થયેલ **ભા**વદેવસૂરિએ **કા**લિકાચાર્ય કથામાં (યના સં. ૧૩૧૨) જણાવ્યું છે કે :-
વિક્કમરજ્જારંભા-પરઓ સિરિ વીરનિવ્વુઇ ભણિયા ॥ સુન્નમુણિવેયજુત્તં (૪૭૦) વિક્કમકાલાઉ જિણકાલં ॥
વિક્કમરજ્જાણંતર - તેરસ વાસેસુ (૧૩) વચ્છરપવિત્તી સિરિ વીરમુખઓ સા-ચઉસય તેસીઇ (૪૮૩) વાસાઉ ॥
જિણમુખા ચઉવરિસે (૪) પણમરઉ દુસમઉ ય સંજાઉ । અરયા ચઉદાયગુણસી-(૪૭૯) વાસેહિ વિક્કમં વાસં ॥
{ડો. ઉમાકાન્ત શાહના મતે બધી ઘટનાઓ એક જ કાલકાચાર્ય જોડે સંબંધ ધરાવે છે. જુઓ 'સુવર્ણ ભૂમિ મેં કાલકાચાર્ય'}

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિશ્રી કલ્યાણ વિ.ના મતે સિન્ધુના નહિ તેમ શાખિદેશ (પ્રભાવક ચરિત)ના પણ નહિ પરંતુ ઈરાનના-પારસકૂલ (નિશીથચૂર્ણિ)-શુકકૂલ (પ્રાકૃત કાલકકથા)ના ૯૬ સામન્ત રાજા-માંડલિકો કાલકની પ્રેરણાથી હિંદમાં આવેલા તે જાતિના 'શક' અને 'શાહ' ઉપાધિ ધારી ઈરાનના માંડલિકો હતા. તેઓએ પહેલવહેલી **કાઠિયાવાડ**માં પોતાની સત્તા જમાવી અને તે પછી ઉજ્જેણી ઉપર જઈને **ગર્દભિલ્લ**ને પદભ્રષ્ટ કરી ત્યાંનો કબજો તે શકોએ લીધો હતો (**વ્ય**વહારચૂર્ણિ); કથાવલિમાં **લાટ**ના રાજા **બલમિત્ર**ને બેસાડ્યાનો ઉલ્લેખ છે તો તેનું સમાધાન એ છે કે લડાઈ જીત્યા પછી શક જ બેઠો, પણ તે ત્યાં બહુ ટક્યો લાગતો નથી, લગભગ ૪ વર્ષ રાજ્ય કર્યા પછી **બલમિત્ર-ભાનુમિત્રે** શકોને ઉજ્જેણીમાંથી કાઢીને પોતાનો કબજો કર્યો હતો. **કાલકાચાર્યે** ઉજ્જેણીમાં ચોમાસું કર્યું અને ત્યાંથી તેઓ **પ્રતિષ્ઠાનપુર** ગયા ને ત્યાં **સાતવાહનના** કહેવાથી ચતુર્થીના દિવસે પર્યુષણા પર્વનું આરાધન કર્યું હતું. **બલમિત્ર-ભાનુમિત્રે ભરૂચ**માં બાવન વર્ષ રાજ્યપદ ભોગવ્યું ને ૮ વર્ષ સુધી ઉજ્જેણીમાં રાજ્ય કર્યું.

કાલકનો સમય પણ સંયમપ્રધાન હતો તેમના સમયમાં **રેવતીમિત્ર, આર્ય મંગૂ અને આર્ય સમુદ્ર** જેવા અનુયોગધરો વિચરતા હતા. **મધ્ય હિન્દ** અને **કોંકણ** વગેરેમાં જૈન ધર્મનું વિશેષ પ્રાબલ્ય હતું. છતાં રાજ્યક્રાન્તિના કારણે દેશમાં કંઈક અશાંતિ જેવું હશે. **પશ્ચિમ ભારતથી** લઈને **માલવા** સુધીમાં શકોનાં ટોળાં ફેલાઈ ગયા હતાં. અને આ સર્વ આપત્તિનું મૂલ કારણ **ગર્દભિલ્લદ્વારા** સાધ્વી **સરસ્વતીનું** અપહરણ હતુ. જો **ગર્દભિલ્લ કાલકના** ઉપદેશથી સમજી ગયો હોત અથવા અન્ય કોઈ પણ **ભારતીય** રાજાએ **કાલક**ની ફર્યાદ સાંભળી હોત તો તેઓ પારસકૂલ સુધી જઈને શકોને નહિ લાવ્યા હોત.

કાલકાચાર્ય જબરદસ્ત યુગપ્રવર્ત્તક પુરુષ હતા. તેણે રાજ્યક્રાન્તિજ કરાવી હતી એટલુંજ નહિ પણ ધર્મમાર્ગમાં પણ તેમણે સૂત્રોના પદ્યબંધ પ્રકરણોના અનુવાદ કરીને **ગંડિકાનુયોગની** પ્રવૃત્તિ ચલાવી હતી. અને પ્રથમાનુયોગ નામથી એક કથાવિષયક આગાર સિદ્ધાન્ત ગ્રંથની રચના કરી હતી. તે ઉપરાંત તેમણે લોકાનુયોગમાં **કાલકસંહિતા** નામની નિમિત્ત વિષયની સંહિતા બનાવવી હતી. પરંપરાથી ભાદ્રવા શુદિ પાંચમને દિવસે પર્યુષણાપર્વ થતું હતું તે તેમણે ચતુર્થીના દિવસે કર્યું અને ખૂબી એ હતી કે પોતાનાં આ સર્વ અભિનવ કાર્યો જૈન સંઘની પાસે તેમણે 'પ્રામાણિક' તરીકે મંજુર કરાવ્યાં હતાં. આ ઉપરથી **કાલકનો** જૈન સંઘમાં કેવો (કેટલો) પ્રતાપ હશે તે વાચકો સ્વયં જાણી શકશે. **કાલક**ની વિહારભૂમિ પણ ઘણી વિસ્તૃત હતી. પૂર્વમાં પાટલિપુત્ર (પટના)માં તે સંઘને પોતાના કર્ત્તવ્યનું દિગ્દર્શન કરાવે છે, પશ્ચિમમાં તો તેઓ પારસકૂલ-ફારસની ખાડી સુધી શાકિસ્તાનમાં પહોંચી જાય છે અને ઉપરાંત સુવર્ણ-ભૂમિ સૂધી તે પોતાનો વિહાર લંબાવે છે. આથી **કાલકે** ક્યાં સુધી પોતાનો વિહાર લંબાવ્યો હતો તે જણાશે તેમનો સ્વર્ગવાસ ક્યારે થયો તે ચોક્કસ નથી, પણ ઘણે ભાગે વીરાત્ ૪૬૫ (વિ.સં. ૫) પૂર્વે પરલોકવાસી થયા હશે એમ હું માનું છું. (મુનિશ્રી કલ્યાણવિજયની પ્રભાવક ચરિત્રની પ્રસ્તાવના.)

૧૪૫. તે સમયમાં હાલના ગૂજરાતનું **ભરૂચ-મૂળ ભૃગુકચ્છ** પણ જબરૂં શહેર હતું. ત્યાં ભ. **મુનિસુવ્રત** તીર્થંકરનું 'શકુનિકા વિહાર' નામનું મહા જિનમંદિર હતું, ને જૈનો તથા બૌદ્ધોની વસ્તી હતી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીરાત્ ૪૬૬ (વિ.સં. પૂર્વે ૪). ભરૂચમાં વિચરેલા [૮૭]વીરાત્ ૪૮૪-૮૭માં થયેલા આર્ય ખપુ(પ)ટાચાર્યના વિદ્વાન્ શિષ્ય ભુવને ત્યાંના બૌદ્ધોને જીત્યા; અને પછી બટુ (વૃદ્ધ)કર નામના બૌદ્ધાચાર્ય ત્યાં આવ્યા તેને પણ જીત્યા {*મન્નોરમા કહા (વર્ધમાનસૂરિકૃત) પૃ. ૧૮૦-૨ પ્રમાણે ખેડ પત્તનમાં યોગભદ્ર બૌદ્ધ ભિક્ષુને જૈન મુનિ મન્ત્રગુમે હરાવ્યો. તે ભિક્ષુ મરીને વૃદ્ધકર યક્ષ તરીકે પ્રસિદ્ધ થયો.*} ને આર્ય ખપુ(પ)ટાચાર્યે ત્યાંની બુદ્ધની પ્રતિમાને અને બૌદ્ધાંડને અર્ધું નમાવ્યું કે જે હજુ પણ વિદ્યમાન છે ને તે 'નિર્ગ્રંથનમિત'ના નામથી ઓળખાય છે.[૮૮] આર્ય ખપટનો વિદ્યાસિદ્ધ તરીકે નિશીથ ચૂર્ણિમાં બે સ્થલે નિર્દેશ છે, તેમ બીજા પણ પ્રાચીન સાહિત્યમાં તેમનું પૂર્વાચાર્ય તરીકે વર્ણન હોવાથી એમાં શંકા નથી કે એ મહાપુરુષ ઘણા જૂના છે, એમના સમયમાં પાટલીપુત્રમાં દાહડ નામનો મિથ્યાદૃષ્ટિ રાજા હોવાનું અને તેણે બ્રાહ્મણને પ્રણામ કરવા જૈન શ્રમણોને આજ્ઞા કર્યાનું વર્ણન પ્ર. ચ.ના પાદલિપ્તસૂરિ પ્રબંધમાં આવે છે-આ હકીકત પણ ઐતિહાસિક સત્યનું પ્રતિપાદન કરનારી જણાય છે. એ સમયમાં પાટલિપુત્રમાં શુંગ વંશનું રાજ્ય હતું; તે વંશના રાજાઓએ જૈન અને બૌદ્ધ ધર્મનો નાશ કરી વૈદિક ધર્મની ઉન્નતિ કરવાને અનેક ઉપાયો કર્યા હતા અને તેમાં તેઓને સફળતા પણ મળી હતી. સેંકડો વર્ષોથી મગધમાં દૃઢમૂલ થયેલ જૈન અને બૌદ્ધ ધર્મની જડો એ વખતે ઢીલી થઈ હતી અને બ્રાહ્મણોનું પ્રાબલ્ય વધ્યું હતું. આશ્ચર્ય નથી કે 'દાહડ' તે આ વંશનો છેલ્લો રાજા 'દેવભૂતિ' હોય અને પોતાના પૂર્વજોની કરણીનું અનુકરણ કરવા એણે બ્રાહ્મણોને પ્રણામ કરવાનો જૈન શ્રમણોને હુકમ કર્યો હોય. શુંગ દેવભૂતિ જે સમયે પાટલિપુત્રમાં રાજ્ય કરતો હતો તેજ સમયે ભરૂચમાં બલમિત્રનું રાજ્ય હતું. અને આર્ય ખપટ અને તેમના શિષ્ય મહેન્દ્ર ત્યાં વિચરતા હતા. આ ઉપરથી જણાશે કે આર્ય ખપટ અને મહેન્દ્રની વિદ્યમાનતા વિક્રમના પહેલા સૈકામાં અને એનાથી પણ કંઈક પૂર્વના સમયમાં હતી. ભરૂચ, આર્ય ખપટના સમયથી વિદ્યાધર કુલના ક્ષેત્ર તરીકે ચાલ્યું આવ્યું હતું અને પ્રભાવક ચરિતકાર વિજયસિંહસૂરિ પ્રબંધમાં કહે છે તેમ તેમના વખતમાં (સં. ૧૩૩૪માં) પણ એ પરમ્પરાના આચાર્યો આ ક્ષેત્રમાં વિદ્યમાન હતા. (મુનિ કલ્યાણવિજય પ્ર. ચ. પ્ર.)



૮૭. **પ્રભાવક ચરિત** પૃ. ૭૪. પંડિત **લાલ**ચંદ ભ. ગાંધી જણાવે છે કે આ આચાર્ય **તારા**પુર-**તાર**ંગામાં પૂર્વે **તારા** નામની બુદ્ધ દેવીના મંદિરને અને પાછળથી **સિદ્ધાયિકા**ના મંદિરને કરાવનાર હતા તથા **ગુડ**સત્થ-**ગુડ**-શસ્ત્રના **વેણિ**વચ્છરાજ રાજાને જૈનધર્મી બનાવનાર હતા. તેમના સમયમાં **ભરૂ**ચમાં **બલ**મિત્ર રાજા હતો. પં.કલ્યાણ વિ. લખે છે કે "પ્રભાવક ચ. માં પાદલિપ્ત પ્રબંધમાં વીરાત્ ૪૮૪માં આર્યખપટ થયા એમ લખ્યું છે, પણ ખરું જોતાં આ વર્ષ તેમના સ્વર્ગવાસનું હોવું જોઈએ. જો તે સંવત્ અને અમારી કલ્પના સત્ય હોય તો આર્ય ખપટનો સમય **ભરૂ**ચના **બલ**મિત્ર **ભાનુ**મિત્રના પાછલા સમયમાં અને **નભ**સ્સેનના પ્રાથમિક સમયમાં આવે છે. ભરૂચ ઉપર પ્રતિષ્ઠાનના **સાત**વાહનની ચઢાઇ વિષે ઉક્ત પ્રબંધમાં જે વર્ણન આપ્યું છે તેનો સંબંધ પણ પાદલિપ્તના સમયની સાથે નહિ, પણ આર્ય ખપટની સાથે જ સંગત થાય છે, કારણ કે **બાલ**મિત્રના સમયમાં આર્ય ખપટનું અસ્તિત્વ હતું એટલું જ નહિ પણ આર્ય ખપટનું મુખ્ય સ્થાન પણ **ભરૂ**ચ જ હતું. **સાત**વાહનના મંત્રી પાદલિપ્તનો શિષ્ય કહેવા કરતાં આર્ય ખપટનો શિષ્ય કહેવો વધારે સંગત છે." (પ્ર.ચ. પ્ર)

૮૮. આમ ચતુર્વિંશતિ પ્રબંધકાર જણાવે છે. વલી કુમારપાલ પ્રતિબોધ, પ્રભાવક ચરિત, **સમ્યક**ત્વસપ્તતિ વૃત્તિ, કથાવલી વગેરેમાં પણ આ આચાર્યનું ચરિત્ર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉમાસ્વાતિ વાચક.

पसमरइपमुहपयरण पंचसया सक्कया कया जेहिं । पुव्वगयवायगाणं तेसिमुमासाइनामाणं ॥

- પ્રશમરતિ પ્રમુખ પાંચસો પ્રકરણ સંસ્કૃતમાં જેમણે રચ્યાં છે એવા પૂર્વગત વાચક ઉમાસ્વાતિ નામના છે. - **(જિનદત્તસૂરિ - ગણધરસાર્દ્ધશતક ગાથા ૫૦)**

उमास्वाते र्वाचकस्य वाचः कस्य न चेतसि । ध्वनंत्यद्यापि घंटावत्तारटंकारसुन्दराः ॥

- ઉંચા ટંકાર વડે સુંદર એવી ઉમાસ્વાતિ વાચકની વાણી હજુ સુધી ઘંટાની જેમ કોના ચિત્તમાં ધ્વનિ કરી રહી નથી ? [સૌના હૃદયમાં કરી રહી છે.] - **મુનિચંદ્રકૃત અમમચરિત્ર.**

प्रशमस्थितेन येनेयं कृता वैराग्यपद्धतिः । तस्मै वाचकमुख्याय नमो भूतार्थभाषिणे ॥

- પ્રશમમાં રહેલા એવા જેણે આ (પ્રશમરતિ) વૈરાગ્યપદ્ધતિની કૃતિ બનાવી તે ભૂતાર્થભાવી-તત્ત્વાર્થભાષક વાચક મુખને નમસ્કાર. - **પ્રશમરતિ પ્રકરણ ટીકા.**

૧૪૬. શ્રી **ઉમાસ્વા**તિ (કોઈ ઉમાસ્વામિ કહે છે) વાચકે સંસ્કૃતમાં સમસ્ત જૈન દર્શન-તત્ત્વજ્ઞાનના સંદોહનરૂપ **ત**ત્ત્વાર્થાધિગમ સૂત્ર રચ્યું. આ શ્રીમાન્‌ને શ્વેતામ્બર અને દિગમ્બર બંને સંપ્રદાયો પોતપોતાના આમ્નાયના માને છે. તે સૂત્ર પરનું ભાષ્ય તેમણે જ રચ્યું એમ કહેવાય છે. તે સ્વોપજ્ઞ ભાષ્યની પ્રશસ્તિપરથી જણાય છે કે તેઓ ઉચ્ચ **ના**ગર શાખાના હતા. **ન્ય**ગ્રોધિકા ગામમાં જન્મ્યા હતા. તેમની માતાનું નામ વાત્સી એટલે વત્સગોત્રની **ઉ**મા અને પિતાનું નામ **કૌ**ભીષણી ગોત્રના **સ્વા**તિ હતું. તેમણે પોતાનો આ ગંભીર ગ્રન્થ **કુ**સુમપુર (**પા**ટલિપુત્ર-હાલનું **પ**ટણા)માં રચ્યો. પોતે વાચકમુખ્ય **શિ**વશ્રીના પ્રશિષ્ય અને અગ્યાર અંગના જાણ **ઘો**ષ-નંદિ મુનિના શિષ્ય હતા અને વિદ્યાગુરુ તરીકે મહાવાચક ક્ષમણ **મું**ડપાદના શિષ્ય વાચનાચાર્ય **મૂ**લના શિષ્ય હતા.

૧૪૭. તેમનો સમય અનિશ્ચિત છે. પોતે જે ઉચ્ચ નાગરી શાખાના હોવાનું ભાષ્યમાં જણાવે છે તે નામની શાખા આર્ય **દિ**ન્નસૂરિના શિષ્ય **શા**ંતિ શ્રેણિકના સમયમાં નીકળી (કલ્પસૂત્ર થેરાવલી) આર્યદિન્ન વીરાત્ ૪૨૧માં થયાનો ઉલ્લેખ છે તેથી ઉક્ત શાખા તે પછી થયેલ હોવાથી શ્રી ઉમાસ્વાતિ તેમની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહેલાં થયેલા ન સંભવે. તેથી સહેજે વિક્રમ સંવત્‌ના પ્રારંભ પછી લગભગ તેમને મૂકાય. પરન્તુ અન્યત્ર-પ્રજ્ઞાપના ટીકામાં એમ જણાવેલું છે કે 'શ્રી આર્ય મહાગિરિના બે શિષ્યો-યમલભ્રાતા બહુલ અને બલિષહ થયા. તેમાં બલિષહના શિષ્ય તત્ત્વાર્થાદિ ગ્રંથકાર ઉમાસ્વાતિ વાચક થયા; તેમના શિષ્ય શ્યામાર્ય પ્રજ્ઞાપનાના કરનાર શ્રી વીરાત્‌ ૩૭૬માં દિવંગત થયા, તેમના શિષ્ય સ્કંદિલ જીતમર્યાદના કરનાર થયા'[૯૯]જો આ માનીએ તો ઉમાસ્વાતિ વીરાત્‌ ૩૭૬ની પહેલાં થયેલા સંભવે. તે માન્યતા યોગ્ય નથી, કારણ કે નંદી સૂત્રની સ્થવિરાવલિમાં શ્યામાર્યને તથા તેમના ગુરુ સ્વાતિને હારિજ ગોત્રના જણાવેલ છે, જ્યારે આ સ્વાતિ કૌભીષણ ગોત્રના છે તેથી બંને સ્વાતિ ભિન્ન છે. વળી આ ઉમાસ્વાતિ, 'વાચક' નામનો એક વિશિષ્ટ વિદ્યાપ્રિય વર્ગ તટસ્થપણે ચાલ્યો આવતો તે જ વંશમાં થયા છે અને તેમના ગોત્ર વગેરે પરથી તેઓ બ્રાહ્મણ જાતિના હોવાનું સૂચન થાય છે. (પં. સુખલાલની તત્ત્વાર્થ પર પ્રસ્તાવના).

૧૪૮. આ **તત્ત્વાર્થાધિગમ** સૂત્રમાં દશ અધ્યાય છે. પહેલામાં મોક્ષમાર્ગના સાધનરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ રત્નત્રય બતાવી તેની પ્રાપ્તિના સાધન તરીકે ૭ તત્ત્વો, ૪ નિક્ષેપ, પ્રમાણ, નય, નિર્દેશ અને અનુયોગદ્વાર બતાવી, જ્ઞાન, અજ્ઞાન અને નયનું સ્વરૂપ બતાવે છે, બીજામાં અધ્યવસાયો, તેનાં ભેદ અને લક્ષણ, ઇન્દ્રિયો, ગતિ, યોનિ, શરીર અને આયુષ્ય આદિ સ્પષ્ટ કરેલ છે. ત્રીજામાં નારકભૂમિ–ત્યાંના જીવોની દશા, મનુષ્ય ક્ષેત્ર તેમજ મનુષ્ય અને તિર્યંચનો અધિકાર છે. ચોથામાં દેવનો અધિકાર તથા જુદા જુદા જીવોના આયુષ્યનું વર્ણન છે; આ ચાર અધ્યાયમાં જીવ સ્વરૂપ બતાવી, પાંચમામાં અજીવ, તેના ભેદો, દ્રવ્યની વ્યાખ્યા, લક્ષણ આદિનું સ્વરૂપ છે; છઠ્ઠામાં આસ્રવના સાધન તરીકે મન, વચન કાયાના યોગ બતાવી આઠ કર્મના પરિણામનું ચિત્ર દોર્યું છે, સાતમામાં પાંચ મહાવ્રત, તેની ભાવના, બાર અણુવ્રત, તેના અતિચાર સ્પષ્ટ કરી બે પ્રકારના ધર્મ (ગૃહસ્થ અને ત્યાગ)નું સ્વરૂપ સમજાવ્યું છે. આઠમા અધ્યાયમાં બંધતત્ત્વની આઠ કર્મોની કર્મપ્રકૃતિઓની તેના વિપાકની અને પ્રદેશબંધની ચર્ચા કરી છે. નવમામાં સંવર અને નિર્જરા સંબંધી કહેતાં ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ, દશ પ્રકારનો ત્યાગધર્મ, બાર ભાવના, બાવીસ પરિષહ બતાવવા ઉપરાંત પાંચ પ્રકારનાં ચારિત્ર અને બાર પ્રકારના તપનું સ્વરૂપ કહી પાંચ પ્રકારના નિર્ગ્રંથનું વર્ણન કરેલ છે. દશમામાં મોક્ષતત્ત્વ-કેવલજ્ઞાન પ્રાપ્તિથી શરૂ થતી દશા સૂચવી સર્વ કર્મના ક્ષયરૂપ મોક્ષદશા બતાવી છે.

૧૪૯. આ **તત્ત્વાર્થસૂત્ર** પર અનેક ટીકાઓ રચાઈ છે,[૯૦] અને તે વાત તે તત્ત્વજ્ઞાનનો આકર ગ્રંથ છે એમ સિદ્ધ કરે છે. ઉમાસ્વાતિએ પાંચસો પ્રકરણ રચ્યાં હતાં તેમાં ઉક્ત સૂત્ર ઉપરાંત **પ્રશમરતિ** (પી.ડ.૪૭, વે.નં. ૧૬૪૫, સટીક પ્ર.જૈ.ધ. સભા, સભાષાંતર જૈન શ્રે. મં.), **શ્રાવકપ્રજ્ઞપ્તિ**, **પૂજા** પ્રકરણ,

---

૮૯. આજ પ્રમાણે **ધર્મસાગરની પટ્ટાવલી** કહે છે. ડૉ. **સતીશચંદ્ર** વિદ્યાભૂષણ તેમને ઈ. સ. ૧ થી ૮૫ દરમ્યાન મૂકે છે. જુઓ જૈન શ્રે૦ મંડળ મહેસાણાની તત્ત્વાર્થાધિગમ સૂત્રની આવૃત્તિનો ઉપોદ્‌ઘાત તથા તે સૂત્ર સભાષ્ય 'આર્હત પ્રભાકર'ના દ્વિતીય મયૂખમાં પ્રકટ થયેલ છે તેની પ્રસ્તાવના અને **'શ્રી ઉમાસ્વાતિવાચક અને તત્ત્વાર્થાધિગમ સૂત્ર'** એ લેખ જૈન સા૦ સંશોધક ૩, ૧ પૃ. ૬૨.

૯૦. શ્વેતામ્બર સંપ્રદાયમાં **સિદ્ધસેન** દિવાકર કે **સમન્તભદ્ર** પ્રણીત ગંધહસ્તિમહાભાષ્ય (? અનુપલબ્ધ છે), **હરિભદ્રસૂરિ** અને **યશોભદ્રસૂરિ** શિષ્યકૃત **તત્ત્વાર્થ** ટીકા (કાં. વડો, નં. ૧૩૨) **દેવગુપ્ત** તેમજ **સિદ્ધસેન** ગણિકૃત વ્યાખ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપ સમાસ પ્રકરણ (પ્ર. સટીક-સત્યવિજય ગ્રંથમાલા નં. ૨ અમદાવાદ) **ક્ષે**ત્રવિચાર આદિ ઉપલબ્ધ ગ્રંથો સમાય છે. તેમના **શૌ**ચ પ્રકરણ નામના ગ્રંથનો ઉલ્લેખ **સિ**દ્ધસેનની **ત**ત્ત્વાર્થ-વૃત્તિમાં છે જે અત્યારે ઉપલબ્ધ નથી. (એજન) પ્રકરણની રચનામાં તેઓ અદ્વિતીય હતા.[૯૧] તેઓ ઉત્કૃષ્ટ સંગ્રહકર્તા હતા એમ શ્રી **હે**મચંદ્રાચાર્ય જણાવે છે.[૯૨]

પાદલિપ્ત સૂરિ.

પાલિત્તસૂરિ: સ શ્રીમાનપૂર્વ: શ્રુતસાગર: । યસ્માત્તરંગવત્યાખ્યં કથાસ્ત્રોતો વિનિર્યયૌ ॥

–જે શ્રુતસાગરમાંથી **તરંગવતી** નામનો કથાસ્રોત નીકળ્યો તે અપૂર્વ શ્રુતસાગર શ્રીમાન્ પાલિત્તસૂરિ છે. **–મુનિચન્દ્રકૃત અમમચરિત્ર.**

૧૫૦. વિક્રમ (**શ**કારિ) ઉજ્જયિનીની ગાદીએ આવ્યો. તેનો સંવત્ વીરાત્ ૪૭૦ થી ચાલ્યો ગણાય છે. તેના સમય લગભગ આર્ય **મં**ગુ **વૃ**દ્ધવાદી, **સિ**દ્ધસેન દિવાકર, અને **પા**દલિપ્તસૂરિ થયાની પરંપરા છે. આ. **પા**દલિપ્તે **ત**રંગવતી[૯૩] (**ત**રંગલોલા {*સંખિત્ત તરંગવઈકહા (તરંગલોલા) સં. ભાયાણી પ્ર. લા. દ.વિ.*}) નામની અદ્ભુત સુંદર કથા પ્રાકૃતમાં રચી તેમજ જૈન નિત્યકર્મ, જૈન-દીક્ષા, **પ્ર**તિષ્ઠાપ્રદ્ધતિ તથા શિલ્પ પર[૯૪] **નિ**ર્વાણકલિકા નામની સંસ્કૃતમાં પુસ્તિકા રચી.

(પ્ર.દે.લા.નં. ૬૭, વે.નં. ૧૬૧૨), **મ**લયગિરિ-કૃત વ્યાખ્યા, (અનુપલબ્ધ) **ચિ**રન્તનમુનિકૃત ટિપ્પણ (**સ્યા**દ્વાદમંજરીની રચના પછી થયેલ), **ય**શોવિજયકૃત વૃત્તિ (અપૂર્ણ પ્ર. મનસુખભાઈ ભગુભાઈ અમ.) વગેરે છે. દિગંબરમાં પણ અનેક છે. **ગં**ધહસ્તી નામની ટીકા **સ**મન્તભદ્રે લખી હતી એવું દિગંબરી ગ્રંથો અને શિલાલેખો પરથી જણાય છે પણ તે **ત**ત્ત્વાર્થ સૂત્ર પર ન હતી, પણ બીજા દિગંબરીય સિદ્ધાંત ગ્રંથો પર હતી એવું **જુ**ગલકિશોરજીએ **'સ્વામી સમંતભદ્ર-ગ્રંથ પરિચય'**માં પૂરવાર કર્યું છે. (એજન)

૯૧. આવો ઉલ્લેખ **હ**રિભદ્રસૂરિની **પ્ર**શમરતિ ટીકામાં અને **જિ**નપ્રભસૂરિના **તી**ર્થકલ્પમાં છે, વળી વાદિ **દે**વસૂરિએ પણ **સ્યા**દ્વાદ-રત્નાકરના પ્રથમ પરિચ્છેદના ત્રીજા સૂત્ર (પૃ.૪૪)માં જણાવ્યું છે કે 'पंचशतीप्रकरण प्रणयनप्रवीणै रत्नभवद्भिरुमास्वातिवाचकमुख्यै:'

૯૨. उत्कृष्टेऽनूपेन ॥ २ । २ । ३९॥ X X उपोमास्वातिं संग्रहीतार: ।

૯૩. **ત**રંગવતીની પ્રત હજુ સુધી મળી નથી. કોઈ અનિશ્ચિત સમયના આચાર્ય **વી**રભદ્ર કે **વી**રભદ્રના શિષ્ય ગણિ **મે**મિચંદ્રે રચેલો તેના પ્રાકૃતમાં જ સંક્ષિપ્ત સાર ૧૯૦૦ ગાથાનો મળી આવ્યો છે (કે જેનું જર્મન - ભાષામાં ભાષાંતર પ્રો. અર્નેસ્ટ **લા**ૅયમાને કર્યું છે ને તે પરથી ગુજરાતી ભાષાંતર શ્રી **ન**રસીભાઈ પટેલે કર્યું તે 'જૈનસાહિત્ય સંશોધક'ના બીજા ખંડમાં તેમજ છુટ્ટું પ્રસિદ્ધ થઈ ગયું છે) તેમાં તે કર્તા જણાવે છે કે '**પા**દલિપ્તાચાર્યે જે તરંગવર્તી કથા રચી છે તે વિસ્તૃત, વિપુલ અને વિચિત્ર છે. તેમાં ઘણાં દેશી વચનો આવેલાં છે, ક્યાંક કુલકો છે, ક્યાંક **ગુ**પ્લિ યુગલકો છે, ક્યાંક અન્યને ન સમજાય એવાં ષટ્કો છે. એથી તેને કોઈ સાંભળતું નથી, કોઈ પૂછતું નથી અને કોઈ કહેતું નથી. કેવળ વિદ્વાનોના જ કામની તે કથા થઈ પડી છે. બીજાઓને તેનો કશો ઉપયોગ નથી તેથી **પા**દલિપ્તે રચેલાં દેશી વાક્યો વગેરેને છોડી દઈ તેમની રચેલી ગાથાઓ ઉપરથી અન્ય જનોના હિતની ખાતર હું આ સંક્ષિપ્તતર કથા બનાવું છું સાથે એ પણ એક હેતુ છે કે એ સૂરિની કૃતિનો આ રીતે સર્વથા વિચ્છેદ થતો અટકે.' આ વર્ણનપરથી સમજાય છે કે તરંગવતી કથા મૂળ પ્રાકૃત જૈન મહારાષ્ટ્રી ભાષામાં રચાએલી હતી, અને તેમાં દેશી ભાષાનો પણ ઘણા વધારે પ્રમાણમાં પ્રયોગ થયેલો હતો. રચના ગદ્ય-પદ્ય બંને હતી લાંબા વર્ણનો ને પદ્યોનાં ઝુંડ હતાં. સંકીર્ણ કથા હતી. -શ્રી જિનવિયજીનો કુવલયમાલા પરનો લેખ.

૯૪. નિર્વાણકલિકા રા. મોહનલાલ ભ. ઝવેરીએ સંશોધિત કરેલી મુદ્રિત થઈ છે. તેમની અંગ્રેજી પ્રસ્તાવના સમેત. તે પ્રસ્તાવનાના ગૂ. ભાષાંતર માટે જુઓ 'જૈનયુગ' પુ. ૩ અં. ૧૦, ૧૧-૧૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાદલિપ્ત યા પાલિત્ત કવિ ગાથાસત્તસઈના સંગ્રાહક પ્રસિદ્ધ મહારાષ્ટ્રીય કવિ નૃપતિ[૯૫] સાતવાહન યા હાલના સમકાલીન જૈનાચાર્ય હતા.

તે પાદલિપ્તના નામ પરથી હાલનું પાલીતાણા સ્થપાયું છે એમ પ્રાચીન ગ્રંથોમાં ઉલ્લેખો છે. વળી પાદલિપ્તસૂરિએ જ્યોતિષ્કરંડક (પયન્ના) પર (મૂલ) પ્રાકૃત ટીકા રચી હતી એમ મલયગિરિની તે પયન્ના પરની ટીકામાં ઉલ્લેખ છે. (પૃ. ૨૬ પ્ર. ઋ. કે. રતલામ.)

મુનિ કલ્યાણવિજય પાદલિપ્તસૂરિના પ્રબંધ પર પર્યાલોચના કરતાં જણાવે છે કે :- પાદલિપ્ત પ્ર. ચ. માંના પ્રબંધ પ્રમાણે મૂલ અયોધ્યાના વિજયબ્રહ્મ રાજાના રાજ્યમાં ફુલ શ્રેષ્ઠીના પુત્ર. વિદ્યાધર ગચ્છ-કુલના આર્ય નાગહસ્તીની પાસે આઠ વર્ષની વયે માતાએ દીક્ષા અપાવી. દશમા વર્ષે ગુરુએ પટ્ટધર સ્થાપી મથુરા મોકલ્યા. ત્યાં રહીને પાદલિપ્તસૂરિએ પાટલિપુત્ર જઈ ત્યાંના મુરુંડ રાજાનો સદ્‌ભાવ પ્રાપ્ત કર્યો. આ રીતે આ આચાર્યના ગુરુ અયોધ્યા અને મથુરા તરફ અધિક રહેતા હતા. આથી જણાય છે કે ઉત્તર-હિન્દમાં જૈનોની જાહોજલાલીના સમયમાં તેમનો જન્મ થયો હતો. એટલે વિક્રમની પાંચમી સદીની પહેલાંનાએ આચાર્ય હતા એ નિશ્ચિત છે. હવે કેટલા પૂર્વે તેનો વિચાર કરતાં જણાય છે કે ઉક્ત પ્રબંધ તેમજ અનેક ચૂર્ણિ આદિ પ્રાચીન ગ્રંથોમાં લખ્યા પ્રમાણે પાદલિપ્ત-સૂરિ પાટલિપુત્રના મુરુણ્ડ રાજાના માનીતા વિદ્વાન હતા. 'મુરૂણ્ડ'-એ શકભાષાનો શબ્દ છે ને તેનો અર્થ 'સ્વામી' થાય છે. કુશાન વંશી રાજા કનિષ્ક અને એના વંશવાલાઓને અત્રેના લોકો 'મુરૂણ્ડ'ના નામથી ઓળખતા હતા. ભારત વર્ષમાં કુશાન વંશનું રાજ્ય વિ. સં. ૯૭ થી ૨૮૩ સુધી રહ્યું; પણ પાટલિપુત્ર પર એમની સત્તા કનિષ્કના સમયમાં - વિ. સં. ૧૭૭ પછી અને ૨૧૯ ની વચ્ચે થઈ; કનિષ્ક પેશાવરને રાજધાની કરી ત્યાં રહેતો હતો તેથી તેના સમયમાં પાટલિપુત્રમાં તેની જ જાતનો તેનો સૂબો રહેતો હતો. પુરાણોમાં મગધના રાજા તરીકે વિશ્વસ્ફટિક, વિશ્વસ્ફરણી, વિશ્વસ્ફૂર્જિ ઈત્યાદિ નામોથી જે બલિષ્ટ વ્યક્તિનું વર્ણન કર્યું છે. મુરૂણ્ડના નામથી ઓળખાતા કનિષ્કના આ સૂબાનું જ હોવું જોઈએ એમ અમારૂં માનવું છે. જયસવાલ આનું શુદ્ધ નામ 'વિનસ્ફર્ણિ' હતું એમ કહે છે. તો આ રીતે પાદલિપ્તસૂરિનું અસ્તિત્વ વિક્રમના બીજા સૈકાના અંતમાં અને ત્રીજા સૈકાના પૂર્વાર્ધમાં હોવાનું સિદ્ધ થઈ શકે. બીજી રીતે જોઈએ તો પાદલિપ્તસૂરિના દીક્ષા ગુરુ આર્ય નાગહસ્તિ તે નંદીની સ્થવિરાવલી અને યુગપ્રધાન પટ્ટાવલીમાં ૨૨મા નાગહસ્તી છે તે જ છે એમ મારૂં માનવું છે ને તેમનો અસ્તિત્વ-સમય વિ. સં. ૧૫૧ થી ૨૧૯ સુધીનો બતાવ્યો છે તે આ સમયને સંગત થાય છે. આર્ય નાગહસ્તિ અને કનિષ્કે સં. ૨૧૯માં આયુષ્ય પૂર્ણ કર્યું તે વખતે પાદલિપ્ત યુવાવસ્થામાં હશે. આથી તેઓ આર્ય ખપટના સમકાલીન થઈ શકતા નથી. તેમજ કૃષ્ણરાજના સમયમાં માન્યખેટ ગયા હશે એ વાત સંભવિત નથી લાગતી. ત્યાં જનાર પાદલિપ્ત જુદા હોવા ઘટે.

પાદલિપ્તસૂરિ પ્રતિષ્ઠાનપુર ગયા હતા એમાં શંકા જેવું નથી. આ સમયે પ્રતિષ્ઠાનમાં સાતવાહનના વંશજોનું રાજ્ય હતું, અને સંભવ પ્રમાણે તે કાળમાં ત્યાં ગૌતમીપુત્ર યજ્ઞશ્રી શાતકર્ણિ અથવા શતકર્ણિ

---

૯૫. આ રાજા જાતે પણ મહાકવિ હતો. તેની વિદ્વત્સભામાં કથા સુંદરીઓની રાણી જેવી પિશાચ ભાષામાં બૃહત્કથાનો રચનાર ગુણાઢય મહાકવિ હતો અને પાદલિપ્તસૂરિ પણ પ્રતિષ્ઠિત કવિ હતા. આ ત્રણેનો સંક્ષિપ્ત પરિચય કુવલયમાલાકારે પ્રસ્તાવનામાં આપ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રીજાનું રાજ્ય હશે. તેઓ ભરૂચમાં પણ ગયા હતા. આર્ય **ના**ગહસ્તિ, **વ**જ્રસેન શિષ્ય **વિ**દ્યાધર (પટ્ટધર સં. ૧૫૦માં) થી પ્રસિદ્ધ થયેલા વિદ્યાધર કુલના હોવા સંભવતા નથી, પરંતુ તેમને વિદ્યાધર **ગો**પાલ (આર્ય **સુ**હસ્તીના શિષ્યયુગલ **સુ**સ્થિત અને **સુ**પ્રતિબુદ્ધના શિષ્ય)થી પ્રકટ થયેલ વિદ્યાધરી શાખાના જ સ્થવિર ગણવા યુક્તિયુક્ત છે. પ્રાચીન સમયની કેટલીક શાખાઓ કાલાંતરે 'કુલ'ના નામથી પ્રસિદ્ધ થઈ અને પછીના સમયમાં કુલો 'ગચ્છો'ના નામથી પ્રસિદ્ધ થયાં એજ હકીકત આર્ય **ના**ગહસ્તિના '**વિ**દ્યાધર ગચ્છ'ના સંબંધમાં પણ બનવા પામી લાગે છે. ઘણા જૂના કાલમાં એ 'વિદ્યાધરી' શાખા હશે અને કાલાન્તરે તે શાખા મટીને 'કુલ'ના નામથી પણ પ્રકાશમાં આવી હશે, અને છેવટે કુલનું પણ નામ છોડીને 'ગચ્છ'નું નામ ધારણ કર્યું હશે એમ લાગે છે. આ ઉપરથી **પા**દલિપ્તસૂરિને **વિ**દ્યાધર કુલના અથવા વંશના કહીએ તો કંઈપણ હરકત નથી. **પ્ર. ચ.**માં જણાવ્યું છે કે **પા**દલિપ્ત સૂરિએ દીક્ષા અને પ્રતિષ્ઠાવિધિ વિષયક **નિ**ર્વાણકલિકા ઉપરાંત જ્યોતિષ વિષયમાં **પ્ર**શ્નપ્રકાશ ગ્રંથ રચ્યો. આ સિવાય સૂત્રોની ચૂર્ણિઓમાં **પા**દલિપ્ત-કૃત **કા**લજ્ઞાન નામના ગ્રંથનો અનેક સ્થલે ઉલ્લેખ આવે છે. **પા**દલિપ્તના ગૃહસ્થ શિષ્ય **ના**ગાર્જુનના ગ્રંથો વિષે અહીં ઉલ્લેખ નથી, પણ **યો**ગરત્નાવલી, **યો**ગરત્નમાલા, **ક**ક્ષપુટી આદિ ગ્રંથો **ના**ગાર્જુન કૃત મનાય છે. (મુનિ **કલ્યાણવિજય પ્ર. ચ. પ્ર.**).

૧૫૧. આ પૈકી **સિ**દ્ધસેન દિવાકર મહાતાર્કિક અને ન્યાયના પંડિત થયા. મૂળ તે બ્રાહ્મણ હતા. એવો પ્રવાદ છે કે તેમણે સર્વ પ્રાકૃત સૂત્રોનું (અંગોનું) ભાષાંતર સંસ્કૃત ભાષામાં કરવા માટે વિચાર કર્યો. આ વિચાર સંઘને તેમજ તેમના ગુરુ **વૃ**દ્ધવાદીને સંમત ન થયો અને લોકભાષામાંથી પંડિતોની સંસ્કૃત ભાષામાં સૂત્રોને અવતારવાના વિચાર માટે તેમને 'સંઘબહાર'ની શિક્ષા થઈ. આ પરથી સમજાશે કે જૈનોમાં પ્રાકૃતનું-લોકભાષાનું-પોતાની શાસ્ત્રભાષાનું કેટલું બધું મહત્ત્વ માનવામાં આવ્યું હતું. [૯૬]આ **સિ**દ્ધસેન એટલા બધા પ્રખર વિદ્વાન્ હતા કે તેમણે જૈન સાહિત્યમાં એક નવો યુગ ફેલાવ્યો એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. દંતકથા પ્રમાણે **વિ**ક્રમ રાજાએ પ્રતિબોધ પામી **સિ**દ્ધસેનને લઈને **શ**ત્રુંજય (પાલિતાણા) સંઘ કાઢ્યો હતો તેમજ તે રાજાના સમયમાં **ભા**વડશા નામના જૈને પણ તે તીર્થનો સંઘ કાઢ્યો હતો. હવે આપણે **'સિદ્ધસેન યુગ'** જોઈશું.

૯૬. 'જૈન અને બૌદ્ધોના ધર્મગ્રન્થો પ્રાકૃત અર્થાત્ પ્રચલિત (લૌકિક) ભાષામાં લખેલા હોવાથી તેમના (પછીથી થયેલા) ઉપાશ્રય (અપાસરા) તથા મઠોમાં પ્રાકૃતનું શિખવવું પણ થતું હતું, પરંતુ વિશેષ જ્ઞાન સંપાદન કરવાવાળા જૈન અને બૌદ્ધ વિદ્યાર્થીઓને માટે સંસ્કૃતનું પઠન અનિવાર્ય હતું; કારણ કે કાવ્ય, નાટક, તર્ક આદિ અનેક વિષયોના ગ્રંથોની રચના સંસ્કૃતમાં જ થઈ હતી. આ રીતે નાટક આદિની રૂચિવાળા સંસ્કૃતના વિદ્યાર્થીઓને પ્રાકૃત પણ પઢવી પડતી, કારણ કે નાટકોમાં વિદૂષક, સ્ત્રીઓ તથા નીચા દરજ્જાનાં પાત્રોની ભાષા પ્રાકૃત હોવાનો નિયમ હતો' - ઓઝાજી રા. ઈ. પ્રથમ ખંડ પૃ. ૧૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધસેન સ્તુતિ.

x x x સુઅકેવલિણા જઓ ભણિયં ॥
આયરિય સિદ્ધસેણેણ સમ્મઈએ પઇટ્ઠિઅજસેણ ।
દૂસમ-ણિસા-દિવાગર કપ્પત્તણઓ તદક્ખેણં ॥

–દુઃષમા (કાળરૂપી) નિશામાં દિવાકર જેવા હોઈને 'દિવાકર' નામવાળા અને પ્રતિષ્ઠિત યશવાળા શ્રુતકેવલી આચાર્ય **સિદ્ધસેને** **સન્મતિ**માં (કહ્યું છે):- **–હરિભદ્રસૂરિ-પંચવસ્તુક. ગા. ૧૦૪૮**

શ્રી સિદ્ધસેન-હરિભદ્રમુખાઃ પ્રસિદ્ધા-સ્તે સૂરયો મયિ ભવન્તુ કૃતપ્રસાદાઃ ।
યેષાં વિમૃશ્ય સતતં વિવિધાન્ નિબન્ધાન્, શાસ્ત્રં ચિકીર્ષતિ તનુપ્રતિભોઽપિ માદૃક્ ॥

–શ્રી **સિદ્ધસેન હરિ**ભદ્ર પ્રમુખ સૂરિઓ મારા પર કૃપાવન્ત થાઓ કે જેમના વિવિધ નિબંધોને સતત વિચારતાં મારા જેવો અલ્પ પ્રતિભાવાળો પણ શાસ્ત્ર કરવાની ઈચ્છા રાખે છે.

- વાદિદેવસૂરિ - સ્યાદ્વાદરત્નાકર.

ઉદિતોર્હન્મતવ્યોમ્નિ સિદ્ધસેનદિવાકરઃ । ચિત્રં ગોભિઃ ક્ષિતૌ જહ્રે કવિરાજ-બુધપ્રભાઃ ॥

–સિદ્ધસેન (રૂપી) દિવાકર (સૂર્ય) અર્હન્મતરૂપી આકાશમાં ગો (કિરણ, વાણી)થી પૃથ્વી પર કવિરાજ (બૃહસ્પતિ-ગુરુ, કવિઓ) અને બુધ (બુધ ગ્રહ, વિદ્વાન)ની પ્રભા શરમાઈ-હરાઈ ગઈ એ વિચિત્ર છે. **–મુનિરત્નસૂરિ - અમમચરિત્ર.**

સ્ફુરન્તિ વાદિખદ્યોતાઃ સામ્પ્રતે દક્ષિણાપથે । નૂનમસ્તંગતે વાદી સિદ્ધસેનો દિવાકરઃ ॥

–વાદી **સિદ્ધસેન દિ**વાકર (રૂપી સૂર્ય) અસ્તંગત થતાં દક્ષિણાપથમાં હવે વાદિઓ રૂપી આગીઆ સ્ફુરે છે. **–પ્રભાચંદ્રસૂરિ-પ્રભાવકચરિત.**

તમઃસ્તોમં સ હન્તુ શ્રીસિદ્ધસેન-દિવાકરઃ । યસ્યોદયે સ્થિતં મૂકૈરુલૂકૈરિવ વાદિભિઃ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

–તમસ્‌ના પુંજને હણવા શ્રી **સિદ્ધસેન** દિવાકરનો ઉદય થયો કે વાદીઓ રૂપી ઘૂવડો ચૂપ થઈ ગયા. **-પ્રદ્યુમ્નસૂરિ - સમરાદિત્યસંક્ષેપ. (સં. ૧૩૨૪)**

સિદ્ધસેન-વચનો

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः ।
न च तासु भवान् प्रदश्यते प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥–**જુઓ ૪ થી દ્વાત્રિંશિકા શ્લો. ૧૪**

न शब्दो न रुपं रसो नाऽपि गन्धो न वा स्पर्शलेशो न वर्णो न लिंगम्।
न पूर्वापरत्वं न यस्यास्ति संज्ञा स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥

- સિદ્ધસેનકૃત ૨૧મી મહાવીર-દ્વાત્રિંશિકા શ્લોક ૧૫

–જેમ સર્વ નદીઓ સમુદ્રમાં સમાઈ છે તેમ હે પ્રભુ ! સર્વ દૃષ્ટિઓ તારામાં સમાઈ છે; વળી જેમ જુદી જુદી નદીઓમાં સમુદ્ર નથી દેખાતો, તેમ તે દૃષ્ટિઓમાં તું વિશેષે દેખાતો નથી.

–જે શબ્દ નથી, રૂપ નથી, રસ નથી તેમ ગંધ પણ નથી, વળી જે સ્પર્શ નથી, વર્ણ નથી, લિંગ-ચિન્હ નથી, જેને નથી પૂર્વત્વ કે નથી પરત્વ, તેમ જેને સંજ્ઞા નથી એવો એક પરમાત્મા જિનેન્દ્ર મારી ગતિ છે.

जनोऽयमन्यस्य मृतः पुरातनः पुरातनैरेव समो भविष्यति ।
पुरातने विष्यत्यनवस्थितेषु कः पुरातनोक्तान्यपरीक्ष्य रोचयेत् ॥ **સિદ્ધસેનકૃત દ્વાત્રિંશિકા શ્લો. ૫.**

–**દિ**વાકરજી પુરાતન-પ્રિયોને ઉદ્દેશી કહે છે કે– પુરાતન પુરાતન શું પુકાર્યા કરો છો ? આ જન (હું) પણ મર્યા પછી, કંઈ કાલ વીત્યે પુરાતન બની જઈશ અને પછી અન્ય પુરાતનોનીજ સમાન આની (મારી) પણ ગણના થતી જશે –અર્થાત્ મર્યા પછી સર્વ પુરાતન મનાય છે. ભલા, આવી અનવસ્થિત પુરાતનતાને કારણે કયો બુદ્ધિમાન મનુષ્ય કોઈ જાતની પરીક્ષા કર્યા વગર આંખ મીં બંધ રાખી કેવલ પુરાતનોના નામથીજ ગમે તે સિદ્ધાન્તનો સ્વીકાર કરી લે?

जेण विणा लोगस्स वि ववहारो सव्वहा न निव्वडइ । तस्स भुवणेक्कगुरुणो नमो अणेगंतवादस्स ॥
भद्दं मिच्छादंसणसमूहमईअस्स अमयसायस्स । जिणवयणस्स भगवओ संविग्ग सुहाहिगम्मस्स ॥

–જેના વિના લોકનો વ્યવહાર પણ સર્વથા નિવડતો-ચાલી શકતો નથી તે-ભુવનના એક ગુરુ સમાન અનેકાંતવાદને નમસ્કાર.

–શ્રી જિનવચનરૂપ ભગવાન્ સદા ભદ્રવંત-જયવંત રહો, કે જે અન્ય દર્શનોના સમૂહરૂપ છે, અમૃતતુલ્ય સ્વાદવાળું છે, તથા જેનો મર્મ સમજવાને સંવેગ સુખની પ્રાપ્તિ આવશ્યક છે. ૩-૬૯ અને ૭૦ **સન્મતિસૂત્ર.**

૧૫૨. જૈન ધર્મના પ્રમાણશાસ્ત્રના મૂલ પ્રતિષ્ઠાપક આચાર્ય **સિ**દ્ધસેન **દિ**વાકર અને પછી **આ**પ્તમીમાંસા દ્વારા સ્યાદ્‌વાદ (અનેકાન્તવાદ)નું સમર્થન કરનાર સ્વામી **સ**મન્તભદ્ર-બંને જૈનધર્મના મહાન્ પ્રભાવક અને સમર્થ સંરક્ષક મહાત્મા થઈ ગયા છે. પૂર્વ પરંપારથી ચાલી આવતી માન્યતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુસાર **સિ**દ્ધસેન શ્વેતામ્બર સંપ્રદાયમાં **વિ**ક્રમરાજાના સમયમાં અને **સ**મન્તભદ્ર દિગમ્બર સંપ્રદાયમાં વિક્રમની બીજી સદીમાં થયા છે ક્વચિત્ **સ**મન્તભદ્રને વનવાસી તરીકે પોતાના સંપ્રદાયમાં શ્વેતામ્બરો સ્વીકારે છે અને વાદિમુખ્ય અને સ્તુતિકાર તરીકે **હ**રિભદ્રસૂરિ, **હે**મચંદ્રસૂરિ, **મ**લયગિરિ આદિ ટાંકે છે પણ **આ**પ્તમીમાંસાના કર્ત્તા તરીકે તેમને સ્વીકારેલા જણાતા નથી.

૧૫૩. વિક્રમના 'નવરત્નો'[૯૭] પૈકી 'ક્ષપણક' એ **સિ**દ્ધસેન હોવા ઘટે એમ ડૉ. **સ**તીશચંદ્ર કહે છે.[૯૮] ઉપલબ્ધ જૈન વાઙ્મયનું સૂક્ષ્મનિરીક્ષણ કરતાં જણાય છે કે **સિ**દ્ધસેન પહેલાં જૈનદર્શનમાં તર્કશાસ્ત્ર સંબંધી કોઈ સ્વતંત્ર સિદ્ધાંત પ્રચલિત હતો નહિ. તેની પૂર્વે પ્રમાણશાસ્ત્ર સંબંધી વાતો કેવળ આગમ-ગ્રંથોમાં જ અસ્પષ્ટ રૂપે સંકલિત હતી. અને તે સમયસુધી તે વાતોનું કંઈ વિશેષ પ્રયોજન પણ હતું નહિ. **સિ**દ્ધસેનસૂરિના પહેલાનો જમાનો તર્કપ્રધાન નહોતો પરંતુ આગમપ્રધાન હતો. માત્ર આપ્તપુરુષનાં વચન ત્યાં સુધી સર્વથા શિરોધાર્ય સ્વીકારાતાં. જૈનધર્મના સહચર બ્રાહ્મણ અને બૌદ્ધ ધર્મની પણ એ અવસ્થા હતી પરંતુ મહર્ષિ **ગૌ**તમના '**ન્યા**યસૂત્ર'ના સંકલન પછી ધીમે ધીમે તર્કનું જોર વધવા લાગ્યું અને જુદા જુદા દર્શનોના વિચારોનું સમર્થન કરવા માટે સ્વતંત્ર સિદ્ધાંતોની રચના થવા લાગી. તાર્કિક બ્રાહ્મણો થયા ને તેમની સામે બૌદ્ધોમાંથી **ના**ગાર્જુન નામના બુદ્ધિશાળી મહાશ્રમણે **મધ્યમાવતાર** રચ્યું. બ્રાહ્મણ અને બૌદ્ધ વિદ્વાનોમાં તર્કશાસ્ત્રીય યુદ્ધ વધતું ગયું.

૧૫૪. આ વાગ્યુદ્ધની શબ્દધ્વનિ નિર્જન વનોમાં ઘૂમનાર જૈન નિર્ગ્રન્થોના કાન સુધી પહોંચી. ધ્યાનમગ્ન નિર્ગ્રન્થ આ ધ્વનિનો અર્થ સમજવાનો પ્રયત્ન કરી રહ્યા હતા એટલામાં તેમને ભગવાન્ મહાવીરના 'મોક્ષમાર્ગ'નો ઉપહાસ કરનારા શબ્દો પણ અસ્ફુટ રીતે સાંભળવામાં આવ્યા. આથી 'ક્ષપણક' (જૈન શ્રમણ યા નિર્ગ્રંથ) પણ પોતાની 'શાસનરક્ષા'ના ઉપાય શોધવા લાગ્યા.

૧૫૫. આ નિર્ગ્રંથમાંથી સર્વ પ્રથમ આચાર્ય **ઉ**માસ્વાતિએ **તત્ત્વા**ર્થાધિગમ સૂત્ર (મોક્ષશાસ્ત્ર)ની રચના કરીને સમગ્ર જૈન તત્ત્વોને એકત્ર સંગ્રહીત કર્યું. (કોઈ **ઉ**માસ્વાતિને **સિ**દ્ધસેન પછી મૂકે છે.) તે સૂત્રકાર પોતાના જીવનમાં તે કાર્યને પૂર્ણ કરી પાછળના પ્રતિભાશાળી વિદ્વાનો માટે સૂચના કરી ગયા કે આમાં સંગ્રહીત જૈન તત્ત્વોનો અર્થ પ્રમાણ અને નય દ્વારા નિશ્ચિત કરવો જોઈએ. [**પ્રમાણનયૈરધિગમઃ**]. એ પ્રમાણ અને નયની વ્યવસ્થા કરવા માટે નવીન શાસ્ત્ર રચના કરવાનું કાર્ય પછીના આચાર્યોએ ઉપાડી લીધું. તેમાં પ્રથમ અગ્રણી **સિ**દ્ધસેન હતા. તેમણે સૌથી પહેલાં '**ન્યા**યાવતાર' નામના તર્કપ્રકરણની સંસ્કૃતમાં રચના કરીને જૈન પ્રમાણનો પાયો સ્થિર કર્યો; અર્થાત્ **ન્યા**યાવતાર એ સંસ્કૃત જૈન સાહિત્યમાં પદ્યબંધ આદિ-તર્કગ્રંથ હોઈ સમસ્ત જૈન તર્ક-સાહિત્યનો

---

૯૭. ધન્વન્તરિ:ક્ષપણકોઽમરસિંહશંકુ-વેંતાલભટ્ટ ઘટખર્પર-કાલિદાસાઃ ।
ખ્યાતો વરાહમિહિરો નૃપતેઃ સભાયાં રત્નાનિ વૈ વરરુચિ ર્નવ વિક્રમસ્ય ॥ - **જ્યોતિર્વિદાભરણ.**

પંચરાત્ર અને બીજા બ્રાહ્મણીય સંસ્કૃત ગ્રંથોમાં તેમજ **અવદાન કલ્પલતા** અને બીજા બૌદ્ધ ગ્રન્થોમાં જૈન મુનિઓને ક્ષપણક કહેવામાં આવ્યા છે.

૯૮. જુઓ ઉક્ત ડૉકટર કૃત '**ન્યા**યાવતાર'ની ભૂમિકા તથા તેમનો The History of the Midieval School of Indian Logic (મધ્યકાલીન ભારતીય ન્યાયશાસ્ત્રનો ઈતિહાસ) પૃ. ૧૩-૨૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ પાયો છે - તેણે જૈનતર્કપરિભાષાનું જે પ્રસ્થાન શરૂ કર્યું તે અત્યાર સુધી અખંડિત છે, તેથી જ એના પ્રણેતા આ. **સિદ્ધસેન** જૈન તર્કશાસ્ત્રના પ્રસ્થાપક છે.

૧૫૬. વિશેષમાં[૯૯] **સન્મતિ**-પ્રકરણ નામના મહાતર્ક ગ્રંથને પ્રાકૃતમાં આર્યાછંદમાં રચી 'નયવાદ'નું મૂલ દૃઢ કરી અનેકાન્તવાદનું સ્થાપન કર્યું. એ ત્રણ કાંડમાં વિભક્ત છે. પહેલા કાંડમાં માત્ર 'નય' (દૃષ્ટિબિંદુ) સંબંધી ખૂબ વિશદ ચર્ચા કરીને 'નયવાદ' (philosophy of Standpoints) નું નિરૂપણ કર્યું છે. બીજા કાંડમાં માત્ર જ્ઞાનની ખાસ કરી પાંચ જ્ઞાનને લગતી ચર્ચા છે. અને ત્રીજા કાંડમાં જ્ઞેય તત્ત્વનું નિરૂપણ છે. કોઈપણ વસ્તુ જ્ઞેયરૂપે કેવી માનવી જોઈએ, અને જૈનદૃષ્ટિ પ્રમાણે જ્ઞેય વસ્તુનું સ્વરૂપ કેવું હોવું જોઈએ. એની સામાન્ય ચર્ચા સાથે એમાં પદે પદે અનેકાન્તવાદ (Relative philosophy) સ્થાપન કરવાનો, તેને સમજાવવાનો, તેની બારીકીઓ વર્ણવવાનો પ્રયત્ન છે તથા સાથે સાથે અનેકાન્તવાદમાં ઉપસ્થિત થતા દોષો બતાવવાનો તેમજ અનેકાન્તવાદ ઉપર થતા આક્ષેપોને દૂર કરવાનો બુદ્ધિગમ્ય અને પ્રબલ પ્રયત્ન છે; તેથી છેવટે ગ્રંથના અંતમાં અનેકાંતવાદનું ભદ્ર થાઓ એવી શુભ ઈચ્છા દર્શાવી એ **સન્મતિતર્ક** પ્રકરણ પૂર્ણ કર્યું છે.

૧૫૭. આ પ્રકરણ રચવામાં બે ઉદ્દેશ જણાય છે (૧) સ્વ-સંપ્રદાયમાં વિચારશક્તિ અને તર્કબળ કેળવી પ્રજ્ઞાનો વિકાસ કરવો અને (૨) જૈનેતર દર્શનના વિદ્વાનોમાં જૈન મૂળતત્ત્વોની પ્રતિષ્ઠા કરવી. પહેલો ઉદ્દેશ પોતાના સમય સુધીમાં જે જે રૂઢ તથા સ્થૂલ માન્યતાઓ પરંપરાએ ચાલી આવતી હતી તેને પોતાની ઉંડી માર્મિક અને અદૃષ્ટપૂર્વ સમીક્ષા તેમજ પરીક્ષા કરી એક બાજુએ રાખી પોતાનો તદ્દન સ્વતંત્ર તેમજ નવો વાદ સ્થાપન કરી સિદ્ધ કર્યો છે. આગમના શબ્દોનો સ્પર્શ કરીં વળગી રહેવું એ એક વાત છે, અને તે શબ્દોમાં વિચારપૂર્વક સમભાવથી ઉંડા ઉતરી સત્ય મેળવવું એ બીજી વાત છે. આ બીજી વાત પર પોતે ભાર મૂકી નવી સ્વતંત્ર વિચારસરણી પોતે ઉભી કરી છે અને તેમાં સમ્યગ્દર્શન પોતે સ્વીકાર્યું છે. બીજો ઉદ્દેશ તેમણે એ રીતે બતાવી આપ્યો છે કે તત્કાલીન બધાં ભારતીય દર્શનોની સમીક્ષા કરી બૌદ્ધ દર્શનની બધી શાખાઓ તેમજ બધાં વૈદિક દર્શનોનું જૈનદૃષ્ટિએ શું સ્થાન છે તે જણાવ્યું છે.

૧૫૮. ખરી રીતે તેમણે બધાં દર્શનોને અનેકાન્તવાદમાં ગોઠવ્યાં છે, કારણ કે તેમણે નયવાદનું સુંદર પૃથક્કરણ કરી ઉપલબ્ધ તત્કાલીન સમગ્ર દર્શનોને સ્યાદ્વાદની - અનેકાંતવાદની સાંકળની કડીઓ જેવા ભિન્ન ભિન્ન નયોમાં યોગ્ય રીતે ગોઠવ્યાં છે અને તે રીતે તેની મહત્તા આંકી છે. જે દર્શનો માત્ર પોતાની પ્રરૂપણા સિવાય બીજી પ્રરૂપણાઓને ઘટતું સ્થાન નથી આપતાં, તે બધાંને તેમણે એકતરફી અને અધૂરાં સાબિત કરવાનો ખાસ પ્રયત્ન કર્યો છે અને નયવાદનું તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં કેવું સ્થાન છે, એ સમજાવવા પ્રબળ પુરૂષાર્થ દાખવ્યો છે. જેઓ વગર સમજ્યે અનેકાંતનો ઉપહાસ કરતાં તેઓને તેનું સ્વરૂપ સમજાવવા આકર્ષક ચર્ચા કરી છે. અને છેવટે કહ્યું છે કે જેના

૯૯. જૈન સાહિત્યમાં તો અત્યારસુધી 'સંમતિતર્ક' એ નામ પ્રસિદ્ધ છે, પરંતુ તેનું ખરૂં નામ 'સન્મતિતર્ક' હોવું ઘટે, કારણ કે 'સન્મતિ' એ શ્રી **મહા**વીરનું બીજું નામ છે (જુઓ **ધ**નંજય નામમાલા), અને તે **મહા**વીરના તર્કને બતાવવા એ નામ સાર્થક છે, વળી જૂની પ્રતમાં 'સન્મતિ' એવો પાઠ મળે છે. પં. **સુ**ખલાલ અને પં. **બ**હેચરદાસ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિના વ્યવહારનું એક પણ કામ સિદ્ધ નથી થઈ શકતું એવા અનેકાંતવાદને નમસ્કાર હો ! આ પર સ્વોપજ્ઞવૃત્તિ પોતે રચેલી હોવી જોઈએ એવી પ્રો. **લો**યમાનની સંભાવના છે.[૧૦૦]

૧૫૯. સિદ્ધસેન દિવાકરની કૃતિઓના અવલોકનથી માલૂમ પડે છે કે તેઓ જબરા સ્પષ્ટભાષી અને સ્વતંત્રવિચારના ઉપાસક હતા. પ્રકૃતિથી ભારે તેજસ્વી અને પ્રતિભાએ 'શ્રુતકેવલી' હતા. તેમની કૃતિઓમાં જે સ્વતંત્ર વિચારની ઝળક દેખાય છે તે અન્ય કોઈની પણ કૃતિમાં નથી. તેમના ગ્રંથોને જોવાથી તેમજ તેમના સંબંધે પછીના ગ્રંથકારોએ જે કહ્યું છે તે પરથી જણાય છે કે જૈન ધર્મના કેટલાએક પરંપરાગત વિચારોથી **સિ**દ્ધસેનનો વિચારભેદ હતો. તેઓ સાક્ષાત્ જૈન સૂત્રોના કથનને પણ પોતાની તર્કબુદ્ધિરૂપ કસોટી પર કસી તદનુકૂલ અર્થ કરતા હતા; પછી તે પૂર્વપરંપરાને કે પૂર્વાચાર્યોના અભિપ્રાયને સંમત હોય યા નહિ. 'મૃત રૂઢગૌરવ' જેને પ્રિય છે એવા પંડિતોને માટે તો તેમણે પોતાની ૩૨ પૈકી એક દ્વાત્રિંશિકામાં પ્રહાર કરી હૃદયનો જોશ માર્મિકતાથી પ્રકટ કર્યો છે. (આના નમુનારૂપે આ પ્રકરણના પ્રારંભમાં **જનોઽયમન્યસ્ય** એ શ્લોક ટાંક્યો છે.)

૧૬૦. એમ કહેવાય છે કે **સિ**દ્ધસેને બત્રીશ દ્વાત્રિંશિકા (બત્રીશી)ઓ (૩૨ શ્લોકનું પ્રકરણ તે એક બત્રીશી એમ) ગૂઢ અને ગંભીરાર્થક સંસ્કૃતમાં રચી હતી તેમાં ઉપરોક્ત **ન્યા**યાવતારનો (તેના ૩૨ શ્લોક છે) પણ એક બત્રીશી તરીકે સમાવેશ થતો હતો. આ બત્રીશ બત્રીશીમાં હાલ **ન્યા**યાવતાર સહિત ૨૧ બત્રીશીઓ પ્રાપ્ત થાય છે. શરૂઆતની કેટલીક બત્રીશીઓમાં ભગવાન્ મહાવીરની અનુપમ સ્તુતિ છે. ત્યાર પછી કેટલીકમાં નામે ૯મી વેદવાદ, ૧૨મી ન્યાય, ૧૩મી સાંખ્યપ્રબોધ, ૧૪મી વૈશેષિક, ૧૫મી બૌદ્ધસંતાન દ્વાત્રિંશિકામાં જૈનેતર દર્શનોનું વર્ણન છે. એકમાં (૭મી વાદોપનિષદ્ દ્વાત્રિંશિકામાં) વાદકળાનો મર્મ અને વળી એકમાં (૮મી વાદદ્વાત્રિંશિકામાં) વિવાદની દુર્દશાનું ચિત્ર છે.

૧૬૧. આ બત્રીશીઓ જ **હ**રિભદ્રસૂરિના **ષ**ડ્દર્શનસમુચ્ચય અને **મા**ધવાચાર્યના **સ**ર્વદર્શનસંગ્રહની પ્રાથમિક ભૂમિકા છે. આના પર કોઈ પણ વિદ્વાને વ્યાખ્યા કે ટીકા લખવાનો પરિશ્રમ સેવ્યો જણાતો નથી. તેનું કારણ સમજી શકાતું નથી. આ બત્રીશીઓ સ્તુતિરૂપ હોવા છતાં તેમાં દાર્શનિક વિષયો પણ છે. વૈદિક, જૈન અને બૌદ્ધ એ સમકાલીન સમગ્ર ભારતીય દર્શનોનાં સ્વરૂપ તેમાં બતાવેલ છે. એટલે કદાચ તે અતિ ગૂઢાર્થક હોઈને તેનું રહસ્ય પ્રકટ કરવાની કોઈની હિંમત ચાલી ન હોય. આમાં ઘણા અપૂર્વ વિચારો ભર્યા છે. આવી અદ્ભૂત અપૂર્વ કૃતિઓ સમસ્ત જૈન સાહિત્યમાં મળવી વિરલ છે. શ્રી **હે**મચંદ્ર જેવા સમર્થ વિદ્વાને તેનું મહત્ત્વ પોતાની **અ**યોગ્ય-વ્યવચ્છેદ દ્વાત્રિંશિકામાં એ રીતે ગાયું છે કે :-

क्व सिद्धसेनस्तुतयो महार्था अशिक्षितालापकला क्व चैषा ।

અર્થાત્ - **સિ**દ્ધસેનસૂરિની રચેલી મહાન્ અર્થવાળી સ્તુતિઓ ક્યાં, ને અશિક્ષિત મનુષ્યના આલાપ જેવી મારી આ રચના ક્યાં ?

---

૧૦૦. પંડિત સુખલાલ અને પં. બહેચરદાસના કથન પરથી તેમજ તેમના લેખ નામે 'સન્મતિ તર્ક અને તેનું મહત્ત્વ' પરથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬૨. આ કથનથી જણાય છે કે **સિદ્ધસેનસૂરિ**ની સ્તુતિઓ કેટલી મહત્ત્વની છે ! આમાંની ઘણી ખરી બત્રીશીઓમાં મુખ્યતઃ અર્હન્ મહાવીરની અનેક પ્રકારે સ્તવના કરવામાં આવી છે, તેથી તેને 'સ્તુતિઓ' કહેવામાં આવે છે અને તેટલાં માટે તેનાં અવતરણો લેતાં આ. **હ**રિભદ્ર આ. **હે**મચંદ્રાદિએ તે સૂરિનો 'સ્તુતિકાર' એ નામથી ઉલ્લેખ કર્યો છે. આ બત્રીશીઓમાં પસંદ કરાયેલ વિવિધ છંદો નામે અનુષ્ટુપ્, ઉપજાતિ, વસંતતિલકા, વૈતાલીય, પૃથ્વી, શિખરિણી, હરિણી, મંદાક્રાંતા, પુષ્પિતા, વંશસ્થ, આર્યા, શાલિનીનો ઉપયોગ દાર્શનિક-જૈનસાહિત્યમાં સર્વથી પ્રથમ છે.

૧૬૩. સન્મતિ, **બ**ત્રીશીઓ વગેરે કૃતિઓ જોતાં સાંખ્ય વૈશેષિક અને બૌદ્ધ એ ત્રણ જૈનેતર દર્શનો ઉપરાંત ન્યાય, વેદ, ઉપનિષદ્ આદિ બીજાં તત્કાલીન પ્રસિદ્ધ જૈનેતર દર્શનોના અભ્યાસની ઉંડી અને વિસ્તૃત છાપ દિવાકરશ્રીના માનસમાં પડી છે. વૈશેષિકસૂત્ર અને ન્યાયદર્શનના અભ્યાસે તો **સ**ન્મતિની રચનામાં દિવાકરશ્રીને ખાસ પ્રેરણા આપ્યાનું ભાન થાય છે તેથી એ દર્શનોનાં સૂત્રો અને **સ**ન્મતિ વચ્ચે ભાષા તેમજ ગદ્ય-પદ્યનો ભેદ હોવા છતાં શુદ્ધ તર્કદૃષ્ટિના ઉપયોગનું એમાં મુખ્ય સામ્ય છે. **સાં**ખ્યાચાર્ય **ઈ**શ્વર-કૃષ્ણની કારિકાઓ સાથે **સ**ન્મતિ સરખાવતાં ભાષા અને સંપ્રદાયનો ભેદ બાદ કરીએ તો બેમાં છંદનું તેમજ પોતપોતાના વિષયને તર્ક પદ્ધતિએ ગોઠવવાનું સામ્ય નજરે પડશે. શૂન્યવાદી બૌદ્ધાચાર્ય **ના**ગાર્જુનની **મ**ધ્યમકારિકા અને વિજ્ઞાનવાદી **વ**સુબન્ધુની **વિં**શિકા તથા **ત્રિં**શિકા સાથે **સિ**દ્ધસેનની કૃતિઓ સરખાવતાં એમ લાગે છે કે એ આચાર્યો ઉપર એક બીજાની અસર અવશ્ય છે.[૧૦૧]

૧૬૪. શ્વેતામ્બરોમાં સિદ્ધાન્ત એટલે આગમના ગ્રંથોમાં એમ છે કે કેવલી (સર્વજ્ઞ)ને કેવલજ્ઞાન અને કેવલદર્શન-એ બંને યુગપત્ એટલે એક સાથે થતા નથી. એક વખતે કેવલજ્ઞાન અને એક વખત કેવલદર્શન એમ વારંવાર થયાં કરે છે અર્થાત્ એક ક્ષણ (સમય) કેવલજ્ઞાન રહે છે અને બીજી ક્ષણે (સમયે) કેવલદર્શન-એમ પ્રતિક્ષણ ક્રમશઃ કેવલજ્ઞાન અને કેવલદર્શનસ્વરૂપ કેવલીનો ઉપયોગ ફર્યા કરે છે. **સિ**દ્ધસેનસૂરિને આ વિચાર સંમત નથી. તેઓ આ વિચારને યુક્તિસંગત ન માનતાં તેને તર્ક અને યુક્તિથી અયુક્ત સિદ્ધ કરે છે. તેમના વિચારે તો કેવલીને કેવલજ્ઞાન અને કેવલદર્શન બંને યુગપત્-એકી સાથે હોવાનું યુક્તિસંગત છે અને વાસ્તવિકપણે અંતમાં તેઓ વળી બંનેમાં પરસ્પર કાંઈ ભેદ જ નથી માનતા-બંનેને એક જ બતાવે છે. આ વિચારનો તેમણે પોતાના 'સન્મતિ પ્રકરણ'માં ખૂબ ઊહાપોહ કર્યો છે. આ વિચારભેદને કારણે તે સમયના સિદ્ધાન્તગ્રંથ-પાઠી અને આગમભક્ત આચાર્યગણ તેમને 'તર્કમન્ય' જેવાં તિરસ્કારસૂચક વિશેષણો આપતા હતા, અને ત્યારપછી **જિ**નભદ્ર ક્ષમાશ્રમણ આદિ આગમપ્રધાન આચાર્યોએ આગમપ્રમાણની દલીલથી જ તે વિચારનું ખંડન કર્યું છે. (જુઓ **જિ**નભદ્રીય **વિ**શેષાવશ્યક અને બીજા આ. સિદ્ધસેનકૃત **ત**ત્ત્વાર્થસૂત્ર પર બૃહદ્વ્યાખ્યા).

૧૬૫. સિદ્ધસેનસૂરિ પ્રત્યેનો આદર દિગંબર વિદ્વાનોમાં રહેલો દેખાય છે. **હ**રિવંશ પુરાણના કર્ત્તા **જિ**નસેનસૂરિએ, **ત**ત્ત્વાર્થ-ટીકા નામે **રા**જવાર્ત્તિકના {*પ્ર.ભા.જ્ઞા.*} કર્ત્તા **અ**કલંકદેવે, **સિ**દ્ધિવિનિશ્ચયના ટીકાકાર {*પ્ર.ભા.જ્ઞા.*} **અ**નંતવીર્યે, **ભ**ગવતી આરાધનાના રચનાર **શિ**વકોટિએ રત્નમાલામાં, **પા**ર્શ્વનાથ-

૧૦૧. પં. સુખલાલ અને બહેચરદાસના લેખ નામે 'સન્મતિ તર્ક અને તેનું મહત્ત્વ'માંથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચરિત {*પ્ર.મા.દિ.ગ્રં*}ના કર્ત્તા **વા**દિરાજસૂરિએ, **એ**કાંતમંડનના કર્ત્તા **લ**ક્ષ્મીભદ્ર આદિ દિગંબર વિદ્વાનોએ **સિ**દ્ધસેનસૂરિ સંબંધી અને તેમના **સ**ન્મતિતર્ક ગ્રંથ સંબંધી ભક્તિભાવથી ઉલ્લેખ કર્યો છે; ને વળી આ ઉલ્લેખોથી એમ જણાય છે કે દિગંબર ગ્રંથકારોમાં (ઘણા) સમય સુધી **સિ**દ્ધસેનસૂરિના ગ્રંથોનો પ્રચાર હતો, અને એટલો બધો હતો કે તેના પર તેઓએ ટીકા પણ રચી છે.

૧૬૬. શ્વેતામ્બરાચાર્યોમાં શ્રી **હ**રિભદ્રસૂરિએ **સિ**દ્ધસેનસૂરિને 'શ્રુતકેવલી'ની કોટિમાં મૂક્યા છે; **સિ**દ્ધસેનસૂરિ બીજાએ **ન્યા**યાવતાર પર અને તર્કપંચાનન **અ**ભયદેવસૂરિએ **સ**ન્મતિતર્ક પર ટીકા રચીને **સિ**દ્ધસેનસૂરિ જૈન તર્કશાસ્ત્ર વિષયે સૂત્રધાર હતા તેનું સગૌરવ સમર્થન કર્યું છે. પ્રચંડ તાર્કિક **વા**દિદેવસૂરિએ તેમને પોતાના માર્ગદર્શક જણાવ્યા છે. પ્રસિદ્ધ આચાર્ય **હે**મચંદ્રે તેમની કૃતિઓ સામે પોતાની વિદ્વન્મનોરંજક કૃતિઓને પણ 'અશિક્ષિત મનુષ્યના આલાપવાળી' જણાવી છે, અને **સિ**દ્ધહૈમ-શબ્દાનુશાનમાં ઉદાહરણ પ્રસંગે 'अनुसिद्धसेनं कवयः' એ પ્રયોગવડે **સિ**દ્ધસેનને સર્વોત્કૃષ્ટ કવિ તરીકે સ્વીકારેલ છે. છેવટમાં યશોવિજય ઉપાધ્યાયે **સ**ન્મતિતર્કનો ઉલ્લાસપૂર્વક છૂટથી ઉપયોગ કર્યો છે.

૧૬૭. આ. **સિ**દ્ધસેને '**ક**લ્યાણમંદિર' એથી શરૂ થતું **પા**ર્શ્વનાથ સ્તવન સંસ્કૃતમાં રચ્યું છે કે જે ઘણું બુદ્ધિપ્રધાન અને મનોહર કાવ્ય છે. તેમના પ્રબંધમાં એમ વાત છે કે મહાકાલ પ્રાસાદમાં તે સ્તવન રચેલું અને તેના પ્રભાવથી ત્યાં **પા**ર્શ્વપ્રતિમા કાઢી હતી. આ. **સિ**દ્ધસેનનું બીજું નામ 'ગંધહસ્તી' હતું એમ કહેવાય છે અને તેમણે **આ**ચારાંગના પ્રથમ અધ્યયન નામે 'શસ્ત્રપરિજ્ઞા' પર વિવરણ રચ્યું હતું[૧૦૨] કે જે '**ગ**ન્ધહસ્તિવિવરણ' કહેવાય છે. હાલ તે ઉપલબ્ધ નથી. પં. સુખલાલજી જણાવે છે કે આ સિદ્ધસેન દિવાકરનું બીજું નામ **ગં**ધહસ્તી હતું એ કિંવદન્તી યથાર્થ નથી; વાસ્તવમાં 'ગંધહસ્તી' એ નામ જે **સિ**દ્ધસેનને અપાયું હતું તે સિદ્ધસેન તે પારા ૧૯૭ અને ટિ. ૧૯૨માં જણાવેલા -**ત**ત્ત્વાર્થ ભાષ્યની ઉપલબ્ધ મોટી વૃત્તિ રચનાર **સિ**દ્ધસેન ગણિ (**ભા**સ્વામી શિષ્ય) હતા. (પં. **સુ**ખલાલની તત્ત્વાર્થ પ્રસ્તાવના).

૧૬૮. તેમનું જન્મસ્થાન નિશ્ચિત રીતે વિદિત નથી, પણ **ઉ**જ્જયિની અને તેની આજુબાજુએ તેઓએ જીવન ગાળ્યું હોય એમ જણાય છે, તેથી તેમના ગ્રંથોની રચના પણ તેજ પ્રદેશમાં થયાનો સંભવ છે. તેઓ જાતે બ્રાહ્મણ અને કુલધર્મે વૈદિક હતા. પણ પાછળથી પાદલિપ્તસૂરિ સંતાનીય **સ્કં**દિલાચાર્યના શિષ્ય જૈનાચાર્ય **વૃ**દ્ધવાદીની પાસે જૈન દીક્ષા લીધી હતી. {*જેસલમેરમાં શ્રીચન્દ્રપ્રભ જિનાલય સ્થિત ધાતુ પ્રતિમા ઉપરના શ્રી સિદ્ધસેન દિવાકરગચ્છે અસ્માચ્છુપ્તાભ્યાં કારિતા સંવત ૧૦૮૬ આ પ્રમાણેના લેખના આધારે ત્રિપુટી મ. સિદ્ધસેન દિવાકરસૂરિ નાગેન્દ્ર કુલમાં થયાનું અનુમાન કરે છે.* ***જૈનપરંપરાનો ઇતિહાસ*** *ભા. ૨. પૃ. ૨૬૦* }

૧૬૯. 'દાન, શીલ, તપ અને ભાવનાના સંસ્કારોમાં જૈનોનું વારસાગત ચઢીયાતાપણું કબૂલ કરવામાં આવે તો બૌદ્ધિક સંસ્કારોનું તેવું ચઢીયાતાપણું બ્રાહ્મણજાતિનું સ્વીકારવું જોઈએ. એ વાતની સાક્ષી અનેક બ્રાહ્મણ જૈનાચાર્યોની કૃતિઓ પૂરે છે. વૈશ્યજાતીય **હે**મચંદ્ર અને **ય**શોવિજય જેવા તો અપવાદ માત્ર ગણાય. **દિ**વાકરજી જન્મે બ્રાહ્મણ જાતિના અને પોતાની જ પરંપરામાં વ્યાકરણ, કાવ્ય, વેદ અને ઉપનિષદ્ આદિ ઉપરાંત તત્કાલીન સમગ્ર વૈદિક દર્શનોને તેમજ બૌદ્ધદર્શનને પી ગયેલા.

---

૧૦૨. **આ**ચારાંગના વૃત્તિકાર **શી**લાંક સૂરિ છેવટે જણાવે છે કે :-

शस्त्रपरिज्ञाविवरणमतिबहुगहनं च 'गंधहस्ति' कृतम् । तस्मात् सुखबोधार्थं गृहणाम्यहमंजसा सारम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમનો સંસ્કૃત ભાષા ઉપરનો કાબુ અને કવિત્વ એમની કૃતિઓમાં ચમત્કારિક રીતે નજરે પડે છે. પૂર્વાશ્રમના દાર્શનિક પ્રૌઢ અભ્યાસે તેમની બુદ્ધિને તીક્ષ્ણ અને દર્પણ જેવી સ્વચ્છ બનાવી હતી. હૃદય તેમનું સરળ અને ગુણ પક્ષપાતી હતું. પરીક્ષાશક્તિ અને નિર્ભયતા તેઓમાં સ્વતઃસિદ્ધ હતાં, તેથી જૈન આગમ જોતાં વેંતજ બીજા કોઈ સાધારણ વિદ્વાનને ન ભાસે એવું પ્રભુ મહાવીરભાષિત તત્ત્વ તેમની પ્રતિભાને ભાસ્યું અને તેમની વિરક્ત વૃત્તિ સાથે નિર્ભયતા જાગી ઉઠી; પરિણામે તેમણે દીર્ઘતપસ્વી ભ. મહાવીરનું શાસન સ્વીકાર્યું અને પોતાની સમગ્ર શક્તિ એ શાસનને અર્પી, તેની વ્યવસ્થા અને પ્રભાવના કરવામાં જ પોતાના પાંડિત્યનો ઉપયોગ કર્યો. આ વાત તેમની કૃતિઓ[૧૦૩] પરથી સ્પષ્ટ છે.''[૧૦૪] ધર્મશાસ્ત્રમાં પણ આઠ પ્રભાવક પુરુષોની ગણનામાં **સિ**દ્ધસેનની ગણના કવિપ્રભાવકમાં કરી છે.

૧૭૦. તેમના **પ્ર**ભાવક ચરિતમાંના પ્રબંધ પ્રમાણે **વિ**ક્રમ નૃપ રાજ્ય **વિ**શાલામાં (અવન્તીમાં) **કા**ત્યાયન ગોત્રીય દેવર્ષિ નામના દ્વિજને દેવશ્રી (દેવસિકા) નામની પત્નિથી **સિ**દ્ધસેન નામનો અતિ પ્રજ્ઞાશાલી પુત્ર હતો. તે બુદ્ધિમાન હોવાથી બાલ્યાવસ્થામાં સર્વશાસ્ત્રમાં નિષ્ણાત થયો તેમજ વાદ કરવામાં ઘણી કુશળતા મેળવેલી હોવાથી તે કાળના સમર્થ વાદીઓમાં તેની ગણના થતી હતી. એક વેળાએ **પા**દલિપ્તસૂરિના સંતાનીય **સ્કં**દિલાચાર્યના શિષ્ય **વૃ**દ્ધવાદી (કે જે મૂલ મુકુંદ નામના બ્રાહ્મણ હતા ને વૃદ્ધવાદી તરીકે પ્રસિદ્ધ થયા હતા) સાથે તેનો મેળાપ થયો. તેની વાદ કરવાની ઈચ્છા હોવાથી બંનેનો રાજસભામાં વાદ થયો અને **સિ**દ્ધસેનનો પરાજય થયો. આથી તે **વૃ**દ્ધવાદીનો શિષ્ય થયો ને દીક્ષાકાલે 'કુમુદચંદ્ર' નામ રાખ્યું. પણ તેની વિશેષ પ્રસિદ્ધિ '**સિ**દ્ધસેન દિવાકર' એ નામથી જ થઈ. **પ્ર**ભાવક ચરિતમાં **વૃ**દ્ધવાદિ પ્રબંધમાં વિશેષ જણાવ્યું છે કે ગોવાળીઆઓ ઉપદેશ સાંભળવા આવ્યા ત્યારે તેમને પ્રાકૃત રાસમાં તાલ સાથે હુંબડક-હંબોડા લઈને તેમણે સમજાવ્યું કે :-

નવિ મારિઅઈ નવિ ચોરીઅઈ, પરદારહ સંગુ નિવારિઅઈ
થોવા થોવું દાઈઅઈ તઉ સગ્ગિ ટુગુટ્ટુગુ જાઈઈ.

આ દેશી ગાથાને બીજા પ્રબંધકારે (**ચ**તુર્વિશતિ પ્રબંધકાર) એવી રીતે ઉપયોગમાં લીધી છે કે **સિ**દ્ધસેનને પ્રતિજ્ઞા હતી કે જે મને વાદમાં જીતે તેનો શિષ્ય થાઉં. તે **વૃ**દ્ધવાદી પાસે ભૃગુપુર-ભૃગુકચ્છ આવ્યો ને રસ્તામાં જ તેને મળતાં 'વાદ કરો, જીતો ને શિષ્ય કરો, નહિ તો હાર સ્વીકારો' એમ **સિ**દ્ધસેને કહેતાં **વૃ**દ્ધવાદીએ કહ્યું : 'વાદ કરવા તૈયાર છું પરંતુ અહીં સભ્ય ક્યાં છે ? સભ્યો વગર વાદમાં જીત હારનો કોણ નિર્ણય કરે ?' **સિ**દ્ધસેને કહ્યું. 'આ ગોવાળીઆ તે સભ્યો.' **વૃ**દ્ધવાદીએ કહ્યું :

---

૧૦૩. **'શ્રી સિદ્ધસેન દિવાકરકૃત ગ્રંથમાલા'** એ નામનું પુસ્તક જૈન-ધર્મપ્રસારક સભા ભાવનગર તરફથી સં. ૧૯૬૫માં પ્રસિદ્ધ થયું છે તેમાં ૨૧ બત્રીશીઓ, **ન્યા**યાવતાર અને સન્મતિતર્ક મૂલ છપાયાં છે. ન્યાયાવતાર પં. સુખલાલના ભાષાંતર અને વિવેચન સહિત જૈ. સા. સંશોધકમાં અને ડૉ. વૈદ્યની અંગ્રેજી પ્રસ્તાવના-મૂલ.ને ટીકા સહિત જૈન શ્વે. ઓફીસ તરફથી હમણાં બહાર પડેલ છે.

૧૦૪. પં. સુખલાલ અને પં. બહેચરદાસનો લેખ **'સન્મતિતર્ક અને તેનું મહત્ત્વ.'**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'ત્યારે બોલ.' **સિ**દ્ધસેને સંસ્કૃતમાં બોલવા માંડ્યું તે ગોવાળીઆ સમજ્યા નહિ એટલે પછી **વૃ**દ્ધવાદી કાલ સમજી કચ્છ બાંધી રમતા રમતા ઉપરની 'નવિ મારિયઈ' એ ગાથા વગેરે[૧૦૫] બોલ્યા. ગોવાળીઆએ **વૃ**દ્ધવાદીની જીત જાહેર કરી. પછી રાજસભામાં વાદ થયો ને ત્યાં પણ **સિ**દ્ધસેનની હાર થતાં તે **વૃ**દ્ધવાદીનો શિષ્ય થયો. આ કિંવદન્તિમાં કેટલું તથ્ય છે તે એક બાજુ રાખીએ, પણ 'નવિ મારિયઈ'ની ગાથા સાથે હાલની દેશી ભાષાનું સામ્ય જણાય છે તો દેશી ભાષાનાં મૂળ ઘણાં જૂનાં છે એમ કહી શકાય.

૧૭૧. 'સિદ્ધસેનસૂરિ માટે એક બીજી કિંવદન્તી પણ પ્રચલિત છે કે તેમણે એક વખત જૈનશ્રમણ-સંઘની સામે એવો વિચાર પ્રકટ કર્યો હતો કે- 'જૈનાગમગ્રન્થ' કે જે પ્રાકૃત ભાષામાં છે તેથી તેની પ્રત્યે વિદ્વાનોનો આદર વિશેષ થતો નથી-વિદગ્ધગણ તેને ગ્રામીણ ભાષાના ગ્રન્થ સમજી તેનું અવલોકન કરતા નથી-તે માટે જો શ્રમણગણ અનુમતિ આપે તો હું તેનું સંસ્કૃત ભાષામાં પરિવર્તન કરી નાંખવા ઈચ્છું છું.' **દિ**વાકરના આ વિચારો સાંભળી શ્રમણ-સંઘ એકદમ ચોંકી ઉઠ્યો અને કહેવા લાગ્યો કે- 'મહારાજ, આ અકર્તવ્ય વિચારને આપના હૃદયમાં સ્થાન આપી આપે તીર્થંકર, ગણધર અને જિનપ્રવચનની મોટી 'આશાતના' (અવજ્ઞા) કરી છે. આવા કલુષિત વિચાર કરવા માટે અને શ્રમણસંઘની સામે આવા ઉદ્‌ગાર કાઢવા માટે જૈનશાસ્ત્રાનુસાર આપ 'સંઘબાહ્ય'ના મોટા દંડની શિક્ષાના અધિકારી થયા છો.' **સિ**દ્ધસેન તો સંઘનું આ કથન સાંભળી ચકિત થયા અને પોતાના સરલ વિચારથી પણ સંઘને આટલી અપ્રીતિ થઈ તે માટે પોતાને બહુ ખેદ થયો. સંઘને તરત જ તેમણે ક્ષમા પ્રાર્થના કરી કે 'જે પ્રાયશ્ચિત્ત દેવું હોય તે આપો.' એમ કહેવાય છે કે સંઘે તેઓને શાસ્ત્રાનુસાર બાર વર્ષ સુધી 'બહિષ્કૃત' રૂપમાં રહેવાનું 'પારાંચિત' નામનું પ્રાયશ્ચિત્ત આપ્યું કે જે **દિ**વાકરે સાદર સ્વીકારી (**વિ**ક્રમરાજાને પ્રતિબોધી) સંઘની આજ્ઞાનું પાલન કર્યું. પ્રાયશ્ચિત્તની મર્યાદા પૂરી થતાં સંઘે તેમને

---

૧૦૫. 'નવિ મારિયઈ' નો અર્થ એ છે કે 'મારવું નહિ, ચોરવું નહિ, થોડું થોડું (શક્તિ પ્રમાણે) દેવું-દાન કરવું તો ધીમેથી સ્વર્ગે જવાય.' આ ગાથા સાથે બીજી પણ ગાથા **ચ**તુર્વિંશતિ પ્રબંધકારે (સં. ૧૪૦૫) મૂકી છે કે :-

'ગુલસિઉં ચાવઈં તિલ તાંદલી, વેડિઈ વજ્જાવઈં વાંસલી,
પહિરણી ઓઢણિ હુઈ કાંબલી, ઈણપરિ ગ્વાલહ પૂજઈ રૂલી.
કાલઉ કંબલુ અનુ નીવાટુ, છાસિહિં ખાલડુ ભેરિઉં નિ પાટુ,
અઈ વડુ પડિયઉં નીલઈ ડાડિ, અવર કિસર ગહ સિંગ નિલાડી.'

જ્યારે પૌ.**રા**મચંદ્રસૂરિએ **વિ**ક્રમચરિત્ર (સં.૧૪૯૦)માં 'નવિ મારિયઈ' ની સાથે બીજી દેશી ગાથાઓ મૂકી છે :-

'વચન નવ કીજઈ કહીતણું, એહ વાત સાચી ભણું,
કીજઈ જીવદયાનું જતન, સાવયકુલિ ચિંતામણિ રતન.
હડ હડાવ નવી કીજઈ ઘણું, મરમ બોલુ તુહ્મિ કહિતણું,
કુડી સાખઈ મ દેયો આલ, એ તુહ્મ ધમ્મ કહું ગોવાલ.
ગરડસ વીછી મારિઈ, મારિ તુ સહી ઊગારિઈ,
કુડ કપટ કરતુ વારિઈ, ઈહાપરિ આપકાજ સારિઈ.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુનઃ સંઘમાં લઈ પૂર્વવત્ તેમનો સત્કાર કર્યો.[૧૦૬] 'આ કિંવદન્તીમાં કેટલો તથ્યાંશ છે તે વિચારવા જેવી વાત છે. આ રૂપકમાં કંઈને કંઈ તથ્યાંશ-ઐતિહાસિક સત્ય અવશ્ય છે. **સિદ્ધસેનસૂરિ**ના વિચારસ્વાતંત્ર્ય અને સ્પષ્ટભાષિત્વનો પરિચય ઉપર કરાવ્યો છે તેથી એમ જાણી શકાય છે કે જો જૈનાગમોના સંબંધમાં તેમણે એવી કોઈ વાત શ્રમણસંઘ પાસે જણાવી હોય અથવા કૃતિરૂપે ઉપસ્થિત કરી હોય અને તેથી પુરાણપ્રિય અને આગમપ્રવણ શ્રમણવર્ગને મોટો અસંતોષ થયો હોય તો તેમાં કાંઈ અસંભવ નથી.

૧૭૨. 'વિશેષમાં શ્વેતામ્બર સાહિત્યમાં સંસ્કૃત ભાષાના પદ્યાત્મક પ્રૌઢ ગ્રંથોના પ્રથમપ્રણેતા **સિદ્ધસેનસૂરિ** છે. તેમની પહેલાં સંસ્કૃત ભાષાનો વિશેષ અભ્યાસ કે આદર નહોતો. ત્યાં સુધી તો જૈનશ્રમણોમાં પ્રાકૃત ભાષાનું પ્રભુત્વ હતું. શ્રમણોના અભ્યાસના વિષયો પણ ઘણા નહોતા. આગમ સાહિત્યનાં મૂળસૂત્રોને કંઠસ્થ કરાતાં-વંચાતાં, તે સિવાય સંસ્કૃતમાં રહેલાં વ્યાકરણ, કાવ્ય, કોષાદિનો અભ્યાસ વિશેષ કરીને નહિ હોય. આ. **સિદ્ધસેને સન્મતિતર્કના** અંતે કહ્યું છે કે 'तम्हा अहिगयसुत्तेण अत्थसंपायणम्मि जइअव्वं' એટલે 'સૂત્ર (મૂલપાઠ)ને અધિગત કરવા સાથે અર્થસંપાદન કરવામાં પણ યતિઓએ યત્ન કરવો જોઈએ' એવો ઉપદેશ આપ્યો છે તે ઉક્ત વિચારને પુષ્ટિ આપે છે. અર્થપરિજ્ઞાન વિના અને વ્યાકરણ, કાવ્ય, કોષ આદિ સર્વ-સાધારણ જ્ઞાન વિના મનુષ્યને તત્ત્વબોધ થઈ શકતો નથી અને બીજાને તે કરાવી શકતો નથી. સર્વ-સાધારણ પરિજ્ઞાનનાં ઉક્ત સર્વ સાધન ભારતવર્ષમાં પ્રાચીનકાલથી એક માત્ર સંસ્કૃત ભાષામાં જ ઉપલબ્ધ થાય છે. જૈનશ્રમણોને તે માટે બહુજ્ઞ અને વિશિષ્ટ વિદ્વાન્ બનાવવા માટે સંસ્કૃત ભાષાના અધ્યયન-અધ્યાપનની જરૂર હતી. આ જરૂર ત્યારે પૂરી થઈ શકે છે કે જ્યારે ઉત્તમ અને પ્રૌઢ વિચારના ગ્રંથ તે ભાષામાં રચાયેલાં હોય અને જેને શીખવાની શ્રમણોને ખાસ આવશ્યકતા માલૂમ પડતી હોય. આ માટે આ. **સિદ્ધસેને** સંસ્કૃતમાં જ પોતાના પ્રૌઢ અને ગંભીર વિચાર લિપિબદ્ધ કરવાનું શરૂ કર્યું હતું, પરંતુ જૈનશ્રમણોમાં સંસ્કૃતમાં નવો જ પ્રવેશ હતો તેથી પોતાને સંસ્કૃત ભાષામાં લખવાનું વિશેષ પ્રિય હોવા છતાં સર્વ શ્રમણોને પોતાના મૌલિક અને તેથી નવીન વિચારોનો પરિચય કરાવવા માટે શ્રમણ સમૂહની સાધારણ અને પ્રિયભાષા કે જે તે સમયે પ્રાકૃત હતી તેમાં પણ લખવાની જરૂર લાગતાં 'સન્મતિપ્રકરણ' પ્રાકૃતભાષામાં પોતે રચ્યું એમ અનુમાન થાય છે. એમ જો ન હોત તો પોતે સંસ્કૃત ભાષાના અત્યંત અનુરાગી અને

---

૧૦૬. **ભદ્રેશ્વરસૂરિ** પોતાની પ્રાકૃત **કથાવલી**માં પાટણ તાડપત્ર પ્રત પૃ. ૩૦૦ ઉપર જણાવે છે કેઃ- 'लज्जंतो य पायरं जिणसासणं ति लोउत्तीए सिद्धसेण (णो) विण्णवइ संघं - 'जइ मण्णह तो करेमि सक्कयं पि सिद्धंतं ।' संघो भणइ - चिंतिएणा वि इमेण पायच्छित्ती, किं पुण जंपिएण; ता चरसु तुमं पायच्छित्तं ॥' એટલે કે 'પ્રાકૃત જિનશાસન' એ લોકોક્તિથી લજ્જમાન થઈ **સિદ્ધસેને** સંઘને વિનંતિ કરી કે જો કહો તો (સર્વ પ્રાકૃત) સિદ્ધાંતને સંસ્કૃતમાં કરૂં, પરંતુ સંઘે કહ્યું કે 'આવું ચિંતવવાથી પણ પ્રાયશ્ચિત છે તો પછી બોલવાથી તો કેમ નહિ ? માટે તમે પ્રાયશ્ચિત લ્યો.' આ વાતને પુષ્ટિ અન્ય પ્રબંધો પરથી મળે છે - જુઓ વૃદ્ધવાદીપ્રબંધ **પ્રભાવકચરિત** પૃ. ૯૧ થી ૧૦૩, **રાજશેખરકૃત ચતુર્વિંશતિ** પ્રબંધમાં વૃદ્ધવાદી સિદ્ધસેન પ્રબંધ, પૃ. ૨૦ પૌ. **રામચંદ્રસૂરિકૃત વિક્રમચરિત્ર, ચારિત્રસુંદરકૃત કુમારપાલચરિત્ર, શુભશીલગણિકૃત વિક્રમાદિત્યચરિત** વગેરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાકવિ હોઈને પ્રાકૃત જેવી સરલ અને સાધારણ ભાષામાં શું કામ લખત ? એટલે **સિદ્ધસેન** જૈનસમાજમાં સંસ્કૃત ભાષાના વિશિષ્ટ લેખક અને પ્રચારક હતા.[૧૦૭]

પ્રભાવક ચરિતમાંના **વૃદ્ધવાદી**સૂરિના પ્રબંધ પરથી મુનિશ્રી **કલ્યાણવિજય** તે સૂરિના શિષ્ય **સિદ્ધસેન** દિવાકરનો સમય વિચારતાં જણાવે છે કે '**વૃદ્ધવાદી** પ્રસિદ્ધ અનુયોગધર આર્ય **સ્કન્દિલ**ના શિષ્ય હોવાનું પ્રબંધકારે લખ્યું છે, અને તે **સ્કન્દિલાચાર્ય**નો યુગપ્રધાનત્વ-સમય અમારી ગણના પ્રમાણે વીર સંવત્ ૮૨૭ થી ૮૪૦ (વિ. સં. ૩૫૭ થી ૩૭૦) સુધીમાં આવે છે. તે દરમ્યાન **વૃદ્ધવાદી**ની દીક્ષા થઈ માનીએ તો તેમના શિષ્ય **સિદ્ધસેન**નો સમય વિ. ચોથા સૈકાના અંતિમ ચરણ અને પાંચમાના પૂર્વાર્ધમાં આવે; વળી સિદ્ધસેન ચોથી પાંચમી સદી પછીના તો ન જ હોઈ શકે કારણ કે તેમના 'યુગપદુપયોગદ્વય વાદ'નું જૈન આગમોની પ્રાચીન ચૂર્ણિઓમાં નિરાકરણ છે, અને વિક્રમની સાતમી સદીના ટીકા ગ્રંથ **નિ**શીથ ચૂર્ણિમાં એમનો 'સિદ્ધસેણ ખમાસમણ-સિદ્ધસેણાયરિય' એ નામથી આઠ દશ સ્થળે ઉલ્લેખો છે કે જે ઉલ્લેખો પરથી સ્પષ્ટ જણાય છે કે એમણે **નિ**શીથસૂત્ર પર **ભા**ષ્ય અથવા તે જાતના **ગા**થાબદ્ધ વિવરણ ગ્રંથની રચના કરી હતી, અને **નિ**શીથ ચૂર્ણિમાં આ. **સિ**દ્ધસેને **યો**નિપ્રાભૃતના પ્રયોગથી ઘોડા બનાવ્યાનો પણ ઉલ્લેખ છે. આથી **સિ**દ્ધસેન દિવાકરનો સત્તાસમય ચોથા અને પાંચમાં સૈકામાં મૂકવાનું યુક્તિયુક્ત છે. આવી પરિસ્થિતિમાં તેમને પ્રસિદ્ધ સંવત્સર પ્રવર્ત્તક વિક્રમાદિત્યના નહિ પણ ગુપ્તવંશી રાજા દ્વિતીય **ચં**દ્રગુપ્તના સહવાસી માની લઈએ તો હરકત જેવું નથી, કેમકે આ રાજા પણ ઘણો પ્રસિદ્ધ અને 'વિક્રમાદિત્ય'-આવી ઉપાધિ ધારણ કરનારો હતો. વિશેષમાં મુનિશ્રી જણાવે છે કે **નિ**શીથ ચૂર્ણિના ઉલ્લેખો પ્રમાણે આ. **સિ**દ્ધસેને જૈન આગમો ઉપર પણ ટીકા ભાષ્ય વગેરે લખ્યાં હશે, પણ આજે તે ક્યાંઇ પણ અસ્તિત્વ ધરાવતાં નથી. (**પ્ર. ચ.** પ્રસ્તાવના).

૧૦૭. આ પ્રકરણ મુખ્યત્વે શ્રી **જિ**નવિજયજીનો હિંદી લેખ **'સિદ્ધસેન ઔર સામન્તભદ્ર'** પરથી (**જૈન સા. સંશોધક** ખંડ ૧ અંક ૧.) લીધેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિમલસૂરિ, મથુરાસ્તૂપો, મથુરાસંઘ, દિગંબર-શ્વેતામ્બર ભેદ, જૈન ન્યાયશાસ્ત્રનો પ્રથમ યુગ.

અન્ને વિ જે મહારિસિ ગણહર અણગાર લદ્ધમાહપ્પે ।

મણવયણકાયગુત્તે સવ્વે સિરસા નમંસામિ ॥ **–વિમલસૂરિકૃત પઉમચરિયં.**

-[૨૪ જિન ઉપરાંત] બીજા પણ જે મહા ઋષિઓ ગણધરો અણગારો મુનિઓ કે જેમણે મહાત્માપદ પ્રાપ્ત કર્યું છે અને જેઓ મનવચનકાય ગુપ્તિવાળા છે એમને નમસ્કાર કરૂં છું.

જારાસિયં વિમલંકો વિમલં કો તારિસં લહઇ અત્થં ।

અમયમઇયં ચ સરસં સરસંચિય પાઇયં જસ્સ ॥ **–કુવલયમાલા (રચ્યા સં. ૮૩૪.)**

- જેવી કીર્ત્તિ **વિ**મલાંકે (**પ**ઉમચરિયકારે) મેળવી તેવી વિમલ કીર્ત્તિ કોણ મેળવી શકે તેમ છે? કે જેની પ્રાકૃત અમૃતમયી અને સરસ છે.

૧૭૩. આ સમયમાં **વિ**મલસૂરિએ પ્રાકૃતમાં **પ**ઉમચરિયમ્ (**પ**દ્મચરિત્ર-જૈન **રા**માયણ) રચ્યું. વીરાત્ ૫૩૦ (વિ.સં. ૬૦ *{हिन्दी साथे प्र. प्रा. ग्रं. प.}*).[૧૦૭] આ ઉપરથી અનુમાન થાય છે કે તે સમયમાં **રા**માયણની કથા લોકોમાં બહુ પ્રિય થઈ પડી હોવી જોઈએ. વિ. સં. ૧૦૮માં ઉપર્યુક્ત **ભા**વડશાના પુત્ર **જા**વડશાએ **શ**ત્રુંજય તીર્થનો ઉદ્ધાર કર્યો એમ સં. ૪૭૭માં રચાયેલું મનાતું **ધ**નેશ્વર સૂરિકૃત **શ**ત્રુંજય માહાત્મ્ય જણાવે છે. આ સમય લગભગ પૌષધશાળાની (હાલના ઉપાશ્રયની) સ્થાપના થઈ; **વ**જ્રસ્વામી નામના એક પ્રભાવશાલી જૈનાચાર્ય આ સમયમાં થયા. (સ્વર્ગવાસ વીરાત્ ૫૮૪-વિ. સં. ૧૧૪).

૧૦૭. પઉમચરિયના કર્તા **વિ**મલસૂરિ **ના**ગિલ કુલના **રા**હુ આચાર્યના શિષ્ય **વિ**જયસૂરિના શિષ્ય હતા. રચનાસમયઃ

પંચેવ ય વાससया दुसमाए तीस वरिस संजुता । वीरे सिद्धिमुवगए तओ णिबद्धं इमं चरियं ॥

આ પ્રમાણે વીરાત્ સં. ૫૩૦ એ વર્ષ મૂલમાં સ્પષ્ટ આપ્યું છે, (છતાં પણ તેની રચનાશૈલી અને ભાષાકૃતિ ઉપરથી ડૉ. **હર્મા**ન **યા**કોબી એમ માને છે કે ૪થા પમા સૈકા કરતાં એ ગ્રંથ જૂનો નથી.) એજ આચાર્યે **ભા**રતની કથા ઉપર પણ **પ**ઉમચરિય જેવો **હ**રિવંશ ચરિય નામનો પણ પ્રાકૃત ગ્રંથ રચ્યો હતો એમ **કુ**વલયમાલામાં જણાવ્યું છે, પણ હજુ તે ગ્રંથ ઉપલબ્ધ થયો નથી. **પ**ઉમચરિય ડૉ. યાકોબીથી સંશોધિત ભાવનગરની જૈન ધ. પ્ર. સભાએ મુદ્રિત કરાવી પ્રસિદ્ધ કરેલ છે. પી. ૪, ૧૦૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વજ્રસ્વામીનો જન્મ માલવ દેશમાં વૈશ્યકુલમાં જૈન કુટુંબમાં થયો હતો. પૂર્વ જન્મના જ્ઞાનથી વૈરાગ્ય ઉત્પન્ન થતાં તેમને ત્રણ વર્ષની વયમાં દીક્ષા આપી, સાધ્વીઓના ઉપાશ્રયમાં જ રાખ્યા હતા ને આઠ વર્ષના થતાં સાધુઓએ પોતાના સમૂહમાં લીધા ને તેમની સાથે વિચરવા લાગ્યા એટલે ગૃહસ્થાવસ્થામાં ૮ વર્ષ તેમના ગણેલ છે. ૪૪ વર્ષ શ્રમણ તરીકે ૩૬ વર્ષ યુગપ્રધાનપદે રહ્યા ને ૮૮ વર્ષે સ્વર્ગસ્થ થયા. યુગપ્રધાનપદ આ રીતે વીરાત્ ૫૪૮ (વિ.સં.૭૮) થી ૫૮૪ (વિ.સં.૧૧૪) સુધી રહ્યું. તેમનો સમય સંયમપ્રધાન હતો. દુષ્કાલના સમયમાં વિદ્યાપિંડ ભોગવવાને બદલે અનશન ગ્રહણ કરવાનું તેમના શિષ્યોએ પસંદ કર્યું હતું એ જણાવે છે કે તે કાલમાં સંયમધર્મમાં થોડો પણ અપવાદ લગાડવાને સાધુઓ ખુશી ન હતા; સાથે જ તે સમયમાં જૈન સમાજમાં મૂર્ત્તિપૂજાનો મહિમા છેલ્લી હદે પહોંચેલો જણાય છે. અન્ય ધર્મિઓના પ્રતિબંધ સામે સંયમશિરોમણિ વજ્રસ્વામી જેવા જૈન ચૈત્યો માટે પુષ્પ નિમિત્તે કમર કસે છે અને બહુ દૂર પ્રદેશથી પુષ્પો લાવીને શ્રાવક વર્ગની ઈચ્છા પૂર્ણ કરે છે; એ બધું બતાવે છે કે તે કાલમાં ચૈત્ય-પૂજાનું કાર્ય એક મહાન્ ધર્મનું અંગ મનાવા લાગી ચૂક્યું હતું અને જો ઉંડું ઉતરીને જોઈએ તો વજ્રની આ પ્રવૃત્તિનું અવલંબન લઈને જ પાછળના આચાર્યો ધીમે ધીમે ચૈત્ય સંબંધી સાવદ્ય કાર્યોમાં પ્રવૃત્ત થયા હતા. આવશ્યક નિર્યુક્તિ-ભાષ્ય પરથી સ્પષ્ટ જણાય છે કે ચૈત્યવાસીઓ વજ્રસ્વામીના આ દૃષ્ટાન્તથી સંયમધારીઓને પણ દ્રવ્ય પૂજા કરવાનો ઉપદેશ કરતા હતા અને પોતાનાં સાવદ્ય કર્ત્તવ્યોનો બચાવ કરતા હતા. વજ્રસ્વામીના સમય સુધી સાધુઓ પ્રાયઃ વનમાં રહેતા અને ગૃહસ્થોના પરિચયથી દૂર રહેતા હતા. તેમના સમયની સ્થિતિ બહુ સારી નહિ ગણાય; ઉપરા ઉપરી બધે બાર દુકાળી પડવાથી દેશની-ખાસ કરીને ઉત્તર હિન્દની પ્રજા અસ્તવ્યસ્ત થઈ ગઈ હતી. ઉત્તર અને મધ્ય ભારતવર્ષની ઘણી વસતિ તે સમયમાં દક્ષિણ ભારત તરફ વળી હતી. જૈન સંઘની દશા પણ વધુ સારી ન હતી. દુષ્કાલની અસરોથી શ્રુતની પઠન-પાઠન-પ્રવૃત્તિ મંદ થઈ રહી હતી, ખરૂં જોતાં સંઘની સ્થિતિ અસ્તાભિમુખ હતી. વજ્રસ્વામીનું મુખ્ય વિહારક્ષેત્ર માલવ, મગધ, મધ્ય હિન્દ, અને વરાડ હતું. ઉપરાંત એકવાર દુષ્કાલના સમયમાં સંઘની સાથે તેઓ પુરી (જગન્નાથપુરી) સુધી પણ ગયા હતા. તેમની મુખ્ય પ્રવૃત્તિ ધર્મોપદેશ અને શ્રુતપઠન-પાઠન હતું. તેમણે આચારાંગ સૂત્રના મહાપરિજ્ઞાધ્યયનમાંથી આકાશગામિની વિદ્યાનો ઉદ્ધાર કર્યો હતો. પંચમંગલ મહાશ્રુત સ્કંધ (પંચ નમસ્કાર) કે જે પૂર્વે પૃથક્ સૂત્ર હતું એની ઉપર ઘણી નિર્યુક્તિઓ, ઘણાં ભાષ્યો અને ઘણી ચૂર્ણિયો હતી પણ કાલદોષથી તેનો હ્રાસ થતો ગયો, એ પછી વજ્રસ્વામીએ તેને મૂલસૂત્રોમાં લખ્યું અને સૂત્રોના આરંભમાં ગોઠવ્યું. (જુઓ મહાનિશીથસૂત્ર ત્રીજું અધ્યયન) ને ત્યાર પછી આજ સુધી તે સૂત્રોના આરંભ-મંગળ તરીકે સૂત્રોની સાથે જ જોડાયેલ છે. વજ્રસ્વામીનું ચરિત્ર હેમચંદ્રસૂરિકૃત પરિશિષ્ટ પર્વમાં, પ્રભાવક ચરિતના વજ્ર પ્રબંધ પરથી મળે છે.'' (મુનિશ્રી **કલ્યાણવિજય પ્ર. ચ. પ.**).

૧૭૩. ક- વજ્રસ્વામી પછી ૧૯મા યુગપ્રધાન આર્ય રક્ષિત (પારા ૩૧ અને ૯૨) થયા. (તેમના સંબંધે જુઓ પરિશિષ્ટ પર્વ તથા પ્રભાવક ચરિત) તેમનો જન્મ માલવા દશપુરમાં પુરોહિત સોમદેવના પુત્ર તરીકે થયો. માતા રૂદ્રસોમા જૈનધર્મની ઉપાસિકા હતી તેથી જણાય છે કે તે સમયમાં ગમે તે જાતિના મનુષ્યો પોતાની જાતિમાં રહીને જૈનધર્મનું પાલન કરી શકતા હતા. પાટલીપુત્રમાં બ્રાહ્મણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરી ઘેર આવતાં માતાએ જૈનશાસ્ત્રો પણ ભણીને આવે તો ખુશી થાય એમ જણાવતાં તુરત **તો**સલિપુત્ર આચાર્ય પાસે તેમ કરવા જતાં જૈનદીક્ષા સિવાય અધ્યયન ન થઈ શકે એમ જાણી **આર્ય** રક્ષિતે તે માટે ૨૨ વર્ષની વયે દીક્ષા ગ્રહણ કરીને તેમની પાસે શ્રુતજ્ઞાન હતું તેટલું ભણી લીધું, (આમ કરતાં માતાપિતાની આજ્ઞા ન લેવાઈ તેથી તે શિષ્યનિષ્ફેટિકા-શિષ્યચોરી શ્રી મહાવીરશાસનમાં પહેલી થઈ). પછી તેમણે **વજ્ર**સ્વામી પાસે **ઉ**જ્જયિની જઈ સાડા નવ 'પૂર્વ'નો અભ્યાસ કર્યો. તે દરમ્યાન તેમના નાનાભાઈ **ફ**લ્ગુરક્ષિતે તેમની પાસે દીક્ષા લીધી. પછી **દ**શપુર જઈ માતાપિતા તથા અન્ય કુટુંબી જનોને પણ જૈન ધર્મમાં દીક્ષિત કર્યા. પોતાના ૪૦ વર્ષના શ્રામણ્ય પછી વીરાત્ ૫૪૪ (વિ.સં. ૭૪)માં યુગપ્રધાન રહ્યા ને વીરાત્ ૫૯૭ (વિ.સં.૧૨૭)માં સ્વર્ગસ્થ થયા. આ વાલભી યુગપ્રધાન-પટ્ટાવલી અનુસાર છે; જ્યારે માથુરી વાચના અનુસાર તેમનો સ્વર્ગવાસ વીરાત્ ૫૮૪માં સિદ્ધ થાય છે. આમ ૧૩ વર્ષનો ફેર **મા**થુરી અને **વા**લભી એ બે વાચના વચ્ચેના ૧૩ વર્ષના મતભેદને પરિણામે છે.

'**આર્ય રક્ષિ**તના સમય સુધી સંયમપ્રવૃત્તિ નિરપવાદ હતી. સાધુઓમાં વસ્ત્ર-પાત્રનો પરિગ્રહ પરિમિત હતો, ચોલપટ્ટાદિ જરૂરી ઉપકરણો જરૂરતના સમયમાં જ ઉપયોગમાં લેવાતાં હતાં. એ વાત **આર્ય**રક્ષિતના પિતા **સો**મદેવનાં સંભાષણો પરથી સ્પષ્ટ છે. **સો**મદેવ બીજાં ગાર્હસ્થ્ય ચિન્હો છોડવાને તૈયાર થઈ જાય છે પણ નીચેનું વસ્ત્ર બદલવાને તે તૈયાર થતા નથી ને કહે છે કે **'નગ્નૈઃ શક્યં કિમુ સ્થાતું સ્વીયાત્મજ-સુતા પુરઃ'** - 'પોતાના પુત્ર પુત્રીઓ આગળ નગ્ન કેમ રહેવાય'; વળી શ્રાવકનાં છોકરાંઓ તેમનો આ ગૃહસ્થોચિત વેષ જોઈ વંદન કરતા નથી તે પર તે કહે છે કે **'નગ્નો ન સ્યામહં યૂયં મા વન્દધ્વં સપૂર્વજાઃ'** હું નગ્ન નહિ થાઉં, ભલે તમે અને તમારા પૂર્વજો કોઈ પણ વન્દન ન કરો.' તે પરથી જણાશે કે તે વખતે વસ્ત્રપરિધાન કારણપ્રસંગે જ થતું હશે, જેવો કે પ્રાચીન શાસ્ત્રોનો આદેશ છે. (જે વખતે શ્વે. અને દિ. એ બે ભેદ ચોખ્ખા પડ્યા નહોતા.)

'આમ છતાં પણ એટલું તો કહેવું પડશે કે સાધુઓમાં કંઈક શિથિલતા પ્રવેશવા લાગી હતી અને તેથી **આર્ય રક્ષિ**તજીને સમયનો વિચાર કરી કઠોર નિયમો કંઈક મંદ કરવા પડ્યા હતા; એનું એક ઉદાહરણ 'માત્રક' (નાનું પાત્ર) સાધુઓને રાખવાના આદેશ સંબંધી છે. પૂર્વે એક સાધુને કેવલ એક જ પાત્ર રાખવાનું વિધાન હતું. પણ તેથી સાધુઓને કંઈક અડચણ પડતી હશે તેથી આ સૂરિએ સાધુઓને વર્ષાઋતુના ચાર માસ માટે તે પાત્ર ઉપરાંત એક 'માત્રક' પણ રાખવાની આજ્ઞા આપી હતી - જુઓ **વ્ય**વહાર સૂત્ર ૮ મા ઉદ્દેશકની ચૂર્ણિમાં તેનું વિસ્તૃત વર્ણન. આથી જણાય છે કે **આર્ય રક્ષિ**તનો સમય સંયમપ્રધાન હતો છતાં કંઈક સગવડતાનો વિચાર પણ તે વખતે થતો હતો. **આર્ય રક્ષિ**તનો સમય અવનત્યભિમુખ હતો તેનું બીજું ઉદાહરણ સાધ્વીઓનો આલોચના દેવાનો અધિકાર રદ થવો તે છે એટલે કે પૂર્વે સાધુઓ સાધુઓ પાસે અને સાધ્વીઓ સાધ્વીઓ પાસે આલોચના-પ્રાયશ્ચિત લેવાની રીતિ હતી; પણ તેમના સમયથી સાધ્વીઓનો એ અધિકાર રદ થયો અને તેમને પણ સાધુઓની પાસે આલોચના લેવાનું ઠર્યું. ત્રીજો અને સૌથી મોટો ફેરફાર **આર્ય રક્ષિ**તના સમયમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુયોગ પૃથક્ત્વનો થયો. વજ્રસ્વામી પર્યન્ત ધર્મકથાનુયોગ, ચરણકરણાનુયોગ, દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગ-એ ચારે અનુયોગો સાથે જ ચાલતા હતા; પણ અધ્યાપક વિન્ધ્યની પ્રાર્થનાથી આર્ય રક્ષિતે આ ચારે અનુયોગો જૂદા કર્યા કે જે આજ સુધી તેવીજ રીતે જૂદા છે. [જુઓ પારા ૯૨].

'આ બધાં પરિવર્ત્તનો જેવાં તેવાં નથી. આ પરિવર્તનો જબરદસ્ત સંયોગોમાં કરવાં પડ્યાં હશે અને એ ઉપરથી તત્કાલીન પરિસ્થિતિ કેવી હશે તે જાણવું મુશ્કેલ નથી. ખરૂં જોતાં આર્ય રક્ષિત એક યુગપ્રવર્તક પુરુષ હતા. પ્રાચીન શ્રમણ-સંસ્કૃતિનો હ્રાસ અને નવીન આચારપદ્ધતિનો પ્રારંભ આર્ય રક્ષિતના શાસનકાલમાં જ થવા માંડ્યો હતો એમ કહેવામાં ભાગ્યે જ વાંધા જેવું હોય. આર્ય રક્ષિતનું મુખ્ય વિહારક્ષેત્ર માલવદેશ હતું અને એ ઉપરાન્ત તેઓ મથુરા તરફ તેમજ મધ્ય હિંદુસ્થાનના બીજા દેશોમાં પણ વિચર્યા હતાં.' (મુનિશ્રી **કલ્યાણવિજયજી-પ્ર. ચ. પ્ર**)

૧૭૪. વિ. સં. ની બીજી શતાબ્દીના બનેલા મથુરાના કંકાલી ટીલાવાલા જૈન સ્તૂપથી તથા ત્યાંના કેટલાંક બીજાં સ્થાનોથી મળેલા પ્રાચીન શિલાલેખો તથા મૂર્ત્તિઓથી સ્પષ્ટ જણાય છે કે તે સમયે પણ ત્યાં ત્યાં જૈન ધર્મનો સારો પ્રસાર હતો, એટલું જ નહિ પરંતુ મથુરા જૈનોનું એક કેન્દ્રસ્થાન હતું. અર્હત્ વર્ધમાનનું એક નાનું મંદિર બંધાવ્યાનો તેમાં લેખ છે, ઉપરાંત કેટલાક આચાર્યોના ગણ, શાખા વગેરેનો ઉલ્લેખ છે. આ આચાર્યોનાં નામ, ગણ શાખા વગેરે શ્વેતાંબર કલ્પસૂત્રમાં જે આપેલ છે તેની સાથે મળતાં આવે છે તેથી તે શ્વેતાંબર સિદ્ધ થાય છે.[૧૦૮]

મથુરાસંઘ-પરિષદ્

જેસિ ઇમો અણુઓગો પયરઇ અજ્જાવિ અડ્ઢ-ભરહમ્મિ ।
બહુનયરનિગ્ગયજસે તે વંદે ખંદિલાયરિએ ॥ -**નંદીસૂત્રં ગાથા ૩૩**

- જેનો અનુયોગ અદ્યાપિ અર્ધ ભરત (ક્ષેત્ર)માં પ્રવર્ત્તે છે - પ્રચલિત છે અને જેનો યશ બહુ નગરોમાં પ્રસિદ્ધ છે-વ્યાપી રહ્યો છે તે સ્કન્દિલાચાર્યને હું વંદુ છું.

૧૭૫. અગાઉ જણાવેલ પાટલિપુત્ર સંઘ-પરિષદ્માં જૈન સૂત્રો-આગમોને બને તેટલા સંકલિત કરવામાં આવ્યા હતાં, છતાં તે શ્રુતિની છિન્નભિન્નતા ઉત્તરોત્તર વધતી ગઈ-એટલે ત્યાર પછી, વીર નિર્વાણથી છઠ્ઠા સૈકામાં - પાટલિપુત્ર પરિષદ્થી લગભગ ચારસેં વર્ષે - આર્ય શ્રી સ્કંદિલ[૧૦૯] અને વજ્ર[૧૧૦] સ્વામિની નિકટના સમયમાં એક બીજી ભીષણ બારદુકાળી આવી. તે હકીકતનું વર્ણન આપતાં

---

૧૦૮. ખરો અર્થ કરી આ લેખોને જૈન બતાવનાર ડૉ. ભગવાનલાલ ઇંદ્રજી હતા. આ માટે જુઓ જર્મનમાં ડૉ. બુહ્લરનો મૂળ ગ્રંથ અને તેનો ડૉ. બર્જેસે કરેલ અંગ્રેજી અનુવાદ 'On the Indian Sect of the Jainas' પૃ. ૪૧-૪૪ અને પરિશિષ્ટ પૃ. ૪૮ થી ૬૦; Archaeological Survey Reports Vol. III plates 13-15; Smith's Mathura Antiquities. આ છેલ્લા પુસ્તકમાં એક જૈન મૂર્તિ અને નીચે બે શ્રાવક તથા ત્રણ શ્રાવિકાઓની ઉભી મૂર્ત્તિઓ છે. આ ત્રણે સ્ત્રીઓએ લેંઘા પહેરેલા છે. આ પરથી તે વખતનો પોશાક કેવો હતો તે જણાય છે.

૧૦૯-૧૧૦ જુઓ મેરૂતુંગ સૂરિની વિચાર શ્રેણી. (ટિ. ૩૭-૩૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જણાવવામાં આવે છે કે :- "[૧૧૧]બાર વર્ષનો ભયંકર દુકાળ પડ્યે સાધુઓ અન્નને માટે જુદે જુદે સ્થલે હીંડતા-ફરતા હોવાથી શ્રુતનું ગ્રહણ, ગુણન અને ચિંતન ન કરી શક્યા, એથી તે શ્રુત વિપ્રનષ્ટ થયું અને જ્યારે ફરી વાર સુકાળ થયો, ત્યારે **મ**થુરામાં શ્રી **સ્કં**દિલાચાર્ય પ્રમુખ સંઘે મોટો સાધુસમુદાય ભેગો કરી જે જેને સાંભર્યું તે બધું[૧૧૨] કાલિક શ્રુત સંઘટિત કર્યું." આ દુકાળે તો માંડ માંડ બચી રહેલ તે શ્રુતની ઘણી વિશેષ હાનિ કરી. આ ઉદ્ધાર **શૂ**રસેન[૧૧૩] દેશના પાટનગર **મ**થુરામાં થયેલ હોવાથી તે શ્રુતમાં શૌરસેની ભાષાનું મિશ્રણ થયું હોવું સંભવિત છે. આ **મ**થુરા સંઘમાં થયેલ સંકલનને **'માથુરી વાચના'** કહેવામાં આવે છે. મુનિ **ક**લ્યાણવિજય કહે છે કે આ વાચના વીરાત્ ૮૨૭ અને ૮૪૦ની વચ્ચેના કોઈ વર્ષમાં યુગપ્રધાન આચાર્ય **સ્કં**દિલસૂરિની પ્રમુખતામાં **મ**થુરા નગરીમાં થઈ હતી. તેથી તેને **'માથુરી વાચના'** - કહેવામાં આવી છે. તે સૂરિ વિદ્યાધર આમ્નાયના ને **પા**દલિપ્ત સૂરિની પરંપરાના સ્થવિર હતા. જે રીતે **ભ**દ્રબાહુસ્વામિના સમયમાં દુર્ભિક્ષના કારણે શ્રુતપરંપરા છિન્નભિન્ન થઈ ગઈ હતી તે રીતે આચાર્ય **સ્કં**દિલના સમયમાં પણ દુષ્કાલને કારણે આગમશ્રુત અવ્યવસ્થિત થઈ ગયું હતું; કેટલાક શ્રુતધર સ્થવિર પરલોકવાસી થયા હતા, વિદ્યમાન શ્રમણગણમાં પણ પઠન-પાઠનની પ્રવૃત્તિઓ બંધ થતી જતી હતી. આ સમયે તે પ્રદેશમાં આચાર્ય **સ્કં**દિલ જ એક વિશેષ શ્રુતધર રહેવા પામ્યા હતા. દુર્ભિક્ષનું સંકટ દૂર થતાં જ તેમની પ્રમુખતામાં **મ**થુરામાં શ્વેતામ્બર શ્રમણસંઘ એકત્ર થયો અને આગમોને વ્યવસ્થિત કરવામાં પ્રયત્નવાન્ થયો. જેને જે આગમસૂત્ર યા તેના ખંડ યાદ હતાં તે લખી લેવામાં આવ્યાં. આ રીતે આગમ અને તેનો અનુયોગ લખીને વ્યવસ્થિત કર્યા બાદ સ્થવિર **સ્કં**દિલજીએ તે અનુસાર સાધુઓને વાચના આપી. તે કારણથી તે વાચના 'સ્કાંદિલી વાચના' નામથી પણ પ્રસિદ્ધ છે.

૧૭૬. આ સમય લગભગ એટલે વીરાત્ ૫-૬ સૈકા પછી શ્વેતામ્બર મત પ્રમાણે વીરાત્ ૬૦૯[૧૧૪]

---

૧૧૧. **જિ**નદાસ મહત્તરકૃત **નં**દિચૂર્ણિમાં 'બારસ સંવચ્છરિએ મહંતે દુબ્ભિક્ખે કાલે ભત્તટ્ઠા અણ્ણણ્ણતો હિંડિયાણં ગહણગુણણણુપ્પેહાભાવાઓ વિપ્પણટ્ઠે સુત્તે, પુણો સુબ્ભિક્ખે કાલે જાએ **મ**હુરાએ મહંતે સાધુસમુદએ **ખં**દિલાયરિયપ્પમુહસંઘેણ જો **અં** સંભરઇ ત્તિ ઇવ સંઘડિયં કાલિયસુયં । જમ્હા એવ **મ**હુરાએ કયં તમ્હા **મા**હુરી વાયણા ભણ્ણઇ ।' વગેરે. તેજ પ્રમાણે **હ**રિભદ્રસૂરિકૃત **નં**દી ટીકામાં છે, તથા **મ**લયગિરિકૃત **નં**દી ટીકા પૃ. ૫૧ આ. સમિતિમાં છે. આ **સ્કં**દિલાચાર્ય પછી **હિ**મવત્, **ના**ગાર્જુન, **ભૂ**તદિન્ન, **લો**હિત્ય, **દૂ**ષ્યગણિ અને **દે**વવાચક (નંદીસૂત્ર કર્ત્તા) અનુક્રમે આવે છે.

૧૧૨. કાલિકશ્રુત માટે જુઓ **નં**દિસૂત્ર.

૧૧૩. જુઓ **પ્ર**જ્ઞાપના સૂત્ર-આર્યદેશ વિચાર.

૧૧૪. છવ્વાસસયાઇં નવુત્તરાઇં તઇયા સિદ્ધિં ગયસ્સ વીરસ્સ । તો બોડિયાણ દિટ્ઠી રહવીરપુરે સમુપ્પણ્ણા ॥૧૪૫॥
રહવીરપુરં નયરં દીવગમુજ્જાણ અજ્જકણ્હે ય । સિવભૂઇસ્સુવહિંમિં ય પુચ્છા થેરાણ કહણા ય ॥ ૧૪૬ ॥ મૂ. ભા.

–(શ્રી) **વી**ર સિદ્ધિ પ્રાપ્ત થયા પછી ૬૦૯ વર્ષ **બો**ટિકોની દૃષ્ટિ (**દિ**ગંબર મત) ઉત્પન્ન થઈ. **ર**થવીરપુર (નામનું નગર) તેમાં **દી**પક (નામનું ઉદ્યાન) ત્યાં આર્યકૃષ્ણ (નામના આચાર્ય આવ્યા.) તેમને **શિ**વભૂતિ (તે મત કાઢનાર) શિષ્યે સુવિધિથી પૂચ્છ્યું, તે સ્થવિર (ગુરુ) એ કહ્યું. (વગેરે ઉત્પત્તિની વાત આગળ આવે છે)

–હરિભદ્રસૂરિકૃત આવશ્યકસૂત્ર બૃહદ્વૃત્તિ પૃ. ૩૨૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(વિ. સં. ૨૩૯) માં અને દિગમ્બરોની માન્યતા પ્રમાણે વિ. સં. ૧૩૬માં દિગંબરો અને શ્વેતાંબરો એમ બે પક્ષ પડ્યા. પક્ષાપક્ષીમાં વધારો થતો ગયો. દિગંબરો અને શ્વેતાંબરો એકજ પિતાના પુત્રો સ્વસ્વમત (નગ્નવાદ ને વસ્ત્રવાદ વગેરે) લઈ શબ્દા-શબ્દીના વાદોમાં ઉતરી મૂળ તાત્ત્વિક વાતના ભુલાવામાં પડી એક બીજાનું બળ તોડવા લાગ્યા. ઉત્તરમાંથી દિગંબરો મુખ્ય ભાગે દક્ષિણ દેશમાં ઉતર્યા, અને તેમનું મૌલિક સાહિત્ય પ્રધાનપણે આચાર્ય **કુ**ંદકુંદ, **સ**મંતભદ્ર વગેરેથી ત્યાંજ ઉત્પન્ન થઈ પોષાયું-વધ્યું; અને શ્વેતામ્બરો મુખ્ય ભાગે **ઉ**ત્તર**હિ**ંદ, પશ્ચિમ દેશમાં - **રા**જપુતાના, **ગૂ**જરાત, અને **સૌ**રાષ્ટ્રમાં ઉતર્યા. ઉત્તર કરતાં પશ્ચિમ **હિ**ંદમાં શ્વેતામ્બર સંપ્રદાયની સત્તા વધેલી તેથી જ છેલ્લા લગભગ પંદરસો વરસનું તે સંપ્રદાયનું સાહિત્ય પ્રધાનપણે **કા**ઠીઆવાડમાં અને **ગૂ**જરાતમાં લખાયું ને વિકસિત થયું. દિગંબર સાહિત્ય દક્ષિણ હિન્દમાં રચાયું અને વિકસ્યું.

૧૭૭. વિક્રમ બીજા સૈકામાં **સ**મંતભદ્ર નામના સમર્થ જૈનાચાર્યે **આ**પ્તમીમાંસા નામનો મહાન ગ્રંથ રચ્યો ને પોતે વનવાસ સેવતાં વનવાસી કહેવાયા. પછી બૌદ્ધાચાર્યોએ અનેક રાજાઓને પ્રતિબોધી બૌદ્ધધર્મી કર્યા, **સૌ**રાષ્ટ્ર વગેરે દેશમાં સર્વ તીર્થોને સ્વાધીન લીધાં ને બૌદ્ધ પ્રતિમાઓ બેસાડવામાં આવી. હજુ પણ **ત**ળાજા વગેરેના પર્વતોમાંની ગુફાઓ બૌદ્ધત્વની સાક્ષી પુરે છે.

૧૭૮. ઉપરોક્ત દિગંબર અને શ્વેતામ્બર બંને શાખાઓના શરુઆતના ગ્રંથો જોતાં એમ સ્પષ્ટ જણાય છે કે તેની નિરુપણપદ્ધતિ માત્ર સિદ્ધાંતરૂપે હતી. તત્ત્વજ્ઞાન હોય કે આચાર હોય-બંનેનું નિરુપણ ઉપનિષદ્ જેવી સરળ પ્રાચીન પદ્ધતિએ થતું. વૈદિક દર્શનોમાં ન્યાયદર્શને વિશિષ્ટ સ્થાન અને વિદ્વત્પ્રિયતા મેળવ્યા પછી જૈન સાહિત્યમાં પણ નવો યુગ દાખલ થયો. ન્યાયદર્શનની તર્ક પદ્ધતિનો પ્રભાવ બૌદ્ધ સાહિત્ય ઉપર પ્રથમ પડ્યો. બૌદ્ધ સાહિત્ય અને વૈદિક સાહિત્ય એમ બંનેની મિશ્રિત અસર જૈન વાઙ્મય ઉપર પણ થઈ, તેથી જૈનાચાર્યો પણ બૌદ્ધાચાર્યોની પેઠે પોતાની આગમ-સિદ્ધાંતની (પ્રાકૃત) ભાષા ઉપરાંત સંસ્કૃત ભાષામાં ગ્રંથો રચવા લાગ્યા.

૧૭૯. આ પહેલાં જૈન સાહિત્યમાં સંસ્કૃત ભાષાને સ્થાન નહોતું એમ માનવાને કોઈ ખાસ પ્રમાણ નથી; પણ એટલું ખરું કે આ સંસ્કૃત યુગ પહેલાં જૈન સાહિત્યમાં પ્રાકૃત ભાષાનું સામ્રાજ્ય હતું. જૈન સાહિત્યમાં સંસ્કૃત ભાષાને અને તર્કપદ્ધતિને પ્રથમ પ્રતિષ્ઠિત કરનાર શ્વેતાંબર આચાર્ય કે દિગંબર આચાર્ય, એ કહેવું કઠણ છે; પણ એમ કહી શકાય છે કે બંને સંપ્રદાયના આ પરિવર્તન વચ્ચે વધારે અંતર ન હોવું જોઈએ.

૧૮૦. જૈન ન્યાયશાસ્ત્રનો પહેલો યુગ - વિક્રમના પાંચમાં સૈકા સુધીનો ગણતાં તે 'બીજારોપણ' યુગમાં "દિગંબર સાહિત્યમાં તર્કપદ્ધતિની સ્પષ્ટ પ્રતિષ્ઠા આચાર્ય **સ**મન્તભદ્રે અને શ્વેતાંભર સાહિત્યમાં તર્કપદ્ધતિની બલવતી પ્રતિષ્ઠા આચાર્ય **સિ**દ્ધસેન દિવાકરે કરી. આ બંનેના સમયની ઉત્તરસીમા ઈ. સ. પાંચમાં સૈકાથી આગળ લંબાવી શકાય તેમ નથી અને પૂર્વસીમા લગભગ ઈ. સ.ના આરંભ પહેલાં નિર્દિષ્ટ કરી શકાય તેમ નથી. એમ કહેવાય છે કે **સ**મંતભદ્રે **ત**ત્ત્વાર્થ પર **ગં**ધહસ્તિ **મ**હાભાષ્ય રચ્યું કે જેનું આદિ મંગલ હાલ ઉપલબ્ધ **આ**પ્તમીમાંસા-દેવાગમ સ્તોત્ર છે. બાકીનું મળતું નથી. આચાર્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધસેને પણ **ત**ત્ત્વાર્થ પર **ગં**ધહસ્તિ મહાભાષ્ય રચ્યું હતું પણ તે મળતું નથી. બંનેએ પોતાના દરેક ગ્રંથોમાં જૈન દર્શન, તેના પ્રણેતા અર્હન્ અને તેનો મુખ્ય સિદ્ધાંત અનેકાંતઃ એટલાં તત્ત્વોની તર્કપદ્ધતિથી સૂક્ષ્મચર્ચા કરી અન્ય દર્શનો, તેના પ્રણેતાઓ અને એકાંતનો સોપહાસ પ્રતિવાદ-નિરાસ કર્યો છે. **સ**મંતભદ્રની કૃતિઓ **આ**પ્તમીમાંસા, **યુ**ક્ત્યનુશાસન {*પ્ર. મા. દિ.*} **સ્વ**યંભૂસ્તોત્ર છે. **સિ**દ્ધસેનસૂરિની **ન્યા**યાવતાર, **સ**ન્મતિતર્ક અને ઉપલબ્ધ એકવીસ **બ**ત્રીસીઓ છે. બંનેએ પોતપોતાના સંપ્રદાયમાં જૈન ન્યાયનું બીજારોપણ કર્યું.''[૧૧૫] 'આ. **સિ**દ્ધસેને પણ **ત**ત્ત્વાર્થપર **ગં**ધહસ્તિ મહાભાષ્ય રચ્યું હતું પણ તે મળતું નથી' એ પં. સુખલાલની તાજેતરની શોધ પ્રમાણે બરાબર નથી. જે **સિ**દ્ધસેનગણિએ **ત**ત્ત્વાર્થભાષ્ય પર વૃત્તિ-વ્યાખ્યા રચી કે જે ઉપલબ્ધ છે તે **સિ**દ્ધસેનને '**ગં**ધહસ્તી' વિશેષણ અપાયું છે, એમ પં. સુખલાલ જણાવે છે. જુઓ પારા ૧૬૭ અને ૧૯૭.

૧૧૫. જુઓ પં. સુખલાલનો **''જૈન ન્યાયનો ક્રમિક વિકાસ''** એ નિબંધ ભાવનગર ગુજરાતી સાહિત્ય પરિષદનો રીપોર્ટ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ-૫

ગુપ્ત અને વલભી સમય.
આચાર્ય મલ્લવાદી, જિનભદ્ર ક્ષમાશ્રમણ

(વિ. સં. ૩૦૦ થી ૮૦૦)

संसारवार्द्धिविस्तारान्निस्तारयतु दुस्तरात् । श्री मल्लवादिसूरि र्वो यानपात्रप्रभः प्रभुः ॥

–प्रभावकचरित.

–દુસ્તર એવા સંસાર રૂપી સમુદ્રમાંથી નાવ જેવા શ્રી **મલ્લવાદી** સૂરિ પ્રભુ અમારો નિસ્તાર કરો.

जिनवचननतं विषमं भावार्थं यो विवेच्य शिष्येभ्य । इत्थमुपादिशदमलं परोपकारैककृतचेताः ॥
तं नमत बोधजलधि गुणमंदिरमखिलवाग्मिनां श्रेष्ठं । चरणश्रियोपगूढं जिनभद्रगणिक्षमाश्रमणं ॥

–मलयगिरिसूरि-क्षेत्र समास टीका. की. २, नं. १६

માત્ર પરોપકારી ચિત્તવાળા જેમણે જિનવચનમાં રહેલા વિષમ ભાવાર્થને વિવેચન કરી શિષ્યોને વિમલ ઊપદેશ આ પ્રમાણે આપ્યો એવા બોધના સમુદ્ર, ગુણમંદિર, સકલ વાગ્મિમાં શ્રેષ્ઠ, અને ચરણ-ચારિત્ર પ્રભાથી આશ્લિષ્ટ **જિ**નભદ્ર ક્ષમાશ્રમણને અમે નમીએ છીએ.

वाक्यै र्विशेषातिशयै· र्विश्वसंदेहहारिभिः । जिनमुद्रं जिनभद्रं किं क्षमाश्रमणं स्तुवे ॥

–मुनिरत्नसूरि अममचरित्रे.

जिनभद्रगणिं स्तौमि क्षमाश्रमणमुत्तमम् । यः श्रुताज्जीतमुद्दधे शौरिः सिन्धोः सुधामिव ॥

–तिलकाचार्य - आवश्यकवृत्ति.

–વિશેષ અતિશયવાળાં વિશ્વ સંદેહ હરનારાં વાક્યોથી જે જિનમુદ્ર છે - જિન જેવા છે તેવા **જિ**નભદ્ર ક્ષમાશ્રમણને શું-કંઈ રીતે સ્તવું ?

–વિષ્ણુએ જેમ સાગરમાંથી સુધા-અમૃત ઉદ્ધૃત કર્યું તેમ જેણે શ્રુતમાંથી જીત (કલ્પ)ને ઉદ્ધૃત કર્યું એવા ઉત્તમ ક્ષમાશ્રમણ **જિ**નભદ્રને સ્તવું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૮૧. ગુપ્ત સમયમાં જૈન ધર્મની શી સ્થિતિ હતી તે જાણવાનું કશું સાધન હજુ પ્રકાશમાં આવ્યું નથી સિવાય કે તે સમય આગમો પર રચાયેલ ભાષ્યો અને ચૂર્ણિઓનો હતો એટલું જણાય છે. ભારતના એ સુવર્ણયુગમાં જૈન ધર્મ કેવા જીવને જીવતો હતો તેની કલ્પના કરવા પૂરતુંયે કોઈ સામયિક પ્રમાણ દૃષ્ટિગોચર થતું નથી,

૧૮૨. વિક્રમની છઠ્ઠી ને સાતમી સદીમાં થયેલા પોતાના પૂર્વજ આચાર્યો સંબંધી નવમા શતકની આદિમાં થયેલા કુવલયમાલાના કર્ત્તા ઉદ્યોતનસૂરિ જે કંઈ તેની પ્રશસ્તિમાં[૧૧૬] જણાવે છે તે સદી માટે ઉપયોગી ગણાશે.

૧૮૩. ગુપ્ત વંશના એક જૈનાચાર્ય નામે હરિગુપ્ત[૧૧૭] તે ગુપ્ત સમ્રાટને વિચલિત કરનાર તોરમાણ-હુણ સમ્રાટ્ તોરમાણના ગુરુ હતા. તોરમાણ વિક્રમ છઠ્ઠી સદીમાં થયો. એક દેવગુપ્ત નામના જૈનાચાર્ય

---

૧૧૬. તે પ્રશસ્તિમાં પોતાના પૂર્વજનો પરિચય તેમણે આ પ્રમાણે આપ્યો છે કે :–

'ઉત્તરાપથમાં ચંદ્રભાગા નદી જ્યાં વહે છે તે પવ્વઇયા (પાર્વતિકા) પુરી નામની સમૃદ્ધિશાલી નગરી તોરરાજની રાજધાની હતી. તોરરાજના ગુરુ ગુપ્તવંશીય હરિગુપ્ત આચાર્યે ત્યાં નિવેશ કર્યો હતો. તેમના શિષ્ય મહાકવિ દેવગુપ્ત-(તેમના) 'મહત્તર' પદ ધારક શિવચંદ્રે જિનવંદનાર્થે ભમતા ભમતા ક્રમે ભિલ્લમાલ નગરમાં સ્થિતિ કરી. તેમના શિષ્ય યક્ષદત્ત ગણિ નામના ક્ષમાશ્રમણ મહાત્મા યશઃશાલી થયા. તેમના પુષ્કળ શિષ્યો તપવીર્ય-વચન-લબ્ધિસંપન્ન થયા કે જેમણે ગૂર્જર દેશને દેવગૃહોથી રમ્ય બનાવ્યો. તે પૈકી નાગ, વૃન્દ, મમ્મટ, દુર્ગ, આચાર્ય અગ્નિશર્મા, અને છઠ્ઠા વટેશ્વર મુખ્ય હતા. વટેશ્વરે આકાશવપ્ર (?) નામના નગરમાં એક રમ્ય જિનમંદિર બંધાવ્યું કે જેના મુખ દર્શનથી ક્રોધ પામેલો શાંત થઈ જાય. તેમના અંતિમ શિષ્ય દાક્ષિણ્ય ચિન્હ (ઉપનામવાળા) ઉદ્યોતન સૂરિએ હ્રી દેવીએ આપેલ દર્શનના ભાવથી વિલસીને કુવલયમાલા કથા રચી. આચાર્ય વીરભદ્ર અને હરિભદ્ર તેમના વિદ્યાગુરુ હતા.'

(આમાંથી) ગૂજરાતમાં પ્રસરેલા જૈન ધર્મના પ્રારંભિક ઈતિહાસ પર પ્રકાશ પડે છે - અણહિલપુરના શાસનકાળમાં ઉત્કર્ષ પામેલો જૈન ધર્મ, મૂળ કઈ બાજુએથી તળ ગૂજરાતમાં પ્રવિષ્ટ થયો અને કયા આચાર્યના સંયમબળે ગૂર્જરભૂમિ જૈન મંદિરોથી મંડિત થઈ એ વિષયનો કેટલોક ખુલાસો આમાંથી મળી આવે છે. જૈન ધર્મ પાળનારી બધી વૈશ્ય જાતિઓ-ઓસવાલ, પોરવાડ, શ્રીમાલ, વગેરેનું મૂળસ્થાન ભિન્નમાલ કેમ છે અથવા ભિન્નમાલથી નીકળેલી એ જાતિઓએ શા કારણથી જૈન ધર્મનો સ્વીકાર કર્યો - એ બહુ મહત્ત્વના પ્રશ્નના ઉકેલની દિશા પણ આમાંથી સૂઝી આવે તેમ છે. ઉલ્લેખેલ તોરમાણ-તોરરાય તે હૂણોનો પ્રબળ નેતા-હૂણ સમ્રાટ કે જેણે ગુપ્ત સામ્રાજ્યને તોડ્યું, અને માલવભૂમિને વિ. સં. ૫૬૬માં જીતી, તે છે. તેના પુત્ર મહાવીર મિહિરકુલની રાજધાની સાકલ (પંજાબનું સિયાલકોટ) હતું. પવ્વઇયા (સં. પાર્વતિકા કે પાર્વતી) નગરી યવનચંગની Polafato નામનું પંજાબનું પાટનગર કદાચ હોય; ચંદ્રભાગા તે પંજાબની ચંદ્રભાગા-ચીનાબ નદી.

૧૧૭. કનિંગહામ સાહેબને સને ૧૯૮૪માં અહિચ્છત્રમાંથી એક તાંબાનો શિક્કો મળી આવ્યો હતો જેની એક બાજુએ પુષ્પસહિત કળશ છે અને બીજી બાજુએ **श्री महाराज हरिगुप्तस्य** આવું વાક્ય આલેખેલું છે. તેનો સમય વિક્રમ છઠ્ઠા સૈકાનો ઠરે છે. અક્ષરોની આકૃતિ પરથી અને નામની સરખામણી ઉપરથી આ શિક્કો કોઈ ગુપ્તવંશી રાજાનો જ હોવો જોઈએ. શિક્કા પાછળની મૂર્તિ પરથી જે રાજાનો હોય તેની ધાર્મિક ભાવના જણાય છે. યાજ્ઞિક-વૈદિક ધર્માનુયાયી રાજાના શિક્કાપર યજ્ઞીય અશ્વની, વિષ્ણુભક્તના પર લક્ષ્મીની, શિવભક્તના પર વૃષભની, બૌદ્ધના પર ચૈત્યની આકૃતિઃ એમ ધર્મભાવના પ્રમાણે આકૃત્તિઓ અંકિત કરવામાં આવેલી મનાય છે. તો ઉક્ત હરિગુપ્તના શિક્કાપરની કલશની આકૃતિ તે જૈનધર્માનુયાયી હોય એમ પુરવાર થાય, કારણકે પુષ્પ સહિત કલશ એ જૈનોમાં સુપ્રસિદ્ધ કુંભકલશ સંભવે છે. જૈનોએ કુંભકલેશને એક માંગલિક વસ્તુ ગણેલી છે; અને દરેક મંગલકાર્યમાં શુભ ચિહ્ન તરીકે તેનું મુખ્યપણે આલેખન કરવામાં આવે છે. મથુરામાંથી મળી આવેલા કુશણ સમયના જૈન સ્થાપત્યાવશેષોમાં આ કુંભકલશની આકૃતિઓ મળી આવે છે, અને જૂનાં હસ્તલિખિત પુસ્તકોમાંયે એ અનેક રીતે ઉપલબ્ધ થાય છે - **જિનવિજયનો કુવલયમાલાપરનો લેખ.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયા કે જેને ગુપ્તવંશના રાજર્ષિ[૧૧૮] તરીકે તેમજ ત્રિપુરુષ-ચરિત્રના કર્તા તરીકે કુવલયમાલાકારે જણાવ્યા છે તે ઉપરોક્ત હરિગુપ્તના શિષ્ય 'મહાકવિ' દેવગુપ્ત હોય.

૧૮૪. આચાર્ય **હ**રિગુપ્તના પ્રશિષ્ય અને **દે**વગુપ્તના શિષ્ય **શિ**વચંદ ગણિ મહત્તર પંજાબમાંથી નીકળી તીર્થ યાત્રાના નિમિત્તે ફરતા ફરતા છેવટે **ભિન્ન**માલ નગરમાં[૧૧૯] સ્થિર થઈ રહ્યા હતા. **શિ**વચંદ્રગણિના શિષ્ય **ય**ક્ષદત્તગણિ થયા અને તેમના અનેક પ્રભાવશાલી શિષ્યોએ ગૂર્જર દેશમાં ઠામ ઠામ જૈનમંદિરો કરાવરાવી એ દેશને રમ્ય બનાવ્યો હતો (કુવલયમાલા પ્રશસ્તિ). આ ઉલ્લેખ જૈન મંદિરોના ઈતિહાસની દૃષ્ટિએ ઘણો અગત્યનો છે. જૈનોના સાંપ્રદાયિક ઈતિહાસમાં **ચૈત્યવાસ** વિષેની જે હકીકત નોંધાયેલી મળી આવે છે તેના વિષે આ ઉલ્લેખ ઘણો સૂચક છે, તેમજ સાતમા સૈકામાં ગૂજરાતમાં જૈન તીર્થો વિદ્યમાન હતા, અને તેમની યાત્રાર્થે દૂરદૂરથી જૈનો ગૂર્જર દેશમાં આવતા હતા એ બાબત પણ આ નોંધથી સ્પષ્ટ થાય છે. (**જિ**નવિજયનો **કુવલયમાલા** પરનો લેખ.)

૧૮૫. ઉક્ત **ય**ક્ષદત્ત ગણિના એક શિષ્ય **વ**ડેશ્વર (વટેશ્વર) ક્ષમાશ્રમણ હતા જેમણે **આ**ગાસવપ્પ (આકાશવપ્ર) નગરમાં[૧૨૦] જૈન મંદિર બંધાવરાવ્યું. (કુવલયમાલા પ્રશસ્તિ). ઉક્ત **વ**ડેસરના શિષ્ય

---

૧૧૮. ગુપ્તવંશના આ દેવગુપ્ત તે કદાચ **બા**ણભટ્ટે **હર્ષ**ચરિત્રમાં જણાવેલા **સ્થા**ણ્વીશ્વર **હ**ર્ષવર્ધનની બહેન **રા**જ્યશ્રીના પતિ જે કનોજનો સ્વામી **ગ્ર**હવર્મા હતો તેનો ઉચ્છેદ કરનાર માલવાનો રાજા **દે**વગુપ્ત હોઈ શકે. આ માલપતિ દેવગુપ્ત ગુપ્તવંશીય હતો. એમ બીજા પુરાવાથી ઠરાવાય છે. (વૈદ્યકૃત **મધ્યયુગીન ભારત** ભાગ ૧ પૃ. ૧૮) કનોજ પર તેણે કરેલા આક્રમણનો બદલો લેવા માટે તેના પર **હર્ષ**વર્દ્ધનના મોટા ભાઈ **રા**જ્યવર્દ્ધને ચઢાઈ કરી અને તેમાં તે દેવગુપ્તની હાર થઈ હતી. આના પરિણામે તેણે પોતાનું રાજ્ય અને કુટુંબ છોડી પોતાના જ સજાતીય અને પ્રભાવશાલી વૃદ્ધ આચાર્ય **હ**રિગુપ્ત પાસે જૈનદીક્ષા લીધી હોય તે બનવા જોગ છે. યુદ્ધમાં પરાજય પામેલા રાજાઓ માટે દેહનાશ કે સંન્યાસ એ બેજ શરણભૂત હોવાની માન્યતા આપણા સાહિત્યમાં સુપ્રસિદ્ધજ છે. **—જિનવિજયનો કુવલયમાલા પરનો લેખ.**

૧૧૯. આ **ભિ**નમાલ તે પ્રાચીન ગૂર્જરદેશની મૂળ રાજધાની તરીકે ઈતિહાસમાં પ્રસિદ્ધ છે અને એનું બીજું નામ **શ્રી**માલ છે. મધ્યકાલીન જૈન ઈતિહાસનો આ **ભિ**નમાલ સાથે ઘણો સંબંધ રહેલો છે. હાલની જે જૈન જાતિઓ રાજપૂતના પશ્ચિમ ભારત અને પંજાબ તથા સંયુક્ત પ્રાંતમાં વસે છે તે બધાનું મૂળ ઉત્પત્તિસ્થાન એ ભિનમાલ છે. મધ્યકાલીન ભારતના રાજપૂત રાજવંશો જે પ્રદેશમાં અને જે સમયમાં ઉદ્‌ભવ પામે છે તેજ પ્રદેશમાં અને તેજ સમયમાં એ જૈન જાતિઓનો પણ પ્રાદુર્ભાવ થાય છે, એથી જૈનધર્માનુયાયી **શ્રી**માલ, **પો**રવાડ, અને **ઓ**સવાલ વગેરે જૈન જાતિઓના મૂળ પુરુષોનો સંબંધ રાજપૂત ક્ષત્રિઓ સાથે હોવાનું જે કહેવામાં આવે છે તેમાં ઘણું તથ્ય સમાએલું છે.

૧૨૦. ' આ નગર તે હાલનું **વ**ડનગર - જેનું પ્રાચીન નામ **આ**નંદપુર છે - હોય કારણકે જેનું વપ્ર (કોટ) આકાશ છે એટલે જે કોટ વગરનું નગર છે તે આકાશ વપ્ર, એવો અર્થ થાય. પ્રાચીન કાળમાં કોટ વગરનાં નગરો ભાગ્યે જ થતાં. આનંદપુર આમાંનું જ હતું. એ પુરને ફરતો કિલ્લો પાટણના રાજા કુમારપાળે સં. ૧૨૦૮ માં જ પ્રથમ બંધાવ્યો હતો તેથી હું અનુમાનું છું કે પ્રસ્તુત આકાશવપ્ર એ આનંદપુર જ હશે.' શ્રી**જિ**નવિજયનો **કુ**વલયમાલા પરનો લેખ. આ સંબંધમાં મુનિ **ક**લ્યાણવિજય પૂછતાં મને તા. ૩૦-૧૧-૨૮ના પત્રથી જણાવે છે કે 'કુવલયમાલાનું' '**આ**ગાસવપ્પ' નગર તે **વ**ડનગર કે **આ**નંદપુર નહિં પણ મારવાડ અને સિન્ધની સરહદમાં આવેલ '**અ**મરકોટ' છે એમ મેં નિશ્ચય કર્યો છે. **કુ**વલયમાલાની રચના મારવાડના **જા**વાલિપુર (જાલોર)માં થયેલી છે, તેમાં **ભિ**લ્લમાલ નગરનો ઉલ્લેખ પણ છે અને ત્યાંજ '**આ**ગાસવપ્પ' નગરનો પણ ઉલ્લેખ છે. 'આકાશવપ્ર' એ '**અ**મ્બરકોટ્ટ'નો પર્યાય છે અને '**અ**મરકોટ' એ 'અમ્બરકોટ્ટ'નો અપભ્રંશ છે. ભિલ્લમાલ, જાલોર, થરાદની માફક જ અમરકોટ પણ એક અતિ પ્રાચીન સ્થળ છે. પંજાબથી **વ**ટેશ્વર અથવા એમના પૂર્વજો અમરકોટમાં આવીને વસ્યા અને તે પછી એમનો પરિવાર **જા**લોર **ભિ**લ્લમાલ **થ**રાદ વિગેરેમાં પ્રસર્યો હતો.'' આ અભિપ્રાય શ્રી કલ્યાણવિજય મુનિનો અભિપ્રાય વધુ વિશ્વસનીય જણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તત્ત્વાચાર્ય નામે થયા તે તપ તેજથી મોહજીપક હતા. આ કદાચ આચારાંગ અને સૂત્રકૃતાંગ સૂત્ર પર સંસ્કૃત વ્યાખ્યાઓ રચનાર શીલાંક અપરનામ તત્ત્વાદિત્ય સૂરિ હોય.[૧૨૧]

મલ્લવાદી.

૧૮૬. દંતકથા પ્રમાણે વલભીપુરમાં (હાલનું વળા-કાઠીઆવાડ) શીલાદિત્ય રાજા હતો તે બૌદ્ધ થયો હતો. પછી ધનેશ્વરસૂરિએ તેને જૈન કર્યો. આ સૂરિએ સં. ૪૭૭માં શત્રુંજય માહાત્મ્ય રચ્યું કહેવાય છે.

અન્ય કથન પ્રમાણે (દ્વાદશાર) નયચક્રવાલ (કાં. વડોદરા નં. ૨૮) નામના પ્રસિદ્ધ ન્યાય ગ્રંથના રચનાર મલ્લવાદી નામના 'શ્વેતપટ ક્ષમાશ્રમણે' તે રાજાની સભામાં બૌધ્ધોને હરાવી સૌરાષ્ટ્રમાંથી દૂર કર્યા-[૧૨૨] વીરાત્ ૮૮૪ (વિ. સં. ૪૧૪).

૧૮૭. નયચક્રવાલ-ટુંકમાં નયચક્ર એ જૈનન્યાયનો ગ્રંથ છે. ''ન્યાયમાં તો જૈન સાહિત્ય લગભગ બધું સંસ્કૃતમાં જ લખાયેલું છે. જૈન ન્યાયની વિશેષતા એના અનેકાન્તદર્શનમાં છે. અનેકાન્તદર્શન એટલે નય અને પ્રમાણોનો મેળ. જૈનેતર દર્શનોમાં ચર્ચાયેલી જ વસ્તુ જ્યારે જૈનદર્શન ચર્ચે છે ત્યારે તે ચર્ચામાં ફક્ત મુખ્ય વિશેષતા અનેકાન્ત દૃષ્ટિની જ હોય છે. એજ વસ્તુને જ્યારે નય અને પ્રમાણથી એટલે એક દૃષ્ટિબિંદુથી તેમજ અનેક દૃષ્ટિબિંદુઓથી વિચારવામાં આવે છે, ત્યારે તે જૈનદર્શનની કસોટીમાં ઉતરી તેને માન્ય થાય છે. વિષય ગમે તે હોય પણ તેને જોવા અને વિચારવાની પદ્ધતિ જૈનદર્શનમાં એક છે અને તે પદ્ધતિ અનેકાન્તવાદની. આ કારણથી અનેકાન્ત જ જૈનતત્ત્વનો આત્મા છે. 'કઈ વસ્તુ માનવી, કઈ ન માનવી, માનવી તો કેવા રૂપમાં માનવી, દેશકાળ પરત્વે કયા અંશમાં પરિવર્તન કરવું અને કયા અંશમાં ન કરવું' એ બધું જો અનેકાન્ત દૃષ્ટિએ વિચારાય તો તે જૈન પ્રકાર.

---

૧૨૧. તત્ત્વાચાર્ય અને તત્ત્વાદિત્ય એ નામોમાં સામ્ય છે. શીલાંક એ ઉપનામ છે, ને તેમાં રહેલ શીલ તે તપતેજથી મોહજીપક-પ્રકટગુણ અને આદિત્ય સમાન એ વિશેષણો તત્ત્વાચાર્ય માટે કુવલયમાલાકારે મૂક્યા છે તે પરથી બંને એક હોવા સંભવ છે. છતાં આચારાંગ સૂત્રની ટીકામાં આપેલા રચનાસંવત્નો જ્યાં સુધી સ્પષ્ટ નિર્ણય ન થાય ત્યાં સુધી આ વિચારની ચોક્કસાઈ થઈ શકે તેમ નથી. આ તત્ત્વાચાર્યના શિષ્ય ઉદ્યોતનસૂરિએ કુવલયમાલા રચી તે સંબંધી હવે પછી કહેવામાં આવ્યું છે. *–જિ. નો ઉક્ત લેખ.*

વિક્રમાદિત્ય તે હિંદુ, શીલાદિત્ય તે બૌદ્ધ, ધર્માદિત્ય તે જૈન, એમ નામ પડ્યાં લાગે છે એવો પં. સુખલાલનો મત છે.

૧૨૨. श्रीवीरवत्सरादथ शताष्टके चतुरशीतिसंयुक्ते । जिग्ये स मल्लवादी बौद्धांस्तद् व्यन्तरांश्चापि ॥
—**પ્રભા. ચ.** પૃ. ૭૪.

મલ્લવાદીની જીતનો આ વીરસંવત્ બરાબર છે, કારણ કે આ પ્રસિદ્ધ મલ્લવાદીનો ઉલ્લેખ વિક્રમના આઠમા શતકના પ્રસિદ્ધ આચાર્ય હરિભદ્રસૂરિ પોતાની કૃતિ **અનેકાન્તજયપતાકા**માં અનેક સ્થલે કરે છે, ને ધર્મોત્તરના **ન્યાયબિંદુ** પર ટિપ્પણ રચનાર મલ્લવાદી, ધર્મોત્તર સં. ૯૦૪ આસપાસ થયા ગણાય છે તેથી તેનો સમય દશમી સદીમાં મૂકી શકાય ને તે વીરાત્ ૮૮૪માં થયેલ પ્રસિદ્ધ મલ્લવાદીથી અન્ય માનવા જોઈએ, ને ત્રીજા મલ્લવાદી (ટિ. ૩૯૫) તેરમી સદીમાં થયા કે જેમની કવિતાની પ્રશંસા મંત્રી વસ્તુપાલ જેવા વિદ્વાને કરી હતી. (મુનિ **ક. વિ. પ્ર. ચ. પ્ર.**)

{'દિગંબર પરંપરામાં પણ એક મલ્લવાદી થયા છે.' જિતેન્દ્ર બી. શાહ 'વાદીન્દ્ર મલ્લવાદિનો સમય' નિર્ગ્રંથ ૧}

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૮૮. "આજ કારણથી અનેકાન્તનું મહત્વ સ્થાપનારા અને તેનું સ્વરૂપ વર્ણવવા વાળા સેંકડો ગ્રંથો જૈન સાહિત્યમાં લખાયેલા છે. દશમાં સૈકા પછી લખાયેલ ગ્રંથોને બાદ કરીએ તો તે વિષયના બે મહાન્ ગ્રંથો જૈન સાહિત્યમાં છે. એ બેમાં એક **સિદ્ધ**સેન દિવાકર કૃત **સ**ન્મતિતર્ક (કે જેના વિષે અગાઉ કહેવાઈ ગયું છે) અને બીજો આ પ્રસ્તુત **મ**લ્લવાદી કૃત **ન**યચક્ર. **ન**યચક્રમાં તેના નામ પ્રમાણે મુખ્ય વિષય 'નય'નો છે અને સન્મતિમાં 'નય' ઉપરાન્ત જ્ઞાન અને જ્ઞેયનું પણ વર્ણન છે. **સ**ન્મતિ મૂળ પ્રાકૃતમાં છે ને **ન**યચક્ર સંસ્કૃતમાં છે. **સ**ન્મતિ પર **અ**ભયદેવસૂરિકૃત સંસ્કૃત ટીકા છે કે જેના વિષે હવે પછી જોઈશું, અને **ન**યચક્ર પર સંસ્કૃત ટીકા શ્રી **સિં**હ ક્ષમાશ્રમણની રચેલી છે. મૂલ અને ટીકાના રચનાર આ ચારે ધુરંધર વિદ્વાનોએ જૈન ન્યાયના વિકાસમાં અસાધારણ ફાળો આપ્યો છે. પ્રસ્તુત બે ગ્રન્થોમાં **સ**ન્મતિતર્ક મૂળ ઉપલબ્ધ છે જ્યારે **ન**યચક્ર મૂળ ઉપલબ્ધ નથી, માત્ર તેની ટીકા સુલભ છે. ઉપાધ્યાય શ્રી **ય**શોવિજયજીએ નષ્ટ ભ્રષ્ટ અને ખંડિતપ્રાય પ્રતિઓ પરથી **ન**યચક્રનો છેલ્લો આદર્શ તૈયાર કર્યો હોય તેમ તેની કોઈ કોઈ પ્રતિમા મળતા છેલ્લા ઉલ્લેખથી દેખાય છે. છતાં તેની પણ શુદ્ધ પ્રત મળતી નથી. મૂળ નહીં, વિષય નયનો, ચર્ચા સૂક્ષ્મ, પદ્ધતિ વિવિધ ભાંગાવાળી, અને શાસ્ત્રાર્થો લાંબા તથા દાર્શનિક અને તે ઉપરાંત પુષ્કળ અશુદ્ધિ તેથી આ ગહન ગ્રંથના ઉદ્ધારનું કાર્ય ગહનતમ બન્યું છે. છતાં આવી સ્થિતિમાં પણ એ ગ્રંથ સચવાઈ રહ્યો છે એ માત્ર જૈન સાહિત્યનું જ નહિ પણ ભારતીય સાહિત્યનું સુદ્ધાં સદ્‌ભાગ્ય છે." *{સંપા. મુનિ જંબૂવિજયજી પ્ર. આત્માનંદસભા અને સંપા. આ. લબ્ધિસૂરિજી પ્ર. નયચક્ર વિષે મુનિ જંબૂવિજયજીએ લખેલા લેખોની વિગત માટે જુઓ 'જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ' હી. ર. કાપડિયા ભા. ૩, પૃ. ૬૪-૬૫}*[૧૨૩]

૧૮૯. આ **મ**લ્લવાદીએ બૌદ્ધાચાર્ય **ધ**ર્મકીર્ત્તિ કૃત સુપ્રસિદ્ધ **ન્યા**યબિન્દુ પર અન્ય બૌદ્ધાચાર્ય **ધ**ર્મોત્તર કૃત ટીકા પર ટિપ્પન નામે **ધ**ર્મોત્તર ટિપ્પન રચ્યું કહેવાય છે. આ આચાર્યે **ન**યચક્ર ઉપરાંત **સ**ન્મતિતર્કવૃત્તિ આદિ રચેલ જણાય છે ને તેમનું ચરિત્ર **પ્ર**ભાવક ચરિત્ર, **પ્ર**બંધચિંતામણિ, **સ**મ્યક્ત્વસપ્તતિવૃત્તિ, **પ્ર**બંધકોષ આદિમાં મળે છે. શ્રી **હે**માચાર્ય પોતાના **સિદ્ધ**હેમ શબ્દાનુશાસનમાં તાર્કિક શિરોમણિ-ઉત્કૃષ્ટ તાર્કિક કહી આ આચાર્યનો ઉલ્લેખ કરે છે.[૧૨૪] આમનો સમય **પ્રભાવક ચ.**કાર વિ. સં. ૪૧૪નો આપે છે. પરંતુ **ન્યા**યબિંદુ-ટીકાકાર **ધ**ર્મોત્તરનો સમય પાશ્ચાત્ય વિદ્વાનો વિક્રમ સાતમી સદીમાં (સને ૮૩૭ લગભગ) મૂકે છે તે ગણત્રીએ આ ટિપ્પનકાર તેની પછીના સમયમાં વિદ્યમાન સંભવે.[૧૨૫] યાતો ટિપ્પનકાર મલ્લવાદી બીજા મલ્લવાદી હોવા ઘટે. આમ સત્તાસમય સંબંધી વિરોધ આવે છે તે પર વિચાર કરીને મુનિ શ્રી **ક**લ્યાણવિજય જણાવે છે કે 'જેમનો આચાર્ય હરિભદ્રે પોતાના

---

૧૨૩. પં. સુખલાલ અને પં. બહેચરદાસનો લેખ નામે **'નયચક્ર'**- 'જૈનયુગ' ભાદ્રપદ સં. ૧૯૮૪.

૧૨૪. ઉત્કૃષ્ટેઽનૂપેન ૨/૨/૩૯ ॥ અનુમલ્લવાદિનઃ તાર્કિકાઃ । - **સિદ્ધહેમ શબ્દાનુશાસન** બૃહત્ ટીકા.

૧૨૫. ડૉ. **સ**તીશચંદ્રકૃત History of the Mediaval School of Indian Logic પૃ. ૩૪-૩૫. પંડિત **લા**લચંદ-જેસલમેર ભં. સૂચી. અપ્રસિદ્ધ ગ્રંથકૃત્ પરિચય પૃ. ૨૯; વે. નં. ૧૦૪૧-૪૨. **ન્યા**યબિન્દુ એ મૂળ બૌદ્ધ તાર્કિક **દિ**ઙ્નાગના એક ગ્રંથ પર વાર્ત્તિક છે. **ધ**ર્મોત્તર કૃત **ન્યા**યબિન્દુ ટીકા માટે જુઓ પી. ૩, ૩૩. **મ**લ્લવાદિકૃત **ધ**ર્મોત્તરટિપ્પણની સં. ૧૨૩૧માં લખાયેલ તાડપત્રની પ્રત પાટણ ભંડારમાં છે. પી. ૫, પરિ. પૃ. ૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રંથોમાં નામોલ્લેખ કર્યો છે, જેમણે **ભ**રૂચમાં **બૌ**દ્ધોનો પરાજય કર્યો અને જેમણે **નયચક્ર** ગ્રંથની રચના કરી તે **મ**લ્લવાદી જૂદા, અને **જિ**નયશના ભાઈ તથા **લ**ઘુધર્મોત્તરના ગ્રંથ ઉપર ટિપ્પણ લખનાર મલ્લવાદી જુદા હતા. એક વિક્રમની પાંચમી સદીમાં અને બીજા દસમી સદીમાં થયા. જુઓ ટિ. ૧૨૨ (**પ્ર. ચ.** પ્રસ્તાવના). પ્ર. ચ. માં જણાવ્યું છે કે **મ**લ્લવાદીએ નયચક્ર ઉપરાંત ૨૪૦૦૦ શ્લોક પ્રમાણ **'પદ્મચરિત'** નામક રામાયણની રચના કરી હતી. *{આ ઉપરાંત સન્મતિ પ્રકરણ ટીકા રચ્યાનો ઉલ્લેખ મળે છે અને તેઓનો સમય ઈ.સ. છઠ્ઠી સદીનો ઉત્તરાર્ધ છે એમ જિતેન્દ્ર બી. શાહ એમના લેખ 'વાદીન્દ્ર મલ્લવાદી ક્ષમાશ્રમણનો સમય' (નિર્ગ્રંથ ૧)માં જણાવે છે. }*

૧૯૦. જૈન સાધુઓના આચારમાં શિથિલતા આવી ને તેને પરિણામે કેટલાક જૈન સાધુઓ **'ચૈત્યવાસી'** થયા. વીરાત્ ૮૮૨[૧૨૬] (વિ.સં. ૪૧૨) પટ્ટાવલીઓ અને ભાષ્ય, ચૂર્ણિ આદિ આગમ સાહિત્ય પરથી જણાય છે કે વિક્રમની પાંચમી શતાબ્દિ સુધીમાં ચૈત્યવાસની સાર્વત્રિક પ્રવૃત્તિ થઈ ગઈ હતી અને તેની સાથેજ શિથિલાચાર પણ વધી રહ્યો હતો. (**ક. વિ. પ્ર. ચ. પ્ર.**)

૧૯૧. ચૈત્યવાસી સંબંધી થોડુંક કહીશું. મૂલમાર્ગ - ભ. શ્રી **મ**હાવીરપ્રણીત આચાર માર્ગના તીવ્ર વિચારભેદને લીધે દિગંબરને શ્વેતામ્બર પક્ષ પડ્યા એ કહેવાઈ ગયું છે. ત્યાર બાદ કંઈક શિથિલતા પ્રવેશ પામતાં ચૈત્યવાસી સાધુઓના શિથિલતાપ્રદર્શક આચારવિધિઓના નિયમો થયા અને પ્રકટપણે તેનું 'ચૈત્યવાસી' નામ વીરાત્ ૮૮૨ કે ૮૮૪માં પડ્યું. તેવા નિયમોનું દિગ્દર્શન, ચૈત્યવાસ સામે પ્રબલ રીતે ઝુઝનારા - સમર્થ સુધારક અને પ્રખર વિદ્વાન જૈનાચાર્ય **હ**રિભદ્રસૂરિ **'સં**બોધપ્રકરણ' નામના પોતાના ગ્રંથમાં સારી રીતે આપે છે :- "ચૈત્ય અને મઠમાં તેઓ વાસ કરે, પૂજા માટે આરતી કરે, જિનમંદિર અને શાળા (પૌષધશાળા-વ્યાખ્યાનમંદિર) ચણાવે, મંદિરના દ્રવ્ય (દેવદ્રવ્ય)નો સ્વજાત માટે ઉપયોગ કરે, શ્રાવકો પાસે શાસ્ત્રની સૂક્ષ્મ વાતો કહેવા-બતાવવાનો નિષેધ કરે, મુહૂર્ત કાઢી આપે, નિમિત્ત બતાવે, રંગેલાં સુગંધિત યા ધૂપિત વસ્ત્રો પહેરે, સ્ત્રીઓ સામે ગાય, સાધ્વીઓનું લાવેલું વાપરે, ધનનો સંચય કરે, કેશલોચ ન કરે, મિષ્ટાહાર મેળવે - તાંબૂલ ઘી દૂધ વગેરે તથા ફળફુલ અને સચિત્ત પાણી વાપરે, અનેક પાત્રાદિ જોડા વાહન વસ્ત્રો શય્યા રાખે, કેડ પર કારણ વગર કટિવસ્ત્ર રાખે, તેલ ચોળાવે, સ્ત્રીઓનો પ્રસંગ રાખે, મૃત ગુરુઓનાં દાહસ્થળો પર પીઠો ચણાવે, બલિ કરે, જિનપ્રતિમા વેચે, ગૃહસ્થોનું બહુમાન રાખે, સ્ત્રીઓ સમક્ષ વ્યાખ્યાન આપે, પૈસાથી નાનાં બાલકોને ચેલા કરે, વૈદું મંત્રાદિ કરે, અનેક ઉજમણાં કરે, સાધુઓની 'પ્રતિમા' - વ્રતવિશેષ ન પાળે વગેરે વગેરે."[૧૨૭] આમ ચૈત્યવાસી સાધુઓ અમર્યાદ બની વધતા ગયા.

---

૧૨૬. શ્રી **ધ**ર્મસાગર પોતાની **પ**ટ્ટાવલીમાં **વી**રાત્ 882 **ચૈ**ત્યસ્થિતિ: એમ જણાવે છે, - જુઓ **જૈન તત્ત્વાદર્શ.** પરંતુ બારસ વાસસએહિ સટ્ઠેહિં નિવ્વુઅસ્સ વીરસ્સ । જિણઘરમઠ આવાસો પગપ્પિઓ સાયસીલેહિં ॥ - **ગાથાસહસ્રી.** ગા. ૯૮. **પી.** ૩, ૨૮૪. તેમાં વીરાત્ ૧૨૫૦ (વિ. સં. ૮૮૦) કહેલ છે.

૧૨૭. **સંબોધ પ્રકરણ** (પ્ર. અમદાવાદની જૈન ગ્રંથ પ્રકાશક સભા) જુઓ પૃ. ૧૩ થી ૧૮ કે જેમાં **ગુ**ર્વધિકાર માં પાસત્થાદિ અનેક અવંદનિક મુનિઓનો ચિતાર આપ્યો છે. તેમાંથી થોડી ગાથાઓ અત્ર મૂકવામાં આવે છે :-

चेइयमढाइवासं पूयारंभाइ निच्चवासित्तं । देवाइदव्वभोगं जिणहरसालाइकरणं च ॥ ६१ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯૨. **શિ**વશર્મસૂરિ નામના એક મહાન્ આચાર્ય થયા તેમનો સમય અનિશ્ચિત છે. તેમણે ૪૭૫ ગાથાનો **કર્મ**પ્રકૃતિ[૧૨૮] નામનો ગ્રંથ **દૃ**ષ્ટિવાદના બીજા પૂર્વમાંથી ઉદ્ધાર કરી રચ્યો છે (મુદ્રિત), તો તેમને વિ. સં. ૫૦૦ના અરસામાં મૂકી શકાય. વળી તેમણે **શ**તક નામનો કર્મ ગ્રંથ (છ પ્રાચીન કર્મ ગ્રંથ પૈકી પાંચમો) ગાથા ૧૧૧માં રચ્યો છે.

૧૯૩. **ચં**દ્રર્ષિ મહત્તર થયા તે ઘણા પ્રાચીન સમયમાં થયા જણાય છે તે પ્રાયઃ આ સમયમાં થયા હશે એમ ગણી અહીં તેમનો ઉલ્લેખ કર્યો છે. તેમણે **પંચ**સંગ્રહ[૧૨૯] નામનો કર્મ વિષયક ગ્રંથ રચ્યો છે - તેમાં **શ**તક, **સપ્ત**તિકા, **ક**ષાયપ્રાભૃત, **સત્ક**ર્મ અને **ક**ર્મ પ્રકૃતિએ પાંચરૂપ પાંચ વસ્તુઓનો સંગ્રહ કર્યો છે તેથી તે **પંચ**સંગ્રહ કહેવાય છે. (મુદ્રિત). તેની ગાથા ૯૬૩ છે અને તે પર તેજ કર્તાએ - સ્વોપજ્ઞવૃત્તિ ૯૦૦૦ શ્લોક પ્રમાણ રચી છે. આમાં 'સપ્તતિકા' (સત્તરિકા)ને પોતે **દૃ**ષ્ટિવાદના નિસ્યંદરૂપ જણાવે છે.

વલભી' સંઘ '-પરિષદ્-

૧૯૪. આ પછી જૈન 'સૂત્રો'-આગમો સંબંધમાં નવી ઘટના થઈ.[૧૩૦] પ્રકૃતિની અકૃપાથી પાછી

मयकिश्च जिणपूयापरूवणं मयधणाणं जिणदाणे । गिहिपुरओ अंगाइपवयणकहणं धणट्ठाए ॥ ६८ ॥
नरयगइहेउ जोउस निमित्ततेगिच्छमंतजोगाइं । मिच्छत्तरायसेवं नीयाण वि पावसाहज्जं ॥ ६३ ॥
वत्थाइं विविहवण्णाई अइसियसद्दाइं धूववासाइ । पहिरज्जइ जत्थ गणे तं गच्छं मूलगुणमुक्कं ॥ ४६ ॥
अन्नत्थियवसहा इव पुरओ गायंति जत्थ महिलाणं । जत्थ जयारमयारं भणंति आलं सयं दिंति ॥ ४९ ॥
संनिहिमाहाकम्मं जलफलकुसुमाइ सव्व सच्चितं । निच्चिं दुतिवार भोयण विगइलवंगाइ तंबोलं ॥ ५७ ॥
कीवो न कुणइ लोयं, लज्जइ पडिमाइ जल्लमुवणेइ । सोवाहणो य हिंडेइ, बंधइ कडिपट्टयमकज्जे ॥ ३४ ॥
वत्थोवगरणपत्ताइ दव्वं नियनिस्सएण संगहियं । गिहि गेहंमि यजेसिं ते किणिणो जाण न हु मुणिणो ॥ ९१ ॥
गिहिपुरओ सझायं करंति अण्णोण्णमेव झूझंति । सीसाइयाण कज्जे कलहविवायं उईरेंति ॥ १६२ ॥
किं बहुणा भणिएणं बालाणं ते हवंति रमणिज्जा । दक्खाणं पुण एए विराहगा छन्नपावदहा ॥ १६३ ॥

૧૨૮. **કર્મ**પ્રકૃતિ પર **મલય**ગિરિસૂરિએ રચેલી વૃત્તિ મુદ્રિત થઈ છે (પ્ર. જૈન ધ. સભા, ને દે. લા. નં. ૧૧)

૧૨૯ 'सटीकाः सत्वारः प्राचीनाः कर्मग्रन्थाः'ની પ્રસ્તાવના. **પંચ**સંગ્રહ મૂળ અને તે પરની સ્વોપજ્ઞ વૃત્તિ આ. સમિતિ નં. ૪૭માં મુદ્રિત.

૧૩૦ **સ**મયસુન્દરગણિ પોતાના **સા**માચારી શતકમાં જણાવે છે કે :-

श्री देवर्धिगणिक्षमाश्रमणेन श्रीवीराद् अशीत्यधिक नवशत (૯૮૦) वर्षे जातेन द्वादशवर्षीय दुर्भिक्षवशात् बहुतर साधु-व्यापतौ बहुश्रुतविच्छितौ च जातायां + + + भविष्यद् भव्यलोकोपकाराय, श्रुतभक्तये च श्री संघाग्रहाद् मृतावशिष्ठ तदाकालीन सर्वसाधून् वलभ्यामाकार्य तन्मुखाद् विच्छिन्नावशिष्टान् न्यूनाधिकान् त्रुटिताऽत्रुटितान् आगमालापकान् अनुक्रमेण स्वमत्या संकलय्य पुस्तकारूढाः कृताः । ततो मूलतो गणधरभाषितानामपि तत्संकलनान्तरं सर्वेषामपि आगमानां कर्ता श्री देवर्धिगणि क्षमाश्रमण एव जातः ।

અર્થાત્ - 'શ્રી **દે**વર્ધિગણિ ક્ષમાશ્રમણે, બારદુકાળીને લીધે ઘણા સાધુઓનો નાશ થયે અને અનેક બહુશ્રુતોનો વિચ્છેદ થયે, શ્રુતભક્તિથી પ્રેરાઈ ભાવી પ્રજાના ઉપકાર માટે શ્રી વીરાત્ ૯૮૦ વર્ષે શ્રી સંઘના આગ્રહથી તે કાળે બચેલા સાધુઓને **વલ**ભીપુરમાં બોલાવી તેઓના મુખથી અવશેષ રહેલ ઓછા વધતા, ત્રુટિત અને અત્રુટિત આગમના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બારદુકાળીએ વીરાત્ ૧૦ મા સૈકામાં દેશ પર પોતાનો પંજો ચલાવ્યો, તે વખતે તો ઘણા બહુશ્રુત વિદ્વાનોનું અવસાન થવા સાથે જે જીર્ણશીર્ણ શ્રુત રહેલું હતું, તે બહુજ છિન્નભિન્ન થઈ ગયું હતું. શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે બાર દુકાળીને લીધે ઘણા સાધુઓનાં નાશ થતાં અને અનેક બહુશ્રુતોનો વિચ્છેદ થતાં, શ્રુતભક્તિથી પ્રેરાઈ ભાવી પ્રજાના ઉપકાર માટે વીરાત્ ૯૮૦માં (વિ.સં. ૫૧૦માં) શ્રી સંઘના આગ્રહથી તે કાળે બચેલા સાધુઓને ઉપર્યુક્ત વલભીપુરમાં બોલાવી તેઓના મુખથી અવશેષ રહેલ ઓછાવત્તા, ત્રુટિત અને અત્રુટિત આગમના પાઠો-આલાપોને અનુક્રમે પોતાની બુદ્ધિથી સાંકળી પુસ્તકારૂઢ કર્યા. આવી રીતે મૂળમાં સિદ્ધાન્તો **'ગણધરો'** ના ગૂંથેલાં, તેનું દેવર્ધિગણિએ પુનઃ સંકલન કર્યું. આ **વલભીપુર પરિષદ્** માં થયેલ સંકલનને **'વલભીપુર વાચના'** કહેવામાં આવે છે. આ સૂત્ર ગ્રંથોનું છેલ્લું સંસ્કરણ છે.

૧૯૫. આ સર્વ ચાલુ પરંપરા છે. પરંતુ મુનિ કલ્યાણવિજયની આ બાબતના સંબંધે કરેલી શોધખોળને પરિણામે તેમનો મત નોંધવા યોગ્ય છે કે "વલભી વાચના એટલે દેવર્ધિગણિની નહિ પણ વાચક 'નાગાર્જુનની વાચના' એમ હું માનું છું. આ સંબંધમાં કથાવલીમાં ઉલ્લેખ છે." એટલે કે મથુરામાં આર્ય સ્કન્દિલના પ્રમુખપણા નીચે અને વલભીમાં નાગાર્જુનના પ્રમુખપણે એમ બે સંઘો મળેલા, અને વાચનાઓ થયેલી. એ બે આચાર્યો પરસ્પર મળવા પામેલા નહિ, અને બંનેના વાચનાભેદો ચાલુ રહ્યા. કાલક્રમે દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે એકજ વાચનાને વ્યાપક બનાવવા આર્ય સ્કન્દિલની વાચના

પાઠોને અનુક્રમે પોતાની બુદ્ધિથી સાંકળી પુસ્તકારૂઢ કર્યા. આવી રીતે મૂળમાં સૂત્રો ગણધરોનાં ગુંથેલાં હોવા છતાં દેવર્ધિગણિએ તેનું પુનઃ સંકલન કરેલું હોવાથી તે બધાં આગમોના કર્ત્તા શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ જ કહેવાયા.

શ્રી વિનયવિજયે લોકપ્રકાશ (સં. ૧૬૯૬)માં નીચેનું જણાવેલું છે તે વધારે ઉપયુક્ત છે :-

दुर्भिक्षे स्कन्दिलाचार्य-देवर्धिगणिवारके । गणनाऽभावतः साधु-साध्वीनां विस्मृतं श्रुतम् ॥
ततः सुभिक्षे संजाते संघस्य मेलकोऽभवत् । वलभ्यां मथुरायां सूत्रार्थघटनाकृते ॥
वलभ्यां संगते संघे देवर्धिगणिरग्रणीः । मथुरायां संगते स्कन्दिलाचार्योऽग्रणीरभूत् ॥
ततश्च वाचनाभेदस्तत्र जातः क्वचित् क्वचित् । विस्मृतस्मरणे भेदो जातु स्यादुभयोरपि ॥
तत्तैस्ततोऽर्वाचीनैश्च गीताथैः पापभीरुभिः । मतद्वयं तुल्यतया कक्षीकृतमनिर्णयात् ॥

- દુર્ભિક્ષ થતાં સ્કન્દિલાચાર્ય અને દેવર્ધિગણિના વારામાં ગણનાના (હંમેશ ભણી જવાના) અભાવથી સાધુ સાધ્વીને શ્રુત વિસ્મૃત થયું. પછી સુકાળ થતાં સંઘનું મળવું વલભીમાં અને મથુરામાં સૂત્રાર્થની ઘટના કરવા માટે થયું. વલભીમાં મળેલા સંઘમાં અગ્રણી દેવર્ધિગણિ હતા, મથુરામાં મળેલા સંઘના સ્કન્દિલાચાર્ય અગ્રણી હતા. ત્યાર પછી અહીંતહીં તેમાં વાચનાભેદ-પાઠભેદ થયો. બંનેનો ભેદ વિસ્મૃતનું સ્મરણ કરતાં નિયમે થાય. ત્યાર પછી અર્વાચીન પાપભીરૂ ગીતાર્થોએ આગળથી નિર્ણય બાંધ્યા વગર બંને મતને સરખી રીતે કક્ષામાં મૂક્યા.

શ્રી મલયગિરિજીનો પણ જ્યોતિષ્કરંડ વૃત્તિ પૃ. ૪૧ (પ્ર. રતલામ ઋષભદેવ કેશરીમલ)માં લગભગ ઉપર જેવો ઉલ્લેખ છે :- इह स्कन्दिलाचार्य प्रवृत्तौ दुःषमानुभावतो दुर्भिक्षप्रवृत्त्या साधूनां पठनगुणनादिकं सर्वमप्यनेशत्, ततो दुर्भिक्षातिक्रमे सुभिक्षप्रवृत्तौ द्वयोः संघयो र्मेलापकोऽभवत् । तद्यथा - एको वलभ्यां, एको मथुरायां, तत्र च सूत्रार्थसंघटनेन परस्परं वाचनाभेदो जातः । विस्मृतयो हिं सूत्रार्थयोः - स्मृत्वा स्मृत्वा संघटने भवत्यवश्यं वाचनाभेदो, न काचिदनुपपत्तिः ॥ જુઓ ગચ્છાચાર પ્રકીર્ણક ટીકા-વિજય-વિમલકૃત પૃ. ૩ (પ્ર. દયાવિમલગ્રંથમાલા) આ ઉપરથી કોઈને એમ થાય કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વ સંમતિથી ચાલુ રાખી, અને નાગાર્જુનની વાચનામાં રહેલા પાઠ ભેદોને 'નાગાર્જુનીય' પાઠભેદ તરીકે નોંધી લીધા તેથી જ આજે ટીકા ગ્રંથોમાં 'નાગાર્જુનીય એ પ્રમાણે પાઠ સ્વીકારે છે' એમ કહી ટીકાકારો પાઠભેદનો ઉલ્લેખ કરે છે. આ મત પ્રમાણે દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે સ્વતંત્ર વાચના કરી એમ ન કહી શકાય. પણ એક વાચનાને સર્વ માન્યતાનું કાયમી રૂપ આપી બીજું કાર્ય વાચનાના પાઠભેદોને નોંધી સાચવી રાખવાનું મહત્ત્વનું કર્યું એટલુંજ કહી શકાય.[૧૩૧]

૧૯૬. આ સમયમાં દેવર્ધિગણિથી અન્ય[૧૩૨] દેવવાચકે નંદિસૂત્ર રચ્યું તેમાં જૈનેતર શ્રુતનો ઉલ્લેખ છે : ભારત (મહાભારત), રામાયણ, ભીમાસુરૂક્ખ (?), કૌટિલ્ય (ચાણાક્યનું અર્થશાસ્ત્ર), સગડભદ્દિઆઓ (?), ખોડમુખ-ઘોડયમુહ (ઘોટકમુખ-વાત્સાયનનો પૂર્વગામી કામશાસ્ત્રનો રચનાર), કપ્પાસિઅ, નાગસુહુમ (નાગસૂક્ષ્મ?). કણગસત્તરી (કણાદસત્તરી), વૈશેષિક, બુદ્ધવચન (બૌદ્ધશાસ્ત્ર), તેરાસિય (ત્રૈરાશિક ?), કાપિલિક (કપિલનું શાસ્ત્ર), લોકાયત (ચાર્વાક), ષષ્ઠિતંત્ર, માઢર (વ્યાસ), પુરાણ, વ્યાકરણ, ભાગવત (શ્રીમદ્ ભાગવત), પાતંજલ (યોગસૂત્ર), પુસ્સદેવય) (પુષ્પદેવ=કામસૂત્ર?), લેખ્ય (લેખનશાસ્ત્ર), ગણિત, શકુનરૂત, નાટકો યા બહોત્તેર કલાઓ, સાંગોપાંગ ચાર વેદો.[૧૩૩]

૧૯૭. દેવર્ધિગણિના સમયમાં સિદ્ધસેનગણિ થયા મનાય છે. કે જેમણે શ્રી ઉમાસ્વાતિના તત્ત્વાર્થાધિગમસૂત્ર પર **તત્ત્વાર્થ ટીકા** નામની ટીકા રચી. તેમાં 'પ્રમાણ' અને 'નય' એ જૈન તર્કશાસ્ત્રના મુખ્ય લાક્ષણિક અંગ છે તે પર વિશેષ ચર્ચા કરી છે; તેઓ દિન્નગણિના શિષ્ય સિંહગિરિના શિષ્ય ભાસ્વામિના શિષ્ય હતા એમ તેની પ્રશસ્તિમાં પોતે જણાવે છે. તેઓ આગમપ્રધાન વિદ્વાન્ હતા.

આ સિદ્ધસેનગણિએજ તે વૃત્તિ ઉપરાંત આચારાંગવિવરણ કે જે અનુપલબ્ધ છે તે રચ્યું હતું. તેઓ સૈદ્ધાન્તિક હોઈ આગમવિરૂદ્ધની ગમે તેટલી તર્કસિદ્ધ બાબત હોય તો તેનું આવેશપૂર્વક ખંડન કરી સિદ્ધાંતપક્ષનું સમર્થન કરતા તેથી તેમના કોઈ શિષ્ય કે ભક્ત અનુગામીએ તેમનું તે **'ગંધહસ્તી'** વિશેષણ આપ્યું હોય એમ લાગે છે. તેમનો સમય સાતમા અને નવમા સૈકાની વચ્ચે હોવાનું સ્પષ્ટ

વલભી અને મથુરાની વાચનાઓ લગભગ એક કાળે થઈ તો તે માન્યતા યોગ્ય નથી કારણ કે સ્કંદિલાચાર્ય (માથુરી વાચના કરનાર), દેવર્ધિગણિ (વલભી વાચના કરનાર વીરાત્ ૯૯૩) કરતાં ઘણા જૂના છે. જુઓ અગાઉ ફૂટનોટ.

૧૩૧. વિનયવિજયકૃત સુબોધિકામાં પ્રાચીન ગાથા મૂકી છે તે એ છે કે :-

વલહિપુરંમિ નયરે દેવદ્ધિપમુહ સયલસંઘેહિ । પુવ્વે આગમ લિહિઉ નવસય અસીઆણુ વીરાઉ ॥

હી. હં. પ્રકાશિત પૃ. ૪૩૩.

આમાં પૂર્વાગમ વીરાત્ ૯૮૦ માં વલભીપુર નગરે દેવર્ધિપ્રમુખ સકલ સંઘે લખ્યો એ હકીકત છે.

૧૩૨. જુઓ હરિશ્ચંદ્ર ગણિકૃત પ્રશ્નપદ્ધતિ, પ્રશ્નોત્તર ૨૫, પૃ. ૩, પ્ર૦ જૈન આત્માનંદ સભા ભાવનગર.

૧૩૩. જુઓ નંદીસૂત્ર-સૂત્ર ૪૨ પૃ. ૧૯૪ પ્ર૦ આગમોદય સમિતિ. આ ગણાવેલાં તે પૈકી કેટલાંકનો ઉલ્લેખ બીજાં સૂત્ર-અંગોમાં છે. જુઓ અનુયોગદ્વાર સૂત્ર ૪૧ અને ૧૪૪ પૃ. ૩૬ અને ૨૧૮ આગમોદય સમિતિઃ નામે ભારહ, રામાયણ, ભીમાસુરૂક્ક. કોડિલ્લય, ઘોડયમુહ, સગડભદ્દિઆઓ, કપ્પાસિઅ, ણાગસુહુમ, કણગસિત્તરી, વેસિય, વઈસેસિય, બુદ્ધ સાસણ, કાવિલ, લોગાયત, સટ્ઠિયંત, માઢર પુરાણ, વાગરણ, નાડગાઈ, અથવા બોત્તેર કલા સાંગોપાંગ ચાર વેદો. પાંચમાં અંગ ભગવતીસૂત્રમાં, (૧,૨) બ્રાહ્મણશાસ્ત્રોનો ઉલ્લેખ છે કે :- રિઉવેદ, જજુવેદ-સામવેદહ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, કારણ કે તેઓ પોતાની ભાષ્યવૃત્તિમાં બૌદ્ધવિદ્વાન્ વસુબંધુનો આમિષગૃદ્ધ વિશેષણ આપીને ઉલ્લેખ કરે છે જુઓ ૭, ૭ ની વૃત્તિ, સાતમા સૈકાના ધર્મકીર્ત્તિનો ઉલ્લેખ અધ્યાય ૫ માં પરની વૃત્તિમાં, એન નાગાર્જુનકૃત ધર્મસંગ્રહમાં આવતાં પાંચ આનંતર્ય પાપો કે જેનું વર્ણન શીલાંકસૂરિએ સૂત્રકૃતાંગની ટીકામાં આપેલ છે તેનો ઉલ્લેખ ૭, ૮ ની ભાષ્ય વૃત્તિમાં કરે છે. એટલે સાતમા સૈકા પહેલાં નથી થયા. બીજી બાજુ નવમા સૈકાના શીલાંકસૂરિએ ગંધહસ્તી નામથી ઉલ્લેખ ઉપરના શ્લોકમાં કર્યો છે તે આ સિદ્ધસેનગણિ સંબંધે છે, કારણ કે સન્મતિના ટીકાકાર દશમા સૈકાના અભયદેવસૂરિએ તે ટીકામાં બે સ્થળે 'ગંધહસ્તી' પદ વાપરી તેમની રચેલ તત્ત્વાર્થ વ્યાખ્યા જોઈ લેવાની સૂચના કરી છે તો તે વ્યાખ્યા ઉક્ત તત્ત્વાર્થ ભાષ્ય વૃત્તિ જ હોવી જોઈએ. વળી ગંધહસ્તીનાં અવતરણો અનેક ગ્રંથો- પ્રવચનસારોદ્ધારની સિદ્ધસેનીય વૃત્તિ પૃ. ૩૫૮, નવપદવૃત્તિ પૃ. ૮૮, મલયગિરિસૂરિકૃત ધર્મસંગ્રહણી વૃત્તિ પૃ. ૪૨ વગેરેમાં આપેલાં છે તે આ સિદ્ધસેનગણિની તત્ત્વાર્થભાષ્યવૃત્તિમાંથી છે. એટલે શીલાંકસૂરિ પહેલાં આ સિદ્ધસેનગણિ થયા હોવા જોઈએ. આ સિદ્ધસેનના પ્રગુરુ સિંહસૂર (સૂરિ) એ જો મલ્લવાદિકૃત નયચક્રના ટીકાકાર સિંહસૂરિજ હોય તો એમ કહી શકાય કે નયચક્રની ઉપલબ્ધ સિંહસૂરિકૃત ટીકા સાતમા સૈકા લગભગની કૃતિ હોવી જોઈએ. (પં. સુખલાલજી, **તત્ત્વાર્થ-પ્રસ્તાવના**) આમાંના આચારાંગ વિવરણમાંના શસ્ત્રપરિજ્ઞાનું વિવરણ ગંધહસ્તીએ કરેલ છે એનો ઉલ્લેખ ટિ. ૧૦૨માં કરેલો છે તે જુઓ, ને સિદ્ધસેનગણિનો ઉલ્લેખ ટિ. ૧૯૨માં કરેલ છે તે પણ જુઓ.

૧૯૮. આ સમય પછી લગભગ-જૈન પરંપરાના કથન પ્રમાણે વિ. સં. ૫૩૦ (યા ૫૮૫)માં[૧૩૪] થયેલા હરિભદ્ર સૂરિએ ૧૪૪૪ પ્રકરણો રચ્યાં તે પૈકી કેટલાંકમાં સર્વ દર્શનોનો નિષ્પક્ષપાતપૂર્વક સમન્વય કરી સર્વનું ન્યાયદૃષ્ટિથી તોલન કર્યું છે, કેટલાકમાં જૈનયોગની શૃંખલાબદ્ધ વ્યવસ્થા કરી છે, કેટલાક ગ્રંથો ટીકા-વૃત્તિરૂપે છે. પ્રાકૃતમાં પ્રસિદ્ધ સમરાદિત્ય કથા રચી છે. તેમણે પોતાના શિષ્યોને

અથવ્વવેદ-ઈતિહાસ પંચમાણં, નિઘંટુચ્છટ્ઠાણં, ચઉણ્હં વેદાણં, સંગોવંગાણં સરહસ્સાણં સારએ વારએ ધારએ, પારએ ષડંગવી, સટ્ઠિતંત વિસારએ, સંખાણે, સિક્ખાકપ્પે વાયરણે છંદે નિરુતે જોતિસાં–અયણે, અન્નેસુ ય બહૂસુ બંભન્નએસુ પરિવ્વાયએસુ, નયેસુ, સુપરિનિટ્ઠિએ.

૧૩૪. પ્રદ્યુમ્નસૂરિ પોતાના વિચારસાર પ્રકરણમાં પ્રાચીન ગાથાઓ ટાંકે છે કે :-

(૧) પંચસએ પણતીએ વિક્કમ ભૂવાઉ ઝત્તિ અત્થમિઓ । હરિભદ્દસૂરિસૂરો ધમ્મરઓ દેઉ મુક્ખસુહં ॥ ૩૦ ॥ અહવા

(૨) પણપન્નદસસએહિં હરિસૂરી આસિ તત્થ પુવ્વકઈ । તેરિસવરિસસએહિં અઈએહિં વિ બપ્પહટ્ટિપહૂ ॥ ૩૧ ॥

અર્થાત્ (૧) હરિભદ્રસૂરિ વિક્રમ ભૂપથી ૫૩૦માં અસ્ત થયા. (૨) હરિ(ભદ્ર) સૂરિ (વીરાત્) ૧૦૫૫માં (=૫૮૫ વિ. સં. માં) હતા ને બપ્પભટ્ટિ સૂરિ વીરાત્ ૧૩૦૦માં હતા.

પંચસએ વાળી ગાથા સમયસુંદરે સં. ૧૬૩૦માં રચેલી ગાથાસહસ્રીમાં પણ ટાંકી છે, તે ગાથામાં પણતીએ ને બદલે પણસીએ (એટલે ૫૮૫) જોઈએ એમ વેબરે સુધારેલ છે, વીરાત્ ૧૦૫૫ એ રીતે મળી રહે, પણ વિચારામૃત સંગ્રહમાં આ. હરિભદ્રનો કાળ વીરાત્ ૧૦૫૦ (પંચાશતા) લખેલ છે પણ તે પંચ પંચાશતા ને બદલે ભૂલ હોય. (ડા. યાકોબી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બૌદ્ધો પાસે તેમના સિદ્ધાંતો શીખવા મોકલ્યા હતા; અને તેમના એક ગ્રંથ નામે લલિતવિસ્તરા વૃત્તિથી[૧૩૫] (સં. ૯૬૨માં ઉપમિતિભવ પ્રપંચા નામનો મહાન્ રૂપક ગ્રંથ સંસ્કૃતમાં રચનાર) સિદ્ધર્ષિસૂરિ બૌદ્ધ થતાં બચી ગયેલ હતા. આ મહાન્ યુગકાર હરિભદ્રસૂરિ સંબંધીનું **'હરિભદ્રયુગ'** નામનું જાદું પ્રકરણજ આ પછી મૂકવામાં આવ્યું છે.

૧૯૯. વલભી સંઘ આગમના સંકલનાર્થે મળ્યો તે વખતે વલભીપુરમાં શીલાદિત્ય રાજા હતો ને વલભીપુરમાં શીલાદિત્ય નામના રાજાઓ થતા ગયા. ત્યાં એટલે સૌરાષ્ટ્રમાં શત્રુંજય તીર્થનું માહાત્મ્ય વિક્રમરાજાના સમયથીજ થતું ચાલ્યું અને સૌરાષ્ટ્રમાં જ જૈનોના પવિત્ર ગ્રંથો પુસ્તકારૂઢ થયા,-એ તેમજ નેમિનાથ તીર્થંકરનું ચરિત્ર ગિરિનાર સાથે સંબંધ ધરાવે છે-એ સર્વ વાત સ્પષ્ટ બતાવે છે કે જૈનોએ સૌરાષ્ટ્રમાં ઘણા પ્રાચીન સમયથી પગપેસારો કરી સૌરાષ્ટ્રને પોતાની ભૂમિ બનાવી હતી. ભૃગુકચ્છમાં આર્ય ખપુટાચાર્ય આદિ વિક્રમરાજાના સમય લગભગ થયા એ પણ બતાવે છે કે ગૂજરાતમાં જૈનોનું આગમન ઘણા પ્રાચીનકાળથી હતું.

૨૦૦. વલભીપુરનો સીથીઅન આદિ પરદેશી જાતોનાં તથા અન્ય આક્રમણોથી ત્રણ વખત ભંગ થયો એમ જૈન પ્રબંધકાર કહે છે.[૧૩૬] 'ભંગ' નો અર્થ 'સર્વથા નાશ' નથી થતો. પહેલો ભંગ વિ. સં ૩૭૫માં થયો[૧૩૭] શીલાદિત્ય રાજા એ સૂર્યવંશી હતા તેના વંશજો તથા જૈનોનાં ઘણા કુટુંબો વલભીપુરની પડતીથી મારવાડ વગેરે દેશોમાં જઈ રહ્યા. એમ કહેવાય છે કે વલભી રાજાના ગુહસેન-ગોહીલ વંશજ, ને તેમાંથી ઈડરનું રાજ્ય થયું ને ત્યાંથી તે ચીતોડ ગાયા ને ત્યાંથી ઉદેપુર રાજાઓ

---

૧૩૫. શ્રી સિદ્ધર્ષિસૂરિ પોતેજ પોતાના ઉક્ત ગ્રંથમાં છેવટે જણાવે છે કે -

अनागतं परिज्ञाय चैत्यवंदनसंश्रया । मदर्थे निर्मिता एव वृत्ति 'र्ललितविस्तरा ॥

૧૩૬. જુઓ પ્રબંધચિંતામણિ આદિ. તિત્થોગાલી પયન્નો (કે જે હજુ સુધી મુદ્રિત થયો નથી) તેમાં વલભીભંગની વાત છે. *{हिन्दी अनुवाद साथे प्रगट थयेल छे. सं. गजसिंह राठोड सं.}*

૧૩૭. पणसयरी वाससयं तिण्णि सयाइं अइक्कमेऊणं । विक्कमकालाऊ तउ वलहीभंगो सुमप्पन्नो ॥

અર્થાત્- વિક્રમકાલથી ૩૭૫ વર્ષ અતિક્રમતાં વલભીભંગ થયો-ગાથા સહસ્રી પી. ૩. ૨૮૫) વળી પ્રભાવકચરિત પણ પૃ.૭૪ માં વીરાત્ ૮૪૫ વર્ષે વલભીનો ભંગ તુરષ્કના હાથે થયો અને ત્યાંથી તેઓ ભૃગુપુરનો નાશ કરવા ગયા એમ જણાવે છે. પરંતુ જિનપ્રભસૂરિ તીર્થકલ્પના સત્યપુર કલ્પમાં કહે છે કે- 'ગજજણવઇ (ગીજનીનો પાદશાહ) હમ્મીરદ્વારા વિ. સં. ૮૪૫ માં વલભીભંગ થયો હતો તે વધુ વિશ્વસનીય લાગે છે.

મુનિશ્રી કલ્યાણવિજય પ્ર. ચ.ના વિજયસિંહસૂરી પ્રબંધમાં પર્યાલોચના કરતાં વીરાત્ ૮૪૫ માં વલભીભંગ થયો એ ખરૂં માને છે, પણ તે તરૂષ્કકૃત નહિ પણ ગુપ્તવંશી ચંદ્રગુપ્ત પ્રથમ ગાદીએ બેઠો તે વર્ષમાં અથવા તો તેના પહેલાં વર્ષમાં તેના સેનાપતિ કનકસેને ગુપ્ત રાજ્ય તરફથી ગૂજરાત પર ચઢાઈ કરી વલભીનો કબજો કર્યો હશે. વિ. સં. ૫૯૩ સુધી એના વંશજો 'સેનાપતિ' અને 'મહા સામંત' ના બિરૂદો ધારણ કરતાં હતા, એ આ વાતને પુષ્ટ કરે છે. વલભીમાં ગુપ્ત સંવત્ વલભી સંવત્ના નામથી પ્રચલિત થયો તે પરથી જણાય છે કે કનકસેન ગુપ્તોનો સેનાપતિ હશે અને તેણે ગુપ્ત સંવતનાં પ્રારંભકાલમાં વલભીને જીતીને ત્યાં તે સંવત્સર ચલાવ્યો હશે પણ (અને) વલભીની રાજ્યક્રાંતિનું અને ગુપ્ત સંવત્નું એકજ વર્ષ હોવાથી તે સંવત્ ના નામથી પ્રસિદ્ધ થઈ ગયો હશે. એજ વલભીનો બીજીવાર વિ. સં. ૮૨૪ ની આસપાસ (વિ. સં. ૮૨૩ પછી નજીકના સમયમાં) સાતમા શીલાદિત્યના સમયમાં ભંગ થયો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયાને તેમાંથી શીશોદીયા થયા.[૧૩૮] વલભીના ભંગ વિષમ સમયમાં જૈન મૂર્તિઓનો ભિલ્લમાલ આદિ સ્થલે સંચાર થતો હતો. (જિનપ્રભસૂરિ કૃત સત્યપુર કલ્પ વગેરે.)

૨૦૧. વિ. સં. ૫૧૦ (૫૨૩) માં[૧૩૯] હાલના ગૂજરાતમાં આનંદપુર-વૃદ્ધનગર હતું (હાલનું વડનગર) એક મોટું શહેર હતું. ત્યાં ધ્રુવસેન રાજા રાજ્ય કરતો હતો. ત્યાં ધનેશ્વરસૂરિ નામના જૈનાચાર્ય તે રાજાના પુત્રના મરણથી થયેલ શોક શમાવવા જૈનાગમ નામે કલ્પસૂત્રની વાચના કરી હતી, અને તે વાચના હજુ સુધી જૈન સંઘ સમક્ષ તેમના પર્યુષણ નામના તહેવારમાં થયાં કરે છે.

૨૦૨. વળી એમ કહેવાય છે કે બીજા કાલિકસૂરિ થયા તેમણે જે અત્યાર સુધી પર્યુષણનું 'સાંવત્સરી' પર્વ ભાદ્રપદ શુદિ પાંચમ ને રોજ થતું હતું અને ચોમાસી પૂર્ણિમાએ થતી હતી તેને બદલે ચોથની સંવત્સરી અને ચતુર્દશીની ચોમાસી કરાવી ને તે વીરાત્ ૯૯૩ માં ચતુર્વિધ સંઘે આચર્યું. [૧૪૦]

---

૧૩૮. "વાસ્તવમાં વલભીમાં શીલાદિત્ય નામના ૬ રાજા થયા, પરંતુ જૈન લેખકોને કેવળ એક (અર્થાત્ છેલ્લા) શાલાદિત્ય થયાનું જાણમાં હતું મેવાડમાં પણ શીલાદિત્ય નામનો રાજા વિ. સં. ૭૦૩ માં થયો હતો બંનેને જૈનોએ એક માની મેવાડના રાજાઓનું વલભીથી આવવાનું માની લીધું અને ટૉડ તેને સ્વીકારી લીધું. ચીની યાત્રી હ્યુ એન્ત્સંગ (વિ. સં. ૬૯૬ આસપાસ)વલભીમાં ગયો ત્યારે તે નગર બહુ ઉન્નત દશામાં હતું. વલભીનો નાશ વિ. સં. ૮૨૬ માં સિંધના અરબોએ કર્યો હતો (૨) વલભીમાંથી ઉદયપુરનો રાજવંશ થયો એ કથન કપોલકલ્પિત છે. ધનેશ્વરસૂરિના સં ૪૭૭ માં રચાએલા મનાતા શત્રુંજય મહાત્મ્યમાં સં. ૧૧૯૯ થી ૧૨૩૦ માં રાજ્ય કરનાર કુમારપાળનો વૃત્તાંત આવે છે તેથી તે પુસ્તક સં.૧૩ મી સદી યા તે પછી આધુનિક ધનેશ્વરથી બન્યું હોવું જોઈએ તથી તેમાંનું વલભીપુરનું કથન બહુ પાછળનું હોવાથી વિશ્વાસ યોગ્ય નથી." (વાંચો **'राजपूतानेका ईतिहास'**-પહલા ખંડ રા. બ. ગૌ. હી. ઓઝાજી કૃત પૃ. ૩૮૫ થી ૩૮૯)

૧૩૯. કલ્પસૂત્રમાં જણાવેલું છે કેઃ- समणस्स भगवओ महावीरस्स जाव सव्वदुक्खप्पहीणस्स नववाससयाइं विइक्कंताइं, दसमस्स य वाससयस्स अयं असीइमे संवच्छरे काले गच्छइ, वायणंतरे पुण अयं तेणउए संवच्छरे काले गच्छइ इइ दीसइ ॥ १४७ ॥

અર્થાત્-સર્વ દુઃખ જેણે પ્રક્ષીણ કર્યા છે એવા શ્રમણ ભગવાન્ મહાવીરના નવ શત વર્ષો અતિક્રમ્યા પછી દશમાં શતકમાં એંસીમો સંવત્સર કાલ જાય છે-વાચનાંતરમાં પુનઃ ત્રાણુમો સંવત્સર ચાલે છે. આ બે જુદી જુદી વાચના-પાઠ છે તેથી કોઈ અનુમાન કરે છે કે કલ્પસૂત્ર-દેવર્ધિ ક્ષમાશ્રમણથી લખાયાનું વર્ષ વીરાત્ ૯૮૦ (વિ. સં. ૫૧૦) છે, રાજસભામાં વાંચવાનું શરૂં થયાનું વર્ષ વીરાત્ ૯૯૩ (વિ. સં ૫૨૩) છે. ડૉ. યાકોબીની કલ્પસૂત્ર આવૃત્તિ પૃ. ૬૭.

૧૪૦. જુઓ તિત્થોગાલી (તિથોદ્ગાર) પયન્નાની નીચલી ગાથાઓ કે જે જિનપ્રભસૂરિએ પોતાની સંદેહવિષૌધિ નામની કલ્પસૂત્ર ટીકામાં તેમજ રત્નશેખરસૂરિએ શ્રાદ્ધવિધિમાં ટાંકી છેઃ-

सालाहणेन रन्ना संघाएसेण कारिओ भयवं । पज्जोसवणं चउत्थी चाउम्मासं चउदसीए ॥
चउमास-पडिक्कमणं पक्खिय दिवसंमि चउविहो संघो । नवसयतेणउएहिं आयरणं तं पमाणं ति ॥

-'सालाहाणના રાજ્યમાં સંઘના આદેશથી ભગવાન્ કાલિકે પર્યુષણ ચોથમાં અને ચાર્તુમાસ (પ્રતિક્રમણ) ચૌદશે કર્યું, ચોમાસી પ્રતિક્રમણ પખ્ખીના દિવસે ચતુર્વિધ સંઘે (વિરાત્)૯૯૩ માં કર્યું તે આચરણ પ્રમાણ છે' કુલમંડનસૂરિ વિચારમૃતસંગ્રહમાં ' ૯૯૩ માં આપી છે-તે જ પ્રમાણે વિનયચંદ્રસૂરિના દીવાળી કલ્પમાં છે ને જિનપ્રભસૂરિકૃત પ્રતિષ્ઠાનપુર કલ્પમાં તેમજ સમયસુંદરની સમાચારી શતકમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૦૩. અનુમાને ૭મા સૈકા અગાઉ થયેલા **પં**ચકલ્પમહાભાષ્યના કર્ત્તા (પી. ૧, ૧૦૩) **સં**ઘદાસ ક્ષમાશ્રમણે **વ**સુદેવ હિંડી નામનો ચરિત ગ્રંથ પ્રાકૃતમાં આરંભ્યો તે **ધ**ર્મસેન ગણિ મહત્તરે પૂરો કર્યો. એપરથી જણાય છે કે તે કાલે વસુદેવ ચરિત લોકમાં વિશેષ પ્રચલિત હશે. આઠમા સૈકા પહેલાનો બીજો **ધ**મ્મિલ હિંડી નામનો ગ્રંથ છે તેમાં વર્ણનભાગ કરતાં કથાભાગ જ વધારે છે.[૧૪૧] *{વસુદેવ હિંદી પ્રથમ ખંડના કર્તા સંઘદાસ ગણિ 'વાચક' પદથી વિભૂષિત હતા. પંચકલ્પભાષ્ય અને કલ્પલઘુભાષ્યના કર્તા સંઘદાસગણિ 'ક્ષમાશ્રમણ' પદથી વિભૂષિત હતા. બન્ને ભિન્ન હતા. -મુનિ પુણ્યવિજય 'બૃહત્કલ્પ' ભા. ૬ પ્રસ્તાવના પૃ. ૨૨ થી. વિશેષ માટે જુઓ વાસુદેવ હીંડી : ભારતીય જીવન और संस्कृति की बृहत्कथा લે. નિરંજનસૂરિ દેવ, પ્ર. પ્રાકૃત જૈન શાસ્ત્ર और અહિંસા શોધ સંસ્થાન Vasudeva Hindi A Cultural Study By A. P. Jamkhedakar પ્ર. આગમ કલા પ્રકાશન દિલ્હી. સંપા.}*

૨૦૪. શ્રી કંઠપ્રદેશ (થાણેશ્વર)ના સ્વામી **હ**ર્ષવર્દ્ધન (હર્ષરાજા)નો રાજ્યાભિષેક વિ. સં. ૬૬૪માં થયો. તે મહાપ્રતાપી વિદ્વાન અને વિદ્વત્પ્રેમી હતો. તેમના સમયમાં પ્રસિદ્ધ **કા**દંબરીકાર **બા**ણભટ્ટ કે જેમણે **હ**ષચરિત પણ રચ્યું છે, **સૂ**ર્યશતકના કર્ત્તા **મ**યૂરઆદિ તેના દરબારના પંડિતો હતા. જૈન વિદ્વાન **મા**નતુંગાચાર્ય(**ભ**ક્તામર સ્તોત્રના કર્તા પણ તે રાજાના સમયમાં થયા એવું કથન મથે છે[૧૪૨] **ભ**ક્તામર સ્તોત્ર પ્રાસાદિક ભાવવહી ભાષામાં **આ**દિનાથની સ્તુતિ તરીકે રચાયેલું છે.)

૨૦૫. ચંડ નામનો જૈન [૧૪૩] પંડિત પહેલો પ્રાકૃત વ્યાકરણકાર થયો કે જેણે પોતાના **પ્રા**કૃત લક્ષણ નામના વ્યાકરણમાં અપભ્રંશ ભાષાનું વિવરણ કર્યું છે ડૉ. **હો**ર્નલે તે સંશોધિત કરી પ્રગટ કર્યું છે અને તેનો સમય તે ઈ. સ. પૂર્વે ત્રીજો સૈકો મૂકે છે; પણ પ્રો૦ **ગુ**ણેના કહેવા મુજબ તે ઈ. સ. છઠ્ઠા સૈકાની પછી થયેલ તે તેના કારણમાં તે જણાવે છે કે તે સમય પછી અપભ્રંશ માત્ર આભીરોની ભાષા મટી સાહિત્ય-ભાષા બની.

૨૦૬. જૈન પટ્ટાવલીઓના આધારે વીરાત્ ૧૧૧૫ (વિ. સં. ૬૪૫) માં[૧૪૪] **જિ**નભદ્રગણિ

---

૧૪૧. **કુ**વલયમાલાનો લેખ-**જિ**નવિજયનો વસંત રજતોત્સવઅંક.

૧૪૨. ઓઝાજી **રા.ઈ.** પ્રથમભાગ પૃ.૧૪૨. **મા**નતુંગસૂરિ માટે જુઓ'**શ્રી** માનતુંગ પ્રબધ' **પ્ર**ભાવકચરિત પૃ. ૧૮૦-૧૯૧.

૧૪૩. પ્રો. **ગુ**ણેના કહેવા પ્રમાણે જુઓ **ભ**વિસયત્તકહાની અંગ્રજી પ્રસ્તાવના પૃ. ૬૧- ૬૩. પરંતુ એક સ્થલે તેનાં મંગલાચરણમાં વીરને બદલે શંભુ મૂકેલ છે.

પ્રણમ્ય શિરસા શમ્ભું **સ્વ**લ્પૈર્વ્યાપિભિરક્ષરૈઃ । લક્ષણં પ્રાકૃતં વક્ષ્યે કિંચિદ્ વૃદ્ધમતાદહમ્ ॥ ૧ ॥

જુઓ **વે**લકર વૉ. ૧ પૃ. ૨૭.

પણ શમ્ભુને બદલે વીર એવો શ્લોક છે તે માટે જુઓ પી. ૩, ૨૬૫.

૧૪૪. આ 'ભાષ્યકાર' **જિ**નભદ્ર ક્ષમાશ્રમણ સંબંધમાં જુઓ શ્રી **જિ**નવિજય જીતકલ્પસૂત્ર પરની વિદ્વત્તાભરેલી પ્રસ્તાવના પ્ર૦ જૈન સા. સંશોધક સમિતિ શ્રી **જિ**નભદ્રે પોતાના **જી**તકલ્પસૂત્ર પર ભાષ્ય રચ્યું હતું એમ જણાય છે ને સં. ૧૨૪૭ માં **તિ**લકાચાર્યે તેના પર વૃત્તિ રચી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષમાશ્રમણ થયાં યુગપ્રધાન પટ્ટાવલિઓના આધારે જિનભદ્ર ક્ષમાશ્રમણનો યુગપ્રધાનત્વ-સમય વીર સંવત્ ૧૦૫૫ થી ૧૧૧૫ (વિ.સં. ૫૮૫ થી ૬૪૫) સુધીમાં આવે છે.(મુનિ ક. વિ.) એ તો ચોક્કસ છે. કે હરિભદ્રસૂરિ પહેલાં તેઓ થયા; કારણ કે હરિભદ્રસૂરિ તેમનો ઉલ્લેખ કરે છે. તેમણે રચેલા ગ્રંથોઃ- વિશેષાવશ્યક ભાષ્ય મૂલ અને ટીકા {*૨૩૧૮ ગાથા સુધી સ્વોપજ્ઞ ટીકા છે. બાકીની પૂર્તિ કોટ્યાચાર્યે કરી છે. પ્ર.લાદ.વિ.ભા. ૧, ૨, ૩*} બૃહત્સંગ્રહિણી ૪૦૦ થી ૫૦૦ ગાથા (પી.૧, ૨૬-૫૧) બૃહત્ક્ષેત્રસમાસ (પી.૧, ૨૬), વિશેષણવતી ૪૦૦ ગાથાનો પ્રકરણ ગ્રંથ અને જીતકલ્પસૂત્ર [અને તે પર ભાષ્ય] કે જેમાં જૈન સાધુના ૧૦ પ્રકારના પ્રાયશ્ચિત્તનું વિધાન છે. {*સિદ્ધસેનીય ચૂર્ણિ વિષમપદ સાથે પ્ર.જૈ.સા.સં.*} વળી ધ્યાનશતક રચ્યું છે (પી.૧, ૩૩) કે જે વિશેષાવશ્યક ભાષ્યમાં અંતર્ગત છે. તેમની 'ભાષ્યકાર' તરીકેની જબરી ખ્યાતિ છે. તેમણે વિશેષાવશ્યક ભાષ્યમાં વાસવદત્તા અને તરંગવતી કથાનો ઉલ્લેખ કર્યો છે.

૨૦૭. આ ભાષ્યગ્રન્થ જૈન પ્રવચનમાં એક મુકુટમણિ સમાન લેખાય છે અને તેથી ભાષ્યકાર જિનભદ્રગણિ જૈન શાસ્ત્રકારોમાં અગ્રણી મનાય છે. જૈનદર્શનપ્રતિપાદિત જ્ઞાનવિષયક વિચારને કેવળ શ્રદ્ધાગમ્ય-વિષયની કોટીમાંથી બુદ્ધિગમ્ય-વિષયની કોટિમાં ઉતારવાનો સુસંગત પ્રયત્ન, સૌથી પ્રથમ એમણેજ એ મહાભાષ્યમાં કર્યો હોય, એમ જૈન સાહિત્યના વિકાસક્રમનું સિંહાવલોકન કરતાં જણાઈ આવે છે. જૈન આગમોના સંપ્રદાયગત રહસ્ય અને અર્થના, પોતાના સમયમાં અદ્વિતીય જ્ઞાતા તરીકે, એ આચાર્ય સર્વસમ્મત ગણાતા હતા; અને તેથી એમને 'યુગપ્રધાન' એવું મહત્ત્વખ્યાપક ઉપપદ મળેલું હતું.

૨૦૮. તેમને રચેલા જીતકલ્પ પર ચૂર્ણિ રચનાર સિદ્ધસેનસૂરિએ તેની આદિમાં તેમની જે ગંભીરાર્થક સ્તુતિ છ પદ્યમાં કરેલી છે તે પરથી તેમનો યથાર્થ પરિચય ટૂંકમાં થાય છેઃ-

'અનુયોગ એટલે આગમોના અર્થજ્ઞાનના ધારક, યુગપ્રધાન, પ્રધાનજ્ઞાનીઓને બહુમત, સર્વ શ્રુતિ અને શાસ્ત્રમાં કુશલ, અને દર્શન-જ્ઞાનઉપયોગના માર્ગસ્થ એટલે માર્ગરક્ષક,

'કમલના સુવાસને આધીન થયેલા ભ્રમરો જેમ કમલની ઉપાસના કરે છે તેમ જ્ઞાનરૂપ મકરન્દના પિપાસુ મુનિઓ જેમના મુખરૂપ નિર્ઝરામાંથી નીકળેલા જ્ઞાનરૂપ અમૃતનું સદા સેવન કરે છે,

'સ્વસમય અને પરસમયના આગમ, લિપિ, ગણિત, છન્દ અને શબ્દશાસ્ત્રો ઉપર કરેલાં વ્યાખ્યાનોમાંથી નિર્મિત અનુપમ યશઃ-પટહ દશે દિશામાં ભમી રહેલો છે.

'જેમણે પોતાની અનુપમ મતિના પ્રભાવે જ્ઞાન, જ્ઞાની હેતુ પ્રમાણ, અને ગણધરપૃચ્છાનું સવિશેષ વિવેચન વિશેષાવશ્યકમાં ગ્રન્થનિબદ્ધ કર્યું છે.

'જેમણે છેદસૂત્રોના અર્થાધારે, પુરુષ વિશેષના પૃથ્થકરણ પ્રમાણે પ્રાયશ્ચિત્તના વિધિનું વિધાન કરનાર જીતકલ્પસૂત્રની રચના કરી છે,

'એવા, પરમસમયના સિદ્ધાન્તોમાં નિપુણ સંયમશીલ શ્રમણોના માર્ગના અનુગામી અને ક્ષમાશ્રમણોના નિધાનભૂત જિનભદ્રગણિ ક્ષમાશ્રમણને નમસ્કાર.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૦૯. દરેકમાં સંપ્રદાયમાં વિદ્વાનોના બે પ્રકાર નજરે પડે છે. એકતો આગમપ્રધાન, અને બીજો તર્કપ્રધાન, આગમપ્રધાન પંડિતો હંમેશા પોતાના પરંપરાગત આગમોને-સિદ્ધાન્તોને શબ્દશઃ પુષ્ટરીતે વળગી રહે છે, ત્યારે તર્કપ્રધાન વિદ્વાનો આગમગત પદાર્થવ્યવસ્થાને તર્કસંગત અને રહસ્યાનુકૂલ માનવાની વૃત્તિવાળા હોય છે. એટલે કેટલીક વખતે બંને વચ્ચે વિચાર ભેદ પડે છે. એ વિચારભેદ જો ઉગ્ર પ્રકારના હોય છે તો કાલક્રમે સંપ્રદાયભેદના અવતારમાં પરિણમે છે તો તે માત્ર મતભેદના રૂપમાં જ છે, અને સૌમ્ય પ્રકારનો હોય છે તો તે માત્ર મતભેદના રૂપમાંજ વિરમી જાય છે. જૈન સંપ્રદાયના ઈતિહાસનું અવલોકન કરતાં તેમાં આવા અનેક વિચારભેદો, મતભેદો ને સંપ્રદાયભેદો અને તેનાં મૂલભૂત ઉક્ત પ્રકારનાં કારણો બુદ્ધિ આગળ સ્પષ્ટ તરી આવે છે. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ આગમપ્રધાન આચાર્ય છે; તેમણે જૈન આગમામ્નાય પરંપરાગત ચાલ્યો આવતો હતો તેને અનુસરી સંગત ભાષ્ય રચવાનું યુગ પ્રધાનકાર્ય કર્યું છે. તેમા જે તર્ક આમ્નાયાનુકૂલ હોય તેનો ઉપયોગ પોતાના સમર્થનમા પૂરી રીતે કર્યો છે. આગમની આગળ જનાર તર્કને ઉપેક્ષણીય ગણ્યો છે. જ્યારે તેમના પુરોગામી **સિ**દ્ધસેન દિવાકર તર્કપ્રધાન આચાર્ય હતા. (જેમને સંબંધી એક જુદુંજ પ્રકરણ અગાઉ આવી ગયું છે.) આ. **સિ**દ્ધસેનના ગ્રંથો મૌલિકસિદ્ધાન્ત-પ્રતિપાદક અને પ્રૌઢ-વિચાર પૂર્ણ છે તેઓ જૈન તર્કશાસ્ત્રના વ્યવસ્થાપક અને વિવેચક છે ને જૈનદર્શનનાં એક અનન્ય આધારભૂત આપ્ત પુરૂષ છે. શ્રી **સિ**દ્ધસેન દિવાકરે પોતાના **સ**ન્મતિતર્કમાં કેવલી (સર્વજ્ઞ) ને કેવલજ્ઞાન અને કેવલદર્શન એ બંને યુક્ત્ એટલે એક સાથે થતા નથી એ આગમપરંપરાના મતથી વિરૂદ્ધ જઈ બંને એક જ છે અને જુદા નથી એમ તર્કથી સિદ્ધ કર્યું છે; જ્યારે શ્રી **જિ**નભદ્ર ક્ષમશ્રમણે આગમપરંપરાગત તે મતને અભિમત રહી શ્રી **સિ**દ્ધસેનના વિચારનો વિગતવાર પ્રતિક્ષેપ **વિ**શેષાવશ્યકમાં કર્યો છે. આમ **જિ**નભદ્રગણિ આગમપરંપરના મહાન્ સંરક્ષક હતા અને તેથી તેઓ આગમવાદી કે સિદ્ધાંતવાદીના બિરૂદથી જૈન વાઙ્મયમાં ઓળખાય છે.[૧૪૫] **જિ**નભદ્રક્ષમાશ્રમણ ઉત્કૃષ્ટ વ્યાખ્યાતા હતા એમ શ્રી **હે**મચંદ્રાચાર્ય જણાવે છે.[૧૪૬] *{ભાષ્યકારો ૪ થયા છે. જિનભદ્ર ગણિ, સંઘદાસગણિ, વ્યવહારભાષ્યકાર અને કલ્પબૃહદ્ભાષ્યકાર, વ્ય. ભાષ્ય જિનભદ્રગણિ પૂર્વે અને કલ્પ ભા. પછી રચાયું છે. મુનિ પુણ્ય વિ. બૃ.ક.ભા. ૬ પ્રસ્તાવના.}*

૨૧૦. ઉપરોક્ત **વિ**શેષાવશ્યક ભાષ્યમાં **વા**સવદત્તા અને **ત**રંગવતીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે ભાષ્ય પર **કો**ટ્યાચાર્યે ટીકા રચી છે.[૧૪૭] કે જેની સં ૧૧૩૮ માં લખાયેલી તાડપત્રની પ્રત ભાં. ઈ. માં વિદ્યમાન છે.(કી. ૨. ન. ૫૭).

---

૧૪૫. જુઓ શ્રી **જિ**નવિજયની પ્રસ્તાવના 'જીતકલ્પસૂત્ર'માં (પ્ર.જૈન સાહિત્ય સંશોધક સમિતિ. અમદાવાદ.)

૧૪૬. उत्कृष्टेऽनूपेन ॥ २। २। ३१॥ xxx उपजिनभद्रक्षमाश्रमणाः व्याख्यातारः।

૧૪૭. તેમાં છેલ્લો શ્લોક કોટ્યાચાર્યે આ પ્રમાણે આપ્યો છેઃ-

भाष्यं समायिकस्य स्फुटविकटपदार्थोपगूढं यदेतच्छ्रीमत्पूज्यैरकारि क्षतकलुषधियां भूरिसंस्कारकारि ।
तस्य व्यख्यानमात्रं किमपि विदधता यन्मया पुण्यमाप्तं, प्रेत्याहं द्राग्लभेयं परमपरिमितां प्रीतिमत्रैव तेन ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૧૧. વિ.સં આઠમાં સૈકામાં (શક સં. ૫૯૮ એટલે વિ. સં. ૭૩૩માં)[૧૪૮] **જિ**નદાસ મહત્તરે **ન**ન્દીસૂત્ર પર ચૂર્ણિ રચી, વળી તેમણે **નિ**શીથ સૂત્રપર પણ **વિ**શેષ નામની ચૂર્ણિ રચી (તાડપત્ર કી.૨, નં. ૩૬ અને ૩૭ જેનો લખ્યાં સં ૧૧૪૫ અને ૧૩૫૯ છે અને કી.૨.નં.૩૭૭) કે જે **નિ**શીથ ચૂર્ણિનાં અવતરણો **હ**રિભદ્રસૂરિએ પોતાની **આ**વશ્યક વૃત્તિમાં લીધાં છે એ ઉપરાંત તેમણે **અ**નુયોગદ્વારપર ચૂર્ણિ રચી છે.[૧૪૯] {***ચૂર્ણિઓ*** *- ૧ આચારાંગચૂર્ણી, ૨ સૂત્રકૃતાંગ ચૂર્ણી, ૩ ભગવતી ચૂર્ણી (સં. રૂપેન્દ્રકુમાર પગારિયા, પ્ર.લા.દ.), ૪ જીવાભિગમ ચૂર્ણી (અનુપલબ્ધ), ૫ પ્રજ્ઞાપનાશરીરપદચૂર્ણી, ૬ જંબૂદ્વીપકરણચૂર્ણિ, ૭ દશાશ્રુતસ્કંધચૂર્ણિ, ૮ કલ્પચૂર્ણિ, ૯ કલ્પવિશેષચૂર્ણિ, ૧૦ વ્યવહારચૂર્ણિ ૧૧ નિશીથવિશેષચૂર્ણિ (પ્ર.) ૧૨ પંચકલ્પચૂર્ણિ, ૧૩ જીતકલ્પબૃહચ્ચૂર્ણી, ૧૪ આવશ્યકચૂર્ણી, ૧૫ દસકાલિકસૂત્ર અગસ્ત્યસિંહ ચૂર્ણિ (સં. પુન્ય વિ.મ.પ્ર.પ્રા.ગ્રં.૫.), ૧૬ દસકાલિકસૂત્ર ચૂર્ણિ (વૃદ્ધ વિવરણ વ્યાખ્યા), ૧૭ ઉત્તરાધ્યયન ચૂર્ણિ, ૧૮ નન્દીસૂત્રચૂર્ણિ, (સં. મુનિ પુણ્ય વિ. પ્ર.પ્રા.ગ્રં.૫.) ૧૯ અનુયોગ દ્વાર ચૂર્ણિ (સં.મુનિ શ્રી જંબૂવિ.મ. પ્ર. મહાવીર વિદ્યાલય) ૨૦ પાક્ષિકસૂત્ર ચૂર્ણિ.*

મુનિ શ્રી પુણ્યવિજયજીએ નંદીસૂત્રચૂર્ણિની પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે આ ૨૦માંથી ૪ ક્રમાંક અનુપલબ્ધ છે. ૫ જિનભદ્ર ક્ષમાશ્રમણની રચના છે. અનુયોગદ્વારની ચૂર્ણિ અને લઘુવૃત્તિમાં ઉદ્ધૃત સ્વરૂપે મળે છે. ૧,૧૦,૧૪ અને ૧૬ની રચના જિનભદ્રગણિપૂર્વે થયાનો સંભવ વધુ છે. ૧૫ની રચના ૧૪ થી પણ પૂર્વે થઈ છે. બાકીની બધી ચૂર્ણિઓ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ પછી રચાયાનો સંભવ છે. ૧૧, ૧૮, ૧૯ ના કર્તા જિનદાસગણિ મહત્તર છે. ૧૩ના સિદ્ધસેનગણિ છે અને ૧૭ના કર્તા ગોપાલકમહત્તરના શિષ્ય છે.}

૨૧૨. સ્વ. **૨**ણજીતરામ એક સ્થળે કહે છે કે " જ્યારે દક્ષિણમાં ચૌલુક્યોના પાટનગર બદામીમાં જૈનશાસન પ્રવર્તતું હતું ત્યારે વલભીના મૈત્રકોથી તેમજ ગુજરાતમાં પણ સન્માન પામતું હતું"[૧૫૦]

---

૧૪૮. शकराज्ञः पंचसु वर्षशतेषु व्यतिक्रान्तेषु अष्टनवतिषु नन्द्यध्ययनचूर्णिः समाप्ता । લેખિત પ્રત ભાં. ઇ. પૂના. કર્ત્તા **જિ**નદાસનું નામ નીચેની ગાથામાં ગુપ્ત છેઃ-

तिदुसरजुएहिं तिचउपण अट्ठम वग्गे तिपण तिअक्खरावहे तेसिं । पढततिएहिं णांम कय जस्स ॥

૧૪૯. પી૦ ૩, પરિ. પૃ. ૧૮૫. પી૦ ૫, **પ**રિશિષ્ટ પૃ.૫૧ કે જ્યાં તે પ્રતને છેવટે લખેલ છે કે સં. ૧૪૫૬ વર્ષે શ્રી સ્તંભતીર્થે બૃહત્પૌષધશાલાયાં ભટ્ટારક શ્રી **જ**યતિલકસૂરિણા **અ**નુયોગદ્વારચૂર્ણિ ઉદ્ધારઃ કારાપિતઃ-

૧૫૦. ભાવનગરના જૈનધર્મપ્રકાશક નામના પત્રના રજતમહોત્સવ અંકમાં આવેલો તેમનો લેખ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હરિભદ્રસૂરિવચનો

આગ્રહી બત નિનીંષતિ યુક્તિં, તત્ર યત્ર તસ્ય મતિ ર્નિવિષ્ટા ।
નિષ્પક્ષપાતસ્ય તુ યુક્તિર્યત્ર, તત્ર તસ્ય મતિરેતિ નિવેશમ્ ॥ **યોગબિન્દુ**

-મતાગ્રહી જીવ જ્યાં મતિનો અભિનિવેશ હોય છે તે બાજુ યુક્તિને ખેંચે છે; જ્યારે મતાગ્રહરહિત નિષ્પક્ષપાતી જ્યાં યુક્તિ છે તે બાજુ મતિને ખેંચે છે.

પક્ષપાતો ન મે વીરે ન દ્વેષ: કપિલાદિષુ । યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્ય: પરિગ્રહ: ॥
- લોકતત્ત્વનિર્ણય.

-**વીર** (શ્રી મહાવીર) પર મારો પક્ષપાત નથી, તેમજ **ક**પિલ વગેરે પર દ્વેષ નથી. જેનું વચન યુક્તિવાળું છે તેનું સ્વીકારવું ઘટે.*

હરિભદ્રસ્તુતિ

વિષં વિનિર્ધૂય કુવાસનામયં વ્યચિચરદ્ય: કૃપયા મદાશયે ।
અચિન્ત્યવીર્યેણ સુવાસનાસુધાં નમોઽસ્તુ તસ્મૈ હરિભદ્રસૂરયે ॥-સિદ્ધર્ષિ:

-કૃપા કરી કુવાસનારૂપ વિષને કાઢી નાંખી અચિન્ત્ય વીર્ય વડે મારા હૃદયમાં જેણે સુવાસનારૂપ અમૃત સિંચ્યું તે શ્રી **હ**રિભદ્રસૂરિને નમસ્કાર હો !

---

* આ **હ**રિભદ્રસૂરિના જ્ઞાનગર્ભિત વાક્ય સાથે સરખાવો:-

અપિ પૌરુષમાદેયં શાસ્ત્રં ચેદ્યુક્તિબોધકં । અન્યત્ત્વાર્ષમપિ ત્યાજ્યં ભાવ્યં ન્યાય્યૈકસેવિનાં ॥
યુર્ક્તિયુક્તમુપાદેયં વચનં બાલકાદપિ । અન્યત્તૃણમિવ ત્યાજ્યમપ્યુક્તં પદ્મજન્મના ॥

-શાસ્ત્ર જોકે મનુષ્યકૃત હોય છતાં તે યુક્તિબોધક હોય તો સ્વીકારવું અને શાસ્ત્ર જોકે આર્ય-ઋષિપ્રણીત હોય છતાં અન્યથા-અયુક્ત હોય તો તજવું. ન્યાય માત્રથીજ દોરાવું જોઈએ. યુક્તિથી યુક્ત વચન બાલક પાસેથી આવે તો પણ ઉપાદેય છે, અને તેથી વિરૂદ્ધનું બ્રહ્માએ કહ્યું હોય તોયે તૃણ માફક વર્જ્ય છે. - **યો**ગવાશિષ્ઠ **ન્યા**યપ્રકરણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सूर्यप्रकाश्यं क्व नु मण्डलं दिवः खद्योतकः क्वास्य विभासनोद्यतः ?।
क्व धीशगम्यं हरिभद्रसद्वचः क्वाधीरहं तस्य विभासनोद्यतः ? ॥

-જિનેશ્વરસૂરિકૃત હારિભદ્ર અષ્ટકપર વૃત્તિ સં. ૧૦૮૦

—આકાશમંડલને ઉજાળનાર સૂર્યપ્રકાશ ક્યાં અને તેને ઉજાળવા મથતો આગીયો ક્યાં ? આ. હરિભદ્રનાં બુદ્ધિશાલીથી જ ગમ્ય થઈ શકે તેવાં સદ્વચનો ક્યાં, અને તેનું સ્પષ્ટીકરણ કરવા મથતો હું અજ્ઞાન ક્યાં ?

श्री सिद्धसेन-हरिभद्रमुखा प्रसिद्धास्ते सूरयो मयि भवन्तु कृपाप्रसादाः।
येषां विमृश्य सततं विविधान् निबन्धान् शास्त्रं चिकीर्षति तनुप्रतिभोऽपि मादृक् ॥

-સ્યાદ્વાદરત્નાકરમાં વાદિદેવસૂરિ. (૧૧૬૦)

-તે શ્રી **સિદ્ધસેન હરિભદ્ર** પ્રમુખ પ્રસિદ્ધ આચાર્યો મારા પર પ્રસાદ વાળા-કૃપાવંત થાઓ કે જેમના વિવિધ નિબંધોને વિચારીને મારા જેવો અલ્પ પ્રતિભાવાળો શાસ્ત્ર રચશે.

भद्दं सिरि हरिभद्दस्स सूरिणो जस्स भुवणरंगम्मि । वाणी विसट्ट रसभाव मंथरा नच्चए सुइरं॥

જેમના ભુવનરંગમાં વિકસિત રસભાવથી પરિપૂર્ણ એવી વાણી દીર્ઘકાલ નાચે છે તેવા શ્રી **હરિભદ્રસૂરિ**નું ભદ્ર થાઓ ! **—લક્ષ્મણગણિકૃત સુપાસનાહચરિત**

हारिभद्रं वचः क्वेदमतिगम्भीरपेशलम् । क्व चाहं जडधीरेषः स्वल्पशास्त्रकृतश्रमः ॥ ९ ॥

-ધર્મસંગ્રહણીપર ટીકાકાર મલયગિરિસૂરિ

- અતિ ગંભીર સુકુમાર હરિભદ્રસૂરિની વાણી ક્યાં ? અને સ્વલ્પશાસ્ત્રોમાં શ્રમ કરનાર એવો આ જડબુદ્ધિ હું ક્યાં ?

तामेवार्यां स्तुवे यस्या धर्मपुत्रो वृषासनः। गणेशो हरिभद्राख्य श्चित्रं भवविरोगभूः ॥
चतुर्दशशतीं ग्रन्थान् सदालोकान् समावहन् । हरेः शतगुणः श्रीमान् हरिभद्रविभुर्मुदे ॥

-પ્રદ્યુમ્નસૂરિ-સમરાદિત્ય સંક્ષેપ

- જેનો ધર્મપુત્ર વૃષાસન, સાધુગણના મુખી, ભવવિયોગભૂ: એટલે ભવવિરહાંક એવા **હરિભદ્રસૂરિ** થયા તે આર્યા (**યાક્કિની** મહત્તરા) ને હું સ્તવું છું. તે **હરિભદ્ર** પ્રભુ કે જેઓ ૧૪૦૦ સદાલોક ગ્રંથો-રચીને હરિના શતગુણધારનાર થયા તે પ્રસન્ન થાઓ.

यथास्थितोर्हन्मतवस्तुवेदिने, निराकृताशेषविपक्षवादिने ।
विदग्धमध्यस्थनृमूढतारऽये नमोऽस्तु तस्मै हरिभद्रसूरये ॥

-(**જય**સિંહસૂરિના શિષ્ય **યક્ષદેવ સંગ**મસિંહસૂરિ પાસે **ના**ગપુર—**ના**ગોરમાં જઈ **હરિ**ભદ્રસૂરિના **અ**નેકાન્તજયપતાદિ ન્યાયગ્રંથ અભ્યાસી કહે છે કે) યથાસ્થિત અર્હન્મતની વસ્તુ જાણનાર, સર્વ વિપક્ષ-વાદીઓને જીતનાર, વિદગ્ધ મધ્યસ્થ નરની મૂઢતાના શત્રુ એવા **હરિ**ભદ્રસૂરિને નમસ્કાર હો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

येषां गिरं समुपजीव्य सुसिद्ध विद्यामस्मिन् सुखेन गहनेऽपि पथि प्रवृत्तः।
ते सूरयो मयि भवन्तु कृतप्रसादाः श्री सिद्धसेन-हरिभद्रमुखाः सुखाय ॥

-शास्त्रवर्त्तासमुच्चय वृत्तिमां यशोविजय उपाध्याय.

-જેમની સમ્યક્ સિદ્ધ વિદ્યાવાળી વાણીપર સારી રીતે જીવીને-આધાર રાખીને ગહન પંથે પણ સુખથી પ્રવૃત્ત થઈ શક્યો છું. તે **સિદ્ધસેન હરિભદ્ર** પ્રમુખ આચાર્યો મારા પર સુખાર્થે પ્રસાદવંત-કૃપાવંત થાઓ.

પૂર્વથી ચાલી આવેલી માન્યતા પ્રમાણે સં.૫૩૦ યા સં ૫૮૫ આસપાસમાં **હ**રિભદ્રસૂરિ સ્વર્ગસ્થ થયા, પણ શ્રી **જિ**નવિજયે તેમનો સમય અનેક પ્રમાણોથી ઐતિહાસીક આલોચના કરી વિ.સ. ૭૫૭ થી ૮૫૭ નો સ્થિર કર્યો છે. મુનિ **ક**લ્યાણવિજય પણ હવે જણાવે છે કે આ. **હ**રિભદ્રસૂરિ વીરાત્ ૧૨૫૫-વિ.સં ૭૮૫ માં વિદ્યમાન હતા એ સ્વીકારતાં તેમના સત્તાસમયનો બધો વિરોધ ટળી જાય છે અને પરંપરાગત-ગાથોક્ત ૫૮૫ નો સંવત્ તે **હ**રિભદ્રને બદલે **હા**રિલનો માની લેવાનો છે. **પ્ર.ચં.પ્ર.**

૨૧૩. એ તો નિર્વિવાદ છે કે તેમના સમયમાં ચૈત્યવાસે જબરાં મૂળ નાખી દીધાં હતાં અને જૈન શુદ્ધ આચારને શિથિલ કરી નાંખ્યો હતો. શુદ્ધ આચારના પુનરુદ્ધાર અર્થે આ દેવાંશી સૂરિનો જન્મ થયો નહિ હોય ! એમ જણાય છે. જે ચૈત્યવીસીઓનો આચાર અગાઉ ૧૯૧-૧૯૨ પારામાં જણાવ્યો છે તેવા ચૈત્યવાસીઓ, શ્રી **હ**રિભદ્રસૂરિએ પોકાર કરી જણાવ્યું કે 'સાધુઓ નથી પણ પેટભરાઓનું પેડું છે-જેઓ એમ કહે કે તેઓ તીર્થંકર વેષ પહેરે છે માટે વંદનીય છે એ વાત ધિક્કારને પાત્ર છે-આ શિરશૂળની વાતોનો પોકાર કોની પાસે કરીએ?' આ અસાધુ આચાર સામે માત્ર નિષેધ કરી બેસી ન રહેતાં **હ**રિભદ્રસૂરિએ શુદ્ધ આચાર વિચાર શું હોવા જોઈએ તે સરલ અને સ્પષ્ટ રીતે પોતાના **અ**ષ્ટક, **ષો**ડશક, **પં**ચાશક આદિગ્રંથોમાં નિષ્પક્ષપાતપણે પવિત્ર હૃદયથી અને સ્વચ્છ હેતુથી સ્થળે સ્થળે જણાવ્યું-પ્રતિપાદિત કર્યું:-[૧૫૧] (૧) દેવનિમિત્તે એકઠા થતા દ્રવ્યને પોતાની જાત માટે વાપરનારા અને તેનો દુરુપયોગ કરનારા સામે થઈ સાફ કહી દીધું કે 'જિન દ્રવ્ય તો શ્રી જિન પ્રવચનની વૃદ્ધિ કરનારૂં, જ્ઞાનગુણ અને દર્શનગુણની પ્રભાવના કરનારૂં છે તેવા દ્રવ્યને વર્ધમાન કરનારો જીવ તીર્થંકરત્વ લહે; તે દ્રવ્ય મંગલદ્રવ્ય છે, શાશ્વતદ્રવ્ય છે, અને નિધિ દ્રવ્ય છે'. (૨)અંગ-સૂત્રો વાંચી શ્રાવકો પાસે પૈસા લેવા એ સાધુ ધર્મને શોભે નહિ, (૩) શ્રાવકોને આગમની સૂક્ષ્મ વાતોના અનધિકારી ઠારાવવા એ અનુચિત છે (૪) કારણસિવાય ગમે તે અને ગમે તેટલાં વસ્ત્રો સાધુને ખપે નહિ-વગેરે અનેક સાફ વાતો જિનપૂજા, જૈનસાધુભિક્ષા, જિનબિંબ પ્રતિષ્ઠા, જિનગૃહ, જૈનદિક્ષા વગેરે અનેક વિષયો સંબંધે સત્યપણે ઠસાવવા માટે કહી-પોતે શ્રી **મ**હાવીર પ્રરૂપિત શુદ્ધ આચાર પાળી એક મહાન્ વીર સુધારક તરીકે **હ**રિભદ્રસૂરિએ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે.

---

૧૫૧. जिणपवयणवुड्ढिकरं पभावगं नाणदंसणगुणाणं । वुड्ढंतो जिणदव्वं तित्थयरत्तं लहइ जीवो ॥ १७ ॥
मंगलदव्वं निहिदव्वं सासयदव्वं च सव्वमेगट्ठा । आसायणपरिहारा जयणाए तं खु ठायव्वं ॥ १६ ॥

-संबोधप्रकरण पृ. ४.

केइ भण्णंति उ भण्णइ सुहुमवियारो न सावगाण पुरो । तं न, जओ आंगाइसु सुच्चइ तव्वन्नणा एवं ॥ २६॥
लद्धट्ठा गहियट्ठा पुच्छियट्ठा विणिच्छियट्ठा य । अभिगयजीवाजीवा अचालणिज्जा पवयणाओ ॥ २७ ॥

-संबोधप्रकरण पृ. १७.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૧૪. ટુંકજીવન. શ્રી હરિભદ્ર **ચિ**ત્રકૂટના સમર્થ બ્રાહ્મણ વિદ્વાન્ અને રાજ્યપુરોહિત. વિદ્વત્તાના અભિમાને તેણે પ્રતિજ્ઞા લીધી કે જેનું કહેલું ન સમજુ તેનો શિષ્ય હું થાઉં. એકદા જૈન સાધ્વી **યા**કિની મહત્તરાના મુખેથી નીકળેલી ગાથા પોતે સમજી ન શક્યા, માન ગળ્યું, એટલે તે આર્યા પાસે શિષ્ય થવા ગયા તેણીએ ધર્માચાર્ય **જિ**નભટમુનિ પાસે શિષ્ય-દીક્ષા લેવા જણાવ્યું. ભાગવતી દીક્ષા લીધી આર્યાના પુત્ર તરીકે જ પોતે હંમેશ રહી દરેક ગ્રંથમાં પોતાને માટે 'મહત્તરા **યા**કિનીસુનુ-ધર્મપુત્ર' એવુ વિશેષણ વાપર્યું છે. તે આચાર્ય થયા; **હં**સ અને **પ**રમહંસ નામના પોતાના ભાણેજને દીક્ષા આપી શિષ્ય કર્યા. શાસ્ત્રાભ્યાસ કર્યા પછી તે વખતે **મ**ગધ વગેરે દેશોમાં બૌદ્ધદર્શનની ઘણી પ્રબળતા હતી અને અનેક સ્થળે એ પ્રખર તાર્કિક બૌદ્ધોનાં વિદ્યાપીઠો હતા ત્યાં જઈ બૌદ્ધશાસ્ત્રો જાણવાની એ બંને શિષ્યોને તીવ્ર ઉત્કંઠા થતાં ત્યાં જવા ગુરુએ આજ્ઞા આપી.

૨૧૫. અસહિષ્ણુતાને અંગે એ બંને શિષ્યોને જૈન સાધુ હોવાની શંકા જતાં જિનની પ્રતિમાને ચાલવાના માર્ગ પર રાખી તેપર પગ દઈને ચાલે છે કે નહિ એ ત્યાંના અધિકારીએ જોવા ઇચ્છ્યું તે શિષ્યોએ તે પ્રતિમાના કંઠ ઉપર ખડીની ત્રણ રેખા કરી જિન પ્રતિમાને બૌદ્ધ પ્રતિમા બનાવી પછી તે ઉપર પગ દઈ ચાલ્યા. આથી તે બંનેને મારી નાખવાનો બૌદ્ધનો વિચાર જણાતાં તેઓએ તે સ્થળનો ત્યાગ કર્યો. પાછળ બૌદ્ધ રાજાનું લશ્કર આવ્યું. **હં**સ લડતાં આખરે મરાયો. **પ**રમહંસ આખરે ગુરુપાસે **ચિ**ત્રકૂટ પહોચ્યો. ને સર્વ વાત કહી સ્વર્ગસ્થ થયો. ગુરુ **હ**રિભદ્રનો પ્રકોપ થયો. બૌદ્ધો સાથે શાસ્ત્રાર્થવાદ કર્યો. 'જે હારે તે ધગધગતા કડાયામાં પડે' એ શરત હતી. બૌદ્ધચાર્યો હારતાં બળતા તેલમાં હોમાયા. હાહાકાર થયો. **હ**રિભદ્રસૂરિના ગુરુને ખબર પડતાં કોપની પ્રશાંતિ માટેની ગાથાઓ મોકલી. (આ ત્રણ ગાથઓ પરથી **હ**રિભદ્રસૂરિએ શમરાદિત્ય કથા પ્રાકૃતમાં રચી કહેવાય છે.) આ. **હ**રિભદ્રને પશ્ચાત્તાપ થયો. ગુરુપાસે જઈ પ્રાયશ્ચિત્ત લીધું. કહેવાય છે કે **હ**રિભદ્રસૂરિએ ૧૪૪૦ કે ૧૪૪૪ બૌદ્ધોને સંહારવાનો સંકલ્પ કર્યો હતો તેના પ્રાયશ્ચિત્ત તરીકે તેમના ગુરુએ ૧૪૪૪ ગ્રંથો લખવાનું જણાવ્યું હતું તેથી તેમણે ૧૪૪૪ જેટલાં ગ્રંથો રચ્યા હતા. 'પોતાના ઉક્ત વ્હાલામાં વ્હાલા બે શિષ્યોનો અકાળે વિરહ થવાથી શ્રી **હ**રિભદ્રસૂરિએ પોતાના બધા ગ્રંથો 'વિરહ' શબ્દથી અંકિત કર્યા છે.[૧૫૨]

---

૧૫૨. જુઓ **પ્ર**ભાવકચરિત પૃ. ૧૦૩-૧૨૩ તેમજ **ચ**તુર્વિંશતિ પ્રબંધમાં **હ**રિભદ્ર પ્રબંધ આ બંને પ્રબંધનો સાર ડૉ. હર્મન યાકોબીએ સંશોધિત સમરાઇચ્ચ કહાની અંગ્રેજી પ્રસ્તાવનામાં આપ્યો છે ને તેમાં જણાવ્યું છે કે '**હ**રિભદ્ર **યા**કિની સાધ્વીને પોતાની ધર્મમાતા સ્વીકારી તેણીને લીધે પોતાનું 'સાચાધર્મ'માં પરિવર્તન થયું એમ કહેવા માંગે છે. આ એક જાતનો પુનર્જન્મ કહી શકાય. તે પરિવર્ત્તન કેમ બનવા પામ્યું તે જોકે ચાલી આવતી કિંવદંતીઓ પરથી લખવામાં આવ્યું છે, પરંતું એ ઘણા ભાગે વિશ્વાસપાત્ર છે. 'વિરહ' ચિહ્નનું કારણ કિંવદંતી પ્રમાણે **હ**રિભદ્રસૂરિના ભાણેજ અને શિષ્યો **હં**સ **પ**રમહંસનું મરણ છે. એ સંબંધીની કથા ભલે રસપ્રદ હોય, પરંતુ ઝીણવટથી જોનાર અભ્યાસી તેને હરિભદ્રસૂરિના જીવનના ઐતિહાસિક મૂળ તરીકે નહિ સ્વીકારે. તે બંને શિષ્યો હતા ને તેઓ બૌદ્ધ સિદ્ધાંત ચોરી છુપીથી શીખવા જતાં મરણ પામ્યા તે આ દંતકથાનો મૂળ પાયો કહેવાય, અને આમાં કઈ ખાસ ન મનાય તેવું નથી, પરંતું એટલું યે બહુ જ સાવચેતી પૂર્વક સ્વીકારવું જોઈએ.' **જૈન સાહિત્ય સંશોધક** ખંડ ૩, અંક ૩ માં આ પ્રસ્તાવનાનો ગૂજરાતી અનુવાદ પૃ. ૨૮૨ થી ૨૯૪ છપાયો છે તે જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૧૬. આ સૂરિ જૈન ધર્મના શ્વેતામ્બર સંપ્રદાયમાં બહુ પ્રસિદ્ધ અને મહાવિદ્વાન થયા છે. તેમણે સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં ધર્મવિચાર અને દર્શનિક વિષયના અનેક ઉત્તમોત્તમ તથા ગંભીર તત્ત્વપ્રતિપાદક ગ્રંથો રચ્યા છે. આ ગ્રંથોમાં સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, અદ્વૈત, ચાર્વાક, બૌદ્ધ, જૈન, આદિ સર્વ દર્શનો અને મતોની તેમણે અનેક રીતે આલોચના-પ્રત્યાલોચના કરી છે. આ પ્રકારે ભિન્ન ભિન્ન મતોના સિદ્ધાંતોની વિવેચના કરતી વખતે પોતાના વિરોધી મતવાળા વિચારકોનો પણ ગૌરવપૂર્વક નામોલ્લેખ કરનારા અને સમભાવપૂર્વક મૃદુ તથા મધુર શબ્દોથી વિચાર-મીમાંસા કરનારા આવા જે કોઇ વિદ્વાન ભારતીય સાહિત્યના ઇતિહાસમાં ઉલ્લેખ કરવા યોગ્ય હોય તો તેમાં શ્રી હરિભદ્રસૂરિનું નામ સૌથી પ્રથમ મૂકવા યોગ્ય છે. જૈન ઇતિહસમાં આ આચાર્યનું સ્થાન અતિ મહત્ત્વનું છે જૈન ધર્મના-જેમાં મુખ્યપણે શ્વેતાંબર સંપ્રદાયના-ઉત્તરકાલીન (આધુનિક) સ્વરૂપના સંગઠન કાર્યમાં તેમના જીવને ઘણો મોટો ભાગ લીધો છે. ઉત્તરકાલીન જૈન સાહિત્યના ઇતિહાસમાં તેઓ પ્રથમ લેખક ગણાય છે, અને જૈન સમાજના ઇતિહાસમાં નવીન સંગઠનના એક પ્રધાન વ્યવસ્થાપક કહેવા યોગ્ય છે. આ રીતે તેઓ જૈનધર્મનાં પૂર્વકાલીન અને ઉત્તરકાલીન ઇતિહાસના મધ્યમવર્તી સીમાસ્તંભ સમાન છે.

૨૧૭. તેમણે ૧૪૦૦ પ્રકરણનાં ગ્રંથો લખેલા કહેવાય છે,[૧૫૩] તે તેમની કૃતિઓનાં જે જુદા જુદા પ્રકરણો છે તેનો સરવાળો લાગે છે; ગમેતેમ હો, પરંતુ વર્ત્તમાનમાં ઉપલબ્ધ થતા ગ્રંથોમાં વિશેષ પ્રસિદ્ધ, પ્રતિષ્ઠિત અને પ્રૌઢ ગ્રંથોનાં નામ આ છેઃ- ૧. **અ**નેકાન્તવાદ પ્રવેશ ૨. **અ**નેકાન્તજયપતાકા સ્વોપજ્ઞવૃત્તિ સહિત, ૩. **અ**નુયોગદ્વાર સૂત્રવૃત્તિ, ૪. **અષ્ટ**કપ્રકરણો, ૫. **આ**વશક્યસૂત્ર બૃહદ્વૃત્તિ[૧૫૪] ૬. **ઉ**પદેશપદ પ્રકરણ, ૭. **દ**શવૈકાલિક સૂત્રવૃત્તિ, ૮.(બૌદ્ધાચાર્ય)**દિ**ઙ્નાગકૃત **ન્યા**યપ્રવેશ સૂત્ર પર વૃત્તિ, ૯. **ધ**ર્મબિન્દુ પ્રકરણ, ૧૦. **ધ**ર્મસંગ્રહણી પ્રકરણ, ૧૧. **ન**ન્દીસસૂત્ર લઘુવૃત્તિ, ૧૨. **પં**ચાશક પ્રકરણો(પી. ૨, ૧૬), ૧૩. **પં**ચવસ્તુ પ્રકરણ ટીકા,(પી.૨,૭૧, પી. ૫, ૧૬૧), ૧૪ **પં**ચસૂત્ર પ્રકરણ ટીકા, (પી. ૪, ૧૦૪), ૧૫. **પ્ર**જ્ઞાપનાસૂત્ર પ્રદેશવ્યાખ્યા, ૧૬. **યો**ગદષ્ટિસમુચ્ચય, ૧૭. **યો**ગબિન્દુ (પી. ૬, ૪૬ પ્ર૦ ડૉ. સ્વાલીથી સંશોધિત પ્ર. જૈન ધ. સભા ભાવનગર.,) ૧૮. **લ**લિતવિસ્તરા નામક ચૈત્યવન્દન સૂત્રવૃતિ (તાડપત્રી કી.૨,નં.૨૦; પી. ૪, ૮૫), ૧૯. **લો**કતત્ત્વનિર્ણય, ૨૦. **વિ**શંતિ વિંશતિકા પ્રકરણ, ૨૧. **ષ**ડ્દર્શન સમુચ્ચય, ૨૨. **ષો**ડશક, ૨૩ **શા**સ્ત્રવાર્તા સમચ્ચય સ્વકૃત વ્યાખ્યા સહિત, ૨૪. **શ્રા**વક પ્રજ્ઞપ્તિ શ્રાવકધર્મવિધિ[૧૫૫] (૧૮૮૧-૮૨ નં. ૧૭૮, ૧૮૮૪-૮૭ નં. ૧૨૩૩)

---

૧૫૩. સં ૮૩૪માં કુવલયમાલાના કર્ત્તા ઉદ્યોતનસૂરિ તેમાં હરિભદ્રસૂરિને પોતાના એક વિદ્યાગુરુ જણાવી તેમને 'बहुगंथसत्थवित्थरपत्थरीयपयडसच्चत्थो બહુ ગ્રંથ સાર્થ વિસ્તાર પ્રસારિત પ્રકટ સત્યાર્થનું વિશેષણ આપે છે તે સાર્થક છે.

૧૫૪. समाप्ता चेयं शिष्यहितानाम आवश्यकटीका वृत्तिः सिताम्बराचार्य जिनभद्रनिगदानुसारिणो विद्याधरकुलतिलकाचार्य जिनदत्तशिष्य धर्मतो याकिनीमहत्तरासूनोरल्पमतेराचार्य हरिभद्रस्य એમ પ્રાંતે કહેલ છે. મુદ્રિત દે. લા. પુ. ફં.

૧૫૫. શ્રાવકધર્મ વિધિ પ્રા૦ માં છે ને તેમાં ૧૨૦ ગાથા છે ને વિરહાંક હરિભદ્રસૂરિ એમ ઉલ્લેખ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૫. [૧૫૬]**સ**મરાઇચ્ચ કહા (સમરાદિત્ય કથા), ૨૬. **સ**મ્બોધ પ્રકરણ, ૨૭. **સ**મ્બોધસમતિકા પ્રકરણ. એ મળી કુલ ૨૭ ગ્રન્થો થાય છે.

૨૧૮. આ ગ્રન્થોમાંથી તેમના સંબંધી ઉલ્લેખેલી એટલી હકીકત મળે છે કે પોતાનો સંપ્રદાય શ્વેતામ્બર હતો,ગચ્છનું નામ વિદ્યાધર, ગચ્છપતિ આચાર્યનું નામ **જિ**નભટ, દીક્ષા ગુરુનું નામ જિનદત્ત અને ધર્મજનની સાધ્વીનું નામ **યા**કિની મહત્તરા હતું.(જુઓ **આ**વશ્યકસૂત્ર ટીકાની અંતે[૧૫૪]).

૨૧૯. જૈનધર્મના પવિત્ર પુસ્તક કે જેને આગમ કહેવામાં આવે છે તે પ્રાકૃત ભાષામાં હોવાથી વિદ્વાનો તેમજ અલ્પબુદ્ધિવાળા મનુષ્યોને પણ સુબોધક થાય તે માટે આ સૂરિએ સંસ્કૃત ટીકાઓ રચી. આ સમય સુધી પ્રાકૃત ભાષામાં ચૂર્ણિઓ લખાતી હતી. વર્તમાનમાં આની પૂર્વે કોઇ પણ સંસ્કૃત ટીકા કોઇ પણ સૂત્ર પરની મળતી નથી.

૨૨૦. હર્મન **યા**કોબી કહે છે કે આગમ ગ્રંથો ઉપરના જૂના ટીકા ગ્રંથો જેવા કે **નિ**ર્યુક્તિઓ, **ચૂ**ર્ણિઓ અને **ભા**ષ્યો એ બધા **પ્રા**કૃતમાંજ છે ઉપરોક્ત **નં**દિસૂત્ર પરની **જિ**નદાસ ગણિની ચૂર્ણિ ઈ.સ. ૬૭૭ માં પૂર્ણ થઇ તે પણ પ્રાકૃતમાં જ છે પોતાના પૂર્વ ગામીના લખાણનો ઉપયોગ કરી આ. હરિભદ્રે એ જ ગ્રંથો ઉપર નવી ટીકા લખી, અને તે સંસ્કૃતમાં લખી તેમજ એમણે બીજા સૂત્ર ઉપરની ટીકાના સંબંધમાં પણ તેમજ કર્યું. શ્વેતામ્બર સાહિત્યમાં આપણે એથી વધારે કોઇ જૂની સંસ્કૃત ટીકાના વિષયમાં જાણતા નથી. એટલે કહિ શકાય કે આ ફેરફાર હરિભદ્રથીજ થયો હતો અને છેવટે એટલું તો ચોક્કસ છે જ કે આ નવી પદ્ધતિને એમણે વ્યવસ્થિત રૂપ આપ્યું હતું. જો કે પછળથી તો એમાં પણ પ્રગતિ થયેલી છે. પ્રો. **લો**યમેનના કહેવા મુજબ હરિભદ્રસૂરિ મૂળ ગ્રંથ ઉપર સંસ્કૃતમાં ટીકા લખતા, પરંતુ કથાનકોને અને ચૂર્ણિના અમુક ઉતારાઓને મૂળ પ્રાકૃતમાં જ રહેવા દેતા, જ્યારે **શી**લાંક કે જે એમના પછી એક સદી બાદ થયા તે પોતાની ટીકામાં આવાં પ્રાકૃત અવતરણો ન આપતાં તેમનો સંસ્કૃત અનુવાદ આપે છે.'[૧૫૭]

૨૨૧. ઉપરના પારા ૨૧૭ માં જણાવેલા સિવાય તેમના બિજા ગ્રંથોઃ- **અ**નેકાન્ત પ્રઘટ્ટ **આ**વશ્યક નિર્યુક્તિની અતિ નાની ૨૨૦૦! શ્લોક પ્રમાણ ટીકા,(બૃહત્ ટીકાનું પ્રમાણ ૮૪૦૦૦ શ્લોક છે), **ક**થાકોશ, **ક**ર્મસ્તવવૃત્તિ, **કુ**લકો, **ક્ષ**માવલ્લીબીજ, **ક્ષે**ત્રસમાસવૃત્તિ, (આ સં. ૧૨૮૫માં રચાઇ છે તેથી તેના રચનાર અન્ય હરિભદ્રસૂરિ છે. જે.સ.પ્ર.પૃ.૩૫) **ચૈ**ત્યવંદનાભાષ્ય સંસ્કૃત, **જં**બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ટીકા, **જં**બૂદ્વીપ સંગ્રહણી(વે.ન.૧૬૦૨{*આ. ઉદયસૂરિકૃત ટીકા સાથે સં. નંદઘોષ વિ. પ્ર. જૈન ગ્રંથ પ્ર. સભા*}) **જી**વાભિગમ લઘુવૃત્તિ. **જ્ઞા**નપંચક વિવરણ, **જ્ઞા**નાદિત્ય પ્રકરણ, **ત**ત્ત્વતરંગિણી, **ત**ત્ત્વાર્થ લઘુવૃત્તિ,

---

૧૫૬. જો ઇચ્છઇ ભવવિરહં ભવવિરહં કો ન બંધએ સુયણો ।
સમયસયસત્થ ગુરુણો સમરમિયંકા કહા જસ્સ ॥ –**ઉદ્યોતનસૂરિકૃત કુવલયમાલા.**

નિરોદ્ધું પાર્યતે કેન સમરાદિત્યજન્મનઃ । પ્રશમસ્ય વશીભૂતં સમરાદિત્યજન્મનઃ ।। –**ધનપાલકૃત તિલકમંજરી**

વંદે સિરિ હરિભદ્દં સૂરિં વિઉસયણણિગ્ગય પયાવં । જેણ ય કહા પબંધો સમરાઇચ્ચો વિણિમ્મવિઓ ॥
-દેવચંદ્રકૃત શાંતિચરિયંની આદિમાંથી.

૧૫૭. 'સમરાઇચ્ચ કહા' પરની પ્રસ્તાવના.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દર્શનશુદ્ધિ પ્રકરણ, **દ**શવૈકાલિકાવચૂરિ, **દે**વેન્દ્ર નરકેન્દ્ર પ્રકરણ, **દ્વિ**જવદનચપેટા, (અથવા વેદાંકુશ) કે જેમાં હિંદુવર્ણ વ્યવસ્થાનું ખંડન છે (વે. નં.૧૬૮૭ પ્ર. હે. ગ્રં. પાટણ) **ધ**ર્મલાભસિદ્ધિ, **ધ**ર્મસારમૂલ ટીકા, **ધૂ**ર્તાખ્યાન, {*પ્ર. સિંઘીગ્રં.*} **ન્યા**યવિનિશ્ચય, **ન્યા**યાવતારવૃત્તિ, **'પં**ચનિયંઠી, (નિર્ગ્રંથી), **પં**ચલિંગી, **પં**ચસંગ્રહ(મુદ્રિત), **પં**ચસ્થાનક, **પ**રલોકસિદ્ધિ, **પિં**ડનિર્યુક્તિ વૃત્તિ, **પ્ર**તિષ્ઠાકલ્પ, **બૃ**હન્મિથ્યાત્વમંથન, **મુ**નિપતિચરિત્ર, **ય**તિદિનકૃત્ય, **ય**શોધરચરિત્ર, **યો**ગશતક, **યો**ગવિંશતિ, **લ**ગ્નશુદ્ધિ, **લ**ઘુક્ષેત્રસમાસ, **લો**કબિન્દુ, **વી**રસ્તવ, **વી**રાંગદકથા, **વે**દબાહ્યતા નિરાકરણ,**વ્ય**વહારકલ્પ, **શ્રા**વકપ્રજ્ઞપ્તિ વૃત્તિ, **શ્રા**વકધર્મ તંત્ર, **ષ**ડ્દર્શની, **સં**ક્તિપચીસી, (?) **સં**ગ્રહણીવૃત્તિ, (પી.૧, ૪૯), **સં**પચાસિતરી, **સં**બોધસિત્તરી, **સં**સારદાવાસ્તુતિ (મુદ્રિત), **સં**સ્કૃતાત્માનુશાસન, **સ**ર્વજ્ઞસિદ્ધિ પ્રકરણ સટીક, **સ્યા**દ્વાદકુચોદ્યપરિહાર- આ ઉપરોક્ત ૨૬ ગ્રંથ સાથે મેળવતાં કુલ ૮૨ની સંખ્યા થાય છે.[૧૫૮] **ચ**તુર્વિંશતિ સ્તુતિ સટીક, **ન્યા**યામૃતરંગિણી, એ બે ગ્રંથો વકીલ કેશવલાલ મોદી પાસે છે. બોટિકપ્રતિષેધ (પાટણસૂચિ નં.૬)

(આ પૈકી **ક્ષે**ત્રસમાસવૃત્તિ સં ૧૧૮૫ માં રચાયેલી છે તે, **સં**ગ્રહણીવૃત્તિ, **મુ**નિપતિ ચરિત્રનાં રચનારા અન્ય-બૃહદ્ગચ્છના **મા**નદેવસૂરિ શિ. **જિ**નદેવ ઉપાધ્યાયના શિષ્ય **હ**રિભદ્રસૂરિ જણાય છે. જુઓ જૈસ.પ્ર.પૃ. ૩૪-૩૫)

આમાં જણાવેલ **ત**ત્ત્વાર્થ લઘુવૃત્તિ તે **ત**ત્ત્વાર્થ ભાષ્ય પરની નાની વૃત્તિ છે તે ઉપલબ્ધ પણ અમુદ્રિત છે. તે આ. **હ**રિભદ્રે પ્રારંભેલી પણ અધૂરી રહેલી છે તેને અવલોકતાં તેના કર્તા આ **યા**કિનીસૂનુ **હ**રિભદ્ર ન હોવા ઘટે કારણકે તેમાં અધ્યાયને અંતે '**હ**રિભદ્રોદ્ધૃતા' લખેલું છે, તો બીજીમાંથી ઉદ્ધૃત કરનાર આ મહાન યોગ્ય અને સ્વતંત્ર ગ્રંથકાર હોઈ ન શકે અને તે બીજી તે સિદ્ધસેન ગણિની વૃત્તિ હોઈ શકે, કે જે **સિ**દ્ધસેનગણિ અને આ **હ**રિભદ્રસૂરિ એ બન્નેના સમય વચ્ચે ખાસ અંતર લાગતું નથી. લગભગ સમકાલીન હતા યા **સિ**દ્ધસેનગણી સહેજ પૂર્વકાલીન હોય તો **યા**કિનીસૂનુ **હ**રિભદ્રસૂરિ **સિ**દ્ધસેનગણીની વૃત્તિમાંથી ઉદ્ધૃત કરી લઘુવૃત્તિ રચે એ સંભવિત નથી, (પંડિત **સુ**ખલાલની **ત**ત્ત્વાર્થસૂત્રની ગૂ. વ્યાખ્યા પર પ્રસ્તાવના.

૨૨૨. પ્રો૦ **હ**ર્મન **યા**કોબી સમરાઇચ્ચ કહા ની પ્રસ્તાવનામાં કહે છે કેઃ- 'પારિભાષિક અર્થમાં જોઈએ તો આપણે ખાસ કહેવું જોઈએ કે હરિભદ્રસૂરિ પ્રકરણોના જ કર્તા છે પદ્ધતિસર શાસ્ત્રીય રૂપમાં જે ગોઠવાયેલું હોય તે પ્રકરણ કહેવાય છે. ગમે તેમ લખાયેલાં અને આડીઅવળી કથાઓવાળાં એવાં આગમોથી આ તદ્દન નિરાળી વસ્તુ છે. આ પ્રમાણે લખવાની પદ્ધતિ મૂળ તો બ્રાહ્મણોથી શરૂ થઈ અને એમનું આવું કેટલુંક જૂનું સાહિત્ય જોવામાં આવે છે. શ્રી **ઉ**માસ્વાતિનું યા **ઉ**માસ્વામિનું **ત**ત્ત્વાર્થાધિગમ

---

૧૫૮. પં હરગોવિન્દદાસ કૃત **હ**રિભદ્રચરિક્ષ્ત્રમ્(જૈન વિવિધસાહિત્ય શાસ્ત્રમાલા નં.૨) પૃ. ૨૦ થી ૩૦માંથી આ ગ્રંથનામો લીધાં છે. તેમજ જુઓ સ્વ૦ સાક્ષર **મ**નઃસુખલાલ કિરત્ચંદ મહેતાનો લેખ **'ષ**ડ્દર્શનવેત્તા **શ્રી**માન **હ**રિભદ્રસૂરિ' જૈન ધર્મપ્રકાશ સં. ૧૯૬૫ અંક ૫. પં. બહેચરદાસે **'જૈ**નદર્શન'(હરિભદ્રસૂરિકૃત **ષ**ડ્દર્શન સમુચ્ચયમાનાં જૈન દર્શન પ્રકરણનો ટીકા સહિત અનુવાદ)ગ્રંથમાં આપેલ પ્રસ્તાવના. { *હીરાલાલ કાપડિયાના પુસ્તક શ્રી 'હરીભદ્રસૂરિ' પ્ર. પ્રાચ્યવિદ્યામંદિર વડોદરા-માં આ. હરિભદ્રસૂરિજીના જીવન-કવન વિષે વિસ્તૃત ચર્ચા છે. પં. સુખલાલનું પ્રવચન 'સમદર્શી આ. હરિભદ્ર' નામે ગુજ.પ્ર.મુંબઈ યુનિ. દ્વારા અને હિન્દી પ્ર. રાજસ્થાન પ્રાચ્યપ્રતિષ્ઠાન દ્વારા પ્રગટ થયું છે.* }

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર એ જૈન સાહિત્યમાં આ પ્રકારનો પહેલો દાખલો છે, અને શ્વેતામ્બર તેમજ દિગમ્બર બન્ને આ ગ્રન્થ પોતાનો હોવાનો દાવો કરે છે. દિગમ્બરો કે જેઓ આગમને માનતા નથી, તેઓનું જૂનું સાહિત્ય બહુધા સંસ્કૃત તેમજ પ્રાકૃતમાં લખાયેલાં પ્રકરણોનું જ બનેલું છે, પરંતુ શ્વેતામ્બરોમાં આપણે પ્રકરણોના પહેલા લેખક તરીકે **સિદ્ધસેન દિ**વાકરને નિશંકપણે ગણાવી શકીએ. આ. **હ**રિભદ્રે તો શ્વેતાંમ્બરોના સાહિત્યને પૂર્ણતાની ઉંચી ટોચે પહોંચાડ્યું. જોકે એમના ગ્રન્થોમાંના કેટલાક પ્રાકૃતમાં છે, પરતું ઘણાખરા સંસ્કૃતમાં જ છે. આમાં જૈન સંપ્રદાયના પદાર્થવર્ણન ઉપરાંત વિરોધી મતવાળા બ્રાહ્મણો તેમજ બૌદ્ધોના સાંપ્રદાયિક ધોરણો બાબત એક ટુંકો ખ્યાલ અને કેટલીક ચર્ચા તથા એનાં ખંડનો પણ છે. આ જાતના ગ્રન્થોમાં **હ**રિભદ્રસૂરિની **દિ**ઙ્નાગના **ન્યા**યપ્રવેશ ઉપરની ટીકા જોકે તે એક પ્રકરણ નથી, બહુ ઉપયોગી અને મહત્ત્વની છે. જૈનોને પ્રમાણનિરૂપણનો કોઈ ગ્રંથ પૂરો પાડવાના હેતુથી **સિદ્ધસેન દિ**વાકરે **ન્યા**યાવતાર નામનો ગ્રંથ રચ્યો હતો. પ્રમાણની બાબતમાં પણ જૈન સિદ્ધાંત સ્થાપવાને બદલે **હ**રિભદ્ર **દિ**ઙ્નાગ ઉપર ટીકા લખીને જૈનોને બૌદ્ધ પ્રમાણશાસ્ત્રીઓના ગ્રંથોનું અધ્યયન કરવાની પ્રેરણા કરી. આ રીતે દેખાવમાં તો એમણે એ લોકોની ભારે મહત્તા સ્વીકારી, પરંતુ પોતાના **અ**નેકાંતજયપતાકા ગ્રંથમાં **ધર્મ**કીર્તિના પ્રમાણ વિષેના કેટલાક સિદ્ધાંતોનું સારૂં ખંડન પણ કર્યું. એમના પછી ઘણા વર્ષો સુધી જૈનોને બૌદ્ધોના પ્રમાણનિરૂપણમાં રસ રહ્યો હતો; અને એને લીધેજ અત્યારે આપણે **ધ**ર્મકીર્તિનું **ન્યા**યબિન્દુ અને **ધ**ર્મોત્તરની **ન્યા**યબિન્દુ ટીકા ઉપલબ્ધ કરી શક્યા છીએ, કારણ કે આ ગ્રંથોની જૂનામાં જૂની પ્રતો અને બીજા ગ્રંથો ઉપરની ટીકાનો અમુક ભાગ જૈન ભંડારોમાંથી જ મળેલ છે.'

૨૨૩. તેમના રચેલા આધ્યાત્મિક એને તાત્ત્વિક ગ્રંથોનો સ્વાધ્યાય કરવાથી માલૂમ પડે છે કે તેઓ પ્રકૃતિથી અતિ સરલ, આકૃતિથી અતિ સૌમ્ય અને વૃત્તિથી અતિ ઉદાર હતા. તેમનો સ્વાભાવ સર્વથા ગુણનુરાગી હતો. જૈન ધર્મ ઉપર અનન્ય શ્રદ્ધા છતાં તથા તે ધર્મના પોતે મહાસમર્થક હોવા છતાં તેમનું હૃદય નિષ્પક્ષપાતપૂર્ણ હતું. તેઓ સત્યનો આદાર કરવામાં સદૈવ તત્પર હતા. ધર્મ તથા તત્ત્વના વિચારોનો ઉહાપોહ કરતી વખતે પોતાની મધ્યસ્થતા અને ગુણાનુરાગિતાની કંઈપણ ઉપેક્ષા કરતા ન હતા. તાત્પર્ય કે તેઓ મોટા ઉદારચિત્ત સાધુપુરુષ હતા, સત્યના ઉપાસક હતા. ભારતના સમુચિત ધર્માચાર્યોના પુણ્યશ્લોક ઇતિહાસમાં તેઓ એક ઉચ્ચ શ્રેણીમાં વિરાજમાન થવા યોગ્ય સંવિજ્ઞ હૃદયી જૈનાચાર્ય હતા.

૨૨૪. તેમના ગ્રંથોમાં જે દાર્શનિકો અને ગ્રંથકારોનાં નામ મળી આવે છે તે એ છે કે : (૧) બ્રાહ્મણધર્મના **અ**વધૂતાચાર્ય, **આ**સુરિ, **ઈ**શ્વરકૃષ્ણ, **કુ**મારિલ મીમાંસક, **પ**તંજલિભાષ્યકાર, **પા**તંજલયોગાચાર્ય, **પા**ણિનિ વૈયાકરણ, **ભ**ગવદ્ગોપેન્દ્ર, **ભ**ર્તૃહરિવ્યાકરણ, **વ્યા**સમહર્ષિ, **વિ**ન્ધ્યવાસી, અને **શિ**વધર્મોત્તર. (૨) બૌદ્ધ-**કુ**ક્કાચાર્ય, **દિ**વાકર (?), **દિ**ઙ્નાગાચાર્ય, **ધ**ર્મપાલ, **ધ**ર્મકીર્તિ, **ધ**ર્મોત્તર, **ભ**દન્તદિઅ, **વ**સુબન્ધુ, **શા**ન્તરક્ષિત, અને **શુ**ભગુપ્ત; અને (૩) જૈન-**અ**જિતયશાઃ, **ઉ**માસ્વાતિ, **જિ**નદાસ મહત્તર, **જિ**નભદ્રગણિ ક્ષમાશ્રમણ, **દે**વવાચક, **ભ**દ્રબાહુ, **મ**લ્લવાદી, **સ**મન્તભદ્ર, **સિ**દ્ધસેન દિવાકર અને **સં**ઘદાસગણિ. આ ઉપરાંત **વા**સવદત્તા (**સુ**બન્ધુકૃત) અને **પ્રિ**યદર્શના (**હ**ર્ષકૃત) એ બે ગ્રંથોનો પણ ઉલ્લેખ તેમણે કર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૨૫. આ પૈકી ભર્તૃહરિના મૃત્યુનો સમય સં ૭૦૬-૭ નિશ્ચિત છે કારણ કે ચીનીયાત્રાળુ ઈત્સિંગે પોતાના હિંદના પ્રવાસમાં તેમ જણાવ્યું છે. કુમારિલ સં. ૭૫૦ આસપાસ થયેલ ગણાય છે. ધર્મપાલ સં. ૬૫૬ થી ૬૯૧ ની વચ્ચે વિદ્યમાન હતા અને તેના શિષ્ય ધર્મકીર્તિ થયા તેનો સમય સં.૬૯૧ થી ૭૦૬ સુધીનો ઠીક રીતે માની શકાય. શ્રી જિનદાસે નન્દીચૂર્ણિ સં. ૭૩૩માં રચી. કુવલયમાલાની પ્રાકૃત કથા સં. ૮૩૪-૩૫ માં રચનાર ઉદ્યોતનસૂરિ ઉર્ફે દાક્ષિણ્ય(ણ) ચિન્હસૂરિ હરિભદ્રસૂરિના સાક્ષાત્ શિષ્ય હતા. આ પરથી જણાય છે કે સં. ૭૩૩ ની નંદીચૂર્ણિ પછી લગભગ પચાસ વર્ષે એટલે સં. ૮૨૦ માં પોતે નંદી ટીકા રચી હોવી ઘટે તેથી તે સંવત્ લગભગ હરિભદ્રસૂરિ વિદ્યમાન હતા. (વિ. સં. ૫૮૫ માં સામાન્ય રીતે તેમનો સ્વર્ગવાસ શ્રુતપરંપરાએ થયેલો ગણવામાં આવે છે તે સમય બંધ બેસતો નથી.) વિક્રમ સંવત્ ૭૫૭ થી ૮૨૭ સુધીનો હરિભદ્રસૂરિનો સમય લઈએ તો વાંધો નથી.

૨૨૬. હરિભદ્રસૂરિ એ જૈન શ્વેતામ્બર સાહિત્યમાં એક યુગકાર છે. તેમની બહુશ્રુતતા, સર્વતોમુખી પ્રતિભા, મધ્યસ્થતા અને સમન્વયશક્તિનો પરિચય તેમના ગ્રંથોપરથી યથાર્થ રીતે થાય છે. તમની શતમુખી પ્રતિભાનો સ્રોત તેમના રચેલા[૧૫૯] ચાર અનુયોગ વિષયક ગ્રંથોમાંજ નહિ, બલ્કે જૈન ન્યાય તથા ભારતવર્ષીય તત્કાલીન સમગ્ર દાર્શનિક સિદ્ધાંતોની [૧૬૦] ચર્ચાવાળા ગ્રંથોમાં પણ વહેલો છે. આટલું કરીને તેમની પ્રતિભા મૌન થઈ નહિ; તેમણે યોગમાર્ગમાં એક એવી દીશા બતાવી કે જે કેવલ જૈન યોગસાહિત્યમાં એક નવીન વસ્તુ છે. જૈનશાસ્ત્રામાં આધ્યાત્મિક વિકાસના ક્રમનું પ્રાચીન વર્ણન ચૌદ ગુણસ્થાનરૂપે, ચાર ધ્યાનરૂપે, અને બહિરાત્મ આદિ ત્રણ અવસ્થાઓ રૂપે મળે છે. હરિભદ્રસૂરિએ તે આધ્યાત્મિક વિકાસના ક્રમનું યોગરૂપે વર્ણન કર્યું છે વળી તેમાં તેમણે જે શૈલી રાખી છે તે અત્યાર સુધીના ઉપલબ્ધ યોગવિષયક સાહિત્યમાંના કોઈ પણ ગ્રંથમાં જોવામાં આવેલ નથી. તેઓ પોતાના ગ્રંથોમાં અનેક યોગીઓનો નામનિર્દેશ કરે છે;[૧૬૧] અને વળી યોગવિષયક ગ્રંથોનો ઉલ્લેખ કરે છે.[૧૬૨] કે જે હમણાં પ્રાપ્ત જ નથી. સંભવ છે કે આ અપ્રાપ્ય ગ્રંથોમાં તેમના વર્ણન જેવી શૈલી રહી હોય, પરંતુ હમણા તો આ વર્ણનશૈલી અને યોગવિષયક વસ્તુ તદ્દન અપૂર્વ છે.

૨૨૭. 'જૈન યોગસાહિત્યમાં નવો યુગ સ્થાપિત કરનાર હરિભદ્રસૂરિ છે. તે સંબંધી તેમના પહેલાં યોગ સંબંધીની સ્થિતિ ટુંકમાં કહી શકાય તે એ છે કે જૈનસંપ્રદાય નિવૃત્તિપ્રધાન છે તેના

---

૧૫૯. ૧. દ્રવ્યાનુયોગવિષયક-ધર્મસંગ્રહણી આદિ, ૨. ગણિતાનુયોગ સંબંધી-ક્ષેત્રસમાસટીકા આદિ, ૩. ચરણકરણાનુયોગને લગતા-પંચવસ્તુ ધર્મબિન્દુ આદિ અને ૪. ધર્મકથાનુયોગવિષયક-સમરાઇચ્ચકહા, આદિ, ગ્રંથ મુખ્ય છે.

૧૬૦. અનેકાન્તજયપતાકા, ષડ્દર્શનસમુચ્ચય, શાસ્ત્રાવાર્ત્તાસમુચ્ચય.

૧૬૧. ગોપેન્દ્ર (યોગબિન્દુ શ્લોક ૨૦૦), કાલાતીત (યોગબિન્દુ શ્લોક ૩૦૦), પતંજલિ, ભદન્તભાસ્કરબન્ધુ, ભગવદત્ત(ત્ત)વાદી (યોગદૃષ્ટિસમુચ્ચય શ્લોક ૧૬ ટીકા)

૧૬૨. યોગનિર્ણય આદિ (યોગદૃષ્ટિ૦ શ્લોક ૧ ટીકા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવર્ત્તક ભગવાન્ મહાવીરે બાર વર્ષથી અધિક સમય મૌન ધારણ કરી માત્ર આત્મચિન્તનદ્વારા યોગાભ્યાસમાંજ મુખ્યપણે જીવન ગાળ્યું તેમના હજારો શિષ્ય શિષ્યા એવાં હતા કે જેમણે ઘરબાર છોડી યોગાભ્યાસદ્વારા સાધુજીવન ગાળવાનું પસંદ કર્યું હતું. આગમોમાં-સાધુચર્યાનું વર્ણન છે તે જોવાથી જણાશે કે પાંચ યમ, તપ, સ્વાધ્યાય આદિ નિયમ, ઈન્દ્રિય-જય રૂપ પ્રત્યાહાર ઈત્યાદિ જે યોગના ખાસ અંગ છે તેને સાધુજીવનના એક માત્ર પ્રાણ માનેલ છે (જુઓ **આ**ચારાંગ, **સૂ**ત્રકૃતાંગ, **ઉ**ત્તરાધ્યયન, **દ**શવૈકાલિક, **મૂ**લાચાર વગેરે) જૈન શાસ્ત્રમાં યોગપર ત્યાં સુધી ભાર આપ્યો છે કે પહેલા તો તે મુમુક્ષઓને આત્મચિંતન સિવાયનાં બીજાં કાર્યોમાં પ્રવૃત્તિ કરવાની સંમતિજ આપતું નથી અને અનિવાર્યપણે પ્રવૃત્તિ કરવી આવશ્યક હોય તો તે નિવૃત્તિમય પ્રવૃત્તિ કરવાનું કહે છે આ નિવૃત્તિમય પ્રવૃત્તિનું નામ તેમાં અષ્ટપ્રવચનમાતા છે (પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ-જુઓ ઉત્તરાધ્યયન અ૦ ૨૪). સાધુજીવનની દૈનિક અને રાત્રિચર્યામાં ત્રીજા પ્રહર સિવાયના બીજા ત્રણે પ્રહોરમાં મુખ્યપણે સ્વાધ્યાય અને ધ્યાન કરવાનું કહ્યું છે. (ઉત્તરાધ્યયન અ૦ ૨૬). આ ખાસ લક્ષમાં લેવાનું છે કે જૈન આગમોમાં યોગ અર્થમાં પ્રધાનપણે ધ્યાનશબ્દ લગાડ્યો છે. ધ્યાનનું લક્ષણ, ભેદ પ્રભેદ આલંબન આદિનું વિસ્તૃત વર્ણન અનેક આગમોમાં છે (**સ્થા**નાંગ અ૦ ૪ ઉદ્દેશ ૧; **સ**મવાયાંગ સ૦ ૪ **ભ**ગવતીશતક ૨૫ ઉ. ૭, ઉત્તરાધ્યયન અ૦ ૩૦ ગાથા ૩૫.) આગમ પછી નિર્યુક્તિ આવે છે તેમાં આગમગત ધ્યાનનું જ સ્પષ્ટીકરણ છે (**આ**વશ્યક નિર્યુક્તિ કાયોત્સર્ગ અધ્યયન ગા. ૧૪૬૨ થી ૧૪૮૬.) વાચક **ઉ**માસ્વાતિકૃત **ત**ત્ત્વાર્થસૂત્રમાં પણ ધ્યાનનું વર્ણન (અ૦ ૯ સૂ૦ ૨૭)છે, પરંતુ તેમાં આગમ અને નિર્યુક્તિથી વિશેષ નથી. **જિ**નભદ્ર ગણિના ધ્યનશતકમાં ઉક્ત આગમાદિ ગત ધ્યાનનું માત્ર સ્પષ્ટીકરણ છે.

૨૨૮. હવે **હ**રિભદ્રસૂરિએ આ શૈલીને એકદમ બદલી તત્કાલીન પરિસ્થિતિ અને લોકરૂચિ અનુસાર નવીન પરિભાષા આપીને અને અપૂર્વ વર્ણન શૈલી વાપરી જૈન યોગસાહિત્યમાં નવો યુગ ઉપસ્થિત કોર્યો છે. તેના પુરાવા તરીકે રચેલા **યો**ગબિન્દુ, **યો**ગદૃષ્ટિસમુચ્ચય, **યો**ગવિંશિકા, **યો**ગશતક, અને **ષો**ડશક એ ગ્રન્થો પ્રસિદ્ધ છે. આ ગ્રન્થોમાં તેમણે માત્ર જૈનમાર્ગાનુસાર યોગનું વર્ણન કરીને સંતોષ માન્યો નથી પરંતુ **પા**તંજલ યોગસૂત્રમાં વર્ણવેલી યોગપ્રક્રિયા અને તેની ખાસ પરિભાષાઓની સાથે જૈનસંકેતોને પણ સરખાવેલ છે. **યો**ગદૃષ્ટિ સમુચ્ચયમાં[૧૬૩] આઠ દૃષ્ટિનું જે વર્ણન છે તે આખા યોગસાહિત્યમાં એક નવીન દિશા છે. આ સૂરિના યોગવિષયી ઉક્ત ગ્રન્થો તેમની યોગાભિરૂચિ અને યોગવિષયક વ્યાપક બુદ્ધિના ખાસ નમૂના છે. (પંડિત **સુ**ખલાલનો યોગદર્શન પર નિબંધ)

૨૨૯. "**હ**રિભદ્રસૂરિ મહાન્ સિદ્ધાંતકાર અને દાર્શનિક વિચારક તો હતાજ પણ તે ઉપરાંત મહાન્ કવિ પણ હતા, એમ જૈન પરંપરા જણાવે છે. પોતાની કવિત્વ શક્તિનો પરિચય મળે એવાં કથા ચરિતો આખ્યાનો વગેરે કેવાં લખ્યા હશે તે તો ઉપલબ્ધ ગ્રન્થ નામાવળી પરથી વિશેષ જાણી

---

૧૬૩. આ આઠ દૃષ્ટિઓપર ૧૮ મા શતકમાં થયેલ યશોવિજયજીએ ૨૧ થી ૨૪ એમ ચાર દ્વાત્રિંશિકા સંસ્કૃતમાં રચી છે અને સાથે સંસ્કૃત ન જાણનારા માટે આઠ દૃષ્ટિઓની સજ્ઝાય (સ્વાધ્યાય) ગૂજરાતી ભાષામાં બનાવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકાય તેમ નથી. કથાકોષ, ધૂર્તાખ્યાન, મુનિપતિ ચરિત્ર, યશોધરચરિત્ર, વિરાંગદ કથા અને સમરાદિત્ય-કથા, આટલી કથાસાહિત્યની કૃતિઓ એમના નામે નોંધેલી દેખાય છે, પણ તેમાં માત્ર, ધૂર્તાખ્યાન અને સમરાદિત્યકથા એ બે જ કૃતિઓ અત્યારે ઉપલબ્ધ છે, અને એ નિર્વિવાદરૂપે એમની જ બનાવેલી છે એમ માની શકાય છે. સમરાઇચ્ચ કહા એ હરિભદ્રસૂરિની કવિકલ્પનાની પ્રત્યક્ષ પ્રતિમા છે પ્રશમરસપ્રપૂર્ણ એવી એક ઉત્તમ કથા તરીકે એની પ્રશંસા પાછળના ઘણા વિદ્વાનોએ કરી છે.[૧૬૪] આને જૈનમુનિઓ ઘણા રસપૂર્વક વાંચતા અને શ્રાવકો ભાવપૂર્વક સંભળતા. એ ગ્રન્થની પ્રતો લખાવી સાધુઓને અર્પણ કરવામાં બહુ પુણ્ય માનવામાં આવતું.

૨૩૦. 'આમાં કથા મૂકી તે દ્વારા હરિભદ્રસૂરિએ જૈનસિદ્ધાંત પ્રમાણે કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા, દ્વેષ આદિ દુર્ગુણોને વશીભૂત થયેલો આત્મા કેવી હીન દશા પામી જગતમાં રઝળે છે; અને અહિંસા, સંયમ, તપ, ક્ષમા, દાન, વગેરે સદ્‌ગુણોના આચરણથી જીવાત્મા કેવી રીતે આધ્યાત્મિક વિકાસ સાધે છે, તેનાં કાલ્પનિક ચરિત્રો ઘણી ઉત્તમ રીતે આલેખી બતાવ્યાં છે.

૨૩૧. 'આ સમરાઇચ્ચકહા મુખ્ય પ્રાકૃતભાષામાં-જૈન મહારાષ્ટ્રીમાં જ રચાયેલી છે. પણ ક્વચિત્ કેટલાંક રૂપો શૌરસેનીના પણ વાપરેલાં છે. કથા સામાન્ય રીતે ગદ્યમાં લખાયેલી છે, પણ વચ્ચે વચ્ચે વિરલ પદ્યો પણ વાપરેલાં છે. પદ્યભાગમાં ઘણો ખરો આર્યા છંદોનો છે અને થોડાક બીજા છંદો પણ-જેવાકે પ્રણામી, દ્વિપદી, વિપુલા વગેરે છે. રચનાશૈલી સરલ અને સુબોધ છે. પાદલિપ્તસૂરિની તરંગવતી જેવી વર્ણનોથી અને અલંકારોથી ભરેલી નથી.વાક્યો બહુજ ટૂંકા, લાંબા સમાસોથી રહિત અને પ્રવાહબદ્ધ એક પછી એક ચાલ્યાં આવે છે અને કથાની વિગત વેગભરી રીતે આગળ વધ્યે જાય છે. જ્યાં પ્રસંગો આવે છે ત્યાં થોડાક અલંકારો પણ નજરે પડે છે. સહજસ્ફુરિત ઉપમાઓ અને અનાયાસ રચિત શબ્દાવલી ની ઝમક પણ ક્યાંક ક્યાંક મળી આવે છે, પણ સમુચ્ચય કથાપ્રવાહ ગંગાના શાંત પ્રવાહની માફક સ્થિર અને સૌમ્ય ભાવે પોતાના લક્ષ્ય તરફ વહ્યો જાય છે. પ્રાકૃત ભાષાનો સાધરાણ અભ્યાસી પણ એની ભાષા સમજી શેક છે અને એજ કારણથી એ કથા આજસુધી સારી રીતે પ્રચારમાં રહી શકી છે.''[૧૬૫] (જિનવિજયનો કુવલયમાલા પરનો લેખ.)

૨૩૨. તેમનો શ્રી મહાવીરમાર્ગમાં-અનેકાન્તદર્શનમાં અટલ વિશ્વાસ હતો. પોતાના 'લોકાતત્ત્વનિર્ણય' ગ્રન્થમાં જણાવ્યું છે કેઃ-

બંધુર્ન નઃ સ ભગવાનરયોઽપિ નાન્યે સાક્ષાત્ર દૃષ્ટતર એકતમોઽપિ ચૈષાં ।
શ્રુત્વા વચઃ સુચરિતં ચ પૃથગ્ વિશેષં વીરં ગુણાતિશયલોલતયાશ્રિતાઃ સ્મઃ ॥ ૩૨ ॥

---

૧૬૪. ઉદ્યોતનસૂરિની કુવલયમાલા પ્રસ્તાવના, ધનપાલકૃત્ત તિલકમંજરી, દેવચંદ્રસૂરિ કૃત શાંતિનાથ ચરિય અને બીજા ઘણા વિદ્વાનોએ અનેક સ્થળે એની સ્તુતિ કરી છે. જુઓ ફુટનોટ નં. ૧૫૬ હેમચંદ્રસૂરિએ પોતાના કાવ્યાનુશાસનમાં 'સકલકથા'ના નિદર્શક તરીકે સમરાદિત્યનો નામોલ્લેખ કર્યો છે.(જુઓ કાવ્યાનુશાસન પૃ.૩૪૦ સમસ્તફલાન્તેતિવૃત્તવર્ણનના સમરાદિત્યવત્ સકલકથા.)

૧૬૫. આનાં ઘણાં પૈકી એક ઉદાહરણ તરીકે સં. ૧૨૯૯ની લખેલી તાડપત્રની પ્રત ખંભાતના શાંતિનાથના ભંડારમાં છે. પી. ૩. ૧૮૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नास्माकं सुगतः पिता न रिपवस्तीर्थ्या धनं नैव तै र्दत्तं नैव तथा जिनेन न हृतं किंचित्कणादादिभिः।
किंत्वेकान्तजगद्धितः स भगवान् वीरो यतश्चामलं वाक्यं सर्वमलोपहर्तृ च यतस्तद्भक्तिमन्तो वयम्
॥ ३३ ॥

-તે (શ્રી **વી**૨) ભગવાન્ અમારા બંધુ નથી, તેમ બીજા (દેવો)શત્રુ પણ નથી. એ બધામાં એકને પણ સારી રીતે સાક્ષાત્ જોયેલ નથી. એમ જુદી જુદી જાતના વિશેષ પરમાર્થયુક્ત વચન અને ઉત્તમ ચારિત્રવાળા વીરને તેમના ગુણાતિશયપર લોલુપતા પ્રેમ થવાથી જ તેમના આશ્રિત અમે થયા છીએ.

સુગત-બુદ્ધ અમારા કંઈ પિતા નથી, તેમ અન્ય તીર્થ-દર્શનાળા અમારા શત્રુ નથી. વળી તેઓએ તથા **જિ**ને એમને કંઈ ધન અપ્યું નથી તેમ **ક**ણાદ(વૈશેષિક) આદિએ અમારૂં કંઈ હરી લીધું નથી. પરંતુ કેવળ જગતું કલ્યાણ કરનાર તે ભગવાન **વી**રનુ વાક્ય નિર્મલ છે, સર્વ દોષને દૂર કરનારૂં છે માટે તેના અમે ભક્તિવાળા છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૭ ચાવડાનો સમય. (વિ.સં. ૮૦૦ થી ૧૦૦૦)

गौर्जरात्रमिदं राज्यं वनराजात् प्रभृत्यभूत् । स्थापितं जैनमंत्र्योघैस्तद्द्वेषी नैव नन्दति ॥ -**प्रबंधचिंतामणी**

અર્થાત્- 'ગુજરાતનું આ રાજ્ય વનરાજથી માંડી જૈન મંત્રીઓથી સ્થાપિત થયું છે, તેનો દ્વેષી ટકતો નથી-ચિરકાલ કલ્યાણસમૃદ્ધિ પામી શક્તો નથી. (આ શ્લોક **રત્ન**શેખરસૂરિના **પ્ર**બંધકોષ પૈકી **વ**સ્તુપાલ પ્રબંધમાં પણ મંત્રી **વ**સ્તુપાલ અને મંત્રી **ના**ગડ સાથેના વાર્તાલાપ પ્રસંગે મૂકાયો છે.)

૨૩૩. ગૂજરાતનું **પા**ટણ વસ્યું નહોતું તે પહેલા **ભિલ્લમાલ**[૧૬૬] **શ્રી**માલનગર એક વખત ગૂર્જર

---

૧૬૬. ગુજરાતના ચૌલુક્ય (સોલંકી) સામંત પુલકેશીના ત્રૈકૂટક (કલચુરિ) સંવત્ ૪૯૦ (વિ.સં. ૭૯૫-૯૬=ઈ.સં. ૭૩૮-૩૯)ના દાનપત્રથી માલુમ પડે છે કે 'ચાવોટક(ચાવડા) અને ગુર્જર બંને ભિન્ન-ભિન્ન વંશો હતા.' જોધપૂરરાજ્યની ઉત્તર સીમાથી લઈને ભરૂચ સુધીનો બધો દેશ એક સમયે ગુર્જરોને અધીન હોવાથી 'ગુર્જરત્રા' યા ગુજરાત કહેવાયો. ઉક્ત દેશ પર ગુર્જરોનો અધિકાર ક્યારે થયો એ હજુ અનિશ્ચિત છે, તથાપિ એટલું તો નિશ્ચિત છે કે શક સં. ૫૫૦ (વિ. સં.૬૮૫ =ઈ.સ.૬૨૮)માં ગુર્જર દેશની રાજધાની ભિનમાલમાં ચાપ (ચાવડા) વંશનો રાજા વ્યાઘ્રમુખ રાજ્ય કરતો હતો. (બ્રાહ્મસ્ફુટસિદ્ધાંતની પ્રશસ્તિ) તેની પહેલાં પણ ત્યાં ઉક્ત વંશના રાજાઓનું રાજ્ય રહ્યું હોય ઉક્ત સંવત્ની ઘણી પૂર્વે ગુર્જરોનું રાજ્ય ત્યાંથી અસ્ત થઈ ચૂક્યું હતું અને તેમની સ્મૃતિના સૂચક દેશનું નામ ગુર્જરત્રા (ગુજરાત) માત્ર અવશેષ રહી ગયું હતું. આથી ગુર્જરોનું વિ.સં. ૪૦૦ થી પણ પૂર્વે યા તેની આસપાસ ભીનમાલ પર રાજ્ય રહેવાનો સંભવ હોઇ શકે છે.-**ઓ**ઝા**જી રા. ઈ.** પ્રથમ ભાગ પૃ. ૫૬.

વિક્રમની ૭મી સદી થી ૧૧મી સદી સુધીમાં રચાયેલા અનેક ગ્રન્થોમાં અને શિલાલેખોમાં ભિલ્લમાલ નગરનો ઉલ્લેખ મળે છે. પહેલાં પ્રથમ સં. ૭૩૩માં રચાયેલ **નિ**શીથચૂર્ણિમાં, પછી સં. ૮૩૫ની **કુ**વલયમાલામાં, સં.૯૬૨ની **ઉ**પમિતિભવ પ્રપંચા કથા, ૧૧મી સદીના ઉત્તરાર્ધમાં બનેલી **શા**ંત્યાચાર્યકૃત્ત **ઉ**ત્તરાધ્યયન વૃત્તિની પ્રશસ્તિમાં, જજ્જુગસુત **વા**મન (આમન)ના સં.૧૦૯૧ના શિલાલેખ જિ.૨, ૪૨૭; ના. ૧, ૯૫૭) વગેરેમાં :-

'रूप्यमयं जहा भिल्लमाले वम्मलातो'- **निशीथचूर्णि** १०-२५५.

'सिवचंदगणी अह मयहरो त्ति सो एत्थ आगओ देसा ।
सिरि भिल्लमालनयरम्मि संठिओ कप्परूक्खो व ॥ - **कुवलयमाला.**

'तत्रेयं तेन कथा कविना निःशेषगुणगणाधारे । श्री भिल्लमालनगरे गदिताग्रिममंडपस्थेन ॥ - **उपमिति० कथा.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભૂમિની રાજધાનીનું શહેર હતું તે અતિ મોટું અને પ્રસિદ્ધિ પામલું-અને હાલના ગૂજરાત અને મારવાડ ની સરહદ ઉપર આવેલું. તે વખતે ઉપર જણાવેલ સૌરાષ્ટની વલભીપુર અને ગૂજરાતના વૃદ્ધનગર (આકાશવપ્ર?) તથા ભૃગુકચ્છ (ભરૂચ) સિવાય બીજાં જાણવા જેવા મોટા નગર નહી હતા. વલભીપુર ભાંગતા ભાંગતા અમુક સૈકાઓ પછી તદ્દન તૂટી ગયું-ત્યાં બારવર્ષી દુકાળ પડેલો તેથી લોકો ભિન્નમાલ ગયેલા. જ્ઞાતિબંધારણના કાળે શ્રીમાલની રાજસત્તા અને શ્રીમાલનો વ્યાપાર ગૂજરાત અને મારવાડમાં લાંબે સુધી પથરાયેલો હતો. આથી ત્યાંના લોકો પોતાના માટે અભિમાનવાળા હોય તે સ્વાભાવિક હતું. તેમાં જૈનો મુખ્યત્વે હતા અને જૈન ધર્મનો પ્રચાર પણ ઘણા જુના કાળથી હતો. ત્યાં બ્રાહ્મણોએ, વાણીઆઓએ અને સોનીએ પોતપોતાનો જથો બાંધ્યો તે શ્રીમાળી બ્રાહ્મણો, શ્રીમાળી વાણીયા અને શ્રીમાળી સોની કહેવાયા. જૈનાચાર્યોએ તે લગભગમાં ઘણાં કુળ શ્રીમાળીના પ્રતિબોધ્યાં'-જૈન કર્યા. પૂર્વમાંથી આવેલા શ્રીમાળ નગરની પાડોશમાં આવી વસ્યા, ને પોતાના મૂળ સ્થાનની ઓળખ પ્રમાણે પ્રાગ્વાટ પૂર્વાટ-એટલે પોરૂઆડ પોરવાડ કહેવાયા. તેમનામાં શ્રીમાળીઓ ભળ્યા ને સંખ્યા વધી. પાટણનાં રાજદરબારમાં શ્રીમાળીઓ સાથે જ પોરૂઆડો કારભાર કરતા જણાય છે એટલે બંને ગૂજરાતમાં સાથે આવ્યા એમ માનવાને અડચણ નથી.[૧૬૭]

૨૩૪. ડૉ હર્મન યાકોબી જણાવે છે કે "(ઉક્ત) કલ્યાણ વિજયજીના કહેવા મુજબ આ. હરિભદ્રે પોરવાલોની (પોરૂવાડ, પ્રાગ્વાટ) જાતિને સંગઠિત કરી, અને એમને જૈન બનાવ્યા. હવે નેમિનાહ ચરિયં માંથી આપણને એમ જાણવાને મળે છે કે પોરવાલ જાતિ પ્રથમ શ્રીમાલમાં ઉત્પન્ન થઈ હતી, અને એ જાતિના (શ્રીમાલપુરમાં ઉત્પન્ન થયેલ) નિમય નામના એક સૈનિક માણસને(ગાંભૂ ગામથી) વનરાજે (ઈ.સ. ૭૪૬-૮૦૬) પોતાની નવી રાજધાની અણહિલ્લ પાટણમાં વસવા માટે આમંત્ર્યો, અને ત્યાં તેણે વિદ્યાધરગચ્છ માટે ઋષભદેવનું મંદિર બંધાવ્યું. પોરવાલની જાતિને સંગઠિત કરનાર હરિભદ્રસૂરિ વિદ્યાધર ગચ્છના જ હતા એટલે સંભવ છે કે એ જાતિ આ ગચ્છ તરફ કોઈક પ્રકારની વફાદારી ધરાવતી હોય.[૧૬૮]

૧૧મી સદી પછી 'શ્રીમાલ' એ નામ આ નગર માટે વપરાવા લાગેલું હોય એમ જણાય છેઃ જુઓ આ. હેમચંદ્રકૃત દ્વ્યાશ્રય કાવ્ય (સ. ૫, શ્લો. ૪૫) તથા તે પર અભયતિલકની વ્યાખ્યા, પ્રભાવકચરિત્ર, સં. ૧૩૩૩નો શિલાલેખ જિ.૨.૪૦૨, પ્રબંધ ચિંતામણિ પછી ૧૫ મી સદી બાદ ભિલ્લમાલનું અપભ્રંશરૂપ ભિન્નમાલ નામ વપરાશમાં આવ્યું લાગે છે.

-મુનિ કલ્યાણવિજય કૃત-**'જૈન ધર્મકી મહત્તા'** પૃ.૨૮ ટિપ્પણ, તથા પં. લાલચંદનો લેખ નામે **'સિદ્ધરાજ અને જૈનો.'**

૧૬૭. સ્વ. મણિલાલ બકોરભાઈ વ્યાસકૃત **'શ્રીમાળી (વાણીઆ)ઓના જ્ઞાતિભેદ'** પ્ર૦ ચીમનલાલ ખુશાલચંદ મોદી હરિપુરા જૈન બંધુ મંડળ સુરત. સં. ૧૯૭૭ મુનિ કલ્યાણવિજયજી જણાવે છે કે 'પ્રાગ્વોટોની ઉત્પત્તિ અગર એ નામ ગંગાની ઘાટીઓમાં આવેલ પ્રાચીન કલાના 'પ્રાગ્વટ' પુરથી થઇ શકે એમ મ્હેં કલ્પના કરેલી છે. વધારે કંઇ પુરાવો નથી. દસા, વીસાના સંબંધમાં વિચાર કરેલ નથી.'-તેમનો પત્ર તા. ૩૦-૧૧-૨૮

૧૬૮. સમરાઇચ્ચ કહા પ્રસ્તાવના.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૩૫. ચાવડા વંશમાં મહાપરાક્રમી રાજા **વ**નરાજે **પં**ચાસરથી સં. ૮૦૨માં **પા**ટણ-**અ**ણહિલ્લપુર પાટણ સ્થાપ્યું. તે રાજાની બાલ્યાવસ્થામાં ચૈત્યવાસી જૈન સાધુ[૧૬૯] **શી**લગુણસૂરિએ-બીજા મત પ્રમાણે દેવચંદ્ર સૂરિએ[૧૭૦] આશ્રય આપી તેને પોષેલ હતો; તે સૂરિએ વનરાજનો પંચાસરમાં રાજ્યાભિષેક કર્યો. તે ઉપકારના બદલામાં વનરાજે સંપ્રદાયવિરોધના ભયથી પાટણમાં ફક્ત ચૈત્યવાસીઓએજ રહેવું અને બીજા શ્વેતામ્બર જૈન સાધુઓએ ત્યાં રહેવું નહીં એવો લેખ કરી આપ્યો હતો.[૧૭૧] **પં**ચાસરા **પા**ર્શ્વનાથની પ્રતિષ્ઠા કરનાર **વ**નરાજ હતો. બીજું **વ**નરાજે પોતાના પ્રધાન-મંત્રીનું પદ **ચં**પા નામના જૈન વણિક ને આપ્યું હતું અને તે **ચં**પા મંત્રીએ પાવાગઢ પાસે નું ચાંપાનેર વસાવ્યું હતું. **વ**નરાજને રાજ તિલક કરનાર **શ્રી**દેવી પણ જૈન હતી; **વ**નરાજે **શ્રી**માલપુરથી **ગાં**ભૂમાં વસેલ **ની**ના શેઠને પાટણમાં લાવી તેના પુત્ર **લ**હિર નામાના શ્રાવકને દંડનાયક (સેનાપતિ) નીમ્યો હતો, (આ નીના શેઠ તેમજ ઉપરોક્ત નિયમ શેઠે કે જેણે પાટણમાં ઋષભ જૈન મંદિર કરાવ્યું હતું), અને તેનો અન્ય મંત્રી **જાં**બ (**જાં**બ અને **ચં**પાશેઠ એકજ હશે?)પણ શ્રીમાળી જૈન હતો. ઉક્ત **લ**હિર **વ**નરાજ પછીના બીજા ત્રણ રાજાઓ થયા ત્યાં સુધી દંડનાયક રહ્યો અને તેનો પુત્ર (? પરંપરામાં) **વી**ર થયો (કે જેના પુત્ર **વિ**મલમંત્રી માટે આગળ કહેવાશે.)

૨૩૬. આ પરથી જણાશે કે પાટણમાં શરૂઆતથી શ્રાવકો કારભારીઓ-મંત્રીઓ અને સેનાપતિ તરીકે આગળ પડતાં હતા અને શ્રાવકો કરતા કરાવતા હતા. આના પરિણામે જ **મા**રવાડમાંથી સંખ્યાબંધ જૈનો ગૂજરાતમાં આવી વસ્યા ને ગૂજરાતમાં વાણિયાની વસ્તી વધી.[૧૭૨]

દાક્ષિણ્યાંકસૂરિ-ઉદ્યોતનસૂરિ

दक्खिन्नइंदसूरिं नमामि वरवण्णभासिया सगुणा । कुवलयमाल व्व महाकुवलयमाला कहा जस्स॥

- દેવચંદ્રસૂરિ-શાંતિનાથચરિય.

-જેમની મોટી **કુ**વલયમાલા કથા કુવલયમાલાની પેઠે ઉત્તમવર્ણભાષિત ગુણવન્તી છે તે દાક્ષિણ્યઇંદ્રસૂરિને નમું છું.

---

૧૬૯. સરખાવો श्री चापोत्कटवंशोद्भव महाराजश्री वनराजगुरु श्रीनागेन्द्रगच्छे श्रीशीलगुणसूरि शिष्य श्री देवचन्द्रसूरिमूर्त्तिः-શિલાલેખ નં. ૫૧૦ **જિ**૦ ૨ જુઓ તે **શી**લગુણસૂરિ સંતાનીય **દે**વચન્દ્રસૂરિનો સં. ૧૩૦૧ નો લેખ નં. ૫૧૯. **જિ**.૨.

૧૭૦. पुरा श्री वनराजो भूच्चापोत्कटवरान्वयः॥
स बाल्ये वर्द्धितः श्रीमद्देवचंद्रेण सूरिणा। नागेंद्रगच्छभूद्धारप्राग्वराहोपमास्पृशा ॥ **પ્ર. ચ.** પૃ. ૨૬૫

૧૭૧. चैत्यगच्छयतिव्रातसंमतो वसतान्मुनिः । नगरे मुनिभिर्नात्र वस्तव्यं तदसंमतैः। **પ્ર. ચ.** પૃ. ૨૬૬

૧૭૨. કવિશ્રી **ન્હા**નાલાલે વંથલી જૈન પરિષદ્-પ્રતિષ્ઠોત્સવ વખતે જણાવ્યું હતું કે "**પં**ચાસરનું રાજ્ય **વ**નરાજના હાથમાં હતું તેને **શી**લગુણસૂરિનો આશ્રય મુખ્ય હતો જો તેમ ન થયું હોત તો **પા**ટણ તથા **સો**લંકી રાજ્ય હોત નહિ, એટલું જ નહિ પણ **ગુ**જરાતના પાટનગર તરીકે સાત સૈકા સુધી (પાટણ) રહ્યું તે જૈનોને જ આભારી છે, કેમકે પાટણમાં રહી જૈનોએ શું કર્યું તે માટે સાત સૈકાના ઇતિહાસમાંથી ઘણું મળે છે.'**જૈન**' ૨૭-૬-૨૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૩૭. સં. ૮૩૪ (શક ૬૯૯)ના છેલ્લા દિવસે[૧૭૩] ઉદ્યોતનસૂરિ નામના જૈનાચાર્યે પોતાનું દાક્ષિણ્યાંક સૂરિ નામ રાખી કુવલયમાલા નામની પ્રસિદ્ધ કથા પ્રાકૃતમાં રચી. 'એ કથા પ્રાકૃત સાહિત્યમાં એક અમૂલ્ય રત્ન સમાન છે તે ચંપૂના ઢબની છે. તેની રચના શૈલી બાણની કાદંબરી કે ત્રિવિક્રમ કવિની દમયંતિ કથા જેવી છે. કાવ્યચમત્કૃતિ ઉત્તમ પ્રકારની અને ભાષા ઘણીજ મનોરમ છે. પ્રાકૃત ભાષાના અભ્યાસીઓ માટે તો આ એક અનુપમ ગ્રંથ છે. એ કથામાં કવિએ કૌતુક અને વિનોદને વશીભૂત થઈ મુખ્ય પ્રાકૃત ભાષા સિવાય અપભ્રંશ અને પૈશાચી ભાષામાં પણ કેટલાંએક વર્ણનો કરેલાં છે કે જેમની ઉપયોગિતા ભાષાશાસ્ત્રીઓની દૃષ્ટિમાં ઘણી જ વધુ છે. અપભ્રંશ ભાષામાં લખેલાં આટલાં જૂના વર્ણનો અદ્યાવધિ બીજે ક્યાંએ પ્રાપ્ત થયાં નથી.' તેમાં કર્ત્તાએ અઢાર દેશનાં નામ આપી તેમાં બોલાતી ભાષાનો કૈંક આભાસ પણ આપેલ છે; વળી તેમાં પોતે પૂર્વ કવિઓ નામે પાદલિપ્ત, શાતવાહન, ષટ્પર્ણક, ગુણાઢ્ય, વ્યાસ-વાલ્મીકિ, બાણ, વિમલાંક, (પઉમચરિયના કર્તા); દિ૦ રવિષેણ (વિરાંગચરિત અને પદ્મપુરાણના {*પ્ર.ભા.જ્ઞા.*} કર્તા), દેવગુપ્ત, પ્રભંજન, ભવવિરહ (હરિભદ્ર) વગેરેનું સ્મરણ કર્યું છે.

૨૩૮. તેમણે પોતાનો વિશેષ પરિચય આપતાં આ ગ્રંથને અંતે જણાવ્યું છે કેઃ 'તેમણે હ્રીદેવીના દર્શનના પ્રતાપે આ કથા રચી. પોતાના સિદ્ધાંત શિખવનાર ગુરુ વીરભદ્ર નામના આચાર્ય છે, અને યુક્તિશાસ્ત્ર શિખવનાર ગુરુ હરિભદ્ર કે જેમણે બહુ શાસ્ત્ર અને ગ્રન્થનો વિસ્તાર કરી સત્યાર્થનો પ્રસાર કર્યો તે છે.' સંસારિક અવસ્થામાં કર્તા પોતાનો પૂર્વજ વગેરેનો પરિચય એમ આપે છે કે 'ત્રિકર્માભિરત એવો મહાદુવારમાં પ્રસિદ્ધ ઉદ્યોતન નામનો ક્ષત્રિય થયો કે જે ત્યાંનો તાત્કાલીન ભૂમિપતિ હતો-તેનો પુત્ર સંપ્રતિ નામે થયો કે જે વડેસર પણ કહેવાતો (?) (યા ઉદ્યોતનના પુત્ર વડેસર જેમનું બીજુ નામ કદાચિત્ સંપ્રતિ(?) હોય.) તેના પુત્ર જે ઉદ્યોતન તેણેજ આ કથાની રચના જાવાલિપુર નામના નગર કે જ્યાં (ઉક્ત) વીરભદ્રે ઋષભજિનનું મંદિર કરાવ્યું ત્યાં તે મંદિરમાં રહીને ચૈત્ર કૃષ્ણ પક્ષની ચુતર્દશીના દિવસે ભવ્યજનોને બોધ કરનારી કથા પૂર્ણ કરી. ત્યાં તે વખતે શ્રી વત્સરાજ નામે રાજા રાજ્ય કરે છે. કવિત્વના અભિમાને કે કાવ્યની બુદ્ધિએ નહિ, પણ ધર્મકથા કહેવાના આશયથી આ કથા નિબદ્ધ કરી છે. પોતે ચંદ્રકુલ(જૈન) ના અવયવભૂત-વંશજ હતા.'

૨૩૯. કથાકારે પોતાને દીક્ષા આપનાર ગુરુ તત્ત્વાચાર્ય હોવા ઉપરાંત પોતાના બે વિદ્યાગુરુઓ જણાવ્યા છેઃ- ૧ વીરભદ્ર કે જેમણે જાબાલિપુરમાં વૃષભજિન-પ્રથમ તીર્થંકરનું મંદિર બંધાવરાવ્યું હતું, તેમની પાસે જૈનસિદ્ધાન્તોનો અભ્યાસ પોતે કર્યો હતો, અને બીજા ગુરુ હરિભદ્ર પાસે તેમણે યુક્તિશાસ્ત્રોનો એટલે ન્યાયના સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો હતો. આ હરિભદ્ર તેજ પ્રસિદ્ધ હરિભદ્રસૂરિ કે જેના સંબંધી **'હરિભદ્રયુગ'** નામક પ્રકરણમાં અગાઉ જણાવાઈ ગયું છે. જાબાલિપુર[૧૭૪] (હાલુનું જાલોર-ઝાલોર)

---

૧૭૩. સગકાલે વોલીણે વરિસાણ સએહિં સત્તહિં ગએહિં । એગદિણેણૂણેહિં રइયા અવરણ્હવેલાए ॥

૧૭૪. આ જોધપુર રાજ્યના દક્ષિણ ભાગનું એક જીલ્લાનું મુખ્ય સ્થાન છે. **કન્હડદે પ્રબંધ** અને બીજી વાર્તાઓથી આપણા સાહિત્યમાં એ સ્થાન સુપરિચિત થયેલું છે. ભિન્નમાલ ભાંગ્યા પછી એ તરફના પ્રદેશનું સુરક્ષિત સ્થાન જાબાલિપુર મનાયું હતું અને તેથી અલાઉદ્દીનના જમાના સુધી મરૂભૂમિની એક રાજધાની થવાનું એને સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. એ પુરની પાસે કિલ્લાને યોગ્ય એવો દુર્ગમ અને ઉન્નત પર્વત આવેલો છે કે જેનું નામ સુવર્ણગિરિ છે અણહિલપુરના ચૌલુક્યોના રાજ દરમ્યાન ગૂજરાતના સામ્રાજ્યના ઉત્તર ભાગનું એ એક મુખ્ય અને મહત્ત્વનું થાણું હતું **જિ. વિ.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે વખતે એક જબરૂં શહેર હતું ને ત્યાં જૈનોની સારી વસ્તી હતી.

૨૪૦. તે વખતે રાજ્ય કરનાર ઉપરોક્ત **વ**ત્સરાજ તે પ્રતિહાર વંશનો મહાન સમ્રાટ, પોતાના પરાક્રમથી ઉત્તરભારતના **કા**ન્યકુબ્જના સામ્રાજ્યનો સ્વામી થયો હતો, તેમ થવા છતાં તત્કાલીન ભારતીય રાષ્ટ્રોમાં એ પ્રતિહાર વંશ પોતાની મૂળ જન્મભૂમિ કે જે ગૂર્જર હતી તેના નામેજ એટલે કે 'ગૂર્જરરાજ' ના નામેજ અનેક વર્ષો સુધી ઓળખાતો રહ્યો હતો. એ ગૂર્જરરાજવંશનો વિશેષ પ્રભાવ વધારનાર ઘણું કરીને સમ્રાટ **વ**ત્સરાજ હતો. **ભિન્ન**માલમાં ઉદ્ભવેલો અને **ક**નોજમાં ઉત્કર્ષના શિખરે પહોંચેલો ગૂર્જર-પ્રતિહારવંશ એ અસલના ગૂર્જરોના પ્રતિનિધિરૂપે હતો. આ **વ**ત્સરાજ તે તેજ કે જે [૧૭૫]શક સંવત્ ૭૦૫માં જૈન**હ**રિવંશ પુરાણના {*પ્ર.ભા.જ્ઞા.*} રચનાર **જિ**નસેન નામના દિગંબરાચાર્યે ઉલ્લેખેલ પશ્ચિમમાં રાજ્ય કરનાર વત્સરાજ છે. વત્સરાજની રાજધાની જબાલિપુર હતી. **વ**ત્સરાજના પુત્ર **ના**ગભટે કાયમને માટે **જા**બાલિપુરથી પોતાની રાજગાદી ખસેડી **ક**નોજ જેવા સુંદૂરના પ્રદેશમાં લઇ જઇને સ્થાપી.

૨૪૧. જાબાલિપુરમાં પ્રતિહાર સમ્રાટ્ **વ**ત્સરાજ રાજ્ય કરતો છતો ગૌડ, બંગાલ માલવ વગેરે દૂર દૂરના મોટા પ્રદેશોનો દિગ્વિજય કરી ઉત્તરાપથમાં મહાન્ સામ્રાજ્યની સ્થાપના કરવાનો ઉદ્યમ કરતો હતો તેજ સમયમાં ઉપર આપણે જોઈ ગયા તેમ **અ**ણહિલપુર નામનું નાનું સરખું નવું ગામ વસાવી તેનો નાનો સરખો કારભાર ચલાવતો **વ**નરાજ ચાવડો પણ **સા**રસ્વત મંડળ, **આ**નર્ત અને **વા**ગડ વગેરે આસપાસના નાના નાના પ્રાન્તોને કબજે કરી પશ્ચિમ ભારતમાં એક નવું મોટું સામ્રાજ્ય સ્થાપવાનો મનોરથ કર્યા કરતો હતો. એ **વ**નરાજ સંબંધી આ પ્રકરણને પ્રારંભેજ આપણે જોઈ ગયા.

૨૪૨. આ **ચા**વડા રાજ્યકાલના અરસામાંજ (વિ.સ. ૮૦૨ થી વિ. સં. ૮૯૬માં) **બ**પ્પભટ્ટીસૂરિ (જન્મ સં. ૮૦૦; સ્વ.૮૯૫) થાય કે જેમણે **કા**ન્યકુબ્જ(કનોજ)ના રાજા **આ**મને પ્રતિબોધી જૈન કર્યો હતો. **આ**મ રાજા તે **ક**નોજના પ્રતિહાર વંશનો **ના**ગભટ્ટ બીજો-અપરનામ **ના**ગાવલોક, કે જેનો સ્વર્ગવાસ સં ૮૯૦ માં થએલો એમ **પ્ર**ભાવક ચરિતમાં જણાવ્યું છે.[૧૭૬] તેણે અનેક દેશો જીત્યા હતા એમ **ગ્વા**લીઅરની પ્રશસ્તિ[૧૭૭] જણાવે છે. તે રાજાએ **ક**નોજમાં સો હાથ ઊંચુ જિનાલય બંધાવી અઢાર ભાર સુવર્ણ વજનની **મ**હાવીર ભ.ની પ્રતિમા તે ગુરુ પાસે પ્રતિષ્ઠિત કરાવી તથા તથા **ગો**પગિરિ (ગ્વાલીયર) પર એણે ૨૩ હાથ ઊંચી **મ**હાવીર ભ.ની પ્રતિમા સ્થાપી. વળી આ સૂરિજી **ગૌ**ડ (**બં**ગાલ) દેશની રાજધાની **લ**ક્ષણાવતીમાં આવી ત્યાંના રાજા નામે **ધ**ર્મને ઉપદેશ આપ્યો અને તેનું અને **આ**મ રાજા વચ્ચે વૈર દૂર કરી બંને વચ્ચે મૈત્રી સ્થાપી. ત્યાં **વ**ર્ધનકુંજર નામના બૌદ્ધવાદીને જીતવાથી **ધ**ર્મરાજા એ 'વાદિકુંજર કેસરી' એ નામનું

---

૧૭૫. शाकेष्वब्दशतेषु सप्तसु दिशं पंचोत्तरेषूत्तरां, पातीन्द्रायुधनाम्नि कृष्णनृपजे श्रीवल्लभे दक्षिणाम् ।

पूर्वां श्रीमदवन्तिभूभृति नृपे वत्साधिराजेऽपरां, सौर्यां (रा)णामधिमण्डले(लं) जययुते वीरे वराहेऽवति ॥

અર્થાત્- ''શક સંવત્ ૭૦૫માં જ્યારે **ઇ**ન્દ્રાયુધ નામનો રાજા ઉત્તરદિશામાં રાજ્ય કરતો હતો, શ્રી **કૃ**ષ્ણરાજનો પુત્ર શ્રી **વ**લ્લભ દક્ષિણ દિશામાં રાજ્ય કરતો હતો, તેમજ પૂર્વમાં **અ**વન્તિરાજ, પશ્ચિમમાં **વ**ત્સરાજ અને સૌર્યમંડલમાં **જ**યવરાહ રાજ્ય કરતો હતો.

૧૭૬ જુઓ તેમાં **બ**પ્પભટ્ટી પ્રબંધ પૃ.૧૨૮-૧૮૦

૧૭૭ Arch. Survey Of India 1903-4 Report પૃ. ૨૮૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બિરૂદ તે સૂરિને આપ્યું પછી તે સૂરિએ મથુરાના શૈવ વાક્પતિ નામના યોગીને જૈન બનાવ્યો ત્યાર બાદ આમ રાજાએ આ સૂરિના ઉપદેશથી વિ.સં. ૮૨૬ ના આરસામાં કનોજ, મથુરા, અણહિલ્લપુર પાટણ, સતારક નગર તથા મોઢેરા આદિ શહેરોમાં જિનાલયો બંધાવ્યા; શત્રુંજય ને ગિરનાર તીર્થની યાત્રા કરી. ગિરનારની યાત્રામાં દિગંબર અને શ્વેતાંબરો વચ્ચે તે તીર્થના હક્ક સંબંધિ ઝગડો થયો અને આ. બપ્પભટ્ટીના પ્રભાવથી તે શ્વેતાંબરતીર્થ જાહેર થયું. તેમના શિષ્ય નન્નસૂરિ તથા ગોવિન્દસૂરિના ઉપદેશથી તે આમ રાજાના પૌત્ર ભોજરાજાએ આમ રાજાથી અધિક રીતે જૈન ધર્મની પ્રભાવના કરી છે. આ ભોજ તે ભોજદેવ-અપરનામ મિહિર તથા આદિવરાહ-તે સં. ૯૦૦ થી ૯૩૮ સુધી અચૂક-અને પ્રાયઃ ૯૫૦ સુધી ગાદી પર હતો[૧૭૮] બપ્પભટ્ટિના પ્રબંધ પરથી જણાય છે કે તેમના પૂર્વજો પાંચાલ કહેવાતા અને એમનું નિવાસસ્થાન ડુવાતિથિ (પાલણપુર એજંસીમાં ધાનેરાની પાસે ડુવા) ગામ હતું. તેમના ગુરુ સિદ્ધસેનસૂરિ મોઢ ગચ્છના પ્રમુખ આચાર્ય હતા. એમના ગચ્છનાં ચૈત્યો પાટલા (શંખેશ્વર પાસેનું પાડલા), મોઢેરા, પાટણ વગેરેમાં હતાં, તેઓ તેમજ તેમના ગુરુભાઈઓ પ્રાયઃસવારીનો ઉપયોગ કરતાં હતા એ પરથી જણાય છે કે તેમનો સમય શિથિલાચારનો હતો, છતાં એમણે રાજાને પક્ષમાં રાખી જૈન સમાજ પર ઉપકાર કર્યો છે એને તેમણે પોતાનું જીવના રાજાઓની સોબતમાં ગાળી પોતાનું ઉપનામ 'રાજપૂજિત' મેળવ્યું છે. સાહિત્ય-નિર્માણમાં તેમણે સારો ફાળો આપ્યો હતો. તેમણે સાહિત્યવિષયક બાવન પ્રબંધો રચ્યાનો ઉલ્લેખ છે, તેમાં મુખ્ય પ્રબંધ **'તારાગણ'** નામોનો હતો {*તારાયણો સં. હરિવલ્લભ ભાયાણી પ્ર.પ્રા.ગ્રં.ય.*} કે જેનો ઉલ્લેખ ધનપાલ કવિએ તિલકમંજરી માં ભદ્રકીર્ત્તિકૃત 'તારાગણ' નામના ગ્રન્થ તરીકે કરેલ છે, કારણ કે ભદ્રકીર્ત્તિએ બપ્પભટ્ટિનું જ ગુરુદત્ત નામ હતું. હાલ તેમના 'ચર્તુર્વિંશતિ જિન સ્તુતિ' અને એક સરસ્વતી સ્તોત્ર સિવાય અન્ય એક પણ પ્રબંધ ઉપલબ્ધ નથી, (મુનિ **ક. પ્ર. ચ.** પ્રસ્તાવના) {*કર્મા શાહ આમરાજાના વંશમાં થયા, તપગચ્છ શ્ર.વંશવૃક્ષ, પૃ. ૫૧*}

૨૪૩. સં. ૯૧૩-૯૧૫ માં કૃષ્ણર્ષિ શિષ્ય જયસિંહસૂરિએ નાગોરમાં ઉક્ત ભોજના રાજયમાં {*ઉપદેશમાલા વિવરણ અને*} પ્રાકૃત ધર્મોપદેશમાલાવૃત્તિ રચી[૧૭૯] {*સં. લાલચંદ ગાંધી પ્ર. સિંઘી ગ્રં.*} સં. ૯૧૬ માં રાણા નવઘણના પુત્ર રાખેંગારે (જૂનાગઢમાં) રાજ પ્રાપ્ત કર્યું તેના સમયમા બલિભદ્રસૂરિએ બૌદ્ધના હાથમાંથી ગિરનાર તીર્થ વાળ્યું આ રાજા પણ પહેલાં બૌદ્ધ થયો હતો.

---

૧૭૮. આમ રાજાને ભોજદેવ માટે જુઓ ઓઝાજી કૃત **રાજપૂતાનેકા ઈતિહાસ**-પહલા ખંડ' પૃ. ૧૬૧-૧૬૨ લક્ષણવતી તે લખનઉ અને ધર્મ રાજા તે ગૌડપતિ-પાલ વંશનો પ્રતિષ્ઠાતા પુરુષ ધર્મપાલ કે જેણે સં. ૭૯૫થી ૮૩૪ સુધી રાજ્ય કર્યું હતું. (જુઓ બંગેર જાતીય ઈતિહાસ-રાજન્ય કાંડ પૃ. ૨૧૬, નાગેન્દ્રનાથ વસુનો **'લખનઉકી ઉત્પત્તિ'** નામ નો ઐતિહાસિક લેખ, તથા **'પાટલી પુત્ર'** પત્ર નો માઘ શુક્લ ૧ સં.૧૯૭૧ નો અંક) **'ગૌડવધ'** નામના પ્રાકૃત કાવ્યનો કર્ત્તા કવિ વાક્પતિ, અને આ. બપ્પભટ્ટિ સમકાલીન હતા.

૧૭૯. 'ઉ (? ધર્મો)પદેશમાલા લઘુ વૃત્તિ પ્રાકૃતા કૃષ્ણર્ષિ શિષ્ય જયસિંહસૂરિ કૃતા ૯૧૩ વર્ષે, અને ધર્મોપદેશમાલા લઘુ વૃત્તિ ૯૧૫માં વર્ષે જયસિંહીયા' એમ બૃહત્ ટિપ્પનિકામાં જણાવ્યું છે; તેની પ્રશસ્તિમાં એમ છે કેઃ- 'સંવચ્છરાણ **તા(ના)હિંવ** સએહિં **પણ્ણરસવાસ** અહિએહિં, ભદ્દવય સુદ્ધ પંચમિ બુડવારે સાઇરરક્ખંમિ સિરિ **ભોજદેવ** રાજ્યે પવટ્ટમાણંમિ જણમણાણંદે **નાગ**ઉર જિણાયતણે સમાણિયં વિવરણં એયંકા-**કી**, ૨ નં. ૩૮૨ **કા.** વડો. નં.૧૮૮ ભોજદેવ કનોજનો પ્રતિહારવંશી રાજા (See Duff,) રાજશેખર કવિના દાદો આ ભોજદેવનો રાજકવિ હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શીલાંકસૂરિ.

आयारवियारण वयण चंदियादलीयसयलसंतावो । सीलंको हरिणंकुव्व सोहइ कुमुयं वियासंतो॥

-જિનદત્તસૂરિ-ગણધરસાર્દ્ધશતક કથા ૬૦.

-આચાર (આચારાંગ)ની વિચારણા માટેની વચનચંદ્રિકાથી જેણે સકલસંતાપ દલિત કર્યો છે એવા **શી**લાંક હરિણાંક-ચંદ્રની પેઠે કુમુદને વિકસાવે છે.

गुरु र्गुजरराजस्य चातुर्विद्यैकसृष्टिकृत् । त्रिषष्टिनर सद्वृत्तकविर्वाचां न गोचरः॥ **મુનિરત્ન- અમમચરિત્ર.**

-આ(શીલાચાર્ય) ગૂર્જરરાજના ગુરુ ચાર વિદ્યામાં સર્જનકાર હતા કે જેઓ **ત્રિ**ષષ્ઠિ શલાકા પુરુષોનાં સદ્વૃત્ત રચી વાચાને આગોચર કવિ થયા છે.{*આ સ્તુતિ ક.સ.હેમચન્દ્રસૂરિની હોવાનું પં. અમૃતલાલ ભોજકનું માનવું છે. ચઉપન્ન મ.પુ. ચરિય ની પ્રસ્તાવના*}

૨૪૪. સં ૯૨૫ માં **શી**લાચાર્યે(**નિ**વૃત્તિગચ્છના **મા**નદેવસૂરિના શિષ્યે)દશ હજાર પ્રાકૃત શ્લોક પ્રમાણ **મ**હાપુરુષચરિય ગદ્યમાં રચ્યું તમાં ૫૪ મહાપુરુષોનાં ચરિત્ર છે. {*ચઉપન્ન મહાપુરુષ ચરિયં-પ્ર.પ્રા.ગ્રં. ૫. ગુ.ભાષા. આ. હેમસાગરસૂરિ પ્ર. મોતીચંદ ચોકસી*} તેનું વસ્તુ લઈ પ્રસિદ્ધ **હે**મચંદ્રસૂરિએ **ત્રિ**ષષ્ઠિશલાકા પુરુષ ચરિત સંસ્કૃતમાં રચ્યું જણાય છે આ ૪ આચાર્યે (**શી**લાચાર્ય-**શી**લાંકાચાર્યે) સં. ૯૩૩ માં (શક સં ૭૯૯) **આ**ચારાંગ સૂત્ર અને **વા**હરિ ગણિની સહાયથી **સૂ**ત્રકૃતાંગ સૂત્ર પર સંસ્કૃતમાં વૃત્તિ રચી. તેમણે તે બે સૂત્ર સહિત અગ્યારે અંગો પર ટીકા રચી હતી, તેમાંની ઉક્ત બે સૂત્રની ટીકાઓ સીવાયની નવ ટીકાઓ વિચ્છિન્ન થવાથી શ્રી **અ**ભયદેવે (જુઓ પછીનું પ્રકરણ) નવે ટીકાઓને નવી બનાવી.[૧૮૦] વળી **શી**લંકાચાર્યે રચેલી **જી**વસમાસપર વૃત્તિ પણ ઉપલબ્ધ છે. **જિ**નભદ્રગણિના **વિ**શેષાવશ્યક ભાષ્ય પર ટીકા રચનાર **કો**ટ્યાચાર્ય ઉર્ફે **શી**લાંકાચાર્ય અને **વ**નરાજના ગુરુ તરીકે પ્રસિદ્ધ થયેલા **શી**લગુણ કે **શી**લાંક નામના સૂરિ સંબંધીનો નિર્ણય અનિશ્ચિત છે.[૧૮૧]

૨૪૫. વીર સૂરિ આ સમયમાં વિદ્યમાન હતા. તેમણે **અં**ગવિદ્યાનો અભ્યાસ કર્યો હતો. (જન્મ સં ૯૩૮, દીક્ષા ૯૮૦, સ્વર્ગ૦ ૯૯૧.)[૧૮૨] આ **વી**રસૂરિનો સત્તાસમય તેમના આખા પ્રબંધમાંની વ્યક્તિઓનો સમય વિચારતાં ગલત લાગે છે. ખરી રીતે **વી**રસૂરિ-વીર ગણિ અગ્યારમી સદીના પૂર્વાર્ધમાં થયેલ વ્યક્તિ હોવા જોઈએ. તે સમયમાં **જા**લોરના પરમાર રાજા **ચં**દનના પુત્ર **દે**વરાજનું **ભી**નમાલમાં

---

૧૮૦ પ્રભાવકચરિત માં **અ**ભયદેવસૂરિ પ્રબંધ શ્લોક ૧૦૪-૧૦૫, પૃ. ૨૬૭.

૧૮૧ જુઓ **જિ**નવિજયની **જી**તકલ્પ સુત્ર પરની પ્રસ્તાવના.

૧૮૨ જુઓ **પ્ર**ભાવકચરિત શ્રી વીરપ્રબંધ પૃ. ૨૦૬-૨૧૬.

આ પ્રબંધમાં કહેલ છે કે **વી**રગણિ ભીનમાલમાં **દે**વરાજના રાજ્યમાં પ્રાગ્રહર શ્રેષ્ઠિપુત્ર હતા. **મ**થુરાથી આવેલ **વિ**મલગણિ પાસે દીક્ષા લઈ તેની પાસેથી અંગવિદ્યાનો આમ્નાય શીખ્યા. **થ**રાદ જઈ ગુરુએ કહેલ પુસ્તક મેળવી અંગવિદ્યા ભણીને મહાશક્તિશાલી તપસ્વી થયા. પાટણ તરફ જતાં **સ્થિ**રા (**રા**ધનપુર પાસેનું **થ**રા) ગામમાં વ્યંતર પાસે હિંસાનો ત્યાગ કરાવ્યો ને **પા**ટણના રાજા **ચા**મુંડરાજની મહોર છાપવાળું આજ્ઞાપત્ર પણ કઢાવ્યું, પછી પાટણમાં જતાં **વ**ર્ધમાન સૂરિ પાસેથી આચાર્યપદ મેળવ્યું, ને **ચા**મુંડરાજ અપુત્ર છે તેની ચિંતા **તે**મના મંત્રી **વી**ર (**વિ**મલશાહ ના પિતા) થી જાણતાં રાણીઓને વાસયુક્તજલ-અભિષેક કરાવવાથી ગર્ભસ્રાવનો રોગ દૂર થયો ને **વ**લ્લભરાજ વિગેરે પુત્રો તેને થયા.(જુઓ પારા ૨૭૧) વગેરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજ્ય હતું, પાટણમાં મૂલરાજ પુત્ર ચામુંડનું રાજ્ય હતું ને (ચંદ્રકુલીન) વર્ધમાનસૂરિ સં. ૧૦૮૪માં વિદ્યમાન હોવાથી તેઓ પણ સમકાલીન ઠરે છે.(મુનિ **ક. વિ. પ્ર. ચ. પ્ર.**) જુઓ ટિ. ૧૮૨.

સિદ્ધર્ષિસૂરિ

सिद्धव्याख्यातुराख्यातुं महिमानं हि तस्य कः । समस्त्युपमिति र्नाम यस्यानुपमितिः कथा ॥

—प्रद्युम्नसूरि-समरादित्य संक्षेप

-જેની ઉપમિતિ નામની કથા બેજોડ કથા શોભી રહી છે તે **સિદ્ધ**વ્યાખ્યાતાનો મહિમા કહેવાને કોણ (સમર્થ) છે?

૨૪૬. સિદ્ધર્ષિ એ મહાન જૈનાચાર્ય થયા છે. તેમણે **ઉ**પમિત (ઉપમિતિ) ભવપ્રપંચ કથા નામનો એક વિશાલ મહારૂપક ગ્રન્થ રચ્યો કે જે સમસ્ત ભારતીય સાહિત્યમાં પહેલાંમાં પહેલો રૂપક ગ્રંથ છે. એટલુંજ નહિ પણ અમે કહીએ છીએ કે સમસ્ત જગત્‌ના સાહિત્યમાં તે પ્રથમ રૂપક ગ્રન્થ છે. તેનું સાહિત્યિક મૂલ્ય પણ મહાન્ છે.[૧૮૩] તે સં. ૯૬૨ ના વર્ષના જેઠ શુદ ૫ ગુરુને પૂર્ણ થયો.[૧૮૪]

૨૪૭. તેમાં પોતે જણાવે છે કે **નિ**વૃત્તિ કુળના અને **લાટ** દેશ એટલે ગુજરાતમાં થયેલા **સૂ**ર્યાચાર્ય (**પ્ર**ભાવક ચરિત પ્રમાણે **સુ**રાચાર્ય) થયા. તેમના શિષ્ય જ્યોતિષ્ અને નિમિત્ત–શાસ્ત્રના જ્ઞાતા **દે**લ્લમહત્તર થયા. તેમના શિષ્ય **દુ**ર્ગસ્વામી થયા કે જેઓ મૂળ ધનવાન્ કીર્તિશાલી બ્રહ્મગોત્ર વિભૂષણ બ્રાહ્મણ હતા અને પછી જેમણે જૈન સાધુની દીક્ષા લીધી હતી તથા જેમણે **ભિ**લ્લમાલ (દક્ષિણ **મા**રવાડના હાલના ભીનમાળ)માં સ્વર્ગવાસ કર્યો. તેમાના શિષ્ય **સિ**દ્ધર્ષિ પોતે હતા.

૨૪૮. દુર્ગસ્વામી **સિ**દ્ધર્ષિના ગુરુ હતા અને મુખ્યત્વે કરીને તેમની અનુકરણીય ધર્મવૃત્તિ માટે સિદ્ધર્ષિ તેમની સ્તુતિ કરે છે. તે ગુરુ અને શિષ્ય બંનેને **ગ**ર્ગસ્વામીએ[૧૮૫] દીક્ષા આપી હતી. ગર્ગસ્વામી સંબંધી કંઈ હકીકત સિદ્ધર્ષિએ આપી નથી પણ **સિ**દ્ધર્ષિએ પૂજ્યભાવ રૂપે ઘણી સ્તુતિ આચાર્ય **હ**રિભદ્રની નહીં પણ પ્રાયઃ સદ્‌દર્ષિ નામના વડીલની કરી છે.

૨૪૯. તે સ્તુતિ આ પ્રમાણે છે.

'જે હરિભદ્ર ધર્મગ્રન્થો રચવામાં-સંગ્રહ કરવામાં રત છે. તથા સત્ ઉપગ્રહમાં જેમની બુદ્ધિ અખંડપણે લીન છે, તથા જેઓ પોતાના અતુલ ગુણ-સમૂહથી પોતે ગણધર હોય તેવો ભાસ આપે છે.

---

૧૮૩. ડૉ. **યા**કોબી ઉપમિતિ ભવપ્રપચાં કથા (પ્ર. બિબ્લિઓથેકા ઇંડિકા)ની અંગ્રેજી પ્રસ્તાવાના કહે છે કે 'I did find something still more important : the great literary value of the U. Katha and the fact that it is the first *allegorical* work in indian literature.'

૧૮૪. संवत्सर शतनवके द्विषष्टि सहितेऽतिलंघिते चास्याः । ज्येष्टे सितपञ्चम्यां पुनर्वसौ गुरु दिने समाप्तिरभूत् ॥ આમાં ૯૬૨ ના વર્ષને વિક્રમ સંવત્ લેતાં તેના જયેષ્ઠ શુદ **૫**ને દિને ચંદ્ર પુનર્વસુ નક્ષત્રમાં અને વાર ગુરુ આવે છે. —એજન.

૧૮૫. પ્રાચીન છ કર્મગ્રન્થો પૈકીના પહેલા કર્મગ્રન્થ નામે શતકના રચનાર **ગ**ર્ગર્ષિ આ જ હશે. ('सटीकाः चत्वारः प्राचीन कर्मग्रन्थाः' પ્ર૦ જૈન આ૦ સભાની પ્રસ્તાવના).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'જેમનું બહુવિધ મન શ્વેત કમલ અને ચંદ્ર જેવું વિશદ જોઈને હાલના જમાનાના નિર્મલબુદ્ધિ મનુષ્યો સંત પુરુષોના ગુણોના વર્ણનની સત્યતા માને છે-કબૂલ કરે છે.

'આવા હરિભદ્રસૂરિના ચરણની રજ તુલ્ય (મેં) સિદ્ધર્ષિએ ગિર્દેવી સરસ્વતીની બનાવેલી આ ઉપમિતિભવપ્રપંચા કથા સિદ્ધના નામથી કહી છે" અથવા

'ધર્મમાં મને પ્રવેશ કરાવનાર-ધર્મબોધકર આચાર્ય હરિભદ્ર છે. આ ગ્રન્થના પ્રથમ પ્રસ્તાવમાં ધર્મબોધકરનું વર્ણન છે તે ધર્મબોધકર સત્ય રીતે આચાર્ય હરિભદ્ર છે.

'જે હરિભદ્રે પોતાની અચિન્ત્ય શક્તિથી મારામાંથી કુવાસનામય ઝેરને દૂર કરીને કૃપા કરી સુવાસનારૂપ અમૃત મારા લાભ માટે શોધી કાઢ્યું છે તે હરિભદ્રસૂરિને મારા નમસ્કાર છે.

'કે જે (હરિભદ્રે) શું બનવાનું છે તેની અગમચેતી કરી મારા માટે ચૈત્યવંદન ઉપર લલિતવિસ્તરા નામની ટીકા બનાવી હોય નહિ તેમ બનાવી હતી. (જુઓ પ્રશસ્તિ)

૨૫૦. આ પરથી, તેમજ આ ગ્રન્થમાં પ્રથમ પ્રસ્તાવની પીઠિકામાં **નિ**ષ્પુણ્યક નામના ભિખારી ના ચરિત્રના રૂપકમાં **સિ**દ્ધર્ષિ સંસારી જીવને સત્ય ધર્મ પ્રાપ્ત થયાના વખતથી સંપૂર્ણ સંસાર-ત્યાગ કરતાં કેવું ધીમે ધીમે ઉંચે ચઢવું પડે છે. તેનું વર્ણન આપે છે-પછી આ **નિ**ષ્પુણ્યક ભિક્ષુક તે બીજો કોઈ નહીં પણ ભગવત્ ધર્મ પ્રાપ્ત થતાં પહેલાનો મારો પોતાનો જીવ(**मदीयो जीवः** શ્લોક ૪૬૨) છે અને પછી પોતાના જાત અનુભવની (**स्वसंवेदनसिद्धं**) વાત કહે છે અને જણાવે છે કે રૂપકમાં જે ધર્મબોધકર જણાવેલ છે તે મને ધર્મ પ્રાપ્ત કરાવનાર સૂરિ (**सूरिर्यो मत्प्रबोधकः** શ્લોક ૪૭૪) એટલે ઉપરોક્ત શ્રી **હ**રિભદ્રસૂરિ છે એમ સ્પષ્ટ થાય છે. આ **હ**રિભદ્રસૂરિ **સિ**દ્ધર્ષિના સાક્ષાત્ ગુરુ નથી પણ પરોક્ષ ધર્મબોધકર હતા કારણકે તેમની **લ**લિતવિસ્તરા ટીકા **સિ**દ્ધર્ષિને ધર્મ પ્રાપ્ત કરાવવામાં પછીથી નિમિત્તભૂત થઇ એમ 'એવં' શબ્દથી સિદ્ધ થાય છે. (જુઓ ટિપ્પણ ૬૮)એમ શ્રી **જિ**નવિજયે સિદ્ધ કર્યું છે.

૨૫૧. કર્ત્તાએ કથામાં પોતાનાં વર્ણનો સર્વ સાધારણ લાગુ પાડી શકાય તેમ કરવાની અને પોતાની જાતને બને તેટલી દૂર રાખવાની સંભાળ લીધી છે; પણ તે ઉપરથી સાંસારિક સંબંધ અને વૃત્તિઓ દૂર કરવાના બતાવેલા એક પછી એક પ્રયત્નો તરફ આપણો આનંદ તથા ભક્તિભાવ ઓછા થતાં નથી. બીજા સંસ્કૃત ગ્રન્થકર્ત્તાઓના કરતાં **સિ**દ્ધર્ષિની આંતરિક વૃત્તિઓનો ઈતિહાસ આપણે ઘણો મળે છે. તે પરથી આપણને **સિ**દ્ધર્ષિના સંપૂર્ણ નિખાલસપણા તથા તીવ્ર મનોભાવની ખાત્રી થાય છે એને વાચક જેમ જેમ આ પુસ્તક વાંચતો જશે તેમ તેમ તે બાબતની તેને વિશેષ ખાત્રી થતી જશે તેથી **ભા**રતના ધર્મ અને નીતિના લખનાર ગ્રંન્થકારોમાં **સિ**દ્ધર્ષિ પ્રથમ દરજ્જાના ધર્મ તથા નીતિના ગ્રન્થકર્ત્તા છે એમ આપણે ખુશીથી કબૂલ કરીએ છીએ.

૨૫૨. આ રૂપકકથાનો ગ્રન્થ તેમણે **ભિ**લ્લમાલ નગરમાં આવેલા મુખ્ય જૈન દેરાસરમાં પ્રસિદ્ધ કર્યો હતો; અને **દુ**ર્ગસ્વામીની **ગ**ણા નામની શિષ્યાએ તે ગ્રન્થની પ્રથમ પ્રત લખી હતી. આ ગ્રન્થ સંસ્કૃતમાં શા માટે લખ્યો તે સંબંધી કર્તા કહે છે કે :- 'ભાષા પ્રધાન્યને યોગ્ય બે ભાષા નામે સંસ્કૃત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પ્રાકૃત છે તેમાં સંસ્કૃત દુર્વિદગ્ધના હૃદયમાં રહેલી છે, જ્યારે પ્રાકૃત તો બાલ-સામાન્ય જીવોને સદ્‌બોધક અને કર્ણમધુર છે. છતાં પ્રાકૃતમાં રચના નથી કરી, કારણ કે સર્વને-દુર્વિદગ્ધ તેમજ બાલના ચિત્તનું રંજન કરવાનો ઉપાય હોય તો તે કરવો ઘટે તેથી તે કારણે સંસ્કૃતમાં રચી ને તે સંસ્કૃત પણ અતિ ગૂઢાર્થવાળું નહિ, લાંબા વાક્ય દંડકોવાળુ નહિં, અપ્રસિદ્ધ શબ્દોવાળું નહિ, તેથી સર્વજનને ઉચિત એવું સંસ્કૃત વાપર્યું છે.[૧૮૬] **સિદ્ધર્ષિ**નો સમય ચૈત્યવાસીઓના સામ્રાજ્યનો સમય હતો, છતાં **સિદ્ધર્ષિ** અને એમના ગુરુ, ગુરુભાઈઓ વગેરે ત્યાગ વૈરાગ્યવાન્ હતા. જો કે **સિદ્ધર્ષિ**એ પોતે **ઉપમિતિભવપ્રપંચાકથા**નું વ્યાખ્યાન મંદિરના અગ્રમંડપમાં બેસીને કર્યું હતું છતાં તે સુવિહિત સાધુ હતા. ચૈત્યમાં ધર્મોપદેશ કરનારને ચૈત્યવાસી માની લેવાની કોઈ ભૂલ ન કરે. જિનમંદિરમાં બેસીને ધર્મોપદેશ કરવો, એ પ્રત્યેક સાધુનો શાસ્ત્રવિહિત અધિકાર છે નૂતન ગચ્છસૃષ્ટિ પહેલાં ચૈત્યવાસી કે સુવિહિત સાધુ દરેક, જિનચૈત્યના અગ્ર મંડપમાં બેસીને ધર્મકથા કરતા હતા, પણ નૂતન ગચ્છપ્રવર્તકોએ અનેક પ્રવૃત્તિઓની જેમ આ પ્રવૃત્તિને પણ ચૈત્યવાસીઓની પ્રવૃત્તિ માનીને એનો નિષેધ કરવા માંડ્યો. ત્યાર પછી ધીરે ધીરે આ પ્રવૃત્તિ બંધ પડી ગઈ. (મુનિ **કલ્યાણવિજય પ્ર. ચ. પ્ર.**)

૨૫૩. આ **ઉપમિતિ** ગ્રંથ ઉપરાંત **સિદ્ધર્ષિ**એ શ્રી **ચંદ્ર**કેવલિ ચરિત્ર[૧૮૭] કે જે મૂળ પ્રાકૃતમાં હતું તે સંસ્કૃતમાં કર્યું (ગુમ) ૫૯૮ના વર્ષમાં એટલે વિ.સં. ૯૭૪માં. વળી તેમણે **ધર્મ**દાસગણિકૃત પ્રાકૃત **ઉપદેશ**-માળા પર સંસ્કૃત વિવરણ-ટીકા લખેલ છે આ ગ્રંથ બે જાતનો છેઃ- એક ઘણી કથાઓવાળો મોટો[૧૮૮] અને બીજો લઘુવૃત્તિ નામનો નાનો ગ્રંથ[૧૮૯] આ સંસ્કૃત વૃત્તિ અતિઉપયોગી છે.[૧૯૦] વળી **સિદ્ધ**સેન દિવાકરકૃત

---

૧૮૬. संस्कृता प्राकृता चेति भाषे प्राधान्यमर्हतः। तत्रापि संस्कृता तावद् दुर्विदग्धहृदि स्थिता ॥ ५१ ॥
बालानामपि सद्‌बोधकारिणी कर्णपेशला । तथापि प्राकृता भाषा न तेषामपि भासते ॥ ५२ ॥
उपाये सति कर्त्तव्यं सर्वेषां चित्तरञ्जनम् । अतस्तदनुरोधेन संस्कृतेयं करिष्यते ॥ ५३ ॥
न चेयमतिगूढार्था न दीर्घैः वाक्यदण्डकैः । न चाप्रसिद्धपर्यायैस्तेन सर्वजनोचिता ॥ ५४ ॥ उ. भ. कथा.

૧૮૭. આની પ્રત વડોદરામાં (છાણીમાં)પ્રવર્ત્તક શ્રી **કા**ન્તિવિજયજીના ભંડારમાં છે. તેની પ્રશસ્તિમાં એમ છે કેઃ-

वस्वङ्केषु (५९८) मिते वर्षे श्री सिद्धर्षिरिदं महत् । प्राक् प्राकृतचरित्राद् धि चरित्रं संस्कृतं व्याघात् ॥

આ શ્લોક ટાંકી ડા. મિરોનો (Mironow) **સિદ્ધર્ષિ** પરના ૧૯૧૧ના એક નિબંધમાં જણાવે છે કે આ ૫૯૮નું વર્ષ ગુમ સંવતનું સમજવું ઘટે. તેનો વિક્રમ સંવત્ ૯૪૭ અને ઈ.સ. ૯૧૭ થાય કે જે **ઉપમિતિભવપ્રપંચ** કથાના રચ્યા સં. ૯૬૨ સાથે બરાબર બંધ બેસે.

૧૮૮. પી.રી.ઉ.૧૭૨. *{આમાં કથાઓ પ્રાકૃતમાં આ.વર્ધમાનસૂરિએ લખેલી છે. સંપાદક આ. મુનિચંદ્રસૂરિ પ્ર. જિનશાસન આરાધના ટ્રસ્ટ}*

૧૮૯ પી.રી.ઉ. ૧૩૦.

૧૯૦. ડો.**યા**કોબી કહે છે કે 'હું આશા રાખુ છું કે કોઈ વિદ્વાન કથાઓ સાથે તે વિવરણ પ્રસિદ્ધ કરવા પ્રયત્ન કરશે. ગ્રંથકર્ત્તાની કીર્ત્તિ અને ગ્રન્થનો સમય જોતાં તે વિવરણનો ગ્રન્થ અંધારામાંથી બહાર લાવવા માટેના ખાસ કારણો છે'

कृतिरियं जिन-जैमिनि-कणभुक्-सौगतादिदर्शनवेदिनः सकलग्रंथार्थनिपुणस्य श्री सिद्धर्षे र्महाचार्यस्येति એટલે કે જૈન, જૈમિનીય, કણાદ-સાંખ્ય, સૌગત-બૌદ્ધ આદિ દર્શન જાણનાર સકલ ગ્રંથોના અર્થથી નિપુણ એવા શ્રી **સિદ્ધર્ષિ** મહાચાર્યની આ કૃતિ છે, એમ ગ્રંથના અંતે જણાવ્યું છે કે આ પર **વર્ધ**માનસૂરિએ કથાનક યોજેલ છે. પી. ૫, પરિ. પૃ ૫૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન્યાયાવતાર ગ્રંથ ઉપર **સિદ્ધ** વ્યાખ્યાનિક કૃત વૃત્તિ પણ તેમની છે.[૧૯૧] **તત્ત્વા**ર્થાધિગમ સૂત્ર પર વૃત્તિના રચનાર **સિદ્ધર્ષિ**(?) જુદા છે[૧૯૨] અને તેજ મુજબ **સિદ્ધ**યોગમાળા અને **દ્વાદ**શાર **નય**ચક્ર એ બંને પરના વૃત્તિકાર **સિદ્ધર્ષિ** આ **સિદ્ધર્ષિ**થી ઘણું કરી જુદા છે.

૨૫૪. આ **સિદ્ધર્ષિ** સંબંધીનો પ્રબંધ **પ્ર**ભાવકચરિતમાં (પૃ. ૧૯૭-૨૦૫) છે. તેમાં તેમના ગુરુપરંપરાની તથા **હ**રિભદ્રસૂરિ સાથેના તેમના સંબંધની હકીકત તથા **મા**ઘકવિ સાથેના સગપણ વગેરેની હકીકત આવે છે.[૧૯૩]

૨૫૫. સં ૯૭૫ માં (બૃ.ટિ) નાઇલ્લ (નાગેંન્દ્ર) કુલના આચાર્ય **સ**મુદ્રસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય **વિ**જયસિંહસૂરિએ પ્રાકૃત ભાષામાં ૮૯૧૧ ગાથાબદ્ધ **ભુ**વનસુન્દરી કથા રચી. પી. ૧, ૩૮. (સં. શીલચન્દ્રસૂરિ પ્ર.પા.ગ્રં.પ.)

૨૫૬. પ્રાયઃ આ દશમા શતકમાં **સ**જ્જન ઉપાધ્યાયના શિષ્ય **મ**હેશ્વરસૂરિએ **પં**ચમી માહાત્મ્ય (**જ્ઞા**નપંચમી કથા પા. સૂચિ નં ૪૦(નાણપંચમી કહા પ્ર.સીંધીગ્રં.)) પ્રાકૃતમાં રચ્યું. પ્રાકૃતમાં રચવા માટેનો ઉદ્દેશ પોતે જણાવે છે કેઃ-

''મંદબુદ્ધિવાળા જીવો સંસ્કૃત કાવ્યના અર્થને જાણી શકતા નથી. તેથી મંદ અને મેધાવી સર્વ કોઇ ને સુખે બોધ થઇ શકે એવું આ પ્રાકૃત કાવ્ય રચ્યું છે.''

''ગૂઢ અર્થવાળા દેશી-પ્રાકૃત શબ્દોથી રહિત સુલલિત-અત્યંત સુંદર વર્ણોથી રચાયેલ રમણીય પ્રાકૃત કાવ્ય આ લોકમાં સુખકર નથી થતું ?

વળી આ સિદ્ધર્ષિની વૃત્તિ પરથી જ ગાથાર્થ લઈને **રત્ન**પ્રભસૂરિએ સં. ૧૨૩૮માં **ઉ**પદેશમાલા વૃત્તિ રચી છે. કે જેની અંતે સિદ્ધર્ષિને 'વ્યાખ્યાતૃચૂડામણિ' યથાર્થ પણે કહેલ છેઃ

૧૯૧. કારણ કે **સિદ્ધર્ષિ** ને **વ્યા**ખ્યાતૃ નું બિરૂદ હતું. (**પ્ર**ભાવકચરિત શૃંગ ૧૪ શ્લો ૯૭; પી.૩ પૃ. ૧૬૮)અને પોતાના બનાવેલા બે ગ્રંથના છેડે તેઓ सत्साधुभिः कृतकृपैर्मयि शोधनीयं એ શબ્દો લખે છે ને તેવું જ વાક્ય આ વૃત્તિના અંતે પણ છે.

૧૯૨. જુઓ **જૈન ગ્રંથાવલી** પૃ.૭૨ ટિપ્પણ ડ. તેમનું ખરું નામ **સિદ્ધસેન** છે. પી.૩,૩૮ કે જેમાં તેમણે **દિ**ન્નગણિ-**સિંહ**સૂરિ-**ભા**સ્વામીના શિષ્ય પોતે હોવાનું જણાવ્યું છે.

૧૯૩. આ **પ્ર**ભાવક ચરિતની હકીકત ડૉ. **યા**કોબી સાચી માનતા નથી. જુઓ ડૉ. **યા**કોબીની ઉપમિતિભવપ્રપંચકથા(બિબ્લિઓથેકા ઇંડિકાની આવૃત્તિ) પરની પ્રસ્તાવના, કે જેમાં આ **સિદ્ધર્ષિ**ની ઘણી ખરી હકીકત મળશે ને તેના સારનો ઉપયોગ અહીં કરવામાં આવ્યો છે.

મુનિ **કલ્યા**ણવિજય પણ કવિ **મા**ઘ સાથેના સગપણની વાત સાચી નથી ગણાતા. તેઓ કહે છે કે **રા**જા **વ**ર્મલાતનો સત્તાસમય **વ**સન્તગઢના એક લેખથી વિક્રમની સાતમી સદી સિદ્ધ છે; તે રાજાના મંત્રી ના બે પુત્રો પૈકી એકનો પુત્ર કવિ **મા**ઘને બીજાનો તે **સિદ્ધર્ષિ** ગણાવેલ છે તો તે મંત્રીના પૌત્ર કવિ માઘનો સમય સાતમી સદીના અંતમાં માનીએ, તોયે **સિદ્ધર્ષિ**નો સમય દશમી સદીનો મધ્ય માગ નિર્ણિત છે. તેથી એક બીજાથી લગભગ અઢીસો વર્ષને આંતરે થયેલ માઘ અને સિદ્ધર્ષિને પિતરાઇ ભાઇ કેવી રીતે માની શકાય તે પ્રબંધકાર જ જાણે. અમારા વિચાર પ્રમાણે તો આ હકીકત કેવળ દંતકથા છે અને એમાંથી જો કંઇ પણ સારાંશ ઢૂંઢીયે તો એટલોજ નીકળી શકે કે સિદ્ધર્ષિ બૌદ્ધતર્કશાસ્ત્રનો અભ્યાસ કરવા (**મ**હાબોધનગરમાં-**ત**ક્ષશિલા કે **ના**લંદા વિશ્વવિદ્યાલયમાં)જાય છે. અને ત્યાં બૌદ્ધધર્મની દીક્ષા ગ્રહણ કરે છે, પણ વચનબદ્ધ હોવથી તે એકવાર પોતાના મૂલ ગુરુ પાસે આવે છે અને ગુરુ તેમને આચાર્ય **હ**રિભદ્રની **લ**લિતવિસ્તરા નામની ચૈત્યવંદન સૂત્રવૃત્તિ વાંચવા આપે છે; જેથી **સિદ્ધર્ષિ**નું મન પાછુ જૈન દર્શનમાં સ્થિર થાય છે.-આ બધી હકીકત ઐતિહાસિક છે એમાં કંઇ પણ શંકા જેવું નથી (**પ્ર. ચ. પ્ર.**)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"પરોપકાર- પરાયણ પુરુષે આ લોકમાં પ્રાકૃત ભષા ભણવી-બોલવી જોઈએ, કે જે ભાષા વડે સર્વ કોઈ મન્દ બુદ્ધિવાળા જીવોને પણ વિશેષ બોધ થઈ શકે છે."

૨૫૭. આમાં ગ્રન્થકારે જ્યેષ્ઠ પંચમી અને લઘુ પંચમી એવા બે પ્રકાર, જ્ઞાનની આરાધના માટે જ્ઞાનપંચમીના પાડી તે આરાધવાનો સમય, પંચમી વ્રત ગ્રહણ કરવાની વિધિ, વ્રત પૂર્ણ થયે કરવાનું ઉજમણું અને આ વ્રત આરાધવાથી પહેલા **જ**યસેન-છેલ્લા **ભ**વિષ્યદત્ત એમ દશ જણને સૌભાગ્ય વગેરે દશ પ્રકારનાં ફળ પ્રાપ્ત થયાં તે ૧૦ કથાઓ આપી છે. આની પ્રત સં.૧૦૦૯ની તાડપત્ર પર લખાયેલી જેસલમેર ભડારમાં હતી એવો ઉલ્લેખ મળે છે.(આ પૈકી **ભ**વિષ્યદત્ત કથા પરથી ધર્કટ વણિક-ધનપાલે અપભ્રંશમાં **ભ**વિસ્સયત્ત કહા-પંચમી રચી જણાય છે.)**સં**યમમંજરી નામનું અપભ્રંશમાં કાવ્ય રચનાર **મ**હેશ્વરસૂરિ પ્રાયઃ આના કર્તા હોય.

૨૫૮. 'વિ.સં ની ૧૦ મી શતાબ્દી આસપાસથી કુટિલ લિપિમાંથી નાગરી લિપિ બનવા લાગી કે જે હાલ પ્રચલિત છે.[૧૯૪]

૨૫૯. પ્રાકૃતના એક રૂપાન્તરથી 'અપભ્રંશ' ભાષા બની જેમાંથી હિંદી, ગુજરાતી, તથા રાજપૂતાની ભાષાઓની ઉત્પત્તિ થઈ. તે ભાષાનું પ્રાચીન સાહિત્ય વિ. સં. ની દશમી શતાબ્દીની આસપાસથી મળે છે;[૧૯૫] પત્તો લગાડતાં જણાય છે કે તે અપ્રભંશ સાહિત્ય ૮મી સદી પૂર્વથી મળે છે. કે જે 'અપભ્રંશ સાહિત્ય'નો પરિચય **'જૈ**ન ગૂર્જર કવિઓ'ના પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં બહુ વિસ્તારથી કરાવ્યો છે. છતાં અત્યારે ટુંકમાં એટલું કહેવું પડશે કે દેશી ભાષાઓની જનની અપભ્રંશ ભાષાના મૂળ પૂરાં નંખાઈ ગયાં હતાં. તે ભાષામાં ગ્રંથો વિ. સં. ૮ મા શતકથી પૂર્વે રચવા માંડ્યા એટલે તે ભાષા સાહિત્ય ભાષા થઈ ગઈ-અપભ્રંશ ભાષાનો ખરો કાળ શરૂ થયો-લોકોની બોલીચાલીની તે ભાષા પ્રૌઢ બની અને તે બદલાતાં બદલાતાં એવા સ્વરૂપમાં આવતી ગઈ કે જેમને આપણે આધુનિક ભાષા કહેવા લગ્યા છીએ તે ગૂજરાતી, હિન્દી, મરાઠી, આદિ દેશી ભાષાઓ પરિણત થઈ. આ ભાષાઓના પ્રાચીનતમ ગ્રંથો આ શતક પછી ઘણા કાળે થયેલા છે. જૂની ગૂજરાતી ૧૩ મા શતકથી યા તે પૂર્વની કહી શકાય.

૨૬૦. ચાવડાઓ જૈન યતિઓને સત્કારતા અને **ચા**વડાવંશના કુલગુરુ પણ **ચૈ**ત્યવાસી જૈન સાધુઓ હતા. એ સંબધી દુહો પણ છે કેઃ-

શિસોદિયા **સં**ડેસરા, **ચ**ઉદશિયા **ચૌ**હાણ,
ચૈત્યવાસિયા **ચા**વડા, કુલગુરુ એહ વખાણ.

૧૯૪. **ઓઝાજી. રાજપૂતાનેકા ઈતિહાસ** પ્રથમ ભાગ પૃ.૨૨

૧૯૫. **ઓઝાજી રાજપૂતાનેકા** ઈતિહાસ પ્રથમ ભાગ પૃ.૨૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભાગ ત્રીજો

સંસ્કૃત સાહિત્યનો ઉત્કર્ષ
(વિ.સં. ૧૦૦૧ થી સં. ૧૨૩૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जयजंतुकप्पपायव चंदायवरागपंकयवणस्स ।
सयलमुणिगामगामणि तिलोअचूडामणि नमो ते ॥
पावन्ति जस असमंजसा वि वयणेहिं जेहिं परसमया ।
तुह समयमहो अहिणो ते मंदा बिन्दु निस्सन्दा ॥ **-धनपाल कृत ऋषभपंचाशिका**

- હે જીવોને કલ્પવૃક્ષ (સમાન) ! રાગરૂપી કમલવનને ચંદ્રાતપ (સમાન) ! સમસ્ત મુનિગણના નાયક ! ત્રિલોકચૂડામણી ! તને નમસ્કાર.

જે અસમંજસ વચનો વડે પરસિદ્ધાન્તો યશ મેળવી જાય છે તે તારા સમય-પ્રવચન મહોદધિનાં મંદબિંદુનાં કણો છે.

जयन्तु सुरयोन्येपि येषां वाग्ब्रह्मवैभवं । ग्रन्थसृष्टौ महाकाव्यसर्गेषु च नवं नवम्॥
वंद्यास्ते रामवत्संतो यैर्व्यस्तखरदूषणैः । क्रियते विबुधैः सेव्यो निष्कलंकाकृतिः कविः॥

- અન્યસૂરિઓ-આચાર્યોનો પણ જય થાઓ કે જેમનો વાગ્બ્રહ્મવૈભવ ગ્રન્થસૃષ્ટિમાં તથા મહાકાવ્યના સર્ગોમાં નવો નવો હોય છે.

- તે સંતો રામની પેઠે વંદ્ય છે કે જે વિબુધો ખરોનાં દૂષણો ટાળીને નિષ્કલંક આકૃતિવાળા કવિને સેવે છે. - **મુનિરત્નકૃત અમમચરિત્ર.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંસ્કૃત સાહિત્યનો ઉત્કર્ષ
(વિ.સં. ૧૦૦૧ થી સં. ૧૨૩૦.)

પ્રકરણ - ૧ સોલંકી વંશનો સમય-મૂલરાજથી કર્ણ (વિ.સં. ૧૦૦૧ થી ૧૧૫૦)

शिवदाः सन्तु तीर्थेशाः विघ्नसंघातघातिनः। भवकूपोद्धृतौ येषां वाग्वरत्रायते नृणाम् ॥

- शान्त्याचार्य - उत्तराध्ययनवृत्ति.

- જેમની વાણી મનુષ્યોને ભવકૂપમાંથી રક્ષણરૂપ થાય છે એવા તીર્થંકર વિઘ્નના સમૂહને ટાળનાર શિવદાયી થાઓ!

૨૬૧. પાટણની ગાદી પર ચૌલુક્ય પ્રથમ રાજા **મૂ**લરાજ કે જેના રાજ્યાભિષેકના બે સંવત્ :- સં. ૯૯૮ (**પ્ર**બંધ ચિંતામણીમાં) અને સં. ૧૦૧૭[૧૯૬] (**વિ**ચારશ્રેણીમાં) આપવામાં આવ્યાં છે, તે પ્રતાપી રાજાએ **સિ**દ્ધપુરમાં **રુ**દ્રમહાલય (રુદ્રમાળો) નામના શિવાલયની પ્રતિષ્ઠા માટે **ક**નોજ આદિ ઉત્તર પ્રદેશોથી અનેક બ્રાહ્મણોને ગૂજરાતમાં બોલાવી વસાવ્યા હતા કે જેઓ 'ઔદિચ્ય' (ઉદિચ્ય-ઉદિચી એટલે ઉત્તરમાંથી આવેલા)-કહેવાયા. તે રાજાનો વંશ બહુ ચાલ્યો-સં.૧૨૯૯ સુધી. તે વંશમાં **સિ**દ્ધરાજ ને **કુ**મારપાલ મહા પ્રતાપી રાજાઓ થયા, કે જેમના સમયમાં ગૂજરાત ઉન્નતિની ટોચે પહોંચ્યું. તેમના સમય પહેલાની જૈન અને જૈનસાહિત્યની સ્થિતિ જોઈએ.

૨૬૨. ચંદ્રગચ્છના **જં**બૂ (**જં**બૂનાગ) નામના સાધુ કે જેમણે વિદ્વત્સંસદ્‌માં ગૌરવ પ્રાપ્ત કર્યું હતું તેમણે સં.૧૦૦૫ માં **મ**ણિપતિ ચરિત્ર[૧૯૭] રચ્યું { પ્રકાશિત } ને તે ઉપરાંત **જિ**નશતક કાવ્ય સ્તવનરૂપે રચ્યું {*પ્ર.નિ.સા.*} ૯ કે જે કાવ્ય પર નાગેન્દ્રગચ્છના **સા**મ્બમુનિએ સં. ૧૦૨૫ માં વિવરણ ટીકા-પંજિકા (પી. ૧, ૯૦) રચેલ છે. વળી **જં**બૂએ **ચં**દ્ર દૂતકાવ્ય (જેસ. પ્ર. ૮૦)પણ રચ્યું લાગે છે.

---

૧૯૬. આ બીજો સં. ૧૦૧૭ બરાબર છે. જુઓ 'ગૂજરાત અને માળવાના પ્રાચીન ઇતિહાસ પર નવો પ્રકાશ' એ નામનો લેખ **પુ**રાતત્ત્વ પુ.૨ પૃ.૪૭, તથા **ના**ગરી પ્ર૦ ભાગ-૧ પૃ. ૨૧૪-૧૫.

૧૯૭. પ્ર૦ હેમચંદ્ર ગ્રન્થમાલા અમદાવાદ. જુઓ તેની પ્રસ્તાવના. {*જિનશતક જૈનશાલા ખંભાતથી પણ પ્રગટ છે.*}

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૬૩. ચંદ્ર (પછીથી થયેલ **રાજ**) ગચ્છમાં **પ્રદ્યુમ્ન**સૂરિ વૈદિક શાસ્ત્રમાં પારગામી હતા. તેમણે **અલ્લૂ**ની[૧૯૮] રાજસભામાં દિગંબરોને પરાજિત કર્યા હતા અને **સ**પાદલક્ષ, **ત્રિ**ભુવનગિરિ, આદિના રાજાને જૈન કર્યા હતા, અને તેઓ જબરા વાદી હતા એમ તેમનાં પરંપરામાં થયેલ **મા**ણિક્યચંદ્રસૂરિએ પોતાના **પાર્શ્વ**નાથચરિતની પ્રશસ્તિમાં સ્પષ્ટ જણાવ્યું છે.[૧૯૯]

૨૬૪. ઉક્ત **પ્રદ્યુમ્ન**સૂરિના શિષ્ય 'ન્યાયવનસિંહ' અથવા 'તર્ક પંચાનન' નું બિરૂદ ધરાવનારા[૨૦૦]

---

૧૯૮. **પ્ર**ભાવક ચરિતની પ્રશસ્તિમાં જણાવ્યું છે કેઃ-

यत्संगमामृतरसैर्बहवः सुधर्माधीशा भवन्ति सुधियः सुमनोभिरामाः ॥
अल्लूसभायां विजिते दिगंबरे तदीयपक्षः कलिकोशरक्षकः। दातुं प्रभोरेकपटं समानयेत्तमेकपट्टं जगृहे सुधीषु यः॥ ३॥

આ પ્રભાવકચરિતના સંશોધક **પ્રદ્યુમ્ન**સૂરિ પોતાના **સ**મરાદિત્ય સંક્ષેપ ની આદિમાં લખે છે કે-

वादं जित्वाल्लुकक्ष्मापसभायां तलपाटके । आत्तैकपट्टो यस्तं श्री प्रद्युम्नं पूर्वजं स्तुवे ॥

આ **અલ્લૂ** (અલ્લટ) રાજા તે મેવાડની ખ્યાતોના આલુ (આલુ રાવલ) સાથે મળે છે. તેનાં સં.૧૦૦૮-૧૦૧૦ ના શિલાલેખપરથી જણાય છે કે તે મેવાડપર આહાડ (આઘાટ)માં રાજ્ય કરતો હતો. કદાચ મૂલ રાજધાની **ના**ગદાથી નવી રાજધાની **આ**હાડ કરી હોય.

અલ્લટના પિતા **ભર્તૃ**પટ્ટ (બીજા)એ મેવાડના **ભ**ર્તૃપુર (ભટેવર ગામ) વસાવ્યું મનાય છે કે જે નામ પરથી જૈનોનો **ભ**ર્તૃપુરીય (ભટેવરા) ગચ્છ પ્રસિદ્ધ છે અલ્લટની રાણી **હ**રિયદેવી હૂણ રાજાની પુત્રી હતી અને તે રાણીએ **હ**ર્ષપુર ગામ વસાવ્યું હતું (કે જે પરથી **હ**ર્ષપુરીય ગચ્છ થયો છે)એવો શિલાલેખ મળે છે. **ઓ**ઝાજી **રા. ઈ. ૨,** પૃ. ૪૨૬-૪૨૮.

આ રાજાની રાણીને થયેલ રેવતી દોષ **બ**લિભદ્રસૂરિએ ટાળ્યો હતો. આ રાજાના મંત્રિએ **આ**ઘાટમાં જિનમંદિર કરાવી તેમાં **પા**ર્શ્વનાથની પ્રતિષ્ઠા ચિત્તોડથી **ય**શોભદ્રસૂરિને બોલાવી તેમની પાસે કરાવી હતી. તે **ય**શોભદ્રસૂરિ સાંડેકર ગચ્છના હતા ને સં.૧૦૨૯ માં સ્વર્ગે ગયા- **ઐ.** રાસ સંગ્રહ ભાગ-૧. આના સમયમાં **ચિ**તોડમાં હાલ જે પ્રસિદ્ધ જૈન કીર્તિસ્તંભ છે તે બંધાયો એમ કહેવાય છે.

૧૯૯. पुंसा विग्रहजं विकारमखिलं निर्मूलमुन्मूलयं स्तत्राद्यः समभूद् भवामयभिषक् प्रद्युम्नसूरिर्गुरुः ।
येन स्वेदयता प्रयुज्य तरलां तर्कोज्ज्वलां भारतीं वादीन्द्राः प्रविलापिनो घनतरं दर्पज्वरं त्याजिताः ॥ ४॥
दिगम्बरसमाक्रान्तवेकपट्टं समाददे । यः प्रत्यक्षं नरेन्द्रस्य जगतस्तद्यशः पुनः ॥ ५॥
नीरागता निधौ राजगच्छभूर्गुणवारिधिः । सूरिः प्रद्युम्न सूर्याख्यः पूर्वं वः पूर्वजोऽभवत् ॥ २८॥
सपादलक्षगोपाल त्रिभुवनगिर्यादि देशगोपालान् । ययु श्चतुरधिकाशीत्या वादजयैरंजयामास ॥ २८॥
श्री अभयदेवसूरिरस्तच्छिष्यस्तर्कभूरभूत् । भग्नासनालितुमुलाद्गीर्यदास्यमशिश्रियत् ॥ २९॥

-પાર્શ્વનાથચરિત પી.૩,૧૫૮-૧૬૨

૨૦૦. तार्किकागस्त्यविस्तारि सत्प्रज्ञाचुलुकैश्चिरं । वर्धते पीयमानोऽपि येषां वादमहार्णवः ॥

- તેમના સંતાનીય સિદ્ધસેન સૂરિકૃત પ્રવચન સારોદ્ધાર વૃત્તિ સં. ૧૧૪૮.

तर्कग्रंथविचारदुर्गमवनीसंचारपंचानन स्तत्पट्टेऽभयदेवसूरिरजनि श्वेताम्बरग्रामणीः ।
सद्वाक्य श्रुतिलालसा मधकरीकोलाहलाशंकिनी, हित्वा विष्टरपंकजं श्रितवती ब्राह्मी यदीयाननम् ॥
दृङ्निम्नगाः सत्पथभेदमेता ध्रुवं करिष्यंति जडैः समेताः। इतीव रोधाय चकार तासां ग्रन्थं नवं वादमहार्णवं यः ॥

-તેમના સંનાતીય **મા**ણિકયંદ્રસૂરિકૃત **પાર્શ્વનાથચરિત** પ્રશસ્તિ સં.૧૨૭૬ પી.૩, ૧૫૮-૫૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભયદેવસૂરિએ સિદ્ધસેન દિવાકર કૃત સન્મતિતર્ક પર તત્ત્વબોધવિધાયિની ટીકા[૨૦૧] કે જેને 'વાદમહાર્ણવ' પણ કહેવામાં છે તે સંસ્કૃતમાં રચી છે, તે પરથી જણાય છે કે દાર્શનિક વિષયના તેઓ અસાધારણ વિદ્વાન હતા. આમાં અનેકાન્ત દૃષ્ટિનું સ્વરૂપ, તેની વ્યાપ્તિ અને તેની ઉપયોગિતા સિદ્ધ કરવામાં આવી છે તેથી તે ટીકા અનેકાન્તદૃષ્ટિનો દાર્શનિક ગ્રંથ છે આ ટીકામાં મૂલ કરતાં બિલકુલ જુદી શૈલી છે. તેમણે જે જે વિષયના વાદો લખ્યા છે, તે વિષય ઉપર તે વખતે ભારતીય સમગ્ર દર્શનોમાં જેટલાં મતમતાંતરો અને પક્ષપ્રતિપક્ષો હતા, તે બધાંની વિસ્તૃત નોંધ કરી છે, તેથી આ ટીકાને વિક્રમની દશમી શતાબ્દી સુધીના દર્શનવિષયક વાદોનું સંગ્રહસ્થાન કહી શકાય.

૨૬૫. 'આ ટીકાકારે વાદપદ્ધતિ વિદ્વત્તાપૂર્વક એવી ગોઠવી છે કે, જે વિષયમાં વાદ શરૂ કરવાનો હોય, તે વિષયમાં સૌથી પહેલાં સિદ્ધાન્તથી વધારે વેગળો એવો પહેલો પક્ષકાર આવી પોતાનો મત સ્થાપે છે, ત્યાર બાદ સિદ્ધાન્તથી ઓછો વેગળો એવો બીજો પક્ષકાર આવી પોતાના મતને સ્થાપી પ્રથમ પક્ષની ભ્રાન્તિઓ દૂર કરે છે. ત્યારબાદ સિદ્ધાન્તની કઈક સમીપે રહેલો ત્રીજો પક્ષકાર આવી બીજા પક્ષની ભૂલો સુધારે છે, અને એ ક્રમે આગળ વધતાં છેવટે અનેકાન્તવાદી સિદ્ધાન્તી આવી છેલ્લા પ્રતિપક્ષીનું મન્તવ્ય શોધી અનેકાન્ત દૃષ્ટિએ તે વિષય કેવો માનવો જોઈએ, તે બતાવે છે. આવી વાદપદ્ધતિ ગોઠવેલી હોવાથી કોઈ પણ વિષયમાં પ્રત્યેક પક્ષકારનું શું માનવું છે, અને એક બીજા પક્ષકાર વચ્ચે શો શો મતભેદ છે, એને તેમાં કેટકેટલું વજૂદ છે. એ બધું તુલનાત્મક દૃષ્ટિએ જાણી શકાય. તેથી ટીકાકારની પ્રતિપાદન-સરણીને અનેક વાદીઓની ચર્ચા-પરિષદ સાથે સરખાવી શકાય, કે જેમાં કોઈ પણ વિષય ઉપર દરેક વાદી પોતપોતાનું પૂર્ણ મન્તવ્ય સ્વતંત્રતાપૂર્વક અનુક્રમે રજુ કરતાં હોય, અને છેવટે જેમાં એક સર્વવિષયગ્રાહી સભાપતિ દ્વારા સમન્વય ભરેલું છેવટ લવાતું હોય.

૨૬૬. 'જોકે ટીકામાં સેંકડો દાર્શનિક ગ્રંથોનું દોહન જણાય છે, છતાં સામાન્યરીતે મીમાંસક કુમારિલભટ્ટનું શ્લોકવાર્ત્તિક નાલન્દા વિશ્વ વિદ્યાલયના આચાર્ય શાંતિરક્ષિત કૃત તત્ત્વસંગ્રહ ઉપરની કમલશીલકૃત પંજિકા અને દિગમ્બરાચાર્ય પ્રભાચંદ્રના પ્રમેયકમલમાર્તંડ તથા ન્યાયકુમુદચંદ્રોદય {*પ્ર.મા.દિ.ગ્રં.*} વિગેરે ગ્રંન્થોનું પ્રતિબિમ્બ મુખ્ય પણે આ ટીકામાં છે; તેવી રીતે વાદિદેવસૂરિનો સ્યાદ્વાદરત્નાકર, મલ્લિષેણસૂરિની સ્યાદ્વાદમંજરી, ઉપાધ્યાય યશોવિજયજીની નયોપદેશ ઉપરની નયામૃતતરંગિણી ટીકા અને શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચયની ટીકા આદિ પાછળની કૃતિઓમાં આ સન્મતિની ટીકાનું પ્રતિબિમ્બ છે'.[૨૦૨]

शिष्योऽस्याभयदेवसूरिरभवज्जाड्यांधकारं हरन् गोभि र्भास्करवत्परां विरचयन् भव्याप्तवर्गेच्छदम् ।
ग्रंथो वादमहार्णवोऽस्य विदितः प्रौढप्रमेयोर्मि(भृ)त् दत्तेर्थं(?) जिनशासनप्रवहणं सांयात्रिकाणां ध्रुवम् ॥
તેમના અન્ય સંતાનીય પ્રભાચંદ્રકૃત પ્રભાવકચરિત સં. ૧૩૩૨.

૨૦૧. મુદ્રિત પુરાતત્ત્વમંદિર અમદાવાદ મિત્રનું કેટલોક ૧૦, પૃ.૩૯-૪૦. વાદમહાર્ણવ એ સન્મતિતર્કપરની ટીકા હશે એમ કેટલાક માને છે. કારણકે તે ટીકામાં વિસ્તૃત વાદો છે.સમ્મતિતર્ક પ્રકરણં પ્રથમ ભાગ સંપાદકીય નિવેદન. પ્ર૦ પુરાતત્ત્વ મંદિર અમદાવાદ. આમ કહેવાનું કરાણ એ છે કે મલ્લિષેણ, રાજશેખર, યશોવિજયજીએ વાદમહાર્ણવનું નામ લખી જે પાઠો આપ્યા છે તે ઉક્ત ટીકામાં બરાબર ઉપલબ્ધ થયા છે.

૨૦૨. સમ્મતિતર્ક પ્રકરણ પ્રથમ ભા પ્ર૦ પુરાતત્ત્વમંદિર અમદાવાદમાં સંપાદકીય નિવેદન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૬૭. 'સન્મતિતર્ક મૂળ તે ૧૬૭ પ્રાકૃત આર્યાછંદમાં છે તેના પર પચ્ચીસ હજાર શ્લોક પ્રમાણ જેટલી પ્રસ્તુત ટીકા છે. ટીકા મૂળ ગ્રંથરૂપ નગરનું દ્વાર કહેવાય પણ પ્રસ્તુત ટીકા મૂળ ગ્રંથના દ્વાર થવા ઉપરાંત મૂળ ગ્રંથમાં સ્પષ્ટ રીતે નહિ આવતા એવા અનેક નાના મોટા દાર્શનિક વિષયોની વિસ્તૃત અને સૂક્ષ્મ ચર્ચાથી ભરેલી છે તેથી એક સ્વતંત્ર ગ્રંથ બની ગયેલ છે. **અ**ભયદેવસૂરિની ટીકાનું સ્થાન તેમના ઉદ્દેશ પ્રમાણે બહુ ઉંચું છે. બૌદ્ધ દર્શન, ભિન્ન ભિન્ન વૈદિક દર્શનો અને દિગંબર સંપ્રદાયના નવમાં સૈકા સુધીના જે મોટા મોટા આકર ગ્રંથો હતા તે બધાના સંપૂર્ણ વિષયનો સંગ્રહ કરી તેના ઉપર જૈન દૃષ્ટિએ ચર્ચા કરવી અને છેવટે અનેકાંતવાદનું સ્થાપન કરવું એજ શ્રી **અ**ભયદેવસૂરિનો ઉદ્દેશ તે ટીકા રચવામાં હતો અને પ્રો૦ **લૉ**યમન પોતાનો અભિપ્રાય જણાવે છે તે પ્રમાણે આ ઉદ્દેશ ખરેખર અભયદેવસૂરિએ સિદ્ધ કર્યો છે.[૨૦૩]

૨૬૮.'૧૧મા સૈકા પછી શ્વેતામ્બર સાહિત્યમાં એવા પણ ગ્રન્થો રચાયા છે કે જે કદમાં પ્રસ્તુત ટીકા કરતાં ત્રણગણા છે છતાં એ મહાકાય ગ્રંથો અભયદેવસૂરિના સર્વ સંગ્રહના ઋણી છે. કારણકે પ્રસ્તુતટીકામાં સંગ્રહીત થયેલ વિષયો તેમને સરળતાથી મળી ગયા છે. એક બીજી દૃષ્ટિએ પણ પ્રસ્તુત ટીકાનું મહત્ત્વ છે એને તે એકે દશમા સૈકા પછીના ગ્રંથોની જેમ તેમાં શબ્દાડંબર નથી. એમાં ભાષાનો પ્રસન્ન પ્રવાહ શરદઋતુના નદીપ્રવાહની જેમ વહ્યે જ જાય છે.[૨૦૪]

૨૬૯. જૈન ન્યાયશાસ્ત્રનો બીજો યુગ - 'વિક્રમ છઠાથી દશમા સૈકા (૧૧ માના પૂર્વાર્દ્ધ) સુધીનો ગણતાં તે નામ 'પલ્લવિતકાળ' રાખ્યું છે, તેનો અભિપ્રાય એટલો છે કે, **સિ**દ્ધસેન અને **સ**મંતભદ્ર દ્વારા બંને સંપ્રદાયોમાં જે જૈન ન્યાયનું બીજારોપણ થયું , તેનેજ આ યુગમાં પલ્લવિત કરવામાં આવ્યું છે. આ યુગમાં દિગંબર સંપ્રદાયમાં અનુક્રમે **અ**કલંક **વિ**દ્યાનંદ અને **પ્ર**ભાચંદ્ર એ ત્રણ પ્રધાન આચાર્યોએ (તેમજ **મા**ણિક્યનંદી અને **અ**નંતવીર્યે) મુખ્યપણે જૈન ન્યાયને વિસ્તાર્યો અને વિશદ કર્યો છે. શ્વેતાંબર સંપ્રદાયમાં પણ પ્રધાનપણે ત્રણ આચાર્યોએ આ યુગમાં જૈનન્યાયને વિસ્તૃત અને વિશદ બનાવ્યો છે. **મ**લ્લવાદી, **હ**રિભદ્ર, અને (ઉપર જણાવેલા) રાજગચ્છીય **અ**ભયદેવ. એ ત્રણેએ અનુક્રમે કાંઇ ને કાંઇ વધારે વિશેષતા અર્પી છે. અકલંક આદિ ત્રણે ત્રણ દિગંબર આચાર્યોએ જૈન ન્યાયના સ્વતંત્ર ગ્રંથોયે લખ્યા છે અને **સ**મન્તભદ્ર આદિ પૂર્વાચાર્યોની ન્યાયવાણીને પલ્લવિત પણ કરી છે. તેવી જ રીતે **મ**લ્લવાદિ વગેરે આ યુગના શ્વેતાંબર આચાર્યોએ જૈન ન્યાય ઉપર સ્વતંત્ર ન્યાયના ગ્રંથો લખ્યા છે અને પોતાપોતાના પહેલાંની તર્કવાણીને પલ્લવિત પણ કરી છે. ઉક્ત દિગંબર ત્રણ આચાર્યો અને ઉક્ત શ્વેતાંબર ત્રણ આચાર્યોની કૃતિઓ બરાબર સામે રાખી જોવામાં આવે તો એક બીજા ઉપર પડેલો પ્રભાવ પરસ્પરનું સાદૃશ્ય અને વિશેષત્વ ધ્યાનમાં આવ્યા વિના રહે તેમ નથી' એટલે ઉક્ત **અ**ભયદેવસૂરિથી આ યુગ પૂરો થાય છે.

---

૨૦૩. પં. **સુ**ખલાલ તથા પં. **બ**હેચરદાસનો લેખ **'સન્મતિતર્ક અને તેનું મહત્ત્વ'.**

૨૦૪. જુઓ પં. **સુ**ખલાલનો **'જૈન ન્યાયનો ક્રમિક વિકાસ'** એ નિબંધ ભાવનગર ગુજરાતી સાહિત્ય પરિષદ્નો રીપોર્ટ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૭૦. ઉક્ત **અ**ભયદેવસૂરિના શિષ્ય **ધ**નેશ્વરસૂરિ ધારાધીશ **મું**જરાજાની સભામાં વિજેતા હતા અને તે રાજાના માનીતા ગુરુ હતા.[૨૦૫] પોતે મૂળ **ત્રિ**ભુવનગિરિના સ્વામી **ક**દંમ ભૂપતિ હતા. તેમણે રાજા થઈ દીક્ષા લીધી અને તેઓ રાજાના માન્ય થયા, તેથી તેમના ગચ્છનું નામ **રા**જગચ્છ[૨૦૬] પડ્યું **મું**જનું મરણ સં.૧૦૫૦ ને ૧૦૫૪ની વચ્ચે થયું.[૨૦૭]

૨૭૧. મૂલરાજના પુત્ર **ચા**મુંડરાજે શ્રી **વી**રગણિ નામના સાધુનો આચાર્ય પદનો મહોત્સવ મોટા આડંબરથી કર્યો; અને તે સૂરિએ વાસક્ષેપ મંત્રી ને રાજાને આપ્યો હતો કે જે રાજાએ જલમાં મેળાવી રાણીઓને સ્નાન કરાવવાથી રાજાને ઘરે વલ્લભરાજ આદિ સંતાનોની વૃદ્ધિ થઈ.

૨૭૨. ધનપાલ ધારાધીશ **મું**જનો અતિ માનીતો રાજસભાપંડિત અને કવિ હતો. તેના રાજ્યમાં 'સં.૧૦૨૯માં જ્યારે માળવાના રાજાની ધાડે **મન્ન**ખેડ નામનું ગામ લુંટ્યું ત્યારે **ધા**રાનગરીના પ્રતિષ્ઠિત (**ધ**નપાલે) નિર્દોષ માર્ગ પર રહેલી પોતાની **સું**દરી નામની નાની બ્હેન માટે આ'(**પા**ઈયલચ્છી નામમાલા'[૨૦૮] નામનો પ્રાકૃત શબ્દોનો) કોશ રચ્યો.' તેમાં માત્ર સંસ્કૃતસમ, સંસ્કૃતજન્ય કે દેશી પ્રાકૃતમાં પર્યાય શબ્દોનું સૂચન છે. તથા બધા શબ્દો સવિભક્તિક આપેલા હોવાથી કેટલેક અંશે તોઓના લિંગનું પણ જ્ઞાન થઈ શકે છે. પોતાની બહેનને માતૃભાષાનુ જ્ઞાન સારૂં થાય તે કારણથી તેણે કોશ રચ્યો હોય તે પણ બનવા જોગ છે. તેણે સંસ્કૃત નામમાલા[૨૦૯] રચી હોય તેવો સંભવ છે. **મું**જ પછી ધારાધીશ **ભો**જરાજાએ {*ધનપાલને*} 'સિદ્ધ સારસ્વત કવીશ્વર' 'કૂર્ચાલ સરસ્વતી' એ નામનું બિરૂદ આપ્યું હતું અને તેના કહેવાથી '**તિ**લકમંજરી' નામની સુંદર આખ્યાયિકા સંસ્કૃતમાં રચી હતી. આ સંબંધમાં

---

૨૦૫. तदनु धनेश्वरसूरिर्जज्ञे यः प्राप पुण्डरीकाख्यः । निर्मथ्य वादजलधिं जयश्रियं मुंजनृपपुरतः ॥
-**સિદ્ધસેનસૂરિકૃત પ્રવચનસારોદ્ધારવૃત્તિ સં.૧૨૪૮.**

विद्वन्मंडलमौलिमंडनमणिः प्रेंखत्तपोहर्मणि । निग्रन्थोऽपि धनेश्वरः समजनि श्रीमांस्ततः सद्गुरुः ॥

यः स्फुर्जद्गुणपुंजमुंजजगती जिष्णोः पुरः प्रज्ञिलान्वादे वादिवरान्विजित्य विजयश्रीसंग्रहं स व्यधात् ॥
-**માણિક્યચંદ્રકૃત પાર્શ્વચરિત સં. ૧૨૭૬ (પી.૩, ૧૫૯)**

૨૦૬. त्रिभुवनगिरिस्वामी श्रीमान्स कर्दमभूपतिस्तदुपसमभूत् शिष्यः श्रीमद् धनेश्वरसंज्ञया ।
अजनि सुगुरुस्तत्पट्टेऽस्मात् प्रभृत्यवनिस्तुतः तदनु विदितो विश्वे गच्छः सराजपदोत्तरः ॥ -**પ્રભાચંદ્રકૃત પ્રભાવકચરિત.**

૨૦૭. તેનું દાનપત્ર સં.૧૦૩૧ નું મળે છે. તેમજ સં.૧૦૫૦માં દિગંબરાચાર્ય **અ**મિતગતિએ **સુ**ભાષિત રત્નસંદોહ નામનો ગ્રંથ તેના રાજ્યમાં રચ્યો છે.

૨૦૮. પંડિત **બ**હેચરદાસે સંશોધિત કરી પ્રકટ કરેલ છે. સં.૧૯૭૩ જૈન શ્વે.કૉન્ફરન્સ ઓફિસ, પાયધુનિ, મુંબઈ પાસેથી મળી શકે છે. {*પુનર્મુદ્રણ પણ થયું છે.*}

૨૦૯. '**ધ**નપાલરચિત નામમાલા શ્લોક ૧૮૦૦' એવી યાદી એક ટીપમાંથી મળે છે. તેમની રચેલી **પા**ઈયલચ્છી નામે પ્રાકૃત નામમાલા ઉપલબ્ધ છે તેની શ્લોકસંખ્યા આનાથી ઘણી ઓછી છે, તેથી પ્રાકૃત કરતાં આ નામમાલા જુદી જ હોવી જોઈએ; અને તે સંસ્કૃત નામમાલા હોય એમ સંભવે છે. **ધ**નપાલે સંસ્કૃતનો શબ્દોકોષ રચ્યો હતો તેનો પુરાવો તો ખુદ **હે**મચંદ્રાચાર્યના ગ્રંથોમાંથી મળી આવે છે; કારણ કે તેમણે પોતાના **અ**ભિધાન ચિંતામણિ નામે સંસ્કૃત કોષની ટીકાના પ્રારંભમાં જ व्युत्पत्ति र्धनपालतः એવો ઉલ્લેખ કરી શબ્દોની વ્યુત્પત્તિના વિષયમાં ધનપાલના કોષને પ્રમાણભૂત માન્યો છે. એવી જ રીતે **દે**શીનામમાલાની ટીકામાં પણ ધનપાલનો નામોલ્લેખ કરેલો મળી આવે છે. આ કોષ હાલમાં ક્યાંએ પણ મળી આવતો નથી.'-**જિ**નવિજય (**પુરાતત્ત્વ** ૨, ૪૨૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિસ્તારથી શ્રી **જિન**વિજયે[૨૧૦] લેખ લખ્યો છે તે પરથી ટૂંકમાં નીચેનું જણાવ્યું છે.

મહાકવિ ધનપાલ

चैत्रवद् धनपालो न कस्य राजप्रियः प्रियः । सकर्णाभरणं यस्माज्जझे तिलकमंजरी ॥

- મુનિરત્નકૃત અમમચરિત્ર.

-ચૈત્ર માસની પેઠે રાજપ્રિય ધનપાલ કોને પ્રિય નથી? કે જેનાથી સકર્ણ (કાનવાળા, વિદ્વાન્) ને આભરણભૂત તિલકમંજરી (તે નામની કથા, તિલકવૃક્ષની મહોર) ઉત્પન્ન થઈ.

स्वादुतां मधुना नीताः पशूनामपि मानसम् । मदयन्ति न यद्वाचः किं तेऽपि कवयो भुवि ॥
काव्यं तदपि किं वाच्यामवांचि न करोति यत् । श्रुतमात्रममित्राणां वक्त्राणि च शिरांसि च ॥

અર્થાત્- માધુર્ય ગુણદ્વારા સ્વાદુતાને પ્રાપ્ત થયેલી જેમની વાણીઓ, પશુઓના મનને પણ જો હર્ષિત નહી કરે તો શું તેઓ પણ પૃથ્વીમાં કવિ કહેવડાવમાં લાયક છે? !

અને તે પણ શું કાવ્ય કહી શકાય કે જેના શ્રવણ માત્રથી જ જો શત્રુઓનાં મુખ અને મસ્તક નીચા નહિ થઈ જાય ? !!

वर्णयुक्तिं दधानापि स्निग्धांजनमनोहरात् । नातिश्लेषघना श्लाघां कृतिर्लिपिरिवाश्नुते ॥

अश्रान्तगद्यसन्ताना श्रोतृणां निर्विदे कथा। जहाति पद्यप्रचुरा चम्पूरपि कथारसम् ॥

- જનોનાં મનને હરણ કરનારાં એવાં મધુર વર્ણનો યુક્ત હોવા છતાં પણ (૧) અતિ શ્લેષવાળી કવિની કૃતિ પ્રશંસા પામતી નથી, (૨) સતત ગદ્યવાળી કથા પણ શ્રોતાઓને આનંદ આપી શકતી નથી. (૩) તેમજ પ્રચુર પદ્યોવળી ચંપૂકથા પણ રસ પોષી શકતી નથી.- **ધનપાલ**રચિત **તિલકમંજરી.**

'वचनं श्री धनपालस्य चंदनं मलयस्य च । सरसं हृदि विन्यस्य कोऽभून्नाम न निवृत्तः ? ॥'

-ધનપાલનું વચન અને મલયગિરિનું રસસહિત ચંદન જેના હૃદયને લાગ્યું તે શાંત અને સુખી ન થાય એવા જગત્માં કોણ છે? - **પ્રબંધ ચિં.** ભાષાંતર.

'सालंकारा लक्खण सुच्छंदया महरसा सुवन्नरूइ । कस्स न हारइ हिययं कहुत्तमा पवरतरुणीव्व ॥'

- અલંકારસહિત, લક્ષણ અને સુંદર છંદથી મહારસવાળી, સુવર્ણ-સુંદર અક્ષરોથી પૂર્ણ ઉત્તમ કથા પ્રવર તરૂણીની પેઠે કોના હૃદયને હરી ન લે ? સર્વના હૃદયને હરી લે. - **તિલકાચાર્ય** કૃત **સમ્યક્ત્વ-સપ્તતિ ટીકા**માં વચન શુદ્ધિપર **ધન**પાલકથાની ગાથા ૨૩૭.

૨૭૩. આ કવિ પોતે જણાવે છે કેઃ- **મ**ધ્ય પ્રદેશમાં આવેલા **સાં**કાશ્ય નામના નિવેશમાં (સંયુક્ત પ્રાંતમાં ફરૂકાબાદ જિલ્લામાં **સં**કિસ નામનું હાલ ગામ છે ત્યાં (જુઓ ઈંડિયન હિસ્ટોરિકલ ક્વૉર્ટર્લી માર્ચ ૧૯૨૯ પૃ. ૧૪૨) **દે**વર્ષિ નામનો દ્વિજ હતો કે જેનો પુત્ર સર્વશાસ્ત્રમાં કુશળ સ્વયંભૂ એવો

૨૧૦ 'તિલકમંજરી' - મહાકવિ શ્રી **ધ**નપાલ રચિત જૈનકથા-એ નામનો લેખ જૈન શ્વે. કૉન્ફરન્સ **હેરલ્ડ** જૈન ઈતિહાસ વિશેષાંક પુ. ૧૧-૭ થી ૧૦. જુલાઈ-ઓક્ટોબર ૧૯૧૫ (વીરાત્ ૨૪૪૧) તથા **આ**ત્માનંદ પ્રકાશ પુ.૧૩-૭ વીરાત્ ૨૪૪૨ માઘ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વદેવ નામનો મારો પિતા છે. મારા તે પિતાના ચરણકમળની સેવાથી વિદ્યાલવને પ્રાપ્ત થયેલા અને સર્વ વિદ્યાના સમુદ્રરૂપ એવા મુંજરાજાએ સાભાની અંદર જેને **'સરસ્વતી'** એવા મહત્ત્વસૂચક ઉપનામથી બોલાવેલા એવા મેં ધનપાલ વિપ્રે ભોજરાજા કે જે સર્વ શાસ્ત્રોનો જ્ઞાતા હોવા છતાં પણ જૈનશાસ્ત્રોમાં વર્ણવેલી કથાઓ સાંભળવા માટે ઉત્પન્ન થયેલા કૂતુહલવાળો અને નિર્મળચરિતવાળો હતો તેના વિનોદમાટે આ તિલકમંજરી નામની સ્ફુટ અને અદ્‌ભુત રસવાળી કથા રચી. [૨૧૧]

૨૭૪. ભોજરાજા સંસ્કૃત સાહિત્યનો અત્યંત પ્રેમી હોવા ઉપરાંત સ્વયં સારો કવિ હતો. તેની સભામાં આર્યાવર્તના બધા ભાગોમાંથી કવિઓ અને વિદ્વાનો આવતા. રાજા યોગ્ય પુરુષોને સત્કારતો અને નવાજતો. તેના આશ્રય નીચે સંખ્યાબંધ પંડિતો રહેતા અને સાહિત્યની સેવા-વૃદ્ધિ કરતા. મહાકવિ ધનપાલ તેની પરિષદ્‌નો વિદ્વન્માન્ય પ્રમુખ અને રાજાનો પ્રાગઢ મિત્ર હતો. બાલ્યવસ્થાથીજ ભોજ અને ધનપાલ પસ્પર પરમસ્નેહીઓ હતા, કારણકે મુંજરાજની પરિષદ્‌નો પ્રમુખ અને રાજમાન્ય વિદ્વાન ધનપાલજ હતો. ધનપાલના પાંડિત્ય પર મુગ્ધ થઈ મુંજરાજે તેને 'સરસ્વતી' નું મહત્ત્વ સૂચક બિરૂદ આપ્યું હતું. આ રીતે મુંજ અને ભોજ બંનેનો તે બહુમાન્ય હતો. ધનપાલ પ્રથમ વૈદિક ધર્માવલંબી હતો, પરતું પાછળથી પોતાના બંધુ શોભનમુનિના સંસર્ગથી જૈનધર્મનો સ્વીકાર કરી, મહેન્દ્રસૂરિ પાસે જૈન-ગાર્હપત્ય દીક્ષા અંગીકાર કરી હતી ને તેમની પાસે સ્યાદ્‌વાદ સિદ્ધાંતનો વિશેષ અભ્યાસ કરી જૈનદર્શનનો પારદૃષ્ટા તત્ત્વજ્ઞ થયો. આ ધર્મપરિવર્તનથી ભોજ વિસ્મિત થયો અને ધનપાલ સાથે વિવાદ કરતો, પણ ધનપાલ દૃઢ રહી તેને નિરુત્તર કરતો. ભોજ સ્વયં વિદ્વાન્ અને તત્ત્વજ્ઞ હોવાથી સ્વધર્મ-વૈદિક દર્શનનાં તત્ત્વોમાં નિષ્ણાત હતો, પરંતુ જૈનધર્મના વિશેષ પરિચયના અભાવે તેના સંબંધી જાણકાર ન હતો ધનપાલના સંસર્ગથી તેની ઈચ્છા જૈન દર્શનના સ્વરૂપને જાણવાની થઈ, અને તે ઈચ્છા પૂર્ણ કરવા માટે ધનપાલે જૈન સિદ્ધાંતોક્ત વિચારો અને સંસ્કારોને પ્રતિપાદન કરનારી તિલકમંજરી જેવી અદ્વિતીય અને અદ્‌ભુત કથા રચી.

૨૭૫. આમાં ધનપાલે પ્રથમ સ્વમત તથા પરમાતમાં થઈ ગયેલા મહાકવિઓની-તેમની કૃતિઓની ઉદાર વૃત્તિથી ઘણી પ્રશંસા કરી છે. ઇંદ્રભૂતિ ગણધર, વાલ્મીકિ, વેદવ્યાસ ગુણાઢ્ય(બૃહત્કથાકાર), પ્રવરસેન (સેતુંબંધકાર), પાદલિપ્તસૂરિકૃત તરંગવતી, જીવદેવસૂરિ, કાલિદાસ, બાણ, ને ભારવી, હરિભદ્રસૂરિકૃત સમરાદિત્યચરિત, ભવભૂતિ, વાક્‌પતિરાજનો ગૌડવધ, બપ્પભટ્ટી-ભદ્રકીર્તિસૂરિકૃત તારાગણ નામનું કાવ્ય, યાયાવર રાજશેખર કવિ, સ્વગુરુ મહેંદ્રસૂરિ, રુદ્રકવિની ત્રૈલોક્યસુંદરી તથા તેના પુત્ર કર્દમરાજની સૂક્તિઓની પ્રશંસા કરી પછી પોતે કહે છે કે' કોઈ વાચ્યમાં, કોઈ માત્ર કથારસમાં, કોઈ પ્રસાદાદિ ગુણોમાં ચડે છે પણ ત્રણે જેનામાં હોય તેઓને તો ધન્ય છે.'

---

૨૧૧. आसीद् द्विजन्माखिलमध्यदेशे प्रकाश संकाश्य निवेशजन्मा ।
अलब्धदेवर्षिरिति प्रसिद्धिं यो दानवर्षित्व विभूषितोऽपि ॥
शास्त्रोष्वधीतीकुशलः कलासु बन्धे च बोधे च गिरां प्रकृष्टः ।
तस्यात्मजन्मा समभून्महात्मा देवः स्वयम्भूरिव सर्वदेवः॥
तज्जन्मा जनकांघ्रिपंकजरजः सेवासविद्यालवो विप्रः श्री धनपाल इत्यविशदामेतामबध्नात्कथां ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૭૬. સંસ્કૃત પદ્યકાવ્ય સાહિત્ય **વા**લ્મીકિ, **કા**લિદાસ, આદિ અગણ્ય કવિઓથી મહત્તા પામ્યું છે. પરંતુ ગદ્યકાવ્ય સાહિત્ય તો **સુ**બધુ **બા**ણ, **દં**ડી **ત્રિ**વિક્રમભટ્ટ ને **સો**ઢલ જેવા પાંચદશ કવિઓની સુકૃપાથી **વા**સવદત્તા **કા**દંબરી, **દ**શકુમાર ચરિત, **ન**લકથા અને **ઉ**દયસુંદરીની કથાથી પોતાનું અસ્તિત્વ સાચવી રહ્યું છે, તેમા **ધ**નપાલની **તિ**લકમંજરીનું અવશ્ય સ્થાન છે, ને તેથી તેમાં વૃદ્ધિ થઈ છે. કવિ અને કાવ્ય સંબંધી તથા કથા કેવી હોવી જોઈએ એ સંબંધીના **ધ**નપાલના વિચાર આની મથાળેજ મૂક્યા છે. કથામાં શ્લેષકાઠિન્ય, ગદ્યપ્રાધાન્ય અને પદ્યપ્રાચુર્ય એ ત્રણ દોષો 'વર્ણ્યયુક્તિ' એ શ્લોકમાં બતાવ્યા છે તે **સુ**બંધુની **વા**સવદત્તા, **બા**ણની **કા**દંબરી, અને **ત્રિ**વિક્રમભટ્ટની નલકથા ઉપર અનુક્રમે કરેલા આક્ષેપ લાગે છે. ગદ્યમાં લાંબા લાંબા સમાસોવાળા દંડકો અને અક્ષરોના પ્રાચુર્યથી જનસમૂહ વિમુખ થાય છે. એ પણ પોતે એક શ્લોકમાં[૨૧૨] જણાવ્યું છે કે આ સર્વ દોષ-આક્ષેપથી મુક્ત થઈ **ધ**નપાલે જનસમૂહમાં સર્વ રીતે પ્રિય થઈ પડે તેવી પોતાની કૃતિ **તિ**લકમંજરી બનાવી છે. તેમાં નથી સઘન શ્લેષો કે નથી કઠિન પદો, તેમજ નથી તેમાં સતત ગદ્ય કે નથી પ્રચુર પદ્ય. સમગ્ર કથા સરલ અને સુપ્રસિદ્ધ પદો દ્વારા પ્રસાદ ગુણ વડે અલંકૃત થયેલી છે. થોડા થોડા અંતરે પ્રસંગોચિત સ્થાને એકેક બબ્બે કે તેથી વધારે ભાવપ્રદર્શક પદ્યો પણ આપેલાં છે. ગદ્યની માફક પદ્યો પણ બહુ રમણીય અને પ્રૌઢ છે, રસ અને ધ્વનિથી પૂરિત છે. **હે**મચંદ્રાચાર્ય જેવા વિદ્વાને પણ **તિ**લકમંજરીના પદ્યો ઉચ્ચ કોટિના માન્યાં છે. અને પોતાના[૨૧૩] **કા**વ્યાનુશાસનમાં 'શ્લેષ'ના ઉદાહરણ તરીકે, તેમજ **છં**દોનુશાસનમાં 'માત્રા' નામક છંદના ઉદાહરણમાં **તિ**લકમંજરીમાંથી કાવ્યો ચુંટી મૂક્યાં છે.

૨૭૭. આ કથા 'આખ્યાયિકા'ના ખરા લક્ષણવાળી નવરસ અને કાવ્યથી ભરપૂર છે. આ કથા તેમાં ઉત્સૂત્ર-પ્રરૂપણા ન થાય તેવી દૃષ્ટિએ જૈનાચાર્ય **શા**ંતિસૂરિએ સંશોધિત કરી હતી એમ **પ્ર**ભાવક-ચરિતકાર જણાવે છે.[૨૧૪] **તિ**લકમંજરીની તાડપત્રની પ્રત સં. ૧૧૩૦માં લખાયેલી જેસલમેર ભં. માં છે. (જે.પૃ.૪)

૨૭૮. ધનપાલના સહોદર **શો**ભને **મ**હેન્દ્રસૂરિ પાસે જૈન સાધુ દીક્ષા લીધી અને તેમણે યમકયુક્ત ૨૪ તીર્થંકરની જે સ્તુતિઓ સંસ્કૃતમાં બનાવી હતી તે **શો**ભનસ્તુતિ તરીકે પ્રસિદ્ધ છે. તે સ્તુતિ પર **ધ**નપાલે સંસ્કૃત ટીકા રચી. તે ટીકામાં ધનપાલ પોતે જણાવે છે કે 'પોતાના પિતા **સ**ર્વદેવને નામમાત્રથી શોભન નહિં, પરંતુ શુભ વર્ણથી યુક્ત શરીરથી પણ શોભન એવો કમલ જેવી લાંબી આંખોવાળો, ગુણથી પૂજા જેણે મળવી છે એવો **શો**ભન નામનો શ્લાઘ્ય પુત્ર થયો. તે **કા**તંત્ર, **ચં**દ્ર(વ્યાકરણ)થી ઉદય પામેલ

अक्षुण्णोऽपि विविक्तसूक्तिरचने यः सर्व विद्याब्धिना श्रीमुंजेन सरस्वतीति सदसि क्षोणीभृता व्याहृतः ॥
निःशेषवाङ्मयविदोऽपि जिनागमोक्ताः श्रोतुं कथाः समुपजातकुतूहलस्य ।
तस्यावदातचरितस्य विनोदहेतो राज्ञः स्फुटाद्भुतरसा रचिता कथेयं ॥

૨૧૨. अखण्डदण्डकारण्यभाजः प्रचुरवर्णकात् । व्याघ्रादिव भयाघ्रातो गद्याद् व्यावर्तते जनः ॥

-અખંડ એવા દંડકારણ્યનું સેવન કરનાર અને રંગબેરંગી એવા સિંહથી ભય પામી મનુષ્ય જેમ પાછો હઠી જાય છે તેમ (લાંબા લાંબા સમાસોવાળા દંડકોયુક્ત અને) બહુ અક્ષરોવાળા ગદ્યથી પણ જન વિમુખ થાય છે.

૨૧૩. અધ્યાય ૫. પૃ. ૨૭૬; ૩ પૃ ૧૭૭.

૨૧૪. '**મ**હેન્દ્રસૂરિપ્રબંધ' પૃ. ૨૩૭

अशोधयदिमां चासावुत्सूत्राणां प्ररूपणात् । शब्दसाहित्यदोषास्तु सिद्धसारस्वतेषु किम् ? ॥ ૨૦૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તંત્રને જાણનારો, બૌદ્ધ અને આર્હત દર્શનોનાં તત્ત્વોનો જાણનાર, સાહિત્યવિદ્યારૂપી સમુદ્રનો પારદર્શી અને કાવ્યકર્તાઓ-કવિઓમાં નિદર્શન-આદર્શરૂપ થયો. કૌમારાવસ્થામાં અરિષ્ટનેમિની (નેમીનાથની) ચેષ્ટા કરવાની ઇચ્છાવાળો હોય તેમ જેણે માર-મદનની શક્તિ ક્ષત કરી હતી તેવા તેણે સર્વસાવદ્યની નિવૃત્તિથી (જૈનદીક્ષાથી) ગૌરવશાલી એવી પ્રતિજ્ઞા સત્યપ્રતિજ્ઞ થઇ પાળી, ધર્મના આભ્યાસ કરતાં જેણે હિંસા કલાવડે પણ કિંચિત્પણ કરીજ નહિ તથાપિ જેના ગુણ(ગુણ મેખલાનો દોરો)ના સ્વરથી ચાર સાગરનું ચક્ર જેની મેખલારૂપ છે એવી પૃથ્વી વ્યાપ્ત થઇ એ વિચિત્ર છે ! તે નિજ[૨૧૫] અનુજ-નાના ભાઇની આ ઉજ્જવલ કૃતિને તેણે જ સ્વર્ગમાં પ્રયાણ કરતી વખતે અભ્યર્થના કરાયેલા એવા સાંપ્રત કવિ નામે **ધ**નપાલે યથામતિ વિચારીને પોતાની વૃત્તિથી સારી રીતે અંલકૃત કરી.'[૨૧૬]

૨૭૯. ધનપાલે પોતે પ્રાકૃતમાં ૨૦ ગથામાં **શ્રા**વકવિધિ (પા.સૂચિ નં.૫૬ તથા પ્રાકૃતમાં ૫૦ ગાથામાં ઋષભદેવની સ્તુતિ રચી છે કે જે **ઋ**ષભપંચાશિકા કહેવાય છે.[૨૧૭] વળી વિરોધાભાસ અલંકારવાળી શ્રી **મ**હાવીર સ્તુતિ રચી હતી[૨૧૮] અને સત્યપુરીય શ્રી મહાવીર ઉત્સાહ નામનું સ્તુતિકાવ્ય અપભ્રંશ તત્કાલીન ભાષામાં રચ્યું હતું કે જે કેટલીક ઐતિહાસિક હકીકત રજુ કરે છે.

૨૮૦. ઉક્ત **શા**ંતિસૂરિને[૨૧૯] પાટણમાં **ધ**નપાલે **ધા**રામાં આવવા પ્રેરણા કરી હતી. તેથી તેઓ **ધા**રાનગરીમાં આવી રાજા **ભો**જનો આદરસત્કાર પામ્યા અને તેમણે સભાના સર્વ પંડિતો ને જીતવાથી

---

૨૧૫. તેની અંતે એમ છે કે'तस्यैव ज्येष्ठभ्रातुः पंडित धनपालस्य.' લીં.

૨૧૬. પહેલા બે શ્લોક પોતાના પિતામહ ને પિતા સંબંધમાં **તિ**લકમંજરીમાં આપ્યા પ્રમાણે આપ્યા છે (જુઓ ફુટનોટ નં ૨૧૧).

अब्जायताक्षः समजायतास्य श्लाध्यस्तनूजो गुणलब्धपूजः ।
यः शोभनत्वं शुभवर्णभाजा न नाम नाम्ना वपुषाऽप्यधत्त ॥ ३॥
कातन्त्रचन्द्रोदिततन्त्रवेदी यो बुद्धबौद्धार्हततत्त्वतत्त्वः । साहित्यविद्यार्णवपारदर्शी निदर्शनं काव्यकृतां बभूव ॥ ४॥
कौमार एव क्षतमारवीर्यश्चेष्टां चिकीर्षन्निव रिष्टनेमेः । यः सर्वसावद्यनिवृत्तिगुर्वी सत्यप्रतिज्ञो विदधे प्रतिज्ञाम् ॥ ५॥
अभ्यस्यता धर्ममकारि येन जीवाभिघातः कलयाऽपि नैव। चित्रं चतुःसागरचक्रकांचि स्तथापि भूर्व्यापि गुणस्वनेन॥ ६॥
एतां यथामति विमृश्य निजानुजस्य तस्योज्ज्वलं कृतिमलंकृतवान् स्ववृत्त्या ।
अभ्यर्थितो विदधतो त्रिदिवप्रयाणं तेनैव साम्प्रतकवि र्धनपालनामा ॥ ७॥

આ ટીકા મૂલ અને તેના ગૂ. અનુવાદસહિત તેમજ બીજી સંસ્કૃત અવચૂરીસહિત આ૦ સમિતિ નં. ૪૭ માં મુદ્રિત થઇ છે.

૨૧૭. **ઋ**ષભપંચાશિકા(પી ૨, ૮૫-૯૨) પર **પા**દલિપ્તસૂરિકૃત **ત**રંગલોલાનો સંક્ષેપ કરનાર હારિજ ગચ્છના **વી**રભદ્રના શિષ્ય **ને**મિચંદ્રે ટીકા કરી હતી (કાં. વડો.)

૨૧૮. આ બંને **જૈન સાહિત્ય સંશોધક** ખંડ ૩, અંક ૩ માં પૃ ૨૯૫ અને ૨૪૧ પૃષ્ટ પર વિવેચન સહિત પ્રસિદ્ધ થયેલ. વે. નં. ૧૮૨૨માં સં.**વી**રસ્તવ સાવચૂરિ નોંધેલ છે.

૨૧૯.આ સૂરિએ ૭૦૦શ્રીમાલી કુટુંબને જૈન કર્યા. તેમનો ગચ્છ વડગચ્છ હતો. પછી તેમાંથી આઠ શાખાનો વિસ્તારવાળો પિંપલગચ્છ થયો સં.૧૨૨૨(રૂદ્ર બાવીસ) તે **વી**રતીર્થ **સા**ચોર નગરમાં દીપ્તો થયો. (**પુ**ણ્યસાગરકૃત **અં**જનાસુંદરી રાસ પ્રશસ્તિ. ૨ સં. ૧૬૮૯; જુઓ **જૈ.ગૂ.કવિઓ** ભાગ ૨.પૃ.૫૩૨.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભોજરાજાએ તેમને'વાદિવેતાલ' એવું બિરૂદ આપ્યું હતું તેઓ ચંદ્રકુલના થારાપદ્ર ગચ્છીય હતા. તેમણે ઉત્તરાધ્યયન સુત્ર પર મનોહર ટીકા રચી છે કે જે ટીકા 'પાઇય ટીકા' કહેવાય છે.(કારણ કે તેમાં પ્રાકૃત અતિ વિશેષ છે, ભાં.૪ પૃ. ૪૪૦ પી.૩, ૬૩). તેમણે અંગવિદ્યા રચી-ઉદ્ધરી વળી બૃહત્શાંતિસ્તોત્ર રચ્યું (કાં. વડો નં. ૯, પી. ૩, ૨૩૧; જેસ.). તેમનો સ્વર્ગવાસ સં.૧૦૯૬ માં થયો. (પ્રા૦) ધર્મશાસ્ત્રના રચનાર શાંતિસૂરિ આ હશે. (પી. ૨, ૬૦).

આ શાંતિસૂરિનો પ્રબંધ પ્ર. ચ. માં છે કેઃ- 'જન્મ ઉન્નતાયુ ગામમાં (રાધનપુર પાસેના ઉણમાં) ધનદેવ શ્રેષ્ઠીને ત્યાં થયો. ત્યાં થારાપદ્ર ગચ્છીય વિજયસિંહસૂરિ પાસે દીક્ષા લીધી. પાટણમાં ભીમરાજાની સભામાં 'કવીન્દ્ર' તથા 'વાદિચક્રવર્ત્તિ' પદોથી પ્રસિદ્ધ થયા. રાજા ભોજની સભામાં ૮૪ વાદીને જીતી તેની શરત પ્રમાણે ૮૪ લાખ માલવી રૂ. મેળવ્યા માલવી ૧ લાખના ગૂજરાત દેશના ૧૫ હજાર થતા હોવાથી તે હિસાબે બાર લાખ સાઠ હજાર ગૂર્જર દેશના રૂ. શાંતિસૂરિને અપર્ણ થતાં બાર લાખ તેમણે ત્યાંજ જૈન દેહરાસરો કરાવવામાં ખર્ચાવ્યા અને સાઠ હજાર થરાદ મોકલાવી તેમાંથી દેરી ને રથ કરાવ્યા. ભોજે 'વાદિવેતાલ' બિરૂદ આપ્યું. ધનપાલની તિલકમંજરીનું સંશોધન કર્યું. પાટણ આવી ત્યાં એક શેઠનો પુત્ર સર્પદંશથી મૃત થયો હતો તેને સજીવન કર્યો. તેમને ૩૨ શિષ્યો હતા ને તેમને ચૈત્યમાં પ્રમાણશાસ્ત્રનો અભ્યાસ કરાવતા હતા. નાડોલથી આવેલ મુનિચંદ્રસૂરિને શ્રાવકના મકાનમાં ઉતરવાની સગવડ કરી આપી કે જ્યાં તેમણે પ્રમાણશાસ્ત્ર ને ષડ્દર્શન શાસ્ત્રોનું અધ્યયન કર્યું- એ પછી પાટણમાં સર્વ ગચ્છના સુવિહિત સાધુઓને ઉતરવા લાયક ઉપાશ્રય થયા. શાંતિસૂરિએ રચિત ઉત્તરાધ્યયન ટીકા તર્કપૂર્ણ હતી ને તેના આધારે ત્યારપછી વાદિદેવસૂરિએ દિ૦ કુમુદચંદ્ર પર જીત મેળવી. શાંતિસૂરિએ કૌલ (શક્તિ ઉપાસક) કવિ ધર્મને ને એક દ્રાવિડ વાદિને પરાજિત કર્યા. પોતાના ત્રણ શિષ્ય વીર, શાલિભદ્ર અને સર્વદેવને સૂરિપદ આપ્યું. તે વીરસૂરિની સંતતિ આગળ ચાલી નહિ પણ તેમનું શાશ્વત સ્મારક રાજપુરમાં 'નેમિનાથ' રહ્યું, જ્યારે શાલિભદ્ર અને સર્વદેવસૂરિની શિષ્યસંતતિ હજુ સુધી (સં.૧૩૩૪ સુધી) પાટણમાં વિદ્યમાન છે. શાંતિસૂરિએ ગિરનાર પર સં.૧૦૯૬માં સ્વર્ગવાસ કર્યો.'

થારાપદ્રીય ગચ્છ એ નામ થારાપદ્ર (થરાદ) કે જે ડીસા કેંપની પશ્ચિમમાં લગભગ ૨૫ કોશ પર આવેલ ગામ છે તેપરથી પડેલું છે. તેના એક લેખ પરથી જણાય છે કે તેના આદિ પુરુષ 'વટેશ્વરાર્ય હતા કે જે કુવલયમાલાવાળા વડેસર આયરિયથી અભિન્ન જણાય છે તેથી આ ગચ્છ લગભગ વિક્રમની સાતમી સદીમાં ઉત્પન્ન થયો લાગે છે. શાન્તિસૂરિનો સમય શિથિલાચાર-પ્રધાન હતો પોતે પણ અપ્રતિબદ્ધ વિહારી હોય તેમ ઓછું જણાય છે. તેમને ભોજે વિજયનું પારિતોષિતક આપ્યું અને તે એમણે ધર્મમાર્ગમાં ખરચાવ્યું એ તો એક જુદી વાત છે પણ એમના ગચ્છના ઉપાશ્રયને પ્રબંધકારે બે સ્થળે 'મઠ' કહેલ છે. તેથી પણ એમની ગુરુપરંપરામાં શિથિલાચારનો પ્રવેશ હશે એમ જણાય છે. પાટણમાં મુનિચંદ્રસૂરિને સુવિહિત સાધુ હોવાના કારણે ઉતરવાને ઉપાશ્રય નહોતો મળતો તેથી શાંતિસૂરિએ કહીને એક શ્રાવકનું મકાન તેમને ઉતરવાને અપાવ્યું, એ ઉપરથી પણ જણાય છે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાટણમાં તે સમયે શિથિલાચારીઓનું સામ્રાજ્ય હતું, છતાં સુવિહિતોનો પણ ત્યાં વિહાર થવા માંડ્યો હતો અને ધીરે ધીરે તેમને માટે ઉપાશ્રયોની સગવડ થવા લાગી હતી. **શા**ંતિસૂરિએ **ઉ**ત્તરાધ્યયનટીકા ઉપરાન્ત **ધ**નપાલની **તિ**લકમંજરી કથા ઉપર એક સુંદર ટીપ્પણ લખ્યું છે કે જે પાટણના ભંડારોમાં આજે પણ વિદ્યમાન છે. **જી**વવિચાર પ્રકરણ અને **ચૈ**ત્યવંદન મહાભાષ્ય નામના ગ્રંથો પણ આજ **શા**ંતિસૂરિની કૃતિ હોવાનું મનાય છે. (મુનિ **ક**લ્યાણવિજય. પ્ર. ચ. પ્ર. {*આ ઉપરાંત જીવવિચાર, બૃહત્ શાન્તિસ્તવ જિનસ્નાત્ર વિધિ રચ્યા છે. થારાપદ્રગચ્છકા ઈતિહાસ લે. શિવપ્રસાદ*})

૨૮૧. સં. ૧૦૫૫માં ચંદ્રગચ્છના **વ**ર્ધમાનસૂરિએ **હ**રિભદ્રસૂરિ કૃત **ઉ**પદેશપદ પર ટીકા (જૈસ.) રચી, વળી તેમણે **ઉ**પમિતિ ભવપ્રપંચા નામ સમુચ્ચય (પી. ૩, ૧), **ઉ**પદેશમાલા બૃહદ્વૃત્તિ એ નામની કૃતિઓ રચી જણાય છે. (જૈસ. પ્ર, પૃ ૩૭) તે સૂરિનો શક સં. ૯૧૦ (વિ. સ. ૧૦૪૫) નો પ્રતિમાલેખ **ક**ટિગ્રામમાં ઉપલબ્ધ છે. સ્વ૦ સં. ૧૦૮૮.

૨૮૨. સં ૧૦૭૩ માં ઉકેશ ગચ્છના **ક**ક્કસૂરિ શિષ્ય **જિ**નચંદ્રગણિ (અપર નામ **કુ**લચંદ્ર ગણિ, અને પછીથી થયેલ **દે**વગુપ્તાચાર્ય)એ પત્તનમાં પાર્શ્વનાથચૈત્યે **ન**વપદલઘુવૃત્તિ (**શ્રા**વકાનંદ-કારિણી નામની ટીકા) રચી (પા. સૂચિ નં. ૨) અને તે વર્ષમાં **ન**વતત્ત્વ પ્રકરણ રચ્યું[૨૨૦] અને સં. ૧૦૭૮ માં **વી**ર નામના આચાર્યે **આ**રાધનાપતાકા રચી.

૨૮૩. પાટણની ગાદીપર રાજ કરતા **દુ**ર્લભરાજના સમયમાં એમ બન્યું કે **વ**નરાજના સમયથી પાટણમાં ચૈત્યવાસી મુનિઓજ રહેતા, તેથી ઉક્ત ચંદ્રકુલના **વ**ર્ધમાનસૂરિ શિષ્ય **જિ**નશ્વર નામના સૂરિએ રાજસભામાં જઈ તેજ રાજાના સરસ્વતી ભંડારમાંનું જૈન મુનિઓના આચાર સ્વરૂપ દાખવતું **દ**શવૈકાલિક સૂત્ર મંગાવી ચૈત્યવાસીઓનો આચાર તે શુદ્ધ મુનિ-આચાર નથી એને પોતે જે ઉગ્ર અને કઠિન આચાર પાળે છે તેજ શાસ્ત્રસંમત છે એમ બતાવી આપ્યું તેથી તે રાજાને તેમને '**ખ**રતર' એ નામનું બિરૂદ આપ્યું અને ત્યારથી ચૈત્યવાસીઓનું જોર નરમ પડતું ગયું; શુદ્ધ આચારવાળા જૈન મુનિઓનો પ્રવેશ વધતો ગયો અને તેમના પરથી 'ખરતર ગચ્છ'ની સ્થાપના થઈ એમ તે ગચ્છની પટ્ટાવલીમાં જણાવ્યું છે.

૨૮૪. ઉક્ત **જિ**નેશ્વરસૂરિના સહોદર અને સહદીક્ષિત **બુ**દ્ધિસાગરસૂરિ (કે જે જૈન શ્વે૦ સંપ્રદાયમાં આદ્ય વૈયાકરણ) છે એ પોતાના નામનું- '**બુ**દ્ધિસાગર' અપરનામ **પં**ચગ્રંથી વ્યાકરણ કે **શ**બ્દલક્ષ્મલક્ષણં, **પા**ણિનિ-**ચં**દ્ર-**જૈ**નેન્દ્ર-**વિ**શ્રાન્તદુર્ગ ટીકા જોઈને સંસ્કૃત પ્રાકૃત શબ્દની સિદ્ધિ માટે પદ્યગદ્યરૂપ ૭૦૦૦ શ્લોક પ્રમાણ **જા**બાલિપુરમાં સં.૧૦૮૦ માં રચ્યું. તે **જિ**નેશ્વરસૂરિએ **હ**રિભદ્રસૂરિનાં **અ**ષ્ટકો પર સં. વૃત્તિ (સં. ૧૦૮૦), સમ્યક્ત્વના ઉપશમાદિ પાંચ લિંગ પર **પં**ચલિંગી પ્રકરણ, **વી**રચરિત્ર, **નિ**ર્વાણલીલાવતી કથા (**આ**શાપલ્લીમાં સંવત ૧૦૮૨ ને ૧૦૯૫ ની વચમાં સં. ૧૦૯૨માં વે૦ નં. ૧૬૨૩ જે. પૃ. ૪૩ {*નિર્વાણલીલાવતીનો સંક્ષેપ લીલાવતીસાર જિનરત્નસૂરિ સં. ભાયાણી-કંસારા*

---

૨૨૦. **પુ**રાતત્ત્વ ૨, ૪૧૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર.લા.દ.વિ.}) કથાકોષ પ્રા૦ {*સં. જિનવિજય પ્ર.સીંઘી ગ્રં.*}, પ્રમાણ લક્ષણ[૨૨૧] સવૃત્તિ, ષટ્સ્થાનક પ્રકરણ વગેરે {*અને ચૈત્યવંદન વિવરણ વ.*} ગ્રંથો રચ્યા. આ સૂરિના શિષ્યો જિનચંદ્રસૂરિ, અભયદેવસૂરિ અને ધનેશ્વરસૂરિ થયા. ધનેશ્વરે સં. ૧૦૯૫માં ચડ્ડાવલ્લિ(ચંદ્રાવતી)માં સુરસુંદરીકહા પ્રાકૃતમાં રચી.[૨૨૨]

૨૮૫. અગ્યારમા શતકના ઉત્તરાર્ધમાં કાયસ્થ કવિ સોઢ્ઢલે ઉદયસુંદરી કથા નામની મનોહર ગદ્યમય આખ્યાયિકા રચી તેમાં પોતાના મિત્રો તરીકે સુલલિત ઉપન્યાસ વાણી તરંગના ક્ષીરસમુદ્ર રૂપ અશોકવતી નામની કથા રચનાર શ્વેતાંબરસૂરિ મહાકવિ ચંદનાચાર્યને અને નાગાર્જુન નામના કોંકણના થાણામાં રાજ્ય કરતાં રાજાએ જેમના ખડ્ગ કાવ્યથી પરિતુષ્ટ થઈ 'ખડ્ગાચાર્ય' નામનું અપરનામ-બિરૂદ જેમને આપ્યું હતું એવા શીઘ્રકવિ શ્વેતાંબરસૂરિ વિજયસિંહસૂરિને ઓળખાવ્યા છે.[૨૨૩]

વિમલમંત્રી અને તેમની વિમલવસતિ

श्रीमान् गौर्जर भीमदेव नृपतेर्धन्यः प्रधानाग्रणीः, प्राग्वाटान्वयमंडनः स विमलो मंत्रिवरोऽप्यस्पृहः।
योऽष्टाशीत्यधिके सहस्त्रगणिते संवत्सरे वैक्रमे, प्रासादं समचीकरच्छशिरुचिं श्री अंबिकादेशतः॥

- શ્રી માન ગૂર્જરરાજ ભીમદેવ નૃપનો ધન્ય, પ્રધાનોમાં અગ્રણીરૂપ, પ્રાગ્વાટ કુલમંડન, સ્પૃહારહિત એવો મંત્રીવર વિમલ થયો કે જેણે સં.૧૦૮૮માં અંબિકાદેવીના આદેશથી ચંદ્રકાન્તિ જેવો પ્રસાદ કરાવ્યો.

૨૮૬. સાહિત્યનો વિચાર કરવા સાથે સ્થાપત્ય-શિલ્પની અવગણના નહિ થઈ શકે; અને તેમાં ખાસ કરી જગત્માં એક ઉત્તમ કોટીમાં મૂકી શકાય એવું ૧૧મી સદીનું ગૂજરાત-મરૂદેશમાં- આબુ પર આવેલું વિમલમંત્રીએ બંધાવેલું મંદિર લક્ષમાં લીધા વગર છૂટકો નથી. એના વર્ણન સાથે તેના

---

૨૨૧. જિનશ્વરસૂરિએ પ્રમાણલક્ષણને અંતે જણાવ્યું છે કે 'જૈન લોકોનું કોઈ શબ્દલક્ષણ(વ્યાકરણ)નથી, તેમ ન્યાયલક્ષણ નથી તેથી તેઓ અર્વાચીન છે-આ જાતનો આક્ષેપ દૂર કરવા માટે બુદ્ધિસાગરસૂરિએ પદ્યબંધ નવું વ્યાકરણ કર્યું, અને અમે (જિનેશ્વરસૂરિએ) પ્રમાણલક્ષણ રચ્યું'. આ પ્રમાણલક્ષણ શેઠ મનસુખભાઈ ભગુભાઈ અમદાવાદ તરફથી પ્રકટ થયું છે.

૨૨૨. પં૦ હરગોવિન્દદાસ સંશોધિત બહાર પડી છે. જૈન વિવિધ સાહિત્ય ગ્રંથમાલા કે જે મુંબઈ યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં દાખલ થયેલ છે. {*પ્રવચન પ્રકાશન પુનાથી પણ પ્રસિદ્ધ થઈ છે. મુનિ વિશ્રુતયશવિ. કૃત સંસ્કૃતછાયા અને ગુજરાતી,હિન્દી સાથે ૧ પરિચ્છેદ શ્રમણ જાન્યુ-જૂન ૨૦૦૪માં પ્રગટ થયો છે.*}

૨૨૩. विवेश चात्मनो भवनं मिलितश्च मित्राणामेकश्च तेषु सुललितपदोपन्यासवाणीतरंगदुग्धाम्बुधिरशोकवतीति कथानिबन्धस्य कर्त्ता महाकविश्चंदनाचार्य नामा श्वेताम्बरसूरिः, श्वेताम्बरसूरिरन्यश्चाशुकवितया परमं प्रकर्षमापन्नः खड्गकाव्यपरितुष्टेन महीभुजा नार्गाजुनराजेन खड्गाचार्य इतिप्रदत्तापरनामधेयो विजयसिंहाचार्यः कविः। ઉદયસુંદરી કથા-પ્ર. ગા૦ ઓ. સી. નં. ૧૧ પૃ. ૧૫૫. આ સાથે બીજા મિત્રોના નામો કર્ત્તાએ મૂક્યાં છેઃ ત્રણ ભાષા જાણનાર દિગંબરાચાર્ય મહાકીર્ત્તિ, ઈંદ્ર નામનો રત્નમંજરી નામની ચંપૂકથાનો રચનાર, મધુરસાહાર નામનો ભટ વગેરે. કર્ત્તા કોંકણના રાજા છિત્તરાજ, નાગાર્જુન અને મુમ્મુણિરાજનો તેમજ લાટદેશના વત્સરાજના પોતે સમકાલીન હતા એમ જણાવે છે, એથી તેમની આ કૃતિ સં.૧૦૭૬ અને ૧૧૦૬ ની વચ્ચે થયેલી હોવી ઘટે, ને તે બનતાં સુધી ગુજરાતના લાટ દેશમાં. લાટદેશ આ વખતે સ્વતંત્ર હતો એમ સમજાય છે, વિશેષ માટે જુઓ તેની પ્રસ્તાવના.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંધાવનાર **વિ**મલમંત્રી સંબંધી ટુંક પરિચય[૨૨૪] પણ કરવો ઘટે.

૨૮૭. ભીમદેવ પહેલાના રાજયમાં તેનો વિશ્વાસપાત્ર દંડનાયક સેનાપતિ **વિ**મલમંત્રી હતો. તેના પૂર્વજોમાં મુખ્ય પુરુષ મહામાત્ય **ની**નુ તેનો પુત્ર મહામાત્ય **લ**હર તેનો પુત્ર મહામાત્ય **વી**ર, તેના બે પુત્રો નામે (મહામાત્ય) **ને**ઢ અને **વિ**મલ એ ક્રમ હતો.[૨૨૫] તે **વિ**મલમંત્રી શ્રીમાલ કુલ

---

૨૨૪. **વિ**મલમંત્રી સંબંધી હકીકતો આપણને સં. ૧૪૯૭ માં આ. **જિ**નહર્ષે રચેલા સંસ્કૃત **વ**સ્તુપાલ ચરિત્રના ૮મા પ્રસ્તાવમાં, સં. ૧૫૦૩ માં **સો**મધર્મે રચેલા સંસ્કૃત ગ્રંથ નામે **ઉ**પદેશસપ્તતિકાના ચતુર્થ ઉપદેશમાં મળી આવે છે અને કઈક વિસ્તારથી **લા**વણ્યસમયે સં. ૧૫૬૮ માં તત્સમયની પ્રચલિત ગૂજરાતી ભાષા કે જે તે સમયની રાજસ્થાની ભાષા સાથે ઘણીખરી મળતી હતી તેમાં રચેલા **વિ**મલમંત્રી પ્રબંધમાં આપેલ છે કે જે સંબંધિ આગળ જોઇશું.

આ. **જિ**નહર્ષે આપેલ હકીકતનો સાર એ છે કે :- **ચં**દ્રાવતીમાં પ્રાગ્વાટ વંશના **વિ**મલ નામે દંડપતિ થયા. તે શ્રી **ભી**મગુર્જરપતિના પરમ પ્રસાદરૂપ હતા. **સિં**ધુરાજા સાથેના દારૂણયુદ્ધમાં તે રાજાને મોટી સહાય આપી હતી. પરમાર રાજા પણ તેના પરાભવની શંકાથી પોતાની રાજધાની છોડી ગિરિદુર્ગમાં જઇ રહ્યા હતા. તેણે માલવીય રાજાની સાથેના સંગ્રામમાં ભીમરાજાના સેનાપતિ પદને પામી વિજય મેળવ્યો હતો. ત્રણ દિવસમાં **સ્થ**ટ્ટનામના રાજાને હરાવી બાંધી લીધો હતો. **ન**દલ નગરના રાજાએ તેને સુવર્ણનું સિંહાસન આપ્યું હતું. ને **યો**ગિની (દીલ્લી) પતિએ તેને છત્ર આપ્યું હતું. **વિ**મલાચલની યાત્રામાં ચાર કોટી સુવર્ણનો વ્યય કરી સંઘપતિ થયા હતા. સ્ત્રીનું નામ **શ્રી** હતું. પુત્ર નહોતો. **અં**બિકાની આરાધના કરી અર્બુદગિરિ પર ચૈત્ય ને વંશની ઉન્નતિરૂપ પુત્ર થવાના બે વર માંગ્યા. દેવીએ બેમાંથી એક મળશે એમ કહેતાં જિનચૈત્યની માંગણી રાખી ને તે ફળી. શૈવમતિઓનો વિરોધ થતાં અંબિકાની સહાયથી ત્યાંથી ભ. ઋષભદેવની પ્રતિમા નિકળી, આખરે સં.(૧૦૮૮) માં આદિનાથની દિવ્ય ધાતુમય પ્રતિમા કરાવી પોતાના કરેલા મંદિરમાં બૃહદ્ ગચ્છના નાયક શ્રી **ર**નસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી સ્થાપી, તેમાં ૮ કોટિ સુવર્ણનો વ્યય થયો.

સોમધર્મની હકીકત એ છે કે-૪૪૪ આર્હત પ્રસાદો અને ૯૯૯ શૈવ મંદિરો વાળી **ચં**દ્રાવતીમા આવીને **ભી**મરાજાથી અપમાન પામેલો **વિ**મલ કોટવાળ રાજ્ય કરતો હતો. તેના અધિકારી પુરુષો ૮૪ હતા. પોતાના સૈન્યથી બાર પાદશાહોને જીતીને તેમની પાસેથી તેટલાં ૧૨ છત્રો લઇ લીધાં હતાં. અંબાદેવીની અરાધના કરી અને તીર્થસ્થાપના અને પુત્રપ્રાપ્તિમાંથી ઉપર જણાવ્યા પ્રમાણે પ્રાસાદની માંગણી સ્વીકારાઇ. પ્રાસાદ કરાવતાં **વા**લિનાહ નામનો નાગરાજ વિઘ્ન કરતો હતો તેને શાંત કરી ક્ષેત્રપાલ તરીકે સ્થાપ્યો. પ્રાસાદ ૮ કોટી સુવર્ણના વ્યયે પૂર્ણ થતાં દંડનાયકે ૧૦૮૮મા વર્ષે યુગાદિજિનની પીતલની પ્રતિમાં તેમાં સ્થાપન કરી એવામાં ભીમદેવ રાજાએ બહુમાનપૂર્વક વિમલમંત્રીને શાંત કર્યો. પછી તેના **વા**હિલ ભ્રાતાએ ત્યાં મંડપાદિક કરાવ્યા અને મોટા વ્યવહારીઓએ દેવકુલિકાદિક કરાવ્યું.

૨૨૫. આ પ્રમાણેનો ક્રમ આબુ પરની હસ્તિશાળામાં સંગેમરમરના ૧૦ હાથીઓ- યા હાથણીઓ ના શિલાલેખો પરથી જણાય છે. તેમાં ૭ પર સં.૧૨૦૪ ના લેખ છે તે પૈકી ચાર મહામાત્ય **ની**નુથી **ને**ઢ સુધીના છે ને પછી ત્રણપર નેઢના પુત્ર મહામાત્ય **ધ**વલક તેનો પુત્ર મહામાત્ય **આ**નંદ અને તેનો પુત્ર મહાત્માત્ય **પૃ**થ્વીપાલ (કે જે **કુ**મારપાલનો પ્રસિદ્ધ મંત્રી હતો.) તેના છે. આ સાતે પૃથ્વીપાલે કરાવેલ જણાય છે. પછી ૮ મી અને ૯ મી પર સં ૧૨૩૭ ના લેખ છે. તેમાં એક પર (**પૃ**થ્વીપાલના એક પુત્ર નામે) ઠ. જગદેવનો અને બીજી પર (તેનો બીજો પુત્ર નામે) મહામાત્ય **ધ**નપાલનો છે. તેથી તે બંને તે તે પુત્રોએ કરાવી લાગે છે. ૧૦મી પર શિલાલેખ તુટી ગયો છે. તે આનંદના પુત્ર નાનકના પુત્ર નાગપાલનો હશે. જિ૦ ૨ નં ૨૪૭ પૃ.૧૪૭ માં આ લેખ ક્રમબદ્ધ ને યથાસ્થિત અપાયો નથી. વિશેષમાં સં.૧૨૦૨ નો શિલાલેખ મળે છે તેમાંથી એ જાણવામાં આવે છે કે - શ્રીમાલકુલ અને પ્રાગ્વાટ વંશમાં ધર્માત્મા **નિ**ન્નક થયો. તેનો પુત્ર **લ**હર થયો. કે જે નીતિજ્ઞ, દેવ અને સાધુઓનો ભક્ત, દાનશીલ, દયાલુ અને જિનધર્મનો જ્ઞાતા હતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ગોત્ર)નો[૨૨૬] પ્રાગ્વાટ (પોરવાડ) વંશ (જાતિ)નો જૈન વણિક હતો. તે બહાદુર યોદ્ધો હતો.

૨૮૮. આ વખતે આબુનો **ધં**ધુક(ધંધુરાજ) ચંદ્રાવતીપુરીમાં રાજ્ય કરતો હતો. ને તે **ભી**મદેવનો સામન્ત હતો. **ભી**મદેવ અને **ધં**ધુક વચ્ચે વૈમનસ્ય થતાં ધંધુક ધારાના **ભો**જ પરમાર-રાજાના પક્ષમાં ગયો આથી **ભી**મદેવે વિમલને અર્બુદનો-આબુનો દંડાધિપતિ નીમ્યો. **અં**બિકાદેવીના આદેશથી આબુ ઉપર વિ.સં. ૧૦૮૮ માં મનોહર દેવાલય બનાવ્યું.[૨૨૭]

૨૮૯. આ મંદિરને 'વિમલવસતિ'-'વિમલવસહિ' કહેવામાં આવે છે.[૨૨૮] તેની અદ્‌ભુત

તેનો પુત્ર મહત્તમ **વી**ર, **મૂ**લ નરેન્દ્ર (ચાલુક્ય રાજા મૂલરાજ)ની સેવામાં રહેતો હતો. તે બુદ્ધિમાન્, ઉદાર અને દાની હતો. તેનો જૈન ધર્મનિષ્ઠ જ્યેષ્ઠ પુત્ર **નેઢ** મંત્રી થયો. અને બીજો પુત્ર **વિ**મલ દંડાધિપતિ (દંડનાયક) થયો કે જેણે તે મંદિર (**વિ**મલવસહી) બનાવ્યું ત્યાર પછી નેઢની વંશાવલી છે.

'**વિ**મલ પ્રબંધ' જણાવે છે કે વિમલના પૂર્વજ નિર્ધનતાના કારણે **શ્રી**માલ નગર છોડી **ગાં**ભૂમાં આવી વસ્યા. **વ**નરાજે સં.૮૦૨ માં વસાવેલા **અ**ણહિલપુરમાં વિમલનો પૂર્વજ **નિ**નગ(નીનૂ) ગયો ને ત્યાં તેનો તે દંડનાયક થયો. તેનો પુત્ર **લ**હિર ઘણો પ્રતાપી થયો ને તે દંડનાયક નીમાયો. વનરાજ પછીના ત્રણે રાજાઓનો તે દંડનાયક રહ્યો લહિરનો પુત્ર વીર થયો, તે રાજ્યનો કરભાર છોડી જપ-તપ અને ધર્મધ્યાનમાં વળગ્યો હતો. આ સંબંધી **ઓ**ઝાજી જણાવે છે કે- 'આ કથન(ઐતિહાસિક રીતે) નિર્મૂલ છે. કારણ કે નિનગ વનરાજાનો સમકાલીન નહોતો. વનરાજે સં. ૮૦૨-૨૦ સુધી રાજ્ય કર્યું અને નિનગનો પૌત્ર વીર (વીરમ) ગૂજરાતના ચૌલુક્ય (સોલંકી) રાજા **મૂ**લરાજ (વિ.સં.૧૧૧૭-૫૨)ના દરબારમાં વિદ્યમાન હતો, એવું વિમલના મોટા ભાઈ **નેઢ**ના પ્રપૌત્ર **દ**શરથે સં. ૧૨૦૨ના વિમલે બનાવેલા આબુ પરના પ્રસિદ્ધ આદિનાથના મંદિરની દશમી દેવકુલિકાની બહાર કોતરેલા શિલાલેખથી જણાય છે. વિમલના મંદિરની હસ્તિશાલાવાળા લેખમાં નિનગે મહામાત્ય લખ્યો છે. અતઃએવ સંભવ છે કે તે પણ પ્રારંભમાં મૂલરાજનો મંત્રી હોય. વિમલના દાદા લહિરના સમયથી એ લોકો સોલંકી રાજાઓના બહુધા મહામાત્ય (મહામંત્રી) તરીકે થયેલા ચાલ્યા આવતાં હતા.-' જુઓ ઓઝાજીનો લેખ **'વિમલ પ્રબંધ ઔર મંત્રી વિમલ'**-'**સુ**ધા'

૨૨૬. પ્રાગ્વાટ (પોરવાડ) ની ઉત્પત્તિ માટે 'વિમલ પ્રબંધ' માં જણાવ્યું છે કે શ્રીમાલ નગરમાં અવ્યવસ્થા થતાં લૂંટારા તેને લૂંટવા લાગ્યા એટલે ત્યાંના વેપારીઓએ **બં**ભપુર (સ્તંભપુર)ના ચક્રવર્તી રાજા **પો**રવને રક્ષા માટે પ્રાર્થના કરી, તે તેણે સ્વીકારી દશહજાર યોદ્ધાઓ મોકલ્યા ને તથી શ્રીમાલ નગર નિર્ભય બન્યું. આ યોદ્ધાઓ શ્રીમાલની પૂર્વ-દિશામાં રહ્યા તેથી પ્રાગ્વાટ (પોરવાડ) કહેવાયા. આ સંબંધી **ઓ**ઝાજી કહે છે કે આ બધી વાત કલ્પિત છે. પ્રાગ્વાટ તો મેવાડના એક વિભાગનું પ્રાચીન નામ હતું, કે જે પ્રમાણે શિલાલેખાદિથી જણાય છે, ત્યાંના નિવાસી જૂદી જૂદી જગ્યાએ જઈ રહ્યા કે જ્યાં પોતાના મૂલ નિવાસ્થાનના કરણે પ્રાગ્વાટ કહેવડાવતા રહ્યા. વૈશ્યાદિ જાતિઓ સ્થલ પરથી થઈ રહી છે. -**ઓ**સ યા **ઓ**સિયા નગરથી ઓસવાલ, પ્રાગ્વાટ, દેશથી પ્રાગ્વાટ, લાડ દેશથી લાડ આદિ કહેવાઈ છે.

૨૨૭. જુઓ સં.૧૩૭૯ નો તે દેહરાની પ્રશસ્તિનો શિલાલેખ શ્લોક ૫ થી ૧૧, જિ. ૨, નં. ૧૩૨ પૃ. ૧૧૪-૧૧૫ વળી **જિ**નપ્રભસૂરિએ **તી**ર્થકલ્પમાં અર્બુદકલ્પમાં જણાવ્યું છે કે : જ્યારે ગુર્જરેશ્વર (**ભી**મદેવ) રાજાનક (રાણા) **ધાં**ધુકપર ક્રુદ્ધ થયો ત્યારે તે (વિમલે) ભક્તિથી ભીમદેવને પ્રસન્ન કરી ધાંધુકાને ચિત્રકૂટ(ચિતોડ) થી લાવી વિ. સં. ૧૦૮૮ માં તે (ધાંધુક) ની આજ્ઞા લઈ મોટા ખર્ચથી વિમલવસતિ નામનું સુંદર મંદિર બંધાવ્યું.

વૈક્રમે વસુ વસ્વાશા ૧૦૮૮ મિતેબ્દે ભૂરિરૈવ્યયાત્ । સત્પ્રસાદં સ વિમલવસત્યાહ્વં વ્યધાપયત્ ॥

૨૨૮. 'વસહિ' એટલે મંદિર-જૈનમંદિર; જૈન મંદિરોમાં મંદિર કરાવનાર સાથે વસતિ-વસહિ જોડવામાં આવે છે.'વસહિ' એ સંસ્કૃત વસતિ(વસથિ) ઉપરથી થયેલ છે. કાન્નડ શબ્દ 'બસદી' અગર 'બસ્તી' એ 'વસતિ'નો તદ્‌ભવ છે.'વસહિ' નું અપભ્રંશ 'વસી' થયું છે જેમકે ખરતરવસી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારીગરી માટે તે જગપ્રસિદ્ધ છે. આખી દુનિયામાં આવું મંદિર-મકાન પહેલવહેલું થયું છે. 'આ વિમલમંત્રીનો કીર્તિસ્થંભ છે.આ મંદિર અને તેની પાસેનું વસ્તુપાલના ભાઇ તેજપાલકૃત નેમિનાથનું મંદિર કારીગરીની ઉત્તમતાને માટે સંસારભરમાં અનુપમ છે. તેમાં પણ વિમલમંત્રીનું મંદિર શિલ્પની દૃષ્ટિએ અધિક ઉત્તમ છે. મુખ્ય મંદિરની સામે વિશાલ સભામંડપ અને ચારે બાજુએ નાની નાની કેટલીક દેવકુલિકાઓ છે આ મંદિરમાં મુખ્ય મૂર્તિ ભ. ઋષભદેવની છે, જેની બંને બાજુએ એક એક ઉભી મૂર્તિ પણ છે. (વળી ત્યાં બીજી પીતલ તથા પાષાણની કેટલીક મૂર્ત્તિઓ છે કે જે પાછળથી બની છે). આ મંદિરની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. સ્તંભ, તોરણ, ગુંબજ, છત, દરવાજા આદિ પર જ્યાં જ્યાં નજર નાખીએ ત્યાં કારીગરીની સીમા-અવધિ જ માલૂમ પડે છે. કર્નલ ટૉડ[૨૨૯] આ મંદિરના વિષે લખ્યું છે કે ભારતભરમાં આ મંદિર સર્વોતમ છે અને તાજમહાલ સિવાય કોઇ બીજું સ્થાન આની બરોબરી કરી શકે તેમ નથી. ફર્ગ્યુસને[૨૩૦] જણાવ્યું છે કે આ મંદિર કે જે સંગેમરમરનું બનેલુ છે. તે અત્યન્ત પરિશ્રમ સહન કરનાર હિન્દુઓના ટાંકણાથી ફીત જેવી બારીકી સાથે એવી મનોહર આકૃતિઓ બનાવવામાં આવી છે કે તેની નકલ કાગળ પર કરવામાં કેટલાય સમય તથા પરિશ્રમથી હું સમર્થ થઇ શક્યો નથી. રાસમાલાના કર્ત્તા ફાર્બસે લખ્યું છે કે આ મંદિરોની કોતરણીના કામમાં સ્વાભાવિક નિર્જીવ પદાર્થોનાં ચિત્ર બનાવ્યાં છે એટલું જ નહિ પણ પરન્તુ સાંસારિક જીવનમાં દૃશ્ય, વ્યાપાર, તથા નૌકાશાસ્ત્ર સંબંધી વિષય તો શું પણ રણક્ષેત્રનાં યુદ્ધોનાં ચિત્રો પણ કોતરવામાં આવ્યાં છે. છતોમાં જૈન ધર્મની અનેક કથાઓના ચિત્ર પણ અંકિત છે.[૨૩૧]

---

૨૨૯. Travels in Western India.

૨૩૦. History of Indian Architecture. વળી આમાં તેણે ૧૧મી સદીની જૈનોની શિલ્પકલા સંબંધી લખ્યું છે કે:-

"Architectural style is perfect and complete in all parts when we first practically meet with it in the early parts of the 11th century at Abu or at Girnar. From that point it progresses during one or two centuries towards greater richness, but in doing so, it loses its purity and perfection it has attainned in the earlier period and from that culminating point its downward progress can be traced through abundant examples to the present day"

૨૩૧. ઓઝાજીનો લેખ 'વિમલપ્રબંધ અને વિમલ મંત્રી' - 'સુધા' તથા 'શ્વેતાંબર જૈન' ૨૦-૧૨-૨૮ અને ૫-૧-૨૯ ગૂ. ભા: બુદ્ધિપ્રકાશ જાન્યુ.૧૯૨૯. આ લેખમાં રા.ઓઝાજી 'વિમલપ્રબંધ' ના નીચેનાં વિધાનો કારણો આપી સ્વીકારવા ના પાડે છે. :-

(૧) વિમલ પાટણ છોડી સસૈન્ય ચંદ્રાવતી જઇ ત્યાંનો રાણો બન્યો હતો, એ ખરૂં નથી. પણ ત્યાં તે દંડનાયક થઇ ભીમદેવ તરફથી શાસન કરતો હતો.

(૨) બંગાળના રોમ નગરના સુલતાન પર ચઢાઇ કરી જીત્યા હતા એ ખરૂં નથી કારણકે બંગાલામાં તે વખતે મુસલમાનનો પ્રવેશ પણ થયો નહોતો.

(૩) ઠઠ્ઠાના બ્રાહ્મણ રાજા પર આક્રમણ કરી તેને કેદ કર્યો એ વિશ્વસનીય નથી કારણકે સિંધપર બ્રાહ્મણ રાજાઓના અધિકાર તો કેટલીય સદી પહેલાં નીકળી ગયો હતો.

(૪) વિમલે જે આબુપર પ્રસિદ્ધ મંદિર બંધાવ્યું તે ધર્મઘોષસૂરિના ઉપદેશથી કર્યું તે પણ બરાબર નથી કારણકે તેજ મંદિરમાં મહામાત્ય કવરિએ સં. ૧૨૨૬ માં પોતાનાં માતાપિતાની મૂર્ત્તિઓ બનાવી રખાવી છે તેની પ્રતિષ્ઠા ધર્મઘોષસૂરિએ કરેલી તે તેના શિલાલેખથી નિશ્ચિત છે. (જુઓ. જિ.૨, નં. ૧૬૫ પૃ.૧૨૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૯૦. વિમલ અપુત્ર મરણ પામ્યો એવી કથા-સામાન્ય માન્યતા છે.[૨૩૨] તે સત્ય હોય એમ પાક્કે પાયે કહી શકાતું નથી કારણ કે વિમલના પછીની વંશાવલી મળતી નથી. કેવળ એક લેખ તેના ઉક્ત મંદિરોમાં અંબાજીની મૂર્ત્તિપર સં.૧૩૯૪ નો મળે છે કે જેનો આશય એવો છે કે 'મહં૦ વિમલાન્વયે' એટલે **વિ**મલના વંશજ **અ**ભયસીહના પુત્ર જગસીહ લખમસીહ અને કુરસીહ થયા તથા જગસીહનો પુત્ર ભાણ થયો. તે સર્વએ મળી **વિ**મલવસહિમાં **અં**બાજીની મૂર્ત્તિ સ્થાપિત કરી.

૨૯૧. ભીમદેવ રાજાના 'વ્યયકરણપદામાત્ય' (નાણાં વિષયક મંત્રી) પ્રાગ્વાટ જૈન **જા**હિલ્લ હતો.[૨૩૩]

૨૯૨. ભીમદેવના સમયમાં તેમાના મામા **દ્રો**ણાચાર્ય નામના જૈનાચાર્ય હતા. તે **નિ**વૃત્તિ કુલના હતા અને તેમણે **પિં**ડનિર્યુક્તિ પર ટીકા રચી. તથા **અ**ભયદેવસૂરિ (જુઓ પારા ૨૯૩) એ કરેલ નવ અંગો પરની ટીકા-વૃત્તિમાં દ્રોણાચાર્યે સંશોધનાદિમાં સહાય કરી હતી એમ તે વૃત્તિકાર છેવટે જણાવે છે. તેમણે **ઓ**ઘનિર્યુક્તિ પર ટીકા રચી. (પી. ૪. ૭૯). તે દ્રોણાચાર્યના શિષ્ય તથા સંસાર પક્ષે ભત્રીજા **સૂ**રાચાર્ય[૨૩૪] શબ્દશાસ્ત્ર, પ્રમાણશાસ્ત્ર, તથા સાહિત્યશાસ્ત્રાદિકમાં પારંગત હતા. **ભો**જ રાજા તરફથી **ભી**મદેવ પર આવેલી સમસ્યા **સૂ**રાચાર્યે સુંદર રીતે પૂરી કરી હતી. **સૂ**રાચાર્યે **ધા**રાનગરી જઈ **ભો**જને મુગ્ધ કર્યો હતો. સર્વ દર્શનો એકઠાં ન થઈ શકે તે યુક્તિથી સમજાવ્યું હતું, ને રાજાની સભાના પંડિતોને જીત્યા હતા. આ સહન ન થવાથી સૂરાચાર્યને દેહકષ્ટ આપવાનો **ભો**જે વિચાર કરતાં તે આચાર્ય કવિ **ધ**નપાલની પ્રેરણાથી છુપા નીકળી **પા**ટણ આવી પહોંચ્યાં હતા. તેમણે **ઋ**ષભદેવ અને **ને**મિનાથ એ બંને તીર્થંકરોના ચરિત્ર રૂપ ચમત્કારિક **દ્વિ**સંધાન નામે કાવ્યગ્રંથ રચ્યો હતો **ને**મિચરિત્ર મહાકાવ્ય ગદ્યપદ્યમય રચ્યું સં. ૧૦૯૦. {*દાનાદિ પ્ર. સુરાચાર્ય પ્ર.લા.દ.વિ.*}

પ્ર.ચ પ્રમાણે સૂરાચાર્ય મૂળ, રાજા **સં**ગ્રામસિંહના પુત્ર **મ**હિપાલ. બાલપણે પિતા સ્વર્ગસ્થ થતાં માતાએ સંસારપક્ષે કાકા **દ્રો**ણાચાર્ય પાસે અભ્યાસાર્થે રાખ્યાં. તેમની પાસે દીક્ષા લીધી. **દ્રો**ણાચાર્ય રાજા ભીમદેવના મામા થતા હતા ને તેમના ગુરુનું નામ **ગો**વિન્દસૂરિ હતું સૂરાચાર્યના પ્રબંધ પરથી મુનિ **ક**લ્યાણવિજય જણાવે છે કે **સૂ**રાચાર્યનો સમય શિથિલાચારનો હતો. એમના દાદા ગુરુ ગોવિન્દસૂરિની નિશ્રાનું **પા**ટણમાં એક પ્રસિદ્ધ જૈન ચૈત્ય હતું અને તેમાં પર્વ-દિવસોમાં નાટક અને નર્ત્તકીનો નાચ થતાં હતાં. **સૂ**રાચાર્યે પોતે જ્યારે **ધા**રામાં પ્રવેશ કર્યો ત્યારે હાથીની સાવારીએ એને પાછા પાટણમાં આવ્યા ત્યારે પણ હાથીની સવારીથી નગર પ્રવશ કર્યો હતો. જોકે પ્રબન્ધકાર આવી

---

૨૩૨. श्लाघ्यते स विमलोऽर्बुदाधिपो, योऽम्बिकावरमवाप्य सन्मतिः।
भाविनीमवगणय्य सन्ततिं त्वद्विहारमिममाश्वचीकरत् ॥ -**મુનિસુંદરસૂરિકૃત અર્બુદગિરિ શ્રીઋષભ સ્તોત્ર.**

૨૩૩. आसीत्तत्र विचित्रश्रीमज्जाहिल्लसंज्ञया जातः। व्ययकरणपदामात्यो नृपतेः श्री भीमदेवस्य॥
–જુઓ તેમના પ્રપૌત્ર **દુ**ર્લભરાજાના **સા**મુદ્રિક તિલકની પ્રશસ્તિ. વે. નં. ૪૦૧.

૨૩૪. સૂરાચાર્યપ્રબંધ-**પ્ર**ભાવક ચરિત પૃ. ૨૪૫-૨૬૧ કે જેમાં જણાવ્યું છે કે :-
युगादिनाथश्रीनेमिचरिताद्भुतकीर्तनात् । इतिवृत्तं द्विसंधानं व्यधात् स कविशेखरः ॥ २५४ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિહાર સંબંધી ક્રિયાનું પ્રાયશ્ચિત્ત અપાવે છે પણ આ પ્રવૃત્તિઓ શિથિલાચારની નિશાનીઓ છે એમાં તો કંઈપણ સંશય જેવું નથી. સૂરાચાર્ય **ધા**રામાં જે ચૂડ **સ**રસ્વત્યાચાર્યના અતિથિ બને છે તે આચાર્ય પણ ચૈત્યવાસી હોવાનો વિશેષ સંભવ છે. સૂરાચાર્ય **ધા**રામાં ગયા તે વખતે ત્યાં એક વિશિષ્ટ ઘટના બનવાનું વર્ણન પ્રબન્ધમાં કર્યું છે, જેનો સાર એ છે કે રાજા **ભો**જે સર્વ દર્શનવાળાઓને એક ઠેકાણે કેદ કર્યા હતા, જેનું કારણ એ હતુ કે રાજા બધાને ધર્મના વિષમાં એકમત કરવા માંગતો હતો. પણ સૂરાચાર્યે રાજાને સમજાવીને બધાને કેદમુક્ત કરાવ્યા હતા. આ હકીકત એક કલ્પિત ઘટના લાગે છે. રાજા **ભો**જ જેવો વિદ્વાન્ રાજા આવી ઘેલછા કરે એ માનવા જેવી વાત નથી. એમ લાગે છે કે અન્ય સંબંધની એ કથા આ વૃત્તાન્તની સાથે કવિએ દંતકથા રૂપે જોડી દીધી છે. (**પ્ર.ચ.પ્ર.**)

૨૯૩. સં. ૧૦૮૮ માં માત્ર સોળ વર્ષની વયે આચાર્યપદ પામેલા એવા ચંદ્ર (પછીથી થયેલ ખરતર) ગચ્છના ઉપર્યુક્ત **જિ**નેશ્વર તથા **બુ**દ્ધિસાગરસૂરિ શિષ્ય **અ**ભયદેવસૂરિએ[૨૩૫] જૈન આગમો પૈકી નવ પર સંસ્કૃત ટીકાઓ રચી અને તેથી તે 'નવાંગ-વૃત્તિકાર' કહેવાય છે. તે નવ અંગ નામે **જ્ઞા**તા ધર્મકથા (સં. ૧૧૨૦ વિજયાદશમી પાટણ પી.૩, ૬૦, ૭૩; પી.૨, ૩૫) **સ્થા**નાંગ,(સં. ૧૧૨૦) **સ**મવાયાંગ, (સં.૧૧૨૦), **ભ**ગવતી (સં.૧૧૨૮), ઉપાસકદશા, **અં**તકૃદ્ દશા, **અ**નુત્તરોપપાતિક, **પ્ર**શ્નવ્યાકરણ, **વિ**પાક, **ઔ**પપાતિક તેમજ **પ્ર**જ્ઞાપના તૃતીય પદ સંગ્રહણી ગાથા ૧૩૩ રચેલ છે.

આ ઉપરાંત બીજા અનેક ગ્રંથો પર સંસ્કૃત ટીકા-**જિ**નેશ્વરકૃત **ષ**ટ્ સ્થાનક પર ભાષ્ય (બુહ્.૬, નં.૭૭૫), **હ**રિભદ્રસૂરિના **પં**ચાશક પર વૃત્તિ (સં.૧૧૨૪ ધોળકામાં), તથા સ્વતંત્ર ગ્રંથો નામે **આ**રાધનાકુલક (પી. ૨, ૮૪)રચેલ છે.

૨૯૪. તેઓ સં.૧૧૩૫મા **ક**પડવંજમાં સ્વર્ગસ્થ થયા. આ સૂરિની અભ્યર્થનાથી તેમાના મોટા ગુરુભાઈ **જિ**નચંદ્રસૂરિએ **સં**વેગરંગશાલા નામનો ગ્રંથ રચ્યો સં.૧૧૨૫; કે જેનું સંશોધન **પ્ર**સન્નચંદ્ર, **ગુ**ણચંદ્ર, અને **જિ**નવલ્લભ ગણિઓએ કર્યું, (જેસ. પૃ. ૨૧) એને તેનો પ્રથમાદર્શ **જિ**નદત્તે લખ્યો (કા. વડો૦ નં. ૯૧).

૨૯૫. સં. ૧૧૨૩ માં કવિ **સા**ધારણે **સ**મરાઈચ્ચકહામાંથી ઉદ્ધૃત કરી **વિ**લાસવતી નામની કથા અપભ્રંશભાષામાં ૧૧ સંધિવાળી રચી; {*સં રમણીક શાહ પ્ર.લા.દ.*} તદુપરાંત તેમણે અનેક સ્તુતિ સ્તોત્રો રચ્યાં છે. આ **સા**ધારણ કવિ તે પછી **સિ**દ્ધસેનસૂરિ તરીકે પ્રતિષ્ઠિત થયા.

૨૯૬. સં. ૧૧૨૫માં **થા**રાપદ્રપુરીય (**થ**રાદના) ગચ્છના (**શા**લિભદ્રસૂરિશિષ્ય) **ન**મિસાધુ કે જેમણે સં.૧૧૨૨ માં **આ**વશ્યક વૃત્તિ-**ચૈ**ત્યવંદન વૃત્તિ (કાં.વડો૦; જેસ૦), રચી. તેમણે **રુ**દ્રટના **કા**વ્યાલંકાર નામના સાહિત્યગ્રંથ પર સંસ્કૃત ટીપ્પણ રચ્યું છે તેમાં ગૂજરાતી ભાષાની જનની અપભ્રંશ ભાષા પર ટીકા કરતાં પોતે જણાવ્યું છે કે "અપભ્રંશ પ્રાકૃતજ-પ્રાકૃતરૂપ યા પ્રાકૃતમાંથી જન્મેલી છે. તેને બીજા ત્રણ પ્રકારની કહી છેઃ- (૧) ઉપનાગર (૨) આભીર અને (૩) ગ્રામ્ય; પણ તેનો નિરાસ કરવા

---

૨૩૫. અભયદેવપ્રબંધ-**પ્ર**ભાવકચરિત પૃ. ૨૬૧-૨૭૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થે[૨૩૬] રુદ્રટે 'ઘણા ભેદ વાળી' અપભ્રંશને કહી છે. કારણકે ઘણા દેશો હોવાથી (ઘણા પ્રકારની છે) તેનું લક્ષણ તો લોકો પાસેથી સમ્યક્ રીતે પ્રાપ્તવ્ય છે''

૨૯૭. સં. ૧૧૨૯માં ધર્મોપદેશમાલા વિવરણ પ્રાકૃતમાં રચાયું; અને તે જ વર્ષમાં વડગચ્છના (ઉદ્યોતનસૂરિ શિષ્ય અમૃત-આમ્રદેવસૂરિના શિષ્ય) અને 'સૈદ્ધાન્તિક શિરોમણી' તરીકે પ્રસિદ્ધ થયેલા નેમિચંદ્રસૂરિ-મૂળ અપર નામ દેવેન્દ્ર સાધુએ ગુરુબંધુ મુનિચંદ્રસૂરિના કહેવાથી ઉત્તરાધ્યયન સૂત્ર પર સુખબોધા નામની વૃત્તિ(પી.૩,૭૧,૭૮,૮૬;ભાં. ૧૮૮૩-૮૪, પૃ ૪૪૧; જે. પ્ર. ૨૩) રચી ને ત્યાર પછી પ્રાકૃતમાં-રત્નચૂડ[૨૩૭] કથા (પી.૩, ૬૬), આખ્યાનમણિકોષ (પી. ૩, ૭૮, {*અને આત્મબોધ કુલક (બૃહદ્ ગચ્છ કા. ઈતિ શિવપ્રસાદ*}) આદિ રચ્યાં તેમજ સં. ૧૧૩૯માં (૧૧૪૧માં) પાટણમાં દોહટ્ટિશેઠની કરાવેલી વસતિમાં રહી પ્રાકૃતમાં મહાવીરચરિય રચ્યું.[૨૩૮] આજ વર્ષમાં (ખ. જિનચંદ્રસૂરિ-પ્રસન્નચંદ્રસૂરિ-સુમતિવાચક શિ૦) આ. ગુણચંદ્રે પણ પ્રાકૃતમાં વીરચરિત્ર (પી. ૫, ૩૨) રચ્યું. અને ઉક્ત થારાપદ્ર ગચ્છીય શાલિભદ્રસૂરિ(શિલભદ્રસૂરિ-પૂર્ણચંદ્રસૂરિ શિષ્ય)એ સંગ્રહણી વૃત્તિ રચી. (પી.૫, ૪૧ અને ૧૩૩; જૈસ. પ્ર. ૩૪)

એક નેમિચંદ્રસૂરિકૃત પ્રસિદ્ધ ગ્રંથ નામે પ્રવચનસારોદ્ધાર પ્રાકૃતમાં છે. (તે સં. ૧૨૪૮ ની સિદ્ધસેનસૂરિકૃત વૃત્તિ સહિત પ્ર૦ દે. લા. નં. ૫૮ અને ૬૪) તેમાં તે કર્ત્તા જિનચંદ્રસૂરિના ત્રણ શિષ્યો પૈકી વિજયસેન, નેમિચંદ્ર અને યશોદેવમાંના વચેટ તરીકે પોતાને જણાવે છે. આ નેમિચંદ્રસૂરિ અને ઉક્ત નેમિચંદ્રસૂરિ બંને કદાચ એક પણ હોય, પરંતુ બંને જુદા હોવાના સંભવ વધારે છે.

૨૯૮. સં.૧૧૨૭-૧૧૩૭માં નિબુયવંશના અભયદેવસૂરિ શિષ્ય ચંદ્રપ્રભ મહત્તરે સ્વશિષ્ય વીરદેવના કહેવાથી વિજયચંદ્ર ચરિત્ર પ્રાકૃતમાં રચ્યું.[૨૩૯] સં. ૧૧૩૮ માં તાડપત્ર પર વિશેષાવશ્યક ભાષ્યની પ્રત ખરતર જિનવલ્લભગણિની માલિકીની લખાઈ.[૨૪૦] સં. ૧૧૪૫માં જિનદાસ ગણિકૃત નિશીથસૂત્ર ચૂર્ણિ વિશેષ નામનો ગ્રંથ તાડપત્ર પર લખાયો.[૨૪૧] સં. ૧૧૪૬ માં 'કર્ણદેવના રાજ્યમાં મહામાત્ય મુંજાલની વસતિમાં રહી પાટણમાં તાડપત્ર ઉપર હરિભદ્રસૂરિકૃત યોગદૃષ્ટિ-સમુચ્ચય સટીકની પ્રત લખાઈ.[૨૪૨]

---

૨૩૬. રુદ્રટના સમય માટે જુઓ **પુરાતત્ત્વ** પુ. ૪ પૃ. ૧૫૫ **'બે મહત્ત્વના ગ્રંથોની શોધ'** એ લેખ.

૨૩૭. આ કથા જ્ઞાતાધર્મમાં આવતા રત્નચૂડની છે. તેની તાડપત્રીની સં. ૧૨૨૧ માં પાટણમાં કુમારપાલના રાજ્યે અને વડાપલ્લીમાં કુમારપાલના કૃપાસ્પદ ધારાવર્ષના રાજ્યમાં ચક્રેશ્વરસૂરિ અને પરમાનન્દસૂરિના ઉપદેશથી લખાયેલી પ્રત પાટણમાં છે પી. ૩, ૬૯.

૨૩૮. મુદ્રિત-પ્ર૦ આત્માનંદ સભા ભાવનગર.

૨૩૯ પી. ૬, ૪૮; કાં. વડો, નં. ૨૦૮ માં 'મુણિકમ્મરુદ્ર' એટલે સં.૧૧૮૭ રચ્યાં સં. છે.

૨૪૦. તે. ભા. ઇ. પૂનામાં વિદ્યમાન છે. સને ૧૮૮૦-૮૧ રી. નં. ૫૭

૨૪૧. પી. રી. ૧૮૮૦-૮૧ પૃ. ૨૨, ૩૬. આ પ્રત ભાં.ઇ. પૂનામાં છે.

૨૪૨ પી રી. ૫-પરિશિષ્ટ ૧, પૃ. ૨૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૯૯. નવાંગવૃત્તિકાર અભયદેવસૂરિના શિષ્ય **વ**ર્ધમાનાચાર્યે પ્રા. માં **મ**નોરમા ચરિત્ર સં.૧૧૪૦ માં રચ્યું સંભળાય છે. {*પ્ર.લા.દ.વિ.*} તેમણે વિસ્તૃત અને પાંચ અવસરમાં પ્રાકૃતમાં **આ**દિનાથ ચરિત્ર {*જુગાઈજિણિદચરિઉ-સં. રૂપેન્દ્રકુમાર પગારિયા પ્ર. લા.દ.વિ.મં.*} સં. ૧૧૬૦ માં ખંભાતમાં (જેસ; પી.૫, ૮૧ અને **ધ**ર્મરત્ન કરંડકવૃત્તિ સં. ૧૧૭૨માં રચેલા પ્રસિદ્ધ છે. (જેસ૦ પ્ર. ૪૫ {**સં. મુનિચંદ્ર વિ.પ્ર.શા.ચી. સેંટર**}) **ચં**દ્રપ્રભસૂરિએ પૌર્ણમિક ગચ્છ સ્થાપ્યો સં. ૧૧૪૯. તેમણે **દ**શર્નશુદ્ધિ {*પ્ર. મોક્ષૈકલક્ષી પ્ર.*} તથા **પ્ર**મેયરત્નકોશ[૨૪૩] {*પ્ર.જૈ.ધ.પ્ર.*} રચ્યા.

૩૦૦. કર્ણના રાજ્યમાં **વિ**ક્રમાંકદેવચરિતના કર્ત્તા કાશ્મીરક કવિ **બિ**લ્હણે ચતુરંકી નાટિકા નામે **ક**ર્ણસુંદરી રચી હતી. તેમાં 'તે **ક**ર્ણદેવને કથાનાયક બનાવી વિદ્યાધરેન્દ્ર કન્યા **ક**ર્ણસુંદરી સાથે તેના પરિણયનો વૃત્તાંત વિસ્તરેલો છે. મહામાત્ય **સં**પત્કરે શ્રી શાન્ત્યુત્સવ ગૃહમાં પ્રવર્તાવેલા શ્રી **આ**દિનાથના યાત્રામહોત્સવ વખતે આનો પ્રયોગ થયો હતો. માહામાત્ય **સં**પત્કરે **ક**ર્ણની રાણીનો ભાણેજ જે કર્ણસુન્દરીનો સમાનવયસ્ક હતો તેને પોતની સાથે લાવીને અને તેને કર્ણસુન્દરીનો વેષ પહેરાવીને તેનાજ આવાસમાં કર્ણસુન્દરીને રાખીને કર્ણસુન્દરી અને કર્ણનો સંયોગ સાધ્યો હતો. મહામાત્ય સંપત્કરની બુદ્ધિ **યૌ**ગન્ધરાયણાદિ મહામાત્યોની મતિને જીતે એવી હતી. મહામાત્ય **સં**પત્કર તે **પ્ર**બંધ ચિંતામણિ વગેરે ગ્રંથોમાં વર્ણવેલા **સા**ન્તુ મંત્રી છે. **ભી**મદેવના વખતમાં ગૂર્જરોએ સિન્ધુ દેશ પર સ્વારી કરી હતી. આ નાટિકામાં **ગ**ર્જન ઉપર ગૂર્જરોએ ચઢાઇ કરીને ત્યાંનાં લશ્કરને હરાવ્યું એવો ઉલ્લેખ કરેલો છે, તે સંબંધમાં એવું ધારી શકાયકે ગૂર્જરે સૈન્ય **ગી**ઝની વંશના પાદશાહના લશ્કર સાથે યુદ્ધ કર્યું હશે કવિએ નાન્દીમાં પ્રથમ જિનેશ્વરનું આશીર્વાદાત્મક મંગલાચરણ કરેલું છે તેનું કારણ એ લાગે છે કે મહામાત્ય **સં**પત્કર કે જે જૈન હતો તેનો તરફથી તેને સારો આશ્રય મળેલો હશે. આ સંબંધમાં જાણવું ઉપયોગી થઇ પડશે કે **પા**ટણના ભંડારમાંથી તાડપત્ર ઉપર કવિ **બિ**લ્હણ રચિત **પા**ર્શ્વનાથ જિનેશ્વરની સ્તુતિરૂપ એક **બિ**લ્હણાષ્ટક મળી આવેલું છે. (પી. ૫,૫૫). આ અષ્ટકનો કર્ત્તા ભટ્ટ **બિ**લ્હણ પોતે જ છે કે અન્ય કવિ છે તેનો નિશ્ચય કરવાને પુરતાં સાધનો નથી.'[૨૪૪]

---

૨૪૩. ડૉ. **સ્વા**લિકૃત સંશોધિત જૈન ધ. સભાથી મુદ્રિત. વે. નં. ૧૬૩૭-૩૮ આ **ચં**દ્રપ્રભની શિષ્ય પરંપરામાં થયેલ **મુ**નિરત્નસૂરિ પોતાના સં.૧૨૨૫ માં રચેલા **અ**મમચરિત્રમાં જણાવે છે કેઃ-

गोभिदर्शनशुद्धिं यः कषायस्वादुभि र्व्यधात् । सो पूर्वाभ्युदयः श्रीमान्नंद्याच् चन्द्रप्रभः प्रभुः ॥

૨૪૪. સ્વ. **ચિ**મનલાલ દલાલનો લેખ નામે **'ગૂજરાતનું સંસ્કૃત નાટક સાહિત્ય'**- 'વસન્ત'; **ઓ**ઝાજી **રા.ઇ.**૧,પૃ.૨૧૭; **ના**થુરામ પ્રેમીકૃત **વિદ્વદ્રત્નમાલા** પૃ. ૯૭ ટિપ્પણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૨ સોલંકી વંશનો સમય - સિદ્ધરાજ જયસિંહ

(વિ.સં.૧૧૫૦ થી ૧૧૯૯)

क्षुण्णाः क्षोणिभृतामनेककटका भग्नाऽथ धारा ततः, कुण्ठः सिद्धपतेः कृपाण इति रे मा मंसत क्षत्रियाः।
आरूढप्रबलप्रतापदहनः संप्राप्तधारश्चिरात्, पीत्वा मालवयोषिदश्रुसलिलं हन्तायमेधिष्यते ॥

द्विषद्पुरक्षोदविनोदहेतो र्भवादवामस्य भवद्भुजस्य ।
अयं विशेषो भुवनैकवीर! परं न यत्काममपाकरोति ॥

सम्यग् निषेव्य चतुरश्चतुरोप्युपायान् जित्वोपभुज्य च भुवं चतुरब्धिकाञ्चीम् ।
विद्याचतुष्टयविनीतमतिर्जितात्मा काष्ठामवाप पुरषार्थचतुष्टये यः॥ -**सिद्धहैम शब्दानुशासने.**

-**सिद्ध**राजના કૃપાણે (તરવારે) અનેક રાજાઓના કટકોને ભેદેલા છે, તેથી ધારા (અણી) ભગ્ન થયેલી છે; માટે હે ક્ષત્રિયો ! તમે એમ ન માનતા કે, સિદ્ધરાજનો એ કૃપાણ કુંઠ (બુઠ્ઠો) થયેલો છે; કારણ કે એ તો પ્રબલ પ્રતાપના દહનથી **મા**લવની નારીઓનાં અશ્રુસલિલ પીને અને ધારાને સંપ્રાપ્ત કરીને પાછો ચિરકાળ વધવાનો છે.

-હે ભુવનૈકવીર ! તારો જમણો હાથ અને મહાદેવનો જમણો હાથ એ બંને એક સરખા છે; પુરક્ષોદ વિનોદના હેતુ છે; પણ તારો હાથ તો મહાદેવના હાથ કરતાં યજરા વિશિષ્ટતા વાળો છે. એ હાથ કામનો (યાચકોની વાંછનાનો) અપકાર નથી કરતો, ત્યારે મહાદેવનો હાથ કામનો (કામદેવનો) અપકાર કરે છે.

- એ **સિ**દ્ધરાજે રાજનીતિના ચારે ઉપાયો (સામ, દામ, દંડ અને ભેદ)ને બરાબર અજમાવીને ચારે ખંડ ધરતીનું રાજ્ય ભોગવ્યું, ચાર વિદ્યાઓ દ્વારા પોતાની બુદ્ધિને વિનીત કરી, અને છેવટે એ જિતાત્મા(જિતેંદ્રિય)ચારે પુરુષાર્થ સાધીને દેવ થયો.

हृप्यन्मालवभूपबन्धनविधित्रस्ताखिलक्ष्मापति र्भक्त्याकृष्टवितीर्णदर्शनशिवो मूर्तः प्रभावोदयः ।
सद्यः सिद्धरसानृणीकृतजगद्गीतोपमान (तावदान) स्थितिर्जज्ञे श्री जयसिंहदेवनृपतिः सिद्धाधिराजस्ततः॥

- **श्रीपालकृत व्रऽनगरप्रशस्ति.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી અભિમાની માલવાના રાજાને બંધનમાં નાંખવાની કરેલી વિધિથી જેણે સર્વે રાજાઓમાં ત્રાસ વર્ત્તાવ્યો હતો, જેણ ભક્તિથી આકર્ષાઈને શિવ પ્રત્યેના દર્શનનો વિસ્તાર કર્યો હતો, જે મૂર્ત્તિમાન પ્રભાવના ઉદયરૂપ હતો અને જે તરતજ સિદ્ધરસથી ઋણમુક્ત કરાયેલા જગતનાં ગીતોમાં ગવાતો હતો એવો જયસિંહદેવ-સિદ્ધાધિરાજ નૃપતિ થયો.

૩૦૧. 'સિદ્ધરાજ' જયસિંહના પ્રતાપ ભર્યા ગૌરવવન્તા રાજ્યમાં જૈનોએ મંત્રિપદેથી, દંડનાયક (સેનાપતિ)વગેરે ઉચ્ચ અધિકાર પદેથી તેમજ સાક્ષર-સૂરિ વગેરે સ્થાનેથી સમસ્ત ભારતવર્ષની ઉન્નતિ અર્થે અમૂલ્ય અસાધારણ ચિરસ્મરણીય સેવા સમર્પી ગૂજરાતના વાઙ્મય સાથે ગૂજરાતના યશોદેહને શોભાવ્યો હતો.

૩૦૨. કર્ણદેવને કર્ણાટ દેશના રાજા જયકેશીની રાજપુત્રી મયણલ્લદેવીથી જયસિંહ પુત્ર થયો. તેની બાળવયમાંજ કર્ણદેવ સ્વગસ્થ થતાં પાટણનું રાજતંત્ર રાજમાતા મયણલ્લદેવીએ સંભાળ્યું. જયસિંહ દેવ ન્હાનપણથી પ્રતાપી હતો. શૂર, પરાક્રમી હોઈ બર્બરકને જીતી 'સિદ્ધરાજ' બિરૂદ પ્રાપ્ત કર્યું હતું. તેણે માલવા પર ચઢાઈ કરી ૧૨ વર્ષ સુધી લડાઈ ચાલુ રાખી. તે લડાઈમાં, તેના રાજા [૨૪૫]નરવર્માનો દેહાન્ત થયો ને પછી તેનો પુત્ર યશોવર્મા હાર્યો, કેદ થયો અને માલવા ગૂજરાતના રાજ્યમાં અંતર્ગત થયું. તેની સાથે મેવાડનો પ્રસિદ્ધ ચિતોડનો કિલ્લો તથા તેની આસપાસનો માલવા સાથે મળેલો પ્રદેશ કે જે મુંજના સમયથી માલવાના પરમારોના રાજ્યમાં ચાલ્યો આવતો હતો તે જયસિંહને આધિન થયો, તેમજ વાગડ દેશ (ડુંગરપુર અને વાંસવાડા) પણ તેના તાબામાં આવ્યો. (સં. ૧૧૯૨ અને ૧૧૯૪ વચ્ચે)

૩૦૩. માલવા પરના જયની સિદ્ધિ કરી પાટણમાં પધારતાં જયસિંહ માટે પ્રસિદ્ધ હેમચંદ્રાચાર્યે કહ્યું હતું કે:-

भूमिं कामगवि स्वगोमयरसै रासिंच रत्नाकरा मुक्तास्वस्तिकमातनुध्वमुडुप ! त्वं पूर्णकुम्भो भव।
धृत्वा कल्पतरो र्दलानि सरलै र्दिग्वारणास्तोरणा न्याधत्त स्वकरैर्विजित्य जगतीं नन्वेति सिद्धाधिपः ॥

-હે કામધેનુ! ભૂમિપર તારા દૂધનો છંટકાવ કર, હે રત્નાકર! મોતીનો સ્વસ્તિક પુર, હે ચંદ્ર! પૂર્ણકલશરૂપ થઈ જા, હે દિગ્ગજો! કલ્પતરૂનાં સરલ પત્રોનાં તોરણ ધરો! પોતાને હાથે પૃથ્વી પર વિજય મેળવી શ્રી સિદ્ધરાજ પધારે છે.

૩૦૪. 'માલવાની જીતથી 'સિદ્ધરાજ' ઉપરાંત 'અવંતિનાથ,'નું બિરૂદ જયસિંહે ધારણ કર્યું. આબુના પરમાર તથા નાડોલના ચૌહાણ તો પહેલેથીજ ગૂજરાતના રાજાઓની અધીનતામાં ચાલ્યા આવતા હતા, જયસિંહે મહોબા(મહોબક)નાં ચંદેલ રાજા મદનવર્મા પર ચઢાઇ કરી. વળી સોરઠ પર આક્રમણ

---

૨૪૫. 'નરવર્મા માલવનો રાજા સં.૧૧૬૧ થી ૧૧૬૪ ના સમયમાં તો અવશ્ય હતો કારણકે તેના તે વર્ષના શિલાલેખ મળે છે.તેનો દેહાન્ત ૧૧૯૦ માં થયો. તે પણ વિદ્વાન રાજા હતો અન તેની તુલના વિદ્યા અને દાનમાં ભોજ સાથે કરવામાં આવતી હતી. તેના સમયમાં પણ માલવા વિદ્યાપીઠ તરીકે પ્રસિદ્ધ હતું અને જૈન તથા વેદ મતાવલંબીઓની વચ્ચે શાસ્ત્રાર્થ પણ થયા હતાં. જૈન વિદ્વાન સમુદ્રઘોષ અને વલ્લભ(જિનવલ્લભ)સૂરિએ તેની પાસેથી સન્માન પ્રાપ્ત કર્યું હતું'ઓઝાજી રા.ઈ.ખંડ ૧ પૃ ૧૯૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી ગિરનારના યાદવ (ચૂડાસમા)રાજા **ખેંગાર** (બીજો)ને કેદ કર્યો, બર્બર આદિ જંગલી જાતિઓને પોતે વશ કરી અને **અજ**મેરના ચોહાણ રાજા(**અર્ણો**રાજ, આનાક, આનલ્લદેવ) પર વિજય પ્રાપ્ત કર્યો, પરંતુ પાછળથી સુલેહ થવાથી તેણે પોતાની પુત્રી **કાંચ**નદેવીનો વિવાહ તે **આના**ની સાથે કર્યો કે જેથી **સો**મેશ્વરનો જન્મ થયો. **સિદ્ધ**રાજ સોમેશ્વરને નાનપણથી જ પોતાને ત્યાં લઈ આવ્યો હતો અને તેના દેહાન્ત પછી કુમારપાલે તેનું પાલન કર્યું હતું.(આ **સો**મેશ્વર તેજ કે જે **શ**હાબુદીન સાથે લડાઈ કરનાર પ્રસિદ્ધ **પૃ**થ્વીરાજનો પિતા થયો) **સિદ્ધ**રાજ ઘણોજ લોકપ્રિય, ન્યાયી, વિદ્યારસિક અને જૈનોનું વિશેષ સમ્માન કરનારો થયો. પ્રસિદ્ધ વિદ્વાન જૈન આચાર્ય **હે**મચંદ્ર (હેમાચાર્ય)નું તે ઘણું સંમાન કરતો હતો. તેના દરબારમાં કેટલાયે વિદ્વાનો રહેતા, જેવા કે '**વૈ**રોચન પરાજય'ના કર્ત્તા **શ્રી**પાલ '**ક**વિશિક્ષા'નો કર્ત્તા જયમંગલ, **વા**ગ્ભટ, 'ગણરત્ન મહોદધિ'ના કર્ત્તા વર્ધમાન તથા **સા**ગરચંદ્ર આદિ. વિ.સં.૧૧૫૦ થી ૧૧૯૯ સુધી રાજ્ય કરી તે સ્વર્ગસ્થ થયો' (**ઓ**ઝાજી **રા.ઈ.** ખંડ ૧ પૃ.૨૧૮-૨૧૯).

૩૦૫. તેને પોતાના પિતાના સમયના **મું**જાલ મંત્રી ઉપરાંત બીજા મંત્રીઓ નામે **શાં**તુ, ઉદયન, મહામાત્ય **આ**શુક, **વા**ગ્ભટ, **આ**નંદ અને **પૃ**થ્વીપાલ જૈન જ હતા. ઉદયન મારવાડથી આવેલ શ્રીમાલી હતો (તેનું વૃત્તાંત[૨૪૬] **રા**સમાલા આવૃત્તિ ૨, ભાગ ૧ પૃ.૧૫૪-૫ ના ટિપ્પણમાં તથા પૃ. ૨૪૮-૨૮૪-૨૮૫માં સંગ્રહિત છે.) અને **સિદ્ધ**રાજના મામા-'રાજમામા' તરીકે ઓળખાતો હતો. તે ખંભાતનો સૂબો હતો ને તેણે ઝીંઝુવાડાનો કિલ્લો બંધાવ્યો હતો.

૩૦૬. **વ**નરાજના શ્રીમાળી મંત્રી **જાં**બના વંશજ **સ**જ્જનને **સિદ્ધ**રાજે સોરઠનો દંડાધિપ (ઉપરી-સૂબો) નીમ્યો હતો કે જેણે સોરઠ દેશની ઉપજ ખર્ચીને **ગિ**રનાર ઉપરનાં જૈન જીર્ણશીર્ણ કાષ્ઠમય દહેરાંનો ઉદ્ધાર કરી નવું પાકું મંદિર બંધાવ્યું હતું. સં. ૧૧૮૫. (જુઓ ઉજ્જયંતગિરિ રાસો તથા **રૈ**વતકલ્પ બંને મુદ્રિત **પ્રા**ચીન ગૂર્જર કાવ્યસંગ્રહ પરિશિષ્ટ ૫.)

૩૦૭. મહામાત્ય **આ**શુકની મંત્રણાથી આ જયસિંહે શ્રી **શ**ત્રુંજયતીર્થની યાત્રા કરી તેની પૂજા માટે બાર ગામનું શાસન કરી આપ્યું હતું.[૨૪૭] અને પછી **ગિ**રનારના **ને**મિજિનની યાત્રા કરી હતી.

---

૨૪૬. રાસમાળાની તૃતીય આવૃત્તિ વધુ હકીકત સહિત ફાર્બસ સભાએ પ્રસિદ્ધ કરી છે, પણ હવે તો **ઓ**ઝાજીએ **ટૉડ રાજસ્થાન**ની વર્ધિત આવૃત્તિ ઉપરાંત **રાજપૂતાનાકે ઈતિહાસ** સ્વતંત્ર લખવા માંડ્યા તેજ પ્રમાણે રાસમાળા પર આધીન ન રહેતાં ગૂજરાતનો સ્વત્રંત્ર ઇતિહાસ સર્વમાહિતી પૂર્ણ રચાવાની જરૂર છે, કારણકે રાસમાળા રચાયા પછી અનેક નવીન અને પૂર્વ વાતોને ઉથલાવી પડે એવી વિગતો મળી છે ને મળતી જાય છે.

૨૪૭. જુઓ પંડિત **લા**લચંદનો લેખ '**સિદ્ધરાજ અને જૈનો**'; તેમાં નીચેના પ્રમાણો ટાંક્યાં છેઃ-

સિદ્ધરાજની **શ**ત્રુંજય યાત્રાના વર્ણન માટે જુઓ **હે**મચાર્યકૃત સંસ્કૃત **દ્વ્યા**શ્રય કાવ્ય. તેમના બાર ગામના શાસન માટે જુઓ ઉદયપ્રભસૂરિનું પ્રાયઃ સં.૧૨૭૫માં રચેલું ધર્માભ્યુદય કાવ્ય સર્ગ ૭, શ્લોક ૭૪,૭૭; **બા**લચંદ્રસૂરિનું પ્રાયઃ સં.૧૩૦૦માં રચાયેલું **વ**સંતવિલાસ કાવ્ય સર્ગ ૯ શ્લો.૨૨; **પ્ર**ભાચંદ્રસૂરિનું સં.૧૩૩૪માં રચેલું પ્રભાવકચરિત્ર(હેમપ્રબંધ શ્લો.૩૧૦-૧૧-૨૩-૨૫), **મે**રૂતુંગનું ૧૩૬૧ માં રચેલ **પ્ર**બંધચિંતામણી (ભાષાંતર પૃ.૧૬૦-૧૬૧), ૧૪૨૨માં જયસિંહસૂરિએ કરેલા **કુ**મારપાલચરિત સર્ગ ૩ શ્લો. ૩૨-૩૩, ૧૪૯૨માં જિનંડનગણિકૃત **કુ**મારપાલ પ્રબંધ પૃ.૬,૨૨, ૧૪૯૭માં જિનહર્ષકૃત **વ**સ્તુપાલચરિત સર્ગ ૧ શ્લો. ૮૪, સં. ૧૬૫૦ પછીના **હી**રસૌભાગ્ય મહાકાવ્ય સર્ગ ૧૭ શ્લો.૧૯૫ અને તે પરની ટીકા. આ **આ**શુક મંત્રી સં. ૧૧૭૯ અને ૧૧૮૧મા મહામાત્યપદે અચૂક વિદ્યમાન હતો અને વાદિદેવસૂરિના તથા **કુ**મુદચંદ્ર વચ્ચેના વાદ વખતે હાજર હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૦૮. રાજાના પ્રાતપથી રાજ્યની ઉન્નતિ શિખરે ચડી. લોકોમાં વૈભવ અને સુખ વધ્યે જતાં હતાં. આથી અન્ય પ્રદેશોમાંથી આવી પાટણની વસ્તી ભરાતી ગઈ. સં.૧૧૭૫માં શ્રીમાલમાં દુકાળ પડ્યો હતો તેથી ત્યાર પછી સં.૧૨૦૦ની લગભગમાં શ્રીમાલ નગરની ઘણી વસ્તી ગૂજરાતમાં આવી. જોકે એ પહેલાં પણ કર્ણદેવનાં વખતમાં લાટ (લાડ, ભરૂચ પાસેના) દેશમાં શ્રીમાળીઓ આવતા થયા હતા. સિદ્ધરાજે સોરઠના સુબા તરીકે શ્રીમાળી સજ્જન મંત્રીને નીમ્યો હતો. એથી શ્રીમાળીઓને સોરઠમાં (કાઠિયાવાડમાં) વસવાટ કરવાને બહુ અનુકૂળ સંધિ મળી હતી. ત્યારથી શ્રીમાલ દેશથી -નગરથી આવેલ સર્વ શ્રીમાળી કુળના ગણાતા . તે શ્રીમાળીઓએ આવી સૌરાષ્ટ્રમાં પોતાની વસ્તી વધારી. લાટ દેશ કે જે સં.૧૧૦૦ ની લગભગમાં ગૂજરાત સાથે જોડાયો, તેમાં કર્ણદેવના વખતથી અને ખાસ કરી સિદ્ધરાજ અને કુમારપાળના સમયમાં દંડનાયક તરીકે શ્રીમાળી જૈન વાણીયા જ નીમાઈને આવતા. વિ. સં. ૧૧૯૩ માં પ્રા૦ મુનિસુવ્રતચરિત્ર રચનાર શ્રીચંદ્રસૂરિ પોતાની પૂર્વ અવસ્થામાં લાટદેશની મંત્રિમુદ્રા શોભાવતા હતા. આમ લાટમાં જૈન શ્રીમાળીઓ ગયા તે લાડ-લાડવા વાણીઆ કહેવાયા.

૩૦૯. વિદ્વત્પ્રિય સાહિત્યરસિક સિદ્ધરાજે ત્રણસો લહિયાઓ એકઠા કરી સર્વ દર્શનના ગ્રંથો લખાવી રાજકીય પુસ્તકાલયની સ્થાપના કર્યાનો તથા આચાર્ય હેમચંદ્રકૃત સાંગોપાંગ સપાદલક્ષ (સવાલાખ) વ્યાકરણ ગ્રંથની સેંકડો પ્રતિઓ લખાવી તેના અભ્યાસીઓને આપ્યાનો તેમજ અંગ બંગ આદિ ભિન્ન ભિન્ન દેશોમાં ભેટ મોકલાવ્યાનો અને તે તે વિષયના અભ્યાસીઓને તે તે ગ્રંથો પૂરા પાડ્યાનો ઉલ્લેખ[૨૪૮] પ્રભાવક ચરિત તથા કુમારપાલપ્રબંધમાં છે.

૩૧૦. હવે સિદ્ધરાજના સમયની કેટલીક ઘટનાઓ ટુંકમાં જણાવીએ. તેણે સં. ૧૧૫૨ માં સિદ્ધપુર વસાવ્યું તથા રૂદ્રમહાલય (રૂદ્રમાલ) નામનું શિવાલય બંધાવ્યું; તેમજ સુવિધિનાથ (જૈનોના ૯મા તીર્થંકર)નો પ્રાસાદ નિપજાવ્યો.(મહાવીર જિનમંદિર કરાવ્યું -લા.ભ.) સિદ્ધપુરમાં ચાર જિનપડિમાયુક્ત સિદ્ધપુરવિહાર અન પાટણમાં રાજવિહાર કરાવ્યો.(કુ. પ્રતિબોધ)તેના સમયમાં અનેક પ્રભાવક જૈનો થયા.

૩૧૧. **મલધારી અભયદેવસૂરિ**:- પ્રશ્રવાહન કુલના હર્ષપુરીય ગચ્છના જયસિંહસૂરિના શિષ્ય અભયદેવસૂરિ થયા. તેઓ વસ્ત્રમાં માત્ર એકજ 'ચોલપટ્ટો'(પહેરવાનું વસ્ત્ર)અને એક જ પ્રચ્છાદન પટી (પચ્છેડી-ઉપર ઓઢવાનું વસ્ત્ર) રાખતા. તેમને મલમલીન વસ્ત્ર અને દેહવાળા જોઈ સિદ્ધરાજે[૨૪૯]

---

૨૪૮. राज्ञः पुरः पुरोगैश्च विद्वद्भिर्वाचितं ततः । चेक्रे वर्षत्रयं वर्षं (यावत्) राज्ञा पुस्तकलेखने ॥ १०३ ॥
राजादेशान्नियुक्तैश्च सर्वस्थानेभ्य उद्यतैः। तदा चाहूय सच्चक्रे लेखकानां शतत्रयम् ॥ १०४ ॥
पुस्तकाः समलेख्यन्त सर्वदर्शनिनां ततः । प्रत्येकमेवादीयंताऽ ध्येतृणामुद्यमस्पृशाम् ॥ १०५॥
अंगवंग कलिंगेषु लाटकर्णाटकुंकणे । इत्यादि विश्वदेशेषु शास्त्रं व्यस्तार्यत स्फुटं ॥ १०६-१०९॥
—प्रभावकचरित हेमचंद्रसूरिप्रबंध पृ. २०२

૨૪૯. अन्नया सिरि जयसिंहदेवनरिंदेण गयखंधारूढेण रायवाडियागएण दिट्ठो मलमलिणवत्थदेहो । रायेण गयखंधाओ ओसरिऊण दुक्करकारओ त्ति दिण्णं 'मलधारि' त्ति नामं। –જિનપ્રભસૂરિકૃત તીર્થકલ્પ (સં ૧૩૮૫-૮૯) પૈકી ૪૦ મો કલ્પ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(અન્યમત પ્રમાણે કર્ણદેવે)[૨૫૦] મલધારી નામનું બિરુદ આપ્યું હતું આ અભયદેવસૂરિના ઉપદેશથી સિદ્ધરાજ જયસિંહદેવે પોતાના સમસ્ત દેશમાં શાસન આપવા પર્યુષણ, (શ્રાવણ વદ ૧૨ થી ભાદરવા શુદ-૪)એકાદશી પ્રમુખ દિવસોમાં 'અમારિ' કરાવી હતી, એટલે પશુવધ કરવાની મનાઈ કરી હતી.[૨૫૧] શાકંભરી (સાંભર અજમેર પાસેના)ના રાજા પૃથ્વીરાજે (પૃથ્વીરાજ પહેલો તે વીસલદેવ-વિગ્રહરાજ ત્રીજાનો પુત્ર) તેમના લેખથી ઉપદેશથી અજમેર પાસેના રણથંભોરમાં જિનમંદિર પર સોનાનો કુંભ-કળશ સ્થાપ્યો હતો.[૨૫૨] તેઓ વીરદેવ વિદ્વાનથી પ્રાપ્ત થયેલી શ્રેષ્ઠ મંત્ર(સૂરિમંત્ર)વિદ્યા વડે અતિશય મહાન પ્રભાવક થયા.(પી.પ,૮૯) ગોપગિરિ (ગ્વાલિયર) ના શિખર પરના મહાવીર મંદિરના દ્વારનો ત્યાંના અધિકારીઓએ જ અવરોધ કર્યો હતો તે આ આચાર્યે જઈ ત્યાંના ભુવનપાલ નામના રાજાને કહી દૂર કરાવ્યો હતો.[૨૫૩]

૩૧૨. વિ.સં. ૧૧૪૨માં માઘ શુક્લ ૫ રવિવારે અંતરીક્ષ પાર્શ્વનાથની મૂર્ત્તિને આ સૂરિએ પ્રતિષ્ઠિત કરી અને જિન પૂજા માટે રાજા એલચે શ્રીપુર (સિરપુર)નામનું ગામ આપ્યું અને જ્યાંથી તે પ્રતિમા નીકળી તે સ્થાને જલકુંડ બંધાવ્યો. આ અંતરિક્ષ પાર્શ્વનાથનુ તીર્થ ત્યારથી તે આજદિન સુધી પ્રસિદ્ધ છે.[૨૫૪]

---

૨૫૦. जस्स मलहारिनामं दिन्नं कन्नेण नरवइणा –**પદ્મદેવસૂરિકૃત સદ્‌ગુરુ પદ્ધતિ** પી.૫, ૯૬.

श्री गूर्जरेश्वरो दृष्ट्वा तीव्रं मलपरीषहं । श्री कर्णो बिरुदं यस्य मलधारी व्यघोषयत् ॥

–**રાજશેખરકૃત પ્રાકૃત દ્વયાશ્રયવૃત્તિ** (સં ૧૩૮૭) પ્રશસ્તિ.

૨૫૧. यस्योपदेशादखिलस्वदेशे सिद्धाधिपः श्री जयसिंहदेवः। एकादशीमुख्यदिनेष्वमारीमकारयच्छासनदानपूर्वाम्॥

–**વિજયસિંહકૃત** (સં.૧૧૯૧) **ધર્મોપદેશમાલા વિવરણ** પી. ૫, ૮૯.

जेण जयसिंहदेवो राया भणिऊण सयलदेसम्मि। काराविओ अमारिं पज्जोसवणाईसु तिहीसु ॥

–**શ્રીચંદ્રસૂરિકૃત મુનિસુવ્રત ચરિત્ર** (સં. ૧૧૯૩?) પી. ૫. ૧૧

૨૫૨. यस्य संदेशकेनापि पृथ्वीराजेन भूभुजा । रणस्तंभपुरे न्यस्तः स्वर्णकुंभो जिनालये॥

–**વિજયસિંહ -ધર્મો૦** વિવરણ પી.૫,૮૯.

અને જુઓ રણથંભોરના જિનમંદિરોના શિલાલેખ,

पुहईराएण सयंभरीनरिंदेण जस्स लेहेण । रणखंभउरजिणहरे चडाविया कणयकलसा ॥

–**શ્રીચંદ્રસૂરિ-મુનિસુવ્રતચરિત્ર** પી. ૫, ૧૧.

रणथंभपुरे आणालेहेण जस्स सन(भ)रिंदेण । हेमधयदंडमिसओ निच्चं नच्चाविया कित्ती ॥

–ઉક્ત **સદ્‌ગુરુપદ્ધતિ** પી.૫, ૯૬.

૨૫૩. गोवगिरिसिहरसंठिय चरमजिणाययणदारमवरूद्धं । पुनिवदिन्नसासणमं(सं)साव (ध)णिएहिं चिरकालं ॥
गंतूण तत्थ भणिऊण भुवणपालाभिहाणभूवालं । अइसयपयत्तेणं मुक्कलयं कारियं जेण ॥

–**શ્રીચંદ્રસૂરિ-મુનિસુવ્રત ચરિત્ર.**

૨૫૪. ભાવવિજયગણિકૃત **અંતરીક્ષમાહાત્મ્ય** સં. ૧૭૧૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૧૩. તેમણે વરણગના પુત્ર સંતુય (સાંતુ-સંતુક-સંપત્કર) મંત્રીને કહી ભરૂચમાં સમલિકા વિહારમાં સોનાના કળશો ચડાવ્યા હતા.[૨૫૫] અપવાસ કરીને તેમજ ઘી સિવાયની બધી વિગઈની ચીજો તજીને તપ તીવ્ર કડકાઈથી કરતા હતા. તેમણે હજારો બ્રાહ્મણોને અને કડમડ યક્ષને પ્રબોધ આપી મેડતપુર (મેડતા)માં વીરપ્રભુનું ચૈત્ય કરાવ્યું હતું.[૨૫૬] છેવટે ૪૭ દિવસ સુધીનું અનશન પાળ્યું તે વખતે તેમના દર્શનાર્થે સિદ્ધરાજ ખાસ ગયો હતો. જ્યારે સ્વર્ગવાસ થયો ત્યારે તેમના શરીર-શબને સિદ્ધરાજે કોટની પાછલી અટારીએ રહી પોતાના પરિજન સમેત જોયું હતું, અને ચિતા બુઝાતાં લોકોએ ત્યાથી રાખ ગ્રહણ કરી - રાખનો અભાવ થતા ત્યાંની માટી લીધી તે ત્યાં સુધી કે ત્યાં શરીરપ્રમાણવાળી વિશાળ ખાડ થઈ ગઇ.[૨૫૭] (સં. ૧૧૬૮ આસપાસ.)

૩૧૩ક. ૧૧મા અને ૧૨મા શતકની વચ્ચે થયેલ પૂર્ણતલ્લ ગચ્છના વર્ધમાનસૂરિ શિષ્ય શાંતિસૂરિએ ધનપાલકૃત તિલકમંજરી પર ટિપ્પન, જૈનતર્કવાર્ત્તિકવૃત્તિ, {*ન્યાયાવતાર વા. વૃત્તિ સં. દલસુખ માલવણિયા પ્ર. સિંધી ગ્રં.* } તથા વૃન્દાવન કાવ્ય-ઘટખર્પર કાવ્ય-મેઘાભ્યુદય કાવ્ય-શિવભદ્ર કાવ્ય-ચન્દ્રદૂત કાવ્ય એ નામનાં પાંચ યમકમય કાવ્યોપર વૃત્તિઓ રચી.(જે. ૪૩; જે, પ્ર. ૫૮-૫૯.)

૩૧૪. જિનવલ્લભસૂરિ– કર્ણના રાજ્યમાં તેઓ ગણી તરીકે થયા ને ગ્રંથકર્ત્તા તરીકે અને છેવટે આચાર્ય તરીકે સિદ્ધરાજના સમયમાં પ્રસિદ્ધ થયા. તેમનું સ્થાન ખરતરગચ્છના આચાર્યોમાં ઘણું ઉંચું છે. 'તે મૂલ ચૈત્યવાસી આસિકા નામના દૂર્ગવાસી કુર્ચપુરીય જિનેશ્વર નામના સૂરિ-મઠાધિપતિના શિષ્ય હતા અને તે ગુરુએ નવાંગ વૃત્તિકાર અભયદેવસૂરિ પાસે પાટણમાં તેમને શાસ્ત્રાભ્યાસ કરવા મોકલતાં અભ્યાસમાં ચૈત્યવાસ શાસ્ત્રવિરુદ્ધ આચાર રૂપે પ્રતીત થતાં ચૈત્યવાસ ત્યજી શાસ્ત્રવિધિ અનુસારનો આચાર સ્વીકાર્યો અને અભયદેવસૂરિ પાસે દીક્ષા લીધીજે ચૈત્યો બંધાવ્યાં તેને 'વિધિચૈત્ય' નામ આપી તેમાં અમુક શાસ્ત્રવિરુદ્ધ કાર્યો નહિ થાય એવા શ્લોકો મૂકાવ્યા.[૨૫૮] મેદપાટદેશાદિ પ્રાયઃ

---

૨૫૫. वरणगसुयं संतुय सचिवं भणिऊण(जेण) भरूयच्छे। सिरि सवलियाविहारे हेममया रोविया कलसा ॥
—श्री चंद्र-मुनिसुव्रतचरित्र पी. ५, १०.

૨૫૬. રાજશેખરસૂરિની પ્રાકૃત દ્વયાશ્રયવૃત્તિ પ્રશસ્તિ. (સં.૧૩૮૭)

परः सहस्रान् भूदेवान् यक्षं कडंमडं च यः । प्रबोध्य मेडतपुरे वीरचैत्यमचीकरत् ॥

તથા વિશેષમાં ત્યાં જણાવ્યું છે કે.

'नाथं सुराष्ट्रराष्ट्रस्य खंगारं प्रतिबोध्य यः। उज्जयंततीर्थपंथं खिलीभूतमवीवहत् ॥

—એટલે કે સોરઠના રાજા ખેંગારને પ્રતિબોધી ગિરનાર તીર્થના વિઘ્નભૂત થયેલા માર્ગને વહેતો કર્યો હતો' આ કથન ખરી રીતે અભયદેવસૂરિને નહિ, પરંતુ તેમના પ્રસિદ્ધ શિષ્ય હેમચંદ્રસૂરિને લાગુ પડે છે.

૨૫૭. જુઓ તેમાના પ્રશિષ્ય શ્રીચંદ્રસૂરિકૃત મુનિસુવ્રતચરિત્રની પ્રશસ્તિ કે જે પોતે સમકાલીન છે અને જે પોતે જણાવે છે કે ભક્તિથી વશ થઇ મે આમાં કાંઇ પણ-થોડું પણ મૃષા ભાષણ કર્યું નથી. પા.પ.૧૩.

૨૫૮. તે પૈકી બે શ્લોક એવાં છે કેઃ-

अत्रोत्सूत्रजनक्रमो न च नच स्नात्रं रजन्यां सदा, साधूनां ममताऽऽश्रयो न च न च स्त्रीणां प्रवेशो निशि ।
जाति-ज्ञातिकदाग्रहो न च न च श्राद्धेषु ताम्बूलमि-त्याज्ञाऽत्रेयमनिश्रिते विधिकृते श्री जैनचैत्यालये ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૈત્યવાસી આચાર્યોથી વ્યાપ્ત હતા ત્યાં વિહાર કર્યો. ચિત્રકૂટમાં અનેકને પોતાના ઉપદેશના રાગી અને ભક્ત કર્યા, ને બે વિધિચૈત્યની પ્રતિષ્ઠા કરી. વાગ્જડ (વાગડ)ના લોકોને પ્રતિબોધ્યાં પછી ધારાનગરીમાં જઈ નરવર્મ રાજાની સભામાં અતિમાન મેળવ્યું.[૨૫૯] નાગપૂર (નાગોર)માં નેમિજિનાલયની, નરવરપુરમાં વિધિચૈત્યની પ્રતિષ્ઠા કરી મરૂકોટ્ટમાં વિહાર કરી ચૈત્યવાસને નિવાર્યો. અભયદેવસૂરિના આદેશથી દેવભદ્રાચાર્યે તેમને સૂરિપદ આપ્યું {*વિ. સં. ૧૧૬૭ અષાઢ સુદ ૬ના*} તેથી અભયદેવના પટ્ટધર થયા, પછી છ માસે સં.૧૧૬૭મા {*દીવાળીના દિવસે*} સ્વર્ગસ્થ થયા.

૩૧૫. તેમણે સં. ૧૧૨૫માં જિનચંદ્રસૂરિ કૃત સંવેગરંગશાલા પોતે ગણિ (ઉપાધ્યાય) હતા ત્યારે શોધી. અને તેમના ગ્રંથોઃ- સૂક્ષ્માર્થ સિદ્ધાન્ત વિચારસાર (સાર્ધશતક-પી.૧,૨૮ {*વિ. સં. ૧૧૭૧મા રચાયેલી આ. ધનેશ્વરસૂરિકૃત ટીકા સાથે* } પ્ર. જૈ. ધ. સભા), આગમિક વસ્તુ વિચારસાર (ષડશીતિ પી. ૧,૨૭ {*સટીકાશ્ચત્વારઃ કર્મગ્રન્થાઃ અંતર્ગત* } પ્ર. આ. સભા), પિંડવિશુદ્ધિ પ્રકરણ (પી. ૧, ૬૩-૧૦૧; તાડપત્ર કી. ૨, ૩૦ {*શ્રીચન્દ્રસૂરિકૃત ટીકા સાથે પ્રકા. વિજયદાનસૂરિ ગ્રં. યશોદેવસૂરિકૃત લઘુવૃત્તિ અને ઉદયસિંહસૂરિકૃત દીપિકા સાથે પ્ર. જિનદત્તસૂરિ જ્ઞાન ભંડાર*}), પૌષધવિધિ પ્રકરણ, {*સિરિપયરણ સંદોહમાં પ્રકાશિત*} સંઘપટ્ટક (પ્ર. જેઠાલાલ દલસુખ {*દ્વારા જિનપતિસૂરિકૃત બૃહત્ ટીકા સાથે પ્રગટ થઈ છે, અને સાધુકીર્તિગણી લક્ષ્મીસેન, હર્ષસેનકૃત ૩ ટીકા સાથે પ્ર. જિનદત્તસૂરિ જ્ઞાન.*}), પ્રતિક્રમણ સામાચારી, ધર્મશિક્ષા, {*જિનપાલોપાધ્યાયકૃત ટીકા સાથે આનું સંપાદન શ્રી વિનયસાગર કરી રહ્યા છે.*} ધર્મોપદેશમય દ્વાદશકુલકરૂપ પ્રકરણ, {*જિનપાલોપાધ્યાયકૃત ટીકા સાથે પ્ર. જિનદત્તસૂરિ જ્ઞાન.* } પ્રશ્નોત્તર શતક, {*પ્રશ્નોત્તરૈકષષ્ટિશતકાવ્ય નામે સ્તોત્રરત્નાકર ભા. ૨મા પ્રકાશિત.*} શૃંગારશતક સ્વપ્નાષ્ટક વિચાર ચિત્રકાવ્ય, સો એક સ્તુતિ સ્તોત્રાદિ જેવા કે અજિતશાંતિ સ્તવ, ભાવારિવારણ સ્તોત્ર, જિનકલ્યાણક સ્તોત્ર, જિનચરિત્રમય જિનસ્તોત્ર, મહાવીરચરિત્રમય વીરસ્તવ(બુહ્ ૪ નં. ૨૫૧; બુહ્ નં. ૬૦૯), ઋષભ-પાર્શ્વ-નેમિ-શાંતિ-મહાવીર સ્તોત્રાદિ છે. {*આ. જિનવલ્લભસૂરિની ૪૫ જેટલી રચનાઓ પ્રાપ્ત થાય છે. 'વલ્લભ ભારતી' ભાઃ ૧ અને 'જિનવલ્લભસૂરિ ગ્રન્થાવલી' (પ્ર. પ્રાકૃત ભારતી બન્નેના સંપા. શ્રી વિનયસાગર) આમાં જિનવલ્લભસૂરિના ઘણા ગ્રન્થો પ્રકાશિત થયા છે ચિત્ર કાવ્યોના ૪૩ ચિત્રો પણ અપાયા છે, પ્રસ્તાવનામાં ગ્રન્થ પરિચય અપાયો છે.*}

- આ અનિશ્રાએ વિધિપૂર્વક થયેલ શ્રી જૈન ચૈત્યાલયમાં એવી આજ્ઞા છે કે તેમાં ઉત્સૂત્ર જનક્રમ નથી, રાત્રે સ્નાત્ર-સ્નાન નથી. સાધુઓ માટે મમતાપૂર્વક રહેવાનો આશ્રય નથી, રાત્રે સ્ત્રીઓનો પ્રવેશ નથી, જાતિજ્ઞાતિનો કદાગ્રહ નથી.(ગમે તેને આવવાની છૂટ છે), ત્યાં શ્રાદ્ધોને તાંબૂલ ખાવાનું નથી.

इह न खलु निषेधः कस्यचिद् वंदनादौ, श्रुतविधि बहुमानी त्वत्र सर्वोधिकारी ।

त्रिचतुरजनदृष्ट्या चात्र चैत्यार्थवृद्धि-व्ययविनिमयरक्षा चैत्यकृत्यादि कार्यम् ॥

-અહીં કોઈને પણ દર્શન પૂજન કરવા માટે ના પાડવામાં આવનાર નથી. વળી સૂત્રવિધિને માન આપનાર હરકોઇ માણસને અહીં અધિકારી તરીકે ગણવામાં આવશે. તેમજ આ દેરાસરના દ્રવ્ય એ ત્રણ ચાર જણાની નજર નીચે વ્યાજે ધીરી વધારવા ખરચવા, લેવડદેવડ-વિનિમય કરવા સંભાળી રાખવા તથા દેરાસરનાં કામકાજ કરવા ફરમાવવામાં આવે છે.

૨૫૯. यस्य श्री नरवर्मभूपतिशिरः कोटिररत्नांकुर-ज्योतिर्जालजलैरपुष्यत सदा पादारविन्दद्वयी ॥

- તેમના સંતાનીય અભદેવકૃત જયંતવિજય કાવ્યપ્રશસ્તિ સં. ૧૨૭૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૧૬. એમ કહેવાય છે કે સં. ૧૧૬૪ માં આ જિનવલ્લભ ગણિએ પોતાની કૃતિઓ નામે અષ્ટસમતિકા, સંઘપટ્ટક, ધર્મશિક્ષા આદિ ચિત્રકૂટ, નરવર, નાગપુર, મરૂપુર આદિમાં સ્વપ્રતિષ્ઠિત વીર વિધિચૈત્યોમાં પ્રશસ્તિરૂપે કોતરાવી. આ બધી કૃતિઓમાં ચૈત્યવાસનો નિરાસ અને વિધિમાર્ગનું પ્રતિપાદન કરેલ છે. સંઘપટ્ટકમાં ચૈત્યવાસીનાં દશ દ્વારો-લક્ષણો[૨૬૦] બતાવ્યાં છે તે પ્રમાણે ચાલવાથી કદિ પણ આત્મકલ્યાણ નજ થઇ શકે, અને તે માટે તે દરેક લઈ તેનું ખંડન કરવામાં આવ્યું છે.

૩૧૭. જિનવલ્લભસૂરિના શિષ્ય અને પટ્ટધર જિનદત્તસૂરિ થયા કે જેમણે ઘણા રાજપૂતોને પ્રતિબોધી નવા શ્રાવક કર્યા, તેમણે ખરતરગચ્છીય એક પ્રભાવક પુરુષ તરીકે 'દાદા' નામથી ઓળખે છે (સૂરિપદ સં.૧૧૭૯ અને સા. ૧૨૧૧ અજમેરમાં). તેમના ગ્રંથો ગણધરસાર્ધશતક પ્રાકૃત ગાથા ૧૫૦ માં પૂર્વ ગણધરો-આચાર્યોનાં ટુંક વર્ણન છે (પ્ર૦ ચુનિલાલ પન્નાલાલ ઝવેરી, મુંબઇ) સંદેહદોલાવલી ગણધરસપ્તતિ, સર્વાધિષ્ઠાયિ (સ્મરણ) સ્તોત્ર, સુગુરુપારતંત્ર્ય, વિઘ્ન વિનાશિસ્તોત્ર, અવસ્થાકુલક, ચૈત્યવંદન કુલક (કી. ૨, નં ૧૪૮), વિંશિકા આદિ પ્રા૦ માં રચ્યાં. ને અપભ્રંશમાં ત્રણ કાવ્યો નામે ચર્ચરી કે જે સ્વગુરુ જિનવલ્લભસૂરિની પ્રશંસા કરતું કાવ્ય છે, ઉપદેશ રસાયન અને કાલસ્વરૂપ કુલક રચ્યાં.[૨૬૧] તેમણે દેવસૂરિનું જીવાનુશાસન સટીક શોધ્યું (પી.૫,૨૨) *{યુગપ્રધાન જિનદત્તસૂરિમાં નાહટાએ બીજા પણ સ્તોત્રોની વિગત અને જીવાનુ. શોધક અન્ય જિનદત્ત હોવાનું જણાવ્યું છે. }*

૩૧૮. જિનવલ્લભસૂરિ શિષ્ય રામદેવગણિએ પ્રાયઃ સં.૧૧૩૭માં સ્વગુરુરચિત ષડશીતિ પર ટિપ્પનક અને સત્તરી પર ટિપ્પનક રચ્યાં (જે. પ્ર.૩૩, ૩૪); જિનવલ્લભ-જિનદત્તને સેવનાર તથા જિનપ્રિય (વલ્લભ)ના શિષ્ય જિનભદ્રસૂરિએ અપવર્ગ નામમાલા પંચ-વર્ગપરિહારનામમાલા નામનો કોશગ્રંથ રચ્યો (જે. પ્ર. ૬૪).

૩૧૯. જિનવલ્લભ ગુરુના શાંત ઉપદેશથી ધનદેવ નામના શ્રાવકે નાગપૂરમાં (નાગોરમાં) નેમિનાથનું મંદિર કરાવ્યું હતું જિનવલ્લભના શિષ્ય જિનદત્તસૂરિ પદ સ્વીકાર્યા પછી લગભગ વિ. સં.૧૧૭૦માં નાગપુરમાં વિચર્યા હતા તે વખતે પ્રાયઃ ઉપરોક્ત ધનદેવ શ્રાવકે તેમને આયતન,

---

૨૬૦. अत्रोद्दैशिकभोजनं जिनगृहे वासो वसत्यक्षमा स्वीकारोऽर्थगृहस्थचैत्यसदनेष्वप्रेक्षिताद्यासनम् ।
सावद्याचरितादरः श्रुतपथावज्ञा गुणिद्वेषधी र्धर्मः कर्महरोऽत्र चेत् पथि भवेन्मेरूस्तदाऽब्धौ तरेत् ॥ ५ ॥

- (સાધુએ) (૧) પોતાને ઉદ્દેશીને -નિમિત્તે થયેલ ભોજન જમવાથી, (૨) જિનગૃહમાં રહી વાસ કરવાથી, (૩) અન્યની વસતિ-ગૃહ પ્રત્યે અક્ષમા રાખવાથી-તેમાં જઇ રહેવામાં તિરસ્કાર રાખવાથી, (૪) દ્રવ્યનો સ્વીકાર કરવાથી, (૫) પોતપોતાના શ્રાવક રાખવાથી, (૬) ચૈત્ય એટલે દેવમંદિરોને પોતાના સદન-ઘર તરીકે રાખવાથી (૭) આસનાદિનું પ્રમાર્જન નહિ કરવાથી (૮) પાપવાળાં આચરણનો આદર કરવાથી , (૯) શ્રુતમાર્ગની અવજ્ઞાથી, (૧૦) ગુણિઓ પ્રત્યે દ્વેષબુદ્ધિથી કર્મહરણ કરનારો ધર્મ થતો હોય તો તો પછી સમુદ્રમાં મેરૂ તરે !

૨૬૧. કે જે 'અપભ્રંશ કાવ્યત્રયી' એ નામથી ગા. ઓ. સી. નં. ૩૭ માં પ્રકટ થયેલ છે અને તેમાંની સંશોધક પંડિત લાલચંદની સંસ્કૃત પ્રસ્તાવના જિનવલ્લભસૂરિ, જિનદત્તસૂરિ, આ ત્રણ કાવ્યો, તે પરના ટીકાકારો અપભ્રંશ ભાષા વગેરે પર ઘણો પ્રકાશ પાડે છે. તેમા પરિશિષ્ટ તરીકે જિનવલ્લભકૃત મૂળ સંઘપટ્ટક, જિનદત્તકૃત ગણધર સાર્ધશતકં અન સુગુરુપારતંત્ર્ય, કવિ પલ્હકૃત પટ્ટાવલી (જિનદત્તસૂરિ સ્તુતિ) આપેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનાયતન, વિધિ, અવિધિ વિષયને ન ચર્ચવા સૂચના કરી હતી, કે જે સૂચના તેમણે મતભેદોનું સમર્થન કરી સ્વીકારી ન હતી. એ ધનદેવ(જિનવલ્લભના ભક્ત)ના પુત્ર પદ્માનન્દ થયા કે જેમણે વૈરાગ્યશકત રચ્યું.[૨૬૨]

૩૨૦. સોમનાથના પુત્ર વાગ્ભટ્ટે પાંચ પરિચ્છેદમાં વાગ્ભટ્ટાલંકાર આ જયસિંહના રાજ્યમાં રચ્યો.[૨૬૩] (પ્ર.કા; મા. નં.૪૮) તેમાં તણે જયસિંહ રાજા સંબંધિ પોતે રચેલાં કાવ્યોને અનેક અલંકારોનાં ઉદાહરણો રૂપે મૂક્યાં છે.[૨૬૪] *{વાગ્ભટાલંકાર અપરનામ અલંકારસૂત્ર ઉપર સંસ્કૃતમાં ટીકા રચનારાઓના નામ આ પ્રમાણે છે.- સિંહદેવગણિ, સોમદેવગણિ, જ્ઞાનપ્રમોદગણિ, જિનવર્ધનસૂરિ, સમયસુંદરગણિ, ક્ષેમહંસગણિ, વર્ધમાનસૂરિ, મુનિ કુમુદચન્દ્ર, સાધુકીર્તિ, અજ્ઞાત મુનિ, વાદિરાજ, પ્રમોદમાણિક્યગણિ, ગણેશ કૃષ્ણવર્મા. આ ઉપરાંત પણ અર્વાચીન સંસ્કૃત ટીકાઓ રચાઈ છે. 'ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઈતિહાસ' દુર્ગાશંકર શાસ્ત્રી પૃ. ૨૫૫ }*

૩૨૧. સિદ્ધરાજ ઘણો વિદ્યાપ્રેમી હતો- પંડિતોને રાજસભામાં સ્થાન આપી તેમની વિદ્વત્તાને પીછાનતો. ભારતના સર્વ પ્રદેશોમાંથી પ્રૌઢ પ્રૌઢ પંડિતો પોતાના પાંડિત્યનું પ્રદર્શન કરવા ગૂર્જર રાજધાનીમાં અવશ્ય આવ્યા કરતા હતા, ગૂર્જરપતિની વિદ્વત્સભા પણ ભારતમાં આદર્શ ગણાતી. આવી પ્રતિભાશાલી પરિષદનો પ્રમુખ સભ્ય-સભાપતિ કવિરાજ શ્રીપાલ હતો. તે જૈન પોરવાડ વૈશ્ય

---

૨૬૨. પં. લાલચંદ ગાંધીનો ટૂંકો લેખ નામે **'કવિ પદ્માનંદ' જૈન** ૭-૮-૧૯૨૭ પૃ, ૫૫૫. વૈરાગ્યશતક કાવ્યમાલા સાતમું ગુચ્છક (નિ. પ્રે)માં પ્રકટ થયું છે.

૨૬૩. કોઈ ઉદયનમંત્રિના પુત્ર વાગ્ભટ્ટ (બાહડ) ને આ ગ્રંથના રચનાર માને છે. વળી નેમિકુમારના પુત્ર વાગ્ભભટ્ટ કે જેમણે કાવ્યાનુશાસન રચ્યું છે એને જેમણે તેમાં ઉક્ત વાગ્ભટ્ટાલંકારનો પણ ઉલ્લેખ કર્યો છે અને જેમણે સંક્ષિપ્ત છંદોનુશાસન (સંઘવીપાડાનો પાટણ ભં. નં. ૧૮૩ પત્ર ૪૨) રચેલ છે અને જેઓ ભરૂચના રહેવાસી હતા (શ્રી જિનવિજયની નોંધ) તે જુદા વાગ્ભટ્ટ છે તે ઉપરાંત એક ત્રીજા વાગ્ભટ છે કે જે નેમિનિર્વાણ કાવ્યના કર્ત્તા છે. *{વાગ્ભટ નામના ચાર કે પાંચ ગ્રંથકારો થયા છે. દરેકના પિતાનું નામ અલગ છે. અષ્ટાંગ હૃદયકારના પિતા સિંહગુપ્ત, નેમિનિર્વાણકારના પિતા છાહડ, વાગ્ભટાલંકારના કર્તાના પિતા સોમ, કાવ્યાનુશાસનકારના પિતા નેમિકુમાર હતા. વૃદ્ધ-વાગ્ભટના પિતાનું નામ જાણવા મળ્યું નથી. વિશેષ માટે જુઓ 'જૈન સાહિત્ય ઔર ઈતિહાસ' લે. નાથુરામ પ્રેમી, શ્રમણ વર્ષ ૫૦ અંક ૧૦-૧૨.}*

૨૬૪. **ઇન્દ્રઃ સ એષ યદિ કિં ન સહસ્રમક્ષ્ણાં લક્ષ્મીપતિ ર્યદિ કથં ન ચતુર્ભુજોઽસૌ ॥**
આઃ સ્યન્દનધ્વજધૃતોદ્ધુરતામ્રચૂડઃ શ્રીકર્ણદેવનૃપસૂનુરયં રણાગ્રે ॥ -સંશયનિશ્ચયાલંકાર પ. ૪, શ્લો ૮૧.
ઇન્દ્રેણ કિં યદિ સ કર્ણનરેન્દ્રસૂનુ-રૈરાવણેન કિમહો યદિ તદ્દ્વિપેન્દ્રઃ ।
દમ્ભોલિનાપ્યલમલં યદિ તત્પ્રતાપઃ સ્વર્ગોઽપ્યંય ननु મુધા યદિ તત્પુરી સા ॥ -આક્ષેપાલંકાર પ. ૪, શ્લો ૭૬
અણહિલ્લપાટકં પુરમવનિપતિઃ કર્ણદેવનૃપસૂનુઃ।
શ્રીકલશનામધેયઃ કરી ચ રત્નાનિ જગતીહ ॥ -અત્યુત્કૃષ્ટ સમુચ્ચયાલંકાર પ. ૪, શ્લો. ૧૩૨
જગદાત્મકીર્તિશુભ્રં જનયન્નુદ્દામધામદોઃપરિઘઃ। જયતિ પ્રતાપયૂષા જયસિંહઃ ક્ષ્માભૃદધિનાથઃ ॥
-અસંયુતા વૃત્તિ વર્ણયમક પ. ૪, શ્લો ૪૫
અસ્ત્વસ્તુ પૌરૂષગુણાજ્જયસિહંદેવ-પૃથ્વીપતે મૃગપતેશ્ચ સમાનભાવઃ ।
કિં ત્વેકતઃ પ્રતિભટાઃ સમરં વિહાય સદ્યો વિશન્તિ વનમન્યમશંકમાનઃ ॥ -વ્યતિરેકાલંકાર પ. ૪, શ્લો. ૮૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતો. તે સિદ્ધરાજનો બાલમિત્ર -'પ્રતિપન્ન બંધુ' હતો અને તેને તેને રાજવી 'ભ્રાતા' કહી સંબોધતો.[૨૬૫] તેને 'કવિરાજ' યા 'કવિચક્રવર્તી' એ નામનું બિરૂદ તેની લોકોત્તર કવિત્વશક્તિથી પ્રસન્ન થઈ નૃપતિએ આપ્યું હતું. બૃહદ્‌ગચ્છના **સ**ર્વદેવસૂરિ-**ય**શોભદ્ર-**મુ**નિચંદ્રસૂરિ-અજિતદેવસૂરિ શિષ્ય **હે**મચંદ્રસૂરિ **ના**ભેયનેમિ નામનું દ્વિસંધાન કાવ્ય એટલે નાભેય-ઋષભનાથ અને નેમિનાથ બંનેને લાગુ પડતું મહાકાવ્ય(પાટણ ભં, કા, વડો નં.૧૪૧) બનાવ્યું હતું, તેનું સંશોધન કવિચક્રવર્તી **શ્રી**પાલે કર્યું હતું.[૨૬૬] આ **શ્રી**પાલે **સિ**દ્ધરાજના **સ**હસ્રલિંગ સરોવરની, દુર્લભસરોવરની તથા **રુ**દ્રમાળની પ્રશસ્તિઓ બનાવી હતી; અને **કુ**મારપાલના રાજ્યમાં સં.૧૨૦૮ માં **આ**નંદપુર(વડનગર)ની વપ્ર (પ્રાકાર-ગઢ) ની પ્રશસ્તિ[૨૬૭] પણ રચી હતી આ શ્રીપાલ નેત્રશૂન્ય થયેલ હતો.

૩૨૨. **ભા**ગવત સંપ્રદાયના કોઇ **દે**વબોધી નામના વિદ્વાન્ પાટણમાં આવતાં તેની પાસે **શ્રી**પાલ સાથે **સિ**દ્ધરાજ ગયો હતો અને **શ્રી**પાલની ચક્ષુહીનતા જોઇ તેણે મશ્કરી કરતાં **શ્રી**પાલે તેનો ગર્વ પોતાની વિદ્વત્તાથી ઊતાર્યો હતો. આ દેવબોધીને દેવસૂરિએ વાદવિવાદમાં જીત્યા હતા.

૩૨૩. આ સમયમાં પ્રાયઃ સં.૧૧૬૦માં **ચં**દ્ર-(પછી) **ખં**ડિલ્લગચ્છના **ભા**વદેવસૂરિના શિષ્ય **વિ**જયસૂરિના શિષ્ય **વી**રાચાર્ય થયા. તેમની સાથે **સિ**દ્ધરાજને મિત્રતા હતી. તે રાજાએ નર્મવચનોમાં કહ્યું 'અમો રાજાના અશ્રયથી આપનું તેજ છે.' સૂરિએ જણાવ્યું 'સ્વપ્રજ્ઞા ભાગ્યથી વિસ્તરે છે' રાજાએ વિશેષમાં કહી નાખ્યું 'મારી સાભા છોડી વિદેશમાં ફરતા અન્ય ભિક્ષુકની માફક અનાથતા સમજાશે! આચાર્યે તેથી જણાવી દીધું કે અમુક દિવસો પછી પોતે વિહાર કરશે; એટલે **સિ**દ્ધરાજે પોતાના માણસોથી નગરના દરવાજા રોધ્યા-બંધ કર્યા, પરંતું આચાર્ય તો વિદ્યાબળથી નિકળી **પ**લ્લીપુર પહોચ્યાં ત્યાથી વિહાર કરી **મ**હાબોધ પુરમાં બૌદ્ધનો જીતી **ગો**પાલગિરિ(ગ્વાલિયર)માં આવતાં ત્યાનાં રાજાએ પણ સંમાન આપ્યું, અને પરવાદીઓ પર વિજય મેળવતાં ત્યાના ભૂપતિએ છત્રચામર યુગ્માદિ રાજચિન્હો આપ્યાં. **ના**ગપુર (નાગોર)માં પ્રભાવના કરી, સિદ્ધરાજે બોલાવ્યા એટલે પુનઃ **પા**ટણ આવવા પ્રાયાણ કર્યું. **ચા**રૂપ આવ્યા ત્યારે પાટણમાં સાંખ્યવાદી **વા**દિસિંહ આવ્યો- આ વખતે **કર્ણ**મહારાજના બાલમિત્ર **ગો**વિંદાચાર્ય કે જે **વી**રાચાર્યના કલાગુરુ થાય તેમને **સિ**દ્ધરાજે પૂછતાં તેમણે જણાવ્યું કે તેના પર તો **વી**રાચાર્ય આવી વિજય મેળવશે. અને બીજા દિને આવી **ગો**વિંદસૂરિ સહિત રાજસભામાં

---

૨૬૫. તેના સમકાલીન **સો**મપ્રભાચાર્યે તેના પુત્ર **સિ**દ્ધપાલની વસતિમાં રચેલા **કુ**મારપાલપ્રતિબોધમાં પ્રશસ્તિમાં જણાવ્યું છે કે :-

प्राग्वाटान्वयसागरेन्दुरसमप्रज्ञः कृतज्ञः क्षमी, वाग्मी सूक्तिसुधानिधानमजनि **श्री**पाल नामा पुमान् ।

यं लोकोत्तरकाव्यरंजितमतिः साहित्यविद्यारतिः **श्री सिद्धा**धिपतिः '**कवीन्द्र**' इति, च '**भ्राते**' ति च व्याहरत् ॥

૨૬૬. एकाहनिष्पन्नमहाप्रबन्धः श्रीसिद्धराजप्रतिपन्नबन्धुः ।

श्रीपाल नामा कविचक्रवर्ती सुधीरिमं शोधितवान् प्रबन्धम् ॥ - **હેમચંદ્રકૃત નાભેયનેમિ કાવ્ય (કાં. વડો. નં.૧૧૧)**

૨૬૭. જુઓ નિર્ણયસાગર પ્રેસ મુદ્રિત પ્રાચીન લેખમાલા પ્રથમ ભાગ (કાવ્યમાલા નં ૩૪.) લેખ નં. ૪૫ તેમાં પોતાને માટે એટલું જ જણાવે છે કેઃ-

एकाहनिष्पन्नमहाप्रबन्धः श्री सिद्धराजप्रतिपन्नबन्धुः। श्रीपाल नामा कविचक्रवर्ती प्रशस्तिमेतामकरोत्प्रशस्ताम्॥

संवत १२०८ वर्षे आश्विन शुदि (२) गुरौ लिखितं नागरब्राह्मण पण्डित वालणेन ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીરાચાર્યે વિજય મેળવ્યો. આ વાદ વખતે શ્રીપાલ 'કવીંદ્ર' હતા. જયયાત્રા કરી સિદ્ધરાજ આવતાં સમસ્યા પૂરી. રાજાએ જય પતાકા આપી તે ભાવાચાર્ય ચૈત્યની પતાકા થઈ. દિગંબરાચાર્ય કમલકીર્તિ નામના વાદી સાથે સ્ત્રીનિર્વાણનિષેધનો વિરોધ કરી તેના પર રાજસભામાં જય મેળવ્યો. (જુઓ પ્રભાવકચરિત શ્રી વીરપ્રબંધ પૃ.૨૭૩-૨૭૭)[૨૬૮]

૩૨૪. પ્રખ્યાત નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિના શિષ્ય પ્રસન્નચંદ્રસૂરિના શિષ્ય દેવભદ્રસૂરિ થયા. તેમણે સંવેગરંગશાલા, આરાહણાસત્થ (આરાધના શાસ્ત્ર) {*સંશોધ્યું અને*} વીરચરિય અને કહારયણકોસ (કથારત્નકોશ) (વિ. ૧૧૫૮માં ભરૂચમાં-પી. ૩, ૧૩૪ {*સં. પુણ્ય વિ. પ્ર.આ.જૈ.ઉપાશ્રય ગુ.ભા.જૈ.આ.સ.*} રચ્યાં. તેમણે વળી તે 'સુવર્ણદંડથી મંડિત થયેલા મુનિસુવ્રત અને વીર પ્રભુનાં મંદિરોથી રમણીય એવાં ભરૂચમાં આમ્રદત્તના મંદિરમાં રહી સં. ૧૧૬૫માં (વસુરસ રૂદ્ર વર્ષમાં) પ્રાકૃતમાં પાર્શ્વનાથ ચરિત રચ્યું, કે જેનો પ્રથમાદર્શ અમલચંદ્ર ગણિએ લખ્યો (પી.૩,૬૪ {*પ્ર.જૈ.આ.સ.ગુજ.ભાષા*}).

૩૨૫. સં.૧૧૬૯માં ચંદ્રગચ્છ યા સરવાલ ગચ્છના ઈશ્વરગણિના શિષ્ય વીરગણિએ દધિપદ્ર (દાહોદ)માં ૭૬૯૧ શ્લોક પ્રમાણ પિંડનિયુક્તિ પરની વૃત્તિ રચી. તેમના ગુરુભાઈઓ મહેન્દ્રસૂરિ પાર્શ્વદેવ-ગણિ અને દેવચંદ્રગણિ હતા તે તેમાં આધારભૂત હતા. આ વૃત્તિ નેમિચંદ્રસૂરિ એ તથા જિનદત્તસૂરિએ અણહિલ્લવાડમાં સંશોધી હતી.(કાં. છાંણી; તાડપત્ર કી. ૨.૨૬) કર્ત્તા પોતાની પૂર્વાવસ્થા એ પ્રમાણે આપે છે કેઃ- લાટદેશના વટપદ્રકપુરમાં ભિલ્લવાલ અને ધર્કટવંશમાં નિર્મલ એવા શ્રેષ્ઠિ વર્ધમાન અને શ્રમિતિ (શ્રીમતિ)ના વસંત નામે પુત્રે દીક્ષા લીધી, ને તે સમુદ્રઘોષસૂરિ થયા-અપરનામ વીરગણિ થયા.

૩૨૬. નવાંગી વૃત્તિકાર અભયદેવસૂરિના શિષ્ય વર્ધમાનસૂરિએ ખંભાતમાં આદિનાથ-ઋષભદેવ ચરિત્ર સં. ૧૧૬૦માં રચ્યું તેમાં ભરત બાહુબલીના યુદ્ધનો પ્રસંગ અપભ્રંશમાં જણાવ્યો છે.(પી. ૫,૮૧, કાં. છાણી) તથા ધર્મરત્નકરંડક નામનો ગ્રંથ સવૃત્તિ સં. ૧૧૭૨માં રચ્યો કે જે પાર્શ્વચંદ્ર ઉપાધ્યાય અને અશોકચંદ્રગણિએ શોધ્યો. તેમાં નેમિચંદ્ર અને ધનેશ્વરનો ઉલ્લેખ છે. (કાં છાણી.) { *સંપા. મુનિચંદ્ર વિ. પ્ર. શા. ચી. એ. સેન્ટર* }

૩૨૭. સં ૧૧૬૦ માં પ્રખ્યાત હેમચંદ્રસૂરિના ગુરુ દેવચંદ્રસૂરિએ ખંભાતમાં શાંતિનાથ ચરિત્ર પ્રાકૃતમાં ગદ્યપદ્યમય રચ્યું તેમાં અપભ્રંશ ભાષા પણ વપરાયેલી છે તેની તાડપત્રની પ્રત પાટણ ભંડારમાં છે. (પી.૫,૧૬૫ {*સંપા. આ. ધર્મધુરંધરસૂરિ પ્ર.મો.બ.દિલ્હી*}) તે ઉપરાંત પોતાના પ્રગુરુ પ્રદ્યુમ્નસૂરિકૃત મૂલશુદ્ધિ અપરનામ સ્થાનકાનિ પર ટીકા સ્થાનકવૃત્તિ રચી. (પી.પ.૧૬૫ {*સં. આ. ધુરંધરસૂરિ પ્ર.પ્રા.ગ્રં.૫, ગુજ. ભા. રત્નત્રયવિ. પ્ર-રંજન વિ. લાયબ્રેરી*}) વીરાત્ ૧૬૩૧ (સં ૧૧૬૧)માં ચંદ્રકુલના બૃહદ ગચ્છના નેમિચંદ્ર શિષ્ય શાન્તિસૂરિએ સ્વશિષ્ય મુનિચંદ્ર માટે પૃથ્વીચંદ્ર ચરિત્ર રચ્યું. (કાં છાણી; જે. પ્ર. ૪૬ {*આ. રત્નપ્રભસૂરિકૃત સંકેત સાથે સં. રમણીક શાહ પ્ર. પ્રા. ગ્રં. ૫*}) આ શાન્તિસૂરિએ સિદ્ધનામના શ્રાવકે બંધાવેલા નેમિચૈત્યમાં પોતાની પાટે આઠ અચાર્યો નામે મહેન્દ્ર, વિજયસિંહ, દેવન્દ્રચંદ્ર, પદ્મદેવ, પૂર્ણચંદ્ર, જયદેવ, હેમપ્રભ, અને જિનેશ્વર સ્થાપ્યા અને પોતાનો ગચ્છ પિપ્પલગચ્છ પ્રસિદ્ધ કર્યો તે

૨૬૮. राजा श्रीसिद्धराजस्तान् मित्रत्वे स्थापयन् गुणैः। વગેરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાન્તિસૂરિની પૂજાને **ચ**કેશ્વરી દેવીએ પોષી હતી - પુષ્ટ કરી અને જેની વાણીવડે **સિદ્ધ** (ઉક્ત શ્રાવક) નમસ્કાર કરવા યોગ્ય થયો હતો.[૨૬૯]

{ધર્મરત્ન પ્ર.ગા. ૩૬માં પૃથ્વીચંદ્ર ચ.નો ઉલ્લેખ છે માટે} ધર્મરત્નલઘુવૃતિના રચનાર **શાં**તિસૂરિ પણ પ્રાયઃ આ હોઇ શકે (કે જેની સં.૧૨૭૧ની તાડપત્રી પ્રત મળે છે. પી.૫, ૧૩૨. *{ધર્મરત્ન પ્ર. સ્વોપજ્ઞટીકા સાથે પ્ર.આ.જૈ.સ.}*)-જે. પ્ર. ૪૬.

૩૨૮. સં ૧૧૬૨માં **વી**રચંદ્રસૂરિ શિષ્ય **દે**વસૂરિએ ૩૩૪ પ્રાકૃત ગાથામાં **જી**વાનુશાસન અને તે પર સ્વોપજ્ઞવૃત્તિ રચ્યાં કે જે વૃત્તિને **ને**મિચંદ્રે **અ**ણહિલ્લવાડમાં **જ**યસિંહ રાજ્યમાં શોધી. (કા. વડો. નં. ૧૮૪ *{પ્ર. હે. સભા. પાટણ}*) અને જે મૂલ ગ્રંથને 'સપ્તગૃહનિવાસી' **જિ**નદત્તસૂરિએ શોધી નિર્દોષ કર્યું. (પી.૫,૨૨;)

૩૨૯. ચંદ્રગચ્છના-પૌર્ણિમિક ગચ્છસ્થાપક **ચ**ન્દ્રપ્રભસૂરિના શિષ્ય **ધ**ર્મઘોષસૂરિની પ્રશંસા ગૂર્જરેશ **જ**યદેવસિંહદેવે કરી હતી.[૨૭૦]

તેમણે **શ**બ્દસિદ્ધિ નામનું વ્યાકરણ રચ્યું અને **મ**હરિષિ કુલક-**ઋ**ષિ મંડલ સ્વતન રચ્યું. (પી.૧,૯૩; પી.૩,૨૮, જૈસ પ્ર, ૪૪, વે.નં ૧૭૯૭) તેમનાં એક શિષ્ય **સ**મુદ્રઘોષને પોતે પદ આપ્યું કે જેમેણે **મા**લવમાં વિશિષ્ટ તર્કવિદ્યાની નિપુણતા બતાવી હતી, તથા **ધા**રામાં **ન**રવર્મરાજા, **ગો**હદ (ગોધરા)ના રાજા અને ગૂર્જરપુરમાં **સિ**દ્ધરાજની રાજસભામાં પોતાની પ્રતિભા બનાવી હતી.[૨૭૧]

૩૩૦. ચંદ્રગચ્છમાં **વિ**જયસિંહસૂરિ થયા કે જેઓને **ચં**દ્રાવતીમાં નવગૃહચૈત્યમાં રહી ઉપદેશ-

---

૨૬૯. चक्रेश्वरी यस्य पुपोष पूजां सिद्धोऽभवद् यस्य गिरा नमस्यः।

જુઓ તેમની પરંપરામાં થયેલ ધર્મપ્રભસૂરિકૃત ૧૮ શ્લોકની તાડપત્ર પરની ગુરુસ્તુતિ પી. ૫, ૧૨૫-૨૭ કે જેમાં પરંપરા એ આપી છે કે ઉક્ત **વિ**જયસિંહ- **દે**વભદ્ર-**ધ**ર્મઘોષ-**સી**લભદ્ર અને **પ**રિપૂર્ણદેવ-**વિ**જયસેન **ધ**ર્મદેવ-ધર્મચંદ્ર-**ધ**ર્મરત્ન-ધર્મતિલક-ધર્મસિંહ-**ધ**ર્મપ્રભસૂરિ.

૨૭૦. सूरिः श्री धर्मघोषोऽभूत्तत्पट्टे देवताकृतिः । सिद्धराजस्तुतः कर्त्ता स्वमूर्त्तेः सूरिविंशतेः ॥
निष्ठामतीतविषयामपि वर्त्तमाने व्युत्पादयन्विरचयनगुणवत्सु वृद्धिम् ।
सूत्रार्थयुक्तिकलनासु विशुद्धबुद्धि र्यः शब्दसिद्धिमकरोदपरप्रकाशः ॥
- सं. ૧૨૨૫ **મુનિરત્નસૂરિ-અમમચરિત્ર** પી. ૩, ૯૫.
श्रीचन्द्रप्रभसूरिपट्टतिलको निर्ग्रन्थचूडामणि र्जज्ञे श्रीजयसिंहभूपतिनुतः श्री **धर्मघोषप्रभुः** ॥
-સં. ૧૨૪૩ **હેમપ્રભસૂરિ-પ્રશ્નોત્તરમાલા** વૃત્તિ પ્રશસ્તિ.
यत्पादपद्मे कलहंसलीलां दधौ नृपः श्री **जयसिंहदेवः**॥ - સં.૧૨૯૬, **તિલકાચાર્ય - આવશ્યકલઘુવૃત્તિ.**
વળી જુઓ તેમના સંતાનીય કમલપ્રભસૂરિના સં. ૧૩૭૨માં રચેલા પુંડરિક ચરિત્રની પ્રશસ્તિ શ્લોક ૮૪.

૨૭૧. यो **मा**लवोपात्तविशिष्टतर्क विद्यानवद्यो प्रशमप्रधानः। विद्वज्जनालिश्रितपादमपद्मः केषां न विद्यागुरुतामधत्त॥
धारायां **न**रवर्मदेवनृपतिं श्री **गो**हदक्ष्मापतिं श्रीमत् **सि**द्धपतिं च गुर्जरपुरे विद्वज्जने साक्षिणि ।
स्वैर्यो रंजयति स्म सद्गुणगणै र्विद्यामविद्याशयो, लब्धिः प्राक्तनगौतमादिगणभृत् संवादिनीर्द्धारयन् ॥
-મુનિરત્ન-અમમચરિત્ર પી. ૩, ૯૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માલાની વૃત્તિની વ્યાખ્યા કરતાં ચૈત્યવાસનો વિરાગ આવ્યો અને તેઓ ઉપર્યુક્ત **ચંદ્રપ્રભસૂરિ** પાસે રહી પૌર્ણમિક પક્ષના આશ્રિત થયા.[૨૭૨]

૩૩૧. ઉપકેશગચ્છ યશોદેવસૂરિ થયા તે પણ વિદ્વાન ગ્રંથકાર હતા. તેઓ દેવગુપ્ત-કક્ક-સિદ્ધ-દેવગુપ્તસૂરિના શિષ્ય હતાં. તેમનું પૂર્વનામ **ધનદેવ** હતું ઉપાધ્યાય પદ પ્રાપ્ત થતાં યશોદેવ નામ થયું. તેમણે સં. ૧૧૬૫માં પાટમાં ઉપકેશીય વીરજિનમંદિરમાં દેવગુપ્તસૂરિકૃત **નવપદ** પ્રકરણ પરની વૃત્તિ પર બૃહદ્ વૃત્તિ (જે નં. ૫૬, પી.૫. ૪૦) અને સં.૧૧૭૪ મા પાટણમાં **નવતત્ત્વ** પ્રકરણ પર વૃત્તિ રચી અને **આશાવલ્લી** પુરિમાં આરંભી **અણહિલવાડમાં** સં.૧૧૭૮માં પ્રકૃતમાં **ચંદ્રપ્રભ** ચરિત્ર પૂર્ણ કર્યું. તેમણે પોતાના ગુરુભાઈ **સિદ્ધસૂરિ** (સં. ૧૧૯૨માં **ક્ષેત્રસમાસવૃત્તિના** કર્તા)ને પોતે શાસ્ત્રાર્થ શિખવ્યા હતા. (જુઓ જે. પ્ર. પૂ. ૩૯ અને ૪૮). સં ૧૧૬૬માં **વિનયચંદ્ર** નામાના કર્ત્તાએ **કથાનક** કોશ રચ્યો. (પા.સૂચિ નં. ૫૪)

૨૭૨. જુઓ તેમની વંશ પરંપરામાં થયેલ **અજિતપ્રભસૂરિએ** સં.૧૩૦૭ માં રચેલા **શાંતિનાથ** ચરિતની પ્રશસ્તિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૩ સોલંકી વંશનો સમય - સિદ્ધરાજ જયસિંહ (ચાલુ)

સં. ૧૧૫૦ – ૧૧૯૯.

શ્રિંય દિશતુ વો દેવઃ શ્રી નાભેયજિનઃ સદા । મોક્ષમાર્ગં સતાં બ્રૂતે યદાગમપદાવલી ॥

-જેમના આગમની પદાવલી સંતપુરુષોને મોક્ષમાર્ગ કથે છે તે શ્રી નાભેય (ઋષભદેવ) જિનદેવ અમને સદા શ્રી પ્રત્યે દાખવો. –વાગભટ્ટાલંકાર.

સિરિ સદ્ધિરાઅ! સચ્ચં સાહસરસિક ત્તિ કિત્તણં તુજ્ઝ। કહમણ્ણહા મણં મહ પડંતમઅણત્થમક્કમસિ॥

–હે શ્રી સિદ્ધરાજ ! તું સાહસરસિક છે એવું તારું કીર્ત્તન સત્ય છે; અન્યથા તેમ ન હોય તો જ્યાં મદનાસ્ત્રો પડે છે એવા મારા મનપર કઈ રીતે તું આક્રમણ કરી શકે? –વાગભટ્ટાલંકાર વૃત્તિ પૃ. ૧૫

૩૩૨. **મુનિચંદ્રસૂરિ**[૨૭૩] તેઓ બૃહદ્ (વડ) ગચ્છના **સર્વ**દેવસૂરિના શિષ્યો **યશો**ભદ્ર અને **નેમિ**ચંદ્રના શિષ્ય થાય એટલે પ્રાયઃ દીક્ષાગુરુ **યશો**ભદ્ર હશે, જ્યારે નેમિચંદ્રસૂરિએ તેમને આચાર્ય પદવી અપી હતી. તેમના વિદ્યાગુરુ **વિનય**ચંદ્ર પાઠક હતા; વળી તેમણે બાલકુમારપણે દીક્ષા લઈ અખંડ બ્રહ્મચર્ય પાળ્યું હતું. તેઓ પંડિત તથા વાદી હોવા ઉપરાંત ઉગ્ર તપસ્વી હતા અને સૌવીર (કાંજી) પીને જ રહેતા એટલે 'સૌવીરપાયી' કહેવાયા. તેમની અજ્ઞામાં પાંચસો શ્રમણો હતા અને અનેક સાધ્વીઓ હતી. તેમણે ગૂજરાત, લાટદેશ, નાગપુર આદિમાં વિહાર કર્યો હતો. પાટણમાં મુખ્યપણે રહ્યા હશે. ત્યાં જ સં.૧૧૭૮માં સ્વર્ગવાસ કર્યો.

૩૩૩. તેમણે (૧) સં.૧૧૬૮માં પાટણમાં **સોલ**કની વસતિમાં **ચિરંતનાચાર્ય**ના રચેલા કહેવાતા **દેવેન્દ્રનરકેન્દ્ર** પ્રકરણ પર વૃત્તિ રચી. આ મૂળ પ્રકરણ **નંદી**સૂત્રમાં ઉલ્લેખેલ **વિમાન** પ્રજ્ઞપ્તિ-**નરક** વિભક્તિ આદિ પ્રકીર્ણકોના ઉદ્ધારરૂપે રચેલ છે. આ વૃત્તિ **ચક્રેશ્વર**સૂરિ આદિ વિદ્વાનો દ્વારા વિશોધન કરી પ્રમાણિત કરાવી હતી. (ભાં. ઈ, કી. નં.૧૭૮ પ્ર. જૈન આ. સભા), (૨) સં. ૧૧૭૦માં **સૂક્ષ્મા**ર્થ

૨૭૩. જુઓ પં. બહેચરદાસનો લેખ 'શ્રી મુનિચન્દ્રસૂરિ' અને વાદિદેવસૂરિકૃત 'શ્રી મુનિચંદ્ર ગુરુસ્તુતિ' અપભ્રંશમાં પ્ર. જૈન શ્વે. કૉ. હેરલ્ડ પુ. પ્રસ્તાવના પ્ર૦ જૈન આ૦ સભા. મુનિસુંદરસૂરિકૃત ગર્વાવલી, પ્રભાવક ચરિતમાં વાદિદેવસૂરિ પ્રબંધ વગેરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાર્ધશતક ચૂર્ણિ (સૂક્ષ્માર્થ વિચારસાર ચૂર્ણિ), (૩) સં. ૧૧૭૧માં હારિભદ્રીય અનેકાંતજયપતાકાવૃત્તિ પર ટિપ્પન (જે. ૩૬), (૪) સં. ૧૧૪૭માં હારિભદ્રીય ઉપદેશપદ પર વૃત્તિ (કે જે નાગપુર-નાગોરમાં આરંભી પાટણમાં પૂરી કરી અને જેમાં તેમના શિષ્ય રામચંદ્ર એટલે વાદિ દેવસૂરિએ સહાય આપી. *{પ્ર. મુક્તિ કમલ જૈન મો.}*) તથા હરિભદ્રસૂરિની બીજા ગ્રંથો નામે (૫) લલિતવિસ્તરા પર પંજિકા (તાડપત્ર કી. ૨, ૨૧, વે.નં ૧૬૫૩), અને (૬) ધર્મબિંદુ પર વૃત્તિ (કે જેની સં ૧૧૮૧ની તાડપત્રની પ્રત મળે છે પી.૩, ૫૪, *{સં.મુનિ જંબૂવિજય પ્ર.જિ.આ.ટ્ર.}* ગૂ.ભા.સહિત પ્ર૦ જૈન આ. સભા) રચી છે-તદુપરાંત કર્મપ્રકૃતિ પર ટિપ્પન રચ્યું છે એમ કુલે ૭ ટીકા રચી.

૩૩૪. તેમના સ્વતંત્ર ગ્રંથો લગભગ વીસેક ટૂંકા ટૂંકા છે તે મુખ્યત્વે જૈન તત્ત્વ-આચાર અને ઉપદેશને લગતા છે. તેનાં નામઃ-૧. અંગુલસપ્તતિ, *{ગુ. સાથે પ્ર.મહાવીરસભા}* ૨. આવશ્યક (પાક્ષિક) સપ્તતિ, ૩. વનસ્પતિસપ્તતિકા (વે.નં. ૧૬૫૪), ૪. ગાથાકોષ, *{પ્ર.લા.દ.વિ.}* ૫. અનુશાસનાંકુશ કુલક, ૬-૭. ઉપદેશામૃત કુલક પહેલું અને બીજું, ૮. ઉપદેશપંચાશિકા, ૯-૧૦. ધર્મોપદેશ કુલક પહેલું અને બીજું, ૧૧. પ્રભાતિક સ્તુતિ(સંસ્કૃત), ૧૪. શોકહરઉપદેશ કુલક, ૧૫. સમ્યક્ત્વોત્પાદવિધિ, ૧૬. સામાન્યગુણોપદેશ કુલક, ૧૭. હિતોપદેશ કુલક, ૧૮. કાલશતક, ૧૯. મંડલવિચાર કુલક અને ૨૦. દ્વાદશ વર્ગ.(લીં) તેમણે નૈષધકાવ્ય પર ૧૨૦૦ શ્લોક પ્રમાણ ટીકા રચી હતી એવો ઉલ્લેખ સાંપડે છે.[૨૭૪] *{આ ઉપરાંત રયણત્તયકુલય પ્ર. પ્રકરણ સુમુચ્ચયમાં છપાયું છે.}*

૩૩૫. ચંદ્રકુલના શીલભદ્રસૂરિના શિષ્ય ધનેશ્વરસૂરિના શિષ્ય શ્રીચંદ્રસૂરિ થયા. આ સૂરિનું નામ સામાન્ય અવસ્થામાં પૂર્વે પાર્શ્વદેવગણિ હતું. તેમણે સં. ૧૧૬૯ માં બૌદ્ધાચાર્ય દિઙ્નાગના ન્યાય પ્રવેશકનામના બૌદ્ધ ન્યાયગ્રંથ પરની હરિભદ્રસૂરિ (પહેલા)ની વૃત્તિ પર પંજિકા રચી.(પી.૧, ૮૧; પ્ર.ગા.ઓ.સી) સં. ૧૧૭૧માં સ્વગુરુ ધનેશ્વરસૂરિએ રચેલી જિનવલ્લભસૂરિના સૂક્ષ્માર્થવિચારસાર સાર્ધશતક પરની વૃત્તિમાં *{પ્ર. હર્ષ પુષ્પા}* સહાયતા આપી. સં.૧૧૭૩માં જિનદાસ મહત્તરની નિશીથચૂર્ણિ પર 'વિશોદ્દેશક વ્યાખ્યા' રચી. *{'સંભવતઃ ૧૧૭૮માં પિંડવિશુદ્ધિ પ્રકરણ વૃત્તિ રચી છે.' મુનિ પુણ્યવિજય, નંદિસૂત્ર હા.ટી. પ્રસ્તાવના પ્રકા. પ્રાકૃત ગ્રંથ પરિષદ્. આ પ્રસ્તાવનામાં શ્રીચન્દ્રસૂરિકૃત અનાગત ચોવીસી સ્તવન પણ પ્રગટ થયું છે.}* તેમણે કુમારપાલના રાજ્યમાં સં. ૧૨૨૨ના ચૈત્ર શુદ ૧૦મીએ ૨૦૦૦ શ્લોક પ્રમાણ શ્રાવકપ્રતિક્રમણ સૂત્રવૃત્તિ[૨૭૫] (જે. ૬, પી, ૧, ૩, પૂ, ૩, અંગ્રેજી પ્ર૦ ૧૪) નન્દીટીકાદુર્ગ-પદવ્યાખ્યા (સં ૧૨૨૬ની પ્રત જે. ખં. માં છે જે.૬, પી ૫,૨૦૨), સં.૧૨૨૭ માં ૧૧૨૦ શ્લોક પ્રમાણ જીતકલ્પ બૃહચ્ચૂર્ણિ વ્યાખ્યા, સં.૧૨૨૮માં નિરયાવલી

---

૨૭૪. આવો ઉલ્લેખ એક યાદીમાં મળ્યો છે. આવો ઉલ્લેખ કે આ ટીકા બીજે ક્યાંય ઉપલબ્ધ નથી. નૈષધકાવ્યના કર્ત્તાના સમય પરત્વે વિદ્વાનોમાં જે ઘણા લાંબા સમયથી મતભેદ ચાલ્યો આવે છે, તેનો નિકાલ, કદાચિત્ આ ટીકા ઉપલબ્ધ થવાથી થઈ શકે. –શ્રી જિનવિજય પુરાતત્ત્વ-૨, પૃ. ૪૨૦.

૨૭૫. करनयनसूर्यवर्षे प्रातः पुष्यार्क मधुसितदशम्याम् । धृतियोगेनवमर्थो समर्थिता प्रकृतवृत्तिरियम् ॥
—પી. ૩. અંગ્રેજી પ્ર. પૃ. ૧૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(પાંચે ઉપાંગ) વૃત્તિ પર અને તે ઉપરાંત ૫૫૦ શ્લોક પ્રમાણ **ચૈત્યવન્દનસૂત્ર** વૃત્તિ **પ્રતિષ્ઠાકલ્પ**, **સર્વસિદ્ધાન્તવિષમપદપર્યાય**, **સુખબોધા** સમાચારી (કે જેમાં ગૃહસ્થો અને સાધુઓનાં અનુષ્ઠાનોની વિધિ સિદ્ધાંતમાંથી ઉદ્ધરી છે; પ્ર. દે. લા) આદિ અનેક ગ્રંથો રચ્યા છે.(જે. પ્ર.૨૧) **ભદ્રબાહુ** સ્વામિ કૃત ઉપસર્ગ હરસ્તોત્ર પર ટીકાના રચનાર દ્વિજ **પાર્શ્વદેવ** કદાચ આ હોય (પી.૪, ૭૮); પણ **પદ્માવત્યષ્ટક** અને તે પર વૃત્તિ (લ. સં. ૧૨૦૩ ની પ્રત કા.વડો. નં ૮૬૭)ના રચનાર **પાર્શ્વ** દેવગણિ આ જ હશે.

૩૩૬. સં.૧૧૬૯ માં **વિધિપક્ષ**-આંચલિક ગચ્છની સ્થાપના **આર્યરક્ષિત** સૂરિએ કરી.

૩૩૭. સં ૧૧૭૧માં ઉપરોક્ત **ધનેશ્વર** સૂરિએ **સૂક્ષ્માર્થ** વિચારસાર પર ૧૪૦૦૦ શ્લોકની વૃત્તિ રચી કે જેમાં તેમના શિષ્ય ઉપરોક્ત **શ્રીચંદ્રસૂરિ**એ સહાય આપી હતી(જુઓ ઉપર પારા ૩૩૫).

૩૩૮. **ચંદ્રકુલ**ના શ્રી **ચંદ્રસૂરિ**ના શિષ્ય **વીર**ગણિના શિષ્ય (**ધર્મસંગ્રહણી** પ્રસ્તાવના પૃ.૧૭,) **યશો**- દેવસૂરિએ સં.૧૧૭૨માં હરિભદ્રના પ્રથમ **પંચાશક** પર ચૂર્ણિ, (કાં. છાણી) સં. ૧૧૭૪માં ઈર્યાપથિકી પર, **ચૈત્યવંદન** પર અને **વંદનક** પર ચૂર્ણિઓ, સં. ૧૧૭૬માં **જિન**વલ્લભસૂરિના **પિંડ**વિશુદ્ધિ ગ્રંથ પર લઘુવૃત્તિ, કે જે **જિનચંદ્ર**-**આમ્ર**દેવ શિષ્ય **મુનિ**ચંદ્રસૂરિએ શોધી, (સં. ૧૩૦૦ની તાડપ્રત કી ૨,૩૦)

સં. ૧૧૮૦માં પાટણ **સિદ્ધરાજ** રાજ્યે સોની **નેમિ**ચંદ્રની પૌષધશાળામાં **પાક્ષિક** સૂત્ર પર ૨૭૦૦ શ્લોક પ્રમાણ **સુખ**વિબોધા નામની વૃત્તિ (કી. ૨,૨૬;પી.૩,૧૨૮, પ્ર. દે. લા.) અને સં.૧૧૨૮ મા **પચ્ચ**ખાણસરૂવ (પ્રત્યાખ્યાન સ્વરૂપ) રચેલ છે. જુઓ જેસ. પ્ર.૩૫ જે **યશો**દેવસૂરિએ **વડ**ાવલીમાં 'પારઠાસંઠિએ' ઉદ્ધર્યુ તે ઉદ્યોતનસૂરિના શિષ્ય **મુનિ**ચંદ્રના ધર્મસહોદર અને **પ્રદ્યુમ્ન**સૂરિના ધર્મ નપ્તૃ હતા. (પી.૧,૩-૯૦-૯૮).

૩૩૯. મલધારી **અભય**દેવસૂરિના શિષ્ય **હેમ**ચંદ્રસૂરિ થયા (તે કુમારપાળ પ્રતિબોધક હેમચંદ્રાચાર્યથી ભિન્ન સમજવા). તેઓ પંડિત શ્વેતાંબરાચાર્ય ભટ્ટારક તરીકે પ્રસિદ્ધ હતા તેમના સંબંધમાં તેમની પરંપરાના મલધારી **રાજ**શેખર સં.૧૩૮૭ની પ્રાકૃત દ્વ્યાશ્રય વૃત્તિમાં જણાવે છે કે તેઓ મૂળ **પ્રદ્યુમ્ન** નામે રાજસચિવ હતા અને તેમણે પોતાની ચાર સ્ત્રી તજી અભયદેવસૂરિના ઉપદેશથી તેમની પાસે દીક્ષા લીધી હતી; તેમના સમકાલીન શિષ્ય **શ્રી**ચંદ્રસૂરિ પોતાના **મુનિ**સુવ્રતચરિતની પ્રશસ્તિમાં જણાવે છે કેઃ-(પી.પ.૧૪-૧૬ {*મુણિસુવ્વયજિણિંદ ચ. પ્ર.લા.દ.વિ.મં.*})

'તેમના વ્યાખ્યાનગુણની પ્રસિદ્ધિ સંભળી ગુણીજનોના મનમાં ચમત્કાર ઉપજાવતો જયદેવસિંહદેવ (સિદ્ધરાજ) નામનો ગૂર્જરનરેન્દ્ર સ્વયં જિનમંદિરમાં પરિવાર સાથે આવી લાંબા વખત સુધી તેમની ધર્મકથાને સાવધાન ચિત્તે સાંભળતો અને ક્યારેક સૂરિનાં દર્શનથી ઉત્કંઠિત થઈ સ્વયં જ વસતિમાં-ઉપશ્રયમાં આવતો તથા ઘણા સમય સુધી સંલાપ કરતો હતો.

એક વખત તો સિદ્ધરાજ દુર્વાદિ અર્ઘને આરતિ જેમ ત્રણવાર ભમાડી સૂરિના પગ આગળ પ્રક્ષિપ્ત કરી સૂરિને પંચાંગ પ્રણામ કર્યા હતા અને થાળમાં પિરસાઈ આવેલા આહારમાંથી ચાર પ્રકારનો (અશન,પાન, ખાદિમ સ્વાદિમ) અહાર તે સૂરિને આપ્યો હતો. આમ કરી કૃતાર્થ માની જાણે વીરનાથ **મહા**વીર ભગવાન્ સ્વયં મારે ઘરે આવ્યા તેમ માનું છું એમ તેણે પ્રકટ કર્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધરાજને કહી સકલ દેશમાં જિનમંદિરોપર કનકમય કલશ ચડાવ્યા, ધંધુકા સાચોર વગેરે સ્થાનોમાં અન્યતીર્થીઓ તરફથી જિનશાસનને થતી પીડા નિવારી, અને તે સ્થાનોમાં રથપરિભ્રમણ પણ કરાવ્યું. કુત્સિત અધિકારીઓથી જિનમંદિરોમાં ભંગાતી દેવદાયો(દેવનિમિત્તે પૂર્વથી પ્રચલિત અપાતી આવક)નું જયસિંહ નરેન્દ્ર દ્વારા નિવારણ કરાવ્યું દેવદાય ચાલુ રખાવી અને ક્યાંક તે રાજભંડારમાં દાખલ થઈ ગઈ તે પણ જિનભગવાનોને પાછી અપાવરાવી.

પાટણથી ગયેલા સંઘમાં આ સૂરિને લીધેલા - તેમાં ૧૧૦૦ સજ્જાવલય લંગડી પ્રમુખ શકટરૂપ(ગાડાં) સાથે ચાલ્યાં હતાં. ઘોડા, ઉંટ,બળદ વાહન પાદચરની તો સંખ્યા જ થઈ શકતી નહોતી. વામનસ્થલી (વણથલી)માં સંઘે પડાવ નાંખ્યો. સોરઠનો રાજા ખેંગાર હતો. તેનું મન દુષ્ટ થયું ને આ સંઘ પાસેથી લક્ષ્મી પડાવવા ધાર્યું ને સંઘને ત્યાંથી ચાલવા ન દીધો. બે દિવસ સુધી સંઘના કોઈપણને પોતાની મુલાકાત આપી નહિં. અન્યદા તેનો સ્વજન મૃત્યુ પામ્યો. એના શોકનિવારણ અર્થે હેમચંદ્રસૂરિએ જઈ તેને પ્રતિબોધી ઋદ્ધિ સાથે સંઘને મુક્ત કરાવ્યો. સંઘે ઉજ્જયંત (ગિરનાર) અને શેત્રુંજય એ બંને તીર્થની યાત્રા કરી ગિરનારમાં અર્ધો લાખ પારૂત્થય (તે વખતનું ચલણી નાણું) અને શત્રુંજય ઉપર ત્રીસ હજારની ઉપજ થઈ હતી.

અંતે સાત દિવસનું અનશન લઈ સ્વર્ગસ્થ થયા શમશાનયાત્રામાં રાજા સિદ્ધરાજ પોતે કેટલાક માર્ગ સુધી ગયો હતો, અને એ રીતે પોતાનો હાર્દિક ઉચ્ચ પૂજ્યભાવ તે ગુણવાન્ આચાર્ય પ્રત્યે વ્યક્ત કર્યો હતો'

૩૪૦. ઉપરની હકીકતમાં મલધારી રાજશેખરસૂરિ પોતાની સં. ૧૩૮૫માં રચેલી શ્રીધરકન્દલી પંજિકામાં અને ૧૩૮૭માં રચેલી પ્રાકૃત દ્વયાશ્રયવૃત્તિમાં એક નવીન હકીકત એ મૂકે છે કે તે સૂરિએ સિદ્ધરાજ પાસે દર વર્ષે એંશી દિવસનું અમારિપત્ર - જીવરક્ષાને માટે તામ્રપત્ર લખાવ્યું હતું.

૩૪૧. તેમના ગ્રંથો અનેક છે જેનું પૂર લગભગ એકલાખ શ્લોકનું [૨૭૬] છે તે તેની રચનાના ક્રમે (તેમની વિશષાવશ્યક બૃહદ્વૃત્તિમાં જણાવ્યા પ્રમાણે) અત્રે જણાવીશું ૧ આવશ્યક ટિપ્પનક (પી.૬,૪૯ પ્ર. આ. સમિતિ) અપરનામ આવશ્યક પ્રદેશવ્યાખ્યા તે મૂળ આવશ્યક સૂત્રની વૃત્તિ ઉપર વિષમસ્થાન સંબંધી જ્ઞાન કરાવનાર ૫૦૦૦ શ્લોક પ્રમાણ ટિપ્પન છે. ૨ શતક નામના કર્મગ્રંથ પર ૪૦૦૦ શ્લોક પ્રમાણ વિવરણ-વૃત્તિ (તાડપત્ર કી. ૨, ૪૧; પી ૪, ૧૩૦; પ્ર૦ વીરસમાજ અમદાવાદ.), ૩ અનુયોગદ્વાર સૂત્ર પર ૬૦૦૦ શ્લોક પ્રમાણ સંસ્કૃત વૃત્તિ (પ્ર૦ દે૦ લા૦), પછી ૪ ઉપદેશમાલા સૂત્ર અપનામ પુષ્પમાલા તે તેમનો સ્વતંત્ર ગ્રંથ છે. ને તેમના પર ૧૪૦૦૦ શ્લોકપ્રમાણ સ્વોપજ્ઞ વૃત્તિ રચી છે (મૂલ સૂત્ર ગૂ૦ ભા૦ સહિત પ્ર૦ જૈન શ્રે૦ મંડળ) પછી ૫. સં. ૧૧૬૪ માં પાટણમાં જીવસમાસ પર ૭૦૦૦ શ્લોકપ્રમાણ વિવરણ-વૃત્તિ, (કે જેની તેજ વર્ષમાં કર્ત્તાએ સ્વહસ્તે તાડપત્ર પર લખેલી પ્રત ખંભાત શાંતિનાથ ભંડારમાં છે. પી ૧,૧૮ {*સં. શીલચંદ્ર સૂરિ, ગુ. ભાષા. અમિત યશ વિ. પ્ર. જિ. આ. ટ્ર.*} પછી ૬ સં.૧૧૭૦માં મેડતા અને છત્રાપલ્લીમાં શ્રીમંત શ્રાવકોની વસતીમાં રહી સ્વતંત્ર ગ્રંથ નામે ભવભાવના સૂત્ર રચવા ઉપરાંત તેના પર સ્વોપજ્ઞવૃત્તિ ૧૩૦૦૦ હજાર શ્લોક પ્રમાણ રચી. (કે જેમાં નેમિચરિત પણ અંતર્ગત છે. જે પ્ર. ૩૯,૪૭),૭ પછી નંદીસૂત્ર પર ટિપ્પનક અને છેવટમાં ૮ સં. ૧૧૭૫માં વિશેષાવશ્યક પર ૨૮૦૦૦ શ્લોક પ્રમાણ બૃહદ્વૃત્તિ (પી.૬,૪૯, પ્ર૦ ય૦ ગ્રં. અને

---

૨૭૬. येनोपदेशमाला चक्रे भवभावना च वृत्तियुता । अनुयोगद्वाराणं शतकस्य च विरचिता वृत्तिः ॥
मूलावश्यकटिप्पनकं विशेषावश्यकीयवृत्त्याढ्यम् । येन ग्रथितग्रंथस्य लक्षमेकं मनागतनम् ॥
આમ તેમના શિષ્ય વિજયસિંહ ધર્મોપદેશમાલા પર પોતાની વૃત્તિની પ્રશસ્તિમાં જણાવે છે. પી. ૫, ૯૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૂ૦ ભાષાંતર પ્ર૦ આ. સમિતિ). આ વિશેષાવશ્યક વિવરણની વિશાલ રચનામાં સાત સહાયકોનાં નામ પોતે આપ્યાં છે કે જેઓ પ્રાયઃ તેમાના શિષ્ય-શિષ્યાઓ જણાય છે નામેઃ- ૧. **અભય**કુમારગણિ ૨. **ધ**નદેવગણિ ૩. **જિ**નભદ્રગણિ (જુઓ પછી). ૫. **વિ**બુધચંદ્રમુનિ (ત્રીજા પટ્ટધર, જુઓ હવે પછી), ૬-૭. બે સાધ્વીઓ નામે **આ**નંદશ્રી મહત્તરા અને **વી**રમતી ગણિની.

૩૪૨. સં. ૧૧૭૯માં કર્ણાવતીમાં **આ**શુકના મહામાત્યપદમાં **ઉ**ત્તરાધ્યયન સૂત્રની પ્રત તાડપત્ર પર લખાઈ. (પાટણ સૂચિ)

૩૪૩. સં. ૧૧૮૧માં[૨૭૭] વૈશાખ શુદ પૂર્ણિમાને દિને **સિ**દ્ધરાજની રાજસભામાં તેના અધ્યક્ષપણે જૈનધર્મની શ્વેતામ્બર અને દિગંબર નામની બે મુખ્ય શાખાઓમાં પરસ્પર એક ચિરસ્મરણીય પ્રંચડ વાદ થયો હતો. આ વિવાદમાં કર્ણાટકીય દિગંબરાચાર્ય **કુ**મુદચંદ્ર વાદી હતા અને ગૂર્જરીય ઉક્ત શ્વેતામ્બરાચાર્ય **દે**વસૂરિ પ્રતિવાદી હતા. સરત એ હતી કે જે હારે તેના પક્ષના દેશપાર-ગૂજરાત બહાર થાય. આમાં ઉક્ત **શ્રી**પાલ કવિએ શ્વેતામ્બર સંઘના એક પ્રમુખ નેતા તરીકે પ્રમુખ ભાગ લીધો હતો. તે દેવસૂરિના પક્ષનો પ્રતાપી સમર્થક હતો. ૩૬ વર્ષની ઉમરના **હે**માચાર્ય પણ તે સભામાં હતા. વાદના પરિણામે દિગંબરાચાર્ય હારતાં દિગંબરીઓને ગૂર્જરભૂમિ તજવી પડી. આ વાદનું વર્ણન તે વખતમાં થયેલા **ધ**ર્કટવણિગ્ વંશમાં થયેલા **ધ**નદેવના પૌત્ર ને **પ**દ્મચંદ્રના પુત્ર **ય**શઃચન્દ્રે પાંચ સર્ગમાં બનાવેલા **મુ**દ્રિતકુમુદચંદ્ર નામના નાટકમાં યથાસ્થિત વિસ્તૃત આપ્યું છે.[૨૭૮] આ જીતથી દેવસૂરિ **વા**દિ દેવસૂરિ તરીકે પ્રસિદ્ધ થયા.

૩૪૪. સિદ્ધરાજે **દે**વસૂરિને જયપત્ર આપવા સાથે તુષ્ટિદાન તરીકે એક લાખ સોનામહોર આપવા માંડી, પણ તે જૈન સાધુના આચાર પ્રમાણે અસ્વીકાર્ય થતાં **આ**શુક મહામાત્યની સંમતિથી તેમાંથી સિદ્ધરાજે જિનપ્રસાદ બંધાવ્યો ને તેમાં સં.૧૧૮૩ના વૈશાખ સુદ-૧૨ ને દિને **ઋ**ષભદેવની પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી.[૨૭૯]

૩૪૫. દેવસૂરિ **મુ**નિચંદ્રસૂરિના શિષ્ય હતા.તેમનો પ્રાગ્વાટ વણિક કુલમાં ગૂર્જર દેશે **મ**દાહૃતમાં સં.૧૧૪૩ માં જન્મ થયો હતો, ને તેઓ **ભ**રૂચમાં નવ વર્ષની વયે સં.૧૧૫૨ માં દીક્ષા લઈ સં.૧૧૭૪ માં અચાર્ય પદ પામ્યા હતા. તેમને અનેક શિષ્યો હતા, ને તે પૈકી અનેકને સૂરિપદ આપી આચાર્યો કર્યા હતા. તેમણે **'પ્રમાણનયતત્ત્વાલંકાર'** નામનો જૈન ન્યાય ગ્રંથ ૩૭૪ સૂત્રમાં આઠ પરિચ્છેદમાં રચ્યો અને તેના પર પોતે સ્વોપજ્ઞ ટીકા નામે **'સ્યાદ્વાદરત્નાકર'** રચી.[૨૮૦] અને હરકોઈ અભ્યાસીને

---

૨૭૭. चंद्राष्टे शिववर्षेऽत्र ११८१ वैशाखे पूर्णिमा दिने । आहूतौ वादशालायां तौ वादि प्रतिवादिनौ ॥ १९३ ॥ -પ્રભાવક ચરિત વાદિદેવસૂરિપ્રબંધ કે જે પ્રબંધમાં (પૃ. ૨૭૮-૨૯૬)આ વાદનું સમગ્ર કથન ગૂંથેલું છે.

૨૭૮. ઉક્ત ગ્રંથ મુદ્રિત યશોવિજય ગ્રં, વે૦ નં.૧૨૯૨.

૨૭૯. પ્રભાવકચરિત-વાદિદેવસૂરિ પ્રબંધ-શ્લોક ૨૭૫માં જણાવ્યું કે.

अनलाष्ठशिवे वर्षे ११८३ वैशाख द्वादशी तिथौ । प्रतिष्ठा विदधे तत्र चतुर्भिः सूरिभिस्तदा ॥

૨૮૦. પ્ર૦ શેઠ મનસુખભાઈ ભગુભાઈ અમદાવાદ; તથા આર્હતમત પ્રભાકર પૂના; વે.ન.૧૬૩૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન ન્યાય માટે તેમને દાર્શનિક ખંડનમંડન માટે બીજે ક્યાંક ન જવાની સગવડ કરી દીધી. સં. ૧૨૦૪માં ફલવર્ધીગ્રામમાં (ફલોધીમાં) પાર્શ્વચૈત્યની અને આરાસણમાં નેમિનાથબિંબની પ્રતિષ્ઠા કરી. તેઓ કુમારપાલના સમયમાં સં.૧૨૨૬માં સ્વર્ગસ્થ થયા.[૨૮૧]

૩૪૬. નાગેંદ્રગચ્છમાં મહેન્દ્રસૂરિ-શાંતિસૂરિના શિષ્યો આનન્દસૂરિ અને અમરચંદ્રસૂરિ થયા. સિદ્ધરાજે તે આનન્દસૂરિ અને અમરચંદ્રસૂરિને બાલ્યાવસ્થામાં હોવા છતાં વાદીઓને જીત્યા હોવાથી અનુક્રમે 'વ્યાઘ્રશિશુક' અને 'સિંહ-શિશુક' એ બિરૂદો આપ્યાં હતાં[૨૮૨]

આ પૈકી અમરચંદ્રે સિદ્ધાન્તાર્ણવ નામનો મહાગ્રન્થ રચ્યો. કદાચ હિન્દુ તાર્કિક ગંગેશ ઉપાધ્યાય પોતાના તત્ત્વચિંતામણિમાં વ્યાપ્તિના સિંહવ્યાઘ્રિ લક્ષણમાં આ બે તાર્કિકોનો ઉલ્લેખ કરતા હોય એમ ડૉ. શતીશચંદ્ર વિદ્યાભૂષણ જણાવે છે.[૨૮૩] ઉક્ત આનંદસૂરિના પટ્ટધર હરિભદ્રસૂરિએ 'કલિકાલગૌતમ' એ બિરૂદ મેળવ્યું હતુ.[૨૮૪] અને તત્ત્વપ્રબોધાદિક અનેક ગ્રન્થો રચ્યા હતા.

૩૪૭. બૃહદ્ગચ્છના[૨૮૫] માનદેવસૂરિ સંતાનીય જિનદેવ ઉપાધ્યાય શિષ્ય હરિભદ્રસૂરિએ જયસિંહ રાજ્યે સં. ૧૧૭૨માં બંધસ્વામિત્વ-ષડશીતિ આદિ કર્મગ્રન્થ પર વૃત્તિ, (જે. પૃ. ૨૬ જૈ.પ્ર૦ ૩૪, પ્ર૦ આ૦ સભા નં. ૫૨), પ્રાકૃતમાં મુનિપતિચરિત (પ્ર. હેમચંદ્ર ગ્રં. મા.;વે.નં. ૧૭૪૭) અને શ્રેયાંસચરિત રચ્યાં. ષડશીતિનું બીજું નામ આગમિક વિચારસાર પ્રકરણ છે તે પરની વૃત્તિ, આશાપુરની વસતિમાં ૧૧૭૨માં રચી. (બુહ્. ૬ નં. ૭૭૬ પા. સૂચિ નં. ૧૯(૩) પ્ર૦ આ૦ સભા ભાવ૦ {*આ. યશોભદ્રસૂરિએ પણ ટીકા રચી છે. પાટણ કેટલોગ પૃ. ૩૯૫*}) અને 'અણહિલ પાટણમાં જયસિંહદેવ નૃપ રાજ્યે ધવલ ભાંડશાલીના પુત્ર યશોનાગના કરાવેલા ઉપશ્રયમાં' સં. ૧૧૮૫ માં ઉમાસ્વાતિકૃત પ્રશમરતિ પર વૃત્તિ (પ્ર. જૈન ધ. સભા ભાવ૦) અને ક્ષેત્રસમાસવૃત્તિ(જે.નં. ૨૬૮ (૧); શ્રીધર ભાં.૨,૮૦) રચી. (જે. પ્ર૦ પૃ.૩૪-૩૫).

---

૨૮૧. જન્મ, દીક્ષા, આચાર્યપદ અને સ્વર્ગવાસનાં વર્ષો પ્રભાવકચરિતમાં આપ્યાં છે.-
शिखिवेदशिवे जन्म दीक्षा युग्मशरेश्वरे, वेदाश्वशंकरे वर्षे सूरित्वमभवत् प्रभोः ॥
रसयुग्मरवौ वर्षे श्रावणे मासि संगते । कृष्णपक्षस्य सप्तम्यामपारह्ने गुरो र्दिने ॥
मर्त्यलोकस्थितं लोकं प्रतिबोध्य पुरन्दर- बोधका इव ते जग्मुर्दिवं श्री देवसूरयः ॥

૨૮૨. અરિસિંહે સુકૃતસંકીર્ત્તન કાવ્યમાં જણાવ્યું છે કે (પૃ. ૩૦, શ્લોક ૨૦):-
शैषवैऽपि मदमत्तवादविद् वारणनिवारणक्षमौ । यौ जगाद जयसिंहभूपति व्याघ्रसिंहशिशुकाविति स्वयम् ॥
આમની પરંપરામાં થયેલ હરિભદ્ર-વિજયસેન-ઉદયપ્રભસૂરિએ પોતાના ધર્માભ્યુદય મહાકાવ્યની પ્રશસ્તિમાં (પી.૩,૧૮) જણાવ્યું છે કે:-
आनन्दसूरिरिति तस्य बभूव शिष्यः पूर्वोऽपरः शमधरोऽमरचन्द्रसूरिः ।
बाल्येऽपि निर्दलितवादिगजौ जगाद यौ व्याघ्रसिंहशिशुका' विति सिद्धराजः ॥

૨૮૩. History of Mediaeval School of india Logic. પૃ. ૪૭-૪૮.

૨૮૪. संतुष्टेः कलिकालगौतमं इति ख्याति र्वितेने गुणैः ।- ઉક્ત ધર્માભ્યુદય પ્રશસ્તિ પી.૩,૧૮.

૨૮૫. આ માનદેવસૂરિ તે વિરહાંક હરિભદ્રસૂરિકૃત શ્રાવકધર્મવિધિના વૃત્તિકાર માનદેવસૂરિ હોય કી.૩, નં. ૧૭૮ પ્ર. આ. સભા. ભાવ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ હરિભદ્રસૂરિએ ૨૨૧ પારામાં ઉલ્લેખિત (ઉમાસ્વાતિકૃત) તત્ત્વાર્થ પર લઘુવૃત્તિ પણ રચી હોય એમ કલ્પના થાય છે, પણ સં.૧૨૪૮ માં રચાયેલ પારા ૪૮૯ ની પ્રવચન સારોદ્ધારની વૃત્તિમાં 'તથા ચ તત્ત્વાર્થ મૂલ ટીકાયાં હરીભદ્રસૂરિઃ' (પૃ. ૩૩૮) એમ ઉલ્લેખ છે તો એટલા નજીકના સમયમાં થયેલી આ ટીકાને મૂલ ટીકા કેમ માને એ સંશય થાય છે; તેથી બીજી કલ્પના એ થાય છે કે તત્ત્વાર્થની લઘુવૃત્તિના કર્તા હરિભદ્ર પ્રશમરતિની ટીકાના કર્તા હરિભદ્ર કરતાં જુદા જ હોવા જોઈએ, પછી ભલે તે યાકિનીસૂનુ હરિભદ્રથી પણ જુદા હોય (પં. સુખલાલના તત્ત્વાર્થની ગૂ. વ્યાખ્યાની પ્રસ્તાવના). જુઓ ૨૨૧ ઉપર

૩૪૮. જિનેશ્વરે સં.૧૧૭૫માં પ્રાકૃતમાં મલ્લિનાથચરિત્ર રચ્યું (બૃ.)

૩૪૯. સં. ૧૧૮૩માં ચંદ્ર ગચ્છના સર્વદેવના પટ્ટધર શાંતિસૂરિ (જુઓ પાર ૩૨૭) ના શિષ્ય-બીજા પટ્ટધર વિજયસિંહ આચાર્યે શ્રાવક પ્રતિક્રમણસૂત્ર પર ૪૫૦૦ શ્લોકપ્રમાણ ચૂર્ણિ રચી છે. (પા. ભં; પી. ૫, ૨૨)

૩૫૦. સં. ૧૧૫૮ માં ચંદ્રપ્રભ મહત્તરકૃત વિજયચંદ્ર કેવલિચરિત અને હરિભદ્રસૂરિકૃત ચૈત્યવંદનટીકા -ललितविस्तरा टीका તાડપત્ર પર લખાયાં (પા. સૂચિ. નં. ૪૫).

૩૫૧. સં.૧૧૮૬ માં રાજગચ્છના શીલભદ્રસૂરિ શિષ્ય ધર્મઘોષસૂરિએ ધર્મકલ્પદ્રુમ નામનો ગ્રંથ પ્રાકૃતમાં રચ્યો (પી.૫,૧૦૭). આ સૂરિએ શાકંભરી નૃપતિ (વિગ્રહરાજ-વીસલદેવ ત્રીજો) ને પ્રતિબોધિત કર્યો હતો.[૨૮૬] તેમણે સં. ૧૧૮૧માં ફલોધીમાં પાર્શ્વનાથચૈત્યે પ્રતિષ્ઠા કરી (જિનપ્રભસૂરિકૃત ફલવર્ધિ પાર્શ્વનાથકલ્પ, પી.૪.૧૦૦) તેમના શિષ્ય યશોભદ્રસૂરિએ ગદ્યગોદાવરી રચ્યું. (જુઓ ઉદયપ્રભસૂરિકૃત પ્રવચનસારોદ્ધારની વિષમવ્યાખ્યાની પ્રશસ્તિ પી.૩,૨૬૨).

૩૫૨. સં. ૧૧૮૭ માં મહેન્દ્રસૂરિએ પોતાના શિષ્યની અભ્યર્થનાથી પ્રાકૃતમાં નર્મદાસુંદરી કથા રચી, *{हिन्दी साथे सं. के.आर.चंद्र प्र. प्राकृत वि. वि. फंड. सं.आर.એમ.शाह प्र. पार्श्वनाथ विद्यापीठ}* (જે. ૫૪) તેનો પ્રથમાદર્શ પ્રથમાચાર્ય શિષ્ય શીલચંદ્રગણિએ લખ્યો. આ કથામાં શીલનું માહાત્મ્ય છે.

---

૨૮૬. જુઓ આ સૂરિના શિષ્ય યશોભદ્રસૂરિ-દેવસેનગણિ શિ૦ પૃથ્વીચંદ્રસૂરિના રચેલા પર્યુષણકલ્પ ટિપ્પનની પ્રશસ્તિઃ (પી.૩,૧૫ પા૦ નં ૪૯) કે જે સં.૧૩૮૪ ની તાડપત્રીની પ્રત છે.

अभवद् वादिमदहरः षट्तर्काम्भोजबोधनदिनेशः । श्री धर्मघोषसूरिर्बोधितशाकंभरीभूपः ॥
चारित्रांभोधिशशी त्रिवर्गपरिहारजनितबुधहर्षः । दर्शितविधिः शमनिधिः सिद्धन्तमहोदधिप्रवरः ॥

સરખાવોઃ પાટણસૂચિ નં.૪૬ ની કલ્પસૂત્રની પ્રતની પ્રશસ્તિમાં જણાવ્યું છે કેઃ
वादिचंद्र गुणचंद्र विजेता विग्रहक्षितिपबोधविधाता । धर्म्मसूरिरित नाम पुरासीत् विश्वविश्वविदितो मुनिराजः ॥

તથા પી.૫, ૧૦૯ માંની કલ્પસૂત્ર અને કાલિકાચાર્યની કથાનો ગુરુક્રમઃ-
श्री राजगच्छ मुकुटोपम शीलभद्रसूरेर्विनेयतिलकः किल धर्म्मसूरिः ।
दुर्वादिगर्वभर सिंधुरसिंहनादः श्री विग्रहक्षितिपतेर्दलितप्रमादः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૫૩. સં. ૧૧૮૮માં પત્તનમાં..... વાચક શિ. **સુમતિસૂરિ**એ રચેલી દશવૈકાલિક ટીકા તાડપત્ર પર લખાઈ (પા. સૂચિ નં. ૧૬, જે. પ્ર. ૨૨) આ **સુમતિસૂરિ** સં. ૧૧૯૩માં **વીરચરિત્ર** રચનાર **ગુણચંદ્ર**ના ગુરુ **સુમતિવાચક** હશે.

૩૫૪. સં. ૧૧૯૦ માં બૃહદ્ ગચ્છના **જિનચંદ્રસૂરિ**ના શિષ્ય **આમ્રદેવસૂરિ**એ **યશો**નાગ શેઠની વસતિમાં રહીને આરંભેલી **દેવેન્દ્ર** ગણિ=**નેમિચંદ્રસૂરિ**કૃત **આખ્યા**નક મણિકોશ પરની વૃત્તિ **ધવલક્કપુર** (**ધો**લકા)માં **અચ્છુપ્ત**ની વસતિમાં પૂર્ણ કરી, તેમાં **નેમિચંદ્ર ગુણાકર** અને **પાર્શ્વ**દેવગણિએ લેખન-શોધનાદિમાં **અને** આધાનોદ્ધરણમાં સહાય કરી આ. વૃત્તિ રચતાં સવાનવ માસ થયા. (આની તાડપત્રની પ્રત ખં. શાંતિનાથના ભં.માં છે. પી.૩, ૭૮). આ વર્ષમાં **જય**દેવના **છંદ**:શાસ્ત્રની પ્રત તાડપત્ર પર લખાઈ (જે.૩૦) તથા **નન્ન**સૂરિએ પ્રા૦માં **ધમ્મ**વિહિ રચી.(જે.૪૧) ધમ્મવિહિમાં દશદૃષ્ટાંત છે તેમજ **જ્ઞાનદર્શન** ગુણની સિદ્ધિ સમસ્ત શાસ્ત્રને ઉદ્ધરી કરેલી છે.

૩૫૫. યશોદેવ (જુઓ પાર ૩૩૧)ના ગુરુભાઈ અને ઉપકેશગચ્છના **દેવ**ગુપ્તસૂરિના શિષ્ય **સિદ્ધ**સૂરિએ સં.૧૧૯૨માં **ક્ષેત્ર**સમાસ પર વૃત્તિ રચી. (જે.૨૮, જે.પ્ર.૩૫.પા.સૂ.૨૫, પી. ૩, ૧૯૩) આ વર્ષમાં તાડપત્રપર **જય**કીર્ત્તિએ રચેલ **છંદો**નુશાસનની પ્રત લખાઈ તે **માં**ડવ્ય, **પિં**ગલ, **જના**શ્રય, **સે**તવ, **પૂ**જ્યપાદ, જયદેવ આદિનાં છંદ:શાસ્ત્રો જોઈ તેમણે રચેલ છે. (જે.૩૦) અને તે જયકીર્તિના શિષ્ય **અમ**લકીર્ત્તિએ આ જ વર્ષમાં **યો**ગસારની પ્રત લખી(પી.૫,૧૪૭). વળી આ વર્ષમાં **સિદ્ધ**રાજના રાજ્યમાં મહં. **ગાં**ગિલના મંત્રીપદમાં **ખે**ટકાધાર મંડલમાં રાજ૦ **સો**મદેવની પ્રતિપત્તિમાં ખેટક(ખેડા) સ્થાનથી **વિ**નિગ્રહવાસી પં. **ચા**મુક્કે **દે**વશ્રી ગણિની માટે પ્રા૦ **પુ**ષ્પાવતી કથા તાડપત્ર પર લખી.

૩૫૬. સં. ૧૧૯૩માં **વર્ધ**માનસૂરિએ સં.૧૦૫૫માં રચેલી ઉપદેશપદ પર ટીકા તાડપત્ર પર લખાઈ (જે.૭.). જયમંગલ નામના આચાર્યે **કવિ**શિક્ષા નામનો કાવ્યપર વિવિધ અર્થની કવિશિક્ષાઓના સંગ્રહમાંથી નિચોડ લઈ અક ગ્રંથ **સિદ્ધ**રાજ જયસિંહના સમયમાં રચ્યો જણાય છે.(પી.૧,૮૦).

૩૫૭. મલધારી **હેમ**ચંદ્રસૂરિના ત્રણ પટ્ટધરો હતા. ૧. **વિજય**સિંહસૂરિ, ૨. **શ્રી**ચંદ્રસૂરિ અને ૩. **વિબુધ**ચંદ્રસૂરિ. વિજયસિંહસૂરિએ સં.૧૧૯૧માં માધ વદ ૩ને દિને ૧૪૪૭૧ શ્લોકપ્રમાણ **ધર્મો**પ-દેશમાલા વિવરણ સિદ્ધરાજના રાજ્ય સમયમાં સમાપ્ત કર્યું. {*પ્ર. સિંઘી ગ્રં.*} મૂલ વિવરણ પ્રાચીન સંક્ષિપ્ત હતું તે આ સૂરિએ વિસ્તાર્યું તેમાં તેમના ગુરુભાઈ **અભય**કુમાર ગણિએ સહાયતા કરી હતી; અને તેનું શોધન તત્કાલીન સમીપવર્તી સર્વ મુનીશ્વરોએ કર્યું હતું. (પી.૫,૮૭)

૩૫૮. આ **શ્રી**ચંદ્રસૂરિ સંબંધી તેમના ગુરુભાઈ **લક્ષ્મણ**ગણિ પોતાના **સુપા**સનાહની પ્રશસ્તિમાં જણાવે છે કે તેમણે માત્ર **લા**ટદેશની મુદ્રા (મંત્રિમુદ્રા) નેજ નહિં પરંતુ શ્રમણમુદ્રા(સાધુધર્મ)ને પાલન કરતાં પણ જિનપ્રવચનની પ્રભાવના કરી છે આ પરથી જણાય છે કે શ્રીચંદ્રસૂરિ પોતાની પૂર્વાવસ્થામાં લાટદેશના મંત્રિપદે મુદ્રાવ્યાપારમાં નિયુક્ત હોવા જોઈએ અને સંભવિત રીતે તે સિદ્ધરાજના રાજ્યસમયમાં જ મુદ્રાધિકારી હોવા જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૫૯. આ શ્રીચંદ્રસૂરિ ધોલકા જ્યાં 'ભરૂચ' નામનું જિનમંદિર હતું કે જેમાં મુનિસુવ્રત સ્વામિની પ્રતિમા અધિષ્ઠિત હતી ત્યાં આવ્યા ત્યાંના પોરવાડ ધવલે મુનિસુવ્રત ચરિત્ર રચવા પ્રાર્થના કરી તદનુસાર ત્યાંથી નીકળી આશાવલ્લીપુરી (આસાવળ-અમદાવાદ પાસે) આવી ત્યાંના શ્રીમાલ નાગિલના પુત્રોની વસતિમાં રહી મુનિસુવ્રત ચરિત્ર[૨૮૭] સં ૧૧૯૩ ની દીવાળીના દિવસે પૂર્ણ કર્યું. તેની ગાથા ૧૦૯૯૪ છે. આની ૪૫૧ તાડનાં પાનાં પર લખેલી પ્રત પાટણ ભંડારમાં છે, (પી.૫, ૭ થી ૧૮ {સં. પગારિયા પ્ર.લા.દ.વિ.}). તેમણે દેવ મનુષ્ય તિર્યંચ નારક જીવોની ઉત્પત્તિ વગેરે વિષયોનો બોધ આપતો જગત્‌ની ભૂગોળના સારરૂપે સંગ્રહણીરત્ન નામનો પ્રાકૃત ગ્રંથ જિનભદ્ર ક્ષમાશ્રમણકૃત સંગ્રહણીના આધારે રચ્યો છે. (પી.૧,૭૫; પી.૫,૯૫, વે નં. ૧૬૭૩-૧૬૮૧). ત્રીજી કૃતિ ક્ષેત્રસમાસ છે કે જેનો પ્રારંભ **નમિત્તું વીરં સયલત્થભાસગં** આવાં પદોથી થાય છે તે મોટા ક્ષેત્રસમાસપરથી ઉદ્ધરી રચેલ છે (આની તાડપત્રની પ્રત ખંભાત ભંડાર છે.(પી ૩,૨૦) *{આ ઉપરાંત લઘુપ્રવચન સારોદ્ધાર આ શ્રીચન્દ્રસૂરિએ રચ્યું છે. અને સ્વગુરુકૃત આવશ્યક પ્રદેશ વ્યાખ્યાપર પ્રદેશ વ્યાખ્યા ટિપ્પણ રચ્યું. મુનિ પુણ્ય વિ. નન્દિસૂત્ર સટીકની પ્રસ્તાવના}*

૩૬૦. ઉક્ત મલધારી શ્રીચંદ્રસૂરિની સંગ્રહણી પર તેમના શિષ્ય દેવભદ્રસૂરિએ વૃત્તિ રચી, (વે. નં.૧૬૮૨, પી.૧,૩.) તેમાં તેમણે અનુયોગદ્વારચૂર્ણિ, આ. હરિભદ્રકૃત અનુયોગદ્વાર ટીકા, ગન્ધહસ્તી, હરિભદ્રકૃત તત્ત્વાર્થટીકા, આ. મલયગિરિની બૃહત્સંગ્રહણી વૃત્તિ, આ. હરિભદ્રકૃત બૃહત્સંગ્રહણીવૃત્તિ, ભગવતી વિવરણ, વિશેષણવતી, સૂર્ય પ્રજ્ઞપ્તિ નિર્યુક્તિ (કે જે ખોવાઇ ગયેલી મનાય છે તે પણ) માંથી ઉતારા આપ્યા છે. આ દેવભદ્રસૂરિ ઉપરોક્ત મુનિચંદ્રસૂરિથી પ્રતિષ્ઠા પામ્યા હતા; વળી તેમણે ન્યાયાવતારપર ટિપ્પન રચ્યું છે; (કાં. વડો. નં. ૯).

૩૬૧. સં.૧૧૯૭ માં ગોવિન્દસૂરિના શિષ્ય વર્ધમાનસૂરિએ ગણરત્નમહોદધિ નામનો વ્યાકરણનો ગ્રંથ સ્વોપજ્ઞવૃત્તિ સહિત બનાવ્યો (જે એગ્ગલિંગથી સંશોધિત થઇ પ્રસિદ્ધ થયો છે સને ૧૮૭૯-૮૧) તેમાં આ. શ્રી હેમચંદ્રનો ઉલ્લેખ નથી તેમજ આ. હેમચંદ્રે પોતાના વ્યાકરણમાં આનો ઉલ્લેખ કર્યો નથી. સમકાલીન સર્વ વિદ્વાનો નામોનો નિર્દેશ કરેજ એવો કંઇ નિયમ નથી તેથી આમાં નવાઇ લાગવાનું ખાસ કારણ નથી.આ ગણરત્નમહોદધિમાં નામોના ગણોને શ્લોકબદ્ધ કર્યા છે અને પછી તે ગણના પ્રત્યેક પદની વ્યાખ્યા અને ઉદાહરણ છે. તેમાં અનેક વૈયાકરણોના મતોનો ઉલ્લેખ છે. ઉદાહરણોમાં કેટલાક કવિઓની રચનાઓ તેમનાં નામ સહિત-પણ ક્યાંક નામ વગર ઉદ્ધૃત કરી છે તેથી આ ગ્રંથનું ઘણું મહત્વ છે. દાખલા તરીકે તદ્ધિત પ્રત્યયોના ઉદાહરણોમાં ભટ્ટિ કાવ્ય અને દ્વ્યાશ્રય મહાકાવ્યની શૈલી પર રચેલાં માલવના પરમાર રાજાઓનાં સંબંધી કોઇ કાવ્ય (નામ નથી આપ્યું)ના ઘણા શ્લોકો ઉદ્ધૃત કર્યા છે.

---

૨૮૭. विक्कमकालाउ एगवी (वा) स सहस्से सए सावणउ (तिणवईए) तव्वयणंतर दीवस (प)व्वदिणंमि एयं परिसमत्तं॥ પી. ૫, ૧૮. આમાં કૌસમાં લખેલ તે પંડિત લાલચંદે સુધારેલ છે. ને તે બરાબર લાગે છે બૃહત્ ટિપ્પનિકામાં પણ સં.૧૧૯૩ ની સાલ છે:- **'મુનિસુવ્રત चरितं प्रा० ११९३ वर्षे चंद्रसूरिरइयं गाथा १०९९४' જૈન સાહિત્ય સંશોધક** ખંડ ૧ અં.૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૬૨. વળી તેમાં કેટલાક શ્લોકખંડ સિદ્ધરાજની પ્રશંસાના છે તેથી જણાય છે કે વર્ધમાનસૂરિએ 'સિદ્ધરાજ વર્ણન' એ નામનો ગ્રંથ રચ્યો હતો. તે પૈકી એક શ્લોક ' **ममैव सिद्धराज वर्णने** ' એમ કહી તેના પ્રયાણ સંબંધી એવો આપ્યો છે કેઃ-

जाते यस्य प्रयाणे तुरगखुरपुटोत्खातरेणुप्रपंचे तीव्रे ध्वान्तायमाने प्रसरति बहले सर्वतो दिक्कमस्मिन् ।
भास्वच्चन्द्रार्कबिम्बग्रहणरहितं व्योम वीक्ष्य प्रमुग्धाः
सान्ध्यं कर्मारभन्ते शिशुमुनिबटवे जातसन्ध्याभिशंकाः ॥ -पृ. ३७२

એક સુંદર શ્લોક તેં ગ્રંથમાં પૃ.૧૪૪ પર સાગરચંદ્રકૃત સિદ્ધરાજ સંબંધી મૂક્યો છે કેઃ-

द्रव्याश्रयाः श्री जयसिंहदेव! गुणाः कणादेन महर्षिणोक्ताः ।
त्वया पुनः पंडितदानशौण्ड! गुणाश्रयं द्रव्यमपि व्यधायि ॥

૩૬૩. આ વર્ધમાનસૂરિએ પોતાના ઉક્ત સમકાલીન પંડિત સાગરચંદ્રના[૨૮૮] પણ કેટલાક શ્લોક ઉદ્ધૃત કર્યા છે તે પરથી જણાય છે કે તે સાગરચંદ્રે પણ સિદ્ધરાજના વર્ણન રૂપી કોઇ કાવ્ય લખ્યું હશે. તેવા શ્લોક પૈકી એક પૃ. ૩૦૪નો અત્રે આપ્યો છે. :-

अकल्पितप्राणसमासमागमा मलीमसांगा धृतभैक्षवृत्तयः ।
निर्ग्रन्थतां त्वत्परिपन्थिनो गता जगत्पते किं त्वजिनावलम्बिनः ॥

સં ૧૧૯૮માં જયસિંહ રાજ્યે ભરૂચમાં બિલ્હણે વિમલસૂરિકૃત પઉમચરિત્ર તાડપત્ર પર લખ્યું (જે.૧૭).

૨૮૮. મુનિરત્નસૂરિના અમમચરિત્રથી પ્રથમાદર્શપ્રત લખનાર સાગરચંદ્ર તે જ આ હોય.
गूर्जरवंशोद्योतनपुत्रोदयराजमंत्रितनुजन्मा । विद्वान्सागरचंद्रः प्रथमादर्शं लिलेखास्य ॥ -પી. ૩, ૯૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्वर्गे न क्षितिमण्डले न वडवावक्त्रे न लेभे स्थितिं
त्रैलोक्यैकहितप्रदाऽपि विधुरा दीना दया या चिरम् ।
चौलुक्येन कुमारपालविभुना प्रत्यक्षमावासिता
निर्भीका निजमानसौकसि वरे केनोपमीयेत सः ॥

-ત્રિલોકમાં જે એકલી હિતપ્રદ હોય તો તે દયા છે એવી દયા પણ લાંબા કાળ સુધી વિધુર અને દીન બની સ્વર્ગમાં કે ભૂમંડલપર કે સમુદ્રના મુખમાં સ્થિતિ કરી શકી નહિ-રહી નહિ તેને નિર્ભીક બનાવી ચૌલુક્ય કુમારપાલ રાજાએ પોતાના માનસરૂપી ઉત્તમ સ્થાનમાં પ્રત્યક્ષ આવાસ આપ્યો. આ રાજાને કેની ઉપમા આપવી?- અર્થાત્ તે અનુપમેય છે.

एको यः सकलं कुतूहलितया बभ्राम भूमंडलं, प्रीत्या यत्र पतिंवरा समभवत् साम्राज्यलक्ष्मीः स्वयं।
श्रीसिद्धाधिपविप्रयोगविधुरामप्रीणयद्यः प्रजां, कस्यासौ विदितो न गूर्जरपति श्चौलुक्यवंशध्वजः॥

-જેણે કુતૂહલ થઇ સર્વ ભૂમંડલમાં ભ્રમણ કર્યું, જેને પતિશોધતી સ્વયંવરા સામ્રાજ્યલક્ષ્મી પોતાની મેળે પ્રીતિ વડે આવી મળી, જેણે સિદ્ધરાજના વિયોગથી વિધુર બનેલી પ્રજાને પ્રસન્ન કરી, એવો એક ચૌલુક્ય વંશના ધ્વજરૂપ ગૂર્જરપતિ કેનાથી આજાણ્યો છે? તે કુમારપાલ સર્વ-વિદિત છે. **-यशःपालकृत मोहपराजय** ૧-૨૮.

जिष्णुश्चेदिदशार्णमालवमहाराष्ट्रापरान्तं कुरून्, सिन्धुनन्यतमांश्च दुर्गविषयान्दोर्वीर्यशक्त्या हरिः ।
चौलुक्यःपरमार्हतो विनयवान् श्री मूलराजान्वयी, तं नत्वेति कुमारपालपृथिवीपालो ऽब्रवीदेकदा ॥

पापर्द्धिर्द्यूतमद्यप्रभृति किमपि यन्नारकायुर्निमित्तं, तत्सर्वं निर्निमित्तोपकृतिधियां प्राप्य युष्माकमाज्ञां ।
स्वामिन्नुर्व्यां निषिद्धं धनमसुतमृतस्याथ मुक्तं तथार्हच्चैत्यैरुत्तंसिता भूरभवमिति समः संप्रतेः संप्रतीह॥

-ચેદી, દર્શાણ, માલવ, મહારાષ્ટ્ર, કુરૂ, સિંધુ અને બીજા દુર્ગમ દેશોને પોતાના ભુજવીર્યની શક્તિથી હરિની જેમ જીતનાર,પરમ આર્હત્, વિનયવાન્ અને ચૌલુક્યકુળના શ્રી મૂલરાજના વંશમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયેલા શ્રી કુમારપાલ રાજાએ એક વખતે (શ્રી હેમચંદ્ર)સૂરિને નમીને આ પ્રમાણે કહ્યું કે :– 'હે સ્વામી ! નિષ્કારણ ઉપકાર કરવાની બુદ્ધિવાળા આપની આજ્ઞાને પ્રાપ્ત કરીને નર્કગતિના આયુષ્યના નિમિત્ત રૂપ મૃગયા, દ્યૂત અને મદિરા વગેરે દુર્ગુણોને મારી પૃથ્વીમાંથી નિષિદ્ધ કર્યા છે, તથા પુત્રરહિત મૃત્યુ પામેલાનું ધન લેવું પણ મેં છોડી દીધેલું છે અને બધી પૃથ્વી અર્હત્નાં ચૈત્યો વડે સુશોભિત કરી દીધી છે, તો હવે હું સાંપ્રતકાળમાં સંપ્રતિ રાજા જેવો થયો છું...' –હેમાચાર્યકૃત ત્રિ. ષ. શ. પુ. ચ. ૧૦મું પર્વ.

सत्त्वानुकम्पा न महीभुजां स्यादित्येष, क्लृप्तो वितथः प्रवादः ।
जिनेन्द्रधर्मं प्रतिपद्य येन श्लाघ्यः स केषां न कुमारपालः ? ॥

–રાજાઓને પ્રાણી પ્રત્યે દયા નથી હોતી એવો લોકપ્રવાદ જેણે જૈન ધર્મનો સ્વીકાર કરી ખોટો પાડ્યો છે એવો કુમારપાલ કોને શ્લાઘ્ય ન હોય ? –સોમપ્રભાચાર્ય.

૩૬૪. સિદ્ધરાજ જયસિંહ પછી મહારાજ કુમારપાલ દેવ[૨૮૯] ગાદી પર આવ્યો તે એક અદ્વિતીય અને આદર્શ નૃપતિ હતો. ન્યાયી દયાલુ પરોપકારી પરાક્રમી અને ધર્માત્મા હતો. પૂર્વે થયેલ રાજા ભીમદેવનો એક પુત્ર દેવપ્રસાદ-તેનો પુત્ર ત્રિભુવનપાલ અને તેનો પુત્ર તે આ કુમારપાલ. તેના સંબંધી શ્રી જિનવિજયના એક લાખ પરથી[૨૯૦] નીચેની હકીકત ટુંકમાં નોંધવામાં આવે છે.

૩૬૫. વિ.સં.૧૧૪૯માં તેનો જન્મ થયો હતો અને સં.૧૧૯૯માં રાજ્યાભિષેક થયો હતો.[૨૯૧] એક પુરાતન પટ્ટાવલીમાં રાજ્યાભિષેકની તીથિ 'માર્ગશીર્ષ શુક્લ ચતુર્થી' લખી છે. રાજ્ય પ્રાપ્તિ પછી લગભગ ૧૦ વર્ષ સુધી રાજ્યની સુવ્યવસ્થા કરવામાં અને તેની સીમા વધારવાનો પ્રયત્નકરી દિગ્વિજય કરી પોતે અનેક મોટા મોટા રાજાઓને પોતાની પ્રચંડ આજ્ઞાને આધીન કર્યા. પોતે પોતાના સમયમાં અદ્વિતીય વિજેતા અને વીર રાજા હતો. ભારત વર્ષમાં તે સમયે તેની બરાબરી કરનાર બીજો કોઇ રાજા નહોતો. તેનું રાજ્ય ઘણું મોટું હતું શ્રી હેમચંદ્રાચાર્યે 'મહાવીર ચરિત'માં તેની આજ્ઞાનું પાલન

---

૨૮૯. કુમારપાલ અને તેની સાથે તેના ગુરુ આ. હેમચંદ્રનાં ચરિત્ર સંબંધી અનેક જૈન વિદ્વાનોએ વિવિધ ગ્રન્થ લખ્યા છે. ૧, સોમપ્રભાચાર્ય કૃત કુમારપાલ-પ્રતિબોધ સં.૧૨૪૧, ૨, યશઃપાલ મંત્રીકૃત મોહપરાજય નાટક (અજયપાલના સમયમાં), ૩, પ્રભાચંદ્રાચાર્યકૃત પ્રભાવક ચરિત્ર-સં.૧૩૩૪. ૪, મેરૂતુંગ સૂરિકૃત પ્રબંધ ચિંતામણી સં.૧૩૬૧, ૫, રત્નશેખરસૂરિકૃત ચતુર્વિંશતિ પ્રબંધ સં. ૧૪૦૫, ૬, જયસિંહસૂરિકૃત કુમારપાલ ચરિત્ર, સં.૧૪૨૨, ૭, સોમતિલકસૂરિકૃત કુમારપાલ ચરિત્ર, સં. ૧૪૨૪, ૮, સં.૧૪૭૫માં તાડપત્રપર લખેલો કર્ત્તાના નામરહિત કુમારપાલ પ્રબંધ (પા.સૂ.નં.૧૬) ૯, ચારિત્રસુંદરકૃત કુમારપાલ ચરિત્ર સં. ૧૪૮૪ થી ૧૫૦૭ વચ્ચે, ૯ હરિશ્ચંદ્રકૃત કુમારપાલ ચરિત્ર (પ્રાકૃત) ૧૧ જિનમંડનકૃત કુમારપાલ પ્રબંધ સં.૧૪૯૨, અને ગૂ.માં ૧૨ દેવપ્રભગણિકૃત કુમારપાલ રાસ (સં.૧૫૪૦ પહેલાં) ૧૩ હીરકુશલ કૃત કુમારપાલ રાસ સં.૧૬૪૦, ૧૪-૧૫ શ્રાવક ઋષભદાસકૃત કુમારપાલ રાસ સં.૧૬૭૦ અને તે જ કવિનો નાનો રાસ અને ૧૬ જિનહર્ષકૃત કુમારપાલ રાસ સં.૧૭૪૨. આ ઉપરાંત તીર્થકલ્પ, ઉપદેશતરંગિણી તથા ઉપદેશપ્રાસાદ આદિ અનેક અન્ય ગ્રંથોમાં તેમનું વર્ણન મળે છે. કુમારપાલ સંબંધમાં ખુદ હેમચંદ્રાચાર્યે પ્રાકૃતમાં દ્વયાશ્રય કાવ્ય રચ્યું છે.

૨૯૦. અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડલ તરફથી પ્રસિદ્ધ થયેલ હિંદીમાં કુમારપાલ ચરિતની હિંદી પ્રસ્તાવના.

૨૯૧. द्वादशस्वथ वर्षाणां शतेषु विरतेषु च । एकोनेषु महीनाथे सिद्धाधीशे दिवंगते ॥ પ્રભાવકચરિત્ર પૃ.૩૯૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'ઉત્તર દિશામાં તુરકસ્થાન, પૂર્વમાં ગંગાનદી, દક્ષિણમાં વિંધ્યાચલ અને પશ્ચિમમાં સમુદ્ર પર્યન્તના દેશોમાં થતું જણાવ્યું છે.

૩૬૬. પ્રો૦ મણિલાલ નભુભાઈ દ્વિવેદી લખે છે કે 'ગુજરાત અથવા અણહિલ્લવાડના રાજ્યની સીમા ઘણી વિશાલ માલૂમ પડે છે. દક્ષિણમાં ઠેઠ કોલ્હાપુરનો રાજા તેની આજ્ઞા માનતો હતો. અને ભેટ મોકલતો હતો. ઉત્તરમાં કાશ્મીરથી પણ ભેટ આવતી હતી. પૂર્વમાં ચેદી દેશ તથા યમુના પાર અને ગંગા પારના મગધ દેશ સુધી આણ પહોંચતી હતી અને પશ્ચિમમાં સૌરાષ્ટ્ર તથા સિંધુ અને પંજાબનો પણ કેટલોક ભાગ ગુજરાતના તાબામાં હતો.'[૨૯૨]

૩૬૭. રાજસ્થાનના 'ઇતિહાસ'ના કર્તા કર્નલ ટૉડ સાહેબને ચિતોડના કિલામાં રાણા લખણસિંહના મંદિરમાં એક સં.૧૨૦૭ નો શિલાલેખ મળ્યો હતો. તેમાં મહારાજ કુમારપાલના સંબંધમાં લખ્યું છે કે 'મહારાજ કુમારપાલે પોતાના પ્રબલ પરાક્રમથી સર્વ શત્રુઓને દળી નાખ્યાં, તેની આજ્ઞાને પૃથ્વી પરના સર્વ રાજાઓએ પોતાના મસ્તક ચઢાવી. તેણે શાકંભરીના રાજાને પોતાના ચરણોમાં નમાવ્યો [૨૯૩] તેણે ખુદ હથિયાર ધારણ કરી સવાલક્ષ (દેશ) પર્યંત ચઢીને સર્વ ગઢપતિઓને નમાવ્યા. સાલપુર (પંજાબ) સુદ્ધાંને પણ તેણે તે પ્રમાણે વશ કર્યું'(વેસ્ટર્ન ઇંડિયા-ટૉડકૃત). તેના સૈન્યે કોંકણના સિલ્હાર વંશના રાજા મલ્લિકાર્જુનને પણ જીત્યો હતો.

૩૬૮. આ સર્વ પ્રમાણોથી તેના રાજ્યના વિસ્તારનો ખ્યાલ આવે છે. ભારતવર્ષમાં આટલું મોટું સામ્રાજ્ય ભોગવનાર રાજા ઘણા ઓછા થયા છે.

૩૬૯. પોતાની રાજધાની અણહિલ્લપુર પાટણ, ભારતના તે સમયમાં સર્વોત્કૃષ્ટ નગરોમાનું એક હતું. વ્યાપાર અને કલકૌશલથી ઘણું ચઢેલું હતું. સમૃદ્ધિના શિખર પર પહોંચ્યું હતું. રાજા અને પ્રજાના સુંદર મહાલયોથી તથા ઉંચા મનોહર દેવભુવનોથી અલંકૃત તે રાજધાની હતી. હેમચંદ્રાચાર્યે દ્વ્યાશ્રય મહાકાવ્યમાં તેનું વર્ણન કર્યું છે. સાંભળવા પ્રમાણે તે સમયે આ નગરમાં ૧૮૦૦ તો ક્રોડાધિપતિઓ રહેતા હતા ! આ પ્રકારે મહારાજ કુમારપાલ એક મોટા ભારી મહારાજ્યના સ્વામિ હતા.

૩૭૦. કુમારપાલ પ્રજાનું પાલન પુત્રવત્ કરતો હતો. પોતાના રાજ્યમાં એક પણ પ્રાણીને દુઃખી નહિ રાખવાનો મનોરથ રાખતો. તેનું રાજ્ય રામ-રાજ્ય હતું. પ્રજાની અવસ્થા જાણવા માટે ગુપ્ત વેશમાં શહેરમાં ભ્રમણ કરતો. હેમચંદ્રાચાર્ય કહે છે કે 'દરિદ્રતા, મૂર્ખતા, મલિનતા ઇત્યાદિથી

---

૨૯૨. ઓઝાજી જણાવે છે કે 'કુમારપાલ ઘણો પ્રતાપી અને નીતિનિપુણ હતો, તેના રાજ્યની સીમા દૂર દૂર સુધી ફેલાયેલી હતી અને માલવા તથા રાજપૂતાનાના કેટલાએક ભાગો પણ તેને અધીન હતા' (રા.ઈ. ૧.૨૧૯).

૨૯૩. કુમારપાલે ચોહાણ રાજા અર્ણોરાજ પર સં.૧૨૦૭માં ચઢાઇ કરી તેને હરાવ્યો હતો, ને ત્યાંથી ચિતોડની શોભા જોવા જતાં ત્યાંના ભોજરાજા ઉર્ફે ત્રિભુવનનારયણાખ્ય ત્રિમૂર્ત્તિવળા શિવના મંદિરમાં દર્શન કર્યાં ને તે માટે એક ગામ ભેટ કરી તેનો શિલાલેખ કરાવ્યો તે હાલ મોજૂદ છે. (ઓઝાજી ના૦ પ્ર૦ પત્રિકા ભાગ ૩-૧ પૃ.૧૭)આ સમયમાં લહભગ અર્ણોરાજ-આનાના પુત્ર વિગ્રહરાજે (ચોથા વીસલદેવે) તંવરો તોમારો પાસેથી દિલ્હી લીધું ને ત્યારથી દિલ્હીનું રાજ્ય અજમેર રાજ્યનું સૂબા બન્યું (ઓઝાજી રા. ઈ. ૧,૨૩૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે લોક પીડિત થાય છે તે મારા નિમિત્તથી કે અન્યથા? આ પ્રકારે બીજાનાં દુઃખોને જાણવા માટે રાજા શહેરમાં ફરતો રહેતો હતો' આ રીતે જ્યારે ગુપ્ત ભ્રમણમાં મહારાજને કોઈ દુઃખી દેખાતો તો તેનું દુઃખ દૂર કરવા પ્રયત્ન કરતો.

૩૭૧. **દ્વયાશ્રય** મહાકાવ્યના છેલ્લા ૨૦ મા સર્ગમાં આ. હેમચંદ્રસૂરિ લખે છે કે ' મહારાજ કુમારપાલે એક દિન રસ્તામાં એક ગરીબ માણસને દુભાતા અને જમીન પર પડતા પાંચ સાત બકરાને ખેંચી લઈ જતો જોયો. મહારાજે તે બીચારાં પામર પ્રાણીઓને ક્યાં લઈ જાય છે એમ પૂછતાં તે માણસે જવાબ આપ્યો કે કસાઈને ત્યાં વેચવા, કે જેના કંઈ પૈસા આવશે તથી મારો ઉદરનિર્વાહ કરીશ' આ સાંભળી રાજાને લાગ્યું કે 'મારા દુર્વિવેકથી જ આ રીતે લોક હિંસામાં પ્રવૃત્ત થાય છે તેથી મારા 'પ્રજાપતિ' એ નામને ધિક્કાર છે!' પોતાના આત્માને ઠપકો આ રીતે આપી રાજભવનમાં. આવી અધિકારીઓને તેણે સખત આજ્ઞા કરી કે 'જે જૂઠી પ્રતિજ્ઞા કરે તેને શિક્ષા થશે, જે પરસ્ત્રીલંપટ હોય તેને વિશેષ શિક્ષા થશે અને જે જીવહિંસા કરે તેને સર્વથી વધુ કઠોર દંડ મળશેઃ' આ પ્રકારની આજ્ઞાપત્રિકા આખા રાજ્યમાં મોકલો ને અધિકારીઓએ તે વખતે ઉક્ત ફરમાન સર્વત્ર જાહેર કરી દીધું [૨૯૪] આથી બધા મહારાજ્યમાં-ત્રિકુટાચલ લંકા સુધીમાં 'અમારિ ઘોષણા' કરવામાં આવી. મદ્યપાનનો પ્રાચાર પણ સર્વત્ર બંધ કરાવ્યો. તેમાં જેને નુકશાન પહોચ્યું તેને ત્રણ ત્રણ વર્ષ સુધી અન્ન આપ્યું [૨૯૫] યજ્ઞયાગમાં પણ પશુઓના બદલે અન્નનો હવન કરવાનું શરૂ થયું !

૩૭૨. એક દિન એક સ્ત્રીને રાત્રે રોતાં સાંભળતાં કુમારપાલે પથારીમાંથી ઉઠી તેની પાસે જઈ રોવાનું કરાણ પૂછ્યું. તેણી ધનાઢ્ય ગૃહસ્થની સ્ત્રી હતી, તેનો પતિ અને પુત્ર બંને મરણ પામ્યા હતા, તેણીએ જણાવ્યું કે 'રાજ્યનો પૂર્વકાલથી એ ક્રૂર નિયમ ચાલ્યો આવે છે આથી મારી સર્વ સંપત્તિ રાજ્ય લઈ લેશે તો હું મારૂં જીવન કેમ વિતાવીશ, આથી મારે પણ આજે મરી જવું સારૂં છે' મહારાજે આ સાંભળી આશ્વાસન આપી જણાવ્યું કે 'તું મર નહિ, રાજા તારૂં ધન લેશે નહિ. સુખપૂર્વક તું તારી જિંદગીને ધર્મકૃત્ય કરવામાં ગાળ.' રાજાએ પછી પ્રજાનો આ ત્રાસ દૂર કરવા અધિકારીઓને હુકમ આપ્યો કે- 'નિષ્પુત્ર મનુષ્યના મરણ પછી તેની સંપત્તિ રાજા લઈ લે છે એ નિયમ

---

૨૯૪. વિ.સં. ૧૨૦૯ માઘ વદિ ૧૪ શનિવારનો એક શિલાલેખ કિરાડૂથી મળ્યો છે તેમાં લખ્યું છે કે 'શાકંભરી (સાંભર) ના વિજેતા કુમારપાલના વિજય રાજ્યમાં સ્વામીની કૃપાથી જેણે કિરાડૂ (કિરાટકૂપ), રાડધડા(લાટહ્રદ) અને શિવ (શિવા)નું રાજ્ય પ્રાપ્ત કરેલ છે એવા રાજા શ્રી આલ્હણદેવ પોતાના રાજ્યમાં પ્રત્યેક પક્ષની અષ્ટમી, એકાદશી અને ચતુર્દશીના દિને જીવહિંસા ન કરવાની આજ્ઞા કરે છે-જુઓ પંડિત વિશ્વેશ્વરનાથ રેઉકૃત 'ભારત કે પ્રાચીન રાજવંશ' પ્રથમ ભાગ. પૃ. ૨૯૫. આ આખો લેખ મહોપરાજય (ગા. ઓ. સી.)ના પરિશિષ્ટ ૩માં આપ્યો છે. આ ઉપરાંત મારવાડના માંડલિક રત્નપુર ચતુરાશિકના રાજા પુનપાક્ષદેવનો અમારિદાનનો લેખ પણ ત્યાં આપેલ છે.

૨૯૫. સદ્‌ગત પ્રો. મણિલાલ નભુભાઇ દ્વિવેદી લખે છે કે 'કુમારપાલે જ્યારથી અમારિઘોષણા કરાવી ત્યારથી યજ્ઞયાગમાં પણ માંસબલિ અપાતો બંધ થઇ ગયો, ને યવ તથા ડાંગર હોમવાનો ચાલ શરૂ થયો. લોકોને જીવ ઉપર અત્યંત દયા વધી અને માંસભોજન એટલું બધું નિષિદ્ધ થઇ ગયું કે આખા હિંદુસ્તાનમાં એક કે બીજે પ્રકારે થોડું ઘણું માંસ, કહેવાતા હિંદુઓ વાપરે છે, છતાં ગુજરાતમાં તો તેની ગંધ પણ આવે તોપણ નાહી નાંખે એવી લોકોની વૃત્તિ તે સમયથી બંધાયેલી તે અદ્યાપિ છે'—દ્વયાશ્રય ભાષાંતર પ્રસ્તાવના.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંધ કરો. તેમાં ભલે એક બે લાખ શું પણ એક બે કરોડ રૂપીયાનું નુકશાન થાય તોયે શું ? આ રીતે અપુત્રોનું ધન રાજખાલસા થતું તે બંધ કર્યું. આ સંબંધી એક શ્લોક એકે કહેલો તે નોંધવા યોગ્ય છે.:-

अपुत्राणं धनं गृह्णन् पुत्रो भवति पार्थिवः। त्वं तु संतोषतो मुंचन् सत्यं राजपितामहः॥

- અપુત્રોનું ધન ગ્રહણ કરનારો રાજા તેનો પુત્ર બને છે, પરંતુ આપ તો સંતોષપૂર્વક તેને છોડી દેવાથી રાજપિતામહ જ થયા છો.

૩૭૩. આ રાજાનું ધાર્મિક જીવન ધર્મપરાયણ હતું. પોતે જિતેંદ્રિય અને જ્ઞાનવાન્ હતો અને શ્રી હેમચંદ્રાચાર્યનો જ્યારથી અપૂર્વ સમાગમ થયો ત્યારથી તેની ચિત્તવૃત્તિ ધર્મપ્રત્યે વધુ ને વધુ થતી ગઇ. નિરંતર ધર્મોપદેશ સાંભળવા લાગ્યો અને જૈનધર્મ પ્રત્યે પોતાની શ્રદ્ધા વધતી વધતી દૃઢ થતી ગઇ. છેવટે સંવત્ ૧૨૧૬ના માર્ગશીર્ષની શુક્લદ્વિતીયાને દિને પ્રકટપણે જૈનધર્મની ગૃહસ્થ-દીક્ષા સ્વીકારી-જૈન ધર્મ અંગીકાર કર્યો.[૨૯૫ક] તેના સમયમાં તેની પ્રેરણાથી ઉપકેશ ગચ્છના કક્કસૂરિએ ક્રિયાહિન ચૈત્યવાસીને ગચ્છબહાર કર્યા હતાં તે રાજાએ ૭ વખત સોમનાથ અને શેત્રુંજયાદિ જૈન તીર્થની યાત્રા કરી હતી[૨૯૬] જ્યાં જ્યાં જીર્ણ મંદિર હતાં ત્યાં તેનો ઉદ્ધાર કર્યો. ૧૬૦૦ જીર્ણોદ્ધાર, ૧૪૪૪ નવાં જિનમંદિરો પર કળશ ચઢાવ્યા.

૩૭૪. 'ઠેકાણે ઠેકાણે જિનમંદિરો બંધાવ્યા તેમાં સૌથી પ્રથમ પાટણમાં શ્રીમાલ મંત્રી ઉદયનના પુત્ર મંત્રી વાગ્ભટ્ટે (બાહડે), વાયડ વંશીય ગર્ગશેઠના પુત્રો આદિની દેખરેખ નીચે 'કુમાર વિહાર' નામે ૨૪ જિનનું મંદિર બંધાવ્યું.[૨૯૭] પછી પોતાના પિતા ત્રિભુવન પાલના સ્મરણાર્થે 'ત્રિભુવનવિહાર' નામનું ૭૨ જિનાલયવાળું મોટું મંદિર બંધાવ્યું. તે સિવાય ૨૪ તીર્થંકરના ૨૪ જુદા જુદા મંદિરો તેમજ 'ત્રિવિહાર' પ્રમુખ બીજા પણ ઘણા વિહારો એકલા પાટણમાં કરાવ્યા.[૨૯૮] બીજે કરાવ્યા તે જુદા. એ મંદિરોમાં તેના આદેશથી જસદેવના પુત્ર દંડાધિપ અભયની દેખરેખ નીચે તારંગાપર્વત ઉપર બંધાવેલું અજિતનાથનું મંદિર ખાસ ઉલ્લેખ કરવા યોગ્ય છે. (કુ. પ્રતિ.)

૨૯૫.-ક. कृपासुन्दर्याः संवत् १२१६ मार्गसुदिद्वितीयादिने पाणिं जग्राह श्री कुमारपालमहीपालः श्रीमदर्हद्देवतासमक्षम् जिनमण्डन कृत कुमारपाल प्रबन्ध. આ સંબંધમાં મોહપરાજયં નામનો રૂપક ગ્રન્થ યશઃપાલ મંત્રીએ ૧૨૨૯ ને ૧૨૩૩ વચ્ચે રચ્યો તે પ્રકટ થયો છે.ગા.ઓ.સી.નં.૯.

૨૯૬. કુમારપાલની યાત્રાનું વર્ણન લીંમડી ભંડારમાં એક છૂટક કથાની જૂની પ્રતમાં આપ્યું છે. તેમાં જણાવ્યું છે કે તે યાત્રામાં રાણા ભૂ(ભો)પલ દેવી, પૂત્રી લીલૂ, દોહિત્રીઓ પ્રતાપમલ્લ, ઉદયનસુત વાગ્ભટ્ટ (બાહડ) પરમાર કર્પદિ રાજા, પાલણપુર વસાવનાર રાજા સણ? (પાલ્હણ-પ્રલ્હાદન), ષડ્ભાષા ચક્રવર્ત્તી શ્રીપાલ રાય-નાગ શેઠ સુત આભડ, છન્નુ લક્ષાધિપતિ છાડાક અને ઘણા કોટિધ્વજ શેઠ સાથે હતા. (પ્રો. રવજીભાઈએ કરેલી લીં. ભ. ની ટીપ-જૈન. શ્વે. કૉન્ફસન્સ ઓફિસ). ગિરનાર અને શેત્રુંજયની એક યાત્રાનું વર્ણન કુમારપાલ પ્રતિબોધમાં છે.

૨૯૭. જુઓ કુમારપાલ પ્રતિબોધમાં તેનું ટુંક વર્ણન-અષ્ટાપદ સમાન ૨૪ જિનાલયથી રમણીય, સુવર્ણ ધ્વજદંડોવળું ચંદ્રકાંતમય, પાર્શ્વનાથની મૂલ પ્રતિમાવાળું ને તે ઉપર સોના રૂપા તથા પીતળની અન્ય અનેક પ્રતિમાવાળું હતું. વળી આ મંદિરનું વિસ્તારપૂર્વક વર્ણન કુમારવિહાર શતકમાં રામચંદ્રગણિએ કર્યું છે તે જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૭૫. આવી રીતે માત્ર જિનમંદિરો બંધાવીનેજ અટકી ન જતાં કુમારપાલ શ્રદ્ધાલુ શ્રાવકની પેઠે નિરંતર જિનપૂજા કરતો એટલું જ નહિ પણ જૈન ધર્મનો મહિમા પ્રગટ કરવા માટે અષ્ટાહ્નિકા મહોત્સવ વગેરે જૈન ઉત્સવો પણ ઠાઠથી ઉજવતો. એ મહોત્સવો પ્રતિવર્ષ, ચૈત્ર અને આશ્વિન માસના શુક્લ પક્ષના છેલ્લા આઠ દિવસોમાં પાટણનાં મુખ્ય અને પ્રસિદ્ધ 'કુમારવિહાર'નામના મંદિરમાં કરવામાં આવતા. ચૈત્ર અને આશ્વિનની પૂર્ણિમાંના દિને સાંજે રથ યાત્રાનો વરઘોડો દરબારના આડંબર સહિત તેમજ રાજજનો મંત્રી વ્યાપારી આદિ સમેત કઢાતો. આવી રીતે રાજા પોતે કરતો અને પોતાના તાબાના બીજા માંડલિક રાજાઓ પાસે પણ તેવી રીતે કરાવતો. તેના હુકમથી બધા માંડલિક રાજાઓએ પોતપોતાના નગરોમાં 'કુમવિહારો' બંધાવ્યા હતા, અને તેમની અંદર આવા આવા મહોત્સવ હંમેશા કરતા કરાવતા હતા.

૩૭૬. આ પૈકી ઘણાં ખરાં મોટા ભવ્યમંદિરો ત્યાર પછી ના અજયપાલના અને મુસલમાનના સમય-રાજ્યમાં તૂટી ગાયાં છે. પરંતુ તે પૈકી ઉપરોક્ત તારંગાનું ભ. અજિતનાથનું ભવ્ય મંદિર (સોમસુંદર સૂરિના સમયમાં સંઘપતિ ગોવિંદના શુભ પ્રયાસથી જીર્ણોદ્ધૃત થઇ) હજુ મોજુદ છે. કુમારપાલે આબૂ ઉપર ભ. મહાવીરનું મંદિર બંધાવ્યું હતું, તે પણ અત્યારે પ્રાયઃ વિદ્યમાન છે.[૨૯૯] વળી તેણે 'કુમાર-વિહાર'નામનું જ સુંદર મંદિર જાલોરના કાંચનગિરિગઢ ઉપર સં.૧૨૨૧માં બંધાવ્યું તે હાલ મોજુદ છે, કે જે તેણે સદ્‌વિધિના પ્રવર્ત્તન માટે વાદિદેવસૂરિના પક્ષને સમર્પ્યું.[૩૦૦] ગૂજરાતમાં પોતાના માંડલિક

---

૨૯૮. પોતે જૈન થયો તે પહેલાં માંસ ભોજનમાં પોતે બહુ આસક્ત હતો તેના પ્રાયશ્ચિત્ત તરીકે કુમારપાલે ત્રિભુવન વિહાર અને ૩૨ બીજાં જિનવિહારો કરાવ્યાં તે બાબતનો ઉલ્લેખ મોહપરાજય નાટક પૃ. ૯૩ અને ૯૫ પર છે.

૨૯૯. कुमारपालभूपालचौलुक्यकुल चंद्रमाः। श्री वीरचैत्यमस्योच्चैः शिखरे निरमीमपत् ॥ - જિનપ્રભસૂરિ અર્બુદકલ્પ

આ અચલગઢ જતાં ૩ મૈલ પર ઓરીઆ (ઓરિસા) ગામની સડકની ડાબી બાજુએ અર્ધા મૈલને છેટે આવેલા જૈનમંદિર હાલ છે તે પ્રાયઃ હોઇ શકે-મુનિ કલ્યાણવિજયનો **'આબૂના શિલાલેખો'** એ પરનો લેખ.

૩૦૦. જુઓ જિનવિજય ૨, નં.૩૫૨. આ લેખ પર સમાલોચના કરતાં શ્રી જિનવિજય કથે છે કે "કુમારપાલના સમયમાં તેમજ તેની પૂર્વે ઘણાં લાંબા સમયથી શ્વેતાંમ્બર સંપ્રદાયમાં ચૈત્યવાસી યતિ વર્ગનું ઘણું જોર જામેલું હતું. તે યતિઓએ જૈન મંદિરોને, મધ્યકાલના બૌદ્ધ વિહારો-મઠોના જેવા આકાર-પ્રકારમાં ફેરવી દીધાં હતાં. રાજામહારાજાઓ અને સત્તધારી શ્રાવકો-મહાજનો તરફથી મંદિરોના નિભાવ ખર્ચે જે ગામોનાં ગામો આપવામાં આવતાં, તેમની સઘળી વ્યવસ્થા એ ચૈત્યવાસી યતિવર્ગ કરતો અને જમીનની ઉપજનો ઉપભોગ પણ એ જ વર્ગ સ્વેચ્છાપૂર્વક કરતો હતો.જૈન આચારને નહિ છાજે તેવી રીતભાતો પણ એ ચૈત્યાલયોમાં ચાલતી હતી. આવી પરિસ્થિતીના પરિણામે ધીરે ધીરે જૈન ધર્મ પણ બૌદ્ધ ધર્મની માફક નિર્વાણ દશાને પ્રાપ્ત થશે કે શું એવો ભય કેટલાક વિદ્વાન અને વિચારવાન્ યતિ વર્ગને ઉત્પન્ન થયો અને તેમણે પોતાની નિર્બળતાનો ત્યાગ કરી શુદ્ધ જૈનાચારનો સ્વીકાર કર્યો. આ લેખમાં વર્ણવેલાં વાદિ દેવસૂરિનો યતિસમૂહ પણ તેવોજ શુદ્ધાચારી હતો. જેમ જેમ આવા શુદ્ધાચારીઓની સંખ્યા વધતી ગઇ અને તેઓ ચૈત્યવાસીઓની શિથિલતા-આચારહીનતાનો પ્રગટપણે વિરોધ કરતા ગયા તેમ તેમ બંને વર્ગોમાં પરસ્પર ભેદભાવની વૃદ્ધિ થવા લાગી અને પરિણામે વાદવિવાદની વૃદ્ધિ થઇ શત્રુભાવ જણાવા લાગ્યો. ચૈત્યવાસીઓ કે જેમની સંખ્યા અને સમાજમાં લાગવગ ઘણી પ્રબળ હતી તેઓ આ નવીન ઉત્પન્ન થયેલા વિરોધી વર્ગનો દરેક રીતે બહિષ્કાર કરતા કરાવતા, પોતાની સત્તા નીચે રહેલા જૈન મંદિરોમાં તેમને પ્રવેશતા અટકાવતા, અને વધારે જોર ચાલતું ત્યાં ગામમાં પણ રહેવા માટે કનડતા. સિદ્ધરાજ અને કુમારપાલના રાજ્યકાલમાં આ સ્થિતિમાં ઘણોક ફેરફાર થયો હતો, તો પણ કેટલાક જૂનાં અને પ્રધાન મંદિરોમાં હજી પણ તેવી જ સ્થિતિ ચાલતી હતી. આ જ કારણને લઈને કુમારપાલે પોતાના બંધાવેલા આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામન્ત રાજાઓના રાજ્યમાં અમારિ ઘોષણા કરી જીવહિંસા બંધ કરી.[૩૦૧] નાના મોટા ૧૪૦૦ મંદિરો બંધાવ્યાં, તેથી ધર્મ સાધના સાથે શિલ્પકલાનો વિકાસ સાધ્યો.૨૧ જ્ઞાન-ભંડારો કરાવ્યા.જુઓ પા૨૩૮૮.

૩૭૭. કુમારાપાલ નિર્વિકાર દષ્ટિ રાખી પોતાની રાણી સિવાય સર્વ સ્ત્રીને મા બહેન સમજતો મહારાણી ભોપલદેવીના મૃત્યુ પછી આ જન્મ બ્રહ્મચર્યનું પાલન કર્યું. રાજ્યલોભથી પરાઙ્મુખ રહ્યો મદ્યપાન તથા માંસ ને અભક્ષ્ય પદાર્થોનું ભક્ષણ કરતો નહોતો. દીન દુઃખી અને અર્થીને નિરંતર દાન આપતો ગરીબ અને અસમર્થ શ્રાવકોના નિર્વાહ માટે દરવર્ષ લાખો રૂપિયા ખર્ચતો. લાખો રૂપિયા ખર્ચ કરી જૈન શાસ્ત્રોનો ઉદ્ધાર કરાવ્યો.

૩૭૮. કુમારપાલે અનાથ અને અસમર્થ શ્રાવક આદિ જનોના ભરણપોષણ અર્થે એક સત્રાગાર બંધાવ્યું કે જેની અંદર વિવિધ જાતના ભોજનો અને વસ્ત્રાદિ તેના આર્થિઓને આપવામાં આવતાં હતાં. તેમજ તે સત્રાગારની પાસેજ એક પૌષધશાલા બંધાવી કે જેની અંદર રહીને ધર્માર્થી જનો ધર્મધ્યાન કરીને પોતાનું જીવન શાંત રીતે વ્યતીત કરી શકે. સત્રાગાર અને પૌષધશાલાનો કારભાર ચલાવવા માટે શ્રીમાલ વંશીય નેમિનાગના પુત્ર અભય કુમારની યોજના કરી હતી.તે શ્રેષ્ઠી બહુ સત્યવ્રત, દયાશીલ, સરલસ્વભાવ અને પરોપકારપરાયણ હતો. તેની આવા પુણ્યદાયક કાર્ય ઉપર થયેલી યોગ્ય નિમણુંકને જોઈ કવિ સિદ્ધપાલે રાજાની યોગ્ય પ્રશંસા કરી હતી. ('કુમારપાલ પ્રતિબોધ').

૩૭૯. એકંદરે એક અંગ્રેજ વિદ્વાન્(ટૉડ)ના શબ્દોમાં 'કુમારપાલે જૈન ધર્મનું ઘણી ઉત્કૃષ્ટતાથી પાલન કર્યું અને સમસ્ત ગુજરાતને એક આદર્શ જૈન-રાજ્ય બનાવ્યું'.

૩૮૦. તેના જૈન ધર્મના સ્વીકારથી તેના પુરોહિતો કે જે નાગર બ્રાહ્મણો હતા તેમણે પુરોહિતાઈ છોડી નહોતી.[૩૦૨] કુમારપાલ સાથે અન્ય રાજ્યવંશોનો સંબંધ પણ પૂર્વવત્ સારો રહ્યો હતો. કુમારપાલ પોતાના ગુરૂ શ્રી હેમચંદ્રાચાર્યના મૃત્યુ પછી છ મહિને સં.૧૨૩૦માં ૮૦ વર્ષનું આયુષ્ય ભોગવી સ્વર્ગસ્થ થયો.

જાવાલિપુરનાં 'કુંવરવિહાર' નામના મંદિરને શુદ્ધાચારી દેવાચાર્યના સમુદાયને સમપર્ણ કર્યું હોય તેમ જણાય છે, કે જેથી વીતરાગભાવ પ્રાપ્ત કરવા-કરાવવા માટે બંધાયેલા એ દેવસ્થાનનો બીજાં મંદિરોની માફક જાગીર તરીકે ઉપભોગ ન થાય અને તે દ્વારા આચારહિનતાને ઉત્તેજન ન મળે ભાવુક યતિવર્ગને, ચૈત્યવાસીઓની સત્તા નીચે રહેલા દેવમંદિરોમાં દેવદર્શન જવામાટે જે હરકતો અને કનડગતો થતી, તે દૂર કરવા માટે તે વખેતે નવીન ચૈત્યો ઠેકાણે ઠેકાણે તૈયાર થયા હતા, એને તેમને 'વિધિ ચૈત્ય' કહેવામાં આવતાં હતાં આ લેખમાં વર્ણવેલું 'કુમારવિહાર' ચૈત્ય પણ તેમાનું જ એક ગણાવું જોઇએ'' પૃ.૨૪૮-૪૯ વળી જુઓ સં.૧૨૩૦ના 'વિધિચૈત્ય'નો લેખ જિ.૨.નં.૩૭૮.

૩૦૧. आज्ञावर्षितु मण्डलेषु विपुलेष्वष्टादशस्वादरा-दब्दान्येव चतुर्दश प्रसृमरां मारीं निवार्यौजसा ।
कीर्तिस्तम्भनिभांश्चतुर्दशशती संख्यान्विहारांस्तथा-कृत्वा निर्मितवान् कुमारनृपति र्जैनो निजैनोव्ययम् ॥

-પોતાના વશવર્તી અઢાર માંડલિકોના મોટા દેશોમાં ફેલાયેલી હિંસાને ચૌદ વર્ષ સુધી પોતાના ઓજસ-બલવડે નિવારીને-દૂર કરીને કીર્ત્તિસ્થંભ જેવા ચૈદસો મોટા વિહારો (જૈનમંદિરો) બનાવીને જૈન કુમારનૃપતિએ પોતાના પાપનો નાશ કર્યો.

૩૦૨ અમે ગુર્જરેશ્વર પુરોહિત સોમેશ્વર દેવના 'સુરથોત્સવ' કાવ્ય પરથી જણાય છે. ઓઝ્ર રા૦ ઇ.પ્રથમ ભાગ પૃ.૧૧૪ ટિપ્પણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૮૧. તેના રાજ્યની કેટલીક ઘટનાઓ નોંધીએઃ- સં.૧૨૦૧ માં આબુપરની વિમલવસહીની ભમતીમાં તેના મૂલસ્થાપક વિમલ મંત્રીના મોટાભાઈ નેઢના પુત્ર મંત્રી લાલિગના પુત્ર મંત્રી મહિં દુકના પુત્ર મંત્રી દશરથે નેમિનાથના બિંબની પ્રતિષ્ઠા કરી. સં.૧૨૦૪માં તે વિમલમંત્રીના મોટા ભાઈ નેઢના બીજા પુત્ર ધવલના પુત્ર આનંદના પુત્ર પૃથ્વીપાલ મંત્રીએ તે પ્રસિદ્ધ વિમલવસહિ નામના મંદિરનો ઉદ્ધાર કર્યો[૩૦૩] તે વખતે ધનેશ્વરસૂરિશિષ્ય શ્રીચંદ્રસૂરિ હાજર હતા.

૩૮૨. મેડતા પાસેના ફલવર્દ્ધિપુર (ફલોધી)ના પારસ શ્રાવકે ત્યાં નીકળેલી પાર્શ્વનાથની મૂર્તિ માટે વાદિદેવસૂરિના કહેવાથી એક પ્રસાદમાં તે બિંબની પ્રતિષ્ઠા કરી[૩૦૪]

૩૮૩. આ ઉપરોક્ત પૃથ્વીપાલ અને દશરથ કુમારપાલના મંત્રિઓ હતા.ઉપરાંત તેના રાજ્યમાં સિદ્ધરાજના જૈન મંત્રિઓ કાયમ હતા. ઉદયન મંત્રીને તેણે માહામાત્ય બનાવ્યો, તેને સૌરાષ્ટ્ર જીતવા મોકલ્યો હતો અને ત્યાં સં.૧૨૦૫ કે ૧૨૦૮ માં તેનું અવસાન થયું તે મંત્રીના પુત્ર અંબડ દંડનાયકે કોંકણનાં કદંબવંશીય રાજા મલ્લિકાર્જુન પર બીજી સવારી કરી જય મેળવ્યો હતો અને તેથી કુમારપાલે તેને 'રાજપિતામહ'ની પદવી આપી હતી.[૩૦૫] ઉદયનનો જયેષ્ઠ પુત્ર વાગ્ભટ્ટ(બાહડ)યોદ્ધો હતો, તેમજ તે સાહિત્યનિપુણ હતો એમ તેણે વાગ્ભટ્ટાલંકાર નામનો ગ્રંથ રચ્યો ગણીએ[૩૦૬] તો અવશ્ય કહી શકાય. તેને કુમારપાલે 'સકલ રાજકાર્ય વ્યાપારમાં અમાત્ય' બનાવ્યો હતો, ને ઉદયન પછી તેનું 'મહામાત્ય' પદ વાગ્ભટ્ટને અપાયું હતું અને કુમારપાલના અંત સુધી તે એ પદ પર પ્રતિષ્ઠિત રહ્યો હતો.[૩૦૭]

૩૮૪. મહામાત્ય બાહડ (સં.વાગ્ભટ્ટ) કુમારપાલના રાજ્યમાં પોતાના પિતા ઉદયનમંત્રીની ઇચ્છાનુસાર શત્રુંજય પરનું મુખ્યમંદિર[૩૦૮] કે જે લાકડાનું હતું તે જીર્ણ થવાથી તથા તે બળી જાય તેવો ભય ટાળવાના હેતુથી તેનો ઉદ્ધાર કરવા તેનું પાક્કા પત્થરનું મંદિર બંધાવ્યું. એ ત્રણ વર્ષમાં તે તૈયાર થયું, પછી તે મંત્રીએ પાટણથી મોટો સંઘ કાઢી ઘણું દ્રવ્ય ખર્ચી સુપ્રસિદ્ધ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિના હાથે[૩૦૯]

---

૩૦૩. ત્યાંનો શિલાલેખ-જુઓ મુનિ કલ્યાણવિજયનો **'આબુના જૈન શિલાલેખો'**એ લેખ 'જૈન તા. ૯-૧૦-૨૭ પૃ. ૭૦૭

૩૦૪. ઉપદેશસપ્તતિકા-સપ્તમ ઉપદેશ.

૩૦૫. પ્રબંધચિંતમણી, સુકૃતસંકીર્ત્તન, વસન્તવિલાસ જુઓ.

૩૦૬. વાગ્ભટ્ટાલંકારનો કર્તા વાગ્ભટ્ટ તે સોમનો પુત્ર હતો ને તેણે જયસિંહના રાજ્યમાં તે રચ્યો એમ કવચિત્ જણાયું છે. (જુઓ પારા ૩૨૦) {*જુઓ ટિ. ૨૬૩*}

૩૦૭. જુઓ જયસિંહકૃત કુમારપાલચરિત અને જિનમંડનકૃત કુમારપાલ પ્રબન્ધ. શ્રી જિનવિજયનું અવલોકન **પ્રાચીન લેખસંગ્રહ** ભાગ ૨, પૃ.૮૯

૩૦૮. ગૂજરાતમાં પૂર્વકાલમાં ઘણું કરી લાડકાનાં મકાનો બંધાતાં હતાં. એનો નિર્ણય આ મંદિર સંબંધી મેરૂતુંગે 'પ્રબંધચિંતામણી'માં આપેલ વૃત્તાંતથી સ્પષ્ટ થાય છે. ગૂજરાતની પ્રાચીન રાજધાની વલભીનગરીના ધ્વંસાવશેષોમાં પત્થરનું કામ જરાપણ ઉપલબ્ધ નથી તે પરથી પુરાત્ત્વજ્ઞોનું એવું માનવું છે કે આ દેશમાં પહેલા લાકડાં અને ઈંટનાંજ મકાન બંધાવાતાં હતાં.

૩૦૯. જુઓ પ્રબંધચિંતામણી;પણ પ્રભાવક ચરિતમાં સં.૧૨૧૩નો સંવત્ આપ્યો છેઃ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં. ૧૨૧૧માં ત્યાં અનુપમ પ્રતિષ્ઠા કરાવી તેમાં એક કરોડ અને સાઠ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો.[૩૧૦]

૩૮૫. તે જ પ્રમાણે દંડનાયક **અંબડે** ભરૂચમાં **શકુનિકાવિહાર** (**મુનિસુવ્રત** સ્વામિનું ચૈત્ય) નામના પ્રસિદ્ધ અને પ્રાચીન તીર્થનો ઉદ્ધાર કરી ભવ્ય જૈનમંદિર બંધાવ્યું ને તેમાં **હેમચંદ્રસૂરિએ** પ્રતિષ્ઠા કરી.[૩૧૧]

૩૮૬. ઉદયન મંત્રીના ત્રીજા પુત્ર **વાહડને** 'રાજઘરટ્ટ'નું બિરૂદ મળ્યું હતું,(**પ્ર.ચિં**) અને ચોથા પુત્ર **સોલ્લાકને** સત્રાગાર પર નિયત કરવામાં આવ્યો હતો અને તેને 'સામંતમંડલીસત્રાગાર'નું બિરૂદ અપાયું હતું (**જિનમંડન કુ.પ્ર.પૃ.૭૬**) **વા**હડ.(? બાહડ)નો પુત્ર **કુમારસિંહ કુમારપાલનો** કોષ્ઠાગારાધિપતિ -કોઠારી હતો. (જુઓ **જિ.ર** અવલોકન પૃ. ૮૪ થી ૯૬).

૩૮૭. શ્રીમાલી-જૈન **રાણિગના** પુત્ર **આમ્રદેવને કુમારપાલે** સૌરાષ્ટ્રનો દંડનાયક નીમ્યો હતો અને તે **આમ્રદેવે** (અંબાકે) સં. ૧૨૨૨ માં ગિરનાર પર પદ્યા-પાજ કરાવી હતી એટલે પગથીઆં બંધાવ્યાં હતાં.[૩૧૨]

૩૮૮. કુમારપાલે એકવીસ જ્ઞાનભંડાર સ્થાપ્યાની તથા પોતાના રાજકીય પુસ્તકાલય માટે જૈન આગમગ્રંથો અને આચાર્ય **હેમચંદ્રવિરચિત યો**ગશાસ્ત્ર-**વી**તરાગસ્તવની હાથપોથી સુવર્ણાક્ષરે લખાવ્યાની નોંધ **કુમારપાલ** પ્રબંધાદિમાં છે.[૩૧૩]

---

૩૧૦. જુઓ શ્રી **જિ**નવિજય સંપાદિત **શત્રુંજયતીર્થોદ્ધારપ્રબન્ધ**- નો ઉપોદ્ઘાત પૃ.૨૮

૩૧૧. જુઓ **સો**મપ્રભકૃત **કુ**મારપાલ પ્રતિબોધઃ 'વળી એક વાત જગપ્રસિદ્ધ છે કે- પૂર્વે **ભૃ**ગુકચ્છ(ભરૂચ)નગરમાં એક પક્ષિણી ગુરૂએ આપેલ નમસ્કારનું સ્મરણ કરીને મરણ પામી. તે **સિં**હલદ્વીપના રાજાની **સુ**દર્શના નામે પુત્રી થઇ, ત્યાં શ્રાવકે કહેલ નમસ્કાર સાંભળતાં તે જાતિસ્મરણ પામી, એટલે ભરૂચમાં આવી તેણે શ્રી **મુ**નિસુવ્રત સ્વામિનું 'શકુનિકા વિહાર' નામે ઉન્નત ચૈત્ય કરાવ્યું. ત્યા મેં(હેમચંદ્રે) પૂજ્ય ગુરૂ મહારાજની સાથે જઇ, તે જિનને વંદન કરી **અં**બડ દંડનાયકને આદેશ કર્યો, તેથી તે વિહારને તેણે નવું બંધાવ્યું-પુનરુદ્ધાર કર્યો' પૃ.૪૭૦, ભાષાંતર પૃ. ૪૩૬. વળી જુઓ **પ્ર**ભાવકચરિત હેમચંદ્રસૂરિ પ્રબંધમાં અંબડની હકીકત પૃ.૩૩૯-૪૦ શ્લોક ૭૨૩ થી ૭૬૩, તથા **પ્ર**બંધચિંતામણી.

૩૧૨. **રૈ**વતકલ્પ (**પ્રા**ચીન ગુર્જર કાવ્યસંગ્રહ પરિશિષ્ટ ૫)માં જણાવ્યું છે કે સં.૧૨૨૦મા સોરઠનાં દંડાધિપ શ્રીમાળી **અં**બડે(આમ્રભટે)ગિરનાર પર પાજ કરાવી પણ સંવતમાં કંઈક ભૂલ લાગે છે કેમ કે તે આંબડે સં. ૧૨૨૨ અને ૧૨૨૩માં પાજ કરાવી એમ ગિરનાર પરના તે સાલના બે શિલાલેખો બતાવે છે. (નં.૫૦-૫૧ **પ્રાચીન જૈન લેખસંગ્રહ** ભાગ.૨) આ સંબંધમાં ઘટના એ થઇ કે કુમારપાલ સંઘસમેત શેત્રુંજયની યાત્રા કરી ગિરનાર તીર્થપર ગયો તે વખતે પર્વત પર ચઢવા બાંધેલો રસ્તો ન હોવથી પર્વત પર ચઢી ન શક્યો ને તીર્થપતિ નેમિનાથનાં દર્શન ન કરી શક્યો તથી ખેદ થતાં પાસેના સભાસદોને પૂછ્યું કે પર્વત પર ચઢવા પાજ કોણ બંધાવી શકે તેમ છે? ત્યારે મહાકવિ **સિ**દ્ધપાલે ઉક્ત આમ્ર(અસલ નામ આબંડ યા આંબાક)નું નામ આપ્યું તેથી કુમારપાલે તેને સુરાષ્ટ્રાધિપતિ બનાવ્યો ને તેણે તે કાર્ય પૂર્ણ કર્યું. જુઓ **સો**મપ્રભસૂરિનો સં.૧૨૪૧ માં રચેલ **કુ**મારપાલ **પ્રતિબોધ**. શકુનિકાવિહારનો આંબડે ઉદ્ધાર કર્યો તે બીજો ઉદ્ધાર કહી શકાય, કારણકે તેની પહેલાં આર્ય **ખ**પટના વંશમાં થયેલ **વિ**જયસૂરિએ ઉક્ત મુનિસુવ્રત સ્વામિના ચૈત્યનો ઉદ્ધાર પ્રથમ કરાવ્યો હતો. જુઓ તે સૂરિનો પ્રબંધ-**પ્ર**ભાવકચરિત.

૩૧૩. **जिनागमाराधनतत्परेण राजर्षिणा एकविंशतिः ज्ञानकोशाः कारापिताः । एकादशांग द्वादशोपांगादि सिद्धान्तप्रतिरेका सौवर्णाक्षरैर्लेखिता । योगशास्त्र वीतरागस्तवद्वात्रिंशत्प्रकाशाः सौवर्णाक्षरा हस्तपुस्तिकायां लेखिताः । सप्तशतलेखका लिखंति ॥** કુ. પ્ર. પૃ. ૯૬-૯૭. ઉપદેશ તરંગિણીમાં ૨૧ જ્ઞાનકોશ સ્થાપ્યાનું જણાવ્યું નથી, કિંતુ જિન આગમની સાત પ્રતિઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

---

તથા આ. હેમચંદ્રકૃત ગ્રંથોની એકવીસ પ્રતિઓ લખાવ્યાનું જણાવ્યું છે.:-

શ્રી કુમારપાલેન સપ્તશતલેખકપાર્શ્વાત્ ૬ લક્ષ ૩૬ સહસ્રાગમસ્ય સપ્ત પ્રતયઃ સૌવર્ણાક્ષરાઃ શ્રી હેમાચાર્ય પ્રણીત વ્યાકરણ ચરિત્રાદિ ગ્રંથાનામેકવિંશતિઃ પ્રતયો લેખિતાઃ ॥ પત્ર ૧૪૦ ॥

સ્વ. સાક્ષર શ્રી ચીમનલાલ ડાહ્યાભાઇ દલાલે **'પાટણ ભંડારો'** એ નામના લેખમાં જણાવ્યું હતું: 'ગૂજરાતના મહારાજા કુમારપાલ કે સિદ્ધરાજના સમય પહેલા જૈન ભંડારો હતા કે નહિ, હતા તો ક્યાં હતા તેની માહિતી મળી શકતી નથી, છતાં જૈન ગ્રંથો તો વિક્રમની છઠી સદીમાં લખાયા હતા (દેવર્ધિગણિના સમયમાં) એ નિર્વિવાદ છે અને તે હિંદપર અનેક વિદેશી હુમાલાઓ થયા હતા તેથી છઠ્ઠા, સાતમા, આઠમા સૈકામાં બૌદ્ધોનું જોર, કુમારિલ ભટ્ટ અને ત્યાર પછી શંકરાચાર્યાનો ઉદ્‌ભવ આરબોનું સને ૭૧૨માં સિંધ દેશનું જીતી લેવું વગેરે અનેક કારણોથી અગ્નિ, જલ અને જંતુઓને વશ થઇ ઘણે ભાગે નાશ પામ્યા હતા. ત્યાર પછી 'કુમારપાલે' ૨૧ ભંડારો અને રાજા વીરધવલના પ્રસિદ્ધ મંત્રી વસ્તુપાલે ૧૮ ક્રોડના ખર્ચે મોટા ત્રણ ભંડારો સ્થાપેલા હતા, પરંતુ અત્યંત દિલગીરીની વાત છે કે આ મહત્ત્વના ભંડારોનું એક પણ પુસ્તક પાટણના ભંડારોમાં જોવામાં આવતું નથી. આના કારણનાં ઉત્તરમાં જણાય છે કે કુમારપાલની ગાદીએ આવનાર અજયપાલ જૈનો અને જૈનધર્મનો એટલો દ્વેષી બન્યો હતો કે જૈન સાહિત્યનો નાશ કરવામાં તેણે પોતાની બધી કોશિશ કરી હતી. આથી ઉદયન નામના જૈન મંત્રી(ના પુત્ર આમ્રભટ્ટ) તથા બીજાઓ તે સમયે પાટણથી ભંડાર ખસેડી જેસલમેર લઇ ગયા હતા. જેસલમેરમાં તાડપત્રોની નકલો મુખ્ય કરીને પાટણમાંની છે'' 'લાઇબ્રેરી મિસેલેની'-જુલાઇ-અક્ટોબરની સને ૧૯૧૫ પૃ.૨૫. આ હકીકતના પુરાવા માટે જુઓ તેની તૈયાર કરેલી 'જેસલમેર સૂચી' (ગા.ઓ.સીરીઝ).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદ્માસદ્મ કુમારપાલનૃપતિર્જજ્ઞે સ ચન્દ્રાન્વયી, જૈનં ધર્મમવાપ્ય પાપશમનં શ્રી હેમચન્દ્રાદ્ ગુરોઃ ।
નિર્વીરાધનમુજ્ઝતા વિદધાતા દ્યૂતાદિનિર્વાસનં, યેનૈકેન ભટેન મોહનૃપતિ ર્જિગ્યે જગત્કંટકઃ ॥

જે લક્ષ્મીનું નિવાસ્થાન છે. એવો ચંદ્રવંશી કુમારપાલ જન્મ્યો કે જે એકજ વીરે શ્રી હેમચંદ્ર ગુરૂ પાસેથી પાપનું શમન કરનારો જૈન ધર્મ પ્રાપ્ત કરીને અપુત્રનું ધન છોડી દઈ અને દ્યૂતાદિને દેશવટો આપીને જગત્ના કંટક એવા મોહરાજાને જીત્યો. -યશઃપાલકૃત મોહરાજપરાજય.

આગમદુર્ગમપદસંશયાદિ તાપો વિલીયતે વિદુષામ્ । યદ્ વદનચદંનરસૈ ર્મલયગિરિઃ સ જયાદ્ યથાર્થઃ ॥

જેના વચનરૂપી ચંદન રસથી વિદ્વાનોના આગમના દુર્ગમપદના સંશયાદિ તાપો લય પામે છેતે યથાર્થનામા મલયગિરિ જય પામો.-ક્ષેમકીર્ત્તિસૂરિની બૃહત્કલ્પ ટીકા.

૩૮૯. **સાહિત્ય-પ્રવૃત્તિ** પ્રત્યે દૃષ્ટિ ફેંકતા શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય અગ્રપદ ભોગવે છે; તેમના જીવન વગેરે સંબંધમાં પછીનાં બે પ્રકરણમાં જોઈશું. તેમનાં સમકાલીન સહવિહારી **મલયગિરિ**બહુ જબરા સંસ્કૃત ટીકાકાર થયા. મલયગિરિએ પોતાની અનેક કૃતિઓમાં પોતાના કંઈ પણ પરિચય કે રચ્યા સંવત્ પણ આપેલ નથી, પણ અમુકમાં 'કુમારપાલ રાજ્યે' એમ જણાવ્યાથી તેમજ પોતાના શબ્દાનુશાસન વ્યાકરણમાં 'અરૂણત્ કુમારપાલોઽરાતીન્' એ ઉદાહરણ આપેલ છે તેથી કુમારપાલના સમયમાં મુખ્યપણે થયા એમ ગણી શકાય. તેમણે મુખ્યપણે આગમો પર ટીકા રચી તે આ પ્રમાણેઃ- આવશ્યક બૃહદ્વૃત્તિ (જે૦;), ઓઘનિર્યુતક્તિવૃત્તિ (જે; દે.લા.નં૫૦)જ્યોતિષ્કરંડ ટીકા (જે;કી.૨,નં ૩૭૮ પ્ર૦ ઋ૦ કે૦ રતલામ;) નન્દી ટીકા[૩૧૪](જે;પી.૩,૩૫ અને ૩૩ આ૦ સમિતિ નં.૧૬ અને નં. ૪૪), પિંડનિર્યુક્તિ વૃત્તિ (જે; દે. લા. નં. ૪૪) પ્રજ્ઞાપનાવૃત્તિ, (જે; પી. ૩, ૧૦૦ આ૦ સમિતિ નં. ૧૯ અને ૨૦), બૃહત્કલ્પ પીઠિકા(જે.), ભગવતી દ્વિતીય શતકવૃત્તિ, રાજપ્રશ્નીયવૃત્તિ(જે.),

૩૧૪. નંદી ટીકામાં મલયગિરિએ શાકટાયન સંબંધી ઉલ્લેખ કર્યો છે કે શાકટાયનો ઽપિ યાપનીયયતિગ્રામાગ્રણિઃ સ્વોપજ્ઞશબ્દાનુશાસનવૃત્તાવાદૌ ભગવતઃ સ્તુતિમેવમાહ આ પરથી શાકટાયન અને તેના વ્યાકરણ નો પત્તો લાગે છે ને તેમનો કાલનિર્ણય કરવામાં સરળતા મળે છે.શ્રી જિનવિજયનો લેખ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષાવશ્યકવૃત્તિ, વ્યવહાર સૂત્રવૃત્તિ (તાડપત્ર રી૦ ૧૮૭૨-૭૩ નં.૧૩૧-૩૨; તાડપત્ર રી૦ ૧૮૮૧-૮૨ નં. એ ૧૩; જે૦; પી. ૨, ૧૩; પી. ૩, ૬૭ અને ૧૫૭ {*સં. માણેકમુનિ, મુદ્રિત*}), અને સૂર્યપ્રજ્ઞપ્તિવૃત્તિ (જે; પી. ૩, ૧૭૩ આ૦ સમિતિ નં. ૨૪) રચી; વળી આગમ સિવાયના ગ્રંથો જિનભદ્રક્ષમાશ્રમણકૃત ક્ષેત્રસમાસ પર ટીકા (જે૦ તાડપત્ર કી. ૨,૧૬; વે૦ નં. ૧૫૮૯-૯૧ પ્ર૦ જૈન ધ. સભા.), કર્મપ્રકૃતિ એ શિવશર્મસૂરિકૃત ૪૧૫ ગાથાના પ્રાચીન કર્મગ્રંથ પર ટીકા-કે જેમાં પંચસંગ્રહ અને ચંદ્રમહત્તરની ટીકા, અનુયોગદ્વાર ચૂર્ણિ અને વિશેષણવતીનો પોતે ઉલ્લેખ કર્યો છે (પી. ૩, ૪૯; કી. ૨, નં, ૩૯૭ વે૦ નં.૧૫૮૭ પ્ર૦ જૈન ધ૦ સભા તથા દે૦ લા૦ નં. ૧૭) ધર્મસંગ્રહણી ટીકા (દે. લા. નં. ૩૯ અને ૪૨) {*અજિતશેખર વિ.ના ગુજ. અનુ. સાથે પ્ર. દિવ્ય દર્શન*}) ધર્મસાર ટીકા, ચંદ્રર્ષિમહત્તરકૃત પંચસંગ્રહ પર વૃત્તિ (જે૦) ષડશીતિ વૃત્તિ, (પા૦ સૂચિ નં. ૫૫) સપ્તતિકા (છઠો કર્મગ્રંથ) પર ટીકા (પી. ૩, ૭૧; પી. ૪, ૧૨૮; તાડપત્ર કી. ૨, ૪૭) આદિ ટીકા રચી છે. સ્વતંત્ર ગ્રંથમાં મુષ્ટિ વ્યાકરણ એ નામનું શબ્દાનુશાસન ૬૦૦૦ શ્લોક પ્રમાણ (તાડપત્ર કી. ૨, ૫૪; પા. સૂચિ નં ૫૪ {*સં. પં. બેચરદાસ પ્ર. લા.દ. વિદ્યામંદિર*}) રચ્યું છે. (જે૦ સૂચિ પ્ર૦ પૃ.૨૦) આ મલયગિરિએ તત્ત્વાર્થ ભાષ્ય પર વ્યાખ્યા પણ રચી હતી. એમ તેમની પ્રજ્ઞાપના વૃત્તિમાં પદ ૧૫ પૃ. ૨૯૮ મળતા ઉલ્લેખ તેમજ તેના જેવા બીજા ઉલ્લેખો પરથી માન્યતા બંધાયેલી છે. (પં. સુખલાલની તત્ત્વાર્થ પ્રસ્તાવના) તેમને સંગ્રહણી વૃત્તિ રચી છે. તે ઉપલબ્ધ છે.) {*આ ઉપરાંત રાજપ્રશ્નીય ઉપાંગ-ટીકા અને જીવાજીવાભિગમ ઉપાંગ ટીકા છપાઈ છે. ચંદ્રપ્રજ્ઞપ્તિ ઉપાંગ ટીકા મળે છે. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ ટીકા અને દેવેન્દ્રનરકેન્દ્ર પ્ર. અનુપલબ્ધ છે. ઉપરોક્ત ગ્રંથસૂચીમાં વિશેષા. ટીકા, ધર્મસાર ટીકા, ઓઘનિ. ટીકા તત્ત્વાર્થ ટીકા અનુપલબ્ધ છે. ઉપલબ્ધમાંથી ભગવતી ટીકા અને ચંદ્રપ્રજ્ઞપ્તિ ટીકા સિવાયના બધા ગ્રન્થો પ્રગટ થયા છે.*}

૩૯૦. કુમારપાલના રાજ્યાભિષેકના વર્ષમાં-સં ૧૧૯૯માં માઘ શુ.૧૦ ગુરુએ મંડલિપુરિ (માંડલ)માં કુમારપાલના રાજ્ય પ્રારંભમાં દશહજાર શ્લોકપ્રમાણ પ્રાકૃત સુપાર્શ્વનાથનું ચરિત્ર લક્ષ્મણ ગણિએ રચ્યું. (પં. હરગોવિન્દદાસ સંશોધિત પ્ર. જૈનવિવિધ સાહિત્યશાસ્ત્રમાલા અને ગૂ. ભાષા આ૦ સભા)તે કર્ત્તા મલધારી હેમચંદ્રસૂરિના શિષ્ય અને શ્રીચંદ્રસૂરિના ગુરુભાઈ થાય.

૩૯૧. સં. ૧૨૦૪ નાં જિનભદ્રે ઉપદેશમાલા કથા, સં.૧૨૦૭ માં ચંદ્રકુલના પ્રદ્યુમ્નસૂરિ શિષ્ય ચંદ્રસેને ઉત્પાદસિદ્ધિ નામનું પ્રકરણ સટીક (વ્યાકરણ સંબંધી પી.૩,૨૦૯), સં.૧૨૧૬માં નેમિચંદ્રે પ્રાકૃતમાં અનંતનાથચરિત, {*સં. પગારિયા પ્ર.લા.દ.વિ.*} સં.૧૨૨૬માં કનકચંદ્રે (?) પૃથ્વીચંદ્ર પર ટિપ્પણ, સં.૧૨૨૯ માં રવિપ્રભે શીલભાવના વૃત્તિ એમ અનેક અનેક ગ્રંથો રચ્યાં.

૩૯૨. ષડ્ભાષા ચક્રવર્તી મહાકવિ શ્રીપાલ સંબંધી અગાઉ આપણે જોઈ ગયા. (પારા નં. ૩૨૧) તેનો પુત્ર સિદ્ધપાલ પણ મહાકવિ હતો. તેના વસતિગૃહમાં મોટા મોટા વિદ્વાન જૈન સાધુ-આચાર્યો નિવાસ કરતા હતા. તે કુમારપાલ રાજાનો પ્રીતિપાત્ર અને શ્રદ્ધેય સુહૃદ હતો અને તેની પાસેથી તે રાજા શાંતિદાયક નિવૃત્તિજનક વ્યાખ્યાન કોઈ કોઈ વખત સાંભળતો હતો. આવું એક આખ્યાન તેની વસતિમાં જ રહી સં. ૧૨૪૧માં સોમપ્રભસૂરિએ પૂરા કરેલા કુમારપાલ પ્રતિબોધ નામના ગ્રંથમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે કવિ સિદ્ધરાજ જયસિંહ, કુમારપાલ અને મૂલરાજની રાજસભામાં એટલે સં.૧૨૧૧ થી ૧૨૫૦ સુધી વિદ્યમાન હતો.[૩૧૫]

૩૯૨-ક. કુમારપાલના રાજ્યમાં અનેક ગ્રંથોની પ્રતો તાડપત્ર પર લખાઈ; તે પૈકી નીચેની જેસલમેરના ભંડારમાં ઉપલબ્ધ છેઃ- સં૧૨૦૧માં ભૃગુકુચ્છમાં હરિભદ્રકૃત ન્યાયપ્રવેશટીકાની (જે.૪) શાલિભદ્રકૃત સંગ્રહણીવૃત્તિની (જે.૨૦), તથા પ્રમાલક્ષણની (જે.૧૭), સં.૧૨૦૨માં રામચંદ્ર અને ગુણચંદ્ર વિરચિત સ્વોપજ્ઞ દ્રવ્યાલંકાર ટીકાની (જે.૧૧), સં. ૧૨૦૫માં કાવ્યકલ્પલતાવિવેકની (જે.૨૨), સં. ૧૨૦૬માં હૈમલઘુવૃત્તિની (જે.૧૪), સં.૧૨૦૭માં રુદ્રપલ્લીય સમાવાસમાં ગોવિંદચંદ્રના રાજ્યમાં વાસવદત્તાની (જે.૫), સર્વધરકૃત સ્યાદ્યન્તક્રિયાની (જે. ૫) તથા પલ્લી (પાલી)નો ભંગ થતા ત્રુટિત રહેલ અભયદેવકૃત પંચાશક વૃત્તિની અજયમેરુમાં (જે. ૬), સં.૧૨૧૨માં વિમલસૂરિના શિષ્ય ચંદ્રકીર્તિગણિએ ધર્મઘોષસૂરિના મુખમાંથી નીકળેલા સિદ્ધાંતનાં વિષયો જેમાં એકઠા કર્યા છે એવા સિદ્ધાંતવિચાર-સિદ્ધાંતોદ્ધારની (પી.૧,૩૩) તથા અજયમેરુ(અજમેરમાં) વિગ્રહરાજના રાજ્યમાં હરિભદ્રકૃત ઉપદેશપદ પરથી વર્ધમાનસૂરિ કૃત ટીકાની (જે. ૭) સં. ૧૨૧૫માં રાજાનક મમ્મટ અને અલકની કૃતિ નામે કાવ્યપ્રકાશની કુમારપાલ રાજ્યે અણહિલ પાટણમાં (જે. ૧૮) સં.૧૨૧૬માં રાજશેખરકૃત કાવ્યમીમાસાની અને અજયમેરુમાં કવિરહસ્યવૃત્તિની (જે.૫) સં.૧૨૨૨માં પુષ્પમાલાની (જે. ૩૨); સં. ૧૨૨૫માં અણહિલ પાટકમાં કુમારપાલરાજ્યે મહામાત્ય કુમરસીંહના સમયમાં શાંતિસૂરિકૃત પ્રા૦ પૃથ્વીચંદ્રચરિત્રની (જે.૧૭) અને વટપદ્રકમાં રત્નાવતારિકાની (જે.૧૮) સં.૧૨૨૬માં મંડલીમાં શ્રીચંદ્રસૂરિકૃત નંદી દુર્ગપદ વ્યાખ્યાનની (જે.૨૩). અને સં.૧૨૨૭માં કુમારપાલરાજ્યે વાધૂયનના મંત્રીપદે વિષયદંડાજયપથકમાં પાલાઉદ્રગામે શીલાચાર્યકૃત મહાપુરિસચરિયની (જે.૩૯) લખાઈ. વળી જુઓ પારા ૩૯૮, અને ૪૦૦.

૩૯૩. ચંદ્રગચ્છના સર્વદેવસૂરિના સંતાનીય જયસિંહસૂરિના શિષ્ય દેવેન્દ્રસૂરિના શિષ્ય શ્રીચંદ્રસૂરિ થયા. તેમણે અણહિલવાડપુર(પાટણ)માં કર્પૂર પટ્ટાધિપ પુત્ર સોમેશ્વરના ઘરની ઉપરની ભૂમિમાં વસતિસ્થાન રાખી તેના કુટુંબીઓની પ્રાર્થનાથી સં.૧૨૧૪માં આસો વ.૭ બુધવારે સનત્કુમારચરિત્ર પ્રાકૃત આઠ હજાર શ્લોક પ્રમાણમાં રચ્યું. તેની પ્રથમ પ્રતિ હેમચંદ્રગણિએ લખી. કર્ત્તાએ છેવટે પોતાના ગુરુભાઈઓ નામે યશોભદ્રસૂરિ, યશોદેવસૂરિ, શ્રીચંદ્રસૂરિ અને જિનેશ્વરસૂરિનાં નામ આપેલા છે. (આની તાડપત્રની પ્રત પા. ભં. માં છે પં. લાલચંદનો સિદ્ધરાજ અને જૈનો એ લેખ જૈન તા.૨૦-૫-૨૮ પૃ. ૩૭૬) આ ગ્રંથમાં કર્ત્તાએ પ્રારંભમાં કવિપ્રશંસા કરતાં હરિભદ્રસૂરિ, સિદ્ધમહાકવિ અભયદેવસૂરિ,

૩૧૫. જુઓ સોમપ્રભસૂરિકૃત શતાર્થ કાવ્ય શ્લોક ૯૮, વળી આ કવિકુટુંબના સંબંધમાં જુઓ શ્રી જિનવિજયની દ્રૌપદી સ્વયંવર નામે સિદ્ધપાલના પુત્ર કવિ વિજયપાલ રચિત નાટકની પ્રસ્તાવના(પ્ર૦ આ૦ સભા) સિદ્ધપાલ માટે સોમપ્રભસૂરિના સુમતિનાથ ચરિત અને કુમારપાલ પ્રતિબોધની પ્રાયઃ એક પ્રકારની પ્રશસ્તિમાં શ્રીપાલ સંબંધી કહી પછી જણાવ્યું છે કે :-

सूनुस्तस्य कुमारपालनृपतिप्रीतेः पदं धीमता-मुत्तंसः कविचक्रमस्तकमणिः श्री सिद्धपालोऽभवत्।
यं व्यालोक्य परोपकारकरूणासौजन्यसत्यक्षमा-दाक्षिण्यैः कलितं कलौ कृतयुगारम्भो जनै र्मन्यते ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધનપાલ, દેવચંદ્રસૂરિ, શાંતિસૂરિ, દેવભદ્રસૂરિ અને મલધારી હેમચંદ્રસૂરિની કૃતિઓનું સ્મરણ કરી તેમની ગુણસ્તુતિ કરી છે.

૩૯૪. આ સમયમાં રાજગચ્છીય અભયદેવસૂરિ-ધનેશ્વર-અજિતસિંહ-વર્ધમાન-શીલભદ્ર-ભરતેશ્વર-વૈરસ્વામિના શિષ્ય નેમિચંદ્રસૂરિ થયા તેણે હિંદુદાર્શનિક કણાદનાં મતનું-વૈશષિક મતનું ખંડન કર્યું હતું.[૩૧૬]

૩૯૫. દુર્લભરાજ નામનો પ્રાગ્વાટ વણિક તે મૂળ ભીમદેવરાજાના 'વ્યયકરણ પદામાત્ય' જાહિલના પુત્ર મહત્તમ નરસિંહનો પુત્ર હતો. તે દુર્લભરાજ કવિ હતો અને કુમારપાલે તેને મહત્તમ(મ્હેતો પ્રધાન) કરેલો હતો.[૩૧૭] તે કવિ-મંત્રિએ સં.૧૨૧૬માં સામુદ્રિકતિલક નામના સામુદ્રિક પર ગ્રંથની રચના કરી કે જેમાં તેના પુત્ર જગદેવે સમર્થન કર્યું. (વે.નં. ૪૦૧ લીં૦ દા.૨૭નં. ૬૭)

૩૯૬. ચંદ્રગચ્છીય (રાજગચ્છીય) અભયદેવસૂરિ-ધનેશ્વર-અજિતસિંહ-વર્ધમાન-ચંદ્રપ્રભ-ભદ્રેશ્વરસૂરિ શિષ્ય હરિભદ્રાચાર્યથી (આચાર્યપદને) પ્રાપ્ત થયેલા જિનચંદ્રસૂરિના શિષ્ય વિજયસિંહસૂરિ થયા તેમણે ઉમાસ્વાતિ વાચકના રચેલા જંબૂદ્વિપ સમાસ પર વિનેયજનહિતા ટીકા (પ્ર૦ સત્યવિજય ગ્રંથમાલા નં. ૨) સં ૧૨૧૫માં શરદ્ઋતુમાં પાલીમાં સાહાર શ્રેષ્ઠિના ઘરમાં રહિને રચી હતી, તેમાં પોતાના ગુરૂ તરિકે વર્ધમાનસૂરિ શિષ્ય જિનચંદ્રગણિને પણ કર્ત્તાએ સ્વીકાર્યા છે. આ જિનચંદ્રના શિષ્યો સર્વદેવ, પ્રદ્યુમ્ન અને યશોદેવસૂરિઓ હતા. (કાં. વડો નં.૧૧૬). જૈન ગ્રંથાવલીમાં જણાવેલ જિનભદ્રગણિના ક્ષેત્રસમાસ પર વિ. સં. ૧૨૧૫માં ત્રણ હજાર (?) શ્લોક પ્રમાણ વૃત્તિ રચનાર વિજયસિંહસૂરિ આ સૂરિથી ભિન્ન વ્યક્તિ કદાચ નહિં હોય.[૩૧૮]

૩૯૭. વડ-બૃહદ્ ગચ્છમાં થયેલા જિનચદ્રસૂરિના બે શિષ્ય નામે આંબ(આમ્ર)દેવસૂરિ (જુઓ પારા નં. ૩૫૪) અને શ્રીચંદ્રસૂરિ તેઓ પૈકી શ્રીચંદ્રસૂરિના શિષ્ય હરિભદ્રસૂરિ થયા. તે ગૂર્જર રાજધાની પાટણમાં ઘણો કાલ રહ્યા જણાય છે, અને રાજમંત્રીઓ સાથે વિશેષ પરિચય તેમનો હતો, એ પણ સ્પષ્ટ છે. સિદ્ધરાજ અને કુમારપાલ બંને રાજવીના મહામાત્ય મંત્રી પૃથ્વીપાલની પ્રાર્થનાથી આ આચાર્યે ચોવીસે જૈન તીર્થંકરોના ચરિત્ર પ્રાકૃત અપભ્રંશાદિ ભાષામાં રચ્યાં હતાં-તેમાંના ચન્દ્રપ્રભ ચરિત્ર મલ્લિનાથ ચરિત્ર અને નેમિનાથ ચરત્રિ {*નેમિનાહચ. ભા. ૧-૨ સં. ભાયાણી પ્ર.લા.દ.વિ.*} એ ત્રણ હજુ સુધી પાટણમાં ઉપલબ્ધ થયાં છે, કે જેટલાનું શ્લોક પ્રમાણ ૨૪૦૦૦ છે. આ હિસાબે ચોવીસે

---

૩૧૬. षट्तर्कीललनाविलासवसति श्चंचत्तपोहर्ष्यति-स्तत्पट्टोदयचंद्रमाः समजनि श्री नेमिचंद्रप्रभुः ।
निःसमान्यगुणैर्भुवि प्रसृमरैः प्रालेयशैलोज्ज्वलै र्य श्चक्रे कणभोजिनो मुनिपतेर्व्यर्थं मतं सर्वतः ॥
–માણિક્યચંદ્રકૃત પાર્શ્વચરિતને કાવ્યપ્રકાશ સંકેતની પ્રશસ્તિ પી.૧૬૦ અને ૩૨૧, ડૉ.સતીસચંદ્રનો ન્યાયશાસ્ત્ર ઈતિ. પૃ.૪૦.

૩૧૭. श्रीमान् दुर्लभराजस्तदपत्यं बुद्धिधाम सुकविरभूत् ।
यं श्री कुमारपालो महत्तमं क्षितिपतिः कृतवान् ॥ -सामुद्रिकतिलक.

૩૧૮. પંડિત લાલચંદનો 'સિદ્ધરાજ અને જૈનો' એ નામનો લેખ જૈન તા. ૨૨-૧-૨૮ પૃ.૬૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનનાં ચરિત્રોનું શ્લોક પ્રમાણ લગભગ બે લાખ થાય. નેમિનાથ ચરિત્ર અપભ્રંશ ભાષામાં જ રચાયેલું છે ને તે સં.૧૨૧૬ ના કાર્તિક શુ.૧૩ સોમે પાટણમાં પૂર્ણ થયું છે, કે જેનું શ્લોકપ્રમાણ ૮૦૩૨ છે, (જે.પૃ.૨૭-૨૮; પ્ર૦ ડા૦ યાકૉબી સંપાદિત જર્મની.) આમાંના ચંદ્રપ્રભ ચરિત્રની તાડપત્રની સં.૧૨૨૩ની લખાયેલી પ્રત પાટણમાં-સંઘવીના પાડાના ભંડારમાં મોજૂદ છે. તથા કાં. વડો. માં તેની પ્રત છે. તેમાં તથા મલ્લિનાથ ચરિત્ર (હં. ભં. વડોદરા)ની પ્રાંતે પૃથ્વીપાલ મંત્રીની પ્રશસ્તિ આપી છે તે પરથી ગૂજરાતના જૈન મંત્રીવંશની ઘણી હકીકતો મળી આવે છે.[૩૧૯] મલ્લિનાથ ચરિત્ર પ્રાકૃતમાં છે ને તે ત્રણ પ્રસ્તાવનામાં છે ને તેમાં સર્વદેવગણિએ કર્ત્તાને સહાય આપી હતી (તેની પ્રત કસ્તુરસાગર ભં. ભાવનગરમાં છે).

૩૯૮. તાડપત્ર પર સં. ૧૨૧૭માં યશોદેવકૃત ચંદ્રપ્રભચરિત્ર (ર.સં.૧૧૭૮ જે. ૩૩) લખાયું અને સં.૧૨૧૮માં કુમારપાલ રાજ્યે યશોધવલના અમાત્યપણામાં કલ્પચૂર્ણિ અણહિલપાટકમાં જિનભદ્રાચાર્ય માટે તાડપત્ર પર લખાઇ (ભાં.ઇ.માં છે.કી ૧૮૮૦-૮૧,૧૦). સં ૧૨૧૮માં તાડપત્ર પર લખાયેલી દેવનાગના શિષ્ય શ્વેતપાટચાર્ય ગોવિંદકૃત કર્મસ્તવ ટીકાની પ્રત પાટણ ભંડારમાં છે.[૩૨૦]

૩૯૯. ૧૨૨૧(?) માં પદ્મપ્રભસૂરિએ[૩૨૧] ભુવનદીપક નામનો જ્યોતિષનો ગ્રંથ રચ્યો કે જેનું બીજું નામ ગ્રહભાવપ્રકાશ છે.

૪૦૦. ભદ્રેશ્વરસૂરિના શિષ્ય શાન્તિસૂરિના શિષ્ય અભયદેવસૂરિના શિષ્ય પરમાનન્દસૂરિએ પ્રાચીન છ કર્મગ્રંથ પૈકી પહેલા કર્મગ્રંથ નામે ગર્ગર્ષિકૃત કર્મવિપાક પર સંસ્કૃત વૃત્તિ ૯૨૨ શ્લોકપ્રમાણ રચી.[૩૨૨] પરમાનન્દસૂરિ અને ચક્રેશ્વરસૂરિના સદુપદેશથી વડ્ડાવલ્લિમાં કુમારપાલ દેવરાજ્યે -શ્રી કુમારપાલદેવ પ્રસાદાસ્પદ શ્રી ધારાવર્ષ નરેન્દ્ર રાજ્યે જ્ઞાતા ધર્મકથાંગની રત્નચૂડ કહા (દેવેન્દ્રગણિકૃત) સં.૧૨૨૧માં તાડપત્ર પર લખાઇ (પી.૩ પૃ ૬૯-૭૦). કર્મવિપાકના વૃત્તિકાર જ આ પરમાન્દસૂરિ હશે, આથી તેમનો સમય નિશ્ચત થાય છે. તે જ વર્ષમાં હેમાચાર્યકૃત સિદ્ધહૈમલઘુવૃત્તિની તાડપત્ર પર લખેલી પ્રત પાટણ ભંડારોમાં છે. (પા.સૂચિ નં.૨૭).

૪૦૧. આ સમયમાં પ્રસિદ્ધ હેમચંદ્રસૂરિના શિષ્ય(ગુરુ નહીં) દેવચન્દ્ર મુનિએ ચંદ્રલેખા વિજય પ્રકરણ {*સં. પ્રદ્યુમ્ન વિ. પ્ર. શા. ચી. એ. સેંટર*}નામનું પંચાકી નાટક 'કુમારવિહારમાં મૂલનાયક પાર્શ્વજિનની વામ બાજુએ રહેલા શ્રીમદ્ અજિતનાથદેવના વસંતોત્સવ પર કુમારપાલની પરિષદ્ના

૩૧૯. એજન જૈન તા. ૨૯ - ૭ - ૨૮. પૃ. ૫૭૦ અને ૧૨ - ૮ - ૨૮ પૃ. ૬૦૯: જુઓ તેમની જે૦ પ્રસ્તાવના પૃ. ૪૮.

૩૨૦. ૧૨૧૮ને બદલે સં.૧૨૮૮ની તાડપત્રની પ્રત 'સટીકા ચત્વારઃ પ્રાચીનાઃ કર્મગ્રંથાઃ'ની પ્રસ્તાવનામાં બતાવી છે. (પી.૫, ૫૩)

૩૨૧. આ સૂરિ વાદિ દેવસૂરિ શિષ્ય હતા એમ નાગોરી તપાગચ્છની પટ્ટાવલીમાં જણાવ્યું છે તેમના આ ભુવનદીપક ગ્રંથ માટે જુઓ વે. નં ૩૭૨, અને તે પર સં.૧૩૨૬માં સિંહતિલકસૂરિએ વૃત્તિ રચી છે. એક પદ્મપ્રભસૂરિએ સં.૧૨૯૪માં મુનિસુવ્રત ચરિત્ર રચ્યું છે. પી. ૩, ૩૦૨.

૩૨૨. આની તાડપત્રની પ્રત સં.૧૨૨૮ ની મળી આવે છે. (ચાર પ્રાચીનકર્મગ્રંથની પ્રસ્તાવના, પા. સૂચિ.નં.૧૯).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિત્તપરિતોષ માટે' રચ્યું હતું ને ત્યાં ભજવાયું પણ હશે. અર્ણોરાજનું મન્થન કરવામાં કુમારપાલનું વીરત્વ સૂચવવા માટેનું આ પ્રશંસાત્મક નાટક છે. આ કવિને તેમા શેષ ભટ્ટારકે સાન્નિધ્ય-સહાય આપી હતી, (જે. પ્ર.૬૪) આ નાટિકામાં નાયિકા ચંદ્રલેખા વિદ્યાધરી છે. વળી આ દેવચંદ્રગણિએ માનમુદ્રાભંજન નામનું એક બીજું નાટક સનત્કુમાર ચક્રવર્તિ તથા વિલાસવતીનાં સંબંધ ઉપર રચેલું પરંતુ તે હજુ ઉપલબ્ધ નથી. {*'ચિત્ર ચિંતામણિ' રચ્યાનો ઉલ્લેખ ચંદ્રલેખા પ્ર. શ્લો. ૧૧માં છે.*}

૪૦૨. સં.૧૨૨૨માં મલધારી હેમચંદ્રસૂરિની આવશ્યક પરની પ્રદેશવ્યાખ્યા પર તેમના શિષ્ય શ્રીચંદ્રસૂરિએ ટિપ્પણ રચ્યું (પી.૨,૩, પી.૩,પૃ.૧૪) (તેમના અન્ય ગ્રંથો માટે જુઓ અગાઉ પારા ૩૫૭-૩૫૯) સં.૧૨૨૪ માં મૂલ એટલે પૌ૦ ધર્મઘોષસૂરિના શિષ્ય વિમલગણિકૃત દર્શનશુદ્ધિ પ્રકરણ પરની વૃત્તિનો ઉદ્ધાર તે વિમલગણિના શિષ્ય દેવભદ્રસૂરિએ બૃહદ્વૃત્તિ રચીને કર્યો કે જેમાં પોતાના શિષ્ય શાન્તિભદ્રે સહાય કરીને જેનો પ્રથમાદર્શ મુનિપ્રભે લખ્યો તે બૃહદ્વૃત્તિની પ્રત તાડપત્ર પર લખાઇ (પા. સૂચિ નં.૫. તથા નં.૩૦).

૪૦૩. પ્રસિદ્ધ વાદિ દેવસૂરિ સં. ૧૨૨૬માં ભદ્રેશ્વરસૂરિને ગચ્છભાર સોંપી સ્વર્ગસ્થ થયા.(પ્ર.ચ.)

૪૦૪. **મુનિરત્નસૂરિ**– તેઓ ચંદ્ર-પૌર્ણમિક ગચ્છના સમુદ્રઘોષસૂરિ (જૂઓ ટિપ્પણ નં ૨૪૫) ના શિષ્ય હતા. તેમણે ઉજ્જયિનીમાં મહાકાલના દેવાલયમાં નરવર્મા રાજાની સભામાં વિદ્યાશિવ વાદીને હરાવ્યો હતો. તેમણે 'બાલકવિ' એ બિરુદવાળા જગદેવમંત્રીની વિનતિથી ભવિષ્યમાં થનારા તીર્થંકર અમમસ્વામિનું ચરિત્ર સં.૧૨૨૫ માં (દ્વિપંચદિનકૃત વર્ષે) પત્તનમાં રચ્યું કે જેનો પ્રથમાદર્શ ગૂર્જરવંશના ઉદયરાજ મંત્રીના વિદ્વાન પુત્ર સાગરચંદ્રે લખ્યો અને જે નૃપાક્ષ પટલાધ્યક્ષ[૩૨૩] કુમાર કવિ સંશોધ્યું. પછી મુનિરત્નસૂરિએ તે પત્તનમાં જ શાંતિનાથના મંદિરમાં સભા સમક્ષ તેને વાંચી સંભળાવ્યું કે જેમાં વૈયાકરણ શ્રી પૂર્ણપાલ, યશઃપાલ, જગદેવ બાલકવિ, આદિ હતા. પી. ૩,૯૦ {*પ્ર. મણિ વિ. ગ્રં.*} તે સૂરિએ અંબડ ચરિત્ર કે જેમાં અંબડ ક્ષત્રિય તથા તેની પુત્રીઓની ઉત્પત્તિ કેમ થઈ તેનું વર્ણન છે. અને મુનિસુવ્રત ચરિત્ર (પી. ૩,૧૪૪) પણ સંસ્કૃતમાં રચ્યાં છે.

૪૦૫. ઉક્ત જગદેવ તે ચૌલુક્ય રાજાના વારાહી નામની નગરીમાં વસતા કોશાધિપ (ખજનચી) નામે શ્રીમાલકુલના યશોધવલનો પુત્ર હતો. તેને 'બાલકવિ' એ બિરુદ હેમચંદ્રાચાર્યે આપ્યું હતું. પહેલા જૈનધર્મથી વિરુદ્ધ ચાલનાર શ્રાવકોને શિક્ષા આપવા માટે ધર્મઘોષસૂરિએ (મુનિરત્નના પ્રગુરુ) સોળ શ્રાવકો નિમ્યા હતા. તેમાં જગદેવ મુખ્ય હતો.[૩૨૪] તેણે કુમારપાલ ભૂપતિના મહામૌહૂર્તિક શ્રી

---

૩૨૩. રાજ્યના આય-વ્યયના હિસાબ રાખનારૂં કાર્યાલય તે 'અક્ષપટલ' કહેવાતું અને તેનો અધિકારી 'અક્ષપટલિક, અક્ષપટલાધીશ' કહેવાતો. જુઓ ઓઝાજીકૃત ભારતીય પ્રાચીન લિપી-માલા પૃ.૧૫૨, ટિપ્પણ ૭અને૮.

૩૨૪. बालत्वे स्वकवित्वरंजितहृदः श्री हेमसूरेर्मुखात् द्वैतीयीकमवाप बालकविरित्युद्दाम सन्नाम यः ॥
प्राक् चक्रे किल धर्मघोषगणभृद् यान् षोडश श्रावकान्, गच्छे स्वे व्रतिनां जिनागमविधिं व्यालुंपतां शासकान् ।
धर्मस्थीय विशारजो नयपटु विद्याब्धि पारंगम स्तेष्वप्येष यथावशेष विबुधानुल्लंघ्य वाग्मुख्यंतां ॥
અમમચરિત્ર પી.૩,૯૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રુદ્રનો પુત્ર ભટ્ટ સૂદન કે જે વિપ્ર હતો છતાં પણ જૈનગુરુના બોધથી સુશ્રાવક જેવો થયો હતો તેની સાથે જિનશાસનની ઉન્નતિ અર્થે ઘણું ધન ખર્ચ્યું હતું.(પી.ડ.૯૬-૯૭)

૪૦૬. સં.૧૨૨૮માં સિદ્ધાંતિક યક્ષદેવ શિષ્ય પાર્શ્વનાગે ગંભૂતમાં જંબૂ નામના શ્રાવકના જિનાલયમાં તેની સહાયથી શક ૮૨૬માં રચેલી શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર વૃત્તિ તાડપત્ર પર લખાવી (પાટણ સૂચિ).

૪૦૭. **સોમપ્રભસૂરિ**- એ એક સુપ્રસિદ્ધ અને સુજ્ઞાત જૈન વિદ્વાન થયા. 'તેઓ ગૃહસ્થાવસ્થામાં પ્રાગ્વાટ (પોરવાડ) જાતિના વૈશ્ય-વણિક હતા. પિતાનું નામ **સ**ર્વદેવ અને પિતામહનું નામ **જિ**નદેવ હતું. જિનદેવ કોઇક રાજાનો મંત્રી હતો અને તે પોતાના સમયમાં બહુ પ્રતિષ્ઠિત પુરુષ હતો. **સો**મપ્રભે કુમારવસ્થામાં જ જૈન દીક્ષા લઇ તીવ્ર બુદ્ધિના પ્રભાવે સમસ્ત શાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ કરી આચાર્યપદવી પ્રાપ્ત કરી. તેમની તર્કશાસ્ત્રમાં અદ્‌ભુત પટુતા, કાવ્ય વિષયમાં ઘણી ત્વરિતતા અને વ્યાખ્યાન આપવામાં બહુ કુશલતા હતી.'

૪૦૮. ગુરુ પરંપરામાં તેઓ બૃહદ્‌ગચ્છના **સ**ર્વદેવસૂરિ-**ય**શોભદ્ર-**મુ**નિચંદ્રસૂરિ (પારા ૩૩૨ થી ૩૩૪) અને **મા**નદેવ-**અ**જિતદેવ-**વિ**જયસિંહસૂરિના શિષ્ય થાય.

૪૦૯. સોમપ્રભસૂરિની કૃતિઓ ચાર જાણવામાં છે.૧ **સુ**મતિનાથ ચરિત્ર-એ જૈનધર્મના પાંચમા તીર્થંકર સુમતિનાથનુ ચરિત્ર મુખ્યતઃ પ્રાકૃત ભાષામાં છે, એન તેમાં જૈન ધર્મના સિદ્ધાન્તોનો બોધ આપતી પુરાણકથાઓ કલ્પિત છે. તેની શ્લોક સંખ્યા સાડાનવ હજાર ઉપર છે. તેની રચના કુમારપાલ રાજ્યમાં થયેલી પોતે જણાવી છે. (પા.ભં. { *સં. રમણીક શાહ પ્ર. પ્રા. ગ્રં. ૫.*})૨ **સૂ**ક્તિમુક્તાવલી-૧૦૦ પદ્યનો પ્રકીર્ણ સુભાષિત જેવો ગ્રંથ તેનું પ્રથમ પદ્ય '**સિ**ન્દુર પ્રકર' એવા વાક્યથી શરૂ થતું હોવાથી તે નામ પણ તેમજ **સો**મશતક એ નામ પણ તેને અપાય છે. તે **ભ**ર્તૃહરિના **ની**તિશતકની શૈલીમાં રચાયેલો છે અને અહિંસા, સત્ય, અસ્તેય, શીલ સૌજન્ય આદિ વિષયો પર સંક્ષિપ્ત પરંતુ હૃદયંગમ રીતે તેમાં વિવેચન કરેલું છે. તેની રચના સરલ, સરસ અને સુબોધ છે તેનાં કેટલાંક પદ્યો તેમની કૃતિ નામે **કુ**મારપાલ પ્રતિબોધમાં પણ મૂકેલા છે. આ ગ્રંથ મુદ્રિત થયો છે. ૩- **શ**તાર્થ કાવ્ય[૩૨૫] આ ગ્રંથ કર્ત્તાનાં સંસ્કૃત ભાષા સંબંધિ પાંડિત્યનું પ્રકટ કરે છે. તે ગ્રંથ માત્ર એક વસંતતિલકા છંદ રૂપે છે.[૩૨૬] તેના જુદા જુદા સો અર્થ કરવામાં આવ્યા છે, ને તે પોતે જ ટીકા કરી બતાવ્યા છે. ટીકાના પ્રારંભમાં પાંચ શ્લોકોમાં વિવક્ષિત સોએ અર્થોની અનુક્રમણિકા આપી પછી ૨૪ જૈન તીર્થંકરોના અર્થો લખી, વચ્ચે **બ્ર**હ્મા, **ના**રદ, **વિ**ષ્ણુ આદિ વૈદિક દેવો વગેરેના અર્થો પણ આળેખ્યા છે અને

---

૩૨૫. જુઓ તેમનાં શતાર્થ કાવ્યની પ્રશસ્તિ-કુમારપાલ પ્રતિબોધની પ્રસ્તાવના પૃ.૧૪-૧૫માં.

૩૨૬. તે છંદ આ છે.

कल्याणसार सवितानहरेक्षमोह, कान्तारवारण समानजयाद्यदेव।

धर्मार्थकाममदमहोदयवीरधीर सोमप्रभाव परमागमसिद्धसूरे ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છેવટે પોતાના સમકાલીન એવા વાદી દેવસૂરિ અને હેમચંદ્રાચાર્ય જેવા જૈન મહાન્ ધર્મગુરુઓના; જયસિંહદેવ, કુમારપાલ, અજયદેવ અને મૂલરાજ જેવા ગૂજરાતના ક્રમિક ૪ ચૌલુક્ય રાજાઓના, કવિ સિદ્ધપાલ જેવા શ્રેષ્ઠ નાગરિકના અને અજિતદેવ તથા વિજયસિંહ નામે પોતાના ગુરુઓના અર્થો પણ અવતાર્યા છે. પછી પોતાનો અર્થ બેસાડ્યો છે. ને છેવટે કોઇ શિષ્યના મુખેથી પાંચ પદ્યોની પ્રશસ્તિ છે. આમાં અજયપાલ અને મૂલરાજ પર અર્થ બેસાડ્યો છે તે તેના સમયમાં પાછળથી બેસાડ્યો હોય, યા તો આખી કૃતિ મૂલરાજના સમયમાં થઇ હોય-એટલે તેની રચના તેના રાજ્યકાલમાં સં ૧૨૩૩ થી ૧૨૩૫ ની વચ્ચે થઇ હોય.

૪૧૦. ચોથો ગ્રંથ કુમારપાલ પ્રતિબોધ છે. તે કુમારપાલના મરણ પછી નવવર્ષે એટલે સં.૧૨૪૧-માં પાટણમાં કવિ સિદ્ધપાલની વસતિમાં પૂર્ણ કર્યો છે તે પ્રસિદ્ધ હેમાચાર્યના શિષ્ય મહેન્દ્રસૂરિએ તથા વર્ધમાનગણિએ અને ગુણચન્દ્ર ગણિએ સાંભળ્યો હતો. (કાં. છાણી. પ્ર. જિનવિજય સંપાદિત ગા. ઓ. સી. નં. ૧૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હેમ-યુગ

સં. ૧૧૬૨ થી સં ૧૨૨૯.

ક્લૃત્પં વ્યાકરણં નવં વિરચિતં છંદો નવ દ્વાયાશ્રયાઽલંકારૌ પ્રથિતૌ નવૌ પ્રકટિતૌ શ્રી યોગશસ્ત્રં નવમ્।
તર્કઃ સંજનિત નવો જિનવરાદીનાં ચરિત્રં નવં બદ્ધં યેન ન કે[ન કેન] વિધિના મોહઃ કૃતો દૂરતઃ॥

-જેમણે નવું વ્યાકરણ, નંવું છંદઃશાસ્ત્ર,નવું દ્વયાશ્રય, નવું અલંકારશાસ્ત્ર, નવું યોગશાસ્ત્ર, નવું તર્કશાસ્ત્ર, નવાં જિનચરિત્રો રચેલ છે.-નિર્મેલ છે, તેણે આ રીતે કરીને કઇ કઇ રીતે આપણો મોહ દૂર નથી કર્યો? અર્થાત્ ઘણી રીતે દૂર કર્યો છે.(**સોમપ્રભસૂરિકૃત શતાર્થકાવ્યની** ટીકા શ્લોક.૯૩)

વિદ્યાંભોનિધિમંથમંદરગિરિઃ શ્રી હેમચન્દ્ર ગુરુઃ।

-શ્રી હેમચંદ્ર ગુરુ વિદ્યારૂપિ સમુદ્રને મંથવા માટેનો મંદરગિરિરૂપ છે.(તેમના શિષ્ય દેવચંદ્રકૃત ચંદ્રલેખા નાટક)

સમ્યગ્જ્ઞાનનિધેર્ગુણૈરનવધેઃ શ્રી હેમચંદ્રપ્રભો-ર્ગ્રંથે વ્યાકૃતિકૌશલં વસતિ તત્ ક્વાસ્માદૃશાં તાદૃશં ॥

- સમ્યગ્જ્ઞાનના નિધિ અને ગુણો વડે અવધિ વગરના એવા શ્રી હેમચંદ્ર પ્રભુના ગ્રંથમાં જેવું વ્યાકૃતિનું કૌશલ છે તેવું અમારા જેવામાં ક્યાંથી હોય? (તેમના શિષ્ય **મહેન્દ્રસૂરિની અનેકાર્થ** કૈરવકૌમુદી)

નિસ્સીમ પ્રતિમૈકજીવિતધરૌ નિઃશેષભૂમિસ્પૃશાં પુણ્યૌઘેન સરસ્વતીસુરગુરૂ સ્વાંગૈકરૂપૌ દધત્ ।
યઃ સ્યાદ્વાદમસાધયન્ નિજવપુર્દૃષ્ટાન્તતઃ સોઽસ્તુ મે સદ્બુદ્ધ્યમ્બુનિધિપ્રબોધવિધયે શ્રી હેમચન્દ્રઃ પ્રભુઃ॥
યે હેમચન્દ્રં મુનિમેતદુક્તગ્રન્થાર્થસેવામિષતઃ શ્રયન્તે।
સંપ્રાપ્ય તે ગૌરવમુજ્વલાનાં પદં કલાનામુચિતં ભવન્તિ ॥ **-મલ્લિષેણ-સ્યાદ્વાદમંજરી.**

- જેણે સર્વ પૃથ્વીવાસીઓના પુણ્યરાશિને લઈને અસીમ પ્રતિમાથી એક જીવિત ધરનારા સરસ્વતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને સુરગુરુ બંનેને પોતાના શરીરમાં એક રૂપ કરીને ધારણ કરેલ છે એવા, અને સ્યાદ્વાદને સાધનારા શ્રી હેમચંદ્રપ્રભુ સદ્બુદ્ધિના સાગરને જાણવાની વિધિ માટે પોતાના શરીરના દૃષ્ટાંતરૂપ મને થાઓ.

-જેઓ આ ઉક્ત ગ્રંથના અર્થની આચરણા રૂપી મિષથી હેમચંદ્રમુનિનો આશ્રય લે છે તેઓ ગૌરવ પ્રાપ્ત કરીને ઉજ્જ્વલ કલાઓના ઉચિત સ્થાનરૂપ બને છે.

'सन्त्यन्ये कवितावितानरसिकास्ते भूरयः सूरयः, क्ष्मापस्तु प्रतिबोध्यते यदि परं श्री हेमसूरेर्गिरा ।
उन्मीलन्ति महामहांस्यपि परे लक्षाणि ऋक्षाणि वै, नो राकाशशिना विना बत भवत्युज्जागरः सागरः ॥'

કવિતાની વિશિષ્ટ રચના કરવામાં રસિયા એવા અન્ય સૂરિઓ ઘણા છે પણ શ્રી હેમસૂરિની વાણી કે જેનાથી એક રાજા પ્રતિબોધ પામે છે તે અનોખી છે. મોટા પ્રકાશવાળા બીજા તારાઓ લાખો ઊગે છે પણ પૂર્ણિમાના ચંદ્ર વગર સાગર વિશેષ જાગૃત થતો નથી-ઉલ્લાસ પામતો નથી. 'એક કવિ જિનમંડનકૃત કુ. પ્રબંધ પૃ.૫૭.

હેમચંદ્ર-વચનો

अकृत्रिमस्वादुपदां परमार्थाभिधायिनाम्। सर्वभाषापरिणतां जैनीं वाचमुपास्महे ॥

—काव्यानुशासननुं मंगलाचरण

भवबीजांकुरजनना रागाद्याः क्षयमुपागता यस्य । ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥

यत्र तत्र समये यथा तथा योसि सोऽस्यभिधया यया तया ।

वीतदोषकलुषः स चेद् भवानेक एक भगवन्नमोस्तु ते ॥

त्रैलोक्यं सकलं त्रिकालविषयं सालोकमालोकितं साक्षाद्येन यथा स्वयं करतले रेखात्रयं सांगुलि ।

रागद्वेषभयामयान्तकजरालोलत्वलोभादयो नालं यत्पदलंघनाय स महादेवो मया वन्द्यते ॥

ये विश्वं वेद विद्यं जननजलनिधे र्भंगिनः पारदृश्वा, पौर्वापर्याविरुद्धं वचनमनुपमं निष्कलंकं यदीयम्।

तं वंदे साधुवंद्यं सकलगुणनिधिं ध्वस्तदोषद्विषं तं, बुद्धं वा वर्धमानं शतदलनिलयं केशवं वा शिवं वा ॥

—वीतरागस्तुति.

—અકૃત્રિમ સ્વાદ (માધુર્ય) યુક્ત પદવાળી, પરમાર્થને કહેનારી, સર્વને ભાષારૂપે પરિણમનારી જિનોની વાણીનું અમે ઉપાસન કરીએ છીએ.

જેના ભવરૂપી બીજના અંકુરોને ઉત્પન્ન કરનારા રાગાદિ ક્ષય થઈ ગયા છે તે બ્રહ્મા હો, વિષ્ણુ હો અથવા જિન હો તેને નમસ્કાર છે.

ગમે તે સમયે ગમે તે અવસ્થામાં, ગમે તે નામથી આપ (પ્રખ્યાત) હો, પણ જો આપ દોષરૂપી કલંકથી મુક્ત હો તો ભગવાન્ ! આપને નમસ્કાર છે.

જેને આલોક (જ્યાં જીવની ગતિ નથી એવો પ્રદેશ) સહિતનો સકલ ત્રિલોક જેવી રીતે પોતાની મેળે આંગળીઓ સહિતની હથેલીની ત્રણ રેખા સાક્ષાત્ દેખાય છે તેમ સાક્ષાત્ ત્રણે કાલમાં દૃશ્યમાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે જેનાં પદનું ઉલ્લંઘન કરવામાં રાગ દ્વેષ ભય આમય (રોગ), જરા (વૃદ્ધાવસ્થા), લોલત્વ (ચપલતા), લોભ આદિ શક્તિમાન્ નથી એવા મહાદેવને હું વંદન કરૂં છું.

જે વેદ્ય જગત્ને જાણે છે, જેણે-ઉત્પત્તિ રૂપિ સમુદ્રની ભંગિઓની પાર જોયું છે, જેનું વચન પૂર્વાપર અવિરુદ્ધ, અનુપમ અને નિષ્કલંક છે, જે સાધુ પુરુષોને વંદ્ય છે, સકલ ગુણના ભંડાર છે, દોષ રૂપિ શત્રુ જેણે નષ્ટ કરી નાંખ્યા છે એવા તે **બુદ્ધ** હો, **વર્ધમાન** હો, સો પાંખડી પર રહેનાર **કેશવ**(વિષ્ણુ) હો કે **શિવ** હો તેને હું વંદું છું.

૪૧૧. 'ભારતવર્ષના પ્રાચીન વિદ્વાનોની ગણનામાં જૈન શ્વેતામ્બરાચાર્ય શ્રી **હેમચંદ્રસૂરિ**એ ઊંચુ સ્થાન પ્રાપ્ત કર્યું છે. સંસ્કૃત સાહિત્ય અને વિક્રમાદિત્યના ઈતિહાસમાં જે સ્થાન **કાલિદાસ**નું અને શ્રી **હર્ષ**ના દરબારમાં **બાણ** ભટ્ટનું છે, પ્રાયઃ તે જ સ્થાન ઈસ્વીસનની બારમી સદીમાં ચૌલુક્ય વંશી સુપ્રસિદ્ધ ગૂર્જર નરેન્દ્ર-શિરોમણિ **સિદ્ધરાજ જયસિંહ**ના ઈતિહાસમાં હેમચન્દ્રનું છે' [૩૨૭]વળી **કુમારપાલ**ના ઈતિહાસમાં તો તેમનું સ્થાન ગુરુશિષ્ય જેવું હતું.

૪૧૨. તેમનો જીવનકાલ **સિદ્ધરાજ** અને **કુમારપાલ**ના રાજ્યકાલમાં છે. બંનેમાં પોતાનો પ્રભાવ તેમણે બતાવ્યો છે તે પરથી **હૈમયુગ**ના બે ભાગ પાડવા હોય તો એક **સિદ્ધહેમ** અને બીજો **કુમારહેમ** પાડી શકાય; પણ તેમના ગ્રંથોની રચના સાલ તેમજ બીજી ઘટનાની સાલ બરાબર મળી શકે તેમ નથી તેથી અત્યારે પહેલાં તે પુરુષ-પુંગવની ટુંક જીવની આપી પછી તેમની સાહિત્યસેવા સંબંધી કહીશું. તેમની જીવની માટે ઘણ સાધન છે.(જુઓ ફુટનોટ નં ૨૮૯) પરન્તુ તે પૈકી તાત્કાલિક સાધન તેમના સમકાલીન **સોમ**પ્રભસૂરિના સં. ૧૨૪૧માં રચેલા **કુમારપાલ** પ્રતિબોધ નામના ગ્રંથમાં મળી આવતી કેટલીક છૂટીછવાઈ હકીકત છે તેનો સાર [૩૨૮] પ્રથમ આપણે લઈશું, કારણકે તે સૌથી વધારે વિશ્વસનીય સત્ય-યર્થાથ ગણાય.

૪૧૩. ગુરુપરંપરા- 'પૂર્વે પૂર્ણતલ્લ નામનાં ગચ્છમાં **શ્રીદત્ત**સૂરિ નામે એક આચાર્ય થઈ ગયા. તેઓ પરિભ્રમણ કરતાં એક વખત વાગડ દેશના **રયણ**પુર નામના ગામમાં ગયા. ત્યાં તે તે વખતે **યશોભદ્ર** કરીને એક રાજા રાજ્ય કરતો હતો, તે શ્રીદત્તસૂરિ પાસે આવી હંમેશા ધર્મબોધ સાંભળવા લાગ્યો શ્રીદત્તસૂરિ ત્યાં કેટલોક સમય રહી અન્યત્ર ચાલ્યા ગયા. પાછળથી રાજાને સંસાર ઉપર વિરક્તિ થઈ આવી અને તેથી તે બધો રાજ્યભાર છોડી શ્રીદત્તસૂરિ પાસે દીક્ષા લેવા નિકળી પડ્યો. સૂરિ તે સમયે 'ડિંડુઆણાપુર'માં રહેતા હતા તેથી રાજા ત્યાં ગયો. તેની પાસે એક બહુમૂલ્ય મુક્તાહાર હતો તેને વેચી તેના દ્રવ્યથી ત્યાં એક 'ચઉવીસ જિનાલય' નામે મોટું જૈન મંદિર બંધાવ્યું.[૩૨૯] અને પછી

---

૩૨૭ પંડિત **શિવદત્ત**શર્માનો **શ્રી હેમચંદ્ર** નામનો લેખ ના. પ્ર. પ. ૬,૪.

૩૨૮. જુઓ શ્રી જિનવિજયની તે ગ્રંથ (પ્ર.ગા.ઓ. સીરીઝ)ની પ્રસ્તાવના અને પ્રસ્તાવનાનું ગૂજરાતી ભાષાંતર **જૈન સાહિત્ય સંશોધક** ભાગ-૧ અંક-૨. પૃ. ૫૫-૬૮.

૩૨૯. ગ્રંથકાર **સોમ**પ્રભાચાર્ય આ ઠેકાણે જણાવે છે કે-તે ચઉવીસ જિનાલય' મંદિર આજે પણ એટલે ગ્રંથરચના સં. ૧૨૪૧માં ત્યાં (ડિંડુઆણાપુરમાં) વિદ્યમાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુ પણ લઈ શ્રીદત્તસૂરિનો શિષ્ય થયો. સાધુવ્રત લઈને તેણે અનેક પ્રકારનાં તપશ્ચરણો કર્યાં અને ઊંડો શાસ્ત્રાભ્યાસ કરી યશોભદ્રસૂરિ નામે આચાર્ય પદ પ્રાપ્ત કર્યું. આચાર્ય થયા પછી તેમણે લોકોને ધર્મોપદેશ આપવા જુદાં જુંદા સ્થળોમાં પરિભ્રમણ કર્યું. જ્યારે વૃદ્ધાવસ્થાના યોગે શરીર બહુ શિથિલ અને ક્ષીણપ્રાય થયું ત્યારે ઉજ્જયંત(ગિરનાર)તીર્થ ઉપર જઈ તેમણે અનશન વ્રત અંગીકાર કર્યું અને સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા તેમના શિષ્ય પ્રદ્યુમ્નસૂરિ થયા કે જેમણે 'ઠાણય પગરણ' (સ્થાનક પ્રકરણ) નામે ગ્રંથ રચ્યો. તેમના શિષ્ય ગુણસેનસૂરિ અને તેમના શિષ્ય દેવચંદ્રસૂરિ થયા. દેવચંદ્રસૂરિએ ઉક્ત પ્રદ્યુમ્નસૂરિ રચિત ઠાણય પગરણ પર ટીકા રચી છે તથા શાન્તિજિનચરિત્ર રચ્યું છે. (જુઓ પારા-૩૨૭)

૪૧૪. 'એ દેવચંદ્રસૂરિ ફરતા ફરતા એક વખત ધંધુકા નામે ગામમાં ગયા ત્યાં ચચ્ચ અને ચાહિણી નામે મોઢ જાતીય વણિગ્દંપતીનો ચંગદેવ નામે એક પ્રતિભાવાન્ બાલક તેમની પાસે આવવા લાગ્યો, અને નિરંતર તેમનો ધર્મબોધ સાંભળવા લાગ્યો. તેમના ઉપદેશથી પ્રબુદ્ધ થઈ બાલક ચંગદેવ તેમનો શિષ્ય થવા તૈયાર થયો, અને તેમની સાથે જ તે રહેવા-ફરવા લાગ્યો. ફરતા ફરતા દેવચંદ્રસૂરિ ખંભાતમાં આવ્યા, અને ત્યાં, તે બાલકના મામા નામે નેમિ દ્વારા ચચ્ચ અને ચાહિણીને સમજાવી-બુઝાવી, તેને દીક્ષા આપી અને ચંગદેવના બદલે સોમચંદ્ર નામ સ્થાપ્યું. અલૌકિક બુદ્ધિશાળી બાળક સાધુ સોમચંદ્ર થોડા જ સમયમાં સકળ શાસ્ત્રોનો અભ્યાસ કરી સમર્થ વિદ્વાન થયો અને ગુરૂએ તેની પૂર્ણ યોગ્યતા જોઈ હેમચંદ્ર એવા નવીન નામ સાથે તેને આચાર્યપદ પ્રદાન કર્યું. હેમચંદ્રાચાર્યની વિદ્વત્તાથી મુગ્ધ થઈ સિદ્ધરાજ જયસિંહ દેવ તેમના ઉપર બહુ ભક્તિભાવ ધરાવતો હતો, અને દરેક શાસ્ત્રીય બાબતના તેમની પાસે ખુલાસા મેળવી સંતુષ્ટ થતો હતો. તેમના ઉપદેશથી સિદ્ધરાજની જૈનધર્મ ઉપર પ્રીતિ થઈ હતી, અને તેના ઉપલક્ષમાં સિદ્ધરાજે 'રાયવિહાર' નામે એક જૈનમંદિર પાટણમાં, 'સિદ્ધવિહાર' નામે એક ૨૪ જિનપ્રતિમાવાળું મંદિર સિદ્ધપુરમાં બંધાવ્યું હતું. સિદ્ધરાજના કથનથી હેમચંદ્રાચાર્યે 'સિદ્ધહૈમ વ્યાકરણ' નામે સર્વાંગપૂર્ણ શબ્દશાસ્ત્ર બનાવ્યું હતું. તેમનો અમૃતોપમ ઉપદેશ સાંભળ્યા વિના સિદ્ધરાજને જરા પણ ચેન પડતું ન હતું.''

૪૧૫. હવે અન્ય સાધનોમાંથી જોઈએઃ- તેમનો જન્મ સં.૧૧૪૫ની કાર્તિકી પૂર્ણિમાને દિને થયો. જૈન સાધુ તરીકેની દીક્ષા નવ વર્ષની વયે દેવચંદ્રસૂરિએ પોતાના જ્ઞાન બલથી આ વ્યક્તિદ્વારા જૈન ધર્મનો મહાન્ ઉદય જાણી આપી. તેણે પૂર્વજન્મના સંસ્કારથી તીવ્ર સ્મરણશક્તિ અને ધારણા-શક્તિથી અલ્પપરિશ્રમે ગુરૂ પ્રતાપે[૩૩૦] શાસ્ત્રજ્ઞાન સંપાદન કર્યું ઉત્કટ આત્મસંયમ-ઈંદ્રિયદમન-વૈરાગ્ય-વૃત્તિથી આજન્મ નૈષ્ઠિક બ્રહ્મચર્ય સેવ્યું. ગુરુએ નાગપુર (મારવાડનું નાગોર)માં સં.૧૧૬૨માં આચાર્યપદ આપી સોમચંદ્રને બદલે હેમચંદ્ર નામ આપ્યું. વિધવિધ ગ્રામાનુગ્રામ વિચરતા અનેકને ઉપદેશ આપી ગૂર્જર પાટનગર અણહિલપુર પાટણ પ્રવેશ કર્યો. આ સમયે મહારાજ સિદ્ધરાજ જયસિંહ ત્યાં

૩૩૦. પોતે સ્વગુરૂ પાસેથી જ્ઞાન મેળવ્યું એમ હેમચંદ્ર જણાવે છે.
आचार्यो हेमचंद्र भूत्तत्पादांभोजषट्पदः । तत्प्रसादादधिगतज्ञानसंपन्महोदयः ॥ -त्रि. श. पु. चरित्र प्रशस्ति श्लो.१५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરાક્રમી અને પ્રજાપ્રિય નૃપતિ હતો ત્યાં ધીમે ધીમે આખા શહેરમાં ખ્યાતિ થવા લાગી. રાજાના આમંત્રણથી રાજ્યસભામાં જઈ પોતાના જ્ઞાન અને ચારિત્રનો પરિચય કરાવ્યો તેમના પાંડિત્ય, દૂરદર્શિતા અને સર્વ ધર્મ પ્રત્યેના સ્નેહના કારણે તેમનો પ્રભાવ રાજસભામાં ઉત્તરોત્તર વધતો ગયો.

૪૧૬. સિદ્ધરાજને ધર્મચર્ચા સાંભળવાનો ઘણો શોખ હતો. એકવાર તેણે રાજસભામાં એવો પ્રશ્ન કર્યો કે' જગત્માં કયો ધર્મ સંસારથી મુક્ત કરનારો છે? આનો ઉત્તર હેમાચાર્યે પુરાણના શંખાખ્યાનનો અધિકાર સંભળાવી-'સંજીવની ન્યાય' જણાવી બતાવ્યું કે-

तिरोधीयत दर्भाद्यै र्यथा दिव्यं तदौषधम् । ताथाऽमुष्मिन् युगे सत्यो धर्मो धर्मान्तरैर्नृप॥
परं समग्रधर्माणां सेवनात्कस्यचित् क्वचित् । जायते शुद्धधर्मांप्ति र्दर्भच्छन्नौषधाप्तिवत् ॥

ભવાર્થઃ- હે રાજન્ ! જેમ દર્ભાદિ સાથે મળી જવાથી દિવ્ય ઔષધીની પીછાન થતી નથી, તેમ આ યુગમાં કેટલાક ધર્મોથી સત્ય ધર્મ તિરોભૂત રહ્યો છે. પરન્તુ સમગ્ર ધર્મના સેવનથી જેમ દિવ્યાશિષ પ્રાપ્ત થઈ તેમ કવચિત્ પુરુષને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થઈ જાય છે. ટૂંકમાં સર્વ ધર્મનો પરિચય લઈ સત્ય ધર્મનુ ગ્રહણ કરવું યોગ્ય છે-ખરી જિજ્ઞાસા જેને જાગી હોય અને તે જિજ્ઞાસા પ્રમાણે તે પ્રયાસ કરે તો તેની જિજ્ઞાસા જરૂર પૂરી થાય.

ધર્મ ગવેષણા માટે આવો નિષ્પક્ષપાત ભાવ પ્રકટ થયેલો જોઈ રાજા મુગ્ધ થયો.

૪૧૭. 'મહારાજ જયસિંહદેવે માલવમંલડ ઉપર વિજય મેળવ્યો, તેથી ધારાની સમગ્ર ઋદ્ધિ પાટણમાં આવી, એની સાથે ભોજરાજાનો પુસ્તક ભંડાર પણ લાવવામાં આવ્યો. વિજયવંત સિદ્ધરાજ પાટણમાં આવ્યો તે વખતે આશીર્વચન કહેવા અનેક પંડિતો રાજપ્રાસાદે આવ્યા હતા, તેમાં આચાર્ય હેમચંદ્ર પણ હતા. હવે કોઈ સમયે હેમચંદ્રસૂરિ સિદ્ધરાજને મળવા આવ્યા ત્યારે સિદ્ધરાજના પુસ્તકભંડારના રક્ષકો અવંતીના એ ભંડારનું નિરીક્ષણ કરતા હતા. એ રક્ષકોએ 'લક્ષણ' સંબંધીનું એ ભંડારનું એક પુસ્તક રાજાને બતાવ્યું. રાજાએ આચાર્યને પૂછ્યું કે 'એ શું છે ?' આચાર્યે જણાવ્યું કે '' 'ભોજવ્યાકરણ' એ નામનું એ શબ્દશાસ્ત્ર છે'' વળી કહ્યું કે ''એ માલવાનરેશ ભોજ વિદ્વચ્ચક શિરોમણિ હતો. એણે શબ્દશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, જ્યોતિઃશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, ચિકિત્સાશાસ્ત્ર, રાજસિદ્ધાંત, તરૂશાસ્ત્ર(વૃક્ષાયુર્વેદ), વાસ્તુલક્ષણ, અંકગણિત, શકુનવિદ્યા, અધ્યાત્મશાસ્ત્ર, સ્વપ્નશાસ્ત્ર, સામુદ્રિક તથા મેઘમાલા વિગેરે અનેક ગ્રંથોનું પ્રણયન કરેલું છેઃ'' આ બધુ સાંભળીને સિદ્ધરાજ બોલ્યો કે શું અમારા ભંડારમાં આવા શાસ્ત્રો નથી ? આખાય ગૂજરાતમાં આવો કોઈ સર્વશાસ્ત્ર નિષ્ણાત પંડિત નથી એનું શું કારણ ?' આ સમયે ત્યાં ઉપસ્થિત રહેલા વિદ્વાનોની દૃષ્ટિ આચાર્ય હેમચંદ્ર તરફજ વળી. રાજાએ આ. હેમચંદ્રને વિનંતી કરી કે- 'આપ શબ્દવ્યુત્પત્તિકર શાસ્ત્રને રચીને અમારો મનોરથ પૂર્ણ કરો. આપના સિવાય બીજો કોઈ પંડિત એને રચી શકે તેમ નથી. વર્તમાનમાં આપણો દેશ કલાપ(કાતંત્ર) વ્યાકરણને અધીન છે એ અધીનતા ભોગવતાં છતાંય વિદ્યાર્થીને શબ્દ વ્યુત્પત્તિ તો બરાબર થતી નથી. વળી, એક વ્યાકરણ તરીકે પાણિનિનું વ્યાકરણ ઠીક છે, પણ બ્રાહ્મણો અભિમાનથી તેને વેદાંગ કહીને અભ્યાસીઓની અવગણના કરે છે. એ લોકો સમયે સમયે એમ ટકોર કર્યા કરે એ કરતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવીનજ વ્યાકરણ રચવું ઉત્તમ છે. (શ્લોક ૭૦-૮૩) છેવટે સિદ્ધરાજે એમ કહ્યું કે 'મારો દેશ ને હું ધન્ય છીએ, જ્યાં આવા અલૌકિક વિદ્વાન્નો નિવાસ છે. (શ્લોક ૯૫) રાજાએ તેમની પાસે વિશ્વલોકોપકાર તથા સ્વકીર્ત્તિ માટે નૂતન વ્યાકરણ-સિદ્ધહેમવ્યાકરણ રચાવ્યું. આ સંબંધમાં વ્યાકરણનાં ૮ પુસ્તકો કાશ્મીરથી મંગાવવામાં આવ્યા હતાં. જ્યારે ગ્રંથ સમાપ્ત થઈ ગયો, ત્યારે રાજાએ પોતાના દેશમાં તેના અધ્યયન અધ્યાપનનો પ્રારંભ કરાવ્યો અને અંગ વંગ કલિંગ લાટ કર્ણાટ આદિ દેશોમાં તેનો પ્રચાર કરાવ્યો અને તેની ૨૦ પ્રતિઓ કાશ્મીર મોકલી. રાજકોષમાં તેની પ્રત રાખી. આ વ્યાકરણના અભ્યાસીને રાજ્યમાં બહુ ઉત્તેજન મળતું હતું કાકલ કે કક્કલ નામના અષ્ટ વ્યાકરણ ના વિદ્વાન કાયસ્થને આ વ્યાકરણનો અધ્યાપક નીમવામાં આવ્યો. જ્ઞાનપંચમી આદિ દિનોમાં તેની પૂજા-અર્ચા થતી હતી વગેરે (શ્લોક ૯૬-૧૧૫ પ્રભાવકચરિત)

૪૧૮. સિદ્ધરાજની વિનંતીથી આચાર્ય હેમચંદ્રને ગૂજરાત માટે નવીન સાહિત્ય નિર્માણ કરવાની –વ્યાકરણાદિ રચવાની–પ્રેરણા મળી એ નિર્વિવાદ છે. આ. હેમચંદ્ર પોતે જ તે વાત સિદ્ધહેમ વ્યાકણની પ્રશસ્તિમાં જણાવે છે કે:—[૩૩૧]

'અતિ વિસ્તૃત, દુર્બોધ અને વિપ્રકીર્ણ વ્યાકરણોના સમૂહથી કદર્થિત થયેલા શ્રી સિદ્ધરાજ જયસિંહે સર્વાંગપૂર્ણ એક નૂતન શબ્દાનુશાસન રચવાની આચાર્ય હેમચંદ્રને પ્રાર્થના કરી અને તે મુજબ આચાર્ય હેમચંદ્રે આ વ્યાકરણને વિધિપૂર્વક (સર્વાંગપૂર્ણ) બનાવ્યું.'

૪૧૯. વળી ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્રની પ્રશસ્તિમાં કુમારપાલ આ. હેમચંદ્રનો ઉપકાર માને છે તેવા શ્લોકમાં બતાવ્યું છે કે:—[૩૩૨]

'પૂર્વે (અમારા) પૂર્વજ (પૂર્વાધિકારી) સિદ્ધરાજ નૃપતિએ ભક્તિથી વશ થઈને કરેલી યાચના વડે આપે સાંગ-સર્વાંગ તેમજ સુવૃત્તિ વડે સુગમ એવું અગાઉ વ્યાકરણ રચ્યું.

૪૨૦. આ વૃત્તાંતને સંક્ષેપમાં આ. હેમચંદ્રના સમસમયી આચાર્ય સોમપ્રભે જણાવેલો તે ઉપર કહેવાઇ ગયો છે, તેમજ બીજા પ્રાકૃત પ્રબંધમાં પણ આ વાતને પુષ્ટિ મળે છે.[૩૩૩]

૪૨૧. પ્ર.ચિં.માં આ. મેરૂતુંગે કે જે પ્રભાચંદ્રસૂરિના સમસમયી ગણાય તે જણાવે છે કે– 'સૂરિએ સમસ્ત વ્યાકરણોનું અવગાહન કરી એક જ વર્ષમાં સવાલાખ શ્લોક પ્રમાણ પંચાગપૂર્ણ વ્યાકરણ રચ્યું અને રાજા તથા પોતાની સ્મૃતિમાં તેનું નામ શ્રી સિદ્ધહૈમ રાખ્યું. વળી આ ગ્રંથ રાજાની સવારીના હાથી પર રાખી રાજાના દરબારમાં લાવવામાં આવ્યો. હાથી પર બે ચામર ધારનારી સ્ત્રીઓ બંને બાજુ ચામર ઢાળતી હતી અને ગ્રંથ પર શ્વેત છત્ર ધર્યું હતું. ત્યાર પછી તેનું પઠન રાજસભાના

---

૩૩૧. तेनाति विस्तृतदुरागमविप्रकीर्णशब्दानुशासनसमूहकदर्थितेन।
अभ्यर्थितो निरवमं विधिवद् व्यधत्त शब्दानुशासनमिंद मुनिहेमंचंद्रः ॥

૩૩૨. पूर्वं पर्वजसिद्धराजनृपते र्भक्तिस्पृशो याञ्चया सांगं व्याकरणं सुवृत्तिसुगमं चक्रु र्भवन्तः पुरा ।

૩૩૩. જિનમંડને તેનો ઉલ્લેખ ટાંક્યો છે.
जयसिंहदेववयणाउ निम्मियं सिद्धहेमवागरणं । नीसेससद्दलक्खण निहाणमिमिणा मुणिंदेणं ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ્વાનો પાસે કરાવવમાં આવ્યું અને રાજાએ સમુચિત પૂજોપચાર કર્યા પછી તેને રાજકીય સરસ્વતી કોષમાં સ્થાપિત કરવામાં આવ્યું. આ સમયે એક વિદ્વાને એક શ્લોકથી તે ગ્રંથની પ્રશંસા કીધી તે અત્ર નોંધવા યોગ્ય છે.

भ्रातः संवृणु पाणिनिप्रलपितं कातन्त्रकन्था वृथा, माकार्षीः कटुशाकटायनवचः क्षुद्रेण चान्द्रेण किम्।
किं कण्ठाभरणादिभिर्बठरयस्यात्मानमन्यैरपि, श्रूयन्ते यदि तावदर्थमधुराः श्रीसिद्धहेमोक्तयः ॥

–'હે ભાઇ ! જ્યાં સુધી શ્રી **સિદ્ધહેમ**-વ્યાકરણનાં અર્થમાધુર્યવાલાં વચનોનું શ્રવણ કરવામાં આવે ત્યાં સુધી **પા**ણિનિ વ્યાકરણના પ્રલાપને બંધ રાખવા દે. (**શિ**વશર્મ કૃત) **કા**તન્ત્ર વ્યાકરણ રૂપી કંથાને વૃથા સમજ, **શા**કટાયન વૈયાકરણનાં કટુ વચનો કાઢ નહિ; ભલા ક્ષુદ્ર (**ચં**દ્રગોમિ નામના બૌદ્ધાચાર્ય કૃત) **ચા**ન્દ્ર વ્યાકરણથી શું સરવાનું ? અને **કં**ઠાભરણ આદિ અન્ય વ્યાકરણોથી પણ આત્માને શા માટે બઠર કલુષિત કરે છે ?'[૩૩૪]

૪૨૨. અન્યત્ર બીજું કથન છે કે :

किं स्तुमः शब्दपथोधे र्हेमचन्द्रयतेर्मतिम् । एकेनपि हि येनेदक् कृतं शब्दानुशासनम् ॥

શબ્દોના સમુદ્રરૂપ આ. **હે**મચંદ્રની મતિની શું સ્તુતિ કરીએ ? (કરી શકીએ), કારણ કે તેમણે એકલાએ આવું **શ**બ્દાનુશાસન રચ્યું છે.

૪૨૩. 'ગૂજરાતમાં વ્યાકરણ-ગ્રંથોમાં પહેલું સ્થાન **કા**લાપકને અને બીજું સ્થાન **કા**તંત્રને મળેલું હતું. ગૂજરાતમાં રચાયેલા ગ્રંથોમાં પ્રમાણ રૂપે જ્યાં વ્યાકરણનાં સૂત્રો મળી આવે છે ત્યાં મોટે ભાગે આ જ બે વ્યાકરણનાં હોય છે. **પા**ણિનિના વ્યાકરણનું અધ્યયન-અધ્યાપન ગૂજરાતમાં ઘણું ઓછું થતું. ગૂજરાતની માફક બંગાલમાં પણ જૂના જમાનામાં મોટે ભાગે આ બંને વ્યાકરણોનો પ્રચાર વધારે હતો એ વાત બંગાલી વિદ્વાનોએ એ વ્યાકરણ ઉપર લખેલી સંખ્યાબંધ ટીકા વગેરેથી જાણી શકાય છે. જૈનેતર વિદ્વાનોની માફક જૈન વિદ્વાનોએ પણ આ ગ્રંથો ઉપર ઘણાં ટીકા-ટિપ્પણ લખ્યાં છે તે ઉપરથી પણ એજ વ્યાકરણ ભણવા-ભણાવવાનો પ્રચાર હતો એ સ્પષ્ટ જણાય છે. આચાર્ય **હે**મચંદ્રના સર્વાંગપૂર્ણ **સિદ્ધહેમ** શબ્દાનુશાસન નામે વ્યાકરણના પ્રાદુર્ભાવ પછી જૈન સમાજમાંથી પણ જૈન વિદ્વાનોએ વ્યાકરણ ઉપર સ્વતંત્ર રચનાઓ કરેલી છે, પરંતુ તેમાંની કોઈને પણ આ. **હે**મચંદ્રની રચના જેવું વિશેષ સ્થાન મળ્યું નથી. આ. **હે**મચંદ્રના ઉપરાંત ચાર સ્વતંત્ર વ્યાકરણ ગ્રંથો જૈન વિદ્વાનોના નોંધાયા છે તે ૧. **વિ**દ્યાનંદ (દિ૦), ૨. (**મ**લયગિરિ કૃત) **મુ**ષ્ટિ વ્યાકરણ, ૩. જૈનેન્દ્ર વ્યાકરણ {*પ્ર.ભા.જ્ઞા.*} (દિ) અને ૪. **શા**કટાયન વ્યાકરણ.'[૩૩૫] {*પ્ર.ભા.જ્ઞા.*}

૪૨૪. સં. ૧૧૮૮માં વાદિ દેવસૂરિ અને **કુ**મુદચંદ્ર-એમ શ્વેતાંબર અને દિગંબર વચ્ચે રાજસભામાં ચાલેલા શાસ્ત્રાર્થ સમયે આ. **હે**મચંદ્રે ભાગ લીધો હતો. **સિ**દ્ધરાજ શૈવધર્મી હતો અને સાથે સાથે વિદ્યાનુરાગી અને ધાર્મિક ચર્ચા સાંભળવાનો પ્રેમી હતો. તેણે **હે**મચંદ્રના ઉપદેશથી **પા**ટણમાં **રા**યવિહાર અને

૩૩૪. લગભગ આ જ પ્રમાણોનું વૃત્તાંત આ શ્લોક ટાંકીને **મે**રૂતુંગ પછી થયેલા **જિ**નમંડન ગણિએ **કુ**મારપાલ પ્રબંધ (પૃ. ૧૬-૧૭) અને **ચા**રિત્રસુંદરે **કુ**મારપાલ ચરિત્ર (પૃ. ૮ શ્લોક ૨૯-૪૬)માં જણાવેલ છે.

૩૩૫. જિનવિજય- **'પુરાતત્ત્વ'** ૨, ૪૧૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધપુરમાં સિદ્ધવિહાર નામનાં જૈનમંદિરો બંધાવ્યા હતા એ અગાઉ કહેવાઈ ગયું છે. સિદ્ધરાજે સં. ૧૧૫૧ થી ૧૧૯૯ સુધી રાજ્ય કર્યું. પ્રાયઃ તે રાજાના જીવનસુધી આ. હેમચંદ્રે ગૂજરાત સિવાય અન્ય દેશમાં વિહાર કર્યો નહોતો,[૩૩૬] (એટલે મુખ્યત્વે પાટણમાં નિવાસ કર્યો હતો.) જૈન શાસ્ત્રમાં મુનિ માટે ચિરકાલ સુધી એક સ્થાનમાં રહેવાનો નિષેધ કર્યો છે, છતાં આ આચાર્યે સંયોગાનુસાર ધર્મ પ્રભાવનાનો લાભ સમજી રાજાના ઉપરોધથી અધિક સમય સુધી ગુરૂ અને સંઘની ઈચ્છાથી પાટણ-ગૂજરાતમાં જ રહેવાનું સ્વીકાર્યું હતું. તે રાજાનું અવસાન થતાં અન્ય પ્રદેશોમાં વિચરવા લાગ્યા. તે સમયમાં તેમના ઉપદેશથી હજારો જૈન ધર્મમાં આવ્યા. અવકાશ સમયે ગ્રંથોની રચના ચાલુ હતી.

૪૨૫. પછી કુમારપાલ ૫૦ વર્ષની વયે ગૂર્જર દેશનો અધિપતિ થયો. તેણે કેટલાંક વર્ષો રાજ્યની સુવ્યવસ્થા કરવામાં તથા શત્રુઓને જીતવામાં ગાળ્યા. રાજ્યની સીમા વધી, નિષ્કંટક રાજ્ય થતાં શાન્તિ સર્વત્ર ફેલાઈ ત્યારે હેમાચાર્ય શાસનોદ્ધારની પ્રતિજ્ઞા પૂર્ણ કરવાનો અવસર જાણી પાટણ આવ્યા.

૪૨૬. રાજા રાજ્યપ્રાપ્તિ પહેલાં અનેક સંકટોમાંથી પોતાને ઉગારવા માટે આચાર્યનો ઉપકારવશ હતો. પોતાનું રાજ્ય સમર્પણ કરતા રાજાને સૂરિએ કહ્યું કે– નિષ્પરિગ્રહી અમો મુનિઓને એ સર્વ તુચ્છ છે. પછી પોતાની ત્રણ આજ્ઞાઓ પાલન કરવા જણાવ્યું: (૧) પ્રાણીમાત્રનો વધ બંધ કરી સર્વ જીવોને અભયદાન આપો, (૨) પ્રજાની અધોગતિના મુખ્ય કારણરૂપ દુર્વ્યસન-દ્યૂત, માંસ, મદ્ય, શિકાર આદિનો નાશ કરો, અને (૩) પરમાત્મા મહાવીરની પવિત્ર આજ્ઞાઓનું પાલન કરી તેના સત્ય ધર્મનો પ્રચાર કરો. કુમારપાલે તેનો સ્વીકાર કરી 'અમારિ પડહ' વગડાવી સમસ્ત રાજ્યમાંથી હિંસાને દેશનિકાલ કરી, રાજકુલદેવી કંટકેશ્વરીને બલિ અપાતી પણ બંધ કરી, દુર્વ્યસનોનો બહિષ્કાર કરાવ્યો; પોતે શ્રાવક ધર્મ સ્વીકારી (સં. ૧૨૧૬) 'પરમાર્હત' બન્યો અને વીતરાગ ધર્મની પ્રભાવના અનેક પ્રકારથી કરવા લાગ્યો. આ. હેમચંદ્ર સિદ્ધરાજના સમયમાં કેવલ પોતાની વિદ્યાને લીધે દરબારમાં સત્કાર-ભાજન થયા હતા અને કુમારપાલના સમયમાં રાજાના ગુરૂ બની તેમણે પોતાના પ્રભાવથી જૈન ધર્મને અતુલિત લાભ પહોંચાડ્યો હતો. તેમણે ધાર્યું કે–

આપણપઈ પ્રભુ હોઈઅં કઇ પ્રભુ કીજઇ હત્થિ, કજ્જ કરિવા માણુસહ બીજઉ માગુ ન અત્થિ.

–યા તો મનુષ્યે પોતેજ સમર્થ થવું ઘટે, યા કોઈ સમર્થને પોતાના હાથમાં લેવો ઘટે. મનુષ્યને કાર્ય સિદ્ધ કરવા માટે આ બે માર્ગ સિવાય અન્ય (ત્રીજો) માર્ગ નથી. તેથી જ તે આચાર્યે કૃતકૃત્ય થઈ પોતાના 'વીતરાગસ્તોત્ર'માં સ્પષ્ટ જણાવ્યું છે કે :-

શ્રાદ્ધઃ શ્રોતા સુધી વક્તા યુજ્યેયાતાં યદીશ ! તત્ । ત્વચ્છાસનસ્ય સામ્રાજ્યમેકચ્છત્રં કલાવપિ ।

---

૩૩૬. જુઓ તત્કાલીન સોમપ્રભસૂરિના કુમારપાલ પ્રતિબોધઃ તેમાં જણાવ્યું છે કે :

"હવે સ્વભાવ પ્રમાણે નિરંતર લોકોપકાર કરવાની ભાવનાથી હેમચંદ્રસૂરિ દેવીના કહેવાથી વિવિધ દેશમાં વિચરવા લાગ્યા. એવામાં કોઇવાર દેવતાએ તેમને કહ્યું કે 'હે મહાનુભાવ ! ગુર્જર દેશ મુકીને તમે બીજા દેશોમાં વિહાર કરશો નહિ. કારણ કે અહીં રહેતાં તમે મોટો ઉપકાર કરી શકશો.' આથી દેશાંતરના વિહારથી નિવૃત્ત થઇ તે ભવ્યજનોને પ્રતિબોધ આપતા ગૂજરાતમાં જ રહેવા લાગ્યા." અને જિનમંડન-કુમારપાલ પ્રબંધમાં જૂના પ્રાકૃત પ્રબંધમાંથી ઉતારો. પૃ. ૧૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

–હે દેવ ! જો શુદ્ધ શ્રદ્ધાથી નિર્મલ હૃદયવાળો-શ્રાદ્ધ શ્રોતા હોય અને શાસ્ત્રપારંગત તત્ત્વ પારખી વક્તા હોય તો એ બંનેના યોગથી કલિકાલમાં પણ તારા શાસનનું એકચ્છત્ર સામ્રાજ્ય થઈ શકે છે.

૪૨૭. 'શ્રી હેમચંદ્રાચાર્યે લોકાનુગ્રહમાં આત્મા અર્પણ કર્યો; શ્રી હેમચંદ્રચાર્ય મહાપ્રભાવક, બળવાન્ ક્ષયોપશમવાળા પુરુષ હતા, તેઓ ધારત તો જુદો પંથ પ્રવર્તાવી શકે એવા સામર્થ્યવાન્ હતા. તેમણે ત્રીશ હજાર ઘરને શ્રાવક કર્યા, ત્રીશ હજાર ઘર એટલે સવાથી દોઢ લાખ માણસની સંખ્યા થઈ. શ્રી સહજાનંદજીના સંપ્રાદયમાં હાલ એક લાખ માણસ હશે, એક લાખના સમૂહથી સહજાનંદજીએ પોતાનો સંપ્રદાય પ્રવર્ત્તાવ્યો, તો દોઢ લાખ અનુયાયીઓનો એક જુદો સંપ્રદાય શ્રી હેમચંદ્રાચાર્ય ધારત તો પ્રવર્ત્તાવી શકત. પણ શ્રી હેમચંદ્રાચાર્યને લાગ્યું હતું કે 'સંપૂર્ણ વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર જ ધર્મપ્રવર્ત્તક હોઈ શકે, એમ તો એ તીર્થંકરની આજ્ઞાએ ચાલી તેમના પરમાર્થમાર્ગનું પ્રકાશન કરવા પ્રયત્ન કરનાર, વીતરાગમાર્ગનો પરમાર્થ પ્રકાશવા રૂપ લોકાનુગ્રહ શ્રી હેમચંદ્રાચાર્યે કર્યો, તેમ કરવાની જરૂર હતી. વીતરાગમાર્ગ પ્રતિ વિમુખતા અને અન્યમાર્ગ તરફથી વિષમતા, ઈર્ષ્યા આદિ શરૂ થઈ ચુક્યા હતા. આવી વિષમતામાં વીતરાગ માર્ગ ભણી લોકોને વાળવા માટે લોકોપકારની તથા તે માર્ગના રક્ષણની તેમને જરૂર જણાઈ. 'અમારૂં ગમે તેમ થાઓ, આ માર્ગનું રક્ષણ થવું જોઈએ' એ પ્રકારે તેમણે સ્વાર્પણ કર્યું; પણ આમ તેવા જ કરી શકે; તેવા ભાગ્યવાન્-મહાત્મ્યવાન્-ક્ષયોપશમવાન્ જ કરી શકે. જુદાં જુદાં દર્શનોનો યથાવત્ તોલ કરી અમુક દર્શન સંપૂર્ણ સત્ય-સ્વરૂપ છે એવો નિર્ધાર કરી શકે એવા પુરુષ જ લોકાનુગ્રહ પરમાર્થપ્રકાશ, આત્માર્પણ કરી શકે.' (શ્રીમદ્ રાજચંદ્ર પૃ. ૭૧૬)

૪૨૮. હેમાચાર્યની સતત પ્રેરણાથી કુમારપાલે જે જૈનધર્મની વૃદ્ધિ અર્થે કાર્ય કર્યાં તે ટુંકમા અગાઉના પ્રકરણમાં કહેવાઈ ગયા છે કુમારપાલે દેવકી પત્તનમાં સોમનાથ મહાદેવના મંદિરનો પુનરુદ્ધાર-જીર્ણોદ્ધાર કર્યો અને તેના નિર્માણ સંબંધી ત્યાંના પંચકુલનો પત્ર આવતાં નિર્માણ સંબંધમાં શું કરવું ઘટે એવું આ. હેમચંદ્રને પૂછતાં તે સૂરિએ જણાવ્યું કે 'આ ધર્મભવનના નિર્વિઘ્ન નિર્માણ અર્થે તો આપે બ્રહ્મચર્યવ્રતનું પાલન કરીને દેવાર્ચનમાં વિશેષ સંલગ્ન રહેવું ઘટે; અથવા મંદિરના ધ્વજારોપણ સુધી મદ્યમાંસના ત્યાગનું વ્રત લેવું ઘટે.' કુમારપાલે નીલકંઠ પર જલ ચડાવ્યું અને મદ્યમાંસ ત્યાગનું વ્રત લીધું. બે વર્ષ પછી જ્યારે મંદિર પૂર્ણ થયું અને કેવલ કલશ ધ્વજા ચઢાવવાનું બાકી રહ્યું ત્યારે રાજાએ પૂર્વે લીધેલું વ્રત પૂરૂં કરવા ઇચ્છયું. ત્યારે આ. હેમચંદ્રે જણાવ્યું કે આપે ભગવાન્ સોમનાથના મંદિરમાં પધારી તેની સમક્ષ જ વ્રતની સમાપ્તિ કરવી ઘટે. પછી બીજાના કહેવાથી સૂરિને પણ સોમેશ્વરની યાત્રામાં સાથે આવવા કહ્યું. તે આમંત્રણ પોતે સ્વીકાર્યું. એટલે રાજાએ તેમને સુખાસન વાહનાદિ લેવા જણાવતાં તેમણે પાદવિહાર કરવાની ઇચ્છા પ્રકટ કરી જણાવ્યું કે શીઘ્ર પ્રયાણ કરીને શત્રુંજય ઉજ્જયંતાદિ મહા તીર્થોની યાત્રા કરી દેવપત્તન આવી મળું છું. ત્યાં કુમારપાલ જતાં હેમચંદ્ર આવી મળ્યા ને શિવની સ્તુતિ કરવા જણાવ્યું ત્યારે તેમણે વીતરાગસ્તોત્ર-મહાદેવસ્તોત્ર બનાવ્યું. તેમાં મહાદેવ કોણ કહેવાય એને માટેના ગુણો બતાવી તેવા ગુણોવાળા જે કોઈ દેવ હોય- પછી બ્રહ્મા, વિષ્ણુ કે મહેશ-શિવ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુદ્ધ કે જિન જે હોય તેને મારા નમસ્કાર છે એવી સ્તુતિ કરી. આના થોડા શ્લોકો આ પ્રકરણના મથાળે મૂકાયા છે. –यस्यास्ति थी बुद्धं वा वर्धमानं शतदलनिलयं केशवं वा शिवं वा ॥ સુધીના. (પ્ર.ચિં.).

૪૨૯. એકવાર કાશીથી આવેલા વિશ્વેશ્વર નામના કવિએ કુમારપાલ સમક્ષ વિદ્વત્સમિતિમાં હેમચંદ્રસૂરિની અર્ધ શ્લોકથી વ્યાજસ્તુતિ કરી કે :

पातु वो हेमगोपालः कम्बलं दण्डमुद्वहन् ।

–કામળો અને દંડ ધારણ કરતા એવા હેમ(ચંદ્ર) ગોપાલ (ગોવાળીઓ) તમારી રક્ષા કરે.

આ. હેમચંદ્રે સામો અર્ધો શ્લોક કહી તેનો પ્રત્યુત્તર તે જ પ્રમાણે આપ્યો. :-

षड्दर्शनपशुग्रामं चारयन् जैनगोचरे ॥

–તે ગોપાલ એવો છે કે જે છ દર્શનરૂપી પશુઓને જૈન ગોચર-તૃણ ક્ષેત્રમાં ચારતો રહ્યો છે.

આવી આવી અનેક ઘટનાઓ તેમના જુદા જુદા પ્રબંધોમાં ચરિતોમાં મળી આવે છે તો ત્યાંથી જોઇ લેવી.

૪૩૦. જેમ સિદ્ધરાજની વિનતિથી સિદ્ધહેમ રચ્યું, તેમ કુમારપાલના માટે યોગશાસ્ત્ર, વીતરાગ-સ્તોત્ર અને ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર રચ્યાં.[૩૩૭] અને લોકો માટે દ્વયાશ્રય, છંદોનુશાસન, અલંકાર, નામસંગ્રહ આદિ અન્ય ગ્રંથો રચ્યા.

૪૩૧. હેમાચાર્યના જીવનને જગત્માં શાશ્વત પ્રકાશિત રાખનાર અને અન્ય ધર્મીઓને પણ આશ્ચર્ય ઉત્પન્ન કરાવનાર-એ તેમનો અગાધ જ્ઞાન ગુણ હતો. તેમના જેવો સકલ શાસ્ત્રોમાં પારંગત અત્યંત શોધવા જતાં પણ કોઈ મળશે નહિ. આ અપરિમિત જ્ઞાનશક્તિને લીધે 'કલિકાલ સર્વજ્ઞ'એ ઉપાધિથી તે ઓળખાય છે. પીટર્સન આદિ પાશ્ચિમાત્ય વિદ્વાનો પણ તેમને જ્ઞાનનો સાગર (Ocean of knowledge) કહે છે. એમ કહેવાય છે કે તેમણે સાડાત્રણ કરોડ શ્લોક પ્રમાણ ગ્રંથો રચ્યા છે. ઉપલબ્ધ થતા ગ્રંથોનું શ્લોકપ્રમાણ તેટલું નથી, તેથી બીજા લુપ્ત થયા હશે, છતાં જે મળી શકે છે તેનું પ્રમાણ ઓછું નથી તેમનો સ્વર્ગવાસ સં. ૧૨૨૯માં થયો.



---

૩૩૭. આ. હેમચંદ્રે ત્રિશષ્ટિશલાકા પુરુષ ચરિત્રમાં રાજા કુમારપાલ તેમનો ઉપકાર માને છે તે શ્લોક પોતે મૂક્યો છે જેનો અર્ધો ભાગ અગાઉ ટિપ્પણ ૩૩૨માં મૂક્યો છે ને બીજો અર્ધો ભાગ નીચે પ્રમાણે છે. :

मद्धेतोरथ योगशास्त्रममलं लोकाय च द्व्याश्रयच्छन्दोऽलंकृतिनामसंग्रह मुखान्यन्यानि शास्त्राण्यपि ॥ १८ ॥

लोकोपकारकरणे स्वयमेव यूयं सज्जाः स्थ यद्यपि तथाप्यहमर्थयेऽदः ।

मादृग्जनस्य परिबोधकृते शलाका पुंसां प्रकाशयत वृत्तमपि त्रिषष्टेः ॥ १९ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शब्द-प्रमाण-साहित्य-छन्दो-लक्ष्म-विधायिनां ।
श्री हेमचन्द्रपादानां प्रसादाय नमो नमः ॥

-શબ્દ, પ્રમાણ, સાહિત્ય, છંદ, વ્યાકરણના વિધાયક એવા પૂજ્ય શ્રી હેમચંદ્રસૂરિના પ્રસાદગુણને નમો નમઃ - **રામચંદ્ર અને ગુણચંદ્ર કૃત નાટ્યદર્પણ વિવૃતિ પ્રાન્તે.**

तुलीय-तवणिज्ज-कंती सयवत्त-सवत्त-नयण-रमणिज्जा ।
पल्लविय-लोय-लोयण-हरिस-प्पसरा सरीर-सिरी ॥

आबालत्तणओ विहु चारित्तं जणिय-जण-चमक्कारं ।
बावीस परीसह सहण-दुद्धरं तिव्व-तवपवरं ॥

मुणिय विसमत्थ सत्था निमिय वायरण पमुह गंथगणा ।
परवाइपराजयजाय-कित्ती मई जयपसिद्धा ॥

धम्म पडिवत्तिजणणं, अतुच्छ मिच्छत्त मुच्छिआणं पि ।
महु खीरपमुह महुरत्त-निम्मियं धम्मवागरणं ॥

इच्चाइ गुणोहं हेमसूरिणो पेच्छिऊण छेयजणो ।
सद्दहइ अदिट्ठे वि हु तित्थंकर गणहरप्पमुहे ॥

- જેમની શરીરલક્ષ્મી તપનીય એટલે સુવર્ણની કાંતિ જેવી, શતપત્ર એટલે કમલ સમાન નયણથી રમણીય, અને લોકનાં લોચનમાં હર્ષના પ્રસારને પલ્લવિત કરનારી હતી; જેમનું બાલપણાથી ચારિત્ર જનોમાં ચમત્કાર કરનારું, બાવીશ પરિષહ સહન કરવાથી દુર્જય, અને તીવ્ર તપવડે ઉત્તમ હતું, જેમની મતિ વિષમાર્થ શાસ્ત્રના જ્ઞાનવાળી, વ્યાકરણ પ્રમુખ ગ્રંથો રચનારી અને પરવાદીનો પરાજય કરી કીર્ત્તિ પ્રાપ્ત કરનારી વિજયિની હતી, જેમનું ધર્મવિવરણ-ધર્મકથન અતુચ્છ અને મિથ્યાત્વથી મૂર્છિત એવાઓને પણ ધર્મની પ્રાપ્તિ કરાવનારું અને મધુ ક્ષીર પ્રમુખના માધુર્યવાળું હતું-ઇત્યાદિ ગુણોવાળા હેમસૂરિને જોઈને ચતુર-નિપુણ જનો અદૃષ્ટ એવા તીર્થંકર ગણધર પ્રમુખને સદ્દહે છે - શ્રદ્ધે છે.

- સોમપ્રભસૂરિકૃત કુ. પ્ર. ૧, ગાથા ૨૦ થી ૨૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૩૨. **સાહિત્યસેવા**-હવે તેમની સાહિત્યસેવા જરા વિસ્તારથી જોઈએ. વ્યાકરણશાસ્ત્રનાં બધાં અંગો ઉપર તેમણે વિસ્તારથી લખ્યું છે. ઉક્ત **સિદ્ધહૈમ** શબ્દાનુશાસન (પી. ૧, ૧૯; પી. ૧, ૨૩; કી. ૨, ૪૬ થી ૪૮) તે [૩૩૮]ગૂજરાતનું પ્રધાન વ્યાકરણ છે. તે રચવામાં કર્ત્તાનો ઉદ્દેશ તેને સર્વગ્રાહ્ય બનાવવાનો જણાય છે. તેમ કરવા માટે અનેક વૈયાકરણો નામે **આપિશલિ**, પાણિનિની પૂર્વના બીજાઓ જેવા કે **યાસ્ક**, **શાકટાયન ગાર્ગ્ય**, **વેદમિત્ર શાકલ** વગેરે, **ઈન્દ્ર**, બૌદ્ધ **ચંદ્રગોમિ** (**ચાંદ્રવ્યાકરણ** કર્ત્તા), **શેષભટ્ટારક-પતંજલિ**, **પાણિનિ**, **દિગંબર** દેવનંદિ (**જૈનેંદ્રવ્યાકરણકર્ત્તા**), જયાદિત્ય અને **વામન** ઉર્ફે **વિશ્રાન્ત વિદ્યાધર** (**કાશિકાના** વૃત્તિકાર), **વિશ્રાન્તન્યાસકાર**, જૈન **શાકટાયન** (**શાકટાયનવ્યાકરણના** કર્ત્તા), દુર્ગસિંહ અને **શ્રુતપાલ** (કાતંત્ર-કાલાપના વૃત્તિકાર), **ભર્તૃહરિ** (**વાક્યપદીયનો** કર્ત્તા), **ક્ષીરસ્વામી** (**અમરકોશટીકાકાર**), **ભોજ** (**સરસ્વતીકંઠાભરણનો** કર્ત્તા), **નારાયણકંઠી**, **સારસંગ્રહકાર**, દ્રમિલ, **શિક્ષાકાર**, ઉત્પલ, **ન્યાસકાર**, **પારાયણકારના** ઉલ્લેખો તેમાં મળે છે, [૩૩૯]તેથી આ વ્યાકરણ અનેક વ્યાકરણોના નવનીતરૂપ છે. વળી ઉદાહરણો પણ પ્રાચીન અને સર્વ સાધારણ જેવાં મૂકેલાં છે, અને જે ઉદાહરણો જૈનધર્મને લગતાં છે તે માત્ર ઈતિહાસ પૂરતાં છે. પણ તેમાં સાંપ્રદાયિકતાની ગંધ નથી. રચના એવી રીતે કરી છે કે પાછળ વાર્ત્તિકો વધારવાની જરૂર પડી નથી, છતાં સૂત્રસંખ્યા વધી નથી, ને તેની સંખ્યા માત્ર ૧૧૦૦ છે. વ્યાકરણનાં પાંચ અંગો છેઃ સૂત્ર, ગણપાઠસહિતવૃત્તિ, ધાતુપાઠ, ઉણાદિ, અને લિંગાનુશાસન. આ પાંચેય પોતે રચ્યાં છે; આથી આ વ્યાકરણના વિદ્યાર્થીને કોઈ રીતે પરતંત્રતા ભોગવવી પડતી નથી. આ એક જ વ્યાકરણને લીધે ગૂજરાતને બીજા કોઈપણ દેશમાં માત્ર વ્યાકરણની દૃષ્ટિએ ગુરુપદ મળી શકે તેમ છે. સૂત્રો સરલબોધ થાય ને અલ્પ પ્રયાસે સ્મૃતિદ્વારા તેનો ભાવ ઝીલી શકાય તેવા ઉદ્દેશથી એક બીજાના **મંકોડા** રૂપે સંકળાયેલ નવીન ક્રમમાં ગોઠવેલ છે અને એ સંકલનાથી રચેલાં વ્યાકરણનાં પ્રકરણોનો ક્રમ વર્તમાન પદ્ધતિના શબ્દકોશની પેઠે યોજેલો છે. એમાં (જૈન) **શાકટાયનનું** પ્રતિબિંબ છે છતાંય અનુકરણ માત્ર નથી; એમાં સૂત્રના ક્રમની યોજનાનું કૌશલ, વૃત્તિનું કૌશલ, ઉદાહરણો ઘડવાનું ચાતુર્ય અને વ્યાકરણના ખાસ સિદ્ધાન્તો ઉપર ચર્ચા કરવાની પદ્ધતિ એ બધામાં આ. **હેમચંદ્રની** પ્રતિભા પદે પદે દેખાય છે.

૪૩૩. ૧ મૂળ સૂત્રો, ૨ એ ઉપરની માહિતી અને **લઘુ** વૃત્તિ, ૩ સવિસ્તર વૃત્તિવાળું અને અનેક ધાતુપારાયણના દોહનવાળું **ધાતુપારાયણ**, *{સં મુનિચંદ્ર વિ. પ્ર ગિરધરનગર જૈન સંઘ}* ૪ ઉણાદિસૂત્ર સવૃત્તિ, ૫ **લિંગાનુશાસન** પણ બૃહતી ટીકા સાથે-સિદ્ધહૈમનાં એ પાંચ અંગો છે. આ.

૩૩૮ 'ગૂજરાતનું પ્રધાન વ્યાકરણ' એ નામથી પંડિત **બહેચરદાસે** એક નિબંધ મુંબઈની આઠમી ગૂજરાતી સાહિત્ય પરિષદ્માં રજૂ કરેલો હતો તે જુઓ **પુરાતત્ત્વ** પુ. ૪, ૧-૨, પૃ. ૬૧, **ગુજરાતી સાહિત્ય પરિષદ-મંડળ પત્રિકા** ત્રૈમાસિક પુ. ૧, ૨ પૃ. ૫૧. આમાંથી ઘણી હકીકત આ વ્યાકરણ સંબંધે લેવામાં આવી છે.

૩૩૯. **સિદ્ધહૈમની** સ્વોપજ્ઞ વૃત્તિમાં આ. હેમચંદ્રે પોતે અનેક વૈયાકરણોના મતોને વિવેકપૂર્વક પ્રરૂપેલા છે ને તે પૈકી કેટલાક મતોની સમાલોચના પણ કરી છે. તેથી વ્યાકરણોના મતોને લગતી આ. હેમચંદ્રની પ્રરૂપણા વ્યાકરણશાસ્ત્રના ઈતિહાસમાં મોટો ફાળો આપે એવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હેમચંદ્રનો સૂત્રોમાં પ્રકરણોનો ક્રમ એ છે કે સંજ્ઞા પ્રકરણ, સ્વરસન્ધિ પ્ર. વ્યંજનસંધિ પ્ર., નામ પ્રકરણ, કારક પ્ર., ષત્વણત્વ પ્ર., સ્ત્રી પ્રત્યય પ્ર., સમાસ પ્ર., આખ્યાત પ્ર., કૃદન્ત પ્ર., તદ્ધિત પ્ર., પ્રાકૃત પ્રક્રિયા. તેમાં સાત અધ્યાયોમાં સંસ્કૃતનું વ્યાકરણ છે અને છેલ્લો ને એકલો આઠમો અધ્યાય પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકા પૈશાચી અને અપભ્રંશને માટે છે-એટલે કે તે અધ્યાય પ્રાકૃત વ્યાકરણ છે. [૪૪૦]સંસ્કૃત બૃહદ્ વ્યાકરણના મૂળની શ્લોક પ્રમાણ સંખ્યા ૧૧૦૦ છે, એટલે સર્વ સૂત્ર સંખ્યા ૩૫૬૬ અને પ્રાકૃત વ્યાકરણની સૂત્ર સંખ્યા ૧૧૧૯ છે. આખું વ્યાકરણ પ્રસાદ ઉપજાવે તેવું છે. તે પર બૃહદવૃત્તિ-તે અઢાર હજાર શ્લોક સંખ્યાની વિસ્તૃત ટીકા પણ તેમણે રચી છે કે જેની અંદર કોઈપણ શબ્દસિદ્ધિ બાકી નથી રહી; તેને કુશાગ્રબુદ્ધિ વિદ્યાર્થી રસપૂર્વક શીખી શકે છે. મૂળ સૂત્રો પર **લઘુવૃત્તિ** એ છ હજાર શ્લોક પ્રમાણ સૂત્રાર્થપ્રદર્શિકા સંક્ષિપ્ત ટીકા છે કે જે પ્રથમાભ્યાસીઓને તે સમજતાં સુગમ પડે-એટલે કે મંદમેધા વિદ્યાર્થી પણ વ્યાકરણના બોધથી વિમુખ ન રહે એ માટે લઘુવૃત્તિ છે. લઘુવૃત્તિનો ક્રમ બૃહદ્વૃત્તિના જેવો છે. ધાતુઓનાં રૂપો માટેનો રચેલો **ધા**તુપરાયણ પાંચ હજાર શ્લોક પ્રમાણ છે. ઉણાદિ સૂત્ર ગણ સવિવરણ છે ને તે ઉપરાંત લિંગજ્ઞાન માટે રચેલો **લિં**ગાનુશાસન નાના નાના પ્રકારના લલિત છંદોમાં મૂક્યો છે ને તેના પર ત્રણ હજાર શ્લોક પ્રમાણની વિસ્તૃત ટીકા પણ કરી છે. *{સં ક્ષમાભદ્રસૂરિ પ્ર. હીરાલાલ સોમચંદ}* આ સંસ્કૃત વ્યાકરણ ઉપર **બૃહન્ન્યાસ** નામે અત્યંત વિસ્તૃત વિવરણ પોતે લખ્યું હતું કે જેની સંખ્યા નેવું હજાર શ્લોક હતી. એ વિવરણનો કેટલોક ભાગ નષ્ટ થઈ ગયો છે ને કેટલોક વિદ્યમાન છે. એકંદરે બધાની સંખ્યા એક લાખ પચીસહજાર શ્લોક પ્રમાણ છે.

૪૩૪. સંસ્કૃત વ્યાકરણની સાથે પ્રાકૃત, શૌરસેની વગેરેનું વ્યાકરણ લખવાની પ્રથાના આદિ આવિર્ભાવક આચાર્ય **હે**મચંદ્ર છે. આવી પ્રથા કોઈ પણ અન્ય વ્યાકરણમાં નથી. **વ**રરુચિ અને **ભા**મહ વગેરે પંડિતોએ પ્રાકૃત વ્યાકરણો તો અનેક રચ્યાં છે પણ તેમાં અને ગૂજરાતના આ પ્રાકૃત વ્યાકરણમાં નદી અને સમુદ્રની જેટલું અંતર છે. વરરુચિ વગેરે લેખકોએ માત્ર નાટકોને સમજવા પૂરતાં જ પ્રાકૃત વ્યાકરણો લખ્યાં છે પણ આ આચાર્યે તો પોતાના સમય સુધીના સમગ્ર પ્રાકૃત સાહિત્ય અને આર્ષ પ્રાકૃતને લક્ષ્યમાં રાખીને પ્રાકૃત વ્યાકરણ રચેલું છે અને સાથે નાટકોની ભાષાને પણ સ્થાન આપેલું છે. **પા**ણિનિએ 'છાંદસમ્' કહીને જેમ વેદની ભાષાનું વ્યાકરણ લખ્યું છે તેમ આ આચાર્યે 'આર્ષમ્' કહીને જૈન આગમોની ભાષાનું પણ અનુશાસન કરેલું છે. વિશેષ મહત્ત્વનું તો એ છે કે બીજા કોઈ પણ પ્રાકૃત વ્યાકરણ કરતાં ગુજરાતના આ વ્યાકરણમાં પ્રાકૃત ભાષાને અને અપભ્રંશ ભાષાને સમજાવવાનો આચાર્યનો વિશિષ્ટ પ્રયત્ન છે અને ખાસ કરીને અપભ્રંશ ભાષા માટે તો તે પહેલાં કોઈ પણ પ્રાચીન વૈયાકરણે આટલું સવિશેષ લખ્યું હોય એમ કહેવાને કાંઇ પ્રમાણ નથી. આ પ્રાકૃત વ્યાકરણ માટે થોડુંક કહીએ તો આ. હેમચંદ્ર કહે છે કે 'પ્રકૃતિ સંસ્કૃત છે, અને તેમાંથી ઉત્પન્ન થયેલું-આવેલું તે પ્રાકૃત.' (આ મત સંબંધી કેટલોક મતભેદ છે) પહેલાં (**મ**હારાષ્ટ્રી) પ્રાકૃતનું વ્યાકરણ

---

૪૪૦. જર્મન વિદ્વાન ડો. **પિ**શલે આ આઠમા અધ્યાયનું તદન છેલ્લી પદ્ધતિએ સરસ સંપાદન કરેલું છે. *{એનો અંગ્રેજી અને હિન્દી અનુવાદ પણ પ્રગટ થયો છે.}*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લખી, પછી **શૌ**રસેનના વિશેષ નિયમ લખી જણાવ્યું કે 'શેષં પ્રાકૃતવત્'. પછી **મા**ગધીને વિશેષ નિયમ કરી કહ્યું કે 'શેષં પ્રાકૃતવત્;' **અર્ધ**માગધીને 'આર્ષ' માની તેનું વિવેચન કર્યું નહિ; પછી પૈશાચીનું વિવેચન કરી લખ્યું કે 'શેષં શૌરસેનીવત્' એ જ પ્રમાણે **ચૂ**લીકા - પૈશાચીના વિશેષ નિયમ બતાવી જણાવ્યું કે 'શેષં પ્રાગ્વત્-એટલે કે પૈશાચીવત્'; પછી **અપ**ભ્રંશના વિશેષ નિયમ લખી લખ્યું કે 'શૌરશેનીવત્', અને ઉપસંહારમાં સર્વે પ્રાકૃતોને લક્ષમાં રાખી કહ્યું કે 'શેષં સંસ્કૃતવત્ સિદ્ધં'- આમાં વસ્તુતઃ મહારાષ્ટ્રી સિવાય બીજી બધી પ્રાકૃત કરતાં **અપ**ભ્રંશને વધારે ન્યાય આપેલ છે.

૪૩૫. અપભ્રંશનું વિવરણ ૪-૩૨૯ થી ૪-૪૪૮ સૂત્રોમાં છે; ધાત્વાદેશ સૂત્રો ૪-૨ થી ૪-૨૫૯ છે. તેમાંનો મોટો ભાગ પણ વાસ્તવિક રીતે **અપ**ભ્રંશ સૂત્રો જ છે, કારણ કે તેમાંના ધાતુઓ મુખ્યત્વે અપભ્રંશમાં મળી આવે છે-એટલે કુલ ૩૭૮ સૂત્રમાં **અપ**ભ્રંશની વાત છે, જ્યારે **શૌ**રસેની ૨૭, **મા**ગધી ૧૬, **પૈ**શાચી ૨૬ સૂત્રોમાં છે. ધાત્વાદેશનાં સૂત્રોને બાદ કરીએ તો પણ **અપ**ભ્રંશ સૂત્રોની સંખ્યા ૧૨૦ થાય છે. આ. હેમચંદ્રના એક શતક પહેલાંના પુરોગામી **ન**મિસાધુ નામના જૈન આલંકારિકે (જુઓ પારા ૨૯૬) **અપ**ભ્રંશના પ્રકારો નોંધ્યા છે, જ્યારે **હે**માચાર્યે તે પ્રકારોનો નામોલ્લેખ પણ કર્યો નથી; કદાચ તેમણે **મ**હારાષ્ટ્રી (અપભ્રંશ) સાથે **શૌ**રસેની અપભ્રંશનું થોડું વિવરણ કરેલું હોય એમ તેનાં સૂત્રો અને ઉદાહરણો પરથી કોઈને લાગે છે. ગમે તેમ પણ **અપ**ભ્રંશ ભાષાનું **હે**માચાર્યે કરેલું વિવરણ અતિ પૂર્ણ છે. તેમના વ્યાકરણનું મૂલ્ય પદ્યમાં જે ઉદાહરણો મોટે ભાગે ઈ.સ. ૯મા ૧૦મા સૈકાના રચાયેલા અન્ય ગ્રંથોમાંથી અને કયાંક સ્વરચિત મૂકેલાં છે. તેનાથી વિશેષ વૃદ્ધિંગત થાય છે. ઘણા ખરા દોહા શૃંગારરસના છે, પણ તેમાંના લગભગ ૧૮ વીરરસના, ૬૦ ઉપદેશમય, ૧૦ જૈન ધાર્મિક, ૫ દંતકથા-પુરાણમાંના, ૧ **કૃ**ષ્ણ **રા**ધા સંબંધી, ૧ **બ**લિ **વા**મન વિષેનો, ૧ **રા**મ અને **રા**વણને ઉદ્દેશી અને ૨ **મ**હાભારતને લગતા છે. શૃંગાર રસમાંના બે તો ઈ.સ. ૧૦ મી સદીના રાજા **મું**જ સંબંધે છે.[૩૪૧] એટલે પ્રાકૃત વ્યાકરણ, ગૂજરાતી-હિંદી-મરાઠી આદિ દેશી ભાષાઓ માટે અતિ ઉપયોગી અને મૌલિક છે; કારણ કે બધા પ્રાકૃત વ્યાકરણકારોમાં જૈન **ચં**ડે કૈંક અપભ્રંશ માટે કહ્યું ને પછી જૈન જ એવા **હે**માચાર્યે અપભ્રંશ ભાષા સંબંધી બીજા કરતાં ઘણી કાળજીથી અને અતિ વિસ્તારથી વિવેચન કર્યું છે અને વિશેષમાં વધુ અગત્યનું તો એ છે કે તેમણે તેનાં ઉદાહરણો તરીકે અપભ્રંશ દોહા આપેલ છે. આથી અપભ્રંશ ભાષાની દૃષ્ટિએ આ. **હે**મચંદ્ર સૌથી વધારે મહત્ત્વનાં છે.[૩૪૨]

૪૩૬. આ. 'હેમચંદ્ર પોતાના સમયના પ્રતિષ્ઠિત સંસ્કૃત પંડિત હતા, શ્રમણગ્રામના અગ્રણી હતા અને એક શિષ્ટ લોકનેતા પણ હતા. તેથી એમણે પોતાના વ્યાકરણને **સં**સ્કૃત, **પ્રા**કૃત અને **અપ**ભ્રંશરૂપ ત્રિવેણીનું સંગમસ્થાન બનાવ્યું છે. અપભ્રંશના ભાગમાં એમણે જે પદ્યભાગ આપ્યો છે તે ભાષાશાસ્ત્રના ઈતિહાસમાં ખાસ સ્થાન લે એવો છે, અને એથી જ આપણે આ. હેમચંદ્રના સમયની શિષ્ટ સાહિત્ય ભાષાને મેળવી શકીએ છીએ. આ. હેમચંદ્રની પૂર્વે કેટલાય સૈકાથી સાહિત્યમાં શિષ્ટ લોકભાષા તરીકે **અપ**ભ્રંશભાષા જામી ગયેલી હતી. છતાંય એ પહેલાંના કોઈ પણ વૈયાકરણે **અપ**ભ્રંશનું આવું સંપૂર્ણ અનુશાસન કર્યું જણાતું નથી. સંભવ એ છે કે, આમ થવામાં શ્રમણપરંપરાની અને

૩૪૧-૨ સ્વ. પ્રો. ગુણેની ભવિસયત્ત કહા પરની અંગ્રેજી પ્રસ્તાવના (ગા.ઓ.સીરીઝ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બ્રાહ્મણપરંપરાની વિશેષતા જ હેતુરૂપ હોય-બ્રાહ્મણ પંડિતો લોકોમાં સર્વદા અગ્નિની જેમ વંદ્ય રહ્યા છે અને શ્રમણ ગુરુઓ જીવનપ્રદ જલધરના જલની પેઠે સર્વત્ર મળી ગયા છે-આથી જ કદાચ બ્રાહ્મણ પંડિતોને સંસ્કૃત ભાષાનો જ આગ્રહ હોય અને શ્રમણગુરુઓને સંસ્કૃત, **પ્રા**કૃત અને **અ**પભ્રંશ વગેરે ભાષાઓ પ્રત્યે સમભાવ હોય.[૩૪૩]

૪૩૭. 'ગૂજરાત તો આ એક જ વ્યાકરણને લઈને બધી શાસ્ત્રીય ભાષાઓ તરફની પોતાની મમતાને વ્યક્ત કરી શકે છે અને એમ પણ કહી શકે છે કે, આ જાતની ઉદારતા દર્શાવવાનું પ્રથમ માન ગૂજરાતને જ છે. વર્ત્તમાનમાં તો પ્રાકૃત વગેરે ભાષાઓને શીખવા માટે કે પ્રાચીન ભાષાઓના અભ્યાસને માટે કોઇપણ દેશના વિદ્યાર્થીને ગૂજરાતના આ બૃહદ્વ્યાકરણ તરફ જ ખેંચાવું પડે છે-ગૂજરાતનું આ ગૌરવ કાંઇ સાધરણ ન કહેવાય. [૩૪૪](આ વ્યાકરણ વગેરે ગ્રંથો પર ટીકા ટિપ્પન વગેરે રૂપમાં ઘણા વિદ્વાનોએ લખેલું છે પણ તે અત્રે લંબાણના ભયથી બતાવેલ નથી.)

૪૩૮. કાવ્યમાં આ. **હે**મચંદ્રે સંસ્કૃતમાં **દ્વ્યા**શ્રય નામે અતિ મહત્ત્વનું ઐતિહાસિક કાવ્ય રચ્યું છે. તેમાં મુખ્યવર્ણન ચૌલુક્યવંશનું તથા **સિ**દ્ધરાજ જયસિંહના દિગ્વિજયનું છે અને સાથે સાથે બીજી બાજુ **સિ**દ્ધહેમ શબ્દાનુશાસનનાં સૂત્રોનાં પ્રતિપાદિત ક્રમશઃ ઉદાહરણો નીકળે છે; અને એવું જ બીજું એક પ્રાકૃત **દ્વ્યા**શ્રય કાવ્ય રચેલ છે કે જેનું નામ '**કુ**મારપાલ ચરિત' પણ છે, કારણ કે તેમાં **કુ**મારપાલનું ચરિત્ર છે. તે કાવ્ય અતિ વિચિત્ર અને કાવ્યચમત્કૃતિના નમુનારૂપ છે. કારણ કે હકીક્ત એમ છે કે 'વિદ્યાર્થીઓએ વ્યાકરણ દ્વારા જે જે પ્રયોગોને જાણ્યા હોય છે તેના તેજ પ્રયોગો કાંઈ સાહિત્યમાં નથી આવતા, એથી જો કોઇ કાવ્ય એવું હોય કે જેમાં એ શીખેલા જ પ્રયોગો બરાબર ક્રમપૂર્વક વપરાયા હોય તો એ કાવ્ય વિદ્યાર્થીઓને પ્રયોગ વ્યવહારની દિશા દર્શાવી શકે અને સાથે વ્યાકરણ પણ પરિપક્વ થાય; આ એક જ ઉદ્દેશને સિદ્ધ કરવાને સારૂ આચાર્યશ્રીએ સંસ્કૃત દ્વ્યાશ્રય મહાકાવ્યની[૩૪૫] રચના કરી છે અને એમાં (સિદ્ધહૈમના) સંસ્કૃતના સાતે અધ્યાયનાં બધાં એના એ જ ઉદાહરણો વ્યાકરણના જ ક્રમ પ્રમાણે યોજ્યાં છે અને એવું જ બીજું (ઉક્ત) પ્રાકૃત દ્વ્યાશ્રય મહાકાવ્ય[૩૪૬] રચેલું છે, એમાં પણ (અષ્ટમાધ્યાયના પ્રાકૃત વ્યાકરણના) પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકાપૈશાચી અને અપભ્રંશનાં બધાં એના એ જ વ્યાકરણગત ઉદાહરણો આનુપૂર્વીપૂર્વક મૂકેલાં છે.

૪૩૯. 'દ્વ્યાશ્રય'નો અર્થ બે આશ્રયવાળું છે. આ કાવ્યનું એ નામ ચરિતાર્થ છે. આમાં એક તરફ જોતાં આઠે અધ્યાયનાં બધાં ઉદાહરણો સંગતિપૂર્વક મળી આવે છે અને બીજી તરફ જોતાં **મૂ**લરાજથી તે ઠેઠ **કુ**મારપાલ સુધીના ગૂજરાતના સોલંકી વંશનો ઇતિહાસ ચીતરાએલો છે. એથી આ કાવ્ય વ્યાકરણના અભ્યાસીને તો ઉપયોગી જ છે પણ ગૂજરાતના ઇતિહાસમાં એનું અસાધરણ સ્થાન છે.

૩૪૩-૪ પં. **બ**હેચરદાસનો લેખ નામે 'ગુજરાતનું પ્રધાન વ્યાકરણ.'

૩૪૫. સંસ્કૃત દ્વ્યાશ્રય કાવ્ય. વે. નં. ૧૭૩૭-૪૦; **અ**ભયતિલકગણિની ટીકા સહિત પ્ર. મુંબઈ સંસ્કૃત સીરીઝ સને ૧૯૧૫-૧૯૨૧;

૩૪૬. પ્રાકૃત દ્વ્યાશ્રય કાવ્ય-પૂર્ણકલશગણિની ટીકા સહિત-**સં**. શંકરપાંડુરંગ પંડિત પ્ર. ઉક્ત સીરીઝ સન ૧૯૦૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૪૦. પાણિનિનું વ્યાકરણ સમજવા માટે ગૂજરાતના ભટ્ટિ કવિએ શ્રીધરનરેશની વલભીમાં રહીને ભટ્ટિકાવ્ય રચેલું છે. એટલે એ કાવ્ય ગૂજરાતનું છે. પણ એમાં વ્યાકરણગત ઉદાહરણોને ક્રમ નથી તેમ એમાં કોઇ તાત્કાલિક ઐતિહાસિક વૃત્તાંતને નથી વર્ણવેલો, એથી એ ગૂજરાતના કાવ્યનું મહત્ત્વ બીજી અનેક રીતે હોવા છતાં વ્યાકરણ અને ઇતિહાસ એ બંનેની દૃષ્ટિએ આ. હેમચંદ્રનું દ્વયાશ્રય અસાધારણ છે.'

૪૪૧. એમ પણ કહેવાય છે કે એક જ શ્લોક સાતને લાગુ પડે એવું સપ્તસંધાનમહાકાવ્ય પણ આ. હેમચંદ્રે રચેલું હતું પણ તે ઉપલબ્ધ નથી.

૪૪૨. ચાર કોષગ્રંથો રચ્યા છે. પ્રથમકોષનું નામ અભિધાનચિંતામણિ નામમાલા છે. તેના છ કાંડ છે. તે કોષ અમરકોશ માફકનો છે, પરન્તુ તેમાં શબ્દસંખ્યા અમર કરતાં દોઢી હશે. તેના પર પોતે જ દશ હજાર શ્લોકની વિસ્તૃત ટીકા રચી છે. બીજા કોષનું નામ 'હેમ અનેકાર્થ સંગ્રહ, (કી. ૨, ૧૫) છે કે જેમાં ૭ કાંડમાં વિશ્વકોષ નામના કોશની પેઠે એકેક શબ્દોના કેટલા બધા અર્થો થાય છે તે જણાવ્યું છે. એના પર પણ પાછી છ હજાર શ્લોકની સ્વોપજ્ઞ ટીકા છે. ત્રીજો કોશ દેશી નામમાલા-દેશી શબ્દસંગ્રહ (પ્ર. મું. સં. સીરીઝ{સં.બેચરદાસ પ્ર.યુનિ. ગ્રં.}) છે. તે દેશી શબ્દોનો કોશ છે સામાન્ય રીતે જે સંસ્કૃત નહિ, અને તેમાંથી ઉદ્‌ભવેલ નહીં તે 'દેશી' શબ્દ. તે ૮ વર્ગમાં છે તે પર સ્વરચિત ત્રણ હજાર શ્લોકપ્રમાણની રત્નાવલિ નામની ટીકા છે. આમાં ધનપાલના પ્રાકૃતલક્ષ્મનો પણ ઉપયોગ કર્યો છે. ઉપરના પ્રાકૃત વ્યાકરણની પેઠે આ કોષ પણ આપણી ગૂર્જર ભાષા તેમજ અન્ય દેશી-ભાષા માટે અતિ ઉપયોગી-આવશ્યક છે અને ભાષાશાસ્ત્રના ઇતિહાસમાં અતિ મહત્ત્વનો છે. ચોથા કોષનું નામ 'નિઘંટુ શેષ' છે-તેમાં વનસ્પતિનાં નામો, ભેદો જણાવ્યાં છે જે વૈદકશાસ્ત્રમાં ઉપયોગી છે. આ કોશોનો ઉપયોગ પછીના ગ્રંથકારોએ 'इति हेमः' એમ કહીને બહુ કર્યો છે.{*નિઘંટુશેષ શ્રીવલ્લભગણિ ટીકા સાથે સં. પુણ્યવિ. પ્ર.લા.દ.વિ.*}

૪૪૩. અલંકાર માટે કાવ્યાનુશાસન નામનો ગહન ગ્રંથ પણ શબ્દાનુશાસન પછી તેમણે રચ્યો છે. એની રચના સુપ્રસિદ્ધ કાવ્ય–પ્રકાશના જેવી છે. સાહિત્યશાસ્ત્રનાં અંગોનું વિવેચન માર્મિકતાથી કરેલું છે. પ્રથમ મૂળ સંક્ષિપ્ત સૂત્રો છે-તેના પર અલંકારચૂડામણિ નામની અતિ પરિષ્કૃત ટીકા-વ્યાખ્યા છે, અને તેના પર વિવેક નામનું સૂક્ષ્મભાવપ્રદર્શક ટિપ્પણ-વિવરણ પણ પોતે જ કરેલું છે. આ બંનેમાં મૂલની દરેક બાબતોનું સ્પષ્ટીકરણ, લંબાણથી સમજાવી ઉદાહરણોથી પૂરતું કરવામાં આવ્યું છે. આ ગ્રંથમાં વ્યંજનાશક્તિ વગેરે સ્થળોમાં ભિન્ન ભિન્ન કેટલાએક ગ્રંથકારોની અને શાન્તરસને રસ તરીકે ન માનનારાઓની ઝાટકણી પણ બારીક દૃષ્ટિથી સચોટ પુરાવા સાથે કરવામાં આવેલી છે. સાહિત્યશાસ્ત્રમાં પણ તેમનું પાંડિત્ય કેટલી કક્ષાએ પહોંચ્યું હતું તે આ ગ્રંથનું પર્યાલોચન કરવાથી જણાશે. તેમાં પણ શબ્દાનુશાસનમાં છે તેમ ૮ અધ્યાય છે : ૧ લો પ્રસ્તાવનારૂપે છે. પ્રયોજન, કાવ્યકારણ પ્રતિભા, તેના ભેદ, અને તેના સંસ્કાર નામે વ્યુત્પત્તિ, અભ્યાસ અને શિક્ષા, કાવ્યનું સ્વરૂપ નામે દોષરહિત, ગુણ-અલંકારસહિત શબ્દ અને અર્થ; તે ગુણ, દોષ, અલંકારનાં લક્ષણ, રસોપકારપ્રકાર, શબ્દાર્થનું સ્વરૂપ નામે મુખ્ય-ગૌણ-લક્ષ્ય-વ્યંગ્યના ભેદથી મુખ્ય ગૌણલક્ષકવ્યંજક તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ, તે મુખ્ય-ગૌણ-લક્ષ્ય-વ્યંગ્ય અર્થમાં લક્ષણ, વ્યંગ્યાર્થના ભેદ નામે શબ્દશક્તિમૂલ અને અર્થશક્તિમૂલ વ્યંગ્યાર્થ. બીજો અધ્યાય રસ સંબંધી છે. રસનું લક્ષણ, તેના નવ ભેદ-શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્‌ભુત અને શાંત અને તે દરેકનાં લક્ષણ, સ્થાયિભાવો, વ્યભિચારિભાવો, અને સાત્ત્વિક ભાવો તે દરેકના ભેદ સહિત, ને રસાભાસ. ત્રીજો દોષોને લગતો છે-કાવ્યના, રસના, પદના, વાક્યના, પદવાક્યના અને અર્થના દોષો જણાવ્યા છે, ચોથામાં ગુણો નામે માધુર્ય, ઓજસ, પ્રસાદ અને તે દરેકના વ્યંજક તથા ગુણથી અન્યથાપણું બતાવેલ છે. પાંચમો શબ્દાલંકારોનો છે જેવો કે અનુપ્રાસ, લાટાનુપ્રાસ, યમક, ચિત્રકાવ્ય, શ્લેષ, વક્રોક્તિ ને પુનરુક્તાભાસ. છઠ્ઠામાં અર્થાલંકારો નામે ઉપમા, ઉત્પ્રેક્ષાથી માંડી સંકર સુધી ૨૯ બતાવ્યા છે. સાતમામાં નાયકાદિલક્ષણો-નાયક, તેના ગુણ, અને ભેદ, નાયિકાલક્ષણ અને સ્ત્રીઓના સ્વાભાવિક અલંકારો અને છેલ્લામાં પ્રબન્ધાત્મક કાવ્યના ભેદો નામે પ્રેક્ષ્યકાવ્ય અને શ્રવ્યકાવ્ય અને તે દરેકના ભેદ નામે નાટકાદિ આપ્યા છે. (પ્ર. કાવ્યમાલા નં. ૭૧ નિ. સા. પ્રેસ મુંબઈ.)

૪૪૪. છંદને માટે 'છંદોનુશાસન' નામનો ઉપયોગી વિસ્તૃત ગ્રંથ લખ્યો છે. તે પણ આઠ અધ્યાયમાં વિભક્ત છે. તેના જેવો બીજો કોઈ છંદ ગ્રંથ નથી. તે પર પણ સ્વોપજ્ઞ ટીકા લખી છે. *{પ્ર. ચંદ્રોદય ચે. ટ્રસ્ટ}* દરેક પ્રકારના છંદનું ઉત્તમ રીતે જ્ઞાન મેળવવામાં આ પરમ સાધન છે. કેદારભટ્ટના વૃત્તરત્નાકર, ગંગાદાસની છંદોમંજરી અને પિંગલકૃત છંદઃશાસ્ત્ર કરતાં પણ છંદ સંબંધી કેટલીક વિશેષ બાબતો આ ગ્રંથમાં જણાય છે. પિંગલ વિગેરે કરતાં એની રચના અને વ્યાખ્યા સરસ છે. સંસ્કૃત અને પ્રાકૃતના અનેક છંદોનું વર્ણન કરવા સાથે જુદા જુદા અનેક ગ્રંથોનાં વિવિધ સુભાષિતો ઉદાહરણ તરીકે ચુંટી તેમાં ઉદ્ધૃત કર્યા છે. 'પ્રાકૃતપિંગલ'નો ગ્રંથ આથી ઘણો અર્વાચીન છે. કારણ કે તેમાં આપેલ ઉદાહરણ હમ્મીર આદિ આની પછી થયેલ વ્યક્તિઓનાં છે. (પ્ર. શેઠ દેવકરણ મૂળજી, મુંબઈ સં. ૧૯૬૮.)

૪૪૫. આમ ચાર અનુશાસન નામે શબ્દાનુશાસન, લિંગાનુશાસન, કાવ્યાનુશાસન અને છંદોનુશાસન રચ્યાં છે. તે ઉપરાંત પાંચમા અનુશાસનરૂપે વાદાનુશાસન નામે એક અન્ય ગ્રંથ રચેલ છે તે હાલ અનુપલબ્ધ છે. તેમાં નામ ઉપરથી વાદની ચર્ચા હોવી જોઈએ.

૪૪૬. ન્યાયશાસ્ત્રમાં તેમણે પ્રમાણમીમાંસા નામનો અપૂર્વ મહત્ત્વનો ગ્રંથ રચ્યો. તે તેમણે શબ્દ-કાવ્ય-છંદના અનુશાસન રચ્યા પછી રચ્યો.[૩૪૭] તે [૩૪૮]પાંચ અધ્યાયમાં હતો. દરેક અધ્યાયમાં એક કરતાં વધુ આન્હિક હતા અને તે પર સ્વોપજ્ઞવૃત્તિ રચી હતી. હાલ વૃત્તિસહિત બે આન્હિકવાળો પ્રથમ અધ્યાય અને બીજા અધ્યાયનો પ્રથમ આન્હિક એટલા પૂરતો જ આ ગ્રંથ મળી આવે છે. ગ્રંથ સૂત્રબદ્ધ છે અને સૂત્રો પણ એવાં સરલ, અસંદિગ્ધ અને સંપૂર્ણ છે કે દરેક અભ્યાસી માટે તે અતિ ઉપયોગી નીવડે. *{સં.પંસુખલાલા પ્ર. સીંધીગ્રં. ગુજ વિવેચન રત્નત્રય વિ. પ્ર.રંજનવિ. લાયબ્રેરી}*

---

૩૪૭. જુઓ તેની વૃત્તિ "आनन्तार्यार्थो वाथ शब्दः शब्दकाव्यच्छंदोऽनुशासनेभ्योऽनन्तरं प्रमाणं मीमांस्यत इत्यर्थः"

૩૪૮. જુઓ તેજ વૃત્તિ 'पञ्चभिरध्यायैः शास्त्रमेतदरचयदाचार्यः' પૃ. ૩ (પ્ર. આર્હતમતપ્રભાકર-પુના.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૪૭. જો કે ધર્મકીર્ત્તિ, હરિભદ્રસૂરિ, અકલંકદેવ વગેરે પ્રાચીન તાર્કિકોના પ્રાયઃ બધા ન્યાય ગ્રંથો પ્રકરણના રૂપમાં મુકાવા પામેલા છે, જ્યારે હેમચંદ્રે આ ગ્રંથને પણ શબ્દાનુશાસન વગેરે માફક સૂત્ર રૂપે જ ગ્રંથેલ છે અને તેમ કરવાનું કારણ તેની વૃત્તિના પ્રારંભમાં જ તેઓ જણાવે છે કે-'લોક ભિન્નરૂચિવાલા છે અને તેથી પ્રાચીન તાર્કિકોની જેમ પ્રકરણરૂપે પોતાના ન્યાય ગ્રંથને ન કરતાં સૂત્રરૂપે (પોતે) બનાવે તો તેમાં એવી કોઇ પણ પ્રકારની લૌકિક અથવા રાજકીય આજ્ઞા નથી કે જે પોતાની ઇચ્છાને તેમ કરતાં અટકાવે.'[૩૪૯] સૂત્રનું લક્ષણ પોતે વૃત્તિમાં ટાંક્યું છે કે 'તે થોડા અક્ષરવાળું, સંદેહવિનાનું, સારવાળું, લોકપ્રકાશક અધિકતારહિત અને શાસ્ત્રીય દૂષણ રહિત એવું સૂત્ર હોવું જોઈએ એમ સૂત્રને જાણવાવાળા વિદ્વાનો કહે છે.'[૩૫૦] આ લક્ષણ આ. હેમચંદ્રના દરેક સૂત્રમય ગ્રંથોમાં છે તે પ્રમાણે આ ગ્રંથમાં છે.

૪૪૮. આ ગ્રંથમાં ગૌતમના ન્યાયસૂત્રોનું પ્રતિંબિંબ છે પણ માત્ર અનુકરણ નથી. બંનેનાં સૂત્રો સરખાવતાં વૈલક્ષણ્ય-પ્રતીતિભેદ જણાય છે. પ્રમાણમીમાંસાના બધા પાંચે અધ્યાય મળતા નથી. તેથી તેને ન્યાયસૂત્ર સાથે સળંગ સરખાવી શકાય તેમ નથી, છતાં જેટલો ભાગ તેનો ઉપલબ્ધ છે. તેની સાથે સરખાવતાં માલૂમ પડે છે કે ગૌતમે ન લીધેલા એવા ઘણા વિષયો આ. હેમચંદ્રે લીધા છે. દા.ત., પ્રમાણ, અનધ્યવસાય, વિપર્યય, વસ્તુ, પ્રત્યભિજ્ઞાન, વ્યાપ્તિ, પક્ષ, દૃષ્ટાન્તાભાસ, દૂષણ, જય, પરાજય આદિ. અવગ્રહ, ઈહા, અવાય, ધારણા, અવધિ, મનઃપર્યાયજ્ઞાન, દ્રવ્યેન્દ્રિય આદિ જૈન પરિભાષાના વિષયો ગૌતમસૂત્રમાં છે નહિ-હોઇ શકે નહિ. હેત્વાભાસમાં ગૌતમ મતે પાંચ હેત્વાભાસ છે, હેમચંદ્રમાં ત્રણ છે ને તે ત્રણનો પાંચમાં અંતર્ભાવ થાય છે. વળી કેટલાંક સૂત્રોમાં બંનેમાં ભેદ છે. દા.ત., વાદ, તર્કનાં લક્ષણ આદિ. ટૂંકામાં આ પ્રમાણમીમાંસામાં ન્યાય સંબંધી જૈન સિદ્ધાંતોનો સમાવેશ કર્યો છે, તે ઉપરાંત ન્યાયને લગતી જે જે બાબતોમાં બૌદ્ધ, મીમાંસક, સાંખ્ય, નૈયાયિક અને નાસ્તિક વગેરે દર્શનકારો અલગ પડે છે તે દરેકનું તેઓના મંતવ્યને અનુસારે મંડન કરી યુક્તિથી જૈનશૈલી પ્રમાણે તે સાથેનો ભેદ જણાવ્યો છે. ઘણી સહેલાઈથી થોડી મહેનતે વધારે જ્ઞાન આપનાર આવી ઉત્તમ પદ્ધતિનો જૈન ન્યાયનો ગ્રંથ (વાદિદેવસૂરિ કૃત પ્રમાણનયતત્ત્વાલંકાર સિવાય) બીજો લાગતો નથી. આ સંબંધે 'વાદાનુશાસન' નામનો એક વધુ ગ્રંથ અગાઉ જણાવ્યું તેમ મળતો નથી.

૪૪૯. ન્યાયમાં પ્રમાણમીમાંસા ઉપરાંત ન્યાય વિષય ગર્ભિત 'અન્યયોગ વ્યવચ્છેદ' અને 'અયોગ વ્યવચ્છેદ' નામની દરેક બત્રીશ શ્લોકમાં-એમ બે બત્રીશીઓ સંસ્કૃતમાં વર્ધમાનસ્તુતિ તરીકે રચી છે કે જેમાંની પહેલી ઉપર મલ્લિષેણસૂરિ નામના પ્રખર વિદ્વાને સં. ૧૩૪૯ (શક સં. ૧૨૧૪)માં

---

૩૪૯. યદ્યેવં અકલંકધર્મકીર્ત્યાદિવત્ પ્રકરણમેવ કિં નારભ્યતે કિમનયા સૂત્રકારત્વાહોપુરુષિકયા । મૈવં વોચઃ । ભિન્નરુચિ હ્યયંજનસ્તતો નાસ્ય સ્વેચ્છાપ્રતિબંધે લૌકિકં રાજકીયં વા શાસનમસ્તીતિ યત્કિંચિદેતત્ । વૃત્તિની પ્રસ્તાવના પૃ. ૨.

૩૫૦. અલ્પાક્ષરમસંદિગ્ધં સારવદ્ વિશ્વતો મુખમ્ । અસ્તોભમનવદ્યં ચ સૂત્રં સૂત્રવિદો વિદુઃ ॥

પ્રથમ અધ્યાયના બીજા આહ્નિકના ચોથા સૂત્રમાં પ્રત્યભિજ્ઞાનના પ્રામાણ્ય પ્રસંગે નૈયાયિકની સૂત્રના ઉપર દોષાપત્તિ સિદ્ધ કરતાં વૃત્તિમાં જણાવે છે. પૃ. ૫૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્યાદ્વાદમંજરી નામની અદ્વિતીય વ્યાખ્યા સ્વાદ્વાદ એટલે જૈન દર્શનનું સ્વરૂપ બતાવતી રચી છે, એ પરથી ખ્યાલ આવે તેમ છે કે બત્રીશીનો વિષય અતિ ગહન અને મહત્તાવાળો છે. તેનું નામ (અર્હન્ સિવાય) અન્ય (દેવોમાં), (આપ્તપણાનો) યોગ હોવાનો વ્યવચ્છેદ-ખંડન ન્યાયપદ્ધતિથી આવેલ છે. તેથી **અન્યયોગ વ્યવચ્છેદ** રાખવામાં આવ્યું છે. બીજી બત્રીશીમાં અર્હન્ દેવમાં આપ્તપણાનો અયોગ નથી (પણ યોગ જ છે.) એ બતાવેલ હોવાથી તેનું નામ 'અયોગ વ્યવચ્છેદ' રાખેલ છે.

૪૫૦. જૈન ન્યાયશાસ્ત્રનો ત્રીજો યુગ-વિ. સૈકા ૧૧માંથી ૧૩મા સુધીનો પંડિત **સુખલાલે** પાડી તેનું નામ 'પુષ્પિત કાળ' આપ્યું છે; અને તે જણાવે છે કે 'પુષ્પો કાંઈ સંખ્યામાં પલ્લવો જેટલાં નથી હોતાં. કદાચિત પુષ્પોનું પરિમાણ પલ્લવોથી નાનું પણ હોય છે, છતાં પુષ્પ એ પલ્લવોની ઉત્તર અવસ્થા હોઈ તેમાં એક જાતનો વિશિષ્ટ પરિપાક હોય છે. બીજા યુગમાં જૈન ન્યાયનો જે વિસ્તાર અને સ્પષ્ટીકરણ થયાં તેને પરિણામે ત્રીજો યુગ જન્મ્યો. આ યુગમાં અને આ પછીના ચોથા યુગમાં દિગંબર આચાર્યોએ ન્યાયવિષયક કેટલાક ગ્રંથો રચ્યા છે, પણ હજુ સુધી મારી નજરે એવો એકે ગ્રંથ નથી પડ્યો કે જેને લીધે જૈન ન્યાયના વિકાસમાં તેને સ્થાન આપી શકાય. ત્રીજા યુગના શ્વેતાંબર સંપ્રદાયમાં વાદિ દેવસૂરિ અને હેમચંદ્ર એ બેનું મુખ્યસ્થાન છે. એ ખરૂં કે આચાર્ય હેમચંદ્રની પરિચિત કૃતિઓમાં જૈનન્યાયવિષયક બહુ કૃતિઓ નથી, તેમ પરિમાણમાં મોટી પણ નથી. છતાં તેઓની બે બત્રીશીઓ અને **પ્રમાણમીમાંસા** જોનારને તેઓની વિશિષ્ટતા ધ્યાનમાં આવ્યા સિવાય નહિ રહે અને એમ આપોઆપ જણાશે કે મોટા મોટા ને લાંબાલાંબા ગ્રંથોથી કંટાળેલ અભ્યાસીઓ માટે સંક્ષેપમાં છતાં વિશેષતાવાળી રચનાઓ તેઓએ કરી, અને ફૂલનું સૌરભ તેમાં આણ્યું. વાદિદેવસૂરિ કાંઈ કંટાળે એવા ન હતા; તેઓએ તો રત્નાકરની સ્પર્ધા કરે એવો એક **સ્યાદ્વાદરત્નાકર** ગ્રંથ રચ્યો અને કોઈ અભ્યાસીને જૈનન્યાય માટે તેમજ દાર્શનિક ખંડનમંડન માટે બીજે ક્યાંય ન જવાની સગવડ કરી દીધી.[૩૫૧]

૪૫૧. ધાર્મિક સાહિત્યમાં **કુમારપાળ** રાજા માટે ૧૨૦૦ શ્લોકમાં **યોગશાસ્ત્ર** અપરનામ **અધ્યાત્મોપનિષદ** નામનો ગ્રંથ બરાબર બાર હજાર શ્લોક પ્રમાણ સ્વોપજ્ઞ ટીકા સહિત રચ્યો છે.[૩૫૨] તે સરલ છતાં મહત્ત્વનો ગ્રંથ છે. તેમાં ઐહિક અને પારલૌકિક જીવનને પવિત્ર શી રીતે કરવું તે પર વિસ્તૃત અને હૃદયંગમ વિવેચન કરેલું છે, ને યોગ અને અધ્યાત્મ જેવા ગૂઢ વિષયો સંબંધી પણ સ્ફુટતાથી ઘણી હકીકતો જણાવી છે. તેમાં બાર 'પ્રકાશ' છે. ૧લામાં શ્રી **મહાવીર** ભ.ની સમદૃષ્ટિ કરૂણા બતાવી યોગનું સામર્થ્ય દૃષ્ટાંતો સહિત બતાવ્યું છે, ને જ્ઞાનયોગ દર્શનયોગ અને ચારિત્રયોગ એ ભેદ પાડી સમજાવ્યા છે. બીજામાં અને ત્રીજામાં સમ્યક્ત્વ અને મિથ્યાત્વનું સ્વરૂપ બતાવી ગૃહસ્થ ધર્મનાં બાર વ્રતોનું વર્ણન કર્યું છે. ચોથામાં ક્રોધાદિ કષાય, ઇંદ્રિયજય, મનઃશુદ્ધિ, સમભાવ પર કહી ધ્યાનની મૈત્રી આદિ ચાર ભાવના, ધ્યાન માટેનાં સ્થળ અને આસન સંબંધી જણાવ્યું છે. પાંચમા

૩૫૧. 'જૈનન્યાયનો ક્રમિક વિકાસ' એ લેખ. ભાવનગર ગૂ. સા. પરિષદ્.

૩૫૨. વે. નં. ૧૬૪૯-૧૬૫૨ પ્ર. બિ. ઈ. નં. ૧૭૨; મૂળ પ્ર. જૈ. ધ. સભા ગૂ. ભાષાંતર સહિત પ્ર. ભી. મા. મું. માં. જૈનસભા. *{સંપા. મુનિ જમ્બૂવિજયજી પ્ર. જૈન સાહિત્ય વિકાસ મંડલ ગુ. ભા. હેમસાગરસૂરિ.}*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને છઠ્ઠામાં પ્રાણાયામ, પ્રત્યાહાર અને ધારણાનું સ્વરૂપ કહ્યું છે. ૭ થી ૧૧માં પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એ ચાર પ્રકારનાં ધ્યાન ઉપરાંત ધર્મધ્યાન અને શુકલધ્યાનનું ભેદ સહિત સ્વરૂપ દાખવ્યું છે. બારમામાં સામાન્ય ઉપસંહાર રૂપે મનનો જય, પરમાનંદ, અભ્યાસક્રમ, તત્ત્વજ્ઞાન, ઉન્મનીભાવ વગેરે જણાવી ઉપદેશનું રહસ્ય અને આત્મોપદેશ આપેલ છે.

૪૫૨. 'યોગશાસ્ત્રમાં પાતંજલ-યોગશાસ્ત્રમાં નિર્દિષ્ટ કરેલા આઠ યોગાંગોના ક્રમથી સાધુ અને ગૃહસ્થના જીવનની આચાર પ્રક્રિયાનું જૈનશૈલી અનુસાર વર્ણન છે; તેમાં આસન તથા પ્રાણાયામ સાથે સંબંધ રાખનારી અનેક બાબતોનું વિસ્તૃત સ્વરૂપ છે, કે જેના પરથી તાત્કાલીન લોકોમાં હઠયોગ-પ્રક્રિયાનો કેટલો બધો પ્રચાર હતો તે જણાય છે. હેમાચાર્યે આ ગ્રંથમાં હરિભદ્રસૂરિના યોગ વિષયક ગ્રંથોની નવીન પરિભાષા અને રોચક શૈલીનો ક્યાંય પણ ઉલ્લેખ કર્યો નથી, પરંતુ (દિગં.) શુભચંદ્રાચાર્યના જ્ઞાનાર્ણવમાંના પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ, રૂપાતીત ધ્યાનનું વિસ્તૃત તથા સ્પષ્ટ વર્ણન કરેલું છે. (જુઓ પ્રકાશ ૭ થી ૧૦) અંતમાં તેમણે સ્વાનુભવથી વિક્ષિપ્ત, યાતાયાત શ્લિષ્ટ અને સુલીન એવા મનના ચાર ભેદોનું વર્ણન કરી નવીનતા લાવવાનું પણ ખાસ કૌશલ બતાવ્યું છે (૧૨ પ્રકાશ શ્લોક ૨ થી ૪). નિઃસંદેહ યોગશાસ્ત્ર તે જૈન તત્ત્વજ્ઞાન અને જૈન આચારનો એક પાઠ્ય ગ્રંથ છે.'[૩૫૩]

૪૫૩. બીજો ગ્રંથ અર્હન્ દેવના જુદા જુદા લોકોત્તર ગુણોને લઈને પરમાત્માની સ્તુતિ રૂપે સ્તુતિ તરીકેના દરેક ગુણથી યુક્ત કુમારપાળ માટે જ વીતરાગ સ્તોત્ર એ નામનો ભક્તિરસથી ભરપૂર રચ્યો છે. (મુ.) તે ઉપરાંત મહાદેવ સ્તોત્ર રચ્યું છે. (મુ.) ધર્મકથાના નિધિરૂપ ૬૩ શલાકા (ઉત્તમ મહાન્) પુરૂષોના જીવનચરિત્રરૂપે ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર નામનો મહાકાવ્ય રૂપે ગ્રંથ ૧૦ પર્વમાં (વે. નં. ૧૭૨૪-૧૭૩૨ પ્ર. જૈ. ધ. સ.) કુમાળપાળના કહેવાથી રચ્યો છે. તેમાં ૨૪ જિનો, ૧૨ ચક્રવર્ત્તીઓ, ૯ બળદેવ, ૯ પ્રતિવાસુદેવ એમ કુલ ૬૩ નાં ચરિત્રો છે. તેમાં તેમની કલ્પના, પ્રતિભા, રસિકતા અપૂર્વ ખીલી છે. આ ગ્રંથનું ૧૧મું પરિશિષ્ટપર્વ નામનું રચી તેમાં ભ. મહાવીર પછી થયેલ વજ્રસ્વામી સુધીના આચાર્યોનાં જીવનવૃત્ત છે અને વજ્રસ્વામીના વંશ વિસ્તાર વર્ણન સુધીની હકીકત આપી તે પૂરો કર્યો છે. (પ્ર. જૈ. ધ. સભા.)

૪૫૪. નીતિ વિષયે અર્હન્નીતિ નામનું પુસ્તક તેમના નામે ચડેલું છે. તેનું કર્તૃત્વ તેમનું હોવા વિશે શંકા રહે છે. ઉપરના ગ્રંથો સિવાય બીજી અનેક કૃતિઓ રચેલી સંભળાય છે; (જુઓ પ્રભાવક ચરિત પૃ. ૩૪૬, શ્લોક ૮૩૧-૮૩૬, જેસ. પ્ર. ૨૬) છતાં જે વિદ્યમાન-ઉપલબ્ધ છે તે પરથી પણ તેમના જ્ઞાનની અગાધતા સમજાય તેમ છે ને તેમની 'કલિકાલસર્વજ્ઞ'ની ઉપાધિ અસ્થાને નથી-તેમાં અતિશયોક્તિ ભાસતી નથી.

૪૫૫. આચાર્ય આનન્દશંકર જણાવે છે કે "ઇ.સ. ૧૦૮૯ થી ૧૧૭૩ એ વર્ષો 'કલિકાલ સર્વજ્ઞ' હેમચંદ્રના તેજથી દેદીપ્યમાન છે. હેમચંદ્રાચાર્ય ધર્મ અને તત્ત્વજ્ઞાનના પણ બેશક સારા વિદ્વાન્

૩૫૩. પં. સુખલાલની યોગદર્શન તથા યોગવિંશિકા પરની પ્રસ્તાવના.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતા, અને તે વિષયના પણ દ્વાત્રિંશિકા વગેરે એમના કેટલાક ગ્રંથો છે; પરંતુ જૈન વાઙ્મયને એમની ચિરસ્થાયી સેવા તો આ વિષય કરતાં ભાષા અને સાહિત્યના વિષયમાં વધારે થઈ છે-એમાં સંશય નથી. સંસ્કૃત ભાષા ઉપર એમનો હાથ કેવો સફાઈથી અને સરળતાથી ફરતો, એમનું કવિત્વ કેવું મધુર હતું એ ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર વગેરે ગ્રંથોની શૈલી અલંકાર કલ્પના વગેરે જોતાં જણાય છે.''[૩૫૪]

૪૫૬. અગાઉ કહેવાયું છે તેમ હેમાચાર્યના ઉપદેશથી સિદ્ધરાજે 'રાયવિહાર' ને 'સિદ્ધવિહાર' કુમારપાલે 'કુમારવિહાર', 'ત્રિભુવન વિહાર', 'ત્રિવિહાર' આદિ અનેક જૈનમંદિરો, બંધાવ્યાં અને ઉદયન મહામાત્યના જ્યેષ્ઠ પુત્ર વાગ્ભટ્ટ (બાહડે) શત્રુંજયના મંદિરનો અને બીજા પુત્ર અંબડે ભરૂચના શકુનિકા વિહારનો જીર્ણોદ્ધાર કર્યો, અને તે બંનેમાં હેમાચાર્યે પ્રતિષ્ઠા કરી તેમજ અન્ય શ્રાવકોએ અનેક મંદિરો બંધાવ્યાં. અજયપાલની અવકૃપાથી તેમજ મુસલમાનોના આક્રમણોથી હાલ પર્વતો ઉપરનાં મંદિરો સિવાયનાં તે વખતનાં વિશાલ મંદિરો પૈકી કોઈ દૃશ્યમાન થતાં નથી.

૪૫૭. હેમાચાર્યની જૈન ધર્મ પર શ્રદ્ધા તાત્ત્વિકપણે અટલ હતી. પોતે મહાવીર સ્તુતિમાં જણાવ્યું કે:

न श्रद्धयैव त्वयि पक्षपातो न द्वेषमात्रादरुचिः परेषु ।
यथावदाप्तात् परीक्षयाच्च त्वामेव वीर ! प्रभुमाश्रिताः स्मः ॥

-હે વીર ! કેવળ શ્રદ્ધા-અંધ શ્રદ્ધાથી જ તારામાં (અમારો) પક્ષપાત છે તથા કેવળ દ્વેષ માત્રથી જ અન્યોમાં (અમારી) અરુચિ છે એમ નથી; કિન્તુ પરીક્ષાપૂર્વક તને યથાતથ્યપણે આપ્ત જાણીને જ તારો આશ્રય લીધો છે.

इमां समक्षं प्रतिपक्षसाक्षिणा - मुदारघोषामवघोषणां ब्रुवे ।
न वीतरागात्परमस्ति दैवतं, न चाप्यनेकान्तमृते नयस्थितिः ॥

-પ્રતિપક્ષીઓની સન્મુખ મોટી ઘોષણા કરીને કહું છું કે, જગત્માં વીતરાગના જેવો તો કોઈ અન્ય દેવ નથી અને અનેકાન્ત (સ્યાદ્વાદ-જૈન) ધર્મની સિવાય કોઈ તત્ત્વ-ફિલસુફી નથી.

૪૫૮. છતાં પણ તેમને અન્ય દર્શનો-મતો પર તિરસ્કાર ન હતો. કુમારપાલ જૈન થયા પહેલાં દેવપત્તનના-પ્રભાસપાટણની યાત્રાએ ગયો ને ત્યાં હેમાચાર્યને આવવા આમંત્રણ આપ્યું. તેઓ ત્યાં ગયા હતા અને ત્યાં શિવની સ્તુતિ ખરી જૈન શૈલીથી કરી હતી. તેમણે એ મહાદેવસ્તોત્રમાં છેવટે કહ્યું છે કે :-

भवबीजांकुरजनना रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥ ४० ॥

---

૩૫૪. જુઓ તેમનો લેખ 'ગુજરાતનું સંસ્કૃત સાહિત્ય; એનું રેખાદર્શન'-રાજકોટ ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદનો અહેવાલ અને નિબંધસંગ્રહ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- ભવરૂપ વૃક્ષના બીજાંકુર સમાન રાગાદિક દોષ જેના ક્ષય થયા હોય તે ગમે તો **બ્રહ્મા** હોય, ગમે તો **વિષ્ણુ** હોય, ગમે તો **મહાદેવ** હોય કે ગમે તો **જિન** હોય-તેને મારો નમસ્કાર છે. (આ અને બીજા શ્લોકો આ પહેલાના છઠ્ઠાપ્રકરણની શરૂઆતમાં મૂકયા છે.

૪૫૯. તેમણે અમુક અમુક વિષયમાં જે જે મહાન્ વિશારદ થયા તેમનું મુક્તકંઠે સ્મરણ કર્યું છે :- 'ઉત્કૃષ્ઠ મહાકવિ તો **સિદ્ધસેન**, ઉત્કૃષ્ઠ મહાતાર્કિક **મલ્લવાદી**, ઉત્કૃષ્ઠ સંગ્રહકાર **ઉમાસ્વાતી**, અને ઉત્કૃષ્ઠ વ્યાખ્યાતા તે **જિનભદ્ર** ક્ષમાશ્રમણ. બીજા તેમનાથી ઉતરતા છે.'[૩૫૫] આમ જણાવી સાથે સાથે પોતાની લઘુતા બતાવી છે.

૪૬૦. ૨. **કનૈયાલાલ** મુનશીએ એક વખત કહ્યું હતું કે "ગુજરાતના ઇતિહાસનો મને રસ છે. એટલે તેના થોડા અભ્યાસ ઉપરથી હું કહીશ કે બારમી સદી સુધી 'હિંદુ અને જૈન' જેવા ભેદનું નામનિશાન પણ નહોતું; પાટણના **મુંજાલેશ્વર** મહાદેવના મંદિરનો ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે. મહારાજા કુમારપાળ સાથે શ્રીમદ્ **હેમચંદ્રાચાર્ય** શિવમંદિરે જાય ત્યાં ભેદ કોને કહેવો ? મને એમ લાગે છે કે તે પછી કોમી ભેદનો જન્મ રાજદ્વારી પુરુષોએ પેદા કર્યો હોય."[૩૫૬]

૪૬૧. અને વિશેષમાં જાહેર કર્યું હતું કે "જૈન અને બૌદ્ધ ધર્મના સંસ્કારો વડે જ હિંદુ સંસ્કૃતિ અને હિંદુ રાષ્ટ્રીયતાનું ગૌરવ આટલું ઉચ્ચ છે; અને ખાસ કરીને ગુજરાતના ઇતિહાસના વિજયી *દિવસોમાં સત્તા, પ્રભાવ અને વિદ્વત્તા જૈનોમાં જ હતી તે જોઈ તેમની પાછલી કારકિર્દી મને શૃંગારસમી* લાગે છે. ગુજરાતનું ગૌરવ એટલે જૈનોનો જ ઇતિહાસ. આ (વિજયી) સમયના વિભાગ આ પ્રમાણે પાડી શકાય: ૧લો **વિમલશાહ**નો કે જ્યારે જૈન શેઠો વેપાર કરતાં લઢતા વધારે, અને પેઢી સ્થાપવા પહેલાં રાજ્ય અને શહેર સ્થાપતા; ૨જો **મીનળદેવી**નો સમય કે જ્યારે બ્રાહ્મણ મત અને જૈન મતની રસાકસી વધારે થતી અને ધીમે ધીમે બ્રાહ્મણ ધર્મની અસર ઓછી થતી; ૩જો **હેમાચાર્ય**નો કે જે ગુજરાતના અગ્રગણ્ય ઐતિહાસિક પુરુષે જૈન મત અને બ્રાહ્મણ મતનો વિરોધ પોતાના ડહાપણથી ઘણોખરો કાઢી નાંખ્યો; ૪થો **કુમારપાળ**નો કે જ્યારે જૈન મત પાટણના સિંહાસન પર બીરાજ્યો."

સમકાલીન **સોમપ્રભસૂરિ**નો **કુમારપાલ** પ્રતિબોધમાંથી ઉલ્લેખવા યોગ્ય શ્લોક આપીશું કે :-

स्तुमस्त्रिसन्ध्यं प्रभु **हेम**सूरेरनन्यतुल्यामुपदेसशक्तिं ।
अतीन्द्रियज्ञानविवर्जितोऽपि यः क्षोणिभर्तुर्व्यधित प्रबोधं ॥

-પ્રભુ **હેમ**સૂરિની અનન્યતુલ્ય-અનુપમેય ઉપદેશ શક્તિની દિનની ત્રણ સંધ્યા વખતે-દિવસમાં ત્રણ વખત સ્તુતિ કરીએ છીએ. કારણ કે તેમનામાં અતીન્દ્રિયજ્ઞાન-કેવલજ્ઞાન ન હોવા છતાં તેમણે એક ભૂપાલને પ્રબોધ પમાડયો.

---

૩૫૫. उत्कृष्टेऽनूपेन ॥ २ । २ । ३९ ॥ उत्कृष्टेऽर्थे वर्तमानात् अनूपाभ्यां युक्ताद् गौणान् नाम्नो द्वितीया भवति । अनु **सिद्धसेन**कवयः । अनु **मल्ल**वादिनं तार्किकाः । उप **उमास्वातिं** संग्रहीतारः । उप **जिनभद्र** क्षमाश्रमणं व्याख्यातारः । तस्मादन्ये हीनाः- शब्दानुशासन बृ. टीका.

૩૫૬. ભાવનગરમાં 'હિંદુ કે જૈન' એ વિષય પર તા. ૨૧-૧૨-૨૨ ને દિને આપેલ ભાષણ 'જૈન' તા. ૨૪-૧૨-૨૨નો અંક પૃ. ૬૨૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૬૨. **હેમાચાર્યનું શિષ્યમંડળ**-પણ જબરૂં હતું. તે પૈકી **રામ**ચંદ્રસૂરિનું મહાકવિ તરીકે ઉંચું સ્થાન છે. તે સિવાય ગુણચંદ્ર ગણિ, **મહે**ન્દ્રસૂરિ, વર્ધમાન ગણિ, દેવચન્દ્ર મુનિ, **યશ**શ્ચંદ્ર, ઉદયચંદ્ર, **બાલ**ચંદ્ર આદિ અનેક હતા.

રામચંદ્રસૂરિ.

प्राणाः कवित्वं विद्यानां लावण्यमिव योषितां ।
त्रैविद्यवेदिनोऽप्यस्मै ततो नित्यं कृतस्पृहाः ॥

- **નાટ્યદર્પણ** વિવૃત્તિ પ્રારંભે.

पंचप्रबंधमिषपंचमुखानकेन विद्वन्मनःसदसि नृत्यति यस्य कीर्त्तिः ।
विद्यात्रयीचणमचुम्बितकाव्यतन्द्रं कस्तं न वेद सुकृती किल रामचंद्रम् ? ॥

- **રઘુવિલાસ** પ્રસ્તાવના પ્રસંગે.

-જેમ સ્ત્રીઓમાં લાવણ્ય એ પ્રાણ-ખરી વસ્તુ છે. તેમ વિદ્યાઓમાં કવિત્વ એ પ્રાણ-ખરી વસ્તુ છે. (અમારા જેવા) ત્રૈવિદ્યવેદી-ત્રણ વિદ્યાઓ જાણનારાઓ પણ અમારા માટે હંમેશાં સ્પૃહા રાખે છે.

-પાંચ પ્રબંધરૂપી પંચમુખના મુખો વડે જેની કીર્ત્તિ વિદ્વાનોના મન રૂપી સભામાં નાચે છે. તેવા ખરેખર રામચંદ્ર કે જે ત્રણ વિદ્યામાં વિશારદ છે અને તંદ્રાએ જેના કાવ્યમાં સ્પર્શ કર્યો નથી તેનો કયો ભાગ્યશાલી જાણતો નથી ?-અર્થાત્ સર્વ જાણે છે.

૪૬૩. **રામ**ચંદ્રસૂરિ તે **હેમ**ાચાર્યના પટ્ટધર હતા (**પ્રભા**વક ચરિત પૃ. ૩૦૪ શ્લોક ૧૨૯-૧૩૭). અને **સિદ્ધ**રાજ જયસિંહે તેમને 'કવિ કટારમલ્લ' એ નામનું બિરૂદ આપ્યું હતું. (પ્ર. ચિં. ઉપદેશતરંગિણી). પોતે પોતાને માટે 'વિદ્યાત્રયીચણ' અને 'અચુમ્બિત કાવ્યતન્દ્ર', (રઘુ-વિલાસમાં) 'વિશીર્ણકાવ્યનિર્માણતન્દ્ર' (**કૌ**મુદી-મિત્રાણંદમાં) એ વિશેષણો આપ્યાં છે. તેમનામાં સમસ્યા પૂરવાની અદ્‌ભુત શકિત હતી (પ્ર. ચિં; **ચા**રિત્રસુંદરકૃત **કુ**મારપાલ ચરિત) 'ત્રૈવિદ્યવેદી'-ત્રણ વિદ્યા (શબ્દશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર ને કાવ્યશાસ્ત્ર)ના જાણનાર હતા, અને તેવું સ્પષ્ટ પોતાને માટે તેમણે પોતાના ગ્રંથ-(**નાટ્ય**દર્પણ વિવૃત્તિ)માં પણ જણાવ્યું છે, તદુપરાંત પોતે 'પ્રબંધશતકર્તા' એ બિરૂદ પોતાને માટે જણાવ્યું છે. (કૌમુદી-મિત્રાણંદ અને **નિર્ભ**યભીમવ્યાયોગના પ્રસ્તાવમાં) તેમજ (પ્ર. ચિં. આદિમાં) તે બિરૂદ પ્રસિદ્ધ છે. મહાકવિ **શ્રી**પાલ કૃત સહસ્રલિંગ સરોવરની પ્રશસ્તિમાં કાવ્યદૃષ્ટિએ કંઈક સ્ખલન તેમણે **સિદ્ધ**રાજને બતાવ્યાનો ઉલ્લેખ પ્ર. ચિં. માં છે. **રામ**ચંદ્રની જમણી આંખ ગઈ હતી (એ વાત પ્ર. ચ. પૃ. ૩૦૪ શ્લોક ૧૩૮-૧૪૦, અને પ્ર. ચિં. માં છે). આ. **હેમ**ચંદ્ર સં. ૧૨૨૯ માં સ્વર્ગસ્થ થયા તેનાથી **કુ**મારપાલને થયેલા શોકનું શમન આ. **રામ**ચંદ્રે કર્યું હતું. (જયસિંહકૃત **કુ**મારપાલ ચરિત).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૬૪. રામચંદ્રે અને **ગુણચંદ્રે** બંનેએ મળીને સ્વોપજ્ઞ વૃત્તિ સહિત દ્રવ્યાલંકાર (જે. ૯૫{*મૂળ ૩ પ્રકાશ, ૨-૩ સ્વોપજ્ઞટીકા સાથે સં. જંબૂવિજયજી પ્ર.લા.દ. વિદ્યામંદિર*}) અને વિવૃત્તિ સહિત **નાટ્યદર્પણ** રચેલ છે. દ્રવ્યાલંકારમાં ત્રણ પ્રકાશ છે : પહેલામાં જીવ દ્રવ્યને, બીજામાં પુદ્ગલ દ્રવ્યને, અને ત્રીજા અકંપપ્રકાશમાં ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણ દ્રવ્યોને પ્રમાણથી પ્રતિષ્ઠિત-સ્થાપિત કર્યા છે. **નાટ્યદર્પણ**ની વિવૃત્તિમાં બંને કર્ત્તાએ નાટક, પ્રકરણ, નાટિકા, પ્રકરણી, વ્યાયોગ, સમવકાર, ભાણ, પ્રહસન, ડિમ, અંક, ઈહામૃગ અને વીથી એ નામના બાર રૂપકનું સ્વરૂપ બતાવ્યું છે અને તેના નિરૂપણમાં લગભગ પંચાવન નાટકાદિ પ્રબંધો (પોતાનાં તેમજ બીજા)નાં ઉદાહરણો આપ્યાં છે. (પ્ર. ગા. ઓ. સી. {*હિન્દી વિવેચન પ્ર. પરિમલ પબ્લિકેશન*}).

૪૬૫. આ. રામચંદ્રે 'પ્રબંધશતકર્ત્તા મહાકવિ'-[૩૫૭] 'પ્રબંધશત વિધાનનિષ્ણાતબુદ્ધિ' એવાં વિશેષણો પોતાના માટે આપ્યાં છે એ પરથી સ્પષ્ટ જણાય છે કે તેમણે સો પ્રબંધો-ગ્રંથો રચ્યા હશે, પરંતુ હાલ સર્વભક્ષી કાલને લીધે તે સર્વ ઉપલબ્ધ નથી. તે પૈકી જે ઉપલબ્ધ છે અને જેનાં નામો મળી આવે છે તે ઉપરના ઉપરાંત નીચે પ્રમાણે છે :-

સત્યહરિશ્ચંદ્ર નાટક (પ્ર. નિ. સા. પ્રેસ), **કૌમુદી-મિત્રાણંદ** (પ્ર. આ. સભા નં. ૫૯). **નિર્ભયભીમવ્યાયોગ** (પ્ર. ય. ગ્રં. { *હિન્દી સાથે પાર્શ્વનાથ વિદ્યાપીઠ* }), **રાઘવાભ્યુદય**, **યાદવાભ્યુદય**, **યદુવિલાસ**, **રઘુવિલાસ** (બુહ્. ૬. નં. ૭૬૦ {*પ્ર. સિંધી ગ્રં*}). **નલવિલાસ** નાટક (પ્ર. ગા. ઓ. સી.), **મલ્લિકામકરન્દ** પ્રકરણ, {*સં. મુનિ પુણ્યવિજય પ્ર.લા.દ.વિ.* } **રોહિણીમૃગાંક** પ્રકરણ, **વનમાલા** નાટિકા આદિ નાટકો રચ્યાં છે, તે ઉપરાંત **કુમારવિહારશતક** (કે જેમાં કુમારપાલે બંધાવેલા 'કુમારવિહાર' નામના મંદિરનું વૃત્તાંત છે. પ્ર. આ. સભા.), **સુધાકલશ** નામનો સુભાષિત કોષ (બૃ. ટિ.), હૈમ બૃહદ્વૃત્તિ ન્યાસ-રામચંદ્રકૃત **ન્યાસ** ૫૩૦૦૦ શ્લોક પ્રમાણનો (બૃ. ટિ.) અને સ્તોત્રાદિ જેવા કે **યુગાદિદેવ દ્વાત્રિંશિકા**,

---

૩૫૭. 'પ્રબંધચિંતામણિ વગેરેમાં રામચંદ્રને 'પ્રબંધશતકર્તા'નું ખાસ વિશેષણ લગાડેલું મળી આવે છે, તે ઉપરથી કેટલાક વિદ્વાનો એમ સમજતા હતા કે રામચંદ્રે એકંદર બધા મળીને ૧૦૦ પ્રબંધોની રચના કરી હશે અને તેના લીધે તેમને આ વિશેષણ પ્રાપ્ત થયું હશે, પરંતુ આ યાદીમાં (પં. રામચંદ્ર કૃતં **પ્રબન્ધશતં** દ્વાદશરૂપક-નાટકાદિ સ્વરૂપ જ્ઞાપકં ૫૦૦૦) એ પ્રમાણે ઉલ્લેખ જોતાં પ્રબંધશત એ શતસંખ્યાપરિમિત પ્રબંધસૂચક નથી. પણ એ નામનો ખાસ ગ્રંથ જ તેમણે કરેલો હતો, અને તેનો જે પરિચય ટૂંકો આવ્યો છે-બાર રૂપક અને નાટક આદિના સ્વરૂપને જણાવનાર તે પરથી તે ગ્રંથ ખાસ કરીને સાહિત્યની રચના વિષયક હોવો જોઈએ. ધનંજયે દશરૂપક નામના ગ્રંથમાં દશરૂપક ગણાવ્યા છે. આમાં રૂપકની સંખ્યા બાર છે. પોતાના ગુરુ આ. હેમચન્દ્રે પોતાના કાવ્યાનુશાસનમાં જે બાર વસ્તુઓ રૂપક તરીકે આપી છે. તેને જ વધારે વિસ્તૃત રૂપમાં અને પ્રમાણરૂપમાં સ્થાપિત કરવા માટે તો આ ગ્રંથમાં પ્રયત્ન કરવામાં ન આવ્યો હોય ? ગ્રંથનું શ્લોક પ્રમાણ જોતાં તે ઘણો વિસ્તૃત અને વિશેષ વિવેચનવાળો હોવો જોઈએ. એકલા રૂપકની જ ચર્ચા કરતો આટલો મોટો ગ્રંથ સંસ્કૃતમાં બીજો સાંભળવામાં નથી-**જિનવિજયજી-પુરાતત્ત્વ** ૨. ૪૨૧.

વડોદરા ગા. ઓ. સિ. નાટ્યદર્પણ છપાય છે તે અમે જોયેલ છે. તેમાં ઉપર લખેલ બાર રૂપક આદિનું વર્ણન છે. અમને પં. **લાલચંદ**નું કથન વધારે યોગ્ય લાગે છે કે તેમના ગ્રંથો (પ્રબંધો) સો લગભગ હતા. પોતાના ગ્રંથોને કવિ પોતે પ્રબંધો કહે છે. જુઓ **નલવિલાસ**ની પં. લાલચંદની ભૂમિકા કે જેમાંથી પ્રાયઃ સર્વ, આ કવિ વિષયે અત્ર ટૂંકમાં લીધું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યતિરેક દ્વાત્રિંશિકા, પ્રસાદ દ્વાત્રિંશિકા, આદિદેવસ્તવ, મુનિસુવતસ્તવ, નેમિસ્તવ, સોળ સાધારણ જિનસ્તવ તથા જિનસ્તોત્રો (આ સર્વ સ્તોત્રો વડોદરાના ઝવેરી, અંબાલાલના ભંડારમાં છે) રચ્યાં છે. કૌમુદી મિત્રાણંદ એ દશ અંકનું રૂપક નાટક છે તે કૌમુદી અને મિત્રાનંદની કુતૂહલમયી કથાને અવલંબી રચેલું છે. નલવિલાસ એ સમાંકી નાટક છે ને તેમાં નલદમયંતીનું ચરિત્ર છે.[૩૫૮]

૪૬૬. તેમનાં બધાં કાવ્યોમાં તેમનું કવિ તરીકેનું અભિમાન, તથા સ્વાતંત્ર્ય તરી આવે છે. પોતે સ્વયં ઉત્પાદક છે, બીજાની વાણી ઉછીની લેતો નથી-પારકાના શબ્દાર્થ વગેરે પરથી પોતાનાં કાવ્યો રચતો નથી, જૂના ચીલે ચાલતો નથી પણ શાશ્વતી સ્વાતંત્ર્યલક્ષ્મીને વહે છે-અનુભવે છે એમ પોતાનાં નાટકોમાં ખુલ્લી રીતે બીજા કવિઓની અવગણનાસૂચક જણાવે છે. પોતાની સૂક્તિઓ માટે તે કહે છે કે :-

सूक्तयो रामचन्द्रस्य वसन्तः कलगीतयः । स्वातन्त्र्यमिष्टयोगश्च पंचैते हर्षवृ(सृ)ष्टयः ।

૪૬૭. આ. રામચંદ્ર સિવાયના બીજા શિષ્યોમાં ગુણચંદ્રે બે કૃતિઓ રામચંદ્ર સાથે રહી કરેલી તે કહેવાઈ ગયું છે. મહેન્દ્રસૂરિએ અનેકાર્થ કૈરવાકરકૌમુદી નામની હેમ અનેકાર્થ સંગ્રહ પરની ટીકા પોતાના ગુરુના નામથી જ સં. ૧૨૪૧માં રચી હતી. (પી. ૧, ૨૩૩, ભાં. ૬, ૩૫૨). વર્ધમાનગણિએ કુમારવિહાર પ્રશસ્તિ કાવ્ય વ્યાખ્યાદિ રચેલ હતાં. ઉક્ત ત્રણે ગુણચંદ્ર, મહેન્દ્ર અને વર્ધમાને સોમપ્રભસૂરિનો કુમારપાલ પ્રતિબોધ સાંભળ્યો હતો. વિશેષમાં દેવચંદ્ર નામના શિષ્યે ચંદ્રલેખાવિજય પ્રકરણ રચ્યું તે અગાઉ કહેવાયું છે; ઉદયચંદ્ર નામના શિષ્યના ઉપદેશથી ચંદ્રગચ્છના ધર્મસૂરિ-રત્નસિંહ-દેવેન્દ્રસૂરિના શિષ્ય કનકપ્રભે હૈમન્યાસસારનો ઉદ્ધાર કર્યો. યશઃચંદ્ર ગણિ નામના પણ એક શિષ્ય હતા તેમનો ઉલ્લેખ પ્ર. ચિં.માં છે.

૪૬૮. વળી એક બાલચંદ્ર નામનો શિષ્ય થયો, તે રામચંદ્રસૂરિનો પ્રતિસ્પર્ધિ હતો. ગુરુનો દ્રોહ કર્યો હતો ને કુમારપાલના અવસાન પછી અજયપાલ રાજાનો મિત્ર બનીને તેણે મંત્રભેદથી રામચંદ્રસૂરિનું મરણ ક્રૂર રીતે નિપજાવ્યું હતું. તેણે 'સ્નાતસ્યા' નામની પ્રસિદ્ધ સ્તુતિ રચી હતી એમ કહેવાય છે. આમ બીજા પણ અનેક શિષ્યો આ. હેમચંદ્રના થયાનું સંભવે છે.

૪૬૯. આ સમયમાં દેવસૂરિના સંતાનીય જયપ્રભસૂરિના શિષ્ય રામભદ્રે પ્રબુદ્ધ રૌહિણેય નાટક છ અંકનું રચ્યું. {*સં. પુણ્યવિજય પ્ર. જૈ.આ.સ.*} શ્રી ચાહમાનરાજાના ભૂષણ રૂપ પાર્શ્વચંદ્રકુલના (તેના પુત્રો નામે) યશોવીર[૩૫૯] અને અજયપાળે બંધાવેલા ભ. આદીશ્વરના ચૈત્યના યાત્રોત્સવ પ્રસંગે આ નાટક ભજવવામાં આવ્યું હતું. ભ. મહાવીર તથા બુદ્ધના સમકાલીન શ્રેણિકના રાજ્યમાં બનેલા બનાવ ઉપર

---

૩૫૮. જુઓ સાક્ષર શ્રી રામનારાયણ પાઠકનો લેખ જૈન સા. સં. ખંડ ૩ અંક ૨ પૃ. ૨૧૬-૨૨૩ 'નલવિલાસ નાટકઃ એક ગ્રંથ પરિચય.'

૩૫૯. આ યશોવીર તે સં. ૧૨૨૧ના લેખ (જિ. ૨, નં. ૩૫૨)માં જણાવેલ ભાં. પાસૂનો પુત્ર યશોવીર છે. તે વખતે તે જાલોરના જૈન સમાજનો એક મુખ્ય શ્રીમાન્ અને રાજમાન્ય શહેરી હોય તેમ જણાય છે. તે અને તેનો લઘુભાઈ અજયપાલ બંને, પોતાના રાજ્યકર્ત્તા ચાહમાન સમરસિંહ દેવના અત્યંત પ્રીતિપાત્ર, સર્વજનના હિતચિન્તક, જૈન ધર્મની ઉન્નતિના અભિલાષી અને મ્હોટા દાનેશ્વરી હતા. વિશેષ જાલોરના બે શિલાલેખો ના. ૧, નં. (૮૯૯ના બે) જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે રચાયું છે. રૌહિણેય ચોર રાજગૃહમાં એવી રીતે ચોરી કરે છે કે તે પકડાતો નથી. શ્રેણિકનો પુત્ર અભયકુમાર પોતાની બુદ્ધિના બળે તેને પકડે છે, પરંતુ તેણે કરેલી ચોરીઓ કબૂલ કરાવવાને માટે તેને એક યુક્તિ કરવી પડે છે. એક ઓરડાને ઇંદ્રભુવન જેવો શણગારે છે તથા અપ્સરાઓને બદલે વેશ્યાઓને મૂકે છે. ચોરને અહિંયાં ઉંઘમાં મૂકી દે છે. રૌહિણેય જાગતાં, વેશ્યાઓ તેણે પૂર્વ જન્મમાં કેવાં કામો કર્યાં હતાં જેથી આ સ્વર્ગ મળ્યું છે તેવું પૂછે છે. રૌહિણેયના બાપે તેને કોઈ પણ રીતે મહાવીરનું વચન સાંભળવું નહીં તેવું કીધેલું હતું. પરંતુ એક દિવસ પગમાં કાંટો વાગતાં તે કાઢતાં મહાવીરની દેશના શ્રવણે પડી હતી. તેમાં દેવતાઓની આંખો મીંચાતી નથી તથા પગ ભોંય પડતા નથી એવું વાક્ય સાંભળ્યું હતું. આ વખતે આ સાંભળેલું કામમાં આવ્યું અને જાણ્યું કે આ કૃત્રિમ સ્વર્ગભવન છે. ભ. મહાવીરનું એક જ વચન આટલું ઉપકારક માલમ પડવાથી તેણે પોતાની ચોરીઓ કબૂલ કરીને દીક્ષા લઇ લીધી.[૩૬૦] (પ્ર.આ. સભા નં. ૬૦)

૪૭૦. ટૂંકમાં હેમયુગ એ જૈનશાસન માટે, વાઙ્મય માટે, અતિ વૈભવ પ્રતાપ અને વિજયથી દેદીપ્યમાન હતો. તેની અસર સમગ્ર ગૂજરાતના પર અનેક રીતે સ્મરણમાં રહે તેવી થઈ છે.[૩૬૧] આ. હેમચંદ્રના નામ પ્રમાણે તેમનો યુગ પણ હેમમય-સુવર્ણમય હતો અને ચિરકાલ સુધી તેનો પ્રભાવ રહેશે.



૩૬૦. 'ગૂજરાતનું સંસ્કૃત નાટક સાહિત્ય' એ નામનો સ્વ. ચીમનલાલ દલાલનો લેખ. **'વસન્ત'**.

૩૬૧. આ. હેમચંદ્ર માટેના લેખોઃ- જર્મન સ્કોલર ડા. બુહ્લરકૃત Buhler das Lebendes Hemacandra Wier 1889, જિનવિજયની કુમારપાલ ચરિતની પ્રસ્તાવના, તથા તેમના સંપાદિત સોમપ્રભસૂરિકૃત કુમારપાલ પ્રતિબોધની પ્રસ્તાવના, પં. શિવદત્ત શર્માનો લેખ નામે 'શ્રી હેમચંદ્રાચાર્ય' હિન્દીમાં **નાગરી પ્ર. પત્રિકા** ભાગ ૬, ૪ અને ભાગ ૭, ૧, પં. હરગોવિન્દદાસનો લેખ 'શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય અને તેમના પ્રૌઢ પાંડિત્યનો પરિચય'-**જૈનશાસન** સન ૧૯૧૧ ના ત્રણ અંક, **મધપૂડો** એ નામના ગ્રંથમાં 'હેમાચાર્ય' નામનો રા. નરહરિ પરીખનો લેખ, શ્રી કેશરવિજયના યોગશાસ્ત્ર ભાષાંતરની પ્રસ્તાવનામાં 'શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય' એ નામનો મારો લેખ, સ્વ. મનઃસુખલાલ કિરત્ચંદનો તે આચાર્ય પરનો લેખ, પ્ર. **'જૈનપતાકા'** અને **'જૈનયુગ'**.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભાગ ૪ થો

'ભાષા' સાહિત્યનો ઉદય.

जयंति ते सत्कवयो यदुक्त्या बाला अपि स्युः कविताप्रवीणाः ।
श्रीखण्डवासेन कृताधिवासः श्रीखण्डतां यान्त्यपरेऽपि वृक्षाः ॥
जयन्तु सर्वेऽपि कवीश्वरास्ते यदीयसत्काव्यसुधाप्रवाहः ।
विकूणिताक्षेण सुहृज्जेन निपीयमानोऽप्यतिपुष्यतीव ॥

–**अभयदेवसूरिकृत जयन्तकाव्ये** सं. १२७८

- ચંદનવૃક્ષની વાસથી અધિવાસિત થયેલાં બીજાં પણ વૃક્ષો ચંદનમય બને છે તેમ જેની ઉક્તિથી બાલો (કાવ્યમાં બાલકો) પણ કવિતામાં પ્રવીણ થાય છે તે સત્કવિઓ જય પામે છે.

જેમનાં સુંદર કાવ્યોનો અમૃતપ્રવાહ સુહૃદ્જનો આંખ બંધ રાખી પીએ છતાં અતિશય પુષ્ટ બને છે, તે બધાય કવીશ્વરોનો જય હો !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૧ અપભ્રંશ સાહિત્ય. (વિ. ૮થી૧૨મી સદીનું)

રોલાવૃત્ત.

જય તિહુઅણ વર કપ્પ-રૂકખ જય જિણ ધન્નંતરિ
જય તિહુઅણ-કલ્યાણ-કોસ દુરિઅ-ક્કરિ-કેસરિ;
તિહુઅણ-જણ-અવિલંઘિ-આણ ભુવણત્તય-સામિઅ,
કુણસુ સુહાઇ જિણેસ **પાસ** થંભણય-પુર-ટ્ઠિઅ. ૧

- હે ત્રિભુવનવિષે શ્રેષ્ઠ કલ્પવૃક્ષ ! જય પામો; ધન્વંતરીરૂપ જિન જયવંતા રહો, ત્રિભુવનના કલ્યાણના કોશ-ભંડાર, દુરિત રૂપી હાથીને કેસરી-સિંહ એવાની જય હો ! જેની આજ્ઞા ત્રિભુવનના લોકોએ ઉલ્લંઘી નથી એવા, ત્રણ ભુવનના સ્વામી, **સ્થંભનક** નગરમાં રહેલા **પાર્શ્વજિનેશ્વર** ! સુખી કરો-અમોને સુખી કરો. [**અભયદેવસૂરિકૃત** જયતિહુઅણ સ્તોત્ર]

૪૭૧. **હેમાચાર્ય** અપભ્રંશ ભાષાના **પાણિની** છે, એટલે કે તેમણે પહેલવહેલું અપભ્રંશનું વ્યાકરણ રચ્યું; એથી પુરવાર થાય છે કે તેમની પહેલાં અપભ્રંશ સાહિત્ય હતું.

૪૭૨. ગૂજરાતી ભાષાની જનની અપભ્રંશ ભાષા છે. ગૂજરાતી સાહિત્યનો આરંભ આજથી પાંચસે વર્ષ ઉપર થયો એમ સામાન્ય રીતે મનાતું. સાક્ષર શ્રી **કેશવલાલ** ધ્રુવે ગૂજરાતી ભાષાના ત્રણ યુગ પાડી ઈ.સ. દસમા અગીઆરમા શતકથી ચૌદમા શતક સુધીનો પહેલો યુગ ઠરાવ્યો; અને જણાવ્યું કે અપભ્રંશ કિંવા પ્રાચીન ગૂજરાતીનાં વ્યાકરણના આદિ પ્રવર્ત્તક અને પ્રાકૃત બોલીઓના **પાણિની** તે **હેમાચાર્ય**-તે સમર્થ ગૂર્જર ગ્રંથકારનો સમય ઈ.સ. ૧૦૮૮-૧૧૭૨; એમના અપભ્રંશ ખંડમાં સંગ્રહેલું સાહિત્ય અગીઆરમા અને બારમા શતકની લોકભાષાના દૃષ્ટાંતરૂપે છે; **હેમાચાર્ય**નો સંગ્રહ મોટો છે, **મહાભારત** **ભા**ગવત આદિ કાવ્યો તેમના સમયમાં અથવા તે પહેલાં રચાયેલાં હતાં અને અપભ્રંશ સાહિત્ય એટલે કે પ્રાચીન ગુજરાતી સાહિત્ય સારું ખેડાયલું હતું, તેની એમના ઉતારામાં આપણને ઝાંખી થાય છે. ગૂજરાતી સાહિત્યના આરંભનો અવધિ અગીઆરમા શતકની પણ પૂર્વે જાય છે. વિશેષમાં તેમણે કહ્યું કે જૈનભંડારોમાં બારીક તપાસ કરાશે તો ઘણાં અમૂલ્ય રત્નો નીકળી આવવાનો સંભવ છે. અપભ્રંશ સાહિત્ય બહાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પડવાથી આપણી ભાષાની તેમજ બંગાળી, હિંદી, મરાઠી વગેરે બીજી પણ અર્વાચીન ભાષાની ઉત્પત્તિ ઉપર અપૂર્વ પ્રકાશ પડશે. (બીજી સા. પ. ના પ્રમુખ તરીકેનું ભાષણ સન ૧૯૦૭).

૪૭૩. ત્યાર પછી વિશેષ શોધખોળ કરતાં અપભ્રંશ સાહિત્ય વિશેષ કરીને મુખ્યત્વે જૈનો પાસેથી મળી આવ્યું છે. વિક્રમોર્વશીયના ચતુર્થ અંકમાંનું અને હેમાચાર્યના વ્યાકરણમાં સંગ્રહેલ અપભ્રંશ સાહિત્ય સિવાય તેની પૂર્વનું વિશેષ નહોતું મળતું તે મળી આવ્યું છે અને હજુ પણ વિશેષ મળવા સંપૂર્ણ સંભવ છે. પાટણના જૈન ભંડારમાંનું અપભ્રંશ સાહિત્ય રૂપરેખારૂપે સ્વ. ચીમનલાલ દલાલે સુરતની સાહિત્ય પરિષદના સમયે પોતાના લેખમાં બતાવ્યું છે. હેમાચાર્યે પોતાની પૂર્વના અપભ્રંશ સાહિત્યમાંથી ઉતારા કર્યા છે તેથી તેમની પૂર્વે ઘણું અપભ્રંશ સાહિત્ય વિદ્યમાન હતું તે નિર્વિવાદ છે. તેમની પૂર્વના અપભ્રંશ સાહિત્યનો અત્રે દિગ્દર્શનરૂપે નિર્દેશ કરીશું.

૪૭૪. વિક્રમે આઠમીથી દશમી સદી વચ્ચે કવિ સ્વયંભૂદેવ અને તેના પુત્ર ત્રિભુવનસ્વયંભૂ થયા. પિતાએ બે ગ્રંથો-હરિવંશ પુરાણ અને પઉમચરિય (રામાયણ) અપભ્રંશમાં રચી અપૂર્ણ મૂકેલા તે પુત્રે પુરા કર્યા.{*પ્ર.ભા.જ્ઞા. પ્રા.ગ્રં. ૫. અને સીંઘી ગ્રં.*} ધનપાલ કવિ લગભગ દસમી સદીમાં થયો કે જેણે ભવિસયત્ત કહા અપભ્રંશમાં રચી (આ કથા જર્મનીમાં ડો. યાકોબીએ ૧૯૧૮માં પ્રસિદ્ધ કરી અને પછી ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝ નં. ૨૦ માં સ્વ. દલાલથી સંશોધિત થઈ અને પ્રો. ગુણેની પ્રસ્તાવના અને ટિપ્પણ સહિત બહાર પડી. {*'ધનપાલકૃત બાહુબલી ચરિતની હ.લિ પ્રત જયપુરમાં આમેર શાસ્ત્ર ભંડારમાં છે.' અપભ્રંશ હિન્દી કોશ*}) મહાકવિ ધવલે ૧૮૦૦૦ શ્લોકમાં હરિવંશપુરાણ આ સદીમાં રચ્યું; તેમાં મહાવીર અને નેમિનાથ તીર્થંકરોનાં ચરિત્ર છે ને મહાભારતની કથા પણ છે. આ સર્વ કવિઓ દિગંબર જૈન છે.{*રિટ્ઠણેમિચરિઉ - સ્વયંભૂ. સં. દેવેન્દ્રકુમાર, પ્ર. ભા. જ્ઞા.*}

૪૭૫. અગીઆરમી સદીમાં શ્વેતામ્બર મહેશ્વરસૂરિએ સંયમમંજરી (પી. ૪, ૧૨૧) રચી. મુંજ અને ભોજનો રાજકવિ ધનપાલ,-તેણે સત્યપુરમંડન મહાવીરોત્સાહ નામનું ટુંકું કાવ્ય[૩૬૨] કર્યું. દિગંબર મહાકવિ પુષ્પદંતે તેર હજાર શ્લોકપ્રમાણ મહાપુરાણ {*સં. પી. એલ વૈદ્ય. પ્ર. ભા. જ્ઞા.*} અપરનામ તિસટ્ઠિ મહાપુરિસ ગુણાલંકાર, અને અનુક્રમે ચાર અને નવ સંધિમાં યશોધરચરિત્ર અને નાગકુમારચરિત્ર {*જસહરચ. ણાયકુમાર ચ. પ્ર. ભા. જ્ઞા. અને વીર જિણિંદ ચરિઉ. પ્ર.ભા.જ્ઞા.*} રચ્યાં. અપભ્રંશ કાવ્યમાં અધ્યાય, સર્ગ, પ્રકરણ કે પરિચ્છેદને 'સંધિ' એ નામ અપાયું છે. શ્રીચંદ્રમુનિએ કથાકોશ ૫૩ સંધિમાં રચ્યો. તેમાં રોચક ઉપદેશપૂર્ણ કથાઓ કહેલી છે. આ ગ્રંથ આ કવિએ અણહિલ્લપુર પાટણમાં મૂલરાજ નૃપતિના

૩૬૨. પ્ર. જૈનસાહિત્ય સંશોધક ખંડ ૩ અંક ૩. તેમાં ધનપાલ કહે છે કે :- તુરકોએ શ્રીમાલદેશ, અણહિલવાડ, ચડ્ડાવલ્લિ (ચંદ્રાવતી), સોરઠ, દેલવાડા અને સોમેશ્વર એ બધાં સ્થાનોનો નાશ કર્યો છે, અને એક માત્ર સાચોરના મહાવીરને (મંદિરને) તેઓ ભાંગી નથી શકયા. આ તુરકોની ચડાઈ તેના પોતાના સમયમાં જ (સં. ૧૦૮૦-૮૧ માં) ગૂજરાત પર કરેલી મહમુદ ગીઝનીની ચડાઈ છે. વળી તેમાં કવિએ જૈનોનાં પ્રસિદ્ધસ્થાનો આ રીતે ગણાવ્યાં છે કે : કોરિટ, શ્રીમાલ, ધાર, આહાડ, નરાણા, અણહિલવાડ, વિજયકોટ અને પાલીતાણા. એ બધાં સ્થાનો કવિએ જોયાં જણાય છે ને સાચોરમાં વધુ ચિત્તસંતોષ થયો હોય એમ લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમયમાં રાજાના ગોષ્ઠિક (સલાહકારક મંત્રી) અને અણહિલપુરના વતની પ્રાગ્વાટ જ્ઞાતિના સજ્જનના પુત્ર કૃષ્ણના કુટુમ્બ માટે રચ્યો જણાવ્યો છે. સં. ૧૦૭૬ માં સાગરદત્તે જંબૂસ્વામીચરિત્ર રચ્યું. તેમજ ઘણું કરી આજ શતકમાં પદ્મકીર્તિએ પાર્શ્વપુરાણ ૧૮ સંધિમાં {*પાસણાહચરિઉ હિંદી સાથે સં. પ્રફુલ્લકુમાર મોદી પ્રાકૃત ગ્રંથ પ.*} નયનન્દિએ સુદર્શનચરિત ૧૨ સંધિમાં {*પ્ર. જૈનશાસ્ત્ર ઔર અહિંસા શોધ સંસ્થાન વૈશાલી*} અને આરાધના ૧૧૪ સંધિમાં, અને કનકામરે કરંકડુચરિત ૧૦ પરિચ્છેદમાં રચેલ છે.

૪૭૬. બારમી સદીમાં નવાંગવૃત્તિકાર અભયદેવસૂરિએ જયતિહુયણ નામનું ૩૩ ગાથાનું સ્તોત્ર રચ્યું. સં. ૧૧૨૩માં ઉપરોક્ત સાધરણે વિલાસવઈ કહા રચી. (જુઓ પારા ૨૯૫) હેમાચાર્યના ગુરુ દેવચંદ્રસૂરિએ ૭ કડવામાં સુલસાખ્યાન રચ્યું. આ દેવચંદ્રે સં. ૧૧૬૦માં રચેલા શાંતિનાથ ચરિત્રમાં, તે જ વર્ષમાં વર્ધમાનસૂરિએ રચેલા ઋષભચરિત્રમાં તેમજ સં. ૧૧૯૯માં લક્ષ્મણગણિએ રચેલા પ્રાકૃત સુપાસનાહ ચરિઅમાં કેટલાક અપભ્રંશ ભાગ મળી આવે છે. આ શતકમાં માણિક્યપ્રસ્તારિકા પ્રતિબદ્ધ રાસ, સંદેશરાસક {*કર્તા અબ્દુલ રહેમાન સં. હજારીમલ દ્વિવેદી પ્ર. હિન્દી ગ્રં. રત્નાકર*} રચાયા છે અને જિનદત્તસૂરિએ ચર્ચરી, ઉપદેશ રસાયન રાસ, અને કાલસ્વરૂપકુલક રચેલ છે. જેની પ્રત ૧૧૯૧ની લખાયેલી મળી છે તે ધાહિલનું પઉમસિરિ ચરિત્ર છે {*સં. મધુસૂદન મોદી પ્ર. ભારતીય વિદ્યાભવન*} કે જેમાં ચાર સંધિમાં પદ્મશ્રી સતીના શીલનું વર્ણન છે. આ શતકમાં થયેલ મહાપ્રભાવક ઉપરોક્ત વાદિદેવસૂરિએ પોતાના ગુરુ મુનિચંદ્રસૂરિ ઉપર સ્તવન રચ્યું છે.[૩૬૩]

૪૭૭. આ રીતે આઠમીથી બારમી સદી સુધીમાં અપભ્રંશજૂની ગૂજરાતીમાં વાઙમય રચાયેલું મળી આવે છે, અને આઠમી સદીથી તે ભાષા બોલાતી હોવી જોઈએ એમ અનુમાન કરવામાં હરકત નથી. આના સમર્થનમાં સં. ૮૩૫ માં રચાયેલી કુવલયમાલામાં મુખ્ય ૧૮ દેશોનો અને તે દેશની ૧૮ દેશી ભાષાઓનો ઉલ્લેખ કરતાં, તેમાં સૌરાષ્ટ્ર અને લાટ દેશનો ઉલ્લેખ કરવા ઉપરાંત ગૂર્જર લોક ને તેમની ભાષાનો સ્પષ્ટ ઉલ્લેખ છે :-

ઘયલો(લા)લિયપુડુંગે, ધમ્મપરે સંધિવિગ્ગહં ણિઉણે,
'ણઉ રે ભલ્લઉં' ભણિરે, અહ પેચ્છઈ ગુજ્જરે અવરે.

-પછી ગુર્જર લોકોને જોયા. એ લોકો ઘીથી જેનું પૃષ્ટાંગ-પાછલું અંગ લાલિત છે એવા, ધર્મપરાયણ, સંધિવિગ્રહમાં નિપુણ અને 'ણઉ રે ભલ્લઉં' એમ બોલનારા હોય છે.

વળી સાથે લાટપ્રદેશ (ભરૂચ આસપાસનો) કે જેનો હાલ ગૂજરાતમાં સમાવેશ થાય છે તેનો પણ ઉલ્લેખ છે કે :-

ણ્હાઉલિત્તવિલિત્તે, કયસીમંતે સુસોહિયસુગત્તે,
'આહમ્હ કાઈં તુમ્હં મિત્તુ' ભણિરે અહ પેચ્છઈ લાડે.

---

૩૬૩. પ્ર. જૈન શ્વે. કોન્ફરન્સ હેરેલ્ડ પુ. ૧૩ અંક ૯ થી ૧૧ માં સપ્ટે. થી નવેં. ૧૯૧૭ ના સંયુક્ત અંકમાં પ્રસિદ્ધ થયેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

-પછી લાટના લોકોને જોયા. એ લોકો સ્નાન અને લેપવિલેપ કરનારા, (માથામાં) સેંથો પાડનારા, સુશોભિત શરીરવાળા અને 'આહમ્હ કાઇં તુમ્હં મિત્તુ' એમ બોલનારા હોય છે.

૪૭૮. તેરમાં શતકમાં હેમાચાર્યના સમયનું અપભ્રંશ સાહિત્ય મળી આવે છે. યોગચંદ્ર યા યોગીન્દ્રદેવના યોગસાર (૧૦૫ દોહામાં) અને પરમાત્મપ્રકાશ ગ્રંથ છે. {*યોગસાર પરમ પ્રકાશ પ્ર. પરમ શ્રુત પ્ર. મંડલ*} આ બંનેની ભાષા ઘણી સરળ, પ્રવાહી અને સુંદર છે. {*સાવય ધમ્મ દોહા. - દેવસેન પ્ર. અંબાલાલ દિ.ગ્રં., સુલોચના ચરિઉ-દેવસેન હ.લિ. પ્રત આમેર શાસ્ત્ર ભંડાર*} માઇલ્લ ધવલે દેવસેનના દર્શનસારને દોહામાં મુકેલ છે. {સં. નાથૂરામ પ્રેમી પ્ર. જૈનગ્રંથ રત્નાકર} સં. ૧૨૧૬ માં હરિભદ્રસૂરિનું નેમિનાહચરિય {*સં હ. ચૂ. ભાયાણી, મધુસૂદન મોદી પ્ર.લા.દ.વિ.મં.*} કુમારપાલના રાજ્યમાં પ્રાકૃત અપભ્રંશ ભાષામાં ૮૦૩૨ ગાથામાં સંપૂર્ણ થયું. તેના પહેલા ભાગમાં અરિષ્ટનેમિ અને રાજીમતિના નવ પૂર્વભવોનું વર્ણન છે; અને બીજા ભાગમાં તે તીર્થંકરનું ચરિત્ર છે કે જેમાં કૃષ્ણ અને પાંડવોનાં ચરિત્રો ઓતપ્રોત છે. વરદત્તનું બે સંધિનું વજ્જસ્વામીચરિત્ર અને રત્નપ્રભની ૯ કડવામાં-અધિકારમાં અંતરંગ સંધિ {*સંધિ કાવ્ય સમુચ્ચય-અંતર્ગત પ્રકાશિત સં. ૨ મ.શાહ પ્ર.લા.દ.વિ.*} તેમજ તે રત્નપ્રભનાં કેટલાંક કુલકો સં. ૧૨૩૨માં ને કુમારપાલના રાજ્યમાં રચાયેલાં આ શતકનાં મળી આવે છે.

[આ અપભ્રંશ સાહિત્યનો આઠમીથી તે ઠેઠ સોળમી સદી સુધીનો વિશેષ વિસ્તાર મારા 'જૈન ગૂર્જર કવિઓ' પ્રથમ ભાગ એ નામના પુસ્તકમાં 'જૂની ગૂજરાતી ભાષાનો સંક્ષિપ્ત ઈતિહાસ' એ મારા નિબંધરૂપે પ્રસ્તાવના પ્રકટ થઈ છે તેમાંથી જોઇ લેવો. અપભ્રંશાદિ ભાષા સંબંધી વિશેષમાં પં. બહેચરદાસની તેમના 'પ્રાકૃત વ્યાકરણ'ની પ્રસ્તાવના, પં. લાલચંદની 'અપભ્રંશકાવ્ય ત્રયી'ની સંસ્કૃત પ્રસ્તાવના પૃ. ૭૨ થી ૧૧૨ અને પં. હરગોવિંદદાસની તેમના 'પાઇઅ-સદ્દમહણ્ણવો' નામના પ્રાકૃતભાષાના કોશમાં તેમના ઉપોદ્‌ઘાતમાંથી પુષ્કળ સામગ્રી મળશે.]

• • •

{અપભ્રંશ કા જૈન સાહિત્ય ઔર જીવનમૂલ્ય ડૉ. સાધ્વી સાધના પ્ર. ભારતીય વિદ્યા પ્ર. 'અપભ્રંશ ભાષા ઔર સાહિત્ય કી શોધપ્રવૃત્તિયાં' ડૉ. દેવેન્દ્રકુમાર શાસ્ત્રી પ્રકાશક-ભારતીય જ્ઞાનપીઠ.}

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૨ સોલંકી વંશનો સમય(અનુસંધાન) (સં.૧૨૩૦ થી સં.૧૨૯૯)

''व्याकरणात् पदसिद्धिः पदसिद्धेरर्थनिर्णयो भवति ।
अर्थात् तत्त्वज्ञानं तत्त्वज्ञानात् परं श्रेयः ॥
सुकृतं जनयत्यादावसुरसुरस्वामितां ततः क्रमशः ।
निर्वृतिवनितावाप्तिं धार्मिकगुणकीर्त्तनं विदुषाम् ॥''

- પ્રા. દ્વ્યાશ્રય પર ટીકા ૧, ૧.

-વ્યાકરણથી શબ્દની સિદ્ધિ થાય છે, શબ્દસિદ્ધિથી અર્થનો નિર્ણય થાય છે, અર્થથી તત્ત્વજ્ઞાન થાય છે ને તત્ત્વજ્ઞાનથી પરમશ્રેય પ્રાપ્ત થાય છે.

-વિદ્વાનોને ધાર્મિકગુણના કીર્ત્તનથી પહેલાં સુકૃત-પુણ્ય થાય છે, પછી ક્રમશઃ સુરાસુરનું આધિપત્ય અને નિર્વૃત્તિ-મોક્ષરૂપી સુંદરીની પ્રાપ્તિ થાય છે.

૪૭૯. કુમારપાલ પછી તેનો ભત્રીજો **અજયપાલ** જૈનદ્વેષી નિર્બુદ્ધિ અને નિર્દય રાજા થયો. તેના પૂર્વજોએ જૈન પર જેટલી ભલાઇ કરી હતી તેટલો અત્યાચાર તેણે કર્યો હતો, કુમારપાલે જે જે મહાન્ જૈનમંદિરો ચણાવ્યાં હતાં. તેનો નાશ કરવાનું તેણે ચાલુ રાખ્યું, હેમાચાર્યના પટ્ટધર મહાકવિ **રામ**ચંદ્રસૂરિને તેમના જ ગુરુભાઈ **બાલ**ચંદ્રની મિત્રતાભરી શીખવણીથી તપાવેલ તાંબાની પાટ પર બેસાડી જીભ ખેંચીને મારી નાંખ્યા. (**પ્ર.** ચિં; **ચ.** પ્ર. વગેરે). તેના રાજ્યમાં **યશઃપાલ** નામનો જૈન સચિવ હતો તેમજ બીજા જૈન અધિકારીઓ અને **આભ**ડશ્રેષ્ઠિ જેવા સર્વમાન્ય જૈનો હશે, પરંતુ મોટે ભાગે તે જૈનદ્વેષી થઇ રહ્યો હતો. તેના સમયથી સોલંકીઓના રાજ્યની અવનતિનો પ્રારંભ થયો. **સિદ્ધરાજ જયસિંહે** જીતેલ અને કુમારપાલે આધીન રાખેલ **માલવા**નું રાજ્ય સ્વતંત્ર થયું. **અજયપાલ**નું ખૂન સં. ૧૨૩૩માં એક દ્વારપાલે કર્યું.

૪૮૦. અજયપાલના સમયમાં તેના જૈનમંત્રી નામે યશઃપાલે (મોઢ વંશના મન્ત્રિ ધનદેવ અને રૂક્મિણીના પુત્ર) **મોહ**પરાજય નાટક **થારા**પદ્રપુર(**થરા**દ)માં ત્યાંના કુમારવિહારકોડાલંકાર શ્રી **વીર** જિનેશ્વર યાત્રા મહોત્સવ પ્રસંગે રચ્યું-તેમાં આલંકારિક રીતે કુમારપાલ રાજા સાથે ધર્મરાજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને વિરતિ દેવીની પુત્રી કૃપાસુન્દરીનું પાણિગ્રહણ શ્રી મહાવીર અને હેમાચાર્ય સમક્ષ કરાવ્યું છે. જૈન ધર્મના આ મહાન વિજયની મિતિ સં. ૧૨૧૬ ના માર્ગશીર્ષ માસની શુકૂલ દ્વિતીયા બતાવી છે-તે દિવસે કુમારપાલે પ્રકટ રૂપે જૈન ધર્મનો સ્વીકાર કર્યો. આ ગ્રંથ {*નાટક*} સં. ૧૨૨૯ થી ૧૨૩૨ વચમાં રચાયું જણાય છે.

૪૮૧. સં. ૧૨૩૧માં મલ્લવાદી આચાર્ય કૃત ધર્મોત્તર ટિપ્પનક તાડપત્ર પર લખાયું છે કે જે પ્રત પાટણ ભંડારમાં છે. (પી. ૫, ૩.) સં. ૧૨૩૨ માં ધારાનગરીના આમ્રદેવના પુત્ર નરપતિએ અજયપાલ દેવ રાજ્યે અણહિલનગરે નરપતિજયચર્યા (સ્વરોદય) રચ્યો તેમાં સ્વરો પરથી શુકન જોવા ને ખાસ કરી માન્ત્રિક યંત્રો વડે યુદ્ધમાં જય મેળવવા માટે શકુન જોવાની વાત છે. (વેબર નં. ૧૭૪૪ વે. નં. ૩૮૦ થી ૩૮૪, ભાં. ૮૨-૮૩ પૃ. ૩૫, ૨૨૦).

૪૮૨. વાદિદેવ સૂરિ શિષ્ય મહેન્દ્ર સૂરિ શિષ્ય પ્રદ્યુમ્ન સૂરિએ વાદસ્થલ નામનો એક ગ્રન્થ રચ્યો હતો. તેમાં આશાવલ્લીના ઉદયનવિહારમાં શ્વેતામ્બર યતિથી પ્રતિષ્ઠિત થયેલાં જિનબિંબો પૂજનીય નથી એવો વાદ ખરતર જિનપતિ સૂરિના મતાનુયાયીઓ કરતા હતા. તેનું ખંડન છે. (જેસ. પ્ર. ૨૭) તે ગ્રંથના સામે ખ. જિનપતિ સૂરિએ (વિધિ) પ્રબોધ્યવાદસ્થલ એ નામનો ગ્રંથ રચ્યો કે જેમાં પોતાના મતનું પ્રતિપાદન કરવાનો પ્રયત્ન કર્યો છે. (જેસ. પ્ર. ૨૮) સં. ૧૨૩૩ માં આ જિનપતિ સૂરિએ કલ્યાણ નગરમાં મહાવીરપ્રતિમા પ્રતિષ્ઠિત કરી (જિન૦ કૃત તીર્થકલ્પ). તેમણે રચેલ તીર્થમાલા, જિનવલ્લભકૃત સંઘપટ્ટક પર ટીકા[૩૬૪]-બૃહદ્વૃત્તિ, જિનેશ્વરકૃત પંચલિંગિ પર વિવરણ (વે. નં. ૧૬૨૩) ઇત્યાદિ સુપ્રસિદ્ધ છે. તે સૂરિએ ચૈત્યવાસીઓને વધુ ખોખરા કર્યા.

૪૮૩. સં. ૧૨૩૩માં વાદિદેવસૂરિ શિષ્ય રત્નપ્રભસૂરિએ પ્રાકૃતમાં નેમિનાથ ચરિત્ર (જેસ. પ્ર. ૪૦) અને સં. ૧૨૩૮માં ભૃગુપુર-ભરૂચમાં અશ્વાવબોધ તીર્થમાં ધર્મદાસકૃત ઉપદેશમાલા પર વૃત્તિ (દોઘટ્ટી) રચી કે જે વૃત્તિ ભદ્રેશ્વરસૂરિ આદિએ સંશોધિત કરી હતી[૩૬૫] અને તેમની પ્રતિભાશાલી ન્યાયશાસ્ત્રની કૃતિ નામે રત્નાકરાવતારિકા કે જે સ્વગુરુ વાદિ દેવસૂરિ કૃત સ્યાદ્વાદ રત્નાકર પર લઘુ ટીકા છે તે સુપ્રસિદ્ધ છે કે જેમાં બૌદ્ધ તાર્કિકો અર્ચટ અને ધર્મોત્તરનો ઉલ્લેખ છે. {*પં ધીરુભાઈના વિવેચન સાથે પ્રકા. જિ. આ. ટ્ર. અને સંપા. દલસુખભાઈ માલવણિયા પ્રકા.લા.દ.વિ*}

૪૮૪. વાદિ દેવસૂરિના શિષ્ય મહેશ્વર સૂરિએ પાક્ષિક સપ્રતિ પર સુખપ્રબોધિની નામની વૃત્તિ રચી કે જેમાં વજસેન[૩૬૬] ગણિએ સહાય કરી હતી. (કાં. વડો. નં. ૧૦).

૩૬૪. આ કદાચ સં. ૧૨૭૦ આસપાસ હશે. આ વૃત્તિપરથી લઘુવૃત્તિ ખ. જિનભદ્રસૂરિ-સિદ્ધાન્તરુચિ-અભયસોમ શિ. હર્ષરાજે રચી છે (પી. ૫, ૨૧૫).

૩૬૫. પી. ૩, ૧૬૬; પી. પી, ૧૨૩; વે. નં. ૧૫૭૧; જેસ.-આમાં સિદ્ધર્ષિકૃત ઉપદેશમાલાટીકાનો ઉલ્લેખ છે.

૩૬૬. એક વજસેનગણિના શિષ્ય હરિ થયા છે કે જેમણે કર્પૂરપ્રકર (કાં.વડો;પ્ર.ભી.મા.) નામનો સુભાષિતોનો ગ્રંથ-સૂક્તાવલી તથા નેમિચરિત્ર રચેલ છે, અને જેઓ પોતાના ગુરુ વજસેનને ત્રિષષ્ટિસાર પ્રબંધના કર્ત્તા તરીકે ઓળખાવે છે. આ વજસેનનો ઉલ્લેખ નાગપુરીય તપાગચ્છના સંવત ૧૪મી સદીમાં વિદ્યમાન હોવાનો નાગપુરીય તપાગચ્છીય પટ્ટાવલીમાં છે. (જુઓ જેસ. પ્ર. પુ. ૫૩, ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્ર ગદ્ય) આ બંનેનો સમય નિશ્ચિત કરવા યોગ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૮૫. અજયપાલ પછી તેનો બાલક પુત્ર મૂલરાજ (બાલ મૂલરાજ) ગૂજરાતના રાજ્યસિંહાસન પર બે વર્ષ રહી મરણ પામ્યો. સં. ૧૨૩૫. પછી તેનો નાનો ભાઇ ભીમદેવ બીજો બાલ્યાવસ્થામાં ગાદીએ આવ્યો, ત્યારથી જ ગૂજરાતના રાજ્યની દશા બગડતી ગઇ અને સામન્તો સ્વતંત્ર થતા ગયા.

૪૮૬. સં. ૧૨૩૬ માં તાડપત્ર પર સિદ્ધર્ષિકૃત ઉપદેશમાલા વિવરણની પ્રત લખાઇ. (પા. સૂચિ નં. ૬૪). સં. ૧૨૩૭માં આબુ ઉપર પ્રસિદ્ધ મંત્રી પૃથ્વીપાલ (પારા ૩૮૧)ના પુત્ર મંત્રી ધનપાલે પોતાના મોટાભાઇ જગદેવના અને પોતાના નામથી બે હાથીઓ હસ્તિશાળામાં કરાવ્યા અને ત્રીજો હાથી પણ તેણે જ કરાવ્યો હશે. આ ધનપાલે પોતાના પિતાના પગલે ચાલીને આબુના વિમલવસહિ મંદિરની કેટલીક દેરીઓનો જીર્ણોદ્ધાર સં. ૧૨૪૫માં કરાવ્યો છે.

સં. ૧૨૪૧ માં સોમપ્રભસૂરિએ શ્રીપાલ કવિના પુત્ર સિદ્ધપાલની વસતિમાં રહી કુમારપાલપ્રતિબોધ રચ્યો એ અગાઉ કહેવાઇ ગયું છે.

૪૮૭. સં. ૧૨૪૩ માં પૌર્ણમિક ચંદ્રપ્રભસૂરિના શિષ્ય અને જયસિંહ નૃપતિએ સન્માનેલા ધર્મઘોષસૂરિ પાસેથી જેમણે સૂરિપદ પ્રાપ્ત કર્યું હતું એવા યશોઘોષસૂરિના શિષ્ય હેમપ્રભસૂરિએ હરિપાલ મંત્રીની વિજ્ઞપ્તિથી વિમલસૂરિકૃત પ્રશ્નોત્તરરત્નમાલા પર વૃત્તિ રચી. (જે. નં. ૯૦, જે. પ્ર. ૪૦). રાજગચ્છના (શીલભદ્ર-માણિકય-ભરતેશ્વર-વૈરસ્વામી-નેમિચંદ્ર-સાગરચન્દ્ર શિષ્ય) માણિક્યચંદ્ર સૂરિએ સં. ૧૨૪૬ માં (રસવકત્ર ગ્રહાધીન વર્ષે-૧૨૧૬ માં ?) મમ્મટ કૃત કાવ્યપ્રકાશ પર કાવ્યપ્રકાશસંકેત નામની ટીકા રચી. આ ટીકા તે ગ્રંથ પર પહેલામાં પહેલી છે. (પ્ર. આનંદાશ્રમ ગ્રંથમાલા પૂના, સં. ૧૨૭૧ ની પ્રત જે.; પા. સૂચિ નં. ૬૭) આ સમયમાં વાદિ દેવસૂરિ શિ. ભદ્રસૂરિ શિ. પરમાનન્દસૂરિએ ખંડનમંડન ટિપ્પન રચ્યું. (કેશરવિજય ભં. વઢવાણ.)

૪૮૮. સં. ૧૨૪૭માં ભીમદેવના રાજ્યમાં લાટદેશે દંડનાયક સોભનદેવ, અને મુદ્રાધિકારી રત્નસિંહ હતા. (પી. ૩, ૫૧).

૪૮૯. સં. ૧૨૪૮ માં (કરિ સાગર રવિ-૧૨૭૮ ?) ચંદ્રગચ્છના-રાજગચ્છના (વાદમહાર્ણવના કર્ત્તા અભયદેવસૂરિ-ધનેશ્વર-અજિતસિંહ-વર્ધમાન-દેવચંદ્ર-ભદ્રેશ્વર-અજિતસિંહ-દેવભદ્રસૂરિ કે જેમણે પ્રમાણપ્રકાશ અને શ્રેયાંસચરિત રચ્યાં તેના શિષ્ય) સિદ્ધસેનસૂરિએ નેમિચંદ્રકૃત પ્રવચન સારોદ્ધાર પર તત્ત્વજ્ઞાન વિકાશિની નામની વૃત્તિ રચી. (પી. ૨, ૮૮; વે. નં. ૧૬૪૦-૪૧, પ્ર. દે. લા. નં. ૫૮, અને ૬૪) તેમાં તે સિદ્ધસેનસૂરિ પોતાના અન્ય ગ્રંથો નામે-સ્તુતિઓ, પદ્મપ્રભ ચરિત્ર અને સામાચારીનો પણ ઉલ્લેખ કરે છે. (પ્ર. સા. વૃત્તિ પૃ. ૧૮૭, ૪૪૦ અને ૪૪૨). સં. ૧૨૫૧માં ભીમદેવના રાજ્યમાં લાટદેશના દર્ભાવતી-(ડભોઇ)માં શ્રીમાલી શ્રાવકે વટપદ્રક (વડોદરા) ના પં. વોસરિ પાસે તાડપત્ર પર યોગશાસ્ત્રની વૃત્તિ લખાવી (પી. ૩, ૭૭).

૪૯૦. આસડ-આ નામનો શ્રાવક મહાકવિ થયો. તે ભિલ્લમાલ (શ્રીમાલ) વંશના કટુકરાજનો આનલદેવીથી થયેલ પુત્ર હતો. કટુકરાજને જૈનદર્શનમાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. ગૂર્જરધરામાં મંડલી (માંડલ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નગરમાં મહાવીર ચૈત્યની પ્રતિષ્ઠા કરનારા અને શ્રી દેવેન્દ્રસૂરિના સ્વહસ્તથી સૂરિપદ પ્રાપ્ત કરનારા એવા ભદ્રેશ્વરસૂરિ થયા કે જેમના પટ્ટધર 'કલિકાલ ગૌતમ' અભયદેવસૂરિના ઉપદેશથી આસડે જૈન સિદ્ધાન્તનો સાર લઈ લીધો હતો. આસડને 'કવિસભા શૃંગાર' નામનું બિરૂદ મળ્યું હતું.[૩૬૭] તેણે કાલીદાસના મેઘદૂત પર ટીકા, અનેક જિનસ્તોત્ર સ્તુતિઓ અને ઉપદેશકંદલી નામના પ્રકરણ (પી. ૫, ૪૮)ની રચના કરી. વળી પોતાના 'બાલસરસ્વતી' નામથી પ્રખ્યાતિ પામેલા રાજડ નામના પુત્રના તરુણ વયમાં જ થયેલા મૃત્યુથી પોતાને થયેલ શોકમાંથી અભયદેવસૂરિએ બોધ આપી, જાગૃત કર્યો હતો અને તેમનાં વાક્યોથી વિવેકમંજરી નામનું પ્રકરણ પોતે સૂત્રિત કર્યું, (પી. ૨, ૫૬, પી. ૩, ૧૨ તથા ૧૦૦).

૪૯૧. સપાદલક્ષ (શાકંભરી) રાજા સમક્ષ વાદીઓને જીતનાર ધર્મઘોષસૂરિ થયા, તેમના પટ્ટધર ગદ્યગોદાવરીના કર્ત્તા યશોભદ્રસૂરિ થયા, તેમના પછી રવિપ્રભસૂરિ થયા ને તેમના શિષ્ય ઉદય પ્રભસૂરિએ નેમિચંદ્રસૂરિના પ્રવચનસારોદ્ધાર પર વિષમપદ વ્યાખ્યા નામની ટીકા રચી (પી. ૩, ૧૨૬ ને ૨૬૨ {*सं मुनिचंद्र वि. प्र. ॐकार सा. निधि*}) તેમજ શિવશર્મસૂરિકૃત પાંચમા પ્રાચીન કર્મ ગ્રંથ નામે શતક પર, અને બીજા પ્રાચીન કર્મગ્રથ નામે કર્મસ્તવ પર પણ ટિપ્પનો રચ્યાં (પ્રાચીન કર્મ ગ્રંથોની પ્રસ્તાવના આ. સભા નં. ૫૨). ઉપરોક્ત (બોધિતશાકંભરીભૂપ એવા) ધર્મઘોષસૂરિ-યશોભદ્રસૂરિ-દેવસેન ગણિ શિ. પૃથ્વીચંદ્રસૂરિએ કલ્પટિપ્પન રચ્યું. (કી. ૩ નં. ૧૬૩; પી. ૨, ૧૩-૬૯; પી. ૩, ૧૫, ૩૯૭; જૈસ.; {*पा. कल्पसूत्र निर्युक्ति चूर्णि अने टिप्पण साथे सं. पुण्य वि. प्र. साराभाई नवाब*})

૪૯૨. 'સં. ૧૨૫૩માં શ્રીપ્રભસૂરિએ ધર્મવિધિ ગ્રંથ રચ્યો (કે જેના પર તેમના પ્રશિષ્ય ઉદયસિંહે સં. ૧૨૮૬માં-૨સ મંગલ સૂર્ય મિતે વર્ષે-ટીકા કરી હતી જુઓ પારા ૫૬૬) અને સં. ૧૨૫૪ માં કાસદ્રહ ગચ્છની સાથે જ સ્થપાયેલા જાલિહર ગચ્છના[૩૬૮] (બાલચંદ્ર ગુણભદ્ર-સર્વાનંદ (પાર્શ્વચરિતના કર્ત્તા)-ધર્મઘોષ શિષ્ય) દેવસૂરિએ પ્રાકૃતમાં પદ્મપ્રભ ચરિત {*सं. १२५४मां*} રચ્યું (કાં. છાણી. {*सं. रूपेन्द्रकुमार पगारिया, प्र.ला.द.वि.*}) આ દેવસૂરિએ દેવેન્દ્રસૂરિ પાસેથી તર્ક અને હરિભદ્રસૂરિ પાસેથી સિદ્ધાંત મૂળથી શીખી આ ચરિત્ર બનાવ્યું હતું. સં. ૧૨૫૫માં ખ. જિનપતિસૂરિ શિષ્ય પૂર્ણભદ્રસૂરિએ પંચાખ્યાનક (પંચતંત્ર) શોધ્યું કે જેના પર ઈટલીનો વિદ્વાન હર્ટલ મુગ્ધ થયો છે. આજ વર્ષમાં શ્રીમાલી ધવલ શ્રેષ્ઠિની ભાર્યા રૂકિમણીએ સુમતિસિંહ મુનિને તિલકમંજરીની તાડપત્ર પરની પ્રત વ્હોરાવી. (ડો. ભાવ.)

---

૩૬૭. आसडः कालिदासत्य यशोदीपमदीपयत् । मेघदूतमहाकाव्ये टीकास्नेहनिषेचनात् ॥
श्रुत्वा नवरसोद्गार किरोऽस्य कवितागिरः । राजसभ्याः कविसभाशृंगार इति यं जगुः ॥
जिनस्तोत्रस्तुतीः पद्यगद्यबंधैरनेकशः । चक्रे यः क्रकर्माहिजांगुलीमंत्रसंनिभाः ॥
येनोपदेशकंदल्याह्वानप्रकरणच्छलात् । कृतं मोक्षाध्वनी नेभ्यः पाथेयातिथ्यमक्षयं ॥
- **विवेकमंजरीवृत्ति प्रशिस्त पी. ૩, ૧૦૦.**

૩૬૮. કાસદ્રહ અને જાલિહર ગચ્છ બંને એક સાથે નીકળ્યા એમ તે જ ચરિતના અંતે જણાવ્યું છે :-
विषाहरसाहाए गच्छा गुच्छव्वसुमणमणहरणा । जालिहर-कासहरया मुणिमदुवरपरिगया दोन्नि ॥ ४९ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૯૩.ખ. જિનપતિસૂરિએ શ્રેષ્ઠિ નેમિચંદ્ર ભાંડાગારિકને જૈનધર્મી કરેલ હતો. (ભાં. ૪, ૧૪૯) તે શ્રેષ્ઠિએ સટ્ઠિસય (ષષ્ઠિ શતક) નામનો ઉપદેશમય પ્રકરણ ગ્રંથ પ્રાકૃતમાં રચ્યો. (વે. નં. ૧૬૭૦-૭૨, પ્ર.હી. હં; અને મોહનલાલ ગ્રં.નં. ૨ સત્યવિજય ગ્રં.નં. ૬.) આ શ્રેષ્ઠિના પુત્ર સં. ૧૨૨૫માં દીક્ષા લઈ પછી જિનપતિસૂરિના પટ્ટધર નામે જિનેશ્વરસૂરિ તરીકે પ્રસિદ્ધ થયા. સં. ૧૨૫૮માં ભીમદેવ રાજ્યે મલયચંદ્ર (મલયગિરિ) વિરચિત ષડશીતિ વૃત્તિ તાડપત્ર પર લખાઈ (પા. સૂચિ નં. ૫૫).

૪૯૪. સં. ૧૨૬૦ માં વટ-વડગચ્છના (સર્વદેવસૂરિ-જયસિંહ-ચંદ્રપ્રભ-ધર્મઘોષ-શીલગુણસૂરિ-માનતુંગસૂરિ શિ.) મલયપ્રભે સ્વગુરુ માનતુંગસૂરિકૃત જયન્તી પ્રશ્નોત્તર સંગ્રહ-સિદ્ધજયંતી પર વૃત્તિ રચી (પી. ૩, ૩૭) અને તે નાઉ નામની પ્રાગ્વાટ જ્ઞાતિની શ્રાવિકાએ સં. ૧૨૬૧ માં પંડિત મુંજાલ પાસે મુંકુશિકા સ્થાને લખાવીને અજિતપ્રભસૂરિને સમર્પિત કરી. (પી. ૩, ૪૫).

૪૯૫. સં. ૧૨૬૧ માં ચંદ્રગચ્છના(પૌ.) ચંદ્રપ્રભસૂરિ-ધર્મઘોષ-ચક્રેશ્વર-શિવપ્રભસૂરિ શિષ્ય તિલકાચાર્યે પ્રત્યેકબુદ્ધ ચરિત (પી. ૩, ૧૦૯; વે.નં.. ૧૭૫૨) રચ્યું. સં. ૧૨૬૨માં ખ. જિનપતિસૂરિ શિષ્ય જિનપાલે જિનેશ્વરકૃત ષટ્ સ્થાનક પર વૃત્તિ (બુહ્. ૬, નં. ૭૭૬), ૧૨૬૩ માં આંચલિક જયસિંહસૂરિ પટ્ટધર અને શિષ્ય ધર્મઘોષસૂરિએ પ્રાકૃતમાં શતપદી-પ્રશ્નોત્તર પદ્ધતિ (પી. ૫. ૬૬) રચી {*અને ઋષીમંડલ પ્ર. રચ્યું. સં. વિજયોમંગસૂરિ પદ્મમંદિરગણિ વૃત્તિ સાથે મુદ્રિત*} અને સં. ૧૨૬૪માં નાગેન્દ્ર ગચ્છના (રામસૂરિ-ચંદ્રસૂરિ-દેવસૂરિ-અભયસૂરિ-ધનેશ્વરના શિષ્ય અને વિજયસિંહસૂરિના ગુરુભાઈ દેવેન્દ્રસૂરિએ ચંદ્રપ્રભ ચરિત સંસ્કૃતમાં સોમેશ્વરપુર (સોમનાથ દેવકીપત્તન)માં રચ્યું. (બુહ્. ૨ નં. ૩૪૭, બુહ ૩, નં. ૧૫૮; પી. ૪, ૮૫ મુદ્રિત {*પ્ર. હર્ષપુષ્પા*}). આ દેવેન્દ્રસૂરિએ સેરીસા તીર્થની ઉત્પત્તિ કરી સંભવે છે. (જુઓ નાભિનંદનોદ્ધાર પ્રબંધ પ્રસ્તાવ ૪, શ્લોક ૬૪૬-૫૧ જૈનયુગ ૧, પૃ. ૧૮૮).

૪૯૬. ગૂજરાતના વાયટ ગામમાં વાયટીય (વાયડ) ગચ્છના પ્રસિદ્ધ જિનદત્તસૂરિ સં. ૧૨૬૫માં થયા. તેમણે અનેકને જૈન કર્યા. તે વાયડ ગામ પરથી વાયડા બ્રાહ્મણો અને વાયડા વાણીઆ થયા છે અને જૈનમાં વાયટીય ગચ્છ થયો છે. તેમણે વિવેક વિલાસ નામનો ગ્રન્થ રચ્યો (વે. નં. ૧૬૫૯, પ્ર. ય. ગ્રં. તથા મે. હી.) તે જિનદત્તસૂરિ વસ્તુપાલની સાથે શત્રુંજયની યાત્રાએ ગયેલા સૂરિઓમાંના એક હતા એમ સુકૃત સંકીર્ત્તનમાં જણાવ્યું છે. તેમના શિષ્ય ચમત્કારી યોગવિદ્યાવાળા જીવદેવસૂરિ[૩૬૯] થયા. તેમણે તે ગામમાં બ્રાહ્મણો અને શ્રાવકો વચ્ચે અત્યંત સ્નેહ બંધાવ્યો.

(પ્ર. ચ. માં વાયડગચ્છીય જીવદેવસૂરિનો પ્રબંધ આપેલ છે. તે પ્રમાણે જીવદેવસૂરિ વાયડગચ્છીય જિનદત્તસૂરિના શિષ્ય રાશિલસૂરિના શિષ્ય થાય. વિક્રમના પ્રધાન લિંબાએ વાયડમાં આવી ભ. મહાવીરના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી તેના ધ્વજદંડની પ્રતિષ્ઠા સં. ૭માં આ. જીવદેવસૂરિ હાથે

૩૬૯. આ જીવદેવ તે લક્ષ્મણગણિએ જે જીવદેવસૂરિની સ્તુતિ પોતાના સુપાસનાહ ચરિતમાં આ પ્રમાણે કરી છે કે : 'શ્રીમદ્ જીવદેવસૂરિની વાણીને પ્રાકૃત પ્રબંધના કવિઓ જ નહીં, પરંતુ દેવતાઓ પણ પોતે કલ્પવૃક્ષની મંજરી માફક શ્રવણગોચર કરે છે' તેથી ભિન્ન સમજવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરાવી. વાયડમાં વસતા લલ્લ નામના કોટિધ્વજ શેઠે બ્રાહ્મણોનો પોતે ભક્ત હોઈ મહાયજ્ઞ શરૂ કર્યો. પણ તેમાંથી દિલ ઉઠી ગયું ને જીવદેવસૂરિના ઉપદેશથી પોતે જૈન થયા. એટલે જૈન ચૈત્ય કરાવવા માંડ્યું. તેમાં ભુવનદેવીને શાંત કરી તેની ભૂમિને શુદ્ધ કરી જીવદેવસૂરિએ તે ચૈત્ય પૂર્ણ કરાવ્યું ને તેમાં ભુવનદેવીની દેરી કરાવી. લલ્લ જૈન થતાં વાયડના બ્રાહ્મણોનો દ્વેષ વધ્યો ને આખરે આ સૂરિના પ્રતાપથી લલ્લ સાથે બ્રાહ્મણોનું એવું સુલેહનામું થયું કે 'જૈનો વાયડમાં ગમે તે ધાર્મિક ઉત્સવો કરે તેમાં કોઈએ કોઈપણ પ્રકારનું વિઘ્ન નાંખવું નહિ. (વાયડમાં જે કંઈપણ ધાર્મિક કાર્યવ્યવસ્થા થશે તેમાં) ભ. મહાવીરના સાધુઓનો ભાગ પહેલો રહેશે. (જીવદેવસૂરિની ગાદી ઉપર) જે નવીન આચાર્ય બેસે તેનો પટ્ટાભિષેક બ્રાહ્મણોએ સુવર્ણનું યજ્ઞોપવિત પહેરાવીને બ્રહ્માના મંદિરમાં કરવો.' વગેરે. આ પરથી મુનિ કલ્યાણવિજય કહે છે કે આ જીવદેવસૂરિ પ્રસિદ્ધ વિક્રમાદિત્યના સમયના નહિ પણ એ સમયથી લગભગ ૫૦૦-૬૦૦ વર્ષ પછીના પુરુષ હતા. લલ્લશેઠ દ્વારા જે બ્રાહ્મણોએ જૈનોની સાથે શરતો કરેલી તેજ બ્રાહ્મણો કાલાન્તરે સત્તાહીન અને જાગીરહીન થતાં જૈનોના આશ્રિત ભોજકો થયા હતા એમ હું માનું છું. ભોજક જાતિનું હજી પણ આદરસૂચક વિશેષણ 'ઠાકોર' છે-એ સૂચવે છે કે પૂર્વે એ જાતિ જાગીરદાર હશે એ નિશ્ચિત છે. એ લોકોનું પાલણપુરની આસપાસના પ્રદેશમાં ઢાગર પ્રગણામાં, જેમાં વાયડ પણ આવેલ છે ત્યાં, માન છે અને જૈનો ઉપર કેટલાક પરંપરાગત લાગા છે. આથી પણ આ લોકોનો આ પ્રદેશમાં પૂર્વે અધિકાર અને વસવાટ હોવાનું જણાઈ આવે છે. જ્યારથી એ લોકોએ વાયડ ખોયું ત્યારથી જ અધિક પરિચય અને સંબંધના કારણે એમણે જૈન મંદિરોની પૂજા ભક્તિ કરવાનું શરૂ કર્યું હશે, અને જૈનોએ એમને લાગા બાંધી આપ્યા હશે. દંતકથા પ્રમાણે એમને આ. હેમચંદ્રે જૈન બનાવ્યાનું, કે બીજી દંતકથા પ્રમાણે ખરતર ગચ્છીય જિનદત્તસૂરિએ જૈનધર્મમાં લેવરાવ્યાનું અને જૈનોને ઘરે ભોજન કરવાથી 'ભોજક' નામ પડ્યાનું કથન યથાર્થ જણાતું નથી, કારણ કે 'ભોજક' શબ્દ નવાંગી વૃત્તિકાર અભયદેવસૂરિ (પારા ૨૯૩)ના વખતમાં પણ પ્રચલિત હતો અને તેનો અર્થ 'પૂજક' એ થતો હતો. આથી માનવાને કારણ મળે છે કે પ્રસિદ્ધ આચાર્ય હેમચંદ્ર અને જિનદત્તસૂરિની પહેલાં જ એ લોકોને વાયડ ગચ્છના જ કોઈ આચાર્યે જૈન મંદિરોના પૂજક તરીકે કાયમ કરી લીધા હશે, અને તે આચાર્યનું નામ 'જિનદત્તસૂરિ' પણ હોય, તો તે નવાઈ નથી, કારણ કે વાયડ ગચ્છમાં દરેક ત્રીજા આચાર્યનું નામ 'જિનદત્તસૂરિ' જ અપાતું હતું-જુઓ ટિ. ૩૯૩. પ્રબંધમાં જણાવેલ જીવદેવસૂરિના વંશજ આ પારામાં ઉલ્લેખેલ વિવેકવિલાસના કર્ત્તા જિનદત્તસૂરિ અને તેમના શિષ્ય પારા ૫૪૪-૪૬માં ઉલ્લેખેલ અમરચંદ્રસૂરિ જણાય છે. (પ્ર. ચ. પ્ર.)

૪૯૭. સં. ૧૨૬૮માં તાડપત્ર પર મુનિચંદ્રે લોકાનંદયોગ્ય નાગાનંદ નાટકની પ્રત લખી (પી. ૫, ૧૦૯). સં. ૧૨૭૧ માં ગુણવલ્લભે નરચન્દ્રના કહેવાથી વ્યાકરણ ચતુષ્કાવચૂરિ સમર્થિત કરી. સં. ૧૨૭૩ માં અજીતદેવે યોગવિધિ, તથા હરિભદ્રસૂરિ (બીજા) એ મુનિપતિ ચરિત્ર પ્રાકૃતમાં (પી. ૫, ૧૩૧), ૧૨૭૪ માં ઉક્ત તિલકાચાર્યે જીતકલ્પ પર વૃત્તિ (પી. ૫, ૧૩૧) અને સં. ૧૨૭૫ માં ઉક્ત પૂર્ણભદ્રે આનન્દાદિ દશ ઉપાસક કથા (જૈસ. પ્ર. ૧૭) રચી.

૪૯૮. ઉપર નિર્દેશેલ મહાકવિ શ્રીપાલના પુત્ર સિદ્ધપાલનો પુત્ર વિજયપાલ પણ મહાકવિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતો. આમ કવિત્વ ત્રણ પેઢી સુધી ઉતર્યું હતું. આ વિજયપાલ કૃત દ્રૌપદી સ્વયંવર નામનું દ્વિઅંકી સંસ્કૃત નાટક ગૂજરાતના સોલંકી 'અભિનવ સિદ્ધરાજ' બિરૂદ ધારક મહારાજ ભીમદેવ (બીજો ભીમ-ભોળો ભીમ-રાજ્ય સં.૧૨૩૫ થી ૧૨૯૮)ની આજ્ઞાનુસાર ત્રિપુરુષદેવ સામે વસન્તોત્સવ સમયે ભજવવામાં આવ્યું હતું અને તેના અભિનયથી ગૂર્જર રાજધાની અણહિલપુરની પ્રજા પ્રમુદિત થઈ હતી.[૩૭૦]

૪૯૯. અજયપાલ પછીના સોલંકી રાજાઓના સમયમાં પણ જૈન મંત્રીઓ અને દંડનાયકો હતા. તે પૈકી **અંબડ** મંત્રી અને **આલ્હાદન** દંડનાયકનાં નામ મળે છે. તે બંને સગા ભાઈ હતા. મૂળ ગલ્લક કુળમાં જન્મેલા. તે સમસ્ત કુલ **નાગેંદ્રગચ્છ**ના સાધુઓને ગુરુ તરીકે સ્વીકારતું હતું. તેમાં **વાધૂ** નામના પૂર્વજે **સંગમ**ખેટકમાં મહાવીર ચૈત્ય બંધાવી સો હલ-સાંતીવાળી જમીન વાડી સહિત તે ચૈત્યને અર્પણ કરી. તેના પુત્ર કપ્પર્દીએ યુગાદિદેવ-**ઋષભદેવ**નું ચૈત્ય **વટસર** નામના ગામમાં બંધાવ્યું. તેના પુત્ર **આમ્રદેવ** ને તેનો પુત્ર **દેવચંદ્ર** ને તે દેવચંદ્રને ચાર પુત્રો થયા. જ્યેષ્ઠ **અંબડ**[૩૭૧] સચિવ હતો, બીજો જલ્હણ, ત્રીજો **આલ્હાદન** નામે દંડનાયક (સેનાપતિ) થયો અને ચોથો પ્રલ્હાદન. આમાં **અંબડ** મંત્રી સ્વર્ગસ્થ થતાં **આલ્હાદન** દંડનાયકે **સત્યપુર** (સાચોર)ના **વીર** પ્રાસાદમાં **ઋષભદેવ**ની **થારા**પદ્ર (થરાદ)ના **નાભેય** ચૈત્યમાં **પાર્શ્વનાથ**ની તથા **ચંદ્રપ્રભ**સ્વામિ **સીમંધર યુગંધર**ની અને **અંબિકા ભારતી**ની મૂર્ત્તિ સ્થાપિત કરી. આ **આલ્હાદન**ની પ્રાર્થનાથી સં. ૧૨૯૯માં **અણહિલ્લ** નગરમાં **નાગેન્દ્રગચ્છ**ના **વીરસૂરિ**-પરમારવંશીય **વર્ધમાન-રામ-ચંદ્ર-દેવ-અભયદેવ-ધનેશ્વર-વિજયસિંહસૂરિ** શિષ્ય **વર્ધમાનસૂરિ**એ ૫૪૯૪ શ્લોક પ્રમાણ **વાસુપૂજ્ય** ચરિત {*વિ.સં. ૧૨૯૯માં*} રચ્યું. (વે.નં. ૧૭૭૨, પ્ર. જૈ. ધ. સભા નં. ૧૮).

૫૦૦. આ સમયમાં તાડપત્રપર સં. ૧૨૪૭ માં **કલ્પ**સૂત્રની (પી. ૩, ૫૧), ૧૨૫૧માં આ. **હેમ**ચંદ્રકૃત યોગશાસ્ત્રની (પી. ૩, ૪૫) પ્રત લખાઈ ૧૨૬૧ માં **ભીમ**દેવરાજ્યે **માન**તુંગકૃત **સિદ્ધ**જયંતીની પ્રત પ્રાગ્વાટ ઠ. **નાઉ** શ્રાવિકાએ **મુકુંશિ**કાસ્થાનમાં લખાવી **અજિત**દેવસૂરિને અર્પણ કરેલી (પી. ૩, ૪૫), સં. ૧૨૬૪ (૧૨૮૮) માં ગુણપાલકૃત પ્રાકૃત **ઋષિ**દત્તા ચરિતની પ્રત અણહિલવાટકે ભીમદેવના રાજ્યમાં (કી. ૨, ૯) લખાઈ અને સં. ૧૨૯૫ માં ખરતર **જિનપતિ-જિનેશ્વર**સૂરિ શિ. **વીર**-કલેશ ગણિએ **આવશ્યક**વૃત્તિ (કાં. છાણી) અને સં. ૧૨૯૬ માં ઉપદેશકંદલીવૃત્તિ પુસ્તકની તાડમત્ર પર પ્રતો લખાઈ. (પી. ૫, ૪૨).

૫૦૧. વળી ગૂજરાતના સામંત-આબુના રાજા **ધારા**વર્ષ (**કુમાર**પાલના મહા સામન્ત **યશો**ધવલનો પુત્ર)ના ભાઈ **પ્રલ્હાદન**દેવે **પાર્થપરાક્રમ** વ્યાયોગ રચ્યું (પ્ર. ગા. ઓ. સી.)ને પોતાના નામથી **પ્રલ્હાદન**પુર (**પાલ**ણપુર) વસાવ્યું. ને ત્યાં **પાલ્હ**વિહાર નામનું જૈન મંદિર કરાવ્યું. **અજય**પાલ મેવાડના રાજા **સામંત**સિંહ સાથેના યુદ્ધમાં બહુ ઘવાયો હતો, ત્યારે રાજ્ય અને પ્રાણોની રક્ષા આ **પ્રલ્હાદન**દેવે (પાલનસીએ) પોતાની વીરતાથી કરી હતી. પ્રલ્હાદનદેવે શ્રી **ભોજ** અને **મુંજ** સંબંધી એક કરૂણરસ પ્રધાન કથા રચ્યાનું **સોમેશ્વર** કહે છે. પરંતુ તે કથા કે **પ્રલ્હાદન**દેવના બીજા ગ્રંથો હાથ લાગતા નથી. પણ આ પંડિત (રાજા) કે જે **સોમેશ્વર**ના પિતાના ગુરુ થાય તે અત્યંત પરોપકારપરાયણ પુરુષ હશે

૩૭૦. જુઓ તે નાટકની જિનવિજયજીએ લખેલી પ્રસ્તાવના પ્ર. આ. સભા ભાવનગર.

૩૭૧. આ **અંબડ** સં. ૧૨૯૬માં **ભીમ**દેવનો મહામાત્ય હતો. જુઓ ઉપદેશકંદલી લેખનપ્રશસ્તિ પી. ૫, ૫૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ સોમેશ્વરના એક વચનથી જણાય છે. [૩૭૨]

૫૦૨. આ રીતે અજયપાલથી ત્રિભુવનપાલ સુધીનું જૈન સાહિત્ય જોયું. બીજી બાજુ વસ્તુપાલયુગમાં સાહિત્યપ્રવાહ બહુ જોસથી વહેતો હતો અને તે આ પછીના પ્રકરણમાં બતાવવામાં આવેલ છે.

૫૦૩. **અપભ્રંશ સાહિત્ય**-આ દરમ્યાન અપભ્રંશ ભાષામાં જૈન કવિઓએ જે સાહિત્ય રચ્યું તે પૈકી જે અત્યાર સુધીમાં દૃગ્ગોચર થયું છે તે એ છે કેઃ- સં. ૧૨૩૮ માં રત્નપ્રભસૂરિએ રચેલી ઉપદેશમાલાપરની દોઘટ્ટી વૃતિમાં અને સં. ૧૨૪૧માં સોમપ્રભાચાર્યે રચેલ કુમારપાલપ્રતિબોધમાં કેટલોક અપભ્રંશ ભાગ આવે છે. સં. ૧૨૪૭ (૧૨૭૪) માં મહાકવિ અમરકીર્ત્તિએ ગોધરામાં કર્ણ (કાન્હ ?) રાજ્યમાં ગૃહસ્થોના ષટ્ કર્મોના ઉપદેશ સંબંધીનો ગ્રંથ નામે છકમ્મુવએસો પ્રાયઃ અઢી હજાર ગાથા પ્રમાણ અપભ્રંશમાં એક મહિનામાં રચી નાંખ્યો હતો, અને તે તેમણે નાગરકુલ અને કણ્હઉર (કર્ણપુર ?) વંશના ગુણપાલના ચચ્ચિણીથી થયેલા પુત્ર મહાભવ્ય નામે અંવપસાય (અંબાપ્રસાદ)ની પ્રાર્થનાથી રચ્યો અને તે અંબાપ્રસાદને તે કવિ પોતાના લઘુબંધુ કહે છે તેથી તે કવિ જ્ઞાતિએ નાગર બ્રાહ્મણ જણાય છે, છતાં તેમણે દિગંબરી જૈન દીક્ષા લીધી હતી. તેઓ મુંજ અને ભોજના સમયમાં થયેલ અમિતગતિ નામના દિગંબર આચાર્યના પ્રશિષ્યના પ્રશિષ્ય હતા. તેમણે બીજા સાત ગ્રંથો રચેલા જણાવ્યા છેઃ-નેમિનાથચરિત્ર, મહાવીરચરિત્ર, યશોધરચરિત્ર (પદ્ધડિયાબદ્ધ), ધર્મચરિત ટિપ્પન, સુભાષિત રત્નનિધિ, ચૂડામણિ અને ધ્યાનોપદેશ, આ સિવાય લોકોને આનન્દદાયક સંસ્કૃત પ્રાકૃત કાવ્યો તેમણે ઘણાં રચ્યાં હતાં. આ પરથી તેમનું સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષામાં કેટલું પ્રાવીણ્ય હશે તે કલ્પી શકાય તેમ છે. (જુઓ જૈન ગૂર્જર કવિઓ પ્રથમ ભાગની પ્રસ્તાવના પૃ. ૭૬-૭૮.)

૫૦૪. આ સિવાય ચઉરંગસંધિ, જયદેવગણિકૃત ભાવનાસંધિ {*સં.એમ.સી. મોદી પ્ર. એનલ્સ ભા. ૧૧ ભાં.ઈ.*} આ શતકમાં મૂકી શકાય તેમ છે. આ પરથી અપભ્રંશ ભાષા સાહિત્યભાષા થઈ હતી તે સ્પષ્ટ જણાય છે.

૫૦૫. **જૂની ગૂજરાતીનું સાહિત્ય**-અપભ્રંશ ભાષા ખેડાતી ગઈ. તેમાં રૂપાંતર થતું ગયું અને તેના પરિણામે જુની ગૂજરાતી, જૂની હિન્દી, વગેરે ભાષાઓ આધુનિક ગૂજરાતી હિન્દી આદિ દેશભાષાઓના મૂળ-જૂના સ્વરૂપમાં પરિણમી હતી. આ જૂની ગૂજરાતીમાં રાસ આદિ અનેક કૃતિઓ થતી ગઈ. તેરમા શતકમાં શાલિભદ્રસૂરિએ જૈન મહાપુરુષો નામે ભરતેશ્વર બાહુબલિ પર રાસ સં. ૧૨૪૧માં રચ્યો. તેમનો એક નાનો બુદ્ધિરાસ છે કે જેમાં સામાન્ય ઉપદેશ છે. જિનેશ્વરસૂરિના પિતા નેમિચંદ્ર ભાંડાગારિકનું સં. ૧૨૪૫નું જિનવલ્લભસૂરિ ગીત છે; મહેંદ્રસૂરિ શિષ્ય ધર્મે શ્રી મહાવીરના શિષ્ય સુધર્મા સ્વામિના શિષ્ય-પટ્ટધર જંબૂસ્વામી ચરિત રચેલું છે અને વસ્તુપાલના કુલગુરુ નાગેંદ્ર ગચ્છના વિજયસેનસૂરિએ રેવંતગિરિ રાસો સં. ૧૨૮૭ આસપાસ રચ્યો છે. બૃહદ્‌ગચ્છના રામચંદ્રસૂરિ શિષ્ય મંગલસૂરિએ મહાવીર જન્માભિષેક કાવ્ય પ્રાચીન ગૂજરાતીમાં કર્યું છે. [જુઓ જૈન ગૂર્જર કવિઓ પ્રથમ ભાગ પૃ. ૧ થી ૪.]

■ ● ■

૩૭૨. वैदुष्यं विगताश्रयं श्रितवति श्री हेमचन्द्रे दिवं । श्री प्रह्लादनमन्तरेण विरतं विश्वोपकारव्रतम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્તુપાલનું આત્મવૃત્તાંત.

तस्यानुजः पितृपदाम्बुजचंचरीकः श्रीमातृभक्तिसरसीरसकेलिहंसः ।
साक्षाज्जिनाधिपति धर्मनृपांगरक्षो जागर्त्ति नर्तितमना मुदि **व**स्तुपालः ॥

नागेन्द्रगच्छमुकुरामरचन्द्रसूरि-पादाब्जभृंगहरिभद्रमुनीन्द्रशिष्यात् ।
व्याख्यावचो **वि**जयसेनगुरोः सुधाभमास्वाद्य धर्मपथि सत्पथिकोऽभवद्यः ॥

कुर्वन्मुहु र्विमलरैवतकादि तीर्थयात्रां स्वकीय पितृपुण्यकृते मुदा यः ।
संघट्टिसंघपदरेणुभरेण चित्रं सद्दर्शनं जगति निर्मलयांबभूव ॥

यः स्वीयमातृपितृबन्धुकलत्रपुत्रमित्रादिपुण्यजनये जनयांचकार ।
सद्दर्शनव्रजविकासकृते च धर्मस्थानवली वलयिनीमवनीमशेषां ॥

- વસ્તુપાલકૃત **નરનારાયણાનંદકાવ્ય** સર્ગ ૧૬ શ્લોક ૩૧ થી ૩૩, ૩૭.

- તેનો (**મ**લ્લદેવનો) નાનો ભાઈ તે (હું) **વ**સ્તુપાલ કે જે પિતાના ચરણકમલનો સેવક, માતુશ્રીની ભક્તિરૂપી સરોવરમાં રસમય રમત રમતો હંસ, જિનેશ્વરના ધર્મરૂપી રાજાનો સાક્ષાત્ અંગરક્ષક તરીકે પ્રેમમાં નાચતા મનવાળો જાગે છે,

- નાગેંદ્ર ગચ્છમાં આદર્શ એવા **અ**મરચંદ્રસૂરિના ચરણકમલમાં ભ્રમરરૂપ એવા હરિભદ્ર મુનીન્દ્રના શિષ્ય **વિ**જયસેનસૂરિનાં અમૃત જેવાં વ્યાખ્યાનવચનોનું આસ્વાદન કરીને ધર્મપથમાં જે સુંદર પથિક છે,

- જેણે ઘણીવાર **વિ**મલાચલ **રૈ**વતક આદિ તીર્થોની યાત્રા પોતાના પિતાના પુણ્યાર્થે હર્ષથી કરી છે, અને જે સંઘટ્ટનથી ઉત્પન્ન થયેલ સંઘની પદરજના સમૂહથી (કદરૂપો અને મેલો થવાને બદલે) સદ્દર્શન-સારા દર્શનવાળો એટલે સુંદર અને જગતમાં નિર્મલ થયો એ વિચિત્ર છે,

- જેણે પોતાના માતા પિતા ભાઈ સ્ત્રી પુત્ર મિત્ર વગેરેના પુણ્યોપાર્જન માટે અને સત્ શ્રદ્ધાનું વ્રજ વિકસાવવા માટે આખી અવનિને ધર્મસ્થાનોની હારથી વિંટળાયેલી કરી.

तस्यानुजो विजयते विजितेन्द्रियस्य सारस्वतामृतकृताद्भुतहर्षवर्षः ।
श्री वस्तुपाल इति भालतलस्थितानि दौस्थ्याक्षरणि सुकृती कृतिनां विलुंपन् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अन्वयेन विनयेन विद्यया विक्रमेण सुकृतक्रमेण च ।
क्वापि कोऽपि न पुमानुपैति मे वस्तुपालसदृशो दृशोः पथि ॥

- સોમેશ્વરકૃત આબુપ્રશસ્તિ સં. ૧૨૮૭

'તે ઇંદ્રિયજયીનો લઘુબંધુ નામે શ્રી વસ્તુપાલ સારસ્વત અમૃતથી અદ્‌ભુત હર્ષવૃદ્ધિ કરનાર અમૃતવર્ષી કવિ અને વિદ્વાનોના ભાલતલ પર લખાયેલા દુરક્ષરોને ભુંસી નાંખનાર તરીકે વિજયી છે.

'વંશ, વિનય, વિદ્યા, વિક્રમ અને સુકૃત-એ ક્રમમાં વસ્તુપાલ સમાન અન્ય કોઈ પુરુષ કયાંઇ પણ મારી દૃષ્ટિએ આવતો નથી.

૫૦૬. "મહામાત્ય વસ્તુપાલ-તેજપાલ-ગૂજરાતના આ બે વણિગ્ બંધુઓ પોતાના સદ્‌ગુણો અને સુકૃત્યોથી જે કીર્ત્તિ મેળવી ગયા, તેવી કીર્ત્તિ મેળવનારા પુરુષો ભારતના ઐતિહાસિક મધ્યકાલમાં ઘણાં થોડા થયા છે.

'એ બંને ભાઈઓ-જન્મથી હતા તો પુનર્વિવાહિત માતાના પુત્ર, પણ ગૌરવ અને સમ્માનની દૃષ્ટિએ આદર્શ કુલપુંગવોથી પણ પૂજાય તેવા થયા; જાતિથી હતા તો વૈશ્ય, પણ શૌર્ય અને ઔદાર્યના ગુણે કરી મહાન્ ક્ષત્રિયોથી પણ ચઢી જાય તેવા થયા; પદથી હતા તો મહામાત્ય, પણ સત્તા અને સામર્થ્યના યોગે કરી મોટા સમ્રાટોથી પણ વધી જાય તેવા થયા; ધર્મથી હતા તો જૈન, પણ સહિષ્ણુતા અને સમદર્શિતાના સદ્‌ભાવે લોકમાન્ય મહાત્માથી પણ સ્તવાય તેવા થયા; વ્યવસાયથી હતા તો રાજસેવક પણ કળા અને ધર્મના અલૌકિક પ્રેમપ્રભાવે યોગી પુરુષોથી પણ વંદાય તેવા થયા, અને વેષથી હતા તો વૈભવશાલી ગૃહસ્થ, પણ ત્યાગ અને વિરાગની વાસનાએ મુનિજનોથી પણ અભિવાદાય તેવા થયા.

૫૦૭. 'હિંદુ સંસ્કૃતિના અસામાન્ય સંરક્ષક થઈને પણ મુસલમાનોના ધર્માચરણ માટે અનેકાનેક મસ્જીદો બંધાવી આપનારા, જૈનધર્મના પરમ ઉપાસક થઈને પણ સેંકડો શિવાલયો અને સંન્યાસીમઠો ચણાવી આપનારા, **अहिंसा परमो धर्मः** ના દૃઢ શ્રદ્ધાળુ થઈને પણ દેશદ્રોહી અને ધર્મદ્વેષીઓનો સમૂળ ઉચ્છેદ કરાવી નાંખનારા, રાજ્યલક્ષ્મીના સ્વયંવર જેવા સ્વામી બનીને પણ દાસીની જેમ તેને તુચ્છકારી કાઢનારા, રાજા-મહારાજાઓના નમસ્કાર ઝીલનારા થઈને પણ ગુણવાન દરિદ્રોની ચરણપૂજા કરનારા, કુટિલ રાજનીતિના સૂત્રધાર થઈને પણ કવિતા અને કળાની સરિતામાં નિરંતર ક્રીડા કરનારા, અને વિદેશીઓ અને વિધર્મીઓની લક્ષ્મીને લૂંટનારા બનીને પણ દાનાર્થીઓ માટે ધનની નદિઓ વ્હેવડાવનારા એ ગૂર્જર મહામાત્યોની જોડીના પુરુષો, આખા ભારતના મધ્યકાલીન ઇતિહાસમાં, શોધ્યા જડે એમ નથી.' (જિ. વિ.)

૫૦૮. 'મોટા મોટા ચક્રવર્તી રાજાઓના જેટલી જ પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિને પામેલા વસ્તુપાલ અને તેજપાલ આ બે પ્રસિદ્ધ મંત્રીશ્વરો શ્રી પત્તનના રહેવાસી તથા પ્રાગ્વાટ (પોરવાડ) જ્ઞાતિના જૈન ધર્મી વણિકો હતા.' (મધપૂડો) બંને મહામાત્યો, યોદ્ધાઓ અને મહાદાની-ધાર્મિક હતા, પરંતુ વસ્તુપાલમાં વિશેષતા એ હતી કે તે પોતે સ્વયં કવિ હતો-વિદ્વાન્ હતો અને સાથે વિદ્વાનોનો પોષક-આશ્રયદાતા હતો અને વસ્તુપાલ વિદ્વજ્જનો સાથે વિનોદમાં મગ્ન રહી શકતો તેનું કારણ તેજપાલ હતો કારણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે તેજપાલ બધાં રાજકાર્ય સંભાળતો તેથી વસ્તુપાલને અવકાશ મળી શકતો.[૩૭૩] તેથી જે વિદ્વાનો-કવિઓને તેણે પોષ્યા હતા-સન્માન્યા હતા-કદર કરી નવાજ્યા હતા. તેઓએ વસ્તુપાલની પ્રશંસાના ગ્રંથો રચ્યા હતા. આ ગ્રંથો વસ્તુપાલના સમયમાં જ રચાયેલા હોઈ સામાન્ય રીતે આપણા કવિઓના કાવ્યોમાં રહેતી અતિશયોક્તિવાળી પ્રશંસાત્મક શબ્દરચના બાદ કરતાં વિશેષ વિશ્વસનીય અને ઐતિહાસિક વિગતોનો સત્ય પ્રકાશ પાડનાર ગણી શકાય. તે પરથી ટૂંકમાં ટાંચણરૂપે અત્ર કંઈક નોંધીશું. તેમના સમય પછીના ગ્રંથોમાંથી પણ ઉપયોગી ઘણી હકીકતો મળે છે. પણ વિસ્તારભયથી તેને અત્ર ખાસ સ્પર્શવાનું યોગ્ય નથી ગણ્યું.[૩૭૪]

૫૦૯. પૂર્વવૃત્તાંત-ચંડપ નામે અણહિલપુર પાટણમાં અતિ ચતુર અને પ્રતાપી પૂર્વપુરુષ થયો. તે ગૂર્જર રાજ્યનો સચિવ હતો. તેના પુત્ર ચંડપ્રસાદે મંત્રીપદની મુદ્રા આજીવન ધરી રાખી. તે પદ પર એટલી યોગ્યતાથી કાર્ય કર્યું કે રાજા તેને ક્ષણભર પોતાની દૂર નહોતો રાખતો, તે જૈનધર્મપરાયણ હતો. તેને થયેલા બે પુત્ર નામે **શૂર** અને **સોમ**માં **સોમને સિદ્ધરાજે** પોતાના રત્નભંડારનો રક્ષક તરીકે નિયુક્ત કરેલ હતો. 'તેને જિનવર સિવાય અન્ય દેવ ન્હોતો, હરિભદ્રસૂરિ સિવાય અન્ય સત્ય ગુરુ ન્હોતા. **સિદ્ધરાજ** વિના અન્ય કોઈ તેનો ધણી-માલેક નહોતો-આ ત્રણ નિયમ તેણે બરાબર હૃદયમાં ધારી પોતાની કીર્ત્તિ વધારી હતી. દુર્મંત્રીથી થયેલ દાવાનલથી વિહ્વલ પૃથ્વીમાં તે ગૂર્જરધરાધીશ

૩૭૩. આ વાત વસ્તુપાલે પોતેજ પોતાના **નર**નારાયણાનંદ કાવ્યમાં સર્ગ ૧૬ શ્લોક ૩૬માં જણાવી છેઃ-

યઃ કામવૃત્તિરનુજેન નિજેન તેજઃપાલેન પૂર્ણનૃપકાર્યપરમ્પરેણ ।
સદ્ધર્મકર્મરસ એવ મનો મનોજ્ઞવિદ્વદ્ વિનોદપયસિ સ્નપયાંબભૂવ ॥

૩૭૪. વસ્તુપાલ સંબંધી સમકાલીન સાહિત્ય ૧-૩ ચૌલુક્યકુલકવિ **સોમેશ્વર**કૃત **કીર્ત્તિકૌમુદી** (સં. ૧૨૮૨ આસપાસ), અને તેના બીજા ગ્રંથ નામે **સુરથોત્સવ**નો છેલ્લો સર્ગ, તથા ઉલ્લાઘરાઘવના દરેક સર્ગનો છેલ્લો શ્લોક, ૪-૫ સોમેશ્વરકૃત ગિરનારના તેમજ આબુના મંદિરોમાં કોતરેલી એમ બે વસ્તુપાલ પ્રશસ્તિઓ સં. ૧૨૮૮, ૬ **અરિસિંહ**કૃત **સુકૃત**સંકીર્ત્તન, (સં. ૧૨૮૫ આસપાસ), ૭-૮ જયસિંહકૃત હમ્મીરમદમર્દન નાટક,-તથા વસ્તુપાલ પ્રશસ્તિકાવ્ય, ૯-૧૦ ઉદયપ્રભસૂરિકૃત **ધર્મા**ભ્યુદય નામનું ૧૬ સર્ગનું મહાકાવ્ય તથા **સુકૃત**કીર્ત્તિકલ્લોલિની કાવ્ય. આ બધાં મંત્રીની સત્તા અને કીર્ત્તિનો સૂર્ય મધ્યાન્હે તપતો હતો તે સમયે એટલે સં. ૧૨૮૬-૮૮ પહેલાં રચાયાં છે. ત્યારપછીના તેના જીવનનો અહેવાલ કોઈએ આપ્યો નથી. ૧૧ **બાલ**ચંદ્રસૂરિએ સં. ૧૨૯૬ પછી વસંતવિલાસ કાવ્ય રચ્યું છતાં તેમાં પણ પછીના તેના જીવનનો વૃત્તાંત નથી. વસ્તુપાલ થઈ ગયા પછીનું સાહિત્યઃ ૧૨ **મેરુ**તુંગકૃત **પ્રબંધ**ચિંતામણી સં. ૧૩૬૧, ૧૩ **જિન**પ્રભકૃત **તીર્થ**કલ્પ સં. ૧૪ **રાજ**શેખરકૃત ચતુર્વિંશતિ પ્રબંધ સં. ૧૪૦૫, ૧૫ **જિન**હર્ષકૃત વસ્તુપાલચરિત્ર સં. ૧૪૯૭ કે જે નં. ૧ ને ૧૪ ને અનુસરે છે છતાં તેમાં ઘણી નવી અને ઉપયોગી માહિતી છે. ભાષાની કૃતિઓઃ-૧૬ વસ્તુપાલ રાસ **હીરા**નંદસૂરિકૃત સં. ૧૪૮૪, ૧૭ **લક્ષ્મી**સાગરસૂરિકૃત (પ્રાયઃ સં. ૧૫૪૮), ૧૮ **પાર્શ્વ**ચંદ્રકૃત પ્રાયઃ સં. ૧૫૫૫, ૧૯ **સમય**સુંદરકૃત સં. ૧૬૮૨ (૬), ૨૦ **મેરુ**વિજયકૃત સં. ૧૭૨૧. વસ્તુપાલ સંબંધીના લેખોમાં સુકૃત સંકીર્ત્તન, વસંતવિલાસ, હમ્મીરમદમર્દન, નરનારાયણાનંદ એ ચારે પર સ્વ. સાક્ષર શ્રી **ચિમન**લાલ ડાહ્યાભાઈ દલાલ એમ. એ. ની વિદ્વત્તાયુક્ત અંગ્રેજી પ્રસ્તાવનાઓ, કીર્ત્તિકૌમુદીના ગૂ. ભા. ની સ્વ. **વલ્લભ**જી આચાર્યની પ્રસ્તાવના, **રાસ**માળા (**ફોર્બ્સ**કૃત), વીરાત્ ૨૪૩૭ નો **જૈન** પત્રનો ખાસ અંકમાંનો ઝવેરી **જીવણ**ચંદ સાકરચંદનો 'વસ્તુપાળ-તેજપાળ' એ નામનો લેખ પૃ. ૧૨૬ થી ૧૪૫, **મધપૂડો**માં શ્રી **નરહરિ** પરીખનો લેખ નામે 'વસ્તુપાળ તેજપાળ', નાગરી પ્રચારિણિ પત્રિકા ભાગ 4-અંક ૧ માં પહેલો જ પંડિત **શિવરામ**શર્માનો લેખ નામે **सोमेश्वरदेव और कीर्त्तिकौमुदी.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધરાજની સભાના વિશ્વાસભાજન થયેલાની કીર્ત્તિ ચંદન સમાન પ્રસરી હતી.'[૩૭૫] તેને સીતા નામની પત્નીથી અશ્વરાજ નામનો પુત્ર થયો. તે માતૃભક્ત હતો ને તે મંત્રીકાર્યમાં પ્રવીણ હતો એટલું જ નહિ પરંતુ વ્યવસાયમાં બહુ ઉદ્યોગી હોવાથી તેને ન્યાય માર્ગે ધન સારૂં ઉપાર્જી ધર્મકાર્યોમાં ખર્ચ્યું. રાજ્યમાં મોટા હોદ્દા પર રહી ચૌલુક્ય રાજાની પ્રીતિ સંપાદિત કરી. તેણે પોતાની માતાની સાથે સાત તીર્થયાત્રા-શત્રુંજય અને ગિરનાર પર કરી.[૩૭૬] દંડપતિ આભૂની[૩૭૭] પુત્રી કુમારદેવી સાથે તે પરણ્યો. કુમારદેવી વિધવા હતી[૩૭૮] તે વાત ટિપ્પણ ૩૭૪ માં નોંધેલા ૧ થી ૧૧ પૈકી કોઈ પણ સંસ્કૃત પુસ્તકમાં નથી તેથી તે વાત માનવાલાયક નથી. તેણે કુવા અને તળાવો ખોદાવ્યાં અને મંદિરો બંધાવ્યાં (જિનહર્ષ વળી જણાવે છે કે કુટુંબ સહિત તે ચૌલુક્ય રાજાએ પ્રસન્ન થઈને અર્પણ કરેલા સુંહાલકપુરમાં જઈ રહ્યો; એ પરથી જણાય છે કે અશ્વરાજ સુંહાલકમાં અધિકારી તરીકે નીમાયો હશે. તેના મરણ પછી તેની પત્ની છોકરાંને લઈને મંડલી (માંડલ) જઈ રહેવા લાગી.)

૩૭૫. વસ્તુપાલ પોતે જ પોતાના નરનારાયણાનંદ કાવ્યના સોળમા સગમાં ૧૪-૧૫ શ્લોકમાં કથે છે કે:-
देवः परं जिनवरो हरिभद्रसूरिः सत्यं गुरुः परिवृढः खलु सिद्धराजः ।
धीमाननेन नियतं नियमत्रयेण कीर्त्तिं व्यधात्त्रिपथगामिव यः पवित्रां ॥
पुस्फूर्ज गूर्जरधराधवसिद्धराजराजत्सभाजनसभाजनभाजनस्य ।
दुर्मंत्रिमंत्रितदवानलविह्वलायां श्रीखंडमंडननिभा भुवि यस्य कीर्त्तिः ॥
તથા જુઓ વસંતવિલાસ ત્રીજો સર્ગ પૃ. ૧૪.

૩૭૬. નરનારાયણાનંદમાં ને વસંતવિલાસમાં ૭ યાત્રાનો ઉલ્લેખ છે. ગિરનાર પ્રશસ્તિમાં બે યાત્રાનો ઉલ્લેખ કરી તેને 'સંઘપતિ' કહેલ છે.

૩૭૭. પ્રાગ્વાટ વંશમાં સામંતસિંહ-શાંતિ-બ્રહ્મનાગ-નાગડ પુત્ર આભૂ તે ચૌલુકય રાજ્યનો દંડપતિ-(જિનહર્ષનું વ. ચ.)

૩૭૮. માત્ર નં. ૧૨ એટલે સં. ૧૩૬૧માં મેરૂતુંગે રચેલા પ્રબંધ ચિંતામણી પૃ. ૨૫૧-૫૨ માં કુમારદેવી વિધવા હતી એ વાત આવી છે અને તે આ રીતે કે:-'મંત્રીઓની જન્મવાર્ત્તા એવી છે કે કયારેક શ્રી પાટણમાં ભટ્ટારક હરિભદ્રસૂરિના વ્યાખ્યાનમાં કુમારદેવી નામની એક રૂપવતી વિધવા સ્ત્રી આવેલી. તેના સામું આચાર્ય વારંવાર જોવા લાગ્યા; તેથી ત્યાં બેઠેલા મંત્રી આશરાજનું મન તેના પર આકર્ષાયું. તેના ગયા પછી મંત્રિએ ગુરુને તેની સામું જોવાનું આગ્રહપૂર્વક કારણ પૂછ્યું, ત્યારે ગુરુએ કહ્યું કે ઈષ્ટ દેવતાએ અમને, એ સ્ત્રીની કુખમાં સૂર્ય અને ચંદ્રમાનો ભાવી અવતાર કહેલો છે તેથી તે બાબતમાં સામુદ્રિક લક્ષણો અમે ફરી જોતા હતા. આ રીતે સૂરિ પાસેથી તત્ત્વ જાણીને તેણે તે સ્ત્રીનું અપહરણ કર્યું અને પોતાના પ્રિયા બનાવી. ક્રમથી તેના પેટે જ્યોતિરિંદ્રો જેવા તે વસ્તુપાલ તેજપાલ નામના મહામંત્રીઓ થયા.'-આ વાત નં. ૧૩ થી ૧૫ એટલે જિનપ્રભે, રાજશેખરે કે જિનહર્ષે પણ પોતાના ગ્રંથમાં જણાવી નથી, પણ નં. ૧૭, ૧૮ અને ૨૦ ના વસ્તુપાલના રાસોમાં સ્પષ્ટપણે જણાવી છે તેથી તે રાસકારો મેરૂતુંગને અનુસર્યા છે એમ સમજાય છે. સ્વ. મણિભાઈ વ્યાસ જણાવે છે કે મેરૂતુંગ વસ્તુપાલ તેજપાળથી લગભગ ૫૭ વર્ષે-નજીક કાળમાં થયો તે વખતે બંને મંત્રીઓના વંશજો હયાત હોવા જોઈએ, લોકોને પણ ઘેર ઘેર એ વાત જાણીતી હોવી જોઈએ. એ વખતે કવિને વિશ્વસનીય માહિતી મેળવવાને પૂરેપૂરી અનુકૂલતા હતી. વસ્તુપાલ તેજપાલ- यशसा वस्तुपालेन रुद्धमाकाशमंडलं-જેમના યશથી આકાશ છવાઈ ગયું-તેમને માટે આવી નોંધ કરવી એ જેવા તેવા જોખમનું કામ નહોતું. જો એ કાળના લોકોમાં સર્વત્ર આ વાત ચાલતી ના હોત તો વસ્તુપાળ તેજપાળ જેવા યશસ્વી અને દાનવીર શ્રાવક માટે ગ્રંથકાર આવી નોંધ કદી કરત નહિ. ગ્રંથકારને અનેક મહાપુરુષ ચરિત્રનો સંગ્રહ કરવો હતો એટલે પોતાની ફરજને અંગે તેણે આ હકીકત નોંધી છે. -શ્રી વાણીઆના જ્ઞાતિભેદ. પૃ. ૧૬૪. આ રા. વ્યાસનો ઉલ્લેખ શ્રી જિનવિજયને વધારે વિચારશીલ અને પ્રમાણભૂત જણાય છે. જૈ. સા. સં. ૩-૧-૧૦૮. સ્વ. શ્રી દલાલ આ વાત સમકાલીન એક પણ ગ્રંથમાં નથી માટે તેને અવિશ્વસનીય માને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૧૦. અશ્વરાજને કુમારદેવીથી ચાર પુત્રો લાવણ્યાંગ (લુણિગ), મલ્લદેવ, વસ્તુપાલ (વસ્તિગ) અને તેજઃપાલ (તેજિગ) અને સાત પુત્રીઓ જાલ્હમા પ્રમુખઃ-(જાલ્હૂ), માઊ, સાઊ, ધનદેવી, સોહગા, વયજુકા અને પરમલદેવી થઈ. લૂણિગ બાલ્યાવસ્થામાં મરણ પામ્યો, મલ્લદેવ પણ યુવાન વયમાંજ મરણ પામ્યો. (ચ. પ્ર.) મલ્લદેવને બે પત્ની નામે લીલાદેવી અને પ્રતાપદેવી પૈકી લીલાદેવીથી પૂર્ણસિંહ નામનો પુત્ર થયો. (પૂર્ણસિંહને અલ્હણાદેવીથી પેથડ નામનો પુત્ર પછી થયો હતો કે જે આબુની પ્રતિષ્ઠા વખતે વિદ્યમાન હતો.) કુમારદેવીનું અવસાન થતાં માતૃપક્ષના ગુરુ મલધારગચ્છના નરચંદ્રસૂરિએ ત્યાં ઉપદેશથી શોક નિવાર્યો. ત્રણે ભાઈઓએ મંડલી છોડ્યું અને યાત્રાએ ગયા. ત્યાંથી પાછા ફરીને ધોળકે ગયા. કીર્ત્તિકૌમુકી, વસંતવિલાસ અને પ્રબંધ ચિંતામણીમાં એમ જણાવેલું છે કે વસ્તુપાલ-તેજપાલ બે ભાઈઓ ધોળકે ગયા હતા અને વીરધવળે પોતે તેમને અધિકાર આપી નીમ્યા; પરંતુ સુકૃતસંકીર્ત્તન, વસ્તુપાલપ્રશસ્તિ અને સુકૃત કીર્ત્તિ કલ્લોલિનીમાં એમ જણાવ્યું છે કે બંને ભાઈઓ ચૌલુક્ય રાજા ભીમદેવની નોકરીમાં પહેલાં જોડાઈ ગયા હતા અને વીરધવલના કહેવાથી ભીમે તેમને વીરધવળને સોંપ્યા હતા. ભીમના પ્રધાન તરીકેની પરવશતા પોતે સ્વીકારી એવું વસ્તુપાલનું પોતાનું કથન આ બીજી વાતને ટેકો આપે છે.[૩૭૯]

૫૧૧. ભીમદેવ (બીજો) નબળો અને લંપટ હતો. તે ભોળો ભીમ એ નામથી પ્રસિદ્ધ થયો. તેને ન્હાનપણમાં રાજ્ય મળ્યું હતું. તેથી તેના મંત્રીઓ તથા સામંતોએ તેનું ઘણું ખરૂં રાજ્ય દબાવ્યું. બહારના દુશ્મનોના હુમલામાંથી પોતાના રાજ્યનું રક્ષણ કરવાને તે શક્તિમાન ન હતો. કુતુબુદ્દીન ઐબકે સં. ૧૨૫૩માં ગૂજરાતને લૂંટ્યું હતું. આથી તે નામમાત્ર રાજા રહ્યો અને ગૂજરાતના રાજ્યના ગુમાવેલા વૈભવ અને પ્રતિષ્ઠાને પાછી મેળવવા માટે કુમારપાલની માસીના પુત્ર અર્ણોરાજના પુત્ર લાવણ્યપ્રસાદ (લવણપ્રસાદ)ને પોતાનો મહામંડલેશ્વર-સર્વેશ્વર (Vice-regent) બનાવ્યો. આ પ્રમાણે ભીમ ફક્ત નામનો જ રાજા હતો. આ લવણપ્રસાદ અને તેનો યુવરાજ વીરધવલ ગૂજરાતના ખરા રાજા જેવા હતા. છતાં તે પિતા-પુત્ર અણહિલપુરની ગાદીને વફાદાર રહ્યા અને ગાદી પચાવી પાડી પણ નહિ-પોતાને મહારાજાધિરાજ તરીકે કહેવડાવ્યા નહિ; પણ ફક્ત 'મહામંડલેશ્વર'ના પદથી સંતુષ્ટ રહ્યા. રાણો લવણપ્રસાદ અણહિલપુર દરબારમાં રહ્યો હોય એમ લાગે છે અને પોતાની માતાના પુણ્યાર્થે બંધાવેલાં મંદિરો વગેરેના નિભાવ માટે તેણે અપાવેલ જુદાં જુદાં દાનપત્રો પરથી ત્યાં સર્વોપરી સત્તા ભોગવતો હશે એમ સ્પષ્ટ જણાય છે. તે વખતે વીરધવલ ધોળકામાં નિષ્કંટક રાજ્ય ચલાવતો હતો.

૫૧૨. વીરધવલ રાજાએ મંત્રીપદે વસ્તુપાલ-તેજપાલની નિમણુક કરી તે પહેલાં વસ્તુપાલે રાજાને સ્પષ્ટ કહ્યું કે 'રાજન ! એ આપનો મોટો અનુગ્રહ કે આપે અમને યોગ્ય ગણ્યા. રાજાની કૃપાદૃષ્ટિ જ્યાં જ્યાં પડે છે ત્યાં ત્યાં પવિત્રતા, કુલીનતા, દક્ષતા અને સુભગતા ખડી થાય છે. પરંતુ હવે

૩૭૯. भास्वत्प्रभावमधुराय निरन्तरायधर्मोत्सवव्यतिकराय निरन्तराय ।
यो गूर्जरावनिशिरोमणिभीमभूपमन्त्रीन्द्रतापरवशत्वमपि प्रपेदे ॥

—નરનારાયણ. કાવ્ય સર્ગ ૧૬-૩૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કળિયુગ આવ્યો છે, તેમાં સેવકોમાં નથી રહી કાર્યપરાયણતા, તેમ સ્વામીઓમાં નથી રહી કૃતજ્ઞતા. રાજાની નજર અંધકારથી નાશ પામી છે. દુષ્ટ મંત્રી રાજાઓને કુમાર્ગે ચલાવે છે તેથી બંનેનો નાશ થાય છે. સાચી વાત એ છે કે સંસારમાં કોઇ એવો નથી કે જે લોભરહિત હોય, પરંતુ બુદ્ધિમાને એવું કામ કરવું જોઇએ કે જેથી સંસારમાં નિંદા ન થાય અને પરલોકમાં બાધા ન આવે. માટે ન્યાયનું અવલંબન કરી, દુષ્ટોનો અનાદર કરી, સહજ શત્રુઓનો પરાજય કરી, શ્રીપતિચરિત્રને હૃદયમાં ધરી-ધર્મપરાયણ રહી, ધરિત્રીનો ઉદ્ધાર કરવા આપ ઇચ્છતા હો તો આપની આજ્ઞા માથે ચઢાવીએ. નહિ તો આપને સ્વસ્તિ આપનું કલ્યાણ થાઓ-આપને નમસ્કાર.[૩૮૦] વળી અમે સેવાને અર્થે અત્રે આવેલા છીએ, અમારા ઘરમાં ત્રણ લક્ષ દ્રવ્ય છે. હવે અમે સેવામાં રહીએ તે પછી કદાપિ અમારી વિરૂદ્ધ આપને કોઇ પિશુનવચન (ચાડી) ઉપર વિશ્વાસ આવે તો અમારા દ્રવ્યસહિત અમને રજા આપવી. અમારૂં સર્વસ્વ હરી લેવું નહિ.' રાજાએ આ બાબત તેમને ખાતરી આપી અને બંને ભાઇઓને રાજમુદ્રા આપી મંત્રીપદ પર નિયુક્ત કર્યા. (**કી.**કૌ.) આ ઘટના સં. ૧૨૭૬માં બની.

૫૧૩. આ મંત્રીઓ નિમાયાથી **વી**રધવળના રાજ્યનો ઘણો ઉદય થયો. **લા**ટદેશના તાબેનું **ખં**ભાત બંદર તેણે સ્વાધીન કર્યું હતું. તે ગૂજરાતનું સમૃદ્ધિવાન્ મોટું બંદર હતું અને સત્તા તથા સમૃદ્ધનું મોટું મથક હતું. વસ્તુપાળને રાજાએ **ખં**ભાત મોકલ્યો. ત્યાં જઈ પ્રજાને કષ્ટ દેનારા પૂર્વ અધિકારીઓને ક્રમશઃ દૂર કર્યા. દુર્જનોને શાસન (દંડ) કર્યું. તેથી સજ્જનો અને વ્યાપારીઓ નિરાંતે રહેવા-વ્યાપાર કરવા લાગ્યા. ગૂર્જરદેશ સર્વત્ર સુખ અને શાંતિ ભોગવતો હતો ત્યાં દક્ષિણના રાજા **સિં**હનનો સંતાપ થયો. તેણે અચાનક આક્રમણ કરવા મોકલેલી સેના **ભ**રૂચ સુધી આવી, **લા**વણ્યપ્રસાદ અને **વી**રધવલ બંને પિતા-પુત્ર સામે ગયા. આ જાણી **ગો**દ્રહ (ગોધરા) અને **લા**ટ (ગૂજરાતનો દક્ષિણ દેશ)ના રાજા કે જે સાથે ગયા હતા તે મારવાડના ચાર રાજાઓ સાથે મળી ગયા ને બંને પિતા-પુત્રને રામભરોસે છોડી દીધા, છતાં તે બંનેએ ધીરજ ન છોડતાં યાદવોની સેના સામે તૂટી તેને હરાવી. પછી તે છએ રાજાઓએ આ બંને પિતા-પુત્ર સાથે સંધિ કરી. પછી માળવાના શત્રુઓની સામે થઇ તે કાર્ય સંભાળ્યું.

૫૧૪. અહીં જ્યારે ઉક્ત પિતા-પુત્ર સંગ્રામમાં આસક્ત હતા. ત્યાં બીજી બાજુ **વ**સ્તુપાલની બુદ્ધિ અને વીરતાની પરીક્ષાનો અવસર ઉપસ્થિત થયો. ખંભાતમાં **વ**સ્તુપાલ પર **ભ**રૂચના રાજા **શં**ખે[૩૮૧] દૂત મોકલી કહાવ્યું 'વીરધવળનો મારવાડના રાજાઓએ કરેલી ચડાઇમાં જય થયો નથી દેખાતો.

---

૩૮૦. पुरस्कृत्य न्यायं खलजनमनादृत्य सहजा-नरीन्निर्जीत्य श्रीपतिचरितमाश्रित्य च यदि ।
समुद्धर्तुं धात्रीमभिलषसि तत्सैष शिरसा धृतो देवादेशः स्फुटमपरथा स्वस्ति भवते ॥ **की.** कौ. रु. ७७.

૩૮૧. શંખ તે લાટદેશના ચાહમાણ રાજા **સિં**હના ભાઇ **સિં**ધુરાજનો પુત્ર હતો. તે એક યોદ્ધો હતો અને યાદવ રાજા **સિં**હણના સૈન્યને તેણે નર્મદાના તીરે પાછું કાઢ્યું હતું. એક વખત તે યાદવરાજાથી કેદ થયો અને તેની સમક્ષ જતાં તેણે તેના વ્યક્તિત્વથી અંજાઇ છોડી દીધો હતો. બાર માંડલિકની મૂર્ત્તિઓ તેના પગે સુવર્ણની સાંકળથી બંધાતી હતી એમ વસંતવિલાસમાં જણાવ્યું છે. ખંભાત પહેલાં લાટદેશના રાજાના તાબામાં હતું, પણ તે રાજા પાસેથી **વી**રધવલે ખુંચવી લીધું હતું. એક બાજુ **સિં**હનની ચડાઈ અને બીજી બાજુ મારવાડના રાજાઓનો બળવો-દ્રોહ એ સ્થિતિનો લાભ લઈ ખંભાત પર તેણે હુમલો કર્યો પણ વસ્તુપાળે તેને હરાવ્યો વધુ માટે જુઓ હમ્મીરમદમર્દન (ગા. ઓ. સી.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખંભાત તો અમારી કુલક્રમાગત સંપત્તિ છે, માટે અમને ખંભાતમાં પ્રવેશ કરવા દઈ પછી તમે સુખેથી રાજ્ય કરો. વીરધવળે તમને એક શહેર આપ્યું ત્યારે શંખરાજા તમારા ગુણોની વધારે કદર કરશે અને તમને એક આખા દેશનો આગેવાન બનાવશે. આ શંખરાજાએ જેણે બાર માંડલિક રાજ્યની મૂર્તિઓને પગમાં સોનાની સાંકળેથી બાંધેલી છે, અને જેણે એક બાજુ અર્ણોરાજના પુત્રોએ માલવાના રાજાને વચમાં રાખી હલ્લો કર્યો અને બીજી બાજુ યાદવ રાજા સિંહનનું લશ્કર સામું આવ્યું ત્યારે યાદવરાજાના આખા સૈન્યને નસાડ્યું તેની સામે તમો વાણિયા નહિ ટકી શકો; વાણિયાને નાશવાથી શરમ નથી.' આના ઉત્તરમાં વસ્તુપાલે દૂતને જણાવ્યું કે 'દુર્ભાગ્યવશ તારા સ્વામીની બુદ્ધિ ન્યાયમાર્ગનું અવલંબન કરવામાં ઘૃણા કરતી હોય તો તું જઈને તેને સ્પષ્ટ કહી દે કે અમે પણ તેના અખંડ ઉદ્યોગનું ખંડન ખડ્ગ દ્વારા કરવા માટે સંપૂર્ણ તૈયાર છીએ. (કી. કૌ.) શંખરાજા જે પ્રમાણે મને મળવા માગે છે તે પ્રમાણે તેને મળવા ખુશી છીએ. ભલે તે આવે. આખો દેશ તે આપશે એ તેનું કથન મારે શુકન છે. માંડલિક રાજાઓની મૂર્તિઓ પગે બાંધી તે ઠીક છે, પણ યાદવરાજાના કેદખાનામાં તેના પગમાં બેડીઓ પડી હતી તેથી મને દુઃખ થાય છે.[૩૮૨] ફક્ત ક્ષત્રિયો જ યુદ્ધ-કળાના રહસ્યને જાણે છે અને વાણિયાઓ તે જાણતા નથી એ ભ્રમ છે. અંબડ જો કે વાણિયો હતો તો પણ તેણે કોંકણ રાજા મલ્લિકાર્જુનને લડાઈમાં હણી નાંખ્યો ન્હોતો ? હું વાણિયો છું પણ અસિ રૂપી ત્રાજવાથી રણરૂપી હાટમાં કેમ કામ લેવું તે માટે પ્રખ્યાત થયેલો છું. શત્રુઓના મસ્તક રૂપી માલ ખરીદું છું અને તેની કિંમતમાં તેમને સ્વર્ગ આપું છું. જો તારો શંખ સિંધુરાજનો ખરો પુત્ર હોય તો તેને તુરત અહીં આવી યુદ્ધનું સ્થળ પસંદ કરવા કહેજે.' (વ. વિ.)

૫૧૫. ત્યાર પછી પ્રચંડ યુદ્ધ થયું. શંખના યોદ્ધાઓ અને વસ્તુપાલના યોદ્ધાઓ મરાયા. અંતે શંખની સામે મંત્રીએ પણ પોતાની તલવાર મ્યાનથી બહાર કરી, અને પોતે સૈન્ય સાથે ચડ્યો. શંખ આ નવા સૈન્યને જોઈ વસ્તુપાલને અજેય માની ભરૂચ તરફ નાસી ગયો. (સં. ૧૨૭૯ માં વસ્તુપાલના પુત્ર જયન્તસિંહને ખંભાતનો અધિપતિ (સૂબો) નીમ્યો તે પહેલાં શંખ સાથેનું આ યુદ્ધ થયેલું હોવું જોઈએ.)

૫૧૬. તે બંને મંત્રીઓનું સ્થાન વળી કંઈક અજબ જ હતું. વીરધવલનો બને ભાઈઓ ઉપર

એક પ્રબંધમાં વસ્તુપાલની સઈયદ સાથેની લડાઈમાં ભરૂચવાળા ખંડેરાજ સાંખલાની હકીકત આવે છે, અને કીર્ત્તિકૌમુદી આદિમાં એ સાંખલાને શંખ કહેલ છે; પણ તેનું મૂળ નામ ખંડેરાજ હતું એ નિર્ણીત થાય છે. પરમાર વંશની સાંખલા નામની શાખા પણ છે. યાદવરાજા સિંહણ-સિંઘણ દક્ષિણમાં પાટણા (ખાનદેશ, તાલુકા ચાલીસગાંવ)નો રાજા હતો અને તેનો શાકે ૧૧૨૮ (વિ. સં. ૧૨૬૩)નો લેખ મળ્યો છે. (એપી. ઈન્ડી. પુ. ૧ પૃ. ૩૪૩). આ લેખ બીજી રીતે ઉપયોગી છે કે તેમાં મરાઠી ગદ્યનો જૂનો નમૂનો મળે છે ને વળી તેમાં પ્રસિદ્ધ જ્યોતિષી ભાસ્કરાચાર્યના પૂર્વજ ભટ્ટ ભાસ્કર કે જેને ભોજરાજે વિદ્યાપતિની પદવી આપી હતી એવો ઉલ્લેખ છે. (શ્રી જિનવિજયની નોંધ).

૩૮૨. क्षत्रिया: समरकेलिरहस्यं जानते न वणिजो भ्रम एष: । अम्बडो वणिगपि प्रधने किं मल्लिकार्जुननृपं न जघान ॥
दूत ! रे वणिगहं रणहट्टे विश्रुतोऽसितुलया कलयामि । मौलिभाण्डपटलानि रिपूणां स्वर्गवेतनमथो वितरामि ॥
—વસંતવિલાસ. ૫, ૪૩-૪૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપૂર્ણ વિશ્વાસ હતો અને તેમની વિરુદ્ધની ચાડી-ચુગલી પર તે જરા પણ લક્ષ આપતો નહોતો. વીરધવલના સમસ્ત રાજ્યનું સવૈશ્વર્ય મહામાત્ય વસ્તુપાલ પાસે હતું, અને રાજાનો સમસ્ત મુદ્રાવ્યાપાર મંત્રી તેજપાલના હાથમાં હતો. આ સત્તા અને વિશ્વાસ અયોગ્ય સ્થાને મૂકાયાં નહોતાં. આ બંને ભાઈઓ કે જેઓ મોટા યોદ્ધા હતા અને જેમનામાં ઘણી જ ઉચ્ચ પ્રકારની રાજ્યદ્વારી દક્ષતા અને રાજનીતિજ્ઞતા હતી, તેઓએ રાજ્ય અને રાજ્યસત્તા વધારવામાં આપેલો ફાળો ઘણો વિશાલ છે. વાઘેલાઓનું આ એક મહાભાગ્ય હતું કે તેમને આવા બે કાબેલ અને રાજનીતિજ્ઞ દક્ષ પુરુષો રાજ્યનો પાયો નાંખવા માટે મળી ગયા, જો કે માતૃભૂમિના પ્રેમ વગરના ટૂંકા મનના સ્વાર્થી મંત્રીઓ પછી થયાના કારણથી જ આ રાજ્યનો જલદીથી અંત આવ્યો.

૫૧૭. બંને ભાઈઓ યોદ્ધાઓ હતા, તેમાં વસ્તુપાલના શંખ સાથે યુદ્ધનું વર્ણન કર્યું. તેજપાલ સંબંધે એક ઉદાહરણ આપીએ. મહીતટ (મહીકાંઠા) નામના દેશનો ધૂધુલ નામના રાજા હતો, તેની રાજધાની ગોદ્રહ (ગોધ્રા) હતી. તે ગૂજરાત દેશમાં વેપાર કરવા જતા આવતા વેપારીઓના માલને છીનવી લેતો હતો અને વીરધવલના કહેણને દાદ આપતો નહિ. આ બંને ભાઈઓએ એક વખતે તેની પાસે દૂત મોકલી કહેવરાવ્યું કે રાણા વીરધવલની આજ્ઞા સ્વીકારવી ઘટે, પરંતુ તેણે ઉત્તરમાં રાણાને માટે એક કાજલની ડબી અને એક શાટિકા (સ્ત્રીની સાડી) મોકલી. રાણાએ પોતાના સૈનિકોને કહ્યું કે ધૂધુલ સાથે યુદ્ધ કરવા માટે કોણ બીડું ઉઠાવે છે ? તેજપાલે જ તે ઉઠાવ્યું અને તે સેના લઇ રવાના થયો. તેણે પોતાના થોડા સૈનિક આગળ મોકલ્યા કે જેમણે જઈ ગોવાળીઆઓને મારી તેમની ગાયો લઈ લીધી. ધૂધુલની પાસે આ સમાચાર જતાં તે પોતાના સૈનિકો લઇ સામો આવ્યો અને મંત્રીની સામે થયો. બંને વચ્ચે થયેલા દ્વંદ્વ યુદ્ધમાં તેજપાલે તેને હરાવી કેદ કર્યો અને વીરધવલને મોકલેલી કાજળની ડબી ધૂધુલના ગળામાં બાંધી દીધી અને સાડી પહેરાવી દીધી. રાજાએ તેજપાલનો ઘણો પુરસ્કાર કર્યો.

૫૧૮. એક વખતે દૂતોએ આવી વસ્તુપાલને ખબર આપી કે મોજદીન સુરત્રાણ પશ્ચિમ દિશામાં સેના લઇ રવાના થયેલ છે. મંત્રીએ તુરત તેણે તે બાબતનો પ્રબંધ કરી અર્બુદગિરિના નાયક ધારાવર્ષને કહેવરાવ્યું કે જ્યારે યવન સેવા દક્ષિણ તરફ આવે કે ઘાટોને રોકી દે. તેણે તેમજ કર્યું. વસ્તુપાલ આચનક તેના પર તૂટી પડ્યો. યવન તોબા તોબા કરી અહીં તહી ભાગવા લાગ્યો. પરંતુ માર્ગ રોકાઈ ગયા હતા. આથી ઘણી ખરાબ રીતે તેનું લશ્કર મરાયું અને વસ્તુપાલે તેના (तच्छीर्षलक्षैः शकटानि भृत्वा) લાખો મુંડ-માથાં ગાડામાં ભરીને ધોલકામાં લાવી વીરધવલને બતાવ્યાં (રાજશેખર ચ. પ્ર.)[૩૮૩]

૫૧૯. સોરઠના-(કચ્છ) ભદ્રેશ્વરના રાજા ભીમસેન (ભીમસિંહ)નું સૈન્ય એક વખત ચઢી આવ્યું ને ઘોર યુદ્ધ થયું. તેમાં બંને મંત્રીઓ ભારે વીરતાથી લડ્યા. અંતે સંધિ થતાં યુદ્ધનો અંત થયો.

---

૩૮૩. આ હકીકત લઈ તેના ઐતિહાસિક સત્ય સંબંધે શ્રી રસિકલાલ છોટાલાલ પરીખે 'એક ઐતિહાસિક શ્રુતપરંપરા અને તેની પરીક્ષા' એ નામના લેખમાં યોગ્ય વિચારણા કરી છે. જૈ. સા. સં. ૩, ૧ પૃ. ૧૫૩ થી ૧૬૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૨૦. વસ્તુપાલને **લીલા**(લલિતા)દેવી અને **તેજ**લદેવી નામે બે પત્ની હતી. લલિતાદેવી ગુણશાલી અને બુદ્ધિશાળી હોવાના કારણે વસ્તુપાલ તેની ખાસ સલાહ લેતા, અને તેનાથી જયન્તસિંહ (જૈત્રસિંહ) નામનો પુત્ર થયો હતો અને **તેજ**પાલને બે સ્ત્રી નામે **અનુપમા**દેવી અને **સુહડા**દેવી પૈકી **અનુપમા**-દેવીથી **લાવણ્ય**સિંહ (લૂણસિંહ) નામનો પુત્ર થયો હતો. **જયન્ત**સિંહ[૩૮૪] સં. ૧૨૭૯ થી ખંભાતનો સૂબો હતો (ગિરનાર પ્રશસ્તિ) અને તેની પ્રાર્થનાથી **બાલ**ચંદ્ર સૂરિએ '**વસંત** વિલાસ' મહાકાવ્ય રચ્યું {*પ્ર.ગા.ઓ.સિ.*} અને તેની આજ્ઞાથી (ખંભાતના) **ભીમેશ્વર** ભગવાનની યાત્રાના ઉત્સવ પ્રસંગે ખંભાતમાં પહેલવહેલું **જય**સિંહ સૂરિનું **હમ્મીરમદમર્દન** નામનું નાટક ભજવાયું હતું. **વસ્તુપાલ**ના મૃત્યુ પછી વીશળદેવે જૈત્રસિંહને તેના શૌર્યથી આકર્ષાઈ પેટલાદનો સૂબો નીમ્યો હતો અને તેણે પોતાના કાકા તેજપાલના મૃત્યુ પછી તેના સ્મારક તરીકે ચંદ્રોન્માનપુર (ચાણસમા?)માં {*આ ગામ ચાણસ્મા અને હારીજ વચ્ચે આવેલું ચન્દ્રુમણા છે. એમ આ. પ્રદ્યુમ્નસૂરિ મ. સ્થળની મુલાકાત લઈ જણાવે છે.*} એક જિનમંદિર, સરોવર, ધર્મશાળા, સત્રાલય કરાવ્યાં. (**જિનહર્ષ-વસ્તુપાલ ચરિત્ર** ૮-૫૯૨-૫૯૩) જૈત્રસિંહને જયતલદેવી, જમ્મણ દેવી અને **રૂપા**દેવી નામની ત્રણ સ્ત્રી હતી. **લાવણ્ય**સિંહ સં. ૧૨૯૬માં **ભરૂચ**નો હાકેમ હતો, તેને **રયણા**દેવી અને લખમાદેવી નામની બે સ્ત્રીઓ અને ગઉરદેવી નામની એક પુત્રી હતી. તેજપાલને **સુહડ**દેવીથી **સુહડ**સિંહ નામનો બીજો પુત્ર હતો, વળી બઉલકે નામની પુત્રી હતી. સુહડસિંહની બે સ્ત્રીનાં નામ **સુહડા**દેવી અને **સુલખણા**દેવી હતાં.

૫૨૧. સં. ૧૨૭૫ વર્ષમાં મંત્રી **વસ્તુપાલ** અને **તેજ**પાલથી પ્રાગ્વાટ લઘુ શાખા પ્રગટ થઈ;[૩૮૫] એટલે તેમના સમયમાં પોતાની પોરવાડ જ્ઞાતિમાં 'દશા' અને 'વીસા' એ બે ભેદ પડ્યા. વીસ વસાના-ઉત્તમ-પૂરી યોગ્યતા વાળા તે 'વીસા'; અને તેથી ઓછી યોગ્યતા વાળા તે 'દશા'. (આ દશા વીસાના ભેદ અન્ય વણિક જ્ઞાતિઓમાં અને તે ગૂજરાતમાં જ ધીમે ધીમે દેખા દેતા ગયા, અને સં. ૧૫૧૨ માં તો આ ભેદ જાણીતા થઈ ગયા.)[૩૮૬]

૫૨૨. ધનસંગ્રહ અને તેનો સુકૃત્યોમાં ઉપયોગ-વસ્તુપાલના પૂર્વજો મંત્રિઓના અધિકાર પર નિયુક્ત રહ્યા હતા અને ધર્મપરાયણ હતા. તેના પિતા મંત્રી **અશ્વરાજ** સંબંધી **સોમેશ્વરે** લખ્યું છે કેઃ-

आनीतं न्यायतो वित्तं व्ययितं धर्मकर्मसु ।
यशस्तु जनति स्तुत्यं केवलं यस्य तिष्ठति ॥ **की. कौ.** ३, १९

---

૩૮૪. જુઓ ગિરનાર પ્રશસ્તિ. જયન્તસિંહને બે પુત્ર નામે **પ્રતાપસિંહ** અને **બીજો** હતા તે બંનેના શ્રેય માટે વસ્તુપાલે ખંભાતના **કુમાર** વિહારમાં બે દેવકુલિકાઓ બંધાવી હતી.

૩૮૫. જુઓ જૈન **કો. હેરેલ્ડ**ના સન ૧૯૧૧ના ખાસ અંકમાં મેં આપેલી 'તપાગચ્છ પટ્ટાવલી' અને' **જૈન સા. સંશોધક**ના ખંડ ૧ અંક ૩ માં આપેલી 'વીરવંશાવલી.'

૩૮૬. સં. ૧૩૬૧નું **મેરૂતુંગ**નું **પ્રબંધચિંતામણી**, સં. ૧૫૭૮નું **સૌભાગ્યનંદીકૃત વિમલચરિત્ર**, સં. ૧૭૨૧માં **મેરૂવિજયે** રચેલ **વસ્તુપાલ** તેજપાલ રાસ, સં. ૧૮૭૭માં **દીપવિજયે** બનાવેલા '**સોહમ કુલરત્નપટ્ટાવલીરાસ**', **કાન્હડદે પ્રબંધ** આદિ પરથી સ્વ. **મણિલાલ** બકોરભાઈ વ્યાસનો નિર્ણય જુઓ. તેનો ગ્રંથ નામે 'શ્રીમાળી (વાણીઆ)ઓના જ્ઞાતિભેદ.' સં. ૧૯૭૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

-જગત્‌માં તેનો યશ ફેલાય છે કે જેણે ન્યાયથી ધનનો સંગ્રહ કર્યો હોય અને જે ધનને ધાર્મિક કાર્યોમાં વાપરેલું હોય.

૫૨૩. વસ્તુપાલ-તેજપાલ બંને મંત્રીઓ થયા. તેમણે ન્યાયથી ધન મેળવ્યું અને તે ઉપરાંત બીજાં કારણો પણ ધનસંગ્રહનાં મળ્યાં. (૧) એક સમય તેઓ પોતાના ધનને હડાલક (હડાલા-કાઠિયાવાડ) માં એક સ્થાનપર દાટવા જતાં ત્યાં ખોદતાં ભારે ખજાનો મળ્યો. (૨) જ્યારે વસ્તુપાલ સ્તંભતીર્થમાં મંત્રી થઈ ગયો ત્યાં એક મુસલમાન સોદાગર નામે સૈયદ (સિદિક) અતિ ધનવાન્ રહેતો હતો, તે વસ્તુપાલની આજ્ઞા ન માનતાં સામો થયો ને ભૃગુપુર (ભરૂચ)ના શંખને પોતાની મદદે બોલાવ્યો અને તેને વસ્તુપાલની સામે યુદ્ધ કરવાને તત્પર કર્યો. વસ્તુપાલે શંખને પરાજિત કરી સૈયદને કેદ કરી તેની સંપત્તિનું અપહરણ કર્યું. જ્યારે આ બાબતની સૂચના લવણપ્રસાદને કરવામાં આવી ત્યારે તેણે આજ્ઞા કરી કે જે કંઈ બહુમૂલ્ય હોય તે રાજમાં જમા કરી દેવું. વસ્તુપાલે વિજ્ઞાપન કર્યું કે તે સોદાગર એટલો બધો શ્રીમંત છે કે તેના ઘરની ધૂળ પણ બહુમૂલ્ય છે. રાજાએ ઘરની ધૂળ મંત્રીને સમર્પણ કરી. દૈવયોગે તે જ કાલે સૈયદનાં કેટલાંક વહાણોમાં આગ લાગી અને ઘણો બહુમૂલ્ય ધાતુમય સામાન ધૂળ થઈ ગયો કે જે રાજાની આજ્ઞાનુસાર વસ્તુપાલનું નિજ દ્રવ્યબન્યું.

૫૨૪. આ બંને મંત્રીશ્વરોના દાનનો લાભ એકલા જૈન ધર્મીઓને મળતો અથવા તેનો વિસ્તાર એકલા ગૂજરાતમાં જ હતો એમ ન હતું. 'દક્ષિણમાં શ્રી શૈલ (શ્રી પર્વત-કાંચીની પાસે), પશ્ચિમમાં પ્રભાસ ઉત્તરમાં કેદાર અને પૂર્વમાં કાશી સુધીમાં-'કોઇ પણ દેવાલય ન હતું, કોઇ પણ ધર્મ કે વિદ્યાની સંસ્થા ન હતી કે જેને વસ્તુપાલ તેજપાલની મદદ મળતી ન હોય. સોમેશ્વર મહાદેવના મંદિરને દર વર્ષે દશ લાખ અને કાશી વિશ્વેશ્વરના મંદિરને દર વર્ષે એક લાખની ભેટ ધરાતી. તે જ પ્રમાણે દ્વારકાના મંદિરને પ્રયાગરાજને, ગંગાતીર્થને તથા આબુ ઉપરના અચળેશ્વર મહાદેવને (જુઓ ત્યાંનો ખંડિત લેખ) એક એક લાખ દ્રવ્ય પ્રતિવર્ષ પહોંચાડવામાં આવતું. હિંદુસ્તાનમાં કાંઇકે જાણવા લાયક કે કાંઇકે પવિત્ર ગણાતું એવું એક પણ સ્થળ ન હતું, જ્યાં વસ્તુપાળ તેજપાળને યાદ કરાવે એવું કાંઈ ને કાંઇ ન હોય' (મધપૂડો) આબુની તથા ગિરનારની પ્રશસ્તિમાં અને વસંતવિલાસમાં કથેલ છે કે તેમનાં ખોદાવેલાં કૂવા, વાવ, સરોવર, નવીન બંધાવેલાં અને જૂના સમરાવેલાં સ્થાનોનો હિસાબ એક પૃથ્વી જ જાણતી હશે. તેમણે ભરૂચમાં ભૃગુ મહાદેવનું દેવાલય પાંચ લાખ દ્રવ્ય ખર્ચી સમરાવ્યું હતું.

૫૨૫. તીર્થકલ્પમાં જિનપ્રભસૂરિએ વસ્તુપાલસંકીર્ત્તનમાં જણાવ્યું છે કે 'સવા લાખ જિનબિંબો કરાવવા શત્રુંજયતીર્થમાં ૧૮ ક્રોડ ૯૬ લાખ, ગિરિનારતીર્થમાં ૧૨ ક્રોડ ૮૦ લાખ, અર્બુદશિખરે લૂણિગવસતિમાં ૧૨ ક્રોડ ૫૩ લાખ ખર્ચ્યા, ૯૮૪ પૌષધશાલા, ૫૦૦ દંતમય સિંહાસનો, ૫૦૫ જાદરમય સમવસરણો, ૭૦૦ બ્રાહ્મણશાલા, ૭૦૦ સત્રાકાર (સદાવ્રતશાલા), ૭૦૦ તપસ્વિ અને કાપાલિકોના મઠો કરાવ્યાં. ભોજન નિર્વાપાદિદાન સર્વને કર્યું. ૩૦૦૨ માહેશ્વરાયતનો (શિવમંદિરો), ૧૩૦૪ શિખરબદ્ધ જૈન પ્રાસાદો. ૨૩૦૦ જિર્ણચૈત્યોદ્ધાર કર્યો. ૧૮ કોટિ સુવર્ણવ્યયથી સરસ્વતી ભાંડાગારો ત્રણ સ્થાને ભર્યા, ૫૦૦ બ્રાહ્મણોનો વેદપાઠ કરતો હતો. વર્ષ મધ્યે ત્રણ સંઘપૂજા કરતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેના ગૃહે ૧૫૦૦ શ્રમણો નિત્ય વિહાર કરતા. હમેશાં દોઢ સહસ્ર તટિક કાર્પટિકો ભોજન કરતા. ૧૩ તીર્થયાત્રા સંઘપતિ બનીને કરી, તેમાં પ્રથમ યાત્રામાં ૪ સહસ્ર ૫ સો ગાડાં શય્યાપાલકો સહિત, ૭૦૦ સુખાસનો, ૧૮૦૦ વાહિની-પાલખી, ૧૯૦૦ હાથીઓ, ૨૧૦૦ શ્વેતાંબરો, ૧૧૦૦ દિગંબરો, ૪૫૦ જૈન ગાયકો, ૩૩૦૦ બંદિજનો હતાં. ૮૪ તળાવો બંધાવ્યાં; ૪૬૪ થી અધિક વાપિ-વાવ,૩૨ પાષાણમય દુર્ગ-કિલ્લાઓ, ૨૪ દંતમય જૈનરથો, ૨૦૦૦ શાકઘટિત-સાગના બનાવેલા (રથો) કરાવ્યા. વસ્તુપાલને સરસ્વતી કંઠાભરણ આદિ ૨૪ બિરૂદો હતાં. ૬૪ મસીત (મસ્જીદ-મુસલમાનોનાં ધર્મસ્થાનો) બંધાવી. દક્ષિણમાં શ્રી પર્વત સુધી, પશ્ચિમમાં પ્રભાસ સુધી, ઉત્તરમાં કેદાર સુધી, પૂર્વમાં વારાણસી સુધી તેનાં કીર્ત્તનો થતાં. સર્વ મળી ૩૦૦ ક્રોડ ૧૪ લાખ ૧૮ સહસ્ર ને ૮ સો લૌષ્ઠિક ત્રિતયોનાનિ દ્રવ્ય વ્યય કર્યો. ૬૩ વાર સંગ્રામમાં જૈનપત્ર મેળવ્યું.' (આજ પ્રમાણે **ચ. પ્ર.** માં છે) તેનાં ૨૪ બિરૂદની આવલી એ છે કે પ્રાગ્વાટ જ્ઞાતિ અલંકરણ, સરસ્વતી કંઠાભરણ, સચિવ ચૂડામણિ, કૂર્ચાલ સરસ્વતી, સરસ્વતિ ધર્મપુત્ર, લઘુ ભોજરાજ, ખંડેરા, દાતાર ચક્રવર્ત્તિ, બુદ્ધિ અભયકુમાર, રૂપે કંદર્પ, ચતુરીમાં ચાણાક્ય, જ્ઞાતિગોવાલ, સઈયદવંશક્ષયકાળ, શંખલરાયમાનમર્દન, મજ્જા જૈન, ગંભીર, ધીર, ઉદાર, નિર્વિકાર, ઉત્તમજનમાનનીય. સર્વજનશ્લાઘનીય, શાંત, ઋષિપુત્ર, પરનારી સહોદર.

૫૨૬. લૂણીગવસહિ-લૂણવસહિ.-તેજપાલે પોતાના પુત્ર લૂણ (લાવણ્ય) સિંહ અને સ્ત્રી અનુપમાદેવીના પુણ્યાર્થે[૩૮૭] ભીમદેવ (બીજા) ના મહામંડલેશ્વર આબૂના પરમાર રાજા સોમસિંહ (ઉક્ત ધારાવર્ષના પુત્ર)ની અનુમતિ લઈ, તે આબૂ ગિરિપરના દેલવાડા ગામમાં વિમલવસહિ પાસે જ તેના જેવી જ ઉત્તમ પ્રકારની કોરણીવાળા આરસપાણનું, મૂલ ગભારો-ગૂઢમંડપ-નવચોકીઓ-રંગમંડપ-બલાનક (દ્વારમંડપ)-ખત્તક (ગોખલા), જગતિ (ભમતી) ની દેરીઓ અને હસ્તિશાલા વગેરેથી સુશોભિત, કરોડો રૂપીયા ખર્ચીને લૂણસિંહ (લૂણીગ) વસહિકા નામનું નેમિનાથ પ્રભુનું ભવ્ય મંદિર કરાવ્યું. સં. ૧૨૮૮. તેમાં સ્તંભતીર્થમાં અંજનશલાકા કરાવેલું એવું કસોટીના પથ્થરનું બિંબ સ્થાપિત કર્યું.[૩૮૮] અને તેની પ્રતિષ્ઠા (પોતાના પિતૃ પક્ષના ગુરુ) નાગેન્દ્રગચ્છના મહેન્દ્રસૂરિ-શાન્તિસૂરિ-આનંદ અને અમરસૂરિ-હરિભદ્રસૂરિના શિષ્ય વિજયસેનસૂરિ પાસે સં. ૧૨૮૭ના (ગૂ.) ફાગણ (મારૂ) ચૈત્ર વદિ ૩ રવિવારે બહુ આડંબર ને ધામધૂમથી કરાવી. તે મંદિરના ગૂઢમંડપના મુખ્ય દ્વારની બહાર નવ ચોકીઓમાં દરવાજાની બંને બાજુમાં ઉત્તમ પ્રકારની કોરણીવાળા બે ગોખલા પોતાની બીજી સ્ત્રી સુહડાદેવીના કલ્યાણ માટે કરાવ્યા (કે જેને લોકો 'દેરાણી જેઠાણીના ગોખલા' કહે છે), અને

૩૮૭. अभूदनुपमा पत्नी तेजःपालस्य मंत्रिणः । लावण्यसिंह नामायमायुष्मानेतयोः सुतः ॥ ५९ ॥
तेजःपालेन पुण्यार्थं तयोः पुत्र-कलत्रयोः । हर्म्यं श्री नेमिनाथस्य तेने तेनेदमर्बुदे ॥ ६० ॥
- **सोमेश्वरकृत ते मंदिरनो प्रशस्ति लेख जि. २, ८७.**

પરંતુ મેરૂતુંગ **પ્ર. ચિં.** માં તથા રાજશેખર **ચ.** પ્ર. માં જણાવે છે કે તેમના પુર્વના સ્વર્ગસ્થ ભાઈ લૂણિગના શ્રેય માટે તે કરાવ્યું તે હકીકત ઉપરની મૂલ પ્રશસ્તિ જોતાં યથાર્થ નથી.

૩૮૮. वैक्रमे वसु वस्वर्क मितेऽब्दे नेमिमंदिरम् । निर्ममे लूणीगवसत्याह्वयं सचिवेन्दुना ॥
कषोपलमयं बिंबं श्री तेजःपाल मंत्रिराट् । तत्र न्यास्थत्स्तंभतीर्थे निष्पन्नं दृक सुधांजनम् ॥
- **जिनप्रभसूरिकृत अर्बुदकल्प.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભમતીની દેરીઓમાંની ઘણીખરી દેરીઓ પોતના ભાઇઓ, ભોજાઇઓ, બહેનો, પોતાના તથા ભાઇઓના પુત્રો, પુત્રવધૂઓ તથા પુત્રીઓ વગેરે પોતાના સમસ્ત કુટુંબના કલ્યાણાર્થે કરાવી, જ્યારે થોડી દેરીઓ પોતાના વેવાઇઓ અને બીજા પરિચિત સંબંધીઓએ કરાવી. બધી દેરીઓની પ્રતિષ્ઠા વિ. સં. ૧૨૮૭ થી લઇને ૧૨૯૩ સુધીમાં થઈ ગઈ હતી અને ઉક્ત બે ગોખલાની સં. ૧૨૯૭માં થઈ. આ મંદિરનો બાંધનાર **શોભનદેવ** નામનો સૂત્રકાર હતો. તેની પૂજા આદિને માટે આબૂના (પારા ૫૦૧માં ઉક્ત ધારાવર્ષના પુત્ર) પરમારરાજા સોમસિંહે **બારઠ** પરગણાનું ડબાણી ગામ ઉક્તમંદિરને ભેટ કર્યું. એ ઈ. વૉં. ૮ પૃ. ૨૨૨ (ઓઝા **રા.** ઇ. ૧-૧૭૯). વળી મંત્રીએ તેની વિશેષ સુવ્યવસ્થા કરી:[૩૮૯] આ મંદિર સ્થાપત્યના અદ્‌ભુત કૌશલના નમુના રૂપે જગતમાં પંકાયેલ છે. 'મધ્યયુગમાં ભારતનું શિલ્પ જૈનસંઘે જાળવ્યું.' એ કથન આ બંને ભાઇઓ તથા પૂર્વે **વિમલશાહ**નાં આબૂપરનાં જૈન મંદિરોના પ્રતાપે જ સત્ય થયું છે.[૩૯૦] આ મંદિરને હાલ લોકો 'તેજપાલનું મંદિર' પણ કહે છે અને અંગ્રેજો Delwara Temples કહે છે.

૫૨૭. જે જે સુકૃત્યોની સાલવાર નોંધ શિલાલેખો આદિથી મળે છે તે એ છે કે સં. ૧૨૪૯-૫૦માં સંઘપતિ તરીકે **અશ્વરાજ** (પોતાના પિતા) સાથે **વસ્તુપાલે શત્રુંજય** અને **ગિરનાર**ની યાત્રા કર્યા પછી પોતાને મંત્રીપદ મળ્યું. ત્યારબાદ પોતે સંઘાધિપતિ તરીકે થઇ સં. ૧૨૭૭માં વસ્તુપાલે શત્રુંજય અને ગિરનારની યાત્રાઓ કરી. ૧૨૭૮માં આબુ પર્વત પર **વિમલવસતિમાં મલ્લદેવ**ના પુણ્યાર્થે

---

૩૮૯. આ મંદિરની રક્ષા માટે તથા વાર્ષિક પર્વોને દિવસે પૂજા મહોત્સવ વગેરે કાયમ ચાલુ રહે તે માટે કાળજીભરી સુવ્યવસ્થા તેજપાલે કરી હતી તે તેના શિલાલેખો પરથી જણાય છે, પોતાના વારસો તથા ભાઇ વેવાઇઓના વંશવારસો સર્વ પ્રકારની દેખરેખ રાખે તથા પૂજાદિ હંમેશા કરે કરાવે ચાલુ રાખે, મંદિરની વર્ષગાંઠ પ્રસંગે આઠ દિનના-ફા. વદ ૩ થી તે ફા. વદ ૧૦ અમુક અમુક ગામના મહાજનજનો ઉત્સવ કરે અને નેમિનાથ ભ. ના પાંચ કલ્યાણકના દિને દેઉલવાડાના શ્રાવકો મહોત્સવ કરે એમ ઠરાવ્યું હતું. આ મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવ વખતે ઉક્ત **ચંદ્રાવતી**ના રાજા **સોમસિંહ**, તેના યુવરાજ **કાન્હડ** (કૃષ્ણરાજ) તથા બીજા કુમારો, રાજ્યના અધિકારીઓ, ચંદ્રાવતીના સ્થાનપતિ ભટ્ટારક આદિ, ગૂગલી બ્રાહ્મણ, સમસ્ત મહાજન, તથા આબૂ ઉપરના બધાં ગામોમાં રહેનારા સ્થાનપતિ, તપોધન, ગૂગલી બ્રાહ્મણ રાઠિય આદિ તમામ લોકો અને બીજાં ગામના પ્રતિહારવંશી રાજપૂતો હાજર હતા તે વખતે ઉક્ત વ્યવસ્થા કરવામાં આવી, અને તે પ્રસંગે તે રાજા સોમસિંહે બારઠ પરગણાનું ડબાણી ગામ ભગવાનની પૂજા આદિને માટે ઉક્ત મંદિરને અર્પણ કર્યું અને તે હમેશાં કબૂલ રાખવા માટે પરમારવંશના રાજાઓને વિનતિપૂર્વક તેમણે ફરમાન કર્યું હતું.

૩૯૦. આ લૂણવસહિના સંબંધે ભારતીય શિલ્પના પ્રસિદ્ધ જ્ઞાતા મિ. ફર્ગ્યુસને પોતાના 'Pictures and Illustrations of Ancient Architecture in Hindustan' નામના ગ્રંથમાં લખ્યું છે કે 'આ મંદિર કે જે સંગેમરમરનું બનેલું છે, તેમાં અત્યંત પરિશ્રમ સહન કરનાર હિંદુઓના ટાંકણાથી 'ફીતેં' જેવી બારીકી સહિત એવી મનોહર આકૃતિઓ બનાવવામાં આવી છે કે તેની નકલ કાગળ પર બનાવવામાં પણ કેટલાયે સમય અને પરિશ્રમ લેતાં છતાં હું સફલ થઇ શકયો નથી.'-ઓઝાજી **રા.** ઇ. ૧ પૃ. ૨૩-૨૪. વસ્તુપાલચરિતમાં જિનહર્ષ જણાવે છે કે અહીં આવી પ્રશસ્તિ લખાયેલી છેઃ 'શ્રી તેજપાલ મંત્રીએ શંખ સમાન ઉજજ્વળ એવી શિલાઓથી સ્ફુરાયમાન ચંદ્ર તથા કુંદપુષ્પસમાન વિશદ એવો આગળના ભાગમાં ઉંચો મંડપ, પાર્શ્વભાગમાં બાવન જિનાલયો અને સામે બલાનક છે એવું શ્રી નેમિપ્રભુનું મંદિર કરાવ્યું. શ્રી અર્બુદાચલ પર તેજપાલ મંત્રીએ કરાવેલા શ્રી નેમિચૈત્યમાં શોભીતાં તોરણો, બેઠકના ઓટલા, વિચિત્ર કોરણી તથા ચંદ્રસમાન વિશુદ્ધ પાષાણના વિવિધ મંડપોની રચનાને જોઇને લોકો પોતાની દૃષ્ટિ સદાને માટે સફળ માનવા લાગ્યા.' ગૂ. ભા. પૃ. ૨૭૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભ. મલ્લિનાથનો ગોખલો બંધાવ્યો. ૧૨૮૩-૯૩માં શત્રુંજયની અગિયાર યાત્રાઓ કરી. ૧૨૮૪માં તારંગા પર્વત પરના ભ. અજિતનાથના મંદિરમાં પદ્માવતીની મૂર્તિ કરાવી અને સં. ૧૨૮૫માં ત્યાં બે ગોખલા બંધાવ્યા. ૧૨૮૫ (૮ ?) માં સેરીસામાં નેમનાથ અને મહાવીર ભ.ના બે ગોખ બંધાવ્યા. ૧૨૮૬ માં આબુ પર મંદિર બાંધવાનો આરંભ કર્યો, અને ૧૨૮૭ માં તે આબુના મંદિરમાં પ્રતિષ્ઠાની ક્રિયાઓ કરી. ૧૨૮૮માં ગિરનાર પર્વત પર પ્રતિમા પ્રતિષ્ઠા, ૧૨૮૯ માં ખંભાતમાં પૌષધશાળા, (ના. ૨ નં. ૧૭૯૩) ૧૨૮૯ થી ૯૩ માં આબુ પર કેટલીક દેવકુલિકાઓ બંધાવી. ૧૨૯૨ માં આબુના મંદિરોનું કામ પૂરું થયું. ૧૨૯૨ માં ખંભાત પાસેના (? મારવાડના) ગામ નગરામાં સૂર્યના મંદિરમાં રત્નાદેવીની બે પ્રતિમાઓની સ્થાપના (ના. ૨, નં. ૧૭૧૩-૪) અને સં. ૧૨૯૭ માં આબુ પર તેજપાલે બે દેવકુલિકાઓ બંધાવી. (આ સર્વ શિલાલેખો મળવાથી સાલવાર મુખ્યત્વે જૈનધર્મનાં સુકૃત્યો છે, (વસન્તવિલાસ પ્રસ્તાવના.)

૫૨૭ક. પરંતુ તે સિવાયનાં તે ધર્મના તેમજ અન્ય ધર્મનાં સ્થલવાર સુકૃત્યો આ પ્રમાણે છેઃ- અણહિલવાડ પાટણમાં વનરાજના પંચાસરા પાર્શ્વનાથના મંદિરનો પુનરુદ્ધાર. ખંભાતમાં ભીમેશના મંદિરમાં સુવર્ણ દંડ તથા કળશ ચડાવ્યાં, ભટ્ટાદિત્ય પાસે ઉત્તાનપટ્ટનું ઉભું કરવું અને તેના મસ્તકે સુવર્ણહાર ચઢાવ્યો, ભટ્ટાર્કવહક નામે વનમંદિરમાં કૂવો ખોદાવ્યો, સૂર્યદેવ બકુલના મંદિર પાસે મંડપ કરાવ્યો, વૈદ્યનાથના મંદિર અને તેના મંડપને સમરાવ્યાં, છાશ તથા દહીંના વિક્રયસ્થળે તેમાં જીવજંતુ પડતાં બચે તે સારૂ ઉંચી દિવાલની વાડો બાંધી આપી, બે ઉપાશ્રય, તથા ગવાક્ષો સહિત પાણીની પરબ બંધાવ્યાં. ધોલકામાં આદિનાથનું મંદિર, બે ઉપાશ્રય, વાવ ને પાણીની પરબ એટલાં બંધાવ્યાં અને ભટ્ટાર્ક રાણક નામે મંદિરને સમરાવ્યું. શત્રુંજય પર્વતપર, આદિનાથના મંદિર આગળ ઇંદ્રમંડપ, નેમિનાથને સ્તંભન પાર્શ્વનાથના મંદિર બંધાવ્યાં તથા સરસ્વતી દેવીની પોતાના બાપદાદાઓની તથા હાથી ઉપરની પોતે બે ભાઈઓ તથા વીરધવળની મૂર્ત્તિઓ કરાવી; વળી ત્યાં ગિરનારનાં ચાર શિખરો નામે અવલોકન અંબા, શાંબ, અને પ્રદ્યુમ્નની શિલ્પમય રચનાઓ, આદિનાથ મંદિર પાસે તોરણ તથા આદિનાથની મૂર્ત્તિ આગળ સુવર્ણ અને રત્નમય પૂર્વપટ્ટ અને સુવર્ણ તોરણ બનાવ્યા, તથા ત્યાં ભરૂચના સુવ્રતસ્વામી અને સાચોરના વીર મંદિરના અવતારરૂપે મંદિરો ચણાવ્યાં. પાલીતાણાની નજીકમાં એક મોટું તળાવ, (વસ્તુપાલનું લલિતા સરોવર) અને બીજું (તેજપાલનું), અનુપમા સરોવર), એક ઉપાશ્રય અને એક પાણીની પરબ કરાવ્યો અંકેવાલીયા ગામમાં એક તળાવ કરાવ્યું. ગિરનાર પર્વતપર સ્તંભન પાર્શ્વ અને શત્રુંજયના આદીશ્વરનાં મંદિર બંધાવ્યાં. સ્તંભનમાં (ઉમરેઠ પાસેના થામણામાં) પાર્શ્વનાથનું મંદિર સમરાવ્યું અને તેની પાસે બે પરબ બંધાવી, ડભોઈમાં વૈદ્યનાથના શૈવમંદિર ઉપરથી માલવાના રાજાએ જૂનાં સુવર્ણનાં શિખરો ઉપાડી જવાથી નવાં સુવર્ણ શિખર ચડાવ્યાં અને સૂર્યદેવની નવી મૂર્ત્તિ પધરાવી. આબુ પર્વત પર પોતાના મોટભાઈ મલ્લદેવના ધર્મકલ્યાણ માટે મલ્લીદેવનો ગોખલો બંધાવ્યો. (આ સુકૃત સંકીર્ત્તનમાંથી લખ્યું છે. વિશેષ જિનપ્રભના તીર્થકલ્પમાંથી અને વધુ વિસ્તારમાં જિનહર્ષના વસ્તુપાલ ચરિતમાંથી જોઈ લેવું.) જુવો ના. ૨, નં. ૧૭૮૮-૧૭૯૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૨૮. ભરૂચમાં ત્યાંના પ્રસિદ્ધ **શ**કુનિકા વિહાર નામના મુનિસુવ્રત સ્વામીના મંદિરની યાત્રાએ એક વખત **તે**જપાલ ગયો ત્યારે તે મંદિરના આચાર્ય **વી**રસૂરિના શિષ્ય જયસિંહસૂરિએ તેની સ્તુતિ કરી **આં**બડના (પારા ૩૮૫) ઉદ્ધરેલા **શ**કુનિકા વિહારમાંની પચીસ દેવકુલિકા માટે સુવર્ણધ્વજ બનાવરાવવા કહેતાં **વ**સ્તુપાલની સંમતિથી **તે**જપાલે પચીસ સુવર્ણધ્વજ દંડ કરાવી આપ્યા. તેથી તે દાન માટે ઉક્ત જયસિંહસૂરિએ એક સુંદર લાંબું પ્રશસ્તિકાવ્ય રચ્યું અને તે મંદિરની ભીંતમાં કોતરવામાં આવ્યું. (જોકે તે શકુનિકા વિહારની મસ્જીદ પછી મુસલમાનોએ બનાવી, છતાં તેની નકલ હમ્મીરમદ મર્દનકાવ્યની પ્રતને અંતે સચવાઈ રહેલી મળેલી છે જુઓ પારા ૫૫૨.)

૫૨૯. મહાયાત્રા-સર્વ મળી વસ્તુપાલે ૧૩ યાત્રા કરી. પોતાના પિતા સંઘપતિ **આ**શરાજ સાથે સં. ૧૨૪૯ અને સં. ૧૨૫૦ માં શત્રુંજય અને ગિરિનારની યાત્રા કરી. પોતે સંઘપતિ બની સપરિવાર તે બંનેની યાત્રા સં. ૧૨૭૭, ૧૨૯૦, ૧૨૯૧, ૧૨૯૨ અને ૧૨૯૩ માં કરી અને તે ઉપરાંત એકલા શત્રુંજયની સાત યાત્રા સપરિવાર સં. ૧૨૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, અને ૮૯ માં કરી. પોતાના મરણ પહેલાં જે શત્રુંજયની મહાયાત્રા કરી. તેનું વર્ણન **વ**સંતવિલાસના ૧૩મા સર્ગમાં કરેલું છે ને છેવટની ૧૩ મી યાત્રાપ્રયાણનું ટૂંક વર્ણન તેના છેલ્લા સર્ગમાં આપ્યું છે; માર્ગમાં સં. ૧૨૯૬ ના માઘ માસની પંચમી તિથિ રવિવારે સ્વર્ગગમન કર્યું. યાત્રાનું સવિસ્તર વર્ણન ઉદયપ્રભસૂરિના **ધ**ર્માભ્યુદય કાવ્ય અપરનામ સંઘપતિ ચરિતમાં મળશે.

૫૩૦. એમ કહેવાય છે કે એક સમયે બંને ભાઈઓ એવું વિચારી રહ્યા હતા કે આપણા ધનનો શું ઉપયોગ કરીએ ? ત્યારે તેમને એક સાધુ કવિએ અન્યોક્તિરૂપે નીચેનો શ્લોક સંભળાવ્યોઃ-

कोशं विकाशय कुशेशय संश्रितालौ
प्रीतिं कुरुष्व यदयं दिवसस्तवास्ते ।
दोषोदये निविडराजकरप्रतापे
ध्वान्तोदये तव समेष्यति कः समीपम् ?॥

આશય-હે કમલ ! અત્યારે દિવસ છે, તો તું તારી કળીને ખીલવ અને તારો આશ્રય લેનાર ભ્રમર પર પ્રેમ કર. અરે ! જ્યારે રાત થઇ જશે અને અંધારૂં ફેલાઇ જશે અથવા ચંદ્રમાનાં કિરણો તને દુખદાયી કરશે ત્યારે ભલા તારી પાસે કોણ આવશે ?

એટલે કે, તું તારા કોશ-ખજાનાને પ્રકાશિત કર, તારા આશ્રિતોમાં ધનને વહેંચ, અત્યારે તારા સમૃદ્ધ દિવસ છે. જ્યારે તારા દોષનો ઉદય થશે અને રાજાની ક્રૂર દૃષ્ટિ થશે ત્યારે કોણ તારી પાસે આવશે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૪ વસ્તુ-તેજયુગમાં સાહિત્યપ્રવૃત્તિ [સં. ૧૨૭૫થી સં. ૧૩૦૩]

पीयूषादपि पेशलाः यशधरज्योत्स्नाकलापादपि
स्वच्छा नूतनचूतमंजरिभरादप्युल्लसत्सौरभाः ।
वाग्देवीमुखसामसूक्त विशदोद्गारादपि प्रांजलाः
केषां न प्रथयन्ति चेतसि मुदं श्री वस्तुपालोक्तयः ॥

-અમૃતથી પણ મધુર, ચંદ્રમાની ચાંદનીના સમૂહથી પણ સ્વચ્છ, નૂતન આમ્રમંજરીના ઢગથી પણ વિશેષ ઉઠતી સુગંધવાળી અને સરસ્વતીના મુખના સામસૂક્તિઓના શુદ્ધ ઉદ્‌ગારો કરતાં પણ મનોરમ એવી શ્રી વસ્તુપાલની ઉક્તિઓ કોના ચિત્તમાં પ્રમોદ પ્રસારતી નથી ?

- રાજશેખર પૃ. ૯૨, જિનહર્ષ પૃ. ૮૩, ઉપદેશતરંગિણી પૃ. ૭૦.

૫૩૧. વસ્તુપાલ વીર પુરુષ હતો એટલું જ નહિ પરંતુ પ્રસિદ્ધ વિદ્વાન પણ હતો-કવિ હતો. તેણે **નરનારાયણાનંદ** નામનું કાવ્ય (પ્ર. ગા. ઓ. સી. નં. ૨) ૧૬ સર્ગમાં રચ્યું, તેમાં પોતાનું નામ કર્ત્તા તરીકે કવિ **હરહર** અને **સોમેશ્વરે** આપેલ 'વસન્તપાલ' રાખેલ છે (જુઓ સર્ગ ૧૬-૩૮) અને તેજ નામ પરથી **બાલચંદ્રસૂરિએ** તેના ચરિત્રરૂપ 'વસંતવિલાસ' નામનું મહાકાવ્ય રચ્યું. આ **નરનારાયણનંદ** કાવ્યમાં **કૃષ્ણ** અને **અર્જુનની** મિત્રતા, બંનેનો **ગિરિનારપર** આનંદવિહાર, **અર્જુનદ્વારા** સુભદ્રાનું કૃષ્ણે કરાવેલું હરણ એ **મહાભારતમાંથી** લીધેલ વિષય છે, અને તેમાં મહાકાવ્યનાં બધાં લક્ષણો કવિ **માઘકૃત શિશુપાલવધના** નમુના પ્રમાણે સમાવ્યાં છે. તેનો રચનાકાળ સં. ૧૨૭૭ થી ૧૨૮૭ ની મધ્યમાં અનુમાનાય છે. આની પહેલાં સંસ્કૃતમાં **આદિજિનેશ્વર** મનોરથમય સ્તોત્ર રચ્યું હતું. (જુઓ નરનારાયણાનંદ ૧૬-૨૯. તેના પરિશિષ્ટમાં મુદ્રિત) તથા **અંબિકાસ્તવન** રચ્યું (જુઓ **જૈનસ્તોત્ર** સમુચ્ચય પૃ. ૧૪૩) તેણે અનેક સૂક્તિઓ બનાવી હતી કે જે પૈકી કેટલીકનાં અવતરણ યાદવ રાજા **કૃષ્ણના** સૈન્યના અને હાથીઓના ઉપરી **જહ્લણે** પોતાના **સૂક્તિમુક્તાવલી** નામના ગ્રંથ કે જેમાં આ. **હેમચંદ્ર**, **સિદ્ધરાજ**, **શ્રીપાલ**, **સોમપ્રભ**, **અરસિં** (અરિસિંહ) ઠક્કર, **વિજયપાલ** વગેરે ઘણા કવિઓનાં કાવ્યોને સ્થાન મળ્યું છે તેમાં, **પ્રબંધચિંતામણિ**, **ચતુર્વિંશતિ** પ્રબંધ, **સા**રંગધર પદ્ધતિમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેવાયાં છે. **સો**મેશ્વરના ઉલ્લાઘરાઘવ પરથી[૩૯૧] જણાય છે કે વસ્તુપાલને સૂક્તિઓ રચવાને શોખ હતો; અને વિશેષમાં **વ**સ્તુપાલની કવિ તરીકેની ખ્યાતિ ફક્ત ગૂજરાતમાં જ નહીં પણ ચારે દિશાએ પ્રસરવા પામી હતી. તેનાં બિરૂદો પણ તે વાત સિદ્ધ કરે છે પોતે પોતાને સરસ્વતીપુત્ર-વાગ્દેવીસૂનુ (સરખાવો શારદા પ્રતિપન્નાપત્ય-ગિરનારપ્રશસ્તિ), જણાવે છે. બીજાં બિરૂદો 'કાવ્યદેવી પુત્ર' (ગિરનાર પ્રશિસ્ત) 'કવિકુંજર' 'કવિચક્રવર્તિ' મહાકવિ વગેરે હતાં અને આબૂની પ્રશસ્તિમાં **સો**મેશ્વરે તેને 'શ્રેષ્ઠ કવિ' વર્ણવેલો છે. એક કવિએ પીયૂષાદપિ પેશલા એ શ્લોકથી તેની સૂક્તિઓનું વર્ણન કર્યું છે તે આ પ્રકરણની આદિમાં મૂકેલ છે.

૫૩૨. વસ્તુપાલ મહાકવિ હતો છતાં તેનામાં તે માટે અભિમાન ન્હોતું; એ વાત પોતાના નરનારાયણાનંદમાં છેવટે આપેલ નમ્રતાભર્યા શ્લોક પરથી સ્પષ્ટ જણાય છે.

उद्भास्वद् विश्वविद्यालयमयमनसः कोविदेन्द्रा ! वितन्द्रा
मन्त्री बद्धांजलि र्वो विनयनतशिरा याचते **व**स्तुपालः ।
अल्पप्रज्ञाप्रबोधादपि सपदि मया कल्पितेऽस्मिन्प्रबन्धे
भूयो भूयोऽपि यूयं जनयत नयनक्षेपतो दोषमोषम् ।

- પ્રકાશવન્તા વિશ્વવિદ્યાનાં સ્થાનરૂપ જેનાં મન છે એવા હે વિતન્દ્ર કોવિદો ! આપને હસ્તાંજલિ જોડી વિનયથી શિર નમાવી વસ્તુપાલ મંત્રી યાચના કરે છે કે અલ્પમતિજ્ઞાનથી પણ એકદમ મેં કલ્પેલા આ પ્રબંધમાં આપ વારંવાર દૃષ્ટિક્ષેપ કરી દોષને દૂર કરશો.

૫૩૩. તેનામાં ટીકાકારની-સમાલોચકની, કાવ્યના ગુણદોષ પારખવાની અને બીજાઓનાં કાવ્યોની ભૂલો શોધી કાઢવાની વિવેચક શક્તિ હતી. સુંદર કાવ્યકલાને તે હમેશાં પ્રશંસતો, જ્ઞાનના પ્રચાર અને ઉદ્ધાર માટે બહુ ચીવટ રાખતો. અઢાર કરોડ રૂપિયાના મોટા ખર્ચે ત્રણ પુસ્તકાલયો (ભંડાર) કરાવ્યાં હતાં.[૩૯૨]

૫૩૪. તે કવિઓનો આશ્રયદાતા હતો. રાજપુરોહિત **સો**મેશ્વર આદિ કવિઓને ભૂમિ આદિ દાનથી પુષ્કળ આજીવિકા કરી આપી હતી તે કૃતજ્ઞતા પ્રકાશવા માટે **સો**મેશ્વરે એક શ્લોક કહ્યો હતો કે :-

सूत्रे वृत्तिः कृता पूर्वं दुर्गसिंहेन धीमता ।
विसूत्रे तु कृता तेषां वस्तुपालेन मंत्रिणा ॥

---

૩૯૧. अंभोजसंभवसुता वक्त्रांभोजेऽस्ति **व**स्तुपालस्य ।
यद्वीणारणितानि श्रूयन्ते सूक्तिदम्भेन ॥ ઉ. રા. ૮ મો સર્ગ.

૩૯૨. અષ્ટાદશ કોટિસુવર્ણવ્યયેન સરસ્વતીભાણ્ડાગારાણાં સ્થાનત્રયે ભરણં કૃતમ્ ।- જિનપ્રભસૂરિના તીર્થકલ્પમાંના વસ્તુપાલ સંકીર્ત્તનમાંથી સ્વ. **ચી.** દલાલે 'પાટણના ભંડારો' નામના લેખમાં જણાવ્યું છે કે 'વસ્તુપાલના સ્થાપેલા ભંડારોનો નાશ મુસલમાનોના હાથે થયો જણાય છે. શેઠ હાલાભાઈના તાડપત્રના સંગ્રહમાં શ્રીચંદ્રસૂરિની બનાવેલી જીતકલ્પવૃત્તિની સંવત ૧૨૮૪માં ઉતારેલી પ્રત મળી આવે છે તેને છેવટે વસ્તુપાલની સ્તુતિમાં બનાવેલ શ્લોકો મળી આવે છે; તેથી આ વસ્તુપાલના ભંડારમાંની એક પ્રત હોય એમ ધારી શકાય છે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આશય-પૂર્વકાલમાં બુદ્ધિમાન્ દુર્ગસિંહે સૂત્રોમાં (વ્યાકરણના સૂત્રોમાં) વૃત્તિ (વ્યાખ્યા) કરી, પરંતુ અદ્‌ભુત તો એ છે કે વસ્તુપાલે વિસૂત્રોમાં (સૂત્રોની રચના કર્યા વગર પણ) વૃત્તિ (આજ્ઞાવિકા) કરી આપી.

૫૩૫. **સોમેશ્વર**-પોતાના **સુ**રથોત્સવ કાવ્યમાં પોતાનો પરિચય આપતો કવિપ્રશસ્તિવર્ણન નામનો સર્ગ છે તે પરથી જણાય છે કે તેના પૂર્વજો ચૌલુક્ય **મૂ**લરાજથી રાજપુરોહિત તરીકે કામ કરતા વંશપરંપરાથી ચાલ્યા આવ્યા છે. મૂળ પુરુષ **સો**મ તે ગુલેવા કુલનો બ્રાહ્મણ, તે દ્વિજોના 'નગર' (આનંદપુર-વડનગર) માં રહેતો તે **મૂ**લરાજનો પુરોહિત થયો. તેનો પુત્ર **લ**લ્લશર્મા **ચા**મુંડરાજનો, અને તેનો પુત્ર **મું**જ દુર્લભરાજનો પુરોહિત હતો. તેનો પુત્ર **સો**મ-તેનો પુત્ર **આ**મશર્મા **ક**ર્ણનો પુરોહિત હતો. તેનો પુત્ર **કુ**માર **સિ**દ્ધરાજનો પુરોહિત હતો અને તેનો પુત્ર વિષ્ણુનો ઉપાસક **સ**ર્વદેવ (૧)-તેનો **અ**મિગ ને તેનો **સ**ર્વદેવ (બીજા) એ **કુ**મારપાલનાં ફૂલ ગંગાજીમાં નાંખ્યા. સર્વદેવ (૨) ના નાનાભાઈ **કુ**માર (બીજા) એ ઘવાયેલ **અ**જયપાલની વ્યથા દૂર કરી. તે રાષ્ટ્રકૂટ વંશના **પ્ર**તાપમલ્લનો પ્રધાન બન્યો ને પછી ચૌલુક્ય રાજાનો સેનાપતિ પણ થયો હતો. તેને લક્ષ્મી નામની સ્ત્રીથી ત્રણ પુત્ર નામે **મ**હાદેવ, **સો**મેશ્વર અને **વિ**જય થયા તે પૈકી **સો**મેશ્વરે યામાર્ધ (દોઢ કલાક) માં એક નાટક અને એક સુંદર ભાવપૂર્ણ કાવ્યની રચના કરીને ભીમ (ભોળાભીમ)ની સભાના સભ્યોને પ્રસન્ન કર્યા. (આ કાવ્યનું શું નામ હતું તે જણાતું નથી) ત્યાર પછી તે **વી**રધવલનો રાજપુરોહિત થયો. તે **વ**સ્તુપાલનો આશ્રિત કવિ હતો. **વ**સ્તુપાલે અનેક વખત જાગીર વગેરે બક્ષીસ તેને આપી હતી. તેના ગ્રંથો ૧ **સુ**રથોત્સવ-૧૫ સર્ગનું ૧૧૮૭ શ્લોકનું કાવ્ય. આનો વિષય **મા**ર્કંડેય પુરાણના દેવીમાહાત્મ્ય યા **સ**પ્તશતી ચંડી આખ્યાનમાંથી લીધો છે અને તેની શૈલીપર લખાયું છે (પ્ર. કાવ્યમાલા નિ. પ્રેસ.) ૨ **રા**મશતક-(તેની ડા. ભાંડારકરને ૧૨ પત્રની પ્રતિ પ્રાપ્ત થઈ છે). ૩ ઉલ્લાઘરાઘવ-નાટક કે જેના દરેક અંકને અંતે એક શ્લોક **વ**સ્તુપાલની પ્રશંસાનો લખ્યો છે. ૪ **કી**ર્ત્તિકૌમુદી-૯ સર્ગનું ૭૨૨ શ્લોકનું મહાકાવ્ય તેમાં **વ**સ્તુપાલની કીર્ત્તિકૌમુદીનું પ્રધાનતઃ વર્ણન છે અને તે આપતાં આદિના શ્લોકોમાં **વા**લ્મીકિ, **વ્યા**સ, **કા**લિદાસ, **મા**ઘ, **ભા**રવિ, **બા**ણ, **ધ**નપાલ, **બિ**લ્હણ, **હે**મસૂરિ, **ની**લકંઠ, **પ્ર**લ્હાદનદેવ, **ન**રચંદ્ર, **વિ**જયસિંહ, **સુ**ભટ, **ય**શોવીર અને **વ**સ્તુપાલની પ્રશંસાના ચમત્કૃત શ્લોક લખ્યા છે. વિશેષમાં **મૂ**લરાજથી લઈ **વી**રધવલ સુધીનું વૃત્તાંત છે. આથી આ એક ઐતિહાસિક કાવ્ય છે. તે લગભગ સં. ૧૨૮૨ માં રચાયું લાગે છે. (ગૂ. ભા. સ્વ. વલ્લભજી હરિદત્ત આચાર્યકૃત ગુ. વ. સો. એ{*અને સીંધી ગ્રં.*} *પ્રકટ કર્યું છે.*)

૫૩૬. આ ઉપરાંત સં. ૧૨૮૭ માં આબૂના 'લૂણવસહી' મંદિરમાં લગાવેલી પ્રશસ્તિ, સં. ૧૨૮૮ માં ગિરિનાર પર્વતપર વસ્તુપાલ તેજપાલે જીર્ણોદ્ધૃત મંદિરપર લગાવેલી ગદ્યપદ્ય પ્રશસ્તિ, **સો**મેશ્વરે રચી છે. વળી **વી**રનારાયણ નામનો પ્રાસાદ **વી**રધવલે પાટણમાં કરાવ્યો હતો તેમાં **સો**મેશ્વરે ૧૦૮ શ્લોકની પ્રશસ્તિ રચી હતી એમ **ચ**તુર્વિંશતિ પ્રબંધમાં **હ**રિહર પ્રબંધ પરથી જણાય છે પણ તે હાલ ઉપલબ્ધ નથી. **સો**મેશ્વરે પોતાની કવિતાની પ્રશંસા કરતાં **સુ**રથોત્સવમાં જણાવ્યું છે કે વસ્તુપાલ, **હ**રિહર, **સુ**ભટ આદિ કવિપ્રવરો પોતાની કવિતાની ઘણી પ્રશંસા કર્યા કરતા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૩૭. હરિહર-ગૌડદેશી પંડિત હતો. તેણે ગૂજરાતમાં આવી સોમેશ્વરનો દ્વેષ છતાં રાજસભામાં આદર પામ્યો. પછી તેના અને સોમેશ્વર વચ્ચે સારો મેળ થયો હતો. હરિહરની 'નૈષધીય'ની પ્રત પોતે ચતુરાઈથી ઉતારી વસ્તુપાલે પોતાના પુસ્તકાલયમાં રાખી હતી. (વધુ માટે જુઓ ચતુર્વિંશતિ પ્રબંધમાં હરિહર પ્રબંધ.)

૫૩૮. સુભટ-'તેમનું રચેલું દૂતાંગદ નામે એક અતિ લઘુ નાટક છે. દેવશ્રી કુમારપાલદેવના મેળામાં મહારાજાધિરાજ ત્રિભુવનપાલની પરિષદની આજ્ઞાથી આ નાટક ભજવાય છે. એમ આરંભમાં સૂત્રધાર જાહેર કરે છે. માત્ર એકજ અંકનું આ નાટક છે, અને તેમાં પણ રાજશેખર ભર્તૃહરિ આદિ પૂર્વના કવિઓમાંથી કાંઈક કાંઈક લીધું છે-છતાં આ કવિ માટે સોમેશ્વર કહે છે કે :-

'સુભટેન પદન્યાસઃ સ કોઽપિ સમિતૌ કૃતઃ ।
યેનાધુનાઽપિ ધીરાણાં રોમાંચો નાપચીયતે ॥'

દૂતાંગદમાંના કેટલાક શ્લોકને આ પ્રશંસા લાગુ પાડી શકાય એવી છે ખરી, પરંતુ અત્રે તેમજ અન્યત્ર પણ 'કવિપ્રવર'માં એમની ગણના થઈ છે તે માટે તો આ લઘુ નાટક કરતાં કાંઈક વધારે મહત્ત્વની કૃતિ તેણે રચેલી હોવી જોઈએ એમ લાગે છે.

૫૩૯. નાનાકપંડિત-તે પણ તે જ સમયના બીજા એક સંસ્કૃત કવિ હતાં. વડનગર પાસેના એક ગામમાં કપિષ્ઠલ ગોત્રના એક કુળમાં એ જન્મ્યા હતા. એ કવિપંડિત જ્ઞાતિએ નાગર, શ્રીમાન્ અને વેદ રામાયણ ભરત નાટક અલંકાર આદિ વિષયોમાં ઘણા નિપુણ હતા. એમનું એકે કાવ્ય ઉપલબ્ધ થતું નથી.

૫૪૦. આ સર્વ સોમેશ્વરથી માંડી નાનાક પંડિત સુધીના સર્વ કવિઓ જૈનેતર હતા. અરિસિંહ જૈન હતો કે શૈવ તે ખાત્રીથી કહી શકાતું નથી. સોમેશ્વરના પોતાના સમયમાં કેટલાક નવીન કવિઓની કદર થવા માંડી હતી એમ તેણે તેની યાદી પોતાના ગ્રંથમાં આપેલી છે તે પરથી જણાય છે. જૈન બ્રાહ્મણ વચ્ચેનો ભેદ ભૂલાઈ જઈ હેમચંદ્રની વાણી કેવી લોકપ્રિય થઈ હશે એ પણ એમના વિષેના શ્લોક થકી જણાય છે. વળી જૈન મન્ત્રી પણ બ્રાહ્મણોને દાન આપતા એવો એ બે ધર્મના અનુયાયીઓનો પરસ્પર પ્રીતિભર્યો સંબંધ હતો એમ દેખાય છે.

૫૪૧. ''ગૂજરાતમાં જૈનધર્મની સાથે બ્રાહ્મણધર્મનો શૈવસંપ્રદાય પ્રચલિત હતો અને વિષ્ણુભક્તિ પણ અજ્ઞાત ન હતી. સોમેશ્વરની કીર્ત્તિકૌમુદીમાં વસ્તુપાલ સંબંધે શ્લોક આ પણ છે કેઃ-

(૧) નાનર્ચ ભક્તિમાન્નેમૌ નેમૌ શંકરકેશવૌ ।
જૈનોઽપિ યઃ સવેદાનાં દાનામ્ભઃ કુરુતે કરે ॥

-નેમિ ભગવાનમાં ભક્તિવાળા આ વસ્તુપાલે શંકર અને કેશવનું પૂજન ન કર્યું એમ ન સમજવું; જૈન છતાં વેદધર્મીઓના હાથમાં પણ એ દાનનું પાણી આપે છે.

એટલું જ નહીં પણ કેટલેક ઠેકાણે એ કાવ્યમાં શંખપૂજાનો ઉલ્લેખ જોઈએ છીએ, અને એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાવ્યના પહેલા જ શ્લોકમાં ચતુર્ભુજ ભગવાનની (કૃષ્ણની) પ્રાર્થના છે; વળી તે જ સમયનો એક બીજો કવિ-નામે સુભટ-દૂતાંગદ એટલે કે 'અંગદવિષ્ટિ' નામના એક નાટકમાં લખે છેઃ-

भूयाद् भूत्यै जनानां जगति रघुपतेर्वैष्णवः कोऽपि भावः ।

(રઘુપતિનો અવર્ણ્ય વૈષ્ણવભાવ જગતમાં લોકનું કલ્યાણ કરો.)

(૨) વિષ્ણુભક્તિ ગ્રંથો જેવા કે શ્રીમદ્‌ભાગવત, રામાયણ, મહાભારત અને હરિવંશ ગુજરાતમાં જાણીતા હતા. (સોમેશ્વરના સુરથોત્સવ, કીર્તિકૌમુદિ ગ્રંથ પરથી જણાય છે.)

(૩) કૃષ્ણલીલા-બાલક્રીડા અને કૃષ્ણ રાધાની લીલા પણ હતી. જુઓ સુરથોત્સવમાંનો એક શ્લોક

"स पातु गोवर्धनभारखिन्न-यदंगसंवाहनकैतवेन
गोप्यो गुरुणां पुरतोऽप्यशंकमवापुराश्लेषसुखं स्मरार्त्ताः राधाऽस्तु सिध्ध्यै रतिविग्रहे या...."

એ કૃષ્ણ તમારું રક્ષણ કરો- ગોવર્ધન પર્વત ઉપાડવાથી થાકેલાં જેના અંગ ચાંપવાને બહાને, કામથી પીડાએલી ગોપીઓએ, મોટેરાંની સમક્ષ પણ નિઃશંક રીતે આલિંગનનું સુખ મેળવ્યું, અને રાધા પણ તમારી મનવાંછના પૂરી કરો- "રતિકલહમાં."

(૩) વળી સિદ્ધરાજ અને કુમારપાળના સમયના સર્વોત્તમ જૈન વિદ્વાન આ. હેમચંદ્ર, પોતાના 'કાવ્યાનુશાસન' નામનાં ગ્રંથમાં નીચે મુજબ બે શ્લોકો ટાંકે છેઃ-

"कृष्णेनाम्ब ! गतेन रन्तुमधुना मृद्‌भक्षिता स्वेच्छाया,
सत्यं कृष्ण ! क एवमाह? मुसली, मिथ्याम्ब ! पश्याननम् ।
व्यादेहीति विकाशिते शिशुमुखे माता समग्रं जगद्
दष्ट्वा यस्य जगाम विस्मयपदं यायात् स वः केशवः ॥

कनककलशस्वच्छे राधापयोधरमंडले नवजलधरश्यामामात्मद्युतिं प्रतिबिम्बिताम् ।
असितसिचयप्रान्तभ्रान्त्या मुहुर्मुहुरुत्क्षिपञ्जयति जनितव्रीडाहासः प्रियाहसितो हरिः ॥

-"બા કૃષ્ણ રમવા ગયો હતો ત્યાં એણે હમણાં જ ફાવે તેટલી માટી ખાધી;' 'કૃષ્ણ, ખરી વાત કે?' 'કોણે કહ્યું?' ' બળદેવે કહ્યું;' ' બા, એ ખોટું કહે છે- જો મારું મો' 'ઉઘાડ, જોઈએ.'-એમ કહેતાં વેંત બાળકે મો ઉઘાડ્યું અને એ મોંમાં સમસ્ત જગત્ જોઈ મા વિસ્મય પામી-એ કૃષ્ણ તમારું રક્ષણ કરો.

-કનકકલશ જેવા સ્વચ્છ રાધાના સ્તનમંડળમાં કૃષ્ણની નવજલધરની જેવી શ્યામ કાન્તિનું પ્રતિબિમ્બ પડ્યું. એને કાળું લુગડું સમજી કૃષ્ણ વારંવાર ખસેડવા જાય છે! એ જોઈ રાધા હસી. અને કૃષ્ણ પણ એ વિસ્મયકારક ભૂલ માટે શરમાયા અને હસ્યા-એ કૃષ્ણનો જય હો!

આટલા ઉતારાઓથી સ્પષ્ટ જણાઈ આવશે કે સિદ્ધરાજ કુમારપાળથી માંડી લવણપ્રાસાદ વીરધવલ અને વસ્તુપાલના સમય સુધીમાં પણ શ્રીમદ્ ભાગવત તેમજ રામાયણ મહાભારત અને હરિવંશ ગૂજરાતમાં જાણીતાં હતાં, એટલું જ નહીં પણ કૃષ્ણ અને રાધાની લીલા પણ પ્રસિદ્ધ હતી"-વસન્તઃ ભાદ્રપદ ૧૯૬૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૪૨. અરિસિંહ- તેમા પિતાનું નામ લવણસિંહ હતું. તે પણ **વસ્તુપાલ**નો આશ્રિત હતો. તેણે **સુકૃતસંકીર્ત્તન** નામનું ૧૧ સર્ગનું ૫૫૫ શ્લોકનું મહાકાવ્ય વસ્તુપાલે કરેલાં સુકૃત્યોના વર્ણન રૂપે બનાવ્યું. (વે. નં. ૧૭૮૬; વિષયવર્ણન ઇ. એ. ૨૩, પૃ. ૪૭૭-૪૯૫; પ્ર. આ. સભા નં. ૫૧{*સીંધી ગ્રં.*}) તેમાં **વનરાજ**થી **સા**મંતસિંહ ચાવડાની વંશાવલી તથા **મૂળરાજ**થી **ભી**મદેવ અને **અર્ણો**રાજથી **વીર**ધવલનો સંક્ષિપ્ત વૃત્તાંત આપી વસ્તુપાળનું વિસ્તૃત ચરિત્ર આપેલું છે. તેના દરેક સર્ગની અંતે **અમર** પંડિતે બનાવેલા પાંચ પાંચ શ્લોકો લગાડેલા છે; તે પાંચ શ્લોકો પૈકી પ્રથમના ત્રણ વસ્તુપાલની પ્રશંસાના, ચોથો **અરિસિંહ** અને તેની કવિચાતુરીની પ્રશંસાનો છે અને પાંચમો શ્લોક ઉપરના ચાર શ્લોક **અમર** પંડિતે રચેલ છે તે જણાવે છે. ઉપદેશતરંગિણીના આધારે **અરિસિંહ**ને પણ **કીર્તિ**કૌમુદીના કર્ત્તા **સો**મેશ્વરની માફક વસ્તુપાલે ગામ ગિરાસ તથા બીજાં દાન યાવજ્જીવ આપ્યાં હતાં.

૫૪૩. તેને 'ઠક્કુર' પદ લાગેલું છે તેથી તે વણિક કે બારોટ હશે તેની શંકા થાય, પરંતુ ઠક્કુર પદ વણિક કોમમાં પણ સાધારણ હતું. તેનો ધર્મ જૈન કે શૈવ હતો તે સંદેહવાળી વાત છે, છતાં કુમારપાળના આત્માને બોલાવી તેની પાસે **ભી**મદેવને આજ્ઞા કરાવે છે કે જૈન ધર્મનું માહાત્મ્ય તારે ફરીથી સજીવન કરવું, તે બિના તેમજ ગ્રંથની આદિમાં દેખાતી બ્રહ્માની સ્તુતિ ખરી રીતે નાભિભૂ**ઋ**ષભદેવની સ્તુતિ છે, તે તેને જૈન હોવાનું પૂરવાર કરે છે. વસ્તુપાલની માતા **કુ**મારદેવી જૈન ધર્મ પાળનારામાં એક અગ્રગણ્ય હતી છતાં તેને શૈવ ધર્મમાં પણ શ્રદ્ધા હતી તે વાત તેણે જ આપેલી હોવાથી તે આપણને તે શૈવ હોવાનું કારણ આપે. **સૂ**ક્ત મુક્તાવલી નામના ગ્રંથમાં જહ્લણે જ **અ**રસી ઠક્કુરના ચાર શ્લોક આપેલ છે તે **અ**રસી ઘણે ભાગે આ અરિસિંહજ જણાય છે. ઉક્ત **અમ**રચંદ્ર તે **અરિ**સિંહને 'સારસ્વતામૃત-મહાર્ણવપૂર્ણિમેન્દુ જેવો સુકવિ' જણાવે છે.

૫૪૪. અમરચંદ્રસૂરિ-એ સંસ્કૃત સાહિત્યમાં એક નામાંકિત વ્યક્તિ છે. તેમના ગ્રંથોની કીર્ત્તિ માત્ર જૈન સમાજમાં જ નહિ પરંતુ બ્રહ્મણોમાં પણ વિસ્તરેલી હતી. બ્રાહ્મણોમાં તેમના ગ્રંથો **બાલ**ભારત તથા **કવિ**કલ્પલતા વિશેષ પ્રખ્યાત હતા. **બાલ**ભારત તેણે બ્રાહ્મણોની પ્રેરણાથી અદ્‌ભુત કાવ્યોની રચનાપૂર્વક સંસ્કૃત મહાકાવ્ય **વિશ**લદેવના રાજ્યમાં રચ્યું. (ભાં. ૪, ૬; વે. નં. ૧૭૫૯ પ્ર. પંડિત વો. ૪-૬ અને નિ. પ્રેસની કાવ્યમાલા સન ૧૮૯૪). **કવિ**કલ્પલતા પર પોતે **કવિશિક્ષા**વૃત્તિ નામની ટીકા પણ રચી છે (વે. નં. ૧૩૧) કે જેમાં પોતાના ગ્રંથો નામે **છંદો**રત્નાવલિ; **મંજ**રી નામની ટીકાસહિત **કાવ્યકલ્પલતા**પરિમલ, અલંકારપ્રબોધનો ઉલ્લેખ કરેલ છે. (વે. નં. ૬૦) તેમના હાલમાં ઉપલબ્ધ થતા બીજા ગ્રંથોમાં છન્દોરત્નાવલી, **સ્યા**દિસમુચ્ચય (બુહ્. ૪, નં. ૨૮૭, પ્ર. ય. ગ્રં.) અને **પદ્મા**નંદકાવ્ય મુખ્ય છે. પદ્માનંદકાવ્ય પાટણના એક વાયડાવાણીઆ નામે કોષ્ઠાગારિક **પદ્મ**ની પ્રાર્થનાથી રચવામાં આવ્યું. તેથી એ નામ આપેલું છે, {*પદ્માનન્દ મહાકાવ્યમાં ભ. ઋષભદેવનું ચરિત્ર ૧૯ સર્ગ ૬૩૮૧ શ્લોકમાં છે. સં. હીરાલાલ કાપડિયા પ્ર. ગા.ઓ.સિ. જ્યારે* **ચતુર્વિંશતિ** *જિ.ચ.માં ૨૪ અધ્યાય, ૧૮૦૨ શ્લોક છે. પ્ર.ગા.ઓ.સિ.*} ને તે 'વીરાંક'થી અંકિત છે, {*અને બીજું* **પદ્મા**નંદથી *ભિન્ન* **ચતુ**. *જિ.ચ. છે.*} તેમાં ૨૪ તીર્થંકરોનાં ચરિત્રો આપ્યાં છે. (કાં. વડો. પી. ૨, ૨.) તેથી તેનું નામ ચતુર્વિંશતિ જિનચરિત્ર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનેંદ્રચરિત્ર છે. પ્રબંધકોશમાં તેમના બીજા જે બે ગ્રંથોનાં નામ પણ આપ્યાં છે તે સૂકતાવલી તથા કલાકલાપ નામનાં છે.{*દ્રૌપદી સ્વયંવર પણ તેમની રચના મનાય છે. શ્રમણ ૫૦/૧૦-૧૨*}

૫૪૫. તેમણે બાલભારતમાં એક જગ્યાએ પ્રભાતવર્ણનના એક શ્લોકમાં વેણી-અંબોડાનું વર્ણન કરતાં તેની કૃપાણ-તરવાર (કામદેવની) સાથે સરખામણી કરી છે તેથી તેને 'वेणीकृपाणोऽमरः' પણ કહેતા હતા. અમરચંદ્ર તે વિવેકવિલાસના કર્ત્તા[૩૯૩]વાયડગચ્છીય જિનદત્તસૂરિ (જુઓ પારા ૪૯૬)ના શિષ્ય હતા. પ્રબંધકોશમાં રાજશેખર જણાવે છે કે જિનદત્તસૂરિના શિષ્ય અરિસિંહ કવિરાજ પાસેથી અમરચંદ્રને સિદ્ધ સારસ્વત મંત્ર મળ્યો. તે મંત્રને ૨૧ દિવસ જપવાથી સરસ્વતીએ પ્રત્યક્ષ થઈ વર આપ્યો કે તું એક સિદ્ધ કવિ થઈશ અને બધા રાજાઓ તને માન આપશે. તેજ પ્રબંધકોશ તેને વીશલદેવના દરબારમાં પ્રવેશ તથા તેમના દ્વારા તેમના ગુરુ અરિસિંહનો પ્રવેશ કેમ થયો તેનું વર્ણન કરે છે. પ્રબંધચિંતામણિ જણાવે છે કે અમરચંદ્રે વસ્તુપાલના વખતમાં ધોલકાના દરબારમાં પ્રવેશ કર્યો હતો અને ત્યાં શક્તિશાલી તથા કીર્તિવંત કવિ તરીકે તે સન્માનિત હતા. અમરચંદ્ર પોતે અરિસિંહનો શિષ્ય હતા એવું પોતાના એક પણ ગ્રંથમાં જણાવતા નથી, પણ ગ્રંથો પરથી એટલું જણાય છે તે પોતે અરિસિંહ અને તેની કવિતાને બહુ જ માનદૃષ્ટિથી જોતા હતા. અરિસિંહદ્વારા અમરચંદ્રને સિદ્ધસારસ્વત અમરચંદ્ર દ્વારા થયેલ પ્રવેશ-એ બંને બાબતો સત્ય હોય એ બહુ વિચારણીય છે, પણ એક વસ્તુ સ્પષ્ટ છે કે વિશલદેવના દરબારમાં અરિસિંહ અને અમરચંદ્રએ બંને કવિ તરીકે નામાંકિત દરજ્જો ભોગવતા હતા. જેમ સુકૃતસંકીર્ત્તનમાં અમરચંદ્રે ચાર શ્લોકો રચ્યા છે તેવી જ રીતે અમરચંદ્રની કાવ્યકલ્પલતામાં કેટલાંક સૂત્રો અરિસિંહે અને કેટલાંક સૂત્રો અમરે બનાવ્યાં છે;[૩૯૪] વળી તેમાં અમરચંદે જણાવ્યું છે કે અરિસિંહે કવિતારહસ્ય નામનો એક વધુ ગ્રંથ પણ રચ્યો છે અને સુકૃત સંકીર્તનમાં અરસિંહને એક શક્તિસંપન્ન તાર્કિક તરીકે અમરચંદ્રે જણાવ્યો છે.

---

૩૯૩. વાયડગચ્છમાં સૂરિપરંપરામાં જિનદત્ત, રાશિલ્લ અને જીવદેવસૂરિ વારંવાર આવ્યાં કરે છે :-
अमीभिस्त्रिभिरेव श्री जिनदत्तादिनामभिः । सूरयो भूरयोऽभूवन् तत्प्रभावास्तदन्वये ॥
- પદ્માનંદકાવ્ય પ્રશસ્તિ શ્લોક ૩૫.

વાયડ ગચ્છ અને વાયડ જ્ઞાતિ (જુઓ પારા ૪૯૬) જે સ્થાનના નામથી આજ પર્યંત પ્રસિદ્ધ છે તે વાયડ સ્થાન આજે પણ ડીસા (જીલ્લા પાલણપુર)ની પાસે એ જ 'વાયડ' નામથી પ્રસિદ્ધ છે. પૂર્વે એ મહાસ્થાનોમાં ગણાતું પણ હમણાં ગામડાના રૂપમાં વર્ત્તમાન છે. વાયડ જ્ઞાતિ તો આજે પણ ગૂજરાતમાં વર્ત્તમાન છે, પણ વાયડ ગચ્છના સાધુ કે આચાર્ય વર્ત્તમાન સમયમાં ક્યાંયે જોવાતા નથી. આ ગચ્છના એક પૂર્વાચાર્ય જીવદેવસૂરિનો પ્રબંધ પ્રભાવક ચરિતમાં આપ્યો છે. તેની સમાપ્તિ કરતાં ચરિત્રકાર કહે છે કે આજે પણ તેમના વંશમાં અમરના જેવા તેજસ્વી પ્રભાવક આચાર્યો થાય છે. અત્રે વાપરેલ 'અમર' શબ્દથી આ પ્રસ્તુત અમરચંદ્રસૂરિ સૂચિત કરેલ છે. તેથી જણાય છે કે સં. ૧૩૩૪ સુધી તે સૂરિ વિદ્યમાન હશે. (મુનિ ક. વિ. પ્ર. ચ. પ્ર.)

૩૯૪. सारस्वतामृतमहार्णवपूर्णिमेन्दोऽर्मत्वाऽरिसिंहसुकवेःकवितारहस्यं ।
किंचिच्च तद्रचितमात्मकृतं च किंचिद् व्याख्यासते त्वरित काव्यकृतेऽत्र सूत्रं ॥
-काव्यकल्पलता वृत्ति ૧-૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૪૬. અમરચંદ્રના[૩૯૫] શીઘ્રકવિત્વનો એક રમુજ પ્રસંગ એક સ્થળે નોંધાયો છે. એકદા તેમણે વ્યાખ્યાન કરતાં એક શ્લોકાર્ધ કહ્યો :-

अस्मिन्नसारे संसारे सारं सारंगलोचनाः ।

-"આ અસાર સંસારમાં મૃગનયની (સ્ત્રીઓ) સારરૂપ છે."

આ વખતે વંદના કરવાને મંત્રી વસ્તુપાલ આવ્યો હતો. તેણે બારણમાં આવતાં આ શ્લોકાર્ધ સાંભળતાં વિચાર્યું 'અહો ! આ મુનિ તો સ્ત્રીકથામાં આસક્ત થયેલ છે.' તેથી તેણે નમન કર્યું નહિ. તેનો અભિપ્રાય જાણી તે આચાર્યે ઉત્તરાર્ધ કહ્યો કે :-

यत्कृक्षिप्रभवा एते वस्तुपाल ! भवादृशाः ॥

- કે જેની કુખમાંથી હે વસ્તુપાલ ! તમારા જેવા જન્મ્યા છે.'

આ સાંભળીને વસ્તુપાલે આચાર્યના પગમાં પોતાનું શિર ઝુકાવ્યું.

"એમ કહેવાય છે કે આ અમરચંદ્ર વીશલદેવ રાજાની સભામાં આવ્યા તે વખતે ગુર્જરેશ્વર પુરોહિત સોમેશ્વરદેવ, વામનસ્થલીના કવિ સોમાદિત્ય, કૃષ્ણનગરના કમલાદિત્ય તથા વીસલનગરના -મહાનગરના નાનાક પંડિત બેઠા હતા. તેમાં જુદા જુદા કવિઓએ અમરચંદ્રને જે સમસ્યા પૂછી તેમાં નાનાક પંડિતની 'गीतं न गायतितरां युवति र्निशासु' ની પૂર્તિમાં અમરચંદ્રે કહ્યું :-

श्रुत्वा ध्वनेर्मधुरतां सहसावतीर्णें भूमौ मृगे विगतलांछन एव चन्द्रः ।
मागान् मदीयवदनस्य तुलामतीव गीतं न गायतितरां युवतिं र्निशासु ॥

તાત્પર્ય કે - હું ગાઈશ તો આ ચન્દ્રમાંનો મૃગ તે સાંભળવા નીચે ઉતરી આવશે અને આમ મૃગલાંછનથી મુક્ત થઈને ચન્દ્ર મારા મુખની બરોબરી કરી શકશેઃ તેથી એ સ્ત્રી રાત્રે ગાતી નથી !

આ પ્રસંગે અમરચંદ્રસૂરિએ કુલ ૧૦૮ સમસ્યા પૂર્યાનું કહેવાય છે.

૫૪૭. વસ્તુપાલની કવિઓ તરફ દાન-વીરતા એટલી બધી હતી કે તેને 'લઘુ ભોજરાજ' કહેવામાં આવતો. સોમેશ્વર, હરિહર, અરિસિંહનો તે ખાસ આશ્રયદાતા હતો અને દામોદર, નાનાક, જયદેવ, મદન, વિકલ, કૃષ્ણસિંહ, શંકર સ્વામી, સોમાદિત્ય કમલાદિત્ય અને તે ઉપરાંત ભાટ ચરણો અને અન્ય કવિઓને તેણે ધનવાન્ બનાવ્યા હતા

બાલચંદ્રસૂરિ.

बहुप्रबन्धकर्तुः श्री बालचन्द्रस्य का स्तुतिः । मन्त्रीशवस्तुपालेन यः स्तुतः कवितागुणात् ॥

-પ્રદ્યુમ્નસૂરિકૃત સમરાદિત્યસંક્ષેપ સં. ૧૩૨૪

-બહુ પ્રબન્ધ કરનાર બાલચંદ્ર કે જેની સ્તુતિ કવિતાના ગુણને માટે મંત્રીશ્વર વસ્તુપાલે કરી હતી તેની શું સ્તુતિ કરવી ?

---

૩૯૫. આવો ઉલ્લેખ ઉપદેશતરંગિણીમાં છે પરન્તુ રાજશેખરના ચ. પ્ર. માં પૃ. ૧૧૯ તેમજ જિનહર્ષના વ. ચ. માં ગૂ. ભા. પૃ. ૧૨૬-૧૩૫. સ્તંભતીર્થમાં સ્તંભનપાર્શ્વનાથના ચૈત્યના અધ્યક્ષ કવીશ્વર મલ્લવાદીના સંબંધમાં આ પ્રસંગ વર્ણવાયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૪૮. પ્રબંધ ચિંતામણીમાં વસ્તુપાલ મંત્રી પ્રત્યે આ બાલચંદ્ર પંડિતે એક સ્તુતિશ્લોક [૩૯૬] કહ્યો હતો તેનો ઉલ્લેખ છે :-

गौरी रागवती त्वयि वृषो बद्धादरस्त्वं युतो
भूत्या त्वं च लसदुणः शुभगणः किं वा बहु ब्रूमहे ।
श्री मंत्रीश्वर ! नूनमीश्वरकलायुक्तस्य ते युज्यते
बालेन्दुं चिरमुच्चकै रचयितुं त्वत्तोऽपरः कः प्रभुः ? ॥

- હે મંત્રિ ! તારામાં અને શિવમાં હવે કંઇ ફેર રહ્યો દેખાતો નથી. કેમ કે શિવને ગૌરી (પાર્વતી) જેમ વ્હાલી સ્ત્રી છે તેમ તને ગૌરી-ગૌર અંગવાળી વ્હાલી સ્ત્રી છે, જેમ શિવમાં વૃષને-નંદીને ઘણો આદર છે તેમ તારામાં વૃષ-ધર્મનો આદર છે, જેમ શિવ ભૂતિ-ભસ્મથી યુક્ત છે, તેમ તું પણ ભૂતિ-સમૃદ્ધિથી યુક્ત છે. જેમ શિવ ગુણથી શોભે છે તેમ તું પણ ગુણથી શોભે છે, જેમ શિવને શુભ ગણ છે તેમ તને શુભ ગણ-સેવકો છે એથી તું ઈશ્વરની-શિવની કલાયુક્ત છો. શિવને (ભાલમાં) બાલેન્દુ છે તે રચવાનું-આ બાલચંદ્રને સ્વીકારવાનું તને યોગ્ય છે. તારા કરતાં બીજો કયો પ્રભુ છે ?

આ કહેનાર બાલચંદ્રને તેમની આચાર્યપદ સ્થાપનામાં વસ્તુપાલે એક હજાર દ્રામ ખર્ચ્યા.

૫૪૯. આ કર્ત્તાએ પોતાની હકીકત પોતાના વસંતવિલાસ કાવ્યના પ્રથમ સર્ગમાં આપી છે કેઃ- મોઢેરક નામના શહેરમાં (ગાયકવાડ રાજ્યના કડી પ્રાંતમાં આવેલું મોઢેરા) ધરાદેવ નામનો પ્રસિદ્ધ મોઢ બ્રાહ્મણ હતો. તે દીન જનોને રક્ષતો અને જિનપ્રણીત શાસ્ત્રના રહસ્યનો જાણનાર હતો. તેને વિદ્યુત (વીજળી) નામની પત્નિથી મુંજાલ નામનો પુત્ર થયો. તે પિતાના ઘરમાં રહેતો હોવા છતાં સંસારને જાલ સ્વરૂપ સમજતો હતો. હરિભદ્રસૂરિની વાણી સાંભળી વિવેકરૂપી સંપત મેળવી માબાપની અનુમતિથી જૈનમતનું વ્રત અભ્યાસ્યું-ક્રમે ક્રમે સમગ્ર કલામાં ગુરુ પાસેથી નિપુણ થઇ દીક્ષા લીધી અને બાલચંદ્ર નામ રાખ્યું. હરિભદ્ર સૂરિએ પોતાના આયુષ્યને અંતે બાલચંદ્રને પોતાના પદમાં સ્થાપ્યા. ટૂંકમાં તેના ધર્માચાર્ય અને સૂરિપદપ્રદાતા હરિભદ્ર સૂરિ હતા. રત્નશ્રી ગણિનીના તે ધર્મપુત્ર હતા. ચૌલુક્ય ભૂપાલો જેના ચરણમાં નમતા અને જે સરસ્વતીના નિવાસ સ્થાનરૂપ હતા એવા ચૌલુક્ય રાજગુરુ પદ્માદિત્ય તેના અધ્યાપક હતા. વાદિ દેવસૂરિ ગચ્છના આચાર્ય ઉદયસૂરિએ તેને સારસ્વત મંત્ર આપ્યો હતો. એક વખત તેણે સરસ્વતીનું ધ્યાન કરતાં યોગનિદ્રામાં એક મુહુર્ત્ત આવી શારદાએ કહ્યું 'વત્સ ! તારા બાલ્યકાળથી સારસ્વત કલ્પથી કરેલા મારા ધ્યાનથી હું તારા પર પ્રસન્ન થઇ છું અને જેમ પૂર્વે કાલીદાસ આદિ બુદ્ધિશાળી મારી ભક્તિથી કવીન્દ્રો થયા તેમ વત્સ ! તું પણ થશે.' આ સરસ્વતીના પ્રસાદથી જેણે મહાકવિત્વરીતિ મેળવી છે એવો હું આ વસન્તવિલાસ કાવ્ય રચું છું.' તેમણે પોતાને 'વાગ્દેવીપ્રતિપન્નસૂનુ' તરીકે ઓળખાવેલ છે. (પી. ૩, ૧૦૦; પી. ૫, ૪૮).

૫૫૦. પોતાની ગચ્છ પરંપરા પોતે ઉપદેશકંદલી વૃત્તિમાં આપી છે કેઃ- ચંદ્ર ગચ્છમાં પ્રદ્યુમ્ન સૂરિ થયા કે જેમણે તલવાટકના રાજાને પ્રબોધ્યો હતો, તેમની પછી ચંદ્રપ્રભસૂરિ થયા કે જેમણે

૩૯૬. આ શ્લોકને લગભગ મળતો શ્લોક બાલચંદ્રે જૈત્રસિંહ સંબંધે કહ્યો છે તે માટે જુઓ વસંતવિલાસ ૩જા સર્ગને અંતે મૂકેલો શ્લોક પૃ. ૧૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનની પ્રાભાતિક સ્તુતિ રચી હતી, તેમના ધનેશ્વરસૂરિ થયા કે જેમણે પોતાના સ્વર્ગસ્થ ગુરુ પાસેથી મંત્ર પ્રાપ્ત કર્યો હતો અને સમયુ નામના નગરના દેવતા-પુરદેવતાને પ્રબોધ્યો હતો. તેને સરસ્વતીના ચાર હસ્ત જેવા ચાર શિષ્ય નામે વીરભદ્ર, દેવૂસરિ, દેવપ્રભ અને દેવેન્દ્રસૂરિ થયા, તે પૈકી છેલ્લા દેવેન્દ્રસૂરિએ જિન પ્રાસાદો જ્યાં પુષ્કળ હતાં એવી મંડલી (માંડલ) નામની નગરીમાં મહાવીર ચૈત્યની પ્રતિષ્ઠા કરી. તેમના ભદ્રેશ્વરસૂરિ અને તેમના અભયદેવસૂરિ થયા કે જેનું ધર્મોપદેશામૃત પીને આસડે પોતાની વિવેકમંજરી અને ઉપદેશકંદલી રચી. તેમના શિષ્ય હરિભદ્રસૂરિ ષડ્દર્શનો અને સાહિત્યમાં નિષ્ણાત થયા; અને તેમના શિષ્ય તે બાલચંદ્ર. સમરાદિત્યસંક્ષેપાદિના કર્ત્તા અને અનેક ગ્રંથોના સંશોધક પ્રસિદ્ધ પ્રદ્યુમ્નસૂરિને પદપ્રતિષ્ઠાપ્રાપ્તિ આ સુકવિ બાલચંદ્ર દ્વારા થઈ હતી.

૫૫૧. આ બાલચંદ્રસૂરિએ કરુણાવજ્રાયુધ (પ્ર. આ. સભા) એ નામનું પંચાંકી નાટક રચ્યું, તે વીરધવલના મંત્રી વસ્તુપાલની આજ્ઞાથી શત્રુંજયમંડન પ્રથમ તીર્થંકર (ઋષભદેવ) ના ઉત્સવમાં ભજવાયું હતું તે પરથી જણાય છે કે તે મંત્રી શત્રુંજયની યાત્રાએ ગયા (સં. ૧૨૭૭) ત્યારે રચ્યું. તેમાં વજ્રાયુધ ચક્રવર્ત્તિએ પોતાના પ્રાણના ભોગે પણ પારેવાનું રક્ષણ કર્યું તે પ્રસિદ્ધ વસ્તુને અવલંબીને આ નાટક રચાયેલું છે. પોતાના સમકાલીન મહાકવિ આસડે રચેલા ગ્રંથો નામે વિવેકમંજરી અને ઉપદેશકંદલી ઉપર ટીકાઓ તેમણે રચી, વિવેકમંજરી ટીકા સં. ૧૨૪(૭)૮માં રચી (કી. ૨, ૫; પી. ૩, ૧૦૦), કે જે નાગેંદ્ર ગચ્છના વિજયસેનસૂરિએ અને બૃહદ્ગચ્છના શ્રી પ્રદ્યુમ્નસૂરિએ શોધી તથા તેમાં દેવાનંદગચ્છના કનકપ્રભસૂરિ શિષ્ય પ્રદ્યુમ્નસૂરિએ સહાય કરી; અને ઉપદેશકંદલી પર વૃત્તિ રચી કે જેની તાડપત્રની સં. ૧૨૯૬ની પ્રત પાટણના ભંડારમાં છે. (પી, ૫, ૪૨) અને તે ઉપરાંત વસન્તવિલાસ નામનું મહાકાવ્ય (ગા. ઓ. સી. નં. ૭) બનાવ્યું છે, તેમાં કીર્ત્તિકૌમુદીની પેઠે વસ્તુપાલનાં પરાક્રમો વર્ણવેલાં છે. વસ્તુપાલ સોમશર્મા અને હરહરાદિ કવિઓથી વસંતપાલ કહેવાતો હતો તેથી તે નામ પરથી કાવ્યનું નામ વસન્તવિલાસ રાખ્યું છે. આમાં વસ્તુપાલના મૃત્યુનો ઉલ્લેખ હોવાથી તે મૃત્યુ સંવત ૧૨૯૬ પછી અને તે વસ્તુપાલના પુત્ર જૈત્રસિંહના વિનોદ માટે રચાયું તેથી તે ગ્રંથનો રચનાસમય વિક્રમ તેરમા સૈકાની આખરનો અથવા ચૌદમા સૈકાની શરૂઆતના આશરાનો છે એ ચોક્કસ છે. તેમાં ૧૪ સર્ગ છે અને તેમાં ગૂજરાતના ઇતિહાસ માટે કેટલીક સામગ્રી મળી આવે છે.[૩૯૭]

૫૫૨. જયસિંહસૂરિ-તે વીરસૂરિના શિષ્ય અને ભરૂચના મુનિસુવ્રત સ્વામીના મંદિરના આચાર્ય હતા. તેજપાલ મંત્રી એકદા મંદિરની યાત્રાએ આવતાં તે આચાર્યે કાવ્યથી તેમની સ્તુતિ કરી અને અંબડના શકુનિકાવિહારમાંની ૨૫ દેવકુલિકા માટે સુવર્ણધ્વજ દંડ બનાવી આપવા કહ્યું. વસ્તુપાલની સંમતિથી તેજપાલે કરાવી આપ્યા તેની સ્મૃતિમાં આ સૂરિએ બંને ભાઈઓના આ દાન માટે એક સુંદર લાંબું પ્રશસ્તિકાવ્ય રચ્યું, કે જેમાં મૂળરાજથી વીરધવલ સુધીના રાજાઓની વંશાવલીએ ટૂંક વર્ણન પણ આવેલ છે અને તે ઉક્ત મંદિરની ભીંતના પથ્થરમાં કોતરવામાં આવ્યું હતું તેમ લાગે

૩૯૭. જુઓ તેના પર સ્વ. સાક્ષર ચિમનલાલ દલાલની અંગ્રેજી પ્રસ્તાવના, કે જેના ગૂ. ભાષાન્તર માટે જુઓ જૈનયુગ સં. ૧૯૮૩ ભાદ્ર. આશ્વિન ને સં. ૧૯૮૪ ના અંકો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. જો કે **શકુનિકા** વિહારની મસ્જીદ બનાવવામાં આવી છે, છતાં તે તેના અન્ય નાટક ગ્રંથ **હમ્મીરમદમર્દનકાવ્ય**ની પ્રતની અંતે લખાયેલ મળી આવ્યું છે. (જુઓ પારા ૫૨૮) બીજો ગ્રંથ નામે ઉક્ત **હમ્મીરમદ મર્દન** (ગા.ઓ.સી. નં. ૧૦) તે ગૂજરાત ઉપર મુસલમાનોએ કરેલો હુમલો બંને ભાઈઓએ પાછો હઠાવ્યો એ ગૂજરાતના ઈતિહાસમાંના એક અગત્યના બનાવને નાટકના રૂપમાં રજૂ કરતું કાવ્ય છે; અને તે નાટક **વસ્તુપાલ**ના પુત્ર જયન્તસિંહની આજ્ઞાથી (ખંભાતના) **ભીમેશ્વર**[૩૯૮] ભગવાનની યાત્રાના ઉત્સવ પ્રસંગે **ખંભાત**માં પહેલ વહેલું ભજવાયું હતું. આમાં પાંચ અંક છે. તેની તાડપત્રની સં. ૧૨૮૬ની લિખિત પ્રત મળી આવે છે. તેથી તે પહેલાં અને **વસ્તુપાલ**નો કારભાર સં. ૧૨૭૬માં થયો ત્યાર પછી રચાયેલું છે.

૫૫૩. ઉદયપ્રભસૂરિ—આ **વસ્તુપાલ**ના ગુરુ ઉપર્યુક્ત **વિજયસેનસૂરિ**ના શિષ્ય હતા. તેમને **વસ્તુપાલ** મંત્રીએ સૂરિપદથી સમલંકૃત કરાવેલ હતા. તેમણે **સુકૃતકલ્લોલિની** (કાં. છાણી) નામનું પ્રશસ્તિકાવ્ય રચ્યું (પ્ર. **હમ્મીરમદમર્દન** પરિ. ૩ ગા. ઓ. સી.) તેમાં **વસ્તુપાલ** અને **તેજપાલ**નાં સુકૃત્યો-ધાર્મિક કાર્યો અને યશનો ગુણાનુવાદ બતાવેલ છે. વસ્તુપાલે શત્રુંજયની યાત્રા કરી (સં. ૧૨૭૭) તે પ્રસંગે આ કાવ્ય રચાયું લાગે છે, અને **વસ્તુપાલે** પોતે બંધાવેલા ઈંદ્રમંડપના એક મોટા પથ્થરની તખતી ઉપર તે કોતરાવ્યું હતું. આમાં કાવ્યત્વના ઉંચા ગુણો હોવા ઉપરાંત ઐતિહાસિક દૃષ્ટિએ આપણને ઘણી માહિતી મળે છે. **અરિસિંહ**ના **સુકૃતસંકીર્ત્તન** કાવ્યની માફક આમાં પણ **વસ્તુપાલ**ની વંશાવલી આપેલી છે અને **ચાપોત્કટ** (ચાવડા) અને **ચૌલુક્ય** વંશના રાજાઓનું વર્ણન આપ્યું છે. વિશેષમાં બહુ મોટા ગ્રંથો ઉક્ત સૂરિએ રચ્યા છેઃ- ૧. **ધર્માભ્યુદય** મહાકાવ્ય **વસ્તુપાલ**ના યાત્રા પ્રસંગે 'લક્ષ્મ્યંક' રચ્યું છે. (પી. ૨, ૩૩ પી. ૩, ૧૬{*પ્ર. સિંધી ગ્રં.*}) તેનું બીજું નામ **સંઘાધિપતિ** ચરિત્ર મહાકાવ્ય છે. તેમાં પ્રથમ તથા છેલ્લા સર્ગમાં **વસ્તુપાલ** તથા તેના ગુરુ અને બીજા જૈનાચાર્યો સંબંધી ઐતિહાસિક વૃત્તાંત છે. બાકીનો ભાગ **આદિનાથ** અને **નેમિનાથ** વગેરે તીર્થંકરોનાં ચરિત્રોનો છે. તેને મલધારી **નરચંદ્રસૂરિ**એ સંશોધ્યું. (પા. ભં. તાડપત્ર) ૨ જ્યોતિષનો ગ્રંથ નામે **આરંભસિદ્ધિ** (પ્ર. પુરુષોત્તમ ગીગાભાઈ ભાવ.) ૩ સંસ્કૃત **નેમિનાથચરિત**, ૪-૫ **ષડશીતિ** અને **કર્મસ્તવ** એ બે કર્મગ્રંથોપર ટિપ્પન, તથા ૬ સં. ૧૨૯૯ માં **ધર્મદાસ** ગણિકૃત **ઉપદેશમાલા** પર **ઉપદેશમાલાકર્ણિકા** નામની ટીકા **ધોળકા**માં રચી પૂર્ણ કરેલ છે.{*ઉદયપ્રભસૂરિકૃત શબ્દબ્રહ્મોલ્લાસ અપૂર્ણ (૪૬ ગાથા) ખેતરવસી ભંડાર પાટણમાં છે.*}

૫૫૪. વસ્તુપાલનો પોતાનો પુસ્તકભાંડાગાર જબરો હતો અને તેમાં સર્વ જાતના કિંમતી અને અલભ્ય ગ્રંથોનો અપૂર્વ સંગ્રહ એકત્રિત કર્યો હતો. (હરિહર પ્રબંધ). પ્રસિદ્ધ આલંકારિક **માણિક્યચંદ્રસૂરિ** **કાવ્યપ્રકાશ** પરની ટીકા નામે **કાવ્યપ્રકાશ** સંકેત રચવામાં વ્યગ્ર હોવાથી **વસ્તુપાલે** તીર્થયાત્રામાં સાથ આપવા બોલાવ્યા છતાં આવી શકયા નહોતા, તેમને પોતાના પુસ્તકાલયની સર્વ ધાર્મિક ગ્રંથોની

૩૯૮. આ ભીમેશ-ભીમેશ્વરના ખંભાતના મંદિરમાં સોનાના કલશ અને ધ્વજદંડ વસ્તુપાલે કરાવ્યા હતા-જુઓ જિનહર્ષકૃત વસ્તુપાલચરિત ૪-૭૨૦, અને **સુકૃતસંકીર્ત્તન** ૧-૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતો આપવાની આજ્ઞા કરી હતી. તે સૂરિએ તે મંત્રીને 'સર્વ ધર્મશાસ્ત્રોના એક આદર્શ' એવું બિરૂદ આપ્યું હતું. (જિનહર્ષકૃત વ. ચ.)

૫૫૫. વસ્તુપાલ કાવ્યશક્તિની કદર કરતો એટલું જ નહિ. પરંતુ ગ્રંથકારોને ધાર્મિક તેમજ સાહિત્યના ગ્રંથો રચવાને પોતાના બોધ અને આનંદ માટે વિનવતો–પ્રેરતો; તેના ઉદાહરણ તરીકે નીચે જણાવવામાં આવ્યું છે.

૫૫૬. નરચંદ્રસૂરિ કે જે હર્ષપુરીય ગચ્છના જયસિંહસૂરિ-અભયદેવસૂરિ (મલધારી)-હેમચંદ્રસૂરિ-શ્રીચંદ્રસૂરિ-મુનિચંદ્ર સૂરિના શિષ્યો દેવાનંદ અને યશોભદ્ર,-તેમના શિષ્ય દેવપ્રભસૂરિના શિષ્ય હતા તે વસ્તુપાલની સંઘયાત્રામાં ગયા હતા ને તેની સાથે ઘણો પરિચય ધરાવતા હતા. તેમને એકદા વસ્તુપાલે વિજ્ઞપ્તિ કરી કે 'આપે મારા શિર પર હાથ મૂકવાથી હું સંઘાધિપત્ય પામ્યો, સેંકડો ધર્મસ્થાનો અને દાનવિધિઓ કર્યાં, અને હવે જૈનશાસનકથાઓ સાંભળવા મારૂં ચિત્ત ઉત્કંઠ છે' તેથી તેમણે ૧૫ તરંગોમાં કથારત્નસાગર રચ્યો. (સં. ૧૩૧૩ની તાડપત્રની પ્રત પા. સૂચિ) વિશેષમાં એક વિજ્ઞપ્તિ કરી કે 'અતિ વિસ્તૃત અને અતિ સંક્ષિપ્ત એવા ગ્રંથો છે તે ક્લેશથી સમજાય છે અને કાવ્યરહસ્યનો નિર્ણય તેથી થઈ શકતો નથી તો અતિ વિસ્તૃત નહિ પણ કવિ-કલાનું સર્વસ્વ જેમાં આવી જાય અને દુર્મેધને પણ બોધક થાય એવું અનન્યસદૃશ શાસ્ત્ર કહો,' આથી તે સૂરિએ પોતાના શિષ્ય નરેન્દ્રપ્રભસૂરિને તેવો ગ્રંથ રચવાની આજ્ઞા કરતાં વસ્તુપાલના આનંદ માટે નરેન્દ્રપ્રભે આઠ પ્રકરણમાં અલંકારમહોદધિ નામનો ગ્રંથ રચ્યો.

૫૫૭. નરચંદ્રસૂરિએ વળી [૩૯૯]મુરારિકૃત અનર્ઘરાઘવ પર ૨૩૫૦ શ્લોક પ્રમાણ ટિપ્પન (જે. નં. ૨૨૦), શ્રીધરકૃત ન્યાયકંદલી પર ટીકા (કે જેમાં વિમલસૂરિએ સહાય આપી હતી જે-૩), જ્યોતિઃસાર (વે. નં. ૩૧૧; પી. ૩, ૨૭૫) કે જે નારચન્દ્ર જ્યોતિષસાર કહેવાય છે,{*મુદ્રિત*} પ્રાકૃત દીપિકા-પ્રબોધ કે જેમાં હેમાચાર્યના અષ્ટમાધ્યાયના આખ્યાનોની રૂપસિદ્ધિ છે. (બુહ. ૭ નં. ૮; પા. ભં.), ચતુર્વિંશતિજિન સ્તોત્ર (પી. ૫, ૯૬) ઇત્યાદિ અનેક ગ્રંથો રચ્યા છે.[૪૦૦] તેમજ સ્વગુરુ દેવપ્રભસૂરિનું પાંડવચરિત અને ઉદયપ્રભસૂરિનું ધર્માભ્યુદય કાવ્ય સંશોધ્યાં છે. તેમના આદેશથી ગુણવલ્લભે વ્યાકરણ ચતુષ્કાવચૂરિ સં. ૧૨૭૧માં રચી. સં. ૧૨૮૮માં તેમણે રચેલા વસ્તુપાલની પ્રશસ્તિરૂપ સ્તુતિકાવ્યો ગિરનાર પર શિલાલેખમાં મોજુદ છે. (જે. પૃ. ૩૨ અને ૬૫) તેમણે સમરાદિત્યસંક્ષેપના કર્ત્તા પ્રદ્યુમ્નસૂરિને ઉત્તરાધ્યયનસૂત્રની વાચના આપી હતી.[૪૦૧]

---

૩૯૯. 'મુરારિનું અનર્ઘરાઘવ ગુજરાતમાં ઘણું પ્રિય થયેલું માલૂમ પડે છે, કારણ કે તેના ઉપર મલધારી દેવપ્રભાચાર્યનો અનર્ઘરાઘવ રહસ્યાદર્શ (ગ્રંથ ૭૫૦૦), તેમના શિષ્ય નરચંદ્રાચાર્યનું મુરારિ ટિપ્પન (ગ્રંથ ૨૫૦૦) અને તપાગચ્છના જયચંદ્રસૂરિના શિષ્ય જિનહર્ષની અનર્ઘરાઘવવૃત્તિ એમ ત્રણ ટીકાઓ છે.' સ્વ. દલાલ.

૪૦૦. આ નરચંદ્રસૂરિના વંશમાં પદ્મદેવસૂરિ-શ્રીતિલકસૂરિશિષ્ય રાજશેખરસૂરિએ શ્રીધરકૃત ન્યાયકંદલિ પર પંજિકા (પી. ૩, ૨૭૨-૨૭૫) રચી છે. તેમાં નરચંદ્રસૂરિના ગ્રંથો જણાવેલા છે કે :-

ટિપ્પનમનર્ઘ્યરાઘવશાસ્ત્રે કિલ ટિપ્પને ચ કંદલ્યાં સારં જ્યોતિષમદભદ્યઃ પ્રાકૃતદીપિકામપિ ચ ॥ ૧૫ ॥

૪૦૧. શ્રીમતે નરચન્દ્રાય નમોઽસ્તુ મલધારિણે । દદે મેઽનુત્તરા યેનોત્તરાધ્યયનવાચના ॥ ૨૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૫૮. નરચંદ્રસૂરિના ગુરુ દેવપ્રભસૂરિએ સં. ૧૨૭૦ લગભગ 'છઠા અંગોપનિષદ-**જ્ઞાતા** ધર્મકથા અને ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્ર ઇત્યાદિ જોઈને કૌતુહલથી પાંડવોના ચરિત્ર રૂપે' ૧૮ સર્ગનું ૮૦૦૦ શ્લોક પ્રમાણ **પાંડવ** ચરિત્ર મહાકાવ્ય રચ્યું તેનું **યશો**ભદ્રસૂરિ **રત્ન**ચંદ્રસૂરિ અને **નર**ચંદ્રસૂરિએ સંશોધન કર્યું હતું. (પી. ૩, ૧૩૨; વે. નં. ૧૭૪૮ પ્ર. કાવ્યમાલા સન ૧૯૧૧. તેનું ગૂ. ભા. ભી. મા. તરફથી મુદ્રિત); વળી દેવપ્રભે **ધર્મસારશાસ્ત્ર**[૪૦૨]-અપરનામ **મૃ**ગાવતી ચરિત્ર પાંચ વિશ્રામમાં (જેસ. પૃ. ૫૨) તથા **મુ**રારિના **અનર્ઘરાઘવ** પર **અનર્ઘરાઘવકાવ્યાદર્શ** (ગ્રંથ ૭૫૦૦) રચ્યાં. ઉક્ત **નરે**ન્દ્રપ્રભે **અલંકાર** મહોદધિ {*પ્ર.ગા.ઓ.સિ.*} ઉપરાંત **કા**કુત્સ્થકેલિ નામનો ગ્રંથ રચ્યો હતો.[૪૦૩] {*અને વસ્તુપાલની બે પ્રશસ્તિઓ રચી. જુઓ અલંકાર મહોદધિ પરિશિષ્ટ ય, ૬.*}

૫૫૯. આ સમયે 'કવીન્દ્રબન્ધુ' નામનું બિરૂદ ધરાવનાર **યશો**વીર તે જાબાલિપુરમાં ચાહમાન રાજા ઉદયસિંહનો મંત્રી હતો. એ બહુશ્રુત વિદ્વાન અને રાજનીતિનિપુણ પ્રધાન હતો. મહામાત્ય **વસ્તુપાલ** તથા **તે**જપાલની સાથે આની ગાઢ મૈત્રી હતી. **તે**જપાલના બનાવેલા **આબુ** પરના નેમિનાથ ચૈત્યના શિલ્પકામમાં એણે કેટલાક દોષો બતાવ્યા હતા. (જુઓ **જિ**નહર્ષનું **વ.** ચ.). તેણે **મા**દડીમાં સં. ૧૨૮૮માં બિંબપ્રતિષ્ઠા તથા સં. ૧૨૯૧માં આબુ પર દેવકુલિકા કરાવી હતી.[૪૦૪]

૫૬૦. આ સમયે અનેક પુસ્તકોની તાડપત્ર પર પ્રતિઓ લખાઈ હતી. તે પૈકી કેટલીકનો ઉલ્લેખ ઉપલબ્ધ થાય છે તે આ પ્રમાણેઃ- સં. ૧૨૭૪માં **સિદ્ધ**સૂરિએ **જિ**નભદ્ર ગણિકૃત **ક્ષે**ત્રસમાસ પર રચેલી ટીકાની (પા. સૂચિ નં. ૪૪) સં. ૧૨૭૫માં તાડપત્ર પર **કર્મ**વિપાક ટીકાની (પા. સૂચિ નં. ૨૦), સં. ૧૨૮૪માં તાડપત્ર પર **શ્રી**ચંદ્રસૂરિકૃત **જી**તકલ્પચૂર્ણિ (પા. ભં. પી. ૫, ૧૨૯),ની પ્રતો

---

૪૦૨. तत्क्रमिको देवप्रभसूरिः किल पांडवायनचरित्रं । श्री धर्मसारशास्त्रं च निर्ममे सुकविकुलतिलकः ॥१३॥
- **રા**જશેખરકૃત **ન્યા**યકંદલિપંજિકા પી. ૩, ૨૭૫.

૪૦૩. तस्य गुरोः प्रियशिष्यः प्रभु नरेन्द्रप्रभः प्रभावाढ्यः । योऽलंकारमहोदधिमकरोत्काकुत्स्थकेलिं च ॥१६॥
- એજન.

૪૦૪. **મા**દડી તે હાલનું માદ્રી કે જે એરનપુરારોડથી ૩૦ મૈલ પશ્ચિમે જોધપુર રાજ્યમાં આવેલું નાનું ગામ છે, તે તે વખતે મોટું શહેર હશે. ત્યાંના બે શિલાલેખો સં. ૧૨૮૮ના **'જૈન'** તા. ૧૩-૧૧-૨૭ પૃ. ૭૮૭ માં પ્રકટ થયા છે તે પરથી જણાય છે કે તે વર્ષમાં ખંડેરક ગચ્છાચાર્યોના ચરણોના ઉપાસક શુદ્ધવંશી સમસ્ત રાજાઓમાં જાગૃત યશવાલા અને ઉદયસિંહના પુત્ર **યશો**વીર મંત્રીએ સ્વમાતા ઉદયશ્રીના કલ્યાણાર્થે પોતે કરાવેલા ચૈત્યમાં જેઠ સુદ ૧૩ બુધે શાંતિનાથનું બિંબ તથા જિનયુગની કાયોત્સર્ગસ્થ મૂર્ત્તિઓ **શા**ંતિસૂરિએ પ્રતિષ્ઠિત કરી; અને સં. ૧૨૯૦ના લેખ માટે જુઓ **જિ.** ૨, નં. ૧૦૮-૦૯-તેમાં જણાવેલ છે કે તેના પિતાનું નામ મંત્રી શ્રી ઉદયસિંહ હતું કે જે વિપુલ ધનનું દાન કરવાથી દાનવીર, ગિરનાર આદિ તીર્થોની મહાન આડંબર સાથે યાત્રા વગેરે ધર્મકૃત્યો કરવાથી ધર્મવીર અને રાજા-મહારાજાઓનું પણ માનમર્દન કરવાથી યુદ્ધવીર-એમ ત્રિવિધવીર ચૂડામણી કહેવાતો હતો. તે પિતાના પુણ્યાર્થે આ યશોવીર કે જેને સરસ્વતી અને લક્ષ્મીએ એકીસાથે અંગીકાર કર્યો છે તેણે સુમતિનાથની પ્રતિમાયુક્ત એક, અને પોતાની માતા અર્થે પદ્મપ્રભ ભ.ની પ્રતિમાવાળી બીજી એમ બે દેવકુલિકાઓ કરાવી. જુઓ મુનિશ્રી **કલ્યા**ણવિજયનો લેખ નામે **'मन्त्री यशोवीर और इनके शिलालेख'**-સને ૧૯૩૧ના **જા**ન્યુ. તા. ૨૫ ફેબ્રુ. તા. ૧, ૧૫, ૨૨ અને માર્ચ તા. ૧ ના **'જૈન'**ના અંકો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લખાઈ; તથા આઘાટદુર્ગમાં જૈત્રસિંહના રાજ્યમાં તે જગત્સિંહના મહામાત્યપણામાં હેમચંદ્ર નામના શ્રાવકે સમસ્ત સિદ્ધાંતોનો ઉદ્ધાર કર્યો એટલે કે સર્વ સૂત્રો તેણે તાડપત્ર પર લખ્યાં-લખાવ્યાં. આ પૈકી દશવૈકાલિક, પાક્ષિક સૂત્ર અને ઓઘનિર્યુક્તિની પ્રતો ખંભાત શાંતિનાથના ભં.માં વિદ્યમાન છે (પી. ૩, ૫૨). સં. ૧૨૮૬માં જયસિંહસૂરિકૃત હમીરમદમર્દનની તાડપત્ર પર લખાયેલી પ્રત હાલ જે. ભં. માં છે. સં. ૧૨૮૮માં ગોવિન્દ ગણિકૃત કર્મસ્તવ ટીકાની પ્રત ગુરુ દેવનાગની આજ્ઞાથી શીલચંદ્રે જિનસુંદરી નામની ગણિનીને માટે તાડપત્ર પર લખી (પા. ભં., કી. ૩ નં. ૧૪૮) ગર્ગ ઋષિકૃત કર્મવિપાક પરની પરમાનન્દ સૂરિકૃત ટીકા અને બૃહદ્ ગચ્છીય હરિભદ્રસૂરિકૃત આગમિકવસ્તુવિચારસારવૃત્તિ લખાઈ (પા. સૂરિ નં. ૧૯) સં. ૧૨૮૯માં દ્રોણાચાર્ય કૃત ઓઘનિર્યુક્તિ વૃત્તિ, મલયગિરિકૃત પિંડનિર્યુક્તિવૃત્તિ, દશવૈકાલિક, તે પરની નિર્યુક્તિ તથા હરિભદ્રસૂરિકૃત ટીકા તાડપત્ર પર લખાઈ (જે. ૪૧) સં. ૧૨૯૧માં લખાયેલા એક તાડપત્રના પુસ્તકમાં (પા. ભં.) સિદ્ધસેન, પાદલિપ્ત, મલ્લવાદિ અને બપ્પભટ્ટિનાં પ્રાકૃત પદ્યમાં ચરિત્રો છે. બપ્પભટ્ટિ ચરિત્રમાં ગૌડવહોના કર્ત્તા બપ્પઈરાયને બપ્પભટ્ટિએ જૈન બનાવ્યો એ વાત વર્ણવેલી છે. ગૌડવહો (ગૌડ-મગધરાજ-વધ) નામનું પ્રાકૃત કાવ્ય મહારાજા યશોવર્મા (વિ. સં. ૭૩૧ થી ૭૮૧)ની કીર્ત્તિરૂપ છે ને તેનો રચનાર કવિરાજ વાક્પતિરાજ (બપ્પઈરાય) તે યશોવર્માનો આશ્રિત સામંત હતો કે જેને અંતિમાવસ્થામાં જૈનાચાર્ય બપ્પભટ્ટિએ જૈન ધર્મનો પ્રતિબોધ કર્યો હતો-એવા ઉલ્લેખો મળે છે (પં. લાલચંદનો પ્રાકૃતભાષાની ઉપયોગિતા' નામનો નિબંધ પૃ. ૨૭) જુઓ ટિ. ૧૭૮.

આ પ્રાકૃતચરિત્રો પ્રાચીન હોવાથી સંસ્કૃત કરતાં વધારે વિશ્વસનીય છે (સ્વ. દલાલ) સં. ૧૨૯૨માં વીજાપુરમાં દેવભદ્રગણિ, પં. મલયકીર્ત્તિ, પં. અજિતપ્રભગણિ વગેરેનાં વ્યાખ્યાનથી સમસ્ત શ્રાવકોએ સંઘના પઠન-વાચનાર્થે મલયગિરિકૃત નંદીટીકા તાડપત્ર પર લખાવી. (પી. ૩, ૩૬) સં. ૧૨૯૨માં દર્ભાવતી-ડભોઈમાં લખાયેલ હેમાચાર્યકૃત યોગશાસ્ત્રની પ્રત લખાઈ (પાટણ સંઘનો ભં.). સં. ૧૨૯૪માં સ્તંભતીર્થવાસી શ્રીમાલવંશીય ઠ. સાઢાસુત ઠ. કુમરસીંહે નિશીથચૂર્ણિની પ્રત તાડપત્ર પર લખી (કી. નં. ૩૮) સં. ૧૨૯૫માં શ્રીમન્ નલકમાં મહારાજા જયતુગિદેવના રાજ્યમાં મહાપ્રધાન ધર્મદેવના સમયમાં ઉપકેશ વંશના ચિત્રકૂટવાસી સા. સાલ્હાકે કર્મસ્તવ તથા કર્મવિપાકની ટીકાની તાડપત્ર પર પ્રત લખી (જે. પૃ. ૨૬) અને તે જ વર્ષમાં વીસલદેવ રાજ્યે દંડાધિપતિ વિજયસિંહના વારામાં સંડેરગચ્છીય ગણિ આસચંદ્ર શિ. પંડિત ગુણાકરે ષડ્વિધાવશ્યક વિવરણ (યોગશાસ્ત્રમાંથી) ની તાડપત્ર પર પ્રત લખી (પા. સૂચિ નં. ૩૭) સં. ૧૨૯૬માં ત. દેવેન્દ્રસૂરિ, વિજયચંદ્રસૂરિ, ઉપા. દેવભદ્રગણિના વ્યાખ્યાનની અસરથી વીજાપુરમાં નાગપુરીય શ્રાવકોએ પાક્ષિક પ્રતિક્રમણની ચૂર્ણિ અને વૃત્તિ તાડપત્ર પર લખાવી (પી. ૧, ૩૫; ખં. શાંતિ. ભં.) અને તે વર્ષમાં મહારાજા ભીમદેવના રાજ્યમાં મહામંડલેશ્વર રાણક વીરમદેવની રાજધાનીમાં વિદ્યુત્પુર (વીજાપુર)માં રહીને મલયગિરિકૃત સંગ્રહિણી ટીકા તાડપત્ર પર લખાઈ (જે. ૩૫.)

૫૬૧. આ સમયમાં (સં. ૧૨૯૦ પછી) વિશેષાવશ્યક પર શિષ્યહિતા નામની ટીકાની તાડપત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરની પ્રત આશાદિત્ય નામના દ્વિજે લખી તે લેખકે ખ. જિનપતિસૂરિના પરમભક્ત મોઢવંશીય શાંતિ નામના શ્રાવકને યશોમતિ નામની ભાર્યાથી થયેલ પ્રદ્યુમ્ન નામના પુત્રની ભાર્યા લક્ષ્મી માટે પ્રશસ્તિ રચી પ્રાંતે મૂકી છે. તે લક્ષ્મીએ વર્દ્ધમાન (વઢવાણ) નામના પુરમાં દેવભદ્રસૂરિનાં વ્યાખ્યાન સાંભળી આ પ્રત લખાવી તે જ સૂરિને અર્પણ કરી તે ભાં. ઈ. માં મોજુદ છે.

૫૬૨. આ વસ્તુ-તેજ-યુગમાં બીજા ઘણા ગ્રંથકારો થયા:- સં. ૧૨૭૬માં રાજગચ્છના અભયદેવસૂરિ (સંમતિ ટીકાકાર)-ધનેશ્વર-અજિતસિંહ-વર્ધમાન-શીલભદ્ર-ભરતેશ્વર-વૈરસ્વામી-નેમિચંદ્ર-સાગરેન્દુસૂરિ શિષ્ય) માણિક્યચંદ્રસૂરિ કે જેમણે સં. ૧૨૧ (૪) ૬ માં કાવ્યપ્રકાશસંકેત રચ્યો હતો તેમણે પાર્શ્વચરિત (પી. ૩, ૧૫૭; જે. ૫) ભિલ્લમાલવંશીય શ્રેષ્ઠિ દેહડની પ્રાર્થનાથી સં. ૧૨૭૬માં દિવાળી દિને વેલાકૂલ શ્રીદેવકૂપકમાં પૂર્ણ કર્યું; અને શાંતિનાથ ચરિતાદિ (જે. પ્ર. ૪૯ {*સં. રમ્યરેણુ પ્ર. ઓંકારસૂરિ જ્ઞાન. ગ્રં.*}) ગ્રંથો રચ્યા. સં. ૧૨૭૭માં મૂલ ચંદ્રપ્રભ સૂરિકૃત પ્રાકૃત સમ્યકૂત્વ પ્રકરણ=દર્શનશુદ્ધિ પર ચક્રેશ્વરસૂરિએ અધૂરી ટીકા મૂકી સ્વર્ગે જતાં તેના પ્રશિષ્ય પૂર્વોક્ત તિલકાચાર્યે પૂરી કરી; (કાં. વડો. નં. ૧૬૯ {*સં. પુણ્યકીર્તિ વિ. પ્ર. સન્માર્ગ પ્ર.*}) અને તેમણે સં. ૧૨૯૬માં આવશ્યક નિર્યુક્તિલઘુવૃત્તિ (પી. ૨, ૬; પી, ૪, ૭૪) તેમજ દશવૈકાલિક ટીકા (પી. ૫, ૬-૫૨) તથા બીજા સામાચારી-જૈન સાધુ શ્રાવકોના આચારસંબંધી સં. ૧૩૦૪માં અનેક ગ્રંથો પર વૃત્તિઓ જેવી કે શ્રાવક પ્રાયશ્ચિત્ત સામાચારી-પૌષધિક પ્રાયશ્ચિત્ત સામાચારી-ચૈત્યવંદના વંદનકપ્રત્યાખ્યાન લઘુવૃત્તિ-શ્રાવક પ્રતિક્રમણ સૂત્રવૃત્તિ-સાધુ પ્રતિક્રમણસૂત્ર લઘુવૃત્તિ (પી. ૪, ૧૦૮), પાક્ષિકસૂત્ર-પાક્ષિકક્ષામણકાવચૂરિ આદિ રચી. (જૈસ. પ્ર. ૨૦, ૩૬) તેઓ સં. ૧૩૦૪ સુધી વિદ્યમાન હતા.

૫૬૩. વળી સં. ૧૨૭૮માં ચંદ્રકુલના વર્ધમાનસૂરિ–જિનેશ્વર–નવાંગીવૃત્તિકાર અભયદેવ-જિનવલ્લભ-જિનશેખર-પદ્મેન્દુ (શિષ્ય અભયદેવસૂરિ (બીજા) એ 'શ્રી' એ શબ્દથી અંકિત જયન્તવિજય કાવ્ય (પ્ર. કાવ્યમાલા નં. ૭૫), સં. ૧૨૮૦માં શ્રીપ્રભસૂરિએ આ. હેમચંદ્રના કારકસમુચ્ચયોધિકારત્રયમાંથી પહેલા બે અધિકાર પર વૃત્તિ, સં. ૧૨૮૧માં લક્ષ્મીધરે તિલકમંજરીકથાસાર, સં. ૧૨૮૨માં (ખ. જિનપતિસૂરિ શિ.) ઉક્ત પૂર્ણભદ્ર ગણિએ સ્થાનાંગ-ભગવતી-ઋષિસ્તવમાંથી ઉદ્ધરી અતિમુક્ત ચરિત્ર પાલણપુરમાં, અને તેમણે જ સં. ૧૨૮૪માં જેસલમેરમાં છ પરિચ્છેદવાળું ધન્યશાલિભદ્રચરિત તેમજ જેસલમેરમાં સં. ૧૩૦૫ (બાણશૂન્યાનલગ્નૌ ?) કૃતપુણ્યચરિત્ર (મોટી ટોલી ભં. પાલીતાણા) આદિ રચ્યાં. આ ધન્યશાલિભદ્રચરિતમાં સર્વદેવસૂરિએ સહાય આપી છે અને તેના સંશોધક સૂરપ્રભવાચક હતા કે જેમણે વાદિ યમદંડ નામના દિગંબરને ખંભાતમાં જીત્યો હતો, કાલસ્વરૂપકુલક વૃત્તિ રચી હતી અને જેમણે ચંદ્રતિલક ઉપાધ્યાય અને વિદ્યાનંદને અભ્યાસ કરાવ્યો હતો.

૫૬૪. સં. ૧૨૮૫ના અરસામાં પાર્શ્વનાથ ચરિત્રાદિ વિંશતિ (૨૦) પ્રબંધના કર્ત્તા આચાર્ય વિનયચંદ્ર વિદ્યમાન હતા. તેમનો કવિશિક્ષા નામનો કાવ્યસાહિત્ય પર રચેલ (વિનયાંક) ગ્રંથ તાડપત્ર પર પાટણ ભંડારમાં વિદ્યમાન છે. (પા. સૂચિ નં. ૫૯ {*કાવ્યશિક્ષા પ્ર.લા.દ. વિદ્યામંદિર*}) તે કવિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં કહે છે કે બપ્પભટ્ટી ગુરુની વાણીમાં કવિશિક્ષા કહીશ (**नत्वा श्री भारतीं देवीं बप्पभट्टिगुरोर्गिरा। काव्यशिक्षां प्रवक्ष्यामि नानाशास्त्रनिरीक्षणात्** ।) બપ્પભટ્ટી કાવ્યશૈક્ષ કહેવાતા હતા; અને તેમની રચેલી કાવ્યશિક્ષાનો વિનયચંદ્રે પોતાના ગ્રંથમાં ઉપયોગ કરેલો હશે. પ્રસ્તુત શિક્ષામાં તે વખતના ૮૪ દેશોમાં [૪૦૫] માહિતી આપેલી છે; તે પૈકી સુરાષ્ટ્ર નવહજાર ગામનો, લાટ દેશ એકવીસ હજાર ગામનો, ગૂર્જર દેશ સિત્તેર હજાર ગામનો વગેરે જણાવ્યું છે. પ્રાયઃ આ વિનયચંદ્રે સં. ૧૨૮૬માં મલ્લિનાથચરિત્ર મહાકાવ્ય રચ્યું (પ્ર. ય. ગ્રં.{ગુજ. ભા. પ્ર. જૈ. ધ. પ્ર.}) ને ઉદયસિંહે રચેલી ધર્મવિધિવૃત્તિને સુધારી-શોધી. (કાં. છાણી.)

૫૬૫. સં. ૧૨૮૫ના વર્ષમાં જગચ્ચંદ્રસૂરિએ ઉગ્ર તપ આદર્યું હતું. તેથી મેવાડના રાજાએ 'તપા' બિરૂદ તેમને આઘાટમાં આપ્યું અને તેનાથી 'તપા-ગચ્છ' સ્થપાયો. (મેવાડની ગાદી ૫૨ સં. ૧૨૭૦ થી ૧૩૦૯ સુધી જૈત્રસિંહ નામે રાજા હતો. સં. ૧૨૭૯ સુધી મેવાડની રાજધાની નાગદ્રહ-નાગહ્રદ-હાલનું નાગદા શહેર હતું, તે તૂટયા પછી ચિતોડ રાજધાની થઈ. આઘાટ તે ઉદયપુર પાસેનું આહાડ કે જે મેવાડનું એક પ્રાચીન નગર હતું.) આ તપા જગચ્ચચંદ્રસૂરિ અને તેમના શિષ્યમંડળને વસ્તુપાલે [૪૦૬] ગૂજરાતમાં અતિ માન આપ્યું અને તેથી ગૂજરાતમાં તપાગચ્છનો પ્રભાવ અત્યાર સુધી જબરો ચાલ્યો આવ્યો છે. આ જગચ્ચંદ્રસૂરિના શિષ્ય વિજયચંદ્રસૂરિ તે મૂળ વસ્તુપાલના ગૃહમાં લેખ્ય કર્મ કરનાર મંત્રિ-હિસાબી મહેતા હતા અને તેને આચાર્યપદ અપાવવામાં પણ વસ્તુપાલની

---

૪૦૫. ચોરાશી દેશોમાં નામ નીચે પ્રમાણે ગણાવલાં છેઃ- 'चतुरशीतिर्देशाः गौडकन्यकुब्ज कौल्लाक कलिंग अंग वंग कुरंग आचाल्य कामाक्ष ओष्ट्र पुंड्रउडीश मालवलोहित पश्चिम काछवालभ सौराष्ट्र कुंकण लाट श्रीमाल अर्बुदमेदपाट मरुवरेन्द्र यमुनागंगातीरअंतर्वेदि मागध मध्य कुरुकाहल कामरूप कांची अवंती पापांतक किरात सौवीर औशीरवाकाण उत्तरापथ गुर्जर सिंधुकेकाण नेपाल टक्क तुरष्क ताइकार बर्बरजर्जर काश्मीर हिमालय लोहपुरुष श्री राष्ट्र दक्षिणापथ सिंघल चौल कौशल पांडु अंध्र विन्ध्य कर्णाटद्रविड श्रीपर्वत विदर्भ घाराउरलाजी तापी महाराष्ट्र आभीर नर्मदातट द्वीपदेशाश्चेति ॥

हीरुयाणी इत्यादि षट्कं । पत्तनादि द्वादशकं । मातरादिश्चतुर्विंशतिः । वडू इत्यादि षट्त्रिंशत् । भालिज्जादि चत्वारिंशत् । हर्षपुरादि द्विपंचारात् । श्रीनारप्रभृति षट्पंचाशत् । जंबूसरप्रभृति षष्टिः । पडवाण प्रभृति षट्सप्ततिः । दर्भावतीप्रभृति चतुरशीतिः । पेटलापद्रप्रभृति चतुरुत्तरशतं षदिरालुकाप्रभृति दशोत्तरं शतं । भोगपुरप्रभुति षोडशोत्तरंशतं । धवलक्क प्रभृति पंचशतानि । माहणवासद्यमर्धाष्टमशम् । कौंकणप्रभृति चतुर्दशाधिकानि चतुर्दशशतानि । चंद्रावतीप्रभृति अष्टादशशतानि । द्वाविंशति शतानि महितटं । नव सहस्राणि सुराष्ट्राः । एकविंशति सहस्राणि लाटदेशः । सप्तति सहस्राणि गूर्जरो देशः पारतश्च । अहूडलक्षाणि ब्राह्मणपाटकं । नवलक्षाणि डाहलाः । अष्टादशलक्षाणि द्विनवत्यधिकानि मालवो देशः । षड्त्रिंशल्लक्षाणि कन्यकुब्जः । अनंतमुत्तरापथं दक्षिणापथं चेति ॥-ષટ્ક એટલે છ ગામોનો સમુદાય; ઇત્યાદિ-સ્વ. સાક્ષર ચિમનલાલ દલાલનો 'પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગૂજરાતી સાહિત્ય' એ લેખ. (પાંચમી ગૂજરાતી સા. પરિષદનો અહેવાલ)

૪૦૬. तदादिबाणद्विपभानु वर्षे १२८५ श्री विक्रमात् प्राप तदीय गच्छः ।

बृहद् गणाह्वोऽपि तपेति नाम श्रीवस्तुपालादिभिरर्च्यमानः ॥ - **मुनिसुंदरसूरि गुर्वावली श्लो. ९६.**

આ ગુર્વાવલીમાં જણાવ્યું છે કે આઘાટપુરમાં નૃપસભામાં ૩૨ દિગંબર વાદીને જીતવાથી રાજાએ જગચ્ચંદ્રસૂરિને 'હીરલા' એવું બિરૂદ આપ્યું. શ્લોક. ૧૦૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામેલગીરી હતી. (મુનિસુંદરકૃત ગુર્વાવલી શ્લો. ૧૨૨-૧૨૫) આ વિજયચંદ્રસૂરિથી 'વૃદ્ધ પોશાલિક તપાગચ્છ' સ્થપાયો.

૫૬૬. સં. ૧૨૮૬માં નાગોરના રહીશ દેલ્હાના પુત્ર પૂનડ કે જેણે સં. ૧૨૭૩માં બિંબેરપુરથી શત્રુંજયની પ્રથમ યાત્રા કરી હતી તેણે શત્રુંજયની યાત્રા માટે સંઘ કાઢ્યો અને વસ્તુપાલે ભક્તિ સારી કરી સાથે રહી યાત્રા કરી હતી. (ચ. પ્ર.) 'આ વર્ષમાં ચંદ્ર ગચ્છના સર્વદેવ-શ્રીપ્રભ-માણિક્યપ્રભ સૂરિશિષ્ય ઉદયસિંહ સૂરિએ પ્રગુરુ શ્રીપ્રભસૂરિની ધર્મવિધિ (પારા ૪૯૨) પર વૃત્તિ ચંદ્રાવતીમાં રચી. શ્રીપ્રભસૂરિના ૪ શિષ્યો હતાઃ-ભુવનરત્નસૂરિ, નેમિપ્રભ, માણિક્યપ્રભસૂરિ અને મહીચંદ્રસૂરિ, તે પૈકી પ્રથમના પોતાના દીક્ષાગુરુ, બીજા મામા, ત્રીજા શિક્ષાગુરુ ને ચોથા આચાર્યપદ આપનાર હતા એમ કર્ત્તા ઉદયસિંહ જણાવે છે. આ વૃત્તિને રવિપ્રભસૂરિના શિષ્ય મહાકવિ વિનયચંદ્રે શોધી અને તે રચવામાં વિમલચંદ્રે સહાય આપી. આની પ્રથમ પ્રતિ ચંદ્રાવતીમાં શ્રેષ્ઠિ સોમદેવની પુત્રી રાજીમતીએ લખી. પ્ર. હંસવિજય ગ્રંથમાલા નં. ૨૨ સં. ૧૨૮૭માં સર્વદેવસૂરિએ જેસલમેરમાં સ્વપ્નસપ્તતિકાવૃત્તિ રચી (કાં. છાણી.)

૫૬૭. ખ. જિનપતિસૂરિ શિષ્ય જિનપાલ ઉપાધ્યાયે (કે જેમણે સં. ૧૨૬૨માં ષટ્સ્થાનક વૃત્તિ અને પછી સનતકુમારચક્રિચરિત મહાકાવ્ય સટીક રચેલ છે) સં. ૧૨૯૨માં જિનદત્તસૂરિકૃત ઉપદેશ રસાયન પર વિવરણ, સં. ૧૨૯૩માં જિનવલ્લભસૂરિકૃત દ્વાદશ કુલક પર વિવરણ અને પંચલિંગી વિવરણ-ટિપ્પન, સં. ૧૨૯૪માં જિનદત્તસૂરિકૃત ચર્ચરી નામના અપભ્રંશ કાવ્ય પર વિવરણ, (પ્ર. ગા. ઓ. સી.) તથા તે ઉપરાંત સ્વપ્નવિચારભાષ્યાદિ રચ્યાં. (અપભ્રંશ કાવ્યત્રયી. પ્રસ્તાવના પૃ. ૬૫-૭૦, જેસ. પ્ર. ૪૧. વે. નં. ૧૬૨૩)

૫૬૮. સં. ૧૨૯૨માં દિગંબરી પંડિત આશાધરે ત્રિષષ્ટિસ્મૃતિ માલવાના પરમાર દેવપાલના રાજ્યમાં અને સં. ૧૩૦૦માં જયતુગિ દેવ (જયસિંહ)ના રાજ્યમાં ધર્મામૃત શાસ્ત્રની રચના કરી. {*પ્ર.ભા.જ્ઞા.*} આ ઉપરાંત તેણે અનેક ગ્રંથો રચ્યા છે.

૫૬૯. સં. ૧૨૯૪માં આં. ધર્મઘોષસૂરિના શિષ્ય અને પટ્ટધર મહેન્દ્રસૂરિએ ઉક્ત ધર્મઘોષની શતપદીમાં કેટલાક પ્રશ્નો ઉમેરી, ઉદ્ધરી, ક્રમરચનામાં ક્વચિત ફેરફાર કરી તે શતપદી-પ્રશ્નોત્તર પદ્ધતિનો સમુદ્ધાર કર્યો (પી. ૧, ૧૨; પી. ૫, ૬૭ {*આના હિન્દીસાર રૂપેન્દ્રકુમાર પગારિયાકૃત માટે જુઓ 'જૈન વિદ્યાકે વિવિધ આયામ' ભા. ૪ પ્ર. પાર્શ્વનાથ વિદ્યાપીઠ*}). કે જેની સં. ૧૩૦૦માં લખાયેલી પ્રત પા. ભં. માં છે. વળી તેમણે ૧૧૧ ગાથાનું તીર્થમાલા સ્તોત્ર-પ્રતિમા સ્તુતિ પ્રાકૃતમાં સટીક રચ્યું. (બુહ્. ૮ નં. ૪૧૮ મુ. વિધિપક્ષ પ્રતિક્રમણ. ભી.મા.) જીરાવલ્લી પાર્શ્વનાથ સ્તોત્ર (પી. ૧ નં. ૩૧૬)ના રચનાર મહેંદ્રસૂરિ આ હશે. આ મહેંદ્રસૂરિના શિષ્ય (પ્રાયઃ ભુવનતુંગસૂરિએ) ચતુઃશરણાવચૂરિ રચી (લીં.)

૫૬૯ક. વળી સં. ૧૨૯૪માં ચંદ્ર કુલના વિબુધપ્રભસૂરિ શિષ્ય પદ્મપ્રભસૂરિએ મુનિસુવ્રતચરિત (પી. ૩, ૩૦૨) અને કુંથુચરિત (કે જેની સં. ૧૩૦૪ની પ્રત જેસ. ભં. માં છે) રચ્યાં. પાર્શ્વસ્તવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભુવનદીપક આદિના ગ્રંથકાર આ પદ્મપ્રભ છે કે બીજા તેનો નિશ્ચય થયો નથી.

૫૭૦. સં. ૧૨૯૫માં ખ. જિનપતિસૂરિ શિષ્ય સુમતિ ગણિએ મૂલ જિનદત્તસૂરિકૃત ગણધરસાર્ધશતક પર બૃહદ્વૃત્તિ રચી. તે વૃત્તિ પહેલાં ખંભાતમાં આરંભીને ધારાપુરી-નલ કચ્છકાદિ વિહાર કરતાં કરતાં છેવટે મંડપદુર્ગ-માંડવગઢમાં પૂરી કરી, અને તેને જૈન વિદ્વાન જલ્હણે લખી; એ તેનો પ્રથમાદર્શ ખ. જિનેશ્વરસૂરિ શિષ્ય કનકચંદ્રે લખ્યો. (જેસ. ૩૯, જે. પ્ર. ૫૦; ભાંડા. રી. ૧૮૮૨-૮૩ પૃ. ૪૮). આજ વર્ષમાં ઉદયસિંહસૂરિએ જિનવલ્લભની પિંડવિશુદ્ધિ પર સૂત્ર સહિત ૭૦૩ શ્લોક પ્રમાણ દીપિકા રચી. (પા. સૂચિ.)

૫૭૧. સં. ૧૨૯૬માં ગુણાકરસૂરિએ નાગાર્જુન કૃત યોગરત્નમાલા પર વૃત્તિ કરી; સં. ૧૨૯૮માં ચંદ્રગચ્છમાં (ભદ્રેશ્વરસૂરિ-હરિભદ્ર-શાન્તિસૂરિ-અભયદેવ-પ્રસન્નચંદ્ર-મુનિરત્ન-(શ્રીચંદ્રસૂરિશિષ્ય) દેવેન્દ્રસૂરિએ ૫૭૩૦ શ્લોક પ્રમાણ ઉપમિતિભવપ્રપંચકથા સારોદ્ધાર (પી. ૬, ૪૦) રચ્યો કે જેનું સંશોધન પ્રસિદ્ધ સંશોધક પ્રદ્યુમ્નસૂરિએ કર્યું હતું, આ દેવેન્દ્રસૂરિને સૂરિપદ તેમના ગુરુ શ્રીચંદ્રસૂરિના પટ્ટધર યશોદેવસૂરિએ આપ્યું હતું.

૫૭૨. 'ગૂર્જરેશ્વર ભીમદેવ અને મહારાણા વીરધવલના મહામાત્ય, ગૂજરાતના ગૌરવને વિસ્તારનાર, પ્રૌઢપ્રતિભાસંપન્ન, લક્ષ્મી અને સરસ્વતીના લાડીલા ધર્મપુત્ર, તેજપાલના જ્યેષ્ઠ બંધુ, પોતાના પ્રચંડ બાહુબલથી વૈરીઓના વિક્રમને પરાસ્ત કરનાર યુદ્ધવીર, દિલ્હીના સુલતાન મોજદીન પાદશાહને વિચક્ષણતાથી ગૂર્જરભૂમિ સાથે સંધિ કરાવનાર, મહારાણા વીરધવલ દ્વારા શત્રુંજયની પૂજા માટે અંકેવાવાલિય ગામ શાસનમાં અપાવનાર, શત્રુંજય-ગિરનાર-આબુ વગેરે અનેક તીર્થસ્થાનોમાં-દેવમંદિરોમાં-સંઘયાત્રા મહોત્સવમાં તથા સેંકડો અન્ય ધર્મસ્થાનકોમાં કરોડો અને અબજોની સંખ્યામાં લક્ષ્મીનો સદ્વ્યય કરનાર ધર્મવીર, ચતુરતાપૂર્વક નિર્દોષ ધર્માચરણો આચરી કલિયુગમાં પણ કૃતયુગને ઉતારનાર સર્વ દર્શનોને સન્માન અને સમભાવથી જોનાર, કવિઓના આશ્રયદાતા, સુવર્ણધારાધર વરસાવી સમસ્ત યાચકોને સંતુષ્ટ કરનાર દાનવીર, નરનારાયણાનંદ મહાકાવ્ય આદીશ્વર મનોરથમય સ્તોત્ર સૂક્તિઓ વગેરે રચનાર, વિચારચતુર, વિવેકવાચસ્પતિ વિખ્યાત મંત્રીશ્વર વસ્તુપાલનું[૪૦૭] શત્રુંજયની તેરમી યાત્રા માટે પ્રયાણ કરતાં માર્ગમાં વિ. સં. ૧૨૯૬માં માઘમાસની પંચમી તિથિએ રવિવારના પ્રથમ પહોરમાં ધર્મરાજની-પુત્રી સદ્ગતિ સાથે પાણિગ્રહણ થયું-સ્વર્ગમન થયું. (વ. વિ.) મંત્રી તેજપાલ સં. ૧૩૦૪માં સ્વર્ગસ્થ થયો.[૪૦૮]

૫૭૩. વસ્તુપાલના મુખથી મૃત્યુ પહેલાં જે પદ્યો નીકળેલાં રાજશેખર જણાવે છે તેથી તેમની અંતર્ગત ભાવનાનું સ્વરૂપ સમજાય છે.

---

૪૦૭. પંડિત લાલચંદનો લેખ 'સિદ્ધરાજ અને જૈનો.'

૪૦૮. સ્વ. તં. મ. ત્રિપાઠીને એક જીર્ણ પ્રતના પાનામાં પણ લખેલું મળ્યું હતું કે

'સં. ૧૨૯૬ મહં. વસ્તુપાલો દિવં ગતઃ । સં. ૧૩૦૪ મહં. તેજઃપાલો દિવં ગતઃ ॥'

જ્યારે ચ. પ્ર. માં વસ્તુપાલનું અને તેજપાલનું મૃત્યુ સં. ૧૨૯૮ અને ૧૩૦૮ માં અનુક્રમે થયેલું જણાવેલું છે, તે ઠીક નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शास्त्राभ्यासो जिनपदनतिः संगतिः सर्वदार्यैः
सद्वृत्तानां गुणगणकथा दोषवादे च मौनम् ।
सर्वस्यापि प्रियहितवचो भावना चात्मतत्त्वे
सम्पद्यन्तां मम भवभवे यावदाप्तोऽपवर्गः ॥

૫૭૪. 'ઈ.સ. ૧૩મો સૈકો **સો**મેશ્વર દેવ, **ના**નાક પંડિત, **સુ**ભટ, **અ**રિસિંહ, અમરચંદ્રસૂરિ વગેરે સમકાલીન કવિઓના તેજથી ઉજ્જ્વળ દીપે છે. આ યુગ સાહિત્યના વિલાસનો હતો. **કુ**મારપાળ, **ભી**મદેવ, લવણપ્રસાદ, **વી**રધવલ, **વી**શળદેવ, **વ**સ્તુપાળ, **તે**જપાળ વગેરે સાહિત્યના શોખીન ઉત્તેજકો હતા. **ભો**જ અને વિક્રમરાજાની સભામાં જેમ કવિમંડળો મળતાં, તેમ આ સમયમાં ગૂજરાતના રાજાઓની સભાઓ પણ વિવિધ દેશના કવિઓની ચાતુરી બનાવવાનું સ્થાન હતું. અનેક નાના મોટા કવિઓ ત્યાં એકઠા થતા, પરસ્પર સ્પર્ધા કરતા, અને જ્યાં કવિતા અઢળક દ્રવ્ય પ્રાપ્ત કરવાનું સાધન હતું ત્યાં 'કાવ્યચોરનો અભાવ ન હોય તે સ્વાભાવિક છે.'[૪૦૯]

૫૭૫. 'પાટણના ગૂર્જર રાજ્યની સ્થાપના જૈનોથી થયેલી છે; અને **વ**નરાજના સમયથી **પા**ટણ જૈનોના મધ્યબિન્દુ તરીકે પ્રસિદ્ધ થયેલ છે. જૈન ધર્મ તથા તેના આચાર્યોને મળતા રાજ્યાશ્રયથી ૧૦ થી ૧૩મા શતક સુધીમાં જૈન આચાર્યોએ ગૂજરાતના પાટનગરમાં તથા અન્ય સ્થળોએ રહીને ઘણા અગત્યના ગ્રન્થો રચીને ગૂજરાતનું સાહિત્ય ઉત્પન્ન કરેલું છે. જૈન આચાર્યોએ રચેલું સાહિત્ય બાદ કરીએ તો ગૂજરાતનું સાહિત્ય અત્યંત ક્ષુદ્ર દેખાશે. સાહિત્યની પ્રવૃત્તિ પુસ્તકોના સંગ્રહ વગર અશક્ય છે અને તેથી જૈનોએ પોતાના ધાર્મિક સાહિત્ય ઉપરાન્ત બૌદ્ધ તથા બ્રાહ્મણ ગ્રંથો **પા**ટણ, **ખં**ભાત વગેરેના સ્થળોના ભંડારોમાં સંગ્રહેલા હતા; અને આ ભંડારોના લીધે જ બૌદ્ધો તથા બ્રાહ્મણોના પ્રાચીન ગ્રંથો જે કોઇ પણ ઠેકાણેથી મળે નહીં તેવા અહિંયા ઉપલબ્ધ થયેલા છે.'[૪૧૦]

---

૪૦૯. પ્રો. **આ**નન્દશંકરનો લેખ 'ગુજરાતનું સંસ્કૃત સાહિત્યઃ એ વિષયનું થોડુંક રેખાદર્શન.' (ત્રીજી ગૂ. સા. પરિષદ્નો અહેવાલ)

૪૧૦. સ્વ. **ચી**મનલાલ દલાલનો લેખ 'પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગૂજરાતી સાહિત્ય' (સુરત ગૂ. સા. પરિષદનો અહેવાલ) તેમજ તેમનો લેખ નામે 'પાટણના ભંડારો'- **લાઇબ્રેરી મિસેલેની**-જુલાઈથી ઓકટોબર સને ૧૯૧૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૫ વાઘેલા વંશનો સમય. (સં. ૧૩૦૦ થી ૧૩૫૬.)

जीए पसायाउ नरा सुकईसरसत्थवल्लहा हुंति ।
सा सरसई य पउमावई य मे दिन्तु सुयरिद्धिम् ॥

- જેના પ્રસાદથી મનુષ્યો સુકવિ અને સરસાર્થના વલ્લભ થાય છે તે સરસ્વતી અને પદ્માવતી મને શ્રુતની ઋદ્ધિ આપો. **જિનપ્રભસૂરિકૃત વિધિપ્રપા.**

૫૭૬. વસ્તુપાલ-તેજપાલે ગૂજરાત નવેસર રચ્યું. સર્વ જાતિની પ્રજાના હિતનાં કાર્યો કરી તેઓમાં એકતા સાધી. જૈન શાસનને ઉજ્જ્વલ અને દૃઢ બનાવ્યું. વિશલદેવે સં. ૧૩૦૦માં સોલંકી ત્રિભુવનપાલ પાસેથી ગૂજરાતનું રાજ્ય લઈ સં. ૧૩૧૮ સુધી રાજ્ય કર્યું.

આ સમયમાં કૃષ્ણર્ષિના સંતાનીય જયસિંહસૂરિ થયા. તેમણે સં. ૧૩૦૧માં મંત્રવાસિતજલથી મરૂભૂમિમાં સંઘને જીવાડયો હતો.[૪૧૧]

૫૭૭. આ સમયમાં તપાગચ્છના દેવેન્દ્રસૂરિ અને તેમના ગુરુભ્રાતા વિજયચંદ્ર સૂરિ વચ્ચે મતભેદ થયો હતો; ખંભાતમાં વિજયચંદ્રે એકી સાથે ઘણાં ચોમાસાં વૃદ્ધશાલામાં-મોટા ઉપાશ્રયમાં ગાળ્યાં અને તેથી ત્યારપછી તેમના અનુયાયીઓનો પક્ષ 'વૃદ્ધશાલિક' કહેવાયો ને દેવેંદ્રસૂરિનો પક્ષ તેઓને વિહાર કરી આવતાં લઘુશાલામાં રહેવું પડતું તેથી 'લઘુશાલિક' કહેવાયો. વિજયચંદ્રસૂરિએ કડક આચારમાં થોડો ઘણો શિથિલ માર્ગ દાખલ કર્યો કે 'ગીતાર્થો (મુનિઓ) વસ્ત્રની પોટલીઓ રાખી શકે, હંમેશાં ઘી દૂધ વગેરે ખાઈ શકે, કપડાં ધોઈ શકે, ફળ અને શાક લઈ શકે, સાધ્વીઓએ આણેલું ભોજન જમી શકે, અને શ્રાવકોને પ્રસન્ન રાખવા તેઓની સાથે બેસી પ્રતિક્રમણ પણ કરી શકે.' (ધર્મસાગરકૃત પટ્ટાવલી).

૫૭૮. વીસલદેવના વારામાં સં. ૧૩૧૨ થી ૧૩૧૫માં જબરો દૂકાળ પડ્યો, તે વખતે કચ્છના ભદ્રેશ્વરના શ્રીમાળી જૈન જગડૂશાહે સિંધ, કાશી, ગૂજરાત વગેરે દેશમાં પુષ્કળ અનાજ આપી

૪૧૧. तस्माद् विस्मयनीयचारुचरिते श्रीसूरिचक्रे क्रमाज्जाते श्री जयसिंहसूरिरुदभून्निर्ग्रन्थचूडामणिः ।
संवद् विक्रमतस्त्रयोदशशतेष्वेकोत्तरेष्व (१३०१) र्करुक् क्लान्तं संघमजीजिवज्जलभरैर्यो मंत्रकृष्टै र्मरौ ॥
- જયસિંહસૂરિ (ઉક્ત જયસિંહસૂરિના સંતાનીય) કૃત કુમારપાલ ચરિત્ર પ્રશસ્તિ. સં. ૧૪૨૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાનશાળાઓ ખોલી અને ત્રણ વર્ષના દુષ્કાળનું સંકટ નિવાર્યું. તેણે આર્દ્રપુર (એડન) સુધી વેપાર ખેડ્યો હતો. આમ વ્યાપારનિપુણ, અતિ ધનાઢય હોવા ઉપરાંત સાહસી વીર, ધર્મનિષ્ઠ અને દીન દુઃખીઆંને ઘણી સહાય આપનાર તે હતો. શત્રુંજય અને ગિરિનારના સંઘ કાઢી જૈનમંદિરો બંધાવી, જીર્ણ મંદિરોનો ઉદ્ધાર કરી જૈનધર્મની સેવા કરી. જૈન હોવા છતાં બીજા ધર્મો પર તેને જરાપણ દ્વેષ ન હતો, તેથી તેણે શિવ અને વિષ્ણુનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને મુસલમાનોને માટે મસજીદ બંધાવી હતી. તેના વિચાર સુધારક હતા. તેણે પોતાની વિધવા પુત્રીનું પુનર્લગ્ન કરવાનો વિચાર કરી તેને માટે પોતાની જ્ઞાતિની આજ્ઞા પણ તે પ્રાપ્ત કરી ચૂકયો હતો. પરંતુ પોતાના કુટુમ્બની બે વૃદ્ધ સ્ત્રીઓના વિરોધથી તે તેમ કરતાં અટક્યો હતો.[૪૧૨]

૫૭૯. ઉદયન મંત્રીના પુત્ર **વા**હડના પુત્ર **પ**દ્મસિંહના પુત્ર **સ**લક્ષ(સલખણ)ને **વી**સલદેવે પ્રથમ **સૌ**રાષ્ટ્ર (કાઠિયાવાડનો મોટો ભાગ)નો અધિકારી કર્યો હતો, અને પછી **લા**ટ (ભરૂચ આદિ) દેશનો અધિકારી બનાવ્યો હતો કે જ્યાં નર્મદા તીરે તેનો દેહાન્ત થયો હતો. (સં. ૧૩૨૦ પૂર્વે) તેના શ્રેય સારૂ તેના ભાઈ **સા**મંત (સિંહ) મંત્રીએ 'સલક્ષનારાયણ' નામે હરિ (વિષ્ણુ)ની પ્રતિમા સ્થાપી. ઉક્ત સામંતસિંહ સચિવ (મંત્રી)ને **વી**સલદેવે સુરાષ્ટ્રનો અધિકાર સોંપ્યો હતો, તેમજ **અ**ર્જુન (દેવ) રાજાએ પણ સોંપ્યો. તેણે સમુદ્રતીરે દ્વારકાપતિના માર્ગમાં જર્જર (જીર્ણ) થયેલા રેવતીકુંડને પોતાની માતાના શ્રેય સારૂ નવા પત્થરનાં પગથીઆંથી (બંધાવી) વાવ સમાન કર્યો ને ત્યાં ગણેશ, ક્ષેત્રપાલ, સૂર્ય અને ચંડિકાદિ માતાઓ સહિત મહાદેવ અને જલશાયી (વિષ્ણુ કરાવ્યા ને રેવતી તથા બલદેવની બે મૂર્ત્તિ સ્થાપી. તે કુંડ સંબંધીના લેખની પ્રશસ્તિ સામંત મંત્રિના ગોત્રે (કુલે-વંશે) પૂજાયેલા

---

૪૧૨. જુઓ ધનપ્રભસૂરિ શિ. **સર્વાનન્દસૂરિકૃત જગડૂચરિત**. મૂળ તેમજ ગૂ. ભાષાંતર ટીકાસહિત રા. મગનલાલ દલપતરામ ખખ્ખરે પ્રકટ કર્યું છે. (બુહ્ ૨ નં. ૨૮૪) **નાગરી પ્રચારિણી પત્રિકા**માં લેખ તથા **વસંત**માં આવેલ રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનો લેખ. 'સર્વાનન્દસૂરિનું શ્રી જગડૂચરિત એક કાવ્ય-ચરિત પુસ્તક છે. આ કાવ્યગ્રંથ છે એટલે તેમાં અલંકાર અને અતિશયોક્તિ હોય તે સાહજિક જ છે, પરન્તુ એ અતિશયોક્તિ અને અલંકાર છતાં પણ તેમાંથી ઈતિહાસને યોગ્ય ઘણાં બિન્દુઓ મળી આવે છે. જગડૂશાહના વૃત્તાંતની સાથે સંબંધ રાખતાં બીજા બનાવોને નોંધતાં સર્વાનન્દસૂરિએ આ કાવ્ય-પુસ્તકમાં પણ ઐતિહાસિક બિંદુ લક્ષમાં લીધેલાં હોય એમ લાગે છે. લોકની રીતભાત, દેશની સ્થિતિ અને નાયકના વૃત્તાંતનું વર્ણન તે કાળનું વાચકને યથાર્થ દર્શન કરાવે છે. કંથકોટ, ભદ્રેશ્વર વગેરે નગરોનાં વર્ણનો તે તે સ્થાનની વિભૂતિથી તે કાળે, તે કેવાં સમૃદ્ધિવાન હતાં તે સ્પષ્ટ દેખાડે છે. ++ ગૂજરાત, સિંધ, થરપારકર, કચ્છ, કાઠિઆવાડ વગેરેમાં રાજ્ય કરતા રાજાઓના સંબંધમાં પણ કેટલાક પ્રસંગ જાણવા જેવા આવે છે. પારકર-થર-પારકરના રાજા **પી**ઠદેવના સંબંધમાં જગડૂશાહે ગૂજરાતના રાજાની મદદ મેળવી હતી. મોટા રાજાઓની સાથે પણ તે કાળના વ્યાપારીઓ કેવા મમતથી કામ લેતા હતા તે તથા દરબારમાં જગડૂશાહ જેવા માતબર વ્યાપારીઓનું કેવું માન હતું વગેરે બીના જગડૂશાહ ગૂજરાતના રાજદરબારમાં ગયો તે વેળાએ તેને મળેલા માન પરથી જણાઈ આવે છે. તે કાળે ગૂજરાત અને કચ્છ કાઠીઆવાડના વેપારીઓ સમુદ્રમાર્ગે વેપાર ચલાવતા હતા અને ખંભાતમાં તુર્ક લોકોનું રાજ્ય હતું વગેરે બીના જેતસી નામના જગડૂશાહના એક વહાણવટે ગયેલા ગુમાસ્તાના વૃત્તાંત પરથી સ્પષ્ટ થાય છે.' **ગુજરાતી**. ૧૪-૬-૧૮૯૬ પૃ. ૬૪૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવા બુદ્ધિમાન મોક્ષાર્ક (મોક્ષાદિત્ય)ના પુત્ર હરિહર કવિએ રચી હતી ને તેની પ્રતિષ્ઠા સં. ૧૩૨૦ જ્યેષ્ઠ સુદિ ૪ બુધે થઈ.[૪૧૩] અને રૈવતાચલના શિખર ઉપર નેમિનાથના મંદિર પાસે એક ઉચ્ચ પ્રાસાદ અને પાર્શ્વનાથનું બિંબ (પ્રતિમા) સ્થાપ્યાં.

૫૮૦. સં. ૧૩૨૦ આસપાસ ઇતિહાસ પ્રસિદ્ધ માંડવગઢના પેથડકુમારે ભિન્ન ભિન્ન ૮૦ સ્થળોમાં જિનમંદિરો બંધાવ્યાં.

આ પેથડકુમારનો ઇતિહાસ જાણવા જેવો છે:-અવન્તિ દેશના એક ભાગ નમ્યાટ નામના દેશમાં નાન્દુરી નામની પુરીમાં ઊકેશ વંશનાં દેદ નામના દરિદ્ર વાણીઆને એકદા યોગીએ સુવર્ણરસસિદ્ધિ કરી તેને તે આપતાં તે શ્રીમંત થયો. રાજાને કોઇએ તેને નિધિ પ્રાપ્ત થયો છે એવી ચાડી કરતાં રાજાએ તેને કેદમાં નાંખ્યો. ત્યાંથી સ્તંભન પાર્શ્વનાથની પ્રાર્થનાથી છૂટી તેને છોડી વિદ્યાપુર (વીજાપુર) જઈ ત્યાં વાસ કર્યો, ત્યાંથી ખંભાત જઈ તે પાર્શ્વનાથની પૂજા કરી સુવર્ણદાન કરતાં લોકોમાં 'કનકગિરિ'નું બિરૂદ મેળવ્યું. પછી ત્યાંથી કાર્યવશાત્ દેવગિરિ થઇ ત્યાં મહા વિશાલ ધર્મશાલા-પૌષધશાલા બંધાવી. ત્યારપછી પેથડ (પૃથ્વીધર) નામનો પુત્ર થયો. તે પેથડને ઝાંઝણ નામનો પુત્ર થયો, ને દેદ સ્વર્ગસ્થ થયો. પેથડના સમયમાં તપાગચ્છના ધર્મઘોષસૂરિ હતા. ગૂર્જરાધીશ તેમનો મિત્ર હતો, અને તેમણે દેવપત્તનમાં કપર્દિયક્ષને પ્રતિબોધી જિનબિંબનો અધિષ્ઠાયક કર્યો હતો, ઉજ્જયંતમાં મોહનવેલીથી ભ્રમિત થયેલ શિષ્યને સરખો કર્યો, ઉજ્જયિનીમાં કોઇ યોગીને મંત્રથી વશ કર્યો અને સર્વ વિકૃતિનો ત્યાગ કરી જૈન ધર્મની ઉન્નતિ કરી હતી. તે વિદ્યાપુરમાં ચાતુર્માસ કરવા આવ્યા. તેમના ઉપદેશથી પેથડે પરિગ્રહપ્રમાણ વ્રત લીધું. માલવદેશમાં ભાગ્યોદય છે એમ ગુરુપાસેથી જાણી લઇ તે મંડપદુર્ગમાં ગયો. ત્યાં પરમાર જયસિંહના રાજ્યમાં લવણ વેચનારની દુકાન માંડી, ત્યાં એક આભીરી ઘી વેચવા આવી ને તેના ઘડાની નીચેથી ચિત્રકવેલી સાંપડી, રાજાની કૃપા થઈ. જબરો વેપારી થયો. ઝાંઝણની સાથે દિલ્લીના શ્રેષ્ઠી ભીમે પોતાની સૌભાગ્યદેવી નામની પુત્રી પરણાવી.

---

૪૧૩. જુઓ આ સંબંધીનો 'શ્રી પોરબંદર રાજ્યમાં કાંટેલા ગામમાં મહાકાલેશ્વર મંદિરનો સં. ૧૩૨૦ નો શિલાલેખ' - લેખક સ્વ. શ્રી તનસુખરામ મનઃસુખરામ ત્રિપાઠી. બુદ્ધિપ્રકાશ સન ૧૯૧૫ પુ. ૬૨, પૃ. ૮ થી ૧૮, ૪૫ થી ૪૯, અને ૭૬ થી ૮૨. પાર્શ્વનાથ બિંબ સ્થાપ્યાનું વર્ષ સં. ૧૩૦૫ છે. ગિરનાર પર વસ્તુપાલનાં મંદિરોમાં મધ્ય મંદિરમાં એક પાર્શ્વનાથ બિંબ છે. તેના તલે આ પ્રમાણે લેખ છે-'સંવત ૧૩૦૫ વર્ષે વૈશાખ શુદિ ૩ શનૌ શ્રીપત્તન વાસ્તવ્ય શ્રીમાલ જ્ઞાતીય ઠ. વા (ચા ?) હડ સુત મહં પદ્મસિંહ પુત્ર ઠ. પથિમિદેવી અંગજ (મહણસિંહા). નુજ મહં. શ્રી સામતસિંહ તથા મહામાત્ય શ્રી સલખણસિંહાભ્યાં શ્રીપાર્શ્વનાથ બિંબં પિત્રોઃ શ્રેયસેઽત્ર કારિતં તતો બૃહદ્ ગચ્છે શ્રી પ્રદ્યુમ્નસૂરિ પટ્ટોદ્ધરણ શ્રીમાનદેવસૂરિ શિષ્ય શ્રી જયાનંદિસૂરિભિઃ) પ્રતિષ્ઠિતમ્'-આ વખતે સલખણ જીવતો હતો એમ જણાય છે. સામંતસિંહ ચુસ્ત જૈન હતો છતાં તેણે વિષ્ણુપ્રતિમા સ્થાપી એ સંબંધમાં ઉક્ત સાક્ષર શ્રી ત્રિપાઠી જણાવે છે કે 'જૈનો-પણ શિવ, વિષ્ણુ, અંબા આદિનાં મંદિરો બંધાવતા. પૂર્વકાલમાં ધર્મભેદ હોવા છતાં હાલના કાલમાં જણાય છે તેવો દેવદ્વેષ ન હતો. એવી રીતિએ વસ્તુપાલ હેમચંદ્ર આદિ ઘણા જૈનોએ શિવાદિ દેવો પ્રતિ પોતાનો અવિરોધ દર્શાવ્યો છે. ગમે તે રૂપમાં પરમાત્મા જ પૂજાય છે એમ તેઓની શુભ અને સત્ય મતિ હતી. પૂર્વના જૈનો બહુધા અપરદેવદ્વેષી ન હતા. વસ્તુપાલ સંબંધમાં પણ સોમેશ્વર (કી. કૌ. ૪-૪૦) લખે છે--नानर्च भक्तिमान्नेमौ नेमौ शंकरकेशवौ । નેમિ જિનમાં ભક્તિમાન એ વસ્તુપાલ શંકર અને કેશવની પૂજા કરતો ન હતો એમ ન હતું. વસ્તુપાલે પુનઃ ખંભાતમાં શ્રી વૈદ્યનાથનું શિવાલય બંધાવ્યું હતું. (સુ. સં. ૧૧-૭)''

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાંના રાજાનો માંડલીક શાકંભરીનો રાજા ચાહમાન ગોગાદે હતો. તેની શિખવણીથી પેથડને બોલાવી તેની પાસેથી ચિત્રવેલી માંગી તે તેણે રાજાને આપી, પણ તે તેની પાસેથી ચાલી ગઈ. રાજાએ પેથડને બહુ માન આપી છત્રચામર આદિ રાજ્યાધિકાર ચિહ્નો આપ્યા. પછી અર્બુદ (આબુ) ની યાત્રા કરવા પેથડ ચાલ્યો. જીરાપલ્લી પાર્શ્વનાથના દર્શન કર્યા ને પછી આબુની યાત્રા કરી.

૫૮૧. ધર્મઘોષસૂરિ મંડપદુર્ગમાં આવ્યા. ચૈત્યનિર્માણનાં ફલ બતાવતાં પેથડે જુદાં જુદાં સ્થળે એમ ૮૪ પ્રાસાદ કરાવ્યા. મંડપદુર્ગમાં ૭૨ જિનાલયવાળો આદ્ય તીર્થંકરનો શત્રુંજયાવતાર નામનો પ્રાસાદ સુવર્ણદંડ કલશવાળો ૧૮ લક્ષ દ્રમ્મ ખર્ચી કરાવ્યો. શત્રુંજયમાં શાન્તિનાથ ચૈત્ય બંધાવ્યું. બીજાં સ્થળોનાં નામ નીચે પ્રમાણે છેઃ-

भारतीपत्तने तारापुरे दर्भावतीपुरे । सोमेशपत्तने वांकिमान्धातृपुरधारयोः ॥
नागह्रदे नागपुरे नासिक्यवटपद्रयोः । सोपारके रत्नपुरे कोरंटे करहेटके ॥
चंद्रावती चित्रकूट चारुपैन्द्रीषु चिक्खले । विहारवामनस्थल्यां ज्यापुरोजयिनिपुरोः ॥
जालन्धरे सेतुबन्धे देशे च पशुसागरे । प्रतिष्ठाने वर्धमानपुर-पर्णविहारयोः ॥
हस्तिनापुर देपालपुर गोगपुरेषु च । जयसिंहपुरे निम्बस्थूराद्रौ तदधोभुवि ॥
सलक्षणपुरे जीर्णदुर्गे च धवलक्कके । मकुड्यां विक्रमपुरे दुर्गे मंगलतः पुरे ॥
इत्याद्यनेक स्थानेषु रैदंडकलशान्विताः । चतुरंकाधिकाशीतिः प्रासादास्तेन कारिताः ॥

દેવગિરિમાં શ્રી રામ નામનો રાજા હતો તેને હેમાડિ (દ્રિ) નામનો સચિવ હતો. દ્વિજોનું ત્યાં સામ્રાજ્ય પ્રવર્ત્તતું હતું ત્યાં પણ તે પ્રધાનના નામેથી સદાવ્રત કાઢી તેને પ્રસન્ન કર્યો અને પછી પેથડે મોટુ જૈનચૈત્ય કરાવ્યું. તે સં. ૧૩૩૫ માં પૂર્ણ થયું. ત્યાં વીરબિંબ પ્રતિષ્ઠિત થયું. તેનું નામ 'અમૂલ્યપ્રસાદ' પાડવામાં આવ્યું. ઓંકારનગરમાં સત્રાગાર (સદાવ્રતસ્થાન) બંધાવ્યું.

ધર્માભિમુખ થઈ શેત્રુંજય અને રૈવતક પર્વતની યાત્રા કરી. રૈવતકમાં (ગિરિનારમાં) યોગિની પુર (દિલ્હી) વાસી અગરવાલ પૂર્ણ નામનો દિગંબર શ્રીમંત સંઘ લઈને આવેલ હતો. તે અલાવદીન શાખાનો માન્ય હતો. બંને સંઘ વચ્ચે તકરાર થઈ; આખરે પેથડે ઇંદ્રમાલા પહેરી.

પેથડે ઘણું દ્રવ્ય ખર્ચી મોટા સાત ભારતી-સરસ્વતી ભંડારો ભરૂચ (દેવગિરિ, માંડવગઢ, આબૂ) આદિ શહેરોમાં ભરાવ્યા અને પુસ્તકોની સાચવણ માટે પુંઠા બંધન વગેરે સર્વ સામગ્રી કરાવી.

धनेनानिधनेनाढ्यो भृगुकच्छादिपूर्षु च । प्रौढानि सप्तभारत्या भाण्डागाराण्यबीभरत् ॥ ६३ ॥
पट्टसूत्रगुणक्षौमवेष्टन स्वर्णचातिकाः । निर्माप्य पुस्तकेषु स्वं कृतार्थ्यकृत धीसखः ॥ ६४ ॥

(ઉપદેશતરંગિણીમાં કહેલ છે કે ધર્મઘોષસૂરિના ઉપદેશથી પેથડે અગ્યારે અંગો સાંભળવા માંડ્યાંઃ- પાંચમા ભગવતી અંગમાં જ્યાં જ્યાં 'ગોયમાએ' (ગૌતમ) શબ્દ આવતો ગયો ત્યાં ત્યાં એક એક સોનામહોર મૂકી અને એ રીતે થયેલ ૩૬ હજાર સોનામહોરોથી તે આગમની પૂજા કરી અને તે દ્રવ્યથી તેણે સર્વ શાસ્ત્રો લખાવીને ભૃગુકચ્છાદિક દરેક શહેરોના ભંડારમાં રાખ્યાં.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૮૨. પેથડનો પુત્ર ઝાંઝણ પણ તેવો દાની અને ધર્મરાગી થયો. તેણે **માંડ**પદુર્ગમાંથી સંઘ લઈ તીર્થયાત્રા સં. ૧૩૪૦ ની માઘ શુદ પંચમીને દિને શરૂ કરી. **ધર્મઘોષ** ગુરુને સાથે રાખ્યાઃ બાલપુરમાં જઈ ૨૪ જિનબિંબો સ્થાપી **ચિત્ર**કૂટ જઈ ત્યાં ચૈત્ય પરિપાટી કરી કરહેટકમાં આવી ત્યાંના પાર્શ્વનાથ માટે ગુરુની આજ્ઞાથી મોટું મંદિર ૭ ભૂમિવાળું મંડપોથી યુક્ત બંધાવ્યું. ત્યાંથી આઘાટપુર, નાગહ્રદ, જીરાપલ્લિ, અર્બુદગિરિ, ચંદ્રાવતી પછી આરાસણ જતાં મુંજાલ ભિલ્લને વશ કરી આરાસણ જઈ ત્યાંથી તારણગિરિ, પ્રલ્હાદનપુર, અણહિલપુર, પછી શેત્રુંજય તીર્થની યાત્રા કરી. ત્યાં સ્થિરાપદ્ર (થરાદ) ના શ્રીમાલ જ્ઞાતિના **આ**ભૂ નામનો ધનિક મોટો સંઘ લઈ આવેલ હતો. તેનું બિરૂદ 'પશ્ચિમ માંડલિક' હતું અને તેના સંઘને 'લઘુકાશ્મીર' એ નામ લોકોએ આપ્યું હતું. ઝાંઝણે પછી રૈવતક તીર્થની યાત્રા કરી. વામનસ્થલી, પ્રભાસ, થઈને કર્ણાવતી આવ્યા. ત્યાં **સા**રંગદેવ રાજાના એક માગધને તેના કાવ્યથી પ્રસન્ન થઈ દાન આપ્યું; ત્યાં ૯૬ રાજબંદીને છોડાવ્યા. **સા**રંગદેવ સાથે રાજભોજન કર્યું. પછી મંડપદુર્ગ આવ્યા. (જુઓ **રત્ન**મંડન ગણિકૃત **સુ**કૃતસાગર કાવ્ય તથા ઉપદેશતરંગિણી.)

૫૮૩. **ત**પાગચ્છ સ્થાપક જગચ્ચંદ્રસૂરિના પટ્ટધર દેવેન્દ્ર નામના સૂરિ થયા; તેમનું વ્યાખ્યાનકૌશલ વિશેષ પ્રશસ્ત હતું. એમના વ્યાખ્યાનમાં ખંભાતમાં (કુમાર પ્રાસાદમાં) અઢારસો મનુષ્યો તો સામાયિક કરીને જ બેસતા, શ્રી વસ્તુપાલ મંત્રી પણ એમના શ્રોતાઓમાંના એક હતા. તેમણે પાંચ **નવ્ય કર્મ** ગ્રંથ (જૂના કર્મગ્રંથ હતા તેને તેનાં જ નામ રાખી નવા સ્વરૂપમાં ઉદ્ધાર્યા માટે 'નવ્ય') નામે **કર્મ**વિપાક, **કર્મ**સ્તવ, **બંધ**સ્વામિત્વ, **ષ**ડશીતિ, અને **શ**તક રચ્યાં.[૪૧૪] ને તે પર સ્વોપજ્ઞ ટીકા બનાવી. તે ટીકાઓમાં હરિભદ્રસૂરિકૃત **નં**દી સૂત્ર ટીકા, **મ**લયગિરિકૃત **સ**પ્તતિકા ટીકા, **શ**તકચૂર્ણિ, **ધર્મ**રત્ન ટીકાના ઉલ્લેખ છે. આ ટીકા દેવેન્દ્રસૂરિના મિત્રો **ધર્મ**કીર્ત્તિ (ધર્મઘોષસૂરિ) અને **વિ**દ્યાનંદસૂરિએ સંશોધેલ છે. આ ઉપરાંત **સિદ્ધ**પંચાશિકા, સૂત્રવૃત્તિ, **સિદ્ધ**પ્રાભૃતવૃત્તિ (જુઓ તેમનો ઉલ્લેખ ત. **રત્ન**શેખરસૂરિકૃત **શ્રા**દ્ધપ્રતિક્રમણ વૃત્તિ પૃ. ૮), ત્રણ **ભા**ષ્યો નામે દેવવંદન, ગુરુવંદન અને પ્રત્યાખ્યાન ભાષ્ય (વે. નં. ૧૬૦૧ પ્ર. જૈ. ધ. સભા અને ભી. મા.), (પ્રા.) **સુ**દર્શનાચરિત્ર કે જેમાં સહકર્તા તેમના ગુરુભ્રાતા **વિ**જયચંદ્રસૂરિ હતા (પી. ૩, ૨૮૯; પી. ૪, ૮૧; કાં વડો. નં. ૧૩૬), **શ્રા**વકદિનકૃત્ય સવૃત્તિ (જે. પ્ર. ૩૬; પી. ૨, ૪૧, કાં. વડો.) કે જેની વૃત્તિ તેમના ગુરુભ્રાતા **વિ**જયચંદ્રસૂરિએ સુધારી, **ધર્મ**રત્નટીકા, **દા**નાદિકુલક તેમજ અનેક સ્તવન પ્રકરણાદિ રચ્યાં. તેઓ સં. ૧૩૨૭ માં સ્વર્ગસ્થ થયા. (જુઓ **મુ**નિસુંદરકૃત ગુર્વાવલિ શ્લો. ૧૦૮ થી ૧૨૦-૧૬૮ ય. ગ્રં.)

૫૮૪. સં. ૧૩૦૧ માં વીજાપુરમાં ઉપાસકાદિ **વિ**પાકાન્ત પાંચ સૂત્રો **અ**ભયદેવસૂરિની ટીકા સહિત ઠ. **અ**રસીહે તાડપત્રપર લખ્યાં અને તે ઉક્ત દેવેંદ્રસૂરિ, **વિ**જયચંદ્રસૂરિ, ઉ. દેવભદ્રગણિના

---

૪૧૪. મૂળ ને ગૂ. ભાષાંતર પ્રકરણ રત્નાકર ભાગ ૪ થામાં **ભી.** માણેકે પ્રકટ કર્યા છે મૂળ અને ટીકા જૈ. ધ. સભાએ સં. ૧૯૬૬માં પ્રસિદ્ધ કરેલ છે. વે નં. ૧૫૭૬ થી ૧૫૮૪. આ પાંચ કર્મગ્રંથમાં છઠ્ઠો કર્મગ્રંથ **ચં**દ્રર્ષિમહત્તરનો **સ**પ્તતિકા ઉમેરવાથી કુલ છ કર્મગ્રંથ થાય છે. આનું શ્વેતામ્બર સમાજમાં બહુ માન છે, અને દરેક જૈન અભ્યાસી તેનું પઠનપાઠન કરે છે. જૂના કર્મગ્રંથ (શતક) ના કર્ત્તા **શિ**વકર્મ સ્વામી છે. છઠા કર્મગ્રંથમાં મૂળ ગાથા ૭૦ છે. તેથી તે 'સપ્તતિકા' કહેવાય છે; તેમાં ૧૯ ગાથા **દે**વેન્દ્રસૂરિએ ઉમેરી કુલ ગાથા ૮૯ કરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાખ્યાનથી પ્રલ્હાદનપુરમાં નાગપુરીય શ્રાવક આદિએ ચતુર્વિધ સંઘ પઠનાર્થે વાચનાર્થે આત્મશ્રેયાર્થે લખાવ્યાં. (પી. ૩, ૭૩), અને તેજ વર્ષમાં અનુયોગદ્વારસૂત્ર તાડપત્રપર લખાવ્યું (પી. ૩, ૩૭). સં. ૧૩૦૩ માં અણહિલપાટકે વીસલદેવ રાજ્યે મહામાત્ય શ્રી તેજપાલના સમયમાં શીલાંક આચારાંગવૃત્તિ તાડપત્ર પર લખાઈ તે ખંભાત શાં. ભં. માં છે (પી. ૧, ૪૦).

૫૮૫. આ સિવાય બીજી અનેક પ્રતિઓ તાડપત્ર ઉપર લખાઈ તેમાંની ઉપલબ્ધ થયેલી અને નિર્દિષ્ટ સંવતવાળી નીચે પ્રમાણે છે :-

સં. ૧૩૦૬ માં (જાલોરના) રાજા ઉદયસિંહરાજ્યે રામચંદ્રસૂરિકૃત નીર્ભય ભીમવ્યાયોગની (પી. ૧, ૮૧), સં. ૧૩૦૯ માં મેવાડના આઘાટ (આહાડ)માં જયતસિંહરાજ્યે પાક્ષિકવૃત્તિની (પી. ૩, ૧૩૦), ધવલક્ક (ધોલકા) માં શ્રે. સહજલના હાથથી શાંતિસૂરિ વિરચિત ધર્મરત્ન લઘુવૃત્તિની (જે. ૫૨), અને વ્યવહારસૂત્ર પર મલયગિરિકૃત ટીકાની (પી. ૧, ૧૩), સં. ૧૩૧૩માં વીસલદેવરાજ્યે તન્નિયુક્ત નાગડના મહામાત્યપણામાં મહેશ્વરસૂરિકૃત જ્ઞાનપંચમી કહાની (પા. સૂચિ નં. ૪૦ સંઘવી ભંડાર), સં. ૧૩૧૭માં મેવાડના આહાડમાં તેજસિંહ રાજ્યે સમુદ્ધરના મહામાત્યપણામાં વિજયસિંહસૂરિકૃત શ્રાવકપ્રતિક્રમણસૂત્ર ચૂર્ણિની (પી. ૫. ૨૩), સં. ૧૩૧૮માં હેમાચાર્યકૃત ત્રિ. શ. પુ. ચરિત્રના સાતમા પર્વની (પી. ૧, ૨૪), ન્યાયાવતારવૃત્તિ ટિપ્પનની (પી. ૧, ૮૧), હરિભદ્રકૃત ન્યાયપ્રવેશ ટીકા પર પાર્શ્વદેવગણિની પંજિકાની (પી. ૧, ૮૨), સં. ૧૩૨૪માં ઉજ્જયિનીમાં હેમાચાર્યકૃત ત્રિ. શ. પુ. ચરિત્રની (પી. ૧, ૩૫), સં. ૧૩૨૭માં વીજાપુરમાં શીલાંકસૂરિકૃત સૂયગડાંગવૃત્તિ નિર્યુક્તિ સહિતની (પી. ૧, ૩૮), સં. ૧૩૩૨માં ઉત્તરાધ્યયન સૂત્રની (કી. ૨, ૨), સં. ૧૩૩૪માં દેવપત્તનમાં સાત ગ્રંથો નામે ધર્મદાસકૃત ઉપદેશમાલા, મલધારી હેમસૂરિકૃત ઉપદેશમાલા-ભવભાવના સંગ્રહણી, હેમાચાર્યકૃત યોગશાસ્ત્ર, નરચંદ્રકૃત ચતુર્વિંશતિસ્તોત્ર અને મલધારી શ્રીચંદ્રસૂરિકૃત સંગ્રહણીરત્નની (પી. ૫, ૯૬), સં. ૧૩૩૬માં સારંગદેવરાજ્યે પર્યુષણ કલ્પની (પી. ૫, ૫૩), સં. ૧૩૩૮માં મુનિદેવસૂરિકૃત શાંતિનાથ ચરિત્રની (પી. ૧, ૬), સં. ૧૩૪૦માં પદ્મચંદ્રે લખેલી ધંધુકપુત્ર મહાદેવકૃત દુર્ગસિંહની કાતંત્ર ટીકા પરની શબ્દસિદ્ધિ વૃત્તિની (ભાં. ઈ.), સં. ૧૩૪૨માં ઉત્તરાધ્યયન સૂત્ર પરની સુખબોધા વૃત્તિની, સં. ૧૩૪૩માં સારંગદેવરાજ્યે તન્નિયુક્ત મહામાત્ય શ્રી મધુસૂદને સતિ તેણે નીમેલા મહં. સોમની પ્રતિપત્તિમાં વીજાપુરમાં ઉત્તરાધ્યયનસૂત્ર, તે પરની નિર્યુક્તિ, તથા તે પર શાંત્યાચાર્યની ટીકાની (પી. ૫, ૫૦), અને સં. ૧૩૪૪ માં કલ્પસૂત્ર અને કાલિકાચાર્ય કથાની (પી. ૫, ૧૧૦) પ્રતો તાડપત્ર પર લખાઈ.

૫૮૬. સં. ૧૩૦૨માં સર્વાનન્દે સંસ્કૃતમાં ચંદ્રપ્રભચરિત રચ્યું. સં. ૧૩૦૪માં (બૃ. ટિ.) નવાંગી વૃત્તિકાર અભયદેવસૂરિ *{ની પરંપરામાં થયેલા રુદ્રપલ્લીય અભયદેવસૂરિ }* શિ. દેવભદ્રસૂરિ શિષ્ય પ્રભાનન્દસૂરિએ હિતોપદેશમાલા પ્ર. અને તેમના ગુરુભાઈ પરમાનન્દસૂરિએ હિતોપદેશ-માલાવૃત્તિ-હિતોપદેશમાલા પ્રકરણ (જે. ૩૭, જે. પ્ર. ૪૧ *{સં. કીર્તિયશસૂરિ પ્ર. સન્માર્ગ પ્રકાશન }*) રચ્યું. (કે જેની તાડપત્રની સં. ૧૩૧૦ની આ વિશ્વલદેવના રાજ્યમાં નાગડના મહામાત્યપણામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લખાયેલી પ્રત જે. ભં. માં છે,) (જે. નં. ૩૦૧) ૧૩૦૫માં યશોદેવે મૂલ પ્રાકૃત ધર્મોપદેશ પ્રકરણ-બહુકથાસંગ્રહવાળું રચ્યું.

૫૮૭. સં. ૧૩૦૬માં 'વાગ્દેવતા ભાંડાગાર' કરવા માટે મધુમતિમાં દેવેન્દ્ર અને વિજયચન્દ્રસૂરિની સદ્‌દેશનાથી અનેક શ્રાવકો–ધવલક્ક દ્વીપ મધુમતિ ટિંવાણક દેવપત્તનના વાસી-શ્રાવકોએ મળી સર્વજ્ઞાગમ સૂત્ર ચૂર્ણિ નિર્યુક્તિ ભાષ્ય ટિપ્પનક ચારિત્ર પ્રકરણ આદિ વસુદેવ હિંડિ પ્રભૃતિ સમસ્ત કથા લક્ષણ સાહિત્ય તર્કાદિ સમસ્ત ગ્રંથ લખવા માટે પ્રારંભેલાં પુસ્તકોમાં પ્રવચનસારોદ્ધારવૃત્તિ તૃતીયખંડ પુસ્તક તાડપત્રપર લખાયું. (પી. સૂચિ. નં. ૬૩) સં. ૧૩૦૭માં પૌ. ચંદ્રસૂરિ-દેવ-તિલકપ્રભ-વીરપ્રભ શિષ્ય અજિતપ્રભસૂરિએ શાંતિનાથ ચરિત રચ્યું. (પી. ૫, ૧૨૧; વે. નં. ૧૭૭૮; પ્ર. જૈ. ધ. સભા સં. ૧૯૭૩ અને બિ. ઈ. {*ગુજ. ભા. પ્ર. જૈ. આ. સ.*}) આ સૂરિએ ભાવનાસાર નામનો ગ્રંથ પણ ઉક્ત ચરિતની પહેલાં રચ્યો હતો.

૫૮૮. સં. ૧૩૦૭માં ખ. જિનેશ્વરસૂરિ શિષ્ય પૂર્ણકલશે હેમચંદ્રકૃત પ્રાકૃત દ્વયાશ્રય પર વૃત્તિ રચી. (પ્ર. મુંબઈ સંસ્કૃત સીરીઝ સને ૧૯૦૦) કે જે તેમના ગુરુભાઈ લક્ષ્મીતિલકે સંશોધી. તે લક્ષ્મીતિલકે સં. ૧૩૧૧માં ૧૭ સર્ગવાળું પ્રત્યેકબુદ્ધ ચરિત્ર નામનું સંસ્કૃતમાં 'જિનલક્ષ્મી' અંકવાળું મહાકાવ્ય રચ્યું. આ ચરિતમાં કરકંડુ, દ્વિમુખ, નમિ અને નગ્ગતિ એ નામના ચાર પ્રત્યેકબુદ્ધ મહારાજર્ષિઓનાં ચરિત્ર છે. (જે. પ્ર. ૫૧), લક્ષ્મીતિલકના વિદ્યાગુરુ જિનરત્નસૂરિ હતા.

૫૮૯. આ લક્ષ્મીતિલક પાસે અભયતિલક ઉપાધ્યાયે ન્યાયશાસ્ત્રનું અધ્યયન કર્યું હતું. તે અભયતિલકે સં. ૧૩૧૨માં હેમચંદ્રના ૨૦ સંર્ગાત્મક સંસ્કૃત દ્વયાશ્રય કાવ્ય પર વૃત્તિ રચીને પાલણપુરમાં પૂર્ણ કરી. (તે દશસર્ગ સુધીની પ્રસિદ્ધ થઈ છે, અને એનું ગૂજરાતી ભાષાંતર સ્વ. મણિભાઈ નભુભાઈએ કરેલું પ્રસિદ્ધ થયું છે, ગાયકવાડ કેળવણી ખાતા તરફથી જેસ. પ્ર. ૬૦); વળી તેમણે ન્યાયાલંકાર ટિપ્પન અપરનામ પંચપ્રસ્થન્યાયતર્કવ્યાખ્યા રચી; (જેસ. પ્ર. ૩૧) તે વ્યાખ્યાના સંશોધક ઉપરોક્ત લક્ષ્મીતિલક ઉપાધ્યાય પોતાના વિદ્યાગુરુ હતા અને પોતાના દીક્ષાગુરુ જિનેશ્વરસૂરિ હતા. અક્ષપાદનું ન્યાયતર્ક સૂત્ર, તે પર વાત્સ્યાયનનું ભાષ્ય, ભારદ્વાજનું વાર્ત્તિક, વાચસ્પતિની તાત્પર્ય ટીકા, ઉદયનની તે તાત્પર્ય ટીકા પર-તત્પરિશુદ્ધિ-ન્યાયતાત્પર્યપરિશુદ્ધિ અને તે ઉપર શ્રીકંઠની ન્યાયાલંકારવૃત્તિ અને તે કંઠવૃત્તિપર આ અભયતિલકે પંચપ્રસ્થન્યાયતર્ક નામની વ્યાખ્યા રચી. {*ન્યાયાલંકાર પ્ર. ગા. ઓ. સિ.*}

૫૯૦. સં. ૧૩૧૨માં ખ. જિનેશ્વરસૂરિશિષ્ય ચન્દ્રતિલક ઉપાધ્યાયે ૯૦૩૬ શ્લોક પ્રમાણ અભયકુમાર ચરિત વાગ્ભટ્ટમેરૂ (બાહડમેર)માં શરૂ કરીને દિવાળીને દિને વીશલદેવના રાજ્યમાં ખંભાતમાં રચી પૂર્ણ કર્યું. તે ઉપરોક્ત લક્ષ્મીતિલકે તેમજ અભયતિલકે સંશોધિત કર્યું. (પ્ર. હી. હં; જે. ૪ {*જૈ.આ.સ.*}) તેમાં કર્ત્તા પોતાના વિદ્યાગુરુઓનાં નામ જણાવે છે કે તપસ્વી નેમિચંદ્ર ગણીએ તેને સામાયિક શ્રુતાદિ ભણાવી પાળ્યો, સિદ્ધસેન મુનિએ 'પ્રભાણિ' શીખવ્યાં, જિનચંદ્રસૂરિના મોટા શિષ્ય અને વાચનાચાર્ય ગુણભદ્રસૂરિએ 'પંચિકા' ભણાવી, (જિનપતિસૂરિના શિષ્ય) સુરપ્રભ કે જેણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તંભતીર્થમાં પોતાના જલ્પ-વાણીને દિગંબરવાદિ યમદંડને જીત્યો હતો અને જેણે બ્રહ્મકલ્પ કવિતામા રચ્યો હતો. તેણે 'વિદ્યાનંદ' (નામનું વ્યાકરણ) ભણાવ્યું, ત્રૈવિદ્ય એવા વિજયદેવસૂરિએ પ્રમાણસાહિત્ય શીખવ્યું, જિનપાલ ઉપાધ્યાયે નંદ્યાદિ મૂલાગમની અંગવાચના આપી. આ ગ્રંથલેખનની પ્રશસ્તિ જિનેશ્વરસૂરિના શિષ્ય કુમાર કવિએ રચી (પ્ર. વીજાપુર વૃત્તાંત). આ રીતે ખ. જિનેશ્વરસૂરિના શિષ્યો ઉપરોક્ત પૂર્ણકલશ, લક્ષ્મીતિલક, અભયતિલક અને ચંદ્રતિલક બધા સમર્થ વિદ્વાનો હતા, ને બીજા શિષ્યો નામે જિનપ્રબોધસૂરિ-જિનરત્નસૂરિ, દેવમૂર્તિ ઉ., વિવેકસમુદ્ર ગણિ, સર્વરાજગણિ આદિ અનેક વિદ્વાન ગ્રંથકારો હતા.

૫૯૧. આ સમય લગભગ વિદ્યાનંદસૂરિ કે જે મૂલ ઉજ્જયિનિના જિનચંદ્રના પુત્ર વીરધવળ હતા ને જેમણે લગ્ન ન કરતાં તપા દેવેંદ્રસૂરિ પાસે પોતાના બંધુ સહિત સં. ૧૩૦૨માં દીક્ષા લીધી તેમણે 'વિદ્યાનંદ' નામનું નવું વ્યાકરણ બનાવ્યું. (ગુર્વાવલી શ્લો. ૧૫૨-૧૭૨).

૫૯૨. સં. ૧૩૧૩માં ઉપરોક્ત ખ. જિનેશ્વરસૂરિએ (સૂરિપદ સં. ૧૨૭૮ સ્વ. ૧૩૩૧) શ્રાવકધર્મવિધિ સંસ્કૃતમાં પાલણપુરમાં રચી (જે સ. પ્ર. ૩૬) અને તેના પર બૃહદ્ વૃત્તિ સં. ૧૩૧૭માં પોતે જાવાલીપુરમાં (જાલોરમાં) રચી સંભળાય છે. જ્યારે તેમના શિષ્ય ઉપરોક્ત લક્ષ્મીતિલકે પણ વૃત્તિ રચી (કાં. વડો. નં. ૨૧૪). સં. ૧૩૧૯માં વાદિદેવસૂરિના શિષ્ય રામચંદ્રસૂરિના શિષ્ય જયમંગલસૂરિએ સૂંધા પહાડ પરના ચાચિગદેવના લેખની પ્રશસ્તિ રચી (એ. ઈ. સને ૧૯૦૭, જૈન સાહિત્ય સંમેલન વિવરણ) તેમણે કવિશિક્ષા રચી (પી. ૧, ૮૦) આ ચાચિગદેવે ૧૩૨૦માં કરહેડા ગામના પાર્શ્વનાથની પૂજા અર્થે દાનલેખ કરી આપ્યો હતો.[૪૧૫]

૫૯૩. (વરકર શિખિકર મિતે) સં. ૧૩૨(૦)૧માં (ખ. જિનપતિસૂરિ-જિનેશ્વરસૂરિ શિષ્ય) પ્રબોધચંદ્ર ગણિએ સંદેહદોલાવલી પર બૃહદ્ વૃત્તિ રચી. (પ્ર. જૈતારણ નિવાસી શેઠ છગનલાલ હીરાચંદાદિ સંઘેન નં. ૧૯૭૫) તે કર્ત્તા પોતે લક્ષણ અને સાહિત્ય પદ્મદેવ ગણિ પાસેથી, કાતંત્રપંજિકા જિનચંદ્રસૂરિ શિષ્ય ગુણભદ્ર વાચનાચાર્ય પાસેથી, તર્કશાસ્ત્ર વિજયદેવસૂરિ પાસેથી અને આગમ જિનપાલ ઉપાધ્યાય પાસેથી શીખ્યા હતા. આ વૃત્તિ ઉપરોક્ત લક્ષ્મીતિલક ઉ., જિનરત્ન, અને ચંદ્રતિલક ઉ. એ શોધી હતી (લીં; કાં. વડો. નં. ૨૫૦).

૫૯૪. સં. ૧૩૨૨માં ખ. જિનેશ્વરસૂરિ શિ. ધર્મતિલકે ઉલ્લાસિક સ્મરણટીકા-અજિતશાંતિ જિન સ્તવ ટીકા (કે જે મૂળ સ્તવન જિનવલ્લભસૂરિકૃત છે) રચી ને તેને ઉપરોક્ત લક્ષ્મીતિલક ઉપાધ્યાયે શોધી (વેબર નં. ૧૯૬૫, વિવેક. ઉદે; કાં. છાણી.) આ વર્ષમાં વાદિદેવસૂરિ વંશે મદનચંદ્રસૂરિ શિષ્ય મુનિદેવસૂરિએ[૪૧૬] સંસ્કૃતમાં શાન્તિનાથ ચરિત્ર રચ્યું.[૪૧૭] (જેસ. પ્ર. ૫૨; પી. ૧, ૪; બુહ, ૩, નં;

૪૧૫. શિલાલેખ નં. ૩૩૦ પ્રાચીન જૈનલેખ સંગ્રહ ભાગ ૨. જિન વિજયજી સંપાદિત.

૪૧૬. આ મુનિદેવસૂરિએ પ્રદ્યુમ્નસૂરિની પ્રવ્રજ્યાવિધાન વૃત્તિનો પ્રથમાદર્શ લખ્યો હતો (બુહ. ૩ નં. ૧૦૭)

૪૧૭. આ ચરિત્રમાં હેમાચાર્યના ગુરુ દેવચન્દ્રસૂરિકૃત બૃહત્ પ્રાકૃત શાંતિનાથ ચરિત્રને સંક્ષેપી આ રચ્યું છે એમ કર્તાએ જણાવ્યું છે. તેની સં. ૧૩૩૮ ની પ્રત ખં. શાં. ભં. માં છે. પી. ૧ ૬. આ ચરિત્ર પરથી સં. ૧૪૧૦ માં મુનિચંદ્રસૂરિએ નવું શાંતિનાથ ચરિત્ર રચ્યું હતું. (પ્ર. યશો. ગ્રં.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૭૪ {*પ્ર. ય. જૈ. ગ્રં.*}) આ ચરિતના સંશોધક પ્રસિદ્ધ **પ્રદ્યુમ્નસૂરિ** હતા. તે **મુનિદેવસૂરિએ** (કૃષ્ણર્ષિ શિષ્ય જયસિંહસૂરિકૃત) **ધર્મોપદેશમાલા**પર વૃત્તિ રચેલ છે, કે જે પણ ઉક્ત **પ્રદ્યુમ્નસૂરિએ** સંશોધી છે (પુના રાજવિજયમુનિ ભં.) સં. ૧૩૨૨ માં જ **યશોદેવસૂરિ** શિષ્ય **વિબુધચંદ્રસૂરિ**ના શિષ્ય **સિંહતિલકસૂરિએ લીલાવતી** નામની વૃત્તિ સહિત **મંત્રરાજરહસ્ય** નામનો મંત્રનો ગ્રંથ રચ્યો, (જે. ૫૮, જે. પ્ર. ૬૬ {*મૂળ ગ્રંથ સૂરિમન્ત્ર કલ્પસમુચ્ચયમાં પ્રકાશિત*}) તે ઉપરાંત **વર્ધમાનવિદ્યા** કલ્પ, ગણિતતિલકવૃત્તિ, તથા સં. ૧૩૨૬માં (રસયુગ ગુણીંદુ) **પદ્મપ્રભસૂરિકૃત ભુવનદીપક**પર વૃત્તિ (ચુનીજી ભં. કાશી) રચેલ છે. સં. ૧૩૨૪માં **કાસદ્રહ** ગચ્છના (ઉદ્યોતનસૂરિ-**સિંહસૂરિ** શિ.) **નરચંદ્ર** ઉપાધ્યાયે **પ્રશ્નશતક** ગ્રંથ (કી ૨, નં. ૩૮૮) રચ્યો, અને **જન્મ સમુદ્ર** સટીક (ત્રિનયના દ્યોષેત્રવર્ષતયા ?) રચ્યો (કાં. છાણી).

૫૯૫. આ સમયમાં ચંદ્રગચ્છના [**ચંદ્રપ્રભ-ધનેશ્વર-શાંતિસૂરિ-દેવભદ્ર-**[૪૧૮] **દેવાનંદ** (શબ્દાનુશાસનના કર્તા)-તેમના ત્રણ શિષ્ય **રત્નપ્રભ, પરમાનન્દ** અને **કનકપ્રભ** પૈકી કનકપ્રભના શિષ્ય] **પ્રદ્યુમ્નસૂરિ** થયા, તેમણે **હરિભદ્રસૂરિ**ની પ્રાકૃત **સમરાઇચ્ચ** કહાનો સંક્ષેપ કરી સંસ્કૃતમાં **સમરાદિત્યસંક્ષેપ** સં. ૧૩૨૪માં રચ્યો (પ્ર. જૈનજ્ઞાન પ્રચારકમંડલ ડા. **યાકોબી** સંશોધિત) તે પ્રદ્યુમ્નસૂરિના જ્યેષ્ઠ ગુરુભ્રાતા **જયસિંહ** અને નાના ગુરુભાઇ **બાલચંદ્ર** હતા. ત્યાર પછી તે પ્રદ્યુમ્નસૂરિએ સં. ૧૩૩૮માં **પ્રવ્રજ્યાવિધાન-મૂલશુદ્ધિ** પ્રકરણ પોતાના સંસારી પક્ષના ભાઈ **ધંધ**ના કહેવાથી રચી (પી. ૧, ૬૪; બુહ્. ૩, નં. ૧૦૭ પા. સૂચિ નં. ૫૭) અને તેનો પ્રથમાદર્શ ઉપરોક્ત **મુનિદેવસૂરિએ** લખ્યો હતો. આ સૂરિએ **ઉદયપ્રભ, દેવેન્દ્ર, ધર્મકુમાર, પ્રભાચન્દ્ર, બાલચંદ્ર, માનતુંગ, મુનિદેવ, રત્નપ્રભ, વિનયચંદ્ર** આદિ કવિઓનાં કાવ્યો-કૃતિઓ સંશોધેલ છે.

૫૯૬. સં. ૧૩૨૫માં સૈદ્ધાન્તિક **મુનિચંદ્રસૂરિ**ના બૃ. ત. **રત્નસૂહિસૂરિ**-શિષ્ય **વિનયચંદ્રસૂરિએ કલ્પનિર્યુક્ત-દીપાલિકા કલ્પ** (બુહ્. ૬, ૭૨૨; કી. ૨, નં. ૩૧૧, પી. ૩, ૩૦૪) રચ્યો. પરમાનંદસૂરિ શિષ્ય **રત્નપ્રભસૂરિએ** મૂળ દાક્ષિણ્યચિન્હસૂરિની પ્રાકૃત **કુવલયમાળા** કથામાંથી સંસ્કૃતમાં ચાર ભાગમાં તે કથા રચી (વિવેક, ઉદે.; પ્ર. આ. સભા) કે જે ઉક્ત **પ્રદ્યુમ્નસૂરિએ** સંશોધી. સં. ૧૩૨૮માં **કાતંત્ર** વ્યાકરણ પર **દુર્ગપદ પ્રબોધ** નામની ટીકા ખ. **પ્રબોધમૂર્ત્તિ** (પાછળથી **જિનપ્રબોધ** સૂરિ) એ રચી. (જે. પ્ર; ૫૭) સં. ૧૩૨૯માં ઉક્ત જયમંગલસૂરિના શિષ્ય **સોમચંદ્રે વૃત્તરત્નાકર** નામના છંદના ગ્રંથપર ટીકા લખી–રચી હતી.

૫૯૭. ત. **દેવેન્દ્રસૂરિ** સં. ૧૩૨૭માં સ્વર્ગસ્થ થયા. તેમના શિષ્ય અને **વિદ્યાનંદ**ના ભાઈ **ધર્મકીર્ત્તિ** અને પછીથી થયેલ **ધર્મઘોષસૂરિએ સંઘાચારભાષ્ય-ચૈત્યવંદનભાષ્ય** વિવરણ રચ્યું (પી. ૩, ૩૧૨; કાં. વડો; પી. ૧, ૧૪ {*પ્ર. ઋ. કે. ગુ. ભા. રાજપદ્મ વિ. પ્ર.શ્રુતજ્ઞાનસંસ્કારપીઠ*}) તે ઉપરાંત **કાલસપ્તતિ**-સાવચૂરિ એટલે **કાલસ્વરૂપવિચાર** (વેબર નં. ૧૯૭૫ પી. ૪, ૮૨; કાં. વડો. {*પ્ર. જૈ. આ. સ.*})

---

૪૧૮. **श्रीदेवानन्दसूरिभ्यो नमस्तेभ्यः प्रकाशितं । सिद्धसारस्वताख्यं यै र्निजं शब्दानुशासनं ॥**
–મુનિદેવકૃત શાંતિનાથ ચરિત્ર સં. ૧૩૨૨ પી. ૧, ૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા ૧૪૨ કારિકામાં પ્રાકૃતમાં **શ્રાદ્ધ** જિતકલ્પ (ભાં. ૫, નં. ૧૨૩૨. કાં. વડો. નં. ૬૦ {*સં. લાભસાગર પ્ર. આગમોદ્ધારક ગ્રં.*}), **ચ**તુર્વિંશતિ જિનસ્તુતિ (વે. નં. ૧૮૦૫), પ્રા. માં દુઃષમ કાલસંઘ સ્તોત્ર (કાં. વડો. નં. ૧૦૫) ની રચના કરી; તે **ધર્મ**ઘોષસૂરિ સં. ૧૩૫૭માં સ્વર્ગસ્થ થયા. તેઓ પ્રબળ મંત્રશાસ્ત્રી હતા. **પે**થડ મંત્રીના તે ગુરુ હતા. ઉક્ત ધર્મઘોષસૂરિના શિષ્ય **સો**મપ્રભસૂરિએ ૨૮ યમક સ્તુતિઓ (પી. ૩, ૩૧૨) તથા **ય**તિજિતકલ્પ {*પ્ર. આગમોદ્ધારક ગ્રં.*} વગેરે અનેક પ્રકરણોની રચના કરી; {*શૃંગાર વૈરાગ્ય તરંગિણી -સોમપ્રભાચાર્ય -સં. અશોક મુનિ હિંદી સાથે પ્ર. પાર્શ્વનાથ વિદ્યાપીઠ*} તેમણે ચિત્રકૂટ (ચિત્તોડ)માં બ્રાહ્મણોની સભામાં જય મેળવ્યો હતો. એ અપૂર્વ સાહિત્યશાસ્ત્રી હતા. જૈન-આગમોના પણ એ અગાધ અભ્યાસી હતા. **ભી**મપલ્લીનો થનારો ભંગ, સૌથી પહેલાં જ્ઞાનાતિશયથી એમણે જાણ્યો હતો.

(જુઓ કલ્યાણવિજય મુનિનો લેખ **'જૈનયુગ'** ભાદ્રપદથી-કાર્તક સં. ૧૯૮૫-૮૬ નામે 'જૈનતીર્થ ભીમપપલ્લી અને રામસૈન્ય')

૫૯૮. વૃદ્ધતપાગચ્છ સ્થાપક **વિ**જયચંદ્રસૂરિ થયા તેમના ત્રણ શિષ્યો-આચાર્યો નામે **વ**જસેન, **પ**દ્મચંદ્ર અને **ક્ષે**મકીર્ત્તિ થયા તે પૈકી ક્ષેમકીર્ત્તિએ સં. ૧૩૩૨ માં **ભ**દ્રબાહુકૃત (બૃહત્) કલ્પસૂત્ર પર તે પરના ભાષ્ય અને ચૂર્ણિને ધ્યાનમાં રાખી વિશેષ વિવરણ કરવા માટે વિવૃત્તિ-વૃત્તિ રચી કે જેનો પ્રથમાદર્શ **ન**યપ્રભ આદિ મુનિઓએ લખ્યો (પી. ૫. ૧૦૧; લીં. {*સં. મુનિ પુણ્ય વિ. પ્ર. જૈ.આ.સ. ભા. ૧ થી ૬*}) અને **મા**નતુંગાચાર્યે સં. માં. **શ્રે**યાંસચરિત રચ્યું. {*પ્ર. લ. જૈ. ગ્રં. ગુ. ભાષા. જૈ.આ.સં.*} સં. ૧૩૩૪માં **ના**ગેંદ્રકુલના **હે**મપ્રભ-**ધ**ર્મઘોષ-**સો**મપ્રભ-**વિ**બુધપ્રભના શિષ્ય **ધ**ર્મકુમારે, સાત પ્રસ્તાવમાં **શા**લિભદ્રચરિત રચ્યું કે જેમાં ઉક્ત **પ્ર**દ્યુમ્નસૂરિએ અને **પ્ર**ભાચંદ્રગણિએ સંશોધન લેખનાદિમાં સહાય આપી (વે. નં. ૧૭૭૯ {*મુનિચંદ્ર વિ.ની સંસ્કૃત ટીકા અને ગુ. અનુ. સાથે પ્ર. મનફરા સંઘ*}) તથા ખ. **જિ**નેશ્વરસૂરિ શિષ્ય **વિ**વેકસાગરે **પુ**ણ્યસાર કથાનક જેસલમેરમાં રચ્યું કે જે ઉક્ત **જિ**નપ્રબોધસૂરિએ શોધ્યું-તેમાં સાધર્મિક વાત્સલ્યના ફલ રૂપે પુણ્યસારની કથા છે. (જેસ. પ્ર. ૫૩; કાં. વડો.) **વિ**વેકસાગરે **સ**મ્યક્ત્વાલંકાર (જે. ૮; જે. પ્ર. ૩૭) નામનો પણ ગ્રંથ રચ્યો છે.

૫૯૯. આજ વર્ષ એટલે સં. ૧૩૩૪માં રાજગચ્છીય **ધ**નેશ્વરસૂરિ-**અ**જિતસિંહ-**શા**લિભદ્ર-**શ્રી**ચંદ્ર-**જિ**નેશ્વરાદિ-**પૂ**ર્ણભદ્ર-**ચં**દ્રપ્રભસૂરિ શિષ્ય **પ્ર**ભાચન્દ્રસૂરિએ **પ્ર**ભાવકચરિત સંસ્કૃત કાવ્યમાં રચ્યું (પ્ર. નિર્ણયસાગર પ્રેસ. સન ૧૯૦૯; {*સિંઘી ગ્રં.*} વે. નં. ૧૭૫૫ {*ગૂ. ભા. પ્ર. ઉંકારસૂરિજ્ઞાન મંદિર*}) કે જેમાં જૈનોના પ્રભાવક-મહાન્ પુરુષોનાં પ્રબંધો-ચરિત્રો છે. તેમાં **વ**જ્ર, **આ**ર્યરક્ષિત, **આ**ર્યનન્દિલ, **કા**લકાચાર્ય, **પા**દલિપ્ત, **વિ**જયસિંહ, **જી**વસૂરિ, **વૃ**દ્ધવાદિ, **હ**રિભદ્રસૂરિ, **મ**લ્લવાદિ, **બ**પ્પભટ્ટિ, **મા**નતુંગ, **મા**નદેવ, **સિ**દ્ધર્ષિ, **વી**રસૂરિ, **શા**ન્તિસૂરિ, **મ**હેન્દ્રસૂરિ, **સૂ**રાચાર્ય, **અ**ભયદેવ, **વી**રસૂરિ (બીજા), **દે**વસૂરિ તથા **હે**મચંદ્રસૂરિ ઉપર 'પ્રબંધો'-ચરિત્રો છે. આ ચરિત્ર અનેક ઐતિહાસિક વિગતો પૂરી પાડે છે. તેથી તે ઘણો કિંમતી ગ્રંથ છે. તે પણ ઉક્ત **પ્ર**દ્યુમ્નસૂરિએ સંશોધ્યો.

૬૦૦. સં. ૧૩૩૭માં **મા**લચંદ્રે **વિ**ષયવિનિગ્રહ કુલકપર વૃત્તિ રચી. (બૃ. ટિ.) સં. ૧૩૩૮માં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માણિક્યસૂરિએ શકુનસારોદ્ધાર ગ્રંથ રચ્યો. (મોટી ટોળી ભં. પાલીતાણા; સાગર ભં. પાટણ; પ્ર. હી.હં.)

૬૦૧. સં. ૧૩૪૯ (શક ૧૨૧૪)માં નાગેન્દ્રગચ્છના વિજયસેન શિષ્ય અને ધર્માભ્યુદય કાવ્યના કર્ત્તા {*મધુસૂદન ઢાંકીના મતે નાગેન્દ્ર ગચ્છીય ધનેશ્વરસૂરિ-વિજયસિંહસૂરિ-વર્ધમાસૂરિ (બીજા) વાસુપૂજ્ય ચરિતકારના શિષ્ય (પારા ૪૯૯) 'સામીપ્ય' એપ્રિલ-સપ્ટે. ૧૯૯૮*} ઉદયપ્રભસૂરિના શિષ્ય મલ્લિષેણસૂરિએ સ્યાદ્વાદમંજરી રચી. મૂલ શ્રી હેમચંદ્રાચાર્યે ૩૨ સંસ્કૃત શ્લોકની બે વર્ધમાન સ્તુતિ રચી છે કે જે પૈકી એકને અન્યયોગવ્યવચ્છેદિકા દ્વાત્રિંશિકા કહેવામાં આવે છે-તેમાં અન્ય યોગ એટલે દર્શનોનું નિરસન છે અને બીજી અયોગવ્યવચ્છેદિકા કહેવાય છે તેમાં આર્હતમતનું પ્રતિપાદન છે. મલ્લિષેણે પહેલી બત્રીશી લઈ તે પર ટીકા રચી અને તેમાં સ્યાદ્વાદ-જૈન દર્શનનું સ્વરૂપ સુન્દર રીતે બતાવ્યું ને તેનું નામ 'સ્યાદ્વાદ મંજરી' રાખ્યું. આમાં નીચેના ખ. જિનપ્રભસૂરિએ સહાય આપી છે. (પી. ૪, ૧૨૫; વે. નં. ૧૬૯૯; પ્ર. હિંદી અનુવાદ સહિત પરમશ્રુત પ્રભાવકમંડલ, ગૂ. અનુવાદસહિત ભીમશી માણેક, {*અજિતશેખર વિ. ના ગૂ. અનુ. સાથે પ્ર. દિ. દ.*} મૂલ આર્હત મત પ્રભાકર પુના, અને ચોખંભા ગ્રંથમાલા સને ૧૯૦૦ કાશી.) તે ગ્રંથ 'મલ્લિષેણે અનેક બ્રાહ્મણ દર્શનોના ગ્રન્થો અવલોકીને લખ્યો છે. ગ્રન્થ બુદ્ધિવૈભવથી અંકિત છે.' (પ્રો. આનંદશંકર).

૬૦૨. જિનપ્રભસૂરિ-લઘુ ખરતરગચ્છ પ્રવર્ત્તક જિનસિંહસૂરિના શિષ્ય ઉક્ત જિનપ્રભસૂરિ એક અસાધારણ પ્રતિભાવાન અનેક ગ્રંથના કર્ત્તા હતા. તેમણે સં. ૧૩૨૭માં શરૂ કરીને ૧૩૮૯માં વિવિધતીર્થકલ્પ-કલ્પપ્રદીપ પૂર્ણ કર્યો. (બુહ્. ૩ નં. ૯૭; પી. ૪, ૯૧ પ્ર. બિબ્લિ. ઈ. કલકત્તા {*પ્ર. સીંઘી ગ્રં. રત્નત્રય વિ. નો ગુ. અનુ. પ્ર. રંજન વિ. લાયબ્રેરી*}) તેમાં કુલ ૫૮ કલ્પો છેઃ- તે તીર્થોની જુદે જુદે સમયે પોતે યાત્રા કરી છે અને તેના કલ્પો રચ્યા છે; જેમ કે અપાપા બૃહત્કલ્પ સં. ૧૩૨૭માં દેવગિરિ (હાલના દોલતાબાદ)માં રચ્યો. શત્રુંજય કલ્પ સં. ૧૩૮૪માં, ચેલ્લણા પાર્શ્વનાથ કલ્પ સં. ૧૩૮૬માં અને આખો ગ્રંથ સં. ૧૩૮૯માં પૂરો કર્યો. તે કલ્પોની યાદી ખાસ ઉલ્લેખવા યોગ્ય છેઃ- શત્રુંજય, ઉજ્જયંત-રૈવતક પર કલ્પ, ઉજ્જયંત સ્તવ, અંબિકા દેવી, કપર્દીયક્ષ, પાર્શ્વનાથ, અહિચ્છત્રા, અર્બુદ, મથુરા, અશ્વાવબોધ, વૈભારગિરિ, કૌશાંબી, અયોધ્યા, અપાપા, કલિકુંડેશ્વર, હસ્તિનાપુર, સત્યપુર, અષ્ટાપદ, મિથિલા, રત્નપુર-એ સર્વપર કલ્પો, અપાપા બૃહત્કલ્પદીપોત્સવ કલ્પ, (વે. નં. ૧૭૩૫-૩૬) શ્રી કાત્યાયનીય મહાવીર કલ્યાણપુર, પ્રતિષ્ઠાનપત્તન, નંદીશ્વર, કાંપીલ્યપુર, અરિષ્ટનેમિ, શંખપુર, નાસિકપુર, હરિકંખી નગરની વસતીના પાર્શ્વનાથ, કપર્દિયક્ષ, શુદ્ધદંતી પાર્શ્વનાથ, અભિનંદન, પ્રતિષ્ઠાનપત્તન (શાતવાહન રાજાની ઉત્પત્તિ), ચંપાપુર, પાટલીપુત્ર, શ્રાવસ્તી, વારાણસી, મહાવીર ગણધર, કોકાપાર્શ્વનાથ, કોટિશિલા, વસ્તુપાલ-તેજપાલ, ચેલ્લણાપાર્શ્વનાથ, તીર્થ નામધેય સંગ્રહ, સમવસરણરચના, કુંડગેશ્વર, યુગાદિદેવ, વ્યાઘ્રી, અષ્ટાપદ પર કલ્પો, હસ્તિનાપુરસ્તવન, કાત્યાયનીય મહાવીર, આરામકુંડ પદ્માવતી દેવી, માણિકયદેવ, અંતરિક્ષ પાર્શ્વનાથ, સ્તંભનકલ્પ શિલોંછ, કલિકુંડ, કુકડેશ્વર, ફલવર્દ્ધિ પાર્શ્વનાથ, કોહંડીયદેવ, અંબિયદેવી-કલ્પો. (પત્ર ૩૫ નં. ૧૪૩ સન ૧૮૭૩-૭૪, નં. ૯૭ સન ૧૮૭૨-૭૩ ભાં. ઈ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૦૩. આ કલ્પો અનેક ઐતિહાસિક હકીકતો પૂરી પાડે છે, અને તેમાંની કોઈ કોઈ તો પોતાના સમયમાં બનેલી અને કોઇએ નહિં નોંધેલી એવી ઘટનાઓ મળે છે. તેમણે શત્રુંજય, ગિરનાર, ફલોધી વગેરે તીર્થોને મુસલમાની રાજ્યકાલમાં નિર્ભય બનાવ્યાં હતાં.

૬૦૪. તે સૂરિનો પ્રતિદિન નવું સ્તવન રચવાનો નિયમ હતો અને નિરવદ્ય આહારગ્રહણનો અભિગ્રહ (પ્રતિજ્ઞાવિશેષ) હતો. તેમણે યમક-શ્લેષ-ચિત્ર-છંદોવિશેષ નવ નવ જાતનાં સાતસો સ્તવન તપાગચ્છના **સો**મતિલકસૂરિ માટે બનાવ્યા સંભળાય છે. {*માટે બનાવ્યાની વાત બરાબર નથી. સિદ્ધાન્તાગમસ્તવની અવચૂરિના પ્રારંભમાં જણાવ્યા મુજબ તપગચ્છનો અભ્યુદય પદ્માવતી દેવી પાસેથી જાણી આ. સોમતિલકસૂરિને ભેટ કર્યા.*} (કાવ્યમાલા ગુચ્છક ૭ પૃ. ૮૬) તે પૈકી **ગૌ**તમસ્તોત્ર (વે. નં. ૧૮૦૪), ૨૪ **જિ**નસ્તુતિ, **જિ**નરાજસ્તવ પ્રા., **દ્વિ**અક્ષરનેમિસ્તવ, **પંચ**પરમેષ્ઠિસ્તવ, **પા**ર્શ્વસ્તવ, **વી**રસ્તવ, **શા**રદાસ્તોત્ર, **સ**ર્વજ્ઞભક્તિસ્તવ, **સિ**દ્ધાન્તસ્તવ આદિ ઉપલબ્ધ છે. વળી સં. ૧૩૫૨ માં કાયસ્થ **ખે**તલની અભ્યર્થનાથી **કા**તંત્ર વ્યાકરણ પર **વિ**ભ્રમટીકા ૨૬૧ શ્લોકપ્રમાણની **યો**ગિનીપુર (દિલ્હી)માં રચી (જેસ. પ્ર. ૫૮). સં. ૧૩૫૬ માં **દ્વ્યા**શ્રય મહાકાવ્ય (શ્રેણિકચરિત) બનાવ્યું. સં. ૧૩૬૩માં વિજયાદશમીને દિને **કો**સલાનગરમાં **વિ**ધિપ્રપા નામનો સમાચારી ગ્રંથ રચ્યો, કે જેનો પ્રથમાદર્શ તેમના શિષ્ય વાચનાચાર્ય ઉદયાકરે લખ્યો (પી. ૪, ૧૧૪ વેબર નં. ૧૯૪૪ {*પ્ર. સિંધી, હિન્દી પ્રા. ભા.*}) અને જેમાંથી અનેક શાસ્ત્રીય હકીકતો મળી આવે છે. સં. ૧૩૬૪ માં અયોધ્યામાં **સં**દેહ વિષૌષધિ નામની કલ્પસૂત્ર પર વૃત્તિ (વેબર નં. ૧૮૮૭) રચી છે કે જે અપ્રસિદ્ધ છે. પણ અતિ મહત્ત્વની છે. કારણ કે તેનો આધાર ત્યારપછીના સર્વ વૃત્તિકારોએ લીધો છે; અને તે વર્ષમાં **સા**ધુ પ્રતિક્રમણસૂત્ર વૃત્તિ રચી છે. સં. ૧૩૬૫માં દશરથપુરિ અયોધ્યામાં [૪૧૯]**અ**જિતશાંતિસ્તવ પર વૃત્તિ અને ઉપસર્ગહર સ્તોત્ર પર વૃત્તિ (વિવેક. ઉદે.), **મા**નતુંગકૃત ભયહર સ્તોત્ર પર સં. ૧૩૬૫ માં સાકેતપુરમાં વૃત્તિ (પી. ૧, ૫૨, વેબર, નં. ૧૯૬૫), (સપ્તસ્મરણ ?) પર વૃત્તિઓ રચી. અનેક પ્રબંધ-અનુયોગ ચતુષ્કોપેત ગાથા, **ધ**ર્માધર્મ પ્રકરણ પ્રા. (પી. ૫, ૧૧૧), **આ**વશ્યકસૂત્રાવચૂરિ (ષડાવશ્યક ટીકા), **ચ**તુર્વિધભાવનાકુલક, **ત**પોમતકુટ્ટન, **સૂ**રિમંત્રપ્રદેશ વિવરણાદિ ગ્રંથ રચ્યા છે. સં. ૧૩૮૦માં **પા**દલિપ્તસૂરિકૃત સ્વર્ણસિદ્ધિ ગર્ભમહાવીર જિનસ્તવ પર અવચૂરિ (બુહ. ૨, નં. ૩૨૬) રચી. આ સૂરિએ વાઘેલા વંશનો અંત-ગૂજરાતનું મુસલમાનોના હાથમાં જવું-દિલ્હીમાં મુસલમાનોનું

૪૧૯. અજિતશાન્તિ સ્તવના કર્ત્તા નંદિષેણ ઘણા પ્રાચીન છે. દંતકથા તો તેમને ખુદ શ્રીમહાવીરના શિષ્ય માને છે ! તેમાં ૩૭ થી ૪૦ છંદ છે ને તે સ્તવ અજિતનાથ અને શાંતિનાથ એ બંને જિન તીર્થંકરને લાગુ પડે છે. તેમાં અપરાન્તિકા, આલિંગનક, કિસલયમાલા, કુસુમલતા, ક્ષિપ્રક, ખિદ્યતક, ગાથા, ચિત્રલેખા, ચિત્રાક્ષરા, દીપક, નન્દિતક, નારાચક, ભાસુરક, ભુંજગપરિરિંગિત, માગધિકા, રત્નમાલા, રાસાનન્દિતક, નારાચક, ભાસુરક, ભુજંગપરિરિંગિત, માગધિકા, રત્નમાલા, રાસાનન્દિતક, રાસ લુબ્ધક, લલિતક, વાનવાસિકા, વિદ્યુદ્વિલસિત, વેષ્ટક, શ્લોક, સંગતક, સુમુખ અને સોપાનક એ નામના છંદો વપરાયા છે. આ પૈકી કેટલાક હેમચંદ્રકૃત છંદોનુશાસનમાં નથી તેથી તેમને પ્રાકૃતમાં લખેલા કવિદર્પણ નામના બીજા જૂના છંદગ્રંથનો આધાર લઇ જિનપ્રભે સમજાવ્યા છે ને બીજા છંદોને સમજાવવા હેમચંદ્ર કૃત છંદચૂડામણિનો ઉપયોગ કર્યો છે. આથી ટીકા અતિ ઉપયોગી છે. તેનું બીજું નામ બોધદીપિકા છે. (પી. ૩, ૩૩૦; પી. ૪, ૬૭; વે. નં. ૧૭૯૩-૯૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજ્ય એ સર્વે પોતાની જીન્દગીમાં જોયું છે, અને તેથી તેનો ટુંક સામટો પરિચય અત્ર કર્યો છે. તેમણે દિલ્લીમાં સાહિ મહમ્મદને પ્રતિબોધ્યો હતો.[૪૨૦] તેમની પાસેથી ન્યાયકંદલી શીખીને સં. ૧૪૦૫ માં પ્રબંધકોષકર્તા રાજશેખરે ન્યાયકંદલીવિવૃત્તિ રચી (પી. ૩, ૨૭૩) અને તેઓ (૧૪૨૨માં સમ્યક્ત્વ સપ્તતિકા {*પ્ર. જિ. આ. ટ્ર.*} રચનાર) સંઘતિલકસૂરિના પણ વિદ્યાગુરુ હતા. (જે. પ્ર. ૫૮)

૬૦૫. 'એમ કહેવામાં આવે છે કે ગૂજરાતમાં પહેલવહેલાં કાગળોનો પ્રવેશ કુમારપાલના સમયમાં થયો; પરંતુ તેના એટલે ૧૩મા સૈકામાં લખાયેલાં કાગળ ઉપરનાં પુસ્તકો પાટણના ભંડારોમાં નથી. માત્ર એક બે તે સમયના જોવામાં આવે છે, પણ તેની લિપિ ઉપરથી તેનો સમય ખોટો લાગે છે. જો કે સં. ૧૩૨૯નું એક પુસ્તક જોવામાં આવે છે છતાં ભંડારોમાં જૂનામાં જૂનાં પુસ્તકો સં. ૧૩૫૬-૫૭માં લખાયેલાંની નકલ કરાયેલાં છે. આવાં કાગળ ઉપરનાં પુસ્તકોમાં સોનેરી રંગથી ચિત્રો ચીતરવામાં આવતાં અને તેવાં ચિત્રવાળાં પુસ્તકોની સંખ્યા પાટણના ભંડારોમાં છ એક વધુ નીકળે છે.'[૪૨૧] આથી પૂર્વની કાગળની પ્રત પર લખાયેલ કોઈ પુસ્તક હજુ સુધી મળ્યું નથી જણાતું. કેટલાંકનું કથન છે કે હિંદમાં કાગળ ચૌદમી સદીથી પ્રચલિત થયો, પરંતુ તે સ્વીકારતાં વિચારને હજુ સ્થાન છે. જૈનોએ ગ્રંથ લખવા માટે તાડપત્રોનો મોટે ભાગે ઉપયોગ કર્યો હતો ને તે ૧૧મી સદીથી તે પંદરમી સદી સુધી ચાલુ રાખ્યો હતો.

૬૦૬. અપભ્રંશ સાહિત્ય-ઉપર્યુકત સિવાયના બીજા (આગમિક ગચ્છના) જિનપ્રભસૂરિએ અપભ્રંશમાં અનેક કૃતિઓ કરી છે. સં. ૧૨૯૭માં મદનરેખા સંધિ, સં. ૧૩૧૬માં {*સંધિ કાવ્ય સમુચ્ચય અંતર્ગત પ્ર.લા.દ.વિ.*} વયર સ્વામીચરિત્ર, મલ્લિચરિત્ર, નેમિનાથરાસ, ષટ્ પંચાશદ્ દિક્કુમારિકા અભિષેક, મુનિસુવ્રત જન્માભિષેક, જ્ઞાનપ્રકાશ, ધર્માધર્મવિચારકુલક, શ્રાવકવિધિ પ્રકરણ, ચૈત્યપરિપાટી, સ્થૂલભદ્ર ફાગ, યુગાદિ જિનચરિત્ર કુલક, આદિ રચ્યાં છે. તેમાંની કેટલીક કૃતિ તો શત્રુંજય પર રહીને રચી છે. તેમના શિષ્યે નર્મદા સુંદરી સંધિ સં. ૧૩૨૮માં {*સંધિ કાવ્ય સં. પ્ર. લા.દ.વિ.*} અને ગૌતમસ્વામીચરિત્ર સં. ૧૩૫૮માં રચેલ છે. (વિસ્તારથી જુઓ જૈનગૂર્જર કવિઓ પ્રથમ ભાગ પ્રસ્તાવના પૃ. ૭૯-૮૩).

૬૦૭. જૂની ગૂજરાતીમાં સાહિત્ય-આ ચૌદમા શતકના પૂર્વાર્ધમાં ગૂજરાતીમાં થોડાં સુંદર કાવ્યો ઉપલબ્ધ થયાં છે. તે જૈન ગૂર્જર કવિઓ પ્રથમ ભાગમાં પૃ. ૫-૮ માં જણાવ્યાં છે :- રત્નસિંહસૂરિ શિષ્ય વિનયચંદ્રકૃત જૈન તીર્થંકર નેમિનાથ પર ચતુષ્પદિકા (ચોપઈ) રૂપે ૪૦ ટુંકનું કાવ્ય છે, તેમાં બાર માસ લઈ દરેક માસે રાજેમતિ પતિવિરહથી કથન કરે છે એનું કાવ્યમય વર્ણન છે; તે જ કવિકૃત આનંદસંધિમાં આનંદ નામના ભ. મહાવીરના એક શ્રાવકનો સંબંધ છે; સં. ૧૩૨૭માં એક અજ્ઞાતકવિએ (જયવંતે) સપ્તક્ષેત્રિ રાસુ રચ્યો. તેમાં જિનમંદિર, જિનપ્રતિમા, જ્ઞાન, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા

૪૨૦. ઢિલ્લ્યાં સાહિમહમ્મદં શકકુલક્ષ્માપાલચૂડામણિં येन ज्ञानकलाकलापमुदितं निर्माय षड्दर्शनी ।
प्राकाश्यं गमिता निजेन यशसा साकं न सर्वागमग्रंथज्ञो जयताज् जिनप्रभगुरु र्विद्यागुरुर्नः सदा ॥

૪૨૧. સ્વ. સાક્ષર શ્રી ચિમનલાલ ડાહ્યાલાલ દલાલનો 'પાટણના ભંડારો' એ નામનો લેખ-લાયબ્રેરી મિસેલેની જુલાઈ-ઓકટોબર. ૧૯૧૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ સાત પુણ્યક્ષેત્રની ઉપાસનાનું વર્ણન છે. સં. ૧૩૩૧ માં ખરતર જિનેશ્વરસૂરિએ દીક્ષા લીધી તેનો દીક્ષા વિવાહ વર્ણના રાસ **સોમ**મૂર્ત્તિએ રચ્યો. સં. ૧૨૭૮ અને સં. ૧૩૩૦ વચ્ચે ખ. જિનેશ્વરસૂરિ શિષ્ય જગડુએ **સમ્યક**ત્વમાઈ ચઉપઈ રચી. તેમાં સમ્યક્ત્વ-સમ્યગ્દર્શનનો વિષય ચર્ચ્યો છે. સં. ૧૩૫૮માં લખાયેલ પ્રતમાં ઉપરોક્ત **નેમિ**નાથ ચતુષ્પદિકા ઉપરાંત **પદ્મ**કૃત **શા**લિભદ્ર નામના મહાઋદ્ધિમાન શ્રાવકે ભ. **મહા**વીર પાસે દીક્ષા લીધી હતી તેના ગુણની વર્ણના રૂપે કક્કાવારી-**શા**લિભદ્રકક્ક, તે જ **પદ્મે** રચેલ માતૃકા એટલે બારાખડીના દરેક વર્ણ લઈ તે પર ઉપદેશ આપતા દૂહાઓ-દૂહામાતૃકા ઉપલબ્ધ થાય છે. (**જૈન** ગૂર્જર કવિઓ પ્રથમ ભાગ પૃ. ૧ થી ૧૨).

૬૦૮. સં. ૧૩૩૦, સં. ૧૩૪૦, સં. ૧૩૫૮ના ગૂજરાતી ગદ્યના નમૂનાઓ '**પ્રા**ચીન ગૂર્જર કાવ્યસંગ્રહ' (ગા. ઓ. સિરીઝ તરફથી પ્રકાશિત)માં પ્રસિદ્ધ થયેલા છે.

૬૦૯. વળી સં. ૧૩૩૬માં શ્રીમાલ ઠ. **ફૂ**રસિંહના પુત્ર **સં**ગ્રામસિંહે **બા**લશિક્ષા નામનો ગ્રંથ રચ્યો છે. તે ગૂજરાતી પરથી સં. **કા**તંત્ર વ્યાકરણનું જ્ઞાન કરાવનાર છે. (જે. ૪૫ જુઓ પં. **લા**લચંદનો લેખ **પુરાતત્ત્વ** પુ. ૩, અંક ૧ પૃ. ૪૦-૫૩) કર્ત્તા જૈનેતર લાગે છે.

૬૧૦. સં. ૧૩૫૬માં વાઘેલા **કરણ**ઘેલાના નાગર પ્રધાન **મા**ધવે [૪૨૨]ગૂર્જર દેશમાં **અલા**ઉદ્દીન બાદશાહની સેનાનો **પા**ટણમાં પ્રવેશ કરાવ્યો. ગૂજરાતમાં હિન્દુ રાજ્યનો અંત આવ્યો. પ્રાચીન ગૂજરાતની જાહોજલાલી અને ભવ્યતાનું છેલ્લું પ્રકરણ પૂરું થયું.

૬૧૧. '**વલ**ભી નગર ભાંગ્યા પહેલાં તથા ચાપોત્કટ (ચાવડા) વંશથી માંડીને અંતે વાઘેલા વંશનો નાશ થયો ત્યાં સુધીમાં **ગૂ**જરાતની જાહોજલાલી સર્વોપરી હતી. તે વખતમાં જ ઘણાખરા કવિઓ વિદ્વાનો થઈ ગયા છે અને તેમાં પણ જૈન પંડિતોએ તો સરસ્વતીની અપૂર્વ સેવા બજાવી છે.[૪૨૩]

---

૪૨૨. **મે**રૂતુંગ સૂરિની વિચારશ્રેણિ-સ્થવિરાવલીમાં જણાવ્યું છે કે (સ) ૧૩૬. यवना माधवनागरविप्रेण आनीताः । નાગર કવિ **પદ્મ**નાભ સં. ૧૫૧૨ ના રચેલા **કા**ન્હડદે પ્રબંધમાં કહે છે કે :-

માધવ મહિતઇ કર્યું અધર્મ, નવિ છૂટીઇ જેઅ આગિલ્યા કર્મ,

x x x x

નવખંડે અપકીરતી રહી, માધવિ મ્લેચ્છ આણિયા સહી.

૪૨૩. સ્વ. શ્રી **મ**ણિલાલ ન. દ્વિવેદી - **'પ્રિયંવદા'** જુલાઈ સન ૧૮૮૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૬ ગૂજરાતમાં મુસલમાનો (સં. ૧૩૫૬ થી ૧૪૦૦)

जय जिणेसर ! जय जणाणन्द !
जय जीवरक्खण परम ! जय समत्थ तिहुयण दिवायर !
जय भीसणभवमहण ! जय अपारकारुन्नसायर !
जय सिवकारण ! सिवनिलय ! वद्धमाण ! जिणइन्द !
तिहुयणपत्थियकप्पतरु, ! जयजय पणयसुरिन्द !

-જનને આણંદ કરનાર જિનેશ્વર ! જય થાઓ, જય થાઓ; જીવરક્ષામાં મહાન અને ત્રિભુવનને સમર્થ પ્રકાશ પાડનાર સૂર્ય ! જયવંતા રહો, ભીષણ ભવને હણનાર ! જય થાઓ, અપાર કરુણાના સાગર ! જય થાઓ; શિવના કારણ ! શિવના સ્થાન ! વર્ધમાન જિનેંન્દ્ર ! તમે ત્રિભુવનમાં પ્રસરેલા કલ્પતરૂ છો અને સુરેન્દ્ર તમારા પગે પડે છે, તારો જય જય હો ! - **નેમિચંદ્રસૂરિકૃત મહાવીરચરિત્ર**

૬૧૨. ગૂર્જર ભૂમિને મુસલમાનોનો **અલાઉદ્દીન** ખીલજીના હસ્તક સ્પર્શ થયો ત્યારથી ગૂજરાત નવા જગતમાં દાખલ થયું. સર્વ પ્રાચીનતાઓ મૂળમાંથી ખળભળી ઉઠી. સર્વને આઘાત થયો-પૂર્વે કદિ નહીં થયેલો એવો પ્રબળ આઘાત થયો. જીવન બદલાયું-જીવનના માર્ગ બદલાયા. સાહિત્ય બદલાયું-ભાષા બદલાઈ. આ બધું આ કાળમાં થયું. પરાધીન જીવનનો આરંભકાળ તે આ જ. ઉલગખાન (**અલફખાન નહિ**)ના[૪૨૪] પગલાંની સાથે જ આ નવા અનુભવનો આરંભ થયો હતો અને દિનપ્રતિદિન તે વિસ્તાર પામતું ગયું.

૬૧૩. જૈન-શૈવ કે વૈષ્ણવ મંદિરો જમીનદોસ્ત થયાં-તેની જગાઓ મસીદોએ લેવા માંડી-તેના સુંદર પથ્થરો-કારીગરીના નમુનાઓ મસીદો બાંધવામાં વપરાયા. રાજ્ય વ્યવસ્થા બદલાતાં ગૂર્જર દેશના ભાગલા પડયા-ગૂજરાતની સ્થિતિ છિન્નભિન્ન થઈ ગઈ. જાનમાલની સલામતીને માટે લોકોને પગલે

૪૨૪. જિનપ્રભસૂરિ **તીર્થકલ્પ**માં જણાવે છે કે 'વિ. સં. ૧૨૫૬માં સુરતાણ **અલ્લાવદીણ** (સુલ્તાન અલાઉદ્દીન)-ના નાનાભાઈ ઉલ્લુખાન (ઉલગખા) ઢિલ્લિ (દિલ્હી) નગરથી ગૂજરાત પર ચઢયો.' ચિત્તકૂડ (ચિત્રકૂટ-ચિત્તોડ)ના અધિપતિ **સમરસીહે** તેને દંડ આપી મેવાડ દેશની રક્ષા કરી. અલફખાન તો પછી સૂબા તરીકે ગૂજરાતમાં આવ્યો હતો. જુઓ જિનવિજયનો લેખ 'ઉલુગખાન અને અલપખાન' **પુરાતત્ત્વ**-પુ. ૪-અંક ૩ અને ૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પગલે ભય રહેવા લાગ્યો. વેપારમાં એક સ્થળેથી બીજે સ્થળે માલ લઈ જવામાં કે મંગાવવામાં લુંટારુઓના ત્રાસથી અનેક પ્રતિબંધો આવ્યા.

૬૧૪. આને પરિણામે સંસ્કૃત અને પ્રાકૃત આદિ પ્રાચીન ભાષાઓને જે મહત્ત્વ અપાતું હતું તે ગયું. તેના ઉત્તેજકો હિંદુ રાજાઓ અને હિંદુ મંત્રીઓ જતાં તેના કવિ પંડિતોનો લય થયો. બ્રાહ્મણવર્ગનું દેશભાષાનું સાહિત્ય આ કાળમાં મંડાયું; આગળ પણ લૌકિક સાહિત્ય લોકભાષામાં રચાતું હતું, પણ આ સમયમાં તો ધાર્મિક કથાનકો અને જ્યોતિષ, કર્મકાંડ વગેરે સર્વ દેશભાષામાં ઉતરવા માંડયું. પ્રાચીન પઠનપાઠન બંધ થયું. તામ્રપત્રો પૂરાં થઈ ગયાં. ગ્રંથભંડારો ભોંયરામાં પૂરાયા.

૬૧૫. ગૂર્જરદેશ અટુલો પડ્યો-રાજપુતાના-માલવા આદિ દેશ સાથેનો સંસર્ગ તૂટી ગયો, એટલે ભાષા અપભ્રંશ ભાષા તે સર્વ દેશોમાં લગભગ એકસરખી વપરાતી હતી અને સર્વગમ્ય હતી તે ભાષાનાં તે તે દેશમાં અલગ અલગ રૂપાંતરો થયાં; અને આ સમયથી આ સર્વગત ભાષા આ ગૂર્જર દેશમાં રહી ગૂજરાતી દેશી ભાષાનું રૂપ લેવા લાગી. **નર્મદ** કવિ ગૂજરાતી ભાષાનો પ્રથમ યુગ આ સમયથી જ પાડે છે. તે જણાવે છે કે "સંવત ૧૩૫૬ પછી મુસલમાની હાકમીમાં ગુજરાતની તે ગુજરાતી-એવી રીતે ગુજરાતી ભાષા પ્રસિદ્ધિમાં આવી. બ્રાહ્મણ કે ગોરજી (જૈન સાધુઓ) એમણે સંસ્કૃત ટાળી ગુજરાતીમાં આખ્યાન તથા વાર્તા અને રાસા લખ્યા-વિશેષ પદ્ય-અને ગદ્ય પણ ખરું. એ ગુજરાતી ભાષાનાં આજ લગીનાં મુખ્ય ત્રણ સ્વરૂપ થયાં છે. સં. ૧૩૫૬ થી તે સં. ૧૬૫૬ સુધીનું એક, સં. ૧૬૫૬ થી તે ૧૮૫૬ સુધી બીજું ને પછી ત્રીજું. પહેલું તે ચોખ્ખું ને બીજું તે ભ્રષ્ટ થઈ રુપાંતર પામેલું છે. એ બે મળીને જે સામાન્ય સ્વરૂપ તે જુની ગુજરાતી ભાષાનું..."

૬૧૬. પ્રાકૃત સંસ્કૃત ગ્રંથોને લોકભાષામાં અવગત કરવા માટે તે પર ભાષામાં ગદ્યગ્રંથો-બાલાવબોધ આ શતકમાં જ રચાયા.

૬૧૭. આ નવીન અને ક્રાંતિકારક પરિસ્થિતિમાં પણ જૈનોએ પોતાનાં મંદિરો, વ્યાપાર અને સાહિત્યરક્ષણ-સાહિત્યસેવા બને તેટલી અખંડપણે યા પુનરુદ્ધાર રૂપે આબાદ જાળવવા પ્રયત્ન કર્યો છે. જૈનોનું-ખાસ કરી ભાષા સાહિત્ય પૂર્વ શતકો કરતાં આ શતકમાં વધારે થયું છે. આ હકીકત વિશેષપણે હવે પછી વિચારીશું.

૬૧૮. સં. ૧૩૫૬ માં **અલાઉદ્દીન** ખીલજીના લશ્કરથી તેના ભાઈ ઉલગખાન તથા **નસરતખાંને** ગૂજરાત સર કર્યું. પછીના વર્ષમાં **અલાઉદ્દીને રણથંભોરનો** કિલ્લો રાજા **હમીર** પાસેથી લઈ તેના ચોહાણના રાજ્યને ખતમ કર્યું. (સં. ૧૩૫૭ માં). પછી સં. ૧૩૬૦ માં **ચીતોડ** પર ફત્તેહ કરી. સં. ૧૩૬૬-૬૮ માં તેણે જાલોરના ચોહાણ રાજા **કાન્હડદેવ** (**કાન્હડદે** પ્રબંધ વાળા) પર ચડાઈ કરી તે રાજ્ય લઈ લીધું. (**ઓઝા. રા.** ઈ. પૃ. ૨૨૪, ૨૭૨).

૬૧૯. ગૂજરાતમાં પાતશાહી સુલતાનના પ્રતિનિધિ (સુબા) તરીકે પાટણમાં **અલપખાન** આવ્યો. તેના સમયમાં સં. ૧૩૬૬માં (શ્રી શત્રુંજયાદિની યાત્રા કરનાર) શાહ જેસલે ખંભાતમાં પૌષધશાલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહિત અજિતનાથનું વિધિચૈત્ય બંધાવ્યું.[૪૨૫] પરંતુ સં. ૧૩૬૯ (એક પટ્ટાવલીના આધારે)માં (અને અચૂક ઉદ્ધાર વર્ષ સં. ૧૩૭૮ પહેલાં) આબુ પરનાં બે પ્રસિદ્ધ મંદિરો નામે વિમલમંત્રીકૃત વિમલવસતિ અને તેજપાલમંત્રીકૃત લૂણગવસહિ-એનો મ્લેચ્છોએ ભંગ કર્યો-મૂર્ત્તિઓને તોડી હતી; તેમજ તે વર્ષ એટલે સં. ૧૩૬૯માં જ શત્રુંજય પર્વત પરના અધિરાજ આદીશ્વરની પ્રતિમાનો ભંગ કર્યો હતો. (સમકાલીન જિનપ્રભકૃત શત્રુંજયકલ્પ રચના સમય સં. ૧૩૮૫).

૬૨૦. 'હવે તો નવીજ વાત છે કે જે દોહિલા દિવસોમાં ક્ષત્રિયો ખડ્ગ લેઈ શકતા નથી, સાહસિકોનાં સાહસ ગળી જાય છે. તેવા વિકટ સમયમાં જિનધર્મરૂપી વનમાં સમરસિંહે દેખાવ દીધો.'[૪૨૬] તે સમરસિંહ ઓસવાળ જૈન હતો. તેનો પૂર્વ જ સલક્ષણ પાલ્હણપુરનો વાસી હતો. સલક્ષણનો પૌત્ર દેસલ પાટણવાસી થયો. તેના ત્રણ પુત્રો નામે સહજપાલ, સાહણ અને ઉક્ત સમરસિંહ. સહજપાલે દક્ષિણમાં દેવગિરિ (દોલતાબાદ)માં ચોવીશ જિનાલયમાં પાર્શ્વજિનને મૂલ નાયક તરીકે સ્થાપ્યા. સાહણ ખંભાતમાં રહીને પૂર્વજોની કીર્ત્તિ વિસ્તારતો હતો, જ્યારે સમરસિંહ પાટણમાં પિતા સહિત રહેતો હતો; અને અલપખાનની સેવા (ઉચ્ચ અધિકારી તરીકે) કરતો હતો. શત્રુંજય પરની દુર્ઘટના સાંભળી તેના ઉદ્ધારની પ્રતિજ્ઞા કરી અલપખાન પાસે જઈ જણાવ્યું 'અમારી આશાના આધારભૂત સ્વામી ! હિંદુઓની હજ ભાંગી નાંખી છે, એની દુનિયા નિરાશ થઈ છે વગેરે.'[૪૨૭] ખાને તેને માન આપી તીર્થ માંડવાનું ફરમાન કરી આપ્યું; ને તે માટે માલેક અહિદરને આદેશ કર્યો.

૬૨૧. સમરસિંહે આરાસણની ખાણના સ્વામી માહેશ્વર છતાં પણ જૈનધર્મ પ્રત્યે દૃઢ શ્રદ્ધાવાળા ત્રિસંગમપુરમાં રાજ્યકર્ત્તા રાણા મહિપાલદેવ (દાંતા રાજ્યના પૂર્વજ) પાસેથી તે ખાણમાંથી સરસ ફલહી-પાષાણની લાંબી પાટો મેળવી તેમાંથી પ્રતિમા ઘડાવી. સં. ૧૩૭૧માં પોતાના પિતા દેસલને સંઘાધિપતિ કરી સમરાશાહે પોતાના બંધુઓ આદિ સહિત સંઘ કાઢી ત્યાં ઉપકેશ ગચ્છના (યક્ષદેવ-કક્ક-સિદ્ધ-દેવગુપ્તસૂરિ શિષ્ય) સિદ્ધસૂરિ[૪૨૮] પાસે આદીશ્વરની પ્રતિષ્ઠા કરાવી. ત્યાંથી ગિરિનારની

૪૨૫. જુઓ પ્રા. ગૂ. કા. સંગ્રહનું પરિશિષ્ટ-તેમાં આપેલ શિલાલેખ.

૪૨૬. હિવ પુણ નવીયજ વાત, જિણિ દીહાડઇ દોહિલઇ,
ખત્તિય ખગ્ગુ ન લિંતિ, સાહસિયહ સાહસુ ગલઇ,
તિણિ દિણિ દિનુ દિક્ખાઉ, સમરસીહિ જિણધમ્મવણિ,
તસુ ગુણ કરઉં ઉદ્યોઉ, જિમ અંધારઇ ફટિકમણિ.
- અંબદેવસૂરિનો સમરા રાસો. સં. ૧૩૭૧.

૪૨૭. સામિય ! એ નિસુણિ અડદાસિ આસાલંબણુ અમ્હતણઉ એ;
ભઇલી એ દુનિય નિરાસ, હજ ભાગીય હીંદૂઅ તણી એ - એજન.

૪૨૮. છતાં સં. ૧૪૯૪માં રચાયેલ ગિરનાર પરના વિમલનાથ પ્રાસાદની પ્રશસ્તિમાં, પં. વિવેકધીર ગણિએ સં. ૧૫૮૭ માં રચેલા શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધમાં, નયસુંદરના સં. ૧૬૩૮ના શત્રુંજય રાસમાં અને એને અનુસરતા પાશ્ચાત્ય લેખકોએ રત્નાકરસૂરિને પ્રતિજ્ઞા કરનાર જણાવ્યા છે, કક્કસૂરિએ ના૦ પ્રબંધમાં સંઘમાં બૃહદ્‌ગચ્છના રત્નાકરસૂરિ આવ્યા હતા, એમ જણાવ્યું છે. તે રત્નાકરસૂરિ અને વૃદ્ધતપાગણમાં થયેલ રત્નાકરગચ્છના પ્રવર્ત્તક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાત્રા કરી કે જ્યાં તેમને ત્યાંના રાજા મહીપે (મહિપાલદેવે) માન આપ્યું. દેવપટ્ટણમાં મુગ્ધરાજ રાજાએ, દીવમાં તેના સ્વામી મૂલરાજે સન્માન કર્યું. ત્યાંથી શત્રુંજય પુનઃ આવી પાટણ સંઘસહિત આવ્યા. દેશલશાહે સં. ૧૩૭૫માં પુનઃ મહાયાત્રા કરી. સમરસિંહ દિલ્લી સુલતાનના આમંત્રણથી જતાં ત્યાં કુતુબદ્દીન બાદશાહે માન આપ્યું; ને પછી તેના પુત્ર સુલતાન ગ્યાસુદ્દીને શાહના કહેવાથી ત્યાં બંદી તરીકે રાખેલ પાંડુદેશના સ્વામી વીરવલ્લ (બીરબલ)ને મુક્ત કર્યો. બાદશાહના ફરમાનથી ધર્મવીર સમરે મથુરા અને હસ્તિનાપુરમાં સંઘપતિ થઈ જિનપ્રભસૂરિ (જુઓ પારા ૬૦૨) સાથે તીર્થયાત્રા કરી.

૬૨૨. પછી સમરાશાહ તિલંગ દેશમાં ગ્યાસદીનના પુત્ર ઉલ્લખાનના આશ્રિત થયા. ખાને પણ સમરને વિશ્વાસપાત્ર પોતાના ભાઈ તરીકે સ્વીકારી તિલંગ દેશનો સ્વામી (સૂબો) બનાવ્યો હતો. ત્યાં તુર્કોથી બંદી તરીકે પકડાયેલ પુષ્કળ મનુષ્યોને તેણે મૂકાવ્યા; શ્રાવકોના કુટુંબોને ત્યાં સ્થાપી ઉરંગલપુરમાં જિનાલયો કરાવી ધર્મપ્રભાવના કરી. સમરસિંહ સં. ૧૩૯૩ પહેલાં તે લગભગ સ્વર્ગસ્થ થયા, કે જે વર્ષમાં કંજરોટપુરમાં રહી ઉપર્યુક્ત સિદ્ધસૂરિના શિષ્ય પટ્ટધર કક્કસૂરિએ તે સમરસિંહનો ચારિત્રાત્મક ગ્રંથ નામે નાભિનંદનોદ્ધાર પ્રબંધ પૂરો કર્યો.[૪૨૯]

૬૨૩. આબુ પર 'ભંગ' થયો ત્યાર પછી સં. ૧૩૭૨ અને ૭૩ની, વિમલવસહિ, મહાવીરમંદિર અને વિમલ હસ્તિશાળા-આ ત્રણેની વચ્ચે જે મોટો મંડપ આવેલો છે તેમાં કેટલાક રાજકીય શાસન લેખોવાળી સુરહિઓ (સુરભિઓ-ગાયો) છે, કે જેમાં ચંદ્રાવતીના રાજાઓએ અવારનવાર આબુનાં જૈન દેહરાંઓના રક્ષણની અને યાત્રિકો પાસે યાત્રાકર જેવા કોઈ પણ લાગા નહિ લેવાની પ્રતિજ્ઞાઓના લેખો કોતરાવેલા છે. આમાં ૩ લેખો ચંદ્રાવતીના મહારાજ દેવડા લૂંઢાક (હાલના સિરોહીના 'મહારાવ'ના પૂર્વજ) ના છે, તેમાં સં. ૧૩૭૨ ના એક લેખમાં આદિનાથ (વિમલવસહિ) અને નેમિનાથ (લૂણિગવસહિ) ઉપરના અમુક લાગા માફ કર્યાની હકીકત છે. તે જ વર્ષના બીજા લેખમાં તે રાજાએ આબુની યાત્રાએ આવનાર યાત્રિકો ઉપરનો કર બાઈશ્રી નામલદેવીના પુણ્યાર્થે માફ કર્યાની હકીકત છે અને ત્રીજા સં. ૧૩૭૩ ના લેખમાં દેલવાડાના જૈન મંદિરોના પૂજારીઓ પરનો કર માફ કર્યાની હકીકત છે. વળી આ લેખોમાં આ આજ્ઞાઓ પોતાના પછીના સ્વવંશજ વા પરવંશજ રાજાઓ પાળે એવી તેમાં પ્રાર્થના કરેલી છે.

રત્નાકરસૂરિ એ બંને એક હોય તો પણ સં. ૧૩૭૧ માં શત્રુંજય તીર્થના મૂલનાયક આદીશ્વરની પ્રતિષ્ઠા કરનાર ઉપદેશ ગચ્છના સિદ્ધસૂરિ જ જણાય છે. બાકી આ પ્રસંગમાં રત્નાકરસૂરિએ અન્ય પ્રતિમોની પ્રતિષ્ઠા કરી હોય, એમ સંભવી શકે. પંડિત લાલચંદ 'જૈનયુગ' ૧, ૨૫૯. વિવિધ તીર્થકલ્પમાં શત્રુંજય કલ્પ (રચ્યા. સં. ૧૩૮૫)માં જિનપ્રભુસૂરિએ આ ઉદ્ધારનો સં. ૧૩૭૧ આપ્યો છેઃ-

વૈક્રમે વત્સરે चन्द्रहयाग्नीन्दुमिते सति । श्रीमूलनायकोद्धारं साधुः श्री समरो व्यधात् ॥

૪૨૯. જૂઓ "અંબદેવસૂરિકૃત સમરારાસો (પ્ર. પ્રા. ગૂ. કા. સં; જૈ. ઐ. ગૂ. સંચય) અને કક્કસૂરિકૃત નાભિનંદનોદ્ધાર પ્રબંધ (પ્ર. હે. ગ્રં) અને તે બંને પરથી અનેક ઐ. ટિપ્પણો સહિત ઘણી કાળજી અને પરિશ્રમથી પંડિતશ્રી લાલચંદ ભગવાનદાસ ગાંધીનો લખેલો લેખ નામે 'શ્રી શત્રુંજય તીર્થનો ઉદ્ધારક સમરસિંહ (તિલંગ દેશનો સ્વામી)' જૈનયુગ વર્ષ ૧ પૃ. ૧૦૨, ૧૮૩, ૨૫૫, ૪૦૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૨૪. આબુ પરનાં ઉક્ત બંને મંદિરોનો સં. ૧૩૭૮ માં ઉદ્ધાર થયો-**વિમલવસહિ**નો ઉદ્ધાર **મહણસિંહ** પુત્ર શા. **લલ્લ** (=લાલિગ) અને શા. **ધનસિંહ**ના પુત્ર શા. **વી**જડ-આ બંને પિત્રાઈ ભાઇઓએ કરાવ્યો; અને **લૂણિગવસહિ**નો જીર્ણોદ્ધાર **ચંડસિંહ** પુત્ર સંઘપતિ **પીથ**ડે કરાવ્યો.[૪૩૦] વળી ત્યાં એક સં. ૧૩૭૮ નો લેખ છે તેમાં જણાવ્યું છે કે 'શ્રીમાળી જ્ઞાતીય **ખેતલે ભગાનંતર** આ મહાવીર બિંબ કરાવ્યું.' તેમજ બીજાઓએ જુદાં જુદાં મંદિરો-દેવકુલિકાઓ કરાવી. આમ મુસલમાનોએ પોતાનાં મહા-મહા તીર્થોને કરેલું નુકશાન પાછળથી જૈનોએ સમારકામ કરાવી-પુનરૂદ્ધાર કરી ટાળ્યું, તો પણ પાટણ આદિ શહેરોનાં હિંદુ જૈન મંદિરો ભગ્નાવશેષ થયા. આમાં ઉલ્લેખ કરાયેલ **પી**થડ-પેથડનો વૃત્તાંત એક ઐતિહાસિક પ્રશસ્તિ (**પુરાતત્ત્વ** ૧,૧)માંથી સુભાગ્યે મળી આવે છે કે તે અણહિલપુર પાટણ પાસે આવેલા ગામ **સાં**ડેરક (**સાં**ડેરા) કે જે **વ**ર્ધમાન સ્વામીના મંદિરથી અલંકૃત હતું, તેમાં **પ્રા**ગ્વાટવંશના **સુ**મતિશાહનો રાજમાન્ય પુત્ર **આ**ભૂ, તેનો **આ**સડ એના **મો**ખ અને **વ**ર્ધમાન, પૈકી **વ**ર્ધમાનનો **ચં**ડસિંહ અને ચંડસિંહના ૭ પુત્રો પૈકી જ્યેષ્ઠ તે **પે**થડ. પેથડે **વી**જાપુરમાં સ્વર્ણમય પ્રતિમાવાળું મંદિર કરાવ્યું અને **આ**બુગિરિમાં મહામાત્ય શ્રી **વ**સ્તુપાલ કારિત **ને**મિનાથના મંદિરનો ઉદ્ધાર કરાવ્યો; તેમજ પોતાના ગોત્રમાં (?) થઇ ગયેલ **ભી**માશાહ (જુઓ પારા ૬૨૫)ની કરાવતાં અપૂર્ણ રહેલ પિત્તલમય **આ**દીશ્વરની પ્રતિમાને સુવર્ણથી દૃઢ સંઘિવાળી કરી ઉદ્ધાર કર્યો, તથા ભ. મહાવીરની મૂર્ત્તિ તૈયાર કરાવી ઘરમંદિરમાં સ્થાપિત કરી, અને પછી તેને સં. ૧૩૬૦ માં લઘુવયસ્ક **કર્ણ**દેવ (**ક**રણઘેલો) ના રાજ્યમાં નગરના મોટા મંદિરમાં સ્થાપન કરી, અને પછી **સિ**દ્ધાચળ અને ગિરનારની યાત્રા સંઘવી થઇ કરી, પછી બીજી વખત સંઘપતિપણું સ્વીકારી સંઘની સાથે છ યાત્રાઓ કરી. સં. ૧૩૭૭ ના દુષ્કાળ વખતે પીડાતા અનેક જનોને અન્નાદિકના દાનથી સુખી કર્યા. પછી ગુરુ પાસે જિનાગમ શ્રવણ કરતાં તેમાં **વી**ર-**ગૌ**તમના નામની ક્રમશઃ સુવર્ણ-રૌપ્ય નાણકથી પૂજા કરી. તે પૂજાથી એકઠા થયેલ દ્રવ્યવડે શ્રી**સત્ય** સૂરિના વચનથી તેણે ચાર જ્ઞાનભંડાર લખાવ્યા, તેમજ નવક્ષેત્રમાં પણ અન્ય ધનનો વ્યય કર્યો. તેનો પુત્ર **પદ્મ**, તેનો **લા**ડણ, તેનો **આ**લ્હણસિંહ અને તેનો **મં**ડલિક નામનો પુત્ર થયો (કે જે સંબંધી જુઓ પારા ૬૬૯ અને ટિપ્પણ ૪૪૯)

૬૨૫. એક રાજ્ય પટ્ટાવલીની પછવાડે વિ. સં. ૧૩૭૬, ૭૭ માં દુર્ભિક્ષયોગે ગૂર્જર જ્ઞાતીય સા. **ભી**મે (અતિ દાન) આપ્યું એમ જણાવ્યું છે. આબુ પરનું જે **ભી**માશાહનું દેહરૂં-**ભી**મસિંહપ્રાસાદ કહેવાય છે તે કરાવનાર આ સા. **ભી**મ હોય તેમ સંભવે છે.

---

૪૩૦. જુઓ **જિ**નપ્રભુસૂરિના **તી**ર્થકલ્પમાંનો અર્બુદ કલ્પઃ-

તીર્થદ્વયેઽપિ ભગ્નેઽસ્મિન્ દૈવાન્મ્લેચ્છૈઃ પ્રચક્રતુઃ ।
અસ્યોદ્ધારં દ્વૌ શકાબ્દે વહ્નિવેદાર્કસંમિતે (૧૨૪૩) ॥
તત્રાદ્ય તીર્થસ્યોદ્ધર્ત્તા લલ્લો મહણસિંહભૂઃ ।
પીથડસ્ત્વિતરસ્યાભૂદ્ વ્યવહ્રચ્ ચંડસિંહજઃ ॥

લાલિગ અને **વી**જડે કરાવેલા જીર્ણોદ્ધાર સંબંધીની એક વિસ્તૃત પ્રશસ્તિ ત્યાં કોતરી કાઢેલી હજુ મળે છે તેમાં તે બંને પિત્રાઇઓનો વિસ્તૃત ઇતિહાસ મળે છે. લૂણિગવસહિના નવ ચોકિયાના અગ્નિકોણ તરફના સ્થંભ ઉપર એક સંસ્કૃત પદ્ય છે તેમાં સંઘપતિ **પે**થડે પોતાનું ધન ખર્ચીને લૂણિગવસહિતનો ઉદ્ધાર કર્યાનો ઉલ્લેખ છે. કલ્યાણવિજયજીનો લેખ નામે 'આબુના જૈન શિલાલેખો' તા. ૧૬-૨૦-૨૭ નું **'જૈન'**.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૨૬. સં. ૧૩૯૪માં મંત્રી **વિમલ**ના વંશમાં થયેલા મંત્રી **અભયસિંહ**ના પુત્ર મંત્રી જગસિંહ અને તેના પુત્ર મંત્રી **ભાણ**કે **વિમલવસહિ**ની અંદર **અંબિકા** દેવીની મૂર્ત્તિ કરાવી.

૬૨૭. હવે **સાહિત્ય પ્રવૃત્તિ** જોઈએઃ- સં. ૧૩૬૧માં **ના**ગેન્દ્રગચ્છીય **ચંદ્રપ્રભ** શિષ્ય **મેરૂ**તુંગસૂરિએ **વર્દ્ધમાનપુર** (વઢવાણ)માં પાંચ સર્ગમાં-**પ્રબંધ** ચિંતામણી ગ્રંથ રચ્યો (પી. ૨, ૮૬; વે. નં. ૧૭૫૩ ગૂ. ભા. સહિત રામચંદ્ર દીનાનાથ; અંગ્રેજી ભા. બિ. ઈ. સન ૧૯૦૨ {*મૂળ અને હિન્દી અનુવાદ સિંઘી ગ્રં*}). જેમાં ઈતિહાસનાં તત્ત્વ હોય છે તેવા પ્રબંધ લખવાનો પ્રારંભ **હેમા**ચાર્યથી જ થઈ ગયો હતો. ''જૈન ગ્રંથકારોએ ચરિત્રો લખવાની પદ્ધતિ વિશેષ પ્રચલિત કરી છે. લગભગ પોતાના સમયના **ભોજ કુમારપાલ** જેવા રાજાઓ, **વસ્તુપાળ તેજપાળ જગડૂશા** જેવા શ્રીમંતો અને **માઘ** વગેરે કવિઓનાં ચરિત્રોમાં તેઓએ સારો રસ લીધો છે-અને **હેમચંદ્રાચાર્ય**ના સમયથી ઉદભવેલી આ પ્રવૃત્તિનાં ઉદાહરણોમાં ચૌદમા સૈકાના 'પ્રબંધ ચિન્તામણી'કાર **મેરૂ**તુંગાચાર્ય વગેરે ગણાવી શકાય.' ''**હેમચંદ્રે દ્વયાશ્રય** સંસ્કૃતમાં **મૂલરાજ**થી **સિદ્ધરાજ** જયસિંહ સુધીનો ઈતિહાસ, અને પ્રાકૃત **દ્વયાશ્રય**માં **કુમારપાલ**નો ઈતિહાસ આપ્યો; -તેમજ **પરિશિષ્ટ** પર્વમાં શ્રી **મહા**વીર ભ. પછી થયેલ **સુધર્મા**થી વજસ્વામી પર્યંતના આચાર્યો તથા **ચંદ્રગુપ્ત સંપ્રતિ** વગેરે જૈન રાજાઓનો ઈતિહાસ આપ્યો. ત્યાર પછી ઐતિહાસિક ચરિત્ર-પ્રબંધ રચવાની પ્રવૃત્તિ ચાલુ થઈ. **વસ્તુપાલ** (અને **તેજપાલ**) સંબંધી લખાયેલાં **વસન્તવિલાસ** આદિ અનેક ગ્રંથો અગાઉ જણાવાયા છે; તેરમા શતકમાં **કુમારપાલ** પ્રતિબોધ, **કુમારવિહાર** પ્રશસ્તિ, **કુમારવિહાર** શતક, **કુમારપાલ** ચરિત્ર રચાયાં; ને પછી જગડૂચરિત, સં. ૧૩૩૨ માં **પ્રભાવક**ચરિત અને પછી આ પ્રબંધ ચિંતામણી રચાયું.

૬૨૮. પ્રબંધ ચિંતામણીના **૧**લા સર્ગમાં વિક્રમાર્કપ્રબંધ (અગ્નિવેતાલ, કાલિદાસ કવિ, સુવર્ણપુરુષસિદ્ધિ, પરકાયપ્રવેશવિદ્યા સિદ્ધસેન દિવાકર આદિ સંબંધવાળો), શાલિવાહનો, તથા વનરાજાદિ પ્રબંધ-વનરાજ, અન્ય ચાવડા રાજાઓ, મૂલરાજ સોલંકી, મુંજરાજ, સિંધુલ, ભોજ સંબંધીના છે, **બી**જામાં ભોજ તથા ભીમનો પ્રબંધ કે જેમાં પુલચંદ્ર દિગંબર, માઘ પંડિત, ધનપાલ પંડિત, મયૂર, બાણ, માનતુંગ, આદિના સંબંધ છે ને ભોજનો પરાજય ને સ્વર્ગવાસ; **૩** જામાં સિદ્ધરાજ પ્રબંધ (લીલાવૈદ્ય, ઉદયન અને સાંતૂ મંત્રી, માતા મીનળદેવી, માલવેશનો પરાજય, સિદ્ધહેમ વ્યાકરણની ઉત્પત્તિ, રૂદ્રમાલો તથા સહસ્રલિંગ સરોવરનું નિર્માપણ, રામચંદ્ર, જયમંગલ, યશઃપાલ તથા હેમાચાર્યની કવિતા, નવઘનનો પરાજય, સજ્જન મંત્રીનો ગિરનારનો ઉદ્ધાર, સોમેશ્વરની યાત્રા, દિગંબર કુમુદચંદ્ર અને વાદિદેવસૂરિ વચ્ચે સંવાદ, આભડશા વગેરે અનેક સંબંધવાળો) પ્રબંધ છે; ૪ થા સર્ગમાં કુમારપાલ પ્રબંધ છે (જન્મ, ભ્રમણ, રાજ્યાભિષેક, હેમાચાર્યનો પ્રસંગ ને ચરિત્ર, વાગ્ભટ્ટ તથા આમ્રદેવનો તીર્થોદ્ધાર, કપર્દિ, ઉદયચંદ્રસૂરિ, જૈનવિહારો-મંદિરો, બૃહસ્પતિ આલિગ અને વામરાશિવિપ્ર, હેમાચાર્ય ને શંકરાચાર્ય, કુમારપાળનું સ્વર્ગમાન અને અજયપાળની દુષ્ટતા, પ્રધાનોનું દુર્મરણ તથા બાળ મૂળરાજ અને ભીમનું રાજ્ય વગેરે છે.) પછી વસ્તુપાળ તેજપાલનો પ્રબંધ આવે છે. ખંભાતમાં વસ્તુપાળની સૈયદ સાથે લડાઈ, આલમખાન સાથે વસ્તુપાલની મૈત્રી, વસ્તુપાલની કીર્ત્તિ વગેરે છે. છેલ્લા ૫ મા સર્ગમાં પ્રકીર્ણ પ્રબંધો છે-જેવા કે નંદરાજ, શિલાદિત્ય ને મલ્લવાદી, વલ્લભીભંગ, મુંજ રાજા અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેની પુત્રી, ગોવર્ધન પુણ્યસાર એ રાજાઓ, લક્ષ્મણસેન તથા જયચંદ રાજા, જગદેવ તથા પરમર્દિ તથા પૃથ્વીરાજ તથા તુંગસુભટ, કોંકણ દેશની ઉત્પત્તિ, વરાહમિહિર, સ્તંભતીર્થ, ભર્તૃહરિ, વાગ્ભટ્ટ વૈદ્ય, રૈવત ક્ષેત્રપાળ વગેરે. આમાં મુખ્ય ગદ્ય અને વચ્ચે વચ્ચે પદ્ય છે. તેમાં શ્રી ધર્મદેવે વૃત્ત-છંદોથી સહાય કરી હતી અને તેનો પ્રથમાદર્શ ગુણચંદ્ર ગણિએ લખ્યો હતો. 'રાજતરંગિણીના ઢંગ પર લખાયેલ છે. આધુનિક પાશ્ચાત્ય વિદ્વાનોએ આ ગ્રંથને વિશ્વસનીય માન્યો છે. ગૂજરાતના ઈતિહાસને માટે તો કેવલ આ એક આધારભૂત ગ્રંથ ગણી[૪૩૧] ફાબર્સે રાસમાળામાં તેનો પુષ્કળ ઉપયોગ કર્યો છે.'

૬૨૯. મેરૂતુંગે રચેલા બીજા ગ્રંથોમાં ઐતિહાસિક વિગત પૂરી પાડતો વિચારશ્રેણિ-સ્થવિરાવલી છે, {*આમાં અપાયેલ સંવતો પ્ર.ચિં.થી જુદા પડતા હોવાથી કેટલાક આ વિચારશ્રેણિના કર્તા આં. મેરૂતંગસૂરિને કહે છે. ડૉ. શિવપ્રસાદ શ્રમણ જુલાઈ-સપ્ટે. ૧૯૯૫*} તેમાં ગૂજરાતના રાજાઓના રાજત્વકાલનો પત્તો મળે છે તથા વિક્રમાદિત્ય અને ભ. મહાવીર વચ્ચે ૪૭૦ વર્ષનું અંતર છે. તેનો નિશ્ચય કર્યો છે. -વળી કાલકાચાર્ય, આ. હરિભદ્ર અને જિનભદ્રનાં પણ આમાં વૃત્તાંત છે. (વે. નં. ૧૬૫૬ પ્ર. જૈ. સા. સંશોધક ખંડ ૨ અંક ૩-૪) વળી તે ઉપરાંત મહાપુરુષચરિત (અપરનામ ઉપદેશશતી) રચેલ છે (પી. ૩, ૨૬૬; પી. ૬, ૪૩, વેબર ૨, ૧૦૨૪ નં. ૧૯૮૬) તેમાં ઋષભ, શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને વર્ધમાન એ જૈન તીર્થંકરોનાં તેમના પૂર્વભવો સાથેનાં, તેમજ બીજાનાં ચરિત્રો છે.

૬૩૦. સં. ૧૩૬૫ માં તાડપત્ર પર લખાયેલ પલ્લીવાલ ગચ્છના મહેશ્વરસૂરિકૃત કાલિકાચાર્ય કથા (પ્રા.) તથા નાઇલ્લગચ્છના સમુદ્રસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય વિજયસિંહસૂરિની રચેલ પ્રા. ભુવનસુંદરી કથા ખં. શાંતિનાથના ભંડારમાં છે. (પી. ૧, ૨૯; પી. ૧, ૩૯ {*સંપા. અને કથાસાર લેખન આ. શીલચન્દ્રસૂરિ પ્ર. પ્રાકૃત ગ્રંથ પરિષદ*}) સં. ૧૩૬૮માં વાદિ દેવસૂરિ સંતાને વિજયચંદ્રસૂરિ પટ્ટધર માનભદ્રસૂરિ શિ. વિદ્યાકર ગણિએ વિજયચંદ્રસૂરિની તેમજ વિદ્યાગુરુ હરિભદ્રસૂરિની કૃપાથી હૈમવ્યાકરણ બૃહદ્‌વૃત્તિની દીપિકા ઉદ્ધરી (ખેડા સંઘ ભં.) સં. ૧૩૭૨ માં ધંધના કુલમાં પરમજૈન ચંદ્ર ઠક્કુરના પુત્ર ફેરૂએ પ્રા. માં ત્રણ ભાગમાં કારિકાવાળો વાસ્તુસાર નામનો ગ્રંથ રચ્યો (કાં. વડો. નં. ૬૮) આ ગ્રંથકારે જ્યોતિષસાર, દ્રવ્યપરીક્ષા, અને રત્નપરીક્ષા રચી તેના પર વૃત્તિઓ પણ કરી. તેજ વર્ષમાં પૌ. (ચક્રેશ્વરસૂરિ-ત્રિદશપ્રભ-તિલક-ધર્મપ્રભ-અભયપ્રભ-રત્નપ્રભસૂરિ શિ.) કમલપ્રભે પુંડરીકચરિત્ર રચ્યું. સં. ૧૩૭૩માં સૂરિપદ પામેલ તપાગચ્છના (ધર્મઘોષસૂરિના શિષ્ય સોમપ્રભસૂરિ શિ.) સોમતિલકે ૩૮૭ ગાથાનો નવ્ય ક્ષેત્રસમાસ, વિચારસૂત્ર, અને સં. ૧૩૮૭માં સપ્તતિશત સ્થાનક (વે. નં. ૧૬૮૩ પ્ર. આ. સભા) અને પોતાના ગુરુ સોમપ્રભકૃત ૨૮ યમક સ્તુતિઓ પર વૃત્તિ રચી. (પી. ૩, ૩૧૨)

૬૩૧. સં. ૧૩૮૦ માં મલધારી રાજશેખરસૂરિ (પ્રબંધકોશ કર્તા) ના શિષ્ય સુધાકલશે સંગીતો-

૪૩૧. જિનવિજયનો લેખ હિંદી 'કુમારપાલ ચરિત'ની હિંદી પ્રસ્તાવના.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પનિષત્ એ નામનો સંગીત પર ગ્રંથ રચ્યો અને તેનો સાર નામે સંગીતોપનિષત્સાર છ અધ્યાયમાં સં. ૧૪૦૬ માં રચ્યો (વે. નં. ૪૩૪, કાં. વડો. નં. ૧૯૫૩). આ સુધાકલશે એકાક્ષર નામમાલા નામનો કોશ (વેબર, ૨૫૯ નં. ૧૭૦૨) પણ રચેલ છે. તે કોશી એક પ્રતમાં કર્ત્તાનું નામ સુધાકર આપ્યું છે. (પાટણ ભં.)

૬૩૨. સં. ૧૩૮૩ માં ખ. જિનકુશલસૂરિ (આચાર્યપદ સં. ૧૩૭૭) એ જિનદત્તસૂરિકૃત ચૈત્યવંદન-દેવવંદન કુલકપર વૃત્તિ રચી (તાડપત્ર કી. ૨, નં. ૧૯; કી. ૩, નં. ૧૪૮; કાં. વડો. નં. ૧૮૨) કર્તાના વિદ્યાગુરુ વિવેકસમુદ્ર ઉપાધ્યાય હતા અને આ કૃતિ રાજેન્દ્રચંદ્રસૂરિ, તરૂણકીર્ત્તિ અને લબ્ધિનિધાન ગણિએ સંશોધી હતી અને આ વૃત્તિપરનું ટિપ્પન કર્ત્તાના શિષ્ય ઉક્ત લબ્ધિનિધાને રચ્યું. (કાં. વડો. નં. ૧૯૩)

૬૩૩. સં. ૧૩૮૯ માં રુદ્રપલ્લીય ગચ્છના સંઘતિલકસૂરિના શિષ્ય સોમતિલકસૂરિ (અપરનામ વિદ્યાતિલક) એ વીરકલ્પ (પી. ૪, ૯૯) અને ષડ્દર્શનસૂત્ર ટીકા (દસાડા ભં.), સં. ૧૩૯૨ માં તથા જયકીર્ત્તિકૃત શીલોપદેશમાળા પર શીલ તરંગિણી નામની વૃત્તિ (પ્ર. હી. હં; વેબર નં. ૨૦૦૬ વે. નં. ૧૬૬૩; કાં. વડો {ગુ.ભા. પ્રગટ થયું છે.}), લઘુસ્તવટીકા (વિવેક. ઉદે.) સં. ૧૩૯૭માં, અને કુમારપાલ પ્રબંધ (સં. ૧૪૨૪ માં ? કાં છાણી; બુહ્. ૬, નં. ૭૦૯) એ ગ્રંથો રચ્યા. સં. ૧૩૯૦માં કૃષ્ણગચ્છના પ્રભાનંદસૂરિએ હરિભદ્રસૂરિકૃત જંબૂદ્વીપ સંગ્રહણી પર ટીકા રચી. સં. ૧૩૯૩માં રત્નદેવગણિએ બૃહદ્ગચ્છના (માનભદ્રસૂરિ-હરિભદ્રસૂરિ શિષ્ય) ધર્મચંદ્રના કહેવાથી શ્વેતામ્બર જયવલ્લભકૃત પ્રાકૃત વજ્જાલય (વિદ્યાલય. બુહ. ૬, નં. ૭૪૪) પર છાયા ટીકા (બુહ્. ૮ નં. ૪૨૦) રચી.

૬૩૪. આ ૧૪મા શતકના ઉત્તરાર્ધમાં તાડપત્રપર અનેક પુસ્તકોની પ્રતો લખાઇ છે. તેમાંથી ઉપલબ્ધ થતી એ છે કે :-

૧૩૬૫માં પલ્લી (વા)લ ગચ્છના મહેશ્વરસૂરિ વિરચિત કાલિકાચાર્ય કથા (પી. ૧, ૨૯) અને ભુવનસુંદરી કથા (પી. ૧, ૩૯ {જુઓ પારા ૬૩૦}), ૧૩૬૮માં હેમાચાર્યકૃત મહાવીરચરિત કોલાપુરીમાં (પી. ૫, ૬૧) ૧૩૭૦માં સ્તંભતીર્થમાં રત્નાકરસૂરિના ઉપદેશથી હેમાચાર્યકૃત શબ્દાનુશાસન વૃત્તિ (પી. ૫, ૧૧૦), ૧૩૭૮માં જિનકુશલસૂરિના ઉપદેશથી ખરીદાયેલ નૈષધકાવ્ય (જે. ૧૪) તથા જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ ને તે પરની ચૂર્ણિ (જે. ૩૩), અને મલયગિરિકૃત બૃહત્કલ્પ પીઠિકા (જે. ૨૨) ૧૩૮૪માં અજિતપ્રભસૂરિકૃત શાંતિનાથચરિત (પી. ૫, ૧૨૩), ૧૩૮૯માં કલ્પચૂર્ણિ (જે. ૩૭), ૧૩૯૦માં સ્તંભતીર્થમાં હેમાચાર્યકૃત છંદોનુશાસનવૃત્તિ અને કાવ્યાનુશાસનવૃત્તિ (પી. ૫, ૧૩૫), ૧૩૯૧માં મલયગિરિકૃત વ્યવહારસૂત્ર ટીકા જિનપદ્મસૂરિના કહેવાથી સોમ શ્રાવક તરફથી (ભાં.ઇ.), ૧૩૯૨માં રત્નપ્રભકૃત અપભ્રંશમાં અંતરંગસંધિ (પી. ૫, ૧૨૭), ૧૩૯૪માં રત્નપ્રભકૃત ઉપદેશમાલા વૃત્તિ (પી. ૫, ૧૨૫), અને ૧૩૯૮માં પ્રા. પ્રત્યેકબુદ્ધ ચરિત્ર (પી. ૫, ૧૩૫) વગેરે.

૬૩૫. આ સૈકાના ઉત્તરાર્ધમાં રુદ્રપલ્લીય ગચ્છના સ્થાપક અભયદેવસૂરિના શિષ્ય દેવભદ્રસૂરિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિષ્ય શ્રી તિલક ઉપાધ્યાયે દેવભદ્રસૂરિના પટ્ટધર પ્રભાનંદસૂરિના પટ્ટધર શ્રીચંદ્રસૂરિ રાજ્યે ગૌતમપૃચ્છા પર વૃત્તિ રચી. આ શ્રીચંદ્રસૂરિએ ચારુચંદ્ર, જિનભદ્ર અને ગુણશેખર એ ત્રણને સૂરિપદવી આપી હતી અને તે ત્રણેએ શ્રી તિલકને ઉપાધ્યાય પદ આપ્યું હતું (વે. નં. ૧૬૦૦)

૬૩૬. આ શતકમાં ધનપ્રભસૂરિ શિષ્ય સર્વાનન્દસૂરિએ જગડૂચરિત રચ્યું. (બુહ્. ૨ નં. ૨૮૪ મુદ્રિત જુઓ ટિપ્પણ નં. ૪૧૨). અંચલગચ્છીય ભુવનતુંગસૂરિએ ઋષિમંડલપર વૃત્તિ (સં. ૧૩૮૦ પહેલાં જે. ૧૨૬, જે. પ્ર. ૫૪) આતુરપ્રત્યાખ્યાન અને ચતુઃશરણ પર વૃત્તિઓ રચી. જિનપ્રભસૂરિ કે જેમણે સંસ્કૃત, પ્રાકૃત તેમજ અપભ્રંશ એમ ત્રણે ભાષામાં મળીને અનેક ગ્રંથ રચ્યા તેમના સંબંધી અગાઉ કહેવાઈ ગયું છે. (પારા ૬૦૨ થી ૬૦૪)

૬૩૭. જૂની ગૂજરાતીનું સાહિત્ય-સં. ૧૩૫૮માં લખાયેલ કાગળની પ્રતમાં નવકાર વ્યાખ્યાન તથા સં. ૧૩૬૯માં લિખિત તાડપત્રની પ્રતમાં અતિચારના સંબંધી ગૂજરાતી ગદ્યમાં લખેલ પ્રતો પાટણના ભંડારમાં છે. (મુદ્રિત પ્રા. ગૂ. કા. સંગ્રહ).

૬૩૮. સં. ૧૩૬૩ માં કોરંટામાં પ્રજ્ઞાતિલકસૂરિ (શિષ્ય ?) એ કચ્છૂલી રાસ રચ્યો છે. કચ્છૂલી નામ આબુ પાસે ગામ છે તેનું વર્ણન છે. તેમાં કેટલીક ઐતિહાસિક બિનાઓ છે. વિધિ માર્ગના શ્રીપ્રભસૂરિ (ધર્મવિધિપ્રકરણના કર્ત્તા) થયા તેના શિષ્ય માણિક્ય પ્રભસૂરિએ કછૂલિમાં પાર્શ્વજિન ભુવનની પ્રતિષ્ઠા કરી. માણિક્યપ્રભસૂરિએ પોતાની પાટ પર ઉદયસિંહસૂરિને સ્થાપ્યા. તે ઉદયસિંહે ચક્રાવલિ (ચંદ્રાવતી)ના રાઉલ ધંધલો દેવાની સમક્ષ મંત્રવાદિને મંત્રથી હરાવ્યો. તેમણે પિંડવિશુદ્ધિ-વિવરણ, ધર્મવિધિ (વૃત્તિ) અને ચૈત્યવંદન દીપિકા રચી અને તે સં. ૧૩૧૩માં સ્વર્ગસ્થ થયા. પછી કમલ સૂરિ, પ્રજ્ઞાસૂરિ, પ્રજ્ઞાતિલકસૂરિ થયા વગેરે.

૬૩૯. સં. ૧૩૬૫માં તાડપત્રપર લખાયેલી ભુવનસુંદરી કથાની પ્રતને છેવટે દેશી ભાષામાં લખવામાં આવ્યું છે કે 'સંવત ૧૩૬૫ રત્નાદેવીયે મૂલ્યે લેઇ સાધુને ઓરાવી.' (પી. ૧, ૩૯ *{મુનિ પુણ્યવિજયજીના મતે આ પ્રત તેરમા સૈકાના પૂર્વાર્ધમાં લખાઈ છે. ૧૩૬૫ સં.માં ખરીદ કરાઈ છે. જુઓ 'શ્રી ભુવનસુન્દરી કથા'માં આ. શીલચન્દ્રસૂરિનું સંપાદકીય. પ્ર. પ્રાકૃત ગ્રન્થ પરિષદ્}*) સં. ૧૩૬૮માં વસ્તિગ નામના કવિએ વિહરમાન વીશ તીર્થંકર સ્તવ રચ્યું. (પ્ર. જૈનયુગ પ્ર. ૫ અં. ૧૧-૧૨ પૃ. ૪૩૮) સં. ૧૩૭૧ લગભગ નિવૃત્તિ ગચ્છના પાસડસૂરિ શિષ્ય અંબદેવસૂરિએ સમરારાસો રચ્યો; તેમાં સં. ૧૩૭૧માં ઉપરોક્ત સમરાશાહે કરાવેલા શત્રુંજય પર મુખ્ય નાયક આદિનાથની મૂર્ત્તિના ઉદ્ધારનું સમકાલીન વર્ણન છે. આમાં રાજસ્થાની ભાષાનો પ્રયોગ પણ જણાય છે. ગૂજરાતી-રાજસ્થાની-હિંદી ભાષાનું સામ્ય આ સમય સુધી ઘણું જ હતું તે આમાંથી પરખાય છે. ખ. જિનપદ્મસૂરિએ સ્થૂલિભદ્ર ફાગ રચ્યો કે જે સૂરિ સં. ૧૪૦૦ માં સ્વર્ગસ્થ થયા. તે ફાગ ૨૭ ટુંકનું ટુંકું કાવ્ય છે.

૬૪૦. આ શતકમાં સોલણુ નામના કવિએ ચર્ચરિકા (સ્તુતિકાવ્ય) રચેલું છે. વળી અનાથિકુલક, અને ધના સંઘિએ બે કાવ્યો પાટણના ભંડારમાં છે કે જે અપભ્રંશ સાથે મળતી જૂની ગૂજરાતીમાં છે.

[આ ગૂ. સાહિત્ય માટે જુઓ જૈન ગૂર્જર કવિઓ પ્રથમ ભાગ પૃ. ૮ થી ૧૨; પ્રા. ગૂ. કા. સંગ્રહ.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सुकईहि सन्निबद्धा जहुत्तनायगा पसन्नपया ।
कस्स न हरन्ति हिययं वरप्पबन्धा मियच्छिव्व ॥

यं दिट्ठं सुकईहि सारसरसं छेयाण पीइप्पगं
थोवं जेव हवेदि चिट्ठदि चिरं कव्वं रसालव्व तं ।

जं गीयाइ पुणो हविज्ज सुबहुं चिट्ठिज्ज थोवंपि तं
कालं चिब्भडियाकलुव्व सुकरं लोएहि सव्वेहि वि ॥

-સુકવિ એટલે દૂતિઓથી રચેલ યથાર્થ ગુણવાળા નાયકનો પોતાના સ્વેચ્છિતવરમાં પ્રબંધ થયેલ છે એવી મૃગાક્ષીઓ કેનું ચિત્ત હરતી નથી ? તેવી જ રીતે સુકવિઓએ રચેલ યથાર્થ ગુણવાળા નાયક જેમાં છે એવાં ઉત્તમ પ્રબંધો કેનું ચિત્ત હરતા નથી ?-સર્વનું હરે છે (આ. જયવલ્લભકૃત પ્રાકૃત સુભાષિતાવલીમાં પણ છે.)

- જે કાવ્ય સુકવિઓથી સારરૂપ અને સરસ રચાયું છે અને નાગરિકોને પ્રીતિપદ છે તે થોડું પણ જો હોય તોયે લાંબા કાલ સુધી રસાલ (આમ્ર)ની પેઠે રહે છે, જ્યારે જે ગીત વગેરે ઘણાં હોય છતાં થોડાં કાલ સુધી સર્વ લોકમાં સુલભ એવા ચીભડાના ફલની પેઠે રહે છે-તેનો આસ્વાદ થોડા કાલ સુધી લેવાય છે.

- નયચંદ્રસૂરિકૃત રંભામંજરી નાટિકા.

૬૪૧. ઐતિહાસિક બનાવોમાંઃ-સં. ૧૪૪૪ માં ખ. જિનરાજસૂરિએ ચિતોડમાં આદિનાથની પ્રતિષ્ઠા કરી. સં. ૧૪૪૯ માં ખંભાતના શ્રીમાલી હરપતિશાહે ગિરનારના નેમિનાથ પ્રાસાદનો ઉદ્ધાર કર્યો. એ બનાવ નોંધી સાહિત્યપ્રવૃત્તિ તરફ વળીએ.

૬૪૨. સં. ૧૪૦૧ માં ઉત્તરાધ્યયન સૂત્ર વૃત્તિની ખ. જિન લબ્ધિસૂરિને ભેટ થયેલ તાડપત્રની પ્રત ભાં. ઇ. માં છે. સં. ૧૪૦૫ માં મલધારી બિરૂદધારી અભયદેવસૂરિ સંતાનીય હર્ષપુરીય ગચ્છના (નરેંદ્રપ્રભસૂરિ-પદ્મદેવ-શ્રીતિલકસૂરિના શિષ્ય) રાજશેખરસૂરિએ 'મૃદુગદ્યથી મુગ્ધાવબોધ માટે' પ્રબંધકોશ (ચતુર્વિંશતિ પ્રબંધ) દિલ્લીમાં (મહમ્મદશાહથી ગૌરવ પામેલા અને દુર્ભિક્ષનાં દુઃખ દળનાર એવા જગત્સિંહના પુત્ર 'ષડદર્શન પોષણ' એવા) મહણસિંહની વસતિમાં રહીને રચ્યો. તેમાં ૨૪ ઐતિહાસિક પ્રબંધો છે-ભદ્રબાહુ અને વરાહમિહિર, આર્ય નન્દિલ, જીવદેવસૂરિ, આર્ય ખપટાચાર્ય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાદલિપ્ત, વૃદ્ધવાદિ અને સિદ્ધસેનસૂરિ, મલ્લવાદી, હરિભદ્ર, બપ્પભટ્ટી, હેમચન્દ્ર-એ આચાર્યો, તેમજ હર્ષકવિ, હરિહર કવિ, અમરસૂરિ, મદનકીર્ત્તિ, સાતવાહન, વંકચૂલ, વિક્રમાદિત્ય, નાગાર્જુન, વત્સરાજ ઉદયન, લક્ષ્મણસેન કુમારદેવ, મદનવર્મા, રત્નશ્રાવક, આભડ અને વસ્તુપાલ-ઉપર પ્રબંધ છે. (વે. નં. ૧૭૧૭-૧૯; પ્ર. પાટણ હે. ગ્રં. નં. ૨૦ {*પ્ર. સિંઘી ગ્રં. 'પ્રબંધકોશ કા પર્યાલોચન' ડૉ. પ્રવેશ ભારદ્વાજ. પ્ર. પ્રા.ભા.*}) વળી કૌતુકકથા (અંતરકથા સંગ્રહ) રચેલ છે (બુહ્. ૪ નં. ૨૫ ગૂ. ભા. જૈ. ધ) રાજશેખરકૃત કથાસાહિત્ય ઉપરાંત બીજા ગ્રંથો છે નામેઃ -**સ્યાદ્વાદકલિકા-સ્યાદ્વાદ** દીપિકા (બુહ્. ૪ નં. ૨૭૮), રત્નાવતારિકા પંજિકા (વે. નં. ૧૬૩૪ {*પ્ર.લા.દ.વિ. રત્નાકરાવતારિકા સાથે*}), શ્રીધરકૃત **ન્યાયકંદલી** પર પંજિકા (પી. ૩, ૨૭૨) ષડ્દર્શન સમુચ્ચય (પ્ર. ય. ગ્રં. નં. ૧૭, જુઓ તેની પ્રસ્તાવના) કે જેમાં પદ્યમાં છ દર્શનો નામે જૈન, સાંખ્ય, જૈમિનીય, યોગ, વૈશેષિક અને સૌગત બૌદ્ધનું સંક્ષેપમાં માત્ર ૧૮૦ શ્લોકમાં વર્ણન કર્યું છે. આ સૂરિના નિર્દેશથી સાધુ પૂર્ણિમા ગચ્છના ગુણચંદ્રસૂરિ શિ. પંડિત **જ્ઞાનચંદ્રે** રત્નાવતારિકા ટિપ્પન (વે. નં. ૧૬૩૫ {*પ્ર.લા.દ.વિ. રત્નાકરાવતારિકા સાથે*}) રચ્યું ને તેમાં તે સૂરિએ સહાય કરી તેનાં દૂષણ કાઢી તેને સંશોધ્યું, તેમજ સં. ૧૪૧૦ માં **મુનિભદ્રનું શાંતિનાથચરિત** પણ સંશોધ્યું. ઉપર્યુક્ત શ્રીધરકૃત **ન્યાયકંદલી** પર **પંજિકા**[૪૩૨] રચ્યા પહેલાં ઉક્ત પ્રસિદ્ધ **જિનપ્રભસૂરિએ** તે મૂળ ગ્રંથ આ સૂરિને શીખવ્યો હતો.

૬૪૩. સં. ૧૪૦૬ માં ખ. **જિનચંદ્રસૂરિ**ની શિષ્યા ગુણસમૃદ્ધિ મહત્તરાએ **અંજણાસુન્દરી** ચરિત્ર પ્રા.માં ૫૦૪ શ્લોક પ્રમાણ જેસલમેરમાં રચ્યું. (જે. ૪૯, જે. પ્ર. ૫૪, આ ચરિત માટે જુઓ **શીલોપદેશમાલાવૃત્તિ** પૃ. ૨૮૧-૨૮૯) **મેરૂતુંગે** સં. ૧૪૦૯ માં **કામદેવચરિત** (કાં. વડો.) અને સં. ૧૪૧૩માં **સંભવનાથ** ચરિત રચ્યાં.

૬૪૪. સં. ૧૪૧૦ માં બૃહદ્ગચ્છના (પ્રસિદ્ધ વાદિ દેવસૂરિ-ભદ્રેશ્વર-વિજયેન્દુ-માનભદ્ર-ગુણભદ્ર કે જેણે **મહમુદશાહ** સુલતાનને શ્લોકના વિવેચનથી રંજિત કરતાં તેણે આપવા માગેલા 'સુવર્ણટંકાયુત' ને સ્વીકારેલ નહીં અને જે વ્યાકરણ, છંદસ્, નાટક, તર્ક, સાહિત્ય એ સર્વમા નિષ્ણાત હતા તેના શિષ્ય) **મુનિભદ્રસૂરિએ મુનિદેવસૂરિ**ના રચેલા **શાંતિનાથચરિત**ને અવલોકી પોતાનું નવું **શાંતિનાથ** ચરિત રચ્યું. {*પ્ર.ય.જૈ.ગ્રં. ટીકા અને ગુજ. અનુ. પ્રિયંકરસૂરિ પ્ર. નેમિદર્શન જ્ઞાનમાળા*} રચનાના

---

૪૩૨. આમાં સૂરિ આરંભમાં જણાવે છે કે પૂર્વના કણાદ મુનિએ દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય એ છ પદાર્થ ઉપદેશ્યા; પછી તે મહર્ષિએ લોકપર અનુકંપા લાવી છ પદાર્થના રહસ્યનું તત્ત્વ સમજાવવા માટે સૂત્રો રચ્યાં. સૂત્રોપર પ્રશસ્તકરદેવે ભાષ્ય રચ્યું. તે ભાષ્ય પર ચાર વૃત્તિ થઈ. **વ્યોમશિવાચાર્યે વ્યોમવતી** નામની, **શ્રીધરાચાર્યે ન્યાયકંદલી** એ નામની, ઉદયનાચાર્યે **કિરણાવલી** નામની અને શ્રી **વત્સાચાર્યે લીલાવતી** નામની રચી. તે પૈકી ન્યાયકંદલી પર પંજિકા રચવાનો આ જૈનાચાર્યે પ્રારંભ કર્યો. આ ગ્રંથ તેમજ તેવા બીજા ગ્રંથો રચી તેમણે બતાવી આપ્યું કે **જ્ઞાનચંદ્રે** રત્નાવતારિકા ટિપ્પનમાં તેમને માટે જે વિશેષણો નીચેનાં આપ્યાં તે યથાર્થ છે.

श्री राजशेखरगुरु र्गरिमाऽविधानं तर्कागमाम्बुधिमहार्घजलाभिषेकी ।

ન્યાયકંદલી એ જૈનેતર ગ્રંથ હોવા છતાં તેનું પઠનપાઠન જૈન સાધુઓ કરતા હતા અને તેથી આ સૂરિએ તે પર પંજિકા રચી હતી એમ સ્પષ્ટ જણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણમાં કવિ કહે છે કે જૈનેતરોએ રચેલાં પંચ મહાકાવ્યોને જૈનાચાર્યો પ્રથમાભ્યાસીઓ માટે વ્યુત્પત્તિની પ્રાપ્તિ અર્થે સતત ભણાવે છે તો સમ્યક્ત્વની વાસનાથી રચાયેલું જૈન કાવ્ય કેમ ઇચ્છિત ન થાય તે માટે આ ચરિત રચ્યું છે. કવિ એટલું બધું અભિમાન સેવે છે કે જે વિદ્વાનો કાલિદાસની ઉક્તિમાં, ભારવિ, માઘપંડિતના બે મહાકાવ્યોમાં, હર્ષના અમૃત સૂક્તિવાળા નૈષધ મહાકાવ્યમાં પણ દોષોનું પ્રતિપાદન કરે છે તેઓ આ ભગવાન્ શાન્તિના ચરિત્રમાં વૃત્તના વિવર્ણન વડે કેવલ ગુણોનું પ્રતિપાદન કરશે.' કવિએ પીરોજશાહ સુલતાનની રાજ્યસભામાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી અને ઉક્ત રાજશેખરસૂરિએ આ ચરિત્રએ શોધ્યું હતું. જુઓ તેની પ્રશસ્તિ (પ્ર. ય. ગ્રં. નં. ૨૦). આ કાવ્ય મનોહર છે. આ મુનિભદ્રે દેવેન્દ્રસૂરિની (સં. ૧૪૨૯ ની) પ્રશ્નોત્તર રત્નમાલાનું સંશોધન કર્યું હતું.

૬૪૫. સં. ૧૪૧૧માં ખ. જિનેશ્વરસૂરિ શિષ્ય સોમકીર્ત્તિએ અણહિલ્લપુરપત્તને કાતંત્રવૃત્તિપંજિકા લખી-લખાવી. (જે. ૧૨). સં. ૧૪૧૨ (રવિવિશ્વવર્ષે)માં ખંડિલ ગચ્છના કાલિકાચાર્ય સંતાનીય (ભાવદેવ-વિજયસિંહ-જિનવીર-જિનદેવસૂરિ શિ.) ભાવદેવસૂરિએ પાર્શ્વનાથ ચરિત્ર[૪૩૩] (પી. ૪, ૧૦૬, કાં. વડો. પ્ર. ય. ગ્રં. સને ૧૯૧૨) રચ્યું, વળી તેમના ગ્રંથો પ્રા. માં યતિદિનચર્યા (કાં. વડો.) અને અલંકાર સાર આઠ પ્રકરણમાં (કાં. વડો) છે. કાલિકાચાર્ય કથાના રચનાર ભાવદેવસૂરિ (પી. ૧, ૩૦) પ્રાયઃ આ હશે.

૬૪૬. સં. ૧૪૨૨ માં કૃષ્ણર્ષિ ગચ્છના મહેંદ્રસૂરિ શિ. જયસિંહસૂરિએ ૧૩૦૬ શ્લોક પ્રમાણ પદ્યમાં કુમારપાલ ચરિત્ર રચ્યું (વે. નં. ૧૭૦૭ પ્ર. હી. હં. સને ૧૯૧૫, ને મુંબઈ ગોડીજી જૈન ઉપાશ્રય સન ૧૯૨૬) કે જેની તાડપત્રપરની પ્રત ભાં. ઈ. માં છે. તેમના ગુરુ મહેંદ્રસૂરિએ મહમ્મદશાહ પાસેથી નિર્લોભ ભાવ માટે 'મહાત્મા' તરીકે વખાણ પ્રાપ્ત કર્યા હતાં.[૪૩૪] આ ચરિતનો પ્રથમાદર્શ પ્રમાણનિષ્ણાત અને કવિ મુનિ નયચંદ્રે લખ્યો હતો. આ ઉપરાંત જયસિંહે ભાસર્વજ્ઞ કૃત ન્યાયસાર (પ્ર. વિશ્વનાથ પ્ર. વૈદ્ય સને ૧૯૨૧) કે જેમાં વૈશેષિક નૈયાયિક વેદાન્તી આદિ અમુક અમુક પ્રમાણો માને છે તેની ચર્ચા છે તથા પંચાવયવ હેત્વાભાસો તથા પદાર્થોનું નિરૂપણ છે તે પર ટીકા નામે ન્યાયતાત્પર્ય દીપિકા રચી (પ્ર. શતીશચંદ્ર વિદ્યાભૂષણથી સંશોધિત રૉ. એ. બેં. સન ૧૯૧૦), વિશેષમાં નવું વ્યાકરણ રચ્યું હતું અને સારંગપંડિતને વાદમાં જીત્યો હતો એમ ઉક્ત નયચંદ્ર પોતાના હમ્મીર મહાકાવ્યના ૧૪મા સર્ગમાં જણાવે છે.[૪૩૫] આ સારંગપંડિત ને શાકંભરના રાજા હમ્મીરરાજનો પંડિત, શાર્ગધર પદ્ધતિ (વે. નં. ૧૨૨૮) નામનો સાહિત્યગ્રંથ રચનાર જણાય છે કે જેની સં. ૧૪૧૯ ની લખેલી પ્રત મળે છે. સં. ૧૪૨૪માં ઉક્ત સોમતિલકસૂરિએ પણ કુમારપાલ ચરિત્ર (કાં. છાણી) રચેલ છે તે કહેવાઈ ગયું છે. (જુઓ પારા ૬૩૩.)

---

૪૩૩. આનો સાર M. Bloomfield કૃત 'The Life and Stories of the Jain Savior Parsvanath' Baltimore 1919 માં પ્રગટ થયો છે.

૪૩૪. प्रत्यब्दं दीनदुःस्थोद्धृतिसुकृतकृते दीयमानं समानं साक्षाद् दीनारलक्षं तृणमिव कटति प्रोज्झ्य निर्लोभभावात्।
एकः सोऽयं महात्मा न पर इति नृपश्रीमहम्मदसाहेः स्तोत्रं प्रापत् स तापं क्षपयतु भगवान् श्रीमहेन्द्रप्रभुर्नः ॥

૪૩૫. षट्भाषा कविचक्रशक्रमखिलप्रामाणिकोग्रेसरं सारंगं सहसा विरंगमतनोद्यो वादविद्यानिधौ ॥ २३ ॥
श्री न्यायसारटीकां नव्यं व्याकरणमथ च यः काव्यं । कृता कुमारनृपतेः ख्यातस्त्रैविद्यवेदिचक्रीति ॥ २४ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૪૭. સં. ૧૪૨૬ માં રુદ્રપલ્લીય ગચ્છના **અભયદેવસૂરિ** રાજ્યે તે ગચ્છના (**ગુણશેખર-ગુણચંદ્ર** શિ.) **ગુણાકરે ભક્તામર** સ્તોત્ર પર વૃત્તિ રચી (લી.; બુહ્. ૨. નં. ૩૦૨; પી. ૫, ૨૦૭; વે. નં. ૧૮૧૭) સં. ૧૪૨૭ માં **મદનસૂરિ**ના શિષ્ય અને દિલ્હીના **ફિરોઝશાહ** તઘલખના મુખ્ય જ્યોતિષી **મહેન્દ્રપ્રભૂસરિએ યંત્રરાજ** નામનો ગ્રંથ (અમુક સિદ્ધિ થાય તે માટેનાં યંત્રો કેમ કરવા તે પર) પાંચ અધ્યાયમાં રચ્યો અને તેનાપર તેમના જ શિષ્ય **મલયેન્દુ** સૂરિએ ટીકા રચી (વે. નં. ૨૫૫-૨૫૭; પ્ર. બનારસ સન ૧૮૮૩, ઈ. આ. નં. ૨૯૦૫-૬; થીબા પૃ. ૬૧, દીક્ષિત પૃ. ૩૫૧).

૬૪૮. સં. ૧૪૨૮ માં બૃહદ્ ગચ્છના (પછી થયેલ નાગોરી તપાગચ્છના) **વજ્રસેનસૂરિ હેમતિલકસૂરિ** શિ. **રત્નશેખરસૂરિ**એ પ્રાકૃતમાં **સિરિવાલ** કહા-ચરિત્ર (**શ્રીપાલ** ચરિત્ર) રચ્યું (પી. ૪, ૧૧૮, પી. ૩, ૨૦૩ પ્ર. દે. લા. નં. ૬૩) કે જે તેમના શિષ્ય **હેમચંદ્રે** લખ્યું. તે ઉપરાંત તે રત્નશેખરે પ્રાકૃતમાં છંદકોશ રચ્યો, તેમાં પ્રાકૃત છંદો કેટલાક સુપ્રસિદ્ધ છે અને તેમાં તે છંદોનાં લક્ષણો ગણમાત્રાદિ આપ્યાં છે. [૪૩૬]સં. ૧૪૪૭ માં રચેલ **ગુણસ્થાનક** ક્રમારોહ સવૃત્તિ (બુહ્. ૮ નં. ૩૭૬, વે. નં. ૧૭૮૩; પ્ર. જૈન આ. સભા; હી. હં; દે. લા. નં. ૩૮), **ગુરુ** ગુણષટ્ત્રિંશત્ ષટ્ત્રિંશિકા, **સંબોધસત્તરી** (મુ.), (પ્ર. આ. સભા નં. ૫૩ **ગુણવિનયની** સં. ટીકા સહિત) **લઘુ** ક્ષેત્રસમાસ સ્વોપજ્ઞ વિવરણ સહિત કે જે **મલગિરિની** ટીકાનો આધાર લઈ કરેલ છે (પ્ર. જૈ. આ સભા નં. ૪૬; મૂળ ભી. મા. ના **પ્રકરણ** રત્નાકર ભાગ ૪; વે. નં. ૧૫૯૨-૯૩, બુહ. ૨, નં. ૪૦૨), **સિદ્ધચક્ર** યંત્રોદ્ધાર (ચુનીજી ભં. કાશી) આદિ ગ્રંથો છે.

૬૪૯. સં. ૧૪૨૯માં રુદ્રપલ્લીય ગચ્છના **સંઘતિલકસૂરિ**ના પટ્ટધર **દેવેન્દ્રસૂરિએ વિમલચંદ્રસૂરિકૃત પ્રશ્નોત્તરરત્નમાલા** પર વૃત્તિ (પી. ૪, ૧૦૮ વેબર નં. ૨૦૨૧) રચી કે જેમાં **શીલોપદેશમાળા** વૃત્તિકાર **સોમતિલકને** કર્ત્તા પોતાના જ્યેષ્ઠ ગુરુબંધુ જણાવે છે; ને તે ઉપરાંત પ્રા. માં **દાનોપદેશમાલા** સંસ્કૃત ટીકાસહિત રચી (કાં. છાણી *{પ્ર. ૐકારસૂરિ જ્ઞાનમંદિર સૂરત. સં. રમ્યરેણુ}*).

૬૫૦. આંચલિક **મહેંદ્રપ્રભસૂરિ**ના શિષ્ય **જયશેખરસૂરિ** એક વિદ્વાન્ કવિ થયા. તેમણે સં. ૧૪૩૬ માં **ઉપદેશચિંતામણિ** સાવચૂરિ (પ્ર. હી. હં.; વે. નં. ૧૫૬૫), સં. ૧૪૬૨ માં ખંભાતમાં **પ્રબોધચિંતામણિ** (પ્ર. જૈ. ધ. સભા) તથા **ધમ્મિલચરિત્ર** કાવ્ય (લીં. પ્ર. હી. હં.) એ બંને, **જૈનકુમારસંભવ** (પ્ર. ભી. મા; વે. નં. ૧૫૬૫ અને ૧૭૨૧ *{પ્ર. પ્રા. ભારતી રમેશચંદ્ર જૈનના હિન્દી સાથે}*) આ ચાર મોટા ગ્રંથો અને **શત્રુંજય ગિરનાર મહાવીર** એમ ત્રણ પર સંસ્કૃત બત્રીશીઓ (પ્ર. આ. સભા) **આત્મબોધકુલક** (પ્રા.), **ધર્મ** સર્વસ્વ. **ઉપદેશમાલા** પર અવચૂરિ (વેબર નં. ૨૦૦૩ અને **પુષ્પમાલા** પર અવચૂરિ, **નવતત્ત્વ** ગાથામાં (વિવેક. ઉદે.), ૧૭ શ્લોકમાં સં. **અજિત શાંતિસ્તવ** (પી. ૧, નં. ૩૧૬), **સંબોધ** સપ્તતિકા (વે. નં. ૧૬૯૦-૯૧. પ્ર. ગૂ. ભા. સહિત આ. સભા સને ૧૯૨૨) આદિ અનેક ગ્રંથો રચ્યા. આ ઉપરાંત **નલદમયંતી** ચંપૂ, **કલ્પસૂત્ર** પર **સુખાવબોધ** નામનું વિવરણ

૪૩૬. આ પર તેમના સંતાનીય **ચંદ્રકીર્ત્તિસૂરિએ** ૧૭મા સૈકામાં ટીકા રચી છે. (બુહ્. ૪, નં. ૭૫; પી. પ. ૧૯૩.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ન્યાયમંજરી નામના ગ્રંથો રચ્યાનું હી. હં. જણાવે છે. {*જંબૂચરિયં - જયશેખરસૂરિ પ્ર. આર્યજય કલ્યાણ કેન્દ્ર ગુ.ભાષા પ્ર.જૈ.આ.સ.*} તેમણે ગૂ. ભાષામાં પણ કાવ્યો રચ્યાં છે તે હવે પછી જોઈશું.

૬૫૧. ઉક્ત આંચલિક **મહેંદ્ર**પ્રભસૂરિના શિષ્ય પટ્ટધર **મેરુ**તુંગ સૂરિએ સં. ૧૪૪૪ માં **કા**તન્ત્ર વ્યાકરણપર સંસ્કૃત બાલાવબોધ વૃત્તિ રચી (વે. નં. ૨૨) તથા **ષડ્દર્શન** નિર્ણય કે જેમાં ૭ દર્શન નામે બૌદ્ધ, મીમાંસક, સાંખ્ય, નૈયાયિક, વૈશેષિક અને જૈનની તપાસ નિર્ણય કરેલ છે તે રચ્યો. (વે. નં. ૧૬૬૬ {*પ્ર.લા.દ. વિદ્યા મં. 'જૈન દાર્શનિક પ્ર. સં.' અંતર્ગત સં. નગીન શાહ, સં. કલાપ્રભસા. પ્ર. આર્યજય કલ્યાણ કેન્દ્ર*}). તદુપરાંત સં. ૧૪૪૯ માં **સપ્ત**તિભાષ્ય પર ટીકા બનાવી. તેમાં **મુનિશેખર**સૂરિએ રચવામાં ઉત્તેજન આપેલ હતું, અને તેની અંતની પ્રશસ્તિમાં કર્ત્તા પોતાના ગ્રંથો નામે **મેઘદૂત** સવૃત્તિ, ઉક્ત **ષડ્દર્શનસમુચ્ચય** ને ઉક્ત બાલાવબોધવૃત્તિ, **ધા**તુપારાયણ વગેરેનો ઉલ્લેખ કરે છે. (ડો. ભં. ભાવ.) તે ઉપરાંત **ભા**વકર્મ પ્રક્રિયા, **શ**તકભાષ્ય, **ન**મુત્થુણંપર ટીકા, **સુ**શ્રાદ્ધ કથા, ઉપદેશમાલાની ટીકા અને જેસાજી પ્રબંધ રચેલ છે એમ હી. હં. જણાવે છે. જેસાજી પ્રબંધમાં ઉમરકોટના જેસાજીએ ત્યાં સૂરિના ઉપદેશથી **શાં**તિનાથનો ૭૨ દેવકુલિકાવાળો પ્રાસાદ કરાવ્યો, શત્રુંજયાદિ તીર્થોની યાત્રા કરી વગેરેનું વર્ણન છે. {*ગ્રંથકારના અન્ય ગ્રંથોની વિગત માટે જુઓ મહાકવિ જયશેખરસૂરિ ભા. ૧ પૃ. ૪૯ પ્ર. આર્યજય કલ્યાણ*} આ. **મ**હેન્દ્રપ્રભ (મહેંદ્ર) કે જેમનો સ્વર્ગવાસ સં. ૧૪૪૪માં થયો તેમણે **તી**ર્થમાલા પ્રકરણ રચ્યું કે જેમાં શત્રુંજય, સુપાર્શ્વનાથ સ્તૂપ મથુરા, ભરૂચ, થંભનપુર-ખંભાત, પાવકગિરિ, સત્યપુર (સાચોર), બંભનવાડ, નાણાગ્રામ, તારણગિરિ (તારંગા), ભિન્નમાલ તથા આનંદપુર (વડનગર) વગેરે તીર્થોનું ઐતિહાસિક વૃત્તાંત છે; પ્રાયઃ તેમણે જ **વિ**ચારસપ્તતિકા પ્રા.માં રચી. **ત**પાગચ્છના **સો**મતિલકસૂરિ શિષ્ય જયાનંદસૂરિ (આચાર્યપદ સં. ૧૪૨૦ સ્વ. ૧૪૪૧) એ **સ્થૂ**લિભદ્ર ચરિત (પી. ૫, ૨૧૬; વે. નં. ૧૦૯૦; પ્ર. હી. હં; દે. લા.) રચ્યું.

૬૫૨. ત. **દે**વસુંદરસૂરિ મહાપ્રભાવિક આચાર્ય થયા. તેમણે અનેક પુસ્તકો તાડપત્ર પર હતા તેને કાગળપર લખાવી તેનો ઉદ્ધાર કર્યો જણાય છે. તેમની આજ્ઞાથી સં. ૧૪૪૪ માં એક શ્રાવિકાએ **જ્યો**તિઃકરંડવિવૃત્તિ, **તી**ર્થકલ્પ, **ચૈ**ત્યવંદન ચૂર્ણિ આદિ તાડપત્ર પર લખાવ્યાની નોંધ છે (જુઓ કાં. છાણી ભં.માંની એક વૃત્તિની પ્રતની પ્રશસ્તિ). તેમને અનેક વિદ્વાન આચાર્ય શિષ્યો હતાઃ-**જ્ઞા**નસાગર **કુ**લમંડન, **ગુ**ણરત્ન, **સા**ધુરત્ન અને **સો**મસુંદર.

૬૫૩. આ પૈકી **જ્ઞા**નસાગરસૂરિએ સં. ૧૪૪૦માં **આ**વશ્યક પર અવચૂર્ણિ, સં. ૧૪૪૧ માં ઉત્તરાધ્યયન સૂત્રપર અવચૂર્ણિ (પી. ૨, નં. ૨૮૪), તથા **ઓ**ઘનિર્યુક્તિ પર અવચૂરિ (બુહ. ૭, નં. ૧૮); અને સ્તવો-મુનિસુવ્રતસ્તવ, ઘનૌઘ નવખંડ પાર્શ્વનાથસ્તવ આદિ રચેલ છે. **કુ**લમંડને સં. ૧૪૪૩ (રામાબ્ધિશક)માં **વિ**ચારામૃત સંગ્રહ (કાં. વડો.), પ્રવચન પાક્ષિકાદિ ૨૫ અધિકારવાળા આલાપક નામે **સિ**દ્ધાન્તાલાપકોદ્ધાર, તેમજ **પ્ર**જ્ઞાપનાસૂત્ર તથા **પ્ર**તિક્રમણસૂત્ર પર અવચૂર્ણિઓ, **ક**લ્પસૂત્ર પર અવચૂર્ણિ (ડો. ભાવ.), પ્રા. **કા**યસ્થિતિસ્તોત્ર પર અવચૂરિ (વે. નં. ૧૮૦૨, પ્ર. આ. સભા સં. ૧૯૬૮) તથા નાનાં સ્તવનો-**વિ**શ્વશ્રીધરેત્યાદ્યાષ્ટાદશારચક્રબંધ સ્તવ, **ગ**રિયોહારબંધસ્તવ વગેરેની રચના કરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોમસુંદરસૂરિના શિષ્ય મુનિસુંદરે ત્રેવેદ્યગોષ્ઠી સં. ૧૪૫૫માં અને તે જ વર્ષમાં-શક ૧૩૨૦ માં પૌ. (ચંદ્રપ્રભ-ધર્મઘોષ-ભદ્રેશ્વર-મુનિપ્રભ-સર્વદેવ-સોમપ્રભ-રત્નપ્રભ-ચંદ્રસિંહ-દેવસિંહ-પદ્મતિલક-શ્રીતિલક-દેવચંદ્ર-પદ્મપ્રભસૂરિ શિ.) દેવાનન્દ-અપરનામ દેવમૂર્ત્તિએ ક્ષેત્રસમાસ અને તે પર સ્વોપજ્ઞવૃત્તિ (કાં. વડો; ભક્તિ. ભાવ.) અને ઉપર્યુક્ત સાધુરત્ને યતિજીત કલ્પ પર વૃત્તિ સં. ૧૪૫૬ માં અને તે આસપાસ નવતત્ત્વ પર અવચૂરિ(વે. નં. ૧૬૨૨)ની રચના કરી. 'દેવસુંદરસૂરિ શિષ્ય ક્ષેમંકર સૂરિએ ષટ્પુરુષ ચરિત્ર (બુહ્. ૨ નં. ૩૮૩, ગૂ. ભા. પ્ર. ભગુભાઈ કારભારી) અને સિંહાસન દ્વાત્રિંશિકા કથા (પ્ર. હી. હં.) રચ્યાં.'

૬૫૪. આ શતકમાં સં. ૧૪૪૦ આસપાસ કુમારપાલ ચરિત્રના કર્ત્તા કૃષ્ણર્ષિ ગચ્છના ઉક્ત જયસિંહસૂરિના શિષ્ય પ્રસન્નચંદ્રના શિષ્ય નયચંદ્રસૂરિએ ૧૪ સર્ગનું 'વીરાંક' હમ્મીર મહાકાવ્ય {*પ્ર. રાજસ્થાન પુરાતન ગ્રં. સંપા. જિનવિજય*} અને રંભામંજરી નાટિકા રચ્યાં. તે સૂરિ ગ્વાલિયરના તોમર (તંવર) વંશી રાજા વીરમના દરબારના પ્રસિદ્ધ કવિ હતા.[૪૩૭] હમ્મીર મહાકાવ્યનો નાયક રણસ્થંભપુર (રણથંભોર) નો હમ્મીર ચોહાણ છે અને તે હિંદી ગીતોમાં પ્રસિદ્ધ છે. જે કેટલાક શૂરવીર પુરુષોએ મુસલમાનો સાથે તલવારથી યુદ્ધ કરી પોતાની સ્વતંત્રની રક્ષા અર્થે પ્રાણ આપ્યા તે પૈકી એક આ હમ્મીર છે. અલાઉદ્દીનના રાજ્યને ત્રીજું વર્ષ થયું ત્યાં એક અમીરનું તેણે અપમાન કરવાથી તે અમીરે હમ્મીરનું શરણું લીધું. તે વખતે હમ્મીરનો રણથંભોરનો કિલ્લો હિંદના મજબૂત કિલ્લાઓમાંનો એક હતો. તે શરણાગત અમીરને પાછો સોંપવાનું હમ્મીરને કહેતાં હમ્મીરે ના પાડી અને લડાઇ થતાં તે, બચાવ કરતાં મરાયો અને તેના કુટુંબની સ્ત્રીઓ તેની પાછળ સતી થઈ એ વીરતા ભરી રાજસ્થાનની એક બિરૂદાવલી છે. (પ્ર. નીલકંઠ જનાર્દન કીર્ત્તને સન ૧૮૭૯) તે રા. કીર્ત્તને જણાવે છે કે-'આ કૃતિ એક કાવ્ય તરીકે પુષ્કળ ગુણો ધરાવે છે અને સંસ્કૃત સાહિત્યના ગ્રંથોમાં ભાગ્યે જ મળી આવતાં ઐતિહાસિક કાવ્યો પૈકીનું એક છે. નાયકના સમયમાં કવિ નથી થયો, છતાં તે સમકાલીન કવિ કરતાં ઓછી ઐતિહાસિક મહત્તાવાળું નથી. કવિ ધર્મથી જૈન છતાં હિંદુ દેવોમાંના મુખ્ય ગુણાતા દેવોના આશીર્વાદ લેવા માટે તેણે શ્લોક રચ્યા છે કે જે હિંદુ દેવો અને જૈનોના કેટલાક તીર્થંકરો

---

૪૩૭. વળી તે હરિ પોતાને માટે જણાવે છે કે :-

छब्भासासुकवित्तजुत्तिकुसलो जो सारदादेवया-दिन्नपोढवरप्पसायवसओ रायाण जो रंजगो ।

जो पुव्वाण कईण पंथपहिओ एअस्स सो कारगो विक्खाओ नयचंदणामसुकई णीसेसविज्जाणिहि ॥ १२ ॥

- જે શારદાદેવીએ આપેલા પ્રૌઢ વરના પ્રસાદથી છ ભાષામાં સુકવિત્વની યુક્તિમાં કુશલ છે, જે રાજાના રંજક છે, વળી જે પૂર્વના કવિઓના માર્ગના પથિક છે એવા વિખ્યાત અને સર્વ વિદ્યાના નિધિ નયચંદ્ર નામના સુકવિ આ પ્રબંધના કર્ત્તા છે.

लालित्यममरस्येह श्रीहर्षस्येव वक्रिमा । नयचन्द्रकवेः काव्ये दृष्टं लोकोत्तरं द्वयम् ॥ १८ ॥

- (વેણીકૃપાણ અમર) અમરચંદ્રકવિના કાવ્યમાં લાલિત્ય છે. શ્રી હર્ષકવિના (નૈષધ) કાવ્યમાં વક્રિમા છે જ્યારે નયચંદ્ર કવિના કાવ્યમાં લોકોત્તર બંને સાથે જોવામાં આવ્યાં છે-

- રંભામંજરી પૂ. ૯-૧૦ (પ્ર. રામચંદ્રશાસ્ત્રી તથા ભગવાનદાસ કેવલદાસ નિ. સા. સન ૧૮૮૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ બંનેને લાગુ પડે છે. તે સૂચવે છે કે કવિના સમયમાં વિચારસ્વાતંત્ર્યનો જમાનો હતો અથવા કવિ દ્વિઅર્થના શ્લોકો રચવામાં કુશળ હતા કે જૈન તેમજ અન્ય હિંદુદેવને લાગુ પડે.' [૪૩૮]આ કાવ્યમાં પ્રસિદ્ધ પૃથ્વીરાજનું પણ વિસ્તૃત વૃત્તાંત છે. રંભામંજરી નાટિકાનો નાયક જયચંદ્રને (જૈત્રચંદ્રને) બનાવ્યો છે. આ બંનેમાં કયાંક પૃથ્વીરાજ અને જયચંદ વચ્ચેની લડાઈ, જયચંદનો રાજસૂય યજ્ઞ કે સંયોગતાના સ્વયંવરનો ઉલ્લેખ કર્યો નથી તેથી જણાય છે કે આ સમય સુધી તો આ કથાઓ ઘડાઈ નહોતી તેથી પૃથ્વીરાજરાસાનું પૃથ્વીરાજે કનોજ જઈ જયચંદ સાથે ભીષણ યુદ્ધ કર્યાનું કથન માનવાયોગ્ય નથી.[૪૩૯]

૬૫૫. આ સમયમાં તાડપત્રપર પ્રતો લખાઈ તે પૈકી જે જણાઈ તે એ છે કેઃ- સં. ૧૪૦૪માં પર્યુષણાકલ્પ અને કાલિકાચાર્ય કથાનક (જે. ૩૪), ૧૪૦૯માં કવાવા ગ્રામે તિલકાચાર્યકૃત સામાચારી (જે. ૨૨), ૧૪૧૨માં સિદ્ધપ્રાભૃતવૃત્તિ અને નિરયાવલી શ્રુતસ્કંધ (જે. ૩૩), ૧૪૧૮માં બીબાગ્રામમાં ઉદયસિંહાચાર્યકૃત ધર્મવિધિવૃત્તિ, ૧૪૨૩માં શતકચૂર્ણિ (જે. ૩૬), ૧૪૨૫માં મલધારી હેમચંદ્રકૃત ઉપદેશમાલા-પુષ્પમાલા પર વૃત્તિ (પી. ૫, ૯૯), ૧૪૪૫માં સ્તંભતીર્થમાં આવશ્યકનિર્યુક્તિ સહિત તિલકાચાર્યની ટીકા (પી. ૧, ૯), ૧૪૫૪માં સ્તંભતીર્થમાં શીલાચાર્યકૃત સૂત્રકૃતાંગ ટીકા (પી. ૫, ૭૧) અને ઉત્તરાધ્યયન બૃહદ્વૃત્તિ (જે. ૪૩) વગેરે.

૬૫૬. જૂની ગૂજરાતીનું સાહિત્ય-સં. ૧૪૧૧ દીપોત્સવ દિવસે અણહિલ્લપત્તનમાં પાતશાહ પીરોજસાહિ રાજ્યે ચંદ્રગચ્છના ખરતરગચ્છાધિપતિ જિનચંદ્રસૂરિના શિષ્ય તરૂણપ્રભસૂરિએ ઠક્કુર બલિરાજની અત્યર્થનાથી ષડાવશ્યક વૃત્તિ પર બાલાવબોધ-શ્રાવકપ્રતિક્રમણસૂત્ર વિવરણ રચ્યું. {*સં. પ્રબોધ દોશી પ્ર. ભારતીય વિદ્યાપીઠ*} આ સૂરિના વિદ્યાગુરુ યશઃકીર્ત્તિ અને રાજેન્દ્રચંદ્રસૂરિ હતા. પ્રચલિત લોક ભાષામાં ગદ્યમય અર્થ પૂરનાર ગ્રંથને 'બાલાવબોધ' 'સ્તબુક' (ટબો), 'વાર્ત્તિક' કહેવામાં આવે છે. પંદરમા શતકમાં આ રીતે ગદ્યમય ભાષામાં વિશેષ લખવાનો આરંભ થયો અને તેવો પહેલો ગ્રંથ આ જણાય છે.

૬૫૭. ગૂજરાતીનું કાવ્યસાહિત્ય-પણ જૈનોના હાથે આ સમયમાં ચાલુ હતું. જૈનેતરનો આ વખતનો તેમજ આ પંદરમા શતકમાં એક પણ ભાષાનો કાવ્યગ્રંથ મળતો નથી. જૈનો રચિત કૃતિઓ છે તે ટૂંકમાં જણાવીએઃ-ઉપર્યુક્ત મલધારી રાજશેખર સૂરિનો સં. ૧૪૦૫ લગભગનો નેમિનાથ ફાગ, આગમગચ્છના હેમવિમલસૂરિ-લાવણ્યરત્નના શિષ્ય વિજયભદ્રકૃત કમલાવતીરાસ, કલાવતી સતીનો રાસ, અને સં. ૧૪૧૧ નો હંસરાજવચ્છરાજ, વિનયપ્રભનો સં. ૧૪૧૨ માં ખંભાતમાં સુંદરકાવ્યરૂપ રચેલો ગૌતમસ્વામીનો રાસ, હરસેવકનો સં. ૧૪૧૩ (?) માં કુકડી ગામમાં મયણરેહાનો રાસ, ખ. જિનોદયસૂરિનો સં. ૧૪૧૫ નો ત્રિવિક્રમરાસ અને તેજ વર્ષ લગભગ રચાયેલ જ્ઞાનકલશ-કૃત જિનોદયસૂરિપટ્ટાભિષેક રાસ, સં. ૧૪૨૩ માં ખ. જિનઉદયસૂરિના શિષ્ય તથા ઠ. માલ્હેના પુત્ર

---

૪૩૮. જુઓ રા. કીર્ત્તનેની અંગ્રેજી પ્રસ્તાવનાનો સાર અમે કરી 'નયચંદ્રસૂરિકૃત હમ્મીર મહાકાવ્ય' એ નામે પ્રકટ કરેલ-'જૈનયુગ' સં. ૧૯૮૪ આષાઢ-શ્રાવણનો અંક.

૪૩૯. ઓઝાજીનો લેખ 'અનંદ વિક્રમ સંવતકી કલ્પના' ના. પ્ર. પત્રિકા ૧, પૃ. ૪૧૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ્વણુએ મગધમાં વિહાર કરતી વખતે રચેલી જ્ઞાનપંચમી ચોપઈ, સં. ૧૪૩૨ ની આસપાસ મેરૂનંદને પોતાના ગુરુ ખ. જિનોદય સૂરિનો વિવાહલો અને અજિતશાંતિ સ્તવન, ચંદ્રગચ્છના સોમતિલકસૂરિ શિષ્ય દેવસુંદરસૂરિકૃત ઉત્તમરિષિસંઘસ્મરણા ચતુષ્પદી, કે જેમાં ૯૯ ટુંકમાં તીર્થંકર, ગણધર અને અન્ય સાધુઓનું સ્મરણ છે તે, તે દેવસુંદરસૂરિના શિષ્ય (કુલમંડનસૂરિ ?) એ કાકબંધ ચોપઈ ધર્મકક્ક સં. ૧૪૪૦ આસપાસ, મુનિસુંદરસૂરિનો સં. ૧૪૪૫ (?) લગભગ શાંતરાસ, સં. ૧૪૪૮ પહેલાં રચાયેલ વસ્તિગકૃત ચિહુંગતિ, ચોપઈ, ત. જિનશેખરસૂરિ-જિનરત્નસૂરિ શિ. સાધુહંસે સં. ૧૪૫૫માં રચેલ શાલિભદ્રરાસ અને તે આસપાસ ગૌતમપૃચ્છા ચોપઈ, આદિ કૃતિઓ મળી આવે છે.

૬૫૮. સં. ૧૪૫૦ માં તપાગચ્છના ઉપર્યુક્ત કુલમંડનસૂરિએ મુગ્ધાવબોધ ઔક્તિક (લીં.) રચ્યું. આ પરથી તત્કાલીન-મધ્યકાલીન ગૂજરાતી ભાષાપર ઘણો પ્રકાશ પડે છે ને તે શ્રી હરિલાલ હર્ષદ ધ્રુવ મહાશયે પ્રકટ કરાવેલું છે. સં. ૧૪૫૬ માં સ્તંભતીર્થમાં બૃહત્ પૌષધશાલામાં બૃહત્તપા જયતિલક સૂરિએ અનુયોગદ્વારચૂર્ણિનો ઉદ્ધાર કરાવ્યો (પી. ૫, ૫૧) અને તેજ સ્થળે તેમના ઉપદેશથી કુમારપાલ પ્રતિબોધની પ્રત તાડપત્ર પર લખાઈ (પી. ૫, ૩૯૬)-એ બંને પ્રતો પાટણ ભં.માં મોજૂદ છે.

૬૫૯. સં. ૧૪૬૮માં પાટણમાંથી ગૂજરાતની રાજધાનીને ખસેડી તે વર્ષમાં સ્થપાયેલા અમદાવાદમાં મુસલમાની સુલતાનો આવ્યા.

૬૬૦. આ સર્વ જૈનના રચેલા સાહિત્યપરથી સ્વ. રણજિતરામનું કથન સત્ય ઠરે છે કે : ''અલાઉદ્દીન ખીલજીના સરદારોએ ગૂજરાતના હીંદુ રાજ્યને પાયમાલ કીધું ત્યાર પછી ચાલેલી અંધાધુંધીમાં નાસભાગ કરતા બ્રાહ્મણોએ શારદાસેવન ત્યજી દીધું; પણ મંદિરો પ્રતિમા આદિની આશાતના થવા છતાં જૈન સાધુઓ પોતાના અભ્યાસમાં આસક્ત રહ્યા અને શારદાદેવીને અપૂજ ન થવા દીધી.''

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલાક ગ્રન્થો

પાર્શ્વનાથચરિત - વાદિરાજ પ્ર. મા.દિ./યશોધર ચરિત - વાદિરાજ પ્ર. કર્ણાટકમુનિ.

સુમતિચરિત્ર - હર્ષકુંજર પ્ર. હર્ષપુષ્પા.

પઉમપ્પહસામિચરિય - શ્રી દેવસૂરિ સં. રુપેન્દ્રકુમાર પગારિયા પ્ર.લા.દ. રચના સં. ૧૨૫૪

અણંતણાહ જિન ચરિય - નેમિચન્દ્રસૂરિ સં. રુપેન્દ્રકુમાર પગારિયા પ્ર.લા.દ.

ચન્દ્રપ્રભચરિત - વીરનન્દી (૧૧મી સદી) + ગુણનન્દીકૃત પંજિકા + મુનિચન્દ્ર કૃત વિદ્વન્મનો વલ્લભવ્યાખ્યાન મુદ્રિત થયું છે. (શ્રમણ વર્ષ-૫૦ અંક ૧૦-૧૨)

પાર્શ્વનાથચરિત્ર - સુખસાગર સં. રત્નત્રય વિ. પ્ર. રંજન વિ. લાયબ્રેરી માલવાડા

વરાંગચરિત - જટાસિંહનંદી (૭મી સદી) સંપા. એ. એન. ઉપાધ્યે પ્ર. મા.દિ.ગ્રં.

નેમિનાહચરિઉ - હરિભદ્રસૂરિ ભા. ૧-૨ (૨. સં. ૧૨૧૬) સંપા. હરિવલ્લભ ભાયાણી પ્ર.લા.દ.

સણત્કુમારચરિય - (નેમિનાહ ચ. અંતર્ગત) હરિભદ્રસૂરિ - ગુજ. સાથે સં. ભાયાણી અને મોદી પ્ર. લા. દ.

વાસુપૂજ્ય ચરિત્ર - વર્ધમાનસૂરિ પ્ર.હી.હં. અને જૈ.ધ.પ્ર.

પૃથ્વીચન્દ્ર ચરિત્ર ખ. જયસાગરગણી, (૨. સં. ૧૫૦૩) અપ્રગટ છે.

પૃથ્વીચન્દ્ર ચ. પૂર્ણતલ્લગણી - રત્નસાગર ગણી, પ્ર. ય. જૈ.

પૃથ્વીચન્દ્ર ચ. રૂપવિજયગણી, પ્ર. એ. એમ. એન્ડ સંસ.

જિનદત્ત ચ. ગુણભદ્ર પ્ર. મા. દિ. ગ્રં.

ગાહારયણકોસ - જિનેશ્વરસૂરિ, સં. પં. અમૃતભાઈ ભોજક પ્ર.લા.દ.

મદનરેખા આખ્યાયિકા - જિનભદ્રસૂરિ, સં. પં. બેચરદાસ પ્ર.લા.દ.

પ્રદ્યુમ્નચરિત - મહાસેન -, મા.દિ.ગ્રં.

ભુવનભાનુ કેવલીચરિત્ર - ખ. લક્ષ્મીવલ્લભગણી, (૨. સં. ૧૬૦૩) અપ્રગટ છે.

કરકંડચરિઉ - દિ. કનકામરમુનિ, (૧૧મો સૈકો) અપભ્રંશ હિંદી સાથે પ્ર.ભા.જ્ઞા.

મહીવાલચરિત - ચારિત્ર સુન્દર, પ્ર. હી. હં.

ઉત્તમકુમારચરિત - ચારુચન્દ્ર, પ્ર. હી. હં.

અંબડચરિત - અમરસૂરિ, પ્ર. હી. હં.

રત્નચૂડ કથા - જ્ઞાનસાગરસૂરિ, પ્ર. ય. જૈ. ગ્રં.

ચંપક શ્રેષ્ઠિ કથાનક - જિનકીર્તિ અંગ્રેજી અનુવાદ હર્ટેલકૃત પ્રકાશિત.

લીલાવઈ કહા-કોઉહલ સં. એ. એન. ઉપાધ્યે પ્ર. ભા. જ્ઞા.

णायचक्को - માઇલ્લ ધવલ - કૈલાસચંદ્ર શાસ્ત્રીના હિંદી સાથે, પ્ર. ભા. જ્ઞા.

પંચસન્ધાન કાવ્ય - શાન્તિરાજકૃત સ્વોપજ્ઞટીકા સાથે - હસ્ત લિ. પ્રત જૈન મઠ કારનલ (સા.ક.) માં છે.

દ્વિસન્ધાનકાવ્ય - ધનંજય + નેમિચન્દ્રકૃત પદકૌમુદી પ્ર.ભા.જ્ઞા.

રત્નમંજૂષા ભાષ્ય સાથે કર્તા અજ્ઞાત. સંપા. વેલણકર, પ્ર.ભા.જ્ઞા.

મદનપરાજય - નાગદેવ - રાજકુમારના હિન્દી સાથે, પ્ર.ભા.જ્ઞા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભાગ ૫ મો

'ભાષા' સાહિત્યનો મધ્યકાલ

विरला जाणंति गुणा विरला विरयंति ललितकव्वाई ।
विरला साहस्सधणा परदुक्खे दुक्खिआ विरला ॥
गाहाण रसा जुवईण विब्भमा कविअणस्स वयणाइं ।
कस्स न हरंति हिययं बालाण य मम्मणुल्लावा ? ॥

पाईअ कव्व सुसील धणु, अंगह उट्ठिअ गेउ;
गोट्ठी सरिसी सज्जणई, रयणचउक्कउं एउ.

- ગુણોની કદર કરનારા કોઈ વિરલા હોય છે, લલિત કાવ્યો કોઈ વિરલા રચે છે, સાહસ રૂપી ધનવાળા કોઈ વિરલા છે, બીજાંનાં દુઃખમાં દુઃખીઆ કોઈ વિરલા થાય છે.

ગાથાના રસો, જુવતીના વિભ્રમો-વિલાસો, કવિજનનાં વચનો, અને બાળકોનાં મન્મન આલાપો-અવ્યક્ત વચનો કેનું હૃદય હરતાં નથી ?

પ્રાકૃત કાવ્ય, સુશીલ ભાર્યા, અંગમાં ઉત્પન્ન થતાં ગીત, અને સજ્જન સાથેની ગોષ્ઠી એ ચાર રત્નો છે-રત્નચતુષ્ક-રત્નચોકડી છે.

- **સૂક્તમુક્તાવલી.** કવિસૂક્તો ૪૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૧ સોમસુંદર-યુગ. (સં. ૧૪૫૬ થી ૧૫૦૦)

સોમસુંદરસૂરિનું વૃત્તાંત

जयति जिनवर्द्धमानो नवो रवि र्नित्यकेवलालोकः ।
अपहृतदोषोत्पत्ति र्गतसर्वतमाः सदाऽभ्युदितः ॥

-જેનો કેવલ (કેવલજ્ઞાનથી, માત્ર) આલોક નિત્યનો છે, જેની દોષની ઉત્પત્તિ વિનાશ પામી છે, જેનું સર્વ તમસ-અંધકાર દૂર થયેલ છે, જે સદા વિશેષે ઉદિત છે એવા નવીન-અપૂર્વ સૂર્ય તે વર્ધમાન જિન જયવંતા છે.

-ગુણરત્નસૂરિકૃત ક્રિયારત્ન સમુચ્ચય સં. ૧૪૬૬

कीर्त्या गुरुं सुरगुरुं प्रतिभाप्रकर्षैः, श्री **सोम**सुन्दरगुरुं स्तुतिमानये तम् ।
यो गौतमस्य गणभृत्प्रवरस्य साम्यं काम्यं दधौ कलियुगेऽत्र युगप्रधानः ॥ (**सोम**सौभाग्य काव्य १-८)

આ કલિયુગને વિષે 'યુગપ્રધાન' એવા જે ગુરુ, ગણધરોમાં શ્રેષ્ઠ એવા ગૌતમની તુલ્યતા-સમાનતાને ધારણ કરતા હતા, તે કીર્ત્તિવડે ગુરુરૂપ અને બુદ્ધિના ઉત્કર્ષથી બૃહસ્પતિરૂપ એવા શ્રી **સોમ**સુન્દર ગુરુની હું સ્તુતિ કરૂં છું.

अस्मिन् विस्मेररुचौ शुचौ च गच्छेऽप्यतुच्छमाहात्म्य ।
नानापदप्रतिष्ठाः सदा गरिष्ठा श्चकारैषः ॥

- આ પ્રમાણે મોટા માહાત્મ્યવાળા તે ગુરુએ વિસ્મયકારક કાંતિવાળા પવિત્ર ગચ્છ (તપાગચ્છ) ને વિષે હમેશાં અતિ મોટી વિવિધ પદવીઓની પ્રતિષ્ઠા કરાવી હતી. (**સો.** સૌ. ૯, ૬૯.)

ईदृकप्रौढतमप्रतापविततिः सौभाग्यभाग्योन्नतिः
कीर्त्तिस्फुर्त्तिरनुत्तरा निरुपमा मूर्त्तिश्च सौम्यत्वभृत् ।
व्याख्यानस्य कला क्रिया च सकला गंभीरता धीरता
दृष्टा श्रीयुतसोमसुन्दरगुरुत्तंसान् विनाऽन्यत्र नो ॥

- એવી અતિ પ્રૌઢ પ્રતાપની વિસ્તૃતિ, એવી સૌભાગ્યભાગ્યની ઉન્નતિ, એવી કીર્ત્તિની અનુત્તરા સ્ફુર્તિ, એવી નિરુપમ સૌમ્ય મૂર્ત્તિ, એવી વ્યાખ્યાનની કલા, એવી સમગ્ર ક્રિયા, એવી ગંભીરતા, અને એવી ધીરતા શ્રીમત **સોમ**સુન્દર ગુરુ વિના અન્યત્ર જોવામાં આવી નથી (**સો.** સૌ. ૯, ૧૦૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૬૧. ગૂજરાતના પ્રલ્હાદનપુર (પાલનપુર)માં સજ્જન નામે શ્રેષ્ઠી રહેતો હતો, તેણે શત્રુંજ્યાદિ સમગ્ર તીર્થોની યાત્રા કરી અનેક પુણ્ય કાર્યો કરી જિનમતને દીપાવ્યો હતો. તેને માલ્હણદેવી નામની ભાર્યાથી સં. ૧૪૩૦ માં સોમ નામનો પુત્ર થયો. સં. ૧૪૩૭ માં માત્ર સાત વર્ષની વયે માતાપિતાની સંમતિપૂર્વક તપાગચ્છના જયાનન્દસૂરિ પાસે દીક્ષા લઈ સોમસુંદર નામ રાખ્યું. સતત અને જબરો અભ્યાસ કરી એક ધુરંધર વિદ્વાન થયા. સં. ૧૪૫૦ માં વાચક ઉપાધ્યાયપદ મેળવ્યા પછી તુરતમાં દેવકુલપાટકમાં ગયા હતા તે વખતે લાખા રાણાના માનીતા મંત્રી રામદેવ અને ચુંડે સામા જઈ પ્રવેશોત્સવ કર્યો હતો અને તેમણે ઘણાને વ્રતાદિ ગ્રહણ કરાવ્યાં હતાં.

૬૬૨. એક બાજુ સં. ૧૪૫૭ માં પાટણમાં સોમસુન્દર ઉપાધ્યાયને ૨૭ વર્ષની વયે નરસિંહ શેઠે કરેલા અદ્‌ભુત મહોત્સવપૂર્વક દેવસુંદરસૂરિએ આચાર્યપદ આપ્યું, અને ત્યારપછી તપાગચ્છાધિપતિ થયા, ત્યારે બીજી બાજુ ૧૧ મે વર્ષે સં. ૧૪૬૮માં સાબરમતીના કિનારે પ્રાચીન કર્ણાવતીના સ્થાને અહમદાબાદ અહમદશાહે વસાવી ત્યાં પાટણથી રાજધાની સ્થાપી. ઉક્ત નરસિંહ શેઠની ગુરુભક્તિ કેટલી ઉત્તમ હતી અને તે કાળમાં જૈન સાધુઓ પ્રત્યે શ્રાવકોનો સામાન્ય રીતે પણ કેટલો પ્રેમ હતો તે આ મહોત્સવના 'સોમસૌભાગ્ય' કાવ્યમાં કરેલા વર્ણન પરથી સમજી શકાય તેમ છે.

૬૬૩. તેમણે જૈન ધર્મની મંદિરનિર્માણથી, આચાર્યપદ અને વાચકપદના કરાવેલા ઉત્સવોથી, પુસ્તકોના ઉદ્ધારથી અને લોકભાષામાં ગદ્ય ગ્રંથો રચવાથી-એમ અનેક પ્રકારે સેવા કરવામાં પાછી પાની કરી નથી. તેથી આ અર્ધશતકને **સોમસુન્દરયુગ** એ નામ આપી શકાય તેમ છે.

૬૬૪. સોમસૌભાગ્ય કાવ્યમાં વિશેષ જણાવ્યું છે કેઃ- વૃદ્ધનગર (વડનગર) માં સમેલા નામનું તળાવ અને જીવંતસ્વામી તથા વીરના બે વિહારો નગરની શોભારૂપ હતાં, ત્યાં દેવરાજ, હેમરાજ અને ઘટસિંહ એ ત્રણ ભાઈઓ શ્રીમંત શ્રાવકો હતા; દેવરાજે ભાઈઓની સંમતિથી કરેલા ઉત્સવપૂર્વક [૪૪૦] સોમસુંદરસૂરિએ મુનિસુંદર વાચકને સૂરિપદ આપ્યું; પછી દેવરાજે સંઘપતિ થઈને મુનિસુંદરસૂરિ સાથે શત્રુંજય અને ગિરિનારની યાત્રા કરી. ઈલદુર્ગ (ઈડર)માં રાજા રણમલ્લના પુત્ર પુંજરાજાએ (સ્વ. સં. ૧૪૮૪) 'વીરાધિવીર' નામનું બિરૂદ પ્રાપ્ત કર્યું હતું. તે રાજાનો માન્ય[૪૪૧] વચ્છરાજસુત

---

૪૪૦. સોમસુંદરસૂરિ માટે જુઓ મુનિસુંદરકૃત ગુર્વાવલી સં. ૧૪૫૫, ચારિત્રરત્નગણિકૃત ચિત્રકૂટદુર્ગ-મહાવીરપ્રાસાદપ્રશસ્તિ સં. ૧૪૯૫, પ્રતિષ્ઠા સોમકૃત સોમસૌભાગ્ય સં. ૧૫૨૪, સોમચારિત્ર ગણિકૃત ગુરુગુણરત્નાકર સં. ૧૫૪૧, 'સોમસુંદરસૂરિ' એ નામનો મુનિ ચતુરવિજયનો લેખ વીરશાસનનો પર્યુષણ અંક સં. ૧૯૮૧, દેવકુલપાટક (ય. ગ્રં. વગેરે.)

૪૪૧. ઈડરના રણમલ્લભૂપના રાજ્યમાં વત્સરાજ તે ઊકેશ (ઓસવાલ) કુલનો સંઘાધિપ અને રાજ્યમાં રાજા જેવા માનવાળો કુબેર જેવો ધનવાન, અન્ય સ્ત્રીનો ત્યાગી શીલવાન દુકાળમાં સત્રાગાર કરાવનાર હતો અને તેને રાણી નામથી ચાર પુત્રો થયાઃ ૧ ગોવિંદ સંઘાધિપ કે જેણે આદિનાથનો ઉંચો પ્રાસાદ ઈડરમાં કરાવ્યો. ૨. વીસલ, ૩ અક્રૂરસિંહ, ૪ હીરો. તે પૈકી વીસલ દેઉલવાટકમાં વસી મેવાડાના શ્રી લક્ષ (લાખા) રાજાનો માન્ય પુણ્યશાલી સંઘાધિપ થયો. તે યાત્રા અને જિનવિહાર કરી કરાવી દુર્ભિક્ષને જીતનારો, અન્ય સ્ત્રીથી વિરક્ત હતો અને મેવાડના સચિવ રામદેવની મેલાદે પત્નીથી થયેલ પુત્રી શીલવતી ખીમાઈ નામની સ્ત્રી પરણ્યો હતો. તેનાથી બે પુત્ર નામે ધીર અને ચંપક અને એક પુત્રી નામે ધર્મણી થયેલ હતાં. (ક્રિયારત્નસમુચ્ચયના સં. ૧૪૬૮ના લેખનસમયની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગોવિંદ નામનો સાધુ (શાહ, વણિક) હતો કે જેણે તારણ (તારંગા) ગિરિપર રહેલા કુમારપાલના કરાવેલા વિહારનો ઉદ્ધાર કર્યો અને તેમાં નવ ભારપદ (ભારવાડ) ચડાવ્યા અને સ્તંભો કરાવ્યા હતા. તેણે કરેલા ઉત્સવપૂર્વક જયચંદ્ર નામના વાચકને સોમસુંદરે સૂરિપદ આપ્યું. પછી તે ગોવિંદ સાધુએ સંઘપતિ થઈ શત્રુંજય અને ગિરનારની, તથા સોપારક તીર્થની યાત્રા કરી. તારણગિરિ (તારંગા)નાં દર્શન કર્યાં. પછી તેમાં અજિતનાથ પ્રભુનું નવીન મોટું બિંબ આરાસણની ખાણના ખાસ આરસમાંથી કરાવરાવી તેમાં સોમસુંદરસૂરિના હાથે પ્રતિષ્ઠિત કરાવ્યું. (સં. ૧૪૭૯)[૪૪૨] તે ઉત્સવ વખતે પુંજાવના સુભટો લોકોનું રક્ષણ કરતા હતા અને (અહમદશાહ) પાતશાહના સભ્ય એકરાજ ગુણરાજ હાજર હતા; અને ઉટક નગરવાસી શકાન્હડ નામના શ્રેષ્ઠીએ સાતે ક્ષેત્રમાં દ્રવ્ય ખર્ચી તપસ્યા ગ્રહણ કરી. જિનમંડનને વાચકનું પદ આપ્યું. સોમસુંદરસૂરિએ દેવકુલપાટક[૪૪૩] (દેલવાડા-એકલિંગથી બે ગાઉ દૂર ઉદયપુર પાસે)માં વિહાર કર્યો (બીજી વખત), ત્યાંના નિંબ નામના સંઘપતિ કે જેણે ખાગહડીમાં જૈનમંદિર કરાવ્યું હતું. તેણે ભુવનસુંદર વાચકને સોમસુંદરસૂરિના હાથથી સૂરિપદમાં પ્રતિષ્ઠિત કર્યા. પછી કર્ણાવતીમાં આવતાં પાતશાહ (અહમદશાહ)ના માનપાત્ર (ઉક્ત) ગુણરાજે[૪૪૪] પ્રવેશોત્સવ કર્યો અને તે ગુણરાજના ભાઈ આમ્રે દીક્ષા લીધી; પછી તે ગુણરાજે સંઘપતિ થઈ અહિમ્મદ પાતસાહ પાસેથી ઘણાં માણસો સાથેનો કબાહિ વિગેરે રાજપોશક મેળવી દ્વારગતિ (રાવટી), સુભટો અને ઘોડેસ્વારો લઈ તીર્થયાત્રા કરવા માટેનું બાદશાહનું ફરમાન લઈ વિરમગામ, ધંધુકા, વલભીપુર થઈ શત્રુંજયની યાત્રા સૂરિ સાથે કરી.

પ્રશસ્તિ પી. ૬, ૧૭, ૧૯) આ વીસેલે ક્રિયારત્નસમુચ્ચયની દશ ઉત્તમ પ્રતો લખાવી હતી એમ તેના કર્તા ગુણરત્નસૂરિ તેની પ્રશસ્તિમાં જણાવે છે.

૪૪૨. 'અજિતનાથની મૂર્ત્તિ વિષે નીચે પ્રમાણે ખંડિત નોંધ કરેલી છે. સં. ૧૪૭૯ શ્રીજ.....પં. ગોઇંદેન ભાર્યા જાયલદે...પ્રમુખ કુટુંબયુતેન શ્રેયાર્થં.....સૂરિભિઃ ॥'

- શ્રી ફોર્બસ ગુ. સભાનાં હસ્તલિખિત પુ. સ. નામાવલી પૃ. ૩૩૪.

૪૪૩. આ નગર સંબંધી જુઓ 'દેવકુલપાટક' પ્ર. ય. ગ્રં. સં. ૧૯૧૬.

૪૪૪. ગુણરાજ એક મહા પ્રસિદ્ધ વ્યક્તિ હતી. તેના સંબંધની ટૂંક હકીક્ત એ છે કે 'પૂર્વે ઊકેશવંશમાં વીસલ હતો, તેનો પુત્ર દેદો તેનો પુત્ર ધનપાલ કર્ણાવતીમાં આવ્યો. તેના ચાર પુત્ર સાંગણ, ગોદો, સમરો, અને ચાચો. તેમાં ચાચો કર્ણાવતીનું ભૂષણ હતો, તેણે તીર્થયાત્રાઓ કરવા ઉપરાંત આશાવલ્લીમાં દેવાલય કરાવ્યું. તેને પ્રથમ પત્ની લાડીથી વીજડ સામલ અને પૂનો એ ત્રણ અને બીજી પત્ની મુક્તાદેવીથી ગુણરાજ, આંબાક, લીંબાક અને જયતો એ ચાર પુત્રો થયા. તે પૈકી ગુણરાજની પ્રતિષ્ઠા શ્રી ગૂર્જરપતિએ પ્રસન્ન થઈ વધારી હતી. તે પાતસાહનો સુવર્ણશાલી (ઝવેરી) હતો. તેણે પહેલી સં. ૧૪૫૭માં અને બીજી સં. ૧૪૬૨માં શત્રુંજય રૈવતાચલની મહાતીર્થયાત્રા કરી. તેના નાના ભાઈ આમ્રે (આંબાકે) સ્ત્રી તથા સમૃદ્ધિ તજી દીક્ષા લીધી અને દેવસુંદર ગુરુની વાણીથી મોટાં તપ કર્યો અને તેમને મુનિસુંદર ગુરુએ સં. ૧૪૬૫માં પાઠક પદ આપ્યું. સં. ૧૪૬૮ના દુકાળમાં ગુણરાજે સત્રાગાર કાઢી દીન-જનોનું રક્ષણ કર્યું સં. ૧૪૭૦માં સોપારકની તીર્થયાત્રા કરી, વળી જીરાવલ્લી, અને અર્બુદ (આબુ)ની તીર્થયાત્રા કરી. પછી દશ દેવાલય સહિત સોમસુંદરસૂરિને સાથે લઈ પાતશાહના ફુરમાણ મેળવી એક મોટા સંઘના પતિ તરીકે ત્રીજી વિમલાચલની યાત્રા સં. ૧૪૭૭માં કરી. મધુમતી પુરી (મહુવા)માં સંઘ પતિએ ઉત્સવપૂર્વક જિનસુંદરની સૂરિપ્રતિષ્ઠા કરાવી, પછી રૈવત પર્વતની યાત્રા કરી. અનેક બંદિવાનોને છોડાવ્યા. ગુણરાજની સોમસુંદરસૂરિ પ્રત્યે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૬૫. મધુમતિ (મહુવા) આવી સૂરિ પાસે જિનસુંદર વાચકને સૂરિપદ અપાવ્યું. ત્યાંથી દેવપત્તન (પ્રભાસપાટણ), મંગલપુર (માંગરોળ), જીર્ણદુર્ગ (જુનાગઢ) આવી ગિરનારની યાત્રા કરી. ગુણરાજ પાછો સ્વનગર કર્ણાવતી આવ્યો. પછી દેવકુલપાટકમાં પુનઃ **સો**મસુંદરસૂરિ (ત્રીજી વખત) આવ્યાં. ત્યાં **લા**ખા રાજા (સં. ૧૪૩૯-સં. ૧૪૭૫) ના માન્ય એવા **વી**સલને ખીમાઇ નામની સ્ત્રીથી ધીર અને ચંપક નામના પુત્રો હતા. આચાર્યે **વિ**શાલરાજને વાચક પદ આપ્યું ને તેનો ઉત્સવ **વી**સલે કર્યો. (**ચિ**ત્રકુટ (ચિતોડ)માં **વી**સલે શ્રેયાંસનાથનો વિહાર કરાવ્યો હતો. **વી**સલના સ્વર્ગવાસ પછી તેની સ્ત્રી અને રામદેવની પુત્રી ખીતિ-ખીમાઈએ અને પુત્ર **ચં**પકે ૯૩ આગળ પ્રમાણ અર્હતબિંબ (**પા**ર્શ્વનાથનું-'ગુરુ ગુણરત્નાકર' પૃ. ૧૨) ઘડાવી બીજા બે કાયોત્સર્ગસ્થ બિંબ સહિત ચૈત્યમાં સ્થાપિત કર્યું અને તેનું 'મનોરથ કલ્પદ્રુમ' એવું નામ આપ્યું; તેમાં સોમસુંદર આચાર્યે પ્રતિષ્ઠા કરી.[૪૪૫]) વળી **ચં**પકે કરેલા ઉત્સવપૂર્વક **જિ**નકીર્ત્તિ વાચકને સૂરિપદ અને બીજા કેટલાક મુનિઓને પંડિતપદ અને કેટલાકને મુનિદીક્ષા આપી. **રા**ણપુરના **ધ**રણ નામના સંઘપતિના આગ્રહથી આચાર્ય **રા**ણપુર (રાણકપુર-સાદડી પાસે, અમદાવાદથી ૩૦ ગાઉ દૂર) ગયા ને ત્યાં ૮૪ સ્તંભવાળી ધરણે બંધાવેલી પૌષધશાળામાં ઉતર્યા. ધરણ કે જે પહેલાં સ્વ દેવાલય સહિત ઉક્ત ગુણરાજની સંઘયાત્રામાં ગયો હતો તેણે આચાર્યના ઉપદેશથી સિદ્ધપુરના 'રાજવિહાર' નામના વિહાર જેવું ચૈત્ય બંધાવ્યું-તે પ્રાસાદ ઘડેલા પાષાણોના બંધાવેલા પીઠબંધવાળો, ત્રણ ભૂમિકાનો, મંડપોથી મંડિત મધ્યભાગવાળો, પુતળીઓ આદિ ચિત્રો અને

અતિભક્તિ હતી, તેને પાંચ પુત્રો નામે **ગ**જ, **મ**હિરાજ, **બા**લ, **કા**લૂ અને **ઈ**શ્વર તથા ગંગા જેવી ગંગાદેવી નામની ભાર્યા હતી. મહિરાજ યૌવનમાં મરણ પામ્યો. બાલે વ્યવસાય હેતુએ ચિત્રકૂટમાં વાસ કર્યો અને ત્યાં તે **મો**કલ રાજાથી બહુમાન પામ્યો. પોતાના ભાઇ આંબાકને **મ**નાક તથા જયતાને **જિ**નરાજ નામના પુત્ર થયેલ હતા. હેમાચાર્યને **કુ**મારપાલ તેમ સોમસુંદરને ગુણરાજ હતો. આ ગુણરાજે ચિત્રકૂટ પર મોકલ રાજાના આદેશથી તે રાજાનો ઘણો પ્રસાદ પામી કીર્ત્તિસ્તંભ પાસેના પ્રાસાદનો ઉદ્ધાર કર્યો કે જે ઉંચા મંડપો તથા દેવકુલિકાઓથી વધુ શોભા પામતો હતો. આમાં તેના પુત્ર ઉપર્યુક્ત બાલને તેના કાર્યમાં દેખરેખ રાખવા રોકયો હતો. તે તૈયાર થયા પછી ગુણરાજના પાંચે પુત્રોએ વર્ધમાન જિનની નવીન પ્રતિમા સ્થાપી અને તેની સોમસુંદરસૂરિએ પ્રતિષ્ઠા કરી. સં. ૧૪૮૫ માં. (પ્રતિષ્ઠા પહેલાં ગુણરાજનો સ્વર્ગવાસ થયો લાગે છે.) જે કીર્ત્તિસ્થંભ ઉપર જણાવ્યો છે તે કીર્ત્તિસ્તંભ પ્રાગ્વંશ (પોરવાડ) સંઘવી કુમારપાલે આ પ્રાસાદની દક્ષિણે બંધાવ્યો હતો, એ હકીકત બરાબર નથી તે માટે 'ચિતોડનો જૈન કીર્ત્તિસ્તંભ' એ ચિત્રનો પરિચય (ચિત્રપરિચયમાં) વાંચો. (ઓઝાજી કહે છે કે સાત ભૂમિવાળો જૈન કિર્ત્તિસ્તંભ દિગંબર સંપ્રદાયના બઘેરવાલ મહાજન સા નાયના પુત્ર જીજીએ વિ. સં. ચૌદમી સદીના ઉત્તરાર્દ્ધમાં બનાવ્યો હતો. **રા.** ઈ. ૧, પૃ. ૩૫૨. આ વાત બરાબર લાગતી નથી, કારણ કે તે સપ્રમાણ નથી) આ કથન પણ યથાર્થ નથી લાગતું. તે માટે પણ 'ચિતોડનો જૈન કીર્ત્તિસ્તંભ' એ ચિત્રનો પરિચય ચિત્રપરિચયમાં વાંચો અને આ પ્રાસાદ મૂળ ચિત્રકૂટમાં વસતા ઉકેશ (ઓસવાલ) વંશના તેજાના પુત્ર ચાચાએ કીર્ત્તિસ્થંભની ઉત્તરે બંધાવ્યો હતો. ચિત્રકૂટના આ મહાવીરપ્રાસાદની પ્રશસ્તિ ચારિત્રરત્ન ગણિએ સં. ૧૪૯૫ માં રચી, કે જેમાંથી ઉપરનું લીધું છે તે આખી પ્રશસ્તિ રો. એ. જ. પુ. ૩૩ નં. ૬૩ સન ૧૯૦૮ પૃ. ૪૨ થી ૬૦ માંડા. દેવધર ભંડારકરે પ્રકટ કરાવી છે.

૪૪૫. આ મંદિર વર્તમાનમાં વિદ્યમાન નથી. દેવકુલપાટકમાં સં. ૧૪૮૫માં ઉક્ત **ખી**માઇએ પોતાના પુત્ર સા. ધીરા દીપા હાસા આદિ સાથે **નં**દીશ્વરપટ્ટ કરાવેલો તે **સો**મસુંદરસૂરિએ પ્રતિષ્ઠિત કરીને તપા શ્રી યુગાદિદેવ પ્રાસાદમાં સ્થાપિત કર્યો, અને સં. ૧૪૯૪ માં ઉક્ત ધીરાપત્ની સા. રાજા રત્નાદે પુત્રી માહલ્લદેએ કરાવેલ આદિબિંબની તે સૂરિએ પ્રતિષ્ઠા કરી એવા બે લેખો હાલમાં મળી આવે છે જુઓ-'દેવકુલાપટક' પૃ. ૧૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચારે બાજુ ભદ્રપ્રાસાદથી વિંટાયેલો કરાવ્યો ને તેનું નામ 'ત્રિભુવનદીપક' આપ્યું. તેમાં ઋષભદેવની ચાર પ્રતિમા-ચોમુખ રખાવી ને તેમાં સોમસુંદરસૂરિએ પ્રતિષ્ઠા કરી. (સં. ૧૪૯૬).[૪૪૬] તે વખતે સોમદેવ વાચકને આચાર્યપદ આપ્યું.

૬૬૬. દેવકુલપાટકમાં દેવગિરિથી આવેલ શ્રીમંત શ્રાવક નામે મહાદેવે કરેલા ઉત્સવપૂર્વક ગુરૂએ રત્નશેખર વાચકને સૂરિપદ આપ્યું. (ને લક્ષ્મીસાગરને ગણિપદ આપ્યું. સં. ૧૪૯૬) ચિત્રકૂટમાં ગુણરાજના પુત્ર બાલે કિલ્લામાં કીર્ત્તિસ્તંભ પાસે ચાર દેવકુલિકા સમેત એક ઉંચું જિનચૈત્ય કરાવી તેમાં સોમસૂરિએ ત્રણ જિનબિંબની પ્રતિષ્ઠા કરી. કપિલપાટકપુરમાં વીજા ઠક્કુરે કરાવેલા ચૈત્યમાં સોમગુરુએ શાંતિનાથની પ્રતિષ્ઠા કરી. અમદાવાદના પાતશાહ-અહમ્મદશાહના માન્ય સમરસિંહ સોનીએ ગુરુના ઉપદેશથી સિદ્ધાચલની યાત્રાએ આવી ગિરિનારની યાત્રા કરી નેમિનાથના ત્રણ કલ્યાણકના ચૈત્ય-એટલે વસ્તુપાળના પ્રાસાદનો ઉદ્ધાર પોતાના કાકા માલદેવની સંમતિથી કર્યો. તેમાં અને બેદરનગરમાંના પાતશાહના માન્ય પૂર્ણચંદ્ર કોઠારીએ ગિરનાર પર મોટું જિનચૈત્ય બંધાવ્યું તેમાં, ગચ્છનાથના વચનથી જિનકીર્ત્તિસૂરિએ પ્રતિષ્ઠા કરી, ગંધારના લક્ષોબા નામના સંઘપતિએ ગિરનાર પર કરાવેલા ચતુર્મુખ જિનાલયમાં, સોમદેવ ગુરુએ પ્રતિષ્ઠા કરી. મૂંજિગનગરના મૂંટ નામના શ્રેષ્ઠિએ પિત્તળની અસંખ્ય ચોવીસીનાં બિંબો કરાવ્યાં તેની સોમગુરુએ પ્રતિષ્ઠા કરી. પાટણના શ્રીનાથ નામના વણિકે સોમસુંદરસૂરિને બોલાવી તેમની સાથે શત્રુંજય અને ગિરનારની યાત્રા કરી. તેના પાંચ પુત્રો સંઘપતિ મંડન, વચ્છ, પર્વત, સંઘપતિ નર્બદ, અને સંઘપતિ ડુંગર પાટણમાં રહી સૂરિના ભક્ત તરીકે જિનમતની પ્રભાવના કરતા હતા. (ત્યાંનો) પાતશાહનો બહુમાન્ય કાલાક સૌવર્ણિક (સોની), અને

---

૪૪૬. સં. ૧૪૯૬ રાણપુરના જૈન મંદિરનો શિલાલેખ- 'ભાવનગર ઇનસ્ક્રિપ્શન્સ' પૃ. ૧૧૪, લેખાંક ૩૦૭ જિ. ૨; તેમાં જણાવેલું છે કે સં. ૧૪૯૬ વર્ષમાં શ્રી બપ્પ (મેવાડના રાજાઓની વંશાવલી)... ના ૪૧મા હિંદુસુરત્રાણ' ષડ્દર્શન ધર્માધાર પ્રજાપાલક વિદ્વાન રાણાશ્રી કુંભકર્ણના વિજયમાન રાજ્યે તેના પ્રસાદપાત્ર ધરણાક કે જેણે અહમ્મદ સુરત્રાણના આપેલા ફુરમાણવાળા સાધુશ્રી ગુણરાજ સંઘપતિનું સાહચર્ય કરી આશ્ચર્યકારી દેવાલયોના આડંબરપુરઃસર શ્રી શત્રુંજયાદિ તીર્થની યાત્રા કરી હતી. અજાહરી (અજારી), પીંડરવાટક (પીંડવાડા-બંને શિરોહીરાજ્યમાં) સાલેરા (ઉદેયપુર રાજ્યમાં) આદિ બહુ સ્થાનોમાં નવીન જૈનવિહાર અને જીર્ણોદ્ધાર, પદસ્થાપના, વિષમસમયે સત્રાગાર (એવા) નાના પ્રકારના પરોપકારથી શ્રી સંઘના સત્કાર આદિ અગણ્ય પુણ્યનાં કાર્ય કરી મનુષ્યજન્મ સફલ કરેલ હતો અને જે પ્રાગ્વાટ સં. માંગણ સુત સં. કુરપાલનો ભાર્યા કામલદેવથી થયેલ પુત્ર હતો, તેણે મોટાભાઇ રત્ના તેની ભાર્યા રત્નાદેથી થયેલ પુત્રો સં. લાખા મજા સોના સાલિગ તેમજ પોતાની ભાર્યા સં. ધારલદેથી થયેલ પુત્ર જાજા જાવડ આદિ વર્દ્ધમાન સંતાનયુક્ત થઈ ઉક્ત (રાણા કુંભકર્ણના વસાવેલા રાણપુર નગરમાં તેના જ સુપ્રસાદ અને આદેશથી 'ત્રૈલોક્યદીપક' નામનો શ્રી ચતુર્મુખ યુગાદીશ્વર વિહાર કરાવ્યો અને બૃહત્તપાગચ્છે... શ્રી સોમસુંદરસૂરિએ તેમાં પ્રતિષ્ઠા કરી. તેમાં સૂત્રધાર દેપાક હતો. આ મંદિરના વિશેષ વર્ણન માટે જુઓ ડી. આર. ભંડારકરનો લેખ આર્કી. સર્વે. ઇંડિયા સન ૧૯૦૭-૦૮ નો વાર્ષિક રીપોર્ટ.) ઉક્ત ધરણાકના જ્યેષ્ઠભ્રાતા રત્નસિંહના પુત્ર સાલિગના પુત્ર સહસા કે જેને માલવાના ગ્યાસદીને ધર્માધિક બીસખાઓમાં (મંત્રીઓમાં) અગ્રણી કર્યો હતો તેણે સુમતિસુંદરસૂરિનો ઉપદેશ ધારી લક્ષ (?) નામના રાજાની અનુમતિ મેળવી અર્બુદગિરિપર અચલગઢમાં ઉંચો ચતુર્મુખ પ્રાસાદ કરાવી ૧૨૦ મણ ધાતુનું એક જિનબિંબ પોતે કરાવેલું તે તેણે તેમાં પ્રતિષ્ઠિત કર્યું. (ગુરુ ગુણરત્નાકર કાવ્ય પૃ. ૪૫-૪૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તંભતીર્થનો સૌવર્ણિક લખમસિંહ કુલનો **મ**દન તથા તેનો ભાઈ **વી**ર તીર્થયાત્રાઓ, આચાર્યપદમહોત્સવો પ્રતિષ્ઠા વગેરે સુકૃત્યોથી જિનમતને દીપાવતા હતા. ઘોઘામાં વસ્તુપતિ–**વિ**રૂપે ઘણાં મહોત્સવ અને યાત્રાઓ કરી. પંચવારક દેશમાં સંઘપતિ **મ**હુણસિંહે સોમસુંદર સૂરિના ઉપદેશથી પ્રતિબોધ પામી ત્યાં ઉંચા શિખરોથી વીંટાયેલો જૈનપ્રસાદ બંધાવ્યો કે જેમાં **શી**લભદ્ર વિબુધે (ઉપાધ્યાયે) પ્રતિષ્ઠા કરી. આમ સૂરિના અનેક વિદ્વાન્ સમૃદ્ધ શ્રાવકો હતા. આવા સૂરિ સં. ૧૪૯૯માં સ્વર્ગસ્થ થયા.'

૬૬૭. વિશેષમાં આ યુગમાં ખાસ ભવ્ય અને કલા કૌશલ્યનાં મંદિરો માટેનાં સ્થળો ગૂજરાતની સીમાપાર અને આસપાસ પણ શોધાયાં. જેસલમેરનાં સં. ૧૪૭૩માં ત્યાંના ધર્મપ્રેમી રાજા **લ**ક્ષ્મણના નામથી 'લક્ષ્મણવિહાર' નામનું પાર્શ્વજિનાલય ખ. જિનવર્દ્ધનસૂરિએ પ્રતિષ્ઠિત કર્યું. રાણપુરનું મંદિર સં. ૧૪૯૬માં ધરણાશાએ કરેલું તે ઉપર કહેવાઈ ગયું છે.

૬૬૮. આજ સમયમાં અહમદશાહ બીજાએ **અ**મદાવાદમાં જુમામસીદ બંધાવી કે જે ત્યાં સ્થાપત્યની દૃષ્ટિએ મુખ્ય ધ્યાન ખેંચે એવી છે. 'આ બંને મકાનો (આ મસીદ અને ઉક્ત રાણકપુર મંદિર) સમકાલીન હોવા છતાં એ જૈનમંદિર આ મસીદના કરતાં વધારે સારૂં અને ભવ્ય લાગે છે, કારણ કે તેમાં ખરેખરી કળા છે.'[૪૪૭]

૬૬૯. જૈન સાધુઓએ પુસ્તકોનું લખાવવું અને સંગ્રહવું ખાસ આવશ્યક ગણીને તે માટે બહુ ભગીરથ પ્રયાસ સેવ્યો છે. પહેલાં ઘણું કરી તાડપત્રો ઉપર જ ગ્રંથો લખવાની પ્રથા હતી, પરંતુ આ સમયમાં તે પ્રથામાં ઘણો મોટો ફેરફાર થયો. આ વખતે કાં તો તાડપત્રોની પ્રાપ્તિ દુર્લભ થઈ ગઈ હોય, યા તો કાગળોની પ્રવૃત્તિ વિશેષ વધી ગઈ હોય-ગમે તે હો, પરંતુ (આ અરસામાં તાડપત્રો પર લખવું એકદમ પ્રાયઃબંધ થયું અને તેનું સ્થાન કાગળોએ લીધું. તાડપત્રપર જેટલા જૂના ગ્રંથ લખાયા હતા તે સર્વની નકલ આ સમયમાં કાગળ પર કરવામાં આવી હતી. ગૂજરાત અને રાજપૂતાનાના પ્રસિદ્ધ ભંડારોની તાડપ્રતોનો આ એક જ સમયમાં એકી સાથે જીર્ણોદ્ધાર થયો હતો. પાટણ અને ખંભાતના ગ્રંથોનું કાગળો પરનું સંસ્કરણ ગૂજરાતમાં તપાગચ્છના આચાર્ય **દે**વસુંદર અને **સો**મસુન્દર સૂરિની મંડળીએ કર્યું, અને રાજપુતાનામાં જેસલમેરનાં શાસ્ત્રોનો સમુદ્ધાર ખરતરગચ્છના અધિપતિ જિનભદ્રસૂરિની મંડળીએ કર્યો હતો. ઐતિહાસિક ઉલ્લેખોથી જણાય છે કે આ સમયમાં પુસ્તકોદ્ધારના કાર્યનો પ્રવાહ અતિ તીવ્રવેગથી વહેવા લાગ્યો હતો. આ ૧૫મી શતાબ્દીના મધ્ય અને અંતમાં કંઈ લાખો પ્રતિઓ લખાઇ હશે.) તેવા ઉલ્લેખો પૈકીમાં સં. ૧૪૭૨માં ખંભાતના મોઢ જ્ઞાતિના **પ**ર્વત[૪૪૮] નામના શેઠે જૈનોનાં ૧૧ મુખ્ય અંગો આગમો મોટો ખર્ચ કરી **સો**મસુંદરસૂરિ દ્વારા લખાવ્યાં હતાં.

---

૪૪૭. રા. ગજાનન પાઠકનો લેખ નામે 'ગુજરાતનું સ્થાપત્ય'-સુરત ગૂ. સા. પરિષદનો અહેવાલ.

૪૪૮. પર્વત અને તેના મોટાભાઈ રામે સં. ૧૪૬૮ અને તે પછીનાં બે વર્ષોમાં પડેલા દુકાળમાં પોતાના ધનથી જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારના સત્રાગાર-દાનશાળા માંડી હતી તથા શત્રુંજય ગિરનાર આબુ જીરાપલ્લિપાર્શ્વનાથ (જીરાઉલા) આદિ અનેક તીર્થક્ષેત્રોમાં તથા અન્ય સત્કાર્યોમાં ઘણું દ્રવ્ય ખર્ચ્યું હતું. જુઓ જૈન શ્વે. ડૉ. હેરલ્ડ ઓગસ્ટ-સપ્ટેમ્બર ૧૯૧૩નો સંયુક્ત અંક પૃ. ૪૨૮-૪૩૨ 'એક ઐતિહાસિક પ્રશસ્તિ.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંડલિક નામના સાંડેરાના રહેવાશી પોરવાડ જૈને જયાનંદસૂરિના ઉપદેશથી અનેક પુસ્તકોનું લેખન કરાવ્યું.[૪૪૯]

૬૭૦. આ સમયમાં તાડપત્રપર લખાયેલી પૈકી ઉપલબ્ધ પ્રતો નીચેની છે-સં. ૧૪૫૮માં સોમપ્રભાચાર્યકૃત કુમારપાલ પ્રતિબોધ-હેમકુમારચરિત સ્તંભતીર્થમાં (પા. ભં.), સં. ૧૪૮૬માં સ્થાનાંગ પરની અભયદેવની વૃત્તિ (જે. ૪૦), ૧૪૮૭માં આવશ્યકચૂર્ણિ (જે. ૩૬), સં. ૧૪૮૮માં વિશેષાવશ્યક વૃત્તિનો પ્રથમ ખંડ (જે. ૩૭), લઘુકલ્પભાષ્ય (જે. ૪૧), ઔપપાતિક અને રાજપ્રશ્નીય પરની વૃત્તિઓ (જે. ૪૩), મલયગિરિકૃત નંદિટીકા (જે. ૧૩), અંગવિદ્યા (જે. ૧૫), અભયદેવકૃત ભગવતી વૃત્તિ (જે. ૪૮), ચંદ્રપ્રજ્ઞપ્તિટીકા સ્તંભતીર્થમાં (જે. ૨૩), સં. ૧૪૮૯માં હારિભદ્રી જીવાભિગમ લઘુવૃત્તિ, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ અને તે પરની ચૂર્ણિ (જે. ૩૩), ઉત્તરાધ્યયન ચૂર્ણિ (જે. ૩૪), દશવૈકાલિક ચૂર્ણિ (જે. ૩૪), પિંડનિર્યુક્તિ-લઘુવૃત્તિ અને તે પરની મલયગિરિની વૃત્તિ (જે. ૩૯), જીવાભિગમવૃત્તિ, બૃહત્કલ્પવૃત્તિનો તૃતીયખંડ (જે. ૪૨), સ્તંભતીર્થમાં આવશ્યક પરની હરિભદ્રકૃત ટીકા (જે. ૯), ન્યાયાવતારવૃત્તિ ટિપ્પન (જે. ૪), સૂર્યપ્રજ્ઞપ્તિ ટીકા સ્તંભતીર્થમાં (જે. ૨૪), સં. ૧૪૯૦માં. ખ. જિનભદ્રસૂરિના ઉપદેશથી હેમચંદ્રકૃત છંદોનુશાસનવૃત્તિ (જે. ૪), વ્યવહારચૂર્ણિ (જે. ૧૯), વ્યવહાર પર મલયગિરિની વૃત્તિનો દ્વિતીયખંડ (જે. ૩૬), બૃહત્કલ્પવૃત્તિનો દ્વિતીય ખંડ (જે. ૪૨), દશાશ્રુતસ્કંધ ચૂર્ણિ નિર્યુક્તિ, પંચકલ્પભાષ્ય અને ચૂર્ણિ (જે. ૪૨) વ્યવહારભાષ્ય અને દશાશ્રુતસ્કંધ નિર્યુક્તિ વૃત્તિ(?) (જે. ૪૩), ન્યાયપ્રવેશપંજિકા (જે. ૩૧), ૧૪૯૧માં સ્તંભતીર્થે જિનભદ્રસૂરિના કોશ માટે ઉત્તરાધ્યયન ટીકા (જે. ૧૨), શાંત્યાચાર્યકૃત ઉત્તરાધ્યયન વૃત્તિ (જે. ૩૮), સં. ૧૪૯૨માં શાંત્યાચાર્યકૃત આચારાંગ વૃત્તિ (જે. ૪૨) અને સં. ૧૪૯૩માં સ્તંભતીર્થે જિનભદ્રસૂરિના કોશ માટે સર્વસિદ્ધાંત વિષમપદ પર્યાય (જે. ૨૩), વગેરે.

૬૭૧. પ્રાયઃ આ સોમસુંદરસૂરિના સમયમાં ઈડરમાં દિગંબરી ભટ્ટારકોની ગાદી સ્થપાઈ અને ત્યાર પછી સોજીત્રામાં પણ થઈ.

---

૪૪૯. પેથડ (જુઓ પારા ૬૨૪)ના પ્રપૌત્ર મંડલિકે ગિરનાર આબુ આદિ તીર્થોમાં ચૈત્યોનો ઉદ્ધાર કરાવ્યો તથા અનેક ગામોમાં ધર્મશાળાઓ કરાવી. તે અનેક રાજાઓને માનીતો હતો. વિ. સં. ૧૪૬૮ના દુકાળ વખતે લોકોને અન્નાદિ આપી મદદ કરી. સં. ૧૪૭૭માં શત્રુંજય આદિ મહાતીર્થોની યાત્રા કરી અને જયાનંદસૂરિના ઉપદેશથી ગ્રંથલેખન સંઘભક્તિ આદિ ધર્મકૃત્યો કર્યાં-જુઓ મુનિ પુણ્યવિજયનો લેખ 'એક ઐતિહાસિક જૈન પ્રશસ્તિ'- પુરાતત્ત્વ પુ. ૧-૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૨ સોમસુન્દર-યુગમાં સાહિત્યપ્રવૃત્તિ (સં. ૧૪૫૬ થી ૧૫૦૦)

जिनवदनसरोजे यो विलासं विशुद्ध-
द्वयनयमयपक्षा राजहंसीव धत्ते ।
कुमतसुमतनीरक्षीरयो र्व्यक्तिकर्त्री
जनयतु जनतानां भारती भारती सा ॥

- જે રાજહંસની પેઠે બે નય (વ્યવહાર અને નિશ્ચય)નો વિશુદ્ધ પક્ષ લઈને જિનના મુખકમલમાં વિલાસ કરે છે, જે અસત્ય મત અને સત્ય મત એ બંનેનો નીર-ક્ષીરની પેઠે વિવેક કરનારી છે તે ભારતી જનતાની ભારતીને પ્રકટ કરો.

श्री सोमसुन्दरगुरुप्रमुखा स्तदीयं
त्रैवेद्यसागरमगाधमिहावगाह्य ।
प्राप्योत्तरार्थमणिराशिमनर्घ्यलक्ष्मी-
लीलापदं प्रदधते पुरुषोत्तमत्वम् ॥

सारस्वते प्रवाहे तेषां शोषंगतेऽधुना कालात् ।
शिष्यैरुपक्रियन्ते विद्यांभः कूपकै र्लोकाः ॥

- તેમના (પૂર્વાચાર્ય ગુણરત્નાદિના) ત્રણ વિદ્યાના સાગરને અહીં અવગાહીને તેમાંથી મોંઘી લક્ષ્મીની લીલાના પદવાળા ઉત્તમ અર્થરૂપી મણિઓ પ્રાપ્ત કરીને શ્રી સોમસુંદર ગુરુ પ્રમુખ પુરુષોત્તમપણાને ધારણ કરે છે.

આધુનિક કાલથી લોકોનો સારસ્વત પ્રવાહ શોષાઈ ગયો હોવાથી વિદ્યારૂપી પાણીના કૂવાઓ જેવા શિષ્યો લોકો ઉપર ઉપકાર કરે છે.

-મુનિસુંદરકૃત ગુર્વાવલી.

૬૭૨. સોમસુંદરસૂરિના ગુરુભાઈ ગુણરત્નસૂરિએ સં. ૧૪૫૭માં કલ્પાન્તર્વાચ્ય (ભક્તિ. ભાવ.), સં. ૧૪૫૯માં સપ્તતિકા પર દેવેન્દ્ર ગણિની ટીકા પર આધાર રાખી અવચૂર્ણિ (ડૉ. ભાવ.) તથા તે વર્ષમાં દેવેન્દ્રસૂરિકૃત કર્મગ્રંથો ઉપર અવચૂરિઓ, આતુરપ્રત્યાખ્યાન, ચતુઃશરણ, સંસ્તારક અને ભક્તપરિજ્ઞા એ ચાર પયન્ના-પ્રકીર્ણકો પર અવચૂરિઓ તેમજ સોમતિલકના ક્ષેત્રસમાસ પર (પી. ૬, ૪૨) અવચૂરિ, નવતત્ત્વ પર અવચૂરિ (વે. નં. ૧૬૨૨) રચી અને વાસોંતિકાદિ પ્રકરણ-અંચલમત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિરાકરણ (બુહ્. ૮, નં. ૩૯૪) રચ્યું. વળી **ઓઘ** નિર્યુક્તિનો ઉદ્ધાર કર્યો. વળી તેમના બે મહાન ગ્રંથો એક વ્યાકરણ પર અને બીજો દર્શન ગ્રંથ પર છે તેનાં નામ **ક્રિયારત્ન** સમુચ્ચય (પી. ૬, ૧૭ ને ૧૯; પ્ર. ય. ગ્રં. નં. ૧૦) અને હરિભદ્રકૃત **ષડ્દર્શન** સમુચ્ચય પર **તર્ક**રહસ્ય દીપિકા નામની ટીકા છે. **ક્રિ**યારત્નસમુચ્ચય તે **સિદ્ધ**હેમ વ્યાકરણમાંથી બહુ ઉપયોગી ધાતુઓ લઈ તેના દશગણના ગણવાર રૂપો સંદેહ ન રહે તેવી રીતે આપીને સં. ૧૪૬૬ માં સ્વગુરુ દેવસુંદરસૂરિના નિર્દેશથી રચ્યો છે.[૪૫૦] અને ષડ્દર્શન સમુચ્ચય પરની ટીકામાં બૌદ્ધ તાર્કિકો નામે **સૌદ્ધોદનિ, ધર્મોત્તરાચાર્ય, ધર્મકીર્ત્તિ, પ્રજ્ઞાકર,** દિઙ્નાગ આદિ, તથા પુષ્કળ બ્રાહ્મણ ગ્રંથકારો જેવા કે **અક્ષપાદ, વાત્સાયન,** ઉદ્યોતકર, **વાચસ્પતિ,** ઉદયન, **શ્રીકંઠ, અભયતિલકોપાધ્યાય,** જયન્ત આદિનો ઉલ્લેખ કર્યો છે. (પ્ર. ડા. સ્વાલિસંશોધિત **બિ.** ઈ. માં, તથા જૈ. આ. સભા, વે. નં. ૧૬૬૭-૬૯ *{હિન્દી ભાષાંતર, **સો**મતિલકસૂરિ કૃત લઘુવૃત્તિ અને અવચૂરિ સાથે પ્ર.ભા.જ્ઞા. સં. મહેન્દ્રકુમાર}*).

૬૭૩. સોમસુંદરસૂરિના વિદ્વાન્ શિષ્યોનો પરિવાર મોટો હતો. પોતાના તેમજ પોતાના ગુરુના શિષ્યો પૈકી અનેકને તેમણે પોતે આચાર્યપદ આપ્યાં હતાં. તેમના શિષ્યો જબરા લેખકો, ઉપદેશકો, અને ગ્રંથકારો હતા.

૬૭૪. તેમાંના તેમના પટ્ટધર **મુનિસુંદરસૂરિ** (આચાર્ય પદ સં. ૧૪૭૮, સ્વ. ૧૫૦૩) સહસ્રાવધાની હતા. તેમની સૂરિમંત્રના સ્મરણ કરવાની શક્તિ જબરી હતી. તેથી અને ષષ્ઠ અષ્ટમ આદિ ઉપવાસોના તપવિશેષથી **પદ્માવતી** આદિ દેવીઓ પ્રત્યક્ષ થતી હતી. દેવકુલપાટક-દેલવાડામાં **શાંતિકર** સ્તવ નવીન રચી તેનાથી મહામારિનો ઉપદ્રવ નિવાર્યો હતો અને **રોહિણી** (શિરોહી) નામના નગરમાં (તીડના) ઉપદ્રવનો નાશ કરવાથી તે નગરના રાજાએ મૃગયાનો નિષેધ કર્યો અને દેશમાં અમારિ પ્રવર્ત્તાવી. (**સોમ**સૌભાગ્ય સર્ગ ૧૦; **ગુરુ**ગુણ રત્નાકર શ્લોક ૬૭-૭૧)

૬૭૫. તેઓ સિદ્ધસારસ્વત કવિ હતા. તેમણે ૧૨-૧૪ વર્ષની નાની ઉંમરમાં સં. ૧૪૫૫માં ત્રૈવિદ્યગોષ્ઠી (મુદ્રિત, કી. ૨ નં. ૩૭૯ *{પ્ર. હર્ષપુષ્પા.}*) નામનો ગ્રંથ રચ્યો (જુઓ પારા ૬૫૩) તેમાં ન્યાય, વ્યાકરણ અને કાવ્ય એ ત્રણ વિદ્યાના વિષયોનો પરિચય આપ્યો છે. સં. ૧૪૬૬માં તેમણે એક વિજ્ઞપ્તિગ્રંથ પોતાના ગુરુ (આચાર્ય) **દેવ**સુન્દરસૂરિની સેવામાં મોકલ્યો હતો. તેનું નામ ત્રિદશતરંગિણી છે. તેનું વિજ્ઞપ્તિપત્રોના સાહિત્ય અને ઈતિહાસમાં સૌથી વધારે મહત્ત્વ છે. તેના જેટલો મોટો અને પ્રૌઢ પત્ર કોઈએ પણ લખ્યો નથી. તે ૧૦૮ હાથ લાંબો હતો અને તેમાં એકથી એક વિચિત્ર અને અનુપમ એવાં સેંકડો ચિત્ર અને હજારો કાવ્ય લખવામાં આવ્યા હતાં. તેમાં ૩ સ્તોત્ર અને ૬૧ તરંગ હતાં. તે હાલ સંપૂર્ણ મળતો નથી. માત્ર ત્રીજા સ્રોતનો ગુર્વાવલી નામનો એક વિભાગ અને પ્રાસાદાદિ ચિત્રબંધ કેટલાંક સ્તોત્રો અહીં તહીં છૂટાં મળે છે. ગુર્વાવલી (પ્ર. ય.

૪૫૦. આ ગ્રંથની પ્રશસ્તિમાં જણાવ્યું છે કે ઈયદર (ઈડર)ના રાજાના માન્ય એવા **વાછા** નામના સંઘપતિના પુત્ર સાધુ **વીસલે** આની પ્રથમની દશ પ્રતિઓ લખાવરાવી. (જુઓ ટિપ્પણ ૪૪૧.) આ ગ્રંથકર્ત્તાના પ્રતિષ્ઠા લેખો સં. ૧૪૬૯ના માટે જુઓ બુ. ૧, ૧૨૦૧; બુ. ૨, ૧૨૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રં.)માં ૫૦૦ પદ્ય છે ને તેમાં શ્રમણ ભગવાન શ્રીમહાવીરથી લઈ લેખક સુધીના તપાગચ્છના આચાર્યોનો સંક્ષિપ્ત પરંતુ વિશ્વસ્ત ઇતિહાસ છે.

વળી અધ્યાત્મકલ્પદ્રુમ-શાંતરસભાવના (વિ. નં. ૧૬૬૨; પ્ર. ધનવિજયકૃત ટીકાસહિત નિ. પ્રે.; {*ધનવિ. + રત્ન વિ. ટીકા પ્ર. દે. લા.*} ગૂ. ભા. જૈ. ધ. ભાવ.), ઉપદેશ રત્નાકર સ્વોપજ્ઞવૃત્તિ સહિત (પ્ર. દે. લા. નં. ૨૨; પ્રથમ ભાગ ગૂ. ભા. સહિત જૈન વિદ્યાપ્રસારક વર્ગ; વે. નં. ૧૫૭૨), અનેક પ્રસ્તાવોમાં જિનસ્તોત્રરત્નકોષ (પ્રથમ પ્રસ્તાવ પ્ર. જૈનસ્તોત્ર સંગ્રહ ય. ગ્રં.; વે. નં. ૧૮૦૦), જયાનંદચરિત્ર (કે જે તેમના શિષ્ય રત્નચંદ્ર ગણિએ શોધ્યું. (કાં. વડો.{*પ્ર. હી. હં.*}), શાંતિકરસ્તોત્ર, મિત્રચતુષ્ક કથા (સુમુખાદિ ચરિત્ર કે જેનું શોધન શબ્દાનુશાસનમાં દક્ષ લક્ષ્મીભદ્રમુનિએ કર્યું. મુ.) {*પ્ર. હર્ષ પુષ્પા.*}) સં. ૧૪૮૪, સીમંધરસ્તુતિ, પ્રા. માં પાક્ષિકસત્તરી, અંગુલસત્તરી રચેલ છે. આ સૂરિને સ્તંભતીર્થમાં ત્યાંના નાયક દફરખાને (જફરખાં. જુઓ. ઓઝાજીનો રા. ઈ. પૃ. ૫૬૬, ટિ. ૨) 'વાદિગોકુલસંકટ' એ નામનું બિરૂદ આપ્યું હતું. (હીરસૌભાગ્ય ૧૪,૨૦૪)

૬૭૬. બીજા શિષ્ય જયચંદ્રસૂરિએ પોતાની વિદ્વત્તાથી 'કૃષ્ણ સરસ્વતી'-કૃષ્ણવાગ્દેવતા એ બિરૂદ ધારણ કર્યું હતું. (જુઓ ગુરુગુણ રત્નાકર આદિ). તેમણે કાવ્યપ્રકાશ, સન્મતિતર્ક વગેરે જેવા મહાન અર્થવાળા ગ્રંથો શિષ્યોને ભણાવ્યા હતા અને પ્રત્યાખ્યાન સ્થાનવિવરણ, સમ્યક્ત્વ કૌમુદી, પ્રતિક્રમણ વિધિ સં. ૧૫૦૬માં (મુ. પી. ૪, ૧૦૭) આદિ પ્રકરણો રચ્યાં હતાં. (ધર્મસાગરની પટ્ટાવલીમાં આપેલ જયસુંદર નામ ખરૂં નથી લાગતું.)

૬૭૭. ત્રીજા શિષ્ય ભુવનસુંદરસૂરિ થયા, તેમણે પરબ્રહ્મોત્થાપન સ્થલનો વાદગ્રંથ રચ્યો {*પ્ર.લા.દ. વિદ્યા મં. 'જૈન દાર્શનિક પ્ર.સં' અંતર્ગત સં. નગીન શાહ*} અને કુલાર્ક યોગાચાર્યે શબ્દનું અશાશ્વતપણું-અનિત્યપણું બતાવવા ૧૬ અનુમાનો પર દશશ્લોકી કૃતિ નામે મહાવિદ્યા બનાવેલ અને તેના પર અજ્ઞાત ટીકાકારે (ચિરંતને) એક વૃત્તિ રચી હતી, છતાં આ સૂરિએ તેપર વિવૃત્તિ રચી અને તે વિવૃત્તિપર ટિપ્પણ-વિવરણ પણ રચ્યું અને વળી લઘુમહાવિદ્યા વિડંબન રચ્યું. (વે. નં. ૧૦૫૬; પ્ર. ગા. ઓ. સીરીઝ) તેમણે વ્યાખ્યાન દીપિકા આદિ ગ્રંથો રચ્યા છે (જુઓ રત્નશેખરકૃત શ્રાદ્ધપ્રતિક્રમણ વૃત્તિનું મંગલાચરણ).

૬૭૮. ચોથા શિષ્ય જિનકીર્ત્તિસૂરિએ સં. ૧૪૯૪ માં નમસ્કારસ્તવપર સ્વોપજ્ઞ વૃત્તિ (બુહ્. ૨ નં. ૨૯૨; બુહ્. ૬, નં. ૭૩૦) ઉત્તમકુમારચરિત્ર (પી. ૧, નં. ૨૪૪), શીલપર શ્રીપાલગોપાલકથા (વે. નં. ૧૭૬૧ પ્ર. આત્માનંદ જય ગ્રં. ડભોઈ), ચંપક શ્રેષ્ઠી કથા, પંચજિનસ્તવ, સં. ૧૪૯૭ માં ધન્યકુમારચરિત્ર-દાનકલ્પ દ્રુમ[૪૫૧] (ગુ. નં. ૧૪-૬), સં. ૧૪૯૮ (મનુનંદાશ્રક વર્ષે ?)માં શ્રાદ્ધગુણસંગ્રહ (બુહ્. ૬, નં. ૬૭૫) રચ્યાં.

૬૭૯. પાંચમા શિષ્ય રત્નશેખરસૂરિએ 'બાળપણમાં પણ દક્ષિણ દિશાના (બેદરપુર આદિના-

૪૫૧. આ સંસ્કૃત પદ્ય ગ્રંથ પરથી સંસ્કૃત ગદ્યમાં ત. જ્ઞાનસાગર ઉપાધ્યાયના શિષ્યે ધન્યચરિત્ર રચ્યું. (વે. નં. ૧૭૪૨).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરુગુણ રત્નાકર કાવ્ય પૃ. ૧૭) વાદીઓને જીત્યા હતાં અને **ષડાવશ્યકવૃત્તિ, શ્રાદ્ધપ્રતિક્રમણ** સૂત્ર પર વૃત્તિ નામે **અર્થદીપિકા** સં. ૧૪૯૬માં કે જેને **લક્ષ્મીભદ્રગણિ**એ શોધી હતી. (ભાં. ૪, ૪૬૪ પ્ર. દે.
લા. નં. ૪૮), **શ્રાદ્ધવિધિવૃત્તિ-વિધિ** કૌમુદી નામની વૃત્તિ સં. ૧૫૦૬માં (પ્ર. આ. સભા. નં. ૪૮ ગૂ. ભા. 'જૈન'ગ્રંથાવલી નં. ૩), **આચાર**પ્રદીપ ૪૦૬૫ શ્લોક પ્રમાણ સં. ૧૫૧૬માં (ભાં. ૬, ૪૦ પ્ર. દે. લા. નં. ૭૧) કે જેમાં **જિનહંસ** ગણિએ શોધન લેખનાદિમાં સહાય કરી હતી, તે અને કોઈના કહેવા પ્રમાણે **હૈમ**વ્યાકરણ પર અવચૂરિ, **પ્રબોધચંદ્રોદય** વૃત્તિ આદિ ગ્રંથ રચ્યા. તેમને સ્તંભતીર્થમાં **બાંબી** નામના દ્વિજે-ભટ્ટે **'બાલસરસ્વતી'** નામનું બિરૂદ આપ્યું હતું. (ધર્મસાગર પટ્ટાવલીઃ **હીરસૌભાગ્ય**) પોતે પોતાને **ભુવનસુંદરસૂરિ**ના પણ શિષ્ય જણાવે છે (**શ્રાદ્ધપ્રતિક્રમણવૃત્તિ**માં).

૬૮૦. **સોમસુંદરસૂરિ**ના બહોળા શિષ્ય પ્રશિષ્યાદિના સમુદાયમાં **વિશાલરાજ, ઉદયનંદિ, લક્ષ્મીસાગર, શુભરત્ન, સોમદેવ, સોમજય**, વગેરે આચાર્યો, **જિનમંડન, ચારિત્રરત્ન, સત્યશેખર, હેમહંસ, પુણ્યરાજ, વિવેકસાગર** પંડિત, **રાજવર્ધન** અને **ચારિત્રરાજ** કે જેમણે દક્ષિણના વાદીના જીત્યા હતા, **શ્રુતશેખર, વીરશેખર, સોમશેખર, જ્ઞાનકીર્ત્તિ, શિવમૂર્ત્તિ, હર્ષમૂર્ત્તિ હર્ષકીર્ત્તિ, હર્ષભૂષણ, હર્ષવીર, વિજયશેખર, અમરસુંદર, લક્ષ્મીભદ્ર, સિંહદેવ, રત્નપ્રભ, શીલભદ્ર, નંદિધર્મ, શાંતિચંદ્ર**, કે જેમણે **શાંતિનાથ**નું સ્મરણ કરી વીરપ્રભુએ કરેલા તપ જેવું ઉગ્રતમ કર્યું હતું, તપસ્વી **વિનયસેન, હર્ષસેન, હર્ષસિંહ** આદિ વાચક-ઉપાધ્યાયો પંડિતો હતા.

૬૮૧. ઉક્ત આ. **જયશેખરસૂરિ**ના-**મેરૂતુંગસૂરિ**ના શિષ્ય **માણિક્યસુંદરે ચતુઃપર્વી ચમ્પૂ, શ્રીધરચારિત્ર** સં. ૧૪૬૩માં (કાં. છાણી {*અને શ્રીધર ચરિત્ર ઉપર દુર્ગપદ વ્યાખ્યા સં. ૧૪૮૪માં પાટણમાં રચી. આર્ય કલ્યાણ ગૌતમ સ્મૃતિ. પૃ. ૮૪*}), **શુકરાજ** કથા (ભાં. ૧, નં. ૮૩ પ્ર. હંસવિજય જૈન ફ્રી ગ્રંથમાલા નં. ૨૦), (ચંદ્રધવલ) **ધર્મદત્ત** કથાનક (બુહ્. ૩, નં. ૧૬૦, કાં. છાણી, રીપોર્ટ, ૧૮૭૨-૭૩ નં. ૧૬૦; વે. નં. ૧૭૪૪), અને **ગુણવર્મ** ચરિત્ર સં. ૧૪૮૪ માં (કાં. છાણી; બુહ્ ૪ નં. ૨૪૧; ખેડા ભં. {*પાંચ ભાષામાં પ્ર. ચારિત્ર ફા.*}) રચ્યાં. તે ઉપરાંત ગૂજરાતના રાજા **શંખ**ની સભામાં (સરખાવો તેની પ્રશસ્તિ **शंखस्य नरेश्वरस्य पुरतोऽप्यूचे**) ૪ સર્ગમાં **મહાબલ મલયસુંદરી** ચરિત (કાં. છાણી : પી. ૧ નં. ૩૧૩) રચ્યું હતું. ગૂજરાતી ગદ્યમાં તેમણે રચેલા **પૃથ્વીચંદ્ર** ચરિત્ર સંબંધી હવે પછી જણાવશે.

૬૮૨. આં. **મેરૂતુંગસૂરિ**ના બીજા શિષ્ય નામે **માણિક્યશેખરસૂરિ** થયા. તેમણે **કલ્પનિર્યુક્તિ** પર અવચૂરિ (બુહ્. ૭ નં. ૧૯) અને **આવશ્યક** નિર્યુક્તિ દીપિકા (બુહ્. ૮ નં. ૩૭૩ {*પ્ર. જિ. આ. ટ્ર.*}) રચી. આ બીજા ગ્રંથમાં પોતાના અન્ય ગ્રંથોમાં નામ આપ્યાં છે કે **પિંડ**નિર્યુક્તિ દીપિકા, (બુહ્. ૮ નં. ૩૮૯), **ઓઘ**નિર્યુક્તિ દીપિકા, **દશવૈકાલિક** દીપિકા, ઉત્તરાધ્યયન દીપિકા, **આચારાંગ** દીપિકા અને **નવતત્ત્વવિવરણઃ** ને જણાવ્યું છે કે એકકર્તૃત્વથી આ સર્વે સહોદર રૂપ છે. (**एककर्त्तृतया ग्रंथा अमी अस्याः सहोदराः**) {*આ ઉપરાંત ભક્તામરસ્તોત્ર ટીકાનો ઉલ્લેખ આર્યકલ્યાણ ગૌ. સ્મૃ. પૃ. ૮૬માં છે.*}

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૮૩. સં. ૧૪૭૧માં તાડપત્રપર લખાયેલી **નમિસાધુકૃત રુદ્રાલંકાર** ટિપ્પન અને **તાત્પર્ય**-પરિશુદ્ધિની પ્રતો ભાં. ઈ. માં છે. આ વર્ષ આસપાસ **કાસદ્રહ** ગચ્છના દેવચંદ્રસૂરિ શિષ્ય **દેવમૂર્ત્તિ** ઉપાધ્યાયે **વિક્રમચરિત** નામનો ગ્રંથ રચ્યો. તેમાં ૧૪ સર્ગ છે તેનાં નામ-વિક્રમાદિત્યની ઉત્પત્તિ, રાજ્યપ્રાપ્તિ, સુવર્ણપુરુષલાભ, પંચદંડછત્રપ્રાપ્તિ, દ્વાદશાવર્તવન્દનકફલસૂચક કૌતુક નયવીક્ષિ, દેવપૂજા-ફલસૂચક સ્ત્રી રાજ્યગમન, વિક્રમપ્રતિબોધ, જિનધર્મપ્રભાવસૂચક હંસાવલી વિવાહ, વિનયપ્રભાવ, નમસ્કારપ્રભાવ, સત્ત્વાધિક કથા કોશ, દાન ધર્મપ્રભાવ, સ્વર્ગારોહણ અને છેલ્લો સર્ગ સિંહાસન દ્વાત્રિંશત્કથા (બત્રીસ પુતલીઓની કથા)થી યુક્ત છે. લોકકથા સાહિત્યમાં **વિક્રમાદિત્ય** રાજા પ્રધાનપદ ભોગવે છે તેથી આ તે સાહિત્યનો વિશાલ ગ્રંથ છે.[૪૫૨]

૬૮૪. સં. ૧૪૭૪માં પૌર્ણમિક ગચ્છના (ગુણસાગરસૂરિ શિ.) ગુણસમુદ્રસૂરિએ[૪૫૩] **સંયમસિંહ** ગણિના આગ્રહથી **જિનદત્તકથા** (વે. નં. ૧૭૨૦), સં. ૧૪૭૫માં તાડપત્ર પર અજ્ઞાતકર્તાકૃત **કુમારપાલપ્રબંધ** લખાયો. (પા. સૂચિ નં. ૧૬)

૬૮૫. સં. ૧૪૮૦માં ત. (**મુનિસુંદરીસૂરિ-હર્ષસેન** શિ.) **હર્ષભૂષણે શ્રાદ્ધવિધિવિનિશ્ચય** (કાં. વડો. નં. ૧૦૧૬), અને **અંચલમતદલન** (કી. ૨, નં. ૩૬૦), તથા સં. ૧૪૮૬ માં **પર્યુષણવિચાર** રચ્યા. પોતાના ગુરુ તરીકે **હર્ષસેનને** જણાવવા ઉપરાંત **સોમસુંદરસૂરિ** અને **મુનિસુંદરસૂરિ** તેમજ **મહિમચંદ્ર, જયચંદ્ર, ભુવનસુંદર** અને **જિનસુંદરસૂરિને** પણ જણાવે છે (કાં. વડો. નં. ૨૯૪૯). તે **જિનસુંદરે** (સોમસુંદરસૂરિ શિષ્યે) સં. ૧૪૮૩માં **દીપાલિકા કલ્પ** (કાં. વડો. નં. ૧૦૧૫; લીં.) રચ્યો.

૬૮૬. બૃહત્ (વૃદ્ધ) તપાગચ્છના (રત્નાકરસૂરિની પરંપરાએ **અભયસિંહસૂરિ-જયતિલક-રત્નસિંહસૂરિના** શિષ્ય) **ચારિત્રસુંદર** ગણિએ સ્તંભતીર્થ (ખંભાત)માં સં. ૧૪૮૪(૭)માં **શીલદૂત** નામનું ૧૩૧ શ્લોકમાં સુન્દર કાવ્ય રચ્યું (બુહ્. ૨ નં. ૩૧૬ પ્ર. ય. ગ્રં. નં. ૧૮) કે જેમાં **સ્થૂલિભદ્રે** કામવાસનાને જીતી લીધી તેનું વર્ણન **મેઘદૂતના** દરેક શ્લોકનું ચોથું ચરણ તે કાવ્યના દરેક શ્લોકમાં પણ ચોથા ચરણ તરીકે આવે એ રીતની ઘટનાપૂર્વક-સમસ્યામય કાવ્ય કર્યું છે. વળી તેમણે **કુમારપાલ** ચરિત મહાકાવ્ય દશસર્ગમાં **શુભચંદ્રગણિની** અભ્યર્થનાથી ૨૦૩૨ શ્લોકમાં રચ્યું (પ્ર. આ. સભા નં. ૫૭) તેમાં પોતાના વિદ્યાગુરુ તરીકે **જયમૂર્ત્તિ** પાઠકને જણાવેલ છે. આ ઉપરાંત **મહીપાલચરિત, આચારોપદેશ** આદિ ગ્રંથો રચ્યા છે.

---

૪૫૨. આ ગ્રંથની કર્ત્તાના સમય લગભગ લખાયેલી બે પ્રતો મળે છે :- એક તો સં. ૧૪૮૨માં {*નહીં પણ જિનરત્નકોશ પૃ. ૩૪૯-૫૦ મુજબ સં. ૧૪૯૨માં, ડૉ. શિવપ્રસાદ મતે રાણા કુંભાનું શાસન સં. ૧૪૮૯ થી શરૂ થયું હોવાથી ૧૪૯૨ સાચો છે. **કાલ સરોવર** વો. ૭ સંખ્યા ૩. ૯૩*} મેદપાટ-મેવાડમાં રાજા કુંભકર્ણના રાજ્યમાં વેસગ્રામમાં કાસદ્રહ ગચ્છના દેવચંદ્રસૂરિ (કર્ત્તાના ગુરુ)ના શિષ્ય ઉદ્યોતનસૂરિના પટ્ટધર શિષ્ય **સિંહસૂરિએ** પોતાના વાચનાર્થે વાચનાચાર્ય **શીલસુંદર** પાસે લખાવી-તે (વે. નં. ૧૭૭૩), અને બીજી તે જ સિંહસૂરિએ તે જ રાજાના સમયમાં **મહીતિલક** પાસે સં. ૧૪૯૬માં લખાવી તે (લીં.)

૪૫૩. આ સૂરિના સં. ૧૫૧૧ આદિના પ્રતિષ્ઠા લેખ માટે જુઓ બુ. ૨, ૧૩૮ અને ૩૭૭, બુ. ૧, ૪૨૫-૭૨૮ અને ૧૦૧૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૮૭. સં. ૧૪૯૦માં પૂર્ણિમાગચ્છના (અભયચંદ્રસૂરિના શિષ્ય) રામચંદ્રસૂરિએ દર્ભિકાગ્રામ (ડભોઈ)માં સંસ્કૃત પદ્યબંધ ૩૨ કથા રૂપે વિક્રમચરિત્ર રચ્યું તેમાં પોતે ક્ષેમંકરગણિએ સંસ્કૃત ગદ્યમાં રચેલી સિંહાસન દ્વાત્રિંશિકા પરથી પોતે તે બનાવેલ છે એમ સ્વીકાર્યું છે. આમાં પણ ૩૨ પુતલીની કથા છે. (પ્ર. ગૂ. ભા. સ્વ. મણિલાલ નભુભાઈનું કરેલું. વડોદરા દેશી કેળવણી ખાતા તરફથી સં. ૧૯૫૧), અને આ જ વર્ષમાં માઘ શુદિ ૧૪ ને દિને તે સૂરિએ સંસ્કૃત ગદ્યપદ્યમાં ૨૨૫૦ શ્લોકપ્રમાણ પંચદંડાતપત્ર છત્ર પ્રબંધ ખંભાતમાં રચ્યો કે જેમાં પંચદંડની કથા છે. (વે. નં. ૧૭૪૬; પ્ર. હી. હં. સન ૧૯૧૨; વેબર નં. ૧૫૮૦ બર્લિન સન ૧૮૭૭).

૬૮૮. આ વર્ષમાં ત. મુનિસુંદરસૂરિ શિ. શુભશીલ ગણિએ પણ વિક્રમચરિત્ર (પ્ર. હે. ગ્રં. અમદાવાદ) રચ્યું કે જેમાં વિક્રમ સંબંધીની અનેક હકીકતો આવે છે. તે ઉપરાંત તે કર્ત્તાએ બીજું કથાસાહિત્ય પણ બનાવ્યું:- સં. ૧૫૦૪ માં પ્રભાવક કથા (ડૉ. ભાવ.) ૧૫૦૯ માં કથાકોશ-અપરનામ ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ (પી. ૪, ૧૧૦; મિત્ર ૮, ૧૬૩ પ્ર. ગૂ. ભા. મગનલાલ હઠીસિંગ સન ૧૯૦૯) અને સં. ૧૫૧૮માં શત્રુંજય કલ્પવૃત્તિની રચના કરી. {*મૂળ અને ગૂ. ભા. પ્ર. શ્રમણસ્થવિરાલય*} વળી તેમણે અભિધાન ચિંતામણીને અનુસરી ઊણાદિનામમાલા (સાગર ભં. પાટણ) બનાવી. પ્રભાવક કથામાં પોતાના ગુરુભ્રાતાઓ-મુનિસુંદરસૂરિના શિષ્યોનાં નામ આપે છે કે:- વિશાલરાજ, રત્નશેખર, ઉદયનન્દિ, ચારિત્રરત્ન, લક્ષ્મીસાગર અને સોમદેવ, ઐતિહાસિક ગ્રંથોમાં પ્રબંધની ગરજ સારે એવા ગ્રંથો આ યુગમાં મુનિસુંદરકૃત ગુર્વાવલી ઉપરાંત રચાયા છે.

૬૮૯. ઐતિહાસિક ગ્રંથોમાં સં. ૧૪૯૨માં સોમસુંદરસૂરિ શિ. જિનમંડને કુમારપાલપ્રબંધ રચ્યો. તેમાં તેમણે કુમારપાલ આદિની હકીકતો બહુ કાળજી રાખી એકઠી કરી છે. (વે. નં. ૧૭૦૮-૯; પી. ૧. ૮૨; કી. ૧૭૭; પ્ર. આ. સભા નં. ૩૪ સને ૧૯૭૧). આ કવિએ સં. ૧૪૯૮માં વળી શ્રાદ્ધગુણસંગ્રહ-વિવરણ (મિત્ર ૮, ૨૩૩ પ્ર. આ. સભા) અને ધર્મપરીક્ષા (પ્ર. આ. સભા નં. ૬૭) પણ રચેલ છે. સં. ૧૪૯૫માં જિનસુંદરસૂરિના શિષ્ય ચારિત્રરત્ન ગણિએ ચિત્રકૂટ (ચિતોડ)ના મહાવીરસ્વામીના મંદિરની પ્રશસ્તિ તરીકે મહાવીર પ્રશસ્તિ-ચિત્રકૂટ પ્રશસ્તિ (કાથવટે રી.; જુઓ ટિપ્પણ નં. ૪૪૦ અને ૪૪૪) રચી તેમાંથી મળતી ઐતિહાસિક વિગતો પ્રકરણ પહેલાની ટિપ્પણમાં આપેલી છે અને સં. ૧૪૯૯માં દાનપ્રદીપ નામનો ગ્રંથ રચી ચિતોડમાં જ પૂરો કર્યો છે, ને તેમાં ૧૨ પ્રકાશ અને કુલ ૬૬૭૫ શ્લોકપ્રમાણ છે. દાનના પ્રકારો સમજાવી દરેક પર કથાઓ આપી છે. (પ્ર. આ. સભા નં. ૬૬ ગૂ. ભા. આ. સભા નં. ૫૦) સં. ૧૪૯૭ માં ઉક્ત જયચંદ્રસૂરિ શિષ્ય જિનહર્ષ ગણિએ ચિતોડમાં વસ્તુપાલ ચરિત્ર કાવ્ય રચ્યું કે જેમાં વસ્તુપાલના ચરિત્ર વિષે અનેક વિગતવાર હકીકતો છે ને વીરધવલના પૂર્વજોનું વૃત્તાંત છે. (ગૂ. ભા. પ્ર. જૈ. ધ.; ભાં. ઈ. નં. ૧૭૧; ૧૮૭૧).

[આ જિનહર્ષે પ્રા. માં રત્નશેખર કથા ચિતોડમાં (પી. ૪, ૧૧૧), સં. પ્રા. વિંશતિ સ્થાનક વિચારામૃત સંગ્રહ વીરમગામમાં સં. ૧૫૦૨ માં (પી. ૧, ૧૧૨ દે. લા. નં. ૬૦); પ્રતિક્રમણ વિધિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં. ૧૫૨૫ માં, પ્રાયઃ **આ**રામશોભા ચરિત્ર ૪૫૧ શ્લોકમાં (ખેડા, ભં.) આદિ રચ્યાં હતાં. તેમનાં ગ્રંથો 'હર્ષોક' એટલે 'હર્ષ'થી અંકિત હતા.]

૬૯૦. સં. ૧૪૯૫ માં શ્વે. **કી**ર્તિરાજ ઉપાધ્યાયે કાવ્યાભ્યાસ નિમિત્તે ૧૨ સર્ગમાં રચેલ **ને**મિનાથ મહાકાવ્યની પ્રત મળે છે. (મુદ્રિત ય. ગ્રં.) સં. ૧૫૦૦ લગભગ ત. (**સો**મસુંદરસૂરિ-**અ**મરસુંદર શિ.) **ધી**રસુંદર ગણિએ હરિભદ્ર હેમચંદ્ર અને **જ્ઞા**નસાગર-સૂરિઓ વિરચિત ચૂર્ણિઓ પર આધાર રાખી **આ**વશ્યક નિર્યુક્તિ પર અવચૂર્ણિ બનાવી (મોટી ટોલીનો ભં. પાલીતાણા).

૬૯૧. **સો**મસુંદરસૂરિએ પોતે **ચ**ઉશરણ પયન્ના પર સંસ્કૃતમાં અવચૂરિ (વેબર નં. ૧૮૬૨), અને કલ્યાણાદિ વિવિધ સ્તવો રચ્યાં. સં. ૧૪૯૭માં **અ**ષ્ટાદશ સ્તવી (યુષ્મદસ્મત્) રચેલ તેમાં તેમણે સંસ્કૃત સર્વનામ નામે 'યુષ્મત્' અને અસ્મત્ નાં જુદાં જુદા રૂપો બીજા શબ્દો સાથે બહુવ્રીહિ સમાસ કરે છે તે ૧૮ સ્તોત્રમાં (પ્ર. જૈન સ્તોત્ર સંગ્રહ ય. ગ્રં. સને ૧૯૦૬) જણાવ્યાં છે, તેના પર તેમના શિષ્ય **સો**મદેવે અવચૂર્ણિ (વે. નં. ૧૭૯૫) રચી. વળી તેમણે **સ**મતિ પર અવચૂર્ણિ અને **આ**તુરપ્રત્યાખ્યાન પર અવચૂર્ણિ, ભુવનતુંગ સૂરિ (આં. મહેન્દ્રસૂરિ શિષ્ય)ની વૃત્તિ-ચૂર્ણિ (કા. વડો; બુહ્. ૪ નં. ૧૨૪) પરથી, રચી (વિવેક. ઉદે.) આ ઉપરાંત ગૂજરાતી ભાષામાં બાળાવબોધ રચ્યા છે તેનો ઉલ્લેખ હવે પછી થશે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - 3 આ યુગમાં ખરતરગચ્છીયની ખાસ સેવા, અને ગૂજરાતી સાહિત્ય. [સં. ૧૪૫૬ થી ૧૫૧૦.]

नित्यानन्दमयः स्वभावविलसितः शान्तः परो निर्गुणः
पूर्णब्रह्मरतः समाधिमनसां यो ध्यानगम्यः सताम् ।
येनेयं प्रकृतिः कृता गुणमयी स्त्रष्टुं जगल्लीलया
भूयाद् भूरिविभूतये स गुणिनां तुष्टो जिनेन्द्रः सदा ॥

- જે નિત્ય આનંદમય, સ્વભાવમાં વિલસનાર, શાન્ત, પરમ, નિર્ગુણ, પૂર્ણબ્રહ્મમાં રતિ કરનાર, સમાધિવાળા સંતોના ધ્યાનમાં રહેનાર છે અને જેણે જગતને લીલા વડે-સરલતાથી સજવાને પ્રકૃતિને ગુણવાળી બનાવી છે એવા ગુણીઓને તુષ્ટ થયેલા જિનેન્દ્ર, સદા પુષ્કળ વિભૂતિ અર્થે થાઓ !

-મહેશ્વર કવિકૃત કાવ્યમનોહર.

૬૯૨. ખરતરગચ્છના **જિનભદ્રસૂરિ** તથા **જિનવર્દ્ધનસૂરિ**નો ઉલ્લેખ અગાઉ (પારા ૬૬૭ અને ૬૬૯ માં) કરવામાં આવ્યો છે. આ પૈકી **જિનભદ્રસૂરિ** એક પ્રભાવક પ્રતિષ્ઠાવાન અને પ્રતિભાશાલી આચાર્ય હતા. તેમણે પોતાના સૌભાગ્યથી શાસનને સારૂં દીપાવ્યું.

श्रीउज्जयंताचल चित्रकूट मांडव्यपूर्जाउर मुख्यकेषु ।
स्थानेषु येषामुपदेशवाक्यान्निर्मापिताः श्राद्धवरैर्विहाराः ॥

अणहिल्लपाटक पुरप्रमुखस्थानेषु यैरकार्यत ।
श्री ज्ञानरत्नकोशा विधिपक्षश्राद्धसंघेन ॥

मंडपदुर्ग्ग प्रल्हादनपुरतलपाटकादिनगरेषु ।
यैर्जिनवरबिंबानां विधिप्रतिष्ठाः क्रियंते स्म ॥

-જિનભદ્રગુરુવર્ણનાષ્ટક જેસલમેર જિનાલય પ્રશસ્તિ સં. ૧૪૯૭. -ગિરનાર.

ચિત્રકૂટ (ચિતોડગઢ), માંડવ્યપુર (મંડોવર) આદિ અનેક સ્થલોમાં તેમના ઉપદેશથી શ્રાવકોએ મોટાં મોટાં જિનભવનો બંધાવ્યાં હતાં. **અણહિલ્લપુર** પાટણ આદિ સ્થાનોમાં વિશાલ પુસ્તક ભંડાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થપાવ્યા હતા. મંડપદુર્ગ (માંડવગઢ), પ્રલ્હાદનપુર (પાલણપુર), તલપાટક આદિ નગરોમાં અનેક જિનબિંબોની પ્રતિષ્ઠા કરી હતી. પોતાની બુદ્ધિથી **અનેકાન્તજય** પતાકા જેવા પ્રખર તર્કના ગ્રંથ અને **વિશેષાવશ્યક** ભાષ્ય જેવા મહાન્ સિદ્ધાંત ગ્રંથ તેમણે અનેક મુનિઓને શીખવ્યા અને તેઓ **કર્મ** પ્રકૃતિ તથા **કર્મગ્રંથ** જેવા ગહન ગ્રંથોના રહસ્ય પર વિવેચન કરતા. રાઉલશ્રી **વૈરસિંહ** (જેસલમેરનો રાજા કે જેણે સં. ૧૪૯૫માં જેસલમેરમાં પંચાયતન પ્રાસાદ લક્ષ્મીકાંત પ્રીત્યર્થ બંધાવ્યું કે (જેને હાલ લક્ષ્મીનારાયણનું મંદિર કહેવામાં આવે છે) અને **ત્र्यંબકદાસ** જેવા નૃપતિ તેમના ચરણમાં પડતા હતા. તેમના ઉપદેશથી સા **શિવા** આદિ ચાર ભાઈઓએ જેસલમેરમાં સં. ૧૪૯૪ માં મોટું ભવ્ય જિનમંદિર બંધાવ્યું અને તેમાં સં. ૧૪૯૭ માં આ સૂરિએ **સંભવનાથ** પ્રમુખ ૩૦૦ જિનબિંબ પ્રતિષ્ઠિત કર્યા. (જુઓ તે સંબંધીના શિલાલેખની પ્રશસ્તિ કે જેમાંથી આ પારાની અંદરના ત્રણ શ્લોક મૂકયા છે. ભાં. ૨, પૃ. ૯૬-૯૭; જે. પરિશિષ્ટ.)

૬૯૩. આ આચાર્યે સર્વથી અધિક મહત્ત્વનું-વિશિષ્ટ કાર્ય જુદાં જુદાં સ્થલે (જેસલમેર, **જાબાલિપુર** (**જાલોર**), દેવગિરિ, **અહિપુર-નાગોર** અને **પત્તન-પાટણમાં**[૪૫૪] વિશાલ પુસ્તકાલયો સ્થાપિત કર્યો તે છે. આ ઉપરાંત મંડપદુર્ગ (માંડવગઢ), આશાપલ્લી-કર્ણાવતી (કે જે સ્થાનપર અમદાવાદ અહમદશાહે વસાવ્યું તે) અને ખંભાત-એના ભંડારોનો પણ ઉલ્લેખ મળે છે. આ સૂરિએ **જિનસત્તરી** પ્રકરણ નામનો ૨૨૦ પ્રાકૃત ગાથામાં ગ્રંથ રચેલો ઉપલબ્ધ થાય છે. (આ આચાર્યના વિશેષ વિસ્તારથી વર્ણન માટે જુઓ **જિનવિજયની વિજ્ઞપ્તિ** ત્રિવેણીની પ્રસ્તાવના) તેમણે **અપવર્ગ** નામમાલા પણ રચી હતી (ચુનીજી ભં. કાશી) કે જેમાં પોતાના ગુરૂ તરીકે **જિનવલ્લભ, જિનદત્ત** અને **જિનપ્રિય** બતાવે છે. તેમણે સં. ૧૫૦૧ માં **તપો**રત્નકૃત **ષષ્ઠિશતક**વૃત્તિ શોધી.

૬૯૪. ખ. પિપ્પલક શાખાના સ્થાપનાર (અને **જિનરાજસૂરિ**ના પટ્ટધર) **જિનવર્દ્ધનસૂરિએ** **શિવાદિત્યકૃત સપ્ત**પદાર્થીપર ટીકા (ભાં. ૩ નં. ૨૯૧; કાં. વડો. {*પ્ર.લા.દ.વિ. સં. જિતેન્દ્ર જેટલી*}) સં. ૧૪૭૪માં બનાવી, અને તેમણે **વાગ્ભટાલંકાર**પર વૃત્તિ (વેબર નં. ૧૭૧૯) પણ રચી. {*આ ઉપરાંત પૂર્વદેશીય ચૈત્યપરિપાટી, સત્યપુરમંડનવીર સ્તવન, વીરસ્તુત્રો (શ્લેષ), પ્રતિલેખના કુલક રચ્યાં છે. ખ. પિપ્પલક શાખા કા ઈતિ. ડૉ. શિવપ્રસાદ, શ્રમણ જાન્યુ. માર્ચ ૧૯૯૮*}

૬૯૫. ખ **જયસાગર**ગણિ આ વખતમાં ઘણા વિદ્વાન સાધુ થયા. તેમના દીક્ષાગુરુ **જિનરાજસૂરિ**, વિદ્યાગુરુ **જિનવર્ધનસૂરિ** અને ઉપાધ્યાયપદ (સં. ૧૪૭૫માં) આપનાર **જિનભદ્રસૂરિ** હતા એ વાત સં. ૧૫૦૩માં **પાલણપુરમાં માલ્હા** શ્રાવકની વસતિમાં **સત્યરુચિ**ની પ્રાર્થનાથી અને **રત્નચંદ્ર** ગણિની સહાયથી સ્વરચિત **પૃથ્વીચંદ** રાજર્ષિચરિત્ર (વીરબાઈ પાઠશાળા પાલીતાણા; કાં. વડો. નં. ૨૯)માં જણાવી છે. તેમણે વળી સં. ૧૪૭૩માં જેસલમેરમાંના **પાર્શ્વ** જિનાલયની પ્રશસ્તિ શોધી અને

---

૪૫૪. શ્રીમજ્જેસલમેરુદુર્ગ નગરે જાવાલપુર્યાં તથા શ્રીમદ્ દેવગિરૌ તથા અહિપુરે શ્રીપત્તને પત્તને ।
भाण्डागारमबीभरद् वरतरै र्नानाविधैः पुस्तकैः सःश्रीमज्जिनभद्र सूरि सुगुरु र्भाग्याद्भुतोऽभूद्भुवि ॥
-**સમય**સુંદરકૃત **અષ્ટ**લક્ષી પ્રશસ્તિ (પી. ૪, ૧૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાંતિજિનાલયની પ્રશસ્તિ રચી. તેમના ઉક્ત ગ્રંથ સિવાયના બીજા ગ્રંથોઃ-સં. ૧૪૭૮માં ૬૨૧ ગાથાની પાટણમાં **પ**ર્વરત્નાવલી કથા (કાં. વડો; બુહ. ૪, નં. ૧૬૭), સં. ૧૪૮૪માં **વિ**જ્ઞપ્તિ ત્રિવેણી કે જેમાં પોતે **સિં**ધુ દેશના **મ**લ્લિકવાહણપુરથી અણહિલ્લપત્તનમાં તે વખતે રહેલા ગચ્છનાયક ખ. **જિ**નભદ્રસૂરિ પ્રત્યે સં. માં વિજ્ઞપ્તિ રૂપ પોતાના તીર્થ પ્રવાસાદિનો અહેવાલ સુંદર કાવ્યમાં રજૂ કર્યો હતો. (પ્ર. આ. સભા. ભાવ.) **તી**ર્થ રાજીસ્તવન કે જેમાં પોતે ફરી ફરી જે તીર્થોનાં દર્શન કર્યા હતાં તેનો ઉલ્લેખ છે, ઉપસર્ગહરસ્તોત્રવૃત્તિ, **જિ**નદત્તસૂરિના **ગુ**રુ પારતંત્ર્યાદિ સ્તવો પર વૃત્તિ-જિનદત્તસૂરિકૃત સ્મરણસ્તવ પર વૃત્તિ (વિવેક. ઉદે.; કાં. છાણી), **ભા**વારિવારણ પર વૃત્તિ, સં. ૧૪૯૫માં જિનદત્ત-સૂરિકૃત **સં**દેહ દોલાવલીપર લઘુવૃત્તિ (પ્ર. જિનદત્તસૂરિ ભંડાર ગ્રંથમાલા સુરત નં. ૯) આદિ ગ્રંથો રચ્યા. (જે. પ્ર. ૫૪).

૬૯૬. ઉક્ત આશાપલ્લિ કોશને માટે તેમજ પાટણના કોશ માટે ઉક્ત **જ**યસાગરગણિએ પોતાના ઉપદેશ દ્વારા શ્રાવકોને પ્રતિબોધ આપી હજારો પુસ્તકોનું પુનર્લેખન સં. ૧૪૯૫-૯૭માં કરાવ્યું હતું. સં. ૧૪૯૫માં **ધ**વલક (ધોલકા) પાસેના ઉકેરેપુર ગામમાં **વ્ય**વહારચૂર્ણિ, ૧૪૯૭માં પત્તનમાં એક શાસ્ત્રની પ્રત તેમણે લખાવેલ તે પાટણના ભંડારમાં વિદ્યમાન છે. (જયસાગરગણિ માટે વિશેષ જુઓ **વિ**જ્ઞપ્તિ ત્રિવેણીપર **જિ**નવિજયની પ્રસ્તાવના.)

૬૯૭. ખ. (**જિ**નવર્ધનસૂરિ-**જિ**નચંદ્ર શિષ્ય) **જિ**નસાગરસૂરિ (સમય સં. ૧૪૮૯-૧૫૦૫) એ હૈમ વ્યાકરણ પર ઢુંઢિકા હૈમ લઘુવૃત્તિના ૪ અધ્યાયની દીપિકા (ખેડા સંઘ ભં.), તથા **ક**પૂરપ્રકરણ[૪૫૫] પર અવચૂરિ-લઘુટીકા કે જેનો પ્રથમાદર્શ શિષ્ય **ધ**ર્મચંદ્રે લખ્યો તે રચી. (વે. નં. ૧૭૯૮ પ્ર. હી. હં; જૈ. ધ. સભા સં. ૧૯૭૫) આ ધર્મચંદ્રે જૈનેતર કવિ **રા**જશેખરકૃત **ક**પૂરમંજરી પર ટીકા રચી છે. (વે. નં. ૧૨૮૧; ભાં. ૩ નં. ૪૧૮-૧૯)

મંત્રી મંડન અને તેના ગ્રંથો.

जाग्रद् व्याकरणश्च नाटकशुभालंकार विज्ञ स्तथा, संगीतातुलकोविदः प्रविलसद् गंभीरशास्त्रान्वितः ।
चातुर्यैकनिवासभूमिरतुलैः प्राप्तोन्नतिः सद्गुणैः, श्रीमालान्वयवर्द्धनोऽमलमतिः श्रीमण्डनो राजते ॥

- વ્યાકરણમાં જાગ્રત, નાટક અને અલંકારનો વિશેષે જાણનાર, સંગીતમાં અતુલ પ્રવીણ, વિલસતા ગંભીર શાસ્ત્રથી યુક્ત, ચાતુર્યની એક માત્ર નિવાસભૂમિ, અતુલ સદ્‌ગુણોથી ઉન્નતિ પ્રાપ્ત કરનાર, શ્રીમાલ વંશનો વર્ધક નિર્મલમતિ શ્રી મંડન વિરાજે છે. **કા**વ્યમનોહર. ૧, ૧૨.

મંડનનો આત્મવૃત્તાંત.

तस्याभूत्तनयो नाम्नो मण्डनो विश्वमण्डनः । शोभते यः शुभोदारः स्वयंवरपतिः श्रियः ॥
महालक्ष्मी सरस्वत्यो र्बद्धसापन्त्यवैरयोः । वर्द्धते महती स्पर्द्धा मन्दिरे यस्य बन्धुरे ॥
महीतलमहेन्द्रस्य मालावानामधीशितुः । समन्ती समभूत्प्राज्ञो वाचांपतिरिवोज्ज्वलः ॥

---

૪૫૫. મૂળ કર્પૂરપ્રકર ૧૭૨ સુભાષિત શ્લોકનો સંગ્રહ છે. તેના કર્તા **ત્રિ**ષષ્ટિસારના રચનાર **વ**જ્રસેનના શિષ્ય હરિ છે. તે હરિએ **ને**મિચરિત રચ્યું છે (બોડ. નં. ૧૪૬૪ અને વેબર ૨, ૧૧૦૧) તેમનો સમય નિર્ણીત થઈ શકયો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- તેનો (બાહડનો) મંડન નામનો પુત્ર વિશ્વના ભૂષણ રૂપ થયો કે જે પ્રશસ્ત ઉદાર અને શ્રીનો સ્વયંવરપતિ જેવો શોભે છે; જેના સુંદર ઘરમાં મહાલક્ષ્મી અને સરસ્વતી વચ્ચે એક બીજાની શોક્ય હોવાને કરાણે પરસ્પર વેર છે તે માટે તે બંનેની મોટી સ્પર્દ્ધા (હરીફાઈ) ચાલે છે, તે મહીતલમાં મહેન્દ્ર એવા માલવાના સ્વામીનો બૃહસ્પતિ જેવો ઉજ્જવલ અને પ્રાજ્ઞ મંત્રી થયો. **કાદંબરીમંડન** ૧, ૮-૯-૧૩.

श्रीमद् बाहडनन्दनः समधरोऽभूद् भाग्यवान्सद्गुणो- स्त्येतरस्यावरजो रजोविरहितो भूमण्डनं मण्डनः ।
श्रीमान् सोनगिरान्वयः खरतरः श्रीमालवंशोद्भवः सोऽकार्षित् किल काव्यमण्डनमिदं विद्वत्कवीन्द्रप्रियः ॥

- શ્રીમદ્ બાહડનો પુત્ર નામે સમધર (સમુદ્ર) સદ્ગુણી અને ભાગ્યશાળી થયો, તેનો ન્હાનો ભાઈ પૃથ્વીને અલંકાર રૂપ અને રજોગુણથી રહિત એવો મંડન થયો. તે સોનગિરા કુલના શ્રીમાલવંશના, ખરતર ગચ્છાનુયાયીએ વિદ્વાન અને કવીન્દ્રોને અવશ્ય પ્રિય એવા આ કાવ્યમંડનને રચ્યું-કાવ્યમંડન પ્રશસ્તિ.

૬૯૮. ગૂજરાતમાં અજયપાલના સમયમાં મંત્રી યશઃપાલે મોહપરાજય નાટક, પ્રસિદ્ધ મંત્રીવર્ય વસ્તુપાલે નરનારાયણાનન્દ કાવ્ય આદિ રચ્યાના ઉલ્લેખ કરી ગયા છીએ. હવે માલવાના મંડપદુર્ગ (માંડુ)ના મંત્રી મંડન કે જે ચૌદમી સદીના અંતે અને પંદરમીના પ્રારંભમાં થયેલ તેમનું ટુંકચરિત્ર અને તેમની કૃતિઓની નોંધ લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. મંત્રી મંડનના સમકાલીન આશ્રિત મહેશ્વર નામના પંડિતે 'વિદ્વાન મંડનેંદ્રને કહેવા-સંભળાવવા માટે રચેલા' 'કાવ્યમનોહર'[૪૫૬] નામના ગ્રંથમાં મંડનની વંશાવલી વગેરે આપેલ છે તે નીચે કહેવામાં આવે છે.

૬૯૯. 'શ્રીમાલ વંશમાં સ્વર્ણગિરીયક (સોનગરા) ગોત્રમાં જાવાલપત્તન (જાલોર)માં આભુ નામનો પ્રતાપી પૂર્વજ થયો. તે બુદ્ધિમાન્ હતો અને સોમેશ્વર રાજાનો મુખ્ય મંત્રી હતો. તે આભૂનો પુત્ર અભયદ થયો તે આનંદ નામના રાજાનો મુખ્ય મંત્રી હતો કે જેણે ગૂર્જર નૃપ પર વિજયશ્રી

---

૪૫૬. કાવ્યમનોહર (પ્ર. હે. ગં. નં. ૭ થી ૧૧ મંડનગ્રંથસંગ્રહ)માં મંત્રી મંડનના જન્મ વિવાહ છ ઋતુઓ વિલાસ આદિનું વર્ણન કરી છેવટના ૭ મા સર્ગમાં મંડનને દીર્ઘાયુષ્ય થવાની પ્રાર્થના કરી તેના વંશનું વર્ણન કર્યું છે, તે પરથી સિદ્ધ થાય છે કે તે કવિ મહેશ્વર સમકાલીન હતો અને તેણે આ કાવ્ય મંડનની હયાતીમાં જ પૂરૂં કર્યું છે. આમાં તેના રાજ્યસંબંધી કાર્યો કે તેના રચેલા ગ્રંથો સંબંધી કંઇ પણ ઉલ્લેખ કર્યો નથી. એ પરથી મંત્રી એટલે મુખ્ય દિવાન નહિ પણ એક રાજ્યાધિકારી એવો અર્થ વધારે યુક્ત લાગે છે. આ કાવ્ય પરથી તેમજ વિજ્ઞપ્તિ ત્રિવેણીની પ્રસ્તાવના અને મંડનના ગ્રંથો પરથી ઉદયપુરના પંડિત શોભાલાલ શાસ્ત્રીએ 'મંત્રી મંડન ઔર ઉસકે ગ્રંથ' એ નામનો લેખ લખ્યો છે (ના પ્ર. પ. ૪, ૧). તેણે તેમાં અનુમાન કર્યા છે કેઃ-

'સોમેશ્વર-અજમેરનો રાજા અને ભારતના સુપ્રસિદ્ધ છેલ્લા હિંદુ સમ્રાટ પૃથ્વીરાજનો પિતા સોમેશ્વર હોય કારણ કે તે તે સમયે જાલૌર નાગોર આદિ પ્રદેશ તેને તાબે હતા કારણ કે બીજોલિયાના સોમેશ્વર સમયના સં. ૧૨૨૬ના એક શિલાલેખ (બં. એ. સો. જ. સન ૧૮૮૩) માં સોમેશ્વરના પૂર્વ જ વિગ્રહરાજે જાબાલિપુર (જાલોર), પલ્લિકા (પાલી), નડ્વલ (નાડોલ) જીતી લીધાં. આનંદ-તેણે ગૂજરાતના રાજાને જીત્યો હતો. તે આનંદ કોણ હતો તેની પાકી માહિતી નથી મળતી. સંભવ છે કે તે આનંદ સોમેશ્વરનો પિતા અર્ણોરાજ (અપરનામ આનલ્લદેવ, આનક કે આનાક) હતો. પૃથ્વીરાજવિજયમાં લખ્યું છે કે અર્ણોરાજને બે રાણી હતી-એક મારવાડની સુધવા અને બીજી ગૂજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહની પુત્રી કાંચનદેવી. આ કાંચનદેવીથી પુત્ર સોમેશ્વર થયો. પૃથ્વીરાજ રાસામાં સોમેશ્વરના પિતાનું નામ આનંદમેવ લખ્યું છે. આથી અનુમાન થાય છે કે આનંદ યા આનંદમેવ અર્ણોરાજનાં જ નામાંતર છે. પૃથ્વીરાજ રાસામાં એ પણ જણાવ્યું છે કે આનંદમેવે (અર્ણોરાજે) સોમેશ્વરને રાજ્ય આપ્યું અને સોમેશ્વરે ગૂજરાત અને માલવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેળવી હતી, અને જે જાવાલ (જાલોર)માં પ્રસિદ્ધ થયો હતો. તેના પુત્ર અંબડે સ્વર્ણગિરિ (જાલોરના કિલ્લા) પર વિગ્રહેશને સ્થાપિત કર્યો. તેનો પુત્ર સહણપાલ મોજદીન નૃપતિનો મુખ્ય પ્રધાન હતો. તે રાજાએ કચ્છપતુચ્છ (કચ્છ ?) નામના દેશને ઘેરી લીધો ત્યારે દુઃખથી રડતા લોકોના પર સહણપાલે દયા લાવી તે દેશને મુકત કરાવ્યો. આ યવનાધિપે ૧૦૧ તાર્ક્ષ્ય (નામના સિક્કા) ઉપરાંત ૭ મુદ્રા આ મંત્રીને બક્ષીસ આપી. તે સહણપાલનો પુત્ર નૈણા થયો કે જેને સુરત્રાણ (સુલતાન) જલાલુદ્દીને સર્વ મુદ્રાઓ અર્પી-રાજ્યનો સંપૂર્ણ કારભાર સોંપ્યો. તેણે જિનચંદ્રસૂરિ[૪૫૭] સાથે સિદ્ધાચલ અને રૈવતક તીર્થની યાત્રા કરી.

૭૦૦. 'તેનો પુત્ર દુસાજુ ચંડરાઉલના રાજ્યમાં મુખ્ય પ્રધાન થયો, ને તે દુસાજુને તુગલક શાહે આદરપૂર્વક બોલાવી 'મેરૂતમાન' દેશ આપ્યો હતો. તેના પુત્ર વીકાએ શક્તિશાહ કે જેણે પાદલક્ષાદ્રિ (સપાદલક્ષ પર્વત-સાંભરની આસપાસનો પ્રદેશ) ભોગવતા સાત રાજાઓને કેદ કરી રાખ્યા હતા તેનો અધિકાર છીનવી લીધો. આ કાર્યને ઉચિત સમજી તેને પાતશાહે ખુશીથી અતિમાન આપ્યું ને ત્યાં ગાજિંદ્રને અધિકારમાં સ્થાપિત કર્યો. તે વીકાએ દુકાલ સમયે ચિત્રકૂટ (ચિતોડ)માં દુકાલપીડિત જનોને અનેકવાર અન્ન વહેંચ્યું હતું. તે વીકાનો પુત્ર ઝંઝણ (નહિ કે મંડન) દેવગુરુભક્ત થયો કે જે નાંદ્રીય દેશના ગોપિનાથ રાજાનો મુખ્ય મંત્રી હતો. તેણે પ્રલ્હાદન (પાલનપુર)માં શાંતિનાથના બિંબની પ્રતિષ્ઠા કરાવી; વળી સંઘાધિપ બની યાત્રા કરી સંઘને વસ્ત્ર દ્રવ્ય ઘોડા આદિ આપી ઉદ્યાપનનાં કાર્ય કર્યાં; પુણ્યશાલા-ધર્મશાલાઓ તથા ગુરુઓને રહેવા માટેનાં તેવાં સ્થાનો અને દેવમંદિરો બંધાવ્યાં. (આ પારામાં કેટલાંક વિશેષ નામો માટે જુઓ ટિપ્પન [૪૫૮].)

પર આક્રમણ કરી તેને પોતાને તાબે કર્યા. વિગ્રહદેશ-સોમેશ્વરનો મોટો ભાઈ વિગ્રહરાજ ચોથો-અપરનામ વીસલદેવ. મોજદીન-તે નામના બે બાદશાહ થયાઃ એક રજિયા બેગમનો ભાઈ મોઇજુદ્દીન બહરામ (વિ. સં. ૧૨૯૬-૯૭ થી સં. ૧૨૯૮-૯૯), બીજો ગ્યાસુદ્દીન બલબનો પૌત્ર મોઇજુદ્દીન કૈકોબા (સં. ૧૩૪૨ થી ૧૩૪૬). આમાં કયો સમજવો. તેનો નિશ્ચય થતો નથી. પણ સમયનો હિસાબ કરતાં સહણપાલ મોઇજુદ્દીન બહરામનો મંત્રી હોય એમ પ્રતીત થાય છે. જલાલુદ્દીન ફીરોજ-જે સં. ૧૪૪૭માં ગાદીએ આવ્યો તે-ખીલજી વંશનો. છ વર્ષ રાજ્ય કર્યું.' આ બધાં અનુમાનો તપાસવાનાં રહે છે, કારણ કે મને તે સંદિગ્ધ જણાય છે.

૪૫૭. જિનચંદ્રસૂરિ—આ ખરતરગચ્છની પટ્ટાવલીના જિનચંદ્ર ત્રીજા લાગે છે. તેમણે દીક્ષા જાલોરમાં જ સં. ૧૩૩૨માં લીધી. આચાર્યપદનો ઉત્સવ પણ જાલોરમાં સં. ૧૩૪૧માં ત્યાંના માલ્હુગોત્રીય સાહ ખીમસીએ કર્યો. તેમણે ચાર રાજાઓને જૈન કર્યા અને તેઓ 'કલિકેવલી' નામના બિરૂદથી પ્રસિદ્ધ થયા. સ્વ. સં. ૧૩૭૬.

૪૫૮. ચંડરાઉલ કયાંનો હતો તે જણાયું નથી. મેરૂતમાન-મેવાડ દેશ હશે ? તુમલકશાહ-ગ્યાસુદ્દીન તઘલખ કે જેનું નામ ગાજીબેગ પણ હતું. તેણે સં. ૧૩૭૭માં ખીલજી મલીક ખુશરૂ કે જેનું ઉપનામ નસીરૂદ્દીન પણ હતું તેનુ રાજ્ય છીનવી લીધું અને ૪ વર્ષ રાજ્ય કર્યું. શક્તિશાહ-કોઈ મુસલમાન પાદશાહ લાગે છે. એલ્ફિન્સ્ટન લખે છે કે ગૂજરાતના બાદશાહ અહમદશાહે ઈડર, જાલોર અને ખાનદેશ પર હુમલા કર્યા હતા અને એક વખતે તો મારવાડના ઉત્તરમાં આવેલ નાગોર સુધી તે ચઢી આવ્યો હતો, કે જ્યાં તેનો કાકો દીલ્હીના સૈયદ ખીજરખાંની વિરૂદ્ધ ઉપદ્રવ કરતો હતો. સંભવિત છે કે શકિતશાહ એ અહમદશાહ યા તેના કોઈ સેનાપતિનું નામાંતર હશે, કે જેણે સપાદલક્ષ પ્રદેશનો કબજો કરી લીધો હોય અને વીકાએ તેનાથી તે પ્રદેશને મુક્ત કર્યો હોય નાદ્રીય દેશ-નાદોદ કે જે ગૂજરાતમાં છે તે. પ્રલ્હાદનપુર-કુમારપાલના સમકાલીન અને આબુના રાજા ધારાવર્ષના નાનાભાઈ પ્રલ્હાદને (જુઓ પારા ૫૦૧) વસાવેલું હાલનું પાલણપુર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૦૧. 'આ ઝંઝડ સંઘવી મંડપ (માંડૂ)માં આવ્યો ને ત્યાં તેને છ વિજયી પુત્રો નામે ચાહક સંઘવી, બાહડ, દેહડ સંઘવી, પદ્મ, સંઘવી, આલ્હા સંઘવી અને પાહુ સંઘવી થયા. ચાહડના બે પુત્રો નામે ચંદ્ર અને ક્ષેમરાજ થયા. ચાહડે જીરાવલ્લી (આબુની પાસેના જીરાવલા) તીર્થની તથા અર્બુદગિરિ (આબુની)ની યાત્રા કરી સંઘવીની પદવી લીધી. બાહડ સંઘવીને બે પુત્રો નામે સમુદ્ર (સમધર) સંઘવી અને મંડન સંઘવી (તે મંડનમંત્રી) થયા. બાહડે રૈવત (ગિરનાર)ની યાત્રા સંઘ લઈને કરી તેથી તે સંઘવી બન્યા. દેહડે પણ સંઘપતિ બની અર્બુદ પર નેમિનાથની યાત્રા સંઘ સાથે કરી. તેણે રાજા કેશિરાજ, રાજા હરિરાજ અને રાજા અમરદાસને ત્યાં રહેલા કેદીઓને છોડાવ્યા હતા. દેહડનો પુત્ર નામે ધન્યરાજ (ધનરાજ, ધનદ, ધનેશ) હતો. પદ્મ સંઘવીએ પાર્શ્વનાથની યાત્રા કરી હતી અને વ્યાપારથી પાતશાહને પ્રસન્ન કર્યો હતો. આલ્હૂ સંઘવીએ મંગલ નામના નગરની યાત્રા કરી તથા જીરાપલ્લી (જીરાવલા)માં મોટો વિશાલ સ્તંભ અને ઉંચા દરવાજાવાળો મંડપ બંધાવ્યો અને તેને માટે વિતાન (ચંદરવો) પણ બંધાવ્યો. પાહૂ સંઘવીએ સ્વગુરૂ જિનભદ્રસૂરિ સાથે જીરાવલ્લી અને અર્બુદની યાત્રા સંઘ સહિત કરી હતી. ઝંઝણના આ છએ પુત્રો આલમ (શાહ)ના[૪૫૯] સચિવો હતા. આ કુલમાં પૂજ્ય ગુરૂઓ જિનવલ્લભસૂરિ (પારા ૩૧૪) પછી જિનદત્તસૂરિ (પારા ૩૧૦), અનુક્રમે તપસ્વી સુપર્વસૂરિ (?) જિનચંદ્રસૂરિ (જુઓ ટિપ્પણ નં. ૪૫૭)-અનુક્રમે જિનપદ્મ, જિનલબ્ધિ, પછી (અનુક્રમે) જિનરાજસૂરિ થયા. તેમના જિનભદ્રસૂરિ (પારા ૬૯૨-૩) થયા, કે જેઓ આ સમયે વિદ્યમાન હતા.'

આટલું કાવ્યમનોહરમાંથી ઉપલબ્ધ થાય છે. મંડન મંત્રીએ વિશેષમાં પોતાના કાવ્યમંડનની પ્રશસ્તિમાં જણાવ્યું છે કે 'ઝંઝણના છએ ધાર્મિક પુત્રોએ કોલાભક્ષ નૃપ પાસેથી લોકોને છોડાવ્યા.'

---

૪૫૯. આલમ (શાહ)-અલમ્મશાહ=એટલે દિલાવરખાનનો પુત્ર અલ્પખાં અને પછી થયેલ હોશંગ ઘોરી. તૈમુરે દીલ્હી લૂટ્યું અને ઉત્તર હિંદ જીત્યું ત્યાર પછી દિલ્હીની છિન્નભિન્નતામાં ઘોર ગામના પઠાણ દિલાવરખાન કે જે ધારમાં મુખ્યપણે રહેતો હતો તેણે માલવાનું આધિપત્ય જાહેર કર્યું. (સં. ૧૪૫૭). દિલાવરખાનું મરણ સં. ૧૪૬૧ માં થતાં તેના પુત્ર ઉક્ત અલ્પખાંએ ગાદી લઈ માલવાની રાજધાની ધારથી બદલી માંડુ કરી તેણે સં. ૧૪૮૬ સુધી રાજ્ય કર્યું. જેમ્સ કૅમ્પબેલ લખે છે કે -Though their temples were turned into mosques, the Jains continued to prosper under Ghoris. -જોકે તેમનાં મંદિરોની મસીદો કરવામાં આવી છતાં જૈનો ઘોરીના સમયમાં આબાદ થતા ચાલ્યા. ઝાંસીના લલિતપુરના દેવગઢ ગામમાં સં. ૧૪૮૧ નો એક શિલાલેખ મળ્યો છે (બંગાલ એ. સો. જ. ભાગ ૫૨ પૃ. ૭૦; આ. સ. ઇ. નવીન વો. ૨, ૧૨૦) તેમાં બે જિનની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ છે; તેમાં श्रीमन्मालवपालके शकनृपे गौरीकुलोद्योतके निःक्रान्ते विजयाय मंडपपुराच्छ्री साहि आलम्मके ॥ માં ઉલ્લેખેલ સાહિ આલમ્મ તે આ આલમશાહ (હોશંગ ઘોરી). તેના મરણ પછી તેનો પુત્ર ઘઝનીખાન, સુલ્તાન મહમદ ઘોરી એ નામ ધારણ કરી ગાદીએ બેઠો ને તેણે ત્રણ વર્ષ રાજ્ય કર્યું, પછી સં. ૧૪૯૦માં તેના દીવાનનો પુત્ર મહમદ ખીલજી, હોશંગનો શાહી ખીતાબ ધારણ કરી ગાદી પર બેઠો. તે સં. ૧૫૨૫ સુધી રાજ કરી મરણ પામતાં તેનો પુત્ર અને દીવાન ગ્યાસુદ્દીન ગાદી પર આવ્યો. તે ઘણો ધાર્મિક વૃત્તિનો હતો. તેણે સોનાના સિક્કા પાડ્યા. તે ન્યાય બરાબર આપતો. તેણે સં. ૧૫૫૬ સુધી પોતાના પુત્રને રાજકારોબાર સોંપી ખુદાની બંદગીમાં જીવન પૂરૂં કર્યું. (જુઓ જેમ્સ કૅમ્પબેલનો 'માંડુ' પરનો લેખ મુંબઈ રૉ. એ. સો. જ. વૉ. ૧૯ અંક ૫૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૦૨. **મંડન**–ઉપર જણાવ્યું તેમ તે ઝંઝણ સંઘવીના બીજા પુત્ર બાહડનો નાનો પુત્ર હતો. તે વ્યાકરણ અલંકાર સંગીત તથા અન્ય શાસ્ત્રોમાં મહા વિદ્વાન હતો. વિદ્વાનો પર તેની ઘણી પ્રીતિ હતી. તેને ત્યાં પંડિતોની સભા થતી હતી કે જેમાં ઉત્તમ કવિઓ સુકાવ્યો અને પ્રબંધોથી અને પ્રાકૃત ભાષાના કવિઓ ઉદાર ગાથાઓથી તેની સ્તુતિ કરતા હતા અને નૈયાયિક વૈશેષિક ભાટ્ટ વેદાન્તી સાંખ્ય પ્રાભાકર બૌદ્ધ મતના મહા વિદ્વાનો ઉપસ્થિત થઈ તેની પ્રશંસા કરતા. ગણિત ભૂગોલ શકુન પ્રશ્નપ્રભેદ મુહૂર્ત પાટી અને બૃહત્ જાતકમાં પ્રવીણ, દેશ ઋતુકાલ પ્રકૃતિ રોગ વય ચિકિત્સા આદિ લક્ષણ જાણનાર, અસાધ્ય સાધ્યાદિ રસક્રિયામાં કુશલ વૈદ્યો, સાહિત્યવિદો, નાયક નાયિકાના ભેદ જાણનાર, સભામાં તેની સેવામાં ઉપસ્થિત થતા. ઉત્તમ ઉત્તમ ગાયક ગાયિકાઓ અને નર્ત્તકીઓ તેને ત્યાં આવ્યાં કરતી હતી અને તેની સંગીતશાસ્ત્રમાં અનુપમ યોગ્યતા જોઈ અવાક્ થતી હતી. આ સર્વને ભૂમિ, વસ્ત્ર, આભરણ, દ્રવ્ય આદિ બક્ષીસ આપતો. યાચકોને પુષ્કળ દાન કરતો.' (જુઓ **કા**વ્યમનોહર સર્ગ ૧ અને ૨)

૭૦૩. મંડન જેવો વિદ્વાન હતો તેવો ધની હતો. પોતે જ જણાવ્યું છે કે 'એક બીજા પ્રત્યે શોક હોવાના કારણે પરસ્પર વૈર છે. તેથી મહાલક્ષ્મી અને સરસ્વતી એકબીજાથી વધી જવાની આ (મંડન)ના ઘરમાં સ્પર્દ્ધા કરે છે.'

૭૦૪. **મંડનના ગ્રંથો**-તેણે પોતાના ગ્રંથોમાં પોતાનું નામ જોડ્યું છે ને તેમાં 'મંડન'નો અર્થ ભૂષણ પણ લઈ શકાય. ૧. **સા**રસ્વતમંડન-આ સારસ્વતવ્યાકરણ પરનો ગ્રંથ છે. (પાટણ વાડી પાર્શ્વનાથ ભં.) ૨-૩. ત્યાર પછી મોટો **કા**વ્યમંડન અને **ચં**પૂમંડન રચ્યા, કારણ કે તે બંનેને સારસ્વતમંડનના અનુજ કહેલ છે. **કા**વ્યમંડનમાં ૧૨ સર્ગમાં ૧૨૫૦ શ્લોક પ્રમાણ **કૌ**રવ અને **પાં**ડવોની કથા છે; અને **ચં**પૂમંડનમાં ગદ્ય તથા પદ્યમય ૭ પટલમાં **ને**મિનાથનું ચરિત્ર વર્ણવેલ છે. આ ઉપરાંત ૪. **કા**દંબરી મંડન-માલવાના બાદશાહનો મંડન પર બહુ પ્રેમ હતો. આવા વિદ્વાનોની સંગતિથી બાદશાહનો પણ સંસ્કૃત સાહિત્યનો અનુરાગ થયો હતો. એકદા સાયંકાલે બાદશાહ પાસે વિદ્વદ્ગોષ્ઠી થઈ રહી હતી. ત્યારે બાદશાહે **મં**ડનને કહ્યું કે 'મેં કાદંબરીની ઘણી પ્રશંસા સાંભળી છે તો તેની કથા સાંભળવાનું મને બહુ મન થયું છે. પરંતુ રાજકાર્યમાં પ્રવૃત્ત રહેવાથી એ મોટા પુસ્તકને સાંભળવા જેટલો સમય નથી તો તમે બહુ મોટા વિદ્વાન છો તો, તેનો સંક્ષેપ રચી સંભળાવો તો સારૂં' આ ઈચ્છાની તૃપ્તિ અર્થે મંડને આ ગ્રંથ સંક્ષેપમાં અનુષ્ટુપ શ્લોકોમાં ૪ પરિચ્છેદમાં રચ્યો. ૫. **ચં**દ્રવિજય-એક વાર પૂર્ણિમાદિને સાયંકાલે મંડન પહાડને આંગણે બેઠો હતો. સાહિત્યવાર્તા ચાલી રહી હતી ત્યાં ચંદ્રોદય થયો. ચંદ્રમા કવિઓનો પરમપ્રિય વિષય એટલે મંડને કેટલાયે શ્લોક તેના વર્ણનના રચ્યા ને તેમાં ચંદ્રના ઉદયથી તે અસ્ત સુધીની જુદી જુદી દશાઓનું લલિત પદ્યમાં વર્ણન કર્યું. અસ્ત વખતે હૃદય ખિન્ન થતાં બોલી ઉઠ્યો 'સૂર્યની પેઠે ભ્રમણ કરતાં ચંદ્રનો પણ અધઃપાત થયો.' સૂર્યનાં કિરણોથી તાડિત થઈ ચંદ્રમા ભાગતો હતો ને સૂર્યે તેને કાંતિહીન કરી સમુદ્રમાં નાંખી દીધો એમ વિચારતાં સૂર્ય પર પોતાને ક્રોધ આવ્યો. પોતાના પ્રીતિપાત્ર ચંદ્રમાના વિજયને માટે તેણે આ ચંદ્રવિજય નામનો એક પ્રબંધ બે પટલમાં-૧૪૧ પદ્ય રૂપી લલિત કાવ્યમાં રચ્યો કે જેમાં ચંદ્રમાનું સૂર્ય સાથે યુદ્ધ કરાવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેને હરાવી પછી ઉદયાચલપર ઉદય થવાનું વર્ણન કર્યું છે. તેમાં ચંદ્રમાની ઉત્પત્તિ, તેનું સૂર્ય સાથે વેર-તેની સાથે યુદ્ધ, ચંદ્રમાનો વિજય અને તારાઓ સાથે તેનો વિહાર બતાવેલ છે. ૬ **અલંકારમંડન**-સાહિત્ય શાસ્ત્રનો પાંચ પરિચ્છેદમાં ગ્રંથ છે. કાવ્યનાં લક્ષણ, તેના ભેદ અને રીતિઓ, કાવ્યના દોષો તથા ગુણો, રસ અને અલંકારોનું તેમાં વર્ણન છે. ૭ **શૃંગારમંડન**-શૃંગારરસના પરચુરણ ૧૦૮ શ્લોક છે, ૮ **સંગીતમંડન** અને ૯ **ઉપસર્ગમંડન** એ બેનાં નામ પરથી તેમાં અનુક્રમે સંગીત અને ઉપસર્ગોનું વર્ણન હોવાનું પ્રતીત થાય છે. આ બધા મંડને પોતે જ લખાવેલા હોય તેમ સં. ૧૫૦૪ માં કાયસ્થ **વિનાયકદાસ**ના હાથની તાડપત્ર પરની પ્રતો પાટણ વાડીનાથ પાર્શ્વનાથ મંદિરના ભંડારમાં વિદ્યમાન છે તે પરથી પ્રતીત થાય છે. તે પૈકી ૧, ૮ અને ૯ સિવાયના સર્વ હે. ગ્રં. માં મુદ્રિત થયા છે. આ નવ કૃતિઓ ઉપરાંત ૧૦ મી કૃતિ નામે **કવિકલ્પદ્રુમ** સ્કંધ કે જેનો ઉલ્લેખ ઉક્ત નવ કૃતિઓ સાથે Catalogus Catalogarum માં કરેલ છે, પણ તે કૃતિ ઉપલબ્ધ નથી.

૭૦૫. મંડનની પેઠે તેના કાકા દેહડનો પુત્ર **ધન્યરાજ-ધનરાજ-ધનદ** પણ એક નામી વિદ્વાન્ હતો. તેણે **ભર્તૃહરિ** શતક ત્રયની પેઠે **શૃંગાર** ધનદ, **નીતિ** ધનદ, અને **વૈરા**ગ્ય ધનદ નામનાં ત્રણ શતક-**ધનદ**ત્રિશતી રચેલ છે. તે પૈકી **નીતિ**ધનદની પ્રશસ્તિ પરથી જણાય છે કે તે તેણે મંડપદુર્ગમાં સં. ૧૪૯૦માં રચેલ છે; વળી તેમાં પોતાનો પરિચય આપ્યો છે અને તત્કાલે વિદ્યમાન આચાર્યથી **જિનભદ્રસૂરિ**નું સ્મરણ કરેલ છે કે :-

'જિનવર પદ પૂજામાં દત્તચિત્ત, સારા વિત્તવાળો, **ખરતર** મુનિની શિક્ષાથી જેણે વિશ્વોપકાર શીખેલ છે. તે **દેહ**લના એક વીર એવો **ધન**રાજ જયવંતો છે કે જેના નામથી આ નયધનદ-નીતિધનદ શોભે છે. ૨.

'સંપ્રતિ ભક્તોના ચિંતામણિ રૂપ તપશ્ચર્યાથી જેમણે ઇંદ્રને ત્રાસ આપ્યો છે, જે દયાના ઉદયવાળા, સર્વ લોકને પ્રસન્ન રાખનાર, સિદ્ધ અને ગુરુવર્ય **જિનભદ્રસૂરિ** સંપ્રતિ વર્ત્તે છે. ૯૪

'જગતમાં પ્રસિદ્ધ નામવાળા ધર્મકર્માધિકારી કુલમાં સૂર્યરૂપ ઝુઝ્ઝણ (ઝંઝણ) નામના મંત્રી થયા કે જેની કીર્ત્તિ ચંદ્ર જેવી નિર્મલ હતી. તેને બંધુત્વ અને વિનયવાળા છ પુત્રો થયા તેમાં **ચા**હડ, પછી **બા**હડ સંઘપાલ, **ધી**ર દેહડ, **પદ્મા**કર, **આલ્હ** અને ગુણી **પા**હૂ થયા. ૯૫-૯૭

'મંડપદુર્ગમાં ગુર્જર પાતસાહનો ગર્વ તોડનાર ગોરી વંશનો યવન નરપતિ શ્રીમદ્ **આલં**મસાહ રાજ્ય કરતો હતો. ત્યારે તેનો મંત્રી **દેહ**ડ કે જે સત્પુરુષોના દિનમણિનું બિરૂદ ધરાવતો સર્વ તીર્થંકરોનાં ચરિત્રો ખરતર મુનિઓની પાસેથી સાંભળી તત્ત્વોપદેશ પ્રાપ્ત કરતો હતો. તેને સાધ્વી ગંગાદેવીથી **ધને**શ નામનો પુત્ર થયો કે જેણે ત્રિશતિ-શૃંગાર **નીતિ** વૈરાગ્ય શતકત્રય રચ્યાં. મંડપદુર્ગમાં દેહડના પુત્ર ધનપતિએ સં. ૧૪૯૦ ના વૈશાખ શુકલપક્ષે બૃહસ્પતિવારે આ ગ્રંથની પ્રતિષ્ઠા કરી.' ૯૮-૧૦૧.

વૈરાગ્ય ધનદ નામના તૃતીય શતકના બીજા શ્લોકમાં પોતે કહેલ છે કેઃ-

श्रीमालः श्रीविशालः खरतरमुनितोऽधीतधर्मोपचारः पारावारान्यतीरप्रचुरदुरयशा दानसंतानबन्धुः ।
नानाविद्याविनोदस्फुरदमलशमः कामरूपाभिरामो जीयाद् धन्यो धनेशः शमशतकमिदं यस्य नाम्ना विभाति ॥

-શ્રીમાલ (કુલના), શ્રીથી વિશાલ, ખરતર મુનિ પાસેથી ધર્મોપચાર જેણે શીખેલ છે એવો, જેનો યશ સમુદ્રના બીજા તીરથી ઘણે દૂર ફેલાયો છે, જે દાનનાં સંતાનોનો બંધુ છે, જે વિધવિધ વિદ્યાના વિનોદમાં સ્ફૂરતી નિર્મલ શાંતિ ધરાવે છે, જે કામદેવના રૂપથી સુંદર છે એવો ધન્ય ધનેશ જીવો, કે જેના નામથી આ શમશતક શોભે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ત્રણે શતકને અંતે ગદ્યમાં જણાવેલું છે કે 'तपः सिद्धतर खरतराम्नाय सोन वंशावतंस श्रीमाल कुल तिलक संघपाल श्रीमद् देहडात्मज विविध बिरुदराजी विराजमान संघपति श्री धनदराज विरचिते'આ ત્રણે શતક **કા**વ્યમાલા ગુચ્છક ૧૩માં મુદ્રિત છે.

૭૦૬. આ ભાઈઓએ **જિ**નભદ્રસૂરિના ઉપદેશથી એક વિશાલ સિદ્ધાન્ત-કોશ લખાવ્યો હતો. આજે તે સિદ્ધાન્ત-કોશ વિદ્યમાન નથી. પાટણનો એક ભંડાર કે જે સાગરગચ્છના ઉપાશ્રયમાં રક્ષિત છે તેમાં ભગવતીમૂત્ર (મૂલમાત્ર)ની પ્રતિ છે કે જે મંડનના સિદ્ધાન્તકોશની છે તેમાં જણાવ્યું છે કેઃ-

'સં. ૧૫૦૩ વૈશાખ સુદિ ૧ પ્રતિપત્તિથૌ રવિ દિને અદ્યેહ શ્રી **સ્થં**ભતીર્થે[૪૬૦] શ્રી **ખ**રતરગચ્છે શ્રી **જિ**નરાજસૂરિ પદે શ્રી **જિ**નભદ્રસૂરિશ્વરાણામુપદેશેન શ્રી શ્રીમાલજ્ઞાતીય સં. **માં**ડણ સં. **ધ**નરાજ ભગવતીસૂત્ર પુસ્તક નિજ પુણ્યાર્થે લિખાપિતં' આ પછી મંડનની પ્રશસ્તિ **સા**રસ્વત મંડનમાં પહેલાં ત્રણ પદ્ય (છેલ્લા પાદ સિવાય)માં મૂકી છે ને પછી ચોથું પદ્ય ઉમેરેલું છે. પછી ગદ્યમાં જણાવ્યું છે કે 'શ્રીમાલિજ્ઞાતિમંડનેન સંઘેશ્વર શ્રી મંડનેન સં. શ્રી ધનરાજ સં. ખીમરાજ સં. ઉદયરાજ સં. મંડનપુત્ર સં. પૂજા સં. જીજી સં. સંગ્રામ સં. શ્રીમાલ પ્રમુખપરિવારપરિવૃતેન **સકલસિદ્ધાન્તપુસ્તકાનિ** લેખયાંચક્રાણાનિ ॥ શ્રીઃ'-આ પરથી સ્પષ્ટ જણાય છે કે બધાં સિદ્ધાંતો લખાયાં હતાં અને મંડનને ચાર પુત્રો થયા હતા.

૭૦૭. અપભ્રંશ સાહિત્ય-માં જયશેખરસૂરિના શિષ્યકૃત **શી**લસંધિ હેમસારકૃત ઉપદેશસંધિ, સોમસુન્દરશિષ્ય વિશાલરાજસૂરિના શિષ્ય કૃત **ત**પઃસંધિ તેમજ **કે**શી-**ગો**યમસંધિ {*પ્રાચીન ગુ. કાવ્ય સંચય, સંધિ કાવ્ય સં. પ્ર.લા.દ.વિ.*} અને અન્ય નાની નાની કૃતિઓ નામે **મ**હાવીરચરિત્ર, **મૃ**ગાપુત્ર કુલક, **ઋ**ષભધવલ, **ઋ**ષભ પંચકલ્યાણ અને સ્તુતિસ્તોત્રાદિ મળી આવે છે. અત્યાર સુધીના દુર્લક્ષથી અપભ્રંશ સાહિત્ય અજ્ઞાત હતું. પણ હવે લક્ષ જતાં થોડુંઘણું હાથ આવ્યું છે અને વિશેષ પણ હસ્તગત થશે. જે ઉપલબ્ધ છે તેમાં વપરાયેલા છંદો તથા વ્યાકરણોના પ્રયોગો વિષે ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ ઘણું લખી-મેળવી શકાય.

૭૦૮. ગૂજરાતી ભાષા સાહિત્ય-પર આવતાં ગૂજરાતી **ગ**દ્યમાં સં.૧૪૭૮માં ઉક્ત **મા**ણિક્ય (ચંદ્ર) સૂરિએ **પૃ**થ્વીચંદ્ર ચરિત્ર (**વા**ગ્વિલાસ) ઘણી સુંદર, હૃદયંગમ અને રસભરી બાનીમાં રચ્યું (મુદ્રિત-પ્રા. ગૂ. કા. સં.). (આ યુગકાર **સો**મસુંદરસૂરિએ તો અનેક જૈન ગ્રંથો પર 'બાલાવબોધ'-ગદ્યાનુવાદ લખ્યાઃ-ઉપદેશમાલા પર (સં. ૧૪૮૫), { *સંપા. કાંતીલાલ બી. શાહ પ્રકા. સૌરાષ્ટ્ર કેશરી પ્રણગુરુ. સેંટર.* } **યો**ગશાસ્ત્ર પર, **ષ**ડાવશ્યક પર, **આ**રાધના પતાકા પર **ન**વતત્ત્વ પર, **ને**મિચંદ્ર ભંડારીકૃત **ષ**ષ્ઠીશતક પર (સં. ૧૪૯૬માં) બાલાવબોધ રચ્યા.) ઉક્ત **મુ**નિસુંદરસૂરિએ **યો**ગશાસ્ત્ર-ચતુર્થપ્રકાશ પર સં. ૧૪૯૧ માં, તથા તે વર્ષમાં ખ. **જિ**નસાગરસૂરિએ ઉક્ત **ષ**ષ્ઠીશતક પર, વૃદ્ધ તપા **ર**ત્નસિંહ-

૪૬૦. મંડનનો નિવાસ માંડવગઢમાં હોવાથી પુસ્તકભંડાર પણ ત્યાં સ્થાપિત કર્યો હોવો જોઈએ. આ પુસ્તક ખંભાતમાં લખાવાનું કારણ એ જણાય છે કે સર્વ પુસ્તકો જિનભદ્રસૂરિની દેખરેખ નીચે લખાતાં હતાં અને આ સૂરિનો તે વખતે ખંભાતમાં વાસ હોવાથી આ પુસ્તક ત્યાં લખાયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂરિશિષ્ય દયાસિંહ ગણિએ **સંગ્રહણી** પર સં. ૧૪૯૭માં અને **ક્ષેત્રસમાસ** પર સં. ૧૫૨૯માં, ત. જયચંદ્રસૂરિ શિષ્ય હેમહંસ ગણિએ **ષડાવશ્યક** પર સં. ૧૫૦૧માં, અને તે જ વર્ષમાં વૃદ્ધ તપા રત્નસિંહસૂરિ શિષ્ય **માણિક**સુંદર ગણિએ મલધારી હેમચંદ્રસૂરિકૃત ભવભાવના સૂત્ર પર દેવકુલ પાટકમાં બાલાવબોધ રચ્યા. આ સર્વે પંદરમા શતકમાં વપરાતી ભાષા પર ખરો પ્રકાશ નાંખે તેમ છે.

૭૦૯. ગૂજરાતી કાવ્ય સાહિત્ય-પર આવતાં જણાય છે કે પંદરમા શતકમાં થયેલા જૈન કવિઓ પૈકીના મોટા ભાગે ટૂંક કાવ્યો રચ્યાં જણાય છે-તેમાં કેટલાંક તો સ્તવનો-સ્તુતિ (દેવ-સ્વગુરૂની) રૂપે છે, અને તેના પ્રથમાર્ધમાં રચાયેલી કૃતિઓ જણાવી ગયા છીએ, અને ઉત્તરાર્ધમાં આ યુગમાં ખાસ પ્રધાન અને ધ્યાનખેંચે તેવી નીચે પ્રમાણે છેઃ-

ઉક્ત આં. જયશેખરસૂરિકૃત **ત્રિ**ભુવનદીપક પ્રબંધ-(**પર**મહંસ પ્રબંધ-**પ્ર**બોધચિંતામણિ ચોપઈ, અંતરંગ ચોપઈ), ૫૮ કડીનો **નેમિ**નાથ ફાગ તથા કેટલાંય સ્તવનો; **સો**મસુંદરકૃત **આ**રાધના રાસ અને **સ્થૂ**લિભદ્ર ફાગ સં. ૧૪૮૧; **પિં**પલગચ્છના **વી**રપ્રભસૂરિશિ. **હી**રાનંદ સૂરિના **વ**સ્તુપાલ તેજપાલ રાસ સં. ૧૪૮૪, **વિ**દ્યાવિલાસ પવાડો સં. ૧૪૮૫, દશાર્ણભદ્ર રાસ; જંબૂસ્વામી વિવાહલો સાચોરમાં સં. ૧૪૯૫, કલિકાળ રાસ વગેરે; ઉક્ત ખ. જયસાગરસૂરિકૃત **જિ**નકુશલસૂરિ ચતુષ્પદી સં. ૧૪૮૧, **ચૈ**ત્યપરિપાટી સં. ૧૪૮૭, **ન**ગરકોટ તીર્થ પરિપાટિ, અને **વ**જ્રસ્વામી ગુરુ રાસ સં. ૧૪૮૯ જૂનાગઢમાં; **માં**ડણશ્રાવકકૃત **સિદ્ધ**ચક્ર-**શ્રી**પાલ રાસ સં. ૧૪૯૮, **ચં**પાકૃત **ન**લચરિત્ર, મેઘા કૃત **તી**ર્થમાળા સ્તવન, તથા **રા**ણકપુર સ્તવન સં. ૧૪૯૯; તેજ વર્ષમાં દેવરત્નસૂરિ ફાગ તેમના એક શિષ્યકૃત; તથા વડતપ ગચ્છના **સા**ધુકીર્તિકૃત **મ**ત્સ્યોદરકુમાર રાસ, વિક્રમચરિત્ર કુમાર રાસ સં. ૧૪૯૯, તથા **ગુ**ણસ્થાનક વિચાર ચોપઈ; **તે**જવર્ધનકૃત ભરતબાહુબલી રાસ; **મં**ડલિકકૃત **પે**થડરાસ (કે જેમાં ઐતિહાસિક **પૃ**થ્વીધર-**પે**થડ નામના સંઘપતિનાં સુકૃત્યોનું વર્ણન છે); **સ**ર્વાનન્દસૂરિકૃત **મં**ગલકલશ રાસ; ઉક્ત **મા**ણિક્યસુંદરસૂરિ શિષ્ય જયવલ્લભકૃત **સ્થૂ**લભદ્ર બાસઠીઓ, ને ધન્ના અણગારનો રાસ; અને સોમસુન્દરસૂરિના શિષ્ય **ર**ત્નમંડનગણિકૃત **ને**મિનાથ નવરસ ફાગ અને **ના**રી નિરાસ રાસ. આ પૈકી ઐતિહાસિક પ્રબંધની ગરજ સારે એવા-રાસો **વ**સ્તુપાલતેજપાલ રાસ અને **પે**થડ રાસ છે. (જુઓ જૈન ગૂર્જર કવિઓ-પ્રથમ ભાગ પૃ. ૨૪ થી પૃ. ૩૬)

૭૧૦. અત્યાર સુધીની શોધ પ્રમાણે પ્રસિદ્ધ **ન**રસિંહ મહેતાનો હારપ્રસંગ સં. ૧૫૧૨ નો છે અને તેથી તે નાગર કવિનો જન્મ સં. ૧૪૭૦ માં મૂકાય છે. તેમનાં કાવ્યોનો ઉદભવ ૧૫૦૦ પછી ગણી શકાય. તો તેના યુગ પહેલાં જૈન કવિઓએ ભાષા કાવ્યસાહિત્ય ખેડ્યું હતું. તેમનાં જુનાં કાવ્યો ઉપર જણાવ્યાં છે અને તેની જૂની પ્રતિઓ પણ લભ્ય થાય છે. **ન**રસિંહ મહેતાનાં જે કાવ્યો હાલ છપાયાં છે તે સંસ્કારોથી-વાળીઝુડી સાફસુફ કરેલી વર્ત્તમાન ભાષામાં છે. મૂળ ભાષાનું નામનિશાન મળવું દુર્લભ છે. **ન**રસિંહ મહેતાને ગૂજરાતી આદ્ય કવિ લગભગ હમણાં સુધી કહેવામાં આવતા હતા, પણ હાલમાં તે પહેલાં થયેલા સારા સંસ્કારી અને મોટી કૃતિઓ રચનારા જૈન કવિઓ મળી આવેલા છે. તેથી હવે **ન**રસિંહ મહેતાનું ગૂજરાતી ભાષાના 'આદ્યકવિ'નું પદ ધ્રુવ રહી શકે તેમ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૧૧. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી જણાવે છે કે "ગુજરાતી સાહિત્યનો મધ્ય યુગ અને તેની પણ પૂર્વના યુગ માટે આજથી પચ્ચીસ વર્ષ પર જે જે અભિપ્રાયો બંધાએલા તે, નવાં નવાં પુસ્તકો હાથ લાગવાથી કાલક્રમે બદલાતા ગયા છે. દાખલા તરીકે નરસિંહ મહેતાને આદિ કવિનું સ્થાન આપવામાં આવતું અને સાથે સાથે એવો પણ અભિપ્રાય આપવામાં આવતો કે નરસિંહ મહેતાના સમય પહેલાં ગૂજરાતી સાહિત્ય હતું જ નહીં. તેનો આરંભ નરસિંહ મહેતાથી જ થયો-એ અભિપ્રાય ભુલભરેલો માલમ પડયો છે.....ઘણાં પ્રાચીન કાવ્યો જે અપ્રસિદ્ધ પડી રહેલાં તે પ્રસિદ્ધિમાં આવવાથી જુના અભિપ્રાય ફેરવી નવા બાંધવામાં આવ્યા છે અને હાલ જે અભિપ્રાય બંધાયા છે તે પણ સ્થાયી નથી, કારણ હજુ જૈન ભંડારોમાં અને જૈનેતર વ્યક્તિઓના કબજામાં એટલા બધા અપ્રસિદ્ધ લેખો પડી રહેલા છે કે તે જેમ જેમ પ્રસિદ્ધ થતા જશે તેમ તેમ હાલ બાંધેલા અભિપ્રાય પણ ફેરવવા પડશે. આપણા જુના સાહિત્ય સંબંધે હાલનો જમાનો અનિશ્ચિતપણાનો-transitional period-નો-છે...."[૪૬૧]

૭૧૨. આ. જયશેખરે સંસ્કૃતમાં પ્રબોધચિંતામણી એક રૂપક (allegory) તરીકે સં. ૧૪૬૨માં રચેલો જણાવી ગયા છીએ. તે જ વિષયનો પણ સ્વતંત્ર કૃતિ તરીકે ત્રિભુવનદીપક પ્રબંધ અથવા પરમહંસ પ્રબંધ-પ્રબોધચિંતામણી ચોપઈ એ નામનો ગ્રંથ રચેલ છે કે જે વિક્રમ ૧૫મી શતાબ્દીના ઉત્તરાર્ધના પ્રારંભની ગુજરાતી ભાષાનો અવિકલ નમુનો પૂરો પાડે છે. જો કે તે પોતાના સંસ્કૃત ગ્રંથ નામે 'પ્રબોધચિંતામણિ'ના જ વિષયનું પ્રતિપાદન કરે છે, છતાં ભાષાનો પ્રવાહ સ્વતંત્ર અખંડિત અને સ્વાભાવિકપણે વહે છે. તે ગ્રંથ પ્રબોધચંદ્રોદય જેવા પરપ્રવાદીઓના વાક્પ્રહારોના પ્રતિકારકરૂપ, લોકપ્રચલિત પાખંડ અને લોકોત્તર ધર્મના સત્ય સ્વરૂપને પ્રકાશતિ કરવા માટે રચાયેલો છે. આ ઉપરથી ધર્મબુદ્ધિ-પાપબુદ્ધિ રાસ આદિ કૃતિઓ પછીના સમયમાં થઈ છે. આ પ્રબંધની પ્રાચીન શુદ્ધ ભાષા જોતાં તે ૧૫મા સૈકામાં થયેલા માનવામાં આવતા નરસિંહ મહેતા, ભાલણ, મીરાંબાઈ આદિની ગૂજરાતી ભાષા અર્વાચીન જણાઈ આવે છે. આમાં જૂની ગૂજરાતી છે અને અનેક છંદો જેવા કે દૂહા, ધ્રૂપદ, એકતાલી ચોપઈ, વસ્તુ, સરસ્વતી ધઉલ, છપય, ગુજરી વગેરેમાં પ્રાસંગિક વ્યાવહારિક પ્રબોધ સાથે પરમહંસ અથવા આત્મરાજનું ચરિત્ર પ્રકટ કર્યું છે. આ પરથી જેમ પ્રો. મણિલાલ નભુભાઈ દ્વિવેદીને જણાયું કે 'ગુજરાતી ભાષાને પ્રથમ ગુજરાતીનું રુપ આપનાર જૈનો જ હોય એમ માનવાને બહુ કારણો છે,' તેમ સ્પષ્ટ સમજાય તેવું છે. (જુઓ પં. લાલચંદ સંપાદિત તે કાવ્ય.) *{જયશેખરસૂરિના જીવન-કવન અને ગ્રંથો વિષે જુઓ 'મહાકવિ જયશેખરસૂરિ' ભા. ૧-૨ સં. સાધ્વી મોક્ષગુણાશ્રી પ્ર. આર્યજય કલ્યાણ કેન્દ્ર.}*

૭૧૩. તાજેતરમાં જ સાક્ષર શ્રી કેશવલાલ હર્ષદ ધ્રુવ જણાવે છે કે :- 'પ્રબોધચિંતામણિ ગૂજરાતીમાં જૂનામાં જૂનું રૂપક છે. રૂપકની ઘટના દૃશ્યના કરતાં શ્રાવ્ય કાવ્યને અને કથાને વિશેષ અનુકૂળ છે. તે જોતાં પ્રયોગબંધનો માર્ગ મૂકી જયશેખર સૂરિએ કાવ્યબંધનો માર્ગ લીધો એ બહુ

૪૬૧. 'આનંદકાવ્ય મહોદધિ' ૭ મા મૌક્તિકનો ઉપોદ્ઘાત; **'જૈનયુગ'** પુ. ૧ પૃ. ૧૨૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગ્ય કર્યું છે. રૂપક મનનગ્રાહ્ય છે. તેના કાવ્ય રૂપે નિરૂપણથી ઔચિત્ય સચવાય છે અને નવીનતા એ આવે છે.'

૭૧૪. આ. જયશેખરે સંસ્કૃતમાં **પ્રબોધ** ચિંતામણિ કાવ્ય રચ્યું છે. તેની સાથે આ ગૂજરાતી કાવ્યની ઉક્ત સાક્ષર ધ્રુવ કહે છે કે, 'તુલના કરવી ઈષ્ટ નથી. એક કાવ્યમાં કવિએ અલંકારપ્રધાન મહાકાવ્યની આડંબરી શૈલી સ્વીકારી છે; અને બીજામાં પ્રસાદપ્રધાન કથાવાર્તાની ઋજુ શૈલી હૃદયે ધરી છે. કર્ત્તાના સમયમાં પંડિતોએ પહેલાને વખાણ્યું હશે; અને સામાન્ય શ્રોતાઓએ બીજાને વધાવી લીધું હશે. સંસ્કૃત કવિ તરીકે જયશેખરનું જે સ્થાન હોય તે હો, ગૂજરાતી કવિ તરીકે તો તેમનો દરજ્જો ઊંચો છે. **આ એક જ ગૂર્જર કાવ્યથી જૈન કવિ પ્રથમ પંક્તિના સાહિત્યકાર બને છે.** પ્રબોધ ચિંતામણિ પ્રબોધપ્રકાશના કરતાં અધિક યશસ્વી થવા નિર્મિત છે. કવિની પ્રતિભા વસ્તુની ગૂંથણીમાં, પાત્રની યોજનામાં અને રૂપકની ખીલવણીમાં એક સરખી વિજયશાળી નીવડે છે. પ્રસ્તાવોનું વૈચિત્ર્ય અનેક રસની મિલાવટને પોસે છે; અને કાર્યનો વેગ તથા સંવિધાનનું ચાતુર્ય વાંચનારનું કૌતુક છેવટ સુધી ટકાવી રાખે છે. ગૂજરાતી કૃતિનો રસ ઝીલનાર જૈનેતરે હશે, એ દૃષ્ટિથી કર્ત્તાએ તેને સર્વની રૂચિ સંતોષે એવું રૂપ આપ્યું છે....જૈનેતર સાહિત્યની પેઠે જૈન સાહિત્ય ચકલે ચૌટે ગવાયું હોત, તો જયશેખરસૂરિએ પણ **ભાલણ** અને **પ્રેમાનંદ**ના જેવી પ્રસિદ્ધિ લોકમાં મેળવી હોત.

૭૧૫. 'પ્રબોધચિંતામણીનો પદ્યભાગ માત્રાબંધ અને લયબંધ એ બે રૂપે વિભક્ત છે. માત્રાત્મક છંદમાં આશરે અઢીસેં ચઉપઈ અને લગભગ પોણોસો દૂહા છે. તે સિવાય પદ્ધરી, ચરણાકુલ, મરહટ્ઠા, દુમિલા અને ગીતિના નામે જાણીતા માત્રામેળ છંદ વધતા ઓછા દેખા દે છે; અને અપભ્રંશમાંથી જૂની ગૂજરાતીમાં ઊતરી આવેલો વસ્તુ નામે છંદ પણ તેમાં યોજેલો છે. ઉપરાંત છપય, સરસ્વતી ધઉલ, તલહારૂ અને ધઉલ એ મિશ્ર માત્રાબંધ પણ કવિએ ઉપયોગમાં લીધી છે. બાકીના પદ્યાત્મક ભાગમાં સોરઠા જેવા એક કડીના ધ્રુપદનો, પદ જેવાં અનેક કડીનાં ધ્રુપદ તથા ઝાબટ્ટનો અને ધઉલ કિંવા ધોળનો સમાવેશ થાય છે. લયબંધ આખા કાવ્યનો નવમો ભાગ જ રોકે છે. ગદ્ય ભાગમાં બોલીનાં બે ઉદાહરણ છે. જયશેખરસૂરિના ન્હાના ગુરુભાઈ **મેરૂતુંગસૂરિ**, તેમના શિષ્ય **માણિક્યસુંદર** સૂરિએ જૂની ગૂજરાતીમાં ગદ્યાત્મક પૃથ્વીચંદ્ર ચરિત્ર સંવત ૧૪૭૮માં રચ્યું છે; તે બોલીમાં છે. અક્ષરના, રૂપના, માત્રાના અને લયના બંધનથી મુક્ત છતાં લેવાતી છૂટ ભોગવતું પ્રાસયુક્ત ગદ્ય, તે બોલી. માણિક્યસુંદર બોલીવાળા પ્રબંધને વાગ્વિલાસ એટલે બોલીનો વિલાસ એવું નામ આપે છે.

૭૧૬. 'પ્રાકૃત પાસેથી વારસમાં મળેલી છંદની પૂંજી વધારીને અપભ્રંશે ગૂજરાતીને આપી.[૪૬૨] એને લીધે ગૂજરાતીનું પુરાતન સાહિત્ય છંદમાં રચાયું. સમય જતાં ગૂજરાતીએ નવું સાહસ ખેડી વિવિધ દેશીનો લયબંધ ઊપજાવ્યો. ચિરંતન ગૂજરાતી સાહિત્ય ઓછું ઉપલબ્ધ અને ઓછેરૂં પ્રસિદ્ધ હોવાથી, ગતકાળનું ગૂજરાતી સાહિત્ય તો દેશીમાં જ હોય-છંદમાં ન હોય, એવી માન્યતા બાંધનાર

૪૬૨. 'જુઓ હેમાચાર્ય વિરચિત છંદોનુશાસનનો પ્રાકૃત અને અપભ્રંશ છંદોને લગતો ભાગ.' (કે. ધ્રુવ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરુષ અપભ્રંશે આપેલો વારસો ભૂલી જાય છે...વળી છંદનો કલામય ઉપયોગ આજકાલનો નથી-પણ કલાના જેટલો જૂનો છે.[૪૬૩]

૭૧૭. 'આ કાવ્યમાં પહેલ વહેલાં **પદ** મળે છે. પદનું જ બીજું નામ **દેશી** છે. **માર્ગ** અને **દેશી** એ બે નામો અનુક્રમે પિંગળને અનુસરીને લખાયેલી કવિતાને અને લોકરાહોને અનુસરીને લખાયેલી કવિતાને આપવામાં આવ્યાં છે. તેનો આરંભ ચૌદમા સૈકાથી થયેલો જોવામાં આવે છે. દેશીનું આપણે સ્થૂલ પૃથક્કરણ કરીએ. પદમાં નરસિંહનાં ત્રણ કાવ્યો લખાએલાં છે. **ગોવિંદગમન, સુરતસંગ્રામ,** અને **સુદામાચરિત્ર.** નરસિંહ મહેતાનાં 'પ્રભાતિયાં' કહેવાય છે તે રાગનું નામ નથી પણ પ્રભાતમાં એ પદ ગાવામાં આવતાં હોવાથી તે નામ અપાયું છે. એને આપણે હાલ ઝૂલણા છંદ એવું નામ આપીએ છીએ. એયે ભૂલ છે. દેશીને માર્ગનું નામ આપી શકીએ નહિ....'[૪૬૪]

આ પદ-દેશી-રોગો જયશેખરસૂરિ પહેલાં પણ (એટલે અવશ્ય નરસિંહ મહેતા પહેલાં) જૈન કવિઓએ વાપર્યા છે ને ત્યાર પછી વાપર્યે ગયા છે. તે દાખલાથી બતાવી શકાય તેમ છે.

૭૧૮. આ યુગના ગૂજરાતી જૈન કવિઓની કૃતિઓમાંથી કાવ્યના નમુના અત્રે સ્થલસંકોચને લીધે આપી નથી શકાયા. જેમને થોડા નમુના જોવા હોય તે મારા લેખ નામે 'વિક્રમ ૧૫ મા સૈકાના કેટલાક જૈન કવિઓની કાવ્ય પ્રસાદી'માંથી [૪૬૫] મેળવી શકશે. દરેક યુગવાર કવિઓના નમુના હવે પછી જૈન ગૂર્જર પદ્યસાહિત્ય સંબંધી વિસ્તારથી નિબંધ લખાનાર છે તેમાં અપાશે.

---

૪૬૩. જુઓ દિ. બ. કેશવલાલ હર્ષદ ધ્રુવના સંપાદિત 'પ્રાચીન ગુર્જર કાવ્ય'માં તેમની પ્રસ્તાવના અને **જૈનયુગ** પુ. ૩, પૃ. ૧૦૧માં 'પ્રબોધ ચિંતામણી સંબંધી સાક્ષરશ્રી કેશવલાલભાઈ.'

૪૬૪. ઉક્ત સાક્ષરશ્રી ધ્રુવના જ ભાષણનો સાર **'બુદ્ધિપ્રકાશ'** ફેબ્રુ. ૧૯૨૬ 'પદ્યબંધની કસોટી અને બીજા પ્રશ્નો.' વિશેષ માટે જુઓ અમારા મિત્ર રા. **મંજુલાલ**નો લેખ 'આપણી દેશીઓ અને પ્રાચીન લોકસંગીત'-**ગુણસુન્દરી,** મે ૧૯૩૦.

૪૬૫. **'શારદા'**નો તંત્રી અંક જાને. ૧૯૨૭ પૃ. ૧૦૦૩ : **'જૈનયુગ'** કાર્ત્તિક માગશર સં. ૧૯૮૩ પૃ. ૧૬૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઐતિહાસિક ઘટનાઓ

श्रेयः श्रीधर्मबीजं विमलमतिबृहद्भारतक्षेत्रधात्र्यां येनोप्तं यद् युगादौ तदनु निजलसद् गोरसैः सिक्तमेतत् ।
प्रौढिं च प्रापि तज्ज्ञैः सुकृतगुरुगणैः स्वाश्रितेऽद्यापि दद्या-दाधिव्याधिव्यपायं परमसुखफलं नाभिसूः स्तात् स सिद्धयै ॥

-જેણે વિમલમતિ બૃહત્ ભારત ક્ષેત્ર ભૂમિમાં યુગની આદિમાં કલ્યાણશ્રીનું ધર્મબીજ વાવ્યું અને ત્યાર પછી તે બીજ પોતાના જ્વલંત ગોરસ (ભૂમિરસ, વાણીરસ) વડે તેના જ્ઞાતા સુકૃતિ ગુરુઓના સમુદાયથી સીંચાઈ પ્રૌઢી પામ્યું તે નાભિનન્દન-ઋષભદેવ આધિ-વ્યાધિના નાશ રૂપ પરમસુખ ફલ આપો અને આપણી સિદ્ધિ અર્થે થાઓ.

(સોમચારિત્રગણિકૃત ગુરુગુણરત્નાકર કાવ્ય સં. ૧૫૪૧)

૭૧૯. સં. ૧૫૦૫માં રાણા કુંભા (કુંભકર્ણ)ના ભંડારી (કોશાધ્યક્ષ) વેલાકે શાંતિનાથ તીર્થંકરનું અષ્ટાપદ નામક જૈનમંદિર ચિતોડમાં બંધાવ્યું કે જેની પ્રતિષ્ઠા ખ. જિનસેન (?) સૂરિએ કરી હતી કે જેને હાલ 'શૃંગાર ચાવડી-સિંગારચોરી' કહેવામાં આવે છે.[૪૬૬] તેને પ્રથમ ચાર દ્વાર હતાં તેમાં બે દ્વાર સુંદર કોરેલી જાળીઓ બેસાડી કરવામાં આવ્યાં છે. સં. ૧૫૦૬ ના વર્ષમાં મહારાણા કુંભકર્ણે આબુના જૈન યાત્રિકો પાસેથી મુંડકું વલાવું વગેરે ન લેવા અને તેમનું રક્ષણ કરવા સંબંધી લખી આપેલું વ્યવસ્થાપત્ર લૂણિગવસહિના દક્ષિણાભિમુખ દરવાજાની બહાર કીર્ત્તિસ્થંભની પાસે એક શ્વેત 'સુરહિ' પત્થર રોપેલો છે. તેના પર કોતરેલું છે.[૪૬૭] સં. ૧૫૦૭ના માઘ (અસિત) સપ્તમી દિને

૪૬૬. લોકો કહે છે કે અહીં રાણા કુંભાની રાજકુમારીનો વિવાહ થયો હતો. તેની આ ચોરી છે, પણ તે ભૂલ છે, કારણ કે તેનો શિલાલેખ ઉક્ત જૈનમંદિરની સાક્ષી પૂરે છે. ઓઝાજી રા. ઈ. પહેલો ખંડ પૃ. ૩૫૬ અને બીજો ખંડ પૃ. ૬૨૫ ટિપ્પણ. રાજપુતાના મ્યુઝિયમ રીપોર્ટ સન ૧૯૨૦-૨૧ પૃ. ૫ લેખસંખ્યા ૧૦.

૪૬૭. જુઓ તે લેખઃ- 'શ્રી ગણેશાયઃ ॥ સહી (ત્રિશૂલ જેવું ચિન્હ છે) સંવત ૧૫૦૬ વર્ષે અષાઢ સુદિ ૨ મહારાણા શ્રી કુંભકર્ણ વિજયરાજ્યે શ્રી અર્બુદાચલે દેલવાડા ગ્રામે વિમલવસહી શ્રી આદિનાથ તેજલવસહી શ્રી નેમિનાથ તથા બીજે શ્રાવકે દેહરે દાહ મુંડિકં વલાવી રખવાલી ગોડા પોઠયારૂં રાણિ શ્રી કુંભકર્ણિ મહં ડૂંગર ભોજા જોગ્યં મયા ઉધારા જિકો જ્યાત્રિ આવિ તિહિંરૂં સર્વ મુકાવું જ્યાત્રા સંમંધિ આચ્યંદ્રાર્ક લગિ પલે કુઈ કોઈ માંગવા ન લહિ રાણિ શ્રી કુંભકણિ મ. ડૂંગર ભોજા ઊપરિ મયા ઉધારી યાત્રા મુગતી કીધી આઘાટ થાપુ સુરિહિ રોપાવી જિકો આ વિધિ લોપિસિ તિ ઈહિ સુરિહિ ભાંગીરૂં પાપ લાગિસિ અનિ સંહ જિકો જાત્રિ અવિસઈ સ ફદ્યું ૧ એક દેવ શ્રી અચલેશ્વરિ અન દુગાણી ૪ ચ્યા દેવ શ્રી વિશિષ્ટ ભંડારિ મુકિસ્યઈ । અચલગઢ ઊપરિ દેવી ॥ શ્રી સરસ્વતી સન્નિધાનિ બઈઠાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરુવારે જૂનાગઢના રાજા **માં**ડલિકે **૨**ત્ન(સિંહ)સૂરિના પટ્ટાભિષેકના અવસરે પંચમી અષ્ટમી ચતુર્દશી દિનોમાં સર્વ જીવની અમારિ કરાવી; તેની પહેલાં એકાદશી અને અમાવાસ્યામાં તેનું પાલન થતું હતું. [૪૬૮]તેજ રાજાના સમયમાં સં. ૧૫૦૯ માઘ શુદ ૫ ને દિને, **વિ**મલનાથનો પ્રાસાદ સ્તંભતીર્થવાસી વ્ય. **શા**ણરાજે બંધાવેલો. તેમાં ઉક્ત બૃહત્ તપાગચ્છના **૨**ત્નસિંહસૂરિએ પ્રતિષ્ઠા કરી. (જૈન ગૂ. કવિઓ ભાગ ૨ પૃ. ૭૩૮. આ સંબંધીનો પ્રથમનો અર્ધો મોટો શિલાલેખ માંડલિકના રાજવંશનું

લિખિતં । દુએ ॥ શ્રી સ્વયં ॥ શ્રી રામપ્રસાદાતુ ॥ શુભં ભવતુ ॥ દોસી રામણ નિત્યં પ્રણમતિ ॥' આમાં મેવાડી ભાષા છે. આમાંના શબ્દોના અર્થ જાણવા યોગ્ય છે. વિમલવસહી-વસહી (પ્રાકૃત) વસહિકા (પ્રાકૃતથી બનેલ સંસ્કૃત), વસતિ (સંસ્કૃત), મંદિર; વિમલશાહનું સ્થાપેલું-બંધાવેલું મંદિર; તેજલવસહી-પ્રસિદ્ધમંત્રી વસ્તુપાલના ભાઈ તેજપાલની સ્થાપેલી શ્રી નેમિનાથની વસહિકા. બીજે-બીજા, અન્ય. શ્રાવક-જૈન ધર્માનુયાયી સંઘના ચાર અંગ છે-સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા; તેમાં શ્રાવક તે ધર્મનું શ્રવણ કરનાર (સાધુઓના ઉપદેશના અનુયાયી) અર્થાત્ ગૃહસ્થ, તેમાંથી 'સરાવગી' શબ્દ નિકળ્યો છે. દેહર-દેવઘર, દેવકુલ, દેવલ, મંદિર. બીજે શ્રાવકે દેહરે-અન્યાન્ય જૈન મંદિરોમાં (અધિકરણની વિભક્તિ વિશેષણ તથા વિશેષ્ય બંનેમાં છે) દાણ-સંસ્કૃત દંડ, રાજકીય કર દંડ યા દાણ જુર્માના (શિક્ષા) ને માટે યા રાહદારી જગાત આદિના માટે લેવાય છે. મુંડિકં-મુંડકું, પ્રત્યે યાત્રિકના દર માથા દીઠ કર. વલાવી-માર્ગમાં રક્ષા માટે સાથેના સીપાઇનો કર. રખવાલી-ચોકીદારનો કર. ગોડા-ઘોડા, પોઠયા-સંસ્કૃત પૃષ્ઠય-પીઠ પર ભાર ઉંચકનાર બળદ. રૂં-ના. રાણિ શ્રી કુંભકર્ણિ-'ઇ' એ ત્રીજી વિભક્તિનું ચિન્હ છે, રાજા કુંભકર્ણે, મહં-મહંત્તમ, મહત્તમ, ઉચ્ચ રાજ્યાધિકારી યા મંત્રી. સરખાવો મહતા, મહેતા યા મહત્તર. જોગ્યં-યોગ્ય, જોગ. ડૂંગર ભોજા નામના અધિકારીના કહેવાથી, તેના પર કૃપા-ઉપકાર કરીને. જિકો-જે. તિહિરૂં તેનું મુકાવું-મૂકાવ્યું, છોડાવ્યું. પલે-પાલ્યું જાય. માંગવા ન લહિ-માગી ન શકે. ઊપરિ-ઉપર જોગ્યંની વ્યાખ્યા જુઓ. મયા ઉધારા-મયા ધારણ કરી. 'દયા મયા' કરી, કૃપા કરી. મુગતી-મુક્તિ, છૂટ. કીધી-કરી. થાપુ-થાપ્યું, સ્થાપ્યું. આઘાટ-નિયમ. સુરિહિ-ફારસી શરહ (?) નિયમનો લેખ. રોપાવી-રોપી, ઉભી કરી. (સં. રોપિતા, પ્રાકૃત સંસ્કૃત રોપાપિતા). લોપિસિ-લોપશે. તિ તેને (કર્મકારક). ભાંગીરૂં-તોડવાના. લાગિસિ-લાગશે. અનિ-અને (સં. અન્યત) સંહ-સંઘ, યાત્રિકોનો સમૂહ. અવિસઇ-આવશે સંસ્કૃત સમ-આવિષ્યાતિ (?) સ-તે. ફદું (સંસ્કૃત પદિક)-ફદીઉં, બે આનાની લગભગ કિંમતનો ચાંદીનો સિક્કો. અચલેશ્વરિ, ભંડારિ, સંનિધાનિ-એમાં 'ઇ' અધિકરણ કારક છે. દુગાડી (સં. દ્વિકાકિણી) એક પદિકના પાંચ (રૂપિયાના ૪૦) એવો એક તાંબાનો સિક્કો, મુકિસ્યઇ-મૂકશે (સરખાવો મુકાવું, અવિસઇ). દૂએ-દૂતક. શિલાલેખો અને તામ્રપત્રોમાં જે અધિકારી દ્વારા રાજાજ્ઞા અપાઇ હોય તેનું નામ 'દૂતકોડત્ર' એમ કહીને લખાતું હતું તેનો અપભ્રંશ દૂએ, દુવે યા દુબે પ્રત, પછીના લેખો પટ્ટો આદિમાં આવે છે. આ લેખના દુએ યા દૂતક સ્વયં રાણા કુંભાજ છે. દોસી રામણ-આ લેખનો લેખક હશે. ઓઝાજીનો લેખ 'અનંદ વિક્રમ સંવત્કી કલ્પના' **ના પ્ર.** પ્ર. ૧, પૃ. ૪૫૦-૪૫૨.

૪૬૮. આ સંબંધીનો મોટો શિલાલેખ જૂનાગઢના ઉપરકોટમાં ગઢમાં એક શિલાપટ્ટ છે તેમાં છે કે જે મારી ગિરનાર યાત્રાના અવસરે તા. ૩૦-૬-૨૯ ને દિને મેં ભાંગ્યો તૂટ્યો ઉતારી લીધો તેમાંથી નીચેનું પ્રસ્તુત જેટલું મૂકેલ છે.

'સ્વસ્તિ શ્રી સંવત્ ૧૫૦૭ વર્ષે માઘ...સપ્તમી દિને ગુરૂવારે...શ્રી...રાણાશ્રી **મે**લગદે સુત રાઉલશ્રી મહિપાલદે સુત...શ્રી મંડલિક પ્રભુણા... સર્વ્વજીવકરૂણાકરણતત્પરેણ ઔદાર્ય ગાંભીર્ય ચાતુર્ય શૌર્યાદિ ગુણરત્ન **૨**ત્ન(સિંહ) સૂરીણાં પટ્ટાભિષેકાવસરે સ્તંભતીર્થ વાસ્તવ્ય સા. દેવા સુત હાંસા સુત..રાજકુલીન...સમસ્તજીવઅભયદાનકરણ...કારકેણ પંચમી અષ્ટમી ચતુર્દશીદિનેષુ સર્વ જીવ અમારિ કારિતા । રાજા...નંતર સિંહાસનોપવિષ્ટેન શ્રી મંડલિક રાજાધિપેન શ્રી અમારિ પ્રાગ્ લિખિત સ્વહસ્ત લિખિત શ્રી કરિ (?) સહિતં સમર્થિતં । પુરાપિ એકાદશી અમાવાસ્યે પાલ્યમાનેસ્તઃ । સંપ્રતિ... એતેષુ પંચમી અષ્ટમી એકાદશી ચતુર્દશી અમાવાસ્યા દિનેષુ રાજાધિરાજ શ્રી મંડલિકેણ સર્વ્વ શ્રેયઃકલ્યાણકારિણી સર્વ દુરિત દુર્ગોપસર્ગનિવારિણી સર્વજીવઅમારિ કાર્ય...ણી ચિરં વિજયતાં ॥ વગેરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ણનવાળો અને પછી શાણરાજના વર્ણનના બે શ્લોક જણાવી અટકતો અત્યારે ગિરનાર પર મોજૂદ છે.) આ શાણરાજ તે હરપતિ સંઘપતિ કે જેણે સં. ૧૪૫૨ માં ૭ દેવાલયો સાથે શત્રુંજય વગેરે તીર્થોની યાત્રા કરી હતી અને જેણે ત્યાં રત્નસિંહસૂરિનાં અને રત્નચૂલા સાધ્વીનાં પગલાં પધરાવ્યાં હતાં. તેના નામલદે પત્નીથી થયેલ પુત્ર સજ્જનસિંહનો કૌતુકદેવી નામની સ્ત્રીથી થયેલ પુત્ર હતો. તેણે સં. ૧૫૧૭માં શત્રુંજય તથા ગિરનાર તીર્થની ૨૪ દેવાલયો સહિત યાત્રા કરી હતી અને તે જ વર્ષમાં તેના આગ્રહથી જ્ઞાનસાગરસૂરિએ ખંભાતમાં વિમલનાથચરિત્ર રચી પૂર્ણ કર્યું હતું. (જુઓ તે ચરિત્રનું ભાષાંતર પ્ર. આ. સભા ભાવ. {*પ્ર. હી. હં., જિ. આ. ટ્ર.*})

૭૨૦. સં. ૧૫૧૨માં વાણીઆમાં દશા વીસા એવા ભેદ જાણીતા થઈ ગયા હતા અને તેમાં શ્રાવક અને મૈશ્રી (વૈષ્ણવ) બંને હતા એ તે વર્ષમાં રચાયેલા કાન્હડદે પ્રબંધ પરથી જણાય છેઃ-

'વીસા દસા વિગતિ વિસ્તરી, એક શ્રાવક નિ એક મહેસરી.'

છતાં તે બંને ખરીદવું, વેચવું, પરદેશ સાથે જળ અને સ્થળથી વ્યવસાય કરવો વગેરે અરસપરસ વ્યવહાર રાખી સાથે જ કરતા.

૭૨૧. તપાગચ્છમાં લક્ષ્મીસાગરસૂરિને ગચ્છનાયક પદ સં. ૧૫૧૭માં મળ્યું. તેમનું ચરિત્ર ગુરુગુણરત્નાકર કાવ્યમાં આપેલું છે તેનો સાર અત્રે મૂકવામાં આવે છે. 'તેમણે મૂળ મુનિસુંદરસૂરિ પાસે ઉમાપુરમાં સં. ૧૪૭૦માં છ વર્ષની વયે દીક્ષા લઈ સિદ્ધાંતો શીખી લીધાં અને દુર્વાદીઓનાં માન ઉતારી બાલ દશા છતાં જીર્ણદુર્ગમાં મહિપાલ રાજાને રંજિત કરેલ હતો. ક્રમે વિવાહપ્રજ્ઞપ્તિના યોગવહનથી ગણિપદ પ્રાપ્ત કર્યા પછી પંડિતપદ સોમસુંદરસૂરિએ દેવગિરિથી આવેલા સાહ મહાદેવના કરેલા ઉત્સવપૂર્વક સં. ૧૪૯૩માં આપ્યું. સં. ૧૫૦૧ માં મુંડસ્થલમાં મુનિસુંદરસૂરિએ વાચકપદ આપ્યું ને તેનો ઉત્સવ સંઘપતિ ભીમે કર્યો. સં. ૧૫૧૭ માં ગચ્છનાથ બન્યા પછી માલવદેશ અવલોકી ગૂજરાતમાં આવી સ્તંભતીર્થમાં રત્નમંડન અને સોમદેવસૂરિ સાથે ગચ્છમેલ કર્યો-પૃથક પક્ષ જેવું થઈ ગયું હતું તે દૂર કર્યું. સં. ૧૫૨૨ માં ગચ્છપરિધાપનિકા વિધિ કરી અનેકને આચાર્યપદ, વાચકપદ, વિબુધપદ, આપ્યાં (તેની સૂચિ માટે જુઓ સર્ગ બીજો) ગૂર્જરત્રા મરૂ અને માલવ દેશમાં પ્રસિદ્ધ શ્રાવકો, અને તેમના કરેલા ઉત્સવ પૂર્વક બિંબ પ્રતિષ્ઠાદિનો ઉલ્લેખ ત્રીજા સર્ગમાં છે. ગિરિપુર (ડુંગરપુર)માં ઉકેલ જ્ઞાતિનો સાહ સાલ્હ તે સોમદાસ રાજાનો મંત્રિ હતો. તેણે ૧૨૦ મણ પિત્તલની જિનમૂર્ત્તિ કરાવી તેની અન્ય બિંબો સાથે પ્રતિષ્ઠા કરાવી. દક્ષિણના દેવગિરિના સાહ મહાદેવે શત્રુંજયાદિની તીર્થયાત્રા કરી લાટપલ્લિ આદિમાં પુષ્કળ દ્રવ્યથી કરેલા ઉત્સવથી અનેકને વાચક, મહત્તરાપદ અપાવ્યાં. હાડાવટી માલવદેશના પ્રજાપ્રિય અહમ્મુદના મુખ્ય મંત્રી મંડપ (માંડવગઢ) ના વાસી પ્રાગ્વાટવંશના સંઘપતિ ચંદ્રસાધુ (ચાંદાસાહે) ૭૨ કાષ્ઠમય જિનાલય અને ધાતુના ૨૪ જિનના પટ્ટો વગેરે કરાવ્યાં. અને તેની પ્રતિષ્ઠા કરાવી. અહમ્મદાવાદના વાસી શ્રી ગદરાજ (ગદા) મંત્રીએ સોઝીંત્રક (સોઝીંતરા) માં ત્રીશહજાર દ્રમ ટંક ખર્ચી નવું જૈન મંદિર કરાવી તેમાં સોમદેવસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી, અને શુભરત્નને વાચકપદ અપાવ્યું. મંડનશ્રેષ્ઠીવાળા આશાવલ્લીપુરમાં તે સૂરિએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોમલબ્ધિને ગણિનીનું પદ આપ્યું. માલવદેશમાં ગ્યાસદીન રાજ્યે મંડપદુર્ગના વાસી સં. સૂરા અને વીરા પ્રાગ્વાટજ્ઞાતિમાં મુખ્ય હતા. તેમણે સુધાનંદનસૂરિ સાથે સંઘ લઈ સિદ્ધાચલ આદિની યાત્રાએ નીકળી ઉંબરહટ્ટ ગામમાં આવી શુભરત્નવાચકને સૂરિપદ અપાવ્યું ને પછી પાતશાહનું ફરમાન લઈ એક લાખ કરતાં વધારે દ્રવ્ય ખર્ચી ઉક્ત સિદ્ધાચલની યાત્રા કરી.

૭૨૨. દક્ષિણના દેવગિરિના સં. ધન્યરાજ અને નગરાજ બંને ભાઈઓએ ગૂજરાત આવી મહિમ્મૂદ નામના રાજ્યકર્ત્તાનું માન મેળવી વિમલાચલની યાત્રા કરી પાટણ ચાતુર્માસમાં આવી ત્યાંના સંઘને અનેક રીતે સેવા કરી તુષ્ટ કર્યો ને સોમજય વાચકને સૂરિપદ અને તેમના શિષ્ય જિનસોમ પંડિતને ઉપાધ્યાયપદ પાટણમાં અપાવ્યાં. ઉપર્યુક્ત ગૂર્જર જ્ઞાતિના વણિક સુલતાનના મંત્રી સંઘવી ગદાએ ૧૨૦ મણ પીત્તલનું ઋષભદેવનું બિંબ કરાવી આબૂના ભીમવિહારમાં[૪૬૯] પ્રતિષ્ઠિત કરાવવા સંઘ લઈ ભાનૂ (ઈડરનો ભાણ) અને લક્ષ (મેવાડનો લાખો) નાં સત્કાર મેળવી આબૂ જઈ ત્યાં સોમજયસૂરિ પાસે સં. ૧૫૨૫ માં તે અને બીજી મૂર્ત્તિઓ ભીમપ્રાસાદમાં પ્રતિષ્ઠિત કરાવી. પછી તેના આગ્રહથી સુધાનંદનસૂરિએ જિનસોમ વાચકને સ્વહસ્તે આચાર્યપદવી આપી. વળી ત્યાં પાટણથી સાધારણ સા. ના પુત્ર ડુંગરે આવી જિનહંસને વાચક પદ અપાવ્યું અને આબૂવાસી સા. સંડાએ સુમતિસુંદરને ઉપાધ્યાયપદ અપાવ્યું પછી ગદરાજ ડુંગર અને સંડકે જીરાપલ્લી પાર્શ્વનાથની યાત્રા કરી.

૭૨૩. અહમ્મદાવાદના સુલતાનના મંત્રી પ્રાગ્વાટ કર્મણ સંઘવી, દશજિનાલય વડે પૌત્રી કર્પૂરી સહિત શત્રુંજયની યાત્રા કરનાર ગુણરાજ સંઘપતિ, દો. મહિરાજ, અને દો. હેમા એ ચાર જણાએ અહમ્મદાવાદથી આવતાં સોમજયસૂરિને આગ્રહ કરતાં દરેકના તરફથી અનુક્રમે મહીસમુદ્ર, લબ્ધિસમુદ્ર, અમરનંદિ અને જિનમાણિક્યને વાચકપદ આપ્યાં. સીરોહીના ખીમા નામના સંઘપતિએ જિનહંસવાચકને સૂરિપદ અપાવ્યું. સુંડાકના કુંતા નામના સંઘવીએ સીરોહીના સોમદેવસૂરિના શિષ્ય સુમતિસુંદરને આચાર્યપદ અપાવ્યું.

૭૨૪. અકમી(પુર)ના ઉકેશવંશીય સોની ઈશ્વર અને પતા એ બે ભાઈઓએ ઈડરના ભાણ રાજાના દુર્ગ ઉપરના પ્રાસાદ કરતાં ઉંચો પ્રાસાદ કરાવી તેમાં ઘણાં બિંબો સાથે અજિતનાથના બિંબની લક્ષ્મીસાગરસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી. (સં. ૧૫૩૩[૧]). આ ભાણરાજાના મંત્રી-કોઠારી ઉકેશવંશના શ્રીપાલે સુમતિસાધુને આચાર્યપદવી અપાવી. (અમદાવાદના) અકમી(પુર)ના ઉક્ત ઉકેશ જ્ઞાતીય અને પદપ્રતિષ્ઠા કરનાર ઈશ્વરના લઘુભાઈ પતા અને પુત્ર હરિશ્ચંદ્રે કરેલા ઉત્સવથી રાજપ્રિય અને ઇંદ્રનંદિને સૂરિપદ અપાયાં. અહમ્મદાવાદના મેઘમંત્રીએ ધર્મહંસ અને ઇંદ્રહંસને વાચકપદ અપાવ્યાં.

---

૪૬૯. આ ભીમવિહાર તે આબૂ પરનું ભીમાશાહવાળું ઋષભદેવનું મંદિર કે જે પૂર્વે સં. ૧૩૭૩ પછી બનેલું ને 'પીતલહર' એ નામથી ઓળખાતું હતું અને જેનો ઉદ્ધાર સોમસુંદરસૂરિના સમયમાં સંઘે કર્યો હતો. તેમાં મંત્રી સુંદરના પુત્ર ઉક્ત ગદાએ નવી પ્રતિમા બેસાડી તે આજે વિદ્યમાન છે. મુનિ કલ્યાણવિજયનો લેખ 'આબુના જૈન શિલાલેખો'-**'જૈન'** તા. ૧૬-૧૦-૨૭.

૧. આ સંબંધી સુધાનંદનસૂરિના શિષ્યે તે સમયે રચેલી 'ઈડરગઢ ચૈત્ય પરિપાટી' માટે જુઓ **જૈનયુગ** સં. ૧૯૮૫ માહથી ચૈત્રનો અંક પૃ. ૩૪૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રલ્હાદન (પાલણપુર) વાસી ઉકેશ જ્ઞાતિના ખીમાના પુત્ર સા. જીવાએ **આ**ગમમંડનને વાચકપદ અપાવ્યું. (ઈડરના) ભાણ રાજાના મંત્રીકોઠારી **સા**યરે **ગુ**ણસોમને, દરવર્ષે યાત્રા કરનાર **હે**મના સં. **ધ**નાએ **અ**નંતહંસને અને આશાપલ્લીના પ. જૂઠા મઉઠાએ **હં**સનંદનને વાચકપદ અપાવ્યું. આમ ઈલદુર્ગ-ઈડરમાં ત્રણને સૂરિપદ, છને વાચકપદ, અને આઠને પ્રવર્ત્તિનીપદ જુદાં જુદાં અપાયાં.

૭૨૫. સીરોહીમાં **લ**ક્ષ (લાખા) રાણાના અમાત્યો ને સંઘ લઈ શત્રુંજયની યાત્રા કરી થયેલ સંઘપતિઓ પ્રા. કો. ઉજલ અને **કા**જાએ **સો**મદેવસૂરિ સાથે જીરાપલ્લી પાર્શ્વનાથની સાત દિન સુધી યાત્રા કરી અને સીરોહીમાં ૮૪ આર્યદંપતી સહિત સોમજયસૂરિની દેશના સાંભળી બ્રહ્મવ્રત સ્વીકાર્યું. મેવાડના **કું**ભકર્ણ રાજાથી સત્કારિત એવા સંઘપતિ જે **ધ**રણાએ રાણપુરમાં ચોમુખ ચૈત્ય બંધાવ્યું તેના પ્રથમ ભાઈ **ર**ત્નસિંહનો સં. **ચા**લિગ નામનો પુત્ર થયો તેનો પુત્ર સં. **સ**હસા થયો કે જેને માલવાધીશ **ગ્યા**સદીને ધર્મના ભાઈથી અધિક મિત્ર કર્યો હતો. તેણે **સુ**મતિસુંદરસૂરિના ઉપદેશથી લક્ષ (લાખા) રાણાની અનુમતિ લઈ આબૂના **અ**ચલદુર્ગ શિખર પર મોટો ચોમુખ પ્રાસાદ કરાવી. તેમાં ૧૨૦ મણ પીતળનું જિનબિંબ કરાવી પ્રતિષ્ઠિત કર્યું.

૭૨૬. મંડપ (માંડવગઢ) ના સં. **વે**લાએ **સુ**મતિસુંદરસૂરિના ઉપદેશથી જિનયાત્રા માટે સુલતાનનું ફરમાન લઇ સંઘ કાઢ્યો. ત્યાંથી રતલામ આવતાં અનેક (૫૨) સંઘો મળ્યા. પછી ઈલાદુર્ગ (ઈડર) આવતાં ગુરૂને વંદી જીરપલ્લિપુરની યાત્રા કરી. **ગુ**ણરાજ સંઘવીએ ઇંદ્રમાલા પહેરી હતી તેવી રીતે વેલાએ અર્બુદતીર્થમાં નવ હજાર ટંકથી ઇંદ્રમાલા પહેરી. વેલાક અને **ધ**ર્મસિંહ આદિએ રાણપુરના ચતુર્મુખ ચૈત્યમાં દેવકુલિકાઓ કરાવી પછી સિદ્ધક્ષેત્રની યાત્રા કરી ફરી ઈડરમાં આવી ગુરૂને સોનાનાણાંથી વધાવ્યા ને ત્રણસો સાધુઓને વસ્ત્રો આપ્યાં ને **સો**મસાગરને ઉપાધ્યાયપદ આપ્યું. પછી પાવાપુરમાં સંભવનાથને વંદી માંડવગઢ પાછા આવ્યા.

૭૨૭. પિપ્પલીયપુરના સં. **ધ**ર્મસિંહે ઉદ્યાપન ઉત્સવ કરી ઘણું દ્રવ્ય ખર્ચ્યું. દેવાસના સં. **ભા**દા તથા **આ**નાએ જિનપ્રતિષ્ઠા ઉદ્યાપન આદિ કરી સાધુઓને વસ્ત્ર આપ્યાં. ત્યાં જ પ્રાગ્વાટ જ્ઞાતિના તથા માફરમાલિકના મંત્રી સં. દેવસીએ ૨૪ દેવાલયો, અને પિત્તલમય ચતુર્વિંશતિ જિનપટ્ટો બનાવરાવી **આ**ગમમંડન વાચક પાસે પ્રતિષ્ઠા કરાવી.

૭૨૮. મંડપ (માંડવગઢ) વાસી શ્રીમાલી અને માલવાધિપતિના મિત્ર તથા 'માફરમાલિક' એ નામ ધારણ કરતા **મે**ઘમંત્રી હતા. તેની માતુશ્રી આદિ કુટુંબ પૂર્વે **સો**મસુંદરસૂરિનું રાગી હતું તે હમણાં પણ પરિકર સહિત તેમનું રાગી હતું. તેણે સુવર્ણટંક સહિત દશશેરના મોદક આખા માંડવગઢના સર્વ જાતિના વાસીઓને આપ્યા. આ મેઘે પોતાના નાનાભાઈ **જી**વણ[૪૭૦] સહિત રહીને સત્રાગારથી સંઘને

૪૭૦. આ **જી**વણના પુત્ર **પું**જરાજે **સા**રસ્વત વ્યાકરણ પર ટીકા (પી. ૫, ૧૬૬) રચી છે. તેની પ્રશસ્તિમાં જણાવ્યું છે કે શ્રીમાલ **સ**દેપાલનો પુત્ર **કો**રો તેનો પુત્ર **પા**મો ને તેનો પુત્ર **ગો**વા સા. **રા**મચંદ્રમાં પ્રીતિવાળો થયો. તેનો પુત્ર **પં**ચ સા. ને તેની સ્ત્રી **મ**દીથી બે પુત્રો થયા તે આ **જી**વન અને **મે**ઘ. તે બંનેએ મંડપદુર્ગમાં ખલચિ સાહિગયાસ (ખીલજી ગ્યાસુદિન)ના મંત્રી થઇ પરોપકાર વડે ભારે ખ્યાતી મેળવી. જીવને મંત્રિનો ભાર નાનાભાઈ મેઘને (ઉપર મોટાભાઈ જણાવ્યું છે.) સોંપી બ્રહ્મવિદ્યામાં સમય ગાળ્યો. મેઘમંત્રીએ શ્રી ગયાસ પાસે 'મફરલી માલિક'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંતોષ કરવામાં લાખો ટંક ખચ્યાં. આ રીતે વિધવિધ શ્રાવકોનાં વર્ણનો ત્રીજા સર્ગમાં પૂરાં થયા છે.

૭૨૯. ચોથા સર્ગમાં સં. રત્ના મેઘા અને જેસિંગની યાત્રાનું વર્ણન છે. રત્નો તે સોમસુંદરસૂરિના પિતાનો સ્વજન થાય. તેના પૂર્વજ સંબંધી કહેલ છે કે સામઢિકા નામની ગૂજરાતની એક નગરીમાં પ્રાગ્વાટ વંશનો જૈત્રસિંહ તે સોમસુંદરસૂરિનો પિતૃપૂર્વજ થયો. પછી બૂટડ-કાલો ને તેના છ પુત્ર પૈકી સામલના ચાર પુત્રો પૈકી જ્યેષ્ઠ પુત્ર સજ્જને માલવદેશમાં જઈ પર્ણવિહાર ગામમાં વાસ કર્યો; તેને પૂર્ણદેવીથી કર્મા નામનો પુત્ર થયો કે જે (અક્ષિ અંતરીક્ષ અક્ષરસાંક વર્ષમાં) સિદ્ધક્ષેત્રની યાત્રા કરી સંઘપતિ થયો. તે પર્ણવિહારથી આગર નગરમાં વસ્યો. તેના ત્રણ પુત્રો રત્નો, સુજેસ અને મેઘો થયા. તેમણે અનેક પુણ્યકાર્યો કર્યાં. રત્નાએ બહુ નામ કાઢયું. રત્નાને જીરાપલ્લીનાથની સંઘ કાઢી યાત્રા કરવા ઈચ્છા થઈ. તેની સાથે તેના ભાઈઓ જોડાયા. સારંગપુરવાસી જેસંગ સા જોડાયો. સીણોરકદ્રંગ સિંદુરપુર તથા સારંગપુરના વાસી આવ્યા. સંઘ આગરપુરથી ચાલી પર્ણવિહાર ને ત્યાંથી રતલામ આવ્યો ત્યાં મંડપરાજ્યના સીબલીયના સંઘવાળા મંત્રી જાઉર અને સહજા ત્યાં આવ્યાં. ધારા, ઉજ્જયિની આદિના, મહેંદ્રીતટ વાગડના એમ મળી આ માલવીય સંઘ રાજદેશના ઈડરમાં આવ્યો. ને ત્યાં કુમારપાલે કરાવેલ પ્રાસાદમાં દર્શન કર્યા. ભાણરાજાએ રત્ના અને જેસંગ સંઘવીને માન આપ્યું. લબ્ધિસમુદ્ર વાચક ત્યાં હતા. ત્યાં બધા મળી ૮૪ સંઘપતિઓ એકઠા થયા. ત્યાંથી આબૂની તળેટીમાં આવેલા જીરિકાપલ્લિમાં આવી ત્યાંના પાર્શ્વનાથની યાત્રા કરી, પછી અર્બુદતીર્થની યાત્રા કરી. પછી સીરોહી આવ્યા. ત્યાં લક્ષ (લાખા) રાજાએ બહુ માન કર્યું. દેવવંદન કરી ત્યાં બિરાજતા ત્રણ સૂરિઓ અને અનેક ઉપાધ્યાયોને વંદન કર્યું. રત્નાકે ગચ્છપરિધાપનિકાનો ઉત્સવ કર્યો. પોતાના ગોત્રમાંથી જ થયેલા સોમસુંદરસૂરિના પરંપરાના સાધુઓને ગુરુભાવથી અંબરદાન કર્યું. લાખોરાવ પણ પૂજ્યપાદ ગુરુને નમ્યો. ૩૦૦ સાધુને વેષાર્પણ કર્યું. અન્યપક્ષી સાધુઓને પણ વસ્ત્રદાન કર્યું. દરેક દેશમાં વસતા સાધુઓને તે પ્રમાણે કર્યું પછી રાણપુરની યાત્રા કરી સીરોહી થઈ માલવભૂમિમાં આગરપુરમાં સંઘપતિ રત્ના અને મેઘા પાછા ફર્યા. આ પરિધાપનિકા સં. ૧૫૨૮ માં તેમણે આરંભી. તપાગચ્છના ઉપરાંત વૃદ્ધશાલી, ખરતર, અંચલ, આગમ, વટ (વડ), પૂર્ણિમા, નાણા, નાણાવાલ આદિ સર્વ ગચ્છના સાધુઓને પુષ્કલ વસ્ત્રનું દાન કર્યું. આ રત્ના સંઘપતિની વિનતિથી, જે વર્ષમાં સુભિક્ષનો ઉદ્‌ભવ થયો તે સં. ૧૫૪૧માં લક્ષ્મીસાગરસૂરિના રાજ્યમાં જ આ ગુરુગુણ રત્નાકર કાવ્ય સોમદેવસૂરિ શિષ્ય ચારિત્રહંસના શિષ્ય સોમચારિત્રે રચ્યું.' સં. ૧૫૪૭માં તે સૂરિ સ્વર્ગસ્થ થયા.

૭૩૦. સં. ૧૫૨૪ માં ખ. કમલસંયમ ઉપાધ્યાયે રાજગૃહીના વૈભારગિરિ પર જિનભદ્રસૂરિની

નામનું નામ પ્રાપ્ત કર્યું. જીવનની મકૂ નામની પત્નિથી થયેલ પુત્ર પુંજરાજે પોતાનાં સૂત્રોથી સારસ્વત પર ટીકા રચી. આ પરથી જણાય છે કે મેઘ મંત્રીની જૈન ધર્મ પ્રત્યે પ્રીતિ હતી અને ખાસ કરી સ્ત્રીમંડળની તો જરૂર હતી, જ્યારે જીવનમંત્રીની બ્રહ્મ વિદ્યા-જગદીશ્વરની પૂજામાં પ્રીતિ હતી ને તેનો પુત્ર પુંજરાજ પણ જૈનેતર ધર્માનુયાયી હતો. તેણે મંગલાચરણ દ્વિરદાનન-ગણપતિનું કર્યું છે. વળી પુરુષો એક ધર્મ પાળે ને સ્ત્રીઓ બીજો ધર્મ પાળે એમ પણ હાલ શ્રીમાલીમાં જોવામાં આવે છે તેમ પહેલાં બનતું પણ સાથે પુરુષો સ્ત્રીઓના ધર્મ પ્રત્યે પણ અનુરાગ બતાવતા. એક ભાઈ એક ધર્મમાં આસ્થા રાખે અને બીજો બીજામાં એમ પણ ઉદારભાવ એક કુટુંબમાં રહેતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાદુકા પ્રતિષ્ઠિત કરી કે જે હાલ વિદ્યમાન છે. સં. ૧૫૨૬ માં તે ઉપાધ્યાયના ઉપદેશથી યવનપુરમાં (જોનપુર ? માં) શ્રીમાલી મલ્લરાજે સર્વ સિદ્ધાંતો લખાવ્યા. (તે પૈકી ભગવતીની પ્રત ગુ. નં. ૩૬૮ માં વિદ્યમાન છે) સં. ૧૫૩૬ માં ખ. જિનસમુદ્રસૂરિએ જેસલમેરમાં દેવકર્ણ રાજ્યે અષ્ટાપદ પ્રાસાદમાં પ્રતિષ્ઠા કરી. સં. ૧૫૩૮ માં ત. લક્ષ્મીસાગરસૂરિ અને સોમજયસૂરિના ઉપદેશથી અમદાવાદના શ્રીમાલ દેવાએ[૪૭૧] જ્ઞાનકોશ લખાવ્યો તે પૈકી પન્નવણાસૂત્રની પ્રત (ગુ. પોથી ૧૦) વિદ્યમાન છે.

૭૩૧. મહમદ બેગડાના સમયમાં (સં. ૧૫૦૨ થી ૧૫૬૮) જૈન શેઠ ખેમા હડાલીઆએ દુકાળ વખતે ગૂજરાતને પુષ્કળ અનાજ પૂરું પાડી 'એક વાણિયો શાહ, અને બીજો શાહ પાદશાહ' - એ કહેવતને જન્મ આપ્યો હતો. (લગભગ સં. ૧૫૩૯)-જુઓ ખેમા હડાલીઆનો રાસ (એ. રાસસંગ્રહ ભાગ ૧ લો). સં. ૧૫૮૨માં દુષ્કાળ પડ્યો હતો ત્યારે જૈન ઓસવાલ મંત્રી નગરાજે સદાવ્રત ચાલુ રાખીને ત્રણ કરોડ પીરોજી સિક્કાનો ખર્ચ કર્યો હતો. (જુઓ કર્મચંદ્ર પ્રબંધ)

૭૩૨. સં. ૧૫૮૭માં શેઠ કર્માશાહે વૈશાખ (ગૂજરાતી ચૈત્ર) વદ ૬ ને દિને શત્રુંજયનો સોળમો ઉદ્ધાર કર્યો. તેનો ટૂંકમાં ઈતિહાસ એ છે કે ચિતોડમાં ઓસવંશ (ઓસવાલ જ્ઞાતિ)ની વૃદ્ધ શાખામાં (વીસા) સારણદેવ નામનો પુરુષ થયો તે જૈન આમ રાજાનો વંશજ હતો. તેના રામદેવ-લક્ષ્મીસિંહ-ભુવનપાલ-ભોજરાજ-ઠક્કરસિંહ-ખેતા નરસિંહ-તોલા અનુક્રમે થયા. તોલાશાહ મેવાડના મહારાણા સાંગનો પરમમિત્ર હતો. તેને લીલૂનામની પત્નીથી થયેલ પાંચ પુત્રોમાં સૌથી નાનો કર્માશા શ્રેષ્ઠ અને ખ્યાતિમાન્ હતો.

૭૩૩. તપાગચ્છના રત્નાકર પક્ષની ભૃગુકચ્છીય શાખાના વિજયરત્નસૂરિ શિષ્ય ધર્મરત્નસૂરિ સાથે સં. ધનરાજનો[૪૭૨] સંઘ આબૂ વગેરે તીર્થની યાત્રા કરતો મેદપાટ (મેવાડ)માં આવ્યો. ચિત્રકૂટમાં રાજ્ય કરતા સાંગા મહારાણા (રાજ્ય સં. ૧૫૬૫ થી ૧૫૮૫) નામના મહાપ્રતાપી રાજાએ માનપૂર્વક સામા જઈ માન આપ્યું. તોલાશાહે સૂરિપાસે જઈ શત્રુંજયપર સમરાસાહે સં. ૧૩૭૧ માં સ્થાપિત કરેલ બિંબનું મસ્તક મ્લેચ્છો (મુસલમાનો)એ પુનઃ કોઇ સમયે ખંડિત કરી દીધું હતું. તેનો ઉદ્ધાર કરવાનો મનોરથ સિદ્ધ થશે કે નહિ એ પૂછતાં સૂરિએ જણાવ્યું કે 'તારો પુત્ર કર્માશાહ તે ઉદ્ધાર કરશે.' સૂરિ સંઘ સાથે ચાલ્યા ગયા પણ પોતાના શિષ્ય વિનયમંડનને ત્યાં રાખી ગયા. પછી તોલાશાહ સ્વર્ગસ્થ થયા.

૭૩૪. પછી ગૂજરાતનો શાહજાદો બહાદુરખાન ચિતોડમાં જતાં ત્યાંના રાણાએ તેનું સન્માન કર્યું. કર્માશાહ કાપડનો વેપાર કરતો હતો. તેની પાસેથી શાહજાદાએ પુષ્કળ કાપડ ખરીદ્યું અને બંને વચ્ચે મૈત્રી થઈ. શાહજાદાને દેશમાં જવા માટે ખર્ચી ખૂટી એટલે કર્માસાહે એક લાખ રૂપિયા બિનસરતે

૪૭૧. આ દેવાના સંબંધમાં તે પ્રતને અંતે જણાવ્યું છે કે મૂલ પાટણમાં શ્રીમાલી મદન-દેવસિંહ-સલખણ તેને એક સ્ત્રીથી સદા અને હેમા નામના બે પુત્ર થયા, ને બીજી સ્ત્રીથી આ દેવો થયો. સદાએ પુણ્યકાર્યો ઘણાં કર્યાં, તે પાતસાહ મહમૂદનો સંમાન્ય હતો, અને પછી અહમ્મદશાહનો પણ માનીતો થયો. તેના રાજ્યમાં સં. ૧૫૦૮માં સત્રાગાર સદાએ માંડ્યું. દેવો અમદાવાદમાં રહેતો.

૪૭૨. આ ધનરાજ તે પારા ૭૨૨ માં જણાવેલ ધન્યરાજ હોવા ઘટે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપ્યા. પછી આ શાહજાદો સં. ૧૫૮૩માં બહાદુરશાહ એ નામધારી અમદાવાદની ગાદી પર બેઠો.

૭૩૫. પછી કર્માશાહ બાદશાહે મળવા આવતાં તેને બહુમાન મળ્યું. ત્યાં રહેલા સોમધીરગણિનો ઉપદેશ સાંભળવા લાગ્યા. અગાઉનાં આપેલાં નાણાં બાદશાહે પાછાં આપ્યાં તે 'બીજું કંઈ શું કરૂં ?- કંઈપણ સ્વીકારો' એમ કહેતાં કર્માશાહે કહ્યું કે શત્રુંજય પર મારી કુલદેવીની સ્થાપના કરવા ચાહું છું. તો આપે અગાઉ આપેલ વચન યાદ કરી તેમ કરવા આજ્ઞા આપો. બાદશાહે તે સ્વીકારી કોઈપણ પ્રતિબંધ ન કરે તેવું ફરમાન કરી આપ્યું. આ લઈ કર્માશાહે શત્રુંજય તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં આવતા દરેક જૈન ચૈત્યમાં સ્નાત્ર મહોત્સવ અને ધ્વજારોપણ કરતા, દરેક ઉપાશ્રયમાં સાધુનાં દર્શન કરી વસ્ત્ર-પાત્રાદિનું દાન કરતા, દરિદ્ર લોકને યથાયોગ્ય દ્રવ્ય સહાય આપતા અને ચીડીમાર-મચ્છીમાર આદિ હિંસકને તે પાપકર્મથી મુક્ત કરતા કર્માશાહ સ્તંભતીર્થ (ખંભાત) પહોંચ્યા. ત્યાં વિનયમંડન પાઠકને વંદન કર્યું. પાંચ છ દિનમાં શત્રુંજયગિરિ દેખાયો ને પછી છેટેથી વંદન સ્તુતિ કરી તલેટીમાં સંઘ પહોંચ્યો. આ વખતે સૌરાષ્ટ્રનો સૂબો મયાદખાન (મુઝાહિદખાન) હતો તે આથી મનમાં બળતો હતો. છતાં બહાદુરશાહનું ફર્માન એટલે કંઈ વિરૂદ્ધ કરી ન શકયો. ગૂર્જરવંશના રવિરાજ અને નૃસિંહે (કે જે બંને તે સૂબાના મંત્રી હતા) કર્માસાહને ઘણી સહાય આપી. પછી ખંભાતથી વિનયમંડન પાઠક પણ સાધુ-સાધ્વીનો પરિવાર લઈ આવી પહોંચ્યા. મહામાત્ય વસ્તુપાલે લાવી રાખેલી મમ્માણી ખાણના પાષાણખંડો ભૂમિગૃહમાંથી કઢાવી તેની પ્રતિમા વાસ્તુશાસ્ત્રમાં વિદ્વાન્ વાચક વિવેકમંડન અને પંડિત વિવેકધીરની દેખરેખ નીચે બનાવરાવી. પછી સર્વ સંઘોને આમંત્રણ મોકલી બોલાવી સં. ૧૫૮૭ના વૈશાખ વદિ (ગૂજરાતની ગણનાએ ચૈત્ર વદિ) ૬ રવિવારને દિને ધર્મરત્નસૂરિ શિષ્ય-પટ્ટધર વિદ્યામંડનસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી. આ રીતે શત્રુંજયની ખંડિત પ્રતિમાનો ઉદ્ધાર કર્માસાહે કર્યો અને તેની પ્રશસ્તિ ઉક્ત સૂરિના શિષ્ય વિવેકધીરે બનાવી; અને તે ઉપરાંત તેમણે તે સંબંધી શત્રુંજય શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ સંસ્કૃતમાં રચ્યો.[૪૭૩]

૪૭૩. આ કર્માશાહ અને તેમના ઉદ્ધાર સંબંધી વિશેષ માહિતી માટે જુઓ શ્રી જિનવિજય સંપાદિત તે પ્રબંધ (પ્ર. કાં. જૈન ઈતિહાસમાલા તૃતીય પુષ્પ. પ્ર. આ. સભા ભાવનગર), તથા શિલાલેખ જિ. ૨ નં. ૧ થી ૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૫ સોળમા શતકમાં સંપ્રદાયની છિન્નભિન્નતા.

केचित्काव्यकलाकलापकुशलाः केचिच्च सल्लक्षणाः केचित्तर्कवितर्कतत्त्वनिपुणाः केचिच्च सैद्धान्तिकः ।
केचिन्निस्तुषबीजशास्त्रनिरता ज्योतिर्विदो भूरयः चारित्रैकविलासवासभवनाः स्वल्पा पुनः सूरयः ॥

-કેટલાયે કાવ્યકલાનો કલાપ કરવામાં કુશલ હોય છે, કેટલાક લક્ષણ એટલે વ્યાકરણમાં સારા-દક્ષ હોય છે, કેટલાક તર્કવિતર્કના તત્ત્વમાં નિપુણ હોય છે, કેટલાક સૈદ્ધાન્તિક-સિદ્ધાંતમાં હુશિયાર હોય છે, કેટલાક ખાલી અક્ષરશાસ્ત્રમાં પારંગત હોય છે, જ્યોતિષના જ્ઞાતાઓ તો પુષ્કળ હોય છે પરંતુ માત્ર ચારિત્રમાં જ જેમણે વિલાસનું વસતિસ્થાન કર્યું હોય એવા આચાર્યો સ્વલ્પ-થોડા છે. [**સૂક્તિ મુક્તાવલી** ૫૦મું ક્રિયાસૂક્ત]

जहा खरो चंदनभारवाही, भारस्स भागी न हु चंदणस्स । एवं खु नाणी चरणेण हीणो, नाणस्स भागी नहु सुग्गईए ॥

-જેમ ચંદનનો ભાર વહનાર ગર્દભ ભારનો ભાગી છે પણ ચંદનનો ભાગી નથી તેમ જ્ઞાની ચારિત્રની હીન હોય તો તે જ્ઞાનનો ભાગી છે પણ સુગતિનો ભાગી નથી. [સૂક્તિ મુક્તાવલી]

૭૩૬. સં. ૧૫૦૮ માં (વીરાત્ ૧૯૪૫ પછી) અમદાવાદમાં **લોં**કાશાહ નામના લહીઆને સાધુ પ્રત્યે અણરાગ થતાં અને સં. ૧૫૩૦ માં **લ**ખમસી નામના શિષ્ય મળતાં-બંનેએ ચાલુ પરંપરામાં કેટલોક વિરોધ દાખવ્યો. જિનપૂજા-જિનપ્રતિમાનો નિષેધ કર્યો. 'સાથે જૈનોની આવશ્યક ક્રિયાઓ (પૌષધ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન) કરવામાં તથા દાન દેવામાં માન્યતા ન રાખી. દયા એ ધર્મ છે અને હિંસામાં અધર્મ છે એવો પોકાર કરી જે જે ક્રિયા કરવામાં કોઈપણ અંશે હિંસા થાય તે, અસ્વીકાર્ય છે અને ઉપરની બાબતો કરવામાં હિંસા થાય એ જાતની પ્રરૂપણા કરી, જણાવ્યું કે મૂલ સૂત્ર માનવાં પણ તેમાં પ્રતિમાપૂજા કહી નથી. એવા સમયમાં **પી**રોજખાન નામનો પાતશાહનો માનીતો દેહરાં ને પોશાળો તોડી જિનમતને પીડતો અને તે સંયોગ મેળવી લોંકાશાહે પોતાના મતની પ્રરૂપણા કરી. અનેક લોક તેના વિચારમાં ભળ્યા' આવી વાત તે સમયના રચાયેલા ગ્રંથોમાં છે.[૪૭૪] લોંકાશાહે દીક્ષા લીધી નહિ, પણ તેમના ઉપદેશથી બીજાઓ દીક્ષા લઈને 'ઋષિ' કહેવાયા.

૪૭૪. તપગચ્છના મુનિ **લા**વણ્યસમય કવિએ **સિ**દ્ધાંત ચોપઈ સં. ૧૫૪૩માં (તે સમયમાં જ) રચી તેમાં આ લોંકાશાહની માન્યતાઓ આપી તેની સામે ઉત્તર રૂપે ચર્ચા કરી છે. તેમાં નીચે પ્રમાણેનું છે :-

સુણિ ભવિયણ જિણ **વી**રજિણ, પામીઉ શિવપુર ઠાઉ. ૨

સઈ ઉગણીસ વરિસ થયાં, **પણયાલીસ** પ્રસિદ્ધ, ત્યાર પછી **લુંકુ** હુઉ, અસમંજસ તિણઈ કિદ્ધ. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૩૭. સં. ૧૫૩૩માં સીરોહી પાસેના અરઘટ્ટ પાટકના વાસી પ્રાગ્વાટ જ્ઞાતિના ભાણાથી પ્રતિમાનિષેધનો વાદ વિશેષ પ્રચારમાં આવ્યો. (તે માટે ધર્મસાગરની પ્રવચન પરીક્ષાનો ૭મો વિશ્રામ જુઓ) તે વાદને માનનારાને મૂર્ત્તિપૂજકો તિરસ્કારપૂર્વક 'લુંપક-વેષધર-ઉત્થાપક' કહે છે. તે પોતાને ઢૂંઢિયા કહેતા. તેમાં સં. ૧૫૬૮માં રૂપજી ઋષિ થયા. સં. ૧૫૭૦માં તેમાંથી નીકળી બીજા નામના ગૃહસ્થે બીજ મતની ઉત્પત્તિ કરી (કે જેને વિજયગચ્છ પણ કવચિત્ કહેવામાં આવે છે). સં. ૧૫૭૮માં લોંકામાં જીવાજી ઋષિ અને ૧૫૮૭માં વરસિંઘજી થયા. સં. ૧૫૮૫માં તેઓ ક્રિયાવંત બની ઉગ્ર-કડક આચાર પાળવા લાગ્યા હતા.[૪૭૫] તેથી, લોકો પર વિશેષ છાપ પાડી શક્યા. તેઓ ધીમે ધીમે 'લોંકા' 'ઢૂંઢિયા'માંથી હવે 'સ્થાનકવાસી' એ નામથી પોતાને ઓળખાવે છે. તે સંપ્રદાયને માનનારા ગૂજરાત કાઠિયાવાડ મારવાડ માળવા પંજાબ અને ભારતના બીજા ભાગોમાં રહે છે. સ્થાપક લોંકાશાહ

લુંકઈ વાત પ્રકાસી ઈસી, તેહનુ સીસ હુઉ લખમસી, તીણઈ બોલ ઊથાપ્યા ઘણા, તે સઘલા જિનશાસન તણા. ૧૧

x x , મહિયલિ વડું ન માને દાનં.

પોસહ પડિકમણું પચ્ચખાણ, નવિ માને એ ઈસ્યા x x. ૧૩

જિનપૂજા કરિવા મતિ ટલી, અષ્ટાપદ બહુ તીરથ વલી, નવિ માને પ્રતિમા પ્રાસાદ. x x ૧૪

અને ખરતર ગચ્છના કમલસંયમ ઉપાધ્યાય કે જેમણે સં. ૧૫૪૪ અને સં. ૧૫૪૯ માં ગ્રંથરચના કરી એટલે જેઓ તે સમયમાં થયા તેમણે ગૂજરાતી ગદ્યમાં આ લોંકાશાહની પ્રરૂપણાના પ્રત્યુત્તર રૂપે સિદ્ધાંત સારોદ્ધાર સમ્યક્ત્વોલ્લાસ ટિપ્પણક રચ્યું તેમાં પ્રથમ ૧૩ કડીની ચોપઈ આપી છે. તેમાંથી પ્રસ્તુત વાત જેટલું ઉતારવામાં આવે છે:

સંવત્ પનર અઠોતરઉ જાણિ, લુકુ લેહઉ મૂલિ નિખાણિ.

x x x

તેહને શિષ્ય મિલિઉ લખમસી, x x ટાલઈ જિન પ્રતિમાનઈ માન, દયા દયા કરી ટાલઈ દાન. ૩

ટાલઈ વિનય વિવેક વિચાર, ટાલઈ સામાયિક ઉચ્ચાર, પડિકમણાનઉં ટાલઈ નામ, ભામઈ પડિયા ઘણા તિણિ ગામ. ૪

સંવત્ પનરનુ ત્રીસઈ કાલિ, પ્રગટ્યા વેષધાર સમકાલિ, દયા દયા પોકારઈ ધર્મ્મ, પ્રતિમા નિંદી x x ૫

એહવઈ હૂઉ પીરોજજિખાન, તેહનઈ પાતસાહ દિઈ માન, પાડઈ દેહરા નઈ પોસાલ. જિનમત પીડઈ દુખમાકાલ. ૬

લુકાનઈ તે મિલિઉ સંયોગ, x x ડગમગિ પડિઉ સઘલઉ લોક; પોસાલઈ આવઈ પણિ ફોક. ૭

આ ચોપઈ પછી ગદ્યમાં સ્પષ્ટ જણાવ્યું છે કે 'સંવત્ ૧૫૦૮ વર્ષે અહમ્મદાવાદ નગરે । લુકુ લેહુ ભંડાર લિખતુ । x તેહનઈ લખમસી શિષ્ય મિલઉ । x તે લખમસીના પ્રતિબોધ થકી સંવત્ ૧૫૩૦ વર્ષે ભિક્ષાચર વ્રતના ઉચ્ચાર પાખઈ । ન મહાત્મા માહિ ન મહાસતી માહિ ન શ્રાવકમાહિ ન શ્રાવિકામાહિ એતલા કારણ ભણી સંઘબાહ્ય કહિવરાઈ । હવઈ જિનપ્રતિમા ઉથાપવાનઈ કાજિ તેણે લુકે એહવઉ બોલ લીધઉ । જે મૂલસૂત્ર વ્યતિરેક બીજા શાસ્ત્ર ન માનઉં । તે કહઈ મૂલસૂત્ર માહિ પ્રતિમા પૂજા નથી કહિયા । x તુ લુકઉ લેહઉ સંવત્ ૧૫૦૮ હુઉ । અનઈ જિનપ્રતિમા લખમસીઈ । સંવત્ ૧૫૩૦ ઉથાપી । વગેરે.

આ બંને ચર્ચાગ્રંથો છે તે પરથી એમ લાગે છે કે લોંકાશાહના મંતવ્યોએ ઘણો ખળભળાટ ઉત્પન્ન કર્યો હતો અને ત્યારે તે સંબંધીના વાદો - ઉત્તર પ્રત્યુત્તર થતા હતા.

૪૭૫. સં. ૧૬૦૨ પછી રચેલી સુધર્મ ગચ્છ પરીક્ષામાં પાર્શ્વચંદ્ર શિષ્ય બ્રહ્મમુનિ પ્રાયઃ આ લોંકાશાહના મત સંબંધી જણાવે છે કેઃ-

સંવત પંદર પંચાશીએ, ક્રિયા તણી મતિ આણી હિયે, થયા ઋષીસર કિરિયાવંત, વૈરાગી દેખીતા સંત.

ગુરુ લોપી...સહુ કહે, તો કાં છાંડી અલગા રહે, સહુનું માથા શિરૂં પોષાલ, તે છાંડી કાં પડયા જંજાલ.

વલી પ્રતિષ્ઠા પ્રતિમા જાણ, નવિ માને આદેશ પ્રમાણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂળ ગૂજરાતી હતા અને તેમનો સંપ્રદાય કડક આચાર પર અને સાહિત્યમાં મુખ્યત્વે શાસ્ત્રોના કરેલા ગૂજરાતી બાલાવબોધ પર ટક્યો. શ્વેતામ્બરોમાં અત્યારે તેમની સંખ્યા લગભગ મૂર્ત્તિપૂજકો જેટલી છે.

૭૩૮. કડુવા નામે નડુલાઈમાં નાગરજ્ઞાતિનો વણિક જન્મ્યો તે પછી જૈન થયો. તે ૧૯ વર્ષની ઉમરે સં. ૧૫૧૪ માં અમદાવાદ આવતાં ત્યાં તેનો આગમીઆ પન્યાસ હરિકીર્ત્તિ એકાકી ક્રિયાપૂર્વક રહેતા હતા તેની સાથે સમાગમ થયો. શાસ્ત્રાધ્યયન કરી દીક્ષા લેવાનું મન થતાં તે હરિકીર્ત્તિએ શાસ્ત્રે ભાખેલા શુદ્ધ ગુરુ આ કાલમાં દેખાતા નથી અને શાસ્ત્રોક્ત દીક્ષા પળે તેમ નથી એમ સમજાવ્યું; તેથી સાધુધ્યાને શ્રાવક વેષે સંચરી ભાવસાધુપણે વર્ત્તવું ઈષ્ટ ધારી 'સંવરી' તરીકે જુદે જુદે સ્થલે વિહાર કર્યો. અનેકને ઉપદેશ આપી પોતાના મતમાં લીધા. તેમનું મરણ સં. ૧૫૬૪ માં થયું.[૪૭૬] આ કડવામતની મુખ્ય માન્યતા એ હતી કે વર્ત્તમાનકાળે સાધુઓ છે નહિ-નજરે દેખાતા નથી. બાકી તેની મૂર્ત્તિપૂજામાં માન્યતા હતી. તેની ઉત્પત્તિ સં. ૧૫૬૨ માં થઈ એમ ધર્મસાગરકૃત પટ્ટાવલી જણાવે છે.

૭૩૯. સં. ૧૫૭૨ માં પાર્શ્વચંદ્રે નાગોરી તપાગચ્છના સાધુરત્ન નામના સાધુ પાસે દીક્ષા લીધા પછી તેમણે પ્રરૂપેલી કેટલીક જુદી સામાચારીને પરિણામે તેના માનનારા પાયચંદ ગચ્છના કહેવાયા. તેઓ નાગપુરીય તપાગચ્છના પોતાને ઓળખાવે છે. આ પાર્શ્વચંદ્રની માન્યતા મૂર્ત્તિપૂજામાં તો હતી જ.

૭૪૦. આમ એક બાજુ પ્રતિમાનિષેધ, બીજી બાજુ સાધુજનનિષેધ અને સામાન્ય રીતે અન્ય સામાચારી પ્રરૂપણા ચાલુ થઈ ગઈ હતી. વળી સંપ્રદાયમાં ક્રિયાશિથિલતા હતી. જ્યારે સામી બાજુ ક્રિયામાં કડકતાનો દેખાવ થયો. લોકોની માન્યતામાં ભારે ઉથલપાથલ થઈ. વળી પુષ્ટીમાર્ગ નામના વૈષ્ણવ સંપ્રદાયનો ગૂજરાતમાં પ્રવેશ થયો કે જે સંબંધી નીચેના પારામાં બતાવીએ છીએ.

૭૪૧. ગૂજરાતમાં ઈ.સ. ૧૦માંથી ૧૫ મા શતક સુધી પૌરાણિક વૈષ્ણવ ધર્મનો-ભાગવત ધર્મનો પ્રવાહ વહેતો હતો કે જેની નિશાનીનાં દૃષ્ટાંત હજુ સુધી દ્વારકાં અને ડાકોર એ બે વૈષ્ણવ તીર્થસ્થળોનાં મંદિરો પૂરાં પાડે છે. સં. ૧૫૩૫ માં જન્મ પામી વલ્લભાચાર્યે સં. ૧૫૪૬ પછી દક્ષિણના વિદ્યાનગરમાં અનેક પંડિતોને જીતી આચાર્યપદ મેળવ્યું. રામેશ્વર સુધી યાત્રા કરી ફરતાં ફરતાં પછીથી ગોકુળમાં કેટલોક કાળ ગાળી પુષ્કરજી થઈને સિદ્ધપુર, પાટણ, વડનગર, વીસનગર, ડાકોર, ભરૂચ, સુરત વગેરે ગૂજરાતનાં મોટાં શહેરોમાં તથા કાઠિયાવાડ અને સિંધમાં ફરી છેવટ ઉત્તર તરફની યાત્રા કરી. સં. ૧૫૫૬ માં વ્રજમાં શ્રીનાથજીની મૂર્તિની સ્થાપના કરી. સં. ૧૫૮૭ માં ભગવદ્‌ધામમાં પધાર્યા. તેમણે 'પુષ્ટિમાર્ગ'-શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત સ્થાપ્યો. 'પુષ્ટિ એટલે પોષણ અને પોષણ એટલે (શ્રીહરીનો) અનુગ્રહ', પ્રભુના અનુગ્રહ વગર પ્રભુના માહાત્મ્યનું જ્ઞાન થતું નથી માટે સાધનરૂપ અને ભક્તને પ્રભુકૃપા સિવાય બીજું કાંઈ જોતું નથી માટે ફળરૂપ, શ્રીહરિનો અનુગ્રહ જ આ માર્ગનું સર્વસ્વ ગણાય છે.

---

૪૭૬. આ સર્વ મારી પાસેની હસ્તલિખિત કડવા મતની પટ્ટાવલીમાંથી જણાવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વૈષ્ણવ નવીન સંપ્રદાયે ગૂજરાતના બીજા સંપ્રદાયો પર અસર કરી. [જુઓ રા. દુર્ગાશંકર કૃત વૈષ્ણવધર્મનો સંક્ષિપ્ત ઈતિહાસ ફા. ગ્રં. નં. ૪] જૈનધર્માનુયાયી **મો**ઢ, **ખ**ડાયતા, **ના**ગર વાણિયાઓ હતા તે સર્વ અત્યારે આ સંપ્રદાયના જ જણાય છે; ઓસવાળ, પોરવાડ, શ્રીમાલી, લાડ વાણિયામાં જૈન અને વૈષ્ણવ બંને ધર્મ પળાય છે ને સામાન્ય રીતે અનુક્રમે શ્રાવક અને મહેસરી (મહેશ્વરી) એ નામથી ઓળખાય છે.

૭૪૨. આવી પરિસ્થિતિમાં તપાગચ્છના **આ**નન્દવિમલ સૂરિએ સં. ૧૫૮૨ માં ધર્મશિથિલતા દૂર કરવા માટે ક્રિયોદ્ધાર કર્યો. પોતે ૧૪ વર્ષ લગી ઉગ્ર તપશ્ચર્યા આદરી હતી અને સ્થળે સ્થળે વિચરી ઉગ્ર વિહાર કર્યો હતો. તેથી લોકો પર તેમની સારી છાપ પડી. સાધુઓ માટે ૩૫ બોલના નિયમોનો લેખ પાટણમાંથી સં. ૧૫૮૩ માં બહાર પાડયો (**જૈન સા. સં.** ખંડ ૩ અં. ૪ પૃ. ૩૫૯) તેમાં ગુરુની આજ્ઞાથી વિહાર કરવો, વણિક સિવાયના બીજાને દીક્ષા ન દેવી, પરીક્ષા કરી ગુરુ પાસે વિધિપૂર્વક દીક્ષા દેવી, અમુક તપ અમુક વખતે અવશ્ય કરવાં, દ્રવ્ય અપાવી કોઈએ ભટની પાસે ન ભણવું, એક હજાર શ્લોક કરતાં વધુ લહીઆ પાસે ન લખાવવું (પોતે લખવું) વગેરે છે તે પરથી તે વખતની, સાધુસંઘની સ્થિતિ પર પ્રકાશ પડે છે. જેસલમેરમાં પૂર્વે **સો**મપ્રભસૂરિએ જલના અભાવને લીધે દુષ્કર ક્ષેત્ર જાણી ત્યાં વિહાર કરવા માટે સાધુને માટે પ્રતિષેધ કર્યો હતો તે **આ**નંદવિમલસૂરિએ દૂર કર્યો અને ત્યાં તેમના શિષ્ય **વિ**દ્યાસાગર ઉપાધ્યાયે (ધર્મસાગરના ગુરુ) ખરતરગચ્છવાળા સાથે વાદ કર્યો તથા અન્ય સ્થળોએ બીજા પક્ષીઓ સાથે વાદ કર્યો. (ધર્મસાગરકૃત **પ**ટ્ટાવલી.)

૭૪૩. એકંદરે દરેક દર્શનમાં-સંપ્રદાયમાં ભાંગતોડ-ભિન્નતા-વિચ્છિન્નતા થયેલ છે. મુસલમાની કાળ હતો. લોકમાં અનેક જાતના ખળભળાટ વધુ વધુ થયા કરતા. રાજસ્થિતિ, વ્યાપાર, રહેણી કરણી વગેરે બદલાયાં. **મ**હમદ બેગડાના જુલમો વધ્યા. તેણે સં. ૧૫૨૭માં જૂનાગઢના હિંદુ રાજા રા'**માં**ડલિક પર બીજી વાર હુમલો કરી તેને વટલાવી મુસલમાન કર્યો, અને ત્યાંનાં દહેરાંની સોનાની મૂર્ત્તિઓ લૂટી ગયો. દ્વારકાનાં દહેરાંઓનો નાશ કર્યો, ને ત્યાંના હિંદુ રાજા **ભી**મને તેના શરીરના કકડા કરી એકએક કકડો દરેક દરવાજે ચોંટાડવાના હુકમ સાથે અમદાવાદ મોકલ્યો. સં. ૧૫૫૦માં ચાંપાનેર કબજે લઈ તેના ઘવાયેલ હિંદુ રાજા **રા**વળ તથા પ્રધાન **ડુ**ંગરસીને મુસલમાન થવા નાકબૂલ થતા મારી નાંખ્યા. જુનાગઢ ને ચાંપાનેર એ બે ગઢ જીતવાથી તે 'બેગડો' કહેવાયો. તે સં. ૧૫૭૦ માં મરણ પામ્યો, **લા**વણ્યમસયે પોતાના સં. ૧૫૬૮ માં રચેલા **વિ**મલપ્રબંધમાં મૂકેલી કડીઓ યથાર્થ આ કાલમાટે લાગુ પડતી હતી કેઃ-

"જિહાં જિહાં જાણઈ હીંદુ નામ, તિહાં તિહાં દેશ ઉજાડઈ ગામ,
હીંદુનુ અવતરીઉ કાલ, જુ ચાલિ તુ કરિ સંભાલ."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૬ સોળમા શતકમાં સાહિત્ય-પ્રવૃત્તિ.

શ્રી શારદા શારદનીરદાભા સમગ્રજાગ્રજ્જનજાડ્યહંત્રી । કર્ત્રી ચિદાનન્દમહોદયસ્ય સ્ફુરત્વહોરાત્રમિયં મમાન્તઃ ॥

-શરદ ઋતુના વાદળા જેવી કાંતિવાળી, જાગ્રત જનોની સમગ્ર જડતાને હરનારી, જ્ઞાનાનન્દના મહાન ઉદયને કરનારી એવી શ્રી શારદા મારા અંતઃકરણમાં અહોરાત્ર સ્ફૂરો ! - ચારિત્રવર્દ્ધનકૃત રઘુવંશટીકા.

૭૪૪. સં. ૧૫૦૧માં ખ. સાધુનંદનના શિષ્યો તપોરત્ન અને ગુણરત્ને નેમિચંદ્ર ભંડારીકૃત ષષ્ઠિશતક પર ટીકા રચી (વિવેક. ઉદે; લીં; કાં. વડે; વે. નં. ૧૬૭૦-૭૨) કે જેને ખ. જિનભદ્રસૂરિએ શોધી. કર્ત્તાના દીક્ષાગુરુ જિનોદય, વિદ્યાગુરુ વિનયપ્રભ-વિજયતિલક-સાધુનંદન અને મુનિશેખર તથા વ્રતગુરુ ક્ષેમકીર્ત્તિ ગણિ હતા. આ પૈકી તપોરત્ને ઉત્તરાધ્યયન લઘુવૃત્તિ પણ રચી હતી (કે જેને તેમના શિષ્ય તેજોરાજે શત્રુશલ્યના રાજ્યે સં. ૧૫૫૦ માં શોધી હતી. લીં.)

૭૪૫. સં. ૧૫૦૨માં ત. જયચંદ્રસૂરિના ઉપદેશથી અણહિલ્લપાટણના શ્રીમાલી પર્વતે એક લક્ષ પ્રમાણ ગ્રંથો લખાવ્યા. જેમાંની મલયગિરિકૃત પિંડનિર્યુક્તિ વૃત્તિની પ્રત મળે છે. (વીરમગામ ભં.)

૭૪૬. સં. ૧૫૦૩ સોમસુંદરસૂરિ શિ. ચારિત્રરત્નગણિના બીજા શિષ્ય સોમધર્મગણિએ ઉપદેશસપ્તતિકા નામનો ગ્રંથ પાંચ અધિકારમાં રચ્યો (પી. ૧, ૭૭; બુહ્. ૪ નં. ૧૩૮) તેમાં અનેક તીર્થો અને ઐતિહાસિક વ્યક્તિઓની કથાઓ પણ છે. (ગૂ. ભાંષાતર પ્ર. આ. સભા નં. ૪૨)

૭૪૭. સં. ૧૫૦૪માં ત. રત્નશેખરસૂરિ શિ. સોમદેવે[૪૭૭] કથામહોદધિ નામનો કથાગ્રંથ ગદ્યપદ્યમાં રચ્યો તેમાં હરિષેણકૃત કર્પૂરપ્રકરમાં સૂચિત ૧૫૭ કથાઓ છે. (કાં. વડો; પી. ૩, ૩૧૬. વેબર નં. ૨૦૧૫; વે. નં. ૧૭૦૫ {*૫૧ કથાઓ પાંચ ભાગમાં પ્ર. ચારિત્રરત્ન ફા. ટ્રસ્ટ અમલનેર. સં. ઉદયરત્ન સા.*} આ સોમદેવગણિકૃત જિનપ્રભસૂરિના સિદ્ધાંતસ્તવપરની ટીકા ઉપલબ્ધ છે (લખ્યા

૪૭૭. સોમદેવ પ્રખર વાદી હતા તેમને વાચકપદ મંત્રી ગદાએ કરેલ મહોત્સવ પૂર્વક અપાયું હતું. તેમની નવીન કાવ્યકલાથી મેવાડપતિ કુંભકર્ણ રાજા રંજિત થયા હતા, તેમણે પૂરેલી સમસ્યાથી જીર્ણદુર્ગના રાજા મંડલિક (ત્રીજો ઈ. સ. ૧૪૫૧ થી ૧૪૭૩) ચમત્કાર પામ્યા હતા અને તેમનાં વચનોથી પાવાપુર ચંપકનેર (ચાંપાનેર) નો રાજા જયસિંહ પ્રસન્ન થઈ નમ્યો હતો, અને તેમને સૂરિપદ રાણપુરમાં ધરણ સંઘપતિએ કરેલા ઉત્સવ પૂર્વક રત્નશેખસૂરિએ આપ્યું હતું. (સોમસૌભાગ્ય સર્ગ ૧૦ શ્લોક ૩૨ થી ૪૩, ગુરુગુણરત્નાકર કાવ્ય પૃ. ૧૯-૨૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં. ૧૫૧૪ કી. ૩, નં. ૧૮૮). સં. ૧૫૦૪ માં ચૈત્ર ગચ્છના ગુણાકરસૂરિએ સમ્યક્ત્વ કૌમુદી કથા રચી (વૃદ્ધિચંદ્રજી ભં. ભાવ); ગુણાકરનો બીજો ગ્રંથ વિદ્યાસાગર કથા છે. (પી. ૧, નં. ૩૨૮).

૭૪૮. સં. ૧૫૦૫માં ખ. જિનપ્રભસૂરિ-જિનદેવ-જિનમેરૂ-જિનહિતસૂરિ-કલ્યાણરાજ શિ. ચારિત્રવર્ધને સિન્દુરપ્રકરટીકા ભીષણઠક્કુરની વિનતિથી રચી. (ડો. ભાવ. તેજ સં. ૧૫૦૫ની, લખ્યા પ્રત કાં. વડો. નં. ૧૮૭૨ છે) આ ચારિત્રવર્ધને શ્રીમાલ સાલિગના પુત્ર અરડકમલ્લના કહેવાથી કાલિદાસ કવિના રઘુવંશ કાવ્ય પર શિશુહિતૈષિણી નામની ટીકા રચી (પી. ૩, ૨૧૦) {*આ ઉપરાંત આ કાવ્યો પર ટીકા રચી છે. મેઘદૂત, કુમાર સંભવ (સં. ૧૪૯૨માં), નૈષધ (સં. ૧૫૨૧માં), શિશુપાલવધ, કલ્યાણ મંદિર, ભાવારિવારણ, રાઘવપાંડવીય, જુઓ અગરચંદ નાહટાનો લેખ 'પંચકાવ્ય ચારિત્ર વર્દ્ધન' જૈન સત્યપ્રકાશ ૨૦-૪*}

૭૪૯. સં. ૧૫૦૭ માં બૃ. ત. રત્નસિંહસૂરિ શિ. ઉદયધર્મે સિદ્ધપુરમાં વાક્યપ્રકાશ નામનું ઔકિતક રચ્યું. (ગુ. નં. ૪૬૦૫ પ્ર. જૈન શ્રેયસ્કર મંડલ) (આ કર્ત્તાએ 'સંનમત્ ત્રિદશ' સ્તોત્ર પણ બનાવ્યું હતું. પૂના રાજવિજયસંગ્રહ). સં. ૧૫૧૦ માં મલધારી ગચ્છના વિદ્યાસાગર-ગુણસુન્દર શિ. સર્વસુન્દરસૂરિએ પાંચ પ્રકરણમાં હંસરાજવત્સરાજ ચરિત્ર દેવપાટણમાં (કાં. વડો; લીં.) રચ્યું અને મેઘરાજે વીતરાગ સ્તોત્ર પર અવચૂરિ રચી.

૭૫૦. સં. ૧૫૧૨ માં ખ. જિનભદ્રસૂરિ-સિદ્ધાન્તરુચિ ઉ. (કે જેમણે જીરાવલ્લી પાર્શ્વ પ્રભુ પાસેથી પ્રસાદ મેળવ્યો હતો અને માંડવગઢના ગ્યાસદીન સાહની મહાસભામાં વાદીઓ પર જય મેળવ્યો હતો તે)ના શિષ્ય સાધુ સોમે પુષ્પમાલા પર વૃત્તિ, અને તે વર્ષ લગભગ આં. જયકીર્ત્તિસૂરિ શિ. ઋષિવર્ધન સૂરિએ જિનેન્દ્રાતિશય પંચાશિકા રચી (ડોસા. ભાવ.) સં. ૧૫૧૩ માં વીરદાસના પુત્ર હમીરના પુત્ર લક્ષ્મીસેને ૧૬ વર્ષની ઉંમરે સંઘપટ્ટકપર ટીકા (ગુ. નં. ૭-૧) અને ખ. જિનસાગરસૂરિ શિષ્ય ધર્મચંદ્રગણિએ તોલ રાજાની અભ્યર્થનાથી સિંદૂરપ્રકર કાવ્ય પર ટીકા (ગુ. નં. ૪૮-૨) રચી.

૭૫૧. સં. ૧૫૧૪ માં પૌ. ગુણસાગરસૂરિ-ગુણસમુદ્ર શિ. સત્યરાજગણિએ પ્રાકૃતમાંથી સંસ્કૃતમાં શ્રીપાલચરિત્ર કર્યુ (ખેડા ભં. {*પ્ર. દાનસૂરિ ગ્રં.*}) અને ત. રત્નશેખરસૂરિના રાજ્યમાં તેમના શિષ્ય ચારિત્રરત્નગણિના શિષ્ય વાચનાચાર્ય હેમહંસગણિએ તે વર્ષમાં ગૂર્જર આશાપલ્લીમાં ઉદયપ્રભસૂરિકૃત આરંભસિદ્ધિ પર વૃત્તિ અને પછીના વર્ષ-સં. ૧૫૧૫ માં હેમવ્યાકરણમાં આપેલ ૫૭ ન્યાયોમાં બીજા ૮૪ ન્યાયો ઉમેરી-એ રીતે ૧૪૧ ન્યાયની પરિભાષાનો સંગ્રહ કરી, તે પર ત્યારપછી સં. ૧૫૧૬ માં ન્યાયર્થમંજૂષા નામની ન્યાયબૃહદ્વૃત્તિ અમદાવાદમાં રચી (પી. ૪, ૧૭; વે. નં. ૭૬ {*મુનિ રત્નવલ્લભ વિ.ના ગુજરાતી વિવેચન સાથે પ્ર. ૐકારસૂરિ ગ્રં. અને મુનિ નન્દિઘોષ વિ. ના હિન્દી વિવેચન સાથે પણ પ્રગટ થયેલ છે.*} તથા તે વૃત્તિ પર ન્યાસ પણ રચ્યો. સં. ૧૫૧૫માં શાંત્યાચાર્યકૃત પૃથ્વીચંદ્ર મહર્ષિ ચરિતની પ્રત તાડપત્ર પર લખાઈ (પી. પ. ૧૨૫) સં. ૧૫૧૭ (મુનીંદુતિથિ વત્સરે) બૃ. ત. રત્નસિંહસૂરિ અને ઉદયવલ્લભસૂરિ શિ. જ્ઞાનસાગરસૂરિએ વિમલનાથચરિત્ર (કાં. વડો;) રચ્યું (ગૂ. ભાષાંતર પ્ર. આ. સભા. જુઓ પારા ૭૧૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૫૨. સં. ૧૫૧૭ માં ત. રત્નશેખરસૂરિ-નંદિરત્ન શિ. રત્નમંડનગણિએ ભોજપ્રબંધ અપરનામ પ્રબંધરાજ (બુહ્. ૬ નં. ૭૨૩; વે. નં. ૧૭૫૪, પ્ર. પંડિત ભગવાનદાસ અમદાવાદ સં. ૧૯૭૮ ગૂ. ભાષાંતર પ્ર. જૈન ધ. સભા ભાવ.) તથા તે અરસામાં ઉપદેશ તરંગિણી રચી કે જેમાં કેટલીક ઐતિહાસિક હકીકતો મળી આવે છે (પ્ર. ય. ગ્રં; ગૂ. ભાષાં. પ્ર. ભી. મા.) (સં. ૧૫૧૮ માં ત. મુનિસુન્દરસૂરિના શિષ્ય શુભશીલગણિએ શત્રુંજય કલ્પ કથા, અમરચંદ્ર ઉપદેશમાલા પર અવચૂરિ, સં. ૧૫૧૯માં ઉક્ત સાધુસોમે જિનવલ્લભસૂરિના મહાવીરચરિય પર વૃત્તિ-ચારિત્રપંચક વૃત્તિ અને નન્દીશ્વરસ્તવ વૃત્તિ (બાલચંદ્ર યતિ ભં. કાશી). અને સં. ૧૫૨૦ માં કવિ સંગ્રામસિંહે બુદ્ધિસાગર નામનો સર્વમાન્ય અત્યુપયોગી ગ્રંથ (કાં. વડો; બૃહ્. ૨, નં ૨૯૬) એમ ગ્રંથો રચાયા. ઉક્ત સંગ્રામસિંહ માંડવગઢના પ્રસિદ્ધ ઓસવાલ અને માલવાના મહમદ ખીલજીના માનીતા વિશ્વાસપાત્ર ભંડારી હતા.

૭૫૩. સં. ૧૫૨૪ માં પ્રતિષ્ઠાસોમે સોમસૌભાગ્ય નામનું કાવ્ય શ્રી સોમસુંદરસૂરિના ચરિત્રરૂપે રચ્યું. તેમાંથી અનેક ઐતિહાસિક સ્થળો અને વ્યક્તિઓ સંબંધી હકીકતો મળે છે ને તેનો ટુંકસાર આ વિભાગના પ્રથમ પ્રકરણમાં આપ્યો છે. (ગૂ. ભાષાંતર સહિત મુદ્રિત {*મુનિ રત્નજ્યોત વિ. કૃત સંસ્કૃત ટીકા અને ગુ.ભા. સાથે પ્ર. રંજન વિ. જૈન પુ.*}) આ વર્ષમાં ધર્મઘોષ ગચ્છના ધર્મસૂરિના અનુક્રમમાં મહિચન્દ્રસૂરિ શિ. રાજવલ્લભે ષડાવશ્યકવૃત્તિના વાર્ત્તિકમાંની કથા નામે શીલ ઉપરની ચિત્રસેન પદ્માવતી કથા શ્લોકબદ્ધ રચી (ચુનીજી ભં. કાશી સં. કો. ૧૦, ૫૮; જિનવિજયનો પ્રશસ્તિ સંગ્રહ; પી. ૩, ૨૧; વે. નં. ૧૭ {*પ્ર. હી. હં.*}) સં. ૧૫૩૦ માં ષડાવશ્યક વૃત્તિ (વાર્ત્તિક) રચ્યું. તથા પ્રાયઃ તે જ કર્ત્તાએ ભોજપ્રબંધ નામનો ગ્રંથ પણ રચ્યો છે; કે જેમાં ૮ પ્રકરણ છે (મુંજભોજની ઉત્પત્તિ, ધનપાલ પ્રતિબોધ સ્વર્ગગમન વગેરે પ્રકરણનાં નામ છે જુઓ વે. નં. ૧૭૬૬). સં. ૧૫૨૯માં ત. સોમસુંદરસૂરિ-સુધાનંદનગણિ શિષ્યે જલ્પમંજરી બનાવી (ભાં. ૬ નં. ૧૩૬૮). સં. ૧૫૩૨માં ખ. સિદ્ધાન્તરુચિ ઉ. ના શિષ્ય વિજયસોમની સહાયતાથી માંડવગઢના જ્ઞાનભંડાર માટે ત્યાંના સંઘવી મંડને (કે જેણે જિનપ્રતિમા આચાર્યપદ આદિની પ્રતિષ્ઠા, તીર્થયાત્રા, સત્રાગાર આદિ પુણ્યકાર્ય કર્યાં હતાં, અને જે મંડન મંત્રીથી ભિન્ન હતો) ભગવતીસૂત્રની પ્રત લખાવી (હા. ભં. પાટણ)

૭૫૪. સં. ૧૫૩૧માં ધર્મસુન્દરસૂરિ અપર નામ સિદ્ધસૂરિએ શ્રીપાલનાટકગત રસવતી વર્ણન, અને સં. ૧૫૩૫ માં સત્યરાજે પૃથ્વીચંદ્રચરિત્ર ગદ્ય-પદ્ય-ભંગ-શ્લેષમય રચ્યું. {*પ્ર. ય. જૈ. ગ્રં.*} સં. ૧૫૩૫માં પૂર્ણિમા ગચ્છના જયચંદ્રસૂરિ શિષ્ય ભાવચંદ્રસૂરિએ ૭૦૦૦ શ્લોકપ્રમાણ સં. ગદ્યમાં શાન્તિનાથ ચરિત્ર (ગુ. નં. ૬૧-૩ {*પ્ર. જિ. આ. ટ્ર.*}) રચ્યું. ઉકેશગચ્છના મતિસાગર ઉ. શિષ્ય વિનયભૂષણે ભાવડાર ગચ્છના સોમદેવમુનિની વિનતિથી રચેલી સ્યાદિશબ્દસમુચ્ચય પર ટીકાની સં. ૧૫૩૬માં લખાયેલી પ્રત કેશરવિજય ભં. વઢવાણમાં છે. સં. ૧૫૪૦માં ઉક્ત શુભશીલ ગણિએ શાલિવાહન ચરિત રચ્યું. સં. ૧૫૪૧માં સિદ્ધાંતસાગરે ચતુર્વિંશતિ જિનસ્તુતિ બનાવી, રત્નપ્રભસૂરિ શિષ્ય લક્ષ્મી નિવાસે મેઘદૂત પર વૃત્તિ (ડાયરા ભં. પાલણપુર) રચી અને સોમસુંદરસૂરિ-સોમદેવ-ચારિત્રહંસ શિષ્ય સોમચારિત્ર ગણિએ ગુરુગુણરત્નાકર કાવ્ય (પ્ર. ય. ગ્રં. નં. ૨૪) રચ્યું કે જેમાં મુખ્યપણે ત. રત્નશેખરસૂરિના પટ્ટધર લક્ષ્મીસાગરસૂરિનું વૃત્તાંત છે. તે પારા ૭૨૧ થી ૭૨૯ માં ટૂંકમાં અપાયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૫૫. ત. **સુમતિસાધુ**ના રાજ્યે (સં. ૧૫૪૫-૧૫૫૧) જિનહર્ષ શિષ્ય **સાધુવિજયે વાદવિજય** પ્રકરણ (કાં.વડો.) તથા {*કે અપરનામ?*} **હેતુખંડન** પ્રકરણ (કેશરવિજય ભં. વઢવાણ {*પ્ર. લા. દ. વિદ્યામંદિર જૈન દાર્શનિક પ્ર. સં. અંતર્ગત સંપા. નગીન શાહ*}) રચ્યાં. સુમતિ સાધુના પરમભક્ત શ્રીમાલભૂપાલ-લઘુશાલિભદ્ર એ બિરૂદ વાળા માલવેશ્વર ખલચી ગયાસદીનના ગંજાધિકારી વ્યવહારી સંઘપતિ **જા**વડની અત્યર્થનાથી **સર્વ**વિજયે **આ**નંદસુંદર (દશ શ્રાવક ચરિત્ર) નામનો ગ્રંથ રચ્યો (કાં. વડો. તેની સં. ૧૫૫૧ની પ્રત ભક્તિવિજય ભં. ભાવ. માં છે, પી. ૫,૧૯૯). {*સર્વવિજયકૃત 'સુમતિ સંભવ કાવ્ય'માં સુમતિ સાધુ સૂરિનું જીવન ૮ સર્ગમાં છે. સં. ૧૫૪૪માં લખાયેલી પ્રત એસિયાટિક સો. કલકત્તામાં છે. જૈન સત્ય પ્ર. ૨૩૦-૧ અંક, આ અંકની ઝેરોક્ષ નકલ મુનિચંદ્રસૂરિ પાસે છે.*} ઉક્ત **સા**ધુવિજયના શિષ્ય **શુ**ભવર્દ્ધને પ્રા. દશશ્રાવક ચરિત્ર રચ્યું (કાં. છાણી {*સં. મુનિચન્દ્ર વિ. પ્ર. વિજય ભદ્ર ચે. ટ્રસ્ટ*}) અને **હે**મવિમલસૂરિના રાજ્યમાં સં. ૧૫૫૨માં પ્રા. માં **વ**ર્દ્ધમાનદેશના (ખેડા ભં.) રચી, તેમજ તે સૂરિના રાજ્યમાં **ઋ**ષિમંડલ પર વૃત્તિ કરી (પી. ૪, ૭૮; વે. નં. ૧૭૯૭). તે **હે**મવિમલસૂરિના શિષ્ય **જિ**નમાણિક્યે પ્રા. માં **કૂ**ર્માપુત્ર ચરિત્ર રચ્યું (પી. ૩ નં. ૫૮૮ {પ્ર. જૈન વિવિધ શાસ્ત્ર.})

૭૫૬. બૃ. ખ. **જિ**નસાગરસૂરિ શિષ્ય **ક**મલસંયમ ઉપાધ્યાયે સં. ૧૫૪૪માં ઉત્તરાધ્યયન સૂત્ર[૪૭૮] પર **સ**ર્વાર્થસિદ્ધિ નામની વૃત્તિ, અને સં. ૧૫૪૯ માં **ક**ર્મસ્તવ વિવરણ રચ્યાં; તે ઉપરાંત તેમણે **સિ**દ્ધાંતસારોદ્ધાર સમ્યક્ત્વોલ્લાસ ટિપ્પન (ગૂ. ગદ્યમાં) રચ્યું (બાલચંદ્રયતિ ભં. કાશી; પ્રેમચંદ શેઠ ભં. ભાવ. હા. ભં. જુઓ ટિપ્પણ નં. ૪૬૩). સં. ૧૫૪૬ માં આંચ. ઉદયસાગરે ઉત્તરાધ્યયન સૂત્ર પર **દી**પિકા રચી {*અને શાન્તિનાથ ચ. (૨૭૦૦ શ્લો.), કલ્પસૂત્ર અવચૂરિ (૨૦૮૫ શ્લો.) રચ્યા. જિનરત્નકોશ પૃ. ૩૮૦, પૃ. ૭૮.*}

૭૫૭. સં. ૧૫૫૨ માં આં. સિદ્ધાંતસાગર સૂરિના રાજ્યે તેમના શિષ્ય **કી**ર્ત્તિવલ્લભ ગણિએ ઉત્તરાધ્યયન સૂત્ર પર પૂર્વાચાર્યોએ રચેલી **દી**પિકા આદિ વૃત્તિઓને અનુસરી સ્પષ્ટ વ્યાકરણની ઉક્તિ વાળી વૃત્તિ રચી અમદાવાદમાં દીપોત્સવી દિને પૂર્ણ કરી (પી. ૪,૭૬). સં. ૧૫૫૪ માં ત. **લ**ક્ષ્મીસાગરસૂરિ-**સો**મદેવ-**ર**ત્નમંડન-**સો**મજય-**ઈં**દ્રનંદિ-**ધ**ર્મહંસ શિષ્ય **ઈં**દ્રહંસ ગણિ**એ ભુ**વનભાનુ ચરિત્ર (સં. ગદ્ય {*પ્ર. હી. હં.*}), સં. ૧૫૫૫માં શ્રાવકના કૃત્યની 'મણ્હ જિણાણં' વાળી પાંચ ગાથાની સ્વાધ્યાય પર ઉપદેશ કલ્પવલ્લી નામની ટીકા (ગૂ. ભાષાંતર પ્ર. જૈ. ધ. સભા ભાવ.) તથા સં. ૧૫૫૭માં **બ**લિનરેન્દ્ર કથા (કાં. છાણી) રચ્યાં. આ સં. ૧૫૫૭ના વર્ષમાં વૃદ્ધ ત. **લ**બ્ધિસાગરસૂરિએ **શ્રી**પાલકથા સંસ્કૃતમાં રચી.

૭૫૮. સં. ૧૫૬૯ માં ખ. **જિ**નચંદ્રના કહેવાથી **તિ**લકગણિએ રચેલ (**પ્રા**કૃત વૃત્તિમાંથી શબ્દસંગ્રહ તરીકે) **પ્રા**કૃત શબ્દ સમુચ્ચય **ખં**ભાતમાં રચાયો અને લખાયો (ઘોઘા ભં.) સં. ૧૫૭૦માં ત. **સો**મજયસૂરિ શિ. **ઈં**દ્રનંદિસૂરિ શિષ્ય **સિ**દ્ધાંતસારે **દ**ર્શનરત્નાકર નામનો ગ્રંથ બનાવ્યો. (જૈ. ગ્રં.) ૧૫૭૧ માં

---

૪૭૮. આ **ક**મલસંયમ ઉ. ના ઉપદેશથી અણહિલ્લપુર પત્તનમાં **સ્થા**નાંગ વૃત્તિ સં. ૧૫૭૦માં **જિ**નહર્ષસૂરિના પટ્ટધર **જિ**નચંદ્રસૂરિના રાજ્યે લખાઈ (સંઘનો ભં. પાટણ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનમાણિક્ય કે જેમને શતાર્થી સોમપ્રભના મિત્ર કહેવામાં આવ્યા છે.[૪૭૯] તેમના શિષ્ય અનંતહંસ ગણિએ હેમવિમલસૂરિ રાજ્યે દશ દૃષ્ટાન્ત ચરિત્ર રચ્યું (આ. ક. પાલીતાણા). સં. ૧૫૭૨માં આં. મહિમરત્ન વાચકના શિ. વિનયહંસ કે જેમણે ઉત્તરાધ્યયનસૂત્ર પર ટુંકી વૃત્તિ રચી છે (વે. નં. ૧૪૧૬) તેમણે દશ વૈકાલિક સૂત્રપર વૃત્તિ રચી. સં. ૧૫૭૩માં આગમગચ્છના સિંહદત્તસૂરિના શિષ્ય સોમદેવસૂરિએ સમ્યક્ત્વકૌમુદી રચી (કાં. છાણી.) અને તે વર્ષમાં મહેશ્વરે વિચારરસાયન પ્રકરણ રચ્યું. સં. ૧૫૭૫માં કુમારપાલ પ્રતિબોધ રચાયો (બૃ. ટિ.). સં. ૧૫૭૬માં કુતુબપુરા ત. ઈંદ્રનંદિ સૂરિના પટ્ટધર સૌભાગ્યનંદિ સૂરિએ હમ્મીરપુરમાં રહી મૌન એકાદશી કથા રચી (ચુનીજી ભં. કાશી). સં. ૧૫૭૭માં પૌ. ચંદ્રપ્રભ-ધર્મઘોષ-સુમતિભદ્ર-જયચંદ્ર-ભાવચંદ્ર-ચારિત્રચંદ્ર-મુનિચંદ્રના શિષ્ય વિદ્યારત્ને કુર્માપુત્રચરિત્ર રચ્યું ને તે હર્ષકુલગણિએ શોધ્યું (વિવેક. ઉદે.; કાં. છાણી) સં. ૧૫૭૮માં લાવણ્યસમય કૃત ગૂજરાતી વિમલપ્રબંધ પરથી વિમલચરિત્ર સંસ્કૃતમાં રચાયું (મુદ્રિત હી. હં.) સં. ૧૫૭૯માં પાટણમાં ખ. મતિસાગર-ધવલચંદ્રના શિષ્ય ગજસારે જિનહંસસૂરિ રાજ્યે વિચાર-ષટ્ત્રિંશિકા-(દંડક ચતુર્વિંશતિ) ને તે પર સ્વોપજ્ઞ ટીકા રચી (પ્ર. યશો. પાઠ. મહેસાણા; જૈન આ. સભા વે. નં. ૧૬૨૨ ને ૧૬૫૭-૫૮)

૭૫૯. પેથડ (પારા ૬૨૪) અને મંડલિક (પારા ૬૬૯ અને ટિપ્પણ ૪૪૯) ના વંશ જ પર્વતે કલ્પસૂત્રની પ્રતો લખાવી તથા ગ્રંથ ભંડાગાર સં. ૧૫૭૧માં સ્થાપ્યો કે જેની નિશીથ ચૂર્ણિની પ્રત વિદ્યમાન છે. (પુરાતત્ત્વ ૧-૧ એક ઐતિહાસિક પ્રશસ્તિ). સં. ૧૫૮૨માં જાંબૂવાસી શ્રીમાલી અરસિંહ રાણાએ ૧૧ અંગોની પ્રતો લખાવી કે જે પૈકી વિપાકસૂત્રની પ્રત (ગુ. નં. ૨૭૮) લબ્ધ છે.

૭૬૦. સં. ૧૫૮૨માં બૃહત્ ખ. જિનસમુદ્રસૂરિના પટ્ટધર જિનહંસસૂરિએ 'શીલાંગાચાર્યકૃત સવિસ્તર વૃત્તિને દુર્વિગાહ સમજી સભ્યોના અનુગ્રહ માટે વ્યાખ્યાતાઓ માટે સુખાવહ એવી' આચારાંગ સૂત્રપર દીપિકા રચી (પી. ૪, ૭૩) અને સહજસુંદરે રત્નશ્રાવક પ્રબંધ રચ્યો. સં. ૧૫૮૩માં ત. હેમવિમલસૂરિના શિષ્ય હર્ષકુલગણિએ સૂત્રકૃતાંગસૂત્ર પર દીપિકા નામની ટીકા રચી (વેબર નં. ૧૭૭૭ વે. નં. ૧૫૫૦-૫૨; બુહ્. ૩, નં. ૧૪૫); તેમણે બંધ હેતૂદય ત્રિભંગી (કર્મગ્રંથનો એક ભાગ) તથા હેમવિમલસૂરિના રાજ્યે વાક્યપ્રકાશ ટીકા (લીં.) પણ રચી છે. આ સં. ૧૫૮૩ના વર્ષમાં પ્રસિદ્ધ હીરવિજયસૂરિનો જન્મ પાલ્હણપુરમાં થયો.

૭૬૧. લઘુ ત. સૌભાગ્યહર્ષના રાજ્યમાં (સં. ૧૫૮૩ થી ૧૫૯૭) ત. રત્નમંડનસૂરિ-આગમમંડન-હર્ષકલ્લોલના શિષ્ય લક્ષ્મીકલ્લોલે સં. ૧૫૦૦ (ગુહમુખ કુજ કિરણમિતે શરચંદ્ર વર્ષે) આચારાંગસૂત્ર પર અવચૂર્ણિ નામે તત્ત્વાવગમા રચી (વે. નં. ૧૩૯૭) અને તેમણે સોમવિમલસૂરિ રાજ્યે (સં. ૧૫૯૭-૧૬૩૭) જ્ઞાતાસૂત્રપર લઘુવૃત્તિ નામે મુગ્ધાવબોધા રચી (વે. નં. ૧૪૭૩).

૭૬૨. સં. ૧૫૯૧માં ગૂજરાતના બહાદુરશાહ (સં. ૧૫૮૧-૯૨)ના રાજ્યમાં ખંભાતમાં ઉક્ત સૂત્રકૃતાંગ દીપિકાકાર લ. ત. હર્ષકુલ ગણિ પાસે હેમપ્રાકૃત વ્યાકરણ શીખીને વૃ. ત.

૪૭૯. तेषां च विजयराज्ये शतार्थिसोमप्रभप्रभोः सजुषां । जिनमाणिक्यगुरूणां प्रसादतः प्राप्तविद्येन ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૌભાગ્યસાગરસૂરિ શિષ્ય હૃદયસૌભાગ્યે હેમપ્રાકૃતવૃત્તિ નામે ઢુંઢિકામાં વ્યુત્પત્તિદીપિકા નામની વૃત્તિ રચી (વે. નં. ૭૨).

૭૬૩. અપભ્રંશ સાહિત્ય-ઉક્ત (પારા ૭૫૨) રત્નમંદિરના ઉપદેશ તરંગિણીમાં કેટલાંક અપભ્રંશ અવતરણો જૂની ગૂજરાતીનાં અવતરણો સહિત આવેલાં છે. યશઃકીર્ત્તિનું ચંદપ્પહ (ચંદ્રપ્રભ) ચરિત્ર આખું અપભ્રંશ કાવ્ય છે. તેનો સમય સં. ૧૫૨૧માં મૂકી શકાય તેમ છે. {*આમેર ભંડારમાં હ. લિ. છે. અપભ્રંશ હિન્દી કોશ.*} સિંહસેન અપરનામ રઈધુએ મહેસરચરિઅ, આદિપુરાણ, {*પ્ર. ભા. જ્ઞાનપીઠ*} શ્રીપાદચરિત્ર અને સમ્મતગુણનિહાણ અપભ્રંશ રચેલ છે. તેમજ તેના પ્રદ્યુમ્નચરિત્ર, વ્રતસાર, કરકંડુચરિત્ર, {*કનકામરકૃત કરકંડુચરિઉ સં. હીરાલાલ જૈન. પ્ર. ભા. જ્ઞાનપીઠ*} ભવિષ્યદત્ત ચરિત્ર, {*પ્ર. ગા. ઓ. સિ.*} કારણગુણષોડશી, રત્નત્રયી ષડ્ધર્મોપદેશ, રત્નમાલા આદિ ગ્રંથ અપભ્રંશના સંભવે છે. જયમિત્રકૃત શ્રેણિકચરિત્ર અને તે ઉપરાંત દેવનન્દિ મુનિકૃત રોહિણીવિધાન કથા, અને કર્તાના નામ વગરના સુઅંધ દસમી કહા, {*ઉદયચન્દ્ર અને બ્રહ્મજિનદાસ કૃત સુઅંધદસમીકહા. સં. હીરાલાલ જૈન. પ્ર. ભા. જ્ઞાનપીઠ*} પાશપઈ કહા, જિનપુરંદર કથા {*મદનપરાજયચરિઉ. હરિદેવકૃત હિંદી સાથે પ્ર. ભા. જ્ઞાનપીઠ*} વગેરે દિગંબરકૃત મળી આવે છે. આ રીતે સોળમી સદી સુધી અપભ્રંશ સાહિત્ય ચાલ્યું આવ્યું છે.[૪૮૦]

૪૮૦. જુઓ જૈનગૂર્જર કવિઓ-પ્રથમ ભાગની પ્રસ્તાવના રૂપે 'જૂની ગૂજરાતીનો ઇતિહાસ' નામનો મારો નિબંધ પૃ. ૮૪ થી ૯૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(શાર્દૂલ)

દેવી દેવી નવી કવીશ્વર તણી વાણી અમીસારણી,
વિદ્યાસાયરતારણી મલ ઘણી હંસાસણી સામિણી,
ચંદા દીપતિ જીપતિ સરસતિ મઈં વીનવી વીનતી,
બોલું નેમિકુમાર કેલિની રતિ ફાગિઈ કરી રંજતી.

- ધનદેવ ગણિકૃત સુરંગાભિધાન નેમિફાગ સં. ૧૫૦૨

(દોહા)

માતા સરસતિ દેવિ કન્હઈ, એક સુવચન માગું,
જે કવિરાજ આગઈ હૂઆએ, તેહ ચરણે લાગું.

- સંવેગસુંદરકૃત સારશિખામણ રાસ સં. ૧૫૪૮

(વસ્તુ)

આદિ જિણવર આદિ જિણવર પમુહ ચઉવીસ
તિત્થંકર પણમેવિ સવિ, ધરિય ચિત્તિ સરસતિ સામિણિ,
તિહુઅણજણમુખમંડણી, વાગવાણિ વરહંસગામિણિ,
તાસ તણઇ સુપસાઉલઈ, કરસિઉં કવિત રસાલ,
વંકચૂલ રાય પાલીઆ, નીમ ચ્યારિ સુવિસાલ.

- અજ્ઞાત કવિકૃત વંકચૂલ રાસ (૧૬ મી સદી)

૭૬૪. ગૂજરાતી ગદ્ય સાહિત્ય-પ્રત્યે પ્રથમ આવીશું. સં. ૧૫૦૧માં દેવકુલપાટકમાં (મેવાડના દેલવાડામાં) વૃદ્ધ તપાગચ્છના ભટ્ટારક શ્રી રત્નસિંહસૂરિના શિષ્ય પં. માણિક્યસુંદરગણિએ મલધારિ શ્રી હેમચંદ્રસૂરિ વિરચિત ભવભાવના સૂત્ર પર, અને તે જ વર્ષમાં ત. સોમસુંદરસૂરિ-મુનિસુંદર-જયચંદ્રસૂરિ શિ. હેમહંસગણિએ ષડાવશ્યક પર, સં. ૧૫૦૫ની આસપાસ ત. મુનિસુંદરસૂરિ શિ. વિશાલરાજે (તેમજ વિશાલરાજ-સુધાભૂષણના શિષ્ય જિનસૂરે) ગૌતમપૃચ્છા પર, સં. ૧૫૧૩માં ત. સોમસુંદર-રત્નશેખર શિ. સંવેગદેવે પિંડવિશુદ્ધિ પર, અને સં. ૧૫૧૪ માં તેમણે જ આવશ્યકની પીઠિકા પર, સં. ૧૫૧૫માં કીર્ત્તિરત્ન-ક્ષાંતિરત્ન શિષ્ય ધર્મદેવગણિએ તપોરત્ન ઉપાધ્યાયકૃત ટીકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર આધાર રાખી **ષષ્ઠીશતક**પર, સં. ૧૫૧૭માં મડાહડ ગચ્છના **કમલપ્રભ** શિ. **અમરચંદ્રે** કલ્પસૂત્ર પર (કે જેની તે જ વર્ષમાં લખેલી પ્રત લીં. દા. ૧૨ પ્રત નં. ૪૨ મોજૂદ છે), સં. ૧૫૨૫માં ખ. **જિનભદ્રસૂરિ**-રત્નમૂર્ત્તિ શિ. **મેરૂસુન્દર** ઉપાધ્યાયે તરૂણપ્રભાચાર્યના બાલાવબોધને અનુસરીને **ષડાવશ્યક** પર માંડવગઢમાં, તેમજ ત્યાંજ **શીલોપદેશમાળા** {*સં. ભાયાણી*} પર, **પુષ્પમાલા** પ્રકરણ, **કલ્પપ્રકરણ**, **પંચનિર્ગ્રન્થી**, **કર્પૂરપ્રકર**, **ષષ્ઠીશતક** અને **યોગશાસ્ત્ર** પર, સં. ૧૫૨૯માં વૃદ્ધ તપાગચ્છના **જયતિલકસૂરિ**ના શિ. **દયાસિંહગણિએ** **ક્ષેત્રસમાસ** પર ગૂજરાતી ભાષામાં બાળાવબોધ રચ્યા. વળી **પાંડવચરિત્ર**ની ગૂજરાતી ગદ્યમાં સં. ૧૫૯૧માં લખેલી પ્રત પાટણસંઘના ભંડારમાં છે.

૭૬૫. આ ઉપરાંત **પાર્શ્વચંદ્ર** અને તેમની શિષ્યપરંપરાએ ભાષામાં રચેલા બાળાવબોધ પર પોતાના સંપ્રદાયનો મોટો આધાર રાખ્યો છે. **પાર્શ્વચંદ્રે** **તંદુલવેયાલી** પયન્ના, **આચારાંગ** પ્રથમસ્કંધ, ઉત્તરાધ્યયનસૂત્ર (૧૬૧ સને ૧૮૭૧-૭૨ ભાં.ઈ.), **પ્રશ્નવ્યાકરણ**, **ઔપપાતિક** (ઉવવાઈ), **સૂત્રકૃતાંગ**-એ સૂત્રોપર, **જંબૂચરિત્ર** અને ભાષાના ૪૨ ભેદ પર બાળાવબોધ રચ્યા છે અને **પ્રતિમા-સમાચારી** આદિ પર ચર્ચા, **લોંકાઓ** સાથે ૧૨૨ બોલની ચર્ચા કરેલી લખી છે. **પાર્શ્વચંદ્ર** શિ. **સમરચંદ્રસૂરિએ** **સંસ્તારક** પ્રકીર્ણક પર, **ષડાવશ્યક** પર અને ઉત્તરાધ્યયન પર બાળાવબોધ રચેલ છે.

૭૬૬. ગૂજરાતી જૈન કવિતાઓમાં-સોળમાં શતકમાં આદિ કવિ શ્રાવક **દેપાલ** (દેપા)ને ગણી શકાય. તેની કવિતાઓ ૧૫૦૧ થી ૧૫૩૪ સુધીની મળી આવે છે. તે સમયમાં થયેલા **નરસિંહ** મહેતાનો તે સમકાલીન હતો. તેની મોટી કૃતિઓ **જાવડ ભાવડ** (વિક્રમરાજાના વખતના શત્રુંજયના ઉદ્ધાર કરનાર)નો રાસ, શ્રીમહાવીર સમયમાં થયેલા **રોહિણેય** ચોરનો રાસ, **ચંદનબાલા**ની ચોપાઈ, તથા શ્રેણિક રાજાનો રાસ (લખ્યા સં. ૧૫૨૬ પહેલાં), **જંબૂસ્વામી** પંચભવ વર્ણન (સં. ૧૫૨૨), **આર્દ્રકુમાર** ધવલ, **સમ્યક્ત્વ** બાર વ્રત કુલક ચોપઈ (સં. ૧૫૩૪) છે અને નાની કૃતિઓમાં **સ્થૂલિભદ્ર** કક્કા વાળી, **સ્થૂલિભદ્ર** ફાગ, **થાવચ્ચા** કુમાર ભાસ, **હરિયાળી** છે ને તેની રચેલી **સ્નાત્ર**પૂજા પ્રસિદ્ધ છે.

૭૬૭. મુનિસુન્દરસૂરિ શિષ્ય **સંઘવિમલે**(?) **સુદર્શન**શ્રેષ્ઠી રાસ તથા આગમ ગચ્છ **હેમરત્નસૂરિશિ. સાધુમેરૂએ** **પુણ્યસાર** રાસ (સં. ૧૫૦૧), **ધનદેવગણિએ** **સુરંગાભિધાન** **નેમિફાગ** (સં. ૧૫૦૨), ત. **રત્નશેખરસૂરિ**-**ઉદયનંદિ** શિ. **સંઘકલશ** ગણિએ તલવાડામાં અષ્ટભાષામાં **સમ્યક્ત્વરાસ** (સં. ૧૫૦૫), ઉપકેશગચ્છના **આનંદમુનિએ** **ધર્મલક્ષ્મી** મહત્તરા ભાસ (સં. ૧૫૦૭), બૃ. ત. **રત્નસિંહસૂરિ** શિષ્યે **રત્નચૂડ** રાસ (સં.૧૫૦૯) અને સં.૧૫૧૬માં **જંબૂસ્વામી** રાસ રચેલ છે. સં. ૧૫૧૩માં લખાયેલ **આસાયતકૃત** **હંસવત્સ** કથા ચોપઈ મળે છે. આ સમયમાં **રત્નાકરે** **આદિનાથ** જન્માભિષેક અને આગમગચ્છીય **ગુણરત્નસૂરિ** શિષ્ય **દેવરત્ને** **ગજસિંહકુમાર** રાસ રચેલ છે.

૭૬૮. આં. **જયકીર્ત્તિસૂરિ** શિ. **ઋષિવર્દ્ધને** ચિતોડમાં સં. ૧૫૧૨ માં **નલદવદંતિ** રાસ, અને ઉ. **શીલસુંદર** શિ. **મતિશેખરે** સં. ૧૫૧૪માં **ધન્નારાસ**, સં. ૧૫૩૭માં **કુરગડુ** (કૂરઘટ) **મહર્ષિ** રાસ, અને તે વર્ષમાં **મયણરેહા** રાસ વળી તે ઉપરાંત **નેમિનાથ** વસંતફુલડાં, **ઈલાપુત્ર** ચરિત્ર બનાવેલ છે. ખ **જિનવર્ધનસૂરિ** શિ. **આજ્ઞાસુંદરે** સં. ૧૫૧૬માં **વિદ્યાવિલાસ** નરેંદ્ર ચો. પૌ. **સાધુરત્નસૂરિ** શિ. **મલયચંદ્રે** સં. ૧૫૧૯માં ત્રણ કૃતિઓ નામે **સિંહાસન** બત્રીશી ચો., **સિંહલસિંહકુમાર** ચો. - અપરનામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધનદેવ કથા, તથા દેવરાજ વત્સરાજ પ્રબંધ અને દિગંબર બ્રહ્મ જિનદાસે સં. ૧૫૨૦ માં હરિવંશરાસ, તેમજ તે અરસામાં તેમણે બીજા રાસો નામે યશોધર રાસ, આદિનાથ રાસ, કરકંડુ મુનિ રાસ, હનુમંત રાસ, સમકિત સાર રાસ રચેલ છે.

૭૬૯. જાંબૂગ્રામના શ્રીમાલ શ્રાવક પેથાએ (૧૪૯૪-૧૫૪૨ વચમાં) પાર્શ્વનાથ દશ ભવ વિવાહલો, સં. ૧૫૨૧માં લખમણ શ્રાવકે મહાવીરચરિત સ્તવન, ચિહુંગતિની વેલી અને સિદ્ધાંતસાર-પ્રવચનસાર રાસ, સં. ૧૫૨૩માં શ્રાવક વચ્છે મૃગાંકલેખા રાસ, નાગેંદ્ર ગચ્છના ગુણદેવસૂરિ શિ. જ્ઞાનસાગરસૂરિએ સં. ૧૫૨૩માં જીવભવ સ્થિતિ રાસ, અને સં. ૧૫૩૧માં સિદ્ધચક્ર-શ્રીપાલ રાસ, ખૃ. ત. રત્નાકર પક્ષના જ્ઞાનસાગરસૂરિ શિ. ઉદયધર્મના શિષ્ય મંગલધર્મે સં. ૧૫૨૩માં મંગલકલશ રાસ, દેવકીર્ત્તિએ સં. ૧૫૩૧માં ધન્નાશાલિભદ્ર રાસ અને આગમગચ્છીય મતિસાગર શિ. ઉદયધર્મે સં. ૧૫૪૩માં મલયસુંદરી રાસ તથા સં. ૧૫૫૦માં કથાબત્રીસી રચેલ છે.[૪૮૧]

૭૭૦. લાવણ્યસમયયુગ-લાવણ્યસમય નામના એક નામી જૈનકવિ આ યુગમાં થયેલ છે. તેમનો કાવ્યકાલ સં. ૧૫૪૦થી શરૂ થાય છે. જન્મ અમદાવાદમાં સં. ૧૫૨૧માં, દીક્ષા તપગચ્છના લક્ષ્મીસાગરસૂરિ પાસે પાટણમાં સં. ૧૫૨૯માં લીધા પછી "સરસ્વતી માતાએ કરેલી કૃપા વડે મને સોળમા વર્ષમાં (સં. ૧૫૩૭માં) વાણી (કવિત્વ શક્તિ) ઉદ્ભવી જેનાથી મેં છંદ કવિતા ચોપાઇ અને સુંદર રાસ રચ્યાં, વળી અનેક પ્રકારનાં રાગ રાગણીવાળાં ગીત અને સરસ સંવાદ રચ્યાં", એમ પોતે પોતાના વિમલપ્રબંધની પ્રશસ્તિમાં જણાવે છે. સં. ૧૫૫૫માં પોતાને પંડિત પદ મળ્યું.

૭૭૧. તેમની કૃતિઓ-સિદ્ધાંત ચોપઈ કે જેમાં લોંકા મતનું ખંડન કર્યું છે. સં. ૧૫૪૩ (મુદ્રિત જૈનયુગ વૈશાખ-જેઠ સં. ૧૯૮૬ નો સંયુક્ત અંક), સ્થૂલિભદ્ર એકવીશો નામનું એક ટૂંકું રસિક કાવ્ય સં. ૧૫૫૩, ગૌતમ પૃચ્છા, ચોપઈ સં. ૧૫૫૪ માં રચી. નાની કૃતિઓમાં નવપલ્લવ પાર્શ્વનાથ સ્ત. સં. ૧૫૫૮, અને સં. ૧૫૬૨માં વામજમાં આલોયણ વિનતિ, સેરીસા પાર્શ્વસ્તવ, નેમિનાથ હમચડી, રાવણ મંદોદરી સંવાદ, વૈરાગ્ય વિનતિ રચી. સં. ૧૫૬૪માં રંગરત્નાકર નેમિનાથ પ્રબંધ વિવિધ છંદમાં અને સં. ૧૫૬૭માં સુરપ્રિય કેવલી રાસ રચ્યાં.

૭૭૨. ઐતિહાસિક પ્રબંધમાં સં. ૧૫૬૮માં વિમલ મંત્રીના પર વિમલ પ્રબંધ (શ્રી મણિલાલ બ. વ્યાસે સંપાદિત કરી પ્રકટ કર્યો છે), સુમતિસાધુસૂરિ વિવાહલો (તેમની દીક્ષાના વર્ણન રૂપ) અને સં. ૧૫૮૯માં ત્રણ પ્રબંધ જેવા રાસ નામે ખિમ ઋષિ, બલિભદ્ર અને યશોભદ્રસૂરિ રાસ રચી અમદાવાદમાં પૂર્ણ કર્યા. (મુદ્રિત ઐ. રાસ સંગ્રહ.)

૭૭૩. દેવરાજ વચ્છરાજ ચોપઈ કતપુર (કુતુબપરા) માં રચી, તેની સં. ૧૫૭૫માં લખેલી પ્રત મળે છે. ૧૫૭૫ માં કરસંવાદ, ૧૫૮૫ (૮૬) અંતરિક્ષ પાર્શ્વસ્તવ આદિ પુષ્કળ નાની કૃતિઓ મળે છે.[૪૮૨] આ ઉચ્ચ પ્રતિના સંસ્કારી કવિનું વિસ્તૃત વર્ણન સ્વ. મણિલાલ બકોરભાઈ વ્યાસે

૪૮૧. જુઓ જૈન ગૂર્જર કવિઓ પ્રથમ ભાગ પૃ. ૩૭ થી ૬૮ કે જે પરથી તેમજ તે પ્રકટ થયા પછીની મારી વિશેષ શોધને આધારે અત્ર વધુ નામનો નિર્દેશ કર્યો છે.

૪૮૨. જુઓ જૈન ગૂર્જર કવિઓ પ્રથમ ભાગ પૃ. ૬૮ થી ૮૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરેલું સાહિત્ય સંસદ તરફથી પ્રસિદ્ધ થનાર છે એટલે વિશેષ અત્ર વિવેચન કર્યું નથી. તેમણે આ સમયમાં જેટલી સુંદર કૃતિઓ રચી છે તેટલી કૃતિઓ કોઈ જૈન કવિએ રચી નથી તેથી આ સમયને 'લાવણ્યસમય યુગ' એ નામ આપીશું તો અસ્થાને નહીં ગણાય.

૭૭૪. આ સમય દરમ્યાન અન્ય કવિઓ કૃત ભાષાકાવ્યકૃતિઓ જોઈએ:-ઉપદેશ રૂપે કોરંટગચ્છના **સ**ર્વદેવસૂરિ શિ. **ન**ન્નસૂરિએ **વિ**ચાર ચોસઠીનું ટુંકું કાવ્ય સં. ૧૫૪૪માં અને વડતપ ગચ્છના **જિ**નરત્નસૂરિ-જયસુંદર શિ. **સં**વેગસુંદરે **સા**રશિખામણ રાસ નામની મોટી કૃતિ સં. ૧૫૪૮માં રચી છે. વાર્ત્તા રૂપે ઉપકેશ ગચ્છના **ર**ત્નસમુદ્ર શિ. **સ**હજસુંદરે ૧૫૮૨ આસપાસ **શુ**કરાજ સાહેલી રચી છે.

૭૭૫. જૈન પૌરાણિક સાહિત્યમાંથી કથા રૂપે અનેક કાવ્ય કૃતિઓ મૂકાઈ છે. બિવંદણિક ગચ્છના દેવગુપ્તિસુરિ શિ. **સિ**ંહકુલે ૧૫૫૦માં **મુ**નિપતિ રાજર્ષિ ચો., અને તે આસપાસ સાંડેર ગચ્છના **સુ**મતિસૂરિ શિ. **શાં**તિસૂરિએ **સા**ગરદત્ત રાસ, કક્કસૂરિ શિ. **કી**ર્ત્તિહર્ષે ૧૫૫૧ માં **સ**નત્કુમાર ચો., તે અગર કોઈ બીજા કક્કસૂરિ ના શિષ્યે **કુ**લધ્વજકુમાર રાસ, આગમ ગચ્છના કલ્યાણરાજ શિ. **ક્ષ**માકલશે તેજ વર્ષમાં **સું**દર રાજાનો રાસ, અને સં. ૧૫૫૩ માં તેમણે ઉદયપુરમાં **લ**લિતાંગકુમાર રાસ, **મૂ**લપ્રભે ગજસુકુમાર સંધિ, તથા. પૌ. **મુ**નિચંદ્રસૂરિ શિ. જયરાજે **મ**ત્સ્યોદર રાસ, સં. ૧૫૫૪ માં પૌ. **સૌ**ભાગ્યરત્નસૂરિ શિ. **ધ**ર્મદેવે હરિશ્ચંદ્ર રાસ, સં. ૧૫૫૫માં ત. હેમવિમલસૂરિના પ્રશિષ્ય **કુ**શલસંયમે હરિબળનો રાસ, સં. ૧૫૫૬માં **ને**મિકુંજરે **ગ**જસિંહરાય રાસ, ૧૫૫૭ લગભગ વડ ત. **લ**બ્ધિસાગરે **ધ્વ**જભુજંગ કુમાર ચોપાઈ, સં. ૧૫૫૭માં ત. હેમવિમલસૂરિના પ્રશિષ્ય હર્ષકુલે લાસમાં **વ**સુદેવ ચોપઈની રચના કરી.

૭૭૬. સં. ૧૫૬૧માં ઉપકેશગચ્છના કક્કસૂરિના પ્રશિષ્ય ધર્મરૂચિએ **અ**જાપુત્ર ચો. ઉપર્યુક્ત ધર્મદેવે પણ તે જ વર્ષમાં સીણીજમાં **અ**જાપુત્ર રાસ, અને સાંડેરગચ્છના ઉક્ત **શાં**તિસૂરિ શિ. ઈશ્વરસૂરિએ દશપુર-મંદસોરમાં **લ**લિતાંગચરિત્ર, સં. ૧૫૬૩માં મમ્માહડ ગચ્છના **મુ**નિસુંદરસૂરિ શિ. **પ**દ્મસાગરે **ક**યવન્ના ચો., સં. ૧૫૬૫માં મંગલપુર (માંગરોળ)માં **જ્ઞા**ને **વં**કચૂલનો રાસ, સં. ૧૫૬૭માં ખ. **જિ**નચંદ્રસૂરિ પ્રશિષ્ય **ધ**ર્મસમુદ્રે **સુ**મિત્રકુમાર રાસ, સં. ૧૫૬૮માં લખાયેલ **લ**ક્ષ્મણ કૃત **શા**લિભદ્ર વિવાહલો, સં. ૧૫૬૯માં ઉપકેશગચ્છના **દે**વકલ્લોલ શિ. **દે**વકલશે **ઋ**ષિદત્તા ચો., સં. ૧૫૭૧માં ત. હેમવિમલસૂરિના પ્રશિષ્ય **સુ**રહંસ શિ. **લા**વણ્યરત્ને દેવગિરિમાં **વ**ત્સરાજ દેવરાજરાસ, સં. ૧૫૭૨માં **અ**મીપાલ શ્રાવકે **મ**હીપાલનો રાસ અને ઉપકેશ ગચ્છના **ર**ત્નસમુદ્ર શિ. સહજસુંદરે **ઋ**ષિદત્તા રાસ, અને તે **સ**હજસુંદરના **ર**ત્નસારરાસ, (સં. ૧૫૮૨) તથા **આ**ત્મરાજરાસ સં. ૧૫૮૩ અને **પ**રદેશી રાજાનો રાસ, ઉક્ત **ધ**ર્મસમુદ્રે સં. ૧૫૭૩માં **પ્ર**ભાકર ગુણાકર ચો., વડતપગચ્છના **સૌ**ભાગ્યસાગરસૂરિ શિષ્યે **ચં**પકમાલા રાસ સં. ૧૫૭૮માં, અને આશરે સં. ૧૫૭૯માં **સા**ધુરત્નસૂરિકૃત **ક**યવન્નારાસ, સં. ૧૫૮૦માં કોરંટગચ્છના **ક**ક્કસૂર શિ. **ભુ**વનકીર્ત્તિએ **ક**લાવતિચરિત્ર સં. ૧૫૮૩માં, ઉપકેશગચ્છના **સિ**દ્ધસૂરિ પ્રશિષ્ય **વિ**નયસમુદ્રે વિકાનેરમાં **આ**રામશોભા ચો., સં. ૧૫૮૪માં શ્રાવક ભીમે **અ**ગડદત્ત રાસ અને ઉક્ત **ધ**ર્મસમુદ્રે **કુ**લધ્વજ રાસ, આ સમયમાં **શાં**તિસૂરિ શિ. **ન**રશેખરે **પા**ર્શ્વનાથ પત્ની **પ્ર**ભાવતીહરણ, સં. ૧૫૮૭માં સાંડેરગચ્છના ઉક્ત **ઈ**શ્વરસૂરિના શિષ્ય **ધ**ર્મસાગરે **આ**રામનંદન ચો.,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં. ૧૫૮૮ લગભગ પાર્શ્વચંદ્રસૂરિ શિ. સમરચંદ્રે શ્રેણિકરાસ, સં. ૧૫૯૦ પહેલાં સેવક કૃત ઋષભદેવધવલપ્રબંધ, સં. ૧૫૯૧ માં આનંદપ્રમોદ કૃત શાંતિજિન વિવાહલો, અને ત. સૌભાગ્યહર્ષસૂરિ શિ. સોમવિમલસૂરિએ ધમ્મિલરાસ, આદિ બનાવેલ છે.

૭૭૭. સં. ૧૫૯૩માં પાર્શ્વચંદ્રસૂરિ શિ. બ્રહ્મે (વિનયદેવસૂરિએ) સુસઢ ચોપઈ, સં. ૧૫૯૪માં ગંધારમા ત. સૌભાગ્યહર્ષસૂરિ રાજ્યે જયકલ્યાણના શિષ્યે કૃતકર્મ રાજાધિકાર રાસ અને ખ. સાધુહર્ષ શિ. રાજશીલે અમરસેન વયરસેન ચો., સં. ૧૫૯૫ માં આગમગચ્છના કવિયણે શાંતજ ગામમાં તેતલી મંત્રી રાસ, સં. ૧૫૯૭ પહેલાં અજ્ઞાત કવિએ પૃથ્વીચંદ્ર ગુણસાગરરાસ, સં. ૧૫૯૭ માં ઉક્ત બ્રહ્મે ચાર પ્રત્યેકબુદ્ધ ચો., સં. ૧૫૯૯માં ઉક્ત વિનયસમુદ્રે તિમરામાં અંબડ ચો. તેમજ ખ. વિવેકરત્ન સૂરિ પ્રશિષ્ય રાજરત્નસૂરિએ હરિબલ માછી ચો. તથા ૧૬૦૦ લગભગમાં બ્રહ્માણ ગચ્છના વિમલસૂરિના પ્રશિષ્ય ભાવ ઉપાધ્યાયે હરિશ્ચંદ્ર રાસ રચેલ છે.

૭૭૮. નેમિનાથના અને સ્થૂલિભદ્રનાં રસિક ચરિત્રોએ સોમસુંદરસૂરિના શિષ્ય પરંપરાના રત્નમંડન ગણિને તથા ધનદેવગણિને, અને સોમસુંદરસૂરિને રસિક કાવ્ય રચવાની પ્રેરણા કરી હતી. તે જ પ્રમાણે ત્યાર પછી-અને ખાસ કરી વલ્લભીસંપ્રદાયના ઉદ્‌ભવ અને પ્રચાર પછી અનેક જૈન કવિઓને તે બંનેની વસ્તુ લઈ તે પર કાવ્ય રચવાની પ્રેરણા થઈ છે. આ સમયમાં નેમિનાથ સંબંધે ઉક્ત લાવણ્યસમયે વિધ વિધ છંદમાં રંગરત્નાકર નેમિનાથ પ્રબંધ નામનું કાવ્ય સં. ૧૫૬૪ માં રચ્યું, તે જ પ્રમાણે ઉક્ત સહજસુંદરે વિધવિધ છંદમાં ગુણરત્નાકરછંદ સં. ૧૫૭૨માં સ્થૂલિભદ્રના ચરિત્ર રૂપે સુંદર કાવ્ય રચ્યું; વળી સં. ૧૫૭૭ આસપાસ મુનિચન્દ્રે રચેલ રસાઉલો નામનું પ્રાકૃત કાવ્ય પ્રાયઃ આ સંબંધે છે. લાવણ્યસમયે નેમનાથ હમચડી રચી, અને સ્થૂલિભદ્રના સંબંધમાં સ્થૂલિભદ્ર એકવીસો રચ્યો સં. ૧૫૯૬ પહેલાં આં. ગજસાગરસૂરિશિ. પુણ્યરત્ને નેમિરાસ-યાદવ રાસ, અને ૧૬૦૦ લગભગ ઉક્ત બ્રહ્મે નેમિનાથનો વિવાહલો ૪૪ ઢાલમાં રચેલ છે. ઉક્ત પદ્મસાગરે આશરે ૧૫૬૩માં સ્થૂલિભદ્ર અઠાવીસો અને શુભવર્દ્ધન શિષ્યે સ્થૂલિભદ્રરાસ સં. ૧૫૭૫માં રચેલ છે. બુધરાજે ૧૫૮૯માં મદનરાસ રચેલ છે.

૭૭૯. જૈનદર્શનનાં નવતત્ત્વો પર રાસ ભાવસાગરસૂરિ શિષ્યે પાટણમાં સં. ૧૫૭૫માં, જૈન ધર્મનાં ચાર પર્વોપર ચતુઃપર્વી રાસ આં. ચંદ્રલાભે સં. ૧૫૭૨માં, અને દીવાળી પર્વપર રાસ ધર્મસિંહે સં. ૧૫૯૬ પહેલાં, રાત્રિભોજન ત્યાગના વ્રત ઉપર ધર્મસમુદ્રે સં. ૧૫૮૪ આસપાસ, બાર વ્રત પર ચોપઈ ગજલાભે સં. ૧૫૯૭માં, આરાધનાપર પાર્શ્વચંદ્રસૂરિએ ૧૫૯૨માં અને ત. સૌભાગ્યહર્ષસૂરિ રાજ્યે જયકલ્યાણના શિષ્યે કૃતકર્મ રાજાધિકાર રાસ ગંધારમાં સં. ૧૫૯૪માં, તેમજ લાવણ્યદેવે કર્મવિવરણરાસ રચેલ છે. જૈન વિશ્વવિદ્યા સંબંધી લઘુ ક્ષેત્ર સમાસ પર આગમ ગચ્છના ગુણમેરૂ શિ. મતિસાગરે પાટણમાં સં. ૧૫૯૪માં ચોપઈ રચી છે. જૈનના ઉપદેશાત્મક ઉત્તરાધ્યયન સૂત્રનાં ૩૬ અધ્યયન પર ઉપાધ્યાય રાજશીલે છત્રીસ ભાસ અને સં. ૧૬૦૦ લગભગમાં બ્રહ્મમુનિએ ૩૬ સઝાય રચી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૮૦. લાવણ્યસમયે જેમ કરસંવાદ રચ્યો છે તેમ સહજસુંદરે યૌવન-જરા સંવાદ રચ્યો છે.

૭૮૧. **લોકકથાનું સાહિત્ય**-ભાષામાં વિશેષ થતું જોવામાં આવે છે. જૈનેતર કવિ નરપતિએ સં. ૧૫૪૫માં સો કડીની નંદબત્રીશી રચી ને તેના પર જરા વિસ્તાર કરી ત. હેમવિમલસૂરિના પ્રશિષ્ય સિંહ (સંઘ) કુલે સં. ૧૫૬૦માં તેજ સ્વરૂપમાં તે કથાને ૧૭૨ કડીમાં મૂકી. લાવણ્ય(સમય) મુનિએ સં. ૧૫૪૮માં ૧૪૮ કડીમાં રચેલી નંદબત્રીશી હમણાં પ્રાપ્ત થઈ છે. સ્વતંત્ર પ્રયત્નો તરીકે જિનહરે વિક્રમ પંચદંડ રાસ રચ્યો કે જે શામળભટ્ટની પંચદંડની વાત સાથે સરખાવી શકાય. સં. ૧૫૬૩માં ઉક્ત રાજશીલ ઉપાધ્યાયે ચિત્રકૂટમાં વિક્રમાદિત્ય ખાપરા રાસ રચ્યો. પૌ. વિનયતિલકસૂરિ શિ. ઉદયભાનુએ સં. ૧૫૬૫માં વિક્રમસેન રાસ રચ્યો તે સંબંધે સ્વ. મણિલાલ વ્યાસે લખ્યું છે કે "તે ૫૬૬ ટુંકનો પ્રબંધ છે તે દરેક રીતે શામળભટ્ટની વાતો સાથે હરીફાઈ કરે તેવો છે; અર્થાત્ આ પ્રબંધની રચના શામળભટ્ટની વાતોથી ઉતરતા પ્રકારની નથી." સં. ૧૫૯૬માં સ્વર્ગવાસ પામેલા ત. આનંદવિમલ સૂરિના શિષ્ય ધર્મસિંહે પણ વિક્રમ રાસ રચેલો નોંધાયો છે. આશરે સં. ૧૫૬૨માં કડવાએ અને સં. ૧૫૬૩માં ઉક્ત પદ્મસાગરે લીલાવતી સુમતિવિલાસ રાસ રચ્યા છે. બ્રહ્માણ ગચ્છના ઉક્ત ભાવ ઉપાધ્યાયે મુનિરત્ન સૂરિના સં. અંબડચરિત્ર {પ્ર. હર્ષપુષ્પા.} પરથી અંબડરાસ રચ્યો છે.

૭૮૨. આ લોકકથાસાહિત્યને જૈનો મૂળથી ખેડતા આવ્યા છે. ઐતિહાસિક પ્રબંધો રચવાની પ્રણાલિકા તેમણે પાડી હતી અને તે શ્રી હેમચંદ્રાચાર્યના દ્વ્યાશ્રય કાવ્ય પછી શરૂ થયેલી છે. આ પરથી તેમજ સત્તરમાં સૈકામાં જૈનોએ વિશેષ ખેડેલ લોકસાહિત્યપરથી અઢારમા શતકમાં થયેલ શામળ ભટ્ટ લોકકથાનો આદિ પ્રવર્ત્તક છે. એમ હવે કહી નહિ શકાય. સત્તરમા શતકમાં પણ આવું ઘણું સાહિત્ય જૈનકૃત મળી આવે છે તે તે શતકમાં જણાવીશું. વળી આ જૈનેતર કવિઓ પોતાની વસ્તુ પોતાથી પૂર્વગામી જૈનકૃતિઓ પરથી પણ લેતા હોય, યા જૈન કે જૈનેતરનો સામાન્ય આશ્રય સંસ્કૃત ગ્રંથોનો પણ હોય એ એક બીજાને સરખાવવાથી સમજી શકાશે.

૭૮૩. જૈનો પોતાના આચાર્ય, મહાપુરુષો, મંદિરો, તીર્થો આદિનો ઈતિહાસ પણ કવિતામાં મૂકતા. શ્રી મહાવીરના પ્રશિષ્ય જંબૂ સ્વામી માટે ઉક્ત રત્નસિંહસૂરિ શિષ્યે સં. ૧૫૧૬માં જંબૂસ્વામી રાસ, ઉક્ત સહજસુંદરે સં. ૧૫૭૨માં જંબૂ અંતરંગરાસ (વિવાહલો), તે જંબૂસ્વામીની પાટ પર થયેલા વજ્રસ્વામીનો રાસ ઉક્ત ધર્મદેવે સં. ૧૫૬૩માં રચેલ છેઃ તે પ્રાચીન પુરુષોની વાત એક બાજુએ રાખીએ, પણ બીજી બાજુ તપાગચ્છના હેમવિમલસૂરિ સંબંધી ફાગ તેમના પ્રશિષ્ય હંસધીરે સં. ૧૫૫૪માં, અને તેમના બીજા પ્રશિષ્ય હંસસોમે પૂર્વ દિશામાં આવેલાં જૈન તીર્થો અને મંદિરો સંબંધે પૂર્વ દેશ ચૈત્યરાસ સં. ૧૫૬૫માં, તેમના ત્રીજા શિષ્ય અનંતહંસે ઈડરગઢના ચૈત્યોનાં વર્ણન રૂપે ઈલા પ્રાકાર ચૈત્યપરિપાટી સં. ૧૫૭૦ લગભગ, ખીમાએ શત્રુંજયનાં મંદિરોની શત્રુંજય ચૈત્યપરિપાટી, આં. ભાવસાગરસૂરિ શિ. લાભમંડને ધનસાર પંચશાલિનો રાસ સં. ૧૫૮૩માં પાર્શ્વચંદ્રે વસ્તુપાલ-તેજપાલ રાસ સં. ૧૫૯૭માં અને તેજ વર્ષમાં ત. આનંદવિમલસૂરિનો રાસ ત. વિજયદાનસૂરિ શિ. વાસણે રચેલ છે. ઉક્ત બ્રહ્મમુનિએ સુધર્મગચ્છ પરીક્ષા ચોપઈ સં. ૧૬૦૦ લગભગમાં રચી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં આચાર્યોનો ટુંક ઉલ્લેખ રૂપે પરંપરાગત વૃત્તાંત છે. લાવણ્યસમયના વિમલ-પ્રબંધ સંબંધે અગાઉ કહેવાઈ ગયું છે.

૭૮૪. એક સુંદર ભાષાંતર અત્રે નોંધવા યોગ્ય છે. જૈનેતર બિલ્હણકવિ કૃત સંસ્કૃત બિલ્હણ પંચાશિકા અને શશિકલા પંચાશિકા સોળમા શતકના પ્રારંભે લગભગ થયેલ જ્ઞાનાચાર્ય નામના જૈન સાધુએ હૃદયંગમ ભાષામાં અવતારી છે.

૭૮૫. આ શતકમાં જૈનેતર ગૂજરાતી કવિઓમાં નરસિંહ મહેતા (કાવ્યકાલ ૧૫૧૨ થી ૧૫૩૭ લગભગ), ભાલણ (કાવ્યકાલ સં. ૧૫૧૫ થી ૧૫૭૦ લગભગ), કેશવ ૧૫૨૯, ભીમ ૧૫૫૦, નાકર (લગભગ ૧૫૫૦-૧૬૩૨) થયેલા ઉપલબ્ધ થાય છે, જ્યારે જૈન ગૂર્જર કવિઓ વર્ષાનુક્રમે ઉપર બતાવ્યા પ્રમાણે કેટલા બધા થયા છે તે સ્પષ્ટપણે જોઈ શકાય તેમ છે. સ્તવનો આદિ તેમજ બીજી નાની-ટૂંકી કૃતિઓ તો પાર્શ્વચંદ્ર આદિ જ્ઞાત અજ્ઞાત ઘણાઓએ ઘણી રચી છે કે જેનો ઉલ્લેખ અત્રે કરવામાં આવ્યો નથી.[૪૮૩]

૭૮૬. 'ઓસવાળમાં લાવી જૈન બનાવવાનો છેલ્લામાં છેલ્લો બનાવ સં. ૧૬૦૦માં બન્યો. એ પછી એ પ્રથા બંધ પડી ગઈ-કારણ એમ થયું કે જૈન ધર્મમાં અંદર અંદરનો વિરોધ બહુ પ્રબળ થઈ પડ્યો. ખરતરગચ્છ અને તપાગચ્છ વચ્ચે વૈમનસ્ય અને ઘૃણા હતાં. સામાન્ય રીતે ખરતરગચ્છીય સાધુઓ મારવાડ મેવાડમાં વિહરતા અને તપાગચ્છીય ગૂજરાતમાં વિહરતા. વળી અમદાવાદમાં લોંકાશાહે સ્થાપેલો સંપ્રદાય મૂર્તિપૂજા અને તેના ઉપદેશક સાધુઓનો પ્રબળ હરીફ થઈ પડ્યો. અંદર અંદરના વિખવાદથી ધર્માચાર્યોનું મહત્ત્વ ઘટ્યું અને તેમના હાથ નિર્બળ થઈ ગયા.'[૪૮૪] આવા સમયે તે સર્વનું નિવારણ કરવા અને ધર્મસ્થિતિનું પુનઃસ્થાપન કરવા અર્થે જ હીરવિજયસૂરિ થયા હોય નહીં એમ લાગી આવે છે. તેમના સંબંધી હવે વિવેચન કરીશું.

૭૮૭. ધર્મનો ઉદ્યોત મહાન નૃપોને પ્રતિબોધી ધર્મસંમુખ કરવાથી ઘણો થાય છે. કારણ કે 'यथा राजा तथा प्रजा' - જેવો રાજા તેવી પ્રજા થાય છે, અને 'राजा कालस्य कारणं' -રાજા કાલનું કારણ છે અર્થાત્ જમાનાને બદલી નાંખવામાં રાજા એ પ્રબળ નિમિત્તભૂત છે. આના દૃષ્ટાંતમાં શ્રીમાન્ મહાવીર ભગવાને મગધરાજ શ્રેણિકને પ્રતિબોધ્યા હતા; તથા તેમની પરંપરામાં અનેક આચાર્યોએ અનેક નૃપોને ધર્મસંમુખ કર્યા. તે સર્વમાં છેલ્લો પ્રસિદ્ધ દાખલો શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે પ્રાયઃ સિદ્ધરાજ જયસિંહને અને પૂર્ણ રીતે કુમારપાલ રાજાને પ્રતિબોધ્યાનો છે. ત્યાર પછી જૈન ધર્મની અહિંસાની ઉંડી છાપ અકબર બાદશાહ ઉપર પાડવામાં હીરવિજયસૂરિએ મુખ્યપણે ભારે ભાગ ભજવ્યો છે અને તેમના શિષ્યોએ પણ તેમાં પૂર્ત્તિ કરી છે. આથી આ પછીના એક શતકના યુગને તે સૂરિના નામ પરથી 'હૈરક યુગ' કહેવામાં આવ્યો છે.

---

૪૮૩. જુઓ સોળમી સદીના જૈન કવિઓ માટે 'જૈન ગૂર્જર કવિઓ' પ્રથમ ભાગ પૃ. ૩૭ થી ૧૮૦.

૪૮૪. સ્વ. મણિલાલ બ. વ્યાસ કૃ. 'શ્રીમાળી (વાણીઆ)ઓના જ્ઞાતિભેદ' પૃ. ૮૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલાક પ્રકાશનો

[મયણપરાજયચરિઉ - હરિદેવ સં. હીરાલાલ જૈન, પ્ર.ભા.જ્ઞા.

દ્વિવર્ણરત્નમાલિકા-પુણ્યરત્નસૂરિ + ટીકા-ગમર્ષિ સં. મુનિ યશોવિ. પ્ર. જિ.આ.ટ્ર.

પ્રબંધકોષ - રાજશેખરસૂરિ - પ્ર. સીંધી ગ્રં.

શ્રીધરના અપભ્રંશ ગ્રંથો - વડ્ઢમાણચરિઉ સં. રાજારામ જૈન, પ્ર.ભા.જ્ઞા.

ભવિસયત્ત ચરિઉ, **સુકુમાલચરિઉ** હ.વિ.પ્રત આમેર શાસ્ત્ર ભંડાર જયપુર.

સિરિવાલચરિઉ - નરસેનદેવ સં. ડૉ. દેવેન્દ્રકુમાર જૈન પ્ર.ભા.જ્ઞા. (હિન્દી અનુ.સાથે)

સંધિકાવ્યસમુચ્ચય - વિવિધ કર્તાઓ - સં. ર.મ.શાહ પ્ર. લા.દ.વિ. (૧૬ સંધિનો સંગ્રહ)

પ્રાચીન ગૂર્જર કાવ્ય સંચય - સં. ભાયાણી અને અગરચંદ નાહટા, પ્ર.લા.દ. (સંધિ-વસ્તુ-રાસ-ભાસ-ફાગ આદિ ૪૦ કૃતિનો સંગ્રહ)

રત્નચૂડરાસ-સં.હ.ચૂ.ભાયાણી, પ્ર.લા.દ.

સંખિત્તતરંગવઈ કહા (તરંગ લોલા) પાદલિપ્તાચાર્ય - સં. હ.ચૂ.ભાયાણી ગુ.ભા.સાથે પ્ર.લા.દ.

જંબૂસામિચરિઉ - **વીરકવિ** ડૉ. વિમલપ્રકાશજૈનના હિંદી સાથે, પ્ર.ભા.જ્ઞા.

ધર્મ શર્માભ્યુદય - હરિશ્ચન્દ્ર + યશસ્કીર્તિટીકા + હિન્દી અનુ. પ્ર.ભા.જ્ઞા.

પુરુદેવચંદ્ર - અર્હદ્દાસ પન્નાલાલના હિંદી સાથે, પ્ર.ભા.જ્ઞા.

જંબુચરિઉ - **ગુણપાલ** - પ્ર.સીંધી ગ્રં.

ભુવનભાનુ કેવલી ચરિય - ઈંદ્રહંસગણી, સં. ૨. મ. શાહ પ્ર. લા.દ.

ગાહારયણકોસ - જિનેશ્વરસૂરિ, સં. અમૃતલાલ ભોજક, પ્ર.લા.દ.

મુનિસુવ્રતકાવ્ય - અર્હદ્દાસ સં. સુદર્શનલાલ જૈન પ્ર. સિંઘઈ ટોડરમલ કટની.

શ્રેણિક ચ. દેવેન્દ્રસૂરિ, પ્ર. ઋ.કે.

ઋષીદત્તારાસ - જયવંતસૂરિ - સં. નિપુણા દલાલ, પ્ર.લા.દ.

ગ્રન્થાનાં નૂતના સૂચી - સં. પુણ્યવિ (જેસલમેર કેટલોગ), પ્ર.લા.દ.

લિંબડીના જ્ઞાનભંડારની હ.લિ.પ્રતિઓનું સૂચીપત્ર - સં. ચતુરવિ., પ્ર.આ.સ.

સૂરિમન્ત્ર કલ્પ સમુચ્ચય ભા. ૧-૨ પ્ર. જૈન સાહિત્ય વિકાસ મંડલ (વિવિધ સૂરિ મંત્ર)

પ્રતિષ્ઠા લેખ સંગ્રહ - સં. વિનય સાગર ભા. ૧ પ્ર. સુમતિસદન ભા. ૨ પ્રાકૃત ભા.રતી

સૂરિમંત્ર કલ્પ સંગ્રહ - સં. અંબાલાલ પ્રે. શાહ પ્ર. સારાભાઈ નવાબ.

જિનરત્ન કોશ - એચ. ડી. વેલણકર (૫૫ જેટલા હસ્તલિખિત જ્ઞાન ભંડારોની સંકલિત સૂચી) પ્ર. ભાંડારકર ઓ. ઈસ્ટી. પુના

અપભ્રંશ ભાષા કા પારિભાષિક કોષ ડો. આદિત્ય

જૈન લક્ષણાવલી ભા. ૧-૨-૩ સંપા. બાલચંદ્ર સિદ્ધાન્ત શાસ્ત્રી પ્ર. વીર સેવા મંદિર

આગમ શબ્દ કોશ - (૧૧ અંગ શબ્દ સૂચી) પ્ર. વિશ્વ ભારતી પ્ર.

જૈનેન્દ્ર સિદ્ધાન્ત કોષ ભા. ૧-૨-૩ સંપા. જૈનેન્દ્ર વર્ણી પ્ર. ભારતીય જ્ઞાનપીઠ.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભાગ દ્વિતીય

હૈરકયુગ (સં. ૧૬૦૧ થી ૧૭૦૦)

'ભાષા' સાહિત્યનો મધ્યકાલ.

दृष्टिपूतं न्यसेत्पादं वस्त्रपूतं पिबेज्जलम् । सत्यपूतं वदेद्वाक्यं मनःपूतं समाचरेत् ॥

-બરાબર નજર રાખી ડગલું ભરવું, વસ્ત્રગાળ જળ પીવું, સત્યથી પવિત્ર થયેલું વાક્ય વદવું અને મનની પવિત્રતાપૂર્વક આચરણ કરવું. [નીતિશાસ્ત્ર-મનુસ્મૃતિ. હીરસૌભાગ્ય ટીકા પૃ. ૬૫૦]

कविता वनिता गीतिः स्वयमेवागता वरम् । बलादाकृष्यमाणापि सरसा विरसा भवेत् ॥

-કવિતા, વનિતા, સંગીત (ગાન) સ્વયમેવ આવે તો સારાં; બલથી ખેંચવામાં આવે તો રસવાળાં હોય તે પણ નિરસ બને છે. [સૂક્ત. હીરસૌભાગ્ય ટીકા પૃ. ૬૮૧]

દેવવિમલ નામના સ્વદેશાભિમાની કવિ ગૂજરાતના વર્ણનમાં (પોતાના હીરસૌભાગ્ય કાવ્યના પ્રથમ સર્ગમાં) કહે છે કે-

तद्दक्षिणार्धे सुरगेहगर्वसर्वंकषो गूर्जरनीवृदास्ते । श्रियेव रन्तुं पुरुषोत्तमेन जगत्कृताकारि विलासवेश्म ॥ २३ ॥
अशेषदेशेषु विशेषितश्री र्यो भंजिमानं वहते स्म देशः । आक्रान्तदिक्चक्र इवाखिलेषु वसुंधराभर्तृषु सार्वभौमः ॥ २४ ॥

- તે (ભરતક્ષેત્ર)ના દક્ષિણ અર્ધભાગમાં સ્વર્ગના ગર્વનું સર્વ રીતે અપહરણ કરનાર ગૂર્જર દેશ એવો છે કે જાણે પુરુષોત્તમ-વિષ્ણુ સાથે લક્ષ્મીને ક્રીડા કરવા માટે જગત્કર્ત્તાએ બનાવેલું વિલાસભવન. જેમ સર્વ ભૂમિના ઈશ સાર્વભૌમ ચક્રવર્ત્તિ આક્રાન્ત-સ્વબળથી દિક્ચક્ર જીતેલું હોવાથી સર્વ ભૂપાલોમાં વિશેષ શ્રીમાન્ હોય છે તેમ સર્વ દેશોમાં આ (ગૂર્જરમંડલ) દેશ પોતાના મહત્ત્વથી દિશાઓના ચક્ર-મંડલને આક્રાન્ત-વ્યાપ્ત કરેલું હોવાથી સાર્વભૌમ પેઠે વિશેષ શ્રીમાન્-ધનધાન્યાદિકથી સંપત્તિમાન્ દેશ તરીકે ચારૂતા-સુંદરતા વહે છે.

આચાર્યશ્રી આનંદશંકર કહે છે કે ''ગૂજરાતી ગીર્વાણ વાગ્દેવીની સેવા અલ્પ નથી અને તેથી આપણે પણ દેવવિમલગણિના શબ્દોમાં સહજ ફેરફાર કરીને સાભિમાન આનન્દપૂર્વક કહીશું કે આપણો દેશ તે-

गीर्वाणवाचः पुरुषोत्तमेन जगत्कृताकारि विलासवेश्म ।

=''જગત્કર્તા પરમાત્માએ આ દેશને ગીર્વાણવાગ્દેવીનું વિલાસભવન બનાવ્યો છે-''

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૧ હીરવિજયસૂરિનું વૃત્તાંત. (હૈરકયુગ - સં. ૧૬૦૧ થી ૧૭૦૦)

गच्छेऽस्मिन्नथ चारुहीरविजया भट्टारकत्वं गता, निर्ग्रन्थान् द्विसहस्रमानगणितान् संशिक्षयन्त्यादृताः ।
वाक्यै र्हृद्रुचितै र्मितै र्हितकरै र्जैनेरिवाकर्कशै-श्चारित्रोपकृतिप्रदानविधिना सन्तोषयन्ति क्रमात् ॥ ३८ ॥

देशे यत्र पुरेषु येषु विहृतिं चक्रुस्त्विमे सूरयः, सप्तक्षेत्रधनव्ययो धनिकृतस्तत्राऽभवत्तेषु वा ।
जीवाऽमारिरहर्निशं व्रतकृति र्दीनोद्धृतिर्भाविनां, प्रासादोद्धरणं च भक्तिकरणं साधर्मिकाणां पुनः ॥ ३९ ॥

ईदृग् देव इहाऽस्ति बिम्बरचनाध्येयोऽधुना सिद्धिद-श्चित्ते मे सुगुरुस्तु संयमधनः स्वान्यात्मतुल्याशयः ।
मित्रे शत्रुचये समोऽश्मनि मणौ स्त्रैणे तृणौघे पुन- र्नाम्ना साम्प्रतमस्ति **हीर**विजयाचार्यः सुसाधूत्तमः ॥ १३१ ॥
-पद्मसागर-जगदगुरुकाव्यं. सं. १६४६

- આ ગચ્છમાં સુન્દર એવા **હીર**વિજય ભટ્ટારકપણાને પામ્યા કે જેઓ આદર પામીને બે હજાર જેટલા નિર્ગ્રન્થ-સાધુઓને સંશિક્ષણ આપે છે અને ક્રમે હૃદયરૂચિર મિત હિતકર અને જિનની પેઠે અકર્કશ વાક્યોથી ચારિત્ર એટલે દીક્ષા રૂપી ઉપકારના પ્રદાનની વિધિ વડે સંતોષ પમાડે છે.

- જે જે દેશમાં જે જે શહેરમાં આ સૂરિએ વિહાર કર્યો ત્યાં ત્યાં ધનિકો સાતે ક્ષેત્રોમાં ધનનો વ્યય કરતા, તથા જીવની અમારિ, હમેશાં વ્રતગ્રહણ દીનોનો ઉદ્ધાર, ભવિકોથી પ્રાસાદોનો ઉદ્ધાર અને સ્વધર્મીઓની ભક્તિનું કાર્ય થતાં હતાં.

-(**ચાં**પાબાઈ **અ**કબરને કહે છે કે) આવા અમારા દેવ છે કે જેની પ્રતિમા રચીને જેનું અમે ધ્યાન ધરીએ છીએ અને જે સિદ્ધિ આપે છે, તથા અમારા ચિત્તમાં હમણાં સુગરુ તો સુસાધુઓમાં ઉત્તમ એવા **હીર**વિજયાચાર્ય નામના છે કે જેમનું ધન તે સંયમ જ છે, જેમનો આશય પોતાના અને પારકાને આત્મતુલ્ય ગણવાનો છે, અને જેઓ મિત્ર અને શત્રુના સમૂહને, પથ્થર અને મણિને, સ્ત્રી અને તૃણમાં સમદૃષ્ટિ છે.

૭૮૮. આચાર્ય સંબંધી વૃત્તાંત આપતાં સમકાલીન સાધનો અનેક છે.[૪૮૫] તેથી તેમની સવિસ્તર હકીકતો પુષ્કળ મળી શકે છે કે જેના માટે એક મ્હોટું પુસ્તક લખી શકાય. અહીં તો ટુંકમાં તે સર્વ પરથી-મુખ્યપણે **હીર**સૌભાગ્યમાંથી સાર રૂપે જણાવીશું.

૭૮૯. પાલણપુરમાં **કું**રા નામના ઓસવાલને ત્યાં માતા **નાથી**બાઈથી સં. ૧૫૮૩માં જન્મ પામી **હીરો** તેર વર્ષનો થયો ત્યારે માતાપિતા બે પુત્ર ને બે પુત્રી મૂકી સદ્‌ગત થયા હતા. તેણે પાટણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાની બહેનને ત્યાં જતાં તપાગચ્છના વિજયદાનસૂરિનો ઉપદેશ સાંભળી સંસારત્યાગ કરવાનો નિશ્ચય કર્યો. તેની બહેને ઘણું સમજાવવા છતાં નિશ્ચય ન ડગ્યો એટલે તેણીએ તથા અન્ય સગાંએ આજ્ઞા આપી અને તે સૂરિ પાસે તેણે સાધુ દીક્ષા લીધી. સં. ૧૫૯૬. (જગદ્‌ગુરુ કાવ્ય કહે છે કે આ વખતે પિતા વિદ્યમાન હોઈ બહેને તેને કુટુંબસહિત પાટણ બોલાવ્યા. પુત્રે પિતા બહેન વા માતાને પ્રબોધી અનુમતિ લઈ દીક્ષા લીધી.) મુનિ હીરવર્ષે ગુરુ પાસે સમગ્ર વાઙ્મયશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ગુરુએ પછી ધર્મસાગર મુનિ સાથે દક્ષિણના દેવગિરિમાં નૈયાયિક બ્રાહ્મણ પાસેથી ન્યાય શીખવા જવા આજ્ઞા આપી. ત્યાં વિધવિધ પ્રમાણશાસ્ત્રો-તર્કપરિભાષા, મિતભાષિણી, શશધર, મણિકંઠ, વરદરાજી, પ્રશસ્તપાદ ભાષ્ય, વર્ધમાન, વર્ધમાનેન્દુ, કિરણાવલી પ્રમુખનું અધ્યયન કરી બ્રાહ્મણ પંડિતને સારું પારિતોષિક અપાવ્યું. તે પંડિતે ચિંતામણિ નામનો ગ્રંથ આપ્યો. લક્ષણ (વ્યાકરણ), સામુદ્રિક, જ્યોતિષ અને રઘુવંશાદિ કાવ્યોમાં પણ નિપુણતા મેળવી. આ અભ્યાસનું ખર્ચ ત્યાંના સંઘે અને શેઠ દેવસી તથા તેની પત્નીએ આપ્યું. પછી મરૂદેશમાં ગુરુ પાસે જતાં ગુરુએ તેમને નડુલાઈ (નારદપુર)માં સં. ૧૬૦૭માં પંડિતનું પદ આપ્યું, અને ત્યાર બાદ ત્યાં સં. ૧૬૦૮માં વાચક-ઉપાધ્યાય પદ આપ્યું; બે વર્ષ પછી સં. ૧૬૧૦માં સિરોહીમાં આચાર્ય પદે સ્થાપી નામ હીરવિજયસૂરિ આપ્યું. તેનો ઉત્સવ દૂદા રાજાના જૈન મંત્રી ચાંગા નામના સંઘવીએ કર્યો કે જે ચાંગો રાણપુરના પ્રસિદ્ધ પ્રાસાદના કરનાર સં. ધરણાકનો વંશજ હતો. રાજાએ પોતાના રાજ્યમાં પ્રાણીઓની હિંસાનો નિષેધ કર્યો. પછી બંને આચાર્યો પાટણ જતાં ત્યાં રાજઅમલ કરતા પઠાણ યવન શેરખાન (અહમદશાહ બીજાના વખતમાં પાટણનો સૂબેદાર) ના સચિવ સમરથ ભણશાલીએ ગચ્છાનુજ્ઞા મહોત્સવ કર્યો. સુરત અને પછી વડલી જતાં ત્યાં સં. ૧૬૨૧માં વિજયદાનસૂરિ સ્વર્ગસ્થ થતાં હીરવિજયસૂરિ તપાગચ્છના નાયક થયા. ડીસા, અને અનુક્રમે વિહાર કરતાં અમદાવાદ આવી સં. ૧૬૨૮માં વિજયસેનને આચાર્યપદ આપ્યું અને લુંપાક (લોંકા) ગચ્છના મેઘજી ઋષિએ પોતાનો મૂર્ત્તિનિષેધક ગચ્છ તજી હીરવિજયસૂરિનો

---

૪૮૫. સંસ્કૃતમાં ૧ સં. ૧૬૪૬ માં પદ્મસાગરકૃત જગદ્‌ગુરુકાવ્ય, જે કાવ્ય હીરવિજયસૂરિ અકબર બાદશાહ પાસેથી છેવટના પાછા ફરી ગૂજરાત આવવાના સમાચાર સાંભળી કવિએ માંગરોળમાં રચી તે સૂરિને ભેટ તરીકે અર્પણ કર્યું હતું. ૨ સં. ૧૬૪૬-૪૮ ધર્મસાગરકૃત તપાગચ્છ પટ્ટાવલી ૩ શાંતિચંદ્રકૃત કૃપારસકોશ ૪ દેવવિમલકૃત હીરસૌભાગ્ય મહાકાવ્ય કે જેનો ઉલ્લેખ ઉક્ત ધર્મસાગરીય પટ્ટાવલીમાં પણ કર્યો છે તેથી તેની પહેલાં એટલે સં. ૧૬૪૬ પહેલાં રચાતું આવતું હશે એમ જણાય છે અને તેના પર સ્વોપજ્ઞ ટીકા કર્તાએ વિજયદેવસૂરિના રાજ્યમાં (સં. ૧૬૭૧ કે તે પછી) પૂરી કરી. ૪ હેમવિજયકૃત વિજયપ્રશસ્તિના ૧૬ સર્ગ. ગૂજરાતીમાં દયાકુશલકૃત લાભોદય રાસ સં. ૧૬૪૯, કૃષ્ણદાસકૃત દુર્જનશાલ બાવની સં. ૧૬૫૧, વિવેકહર્ષકૃત હીરવિજયસૂરિનો નાનો રાસ-નિર્વાણ સજઝાય સં. ૧૬૫૨, કુંવરવિજયકૃત શ્લોકો, વિદ્યાણંદકૃત શ્લોકો. જયવિજયકૃત હીરવિજયસૂરિ પુણ્યખાનિ વગેરે. ત્યારપછી ઋષભદાસે હીરસૌભાગ્ય પરથી ગૂજરાતીમાં મોટો હીરવિજયસૂરિનો રાસ સં. ૧૬૮૫ માં બીજી હકીકતો સહિત ખંભાતમાં રચ્યો. ગુણવિજયે સંસ્કૃતમાં ઉક્ત વિજયપ્રશસ્તિમાં બીજા ૫ સર્ગ પોતાના ઉમેરી કુલ ૨૧ સર્ગ પર ટીકા રચી સં. ૧૬૮૮. આ ઉપરાંત અકબર બાદશાહનાં ફરમાનો, સૂરિના પ્રતિષ્ઠાલેખ વગેરે અનેક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાના ૩૦ (૨૫) સાધુઓ સહિત શિષ્ય બની ઉદ્યોતવિજય નામ રાખ્યું. આનો ઉત્સવ અકબર બાદશાહનાં માન્ય (આગ્રાથી અકબર બાદશાહ સાથે આવેલ રાજમાન્ય) સ્થાનસિંહે કર્યો. (સં. ૧૬૨૮-૨૯માં અકબર બાદશાહે ગૂજરાત પ્રાન્તને સંપૂર્ણ સર કર્યો ને ત્યારથી મરાઠાઓએ અમદાવાદ સં. ૧૮૧૪માં કબજે લીધું ત્યાં સુધી મોગલ બાદશાહો જેને સૂબા તરીકે મોકલતા તેનું રાજ્ય ચાલતું.)

૭૯૦. ત્યાર પછીના દશ વર્ષમાં જે કંઈ બન્યું તેનો કંઈક ખ્યાલ હીરસૌભાગ્ય સિવાયનાં બીજાં સાધનો (ઋષભદાસકૃત રાસ આદિ) આપે છે :-આઠ વર્ષનાને દીક્ષા આપવાની ખંભાતના શિતાબખાનને ફર્યાદ થતાં હીરવિજયસૂરિને ૨૩ દિવસ ગુમ રહેવું પડ્યું. સં. ૧૬૩૦માં બોરસદમાં તેઓ હતા ત્યારે કર્ણઋષિના શિષ્ય જગમાલ ઋષિને ગચ્છ બહાર કરતાં ત્યાંના હાકેમને ફર્યાદ કરતાં સૂરિજીને બોરસદ છોડવું પડ્યું. પાછળ ઘોડેસ્વાર આવ્યા. આખરે ઘોડેસ્વાર સમજી જઈને પાછા ગયા. પછી ખંભાત આવ્યા. સં. ૧૬૩૧માં ખંભાતમાં ૧૧ જણને અને અમદાવાદમાં ૧૮ જણને એકી સાથે દીક્ષા આપી. અમદાવાદના દીક્ષિતોમાં સોમવિજય, કીર્ત્તિવિજય (વિનયવિજય ઉ. ના ગુરુ), ધનવિજય આદિ હતા ત્યાંથી પાટણ થઈ કુણગેર આવતાં ત્યાં ચોમાસું રહેલ અન્ય ગચ્છના કે યતિઓના સોમસુંદર નામના આચાર્યને વંદન કરવાનું નાકબૂલ કરતાં તેણે પાટણના કલાખાનને હીરવિજયે વરસાદ અટકાવ્યાની વાત કરી ઉશ્કેર્યો. સૂરિ રાતોરાત ચાલી વડાવલી આવ્યા, ત્યાં એક ઘરના ભોંયરામાં ભરાયા. પાછળ દોડાવેલા ઘોડેસ્વારોને પત્તો ન મળતાં તે પાછા ગયા. આમ ત્રણ માસ ગુમ રહેવું પડ્યું. (સં. ૧૬૩૪) આજ રીતે સં. ૧૬૩૬માં તેઓ અમદાવાદ આવ્યા ત્યારે તેમણે વરસાદ રોકયો છે એમ કહી કોઈએ ત્યાંના હાકેમ શિહાબખાનને ભંભેર્યો ને એક શ્રાવકે તે ભ્રમણા દૂર કરી, ત્યાં તે શ્રાવક અને એક અમલદાર વચ્ચે ઝઘડો થતાં હીરવિજયસૂરિને ઉઘાડા શરીરે નાસવું પડ્યું. ઘણા દિવસો સુધી તેમને પકડવા માટે ધમાચકડી થઈ. આખરે તેનો અંત આવ્યા પછી શાંતિપૂર્વક વિહાર કરવાની વારી આવી. સં. ૧૬૩૭માં બોરસદમાં આવ્યા ને સં. ૧૬૩૮માં ખંભાતમાં સંઘવી ઉદયકરણે (બુ. ૨, નં. ૧૧૨૨) ચંદ્રપ્રભ ભ.ની પ્રતિષ્ઠા તેમને હાથે કરાવી અને આબૂ ચિત્તોડ વગેરેની યાત્રા માટે સંઘ કાઢ્યો. આચાર્ય ખંભાતથી સં. ૧૬૩૮માં લાટ (લાડ) દેશના ગંધાર નામના બંદરમાં પધાર્યા.

૭૯૧. ગૂર્જર જનપદની પૂર્વે મેવાતમંડલ-દિલ્લીદેશમાં રાજધાની દિલ્હીમાં સર્વ પ્રતિપક્ષોને જીતી અકબર નામનો મુદ્‌ગલેંદ્ર (મોગલોમાં શ્રેષ્ઠ) બાદશાહ એકચકવે રાજ કરતો હતો. ત્યાંથી તેણે આગરામાં કેટલાંક વર્ષોથી સ્થિતિ કરી હતી. આગરા પાસે શિલ્પી પાસે પોતાની આજ્ઞાથી બાર ગાઉમાં ડાબર નામનું સરોવર ખોદાવી તેની પાસે શ્રીકરી (સીકરી) નામનું નગર વસાવી ત્યાં રહેવા લાગ્યો. પોતે સર્વત્ર વિજય કર્યો તે ખાતર તેનું નામ ફત્તેપુર સીકરી આપ્યું. એ સમ્રાટ અકબર મોક્ષસાધક માર્ગ એવા ધર્મનો વિશેષ પરિચય લેવાની ઇચ્છાથી[૪૮૬] રાજસભામાં વિદ્વાનોને બોલાવી શાસ્ત્રગોષ્ઠી કરતો હતો. 'મારા મહામંડલમાં સર્વ દર્શનોમાં એવો કોઈ પ્રસિદ્ધ સાધુ મહાત્મા છે કે જે નિષ્પાપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માર્ગની પ્રરૂપણા કરતો હોય ?' એવા તેના પ્રશ્નના ઉત્તરમાં એક સભાજને જૈનોમાં હીરવિજયસૂરિ છે એમ જણાવ્યું.

૭૯૨. બીજી વાત એ છે કે:- એક દિવસે અકબર બાદશાહે એક શ્રાવિકા કે જેણે છમાસી તપ કર્યો હતો તેનું સરઘસ જોયું. સુખાસનમાં તે ચાંપાબાઈ (થાનસિંહની મા) બેઠી હતી ને વાદ્ય વાજતાં હતાં. છ માસનું અનાજ વગર ઉપવાસ કરવાનું તપ-એ કેમ બને તેનું કુતૂહલ થતાં ચાંપાબાઈને પૂછતાં જણાયું કે દેવગુરુના મહિમાથી તેમ બન્યું છે. દેવ તે ઋષભદેવ અને ગુરુ તે હીરવિજયસૂરિ છે. ચાંપાને પોતાને ત્યાં બોલાવી તેના તપની ખાત્રી કરી જોઈ. અકબરશાહને હવે હીરવિજયસૂરિનાં દર્શન કરવા ઉત્કટ ઇચ્છા થઈ. (જગદ્‌ગુરુ કાવ્ય, ઋષભદાસકૃત રાસ, વિદ્યાણંદકૃત શલોકો વગેરે.)

૭૯૩. આ વખતે હીરવિજયસૂરિએ પાટણમાં વિજયસેનસૂરિને ગચ્છભાર સોંપી લાટ દેશના ગંધાર બંદરમાં ચોમાસું કર્યું હતું; તેથી તેમને રાજીખુશીથી મોકલવા બાદશાહે ગૂજરાતના સૂબા સાહિબખાન (શિઆબખાન-શિયાબુદ્દિન અહમદખાન) પર પોતાનું ફરમાન દૂતો દ્વારા અમદાવાદ (અકમિપુર) મોકલ્યું. સાહિબખાને અમદાવાદના મુખ્ય શ્રાવકોને બોલાવી જણાવતાં તે શ્રાવકોને ગંધાર જઈ આચાર્યને અકબર બાદશાહના આમંત્રણની વાત કરી. વાટાઘાટ થઈ. (કોઈએ કહ્યું કે એ મ્લેચ્છ સુલતાન પાસે જવામાં ભય છે માટે વહાણમાં બેસી દીવ ચાલ્યા જવું.) વળી કેટલાક શ્રાવકોએ જણાવ્યું કે 'પાતશાહને પ્રતિબોધવો ઘટે; સંતપુરુષો સ્વભાવથી જ સર્વના પર ઉપકાર કરે છે. જે કારણે પાતશાહ શ્રીમદ્ માટે સમુત્કંઠ છે તે કારણે શ્રીમદે તેની પાસે જઈ તેના પર ઉપકાર કરવો ઘટે, આપની દેશનાની શાહના હૃદયમાં પ્રતિષ્ઠા થશે.' આચાર્યે વિચાર્યું કે પોતાના જવાથી ઉપદેશને કારણે જૈનશાસનનો ઉદય થશે અને હિંસક પ્રચંડ આશયવાળા દંડ આપતા એવા અકબરના હૃદયમાં દયા મૂકી શકાશે - જૈનધર્માભિમુખ તેને કરી શકાશે તેથી જણાવ્યું 'અકબર બાદશાહે મને ખાસ બોલાવેલ છે, મારે પણ પ્રાચ્ય દેશમાંના જિનોનાં દર્શન કરવાનાં છે. તેથી મારા જવાથી ધર્મબુદ્ધિ થશે માટે મારા જવામાં નિષેધ દર્શાવતી ના કોઈએ ભણવી નહિ.'

૭૯૪. આચાર્ય વિહાર કરી મહી નદી ઉતરી વડદલું ગામ થઈ અમદાવાદ આવ્યા. સિતાબખાને માનપૂર્વક બોલાવી આદરથી વાત કરી 'સૂરિ જે કંઈ માગે તે આપી ફત્તેપુર મારી સમીપે મોકલો એમ બાદશાહનું આમંત્રણ છે તો દ્રવ્ય, રથ, હાથી, અશ્વ, પાલખી વગેરે આપને માટે તૈયાર છે'; ત્યારે આચાર્યે ઉત્તર આપ્યો. 'મોક્ષકામી જૈન સાધુઓ તેનો કિંચિન્માત્ર સ્પર્શ ન કરે-તજે, માટે અમારા કાજે લાવેલી કોઈપણ ચીજ મોક્ષહેતુ ન હોવાથી અમારે માટે નકામી છે.' પછી ત્યાંથી ફત્તેપુર જવા

૪૮૬. સમ્રાટે વિવિધ ધર્મોનાં રહસ્યો સમજી લઈ ઈ.સ. ૧૫૭૯ (સં. ૧૬૩૫)માં 'દીને ઈલાહી' (ઈશ્વરનો ધર્મ) એ નામનો નૂતન ધર્મપ્રચલિત કર્યો હતો. આ ધર્મ એક પ્રકારનો સુધરેલો હિંદુ ધર્મ જ હતો. 'જ્યાં સુધી ભારતમાં અનેક જાતિઓ તથા ધર્મો રહેશે ત્યાં સુધી મારૂં મન શાંત નહિ થાય' અને જાતીય જીવન તૈયાર કરવામાં ધર્મ જેવું અન્ય એક પણ ઉપયોગી સાધન નથી, એટલા માટે તેણે રાજનીતિને આગળ કરી, શક્તિનો સંચય કરવાની ભાવનાપૂર્વક હિંદુ તથા મુસલમાનોને એક ધર્મ દ્વારા સંમિલિત કરવાનો ભગીરથ પ્રયત્ન કર્યો હતો-જુઓ બંકિમચંદ્ર લાહિડીકૃત અને સુશીલ અનુવાદિત 'સમ્રાટ અકબર' નામના પુસ્તકનું 'ધર્મ નીતિ' એ નામક પ્રકરણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્થાન કર્યું, આગળ બાદશાહના દૂતો-મેવાડા મોંદી અને કમાલ ચાલતા હતા. **વિ**શ્વલપુર (વીસલપુર), **મ**હીશાનક (મહેસાણા) આદિને વટાવી **પા**ટણ, **વ**ડલી, **સિ**દ્ધપુર ને ત્યાંથી **શિ**રોત્તરા (સરોત્તર-સરોત્રા) આવ્યા, કે જ્યાં ભિલ્લોના મુખી **અ**ર્જુન (સહસાઅર્જુન) પોતાને ત્યાં લઈ જઈ તેમનો ઉપદેશ પામ્યો એટલે તેણે તથા બીજા ભિલ્લોએ અહિંસા આદિ નિયમો લીધા. (ત્યાં પર્યુષણ કર્યા) પછી **આ**બૂપરનાં દહેરાંમાં દર્શન કરી **શિ**વપુરી (**શી**રોહી) આવ્યા. ત્યાંના દેવડા રાજા **સુ**રત્રાણે (જુઓ **આ**ઈની અકબરી ભાગ ૧ પૃ. ૩૫૭, ૪૧૯) ધામધૂમથી સામૈયું કર્યું. (જગદ્‌ગુરુ કાવ્ય શ્લોક ૧૫૨-૩). ત્યાંથી સાદડી જઈ રાણકપુર જાત્રા કરી આઉઆથી **મે**દિનીપુર (મેડતા) પધાર્યા. **મે**ડતામાં મ્લેચ્છો રહેતા હોવાથી તે 'મક્કા' કહેવાતું. ત્યાંના સાદિમ સુલતાને બહુમાન કર્યું; ફલવર્ધિ (ફલોધી) પાર્શ્વનાથને વંદન કર્યા. સિદ્ધપુરથી અગાઉ આગળથી આવેલ **વિ**મલહર્ષ ઉપાધ્યાય મેડતામાં મળ્યા તેમને અગાઉથી અકબર બાદશાહ પાસે મોકલ્યા. **સી**હવિમલને ઉપાધ્યાય પદ આપ્યું. પછી **સાં**ગાનેર આવ્યા.

૭૯૫. **વિ**મલહર્ષે અગાઉથી જઈ **અ**કબર બાદશાહને મળી સૂરિના પ્રયાણ અને આવવા સંબંધી જાણ કરી. બાદશાહની આજ્ઞાથી **સ્થા**નસિંહ આદિ સંઘજનો સામા જઈ અભિરામાબાદ થઈ આવેલા સૂરિને વાજતે ગાજતે ફતેપુર સીકરી લઈ આવ્યા; ને ત્યાં જગન્મલ્લ કચ્છવાહ (જયપુરના રાજા બિહારીમલ્લના નાનાભાઈ)ના મહેલમાં વાસો કર્યો. [સં. ૧૬૩૯ જેઠ વદિ ૧૩]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૨ અકબરના દરબારમાં હીરવિજયસૂરિ અને બીજાઓ.

(સં. ૧૬૩૯-૧૬૬૩)

હીરવિજયસૂરિના સમાગમથી અકબર બાદશાહે શું કર્યું એ ટુંકામાં તેમના જ સમયમાં શત્રુંજય પરના આદિનાથ મંદિરના હેમવિજયગણિએ રચેલા સં.૧૬૫૦ના પ્રશસ્તિ લેખમાં જણાવ્યું છે કે :-

दामेवाखिलभूपमूर्द्धसु निजमाज्ञां सदा धारयन्, श्रीमान् शाहि अकब्बरो नरवरो (देशेष्व) शेषेष्वपि ।
षण्मासाभयदानपुष्टपटहोद्घोषानघध्वंसितः, कामं कारयति स्म हृष्टहृदयो यद्वाक्कलारंजितः॥ १७ ॥

यदुपदेशवशेन मुदं दधन् निखिलमण्डलवासिजने निजे ।
मृतधनं च करं च सुजीजिआ भिधमकब्बर भूपतिरत्यजत् ॥ १८ ॥

यद्वाचा कतकाभया विमलितस्वांतांबुपूरः कृपा-पूर्ण शाहिरनिन्द्यनीतिवनिता क्रोडीकृतात्मात्यजत् ।
शुल्कं त्यक्तुमशक्यमन्यधरणीराजां जनप्रीतये, तद्वान् नीडजपुंजपूरुषपशूंश्चामूमुचद्भूरिशः ॥ १९ ॥

यद्वाचां निचयैर्मुधाकृतसुधा स्वादैरमंदैः कृता- ल्हादः श्रीमदकब्बर क्षितिपतिः संतुष्टिपुष्ठाशयः ।
त्यक्त्वा तत्करमर्थसार्थमतुलं येषां मनःप्रीतये, जैनेभ्यः प्रददौ च तीर्थतिलकं शत्रुंजयोर्वीधरम् ॥ २० ॥

यद्वाग्भिर्मुदितश्चकार करुणास्फूर्जन्मनाः पौस्तकं, भाण्डागारमपारवाङ्मयमयं वेश्मेव वाग्दैवतम् ।
यत्संवेगभरेण भावितमतिः शाहिः पुनः प्रत्यहं पूतात्मा बहु मन्यते भगवतां सद्दर्शनो दर्शनम् ॥ २१ ॥

- તમામ રાજાઓના શિરે જેની આજ્ઞાઓ માળાની માફક ધારણ કરવામાં આવતી એવા શ્રીમાન અકબરશાહે તે (હીરવિજય) સૂરિના વાક્ચાતુર્યથી રંજીત થઈને છ મહિના સુધીનો અમારિનો પડહ વગડાવી સમસ્ત દેશમાં પાપનો નાશ કરનારી ઉદ્ઘોષણા કરાવી.

તેમના ઉપદેશને વશ થઈ હર્ષ ધરીને બાદશાહ અકબરે પોતાના સમસ્ત મંડળના વાસી જનોમાં નિર્વંશ મરી જાય તેનું ધન તથા જજીઆ વેરો માફ કર્યો.

તેમની કતકચૂર્ણ જેવી વાણીવડે નિર્મળ થયું છે અંતઃકરણરૂપ સરોવર જેનું એવા કૃપાપૂર્ણ બાદશાહે પવિત્ર નીતિરૂપ સ્ત્રી ધારણ કરીને લોકપ્રીતિ સંપાદન કરવા સારૂ, બીજા રાજાઓ માફ ન કરી શકે એવા કરો માફ કર્યા અને વળી ઘણાં પક્ષી તથા બંદીવાનોને છોડી મૂકયા,

સુધાને પણ કોરે મૂકે એવી તેમની વાણીથી આહ્લાદ અને સંતોષ પામેલા અકબર બાદશાહે તેમની મનની પ્રીતિ ખાતર પૈસા સાથેનો કર વિશેષ લેવાતો હતો તે માફ કરીને મહાતીર્થ શત્રુંજય પર્વત જૈનોને આપી દીધો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમની વાણીથી મુદિત થયેલા તેણે (શાહે) કરૂણાવંતા હૃદયથી જાણે કે સરસ્વતીનું ગૃહ હોય નહિ એવું અપાર વાઙ્મયવાળું પુસ્તકાલય બનાવ્યું, તેમના મોક્ષાભિલાષના પુંજથી ભાવનાવાળી બુદ્ધિવાળો, પવિત્રાત્મા અને રૂડા દર્શનવાળો શાહ તે મહાત્માના દર્શનને હંમેશ બહુમાન તરીકે ગણતો.

૭૯૬. બાદશાહની ત્રીજી આંખ જેવો, તુરૂષ્ક (મુસ્લિમ) શાસ્ત્રોનો જ્ઞાતા શેખ **અબુલફજલ**[૪૮૭] **હીરવિજયસૂરિને** પોતાને ત્યાં લઈ ખુદા (દેવ) કુરાન (શાસ્ત્ર) અને ધર્મ સંબંધી કરેલા પ્રશ્નોના ઉત્તર (વિગત માટે જુઓ **હીરસૌભાગ્ય** સર્ગ ૧૩, શ્લોક ૧૩૭-૧૫૦) સાંભળી ખુશી ગયો. પછી **અકબર** બાદશાહે દરબાર ભરી ત્યાં સૂરિને બોલાવી તેઓ ગંધારથી ઠેઠ સીકરી સુધી પગે ચાલીને આવ્યા ને જૈન મુનિ પોતાના આચાર પ્રમાણે પગે જ ચાલીને વિહાર કરે, એકવાર જમે ને તે પણ નિર્દોષ આહાર, ભૂમિપર સૂએ, ઉપવાસાદિ તપ કરી શરીર શોષી રાગદ્વેષને જીતે, સંસારની અનિત્ય ભાવના ભાવે, એ જાણ્યું ત્યારે તેને આશ્ચર્ય થયું. પછી ચિત્રશાલામાં સૂરિને લઈ ગયા. ત્યાં ગલીચો હતો તે પર ન ચલાય, રખેને તેની નીચે જીવો હોય તે ચંપાઈ જાય. ગાલીચો ઉપાડયો ત્યાં સાચે નીચે કીડીઓ દેખાઈ એટલે બાદશાહ વિસ્મિત થયો. આચાર્યે ધર્મદેશનાથી સંસાર અને લક્ષ્મીની અસ્થિરતા, દેવ ગુરુ ધર્મનું સ્વરૂપ, મુનિનાં અહિંસા સત્ય અસ્તેય બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ વ્રતો, છઠું રાત્રિભોજન વિરમણ અને સાતમું નિમિત્તાદિનું અકથન એમ સાત વ્રતોનું નિરૂપણ કર્યું. શાહે પરીક્ષા કરવા પોતાના અમુક જન્મગ્રહોનું ફળ જાણવા માગતાં 'એ ફલ મોક્ષપંથે જનાર કદિ કહેતા નથી.' એમ આચાર્યે જણાવ્યું, તેથી શાહ મુગ્ધ થયો. શિષ્યસંખ્યા પૂછતાં એ વાત જણાવવી એ આત્મગૌરવ કરવા જેવું છે એમ સૂરિએ કહ્યું. શાહે લોકશ્રુતિ પ્રમાણે તેમના બે હજાર શિષ્યો જાણી સંતોષ બતાવ્યો.

૭૯૭. તેના મોટા પુત્ર **શેખુજી** (**સલીમ-જહાંગીર**)એ પેટીમાંથી પુસ્તકો કાઢી મોકલ્યાં. 'આવો જૈન અજૈન પુસ્તકોનો મોટો જથો શાહ પાસે ક્યાંથી ?' એમ આચાર્યે પૂછતાં શાહે જણાવ્યું, '**પદ્મસુંદર**[૪૮૮] નામના તેના મિત્ર હતા, તેમણે **વારાણસી**ના વિપ્રને સભા સમક્ષ જીત્યો હતો. તે વિદ્વાન સ્વર્ગસ્થ થતાં પોતાનું સર્વ લિખિત પુસ્તક મને આપ્યું હતું. આ સર્વ આપને અર્પુ છું.' સૂરિએ કહ્યું 'અમારે તેની જરૂર નથી, કારણ કે અમારી પાસે ખપપૂરતું છે. વિશેષની મૂર્ચ્છા શા માટે ?' બાદશાહે શેખ **અબલફૈજ** તથા **થા**નસિંહને બોલાવી તેઓ દ્વારા ગમે તે પ્રકારે સમજાવી સૂરિ તે પુસ્તકને ગ્રહણ કરે

---

૪૮૭. **આઈને**-આકબરીનો કર્તા. તેમાં તેણે બીજા ધર્મોની અપેક્ષાએ જૈન ધર્મનો લાંબો તથા યથાર્થ ખ્યાલ આપ્યો છે અને તેને જૈન મુનિઓ **હીરવિજયસૂરિ, વિજયસેનસૂરિ, શાંતિચંદ્ર** આદિ સાથે સારો પરિચય હતો એમ પણ તેમાં જણાવે છે. **અબુલફજલ** અકબરની જીભ તરીકે વર્ણવવામાં આવેલ છે. અકબરની ધાર્મિક નીતિ તેણે ઉતરાવી હતી અને ધર્મ સંબંધી સવાલોમાં તે સર્વસ્વ હતો.

૪૮૮. **પદ્મસુંદર**-જૈન સાધુ હતા એ નિશ્ચિત છે કારણ કે જૈન ગ્રંથો જૈનેતર પાસે ન હોય, વળી તેવું નામ જૈન મુનિમાં ઉપલબ્ધ થાય છે. કોઈ કહે છે કે નાગોરી તપાગચ્છના તે હતા, (**સૂરીશ્વર** અને સમ્રાટ પૃ. ૧૧૯-૨૦) અને વળી આ ગચ્છમાં થયેલ **ચંદ્રકીર્ત્તિસૂરિ**ના શિષ્ય **હર્ષકીર્ત્તિ** પોતાના **ધાતુપાઠ**ની પ્રશસ્તિમાં જણાવે છે કે :-

साहेः संसदि पद्मसुंदरगणि र्जित्वा महापंडितं, क्षौमग्रामसुखासनाद्यकबरश्रीसाहितो लब्धवान् । ભાં. ૩. પૃ. ૨૨૭.

*{નાગોરી તપાગચ્છીય **આનંદમેરુ-પદ્મમેરુ-શિષ્ય પદ્મસુંદરકૃત** યદુસુન્દર કાવ્ય પ્ર.લા.દ.વિ. સંપા. ડી.પી. રાવલે ગ્રંથકારના પાંચ પ્રગટ, ૧૧ અપ્રગટ ગ્રંથની વિગત આપી છે. આ જ કર્તાનું પાર્શ્વનાથ ચ. લા.દ.વિ.માંથી પ્રગટ છે.}*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ ઇચ્છ્યું. બંનેની અત્યંત વિજ્ઞપ્તિથી સૂરિએ તે ગ્રહણ કરવાનું સ્વીકાર્યું. ઉક્ત પુસ્તકો માટે કોશ-ભંડાર સ્થાપી તેને થાનસિંહની અધીનતામાં રાખ્યો. પછી આગ્રામાં જઈ ચોમાસું ગાળ્યું. (સં. ૧૬૩૯)

૭૯૮. ત્યાર પછી ત્યાંથી યમુનાને હોડીથી ઓળંગી (માગસર માસમાં) શૌરીપુર કે જે નેમિનાથની જન્મભૂમિ ત્યાં જઈ બે પ્રતિમાની પ્રતિષ્ઠા કરી આગ્રા પુનઃ આવી ત્યાં ચિંતામણી પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી. પછી ફત્તેપુર સીકરી જઈ શેખ અબલ ફૈજે બોલાવતાં તેને ત્યાં ગયા.

૭૯૯. બાદશાહે ત્યાં આવી અશ્વ હાથી વગેરેની ભેટ લેવા જણાવ્યું, પણ પોતે નિઃસ્પૃહ જૈનમુનિ હોઇ સ્વીકારી ન જ શકે તેમ આચાર્યે ઉત્તર આપતાં કંઈક ભેટતો સ્વીકારો જ એવો આગ્રહ કર્યો. આચાર્યે બંદિવાનોને કેદમાંથી મુક્ત કરવા, અને પિંજરમાં પૂરેલાં પક્ષીઓને છોડી મૂકવા કહ્યું. પોતા માટે કંઈ માગવાનું કહેતાં અમારા પર્યુષણના આઠ દિન હિંસા ન થાય એમ કરવા જણાવ્યું. બાદશાહે તેમાં પોતાના પુણ્યાર્થે ચાર દિન ઉમેરી બાર દિવસ સમસ્ત રાજ્યમાં 'અમારિ' પ્રવર્ત્તે એમ પોતાની સહી અને મહોરવાળાં છ ફરમાન લખી આપ્યાં. ૧ લું ગૂર્જર અને સૌરાષ્ટ્ર મંડલ માટે, ૨જું ફતેપુર રાજધાનીવાળું મેવાતમંડલ (જેમાં દિલ્લીની પાસેનો ભાગ અંતર્ગત હતો) માટે, ૩જું અજમેરૂ દેશ (જેમાં મરૂસ્થલી નાગોરાદિ દેશ સમાતા) માટે, ૪થું માલવમંડલ-અવન્તિદેશ (જેમાં દક્ષિણનો સર્વભાગ આવી જતો હતો) માટે, ૫મું લાભપુર (લાહોર) દેશવાળા પંજાપ (પંજાબ) મંડળ માટે, ૬ઠું સૂરિ પાસે રાખવા માટે. પછી શાંતિચંદ્ર ગણિએ (ફત્તેપુર સીકીપાસેના) ડામરતળાવનાં માછલાં વિનતિ કરતા હોય નહિ એવા શ્લોકો કહેવાથી તે આખું તળાવ હીરવિજયસૂરિને અર્પણ કર્યું એટલે ત્યાં માછલાંનો થતો વધ બંધ કર્યો. વળી હવેથી કદિપણ શિકાર નહિ કરૂં એવી શાહે પ્રતિજ્ઞા લીધી.[૪૮૯] સર્વ પશુપ્રાણિ મારા રાજ્યમાં મારી સમાન સુખપૂર્વક રહે એવું કરીશ એમ જણાવ્યું. નવરોજ નામના પર્વને દિને 'અમારિ'નું પ્રદાન કર્યું. તે અવસરે હીરવિજયસૂરિને 'જગદ્‌ગુરુ' એ નામનું બિરૂદ આપ્યું. (સં. ૧૬૪૦). આ વખતે બંદીવાનોને છોડી મૂકયા; સૂરિસચિવ ધનવિજયને સાથે લઇ જઈ ડામર

બીજા પદ્મસુંદર દિગંબર સંપ્રદાયમાં ભટ્ટારક થયેલ છે, કે જેઓ આનંદમેરૂ શિ. પદ્મમેરૂના શિષ્ય હતા અને જેમણે સં. ૧૬૧૫ (શર કલાભૃત્ તર્કભૂ)માં રાયમલ્લાભ્યુદયકાવ્ય (પી. ૩, ૨૫૫) રચ્યું ને તેમાં ઋષભાદિ ૨૪ તીર્થકરના ચરિત છે અને રાયમલ નામના સુચરિત શ્રાવકના નામ ઉપરથી તે કાવ્યનું નામ આપ્યું છે, તેમાં દિગંબર આચાર્યો પછી પોતાની ગુરુપરંપરાનો ક્રમ આપ્યો છે તે દિગંબર લાગે છે; પરંતુ પોતાના ઉક્ત ગુરુ પ્રગુરુનાં નામ આપી પદ્મસુંદરે રચેલો પ્રમાણસુંદર નામનો ગ્રંથ રચ્યો છે. (કા. વડો {*પ્ર. લા.દ.વિ.મં. જૈનદાર્શનિક પ્ર.સં. અંતર્ગત, સં. નગીન શાહ*}) તેમાં 'गच्छे श्रीमत्तपाख्ये'- 'તપાગચ્છમાં' એમ પણ જોવાય છે ને આપેલો રચ્યા સંવત 'कराग्निजलधीन्दु' (૧૭૩૨ ? ૧૪૩૨ ?) બંધ બેસતો નથી. જલધિને ૭, કે ૪ ને બદલે ૬ લેવામાં આવે તો ૧૬૩૨ બંધ બેસે. સં. ૧૬૨૨માં લખાયેલ પદ્મસુંદરકૃત પાર્શ્વનાથ કાવ્ય (ઓફેકટ કે. ટે. પૃ. ૩૯૨; બોડ્. નં. ૧૪૦૩) લબ્ધ છે કે જેમાં ઉક્ત રાયમલ્લાભ્યુદય પ્રમાણે જ પોતાના ગુરુઓનો ક્રમ આપ્યો છે. એક પદ્મસુંદરકૃત પ્રાકૃતમાં જંબૂસ્વામી કથાનક મળે છે (વેબર ૨, ૧૦૧૬; ખેડા ભં). વળી પદ્મસુંદરકૃત ભારતી-સ્તવનો ઉલ્લેખ હીરસૌભાગ્ય ટીકામાં (૧૪,૩૦૨) આવે છે.

૪૮૯. અકબરની કહેવતો - વક્તવ્યો આઇને અકબરી પુ. ૩, ૫, પૃ. ૩૩૦-૪૦૦ માં મૂકી છે. તેમાંની નીચેની પણ છે :- 'રાજ્યનો નિયમાનુકૂલ યદ્યપિ શિકાર ખેલવો બુરો નથી તથાપિ પહેલાં જીવરક્ષાનો ખ્યાલ રાખવો ઘણો જ આવશ્યક છે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તળાવે જઈ ત્યાંનાં પાંજરાંમાં પૂરેલાં પક્ષિઓને મુક્ત કર્યા. (આ ધનવિજયે સૂરિ સાથે રહીને મેડતામાં જૈનવિહારોને મ્લેચ્છ-કરથી મુક્ત કરાવ્યા અને વાજાં અગાઉ બંધ થયા હતાં તે વગાડવા ચાલુ કરાવ્યાં- જુઓ તેમના શિષ્ય ગુણવિજયશિષ્ય રામવિજયની વિશેષાવશ્યકની પ્રતની લેખકપ્રશસ્તિ ગો. ના.)

૮૦૦. પછી થાનસિંહે કરેલા ઉત્સવપૂર્વક અનેક જિનબિંબની પ્રતિષ્ઠા કરી ને શાંતિચંદ્રને ઉપાધ્યાયપદ આપ્યું. વળી બાદશાહના માન્ય ઝવેરી દુર્જનમલ્લે સૂરિપાસે જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી. ને આચાર્યે ૧૬૪૦ નું ચોમાસું ત્યાં ગાળ્યું. પછી મથુરાની તથા ગોપાલશૈલ-ગ્વાલેરના બાવનગજા ઋષભનાથની યાત્રા કરી. સં. ૧૬૪૧નું અભિરામાબાદમાં અને સં. ૧૬૪૨ નું આગ્રામાં આવી ચોમાસું કર્યું. પછી ગૂજરાતથી વિજયસેનસૂરિ આદિ સંઘના આગ્રહથી ગૂજરાત પ્રત્યે પ્રયાણ કરતાં બાદશાહ પાસે શાંતિચંદ્ર ઉપાધ્યાયને રાખી ગયા. (આ દિલ્લીદેશના વિહારમાં શ્રીમદ્‌ગુરુને બાદશાહે આપેલ બહુમાનથી તેમજ તેમના અનેક ગુણો તથા દર્શન અને ઉપદેશથી અનેક મ્લેચ્છાદિ જાતિનાઓ પણ તુરત માંસ મદ્યના ખાનપાનનો અને જીવહિંસાનો ત્યાગ કરી સદ્ધર્મનાં કાર્ય કરવાની મતિવાળા થયા- ધર્મસાગરકૃત ગુર્વાવલી) મેડતા માર્ગે વિહાર કરતાં નાગપુર (નાગોર)માં ચોમાસું રહ્યા (સં. ૧૬૪૩) ત્યાંના રાજા જગમાલના વણિકમંત્રી મેહાજલે સૂરિની અતિ સેવા કરી તથા જેસલમેરથી સંઘ સહિત આવેલ કોઠારી માંડણે ત્યાં સૂરિને સોનૈયાથી પૂજી વિવિધ દાન કર્યું, અનેક દેશના સંઘો સૂરિના વંદનાર્થે આવ્યા. ત્યાંથી પીંપાડ આવી વૈરાટથી પ્રતિષ્ઠા માટે આમંત્રણ થતાં તે કાર્યસારૂ ઉપાધ્યાય કલ્યાણવિજયને મોકલી, પોતે સિરોહી આવ્યા. (કલ્યાણવિજયે વૈરાટમાં શ્રીમાલી ઈન્દ્રરાજે કરેલા ઇંદ્રવિહારની પ્રતિષ્ઠા સં. ૧૬૪૪માં કરી જિ. ૨, ૩૭૯) સીરોહીમાં નવીન ચતુર્મુખ પ્રાસાદમાં આદિનાથ આદિ બિંબોની, અજિત જિનપ્રાસાદમાં અજિતનાથ આદિ બિંબોની એમ બે પ્રતિષ્ઠા કરી આબૂ યાત્રાર્થે ગયા. સિરોહી રાજાનો અતિ આગ્રહ થતાં તેઓ ચોમાસું કરે તો કરથી અતિ પીડિત લોકને પીડા નહિ કરૂં અને મારિનિવારણ-અમારિ આખા રાજ્યમાં રહેશે એવો બોલ આપતાં ત્યાં હીરવિજયસૂરિએ ચોમાસું કર્યું (સં. ૧૬૪૪) ને રાજાએ પોતાનો બોલ પાળ્યો. (અહીં વિજયસેનસૂરિ મળ્યા ને તેઓ હીરસૂરિની આજ્ઞાથી ખંભાત જઈ મૂળ ગંધારના વાસી શ્રીમાલી પરીખ વજિયા રાજિયા એ બે ભાઈઓએ બંધાવેલા ચિંતામણિ પાર્શ્વનાથ ચૈત્યમાં ચિંતામણી પાર્શ્વનાથ અને મહાવીરની ભવ્ય પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. સં. ૧૬૪૪ જેઠ શુદિ ૧૨ સોમ[૪૯૦])

૮૦૧. હીરસૂરિએ પછી રોહસરોતરા માર્ગે વિહાર કરી પાટણમાં આવી ત્યાં ચોમાસું કર્યું (સં. ૧૬૪૫) આ દરમ્યાન શાંતિચંદ્ર ઉપાધ્યાય કે જેઓ સૂરિની આજ્ઞાથી બાદશાહ પાસે રહી તેની પ્રશસ્તિ રૂપે રચેલ 'કૃપારસ કોશ' નામનું કાવ્ય સંભળાવતા હતા, તેમણે આચાર્યને મળવાની ઈચ્છા થતાં પોતાને સ્થાને ભાનુચંદ્ર વિબુધને રાખીને જવાની રજા બાદશાહ પાસે માગી, ત્યારે બાદશાહે પોતાના તરફથી સૂરિને ભેટ કરવા અર્થે જજીયા નામનો હજુ પણ ગૂજરાતમાં કર લેવાતો તે કાઢી નાંખનારૂં

૪૯૦. જુઓ તેનો ૬૨ શ્લોકનો સંસ્કૃત શિલાલેખ બુ. ૨ નં. ૫૨૯, વિજયપ્રશસ્તિકાવ્ય સર્ગ ૧૧ શ્લો. ૧૭ થી ૭૦, ઋષભદાસ કૃત હીરવિજયસૂરિ રાસ પૃ. ૧૫૨ થી ૧૫૪ કે જેમાં વજીઆ રાજીઆનો વિસ્તારથી વૃત્તાંત છે. વળી ક્ષેમકુશલકૃત ચિંતામણિ પાર્શ્વનાથ સ્તવન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફરમાન સ્વમુદ્રાંકિત આપ્યું: વિશેષમાં દયાળુ થઈ અમારિ માટે અગાઉ પર્યુષણાદિ બાર દિવસો સૂરિના ઉપદેશે સર્વ દેશમાં જાહેર કર્યા હતા તેમાં બીજા દિવસો ઉમેર્યા કે:-સર્વે રવિવારો, સોફીયાન દિવસો-સૂફી લોકોના દિવસો, ઈદના દિનો, સંક્રાંતિની સર્વ તિથિઓ, પોતાનો જન્મ જે માસમાં થયો તે આખો માસ, મિહિરના દિવસો, નવરોજના દિનો, પોતાના (ત્રણ) પુત્રોના જન્મમાસો, રજબ (મોહરમ) મહિનાના રોજ એટલે કુલ મળી એક વર્ષમાં છ માસ ને છ દિન થયા તેમાં કોઇપણ જીવની હિંસા કોઇપણ ન કરે એવા હુકમ બાદશાહે કાઢયા. આ હીરવિજયસૂરિ આદિના ઉપદેશનું પરિણામ.[૪૯૧]

૮૦૨. ભાનુચંદ્રજી પોતે બાદશાહ કાશ્મીર જતાં ત્યાં ગયા, ત્યાંના રાજા જયનલે બંધાવેલા જયનલલંકા નામના ૪૦ કોશના સરોવર પર તેમણે બાદશાહને અરજી કરી કે શત્રુંજય તીર્થમાં જતા યાત્રાળુ પરનો લેવાતો કર માફ કરવો, એટલે તે પવિત્ર પર્વતને કરથી મુક્ત કરી હીરવિજયસૂરિને અર્પણ કરી દીધાનું ફરમાન બાદશાહે પોતાની મહોરવાળું કરી સૂરિ પ્રત્યે મોકલી આપ્યું.

૮૦૩. વિજયસેનસૂરિ ખંભાતથી ગંધારમાં ચોમાસું કરી હીરસૂરિને પાટણ મળ્યા. બંનેએ ત્યાંથી ખંભાતમાં સં. ૧૬૪૬માં જઇ સોની તેજપાલે કરાવેલ ભવ્ય મંદિરની પ્રતિષ્ઠા કરી, સં. ૧૬૪૭-૪૮માં અમદાવાદ રહી ૧૬૪૮ માં રાધનપુર ચોમાસું કર્યું. ત્યાં શત્રુંજય કરથી મુક્ત કર્યાનું અને તેના દાનનું ફરમાન બાદશાહે મોકલ્યું તે મળવાથી સંતુષ્ટ થઈ ત્યાંથી વાસક્ષેપ મોકલી લાહોરમાં ભાનુચંદ્રને ઉપાધ્યાય પદ અપાવ્યું. આ જાણ્યા પછી અકબરને વિજયસેન સૂરિનાં દર્શનની ઈચ્છા થતાં તેમને બોલાવવા લાહોરથી ફરમાન આવતાં આચાર્યે વિજયસેનસૂરિને લાહોર મોકલ્યા.

૮૦૪. વિજયસેનસૂરિ લાહોર જતાં લુધિઆણા આવતાં શેખ ફયજી સામો આવી મળ્યો. તેની પાસે સૂરિશિષ્ય નંદિવિજયે અષ્ટ અવધાનો કર્યા. આ વાતની ખબર પડતાં બાદશાહે તે જોવા માટે

---

૪૯૧. અકબરે મહિનાઓ સુધી જીવવધ બંધ કરવાનો હુકમ કર્યો હતો એ વાત બદાઉની નામનો કટ્ટર મુસ્લિમ ઇતિહાસ-લેખક પણ જણાવે છે કે :-

"In these days (991 = 1583 A.D.) new orders were given. The killing of animals on certain days was forbidden, as on Sundays because this day is sacred to the Sun; during the first 18 days of the month of Farwardin; the whole month of Abein (the month in which His Majesty was born) and several other days to please the Hindoos. This order was extended over the whole realm and capital punishment was inflicted on everyone who acted against the command." -Badaoni p. 321.

-" આ દિનોમાં (૯૯૧ હી. સન ૧૫૮૩) નવા હુકમ કરવામાં આવ્યા. કેટલાક દિવસોમાં જેવા કે રવિવાર સૂર્યનો દિન હોવાથી સર્વ રવિવારના દિવસોમાં, ફરવરદિન માસના પ્રથમના ૧૮ દિનોમાં, અવેન માસ કે જેમાં બાદશાહનો જન્મ થયો હતો તે આખા માસમાં જીવહિંસાનો નિષેધ 'હિંદુઓને' ખુશ કરવા માટે કરવામાં આવ્યો. આનું ફરમાન આખા રાજ્યમાં વ્યાપ્ત કરવામાં આવ્યું અને જે કોઈ તેની વિરૂદ્ધ વર્ત્તે તો તેને ગર્દન મારવાની શિક્ષા અપાતી હતી." આમાં 'હિંદુઓ' શબ્દ છે તેથી જૈન સમજવા કારણ કે જૈન લોક જ આ વાતનો (જીવવધનો) નિષેધ કરાવવામાં સદા પ્રયત્ન કર્યા કરે છે. તેઓ હમણાં પણ ભારતીય રાજા મહારાજાઓ વગેરે પાસે હજારો અર્જી મોકલે છે ને તે માટે ઘણો ખર્ચ કરે છે. આનું વર્ષ ભાષાંતરકાર ૯૯૧ હીઝરી મૂકે છે માટે કૌંસમાં તેણે મૂકેલ છે તે બરાબર નથી તે વર્ષ ૯૯૬ હીઝરી જોઈએ. વળી આઈને અકબરી ૩, ૩૩૧ માં લખ્યું છે કે 'રવિવારે તથા તહેવારોના દિવસે પશુની હત્યા નહિ કરવાના ખાસ હુકમો પણ બહાર પાડવામાં આવ્યા હતા.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બોલાવતાં નંદિવિજયે આવી રાજસભામાં મંડોવર રાજા મલ્લદેવના પુત્ર ઉદયસિંહ, કચ્છવાહના છ હજારી સૈન્યેશ્વર **માન**સિંહ, શેખ **અબુલ**ફૈજલ, **આજ**મખાન, જાલોરના ગજનીખાન, બ્રાહ્મણો, કાજી, કાયસ્થ સમક્ષ અષ્ટ અવધાન કર્યો. સૂરિએ પછી લાહોરમાં જેઠ સુદ ૧૨ ને દિને પ્રવેશ કર્યો. અકબરને મળ્યા. પુનઃ અષ્ટ અવધાન નંદિવિજયે કરતાં તેને 'ખુશ-ફહમ' (સુમતિ) નામનું બિરૂદ આપ્યું. (સં. ૧૬૫૦) ઈશ્વરને જૈનો માનતા નથી એવું અકબરને સમજાવતાં તે સંબંધીનો વાદ ભર સભામાં બ્રાહ્મણો સમક્ષ કર્યો ને 'ઈશ્વરસિદ્ધિ' કરી બ્રાહ્મણોને ચૂપ કર્યા એકદા સૂરિએ અકબર પાસે છ કાર્યોની ઉપયોગિતા સમજાવી ૧-૪ ગાય, બળદ, ભેંસ ને પાડાની હિંસા યોગ્ય નથી, ૫ મરણ પામેલાનું દ્રવ્ય સરકાર લે છે તે, તથા ૬ બંદિવાનોને પકડવા એ પ્રતિષ્ઠાવાળું નથી. આથી આ છ બાબત આખા દેશમાં બંધ કરવાનું ફરમાન આખા દેશમાં શાહે મોકલી આપ્યું. આમ ઘણા લાભ થતાં સૂરિએ લાહોરમાં બે ચોમાસા કર્યા. (**વિ**જયપ્રશસ્તિ સર્ગ ૧૨. બુ. ૨ નં. ૧૧૨૧ ના સં. ૧૬૬૧ ના **વિ**જયસેનસૂરિના પ્રતિષ્ઠા લેખમાં પોતાને માટે વિશેષણ 'પાતિશાહિ શ્રી અકબર સભાસમક્ષ જિતવાદિવૃંદ-ગોબલીવર્દ-મહિષ-મહિષીવધ નિવૃત્તિ સ્ફૂરન્માનકારક ભટ્ટારક' મૂકેલ છે.)[૪૯૨]

૮૦૫. વિજયસેનસૂરિએ અકબરને પ્રસન્ન કર્યા, અને **ભા**નુચંદ્રના ઉપાધ્યાય પદનો નન્દિવિધિ કર્યો તે મહોત્સવમાં શેખ **અબ**લફૈજે ૬૦૦ રૂપૈયા અશ્વદાનપૂર્વક યાચકોને આપ્યા. (**હી.** સૌ. સ. ૧૪ શ્લો. ૨૯૨) વિજયસેને અકબરની પરિષદ-રાજસભામાં ૩૬૬ બ્રાહ્મણવાદીઓને જીત્યા તેથી અકબરે તેમને **'સવાઈ વિજયસેન સૂરિ'** (હીરસૂરિથી પણ ચડ્યા એ બતાવતું) બિરૂદ આપ્યું. આ જાણી **હી**રસૂરિ આનંદ પામ્યા. (હી. સૌ. સર્ગ ૧૪) આ. હીરસૂરિના સ્વર્ગવાસ પહેલાં અકબરે ઉપરનું છ બાબતનું ફરમાન વિજયસેનસૂરિને આપી તેમને સૂરિ પાસે જવા મોકલ્યા હતા. (હી. સૌ. ૧૭,૨૦૦)

૮૦૬. આ બાજુ **હી**રવિજયસૂરિ પાટણ ચોમાસું કરી શત્રુંજય તીર્થની યાત્રા કરવાની ઇચ્છા થતાં ત્યાંથી ૧૬૪૯ ના શીતકાલમાં નીકળી (અમદાવાદ આવી સૂબા શાહજાદા **મુ**રાદનું માન પામી **વિ**વેકહર્ષકૃત **હી**રવિજય રાસ) વિહાર કરતાં પાલિતાણે આવ્યા ત્યાં ચારે બાજુથી આવેલા સંઘો (પાટણ, અમદાવાદ, ખંભાત, માલવ, લાહોર, મારવાડ, દીવ, સુરત, ભરૂચ, વીજાપુર, દક્ષિણ કાનડા આદિ નાના મોટા ૨૦૦ સંઘના લાખો યાત્રાળુઓ) એકઠા થયા. (સં. ૧૬૫૦)ની ચૈત્રી પુનમે મોટી યાત્રા કરી. ત્યાં ૧ શાહ **તે**જપાલ, ૨ શાહ **રા**મજી ૩ **જ**શુ ઠક્કર ૪ શાહ **કું**અરજી અને ૫ શેઠ **મૂ**લા શાહ આ પાંચ ધનિકોએ બનાવેલાં વિશાળ અને ઉન્નત જિનમંદિરોમાં મહોત્સવપૂર્વક સૂરિએ પ્રતિષ્ઠા કરી (જિ. ૨, નં. ૧૨) ત્યાંથી ઉનામાં ચોમાસું કર્યું. દીવમાં પારેખ **મે**ઘજી અને તેની સ્ત્રી **લા**ડકી બાઈએ સૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી. મક્કે હજ કરી પાછા ફરેલ (ગૂજરાતના સૂબા) **આ**જમખાને ઉનામાં આવી સૂરિ પાસે હજાર મહોર ધરી નમન કર્યું અને સૂરિએ તે દ્રવ્યનો અસ્વીકાર કર્યો; વળી ત્યાં જામનગરના જામ સાહેબ સાથે (વજીર) **અ**બજી ભણશાલીએ સૂરિની અંગપૂજા અઢારસેં મહોરથી

૪૯૨. હી. ૯૯૯ (સન ૧૫૯૦)માં બળદ, ભેંસ, બકરાં, ઘોડા અને ઉંટના માંસનો નિષેધ કરવામાં આવ્યો (બદાઉનિ પૃ. ૩૭૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી. ઉનાનો ખાન મહમદખાન હિંસક હતો. તેની પાસે હિંસા છોડાવી ને તેણે લાડકી બાઈને પોતાની બહેન કરી. ઉનામાં વૈશાખમાં પ્રતિષ્ઠા કરી. આયુષ્ય પૂરું કરી ઉનામાં સં. ૧૬૫૨ ભાદ્રવા શુદ ૧૧ ગુરુ દિને સ્વર્ગવાસ કર્યો.

૮૦૭. શાંતિચંદ્રે અકબરના ગુણગ્રામ કરનારું 'કૃપારસકોશ' નામનું કાવ્ય રચી તેને હમેશાં સંભળાવી તે બાદશાહના પર ભારે અસર કરી હતી અને તે એટલે સુધી કે જીવદયાનાં, જજીયા આદિ કર કાઢી નાંખવાનાં તેણે જે જે સત્ કાર્યો કર્યા તે એને આભારી છે એમ તે કાવ્યમાં મૂકેલાં છેલ્લા બે શ્લોકથી જણાવ્યું છે.[૪૯૩] તેમની કારકીર્દિ જાણવા જેવી છેઃ-તેઓ વિદ્વાન સાથે વાદવિવાદકુશલ પણ હતા. ઈડરગઢના મહારાયશ્રી નારાયણ (બીજા)ની સભામાં (સં. ૧૬૩૩ પછી) ત્યાંના દિગંબર ભટ્ટારક વાદિભૂષણ (બુ. ૧, નં. ૧૪૫૧ લેખ સંવત ૧૬૬૦) સાથે વિવાદ કરી તેમને પરાસ્ત કરેલ હતા. વાગડદેશના ઘાટશિલ નગરમાં ત્યાંના અધિપતિ અને જોધપુરના મહારાજ શ્રી મલ્લદેવ (સં. ૧૫૮૮-૧૬૧૯)ના ભત્રીજા રાજા સહસમલ્લની સંમુખ ગુણચંદ્ર નામના દિગંબરાચાર્યને પણ જીત્યા હતા.[૪૯૪] આ રીતે શાસ્ત્રાર્થમાં કુશલતા તેમજ શતાવધાનાદિથી અનેક નૃપતિઓનો સદ્ભાવ પ્રાપ્ત કર્યો હતો.

૮૦૮. શાંતિચંદ્ર અકબરની રજા લઈ ગયા ને તેના દરબારમાં ભાનુચંદ્ર અને સિદ્ધિચંદ્ર એ બે ગુરુ શિષ્ય રહ્યા તે પણ તેમની માફક બાદશાહથી સન્માનિત થયા. ઉપાધ્યાય ભાનુચંદ્ર અકબર પાસે સંસ્કૃતમાં 'સૂર્ય સહસ્રનામ' બોલતા એટલે અકબર તેમના મુખેથી દર રવિવારે સૂર્યનાં સહસ્ર નામો શ્રવણ કરતો.[૪૯૫] સિદ્ધિચંદ્રે પણ બાદશાહને રંજિત કરેલ અને બાદશાહે પછી સિદ્ધાચલ પર મંદિરો

---

૪૯૩. તેના ૧૨૬-૭ પદ્યમાં સ્પષ્ટ લખ્યું છે કે "આ બાદશાહે જજીયાનો કર જે માફ કર્યો, ઉદ્ધત મોગલોથી મંદિરોને જે મુક્તિ મળી, કેદમાં પડેલા કેદીઓ બંધનરહિત થયા, સાધારણ રાજગણ પણ મુનિઓનો સત્કાર કરવા લાગ્યો, એક વર્ષમાં છ માસ સુધી જીવોને જે અભયદાન મળ્યું અને વિશેષે ગાય, ભેંસ, બળદ અને પાડા આદિ-સુરભીસમૂહ (કસાઈની છરીથી) નિર્ભય થયોઃ-ઈત્યાદિ (જૈન) શાસનની સમુન્નતિનાં કારણોમાં આ ગ્રંથ જ પરમ નિમિત્ત થયો છે."

૪૯૪. શાંતિચંદ્રના શિષ્ય લાલચંદ્રે શબ્દરૂપવાકયની અંતે પ્રશસ્તિ લખી છે તેમાં જણાવ્યું છે કેઃ-

ઈડરપુરાધિપ મહારાય શ્રી નારાયણસભાસમક્ષવાદિભૂષણ ક્ષપણક નિરાકરિષ્ણુનાં, વાગડદેશે ઘાટશિલ નગરે યોધપુરપતિ રાયમાલદેવ ભ્રાતૃવ્ય સહસ્રમલ્લરાજ્ઞઃ પુરઃ પત્રાલંબનપુરઃસરં ક્ષપણક ભટ્ટારક ગુણચન્દ્રજયિનાં ઇત્થં પ્રકારક પ્રભાવના સમુત્સર્પ્પણ વિધિવેદસાં મહોપાધ્યાય શ્રી ૫ શ્રી શાંતિચંદ્ર ગણિપદાનાં ચરણામ્બુજ ભૃંગાયમાણ ગણિ લાલચંદ્રેણાલેખિ । મુનિ લાભચન્દ્ર પઠનાર્થં ॥ જુઓ મારો લેખ 'ઈડરનો સંક્ષિપ્ત ઈતિહાસ' જૈનયુગ પુ. ૧, ૪ પૃ. ૧૪૩-૧૫૧.

તેમના બીજા શિષ્ય અમરચંદ્રે સં. ૧૬૭૮માં રચેલ કુલધ્વજરાસની પ્રશસ્તિમાં પણ સ્વગુરુની ઉપરની એક વાત જણાવી છે કેઃ-

રાય નારાયણ રાજસભાઈ, ઈડર નયર મઝારિ રે.
વાદીભૂષણ દિગપટ જીતી, પામ્યો જયજયકાર રે. (જૈ. ગૂ. કવિઓ પ્રથમ ભાગ પૃ. ૫૦૭)

૪૯૫. બ્રાહ્મણોની માફક સમ્રાટ્ પણ પ્રાતઃકાળે પૂર્વદિશા તરફ મુખ રાખી ઉભો રહેતો અને સૂર્યની આરાધના કરતો તેમજ તેનાં સહસ્રનામોનો પણ સંસ્કૃતભાષામાં જ ઉચ્ચાર કરતો. બદાઉનિ ૨, ૩૩૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંધાવવાનો જે નિષેધ કર્યો હતો તે તેની પાસેથી દૂર કરાવ્યો હતો, યાવની એટલે ફારસી ભાષાના ઘણા ગ્રંથો પ્રતિભા ગુણથી અધિક જાણીને બાદશાહને ભણાવ્યા હતા. વળી સિદ્ધિચંદ્ર શાંતિચંદ્ર સમાન શતાવધાની પણ હતા, ને તેના પ્રયોગ જોઈ તેમને પણ બાદશાહે 'ખુશફહેમ'ની માનપ્રદ પદવી આપી હતી. એકવાર બાદશાહે બહુ સ્નેહથી, એમનો હાથ પકડીને કહ્યું 'હું આપને પાંચહજાર ઘોડાના મનસબવાળી મોટી પદવી અને જાગીર આપું છું તેનો સ્વીકાર કરીને તમે રાજા બનો અને આ સાધુવેષનો ત્યાગ કરો. એ પોતે બહુ સુંદર રૂપવાળા હતા, ષટ્શાસ્ત્રોના જ્ઞાતા, સ્વગુરુના અતિ ભક્ત હતા. (જુઓ કાદંબરી પર તેમની પોતાની ટીકાની છેલ્લી પ્રશસ્તિ)[૪૯૬]

૮૦૯. વિજયસેનસૂરિનો પરિચય થોડો કરીએઃ- સં. ૧૬૩૩ માં સૂરતમાં ચિંતામણી મિશ્ર વગેરે પંડિતોની સભા સમક્ષ ભૂષણ નામના દિગંબરાચાર્ય સાથે શાસ્ત્રાર્થ કરી તેમને નિરુત્તર કર્યા હતા, (વિજયપ્રશસ્તિ સર્ગ ૮, શ્લો. ૪૨ થી ૪૯) અમદાવાદના સૂબા ખાનખાના (સં. ૧૬૩૯-૧૬૪૬)ને ઉપદેશથી પ્રસન્ન કર્યો હતો અને યોગશાસ્ત્રના પ્રથમ શ્લોકના તેમણે ૭૦૦ અર્થ કર્યા હતા. કહેવાય છે કે તેમણે પોતે કાવી, ગંધાર, અમદાવાદ, ખંભાત, પાટણ વગેરે સ્થલોમાં લગભગ ચાર લાખ જિનબિંબોની પ્રતિષ્ઠા કરી હતી. તેમના ઉપદેશથી તારંગા, શંખેશ્વર, સિદ્ધાચલ, પંચાસર, રાણપુર, આરાસણ, અને વીજાપુર વગેરેનાં મંદિરોના ઉદ્ધાર થયા હતા. સ્વ. સં. ૧૬૭૨ (તેમના ચરિત્ર માટે જુઓ વિજયપ્રશસ્તિ કાવ્ય, દયાકુશલે સં. ૧૬૪૯ માં આગ્રામાં રચેલો લાભોદય રાસ, પ્રકીર્ણ કૃતિઓ).

૮૧૦. આવી રીતે હીરવિજયસૂરિએ પોતે તેમજ તેમના ઉપર્યુક્ત શિષ્ય પ્રશિષ્યોએ તેમજ ખરતર ગચ્છના જિનચંદ્રસૂરિ આદિએ સમ્રાટ અકબર-પર ધીમે ધીમે ઉત્તરોત્તર વિશેષ પ્રમાણમાં પ્રભાવ પાડી તેને જીવદયાના પૂરા રંગવાળો કર્યો હતો તેમાં કિંચિન્માત્ર શક નથી એ વાતની સાક્ષી તે બાદશાહે બહાર પાડેલ ફરમાનો (કે જે પૈકી કેટલાંક અત્યારે પણ મળી આવે છે તે) પરથી, તેમજ અબુલફજલની આઈને અકબરી, બદાઉનીના અલબદાઉનિ, અકબરનામા વગેરે મુસલમાન લેખકોએ લખેલા ગ્રંથો પરથી સ્પષ્ટ જણાય છે.

૮૧૧. સમ્રાટ અકબર એક વિચારશીલ તથા સ્વદેશહિતૈષી પુરુષ હતો. તે ઘણીવાર કહેતો કે "જ્યાં સુધી ભારતમાં અનેક જાતિઓ તથા ધર્મો રહેશે ત્યાં સુધી મારૂં મન શાંત નહિ થાય." (આઈને

---

૪૯૬. इतिश्री पातशाहश्री अकबर जल्लालदिन सूर्यसहस्रनामाध्यापकः, श्रीशत्रुंजयतीर्थकरमोचनाद्यनेकसुकृतविधायक महोपाध्याय श्रीभानुचंद्रगणिविरचितायां तच्छिष्याष्टोत्तर शतावधान साधक प्रमुदित बादशाह श्रीअकब्बर प्रदत्त खुशफहमपराभिधान श्रीसिद्धिचंद्र गणिरचितायां कादम्बरी टीकायामुत्तरखण्ड टीका समाप्ता । એવું અંતિમ કથન બાણની કાદંબરી પર પૂર્વખંડની ભાનુચંદ્રે અને ઉત્તરખંડની ટીકા સિદ્ધિચંદ્રે કરેલી ટીકામાં છે. તેજ પ્રમાણે ભાનુચંદ્રકૃત અને સિદ્ધિચંદ્રશોધિત વસંતરાજ ટીકામાં પણ છે. વળી સિદ્ધિચંદ્રે પોતાના સંબંધે ભક્તામર સ્તોત્રની પોતાની ટીકાની આદિમાં જણાવ્યું છે કેઃ-

कर्त्ता शतावधानानां विजेतोन्मत्तवादिनां । वेत्ता षडपिशास्त्राणामध्येता फारसीमपि ॥
अकब्बरसुरत्राणहृदयांबुजषट्पदः । दधानः खुष्फहमिति बिरुदं शाहिनार्पितं ॥
तेन वाचकचन्द्रेण सिद्धिचन्द्रेण तन्यते । भक्तामरस्य बालानां वृत्तिर्व्युत्पत्तिहेतवे ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અ. ૩, ૩૮૬) વળી 'ધર્મો ગમે તેટલા હોય અને ગમે તેટલી ભિન્નતાવાળા હોય તો પણ જો તેમને સત્યના સુદૃઢ મૂળ ઉપર પ્રતિષ્ઠિત કરવામાં આવે તો તેમની વચ્ચે એકવાક્યતા કિંવા યથાયોગ્ય સંમેલન થયા વગર રહે નહિ.' (આ. અ. ૧, પૃ. ૧૨). સર્વ ધર્મોની જાહેરમાં સમાલોચના થઈ શકે એટલા માટે ફતેહપુર સીકી ખાતે 'એબાદતખાના' (પ્રાર્થનાગૃહ)ની સ્થાપના કરી હતી. ઉક્ત મંદિરમાં (સન ૧૫૭૮-સં. ૧૬૩૫) ઘણા ધર્મના પ્રતિનિધિઓ ચર્ચા ચલાવતા. 'સુફી, દાર્શનિકો, વક્તાઓ, કાયદાશાસ્ત્રી, સુન્ની, શીઆ, બ્રાહ્મણ, **જતી, સિઊરા,** ચાર્વાક (નાસ્તિકો), નાઝરેન (ખ્રિસ્તીઓ), જથુ, શાતૃ (શત્રુન્), ઝેરોસ્ટ્રીઅન (પારસીઓ) અને બીજાઓ અતિ ઉમદા આનંદ મેળવતા.' (**અ**બુલફઝલ **આ**ઈને અકબરી પુ. ૩, પ્રકરણ ૪૫ પૃ. ૩૬૫ **બી**વરેજનો અનુવાદ.) આમાં જણાવેલ જતી અને સિઊરા (શ્રમણો) એ શ્વેતામ્બર જૈનો સંબંધે અચૂક વપરાયા છે, જ્યારે તેનો અર્થ બધાએ 'બૌદ્ધો' કરેલ તે તદ્દન ખોટું છે; કદિ પણ બૌદ્ધાએ આવી ચર્ચા કરી નથી, બૌદ્ધ પંડિતો હિંદમાં તે સમયે હતા જ નહિ. (**વિ**ન્સેંટ સ્મિથ).

૮૧૨. રા. C (ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ) પોતાના લેખમાં જણાવે છે કેઃ- 'સત્ય વાત એ છે કે અકબરના ચારિત્રની ધાર્મિક બાજુ પર અપેક્ષાએ પ્રાયઃ પ્રમાણમાં ઓછું લક્ષ અપાયું છે; છતાં પણ એ જાણવું ઘણું રસપ્રદ થશે કે એ મહાન વ્યક્તિએ વિધવિધ સંપ્રદાયો અને ધર્મો પાળતી પોતાની પ્રજાને સંતોષવાનું તદ્દન મહાભારત કાર્ય સિદ્ધ કર્યું હતું. એટલું જ નહિ પણ તેનામાં એવી શ્રદ્ધા ઉત્પન્ન કરી હતી કે તે પોતાના ધર્મને માનતો હતો. ખ્રિસ્તીઓ માનતા કે તે ખ્રિસ્તી હતો, પારસીઓ સમજતા કે તે પારસી હતો. જ્યારે હિન્દુ ધારતા કે તે હિન્દુ હતો. તેની ધર્મવિષયક નીતિ આ રીતે આપણા વિશેષ આદરને પાત્ર બને છે.

૮૧૩. 'અકબરનો ધર્મ Eclectic હતો કારણ કે તે સત્યનો સહૃદય શોધક હતો. જ્યાંથી મળે ત્યાંથી તે સત્ય સ્વીકારતો. જૈનધર્મમાંથી તેણે પ્રાણીઓના વધનો ત્યાગ, જીવતાં પ્રાણીઓ પ્રત્યે દયા, [૪૯૭]માંસાહારથી અમુક અંશે અલગ રહેવું, પુનર્જન્મની માન્યતા, અને કર્મનો સિદ્ધાંત-એ વસ્તુઓ સ્વીકારી અને તે જૈન ધર્મ પર તેનાં તીર્થોને તેના અનુયાયીઓને સોંપીને તથા તેના વિદ્વાન પંડિતોને માન આપી કૃપા બતાવી.

૮૧૪. **આ**ઈને અકબરી (પુ.૧ પૃ.૫૩૮ અને ૫૪૭)માં આપેલ અકબરના દરબારના વિદ્વાનોની ટીપ પર દૃષ્ટિ ફેંકતાં આપણને ત્રણ નામો-હરિજીસુર, **બિ**જઈસેનસુર અને **ભા**નચંદ મળી આવે છે.

---

૪૯૭. માંસાહાર-પહેલાં અકબર કરતો, પણ ધીમે ધીમે તેણે તજી દીધો હતો ને વનસ્પતિ આહાર કરતો. તેણે જણાવ્યું છે કે '(૧) મનુષ્ય પોતાના ઉદરમાં પશુઓની કબર કરે અર્થાત પશુઓને મારી ખાય તે ઉચિત નથી. (૨) મારા જીવનના પ્રારંભમાં જ્યારે મારે માટે કદિ માંસ બનતું ત્યારે મને સારૂં નહોતું લાગતું, તેમાં મને કંઈ સ્વાદ ન્હોતો આવતો, અને તેથી મેં તે ખાવાની પરવા ઘણી ઓછી કરી હતી. મને માલૂમ પડ્યું કે જીવહિંસાને રોકવી ઘણી જરૂરી છે અને તેથી મેં માંસ ખાવું છોડી દીધું. (૩) લોકોએ દર વર્ષે મારા રાજ્યાભિષેકના દિને માંસ ખાવું ન ઘટે. (૪) કસાઈ, મચ્છીમાર અને એવા ધંધાવાળા-મારી માંસ વેચનારાને અલગ મહોલ્લામાં રાખવા કે બીજા સાથે ભેળંભેળા ન કરે. કરે તો સજા કરવી. **આ**ઈને અકબરી. ૩, ૫. પૃ. ૩૩૦-૪૦૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ત્રણ નામો આપણે તુરત જ ઓળખીને કહી શકીએ કે તે **હીરવિજયસૂરિ, વિજયસેનસૂરિ અને ભાનુચંદ્ર** ઉપાધ્યાયનાં નામો છે. અકબરના દરબારના વિદ્વાનો પાંચ વર્ગમાં વિભક્ત કર્યા હતા (કે જે બધાની સંખ્યા ૧૪૦ હતી.)

"સમ્રાટ કે જે પોતે ભૌતિક અને અધિભૌતિક જગતનો નાયક, અને બહારની તેમજ આંતરિક જગત ઉપર સાર્વભૌમ સત્તા ચલાવે છે તે પણ ખાસ લક્ષમાં લેવા યોગ્ય પાંચ પ્રકારના સંતોને માન આપે છે. પ્રથમ વર્ગના પોતાના સીતારાના પ્રકાશમાં બાહ્ય તેમજ અંદરની વસ્તુઓના ગુપ્ત ભેદો-રહસ્યો જોઈ શકે છે અને પોતાની સમજ તથા પોતાની દૃષ્ટિવિશાળતા વડે વિચારનાં બંને રાજ્યો-પ્રદેશો પૂર્ણ રીતે જાણી શકે છે" (આઈને અકબરી પુ. ૧, પૃ. ૫૩૭)

૮૧૫. 'હીરવિજયસૂરિને આ પહેલા વર્ગમાં મૂકવામાં આવ્યા છે અને ઉક્ત બીજા બે (વિજયસેન અને ભાનુચંદ્ર)ને પાંચમા વર્ગમાં મૂકેલ છે (કે જે વર્ગ નકલ (પુરાવા) પર આધાર રાખતા વિજ્ઞાનોને સમજનારાનો છે.)

૮૧૬. 'અકબરે ઘણી જીતો મેળવી અને હવે કોઈ શત્રુ બાકી નહોતો રહ્યો કે જેને જીતવાનું રહે. (બદાઉની) તેથી તેનું મન ધાર્મિક પ્રશ્નોમાં ખેંચાયું. ચુસ્ત મુસલમાન ન હોવાથી તે એમ માનતો કે સર્વે ધર્મોમાં એવી ઘણી ચીજો જાણવાની છે અને એવા ઘણા વિદ્વાનો છે કે જેમની પાસેથી શિખવાનું છે. તે પોતાના દરબારમાં દેશના શ્રેષ્ઠ વિદ્વાનોને આમંત્રતો અને તેમની પાસે ધાર્મિક પ્રશ્નોની ચર્ચા કરાવતો. (અનુદાર) બદાઉની લખે છે કે :-

"સમ્રાટે ઈસ્લામ ધર્મનો પરિત્યાગ કર્યો હતો. તેમાં અનેક કારણો હતાં. મુખ્ય એ હતું કે જુદા જુદા દેશોમાં જુદા જુદા ધર્મવાળા ઘણી સંખ્યામાં વિદ્વાનો સમ્રાટના દરબારમાં છુટથી આવજા કરી શકતા, અને સમ્રાટ સાથે પ્રત્યક્ષ વાર્ત્તાલાપ સહૃદયતાપૂર્વક કરી શકતા. રાતદિન ધર્મ સંબંધી વિચાર કર્યા કરવા અને તેનું યથાર્થ મૂળ શોધી કાઢવું તે સિવાય તે બીજા કોઈ કાર્ય પ્રત્યે મુદ્દલ લક્ષ જ આપતો નહોતો... સમ્રાટ દરેક પાસેથી ખાસ કરીને જે બીન-મુસ્લિમ હોય તેઓના મતો સંઘરતો. જે જે વાત તેને પ્રીતિકર થતી તે તેનો સ્વીકાર કરતો, અને જે વાત તેના સ્વભાવથી વિરુદ્ધ અને પોતાની ઈચ્છાની વિરોધી લાગતી તેને રદ કરતો. આ પ્રમાણે કેટલાક પ્રાથમિક મૂળ સિદ્ધાંતોના પાયા પર થયેલી શ્રદ્ધા તેના હૃદયની આરસીપર અંકિત થતી અને સમ્રાટ્પર જે સર્વ અસરો દૃઢપણે થઈ તેના પરિણામે તેના હૃદયમાં શિલાપર કરેલા રેખાદર્શનની જેમ ધીમે ધીમે એવી પ્રતીતિ થઈ કે સઘળા ધાર્મિક સંપ્રદાયોમાં સુજ્ઞ વિદ્વાન્ મનુષ્યો હોય છે જ અને સર્વ પ્રજાઓમાં જબરા વિચારકો અને આશ્ચર્યકારી શક્તિઓવાળા મનુષ્યો હોય છે જ.

"વિશેષમાં સમ્રાટ અન્ય સમ્પ્રદાયના વિદ્વાનો કરતાં **સુમનિઓ** (શ્રમણો-જૈન મુનિઓ) અને બ્રાહ્મણો તેની સાથે એકાંતમાં બેસી વિશેષવાર વાર્તાલાપ-મેળાપ કરી શકતા. તેઓ પોતાનાં ધર્મતત્ત્વ-અને નીતિશાસ્ત્રોમાં અને શારીરિક તથા ધાર્મિક વિજ્ઞાનોમાં બીજા (ધર્મના) વિદ્વાનોથી ચડી જાય છે અને ભવિષ્યના જ્ઞાનમાં આત્મિક શક્તિમાં અને મનુષ્ય તરીકેની પૂર્ણતામાં ઘણી ઉંચી કક્ષાએ પહોંચેલા હોય છે, તેથી તેઓ પોતાના અભિપ્રાયને પ્રામાણિક ઠરાવવા તથા અન્ય ધર્મોના દોષો સિદ્ધ કરવા યુક્તિ અને પ્રમાણ ઉપર રચાયેલ સાબીતીઓ રજુ કરતા અને પોતાના (ધર્મના) સિદ્ધાંતોને એવી રીતે તો દૃઢતાથી તેનામાં ઠસાવતા અને એટલી બધી બુદ્ધિમત્તાથી ધ્યાનમાં લીધા વગર છુટકો નહિ એવી તદ્દન સ્વતઃસ્પષ્ટ જણાય એવી રીતે વાતોને દાખવતા કે કોઈપણ મનુષ્ય પોતાની શંકાઓ જાહેર કરી સમ્રાટના હૃદયમાં સંદેહ ઉત્પન્ન કરી શકતો નહોતો, પછી ભલે પર્વતના ચૂરા થઈ ધુળ થાય યા આકાશમાં ચીરાઓ પડી જાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"આથી સમ્રાટે ઈસ્લામ ધર્મના પુનરુદ્ભવ સંબંધીના ખ્યાલો, કયામતના દિવસ અને તેને લગતી વિગતો તેમજ અમારા પંયગબરની દંતકથા પર રચાયેલા બધા હુકમોમાં શ્રદ્ધા કાઢી નાંખી... ખાસ કરીને આત્માઓના પુનર્જન્મના સિદ્ધાંતે તેના ચિત્તમાં દઢ મૂળ નાંખ્યું અને તેણે એ કહેવત સ્વીકારી કે 'એવો કોઈ પણ ધર્મ નથી કે જેમાં પુનર્જન્મના સિદ્ધાંતે ઉંડાં મૂળ ઘાલ્યાં ન હોય." અલ-બદાઉનિ ૨, ૨૬૩-૨૬૪.

૮૧૭. "ઉપરના લખાણથી એ સ્પષ્ટ છે કે સમ્રાટ સત્યનો જબરો શોધક હતો. તેણે પોતાના અધિકારીઓ પાસેથી **હીર**વિજયસૂરિના તદ્દન સંતશીલ ચારિત્ર અને બીજા શ્રેષ્ઠ સદ્‌ગુણોની વાત સાંભળીને...પોતાની પાસે બોલાવ્યા હતા."[૪૯૮]

૮૧૮. સં. ૧૬૩૫માં ઈબાદતખાનામાં જૈનો આવી ચર્ચા કરતા અને ભાનુચંદ્ર ઉપાધ્યાય પ્રાયઃ અકબરના મરણ સુધી (સં. ૧૬૬૧) તેના દરબારમાં રહ્યા હતા, અગર સં. ૧૬૩૯ થી ૧૬૬૦ તો અવશ્ય અકબરનો જૈનો સાથેનો સહવાસ-પરિચય આ રીતે ઓછામાં ઓછો વીસ વર્ષ કરતાં વધુ ચાલ્યો. બધા ધર્મો પૈકી જૈન અને જરથોસ્તી ધર્મ એ બેની અસર અકબરના મન પર ઘણી થઈ હતી. (વિ. **સ્મિથ**) સૂર્યનાં નામ ગણવાં, અમારિના દિવસોમાં પારસીના તહેવારો નવરોઝાદિ મૂકવા એ જરથોસ્તી ધર્મની અસર છે. સં. ૧૬૩૬ માં **દીને**ઈલાહી (ઈશ્વરનો ધર્મ) નામનો નવો ધર્મ પ્રચલિત કરી તેમાં વિવિધ ધર્મોનાં રહસ્યો સમજી લઈ તેની પસંદ પડતી વિધિઓ અને સિદ્ધાંતો પોતાના ધર્મમાં આમેજ કર્યે જતો હતો. 'માત્ર ૫-૬ વર્ષમાં જ ઈસ્લામ ધર્મનું નામ નિશાન પણ ભુંસાઈ ગયું હતું અને સર્વત્ર એક પ્રકારનું વિચિત્ર દશ્ય જ નજરે પડતું હતું' (**બદા**ઉનિ ૨, ૨૬૨). અકબરે ઘણે અંશે કીધેલો અહિંસાનો સ્વીકાર તે સંબંધી તેનાં ફરમાનો એ હીરવિજયસૂરિ અને તેમના શિષ્યો આદિ શ્વેતાંબર જૈનાના પ્રયાસને આભારી છે. દિગંબરી જૈન પંડિત એકપણ અકબરને મળેલ નથી તેથી અબુલફજલે જે જૈન ધર્મસંબંધી લખ્યું છે તે શ્વેતાંબરોના પરિચયથી લખ્યું છે ને દિગંબર વિલક્ષણતાઓનું વર્ણન 'અંધકારમાં રહીને–જ્ઞાન વગર લખેલ છે' એમ પોતે જણાવે છે (**આઈ**ને અકબરી જેરેટનો અનુવાદ વૉ. ૩ પૃ. ૨૧૦)

---

૪૯૮. જુઓ જૈન શાસનનો વીરાત્ ૨૪૩૭નો દીવાળીનો ખાસ અંક તેમાં રા. C નો અંગ્રેજી લેખ નામે 'Hiravijaya Suri or the Jainas at the Court of Akbar.' પૃ. ૧૧૩ થી ૧૧૫. આખો લેખ પૃ. ૧૨૦ સુધી છે. આ લેખ ઉપરથી મિ. વિન્સેન્ટ એ. સ્મિથે 'The Jain Teachers of Akbar' એ નામનો અંગ્રેજી લેખ લખેલ છે કે જે સર રા. ગો. ભાંડારકરના સ્મારક પુસ્તક (Commemoration Volume) સને ૧૯૧૭ માં પૃ. ૨૬૫ થી ૨૭૬ છપાયો છે અને ત્યાર પછી તે સ્મિથે પોતાના Akbar (અકબર) નામના ગ્રંથમાં આ સંબંધે જણાવ્યું છે-જુઓ પૃ. ૧૬૬ અને વળી તેમાં પૃ. ૨૬૨ માં પોર્ટુગીઝ પાદરી નામે પિન્હેરો (Pinheiro)નો તા. ૩-૯-૧૫૯૫ પત્ર ટાંકયો છે તેમાં જણાવ્યું છે કે He follows the sect of the Jains (Vertie) -એટલે તે અકબર જૈનો (વ્રતી)ના સંપ્રદાયને પાળે છે. આ પછી તેમાં કેટલાક જૈન સિદ્ધાંતોનો ઉલ્લેખ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - 3 કેટલીક ઐતિહાસિક વ્યક્તિઓ અને ઘટનાઓ.

तद्राज्ये गहनार्थशास्त्रघटनाप्रौढाभियोगा स्तथा, तुच्छोत्सूत्रमहीविदारणहलप्रख्याः सुसंयोगिनः ।
दुर्दान्तप्रतिवादिवाददमनस्थेयः प्रतिज्ञाभृतः, श्रीमद्वाचकधर्मसागरगुरूत्तंसा अभूवन् शुभाः ॥

-ધર્મસાગર-શ્રુતસાગર-શાંતિસાગર (કલ્પકૌમુદીના લેખક)ની પ્રશસ્તિ.

-તેમના (હીરવિજયસૂરિના) રાજ્યમાં ગહન અર્થ વાળી શાસ્ત્રઘટનામાં પ્રૌઢ અભિયોગ-વિદ્વત્તાવાળા, તુચ્છ ઉત્સૂત્ર રૂપી પૃથ્વીને તોડવામાં હલ જેવા સારા સંયોગવાળા, દુર્દમ્ય પ્રતિવાદીઓના વાદને દમનમાં સ્થાયી પ્રતિજ્ઞાવાળા એવા શુભ અને ગુરુમાં આભૂષણરૂપ ધર્મસાગર ઉપાધ્યાય થયા.

केचिद् हिन्दुनृपा बलश्रवणतस्तस्य स्वपुत्रीगणं, गाढाभ्यर्थनया ददत्यविकला राज्यं निजं रक्षितुं ।
केचित्प्राभृतमिन्दुकान्तरचनं मुक्त्वा पुरः पादयोः, पेतुः केचिदिवानुगाः परमिमे सर्वेऽपि तत्सेविनः ॥

-सं. १६४६ પદ્મસાગરકૃત જગદ્ગુરુ કાવ્ય. ૮૮.

-કેટલાક હિન્દુ રાજાઓ તેના (અકબરના) બલને સાંભળી પોતાના રાજ્યને બચાવવા સ્વપુત્રીના સમુદાયને ઘણી વિનતિ કરી આપે છે, કેટલાક શશિકાન્તાદિ જવાહિર મૂકીને તેના પગે પડે છે અને કેટલાક તેના અનુયાયી થાય છે. પરંતુ આ સર્વે પણ અકબરના સેવકો છે. (એક મેદપાટનો પતિ સમસ્ત હિંદુના કલશરૂપ પ્રતાપસિંહ અણનમ છે.)

अथ सागरपक्षीयः शान्तिदासो महर्द्धिकः । श्रावकः श्रावकाधीशो नरेश इव शोभते ॥ १ ॥

-સાગરપક્ષી શાન્તિદાસ નામના મહા ઋદ્ધિવંત શ્રાવક શ્રાવિકોના અધીશ રહી નરેશ માફક શોભે છે.

- વિજયદેવસૂરિ-માહાત્મ્ય સર્ગ ૧૧, ૧.

૮૧૯. ધર્મસાગર-મૂળ લાડોલના ઓસવાલ. તેમણે સં. ૧૫૯૫માં ૧૬ વર્ષની ઉંમરે મોસાળ મહેસાણામાં જીવરાજ પંડિત પાસે પોતાના નાનાબંધુ સહિત દીક્ષા લીધી. વિજયદાનસૂરિ પાસે શ્રુતનો અભ્યાસ સારી રીતે કરી હીરહર્ષમુનિ (પછીથી થયેલ હીરવિજયસૂરિ) સાથે દેવગિરિ જઈ ન્યાયાદિ શાસ્ત્રોનો અભ્યાસ કરી હીરહર્ષ સાથે જ તે સૂરિ પાસેથી ઉપાધ્યાય પદ મેળવી ગામોગામ વિચરવા લાગ્યા. તેઓ ઘણા વિદ્વાન પણ અતિ ઉગ્રસ્વભાવી અને દૃઢાગ્રહી હતા.

૮૨૦. શ્વેતાંબર મૂર્ત્તિપૂજકમાંથી જુદા પાડી **લુંકામત, તથા બીજા** મત નીકળ્યા પછી તેમની સાથેનો વિરોધ પ્રબળ થઈ પડયો હતો, ને ખુદ શ્વેતામ્બર મૂર્ત્તિપૂજકમાં ખરતર અને તપાગચ્છ વચ્ચેની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મતામતી થવા લાગી હતી. ધર્મસાગરે તપાગચ્છ સાચો ને બીજા ગચ્છો ખોટા જણાવી તેમના પર ઘણા પ્રહારો ઉગ્ર ભાષામાં ગ્રંથો નામે **તત્ત્વતરંગિણી, પ્રવચન પરીક્ષા-કુમતિમતકુદ્દાલ** રચી કર્યા. ખરતરો સાથે પાટણમાં સં. ૧૬૧૭માં 'અભયદેવસૂરિ ખરતર ગચ્છના નહોતા' એવો પ્રબળવાદ કર્યો. તે વર્ષે તેમને શ્વેતાંબર સંપ્રદાયના જુદા જુદા ગચ્છના આચાર્યોએ ઉત્સૂત્રપ્રરૂપણાના કારણે જિનશાસનથી બહિષ્કૃત કર્યા. તપાગચ્છના નાયક વિજયદાનસૂરિએ કુમતિમતકુદ્દાલને જલશરણ કરાવ્યો અને જાહેરનામું કાઢી 'સાતબોલ'ની આજ્ઞા કાઢી એક બીજા મતવાળાને વાદ વિવાદની અથડામણ કરતા અટકાવ્યા અને 'જેમ ચાલે છે તેમ ચલાવવા'ની આજ્ઞા કરી. ધર્મસાગરે સૂરિશ્રીને ચતુર્વિધ સંઘ સમક્ષ 'મિચ્છામિદુક્કડં' આપ્યો-તેમની માફી માંગી. સં. ૧૬૨૧.

૮૨૧. **ધર્મસાગરે** પછી વિહાર કરતાં અનેક સ્થળે વાદવિવાદ કરતા જેસલમેર જઈ ત્યાંના રાજા **હરરાજ** (સં. ૧૬૧૮ થી સં. ૧૬૩૪)ની રાજસભામાં વાદીઓ સાથેના વાદમાં જય પ્રાપ્ત કર્યો અને તેઓ **હીર**વિજયસૂરિની આજ્ઞામાં રહ્યા. પરંતુ તે આચાર્ય અકબર પાદશાહ પાસે રહ્યા તે દરમ્યાન વિરોધ વધતાં પાછા ગૂજરાતમાં આવ્યા પછી અમદાવાદમાં હીરવિજયસૂરિએ સ્વગુરુના સાત બોલપર વિવરણ અને વધારો કરી 'બાર બોલ' રૂપી આજ્ઞાઓ જાહેર કરી સં. ૧૬૪૬; એમાં ધર્મસાગર ગણિએ પણ મતું માર્યું. આથી જૈન સમાજમાં ઘણી શાન્તિ આવી. **ધર્મસાગરજી** ખંભાતમાં સં. ૧૬૫૩ ના કાર્તિક શુદ ૯ ને દિને **સ્વર્ગવાસ** પામ્યા.[૪૯૯]

૮૨૨. **વિવેકહર્ષ**-નામના ઉપાધ્યાય પ્રતાપી પ્રભાવક થયા. તે ત. **આણંદવિમલસૂરિ-હર્ષાણંદના** શિષ્ય હતા. તેમણે આઠથી સો સુધી અવધાન કરીને મહારાષ્ટ્ર કોંકણના રાજા **બુર્હાનશાહિ**, મહારાજશ્રી **રામરાજા**, **ખાન**ખાના, તથા **નવરંગખાન** આદિ અનેક રાજાઓ પાસેથી લીધેલા જીવો માટેના અમારિપટહ તથા ઘણા કેદીઓના છુટકારા આદિ સુકૃત્યો કર્યા છે. **મલ**કાપુરમાં **મુલા** નામના મુનિને વાદમાં જીત્યા, પ્રતિષ્ઠાન (પેઠણ) પુરમાં યવનોને મોઢે જૈન ધર્મની સ્તુતિ કરાવી, તથા બ્રાહ્મણ ભટ્ટોને યુક્તિવડે જીત્યા, અને **બોરિ**કપુરમાં **દેવજી** નામના વાદીને જીત્યો. વળી જૈન ન્યાયથી દક્ષિણના **જાલ**ણા નગરમાં દિગંબરાચાર્યને હરાવી કાઢી મૂકાવ્યા. **રામ**રાજાની સભામાં **આત્મારામ** નામના વાદીને જીત્યો.

૮૨૩. આ ઉપાધ્યાયે કચ્છદેશમાં સં. ૧૬૫૬ ને ૫૭ માં વિહાર કરી ત્યાંના રાજા **ભારમલ્લને** (સં. ૧૬૪૨-૧૬૮૮) પ્રતિબોધ્યો ને તેના પરિણામે તેણે લેખ કરી આપી પોતાના દેશમાં જીવહિંસાનો નિષેધ કર્યો કે 'હમેશાં ગાયની બલિકુલ હિંસા થાય નહિ, ઋષિપંચમી સહિત પર્યુષણના આઠ મળી

---

૪૯૯. ધર્મસાગરની વિશેષ હકીકત માટે જુઓ **'ધર્મસાગરગણિ રાસ'** કે જે અમને પ્ર. શ્રી **કાંતિવિજય** પાસેથી પ્રાપ્ત થયો છે તે હવે પછી પ્રકટ કરાશે, **વિજયતિલકસૂરિ** રાસ-પ્ર. ઐ. રાસસંગ્રહ ભા. ૪ (પ્ર. ય. ગ્રં.). શ્રી **જિનવિજયનો** લેખ નામે **'મહોપાધ્યાય** શ્રી ધર્મસાગરગણિ' પ્ર. આત્માનંદ પ્રકાશ વીરાત્ ૨૪૪૪ કાર્તિકનો અંક પુ. ૧૫-૪ પૃ. ૭૮ થી ૮૯). તેમના શિષ્ય **શ્રુત**સાગરે લખેલી સં. ૧૬૮૩ની **ચતુઃ**શરણ પ્રકીર્ણકાવચૂરિની અંતે અનેક વિશેષણોમાં એક વિશેષણ **'શ્રી જેસલમેરૂ** દુર્ગ રાજાધિરાજ રાઉલ શ્રી હરરાજ રાજસભા લબ્ધજયવાદ' પણ **ધર્મસાગરને** આપ્યું છે. (જિનવિજય પ્રશસ્તિ સંગ્રહ). ધર્મસાગરની કૃતિઓ માટે જુઓ પારા ૮૫૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવે દિવસોમાં, શ્રાદ્ધપક્ષમાં, સર્વ એકાદશીઓ, રવિવારો, અમાવાસ્યાઓના દિનોમાં તથા મહારાજના જન્મદિવસ અને રાજ્યદિને સર્વ જીવોની હિંસા ન થાય.' વળી તે રાજાએ ભુજનગરમાં 'રાજવિહાર' નામનું ઋષભનાથનું જૈન મંદિર કરાવ્યું સં. ૧૬૫૮ ને તપગચ્છના સંઘને સ્વાધીન કર્યું કે જે હાલ મોજુદ છે. આ મુનિએ કચ્છના ગામ ખાખરમાં ઓશવાલોને પ્રતિબોધી શ્રાવકક્રિયાઓ સમજાવી ને ત્યાં સં. ૧૬૫૭માં ત્રણ મોટી પ્રતિમાની અંજનશલાકા કરી. સં. ૧૬૫૯માં ત્યાં શત્રુંજયાવતાર નામના તૈયાર થયેલા ચૈત્યની પ્રતિષ્ઠા કરી. (જિ. ૨, નં. ૪૪૬).

૮૨૪. તેમણે પરમાનંદ, મહાનંદ, (સ્વશિષ્ય) ઉદયહર્ષ સાથે મળી જહાંગીર બાદશાહને વિનંતિ કરી લેખ મેળવ્યો કે ભાદરવા પજુસણના બાર દિવસોમાં દર વર્ષે હિંસા કરવાની જગ્યાઓમાં આખા રાજ્યમાં પ્રાણીઓને મારવામાં આવે નહિ (જુઓ તે લેખ પરિશિષ્ટ ગ 'સૂરીશ્વર અને સમ્રાટ્'.)

૮૨૫. મહારાણા પ્રતાપસિંહે ઉદયપુરના ઈતિહાસમાં અકબર બાદશાહને સિસોદિયા વંશની પુત્રી તેને કે તેના પુત્રાદિકને નહિ આપી અણનમ રહી લડાઈ લડીને ગિરિવાસ સેવીને પોતાનો ઉજ્જ્વલ પ્રતાપ બતાવતું ગૌરવશાલી સ્થાન અવિચળ રાખ્યું છે. તેનો પ્રધાન મંત્રી પ્રસિદ્ધ ભામાશાહ જૈન ઓસવાલ હતો. તેણે રાણાના સુખદુઃખમાં ભારે આત્મભોગ સાથે સાથ આપ્યો હતો. રાણાના સ્વર્ગવાસ પછી ગાદીપર આવેલ રાણા અમરસિંહના પહેલાં ત્રણ વર્ષ સુધી પ્રધાનપદે રહી સં. ૧૬૫૬માં ભામાશાહ સ્વર્ગસ્થ થયો, ત્યાર પછી તેના પુત્ર જીવાશાહને પ્રધાનપદ મળતાં તેણે પોતાના પિતાની લખેલી વહી અનુસાર જુદે જુદે સ્થળેથી ખજાનો કાઢી રાજ્યનું ખર્ચ ચલાવ્યાં કર્યું. જહાંગીર બાદશાહ સાથે સુલેહ થતાં કુંવર કર્ણસિંહ બાદશાહ પાસે અજમેર ગયો ત્યારે રાજભક્ત પ્રધાન જીવાશાહ તેની સાથે હતો. તેનો દેહાન્ત થતાં મહારાણા કર્ણસિંહે તેના પુત્ર અક્ષયરાજને મંત્રી તરીકે નીમ્યો. આ પ્રકારે ત્રણ પેઢી સુધી સ્વામીભક્ત ભામાશાહના કુટુંબમાં પ્રધાનપદ રહ્યું,[૫૦૦] (ઓઝાજીકૃત રા. ઈતિહાસ તીસરા ખંડ પૃ. ૭૮૭).

૮૨૬. એમ કહેવાય છે કે આ ભામાશાહનો ભાઈ તારાચંદ ગોડવાડની હાકમી મળતાં સાદડીમાં રહી લુંકા પક્ષમાં ગયો ને જો કે સાથે મૂર્ત્તિપૂજા સાચવી રાખી, પરંતુ મૂર્તિપૂજામાં પુષ્પાદિથી થતી પૂજામાં અનુચિત હિંસા છે એમ જણાવી પોતાની સત્તાથી અનેકને લુંકાગચ્છમાં લાવી જે ન ભળ્યા તેવા મૂર્તિપૂજકો પર તેણે ઘણા જુલમ કર્યા. તેના મરણ બાદ સાદડીમાં વાવ છે ત્યાં તેની તથા તેની

૫૦૦. આ કુટુંબના સર્વે પુરુષ રાજ્યના શુભચિંતક રહ્યા. ભામાશાહની હવેલી ચિત્તોડમાં તોપખાનાના મકાનની સામેના કવાયતના મેદાનના પશ્ચિમ કિનારાની મધ્યમાં હતી કે જેને મહારાણા સજ્જનસિંહે કવાયતનું મેદાન તૈયાર કરાવતાં તોડાવી નાંખી. ભામાશાહનું નામ મેવાડમાં એટલું બધું પ્રસિદ્ધ છે કે જેવું ગૂજરાતમાં વસ્તુપાલ તેજપાલનું છે. તેના વંશમાં હાલ કોઈ પ્રસિદ્ધ પુરુષ નથી રહ્યો, તો પણ તેના મુખ્ય વંશધરની એ પ્રતિષ્ઠા ચાલી આવી હતી કે જ્યારે મહાજનોમાં સમસ્ત જાતિ સમુદાયનું ભોજન વગેરે થતું. ત્યારે પહેલાં પ્રથમ તેને તિલક કરવામાં આવતું. પાછળથી આ પ્રથા બંધ થઈ હતી તે મહારાણા સ્વરૂપસિંહે સં. ૧૯૧૨ના પરવાનાથી પુનઃ ચાલુ કરી. તે આજ્ઞાનું વળી પાલન ન થયું ત્યારે હમણાં જ સ્વર્ગસ્થ થયેલ મહારાણાએ સં. ૧૯૫૨માં ફરી આજ્ઞા આપી ચાલુ કરી. ઓઝાજી પૃ. ૭૮૭ ની નોંધ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્ત્રી આદિની મૂર્ત્તિની પ્રતિષ્ઠા સં. ૧૬૪૮ વૈ. વદ ૯ કરાવાઇ છે ને ત્યાં હજુ સુધી લુંકાવાળા તે મૂર્ત્તિઓની કેશરચંદનાદિથી પૂજા કરે છે.[૫૦૧]

૮૨૭. સં. ૧૬૫૯ માં **આ**નંદવિમલસૂરિ-**વા**નરગણિ શિ. **આ**નંદવિજયે જેસલમેરમાં તપાગચ્છનો જ્ઞાનકોષ સ્થાપ્યો ને તેમાં **હી**રવિજયસૂરિની મૂર્ત્તિ બેસાડી કે જે હજુ ત્યાં છે. સં. ૧૬૬૧માં ભયંકર દુષ્કાલ પડ્યો હતો, તે વર્ષમાં ખંભાતમાં સોની **તે**જપાલે બંધાવેલા મોટા જિનભુવનમાં વિજયદેવસૂરિએ ઋષભદેવના બિંબની પ્રતિષ્ઠા કરી. (તેનો લેખ જુઓ 'સૂરીશ્વર અને સમ્રાટ' નોંધ પૃ. ૨૫૯) ૧૬૬૨ માં ભંડારીજીએ શત્રુંજય પર ચંદ્રપ્રભ ભ.નું દેહરૂં બંધાવ્યું. સં. ૧૬૭૧ માં આગ્રાના વતની જહાંગીરના અમાત્ય ધનિક જૈન **કો**નપાલ અને **સો**નપાલ જેમણે સંઘ સભાપતિ બની સમેતશિખર, શત્રુંજય આબૂ ગિરનારાદિ તીર્થોની યાત્રા કરી હતી. તેમણે આગ્રામાં શ્રેયાંસનાથનું ભવ્ય મંદિર બાંધ્યું ને તેની તથા ૪૫૦ પ્રતિમાની પ્રતિષ્ઠાઓ અં. કલ્યાણસાગરસૂરિ પાસે કરાવી. (**જૈ. સા. સંશોધક** પુ. ૨ પૃષ્ઠ ૨૫-૩૫ તથા પુ. ૩ પૃ. ૩૯૩-૩૯૯)

૮૨૮. સં. ૧૬૭૫માં જામનગરના મંત્રી ઓસવાલ **લા**લન ગોત્રના **વ**ર્ધમાન અને **પ**દ્મસિંહ એ બે ભાઇઓએ ૨૦૪ પ્રતિમાઓ ભરાવી અને પ્રતિષ્ઠિત કરાવી. પછીના વર્ષમાં શત્રુંજયનો સંઘ કાઢયો ને જામનગરમાં પોતે કરાવેલા સુંદર મંદિરમાં અં. કલ્યાણસાગરસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી. સં. ૧૬૭૮માં ઉક્ત **વ**ર્ધમાનશાહે શત્રુંજય પર દહેરૂં બંધાવી શાંતિનાથની પ્રતિમા સ્થાપી તથા જામનગરમાં બીજી પ્રતિષ્ઠા કરી. (જિ. ૨, નં. ૨૧, ૪૫૫).

૮૨૯. **ત**પાગચ્છમાં વિજયસે**ન**સૂરિના પટ્ટધર વિજયદેવસૂરિ[૫૦૨] થયા. સં. ૧૬૭૪માં જહાંગીર બાદશાહે માંડવગઢમાં 'જહાંગીર મહાતપા' નામનું બિરૂદ તેમની તપશ્ચર્યાથી મુગ્ધ થઈ તેમને આપ્યું. તે આચાર્યનું જીવન તપસ્વી ઉપરાંત તેજસ્વી હતું. સાદડીમાં લુંકા ગચ્છનાએ ચૈત્યપૂજા આદિ વિષયની નિંદા કરતાં ત્યાંના લોકોની વિનતિથી ત્યાં આવી આ. વિજયદેવે પોતાના સાધુઓને ત્યાં મોકલ્યા. તેમણે ત્યાં જઈ છેવટે ઉદેપુરમાં રાણા **ક**ર્ણસિંહની સન્મુખ રાજસભામાં શાસ્ત્રાર્થ કર્યો. રાણાએ ભાલા આકૃતિ યુક્ત 'સહી' કરી ફરમાન આપ્યું કે 'તપા સાચા છે અને લુંપકો જુઠા છે.'

૮૩૦. ઉદયપુરના મહારાણા જગતસિંહ (રાજ્ય સં. ૧૬૮૪ થી સં. ૧૭૦૯) પર આ. વિજયદેવે અને તેમના શિષ્ય વિજય**સિં**હસૂરિએ ભારે પ્રભાવ પાડ્યો હતો. **આ. વિ**જયદેવના ઉપદેશથી તે રાણાશ્રીએ

---

૫૦૧. 'શ્રી જૈન શ્વે. મૂર્તિપૂજક-ગોડવાડ ઔર સાદડી-લુંકામતિયોંકે મતભેદકા દિગ્દર્શન' નામની ચોંપડી શ્રી રત્નપ્રભાકર જ્ઞાનપુષ્પમાલા પુષ્પ નં. ૯મુ; જુઓ **ઓ**ઝાજીનો **રા**. ઈ. ખંડ ૩ પૃ. ૭૪૩; **સરસ્વતી** પુ. ૧૮ પૃ. ૯૭.

૫૦૨. તેમના ચરિત્ર સંબંધે જાણવા માટેનાં સાધનઃ-સંસ્કૃતમાં સં. ૧૬૯૯ માં ટીકા સહિત પૂર્ણ થયેલ શ્રી વિજયદેવસૂરિ માહાત્મ્ય ખરતર **શ્રી**વલ્લભ પાઠક કૃત અને શ્રી જિનવિજય સંપાદિત થઈ પ્ર. જૈન સાહિત્ય સંશોધક **સ**મિતિ અમદાવાદ. ગુણવિજયકૃત **વિ**જયદેવસૂરિ પ્રબંધ (કે જેનો ગૂજરાતી સાર શ્રી જિનવિજયે **પુરાતત્ત્વ** પુ. ૨ પૃ. ૪૬૦-૪૬૩માં આપેલ છે.) મારી સંપાદિત 'જૈન ઐતિહાસિક રાસમાળા'માં પ્રકટ થયેલ **વિ**જયદેવસૂરિની સઝાયો, **ને**મિસાગર રાસ વગેરે તથા તેમના સ્વર્ગવાસ પછી રચાયેલ **મે**ઘવિજયે સં. ૧૭૨૭માં રચેલ **મા**ઘસમસ્યા પૂર્ત્તિ તરીકે દેવાનન્દાભ્યુદય કાવ્ય અને **દિ**ગ્વિજય મહાકાવ્ય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વરકાણા તીર્થમાં પૌષ દશમીના દિને આવતા યાત્રાળુઓ પાસેથી મુંડકો કર લેવામાં આવતો તે બંધ કર્યો. તેનો શિલાલેખ તે મંદિરમાં કરવામાં આવ્યો (હજુ પણ તે પત્થર મોજુદ છે.) તેમ તામ્રપત્ર પણ કરી આપ્યું હતું. પછી રાણાએ પોતાના પ્રધાન ઝાલા કલ્યાણજીદ્વારા મોકલેલ આમંત્રણથી તેમણે ઉદયપુરમાં ચોમાસું કર્યું અને ઉપદેશ કરતાં રાણાએ-(૧) પીંછોલા અને ઉદયસાગર એ બે તળાવોમાં માછલાં પકડવા જાળો નાંખવા દેવી નહિ. (૨) પોતાના રાજ્યાભિષેક દિન-ગુરુવારે અમારિ પળાવવી-કોઇ જીવ મારે નહિ. (૩) પોતાના જન્મમાસ-ભાદ્રપદ માસમાં હિંસાનું નિવારણ કરવું-કોઇ જીવહિંસા કરે નહિ, (૪) મચિન્દ નામના દુર્ગમાં કુંભલવિહાર-કુંભારાણાએ કરાવેલ જૈન ચૈત્યનો ઉદ્ધાર કરવો-આ ચાર બાબતો સ્વીકારી હતી. (**વિ.** મહાત્મ્ય સર્ગ ૨૧) આ ઉપરાંત હાલારના નવાનગરના લાખા રાજા, ઇડરના કલ્યાણમલ્લ અને દીવના ફિરંગીઓને પણ ઉપદેશ આપી તે બધાનો પોતા પ્રત્યે આદરભાવ તેમણે આકર્ષ્યો હતો. તેમનો પરિવાર અઢીહજાર સાધુનો હતો. તેમણે સેંકડો પ્રતિષ્ઠા કરી હજારો જિનબિંબો ભરાવ્યાં હતાં. ગૂજરાત, સૌરાષ્ટ્ર, મરૂસ્થલ, મેદપાટ આબુ આરાસણમાંજ માત્ર વિહાર કરી તેમ કર્યું એમજ નહિ. પણ દક્ષિણમાં કનડી વિજાપુરમાં તથા કચ્છદેશમાં પણ જઈ પ્રતિષ્ઠાઓ કરી હતી (જુઓ વિજયપ્રશસ્તિની અંતિમ પ્રશસ્તિ).

૮૩૧. તેમના વારામાં સાગરવાળાનો તેમણે પક્ષ લીધો. તેથી ભારે ખળભળાટ થયો હતો; અને તેથી તેની બદલીમાં બીજા આચાર્ય પટ્ટધર નીમવાનો વિજયસેનસૂરિને તેમની ઇચ્છા સહમત આગ્રહ થયો હતો. વિજયસેનસૂરિ સં. ૧૬૭૨માં સ્વર્ગસ્થ થતાં વાત વધી પડતાં સોમવિજય ભાનુચંદ્ર સિદ્ધિચંદ્ર આદિ અન્ય સાધુઓએ એક રામવિજયને આચાર્યપદ આપી સ્વર્ગસ્થના પટ્ટધર બનાવ્યા ને તેમનું નામ વિજયતિલકસૂરિ આપ્યું. સં. ૧૬૭૩. જહાંગીર પાસે વિજયદેવસૂરિ જતાં તેજ ખરા પટ્ટધર છે એમ તેણે મત આપ્યો હતો. સં. ૧૬૭૪. પછી વિજયતિલકસૂરિનો દેહાન્ત (સં. ૧૬૭૬) થતાં વિજયાણંદસૂરિ થયા. આ. વિજયદેવ અને આ. વિજયાણંદ એ બંને વચ્ચે મેળ થયો અને તેમાં સીરોહીના દીવાન મોતી તેજપાળે અમદાવાદમાં ગચ્છભેદનિવારણ તિલક અને સંઘપતિ તિલક મેળવ્યું. સં. ૧૬૮૧. પછી તે મેળ તૂટી ગયો અને વિજયદેવસૂરિ અને વિજયાણંદસૂરિ એ બે આચાર્યો પરથી 'દેવસૂર' અને 'આણંદસૂર' એમ બે પક્ષો પડી ગયા કે જેના તણખા હજુ સુધી કાયમ છે. બંને સૂરિઓ અનુક્રમે સં. ૧૭૧૩ અને ૧૭૧૧માં સ્વર્ગવાસી થયા.

૮૩૨. સં. ૧૬૮૩ માં દીવના શ્રીમાળી સંઘે-સિંઘજી મેઘજીએ ગિરનારની પૂર્વની પાજનો ઉદ્ધાર કરાવ્યો (જિ. ૨, નં. ૬૧), ૧૬૮૫ માં શત્રુંજય પર ભરત રાજાનાં ચરણોની સ્થાપના થઈ, સં. ૧૬૮૬માં શત્રુંજય પર શા. ધરમદાસજીએ અદબદજી (અદ્‌ભુતજી) નું દહેરૂં બંધાવ્યું ને ત્યાં આદિનાથની મૂર્ત્તિ ડુંગરમાંથી કોતરાવી. ૧૬૮૭માં (સત્યાવાસીઓ) જબરો દુકાળ પડ્યો.

૮૩૩. **શાંતિદાસ શેઠ**[૫૦૩].-આ સમયમાં એક રાજમાન્ય ઝવેરી અને પ્રતિષ્ઠિત આગેવાન થયા.

---

૫૦૩. આના સંબંધે જુઓ મારી સંપાદિત 'જૈન ઐ. રાસમાળા'માં પ્રકટ થયેલ શાંતિદાસનો રાસ ને તે પર પ્રસ્તાવના, શ્રી જિનવિજય સંપાદિત જૈન. ઐ. ગૂર્જર કાવ્ય સંચયમાં પ્રકટ થયેલ રાજસાગરસૂરિ-નિર્વાણ રાસ (સં. ૧૭૨૨), વિજયદેવસૂરિ મહાત્મ્ય સર્ગ ૧૧, વિજયતિલકસૂરિ રાસ, ગુજરાતનું પાટનગર, Some Firtmans of Shah Jehan નામનો મોડર્ન રીવ્યુ જુલાઈ ૧૯૩૦ માં પ્રકટ થયેલો દિ. બ. કૃષ્ણલાલ ઝવેરીનો લેખ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ અતિ શ્રીમંત સાહસિક વેપારી હતા. તેની શરાફી પેઢીઓ સુરતાદિ અનેક સ્થળે ચાલતી. તેઓ ઓસવાળ જૈન અને સાગર પક્ષમાં હતા. રાજમાં ઘણી લાગવગ હતી. તેમણે જહાંગીરના રાજ્યમાં સં. ૧૬૭૮માં બીબીપુર (પ્રાયઃ અસારવા ને સરસપુર વચ્ચે) ચિંતામણિ-પાર્શ્વનાથનું સુંદર ભવ્ય મંદિર બંધાવવા માંડ્યું અને તેમાં મુક્તિસાગરને હાથે સં. ૧૬૮૨માં પ્રતિષ્ઠા થઈ.[૫૦૪] તે સ્થાપત્યના ઉંચા પ્રકારના નમુના રૂપ હતું. શાહજહાંના અમલમાં તેના ધર્માંધ પુત્ર ઔરંગજેબને અમદાવાદની સૂબાગિરિ અપાતાં તેણે મંદિરમાં મહેરાબ કરી (વટાળ કરી) એની મસ્જીદ કરી હતી (સં. ૧૭૦૦). વોરા લોકો એનો સામાન લઈ ગયા હતા. આથી આખા ગૂજરાતમાં હિંદુ અને મુસલમાનનું બંડ થયું હતું. શાંતિદાસે શાહજહાંને અરજ કરતાં શાહજાદા દારાશિકોહના હાથનું એક ફરમાન મેળવ્યું (હીઝરી ૧૦૫૮ સં. ૧૭૦૧). તેમાં જણાવ્યું હતું કે 'મહેરાબો કાઢી નાંખી તે મંદિર શાંતિદાસને હવાલે કરવું, તે તેને બક્ષવું અને તેનો તે કબજો રાખે ને પોતાના ધર્મ પ્રમાણે ભજન કરે તેમાં કોઈ આડે ન આવે, તેમાં રહેલા ફકીરોને કાઢી મૂકવા ને વોરા લોકો પાસેથી સામાન લઈ પાછો આપવો યા સામાનનો ખર્ચ લઈ પહોંચાડવો.'

૮૩૪. આ શાંતિદાસે સાગરપક્ષથી થયેલા ઝઘડામાં આગેવાની ભર્યો ભાગ લીધો હતો. ઉક્ત મુક્તિસાગરને સૂરિપદ સં. ૧૬૮૬માં અમદાવાદમાં અપાવ્યું, ને તેમનું નામ રાજસાગરસૂરિ સ્થાપ્યું. શેઠનો સ્વર્ગવાસ સં. ૧૭૧૫માં થયો. આજે એમના વંશજોના હાથમાં અમદાવાદની નગરશેઠાઈ ચાલી આવે છે. ઐતિહાસિક કુટુંબ તરીકે હિંદના ઈતિહાસમાં અને ખાસ કરી ગૂજરાતના ઈતિહાસમાં શાંતિદાસના કુટુંબનું સ્થાન ઉંચું છે.

૮૩૫. હીરવિજયસૂરિ એ એક જબરા જૈન પ્રભાવક થયા. આખા યુગ ને શતક પર તેમનો અને તેમના શિષ્યોનો જબરો પ્રભાવ છે. તેમના માટે તેમના જ સમયમાં અનેક સંસ્કૃત અને ગૂજરાતી કાવ્યો રચાયાં છે. વળી સંસ્કૃત અને ગૂજરાતી સાહિત્યમાં તેમના શિષ્યોએ મોટો ફાળો આપ્યો છે. તેમનો શિષ્ય પરિવાર-એક આચાર્ય નામે વિજયસેનસૂરિ, ૭ ઉપાધ્યાયો, ૧૫૧ પંડિતો-પંન્યાસ (પ્રજ્ઞાંશ) પદધારી, ૨૦૦૦ સાધુઓ અને ૩૦૦ સાધ્વીઓ-એ પ્રમાણે હતો. તેમણે, તેમના પટ્ટધર વિજયસેનસૂરિ અને તેમના પટ્ટધર વિજયદેવસૂરિએ થઈને લાખો જિનબિંબોની હજારો મંદિરોમાં પ્રતિષ્ઠા કરી હતી અને અકબર, જહાંગીર અને શાહજહાં એ ત્રણે બાદશાહો (સં. ૧૬૧૩ થી સં. ૧૭૧૩) ની ભારતની શાંતિની શતવર્ષીમાં રાજ્યનો પૂર્ણ આદર મેળવી સર્વત્ર વિહાર કરી જૈનધર્મની મહાન ઉન્નતિનો કળશ ચઢાવ્યો હતો. અત્યાર સુધી જે તપાગચ્છના જૈન સાધુઓ ગૂજરાતમાં વિચરે છે તે હીરવિજયસૂરિની પરંપરા છે.

---

૫૦૪. આ મંદિરની પ્રશસ્તિની નકલ શ્રી જિનવિજય પાસે છે કે જે સં. ૧૬૯૭ માં લખાઈ છે અને એક અશુદ્ધ નકલ મુંબઈની રો. એ. સોસાયટીમાં છે. વે. નં. ૧૭૫૬. આ પ્રતિષ્ઠા સાથે બીજાં જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ તેના લેખો બુ. ૧ નં. ૩૬ અને ૧૨૮ માં પ્રકટ થયા છે તે સારો પ્રકાશ પાડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

युगप्रधानत्वपदप्रदाना-ज्जलालदीसाहिवरेण सत्कृतः ।
प्रौढप्रतापो जिनचन्द्रसूरि र्विराजते सद्विजयी महीतले ॥४२३॥

श्री जैनशासनधुरां धरणाय धुर्य्ये सत्येकतः प्रबलसारयुगप्रधाने ।
मन्येऽन्यतोऽपि युगकौटिधृतौ समर्थःश्री साहिना सुघटितो जिनसिंहसूरिः ॥ ४२४ ॥

देवभक्तो गुरोर्भक्तः संघभक्तोऽतिथिप्रियः ।
चिरंजीयान्महामंत्री कर्मचन्द्रः ससन्ततिः ॥ ५०१ ॥ -जयसोमगणिकृत श्रीकर्मचन्द्रवंशावलीप्रबंधः

- જેનો જલાલદીન-અકબર પાતસાહે 'યુગપ્રધાન'પણાનું પદ આપીને સત્કાર કર્યો છે. એવા પ્રૌઢ પ્રતાપી વિજયી જિનચંદ્રસૂરિ મહીતલે વિરાજે છે.

શ્રી જૈનશાસનની ધુરાને વહવા ધુર્ય્ય-બળદ સમાન આ જિનચંદ્રસૂરિ પ્રબલ યુગપ્રધાન એક જ હોવા છતાં હું ધારૂં છું કે અન્યમાં યુગનું બાણ ધરવાને સમર્થ એવા જિનસિંહસૂરિને અકબર બાદશાહે સુઘટિત સ્વીકાર્યો-જિનચંદ્રસૂરિના તે શિષ્યને આચાર્યપદ આપ્યું.

દેવભક્ત, ગુરુભક્ત, સંઘભક્ત અને અતિથિને વલ્લભ એવો મહામંત્રી કર્મચંદ્ર સંતતિ સહિત ચિરંજીવ રહો.

૮૩૬. અકબરના સમયમાં રજપૂતાના (મારવાડના વીકાનેરમાં) **કર્મચંદ્ર** મંત્રી કરીને ઓસવાલ વણિક્ જ્ઞાતિમાં શૂરવીર, બુદ્ધિશાલી, દાની પુરુષ થયો. તે ચુસ્ત જૈન અને કુશલ રાજદ્વારી નરપુંગવ હતો. તેની કીર્ત્તિ આખા રાજપૂતાનામાં અને મુગલ સામ્રાજ્યમાં ઘણી જ પ્રસરેલી હતી. તેનું કુલ પ્રાચીનકાલથી ઘણું પ્રખ્યાત અને ગૌરવશાલી હતું (તે માટે જુઓ જયસોમકૃત સંસ્કૃત મંત્રી કર્મચંદ્ર પ્રબંધ અને જયસોમના શિષ્ય ગુણવિનયે ગૂજરાતી પદ્યમાં રચેલ તેનો અનુવાદ કે જેમાંથી નીચેની હકીકત લીધી છે.)

૮૩૭. તેને વીકાનેરના રાય કલ્યાણે મંત્રી બનાવ્યો. તેણે શત્રુંજય, ગિરનાર, ખંભાત આબૂની જાત્રા કરી. રાજકુમાર રાયસિંહને લઈ સેનાવડે જોધપુરનું રાજ લઈ રાજના ગોખમાં રાય કલ્યાણને બેસાડી તેના પૂર્વજનો સંકલ્પ પૂરો કર્યો. તેથી તે રાજાએ ખુશ થઈ વર માંગવાનું કહેતાં મંત્રીએ માગ્યું કે આખા ચાતુર્માસ દરમ્યાન કંદોઈ ઘાંચી કુંભાર પોતાનો ધંધો ન કરે, વણિકોનો 'માલ' નામનો રાજકર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છોડી દેવો ને તેમનો માંડવીના દાણનો ચોથો ભાગ માફ કરવો તથા છાલીનો (ઉરભ્ર અજ આદિનો) કર કાઢી નાખવો. આ પ્રમાણે રાજાએ કરી આપ્યું અને વણમાંગ્યા ચાર ગામ વંશપરંપરા બક્ષીસ કર્યાં.

૮૩૮. આ મંત્રીએ બાદશાહનો આદેશ થતાં દિલ્લી પર હલ્લો કરવા નાગોરથી જતા ઈબ્રાહીમ મીર્જાના લશ્કરને નસાડ્યું-તોડ્યું. વળી ગૂજરાતમાં પહોંચેલા મહમદ હુસેન મીર્ઝાની સાથે લડાઈ કરી તેને જીત્યો. સોજત, સમીયાણા, જાલોર અને આબૂ દેશને પણ સર કર્યા. મુગલ સેનાએ આક્રમેલ આબૂ તીર્થ પર અકબરના ફરમાનથી ત્યાંના ચૈત્યોની પુનઃ સુવ્યવસ્થા કરી. શિવપુરી-સીરોહીથી આવેલ બંદિજનને અન્ન વસ્ત્ર આપી પોતાને ઘેર લાવી સન્માન્યાં. આબૂ પરના પ્રાસાદને સુવર્ણ દંડ ધ્વજા અને કલશથી મંડિત કર્યાં. સમિયાણા સર કરતાં પકડાયેલ બંદિવાનોને છોડાવ્યા. સં. ૧૬૩૫માં પડેલા મહાદુષ્કાળમાં ૧૩ માસ શત્રાગાર ખોલી રોગગ્રસ્ત દીન અને નિર્બલજનોનું રક્ષણ કર્યું. મુગલ [૫૦૫] તુરસમખાને સીરોહી દેશ લૂંટયો ને ત્યાંથી હજાર જૈન પ્રતિમા તેમાંથી સોનું નીકળશે એમ જાણી શાહી દરબારમાં લઈ ગયો તેને સોનૈયા આપી કર્મચંદ્રે વિકાનેરમાં આણી. (આ ૧૦૮૫ અતિ પ્રાચીન પ્રતિમાઓ વીકાનેરમાં ચિંતામણિજીના મંદિરના ભોંયરામાં રાખેલી છે તે આ ૧૯૮૭ના વર્ષના કાર્ત્તિક સુદિ ૩ ને દિને ઉત્સવપૂર્વક બહાર કાઢી વદી ૪ ને દિને પુનઃ ભોંયરામાં મૂકી દીધી છે.)

૮૩૯. કર્મચંદ્ર વત્સરાજ (વછરાજ)નો વંશ જ હોવાથી બચ્છાવત કહેવાતો. તેનું મહત્ત્વ વધારવા માટે અકબરે એવો પ્રસાદ કર્યો કે તેના-વત્સરાજના વંશજોની સ્ત્રીઓના જ પગે સોનાનાં આભૂષણો પહેરી શકાય. (ત્યારથી તેમ થાય છે). તુરસમખાને ગુર્જર વિષય (ગૂજરાત)માંથી આણેલા વણિક બંદિવાનોને વગર દ્રવ્યે છોડાવ્યા. સ્વધર્મી બંધુઓને અનેક પ્રકારનું દાન દઈ સંતુષ્ટ કર્યા. શત્રુંજય અને મથુરાનાં જીર્ણ ચૈત્યોનો ઉદ્ધાર કર્યો અને કાબુલ સુધીના પ્રદેશમાં દરેક સ્થળે લ્હાણી કરી. ખરતર જયસોમ ઉપાધ્યાય પાસેથી ૧૧ અંગનું શ્રવણ વીકાનેરમાં કર્યું અને લેખકો પાસે પવિત્ર આગમો લખાવવામાં ઘણું દ્રવ્ય ખર્ચ્યું. શત્રુંજય અને ગિરિનાર પર નવાં જિનમંદિરો કરવા ધન મોકલ્યું. ચાર પર્વ (આઠમ, ચૌદશ, પૂર્ણિમા, અમાવાસ્યા) પોતે પાળી, રાજ્યાદેશથી કારૂ લોક-કુંભાર આદિ પાસે પળાવી; અને આખું ચાતુર્માસ તે લોકો પાસે પળાવ્યું. રાજા રાજસિંહ પાસે આખા મરૂમંડલમાં વૃક્ષના છેદનનો નિષેધ કરાવ્યો, તથા સતલજ, ઝેક અને રાવી એ ત્રણ નદીઓમાં માછલાંની હિંસા બંધ કરાવી. સેના લઈ હડફામાં રહેતા બલોચી (બલુચી)ઓને હરાવી તેમના બંદિઓને છોડાવ્યા. જિનમંદિરમાં સ્નાત્ર પૂજાઓ કરાવી, ફલોધિમાં રહી ખ. જિનદત્તસૂરિ અને જિનકુશલસૂરિના સ્તૂપ કરાવ્યા.

૮૪૦. પછી પોતાના રાજાનું કલુષ ચિત્ત જાણી પોતે મેડતામાં વાસ કર્યો. અકબર બાદશાહનું ફરમાન કર્મચંદ્રને મોકલવાનું રાજા રાયસિંહ પર આવતાં રાજાએ મંત્રીને મોકલ્યું. આથી કર્મચંદ્ર અજમેર આવી જિનદત્તસૂરિના સ્તૂપની યાત્રા કરી ત્યાંથી લાહોર આવી અકબર બાદશાહને મળ્યો.

---

૫૦૫. તુરસમખાનનું નામ અબુલફજલના અકબરનામાની હકીકતમાં આગે છે પણ શ્રીયુત ઓઝા તે અકબર નામાના વૃત્તાંતની ઘણી ઘણી વાતો ખોટી જાહેર કે છે. ગમે તેમ હો આ પ્રબંધમાં જણાવ્યા પ્રમાણે તુરસમખાને શીરોહી લૂંટયાની વાત સત્ય છે. કારણ કે આ પ્રબંધ લગભગ સમકાલીન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાહે રાજાની અવકૃપા વગેરે જાણી મંત્રીને પોતાની પાસે રાખ્યો; સારો હાથી પછી શિકારી ઘોડો બક્ષી તેને ગંજાધિકારી–ભંડારી બનાવ્યો.

૮૪૧. એક દિવસે અકબર બાદશાહે જિનદર્શનમાં કોણ સારા ગુરુ છે તે પૂછતાં કોઈ એ ખરતર ગચ્છના આચાર્ય જિનચંદ્રસૂરિનું નામ આપ્યું; પછી તેમના શિષ્ય કર્મચંદ્ર છે એમ જાણી તેમને બોલાવી પોતાની પાસે સૂરિને લઈ આવવા તેને ફરમાન દીધું. આચાર્ય ગૂજરાતના ખંભાતમાં હતા, તે શાહી હુકમ જોઈ અમદાવાદ-સીરોહી થઈ સુવર્ણગિરિ (જાલોર) ક્રમે આવી ત્યાં ચોમાસું કર્યું. માગસર માસમાં વિહાર કરી મેડતા, નાગોર, વીકાનેર, બાપેઉ, રાજલદેસર, માલસર, રિણપુર થઈને સરસ્વતિપત્તન (સરસા)માં આવી ફાગણ સુદ ૧૨ (ઈદ)ને દિને લાહોરમાં આવ્યા. બાદશાહે ગોખમાં આવી સૂરિનું સન્માન કર્યું અને તેના આગ્રહથી આચાર્યે લાહોરમાં ચાતુર્માસ કર્યું. આ વખતે જયસોમ, રત્નનિધાન, ગુણવિનય અને સમયસુંદર સાથે હતા.

૮૪૨. જિનચંદ્રસૂરિ અને અકબર બાદશાહ-એ બે વચ્ચે વાર્ત્તાલાપ થયો. તે સૂરિએ જણાવ્યું કે દ્વારકામાં બધાં જૈન જૈનેતર દેહરાં-દેવમંદિરોનો નવરંગખાને વિનાશ કર્યો છે તો જિનમંદિરોની રક્ષા થવી ઘટે. બાદશાહે ત્યાં ઉત્તરમાં કહ્યું કે શત્રુંજયાદિ સર્વ જૈન તીર્થો હું આ કર્મચંદ્ર મંત્રીને સ્વાધીન કરૂં છું. તે સંબંધીનું ફરમાન પોતાની મુદ્રાથી અંકિત કરી આજમખાનને આપ્યું કે સર્વ તીર્થ કર્મચંદ્રને બક્ષેલ છે તો તેની રક્ષા કરો. આથી શત્રુંજયપર મ્લેચ્છે કરેલ ભંગનું નિવારણ થયું.

૮૪૩. અકબરને કાશ્મીર જવાનું થયું તે પહેલાં તેણે મંત્રી પાસે જિનચંદ્રસૂરિને બોલાવી તેમનો 'ધર્મલાભ' લીધો અને તે વખતે તે સૂરિના પુણ્યહેતુ માટે આષાઢ સુદ ૯ થી સાત દિવસ સુધી આખા સામ્રાજ્યમાં 'અમારિ' પળે-જીવહિંસા ન થાય એવું ફરમાન કાઢી તેને ૧૧ સુબામાં મોકલી આપ્યું.[૫૦૬] આ હુકમ સાંભળી શાહને રંજવા તાબાના રાજાઓએ પોતપોતાના દેશમાં કોઈએ ૧૫, કોઈએ ૨૦, કોઈએ ૨૫, કોઈએ એક માસ તો કોઈએ બે માસ સુધીની 'અમારિ' પાળવાના હુકમ કર્યા. સૂરિ લાહોર રહે પણ તેમના શિષ્ય માનસિંહને કાશ્મીર મોકલવા શાહે કહેવરાવ્યું. માનસિંહ કાશ્મીર ગયા અને તેમના કહેવાથી શાહે ત્યાંના સરોવરના જલચરને હિંસાથી મુક્ત કર્યા. શાહે કાશ્મીર સર કર્યું પછી તે લાહોર આવ્યો.

૮૪૪. અકબરશાહે લાહોરમાં જિનચંદ્રસૂરિને 'યુગપ્રધાન' પદ ને તેમના શિષ્ય માનસિંહને આચાર્ય પદ આપ્યું ને નામ જિનસિંહસૂરિ રાખ્યું. (સં. ૧૬૪૯ ફાગણ સુદ બીજ). તે વખતે જયસોમને તથા રત્નનિધાનને પાઠક પદ અનેં ગુણવિનય તથા સમયસુંદરને વાચક પદ આપવામાં આવ્યું. કર્મચંદ્ર મંત્રીની વિનતિથી આ અવસરે બાદશાહે અમારિ ઘોષણા કરી; સ્તંભતીર્થ(ખંભાત)ના સમુદ્રમાં એક વર્ષ સુધી હિંસા ન થાય તેમ કર્યું અને લાહોરમાં એક દિવસ માટે સર્વ જીવની રક્ષા કરી. કર્મચંદ્રે મૂળ સ્વામી રાજા રાજસિંહ પાસે જઈ તેને નમી આજ્ઞા લઈ આ મહોત્સવ અતિશય દાનપૂર્વક

---

૫૦૬. આ ફરમાનની નકલ માટે જુઓ **સરસ્વતી** માસિક જુન ૧૯૧૨, હીરવિજયસૂરિ પર લેખ, ફૂપારસકોશમાં શ્રીજિનવિજયની પ્રસ્તાવના, **જૈનયુગ** જેઠ-શ્રાવણ ૧૯૮૬ નો અંક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યો. [આ ઉપર જણાવ્યા પ્રમાણે મંત્રી કર્મચંદ્રપ્રબંધમાંથી લીધું છે તે મૂલ સંસ્કૃતમાં ક્ષેમશાખામાં પ્રમોદમાણિક્ય શિષ્ય જયસોમ ઉપાધ્યાયે સં. ૧૬૫૦ના વિજયાદશમી દિને લાહોરમાં રચ્યો ને તે પર સંસ્કૃત વ્યાખ્યા તેમના શિષ્ય ગુણવિનયે સં. ૧૬૫૫માં રચી. અને તે વર્ષમાં તે ગુણવિનયે ગૂજરાતી પદ્યમાં અનુવાદ રચ્યો.] {*આ. જિનચંદ્રસૂરિએ* **પૌષધવિધિ** *પ્રકરણ રચ્યું છે. 'યુગપ્રધાન જિનચંદ્રસૂરિ' પૃ. ૪૫. લે. અગરચંદ નાહટા*}

૮૪૫. સં. ૧૬૬૯માં જહાંગીર પાતસાહે એવો હુકમ કર્યો હતો કે સર્વ દર્શનના સાધુઓને દેશ બહાર કરવા; આથી જૈન મુનિમંડળમાં સર્વત્ર ભીતિ ઉત્પન્ન થઈ. **જિનચંદ્રસૂરિએ** પાટણથી આગ્રા આવી બાદશાહને સમજાવ્યો ને આગળનો હુકમ રદ કરાવ્યો.

૮૪૬. જિનસિંહસૂરિના પટ્ટધર **જિનરાજસૂરિએ** લોદ્રવપત્તનમાં જેસલમેરવાસી **થીરૂ**શાહે ઉદ્ધાર કરાવેલા વિહાર શૃંગાર ચિંતામણિ પાર્શ્વનાથના ચૈત્યની પ્રતિષ્ઠા કરી. સં. ૧૬૭૫માં (જે. પરિ. ૬) અને તે વર્ષમાં અમદાવાદના પોરવાડ સોમજી પુત્ર **રૂ**પજીએ શત્રુંજય પર કરાવેલ ચતુર્દ્વાર વિહારમાં ઋષભનાથની અને ૫૦૧ પ્રતિમાની પ્રતિષ્ઠા આ સૂરિ હાથે કરાવી. ઉક્ત **થીરૂ**શાહે સં. ૧૬૮૨માં શત્રુંજયનો સંઘ કાઢી ત્યાં ગણધરોની પાદુકા કરાવી. (એપી. ઈં. ૨, ૬૮) અને સં. ૧૬૯૩માં લોદ્રવામાં અનેક દેહગૃહો બંધાવ્યા (જે. પરિશિષ્ટો). આ થીરૂશાહનો પુસ્તકભંડાર જેસલમેરમાં છે.

૮૪૭. સમયસુંદર[૫૦૭] મૂળ સાચોરના પોરવાડ એક સારા વિદ્વાન થયા. સંસ્કૃત અને દેશી ભાષામાં અનેક કૃતિઓ કરવા ઉપરાંત તેમણે જેસલમેરના રાઉલ **ભીમ** પાસે સાંઢ મારવાનું બંધ કરાવ્યું. લાહોરમાં અષ્ટલક્ષી નામનો ગ્રંથ રચી. (એક વાકયના આઠ લાખ અર્થ બતાવી.) **અકબર** બાદશાહને રંજિત કર્યો અને **જિનચંદ્રસૂરિ** પાસે વાચક પદવી લીધી. શીતપુર-સિંધુ વિહારમાં **મખનૂમ** મહમદ શેખને સમજાવી જીવદયાનો પડો વજડાવ્યો-પંચનદ (પંજાબ)નો પ્રદેશ જીવદયાવાળો કર્યો ને તેમાં ગાયની વિશેષતા કરાવી. તેમને મેડતા અને મંડોવરના રાજકર્તા પણ માન આપતા હતા.

૮૪૮. સત્તરમી સદીમાં **બનારસીદાસ** નામના શ્રાવક હિંદી ભાષાના શ્રેષ્ઠ જૈન કવિ થયા. હિંદી ભાષામાં જૈનોમાં આના કરતાં સારો પ્રતિભાશાલી કવિ કોઈ થયો નથી એમ અમને લાગે છે. તેઓ આગરાના રહેવાશી શ્રીમાલ વૈશ્ય હતા. તેમનો જન્મ સં. ૧૬૪૩ માં જૌનપુરમાં થયો. પિતા **ખ**રગસેનને બનારસ (કાશી)માંના પાર્શ્વનાથ પર બહુ જ પ્રીતિ હતી અને બનારસ જતાં ત્યાંના પૂજારીના કહેવાથી તેનું નામ તેણે **બ**નારસીદાસ રાખ્યું. (મૂલ નામ **વિ**ક્રમજીત હતું). સં. ૧૬૫૪માં વિવાહ થયો. સં. ૧૬૫૭ માં ઈશ્કબાજીમાં પડી ગયા. ત્યારે જોનપુરમાં (લઘુ) **ખ**રતરગચ્છીય મુનિ **ભા**નુચંદ્ર (**અ**ભયધર્મ ઉપાધ્યાયના શિષ્ય) આવતાં બનારસીદાસને પિતા સાથે જતાં તેમનો સમાગમ થયો. મુનિ સદાચારી અને વિદ્વાન્ હોવાથી **બ**નારસીદાસ પૌષધશાલામાં મુનિ પાસે જ રહેલા લાગ્યા.

---

૫૦૭. વિશેષ માટે જુઓ મારો નિબંધ 'કવિવર સમયસુંદર'-ભાવનનગર ગૂજરાતી સાહિત્ય પરિષદનો અહેવાલ-**જૈન સાહિત્ય સંશોધક** ખંડ ૨ અંક ૩-૪ અને **આ**નંદ કાવ્યમહોદધિ મૌક્તિક ૭ માની પ્રસ્તાવના. સંસ્કૃત કૃતિઓ માટે જુઓ આગળ, અને ગૂજરાતી કૃતિઓ માટે જુઓ મારો 'જૈન ગૂર્જર કવિઓ' પ્રથમ ભાગ પૃ. ૩૩૧-૩૯૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવલ રાત્રિએ ઘેર આવતા. સાધુશ્રીની પાસે સામાયિક પ્રતિક્રમણાદિ જૈન ક્રિયાઓનાં સૂત્રો, છંદશાસ્ત્ર, શ્રુતબોધ, કોષ અને અનેક સ્ફુટ શ્લોક આદિ કંઠસ્થ કર્યા. પણ ઈશ્કબાજી છૂટી નહિ. એક શૃંગારી ગ્રંથ રચ્યો. સોળમે વર્ષે કુષ્ટરોગ થયો તે એક વૈદ્યે મટાડયો. ૧૬૬૦માં અભ્યાસ છોડયો. ૧૬૬૧ માં એક સંન્યાસીએ સોનામહોર મેળવવાનો મંત્ર આપી પૈસા કઢાવ્યા પણ એક વર્ષની મુદતે પણ મુદ્રાપ્રાપ્તિ ન થઈ. આ વાત ભાનુચંદ્રજીને કહેતાં ભરમ નીકળ્યો. ૧૬૬૪માં પોતાની શૃંગારપોથી ગોમતી નદીમાં પધરાવી. ત્યારથી ઈશ્કબાજી અને પાપકર્મને વોસિરાવ્યાં. ધર્મવૃત્તિ જાગી. વિલક્ષણ ફેરફાર-ક્રાંતિ થવાથી વ્રત નિયમ પૂજા પાઠ આદિ કરવા લાગ્યા. સં. ૧૬૧૭માં પિતાએ સર્વ ઝવેરાત અને મિલકત પુત્રને સોંપી દીધાં. એ લઈ કવિ આગરે ઝવેરીનો વેપાર કરવા આવ્યા પણ તેમાં નુકશાન થયું. જોનપુર આવી રહ્યા. પિતા સ્વર્ગસ્થ થયા એટલે પુનઃ આગ્રા સં. ૧૬૭૩માં આવ્યા. ત્યાં મરકી (હાલ જેને પ્લેગગાંઠીઓ તાવ કહે છે તે રોગ) થતાં લોકોની નાસભાગ થઈ. પોતે ભાગી પછી અહિચ્છત્ર પાર્શ્વનાથ, હસ્તિનાપુર, દિલ્લી, મીરત આદિ સ્થલે યાત્રા કરી આગ્રા સહકુટુંબ આવ્યા. સં. ૧૬૭૬ થી ૧૬૮૦માં પોતાની કૌટુંબિક સ્થિતિમાં ફેરફાર થયા.

૮૪૯. સં. ૧૬૮૦માં એ કવિનું ભારે પરિવર્તન થયું. આગ્રામાં **અર્થમલ્લજી** નામના એક અધ્યાત્મરસિક સજ્જનની સાથે પરિચય થતાં ને તેમના બોધથી **રામમલ્લકૃત** બાલાવબોધ ટીકા સહિત દિગંબર કુંદકુંદાચાર્યકૃત **સમયસાર** નાટક મનનપૂર્વક વાંચતાં **બનારસીદાસને** નિશ્ચયનય જ સર્વત્ર સૂજવા લાગ્યો. વ્યવહાર નય પરથી શ્રદ્ધા જ ઉઠી ગઈ અને **જ્ઞાન**પચ્ચીસી, **ધ્યાન**બત્તીસી, **અધ્યાત્મ** બત્તીસી, **શિવમન્દિર** આદિ કેવલ નિશ્ચયનયને પોષતી અધ્યાત્મકૃતિઓ બનાવી. બાહ્ય ક્રિયાઓ પર શ્રદ્ધા ચાલી ગઈ; ભગવાન પર ચઢેલ નૈવેદ્ય (નિર્માલ્ય) પણ ખાવા લાગ્યા. **ચંદ્રભાણ**, **ઉદયકરણ**, **થાન**મલજી આદિ મિત્રોની એ જ દશા હતી. અધ્યાત્મચર્ચામાં ડૂબી જતા. છેવટે તો ચારે જણ એક ઓરડીમાં નગ્ન બની પોતાને પરિગ્રહ રહિત (દિગંબર) મુનિ માની ફરતા. આથી શ્રાવકો બનારરસીદાસને 'ખોસરામતી' કહેવા લાગ્યા. આ એકાન્તદશા સં. ૧૬૯૨ સુધી રહી.[૫૦૮]

---

૫૦૮. ૧૮ મી સદીમાં થયેલ શ્વે. શ્રી યશોવિજયને આગ્રામાં બનારસીદાસના જે અનુયાયી **કુમારપાલ** અને **અમરચંદ** આદિ પોતાને આધ્યાત્મિકો કહેવરાવતા હતા, તેમનો સાક્ષાત્ પરિચય થયો હતો અને તે મતનું ખંડન કરવા તેમણે બે ગ્રંથ નામે અધ્યાત્મમત-ખંડન ૧૮ શ્લોકમાં રચી તે પર સ્વોપજ્ઞ વૃત્તિ રચી તથા અધ્યાત્મ-મત-પરીક્ષા ૧૧૮ પ્રા. ગાથામાં રચી તે પર પણ સવિસ્તાર સં. ટીકા કરી છે. વળી તેજ સદીમાં થયેલ શ્વેતામ્બર મેઘવિજય ઉપાધ્યાયે યુક્તિપ્રબોધ નાટક મૂળ પ્રાકૃત ગાથામાં અને તેના પર સ્વોપજ્ઞ સંસ્કૃત ટીકા સહિત રચ્યું છે. તેમાં તેમણે સં. ૧૬૮૦માં બનારસીદાસની આ દશાને બનારસીમત અધ્યાત્મ મત જણાવી તેનું ખંડન કર્યું છે. તેમાં એમ કહ્યું છે, તેણે ૧૬૮૦માં પોતાનો મત કાઢ્યો. તે વારણાસીય મત એવો હતો કે સાધુઓ અને શ્રાવકોના આચારોમાં ઘણા અતિસાર-દોષ લાગે છે. જેવું સાધુપણું ને શ્રાવકપણું શાસ્ત્રમાં છે તેવી રીતે કોઈ સાધુ કે શ્રાવક વર્ત્તતો નથી; એટલે કે આજકાલ સાધુપણું કે શ્રાવકપણું છે નહિ. જે દ્રવ્યક્રિયાઓ કરવામાં આવે છે તે બધી કષ્ટક્રિયાઓ માત્ર છે, તેથી કંઈ ફળ નીકળવાનું નથી, માટે કેવળ અધ્યાત્મમાં લીન થવું એ સર્વથા શ્રેષ્ઠ છે'-આમ જણાવી તે મતનું ખંડન કર્યું છે અને સાથે સાથે દિગંબરીઓ શ્વેતાંબરીઓથી જે ૮૪ બાબતમાં ભિન્ન પડે છે તે દિગંબરીઓના મતનું પણ ખંડન કર્યું છે. મેઘવિજય પંડિતે બનારસીદાસ ૧૬૯૨માં બદલાયા ને તેની દશા ફરી-દૃઢ જૈન થયા એ વાત પર કંઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮૫૦. કવિવરને આ અવસરની અવસ્થા પર પાછળથી અત્યંત ખેદ થયો 'પૂર્વ કર્મના ઉદયસંયોગથી અસાતાનો ઉદય થયો હતો, પણ તે કુમતિના ઉત્પાદનું યથાર્થ કારણ હતું. આથી બુદ્ધિમાનો અને ગુરુજનોની શિક્ષાઓ પણ કંઈ અસર ન કરી શકી. જ્યાં સુધી કર્મવાસના હતી ત્યાં સુધી દુર્બુદ્ધિને રોકવામાં કોણ સમર્થ થઈ શકયો છે ? પરન્તુ જ્યારે અશુભના ઉદયનો અન્ત આવ્યો એટલે સહજ સર્વ ખેલ મટી ગયો અને જ્ઞાનનો યથાર્થ પ્રકાશ સમક્ષ થયો.' આ પ્રકારે સં. ૧૬૯૨માં નેત્ર ખુલ્યાં-હૃદયપલટો થયો; અને તે પંડિત **રૂપચંદ**નો સમાગમ આગ્રામાં થયો ને તેના કહેવાથી દિગંબર કર્મગ્રંથ નામે **ગોમટ્ટસાર**માં ગુણસ્થાનો આદિ જાણ્યા પછી ત્યારે 'સ્યાદ્વાદ પરિણતિ પરિણમી, અને પોતે દૃઢ જૈન થયો. હૃદયની કાલિમા ગઈ, ને સમતા આવી.' આ દરમ્યાન એટલે ૧૬૯૨ પહેલાં **સોમપ્રભસૂરિ**ની **સૂક્તિમુક્તાવલી** (**સિંદૂર** પ્રકર)નો અનુવાદ, અધ્યાત્મબત્તીસી વગેરે કૃતિઓ રચી. તેમાં મોટા ભાગમાં એકાન્ત **નિશ્ચયનય**ની વાત છે. સં. ૧૬૯૩માં **સમયસાર** નાટક નામનો ગ્રંથ હિંદીપદ્યમાં રચ્યો. (ઉક્ત અદ્વિતીય અનુપમ **કુંદકુંદકૃત સમયસાર** નાટક અને તે પર **અમૃતચંદ્રાચાર્ય** કૃત સંસ્કૃત વ્યાખ્યાનનો આધાર લઈ તેના મર્મને પોતાના રંગથી રંગી પોતાના શબ્દોમાં કવિએ રચેલો તે હિંદી ગ્રંથ ઘણો અપૂર્વ છે. તેનો પ્રચાર અને આદર શ્વેતામ્બર અને દિગંબર બંને સંપ્રદાયોમાં ખૂબ છે. આ વેદાન્તીઓને પણ આનંદ આપે તેવો છે. તેની ભાષા ઉચ્ચશ્રેણીની છે.) સં. ૧૬૯૬માં એકનો એક પુત્ર મૃત્યુ પામતાં અતિશય શોક થયો. બે વર્ષ પછી તે મોહ ઉપશાન્ત થયો.-એટલું જણાવી સં. ૧૬૯૮માં પોતાના કથાનકના પૂર્વાર્દ્ધને (અર્ધકથાનકને) ૬૭૩ દુહામાં પૂર્ણ કરેલ છે. આ આત્મજીવન દોષને છૂપાવ્યા વગર ખુલ્લે ખુલ્લું કહેનારૂં એક અપૂર્વ ચરિત છે, કે જેવું આત્મચરિત ભારતી સાહિત્યમાં મુસલમાન બાદશાહોનાં આત્મચરિતો સિવાય એક જ છે કે જે આધુનિક સમયનાં આત્મચરિતોની પદ્ધતિ પર લખાયું છે.[૫૦૯]

જણાવ્યું નથી, કારણ કે તેમણે આગ્રામાં ગયા પછી પોતાની નજરે જોયું હતું કે બનારસીદાસ નિરપત્ય સ્વર્ગસ્થ થતાં તેની ગાદીએ તેના મિત્ર કુંવરપાલ આવ્યા અને તેના અનુયાયીઓનો મત ચાલતો હતો અને તેઓ બનારસીદાસનાં વાક્યોને 'ગુરુ મહારાજે આમ કહ્યું છે' એમ કહેતા હતા. એટલે કેવલ નિશ્ચયનું અવલંબન તે અનુયાયીઓએ લીધું ને એ રીતે બનારસીદાસનો મત સ્થપાયો, એથી તેના ખંડન તરીકે યુક્તિબોધ નાટક મેઘવિજયજીએ રચ્યું. મૂળ પુરુષની પોતાની ઈચ્છા ન હોય છતાંયે પાછળના તેની ગાદી સ્થાપે ને તેના નામથી મત ચલાવે એ પ્રથા હિંદમાં ઘણા વખતથી ચાલુ છે. (જુઓ ૨૪-૧૨-૨૩નો **'જૈન શાસન'**નો અંક પૃ. ૩૩૭ લેખ નામે 'શ્રી મેઘવિજય ઉપાધ્યાયનું યુક્તિપ્રબોધ નાટક').

૫૦૯. આ અર્ધકથાનક મારા મિત્ર શ્રીયુત **નાથુરામ** પ્રેમીએ સંપાદિત કરેલા બનારસીવિલાસ (પ્ર. જૈન ગ્રંથ રત્નાકર કાર્યાલય)ની પ્રસ્તાવનામાં સારસહિત મુખ્યતઃ છપાયું છે. વિશેષમાં જુઓ જૈન શ્વે. કોન્ફરન્સ **હેરેલ્ડ** જુલાઇ-ઓકટોબર ૧૯૧૫ના સંયુક્ત અંકમાં તેની મૂલ પ્રત પરથી મારો લખેલ 'કવિવર બનારસીદાસ' એ લેખ અને પ્રેમીજીનો 'હિન્દી જૈન સાહિત્ય ઈતિહાસ' એ નિબંધ. (Ardha Kathanak or half tale બનારસીદાસ કૃત અર્ધકથાનક અંગ્રેજી અનુવાદ સાથે - ડૉ. મુકુંદ લાઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હીરવિજયસૂરિ તથા વિજયસેનસૂરિના શિષ્યો પૈકી:-

लक्षणार्णवपारीण, मतिवैभवधारिणः । केचित् केचित्तर्कशास्त्र वाग्वाक्पत्यनुकारिणः ॥ ५० ॥
केचित् पुनर्नव्यकाव्यकलाकौशलहारिणः । केचिच्च कौतुकाकीर्णाख्यानव्याख्यानकारिणः ॥ ५१ ॥
केचित् सकल सूत्रार्थ प्रश्नप्रतिवचः प्रदाः । अगण्यगणितज्योतिःशास्त्रविज्ञाश्च केचन ॥ ५२॥
केचित् साहित्यशास्त्राब्धिमथने मन्दराद्रयः । केचिच्च रुचिराचारविचारचतुराशयाः ॥ ५३ ॥

-विजयप्रशस्ति सर्ग २१.

- કેટલાક વ્યાકરણ રૂપી સમુદ્રના પારગામી મતિવૈભવવાળા, કેટલાક તર્કશાસ્ત્રમાં બૃહસ્પતિ જેવા, કેટલાક નવાં કાવ્ય રચવાના કૌશલવાળા, કેટલાક કૌતુકવાળા આખ્યાનોનાં વ્યાખ્યાન કરનારા, કેટલાક સકલ સૂત્રોના અર્થ સંબંધી પ્રશ્નોના ઉત્તર દેનારા, કેટલાક ન ગણાય તેવા ગણિત અને જ્યોતિઃશાસ્ત્રના જાણકાર, કેટલાક સાહિત્યશાસ્ત્ર-કાવ્યશાસ્ત્ર રૂપી સાગરનું મંથન કરવામાં મેરૂ પર્વત જેવા અને કેટલાક રૂચિર આચાર અને વિચારમાં ચતુર આશયવાળા હતા.

૮૫૧. સં. ૧૬૦૧માં **વિવેક**કીર્ત્તિગણિએ **હરિપ્રસાદ** કૃત **પિંગ**લસાર વૃત્તિની પ્રત લખી. (બાલચંદ્ર ભં. કાશી) સં. ૧૬૦૫માં ત. **લાવણ્ય**ધર્મના શિ. ઉદયધર્મગણિએ વિજયદાનસૂરિ રાજ્યે ઉપદેશમાલાની ૫૧મી પ્રાકૃત ગાથાના સો અર્થ કરનારી **શતાર્થ**વૃત્તિ રચી (કાં. વડો; હાલા. પાટણ). સં. ૧૬૧૦માં સલીમશાહના રાજ્યમાં ખ. **જિનભદ્ર**સૂરિ-**ભા**નુપ્રભ-તેમના ૪ શિષ્ય નામે **મતિ**સેન, **મહિમા**લાભ, **કુશલસિંહ** અને **ચંદ્ર**વર્ધન-તે ૪ ના ૩ શિષ્ય **મેઘ**નંદન, દયાનંદન અને જયવિજય તે પૈકી મેઘનંદનના શિષ્ય **રત્ના**કર પાઠકે **શાં**તિસૂરિના પ્રા. **જી**વવિચાર પર **સં**સ્કૃત વૃત્તિ રચી (કાં. વડો. પ્ર. યશો. પાઠશાળા મહેસાણા). સં. ૧૬૧૭ માં ખ. **જિન**મણિક્યસૂરિના પટ્ટધર **જિન**ચંદ્રસૂરિએ **જિન**વલ્લભ કૃત **પોષ**ધવિધિ પર વૃત્તિ અણહિલવાડ પાટણમાં રચી કે જેનું **સં**શોધન **પુણ્ય**સાગર ઉ૦, **ધન**રાજ પાઠક અને **સા**ધુકીર્ત્તિગણિએ કર્યું ને તેમાં **જય**સોમ ઉપાધ્યાયે સહાય કરી (કાં. વડો.{*'યુગપ્રધાન જિનચંદ્રસૂરિ'ના પરિશિષ્ટમાં પ્રકાશિત*}) સં. ૧૬૧૯માં ખ૦ **જિન**ભદ્રસૂરિ શાખાના **પદ્મ**મેરૂ-**મતિ**વર્ધન-**મેરૂ**તિલક-**દયા**કલશ અને **અમર**માણિક્યના શિષ્ય **સા**ધુકીર્ત્તિ ગણીએ **સંઘ**પટ્ટક પર અવચૂરિ કરી (આ.ક. પાલી૦) સં. ૧૬૨૧માં **જ્ઞાન**પ્રમોદે **વાગ્ભટ્ટા**લંકાર પર વૃત્તિ રચી. તથા તે જ વર્ષમાં નાગોરમાં ખ. **હીર**કલશે પ્રા.માં **જોઇ**સહીર (જ્યોતિષસાર) ઉદ્ધરી રચ્યો. (મુદ્રિત)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮૫૨. આ સમયમાં **ધર્મસાગર** ઉપાધ્યાય-એક પ્રખર સ્વસંપ્રદાયવાદી થયા, અને તે તરીકે બીજા સંપ્રદાયોના ખંડનાત્મક ગ્રંથો તેમણે બનાવ્યા. તેમના હસ્તાક્ષરે આ. હેમચંદ્રના ઉણાદિગણસૂત્રોદ્ધારની સં. ૧૬૦૪માં લખેલી પ્રત લબ્ધ છે. (વેબર નં. ૧૬૯૫) સં. ૧૬૧૭માં **ઔષ્ટ્રિકમતોત્સૂત્ર** દીપિકા ખરતરગચ્છના ખંડન રૂપે બનાવી, કે જેમાં પોતાને **હીર**વિજયસૂરિના શિષ્ય તરીકે ઓળખાવેલ છે. (કાં. છાણી {*संशो. लाभ सागर प्र.मी.क. पेढी कपडवंज*}); અને **તત્ત્વતરંગિણી** વૃત્તિ રચી[૫૧૦] (બુહ્. ૮ નં. ૩૮૪). સં. ૧૬૨૯માં **પ્રવચન** પરીક્ષા અપરનામ **કુપક્ષકૌશિકાદિત્ય** સવૃત્તિ (ભાં. ૩, પૃ. ૧૪૪-૧૫૫), કે જેમાં ઘણા જૈન સંપ્રદાયોનું ખંડન છે, તથા તે વર્ષમાં **ઈર્યાપથિકા** ષટત્રિંશિકા (કી. ૨ નં. ૩૬૮ પ્ર. આ. સમિતિ નં. ૪૯) રચી. સં. ૧૬૨૮માં રાધનપુરમાં કલ્પસૂત્ર પર **કિ**રણાવલી નામની ટીકા (પ્ર૦ આ૦ સભા નં. ૭૧) અને સં. ૧૬૩૯માં **જંબૂદ્વીપ** પ્રજ્ઞપ્તિ પર વૃત્તિ રચી હતી. આ છેલ્લી વૃત્તિની એક પ્રશસ્તિ (વે. નં. ૧૪૫૯) માં એમ જણાવ્યું છે કે તે ત. **હીર**વિજયસૂરિએ દીવાળીને દિને રચી અને તેમાં કલ્પકિરણાવલીકાર ધર્મસાગર ઉ૦, તેમજ **વાનર** ઋષિ (**વિજય**વિમલ)એ સહાય આપી તેમજ તેનું સંશોધન પાટણમાં ત૦ **વિજય**સેનસૂરિ, **કલ્યાણ**વિજય ગણિ, **કલ્યાણ**કુશલ અને **લબ્ધિ**સાગરે કર્યું હતું અને તેની આ પ્રશિસ્ત **હેમ**વિજયે રચી. (આ પરથી કલ્પના થાય છે કે સૂરિના નામે ધર્મસાગરે મૂળમાં વૃત્તિ રચી પણ તે ધર્મસાગર ખંડન શૈલીવાળા હોવાથી રખેને તેમાં બીજાનું ખંડન હોય તેથી તેનું સંશોધન ઉક્ત વિદ્વાનો પાસે કરાવ્યું હોય.)

૮૫૩. ધર્મસાગરના બીજા ગ્રંથોઃ-**ગુર્વાવલી**-**પટ્ટા**વલી સવૃત્તિ, **પર્યુષણા**શતક સવૃત્તિ (વે૦ નં. ૧૮૪૭), **સર્વજ્ઞ**શતક સવૃત્તિ, **વર્દ્ધમાન** દ્વાત્રિંશિકા (નવ રસાઽરસાજ વર્ષે ? ૧૬૬૯ માં ?-કાં. વડો), **ષો**ડશશ્લોકી-ગુરુતત્ત્વપ્રદીપદીપિકા સવિવરણ (બુહ. ૮ નં. ૩૯૯) વગેરે છે. આ પૈકી ગુર્વાવલીમાં તપાગચ્છના આચાર્યોની હીરવિજયસૂરિ સુધીની પરંપરા આપી છે. તેની એક પ્રતની અંતે જણાવેલું છે કે **હીર**વિજયસૂરિની આજ્ઞાથી **વિમલહર્ષ**, **કલ્યાણવિજય**, **સોમવિજય** અને **લબ્ધિસાગર** ગણિઓએ **મુનિસુંદર**કૃત ગુર્વાવલી, જીર્ણ પટ્ટાવલી, **દુઃષમાસંઘસ્તોત્રયંત્ર** વગેરે સાથે સરખાવી આને સં. ૧૬૫૮ના વર્ષમાં અમદાવાદમાં તપાસી હતી. કી. ૧. (જુઓ પારા ૮૧૯ થી ૮૨૧.)

૮૫૪. પાર્શ્વચંદ્ર ગચ્છીય **બ્રહ્મ** મુનિ(**વિનય**દેવ સૂરિ)એ **દશા**શ્રુતસ્કંધ પર **જિનહિતા** નામની ટીકા (ભાં. ઇ. નં. ૧૦૮૯ **સન** ૧૮૯૧-૯૫), **જંબૂદ્વીપ** પ્રજ્ઞપ્તિ પર અણહિલવાડમાં વૃત્તિ રચી કે જે તે ગચ્છના **વિજય**દેવસૂરિએ સંશોધી હતી (કાં. વડો.).

૮૫૫. **વાનર**ઋષિ-**વિજયવિમલ**-એક વિદ્વાન મુનિ હતા. તેઓ ત. આનંદવિમલસૂરિના શિષ્ય હતા. તેમણે વિજયદાનસૂરિના રાજ્યે (સં. ૧૬૨૨ પહેલાં) ગચ્છાચાર પયન્નાપર ટીકા લખી. (પ્ર. આ. સમિતિ નં. ૩૬) તેમણે કર્મ પર પ્રકરણો નામે **ભાવ**પ્રકરણ રચીને તે પર સ્વોપજ્ઞ વૃત્તિ-અવચૂરિ (મુદ્રિત) સં. ૧૬૨૩માં, તથા **બંધોદય** સત્તા પ્રકરણ રચીને તે પર સ્વોપજ્ઞ અવચૂરિ રચી છે. **ગચ્છાચાર**

૫૧૦. આ તત્ત્વતરંગિણી વૃત્તિની સે. ૧૬૧૭ની લિખિત પ્રત પાટણના વાડી પાર્શ્વનાથ ભંડાર દા. ૧૫માં છે તેમાં જણાવ્યું છે કે 'આ ગ્રન્થનો કર્ત્તા સર્વગચ્છસૂરિઓથી જિનશાસનમાંથી ઉત્સૂત્રપ્રરૂપણા કરવા માટે બહિષ્કૃત કરેલ ધર્મસાગર છે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પયન્ના પર ઉક્ત ટીકા લખી હતી. તે પરથી વિસ્તાર કરીને મોટી ટીકા સં. ૧૬૩૪માં રચી કે જેમાં વિદ્યાવિમલ, વિવેકવિમલ અને આનંદવિજય ગણિઓએ શોધનલેખનમાં સહાય આપી હતી (પી. ૫, ૧૬૧; કાં. વડો; બુહ. ૬ નં. ૮૩૫ પ્ર૦ દયાવિમલ ગ્રંથમાલા નં. ૨૫) બીજી અવચૂરિઓ નામે તંદુલ વેયાલિય પયન્નાપર (પ્ર૦ દે. લા. નં. ૫૯) કે જેના પરથી તેમના શિષ્ય (૧) વિશાલસુંદરે નાગપુર (નાગોર)માં સં. ૧૬૫૫માં સંક્ષેપ કર્યો છે (પ્ર; કાં.), જિનેંદ્ર અનિટ્કારિક પર (વિવેક૦ ઉદે૦), જયાનંદસૂરિકૃત સાધારણજિન સ્તવ પર (પી. ૪, નં. ૧૩૬૯) અવચૂરિઓ રચવા ઉપરાંત સં. ૧૬૬૨માં હર્ષકુલગણિકૃત બંધહેતૂદય ત્રિભંગીપર અવચૂરિ (ભાં. ૬ નં. ૧૧૬૫) રચી (પ્રાચીન ૪ કર્મગ્રંથોની પ્રસ્તાવના). પ્રતિલેખનાકુલક ૨૮ પ્રા૦ ગાથામાં રચ્યું (કા. વડો.)

૮૫૬. ખ૦ જિનભદ્રસૂરિ-સમયધ્વજ-જ્ઞાનમંદિર-ગુણશેખરવાચક શિ. નયરંગે અર્જુનમાલાકર (ભાં. ૬ નં. ૧૪૭૬) અને સં. ૧૬૨૪માં તેમણે બાલપતાકાપુરીમાં પરમહંસ સંબોધ ચરિત (કથાવસ્તુ જયશેખરના પ્રબોધ ચિંતામણિ જેવું. જે. ૫૭), અને સં. ૧૬૨૪માં જ ફલવર્દ્ધિ (ફલોધી)માં ખ૦ જિનેશ્વરસૂરિકૃત રુચિતદંડકસ્તુતિ પર ખ૦ જિનહંસસૂરિ-પુણ્યસાગર ઉ૦ ના શિષ્ય પદ્મરાજે વૃત્તિ-વ્યાખ્યા રચી (પી. ૬, ૪૮) સં. ૧૬૨૫માં ખ. જિનચંદ્રસૂરિ રાજ્યે ચારિત્રસિંહ ગણિએ કાતંત્ર વિભ્રમ પર અવચૂરિ રચી (વેબર નં. ૧૬૩૨) સં. ૧૬૨૬ આસપાસ [૫૧૧]ખ૦ જિનહર્ષસૂરિ શિ. દયારત્ને ન્યાયરત્નાવલી રચી (વિવેક-ઉદે.) અને સં. ૧૬૨૭માં અજિતદેવે પિંડવિશુદ્ધિ પર દીપિકાની રચના કરી. સં. ૧૬૨૯માં ચંદ્રગચ્છ (પછી પલ્લીવાલ) ગચ્છના મહેશ્વરસૂરિ (મહાવીરથી ૬૦ મી પાટે)ના પટ્ટધર ઉક્ત અજિતદેવ સૂરિએ ઉત્તરાધ્યયનસૂત્ર પર બાલાવબોધિની નામની ટીકા રચી. વળી તેમણે આચારાંગ પર દીપિકા નામની વૃત્તિ, તથા આરાધના રચી છે. (પા૦ ભં.)

૮૫૭. સં. ૧૬૩૦ આસપાસ નાગોરી તપાગચ્છના રત્નશેખરસૂરિ-પૂર્ણચંદ્ર-હેમહંસ-હેમસમુદ્ર-સોમરત્ન-રાજરત્નસૂરિના પટ્ટધર ચંદ્રકીર્ત્તિસૂરિએ પોતાના પૂર્વજ રત્નશેખરસૂરિના પ્રાકૃત છંદઃ કોશ પર સંસ્કૃત ટીકા રચી. (બુહ્. ૪, નં. ૭૫; પી. ૫, ૧૯૩; કાં. વડો.) વળી તે જ રત્નશેખરસૂરિકૃત સિદ્ધચક્રયંત્રોદ્ધાર પર ટીકા રચી (ચુનીજી ભં. કાશી.) તે ચંદ્રકીર્ત્તિસૂરિએ પદ્મચંદ્ર ઉપાધ્યાયની અભ્યર્થનાથી સારસ્વત વ્યાકરણ પર સુબોધિકા-દીપિકા-ચંદ્રકીર્ત્તિ નામની ટીકા રચી કે જેનો પ્રથમાદર્શ તેમના શિષ્ય હર્ષકીર્ત્તિએ લખ્યો. (ગુ. નં. ૫૧-૩; વેબર નં. ૧૬૩૯ *{પ્ર. ખેમરાજ કૃષ્ણદાસ}*)

૮૫૮. ત. વિજયદાનસૂરિ શિ. સકલચંદ્રગણિએ સં. ૧૬૨૧માં ધ્યાનદીપિકા (કેશરવિજયગણિકૃત ગૂ. ભા. સહિત મુદ્રિત), ધર્મશિક્ષા (કાં. વડો), પ્રા૦ માં હિતાચરણ હીરવિજયસૂરિરાજ્યે સં. ૧૬૩૦ માં, શ્રુતાસ્વાદ શિક્ષાદ્વાર (કેશરવિજય ભં. વઢવાણ) અને સં. ૧૬૬૦માં પ્રતિષ્ઠાકલ્પ રચ્યાં.

૮૫૯. ત૦ મુનિસુંદરરાજ્યમાં થયેલા લક્ષ્મીભદ્રની શાખામાં શુભવિમલ-અમરવિજય-કમલવિજયના શિ. હેમવિજય એક સારા કવિ અને ગ્રંથકાર હતા. તેમણે સં. ૧૬૩૨માં પાર્શ્વનાથ

---

૫૧૧. કારણ કે તે વર્ષમાં આચારાંગ સૂત્રની પ્રત તેમણે લખેલી ઉપલબ્ધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચરિત્ર, (પ્ર. મોહનલાલજી. જૈ. ગ્રંથમાલા નં. ૧), સં. ૧૬૫૬માં ખંભાતમાં ઋષભશતક કે જેને લાભવિજય ગણિએ સંશોધ્યું (કાથ. ૧૮૯૧-૯૫ રીપોર્ટ), અને સં. ૧૬૫૭માં અમદાવાદમાં દશ તરંગમાં ૨૫૦ કથાવાળો કથારત્નાકર (કાં. વડો {*સં મુનિચંદ્ર વિ. પ્રા. ઉંકારસૂરિ જ્ઞાન.*) રચ્યાં. તેમના બીજા ગ્રંથોઃ- અન્યોક્તિ મુક્તામહોદધિ, કીર્તિકલ્લોલિની (વિજયસેનસૂરિની પ્રશંસારૂપે), સૂક્તરત્નાવલી, સદ્‌ભાવશતક, ચતુર્વિંશતિ સ્તુતિ, સ્તુતિ ત્રિદશતરંગિણી, કસ્તૂરી પ્રકર, વિજયસ્તુતિ, અને સેંકડો સ્તોત્રો છે અને તે ઉપરાંત મહાકાવ્ય તરીકે વિજયપ્રશસ્તિ કાવ્ય રચેલ છે તેમાં ૧૬ સર્ગ કરી પોતે સ્વર્ગસ્થ થતાં તે પછીના પાંચ સર્ગો તેમના ગુરુભાઈ વિદ્યાવિજયના શિષ્ય ગુણવિજયે સર્વસર્ગ ૫૨ની પોતાની ટીકા નામે વિજયદીપિકા સહિત પૂરા કર્યા.[૫૧૨] સં. ૧૬૮૮માં. આ કાવ્યમાં મુખ્યપણે વિજયસેનસૂરિનું વૃત્તાંત છે. છતાં તેમાં હીરવિજયસૂરિ અને વિજયદેવસૂરિનાં વૃત્તાંતો અને ઘણી ઐતિહાસિક હકીકતો મળે છે. (પ્ર૦ ય. ગ્રં. નં. ૨૩) ગુણવિજયે આ ટીકા ઈલાદુર્ગ (ઇડર)માં આરંભી, કેટલીક યોધપુર દુર્ગ (જોધપુર), શ્રીમાલમાં રચી, છેવટે શ્રીરોહિણી (શીરોહી) માં પૂરી કરી અને તે ચારિત્રવિજય વાચકે શોધી. (જુઓ વિજયપ્રશસ્તિની છેવટની પ્રશસ્તિ).

૮૬૦. સં. ૧૬૩૩માં વીરભદ્રે કંદર્પચૂડામણિ રચ્યો. તેજ વર્ષમાં ઉપર્યુક્ત ધર્મસાગર ઉપાધ્યાયના (ગુરુભાઇ વિમલસાગરના) શિ૦ પદ્મસાગરે સ્વોપજ્ઞ ટીકા સહિત નયપ્રકાશાષ્ટક (પી. ૪, ૧૦૨ પ્ર૦ હે૦ ગ્રં. પાટણ), સં. ૧૬૪૫માં શીલપ્રકાશ (સ્થૂલિભદ્ર ચરિત્ર), સં. ૧૬૪૫માં ધર્મપરીક્ષા[૫૧૩] વેરાવળમાં (પ્ર. દે. લા.) અને સં. ૧૬૪૬માં સૌરાષ્ટ્ર રાષ્ટ્રસ્થિત મંગલપુર-માંગરોળમાં રહીને હીરવિજયસૂરિના વૃત્તાંત રૂપે ૨૩૩ શ્લોકમાં જગદ્‌ગુરુ કાવ્ય (પ્ર. ય. ગ્રં. નં. ૧૪), અને સં. ૧૬૫૭માં ઉત્તરાધ્યયનસૂત્રની બૃહદ વૃત્તિમાંથી પ્રાકૃત કથાઓને સંસ્કૃતમાં મૂકી પીપાડ ગામમાં ઉત્તરાધ્યયન કથાસંગ્રહ (વે. નં. ૧૭૦૩)ની રચના કરી. તેમના બીજા ગ્રંથોઃ-યુક્તિપ્રકાશ અને તે પર ટીકા, પ્રમાણપ્રકાશ અને તે પર વૃત્તિ, તિલકમંજરી વૃત્તિ, યશોધરચરિત, આદિ છે.

૮૬૧. સં. ૧૬૩૬માં ત. હર્ષસાગર-રાજસાગર શિ. રવિસાગરે રૂપસેન ચરિત્ર (કાં. છાણી), સં. ૧૬૪૫માં માંડલમાં ખેંગાર રાજ્યે ૭૨૦૦ શ્લોક પ્રમાણ પ્રદ્યુમ્નચરિત્ર (કાં. વડો; હાલા. પાટણ

---

૫૧૨. તેમાં પ્રશસ્તિમાં ગુણવિજયે હેમવિજય સંબંધી જણાવ્યું છે કેઃ-

શ્રીહેમ સુકવે સ્તસ્ય હેમસૂરેરિવાઽભવત્ । વાગ્લાલિત્યં તથા દેવે ગુરૌ ભક્તિશ્ચ ભૂયસી ॥

યદીયા કવિતાકાન્તા ન કેષાં કૌતુકાવહા ? । વિનાપિ હિ રજો યસ્માદ્ યશઃસુતમસૂત યા ॥

૫૧૩. આ ગ્રંથ દિગંબર અમિતગતિ નામના આચાર્યના સં. ૧૦૭૦ માં રચેલા તે જ નામના-ધર્મપરીક્ષા પરથી પ્રાયઃ નકલ કરીને જ પદ્મસાગરે રચેલ છે. બંનેનો પ્રતિપાદ્ય વિષય એક છે. બંનેમાં મનોવેગ અને પવનવેગની પ્રધાન કથા અને તેની અંતર્ગત અન્ય અનેક ઉપકથાઓનું સમાન રૂપથી વર્ણન જોવામાં આવે છે. કયાંક કયાંક શ્વેતાંબર સંપ્રદાયને માન્ય એવો ફેરફાર કરેલ છે, પણ ઘણે સ્થળે મૂળ દિગંબરમાન્ય વસ્તુઓ રહી ગઇ છે. અમિતગતિના ગ્રંથની પદ્ય સંખ્યા ૧૯૪૧ છે તેમાંથી ૧૨૫૦ પદ્ય એમને એમ ઉતારી લીધાં છે, ૨૧૪ પદ્ય કંઈક અહીંતહીં ફેરફાર કરી મૂકેલ છે. પદ્યસાગરના ગ્રંથમાં કુલ પદ્ય ૧૪૭૪ છે. જુઓ પં. જુગલકિશોર મુખત્યારનો 'ધર્મ પરીક્ષાકી પરીક્ષા' એ નામનો લેખ-તેમના ગ્રંથ નામે 'ગ્રંથપરીક્ષા' તૃતીય ભાગમાં (પ્ર૦ જૈન ગ્રં. ૨, કાર્યાલય, હીરાબાગ, ગિરગાંમ, મુંબઈ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર. હી. હં.) અને તે વર્ષમાં (શર સાગર રસશશિ) ઉન્નત (ઊના) નગરમાં **મૌન** એકાદશી કથા (બુહ્. ૨, નં. ૨૨૬; હાલા. પાટણ) રચ્યાં.

૮૬૨. સં. ૧૬૪૦ માં બૃ. ખ. **જિનહંસસૂરિ** (**આ**ચારાંગ દીપિકાના કર્તા) ના શિષ્ય **પુણ્ય**સાગરે **જિ**નવલ્લભસૂરિકૃત **પ્ર**શ્નોત્તર કાવ્યની વૃત્તિ અને સં. ૧૬૪૫માં જેસલમેરમાં **ભીમ** રાઉલ રાજ્યે **જં**બૂદ્વીપપ્રજ્ઞપ્તિ પર વૃત્તિ રચી (ગુ. પોથી નં. ૧૨; જેસ. પ્ર. ૧૯) કે જેમાં તેમના શિષ્ય **પદ્મ**રાજે સહાય આપી ને જેની પ્રથમાદર્શ પ્રતિ પદ્મરાજશિષ્ય **જ્ઞા**નતિલકે લખી. આ **પદ્મ**રાજે સં. ૧૬૪૪ (૧૬૩૪ ?)માં ખ૦ **ભુ**વનહિતાચાર્ય કૃત **રુ**ચિત દંડક જિનસ્તુતિ પર વૃત્તિ રચી. (જેસ. પ્ર, ૧૯; વિવેક. ઉદે૦)

૮૬૩. ખરતર ક્ષેમશાખાના **ક્ષેમ**રાજ (-**પ્ર**મોદમાણિક્ય) શિષ્ય **જ**યસોમે સં. ૧૬૪૦માં **ઈ**રિયાવહિકા ત્રિંશિકા સ્વોપજ્ઞ ટીકા સહિત (કાં. વડો {*ઈર્યાપથિકી षट्त्रिंशिका स्वोपज्ञवृत्ति साथे प्र. जिनदत्तसूरि ज्ञानभंडार सुरत*}) (કે જેમાં પોતાને **જિ**નચંદ્રસૂરિ શિષ્ય કહે છે), અને સં. ૧૬૪૫માં જિનચંદ્રસૂરિ રાજ્યે **પો**ષધપ્રકરણ સટીક રચ્યાં (કાં. વડો. {*पौषधषट् त्रिं. स्वोपज्ञ प्र. जिन. ज्ञान भं.*}) તેમાં પોતાને ખ. ક્ષેમરાજ-પ્રમોદમાણિક્યના શિષ્ય જણાવે છે. **જ**યસોમે અકબરશાહની સભામાં જય મેળવ્યો હતો એમ તેમના શિષ્ય **ગુ**ણવિનય, પોતાના **ખં**ડપ્રશસ્તિ કાવ્યની પ્રશસ્તિમાં જણાવે છે. {*પ્ર. રાજસ્થાન પ્રાચ્ય.*}

૮૬૪. સમયસુંદર ગણિ (જુઓ પારા ૮૪૭) ખરતરગચ્છના જિનચંદ્રસૂરિના શિષ્ય સકલચંદ્રના શિષ્ય થાય. તેમણે દીર્ઘાયુ ભોગવી અનેક કૃતિઓ ગૂજરાતી અને સંસ્કૃતમાં રચેલ છે. સં. ૧૬૪૧માં **ભા**વશતક રચ્યું, ૧૬૪૬ લગભગમાં **અ**ષ્ટલક્ષી રચવી શરૂ કરી, તેમાં રાજાનો દદતે સૌખ્યં એ વાક્યના આઠ લાખ અર્થો કર્યા છે. આ કૃતિ તેની **અર્થ**રત્નાવલી વૃત્તિ સહિત **લા**ભપુર (લાહોર)માં સં. ૧૬૭૬માં સંપૂર્ણ થઈ (પી. ૧,૬૮ {*પ્ર.જિ.આ.ટ્ર.*}) પણ તેનો કેટલોક ભાગ ૧૬૪૯માં તૈયાર કર્યો હતો ને તે વર્ષમાં અકબરની રાજસભામાં સંભળાવતાં અકબરે સ્વહસ્તે તે પુસ્તકને લઈ કવિના હાથમાં આપી પ્રમાણભૂત કર્યો હતો. વિશેષમાં સં. ૧૬૬૩માં **રૂ**પકમાલા પર વૃત્તિ કે જે જિનચંદ્રસૂરિના શિષ્ય **ર**ત્નનિધાનગણિએ શોધી હતી (ભાં. ૫, નં. ૧૨૧૯), સં. ૧૬૬૫માં **ચા**તુર્માસિક પર્વ કથા (કાં. વડો), સં. ૧૬૬૬માં ગદ્યપદ્ય વાર્ત્તા રૂપે **કા**લિકાચાર્ય કથા (વિવેક. ઉદે૦, બાલચંદ્ર યતિ કાશી; સં. કૌ. વૌ. ૧૦ નં. ૫૭), સં. ૧૬૭૨માં **મે**ડતામાં **સા**માચારી શતક, અને [૫૧૪]**વિ**શેષશતક (વિવેક.

---

૫૧૪. **સ**મયસુંદરે શિષ્ય **મે**ઘવિજય માટે પોતાના સં. ૧૬૭૨ માં રચેલ વિશેષ શતકની પ્રત સં. ૧૬૮૭માં સ્વહસ્તે લખી હતી તેમાં તે વર્ષે પડેલા ભયંકર દુષ્કાળનું વર્ણન પોતે આપેલ છે કે :-

મુનિ વસુષોડશ વર્ષે ગુર્જરદેશે ચ મહતિ દુઃકાલે । મૃતકૈરસ્થિગ્રામે જાતે શ્રી પત્તને નગરે ॥
ભિક્ષુભયાનકવાટે જટિલે વ્યવહારિભિ ર્ભૃશં બહુભિઃ । પુરુષૈર્માને યુક્તે સીદતિ સતિ સાધુવર્ગેઽપિ ॥
જાતે ચ પંચરજતૈ ર્ધાન્ય મણે સકલવસ્તુનિ મહર્ઘ્યે । પરદેશગતે તોકે મુક્તા પિતૃમાતૃબન્ધુજનાત્ ॥
હાહાકારે જાતે મારિકૃતાનેકલોકસંહારે । કેનાપ્યદૃષ્ટપૂર્વે નિશિ કોકિલલુંટિતે નગરે ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદે.), સં. ૧૬૭૪માં વિચાર શતક (વિવેક. ઉદે.), સં. ૧૬૮૫માં વિસંવાદ શતક અને લૂણકર્ણસરમાં વિશેષસંગ્રહ (વિવેક. ઉદે.), કલ્પસૂત્ર પર કલ્પલતા નામની વૃત્તિ ખ. જિનરાજ સૂરિના રાજ્યમાં અને જિનસાગરસૂરિના યૌવરાજ્યમાં કે જે જિનસાગરે સં. ૧૬૮૬માં જુદી શાખા કાઢી તેથી તે પહેલાં (કી. ૨,૩૭૨. વે. નં. ૧૪૪૦-૪૧, ભાં. ૩, પૃ. ૧૩૮, ૪૪૬:) સં. ૧૬૮૬માં ગાથાસહસ્રી (પી. ૩,૨૮૮; કાં. વડો.), સં. ૧૬૮૭માં પાટણમાં જયતિહુયણ સ્તોત્ર પર વૃત્તિ (વિવેક. ઉદે.), સં. ૧૬૯૧માં ખંભાતમાં દશવૈકાલિક સૂત્ર ઉપર શબ્દાર્થ વૃત્તિ (પ્ર૦ મોહનલાલજી ગ્રં. સુરત), સં. ૧૬૯૪માં જાલોરમાં વૃત્તરત્નાકર પર વૃત્તિ (ચુનિજી ભં. કાશી), કાલિદાસના રઘુવંશ પર વૃત્તિ, સંવાદસુંદર, અને સં. ૧૬૯૪(૫)માં કલ્યાણમંદિર સ્તોત્ર પર વૃત્તિ, 'દુરિયરયસમીર' નામના જિનવલ્લભના મહાવીર ચરિય સ્તોત્ર પર વૃત્તિ (બુહ. ૬ નં. ૬૧૫) ની રચના કરી. (જે. પ્ર. પૃ. ૬૦-૬૧) છેવટમાં સં. ૧૬૯૮માં લગભગ રચેલી ત્રણ ટીકા નામે જીવવિચાર, નવતત્ત્વ અને દંડક પરની અમદાવાદમાં હાજાપટેલની પોળમાં રહીને રચી હતી. (ભક્તિવિજય ભં. ભાવ૦).

૮૬૫. ખરતર ક્ષેમશાખાના ક્ષેમરાજ-જયસોમના શિષ્ય **ગુણવિનય** ઉપાધ્યાયે સં. ૧૬૪૧માં હનુમાન્ કવિકૃત ખંડપ્રશસ્તિ કાવ્ય પર સુબોધિકા નામની વૃત્તિ (વે. નં. ૧૧૮૨; રીપોર્ટ ૧૮૮૭-૯૧ નં. ૩૮૨), સં. ૧૬૪૬માં રઘુવંશ પર ટીકા (રી૦ ૧૮૮૭-૯૧ નં. ૪૪૮) અને તેજ વર્ષમાં [૫૧૫]ત્રિવિક્રમ ભટ્ટ કૃત દમયન્તી કથા (નલચમ્પૂ) પર તે પરની [૫૧૬]ચંડપાલે કરેલી વૃત્તિ (ચુનીજી ભં. કાશી)નો આધાર લઈને કરેલી ટીકા (વે. નં. ૧૨૪૮ {*સં વિનયસાગર પ્ર. પ્રાકૃત ભારતી અ.*}), સં. ૧૬૪૭માં વૈરાગ્યશતક પર ટીકા (કાં. વડો. {*પ્ર.દે.લા.*}), સં. ૧૬૫૧માં જયશેખરકૃત સંબોધ સપ્તતિકા પર વૃત્તિ પલ્લિપુરમાં (વે. નં. ૧૬૯૨ {*પ્ર.જૈ.આ.સ.*}), સં. ૧૬૫૯માં લઘુશાંતિ સ્તવ પર ટીકા (કાં. છાણી), સં. ૧૬૬૪ માં ઇંદ્રિય પરાજય શતક પર ટીકા (વિવેક. ઉદે; કાં. વડો૦) સં. ૧૬૬૫માં ત. ધર્મસાગરના ઉત્સૂત્રખંડનના પ્રત્યુત્તર રૂપે ખ. જિનચંદ્રસૂરિ રાજ્યે જિનસિંહસૂરિના કહેવાથી ઉત્સૂત્રોદ્ઘાટન કુલક નવાનગરમાં (બુહ્. ૪ નં. ૧૩૬; કાં. વડો; જેસ. {*પ્ર. જિનદત્તસૂરિ જ્ઞાન. સુરત*})ની રચના કરી. તેમના બીજા ગ્રંથો:- જિનવલ્લભીય અજિતશાંતિ સ્તોત્ર પર વૃત્તિ, મિતભાષિણી વૃત્તિ, સવ્વત્થ શબ્દાર્થ સમુચ્ચય વગેરે છે (જેસ. પ્ર. પૃ. ૨૯ {*અનેકાર્થરત્ન મંજૂષામાં પ્ર.દે.લા.*}). તેઓ સં. ૧૬૭૫ની પ્રતિષ્ઠા વખતે હાજર હતા. (જિ. ૨, નં. ૧૭,૧૯) {*શ્રી વિનયસાગરે 'नलचम्पू और टीकाकार महो. गुणविनय एक अध्ययन' (प्र. प्राकृत भारती अ.)માં આ ઉપરાંત ગુણવિનય ઉપા.ના ગ્રંથોનાં નામ આપ્યાં છે. વિચારરત્નસંગ્રહ (હુંડિકા), નેમિદૂતટીકા (૨. સં. ૧૬૪૪ પ્ર. સુમતિ સદન કોટા), કર્મચંદ્ર વંશોત્કીર્તન કાવ્ય (પ્ર. ભારતીય વિદ્યા ભવન) ઋષિમંડલ પ્ર. અવચૂરિ, શીલોપદેશમાલા લઘુવૃત્તિ,* }

---

૫૧૫. ત્રિવિક્રમ ઈ.સ. ૯૧૫ માં વિદ્યમાન.

૫૧૬. ચંડપાલ તે પોરવાડ વણિક્ યશોરાજનો પુત્ર તથા લૂણિગનો શિષ્ય હતો :-

श्री प्राग्वाट कुलामृताब्धियशभृत् श्रीमान् यशोराज इत्याचार्योस्य पिता प्रबन्धसुकविः श्री चंडपालाग्रजः ।
श्री सारस्वति सिद्धये गुरुरपि, श्री लूणिगः शुद्धधीः, सो कार्षीत दमयन्त्युदारविवृतिं श्री चण्डपालः सुधीः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮૬૬. સં. ૧૬૪૫માં ઉદયસિંહે **શ્રા**દ્ધપ્રતિક્રમણ વૃત્તિ પર ભાષ્ય રચ્યું. સં. ૧૬૪૬માં જીરાઉલા ગચ્છના **હે**મરત્નસૂરિ શિ૦ **ક**લ્યાણરત્ને મેવાડના રાણા **પ્ર**તાપસિંહના રાજ્યમાં મેવાડમાં યોગિનિપુરમાં લખેલી એક પ્રત ઘોઘા ભં.માં છે.

૮૬૭. હીરવિજયસૂરિ રાજયે ત૦ **સુ**મતિવિજય શિ૦ ગુણવિજયે **મિ**તભાષિણી (નામની) જાતિવિવૃત્તિ રચી તેમાં કર્ત્તા પોતાના વિદ્યા ગુરુ તરીકે **સૂ**રચંદ્ર જણાવે છે (વઢવાણ શહેર ભં. રીપોર્ટ ૧૮૯૨-૯૯ નં. ૪૨) તથા **હી**રવિજયસૂરિના શિષ્ય **કી**ર્ત્તિવિજય ગણિએ તે સૂરિને શિષ્યો તરફથી પૂછાયેલા જૈનશાસ્ત્રો સંબંધી શંકાના પ્રશ્નો અને અપાયેલ ઉત્તરો એકત્રિત કરી **પ્ર**શ્નોત્તર સમુચ્ચય અપરનામ **હી**રપ્રશ્ન (મુદ્રિત {*પ્ર. જિ. આ. ટ્ર. ગુ. ભાષાં. સાથે પ્ર. મુક્તાબાઈ જ્ઞાન.*}) તથા સં. ૧૬૯૦માં **વિ**ચારરત્નાકર ગ્રંથ સંકલિત કર્યો (પ્ર. હી. હં; દે. લા નં. ૭૩; વે. નં. ૧૬૪૬-૪૭)

૮૬૮. ત. સકલચંદ્ર શિ. **શાંતિચંદ્ર** ગણિ કે જેના સંબંધમાં અગાઉ પારા ૮૦૭માં કહેવાઈ ગયું છે તેમણે **કૃ**પારસકોશ નામનું ૧૨૮ શ્લોકનું કાવ્ય રચી તેમાં **અ**કબરબાદશાહના શૌર્ય ઔદાર્ય ચાતુર્ય આદિગુણોનું સંક્ષેપમાં પરંતુ માર્મિકતાથી વર્ણન કર્યું છે. (શ્રી **જિ**નવિજય સંપાદિત મુદ્રિત) તેમણે **ક**વિમદપરિહાર સ્વોપજ્ઞ વૃત્તિ સહિત હીરવિજયસૂરિ રાજ્યે રચ્યો (કાં. વડો.) તેમણે સં. ૧૬૫૦માં **જં**બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ પર **પ્ર**મેયરત્ન મંજૂષા નામની વૃત્તિ (વેબર નં. ૧૮૪૭) અને સં. ૧૬૫૧માં **અ**જિતશાંતિનું સ્તવ (પી. ૧,૭૨) રચ્યું. સં. ૧૬૫૦માં ત. વિજય**સે**નસૂરિ-**જી**વરાજ-**આ**નંદકુશલ શિ. **રા**જકુશલે **ખી**મ યા **ખે**મરાજ નામના મંત્રી સંબંધી **ખી**મસૌભાગ્યાભ્યુદય નામનો ઐતિહાસિક ગ્રંથ રચ્યો (વિવેક. ઉદે.). તે જ વર્ષમાં **સૂ**ક્તિદ્વાત્રિંશિકા પર વિવરણ જાબાલિપુર (જાલોર)માં 'ગજની યવનાધીશ'ના રાજ્યમાં રચાયું (પી. ૫, ૧૬૯) સં. ૧૬૫૧માં વિજયસેનસૂરિ-**ધ**ર્મસિંહ-જયવિમલ શિ. **પ્રી**તિવિમલે ૪૭૯ શ્લોકમાં **ચં**પકશ્રેષ્ઠી કથા રચી (કાં. છાણી {*સં. હર્ટેલ પ્ર. હર્ષચન્દ્ર*}).

૮૬૯. સં. ૧૬૫૨માં **હી**રવિજયસૂરિનો ઉનામાં સ્વર્ગવાસ થયો. સં. ૧૬૫૨માં **અ**કબર રાજયે ત. વિજય**દા**નસૂરિ-**રા**જવિજયસૂરિ શિ. **દે**વવિજયે મરૂસ્થલિના શ્રીમાલપુર નગરમાં **હે**માચાર્યના **ત્રિ**ષષ્ટિશલાકા પુરુષ ચરિત્રનો આધાર લઈ સં. ગદ્યમાં **રા**મચરિત્ર (પદ્મચરિત્ર) એટલે જૈનરામાયણ રચ્યું કે જે **પદ્મ**સાગરે શોધ્યું (કીં. ૩, નં. ૧૬૯, ભાં. ૩,૨૨૯ {*પ્ર. હી. હં.*}) અને સં. ૧૬૬૦માં સં. ગદ્યમાં જ **પાં**ડવચરિત્ર રચ્યું. {*પ્ર. ય. ગ્રં.*} સં. ૧૬૫૨માં ત. વિજય**સે**નસૂરિ શિષ્ય **વિ**નયકુશલે **મં**ડલપ્રકરણ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત રચ્યું ને તે **મુ**લતાનમાં **લા**ભવિજય ગણિએ શોધ્યું. (આ. ક. પાલીતાણા) અને સં. ૧૬૭૫માં તે **વિ**નયકુશલે **વિ**જયદેવસૂરિની આજ્ઞાથી **વિ**ચારસપ્તતિકા વૃત્તિ રચી (ખેડા ભં.) સં. ૧૬૫૨માં ખ. **જિ**નચંદ્રસૂરિના ઉપદેશથી અમદાવાદના પ્રાગ્વાટ સંઘપતિ **સો**મજીએ જ્ઞાનભંડાર માટે સિદ્ધાંતની પ્રત લખાવી તે પૈકી **રા**જપ્રશ્નીય ટીકાની પ્રત. ગુ. નં. ૧૬૨૭ મળે છે.

૮૭૦. સં. ૧૬૫૨માં હીરવિજયસૂરિ શિ. વિજયસેનસૂરિ શિ. **ક**નકકુશલ કે જેમણે સં. ૧૬૪૧ માં **જિ**નસ્તુતિ રચી હતી. તેમણે **ક**લ્યાણમંદિર સ્તોત્ર પર ટીકા (વેબર ૨,૯૩૮; વે. નં. ૧૮૦૦) અને સં. ૧૬૫૩માં સાદડીમાં 'વિશાલલોચન' સ્તોત્ર પર સૂત્રવૃત્તિ (સાગર ભં. પાટણ), સં. ૧૬૫૫માં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેડતામાં સૌભાગ્યપંચમી કથા (ગુ. નં. ૪૯૩), સાધારણ જિનસ્તવન પર અવચૂરિ (વિવેક ઉદે૦), રત્નાકર પંચવિશતિકા પર ટીકા (કાં. વડો.), સં. ૧૬૫૬માં સુરપ્રિય મુનિ કથા (મો. ભં. સુરત), સં. ૧૬૫૭માં રૌહિણેય કથાનકની રચના કરી. આ છેલ્લા કથાનકમાં પોતાના વિદ્યાગુરુ તરીકે ઉક્ત શાંતિચંદ્રવાચક જણાવ્યા છે. (પી. ૧,૩૧૯).

૮૭૧. સં. ૧૬૫૪માં ખ૦ જયસાગર ઉ૦ (પારા ૬૯૫)-રત્નચંદ્ર-ભક્તિલાભ[૫૧૭]-ચારિત્રસાર-ભાનુમેરૂ શિ૦ જ્ઞાનવિમલે મહેશ્વરકૃત શબ્દપ્રભેદ નામના વ્યાકરણના ગ્રંથ પર વૃત્તિ વીકાનેરમાં રાજસિંહ રાજ્યે રચી (પી. ૨,૧૨૪ {*પં. શ્રીચન્દ્ર વિ. આનું સંપાદન કરી રહ્યા છે.*}) તેમાં પાણિની, કાત્યાયન, કલાપ, ઈન્દ્ર હેમ, બોપદેવ, શાકટાયન આદિ વૈયાકરણોના ઉલ્લેખ છે. આ જ વર્ષમાં આ જ્ઞાનવિમલના શિષ્ય વલ્લભ ઉપાધ્યાયે જિનેશ્વરસૂરિ (યા જિનદેવ ?) કૃત શિલોંછ નામકોશ પર ટીકા કરી અને વળી સં. ૧૬૬૧માં જોધપુરમાં સૂરસિંહના રાજ્યમાં હેમાચાર્યકૃત લિંગાનુશાસનપરની દુર્ગપ્રબોધ નામની વૃત્તિ (કાં. છાણી; વેબર નં. ૧૬૯૨ {*સં. ક્ષમાભદ્રસૂરિ પ્ર. હીરાલાલ સોમચંદ*}) અને સં. ૧૬૬૭માં અભિધાનનામમાલા પર સારોદ્ધાર નામની વૃત્તિ રચી. વિશેષ ધ્યાન ખેંચે તેવી વાત એ છે કે પોતે ખરતરગચ્છના હોવા છતાં અને તપાગચ્છના વિજયદેવસૂરિના ચરિતરૂપે ૧૯ સર્ગમાં સં. ૧૬૯૯માં પૂરૂં કરેલું વિજયદેવ માહાત્મ્ય ટુંકી ટીકા સહિત રચ્યું. (બુહ્. ૩ નં. ૧૫૬ પ્ર૦ જૈન સા. સં. સમિતિ). તેમનું ટુંકું કાવ્ય નામે અરનાથ સ્તુતિ સવૃત્તિ ખ૦ જિનમાણિક્યસૂરિ રાજ્યે રચેલી ઉપલબ્ધ છે. (બુહ્. ૪, નં. ૨૨૬ {*પ્ર. હર્ષ પુષ્પા.*}).

---

૫૧૭. પ્રાયઃ આ ભક્તિલાભના શિ. ચારુચંદ્રે ઉત્તમચરિત્રકથા સં. ? માં રચી (વે. નં. ૧૭૦૨{*પ્ર. હી. હં*}.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रीणाति या प्राज्ञदृशश्चकोरी, र्विभावरी वल्लभंमडलीव ।
तमस्तिरस्कारकरीं सुरीं तां, भक्तेर्नते गोंचरयामि वाचम् ॥
कवित्वनिष्कं कषितुं कवीनां येषां मनीषा कषपट्टिकेव ।
सन्तः प्रसन्ना मयि सन्तु शुद्धाशयाः प्रवाहा इव जान्हवीयाः ॥

-જેમ રાત્રીના પતિ ચંદ્રની સંપૂર્ણ મંડલી (પૂર્ણબિંબ) તમસનો વિનાશ કરી પ્રાજ્ઞ એટલે વિદગ્ધ જનોની દૃષ્ટિને આનંદ આપે છે તેમ તમસ્ એટલે અજ્ઞાનનો ક્ષય કરનારી વાગ્દેવી પ્રાજ્ઞ એટલે વિદ્વાનોની દૃષ્ટિને આનંદ આપે છે (એટલે) તે સરસ્વતી દેવીને ભક્તિવશ થઈ હું પ્રણમું છું. જે સંતોની ઈચ્છા સોનાને કસોટીથી કસવામાં આવે તેમ કવિઓના કવિત્વરૂપ (કર્તાઓની કૃતિ રૂપ) સોનાને કસવાની ઇચ્છા હોય તેઓ શુદ્ધ ચિત્તવાળા રહી ગંગાના પ્રવાહની પેઠે મારા પર (સર્વ કવિઓ ગ્રંથકારો પર) પ્રસન્ન રહો. -હીરસૌભાગ્ય ૧, ૨ અને ૪.

૮૭૨. સં. ૧૬૫૫માં ઉક્ત ચંદ્રકીર્ત્તિ શિ૦ હર્ષકીર્ત્તિસૂરિએ બૃહચ્છાન્તિ સ્તોત્ર પર ટીકા (ચુનીજી ભં. કાશી; કાં વડો.), દેવસુંદર ઉ૦ના કહેવાથી કલ્યાણમંદિર સ્તોત્રપર ટીકા (લ. પ્રત સં. ૧૬૩૫ બુહ્. ૫, નં. ૪૨; વે. નં. ૧૮૦૧, કાથ૦ ૧૮૯૧-૯૫), સિંદૂર પ્રકરણપર ટીકા (ગુ. નં. ૪૯-૨૩) સારસ્વત દીપિકા (ખેડા ભં.), સેટ્ અનિટ કારિકા વિવરણ સં. ૧૬૬૯માં (રામ ઋતુરસભૂ) (ગુ. નં. ૫૯-૯) ધાતુપાઠ તરંગિણી-ધાતુપાઠ વિવરણ, શારદીય નામ માલા, (વેબર નં. ૧૭૦૩ પ્ર. હી. હ.) શ્રુતબોધ પર વૃત્તિ, યોગ ચિંતામણિ (વૈદ્યક ગ્રંથ ગુ. નં. ૩૭-૧, ૬૦-૧૧), વૈદ્યકસારોદ્ધાર (વૈદ્યક ગ્રંથ) વગેરેની રચના કરી. સં. ૧૬૫૭માં ત. રાજસાગર શિ૦ રવિસાગરે ઉનામાં મૌન એકાદશી માહાત્મ્ય (ગુ. નં. ૪૮-૨૨) રચ્યું.

૮૭૩. સં. ૧૬૫૭માં ત. કુશલવર્ધન શિ૦ નગર્ષિગણિએ સ્થાનાંગ દીપિકા (ગો. ઉદેપુર), તથા પ્રા૦ માં કલ્પાન્તર્વાચ્ય રચ્યું (કર્તાની સ્વહસ્તલિખિત પ્રત સાગર ભં. પાટણમાં છે {*સં. પ્રદ્યુમ્નસૂરિ પ્ર. શા. ચી. એ.*}). સં. ૧૬૫૮માં ત. કલ્યાણવિજય અને મુનિવિજય શિ. દેવવિજય ગણિએ જિનસહસ્રનામ વિજયાનંદસૂરિના રાજ્યમાં રચ્યું અને તેના પર સુબોધિકા નામની વૃત્તિ સં. ૧૬૯૮માં રચી કે જે લાભવિજય ગણિએ શોધી હતી અને પછી કીર્ત્તિવિજય શિ૦ વિનયવિજયે સં.૧૬૯૯માં શોધી (કાં. છાણી).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮૭૪. સં. ૧૬૬૦માં ઉક્ત પુણ્યસાગરના પદ્મરાજના શિ૦ જ્ઞાનતિલકે દિવાલીને દિને ગૌતમકુલક પર વૃત્તિ (જેસ. પ્ર. ૧૯; ગુ. નં. ૪૮-૩૫) અને ત૦ વિજયદાનસૂરિ-જગન્મલ્લ (જગમાલ્લ) શિ૦ બુદ્ધિવિજયે ચિત્રસેન-પદ્માવતી કથા (વિવેક. ઉદે.) રચી. સં. ૧૬૬૨માં ખ. જિનકુશલસૂરિની શાખામાં મોદરાજ-ભાવમંદિર-નંદિજય (કે જે ૬૦ વર્ષ જીવ્યા), સાધુવર્ધન-મહિમમેરૂ-તેજઃસાર-હર્ષચંદ્રના શિષ્ય હંસપ્રમોદે સારંગસાર વૃત્તિ (જે. ૫૩), ત૦ આનંદવિમલસૂરિ-વિજયવિમલ ગણિ-શિષ્ય આનંદવિજયે હર્ષકુલે રચેલા ત્રિભંગીસૂત્ર પર ટીકા કરી (નં. ૧૧૬૫ સન ૧૮૮૭-૯૧ ભાં. ઈ.) તથા ત૦ આનંદવિજય શિ. મેરૂવિજયે વિજયસેનસૂરિ રાજ્યે વીરજિનસ્તુતિ સ્વોપજ્ઞ અવચૂરિ સહિત (કેશરવિજય ભં. વઢવાણ) રચી.

૮૭૫. સં. ૧૬૬૧માં ત. હીરવિજયસૂરિ શિ૦ શુભવિજયે હૈમીનામમાલા બીજક (વિવેક. ઉદે.), સં. ૧૬૬૩માં તર્કભાષા વાર્તિક કે જે પદ્મસાગરે શોધ્યું (કાં. વડો.) અને સં. ૧૬૬૫માં રાજનગરમાં વિજયદેવસૂરિની આજ્ઞાથી કાવ્યકલ્પલતાવૃત્તિમકરંદ (જે. ૫૭, પી. ૬,૨૬; ખેડા ભં.) કે જે કલ્યાણવિજય ઉ. શિષ્ય ધર્મવિજયે તથા મેરૂવિજય શિ૦ લાવણ્યવિજયે સંશોધેલ; સં. ૧૬૬૭માં સ્યાદ્વાદ ભાષા (કાં વડો. પ્ર૦ દે. લા. નં. ૩) અને તે પર વૃત્તિ, પ્ર. સંબોધિ અંક ૧૮ અને સં.૧૬૭૧માં કલ્પસૂત્રપર ટીકા કે જે કીર્ત્તિવિમલે શોધી, આદિ ગ્રંથો રચ્યા. વિશેષમાં તેમણે વિજયસેનસૂરિના રાજ્યમાં તે સૂરિને પૂછાયેલા ઉત્તરોના સંગ્રહ રૂપે ૪ ભાગમાં સેનપ્રશ્ન સંકલિત કરેલ છે તેમાં પોતાના ઉક્ત સર્વ ગ્રંથોનો કલ્પસૂત્ર ટીકા સિવાયનો ઉલ્લેખ કરેલ છે, તેથી તે (સં. ૧૬૫૭ ને ૧૬૭૧ની વચમાં સંગ્રહિત કર્યો છે {*પ્ર. જિ. આ. ટ્ર. ગુ. ભા. આ. કુમુદસૂરિ પ્ર. મણિવિ. ગ્રં.*}) અને પ્રશ્નોત્તર સંગ્રહ (રત્નાકર) રચેલ છે. જેસ. પ્ર. ૬૩.

૮૭૬. સં. ૧૬૬૬માં ઉપર્યુક્ત દેવવિજયે (પારા ૮૬૯) દેવેંદ્રકૃત દાનાદિ ચાર કુલક પર વૃત્તિ નામે ધર્મરત્નમંજૂષા રચી કે જે તેમના શિષ્ય જયવિજયે અને કલ્યાણવિજયના શિષ્યો નામે સંઘવિજય અને ધર્મવિજયે સંશોધી (બુહ્. ૩, ૧૦૮, બુહ્. ૪,૧૫૫{પ્ર.હી.હં.}). સં. ૧૬૬૮માં ગુણવિજયે નેમિનાથ ચરિત્ર {*ગુ. ભાષા પ્ર. જૈ. આ. સ.*} સં. ૧૬૭૦માં ઉક્ત દેવવિજયે સપ્તતિશતસ્થાનક વૃત્તિ કે જેમાં સ્વશિષ્ય જયવિજયે સહાય કરી અને તે જયવિજયે સં. ૧૬૭૧માં (ઈન્દુ રસાબ્ધીન્દુ) શોભનસ્તુતિ પર વૃત્તિ રચી કે જેમાં જયવિજયે પોતાના વિદ્યાગુરુ કલ્યાણવિજય અને દેવવિજય ગણાવ્યા છે (ભાં. ૩, નં. ૨૮૪; કાં. છાણી; હા. ભં.; ત્રિ. પ્રશસ્તિ સંગ્રહ; જેસ. પ્ર. ૬૭)

૮૭૭. આ સમયમાં ત. વિજયદાનસૂરિ-સકલચંદ્ર-સૂરચંદ્ર શિષ્ય ભાનુચંદ્ર નામના મહાવિદ્વાન 'મહોપાધ્યાય' થયા [૫૧૮] (જુઓ પારા ૮૦૮)-તેમણે રત્નપાલકથાનક (લ. સં. ૧૬૬૨ વિવેક. ઉદે.)

---

૫૧૮. जाग्रज्ज्योतिरकब्बरक्षितिपतेरभ्यर्णमातस्थिवान् सिद्धाद्रेः करमोचनादिसुकृतं योऽकारयत्साहिना ।
जीवानामभयप्रधानमधिकं सर्वत्र देशे स्फुटः श्रीमद् वाचकपुंगवः स जयताच्छ्री भानुचंद्राभिधः ॥
अस्ति श्रीमदुदारवाचक समालंकारहारोपमः प्रख्यातो भुवि हेमसूरिसदृशः श्रीभानुचंद्रो गुरुः ॥
श्रीशुंजयतीर्थशुल्कनिवह प्रत्याजनोद्यद्यशाः शाहि श्रीमदकब्बरार्पित महोपाध्याय दृश्यत्पदः ॥
- વસંતરાજ શકુન ટીકા-મંગલાચરણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં. ૧૬૭૧માં **વિવેકવિલાસ** પર ટીકા[૫૧૯] વિજયસેનસૂરિરાજ્યે (ભક્તિ વિજય ભં. ભાવ; લ. સં. ૧૬૭૮ કાં. વડો. નં. ૫૫) રચ્યા. તેમના બીજા ગ્રંથોઃ-**બાણ**કૃત **કાદ**મ્બરી પૂર્વ ભાગ પર પ્રસિદ્ધ ટીકા (મુ.), **સારસ્વત** વ્યાકરણ વૃત્તિ, શિરોહીમાં અક્ષત (અખયરાજ) રાજ્યે **વસંતરાજ** શકુન પર ટીકા કે જે તેમના શિ. **સિદ્ધિચંદ્રે** સંશોધી, (મુ.), **સૂર્ય** સહસ્રનામ કે જે તેમણે અકબર બાદશાહને શીખવ્યું હતું, આદિ છે.

૮૭૮. ઉક્ત **ભાનુચંદ્ર** શિષ્ય **સિદ્ધિચંદ્ર**[૫૨૦] પણ જબરા વિદ્વાન હતા. ૧૦૦ થી ૧૦૮ અવધાન કરતા. યાવની (ફારસી) ભાષામાં પણ કુશલ હતા. **અકબરે** તેમને 'ખુશફહમ' નામનું બિરૂદ આપ્યું હતું. (તે સંબંધમાં જુઓ અગાઉ પારા ૮૦૮) તે બાદશાહને અધ્યયન કરાવતા, ગુરુના ગ્રંથકાર્યના સંશોધનાદિમાં સહાય આપવા ઉપરાંત **કાદ**મ્બરીના ઉત્તર ભાગની ટીકા (પ્ર. નિ. સા.; વે. નં. ૧૨૫૫), **ભક્ત**મરસ્તોત્ર પર વૃત્તિ (પ્ર. ભી. મા.) **ધાતુ**મંજરી, **વાસ**વદત્તા પર વૃત્તિ, **અનેકાર્થ** નામમાલા-સંગ્રહ પર વૃત્તિ (કાં. છાણી), **શોભ**નસ્તુતિ પર ટીકા શ્લો. ૨૨૦૦ (વીરબાઈ પાઠશાળા-પાલીતાણ.), **વૃદ્ધ** પ્રસ્તાવોક્તિ રત્નાકર, **ભાનુ**ચંદ્ર ચરિત્ર (સ્વગુરુનું ચરિત્ર-બીકાનેર ભં. *{પ્ર. સિંઘી ગ્ર. સંપા. મો. દ. દેસાઈ }*) આદિ રચેલ છે.

૮૭૯. ત. વિજયસેનસૂરિ રાજ્યે (સં. ૧૬૫૨-૧૬૭૧) **બુદ્ધિ**સાગર શિ. **માન**સાગરે **શતાર્થી** પર વૃત્તિ રચી (કાં૦ વડો.; લીં.) વિજય**સેન**સૂરિ શિ. **નય**વિજય ગણિએ **પુદ્ગલ**ભંગ વિવૃત્તિ પ્રકરણ રચ્યું (બુહ્. ૨, નં. ૨૧૫). ઉક્ત ખ. **સમય**સુંદરના શિષ્ય **હર્ષ**નંદન ગણિએ જેસલમેરમાં **ભીમ**રાઉલ અને **કલ્યાણ**મલ્લના રાજ્યમાં **આચાર**દિનકર પુસ્તક પર સં. ૧૬૬૯માં પ્રશસ્તિ રચી (વિવેક. ઉદે.) અને સં. ૧૬૭૩માં અણહિલવાડ પાટણમાં **મધ્યાન્હ** વ્યાખ્યાન રચ્યું (કાં. છાણી.) તેમણે તથા **સુમતિ**કલ્લોલે બંને થઈને **અભય**દેવસૂરિની **સ્થા**નાંગસૂત્રની ગાથામય વૃત્તિ પર-સ્થાનાંગ વૃત્તિ ગાથા વિવરણ રચ્યું સં. ૧૭૦૫માં (કાં. છાણી *{આની નક્લ પૂ. જંબૂવિજય મ. પાસે છે.}*) હર્ષનંદને ગદ્યમાં **આદિ**નાથ વ્યાખ્યાન રચેલું તેની પ્રત સં. ૧૬૮૩ની ઉપલબ્ધ છે. (ભાં. ૪, નં. ૧૨૬૦) તથા **ઋષિ**મંડલસૂત્ર પર વૃત્તિ રચી હતી. (ભાં. ઈ.)

૮૮૦. પ્રસિદ્ધ શાંતિચંદ્ર (કૃપારસકોશના કર્ત્તા)ના શિષ્ય **રત્ન**ચંદ્રે સં. ૧૬૭૧માં **પ્રદ્યુમ્ન** ચરિત મહાકાવ્ય રચ્યું (પી. ૫, ૧૬૩ *{પ્ર. બી. બી. એન્ડ કું.}*) અને સં. ૧૬૭૬ પહેલાં અનેક પર વૃત્તિઓ રચી જેવી કેઃ- **ભક**તામર-**કલ્યાણ**મંદિર-**શ્રી**મત્**ધર્મ**સ્તવ-દેવાઃપ્રભોસ્તવ-**ઋષભ**વીરસ્તવ એ સ્તોત્રો પર, તેમજ

---

૫૧૯. આ **વિવેક**વિલાસ ટીકાની ત. **કલ્યાણ**વિજય શિ. **લાભ**વિજયે વિજયપ્રભસૂરિ રાજ્યે **સિદ્ધિ**ચંદ્ર વાચકની સંમતિ લઈ સં. ૧૬૭૮માં લખેલી હસ્તપ્રત કાં. વડો. ભંડારમાં છે.

૫૨૦. तच्छिष्यः सुकृतैकभूर्मतिमतामग्रेसरः केसरी शाहिस्वांत विनोदनैकरसिकः श्री सिद्धिचंद्राभिधः ।
पूर्वं श्री विमलाद्रिचैत्यरचनां दूरीकृतां शाहिना विज्ञप्यैव मुहुर्मुहस्तमधिपं योऽकारयत्तां पुनः ॥
यावन्या किल भाषया प्रगुणितान् ग्रंथानशेषांश्च तान् विज्ञाय प्रतिभागुणैस्तमधिकं योऽध्यापयः शाहिराट् ॥
दृष्ट्वानेक विधानवैभवकलां चेतश्चमत्कारिणीं चकेषु स्फुटमेति सर्वविदितं गोत्रं यदीयं हि सः ॥
- વસંતરાજ શકુન ટીકા-મંગલાચરણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વગુરુરચિત કૃપારસકોષ પર, સં. ૧૬૭૪માં સુરતમાં મુનિસુંદરસૂરિકૃત અધ્યાત્મકલ્પદ્રુમ પર કલ્પલતા નામની ટીકા (કી. ૨, નં. ૩૬૧ ભાં. ૬ નં. ૧૦૭૩; કેશર૦ વઢ૦; પ્ર૦ મ૦ ભ૦), નૈષધકાવ્ય પર ટીકા અને રઘુવંશ મહાકાવ્ય પર ટીકા (રી. ૧૮૮૭-૯૧ નં. ૪૪) કે જેમાં પોતાની નૈષધકાવ્યટીકાનો ઉલ્લેખ છે. આ સર્વનો ઉલ્લેખ સમ્યક્ત્વસપ્તતિકા પર પોતે ગૂ૦ બાલાવબોધ સં. ૧૬૭૬માં રચ્યો તેમાં કરેલ છે, વળી સં. ૧૬૭૯માં ધર્મસાગરના મતના ખંડન રૂપે કુમતાહિવિષ જાંગુલિ નામનો ગ્રંથ રચ્યો.

૮૮૧. સં. ૧૬૭૦ને ૧૬૭૪ની વચ્ચે ખ. ઉક્ત સાધુકીર્ત્તિ કે જેમણે યવનપતિ અકબરની સભામાં તેની પાસેથી વાદીંદ્રનું બિરૂદ મેળવી ખ્યાતિ પ્રાપ્ત કરી હતી, તેમના દીક્ષિત અને શિક્ષિત શિષ્ય સાધુસુંદરે ખ૦ જિનહંસસૂરિ રાજ્યે કવિઓનાં વચનો રૂપપ્રાકૃત શબ્દોના સમસંસ્કૃત શબ્દોના સંગ્રહ રૂપ ઉક્તિરત્નાકર નામનો ગ્રંથ (પી. ૩, નં. ૫૭૮; પી. ૪ પૃ ૧૪; વે૦ નં. ૧૦૩), અને સં. ૧૬૮૦માં ધાતુપાઠ પર ધાતુરત્નાકર તે પર સ્વોપજ્ઞ ટીકા નામે ક્રિયાકલ્પલતા સહિતની (પી. ૫, ૧૫૬-૧૬૦) રચના કરી. (જુઓ મારો ગ્રંથ જૈન ગૂ૦ કવિઓ ભાગ ૧ પૃ. ૨૧૯)

૮૮૨. સં. ૧૬૭૧માં મુખશોધન (?) ગચ્છના જિનદાસ શિ૦ તેજપાલે દીપાલિકાકલ્પ પર અવચૂરિ લખી (કાં. છાણી). સં. ૧૬૭૪માં. ત. વિજયદેવસૂરિરાજ્યે વિજયસેનસૂરિ શિ૦ સંઘવિજય ગણિએ કલ્પસૂત્ર પર દીપિકા રચી ને તે કલ્યાણવિજયગણિ શિ. ધનવિજયગણિએ સં. ૧૬૮૧માં શોધી ને તેનો પ્રથમાદર્શ દેવવિજયગણિએ લખ્યો (લી.). સં. ૧૬૭૫ (બાણાશ્વષડિંદુ)માં ખ૦ મતિભદ્ર શિ૦ ચારિત્રસિંહે જિનમાણિક્યસૂરિરાજ્યે કાતંત્રવિભ્રમ પર અવચૂર્ણિ રચી (બુહ્. ૩, નં. ૩૬) અને તે વર્ષમાં (શરર્ષ્યગનિ શેશવર્ષે) ત. ભાનુચંદ્ર-ઉદયચંદ્ર શિ. રૂપચંદ્રે સ્વબોધ અર્થે ૫૩૬ શ્લોક પ્રમાણ વિચારષટ્ત્રિંશિકા વૃત્તિ એટલે ગજસાર કૃત દંડક પર વૃત્તિ રચી. (કાં વડો.; પ્ર. યશો. પાઠશાળા મહેસાણા) સં. ૧૬૭૨ અને ૧૬૮૫ની વચમાં વિજયદેવસૂરિના રાજ્યમાં દેવવિમલગણિએ હીરસૌભાગ્ય નામનું મહાકાવ્ય તેની સ્વોપજ્ઞ ટીકા નામે સુખાવબોધાવૃત્તિ સહિત રચીને પૂર્ણ કર્યું (આનો આધાર લઈ ઋષભદાસ કવિએ ગૂજરાતીમાં સં. ૧૬૮૫માં હીરવિજયસૂરિ રાસ રચ્યો છે). દેવવિમલે આ રચનાનો આરંભ તો હીરવિજયસૂરિના સમયમાં જ કર્યો હતો (એમ ધર્મસાગર પટ્ટાવલિમાંથી નિર્ણીત થાય છે). આ દેવવિમલગણિ શ્રીપતિ-જગાઋષિ કે જેમણે છ વિકૃતિ (વિગય) નો ત્યાગ કર્યો હતો અને લોંકાગચ્છથી વ્યાપ્ત થયેલ સૌરાષ્ટ્ર દેશને પ્રતિબોધ્યો હતો-તેમના શિષ્ય સીંહવિમલ કે જેમણે માંડલિક ચંદ્રભાણ નામના કાયસ્થને પોતાનો ભક્ત શિષ્ય કર્યો હતો અને અજૈન સ્થાનસિંહને જૈન બનાવ્યો હતો અને જેમણે જિનવૃષભસમવસરણ પ્રકર અને ભવિક પ્રકર રચ્યાં હતાં. તેમના શિષ્ય હતા. આ આખું કાવ્ય ઉપાધ્યાય કલ્યાણવિજયના શિષ્ય ધનવિજય વાચકે સંશોધ્યું હતું.[૫૨૧]

---

૫૨૧. આ કાવ્યનો ઉલ્લેખ આચાર્યશ્રી આનંદશંકરે પોતાના લેખ નામે 'ગૂજરાતનું સંસ્કૃત સાહિત્ય'માં કર્યો છે. જુઓ રાજકોટની ત્રીજી ગૂજરાતી સાહિત્ય પરિષદનો અહેવાલ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮૮૩. આં. ઉદયરાજગણિ શિષ્ય હર્ષરત્નના શિ૦ સુમતિહર્ષ ગણિએ સં. ૧૬૭૩માં શ્રીપતિકૃત જાતકકર્મપદ્ધતિ નામના જ્યોતિષ ગ્રંથ પર ટીકા, તે લગભગ બૃહત્ પર્વમાલા, સં. ૧૬૭૭માં દક્ષિણમાં વિષ્ણુદાસના રાજ્યમાં હરિભટ્ટ (ક્વચિત હરિભદ્ર) કૃત તાજિકસાર પર ટીકા (વે. નં. ૩૦૭; ઈં આ. નં. ૩૦૫૮-૫૯), અને ચાલુક્યવંશના હેમાદ્રિના રાજ્યમાં સં. ૧૬૭૮માં ભાસ્કર કૃત કર્ણકુતૂહલ નામના જ્યોતિષ ગ્રંથ પર ગણકકુમુદકૌમુદી નામની ટીકા રચી. સં. ૧૬૭૭માં ત. વિજયદાનસૂરિ-વિમલહર્ષ શિ૦ જયવિજયે સ્વશિષ્ય વૃદ્ધિવિજયની પ્રાર્થનાથી વિજયાણંદસૂરિ રાજ્યે કલ્પસૂત્ર પર કલ્પદીપિકા નામની ટીકા રચી કે જે ભાવવિજયગણિએ શોધી (વે. નં. ૧૪૪૨; કાં. વડો. બુહ્ ૧.) સં. ૧૬૭૮માં પાર્શ્વચંદ્ર-રાજચંદ્રસૂરિએ દશવૈકાલિકસૂત્ર પર વાર્ત્તિક રચ્યું (મુનિ જશવિજય સંગ્રહ)

૮૮૪. સં. ૧૬૮૧માં ખ૦ રત્નસાર-હેમનંદન અને રત્નહર્ષ શિ૦ સહજકીર્ત્તિ ગણિએ સારસ્વત વ્યાકરણ પર ટીકા રચી અને તેમાં ખ. લક્ષ્મીકીર્ત્તિ ગણિએ સહાય આપી. (પી ૧, નં. ૩૫૪; ગુ.; રી. ૧૮૮૭-૯૧ નં. ૫૫૬), તથા ઉક્ત સાધુકીર્ત્તિના શિ. સાધુસુંદરે સં. ૧૬૮૩માં જેસલમેરૂ દુર્ગસ્થ પાર્શ્વનાથની સ્તુતિ (વિવેક. ઉદે.,) રચી. વળી સહજકીર્ત્તિએ સમદ્વીપિ-શબ્દાર્ણવ વ્યાકરણ-ઋજુપ્રાજ્ઞ વ્યાકરણ પ્રક્રિયા રચેલ છે (વિવેક. ઉદે; કાં. વડો), વળી ખ૦ જિનરાજસૂરિ રાજ્યે ને જિનસાગર સૂરિના યૌવરાજ્યે સં. ૧૬૮૫માં કલ્પમંજરી રચી. તેમાં ખ. કનકતિલક-લક્ષ્મીવિનય શિ. રત્નસાગરગણિએ ઘણી સહાય આપી. આ સહજકીર્ત્તિના ગુરુભાઈ શ્રીસાર આમાં સહકર્ત્તા હતા, કે જેમણે ગૂજરાતીમાં કૃતિઓ કરી છે (ભાં. ૨, નં. ૪૨૧; પી. ૨ નં. ૨૮૮), સં. ૧૬૮૬માં મહાવીરસ્તુતિ વૃત્તિ, તથા બીજી કૃતિઓઃ-અનેકશાસ્ત્રસારસમુચ્ચય, એકાદિશતપર્યંત શબ્દસાધનિકા, છ કાંડમાં નામકોશ (જે. ૬૮) ઇત્યાદિ છે. (જેસ. પ્ર. ૬૪)

૮૮૫. સં. ૧૬૮૧માં ઉક્ત સાધુસુંદર શિ. ઉદયકીર્ત્તિએ વિમલકીર્ત્તિકૃત પદવ્યવસ્થા પર ટીકા રચી (પી. ૫, નં. ૧૨૨). સં. ૧૬૮૪ ત. ધર્મસાગર શિ. શ્રુતસાગરે ચતુર્દશી પાક્ષિક વિચાર રચ્યો. (કાં. વડો.) પદ્મસાગર શિ૦ રાજસુંદરે વટપદ્ર (વડોદરા)ના દાદા પાર્શ્વપર ૪૫ શ્લોકમાં એવા સ્તવનની રચના કરી કે જેના દરેક શ્લોકનું ચોથું ચરણ ભક્તામરસ્તોત્રના દરેક શ્લોકનું પ્રથમ ચરણ તરીકે આવે (વે. નં. ૧૮૦૯).

૮૮૬. સં. ૧૬૮૬માં આં. માણિક્યચંદ્ર-વિનયચંદ્ર-રવિચંદ્ર શિ. દેવસાગર ગણિએ કલ્યાણ-સાગરસૂરિ રાજ્યે હેમીનામમાલા-અભિધાન ચિંતામણીની વ્યાખ્યારૂપે હાલ્લાર દેશમાં નવાનગરમાં લાખાના રાજ્યે વ્યુત્પત્તિરત્નાકર નામની કૃતિ રચી (પી. ૧, ૧૩૦; વેબર નં. ૧૭૦૦; જે. ૬૧; કાં. વડો. {*સં. શ્રીચંદ્ર વિ. ગણિ, પ્ર. રાંદેર રોડ, સંઘ, સુરત*}) સં. ૧૬૮૮માં ગુણવિજયે હેમવિજયકૃત વિજયપ્રશસ્તિનો અપૂર્ણ ભાગ પૂરો કર્યો અને તે સર્વ પર પોતાની વૃત્તિ નામે વિજયદીપિકા રચી એ અગાઉ પારા ૮૫૯ માં કહેવાઇ ગયું છે, તે વૃત્તિ ચારિત્ર-વિજયગણિએ શોધી વળી તેમણે કલ્પકલ્પલતા ટીકા રચી (ભક્તિવિજય ભં. ભાવ.)

૮૮૭. ત. વિજયદાનસૂરિ-વિમલહર્ષ ઉ૦-મુનિવિમલના શિ૦ ભાવવિજયે સં. ૧૬૮૯ (નિધિવસુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રસવસુધા)માં રોહિણીપુરમાં ઉત્તરાધ્યયનસૂત્ર પર વૃત્તિ રચી કે જેમાં તેમના ગુરુભાઇ વિજયહર્ષગણિએ સહાય આપી છે (વે. નં. ૧૪૧૪-૧૫ પ્ર. જૈન આ. સભા). તેમાં કથાઓ પદ્યબદ્ધ કરી પોતે મૂકી છે. તેમણે સં. ૧૬૭૯માં ષટ્ત્રિંશજ્જલ્પ વિચાર તે સમયની સ્થિતિ દાખવતો રચ્યો હતો (વિવેક. ઉદે; કાં. વડો.). તેઓ વિદ્વાન્ સંશોધક હતા અને તે તરીકે સં. ૧૬૭૭ની જયવિજયકૃત કલ્પસૂત્રદીપિકા અને વિનયવિજયકૃત સં. ૧૬૯૬ની કલ્પસૂત્ર સુબોધિકા અને સં. ૧૭૦૮નો લોકપ્રકાશ સંશોધ્યાં હતાં. તેમણે સં. ૧૭૦૮માં વિદ્યાપુર-વીજાપુરમાં ચંપકમાલા કથા રચી (પ્ર. આ. સભા; ભાં. ૬, નં. ૧૩૦૪)

૮૮૮. સં. ૧૬૯૨માં (મારવાડના) પદ્માવતીપત્તનમાં રાઠોડ ગજસિંહ રાજ્યે આં. કલ્યાણ-સાગરસૂરિ-ભોજદેવ શિ. પં. ધનરાજે મહાદેવે શક ૧૨૩૮માં રચેલી મહાદેવી-સારણી નામની જ્યોતિષની કૃતિ પર મહાદેવી દીપિકા નામની ટીકા રચી.

૮૮૯. સં. ૧૬૯૩માં ખ. શિવનિધાન ગણિ શિ. મહિમસિંહ ગણિએ સ્વશિષ્ય હર્ષવિજયાદિ માટે મેઘદૂત પર ટીકા રચી (ભાં. ૪ નં. ૨૮૦; પ્રત ભાં. ઈ. નં. ૨૮૦). ત. રામવિજય ગણિ શિ. શ્રીવિજય[૫૨૨] ગણિએ રઘુવંશ પર ટીકા (ગુ. નં. ૧૫-૩), કુમારસંભવપર ટીકા (પ્રાયઃ આ સમયમાં) રચી. (પ્રત સં. ૧૭૧૩ રી. ૧૮૮૪-૮૭ નં. ૩૩૫). સં. ૧૬૯૪માં ત. કીર્ત્તિવિજયવાચક શિ. જિન-વિજયે વાક્યપ્રકાશ સાવચૂરિ વાર્ત્તામાં રચી (બુહ્. ૪, નં. ૨૮૦) સં. ૧૬૯૬માં ત. હીરવિજયસૂરિ-કીર્ત્તિવિજય શિ. વિનયવિજયે ઉપર્યુક્ત શ્રીવિજયની અભ્યર્થનાથી કલ્પસૂત્ર પર સુબોધિકા નામની ટીકા રચી કે જે ઉક્ત ભાવવિજયે શોધી. (વે. નં. ૧૪૪૩-૪૪ પ્ર. જૈન આ. સભા અને આ. સમિતિ)

૮૯૦. સં. ૧૬૯૭માં ત. વિજયસિંહસૂરિ-ઉદયરુચિ શિ. હિતરુચિએ ષડાવશ્યક સૂત્ર પર વ્યાખ્યા (વિવેક. ઉદે.), આ સમય લગભગ ઉક્ત રત્નચંદ્રના શિષ્ય માણિક્યચંદ્રે કલ્યાણમંદિર સ્તોત્ર પર દીપિકા (કાં. વડો), અને તેમના શિષ્ય દાનચંદ્રે ત. વિજયસિંહસૂરિ રાજ્યે સં. ૧૭૦૦ માં જ્ઞાનપંચમી કથા (વરદત્ત ગુણમંજરી કથા) રચી. સં. ૧૬૯૯માં કલ્યાણવિજય ઉપાધ્યાયના શિષ્ય ધનવિજયે રાજનગરના ઉષ્મા (ઉસમા) પુરમાં ધર્મોપદેશ લેશ નામનું આભાણશતક ૧૦૮ શ્લોકમાં રચ્યું. (પ્ર૦ આ૦ સમિતિ નં. ૪૯) ૧૭૦૦ના વર્ષમાં આં. ઉદયસાગર શિ. પદ્મસાગરે જીવાભિગમ સૂત્ર પર ટીકા રચી. (મુનિ કર્પૂવિજય ભં. પાલીતાણા.) આ શતકના અંતમાં ખ૦ જિનરાજસૂરિના શિષ્ય નયકુંજર ઉપાધ્યાયે જાવડ અને તેના પુત્ર હીરના કહેવાથી પ્રવચનસાર રચ્યો. (કાં. છાણી)

---

૫૨૨. શ્રીવિજયગણિ જે માટે સં. ૧૬૭૨માં દેવવિજય શિ. જયવિજયે ઋષિમંડલ સૂત્રની પ્રત લખી હતી, અને જેમણે વિનયવિજયને સં. ૧૬૯૬માં કલ્પ સુબોધિકા રચવા અભ્યર્થના કરી હતી તે શ્રીવિજયનો સમય તે બંને વર્ષની વચમાં અચૂક સમજવાનો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્તુ છંદ ગોડી રાગ-જાફરતાલેન ગીયતે.
દેવ નિર્મિત દેવ નિર્મિત, ગગને અતિ ઉત્તુંગ,
ધર્મધ્વજા જન મનહરણ, કનકદંડગત સહસ્સ જોયણ,
રણઝણંત કિંકિણીનિકર, લઘુપતાકયુત નયનભૂષણ,
જિમ જિન આગમ સુર વહે, તિમ નિજ ધન અનુસાર
નવમી પૂજા ધ્વજતણી, કહે પ્રભુ ! તું અમ્હ તાર.

- સકલચંદકૃત સત્તરભેદી પૂજા.

તું જિનવદનકમલિની દેવી, તું સરસતિ સુરનરપતિ સેવી,
તું કવિજનમાતા સુઅદેવી, દિઈ મુઝ નિર્મલ પ્રતિભા દેવી,

- સકલચંદ્રકૃત સાધુવંદના.

વસ્તુ

દેવિ સરસતિ દેવિ સરસતિ સુમતિદાતાર,
કાસમીર મુખમંડણી બ્રહ્મપુત્રિ કરિ વીણ સોહઈ,
મોહન તરવર મંજરી મુખ મયંક ત્રિભોવન મોહઈ,
પયપંકજ પ્રણમી કરી આણી મન આણંદ
સરસ ચરિત્ર શૃંગાર રસ પભણિસુ પરમાણંદ.

- કુશલલાભકૃત માધવાનલ કથા.

નિર્મલ જલ ગંગાતણઉ, રાજહંસિ જિણિ પિદ્ધ રે
તે ઉંછઇ જલિ કિમ પીયઈ, મલ સેવાલ અશુદ્ધરે
ધર્મપ્રસાદઈ દિનિ દિનઈ. - ગુણવિનયકૃત કર્મચંદ્રપ્રબંધ

૮૯૧. ગૂજરાતી ગદ્યસાહિત્ય-આ સત્તરમા શતકમાં સંસ્કૃત પ્રાકૃત ગ્રંથોના અનુવાદ એટલે બાળાવબોધ-ટબા થયા છે જેમ કે :-ત૦ કુશલભુવન ગણિએ સપ્તતિકા નામના કર્મગ્રંથ પર સં. ૧૬૦૧ માં (તેજ વર્ષમાં લખેલી પ્રત વે. નં. ૧૫૮૫), સોમવિમલસૂરિએ સં. ૧૬૨૫માં કલ્પસૂત્ર પર અને તે ઉપરાંત દશવૈકાલિકસૂત્ર પર, પાર્શ્વચંદ્ર શિષ્ય સમરચંદ્રે સંસ્તાર પ્રકીર્ણકપયન્ના પર (પ્રત લ૦ સં. ૧૬૪૯ નં. ૮૮૪ સન ૧૮૯૨-૯૫ ભાં. ઈ.), પં કુશલવર્ધન શિ૦ નગર્ષિ ગણિએ સં. ૧૬૫૩માં સંગ્રહિણી પર, ત. કનકકુશલે સં. ૧૬૫૫માં વરદત્તગુણમંજરી કથા, સૌભાગ્યપંચમી કથા અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનપંચમી કથા પર (લીં. પાટણ), પાર્શ્વચંદ્રની પરંપરામાં શ્રવણ શિ૦ મેઘરાજે સં. ૧૬૫૯ આસપાસ સમવાયાંગ, રાયપસેણી, ઔપપાતિક, ઉત્તરાધ્યયન એ સૂત્રો પર અને ૧૬૬૧માં નવતત્ત્વ પ્રકરણ પર (વીરમગામ લાયબ્રેરી) અને ૧૬૭૦ આસપાસ ક્ષેત્રસમાસપર, ઢું૦ શ્રીપાળઋષિએ સં. ૧૬૬૪ માં કરેલા દશવૈકાલિક સૂત્ર પર (લીં.), વૃ૦ ત૦ વિદ્યારત્નગણિ શિ૦ કનકસુંદરગણિએ પણ સં. ૧૬૬૬માં તે જ સૂત્ર નામે દશવૈકાલિક પર, ધર્મસાગર ઉપાધ્યાય શિષ્ય શ્રુતસાગરે ૧૬૭૦માં ઋષિમંડલ પર, પ્રસિદ્ધ શાંતિચંદ્ર ગણિના શિષ્ય રત્નચંદ્રગણિએ સં. ૧૬૭૬ના પોશ શુદ ૧૩ને દિને સુરતમાં રચેલો સમ્યક્ત્વ રત્નપ્રકાશ નામનો સમ્યક્ત્વ સપ્તતિ પર (કાં. વડો), ખ૦ હર્ષતિલક ગણિશિષ્ય રાજહંસોપાધ્યાયે ખ૦ જિનરાજસૂરિ રાજ્યે (સં. ૧૬૭૪ ને ૧૬૯૯ વચ્ચે) દશવૈકાલિક સૂત્ર પર (હા. ભ.), સં. ૧૬૭૮માં શ્રીસારે ગુણસ્થાન ક્રમારોહ પર (પાટણ ભં.), ખ૦ હર્ષવલ્લભ વાચકે રાજનગરમાં સં. ૧૬૯૨માં ઉપાસકદશા સૂત્ર પર (હા. ભં.), કલ્યાણવિજય ઉપાધ્યાય શિષ્ય ધનવિજયે સં. ૧૭૦૦માં સપ્તતિકા નામના કર્મગ્રંથ પર એમ બાલાવબોધો રચ્યા છે.

૮૯૨. સં. ૧૬૯૫માં લોંકાશાહના પક્ષમાં શિવજી ઋષિને અમદાવાદમાં તેના ગચ્છનાયકનું પદ અપાયું અને ધર્મસિંહે જૂદી શાખા કાઢી કે જે શાખા 'દરિયાપરી સમુદાય-સંઘાડો' એ નામથી ઓળખાઈ. તે ધર્મસિંહ મુનિએ ૨૭ સૂત્રના ગૂજરાતી ગદ્યમાં ટબા-બાલાવબોધ રચ્યા અને ગૂજરાતી ગદ્યમાં બીજા ગ્રંથો નામે સમવાયાંગ સૂત્ર-વ્યવહાર સૂત્ર તથા સૂત્રસમાધિની હુંડીઓ, ભગવતી પન્નવણા-ઠાણાંગ-રાયપસેણી-જીવાભિગમ-જંબૂદ્વીપપન્નત્તિ ચંદપન્નત્તિ અને સૂર્યપન્નત્તિના યંત્રો, દ્રૌપદી તથા સામાયિકની ચર્ચા, સાધુસમાચારી, ચંદપન્નત્તિની ટીપ લખ્યા. (જુઓ રા. વાડીલાલની ઐ નોંધ.)

૮૯૩. ઉપરના સિવાય કર્ત્તાના નામ વગરના જુદા જુદા વર્ષમાં લખાયેલા અનેક બાળાવબોધો ઉપલબ્ધ થાય છે.

૮૯૪. સ્વતંત્ર ગદ્ય વિવરણ કે અખંડ ચર્ચારૂપે પણ રચાયેલી કૃતિઓ જોવામાં આવે છે : મતિસાગરે લઘુજાતક નામના જ્યોતિષગ્રંથનું વિવરણ ગૂજરાતી ગદ્યમાં વચનિકા રૂપે સં. ૧૬૦૫ આસપાસ કરેલું છે (મુનિ જશવિજય સંગ્રહ). કુશલમાણિક્યના શિષ્ય સહજકુશલે સિદ્ધાંત શ્રુત હુંડિકા નામનો ગ્રંથ ગદ્યમાં કરેલો છે. તેમાં ઢુંઢક મતનું ખંડન પ્રમાણો આપી કરેલું છે (ખેડા અને લીં. ભંડાર જશ. સંગ્રહ). ધર્મસાગર ઉ૦ ના શિષ્ય લબ્ધિસાગરે ખરતરગચ્છવાળા સાથે ચર્ચા કરવા માટેના પ્રશ્નોનો નિબંધ લખ્યો છે (પુરાતત્ત્વ પુ. ૩ અંક ૪ લેખ નામે 'જૂની ગૂજરાતીમાં એક ઐતિહાસિક ચર્ચા) પ્રસિદ્ધ ભાનુચંદ્ર ઉપાધ્યાયના શિષ્ય સિદ્ધિચંદ્રે ગૂજરાતી ગદ્યમાં સંક્ષિપ્ત કાદંબરી કથાનક રચ્યું છે-'નવનવ રસ સંયુક્ત કાદંબરીની કથા ઘણી કઠણ હોઈ તે માટે મંદબુદ્ધિને પ્રીંછવાને અર્થે સંક્ષેપે લોકભાષામાં આ પ્રબંધ કર્યો છે.' (લ. સં. ૧૭૪૭ ની પ્રત પરથી પ્રકાશિત પુરાતત્ત્વ પુ૦ ૫ અંક ૪). આ પ્રબંધની 'ભાષા સરલ અને શુદ્ધ છે. વાકયરચના વ્યવસ્થિત અને પ્રવાહબદ્ધ છે. તેથી આને અકબરના સમયની ગૂજરાતી ભાષાના એક સુંદર નમુના તરીકે ગણી શકાય.' (શ્રી જિનવિજય.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮૯૫. ગૂજરાતી કાવ્યસાહિત્ય-આ શતકમાં જૈનોના હાથથી રચાયેલાં ગૂજરાતી કાવ્યો એટલા પુષ્કળ છે કે તે સર્વનો નામનિર્દેશ પણ સ્થલસંકોચને લીધે અત્રે કરી શકાય તેમ નથી; તે માટે મારો 'જૈન ગૂર્જર કવિઓ-પ્રથમ ભાગ' પૃ. ૧૮૧ થી ૫૯૯ નો હવાલો વાચકને આપું છું. તે સંબંધી જે સવિસ્તર કહેવાનું છે તે હવે પછી પ્રકટ થનાર 'જૈન ગૂર્જર કવિઓ'-ના ત્રીજા ભાગની પ્રસ્તાવનામાં આપવાની ધારણા છે. અત્ર પ્રથમ માત્ર કવિઓનાં નામ તેમના કવિત્વકાલનાં વર્ષો સહિત અત્યાર સુધીની શોધ પ્રમાણે ગણાવીએ;-

૮૯૬. સોમવિમલસૂરિ-કાવ્યકાલ સં. ૧૫૯૧ થી ૧૬૩૩ **વિનયસમુદ્ર** ૧૫૯૯-૧૬૦૫, **સુમતિમુનિ** તેમજ દર્શનકવિ ૧૬૦૧, **હેમરત્નસૂરિ** ૧૬૦૩-૧૬૪૭, **ગુણવિમલ** ૧૬૦૩, **પુણ્યસાગર** ૧૬૦૪, **વિમલચારિત્ર** ૧૬૦૫, **મતિસાગર** ૧૬૦૫-૧૬૧૬, **સિદ્ધિસૂરિ** ૧૬૦૬-૧૬૨૩, **હીરકલશ** ૧૬૦૭-૧૬૩૬, **હેમરાજ** તેમજ **શુભચંદ્રાચાર્ય** ૧૬૦૯, **દેવીદાસ** દ્વિજ ૧૬૧૧, **પ્રીતિવિજય** તેમજ **ભાનુકુમાર** શિષ્ય ૧૬૧૨, **નયસુંદર** ૧૬૧૨-૧૬૬૯, **હર્ષરાજ** ૧૬૧૩, **જયવંતસૂરિ** ૧૬૧૪-૧૬૪૩, **કુશલલાભ** ૧૬૧૬-૧૬૨૫, **નન્નસૂરિ**, **લાવણ્યકીર્ત્તિ** તેમજ **વિનયસાગર** ૧૬૧૭, **સાધુકીર્ત્તિ** ૧૬૧૮-૧૬૨૪, **મલ્લિદાસ** તેમજ **દેવશીલ** ૧૬૧૯, **આણંદસોમ** ૧૬૧૯-૧૬૨૨, **રંગવિમલ** ૧૬૨૧, **ભીમ** ભાવસાર ૧૬૨૧ પછીથી **ભીમજીઋષિ** ૧૬૩૨-૧૬૩૬, **રત્નસુંદર** ૧૬૨૨-૧૬૩૮, **જ્ઞાનદાસ** ૧૩૨૩, **રત્નપ્રભ** શિષ્ય ૧૬૨૪, **સુમતિકીર્ત્તિસૂરિ** ૧૬૨૫-૧૬૨૭, **હરજી** ૧૬૨૫-૧૬૪૧, **ભવાન** ૧૬૨૬, **ડુંગર** ૧૬૨૯, **મહેશ્વરસૂરિ** શિષ્ય ૧૬૩૦, **પુણ્યરત્નસૂરિ** ૧૬૩૭-૧૬૪૦, **હર્ષસાગર**, **વિનયકુશલ**, **દેવેન્દ્ર**, **મંગલમાણિક્ય** ૧૬૩૮, **કનકસોમ** ૧૬૩૮-૧૬૪૮, **સારંગ** ૧૬૩૯-૧૬૫૧, **કમલહર્ષ** ૧૬૪૦, **પદ્મસુંદર** ૧૬૪૦-૧૬૪૨, **ધર્મરત્ન** **વિજયશીલ** ૧૬૪૧, **વચ્છરાજ** ૧૬૪૨-૧૬૪૮, **કલ્યાણદેવ** ૧૬૪૩, **સકલચંદ** ૧૬૪૩ આસપાસ, **વિજયશેખર** ૧૬૪૩-૧૬૯૪, **વિનયશેખર** ૧૬૪૩-૪૪, **હેમશ્રી** **સાધ્વી**, **કુશલસાગર** ૧૬૪૪, **મનજીઋષિ** ૧૬૪૬, **હેમાણંદ** ૧૬૪૬-૧૬૫૪, **રાજસાગર** ૧૬૪૭, **પરમામુનિ** ૧૬૪૮, **પ્રીતિવિમલ** ૧૬૪૯-૧૬૫૬, **લબ્ધિકલ્લોલ**, ૧૬૪૯, **કલ્યાણચંદ્ર** ૧૬૪૯, **દયાકુશલ** ૧૬૪૯-૧૬૮૫, **માહાવજી** ૧૬૫૦ લગભગ, **માલદેવ** ૧૬૫૨ પહેલાં, **ધર્મદાસ**, **નરેન્દ્રકીર્ત્તિ**, **ઉજ્જ્વલશ્રાવક**, **પુંજાઋષિ**, **વિવેકહર્ષ**, **પરમાણંદ** ૧૬૫૨, **જયવિજય** ૧૬૫૨-૧૬૬૧, **નયવિજય**, **જયચંદ્ર**, **વસ્તુપાલ** **બ્રહ્મ** ૧૬૫૪, **જ્ઞાનસાગર** બીજા ૧૬૫૫-૧૬૬૪, **ગુણવિનય** ૧૬૫૫-૧૬૭૫, **લલિતપ્રભ** ૧૬૫૫, **નર્બુદાચાર્ય** ૧૬૫૬, **ક્ષેમકુશલ**, **કુંવરજી** ૧૬૫૭, **સમયસુંદર** ૧૬૫૮-૧૭૦૦, **મુનિશીલ** ૧૬૫૮, **પદ્મરાજ** ૧૬૫૯-૧૬૬૭, **પ્રેમવિજય** ૧૬૫૯-૧૬૭૭, **જયવિજય** ૧૬૬૦, **હેમવિજય** ૧૬૬૧, **મેઘરાજ** ૧૬૬૧-૧૬૬૭, **સહજકીર્ત્તિ** ૧૬૬૧-૧૬૮૪, **સમયરાજ**, **હર્ષવલ્લભ** ૧૬૬૨, **કનકસુંદર** ૧૬૬૨-૧૬૬૭, **વિમલચારિત્ર**, **જીવરાજ** ૧૬૬૩, **હીરોશ્રાવક** ૧૬૬૪, **દયાશીલ** ૧૬૬૪-૧૬૬૭, **વિજયસાગર** ૧૬૬૪-૧૬૬૯, **દામોદર** અપરનામ **દયાસાગર** ૧૬૬૫-૧૬૬૯, **વિમલકીર્ત્તિ** ૧૬૬૫, **પુણ્યકીર્ત્તિ** ૧૬૬૬-૮૧, **સુંદર** ૧૬૬૬, **ઋષભદાસ** ૧૬૬૬-૧૬૮૭, **ભુવનકીર્ત્તિ** ૧૬૬૭-૧૭૦૬, **શાંતિકુશલ** ૧૬૬૭-૧૬૭૭, **સંઘવિજય** ૧૬૬૯-૧૬૭૯, **વિજયમેરૂ** ૧૬૬૯-૧૬૮૯, **માન** સં. ૧૬૭૦-૭૫, **ગંગદાસ** ૧૬૭૧, **સિંહપ્રમોદ**, **કૃપાસાગર** ૧૬૭૨, **વિદ્યાકીર્ત્તિ** ૧૬૭૨-૧૬૭૫,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ્યાસાગર ૧૬૭૩, વિવેકવિજય, રત્નસાગર શિષ્ય ૧૬૭૫, જયસોમ ૧૬૭૬, ગુણસાગરસૂરિ, જશસોમ ૧૬૭૬, સુધનહર્ષ ૧૬૭૭, પુણ્યસાગર ૧૬૭૭-૧૬૮૯, આણંદવર્દ્ધન, કર્મસિદ્ધ ૧૬૭૮, જિનરાજસૂરિ ૧૬૭૮-૧૬૯૯, અમરચંદ્ર ૧૬૭૮-૧૬૭૯, ગુણવિજય ૧૬૭૮-૧૬૮૩, લલિતકીર્ત્તિ, લાલચંદ ૧૬૭૯, રાજસિંહ ૧૬૭૯-૧૬૮૭, જિનોદયસૂરિ ૧૬૮૦, નારાયણ ૧૬૮૨-૧૬૮૪, કેશરાજ ૧૬૮૩, શ્રીસાર ૧૬૮૪-૧૬૮૯, કલ્યાણ ૧૬૮૫-૧૬૯૭, સ્થાનસાગર ૧૬૮૫, સુમતિહંસ, વાનો શ્રાવક ૧૬૮૬, કરમચંદ ૧૬૮૭, લુણસાગર, ચંદ્રકીર્ત્તિ ૧૬૮૯, દર્શનવિજય ૧૬૮૯-૧૬૯૭, પ્રેમમુનિ ૧૬૯૧-૯૨, લબ્ધિવિજય, કમલવિજય; કનકકીર્ત્તિ, ધર્મસિંહ ૧૬૯૨, રામદાસ ૧૬૯૩, રાજરત્ન ૧૬૯૫, દેવચંદ ૧૬૯૫-૯૬ ભાવવિજય ૧૬૯૬-૧૭૩૫, વિવેકચંદ્ર, મતિકીર્ત્તિ, કનકસુંદર, કેશવ ૧૬૯૭, દેવરત્ન ૧૬૯૮, ત્રિકમ ૧૬૯૮-૧૭૦૬ અને તેજચંદ્ર ૧૭૦૦. આ પૈકી નયસુંદર માટે, કુશલલાભ, જયવિજય અને સમયસુંદર માટે, તથા ઋષભદાસ માટે વિસ્તારથી લખેલા મારા નિબંધો આનંદકાવ્યમહોદધિ મૌક્તિક ૬, ૭ અને ૮માં અનુક્રમે જુઓ.

૮૯૭. ભક્તિમાર્ગનો ઉદય આ શતકમાં વિશેષ થયો. વલ્લભી સંપ્રદાયનો પ્રવેશ ગૂજરાતમાં થઈ ચૂકયો હતો. ભક્તિની અસરથી એક વિશિષ્ટ સાહિત્ય આ શતકમાં જૈનોમાં ઉદભવ્યું તે 'પ્રજા'-સાહિત્ય છે. ખ૦ સાધુકીર્ત્તિએ સં. ૧૬૧૮ માં અને તે અરસામાં ત. સકલચંદે સત્તરભેદી પૂજા રચી. મંદિરમાં પ્રભુની પૂજા કરવાના ૧૭ પ્રકાર-ન્હવણ, ચંદનવિલેપન, ચક્ષુયુગલ, ગંધ-વાસ (સુવાસ), પુષ્પ, પુષ્પમાલ, કુસુમ અંગરચના (કુસુમઅંગી), ચૂર્ણ, ધ્વજ, આભૂષણ, કુસુમગૃહ, કુસુમમેઘ, અષ્ટમંગલિક, ધૂપદીપક, ગીત, નૃત્ય, અને વાદ્ય-એમ દરેકથી પૂજા કરવાનાં સ્તુતિ-ગીતો, ભક્તિપ્રેરક ઉર્મિગીતો રચાયાં. આની પહેલાં પંદરમા શતકમાં પ્રતિમાને સ્નાન કરાવી થતી પૂજા-સ્નાત્રપૂજા શ્રાવકકવિ દેપાલે રચી છે કે જેમાં વચ્છભંડારી કૃત પાર્શ્વનાથ કળશ અને રત્નાકર સૂરિકૃત આદિનાથ જન્માભિષેક કળશ નામની કૃતિઓ મિશ્રિત થઈ છે; અને ૧૩ મા શતકમાં જૂની-અપભ્રંશ ભાષામાં જયમંગલસૂરિકૃત મહાવીર જન્માભિષેક થયો છે. આમ જન્માભિષેક, સ્નાત્રપૂજા, અને પછી સત્તરભેદી પૂજા ઉત્તરોત્તર ભષાસાહિત્યમાં આવ્યા પછી ૧૮ મા શતકમાં યશોવિજયકૃત નવપદપૂજા ને દેવચંદ્રકૃત સ્નાત્રપૂજા અને ૧૯ મા શતકમા વીરવિજયે ૬૪ પ્રકારી, ૯૯ પ્રકારી વગેરે જાતજાતની પૂજાઓ રચી છે કે જે સંબંધમાં હવે પછી તે તે શતકમાં કહેવામાં આવશે.

૮૯૮. **લોકકથા સાહિત્ય**-આ શતકમાં પૂર્વના શતકો કરતાં વિશેષ થયું છે. મતિસારે સિદ્ધરાજના રૂદ્રમાલની પુતલી કર્પૂરમંજરીનો રાસ સં. ૧૬૦૫ માં, અને તેના કરતાં વિશેષ વિસ્તારથી સિદ્ધરાજ, હેમચંદ્ર આદિની કથાથી અંતર્ગત એવો કર્પૂરમંજરીનો રાસ કનકસુંદરે સં. ૧૬૬૨માં રચ્યો. સં. ૧૬૧૬માં સિદ્ધિસૂરિએ સંસ્કૃત પરથી સિંહાસનબત્રીશી રચી જ્યારે હીરકલશે સં. ૧૬૩૬માં અને સંઘ (સિંહ) વિજયે પણ સં. ૧૬૭૮માં સિંહાસનબત્રીશી વિસ્તારથી બનાવી, કુશલલાભે સં. ૧૬૧૬માં માધવાનલ કથા અને ૧૬૧૭માં મારૂઢોલાની ચોપાઈ, સં. ૧૬૧૯માં દેવશીલની સં. ૧૬૪૬માં હેમાણંદની, અને સં. ૧૬૭૨ સિંહપ્રમોદની વેતાલપંચવીસી, સં. ૧૬૨૨માં રત્નસુંદર કૃત અને સં. ૧૬૪૯માં વચ્છરાજે રચેલી પંચોપાખ્યાન (પંચતંત્ર) ચોપઈ અને સં. ૧૬૨૩ આસપાસ જ્ઞાનદાસનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્ત્રીચરિત્રરાસ, સં. ૧૬૩૮માં ઉક્ત **રત્ન**સુંદરની **શુ**કબહોતરી (જુઓ મારો લેખ નામે 'શુકસપ્તતિ અને શુકબહોતરી' **જૈનયુગ** પુ. ૩ પૃ. ૧૫૧) અને **મં**ગલમાણિક્યનો **વિ**ક્રમરાજા અને **ખા**પરાચોરનો રાસ, **મા**લદેવકૃત **વિ**ક્રમચરિત્ર પંચદંડકથા, સં. ૧૬૪૧માં **હ**રજીની **વિ**નોદચોત્રીશી કથા (૩૪ કથા) કે જે માટે કવિ કહે છે કે 'તે શુકબહોતરી, **ની**તિશાસ્ત્ર (પંચતંત્ર), **વે**તાલકથાદિ કરતાં જુદી ભાતવાળી અપૂર્વ સુખતર કથા છે', સં. ૧૬૪૭માં **હે**મરત્નની ચારણી ઈતિહાસ-કથા જેવી **ગો**રાબાદલ કથા (પદમણી ચો.), સં. ૧૬૫૧માં ઉક્ત **સા**રંગની **ભો**જપ્રબંધ ચો. અને ૧૬૫૪ માં ઉક્ત હેમાણંદકૃત **ભો**જચરિત્રરાસ (ભોજપ્રબંધ પરથી), સં. ૧૬૬૭માં **ક**નકસુંદરનો **સ**ગાલશાહ રાસ, સં. ૧૬૭૫ આસપાસ ભદ્રસેનકૃત **ચં**દનમલયાગિરિનો રાસ, સં. ૧૬૭૯માં **રા**જસિંહે કરેલો **વિ**દ્યાવિલાસ રાસ, સં. ૧૬૮૩માં ગુણવિજયકૃત જયચંદ્રરાસ, સં. ૧૬૮૮(?)માં ઉક્ત **સં**ઘવિજયે રચેલ **વિ**ક્રમસેન-શનિશ્ચરરાસ, સં. ૧૬૯૭માં **કે**શવમુનિકૃત **સ**દેવંત સાવલિંગારાસ આદિ છે. આ સર્વ કવિઓ, ૧૮ મા શતકમાં થયેલા સુડાબહોતરી, સિંહાસનબત્રીશી એટલે બત્રીશ પુતળીની વાર્ત્તા, મડાપચીશી આદિ અનેક વાર્તાના રચનાર **શા**મળ ભટ્ટના પુરોગામી છે.

૮૯૯. પારા ૭૮૧ માં અને ઉપરના પારામાં અનુક્રમે સોળમા શતકના લોક-સાહિત્યની કૃતિઓ જોઈ. અઢારમા સૈકાની તે કરતાં વધુ સંખ્યામાં છે તે હવે પછી જોઈશું. લોક-સાહિત્ય એ લોક-શિક્ષણનું સરલ છતાં સચોટ અંગ છે. તે દ્વારા ધર્મ અને નીતિનું જ્ઞાન વાર્ત્તાના રસ સાથે આપી શકાય છે. તેથી સામાન્ય રીતે તેની અસર શિષ્ટ ગંભીર સાહિત્યથી અનભિજ્ઞ એવી જનતાના હૃદય પર ન ભુંસાય તેવી થાય છે. આ હેતુએ પ્રાકૃત અને સંસ્કૃતમાં જૈન વિદ્વાનો-સંસારીથી અસંગ જીવન ગાળનાર છતાં સંસારીને ધર્મનીતિ પ્રત્યે વાળવા તેઓ પર સતત વ્યાખ્યાન પ્રવાહ ચલાવ્યે જનાર સાધુઓએ અનેક કથા-ગ્રંથોની રચના કરી. જૈનોના ૬૩ શલાકા પુરુષ (આંગળીચીંધ નામી મહાજનો) ચરિત કે જેમાં **રા**મચરિત્ર (**પદ્મ**ચરિત્ર) અને **પાં**ડવ ચરિત્ર અંતર્ગત થાય છે. તેમનાં કથાનકોથી[૫૨૩] વાર્તાપ્રેમ તેમણે પોષ્યો છે એટલું જ નહિ, પરંતુ તે પુરાણ જનોની-લોકોત્તરોની કથા સિવાયની સ્વતંત્ર યા ઈતિહાસ મિશ્રિત લોકકથાઓ[૫૨૪] પ્રેમકથાનકો, વીર વાર્ત્તાઓ, લોકકથાના નાયક-**વ**ત્સરાજ, **ઉ**દયન

---

૫૨૩. ઉ. ત. વિ. સં. ૬૦ માં **વિ**મલાંકસૂરિ કૃત પ્રા. **પદ્મ**ચરિયં (પારા ૧૭૩) રામચંદ્રનું ચરિત્ર પૂરું પાડે છે; જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણની પહેલાં થયેલ **સં**ઘદાસ ગણિકૃત કૃષ્ણના પિતા વસુદેવના પ્રવાસરૂપી વસુદેવ હિંડીનો પ્રથમ ખંડ અને **ધ**ર્મસેન ગણિ મહત્તરકૃત બીજો ખંડ પણ પ્રાકૃતમાં છે; પછી **શી**લાંકાચાર્યે **ચ**ઉપન્ન મહાપુરિસ ચરિયં પ્રાકૃતમાં રચી તેમાં ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્ત્તિઓ, ૯ વાસુદેવો (૯ પ્રતિવાસુદેવોને ગૌણ સ્થાને મૂકીને) તથા ૯ બલદેવોનાં ચરિત્ર આપ્યાં છે. (પારા ૨૪૪); હેમાચાર્યે સંસ્કૃતમાં **ત્રિ**ષષ્ટિશલાકા પુરુષ ચરિત રચીને ઉક્ત ૫૪ સાથે ૯ પ્રતિવાસુદેવનાં વૃત્તાંત આપી ૬૩ મહાજનોનાં ચરિત પૂરાં પાડ્યાં છે અને પછી તે બધા પરથી પુષ્કળ રચનાઓ સંસ્કૃત અને પ્રાકૃતમાં થઈ છે.

૫૨૪. સ્વતંત્ર કથાનાં ઉદાહરણ-**પા**દલિપ્તાચાર્યની **ત**રંગવતી-તરંગલોલા કથા (પારા ૧૧૦), **દા**ક્ષિણ્યચિન્હ સૂરિની કુવલયમાલા (પારા ૧૮૨) હરીભદ્રસૂરિની **સ**મરાઇચ્ચકહા (પારા ૧૯૮) એ પ્રાકૃતમાં, **ધ**નપાલની **તિ**લકમંજરી સંસ્કૃતમાં (પારા ૨૭૩-૭૭), અને સં. ૧૧૨૩માં પ્રાકૃત **સ**મરાઇચ્ચ કહા પરથી **સા**ધારણ-પાછળથી **પ્ર**સિદ્ધ થયેલ **સિ**દ્ધસેનસૂરિએ ૧૧ સંધિમાં **વિ**લાસવઈ કહા અપભ્રંશમાં (પારા ૨૯૫ અને ૪૭૬) રચી છે વગેરે. ઐતિહાસિક પ્રબંધ જેવા કે **પ્ર**ભાચંદ્રનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પછી પરાક્રમી વિક્રમો-પરદુઃખભંજન વિક્રમાદિત્યના ચરિત્ર સાથે ગુંથીને-સ્વતંત્ર ઘડી કાઢીને અનેક પૂરી પાડી છે.

૯૦૦. આ પ્રાકૃત સંસ્કૃત કથાસાહિત્ય પરથી દેશી ભાષામાં અનેક કવિઓએ અનુવાદરૂપે, સારરૂપે, યા તેનું ઓઠું રાખી બિંબ પ્રતિબિંબ રૂપે ઘણી વાર્ત્તાઓ લોકોના શિક્ષણાર્થે ઉતારી છે. કોઈએ કોઈ રાજકુમારોની પ્રસન્નતા ખાતર રચી છે. દા. ત. ગૂજરાતીમાં કુશલલાભની **માધ**વાનળ કથા અને ઢોલા મારૂણીની કથા બંને 'યાદવ રાઉલ શ્રી હરરાજ, જોડી તાસ કુતૂહલ કાજિ'-એટલે જેસલમેરના રાજકુમાર ને પછી થયેલ રાજા હરરાજ માટે રચાઈ છે; તે બંને શિષ્ટ શૈલીની લોકવાર્ત્તાઓ છે. તે પૈકી '**માધ**વાનલ કથા **શા**મળભટ્ટની તે જ સંક્ષિપ્ત કથા સાથે સરખાવતાં **શા**મળ ભટ્ટની ઝાઝા માલ વગરની જણાય છે.' (સ્વ. **ચી**મનલાલ દલાલ), જ્યારે શ્રી **કૃ**ષ્ણલાલ ઝવેરી તે કવિની તે કથાઓ સંબંધે જણાવે છે કે 'જૈન સાધુઓ સાધુત્વ સંપૂર્ણ અંશે પાળવા છતાં સંસારનું જ્ઞાન સંસારીઓને પણ કુદી જાય એવા ઉંડા પ્રકારનું બતાવે છે. કુશલલાભની શૃંગાર રસની જમાવટ એ માહિતીની એક સાબિતી છે.' (આનંદ કાવ્ય મહોદધિ મૌ. ૭નો ઉપોદ્‌ઘાત) છતાં એમનો શૃંગાર મર્યાદિત અને સભ્ય હોય છે-એટલો અમર્યાદિત નથી હોતો કે-જેમ **નર્મ**દ જેવાને પણ **શા**મળ ભટ્ટ માટે કહેવું પડયું કે 'શામળ ભટ્ટે કેટલીક વાર્ત્તાઓ ન લખી હોત તો **સા**રૂં' તેમ-જૈન સાધુઓ માટે કોઈને કહેવું પડે. કથાઓને આલેખતાં જૈન મુનિઓ તે દરેકમાં અમુક સદ્‌ગુણનો મહિમા દર્શાવે છે. શ્રી **હ**રગોવિન્દ કાંટાવાળા કહે છે કે 'વિશેષમાં જૈન સાધુઓ જેમ અમુક સદ્‌ગુણનું પ્રતિપાદન કરે છે, તેમ આ (કુશલલાભની **માધ**વાનળ કથાના) ગ્રંથમાં શીળનો મહિમા બતાવ્યો છે, એટલે તે બાબતમાં તે (જૈન કવિ) **શા**મળ ભટ્ટ કરતાં ચઢે છે...' (સાહિત્ય સને ૧૯૧૪ અને ૧૫.) જયવંતસૂરિએ **શી**લવતીના ચરિત્ર રૂપે (અભિનવ) **શૃં**ગારમંજરી {*સં. કનુભાઈ શેઠ, પ્ર. લા. દ. વિ.*} એ નામની સં. ૧૬૧૪માં કરેલી કૃતિ છટાદાર સરસ રચના છે {*અને ઋષિદત્તા રાસ પણ જયવંતસૂરિની રચના છે., પ્ર. લા. દ. વિ.*} કવિ **બિ**લ્હણની **પં**ચાશિકા નામની પ્રેમકથા વર્ણવવા **સા**રંગે સં. ૧૬૩૯માં તે પર ચોપાઇ કરી છે. **કો**કશાસ્ત્ર (કામશાસ્ત્ર) પર પણ **નર્બુ**દાચાર્યે સં. ૧૬૫૬માં ચોપઈ બનાવી છે.

૯૦૧. રા. **મં**જુલાલ મજમુદાર કથે છે કે ''ગુજરાતી સાહિત્યમાં પદ્યાત્મક લોકવાર્ત્તાઓનું Metrical Romancesનું સાહિત્ય વિશાલ છે. એમાંનું મોટા ભાગનું સાહિત્ય વિરક્ત અને અસંગ

પ્રભાવકચરિત (પારા ૫૯૯) વગેરેને એક બાજુ રાખી ઈતિહાસ મિશ્રિત લોકકથાઓ **મે**રૂતુંગકૃત **પ્ર**બંધચિંતામણી (પારા ૬૨૭), **ર**ત્નશેખરકૃત **ચ**તુર્વિંશતિ પ્રબંધ (પારા ૬૪૨) આદિમાં સાંપડે છે. વિક્રમના ચરિત સાથે ગુંથેલી લોકકથાઓનાં ઉદાહરણોમાં સં. ૧૨૯૦ અથવા ૧૨૯૪માં એક જૈન કર્ત્તાએ **પં**ચદંડાત્મક **વિ**ક્રમચરિત્ર (પ્ર. હી. હં.; વડોદરા ઓરી. ઈન્સ્ટીટયૂટ), ત. દેવસુંદરસૂરિના શિષ્ય **ક્ષે**મંકરસૂરિએ પ્રાચીન મહારાષ્ટ્રી પ્રાકૃતમાં રચાયેલી **સિં**હાસન દ્વાત્રિંશિકા પરથી સં. ૧૪૫૦ આસપાસ સંસ્કૃતમાં ગદ્યપદ્યયુક્ત રચેલી તે નામની કથા કે જેમાં '**સિં**હાસન બત્રીશી'ની વાર્ત્તાઓમાંની ઘણીકનાં મૂળ છે, સં. ૧૪૭૧ અરસામાં દેવમૂર્ત્તિકૃત **વિ**ક્રમચરિત (પારા ૬૮૨) અને ક્ષેમંકરની ઉક્ત કથા પરથી સં. ૧૪૯૦માં **રા**મચંદ્રસૂરિએ ડભોઈમાં રચિત **વિ**ક્રમચરિત્ર, તથા તેમનો બીજો ગ્રંથ નામે **પં**ચદંડાતપત્ર છત્ર પ્રબંધ (પારા ૬૮૭) વગેરે છે. આ પૈકી સં. ૧૨૯૦-૯૪માં બનેલી ઉપરની કૃતિ પરથી **શા**મળ ભટ્ટે પોતાની સં. ૧૭૭૭ થી ૧૭૮૫માં રચેલી **સિં**હાસન બત્રીસીમાંની પાંચમી 'પંચદંડ'ની કથા લીધી જણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવન ગાળનારા જૈન સાધુઓને આભારી છે. ધર્મલાભને માટે રાજ્યાશ્રય મેળવવાના ગૌણ હેતુથી કેટલાક જૈન યતિઓએ રાજદ્વારી પુરુષોના ચિત્ત વિનોદને સારૂ (ઉદા.માં કુશલલાભે કર્યું તેમ) આવી વાર્ત્તાઓ રચ્યાનું જણાય છે; વળી બીજો ઉદ્દેશ એ જણાય છે કે વાર્તાના રસદ્વારા શૃંગાર અને પ્રેમની ભૂમિકા ઊભી કરી, મનુષ્યને વિલાસમાંથી પાછા વાળવા અને તેની નિઃસારતાનું, મનને આઘાત ન થાય તેવી રીતે, ભાન કરાવવા આવી લોકવાર્તાઓ જૈન યતિઓએ રચી છે. જૈનેતરોએ લોકવાર્તા રચવાના છૂટક છૂટક પ્રયાસ કર્યા છે ખરા, પરંતુ એ પ્રયાસોમાં મોટો ફાળો જૈનોનો છે. x x આમ અનેક જૈન તેમજ જૈનેતર કવિઓએ લોકમાન્ય લોકવાર્તાઓને સૈકે સૈકે જન્માવી છે, અને તે દ્વારા લોકહૃદયને રસાળાં બનાવ્યાં છે. લોકવાર્તા સાહિત્યમાં ખાસ આગળ પડતો ફાળો જૈનોનો છે. ('પંચદંડ અને બીજાં કાવ્યો'ની પ્રસ્તાવના પૃ. ૯૫-૯૬, ૧૦૭).

૯૦૨. Lyrics (ઊર્મિગીતો) તરીકે નેમિનાથ અને સ્થૂલભદ્રનાં ચરિત યોગ્ય સામગ્રી પૂરી પાડે છે. આ શતકમાં જયવંતસૂરિએ સ્થૂલભદ્ર પ્રેમવિલાસ ફાગ અને માલદેવે સ્થૂલભદ્રફાગની કરેલી રચના સુંદર અને કાવ્યત્વવાળી છે.

૯૦૩. સારો ભાવાનુવાદ પદબંધ શિષ્ટ શૈલીમાં નયસુંદરે માણિક્યચન્દ્રસૂરિકૃત સંસ્કૃત કાવ્ય નામે નલાયન અથવા કુબેર પુરાણને (પી. ૩, ૩૫૭ {*પ્ર. ય. જૈ. ગ્રં.*}) કુશળતાથી અનુસરીને રચી પૂરો પાડ્યો છે. મુનિરત્નસૂરિએ સંસ્કૃતમાં વીરકથા નામે અંબડચરિત રચેલ તેનો ભાવાર્થ લઈને વિનય-સમુદ્રે અંબડચોપઈ સં. ૧૫૯૯માં અને મંગલમાણેકે સં. ૧૬૩૯માં અંબડકથાનક ચોપઈ બનાવી છે.

૯૦૪. **ઐતિહાસિક સાહિત્ય**માં આ યુગના ધારક હીરવિજયસૂરિ, વિજયસેનસૂરિ, વિજયદેવસૂરિ સંબંધી અનેક સ્વાધ્યાયો, ગીતો, વગેરે નાનીમોટી-મોટે ભાગે ટૂંકી કૃતિઓ મળી આવે છે. તે સિવાય સં. ૧૬૧૬માં કોઈએ બનાવેલ માલવી ઋષિની સજ્ઝાય, સં. ૧૬૧૯માં આણંદ સોમકૃત સોમવિમલ-સૂરિ રાસ, સં. ૧૬૨૦ આસપાસ ધર્મહંસકૃત સંયમરત્નસૂરિ સ્તુતિ, સં. ૧૬૩૮માં નયસુંદરકૃત શત્રુંજયઉદ્ધાર રાસ તથા ગિરનારઉદ્ધાર રાસ, સં. ૧૬૪૦માં હીરકુશલકૃત કુમારપાલ રાસ, ૧૬૪૬માં મનજીનો વિનયદેવસૂરિ રાસ, સં. ૧૬૪૮માં દયાકુશલે કરેલ તીર્થમાલા સ્તવન, ૧૬૪૯માં કરેલ લાભોદય રાસ (વિજયસેનસૂરિનું વૃત્તાંત), અને સં. ૧૬૮૫માં કરેલા હીરવિજયસૂરિના પદમહોત્સવ રાસ અને વિજયસિંહસૂરિ રાસ, સં. ૧૬૫૧માં કૃષ્ણદાસે હિંદીમાં કરેલ હીરવિજયસૂરિના એક શ્રીમંત શ્રાવક દુર્જનશાલ પર બાવની, સં. ૧૬૫૨માં ધર્મસિંહનો જશવંતમુનિનો રાસ, સં. ૧૬૫૩માં ધનહર્ષકૃત તીર્થમાલા સ્તોત્ર, અને ધર્મસાગરનો નિર્વાણ રાસ તેમના એક શિષ્યે કરેલો, સં. ૧૬૫૪માં જયચંદ્ર કૃત રસરત્ન રાસ (પાર્શ્વચંદ્રીય રાયચંદ્રસૂરિ સંબંધી). રાયચંદ્રસૂરિ બારમાસ, તથા પાર્શ્વચંદ્રના ૯૭ દુહા, સં. ૧૬૫૫માં જયવિજયકૃત કલ્યાણવિજય ગણિનો રાસ, ને ૧૬૬૪માં તેમનો સમેતશિખર રાસ, સં. ૧૬૫૫માં ગુણવિનયનો કર્મચંદ્ર વંશાવલી પ્રબંધ (સ્વગુરુ જયસોમના સંસ્કૃત પ્રબંધ પરથી), સં. ૧૬૬૧માં હેમવિજયકૃત કમલવિજય રાસ, સં. ૧૬૬૨નું સમયસુંદરકૃત ઘંઘાણી તીર્થ સ્તોત્ર, ૧૬૮૨નો વસ્તુપાલ તેજપાલનો નાનો રાસ, અને ૧૬૮૬નો શત્રુંજય રાસ, સં. ૧૬૬૪ આસપાસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિજયસાગરકૃત સમ્મેતશિખર તીર્થમાલા સ્તવન, સં. ૧૬૭૦ પછી સમયપ્રમોદનો જિનચંદ્રસૂરિ નિર્વાણ રાસ, પ્રસિદ્ધ ઋષભદાસ શ્રાવક કવિએ પોતાના વતન ખંભાતમાં રચેલ સં. ૧૬૭૦માં કુમારપાલનો મોટો રાસ, તથા નાનો રાસ, સં. ૧૬૮૪માં હીરવિજય સૂરિના બાર બોલનો રાસ, તથા સં. ૧૬૮૫માં હીરવિજયસૂરિ રાસ, સં. ૧૬૭૨માં કૃપાસાગરનો નેમિસાગર ઉ૦ નિર્વાણ રાસ, સં. ૧૬૮૧માં ધર્મકીર્ત્તિ કૃત જિનસાગરસૂરિ રાસ, સં. ૧૬૮૩માં ગુણવિજયે કરેલ જયચંદ્ર રાસ અને કોચર વ્યવહારી રાસ, ૧૬૯૨માં ધર્મસિંહ કૃત શિવજી આચાર્ય રાસ, સં. ૧૬૯૫માં દયારત્નનો કાપડહેડા તીર્થ રાસ અને દેવચંદ્રકૃત શત્રુંજયતીર્થ પરિપાટી; દર્શનવિજયે ધર્મસાગર ઉપાધ્યાયની વિધવિધ પ્રરૂપણા અને અન્ય ગચ્છો પ્રત્યેની અસહનશીલતાથી ઉદ્ભવેલ ઝઘડાઓનું બ્યાન આપનાર વિજયતિલકસૂરિ રાસ બે અધિકારમાં રચ્યો-પહેલો અધિકાર સં. ૧૬૭૯માં ને બીજો સં. ૧૬૯૭માં પૂર્ણ કર્યો-તે, ત્રિકમકૃત રૂપચંદ્રઋષિનો રાસ સં. ૧૬૯૯ આદિ છે. આ પરથી એ પણ જણાશે કે પદ્યમાં પોતાના ગુરુ, ઐતિહાસિક જૈન પ્રભાવક પુરુષ, તીર્થ આદિનો યત્કિંચિત્ ઇતિહાસ લખનારા Chroniclers-થોડા વધતા અંશે જૈનો હતા.

૯૦૫. Romance અને Ballad (રોમાંચકારી વીરરસકાવ્ય) તરીકે ક્ષત્રિયાદિ વીર પુરુષોને અતિક્રમી વૈશ્યપુત્રોને કથાનાયક બનાવી તેઓની પાસે અનેક વીરોચિત કાર્યો કરાવતી કૃતિઓ પણ ઉપલબ્ધ થાય છે. દૃષ્ટાંત તરીકે સં. ૧૪૮૫માં હીરાનંદસૂરિએ વિનયચંદ્રકૃત મલ્લિનાથ કાવ્યમાંના એક કથાનક (સર્ગ ૨. શ્લો. ૩૬૨ થી ૫૬૪) પરથી રચેલો વિદ્યાવિલાસ પવાડો એક એવું Romance છે. તે જ કથાનક પર સં. ૧૬૭૨માં આનંદોદયે વિદ્યાવિલાસ ચો., સં. ૧૬૭૯માં રાજસિંહે વિનયચટ્ટ-વિદ્યાવિલાસ રાસ બનાવેલ છે. તે સિવાય વૈશ્ય નાયકોવાળી કૃતિઓ દા. ત. ધનદ ચોપઈ, સાગરશ્રેષ્ઠિ રાસ વગેરે અનેક સાંપડે છે.

૯૦૬. રૂપક કાવ્ય (allegory) પંદરમા શતકમાં જયશેખરકૃત પરમહંસ પ્રબંધ-પ્રબોધચિંતામણી ચોપઈ છે તે અગાઉ જણાવ્યું છે તેનું જ યા તેને લગતું વસ્તુ લઈને ત૦ વિજયસેનસૂરિના એક શ્રાવક નામે હીરાએ સં. ૧૬૬૪માં ધર્મબુદ્ધિ રાસ, વિદ્યાકીર્ત્તિએ સં. ૧૬૭૨માં અને મતિકીર્ત્તિએ સં. ૧૬૯૭માં ધર્મબુદ્ધિ મંત્રી ચોપાઇ રચેલ છે. સંવાદોના દાખલા જયવંતસૂરિકૃત લોચન-કાજલ સંવાદ, સં. ૧૬૬૨નો સમયસુંદરકૃત દાનશીલતપભાવના સંવાદ-સંવાદશતક અને સં. ૧૬૮૯માં શ્રીસારે રચેલ મોતી કપાસીયા સંબંધ સંવાદ મળે છે. 'બારમાસ' નામની કૃતિઓની પણ રચના આ શતકમાં થઈ છે. તેમાં મુખ્ય ભાગે નેમિનાથ રાજુલના બારમાસ છે, કે જેમાં રાજુલ દરેક માસના સંજોગ પ્રમાણે વિરહપ્રલાપ કરી અંતે મનના માનેલા પતિદેવ નેમિનાથ પાસે દીક્ષા લઈ મોક્ષ મેળવે છે. એટલે શૃંગારનો અંત વૈરાગ્યમાં આવે છે એમ જણાવેલું છે. આના ઉદાહરણમાં આ શતકના દ્વિતીયપાદમાં થયેલ જયવન્તસૂરિના નેમિનાથ બારમાસવેલિપ્રબંધ કડી ૭૭ એક ખરી કવિત્વવાળી કૃતિ છે. બીજાં ઉદાહરણ સં. ૧૬૮૦ આસપાસ લાલવિજયકૃત અને સં. ૧૬૮૯ માં લાભોદયકૃત નેમિરાજિમતિ બારમાસ છે. ચંદ્રાઉલા છંદમાં પણ જ્ઞાનસાગરે સં. ૧૬૫૫માં જૂનાગઢમાં અને તે આસપાસ હેમવિજયે નેમિજિન ચંદ્રાઉલા ૭૩ અને ૪૪ કડીમાં રચેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૦૭. **ટૂંકી કૃતિઓ**-૨૪ જિનો (ભ. **ઋ**ષભદેવથી ભ. **મ**હાવીર સુધીના) ની ૨૪ સ્તુતિઓ એ (ભ. **સી**મંધરાદિ) ૨૦ વિહરમાન જિનોની ૨૦ સ્તુતિઓનાં અનુક્રમે ટુંકા નામ 'ચોવીસી' 'વીસી' અપાયેલ છે. એવી **ચો**વીસીઓ અને **વી**સીઓ આ શતકમાં પૂર્વના કરતાં વધુ કવિઓએ કરેલી મળે છે. વળી કડીઓની સંખ્યા પરથી (૧) કર્ત્તાના, (૨) નાયકના યા (૩) વિષયના નામ સાથે કૃતિઓનાં નામ પડતાં હતાં, જેમ કે (૧) બાલચંદ બત્રીશી, (૨) દુર્જનશાલ બાવની, (૩) અધ્યાત્મ-બાવની, પ્રીતિ છત્રીશી, ક્ષમા છત્રીશી, સંવાદશતક વગેરે આ શતકમાં નિર્માયેલ છે.

૯૦૮. આ શતકમાં ગચ્છ ગચ્છ વચ્ચેના વિરોધ અને ઝઘડા થયા તેના પરિણામે ખંડનાત્મક કૃતિઓ થોડીઘણી ઉદ્‌ભવી છે. દા૦ ત૦ ખંડનશૈલીના અગ્રણી ત૦ **ધ**ર્મ**સા**ગરના શિષ્ય **લ**બ્ધિસાગરે **ચા**રબોલ ચર્ચાની ચોપઇ, ખ૦ **ગુ**ણવિનયે સં. ૧૬૭૪ માં **અં**ચલમત સ્વરૂપ વર્ણન અને સં. ૧૬૭૫માં **લોં**કા સંપ્રદાયના ખંડન રૂપે **લુ**મ્પક મત તમોદિનકર ચોપાઈ અને તેજ સંપ્રદાયના ખંડન રૂપે લુમ્પક મત તમોદિનકર ચોપાઈ અને તે જ સંપ્રદાય પર આક્ષેપાત્મક કૃતિ ખ૦ **હી**રકલશે સં. ૧૬૭૭માં **કુ**મતિવિધ્વંસ ચોપાઈ ઉપજાવી છે. આનો પ્રવાહ અત્યાર સુધી ચાલુ રહ્યો છે.

૯૦૯. જેમ સોળમી સદીમાં **સ**હજસુંદરે જુદા જુદા રાગ ને છંદમાં સં. ૧૫૭૨માં **ગુ**ણરત્નાકર છંદ {*સંપા. કાંતીલાલ બી. શાહ, પ્રકા. શ્રુતજ્ઞાન પ્રસા. સભા.*}નામની કૃતિ **સ્થૂ**લભદ્રના ચરિતની વસ્તુ પર રચી, તેવી જ રીતે આ શતકમાં દિ૦ **હે**મચંદ્રે **ને**મનાથના ચરિત પર **ગુ**ણરત્નાકર છંદ, તથા **સ**કલચંદ્રે **વા**સુપૂજ્યની વાત પર **વા**સુપૂજ્યજિનપુણ્ય પ્રકાશ, સાધુઓના ટૂંકા ઉલ્લેખ કરનારી **સા**ધુવંદના-**મુ**નિવર સુરવેલી અને **સ**ત્તરભેદી પૂજા, વિધવિધ રાગો અને છંદમાં બનાવેલ છે. દા૦ ત૦ **સ**કલચંદ્રજીના **વા**સુપૂજ્ય સ્તવનમાં કેદારો, અસાઉરી, માલવી ગોડી, સિંધુઓ, વૈરાડી, દેશાખ, પરજીઓ, કલ્યાણ, મલ્હાર, રામગ્રી, ધન્યાશ્રી, કેદારો, કાન્હડો, સામેરી, મારૂણી જોવામાં આવે છે ને વળી અનેક 'દેશીઓ' પણ મૂકી છે.

૯૧૦. શ્રી **ન્હા**નાલાલ કવિએ એ અર્થનું કહેલું છે કે "ગુર્જર સાહિત્યમાં કવિ **પ્રે**માનંદે ગુર્જર ભૂમિનાં જ 'વૃત્તસંતાનો'-ગુજરાતી રાગો જેવા કે મારૂ, સામેરી, રામગ્રી આદિ દેશી રાગોનો બહુ છુટથી ઉપયોગ કર્યો છે," (**વ**સંત સં. ૧૯૬૦ ના ફાગણના અંકમાં 'ગુજરાતી કવિતા અને સંગીત' એ લેખ) આ કથન સંબંધે કહેવાનું કે રાગોનો ઉપયોગ તો ગમે તે દેશી માટે-અરે, દોહરાને માટે પણ કરી શકાય. આ કથનનો મૂળ આશય 'દેશીઓ'-'વલણ'-પિંગળના છંદોના માપને-માત્રાદિને નેવે મુકીને થતી લોક રાહોને-**પ્રે**માનંદે બહુ છુટથી વાપરી છે એવો હોવો ઘટે. તે સામે જણાવવાનું કે **પ્રે**માનંદના પૂર્વગામી જૈન કવિઓએ-લગભગ બધાએ દેશીઓનો અતિ છૂટથી ઉપયોગ કર્યો છે. તેને 'દેશી' ઉપરાંત 'ઢાળ,' 'ચાલિ' (ચાલ) ક્વચિત્ 'લઢણ' ક્વચિત્ 'ભાસ' એ ખાસ નામ જૈન કવિઓએ વાપરેલ છે. **સ**મયસુંદરે પુષ્કળ કૃતિઓ-ન્હાની મ્હોટી રચી છે અને ગીતો તો અસંખ્ય બનાવ્યાં છે. તેમના સંબંધમાં એવી કહેવત છે કે '**સ**મયસુંદરનાં ગીતડાં, ભીંતના ચીતડાં.' એમણે તો ગૂજરાતી, સિંધી, મારવાડી, મેવાડી, ઢુંઢારી (મારવાડ પાસેના પ્રદેશના), દિલ્હી વગેરે અનેક સ્થળોનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગીતો તથા દેશીઓ લઈ તેની લયમાં પોતાની ઢાળો બનાવી કુશળતાથી રસને ખીલવી કાવ્યચાતુરી બતાવી છે, અને તે લોકપ્રિય થઈ છે એટલું જ નહિ પરંતુ કવિપ્રિય પણ થઈ છે. (વિસ્તારથી 'દેશીઓ' માટે જોવા ઇચ્છનારને માટે મારો 'કવિવર સમયસુંદર' પર નિબંધ-પૃ. ૪૨, ૫૫ થી ૬૪ આ૦ કા. મ. મૌક્તિક ૭ મું.)

૯૧૧. શ્રીકૃષ્ણલાલ પોતાના Milestones of Gujarati Literature (પૃ. ૫૨-૫૩)માં ઈસુની સોળમી સદી (વિ. સં. ૧૫૫૭ થી ૧૬૫૬) ને પ્રાયઃ નિર્વંશ જણાવે છે કારણ કે તે સમયમાં જૈનેતર કવિઓ ત્રણજ-નામે વસ્તો, વછરાજ અને તુલસી થયા એવું તેઓ જણાવે છે. પણ પછી વિશેષ શોધ કરતાં તે સૈકામાં નાકર તથા વિષ્ણુદાસ સ્થાન લે છે. હજુ પણ થોડા મળી આવે; પણ ઉપરની જૈન કૃતિઓ પરથી જણાયું હશે કે જૈન સાધુ-કવિઓની ભાષા 'તેમના અસંગ જીવનના બલે શુદ્ધ અને સરલરૂપે સાહિત્યમાં સ્ફુરે છે.[૫૨૫] અને તેમની સંખ્યા પુષ્કળ છે; એટલે મધ્યયુગમાં ખાસ કરીને જૈનોમાં 'કવિતાના સ્વર્ગીય ગાનનો ધ્વનિ છેક મંદ પડી ગયો' એવું તો નથી, એટલું જ નહીં પણ સહેજ પણ મંદ નથી પડયો.

૯૧૨. આ સૈકો જૈનો માટે ઘણો પ્રતાપી હતો. તે સદીમાં અકબર, જહાંગીર, ને શાહજહાં (સં. ૧૬૧૨ થી ૧૭૧૪)-એ ત્રણેની શહેનશાહતમાં ભારતમાં શાન્તિની શતવર્ષી રહી. જૈન સાધુઓ દિલ્હીના દરબારના નિકટ સંસર્ગમાં આવ્યા-તે આસપાસના પ્રદેશોમાં પણ અખંડ વિહાર તેમણે કર્યો ને ત્યારથી (નિશ્ચિત રીતે સં. ૧૬૩૮ થી) ઉર્દુ-ફારસીનું ભરણું ભાષામાં થોડું-ઘણું પણ પ્રવેશ પામ્યું. જૈન મુનિઓએ શહેનશાહો પાસેથી ફરમાનો, પરવાના તથા બિરૂદો મેળવ્યાં. તેઓ તેમના અધ્યાપકો-ઉપદેશકો બન્યા. વળી તેમણે જુદે જુદે સ્થળોએ રાજસન્માન પ્રાપ્ત કર્યું. અન્ય ભાષા અને ધર્મોમાં પણ ઘણી જાગૃતિ અને સાહિત્યવૃદ્ધિ પરિણમી. દાદુ અમદાવાદમાં થયો. હિંદી ભાષાના કવિઓ ગોસ્વામી તુલસીદાસ, વિહારી, અને કેશવદાસ, મરાઠી ભાષાના કવિઓ વિષ્ણુદાસ, મુક્તેશ્વર અને મહારાષ્ટ્રના સંત કવિઓ એકનાથ, તુકારામ, સમર્થ રામદાસ આ શતકમાં થયા. અનેક ધર્મવીર, કર્મવીર, સાહિત્યવીર આદિથી આ શતક તેજોમય બન્યું છે. ધન્ય તે શતકને !

---

૫૨૫. વિદેહ સાક્ષર શ્રી ગોવર્ધનરામભાઈનું પ્રથમ ગૂજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકેનું ભાષણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલાક ગ્રન્થો

અલ્પપરિચિત સૈદ્ધાન્તિક શબ્દ કોષ - આ. આનંદસાગરસૂરિ પ્ર.દે.લા.

તાત્ત્વિક પ્રશ્નોત્તર-આનંદસાગરસૂરિ, પ્ર. જૈન પુસ્તક પ્રચારક સંસ્થા

ભિક્ષુ આગમ કોષ - પ્ર. વિશ્વભારતી લાડનુ (૭ આગમગ્રંથ આધારિત સંદર્ભ ગ્રંથ)

જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ ભા ૧ થી ૭, પ્ર. પાર્શ્વનાથ વિદ્યાપીઠ વારાણસી

દેશી શબ્દ સંગ્રહ - આ. હેમચન્દ્રસૂરિ સં.પં. બેચરદાસ દોશી, પ્ર. યુનિ. ગ્રં.નિ. બોર્ડ (દેશી નામમાલા)

(આમાં દેશ્ય શબ્દોની વ્યુત્પત્તિ કરવાનો પ્રયાસ દોશીએ કર્યો છે.)

નિરુક્ત કોશ - પ્ર. વિશ્વ ભારતી લાડનુ.

ખરતરગચ્છ બૃહદ ગુર્વાવલી સં. જિન વિ., પ્ર. સીંઘી ગ્રં.

Jain Miniature From West India - મોતીચન્દ્ર, પ્ર. સારાભાઈ નવાબ.

જૈન પ્રતિમાવિજ્ઞાન-મારુતિનંદન, પ્ર. પાર્શ્વનાથ વિદ્યાપીઠ- વારાણસી.

Studies in Jain Art ઉમાકાંત પ્રે. શાહ, પ્ર. પાર્શ્વનાથ વિ.

પાટણની અસ્મિતા - પ્ર. પાટણ જૈન મંડળ (પાટણના જિનાલયોની સચિત્ર વિગત)

પ્રશસ્તિ સંગ્રહ - સં. અમૃતલાલ પ્ર. દેશવિરતિ ધ.સ.

ખ. ઉપા. **મતિસાગરના અપ્રગટ ગ્રંથો** -

દશાશ્રુતસ્કંધટીકા (૨ સં. ૧૬૯૭ ગ્રં. ૧૮૦૦૦ જૈન શાસ્ત્રમાળા લુધિયાણામાં વિ.સં. ૧૭૩૭ની પત્ર છે. (મુનિ રત્નત્રય વિ. આની મુદ્રણ યોગ્યપ્રતિ લખે છે.)

નિર્યુક્તિ સ્થાપન, પ્રશ્નોત્તર, ગુણકિત્વષોડશિકા (પ્રેસ કોપી મ. વિનયસાગર પાસે છે.)

ધર્મચન્દ્રના ગ્રંથો સિન્દૂર પ્રકર ટીકા (૨ સં. ૧૫૧૩), કર્પૂરમંજરી સટ્ટક ટીકા, **સ્વાત્મ** સંબોધ.

ખરતરગચ્છ પિપ્પલક શાખા કા. ઈતિહાસ-ડૉ. શિવપ્રસાદ શ્રમણ જાન્યુ. ૧૯૯૮માં પ્રકાશિત.

આરામશોભાકથા - જિનહર્ષ ૨ સં. ૧૫૩૭ (જિનરત્નકોશ)

શ્રાવક વાડવ કૃત ગ્રંથો - વૃત્તરત્નાકર અવચૂરિ (અપૂર્ણ)ની પ્રેસકોપી મ. વિનયસાગર પાસે છે. એમાં વાડવે કુમારસંભવ વગેરે ૧૭ ગ્રંથો પર અવચૂરિ લખ્યાનો ઉલ્લેખ છે. (સંદર્ભ - આર્ય કલ્યાણ ગૌતમ સ્મૃતિ ગ્રંથ હિન્દી વિભાગ પૃ. ૭૫ ઉપર વિનયસાગરનો લેખ.)

વાગ્ભટાલંકાર ઉપર જૈન ટીકાઓ - જિનવર્દ્ધનસૂરિ ટીકા (પ્ર. મુંબઈથી) સિંહદેવગણિટીકા (પ્ર. મુંબઈથી) રાજહંસ ઉપાધ્યાય ટીકા, **સમયસુંદર** ટીકા, **ક્ષેમહંસગણિટીકા** (અપ્રગટ)

નાગકુમાર ચરિત - **મલ્લિષેણ** - હ.લિ.પ્રત આમેર શાસ્ત્ર ભંડાર જયપુર.

કાવ્ય સંગ્રહ - સં. હીરાલાલ કાપડિયા (નેમિભક્તામર, વીરભક્તામર, પ્ર.આ.સ.)

'तेरहवी चौदहवी शताब्दी के जैन संस्कृत महाकाव्य' ले. श्याम सुन्दर दीक्षित प्र. मलिक એન્ડ કં. જયપુર

संस्कृत काव्य के विकास में जैन कवियों का योगदान ડૉ. નેમિચન્દ્ર, પ્ર.ભા.જ્ઞા.

अलंकार सम्प्रदाय के विकास में आ. वाग्भटका योगदान-डॉ. धर्मराजसिंह शिवम् प्रकाशन ईलाहाबाद

पुरुदेव चम्पूका आलोचनात्मक परिशीलन ડૉ. કપૂરચંદ જૈન, પ્ર. પરિમલ પ્રકાશન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભાગ ૭મો

યશોવિજય યુગ. (સં. ૧૭૦૧ થી ૧૭૪૩)

'ભાષા' સાહિત્યનો અર્વાચીન કાલ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસ્ત્ર સુભાષિત કાવ્યરસ, વીણા નાદ વિનોદ
ચતુર મલે જો ચતુરને, તો ઊપજે પ્રમોદ. ૯

ડેહરો ગાય તણે ગલે, ખટકે જેમ કુકડ્ઢ
મૂરખ સરસી ગોઠડી, પગપગ હિયડે હડ્ઢ ૧૦

જો રૂઠો ગુણવંતને, તો દેજે દુઃખ પોઠિ
દૈવ ! ન દેજે એક તું, સાથ ગમારાં ગોઠિ. ૧૧

રસિયાશું વાસો નહીં, તે રસિયા ઈક તાલ
ઝૂરીને ઝાંખર હુએ, જિમ વિછડી તરૂ ડાલ. ૧૨

ઉક્તિ યુક્તિ સમજે નહીં, સૂઝે નહીં જસ સોજ
ઈત ઉત જોઈ જંગલી, જાણે આવ્યું રોઝ. ૧૩

રોઝ તણું મન રીઝવી, ન શકે કોઈ સુજાણ,
નદીમાંહિ નિશિદિન વસે, પલલે નહિં પાષાણ. ૧૪

મરમ ન જાણે માંહિલો, ચિત્ત નહીં ઈક ઠોર
જિહાં તિહાં માથું ઘાલતો, ફરે હરાયું ઢોર. ૧૫

વલી ચતુર શું બોલતાં, બોલી ઈક દો વાર
તે સહેલી સંસારમાં, અવર અકજ અવતાર. ૧૬

રસિયાને રસિયા મલે, કેલવતાં ગુણ-ગોઠ
હિયે ન માયે રીઝ રસ, કહેણી નાવે હોઠ. ૧૭

-વિનયવિજય અને યશોવિજયકૃત શ્રીપાલરાસ
ખંડ ૩, ઢાલ ૪થી ૫છી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ऐंकारजापवरमाप्य कवित्वविद्वत्ता-वांछासुरद्रुमुपगंगमभंगरंगम् ।
सूक्तै र्विकासिकुसुमैस्तव **वीर** ! शम्भोरम्भोजयोश्चरणयोर्वितनोमि पूजाम् ॥

- ન્યાયખંડનખાદ્ય-મહાવીરસ્તવન શ્લો. ૧

-કવિત્વ અને વિદ્વત્તાની વાંછાને પૂરી પાડનાર કલ્પવૃક્ષરૂપ અભંગરંગવાળો ઐંકારના જાપનો વર ગંગાતટે પામીને વિકસિત કુસુમોરૂપી સૂક્તો વડે હે **વીર** ! આપ શંભુનાં ચરણકમલોની પૂજા રચું છું.

असौ जैनः काशीबिबुधविजयप्राप्तबिरुदो मुदो यच्छत्यच्छः समयनयमीमांसितजुषाम् ॥
यः श्रीमद् गुरुभिर्नयादि विजयै रान्वीक्षिकी ग्राहितः प्रेम्णा यस्य च सद्म पद्मविजयो जातः सुधीः सोदरः ।
यस्य न्यायविशारदत्वबिरुदं काश्यां प्रदत्तं बुधै स्तस्यैषा कृतिरातनोतु कृतिनामानन्दमग्नं मनः ॥

- ન્યાયખંડનખાદ્ય-મહાવીરસ્તવન શ્લો. ૧૦૮-૧૧૦.

-આ (ગ્રંથકાર) ભલો જૈન કે જેણે કાશીના પંડિતોમાં વિજય કરી બિરૂદ પ્રાપ્ત કર્યું છે, જે સમય એટલે સિદ્ધાંત-શાસ્ત્રોની નય-દૃષ્ટિબિંદુઓથી મીમાંસા કરનારા એવાને (વિદ્વાનોને) પ્રમોદ આપે છે, જેને શ્રીમદ્ ગુરુ નામે **નય**વિજયે આન્વીક્ષિકી વિદ્યા-તર્કવિદ્યા પ્રાપ્ત કરાવી છે અને જેનો પ્રેમપાત્ર વિદ્વાન સહોદર નામે **પદ્મ**વિજય છે, જેને કાશીમાં પંડિતોએ 'ન્યાયવિશારદ'નું બિરૂદ આપ્યું છે તેની આ કૃતિ ધન્યપુરુષોના મનને આનંદમગ્ન કરો.

શારદ ! સાર દયા કરો આપો વચન સુરંગ
તૂં તૂઠી મુઝ ઉપરેં જાપ કરત ઉપગંગ ૧
તર્ક કાવ્યનો તેં તદા દીધો વર અભિરામ
ભાષા પણિ કરિ કલ્પતરૂ શાખા સમ પરિણામ. ૨

- પોતાનો **જંબૂ**સ્વામી રાસ સં. ૧૭૩૯.

૯૧૩. આનંદઘન-યશોવિજયના સમકાલીન પણ તેમના કરતાં જ્યેષ્ઠ **લા**ભાનંદ નામના શ્વેતાંબર સાધુ થયા; તેઓ મહાન અધ્યાત્મી યોગી પુરુષ **આ**નંદઘન એ નામથી ઓળખાયા. 'શ્રી **હે**માચંદ્રાચાર્યે લોકાનુગ્રહમાં આત્મા અર્પણ કર્યો. શ્રી **આ**નંદઘનજીએ આત્મહિતસાધનપ્રવૃત્તિને મુખ્ય કરી. x x શ્રી હેમચંદ્રાચાર્યે ઘણું કર્યું, શ્રી **આ**નંદઘનજી તેમના પછી છસો (? પાંચસો) વરસે થયા. એ છસો વરસનાં અંતરાળમાં બીજા તેવા **હે**મચંદ્રાચાર્યની જરૂર હતી. વિષમતા વ્યાપતી જતી હતી. કાળ ઉગ્ર સ્વરૂપ લેતો જતો હતો, શ્રી **વ**લ્લભાચાર્યે શૃંગારયુક્ત ધર્મ પ્રરૂપ્યો, શૃંગારયુક્ત ધર્મ ભણી લોકો વળ્યાં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આકર્ષાયાં. વીતરાગધર્મવિમુખતા વધતી ચાલી, અનાદિથી જીવ શૃંગાર આદિ વિભાવમાં તો મૂર્છા પામી રહ્યો છે, તેને વૈરાગ્ય સન્મુખ થવું મુશ્કેલ છે. ત્યાં તેની પાસે શૃંગાર જ ધર્મરૂપે મુકાય તો તે વૈરાગ્ય ભણી કેમ વળી શકે ? આમ વીતરાગમાર્ગવિમુખતા વધી. ત્યાં પ્રતિમાપ્રતિપક્ષ સંપ્રદાય જૈનમાં જ ઉભો થયો. ધ્યાનનું કાર્ય, સ્વરૂપનું કારણ એવી જિનપ્રતિમા પ્રતિ લાખો દૃષ્ટિવિમુખ થયા. વીતરાગશાસ્ત્ર કલ્પિત અર્થથી વિરાધાયાં, કેટલાંક તો સમૂળગાં ખંડાયાં. આમ આ છસો (? પાંચસો) વરસના અંતરાળમાં વીતરાગ-માર્ગરક્ષક બીજા **હેમચંદ્રાચાર્યની** જરૂર હતી. અન્ય ઘણા આચાર્યો થયા, પણ તે શ્રી **હેમચંદ્રાચાર્ય** જેવા પ્રભાવશાલી નહીં એટલે વિષમતા સામે ટકી ન શકાયું. વિષમતા વધતી ચાલી, ત્યાં શ્રી **આનંદઘનજી** બસો વરસ પૂર્વે થયા.

૯૧૪. 'શ્રી **આનંદઘનજીએ** સ્વપર હિતબુદ્ધિથી લોકોપકારપ્રવૃત્તિ શરૂ કરી. આ મુખ્ય પ્રવૃત્તિમાં આત્મહિત ગૌણ કર્યું, પણ વીતરાગધર્મવિમુખતા, વિષમતા એટલી બધી વ્યાપી ગઈ હતી કે લોકો ધર્મને કે **આનંદઘનજીને** પિછાણી ન શકયાં, ઓળખી ન શકયાં. પરિણામે શ્રી **આનંદઘનજીને** લાગ્યું કે પ્રબળ વ્યાપી ગયેલી વિષમતા યોગે લોકોપકાર, પરમાર્થપ્રકાશ કારગત થતો નથી, અને આત્મહિત ગૌણ થઇ તેમાં બાધા આવે છે, માટે આત્મહિતને મુખ્ય કરી તેમાં પ્રવર્ત્તવું યોગ્ય છે. આવી વિચારણાએ પરિણામે તે લોકસંગ ત્યજી દઈ વનમાં ચાલી નિકળ્યા. વનમાં વિચરતાં છતાં અપ્રગટપણે રહી ચોવીશી, પદ આદિ વડે લોકોપકાર તો કરી જ ગયા. નિષ્કારણ લોકોપકાર એ મહાપુરુષોનો ધર્મ છે. પ્રગટપણે લોકો **આનંદઘનજીને** ઓળખી ન શકયા. પણ **આનંદઘનજી** અપ્રગટ રહી તેમનું હિત કરતા ગયા.

૯૧૫. 'શ્રી **આનંદઘનજીને** સિદ્ધાંતબોધ તીવ્ર હતો. તેઓ શ્વેતાંબર સંપ્રદાયમાં હતા. 'ભાષ્ય ચૂર્ણિ નિર્યુક્તિ વૃત્તિ પરંપરા અનુભવરે' ઇત્યાદિ પંચાગીનું નામ તેમના શ્રી નેમિનાથજીના સ્તવનમાં ન આવ્યું હત તો ખબર ન પડત કે તેઓ શ્વેતાંબર સંપ્રદાયના હતા કે દિગંબર સંપ્રદાયના' (**શ્રી**મદ્ રાજચંદ્ર પૃ. ૭૧૬-૧૭). તેમણે મિશ્ર હિંદી-ગૂજરાતીમાં ૨૪ જિનો પર ૨૪ સ્તવનો રચ્યાં કે જેમાં ઉંડી માર્મિક શાસ્ત્રદૃષ્ટિ અને અનુભવયોગ ભરેલ છે. તેવી ઉત્તમ કક્ષાની ચોવીસી[૫૨૬] હજુ સુધી કોઇએ રચી નથી. આ ઉપરાંત ભક્તિ-વૈરાગ્યપ્રેરિત અનેક પદો બનાવ્યાં છે કે જે '**આનંદઘન બહોતરી**' નામે ઓળખાય છે તેમાં આધ્યાત્મિક રૂપકો, અંતર્જ્યોતિનો આવિર્ભાવ, પ્રેરણામય ભાવના અને ભક્તિનો ઉલ્લાસ વ્યાપ્ત થયેલ નિરખવામાં આવે છે.

---

૫૨૬. આનાં પ્રથમ ૨૨ સ્તવન પર **યશો**વિજય ઉપરાંત **જ્ઞા**નવિમલસૂરિએ બાળાવબોધ રચ્યો છે ને છેવટે જ્ઞાનવિમલસૂરિએ જણાવ્યું છે કે 'લાભાનંદજીકૃત તવન એતલા ૨૨ દિસે છે, યદ્યપિ (બીજા બે) હસ્યે તોહી આપણે હાથેં નથી આવ્યા'; ત્યારપછીના ૧૯મા શતકમાં અધ્યાત્મમસ્ત જ્ઞાનસારજીએ પણ ૨૨ સ્તવનો પર બાળાવબોધ રચ્યો; તેની રચના કર્યા પહેલાં તેના પર વિચારણા સં. ૧૮૨૫ થી કરવા માંડી. સં. ૧૮૬૬ સુધી પણ વિચારતાં-વાંચતાં-અનુભવતાં એ ચોવીશી યથાર્થ ન સમજાઈ શકી; છેવટે હવે તો દેહ પડશે, માટે જેટલું જેમ સમજાયું છે તેમ તો લખું એમ કહી સં. ૧૮૬૬માં બાલાવબોધ પૂર્ણ કર્યો. (જુઓ 'શ્રીમદ જ્ઞાનસારજી' એ લેખ. જૈન શ્વે. કૉ. હેરેલ્ડ સપ્ટેં. અકટો. ૧૯૧૨ પૃ. ૩૪૩.) પરંતુ પ્રથમ એટલું સ્વીકારીને કે :-

આશય આનંદઘન તણો, અતિ ગંભીર ઉદાર, બાલક બાહુ પસારિ જિમ, કહે ઉદધિ વિસ્તાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૧૬. **યશોવિજય**-તેમણે એક અતિ-પ્રખર નૈયાયિક-તાર્કિક શિરોમણી, મહાન શાસ્ત્રજ્ઞ, જબરા સાહિત્યસ્રષ્ટા, પ્રતિભાશાલી સમન્વયકાર, આચારવાન મુનિ અને સુધારક તથા પ્રભાવક સાધુ તરીકે જૈન શાસનની અનેકવિધ સેવા બજાવી ઉપર જણાવ્યા પ્રમાણે બીજા **હેમ**ચંદ્રાચાર્યની ગરજ સારી છે. હેમાચાર્ય પછી સર્વશાસ્ત્રપારંગત, સૂક્ષ્મદ્રષ્ટા અને બુદ્ધિનિધાન **યશો**વિજય જેવા જૈન શાસનમાં કોઈ થયેલ નથી. વળી શ્રી **હરિ**ભદ્રસૂરિ જેવા તલસ્પર્શી વિદ્વાન જૈન શાસનમાં એક જ છે, અને તેમની પછી લગભગ એક હજાર વર્ષે આ **યશો**વિજય થયા. તેમનું ટૂંક જીવન તેમના સમકાલીન સાધુ **કાન્તિ**વિજયે 'સુજશવેલી' નામની ગૂજરાતી કાવ્યકૃતિમાં આપેલું સુભાગ્યે પ્રાપ્ત થયું છે તેનો સાર અત્ર આપું છું :-

૯૧૭. 'તે મુનિના જ્ઞાનપ્રકાશને ધન્ય છે ! તેમનું શ્રુતજ્ઞાન સુરમણિ સમાન હતું, વાદીઓના વચનની કસોટી પર ચઢીને બોધિની વૃદ્ધિના હેતુરૂપ હોઈ બુધજનો તેનો આશ્રય લેતા હતા. સકલ મુનીશ્વરોમાં શિખરરૂપ તેઓ આગમના અનુપમ જ્ઞાતા હતા; કુમતિના ઉત્થાપક, વાચક એટલે ઉપાધ્યાયના કુલમાં સૂર્યરૂપ તેઓશ્રીનો જય હો ! પૂર્વે છ શ્રુતકેવલી પ્રભવાદિ થયા, અને કલિયુગમાં જોતાં તેઓ પણ તેવી રીતે શ્રુતધર હતા.[૫૨૭] સ્વસમય-શાસ્ત્રમાં અને પરમતમાં દક્ષ એવા તેઓ શાસનની યશોવૃદ્ધિ કરનાર હતા, એમના સદ્‌ગુણો શતલક્ષ હોઈ કોઈ તેમને પહોંચી શકે તેમ હતું નહિ. સુવિદિત એવા 'કૂર્ચાલી શારદ' (મૂછાળી સરસ્વતી)ના બિરૂદને ધારણ કરનાર તેમણે બાલપણાથી જ આલાપમાં ત્રિદશગુરુ-બૃહસ્પતિને જીતી લીધા હતા-એટલે તેઓ બાલ્યવયથી જ મહાવિદ્વાન હતા.

૯૧૮. ગૂર્જરધરાના **કન્હોડુ**-**કમ્હોડુ** ગામમાં **નારા**યણ વ્યવહારી (વણિક) ને ત્યાં તેની ગૃહિણી **સૌ**ભાગ્યદેથી થયેલ જશવંત નામનો કુમાર લઘુવયે પણ બુદ્ધિમાન હતો. સં. ૧૬૮૮માં પંડિતવર્ય **નય**વિજય **કુંણ**ગેર ચોમાસું રહી કમ્હોડે આવતાં માતા પુત્રસહિત તે ગુરુના પાસે ઉપદેશથી વૈરાગ્યવાન્ થતાં **અણ**હિલપુર **પાટ**ણ જઈ ગુરુ પાસે 'ચરિત્ર'-દીક્ષા સ્વીકૃત કરતાં જસવંતનું નામ **યશો**વિજય રાખ્યું. તેનો બીજો ભાઈ **પદ્મ**સિંહ પણ પ્રેરિત થઈ વ્રતવંત થયો-દીક્ષા લીધી, તેનું નામ **પદ્મ**વિજય. આ બંનેને વડી દીક્ષા તપાગચ્છના આચાર્ય **વિ**જયદેવસૂરિએ સ્વહસ્તે આપી. ગુરુ પાસે શ્રુતાભ્યાસ કર્યો. સં. ૧૬૯૯માં **રા**જનગર-**અ**મદાવાદમાં સંઘ સમક્ષ **યશો**વિજયે અષ્ટ અવધાન કર્યાં. સંઘમાં

ઉક્ત ૨૨ સ્ત૦ તેના પર જ્ઞાનસારકૃત બાલા૦ સહિત ભીમસી માણેકદ્વારા પ્રકરણ રત્નાકર ભાગ ૧માં છપાયેલ છે. તે પછીનાં બે સ્ત૦ આનંદઘનજીએ રચેલાં જણાતાં હસ્તગત થતાં **જૈનયુગ** સં. ૧૯૮૨ ભાદ્ર૦ આશ્વિનના અંક પૃ. ૬૬ પર મેં આપેલ છે, તેના પર બાળા૦ કોઈ એ નથી રચ્યો તેનું કારણ એ હસ્તગત ન થવાના કારણે, યા તેને શાસ્ત્રની મર્યાદાનું ઉલ્લંઘન કરનાર જાણી શાસનદૃષ્ટિથી હશે. (જુઓ જૈનયુગ સં. ૧૯૮૩ કા૦ માગ૦ અંક પૃ. ૧૪૬ પર તે સંબંધી મારી નોંધ.) તેના પર વિવેચન વર્ત્તમાન શૈલીમાં સ્વ. **મા**ણેકલાલ ઘેલાભાઈએ કરી છપાવેલ છે. આનંદઘનનાં પદો ઉપર વિવેચન સ્વ. શ્રી **બુદ્ધિ**સાગરસૂરિએ અને શ્રી **મો**તીચંદ ગિ૦ કાપડીઆએ કરેલ છે.

૫૨૭. આ જ પ્રમાણે ધર્મસંગ્રહ નામનો ગ્રંથ કે જેને **યશો**વિજયજીએ સંશોધ્યો-સુધાર્યો હતો. તેના સં. ૧૭૩૮માં સમકાલીન કર્ત્તા **મા**નવિજય તેની પ્રશસ્તિમાં તે વાત જણાવતાં તેમને 'શ્રુતકેવલી' તરીકે જણાવે છેઃ-

तर्कप्रमाणनयमुख्यविवेचनेन प्रोद्‌बोधितादिममुनिश्रुतकेवलित्वाः ।
चक्रुर्यशोविजयवाचकराजिमुख्या ग्रन्थेऽत्र मय्युपकृतिं परिशोधनाद्यैः ॥ ११ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક અગ્રણી નામે શાહ ધનજી સૂરાએ ગુરુને વિનંતિ કરી કે આ વિદ્યા માટે યોગ્ય પાત્ર હોઈ તે મળતાં બીજા હેમાચાર્ય થાય તેમ છે તો કાશી જઈ છએ દર્શનના ગ્રંથ અભ્યાસે તો કામ પડ્યે જિનમાર્ગને ઉજ્જ્વલ કરી બતાવે તેમ છે. ગુરુએ આ વચન સાંભળી જણાવ્યું 'આ કાર્ય ધનને આધીન છે, વિના સ્વાર્થે અન્યમતિઓ નિજ શાસ્ત્રોનું જ્ઞાન ન આપે.'

૯૧૯. ગુણી શ્રાવક શાહ ધનજી સૂરાએ મનના ઉત્સાહપૂર્વક કહી દીધું કે 'રૂપાનાણાના બે હજાર દીનારનો ખર્ચ પોતે કરવા અને પંડિતને વારંવાર-વખતોવખત તથાવિધિ અર્ચવા-ખુશ કરવા પોતે તૈયાર છે, માટે મારી ઇચ્છા એવી છે કે તેને ભણાવવાનું કરો.' આ સાંભળી ગુરુએ કાશી પ્રત્યે વિહાર કર્યો. ગુરુએ ઉક્ત શ્રાવકની ભક્તિ જાણી હુંડી કરાવી ને તે શ્રાવકે પાછળથી સહાય અર્થે નાણાં મોકલ્યાં.

૯૨૦. કાશીદેશની વાણારસી પુરી એ તો ગુણીજનોનું ક્ષેત્ર અને સરસ્વતીનું નિવાસસ્થાન. ત્યાં તાર્કિકકુલમાર્તંડ અને ષડ્દર્શનના અખંડ જ્ઞાતા એક ભટ્ટાચાર્ય હતા કે જેની પાસે સાતસો શિષ્ય મીમાંસાઆદિનો અભ્યાસ જ્ઞાનરસપૂર્વક કરતા હતા. ત્યાં યશોવિજય પ્રકરણો ભણવા ગોઠવાયા. ન્યાય મીમાંસા બૌદ્ધ જૈમિની વૈશેષિક આદિના સિદ્ધાન્તો, ચિંતામણી ન્યાયગ્રંથોનો અભ્યાસ કરી વાદિઘટામાં દુર્દાન્ત વિબુધચૂડામણિ થયા. સાંખ્ય, પ્રભાકર ભટ્ટનાં મહાદુર્ઘટ સૂત્ર-મતાંતરો જાણી જિનાગમ સાથેનો સમન્વય કરી લીધો. અધ્યાપક પંડિતજીને હમેશનો રૂપૈયો અપાતો-એમ ત્રણ વર્ષ સુધી લાગલાગટ સતત અભ્યાસ કર્યો. એવામાં ત્યાં મોટા ઠાઠથી આવેલા એક સન્યાસી સાથે વાદ કરી યશોવિજયે સર્વજન સમક્ષ તેના પર જીત મેળવતાં તે ચાલી ગયો અને તેમનો ભારે સત્કાર કરવામાં આવ્યો[૫૨૮] નિજાવાસે આવી વાણારસી પાર્શ્વનાથની સ્તુતિ કરી. **'ન્યાયવિશારદ'** નામની મહાપદવી અપાઇ, તેમની મહાકીર્ત્તિ થઇ. આમ ત્રણ વર્ષ કાશીમાં રહી ત્યાંથી તાર્કિક તરીકે આગ્રામાં આવ્યા.

૯૨૧. આગ્રાના એક ન્યાયાચાર્ય પાસે આ પંડિતે રહી વિશેષ આદરથી કર્કશ તર્ક સિદ્ધાંત અને પ્રમાણનાં શાસ્ત્રો અવગાહી તર્કશાસ્ત્રનો ચાર વર્ષ સુધી અભ્યાસ કર્યો. ત્યાંના સંઘે પંડિતજી પાસે સાતસો રૂપૈયા ધર્યા, કે જેનો ઉપયોગ પુસ્તક પાઠામાં અને છાત્રોને આપવામાં કર્યો. આ રીતે દુર્દમ્ય વાદી બની સ્થલે સ્થલે વાદમાં જીત મેળવતા વિદ્યાએ દીપતા પંડિત અહમદાવાદ આવ્યા.

૯૨૨. કાશીથી 'ન્યાયવિશારદ' પદ લઇ વાદોમાં વિજય મેળવી કાશીથી ઘણાં વર્ષે પધારેલા આ શાસનદીપક પંડિતવર્યને જોવા તરસતા એવા અનેક વિદ્વાનો-ભટ્ટ, વાદી, (જયગીત ગાનારા) યાચક-ભોજક ચારણ આદિના ટોળાથી અને સકલસંઘ સમુદાયથી વીંટાયેલા તેઓ અમદાવાદ નાગપુરી સરાહ હાલ જેને નાગોરી સરાહ કહે છે ત્યાં પધાર્યા. ચારે બાજુ કીર્ત્તિ પ્રસરતાં તેમની પ્રશંસા

---

૫૨૮. આ વાત સમકાલીન માનવિજય મુનિ પણ પોતાના ધર્મસંગ્રહની પ્રશસ્તિમાં જણાવે છે :-

सत्तर्ककर्कशधियाखिलदर्शनेषु मूर्धन्यतामधिगतास्तपगच्छधुर्या :

काश्यां विजित्य परयूथिकपर्षदोऽग्र्या विस्तारितप्रवरजैनमतप्रभावाः ॥ १० ॥

-તે તપગચ્છના ધોરીએ ઉંચા તર્કની કર્કશ બુદ્ધિ વડે સર્વ દર્શનોમાં મુખીપદ પ્રાપ્ત કરી પરમતની પરિષદને કાશીમાં જીતીને અગ્રણી તરીકે ઉંચા જૈનમતનો પ્રભાવ વિસ્તાર્યો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૂર્જરપતિ (સૂબા) મહોબતખાન પાસે રાજસભામાં થતાં તેને તેમની વિદ્યા જોવા હોંશ થતી અને તેના કથનથી યશોવિજયે અષ્ટાદશ (૧૮) અવધાન કરી બતાવ્યાં. ખાને ખુશ થઈ બુદ્ધિનાં વખાણ કર્યા અને તેમને આડંબરથી વાજતે ગાજતે સ્વસ્થાનકે લઈ જવામાં આવ્યા.

૯૨૩. આથી જૈન શાસનની ઉન્નતિ થઈ અને તપાગચ્છના આ યતિ અક્ષોભ પંડિત છે એમ સર્વે ગચ્છનાએ સ્વીકાર્યું. સંઘે ગચ્છનાયક વિજયદેવસૂરિને આ અજોડ-અજેય-અનુપમ બહુશ્રુત પંડિત 'ઉપાધ્યાય' પદને યોગ્ય છે માટે તે પદ આપવાની વિનતિ કરતાં તેમણે તે વાત ધારી રાખી. પંડિતજીએ સ્થાનક-વીસસ્થાનકની ઓળીનો તપ આદર્યો, શુદ્ધ સંવેગ સાથે સંયમની શુદ્ધિ વધારી-તે વખતે જયસોમઆદિ પંડિત-મંડલીએ તેમનાં 'અદોષચરણ' સેવ્યાં. વિધિપૂર્વક તપ આરાધ્યા પછી ફલ તરીકે (વિજયદેવસૂરિના પટ્ટધર) વિજયપ્રભસૂરિએ સં. ૧૭૧૮ માં વાચક-ઉપાધ્યાય પદ આપ્યું.

૯૨૪. '૩૦ યશોવિજયના ગુણનો વિસ્તાર પમાય તેમ નથી. તેના ઉપકારો ગંગાજલથી વિશેષ છે. વેદની ગંભીર રચના જેમ ઉપનિષદો છે તેમ સ્યાદ્વાદના નય નિગમ આગમથી ગંભીર તેમની વચનરચના-કૃતિઓ છે, કે જેનું રહસ્ય ધીર જનો પણ પામી ન શકે. એમની રચનાઓ ચંદ્રિકા જેવી શીતલ, પરમાનંદ આપનારી, શુચિ, વિમલસ્વરૂપ, સાચી છે અને તેને રસિકજનો હોંશથી-આનંદપૂર્વક સેવે છે. હરિભદ્રસૂરિનો આ લઘુબાંધવ એટલે કલિયુગમાં એક બીજો હરિભદ્ર થયો.

૯૨૫. 'સં. ૧૭૪૩ માં ડભોઈમાં પાઠક હતા ત્યાં અનશન કરી સ્વર્ગસ્થ થયા. ત્યાં સમાધિસ્તૂપ કરવામાં આવ્યો કે જેમાંથી તેમના દિવસે ન્યાયની ધ્વનિ પ્રકટે છે. સંવેગીશિરોમણી જ્ઞાનરત્ન સમુદ્ર અને કુમતિતિમિર ઉચ્છેદવા માટે માટે બાલારુણદિનકર ગુરુ અદૃશ્ય થયો.[૫૨૯] (પછી સં. ૧૭૪૫માં તે સ્તૂપમાં તેમની પાદુકાઓ પ્રતિષ્ઠિત થઈ.)

૯૨૬. આમના સંબંધી અનેક કિંવદન્તીઓ ચાલતી હતી. મહાન પુરુષો સંબંધી એમ બને છે. તે પરથી એક કાવ્ય મેં રચેલ ને ત્યારપછી આ ટુંક ચરિત્ર પ્રાપ્ત થતાં તેને સંગત રહી ફેરફાર કરેલ [૫૩૦] તે અત્ર આપવામાં આવે છે :-

(ભીમપલાસી)

શ્રી જ્ઞાનપુંજ ! યશોવિજય ! પ્રણામ તું મહાત્મને-
ત્રિવર્ષ કાશીમાં અભ્યાસ 'ન્યાયવિશારદ' ખાસ
વાદી ક્લેશ જીતીને ધ્વજા ચડાવી ધર્મને--શ્રી૦

---

૫૨૯. આ પ્રમાણે ઉપાધ્યાયના સમકાલીન કાંતિવિજયે તેમના ગુણગણ પરિચય રૂપ સુજસવેલિ નામની ભાસ પાટણના સંઘના આગ્રહથી રચી તે પરથી સાર આપ્યો છે. તેનો ઉત્તરાર્ધ શ્રી જિનવિજયને હાથ લાગતાં આત્માનંદપ્રકાશના પુ૦ ૧૩ અંક ૬માં અપાયો છે. (સં. ૧૯૭૨) પણ જે પૂર્વાર્ધ ૧૩ વર્ષ સુધીમાં ન મળ્યો તે સુભાગ્યે મને તે આખી કૃતિ અમદાવાદમાં સં. ૧૯૮૪માં મળતાં પ્રાપ્ત થયો.

૫૩૦. આ કાવ્ય મૂળ માટે જુઓ જૈન ધર્મપ્રકાશ જેઠ સં. ૧૯૬૬ના પૃ. ૯૩, અને ફેરફાર સહિત જૈનયુગ કાર્તિક-માગશર સં. ૧૯૮૫ પૃ. ૮૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુંથ્યા અનેક શાસ્ત્રગ્રંથ ન્યાયાધ્યાત્મ યોગ પંથ
ચેતના જ્યોતિ જગાવી જૈન સનાતનને--શ્રી૦

શાસ્ત્રમાર્ગ દાખવી પ્રમાણ સહુ નયે ભરી
સ્ફુરાવી શક્તિ ને પ્રવેશી ભવ્યતા સુશાસને--શ્રી૦

ભવ્યતા શાસનકાજ અધ્યાત્મનું નહિ કલ્યાણ
ભેટી અર્પી 'અષ્ટપદી' યોગી આનંદઘનને--શ્રી૦

સાઠ અધિક વર્ષ જીવી પુણ્ય આત્મા સંચર્યો
કીર્ત્તિકોટી બાંધી કરી સદા વિખૂટા અમને--શ્રી૦

નિશ્ચયે અમારા પ્રાણ સાંધે સંધિ આપની
પ્રાર્થતા 'રહો સદા અપૂર્વ શાંતિ આપને'--શ્રી૦

સ્મરીએ ગુણ સંસ્તવી પૂજ્યપાદ ! તુજ નામ
હૃદયેપ્રેમ-પુષ્પથી વધાવી ધર્મવર્ત્મને--શ્રી૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૨ (અનુસંધાન)

સમયજ્ઞ સુધારક, ન્યાયશાસ્ત્રી, અને યોગવેત્તા યશોવિજય.

ज्ञात्वा कर्मप्रपंचं निखिलतनुभृतां दुःखसंदोहबीजं, तद् विध्वंसाय रत्नत्रयमयसमणं यो हितार्थी दिदेश ।
अंतः संक्रान्तविश्वव्यतिकरविलसत्कैवलैकात्मदर्शः, स श्रीमान् विश्वरूपः प्रतिहतकुमतः पातु वो वर्द्धमानः ॥

-श्री यशोविजयकृत कर्मप्रकृति टीका प्रशस्ति श्लो. १

विषयानुबंधबन्धुरमन्यन्न किमप्यतः फलं याचे । इच्छाम्येकं जन्मनि जिनमतरागं परत्रापि ॥
अस्मादृशां प्रमादग्रस्तानां चरणकरणहीनानां । अब्धौ पोत इवेह प्रवचनरागः शुभोपायः ॥

- स्वकृत न्यायालोक प्रशस्ति ४, ६.

-सर्व देहधारीओना दुःखोना समुदायना बीज एवा कर्मप्रपंचने जाणीने तेनो आत्यंतिक नाश करवा माटे जेमणे हितना अर्थी थई त्रण रत्नवाळा समयने-सिद्धांतने उपदेश्यो अने जेमणे विश्वना व्यतिकरमां विलसता केवल एक आत्मदर्शनने अंतरमां संक्रांत करेल छे एवा विश्वरूप कुमतिना हटावनार श्रीमान् वर्द्धमान अमारूं रक्षण करो.

आपनी पासे विषयोमां अनुबंधवाळुं एवुं कोईपण बीजुं फल याचतो नथी; आ जन्ममां अने परजन्ममां पण मात्र जिनमतराग ईच्छुं छुं. अमारा जेवा प्रमादग्रत अने चरणकरणथी हीनने आ जन्ममां प्रवचनराग ज जेम सागरमां नाव छे तेम तरवानो शुभ उपाय छे.

स्वागमं रागमात्रेण द्वेषमात्रात्परागमम् । न श्रयामस्त्यजामो वा किंतु मध्यस्थया दृशा ॥

-अमे मात्र रागथी स्व एटले जैन आगमनो आश्रय के मात्र द्वेष वडे पर एटले जैनतर आगमनो त्याग करता नथी; परंतु मध्यस्थ दृष्टिथी अवलोकन करी यथोचित करीए छीए-स्वकृत ज्ञानसार १६मुं अष्टक.

पूर्वं न्यायविशारदत्वबिरुदं काश्यां प्रदत्तं बुधैः न्यायाचार्यपदं ततः कृतशतग्रंथस्य यस्याऽर्पितम् ।

- जेने काशीना विद्वानोओ पूर्वे 'न्यायविशारद' ए बिरुद आप्युं हतुं अने पछी जेने सो ग्रंथना कर्त्ता एवा तेने 'न्यायाचार्य'नुं पद अर्पित थयुं हतुं. (स्वकृत जैनतर्कपरिभाषानी प्रशस्तिमां तथा प्रतिमाशतकनी स्वोपज्ञ टीकानी आदिमां.)

૯૨૭. आ जीवन-वृत्त परथी जणाय छे के न्हानी वये दीक्षा लीधी हती. तेथी जन्म सं. १६८० लगभग मूकी शकाय. ५७ वर्षनुं आयुष्य ए गणनाओ थयुं. ते दरम्यान ८ वर्षनी शिशु अवस्था पछी नयविजय गुरु पासे ११ वर्ष अभ्यास करी गुरु साथे काशी जई त्रण वर्ष त्यां ने पछी आग्रामां

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪ વર્ષ અખંડ ઉંચો અભ્યાસ કરી-એમ ૧૭૦૬-૭ સુધી ૧૮ વર્ષ વિદ્યા-વ્યાયામમાં ગાળી જીવન પર્યંત ગ્રંથો રચવાનું ચાલુ રાખ્યું. ભાષા દૃષ્ટિએ પ્રાકૃત, સંસ્કૃત અને ગૂજરાતીમાં પુષ્કળ કૃતિઓ રચી. વિષયો પરત્વે ન્યાય, યોગ, અધ્યાત્મ, દર્શન, ધર્મનીતિઃ ખંડનાત્મક ધર્મસિદ્ધાંત, કથાચરિત, મૂલ તેમજ ટીકા રૂપે રચનાઓ કરી. ''તેમના જેવી સમન્વયશક્તિ રાખનાર, જૈન જૈનેતર મૌલિક ગ્રંથોનું ઊંડું દોહન કરનાર, પ્રત્યેક વિષયના અંત સુધી પહોંચી તેના પર સમભાવપૂર્વક પોતાના સ્પષ્ટ મંતવ્ય પ્રકાશનાર, શાસ્ત્રીય અને લૌકિક ભાષામાં વિવિધ સાહિત્ય રચી પોતાના સરલ અને કઠિન વિચારોને સર્વ જિજ્ઞાસુ પાસે પહોંચાડવાની ચેષ્ટા કરનાર અને સંપ્રદાયમાં રહીને પણ સંપ્રદાયના બંધનની પરવા નહિ કરીને જે કંઈ ઉચિત જણાયું તેના પર નિર્ભયતાપૂર્વક લખનાર, કેવલ શ્વેતામ્બર-દિગંબર સમાજમાં જ નહી બલ્કે જૈનેતર સમાજમાં પણ તેમના જેવો કોઈ વિશિષ્ટ વિદ્વાન્ અત્યાર સુધી અમારા ધ્યાનમાં આવેલ નથી. પાઠક સ્મરણમાં રાખે કે આ અત્યુક્તિ નથી. અમે ઉપાધ્યાયજીના અને બીજા વિદ્વાનોના ગ્રંથોનું અત્યાર સુધી જો કે અલ્પમાત્ર અવલોકન કર્યું છે તેના આધારે તોળી જોખીને ઉક્ત વાક્ય લખ્યાં છે. નિઃસંદેહ શ્વેતાંબર અને દિગંબર સમાજમાં અનેક બહુશ્રુત વિદ્વાન થઈ ગયા છે, વૈદિક તથા બૌદ્ધ સંપ્રદાયમાં પણ પ્રચંડ વિદ્વાનની કમી રહી નથી; ખાસ કરીને વૈદિક વિદ્વાન તો હંમેશથી ઉચ્ચ સ્થાન લેતા આવ્યા છે, વિદ્યા તો માનો કે તેમના બાપની છે; પરંતુ એમાં શક નથી કે કોઈ બૌદ્ધ યા કોઈ વૈદિક વિદ્વાન આજસુધી એવો થયો નથી કે જેના ગ્રંથના અવલોકનથી એવું જાણવામાં આવે કે તે વૈદિક યા બૌદ્ધ શાસ્ત્ર ઉપરાંત જૈનશાસ્ત્રનું પણ વાસ્તવિક ઉંડું અને સર્વવ્યાપી જાણપણું રાખતો હોય. આથી ઉલટું ઉપાધ્યાયજીના ગ્રંથોને ધ્યાનપૂર્વક જોનાર કોઈ પણ બહુશ્રુત દાર્શનિક વિદ્વાન એવું કહ્યા વગર નહિ રહેશે કે ઉપાધ્યાયજી જૈન હતા. તેથી જૈનશાસ્ત્રનું ઉંડું જ્ઞાન તો તેમને માટે સહજ હતું. પરંતુ ઉપનિષદ્ દર્શન આદિ વૈદિક ગ્રંથોનું તથા બૌદ્ધ ગ્રંથોનું આટલું વાસ્તવિક, પરિપૂર્ણ અને સ્પષ્ટ જ્ઞાન તેમની અપૂર્વ પ્રતિભા અને કાશીસેવનનું જ પરિણામ છે.'[૫૩૧]

૯૨૮. 'તેઓ જન્મસંસ્કારસંપન્ન શ્રુતયોગસંપન્ન અને આજન્મ બ્રહ્મચારી ધુરંધર આચાર્ય હતા. સામાન્ય રીતે પોતાના બધા ટીકાગ્રંથોમાં તેમણે જે જે કહ્યું છે તે બધાનું ઉપપાદન પ્રાચીન અને પ્રામાણિક ગ્રંથોની સમ્મતિ દ્વારા કર્યું છે, ક્યાંયે કોઈ ગ્રંથનો અર્થ કાઢવામાં ખેંચતાણ નથી કરી. તર્ક અને સિદ્ધાન્ત બંનેનું સમતોલપણું સાચવી પોતાના વક્તવ્યની પુષ્ટિ કરી છે, + + માત્ર અમારી જ દૃષ્ટિએ નહિ પણ હરકોઈ તટસ્થ વિદ્વાનની દૃષ્ટિએ જૈન સંપ્રદાયમાં ઉપાધ્યાયજીનું સ્થાન, વૈદિક સંપ્રદાયમાં શંકરાચાર્ય જેવું છે.[૫૩૨]

૯૨૯. પોતે શ્વેતામ્બર તપાગચ્છમાં હતા અને શ્રી અકબર પ્રતિબોધક હીરવિજયસૂરિના શિષ્ય ષટ્તર્કીવિદ્યાવિશારદ પ્રસિદ્ધ ઉપાધ્યાય કલ્યાણવિજય, તેમના શિષ્ય સકલ શબ્દાનુશાસનનિષ્ણાત

૫૩૧. પ્રજ્ઞાચક્ષુ પંડિતશ્રી સુખલાલનો 'યોગદર્શન તથા યોગવિંશિકામાં હિંદીમાં આપેલ 'પરિચય'માંથી અનુવાદ.

૫૩૨. ઉક્ત સુખલાલ પંડિતજીનો 'ગુરુતત્ત્વ વિનિશ્ચય' એ નામના યશોવિજયજીકૃત ગ્રંથમાં 'ગ્રંથ અને કર્ત્તાનો પરિચય'.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાભવિજય, તેમના શિષ્ય પંડિત જીતવિજય, અને તેમના ગુરુભાઈ નયવિજયના શિષ્ય હતા. તેમનું ન્યાય-તર્કનું જ્ઞાન અદભુત હતું ને પોતે જબરા વાદી હતા. પોતાના સમયમાં ચાલતા અન્ય સંપ્રદાયો નામે દિગંબરમત અને સ્વ શ્વેતાંબરમાંથી નિકળેલ મૂર્ત્તિપૂજા નિષેધક લોંકા સંપ્રદાય તથા બીજી જુદી જુદી વિધિ અને માન્યતામાં જુદા પડતા એવા નાની શાખાઓ રૂપી ગચ્છો નામે પાર્શ્વચંદ્ર ગચ્છ, કડવાનો મત અને વીજાનો મત હતા. તદુપરાંત ધર્મસાગરે અનેક પ્રરૂપણાઓ કરી આખા શ્વે૦ ગચ્છના તંત્રને હલાવી મૂકયું હતું અને પછી તેમના શિષ્યવર્ગે તે પ્રરૂપણા ચાલુ રાખી હતી. આ સર્વના મતોનો નિરાસ કરવા માટે પ્રમાણો આપવા ઉપરાંત તેમની કઠોર શબ્દોમાં ઝાટકણી કરી છે. દિગંબરો સામે ખાસ ગ્રંથો અધ્યાત્મમત પરીક્ષા, જ્ઞાનાર્ણવ (અનુપલબ્ધ) એ સંસ્કૃતમાં, અને હિંદીમાં દિક્‌પટ ચોરાસી બોલ, લોંકા-ઢૂંઢીઆ સામે સંસ્કૃતગદ્ય ગ્રંથ નામે દેવધર્મ પરીક્ષા, સં. કાવ્યમાં પ્રતિમાશતકના ૬૯ શ્લોકો અને તે પછી રચેલી તે પર સ્વોપજ્ઞ ટીકા, ગૂ૦ માં મહાવીર સ્તવન અને સીમંધર સ્તવનાદિ, ધર્મસાગર સામે ઉક્ત પ્રતિમાશતકમાંના ૯ શ્લોક, પ્રા. ધર્મપરીક્ષા અને તે પર સંસ્કૃત ટીકા રચેલ છે. આ ખંડનાત્મક ગ્રંથો રચવામાં પ્રેરણાત્મક વસ્તુ પોતાનો દૃઢ 'દર્શનપક્ષ' છે અને વળી કહે છે કે, 'વિધિનું કહેવું, વિધિ પરની પ્રીતિ, વિધિની ઈચ્છા રાખનાર પુરુષોને વિધિમાર્ગમાં પ્રવર્ત્તાવવા તથા અવિધિનો નિષેધ કરવો એ સર્વ અમારી જિનપ્રવચન પરની ભક્તિ પ્રસિદ્ધ જ છે.' (અધ્યાત્મસારનો અનુભવાધિકાર શ્લો. ૩૧, ૩૨). આ દર્શનપક્ષ એ પ્રવચનભક્તિને પરિણામે આવા ગ્રંથો રચ્યા અને તેમાં પોતાની તર્કશક્તિનો ઉપયોગ કર્યો. તેજ તર્કશક્તિને પાતંજલ, સાંખ્યાદિ સર્વે દર્શનોનો સ્વદર્શન સાથે યુક્તિમાન સમન્વય કરવામાં પણ કામે લગાડી. એ રીતે યોગ અને અધ્યાત્મમાં ઉતરી આત્માનુભવ પણ પોતે પ્રાપ્ત કરી શકયા.

૯૩૦. **'ન્યાયનો ચોથો નામે ફલ-કાળ'**-આ યુગમાં જે સાહિત્ય રચાયું, તે ફળરૂપ છે. ફળમાં બીજથી ફૂલ સુધીના ઉત્તરોત્તર પરિપાકનો સાર આવી જાય છે, તેવી રીતે આ યુગના સાહિત્યમાં પહેલા ત્રણે યુગના સાહિત્યમાં થયેલો પરિપાક એક સાથે આવી જાય છે. આ યુગમાં જે જૈન ન્યાયસાહિત્ય રચાયું છે તેજ જૈન ન્યાયના વિકાસનું છેલ્લું પગથિયું છે; કારણ કે ત્યારબાદ તેમાં કોઈએ જરાયે ઉમેરો કર્યો નથી. મલ્લિષેણની સ્યાદ્‌વાદમંજરી બાદ કરીને આ યુગના ફલાયમાન ન્યાયવિષયક ઉચ્ચ સાહિત્ય તરફ નજર કરીએ તો જણાશે કે તે અનેક વ્યક્તિઓના હાથે લખાયું નથી; તેના લેખક ફક્ત એક જ છે અને તે સત્તરમા અઢારમાં સૈકામાં થયેલા, લગભગ સો (? સાઠ) શરદો સુધી મુખ્યપણે શાસ્ત્રયોગ સિદ્ધ કરનાર, સંસ્કૃત પ્રાકૃત ગૂજરાતી અને મારવાડી એ ચારે ભાષાઓમાં વિવિધ વિષયોની ચર્ચા કરનાર ઉપાધ્યાય યશોવિજયજી છે. ઉપાધ્યાયજીના, જૈન તત્ત્વજ્ઞાન, આચાર, અલંકાર, છંદ વગેરે અન્ય વિષયોના ગ્રંથોને બાદ કરી માત્ર જૈન ન્યાયવિષયક ગ્રંથો ઉપર નજર નાખીએ તો એમ કહેવું પડે છે કે, સિદ્ધસેન ને સમંતભદ્રથી વાદિદેવસૂરિ અને હેમચંદ્ર સુધીમાં જૈન ન્યાયનો આત્મા જેટલો વિકસિત થયો હતો, તે પૂરેપૂરો ઉપાધ્યાયજીના તર્કગ્રંથોમાં મૂર્ત્તિમાન થાય છે; અને વધારામાં તે ઉપર એક કુશળ ચિત્રકારની પેઠે તેઓએ એવા સૂક્ષ્મતાના, સ્પષ્ટતાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને સમન્વયના રંગો પૂર્યા છે, કે જેનાથી મુદિતમના થઈ આપોઆપ એમ કહેવાઈ જાય છે કે, પહેલા ત્રણ યુગનું બંને (દિગંબર અને શ્વેતાંબર) સંપ્રદાયનું જૈન ન્યાયવિષયક સાહિત્ય કદાચ ન હોય અને માત્ર ઉપાધ્યાયજીનું જૈન ન્યાયવિષયક સંપૂર્ણ સાહિત્ય ઉપલબ્ધ હોય તોયે જૈન વાઙ્મય કૃતકૃત્ય છે.

૯૩૧. 'ઉપાધ્યાયજીએ અધિકારીભેદને ધ્યાનમાં રાખી, વિષયોની વહેંચણી કરી તે ઉપર નાના મોટા અનેક જૈન ન્યાયના ગ્રંથો લખ્યા. તેઓએ **જૈનતર્કપરિભાષા** જેવો જૈન ન્યાયપ્રવેશ માટે લઘુ ગ્રંથ રચી, જૈન સાહિત્યમાં **તર્કસંગ્રહ** અને **તર્કભાષા**ની ખોટ પૂરી પાડી. 'રહસ્ય' પદાંકિત એકસો આઠ ગ્રંથો કે તેમાંના કેટલાક રચી જૈન ન્યાયવાઙ્મયમાં નૈયાયિક પ્રવર ગદાધર ભટ્ટાચાર્યના ગ્રંથોની ગરજ સારી; **નયપ્રદીપ, નયરહસ્ય, નયામૃતતરંગિણી** સહિત **નયોપદેશ, સ્યાદ્વાદકલ્પલતા, ન્યાયાલોક, ખંડનખંડખાદ્ય, અષ્ટસહસ્રી** ટીકા આદિ ગ્રંથો રચી જૈન ન્યાયવાઙ્મયને ઉદયનાચાર્ય, ગંગેશ ઉપાધ્યાય, રઘુનાથ શિરોમણિ અને જગદીશની પ્રતિભાનું નૈવેદ્ય ધર્યું. **અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ્** જેવા ગ્રંથોથી જૈન ન્યાયવાઙ્મયનો **ગીતા, યોગવાશિષ્ઠ** આદિ વૈદિક ગ્રંથો સાથે સંબંધ જોડ્યો. થોડામાં એટલું જ કહેવું બસ છે કે, વૈદિક અને બૌદ્ધ સાહિત્યે દાર્શનિક પ્રદેશમાં સત્તરમા સૈકા સુધીમાં જે ઉત્કર્ષ સાધ્યો હતો, લગભગ તે બધા ઉત્કર્ષનો આસ્વાદ જૈન વાઙ્મયને આપવા ઉપાધ્યાયજીએ પ્રામાણિકપણે આખું જીવન વ્યતિત કર્યું અને તેથી તેઓના એક તેજમાં જૈન ન્યાયનાં બીજાં બધાં તેજો લગભગ સમાઈ જાય છે, એમ કહેવું પડે છે.'[૫૩૩]

૯૩૨. 'રહસ્ય' થી અંકિત પ્રમારહસ્ય, સ્યાદ્વાદ રહસ્ય, (કે વા અને) વાદરહસ્ય, ભાષારહસ્ય, નયરહસ્ય અને ઉપદેશરહસ્ય તેમણે રચ્યા છે તે નિર્વિવાદ છે. **પ્રથમના ત્રણ અનુપલબ્ધ** છે પણ તેમનો ઉલ્લેખ-નિર્દેશ અન્યગ્રંથોમાં સ્પષ્ટ છે. એવા 'રહસ્ય' અંકિત સો ગ્રંથ કરવાની પોતાની ઈચ્છા ભાષારહસ્યમાં વ્યક્ત કરી છે. 'આ 'રહસ્ય' શબ્દથી અંકિત કરવાની સ્ફૂરણા પ્રસિદ્ધ નૈયાયિક મથુરાનાથના તત્ત્વરહસ્ય અને તત્ત્વાલોકરહસ્ય નામના ટીકાગ્રંથો પરથી થઈ લાગે છે. તેમના મંગલવાદ અને વિધિવાદ નામના હાલ અનુપલબ્ધ ગ્રંથોના નામમાં 'વાદ' શબ્દ વાપરવાની સ્ફુરણા તેમના સમકાલીન નવ્યન્યાયના વિદ્વાન્ ગદાધરે રચેલ વ્યુપત્તિવાદ, શક્તિવાદ આદિ **ન્યાયગ્રંથ** પરથી થઈ લાગે છે. યશોવિજયજી નવ્યન્યાય પીને પચાવી ગયા હતા અને તેથી જ નવીન તત્ત્વો તેમણે જૈન દર્શનમાં આણ્યાં, તેમજ નવ્ય ન્યાયનાં તત્ત્વોનું પણ જૈન દૃષ્ટિએ ખંડન કર્યું. આજ યશોવિજયજીની વિશિષ્ટતા છે કે સં. ૧૨૫૦ થી માંડી તેમના સમય સુધી જે અન્ય જૈનાચાર્યો ન કરી શકયા તે તેમણે કર્યું. તેમની શૈલી જગદીશ ભટ્ટાચાર્યના જેવી શબ્દબાહુલ્ય વગરની ગંભીર ચર્ચા કરનારી છે. મથુરાનાથનો એમણે ઘણે સ્થળે ઉપયોગ અને નામોલ્લેખ પણ કર્યો છે. હેમચંદ્રાચાર્યે જેમ પોતાના સમકાલીન મલયગિરિ અને વાદિદેવસૂરિનો ઉલ્લેખ નથી કર્યો, તેમ યશોવિજયે પોતાના સમકાલીન

૫૩૩. પંડિત સુખલાલનો ભાવનગરની સાતમી ગૂજરાતી સાહિત્ય પરિષદ માટેનો નિબંધ નામે 'જૈન ન્યાયનો ક્રમિક વિકાસ.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગદીશનો નથી કર્યો. પરંતુ જગદીશના ગ્રંથથી તેઓ જાણીતા હતા એમ અનુમાન થાય છે.' (રા. મોહનલાલ ઝવેરીનો અભિપ્રાય.)

૯૩૩. જૈનોના 'યોગ સાહિત્ય સંબંધમાં હરિભદ્રસૂરિના યોગવિષયક ગ્રંથ અને ત્યારબાદ હેમચંદ્રાચાર્યનું યોગશાસ્ત્ર આપણે જોઈ ગયા. 'પછી આ ઉપાધ્યાય યશોવિજયકૃત યોગગ્રંથો પર નજર ઠરે છે. તે ઉપાધ્યાયજીના શાસ્ત્રજ્ઞાન, તર્કકૌશલ અને યોગાનુભવ ઘણાં, ગંભીર હતાં. તેથી તેમણે અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ તથા સટીક બત્રીશ બત્રીશીઓ {*સ્વોપજ્ઞ ટીકા અને મુનિ યશોવિજયકૃત નયલતાટીકા અને ગુજરાતી અનુવાદ સાથે ૧ થી ૮ ભાગમાં, પ્ર. અંધેરી ગુજરાતી સંઘ*} યોગ સંબંધી વિષયો પર લખેલ છે. તેમાં જૈન મંતવ્યોની સૂક્ષ્મ અને રોચક મીમાંસા કરવા ઉપરાંત અન્ય દર્શન અને જૈનદર્શનની સરખામણી પણ કરી છે. દા૦ત૦ અધ્યાત્મસારના યોગાધિકાર અને ધ્યાનાધિકારમાં પ્રધાનપણે ભગવદ્ગીતા તથા પાતંજલસૂત્રનો ઉપયોગ કરી અનેક જૈનપ્રક્રિયાપ્રસિદ્ધ ધ્યાન વિષયોનો ઉક્ત બંને ગ્રંથોની સાથે સમન્વય કર્યો છે. અધ્યાત્મોપનિષદ્ના શાસ્ત્ર, જ્ઞાન, ક્રિયા અને સામ્ય એ ચાર યોગોમાં પ્રધાનપણે યોગવાશિષ્ઠ તથા તૈત્તિરીય ઉપનિષદ્નાં વાક્યોનાં અવતરણ આપી તાત્ત્વિક ઐક્ય બતાવ્યું છે; યોગાવતાર દ્વાત્રિંશિકામાં ખાસ કરી પાતંજલ યોગના પદાર્થોનું જૈનપ્રક્રિયા અનુસાર સ્પષ્ટીકરણ કર્યું છે. આ ઉપરાંત તેમણે હરિભદ્રસૂરિકૃત યોગવિંશિકા તથા ષોડશક પર ટીકાઓ લખી પ્રાચીન ગૂઢ તત્ત્વોનું સ્પષ્ટ ઉદ્ઘાટન પણ કર્યું છે. આટલું જ કરીને સંતુષ્ટ ન રહેતાં તેમણે મહર્ષિ પતંજલિ કૃત યોગસૂત્રોના ઉપર એક નાનીશી વૃત્તિ પણ લખી છે. આ વૃત્તિ જૈનપ્રક્રિયાનુસાર લખાયેલી હોવાથી તેમાં યથાસંભવ યોગદર્શનની ભીંત રૂપ સાંખ્ય પ્રક્રિયાની જૈન પ્રક્રિયા સાથે સરખામણી પણ કરી છે. ઉપાધ્યાયજીની પોતાની વિવેચનામાં જેવી મધ્યસ્થતા, ગુણગ્રાહકતા, સૂક્ષ્મ સમન્વયશક્તિ અને સ્પષ્ટભાષિતા દેખાઈ છે તેવી બીજા આચાર્યોમાં ઘણી ઓછી નજરે પડે છે. (દા૦ ત૦ જુઓ તેમની શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચયવૃત્તિ અને પાતંજલસૂત્ર વૃત્તિ).

૯૩૪. 'મહર્ષિ પતંજલિએ પોતાનું યોગદર્શન સાંખ્ય સિદ્ધાંત અને પ્રક્રિયા પર રચ્યું છે. તો પણ તેમની દૃષ્ટિવિશાલતાથી તે સર્વ દર્શનોના સમન્વય રૂપ બન્યું છે, દા. ત. સાંખ્યનો નિરીશ્વરવાદ વૈશેષિક નૈયાયિક આદિ દર્શનો દ્વારા ઠીક નિરસ્ત થયો અને સાધારણ લોકસ્વભાવનો ઝુકાવ ઈશ્વરોપાસના પર વિશેષ જણાયો ત્યારે અધિકારીભેદ તથા રુચિવિચિત્રતાનો વિચાર કરી તેમણે ઈશ્વરોપાસનાને પણ સ્થાન આપ્યું (સૂત્ર ૧-૩૩). અને ઈશ્વરના સ્વરૂપનું નિષ્પક્ષભાવથી એવું નિરુપણ કર્યું કે જે સર્વને માન્ય થઈ શકે (સૂત્ર ૧-૨૪, ૨૫, ૨૬). પસંદ આવે તે પ્રતીકની ઉપાસના કરો પણ કોઈ પણ રીતે મન એકાગ્ર-સ્થિર કરો અને તે દ્વારા પરમાત્મચિંતનના સાચા પાત્ર બનો. આથી ધર્મને નામે કલહ ટાળવાનો સાચો માર્ગ બતાવ્યો. આ દૃષ્ટિવિશાલતાની અસર અન્ય ગુણગ્રાહી આચાર્યો પર પણ પડી. તેવા આચાર્યોમાં હરિભદ્રસૂરિ અને યશોવિજયનું ખાસ સ્થાન છે. (દા. ત. આ. હરિભદ્રે યોગબિંદુ શ્લો. ૧૬-૨૦ માં સર્વ દેવોની ઉપાસના લાભદાયક બતાવી તે પર 'ચારિ સંજીવની ચાર' એ ન્યાયનો ઉપયોગ કર્યો છે અને એ જ રીતે ઊપા. યશોવિજયે પોતાની પૂર્વસેવાદ્વાત્રિંશિકા, આઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટિઓની સજ્ઝાય આદિ ગ્રંથોમાં અનુકરણ કરેલ છે.) જૈન દર્શન સાથે પાતંજલ યોગદર્શનનું સાદૃશ્ય અન્ય સર્વ દર્શનોની અપેક્ષાએ અધિક છે. તે સાદૃશ્ય (૧) શબ્દનું, (૨) વિષયનું અને (૩) પ્રક્રિયાનું એમ મુખ્યતયા ત્રણ પ્રકારનું છે. (૧) મૂલ યોગસૂત્રમાં જ નહિ પરંતુ તેના ભાષ્ય સુધ્ધામાં એવા અનેક શબ્દ છે કે જે જૈનેતર દર્શનોમાં પ્રસિદ્ધ નથી યાતો ઓછા પ્રસિદ્ધ છે, જ્યારે જૈનશાસ્ત્રમાં ખાસ પ્રસિદ્ધ છે. જેવા કે ભવપ્રત્યય, સવિતર્ક, સવિચાર, નિર્વિચાર, મહાવ્રત, કૃત કારિત અનુમોદિત, પ્રકાશાવરણ, સોપક્રમ, નિરુપક્રમ, વજ્રસંહનન, કેવલી, કુશલ, જ્ઞાનાવરણીય કર્મ, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સર્વજ્ઞ, ક્ષીણકલેશ, ચરમદેહ આદિ (સરખાવો યોગસૂત્ર અને તત્ત્વાર્થ). (૨) વિષયોમાં પ્રસુપ્ત તનુ આદિ ક્લેશાવસ્થાઓ, પાંચ યમ, યોગજન્ય વિભૂતિ, સોપક્રમ નિરુપક્રમ કર્મનું સ્વરૂપ તથા તેનાં દૃષ્ટાંત, અનેક કાર્યોનું નિર્માણ આદિ. (૩) પ્રક્રિયામાં-પરિણામિ-નિત્યતા અર્થાત્ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય રૂપે ત્રિરૂપ વસ્તુ માની તદનુસાર ધર્મધર્મીનું વિવેચન. આ રીતે જણાતી વિચારસમતાના કારણે હરિભદ્રસૂરિ જેવા જૈનાચાર્યે મહર્ષિ પતંજલિ પ્રતિ હાર્દિક આદર પ્રકટ કરી પોતાના યોગગ્રંથોમાં ગુણ-ગ્રાહકતાનો નિર્ભીક પરિચય આપ્યો છે. (જુઓ યોગબિંદુ શ્લો૦ ૬૬ ઉપર અને યોગ દૃષ્ટિ સમુચ્ચય શ્લો. ૧૦ ઉપર ટીકા.) અને સ્થળે સ્થળે પતંજલિના યોગશાસ્ત્રગત ખાસ સાંકેતિક શબ્દોને જૈન સંકેતો સાથે સરખાવી સંકીર્ણ દૃષ્ટિવાળાને માટે એકતાનો માર્ગ ખોલ્યો છે. (જુઓ યોગબિંદુ શ્લો. ૪૧૮, ૪૨૦). યશોવિજયે પતંજલિ પ્રત્યે આદર બતાવી (જુઓ યોગાવતાર દ્વાત્રિંશિકા) હરિભદ્રસૂરિના સૂચિત એકતાના માર્ગને વિશેષ વિશાલ બનાવી પતંજલિના યોગસૂત્રને જૈન પ્રક્રિયાની અનુસાર સમજાવવાને થોડો પણ માર્મિક પ્રયાસ કર્યો છે (જુઓ પાતંજલ સૂત્ર વૃત્તિ) એટલું જ નહિ બલ્કે પોતાની દ્વાત્રિંશિકાઓ (બત્રીશીઓ)માં તેમણે પતંજલિના યોગસૂત્રગત કેટલાક વિષયો પર ખાસ બત્રીશીઓ (નામે પાતંજલયોગલક્ષણવિચાર, ઈશાનુગ્રહવિચાર, યોગાવતાર, ક્લેશહાનોપાય અને યોગમહાત્મ્ય દ્વાત્રિંશિકાઓ) રચી છે.'[૫૩૪]

૫૩૪. પંડિતવર્ય શ્રી સુખલાલજીની 'યોગદર્શન તથા યોગવિંશિકા'ની હિંદી પ્રસ્તાવના પરથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાદિવચન-કસણિ ચઢોજી, તુજ શ્રુત-સુરમણિ ખાસ
બોધિ વૃદ્ધિ હેતેં કરેજી, બુદ્ધ જન તસ અસાસ.
સકલ મુનિસર સેહરો જી, અનુપમ આગમનો જાણ.
કુમત ઉત્થાપક એ જયોજી, વાચકકુલમાં રે ભાણ,
પ્રભવાદિક શ્રુતકેવલી જી, આગે હુઆ ષટ જેમ,
કલિમાંહે જોતા થકા જી, એ પણ શ્રુતધર તેમ.
જશ ષિદ્ધાપક શાસને જી, સ્વસમય પરમત દક્ષ,
પોહચે નહિ કોઈ એહને જી, સુગુણ અનેરા શતલક્ષ
'કુર્ચાલી શારદ' તણો જી, બિરૂદ ધરે સુવિદિત
બાલપણે અલવે જિણે જી, લીધો ત્રિદશગુરુ જીત.

x x x

શ્રી યશોવિજય વાચક તણા, હું તો ન લહું ગુણવિસ્તારો રે
ગંગાજલ કણિકા થકી એહના અધિક અછેં ઉપગારો રે
વચન રચન સ્યાદવાદનાં નય નિગમ આગમ ગંભીરો રે
ઉપનિષદા જિમ વેદનાં, જસ કવિ ન લહે કોઇ ધીરો રે
શીતલ પરમાનંદિની શુચિ વિમલ સ્વરૂપા સાચી રે
જેહની રચના-ચંદ્રિકા રસિયા જણ સેવે રાચી રે
લઘુ બાંધવો હરિભદ્રનો કલિયુગમાં એ થયો બીજો રે
છતા યથારથ ગુણ સુણી કવિયણ બુધ કો મત ખીજો રે.
સંવેગી-સિરસેહરો ગુરુ જ્ઞાનરયણનો દરિયો રે
કુમત-તિમિર ઉચ્છેદિવા એતો બાલારૂણ દિનકરિયો રે.

- કાન્તિવિજયકૃત સુજસવેલિભાસ.

વાણી વાચક જશ તણી કોઈ નયે ન અધૂરી રે.

- સ્વકૃત શ્રીપાલરાસ ખંડ ૪ ઢાલ ૧૨.

૯૩૫. ઉપર જણાવેલ (પારા ૯૧૩-૧૫) આનંદઘનજી 'મારગ ચલત ચલત ગાત આનંઘન ખ્યારે, રહત આનંદ ભરપૂર' એવી મસ્ત દશામાં વિહરતા હતા. લોકોત્તર કાંતિવાળા, સુમતિ સખીનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંગ કદિ પણ ન તજનારા-એવા તેઓમાં લોકો છિદ્ર દેખતા. પરંતુ તેમના ઉંચા યોગની અંતર્જ્યોતની ખ્યાતિ ઘણી હતી. આનંદદશામાં ફરતા આ **આ**નંદઘનનો **ય**શોવિજયને પરિચય થયો હતો અને તેમના ગુણાનુવાદ રૂપે-સ્તુતિ રૂપે પોતે હિંદીમાં રચેલ અષ્ટપદીમાં તે વાત સ્પષ્ટ કરી છે :-

'જશવિજય કહે સુન હો **આ**નંદઘન ! હમ તુમ મિલે હજૂર

x x x

જશવિજય કહે સુનત હિ દેખો, સુખ પાયો બોત અભંગ,

x x x

જશ કહે સોહી **આ**નંદઘન પાવત અંતર જ્યોત જગાવે.

x x x

કોઇ **આ**નંદઘન છિદ્ર હી પેખત જસરાયસંગ ચડી આયા

આનંદઘન આનંદરસ ઝીલત દેખતહી જસ ગુણ ગાયા.

એટલું જ નહિ પરંતુ તેમનો પોતાના ઉપર પડેલ પ્રભાવ પણ તેમાં બતાવેલ છે :

એરી આજ આનંદ ભયો મેરે, તેરો મુખ નિરખ નિરખ
રોમ રોમ શીતલ ભયો અંગોઅંગ.
શુદ્ધ સમજણ સમતારસ ઝીલત, આનંદઘન ભયો અનંત રંગ-એરી
એસી આનંદદશા પ્રગટી ચિત્ત અંતર, તાકો પ્રભાવ ચલત નિરમલ ગંગ,
વાહી ગંગ સમતા દોઊ મિલ રહે, જસવિજય ઝીલત તાકે સંગ-એરી

x x x

૯૩૬. આ સાક્ષાત્ અનુભવસંપન્ન મસ્ત યોગીને સહજ સંતોષ-સહજાનંદ ગુણ પ્રકટ્યો હતો, બધી દુવિધા (દ્વૈત ભાવ) મટી ગયેલ છે. જેની એવા આનંદરસ ઝીલતા **આ**નંદઘનનાં (જુઓ **અ**ષ્ટપદી પદ ૩) દર્શન-સમાગમ-સંગથી પોતે આનંદ ગંગા પ્રવાહ અને સમતા ઝીલતા રહ્યા અને

આનંદઘન કે સંગ સુજસ હી મિલે જબ
તબ **આ**નંદ સમ ભયો સુજસ,
પારસ સંગ લોહા જો ફરસત, કંચન હોત હી તાકે કસ.

૯૩૭. આ **આ**નંદઘનજીનાં ૨૪ જિન સ્તવનોમાંના પ્રથમ ૨૨ પર **ય**શોવિજયજીએ પોતે ગૂજરાતી બાલાવબોધ રચ્યો હતો કે જે હાલ અનુપલબ્ધ છે.

૯૩૮. એક બાજુ સુમતિ, બીજી બાજુ આવા અનુભવી યોગીનો સમાગમ-એ બંનેના યોગે **ય**શોવિજયજીને અધ્યાત્મમાં અપૂર્વ રસ લાગ્યો હતો. પોતાના ગ્રંથોમાં પણ આનંદઘન (**પ્ર**તિમાશક શ્લો. ૧૦૧), પરમાનંદ (દ્વાત્રિંશિકાની ૨૯મી સિવાય બધી બત્રીશીઓ અંતે), પરમાનંદ, પૂર્ણાનંદઘન (**જ્ઞા**નસારના અંતમાં), ચિદાનંદ સહજાનંદ, ચિદ્રૂપાનંદ (**અ**ધ્યાત્મસાર અધિકાર ૧, ૨, ૭) એ શબ્દો મૂકી **આ**નંદઘનજીનું સ્મરણ રાખ્યું જણાય છે. અધ્યાત્મના મુખ્ય ગ્રંથો **અ**ધ્યાત્મસાર અને **જ્ઞા**નસાર છે, અને હૃદયના ઉદ્ગારો રૂપે અધ્યાત્મ રસપ્રેરિત હિંદીમાં કરેલ પદો છે, કે જેનું નામ 'જશ વિલાસ' અપાયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૩૯. જૈન દર્શનમાં તર્ક પદ્ધતિમાં સ્યાદ્‌વાદ, કાર્યકારણ ભાવમાં કર્મવાદ પ્રસિદ્ધ છે. તદુપરાંત ષડ્‌દ્રવ્ય અને નવતત્ત્વના ખાસ સિદ્ધાંત છે તે સર્વને **અનુ**કૂળ રહીને અધ્યાત્મવાદનો સ્પષ્ટ રીતે સમન્વય કરનાર **યશો**વિજય છે. તેમણે ભગવદ્‌ગીતા, **યો**ગવાશિષ્ઠ અને **પા**તંજલ યોગદર્શનને અવગત બરાબર કર્યા હતાં અને પોતાની મૌલિક પૃથક્કરણ અને સમન્વય કરવાની બુદ્ધિ અને શક્તિથી જૈનદૃષ્ટિને અનુકૂલ રહી આધ્યાત્મિક વચનોના સમૂહમાંથી શાસ્ત્રીયપદ્ધતિપુરઃસર અને તર્કપ્રચુર બુદ્ધિગ્રાહ્ય જે અધ્યાત્મશાસ્ત્રની રચના કરી છે, તે કૃતિ **અધ્યાત્મસાર**. તેમાં શાસ્ત્ર, અને સંપ્રદાય બે બંને ઉપરાંત પોતાનો અનુભવયોગ પણ મિશ્રિત કર્યો છે. (જુઓ તેનો પ્રથમ અધિકાર શ્લો. ૭), મનુષ્યનું ચંચલ મન, તેની જાુદી જાુદી પ્રવૃત્તિ-પ્રકૃતિ વગેરેનું માનસશાસ્ત્રના જ્ઞાનપૂર્વક નિરૂપણ કરવા ઉપરાંત જૈનદર્શનવિહિત ગુણસ્થાનની શ્રેણીઓ સાથે અધ્યાત્મનો સંબંધ ઘટાવ્યો છે. પોતે જણાવે છે કે 'શાંતહૃદયવાળાને શોક, મદ, કામ, મત્સર, કલહ, કદાગ્રહ, વિષાદ અને વૈર એ સર્વે ક્ષીણ થાય છે અને એ બાબતમાં અમારો અનુભવજ સાક્ષી છે' (અનુભવાધિકાર શ્લો. ૧૮) તેજ અધિકારના ૨૬ મા શ્લોકમાં 'બ્રહ્મજ્ઞાનીના વચનથી પણ અમે બ્રહ્મના વિલાસને અનુભવીએ છીએ' એટલે અમે અમારી બુદ્ધિ વડે તેને સાક્ષાત્ જાણીએ છીએ એમ પોતે કહ્યું છે. ટૂંકામાં પોતાને અનુભવના ચમકાર થયા હતા એમ તે **અધ્યાત્મસાર**ના ઘણા શ્લોકો પરથી જણાય છે.

૯૪૦. છતાં પોતે સંપૂર્ણ આચાર પાળવામાં અસમર્થ છે એમ પણ જણાવે છે 'પૂર્ણ આચારને પાળવામાં અસમર્થ એવા અમે ઇચ્છાયોગનું અવલંબન કરીને પરમ મુનિઓની ભક્તિ વડે તેમની પદવી-માર્ગને અનુસરીએ છીએ' (**અધ્યાત્મસાર** અનુભવાધિકાર શ્લો. ૨૯); અને છેવટે પોતે સં. ૧૭૩૮ માં **શ્રી**પાળરાસની છેલ્લી ઢાળમાં પોતાને પ્રત્યક્ષ અનુભવ થઇ ગયાનું સ્પષ્ટ જણાવ્યું છે કે

માહરે તો ગુરુચરણપસાયે અનુભવ દિલમાંહિ પેઠો
ઋદ્ધિ વૃદ્ધિ પ્રગટી ઘટમાંહે આતમરતિ હુઇ બેઠો રે..... મુઝ સાહિબ જગનો તૂઠો. ૧૦

આ અનુભવ થયા પછી ભક્તિપૂર્વક પૂર્ણ આચાર પાળી પરમ-સાધ્ય-મોક્ષનો પૂર્ણ અભિલાષ પૂર્ણ થતાં બહુ વાર લાગતી નથી.

ખીર નીર જો મિલ રહે, આનંદ, જસ સુમતિ સખી કે સંગ
ભયો હે એક રસ,
ભવ ખપાઈ સુજસ વિલાસ, ભયે સિદ્ધ સ્વરૂપ લીયે ધસમસ
આનંદઘનકે સંગ સુજસ હી મિલે જબ, તબ **આ**નંદસ..... ભયો સુજસ.

૯૪૧. **તેમના ગ્રંથો**-ઘણા મુદ્રિત થયા છે, થોડા અમુદ્રિત છે; ને લબ્ધ થતા અમુદ્રિત ગ્રંથો કરતાં વિશેષ ગ્રંથો અનુપલબ્ધ છે. મુદ્રિતમાં જૈ. પ્ર. સભા તરફથી પ્રકટ થયેલ **યશો**વિજય ગ્રંથમાલા એ નામના સંગ્રહમાં દશ નામે ૧. **અધ્યાત્મસાર** {*ગંભીર વિ. ટીકા સાથે પ્ર. જિ. આ. ટ્ર. અને ભદ્રંકરસૂરિ કૃત ટીકા સાથે પ્ર. ભુવનતિલક ગ્રં. છાણી*} ૨. દેવધર્મ પરીક્ષા ૩. **અધ્યાત્મો**પનિષદ {*મુનિયશો વિ.ના વિવેચન સાથે પ્ર. દિવ્યદર્શન*} ૪. **આધ્યાત્મિક**મતખંડન સટીક ૫. **યતિ**લક્ષણ સમુચ્ચય, {*આ.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજશેખરસૂરિના વિવેચન સાથે પ્ર. અરિહંત ટ્રસ્ટ} ૬. **નયરહસ્ય** {*આ. લાવણ્યસૂરિકૃત પ્રમોદાવૃત્તિ સાથે પ્ર. જૈન ગ્રંથ પ્ર. સભા. દુર્ગાનાથના હિન્દી સાથે પ્ર. અંધેરી સંઘ*} ૭. **નયપ્રદીપ** {*ગુજ. વિવેચન સાથે પ્ર. પં. ભગવાનદાસ*} ૮. **નયોપદેશ** {*સ્વોપજ્ઞ ટીકા અને આ. લાવણ્યસૂરિ ટીકા સાથે પ્ર. લાવણ્યસૂરિ જ્ઞાન.*} ૯. **જૈનતર્ક પરિભાષા** {*જૈન તર્કભાષા ગુજ. સાથે સં. ઉદયવલ્લભ વિ., પ્ર. દિવ્ય દર્શન. હિન્દી સાથે પ્ર. અહમદનગર*} અને ૧૦. **જ્ઞાનબિંદુ**; {*સં. પં. સુખલાલ, પ્ર. સીંધી ગ્રં.*} ઉપરાંત છૂટા ગ્રંથરૂપે ૧૧. **દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા** સટીક, {*સ્વોપજ્ઞટીકા પર મુનિ યશોવિ. કૃત નયલતા ટીકા અને ગુજ. વિવેચન સાથે ભા.૧થી૮ પ્ર. અંધેરી સંઘ*} ૧૨. શિવશર્માચાર્ય પ્રણીત **કમ્મપયડી-કર્મપ્રકૃતિ** પર સં. ટીકા, ૧૩. **જ્ઞાનસાર** (સ્વ. ગંભીરવિજય મુનિશ્રીની સં. ટીકા સહિત) ને ઉક્ત નં. ૧ ગૂજરાતી ભાષાંતર અને વિવેચન સહિત પ્રકટ થયેલા છે. આ સભા તરફથી ૧૪. **અસ્પૃશદ્** ગતિવાદ સટીક (અપૂર્ણ), ૧૫. **ગુરુતત્ત્વ** વિનિશ્ચય પ્રા૦ માં, ને તે પર સ્વોપજ્ઞ સં. ટીકા (નં. ૭૮ {*ગુજ. અનુ. સાથે સં. આ. રાજશેખરસૂરિ પ્ર.જૈન સા. વિ. મંડલ*}), ૧૬. પ્રા. **સામાચારી** પ્રકરણ સં. ટીકા સહિત, ૧૭. **આરાધક** વિરાધક ચતુર્ભંગી પ્રકરણ (નં. ૫૫ {*બન્ને સામા. અને આ.રા. તથા કૂપકૃષ્ટાંત વિશદીકરણ ગુજ. અનુ. સાથે પ્ર. સં. અભયશેખરસૂરિ દિવ્યદર્શન*}), ઉક્ત નં. ૧૩ તે દેવચંદ્રકૃત ટીકા નામે **જ્ઞાનમંજરી** સહિત (નં. ૩૮), ૧૮. ઉક્ત નં. ૮ પર **નયામૃત** તરંગિણી નામની સ્વોપજ્ઞ ટીકા (આત્મવીર ગ્રં. નં. ૬), ૧૯. **પ્રતિમાશતક** (**ભાવપ્રભસૂરિ** કૃત લઘુ ટીકા સહિત-નં. ૪૨) તથા આ૦ જૈન પુ. પ્ર. મંડલ આગ્રા તરફથી પં. **સુખલાલ** સંપાદિત ૨૦. **પાતંજલયોગ** સૂત્રના ચતુર્થ (કૈવલ્ય) પાદ પર વૃત્તિ તથા ૨૧. **યોગવિંશિકા** પર વિવરણ પ્રસિદ્ધ થયેલ છે.

૯૪૨. દે૦ લા૦ તરફથી ૨૨. **અધ્યાત્મમતપરીક્ષા** સવૃત્તિ (નં. ૫), ૨૩. **હરિભદ્ર** સૂરિકૃત **શાસ્ત્રવાર્ત્તા** સમુચ્ચય પર **સ્યાદ્વાદ** કલ્પલતા નામની ટીકા {*આ. અમૃતસૂરિકૃત ટીકા સાથે પ્ર. જૈ. ગ્રં. પ્ર. સ. હિન્દી વિવેચન પ્ર. દિવ્યદર્શન*} (નં. ૧૬), ૨૪. **હરિભદ્રસૂરિકૃત ષોડશક** પર **યોગદીપિકા** નામની વૃત્તિ (નં. ૬ {*મુનિ યશોવિજયજી કૃત ટીકા અને અનુવાદ સાથે પ્ર. દિવ્યદર્શન*}); શેઠ મ૦ ભ૦ તરફથી ૨૫. **ઉપદેશરહસ્ય** સવૃત્તિ, {*જયસુન્દર વિ.ના ગુજ. વિવેચન સાથે પ્ર. દિવ્યદર્શન*} ૨૬. **ન્યાયાલોક**, ૨૭. **મહાવીર** સ્તવન સટીક અપરનામ **ન્યાયખંડનખાદ્ય** પ્રકરણ, ૨૮. **ભાષારહસ્ય** સટીક, {*મુનિ યશો વિ.ની ટીકા સાથે પ્ર. દિવ્ય દર્શન*} ૨૯. **તત્ત્વાર્થવૃત્તિ** પ્રથમાધ્યાય વિવરણ; ભી૦ મા૦ તરફથી ગૂ. સાનુવાદ અર્ધી ૩૦. વૈરાગ્યકલ્પલતા, નં. ૧ નું **અધ્યાત્મસાર** તથા ઉક્ત નં. ૨૦ નું **પ્રતિમાશતક** ગૂ. ભાષાંતર સહિત; {*અજિતશેખર વિ.ના ગુજ. વિવેચન સાથે પ્ર. દિવ્યદર્શન*} હે૦ ગ્રં. દ્વારા ૩૧. **ધર્મપરીક્ષા** સવૃત્તિ. રતલામી ઋ. કે. ની સંસ્થા તરફથી ૩૨. **ચતુર્વિંશતિ જિન-ઐંદ્ર** સ્તુતયઃ; મુક્તિકમલ જૈન મોહનમાલા વડોદરા તરફથી ૩૩. **પરમજ્યોતિઃ** પંચવિંશતિકા. ૩૪. **પરમાત્મ** જ્યોતિઃ પંચવિંશતિકા (કે જે બે પં. લાલનકૃત ગૂ. ભા. સહિત મેઘજી હિરજીએ પણ છપાવી હતી), ૩૫. **પ્રતિમા** સ્થાપન ન્યાય, ૩૬. **પ્રતિમા** શતક પર સ્વોપજ્ઞ વૃત્તિ, ૩૭. **માર્ગપરિશુદ્ધિ** છપાયેલ છે.

આમાં ઉલ્લેખેલ ષોડશક પર ટીકા યશોવિજયજીએ પ્રાચીન મૂલ યશોભદ્રસૂરિકૃત ટીકા સામે રાખીને લખી લાગે છે ને જે તેની સાથે જ મુદ્રિત થઈ છે. આ યશોભદ્રસૂરિનો સમય નિશ્ચિત થયો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી તેમ તે કોણ હતા તે પણ જણાયું નથી. તત્ત્વાર્થ ટીકા કે જે હરિભદ્રસૂરિએ પ્રારંભેલી અને જેને યશોભદ્ર કે યશોભદ્રસૂરિ શિષ્યે પૂરી કરેલી ઉપલબ્ધ થાય છે તે ટીકાના રચનાર યશોભદ્ર ને ષોડશકના ટીકાના રચનાર યશોભદ્ર બંને એક હશે કે ભિન્ન તે પણ નક્કી થતું નથી.

૯૪૩. ઉપલબ્ધ પણ અપ્રકટ કૃતિઓ :- ૧. **અનેકાંતમત વ્યવસ્થા** (**વિજયવલ્લભસૂરિ** હસ્તકનો પંજાબનો ભંડાર), ૨. **સમન્તભદ્રકૃત** આપ્ત પરીક્ષા ઉપર દિ૦ **અકલંક** દેવના ૮૦૦ શ્લોકના ભાષ્ય પર દિ૦ **વિદ્યાનંદ** સ્વામીની આઠ હજાર શ્લોકની ટીકા નામે **અષ્ટસહસ્રી** પર વિવરણ (ભાં. ઈ. પી. ૬ પૃ. ૩૮ *{સંપા. વિજયોદયસૂરિ પ્ર. જૈન ગ્રંથ પ્ર.સ. મુનિ વૈરાગ્યરતિ વિ. એ આનુ પુનઃ સંપાદન સંશોધન કર્યું છે. અનેક પરિશિષ્ટો સાથે પ્રવચન પ્રકાશન પુનાથી પ્રકાશિત થયું છે. }*). આમાં કેટલાક ૩. સ્યાદ્વાદમંજરી પર વૃત્તિ નામે **સ્યાદ્વાદમંજૂષા**, ૪. **સ્તોત્રાણિ-સ્તોત્રાવલિ**, ૫. **સ્તવ**પરિજ્ઞા પદ્ધતિ ઉમેરે છે.

૯૪૪. અનુપલબ્ધ કૃતિઓ :- ૧. **આકર**, ૨. **મંગ**લવાદ, ૩. **વિધિ**વાદ, ૪. **વાદ**માલા. *{પ્ર. દિવ્યદર્શન }* ૫. **ત્રિ**સૂત્ર્યાલોક, ૬. દ્રવ્યાલોક, ૭. **પ્ર**મારહસ્ય, ૮. '**સ્યાદ્**વાદ રહસ્ય-અથવા યા અને-વાદરહસ્ય *{પ્ર. દિવ્ય દર્શન.}* ૯. **જ્ઞા**નાર્ણવ, *{અપૂર્ણ પ્રગટ થયેલ છે.}* ૧૦. **કૂ**પદૃષ્ટાંતવિશદીકરણ *{પ્ર. દિવ્ય દર્શન.}* ૧૧. **અલં**કારચૂડામણી ટીકા, **તત્ત્વાર્થ** ટીકામાં પ્રથમાધ્યાય સિવાયના બીજા અધ્યાયો પરની ટીકા, ૧૨. **આત્મ**ખ્યાતિ. *{પ્ર. યશોભારતી}* આ **સર્વે**નો પોતાના ઉપલબ્ધ ગ્રંથોમાં ઉલ્લેખ મળે છે. તેથી તે ગ્રંથો તેમના રચેલા હોવાનું સુનિશ્ચિત છે. આ ઉપરાંત કેટલાક બીજા ગ્રંથો ઉમેરે છે કે ૧. **અધ્યાત્મ**બિંદુ, ૨. **કા**વ્યપ્રકાશ ટીકા, *{પ્ર. યશોભારતી.}* ૩. **છંદ**ઃચૂડામણિ ટીકા, ૪. **તત્ત્વા**લોક વિવરણ, ૫. **વે**દાન્ત નિર્ણય, ૬. **વૈ**રાગ્યરતિ, *{પ્ર. યશોભારતી.}* ૭. **શ**ઠ પ્રકરણ, ૮. **સિદ્ધા**ન્ત તર્ક પરિષ્કાર, ૯. **સિદ્ધા**ંતમંજરી ટીકા વગેરે. *{ઉપરોક્તમાંથી કેટલીક કૃતિયો પાછળથી મળી છે, પ્રકાશિત પણ થઈ છે. }*

૯૪૫. ઉપરોક્ત ગ્રંથો પૈકી એકમાં પણ રચના સંવત આપેલ નથી. તેથી તેનો નિર્માણકાલ આશરે નિશ્ચિત કરવા માટે જેટલા ગ્રંથો પ્રસિદ્ધ થયા છે તે સર્વ તથા અપ્રસિદ્ધ પૈકી **અનેકાંતવ્યવસ્થા** અને **વિચારબિંદુ** પ્રાપ્ત કરી તેમાં ઉલ્લેખેલા પોતાના સર્વ ગ્રંથોનું કોષ્ઠક કરીને તે સર્વેનો પૌર્વાપર્યક્રમ (કયા પછી કયો રચાયો તેનો ક્રમ) બને તેટલો નિર્ણિત મેં કરી રાખ્યો છે. પણ તે અત્ર અવકાશાભાવને લઈને ખુલાસા સહિત બતાવ્યો નથી. આ મહાપુરુષ મોટા ભાગે પોતાની રચનાના પ્રારંભમાં ઐંદ્ર શબ્દ મૂકતા; તે શબ્દનો પહેલો અક્ષર ઐં એ મંત્રના બીજાક્ષરથી સરસ્વતીદેવીએ તેમને ગંગાનદીને કાંઠે તુષ્ટ થઈ તર્ક અને કાવ્યનો વર આપ્યો હતો એમ પોતે જ જણાવે છે.

*{ઉપાધ્યાય **યશોવિજયજી** વિષે કેટલુંક વિશિષ્ટ સાહિત્ય પ્રગટ થયું છે તે આ પ્રમાણે **યશોવંદના** સં.પં. **પ્રદ્યુમ્ન** વિ. ગણી **શ્રુતાંજલી** સં. પં. **પ્રદ્યુમ્ન** વિ. ગ. અને મુનિ **યશોવિજય** **મહો. યશોવિ. સ્મૃતિ ગ્રંથ** - મુનિ **યશોવિજયજી** **મહા. યશોવિજય સ્વાધ્યાય ગ્રંથ**, 'અમર ઉપાધ્યાય' આ. **પૂર્ણ**ચંદ્રસૂરિ 'યશોજીવન પ્રવચનમાળા' આ **પ્રદ્યુમ્ન**સૂરિ **યશોભારતી** સં. કુમારપાળ દેસાઈ પ્ર. ચંદ્રોદય ચે. ટ્રસ્ટ. }*

{યશોવિજય વાચક ગ્રંથ સંગ્રહમાં ૧૦ ગ્રંથા પ્રગટ થયા છે. પ્ર. જૈન ગ્રંથ પ્ર. સભા. વાદસંગ્રહમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫ ગ્રંથો પ્રગટ થયા છે. પ્ર. ભારતીય પ્રાચ્યતત્ત્વપ્રકાશન પિંડવાડા.

આ. યશોદેવસૂરિજીના પ્રયાસથી યશોભારતી પ્રકાશન મુંબઈથી 'નવગ્રંથી'માં આ નવ ગ્રંથો પ્રગટ થયા છે. **આત્મખ્યાતી** (૧) **વાદમાલા** (૨) **વાદમાલા** (૩) **વિષયતાવાદ, વાયૂખ્યાદેઃ, ન્યાયસિદ્ધાન્ત-મંજરી, વિચારબિન્દુ,** તેર કાઠિયાનું સ્વરૂપ. આ ઉપરાંત **વૈરાગ્યરતિ** સં. રમણીક વિ., **ઐન્દ્ર** સ્તુતિ (પાદપૂર્તિ સાથે) **કાવ્યપ્રકાશ** (ઉલ્લાસ ૨-૩) ઉપાધ્યાયજીની ટીકા સાથે), **સ્યાદ્વાદ** રહસ્ય-તિઙન્વયોક્તિ સ્તોત્રાવલી, **આર્ષભીય** મહાકાવ્ય, **વિજયોલ્લાસ, સિદ્ધસહસ્રનામકોશ**) વિ. ગ્રંથો ઉપરાંત ઉપાધ્યાયજીના તમામ સાહિત્યનો વિસ્તૃત પરિચય કરાવતું પુસ્તક **'યશોદોહન'** (લે. હીરાલાલ કાપડિયા) પ્રગટ થયેલ છે.

જૈન ન્યાય ખંડ ખાદ્ય - ઉપા. યશો વિ. બદરીનાથ શુકલના હિંદી સાથે પ્ર. ચૌંખબા પ્રકાશન

જ્ઞાનાર્ણવ પ્ર. જૈ. ગ્રં. પ્ર. સ. **તત્ત્વાર્થ** સૂત્ર ઉ. યશો વિ. ટીકા - દર્શન સૂરી ટીકા પ્ર. નેમિદર્શન જ્ઞાન.

દ્રવ્ય ગુણપર્યાયનો રાસ - સ્વોપજ્ઞ સ્તબક - ગુજ. વિવેચન સાથે પ્ર. જૈન સાહિત્ય વ. સભા, **ધર્મપરીક્ષા** - સ્વોપજ્ઞ ટીકા + ગુજ. અનુ. પ્ર. અંધેરી ગુજ. સંઘ

ન્યાયખંડ ખાદ્ય આ. દર્શનસૂરિ ટીકા સાથે પ્ર. તારાચંદ મો. **ન્યાયાલોક** આ. નેમિસૂરિકૃત ટીકા સાથે પ્ર. જૈન ગ્રંથ પ્ર. સભા. **સ્તવ** પરીજ્ઞા - હરિભદ્રસૂરિ - ઉપા. યશો.વિ. અવચૂરિ પ્ર. પ્રભુદાસ પારેખ.}

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૪ વિનયવિજય, મેઘવિજય અને બીજાઓનું સાહિત્ય.

नटरागेण गीयते महावीर मेरो लालन ए देशी ।

संयमवाङ्मय कुसुमरसैरति सुरभयनिजमध्यवसायं । चेतनमुपलक्षय कृतलक्षण ज्ञानचरण गुणपर्यायं ॥
वदनमलंकुरु पावनरसनं जिनचरितं गायं गायं । सविनय शांतिसुधारसमेनं चिरं नंद पायं पायं ॥

- સંયમના પ્રતિપાદક જૈન વાઙ્મયરૂપી પુષ્પના રસવડે પોતાના અધ્યવસાયને-પરિણતિને-મનોવૃત્તિને અતિ સુરભિ-સુગંધિત કર, જ્ઞાનચરણ ગુણ પર્યાયરૂપ લક્ષણનું કરનારૂં એવું જે તારૂં ચેતન છે તેને તું ઓળખ. જીભને પાવન-પવિત્ર કરનારા પ્રભુના ચરિતને ગાઈ ગાઈને હે વિનયવાળા આત્મન્ ! આ શાન્તિસુધારસને પી પીને લાંબા કાળસુધી આનન્દમાં મગ્ન રહે. (વિનયવિજયકૃત શાંતસુધારસ ગેયકાવ્યમાં સંવરભાવના વિભાવન નામનો અષ્ટમ પ્રકાશ-છેલ્લો બે શ્લોક.)

जज्ञे भूमावति विषमताऽन्योन्यसाम्राज्यदौस्थ्यात् कश्चिन्मां नो नयति यतिनामीशितु वार्त्तवार्त्ताम् ।
तत्त्वां याचे स्ववशमवशा सृष्टविश्वोपकारं यांचा मोघा वरमधिगुणे नाधमे लब्धकामा ॥

- પરસ્પરની સામ્રાજ્યની દુઃસ્થિતિ થતાં પૃથ્વીપર અતિ વિષમતા થઈ, તેથી કોઈપણ, યતિઓના ઈશ્વર-આચાર્યની કુશલવાર્ત્તા મને પહોંચાડતું નથી; તેથી સ્વાધીન અને પરવશ થયા વગર વિશ્વનો ઉપકાર જે કરી રહેલ છે એવા તને યાચના કરૂં છું. કારણ કે મહાગુણવાન પ્રત્યે કરેલી યાચના વૃથા જાય તોય ઈષ્ટ છે, પણ અધમને કરેલી યાચના મનોરથ પૂરે તો પણ ઈષ્ટ નથી (મેઘવિજયકૃત મેઘદૂત સમસ્યાલેખ શ્લો. ૬)

(આ જમાનો ઔરંગજેબનો હતો-ભારતમાં સર્વત્ર અરાજકતા અને અશાંતિ ફેલાઈ ગઈ હતી. મનુષ્યોને એક પ્રદેશથી બીજા પ્રદેશમાં જવાનું ઘણું કઠિન અને ભયપ્રદ હતું-આ વાત ઉપરના મેઘવિજયના પદ્યથી સ્પષ્ટ જણાય છે.)

૯૪૬. **વિનયવિજય** નામના યશોવિજયના સમકાલીન અને વિશ્વાસભાજન ઉપાધ્યાય એક પ્રતિભાશાલી નામાંકિત વિદ્વાન્ થયા. માતાનું નામ રાજશ્રી-રાજબાઈ અને પિતાનું નામ તેજપાળ હોઈ (જુઓ તેમના 'લોકપ્રકાશ' ગ્રંથની અંતની પ્રશસ્તિ) મૂળ વણિક હતા. મુનિ તરીકે હીરવિજય સૂરિના શિષ્ય કીર્ત્તિવિજયના શિષ્ય હતા. તેમણે નૈષધાદિ મહાકાવ્યોનો અભ્યાસ કર્યો હતો ને તેમની પોતાની હાથની સં. ૧૬૮૪ ના ચૈત્ર વદિ ૧૦ શુક્રને દિને ૧૨ મા સર્ગ સુધીની નૈષધકાવ્ય પરની રામચંદ્ર વિરચિત શ્રી શેષી નામની ટીકાની પ્રત ઉપલબ્ધ છે. (જૈ. એ. ઈંડિયા નં. ૧૨૦૬) સ્વર્ગસ્થ રાંદેરમાં સં. ૧૭૩૮ (જુઓ તેમના શ્રીપાળરાસની યશોવિજયકૃત પ્રશસ્તિ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૪૭. તેમનાં રચેલાં સંસ્કૃત પુસ્તકોઃ- કલ્પસૂત્ર પર ૬૫૮૦ શ્લોક પ્રમાણ કલ્પસુબોધિકા નામની ટીકા વિજયાનંદ સૂરિના રાજ્યમાં સં. ૧૬૯૬માં રામવિજય પંડિતના શિષ્ય શ્રીવિજય ગણિની અભ્યર્થનાથી રચી અને તે વિમલહર્ષ શિષ્ય ભાવવિજય ગણીએ શોધી. (પ્ર. દે. લા. નં. ૬, અને ૬૧; આ૦ સભા નં. ૩૧; ભી. મા;) પછીના વર્ષમાં બારેજાથી ખંભાત વિરાજતા ઉક્ત વિજયાનંદસૂરિને લખેલ વિજ્ઞપ્તિ લેખ નામે આનંદ લેખ (જૈનયુગ પુ. ૫ અંક ૪-૫), દીવમાં વિજયસિંહસૂરિની વિદ્યમાનતામાં ૨૩ શ્લોકની નયકર્ણિકા (પ્ર. જૈનસ્તોત્ર સંગ્રહમાં ય. ગ્રં. નં. ૭, ગૂ. ભા. સહિત પં. લાલન તથા લેખક, અને લેખકે અંગ્રેજી ભાષાંતર કરેલ તે પ્ર. સેંટ્રલ જૈન પબ્લિશિંગહાઉસ આરાહ), વિજયપ્રભસૂરિના આચાર્યપદના વર્ષમાં સં. ૧૭૦૮ માં જૂનાગઢમાં મહાનગ્રંથ નામે લોકપ્રકાશ (પ્ર. હી૦ હં; દે. લા. નં. ૬૫ અને ૭૪ : તે પૈકી દ્રવ્યલોક ગૂ૦ ભાષાંતર સહિત આ. સ. નં. ૫૭. વે. નં. ૧૭૭૧; મિત્ર ૮, ૬૪ {*સંપૂર્ણ ભાષાંતર સાથે પ્ર. ભદ્રંકર પ્રકાશન*}) પદ્યબદ્ધ, વીસહજાર શ્લોક પ્રમાણ રચ્યો તેમાં જૈનદૃષ્ટિએ આખા વિશ્વ-લોકનું વર્ણન (Cosmology) છે, તેનું સંશોધન ઉત્તરાધ્યયનવૃત્તિકાર ઉક્ત ભાવવિજયગણિએ કર્યું ને પ્રથમાદર્શ જિનવિજય ગણિએ લખ્યો. સં. ૧૭૧૦ માં રાજધન્યપુર (રાધનપુર)માં હૈમલઘુ પ્રક્રિયા મૂલ (પ્ર. જૈન. સભા.) અને તે પર સ્વોપજ્ઞ ટીકા ૩૪૦૦૦ શ્લોકના પૂર વાળી અપ્રસિદ્ધ છે; {*હૈમપ્રકાશ ભા. ૧-૨ સં. ક્ષમાભદ્રસૂરિ પ્ર. શ્રુત જ્ઞાન અમીધારા*} સુરત વિરાજેલા વિજયપ્રભસૂરિ પર લખેલ વિજ્ઞપ્તિ લેખ નામે ઈંદુદૂત (પ્ર. કાવ્યમાલા નિ. પ્રે. {*આ. ધર્મધુરંધરસૂરિએ ઈન્દુદૂત પર ટીકા રચી છે. પ્ર. જૈન સા. વ. સ.*}) કે જેમાં આબુ, સિદ્ધપુર, અમદાવાદ, વડોદરા, ભરૂચ અને પછી સુરતનાં સુંદર વર્ણન કરેલાં છે, સોળ ભાવના પર શાંતિસુધારસ સં. ૧૭૨૩માં ગંધપુર-ગંધારમાં (પ્ર. પ્રકરણ રત્નાકર ભા. ૩; ગંભીરવિજયજી કૃત ટીકા સહિત જૈ. ધ.) કે જેમાં જુદા જુદા રાગોમાં ભાવવાહી સંસ્કૃત પદ્યો છે, સં. ૧૭૩૧માં અર્હન્નમસ્કાર સ્તોત્ર (વિવેક૦ ઉદે.) તથા તે વર્ષમાં જિનસહસ્રનામ (કાં. છાણી) રચ્યાં. આ ઉપરાંત ઉક્ત ભાવવિજયગણિકૃત ષટ્ ત્રિંશજ્જલ્પના સંક્ષેપ તરીકે ષટ્ત્રિંશત જલ્પ સં. ગદ્યમાં રચેલ છે (કાં. છાણી)

૯૪૮. તેઓ યશોવિજયના કાશીમાં સહાધ્યાયી હતા એ વાત નિર્મૂળ ઠરે છે; યશોવિજય સાથે તેમના ગુરુ નયવિજય કાશીએ ગયેલા તે પરથી નયવિજયને બદલે વિનયવિજય સમજાઈ ભ્રમ થયેલો જણાય છે. તેમની અનેક ગૂજરાતી કૃતિઓ માટે જુઓ જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨. તે પૈકી શ્રીપાળરાસ અતિ પ્રસિદ્ધ છે ને તપાચ્છના જૈન સમુદાયમાં ઘેર ઘરે વંચાય છે, ગવાય છે. તે રાસ અપૂર્ણ મૂકી સ્વર્ગસ્થ થયેલા, એટલે તે ઉપા. યશોવિજયે પૂરો કર્યો. [ચરિત્ર માટે જુઓ અમારી નયકર્ણિકા ગૂજરાતી તેમજ અંગ્રેજીની પ્રસ્તાવનાના] {*અને વિનયસૌરભ લે. હીરાલાલ કાપડીયા.*}

૯૪૯. આ સમયમાં સુરતના દશાશ્રીમાળી વણિક લવજીએ લોંકા સંપ્રદાયમાં દીક્ષા લીધી. ગુરુને તજીને બીજા બે નામે ભાણોજી અને સુખોજીને લઈ ઉગ્ર શાસ્ત્રોક્ત ક્રિયા પાળી શકાય એમ બતાવવા જુદા પડ્યા (સં. ૧૬૯૨ કે ૧૭૦૫). મુખ પર લુગડાની પટી-મુહપત્તિ બાંધી. ખંડેર મકાન કે જેને ગુજરાતમાં 'ઢુંઢ' કહે છે તેમાં વાસ કરતા રહ્યા. તેથી (યા તો ઢૂંઢક એટલે શોધકના અર્થમાં)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'ઢુંઢીયા'[૫૩૫] કહેવાયા. લવજીનો શિષ્ય **સોમજી** નામનો અમદાવાદ કાલુપુરનો ઓસવાલ (દશા પોરવાડ) શ્રાવક થયો તેણે સૂર્યની આતાપના બહુ જ કરી. 'પ્રથમ સાધ લવજી ભયે, દ્વિતીય **સોમ** ગુરુ ભાય', એમ તેમનામાં બોલાય છે. એક ગુજરાતવાસી (અમદાવાદ પાસેના સરખેજ ગામના) **ધર્મદાસ** છીપા (ભાવસાર) પોતાની મેળે-જાતે દીક્ષા લઈ મુખ ઉપર પટ્ટી બાંધી ઢુંઢીયાના સાધુ તરીકે બહાર પડયા-અમદાવાદમાં સં. ૧૭૧૬માં [આ માટે જુઓ **આત્મારામજીકૃત 'જૈન તત્ત્વાદર્શ'** ૧૨ મો પરિચ્છેદ વિજયપ્રભસૂરિનો સમય, તથા રા. વાડીલાલકૃત 'સાધુમાર્ગી જૈન ધર્માનુયાયીઓએ જાણવા જોગ કેટલીક ઐતિહાસિક નોંધ' પૃ. ૮૪ થી ૯૦]

૯૫૦. સત્યવિજય નામના ત૦ **વિજયસિંહસૂરિ**ના શિષ્ય થયા. તેમણે ક્રિયાઉદ્ધાર કરવા ગુરુની અનુમતિ માગી. ગુરુએ 'સુખ થાય તેમ કરો' એ પ્રમાણે કહેતાં તેઓ એકાકીપણે છઠ્ઠછઠ્ઠના તપ પૂર્વક આખા મેવાડ અને મારવાડમાં વિહાર કર્યો. ક્રિયાઉદ્ધાર એટલે આકરૂં તપ, આકરી ક્રિયા એ આકરા પરિષહ-એ દ્વારા લોકોમાં ધર્મની ઉત્તમ છાપ પાડી તેમને ધર્મમાં દૃઢ શ્રદ્ધાવાળા કરવા અને ચલિત ન થવા દેવા. અમૂર્ત્તિપૂજકોનું જોર પોતાની આકરી ક્રિયાથી મેવાડ-મારવાડમાં વિશેષ થતું ચાલ્યું હતું. તેથી આ મુનિના ક્રિયોદ્ધારથી પ્રત્યાઘાત થયો. સં. ૧૭૨૯માં **વિજયપ્રભસૂરિ** પાસેથી પંન્યાસપદ **સો**જતમાં મળ્યું ને ૮૨ વર્ષની વયે સં. ૧૭૫૬માં **પાટણ**માં સ્વર્ગવાસ થયો. કહે છે કે તેમણે રંગીન (પીળાં) વસ્ત્ર પ્રતિમાઉત્થાપક પક્ષથી અલગ તરીકે ઓળખાવા ગ્રહણ કર્યા હતાં અને ત્યારથી અત્યાર સુધી તપાગચ્છમાં તેવાં વસ્ત્રો મુનિઓથી પહેરાતાં ચાલ્યાં આવ્યાં લાગે છે. [વિશેષ માટે જુઓ મારો ગ્રંથ **'જૈન ઐ૦ રાસમાળા'**માં પ્રસ્તાવના પૃ. ૩૭ થી ૪૪, ને **નિર્વાણરાસ**, પૃ. ૧૦૮-૧૧૭.]

---

૫૩૫. 'ઢુંઢીયા' એ શબ્દ યશોવિજયના યુગમાં-૧૮મી સદીમાં પ્રચલિત હતો એ નિઃશંક છે. ખરતર ગચ્છમાં થયેલ ધર્મવર્ધન-ધર્મસિંહે (સં. ૧૭૧૭-૫૭) તે નામના સાધુઓ પર તિરસ્કારસૂચક કવિતો રચ્યાં છે તેમાંથી બે નીચે પ્રમાણે છે.

આયાં ને ઉપદેસ પ્રથમ પ્રતિમા મત પૂજો,
વાંદો મત અમ વિના દરસણી જતી દૂજો
દીજૈ વલિ નહીં દાન ભવે બીજે ભોગવનાં,
આગમ કંઈ ઉત્થપે લોહસું જડીયા લવણા
સીખ દો સીખ ન હુવે સમા ખોટી જડ રાખું ઢીયા,
પારકી નિંદા કરતા પ્રગટ ધર્મી કિહાંથી ઢુંઢીયા ?
લૂંકાથી નિકલે મતિહીન મલધારી

x x x

પૂજાદાન ઉથાપિ સૂંબ મને હુઆ સુહાણા, ઢૂઢ પંથ સૌહિલો નિપટ દુખ ખરચત નાણાં;
શ્રાવક પંથ તજ સુંબડા, મુનિ રઢ માડૈ મૂઢિયા, પંથ બિન્હે છંડિ ઉજડ પડયા, ઢૂઢસ ઝાલૈ ઢૂંઢિયા.

વળી પૌ૦ **ભાવપ્રભસૂરિ** (સં. ૧૭૬૯-૯૯) એ એક સવૈયામાં ગાળોના વરસાદથી લખ્યું છે તે ગાળો કાઢીને એ છે કે :- x x x x x બડે ઢુંઢિયે

પૂજા પ્રતિમા ઉવેખી દૂજો ભયે ગુરુદ્વેષી x x ન ગૃહી ન મુંડીયે.

યશોવિજયજીએ પોતે તો પ્રતિમાશતકમાં 'લુંપક' શબ્દ કટાક્ષમાં વાપર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૫૧. મેઘવિજય-યશોવિજયના સમસમયે હીરવિજયસૂરિની જ પરંપરામાં (હીરવિજય કનકવિજય-શીલવિજય-સિદ્ધિવિજય, કમલવિજય અને ચારિત્રવિજય એ ત્રણ પૈકી કમલવિજય-કૃપાવિજયના શિષ્ય) મેઘવિજય ઉપાધ્યાય થયા. તેઓ વ્યાકરણ, ન્યાય, સાહિત્યના વિષયો ઉપરાંત આધ્યાત્મિક અને જ્યોતિર્વિદ્યામાં પ્રવીણ હતા. તેઓ પોતાના દરેક ગ્રંથનો પ્રારંભ 'ૐ હ્રીં શ્રીં ક્લીં અર્હં ઐં નમઃ' એ મંત્રથી કરતા.

૯૫૨. દેવાનન્દાભ્યુદય મહાકાવ્ય ઐંકારથી અંકિત સં. ૧૭૨૭ માં સાદડીમાં રચી પૂર્ણ કર્યું. તેમાં પ્રતિશ્લોકે મહાકવિ માઘ રચિત માઘકાવ્યના પ્રતિશ્લોકનું છેલ્લું પાદ લઈ તેની સાથે પોતે ઉપજાવેલા ત્રણ પાદો સુંદર રીતે સંઘટિત કરીને તેમાં સાત સર્ગમાં વિજયસેનસૂરિના પટ્ટધર વિજયદેવસૂરિનું ભિન્નભિન્ન સમયનું ઈતિવૃત્ત એક ઈતિહાસરૂપે કવિતામાં પરિણમાવ્યું છે (લગભગ અઢીસર્ગ પ્ર. યશો. ગ્રંથમાલા). મેઘદૂત મહાકાવ્યના દરેક શ્લોકનું છેલ્લું પાદ આબાદ રાખી તેના ત્રણ પાદ પોતે રચી મેઘદૂત સમસ્યા લેખ તરીકે ૧૩૦ શ્લોકનું કાવ્ય રચ્યું છે. {*પ્ર.જૈ.આ.સ.*} ઉક્ત વિજયદેવસૂરિના પટ્ટધર વિજયપ્રભસૂરિ દેવપત્તનમાં ચાતુર્માસ હતા ત્યારે પોતે અવરંગાબાદ-દેવગિરિ હતા ત્યાંથી વિજ્ઞપ્તિ લેખરૂપે આ કાવ્ય તેમને મોકલેલ હતું.[૫૩૬] (પ્ર૦ આ૦ સભા નં. ૨૪ {*હિન્દી સાર સાથે સં. બેચરદાસ પ્ર. સીંઘી ગ્રં.*}).

તે વિજયપ્રભસૂરિના જીવનવૃત્તાંત તરીકે તેર સર્ગમાં સ્વોપજ્ઞ ટિપ્પણ સહિત દિગ્વિજય મહાકાવ્ય પણ રચ્યું છે; તેમાં તે સૂરિના પૂર્વના આચાર્યોના ટૂંક ઈતિહાસ સાથે વિજયપ્રભસૂરિનાં કર્ત્તવ્યો વિહારો ચોમાસાંઓ પ્રભૃતિ ઘણા વિષયો વર્ણવ્યા છે. {*સં અંબાલાલ શાહ પ્ર. સીંઘી ગ્રં.*}) અને તપાગચ્છ પટ્ટાવલી રચેલ છે. આ બધા પરથી ઐતિહાસિક વિગતો મળી આવે છે.

૯૫૩. કાવ્યની ચમત્કૃતિમાં એક વિશેષ પાદપૂર્ત્તિનો જબરો પ્રયત્ન પોતાના શાંતિનાથ ચરિત્રમાં કર્યો છે અને તેને નૈષધીય સમસ્યા એવું નામ પણ આપ્યું છે. તેમાં મહાકવિ હર્ષવિરચિત નૈષધીય મહાકાવ્યનું પ્રતિશ્લોકનું એક પાદ લઈને પોતાનાં નવાં ત્રણ પાદો સાથે મેળવી છ સર્ગમાં તે રચ્યું છે.{*પ્ર. અભયદેવ ગ્રં. અમૃતસૂરિકૃતટીકા સાથે પ્ર.જૈ.સા.વ. અને દર્શનસૂરિકૃતટીકા સાથે પ્ર.નેમિદર્શન જ્ઞાનશાળા*} આ સર્વે કરતાં અતિ ચમત્કારક કાવ્ય તો તેમનું સં. ૧૭૬૦ માં રચેલું સમસંધાન મહાકાવ્ય છે તે નવ સર્ગમાં વિભક્ત છે. તેમાં પ્રતિશ્લોક ઋષભદેવ, શાંતિનાથ, નેમનાથ, પાર્શ્વનાથ, મહાવીર એ પાંચ તીર્થંકરો તથા રામચંદ્ર ને કૃષ્ણવાસુદેવ એમ સાતના જીવનને લાગુ પડે છે, એટલે કે એક જ શ્લોક આ સાતે મહાપુરુષો સંબંધી એક જ જાતના શબ્દથી જુદી જુદી હકીકત વર્ણવે છે (પ્ર૦ જૈન વિવિધ સાહિત્ય શાસ્ત્રમાલા નં. ૩ આ. {*અમૃતસૂરિ કૃત સરણી ટીકા સાથે પ્ર. જૈન સા.વ. સભા*}).

---

૫૩૬. આને અંતે પોતે જણાવ્યું છે કે :-

માધકાવ્યં દેવગુરોર્મેંઘદૂતં પ્રભપ્રભોઃ । સમસ્યાર્થ સમસ્યાર્થ નિર્મમે મેઘપણ્ડિતઃ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ કાવ્ય પર પોતે ટીકા પણ રચી છે (અમુદ્રિત) વળી પોતે શિષ્ય મેરૂવિજય અર્થે બનાવેલી **પંચતીર્થ** સ્તુતિમાં એક એકના પાંચ અર્થ થાય છે (મુનિ વિચક્ષણવિજય પાસે) કે જે ઋષભનાથ, શાંતિનાથ, સંભવનાથ, નેમિનાથ અને પાર્શ્વનાથને લાગુ પડે છે. સાથે વૃત્તિ પણ આપી છે. **માન**તુંગસૂરિ વિરચિત ભક્તામર સ્તોત્ર પર તેમણે ટીકા કરી છે.

૯૫૪. લોક-સાહિત્યમાં **પંચા**ખ્યાન (પંચતંત્ર) પોતાની ભાષામાં રચ્યું છે અને કથાચરિત્રમાં લઘુત્રિષષ્ટિચરિત્ર ૫૦૦૦ શ્લોક પ્રમાણ હેમાચાર્યના વિસ્તૃત ચરિત્ર પરથી રચ્યું કે જેમાં ૬૩ શલાકા પુરુષો ટુંક ચરિત્ર છે. {*સં. આ. પ્રદ્યુમ્નસૂરિ પ્ર. શ્રુતજ્ઞા પ્ર. સભા ગુ. ભા. પં. મફતલાલ*}) **પંચ**મી કથા રચી છે (પં. હંસવિજય)

૯૫૫. વ્યાકરણના વિષયમાં **ચંદ્ર**પ્રભા (હૈમીકૌમુદી) નામનું વ્યાકરણ સં. ૧૭૫૭માં **આ**ગરામાં રચી પોતે શાબ્દિક પણ હતા પુરવાર કર્યું છે. તેમાં કૌમુદી માફક ક્રમ રાખી સિદ્ધ હેમાનુસાર રચના કરી છે. એટલે પાણિનીની જેમ કૌમુદી છે તે પ્રમાણે આ સિદ્ધહેમની કૌમુદી છે. આ **ચંદ્ર**પ્રભા કૌમુદીની માફક લઘુ, મધ્યમ અને ઉત્તમ એમ ત્રણ જાતની છે. ઉત્તમ ચન્દ્રપ્રભામાં ૮૦૦૦ {*પ્ર. શ્રેયસ્કર મંડલ, મહેસાણા*} શ્લોક પ્રમાણ છે. તેમણે પંન્યાસ **વ**લ્લભ ગણિના રચેલા **વિ**જયદેવ-માહાત્મ્ય પર વિવરણ કર્યું છે તેમાં તેના કેટલાક પ્રયોગોનો પરિસ્ફોટ કર્યો છે. {*પ્ર. જૈન સાહિત્ય. સં.*}

૯૫૬. જ્યોતિષ શાસ્ત્રમાં તેમણે ઉદયદીપિકા સં. ૧૭૫૨માં શ્રાવક **મ**દનસિંહના પ્રશ્નોત્તર રૂપે રચી. તેમાં પ્રશ્ન કાઢવાની વિધિ છે. (મુનિ વિચરણવિજયપાસે). **વ**ર્ષપ્રબોધ અથવા **મે**ઘમહોદય નામના ગ્રંથમાં ૧૩ અધિકારમાંને ૩૫૦૦ શ્લોકમાં ઉત્પાત પ્રકરણ, કર્પૂરચક્ર, પદ્મિનીચક્ર મંડલપ્રકરણ, સૂર્ય અને ચંદ્રના ગ્રહણનું ફલ, પ્રત્યેક માસમાં વાયુનો વિચાર, વરસાદ લાવવાના અને બંધ કરવાના મંત્રયંત્ર, સાઠ સંવત્સરોનાં ફલ ગ્રહોની રાશિઓ પર ઉદય અસ્ત યા વક્રીનું ફલ, અયન માસપક્ષ અને દિનનો વિચાર, સંક્રાંતિ ફલ, વર્ષના રાજા મંત્રિઆદિનો, વરસાદના ગર્ભનો, વિશ્વાનો, આય અને વ્યયનો વિચાર, સર્વતોભદ્ર ચક્ર અને વરસાદ જાણવાના શકુન આદિ વિષયોનો સમાવેશ છે. પોતાના શિષ્ય **મે**રૂવિજયનું તેમાં છેવટે સ્મરણ કર્યું છે. વિજયરત્નસૂરિના સમયમાં તે રચ્યો છે (હિંદી ભાષાંતર સહિત પ્ર૦ પં. ભગવાનદાસ જૈન). **સ**મલશાસ્ત્ર પણ શિષ્ય મેરૂવિજય માટે રચ્યું છે ને તેનો ઉલ્લેખ ઉક્ત **મે**ઘોદયમાં કર્યો છે. વિજયપ્રભસૂરિના સમયમાં હસ્તસંજીવન નામના અધિકારમાં ૫૨૫ શ્લોકના પુસ્તકમાં સામુદ્રિક વિષય છે-હસ્તરેખા પરથી ભવિષ્યના શુભાશુભ ફલાદેશ બતાવેલ છે. તેનું બીજું નામ **સિ**દ્ધજ્ઞાન છે. તેના પર પોતે સ્વોપજ્ઞ વૃત્તિ રચી છે (વૃત્તિ સહિત પ્ર૦ મોહનલાલજી ગ્રંથમાલા નં. ૮); મંત્ર પર **વી**સાયંત્ર વિધિ નામનો ગ્રંથ કર્યો છે કે જે પદ્માવતી સ્તોત્રના અંતર્ગત કાવ્ય પર વિવરણ-વૃત્તિ સમાન છે, તેમાં અર્જુનપતાકા-વિજયયંત્ર વાપરવાની વિધિ છે. {*પ્ર. મહાવીર ગ્રં.*}

૯૫૭. અધ્યાત્મ વિષયમાં **માતૃ**કાપ્રસાદ નામનો ગ્રંથ સં. ૧૭૪૭માં ધર્મનગરમાં બનાવ્યો તેમાં ઘણાં પ્રકરણો છે. મુખ્યતાએ ૐ નમઃ સિદ્ધમ્ તે વર્ણામ્નાયની વિસ્તીર્ણ વ્યાખ્યા આપી ૐ શબ્દમાંથી જે જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહસ્યો નીકળે છે તે સ્ફુટ કરી બતાવ્યાં છે. તેમાં ઉલ્લેખેલ **તત્ત્વગીતા-અર્હદ્‌ગીતા** પોતે ૩૬ અધ્યાયમાં રચી છે તેમાં જૈનદર્શનનું સ્વરૂપ સમજાવ્યું છે (પત્ર ૪૨ ની પ્રત મુનિ વિચક્ષણવિજય પાસે છે {*પ્ર. મહાવીર ગ્રં.*}). એક **બ્રહ્મબોધ** નામનો ગ્રંથ તેમણે રચેલો કહેવાય છે કે જ નામ પરથી અધ્યાત્મિક વિષય પર હોવો જોઈએ. આ ઉપરના સર્વ ગ્રંથો સંસ્કૃતમાં છે. પણ મૂળ પ્રાકૃત ગાથામાં તેની સંસ્કૃત ટીકા સહિત **યુક્તિપ્રબોધ** નાટક સાત અંકમાં તે ૪૩૦૦ શ્લોકમાં બનાવ્યું છે.{*પ્ર. ઋ. કે.*} તેમાં **બનારસીદાસ** (જુઓ પારા ૮૪૮-૫૦)ના અધ્યાત્મ મતના ભેદનું પ્રદર્શન કરી તેનું ખંડન કર્યું છે ને સાથે સાથે દિંગબરોની શ્વેતાંબરો સાથે ૮૪ બોલની જે ભિન્નતા છે તે બતાવી શ્વેતાંબરોની માન્યતાનું મંડન કર્યું છે (જુઓ ટિપ્પણી નં. ૫૦૮) એક બીજો **ધર્મમંજૂષા** નામનો ગ્રંથ બનાવ્યો છે (અમુદ્રિત) તેમાં ઢુંઢકોનાં મંતવ્યોનું ખંડન કર્યું છે-ગૂજરાતી ભાષામાં પણ આ **મેઘવિજયે** નાની કૃતિઓ રચી છે.[૫૩૭] {*આ ઉપરાંત લઘુત્રિ.ની પ્રસ્તાવનામાં આ. પ્રદ્યુમ્નસૂરિએ આ ગ્રંથો રચ્યાનું જણાવ્યું છે. કિરાત સમસ્યાપૂર્તિ, ભવિષ્યદત્તકથા, (પ્ર. પં. મફતલાલ) હૈમશબ્દચંદ્રિકા (પ્ર. ખેતસી મુ. પત્રી) હૈમશબ્દપ્રક્રિયા, પ્રશ્નસુન્દરી.*}

૯૫૮. યશોવિજયયુગમાં **યશોવિજય, વિનયવિજય** અને **મેઘવિજય** એ ત્રણ ઉપાધ્યાયોની સંસ્કૃત કૃતિઓ ઉપરાંત બીજાઓની જુજ છે, તે નીચે ટાંકીએ છીએ. સમર્થ વિદ્વાન યશોવિજયના યુગ પછી જૈનોમાં હજુ સુધી એક પણ ખાસ ધ્યાન ખેંચે એવી સંસ્કૃત કૃતિ કોઈએ કરી નથી એટલે કે ત્યારપછી સંસ્કૃતમાં જૈનસાહિત્ય નહિવત્ થયું.

૯૫૯. ૧૭૦૨માં **દયારુચિ** શિ૦ **હિતરુચિએ નલચરિત્ર** (બાલચંદ્રયતિ ભં. કાશી), સં. ૧૭૦૫માં **સમયસુંદર** શિ૦ **હર્ષનંદન** તથા **સુમતિકલ્લોલે સ્થા**નાંગવૃત્તિ ગત ગાથાવૃત્તિ, સં. ૧૭૦૭માં ત. **ધર્મસાગર** ઉ૦-**શ્રુત**સાગર શિ૦ **શાં**તિસાગરગણિએ રાજસાગર સૂરિરાજ્યે **કલ્પકૌમુદી** (કાં. છાણી; બુહ્. ૬ નં. ૮૩૩), સં. ૧૭૦૮માં ઉક્ત **ભા**વવિજયે વીજાપુરમાં **ચં**પકમાલાચરિત, ત૦ **વિજયસિંહસૂરિ વિમલહર્ષ-દાનચંદ્રે મૌ**નએકાદશી કથા (કાં. વડો), અને સં. ૧૭૧૦માં ત. **દેવવિજય** શિ૦ **જિનવિજયે કલ્યાણમંદિર** સ્તોત્રપર અવચૂરિ (હા. પાટણ)ની રચના કરી.

૯૬૦. આં. **કલ્યાણસાગરસૂરિએ** (સં. ૧૬૭૦-૧૭૧૮) પોતાના શિષ્ય **વિનયસાગર** માટે **મિશ્રલિંગકોશ-લિંગનિર્ણય** {*પ્ર. આર્યજય કલ્યાણ કેન્દ્ર*} (કાં. છાણી; બુહ્. ૬, નં. ૭૬૨) {***શાન્તિનાથ ચ. સુરપ્રિય ચ. પ્ર. સોમચંદ ધારસી અને સ્તોત્રો રચ્યા.***}) અને તે **વિનયસાગરે** કચ્છના **ભા**રમલ રાજાના

---

૫૩૭. આ **મેઘવિજય** તે **વિજયપ્રશસ્તિ** પૃ. ૫૯૭-૯૮માં ઉલ્લેખેલ સં. ૧૬૫૬ માં ઉપાધ્યાય પદ મેળવનાર મેઘવિજયથી જુદા છે. આ કવિના સ્વહસ્તલિખિત કેટલાક ગ્રંથો અને પત્રો કિસનગઢના રણજીતમલ્લ નાહટાએ વિજયધર્મસૂરિને આપી દીધેલ પુસ્તકસંગ્રહમાં ઉપલબ્ધ છે. (જુઓ **'જૈનશાસન'** નો ચૈત્ર વદિ ૦)) વીરાત્ ૨૪૩૯ નો અંક પૃ. ૪૨૧ થી ૪૬ માં) કેટલાક ગ્રંથ વિજયવલ્લભસૂરિના શિષ્ય વિચક્ષણ વિજય પાસે અમે જોયા છે. મેઘવિજયની રચનાઓ માટે-જુઓ જૈનશાસનના વીરાત્ ૨૪૩૯ ચૈત્ર વદિ અમાસના અંકમાં પંડિત **બહેચરદાસનો** લેખ નામે 'મહોપાધ્યાય શ્રીમેઘવિજય વાચક', તે પરથી ટુંકમાં મેં તંત્રી તરીકે તારવેલ લેખ 'જૈન શ્વે. કૉ. હેરલ્ડ' જુલાઈ-ઓકટોબર ૧૯૧૫ નો અંક પૃ. ૪૩૦-૩૨, પંડિત **હરગોવિન્દદાસની** સમસંધાન કાવ્યની પ્રસ્તાવના. {*લઘુત્રિશષ્ટિ ગ્રંથમાં આ. પ્રદ્યુમ્નસૂરિ મ.ની પ્રસ્તાવના.*}

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુંવર ભોજરાજના વારામાં તેના નામથી શ્લોક તથા કાવ્યમાં ભોજવ્યાકરણ (વેબર નં. ૧૬૩૬ પૃ. ૨૦૩-૪{*પ્ર. આર્યજય કલ્યાણ કેંદ્ર.*}) રચ્યું કે જેની સં. ૧૭૬૩ની પ્રત મળે છે, અને વળી તેણે સારસ્વત વ્યાકરણનાં સૂત્રોને પદ્ય-છંદમાં મૂકી વૃદ્ધચિંતામણી નામના ગ્રંથમાં (વિવેક૦ ઉદે૦) ગૂંથ્યાં. {*વિશેષ માટે જુઓ કલ્યાણ ગૌત્તમ સ્મૃતિ ગ્રંથ પૃ. ૨૬૯ થી.*}

૯૬૧. સં. ૧૭૨૨ લગભગ ખ. જિનમાણિકયસૂરિશાખાના વિનયસમુદ્ર-રત્નવિશાલ-લબ્ધિવિજયના શિષ્ય મહિમોદયે જ્યોતિષ રત્નાકર નામનો જ્યોતિષગ્રંથ રચ્યો (ગુ. નં. ૬૩-૨૪)

૯૬૨. ત૦ ચારિત્રસાગર-કલ્યાણસાગર-યશઃસાગરશિષ્ય યશસ્વતસાગર (જસવંતસાગર) થયા. તે પણ વિદ્વાન હતા. તેમણે વિચારષટત્રિંશિકા પર અવચૂરિ સં. ૧૭૨૧ (૧૭૧૨ ?), ભાવસપ્તતિકા સં. ૧૭૪૦માં, જૈનસપ્તપદાર્થી સં. ૧૭૫૭માં, પ્ર. સંગ્રામપુરમાં જયસિંહના રાજ્યમાં પ્રમાણવાદાર્થ સં. ૧૭૫૯માં, ગણેશકૃત ગ્રહલાઘવ નામના જ્યોતિષના ગ્રંથપર વાર્ત્તિક સં. ૧૭૬૦માં, જન્મકુંડલીપર યશોરાજી રાજપદ્ધતિ (સ્વલિખિત સં. ૧૭૬૨), રત્નાકરાવતારિકા પંજિકામાંથી વાદાર્થનિરૂપણ, સ્તવનરત્ન રચ્યાં. આ સર્વેની પ્રતો ઉદયપુરના વિવેકવિજય યતિના ભંડારમાં ઉપલબ્ધ છે. તેમણે સ્યાદ્વાદ મુક્તાવલી પણ રચેલ છે તે મુદ્રિત થયેલ છે. {*પ્ર. વાડીલાલ વખતચંદ.*}

૯૬૩. સં. ૧૭૨૬માં ત૦ પ્રજ્ઞોદયરૂચિ-હિતરૂચિ શિ૦ હસ્તિરૂચિએ વૈદ્યક ઉપર એક ગ્રંથ નામે વૈદ્યવલ્લભ (જ્વર, સ્ત્રીરોગ, કાસક્ષયાદિ રોગ, ધાતુરોગ, અતિસારાદિ રોગ, કુષ્ટાદિ રોગ, શિરકર્ણાક્ષિરોગના પ્રતિકાર તથા સ્તંભન પર મુરાદિસાહિ ગુટિકા-એ) આઠ અધ્યાયમાં રચ્યો (વે. નં. ૨૦૪, પી. ૪ નં. ૧૦૯૫) સં. ૧૭૩૦ માં ત૦ ધીરવિજય-લાભવિજય શિ૦ વૃદ્ધિવિજયે ૩૮ ગાથામાં શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન રચ્યું (હા૦ પા૦). સં. ૧૭૩૧માં ત૦ વિજયાનંદ સૂરિ-શાંતિવિજય શિ૦ માનવિજયે અમદાવાદમાં ત્યાંના એક પ્રસિદ્ધ આગેવાન શાંતિદાસ (પ્રસિદ્ધ ઓસવાળ ઝવેરી શાંતિદાસથી ભિન્ન)ની પ્રાર્થનાથી વૃત્તિસહિત ત્રણ અધિકારમાં ધર્મસંગ્રહ નામનો મોટો ગ્રંથ સંસ્કૃતમાં રચ્યો તેમાં શ્રાવક અને સાધુ-ધર્મ સંબંધી ઘણી બાબતોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. (થોડો ભાગ ગૂ૦ ભા૦ સાહિત પ્ર૦ જૈન વિદ્યા પ્રસારક વર્ગ {*આ. ભદ્રંકરસૂરિ મ.ના સંપૂર્ણ ગુ. અનુ. સાથે બે ભાગમાં પ્ર. જૈન વિદ્યાશાળા.*} મૂળ આખો બે ભાગમાં પ્ર૦ દે૦ લા૦ નં. ૨૬ અને ૪૫ {*જિ. આ. ટ્ર. દ્વારા ત્રણ ભાગમાં સં. મુનિચન્દ્ર વિ.*}). આ ગ્રંથનું સંશોધન શ્રી યશોવિજય ઉપાધ્યાયે કર્યું ને તેનો પ્રથમાદર્શ કાંતિવિજય ગણિએ લખ્યો. ઉક્ત શાંતિદાસના પિતા શ્રીમાલી વણિક નામે મતિઆ હતા કે જેમણે હમેશાં ગૃહને દાનશાલા બનાવી તીર્થરાજ આદિની યાત્રા કરી સાતે ક્ષેત્રમાં વિત્ત વાપર્યું હતું, અને આ શાંતિદાસ પોતે પણ ઉદાર હતા અને તેમણે ગૂજરાતમાં પડેલા દુકાળમાં રંકોને અન્ન વસ્ત્ર ઔષધ આપી જગડુશા જેવી ખ્યાતિ મેળવી હતી; વળી સાધર્મિકોમાં બહુદાન કરી છેવટે પુત્રને પોતાનાં ઘર ને કારભાર સોંપી નિવૃત્ત થઈને સિદ્ધાંત શ્રવણાદિ ધર્મ કરવામાં પ્રવૃત્ત થયા હતા. તે સમયે આ ગ્રંથ રચવાની પ્રાર્થના કરી હતી.

૯૬૪. સં. ૧૭૩૧માં ઉદયચંદે મરૂદેશના અનૂપસિંહરાજાની આજ્ઞાથી મનજી આદિ પંડિતના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મતને તોડી પોતાના મતની પ્રમાણથી પુષ્ટિ કરતો **પાંડિત્યદર્પણ** નામનો ગ્રંથ, સં. ૧૭૩૮માં ખ૦ **જિનહર્ષસૂરિ સુમતિહંસ** શિ૦ **મતિવર્ધને** જગતારિણી નગરીમાં **ગૌતમપૃચ્છા** પર સુગમવૃત્તિ (કી. ૨ નં. ૩૭૬; વે. નં. ૧૫૯૮)ની રચના કરી. સં. ૧૭૪૫માં ખ૦ **લક્ષ્મીકીર્ત્તિ** શિ૦ **લક્ષ્મીવલ્લભે ધર્મોપદેશ** પર વૃત્તિ (જે૦ *{સં. પુણ્યકીર્તિ વિ. પ્રકા. સન્માર્ગ પ્ર.}*) રચી તથા તેમણે **ઉત્તરાધ્યયન** પર વૃત્તિ *{સં. મુનિ ભાગ્યેશવિજય પ્રકા. ભદ્રંકર પ્ર.}* અને **કલ્પસૂત્ર** પર **કલ્પદ્રુમકલિકા** નામની રચેલી વૃત્તિઓ પ્રસિદ્ધ છે. (જેસ. પ્ર. પૃ. ૪૨)

૯૬૫. ત. **વિજયવિમલ-ધીરવિમલ-નયવિમલે** (પછીથી થયેલ **જ્ઞાનવિમલસૂરિ**)એ પ્રાકૃત અને ગૂ. ભાષામાં સં. ૧૭૩૮માં રચાયેલ **વિનયવિજયકૃત શ્રીપાલરાસ** પરથી સંસ્કૃતમાં **શ્રીપાલચરિત્ર** (કાં. વડો *{પ્ર. દે. લા.}*) અને **વિજયપ્રભસૂરિના** રાજ્યે (સં. ૧૭૧૦ થી ૧૭૪૭) **પ્રશ્નવ્યાકરણ** પર ટીકા (કાં. વડો) તથા તે સૂરિના રાજ્યે ત. જયવિજય શિ૦ **માનવિજયે** પોતાના શિષ્ય **દેવવિજય** માટે **ધર્મપરીક્ષા** (કાં. વડો)ની રચના કરી. સં. ૧૭૫૧માં પાઠક **ચારુદત્ત-કલ્યાણનિધાન** શિ૦ **લબ્ધિચંદ્રગણિએ જન્મપત્રી** પદ્ધતિ (કી. ૩, નં. ૧૫૬), સં. ૧૭૬૫માં **રંગવિજયે** ગૂર્જરદેશભૂપાવલી ૯૪ શ્લોકમાં રચી.

૯૬૬. સં. ૧૭૫૦માં ત. વિજયરાજસૂરિ શિ૦ **દાનવિજયે** પોતાના શિષ્ય દર્શનવિજય માટે **કલ્પસૂત્રપર દાનદીપિકા** નામની ટીકા[૫૩૮] (કાં. છાણી), અને સં. ૧૭૭૦ ની આસપાસ ગૂર્જરધરામાં વિખ્યાત એવા **શેખ ફત્તે**ના પુત્ર બડેમિયાંને શીખવા માટે **શબ્દભૂષણ** નામનું એક સંસ્કૃત પદ્યમાં વ્યાકરણ (વે. નં. ૮૫; ભાં. ૧૮૮૨-૮૩ નં. ૪૫૭)ની રચના કરી.

૯૬૭. સં. ૧૭૮૧ માં ત. સુમતિવિજય શિ. **રામવિજયે** ઉપદેશમાલા પર વૃત્તિ (લીં. ગૂ૦ ભાષાં૦ પ્ર૦ જૈ. ધ૦ સભા) અને તપાગચ્છની રત્નશાખામાં અને ન્યાયરત્ન શિ૦ **હંસરત્ને ધનેશ્વરકૃત શત્રુંજય** માહાત્મ્ય પરથી **શત્રુંજય** માહાત્મ્યોલ્લેખ નામનો ૧૫ સર્ગમાં સાદા સંસ્કૃત ગદ્યમાં સાર રચ્યો. (વે. નં. ૧૭૭૬ *{પ્ર. દિવ્ય દર્શન ટ્રસ્ટ વગેરે.}*)

૯૬૮. પૌર્ણમિકગચ્છના **ભાવપ્રભસૂરિ પાટણના** ઢંઢેરવાડામાં થયા. તેઓ **વિદ્યાપ્રભ-લલિતપ્રભ-વિનયપ્રભ મહિમપ્રભના** શિષ્ય હતા. સં. ૧૭૮૪માં **ભક્તામર** સમસ્યા પૂર્ત્તિ (**નેમિભક્તામર**) સ્તવન સ્વોપજ્ઞ ટીકા સહિત (કાં. છાણી. પ્ર. આ૦ સમિતિ) અને સં. ૧૭૯૧માં ત્યાં **કલ્યાણમંદિર** સ્તોત્રની સમસ્યા પૂર્ત્તિ સ્તવન (જૈનધર્મવર સંસ્તવન) સ્વોપજ્ઞ વૃત્તિ સહિત (પી. ૫; ૧૭૦ *{સં. હી. ર. કાપડીયા, પ્રકા. દે. લા.}* રચ્યાં. તે દરેકમાં મૂલ જે સ્તોત્રની સમસ્યા પૂર્ત્તિ કરી છે તે એવી રીતે કે તે દરેક શ્લોકનું છેલ્લું પદ તે સ્વરચિત સ્તવનોના દરેક શ્લોકના ચોથા પદ તરીકે આવે. તેમણે ઉ. **યશોવિજયના નયોપદેશ** પર લઘુ વૃત્તિ (પ્ર. જૈ. ધ.) તથા **પ્રતિમાશતક** પર લઘુ ટીકા (પ્ર. આ. સભા) પણ રચી છે.

૯૬૯. સં. ૧૭૯૨માં **પંકિતપતાકા** નામનો ગ્રંથ રચાયો (કાં. વડો.), સં. ૧૭૯૩માં ત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિમલકીર્ત્તિ શિ૦ વિમલસૂરિએ ઉપદેશશતક (કેશરવિજય ભં. વઢવાણ) અને સં. ૧૭૯૭માં રત્નચંદ્રે નવતત્ત્વ પ્રકરણ પર ટિપ્પન (ચુનીજી ભં. કાશી), (લો) તેજસિંહે સં. ૧૭૯૮માં સિદ્ધાન્તશતક (પ્ર. કા.) તથા દૃષ્ટાન્તશતક (પ્ર. જૈન કથારત્નકોષ ભાગ ૫ માં) રચ્યાં.

૯૭૦. આ શતકના અંતમાં યા ૧૯મા શતકના પ્રારંભમાં તપાગચ્છના વિજયદયાસૂરિના રાજ્યમાં (સં. ૧૭૮૫-૧૮૦૯) ભાવસાગર શિષ્ય વિનીતસાગરના શિષ્ય ભોજસાગરે જૈનફિલસુફીનો દ્રવ્યાનુયોગતર્કણા નામનો ગ્રંથ સ્વોપજ્ઞ ટીકા સહિત રચ્યો (હિન્દી અનુવાદ સહિત પ્ર. પરમશ્રુત પ્રભાવક મંડળ). તેમાં ૧૫ અધ્યાયોમાં દ્રવ્ય ગુણ, પર્યાયનું સ્વરૂપ તથા પ્રમાણ અને નય પર વિચારણા પ્રાચીન આગમ અને સન્મતિ આદિ ગ્રંથોની પુષ્ટિ પ્રમાણ સહિત બતાવેલ છે. આમાં કિંચિત્ રચના યશોવિજયજીના પોતાના ગૂજરાતી દ્રવ્યગુણ પર્યાયરાસ પર લખેલ ભાષાવિવરણ પરથી કરી છે. ઉપા. યશોવિજયે મલ્લવાદીના નયચક્રને બરાબર ગોઠવી કરેલ નવચક્રતુંબ સં. ૧૭૧૪નો લખેલો પાટણના હાલાભાઈ ભંડારના દા. ૫૯માં વિદ્યમાન છે.

---

૫૩૮. બુહ્. ૨ માં આ સંબંધી એમ છે કે કર્ત્તા તે હીરવિજયસૂરિ કીર્ત્તિવિજય-સૂરવિજયગણિના શિષ્ય હતા ને તે કૃતિ સં. ૧૭૨૨માં તેજવિજયગણિના કહેવાથી વિજયરાજસૂરિ (સ્વ. ૧૭૪૨)ના રાજ્યમાં રચવામાં આવી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાળલબ્ધિ લઈ પંથ નિહાલશું રે એ આશા અવલંબ
એ જન જીવેરે જિનજી ! જાણજોરે **આનંદઘન** મત-અંબ-પંથડો૦ X

જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો વર્જિત સકલ ઉપાધિ, સુજ્ઞાની
અતીંદ્રિય ગુણમણિ-આગરૂ ઈમ પરમાતમ સાધ, સુજ્ઞાની, X

દુઃખ-સુખરૂપ કરમફળ જાણો, નિશ્ચય એક આનંદો રે
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે-વાસુ૦ X

આતમજ્ઞાની શ્રમણ કહાવે બીજા તો દ્રવ્યલિંગી રે
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે **આનંદઘન**-મત-સંગી રે-વાસુ૦ X

ગચ્છના ભેદ બહુ નયણ નિહાલતા તત્ત્વની વાત કરતાં ન લાજે
ઉદરભરણાદિ નિજ કાજ કરતા થકા મોહ નડિયા કલિકાળરાજે-ધાર. X

પ્રવચન-અંજન જો સદગુરુ કરે દેખે પરમ નિધાન જિનેશ્વર !
હૃદયનયન નિહાળે જગધણી મહિમા મેરૂ સમાન જિનેશ્વર !-ધર્મ૦ X

અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે
અમિત ફળ દાન દાતારની, જેહની ભેટ થઈ તુજ રે-શાંતિ૦ X

ષડ્દર્શન જિન-અંગ ભણીજે, ન્યાય ષડંગ જો સાધે રે
નમિ જિનવરના ચરણ ઉપાસક, ષડ્ દર્શન આરાધે રે-ષડ્૦ X

-**આનંદઘન**કૃત સ્તવનોમાંથી.

૯૭૧. આ શતકમાં પૂર્વના શતકો કરતાં અધિક પૂરમાં ગદ્ય અને પદ્ય ગૂજરાતી સાહિત્ય જૈનો તરફથી રચાયું છે. પદ્ય સાહિત્યથી 'જૈનગૂર્જર કવિઓ' બીજો ભાગ આખો લગભગ છસો પાનાંથી ભરાયો છે. ગદ્યસાહિત્યનો નામનિર્દેશ ત્યાં પૃ. ૫૯૦ થી ૫૯૪ માં કર્યો છે. તેમાંથી અને બીજેથી નામનિર્દેશ અત્ર કરીશું.

૯૭૨. ગદ્યસાહિત્ય-યોગી મહાત્મા **આનંદઘન**ની ચોવીશી પૈકી ૨૨ સ્તવનો પર **યશો**વિજયે બાલાવબોધ કર્યો હતો. પરંતુ દુર્ભાગ્યે તે હજુ પ્રાપ્ત થયો નથી. તે ઉપરાંત તેમણે પંચનિર્ગ્રંથી (પ્રા.) પર (લ. સં. ૧૭૨૩) અને પોતાના ગ્રંથ નામે **અધ્યાત્મમત** પરીક્ષા અને **જ્ઞાન**સાર પર બાલાવબોધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યા છે એટલું જ નહિ પરંતુ પોતાની ગૂજરાતી પદ્ય કૃતિઓ નામે દ્રવ્ય ગુણપર્યાય રાસ, ૩૫૦ ગાથાના સીમંધર સ્તવન, ૧૫૦ ગાથાના મહાવીર સ્તવન (સં. ૧૭૩૩), સમ્યક્ત્વના છ સ્થાન સ્વરૂપ ચોપઈ (સં. ૧૭૩૩) પર પણ બાલાવબોધ રચ્યા છે. વિચારબિંદુ એ પોતાના ધર્મપરીક્ષાના વાર્ત્તિક તરીકે પ્રશ્નોત્તર રૂપે ગદ્યમાં રચેલ છે. સત્યવિજય શિ. વૃદ્ધિવિજયે ઉપદેશમાલાનો બાલાવબોધ (સં. ૧૭૧૦ કે ૧૭૩૩) રચ્યો. તેમાં ઉ. યશોવિજયે સહાય આપી છે. સં. ૧૬૬૫માં વિજયદેવસૂરિના રાજ્યે 'લોકનાલ'નો બાલાવબોધ કરનાર જશવિજય તે વિમલહર્ષના શિષ્ય હોઈ આ યશોવિજયથી ભિન્ન છે; પાલીતાણામાં મુનિ કર્પૂરવિજયના ભંડારમાં એક યશોવિજયની સં. ૧૬૬૫ની ધાતુપાઠની લખેલી પ્રત છે તે પણ આ યશોવિજય નહિ, પણ ઉક્ત વિમલહર્ષ શિષ્ય હોવા ઘટે છતાં તે જોઈ નક્કી કરવાની જરૂર રહે છે. તત્ત્વાર્થસૂત્ર પર એક યશોવિજયગણીએ ગૂજરાતી ટબો (પ્ર. કા.) કર્યો છે તે તો આપણા આ નૈયાયિક યશોવિજય હોવા ઘટે કારણ કે તેમણે સંસ્કૃતમાં તે સૂત્રના ભાષ્ય પર વૃત્તિ કરી છે, પણ પં. સુખલાલજી તેને તેથી ભિન્ન માને છે. તે ટબાકારે તત્ત્વાર્થના દિગંબરી સર્વાર્થસિદ્ધિ નામની વૃત્તિને માન્ય સૂત્રપાઠને લઈ તેના પર માત્ર સૂત્રના અર્થ પૂરતો ટબો લખ્યો છે અને ટબો લખતાં તેમણે જ્યાં જ્યાં શ્વેતાંબર અને દિગંબરનો મતભેદ કે મતવિરોધ આવે છે ત્યાં સર્વત્ર શ્વેતાંબર પરંપરાને અનુસરીને જ સૂત્રનો અર્થ કર્યો છે. આમ સૂત્રપાઠ દિગંબરીય છતાં અર્થ શ્વેતાંબરીય છે,-જુઓ પં. સુખલાલજીની તત્ત્વાર્થ સૂત્ર પર ગૂજરાતી વ્યાખ્યા ભાગ બીજાની પ્રસ્તાવના પૃ. ૪૮-૫૦.

૯૭૩. ૧૭૦૭માં ત૦ દેવવિજય-શાંતિવિજય શિ. ખીમાવિજયે મહમ્મદાવાદમાં જયવિજય શિ. મેરૂવિજયની સહાયથી કલ્પસૂત્ર પર (ખેડા ભં.), ૧૭૦૯માં કેશવજી ઋષિએ દશાશ્રુત સ્કંધ પર, સં. ૧૭૧૧માં ખ. રત્નસાર ગણિ-હેમનંદન શિષ્ય યતીન્દ્રે દશવૈકાલિક પર (વે. નં. ૧૪૮૧), તથા બૃ૦ ત૦ દેવરત્નસૂરિ-રાજસુંદર શિષ્ય પદ્મસુંદર ગણિએ રત્નકીર્ત્તિસૂરિના રાજ્યે (સં. ૧૭૧૧ થી ૧૭૩૪ વચ્ચમાં) ઉત્તમ અને સુંદર ટબાર્થ ભગવતી સૂત્ર પર (હા. પા.; પ્ર. કા), સં. ૧૭૧૨માં કટુક (કડવા) મતના સા કલ્યાણજીએ કાય-સ્થિતિ પ્રકરણ પર (પાલણપુર ડાયરા ભં. દા. ૩૧ નં. ૧૫ સ્વલિખિત), ૧૭૧૪માં કુંવરવિજયે અને વૃદ્ધિવિજય શિ. કનકવિજયે સં. ૧૭૩૨માં શાહિપુરમાં રત્નાકર પંચવિંશતિ પર, ૧૭૧૬માં ત૦ સોમવિમલસૂરિ-હર્ષસોમ-જશસોમ શિષ્ય જયસોમે છ કર્મ ગ્રંથ પર (પ્ર૦ પ્રકરણ રત્નાકર ભાગ ૪), ૧૭૨૨માં દાનવિજયે સ્વકૃત કલ્પ સૂત્ર સ્તવન પર, સં. ૧૭૨૪માં ભાનુવિજય શિ. લાવણ્યવિજયે સુધારેલો કલ્પસૂત્ર પર, સં. ૧૭૨૮ પહેલાં લોંકાગચ્છના રત્નસિંહ-દેવજી શિષ્ય ધર્મસિંહે ૨૭ સૂત્ર પર, ૧૭૨૯માં ખ૦ માનવિજય-કમલહર્ષ શિ. વિદ્યાવિલાસે કલ્પસૂત્ર પર, કનકસુંદરે જ્ઞાતાધર્મ કથાંગ પર (લ. સં. ૧૭૩૧) માનવિજયે નવતત્ત્વ પર, ૧૭૪૪માં જીતવિમલે ઋષભ પંચાશિકા પર, ૧૭૪૬માં ધર્મસાગર-શ્રુતસાગર-શાંતિસાગર શિ૦ અમૃતસાગરે ધર્મસાગરકૃત સર્વજ્ઞશતક પર બાળાવબોધની રચના કરી.

૯૭૪. સં. ૧૭૩૯ થી ૭૩ સુધીમાં જ્ઞાનવિમલસૂરિએ (સં. ૧૭૫૮માં) પચ્ચખાણ ભાષ્ય આદિ ત્રણ ભાષ્ય, આનંદઘનકૃત ચોવીશી પૈકી ૨૨ સ્તવનો (૧૭૬૯), યશોવિજયજીકૃત યોગદષ્ટિની સઝાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા ૩૫૦ ગાથાનું **સ્તવન**, (૧૭૭૩માં) **પાક્ષિકસૂત્ર**, **લોકનાલ** પર, ૧૭૬૩માં **દીપસાગર** શિ. **સુખસાગરે** કલ્પપ્રકાશ નામનો જિનસુંદર સૂરિકૃત **દીપાલિકા** કલ્પસૂત્ર પર, ૧૭૬૬ પહેલાં નવતત્ત્વ અને ૧૭૭૩માં **પાક્ષિકસૂત્ર** પર, સં. ૧૭૭૬માં ખ૦ **પદ્મચંદ્રના** શિષ્યે નવતત્ત્વ પર તથા તે આસપાસ ત. વિજય**માનસૂરિ** શિ૦ **આનંદવિજયે** ક્ષેત્રસમાસ પર, સં. ૧૭૬૩ પહેલાં **હીરવિજયસૂરિ-કીર્ત્તિવિજય-સૂરવિજય-જ્ઞાનવિજયે જ્ઞાનદીપિકા** નામનો કલ્પસૂત્ર પર (૧૯૪ સને ૧૮૭૧-૭૨ ભાં. ઈ.) ૧૭૬૩માં **જિનહર્ષે દીપાલી** કલ્પ પર, અને શુભશીલકૃત પૂજા પંચાશિકા પર, ૧૭૬૭માં ત૦ **રવિકુશલ** શિ. દેવકુશલે **શત્રુંજય** માહાત્મ્ય પર, ૧૭૭૨માં **જિનવિજયે જીવાભિગમ** પર, ૧૭૭૪માં રાજનગરમાં ત૦ ઉત્તમસાગર શિ. **ન્યાયસાગરે** સ્વકૃત ગૂજરાતી સમ્યક્ત્વ વિચાર ગર્ભિત મહાવીર જિનસ્ત. પર (પ્ર. પ્રકરણ રત્નાકર ભા. ૩), ૧૭૮૪ માં ત. **વિજયાનંદસૂરિ-હંસવિજય** શિ. **ધીરવિજયે મૌનેકાદશીકથા** પર, **દેવચંદ્રે ગુરુ** ષટ્ત્રિંશિકા પર, ૧૭૯૮માં **ભોજસાગરે રત્નશેખરસૂરિ** કૃત **આચાર** પ્રદીપ પર, સં. ૧૭૯૮ પહેલાં **હંસરત્ને અધ્યાત્મકલ્પદ્રુમ** પર (પ્ર૦ પ્રકરણ રત્નાકર ભાગ ૩), ૧૭૯૯ માં ત૦ વિજય**દાનસૂરિ-ગંગવિજય-મેઘવિજય-ભાણવિજય** શિ૦ **લક્ષ્મીવિજયે અજિતપ્રભસૂરિકૃત શાંતિનાથ** ચરિત્ર પર, ૧૭૯૯ (લ. સં.) **દેવચંદ્રે** સ્વકૃત ચોવીસી પર, સં. ૧૮૦૦ પહેલાં ત૦ વિજય**સિંહ-ગજવિજય-ગુણવિજય-જ્ઞાનવિજય** શિ. **બુધવિજયે યોગશાસ્ત્ર** પર (ખેડા ભં.), ૧૮૦૦ માં **ભાનુવિજયે ભાવદેવકૃત પાર્શ્વનાથચરિત્ર** પર બાળાવબોધ રચ્યા છે. તે સિવાય, **ધર્મસિંહે સમવાયાંગ** હુંડી વગેરે, ખ૦ **જિનહર્ષે** ત. **જિનસુંદર** સૂરિકૃત **દીવાળી** કલ્પ પર ગૂ૦ વાર્ત્તિક, **જ્ઞાનવિમલસૂરિએ સપ્તનયપર** વિવરણ, અને **દેવચંદ્રે** ૧૭૭૬માં **આગમસાર** અને સં. ૧૭૯૬માં નવાનગરમાં **વિચારસાર**, ગદ્યમાં રચેલ છે. કર્ત્તાના નામ વગર જુદે જુદે સમયે લખાયેલા બાળાવબોધ ઘણા મળી આવે છે કે જેનો ઉલ્લેખ અત્ર કર્યો નથી.

૯૭૫. કાવ્ય સાહિત્ય-'જૈન ગૂર્જર કવિઓ' બીજા ભાગમાં ઉલ્લેખેલા કવિઓની સંખ્યા ૧૮૦ લગભગ અને કૃતિઓની ૪૦૦ ઉપરાંત છે. અત્ર અવકાશાભાવે તે સર્વેના તેમજ બીજા સાંપડેલા કવિઓ અને કૃતિઓના વિવેચનમાં ઉતર્યા વગર માત્ર તે કવિઓનો નામનિર્દેશ કરી સંતોષ લઈશું, અને વિસ્તારથી વિવરણ કરવાનું તે ગ્રંથના ત્રીજા ભાગની પ્રસ્તાવના માટે રાખીશું:-

૯૭૬. આનંદઘન સં. ૧૭૦૦ થી ૧૭૧૩ લગભગ, **વિનયવિજય** ૧૬૯૬-૧૭૩૮, **યશોવિજય** ૧૭૦૦-૧૭૪૩ (કે જે ત્રણ વિષે અગાઉ કહેવાઈ ગયું છે.), જયરંગ કાવ્યકાલ ૧૭૦૦-૨૧, **જ્ઞાનસાગર** ૧૭૦૧-૧૭૩૦, **વિનયશીલ**, ભુવનસોમ ૧૭૦૧, લબ્ધિવિજય ૧૭૦૧-૩, **આણંદ** ૧૭૦૨-૪, વિનયસાગર ૧૭૦૨, પુણ્યનિધાન તથા **સૂરસૌભાગ્ય** ૧૭૦૩, **માનવિજય**, રાજસાર ૧૭૦૪, **જિનહર્ષ** ૧૭૦૪-૧૭૬૨, મેરૂલાભ (**માહાવજી**) ૧૭૦૫, કેશરકુશલ ૧૭૦૬, **જ્ઞાનકુશલ**, લબ્ધોદય ૧૭૦૭, વીરવિજય ૧૭૦૮, **પદ્મ**, **રાજવિજય** ૧૭૦૯, **પુણ્યહર્ષ** ૧૭૦૯-૩૫, **ધનદેવ** ૧૭૧૦ પહેલાં, **સુમતિહંસ** ૧૭૧૧-૨૩, **તેજસિંહ** ૧૭૧૧-૪૮, **અભયસોમ** ૧૭૧૧-૨૯, **વિદ્યારુચિ** ૧૭૧૧-૧૭, **આણંદવર્દ્ધન**, ઈંદ્રસૌભાગ્ય, ઉત્તમસાગર ૧૭૧૨, વૃદ્ધિવિજય ૧૭૧૨-૧૩, **મેઘવિજય** ૧૭૧૩-૨૧, **નયપ્રમોદ**,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુભવિજય અને સિદ્ધિવિજય ૧૭૧૩, ઉદયવિજય, ગજકુશલ અને પદ્મચંદ્ર ૧૭૧૪, પદ્મવિજય ૧૭૧૫, તિલકસાગર ૧૭૧૫ પછી. માનવિજય ૧૭૧૬-૨૨, હસ્તિરુચિ ૧૭૧૭-૩૯, ઉદયસૂરિ, જિનદાસ ૧૭૧૯, ધર્મવર્દ્ધન (ધર્મસિંહ) ૧૭૧૯-૫૭, સુમતિવલ્લભ ૧૭૨૦, હેમસૌભાગ્ય ૧૭૧૫ પછી અને ૧૭૨૧ પહેલાં પદ્મચંદ્રસૂરિ, સુરજી ૧૭૨૧, મેરૂવિજય ૧૭૨૧-૨૨, મહિમાઉદય, મહિમાસૂરિ, વીરવિમલ ૧૭૨૨, સુમતિરંગ ૧૭૨૨-૨૭, લાભવર્દ્ધન (લાલચંદ) ૧૭૨૩-૧૭૭૦, માનસાગર ૧૭૨૪-૪૬, ગુણસાગર તત્ત્વવિજય, પરમસાગર ૧૭૨૪, સમયકીર્ત્તિ ૧૭૨૫, ધર્મમંદિર ૧૭૨૫-૪૨, લક્ષ્મીવલ્લભ ૧૭૨૫-૩૮, જીતવિજય, યશોનંદ ૧૭૨૬, ધીરવિજય ૧૭૨૭ પહેલાં, પ્રીતિવિજય, લક્ષ્મીવિજય ૧૭૨૭, માનવિજય ૧૭૨૮-૩૧, હીરાણંદ (હીરમુનિ) ૧૭૨૭-૪૪, ઉદયવિજય, માનવિજય (૨), વીરજી ૧૭૨૮, કુશલધીર ૧૭૨૮-૯, ઉદયસમુદ્ર, કનકનિધાન, મતિકુશલ ૧૭૨૮, જ્ઞાનવિમલ સૂરિ (પૂર્વનામ નયવિમલ) ૧૭૨૮-૧૭૭૪, હર્ષવિજય ૧૭૨૯, અમૃતસાગર, કર્મસિંહ, વિનયલાભ, વિવેકવિજય, વૃદ્ધિવિજય ૧૭૩૦, દેવવિજય ૧૭૩૦-૪, દાનવિજય ૧૭૩૦-૭૨, તત્ત્વહંસ, નિત્યસૌભાગ્ય, વિબુધવિજય ૧૭૩૧, આણંદમુનિ ૧૭૩૧-૮, ખેતો, જયસાગર, શાંતિદાસ શ્રા૦, સુરવિજય ૧૭૩૨, અમરસાગર, ચંદ્રવિજય ૧૭૩૨ થી ૪૯ વચ્ચે, રત્નવર્દ્ધન ૧૭૩૩, ચંદ્રવિજય (૨), જિનવિજય, પદ્મનિધાન ૧૭૩૪, દીપવિજય ૧૭૩૫-૮૪, તેજપાલ ૧૭૩૫-૪૫, અજીતચંદ્ર, આણંદરુચિ, કેશવદાસ, દયાતિલક, નયનશેખર ૧૭૩૬, અભયકુશલ, જ્ઞાનકીર્ત્તિ ૧૭૩૭, કનકવિલાસ ૧૭૩૮, મેઘવિજય, સુમતિવિજય ૧૭૩૯, દીપસૌભાગ્ય ૧૭૩૯-૪૭, આણંદસૂરિ, હરખચંદ ૧૭૪૦, તિલકચંદ્ર, પ્રાગજી, લક્ષ્મીરત્ન ૧૭૪૧, કીર્ત્તિસાગરસૂરિ શિષ્ય, જીવરાજ, માણિક્યવિજય ૧૭૪૨, જ્ઞાનસાગર શિ૦ ૧૭૪૩, નયવિજય ૧૭૪૪, અમરચંદ, કુશલસાગર (કેશવ), ખેમો ૧૭૪૫, શીલવિજય ૧૭૪૬, યશોવર્ધન ૧૭૪૭, કુશલલાભ (૨) ૧૭૪૮, ઋષભસાગર ૧૭૪૮ (?), વિનીતવિમલ ૧૭૪૯ પહેલાં, આ સર્વે ૧૮ મા શતકના પ્રથમાર્ધમાં થયા.

૯૭૭. ઉદયરત્ન ૧૭૪૯-૧૭૯૯, કમલહર્ષ, જિનલબ્ધિ, સૌભાગ્યવિજય ૧૭૫૦, નેમવિજય ૧૭૫૦-૧૭૮૭, જિનવિજય (૨), બાલ ૧૭૫૧, પ્રીતિસાગર ૧૭૫૨, વિનયચંદ્ર ૧૭૫૨-૫૫, પ્રેમરાજ ૧૭૫૩ પહેલાં, કેસરવિમલ ૧૭૫૪-૬, ઋદ્ધિવિજય ૧૭૫૪-૭૦, ગોડીદાસ ૧૭૫૫, હંસરત્ન ૧૭૫૫-૮૬, મોહનવિજય ૧૭૫૫-૧૭૮૩, જસવંતસાગર, મોહનવિમલ, લક્ષ્મણ ૧૭૫૮, દેવવિજય(૩) ૧૭૬૦-૯૫, રામવિજય (૧) ૧૭૬૦-૮૮, ગંગમુનિ, લક્ષ્મીવિનય, લબ્ધિવિજય (૨) ૧૭૬૧, જિનસુંદરસૂરિ, પ્રેમવિજય, રામવિમલ ૧૭૬૨, લાધાશાહ ૧૭૬૪-૯૫, નેમિદાસ શ્રાવક ૧૭૬૫-૬, તેજસિંહ ૧૭૬૬, દેવચંદ્ર ૧૭૬૬-૧૭૯૮, ન્યાયસાગર ૧૭૬૬-૮૪, કાન્તિવિમલ ૧૭૬૭, જીવસાગર ૧૭૬૮, ભાવપ્રભસૂરિ (પૂર્વનામ-ભાવરત્ન) ૧૭૬૯-૧૭૯૯, સુખસાગર ૧૭૬૯, લબ્ધિસાગર (૨) ૧૭૭૦, ચતુર, જિનસુખસૂરિ ૧૭૭૧, રામવિજય (૨) ૧૭૭૧-૭૩, ગંગવિજય ૧૭૭૨-૭૭, ચતુરસાગર ૧૭૭૨, લાલરત્ન ૧૭૭૩, વલ્લભકુશલ ૧૭૭૫-૯૩, રાજરત્ન ૧૭૭૫, કાંતિવિજય (૨) ૧૭૭૫-૯૯, કેસર ૧૭૭૬, નિત્યલાભ ૧૭૭૬-૯૮, રંગવિલાસ ૧૭૭૭, જિનવિજય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) ૧૭૭૯-૯૩. પુણ્યવિલાસ ૧૭૮૦, જ્ઞાનવિજય ૧૭૮૦-૧, રંગવિજય ૧૭૭૯-૧૮૦૭, તિલકસૂરિ, રત્નવિમલ ૧૭૮૫, જ્ઞાનસાગર (પછીથી ઉદયસાગરસૂરિ) ૧૭૮૬-૯૭, શાંતસૌભાગ્ય ૧૭૮૭, ત્રિલોકસિંહ ૧૭૮૮, જિનવિજય (૪) ૧૭૯૧-૯૯, અમર ૧૭૯૪-૯૮, મહિમાવર્દ્ધન ૧૭૯૬, ગુણવિલાસ, પુણ્યરત્ન, રાયચંદ ૧૭૯૭, હરખચંદ ૧૭૯૮, સત્યસાગર ૧૭૯૯-એ સર્વે આ શતકના બીજા અર્ધમાં થયા.

૯૭૮. આ પૈકી જ્ઞાનવિમલના ચરિત્ર માટે જુઓ પ્રાચીન સ્તવન રત્નસંગ્રહ ભા. ૧ ની પ્રસ્તાવના, દેવચંદ્રજી માટે મારો નિબંધ નામે 'અધ્યાત્મરસિક પંડિત દેવચંદ્રજી' (બુ૦ ગ્રં. નં. ૧૦૩-૧૦૪ માં અને જૈનયુગ પુ. ૨ અંક ૯-૧૨ પૃ. ૪૨૩, ૪૭૩, ૫૬૭), જિનવિજય (૩) ના ચરિત્ર માટે જુઓ મારી 'જૈન રાસમાળા'. આ શતકના સર્વે કવિઓની કૃતિઓ માટે જુઓ 'જૈન ગૂર્જર કવિઓ' ભાગ બીજો આખો.

૯૭૯. લોકકથાસાહિત્ય-ચંદન મલયાગિરિ પર બે વખત સં. ૧૭૦૪માં ને ૧૭૪૪માં જિનહર્ષે, ૧૭૧૧માં સુમતિહંસે, સં. ૧૭૩૬માં અજીતચંદ્રે, ૧૭૪૭માં યશોવર્ધને, ૧૭૭૧માં ચતુરે અને સં. ૧૭૭૬માં કેસરે ચોપાઈ આદિમાં કાવ્યરચના કરી તે પરથી તે કથા ઘણી લોકપ્રિય અને લોકપ્રસિદ્ધ જણાય છે. સં. ૧૭૧૦ પહેલાં ધનદેવે સ્ત્રીચરિત્ર રાસ, પંચાખ્યાન વિષયે કર્મરેખા ભાવીની રાસ વીરવિમલે ૧૭૨૨માં અને તે પર નિત્યસૌભાગ્યે ૧૭૩૧માં, માનવિજયે વિક્રમાદિત્ય ચરિત્ર સં. ૧૭૨૨-૨૩માં, અભયસોમે વિક્રમચરિત્ર ખાપરા ચો. અને લાભવર્દ્ધન-લાલચંદે (૯૦૦ કન્યા, ખાપરા ચોર અને પંચ દંડ ગર્ભિત) વિક્રમ ચો. ૧૭૨૩માં, તે અભયસોમે વિક્રમચરિત્ર-લીલાવતી ચો. તેમજ પરમસાગરે વિક્રમાદિત્ય રાસ અને માનસાગરે વિક્રમાદિત્ય સુત વિક્રમસેન રાસ સં. ૧૭૨૪માં, લક્ષ્મીવલ્લભે વિક્રમાદિત્ય પંચદંડ રાસ ૧૭૨૭; લીલાવતી રાસ ઉક્ત લાભવર્ધને તેમજ કુશલધીરે ૧૭૨૮માં, અને ઉદયરત્ને સં. ૧૭૬૭માં, તે કુશલધીરે ભોજચરિત્ર ચો. ૧૭૨૯માં, નિત્યસૌભાગ્યે નંદબત્રીશી સં. ૧૭૩૧માં ધર્મવર્ધને શનિશ્ચર વિક્રમ ચો. ૧૭૩૬ લગભગ, કાન્તિવિમલે વિક્રમકનકાવતી રાસ ૧૭૬૭માં, નિત્યલાભે સદેવંત સાવલિંગા રાસ ૧૭૮૨માં રચેલ છે. આ ઉપરાંત જૈનકથાનાયકો-નાયિકાઓ પર, સતીઓ પર અનેક રચનાઓ થઈ છે. તેનો ઉલ્લેખ વિસ્તારભયથી અત્ર કરવામાં આવ્યો નથી. વિદ્યાવિલાસની કથાની ખ્યાતિ આ શતકમાં પણ હતી; અને તેના પર જિનહર્ષે સં. ૧૭૧૧માં અને અમરચંદે સં. ૧૭૪૫માં રાસ રચેલ છે.

૯૮૦. પદો એટલે ભક્તિ-વૈરાગ્યપ્રેરિત ટુંકાં ગીતો હીંદી કવિઓ નામે કબીર, મીરાંબાઈ, પછી સુરદાસ આદિએ પુષ્કળ ગાયાં છે. ગૂર્જર સાહિત્યમાં નરસિંહ મહેતાએ તેની પહેલ કરી છે. જૈન ગૂર્જર સાહિત્યમાં સમયસુંદરે ૧૭મા શતકમાં શરૂઆત કરેલી જણાય છે, ને તે વખતે તેને ગીતો-અધ્યાત્મ ગીતો કહેવામાં આવતાં. ખરા વૈરાગ્ય અને ભાવપ્રેરક રૂપકમય અને ભક્તિપ્રધાન પદો રચવામાં આ સૈકાના આનંદઘન ચડી જાય છે; તેમનું જોઈને તેમના સમકાલીન વિનયવિજય અને યશોવિજયે સુંદર પદો પોતાના હૃદયની ઉત્કટ લાગણીના ઉદ્‌ગાર રૂપે રચ્યાં. લાંબા લહેકાથી ગવાતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'શલોકા'ની રચના પણ આ શતકમાં પ્રથમ થઈ જણાય છે. દા.ત. ૧૭૪૯ પહેલા વિનીતવિમલકૃત આદિનાથ શલોકો, ઉદયરત્નકૃત નેમિનાથ શલોકો, શાલિભદ્ર શલોકો (સં. ૧૭૭૦) ને ભરત બાહુબલિનો શલોકો સં. ૧૭૯૫; દેવવિજયનો શંખેશ્વર શલોકો સં. ૧૭૮૪, મોતીમાલુકૃત નેમિશલોકો સં. ૧૭૯૮.

૯૮૧. શૃંગારની છાંટવાળાં નેમ રાજુલના બારમાસ, સ્થૂલભદ્ર નવરસો વગેરે આ શતકમાં રચાયાં છે. ખાસ વૈરાગ્યસૂચક રૂપક પ્રબોધચિંતામણી ચો. જયશેખરસૂરિકૃત પંદરમા સૈકામાં રચાયું તેનો આસ્વાદ આ શતકના કવિઓને થતાં અનેક કાવ્યો ઉદભવ્યાં. દા.ત. સુમતિરંગ કૃત સં. ૧૭૨૨માં અને ધર્મમંદિરકૃત સં. ૧૭૪૧માં પ્રબોધચિંતામણી રાસ લાભવર્ધને ૧૭૪૨માં, કુશલલાભ, (૨) એ સં. ૧૭૪૮માં અને ઉદયરત્ને તેમજ નેમિવિજયે કરેલા ધર્મબુદ્ધિ પાપબુદ્ધિ રાસ.

૯૮૨. ઐતિહાસિક સાહિત્ય-લબ્ધોદયે સં. ૧૭૦૭માં પદ્મિનીચરિત્ર, ૧૭૧૧માં ભાણવિજયકૃત વિજયાણંદસૂરિ નિર્વાણસઝાય, કેસરકુશલે સં. ૧૭૧૬માં જગડુ પ્રબંધ રાસ, સં. ૧૭૨૦માં ખ. જિનસાગરસૂરિ પર સુમતિવલ્લભનો શ્રીનિર્વાણ રાસ, મેરૂવિજયે સં. ૧૭૨૧માં ને અભયસોમે ૧૭૨૯માં વસ્તુપાલ તેજપાલ રાસ, તે વર્ષ પછી સુરજીએ લીલાધર રાસ, ૧૭૨૧ પહેલાં હેમસૌભાગ્યે અને ૧૭૨૫ પછી તિલકસાગરે રાજસાગરસૂરિ નિર્વાણ રાસ, મેઘવિજયકૃત વિજયદેવનિર્વાણ રાસ ૧૭૨૯માં, ૧૭૩૭માં જ્ઞાનકીર્ત્તિનો ગુરુદાસ, ૧૭૩૯માં સુમતિવિજયની રત્નકીર્ત્તિ ચો., સં. ૧૭૪૧માં લક્ષ્મીરત્નકૃત ખેમાહડાલીઆનો રાસ, નં. ૧૭૪૨માં જિનહર્ષકૃત કુમારપાલ રાસ અને કીર્ત્તિસાગર-સૂરિના શિષ્ય કૃત ભીમજી ચો., ૧૭૪૭ આસપાસ દીપસૌભાગ્યકૃત વૃદ્ધિસાગરસૂરિ રાસ, ૧૭૫૬માં જિનહર્ષકૃત સત્યવિજય નિર્વાણ રાસ, ૧૭૬૨માં રામવિમલકૃત સૌભાગ્યવિજય નિર્વાણરાસ, ૧૭૬૯માં સુખસાગરનો વૃદ્ધિવિજય રાસ, સં. ૧૭૭૩માં જિનવિજય (૩) કૃત કર્પૂરવિજય રાસ, ૧૭૭૩ પછી રામવિજય (૧) કૃત વિજયરત્નસૂરિ રાસ, જિનેંદ્રસાગરકૃત વિજયક્ષમાસૂરિનો શલોકો, ૧૭૮૨માં ભાવપ્રભસૂરિકૃત મહિમાપ્રભ રાસ, ૧૭૮૬ પછી જિનવિજય (૩) કૃત ક્ષમાવિજય રાસ, ૧૭૮૮ પછી રામવિજય (૨) કૃત લક્ષ્મીસાગરસૂરિ રાસ, સં. ૧૭૯૩માં વલ્લભકુશલકૃત હેમચંદ્રગણિ રાસ, ૧૭૯૫માં ઉદયરત્નકૃત વિમલમેતાનો શલોકો અને લાધાશાહ કૃત શિવચંદ રાસ, ૧૭૯૭માં પુણ્યરત્ન (૨) કૃત ન્યાયસાગર નિર્વાણ રાસ, ૧૭૯૮માં નિત્યલાભકૃત વિદ્યાસાગરસૂરિ રાસ તથા હરખચંદ કૃત માણેકદેવીનો રાસ તથા ૧૭૯૯ પછી ઉત્તમવિજયકૃત જિનવિજય નિર્વાણ રાસ.

૯૮૩. દાર્શનિક વિષયપર-દ્રવ્યાનુયોગ પર રાસ રચવાની પહેલ યશોવિજય ઉપાધ્યાયે દ્રવ્યગુણપર્યાય રાસ રચી કરી. 'રાસ' સામાન્યતઃ કથા ઉપર નાયકના યશોગાન કરવા અર્થે રચાતો-એ શબ્દ ત્યાં વપરાતો. તે સિવાયના વિષય પરત્વે રાસ એટલે રસમય શબ્દોમાં પદ્ય ઘટના એ અર્થમાં હવે વપરાયો. એવામાં માનવિજયકૃત નયવિચાર-સાત નયનો રાસ, હેમરાજકૃત સં. ૧૭૨૬માં નયચક્ર રાસ રચાયા. ઉપદેશ અને અધ્યાત્મ વિષયે અનુવાદ રૂપે હીરમુનિએ સં. ૧૭૨૭માં ઉપદેશ રત્નકોશ ચો. અને દેવચંદ્રે ૧૭૬૬માં ધ્યાનદીપિકા ચો. અને સં. ૧૭૭૭ માં રંગવિલાસે અધ્યાત્મ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્પદ્રુમ ચો. ની રચના કરી. દેવચંદ્ર તો ખરેખર અધ્યાત્મરસિક પંડિત હતા. તેથી તેમની પ્રાયઃ સર્વ કૃતિમાં અધ્યાત્મ ઝળકે છે. નેમિદાસ શ્રાવકની સં. ૧૭૬૬ની **ધ્યા**નમાલા સ્વતંત્ર કૃતિ છે.

૯૮૪. વૈદકના વિષય પર અત્યાર સુધી ગૂજરાતી ભાષામાં કોઈએ પદ્યમય રચના કરી નહોતી તે આ શતકમાં **નય**નશેખરે સં. ૧૭૩૬માં **યો**ગરત્નાકર ચો. રચીને કરી.

૯૮૫. તીર્થોના, તીર્થયાત્રાઓના ઈતિહાસ અને બનાવો નોંધવાની પણ જૈન મુનિઓએ કાળજી રાખી છે. આ શતકમાં તેના દાખલા તરીકે ૧૭૭૨ માં **મ**હિમાસૂરિકૃત **ચૈ**ત્ય પરિપાટી એ **વિ**નીતકુશલ કૃત **શ**ત્રુંજય તીર્થમાલા, ૧૭૪૬માં **શી**લવિજય કૃત **તી**ર્થમાલા, સં. ૧૭૫૦માં **સૌ**ભાગ્યવિજય (૨) કૃત તીર્થમાલા સ્ત૦, ૧૭૫૫માં **જ્ઞા**નવિમલ કૃત **તી**ર્થમાલા, ૧૭૭૧માં **જિ**નસુખ કૃત જેસલમેર ચૈત્યપાટી વગેરે. આ શતકના અંતમાં-સં. ૧૭૯૧માં શત્રુંજય પર છીપાવસહી નામની ટુંક છીપા (ભાવસાર) લોકોએ બનાવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अनंतविज्ञानविशुद्धरूपं निरस्तमोहादिपरस्वरूपम् ।
नरामरेंद्रैः कृतचारुभक्ति नमामि तीर्थेशमनंतशक्तिम् ॥ १ ॥

अनादिसंबद्धसमस्तकर्म-मलीमसत्त्वं निजकं निरस्य ।
उपात्तशुद्धात्मगुणाय सद्यो नमोऽस्तु देवार्यमहेश्वराय ॥ २ ॥

- જેમનું વિજ્ઞાન અનંત છે,-સ્વરૂપ નિર્મલ છે, જેમણે મોહ આદિ પરના સ્વરૂપને ઢાળેલું છે અને જેમની સુંદર ભક્તિ મોટા મોટા નરો અને અમરોએ કરી છે એવા અનંત શક્તિવાળા તીર્થંકરને નમું છું.

પોતાની અનાદિકાળથી બંધાયેલા સમસ્ત કર્મની મલિનતાને દૂર કરી જેમણે શુદ્ધ આત્મગુણ ગ્રહણ કરેલો છે, એવા દેવતાઓને પૂજવા યોગ્ય દેવાર્ય-મહાવીર પ્રભુને નમસ્કાર હો !

[ખ૦ જિનલાભસૂરિકૃત **આત્મપ્રબોધ** સં. ૧૮૩૩]

૯૮૬. શાંતિદાસ શેઠના પ્રસિદ્ધ વંશજો-શાંતિદાસ (જુઓ પારા ૮૩૩-૮૩૪)ના લખમીચંદ ને તેના ખુશાલચંદ; સં. ૧૭૮૯ (હીજરી ૧૧૩૭)માં મરેઠાઓ અમદાવાદને લૂટવા આવેલા તે વખતે તેમણે વચમાં પડી ગાંઠના પૈસા આપી મરેઠાની ફોજોના મોરચા ઉઠાવી લેવરાવ્યા, તે ઉપરથી શહેરના મહાજનોએ એકત્ર થઇ તેને હંમેશો હક કરી આપ્યો કે જેટલો માલ શહેરના કાંટા ઉપર છપાય તે ઉપર સેંકડે ચાર આના તે શેઠના તથા તેમની ઓલાદને આપતા રહીશું, આ હકને બદલે હાલ પ્રેમાભાઈના સમયથી સરકારી તીજોરીમાંથી રૂા. ૨૧૩૩ નગરશેઠને મળે છે. આ વરસમાં બાદશાહી ફરમાનથી ખુશાલચંદ શેઠ અમદાવાદના નગરશેઠ ઠર્યા અને શહેરનાં મોટાં મહાજનોએ તેમને નગરશેઠ માન્યા. આ કુટુંબ લોકહિતાર્થ બુદ્ધિ અને ધન વિશેષે જૈન ધર્મને પુષ્ટિ કરવી એથી નામાંકિત થયેલું તેથી તેના મુખીને સઘળા વેપારીઓએ મળીને નગરશેઠનું માન આપેલું તે પ્રસંગે પ્રસંગે શહેરના લોકના મુખી છે અને જૈન સંઘના તે હંમેશ વડા છે તે અત્યાર સુધી વંશપરંપરા ચાલુ છે. ગાયકવાડોએ પણ પાલખી, છત્રી, મસાલ ને વર્ષે રૂ. એક હજાર એટલો હક કરી આપ્યો. (ગુજરાત સર્વ સંગ્રહ) ખુશાલચંદના નથુશા, જેઠમલ અને વખતચંદ એ ત્રણ પુત્રો. વખતચંદ શેઠ પ્રતાપી હતા. સં. ૧૮૨૨માં દામાજીએ પાટણ મુસલમાનો પાસેથી લઇ લીધું ને ત્યારથી ગાયકવાડના તાબામાં છે. તેમના સમયમાં ગુજરાતમાં ગાયકવાડ, પેશ્વા અને અંગ્રેજ કંપની એ ત્રણેનું રાજ્ય થયું હતું. દીલ્હીના પાતશાહનું તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માત્ર નામ જ હતું. સં. ૧૮૬૪માં પોતે શત્રુંજયનો સંઘ કાઢયો. કેટલીક પ્રતિષ્ઠા કરી. ૧૮૬૮માં આ નગરશેઠના મુખીપણા નીચે અમદાવાદના શહેરીઓએ અરજ કરતાં એવો સરકારી હુકમ થયો કે માત્ર કન્યા મૂકી કોઈપણ ગુજરી જાય, તો તેની મિલ્કતમાં ડખલ ન કરતાં તે તેની કન્યાને જ્યાં સુધી તેને સંતાન થાય ત્યાં સુધી વારસદાર ગણવી આ બાબતનો ગૂજરાતી ભાષામાં કરેલો હુકમ અમદાવાદના ત્રણ દરવાજા પરના શિલાલેખમાં કોતરેલો છે.[૫૩૯] વખતચંદ શેઠને ગાયકવાડ સાથે ઘણો ગાઢ સંબંધ હતો. સ્વ. સં. ૧૮૭૦. તેના પુત્ર હેમાભાઈ થયા. સં. ૧૮૭૪માં અમદાવાદ અંગ્રેજ સરકારના હાથમાં સંપૂર્ણ આવ્યું. હેમાભાઈએ ઘણી સાર્વજનિક સખાવતો કરી. અમદાવાદમાં અંગ્રેજી નિશાળ, હેમાભાઈ ઇન્સ્ટિટયુટ નામની પુસ્તકશાળા, સંગ્રહસ્થાન, કન્યાશાળા અને એક હોસ્પિટલ વગેરે પ્રજા ઉપયોગી કામો તેમની સહાયથી થયા છે. સં. ૧૯૦૪ માં જન્મ પામેલ 'ગૂજરાત વર્નાક્યુલર સોસાયટી'ને પણ સારી મદદ આપી. ગૂજરાત કોલેજ કરવામાં દશ હજાર રૂ. આપ્યા. ત્યાંની શહેર-સુધરાઈ માટે સારો પરિશ્રમ લીધો. શત્રુંજય પર સવા ત્રણ લાખ રૂ. ખરચી ઉજમબાઈની ટુંક-નંદીશ્વરની ટુંક બંધાવી. પોતાની ટુંક સં. ૧૮૮૨ માં ત્યાં બંધાવી. સં. ૧૮૮૬માં પ્રતિષ્ઠા કરાવી. ઘણે ઠેકાણે ધર્મશાળા બંધાવી. ગાયકવાડે **રાંચ**રડા ગામ બક્ષીસ કર્યું. તેની ઉપજમાંથી અમુક રકમ ખોડાં ઢોર અર્થે કાઢેલી છે, ને તે ગામ તેમના વંશજોના તાબામાં હજુ સુધી છે. સ્વ૦ સં. ૧૯૧૪. તેમના પુત્ર **પ્રે**માભાઈ-તેઓ પણ એક પ્રખ્યાત વ્યક્તિ હતા. સં. ૧૯૦૫ માં શત્રુંજયનો સંઘ કાઢયો હતો. તેમણે અમદાવાદની હઠીસિંગ-પ્રેમાભાઈ હોસ્પિટલમાં (સિવિલ હોસ્પિટલ)માં બાવીસ હજાર દોઢસો, હેમાભાઈ ઇન્સ્ટિટયૂટના મકાન માટે સાત હજાર પચાસ, ગૂજરાત કોલેજના ફંડમાં દશ હજાર, મુંબઈની ગ્રાંટ મેડિકલ કોલેજમાં સુવર્ણ ચાંદ માટે અઢારસો, વિક્ટોરિયા મ્યુઝિયમમાં તેરસો પચાસ, મુંબઈની વિક્ટોરિયા ગાર્ડન્સમાં દશ હજાર, ગુ. વ. સોસાયટી ફંડમાં બે હજાર આપવા ઉપરાંત સં. ૧૯૩૪ ના દુકાળમાં વીસ હજાર, ને છ સ્થળે ધર્મશાળાઓ બંધાવવા ત્રેવીસ હજાર એમ કુલ લાખેક રૂ. ની સખાવત કરી. તેમના નામથી 'પ્રેમાભાઈ હૉલ' અમદાવાદમાં પ્રસિદ્ધ છે. શત્રુંજય પર પાંચ લાખ ખર્ચી દેરાસર અને પાલીતાણામાં ધર્મશાળા બંધાવેલ, વળી કેશરીયાજી, પંચતીર્થના સંઘ કાઢયા. સર્વ તીર્થસ્થળોનું રક્ષણ ને વહીવટ કરવા માટે **આ**ણંદજી **ક**લ્યાણજી નામની પેઢીની સ્થાપના કરી ને તેના કાયદા તથા બંધારણ તેમના સમયમાં થયાં. સ્વ. ૧૯૪૩. તેમના પુત્ર મણિભાઈ, પછી ચીમનભાઈ લાલભાઈ નગરશેઠ થયા પછી કસ્તુરભાઈ મણિભાઈ હાલ વિમલભાઈ મયાભાઈ નગરશેઠ છે.

૯૮૭. આ ૧૯મા શતકમાં દુકાળો પડ્યા તેમજ મોંઘવારી બહુ રહી. મોટા દુકાળમાં સં. ૧૮૦૩ (તિલોતરો,) ૧૮૪૭ (સુડતાળો), સં. ૧૮૬૯ (અગણોતરો) હતા. ઉંદર આદિના ઉપદ્રવો પણ થયા. એકંદરે આ શતક બહુ ખરાબ ગયું.

---

૫૩૯. જુઓ મુંબઈ રો. એ. સો. નું **જર્નલ** વો. ૧૯ અં. ૫૩ સને ૧૮૯૭ પૂ. ૩૪૮-લેખ નામે Inscription on the 'Three Gateways'-Ahmedabad. તેમાં આ લેખ અંગ્રેજી ભાષાંતર સહિત આપેલ છે, ને તે ઉપરાંત તેમાં ઉલ્લેખેલ વ્યક્તિઓની ઓળખાણ અને શાંતિદાસ શેઠનું વંશવૃક્ષ તથા વંશજોનાં ટુંક વૃત્તાંત પણ આપેલ છે. આ બધા વંશજોનાં વિશેષ વૃત્તાંત માટે જુઓ મારો 'જૈન ઐતિહાસિક રાસમાળા' ગ્રંથમાં મારી લખેલ સમાલોચના તથા નિવેદન; વળી જુઓ 'ગૂજરાતનું પાટનગર અમદાવાદ.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૮૮. સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક સ્વામી સહજાનંદ સ્વામી (જન્મ સં. ૧૮૩૭) એ આ ૧૯ મા શતકમાં ગૂજરાત કાઠીયાવાડમાં ખાસ કરી કાઠી, કડીઆ વગેરે કારીગર વર્ગમાં પોતાના વૈરાગ્ય બળે લોકને નીતિનો સચોટ બોધ દીધો. ગઢડા, મૂળી ને વડતાલ તેનાં ધામ થયાં. સ્વર્ગવાસ સં. ૧૮૮૬.[૫૪૦]

૯૮૯. સં. ૧૮૧૮માં રઘુનાથના શિષ્ય ભીખમજીએ તેરાપંથ કાઢ્યો. ૧૮૪૩માં શત્રુંજય પર પ્રેમચંદ મોદીની ટુંકની સ્થાપના, ૧૮૬૧માં શત્રુંજય પર સુરતી ઇચ્છાભાઇ શેઠે ઇચ્છા કુંડ બંધાવ્યો. ૧૮૮૬માં ત્યાં અદબદજી (અદ્‌ભુતજી-આદીશ્વર પ્રભુ) ની મોટી પ્રતિમા કોતરાવી, શા. ધર્મદાસે મંદિર બંધાવ્યું.

૯૯૦. સં. ૧૮૯૧માં જેસલમેરથી બાફણા ગોત્રના ગુમાનચંદના બહાદરમલ્લ આદિ પાંચ પુત્રોએ શત્રુંજયનો મોટો સંઘ કાઢયો, અને વચમાં પંચતીર્થી, બાંભણવાડ, આબૂ, જીરાવલા, તારંગા, શંખેશ્વર, પંચાસર, ગિરનાર વગેરેની તીર્થયાત્રા કરીને મહાતીર્થ શત્રુંજયની યાત્રા કરી. તેમાં ૨૩ લાખ રૂ. ખર્ચ્યા. આ કાર્ય ઉપરાંત ધુલેવા-કેસરીયાજીનાં બારણાં, નોબતખાનાં કરાવી તથા ધ્વજદંડ ચડાવ્યો ને એક લાખ રૂ. ખર્ચ્યા. ઉદયપુરમાં મંદિર વગેરે અનેક સ્થળે ધર્મસ્થાન કરાવ્યાં, પુસ્તકોનો ભંડાર કરાવ્યો; ભગવતીજી સૂત્ર સાંભળી તેમાંના દરેક ગૌતમ પ્રશ્ન દીઠ બે મોતી આપ્યાં, કોટામાં બંદિવાનોને છોડાવ્યા. (જૈ. સા. સં. ૧, ૨ પૃ. ૧૦૭ 'જેસલમેર કે પટવોં કે સંઘકા વર્ણન' લેખ). આ બાફણા ગોત્રીના વંશ જ સીરેમલજી બાફણા ઈંદોરમાં દિવાન-પ્રધાનમંત્રી છે.

૯૯૧. મુંબઇના પ્રસિદ્ધ શેઠ મોતીશાહે (મોતીચંદ અમીચંદ જન્મ સં. ૧૮૩૮ સ્વ. સં. ૧૮૯૨) મુંબઈમાં ભાયખલાના મંદિરમાં સં. ૧૮૮૫ માગશર શુ. ૬ શુક્રે આદીશ્વરની પ્રતિમા પધરાવી તથા મુંબઈમાં પાંજરાપોળ સં. ૧૮૯૦માં સ્થપાઇ તેમાં આ શેઠે જબરો ફાળો આપ્યો. પાલીતાણામાં સં. ૧૮૮૭માં ધર્મશાળા બાંધી. શત્રુંજય તીર્થ ઉપર સં. ૧૮૮૮માં આરંભ કરી કુંતાસરની ખીણખાડ પૂરી તે પર મધ્યમાં મોટું મંદિર બંધાવ્યું, પ્રતિમાની અંજનશલાકા કરી. ત્યાં તેમનો સ્વર્ગવાસ થવાથી તેમના પુત્ર ખીમચંદે સં. ૧૮૯૩માં પ્રતિષ્ઠા કરી. આ 'મોતીશાની ટુંક' કહેવાય છે. તેમાં ૭ લાખ રૂ. ખર્ચાયા. (જુઓ વીરવિજયકૃત 'મોતીશાના ઢાળીયાં' આદિ કૃતિઓ) આ વર્ષમાં જ અમદાવાદના શેઠ સાકરચંદ પ્રેમચંદે ત્યાં ત્રણ મોટાં મંદિર અને નાની દેરીઓ બંધાવી કે જેને 'સાકર-વસહી' યા 'સાકરચંદની ટુંક' કહેવામાં આવે છે. વળી ઘોઘાના શેઠ બાલાભાઈ ઉર્ફે દીપચંદ કલ્યાણજીએ તે વર્ષમાં મોતીશાની ટુંકમાં 'બાલાભાઈ ટુંક' બંધાવી. વિશેષમાં આ વર્ષમાં અમદાવાદના પ્રસિદ્ધ શેઠ હઠીસિંહ કેસરીસિંહે બિંબ પ્રતિષ્ઠા માટે અંજનશલાકા કરાવી બાવન જિનાલયવાળો ભવ્ય પ્રાસાદ

૫૪૦. વિશેશ માટે જુઓ પુસ્તક નામે 'સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય' લેખક રા. કિશોરલાલ મશરૂવાલા પ્ર. નવજીવન પ્રકાશન મંદિર-અમદાવાદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમદાવાદના દિલ્હી દરવાજા બહાર બંધાવ્યો,[૫૪૧] પણ તે પૂર્ણ થયા પહેલાં તે શેઠ સ્વર્ગસ્થ થવાથી તેમના ધર્મપત્ની હરકોર શેઠાણીએ સં. ૧૯૦૩માં તેમાં પ્રતિષ્ઠા કરાવી. (જિ. ૨, નં. ૫૫૬). આ વિશાળ મંદિર અમદાવાદમાં એક જોવા લાયક સુંદર કારીગરીના નમુના રૂપ છે. તેમાં દશલાખ રૂ. ખર્ચ થયો. સં. ૧૯૦૮માં ઉક્ત હરકોર શેઠાણીએ શત્રુંજયનો સંઘ અમદાવાદથી કાઢ્યો.

૯૯૨. સં. ૧૯૦૫માં કચ્છ જખૌમાં શા જીવરાજ રત્નસિંહે ત્રણ લાખ કોરી ખર્ચી પુસ્તકોનો ભંડાર કરાવ્યો. સં. ૧૯૨૦માં કચ્છ નલીઆના દશા ઓસવાળ જ્ઞાતિના શેઠ નરસિંહ નાથા નાગડાએ શત્રુંજયનો સંઘ કાઢી ત્યાં ચંદ્રપ્રભ સ્વામિનું ચૈત્ય કરાવ્યું ને પાલીતાણામાં એક મોટી ધર્મશાળા બંધાવી. મુંબઈનું અનંતનાથજીનું દહેરૂં તથા મહાજનવાડી પણ તેમને જ આભારી છે. (જુઓ વિશેષમાં **કચ્છી દ. ઓ. પ્રકાશ** પુ. ૪ ભાદ્રપદ ૧૯૮૪ના અંકમાં 'નાગડા ગોત્રની ઉત્પત્તિ' એ લેખ) આજ જ્ઞાતિના કચ્છ કોઠારાના શેઠ કેશવજી નાયકે મુંબઈમાં ઘણી દોલત વેપારમાં મેળવી અંજનશલાકા કરી શત્રુંજયનો સંઘ કાઢી ત્યાં સં. ૧૯૨૧માં પ્રતિષ્ઠા કરાવી (જિ. ૨ નં. ૩૨ અ). તે ઉપરાંત સં. ૧૯૨૯થી ૩૨એ સાડા ત્રણ વર્ષમાં ગિરિનાર તીર્થ પરનાં દેરાસરો વગેરે જીર્ણ થયાં હતાં. તેને સમરાવી ઉદ્ધાર કર્યો ને તેમાં ૪૫ હજાર રૂ. ખર્ચ્યા (જુઓ ત્યાં વસ્તુપાલ તેજપાલના દેરાસરના વંડાના દરવાજા પાસેની ભીંતમાં હાલ ચોડેલો લેખ). આ શેઠે શા. ભીમશી માણેકના ધર્મપુસ્તકો મુદ્રિત કરાવી પ્રકટ કરવાના પ્રયત્નમાં ઘણી દ્રવ્યસહાય કરી હતી. સં. ૧૯૩૦-૩૨માં ભોંયણી તીર્થની સ્થાપના થઈ. જે શેઠ પ્રેમચંદ રાયચંદે જમાનો સમજી પાશ્ચાત્ય કેળવણી માટે તેમજ અન્ય ધર્માદાય કાર્યો માટે લગભગ કરોડ રૂ. ની સખાવત કરી તેમનું ટુંક વર્ણન હવે પછી આવનાર છે.

૧૯ મા શતકનું સાહિત્ય.

૯૯૩. **૧૯ સદીમાં સંસ્કૃત સાહિત્ય**માં બહુ ગ્રંથો રચાયા નથી. જે કંઈ રચાયા છે તેની નોંધ લઈશું. સં. ૧૮૦૪માં આં. ઉદયસાગર સૂરિએ સ્નાત્ર પંચાશિકા (કાં. વડો), સં. ૧૮૦૭માં ખ. ક્ષેમકીર્ત્તિશાખાના શાંતિહર્ષ-જિનહર્ષ-સુખવર્ધન અને દયાસિંહ-અભયસિંહના શિષ્ય રૂપચંદ્ર અપરનામ રામવિજયે જિનલાભસૂરિ રાજ્યે જોધપુરમાં રામસિંહના રાજ્યમાં ગૌતમીય મહાકાવ્ય ૧૧ સર્ગમાં (પ્ર૦ ચંદ્રસિંહસૂરિ ગ્રંથમાલા નં. ૧), સં. ૧૮૦૪માં મયાચંદ્રે પોરબંદરમાં જ્ઞાનક્રિયાવાદ (વે. નં. ૧૬૦૭), સં. ૧૮૧૪ (૭)માં ઉક્ત ખ૦ રામવિજય ગણિએ જિનલાભ સૂરિની આજ્ઞાથી ગુણમાલા પ્રકરણ [પી. ૨ નં. ૨૯૦, મુદ્રિત, વિવેક. ઉદે.), સં. ૧૮૨૨માં ત૦ વિનીતસાગર ગણિ-ધીરસાગર શિષ્ય ફત્તેન્દ્રસાગર ગણિએ ૧૩૯ શ્લોકમાં હોલીરજઃ પર્વ કથા (વે. નં. ૧૭૯૨), અને સં. ૧૮૩૩માં ખ. જિનલાભસૂરિએ આત્મપ્રબોધ કે જેનો પ્રથમાદર્શ ક્ષમાકલ્યાણે લખ્યો (બુહ્. ૪, નં. ૧૨૮ પ્ર. આ. સભા)ની રચના કરી.

---

૫૪૧. 'આ દહેરૂં પ્રેમચંદ સલાટે સણગારની મોટામાં મોટી દોલતે પૂરૂં કીધું છે. કોતરકામ ઉતરતું છે, શિલ્પઘાટી સ્વચ્છ નથી, પણ કામ એવું તવંગર છે કે જે કાળમાં જૈન શિલ્પનો ઉત્કર્ષ હતો તે કાળના જેવું જ (છે) ને તે ઉપરથી જણાય છે કે હજી પણ ગૂજરાતમાંથી બાંધવાનો ને પથ્થર કાપવાનો હુન્નર ગયો નથી x વળી તેમાં જે પીતળના પડદા છે તે જોતાં જણાય છે કે અમદાવાદની તે કારીગિરીએ પોતાનો જૂનો હુન્નર હજુ ખોયો નથી. (ગૂજરાત સર્વસંગ્રહ પૃ. ૪૨૫, ૪૩૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૯૪. આ શતકમાં થયેલા તપાગચ્છના વિજયલક્ષ્મીસૂરિએ ઉપદેશપ્રાસાદ નામનો ગ્રંથ ૩૬૦ વ્યાખ્યાનમાં રચ્યો છે. (પ્ર. જૈ. ધ. સભા બુહ્. ૨. {ગુ. ભા. પ્ર. રત્નત્રયી ટ્રસ્ટ.}) પદ્મવિજય ગણિએ જયાનંદ ચરિત્રને સંસ્કૃત ગદ્યમાં અવતાર્યું છે (ખેડા ભં.) અને ખરતરગચ્છના ક્ષમાકલ્યાણ ઉપાધ્યાય થયા કે જે ખ. જિનલાભસૂરિના શિષ્ય અમૃતધર્મના શિષ્ય હતા. તેમણે સં. ૧૮૨૯ થી ૧૮૬૯ ના ગાળામાં અનેક ગ્રંથોના દોહનરૂપે સાદી ભાષામાં વિવરણ કરેલ છે. તેમના ગ્રંથો એ છે કે ગૌતમીયકાવ્ય વ્યાખ્યા સં. ૧૮૩૦ માં ખરતગચ્છ પટ્ટાવલી, સં. ૧૮૩૫માં ચાતુર્માસિક-હોલિકા આદિ દશ પર્વ કથા (વે. નં. ૧૭૩૪) સં. ૧૮૩૯ માં જેસલમેરમાં યશોધર ચરિત (ગુ. પોથી ૧૦), ૧૮૪૭માં મકસુદાબાદમાં સૂક્ત મુક્તાવલી વૃત્તિ, સં. ૧૮૫૦માં વીકાનેરમાં જીવ વિચાર પર વૃત્તિ (વે. નં. ૧૬૨૨), સં. ૧૮૫૧માં પ્રશ્નોત્તર સાર્ધ શતક (કાં. વડો.), સં. ૧૮૫૪માં તર્કસંગ્રહ ફક્કિકા, સં. ૧૮૬૦માં જેસલમેરમાં અક્ષયતૃતીયા અને પર્યુષણ અષ્ટાન્હિકા વ્યાખ્યાન (ગુ.) અને તેજ વર્ષમાં વીકાનેરમાં મેરૂત્રયોદશી વ્યાખ્યા અને સં. ૧૮૬૯માં શ્રીપાલચરિત્ર વ્યાખ્યા યોજેલ છે. તે અરસામાં યોજાયેલા તેમના અન્ય ગ્રંથો નામે પરસમયસાર વિચાર સંગ્રહ, વિચાર શતક બીજક, સમરાદિત્ય ચરિત, સૂક્ત રત્નાવલી વૃત્તિ આદિ છે (જુઓ જેસ૦ પ્ર૦ ૪૨, ૫૫). ભાષા સાહિત્યમાં તેમણે જૂની ગૂજરાતીમાં ગદ્ય રૂપે શ્રાવકવિધિ પ્રકાશ નામનો ગ્રંથ ગુંથ્યો છે, કે જેમાં જિનપ્રભકૃત વિધિ પ્રપા, ખ. તરૂણપ્રભનો ષડાવશ્યક બાલાવબોધ, સામાચારી શતક, વૃન્દારૂ વૃત્તિ, આચાર દિનકર, જિનપતિસૂરિના સામાચારી પત્ર, શિવનિધાન ઉપાધ્યાય કૃત લઘુ વિધિપ્રપા વગેરે ગ્રંથોની સહાય લીધી છે (બાલચંદ્ર યતિ ભં. કાશી).

૯૯૫. સંસ્કૃત સાહિત્યમાં બીજા ગ્રંથોમાં સં. ૧૮૬૮માં જેસલમેરમાં મૂલરાજ રાજ્યે ખ. જિનકીર્ત્તિએ મૂલપ્રાકૃતમાંથી સંસ્કૃત ગદ્યમાં ૪ પ્રસ્તાવમાં યોજેલ શ્રીપાલચરિત્ર (ગુ. પોથી નં. ૧૫, વે. નં. ૧૭૮૨), સં. ૧૮૭૭માં બંગાલના વાલૂચરમાં લું. હરચંદ-રૂપ શિષ્ય કેશવે ગદ્યમાં શ્રીપાલચરિત્ર (ગુ. નં. ૬૧-૧), ૧૮૮૧માં ઉક્ત ક્ષમાકલ્યાણના શિષ્ય ઉમેદચંદ્રકૃત પ્રશ્નોત્તર શતક (વિવેક. ઉદે.) સં. ૧૮૮૨માં ઉક્ત પદ્મવિજયના શિષ્ય રૂપવિજયકૃત પૃથ્વીચંદ્ર ચરિત્ર (મોહન૦ સુરત), સં. ૧૮૯૭માં ભટ્ટારક પદ પ્રાપ્ત કરનાર ખરતર જિનહેમસૂરિના શિષ્યે રચેલ સિદ્ધાન્ત રત્નાવલી (પી. ૪, ૧૨૫) અને સં. ૧૮૯૯માં ખ. સમયસુન્દર ગણિના સંતાનીય કીર્ત્તિવર્ધન-અમરવિમલ-અમલચંદ્ર-ભક્તિવિલાસ-જયરત્ન શિષ્ય કસ્તૂરચંદ્રે જયપુરમાં જિનહેમસૂરિ રાજ્યે જ્ઞાતાસૂત્ર પર કરેલી ટીકા (કાં. વડો.) છે. ત્યાર પછી સં. ૧૯૩૦માં બાલચંદ્ર પાઠક અને ઋદ્ધિસાગરે ખ. જિનમુક્તિસૂરિ રાજ્યે નિર્ણય પ્રભાકર નામનો ગ્રંથ સં. માં રચેલ મળે છે. (કાં. વડો.)

૯૯૬. ગૂજરાતી કવિઓમાં-ઉત્તમવિજય (૧૭૯૯-૧૮૧૩) ઉદયસાગર ૧૮૦૨, ભક્તિવિજય ૧૮૦૩, મતિરત્ન ૧૮૦૪, ચેતનવિજય ૧૮૦૫, જેમલ ૧૮૦૭, નેમવિજય બીજા ૧૮૦૭-૧૮૨૧, રત્નવિજય ૧૮૦૮, મહાનંદ ૧૮૦૯-૧૮૪૯, વૃદ્ધિવિજય ૧૮૦૯, રત્નસાગર તથા લબ્ધિવિજય ૧૮૧૦, સૌજન્યસુંદર ૧૮૧૧, રામવિજય ત્રીજા ૧૮૧૪, દેવરત્ન બીજા તથા મયાચંદ ૧૮૧૫, માણિક્યસાગર તથા અમૃતસાગર ૧૮૧૭, ભૂધર ૧૮૧૭-૨૦ પદ્મવિજય ૧૮૧૭-૧૮૫૮, મયારામ ૧૮૧૮, ફતેચંદ ૧૮૧૯, ઉદયકમલ અને વાનોશ્રાવક ૧૮૨૦, સુમતિપ્રભ સૂરિ, સુજ્ઞાનસાગર, ગુલાલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા દેવવિજય ૧૮૨૧, આલમચંદ તથા શોભાચંદ ૧૮૨૨, દર્શન સાગર ૧૮૨૪, ક્ષેમહર્ષ ૧૮૨૫ પહેલાં, રઘુપતિ તથા કવિયણ ૧૮૨૫, દેવીદાસ ૧૮૨૭, વિજયલક્ષ્મીસૂરિ ૧૮૨૭-૩૪, ભાણવિજય ૧૮૩૦, રત્નવિમલ ૧૮૩૨-૩૯, રાયચંદ ૧૮૩૩-૪૧, ઉત્તમવિજય ૧૮૩૪, કાંતિવિજય તથા માલસિંહ ૧૮૩૫, લાલચંદ્ર બીજા ૧૮૩૭, ખેમવિજય ૧૮૩૯, અમૃતવિજય ૧૮૩૯-૪૦, દીપમુનિ તથા મકન (મુકુંદ મોનાણી) શ્રાવક ૧૮૪૦-૪૮, ઋષભસાગર ૧૮૪૦ (?) ઉદય ઋષિ ૧૮૪૧, ગુલાબવિજય ૧૮૪૬, ક્ષમાકલ્યાણ ૧૮૪૮-૫૬, રંગવિજય ૧૮૪૯-૫૦, ફતેંદ્રસાગર ૧૮૫૦, લખમીવિજય ૧૮૫૧ પછી, રૂપમુનિ ૧૮૫૬-૮૦, માનવિજય (૪) ૧૮૫૭, વીરવિજય ૧૮૫૭-૧૯૦૮, પ્રેમમુનિ (૨) ૧૮૫૮, દીપવિજય (કવિરાજ બહાદુર) ૧૮૫૯-૧૮૮૬, રામવિજય તથા રામચંદ્ર ૧૮૬૦, જ્ઞાનસાર ૧૮૬૧, રૂપવિજય ૧૮૬૧-૧૯૦૦ હરજશ ૧૮૬૪, અવિચલ ૧૮૬૯ પહેલાં, તેજવિજય ૧૮૭૦, ક્ષેમવર્દ્ધન ૧૮૭૦-૭૯, વિવેકવિજય ૧૮૭૨, સૌભાગ્યસાગર ૧૮૭૩, ઋષભવિજય ૧૮૭૭-૮૬, ઉત્તમવિજય (૨) ૧૮૭૮-૭૯, લાલવિજય (૨) ૧૮૮૧, કૃષ્ણવિજય શિ૦ ૧૮૮૫, અમીવિજય ૧૮૮૯, ક્ષેમવિજય અને સવરાજ ૧૮૯૨, ધર્મચંદ્ર ૧૮૯૬, ઉદયસોમ ૧૮૯૮ સાંપડે છે.

૯૯૭. ગૂ. કવિઓ ૧૮મા શતક કરતાં આ શતકમાં ઘણી ઓછી સંખ્યામાં છે. આ પૈકી પદ્મવિજયના વૃત્તાંત માટે જુઓ તેમના સંબંધી રાસ (પ્ર૦ મારો જૈન ઐ. રાસમાળા નામનો ગ્રંથ), વિજયલક્ષ્મીસૂરિ માટે જુઓ માટે તેમના સંબંધી સઝાય (પ્ર૦ ત્યાંજ), વીરવિજય માટે જુઓ તેમના પરનો રાસ (જૈન ઐ૦ ગૂર્જર કાવ્ય સંચય) તથા રા. ગિરધરલાલનો 'પંડિત વીરવિજયજીનો ટુંકો પ્રબંધ (જૈન યુગ, પુ. ૪, પૃ. ૧૩૨), અને જ્ઞાનસાર માટે જુઓ તેના પર લેખ જૈ. શ્વે. કો, હેરેલ્ડ સને ૧૯૧૦ પુ. ૯-૧૦. પૃ. ૩૪૩ તથા સને ૧૯૧૩નું પુ. ૧૦ પૃ. ૨૦૯). વીરવિજય તે જૈનોનો દયારામ છે. દયારામે શૃંગારિક કવિતા ગરબીમાં ગાઈ છે, જ્યારે ગરબી જેમાં ગીતો, પૂજા આદિમાં વીરવિજયે રચેલાં છે. વિશેષમાં વીરવિજયે મોટા મોટા રાસો પણ રચ્યા છે. દરેક નવીન ઢબની ગરબી કે એવી ચીજ સાંભળતા એટલે તે રાહમાં પોતે લાલિત્યભર્યા કાવ્યો રચતાં. તેમાંથી અનેક ઉર્મીગીતો (lyrics) મળશે.

૯૯૮. આ શતકમાં **લોકકથા સાહિત્ય**માં ગૂજરાતી ભાષામાં સં. ૧૮૨૫ પહેલાં ક્ષેમહર્ષે ચંદનમલયાગિરિ ચો૦, ભાણવિજયે સં. ૧૮૩૦માં વિક્રમ પંચદંડ રાસ, ઋષભસાગર બીજાએ સં. ૧૮૪૦ માં (વિદ્યાવિલાસ પવાડા પરથી) વિનયચટ્ટ રાસ, લાં. રૂપમુનિએ સં. ૧૮૮૦માં વિક્રમરાજાના સમયમાં મૂકેલા અંબડ પર રાસ (કે જેમાં વિક્રમનાં પરાક્રમ પંચ દંડ વગેરેની અદ્‌ભુત વાતો છે) મળી આવે છે. **ઐતિહાસિક સાહિત્ય**માં સં. ૧૮૨૦માં ઉદયસાગરે અને સં. ૧૮૧૭માં માણિક્યસાગરે આં. કલ્યાણસાગરસૂરિપર રાસ, વાનાશ્રાવકે સં. ૧૮૨૦માં વિબુધવિમલસૂરિ રાસ, કવિયણે સં. ૧૮૨૫માં દેવચંદ્રજી પર દેવવિલાસ, પદ્મવિજયે સં. ૧૮૨૮માં ઉત્તમવિજય નિર્વાણ રાસ, રંગવિજયે સં. ૧૮૪૯માં પ્રતિષ્ઠાકલ્પ સ્તવન, લખમીવિજયે સં. ૧૮૫૧ પછી ઢુંઢિયા ઉત્પત્તિ, રૂપવિજયે સં. ૧૮૬૨ માં પદ્મવિજય નિર્વાણ રાસ તથા સં. ૧૯૦૦માં વિમલમંત્રી રાસ, અવિચલે સં. ૧૮૬૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહેલાં ઢુંઢક રાસ, તેજવિજયે સં. ૧૮૭૦ માં ધુલેવા કેસરીઆજીનો રાસ ક્ષેત્રવર્દ્ધને સં. ૧૮૭૦માં શાંતિદાસ અને વખતચંદશેઠનો રાસ, ઉત્તમવિજયે સં. ૧૮૭૮માં ઢુંઢક રાસ, 'કવિ બહાદુર' દીપવિજયે સુરત ખંભાત જંબૂસર ઉદયપુર ચિતોડ (?) એ પાંચ શહેર પર ગજલો સં. ૧૮૭૭માં તથા તે વર્ષમાં મોટો સોહમકુલ પટ્ટાવલી રાસ, અને વીરવિજયે સં. ૧૮૬૦માં સ્વગુરુ શુભવિજય પર શુભવેલી, સં. ૧૮૯૩માં મોતીશા શેઠનાં ઢાળીઆં, સં. ૧૯૦૩ માં હઠીસિંહની અંજનશલાકાનાં ઢાળીયાં, સં. ૧૯૦૫માં સિદ્ધાચલ ગિરિનાર સંઘ સ્ત૦, તથા સં. ૧૯૦૮માં હરકુંઅર સિદ્ધક્ષેત્ર સંઘ સ્ત૦ વગેરે કરેલી રચનાઓ ઉપલબ્ધ થાય છે.

૯૯૯. **ગૂ૦ ગદ્ય સાહિત્યમાં** સં. ૧૮૦૧માં તત્ત્વહંસે ભુવનભાનુ ચરિત્ર પર, સં. ૧૮૦૩માં (વિજયસિંહસૂરિ-ગજવિજય-ગુણવિજય અને હિતવિજય-જ્ઞાનવિજય શિ૦) જીતવિજયે (જીવવિજયે) કર્મ ગ્રંથ પર, સં. ૧૮૦૫માં (ખ૦ હર્ષવિશાલ-જ્ઞાનસમુદ્ર-જ્ઞાનરાજ-લબ્ધોદય-દાનસાગર શિ૦) રત્નધીરે ભુવનદીપક પર, સં. ૧૮૧૩માં વિબુધવિમલસૂરિએ સ્વરચિત સમ્યક્ત્વ પરીક્ષાના સંસ્કૃત પદ્યમય ગ્રંથપર સ્વોપજ્ઞ, સં. ૧૮૩૩માં રંગવિજય શિ૦ રામવિજયે વિજયધર્મસૂરિ રાજ્યે જિનકીર્ત્તિસૂરિ કૃત ધન્યચરિત્ર-દાનકલ્પદ્રુમ પર (જશ૦), સં. ૧૮૩૪માં લોં. મહાનંદે કલ્પસૂત્રપર, પદ્મવિજયે સં. ૧૮૩૦માં યશોવિજયકૃત ૩૫૦ ગાથાના સીમંધર સ્ત૦ પર, સં. ૧૮૪૬માં ગૌતમકુલક પર, તથા સં. ૧૮૪૯માં રાધનપુરમાં યશોવિજયકૃત વીર હુંડી સ્ત૦ પર, (ત૦ ભાવરત્ન-શાંતિરત્ન-હસ્તિરત્ન-કનકરત્ન-સુબુધિ રત્ન શિ.) ધર્મરત્ને સં. ૧૮૪૯માં ધન્યચરિત્રપર, સં. ૧૮૬૬માં જ્ઞાનસારે આનંદઘનકૃત ૨૨ જિનસ્તવનોપર (પ્ર૦ પ્રકરણ રત્નાકર ભા. ૧), ઉક્ત પ્રસિદ્ધ કવિ વીરવિજયે સં. ૧૮૮૧માં યશોવિજયકૃત અધ્યાત્મસાર પર (પ્ર૦ પ્રકરણ રત્નાકર ભાગ ૧), ત૦ સુમતિવિજય શિ૦ રામવિજયે સં. ૧૮૭૮ (? ચંદ્રગજાદ્રિભ પ્રભુ મિતે) ઉપદેશમાલાપર અને સં. ૧૮૮૪માં હેમાચાર્યકૃત નેમિનાથ ચરિત્ર પર (પ્ર. કા. વડો.), (ત૦ જિનવિજય-ઉત્તમવિજય-અમીવિજય શિ.) કુંવરવિજયે સં. ૧૮૮૨માં પાલીમાં ખ૦ દેવચંદ્રજીતકૃત અધ્યાત્મ ગીતા નામની ભાષાકૃતિ પર, ઉક્ત પ્રસિદ્ધ શ્રી યશોવિજય ઉપાધ્યાયના ગુણવિજય-સુમતિવિજય શિ૦ ઉત્તમવિજયે વિજયજિનેન્દ્ર સૂરિ રાજ્યે (સં. ૧૮૪૧ થી ૧૮૮૪ વચ્ચે) રત્નશેખરસૂરિકૃત શ્રાદ્ધવિધિવૃત્તિ પર, બાળાવબોધની રચના કરી. ખ૦ ક્ષમાકલ્યાણે સં. ૧૮૩૮માં પાક્ષિકાદિ પડિકમણ વિધિ ગદ્યમાં સંગ્રહિત કરી તથા પછી પ્રશ્નોત્તર સાર્ધશતક ભાષામાં રચ્યું. 'કવિ બહાદુર' દીપવિજયે સં. ૧૮૭૬ પછી નવ બોલની ચર્ચા લખી અને સં. ૧૮૮૬માં સુરતમાં પ્રશ્નોત્તરસમુચ્ચય ભાષામાં રચ્યું (ખેડા ભં; પ્ર. કા.)

વિક્રમ ૨૦મું શતક [સં. ૧૯૦૧ થી ૧૯૬૦].

૧૦૦૦. આ શતકમાં ખાસ નોંધવા જેવી સંસ્કૃત કે પ્રાકૃત કૃતિ જોવામાં આવી નથી. જૂની પદ્ધતિપર કવિતા રચનારા થોડા ભાષા-કવિઓ નીચેના પ્રાપ્ત થાય છે :- ચિદાનંદ (મૂલ કર્પૂરવિજય) સં. ૧૯૦૦-૧૯૦૭, અમૃતવિજય ૧૯૦૨, બાલચંદ ૧૯૦૭. જશવિજય ૧૯૧૦, રંગવિજય ૧૯૧૧, દયાવિજય ૧૯૧૨, ઋદ્ધિશ્રી (સાધ્વી) ૧૯૧૬, રત્નપરીખ ૧૯૧૮, ખોડીદાસ ૧૯૧૯-૨૮ રવચંદ ૧૯૨૭, જિનદાસ ૧૯૩૦, મયારામ ભોજક ૧૯૩૦ આસપાસ, મણિચંદ્ર ગોરજી, હુલાસચંદ્ર ૧૯૪૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૦૧. અર્વાચીન શુદ્ધ અને શિષ્ટ ગૂજરાતીમાં કવનાર અને લખનાર પ્રસિદ્ધ વ્યક્તિઓ તો **ડાહ્યાભાઈ ધોળશાજી** નાટકકાર અને **રાયચંદ** કવિ અધ્યાત્મી ફિલસુફ. **ચિદાનંદજી** મસ્ત અધ્યાત્મી હતા-તેમણે મિશ્ર ભાષામાં હિંદી પ્રત્યે જ ઢળતી ભાષામાં અધ્યાત્મકૃતિઓ પદ્યમાં રચી છે. પ્રસિદ્ધ જૈનાચાર્ય **આત્મારામજીએ** હિંદીમાં પૂજા રચી છે. આ ટૂંકમાં સં. ૧૯૫૦-૫૫ સુધીનો કાવ્યસાહિત્યનો ઈતિહાસ છે. ત્યાં સુધીમાં થયેલ ઉપર્યુક્ત ચારે પ્રસિદ્ધ વ્યક્તિઓ તથા **વીરચંદ રાઘવજી ગાંધી** કે જેમણે અંગ્રેજીમાં જૈનધર્મ સંબંધી વ્યાખ્યાનો અમેરિકા, ઈંગ્લાંડ, હિંદમાં આપી ખ્યાતી મેળવી-તેઓનાં ટુંક વૃત્તાંત હવે પછી આપવામાં આવે છે.

ચિદાનંદજી

મતિ મત વિચારો રે મત મતીયનકા ભાવ; મતિ૦
વસ્તુગતેં વસ્તુ લહોરે વાદવિવાદ ન કોય
સૂર તિહાં પરકાશ પિયારે ! અંધકાર નવિ હોય-મતિ૦
રૂપ રેખ તિહાં નવિ ઘટે રે મુદ્રા ભેખ ન હોય
ભેદજ્ઞાન દૃષ્ટિ કરી પ્યારે ! દેખો અંતર જોય-મતિ૦
તનતા મનતા વચનતા રે પર પરિણતિ પરિવાર
તનમનવચનાતીત પીયારે ! નિજ સત્તા સુખકાર-મતિ૦
અંતર શુદ્ધ સ્વભાવમેં રે નહીં વિભાવ લવલેશ
ભ્રમ આરોપિત લક્ષથી પ્યારે ! હંસા સહત કલેશ-મતિ૦
અંતર્ગત નિશ્ચેં ગહી રે કાયાથી વ્યવહાર
ચિદાનંદ તવ પામીયેં પ્યારે ! ભવસાયરકો પાર-મતિ૦

૧૦૦૨. ચિદાનંદ-પૂર્વનામ **કર્પૂરવિજય** હતું. તેઓ આત્મજ્ઞ હતા. આ સૈકામાં જ થયેલ એટલે તેમના સંબંધી તેમના સમાગમમાં આવેલા તરફથી ઘણું જાણી શકાય પણ દુર્ભાગ્યે કંઈ મળ્યું નથી. તેમનાં વચનો પરથી અને જે કંઈ કિંવદન્તી સાંભળી છે તે પરથી કહી શકાય કે 'જૈન મુનિ થયા પછી પોતાની પરમ નિર્વિકલ્પ દશા થઈ હતી અને મધ્યમ અપ્રમત્ત દશામાં પ્રાયે હતા. આ કાળમાં એવી દશાએ પહોંચેલા બહુ જ થોડા મનુષ્યની પ્રાપ્તિ પણ દુર્લભ છે. એ આત્માનુભવી હતા. તેમની કૃતિ નામે **સ્વરોદયની** ભાષા અર્દ્ધ હિંદી અને અર્દ્ધ ગૂજરાતી આપણે જોઈ શકીશું. બે ભાષામાં એક્કે ભાષા સંપ્રદાયપૂર્વક ભણ્યા હોય એવું કંઈ જણાતું નથી; એથી એમની આત્મશક્તિ કે યોગદશાને કંઈ બાધ નથી. તેમ ભાષાશાસ્ત્રી થવાની તેમની કંઈ ઈચ્છા પણ રહી હોય એમ નહીં હોવાથી, પોતાને જે કંઈ અનુભવગમ્ય થયું છે તેમાંનો કંઈ પણ બોધ લોકોને મર્યાદાપૂર્વક જણાવી દેવો એ તેમની જિજ્ઞાસાથી એ ગ્રંથની ઉત્પત્તિ છે; અને એમ હોવાથી જ ભાષા કે છંદની ટાપટીપ, અથવા યુક્તિ પ્રયુક્તિનું વધારે દર્શન આ ગ્રંથમાં આપણે જોઈ શકતા નથી.' (**શ્રીમદ્ રાજચંદ્ર**)

૧૦૦૩. હુકમ મુનિ-આ પણ એક અધ્યાત્મી મુનિ થયા. રાધનપુરના વીશાશ્રીમાળી વણિક જન્મ સં. ૧૮૭૦ પિતા લાલચંદ માતા અચરત. સ્વતઃ દીક્ષા સં. ૧૯૦૩. ઘણી તપશ્ચર્યા ને ગ્રામાનુગ્રામ વિહાર. છેવટે સુરતમાં વધુ વર્ષ રહ્યા. સ્વ. સં. ૧૯૪૮. તેમણે દ્રવ્યાનુયોગ અને અધ્યાત્મને લક્ષીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેક કૃતિઓ ગદ્યપદ્યમાં ગૂર્જર ભાષામાં રચી:-**સમ્યક્ત્વ** સારોદ્ધાર, **જ્ઞા**નવિલાસ **તત્ત્વ**સારોદ્ધાર, **જ્ઞાન**ભૂષણ, **હુ**કમવિલાસ, **આત્મ**ચિંતામણી, **પ્રકૃ**તિપ્રકાશ, પદ સંગ્રહ, **ધ્યા**નવિલાસ, **મિ**થ્યાત્વવિધ્વંસણ, **અભા**વ પ્રકરણ, **અનુ**ભવ પ્રકાશ, **અધ્યા**ત્મસારોદ્ધાર, **બો**ધદિનકર વગેરે. (જુઓ અનુભવ જૈન હુકમ પ્રકાશની પ્રસ્તાવના).

વિજયરાજેંદ્ર સૂરિ આ સમયમાં થયા. ભરતપુરમાં ઓશવાલ વણિક ઋષભદાસ અને કેસરી બાઈથી જન્મ સં. ૧૮૮૩. નામ રત્નરાજ. યતિ દીક્ષા રત્નવિજય નામ રાખ્યું. સં. ૧૯૦૩. **ધ**રણેન્દ્ર સૂરિ સાથે ઝઘડો થતાં આહોરમાં સં. ૧૯૨૩માં આચાર્ય પદ લઈ વિજયરાજેન્દ્રસૂરિ નામ રાખ્યું. સં. ૧૯૩૩માં જાલોરના **કુ**મારપાલ રાજાએ કરાવેલ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો ને **કું**ભ શેઠના ચોમુખજીના મંદિરમાં પ્રતિષ્ઠા કરી. ૭૦૦ સ્થાનકવાસી ઘર મંદિરમાર્ગી કર્યા, સં. ૧૯૪૧માં અમદાવાદ ચોમાસું કરી **આ**ત્મારામજી સાથે પત્ર દ્વારા ચર્ચા વાર્તા કરી. સં. ૧૯૪૬માં સિયાણામાં '**અ**ભિધાન રાજેન્દ્ર કોષ'નો આરંભ કર્યો. ૧૯૫૭માં સિયાણામાં કુમારપાલ રાજાએ કરાવેલ સુવિધિનાથના જિનમંદિરનો ઉદ્ધાર કરાવ્યો. ૧૯૫૯માં આહોરમાં મોટો જ્ઞાનભંડાર કરાવ્યો. તેમાં અગણિત હસ્તલિખિત તેમજ મુદ્રિત ગ્રંથોનો આરસપહાણની આલમારીમાં રખાવી સંગ્રહ કર્યો. સ્વર્ગસ્થ રાજગઢમાં સં. ૧૯૬૩. તેમણે જુદે જુદે સ્થળે મળી બાવીસ અંજલશલાકા કરી અનેક મૂર્ત્તિઓની પ્રતિષ્ઠા કરી હતી. તેમનું મહાનમાં મહાન કાર્ય 'અભિધાન રાજેન્દ્ર કોષ' નામનો સંગ્રહ ગ્રંથ. તેના લગભગ આઠસોથી હજાર પાનાંવાળું એક એમ આઠ વૉલ્યુમો અત્યાર સુધી મુદ્રિત થયાં. તેમાં અકારાદિ વર્ણાનુક્રમે પ્રાકૃત શબ્દ, તેનો સંસ્કૃત શબ્દ, વ્યુત્પત્તિ, લિંગ અને અર્થ જે પ્રમાણે જૈનાગમોમાં મળે છે તે પ્રમાણે તેમજ અન્ય ગ્રંથોમાં આવે છે તે પ્રમાણે તે દસેના ઉતારા ટાંકી આ કોષને બને તેટલો પ્રમાણિક-પ્રમાણ સહિત કરવા મહાભારત પ્રયત્ન કરવામાં આવ્યો છે. જૈનાગમોનો એવો કોઈ પણ વિષય નથી કે જે આ મહાકોષમાં ન આવ્યો હોય. કુલ સાઠ હજાર શબ્દો, ને આખા ગ્રંથનું પ્રમાણ સાડાચાર લાખ શ્લોક પ્રમાણ થશે. અન્યગ્રંથો-**શ**બ્દામ્બુધિકોશ-તેમાં માત્ર પ્રાકૃત શબ્દનો સંસ્કૃત અને હિંદીમાં અર્થ છે. **સ**કલૈશ્વર્ય સ્તોત્ર સટીક, **ખા**પરિયાતસ્કર પ્રબન્ધ, **શ**બ્દકૌમુદી શ્લોકબદ્ધ, **કલ્યા**ણસ્તોત્ર પ્રક્રિયા ટીકા, **ધા**તુપાઠ શ્લોક બદ્ધ, **ઉ**પદેશ રત્નસાર ગદ્ય, **દી**પાવલી કલ્પસાર ગદ્ય, **સર્વ** સંગ્રહ પ્રકરણ (પ્રાકૃત ગાથા બદ્ધ), **પ્રા**કૃત વ્યાકરણ વિવૃત્તિ. ભાષામાં પણ પદ્ય તેમજ ગદ્ય રચના કરી. (અભિધાન રાજેન્દ્ર કોષ ભાગ ૧ પ્રસ્તાવના).*{અભિધાન રાજેન્દ્રકોશના પુનમુદ્રણો થયા છે.}*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૭ ૨૦મું શતક અનુસંધાન. આત્મારામજી (વિજયાનંદસૂરિ)

दुराग्रहध्वान्तविभेदभानो ! हितोपदेशामृतसिन्धुचित्त । सन्देहसन्दोहनिरासकारिन् ! जिनोक्तधर्मस्य धुरंधरोऽसि ॥
अज्ञानतिमिरभास्करमज्ञाननिवृत्तये सहृदयानाम् । आर्हत्तत्वादर्श ग्रन्थमपरमपि भवानकृत ॥
आनन्दविजय ! श्रीमन्नात्माराम ! महामुने ! । मदीयनिखिलप्रश्न व्याख्यातः शास्त्रपारग ! ॥
कृतज्ञताचिन्हमिदं ग्रन्थसंस्करणं कृतिन् ! । यत्नसम्पादितं तुभ्यं श्रद्धयोत्सृज्यते मया ॥

- ડૉ. હૉર્નલની उवासग दसाओ सूत्रमां अर्पणपत्रिका.

-હે દુરાગ્રહ રૂપી અંધકારને તોડવામાં સૂર્યસમાન ! હિતોપદેશ રૂપી અમૃતના સાગર જેવા ચિત્તવાળા ! સંદેહના સમૂહનો નિરાસ કરનારા ! તમે જિનોએ પ્રરૂપેલા ધર્મની ધોંસરીને ધરનાર-ધુરંધર છો. **સ**હૃદયોના અજ્ઞાનને દૂર કરવા આપે **અ**જ્ઞાનતિમિરભાસ્કર તેમ **જૈ**ન તત્ત્વાદર્શ નામનો બીજો ગ્રંથ પણ રચેલ છે. **આ**નંદવિજય ! શ્રીમન્ **આ**ત્મારામ ! મહા મુનિ ! શાસ્ત્રની પાર જનારા ! આપે મારા બધા પ્રશ્નોની વ્યાખ્યા કરી આપી. હે ધન્ય ! આ ગ્રંથનું યત્નથી સંપાદિત કરેલું સંસ્કરણ કૃતજ્ઞતાના ચિન્હ રૂપે આપને હું શ્રદ્ધાપૂર્વક અર્પણ કરું છું.

(ભીમપલાસી.)

વિસમી સદીના પરમ સાધુ, **આ**ત્મારામજી અહો !, ફરકાવી ધર્મની પતાકા, સાધુ હો તો એવા હો !-
બ્રહ્મ તેજ **ક્ષત્રિય** વીર્ય, પ્રખરતા હૃદય-ઔદાર્ય, દાખવ્યું ગંભીર ધૈર્ય, સાધુ હો તો એવા હો-વિસમી૦
ધર્મરહિત જડ પ્રદેશ, પંજાબને કર્યો વિશેષ, ચુસ્ત જૈન દઈ ઉપદેશ, સાધુ હો તો એવા હો-
વીતરાગના સંદેશ, પાઠવ્યા રૂડા વિશેષ, દિપોવ્યો જૈન મુનિ વેષ, સાધુ હો તો એવા હો-
દુર્નિવાર શિથિલાચાર, નિવારી આત્મશીલાધાર, વિપક્ષીને દીધા પડકાર, સાધુ હો તો એવા હો-
તત્ત્વાદર્શ આદિ ગ્રંથ, રચ્યા અનેક શાસ્ત્રપંથ, આદર્શ જેનો છે નિર્ગ્રન્થ, સાધુ હો તો એવા હો-

૧૦૦૪. વીસમી સદીના આ પરમ સાધુનો જન્મ બ્રહ્મક્ષત્રિય જાતિમાં સં. ૧૮૯૩ ચૈ. શુ. ૧ ગુરુવારે પંજાબ ફિરોજપુરના લેહરા ગામમાં થયો. પિતાનું નામ ગણેશચંદજીને માતાનું રૂપાદેવી. પિતાએ પોતાના વૈશ્ય ઓસવાલ મિત્ર જોદ્ધામલને સ્વપુત્ર સોંપતાં તે મિત્રે પોતાના જીરા ગામમાં આ બાલકને શાલાનું શિક્ષણ અપાવ્યું. પિતાનો દેહાન્ત થયો. જીરામાં બધા ઢુંઢીઆ મતના (સ્થાનકવાસી) હતા. ધર્મક્રિયા શીખી લઈ નવતત્ત્વાદિ જૈન દર્શનના પ્રાથમિક મૂળતત્ત્વનો અભ્યાસ કરી લીધો. સં. ૧૯૧૦માં તે મતના સાધુ જીવનરામ પાસે માતાની અનુજ્ઞા લઈ દીક્ષા લીધી. ૩૨ સૂત્રો ઉપરાંત અનેક ધર્મગ્રંથોને ન્યાયગ્રંથોને અવગત કરવા સાથે સંસ્કૃતાદિ વ્યાકરણ અને સાહિત્યને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંડિત પાસે શીખી લીધાં. શાસ્ત્રવિચાર દ્વારા જૈન ધર્મના તત્ત્વને હૃદયગત કર્યાં પછી ઘણે સ્થળે વિહાર કર્યા પછી મૂર્ત્તિપૂજા એ આવશ્યક અવલંબન છે, સૂત્રોમાં તેનો નિર્દેશ છે તે જણાતાં મૂર્ત્તિઓ સ્થળે સ્થળે ઘણા કાળથી ચાલી આવી છે તે નિરખતાં અમૂર્ત્તિપૂજક એવા પોતાના સ્વીકારેલા મતનો ત્યાગ કરવાનો નિશ્ચય કરી પંજાબથી ૧૫ સાધુઓને લઈ આબૂ અને શત્રુંજય તીર્થની યાત્રા કરી સં. ૧૯૩૨માં અમદાવાદ આવ્યા. ત્યાં મુનિ બુદ્ધિવિજય (બૂટેરાયજી કે જેમણે પણ પહેલાં ઢૂંઢક દીક્ષા લીધી હતી અને પછી તેનો ત્યાગ કરી મણિવિજય પાસે શ્વે૦ મૂ૦ તપાગચ્છની દીક્ષા લીધી) પાસે ૩૯ વર્ષની વયે તપાગચ્છની દીક્ષા લીધી, નામ આનંદવિજય રાખ્યું અને સાથેના ૧૫ મુનિઓ પોતાના શિષ્ય થયા. સં. ૧૯૩૨.

૧૦૦૫. ગૂજરાત સૌરાષ્ટ્રમાં ફરી ત્યાંનાં સર્વ જૈન તીર્થોની યાત્રા કરી મારવાડમાં જોધપુર ચોમાસું કરી જયપુર દિલ્લી થઈ પંજાબમાં આવ્યા સં. ૧૯૩૫. મતપલટથી કાયાપલટ થવાથી ત્યાં ઢૂંઢીઆ જૈનો સામે ભારે સામનો કર્યો. અનેકને દીક્ષા આપી. ગ્રંથોની રચના કરી. ૧૯૩૭માં ગુજરાંવાલામાં ચોમાસું રહી જૈન તત્ત્વાદર્શ શરૂ કર્યો ને બીજે વર્ષે હોશિયારપુરમાં પૂરો કર્યો. ૧૯૩૯માં અંબાલામાં અજ્ઞાનતિમિરભાસ્કર લખવો શરૂ કર્યો ને સત્તરભેદી પૂજા રચી. પાંચ વર્ષ પંજાબમાં ગાળી ૧૯૪૦ માં વીકાનેર ચોમાસું કર્યું. ત્યાંથી વીસસ્થાનક પૂજા બનાવી. ૧૯૪૧ માં અમદાવાદ ચોમાસું કર્યું. ત્યાંથી શ્રાવકોએ પંજાબ માટે ધાતુ પાષાણની અનેક જૈન મૂર્ત્તિઓ જૂદા જૂદા શહેરોમાં મોકલી અને ત્યાં આચાર્યે સ્થાનકવાસી જેઠમલ સાધુકૃત સમ્યક્ત્વસારમાં કરેલા આક્ષેપોના પ્રતિકાર રૂપે સમ્યકત્વશલ્યોદ્ધાર નામનું ખંડનાત્મક પુસ્તક રચ્યું. પછી ખંભાતમાં જઈ ત્યાંનાં પ્રાચીન તાડપત્રો પરનાં ધર્મપુસ્તકો વાંચ્યા ને અજ્ઞાનતિમિરભાસ્કરનો ગ્રંથ પૂરો કર્યો. તેમાં વેદાદિ શાસ્ત્રોમાં યજ્ઞાદિ ધર્મનો જેવો વિચાર છે તેવો સપ્રમાણ બતાવ્યો તથા જૈનધર્મનું સંક્ષિપ્ત વર્ણન આપ્યું. ૧૯૪૨માં સુરત ચોમાસું કરી ત્યાં જૈનમતવૃક્ષ નામનો ઐતિહાસિક ગ્રંથ લખ્યો; ને ત્યાં રહેતા હુકમ મુનિના અધ્યાત્મસાર નામના ગ્રંથમાંથી ૧૪ પ્રશ્ન કાઢી તેના ઉત્તર તેની પાસેથી માગી પ્રશ્ન તથા ઉત્તર સર્વત્ર મોકલી ઉત્તર અને તે ગ્રંથ શાસ્ત્રશૈલી અનુસાર નથી એવી ઘોષણા કરાવી. ૧૯૪૩ માં પાલીતાણામાં ચોમાસું કર્યું અને ત્યાં મળેલા સંઘે કાર્ત્તિક વદી ૫ ને દિને સૂરિપદ આપી તેમનું નામ વિજયાનંદસૂરિ સ્થાપ્યું. ત્યાં અષ્ટપ્રકારી પૂજા રચી. પાટણ આવી ત્યાંના પ્રાચીન ભંડારોમાંથી અનેક ગ્રંથોના ઉતારા કરાવરાવી તેમનું દોહન કર્યું, ને ૧૯૪૪માં રાધનપુરના ચોમાસામાં ચતુર્થ સ્તુતિ નિર્ણય (ભાગ ૧) રચ્યો કે જે રાજેન્દ્રસૂરિના ત્રિસ્તુતિના વાદનું ખંડન કરે છે.

૧૦૦૬. સં. ૧૯૪૫ના મહેસાણાના ચાતુર્માસમાં ડૉ. હૉર્નલ (Hoernle) નામના વિદ્વાને શા. મગનલાલ દલપતરામ દ્વારા એક પત્રથી જૈનધર્મ સંબંધી કેટલાક પ્રશ્નો પૂછતાં આચાર્યશ્રીએ આપેલા ઉત્તરોએ તેનું સંતોષપૂર્વક સમાધાન કર્યું અને તે માટે તેણે હાર્દિક ધન્યવાદ આપ્યો. (આ ઉત્તરો **'જૈનધર્મ પ્રકાશ'**માં પ્રસિદ્ધ થયા છે). તે વિદ્વાન્ મહાશયે ઉપાસગ દશાઓ (ઉપાસક દશાંગ)નું સંપાદન લગભગ કરી લીધું હતું, તે પ્રકટ કર્યું ત્યારે તેમાં આત્મારામજીને અર્પણપત્રિકા સ્વરચિત સંસ્કૃત પદ્યમાં આપી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે કે જે આ વૃત્તાંતને મોખરે મૂકવામાં આવેલ છે; તે ઉપરથી તેમજ તેના ઉપોદ્‌ઘાતમાં કરેલા ઉલ્લેખથી સમજાય તેમ છે કે તે વિદ્વાન્ પર મહારાજશ્રીએ કેટલો બધો પ્રભાવ પાડ્યો હતો. પછી બીજી વખત ગૂજરાત કાઠિયાવાડ મારવાડ આદિ દેશમાં વિચરી દિલ્લી થઈ પુનઃ પંજાબમાં પધાર્યા. ત્યાં લુધિયાનામાં આર્યસમાજ વગેરે લોક સાથે ચર્ચા કરી. સં. ૧૯૪૮માં **અ**મૃતસરમાં **અ**રનાથ જિન પ્રતિષ્ઠા કરી અને જૈનમતવૃક્ષનું પુનઃ સંસ્કરણ કર્યું. **પ**ટ્ટીમાં **ચ**તુર્થસ્તુતિ નિર્ણયનો બીજો ભાગ અને **ન**વપદ પૂજાની રચના કરી. તે વર્ષમાં જીરામાં ચિંતામણિ **પા**ર્શ્વનાથની અને હુશીયારપુરમાં **વા**સુપૂજ્ય ભ.ની પ્રતિષ્ઠા કરી. ૧૯૫૦ માં ચીકાગોની વિશ્વધર્મ પરિષદ તરફથી ત્યાં આવવા નિમંત્રણ થયું. પરંતુ પોતાની સાધુવૃત્તિમાં ખલેલ આવે તેથી ત્યાં જવાની અશકયતાને કારણે જૈન ગ્રેજ્યુએટ **વી**રચંદ રાઘવજી ગાંધીને ત્યાં મોકલવાનું નક્કી કરવામાં આવ્યું. વીરચંદે મહારાજ પાસે આવી જૈનધર્મ સંબંધીનું બ્યાન પ્રશ્નો દ્વારા લીધું અને તે **ચી**કાગો પ્રશ્નોત્તર એ નામના પુસ્તક રૂપે પ્રસિદ્ધ થયેલ છે. તે **ધ**ર્મસમાજના અહેવાલમાં આ આચાર્યના ફોટા નીચે જણાવવામાં આવ્યું કે :-

'જેટલી વિશેષતાથી મુનિ **આ**ત્મારામજી' એ પોતાની જાતને જૈન લાભો સાથે તાદામ્યવાદી કરી છે તેવી રીતે કોઈએ કરેલ નથી. દીક્ષાગ્રહણના દિવસથી તે જીવનપર્યંત જે ઉદારચિત્ત મહાશયોએ સ્વીકૃત ઉચ્ચ 'મિશન' માટે અહોરાત્ર કાર્ય કરવાની પ્રતિજ્ઞા લીધી છે તે પૈકીના તેઓ એક છે. તેઓ જૈન કોમના આચાર્યવર્ય છે, અને પૌર્વાત્ય પંડિતો-'સ્કોલરો' એ તેમને જૈનધર્મ અને સાહિત્ય પર વિદ્યમાન ઉંચામાં ઉંચા પ્રમાણભૂત તરીકે સ્વીકારેલ છે.[૫૪૨]

૧૦૦૭. સં. ૧૯૫૧ના ચોમાસામાં જીરામાં **ત**ત્ત્વનિર્ણય પ્રાસાદ નામનો ગ્રંથ પૂર્ણ કર્યો. તેમણે ઋગ્વેદાદિ વેદો મહાભારત પુરાણો વગેરેનો સ્વાધ્યાય સારી રીતે અનુક્રમે કર્યો હતો કે જે તેમના પુસ્તકોમાં પ્રતિબિંબિત થાય છે. પંજાબમાં હજુ સુધી સાધ્વીઓ નહોતી તે જીરામાં આવી ને ત્યાં એકબાઈને સૂરિએ દીક્ષા આપી. પટ્ટીમાં માઘમાસમાં મનમોહન **પા**ર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી. ૧૯૫૨-માં અંબાલા ચોમાસામાં ચીકાગોથી આવીને **વી**રચંદ ગાંધી મળ્યા ને ત્યાંના ધર્મસમાજની કાર્યવાહી જણાવી એથી આચાર્યને ઘણો હર્ષ થયો. ત્યાં **સુ**પાર્શ્વનાથ ભ. ની પ્રતિષ્ઠા કરી. લુધિયાનામાં સંઘનો ક્લેશ કાઢી નાંખ્યો. **સ**નખતરામાં સં. ૧૯૫૩માં ૧૭૫ બિંબની અંજનશલાકા કરી ને ત્યાં પ્રતિષ્ઠા કરી, છેવટે સં. ૧૯૫૩ જેઠ શુ. ૮ને દિને દેહત્યાગ કર્યો. (આ વૃત્તાંતમાં મારૂ સંવત આપ્યાં છે.)

૧૦૦૮. **સ**ત્યવિજય ગણિની પરંપરામાં **પ**દ્મવિજય-**રૂ**પવિજય-**કી**ર્ત્તિવિજય-**ક**સ્તૂરવિજય-**મ**ણિવિજય-**બુ**દ્ધિવિજયના પોતે શિષ્ય થયા અને તેમના અનેક શિષ્યોનું વૃંદ ગૂજરાતમાં વિચરે છે. પંજાબમાં જે જિનમંદિરો છે તે સર્વ તેમના ઉપદેશનું ફલ છે. તેમના નામથી અનેક સંસ્થાઓ ઉદ્‌ભવી છે તે પૈકી જૈન આત્માનંદ સભા ભાવનગરે અનેક પ્રાચીન પુસ્તકો છપાવી પ્રસિદ્ધ કર્યાં છે, અને

---

૫૪૨. 'No. man has so peculiarly identified himself with the interests of the Jain Community as "Muni Atmaramji." He is one of the noble band sworn from the day of initiation to the end of life to work day and night for the high mission they have undertaken. He is the high priest of the Jain Community and is recognized as the highest living "Authority" on Jain religion and literature.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માનંદ પ્રકાશનું નામનું માસિક ૨૮ વર્ષથી ચાલુ રાખ્યું છે. (આચાર્યનું વિશેષ વૃત્તાંત જોવું હોય તો તત્ત્વનિર્ણય પ્રાસાદની ભૂમિકામાં આપેલ ચરિત્ર પૃ. ૩૩ થી ૮૩, અને જૈન શ્વે. કૉન્ફરન્સ હેરૅલ્ડ પુ. ૯ અંક ૮-૯ નો પર્યુષણ અંક પૃ. ૪૬૧ થી ૪૭૫.)

૧૦૦૯. 'યશોવિજય ઉપાધ્યાય પછી શ્રુતાભ્યાસ બંધ પડયા જેવો હતો તે આત્મારામજી મહારાજે શરૂ કર્યો અને બહુશ્રુતપણાનું સ્થાન સંભાળી લીધું. ત્યારથી એટલે લગભગ દોઢસો વર્ષના ઈતિહાસમાં શ્વેતાંબર કે દિગંબર બંને પંથમાં એક મહાન્ વિભૂતિ આત્મારામજીજ નજરે આવે છે; તેમને આ દરજજો પ્રાપ્ત થયાનાં ખાસ વિશિષ્ટ કારણો છે :- તેમનામાં અડગ શ્રદ્ધા, શાસન પ્રત્યે અનુરાગ હતાં પણ વિશિષ્ટ કારણ એ કે તેમણે બુદ્ધિદ્વાર ખુલ્લું મૂકયું અને મેળવી શકાય તેટલાં સમગ્ર જ્ઞાનને મેળવવા પુરુષાર્થ કર્યો. તેમણે પોતાની બુદ્ધિને શાસ્ત્રવ્યાયામની કસોટીએ જિંદગીભર કસી અને જે વખતે છાપેલાં પુસ્તકો બહુ જ ઓછાં હતાં તે વખતે અત્યારના જમાનાનો માણસ કલ્પી ન શકે તેટલાં જૈન જૈનેતર દર્શનોનાં અનેક વિષયોનાં સંખ્યાબંધ પુસ્તકો વાંચી કાઢયાં. જે વખતે જૈન પરંપરામાં ઐતિહાસિક દૃષ્ટિ આવી ન હતી અને જૈન પુસ્તકો ઉપરાંત શિલાલેખો, તામ્રપત્રો, ભૂગોળ, ભૂસ્તર આદિ વિદ્યાઓને પણ બહુશ્રુતપણામાં સ્થાન છે એ કલ્પનાજ જાગી ન હતી તે વખતે મળેલાં બધાં સાધનો જાણી ઐતિહાસિક દૃષ્ટિએ જૈનદર્શનની પ્રાચીનતા અને મહત્તા સ્થાપિત કરવાનો પ્રયત્ન એમણે જ પહેલવહેલાં કર્યો હતો. એમનું આશ્ચર્ય પમાડે એવું વિશાળ વાચન, અદ્‌ભુત સ્મરણશક્તિ અને ઉત્તર આપવાની સચોટતા એમનાં સ્મરણીય પુસ્તકોમાં પદે પદે દેખાય છે. એ જ બુદ્ધિયોગે તેમને વિશિષ્ટ દરજજો આપ્યો છે.

૧૦૧૦. 'તેમનામાં બુદ્ધિયોગ ઉપરાંત એક બીજું તત્ત્વ જે હતું તેણે તેમને મહત્તા અર્પી છે. આ તત્ત્વ તે તત્ત્વપરીક્ષક શક્તિનું અગર તો ક્રાંતિકારિતાનું. ઘણાં વર્ષ અપાર પૂજાના ભાર નીચે એક સંપ્રદાયમાં બદ્ધ થયા પછી તેને કાંચળીની માફક ફેંકી દેવાનું સાહસ એ એમની ક્રાંતિકારિણી શક્તિ સૂચવે છે. એમના આત્મામાં કોઈ એવી સત્યશોધક શક્તિ હોવી જોઈએ કે જેણે તેમને રૂઢિના ચીલા ઉપર સંતુષ્ટ રહેવા ન દીધા, એમનું જીવન બીજાં ત્રીશેક વર્ષ લંબાયું હોત તો તેમની ક્ષત્રિયોચિત ક્રાંતિકારિણી પ્રકૃતિએ તેમને કઈ ભૂમિકાએ પહોંચાડ્યા હોત એની કલ્પના કરવી એ કઠણ છે પણ એટલું તો એમના તરવરતા જીવનમાંથી ચોખ્ખું દેખાય છે કે તેઓ એકવાર પોતાને જે સાચું લાગે તેને કહેવા અને આચરવામાં કોઈ મોટા ખાનખાનાની પરવા કરે કે પ્રતિષ્ઠાથી લલચાઈ જાય તેવા ન હતા.

૧૦૧૧. 'જૈનશ્રુતનો જે વારસો મળ્યો તે જ વારસો સંભાળી બેસી રહ્યા હોત અને બહુશ્રુત કહેવાયા હોત તો પણ તેમનું આ સ્થાન નહોત. એમણે દેશકાળની વિદ્યાસમૃદ્ધિ જોઈ, નવાં સાધનો જોયાં અને ભાવિની જોખમદારી જોઈ, અને આત્મા તનમની ઉઠયો. તે સાથે જ તે માટે જેટલું પોતાથી થઈ શકે તે કરવા મંડ્યા. એમણે વેદો વાંચ્યા, ઉપનિષદો જોયાં, શ્રૌતસૂત્રો સ્મૃતિઓ અને પુરાણોનું પારાયણ કર્યું, સામયિક નવું ઉદ્‌ભવતું સાહિત્ય જોયું, મૃત અને જીવતી બધી જૈન શાખાઓનું સાહિત્ય, તેમનો ઈતિહાસ અને તેમની પરંપરાઓ જાણી, અને ત્યારબાદ પોતાને જે કહેવું હતું કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યું. એમના કથનમાં શાસ્ત્રનો પ્રચંડ સંગ્રહ છે, વ્યવસ્થાની પ્રતિભા છે અને અભ્યાસની જાગૃતિ છે. એમણે મળેલ વારસામાં આટલો ઉમેરો કર્યો. દરેક આચાર્ય પદે આવનારે તેમ કરવું ઘટે. x x x

૧૦૧૨. 'મહારાજશ્રીએ જે બહુશ્રુતપણાની ગંગા શરૂ કરી છે તે નવી પરિસ્થિતિ જોતાં માત્ર ગંગોત્રી છે અને સંપ્રદાયની ભૂમિકા ઉપર ઉભા રહી તેમણે જે સંશોધનવૃત્તિ તેમજ ઐતિહાસિક વૃત્તિ દાખવી છે તે ભાવી સંશોધકો અને ઐતિહાસિકોને ઈતિહાસનો મહેલ બાંધવા માટે પાયામાં મૂકાતા એક પત્થરની ગરજ પૂરી પાડે છે. સંશોધનો, ઐતિહાસિક ગવેષણાઓ અને વિદ્યાઓ કયાં પૂરી થાય છે તે કોઈ ન જ કહી શકે. તેથી તે દિશામાં સમગ્ર પુરુષાર્થ દાખવી પગલું ભરનારનો નાનકડો શો ફાળો પણ બહુ જ કિમતી ગણાવો જોઈએ. આ દૃષ્ટિએ 'અજ્ઞાન તિમિર ભાસ્કર' ઉપર વિશેષ કામ કરવા ઈચ્છનાર પ્રૌઢ સંશોધક અને ઐતિહાસિકને પુષ્કળ અવકાશ છે.'[૫૪૩]

૧૦૧૩. હવે આપણે આત્મારામજીની બદલીમાં ચીકાગો વિશ્વધર્મ પરિષદ્‌માં જૈનધર્મના પ્રતિનિધિ તરીકે તેમની પાસેથી ધર્મજ્ઞાન મેળવી જનાર અને ત્યા આદર મેળવનાર જૈન ગ્રેજ્યુએટ **વીરચંદ રાઘવજી ગાંધી**નો પરિચય કરીશું.

વીરચંદ રાઘવજી ગાંધી

(ત્રોટક)

પરમાર્થિક તારક મધ્યમણી, વળી દુર્જન ઘૂઅડ દિનમણી,
વીરચંદ્ર સુધાર્મિક ચંદ્રમણી, જય રાઘવજીસુત રત્નમણી.
વિચરી ધીર વીર વિદેશભણી, પરણી કીરતિ કમળા રમણી,
રમણીક પ્રભાવિક પૂજ્ય ઘણી, જય રાઘવજીસુત રત્નમણી.
કરિયાણક તર્ક વિતર્ક તણાં, મતિમાંદ્યથી ભેળમસેળ ઘણાં,
કરી શુદ્ધ ધર્યાં ખુબી ગાંધી તણી, જય રાઘવજીસુત રત્નમણી.

- સ્વ. ડાહ્યાભાઇ ધો. ઝવેરી.

૧૦૧૪. જન્મ કાઠિયાવાડના ભાવનગર પાસેના મહુવા ગામમાં સં. ૧૯૨૦માં (૨૫-૮-૧૮૬૪ દિને) ગરીબ પણ કુલીન ગૃહમાં થયો. પિતાનું નામ રાઘવજી. ભાવનગરમાં અભ્યાસ કરી સોળમે વર્ષે મેટ્રિક ને મુંબઈમાં એલ્ફિન્સ્ટન કૉલેજમાં ભણી વીસ વર્ષની વયે બી. એ. થયાં. સં: ૧૯૩૮-૩૯ માં સ્થપાયેલ જૈન એસોસિયેશન ઑફ ઈંડિયાનું મંત્રીપદ પોતાને સં. ૧૯૪૧માં મળતાં સાંસારિક ધાર્મિક અને રાજકીય સુધારા-અનેક વિષયો પર થતી ભાષણશ્રેણીમાં ભાષણો આપ્યાં. ૧૯૪૨માં હુકમમુનિ સંબંધી વિચાર થયો. શત્રુંજય પર કોઈએ ખોદી નાંખેલી જૈન પાદુકા સંબંધી વિવાદ પાલીતાણાના ઠાકોર સુરસિંહજી સાથે થતાં તેમાં વીરચંદભાઈએ પુષ્કળ મહેનત લીધી. આખરે

૫૪૩. સુવિચારક પંડિત શ્રી સુખલાલજીના 'શ્રી આત્મારામજી જયંતી પ્રસંગે કંઈક વક્તવ્ય' એ નામના સં. ૧૯૮૫ના જ્યેષ્ઠના જૈનયુગના અંક પૃ. ૩૯૭-૮માં પ્રસિદ્ધ થયેલા લેખમાંથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુરસિંહજી મરણ પામતાં તેની ગાદીએ આવેલા માનસિંહજી સાથે સં. ૧૯૪૩ (૧૮૮૬)માં રૂ. ૧૫ હજારની ઉચક રકમ ૪૦ વર્ષ સુધી આપવાનો કરાર થયો. તે વર્ષમાં સોલિસિટર થવાનો અભ્યાસ શરૂ કર્યો. સં. ૧૯૪૮ (સને ૧૮૯૧) માં એક અંગ્રેજે પવિત્ર સમ્મેતશિખરપર ચરબી બનાવવાનું કારખાનું ઉઘાડતાં જૈન સમાજની થયેલી ક્ષુબ્ધ લાગણીને અંગે તેની સામેના મંડાયેલા કેસમાં આખરે અપીલમાં મહા મહેનત લઈ વીરચંદભાઈએ વિજય મેળવ્યો ને તીર્થ પરનો અત્યાચાર દૂર કરાવ્યો.

૧૦૧૫. સં. ૧૯૫૦ (સને ૧૮૯૩)માં **ચી**કાગોમાં ભરાનારી વિશ્વધર્મ પરિષદ્ (Parliament of Religions)માં જૈનધર્મના પ્રતિનિધિ તરીકે આચાર્યશ્રી **આ**ત્મારામજી પર આમંત્રણ આવતાં, જૈનસાધુ સમુદ્રોલ્લંઘન અપવાદ સિવાય ન કરી શકે એમ માન્યતા હોવાને કારણે તેઓ જઈ શકે તેમ નહોતું. **વી**રચંદભાઈને પ્રતિનિધિ તરીકે મોકલવાનું ઠરતાં તેમણે આત્મારામ સૂરિ પાસે જૈન તત્ત્વજ્ઞાનનું ઉંડું અધ્યયન કરી લીધું અને પોતે પરિષદમા જવા ઉપડી ગયા. ત્યાં હિન્દુ ધર્મના પ્રતિનિધિ તરીકે પ્રસિદ્ધ **વિ**વેકાનંદ આદિ આવ્યા હતા. બંનેએ સારી છાપ ત્યાંના લોક પર પાડી. **વી**રચંદે જૈનધર્મનું સ્વરૂપ-નીતિ અને તત્ત્વજ્ઞાન બંને એવી ઉત્તમ રીતે પરિષદ્ સમક્ષ મૂકયું કે **અ**મેરિકાના તે વખતના એક વજનદાર પત્રે જણાવ્યું કે :-

- 'પાર્લામેંટ'માં પ્રતિષ્ઠિત હિંદુ વિદ્વાનો, તત્ત્વજ્ઞાનીઓ અને ધર્મોપદેશકોએ હાજર થઈ ભાષણો આપ્યાં હતાં તેમાંના કેટલાંક તો એવા હતા કે જેમને વિદ્વત્તા, વકતૃત્વકલા અને ધર્મભક્તિમાં કોઈપણ પ્રજાની ઉચ્ચમાં ઉચ્ચ વ્યક્તિઓ સાથે સમાનપદ પર મૂકાય તેમ છે; પરંતુ એટલું તો નિર્ભયતાથી કહી શકાય તેમ છે કે પૌર્વાત્ય પંડિતોમાંથી જૈન સમાજના યુવક ગૃહસ્થે પોતાના વર્ગની નીતિ અને તત્ત્વજ્ઞાન સંબંધી આપેલ ભાષણ શ્રોતાઓએ જે રસથી સાંભળ્યું હતું તે કરતાં વધારે રસથી કોઈપણ પૌર્વાત્ય પંડિતનું તેમણે સાંભળ્યું નહોતું.[૫૪૪]

૧૦૧૬. આને લીધે તેમને તે પરિષદ્ના ઉત્પાદક અને એકત્રિત વિદ્વન્મંડળે રૌપ્ય પદક અર્પણ કર્યો. પછી **અ**મેરિકાના મોટાં શહેરો નામે **બો**સ્ટન, **ન્યૂ**યૉર્ક, **વૉ**શિંગ્ટન વગેરેમાં જૈનધર્મ પર વ્યાખ્યાનો આપી તેનું રહસ્ય, તેની વ્યાપકતા-સુંદરતા સમજાવ્યાં. **કા**સાડોગા શહેરના નાગરિકોએ તો સુવર્ણપદક સમર્પ્યો. તદુપરાંત ત્યાં 'ગાંધી ફિલોસૉફિકલ સોસાયટી' સ્થાપી કે જે દ્વારા જૈન તત્ત્વજ્ઞાનનો પરિચય અમેરિકાને મળ્યાં કરે. ત્યાં કેટલોક કાલ રહી એ રીતે કાર્ય કરી ઈંગ્લાંડમાં આવી વ્યાખ્યાનમાલા આપવી શરૂ કરી, અને તેના પરિણામે ઘણાએ જૈનધર્મ સંબંધી જિજ્ઞાસા બતાવી, તેથી તેમના માટે એક શિક્ષણવર્ગ ખોલ્યો. આવા તે વર્ગના વિદ્યાર્થી જિજ્ઞાસુ પૈકી એક નામે **હર્બર્ટ વૉરન**[૫૪૫] હજુ

---

૫૪૪. A number of distinguished Hindoo Scholars, Philosphers, and Religious Teachers attended and addressed the Parliament; some of them taking rank with the highest of any race for leaning, eloquence, and piety. But it is safe to say that no one of the Oriental Scholars was listened to with greater interest than was the young layman of the Jain community as he declared the Ethics and Philosophy of his people.

૫૪૫. આ અંગ્રેજ માંસાહારનો સર્વથા ત્યાગ, જૈન વ્રતોનું મર્યાદાથી ગ્રહણ કરીને જૈન તત્ત્વજ્ઞાનમાં શ્રદ્ધા સંપૂર્ણ ને વિચારપૂર્વક રાખી જૈનધર્મને પાળે છે. વીરચંદભાઈના તે હસ્તદીક્ષિત શિષ્ય છે તેમણે તેમનાં ભાષણોની નોંધ લઈ રાખી હતી તે હજુ પોતાની પાસે છે; જૈનધર્મ પર Jainism નામનું અંગ્રેજીમાં તેમણે પુસ્તક રચ્યું છે (મુદ્રિત) તે પરથી તે સારા વિચારક છે એ સ્પષ્ટ જણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ જીવે છે ને જૈનધર્મ પાળે છે.

૧૦૧૭. સમુદ્રગમન કરી પરદેશ જવા માટે જૈનોનો વિરોધ હતો તે તેમને માન આપવાની સભામાં ખુરશીઓ ઉછળી હતી તે પરથી આબાદ જણાયો સુભાગ્યે તે વિરોધ લાંબા કાળ સુધી ટકયો નહિ. સં. ૧૯૫૧ (સને ૧૮૯૫ જુન) માં મુંબઈ આવીને 'હેમચંદ્રાચાર્ય અભ્યાસવર્ગ સ્થાપી જૈનદર્શનનું શિક્ષણ આપવાની યોજના કરી, ને તે સંબંધી વ્યાખ્યાનમાળા થઈ. બીજી સંસ્થાઓમાં જઈ પોતે જૈનધર્મ પર વ્યાખ્યાનો આપ્યાં. અમેરિકાથી આમંત્રણો આવતાં પુનઃ (સને ૧૮૯૬માં) ત્યાં જઈ થોડા મહિના રહી પછી ઈંગ્લાંડમાં થોડા માસ પોતાની વ્યાખ્યાનમાલા આપી. વિલાયતમાં સાથે સાથે બારિસ્ટરનો અભ્યાસ ચાલુ રાખ્યો. જૈન સમાજના હિતની એક અપીલ વિલાયત થતાં તેની ખાસ માહિતી મેળવવા હિંદમાં આવી બેત્રણ અઠવાડીયા રહી વિલાયત જઈ અપીલમાં વિજય મળતાં હિંદ પાછા ફર્યા. ત્રીજી વખત સને ૧૮૯૯માં અમેરિકા ગયા. ને પછી વિલાયત થઈ હિંદમાં આવ્યે બે અઠવાડીયા થયાં ત્યાં સં. ૧૯૫૭ના પ્ર૦ શ્રા. વ. ૮ (૭-૮-૧૯૦૧) ને દિને મુંબઈમાં સ્વર્ગસ્થ થયા.

૧૦૧૮. આ પૂર્વે જૈન ધર્મનો પ્રસાર અમેરિકા-ઈંગ્લાંડ-પરદેશ કરવા માટે કોઈ નહોતું ગયું. તેથી વિદેશમાં જૈનધર્મનો પરિચય કરાવનારનું પ્રથમ માન આ યુગમાં થયેલ આ વિદ્વાન જૈન ગૃહસ્થને-શ્રાવકને ઘટે છે. શ્રી **વીરચંદભાઇ** જે ધર્મ પરિષદમાં ચીકાગો ગયા ત્યાં **વિવેકાનંદ** પણ પહેલાં પ્રથમ આર્ય વેદાંત તત્ત્વજ્ઞાન સમજાવવા આવ્યા હતા. તેઓ માંસાહારી હતા. જ્યારે **વીરચંદ** ધર્મચુસ્ત જૈનનું જીવન ગાળનાર નિર્દોષ અન્નાહારી હતા. બંને ભારતનાં રત્નો, લોકપ્રિય વ્યાખ્યાનકાર અને અમેરિકાના શ્રોતાઓને આકર્ષનાર, તથા પોતાના વિચારોની છાપ પાડનાર હતા. બંને સ્વદેશમાં ટુંકા જીવન ગાળી વિદેહ થયા-**વિવેકાનંદ** ૪૦ વર્ષની વયે સને ૧૯૨૦માં બેલુરના મઠમાં અને **વીરચંદ** તેમની પહેલાં એક વર્ષે ૧૯૦૧માં ૩૭ વર્ષની ઉમરે મુંબઈમાં. એકના વિચારોની પ્રબલ અસર નિજ શિષ્યમંડળે રામકૃષ્ણ સોસાયટી આદિ અનેક સંસ્થાઓ સ્થાપી જ્વલંત અને ચિરસ્થાયી રાખી, જ્યારે સ્વ. **વીરચંદ**ના વિચારોની અસર કોઈ પણ જૈન તરફથી જારી રહી નથી. તેમનાં અંગ્રેજી વ્યાખ્યાનોનો સંગ્રહ સુભાગ્યે 'જૈન' પત્રના આદ્ય તંત્રી (સ્વ.) **ભગુભાઈ ફત્તેહચંદ કારભારીએ** સંપાદિત કરેલ ત્રણ પુસ્તકો- jaina Philosophy અને દે૦ લા૦ ને બીજી આવૃત્તિ આ. સ. તરફથી પ્રકટ થયેલ Yoga Philosophy અને Karma Philosophy એ નામનાં ત્રણ પુસ્તકોમાં ઘણોખરો જળવાયો છે.[૫૪૬]

---

૫૪૬. વિશેષ માટે વાંચો મારો લેખ નામે 'શ્રીયુત સ્વ૦ વીરચંદભાઈનું જીવન અને કાર્ય'-જૈન શ્વે. કોન્ફરન્સ હેરલ્ડ અકટો૦ નવેંબર ૧૯૧૪નો શ્રીમન્ મહાવીર સચિત્ર દીવાળી ખાસ અંક પૃ. ૫૪૫-૫૬૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कोहं च माणं च तहेव मायं लोभं चउत्थं अज्झत्थदोसा ।
एआणि वंता अरहा महेसी ण कुव्वई पाव ण कारवेइ ॥

- ક્રોધ, માન, માયા તથા લોભ એમ ચાર પ્રકારના આત્મદોષ છે, તેઓનો ત્યાગ કરીને અર્હત અથવા મહર્ષિ (થવાય છે) કે જે પાપ (સાવદ્ય અનુષ્ઠાન) કરતા નથી તેમ (અન્ય પાસે) કરાવતા નથી.-**સૂયગડાંગ** શ્રુ૦ ૧, અ. ૬.

- ક્રોધને દાબી દેવો એટલે એક અગત્યની વાત હું કડવા અનુભવોથી ૩૦ વરસમાં શીખ્યો છું. દાબી રાખેલી ઉષ્મતામાંથી જેમ શક્તિ પેદા થાય છે તેમ સંયમમાં રાખેલ ક્રોધમાંથી પણ એવું બળ પેદા કરી શકાય કે જે સારા જગતને હચમચાવી નાંખે x x આપત્તિ હોય, જોખમો હોય તે ખેડવાં ને પોતાનું કામ કરવું એ વીરતાની નિશાની છે. વણિક વૃત્તિ કરતાં વીરતાનો ભાવ યુદ્ધમાં વધારે હોય છે. શાન્તિને સમયે વણિકવૃત્તિનો ખપ પડે છે, અશાંતિને સમય વીરતાનો. ગુજરાત વણિકવૃત્તિને સારૂ પ્રખ્યાત છે; અને એ યોગ્ય જ લાગે છે કે વણિકવૃત્તિવાળામાં વીરતા આવે જ નહિ. આ ખ્યાલ બરોબર નથી. જેમ પ્રજાનું પોષણ એક જ વૃત્તિથી થાય નહિ તેમ વ્યક્તિનું પોષણ પણ એક જ વૃત્તિથી નથી થતું. તેથી દરેક વ્યક્તિમાં વીરતાનો ગુણ તો હોય જ. માત્ર તેનો ઉપયોગ નથી કરવાનો હોતો ત્યારે આપણામાં તે ન હોય એવું આપણને લાગી આવે છે. ગુજરાતનો સમય - આખા ભારતવર્ષનો સમય અત્યારે વીરતા બતાવવાનો આવ્યો છે. **ગાંધીજી** સં. ૧૯૭૯૩

सच्चस्साणाए उवट्ठिए मेहावी मारं तरइ

- સત્યની આજ્ઞાથી ઉભો થયેલો બુદ્ધિવાન પુરુષ મૃત્યને તરી જાય છે.

- નિર્ગ્રન્થ મહાત્મા મહાવીર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલાક ગ્રંથો

વાદિરાજ સૂરિ કૃત પાર્શ્વનાથ ચ. કા. સમીક્ષાત્મક અધ્યયન-ડૉ. જયકુમાર જૈન, પ્ર. સન્મતિ પ્રકાશન મુજફ્ફરનગર.

ત્રિશષ્ટિ શ.પુ.ચ. અંગ્રેજી અનુવાદ ભા. ૧ થી ૬ ડો. મીસ જહોન્સ, પ્ર.ગા.ઓ.સી.

'जैन महाकाव्य परम्परा और अभयदेवकृत जयन्त विजय'-લે. રામપ્રસાદ, પ્ર. સાહિત્ય નિકેતન

'લેંગ્વેજ ઓફ સમરાદિત્યસંક્ષેપ ઓફ પ્રદ્યુમ્નસૂરિ'-ઈ. ડી. કુલકર્ણી, પ્ર. ઓલ ઈન્ડીયા ઓરિ. વર્ષ ૨૦.

ન્યાય કુમુદચન્દ્ર પરિશીલન - પ્રો. ઉદયચન્દ્ર, પ્ર. પ્રાચ્યશ્રમણ ભારતી

જૈન મેઘદૂત - મેરુતુંગ + મહિમેરુકૃત બાલાવબોધ + હિન્દી સં. રવિશંકર મિશ્ર પ્ર. પાર્શ્વનાથ વિદ્યાપીઠ

જીનદત્ત આખ્યાન દ્વય, પ્ર. સીંઘી ગ્રંથમાલા

ભર્તૃહરી શતકત્રયમ્ + ધનસાર ગ. ટીકા, સં. કૌસાંબી, પ્ર. સીંઘી ગ્રંથમાલા

આત્માનુશાસન - પાર્શ્વનાગ, નિર્ગ્રંથ ૧માં પ્રકાશિત

જીનદત્ત ચરિઉ - રાજસિંહ સં. માતાપ્રસાદ ગુપ્ત, પ્ર. જયપુર

જસહર ચરિઉ - પુષ્પ દન્ત સં. એલ. વૈદ્ય, પ્ર. કારંજા

શૃંગાર વૈરાગ્ય તરંગિણી સોમપ્રભ + નંદલાલ ટીકા + હિન્દી પ્ર. પાર્શ્વનાથ વિદ્યાપીઠ.

સમ્યક્ત્વ સંભવ + સુલસા ચરિત્ર - જયતલિક સૂરિ + ગુ.ભા. પ્ર. હર્ષ પુષ્પા.

રાઘવ પાંડવીયચ - કવિરાજ + હિન્દી પ્ર. વિદ્યાભવન ગ્રં.

પટ્ટાવલી સમુચ્ચય પ્ર. ચારિત્ર સ્મા: ગ્રં.

પુરાતન પ્રબંધ-સં. જીન વિજય પ્ર. ગ્રં.

પ્રાચીન તીર્થ માલા પ્ર. યશો વિ. ગ્રં.

બૃહત્ કથાકોશ-હરિષેણ, પ્ર. સિંઘી ગ્રં.

વિજ્ઞપ્તિ લેખ સંગ્રહ - સં. જીન વિજય, પ્ર. ભારતીય વિદ્યા

સકલ તીર્થ સ્તોત્ર - સિદ્ધસેન સૂરિ, પ્ર. ગા. ઓ. સી.

ક્ષત્રચૂડામણી-વાદીભસિંહ + હિન્દી, પ્ર. દિ. જૈન પુ. સુરત

ગદ્યચિંતામણી - વાદીભસિંહ, પ્ર.ભા.જ્ઞા.

સમણ સુત્તં ગુ. અનુ. મુનિ ભુવનચંદ્ર વિ., પ્ર. જૈન સા. અકાદમી ગાંધી ધામ

સિદ્ધસેન શતક-વિવેચન - ભુવનચંદ્ર વિ. પ્ર. ગાંધી ધામ (ચૂંટેલા શ્લોકો ઉપર)

નિયતિ દ્વાત્રિંશિકા - સિદ્ધસેન દિવાકર સૂરિ - ભુવનચન્દ્ર વિ. કૃત વિવરણ પ્ર. જૈ. સા. અકાદમી ગાંધીધામ.

આરામ શોભા રાસમાળા - સં. જયંત કોઠારી પ્ર. પ્રાકૃત જૈન વિદ્યાવિકાસ ફંડ (આમાં આરામશોભા વિષયક કૃતિઓ આ કર્તાઓની છે, રાજકીર્તિ (રાસ), વિનયસમુદ્ર (ચોપાઇ), સમયપ્રમોદ (ચોપાઈ), પૂજાઋષી (ચરિત્ર), જિનહર્ષ (રાસ).

વરાંગચ. વર્ધમાન ભટ્ટારક પ્ર. રાવજી સ. સોલાપુર.

આ જયતિલકસૂરિના ગ્રંથો - મલયસુંદરીચ. પ્ર.દે.લા. હરિવિક્રમ ચ. (પ્ર.હી.હં.) સુલસાચરિત (અપ્રગટ જિ.૨.કો.પૃ. ૪૪૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભાગ ૮ મો

વિક્રમ વીસમી સદી અને સામાન્ય હકીકત

જૈનયુગ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈનયુગ – નવીનયુગ

(ગરબો)

કોઈ પ્રેમી દેવાંશી સંભારણે કારણે, વારણે જઈએ વારવાર
દેવતાઈ દેખીયે દેદાર, સંસારમાં સાર, ઓહો ધન્ય અવતાર
સંસારમાં પારસમણી ચિન્તામણી છે નામના
કામધેનુ કલ્પતરૂ રસકુંપી સૌ ના કામના
અજબ કાન્તિ અલખ શાન્તિ વેદ કરતા વાચના
છે પ્રેમ નિર્મળ રત્ન જેની નવે ખેડ નામના.

- સ્વ. ડાહ્યાભાઈ ધોળશાજી.

મા ! તેં તો રંગ રાખ્યો
પ્રથમ વખત તેં મુક્તિનો સ્વાદ ચાખ્યો;
'બ્હીના ! બ્હીના !' પુકારી
નિજ શિશુજનને ભવ્ય પેગામ ભાખ્યો.
'તેં સાધ્યું કાંઈ યે ના !'
કહી કદિ અધીરો આપશે ક્રૂર મેણું;
કે'જે પ્રત્યુત્તરે કે
'અભય બની પ્રજા : લઈશ હું સર્વ લેણું.
જાગ્યે મારો વિરાટ,
અમીભર નયનો ઉઘડ્યાં, લોક જાગ્યો;
પૃથ્વીનું ઝેર પીને
અમર બની જતો જો ત્રિપુરારિ જાગ્યો.
જો એની જાગ્રતિને
સકળ જગ-પ્રજા ભવ્ય સન્માન આપે;
જો એના વૈરીઓની
વિકલ ભ્રમદશા; બ્હીકથી ગાત્ર કાંપે.

- ઝવેરચંદ મેઘાણી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૧ પાશ્ચાત્ય કેળવણીનો ઉદય-વીસમી સદી.

I regard English as the language of inter-national commerce and diplomacy, and therefore consider its knowledge on the part of the some of us as essential As it contains some of the richest treasures of thought and literature, I would certainly encourage its careful study among those who have linguistic talents and expect them to translate those treasures for the nation in its vernaculars.-Mahatma Gandhi.

- હું અંગ્રેજીને આંતરપ્રજાકીય વ્યાપાર અને કુનેહની ભાષા ગણું છું અને તેથી આપણામાંના કેટલાક માટે તેનું જ્ઞાન આવશ્યક ગણું છું. તેનામાં વિચાર અને વાઙ્મયના અતિશય સમૃદ્ધ કેટલાક ખજાનાઓ છે. તેથી જેઓમાં ભાષાવિષયક બુદ્ધિ છે તેઓમાં તેનો કાળજીપૂર્વક અભ્યાસ થાય એવું ચોક્કસ ઉત્તેજન આપું અને સાથે ઈચ્છું કે તેઓ પ્રજાને આ ખજાનાઓનું ભાષાંતર તેની લોકભાષાઓમાં કરે.

દાનવીર પ્રેમચંદ રાયચંદ.

'The gentle mind by gentle deeds is known,
For a man by nothing is so well betrayed,
As by his manners in which plain is shewn
Of what degree and what race he is grown.'

-આર્ય-સભ્ય હૃદય સભ્ય કાર્યોથી જણાય છે, કારણ કે મનુષ્યમાં જે તત્ત્વ ગુપ્ત રહ્યું છે તે તેની રીતભાત પરથી જે સ્પષ્પણે પ્રકટ થાય તે પરથી ઝટ પકડાઈ આવે છે, અને તે કેવા દરજ્જાનો અને કેવી જાતિનો વિકસેલ છે, તે જણાઈ આવે છે.

૧૦૧૯. પ્રેમચંદ શેઠ-સુરતના દશા ઓશવાળ શ્રાવક વાણીઆ. જન્મ સં. ૧૮૮૭. 'ગરીબ માત પિતાને પેટે જન્મી, આત્મ બુદ્ધિબળથી વધી, સટ્ટાની દુનિયામાં 'શેર સટ્ટાના રાજા' તરીકે પ્રસિદ્ધિ પામનાર-આખા હિંદને એક ચકવે ચહડાવનાર પુરુષ-અન્ય શબ્દમાં કહીએ તો મહાપુરુષ હતા અને આસ્માની સુલતાનીના ચક્રમાંથી પસાર થવા છતાં, સારૂં નામ-સવારનું નામ પ્રાપ્ત કરનાર, દેશવિદેશમાં સુવિખ્યાત, આખી અણીએ-સર્વ પ્રકારના માન સાથે મરણ પામનાર મુંબઈ ઈલાકામાં આ એક જ પુરુષ હતા-અને તે એક ગૂજરાતી જૈન. 'આજે ભાવ આ છે ને કાલની વાતતો પ્રેમચંદભાઈ જાણે' એવી સ્થિતિ તેમણે ૩૫ થી ૪૦ વર્ષ સુધી મુંબઈનાં નાણાં બજાર પર એક સરખો કાબુ રાખ્યા પછી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં. ૧૯૧૭-૨૨ સુધીમાં આણી દીધી હતી. કરોડાધિપતિ થયા ને તે વખતે ધર્મ, કોમ, જાતિનો ભેદ રાખ્યા વગર સખાવતો કર્યે જ રાખી. સ્થિતિના ઉછાળા આવ્યા છતાં ધીરજ ડગી નહિ. આ સર્વમાં ઉતરવું અત્ર પ્રસ્તુત નથી. જેવા ચંચલ બુદ્ધિશાલી ને ઉદ્યોગશીલ વેપારી તેવા જ ઉદાર. લક્ષ્મી મળતી ગઈ તેમ તેનો ઉદારતાથી વ્યય થતો જ ગયો. કેળવણીના કાર્યમાં મદદ કરવા માટે તેમણે મુંબઈ અને કલકત્તાની યુનિર્સિટીઓને સવા છ લાખ અને સવાચાર લાખ રૂ.ની મદદ આપી.[૫૪૭] સુરત, ભરૂચ, અમદાવાદ અને બીજે ઘણે ઠેકાણે નિશાળો અને કન્યાશાળાઓ ઉભી કરી આપી. જૈનોને મદદ કરવા માટે અને ખાવાનું પુરું પાડવા પોતાના પિતાના નામની વીશી મુંબઈમાં ખોલી તેમાં પાંચ લાખ, સુરતમાં સ્વામીવાત્સલ્ય માટે દશ હજાર, ગિરનાર તીર્થની ધર્મશાલા ને ભાતા માટે ચાલીશ હજાર આપ્યા. અમદાવાદ ટ્રેનિંગ કૉલેજ તેમના નામની ચાલે છે. તેમાં એંશી હજાર, ગૂજરાત વર્નાકયુલર સોસાયટીને વીશ હજાર, સુરતમાં ધર્મશાળા માટે પાંસઠ હજાર, ફીયર ફલેચર કન્યાશાળાને સાઠ હજાર, સ્કૉટિશ ઑર્ફનેજને પચાસ હજાર, સુરત રાયચંદ દીપચંદ કન્યાશાળામાં વીસ હજાર, એલેકઝાંડ્રા કન્યાશાળામાં દશ હજાર, ભરૂચની રાયચંદ દીપચંદ લાયબ્રેરીમાં પાંત્રીશ હજાર, આણંદમાં ધર્મશાળામાં વીસ હજાર-આમ પોતાની હયાતી દરમ્યાન કરેલી સખાવતોની સત્તાવાર જાણીતી સખાવતો કુલ ૬૦ લાખ રૂ.ની થાય છે. તે ઉપરાંત મુંબઈના જે. એન. પીટિટ ઈન્સ્ટિટયુટ, રૉ. એ. સોસાયટી, નેટીવ જનરલ લાયબ્રેરીમાં, તારંગાની ધર્મશાળામાં કેટલીક રકમો આપી, ગૂજરાત અને કાઠિયાવાડના ૭૬ ગામોમાં ધર્મશાળાઓ, કુવાઓ, તળાવોના જીર્ણોદ્ધારની અંદર લગભગ છ લાખ, જૈન દેરાસરોના જીર્ણોદ્ધારમાં ૮ થી ૧૦ લાખ, વિદ્યાર્થીઓને ભણવા માટે તથા નાની નાની શાળાઓ તથા લાયબ્રેરીઓને પૈસા તથા પુસ્તકોની મદદમાં અઢી લાખ આપ્યા હતા. ગરીબ ગુરબાંને હંમેશની ખેરાત-સારા વખતમાં દરમાસે આઠ હજારની અને પાછળથી ઓછામાં ઓછી ત્રણ હજારની હતી એમની ખાનગી સખાવત તેમના કુટુંબીઓથી કરી શકાય તેવી ગણત્રીથી ૪૦ લાખ રૂ.ની થાય છે. કુલ એક કરોડ કરતાં તેમની સખાવત વધી જાય છે. પ્રેમચંદ શેઠ પોતાનાં ધર્માદાય કાર્યો વિષે કહેતા 'હું એવાં કાર્યો કરતા ભૂલ્યો નથી, પણ તે વિષે સુચના કરનારાઓ ભૂલ્યા હશે. મને સૂચવેલા માર્ગે મેં યથાશક્તિ ધર્માદા કરેલું જ છે. + + મારા સુભાગી વખતમાં જેઓ મને સત્કર્મ કરવાની સૂચના કરે

૫૪૭. વાછાના પુસ્તકમાં જણાવેલું છે કે મુંબઈ યુનિવર્સિટીને બે લાખ ૬-૧૦-૧૮૬૪ના પત્રથી મોટા ઘડીઆળવાળું ટાવર બાંધવાને તથા તા. ૨૭-૮-૧૮૬૪ના પત્રથી બે લાખ તે યુનિવર્સિટીની લાયબ્રેરી માટે કંઈ પણ સરત વગર આપ્યા. કલકત્તાની યુનિવર્સિટીને પણ બે લાખ રૂ. સને ૧૮૬૪-૬૫માં પ્રેમચંદ રાયચંદ સ્કૉલરશિપો એ નામથી પાંચ વાર્ષિક સ્કૉલરશિપો આપવા માટે કંઈ પણ શરત વગર આપ્યા હતા. અમદાવાદની ગુજરાત વર્નાકયુલર કોલેજને (પ્રે. ૨. મેઈલ ટ્રેનિંગ કોલેજને) ૨૯ હજાર, પોતાના પિતાના નામથી કન્યાશાલા સુરતના નિભાવ માટે દશ હજાર, સ્કોટિશ ઓર્ફનેજ માહિમના મકાન માટે સાઠ હજાર, ફીઅર ફલેચર સ્કૂલના મકાનમાં પાંચ હજાર, અમદાવાદ કોલેજને સ્કોલરશિપો માટે વીસ હજાર, 'બંગાલા સાઇકલોન રીલીફ ફંડ'માં પચીસ હજાર, અમદાવાદ રિલીફ ફંડમાં પાંચ હજાર, મુંબઈની જ્યોગ્રાફિકલ સોસાયટીને પાંચ હજાર આપવા ઉપરાંત અમેરિકન મિશન, ઈંડો-બ્રિટિશ ઈન્સ્ટિટયુશન, હેમાભાઇ ઈન્સ્ટિટયૂટ, નેટિવ જનરલ લાયબ્રેરી, એશિયાટિક લાયબ્રેરી તથા બીજી સંસ્થાઓને પણ પોતાનો સખાવતનો લાભ આપ્યો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે એજ મારા ખરા મિત્ર છે હું જે આપું છું તેજ મારૂં છે ને રાખું છું તેના માલિક તો બીજા જ છે.' તેમની મહાન્ ઉદારતાનો સ્મરણસ્તંભ તો પોંતાની માતુશ્રી રાજબાઇના નામથી 'રાજબાઇ ટાવર' હાલ મુંબઈની યુનિવર્સિટીના મકાન સાથે બેકબે દરિયાનું અવલોકન કરતો ઉભેલો છે. તે માટે બે લાખ રૂ. આપતાં કોઈપણ જાતની સરત કરી નહિ. જૈન ધર્મમાં તેમજ ન્યાત જાતના તફાવત વગરનાં સાર્વજનિક ધર્માદા કાર્યોમાં તેમણે છુટે હાથે નાણાંની રકમો ભરી આપી પોતાની સમૃદ્ધિનું સાર્થક કરેલું છે. એમ કોઈ પણ વ્યક્તિ પ્રસન્ન અંતઃકરણે વિના સંકોચે કહેશે જ. આ છતાં એક પણ સરકારી ટાઇટલ તેમણે સ્વીકારેલ-પ્રાપ્ત કરેલ નથી; અને કીર્ત્તિની કે નામની ઇચ્છા રાખી નથી. મહાન્ કુશળ વ્યાપારી પુષ્કળ સંપત્તિ મેળવી તેનો સદુપયોગ કર્યા જ કરી સ્વભાવે તે વર્ત્તને સાદા અને શાંત રહીને ૭૬ વર્ષનું લાંબું આયુષ્ય ભોગવી સં. ૧૯૬૨ના ભાદ્ર. શુ. ૧૨ શુક્ર દિને સ્વર્ગસ્થ થયા. ધન્ય છે એ ગુર્જર જૈન દાતાને[૫૪૮]

૧૦૨૦. સં. ૧૯૨૦ થી મુંબઈથી અમદાવાદ સુધી રેલ્વે ચાલતી ૧૯૨૬ ને ૨૮ વચ્ચે અમદાવાદથી વઢવાણ સુધી, ૧૯૨૯થી વીરમગામથી ખારાઘોડા સુધી, ૧૯૩૬માં વઢવાણથી ભાવનગર સુધીને ૧૯૩૫માં અમદાવાદથી ઉત્તરમાં રાજપૂતસ્થાન તરફ આગગાડી ચાલવા માંડી.

નાટકકાર ડાહ્યાભાઈ ધોળશાજી.

૧. શંકર ! શિવંકર ! ચિન્તા તું પરિહર
ભૂતાદિનાથ ! જગનાથ ! હે જિનવર !-શંકર !
ચિન્તામણિ ચરણ શરણ છે ચિત્ત વિષે
ત્રાતા ! નિવાર તાપત્રય ભયંકર-શંકર !-શંકર !
ઘટઘટ પ્રગટ તું પોતે સદા રહે
કેવલ્યશાલી ભજીએ ઉંદિગંબર-શંકર !
- તેમના વીણાવેલી નાટકનું મંગલાચરણ

૨. ડગલે ડગલે ડુંગરા, વિકટ પ્રેમનો પંથ;
કૃપા કરે શ્રી રામ તો, સંત પામતા અંત.
- વીણાવેલી.

૩. ગોથાં ખાય છે શિદને હજુ જગનાથને ભજને
x x x
ડા'પણ દરિયો વાત વિસામો માણેક મિત્ર ! કયાં મળશો રે.
જજો જહાંનમમાં રાજય જગતનું વાતવિસામો ન ટળજો-હજુ૦
x x x
પતિત પાવન ! અધમ ઉધારણ ! નવીન પાતકી ત્હારો રે
નાથ ! કૃપા કરી પાપ-ઘાણીથી પીલાતો ઉગારો રે-હજુ૦

---

૫૪૮. જુઓ 'ગુજરાતી'નો સં. ૧૯૬૮નો દીવાળીનો ખાસ અંક પૃ. ૮૭-૮૮; (સર) દિનશા એદલજી વાછાનું Premchand Roychand એ નામનું સને ૧૯૧૩માં બહાર પડેલું અંગ્રેજી પુસ્તક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. ડા'પણ ત્હારૂં જાણ્યં રે ડાહ્યા ! ડાહ્યો તું થા મા
જ્ઞાન સુધારસ મુકી આખર માયા વિષ્ટા ચ્હા મા-
રંગરાગથી રીઝે ઘડીમાં ઘડી વૈરાગે ઝુઝે
તાણાતાણથી પાપી ચેતન ! રઘવાયા તું થા મા-ડા'પણ૦

x x x

મનજી મિત્ર ! ઘડી માફ રાખને બાપ ! પગે પડી વિનવું.
છોડય નાડયને હવે અનાડી પાતક-પારો પા મા-ડા'પણ૦

x x x

અલખ નિરંજન ચિદ્‌ઘનસંગી ચેતન આતમરામી રે
પાપે ડૂબી ગંગા મૂકી વૈતરણીમાં ન્હા મા-ડા'પણ૦

- ડાહ્યાભાઈએ મરણ ઘડીએ બનાવેલ ભજનો.

૧૦૨૧. આ જૈન નાટકકાર અમદાવાદના વતની સં. ૧૯૨૩ ફા. શુ. ૧૪ ને દિને જન્મ પામી સં. ૧૯૬૮ ચૈત્ર વ. ૮ દિને માત્ર ૩૫ વર્ષની નાની વયે સ્વર્ગસ્થ થયા. તેમણે સફળ અને ઉત્તમ નાટકાર તરીકે અનેક નાટકો રચ્યાં; તે સર્વનાં ગાયનો તેમનું ઉંચી કક્ષાનું કાવ્યત્વ રજુ કરે છે. આ કાવ્યત્વને તે સર્વ નાટકોની સુંદર વસ્તુ સંકલનાથી સુઘટિત કરેલાં નાટકો પોતાની સ્થાપેલી 'શ્રી દેશી નાટક સમાજ' દ્વારા ગૂજરાતી પ્રજા સમક્ષ ભજવી બતાવ્યાં ને તેથી ગૂજરાતી નાટય કલામાં જૂદી જ ભાત પાડી તેમાં ઉત્ક્રાન્તિ કરી.

૧૦૨૨. કૉલેજમાં કરેલા અધ્યાયથી તેમને સંસ્કૃતનું સારૂં જ્ઞાન હતું અને અમદાવાદની મિશન હાઈસ્કુલમાં સંસ્કૃત શિક્ષક તરીકે કામ કર્યું. પછી નાટકપ્રયોગ રચી તેને ગૂજરાતની રંગભૂમિમાં ભજવવાનો-નાટકનો પવિત્ર ધંધો હાથ ધર્યો તેમાં તેમનો આશય ઉચ્ચ હતો. 'નાટકોમાં જો ઉંચી ભાવના દાખલ થાય, માત્ર હલકી પ્રતિના પ્રેક્ષકોના વિનોદાર્થે નહિ પણ જનસમૂહની વૃત્તિ અને નીતિ ઉચ્ચતર કરવાના સ્તુત્ય અને પ્રશંસનીય હેતુથી જ માત્ર તે લખાય અને ભજવાય તો બેશક ધીરે ધીરે પ્રેક્ષકોની રૂચિ પણ ઉંચી થાય તેમજ લેખકોની દૃષ્ટિ પણ સર્વદા ઉચ્ચ લક્ષ તરફ જ રહે. ડાહ્યાભાઈનો નાટકના સાહિત્યની ઉન્નતિ કરવાનો પ્રયાસ સારી રીતે જાણીતો છે. તેમનું નાની વયમાં મૃત્યુ થવાથી તેમનો પ્રયાસ અટકી પડયો' (સાઠીના સાહિત્યનું દિગ્દર્શન પૃ. ૧૧૪.)

૧૦૨૩. તેમનાં રચેલાં નાટકો-૧. **મ્યુ**નિસિપાલ ઈલેકશન ૨ **કે**સર કિશોર સં. ૧૯૫૧ ૩ **સ**તી **સં**યુક્તા આવૃત્તિ ચોથી સં. ૧૯૫૨, ૪ **મ**દનમંજરી સં. ૧૯૫૩ ૫ **સ**તી **પા**ર્વતી ૬ **અ**શ્રુમતી આ. ૨ સં. ૧૯૫૨, ૮ **રા**મવિયોગ આ૦ ૪ થી સં. ૧૯૫૫, ૮ **સ**રદારબા આ. ૬ સં. ૧૯૫૭, ૯ **ભો**જકુમાર, આ. ૨ સં. ૧૯૫૫ ૧૦ ઉમાદેવડી આ. ૪ સં. ૧૯૫૫ આ૦ ૫ સં. ૧૯૫૭, ૧૧ **વિ**જયાવિજય, ૧૨ **વી**ણાવેલી આ. ૧ સં. ૧૯૫૫, ૧૩ **ઉ**દયભાણ આ. ૪ સં. ૧૯૫૮, ૧૪ **મો**હિનીચંદ્ર, ૧૫ **સ**તિ **પ**દ્‌મિની-આ પ્રમાણે ૧૫ કુલ નાટકો છે. બધાંનો રચના સંવત નિર્ણીત થઈ શકયો નથી, છતાં પૌર્વાપર્ય ક્રમ રચનાના અનુક્રમે પ્રાયઃ છે એમ ભાસે છે. પવિત્ર લીલાવતી નામનું નાટક તેમની મંડળીએ ભજવેલું તે બહુ લોકપ્રિય થયું હતું. તેની વસ્તુ ઉદયરત્નના **લી**લાવતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુમતિવિલાસના પ્રસિદ્ધ રાસ પરથી લીધેલું. સં. ૧૯૫૨માં તેના રચનાર પાટણના જૈન ભોજક શિવરામ કેશવલાલ હતા. સુભદ્રાહરણ, વીર વિક્રમાદિત્ય અને વિજયકમળા નામનાં નાટકોનાં ગાયનોની ચોપડી જોઈ શકાઈ નથી, પણ તે ડાહ્યાભાઈની કૃતિઓ હોવાનું સંભવે છે. વીણાવેલી નાટકનું વસ્તુ પ્રસિદ્ધ જૈનકથા નામે શ્રીપાળ રાસ પરથી લીધેલ છે. તેમનાં નાટકો બહુ લોકાદર પામ્યાં. તેથી અને દુકાળ આદિ અનેક પ્રસંગોએ પોતાનાં નાટકોના પ્રયોગોની આવક આપી જનસેવા બજાવવાથી તેઓ લોકોને અજાણ્યા નથી, ઉચ્ચ પ્રતિના વિદ્વાનથી તે એક ગામડિયા સુધી.

૧૦૨૪. તેમનાં નાટકો ગાયનો ઉપરાંત સમસ્તાકારે છપાયાં નથી. તેથી નાટ્યકાર તરીકે તેમનાં મૂલ આંકવાનાં સાધનો પૂરાં પડ્યાં નથી. છતાં ગાયનો પરથી તેમજ તેમનાં ભજવાતાં નાટકો જોયા પછી એટલું કહી શકાય કે :- "જ્યાં ત્યાં તેમણે સત્યનો જય અને પાપનો ક્ષય એનું અવલંબન લીધું છે ને ઉચ્છૃંખલ દુર્ગુણોનાં હાનિપ્રદ પરિણામો જ એમણે બતાવ્યાં છે. મનુષ્ય દશા-નસીબ કે કર્મની શક્તિને આધીન છે એ વાત પર બહુ ભાર મૂક્યો છે. અભિમાન પર સખત પ્રહારો કર્યા છે. શઠ પાત્રો દ્વારા સમાજમાં પ્રચલિત અનર્થો ઝાટકી કાઢ્યા છે. ગૂજરાતી સાહિત્યના અનન્ય ઉપાસક અને સમર્થ વિવેચક સદ્‌ગત રણજીતરામ વાવાભાઈના શબ્દોમાં કહીએ તો "નીતિના સબળ પાયા પર દરેક નાટકની ઈમારત ચણાયેલી છે. રા. ડાહ્યાભાઈ એટલા બધા નીતિપ્રચારણ માટે આતુર હતા કે રૂચિરતાની ક્ષતિ થાય તેવે પ્રસંગે પણ નીતિતત્ત્વો પ્રત્યક્ષ રીતે ઉદ્‌ઘોષ્યા વિના રહેતા નહીં. તેમનાં ગાયનોમાં એ તત્ત્વોનો સંભાર છે. પ્રલંબ ભાષણો દ્વારા એ તત્ત્વો ભાર દઈ પ્રેક્ષકો સમક્ષ રજૂ થતાં. આ દેશની પ્રજાને 'શીખામણીઆં' લખાણ (didactic writings) વધારે અસર કરે છે. ડાહ્યાભાઈનાં નાટકોમાં આ તત્ત્વોનો જેટલો વિસ્તૃત ઉપયોગ થઈ શકે તેટલો કરવામાં આવ્યો હતો. સરળ પણ સચોટ ભાષામાં કહેવાતો. સંસ્કૃત અને ગુજરાતી ગ્રંથોના અભ્યાસે હાથ લાગેલા અલંકારો જેમાંના કેટલાક, વર્ષો થયાં હિન્દુ સમાજને પરિચિત હતા તેમનો ઉપયોગ કરી પોતાને કહેવાનું રા. ડાહ્યાભાઈ કહેતા. એમનાં નાટક પર આ પ્રમાણે નીતિના પટા ઉજ્જવલ અને વિશાળ પડ્યા છે. પરોક્ષ ઉપદેશ જે કલાવિધાનનો પ્રધાન ઉદ્દેશ છે તે આજના અશિક્ષિત કે અલ્પ શિક્ષણવાળા શ્રોતાઓને માટે હિતાવહ નથી એમ માની પ્રત્યક્ષ ઉપદેશ એમણે ઉચ્ચાનાદે કર્યો છે."

૧૦૨૫. ગાયનોના સંગીત વિષે શ્રી રણજીતભાઈના જ મિત શબ્દોમાં કહીશું :- 'તેમના ગરબા યોગ્ય લોકાદર પામ્યા છે. કાઠીઆવાડના રાસડા રા. રા. વાઘજી આશારામ ઓઝાએ નાટકોમાં દાખલ કર્યા. રા. રા. ડાહ્યાભાઈની રસિકતા આ રાસડાઓની રસનિષ્પાદન શક્તિ, પ્રેક્ષ [scene] તરીકે અને સંગીત પરત્વેની ખુબી પામી શકી. દરેક ખેલમાં અકેકો ગરબો સ્થાન પામ્યો. આ દેશના આલંકારિકોએ નાનાવિધની નાયિકા વર્ણવી છે. તેવી નાયિકાના પ્રસંગો આછાં પ્રકૃતિવર્ણનોથી રંગી ગરબામાં રા. ડાહ્યાભાઈએ આણ્યા છે. લય લલિત, સૂરાવટ મધુર અને ભાષા કોમળ છે; અલંકાર રૂચિકર છે; શૈલી સરળ અને સાદી છે; વચ્ચે વચ્ચે પ્રાચીન કાવ્યોની ભાષા, કે અલંકારો કે વિચારો સૌરસ્યથી ગોઠવ્યા છે. ગોપીગીતો અથવા કલગીતોરાની છટેલ મસ્તી કે અનીતિ છેકી નાંખી તેમની મનોહરતા, શ્રુતિપ્રિયતા, સુગમ્યતા, લાલિત્ય, માધુર્ય અને પ્રવાહીત્વ પોતાનાં ગીતોમાં રા. ડાહ્યાભાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાવ્યા છે. આજનાં ઘણાં નાટકી ગાયનોમાં અસંબદ્ધતા, શિથિલતા, નિરર્થકતા, અવિશદતા, પ્રયોજનહીન શબ્દપ્રાચુર્ય વગેરે જે અરૂચિકર તત્ત્વો હોય છે તે દૂષણો રા. ડાહ્યાભાઈનાં લગભગ બધાં ગીતોમાં નથી; બેશક સંપૂર્ણ અંશે શુદ્ધ તો બધાં નથી જ. હલકાં જોડકણાંને બદલે રસભર્યા ગીતો એમણે રચ્યાં છે. ગરબા અને નાયિકાને ગાવાનાં ગીતોના ભાવ સારા આલેખવા પ્રયત્ન કરવામાં આવ્યા છે. કંચનીઓનાં ગીતો પણ ઉસ્તાદી સંગીતની પ્રસાદી પામ્યાં છે. અલંકારો વર્ણવતાં જ ધારેલો ભાવ ઉદ્દીપન કરે-અર્થાત્ આજના પ્રેક્ષકવર્ગને સ્હેજ પણ આયાસ વગર તે ભાવ સમજાય એવા પસંદ કરવામાં આવ્યા છે x x ભાષા અમુક અંશે સંસ્કારી રા. ડાહ્યાભાઈએ વાપરી છે. વર્ણસગાઈ પર ઝોક જબરો છે. બેશક ગુજરાતમાં જે જાતની કવિતા આજદિન લગી પ્રચારમાં છે - જે કવિતા લોકો હોંશથી વાંચે છે તેના કેટલાક ગુણો પોતાનાં ગાયનોમાં આણ્યાથી રા. ડાહ્યાભાઈએ લોકપ્રિયતા મેળવી એ સ્વાભાવિક છે. x x અભિનય પરત્વે બોલતાં 'ટેબલો'ના અભિનયની ખુબી પીછાની તેને રંગભૂમિ પર સ્થાન આપવા માટે પ્રેક્ષકો રા. ડાહ્યાભાઈના અતીવ આભારી છે. અમુક વૃત્તિ કે સંવેગ મૂક અને નીરવ રીત્યે પ્રકૃષ્ટ સ્વરૂપમાં દાખવનાર અભિનયની કિંમત આંકવા લેખિની અસમર્થ છે. x x પોતાના પ્રેક્ષકોને ધીરે ધીરે સંસ્કારી કરવા, તેમની સન્મુખ તેમને પચે એવા આદર્શો મૂકવા, બને તેટલી ભભક ઓછી રાખી સંગીન ઉપદેશ આપવો એવા કાંઈક એમના હેતુ હશે. પોતાની શક્તિના પ્રમાણમાં તેઓથી બન્યું એટલું એમણે કર્યું છે-છતાં એમની વિદ્યા જોતાં વધારેની અપેક્ષા રહે છે. કોલેજનું શિક્ષણ લેનાર રા. ડાહ્યાભાઈએ પોતાનાં નાટકો દ્વારા રાજ્ય, સંસાર, ગૃહ અને ધર્મના પ્રશ્નો ચર્ચી શ્રોતાઓમાં અલૌકિક પ્રબળ ચેતન જગાવ્યું હોત તો જે જે સેવાઓ એમણે કરી છે તે વધુ શ્રેયસ્કર અને ચિરંજીવ થઈ હોત - ભારતના આધુનિક ઈતિહાસ ઘડનારની કક્ષામાં તેઓ સ્થાન પામ્યા હોત. રા. ડાહ્યાભાઈ વધારે જીવ્યા હોત તો એમનું કલાવિધાન હજુ વિકસત અને આવી (જણાવેલી) ખામીઓ જતી રહી હોત.''[૫૪૯]

૧૦૨૬. તેમનાં નાટકો આખાં છપાયેલાં નથી. એ ખેદનો વિષય છે. તેમ થવાની અતિ જરૂર છે કે જેથી તેમના પર વિદ્વાનો સપ્રમાણ અભિપ્રાય આપી શકે.

---

૫૪૯. વધુ વિસ્તાર માટે જુઓ **જૈનયુગ** સં. ૧૯૮૩ નો કાર્તિક-માગશર અંક પૃ. ૧૭૪ થી ૧૮૩ માં 'ડાહ્યાભાઈ ધોળશાજી' એ નામનો લેખ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દીનાનાથ દયાળ !
હું તો દોષ અનંતનું, ભાજન છું કરૂણાળ.

x x x x

અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ?

x x x x

જહાં રાગ અને વળી દ્વેષ, તહાં સર્વદા માનો ક્લેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુઃખનો છે ત્યાં નાશ.
સર્વકાળનું છે ત્યાં જ્ઞાન, દેહ છતાં ત્યાં છે નિર્વાણ
ભવ છેવટની છે એ દશા, રામ ધામ આવીને વસ્યા.

x x x x

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત
સમજાવ્યું તે પદ નમું, શ્રીસદ્‌ગુરુ ભગવંત.

x x x x

સુખધામ અનંત સુસંત અહિં, દિન રાત્ર રહે તદ્‌ ધ્યાન મહિં
પ્રશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વરતે જય તે.

- શ્રીમદ્‌ રાજચંદ્ર.

૧૦૨૭. કાઠિઆવાડના મોરબી રાજ્યના વવાણીઆ ગામમાં દશા **શ્રીમાળી** વણિક કુળમાં 'સં. ૧૯૨૪ ના કાર્ત્તિક શુદ ૧૫ રવિએ જન્મ થયો x સાત વર્ષ સુધી એકાંત બાળવયની રમત ગમત સેવી હતી. એ નિરપરાધી દશા પછી સાતથી અગિયાર વર્ષ સુધીનો કાળ કેળવણી લેવામાં હતો. તે વખતે ખ્યાતિનો હેતુ ન હોવાથી સ્મૃતિ નિરપરાધી હતી. તેવી સ્મૃતિ હોવાથી એક જ વાર પાઠનું અવલોકન કરવું પડતું હતું. તે સ્મૃતિ એવી બળવત્તર હતી કે જેવી સ્મૃતિ બહુ જ થોડા મનુષ્યોમાં આ કાળે, આ ક્ષેત્રે હશે. આઠમા વર્ષમાં કવિતા કરી હતી. મારા પિતામહ કૃષ્ણની ભક્તિ કરતા હતા, તેમની પાસે તે વયમાં કૃષ્ણ કીર્ત્તનનાં પદો મેં સાંભળ્યાં હતાં, તેમજ જુદા જુદા અવતારો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંબંધી ચમત્કારો સાંભળ્યા હતા, જેથી મને ભક્તિની સાથે તે અવતારોમાં પ્રીતિ થઈ હતી; અને રામદાસજી નામના સાધુની સમીપે મેં બાળલીલામાં કંઠી બંધાવી હતી. x પ્રવિણસાગર નામનો ગ્રંથ તેવામાં મેં વાંચ્યો હતો. x ગુજરાતી ભાષાની વાંચનમાળામાં જગત્કર્તા સંબંધી કેટલેક સ્થળે બોધ કર્યો છે તે મને દૃઢ થઈ ગયો હતો; જેથી જૈન લોકો ભણી મારી બહુ જુગુપ્સા હતી; બનાવ્યા વગર કોઈ પદાર્થ બને નહીં માટે જૈન લોકો મૂર્ખ છે, તેને ખબર નથી. તેમજ તે વેળા પ્રતિમાના અશ્રદ્ધાળુ લોકોની ક્રિયા મારા જોવામાં આવી હતી, જેથી તે ક્રિયાઓ મલિન લાગવાથી હું તેથી બીતો હતો, એટલે કે તે મને પ્રિય નહોતી. જન્મભૂમિકામાં જેટલા વાણિયાઓ રહે છે, તે બધાની કુળશ્રદ્ધા ભિન્ન ભિન્ન છતાં, કાંઈક પ્રતિમાના અશ્રદ્ધાળુને જ લગતી હતી, એથી મને તે લોકોનો જ પનારો હતો. x પણ હળવે હળવે મને તેમનાં પ્રતિક્રમણ સૂત્ર ઈત્યાદિક પુસ્તકો વાંચવા મળ્યાં; તેમાં બહુ વિનયપૂર્વક સર્વ જગતને જીવથી મિત્રતા ઇચ્છી છે તેથી, મારી પ્રીતિ તેમાં થઈ; અને પેલામાં પણ રહી; હળવે હળવે આ પ્રસંગ વધ્યો, છતાં સ્વચ્છ રહેવાના તેમજ બીજા આચાર વિચાર મને વૈષ્ણવના પ્રિય હતા; અને જગત્ કર્ત્તાની શ્રદ્ધા હતી. તેવામાં કંઠી તુટી ગઈ, એટલે ફરીથી મેં બાંધી નહીં, તે વેળા બાંધવા-ન બાંધવાનું કંઈ કારણ મેં શોધ્યું નહોતું. આ મારી તેર વર્ષની વયની ચર્ચા છે. પછી હું મારા પિતાની દુકાને બેસતો દુકાને મેં નાના પ્રકારની લીલાલ્હેર કરી છે; અનેક પુસ્તકો વાંચ્યાં છે. રામ ઈત્યાદિકનાં ચરિત્રો પર કવિતાઓ રચી છે; સંસારી તૃષ્ણાઓ કરી છે. છતાં કોઈને મેં ઓછો અધિકો ભાવ કહ્યા નથી, કે કોઈને મેં ઓછું અધિકું તોળી દીધું નથી, એ મને ચોક્કસ સાંભરે છે.' (શ્રીમદ્ રાજચંદ્ર લેખાંક ૬૩ બીજી આવૃત્તિ, ૬૪ છેલ્લી આવૃત્તિમાંથી.)

૧૦૨૮. ૧૪-૧૫ વર્ષ વયે અષ્ટઅવધાન, પછી સોળ બાવન અને અંતે સો અવધાન ૧૯ વર્ષની વયે મુંબઈમાં કર્યાં (કે જે કર્યા પહેલાં તુરતમાં જ 'સાક્ષાત સરસ્વતિ' એ નામની ૩૮ પાંનાની ચોપડી બહાર પડી કે જે પરથી અવધાનોમાં ખ્યાતિનો હેતુ સ્પષ્ટ ભાસે છે.) આ શતાવધાન જોઈ સ્વ૦ મલબારી જેવા વિદ્વાન સુધારક નેતાએ તેમને 'બુદ્ધિ અને સ્મરણશક્તિ અદ્‌ભુત રીતે ધરાવનાર (prodigy of intellect and memory) કહ્યા. આ કવિએ ૧૬ વરસ અને પાંચ માસની ઉમ્મરે ત્રણ દિવસમાં (શ્રી૦ રા૦ પૃ. ૭૧૪) જૈન દર્શનમાં પ્રાથમિક ચંચુપ્રવેશ કરાવનાર શિક્ષાપાઠોની વાંચનમાળા-વીતરાગ માર્ગપ્રવેશિકા એવી **મોક્ષમાળા** રચી હતી. 'જૈનમાર્ગમાં યથાર્થ સમજાવવા તેમાં પ્રયાસ કર્યો છે. જિનોક્ત માર્ગથી કાંઇ પણ ન્યૂનાધિક તેમાં કહ્યું નથી. વીતરાગમાર્ગ પર આબાલવૃદ્ધની રુચિ થાય, તેનું સ્વરૂપ સમજાય, તેનું બીજ હૃદયમાં રોપાય તેવા હેતુએ બાલાવબોધ રૂપ યોજના તેની કરી છે.' (શ્રી૦ રા૦ પૃ. ૭૧૫) 'એ છપાતાં વિલંબ થયેલ તેથી ગ્રાહકોની આકુળતા ટાળવા **ભાવ**નાબોધ ત્યાર પછી (૧૭મા વર્ષે) રચી ઉપહારરૂપે ગ્રાહકોને આપ્યો હતો. સં. ૧૯૫૨માં પદ્યમાં નડીઆદ મુકામે **આત્મ**સિદ્ધિ શાસ્ત્ર[૫૫૦] એ નામની કૃતિ રચી. તે સર્વ કૃતિઓ તેમજ તેમણે જુદા

૫૫૦. આનું અંગ્રેજી ભાષાંતર મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી કરી સ્વ. મનસુખલાલ રવજી પર મોકલી આપ્યું હતું. પણ તે દરકારના અભાવે ગુમાઈ ગયું. ઈંદોર હાઈકોર્ટના જજ રાય જગમંદિરલાલ જૈની બૅરિસ્ટરે તેનું અંગ્રેજી ભાષાંતર કરેલું તે તેની પ્રસ્તાવના સહિત The Self Realisation એ નામથી સને ૧૯૨૩માં પ્રસિદ્ધ થયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જુદા પ્રશ્નકારોને અને જિજ્ઞાસુઓને લખેલા ઉપયોગી પત્રાંકો **શ્રીમદ્ રાજચંદ્ર** એ નામના પુસ્તકમાં તેમના ભાઇ **મનસુખલાલે** [૫૫૧] સંગ્રહીત કરી પ્રકટ કરાવેલ છે. તેમાં અનુભવ, પ્રેરણા, ઉપયોગ, રાજયોગ આદિથી ઉદ્ભવતા ઉદ્ગારો જણાય છે. દેહોત્સર્ગ માત્ર ૩૩ વર્ષની વયે રાજકોટમાં સં. ૧૯૫૭ ચૈત્ર વ. ૫ દિને થયો.

૧૦૨૯. પોતે 'કવિ' તરીકે ઓળખાયા પણ ખરી રીતે પ્રધાનપણે કવિ નહિ, પણ ફિલસૂફ હતા. તેમણે જણાવ્યું છે કે 'કવિતા કવિતાર્થે આરાધવા યોગ્ય નથી. સંસારાર્થે આરાધવા યોગ્ય નથી. ભગવદ્ભજનાર્થે-આત્મકલ્યાણાર્થે જો તેનું પ્રયોજન થાય, તો જીવને તે ગુણની ક્ષયોપશમતાનું ફળ છે. જે વિદ્યાથી ઉપશમ ગુણ પ્રગટ્યો નહીં, વિવેક આવ્યો નહીં, કે સમાધિ થઈ નહીં, તે વિદ્યાને વિષે રૂડા જીવે આગ્રહ કરવો યોગ્ય નથી.' (પત્રાંક ૩૯૬). 'કાવ્યસાહિત્ય કે સંગીત આદિ કળા જો આત્માર્થે ન હોય તો કલ્પિત છે. કલ્પિત એટલે નિરર્થક, સાર્થક નહિ તે, જીવની કલ્પના માત્ર. ભક્તિપ્રયોજનરૂપ કે આત્માર્થે ન હોય તે બધું કલ્પિતજ.' (પૃ. ૭૨૫ પત્ર ૮૦૫) ખરૂં જ્ઞાન ગ્રંથોમાં ભાષામાં કે કવિ-ચાતુરીમાં નથી પરંતુ જ્ઞાનીઓ-આત્મજ્ઞોમાં રહ્યું છેઃ-

નહિ ગ્રંથમાંહિ જ્ઞાન ભાખ્યું, જ્ઞાન નહિ કવિ-ચાતુરી
નહિ મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યાં, જ્ઞાન નહિ ભાષા ઠરી
નહિ અન્યસ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.

૧૦૩૦. જૈન ધર્મમાં પડેલા મતમતાંતરોથી રહિત ગ્રંથો ગુંથવાનો વિચાર કર્યો. 'એવા સાત ગ્રંથો રચવાનો વિચાર હતો. લાલિત્યયુક્ત પ્રેરણાવાળી ઉપદેશ તરંગથી છલકાતી **મોક્ષમાળા** રચ્યા ઉપરાંત **નિમિરાજ** નામે એક સંસ્કૃત મહાકાવ્યના નિયમાનુસારે શાંતિરસ પ્રાધાન્ય રાખીને નવરસાત્મક પાંચ હજાર શ્લોકના પુરનો ગ્રંથ દિવસમાં રચ્યો હતો, કે જેમાં ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચતુર્વર્ગ સંબંધી ઉપદેશ કરી ફળમાં મોક્ષમાર્ગ મૂકી દીધો છે. તેમાં કવિત્વશક્તિના લાલિત્યનું ભાન થાય છે. એક સાર્વજનિક સાહિત્યનો એક હજાર શ્લોકનો ગ્રંથ એક દિવસમાં રચ્યો છે.' (સાક્ષાત સરસ્વતી નામનું ચોપાનિયું) આ છેલ્લા બે ગ્રંથો અનુપલબ્ધ છે.

૧૦૩૧. જૈન ધર્મનો-માર્ગનો ઉદ્ધાર કરવા સંબંધી નાની વયે જિજ્ઞાસા વર્ત્તતી હતી. (જુઓ હાથનોંધ ૧૪ અને ૧૫ પત્રાંક ૪૬૪ બીજી આવૃત્તિ અને તે પણ સર્વસંગપરિત્યાગ કરીને બીજી

---

૫૫૧. મનસુખલાલ સં. ૧૯૮૦માં સ્વર્ગસ્થ થયા, ત્યારે **ગાંધીજી**એ લખ્યું કે 'ભાઇ મનસુખલાલને હું નાનપણથી ઓળખતો અને ત્યારથી જ એની ચંચળ બુદ્ધિને પણ હું ઓળખતો થયો હતો. ભાઈ મનસુખલાલ અત્યંત ઉત્સાહી હોઈ તેણે અનેક પ્રવૃત્તિઓમાં હાથ ઘાલ્યો હતો. પણ મારી એવી માન્યતા છે કે શ્રીમદ્ રાયચંદભાઈનાં લખાણોનો સંગ્રહ કરવાનો અને આ ઉતાવળીયા યુગમાં ઉતાવળીયા માણસોને રચી શકે તેમ તેમનાં વચનો ગોઠવી પ્રગટ કરવાનો ઉદ્યમ કરવાને સારૂ તેનું સ્મરણ લાંબા કાળ સુધી રહેશે. x x' અગસ્ટ ૧૯૦૫માં **'સનાતન જૈન'** નામનું માસિક કાઢી ચારેક વર્ષ ચલાવ્યું. તેમાં સ્વતંત્ર અને નિડર લેખો લખતા. તેમાં તેમનું ધ્યેય એ હતું કે જૈનો મતમતાંતર-પ્રત્યેક મતભેદ દૂર કરી એકતાપૂર્વક સનાતન જૈન આમ્યાયથી વર્તવાની અગત્ય સિદ્ધ કરવી. ૧૯૦૭ના માર્ચ માસથી હું તેમની સાથે ઉપસંપાદક તરીકે જોડાયો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવૃત્તિ પૃ. ૬૨૨ માં) પણ ઉદયકાળ તેવો ન આવ્યો. તેમણે સત્સંગ, ગુરુ-જ્ઞાનીનો પરિચય એ પર બહુ ભાર મૂકયો છે. પોતાની આત્મદશા માટે જણાવે છે કે દશ વર્ષે ધારા ઉલ્લસી, સં. ૧૯૪૧ માં અપૂર્વનો અણસાર આવ્યો, ૧૯૪૨માં સમ્યક્ત્વ થયું. સત્ય ધર્મનો ઉદ્ધાર કરવાનો નિર્ધાર થયો વગેરે.' પોતાને લાગ્યું કે 'વર્ત્તમાનમાં જૈનદર્શન એટલું બધું અવ્યવસ્થિત અથવા વિપરીત સ્થિતિમાં જોવામાં આવે છે. x જૈન માર્ગમાં પ્રજા પણ થોડી રહી છે અને તેમાં સેંકડો ભેદ વર્તે છે, એટલું જ નહિ પણ મૂળમાર્ગ (પૃ. ૫૫૧) ની સન્મુખની વાત પણ તેમને કાને નથી પડતી. x x સર્વસંગ પરિત્યાગ થયે તે કાર્યની પ્રવૃત્તિ સહજ સ્વભાવે ઉદયમાં આવે તો કરવી એવી માત્ર કલ્પના છે' (પૃ. ૪૮૯) આવો 'ઉદય' આવ્યો નહિ અને તે 'માત્ર કલ્પના' તે કલ્પના માત્ર રહી.

૧૦૩૨. મહાત્મા મોહનદાસ ગાંધી પર **રાજચંદ્ર**નો પ્રભાવ પડયો છે અને તેને લીધે જૈન ધર્મની ચોખ્ખી અને સુરેખ અસર તેમના અંતરાત્મા પર અહિંસા અને સત્યની ઉંડી ઝીણવટપૂર્વક થઈ છે. તેથી **ગાંધીજીએ રાજચંદ્ર** વિષે જે વક્તવ્ય કર્યું છે. તે અત્ર આપવું પ્રસ્તુત ગણાશે.

૧૦૩૩. સન ૧૮૯૭ ના જૂલાઈમાં વિલાયતથી પાછા ફરી પોતે મુંબઈ પહોંચ્યા તેજ દિવસે **ગાંધીજીને રાયચંદભાઈ** સાથે ઓળખાણ થઈ. પોતાની આત્મકથા પહેલા ભાગમાં જણાવે છે કેઃ-

'એક (ઓળખાણ) નોંધ્યા વિના નજ ચાલે. તે તો કવિ **રાયચંદ** અથવા **રાજચંદ્ર**ની. તેમની ઉમ્મર તે વેળા ૨૫ વર્ષ ઉપરની નહોતી. છતાં તે ચારિત્રવાન અને જ્ઞાની હતા એતો હું પહેલી જ મુલાકાતે જોઈ શકતો. તે શતાવધાની ગણાતા હતા. શતાવધાનની વાનગી જોવા દા. મહેતાએ મને સૂચવ્યું. મેં મારા ભાષાજ્ઞાનનો ભંડોળ ખાલી કર્યો ને કવિએ મેં કહેલા શબ્દો જે નિયમમાં કહ્યા હતા તેજ નિયમમાં કહી સંભળાવ્યા ! (હું રાજી થયો. ચકિત થયો અને કવિની સ્મરણશક્તિ વિષે મારો ઉંચો અભિપ્રાય બંધાયો-'રાયચંદભાઈનાં સ્મરણો') આ શક્તિની મને અદેખાઈ થઈ પણ હું તે ઉપર મુગ્ધ ન થયો. જેના ઉપર હું મુગ્ધ થયો તે વસ્તુનો પરિચય મને પાછળથી થયો. એ હતું તેમનું બહોળું શાસ્ત્રજ્ઞાન, તેમનું શુદ્ધ ચારિત્ર અને તેમની આત્મદર્શન કરવાની ભારે ધગશ. આત્મદર્શનને જ ખાતર તે પોતાનું જીવન વ્યતીત કરતા હતા એમ મેં પાછળથી જોયું:

હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે, મારૂં જીવ્યું સફળ તવ લેખું રે;
મુકતાનંદનો નાથ વિહારીરે, ઓધા ! જીવનદોરી અમારી રે.

એ **મુક્તાનંદ**નું વચન તેમને મોઢે તો હતું જ. પણ તે તેમના હૃદયમાંયે અંકિત હતું (સ્મરણ શક્તિ ઘણાની તીવ્ર હોય, તેથી અંજાવાની શી જરૂર નથી. શાસ્ત્રજ્ઞાન પણ ઘણાને જોવામાં આવે છે. પણ જો તે સંસ્કારી ન હોય તો તેમની પાસેથી ફુટી બદામ પણ નથી મળતી. સંસ્કાર સારા હોય ત્યાં જ સ્મરણ શક્તિ અને શાસ્ત્રજ્ઞાનનો મેળાપ શોભે અને જગતને શોભાવે. કવિ સંસ્કારી જ્ઞાની હતા. (સ્મરણો **જૈ. સા. સં.** ૩, ૧ પૃ. ૫૧)

૧૦૩૪. 'પોતે હજારોના વેપાર ખેડતા, હીરા મોતીની પારખ કરતા, વેપારના કોયડા ઉકેલતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ એ વસ્તુ તેમનો વિષય ન હતી. તેમનો વિષય તેમનો પુરુષાર્થ-તો આત્મઓળખ-હરિદર્શન હતો. પોતાની પેઢી ઉપર બીજી વસ્તુ હોય યા ન હોય પણ કોઈને કોઈ ધર્મપુસ્તક અને રોજનીશી હોય જ. વેપારની વાત પૂરી થઈ કે ધર્મ પુસ્તક ઉઘડે અથવા પેલી નોંધપોથી ઉઘડે. તેમના લેખોનો જે સંગ્રહ પ્રગટ થયો છે. તેમાંનો ઘણો (કેટલોક) ભાગ તો આ નોંધપોથીમાંથી લેવાયલો છે. જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈને તુરત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય જાય તેની જાત વેપારીની નહિ પણ શુદ્ધ જ્ઞાનીની છે. તેમનો આવી જાતનો અનુભવ મને એક વેળા નહિ પણ અનેક વેળા થયેલો. મેં તેમને કદી મૂર્છિત સ્થિતિમાં નથી જોયા. મારી જોડે તેમને કશો સ્વાર્થ ન હતો. તેમના અતિ નિકટ સંબંધમાં હું રહ્યો છું. હું તે વેળા ભિખારી બારીસ્ટર હતો. પણ જ્યારે હું તેમની દુકાને પહોંચું ત્યારે મારી સાથે ધર્મવાર્તા સિવાય બીજી વાર્તા ન જ કરે. આ વેળા જો કે મેં મારી દિશા જોઈ ન હતી, મને સામાન્ય રીતે ધર્મવાર્ત્તામાં રસ હતો એમ ન કહી શકાય, છતાં રાયચંદભાઈની ધર્મવાર્તામાં મને રસ આવતો. ઘણા ધર્માચાર્યોના પ્રસંગમાં હું ત્યાર પછી આવ્યો છું, દરેક ધર્મના આચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે, પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઈએ પાડી તે બીજા કોઈ નથી પાડી શકયા. તેમનાં ઘણાં વચનો મને સોંસરાં ઉતરી જતાં. તેમની બુદ્ધિને વિષે મને માન હતું. તેમની પ્રામાણિકતા વિષે તેટલું જ હતું. તેથી હું જાણતો હતો કે તેઓ મને ઇરાદપૂર્વક આડે રસ્તે નહિ દોરે ને પોતાના મનમાં હશે એવું જ કહેશે. આથી મારી આધ્યાત્મિક ભીડમાં હું તેમનો આશ્રય લેતો.'' (ગાંધીજીની આત્મકથા-ખંડ ૧ પૃ. ૧૩૯-૧૪૨)

૧૦૩૫. આવી રીતે આશ્રય લેવાનો પ્રસંગ ધર્મશોધ અર્થે થયેલા હૃદયમંથન વખતે ગાંધીજીએ લીધો હતો 'જેમ ખ્રિસ્તી મિત્રો મારા ઉપર અસર કરવા મથી રહ્યા હતા તેમ મુસલમાન મિત્રોનો પણ પ્રયત્ન હતો x મેં મારી મુસીબતો **રાયચંદભાઈ** આગળ મૂકી. હિંદુસ્તાનના બીજા ધર્મશાસ્ત્રીઓ સાથે પણ પત્રવ્યવહાર ચલાવ્યો. તેમના જવાબ ફરી વળ્યા. રાયચંદભાઈના પત્રથી મને કંઈક શાંતિ થઈ. તેમણે મને ધીરજ રાખવા ને હિંદુધર્મનો ઊંડો અભ્યાસ કરવા ભલામણ કરી. તેમના એક વાક્યનો ભાવાર્થ આ હતો; 'હિંદુધર્મમાં જે સૂક્ષ્મ અને ગૂઢ વિચારો છે, આત્માનું નિરીક્ષણ છે, દયા છે, તેવું બીજા ધર્મમાં નથી એવી નિષ્પક્ષપાતપણે વિચારતાં મને પ્રતીતિ થઈ છે.' x કવિની સાથે તો છેવટ સુધી પત્રવ્યવહાર ટક્યો. તેમણે કેટલાંક પુસ્તકો મોકલ્યાં તે પણ મેં વાંચ્યાં. તેમાં પંચીકરણ, મણિરત્નમાળા, યોગવશિષ્ઠનું 'મુમુક્ષુપ્રકરણ', હરિભદ્રસૂરિનું 'ષડ્દર્શન સમુચ્ચય' ઇ૦ હતાં' (આત્મકથા ખંડ ૧ પૃ. ૨૧૪-૨૧૫)

૧૦૩૬. આ સંબંધમાં વિશેષ સ્પષ્ટતાથી અન્ય પ્રસંગે ગાંધીજી જણાવે છે કે 'હિંદુ ધર્મમાં મને શંકા પેદા થઈ તે સમયે તેના નિવારણમાં મદદ કરનાર **રાયચંદભાઈ** હતા. સને ૧૮૯૩ (સં. ૧૯૪૯) ની સાલમાં દક્ષિણ આફ્રિકામાં હું કેટલાક ખ્રિસ્તી સજ્જનોના ખાસ સંબંધમાં આવેલો. તેમનું જીવન સ્વચ્છ હતું. તે ધર્મચુસ્ત હતા. બીજા ધર્મવાળાને ખ્રિસ્તી થવા સમજાવવા એ તેમનો મુખ્ય વ્યવસાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતો. જોકે મારો તેમની સાથે સંબંધ વ્યાવહારિક કાર્યને જ અંગે થયેલો તો પણ તેમણે મારા આત્માના કલ્યાણ અર્થે ચિંતા કરવા માંડી. મારૂં એક કર્ત્તવ્ય હું સમજી શકયો. જ્યાં સુધી હિંદુ ધર્મનું રહસ્ય હું પૂરૂં ન જાણી લઉં અને તેનાથી મારા આત્માને અસંતોષ ન થાય ત્યાં સુધી મારા જન્મનો ધર્મ મારે નજ તજવો જોઈએ. તેથી મેં હિંદુ અને બીજાં ધર્મપુસ્તકો વાંચવાં શરૂ કર્યા. ખ્રિસ્તી, મુસલમાની પુસ્તકો વાંચ્યાં. લંડનમાં થયેલા ઈંગ્રેજ મિત્રોની સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. તેમની આગળ મારી શંકાઓ મૂકી, તેમજ હિંદુસ્થાનમાં જેઓ ઉપર મારી કંઈપણ આસ્થા હતી તેમની સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. તેમાં રાયચંદભાઈ મુખ્ય હતા. તેમની સાથે તો મને સરસ સંબંધ બંધાઈ ચૂકયો હતો. તેમના પ્રત્યે માન હતું, તેથી તેમની મારફતે જે મળી શકે તે મેળવવા વિચાર કર્યો. તેનું પરિણામ એ આવ્યું કે હું શાંતિ પામ્યો. હિંદુધર્મમાં મને જે જોઈએ તે મળે એમ છે, એવો મનને વિશ્વાસ આવ્યો. આ સ્થિતિને સારૂ રાયચંદભાઈ જવાબદાર થયા એટલે મારૂં માન તેમના પ્રત્યે કેટલું વધ્યું હોવું જોઈએ તેનો ખ્યાલ વાંચનારને કંઈક આવશે. (રાયચંદભાઈનાં કેટલાંક સ્મરણો જૈ. સા. સં. ૩, ૧, પૃ. ૫૦ તથા શ્રીમદ્ રાજચંદ્રની ત્રીજી આવૃત્તિની ભૂમિકા). x x સ્વસ્ત્રી પ્રત્યે પણ બ્રહ્મચર્યનું પાલન કરવું એ મને દક્ષિણ આફ્રિકામાં જ સ્પષ્ટ સમજાયું.' x એટલું સ્મરણ છે કે એમાં રાયચંદભાઈની અસરનું પ્રાધાન્ય હતું.' (આ બે પ્રસંગ માટે જુઓ ગાંધીજીની આત્મકથા ખંડ ૧ પૃ. ૨૧૪ ૩૧૭) આ ઉપરાંત શંકા વગેરેનું સમાધાન આદિ અર્થે કવિએ ગાંધીજી પર લખેલ પત્રો (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૪૪૭, ૪૧૨, ૬૪૭) નોંધવા યોગ્ય છે.

૧૦૩૭. વળી પોતાનાં સ્મરણોમાં ગાંધીજીએ વિશેષ કરી જણાવ્યું છે કેઃ- 'તેમનાં લખાણોની એક અસાધારણતા એ છે કે પોતે જે અનુભવ્યું તેજ લખ્યું છે. તેમાં કયાંયે કૃત્રિમતા નથી. બીજાની ઉપર છાપ પાડવા સારૂ એક લીટી સરખી પણ લખી હોય એમ મેં નથી જોયું. તેમની પાસે હમેશાં કંઈક ધર્મપુસ્તક અને એક કોરી ચોપડી પડેલાં જ હોય. એ ચોપડીમાં પોતાના મનમાં જે વિચાર આવે તે લખી નાખે. કોઈ વેળા ગદ્ય ને કોઈ વેળા પદ્ય. એવી રીતે જ 'અપૂર્વ અવસર' પણ લખાયેલું હોવું જોઈએ. (તેનાં પ્રથમ બે પદ ટાંક્યાં છે કેઃ)

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે, ક્યારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રન્થ જો,
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને, ક્વ મહત્પુરુષને પંથ જો ? ૧
સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમહેતુ હોય જો,
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિં, દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. ૨

ખાતાં, બેસતાં, સુતાં, પ્રત્યેક ક્રિયા કરતાં તેમનામાં વૈરાગ્ય તો હોય જ. કોઈ વખત આ જગતના કોઈ પણ વૈભવને વિષે તેમને મોહ થયો હોય એમ મેં નથી જોયું.

૧૦૩૮. ' x x ભાષા એટલી પરિપૂર્ણ હતી કે તેમને પોતાના વિચારો બતાવતાં કોઈ દિવસ શબ્દ ગોતવો પડયો છે એમ મને યાદ નથી. કાગળ લખવા બેસે ત્યારે ભાગ્યે જ શબ્દ બદલતાં મેં તેમને જોયા હશે; છતાં વાંચનારને એમ નહિ લાગે કે કયાંએ વિચાર અપૂર્ણ છે કે વાક્યરચના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુટેલી છે, અથવા શબ્દની પસંદગીમાં ખોડ છે.[૫૫૨] આ વર્ણન સંયમીને વિષે સંભવે. બાહ્યાડંબરથી મનુષ્ય વીતરાગી નથી થઈ શકતો. વીતરાગતા એ આત્માની પ્રસાદી છે. અનેક જન્મના પ્રયત્ને મળી શકે છે એમ હરકોઈ માણસ અનુભવી શકે છે. રાગોને કહાડવાનો પ્રયત્ન કરનાર જાણે છે કે રાગરહિત થવું કેવું કઠિન છે. એ રાગરહિત દશા કવિને સ્વાભાવિક હતી એમ મારી ઉપર છાપ પડી હતી. આમ અપવાદો છતાં વ્યવહારકુશળતા અને ધર્મપરાયણતાનો સુંદર મેળ જેટલો મેં કવિને વિષે જોયો એટલો બીજામાં નથી અનુભવ્યો.

૧૦૩૯. 'અમુક હદ પછી શાસ્ત્રો મદદ નથી કરતાં, અનુભવ મદદ કરે છે તેથી **રાયચંદભાઈ**એ ગાયું છે :-

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શકયા નહિ તે પદ શ્રી ભગવંત જો,
એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં, ગજા વગર પણ હાલ મનોરથરૂપ જો.

એટલે છેવટે તો આત્માનો મોક્ષ દેનાર આત્મા જ છે. આ શુદ્ધ સત્યનું અપૂર્વ નિરૂપણ **રાયચંદભાઈ**એ ઘણી રીતે પોતાનાં લખાણોમાં કર્યું છે. **રાયચંદભાઈ**એ ઘણાં ધર્મપુસ્તકોનો સરસ અભ્યાસ કર્યો હતો. તેમને સંસ્કૃત માગધી ભાષા સમજતાં જરાએ મુશ્કેલી નહોતી આવતી. વેદાંતનો અભ્યાસ તેમણે કરેલો, તેમજ **ભા**ગવતનો અને **ગી**તાજીનો. જૈન પુસ્તકો તો જેટલાં તેમને હાથ આવતાં તે વાંચી જતા. તેમની તે ગ્રહણ કરવાની શક્તિ અથાગ હતી. એક વખતનું વાંચન તે તે પુસ્તકોનું રહસ્ય જાણી લેવાને સારૂ તેમને પૂરતું હતું. **કુ**રાન, **ઝં**દ **અ**વસ્તા ઇ. નું વાંચન પણ અનુવાદો મારફતે તેમણે કરી લીધું હતું.

૧૦૪૦. 'તેમનો પક્ષપાત જૈન દર્શન તરફ હતો એમ તેઓ મને કહેતા. તેમની માન્યતા હતી કે જિનાગમમાં આત્મજ્ઞાનની પરાકાષ્ટા છે. પણ **રાયચંદભાઈ**ને બીજા ધર્મ પ્રત્યે અનાદર ન હતો. વેદાંત પ્રત્યે પક્ષપાત પણ હતો. વેદાંતીને તો કવિ વેદાંતી જ જણાય. મારી સાથે ચર્ચા કરતાં મને કોઈ દિવસે તેમણે એવું તો કહ્યું જ નહિ કે મારે મોક્ષ મેળવવા સારૂ અમુક ધર્મને અવલંબવો જોઈએ. મારો આચાર વિચારવાનું જ તેમણે મને કહ્યું. પુસ્તકો કયાં વાંચવાં એ પ્રશ્ન ઉઠતાં મારૂં વલણ ને મારા બચપણના સંસ્કાર વિચારી તેમણે મને ગીતાજી વાંચતાં તેમાં ઉત્તેજન આપેલું, અને

૫૫૨. ગૂજરાતી માતૃભાષાદ્વારા જ કેળવણી લેવી જ જોઈએ એ વિષે મહાત્માજીએ બીજી ગુજરાત કેળવણી પરિષદ્‌ના પ્રમુખ તરીકે જે નીચેના શબ્દો કહ્યા હતા તેમાં પણ રાયચંદ કવિની ભાષા સંબંધીના મિત શબ્દો નોંધવા જેવા છેઃ-

નરસિંહ મહેતાની જે ભાષા છે, જેમાં **નં**દશંકરે પોતાનો કરણઘેલો લખ્યો, જેમાં **ન**વલરામ, **ન**ર્મદાશંકર, **મ**ણિલાલ, **મ**લબારી વગેરે લેખકો લખી ગયા છે, જે બોલીમાં મરહુમ **રા**જચંદ્ર કવિએ અમૃતવાણી સંભળાવી છે, જે ભાષાની સેવા કરી શકે એવી હિંદુ, મુસલમાન ને પારસી જાતિઓ છે. જેના બોલનારામાં પવિત્ર સાધુ થઈ ગયા છે, જે વાપરનારામાં ધનાઢ્યો છે, જેમાં પરદેશ ખેડનારા વહાણવટીઓ થઈ ગયા છે, જેમાં **મુ**ળુ **મા**ણેક ને **જે**ધા **મા**ણેકના શૂરાતનના પડઘા આજ પણ બરડા ડુંગરમાં સંભળાય છે તે ભાષાની મારફતે ગુજરાતીઓ કેળવણી ન લેય તો તેઓ બીજું શું ઉજાળશે ? આ પ્રશ્નને વિચારવો પડે છે. એ જ ખેદ છે.' (**વ**સંત કાર્ત્તિક સં. ૧૯૭૪ પૃ. ૫૮૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજાં પુસ્તકોમાં પંચીકરણ, મણિરત્નમાલા, યોગવાસિષ્ટનું વૈરાગ્યપ્રકરણ, કાવ્યદોહન પહેલો ભાગ અને પોતાની મોક્ષમાળા વાંચવાનું સૂચવ્યું હતું.

૧૦૪૧. 'રાયચંદભાઈ ઘણી વેળા કહેતા કે જૂદા જૂદા ધર્મ એ તો વાડાઓ છે તેમાં મનુષ્ય પૂરાઈ જાય છે. જેણે મોક્ષ મેળવવો એક જ પુરુષાર્થ માન્યો છે તેને કોઈ ધર્મનું તિલક પોતાને કપાળે લગાડવાની આવશ્યકતા નથી.

સૂતર આવે ત્યમ તું રહે, જ્યમ ત્યમ કરીને હરિને લહે

-એ જેમ અખાનું તેમ રાયચંદભાઈનું પણ સૂત્ર હતું. ધર્મના ઝઘડાથી તેમને હમેશાં કંટાળો આવતો, તેમાં ભાગ્યે જ પડતા. બધા ધર્મોની ખૂબીઓ પૂરી જોઈ જતા ને તે તે ધર્મીની પાસે મૂકતા. દક્ષિણ આફ્રિકાના મારા પત્રવ્યવહારમાં પણ મેં તેમની પાસેથી એ જ વસ્તુ મેળવી હતી. (**જૈ. સા, સં.** ખંડ ૩ અંક ૧ પૃ. ૫૨ થી ૫૫)

૧૦૪૨. 'x પણ શ્રીમદ્ રાજચંદ્ર અસાધારણ વ્યક્તિ હતા. તેમનાં લખાણ એ તેમના અનુભવનાં બિંદુ સમાં છે. તે વાંચનાર વિચારનાર અને તે પ્રમાણે ચાલનારને મોક્ષ સુલભ થાય, તેના કષાયો મોળા પડે, તેને સંસાર વિષે ઉદાસીનતા આવે, તે દેહનો મોહ છોડી આત્માર્થી બને શ્રીમદ્નાં લખાણ અધિકારીને સારૂ છે. બધા વાંચનાર તેમાં રસ નહિ લઈ શકે. ટીકાકારને તેની ટીકાનું કારણ મળશે. પણ શ્રદ્ધાવાન્ તો તેમાંથી રસ જ લૂંટશે. તેમનાં લખાણોમાં સત નીતરી રહ્યું છે એવો મને હમેશાં ભાસ આવ્યો છે. તેમણે પોતાનું જ્ઞાન બતાવવા સારૂ એક પણ અક્ષર નથી લખ્યો. લખનારનો હેતુ વાંચનારને પોતાના આત્માનંદમાં ભાગીદાર બનાવવાનો હતો. જેને આત્મક્લેશ ટાળવો છે, જે પોતાનું કર્તવ્ય જાણવા ઉત્સુક છે તેને શ્રીમદ્નાં લખાણોમાંથી બહુ મળી રહેશે, એવો મને વિશ્વાસ છે, પછી ભલે તે હિંદુ હો કે અન્યધર્મી. (પૃ. ૪૯)

૧૦૪૩. મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકામાં હતા. ત્યારે જ તેમણે જણાવ્યું હતું કે 'તેમનાં જીવન અને વચનોનો હું ફરી ફરી અભ્યાસ કરૂં છું તેમ મને તેઓ ખરેખર તેમના સમકાલિન હિંદીઓમાં સર્વોત્કૃષ્ટ લાગે છે. ધર્મબોધમાં મને તેઓ ટૉલ્સ્ટૉય કરતાં ઘણા ચઢતા જણાય છે. એ કવિ અને ટૉલ્સ્ટૉય-બંને પુરુષોનાં ઉપદેશ અને વર્ત્તન અવિસંવાદી છે.'[૫૫૩] ગાંધીજીના 'જીવન ઉપર ઊંડી છાપ પાડનાર આધુનિક મનુષ્યો ત્રણ છે. રાયચંદભાઈએ તેમના જીવંત સંસર્ગથી, ટૉલ્સ્ટૉયે તેના 'વૈકુંઠ તારા હૃદયમાં છે.' નામના પુસ્તકથી (અને તેમની સાથેના થોડા પત્રવ્યવહારથી) ને રસ્કિને 'Unto this last' 'સર્વોદય' નામના પુસ્તકથી મને ચકિત કર્યો (આત્મકથા ખંડ ૧, પૃ. ૧૪૩) સં. ૧૯૭૨ની અમદાવાદની રાજચંદ્ર જયંતી પ્રસંગે મહાત્માજીએ જણાવ્યું હતું કે 'મારા જીવન પર શ્રીમદ્ રાજચંદ્રભાઈનો એવો સ્થાયી પ્રભાવ પડ્યો છે કે હું તેનું વર્ણન કરી શકતો નથી. તેમના વિષે મારા

૫૫૩. The more I consider his life and his writing, the more I consider him to have been the best Indian of his times. Indeed, I put him and much higher than Tolstoy in religious perceptin, Both Kavi and Tolstoy have lived as they have preached.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉંડા વિચાર છે. હું ઘણાં વર્ષોથી ભારતમાં ધાર્મિક પુરુષની શોધમાં છું, પરન્તુ મેં એવો ધાર્મિક પુરુષ ભારતમાં હજુ સુધી જોયેલ નથી કે જે શ્રીમદ રાજચંદ્રભાઈની સાથે પ્રતિસ્પર્દ્ધામાં ઉભો રહી શકે. તેમનામાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ હતાં. ઢોંગ, પક્ષપાત યા રાગદ્વેષ નહોતાં. તેમનામાં એક મોટી શક્તિ હતી કે જે દ્વારા તેઓ પ્રાપ્ત થયેલ પ્રસંગનો પૂર્ણ લાભ લઈ શકતા હતા. તેમના લેખ અંગ્રેજ તત્ત્વજ્ઞાનીઓની અપેક્ષાએ પણ વિચક્ષણ, ભાવનામય અને આત્મદર્શી છે. યૂરોપના તત્વજ્ઞાનીઓમાં હું ટૉલ્સ્ટાયને પહેલી શ્રેણીના અને રસ્કિનને બીજી શ્રેણીના વિદ્વાન સમજું છું, પરંતુ શ્રીમદ્ રાજચંદ્રભાઈનો અનુભવ આ બંનેથી પણ વધે છે-ચડે છે. આ મહાપુરુષના જીવનના લેખોને આપ અવકાશે વાંચશો તો આપના પર તેનો ઘણો સારો પ્રભાવ પડશે. તેઓ પ્રાયઃ કહ્યાં કરતાં કે હું કોઈ વાડાનો નથી અને કોઈ વાડામાં રહેવા પણ માંગતો નથી. આ સર્વે તો ઉપધર્મ-મર્યાદિત છે અને ધર્મ તો અસીમ છે કે જેની વ્યાખ્યા થઈ શકે તેમ નથી. તે પોતાના ઝવેરાતના ધંધાથી વિરકત થતાં તુરત જ પુસ્તક હાથમાં લેતા. જો તેમની ઈચ્છા હોત તો તેમનામાં એવી શક્તિ હતી કે તેઓ એક સારા પ્રતિભાશાલી બેરિસ્ટર, જજ યા વાઇસરાય થઈ શકત. આ અતિશયોકિત નથી, કિન્તુ મારા મન પર તેમની છાપ છે. તેમની વિચક્ષણતા બીજાના પર પોતાની છાપ પાડતી હતી.' ગાંધીજીનો છેવટનો એક ટૂંકો મિતાક્ષરી અંગ્રેજી લેખ હમણાં જ દાંડીની કુચ દરમ્યાન લખેલો તે **મૉડર્ન રીવ્યુ**ના જૂન ૧૯૩૦ના અંકમાં પ્રગટ થયો છે. (તેના ગૂજરાતી ભાષાંતર માટે જુઓ **જૈનયુગ** આષાઢ-શ્રાવણ ૧૯૮૬ નો અંક પૃ. ૪૨૫.)

૧૦૪૪. દર્શનોના અભ્યાસી શ્રી નર્મદાશંકર મહેતાએ જણાવ્યું છે કે 'શ્રીમાન્ રાજચંદ્રના સંબંધમાં આપણને સ્પષ્ટ સમજાય છે કે તેઓ પરધર્મ પ્રતિ માનદૃષ્ટિ વાળા છતાં નિશ્ચયબળથી ચુસ્ત જૈની હતા x x ધર્મસિદ્ધિમાં વૈરાગ્યભાવના પ્રકર્ષને શ્રીમાન્ રાજચંદ્રમાં તે પામી વિલાસરૂપે ઝળકતી હતી. તેમનું સમગ્ર જીવન કોઈપણ સાંસારિક સુખની અથવા કીર્ત્તિઆદિની લાલસાથી રંગાયેલું ન હતું અને તેથી શ્રીમહાવીરના જૈન શાસનને પોતાના સંબંધમાં આવનાર અધિકારીજનોને તે સચ્ચોટ પ્રબોધી શકયા હતા. વૈરાગ્યભાવનાના પ્રકર્ષ વડે તેમની વિશાલબુદ્ધિ, મધ્યસ્થતા અને સરલતા જે તત્ત્વોદયમાં આવશ્યક ગુણો તેઓશ્રીએ માન્યા છે તે વધારે દીપ્તિવાળા થયા હતા.' (અમદાવાદ રાજચંદ્ર જયંતી સં. ૧૯૭૨)

૧૦૪૫. આચાર્ય આનંદશંકર ધ્રુવે વેદાંતી તરીકે કહેવાય તેટલું કહેતાં જણાવ્યું હતું કે 'શ્રીમદ્ રાજચંદ્ર વેદાંત તરફ વળેલા હતા એમ તેમના પત્રો વાંચવાથી કોઈ કોઈને લાગે છે. પણ જૈનધર્મ તરફ તેમણે વધારે મહત્ત્વ મૂક્યું હતું. x તેમણે પોતાના ધર્મમાં સ્થિર રહી અન્ય ધર્મનાં ખરાં તત્ત્વો શોધી કાઢયાં છે. x આપણો ભવ્ય ધર્મ શ્રીમદ્ રાજચંદ્ર જેવા સમર્થ પુરુષોના પ્રતાપે હજી પણ ટકી રહ્યો છે. x મરહુમ રાજચંદ્રનું જીવન એક યથાર્થ મહાત્માનું જીવન હતું. x 'શ્રીમદ્ રાજચંદ્ર'ના ગ્રંથને એક આદર્શરૂપે રાખવામાં આવે તો તેથી તેના ઉપાસકને અત્યંત લાભ થયા વગર રહે નહીં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ ગ્રંથમાં તત્ત્વજ્ઞાનનાં ઝરણો વહ્યાં કરે છે, એ ગ્રંથ કોઇ ધર્મનો વિરોધી નથી, કારણ કે તેની શૈલી બહુ ગંભીર પ્રકારની છે.' (વઢવાણ રાજચંદ્ર જયંતી વખતે પ્રમુખ તરીકેના ભાષણમાંથી)

૧૦૪૬. મહાત્મા ગાંધીજી પર **રાજચંદ્ર**ના સમાગમ, વિચારોની જબરી અસર થઈ છે તે ઉપરાંત તેમની ગુજરાતી ભાષાની શૈલીપર પણ પ્રભાવ પડયો છે. આચાર્ય **આનંદશંકર**ના શબ્દોમાં 'ગાંધીજી x x એક સાદા પત્રકાર છે. પણ પત્રકાર તરીકે એમણે ગૂજરાતી ભાષામાં સાદી સીધી અને સચોટ, છતાં તળપદી નહિ કિંતુ આત્મ-સંસ્કારની સાદી શોભા ધરાવતી એવી, કોઇક અવર્ણનીય શૈલી દાખલ કરી છે, જે વિદ્વાન અને અવિદ્વાન સર્વને સરખી રીતે મુગ્ધ કરી મૂકે છે.' એવી ગાંધીજીની શૈલી કરતાં રાયચંદભાઇની શૈલી વધુ પ્રૌઢ, સંસ્કૃત, મિત અને સચોટ-અનુભવના અમૃતમય છે-કોઇ અપૂર્વ શૈલી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શા. ભીમસિંહ માણેક

આર્યા ગીતિવૃત્ત

પ્રકરણ રત્નાકર આ, પુસ્તક સાદ્યંત પૂર્ણ કરી લીધું;
અર્હત્પ્રસાદ પામી, વિઘ્નરહિત શ્રેષ્ઠ કામ શુભ સીધું. ૧

જિનવર પદ વંદનમય, મંગલ અવસાનરૂપ કરૂં પ્રેમેં
ઈમ નિર્વિઘ્નપણાથી, અન્ય કૃતી પણ થજો પૂર્ણ નેમેં. ૨

જિનવર આણા ગર્ભિત, નાના વિદ્વજ્જનાભિરચિત ગિરા
ગદ્ય પદ્ય વા સરલા, પ્રસિદ્ધિ પામો અખંડ સકલ ધરા. ૩

શાર્દૂલવિક્રીડિત વૃત્ત

હે શ્રી **વી**ર સુધીર ઈશ અજ ને દેવાધિદેવ પ્રભુ
વંદૂ હું યુત ભક્તિભાવ ધરિને થાજો સહાએ વિભુ
આવાં કૃત્ય અનેક તે કરિ શકું રૂડાં કૃપા તેહવી
કીજેં **મા**ણકપુત્ર **ભી**મસિ શિરેં જોયેં તથા જેહવી. ૪

-પ્રકરણ રત્નાકર ભાગ ૪થાની પોતાની પ્રસ્તાવના, સં. ૧૯૩૭.

૧૦૪૭. તાડપત્ર પછી લૂગડા પર ને કાગળ પર હાથેથી લખવાની કળા અઢારમા શતક સુધી કાયમ રહી. ઓગણીસમી સદીમાં શિલાછાપનો પ્રચાર થતાં તેમાં થોડાં-રાસ ચોપઈ પૂજા આદિ છપાયાં. પછી વીસમી સદીમાં મુદ્રણકલાનો વિશેષ આવિષ્કાર થયો[૫૫૫] ને તે કલાનો આશ્રય લઈ ધર્મપુસ્તકો છપાવવામાં પહેલ કરનાર કચ્છી બંધુ શા **ભી**મશી (**ભી**મસિંહ) માણેક હતા. તેમણે એક લાખ રૂ. ના

૫૫૫. ગુજરાતી મુદ્રણકળાની સ્થાપનાનું વર્ષ સં. ૧૮૬૮ છે. તે પૂર્વે દીવ બંદરના ભીમજી પારેખ નામના વાણિયાએ સં. ૧૭૩૪માં નાગરી અને માથાં બાંધેલા વાણિયાસાઈ અક્ષરોનાં 'પંચો' અને 'મેત્રિસો' કરાવેલ હશે એમ ધારવામાં આવે છે. સં. ૧૮૬૮માં ફરદુનજી મર્ઝબાને 'સમાચાર' નામનું છાપાખાનું મુંબઈમાં કાઢ્યું ને તેમાંથી 'મુંબઇ સમાચાર'નું પંચાંગ જે આજે નીકળે છે તેનો પ્રારંભ સં. ૧૮૭૦ માં થયો. સં. ૧૮૭૮માં 'મુંબઈ સમાચાર' એ નામનું વારિક પત્ર તેમાંથી કાઢવામાં આવ્યું. આ રીતે નાગરી અને ગુજરાતી બીબાંનો ઉત્પાદક અનુક્રમે એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખર્ચે પ્રકરણરત્નાકર ચાર ભાગમાં છાવાની યોજના કરી. તેનો પ્રથમ ભાગ સં. ૧૯૩૨ જેઠ સુદ ૨ ગુરુએ 'નિર્ણયસાગર' નામના મુંબઈના પ્રસિદ્ધ મુદ્રાયંત્રમાં છપાવી પ્રસિદ્ધ કર્યો. પ્રસ્તાવનામાં એ પણ જણાવ્યું કે 'એવા વખતમાં (કાલાંતરે લખવાની મહેનતને લીધે ગ્રંથો લખવાનો વ્યાપાર ઓછો થવા લાગ્યો તે સમયમાં) વર્ત્તમાન-કાલાશ્રિત યુક્તિપૂર્વક જ્ઞાનરક્ષા અથવા વૃદ્ધિનાં જે જે સાધનો હોય, તેઓનું ગ્રહણ કરીને તેના ઉપયોગ વડે એ શુભ કૃત્ય કરવામાં કાંઈપણ પ્રમાદ કરવો નહીં. ચાલતા સમયમાં જ્ઞાનવૃદ્ધિનું સર્વોત્કૃષ્ટ સાધન મુદ્રાયંત્રકલા છે. એ કલાનો મૂલ પાયો જો પણ (કે) યુરોપ દેશમાં અન્ય ધર્મીઓના હાથથી પડયો છે, તો પણ તે સર્વ લોકોને અતિ ઉપયોગ હોવાથી તેનો તિરસ્કાર ન કરતાં, સર્વ જ્ઞાનની વૃદ્ધિની ઈચ્છા કરનારા મનુષ્યોયે અંગિકાર કરવો જોયે. હરેક સર્વોપયોગી વસ્તુની ઉત્પત્તિ ગમે ત્યાં થઈ હોય, તો પણ તેને નિષ્પક્ષપાતથી ગ્રહણ કરી લેવી એ નીતિ છે. માટે પુસ્તક મુદ્રિત કરવાની અતિ ઉત્કૃષ્ટ અને સહુથી સહેલી રીતને ન ગ્રહણ કરવાને લીધે જ્ઞાનની ન્યૂનતારૂપ મહાહાની કરી લેવી નહી. પણ જેમ બને તેમ જ્ઞાનની વૃદ્ધિનાં સાધનોને ઉપયોગમાં આણીને તે ઉદ્યોગનો આરંભ કરવો, તેમાં કાંઇ દોષ નથી પણ મહોટો પુણ્યાનુબંધી પુણ્ય છે. કેમ કે સૂક્ષ્મ દૃષ્ટિયેં વિચાર કરીએ તો એથી જ્ઞાનનો વિનય થાય છે; કારણ કે મહોટા શ્રમેથી પરોપકાર બુદ્ધિથી પૂર્વાચાર્યોયે જે ગ્રંથો કરેલા છે, તેને અપમાન આપી કોઈને ઉપયોગમાં પણ ન આવે એવી રીતે છાના રાખી મૂકવા કરતાં તે ગ્રંથો પ્રસિદ્ધ કરી તેનો લાભ હરેક પ્રાણીને આપવો એ કરતાં બીજું વધારે રૂડું કામ કોઈપણ જણાતું નથી. મારા વિચાર પ્રમાણે તો જે તે પ્રકારે ગ્રંથો છપાવીને પ્રસિદ્ધ કરવા જોયે, જેથી અનેક ભવ્યજીવો જ્ઞાનને પામે અને જ્ઞાનની વૃદ્ધિ થાય કેમ કે એક વખત છપાઇ ગયેલો ગ્રંથ હમેશ કાયમ રહે છે; તેનો ઘણા કાલસુધી વિચ્છેદ થતો નથી, કારણ કે જે ગ્રંથની ઘણી પ્રતો પ્રસિદ્ધ થઈ હોય, તે બધી ઘણા કાળ સુધી નાશ થાય નહીં. તેમ છતાં જે અલ્પબુદ્ધિવાલા, અવિચારિઓ એ કૃત્યનો ધિક્કાર કરે છે તેઓ મૂર્ખ, જ્ઞાનના દ્વેષી, અને અજ્ઞાની જાણવા. એવા મનુષ્યોની કાંઈપણ પરવા ન કરતાં મેં આ મોટું પુસ્તક છાપવાનો આરંભ કરીને તેનો પહેલો ભાગ સમાપ્ત કર્યો છે, અને બાકીના ત્રણ ભાગ પણ જ્ઞાનીની કૃપાથી કોઇ વિઘ્ન ન પડતાં સમાપ્ત થાઓ તથાસ્તુ.'

૧૦૪૮. આ છપાવવામાં શેઠ કેશવજી **નાયકે** મુખ્યપણે અને રાવબહાદુર લક્ષ્મીપતિસિંહજીએ તથા

વાણિયો અને એક પારસી છે. સં. ૧૮૮૬માં મુંબઈ સરકાર તરફથી મુદ્રાલય નીકળ્યું. સુરતમાં રૂસ્તમજીએ સીસાના બીબાનું મુદ્રાલય સં. ૧૮૯૮માં અને અંગ્રેજ મિશનરીઓએ સુરત મિશનપ્રેસ સં. ૧૯૦૧માં કાઢ્યું. સં. ૧૯૨૩માં મુંબઈમાં પચીસેક મુદ્રાલયો હતાં. તેમાં દેશીઓ હસ્તક ચાલતાં મુખ્ય મુદ્રાલયોમાં ગણપત કૃષ્ણાજીનું, ઓરીયેન્ટલનું, 'ઈન્દુપ્રકાશ'નું, 'જામેજમશેદ' નું વગેરે હતાં. સૌથી મોટી અને જૂની ટાઇપફાઉન્ડરી (બીબાં બનાવવાનું કારખાનું) સ્વ. જાવજી દાદાજીએ નિર્ણયસાગર નામની કાઢેલી. ૧૯૪૨માં સુરતના ઘેલાભાઈ અને કીકાભાઇએ ટાઈપ ફાઉન્ડરી કાઢી.

સીસાનાં બીબાં ઓટી અક્ષર બનાવી છાપવાનું આ રીતે કાર્ય શરૂ થયું તે પૂર્વે શિલાછાપથી છાપવાનું કામ ચાલતું હતું. મુંબઈમાં બાપુ હર્ષદ દેવલેકરનું શિલાછાપનું મોટું છાપખાનું હતું. ગણપત કૃષ્ણાજીનું પ્રેસ પણ શિલાછાપમાં વખણાતું હતું. સુરતમાં જદુરાયનું અને અમદાવાદમાં બાજીભાઈ અમીચંદનું સં. ૧૯૯૮ માં શિલાછાપનું છાપખાનું સ્થપાયું. (જુઓ **'ગુજરાતી'**નો સં. ૧૯૬૮ ના દીવાળી ખાસ અંકમાં પહેલો લેખ 'ગુજરાતી મુદ્રણકળાની શતવર્ષિ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અન્યે સહાયતા આપી હતી. ને આં. મુનિ મહિમાસાગરે અને વિવેકસાગરસૂરિએ તથા સુરતના મુનિ હુકમચંદે, શાંતિસાગરજીએ, વિજયધરણેંદ્રસૂરિએ ઉત્તેજના આપી આશ્રય અપાવ્યો હતો.

૧૦૪૯. ભીમશીએ ૧૯૩૩ના પોષમાં અને ૧૯૩૪ના પોષમાં પ્રકરણ રત્નાકર બીજો અને ત્રીજો ભાગ અનુક્રમે 'નિર્ણયસાગર'માં જ છપાવી પ્રસિદ્ધ કર્યા. તેનો ચોથો ભાગ સં. ૧૯૩૭માં પ્રગટ કર્યો. પણ તે પહેલાં પાંડવ ચરિત્રનો બાલાવબોધ, સાર્થ પ્રતિક્રમણ સૂત્ર, વિવિધ પૂજાસંગ્રહ, સમ્યક્ત્વમૂલ બારવ્રતની ટીપ તથા રાયધનપતિસિંહજી તરફથી સૂયગડાંગ સૂત્ર મૂલ તથા દીપિકા ટીકા અને ટબા સહિત છપાવી નાંખ્યાં. પુસ્તક છપાવવામાં જ્ઞાનની આશાતના થાય છે એ જાતનો વિચાર સાધુ અને શ્રાવકોના મોટા સમૂહમાં પ્રવર્ત્તતો હતો તેવા કાળે છપાવવાની પહેલ કરવી એ સાહસ હતું; છતાં તેમ કરવામાં પોતાનો નમ્રભાવ અને પોતાનો ઉચ્ચ ઉદેશ પોતે નીચેના જે રૂપમાં પ્રકટ કર્યો તે ધ્યાન ખેંચે તેવો છેઃ-

'હાલના સમયમાં ગ્રંથોનો જીર્ણોદ્ધાર કરવાના જેવાં સાધનો મલી આવે છે તેવાં આગળ કોઈ વખતે પણ નહોતાં. પહેલાં પ્રથમ ગ્રંથોનો જીર્ણોદ્ધાર તાલપત્ર ઉપર થએલો દેખાય છે, ને ત્યાર પછી કાગળ ઉપર થયો છે તે અદ્યાપિ સિદ્ધ છે. પરંતુ તે હસ્તક્રિયા વિના યંત્રાદિકની સહાયતાથી થએલો નથી. ને હાલ તો મુદ્રાયંત્રની અતિ ઉત્કૃષ્ટ સહાયતા મળી આવે છે, તેનો ઉપયોગ કરવાનું મૂકી દઈને આળસ કરી બેશી રહેશું તો ગ્રંથો કેમ કાયમ રહેશે ? હાલ વિદ્યાભ્યાસ કરીને નવા નવા ગ્રંથોની રચના કરવી તો એક કોરે રહી, પણ છતી શક્તિયે પુરાતન ગ્રંથોની રક્ષા કરવાનો યત્ન નહીં કરશું તો આપણે જ જ્ઞાનના વિરોધી ઠરશું. કેમ કે જે જેની રક્ષા કરે નહીં તે તેનો વિરોધી અથવા અહિતકર હોય છે. એ સાધારણ નિયમ આપણી ઉપર લાગુ પડશે.

'શ્રાવક ભાઈયો, પુરાતન, ગ્રંથોનો જીર્ણોદ્ધાર કર્યાથી તે ગ્રંથોનું અવલોકન થશે, પ્રયાશ વિના કેટલા એક વિદ્યાભ્યાસ થશે, રસ ઉત્પન્ન થઈને જ્ઞાનસંપાદન કરવાની અંતઃકરણમાં ઉત્કંઠા થશે. શુદ્ધ ધર્મ ઉપર પ્રીતિ વધશે, અભિરૂચિ એટલે પુનઃ પુનઃ જ્ઞાન મેળવવાની ઇચ્છા થશે, અને ઉદ્યોગ પ્રમુખ સર્વ જ્ઞાનનાં સાધનો તો (તો) સહજ પ્રાપ્ત થશે. ઉદ્યોગ એ સર્વ પદાર્થ મેળવવાનું અથવા વૃદ્ધિ કરવાનું મુખ્ય સાધન છે; પરંતુ અમસ્તા ઉદ્યમથી જ કાંઇ થઈ શકતું નથી. તેની સાથે દ્રવ્યની પણ સહાયતા જોયે છે. દ્રવ્ય જે છે તે સર્વોપયોગી પદાર્થ છે. માટે દ્રવ્યવાન પુરુષોએ અવશ્ય એ કામ ઉપર લક્ષ દેવો જોયે છે. કેમ કે તેઓની એ ફરજ છે કે, જેમ બને તેમ જ્ઞાનની વૃદ્ધિ કરવી જોયે છે. તે આ પ્રમાણે :- સારા સારા પંડિતોની મારફતે પ્રાચીન ગ્રંથો સુધારી લખાવી અથવા છપાવીને પ્રસિદ્ધ કરવા. તેનો ભાવિક લોકોને અભ્યાસ કરાવવો. ઇત્યાદિક શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે સર્વ પ્રકારે જ્ઞાનની વૃદ્ધિ કરવી. એવા હેતુથી જ મેં આ ગ્રંથો છપાવવાનું કામ હાથમાં લીધું છે.' (પ્રકરણ રત્નાકર ભાગ ૨, પ્રસ્તાવના.)

૧૦૫૦. વિશેષમાં છપાયેલા ગ્રંથો વિશેષ લોકપ્રિય બને તે માટે શાસ્ત્રી લિપિ રાખી સુંદરમાં સુંદર ટાઇપમાં મોટા સુવાચ્ય વર્ણોમાં પાક્કા પુંઠા વાળા દળદાર આકારમાં પ્રકરણ રત્નાકર ચાર ભાગ, સૂયગડાંગ આદિ આગમો પણ, જૈનકથારત્નકોષના કરવા ધારેલા પંદર ભાગો પૈકી આઠ ભાગ-એ સર્વ લોકો સમજી શકે તેવી ભાષામાં કરેલા અનુવાદ સહિત બહાર પાડ્યે ગયા. પરિણામ ધારેલું આવ્યું. બહોળો પ્રચાર થયો, ધર્મજ્ઞાન લોકોમાં વધતું ગયું. આ રીતે આ શ્રાવક ભાઈએ સાહિત્યવૃદ્ધિ કરી લોકોપકાર કર્યો છે. કારણ કે વર્ત્તમાન જૈનોમાં કાંઇક પણ જાગૃતિ-બોધ આપવાની શરૂઆત કરનાર એમના છપાવેલા ગ્રંથો ગણી શકાય. તેઓ સં. ૧૯૪૭ ના જેઠ વદ ૫ ગુરુને રોજ સ્વર્ગસ્થ થયા. એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાઈને આયુષ્યે વિશેષ યારી આપી હોત, તો તે ખચીત જૈન કોમ ઉપર વિશેષ ઉપકાર કરી શકત. તેઓનો દેહ છુટ્યા પછી પણ તેમની પેઢી તરફથી યોગશાસ્ત્ર, હરિભદ્રાષ્ટકાદિ પુસ્તકો મૂળ અને અનુવાદ સહિત બહાર પડયાં છે. વળી તેમણે ગૂજરાતી રાસ ચોપાઈઆદિ પણ પ્રકટ કર્યા છે.

૧૦૫૧. રાય ધનપતસિંહ બહાદુર-દુગડગોત્રી વૃદ્ધ શાખા વીરદાસ સં. ૧૮૨૦માં પૂર્વ દેશમાં ગયા. તેના પુત્ર બુધસિંહ ને તેના પ્રતાપસિંહ. પ્રતાપસિંહે અને તેમની ધર્મપત્નિ મહતાબકુંવરે સંતતિ થયા પછી ચતુર્થ વ્રત સ્વીકાર્યું હતું ને મહતાબકુંવરે બાર વ્રત ધાર્યા હતા. તેમનાથી બે પુત્ર થયા-એક લક્ષ્મીપતિસિંહ અને બીજા ધનપતિસિંહ. બંગાલ-અજીમગંજના-મકસુદાબાદના આ ધનપતિસિંહને ૪૫ આગમોને છપાવી બહાર પાડવાનો વિચાર થયો. સં. ૧૯૩૩માં એ વિચારાનુસારે છપાવેલ પ્રશ્ન વ્યાકરણની ટૂંક પ્રસ્તાવનામાં બાબુહિંદીમાં જણાવ્યું છે કે :-

'યે પુસ્તક છપાવણેકા કારણ યે હે કે સર્વ જૈન ધર્માવલંબિ સાધવી શ્રાવક શ્રાવિકા કે પઢણે સે જ્ઞાનકી વૃદ્ધી હોગા ઈસ ખાતર ૪૫ આગમસૂત્ર ઔર ટીકા ઔર બાલાવબોધ સહિત ૫૦૦ પુસ્તક છપાકે ૫૦૦ ઠીકાને ભંડાર કીયા ઈસ્સે મહાન જ્ઞાનકા વૃદ્ધી હોગા ઔર પંડત જનોસે એહી પ્રાર્થના હે કે અચ્છી તરેસે પઢે પઢાવે શુણે શુણાવે જયણા કરકે ઔર વિનય કરકે રક્ખે ઔર યહ શ્રી સિદ્ધાન્ત પંચાંગી પ્રમાણ, સંગ્રહ કીયા ઔર ઈસમે ચરમ ચક્ષુ કરકે ભુલચુક રહ ગયા હોય તો મિછામિ દુકડં દેતા હુ ઔર શ્રીસંઘકો યહ વિનતિ હે કી જીસ વખત વાચે ઉસ વખત જો ભુલચુક નીકસે તો પંડત જનોસે સંશોધન કરાય લેવે મેરે પર કૃપા કરકે ઈહ પ્રાર્થના અંગીકાર કરના ઔર ભંડાર કરી ભઈ પુસ્તક કોઈ વેચના નહિ કોઈ ખરીદ કરે નહીં, કરે તો ૨૪ (તીર્થકર) કા ગુનેગાર સંઘકા ગુનાગાર હોગા બડા પરિશ્રમસે સંશોધન કરાયા હે ઓર શ્રી (બુટેરાયજી શિ૦) ભગવાનવીજૈજીને સંશોધન કરા.'

૧૦૫૨. આમ ૪૫ આગમ છપાવી પ્રસિદ્ધ કરવાના ઉદ્યમ ચાલુ કરવા માટે ધનપતિસિંહ બહાદૂરને ધન્યવાદ છે. ૧૯૩૩માં અભયદેવસૂરિની ટીકાઓ સહિત ઉક્ત પ્રશ્નવ્યાકરણ અને જ્ઞાતાધર્મકથા, સં. ૧૯૩૬માં ઉવવાઈસૂત્ર (અભયદેવસૂરિની ટીકા ને લોંકાગચ્છના અમૃતચંદ્રસૂરિના બાલાવબોધ સહિત), અનુયોગ દ્વાર (મલધારી હેમચંદ્રસૂરિ કૃત ટીકા અને જીવાઋષિ શિ૦ શોભા ઋષિના શિ૦ મોહનકૃત બાલા૦ સહિત), નંદીસૂત્ર (મલયગિરિની ટીકા અને તેના પર બાલા૦ સહિત), આચારાંગસૂત્ર (શીલાંગસૂરિની ટીકા, જિનહંસસૂરિની દીપિકા, ને પાર્શ્વચંદ્રસૂરિના બાલા૦ સહિત), સૂયગડાંગસૂત્ર (શીલાંગસૂરિની ટીકા, હેમવિમલસૂરિના શિષ્ય હર્ષકુલ ગણિની સં. ૧૫૮૩ની દીપિકા ને પાર્શ્વચંદ્રસૂરિના બાલા૦ સહિત) છપાવ્યાં. છેલ્લું ભીમસી માણેક દ્વારા નિર્ણયસાગરમાં છપાવ્યું. અન્ય સર્વ કલકત્તાનાં પ્રેસમાં બાબુનાગરી લિપિમાં છપાવેલ છે. પછી સં. ૧૯૩૭માં ઠાણાંગ અને સમવાયાંગ (અભયદેવસૂરિ કૃત ટીકા અને મેઘરાજ ગણિના બાલા૦ સહિત), ૧૯૩૮માં ભગવતી (અભયદેવસૂરિની ટીકા, રામચંદ્રગણિનો સં. અનુવાદ અને મેઘરાજના બાલા૦ સહિત), ૧૯૪૬માં જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ (શાંતિચંદ્ર કૃત ટીકાં ને ઋષિ ચંદ્રભાણજીના બાલા૦ સહિત) અને સં. ૧૯૪૭માં અણુત્તરોપપાતિક દશા (અભયદેવસૂરિની ટીકા અને ઋષિ કૃષ્ણલાલના સં. અનુવાદ તથા બાલા૦ સહિત) પ્રકટ કરવામાં આવ્યાં. અજીમગંજની જૈન બુક સોસાયટી માટે તેના સં. ૧૯૩૩ના પત્રથી દામથી વેચવા માટે પાંચસો નકલ વધુ કાઢવામાં આવતી હતી ને તેથી પછીથી દરેક પર કિંમત આચારાંગસૂત્રથી મૂકવાનું રાખ્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૫૩. જૈન ધર્મ પ્રસારક સભા-નાં મૂળ ભાવનગરમાં સં. ૧૯૩૯માં સમવ્યસન ત્યાગાદિ પાંચ નિયમો ધારી બનેલા ૧૧ સભ્યોએ જૈન ધ૦ પ્ર૦ મંડળી સ્થાપી નાંખ્યા. સં. ૧૯૪૦માં નિબંધો લખી છપાવવાની યોજના થઈ અને તેને અંગે સં. ૧૯૪૧ ચૈત્રમાં 'જૈન ધર્મ પ્રકાશ' એ માસિકનો ઉદ્‌ભવ થયો. ૧૯૪૨માં સંસ્કૃત પાઠશાળા સ્થાપી ને ત્યાર પછી ધર્મ પુસ્તકોનાં ભાષાંતર શાસ્ત્રી પાસે કરવાની પ્રવૃત્તિ ચાલુ થઈ. પુસ્તકાલય ઉભું કર્યું અને મૂલ સંસ્કૃત પ્રાકૃતાદિ પુસ્તકોના પણ પ્રકાશનનો પ્રબંધ કર્યો. ઉક્ત માસિક અને પુસ્તકપ્રકાશનનું કાર્ય હજુ સુધી ચાલુ છે અને તેથી અનેક લેખો, નિબંધો, પુસ્તકો પ્રકટ થયાં છે જે પૈકી મળી શકયાં તેની નોંધ આ ઈતિહાસમાં લેવાઈ છે. [વિશેષ હકીકત માટે જુઓ તે સભાના રજતોત્સવનો ખાસ અંક. **જૈન સાહિત્ય સંશોધક** પુ. ૩, અંક ૧ પૃ. ૬૮-૭૮]

૧૦૫૪. 'જૈન ધર્મ પ્રકાશ' એ માસિક પહેલાં નીકળેલ સં. ૧૯૩૨માં શા છગનલાલ ઉમેદચંદની કાર્યવાહી નીચે અમદાવાદમાં 'જૈન દિવાકર' થોડા વર્ષ સુધી અને સં. ૧૯૩૩માં રા. કેશવલાલ શિવરામ તરફથી નીકળેલું 'જૈન સુધારસ' માસિક એક વર્ષ સુધી ચાલ્યું. સં. ૧૯૪૧ના માઘમાસમાં અમદાવાદમાં જૈન નાટકકાર **ડાહ્યાભાઈ ધોળશાજી**ની કાર્યવાહી તળે 'જૈન ધર્મ પ્રવર્ત્તક સભા' તરફથી બે વર્ષ સુધી '**સ્યાદ્‌વાદ** સુધા' પ્રકટ થયું હતું અને તેના પછી ૧૯૪૧ના વૈશાખમાં ભાવનગરમાં 'જૈન હિતેચ્છુ સભા' તરફથી પ્રકટેલું 'જૈન હિતેચ્છુ' એક વરસ ચાલ્યું. સં. ૧૯૪૫માં સ્થાનકવાસીઓ તરફથી અમદાવાદના વિસલપુરના રા. **મો**તીલાલ **મ**નસુખલાલના અને તેમના પછી તેમના વિદ્વાન વિચારક પુત્ર રા. **વા**ડીલાલ **મો**તીલાલ શાહના તંત્રી પણ નીચે ઘણાં વર્ષો સુધી 'જૈન હિતેચ્છુ' નામનું માસિક ચાલ્યું. ૧૯૪૬-૪૭માં **લીં**બડીમાં સ્થાનકવાસી ભાઈઓ તરફથી શરૂ થયેલું 'જૈન ધર્મોદય' બે ત્રણ વરસનું આયુષ્ય ભોગવી આથમ્યું.

૧૦૫૫. સં. ૧૯૪૮માં મુંબઈમાં શ્રી **માં**ગરોળ જૈન સંગીત મંડળીની સ્થાપના થયા પછી તેણે સંગીત સાથે પ્રભુભક્તિનાં પદો-ગાયનોની તાલીમ આપવા ઉપરાંત જ્ઞાનશાળા ખોલી ધાર્મિક જ્ઞાન જૈન બાળકોને આપ્યું ને વકતૃત્વ શક્તિ ખીલવવા અર્થે ભાષણશ્રેણીઓ શરૂ કરી, કે જે હજુ સુધી ચાલુ રહી. સં. ૧૯૫૩માં તેનું નામ શ્રી માંગરોળ જૈન સભા પડ્યું. તેણે અનેક સામાજિક કાર્યો ઉપાડ્યાં ને સાહિત્યમાં પણ થોડો ફાળો આપ્યો. મુંબઈના જૈનોમાં ચેતન રેડનાર આ સંસ્થા છે, કે જે સં. ૧૯૬૫થી શ્રી **મુંબઈ માંગરોળ જૈન સભા** એ નામથી હજુ કાર્ય કર્યે જાય છે.

૧૦૫૬. સં. ૧૯૫૨માં આત્મારામજી મહારાજ સ્વર્ગસ્થ થયા તેને બીજે માસે તેમના ભક્ત-કેટલાક ભાઈઓએ શ્રી **જૈન આત્માનંદ સભા**ની ભાવનગરમાં સ્થાપના કરી. જૈનોમાં જ્ઞાનપ્રચાર તથા ધર્મનાં પુસ્તકોનું પ્રકાશન વગેરે કરવાનો ઉદ્દેશ રાખી પુસ્તકાલય સ્થાપી, સં. ૧૯૫૮માં '**આ**ત્માનંદ પ્રકાશ' નામનું માસિક પ્રકટ કરી, તથા ઉજમબાઈ કન્યાશાળા ઉઘાડી, અનેક મૂળ તેમજ સાનુવાદ પુસ્તકો પ્રકટ કરી સારી સેવા કરી છે અને તેને શ્રી આત્મારામજીના શિષ્યમંડળનો વિશેષ ટેકો રહેવાથી કાર્ય વિસ્તાર વિશેષ પ્રમાણમાં કરી શકી છે. સાહિત્યનાં પ્રકાશનમાં સારો ફાળો આપ્યો છે ને તેણે પ્રકટ કરેલ ગ્રંથો પૈકી લબ્ધ થયા તેની નોંધ આ પુસ્તકમાં લેવાઈ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૫૭. ભગુભાઈ ફત્તેહચંદ કારભારી-મૂળ વતન પેથાપુર. તેમણે અંગ્રેજી શિક્ષણ લઈ ગ્રંથ આદિ બહાર પાડવામાં ચિત્ત દોડાવ્યું. લંડન રાજયરહસ્ય બે ભાગ, લંગડો જરવાસ, ગૂજરાતી અંગ્રેજી ડિક્ષનેરી, ઈંગ્રેજી-ગૂજરાતી ડિક્ષનેરી, કુમુદા બહાર પાડ્યાં. સ્વામી વિવેકાનંદકૃત વ્યાખ્યાનમાળા શરૂ કરી કર્મયોગનું ગૂ. ભાષાંતર સં. ૧૯૫૩ માં પ્રકટ કર્યું. વળી તે એક પત્રકાર હતા. અમદાવાદમાં 'પ્રજાબંધુ' છાપખાનું કાઢી પછી 'પ્રજાબંધુ' પત્ર કાઢ્યું. સં. ૧૯૫૪. સવાવર્ષ તે પત્ર કાઢી રા. ઠાકોરભાઈ ઠાકોરને સોંપ્યું તે અત્યાર સુધી ચાલુ છે. આ ઉપરાંત 'સમાલોચક' પત્રના ઉત્પાદક પણ તેઓ હતા; સં. ૧૯૫૯માં 'જૈન' નામનું જૈનકોમમાં પહેલું અઠવાડિક પત્ર પહેલ વહેલું (૧૨-૪-૧૯૦૩ના દિને) અમદાવાદમાં પછી મુંબઈ લઈ જઈ પોતાના સ્વર્ગવાસ સુધી (લગભગ સં. ૧૯૬૦ સુધી) ચલાવ્યું ને પછીથી શેઠ દેવચંદ દામજી કુંડલાકર અત્યાર સુધી ભાવનગરમાં ચલાવી રહ્યા છે. તે પત્રે સમાજની અનેકવિધ સેવા કરી છે. આ પત્ર સાથે અંગ્રેજી અઠવાડિક નામે 'Patriot' પણ કાઢી કેટલાંક વર્ષ સુધી ચલાવી બંધ કર્યું હતું. તેઓ જેવા સારા પ્રયોજક હતા તેવા સારા વ્યવસ્થાપક નહોતા, આથી તેમનાં કેટલાંક સુંદર પુસ્તકોનો લાભ બુકસેલરોને મળ્યો. 'જૈન' પત્ર ચલાવવામાં અનેક મુશ્કેલીઓ આવી હતી. પરંતુ તે તેમણે સર્વભોગે ચલાવ્યે રાખ્યું તે માટે તેમને ધન્યવાદ છે. તેમણે જૈન શ્વે. કૉન્ફરન્સને તેની ઉત્પત્તિથી તે પોતાના સ્વર્ગવાસ સુધી જોસ, ઉત્તેજના અર્પેલ હતાં.

૧૦૫૮. જૈન શ્વે૦ કૉન્ફરન્સ-સં. ૧૯૫૮માં ફલોધીમાં શ્રી ગુલાબચંદ ઢઢા M. A.ના પ્રયાસથી જૈન શ્વે૦ કૉન્ફરન્સનો જન્મ થયો; બીજે વર્ષે સં. ૧૯૫૯માં મુંબઈમાં મોટા દબદબા સહિત તેનું બીજુ અધિવેશન થતાં તેનાં દૃઢ મૂળ નંખાયાં અને અત્યાર સુધી તેનાં ૧૩ અધિવેશન જુદાં જુદાં સ્થળોએ ભરાયાંઃ- (૩) વડોદરા સં. ૧૯૬૧ (૪) પાટણ સં. ૧૯૬૨ (૫) અમદાવાદ સં. ૧૯૬૩ (૬) ભાવનગર સં. ૧૯૬૪ (૭) પૂના સં. ૧૯૬૫, (૮) મુલતાન સં. ૧૯૬૯ (૯) સુજાનગઢ સં. ૧૯૭૧ (૧૦) મુંબઈ સં. ૧૯૭૨ (૧૧) કલકત્તા સં. ૧૯૭૪ (૧૨) સાદડી સં. ૧૯૭૬ (૧૩) જૂન્નર સં. ૧૯૮૬. પરિણામે શ્વે., સમાજમાં વિદ્યા-જ્ઞાનનો પ્રચાર, સાહિત્યનું પ્રકાશન, જૂના સાહિત્યનો શિલાલેખોનો અને મંદિરોનો ઉદ્ધાર, સમાજિક કુપ્રથાઓનો નાશ, નવીન વિચારોનું પ્રબળ આંદોલન, સુશિક્ષિત અને શ્રીમંતોનો સુયોગ, ધાર્મિક ખાતાંઓની તપાસણી વગેરે અનેક કાર્યો થઈ સમાજમાં પ્રબલ જાગ્રતિ આવી છે. સં. ૧૯૫૯માં પોતાના મુખપત્ર તરીકે જૈન શ્વે૦ કૉન્ફરન્સ હેરૅલ્ડ એ નામનું માસિક ૧૪ વર્ષ સુધી કાઢયું; કે જેના માનદ તંત્રી તરીકે આ ગ્રંથના લેખકે તેનાં છેલ્લાં સાતેક વર્ષ સુધી કાર્ય કર્યું હતું; ને પછી સુષુપ્ત રહી સં. ૧૯૮૧ ના ભાદ્રપદથી 'જૈનયુગ' નામનું માસિક પાંચવર્ષ સુધી પ્રસ્તુત લેખકના જ તંત્રીપણા નીચે પ્રકટ કર્યું ને ચાલુ વર્ષ સં. ૧૯૮૭માં પાક્ષિક તરીકે શરૂ થયું છે. આ પત્રદ્વારા અનેક ઐતિહાસિક બાબતો પર પ્રકાશ પડ્યો છે ને વિધવિધ વિષયોની છણાવટ કરવામાં આવી છે. સં. ૧૯૬૫ માં સંસ્કૃત પ્રાકૃતાદિ ગ્રંથોના-જૈનાગમ, ન્યાય, ફિલૉસોફિ, ઔપદેશિક, ભાષા સાહિત્ય અને વિજ્ઞાન-એ વિષયો પરત્વે ભાગ પાડી ગ્રંથ ને ગ્રંથકારનાં નામો ઉપરાંત તે કયા ભંડારમાં મળે છે તે પ્રામિસ્થાન સહિત વિગત આપતો જૈનગ્રંથાવલી નામનો સૂચિગ્રંથ બહાર પાડેલ છે. આ ઉપરાંત જેસલમેર, પાટણ અને લીંબડી એ ત્રણેના મોટા જ્ઞાનભંડારોમાંના ગ્રંથોની ટીપો કરાવી છે, જૈન શ્વે. મંદિરાવલી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન ડિરેકટરી બે ભાગ તૈયાર કરાવી બહાર પાડી છે. મારા તરફથી તૈયાર થયેલ ગૂજરાતી ભાષાના કવિઓ અને તેમની કૃતિઓની વિસ્તૃત સૂચી રૂપ મહાભારત પુસ્તક નામે જૈન ગૂર્જર કવિઓના બે ભાગ તથા આ ગ્રંથને આ મહાસંસ્થાએ બહાર પાડી ગૂજરાતી ભાષાની અને જૈન સાહિત્યની મહાન્ સેવા બજાવી છે.

૧૦૫૯. ઉપર્યુક્ત સંસ્થાઓ પોતપોતાનું કાર્ય યથાશક્તિ અને યથાસંયોગે કર્યે જાય છે. દરેકમાં મંદતા સ્તબ્ધતા કે રૂઢિચુસ્તતા વતતાઓછા પ્રમાણમાં સમાજમાં રહેલા જૂના જડ ઘાલેલા વિચારોની અસરથી રહેવા પામી છે, છતાં હવે વર્ત્તમાન યુગના વાતાવરણના જોસથી તે સર્વેપર ઉત્તમ પ્રભાવ પડ્યો છે. તો પણ તે દરેક પોતાની સ્થાપનાથી અત્યાર સુધી પોતાથી બનતી સેવા અર્પતી ગઈ છે. 'આવું કાર્યસાતત્ય છતાં, આવી પ્રગતિશાલિતા છતાં, આવી સેવા-નિષ્ઠા છતાં, આવા નીતિબળ છતાં, આવી વ્યાવહારિકતા છતાં આ દરેક સંસ્થાને-કૉન્ફરન્સ જેવી મહાસંસ્થાને જૈન જેવી ધનાઢ્ય જાતિ તરફથી ધનનો જે વિપુલ આશ્રય મળવો જોઈએ તે નથી મળ્યો એ અત્યંત નિરાશાજનક છે. નિરાશાનું કારણ જૈનોની સામાજિક સ્થિતિ છે. વેપાર-ઉદ્યોગથી એમનો નિર્વાહ હતો. મુસલમાનો કે મરાઠાની માફક રાજસત્તાથી નહીં. અંગ્રેજી રાજ્ય જામતાં અને અંગ્રેજી કેળવણી પ્રસરતાં મુસલમાનો કે મરાઠા કે બ્રાહ્મણોની સૈકાઓથી સ્થિર રહેલી સ્થિતિને જેવો આઘાત લાગ્યો તેવો જૈનોને લાગ્યો નથી. ઉલટું એમને માટે વેપાર ઉદ્યોગના અનેક નવા પ્રદેશ ઉઘડ્યા અને એ દિશામાંથી આવતો ધનનો પ્રવાહ સૂકાવાને બદલે રેલાતો રહ્યો. આવકને અથવા સામાજિક પ્રતિષ્ઠાને જ્યાં ધક્કો લાગ્યો નથી ત્યાં નવા જમાનાની સામગ્રીઓથી સંપન્ન થવાની જરૂર સમજાતી નથી. આમ હોવાથી જૈનોમાં કેળવણીનો ફેલાવો થયો નહીં-ભણતર વગર લાખો રૂપિયા કમાઇ શકાતા હોય તો પછી ભણતરની દરકાર કરવામાં આવતી નથી. કેળવણી વિના નવી અભિલાષા, નવી વાંછના, નવા આદર્શ, સાર્વજનિક સેવાની આવશ્યકતા જન્મ્યાં નહીં અને આમ થતાં હજુ બહુ વાર લાગશે. પરિસ્થિતિને લીધે જૈનોમાં જે નવું ચેતન આવવું જોઈએ તે ન આવવાથી એ નવું ચેતન રોપનારી સંસ્થાને ઉદાર મદદ મળી ન શકી.

૧૦૬૦. 'ધનાઢ્યો તરફથી મદદ નથી મળી શકતી તે સંબંધમાં એક બીજી વાત પ્રત્યે નજર નાંખવા જેવું છે. જૈનો ધનપ્રાપ્તિમાં રચ્યા પચ્યા રહે છે. છતાં વૈરાગ્ય અને દાનની ભાવનાને અતિશય પોષણ આપે છે. સાધુઓ પ્રત્યે એમનો પૂજ્યભાવ ગાઢ હોય છે. આવી વસ્તુ સ્થિતિ છતાં સુશિક્ષિત જૈનોમાંથી કોઇ વિરક્ત થઈ સાધુ ન થયો અને પોતાનાં વૈરાગ્યથી, તપથી, ચારિત્ર્યથી, જ્ઞાનથી સાધુઓમાં અને શ્રાવકોમાં પૂજ્ય લેખાઇ પોતાનો પ્રભાવ તેણે જૈનો પર પાડ્યો નહીં. જૈનોમાં કોઈ **વિવેકાનંદ** કે **રામકૃષ્ણ** (? **રામતીર્થ**) થયો હોત તો દાનનો માર્ગ ફેરવાયો હોત. જેમને નવા યુગનો પ્રકાશ પ્રાપ્ત થયો હતો. તેમાંથી કોઇએ ઐહિક સુખનો ભોગ આપ્યો હોત તો જૈનોનું ભાગ્ય વહેલું ફર્યું હોત. હજુ પણ આવો પ્રસંગ ગયો નથી; વેળા વીતી નથી ગઈ.

૧૦૬૧. 'હું નમ્ર ભાવે કેટલાંક દૃષ્ટિબિંદુ રજુ કરૂં છું. (૧) જૈનો કોઇ દ્વીપમાં વસ્તા નથી. વસવાટના પ્રદેશમાં અથવા તેની બહાર જૈનેતર લોકો સાથે તદ્દન સંબંધ જ ન હોય એવું નથી. વર્ત્તમાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અલગપણાનો નથી તેમ ભૂતકાળ પણ નહોતો અને ભવિષ્ય પણ નહીં રહે. હિન્દુ, મુસલમાન, પારસીની માફક જૈનો પણ હિન્દુસ્તાનમાં વસે છે. તેઓ જૈનો છે તે ઉપરાંત હિંદીઓ છે. જૈનો તરીકેના ધર્મો છે તો હિંદી તરીકેના ધર્મ પણ તેમણે પાળવાના છે. જૈનોના ઉત્કર્ષ માટે જે જે પ્રયાસો, હિલચાલ થાય તે તે સર્વે એવી પણ સાથે સાથે હોવી જોઈએ. જેથી તેમનું હિંદીપણું પણ વિકાસ પામે. તેમના હિંદીપણાને અણઉઘડ્યું રાખે અથવા નાશ કરે એવી હિલચાલને કોઈપણ રીતે ઉત્તેજન ન મળવું જોઈએ. x x હાલ જેટલી જેટલી કોમી હિલચાલો ચાલે છે તેમાં (પોતાનું પોતાના જ માટે નહિ પણ બીજાને માટે પણ થોડુંક વાપરવું ઘટે એ) ભાવનાનો અભાવ હોવાથી એવી કોમોની નીતિને નુકશાન થવાનો સંભવ છે. કોમના કલ્યાણ માટે થયેલા પ્રત્યેક દાનનો અમુક ભાગ સાર્વજનિક કલ્યાણનો રાખવાનો સંપ્રદાય હવે (જૈન કે જૈનેતર કોમે) શરૂ કરવાની જરૂર છે.

૧૦૬૨. 'પોતાની કોમની ઉન્નતિ કરવી છે પણ તે દેશમાં રહેતા બીજા લોકોના સ્નેહ, સ્વભાવ, સહકાર્ય, કદર, એખલાસ આદિ વગર કદી ટકશે નહિ એ પણ લક્ષમાં રાખવા જેવું છે. બીજી કોમોથી તદન અલાહિદા જીવન ગાળવાનો જે પવન વાયો છે, તે દેશને હાનિકારક છે. એથી અભિમાન જન્મશે; બીજાઓની અવગણના, તિરસ્કાર કરવાની વૃત્તિ થશે, પોતાના દોષથી વાકેફ રહેવાશે નહીં; ગેરસમજ થશે; સભ્યતા-વિવેક-સુજનતા આદિ સદ્‌ગુણોનો હ્રાસ થશે, અને પ્રગતિ થવા કરતાં શિથિલતા અને સ્તબ્ધતા આવવાનો સંભવ થશે. જીંદગીના વ્યવહારમાં અનેક પરકોમો સાથે (સંબંધમાં) આવ્યા વિના છૂટકો નથી ત્યારે ઉછેર અલગ કરવો એ કેવી રીતે શ્રેયસ્કર નીવડશે ? કોમી હિલચાલને દેશહિત અને પરકોમના સહકાર્યની આવશ્યકતાના દૃષ્ટિબિંદુથી વિમુખ ન રાખવા માટે એવી (જૈન કે જૈનેતર) હિલચાલોના સૂત્રધારોને આગ્રહ છે.

૧૦૬૩. 'બીજું જૈનની વસ્તી આખા હિન્દુસ્તાનમાં છૂટક છૂટક પુષ્કળ છે. આપણા ગુજરાતમાં વસ્તી સારા પ્રમાણમાં છે. એકંદર સ્થિતિ દ્રવ્ય સંબંધે સારી છે. વિદ્યાનું પ્રસારણ ઓછું હોવાથી સાર્વજનિક સેવાના પ્રદેશોમાં જોઈએ તેટલી પ્રતિષ્ઠા-દ્રવ્ય અને સંખ્યાના પ્રમાણમાં હોવી જોઈએ તેટલી નથી. ગુજરાતના ઈતિહાસ ઉપર અને વર્ત્તમાન જીવન ઉપર જૈન સંસ્કૃતિનો સબળ પ્રભાવ છે. બીજા પ્રાંતોમાં વિદ્યાનુરાગી બ્રાહ્મણોનો જે પ્રભાવ છે તેવો પ્રભાવ ગુજરાતમાં ગુજરાતી બ્રાહ્મણોનો નથી. બીજા પ્રાંતોમાં બ્રાહ્મણો અને બ્રાહ્મણેતરો (શુદ્રો) સિવાય બીજા વર્ણો નથી હોતા. પરંતુ ગુજરાતમાં બ્રાહ્મણો, વૈશ્યો અને શુદ્રો એ ત્રણ વર્ણો છે. બ્રાહ્મણો અને શુદ્રો વચ્ચે મોટું અંતર બીજા પ્રાંતોમાં છે તે આપણા પ્રાંતમાં નથી. બ્રાહ્મણો અને બ્રાહ્મણેતરો વચ્ચે તીખાશ મહારાષ્ટ્ર કે મદ્રાસ ઈલાકામાં છે તેવી આપણે ત્યાં નથી. ગુજરાતમાં સમાજના થર અન્યોન્ય સાથે ગાઢ સંબંધવાળા છે; તેમની વચ્ચે વિશાળ અવકાશ નથી. એક ઘરમાંથી બીજા ઘરમાં જવાની અમુક રીતે સુગમતા છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, શૂદ્ર અનુકૂળતાએ વૈશ્ય થઈ શકે છે. ઘર ઘર વચ્ચે અણરાગ, વિરોધ કે શત્રુતા નથી. આ સર્વ શુભ સ્થિતિનું કારણ કેટલેક અંશે જૈન વેપારી કોમ (વૈષ્ણવ વેપારી કોમોમાંની પણ ઘણી પૂર્વે જૈન હોવાનો સંભવ લાગે છે એટલે તેમની અલાહિદી ગણત્રી નથી કરી) નું અસ્તિત્વ છે. આમ વૈશ્યોનો જે પ્રભાવ ગુજરાતના જીવન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર છે. તેથી જેમ લાભ થયા છે તેમ ગેરલાભ પણ થયા છે. હવે જે લાભ છે તેથી ગુજરાતનું સાર્વજનિક જીવન વધારે ખીલે અને ગેરલાભો દૂર થાય એવી વાંછના પ્રગટવી જોઈએ. જૈન કોમે પોતાને પ્રશ્ન કરવો જોઈએ કે ગુજરાતની પ્રગતિ માટે એમણે શું કરવું જોઈએ ? પ્રો. બ. ક. ઠાકોર કહે છે❖ 'કેળવણીવાળા સર્વે પ્રાંતોમાં ગુજરાત પાછળ છે'-ગુજરાતમાં કેળવણીનો પ્રચાર જેવો તેવો નથી પણ કેળવણીના પ્રમાણમાં સાર્વજનિક જીવન જોઈએ તેવું ઉજજ્વળ નથી. મહારાષ્ટ્ર બંગાળા, પંજાબની જેવી પ્રતિષ્ઠા હિન્દુસ્તાનમાં અને હિન્દુસ્તાન બહાર છે તેવી આપણા ગુજરાત પ્રાંતની અને આપણા ગુજરાતી લોકોની છે ? નથી તો શી રીતે લાવી શકાય ? જે પ્રાંતોની પ્રતિષ્ઠા છે તે પ્રતિષ્ઠાનાં કારણો વિચારી તે આપણે ત્યાં પ્રવર્તમાન થાય એવા સંજોગો ઉભા કરવા આપણે કટિબદ્ધ થવું જોઈએ. ત્રીજું જૈનો રાજદ્વારી કાર્યોમાં રસ લેતા થાય અને પોતાનાં શક્તિ, અનુભવ અને સાધનોથી એ પ્રદેશમાં ગુજરાતની કીર્તિ વધારે એવો પ્રસંગ લાવવા હવે શરૂઆત થવી જોઈએ. ટુંકમાં જૈન સભાઓનું ત્રણ દૃષ્ટિબિન્દુ પ્રત્યે લક્ષ ખેંચ્યું છે.'[૫૫૬] 'આપણી ઘણીખરી બધી સંસ્થાઓને વિષે આપણે વણિકવૃત્તિ વિશેષે જોઈએ છીયે. આ વૃત્તિને ગૌણ રાખી ક્ષત્રિય (સાહસિક) વૃત્તિને બ્રાહ્મણ (દીર્ઘદૃષ્ટિની) વૃત્તિને અને મુખ્યત્વે કરીને શુદ્ર (સેવા) વૃત્તિને પ્રધાનપદ આપવાની આવશ્યકતા છે.'[૫૫૭]

❖ એમનો ''ગાંડી ગુજરાત''વાળો લેખ વાંચવા સર્વે ગુજરાતીઓને મારી ખાસ ભલામણ છે. -૨. મહેતા

૫૫૬. મારી વિનતિથી સાક્ષર વિવેચક સ્વ. શ્રી રણજીતરામ વાવાભાઈ મહેતાએ લખેલો લેખ 'શ્રી મુંબઇ માંગરોળ જૈન સભાના રજત મહોત્સવ પ્રસંગે ૨૫ વર્ષના કાર્યવૃત્તાંત વાંચવાથી ઉપજેલા વિચાર'-જુઓ તે સભાનો રજત મહોત્સવનો વિશેષાંક સં. ૧૯૭૩ પૃ. ૬૮ થી ૭૯-જૈન શ્વે. કૉ. હેરેલ્ડ શ્રાવણ સં. ૧૯૭૩નો અંક પૃ. ૨૪૭ થી ૨૫૧.

૫૫૭. મહાત્મા ગાંધીજીનો 'અનાથ આશ્રમ વિષે બે બોલ' એ લેખ જૈન શ્વે. કૉ. હેરેલ્ડ-શ્રાવણ સં. ૧૯૭૩નો અંક પૃ. ૨૪૭નો છેલ્લો પારા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૪ જૈનધર્મ-સાહિત્ય-ઈતિહાસ-મુખ્ય સિદ્ધાન્તો.

૧

सव्वप्पवयणसारं मूलं संसारदुक्खमुक्खस्स । संमत्तं पहलिता ते दुग्गइवड्ढया हुंति ॥

સર્વ પ્રવચનો સાર સંસારના દુઃખથી મોક્ષનું મૂલ એવું સમ્યક્ત્વ છે-સમ્યગ્ દર્શન છે. તે સમ્યક્ત્વને મલિન કરનારા દુર્ગતિના વર્ધક થાય છે. - ભાષ્યવચન

૨

प्राकृतः संस्कृतो वापि पाठः सर्वोप्यकारणम् । यतो वैराग्यसंवेगौ तदेव परमं रहः ॥

- પ્રાકૃત હોય વા સંસ્કૃત બધુંએ ભાષણ અપ્રયોજક અર્થાત્ નકામું છે, કારણ કે વૈરાગ્ય અને સંવેગ તેજ પરમ રહસ્ય અર્થાત શ્રેષ્ઠ તત્ત્વ છે. - રત્નસિંહસૂરિકૃત આત્માનુશાસ્તિભાવના પ્રકરણ.

૩

શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, શિષ્ટ કહે તે પ્રમાણ-યશોવિજયજી.

૧૦૬૪. ભાષા એ વિચારોને સમજાવવાનું વાહન છે; જોકે તે સંપૂર્ણ રીતે ભાગ્યે જ સમજાવી શકે છે એટલે કે ભાષા હમેશાં વિચારોને મર્યાદિત કરે છે, છતાં વિચારોને જણાવવા ભાષાનો ઉપયોગ કર્યા વગર છૂટકો નથી રહેતો. ભાષામાં 'સાહિત્ય' એ શબ્દના બે ત્રણ અર્થ સૂચવાય છે. ૧ ઉપકરણ કે સાધન, ૨. રસશાસ્ત્ર (**કા**વ્યપ્રકાશ, **કા**વ્યાનુશાસન, **સા**હિત્ય-દર્પણ આદિ) ૩. કોઈ પણ પ્રકારનું શાસ્ત્ર (વૈદિક-સાહિત્ય, સાંખ્ય સાહિત્ય, જૈન સાહિત્ય). પ્રસ્તુત ઈતિહાસમાં તેના આ છેલ્લા અર્થને આપણી નવીન રૂઢિને અનુસરી સમસ્ત વાઙ્મયના (લાક્ષણિક) અર્થમાં વિશેષ સ્થાન આપેલ છે. જૈન સાહિત્યમાં કોઈ પણ પ્રકારનું શાસ્ત્ર-પછી તે ધર્મશાસ્ત્ર, આચારવિધિશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, અલંકાર, કાવ્ય, જ્યોતિષ, ભૂગોળ, ખગોળ, શિલ્પ, સંગીત, આદિ હોય તે સર્વનો સમાવેશ કરીને આ પુસ્તક પ્રયોજવામાં આવ્યું છે. વિચારાત્મક અને શબ્દાત્મક એમ બંને રૂપે સાહિત્ય હોઈ શકે. તે જ્યાં સુધી મનોગત હોય, પ્રકાશમાં ન આવ્યું હોય ત્યાં સુધી તેને વિચારાત્મક સાહિત્ય કહેવું હોય તો કહી શકાય. જ્યારે તે મુખદ્વારા શબ્દનાં જુદા જુદા રૂપમાં, કલ્પનાના, અતિશયના કે ઉત્પ્રેક્ષા આદિ અલંકારોમાં સજ્જ થઈ બહાર આવે તે શબ્દાત્મક સાહિત્ય લેખાય. આ શબ્દાત્મક સાહિત્ય જ્યારે કાગળો ઉપર લિપિબદ્ધ થાય છે ત્યારે એનું બીજું નામ શાસ્ત્ર-પુસ્તક-ગ્રંથ દેવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૬૫. 'લિપિનો અર્થ પુસ્તક આદિમાં અક્ષરવિન્યાસ કરવામાં આવ્યો છે. તે અઢાર પ્રકારની આદિતીર્થંકર શ્રી ઋષભદેવે સ્વસુતા બ્રાહ્મીને બતાવી તેથી તે લિપિને બ્રાહ્મી કહેવામાં આવી છે; અને તેને ખુદ આગમમાં આ રીતે નમસ્કાર કરવામાં આવ્યો છે કે 'नमो बंभीए लिवीए'; વળી કહ્યું છે કે 'लेहं लिवीविहाणं जिणेण बंभीइ दाहिणकरेण' એટલે લેખ તે જિને દક્ષિણ હાથથી બ્રાહ્મી વડે કરેલ લિપિવિધાન છે. (જુઓ ભગવતી સૂત્ર પ્રથમ ઉદ્દેશક.) લિપિને નમસ્કાર કરવાથી સમગ્ર સાહિત્ય-વાઙ્મય પ્રત્યે પૂજ્યભાવ બતાવવામાં આવ્યો છે. આ પરથી એવો ભાવાર્થ આચાર્યો કરે છે કે ભગવતીસૂત્રના આરંભ કરતાં પૂજ્યપાદ ગણધરોએ પણ લિપિને-લિખિત પુસ્તકને પૂજ્યતમ હોવાના કારણે નમસ્કાર કરેલ છે. તેથી કોઈએ લિખિત પુસ્તકાદિની પાદસ્પર્શઆદિથી આશાતના-અવગણના કરવી નહિ, તેમ કરવું સંસારકારણ બને છે. (કીર્ત્તિવિજયકૃત વિચારરત્નાકર પત્ર ૪૪)

૧૦૬૬. જૈન શ્રુતનો બહુ મોટો ભાગ નાશ પામ્યો છે. તે નાશનાં અનેક કારણો છે. પણ આજે તેનો જેટલો અને જે ભાગ સચવાઈ રહ્યો છે. તેનું ફક્ત એક જ કારણ છે અને તે જૈનસંઘની શ્રુતભક્તિ. જૈન જનતા જ્ઞાન માત્રને પૂજે છે, પણ શ્રુત પ્રત્યે એની ભક્તિ એટલી જાગરૂક છે કે નહિ તે વિષે લખવા જતાં તેનો મનોરમ ઇતિહાસ તૈયાર થાય. માત્ર મોટી વયનાં સ્ત્રી-પુરુષો જ નહિ. પણ નાનાં કુમાર-કુમારિકાઓ સુદ્ધાં શાસ્ત્રજ્ઞાન આરાધવા તપ કરે છે, એનાં નજેવાં સાધનોની આદરપૂર્વક પૂજા કરે છે અને એ માટે પોતાનું સર્વસ્વ આપી દેવા તૈયાર રહે છે. ચારિત્ર પૂજાનું જૈનસંઘમાં મોટું સ્થાન છે. પણ તે જ્ઞાનના એક ભાગ તરીકે. ચારિત્ર એ જ્ઞાનનો છેલ્લો ને પરિપક્વ અંશ જ છે. તીર્થપૂજા હોય કે ગુરુ. પૂજા હોય એ બધી વિવિધ પૂજાઓની પાછળ જ્ઞાનભક્તિ જ રહેલી છે. એ બધામાં સત્યજ્ઞાન પ્રાપ્ત કરવાનો એક જ હેતુ મુખ્ય છે. આજે વિશિષ્ટ રીતે જૈન દર્શન જીવિત હોય તો તે એક શ્રુતને આભારી છે, અને શ્રુત જીવિત હોય તો તે જ્ઞાનભક્તિને આભારી છે. આગમ ગ્રંથોની પ્રતિષ્ઠા ભગવાનની પ્રતિષ્ઠાનો એક ભાગ જ છે.[૫૫૮]

૧૦૬૭. જિનનાં વાક્યોને લખાવનાર કદિ પણ દુર્ગતિ પામતો નથી, મુંગાપણું કે જડસ્વભાવ, અંધપણું તેમજ બુદ્ધિહીનપણું પ્રાપ્ત કરતો નથી એ વાત નીચેના શ્લોકથી આચાર્યોએ જણાવી અને તેથી શ્રુતભક્તિ જીવંત રહી :-

न ते नरा दुर्गतिमाप्नुवन्ति न मूकतां नैव जडस्वभावम् ।
न चान्धतां बुद्धिविहीनतां च ये लेखयन्तीह जिनस्य वाक्यम् ॥

૧૦૬૮. જૈનધર્મ અહિંસા-દયા, સંયમ-ત્યાગ, તપ, વીતરાગતા પર રચાયો છે; તેનાં ધર્મશાસ્ત્રો એ તત્ત્વોનું પ્રતિપાદન કરે છે. કોઈ પણ ધર્મશાસ્ત્ર વાંચવાની-સમજવાની ચાવી એ છે કે જે શાસ્ત્રવચન સત્યનું, અહિંસાનું, બ્રહ્મચર્યનું વિરોધી હોય તે ગમે ત્યાંથી મળ્યું હોય છતાં તે અપ્રમાણ છે. શાસ્ત્ર

---

૫૫૮. પં. સુખલાલ અને પં. બેહચરદાસને લેખ 'સન્મતિ તર્ક અને તેનું મહત્ત્વ'-'જૈન'નો રૌપ્ય મહોત્સવ અંક પૃ. ૧૦૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુદ્ધિથી પર નથી. બધાં શાસ્ત્રોનું તાત્પર્ય એ છે કે ઈશ્વરભક્તિ કરી જ્ઞાન મેળવવું અને તે વડે મોક્ષ મેળવવો. જે શાસ્ત્ર મદિરાપાન, માંસભક્ષણ, પાખંડ ઇત્યાદિ શીખવે તે શાસ્ત્ર ન કહેવાય.

૧૦૬૯. સર્વ પ્રવચનના સાર રૂપ સમ્યક્ત્વ-સમ્યગ્દર્શન મેળવી સંસારના દુઃખથી મોક્ષ મેળવવાનો છે એવી અગાઉ ગાથા કહી છે. બીજી રીતે કહીએ તો જ્ઞાન કે વિદ્યા તેજ કે જેનાથી મુક્તિ મળે- सा विद्या या विमुक्तये. મુક્તિ બે પ્રકારની છે. એક મુક્તિ દેશને પરાધીનતામાંથી છૂટો કરવાની છે. એ થોડા વખતને માટે હોય. બીજી મુક્તિ સદાને સારૂ છે. મોક્ષ કે જેને પરમધર્મ કહીયે તે મેળવવો હોય તો દુન્યવી મુક્તિ પણ હોવી જોઈએ જ. અનેક ભયમાં રહેલો માણસ નિરંતરનો મોક્ષ નથી પ્રાપ્ત કરી શકતો. નિરંતરનો મોક્ષ મેળવવો હોય, પરમ પુરુષાર્થ પ્રાપ્ત કરવો હોય તો નજીકનો મોક્ષ પ્રાપ્ત કર્યે જ છુટકો છે. જે વિદ્યાથી આપણી મુક્તિ દૂર થાય છે તે વિદ્યા ત્યાજ્ય છે, અધર્મ્ય છે.'

૧૦૭૦. 'ગુરુ વિના જ્ઞાન ન હોય' એ સુવર્ણ વાક્ય છે. પણ ગુરુ મળવા જ દોહેલા છે, ને સદ્‌ગુરુને અભાવે ગમે તેને ગુરુ કરી બેસીને આપણે સંસારસાગરની વચ્ચોવચ ડૂબવું યોગ્ય નહિ ગણાય. ગુરુ તે કે જે તારે. પોતે તરી ન જાણે તો બીજાને શું તારે ? એવા તારા આજકાલ હોય તો પણ તે એકાએક જોવામાં આવતા નથી.' (ગાંધીજી.) આચાર્ય આનન્દશંકર વિશેષ સ્ફુટતાથી સમજાવે છે કે 'આટલું ખરૂં છે કે ગુરુ દ્વારા પ્રાપ્ત થયેલું જ્ઞાન કદાચ વિશેષ પરિપૂત અને બલવાહી હોવા સંભવ છે, કેમ કે મનુષ્ય-આત્મામાં એવું સામર્થ્ય રહેલું છે કે આત્મા આત્માની સમીપ આવતાં માત્ર મુખાકૃતિ, દૃષ્ટિ કે વાણીથી એ એવી વિલક્ષણ અસર ઉત્પન્ન કરી શકે છે કે જે સહસ્ર ગ્રન્થથી પણ થઈ શકતી નથી. પણ આ વાત અસાધારણ આત્મા પરત્વે જ ખરી છે. હાલના સમયમાં યોગ્ય ગુરુ મળવો કઠિન છે એમ શોકોદ્‌ગાર જો કે ઘણીવાર સાંભળવામાં આવે છે, છતાં આમ ખેદ દર્શાવનારા, પામર જનોમાંથી જ કેટલાક ગમે તેવા મિથ્યા સંન્યાસી યોગી કે શાસ્ત્રીને ગુરુ કરી માને છે. તથા એવા પુરુષો પાસે જ વેદાન્તનું અને અન્ય શાસ્ત્રનું રહસ્ય હોય છે એમ અન્ધ શ્રદ્ધા રાખી વૃથા ભ્રાન્તિમાં ભમે છે. પણ ખરૂં જોતાં તો વર્ત્તમાન સમયમાં આવા અલૌકિક પુરુષો મળવા અશક્ય છે એટલું જ નહિ, પણ ઇતિહાસમાં પણ આવા જનોનો આવિર્ભાવ વિરલકાળે અને વિરલ સ્થળે જ દૃષ્ટિગોચર થાય છે. ત્યારે આ જોતાં, આપણે હાલમાં નક્કી કરવાનો પ્રશ્ન એ રહે છે કે કેવળ સાધારણ વર્ગના પુરુષ પાસેથી પ્રત્યક્ષ ઉપદેશ લેવો એ ઠીક, કે અસાધારણ પુરુષ પાસેથી એના ગ્રન્થોદ્વારા જે પરોક્ષ ઉપદેશ મળે એ ઠીક ? આ પ્રશ્નનો એક જ ઉત્તર ઘટે છે. અસાધારણ પુરુષો પોતાના અનુપમ આત્માને પોતાના ગ્રન્થમાં કેવી સારી રીતે સંક્રાન્ત કરી શકે છે એ વાત જો ધ્યાનમાં લેવામાં આવે તો સહજ સમજાય એમ છે કે આ બીજો માર્ગ જ ઉત્તમ છે.' ('આપણો ધર્મ' પૃ. ૧૫ અને ૧૬)

૧૦૭૧. 'ધર્મનો વિષય વિશાલ છે, અને તદનુરૂપ અસંખ્ય ગ્રન્થોમાં જ્ઞાન આવિર્ભૂત થાય છે, પરંતુ એનો વિષયવિભાગ પાડી અભ્યાસવામાં આવે તો માર્ગ સકલ થઈ શકે એમ છે. વિષય વિભાગ કાંઈક આ રીતે કરી શકાય :-

(ક) તત્ત્વચિન્તન (Philosophy), એટલે પદાર્થના ભાસમાન સ્વરૂપથી પર તત્ત્વભૂત સ્વરૂપ શું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, અને એ તત્ત્વની દૃષ્ટિએ ભાસમાન સ્વરૂપનો શો ખુલાસો છે-એનો બુદ્ધિ દ્વારા વિચાર. આ વિચારની ત્રણ શાખાઓ પડે છેઃ- (૧) સત્-વિષયક (બાહ્ય અને આન્તર સત્ વિષયક Metaphysics પદાર્થવિજ્ઞાન-and-Psychology-માનસશાસ્ત્ર), (૨) કર્ત્તવ્ય વિષયક અને [ethics-નીતિશાસ્ત્ર] (૩) સૌન્દર્યવિષયક (Esthetics-સૌંદર્યશાસ્ત્ર); જેમાંથી પ્રથમ બે પ્રકૃત વિષયમાં સવિશેષ ઉપયોગી છે.

(ખ) કવિતા (Poetry) એટલે પૂર્વોક્ત વિષયનું હૃદયદ્વારા સમાલોચન, પ્રકૃતિ અને મનુજ આત્માના વિવિધ સ્વભાવવર્ણનમાં કવિપ્રતિભા જે પર તત્ત્વનું દર્શન કરાવે છે તે.

(ગ) બ્રહ્મવિદ્યા તથા વિશેષ અર્થમાં ધર્મ-આચાર (Theology Universal and Particular-સર્વવ્યાપી અને વૈયક્તિક;) એટલે જગતના મહાન ધર્મ પ્રવર્ત્તકો અને બ્રહ્મવેત્તાઓ (તાર્કિકો કે શબ્દાર્થમીમાંસકો નહિ)-તેમણે પ્રકૃત વિષયમાં આચાર અને વિચાર દ્વારા પ્રકટ કરેલાં પરમ સત્ય, તથા એ સત્યના પ્રાદુર્ભાવનાં વિશેષ સ્વરૂપો.

આ ત્રણે વિષયનો સંપૂર્ણ અભ્યાસ એક મનુષ્યજીવનમાં પ્રાપ્ત કરવો અશકય છે એ તો ખરૂં જ. તથાપિ ક્રમે ક્રમે શાન્તિથી, દૃઢતાથી, અને પદ્ધતિ અનુસાર ચાલતાં ઘણું સંપાદન થઈ શકે એમ છે. જગતના પ્રથમ વર્ગના મહાત્માઓની—એટલે કે ઉપરનો વિષય વિભાગ લેતાં, પરમ કોટિના તત્ત્વચિન્તકો, કવિઓ, ધર્મપ્રવર્ત્તકો અને બ્રહ્મવેત્તાઓ-આત્મવેત્તાઓની-સંખ્યા ઘણી નથી; અને ફક્ત તેમના, તેમજ તેમને લગતા, મુખ્ય ગ્રન્થોને જ અભ્યાસ કરવામાં આવે તો તેથી પ્રકૃત માર્ગમાં ઘણું સિદ્ધ થઈ શકે એમ છે.

૧૦૭૨. 'એ અભ્યાસ કેવી પદ્ધતિથી કરવો જોઈએ કે જેથી તેનું યોગ્ય રીતે ગ્રહણ-મનન અને નિદિધ્યાસન થઈ શકે-તેનો સંપૂર્ણ સ્વાધ્યાય થઈ શકે તે સંબંધે કહેવાનું કે નીચેની ત્રણ પદ્ધતિઓને અનુસરી અધ્યયન થવું જોઈએઃ-

(૧) ઐતિહાસિક પદ્ધતિ (Historical Method)-એટલે તત્ત્વચિંતનનો તથા બ્રહ્મવિદ્યા (આત્મજ્ઞાન-ધર્મ) નો કે સાહિત્યનો પ્રવાહ ભિન્ન ભિન્ન દેશમાં-સમાજમાં, કાળમાં અને અવાન્તર વિષયપરત્વે કેવી કેવી રીતે પ્રવર્ત્યો છે એ ઐતિહાસિક દૃષ્ટિબિન્દુથી, કારણ સહિત સમજવા યત્ન કરવો.

(૨) તોલન-પદ્ધતિ (Comparative Method): વિવિધ દેશનાં-ધર્મનાં અને વિવિધકાલનાં વિચારસ્વરૂપો સરખાવી જોવાં, જેમાંથી પછી મનન કરતાં સામાન્ય અને વિશેષ તત્ત્વો તારવી કઢાય.

(૩) નિયમન-પદ્ધતિ (Deductive Method)-એટલે સ્વતંત્ર રીતે વસ્તુના મૂલ સ્વરૂપમાંથી જ પ્રસ્તુત વિષયમાં સિદ્ધાન્તો ઉપજાવી કાઢવાની પદ્ધતિ, જેને અનુસરવાથી તાત્ત્વિક અને આકસ્મિક અંશનો ભેદ પાડી શકાય છે.

આમ યોગ્ય અધિકાર મેળવી સમસ્ત વિષયોનો ઉપર બતાવેલી પદ્ધતિએ અભ્યાસ કરતાં કરતાં ગન્તવ્ય સ્થાને પહોંચાય છે.' (આપણો ધર્મ પૃ. ૧૮-૧૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૭૩. ઇતિહાસ એ પ્રાચીન શબ્દ છે. તેનો વ્યુત્પત્તિ અર્થ પરંપરાનો ઉપદેશ જેમાં છે તે, અથવા નિર્યુક્તિ અર્થ **ઈતિ** એટલે એ રીતે **હ** એટલે નિશ્ચય-એ રીતે નિશ્ચયવાળું ઇતિહ=પૂર્વવૃત્ત જેમાં છે તે. જૈનસૂત્રો નામે **કલ્પસૂત્ર ઔપપાતિક** અને **ભગવતી** સૂત્રમાં પૂર્વવૃત્તાંત, અતીત કાલની ઘટનાઓનું વિવરણ, પુરાવૃત્ત એ અર્થમાં,-પુરાણના-પુરાણશાસ્ત્રના અર્થમાં ઇતિહાસ શબ્દ વપરાયો છે. इतिहास-पुराणं पंचमो येषां ते तथेति-इतिहासः पुराणमुद्धंयते. પુરુષની ૭૨ કળામાં એક કળાવિશેષ તરીકે પણ **કલ્પસૂત્ર**માં ગણાવેલ છે. **વાચસ્પત્ય** બૃહદભિધાનમાં તે સંબંધી એક શ્લોક ટાંકેલો છે કે :-

धर्मार्थकाममोक्षाणा मुपदेशसमन्वितं । पूर्ववृत्तकथायुक्तिमितिहासं प्रचक्षते ॥

- ધર્મ, અર્થ, કામ અને મોક્ષ (એ ચાર પુરુષાર્થ)ના ઉપદેશથી યુક્ત જે હોય તેને ઇતિહાસ કહે છે.

૧૦૭૪. ખરી ઐતિહાસિક દૃષ્ટિ શું છે ? તે દૃષ્ટિથી દરેક વસ્તુને તપાસતાં કેટલો બધો પ્રકાશ પડે છે એ બાબતમાં વિદેશી પંડિતો પાસેથી આપણે ઘણું શિખ્યા છીએ તો તે દૃષ્ટિનો વિચાર કરીએ તે પહેલાં વિદેશી પંડિતોની સેવાનું દિગ્દર્શન કરી લઈએ.

૧૦૭૫. **વિદેશી વિદ્વાનોની જૈન સાહિત્ય સેવા**-'ઇસ્ટ ઇંડિયા કંપનીના અધિકારીઓ અને કચેરીઓએ સૌથી પ્રથમ જૈનો સંબંધીની માહિતીમાં વિગતવાર તપાસ કરવા માંડી. જૈનધર્મ સંબંધી નિશ્ચિત અને સર્વગ્રાહી હકીકત **કોલબ્રૂકે** (Colebrooke સન ૧૭૬૫-૧૮૩૭) આપીને પોતાના મૌલિક ગ્રંથમાં પ્રસિદ્ધ કરી. ભારતવિદ્યાના અનેક વિષયમાં પ્રથમ પ્રવેશ કરનાર એ પંડિત હતો. તેનાં વર્ણનને **વિલ્સને** (Wilson સન ૧૭૮૪-૧૮૬૦) વિસ્તાર્યા ને પૂરાં કર્યાં. આ બે વિદ્વાનો ઘણા વખત સુધી-ઈસુ ૧૯મી સદીના પૂર્વાર્ધ્ધ સુધી-કોઈ ન હોવાના કારણે પ્રમાણભૂત મનાયાં. તેમનાં કેટલાંક અનુમાનો અપૂર્ણ માહિતીથી અને શોધખોળના અભાવે ભૂલ ભરેલાં હતાં. જૈન ગ્રંથનો સૌથી પ્રથમ અનુવાદ કરનાર સંસ્કૃત ડોઇચ શબ્દકોષના સંપાદક **ઓટો બોટલિંક** (Otto Bothlingk) છે; તેણે **રિયુ** (Rieu) સાથે મળીને **હેમચંદ્રકૃત અભિધાન ચિંતામણિ**નો જર્મન અનુવાદ સન ૧૮૪૭માં કર્યો. રેવ. **સ્ટીવન્સને** (Rev. Stevenson) સન ૧૮૪૮માં કલ્પસૂત્ર અને **નવતત્ત્વને** અંગ્રેજીમાં ઉતાર્યા. ત્યારપછી સંસ્કૃત ભાષાના આચાર્ય **વેબરે** સન ૧૮૫૮માં **શત્રુંજય** માહાત્મ્યમાંથી અને ૧૮૬૬માં ભગવતી સૂત્રમાંથી સુંદર ભાગો વીણી કાઢી તેના અનુવાદ કર્યા. એજ પંડિતે શ્વેતામ્બર સંપ્રદાયના ગ્રંથો-આગમોમાં પ્રવેશ કર્યો અને જૈન-સંશોધનના વિવિધ પ્રદેશોનાં દ્વાર પોતાના સંશોધનની અને લેખોની ચાવીઓથી ખોલ્યાં. તેણે આગમો સંબંધી પુષ્કળ લખ્યું છે કે જેનો અંગ્રેજી અનુવાદ ઇંડિયન ઍન્ટિકવરીના વૉલ્યુમ ૧૭ થી ૨૧માં પ્રગટ થયેલ છે. એમનાથી પ્રેરાઈને **હર્મન યાકોબી** (Herman Jacbi), **લૉયમાન** (Leumann), **ક્લાટ** (Klatt), **બુહ્લર** (Buhler), **હૉર્નલે** (Hoernle), અને **વિન્ડશ** (Windisch) એમણે વિવિધ પ્રકારના જૈન ગ્રંથો વિશે સંશોધન કરવા માંડ્યું અને **રાઈસ** (Rice), **હુલ્સે** (Hultmgch), **કીલ્હૉર્ન** (Kielhorn), **પીટર્સન** (Peterson), **ફર્ગ્યુસન** (Fergusson) અને **બર્જેસ** (Burgess)-એમણે જૈન સંપ્રદાયના હસ્તલિખિત પ્રતોના, શિલાલેખોના અને મંદિરોનાં સંશોધન કરવા માંડ્યાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૭૬. શરૂઆતથીજ સંશોધકોએ સાહિત્યો એકઠાં કરવામાં અને તેનો ઉપયોગ કરવામાં માત્ર સંતોષ માન્યો નહિ, પણ જૈન ધર્મના ઐતિહાસિક સ્થાનનો નિર્ણય કરવાના પ્રયત્નો કર્યા. એ વિષે પ્રથમ કરેલા નિર્ણય માત્ર કલ્પનાજનિત અને ભૂલ ભરેલા હતા અને એ રીતે, રોમનદેવ જનુસ (Janus) અથવા તો યાહુદી પુરાણ પ્રસિદ્ધ મિસરી જાદુગર જન્નસ (Jannes) ના નામ સાથે જૈન શબ્દને સંયોજવાની કલ્પના થઈ; મહા પ્રખ્યાત જૈન તીર્થ પાલીતાણાના નામને પેલેસ્ટાઈન નામ સાથે સંબંધ છે એવી પણ કલ્પના થઈ, અને એવી એવી વિચિત્ર અનેક કલ્પનાઓ થઈ. વળી એ પંડિતોએ જૈન અને બૌદ્ધ ધર્મનો સંબંધ કંઈક વધારે સંભવનીય દેખાવાથી અરસપરસ જોડવાના પ્રયત્ન કર્યા. આ દિશામાં કંઈક પ્રબળ પ્રયત્નો પણ થયા. (કોલબ્રૂક જેવા) કેટલાકે એમ માન્યું કે બૌદ્ધ ધર્મનો જન્મ જૈન ધર્મમાંથી થયો છે, અને ત્યારે વિલ્સન, લાસન અને વેબર જેવા અનેકે એમ માન્યું કે બૌદ્ધ ધર્મમાંથી જૈન ધર્મનો જન્મ થયો છે. પણ અંતે સન ૧૮૭૯માં યાકોબીએ બતાવી આપ્યું કે 'આ છેવટની કલ્પના તો માત્ર નિરર્થક દેખાવ ઉપરથી અને આકસ્મિક સમાનતા ઉપરથી જ કરી લેવામાં આવી છે.' યાકોબીએ નિશ્ચિત સાબિત કરી દીધું છે કે 'જૈન અને બૌદ્ધ એ બે એક બીજાથી સંપૂર્ણ રીતે સ્વતંત્ર ધર્મસંઘ છે અને મહાવીર તથા ગૌતમબુદ્ધ એ બે સમકાલિન ભિન્ન મહાપુરુષો હતા.'

૧૦૭૭. અનેક પંડિતોના સમર્થ પ્રયત્નને પરિણામે જૈનધર્મનાં ઈતિહાસ અને પુસ્તકો વિષેનું જ્ઞાન તો ખૂબ વિસ્તાર પામ્યું, પણ છતાંયે એ ધર્મના હૃદય-તેના સિદ્ધાન્તો-સંબંધનું જ્ઞાન તેના શુદ્ધ સ્વરૂપમાં ઘણા વખત સુધી યુરોપમાં પ્રકટ થયું નહિ. આનું મુખ્ય કારણ એ કે ઘણા ખરા સંશોધકોનો ઝોક તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિ તરફ કરતાં પુરાતત્ત્વ અને ભાષાતત્ત્વ પ્રત્યે વધારે હતો, અને વળી વધારે સબળ કારણ એ કે શરૂઆતના સંશોધકોએ જૈન ધર્મના સિદ્ધાન્તોનું જ્ઞાન પ્રતિસ્પર્દ્ધી બ્રાહ્મણ ધર્મનાં પુસ્તકોમાંથી કંઈક અંશે અને જૈન ધર્મના ગ્રન્થોમાંથી કંઈક અંશે પ્રાપ્ત કરવાના પ્રયત્ન કર્યા; પણ બ્રાહ્મણ ગ્રંથોમાં અસ્પષ્ટ અને જૈન ગ્રંથોમાં અવ્યવસ્થિત હકીકતો હોવાથી એ પ્રયત્નો સફળ નિવડેલા નહિ. તથાપિ સન ૧૯૦૬ માં આ અનિશ્ચિત સ્થિતિનો અંત આવ્યો. એ વર્ષમાં યાકોબીએ પછીના કાળના જૈન સિદ્ધાંતના વ્યવસ્થિત ગ્રંથનો-ઉમાસ્વાતિજીના તત્ત્વાર્થાધિગમ સૂત્રનો-અનુવાદ કર્યો અને નિશ્ચિત જ્ઞાનક્ષેત્રમાં એક પગલું આગળ ભર્યું. આ પુસ્તકે પ્રથમ જ વાર જૈન સિદ્ધાન્તોના સમગ્ર ક્ષેત્ર ઉપર સ્વચ્છ અને સંપૂર્ણ દૃષ્ટિ આપી અને ત્યાં સુધી અંધારામાં રહેલા ઘણા મહત્ત્વના પ્રદેશો વિષેના જ્ઞાનની ગાંઠ ખોલી આપી. યાકોબીના શિષ્યોએ પોતાના ગુરુને માર્ગે ચાલી અનેક દિશાઓમાં પ્રયાણ કર્યું છે, જેવા કે હાલમાં કિર્ફલ, ગ્લાસ્નાપ છે. તે ઉપરાંત શુબ્રિંગ, હર્ટલ, ગેરિનો આદિ બીજા અનેક સ્કૉલરો વિધવિધ રીતે કાર્ય કરી રહ્યા છે. ભારતવર્ષમાં ભગવાનલાલ ઇંદ્રજી, ભાઉદાજી, ભાંડારકર, સતીશચંદ્ર વિદ્યાભૂષણ, ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ વગેરેએ જૈન ધર્મને સાહિત્ય સંબંધી શોધખોળ કરી સારો ફાળો આપ્યો.

૧૦૭૮. 'જૈન ધર્મના વર્ત્તમાન સ્વરૂપને સંપૂર્ણ રીતે સમજવા અને વિશ્વાસપાત્ર રૂપે આંકવા માટે પૂર્વ અને પશ્ચિમ પોતાના શ્રમમાં સહકારે જોડાશે ત્યારે જ જાણ્યામાંથી ધીરે ધીરે અજાણ્યામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવેશતે પ્રવેશતે, પ્રાચીનથી અનુક્રમે જે જે પગથિયે થઈને એ ધર્મ અર્વાચીનમાં ઉતરી આવ્યો તે સૌ પગથિયાંનાં દર્શન થશે અને એ ધર્મના દૂરના પ્રવાહમૂળથી તે આજસુધીના જીવન ઉપર દૃષ્ટિ નાખી શકાશે.' (ગ્લાસ્નાપના જૈન ધર્મમાંથી પ્ર૦ જૈન ધ૦ પ્ર૦ સભા.)

૧૦૭૯. હર્મન યાકોબી-ની જે સેવા છે તે જૈનો ભૂલી શકે તેમ નથી, તેથી તેમનું ટુંક જીવન અત્ર કહીએ:-જર્મનીના કૉલોનમાં જન્મ ૧૬-૨-૧૮૫૦. બર્લિન એ બૉનના વિદ્યાપીઠોમાં ૧૮૬૮ થી ૭૨ સુધીમાં સંસ્કૃત અને તુલનાત્મક ભાષાશાસ્ત્રનો વેબર અને ગોલ્ડમીસ્ટર જેવા પ્રોફેસરો નીચે અભ્યાસ કર્યો. ૧૮૭૨ માં ભારતીય જ્યોતિષશાસ્ત્ર સંબંધી નિબંધ લખી 'ડૉક્ટર ઑફ ફિલોસોફી'-ની ડીગ્રી મેળવી. લંડનમાં બ્રિટિશ મ્યુઝિયમ તથા ઈંડિયા ઓફિસમાંના હસ્તલિખિત પ્રતોના સંગ્રહની મદદથી પ્રાચીન શોધખોળમાં એક વર્ષ ગાળ્યું. ૧૮૭૪ માં હિંદમાં આવ્યા; ને રજપૂતાનાની અંદર પ્રવાસ કરતી વખતે જેસલમેરના પ્રખ્યાત જૈન ભંડારના શોધખોળના કાર્યમાં ડૉ. બુહ્લરને મદદ કરી. તે વિદ્વાન દ્વારા જૈનધર્મ અને સાહિત્ય વિષે વિશેષજ્ઞ થયા. તે વખતે યુરોપિયન સંસ્કૃત સ્કોલરોને તેનું જ્ઞાન ઘણું અપૂર્ણ હતું. તેમને તેના અભ્યાસની તક મળી તેથી તેમણે તે સાહિત્યની સંપૂર્ણ શોધ કરવા માટે નિશ્ચય કર્યો. બોન પાછા ફર્યા પછી ૧૮૭૫માં ત્યાં 'પ્રાઈવેટ ડોસેટ' તરીકે એક વર્ષ કામ કરી મંશ્ટરની પાઠશાળામાં સંસ્કૃત અને તુલનાત્મક ભાષાશાસ્ત્રના અસામાન્ય પ્રોફે૦ ની પદવી પર ચઢ્યા. ૧૮૮૫માં કીલમાં સંસ્કૃતના સામાન્ય પ્રોફે૦, અને ૧૮૭૯માં બૉનમાં પણ તેના પ્રોફે૦ થયા. જૈનધર્મનો અભ્યાસ શરૂ કર્યો. તે પહેલાં કલ્પસૂત્રની રોમન લિપિમાં સંશોધિત મૂલની આવૃત્તિ તૈયાર કરી. તેની પ્રસ્તાવનામાં તેમણે સિદ્ધ કર્યું કે તે વખતે સામાન્ય રીતે મનાતું તેમ જૈનધર્મ તે બૌદ્ધધર્મની શાખા નથી. પણ એક સ્વતંત્ર ધર્મ છે અને શ્રી મહાવીર શ્રીબુદ્ધના સમકાલીન હતા. તે ૧૮૭૯માં પ્રકટ થતાં તે હકીકત સામે સ્કૉલરોએ થોડો વિરોધ પ્રકટ કર્યો. પણ અંતે તેમાં બતાવેલ અભિપ્રાયો સામાન્ય રીતે સર્વત્ર સ્વીકારાયા. પછી 'બિબ્લિઓથેકા ઈંડિકા'માં શ્રી હેમચંદ્ર કૃત પરિશિષ્ટ પર્વ પ્રકટ કર્યું અને 'ધ સેક્રેડ બુકસ ઑફ ધ ઈસ્ટ'માં વૉલ્યુમ ૨૨ માં આચારાંગ અને કલ્પસૂત્રના અને દશ વર્ષે વૉ. ૪૫ માં ઉત્તરાધ્યયન અને સૂત્રકૃતાંગનાં અંગ્રેજી અનુવાદ પ્રકટ કર્યા. આ બે વૉલ્યુમની વિદ્વત્તાભરી પ્રસ્તાવનાઓમાં જૈનધર્મના ઈતિહાસના સામાન્ય પ્રશ્નો ચર્ચ્યા. જૈનધર્મ ઉપરાંત ભારતીય ભાષાશાસ્ત્રની વિધવિધ શાખાઓમાં છંદઃશાસ્ત્ર, ફિલસૂફી, સાલવારી બનાવનો સંગ્રહ-કાલક્રમનો ઈતિહાસ, હિંદી પંચાંગ, વીરરસ કાવ્ય, અલંકાર આદિમાં અભ્યાસપ્રવૃત્તિ કરી. જર્મન વિદ્યાર્થીઓ માટે ૧૮૮૬માં એક પ્રાકૃત માર્ગોપદેશિકાની રચના કરી અને 'ઇંડિયન ઍન્ટિકવરી' અને 'એપિગ્રાફિઆ ઈંડિકા'માં હિંદુ તિથિઓનાં કોષ્ટકોનું પ્રકાશન કર્યું, રામાયણ અને મહાભારતનું પૃથક્કરણ ૧૮૯૩ અને ૧૯૦૩માં કર્યું, ધ્વન્યાલોક અને રુય્યકના અલંકાર-સર્વસ્વ વગેરે વગેરેના અનુવાદ કર્યા. સન ૧૮૯૩માં તેમણે યુરોપીય સ્કોલરો જ્યાં સુધી માનતા હતા તે કરતાં પણ વધારે પ્રાચીન વૈદિક સંસ્કારિતા છે તેવું સિદ્ધ કરનારી મજબૂત દલીલો નામાંકિત વિદ્વાન-લોકમાન્ય તિલકથી સ્વતંત્ર રીતે શોધી કાઢી. નિશ્ચિત પરિણામ વગરની લાંબી ચર્ચા ચાલી. પરંતુ વૈદિક સંસ્કૃતિના ઉદયની વધુ પ્રાચીનતા સ્વીકારવામાં સામાન્ય મત બંધાયો. 'બિબ્લિઓથેકા ઈંડિકા'માં સિદ્ધર્ષિકૃત 'ઉપમિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવ પ્રપંચા કથા' તથા હરિભદ્રસૂરિરચિત પ્રાકૃત **સમરાઇચ્ચ કહા** (કે જેના સંક્ષેપરૂપે **પ્રદ્યુમ્ન** સૂરિએ સંસ્કૃતમાં રચેલા **સમરાદિત્યસંક્ષેપને** ૧૯૦૬માં તેમણે સંશોધી પ્રકટ કરાવ્યો હતો) સંશોધિત કરી પૂર્ણ કરી, અને 'જૈનધર્મ પ્રસારક સભા' દ્વારા પ્રસિદ્ધ થતી ગ્રંથમાળામાં વિમલસૂરિએ પ્રાકૃતમાં રચેલા **'પઉચરિયમ્'**ની આવૃત્તિ સંશોધિત કરી પ્રકટ કરાવી. (**જૈનશાસન** ૧૦-૧૨-૧૯૧૩ નો અંક), ને ૧૯૧૩ના ડિસેંબરમાં હિંદમાં આવ્યા. કલકત્તાની યુનિવર્સિટીમાં અલંકારશાસ્ત્ર પર વ્યાખ્યાનમાળા આપી. તે વખતના પ્રવાસ વખતે હિંદમાં જૈનધર્મ વિષે આપેલ વ્યાખ્યાનો જૈન શ્વે. કૉ. **હેરેલ્ડ**માં મેં પ્રકટ કરેલાં છે. પછી જર્મની ગયા. મહાયુદ્ધ થયું, જર્મનીની સ્થિતિ આખરે વિપરીત થઇ, છતાં આ વિદ્વાને અંખડ સાહિત્યસેવા ચાલુ રાખી. અપભ્રંશ કાવ્યો નામે **પંચમી** કહા અને **હરિભદ્રસૂરિકૃત નેમિનાથચરિયને** સંશોધિત કરી ટિપ્પણ સહિત પ્રકટ કર્યા. હજુ તે વયોવૃદ્ધ વિદ્વાન્ વિદ્યમાન છે અને બને તેટલો અભ્યાસ ચાલુ રાખી નિવૃત્તિ-નિવાસ આનંદથી ભોગવે છે. આ વિદ્વાને જૈન ધર્મના ઇતિહાસને છણીને વૈદિક-બ્રાહ્મણધર્મ તેમજ બૌદ્ધ ધર્મ સાથે તુલના કરીને જૈન ધર્મ સંબંધી જે ભ્રમણાઓ હતી તે આકાટ્ય પ્રમાણો આપી દૂર કરી છે તે માટે આખો જૈનસમાજ તેમનો અત્યંત ઋણી છે.

૧૦૮૦. આ સર્વ વિદેશી પંડિતોએ જૈનધર્મ અને સાહિત્ય માટે જે કંઇ કર્યું છે તેનો ખ્યાલ તેમનાં લખાણો અંગ્રેજી ભાષામાં પ્રાપ્ત થતાં આવી શક્યા છે. અંગ્રેજીમાં સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ જેવા અનેક ઇતિહાસ પ્રકટ થયા છે; અંગ્રેજી શિક્ષણને લઇને આવો ઇતિહાસ આ સ્વરૂપે આલેખવાની આ લેખકને પ્રેરણા મળી છે અને તે પ્રેરણાને પ્રતાપે સમગ્ર કાલપર દૃષ્ટિ ફેંકી સર્વ સામગ્રી એકઠી કરી કાલાનુક્રમે તેને યથાસ્થિત યથામતિ બન્યો તેટલો અને તેવો ગોઠવી પ્રજા સમક્ષ તે ધરી શકાયો છે.

૧૦૮૧. ઇતિહાસ રચવા જતાં ઇતિહાસકારને સ્વાભાવિક કલ્પના એ સૂઝે કે પ્રાચીન ગ્રંથ લેવા, એને કાલક્રમમાં ગોઠવવા અને એ ગ્રંથોના પૌર્વાપર્ય પ્રમાણે એમાં વર્ણવેલી વસ્તુસ્થિતિનું પૌર્વાપર્ય માનવું. આ પ્રમાણે આ પુસ્તકમાં કાલક્રમે ગ્રંથોને ગોઠવેલ છે; અને તે ઉપરથી વસ્તુસ્થિતિના પૌર્વાપર્ય માનવામાં સગવડ મળે છે, છતાં એ યાદ રાખવાનું કે કેટલીક વખત પ્રાચીન ભારતના ઇતિહાસકારને આ સરલ માર્ગ પણ ખોટાં અનુમાન ઉપર પણ ઉતારે. એ ઇતિહાસકારની મોટી વિષમતા એ છે કે- કેટલીક વાર પાછળના ગ્રંથોમાં વર્ણવેલી સ્થિતિ પૂર્વના ગ્રંથો કરતાં પણ પૂર્વ તર હોય છે, અમુક ગ્રંથમાં સ્વસમયનું ચિત્ર પણ કેટલીક વાર હોતું નથી, અમુક રિવાજ બંધ થઈ ગયા છતાં પણ પુસ્તકમાં રહે છે, એક જ ગ્રંથમાં એક બીજાથી ઉલટાં પ્રતિપાદનો પણ જોવામાં આવે છે. આ વિષમતા નીપજવાનાં ઘણાં કારણો છે : હિન્દુસ્થાન મોટો દેશ હોઈ એમાં ઉંચી નીચી ભૂમિકાનો સુધારો એકી વખતે જુદા જુદા ભાગમાં પ્રવર્ત્યો છે. દા૦ ત૦ આર્ય અને અનાર્ય બંને લોકોને એક જનતામાં સંગ્રહવાની જરૂર પડતાં, એક જ સ્મૃતિ ગ્રંથમાં બંનેના રીત રિવાજો સંગ્રહવા પડ્યા છે. આટલી મુશીબત છતાં, ઇતિહાસકાર શાન્તિથી, ધીરજથી, વિશાળ અવલોકનથી, અને નિષ્પક્ષપાત-સત્યૈકનિષ્ઠ-દૃષ્ટિથી નિર્ણય ઉપર આવવા યત્ન કરે તો તે યત્ન થોડો ઘણો પણ સફળ થાય એવો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૮૨. 'પ્રાચીનકાળથી ચાલ્યા આવતા ધર્મ તરફ જોવાની અનેક દૃષ્ટિઓ હોય છે. આજના જમાનામાં ઐતિહાસિક દૃષ્ટિ પ્રધાનપદ ભોગવે છે. તે પ્રમાણે અમુક ધર્મ કયારે પ્રચારમાં આવ્યો, કેવા સંજોગોમાં પ્રચારમાં આવ્યો, તે કેવા સ્વરૂપમાં આગળ ચાલ્યો, તેમાં કેવા કેવા ફેરફારો કયા કયા કારણોથી થયા ઈત્યાદિ બાબતોનો વિચાર કરવામાં આવે છે, પણ એ સાથે એ પણ કબૂલ કરવું જોઈએ કે ધર્મને જોવાની આ ધાર્મિક દૃષ્ટિ નથી. ધાર્મિક દૃષ્ટિમાં આદરની મર્યાદાથી વિચાર કરવામાં આવે છે; જ્યારે ઐતિહાસિક દૃષ્ટિ આદર અનાદરને બાજુ રાખી વસ્તુસ્થિતિ તપાસવા ઇચ્છે છે.' (બંને દૃષ્ટિઓ જરૂરની છે અને તે બંનેનું મિશ્રણ થાય એટલે ઇતિહાસને આદરની મર્યાદા અપાય તો વધારે યોગ્ય, અને સુંદર પરિણામ લાવી શકાય.)

૧૦૮૩. 'ભગવાન મહાવીરે સંસારમાં સુખ અને શાન્તિને સ્થિર કરવા અને જનતાના વિકાસ સિદ્ધ કરવા માટે ચાર મહાસિદ્ધાંતોની ચાર મહાસત્યોની ઘોષણા કરી છે : (૧) અહિંસાવાદ (૨) સામ્યવાદ (૩) અનેકાન્તવાદ (સ્યાદ્‌વાદ) અને (૪) કર્મવાદ; અને આ ચાર દ્વારા જનતાને નીચેની બાબતોની શિક્ષા આપી છેઃ-

(૧) નિર્ભય-નિર્વૈર રહી પોતે જીવવું અને બીજાને જીવવા દેવું.

(૨) રાગ-દ્વેષ-અહંકાર તથા અન્યાય પર વિજય મેળવવો અને અનુચિત ભેદભાવને તજવો.

(૩) સર્વતોમુખી વિશાલ દૃષ્ટિ પ્રાપ્ત કરીને અથવા નય પ્રમાણનો આશ્રય લઈ સત્યનો નિર્ણય અને વિરોધનો પરિહાર કરવો.

(૪) પોતાનું ઉત્થાન અને પતન પોતાના હાથમાં છે એમ સમજતા થઈને સ્વાવલંબી બની પોતાનું હિત અને ઉત્કર્ષ સાધવા તથા બીજાનું હિત સાધવામાં સહાય કરવી.

૧૦૮૪. 'આ સાથે જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર-એ ત્રણેના સમુચ્ચયને, મોક્ષની પ્રાપ્તિનો એક ઉપાય અથવા માર્ગ બતાવ્યો છે. આ સર્વે સિદ્ધાન્ત એટલા ઉંડા, વિશાલ અને મહાન છે અને તેની વિસ્તૃત વ્યાખ્યાઓ તથા ગંભીર વિવેચનાઓથી એટલા બધા જૈન ગ્રંથો ભરેલા છે કે તેનાં સ્વરૂપાદિ સંબંધે મોટા નિબંધો લખાવાની જરૂર છે. અહીં તો આગળ જતાં આ સંબંધી ટુંકમાં જ કહેવામાં આવશે. સ્વામી **સમન્તભદ્રે યુક્ત્યનુશાસનમાં** જિનમતની અદ્વિતીયતા-વિશેષતા નીચેના શ્લોકમાં ગાઈ છેઃ-

दया-दम-त्याग-समाधिनिष्ठं नयप्रमाण प्रकृतांजसार्थम् ।
अधृष्यमन्यैरखिलैः प्रवादै र्जिन ! त्वदीयं मतमद्वितीयम् ॥

-એટલે જિનશાસન નય-પ્રમાણ દ્વારા વસ્તુતત્ત્વને તદ્દન સ્પષ્ટ કરનારૂં, સંપૂર્ણ પ્રવાદીઓ દ્વારા અબાધ્ય હોવા સાથે દયા (અહિંસા), દમ (સંયમ), ત્યાગ અને સમાધિ (પ્રશસ્ત ધ્યાન) એ ચારથી ભરેલું છે તેથી-આ વિશેષતાઓથી તે અદ્વિતીય છે.

૧૦૮૫. (૧) **અહિંસાવાદ**-ઉક્ત શ્લોકમાં 'દયા'ને પ્રથમ સ્થાન આપ્યું છે તે યોગ્ય જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં સુધી દયા અથવા અહિંસાની ભાવના ન હોય ત્યાં સુધી સંયમમાં પ્રવૃત્તિ નથી થતી; જ્યાં સુધી સંયમમાં પ્રવૃત્તિ ન હોય ત્યાં સુધી ત્યાગ થઈ શકતો નથી, જ્યાં સુધી ત્યાગ ન હોય ત્યાં સુધી સમાધિ થઈ શકતી નથી. આમ પૂર્વ પૂર્વના ધર્મ ઉત્તરોત્તર ધર્મનાં નિમિત્ત કારણ છે. તે માટે ધર્મમાં દયાને પહેલું સ્થાન છે. તેથી 'धर्मस्य मूलं दया' 'अहिंसा परमो धर्मः' આદિ વાક્યો દ્વારા દયાને ધર્મનું મૂલ, અહિંસાને 'પરમ ધર્મ' કહેલ છે. અહિંસા પરમ ધર્મ છે એટલું જ નહિ, પણ તે પરમબ્રહ્મ છે એમ શ્રી **સમન્તભદ્રે બૃહત્સ્વયંભૂ** સ્તોત્રમાં **નેમિજિન** સ્તવનમાં પ્રકટ કર્યું છે :- अहिंसा भूतानां जगति विदितं ब्रह्म परमं । આ પરથી જે પરમબ્રહ્મની આરાધના કરવા ઇચ્છે છે. તેણે અહિંસાની ઉપાસના કરવી જોઇએ, રાગ દ્વેષની નિવૃત્તિ, દયા, પરોપકાર અથવા લોકસેવાનાં કામોમાં મંડી પડવું જોઇએ. મનુષ્યમાં જ્યાં સુધી હિંસક વૃત્તિ રહે છે ત્યાં સુધી આત્મગુણોનો ઘાત થવાની સાથે पापाः सर्वत्र शंकिताः પાપી સર્વત્ર શંકિત હોય છે એ નીતિ અનુસાર તેનામાં ભયની યા પ્રતિહિંસાની આશંકાનો સદ્‌ભાવ રહ્યાં કરે છે. જ્યાં ભયનો સદ્‌ભાવ, ત્યાં વીરત્વ ન હોય, જ્યાં વીરત્વ નથી ત્યાં સમ્યક્‌ત્વ નથી, અને જ્યાં વીરત્વ નથી તેમજ સમ્યક્‌ત્વ નથી ત્યાં આત્મોદ્ધાર લેશમાત્ર થતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો ભયમાં સંકોચ રહે છે, અને સંકોચ વિકાસને રોકે છે. તેથી આત્મોદ્ધાર કે આત્મવિકાસને માટે અહિંસાની ઘણી જ જરૂર છે અને તે વીરતાનું ચિન્હ છે, કાયરતાનું નહિ. કાયરતાનો આધાર પ્રાયઃ ભય પર છે, તેથી કાયર મનુષ્ય અહિંસા ધર્મનો પાત્ર નથી. તેનામાં અહિંસા સ્થિર રહી શકતી નથી અને વીરોને જ માટે અહિંસા છે, અને તેથી ભ૦ મહાવીરના ધર્મમાં તેને પ્રધાન સ્થાન પ્રાપ્ત થયું છે. જે લોક અહિંસા ઉપર કાયરતાનું કલંક ચઢાવે છે તેઓ ખરી રીતે અહિંસાનું રહસ્ય સમજ્યા નથી. તેઓ પોતાની નિર્બલતા અને આત્મવિસ્મૃતિનાં કારણ એવા કષાયોથી વશ થઈ કાયરતાને વીરતા અને આત્માના ક્રોધાદિ રૂપ પતનને તેના ઉત્થાન સમજી બેઠા છે.[૫૫૯]

૧૦૮૬. દરેક વસ્તુનો વિચાર કરતાં તેના ઇતિહાસમાં ઉતરતાં તે સંબંધી ભારે પ્રકાશ પડે છે અને તે દ્વારા સત્ય નિર્ધાર પર આવી શકાય છે. આવી 'ઇતિહાસ-દૃષ્ટિ' ખાસ કેળવવાની છે. દા૦ ત૦ અહિંસાનો જ સિદ્ધાંત લઇએ. ''શોકની વાત છે, પણ તે આશ્ચર્યની વાત નથી કે 'સર્વભૂતાનુકમ્પા' એ મનુષ્યનો અસાધારણ ધર્મ-મનુષ્યનો મનુષ્યત્વમાંથી ઉત્પન્ન થતો ધર્મ-હોવા છતાં, મનુષ્ય એના આદિકાળથી એ ધર્મનું દર્શન પામી શક્યો નથી. મનુષ્ય જેમ જેમ સુધારાની ઊંચી ભૂમિકાએ ચઢતો જાય છે. તેમ તેમ એ પોતાના અન્તરનાં પડ ઉકેલતો જાય છે, અને પોતાનું મનુષ્યત્વ વધારે ને વધારે અનુભવતો જાય છે-civilisation (જનસંસ્કૃતિ) નો વિકાસ એ psychology-(માનસદૃષ્ટિ)ના વિકાસની સાથે સાથે જ ચાલે છે. સુધારાના આદિયુગમાં સર્વ પ્રજામાં માંસાહાર અને માંસ વડે દેવારાધન થતાં એ સુપ્રસિદ્ધ છે. આપણા દેશમાં આ વિષયમાં પૂર્વે શી સ્થિતિ હતી અને એમાંથી વર્તમાન સ્થિતિ શી રીતે નિષ્પન્ન થઇ એ જાણવા જેવું છે. એ યથાર્થ રીતે જાણવા-સમજવાથી બ્રાહ્મણો અને જૈનો વચ્ચે કહેવાતો મતભેદ અને આચારભેદ યર્થાથ સ્વરૂપે સમજવામાં આવશે, અને

---

૫૫૯. 'વીરશાસનકી વિશેષતા' એ નામનો પં. **જુગલકિશોરજી**નો લેખ **'आत्मानंद'** જાન્યુ. ફેબ્રુ૦ ૧૯૩૧ પૃ. ૨૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુરાગ્રહ અને મિથ્યાગ્રહ મટી આખી હિન્દુ પ્રજા એકરસ જીવન-હાલ ઘણી રીતે એ એકરસ છે, પણ સર્વથા એકરસ-જીવન અનુભવશે, અને પાંજરાપોળ વગેરે કેટલીક સંસ્થાઓ જે અત્યારે જૈનોને ઘણે ભાગે એક હાથે ચલાવવી પડે છે તે ચલાવવામાં સમસ્ત હિન્દુ પ્રજા ટેકો દેશે.'

૧૦૮૭. (આમ કહી અહિંસાધર્મની ઐતિહાસિક દૃષ્ટિએ વેદના બ્રાહ્મણ, ઉપનિષદ, મહાભારત, ભાગવત સુધીનાં અનુક્રમે પ્રમાણો લઈ **આ**ચાર્ય આનંદશંકર કહે છે કેઃ-) 'વેદવિહીત-યજ્ઞીય હિંસાને તોડી ઔપનિષદ, ભાગવત અને પંચયજ્ઞાનુષ્ઠાનના ધર્મે અહિંસા ધર્મને વિસ્તાર્યો પણ આ અહિંસાના માર્ગમાં વ્હેતું સૌથી મ્હોટામાં મ્હોટું વ્હેણ **મ**હાવીર **સ્વા**મી અને **ગૌ**તમ **બુ**દ્ધે પ્રવર્ત્તાવેલા ઉપદેશ રૂપી છે. **ગૌ**તમ **બુ**દ્ધે હિંસા કરતાં પણ વિશાળ અનર્થરૂપ જે વાસના યા અહંબુદ્ધિ ('આત્મવાદ')-જેમાંથી સ્વર્ગની લાલસા અને સ્વર્ગાર્થે યજ્ઞ ઉત્પન્ન થાય છે તે ઉપર-મૂળમાં જ કુહાડો માર્યો-અને પ્રાચીન ઔપનિષદનો વૈરાગ્ય ધર્મ ચારે વર્ણમાં વિસ્તાર્યો; આમ 'આત્મવાદ' અને વાસના સાથે હિંસા પણ કાઢી. ભ. **મ**હાવીર સ્વામીએ સંસાર અને કર્મનાં બન્ધન તોડવા માટે તપનો મહિમા કહ્યો; પણ એમના આખા ધર્મને મોખરે-પંચવ્રતમાં મુખ્ય વ્રત-અહિંસાને મૂકી. આ વ્રતનો સ્વીકાર એમના પહેલાંથી ચાલતો આવ્યો હતો, પણ એમણે એનો એવો સમર્થ ઉપદેશ કર્યો કે ઔપનિષદ અને ભાગવત ધર્મની બહાર-મનુસ્મૃતિમાં વર્ણવી છે. તેવી જે દ્વૈધીભાવની સ્થિતિ પ્રવર્તતી હતી. તેમાંથી દેશના મ્હોટા ભાગને તાર્યો; હજારો સ્ત્રી-પુરુષોએ 'अहिंसा परमो धर्मः' એ સિદ્ધાન્તને જીવનનો મહામન્ત્ર કર્યો, અને આજ હિન્દુસ્થાન અહિંસા ધર્મના આચાર વડે જ પૃથ્વીના સર્વ દેશોથી જે જુદો અંકાઈ આવે છે એ મહિમા ઘણે ભાગે **મ**હાવીર **સ્વા**મીનો છે. x x આ અવલોકનનો હેતુ અહિંસા પરત્વે આપણા દેશની ખરી ઐતિહાસિક સ્થિતિ વર્ણવવાનો છે. એ સ્થિતિ બહુધા અહિંસાપ્રધાન છે-અને એને પરિણામે બંગાલ, પંજાબ, કાશ્મીર અને સિન્ધ બાદ કરતાં હિન્દુસ્થાનના મ્હોટા ભાગે-ખાસ કરી એના દ્વિજવર્ણે (બ્રાહ્મણ વણિકાદિએ)-હિંસા ત્યજી દીધી છે. એ સ્થિતિ સાધવામાં ઔપનિષદ અને ભાગવત ધર્મ તેમજ પંચ મહાયજ્ઞના અનુષ્ઠાન રૂપ સ્માર્ત ધર્મ (બ્રાહ્મણ કાળથી ચાલતો આવેલો)-એઓએ ઘણો ભાગ લીધો છે; અને એ જ દિશામાં સૌથી માનવંતુ કાર્ય જૈન ધર્મે કર્યું છે. એ ધર્મે અહિંસાને આપેલું પ્રાધાન્ય સુપ્રસિદ્ધ છે એટલે જૈન ગ્રંથોમાંથી હું એ સંબંધી વચન ટાંકીને તમારો વખત લેવા માગતો નથી. આ અહિંસા ધર્મનો આપણા દેશનો ઈતિહાસ આપવામાં મારો મુખ્ય હેતુ કેવળ વ્યાવહારિક જ છે, અને તે એ સૂચવવાનો કે એ ધર્મ બ્રાહ્મણ અને જૈન બંનેનો છે-જૈનોએ એ સંપૂર્ણ જીવનમાં ઉતાર્યો છે, તો બ્રાહ્મણોએ એને ધર્મભાવના તરીકે માન્ય કર્યો છે, જોકે તેઓ એને સંપૂર્ણ અમલમાં લાવી શકયા નથી. તો હવે બ્રાહ્મણોની ફરજ છે કે તેઓએ જૈનો સાથે મળી એ ધર્મનો જીવનમાં સંપૂર્ણ સ્વીકાર કરવો જોઈએ' (બીજી જીવદયા કૉન્ફરન્સના પ્રમુખ તરીકે 'અહિંસા ધર્મ' પર ભાષણ કાર્ત્તિક સં. ૧૯૭૪નું **'વસંત'**.)

૧૦૮૮. જૈનોની અહિંસા નિરપવાદ કાયદા જેવી છે. મહાપુરુષ **ગાં**ધીજી કહે છે કેઃ- અહિંસાનો અપવાદ વિનાનો કાયદો શોધનારા ઋષિમુનિઓ પોતે મહાન યોદ્ધા હતા. જ્યારે તેમણે આયુધબળની તુચ્છતાને જોઈ લીધી, મનુષ્ય-સ્વભાવનો સાક્ષાત્કાર કર્યો ત્યારે તેઓ હિંસામય જગતમાં અહિંસાનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિયમ જોઈ શક્યા. આત્મા આખા જગતને જીતી શકે છે, આત્માનો મોટામાં મોટો શત્રુ આત્મા જ છે, તેને જીત્યો એટલે, જગતને જીતવાનું જોર આવ્યું એવું શિક્ષણ તેઓએ આપણને બતાવ્યું. એ કાયદો ઋષિઓએ શોધ્યો તેથી તેઓ જ પાળી શકે એવું કંઈ તેઓએ જાણ્યું, જણાવ્યું કે શીખવ્યું નથી, તેઓએ જણાવ્યું કે બાળકને સારૂ પણ કાયદો તો એ જ છે અને તે તેને પાળી પણ શકે છે. એ સાધુ સંન્યાસી જ પાળે છે એમ નથી; બધા થોડે ઘણે અંશે તો પાળે જ છે અને થોડે ઘણે અંશે પાળી શકાય તે સર્વાંશે પણ પળાય. x x અહિંસાનો, શાન્તિનો અર્થ નામર્દી નથી, તેનો અર્થ શુદ્ધ મર્દાનગી છે. અહિંસાનો અર્થ પરાધીનતા-દુર્બળતા નથી. શૌર્ય ત્યાં જ ક્ષમા હોઈ શકે. x ક્ષમા વીરતાનો ગુણ છે. જેનામાં વેર વાળવાની શક્તિ છે તે પ્રેમ કરી જાણે.x' યથા પિંડે તથા બ્રહ્માંડે જે વ્યક્તિને માટે ખરૂં છે તે સમાજ દેશ ને છેવટમાં સમસ્ત વિશ્વ માટે ખરૂં છે. આ અહિંસાનો ધર્મ રાજપ્રકરણી બાબતોમાં પણ સત્યાગ્રહ-અસહકારની શાંત-અહિંસામત યુદ્ધ-ચળવળના પિતા બની ગાંધીજીએ દાખલ કર્યો છે. તેઓ જણાવે છે કે 'રાજપ્રકરણી વિષયો સાથે ધર્મને કે સંસાર સુધારાને સંબંધ નથી એ વિચાર અયોગ્ય છે. ધાર્મિક વૃત્તિથી રાજ્યપ્રકરણી વિષયનું છેવટ આપણે એક પ્રકારે લાવી શકશું. ધર્મવૃત્તિને છોડીને આવેલું પરિણામ બીજા પ્રકારનું હશે. x ધર્મમાં કોઇપણ અંશે અસત્ય ન હોય, કઠોરતા ન હોય, હિંસા ન હોય. ધર્મનું માપ પ્રેમથી, દયાથી, સત્યથી થાય છે. તેના ત્યાગથી મળેલું સ્વર્ગ પણ નિંદ્ય છે. સત્યનો ત્યાગ કરવાથી હિંદુસ્તાનને સ્વરાજ મળતું હોય તો તે નકામું છે. તેમાં છેવટે પ્રજાનો નાશ જ છે x શાંતિના પ્રયોગથી તો આપણે દુર્બળને પણ બતાવીયે છીએ કે તેના શરીરમાં જે આત્મા છે તેનું બળ ચક્રવર્તીના આત્મા જેટલું જ તે ધારે તો બતાવી શકે છે. x આપણે તો શાન્તિને દુર્બળનું જ શસ્ત્ર ગણી એ શસ્ત્રની કિંમતને પારખતા નથી ને તેને લજવીયે છીયે. એ તો મહોરને કોઈ અધેલી ગણી વાપરી નાખે એવી મૂર્ખાઈ થઈ. શાન્તિ એ બલિષ્ઠનું શસ્ત્ર છે ને તેના હાથમાં જ તે શોભે છે. શાન્તિ એટલે ક્ષમા અને એ વીરનું ભૂષણ છે.'

૧૦૮૯. (૨) **સામ્યવાદ**—ઐતિહાસિક દૃષ્ટિથી અવલોકન કરીશું તો ભગવાન મહાવીરે સામ્યવાદના સિદ્ધાંત પર વર્ણબંધનનો છેદ ઉડાડી મૂક્યો અને ત્યાગના દૃષ્ટિબિંદુ ઉપર પોતાના શાસનની વ્યવસ્થા કરી 'સંઘ' ની સ્થાપના કરી; તેથી જૈનો બૌદ્ધો અને બીજા આજીવક જેવા શ્રમણ-પંથોની પેઠે વર્ણવ્યવસ્થામાં નથી માનતા; એટલે એમને વર્ણોના નામ સામે કે વિભાગ સામે વાંધો નથી, પણ એ વર્ણવિભાગને તેઓ વ્યાવહારિક કે આધ્યાત્મિક વિકાસમાં બંધનરૂપ માનવાને ના પાડે છે. બ્રાહ્મણ સંપ્રદાય વર્ણવિભાગમાં વ્હેંચાયલો અને બંધાયલો છે. એમાં જ્યારે વર્ણવિભાગે વ્યાવહારિક અને આધ્યાત્મિક વિકાસ સાધવામાં બંધન ઉભું કર્યું અને આર્ય માનવોના માનસિક વિકાસમાં આડ ઉભી કરી ત્યારે ભગવાન મહાવીરે એ આડ ફેંકી દેવા અને સામ્યવાદ સ્થાપવા બુદ્ધના જેટલો જ પ્રયત્ન કર્યો. તેમના અનુયાયી વર્ણબંધન તોડતા કે શિથિલ કરતા ગયા છતાં પોતાના પૂર્વજોના અને પોતાના જમાનાના બ્રાહ્મણપંથી પડોશીઓના કડક વર્ણબંધનોના સંસ્કારોથી છેક જ અલિપ્ત રહી ન શક્યા; એટલે વળી બ્રાહ્મણપંથે જ્યારે જોર પકડ્યું, ત્યારે ત્યારે જૈનો એ વર્ણબંધનના સંસ્કારોથી કાંઈક રીતે અને કાંઈક લેપાયા. એક બાજુ જૈનોએ બ્રાહ્મણપંથપર વર્ણબંધન ઢીલા કરવાની અસર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી ત્યારે બીજી બાજુ બ્રાહ્મણ પંથે તે વિષેના દૃઢ આગ્રહે જૈન પંથ ઉપર અસર પાડી; જેને લીધે એક યા બીજા રૂપે ઇચ્છાએ કે અનિચ્છાએ જૈન લોકોમાં વર્ણસંસ્કારોનું કાંઈક વાતાવરણ આવ્યું. (પં. સુખલાલજી)

૧૦૯૦. તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરતાં બંધુ રા. રસિકલાલ જણાવે છે કે :- 'કલ્પસૂત્રમાં જણાવ્યું છે કે જો उवसमइ तस्स अत्थि आराहणा, जो न उवसमइ तस्स नत्थि आराहणा; उवसमसारं खु सामन्नं-જે ઉપશમ પામે છે તેને આરાધના થાય છે, જે ઉપશમ નથી પામતો તેને આરાધના થતી નથી. એટલે કે ઉપશમ એ શ્રામણ્યનું–શ્રમણધર્મનું–જૈનધર્મનું પરમ ધ્યેય છે. અહીં ઉપશમ એટલે રાગદ્વેષની મંદતા, મનના વિકારોનો ઉપશમ–ક્રોધ માન માયા લોભ આદિ વિકારોનો ઉપશમ. આ ઉપશમને ધ્યાનમાં રાખી દેશકાલ પ્રમાણે જૈન મુનિઓએ પોતા માટે તેમજ શ્રાવકો માટે આચાર ઘડ્યા છે. મુનિનાં પંચમહાવ્રતો અને શ્રાવકનાં બાર અણુવ્રતોનું ધ્યેય પણ આ ઉપશમ સાધવાનું જ છે. તે વ્રતોની પાછળ પ્રધાનવૃત્તિ અહિંસા છે. બીજા શબ્દોમાં કહીએ તો અહિંસા એ ઉપશમ સાધવાનું પરમ સાધન છે અને માનસિક સૃષ્ટિમાં સાધન અને સાધ્ય એક જ પ્રક્રિયાના અંશો હોવાથી એમ કહી શકીએ કે અહિંસા એજ ઉપશમ છે, બીજાને ખંડિત કરી પોતાના આત્માને ખંડિત ન થવા દેવો–હિંસા કરવાથી પોતાની હિંસા થાય છે–એ સર્વજ્ઞ બુદ્ધિને થએલું ઉંડામાં ઉંડું દર્શન તે અહિંસાવૃત્તિ; કારણ કે ઉપરની દૃષ્ટિએ રાગદ્વેષથી–ક્રોધાદિથી પ્રેરાઈને જ્યારે આપણે બીજાને ખંડિત કરીએ છીએ ત્યારે આપણને એમ લાગે છે કે આપણે સમૃદ્ધ થયા, આપણો અર્થ સર્યો; પણ આમ થતાં આપણો આત્મા ખંડિત થયો, આપણા આત્માની હિંસા થઈ, એની આપણને ખબર નથી પડતી; ન પડે એ સ્વાભાવિક છે, કારણ આપણાં આવરણો બહુ ઘન હોય છે; જોકે આપણને આપણા કષાયના પ્રમાણમાં અહિંસાનું આ વિલક્ષણ સ્વરૂપ–પરની હિંસા કરતાં સ્વની હિંસા થઈ જાય છે એ-બરાબર સમજાતું નથી. આ રીતે હિંસા નહિ કરવાના આગ્રહથી ક્રોધાદિ ડંખવિનાના થઈ જાય છે; અને એમ થતાં ચિત્તમાં ઉપશમ પેદા થાય છે. પણ એક બાજુ એમ ઉપશમનો અભાવ, જેમ ક્રોધાદિએ કરાવેલી હિંસાથી હોય છે, તેમ બીજી બાજુ બુદ્ધિ જે અનેક પ્રકારનાં જ્ઞાન રજુ કરે છે. તેથી ઉત્પન્ન થતી મુંઝવણને લઈને પણ ઉપશમનો અભાવ થાય છે. તે વાત આગળ કહીએ તે પહેલાં એક બીજી દૃષ્ટિએ ઉપશમની વાતને જોઈએ.

૧૦૯૧. ઉપશમ વગર મધ્યસ્થતા આવતી નથી અને મધ્યસ્થતા વગર ધર્માર્હત્વ-ધર્મયોગ્યતા પ્રાપ્ત થતી નથી. શ્રી હરિભદ્રસૂરિ કહે છે કેઃ-

रत्तो दुट्ठो मूढो पुव्विं वुग्गाहिओ अ चत्तारि । एए धम्माणरिहा धम्मे अरिहो उ मज्झत्थो ॥

-(૧) રાગવાળો-રાગી, (૨) દુષ્ટ, (૩) મૂઢ-મૂર્ખ-બુદ્ધિહીન, (૪) પૂર્વ વ્યુદ્ગ્રાહિત-પૂર્વ અભિનિવેશ (prejudice) વાળો-એ ચાર, ધર્મને માટે યોગ્ય નથી. ધર્મમાં યોગ્યતાવાળા મધ્યસ્થ છે.

એટલે કદાગ્રહથી જે ગ્રસ્ત હોય તે તો ધર્મ પામતો નથી. આનો તાત્પર્યાર્થ એ છે કે જેઓ વિપરીત દૃષ્ટિવાળા છે તેનામાં પોતાના પક્ષથી બાંધી દીધેલા મતને લઈને પ્રબલ મોહના કારણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગદ્વેષની મંદતા રૂપી લક્ષણવાળો ઉપશમ આવતો નથી. જિજ્ઞાસાદિ ગુણનો યોગ હોય તો મોહના અપકર્ષથી રાગદ્વેષશક્તિના પ્રતિઘાત રૂપ ઉપશમ થાય અને તેથી સત્પ્રવૃત્તિ થાય, આગ્રહની નિવૃત્તિ થાય, અને સદર્થનો પક્ષઘાત થાય.

૧૦૯૨. 'વળી ઇંદ્રિયોથી ઉત્પન્ન થતાં જ્ઞાનોમાં જે દોષો આવી જાય છે તેને દૂર કરવાનો પ્રયત્ન કર્યા પછી અને તર્કસાધ્ય જ્ઞાનના દોષો દૂર કર્યા પછી પણ બુદ્ધિ આગળ અનેક સામસામાં વિરૂદ્ધ જ્ઞાનો ઉત્પન્ન થઇ જાય છે; જેમાંના એકને સ્વીકારતાં બીજાનો ત્યાગ કરવો પડે છે; પણ ત્યાગ કરતી વખતે આપણને એમ લાગે છે કે આપણે કેટલાક સાચા અનુભવોને જતા કરવા પડે છે. ઉદાહરણ તરીકે જગતમાં જે વિવિધ ફેરફાર થતા દેખાય છે તે ઉપરથી આપણે એવી દૃષ્ટિ બાંધીએ કે બધું વિકારી છે, કશું સ્થિર નથી, બધું ક્ષણિક છે. પણ બીજી રીતે વિચાર કરતાં એમ લાગે છે કે મારા જ્ઞાનમાં ફેરફાર થયાં કરે છે. પણ હું જ્ઞાતા તો એક છું-એનો એ છું; અને એ જ્ઞાતાની એકતાથી આગળ વધી જ્ઞેય પદાર્થોમાં પણ એકતા-સ્થિરતા દેખાય છે; નાનો છોડ મોટો થઈ ઝાડ થાય તો પણ તેનામાં એકતાનો આરોપ કરીએ છીએ. હવે પ્રશ્ન થાય છે કે જગતને વિકારી કહેવું કે અવિકારી? જે વિકારી છે તેને અધિકારી ગણતાં બુદ્ધિ હસે છે, અને છતાં એક પક્ષનો ત્યાગ કરતાં આપણી દૃષ્ટિ અધૂરી લાગ્યા કરે છે, અમુક સાચા અનુભવોને ખોટા ગણી નાંખી દેવા પડે છે. આ મુંઝવણમાંથી બુદ્ધિ એક એવો રસ્તો કાઢે છે કે બન્ને ખોટા છે; આપણે સત્ય જાણી શકતા જ નથી; **તત્ત્વોપપ્લવ**નો લેખક જયરાશિ ભટ્ટ કહે છે તે પ્રમાણે **अविचारितरमणीयाः सर्वे व्यवहारा भासन्ते**-બધી દૃષ્ટિઓ વિચાર ન કરવાથી જ રમણીય લાગે છે, એ જાતનો અજ્ઞેયવાદ જન્મે છે; અને અજ્ઞેયવાદમાંથી તો કોઈપણ જાતનો ધર્મ ન જ જન્મી શકે ને ? જ્યારે કાંઈ સાચું નથી ત્યારે આપણે જે કરીએ તે બધું સરખું છે-અથવા એવું કહેવું પણ યોગ્ય નથી. અજ્ઞેયવાદીને સર્વત્ર મૂક રહેવું જ ઘટે.

૧૦૯૩. (૩) અનેકાંતવાદ-'ઉપરની મુંઝવણ દૂર કરવાનો જે બીજો માર્ગ છે તે દૃષ્ટિઓને સમજીને તેમાં ભેદ શાથી ઉત્પન્ન થાય છે તેનું કારણ શોધીને, બધી દૃષ્ટિઓનો સમન્વય કરી લેવો, એ છે. પ્રત્યેક જીવાત્મા એ ભિન્ન ભિન્ન વ્યક્તિ છે; તેનામાં સંસ્કારની, રુચિની, પરંપરાની અને કેળવણીની ભિન્નતા હોય છે. તેથી નિવાર્ય બુદ્ધિદોષોને દૂર કર્યા પછી પણ વ્યક્તિઓના જ્ઞાનગ્રહણમાં ભેદ દેખાય છે. જો આપણે વ્યક્તિની મર્યાદા ઓળંગી સામા માણસની દૃષ્ટિ સમજવા જેટલી ઉદારતા કેળવી શકીએ તો તેની વાત બરાબર સમજાય, અને એ સાચો લાગે; એટલે જોકે બધી દૃષ્ટિઓ-બધાં જ્ઞાનો, છેવટે એકજ્ઞાન-એકદૃષ્ટિમય થઈ જાય છે તો પણ જ્યાં સુધી માણસને માણસ તરીકે વ્યવહાર કરવાનો હોય છે ત્યાં સુધી અનેક દૃષ્ટિઓથી વ્યવહાર કરવો પડે છે. આ સ્થિતિ સ્વીકારી લઈ એક દૃષ્ટિનો, એકાન્તનો આગ્રહ છોડી દેવો તેનું નામ અનેકાન્ત. આ અનેકાન્ત માણસને સંશય અને અજ્ઞેયવાદમાંથી મુક્ત કરી બુદ્ધિમાં એવી સમતા-મધ્યસ્થતા કેળવી શકે છે કે જેથી ઉપશમ શકય થાય. ઉપશમમાં બે તત્ત્વો દેખાય છે; એક કામક્રોધાદિનો અભાવ, અને બીજું જગત તરફ સર્વગ્રાહી અનેકાન્ત દૃષ્ટિથી ઉત્પન્ન થતી પ્રજ્ઞાની સમતા. વાસ્તવિક રીતે આ બે તત્ત્વો નથી-સમજવા માટે કરેલું પૃથક્કરણ છે. આત્માની ઉપશમ સ્થિતિમાં આ બન્ને ઉપશમના પ્રમાણમાં હોય છે. એક બાજુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્યાદ્‌વાદ અથવા એકાન્તવાદ; બીજી બાજુ અહિંસા અને અંતે ઉપશમ. આ જૈન ધર્મનાં મુખ્ય ત્રણ તત્ત્વો છે, અથવા એને ત્રણ તત્ત્વો કહેવા કરતાં એક આધ્યાત્મિક તત્ત્વનાં ત્રણ પાસાં કહીએ. આપણે બધાને એક અહિંસા નામથી સંબોધી શકીએ, કારણ જ્ઞાનની અનેક દૃષ્ટિઓમાં અહિંસા તે સ્યાદ્‌વાદ, અને ઉપશમ એટલે વિકારોને અહિંસામય કરી નાંખવા તે; અથવા ત્રણેને ઉપશમ કહી શકીએ. જ્ઞાનમાં ઉપશમ-વ્યક્તિની મર્યાદાથી ઉત્પન્ન થતા એકાન્ત આગ્રહનો ઉપશમ તે સ્યાદ્‌વાદ, અને વિકારોનો ઉપશમ એજ અહિંસા; અથવા આપણે એમ કહીએ કે જ્ઞાનના પ્રદેશમાં જે મધ્યસ્થતાને અનેકાન્ત કહીએ છીએ, તેને ભાવનાના પ્રદેશમાં અહિંસા કહીએ, અને તેને ચારિત્રના પ્રદેશમાં ઉપશમસાધક ચારિત્ર કહીએ. આ પ્રમાણે વિચાર કરતાં જૈન ધર્મનાં આ ત્રણ મુખ્ય તત્ત્વો મને સમજાયાં છે; આ ત્રણ તત્ત્વો આજે આપણને કામનાં છે કે નહિ એ પ્રશ્નના ઉત્તરમાં જૈન ધર્મ આજે કામનો છે કે નહિ એ પ્રશ્નનો ઉત્તર આવી જશે. આજે આપણને કામ ક્રોધાદિને વશ કરવાની જરૂર લાગે છે કે પોષવાની ? આજે જગતમાં જે અનેક જાતનું, માણસની બુદ્ધિને ગાંડી બનાવી દે એટલી વિવિધતાવાળું જ્ઞાન પ્રકટ થતું જાય છે. તેનો સમન્વય કરવાની આપણને જરૂર છે ? અને આ બધાથી મોટો પ્રશ્ન એ કે આ જમાનામાં આપણને આપણો આત્મા અખંડિત, અહિંસિત રાખવાની ગરજ છે ? જો ઉત્તર હા આવશે, તો જૈનધર્મની જરૂર છે. જો ના આવશે તો નથી.'[૫૬૦]

૧૦૯૪. ઉપસ્થિત થતા પ્રશ્નોનો સમન્વય અનેકાંતવાદથી ઉત્તમ રીતે થઈ શકે છે. કોઈ પણ બાબત લ્યો તો ઢાળને બે બાજુ હોય તેમ તેના ઓછામાં ઓછા બે પક્ષો સામે આવે છે. મહાત્મા **ગાંધીજી** એક સ્થળે કહે છે કે 'જૈન દર્શનમાંથી હું ઘણું જાણવા જેવું શીખ્યો છું. તેમાંનો એક અનેકાન્તવાદ છે. એકાન્તે એકે વાત બરોબર નથી હોતી. દરેક વસ્તુને બે પક્ષ છે.'[૫૬૧]

૧૦૯૫. (૪) કર્મવાદ-આનું મંતવ્ય એ છે કે સુખ દુઃખ, સંપત્તિ વિપત્તિ, ઉંચ નીચ આદિ અનેક અવસ્થાઓ કે જે નજરે પડે છે તે થવામાં કાલ, સ્વભાવ, પુરુષાર્થ આદિ કારણોની પેઠે કર્મ પણ એક કારણ છે. પરંતુ અન્ય દર્શનોની પેઠે કર્મવાદપ્રધાન જૈનદર્શન ઈશ્વરને ઉક્ત અવસ્થાઓના યા સૃષ્ટિની ઉત્પત્તિના કારણ માનતું નથી.બીજાં દર્શનોમાં અમુક સમયે સૃષ્ટિનું ઉત્પન્ન થવું માનેલું છે. તેથી તેઓમાં સૃષ્ટિની ઉત્પત્તિ સાથે કોઈ કોઈ પ્રકારે ઈશ્વરનો સંબંધ જોડી દીધો છે. પરંતુ જીવોને ફલ ભોગવવા માટે જૈન દર્શન ઈશ્વરને કર્મનો પ્રેરક માનતું નથી કારણ કે કર્મવાદ એમ માને છે કે જેમ જીવ કર્મ કરવામાં સ્વતંત્ર છે તેમજ તેનાં ફળને ભોગવવામાં પણ સ્વતંત્ર છે. આ રીતે જૈનદર્શન ઈશ્વરને સૃષ્ટિનો અધિષ્ઠાતા નથી માનતું, કારણ કે તેના મતે સૃષ્ટિ અનાદિ-અનન્ત હોવાથી તે કદિ પણ પૂર્વે ઉત્પન્ન થઈ નથી તથા તે સ્વયં જ પરિણમન-શીલ છે. તેથી ઈશ્વરના અધિષ્ઠાનની અપેક્ષા રાખતી નથી. કૃતકૃત્ય ઈશ્વર પ્રયોજન વિના સૃષ્ટિમાં હસ્તક્ષેપ કરે નહિ, આત્માનું સ્વાતંત્ર્ય પોતાના

---

૫૬૦. 'જૈનધર્મનું રહસ્ય' એ નામનો રા. રસિકલાલ છોટાલાલ પારેખ બી.એ.નો લેખ-**'સુબોધા'**નો સં. ૧૯૮૪ ના દીવાળીનો અંક તથા **'જૈનયુગ'** સં. ૧૯૮૪ના આસોનો અંક પૃ. ૪૭

૫૬૧. **'ગાંધીજીનું નવજીવન'** પૃ. ૯૭૧ અનેકાન્તવાદ સંબંધે વધુ જુઓ પં. **સુખલાલજી**નો 'અનેકાન્તની મર્યાદા' એ લેખ તથા તેમનાં **ન્યાયાવતાર, તત્ત્વાર્થ સૂત્ર** અને **સન્મતિ** તર્ક પર વિવેચન. પં. **જુગલકિશોર** સંપાદિત **'અનેકાંત'** પત્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિકાસક્રમમાં અબાધિત છે, કર્મની શક્તિ કાર્ય કરી રહી છે. કર્મશક્તિ એટલે કાર્યકારણની પરંપરા-કારણવગર કાર્ય બને જ નહિ-એ કર્મનો કાયદો અચલિત છે. ગાંધીજી કહે છે કે 'જગતમાં ચમત્કાર જેવી વસ્તુ નથી, અથવા તો જગત એજ એક ચમત્કૃતિ છે. કારણ વિના કાર્ય બનતું નથી એ અપવાદ વિનાનો સિદ્ધાંત છે.' આ સિદ્ધાંતમાં કોઈની પ્રેરણાની જરૂર નથી.

૧૦૯૬. વૈદિક સાહિત્ય તથા બૌદ્ધ સાહિત્યમાં કર્મસંબંધી વિચાર છે, પણ તે એટલો અલ્પ છે કે તેના માટે કોઇ ખાસ ગ્રંથ તે સાહિત્યમાં નથી, જ્યારે જૈનદર્શનમાં કર્મસંબંધી વિચાર સૂક્ષ્મ વ્યવસ્થિત અને વિસ્તૃત છે તેથી તે વિચારોનાં પ્રતિપાદક શાસ્ત્ર કે જેને 'કર્મશાસ્ત્ર'-યા 'કર્મ-વિષયક સાહિત્ય' (કર્મગ્રંથ) કહેવામાં આવે છે તેણે જૈનસાહિત્યનો ઘણો મોટો ભાગ રોકયો છે.[૫૬૨]

૧૦૯૭. આ પ્રમાણે અહિંસાવાદ, સામ્યવાદ, અનેકાંતવાદ અને કર્મવાદ એ ચારનું સ્વરૂપ અતિ ટૂંકમાં અત્ર જણાવ્યું છે. જોકે જૈન ધર્મ અને દર્શનને તે તરીકે ચર્ચનારા પુસ્તકમાં અતિ વિશિષ્ટ અને વિશેષ સ્થાન તેનું હોઇ શકે, છતાં અત્ર ટૂંક નિરૂપણ કરવાની જરૂર એ હતી કે-સાહિત્યને ધર્મ સાથે ઘનિષ્ટ સંબંધ છે. અમુક ધર્મના સાહિત્યને સમજવા-પિછાનવા માટે તે ધર્મનાં પ્રધાન મૂળતત્ત્વોનો ટુંકો પણ ચોખ્ખો ખ્યાલ હોવો જોઈએ. તેમજ તેમ થવાથી તે ધર્મપર ભ્રમણાત્મક ખોટા આક્ષેપો થાય છે અને તે મગજમાં ઘુસી ગયા હોય છે તે દૂર થાય છે.

૧૦૯૮. જૈન ધર્મ આત્માનું અસ્તિત્વ, પુનર્જન્મ, કર્મવાદ, આત્મા સર્વ કર્મથી મુક્ત થઈ પરમાત્મા બને છે,-એ સર્વ વાતને સ્વીકારે છે. વિશેષમાં જગત્ અનાદિથી છે ને અનંતકાળ સુધી રહેશે, તેનો રચનાર ઈશ્વર જેવી કોઇ મહાવ્યક્તિ નથી, પરમાત્માના સર્વ ગુણવાળો ઈશ્વર અવતાર લઇ શકે નહિ. વેદ તે અપૌરુષેય નથી એમ પોતે દાર્શનિક પ્રમાણથી જણાવે છે-આ કારણે જૈનોને 'નાસ્તિક' કહેવામાં આવે છે. નાસ્તિકનો અર્થ 'વેદનિન્દક' અથવા વેદમાં ન માનનાર એવો કોઈ કરે તો તે અર્થમાં જૈન દર્શન વેદમાં ન માનતું હોવાથી નાસ્તિક દર્શન ગણાય. ઈશ્વર એટલે શાસક, જગત્કર્તા એવો અર્થ કોઈ કરે તો જૈન દર્શન અનીશ્વરવાદી છે. સાંખ્યદર્શનની પેઠે જૈન પણ પ્રકૃતિવાદી છે. સાંખ્ય કહે છે કે 'ઈશ્વરાસિદ્ધિઃ પ્રમાણાભાવાત્' એટલે કે ઈશ્વરનું અસ્તિત્વ સિદ્ધ થઈ શકતું નથી કારણ કે તેને માટે કોઈ પ્રમાણ નથી, તેજ પ્રમાણે જૈન દર્શન કહે છે. જે આત્માઓ મુક્ત બને તેમને સિદ્ધ-પરમાત્મા-ઈશ્વર જૈન દર્શન ગણે છે. એટલે એ રીતે તે એકેશ્વરવાદી નથી. આ મુક્તાત્મા-ઈશ્વર સંસાર સાથે કોઇ સંબંધ રાખતા નથી, સૃષ્ટિના સંચાલનમાં તેનો કંઈ પણ હાથ નથી, તે કોઇનું ભલું કે બુરું કરતા નથી, ન કોઇ પર કદિ પ્રસન્ન કે અપ્રસન્ન થાય છે. તેની પાસે કોઇ સાંસારિક એવી વસ્તુ નથી કે જેને લીધે તે સંસાર પર સત્તા ભોગવે અને જેને એવી સત્તા બતાવનાર ઐશ્વર્ય, વૈભવ કે અધિકાર આપણે કહી શકીએ. તે કોઈનો ન્યાય કરતા નથી કે અપરાધોની શિક્ષા

---

૫૬૨. જુઓ શેઠ કુંવરજી આણંદજીનો 'કર્મસંબંધી જૈનસાહિત્ય' એ પર નિબંધ-ભાવનગરની સાતમી ગૂજરાતી સાહિત્ય પરિષદનો અહેવાલ. પંડિત સુખલાલજીના 'પહેલા કર્મગ્રંથ'ના હિન્દી અનુવાદનું પરિશિષ્ટ પૃ. ૧૨૫-૨૦૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતા નથી. જૈન સિદ્ધાંત અનુસાર સૃષ્ટિ સ્વયંસિદ્ધ છે અને જીવ પોતાનાં કર્મો અનુસાર પોતે જ સુખ દુઃખ પામે છે.

૧૦૯૯. દુનિયામાં દુઃખોથી હેરાન થતા આત્માઓ માટે તે દુઃખથી છૂટવા ભિન્ન ભિન્ન ફિલસૂફીઓ ઉત્પન્ન થઇ છે. કોઇએ એવી શોધી કે સુખદુઃખ ઇશ્વર જ આપે છે, અને તેની કૃપા વગર દુઃખ દૂર થવાનું જ નથી, કોઇએ એમ માન્યું કે દુનિયમાં દુઃખ એવી કોઇ ચીજજ નથી-એ તો મગજની ભ્રમણા છે (જો કે એમ માનવા છતાં દુઃખ પલ્લો છોડતું નથી). જૈને દુઃખના અસ્તિત્વનો સ્વીકાર કરી હિમ્મતથી કહ્યું કે દુઃખ ભલે ગમે તેવું ભયંકર હો પણ તેને જન્મ આપનાર આપણે પોતે છીએ અને એટલા માટે તેનો નાશ કરવાને પણ આપણે પૂરતી રીતે શક્તિમાન્ છીએ-તે માટે કોઇ સૃષ્ટિકર્ત્તાના આધારની જરૂર નથી; પરંતુ કેવલ પોતાના પુરુષાતન—આત્મબલની જરૂર છે. આત્મા આત્માનો ઉદ્ધારક છે—તે ઉદ્ધાર આત્મબલથી જ થશે.

૧૧૦૦. આવી-નિરંજન નિરાકાર જેવી જૈનની ઇશ્વર સંબંધી ફિલસૂફી છતાં વીતરાગ એવા જિનની મૂર્ત્તિનો તેણે સ્વીકાર કર્યો છે, કારણ કે જૈન ધર્મમાં મૂર્ત્તિપૂજા પ્રાચીનકાલથી પ્રચલિત છે. નિરાકારને એ રીતે સાકાર સ્વરૂપ આપી તે દ્વારા ભક્તિ, સ્તવન, પૂજા, પ્રાર્થનાને પણ સ્થાન આપ્યું છે અને એ રીતે પોતાનો અનેકાંતવાદ બતાવ્યો છે. પૂર્વે મૂર્ત્તિપૂજા જે સ્વરૂપમાં હતી અને હાલ જે રીતે છે તે બંનેમાં ફેર છે કે નહિ અને ફેર હોય તો તેમાં અન્ય ધર્મોની ઇશ્વરપૂજાનાં અન્ય તત્ત્વોનું મિલન કરવાનો પ્રયત્ન થયો છે કે નહિ એ આખો પ્રશ્ન વિચારવામાં અત્ર સ્થાન નથી.[૫૬૩] અત્ર કહેલા તેમજ બીજા સિદ્ધાંતોને ઐતિહાસિક દૃષ્ટિથી ચર્ચવા માટે જુદો જ ગ્રંથ જોઇએ.

૧૧૦૧. આવા સિદ્ધાંતો જે ધર્મના મુખ્ય છે તે જૈન ધર્મ એક બાજુ પશ્ચિમ હિન્દમાં-ગૂજરાત મારવાડ આદિમાં શ્વેતામ્બરોના પ્રભાવથી ૧૨ મા સૈકા સુધી પ્રધાનસ્થાન ભોગવતો હતો તે જ પ્રમાણે બીજી બાજુએ દક્ષિણ હિન્દમાં પણ તે સમય સુધી દિગમ્બરોના પ્રભાવથી પ્રધાનસ્થાન ભોગવતો હતો. દક્ષિણમાં દિગમ્બરોનો જાજ્વલ્યમાન ઇતિહાસ ક્રમબદ્ધ લખાવાની જરૂર છે. અત્ર શ્વેતામ્બરોનો ઇતિહાસ લિપિબદ્ધ કર્યો છે, કે જેઓ ૧૨મા સૈકા પછી પણ સારૂં સ્થાન ગૂજરાતમાં ભોગવતા રહ્યા. મુસલમાનના કાળમાં રાજકીય સ્થાન તૂટ્યું. છતાં તેઓ ગૂજરાત મારવાડમાં પોતાનું વતન રાખી સમસ્ત ભારતમાં વિસ્તરી પોતાના સંસ્કારથી, સામાજિક દરજ્જાથી અને ધનસંપત્તિથી એક વિશિષ્ટ ને નજરે ચડે તેવી સત્તા ભોગવે છે.

---

૫૬૩. જૈન ધર્મના અનીશ્વરવાદ સંબંધે એક વિચારણીય લેખ શ્રીયુત **નાથુરામ પ્રેમી**એ 'જૈનધર્મ અનીશ્વરવાદી હૈ' એ નામનો હિંદીમાં લખેલો **'જૈન જગત્'**ના ૧૫-૫-૧૯૩૧ના અંકમાં પ્રકટ થયો છે તે વિશેષ વિચારણા અર્થે જોઈ જવાની ભલામણ વિચારકોને કરવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सम्मदंसणवरवइरदढरूढगाढावगाढपेढस्स । धम्मवररयण मंडिय-चामीयरमेहलागस्स ॥
नियमूसियकणय-सिलायज्जुलजलंतचित्तकूडस्स । नंदणवणमणहर-सुरभिसीलगंधुद्धुमायस्स ॥
जीवदयासुंदरकंदरुद्दरिय मुणिवरमंइदइन्नस्स । हेउसयधाउपगलंरयणदित्तोसहितगुहस्स ॥
संवरवरजलपगलिय-उज्झरपविरायमाणहारस्स । सावग जणपउररवंत-मोरनच्चंतकुहरस्स ॥
विणयनयपवरमुणिवरफुरंतविज्जुज्जलंतसिहरस्स । विविहगुणकप्परुक्खगफलभरकुसुमाउलवणस्स ॥
नाणवररयणदिप्पंतकंत वेरुलियविमलचूलस्स । वंदामि विणयपणओ संघ महामंदरगिरिस्स ॥

- દેવવાચક ક્ષમાશ્રમણ નંદીસૂત્ર.

-સંઘ સ્વરૂપ મહા મંદરગિરિ (મેરૂ પર્વત)ને વિનયપૂર્વક વંદન કરૂં છું. (કેવો તે સંઘ-મંદરગિરિ છે ?) સમ્યગ્દર્શન એ જ શ્રેષ્ઠ વજ્રનું બનેલું, દૃઢ, રૂઢ ગાઢ અને અવગાઢ એવું તેનું પીઠ છે, ધર્મ એ જ તેના ઊંચા શિલાતલોથી શોભનારા અને ચમકનારા ચિત્ર-વિચિત્ર કૂટો શિખરો છે; સદ્‌ભાવયુક્ત (સુરભિ) શીલ એ જ, તેનું સુગંધથી મહેકતું નંદનવન છે; જીવદયા રૂપી તેની સુંદર કંદરાઓ છે અને તે ઉત્સાહપૂર્ણ એવા મુનિવર રૂપી મૃગેંદ્રોથી ભરાયેલી છે; કુતર્કનો ઉચ્છેદ કરનાર એવા સેંકડો હેતુઓ એ જ તેના ધાતુ છે; સમ્યગ્દર્શન એ જ તેમાં રત્નો છે; લબ્ધિઓ એ જ ઔષધીઓવાળી ગુફાઓ છે; સંવર રૂપી શ્રેષ્ઠ જલનો વહેતો અખંડ પ્રવાહ એ જ તેનો શોભાયમાન હાર છે; શ્રાવકજન એજ પ્રચુર શબ્દ કરનાર મોર હોઈ તેમનાથી તેની ખીણો ગાજી રહી છે; વિનયથી વિનમ્ર એવા પ્રવર મુનિવરો એ જ સ્ફુરાયમાન વીજળીઓથી ચમકતાં એવાં તેનાં શિખરો છે. વિવિધ પ્રકારના સદ્‌ગુણો એ જ ફળો અને પુષ્પોથી લચેલાં કલ્પવૃક્ષોનાં તેનાં વનો છે; અને જ્ઞાન એ જ શ્રેષ્ઠ રત્નોથી દેદીપ્યમાન અને કમનીય એવી વૈડૂર્યથી બનેલી તેની વિમલ ચૂલિકા છે.

૧૧૦૨. સંઘસંસ્થા-ભગવાન્ મહાવીરે વર્ણબંધનને ઉડાડી ત્યાગના સિદ્ધાંત પર પોતાની સંસ્થાના મુખ્ય બે વર્ગ પાડ્યા. એક ઘરબાર અને કુટુંબકબીલા વિનાનો ફરતો અનગાર વર્ગ અને બીજો કુટુંબ કબીલામાં રાચનાર સ્થાનબદ્ધ અગારી વર્ગ. પહેલો વર્ગ પૂર્ણ ત્યાગી. એમાં સ્ત્રી અને પુરુષો બન્ને આવે અને તે **સાધુ સાધ્વી** કહેવાય. બીજો વર્ગ પૂર્ણ ત્યાગનો ઉમેદવાર, એમાં પણ સ્ત્રી અને પુરુષો બન્ને આવે તે **શ્રાવક શ્રાવિકા** કહેવાય. આ રીતે **ચતુર્વિધ સંઘ**-વ્યવસ્થા અથવા બ્રાહ્મણ પંથના પ્રાચીન શબ્દનો નવેસર ઉપયોગ કરી **ચતુર્વિધ વર્ણ-વ્યવસ્થા** શરૂ થઈ. સાધુ સંઘની વ્યવસ્થા સાધુઓ કરે; એના નિયમો એ સંઘમાં અત્યારે પણ છે, અને શાસ્ત્રમાં પણ બહુ સુંદર અને વ્યવસ્થિત રીતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂકાયલા છે. સાધુ ઉપર શ્રાવક સંઘનો, અને શ્રાવક સંઘના પર સાધુસંઘનો અંકુશ છે. પરસ્પરના સહકારથી એ બંને સંઘો એકંદર હિતકાર્ય કરતા આવ્યા છે.

૧૧૦૩. શ્રમણસંઘ-સાધુસંસ્થા-આ સંસ્થા શ્રી મહાવીર ભગવાનના કરેલા વ્યવસ્થિત બંધારણથી આજસુધી ટકી રહી છે. પણ એ સંસ્થા તો એથીયે જૂની છે. ભગવતી જેવા આગમોમાં અને બીજા જૂના ગ્રંથોમાં પાર્શ્વાપત્ય એટલે પાર્શ્વનાથના શિષ્યોની વાતો આવે છે. કેટલાક ભગવાન મહાવીર પાસે જતાં ખચકાય છે, કેટલાક પ્રશ્નો કરે છે અને છેવટે એ પરંપરા તેમની શિષ્ય પરંપરામાં સમાઈ જાય છે. એકંદરે પાછો ભગવાનનો સાધુસંઘ નવે રૂપેજ ઉભો થાય છે અને એક સંસ્થામાં ગોઠવાય છે. સાધુના આચારના, અરસ્પરસના વ્યવહારના અને કર્ત્તવ્યોના નિયમોમાં જોવામાં આવે છે તે ઉપરાંત તે નિયમોના કડક પાલનનો જો ભંગ થાય તો તે માટેનાં પ્રાયશ્ચિત્ત દંડરૂપે ફરમાવવામાં આવેલ છે. (વિશેષ વિસ્તાર માટે જુઓ મુનિ કલ્યાણવિજયનો લેખ 'શ્રી શ્રમણ-સંઘકી શાસન પદ્ધતિ કા ઈતિહાસ' -'આત્માનંદ' ના મે અને જુન ૧૯૩૧ ના અંક). આ સર્વ રાજતંત્ર જેવી વ્યવસ્થા જોતાં તે બંધારણ બાંધનારની દીર્ઘદષ્ટિ અને ચતુરાઈ વિષે અતિ આદર ઉત્પન્ન થાય છે. શ્રી વીરપ્રભુના સમયમાં ચૌદ હજાર ભિક્ષુ અને છત્રીશ હજાર ભિક્ષુણી વિદ્યમાન હોવાનું કથન છે. તેમના નિર્વાણ પછી તે સંસ્થામાં કેટલો ઘટાડો કે વધારો થયો તેની ચોક્કસ વિગત મળતી નથી. છતાં એમ લાગે છે કે ભગવાન પછીની અમુક સદીઓ સુધી ઘટાડો તો નહીં પણ વધારો થયો હશે.

૧૧૦૪. સાધુસંસ્થામાં સ્ત્રીઓને સ્થાન કાંઈ ભગવાન મહાવીરે જ પહેલાં નથી આપ્યું. તેમના પહેલાં એ ભિક્ષુણીઓ જૈન સાધુ સંઘમાં હતી અને બીજા પરિવ્રાજક પંથોમાં પણ સ્ત્રીઓ હતી, છતાં એટલું તો ખરૂં જ કે મહાવીર પ્રભુએ પોતાના સાધુસંઘમાં સ્ત્રીઓને ખૂબ અવકાશ આપ્યો, અને એની વ્યવસ્થા વધારે મજબૂત કરી. એનું પરિણામ બૌદ્ધ સાધુસંઘ ઉપર પણ થયું. બુદ્ધ ભગવાન સાધુસંઘમાં સ્ત્રીઓને સ્થાન આપવા ઈચ્છતા ન હતા, છતાં પણ તેમને છેવટે આપવું પડ્યું.

૧૧૦૫. કોઈપણ સંસ્થામાં વિકૃતિઓ પ્રવેશે છે, પાછી તેને દૂર કરવાના પ્રયત્નો થતાં સંસ્કૃતિ આવે છે અને એમ અવારનવાર થયાં કરે છે. આ સાધુસંસ્થામાં પણ એમ થયું. મૂળ એક છતાં પછી દિગંબર અને શ્વેતાંબર એમ બે ભેદમાં-નવસ્ત્રા કે વસ્ત્રસહિત રહેવું એ ભેદના કારણે વહેંચાઈ. તે દરેકમાં જુદા જુદા નાનામોટા ફાંટા-ગચ્છો થતા ચાલ્યા. જૈનસમાજ વધતો ગયો-નવી નવી ભાતના લોકો દાખલ થતા ગયા, તેમ તેમ આ સંસ્થા પણ ફાલતી ગઈ. એ સંસ્થામાં જેમ અસાધારણ ત્યાગી અને અભ્યાસી થયા છે, તેમ હંમેશાં ઓછો વત્તો શિથિલાચારીનો વર્ગ પણ થતો આવ્યો છે. પાસથ્થા, કુસીલ, જહાચ્છંદ વગેરેનાં જે અતિ જૂનાં વર્ણનો છે તે શિથિલાચારનો પુરાવો છે. કયારેક એકરૂપમાં તો કયારેક બીજા રૂપમાં પણ હંમેશાં આચારવિચારમાં મોળો અને ધ્યેયશૂન્ય શિથિલ વર્ગ પણ સાધુસંસ્થામાં થતો જ આવ્યો છે. જ્યારે જ્યારે શિથિલતા વધી ત્યારે વળી કોઈ તેજસ્વી આત્માએ પોતાના જીવનદ્વારા એમાં સુધારો પણ કર્યો છે. ચૈત્યવાસીઓ થયા અને તેમનું સ્થાન ગયું પણ ખરૂં. વળી જતીઓ જોરમાં આવ્યા અને તેઓ આજે નામશેષ જેવા છે. [શ્વે. સાધુસમાજમાં અમુક સમૂહો અમુક ગચ્છથી ઓળખાયા. આ ગચ્છની સંખ્યા ૮૪ કહેવાય છે (તેનાં નામ માટે જુઓ **જૈન સા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં. ખંડ ૩ અંક ૧ પૃ. ૩૦ થી ૩૪) તેમાં કેટલાક સ્થાપનાના સ્થળ પરથી, કેટલાક સ્થાપકના ગુણ પરથી યા નામ પરથી એમ વિધવિધ રીતિએ સ્થપાયા. હાલ મુખ્યત્વે શ્વે. મૂર્ત્તિપૂજકમાં **ત**પાગચ્છ, **ખ**રતરગચ્છ, અને **અં**ચલગચ્છ વિદ્યમાન છે. તે દરેકનું પરિબળ અનુક્રમે ગૂજરાતમાં, મારવાડમાં અને કચ્છમાં સવિશેષ છે. આ સર્વ પરિવર્તનોનો મોટો ઇતિહાસ થાય તેમ છે.]

૧૧૦૬. સાધુઓની રહેણીકરણીમાં પણ ફેરફાર થતો ગયો. જંગલો, ટેકરીઓ, શહેરની બહારના ભાગોમાંથી સાધુગણ લોકવસતિમાં આવતો ગયો. આથી લોકસંસર્ગમાંથી નિપજતા કેટલાક દોષો આવ્યા, સાથે તે સંસ્થાએ લોકોમાં કેટલાક ખાસ ગુણો પણ દાખલ કર્યા. એકવારના ઘરોઘર માંસભોજી અને મદ્ય પીતી જનસમાજમાં જે માંસ અને મદ્ય તરફની અરૂચિ અથવા તેના સેવનમાં અધર્મબુદ્ધિ ઉત્પન્ન થઈ છે, તેનું શ્રેય કાંઈ સાધુસંસ્થાને ભાગે ઓછું નથી. લોકમાન્ય **તિ**લકે કહેલું કે 'ગૂજરાતના જનપ્રકૃતિની અહિંસા એ જૈનધર્મને આભારી છે' અને આપણે જાણવું જોઈએ કે જૈનધર્મ એ સાધુ-સંસ્થાને આભારી છે. તે સંસ્થાનું અહોનિશ એક કામ તો ચાલ્યા જ કરતું કે તેઓ જ્યાં જાય ત્યાં સાત વ્યસન (દ્યુત, માંસ, સુરા, વેશ્યા, શિકાર, ચોરી, પરદાસસેવા)ના ત્યાગનો શબ્દથી અને જીવનથી પદાર્થપાઠ શીખવે. માસંનો તિરસ્કાર, દારૂની ઘૃણા અને વ્યભિચારની અપ્રતિષ્ઠા તેમજ બ્રહ્મચર્યનું બહુમાનઃ-આટલું વાતાવરણ લોકમાનસમાં ઉતારવામાં જૈન સાધુસંસ્થાનો અસાધારણ ફાળો છે. જૈન પરંપરાએ અને બૌદ્ધ પરંપરાએ-એ બે શ્રમણ-સંસ્થાએ પેદા કરેલ અહિંસાનું વાતાવરણ **મ**હાત્માજીને પ્રાપ્ત થયું ન હોત તો તેમના અહિંસાનો આ પ્રયોગ શરૂ થાત કે નહિ, અને શરૂ થાત તો કેટલી હદ સુધી સફળ નિવડત એ એક વિચારણીય પ્રશ્ન છે. સાત વ્યસન છોડવવાનું કામ અવિચ્છિન્નપણે સાધુસંસ્થા ચલાવે જતી, એની અસર ઝનુની અને હિંસા પ્રકૃતિના આગંતુક મુસલમાનો પર પણ થયેલી છે, અને તે બાબતનો જાણીતો દાખલો **હી**રવિજયસૂરિ, **જિ**નચંદ્રસૂરિ આદિ જૈન સાધુઓના ઉપદેશના પરિણામે **અ**કબર **જ**હાંગીર આદિનાં ફરમાનો છે. એટલું જ નહિ પણ અત્યાર સુધી જોઈશું તો ઘણાં અહિંસાનાં કાર્યોમાં હિંદુઓ સાથે અને જૈનો સાથે મુસલમાનો પણ ઉભા રહે છે. કેટલાંક મુસલમાની રાજ્યો અત્યારે પણ એવાં છે કે જ્યાં દયાની ભૂતદયાની લાગણી બહુ જ સુંદર છે.

૧૧૦૭. જૈન સાધુઓએ માત્ર પોતાના વસતિસ્થાનમાં જ રહીને નહિ પરંતુ તેની બહાર જઈને અનેક કાર્યો કર્યાં છે. ખરા પરાક્રમી અને શક્તિશાળી તો રાજસભાઓમાં પહોંચ્યા છે, રાજમહેલમાં ગયા છે, મોટા મોટા સેનાધિપતિ અને બીજા અમલદારોને ઘેર તથા લશ્કરોની છાવણીઓમાં ગયા છે, અને સેંકડો સાધુઓ વ્યસનગ્રસ્ત લોકોની વચ્ચે પહોંચ્યા છે, અને એમણે એમ કરીને જ પોતાનો ધર્મ વિસ્તાર્યો છે. આવી હજારો વર્ષની મહત્ત્વની અને શક્તિસંપન્ન સાધુસંસ્થાને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા ખાતર અને લોકોમાં માનભેર રહેવા ખાતર પણ આજની ચાલુ પ્રવૃત્તિમાં પોતાના વિશેષ ઉપયોગ વિચાર્યે જ છુટકો છે, પોતાના ધર્મનું વામનરૂપ બદલી તેમણે વ્યાપકરૂપ કરવું જ જોઈએ; નહિ તો એ વામનપણું પણ મરણને શરણ છે.[૫૬૪]

---

૫૬૪. પંડિતવર્ય **સુ**ખલાલનું વ્યાખ્યાન 'સાધુસંસ્થા અને તીર્થસંસ્થા' પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો સં. ૧૯૮૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧૦૮. શ્વેતાંબર સાધુઓનાં ચિન્હ 'રજોહરણ', 'મુખવસ્ત્રિકા', 'લોચ' આદિ છે. તેમનો વેષ 'ચોલપટ્ટ', ઓઢવાનું વસ્ત્ર, કંબલ આદિ છે. જુઓ-**સ્યા**દ્વાદમંજરી, **પ્ર**વચનસારોદ્ધાર ૬૦ અને ૬૧ દ્વાર. [આ વસ્ત્રો સફેદ જ હોય છે ને તેથી આખો સંપ્રદાય શ્વેતાંબર કહેવાય છે. કેટલાક સાધુઓ પીળાં વસ્ત્ર પહેરે છે તે રીવાજ અમૂર્ત્તિપૂજક{*નહીં પણ ચૈત્યવાસી*} શ્વેતાંબર સાધુઓથી ભિન્ન ઓળખાવા માટે વિક્રમની અઢારમી સદીના **સ**ત્યવિજય પંન્યાસ કે તેમના શિષ્યથી પડેલો લાગે છે.] તેમનો આચાર પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ કે જે આઠ 'પ્રવચનમાતા' ગણાય છે તે છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતવાળા ક્રોધાદિનો વિજય કરનાર દાન્તેંદ્રિય નિર્ગ્રંથ ગુરુ બને છે. તેઓ હંમેશ આહાર માધુકરી વૃત્તિથી લેછે. તેઓ વસ્ત્ર અને પાત્ર રાખે છે તે સંયમના નિર્વાહ અર્થે જ છે. તેમને વંદન કરવામાં આવતાં 'ધર્મલાભ' એમ બોલે છે. દિગંબર સાધુઓ તદ્દન નગ્નાવસ્થામાં રહે છે, મોરની કે એવી પીંછી ચિન્હ તરીકે રાખે છે.[૫૬૫] આજના જમાનામાં નગ્નપણે વિચરવું મહાકઠિન હોઈ તેવા સાધુઓ ક્વચિત જ જોવામાં આવે છે. તે નગ્ન સાધુઓ-ક્ષપણકો દિને દિને ઉગ્ર વિહાર અને ક્રિયાની વિકટતાથી તેમજ જંગલો કપાઇ જવાથી અવિદ્યમાન થતા ગયા પણ તેને બદલે શિથિલાચારી 'ભટ્ટારકો' થયા. તેમના રક્ત વેશને લઈને તેમને 'રક્તાંબરો' અગાઉ કહેવામાં આવતા. તે ભટ્ટારકોએ પોતાની ગાદીઓ જમાવી અને તેવી **ઈ**ડરમાં હતી અને તે હજુ પણ વિદ્યમાન છે. તેમના ઉપદેશને લીધે ગૂજરાતમાં દિગંબરોની વસ્તી છે. પણ તે શ્વેતાંબરોની અપેક્ષાએ અતિ અલ્પ છે. શ્વેતાંબર સાધુઓમાં પણ **હી**રવિજયસૂરિ પછીની તેમની ત્રણ ચાર પેઢી પછી થયેલ પટધરો 'શ્રીપૂજ્ય' કહેવાયા ને તેમણે પણ જુદે જુદે સ્થળે ગાદીઓ સ્થાપી.

૧૧૦૯. જ્ઞાનસંસ્થા-'બ્રાહ્મણ અને શ્રમણ સંપ્રદાયની ગંગાધારાઓ માત્ર વિશાળ જ્ઞાનના પટ ઉપરજ વહેતી આવી છે, અને વહે જાય છે. ભગવાન **મ**હાવીરનું તપ એટલે બીજું કાંઈ જ નહિ પણ જ્ઞાનની ઉંડી શોધ. જે શોધ માટે એમણે તન તોડયું, રાત દિવસ ન ગણ્યા અને તેમની જે ઉંડી શોધ જાણવા-સાંભળવા હજારો માણસોની મેદની તેમની સામે ઉભરાતી, તે શોધ એ જ જ્ઞાન, અને એના ઉપર જ ભગવાનના પંથનું મંડાણ છે.

---

૫૬૫. આ પારામાંના પારિભાષિક શબ્દનો અર્થ સમજીએ:-રજોહરણ એટલે રજનું હરણ કરનાર. પૃથ્વીની રજ, જીવજંતુ આદિ દૂર કરવા માટે કપડાથી વીંટેલી લાકડાની દાંડીને છેડે ઉનનો ગુચ્છો રાખેલ હોય છે તેવું ઉપકરણ. તેને 'ઓઘો' (ગુચ્છો) પણ કહેવામાં આવે છે. શ્રાવકો સામાયિક આદિ ક્રિયામાં કપડાથી વીંટ્યા વગરની દાંડીવાળો ઉનનો ગુચ્છો રાખે છે તેને 'ચરવળો' કહેવામાં આવે છે. મુખવસ્ત્રિકા-મુખપોતિકા એટલે મુખે રાખવાનું નાનું કપડું-તેને 'મુહપત્તી' પ્રાકૃતમાં કહેવામાં આવે છે. તેનો ઉપયોગ ઉપદેશ દેતાં કે બોલતાં મોઢા આગળ રાખવામાં કરવામાં આવે છે. અમૂર્ત્તિપૂજક સાધુઓ તો કાન સાથે દોરાથી બાંધી મોઢા ઉપર સ્થાયી રાખે છે. 'ચોલપટ્ટ-ચોલપટ્ટો'-કટિવસ્ત્ર-કેડે વીંટવાનું ટુંકું વસ્ત્ર. કંબલ એ ઉનનું ઓઢવાનું વસ્ત્ર છે, કે જે ન ઓઢવાનું હોય ત્યારે ખભે રાખવાનું આવે છે. સમિતિ એટલે સમતોલપણે જેમાં ગતિ કરાય છે તેવી વિવેકપૂર્વક પ્રવૃત્તિ, ઈર્યા એટલે જવામાં-ચાલવામાં, ભાષા એટલે બોલવામાં, એષણા એટલે આહાર પાન કરવામાં, આદાનનિક્ષેપ એટલે કોઈપણ વસ્તુને લેવામાં અને તજવામાં, ઉત્સર્ગ એટલે મલમૂત્રનો ઉત્સર્ગ કરવામાં-સમિતિ રાખવી એમ પાંચ જાતની સમિતિ કહી છે. ગુપ્તિ એટલે રક્ષવું, રોકવું-નિગ્રહ કરવો તે તે ત્રણ યોગ નામે મન, વચન અને કાયને રોકવા રૂપે ત્રણ પ્રકારની છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧૧૦. ભગવાનના નિર્વાણ પછી, એમના અનુભવ જ્ઞાનનો આસ્વાદ લેવા એકત્ર થયેલ, અથવા એકત્ર થનાર, હજારો માણસો એ જ્ઞાન પાછળ પ્રાણ પાથરતા. એ જ્ઞાને **શ્રુત** અને **આગમ** નામ ધારણ કર્યું, એમાં ઉમેરો પણ થયો, અને સ્પષ્ટતાઓ પણ થતી ચાલી. જેમ જેમ એ શ્રુત અને આગમના માનસરોવરને કિનારે જિજ્ઞાસુ હંસો વધારે અને વધારે આવતા ગયા, તેમ તેમ એ જ્ઞાનનો મહિમા વધતો ચાલ્યો એ મહિમાની સાથે જ એ જ્ઞાનને મૂર્ત્ત કરનાર એનાં સ્થૂળ સાધનોનો પણ મહિમા વધતો ચાલ્યો; સીધી રીતે જ્ઞાન સાચવવામાં મદદ કરનાર પુસ્તક પાનાં જ નહિ પણ તેના કામમાં આવનાર તાડપત્ર, લેખણ, શાહીનો પણ જ્ઞાનના જેટલો જ આદર થવા લાગ્યો, એટલું જ નહિ પણ એ પોથી પાનાંનાં બંધનો, તેને રાખવા મૂકવા અને બાંધવાનાં ઉપકરણો બહુ જ સત્કારાવા લાગ્યાં. જ્ઞાન આપવા અને મેળવવામાં જેટલું પુણ્ય કાર્ય, તેટલું જ જ્ઞાનનાં સ્થૂળ ઉપકરણોને આપવા અને લેવામાં પુણ્યકાર્ય મનાવા લાગ્યું. વળી જ્ઞાનપ્રાપ્તિ માટે અનેક તપો યોજાયાં. જ્ઞાનતપના ઉત્સવો અને ઉજમણાંઓ યોજાયાં-ઉજવાયાં, તેની અનેક જાતની પૂજાઓ રચાઈ, ગવાઈ અને તેને લીધે એવું વાતાવરણ બની ગયું કે, જૈનનો એકે એક બચ્ચો એમ વગર ભણે સમજવા માંડી ગયો કે 'કરોડો ભવનાં પાપ એક જ પદના એક અક્ષરના જ્ઞાનથી બળી શકે છે.'

૧૧૧૧. જ્ઞાન-ભંડારો-જે એકવારના વ્યક્તિગત અને જાતે ઉપાડી શકાય એટલા જ સાધુઓના ખભે અને પીઠે ભંડારો લટકતા તે, બીજાં કારણો ઉપસ્થિત થતાં મોટા બન્યા અને ગામ તથા શહેરમાં દશ્યમાન થયા. એક બાજુ શાસ્ત્રસંગ્રહ અને લખાણનો વધતો જતો મહિમા, અને બીજી બાજુ સંપ્રદાયોની જ્ઞાનવિષેની હરીફાઈઓ-આ બે કારણોને લીધે પહેલાની એકવારની મોઢે ચાલી આવતી-મૌખિક જ્ઞાનસંસ્થા ભંડારરૂપ દેખા દેવા લાગી. દરેક ગામ અને શહેરના સંઘને એમ લાગે જ કે અમારે ત્યાં જ્ઞાનભંડાર હોવો જોઈએ. પરિણામે આખા દેશમાં જૈન જ્ઞાનસંસ્થા ભંડારરૂપે વ્યવસ્થિત થઈ. સંઘના ભંડારો સાધુના ભંડારો અને વ્યક્તિગત માલિકીના પણ ભંડારો થયા. વ્યક્તિના આખરે સંઘના કબજામાં આવે છે, તેથી જૈન સંપ્રદાયના ભંડારો સંઘની સંપત્તિ જ મનાય છે. ભંડારોની સાથે જ મોટો લેખકવર્ગ (લહીઆનો વર્ગ) ઉભો થયો. લેખનકળા વિકાસ પામી અને અભ્યાસી વર્ગ પણ ભારે વધ્યો. છાપાંની કળા અહીં આવી ન હતી, ત્યારે પણ કોઈ એક નવો ગ્રંથ રચાયો કે તરત જ તેની સેંકડો નકલો થઈ જતી અને દેશના બધે ખૂણે વિદ્વાનોમાં વ્હેંચાઈ જતી. આ રીતે જૈનસંપ્રદાયમાં જ્ઞાન-સંસ્થાની ગંગા અવિચ્છિન્નપણે વહેતી આવી છે. વ્યાપાર અને અર્થપ્રિય શ્રાવકોએ માત્ર પૈસાનો સંગ્રહ નથી કર્યો. કિન્તુ એમણે જ્ઞાનસંગ્રહ કરવામાં પણ જરાયે પાછી પાની નથી કરી. દક્ષિણ, પૂર્વ અને ઉત્તર હિંદુસ્થાનમાં એવા અનેક મોટા મોટા જૈનભંડારો છે, તે અત્ર અપ્રસ્તુત છે પણ ગૂજરાતમાં-કચ્છ, કાઠિયાવાડ અને ગૂજરાતના નાના મોટા દરેક જાણીતા શહેરમાં એક કે વધારે જૈનભંડારો હોય છે જ. કેટલાંક શહેરો તો જૈનભંડારોને લીધે જ જાણીતાં છે. **પા**ટણ, **ખં**ભાત, **લીં**બડી, **કો**ડાય વગેરેનું નામ સાંભળતાં જ વિદ્વાનોના મનમાં બીજી વસ્તુ પહેલાં ભંડારો જ આવે છે. આવા સેંકડો ભંડારો ગૂજરાતે સાચવ્યા છે અને તેમાં લાખો વિવિધ પુસ્તકો સચવાયેલાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧૧૨. જૈનભંડારો એ કાંઇ માત્ર જૈન પુસ્તકોના જ સંગ્રહ સ્થાનો નથી. એના સ્થાપકો અને રક્ષકોએ દરેક વિષય તેમજ દરકે સંપ્રદાયનાં પુસ્તકો સંગ્રહવાનો પ્રશંસનીય પ્રયત્ન કર્યો છે. આજે કેટલાંક એવાં બહુ જૂનાં અને મહત્ત્વનાં બૌદ્ધ તેમજ બ્રાહ્મણ સંપ્રદાયનાં પુસ્તકો જૈનભંડારોમાં મળી આવે છે, જે બીજે કયાંય લભ્ય નથી. પુસ્તકો માત્ર કાગળ ઉપર જ લખાયેલા નહિ. પણ તાડપત્રનાં પણ હજારો પુસ્તકો અને તેના આખેઆખા ભંડારો સાચવી રાખવાનું પુણ્યકર્મ ગૂજરાતના જૈનોએ કર્યું છે.

૧૧૧૩. વંદા, ઉધઈ અને ઉંદરો તેમજ ભેજ, શરદી અને બીજાં કુદરતી વિઘ્નો જ નહિ, પણ ધર્માંધ યવનો સુદ્ધાંએ આ ભંડારો ઉપર પોતાનો નાશકારક પંજો ફેરવ્યો. હજારો ગ્રંથો તદન નાશ પામ્યા, હજારો ખવાઈ ગયા, હજારો રક્ષકો અને બીજાઓની બેપરવાઈથી નષ્ટ ભ્રષ્ટ થઈ ગયા, છતાં જ્ઞાનતરફની જીવતી જૈનભક્તિને પરિણામે આજે પણ એ ભંડારો એટલા બધા છે, અને તેમાં એટલું બધું વિવિધ તેમજ જૂનું સાહિત્ય છે કે તેનો અભ્યાસ કરવા માટે સેંકડો વિદ્વાનો પણ ઓછા જ છે. પરદેશના અને આ દેશના (પીટર્સન, ભંડારકર આદિ) કોડીબંધ શોધકો અને વિદ્વાનોએ આ ભંડારોની પાછળ વર્ષો ગાળ્યાં છે, અને એમાંની વસ્તુ તથા એનો પ્રાચીન રક્ષાપ્રબંધ જોઈ તેઓ ચકિત થયા છે. વર્ષો થયાં કોડીબંધ છાપખાનાંઓને જૈનભંડારો પૂરતો ખોરાક આપી રહ્યા છે, અને હજી પણ વર્ષો સુધી તેથી વધારે ખોરાક પૂરો પાડશે.

૧૧૧૪. બ્રાહ્મણ સંપ્રદાયના અને જૈન સંપ્રદાયના ભંડારો વચ્ચે એક ફેર છે, અને તે એ કે બ્રાહ્મણના ભંડારો વ્યક્તિની માલિકીના હોય છે, જ્યારે જૈનભંડારો બહુધા સંઘની માલિકીના જ હોય છે. બ્રાહ્મણો આસો મહિનામાં જ પુસ્તકોમાંથી ચોમાસાનો ભેજ ઉડાડવા અને પુસ્તકોની સારસંભાળ લેવા, ત્રણ દિવસનું એક સરસ્વતીશયન નામનું પર્વ ઉજવે છે, જ્યારે જૈનો કાર્તિક શુદિ પંચમીને **જ્ઞાનપંચમી** કહી તે વખતે પુસ્તકો અને ભંડારોને પૂજે છે અને એ નિમિત્તે ચોમાસામાંથી સંભવતો બગાડ ભંડારોમાંથી દૂર કરે છે. આ રીતે મૌખિક જ્ઞાનસંસ્થા ધીમે ધીમે મૂર્ત્તરૂપે ભંડારોમાં પરિણમી; એથી પુસ્તકાલય (લાયબ્રેરી)ની પ્રથા આ દેશ માટે નવી નથી. તેનાં નામ જ્ઞાનકોશ, ચિત્કોશ, સરસ્વતીકોશ, પુસ્તકભાંડાગાર આદિ વિધવિધ પણ એક જ અર્થનાં હતાં; તેણે હવે પુસ્તકાલયો, લાયબ્રેરીઓ, જ્ઞાનમંદિરો, સરસ્વતીમંદિરો એ નામ ધારણ કર્યાં છે.

૧૧૧૫. અત્યારે ભંડારોનો વારસો છતાં જમાનાને પહોંચી વળે તેવો અભ્યાસીવર્ગ ઉભો થયો નથી. પ્રાચીન અને મધ્યકાળમાં જે ભંડારોએ **સિ**દ્ધસેન અને **સ**મંતભદ્ર, **હ**રિભદ્ર અને **અ**કલંક, **હે**મચંદ્ર અને **ય**શોવિજયને જન્માવ્યા, તેજ ભંડારો અને તેથીયે મોટા ભંડારો વધારે સગવડ સાથે આજે હોવા છતાં, અત્યારે વિશિષ્ટ અભ્યાસીને નામે મીંડું છે. ખાસ કરી ત્યાગીવર્ગ પોતાની જવાબદારી આ માટેની સમજે, અને જે જ્ઞાનની સ્થૂળ પૂજા થઈ રહી છે તે હવે અભ્યાસનું રૂપ ધારણ કરે તો ગૃહસ્થો પણ એ દિશામાં પ્રેરાય અને આપણો વારસો બધે સુવાસ ફેલાવે. બીજું જે અત્યારે કેટલાક ખંડ-ભંડારો છે, એક જ ગામ કે શહેરમાં અનેક ભંડારો છે, એક જ સ્થળે એક જ વિષયનાં અનેક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુસ્તકો છતાં, પાછાં વળી તેનાં અનેક પુસ્તકો લખાયેજ જવાય છે, અથવા સંઘર્યેજ જવાય છે, તે બધાનો ઉપયોગની દૃષ્ટિએ વિચાર કરી એક કેંદ્રસ્થ (central) ભંડાર તે તે સ્થાને બનવો જોઈએ અને દરેક ગામ કે શહેરના કેંદ્રસ્થ ભંડાર ઉપરથી, એક મહાન સરસ્વતીમંદિર ઉભું થવું જોઈએ, કે જ્યાં કોઈ પણ દેશ-પરદેશનો વિદ્વાન આવી અભ્યાસ કરી શકે, અને તે તરફ આવવા લલચાય. લંડન કે બર્લિનની લાયબ્રેરીનું ગૌરવ એ મુખ્ય સરસ્વતીમંદિરને મળે અને તેની અંદર અનેક જાતની ઉપયોગી કાર્યશાખાઓ ચાલે, જેના દ્વારા ભણેલ અભણ-સમગ્ર જનતામાં એ જ્ઞાનગંગાના છાંટા અને પ્રવાહો પહોંચે.' આ સાથે પ્રદર્શન (museum) -અજાયબઘર જેવું સ્થાયી રખાય કે જેમાં વિધવિધ પ્રાચીનકળાઓના નમુના-ચિત્રો, નકશા, પુંઠા પાટલી વગેરે વસ્તુઓ મૂકવામાં આવે, તો પૂર્વના જૈનોનો કલા પ્રત્યેનો પ્રેમ પારખી શકાય અને તેમાંથી સુંદર તત્ત્વોનું અનુકરણ પણ કરી શકાય.

૧૧૧૬. પર્વો-ધાર્મિક પર્વોની ઉત્પત્તિમાં ભક્તિ અને આનંદ એ બે કારણો અગ્રપદે છે; તેથી તેને લોકોત્તર પર્વો કહીએ. લૌકિક પર્વો ભય લાલચ અને અદ્‌ભુતતાની ભાવનાથી જન્મ્યા છે. જૈન પર્વો સૌ ધર્મનાં તહેવારો કરતાં જુદાં એ રીતે પડે છે કે જૈનોનું નાનું કે મોટું પર્વ એકે નથી કે જેમાં અર્થ અને કામની ભાવના હોય અથવા તો ભય, લાલચ અને વિસ્મયની ભાવના હોય, કે એમાં પાછળથી સેળભેળ થયેલી એવી ભાવનાનું શાસ્ત્રથી સમર્થન કરવામાં આવતું હોય. દરેક તીર્થંકરના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ એ પાંચના દિવસ 'કલ્યાણક' દિન કહેવાય છે. પર્વ પાળવામાં નિમિત્ત તીર્થંકરોના કોઈપણ કલ્યાણકનું હોય અગર બીજું કાંઈ હોય પણ એ નિમિત્તે ચાલતા પર્વ કે તહેવારનો ઉદ્દેશ માત્ર જ્ઞાન અને ચારિત્રની શુદ્ધિ તેમજ પુષ્ટિ કરવાનો જ રાખવામાં આવેલો છે. જ્ઞાનનું એક ખાસ પર્વ-જ્ઞાન પંચમી (કા. શુ. ૫)નો ઉલ્લેખ અગાઉ થઈ ગયો છે.

૧૧૧૭. આપણા ધર્મનિષ્ઠ પૂર્વજોએ પ્રજાની ધાર્મિક પિપાસાને શમાવવા અને આત્મજાગ્રતિને તાજી રાખવા વર્ષની એક આખી ઋતુને જ યોજેલી છે. પ્રાચીન સમયમાં આપણા દેશનો વેપાર સ્થળ અને જળ વાટે હતો. ચોમાસાની ઋતુમાં આ બંને માર્ગો લગભગ બંધ જેવા રહેતા. વણજારાઓ કે જેઓ પોઠો ઉપર કરીયાણાં વગેરે માલ લાદીને દેશના ચારે ખૂણે-નગરે અને ગામે ગામે ફરતા તેઓ આ ઋતુમાં પ્રવાસ ન કરી શકતા, વહાણવટીઓથી સમુદ્રપ્રયાણ થતું નહિ, ક્ષત્રિયો પણ આ ઋતુમાં ભાગ્યે જ લડવા જતા. એકંદર આ નિવૃત્તિનો કાળ હતો. તેથી બ્રાહ્મણ અને શ્રમણની ધાર્મિક પ્રવૃત્તિને યોગ્ય આ ઋતુ હોઈ પોતપોતાના ઉપદેશકોને સ્થિર રહેવાના નિયમો ધર્મપ્રવર્ત્તકોએ કર્યા છે. વેદધર્મી સન્યાસીઓ દેવશયની એકાદશીથી દેવ ઉઠી એકાદશી સુધી સ્થિર રહે છે; બૌદ્ધ શ્રમણો આષાઢી પૂર્ણિમાથી આશ્વિન પૂર્ણિમા સુધી અથવા શ્રાવણી પૂર્ણિમાથી કાર્ત્તિક પૂર્ણિમા સુધી નિયત રહે છે અને જૈન શ્રમણોનો આષાઢી પૂર્ણિમાથી કાર્ત્તિકી પૂર્ણિમા સુધીનો સ્થિરવાસ તો જાણીતો છે. આ સ્થિરવાસનું જૈન નામ 'પર્યુષણા કલ્પ' છે. બૌદ્ધ નામ 'વરસ કે વસ્સાવાસો' (વર્ષા, કે વર્ષાવાસ) છે. આ રીતે બ્રાહ્મણ અને શ્રમણ એ બન્ને શાખાઓનાં આ સ્થિરવાસ યા પર્યુષણ કલ્પનો ખૂબ મહિમા છે અને તે કાંઈ નવોસવો નથી, પણ ઘણા પ્રાચીન સમયથી ચાલ્યો આવે છે. ભગવાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીર અને બુદ્ધની પૂર્વે એક હજાર વર્ષ પહેલાંથી આ સ્થિરવાસની પદ્ધતિ ચાલી આવે છે એમ તો ઇતિહાસ જ કહે છે.[૫૬૬]

૧૧૧૮. સાધુઓ માટે દશ પ્રકારના કલ્પ એટલે આચાર કહ્યા છે. તેમાં એક 'પર્યુષણા' છે. પરિ એટલે સમસ્તપણે, ઉષણા એટલે વસન-વસવું, એટલે સ્થિરવાસ. આનું દિનમાન ત્રણ જાતનું છે. ઓછામાં ઓછું ૭૦ દિવસ, મધ્યમ ૪ માસ અને વધારેમાં વધારે છ માસ. વર્ત્તમાનમાં આ પૈકી મધ્યમ માન એટલે ૪ માસનું પ્રચલિત છે. ઓછામાં ઓછા ૭૦ દિવસનું માને છે. તેનો આરંભ ભાદ્રપદ શુદિ પાંચમથી થાય છે. આ પાંચમીની પરંપરા બ્રાહ્મણ સંપ્રદાયમાં પણ છે અને જૈનોમાં પણ પહેલાં પાંચમની પરંપરા હતી પણ કાલિકાચાર્યે ચોથની પરંપરા કરી તે અગાઉ (જુઓ પારા ૨૦૨) કહેવાઈ ગયું છે.[૫૬૭] તે દિન તે સાંવત્સરિક (સંવછરી) પર્વ કહેવાય છે. સાંવત્સરિક પર્વ એટલે ત્યાગી સાધુઓને વર્ષાવાસ નક્કી કરવાનો દિવસ, અને અંતર્મુખ થઈ જીવનમાં ડોકિયું મારી તેમાંથી મેલ ફેંકી દેવાનો અને તેની શુદ્ધિ સાચવવાના નિર્ધારનો દિવસ. સાંવત્સરિક પર્વને કેંદ્રભૂત માની તેની સાથે તેની પહેલાના બીજા સાત દિવસો ગોઠવવામાં આવ્યા છે અને એ આઠે દિવસ (અષ્ટાન્હિક) આજે 'પજુસણ' કહેવાય છે. શ્વેતામ્બરના મૂર્ત્તિપૂજક ને અમૂર્ત્તિપૂજક બંને ફિરકામાં એ પ્રમાણે માન્ય છે, જ્યારે દિગંબર સંપ્રદાયમાં આઠને બદલે દશ દિવસો મનાય છે અને તેથી તેને 'દશલક્ષણી પર્વ' કહેવામાં આવે છે, અને તેનો સમય શ્વેતાંબરનાં પજુસણ પૂરાં થયાં કે બીજા દિવસથી જ શરૂ થાય છે. આ પજુસણ પર્વોમાં એક ધાર્મિક વાતાવરણ ઉત્પન્ન થતાં તેમાં નીચેની બાબતો સર્વત્ર જોવામાં આવે છે. (૧) ધમાલ ઓછી કરીને બને તેટલી નિવૃત્તિ અને ફુરસદ મેળવવાનો પ્રયત્ન, (૨) ખાનપાન અને બીજા કેટલાક ભોગો ઉપર ઓછો વધતો અંકુશ-ઉપવાસાદિ તપ, (૩) શાસ્ત્રશ્રવણ અને આત્મચિંતનનું વલણ, (૪) તપસ્વી અને ત્યાગીઓની તેમજ સાધર્મિકોની યોગ્ય પ્રતિપત્તિ ભક્તિ, (૫) જીવોને અભયદાન આપવાનો પ્રયત્ન, (૬) વેરઝેર વિસારી સહુ સાથે સાચી મૈત્રી સાધવાની ભાવના. સાંવત્સરિક પર્વમાં સૌ સાથે ગત વર્ષમાં જે કંઈ દોષાદિ એક બીજા પ્રત્યે થયા હોય તેના માટે 'મિચ્છામિદુક્કડં' ('મિથ્યા મે દુષ્કૃતં'-મારું તે દુષ્કૃત મિથ્યા થાઓ) એમ કહી 'ખમાવે છે'-અને 'ખમે' છે એટલે ક્ષમાપના માંગે છે અને આપે છે. આથી અનેકનાં ઝેરવેર શમી જઈ પુનઃ મૈત્રીભાવ પ્રકટે છે.

૧૧૧૯. તીર્થો-શ્વેતાંબર જૈનો બંગાલમાં **સ**મેતશિખર નામના ગિરિસ્થાનને પોતાના ૨૦ તીર્થંકરોની નિર્વાણભૂમિ તરીકે દિગંબરોની પેઠે તીર્થ સ્વીકારે છે, તે ઉપરાંત મેવાડમાં ઉદયપુર પાસે ધુલેવ-**કે**સરીયાજી છે; વળી **સૌ**રાષ્ટ્રમાંના પાલીતાણાના **શ**ત્રુંજયગિરિ, અને જૂનાગઢના **ગિ**રિનાર

---

૫૬૬. જુઓ બ્રાહ્મણ ધર્મનો **ય**તિધર્મસંગ્રહ નામનો ગ્રંથ (પૃ. ૯૬-૯૯)માં સ્થિરવાસ સંબંધે જુદી જુદી સ્મૃતિઓનાં કથન-પં. **બ**હેચરદાસનું 'પર્યુષણા કલ્પ' સંબંધી વ્યાખ્યાન-**સુઘોષા**નો ખાસ અંક સં. ૧૯૮૪ની દીવાળી. બૌદ્ધ માટે જુઓ **વિ**નયપિટક નામના મહાવગ્ગ ૧૦, ૧૩૭-૧૯૪; આર્યોના તહેવારનો ઇતિહાસ પૃ. ૨૦૪ અને પૃ. ૨૩૬.

૫૬૭. જુઓ પં. બહેચરદાસનો 'પર્યુષણા કલ્પ' નામનું વ્યાખ્યાન 'સુઘોષા'નો ખાસ અંક ૧૯૮૪ની દીવાળી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર્વત, ગૂજરાતમાં આબૂગિરિ, તારંગાગિરિ, શંખેશ્વર, દક્ષિણમાં અંતરીક્ષજી, મક્ષીજી વગેરેને મુખ્ય તીર્થો માને છે ને તેમાં પણ શત્રુંજયને પરમ ઉચ્ચ સ્થાન આપ્યું છે. વળી ગિરિનાર તે નેમિનાથ તીર્થંકરની દીક્ષા-જ્ઞાન-નિર્વાણભૂમિ હોવાથી તેનું માહાત્મ્ય પણ પ્રાચીનકાળથી છે. આબૂ પર વિમલમંત્રીએ ૧૦૮૮માં અને વસ્તુપાલ અને તેજપાલે સં. ૧૨૮૮મા સુંદર કારીગરીના નમુનારૂપ મહાપ્રસાદો બંધાવ્યા ત્યારથી, તારંગા પર કુમારપાલ રાજાએ ભવ્યમંદિર બંધાવ્યું ત્યારથી તે બંને તીર્થો તરીકે સ્વીકારાયાં છે. આ સિવાય બીજાં તીર્થો સેંકડોની સંખ્યામાં છે.

૧૧૨૦. 'જ્યાં ધાર્મિક આત્માઓનો કંઈ પણ સંબંધ રહ્યો હોય, અગર જ્યાં કુદરતી સુંદરતા હોય અથવા એ બેમાંથી એકે ન છતાં જ્યાં કોઈ ધનવાને પુષ્કળ નાણું ખરચી ઈમારતી, સ્થાપત્યની, મૂર્ત્તિની કે એવી કાંઈ વિશેષતા આણી હોય ત્યાં ઘણે ભાગે તીર્થ ઉભાં થઈ જાય છે. ગામ અને શહેરો ઉપરાંત સમુદ્રતટ-નદીકાંઠો-બીજાં જળાશયો અને નાના મોટા પર્વતો કે જ્યાં એકાંત અને કુદરતી સુંદરતા વિશેષ પ્રાપ્ત થાય છે તેજ મોટે ભાગે તીર્થ તરીક પ્રસિદ્ધ છે.

૧૧૨૧. તીર્થોનું બધું તેજ અને મહત્ત્વ મૂર્ત્તિપૂજા ઉપર અવલંબિત છે, મૂર્તિની માન્યતા અને પૂજા આ દેશમાં બહુ જ જૂની છે. દેવોની અને પ્રાણીઓની પૂજા પછી, મનુષ્યપૂજાએ ક્યારે સ્થાન લીધું એ ચોક્કસપણે કહેવું કઠણ છે, છતાં ભગવાન મહાવીર અને બુદ્ધના તપસ્વીજીવન સાથે જ મનુષ્યપૂજા વિશેષ પ્રતિષ્ઠા પામી અને એ બે મહાન પુરુષોના સંઘોના પ્રચારકાર્યના વિકાસની સાથે સાથે જ મનુષ્યપૂજા અને મૂર્ત્તિપ્રચાર વિકાસ પામતાં ગયાં. મૂર્ત્તિપ્રચારની સાથે જ મૂર્ત્તિનિર્માણકળા અને સ્થાપત્યકળા સંકળાયેલા છે. આપણા દેશમાં સ્થાપત્યમાં જે વિશેષતાઓ છે, અને જે મોહકતાઓ છે તે તીર્થસ્થાનો અને મૂર્ત્તિપૂજાને જ મુખ્યપણે આભારી છે. ભોગસ્થાનોમાં સ્થાપત્ય આવ્યું છે ખરૂં; તેનું મૂળ ધર્મસ્થાનો અને તીર્થસ્થાનોમાં જ છે.

૧૧૨૨. મૂર્ત્તિ-શ્વેતામ્બર આગમોમાં મૂર્ત્તિનો, તેની પૂજાનો ઉલ્લેખ સ્પષ્ટ છે. મૂર્ત્તિનું વિધાન ચંદ્રકાન્ત, સૂર્યકાન્ત, આરસપહાણ આદિ પાષાણ, પરવાળાં નીલમ આદિ મણિરત્ન, સુવર્ણ રૂપું પીતળ આદિ ધાતુ, ચન્દનાદિ કાષ્ઠ વેળુ આદિ માટીના દ્રવ્યથી થઇ શકે છે. તેવી રીતે નિર્માણ કરેલી પ્રતિમાનું પ્રતિષ્ઠાપન થાય છે. તેમાં પ્રાણપ્રતિષ્ઠા વિધિ અનુસાર કરવામાં આવે છે; તેનું ગંધ, માળા, ધૂપ દીપાદિથી અર્ચન થાય છે, તેને વસ્ત્ર અલંકારો આદિથી શ્વેતાંબરો ભૂષિત કરે છે. આ પ્રતિમા રાખવા માટે શુદ્ધ ભૂમિ પર કાષ્ટ પાષાણ આદિનાં ભવનો-મંદિરો કરવામાં આવે છે. તેમાં પ્રતિમાની પ્રતિષ્ઠા થાય છે. તેની પૂજા આદિ માટે પૂજારી રખાય છે ને ત્યાં શ્રાવક શ્રાવિકાઓ આવી નિત્યકર્મ તરીકે જિનપૂજા જુદા જુદા પ્રકારે કરે છે. પ્રતિમાપૂજન સારી રીતે થયાં કરે તે માટે તેના માટે દ્રવ્યની યોજના તે તે ગામનો સંઘ કરી લે છે. કેટલાક તેના માટે અનેક જાતનાં દાન કરે છે, દરેકમાં રહેતા 'ભંડાર'માં સંઘજનો કંઈને કંઈ નાંખ્યા કરે છે.

૧૧૨૩. જ્યાં જાુઓ ત્યાં દેવાલયો જૈનોનાં દેખાય છે એ જ એક વખતના જૈન સમાજના વિસ્તારનો પુરાવો છે. તેની એક ખાસ સંસ્થા છે કે જેની પાછળ પુષ્કળ દ્રવ્ય વપરાય છે, દેવપૂજાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામગ્રી, પૂજારીઓ વગેરે પાછળ થતાં ખર્ચ અને તે નીભવવા માટેની જૈન સંઘે-શ્રાવક સમુદાયે કરેલી વ્યવસ્થામાં ઉતરતાં જણાશે કે એ સંસ્થાની પાછળ કેટલીક જગોએ જમીનદારી છે. બીજી પણ સ્થાવર જંગમ મિલ્કત છે, અને રોકડ નાણું, સોનું ચાંદી તેમજ ઝવેરાત પણ છે. ઘર-મંદિરો અને તદ્દન ખાનગી માલિકીનાં મંદિરોને બાજુએ મૂકીએ તો પણ જેના ઉપર નાના મોટા સંઘની માલિકી હોય, દેખરેખ હોય એવાં સંઘમાલિકીનાં મંદિરોના નાના મોટા ભંડારો હોય છે. એનું દ્રવ્ય 'દેવદ્રવ્ય' કહેવાય છે કે જે જૈનને માટે પોતાને માટે વાપરવું એ મહાન પાપ ગણેલું છે. આથી આ દેવદ્રવ્ય એકઠું કરવામાં, તેની સારસંભાળ લેવામાં અને તે ભરખાઈ ન જાય તે માટે ચાંપતા ઈલાજોમાં જૈન સંઘે ખૂબ ચાતુરી અને ઈમાનદારી રાખી છે. હિંદુસ્થાનમાંના બીજા કોઈપણ સંપ્રદાયના દેવદ્રવ્યમાં જૈન સંપ્રદાયના દેવદ્રવ્ય જેટલી ચોખવટ તમે ભાગ્યે જ જોશો. છતાં એકહથુ રહેતી વ્યવસ્થાના કરનાર પોતાની નરમ સ્થિતિ થતાં તેમાં પોતાની નજર નાંખી વાપરી નાંખવાના-ખાઈ જવાના દાખલા બનતા જણાય છે. કેટલેક સ્થળે અવ્યવસ્થા અને ગરબડ, ઘાલમેલ પણ જોવામાં આવે છે; તો તેવું ન બનતાં તેનો ચોખ્ખો અને ઉપયોગી વહીવટ થાય એમ સમાજ માગે છે.

૧૧૨૪. આખા હિંદમાં જૈનતીર્થ તો એવું એકે નથી કે જ્યાં વિદ્યાધામ હોય, વિદ્વાનોની પરિષદ્ હોય, વિચારકોની ગોષ્ઠી હોય અને એમની ગંભીર પ્રાણપૂરક વિદ્યાના આકર્ષણથી જ ભક્તો અને વિદ્યારસિકો આકર્ષાઈ આવતા હોય. વધારેની આશા તો બાજુએ રહી પણ કોઈ એક તીર્થમાં એક પણ એવું જૈન વિદ્યાલય નથી, જૈન વિદ્યાપીઠ નથી કે એકાદ પણ એવો સમર્થ વિદ્યાજીવી વિદ્વાન નથી કે જેને લીધે ત્યાં યાત્રીઓ અને જિજ્ઞાસુઓ આકર્ષાઈ આવતા હોય, અને પોતાના વિવિધ પ્રશ્નોનું નિરાકરણ કરતા હોય. તીર્થોની પ્રાકૃતિક જડતા અને નૈસર્ગિક રમણીયતામાં કાંતો તપ અને કાંતો વિદ્યા અને કાંતો બન્ને ચેતના પૂરે છે. જ્યારે આજનાં આપણાં તીર્થોમાં તપ અને વિદ્યાને નામે કાંઈપણ આકર્ષે તેવું નથી. ગામ અને શહેરનાં દેરાસરોમાં પહેલાં કયાંક કયાંક ધાર્મિક શાળાઓ રહેતી તે પણ જોવામાં નથી આવતી. દરેક તીર્થમાં મોટા મોટા દેરાસરોના ભંડારમાં જ્ઞાન નિમિત્તેનું દ્રવ્ય હોય છે. તેનો ઉપયોગ પણ થતો નથી ને તે એકઠું થયાં કરે છે. એવા મોટા ભંડારોના વાર્ષિક કે ત્રિવાર્ષિક કાર્યવૃત્તાંત-અહેવાલ પણ બહાર પડતા નથી. આ દુઃખદ સ્થિતિ છે.

૧૧૨૫. યાત્રા-સંઘો-નજીકનાં કે દૂરનાં તીર્થોની યાત્રાએ નાના મોટા-હજારો અને લાખો માણસોના સંઘો પગે ચાલી જતા. એ લઈ જનાર 'સંઘપતિ' સંઘની વ્યવસ્થા કરતો, સંઘનાં સ્ત્રી પુરુષો છ'રી' પાળતાં (એટલે એકાહારી, દર્શનધારી, ભૂશયનકારી, ચિત્તપરિહારી, પાદચારી અને બ્રહ્મચારી-એ છ અંત્ય'રી'વાળા રહેતા) રસ્તામાં લૂંટારૂના ભયને લીધે ચોકીવાનો લેવામાં આવતા, વાટમાં આવતાં ગામોમાં સંઘ આ યાત્રાસંઘની મહેમાનગીરી કરતા અને તે તે ગામમાં 'સંઘપતિ' અનેક દાન-પુણ્ય કરતો, સાથે પૂજાનિમિત્તે લાકડા કે ધાતુ કે હાથીદાંત વગેરેનાં દેરાસરો ધાતુ આદિની પ્રતિમા સહિત લઈ જવામાં આવતાં;-વગેરે યાત્રાના સંઘોનો ઈતિહાસ જૂદો છે.[૫૬૮]

૫૬૮. જુઓ વિશેષ માટે 'તીર્થયાત્રાકે લિયે નિકલનેવાલે સંઘોકા વર્ણન' એ નામનો શ્રી જિનવિજયનો લેખ **જૈ. સા. સં.** ૧, ૨ પૃ. ૯૬-૧૦૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧૨૬. ત્યાગ, શાંતિ અને વિવેક કેળવવાની પ્રેરણામાંથી જ આપણા તીર્થોની ઉત્પત્તિ છે. ત્યાં જવાનો તથા તેના પાછળ શક્તિ, સંપત્તિ અને સમય ખર્ચવાનો આપણો ઉદ્દેશ, પણ એ જ છે. તેમ છતાં તીર્થો સંબંધી ઝઘડા શ્વેતાંબર તથા દિગંબર એ બંને ફિરકાઓ વચ્ચે ચાલે એ જૈન ધર્મ અને સાહિત્યને ન સમજવા જેવું છે. આની મીમાંસામાં ઉતરતાં જણાય છે કે દિગંબરોનું આધિપત્ય જે જે સ્થળે (મુખ્યત્વે દક્ષિણમાં) હતું અથવા હજી છે ત્યાં એકે સ્થળે શ્વેતાંબરો મઝિયારો કરવા ગયા નથી; જ્યારે દુઃખની વાત એ છે કે દિગંબરો એટલી તટસ્થતા સાચવી શકતા નથી; બ્રિટિશ કોર્ટોમાં પોતાના હક્કો તીર્થોમાં છે તે જણાવી તેના ઝઘડા ચાલે છે. તેમાં બંનેનાં પુષ્કળ દ્રવ્ય, સમય અને શક્તિની બરબાદી થાય છે, અને એનો પૂરો ફાયદો આજના રાજતંત્રને મળે છે.

૧૧૨૭. શકો અને હૂણોના પછી મુસલમાનો આવ્યા. તેમણે જૈનમૂર્ત્તિ અને મંદિરો પર આક્રમણ કરી તેમનો ભંગ કર્યો. તેમાંથી બચવા આપણે ફરમાનો પણ મેળવ્યાં અને કયાંક કયાંક પરાક્રમો પણ કર્યાં. આ બધાં આક્રમણો થયા પછી થતાં નુકશાનને પુનઃ તે સર્વને જલદી સમરાવી લઈ બને તેટલું દૂર કરી શકતા અને ફરી એવા આઘાતોથી બચવા કળ અને બળ વાપરતા. જ્યારે આ રાજતંત્રમાં ધાર્મિક સ્વતંત્રતા દેખાતી ગમે તેટલી હોય છતાં એવી સ્થિતિ ઉપસ્થિત થાય છે કે તે રાજતંત્ર પોતે પોતાના તરફથી અગાઉના યવન રાજકર્ત્તાઓ જેવું આક્રમણ ન કરે છતાં તમે પોતે જ આપસ-આપસમાં ઝઘડા કરી પોતાના તીર્થના ભંજક બનો અને તે ઝઘડાનો નીકાલ ઠેઠ પ્રિવિ કાઉંસિલ સુધી દોડી કરાવો ને ખુવાર થાઓ. આમ કરવું એમાં મૂર્ખતા છે, ધર્મનો દ્રોહ છે અને અધર્મનું પાલન છે. તીર્થરક્ષા નિમિત્તે આપણે તીર્થનો અને તેના ઉદ્દેશનો ધ્વંસ વધારે કર્યો છે ને કરતા જઈએ છીએ તો પરિણામે આપણાં તીર્થો જોખમમાં છે અને તેમાં ભક્તિ અને આર્થિક ઉદારતા કે જેના પર તીર્થસંસ્થા નભે છે. તેનો નાશ થશે. એ રીતે જૈનતીર્થનો આત્મા અહિંસા અને શાંતિ છે તે ઉડી જતાં પછી રહેલું ખાલી કલેવર પ્રાયઃ નકામું થશે.

૧૧૨૮. વિશેષમાં તીર્થસંસ્થા દ્વારા ઉપયોગી કાર્ય જરૂર કરી શકીએ. સમાજને વિદ્યા, હુન્નર, ઉદ્યોગ અને બીજાં તેવાં જ્ઞાનોની જરૂર અનિવાર્ય છે. કોઈ પણ જમાનામાં જૈન તીર્થે **નાલંદાના** કે **વિક્રમશિલાના** વિદ્યાલયની સુગંધ નથી અનુભવી. અત્યારે તો બીજે કોઈ પણ સ્થળે નભી શકે તે કરતાં વધારે સહેલાઈથી કેટલાંક તીર્થસ્થાનોમાં વિદ્યાલયો સારી રીતે નભી શકે. આજનો દેશધર્મ એ શીખવે છે કે મૂર્ત્તિ અને મંદિરો માટે માલેકીના હક્ક કલેશ ન કરતાં તે સાર્વજનિક સંસ્થાને સાર્વજનિક તરીકે સાચવો અને તે પ્રત્યે ભક્તિ અને ઉદારતા છે તો તે દ્વારા વિદ્યા અને કળાથી સમૃદ્ધ બનો.

૧૧૨૯. શ્રાવકસંસ્થા-સંસારી જૈનો 'શ્રાવકો કહેવાય છે. તેનો અર્થ શ્રુ એટલે સાંભળવું-એ ધાતુપરથી (ત્યાગીઓનો ઉપદેશ) સાંભળનાર થાય છે. જૈનો પ્રાચીનકાળથી પ્રસિદ્ધ વેપારીઓ હતા જ. સમુદ્રપ્રયાસ વહાણો વાટે કરી **સુમાત્રા જાવા બલિ** આદિ દ્વિપોમાં જઈ ત્યાંથી અનેક વસ્તુઓ લઈ આવતા અને સંપત્તિમાં વધારો કરતા. તેમાં અનેક મોટા મોટા શેઠીઆઓ હોઈ શરાફનું કામકાજ કરતા અને જુદે જુદે સ્થલે પેઢીઓ રાખતા. હજુ પણ દલાલી, શરાફી, ગાંધી, મોદી, ઝવેરી, મિલમાલેક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિના અનેક ધંધા તેઓ કરે છે. લોર્ડ કર્ઝન કહી ગયો હતો કે 'હિંદનું અર્ધું નાણું જૈનોના હાથમાંથી પસાર થાય છે.' એ વસ્તુસ્થિતિ હાલ રહી નથી, છતાં સાહસ અને દીર્ઘદૃષ્ટિથી વેપાર ખેડનારા જૈનો જેમ દરેક યુગમાં હતા તેમ અલ્પ સંખ્યામાં પણ હજુ છે.

૧૧૩૦. તેમણે જ્ઞાનનો પ્રચાર કરવા માટે પૂર્વે હજારો અને લાખો રૂપિયા ખર્ચી હસ્તલિખિત પ્રતો કરાવી સાધુ-મુનિરાજોને વહોરાવી છે, અભ્યાસીઓને તથા મુમુક્ષુઓને દાનમાં આપી છે અને લોકોપયોગી ગ્રંથભંડારોમાં સ્થાયી છે. આજે પણ અનેક ધર્મગ્રંથો વિનામૂલ્યે પ્રસિદ્ધ થઈને પ્રચારમાં મૂકાઈ રહ્યા છે અને કેટલાક સ્વલ્પ મૂલ્યથી વેચાઈ રહ્યા છે. એ જ્ઞાનપ્રચાર ઉદાર દૃષ્ટિથી ખર્ચ કરનાર ધનવાન જૈનોની જ્ઞાનપ્રીતિનું ફળ છે. તેમણે સાધુસંસ્થાને પોષી તેમની પાસેથી ધર્મોપદેશનો લાભ લીધો છે, અને તીર્થસંસ્થાને પણ કળાથી શણગારી તેનું સંરક્ષણ અને ઉદ્ધરણ કરેલ છે. પૂર્વના જૈનોનું અનુકરણ કરીને મોટા મોટા શેઠીઆ અને શરાફોએ મોટાં મોટાં દાન આપીને પોતાના ઈષ્ટદેવ તીર્થંકરો પ્રત્યે શ્રદ્ધાભાવ પ્રદર્શિત કરવામાં અને દયાધર્મ કરીને સત્કર્મ સંચી લેવામાં કશી પાની કરી નથી. શેઠ હઠીસિંહે સં. ૧૯૦૧-૩માં અમદાવાદમાં જે સુંદર દેવાલય શ્વેતમર્મરનું બંધાવ્યું તે સુપ્રસિદ્ધ છે. તેમજ બીજાં અતિ મૂલ્યવાન્ મકાનો અને દેવાલયો છેલ્લા સૈકામાં બંધાયાં છે તે એ સંઘની ધનશાલિતા અને દાનવૃત્તિનું પ્રમાણ છે. પરંતુ આ સાથે જણાવવાનું કે જૈનોએ પ્રાચીન સાહિત્ય અને તીર્થોનો વારસો સંભાળ્યો છે-જાળવી રાખ્યો છે, તેથી તે પ્રત્યેની સર્વ ફરજમાંથી તેઓથી મુક્ત થવાતું નથી; પરંતુ તે વારસાનો ઉપયોગ જૈનોએ એવી રીતે કરવો જોઈએ કે જેથી એ વારસો જીવંત રહે અને અનેક મનુષ્યોના આકર્ષણ તથા ઉદ્ધારનું સાધન બને. આ માટેની સૂચનાઓ હવે પછી કરવામાં આવી છે.

૧૧૩૧. અહિંસાના પાલન અને પ્રચારના એક સચોટ પુરાવા તરીકે મુખ્યત્વે શ્રાવકો તરફથી ચાલતી પાંજરાપોળની સંસ્થા ચાલી આવી છે. કયારથી તે ઉદ્ભવી તે કહી શકાતું નથી, છતાં ગૂજરાતમાં એનો પ્રચાર અને એની પ્રતિષ્ઠા જોતાં તેને વ્યાપક કરવામાં કદાચ કુમારપાળ અને તેના ધર્મગુરુ આચાર્ય હેમચંદ્રનો મુખ્ય હાથ હોય એમ માનવાનું મન થઈ જાય છે. આખાયે કચ્છ, કાઠિયાવાડ અને ગૂજરાતનું તેમજ રજપૂતાનાના અમુક ભાગનું કોઇ એવું જાણીતું શહેર કે સારી આબાદીવાળો કસ્બો નહિ મળે કે જ્યાં પાંજરાપોળ ન હોય. વિદેશી મુસાફરોએ આનાં વર્ણન આપ્યાં છે. આ બધી પાંજરાપોળ મુખ્યપણે પશુઓને અને અંશતઃ પંખીઓને પણ બચાવવાનું અને તેની સારસંભાળ રાખવાનું કામ કરે છે. તેની પાછળ દરવર્ષે જૈનો લગભગ પચાસ લાખ રૂા. ખર્ચતા હશે, ને તેથી લાખેક જીવોની સંભાળ થતી હશે. દેશમાં કેટલેક સ્થળે ગોશાળાઓ પણ છે. આ પાંજરાપોળ ને ગોશાળાની સંસ્થા-એ બધી પશુરક્ષણની પ્રવૃત્તિ અહિંસાપ્રચારક સંઘના પુરુષાર્થને જ આભારી છે. એમ કોઈપણ વિચારક કહ્યા વિના ભાગ્યે જ રહી શકે. આ ઉપરાંત કીડીઆરાની પ્રથા, જળચરોને લોટની ગોળીઓ ખવડાવવાની પ્રથા, શિકારો અને દેવીના ભોગો બંધ કરાવવાની પ્રથા-એ બધું અહિંસાની ભાવનાનું જ પરિણામ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧૩૨. મનુષ્યો પ્રત્યેની દયાપર નજર કરતાં ઈતિહાસ જણાવે છે કે પ્રચંડ અને વ્યાપક લાંબા દુકાળોમાં જગડુશા જેવા અનેક સખી ગૃહસ્થોએ પોતાના અન્નભંડારો અને ખજાનાઓ ખુલ્લા મૂકયા છે. છેલ્લા સો વર્ષના ગાળામાં પણ દુકાળ તેમજ જળની રેલ, અગ્નિ આદિ અનેક કુદરતી આફતો વખતે અન્નકષ્ટથી પીડાતા માનવો માટે અહિંસાપોષક સંઘ તરફથી પુષ્કળ પૈસા આપવામાં આવ્યા છે, અન્ન વહેંચવામાં આવ્યું છે, ઓસડ કપડાં માટે પણ ઘણું કરવામાં આવ્યું છે. આપણા દેશમાં અર્ધા કરોડ જેટલા બાવા ફકીર સાધુઓ પોષાય છે તે આ આતિથ્ય-મનુષ્ય પ્રત્યેની પ્રીતિનું પરિણામ છે-હાડમજ્જામાં રહેલી દાનધર્મની ભાવનાનું પરિણામ છે. આ દાનધર્મની રીતિ હવે ઘણો ફેરફાર માગે છે. તેને વ્યવસ્થિત, સંગઠિત કરીને તેનો લાભ વધુ ઉપયોગી રીતે-વધુમાં વધુ માનવસંખ્યા લઈ શકે અને તેમ થતાં ભવિષ્યમાં તેવા લાભ લેનારની સંખ્યા ઓછી જ થતી જાય એમ કરવાની જરૂર છે. અહિંસા અને અમારિનાં તત્ત્વો હાલના સમયમાં કેવી રીતે સાચાં પાળી શકાય તે સંબંધમાં પં. સુખલાલજીએ 'અહિંસા અને અમારિ' પર કરેલ વ્યાખ્યાન પર ધ્યાન ખેંચી અત્ર વિશેષ કહેતાં વિરમવું પડે છે.

૧૧૩૩. તેમની ધાર્મિક ક્રિયા વિષે ટુંકમાં કહેતાં મુખ્યપણે દરેક **ન**વકાર (નમસ્કાર) એટલે પાંચ જાતના મહા ઉત્તમોને નમસ્કાર કરવારૂપ-પંચ પરમેષ્ઠી મંત્રનું સ્મરણ કરે છે. મૂર્ત્તિપૂજકો જિનપ્રતિમાને વંદન, તેમનું પૂજન અર્ચનાદિ 'ચૈત્યવંદન-સ્તવનાદિ'થી તેમજ વિશિષ્ટ પૂજા (પૂજાનિમિત્તનાં જ કાવ્યો)થી કરે છે, આત્મધ્યાન અને સ્વાધ્યાય માટે સમતાના પોષક એવી 'સામાયિક' અને કરેલાં પાપો કે દોષોના પ્રાયશ્ચિત રૂપે 'પ્રતિક્રમણ' (કે જે દૈવસિક, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક એમ પાચ પ્રકારનું છે) નામની ક્રિયા તેનાં ખાસ આવશ્યક સૂત્રો બોલી કરે છે, પૌષધ વ્રત કરે છે એટલે-પર્વચતુષ્ટય અર્થાત્ આઠમ, ચૌદશ, પૂર્ણિમા અને અમાવાસ્યાને દિને આહાર, શરીરસત્કાર એટલે સ્નાનાદિ, અબ્રહ્મ અને સાવદ્ય કર્મનો ત્યાગ કરી ધર્મની પુષ્ટિ અર્થે પૌષધશાલામાં ૩૦ મુહૂર્ત્તના એક અહોરાત્ર સુધી રહેવા રૂપ પૌષધવ્રતમાં રહે છે, તે દરેક માસમાં બે બીજ, પાંચમ, ચૌદશ-એમ છ દિવસોએ લીલોતરી કે એવો આહાર નથી લેતા. હંમેશ સૂર્યાસ્ત પહેલાં ભોજનાદિથી પરવારી 'ચોવિહાર' કરે છે-ચતુર્વિધ આહાર (અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય)ના ત્યાગરૂપી બાધા લે છે. ચોમાસામાં પર્યુષણનાં આઠ કે દશ દિવસો માત્ર ધર્મક્રિયામાં-ઉપવાસમાં-ઉપદેશશ્રવણમાં ગાળે છે ને છેલ્લા દિને ગતવર્ષમાં બીજા સાથે જે કંઈ મન વચન કાયાથી જાણ્યે અજાણ્યે પોતાના દોષ થયા હોય તેને માટે તેને 'ખમાવવા' -માફી માગવા જાય છે અને પોતે પણ 'ખમે છે'-માફી આપે છે-ત્યારે 'મિચ્છામિ દુકડં' (મિથ્યા મે દુષ્કૃતં) કહીને ક્ષમા માગે છે ને આપે છે. આને 'ખમતખામણા' (ક્ષમા-ક્ષમાપના) કહે છે. તે મળીને કે પત્ર દ્વારા અપાય છે. તે ઉપરાંત ઘણી બાબતોમાં 'પચ્ચખાણ' (પ્રત્યાખ્યાન)-અમુક ન કરવાની બાધા-પ્રતિજ્ઞાનાં વ્રત લે છે. કેટલાક જે બાર અણુવ્રત શ્રાવકનાં કહ્યાં છે તે દરેક વ્રતની સીમા નક્કી કરી વ્રતધારી બને છે. પૂર્ણ બ્રહ્મચર્યરૂપ 'ચોથુંવ્રત' લેનાર દંપતીઓ પણ નીકળી આવે છે. કેટલાક અમુક 'નિયમ' ધારે છે, કેટલાક સપ્તવ્યસનના ત્યાગનાં વ્રત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદરે છે. આ સર્વ ક્રિયાઓમાં ઉતરતાં ત્યાગ, સંયમ, દેહદમન, વૈરાગ્ય આદિ નિવૃત્તિપ્રધાન ભાવના જ તરી આવે છે. આવી ક્રિયાઓ ભાવપૂર્વક પાળનારાઓ જૈનોમાં છે, તેના કરતાં પરંપરાથી શ્રદ્ધાબળે આચરનાર વિશેષ છે. તો પણ સામાન્ય રીતે જણાશે કે જૈનોમાં ગુન્હાઓનું પ્રમાણ બીજી કોમો કરતાં ઘણું ઓછું આવે છે તેનું કારણ જૈનધર્મના સિદ્ધાંતો અને આચારોની શુભ અસર છે.

૧૧૩૪. પૂર્વના જૈનોએ પોતાના પ્રતાપની ઘણી અસર કરી છે છતાં સંઘનું સંખ્યાબળ ધીરે ધીરે ઘટતું જાય છેઃ વસ્તીપત્રકમાં ભારતમાં બધા સંપ્રદાયના જૈનોની સંખ્યા ઈ. સ. ૧૮૯૧ (સં. ૧૯૪૭) માં ૧૪૧૬૬૩૮, ૧૯૦૧ (સં. ૧૯૫૭) માં ૧૩૩૪૧૪૮, ૧૯૧૧ (સં. ૧૯૬૭) માં ૧૨૪૮૧૮૨ અને ૧૯૨૧ (સં. ૧૯૭૭)માં ૧૧૭૮૫૯૬ છે. પહેલવહેલી ભારતીય મનુષ્યગણના સન ૧૮૭૨માં થઈ, તે વખતના જૈનોની સંખ્યાના આંકડા મળતા નથી, તેમજ છેલ્લી ચાલુ વર્ષ સન ૧૯૩૧માં (સં. ૧૯૮૭માં) ગણના થઈ તેની પણ લોકનો વિરોધ હોવાથી બરાબર મનુષ્યગણના થઈ નથી છતાં જે સરકારી આંકડા હવે પ્રકટ થાય છે તેમાં જૈનોની કુલ સંખ્યા ૧,૨૫,૨૧૦૫ નોંધાઈ છે.

૧૧૩૫. પશ્ચિમ ભારતમાં શ્વેતામ્બર જૈનધર્મના અનુયાયીઓમાં મુખ્યત્વે વણિક જ્ઞાતિના છે, અને તેની સાથે ભોજક બ્રાહ્મણ, ભાવસાર, ભણશાલી, પાટીદાર આદિની જ્ઞાતિના પણ જૈનધર્મ પાળતા જોવામાં આવે છે. વણિક જ્ઞાતિમાં મુખ્યત્વે ઓશવાળ, પોરવાડ, અને શ્રીમાળી વણિક જ્ઞાતિ છે અને તેમાં દશા અને વીસા એવા ભેદ છે.

૧૧૩૬. પૂર્વે એટલે સં. ૧૬૦૦ પહેલાં જૈનધર્મના અનુયાયી તે શ્રાવક, અને બીજા મહેશ્વર-મહાદેવ-શિવને માનનાર મહેશ્વરી (હાલ જેને 'મેસરી-'મેશ્રી' કહેવામાં આવે છે) કહેવાતા. કોઈ કોઈ રામાનુજી કે ભાગવતધર્મ પ્રમાણે વિષ્ણુના ઉપાસક હતા; પણ પછીથી જ્યારે વિક્રમ સત્તરમી સદીમાં વલ્લભાચાર્યનો ધર્મ વિષ્ણુની ઉપાસના તરીકેનો ગૂજરાતમાં ફેલાયો ત્યારે શ્રાવક ને મહેશ્વરીમાંથી તે વિષ્ણુધર્મને માનનારા થયા તે વૈષ્ણવ કહેવાયા. જે વાણિયા જ્ઞાતિઓ અત્યારે કેવળ વૈષ્ણવ ધર્મ માનનારી થઈ ગઈ છે, તે જ્ઞાતિઓ પણ પહેલાં જૈનધર્મ માનતી હતી એમ બતાવનારા કેટલાક લેખ મળે છે. દાખલા તરીકે નાગર, કપોળ, મોઢ, ગૂર્જર, વાયડા, ખડાયતા, પલ્લીવાલ, ડીસાવાલ વગેરે. આ લેખો પરથી એમ ન કહી શકાય કે એ જ્ઞાતિના સર્વ લોકો તે કાલે જૈનધર્મી હતા. શ્રીમાળી પોરવાડ અને ઓશવાળ જ્ઞાતિના જૈનોનાં ભરાવેલાં બિંબો અને પાષાણની પ્રતિમાઓ જેટલા પ્રમાણમાં મળે છે તેટલા પ્રમાણમાં નાગર, કપોળ કે બીજી અત્યારે વૈષ્ણવ ધર્મ પાળતી જ્ઞાતિઓની ભરાવેલી પ્રતિમા મળતી નથી, એથી એમ સમજાય છે કે નાગર, કપોળ વગેરે જ્ઞાતિના બધા લોકો પહેલાં જૈન ધર્મ પાળતા નહિ હોય, પણ જૈન ધર્મ પાળવામાં તે તે જ્ઞાતિઓ કંઈ પ્રતિબંધ માનતી હોવી ન જોઈએ અને તેનામાંના કેટલાક લોકો વૈષ્ણવ ધર્મના (રામાનુજી વૈષ્ણવ અથવા સામાન્ય ભાગવત ધર્મના-વલ્લભાચાર્યનો વૈષ્ણવ માર્ગ તે કાલે ચાલતો થયો નહોતો. સં. ૧૬૦૦ પછી ઘણે વર્ષે વલ્લભી સંપ્રદાય ગુજરાત દાખલ થયો) તેમજ કેટલાક લોકો શૈવી અને કેટલાક જૈન એ પ્રમાણે હોવા જોઈએ. જૈન નહિ તે બધા 'માહેશ્વરી' એ નામે ઓળખાતા. માહેશ્વરીઓ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈનો વચ્ચે ખાવાપીવાના વહેવારમાં કોઈપણ પ્રકારનો પ્રતિબંધ હોવો ન જોઈએ.' (સ્વ. મણિલાલ બકોરભાઈ વ્યાસ-'જૈન પ્રતિમાઓ ઉપરના લેખ'-જૈ. કૉ. હેરેલ્ડનો જૈન ઇતિહાસ સાહિત્ય અંક વીરાત્ ૨૪૪૧). જ્ઞાતિ જાતિના ભેદભાવ જૈનધર્મના સિદ્ધાંતવિરૂદ્ધ હોવા છતાં જૈનોમાં બ્રાહ્મણ ધર્મની અસરથી-સ્વરક્ષણાર્થે થયા લાગે છે. એનો તથા આ સર્વ જ્ઞાતિઓનો લાંબો ઇતિહાસ છે કે જેના પર ઉક્ત સ્વ. મણિલાલ વ્યાસનો 'શ્રીમાળી (વાણીઆ)ઓના જ્ઞાતિભેદ' એ નામનો ગ્રંથ ઘણો પ્રકાશ પાડે છે.

૧૧૩૭. જૈનોની સંખ્યા ઘટતી જાય છે તેનાં કારણો ઘણાં છે, ટૂંકમાં એ ગણાવી શકાય કે :-

(૧) પુષ્કળ રજપૂતોને અને બીજી જાતિવાળાને જૈનાચાર્યોએ પૂર્વે પોતાના ચમત્કારોથી, ઉપદેશથી અને સમાગમથી જૈન બનાવ્યા, પણ પછીથી તેવા પ્રકારની શક્તિ અને સ્થિતિ ઘણાકાળથી જોવામાં આવી નથી. (૨) કુમારિલ અને શંકરાચાર્યે બ્રાહ્મણધર્મનું પુનઃ સંસ્થાપન-સંસ્કરણ કરી વેદાન્ત ફિલસૂફી પ્રરૂપી અને તેના અનુયાયીઓ સમગ્ર દેશમાં ફરી શ્રમણ સંપ્રદાયનો તિરોભાવ કરવા માટે પ્રયત્નશીલ રહ્યા. ત્યારપછી અનેક અન્યધર્મી મહા-ઉપદેશકો અને મતપ્રવર્ત્તકો થયા. કોઈ મૂર્ત્તિનિષેધક, કોઈ ભક્તિપ્રધાન, કોઈ શૃંગારવિલાસ ને ભોગોપભોગમાં રક્ત, તો કોઈ અવધૂત. આ સર્વની અસર તે સર્વના મધ્યમાં-સમાગમમાં રહેનાર જૈનધર્મ પર પણ પડી. (૪) વ્યાપાર અને ગરીબાઈ આદિ બીજાં કારણથી સ્વજન્મભૂમિનો ત્યાગ કરી જ્યાં જૈનધર્મનો પ્રચાર સવિશેષ ન હોય અને ધર્માનુકૂળ સંજોગો ન હોય ત્યાં જવાની ફરજ પડી ને તેથી ત્યાં મૂળ ધર્મ છોડાવા લાગ્યો. (૩) જૈનસંઘનું બંધારણ અવ્યવસ્થિત અને છિન્નભિન્ન થઈ અનેક ગચ્છો, તડો, મતભેદો ઉત્પન્ન થતાં જ્યાં પોતાનો સ્વાર્થ યા વૃત્તિ ઢળવા પામ્યાં ત્યાં લોકો ગયા. (૫) લગ્ન-સંબંધમાં એટલી બધી સંકુચિતતા થઈ કે ઘણાને અવિવાહિત રહેવું પડ્યું. દાખલા તરીકે ગૂજરાતના શ્રીમાળીઓમાં વીસા બધા જૈન છે, પણ દશામાં કેટલાક જૈન તો કેટલાક વૈષ્ણવ આદિ છે. દશા શ્રીમાળી શ્રાવક અને દશાશ્રીમાળી વૈષ્ણવ એકમેકમાં લગ્ન કરી શકે, પણ દશાશ્રીમાળી શ્રાવક અને વીસાશ્રીમાળી શ્રાવક ન કરી શકે. એટલે ધર્મબંધન કરતાં જ્ઞાતિબંધન વધારે મહત્ત્વ ભોગવે છે. (૬) હમણાં છેલ્લા સૈકામાં શ્રી દયાનંદ સ્થાપિત આર્યસમાજની પ્રખરતામાં અંજાતાં કેટલાક તેમાં ભળ્યા, કોઈ બીજી સમાજમાં ગયા. કોઈ ધર્મમાં ન જ માનતાં ધર્મના ચિન્હ વગરના રહ્યા. (૭) આ સર્વ સાથે જ્ઞાનપ્રધાન જૈનધર્મના સિદ્ધાંતોનું સાચું અને સર્વ-સાધારણ સ્વરૂપ લોકો બહુ ઓછું જાણે, અને ધર્મના તાત્ત્વિક ગ્રંથો તથા બીજા પ્રમાણભૂત ગ્રંથનું વાચન અને મનન તો તેથીય ઓછું એથી બીજા ધર્મો સાથે સમન્વય કરવાનું તો દૂર રહ્યું પણ મૂળ ભૂમિકાપર ટકવું કેટલાકોને અશક્ય થઈ પડ્યું. આ અને આવાં બીજાં કારણોથી પૂર્વે જૈન થયેલ આખી જ્ઞાતિઓએ જૈન ધર્મનો ત્યાગ કરીને સગવડ અને સંજોગ પ્રમાણે ધર્મગ્રહણ કર્યો જણાય છે.

[આ પ્રકરણ લખવામાં 'પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો' એ નામના પુસ્તકમાંથી પંડિત સુખલાલજીનાં વ્યાખ્યાનોની મુખ્ય સહાય લીધી છે.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૬ જૈન સંસ્કૃતિ-કલાઓ.

સાહિત્ય અને કલાના ઉત્કર્ષ માટે-ગૂજરાતના નવજીવનમાં એ બન્નેનું યોગ્ય સ્થાન સ્થાપવા માટે જૈનો અનેક રીતે પ્રયત્ન કરી શકે એમ છે. પશ્ચિમનું વીર્યવાન્ સાહિત્ય ગ્રેજ્યુએટો, સાધુઓ વગેરે દ્વારા ગૂજરાતીમાં ઉતરાવે અને તેનો પ્રચાર કરાવે, મંદિરો બાંધતાં બાંધકામ, ચિત્ર અને મૂર્તિવિધાનની કળા વિશેષ ખીલવવા જમાનાને યોગ્ય તેમાં જીવનરૂપાંતર કરવા ધ્યાન આપે; અને આ ધ્યાન યથાર્થ આપી શકાય માટે સ્ત્રીપુરુષોમાં કલાભિરુચિ અને કલાના રસિક સંસ્કાર ભિન્ન ભિન્ન રીતે ફેલાવે. મંદિરોમાં થતા સંગીત અથવા ધનાઢ્યતાને લીધે મળતી નવરાશ અને તેમાં મણાતી મોજને પ્રસંગે થતા સંગીતને પણ કલા, પ્રજાજીવન આદિને ઉત્કર્ષ આપે એવું કરવા પ્રયત્ન કરે, અમને સારામાં સારૂં જ રુચશે-અમારૂં જ પણ તે જોઈએ-બીજાનું અનુકરણ રૂપ અંદરથી હલકું પણ ઉપરથી દેખાવડું નહીં જ પાલવે નરસું અમારી પાસે ટકનાર નથી એવી ભાવના રગેરગમાં ભરાય તો જ ખરૂં.

- સ્વ. રણજિતરામ વાવાભાઈનો લેખ 'જૈનો અને ગુજરાતનું નવજીવન.' (જૈન શ્વે. કો. હેરેલ્ડનો પર્યુષણ અંક ઑગષ્ટ-સપ્ટેં. ૧૯૧૩.)

૧૧૩૮. કલા-'વિશાલભારત'ના કલાસંબંધીના ૧૯૩૧ ના જાન્યુ. ના ખાસ અંકમાં કહેલ છે કેઃ-કલા, આ એક શબ્દથી 'सत्यं शिंव सुन्दरं' એ ત્રણ શબ્દોનો પ્રતિધ્વનિ હૃદયમાં ગુંજ્યાં કરે છે. આ વિશ્વમાં જે સત્ય છે, જે કલ્યાણકર છે, જે સુંદર છે તેનું અધિક સુબોધરૂપમાં પ્રદર્શન તેનું નામ કલા-સાચી કલા. ગાંધીજી કહે છે કેઃ- 'કલાવિહીન મનુષ્ય પશુ સમાન છે; કર્મમાં કુશલતા તેનું નામ કલા-'कला कर्मसु कौशलं' ગીતામાં કર્મમાં કૌશલને યોગ કહેલ છે તે સંપૂર્ણ કલા છે. આ વાત બાહ્ય કલા પર લાગુ પડે છે. જેને કરોડો ગ્રહણ ન કરી શકે તે કલા નથી. પણ સ્વચ્છન્દ છે; જેને કરોડો ગ્રહણ કરી શકે તે કલા છે, યોગ છે, પછી ભલે આ કલા કંઠની હોય, યા કપડાની હોય કે પાષાણની હોય. કરોડો લોકોના એક અવાજથી રામધુન લગાવવી તે કલા છે અને આવશ્યક છે. ઘણાં મંદિરો કલામય છે અને તે કલા એવી છે કે તેને કરોડો ગ્રહણ કરી શકે છે. મંદિરોમાં પૂજા-પાઠાદિક આવશ્યક અનુસાર શ્રદ્ધાપૂર્વક થવાં એ કલાનો નમૂનો છે. તેવી રીતે જ્યાં સમય, ક્ષેત્ર, સંયોગનું પ્રમાણ-ખ્યાલ રખાય છે ત્યાં કલા છે. વિચારપૂર્વક કામ કરવાથી તેમાં રસ જરૂર પેદા થાય છે. વિચારપૂર્વક કરેલું કામ કલામય બને છે અને સાચી કલા સદા રસમય છે. કલા જ રસ છે એમ પણ કહી શકાય છે. ભોગનું પરિણામ નાશ છે, ત્યાગનું ફલ અમરતા છે. રસ સ્વતંત્ર વસ્તુ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રસ આપણી વૃત્તિમાં છે. એકને નાટકના પડદામાં મજા આવશે, બીજાને આકાશમાં નિત્ય નવાં પરિવર્ત્તન થતાં જાય છે તેમાં મજા આવશે-અર્થાત્ રસ તાલીમ યા અભ્યાસનો વિષય છે.'

૧૧૩૯. મૂર્ત્તિકાર, ચિત્રકાર, ગાયક, વાદક અને કવિ-એતો આશ્ચર્યમય વિશ્વના ઉદ્‌બોધક જ છે. તેથી તે સર્વે કલાકાર છે. બીજા શિલ્પીઓ પણ કલાકાર છે. કારણ કે તેમનો ઉદ્દેશ પણ તેવો છે. દેશકાલ અનુસાર કલા પણ પોતાનાં જુદાં જુદાં રૂપો પ્રકટ કરે છે. કલાના નિર્માણમાં ભાવના અને આદર્શ મુખ્ય છે. તે જેટલા વધુ સત્ય, કલ્યાણકર અને સુંદર તેટલા પ્રમાણમાં કલા વધુ સ્વાભાવિક અને ઉચ્ચ.

૧૧૪૦. શિલ્પ શબ્દનો અર્થ વૈદિક કાલમાં નૃત્ય, ગીત અને વાદ્ય થતો હતો, પરંતુ સમયના પરિવર્તનથી તે નૃત્ય, ગીત અને વાદ્યનો સમાવેશ કલા એ શબ્દમાં થયો અને શિલ્પનો અર્થ સડક બનાવવા વગેરેમાં પરિણમ્યો. શિલ્પીઓમાં અનેક કારીગરોની ગણના થવા લાગી. 'વાસ્તુવિદ્યા'માં સ્થપતિ (ભવન-નિર્માતા), સૂત્રગ્રાહી (સુતાર), તક્ષક (મૂર્ત્તિકાર), અને મૃતકર્મજ્ઞ (કુંભાર)નો સમાવેશ શિલ્પીઓમાં કર્યો છે. **બ્રહ્મ**વૈવર્ત પુરાણમાં માલાકાર (માલી), કર્મકાર (લુહાર), શંખકાર (શંખ બનાવનાર), કુવિન્દક (વણકર), કુંભકાર (કુંભાર), કાંસકર (કંસારા), સૂત્રધાર (સુતાર), ચિત્રકાર અને સ્વર્ણકાર (સોની) એ સર્વેને શિલ્પી કહેલ છે. એટલે કે શિલ્પના વિસ્તૃત અર્થમાં પ્રાયઃ સર્વે મુખ્ય કારીગર આવી જાય છે. 'વાસ્તુશાસ્ત્ર' શિલ્પશાસ્ત્રનો એક વિભાગ છે. તેના લેખકો પૈકી **વિ**શ્વકર્માએ **અ**પરાજિત **વા**સ્તુશાસ્ત્ર રચ્યું કહેવાય છે તેમાં જિનમૂર્ત્તિ સંબંધી શ્લોકો છે.

૧૧૪૧. 'એક પાશ્ચિમાત્ય વિદ્વાને[૫૬૯] સંસ્કૃતિ Civilization અને સંસ્કારિતા (culture)નું સ્વરૂપ આળેખતાં તેની સાથે કળાનો સંબંધ જણાવ્યો છે તે જોઈએ. મનુષ્યના જીવનમાં અગ્રસ્થાન જ્ઞાનનું છે. જગતમાં આવી એ વસે છે અને પોતાની ઇંદ્રિયો દ્વારા જગતનો જે પરિચય એ મેળવે છે તે **જ્ઞાન** છે. પણ જ્ઞાન માટે બે ક્રિયાનો વ્યાપાર આવશ્યક છે. આસપાસના જગતના અંશેઅંશનો પરિચય મેળવવા તે અંશોની **શોધ** કરવી જોઈએ. શોધથી પ્રાપ્ત અંશોનું પૂર્ણ જ્ઞાન મેળવવા-મનુષ્યના ઉપયોગમાં એ અંશો આવી શકે એવું એમના વિષે જ્ઞાન મેળવવા જે વ્યાપાર ચાલે તેને આપણે **વિજ્ઞાન** કહીએ. જગતના અંશોના સ્વરૂપ, નિયમો વગેરે જાણ્યા પછી મનુષ્યના સુખ માટે તે અંશોનું પ્રયોજન કરવું તે **ઉદ્યોગ** (હુન્નર). કુદરત આકસ્મિક રીતે જે સુખ આપે તે સ્વીકારી સંતોષ માનનારા મનુષ્યો કુદરતને પોતાની સત્તામાં લાવી તેની મારફત સુખ મેળવવા ઉદ્યોગ કરે ત્યારે તેમના જીવનમાં મ્હોટો ફેરફાર થાય છે. કુદરતની વસ્તુઓ લઈ પોતાના ઉપભોગ માટે નવી વસ્તુઓ બનાવવામાં મજૂરી, મૂડી વગેરેનો ખપ પડે છે. એકાકી જીવન ગાળવાને બદલે બીજા મનુષ્યોના સંગમાં જીવન ગાળવું પડે છે. આથી એમના જીવન વ્યવહારની નવી **વ્યવસ્થા** થાય છે. આ વ્યવસ્થા થયા પછી મનુષ્યના જીવન વ્યવહારમાં નવા નવા પ્રશ્નો ઉઠે છે-તેમના નિર્ણય અને નિર્ણયાનુસાર તેમનો

---

૫૬૯. Chamberlain's Foundations of 19th Century Civilisation.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવન વ્યવહાર નિયત રાખવા અલાહિદી સત્તાની જરૂર પડે છે. આ સ્થિતિમાં **રાજસત્તા** જન્મે છે અને મનુષ્યોના સંસારમાં રાજા, રાજ્ય, રાષ્ટ્રના નાનાવિધના પ્રશ્નો ઊઠી ઉકેલાય છે. આ સર્વે મનુષ્યના ઐહિક જીવન સાથે નિસ્બત રાખનારી રચના છે. પણ નાનાવિધના પ્રસંગો અને કારણોને લીધે ઐહિક જીવનથી ભિન્ન જીવનની તૃષ્ણા, અનુભવ થાય છે અને તેમને અનુરૂપ એ ભિન્ન જીવનનાં અંશોની રચના પણ થાય છે. એ તૃષ્ણાએ અનુભવમાંથી જે દેવદેવીઓની પૂજા અને પૂજાઓને લગતા સમારંભો, ઉત્સવો, તેમની વ્યવસ્થા કરવાનાં સ્થાન અને કરનારા ખાસ અધિકારીઓ વગેરેનો જન્મ થાય છે. મનુષ્યોના ધાર્મિક જીવનની વિવિધ રચના આમ થાય છે. માનવોના સંસારમાં આ જે નવા નવા ફેરફારો અને તેમને અનુરૂપ ઘટનાઓ થાય છે તે સંબંધી મનુષ્યને વિચારો સ્ફૂરે છે. વસ્તુઓના જન્મ, પરસ્પર સંબંધ ઉદ્દેશ આદિ પરત્વે નાનાવિધના દૃષ્ટિબિંદુથી ગવેષણા થાય છે. ઈહ અને પર જીવનના નાનાવિધના દૃષ્ટિબિંદુથી ગવેષણા થાય છે. ઈહ અને પર જીવનના સંબંધો નિરૂપાય છે. સંસારમાં મનુષ્ય મનુષ્યના વ્યવહારનાં ધોરણ નક્કી થાય છે. આમ **તત્ત્વચિંતન, ધર્મચિંતન** અને **નીતિચિંતન**ના જન્મ થાય છે. ચિંતન પ્રમાણે જીવનના આચાર-વ્યવહાર ગાળવા પ્રયાસ થાય છે. કુદરત, મનુષ્ય અને ઈશ્વરના સમાગમ, પરિચય અને તત્સંબંધી ચિંતનથી એ ત્રણેમાં રહેલા સૌંદર્યની છાપ મનુષ્ય પર પડે છે. એ છાપ ઇંદ્રિયગોચર કરવા મનુષ્ય જે જે કરે છે તેને **કલા** કહેવામાં આવે છે. શોધ અને વિજ્ઞાનથી મનુષ્યનું **જ્ઞાન** વધે છે; ઉદ્યોગ, સમાજ-વ્યવસ્થા, રાજવ્યવસ્થા અને ધર્મવ્યવસ્થાથી તેની **સંસ્કૃતિ** ખીલે છે; ચિંતન અને કલાથી સંસ્કારિતા (culture) દીપે છે. આ સર્વે પ્રદેશોમાં ગૂજરાતીઓએ પોતાને માટે અને જગતને માટે જે કાંઈ કર્યું હોય-સ્વતંત્ર રચનાથી અથવા અન્યરચિત ઘટનાએ નવું રૂપાન્તર આપવાથી જે કાંઈ કર્યું હોય તેનું નિરૂપણ કરવું તેજ ગૂજરાતીઓનાં ગૌરવનું યશોગાન ગાવાનું છે. (રણજિતરામ ભાઈનો 'જૈન સંસ્કૃતિ' પરનો લેખ **જૈ. કૉ. હે.** નો જૈન ઇતિહાસ-સાહિત્ય અંક વીરાત્ ૨૪૪૧)

૧૧૪૨. જૈનોના સ્થાપત્યે જ ગૂજરાતની શોભા વધારી છે. એ પ્રસિદ્ધ વાત છે કે જૈનકલા અને સ્થાપત્ય જીવંત વિદ્યમાન ન હોત તો વિસંવાદી મુસલીમ કળાથી હિંદુકલા દૂષિત થઈ જાત. **પ્ર**ભાસ-પાટણના પ્રસિદ્ધ **સો**મનાથના શિવમંદિર વિષે મી. **ફ**ર્ગ્યુસન પોતાના સ્થાપત્યપરના ગ્રંથમાં જણાવે છે કે જો કે તે બ્રાહ્મણ ધર્મનું મંદિર છે, છતાં તે બારમી સદીમાં ગૂજરાતમાં જૈનોએ વાપરેલી શૈલીનું ઉદાહરણ દાખવે છે. **રા**ણકપુરના જૈન મંદિરના અનેક સ્થંભો જોઈને તે કલારસિક વિદ્વાન મુગ્ધ થાય છે; તેનો એક પણ સ્થંભ બીજા સ્થંભ જેવો નથી, દરેક સ્થંભમાં વિવિધતા છે, તેની ગોઠવણમાં પ્રાસાદ (grace) છે, જાુદી જાુદી ઉંચાઈના ઘુમટોનો ખૂબીપૂર્વક સમૂહ કરેલો છે, અને તે છતાં પ્રકાશ આણવાની યુક્તિ સફળ રીતે વાપરી છે-આ સર્વ ઉત્તમ પ્રભાવ પડે છે. દેલવાડા મંદિરો સંબંધી-**વિ**મલ મંત્રીના બંધાવેલ મંદિર માટે તે લખે છે કે તે સુરુચિ જેટલું કરવા આપે તેટલું બહુશ્રમસિદ્ધ છે, છતાં વધુ સરલ અને વધુ વિસ્મયકારક છે. તેનો આરસનો ઘુમટ તેના અતિ મૂલ્યવાન કોતરણીના કામથી મહા સૌંદર્યવાળો છે. **તે**જપાલનું **આ**બૂપરનું શ્વેત આરસનું આખું મંદિર વિગતની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂક્ષ્મતા અને આભૂષણોની સમુચિતતાથી એટલા બધા પ્રમાણમાં નિર્માયલું છે કે તેની જોડી તેવા પ્રકારના ઉદાહરણથી કયાંય પણ પ્રાયઃ મળે તેમ નથી. આ સ્થાપત્યના અતિ સુંદર જીવતા જાગતા નમુનાઓએ-જૈન કલાએ હિંદુ કલા પર જ નહિ, પરંતુ વિદેશથી આવેલી મુસલમાનોની કલા પર પણ પ્રભાવ પાડયો છે. અમદાવાદની મુસ્લીમ કલામય ઈમારતો પરથી તે સ્પષ્ટ દિસે છે.[૫૭૦]

૧૧૪૩. મૂર્તિવિધાન-પ્રાચીન ભારતીય કલાકારોએ મૂર્તિઓ બનાવવામાં તેના આંતરિક ભાવ અને પરિચિન્તનનું પ્રદર્શન કરવાની ચેષ્ટા કરી છે. આ ચેષ્ટામાં તેમણે મૂર્ત્તિની મુખાકૃતિ જ વિશેષ સુંદર બનાવવાની અને તેમાં યોગ અને શાન્તિનો ભાવ બતાવવાની વિશેષ કાળજી રાખી છે, ભારતીય કલાનું સર્વોત્કૃષ્ટ ઉદાહરણ **બુદ્ધ** અને **જિન**ની મૂર્ત્તિઓમાં મળે છે. તે મૂર્ત્તિઓ નિઃસંદેહ અતિ સુંદર છે ને તે જોતાં તેમની શાન્તપ્રકૃતિ અને ધ્યાનમુદ્રા એકદમ પ્રત્યક્ષ થાય છે. તેમને જોઈને **ધ**નપાલ કવિએ કહેલ છે તેવા ઉદ્‌ગાર સહેજે નીકળી પડે છે કે :-

प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं वदनकमलमंकः कामिनीसंगशून्यः ।
करयुगमपि यत्ते शस्त्रसंबंधवन्ध्यं तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥

- જેના નયનયુગલ પ્રશમરસમાં નિમગ્ન છે અને પ્રસન્ન છે, જેનું વદનકમલ કામિનીના સંગથી શૂન્ય અને નિષ્કલંક છે, જેના કરયુગલ શસ્ત્રના સંબંધથી મુક્ત છે, તેવો તું તે કારણે વીતરાગ હોઈ જગતમાં ખરો દેવ છે.

कथयन्ति कषायमुक्तिलक्ष्मीं यस्या शांततया भवान्तकानां ।
प्रणमामि विशुद्धये जिनानां प्रतिरूपाण्यभिरूपमूर्त्तिमंति ॥

-સંસારથી મુક્ત શ્રી જિનેન્દ્ર દેવોની તેમના તદાકારરૂપ સુંદર મૂર્ત્તિઓ કે જેઓ પોતાની પરમ શાન્તતાદ્વારા સંસારી જીવોના કષાયોની મુક્તિરૂપી લક્ષ્મી કહે છે-ઉપદેશે છે તેમને હું આત્મશુદ્ધિ માટે પ્રણામ કરૂં છું.

૧૧૪૪. અથવા 'शान्तं शिवं सुन्दरं' એમ સ્વાભાવિક કહેવું પડે છે. જ્યારે કોઈ પૂજાર્થી આ મૂર્ત્તિઓ પ્રત્યે જુએ છે ત્યારે તેના વિચાર આ સંસારમાંથી નીકળી આધ્યાત્મિક સંસારમાં જઈ પહોંચે છે. આ માટે **શુ**ક્રાચાર્યે **શુ**ક્રનીતિમાં જણાવ્યું છે કેઃ 'પ્રતિમાની વિશેષતા એ હોવી જોઈએ કે તે યોગ અને પરિચિંતનની પ્રત્યે લઈ જવામાં સહાય આપે.' મૂર્ત્તિ બનાવવામાં મૂર્ત્તિકારનો ઉદેશ ચર્મ-ચક્ષુઓને માટે આનન્દ ઉત્પન્ન કરવાનો નહોતો પણ પૂજાર્થીના હૃદયમાં યોગના ભાવ ઉત્પન્ન કરવાનો હતો તેથી મૂર્ત્તિઓ ધ્યાનાવસ્થિત, શાંતસ્વભાવની તથા शान्तं शिवं सुन्दरं ના આદર્શવાલી હોવી જોઈએ. **શુ**ક્રનીતિમાં એ પણ કહ્યું છે કે મૂર્ત્તિઓનો બનાવનારો મનુષ્ય પણ ધ્યાનશીલ પ્રકૃતિનો હોવો ઘટે, અન્યથા તેને આ પ્રકારની મૂર્ત્તિઓ રચવાનો સંભવ નથી.

૧૧૪૫. ભારતીય ચિત્રકળાના સમર્થ અભ્યાસી શ્રીયુત **ના**નાલાલ **મ**હેતા જૈન પ્રતિમાવિધાન

---

૫૭૦. લાલા લજપતરાયના 'ભારતવર્ષકા ઈતિહાસ'માં જૈનધર્મ વિષે કેટલાંક અમાન્ય કથનોનો મારા મિત્ર રા. **મો**હનલાલ ભગવાનદાસ ઝવેરીએ લખેલ ઉત્તર કે જે જૈન એસોસિયેશન ઓફ ઈન્ડિયા, મુંબઈ તરફથી સન ૧૯૨૫માં Historical Fact about Jainism નામથી પ્રકટ થયેલ છે. તેમાંથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષે લખે છે કેઃ- 'નંદવંશના રાજ્યકાળથી લગભગ ઈ. સ. પંદરમા સૈકા સુધીના આપણી શિલ્પ કળાના નમૂના વિદ્યમાન છે. જૂના વખતમાં મૂર્ત્તિવિધાન અને ચિત્રાલેખન, સ્થાપત્યને અંગે એના આભૂષણ રૂપે વિકાસ પામ્યાં હતાં. લલિત કલામાં, આપણું સ્થાપત્ય ને પ્રતિમાનિર્માણ, આમ કલાની તવારીખમાં વિશેષ મહત્ત્વનાં છે. એમાંયે ખાસ કરીને મૂર્ત્તિવિધાન તો આપણી સંસ્કૃતિનું, આપણી ધર્મભાવનાનું અને વિચારપરંપરાનું મૂર્ત્ત સ્વરૂપ છે. આરંભથી લઈ મધ્યકાલીન યુગના અંત સુધી આપણા શિલ્પકારોએ એમની ધાર્મિક ને પૌરાણિક કલ્પનાનું અને હૃદયની પ્રાકૃત ભાવનાનું દિગ્દર્શન કરાવ્યું છે. જૈન ધર્મ નિવૃત્તિ-પ્રધાન ધર્મ છે ને એનું પ્રતિબિંબ, એના મૂર્ત્તિવિધાનમાં આદિકાળથી લઈ છેવટે સુધી એક જ રીતે પડેલું મળી આવે છે. ઈ.સ. ના આરંભની કુશાણ રાજ્યકાળની જે જૈન પ્રતિમાઓ મળી આવે છે. તેમાં અને સેંકડો વર્ષ પછી બનેલ મૂર્ત્તિઓમાં બાહ્ય દૃષ્ટિએ બહુ જ થોડો ભેદ જણાશે. જૈન અર્હત્‌ની કલ્પનામાં શ્રી મહાવીરસ્વામીના વખતથી માંડીને શ્રી હીરવિજયસૂરિના કાળ સુધીમાં કોઈ ઉંડો ફેરફાર થયો જ નહિ. એથી જેમ બૌદ્ધકલાની તવારીખમાં, મહાયાનવાદના પ્રાદુર્ભાવથી જેમ ધર્મનું અને એને લઈ તમામ સભ્યતાનું રૂપ જ બદલાઈ ગયું, તેમ જૈન લલિતકલાના ઈતિહાસમાં બનવા ન પામ્યું અને જેથી જૈન મૂર્ત્તિવિધાનમાં વિવિધતા-અનેકરૂપતા ન આવી. મંદિરનો ને મૂર્ત્તિઓનો વિસ્તાર તો ઘણો જ વધ્યો, પણ વિસ્તારની સાથે વૈવિધ્યમાં કે ગંભીરતામાં વધારો ન થયો. પ્રતિમાનાં લાક્ષણિક અંગો લગભગ બે હજાર વર્ષ સુધી એક રૂપમાં કાયમ રહ્યાં ને જૈન કેવલીની ઉભી કે આસીન મૂર્ત્તિમાં લાંબા કાળના અંતરે પણ વિશેષ રૂપભેદ થવા ન પામ્યો. જૈન મૂર્ત્તિઓ ઘડનારા સદા ઘણાભાગે હિંદવાસી જ હતા, પણ જેમ ઈસ્લામી શહેનશાહતના વખતમાં આપણા કારીગરોએ ઈસ્લામને અનુકૂળ ઈમારતો બનાવી, તેમજ પ્રાચીન શિલ્પીઓએ પણ જૈન અને બૌદ્ધ પ્રતિમાઓમાં તે તે ધર્મની ભાવનાઓને અનુસરી પ્રાણ ફુંકયો. જૈન તીર્થંકરની મૂર્ત્તિ વિરક્ત, શાંત ને પ્રસન્ન હોવી જોઈએ. એમાં મનુષ્ય હૃદયના નિરંતર વિગ્રહને માટે-એની અસ્થાયી લાગણીઓ માટે, સ્થાન હોય જ નહિ. જૈન કેવલીને આપણે નિર્ગુણ કહીએ તો પણ ખોટું નહિ. એ નિર્ગુણતાને મૂર્ત્ત શરીર આપતાં સૌમ્ય ને શાંતિની મૂર્ત્તિ જ ઉદ્‌ભવે પણ એમાં સ્થૂલ આકર્ષણ કે ભાવનાની પ્રધાનતા ન હોય. એથી જૈન પ્રતિમા એની મુખમુદ્રા ઉપરથી તરત જ ઓળખી શકાય છે. ઊભી મૂર્ત્તિઓના મુખ ઉપર પ્રસન્ન ભાવ અને હાથ શિથિલ-લગભગ ચેતનરહિત સીધા લટકતા હોય છે. નગ્ન ને વસ્ત્રાચ્છાદિત પ્રતિમાઓમાં વિશેષ ફરક હોતો નથી. પ્રાચીન શ્વેતાંબર મૂર્ત્તિઓમાં પ્રાયઃ એક કટિવસ્ત્ર નજરે પડે છે. આસીન પ્રતિમા સાધારણ રીતે ધ્યાનમુદ્રામાં ને પદ્માસનમાં મળી આવે છે. તેઓના બન્ને હાથ ખોળામાં ઢીલી રીતે ગોઠવાયેલા હોય છે. હસ્તમુદ્રા સિવાય બીજી બધી બાબતો લગભગ બૌદ્ધ મૂર્ત્તિઓને મળતી આવે છે. ૨૪ તીર્થંકરોનાં પ્રતિમા વિધાનમાં વ્યક્તિભેદ ન હોવાથી લક્ષણાંતરને લઈને જ આપણે મૂર્ત્તિઓને જુદા જુદા તીર્થંકરના નામે ઓળખી શકીયે. આસન ઉપર સાધારણ રીતે તીર્થંકરનું લાક્ષણિક ચિન્હ કે વાહન ચિત્રિત હોય છે.

૧૧૪૬. જૈનાશ્રિત કલાનો પ્રધાન ગુણ એના અંતર્ગત ઉલ્લાસમાં કે ભાવનાલેખનમાં નથી. એની મહત્તા, એની કારીગરીની ઝીણવટમાં, ઉદાર શુદ્ધિમાં, એક પ્રકારની બાહ્ય સાદાઈમાં રહેલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. જૈનકલા વેગપ્રધાન નહિ, પણ શાંતિમય છે. સૌમ્યતાનો પરિમલ, જૈન મંદિરોનાં પ્રસિદ્ધ સુગંધિત દ્રવ્યોની પેઠે, સર્વત્ર મ્હેકે છે. એમની સમૃદ્ધિમાં પણ ત્યાગની શાંત ઝળક દીપે છે. અમદાવાદના હઠીસિંહની વાડીના (ઈ.સ.) ૧૯મી સદીનાં મંદિરોના મંડપોમાં સુંદર નર્તકીઓનાં પૂતળાં જોઈ મેં ત્યાં મળેલા ભાવિક જૈનોને એ વિલાસિતાના ચિત્રાલેખનનું પ્રયોજન પૂછ્યું ત્યારે સહુથી સંતોષકારક ઉત્તર એક નવયુવક તરફથી એવો મળ્યો કે બહારના મંડપોમાં ઋદ્ધિ અને સિદ્ધિ મૂર્ત્તિમંત આળેખવાનું પ્રયોજન એટલું જ હતું કે ત્યાગીને એ સહુ વસ્તુઓ શક્ય છતાં ત્યાજ્ય હોઈ બહાર જ પ્રવર્ત્તે છે. આ જ ઉદ્દેશને અનુસરી જૈન સ્થાપત્યના અનુપમ વૈભવમાં પણ ત્યાગની અનન્ય શાંતિ છુપાયેલી છે.' (**જૈન સા.સંશોધક** ૩, ૧, ૫૮ થી ૬૧)

૧૧૪૭. વળી પ્રસિદ્ધ ચિત્રકાર શ્રીયુત રવિશંકર **રા**વલ જણાવે છે કે 'હિંદી કળાનો અભ્યાસી જૈન ધર્મને જરાય ઉવેખી શકે નહિ. જૈન ધર્મ તેને મન કળાનો મહાન આશ્રયદાતા, ઉદ્ધારક અને સંરક્ષક લાગે છે. વેદકાળથી માંડી ઠેઠ મધ્યકાળ સુધી દેવદેવતાઓની કલાસૃષ્ટિના શણગારથી હિંદુ ધર્મ લદાઈ રહ્યો હતો. કાળ જતાં કળા ધીમે ધીમે ઉપાસનાના સ્થાનેથી પતિત થઈ ઇંદ્રિયવિલાસનું સાધન બની રહી. તે વખતે જાણે કુદરતે જ વક્રદૃષ્ટિ કરી હોય તેમ મુસલમાની આક્રમણોએ તેની એ સ્થિતિ છિન્નભિન્ન કરી નાંખી, હિંદુ ધર્મે દારિદ્ર્ય તથા નિર્બળતા સ્વીકારી લીધાં. **સો**મનાથ ખંડેર બની ઉભું. તે વખતે દેશની કળાલક્ષ્મીને પૂજ્ય અને પવિત્ર ભાવથી આશરો આપનાર જૈન રાજકર્ત્તાઓ તથા જૈન ધનાઢ્યોનાં નામ અને કીર્ત્તિ અમર રાખી કળાએ પોતાની સાર્થકતા સિદ્ધ કરી છે. **મ**હમુદની સંહારવૃષ્ટિ પુરી થતાં જ **ગિ**રનાર, **શ**ત્રુંજય અને **આ**બૂનાં શિખરો પર કારીગરોનાં ટાંકણાં ગાજી ઉઠ્યાં અને જગત માત્ર વિસ્મયમાં ઠરી જાય એવી દેવનગરીઓ ઝળકી ઊઠી. દેશના કુબેરોએ આત્માની રસતૃપ્તિ દેવને ચરણે શોધી-સુગંધ, રૂપ, સમૃદ્ધિ, સર્વ ધર્મમાં પ્રગટાવ્યાં, અને કળાનિર્માણનું સાચું ફળ શાંતિ અને પવિત્રતા અનુભવ્યાં. પરિણામે કળા થોડાએક વિલાસી જીવોના એકાંતી આનંદનો વિષય નહિ પણ દરેક ધર્મપરાયણ મુમુક્ષુ માટે સર્વકાળ પ્રફુલ્લિત સુવાસિત પુષ્પ બની રહી. દરેક ધર્મસાધક એ કલાસૃષ્ટિમાં આવી એકાગ્રતા, પવિત્રતા અને મનની સમાધાની મેળવતો થયો. ધર્મ દૃષ્ટિએ દેવાયતનો શ્રીમાનોને માટે દ્રવ્યાર્પણની યોગ્ય ભૂમિ બન્યાં. એ પૈસાથી તેમના પરિવાર વિલાસથી બચી તેઓ ખાનદાની ભર્યો ત્યાગ અને કુલગૌરવ સમજ્યા. એ ધનિકોના નિઃસ્વાર્થ અને ઉદાર દ્રવ્યત્યાગથી દેશમાં કારીગરો અને સ્થપતિઓનાં કુલો ફૂલ્યાં ફાલ્યાં. અસંખ્ય શિલ્પીઓમાંથી કોઈ ઈશ્વરી બક્ષિસવાળા હતા તે અદ્‌ભુત મૂર્ત્તિવિધાયક થયા. સ્થાપત્ય કે મૂર્ત્તિ, વેલ કે પૂતળી,-દરેકના વિધાનની પાછળ એમની અતિશય ઉચ્ચ માનસવાળી આધ્યાત્મિક જીવનદૃષ્ટિનું ભાન થયા વિના રહેતું નથી. **આ**બૂ ઉપરની દેવ મહેલાતો, **ગિ**રનાર પરનાં મોટા ઉઠાવનાં દહેરાં, કે **શ**ત્રુંજય પરનાં વિવિધ ઘાટનાં વિમાનો જોનારને આપણા આ યુગની કૃતિઓ માટે શરમ જ આવે છે. જૈનધર્મને કળાએ જે કીર્ત્તિ અને પ્રસિદ્ધિ અપાવી તેથી હિંદ આખું મગરૂર છે અને એ દરેક ભારતવાસીનો અમર વારસો છે.' ('હિંદી કલા અને જૈન ધર્મ' એ નામનો લેખ **જૈન સા. સંશોધક** ૩, ૧, પૃ. ૭૯)

૧૧૪૮. ચિત્રકલા-પ્રાચીન સંસ્કૃત સાહિત્ય પરથી જણાય છે કે પ્રાચીન ભારતમાં ચિત્રકલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૃત અવસ્થામાં નહોતી. સમાજમાં તેનો સંતોષજનક આદર અને પ્રચાર હતો. લોક ચિત્રવિદ્યાને પ્રસન્નતાથી શીખતા. ચિત્રકલા ઘણા વિસ્તારમાં પ્રચલિત હતી. સ્ત્રી-પુરુષો રાજકુમાર રાજકુમારીઓ વગેરેનો તેનો પ્રત્યે અનુરાગ હતો એટલું જ નહિ પણ વ્યવહારૂ રૂપમાં પણ આ કલાની શિક્ષા તેઓ પ્રાપ્ત કરતા. રાજાઓ અને શ્રીમંતો મોટી ચિત્રશાલાઓ સ્થાપતા હતા. પ્રાચીન ભારતની ચિત્રકલાનું જીવતું જાગતું ઉદાહરણ **અજંતા** અને **વાઘ**ની ગુફાઓમાં મળે છે.

૧૧૪૯. 'અજન્તાનાં ચિત્રોથી રાજપૂત-ચિત્રકલાની ઉત્પત્તિ થઈ છે. **અજન્તા**ની ચિત્રકલા પછી હિન્દુ-ચિત્રકલા એકાએક લુપ્ત થાય છે. મધ્યયુગની ભારતીય ચિત્રકલાનાં ચિન્હ હાલ ઘણાં ઓછાં મળે છે; પણ એ નિશ્ચિત છે કે ભારતમાં તે કલા બરાબર ચાલુ રહી. **અજન્તા**ની ચિત્રાવલી પછી હિન્દુ ચિત્રકલા ઉત્તરોત્તર વિકસિત થઈ બેક સદી પછી પૂર્ણ વિકાસ પર પહોંચી હશે. તેમાં ફેરફાર ધીમે ધીમે થયા તેથી તેનો કાલનિર્ણય કરવો બહુ કઠણ છે. એટલું કહી શકાય કે હિન્દુ અને બૌદ્ધકલાનો સંપૂર્ણ વિકાસ બે હજાર વર્ષનો છે. (તેમાં જૈન કલાનો સમાવેશ થાય છે.) રાજપૂત ચિત્રકલા હિન્દુ કલામાંથી જન્મી પણ તેનો સમયનિર્ણય કરવો મુશ્કેલ છે. મુગલ ચિત્રકલા અકબરના સમયથી-ઈસુની સોલમી સદીથી ઉદ્‌ભવી ૧૯મી સુધી રહી. રાજપૂત ચિત્રકલા એક બાજુ ઈરાની ચિત્રકલાને બીજી બાજુ હિન્દુ ચિત્રકલા એ બે વચ્ચેની ખીણ-ખાઈ સમાન છે. **અબુલફજલે** કહ્યું છે કે 'હિન્દુ ચિત્રકલા અમારી સાધારણ કલ્પનાથી કંઈ વધારે આગળ વધેલી છે.' તેમાં વિષયોની પ્રચુરતા અને ભાવનાઓનું ઉંડાણ છે. હિન્દુધર્મના આત્મસંયમ, ત્યાગ, પવિત્રતા, અતિશયોક્તિ કોમલતા અને પ્રચંડતા-સર્વે તેની ચિત્રકલામાં પ્રત્યક્ષ થઈ જાય છે. આ કલા મહાકાવ્ય જેવી છે. તેની વૃત્તિ ધાર્મિક અને શૈલી આદર્શવાદી છે. તેમાં સુંદર વ્યક્તિગત ચિત્ર અપેક્ષાકૃત ઓછાં મળે છે. રાજપૂત ચિત્રકલાની સર્વોત્તમ કૃતિઓનાં કાવ્ય અને કાલ્પનિક કોમલતાને અતિરંજિત કરવાં અથવા તેની બનાવટની વિશેષ પ્રશંસા કરવી બહુ મુશ્કેલ છે. બીજી બાજુ પૌરાણિક ચિત્રો ઘણાં મળે છે. તેમાં **કૃષ્ણ**નાં ચિત્રોનું બાહુલ્ય છે. રાગ રાગણીઓનાં ચિત્ર વિશુદ્ધ ભારતીય કલાનાં ઉદાહરણ છે. કેટલાંકમાં સામાન્ય ચીજો પશુ પક્ષી વૃક્ષ અને તીર્થસ્થાન આદિ વિશેષતાપૂર્ણ છે. રાજપૂત શૈલીનાં ચિત્ર પ્રાયઃ સમસ્ત ઉત્તર ભારતમાં-રાજપૂતાના, પંજાબ અને હિમાલય પ્રદેશમાં બનતાં. તેમાં વિદેશી પ્રભાવ બહુ ઓછો આવતો. બૌદ્ધ કલાનાં અવયવો મોજૂદ હતાં, ચિનીનું પણ મિશ્રણ થયેલું. તેનાં દૃશ્યપટ કેવલ ભારતીય છે.

૧૧૫૦. મુગલ ચિત્રકલા સત્તરમી સદીમાં—જહાંગીરના શાસનના આરંભના કાલ સુધી સરંક્ષિત થઈ વિકસિત બની. ત્યાર પછી તેનો શિઘ્રતાથી હ્રાસ થયો. તે માત્ર મોટાં મોટાં શહેરો જેવાં કે **આગ્રા, દિલ્હી, લખનઉ, લાહોર** આદિ-સુધી જ પરિમિત હતી. તેનામાં ઈરાની ચિત્રકલાના અંશો દાખલ થયા. વિદેશી પ્રભાવ ઘુસ્યો. આ વિદેશી મિશ્રણથી એક નવીન કલા થઈ.[૫૭૧]

૫૭૧. ડૉ. આનંદ કે. કુમારસ્વામી-વિશેષ માટે જુઓ 'ઇંડિયન આર્ટ એન્ડ ઇંડસ્ટ્રિના જર્નલનું ૧૬મું વૉ. જુલાઈ સન ૧૯૧૪નો અંક 'જૈન આર્ટ પર સચિત્ર પ્રકટ થયો છે તેમાં તેની નોંધ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧૫૧. ગૂજરાત મારવાડ અને રાજપૂતાના વચ્ચે ઘણા સૈકાઓ સુધી ગાઢો વ્યવહાર-રાજકીય સામાજિક અને ધાર્મિક એમ ત્રણે પ્રકારનો સંબંધ રહ્યો. **ઓસી**યાથી ઓસવાળો ને **શ્રી**માલથી શ્રીમાલીઓ ગૂજરાતમાં આવ્યા. જૈન વણિકોનો ઇતિહાસ આ પારસ્પરિક સંબંધ પ્રાચીન કાલથી જણાવે છે. **કર્ણ, સિદ્ધરાજ, કુમારપાલ** આદિના સમયનાં તાડપત્રનાં જૈન પુસ્તકો મળે છે ને તેમાં ચિત્રો ક્યાંક ક્યાંક મૂકેલાં મળે છે. સં. ૧૨૯૪ની તાડપત્રની પ્રતમાં **હેમચંદ્રસૂરિ** અને **કુમારપાલ**નાં દોરેલાં ચિત્રો આ પુસ્તકમાં મૂકેલ છે. વળી **કલ્પસૂત્ર** કે જે દરેક ચાતુર્માસમાં પર્યુષણ પર્વમાં વ્યાખ્યાન સમયે વંચાતું આવ્યું છે. તેની હજારો ચિત્રિત હસ્તલિખિત પ્રતો સુવર્ણ, રૌપ્ય આદિની શાહીઓ વતી પુષ્કળ દ્રવ્યના ખરચે લખાવેલી પંદરમા સૈકા સુધીની પ્રાચીન મળે છે. ડૉ. **કુમારસ્વામી** આ કલ્પસૂત્રની અમુક પ્રત પરથી મળેલાં ઈ.સ. ૧૫મા શતકનાં ચિત્રો **Journal of Indian Art and Industry** વૉ. ૧૬ જુલાઈ ૧૯૧૪ના અંકમાં પ્રકટ થયેલ તે પરથી જૈન કલા સંબંધી જણાવે છે કે 'જૈન મૂર્ત્તિવિધાન અને પુરાતત્ત્વના અભ્યાસીને, આ જૈન ચિત્રો પહેરવેશ, રીતભાત અને કાર્યોનાં ઉદાહરણ રૂપે અતિ ઉપયોગી છે એટલું જ નહિ પરંતુ કાગળ પરના જૂનામાં જૂનાં હિંદી ચિત્રો તરીકે તેમજ જૂની પરંપરા પર રાજપૂત ચિત્રકલાની માફક આધાર રાખતી હિંદી ચિત્રકલાની અત્યાર સુધી લગભગ અજ્ઞાત રહેલી એક વિશિષ્ટ ચિત્રકલાના દર્શક તરીકે સમાન બલ્કે અતિ વિશેષ રસ આપનારાં છે. વળી તેઓ રાજપૂત ચિત્રકલાનાં જૂનામાં જૂનાં મળતાં ચિત્રો કરતાં ઓછામાં ઓછા દોઢ સૈકા કરતાં તે જૂનાં છે. એ ખરેખર સંભવિત છે કે પશ્ચિમ હિંદના જૈન ભંડારો વિશેષ બહાર આવશે ત્યારે ઈ.સ. ૧૫મા સૈકા કરતાં પણ વધુ જૂની હસ્તપ્રતો પર ચિત્રાયેલાં ચિત્રો મળી આવશે.' બારમાંથી પંદરમા સૈકાનાં જૈન ચિત્રો મળી આવ્યાં છે તે પરથી જૈન ચિત્રકલા કરતાં અતિ જૂની છે એ નિઃસંદેહ રીતે સ્પષ્ટ છે. 'આ ઉપરાંત જૈન શિલ્પકલા ગૂજરાતમાં છે ત્યાં પણ ઘણાં ચિત્રો દિવાલો, છત વગેરેમાં દોરેલાં ઉપલબ્ધ છે. ૧૫મા સૈકાના જૈન ચિત્રો ચિત્રાયાં ત્યારે મુગલ ચિત્રકલા અસ્તિત્વમાં આવી જ નહોતી.'

૧૧૫૨. સંગીતકલા-જૈન ધર્મની નિવૃત્તિના ધોરણે આ કલામાં જે જાતનો સંગીતનો નાટકી દેખાવ અત્યારે જોવામાં આવે છે તેને સ્થાન નથી. સંગીતને દેવમંદિરોમાં જૈનપૂજા નિમિત્તે રચાયેલાં કાવ્યો કંઠથી ગાવા રૂપે અને સાથે વાદ્ય બજાવવા રૂપે સ્થાન અપાયું છે, પરંતુ તદુપરાંત તેનો ઇંદ્રિયવિલાસના સાધનરૂપે ઉપયોગ કરવાનો નથી. હૃદયના ઉલ્લાસ પ્રભુગુણોત્કીર્ત્તનમાં જાગે એ તેનો ઉદ્દેશ છે. 'સંગીતજ્ઞાનથી શૂન્ય મનુષ્ય તે યોગી ન હોય તો પશુવત્ છે. સાચું કહીએ તો યોગી પણ સંગીત વિના પોતાનું કામ ચલાવતો નથી. તેનું સંગીત હૃદયવીણામાંથી નીકળે છે, તેથી આપણને તે સાંભળવાનું મળતું નથી. યોગી હૃદય દ્વારા ભગવાનનું ભજન કરે છે. કોઇ કંઠ દ્વારા તેનું ભજન કરે અને બીજા તેને ભજન કરતા સાંભળે. આમ કરતાં આપણે પોતાના હૃદયમાં નિરંતર ગુંજારવ કરનાર સંગીતને સાંભળતા થઇશું. x x ભક્તિપરાયણતા થાય તેટલા પૂરતો તેનો પરિચય-આવશ્યક છે.' (**ગાં**ધીજી)

૧૧૫૩. કલકત્તામાં કલાનું સંગ્રહાલય **શ્રી પૂરણચંદ્રજી નાહર M.A.B.L.** નું 'કુમારસિંહ ભવન' છે તે ભારતીય કલાનું પ્રતિનિધિ છે. તેમાં ભારતીય ચિત્રોનો એક સુંદર સંગ્રહ છે. તેમાં જૈન શૈલીનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિત્રો ઉપરાંત રાજપૂત રાજસ્થાની, રાજપૂત-પહાડી, મુગલ, ફારસી આદિ શૈલિઓનાં અને આધુનિક ભારતીય કલાના પ્રતિનિધિ ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. વિશુદ્ધ રાજપૂત શૈલીનાં રાગિણી-ચિત્રોનો પણ સારો સંગ્રહ છે. ચિત્રો સિવાય હાથી દાંતની કારીગરીની ચીજો અને પુરાણી મૂર્ત્તિઓનો સંગ્રહ છે અને મહત્ત્વપૂર્ણ ભાગ તો પ્રાચીન સિક્કાઓ અને હસ્તલિખિત પ્રતોનો છે. તેવી પ્રતો પ્રાયઃ પાંચ હજાર છે, કે જે બધી જૈન પ્રતો છે. તેમાંની કેટલીક તો બહુ જુની અને મૂલ્યવાન છે. આવો કલાસંગ્રહ કરવામાં **પૂરણચંદજી**એ પુષ્કળ દ્રવ્ય ખર્ચી અતિ કલાપ્રેમ દાખવ્યો છે તે માટે તેમને ખાસ ધન્યવાદ ઘટે છે. એ પ્રમાણે અન્ય સ્થિતિ સંપન્ન સજ્જનોમાં પણ કલા અને વિદ્યાપ્રેમ ઉત્પન્ન થાઓ !

૧૧૫૪. 'જૈનોએ સાહિત્ય અને કલા માટે ઘણું કર્યું છે અને તે સર્વેના સંગ્રહ, પ્રકાશન અને કદરની જરૂર છે. આ સંબંધમાં થોડીક સૂચના કરૂં છું:-

(૧) જેટલા જૈન ભંડારો હોય તેમાંના ગ્રંથો, ચિત્રો વગેરેની **યાદી** કરાવવી અને વિદ્વાન પાસે તે ગ્રંથો તપાસાવી તેમના વિષે સવિસ્તર રીપોર્ટ તૈયાર કરાવવો.

(૨) ભંડારોમાં કપડાં, ચિત્રો વગેરે જે જે પ્રાચીન અને અત્યારે અપ્રાપ્ય ચીજો હોય તેના અહેવાલ પ્રગટ કરવા અને એક **સંગ્રહસ્થાન** સ્થાપી ત્યાં તે ચીજો સુરક્ષિત રાખી તેમને પ્રસિદ્ધિમાં લાવવી.

(૩) જૈન મંદિરો, પ્રતિમાઓ વગેરે પર **લેખો** હોય તે સાલવાર પ્રગટ કરાવવા.

(૪) મંદિરો પ્રતિમાઓની **છબીઓ, નકશા** વગેરે પ્રગટ કરવાં.

(૫) મંદિરોની વિધિઓ, ઉત્સવો, વગેરેનાં **સચિત્ર વર્ણન** પ્રગટ કરવાં.

(૬) જે જે જૈન વેપારીઓનાં જૂનાં નિવાસસ્થાન હોય ત્યાંથી જૂનામાં જૂના ચોપડાઓ, દસ્તાવેજો વગેરે મેળવી તેમાંથી પ્રાચીન **જૈન વેપારની વિગતો** પ્રગટ કરવી.

આ પ્રમાણે થયા પછી વિજ્ઞાન, ઉદ્યોગ, સમાજવ્યવસ્થા, રાજવ્યવસ્થા, ધર્મવ્યવસ્થા, ચિંતન અને કલાના પ્રદેશમાં જૈનોએ શું શું કર્યું તેમનું સ્વરૂપ નિરૂપવાનાં સાધનો અને અનુકૂળતા પ્રાપ્ત થશે. (રણજિતરામભાઈનો 'જૈન સંસ્કૃતિ' પર લેખ જૈ૦ કૉ૦ **હેરેલ્ડ**-જૈન ઈતિહાસ સાહિત્ય અંક વીરાત્ ૨૪૪૧)

૧૧૫૫. સર્વ જાતની કળાઓના-લલિતકળાના વિસ્તાર અને પ્રચાર માટે પૂર્વના જૈનોએ ઉચ્ચ ભાવના અને દીર્ઘદૃષ્ટિ રાખી જે કર્યું છે. તેમાં અનેક વિકૃતિઓ થઈ છે અને જૈનોમાં હાલ કેવું કળાવિહીન જીવન થયું છે અને તે કેમ સુધારી શકાય તે ખાસ વિચારણીય છે. (આ માટે જુઓ રા. **પ**રમાણંદ **કુંવ**રજીની લેખમાળા નામે 'આધુનિક જૈનોનું કળાવિહીન ધાર્મિક જીવન' સં. ૧૯૭૬ ના વૈ. થી ૭૮ ના ફાગળ સુધીના ગાળામાં **જૈનધર્મ પ્રકાશ**માં કે જે પુસ્તકાકારે સં. ૧૯૮૫માં **'સુઘોષા'** કાર્યાલય તરફથી છપાયેલ છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ - ૭ ભારતી-પૂજામાં ગૂજરાતનો ફાળો અને ગૂજરાતમાં જૈનપ્રતાપ; સમયધર્મની વિચારણા.

'આજનો પ્રયત્ન બધા ધર્મની એકતા કરવાનો નથી. પણ ધર્મની ભિન્નતા છતાં દિલની એકતા કરવાનો છે. કબીર અને નાનકે હિન્દુ મુસલમાન બન્નેને એક કરવાનો પ્રયત્ન કર્યો હતો-તે પ્રયત્ન ધર્મમાં એકતા બતાવીને બન્નેને એક બનાવવાનો હતો. તેમાં તેઓ બહુ સફળ ન થયા. આજનો પ્રયત્ન તેનાથી જુદો એટલે ધર્મ જુદા છતાં દિલની એકતા કરવા રૂપ તિતિક્ષાનો છે. એક ધર્મનો અનુયાયી પોતાના ધર્મમાં ચુસ્ત રહે છતાં બીજા ધર્મના ચુસ્ત અનુયાયીને માન આપે, તેની સાચા દિલથી ઉન્નતિ ઈચ્છે એ પ્રયત્ન છે. આ પ્રયત્ન નવો જ છે અને તેથી નવો યુગ શરૂ થયો છે; છતાં આપણા ધર્મના મૂળમાં જે ભાવના રહેલી છે. તેનાથી તે નવીન નથી. આવી એકતા તૂટતી જ નથી, ને તૂટે છે તો પ્રેમ એ તોડનારને પણ ખેંચી રાખે. અહિંસામાં એવો પ્રેમ સમાયેલો છે. પ્રેમની પરીક્ષા અસિધારા પર ચાલવું એ છે. આપણે જો આપણા ધર્મની રક્ષા કરવા ઇચ્છીએ તો અસિધારા પર ચાલી જોવું ઘટે.

- મહાત્મા ગાંધીજી

૧૧૫૬. 'સાહિત્યના સર્જન, રક્ષણ અને વિસ્તારમાં ભારત દેશના બીજા ભાગોને મુકાબલે ગૂજરાતનું સ્થાન કયાં છે એનું સ્પષ્ટ અને વિસ્તૃત ભાન તો ગૂજરાતીઓને ગૂજરાત પ્રત્યે બહુ માનશીલ કરે તેવું અવશ્ય છે. એ વિષેની કંઈક માહિતી આ (જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઇતિહાસ) પરથી મળશે, અને તે પરથી સ્પષ્ટ થશે કે ભારતી મંદિરમાં સાહિત્યોપાસનાનું નૈવેદ્ય ધરવામાં પોતપોતાની ઢબે બીજા પ્રાન્તોએ જે શ્રદ્ધાપૂર્વક ભાગ લીધો છે. તેવો ભાગ લેવામાં વૈશ્યવૃત્તિપ્રધાન ગૂજરાત જરાયે પાછું નથી રહ્યું, બલ્કે ઘણા અંશોમાં તો તેનું વ્યક્તિત્વ માત્ર નિરાળું જ નહિ પણ બીજા પ્રાન્તો કરતાં ચઢીયાતુંયે છે.

૧૧૫૭. જૂના યુગને બાદ કરી ઐતિહાસિક યુગ તરફ આવી પૂર્વ અને ઉત્તર હિન્દુસ્થાનના વિદ્વાનોને જોઈએ છીએ તો તેઓ વ્યાકરણ, કોષ, કાવ્ય, નાટક, અલંકાર, દર્શન, અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર, નીતિ, ધર્મશાસ્ત્ર, સંગીત, શિલ્પ, જ્યોતિષ, ચિકિત્સા આદિ અનેક સાહિત્યની શાખાઓના મૌખિક તથા ટીકાત્મક ગ્રન્થો રચી વિશ્વભારતીને ભેટ કરતા નજરે પડે છે. દક્ષિણ હિંદુસ્થાનના બ્રાહ્મણ વિદ્વાનો પૂર્વ મીમાંસા અને ઉત્તર મીમાંસાના જગદાકર્ષક ભાષ્ય અને ટીકાગ્રન્થો રચીને સરસ્વતીની આરાધના કરતા નજરે પડે છે, તેમજ તે ભાગના દિગંબર જૈન વિદ્વાનો આગમિક અનેકાન્તવાદને તાર્કિક પદ્ધતિએ વિશદ કરતા ગ્રન્થોને રચી જૂદી જ રીતે સરસ્વતીની સેવા કરતા નજરે પડે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાશ્મીરના વિદ્વાનો વળી તંત્ર શૈવ અને પાશુપત દર્શન વિષે અનુપમ સાહિત્ય નિર્માણ કરી કાવ્ય અને અલંકારના પ્રદેશમાં અદ્‌ભુત પ્રતિભાદર્શક કૃતિઓ સરજી શારદાને પ્રસન્ન કરી રહ્યા છે, ત્યારે ગૂજરાતના સુપુત્રો પણ લગભગ સાહિત્ય અને કળાની પ્રાચીન બધી શાખાઓમાં ગૌરવ પ્રાપ્ત કરે તેવી કૃતિઓ બનાવી વાગ્દેવીની અભ્યર્ચના કરતા દેખાય છે.

૧૧૫૮. સાહિત્યના સર્જન, સંગ્રહ અને રક્ષણમાં ગૂજરાતના બ્રાહ્મણ સંપ્રદાયે કે શ્રમણ સંપ્રદાયમાં બૌદ્ધે શું ફાળો આપ્યો તેનો વિશિષ્ટ પરિચય અમને નથી. પરંતુ શ્રમણ સંપ્રદાયમાં જૈને અને તેમાં પણ શ્વેતાંબર જૈને કેટલો ભાગ આપ્યો છે તેનો અત્ર યથાશક્તિ ટુંકમાં પરિચય કરાવ્યો છે અને તે શ્વેતામ્બર જૈનોએ આપેલો બધો ફાળો ગૂજરાતે આપેલો ફાળો જ છે અને તેમાં જ ગૂજરાતનું વિશિષ્ટ વ્યક્તિત્વ અને ઉદારત્વ છે.

૧૧૫૯. જ્યારે પૂર્વ, ઉત્તર અને દક્ષિણ હિંદુસ્તાનના બ્રાહ્મણ વિદ્વાનો જ મુખ્ય ભાગે પોતાની પ્રતિભા અને વિદ્યાવ્યાસંગનું અદ્‌ભુત નિદર્શન દાર્શનિક અને તાર્કિક ગ્રંથો મારફત કરાવી રહ્યા છે, ત્યારે ગૂજરાતના જૈન શ્રમણો જ દાર્શનિક અને તાર્કિક પ્રદેશમાં પોતાની ગંભીર વિચારણાનું પ્રદર્શન કરાવે છે.

૧૧૬૦. ગૂજરાતમાં બૌદ્ધ વિદ્વાનને હાથે રચાયેલી કોઈ કૃતિ વિષે આજે સ્પષ્ટ પ્રમાણ નથી. બ્રાહ્મણ વિદ્વાનને હાથે દર્શન કે ન્યાયના વિષયમાં કાંઈપણ મહત્ત્વપૂર્ણ લખાયું હોય એવી માહિતી અદ્યાપિ નથી જ મળી. દર્શન અને તર્કના પ્રદેશમાં સ્વૈરવિહાર કરનાર આચાર્યો **સિદ્ધસેન, મલ્લવાદી, સિંહક્ષમાશ્રમણ, જિનભદ્ર, હરિભદ્ર, શાંત્યાચાર્ય, અભયદેવ, મલયગિરિ, હેમચંદ્ર, ચંદ્રપ્રભ, નરચંદ્ર, જિનેશ્વર, મુનિચંદ્ર, વાદિદેવસૂરિ, ગુણરત્ન, મલ્લિષેણ, રાજશેખર** અને છેલ્લા ઉપાધ્યાય શ્રી **યશોવિજયજી**-એ બધા જૈન શ્રમણો જ છે અને તેમાં કેટલાયે તો એવા છે કે જેની એકની કૃતિઓની સંખ્યા **ક્ષેમેન્દ્ર**ની કૃતિઓની સંખ્યા કરતાં બમણી કે ચારગણી સુધ્ધાં છે.'[૫૭૨]

૧૧૬૧. ગૂજરાત મૂળથી જ એકલું વ્યાપારપ્રધાન નથી. આજની પરિસ્થિતિ પરથી કેટલાકે માની લીધું છે કે ગૂજરાત માત્ર પૈસો પેદા કરવાની જ કળા જાણે છે; ગૂજરાતીઓમાં ધર્મજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનું સામર્થ્ય નથી. આ આક્ષેપ કેટલો ખોટો છે એ વિવિધ ધર્મોના આચાર્યોએ સમગ્ર દેશના ધાર્મિક ઈતિહાસમાં કેટલો મહત્વનો ભાગ ભજવ્યો છે. તેમાં ઉતરતાં જણાશે. જે ભૂમિની અંદર રહેલા ધનભંડાર ઉપર આપણે રોજ ફરતા હોઈએ તે ભંડારનું આપણને અહોનિશ ધ્યાન ન રહે એ સ્વાભાવિક છે. પણ એટલા જ ઉપરથી જો કોઈ એમ કહે કે ગૂજરાત ધર્મ અને તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં બીજા પ્રાંતો કરતાં શુષ્ક છે તો વેદધર્મ, બૌદ્ધધર્મ, જૈનધર્મ અને તે પ્રત્યેકની શાખા-પ્રશાખાનો દિગંતમાં પ્રચાર કરતા તત્ત્વજ્ઞાનીઓની એક મનોરમ જ્યોતિર્માળ રજુ કરી શકાય.

૧૧૬૨. ગૂજરાતમાં જૈનધર્મનો સર્વવ્યાપક પ્રભાવ છે, ગૂજરાતે જ શ્રી હેમચંદ્રાચાર્ય જેવા સમર્થ

---

૫૭૨. પં. **સુખલાલ** અને પં. **બેચરદાસ**નો 'સન્મતિતર્ક અને તેનું મહત્ત્વ' એ લેખમાંથી (જૈન રૌપ્ય મહોત્સવ અંક સં. ૧૯૮૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મોપદેશક અને 'કળિકાળસર્વજ્ઞ' ને જન્મ આપ્યો છે. એકલા હેમચંદ્રાચાર્યનું દૃષ્ટાંત સામાન્યતઃ જ્યાં ત્યાં અપાય છે, તો કહેવાનું કે હેમાચાર્યના પ્રતાપથી જ ગૂજરાતમાંનો જૈન પ્રતાપ સમાપ્ત થઈ જતો નથી, તેમ તેનાં મૂળ એટલા ઊંડાં છે કે સપાટી ઉપર તરતી આંખો તેને સ્હેજે જોઈ પણ ન શકે. ચંદ્ર જ્યારે પોતાની સંપૂર્ણ કળાએ પ્રકાશતો હોય ત્યારે તારાનું તેજ ઘડીભર ફીક્કું દેખાય, તેમ એક સમર્થ પુરુષની છાયામાં બીજા તેજસ્વી પુરુષો દબાઈ જાય એ કુદરતી છે. પરંતુ ઇતિહાસનો શોધક તો ભૂતકાળની ઊંડી ગુફાઓમાં નજર નાખી જ્ઞાત-અજ્ઞાત શસાનદીપકોને શોધી લે છે. આ કારણે ઇતિહાસમાં રસ લેતા એક અભ્યાસી તરીકે આ ઇતિહાસ લખાયો છે તે પરથી જણાશે કે ગૂજરાતની ભૂમિ પર એવા અસંખ્ય શાસનપ્રભાવકોએ પોતપોતાના પ્રભાવ જુદી જુદી દિશામાં વિસ્તાર્યા છે અને ગૂજરાતના કાવ્યસાહિત્ય, કળાવૈભવ અને તત્ત્વજ્ઞાનના પ્રદેશોને સુવર્ણરંગે રંગ્યા છે. તેમણે ધાર્મિક વાતાવરણ ઉત્પન્ન કરવામાં મોટો ફાળો આપ્યો છે એટલું જ નહિ પણ ગૂજરાતની ભાષા, ગૂજરાતનું સાહિત્ય, ગૂજરાતનું સ્થાપત્ય અને ગૂજરાતના વ્યાપાર-ઉદ્યોગ ઉપર પણ મુખ્યત્વે જૈનધર્મની જ આરપાર અસર દેખાઈ આવે છે.

૧૧૬૨ક. સાહિત્ય જેમ જીવનને ઘડે છે તેમ જીવનમાંથી જ સાહિત્ય રસ મેળવે છે તે સૂત્ર સર્વમાન્ય છે. ગૂજરાતની આજની અહિંસાપ્રિયતા, ઉદારતા અને સહિષ્ણુતા કોઈ એક અંશે શું જૈન શાસને ઉપજાવેલા વાતાવરણને આભારી નથી ? આ પ્રેરકબળ અતિ મૂલ્યવાન છે. પ્રભાવશાળી ચરિત્રોની ગણના તો સંખ્યાથી નક્કી કરી શકાય, પણ વાતાવરણમાં રહેલા સૂક્ષ્મ, છતાં અત્યંત પ્રેરણાભર્યા બળનો આંક કાઢવો એ જરા દુર્ઘટ છે. વેધક દૃષ્ટિ જ એ વ્યાપકતા જોઈ શકે છે. ભૂતકાળમાં જેમ જૈનાચાર્યોએ અને જૈન મંત્રીઓએ ગૂજરાતનું વાતાવરણ ઘડ્યું છે તેમ વર્ત્તમાન કાળમાં પણ જૈન તપસ્વીઓ અને આગેવાનો પોતપોતાની ક્ષેત્રમર્યાદામાં એ વાતાવરણની વિશિષ્ટતા જાળવવા મથી રહ્યા છે. કેટલીકવાર આ પ્રભાવવંતા વાતાવરણને અયથાર્થ રૂપમાં ચિતરવામાં આવે છે અને ગૂજરાતમાં જૈનોએ જે અહિંસક અસર પાડી હતી તેને લીધે જ પરાધીનતા વહેલી આવવા પામી એવો આક્ષેપ મૂકવામાં આવે છે. તેના એક દૃષ્ટાંત તરીકે એમ કોઈ કહે છે કે 'શ્રીહેમચંદ્રાચાર્યની રાજનીતિને પરિણામે કુમારપાળ અહિંસાધર્મનો આટલો એકનિષ્ઠ ઉપાસક ન થયો હોત તો ગૂજરાતે હિંદના ઇતિહાસમાં એ વખતે કંઈક જુદો જ રંગ બતાવ્યો હોત.' આ ભ્રમણા છે. ઇતિહાસ એ વાતની સાક્ષી નથી પૂરતું, કુમારપાળ લડવૈયો હતો તેમજ ત્યારપછી વસ્તુપાળ તેજપાળ પણ લડવૈયા હતા. અહિંસાને એક પ્રકારની નબળાઈ માની લેવાથી આવી ભ્રમણાના ભોગ થવાય છે. દાંભિક અહિંસાને તો દેશવટો જ દેવો જોઈએ, તેની જરાપણ તરફદારી કરવી એ સ્વત્વ ગુમાવવા જેવું છે; એટલે કે જ્યાં ભય, કાયરતા અને સ્વાર્થ ધરબી ધરબીને ભર્યાં હોય અને ઉપર જતાં આ બધાંને દયા કે અહિંસાના આવરણ વડે છૂપાવવામાં આવે એ કોઈકાળે વાસ્તવિક અહિંસા ન હોઈ શકે. અહિંસાના ઉપાસકો પણ વખત આવ્યે યુદ્ધ કરી શકે છે એનાં ઉદાહરણો ઇતિહાસમાં જોઈએ તેટલાં મળી આવે છે. તાત્પર્ય કે ગૂજરાતને કે ભારત વર્ષને જૈનોની અહિંસાએ નબળું બનાવ્યું એ આક્ષેપ અર્થ વગરનો છે. અહિંસાના ઉપદેશે કે સિદ્ધાંતના ઝગડાએ આપણને દુર્બળ બનાવ્યા હોય તે કરતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણી અંદરના કુસંપ-કલેશે, મિથ્યાભિમાને અને વિલાસલાલસાએ આપણને ભીરૂ જેવા બનાવી મૂક્યા હોય એ વધુ સંભવિત લાગે છે.

૧૧૬૩. આર્ય તત્ત્વજ્ઞાનના અભ્યાસી શ્રી નર્મદાશંકર મહેતા કહે છે કે 'આ જમાનામાં હિંદુ-મુસલમાન વચ્ચેના ઝઘડાઓ જોઈ સામાન્ય જનો ધર્મની વાત સાંભળતાં ભડકે છે. હિન્દુસ્થાનનું સ્વરાજ્ય ધર્મની ભાંજગડોમાં ગયું છે, અને ધર્મના પ્રશ્નોને દૂર રાખવામાં આવે તો આપણા સ્વરાજ્યના પ્રશ્નોનો સત્વર ઉકેલ થઈ શકે તેમ છે. આ આક્ષેપ પ્રથમ દર્શને સામાન્ય મનુષ્યોને બલવાન લાગશે. પરંતુ વિચાર કરતાં સમજાશે કે ભારતવર્ષની ધર્મભાવના આવા ઝઘડા કરાવનારી નથી. ભારતવર્ષની ધર્મભાવનાએ હિન્દુઓના હિન્દુધર્મનાં, બૌદ્ધોના બૌદ્ધ ધર્મનાં અને જૈનોના આર્હત ધર્મનાં મૂર્ત્ત રૂપો ઘડ્યાં છે, અને ત્રણે ધર્મના પ્રવર્ત્તકોએ તેને આ લોક અને પરલોકના હિતને અર્થે, વ્યક્તિની અને સમાજની યોગ્ય ધારણા અથવા વ્યવસ્થા કરવાને અર્થે, પ્રબોધ્યો છે. ઝઘડાઓનાં મૂલ કારણ ખરી રીતે અર્થવાસના ને કામવાસનાને અનિયંત્રિત વહેવા દેવામાં સમાયેલ છે. ધર્મભાવનાને વશ નહિ વર્તનારી ધનની અને વિષયભોગની લોલુપતા એજ કલેશનું અને ઝઘડાનું કારણ છે. જે ભારતવર્ષમાં ધર્મ પહેલો, અર્થ બીજો અને કામ ત્રીજો એવી ત્રિવર્ગની વ્યવસ્થા મહર્ષિઓએ સમજાવી છે, તે ભારતવર્ષમાં હાલ આપણે અર્થ પહેલો, કામ બીજો અને ધર્મ ત્રીજો એવી અવળી પુરુષાર્થની પદ્ધતિ રચી બેઠા છીએ. ગમે તે રીતે ધનવાન થવું છે. પાપપુણ્યનો બીલકુલ વિચાર કરવો નથી. તેવા ધન વડે અર્થ પુરુષાર્થ સાધી ગમે ત્યાંના ગમે તેવા ભોગ્ય પદાર્થો ભોગવવા છે, અને આ પ્રમાણે ધનમદ અને કામમદથી ઉન્મત્ત થવું છે, અને કોમીય ઝઘડાનું પાપ બિચારા ધર્મને માથે નાખવું છે !''[૫૭૩] ગૂજરાત પરની મધ્યકાલીન જૈન સત્તાને—જૈનાચાર્યોને વગોવનારાઓને પણ આ જ જવાબ સમયોચિત થઈ પડશે. જે અહિંસા અને ચારિત્રશુદ્ધિ જૈનધર્મના રહસ્યરૂપ છે તે પણ વસ્તુતઃ ભારતવર્ષની સ્વાભાવિક ધર્મભાવનાની જ પોષક હોઈ તેની અવમાનના એક રીતે પોતાની જ ધર્મભાવનાની અવમાનના છે.

૧૧૬૪. આજે પણ ગૂજરાતની જનતા અંહિસા, સહિષ્ણુતા અને બંધુભાવના જે સંસ્કારોને દીપાવે છે તે જૈનધર્મ અને જૈનનીતિના અવશેષો છે એમ કહીએ તો ખોટું નથી. એક માત્ર સંપ્રદાયમોહની ખાતર અન્ય સંપ્રદાયોને ઉતારી પાડવા અથવા તો અંધશ્રદ્ધાની દૃષ્ટિએ અન્ય સૌને તુચ્છવત્ લેખવા એ એક જુદી વાત છે, પણ તેને યથાર્થ દર્શનના નામથી ન ઓળખી શકાય. કોઈપણ તટસ્થ વિચારક ગૂજરાતના જૂદા જૂદા મત-પંથો અને તેમના પ્રવર્તકોના જીવનનું પૃથક્કરણ કરે તો ઓછા યા વધતા અંશે જૈન સંસ્કારિતાનો પ્રતાપ તે જરૂર જોઈ શકે તેમ છે.

૧૧૬૫. જેમણે કેવળ કરૂણાવશ બની સ્પષ્ટપણે ધર્મનાં રહસ્યો સંસારીઓ આગળ પ્રકટ કર્યા, લોકાપવાદથી નિર્ભય રહી જેમણે શ્રીમંતો અને ગરીબો, વિદ્વાનો અને પ્રાકૃત જનોને વસ્તુસ્વરૂપ બતાવી આપ્યું, તેમના પ્રતાપે જ વ્હેમ અને અજ્ઞાનમાંથી જનતાએ છુટકારાનો છેલ્લો દમ ખેંચ્યો.

---

૫૭૩. 'ગુજરાતમાં ધાર્મિક અને તત્ત્વજ્ઞાનના સાહિત્યની પરિસ્થિતિ એ પર સં. ૧૯૮૪ની નડિયાદ ગૂ. સાહિત્ય પરિષદ્‌ના તત્ત્વજ્ઞાન વિભાગના પ્રમુખ તરીકેનું વ્યાખ્યાન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વખત જતાં એ સ્થિતિમાં પલટો આવ્યો અને શ્રી મહેતાના ઉપરના કથન પ્રમાણે ધર્મ-અર્થ-કામના ઉલટા ગણેશ મંડાયા. એ અવળી પ્રવૃત્તિનાં દુષ્પરિણામ આજે પણ આપણે ભોગવીએ છીએ. આપણા કોમીય વિગ્રહો અને સ્વાર્થમાંથી જન્મતા ક્લેશ-વિખવાદમાં પણ એની જ કાજળઘેરી છાયા આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ; પરંતુ એ અંધારી રાતનો પણ એક વખતે અંત આવવો જોઈએ અને આશાવાદીઓ એમ શ્રદ્ધાપૂર્વક માને છે કે જ્યારે આ દેશના ધર્મોપદેશકો પોતાની શિથિલતાઓને તિલાંજલી આપી, ક્ષુદ્ર રાગદ્વેષોથી પોતાની જાતને યથાશક્તિ નિર્મળ બનાવી પુનઃ ભારતવર્ષની પ્રાચીન ધર્મભાવનાનો ઘોષ વર્તમાન સ્થિતિ સંજોગ અને ભવિષ્ય પર સુદૂર દૃષ્ટિ રાખી જગવશે ત્યારે અહિંસા, પ્રેમ અને ચારિત્રશુદ્ધિની અમીધાર પાછી આ પ્રદેશ ઉપર ઉતરશે અને એ નવયુગમાં જૈન દર્શનની મહત્તા તથા પવિત્રતાનાં મૂલ્ય વિશેષ અને વિશેષ અંકાશે.'[૫૭૪]

૧૧૬૬. સ્વ. **મનસુખલાલ** રવજીને સં. ૧૯૭૩ માં એમ લાગ્યું હતું કે ''જે સંતોએ જગત્‌ના કલ્યાણાર્થે કોઈ મહદ્‌ભૂત 'વિજ્ઞાન' શોધી કાઢ્યું હતું તે સંતોના અનુયાયીઓમાંથી તે વિજ્ઞાનની ભાવિ સ્થિતિ કેવી રહેશે; અથવા ભવિષ્યમાં તે વિજ્ઞાનના ભક્તો રહેશે કે નહિં તે સંબંધીનો કોઈ લાંબી નજરે વિચાર-મૂલ વિચાર-original idea કરી શકતા દેખાતા નથી. x x જૈન સંપ્રદાયની સ્થિતિ સંયોગોના આકસ્મિક પરિવર્તનોના કારણ સિવાય, બીજી કોઈ રીતે બહુ લાંબો કાળ ટકી શકે નહીં. x જૈન સમાજે વહેલા મોડા હિંદના થતા જતા 'રાષ્ટ્રીય ધર્મ' - વેદાન્તમાં-ભળી જવાનો જરૂર સંભવ છે, કારણ કે તેનું સંખ્યાબળ ઘણું વધારે છે; વિદ્યા તેના ઘરની છે. તે વિદ્યા તેણે આ છેલ્લા ૬૦ વર્ષમાં બહુ ખીલવી છે, અને તેને પરિણામે જ વિશ્વવ્યાપક ભાવના ઉત્પન્ન કરનારૂં 'સમાજશાસ્ત્ર'- sociology વેદાન્તના આધ્યાત્મિક સિદ્ધાંતોમાં ઘટાવી શકે એવા સર **રવી**ન્દ્રનાથ ઠક્કુર-**ટા**ગોર, કે વેદાન્તની ભાવનાઓ ચારિત્રમાં ઘટાવી શકે એવા **રા**મતીર્થ, કે તે અધ્યાત્મમાં 'કર્મયોગ' ઘટાવી શકે એવા **અ**રવિન્દ **ઘોષ** અથવા કર્મયોગ ને તત્ત્વજ્ઞાનના ચામત્કારિક સિદ્ધિ કરી આપે એવા બુદ્ધિસામર્થ્યના ધારક લો૦ **તિ**લક, કે દંતકથા શાસ્ત્ર પર રચાયેલા સાહિત્યમાંથી દૃઢ 'ઇતિહાસ' ઉપજાવી શકે તેવા **બં**કિમ બાબુ જેવા સંતાનો વેદાન્ત સંપ્રદાય ઉપજાવી શકે છે. રાષ્ટ્રીય દૃષ્ટિએ આ વાત જોકે ગૌરવવાળી હોવાનું હું માનું છું, પણ જ્યારે પૃથક્‌ત્વની દૃષ્ટિએ ગણના થવી જોઈએ ત્યારે તે થવાનો મને સંભવ જણાતો નથી—અને સંભવ ન હોવાનું કારણ **જૈન સાહિત્યની ખીલવણી** ૬૦ વર્ષમાં ન થઈ તે છે. આથી જૈન સંપ્રદાયનું ભાવિ નિર્બળ મને ભાસ્યા કરે છે; અને એથી જ હું તેને માટે એમ કહું છું કે જૈનના સંતાનો વહેલા મોડા વેદાન્તના વિચાર-વિશ્વમાં ભળી જશે અને તેમ થતાં જૈનનું વ્યક્તિત્વ નહીં રહે.

૧૧૬૭. 'અત્યારે ચોમેર નજર કરતાં જૈનમાં મને એક પણ વ્યક્તિ એવી જણાતી નથી કે જેને સત્યરીત્યા 'મૂળ વિચારક' Original thinker વિશેષણ મળી શકે. જો આવા વિચારકો તેમાં હોત તો ૧૦૦ વર્ષ સુધીમાં જૈનનું અસ્તિત્વ—સ્થિતિ કેવી નિર્બળ થવા યોગ્ય છે એનો અવશ્ય વિચાર કરી શકત. મારી આ વાત અત્યારે ગળે નહીં ઊતરે—કેમ કે તે તો અનુભવનો વિષય છે. કેટલાક મને

૫૭૪. રા. **સુ**શીલનો 'ગુજરાતમાં જૈન પ્રતાપ' એ નામનો અગ્રલેખ **'જૈન'** કા૦ વ૦ ૧૩ સં. ૧૯૮૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

pessimist નિરાશાવાદી (લો. મા. તિલકના ધ્વન્યર્થ પ્રમાણે દુઃર્મુખેલ થયેલ) પણ કહેશે; કેમ કે આ વાતની યથાર્થતા તો કાળે કરીને જ દેખાય તેમ છે. આથી આખી જૈન સૃષ્ટિને એક **તામ્રપત્ર** આપું છું:-x

"જૈન પ્રજાએ પચીશ, પચાશ અને બહુ તો સો વર્ષ સુધીમાં દેશના રાષ્ટ્રીય સમૂહમાં ભળી જવું જોઈશે; અને તે રાષ્ટ્રીય સમૂહના માનેલા સ્વીકારેલા ધર્મ (religion)નો આદર કરવો પડશે-અથવા તેની છાયામાં રહેવું પડશે; અને અનેક તપપૂર્વક શોધેલ જૈન વિજ્ઞાનો માત્ર પ્રાચીન શોધખોળના વિષય (antiquarian subjects) તરીકે જોવામાં આવશે; જો કોઈ અસાધારણ આકસ્મિક પરિવર્ત્તનો નહીં આવે અને આ ચાલુ રીત્યા પ્રવૃત્તિઓ રહેશે તો આ જ છેવટની દશા છે."[૫૭૫]

૧૧૬૮. આ વિચાર ખાસ ધ્યાનમાં લેવા જેવો છે-નાંખી દેવા જેવો નથી. આના જેવો વિચાર **કીર્ત્તિવિજયકૃત વિચારરત્નાકર** પૃ. ૫૯ માં જોવામાં આવે છે. જિનપ્રતિમાનિષેધક એમ કહે છે કે 'કેટલાક કાળ સુધી ખરા સાધુઓ થયા નહિ અને જે થયા તે સાધ્વાભાસ થયા કે જેઓ સ્વમતિથી કલ્પેલ જિનાલય અને જિનપ્રતિમા પાસે અર્પાયેલ ધાન્યાદિ પર ઉપજીવિકા કરતા હતા. વીરાત્ બે હજાર વર્ષે (સં. ૧૫૩૦ માં) અમે જિનશાસનનો ઉદ્ધાર કરવા અર્થે સુવિહિત-સાચ્ચા સાધુઓ ઉત્પન્ન થયા.' આના ઉત્તરમાં તે ગ્રંથકાર કહે છે કે 'આ પ્રલાપ છે, ભૂતગ્રસ્ત ગાલિપ્રદાન છે ! કારણ કે સિદ્ધાંતમાં કહ્યું છે કે એકવીશ હજાર વર્ષ સુધી શ્રીમદ્ **વર્દ્ધમાન-મહાવીર** સ્વામિનું તીર્થ-સાધુસાધ્વી શ્રાવક શ્રાવિકા રૂપ તીર્થ અવ્યવચ્છિન્ન રહેશે. જુઓ **ભગવતીસૂત્ર**નું ૨૦ મું શતક ૮ મો **ઉદ્દેશ** :- **શ્રીમહાવીર** ભ. **ગૌતમ** ગણધરને કહે છે 'गोयमा जंबुद्दीवे दीवे भारहे वासे ममं इमीसे ओसप्पिणीए एक्कवीसं वाससहस्साइं तित्थे अणुसज्जिस्सइ ।' આવો જવાબ હમણાં પણ આગમના જાણનાર આપણા સાધુઓ આપે છે અને આપશે. હું પણ આપવા જઉં, પણ તે કોઈપણ વિચારક અથવા અત્યારના સ્વતંત્રતાના યુગમાં ઉછરનારા એવું કથન એટલા જ પ્રમાણથી કદાચ ન સ્વીકારે અને જૈનેતર તો ન જ સ્વીકારે, તો તેમને માટે નીચેનો ઉત્તર છે.

૧૧૬૯. જૈનો કરતાં જૈનેતરો-બ્રાહ્મણધર્મીયની સંખ્યા અનેકગણી છે. પૂર્વકાલથી બ્રાહ્મણોનો વિદ્યાવ્યાસંગ સતત ચાલ્યો આવે છે. છતાં ઉક્ત મહાશયે ગણાવેલા સમર્થ વિચારકો પૈકી બે બ્રાહ્મણો છે ને બીજા બ્રાહ્મણેતરો જ છે. તે સિવાય અનેક છે અને તે સર્વના વિચારોનો લાભ લેવો જોઈએ. તેઓની જાતિની આવડી મોટી જનસંખ્યાના પ્રમાણમાં બહુ થોડાઓ ઉદ્ભવ્યા છે કે જે સમર્થ વિચારકની કોટિમાં આવે. તેના કારણમાં પણ ઉંડાણથી જોતાં દેશની પરાધીનતા નજરે તરે છે. જ્યારે દરેક હિંદીને પોતાની શક્તિ, બુદ્ધિ અને કલાકુશલતાને ખીલવવા ને બહાર પાડવા કાર્યક્ષેત્ર તેમજ દરેક જાતની સગવડતા-તક અને ઉત્તેજના મળે એવી સ્વાધીનતા દેશ પ્રાપ્ત કરશે ત્યારે દરેક કોમ દરેક ધર્મ અને દરેક જાતિમાંથી મહાન્ નરો અને નારીઓ પાકશે અને તે દરેકમાં રહેલ મતિમાન્ સ્ત્રીપુરુષ પોતાની કોમ, જાતિ અને ધર્મના ઉજ્જવળ ભાવિનો વિચાર કરતા થઈ જશે—ઝઘડા અને ક્લેશમાં રાચતા હાલના ગણાતા નાયકો કાંતો નાબૂદ થશે અને કાંતો શાનમાં સમજી જઈ ક્લેશ

૫૭૫. 'મારૂં તામ્રપત્ર' એ નામનો લેખ-જૈન શ્વે. કૉ. હેરેલ્ડ સને ૧૯૧૭ સપ્ટે-નવે.નો અંક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતા અટકી જઈ સુધરી જશે. સાહિત્યની ખીલવણી આપોઆપ થશે. પ્રાચીન સાહિત્ય જૈનો પાસે એટલું બધું છે કે તેનો ઉદ્ધાર કરવા પ્રત્યે બધો પુરુષાર્થ સેવવામાં આવે, તો તેમાંથી ખરા સાહિત્યમાં ખપવાને યોગ્ય અને સર્વ લોકને ઉપયોગી પુસ્તકો પ્રકટ થશે.

૧૧૭૦. અત્યારે મહાત્મા ગાંધીજીએ અહિંસાનો મહાન સિદ્ધાન્ત કે જેના પર મુખ્યપણે જૈન ધર્મ રચાયો છે; તેની ઘોષણા અને તેનો અમલ વ્યક્તિગત તથા સામાજિક બાબતોમાં જ નહિ પણ રાજકીય બાબતમાં પણ સામુદાયિકપણે કરીને આખા વિશ્વમાં તે સિદ્ધાંતને તેમણે વ્યાપક કરી દીધો છે તેથી જૈન ધર્મમાં શ્રદ્ધાથી ચ્યુત થતા શિક્ષિત જનો પણ તે ધર્મમાં વધુ સ્થિર બન્યા છે અને જૈન આગેવાનો અને ધર્મોપદેશકો ચેતીને ખરા જ્ઞાનદાનનો-જ્ઞાનવિસ્તારનો ઉપાય લેશે તો જૈન ધર્મમાંથી કોઈપણ અનુયાયી અપસરશે નહિ અને અન્ય બુદ્ધિશાળીને પોતાના ધર્મ પ્રત્યે આકર્ષી શકશે. જૈન શ્વે. કોન્ફરન્સના પ્રયત્નોને પરિણામે મુંબઈની તેમજ બીજી યુનિવર્સિટીની ઉચ્ચ પરીક્ષામાં જૈન પુસ્તકો નિયત થયા છે અને કાશીની હિન્દુ યુનિવર્સિટીમાં જૈન સાહિત્ય માટે એક જ્ઞાનપીઠ (Chair) ની તેમજ કવિ સમ્રાટ રવીન્દ્રનાથ સ્થાપિત વિશ્વભારતી-શાંતિનિકેતનમાં પણ સિંઘી જૈન જ્ઞાનપીઠ (Chair) ની યોજના પણ થઈ છે, ને તેથી ઘણો લાભ થશે. પણ તેટલું પૂરતું નથી. માત્ર આશાવાદ રાખી વર્ત્તમાન સ્થિતિ ધ્યાનમાં લઈ સમયાનુકૂળ પ્રવૃત્તિ નહિ થાય તો જે છે તે ખોઈ બેસવાનો સંભવ પણ છે.

૧૧૭૧. જૈન ધર્મ આજે ભારતના જૈનેતરોની અને પાશ્ચાત્ય દેશોની પ્રજા વચ્ચે માનવંત સ્થાન ધરાવતો હોય તો તે તેનાં મૂલ્યવાન પ્રાચીન સાહિત્યથી અને તેનાં જીવંત તીર્થોની ભાવનામયતા તથા કળા-ભંડારથી. આ બેઉ વારસા જો જૈનો પાસે ન હોત તો ૩૩ કરોડની ભારતની પ્રજા સમક્ષ આશરે પંદર લાખની જૈન વસ્તી અને જૈન સંસ્કૃતિનો કોઈપણ ભાવ પણ ન પૂછત ! જે વારસાથી આપણે ઊજળા છીએ તે વારસો જાળવી રાખવાથી જ આપણે તેની તરફની ફરજમાંથી મુક્ત થતા નથી, પરંતુ તે વારસાનો ઉપયોગ આપણે એવી રીતે કરવો જોઈએ કે જેથી વારસો જીવંત રહે અને અનેક મનુષ્યોના આકર્ષણ તથા ઉદ્ધારનું સાધન બને.

૧૧૭૨. કોઈ પ્રજા પોતાની ભૂતકાળની શોભાને યાદ કરીને આગળ વધી શકતી નથી. ભૂતકાળની શોભા જો યાદ કરીએ તો તે એટલા જ અર્થે કરવી જોઈએ કે જેથી આપણે એ શોભામાં વધારો કરી શકીએ. આજે રામાયણ આદિ મહાકાવ્યના લખનાર ક્યાં છે ? આજે પ્રાચીન સમયની નીતિ ક્યાં છે ? તે વેળાની કાર્યદક્ષતા ક્યાં છે ? કર્ત્તવ્યપરાયણતા ક્યાં છે ? જો પ્રાચીન સમયમાં જે વિભૂતિઓ આપણામાં હતી એમ આપણે માનીએ તો તે જ વિભૂતિઓ ફરી પાછી બતાવવાની આપણી શક્તિ હોવી જોઈએ. આપણે બહાદુર પ્રજાના વારસ છીયે, પણ એ વારસાને શોભાવવાની આપણામાં અત્યારે તાકાત નથી એ પણ કબૂલ કરીએ તો આપણો કશોયે શુકવાર વાળવાના નથી. તેજસ્વી ભૂતકાળ જોઈ વર્ત્તમાન તેજોહીન દશામાં જડતા અને પ્રમાદ રાખી સબડ્યા કરીએ તો પછી તેવો તેજસ્વી ભૂતકાળ ન હોત તો સારૂં થાત એવી કલ્પના કેટલાયને થાય છે. બાપકર્મી વારસોની પેઠે ગઇ ગુજરી સંભારી તેનાં ગુણગાન ગાયાં કરીએ તેની સાથે ચાલુ અધમ સ્થિતિમાંથી મુક્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેળવવાનો પુરુષાર્થ કરી આપકર્મી બની આપણે આપણા વારસો માટે ભવ્ય વારસો મૂકી જઈએ એ ઉત્કૃષ્ટ છે. નહિ તો ભૂતકાળની બડાઈ મારી ફુલણસી બનવાનો મહાદોષ વહોરી લેવાશે. x આપણો ઇતિહાસ ગૌરવવાળો છે. પરન્તુ આપણે આપણા પ્રાચીન વારસા ઉપર જ ઝુઝીશું તો હારીશું. આપણા પૂર્વજો જેવા હતા તેવા આપણે થઈને બતાવવું જોઈએ. આપણા ઋષિમુનિઓએ આપણા ધર્મને બચાવવા સારૂ પોતાનાં અંગે અંગના ટુકડા થવા દીધેલા છે. **ટૉડ** કહે છે કે 'યુરોપમાં તો એક **થર્મોપિલી** છે, પરંતુ હિંદમાં તો ફળિયે ફળિયે **થર્મોપિલી** જોવામાં આવે છે.' આ પ્રાચીન વીરતા શાન્ત અને અહિંસામય માર્ગે જગવીએ તો આપણા પૂર્વજોના આપણે સંતાન છીએ તે સિદ્ધ થશે.

૧૧૭૩. મારા કૉલેજના સમયથી મિત્ર સાક્ષરશ્રી **રા**મનારાયણ **પા**ઠક લખે છે કેઃ- 'હિન્દુસ્તાનમાં અને ખાસ કરીને ગૂજરાતમાં જૈનો દાનવીરતા માટે સુપ્રસિદ્ધ છે. જૈનધર્મમાં દાનના અનેક પ્રકારમાં જ્ઞાનદાન પણ સ્વીકાર્યું છે, તેથી જોકે (હાલના) જૈન ગૃહસ્થોએ ગૂજરાત-હિંદની વિદ્વત્તામાં ઘણો ઓછો ફાળો આપ્યો છે, છતાં સાહિત્યના સંરક્ષણ અને વિસ્તારને માટે અનન્ય સેવા કરી છે. જૈનોના જ્ઞાનદાનથી જ ગૂજરાતી (તેમજ સંસ્કૃત પ્રાકૃત અને અન્ય) ભાષાના અનેક દુર્લભ ગ્રંથો તેમના ભંડારોમાં સંઘરાયા છે અને નકલો થઈ થઈને દૂર દૂરના પ્રદેશોમાં ગયા છે, પણ જમાનો બદલાતાં જ્ઞાનદાનનો પ્રકાર પણ બદલાવો જોઈએ. ભંડારોમાં દાબડામાં ઉધેઈ ખાઈ જાય, કાગળો એની મેળે નાશ પામે ત્યાં સુધી પુસ્તકો કોઈને બતાવવાં જ નહિ એ હવે પુસ્તક-સંરક્ષણની સાચી રીત નથી. અંગ્રેજ અમલદારો ગ્રંથ માગીને લઈ જતા અને પછી પાછા આપતા જ નહિ. એથી બ્હીને હવે આપણા વિદ્વાનોને પણ ન આપવા એ યોગ્ય નથી. ગ્રંથોને છપાવવા એ પણ એક જ્ઞાન-સંરક્ષણનો પ્રકાર છે એટલું સમજતાં પણ જૈનોને ઘણો સમય લાગ્યો હતો. પણ દુનિયાનો વેગ અને હિંદનો પ્રગતિનો વેગ હવે ઘણો વધ્યો છે. તેમાં જૈનો પણ આગળ વધશે તો જ તેઓ જ્ઞાનને માટે જે ચીવટ રાખે છે તેના પ્રમાણમાં કંઈ પણ ફળ જોઈ શકશે.

૧૧૭૪. 'અત્યારે ઘણા જૈનો પોતાના ધર્મનાં પુસ્તકો છપાય તેટલાથી જ સંતોષ માનીને બેસી રહે છે. પ્રસિદ્ધ થતાં ઘણાં ધર્મ પુસ્તકો તો સાહિત્યમાં ખપવાને પણ યોગ્ય હોતાં નથી, પણ માત્ર ધર્મ થશે તેમ માનીને શ્રદ્ધાલુ જૈનો તે છપાવે છે અને તેમની શ્રદ્ધાના પ્રેરક સાધુ-આચાર્યો તે શ્રદ્ધાને કોઈ વધારે સારે રસ્તે દોરતા નથી. અત્યારે જમાનો બુદ્ધિનો છે. શ્રદ્ધાનું પણ જો બુદ્ધિથી પરિશોધન થશે તો જ તે ટકી શકશે.

૧૧૭૫. 'અત્યારના જમાના પ્રમાણે જૈનોએ જ્ઞાનને માટે, જૈન ધર્મના જે તત્ત્વજ્ઞાનના ગ્રંથો હોય તેનું તત્ત્વજ્ઞાન નવીન રીતે વિકાસ પામે અને દુનિયાના તત્ત્વજ્ઞાનમાં અગ્રસ્થાન લે તે માટે સતત પ્રયત્ન કરવો જોઈએ. આ દિશા જૈનોથી અજ્ઞાત નથી. જર્મનીના પ્રો૦ **યા**કોબી વગેરેએ જૈનધર્મનાં પુસ્તકો આધુનિક દૃષ્ટિએ સંસ્કરણો કરી બહાર મૂકયાં છે. પણ એ કામ માત્ર જર્મનો જ કે અંગ્રેજો જ કરી શકે એમ કાંઈ નથી. ગૂજરાત પુરાતત્ત્વ મંદિરે **સન્મતિતર્ક**નું (જૈન પંડિતો-**સુ**ખલાલ અને **બ**હેચરદાસના હાથે) સંપાદન હાલમાં જ કર્યું છે જે પશ્ચિમના ઉત્તમોત્તમ પંડિતોની પણ પ્રશંસા પામ્યું છે. જૈનો અને જૈનેતર વિદ્વાનો એવા ઘણા નીકળે કે જેઓ જૈન તત્ત્વજ્ઞાનના ગ્રંથોનું સંસ્કરણ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેની ફિલસૂફીનું સ્ફોટન વગેરે આ પરદેશીય વિદ્વાનો કરતાં વધારે સારૂં કરી શકે. હિંદની વિદ્વત્તામાં જૈનોનો ફાળો ઓછો છે, તેમ મેં ઉપર લખ્યું ત્યારે ઘણા જૈનભાઈઓને માઠું લાગ્યું હશે, પણ હું માનું છું કે એ ખરા કે ખોટા આક્ષેપમાંથી બચવું હોય તો ખરો ઉપાય એ છે કે હિન્દના જ બુદ્ધિશાળી, વિશાળ અને આધુનિક દૃષ્ટિવાળા વિદ્વાનો આગળ પોતાની ફિલસુફીનું સ્ફોટન કરાવવું. એમ નહિ થાય તો, હવે એટલો બુદ્ધિનો જમાનો આવ્યો છે કે નવીન બુદ્ધિશાળી શિક્ષિતોમાંથી તો જૈન ધર્મ નવા અનુયાયીઓ નહીં મેળવી શકે; પણ જૈન ધર્મના અનુયાયીઓમાંથી પણ જુવાન પ્રગતિશાળી વર્ગ અપસરતો જશે. (હમણાં સુધી) જૈન જુવાનો પોતે કેટલા ધર્મમાં શિથિલ થતા જાય છે તેનો કોઈએ વિચાર કર્યો ? અને અહીં હું માત્ર બાહ્ય ક્રિયાની વાત નથી કરતો. માત્ર બાહ્યક્રિયાને હું ધર્મ ગણતો નથી, પણ તત્ત્વજ્ઞાનના ખરા પિપાસુઓને ચાલુ ધર્મજ્ઞાનમાંથી તૃષા નહિ છીપતી હોવાથી તેઓ ધર્મપરાઙ્મુખ થશે જ અને થાય છે એ મારૂં કહેવું છે. એથી ઉલટું જો જૈનધર્મ પોતાના જ્ઞાનને શુદ્ધ સ્વરૂપમાં બહાર મૂકે, તો હવે પ્રજા અહિંસાની દિશા તરફ વળી છે, ત્યારે જૈન સિદ્ધાન્તનો સર્વત્ર સ્વીકારાવાની આ અનન્ય તક છે.

૧૧૭૬. 'મુંબઈ યુનિવર્સિટીની ઉચ્ચ પરીક્ષામાં જૈન પુસ્તકો નીમાયાં છે, પણ તેમાં શું વળ્યું ? x x પણ આ ગ્રંથોને શીખવનાર ક્યાં છે ? જૈન સાધુઓમાંથી પણ આના કેટલા ખરા અભ્યાસી નીકળે ? અને તેઓ પણ આધુનિક દૃષ્ટિએ આ ગ્રંથો શીખવી તો નજ શકે. x આનો ખરો ઉપાય શિક્ષણનો પ્રબંધ કરવો એ છે. એ કામ સાધુઓ ઉપર છોડી શકશે નહિ. તેમને આધુનિક દૃષ્ટિ નથી, આધુનિક દૃષ્ટિ હોય તો પણ એ સંસ્થા લોકનિયત નથી. હવે આપણે આપણાં ધ્યેયો લોકનિયત સંસ્થા દ્વારા જ સાધવાં જોઈએ. એવી સંસ્થાઓ જ જમાનાની જરૂરિયાત પ્રમાણે ફેરવી શકાશે. x જ્યાં એવી સંસ્થાઓ હોય ત્યાં તેનો લાભ લેવો જોઈએ અને જ્યાં ન હોય ત્યાં નવી કરવી જોઈએ.

૧૧૭૭. 'જ્ઞાનપ્રચાર પ્રાન્ત ભાષામાં જ કરવો જોઈએ. ત્યારે જ જ્ઞાન સમાજના દૂરદૂરના ક્યારા સુધી પહોંચે. અંગ્રેજ મારફત કરેલા વિચારો કે મેળવેલું જ્ઞાન સમાજમાં પ્રસરી શકતું નથી. અને ધર્મનું જ્ઞાન, કાંઇ અમુક થોડી સંખ્યા માટે જ નથી, પણ દરેક માણસ માટે છે. અંગ્રેજી ભાષાના નડતરને લીધે જ આપણા શિક્ષિતોની અસર જોઈએ તેટલી પ્રસરતી નથી. શ્રમણધર્મોનું તો એ વિશેષ લક્ષણ છે કે તેણે હમેશાં પ્રાકૃત એટલે બોલાતી ભાષામાં જ ઉપદેશ આપ્યો છે.

૧૧૭૮. 'આ રીતે પ્રાંત ભાષાઓ જોતાં **મા**રવાડ-**રા**જપૂતાના માટે એક કેન્દ્ર ત્યાંના જ જૈનોએ રચવું જોઈએ અને તે દ્વારા અધ્યયન-અધ્યાપન અને પ્રકાશનની વ્યવસ્થા કરવી જોઈએ. તેવું જ બીજું કેન્દ્ર દક્ષિણ માટે **પૂ**ના અને **મ**દ્રાસ માટે **અ**ડીયાર કે એવું કોઈ કરવું જોઈએ. **પં**જાબ માટે પણ એક ભિન્ન કેન્દ્ર જોઈએ. ગૂજરાત માટે એ રીતે ગૂજરાતના કેન્દ્રરૂપ **અ**મદાવાદમાં એની વ્યવસ્થા થવી જોઈએ. x

૧૧૭૯. 'ગૂજરાત આ બાબતમાં પહેલ કરી શકે એમ હું માનું છું. ગૂજરાતનાં કળા-કૌશલ્યમાં અને સમાજની ઉન્નતિમાં જૈનોનો ફાળો નાનોસૂનો નથી. જૈનોનું પ્રાચીન તત્ત્વજ્ઞાન તેમાં પાછળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહી ગયું છે. પૂનામાં ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટમાં જૈનોએ મદદ કરી છે, પણ ત્યાંના અભ્યાસીઓ બધા બ્રાહ્મણ હોઈ તેમને બ્રાહ્મણ તત્ત્વજ્ઞાન તરફ પક્ષપાત હોય અને તે જ દિશાનું કામ વેગથી ચાલે એ સ્વાભાવિક છે. પણ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠના પુરાતત્ત્વ મંદિરમાં તેવું નથી. x તેમાં જૈન અને ઇતર પુસ્તકોનો સારો સંગ્રહ છે. એ કેન્દ્ર જૈન અભ્યાસ માટે સ્વાભાવિક રીતે અનુકૂલ છે. તેના વિદ્વાનોના હાથમાં પોતપોતાનું કામ પૂરતું હશે તો પણ તેમની સલાહથી જૈન તત્ત્વજ્ઞાન માટે એક વ્યાસપીઠ ઉભું કરવું એ જૈન ધનિક વર્ગ ધારે તો સહેલ છે.

૧૧૮૦. આ (અને આવાં) વ્યાસપીઠ દ્વારા વિદ્યાર્થીઓ તેમજ જિજ્ઞાસુઓને જૈન તત્ત્વજ્ઞાન પશ્ચિમની શાસ્ત્રીય પદ્ધતિથી મળી શકશે. તેના અધ્યાપક દ્વારા પુસ્તકોનું આધુનિક રીતે સંશોધન કરાવી પ્રસિદ્ધ કરાવી શકાશે. જેથી આખા જૈનસમાજને નવીનરૂપે પોતાનું તત્ત્વજ્ઞાન મળી શકશે. પશ્ચિમના બુદ્ધિપ્રકાશથી અને વ્યવહારથી દૂર રહેલા સાધુ-આચાર્ય વર્ગને પણ નવી દૃષ્ટિએ જૈન તત્ત્વજ્ઞાન જોવાનો પ્રસંગ મળશે અને તેમના દ્વારા તે તત્ત્વજ્ઞાન અજ્ઞાનવર્ગમાં પણ વધારે સુગ્રાહ્ય રૂપમાં પ્રસરશે. વ્યાસપીઠ સાથે વિદ્યાર્થીઓને માટે છાત્રવૃત્તિની ગોઠવણ થશે તો જૈનદર્શનના અભ્યાસને વળી ઓર જ ઉત્સાહ મળશે. ટુંકમાં જૈન તત્ત્વજ્ઞાન માત્ર 'વખાણ' કે પોથીમાં નહીં પડી રહેતાં જમાનાને અનુકૂળ અવતાર પામશે અને બુદ્ધિની વેગીલી પ્રગતિમાં પોતાનું સ્વાભાવિક સ્થાન પામશે. જૈન ધર્માભિમાની ધનિકો આનો વિચાર અત્યારે નહિ કરે તો પછી કયારે કરશે ?''[૫૭૬]

૧૧૮૧. આ પ્રમાણે સાહિત્યનાં અન્ય અંગો સંબંધી કરવાનું રહે છે તે સમજી લેવાનું છે. ઉપર જણાવ્યા પ્રમાણેની લોકનિયત સંસ્થાઓ જ્યાં સ્થાપિત ન હોય અને નવી ઉપાડી શકાય તેવી સ્થિતિ ન હોય ત્યાં સરકારી યુનિવર્સિટીના આશ્રય નીચેની સંસ્થામાં એટલે એની મોટી કૉલેજોમાં જ્ઞાનપીઠ (chair)ની યોજના કરી શિક્ષણપ્રબંધ કરવો ઘટે.

૧૧૮૨. હવે શું કરવા યોગ્ય છે તે સંબંધી નીચેના પારાઓમાં ટુંકમાં કેટલીક સૂચનાઓ કરવામાં આવે છે તે પ્રત્યે જૈનસંઘ ખાસ લક્ષ રાખી કાર્ય કરશે તો જૈન સમાજને અને તે દ્વારા સમસ્ત ભારતની જનતાને લાભદાયક થશે.

૧૧૮૩. (૧) જૈન સાહિત્યનો પ્રાચીન વારસો મૂલ્યવાન છે. તેનો ઉદ્ધાર કરવામાં નિયમિત વ્યવસ્થા કરવી :-(ક) પ્રત્યેક પ્રાચીન ગ્રંથના ઓછા વધતા ગુણ મૂકીને વધારે આવશ્યક ગ્રંથોને પહેલાં હાથ ધરવા (૨) એક જ પ્રકારના દૃષ્ટિબિંદુથી જુદા જુદા આચાર્યોએ લખેલા જુદા જુદા ગ્રંથ રચેલા હોય તેમાં કોઇમાં અભ્યાસ માટેની વિશેષ ઉપયોગીતા ન હોય છતાં પ્રાચીનતા જ તેની વિશિષ્ટતા હોય; કોઇ કથાવાર્ત્તાના ગ્રંથો એવા હોય કે તે અપ્રસિદ્ધ છતાં તેના પ્રસિદ્ધ કરવાથી કશો નવો અને વિશિષ્ટ હેતુ સરતો ન હોય; તો તેવા માટે દ્રવ્ય, સમય અને શક્તિનો વ્યય ન કરવો; પરંતુ જેના સંસ્કરણની આવશ્યકતા સિદ્ધ થાય તે પ્રકટ કરવા. (૩) જુદી જુદી વિદ્યાપીઠો (યુનિવર્સિટીઓ)ના અભ્યાસક્રમમાં દાખલ થયેલાને તથા તેવા અભ્યાસક્રમમાં ખાસ સ્થાન લે એવા વિશિષ્ટ અને ઉપયોગી ગ્રંથોને પ્રધાનપદ આપવું.

---

૫૭૬. 'જ્ઞાનદાનનો ઉત્તમ પ્રકાર' એ લેખ-પ્ર૦ 'જૈન'નો રૌપ્યમહોત્સવ અંક સં. ૧૯૮૬ પૃ. ૧૪૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧૮૪. (૨) એવું કેંદ્રસ્થ જૈન પુસ્તકાલય સ્થાપવું કે જેમાં પૂર્વાચાર્યોનાં અપ્રસિદ્ધ હસ્તલિખિત ગ્રંથોને સુંદર અને વ્યવસ્થિત રીતે મૂકવામાં આવે ને તેનો ઉપયોગ દરેક જૈન કે જૈનેતર વિદ્વાન લઈ શકે એવી ગોઠવણ રાખવી; તેમજ અત્યાર સુધી પ્રસિદ્ધ થયેલ તમામ જૈન પુસ્તકોના સંગ્રહવાળી લાયબ્રેરી મુખ્ય મુખ્ય શહેરોમાં સ્થાપિત કરવી.

૧૧૮૫. (૩) જુદીજુદી વિદ્યાપીઠો (યુનિવર્સિટી) અને વિદ્યાલયો (કૉલેજો)માં જૈન 'ચેર' (વ્યાસપીઠ) સ્થાપી જૈન સાહિત્યમાં નિષ્ણાત અધ્યાપકો-'પ્રોફેસરોને' રોકવા.

૧૧૮૬. (૪) પ્રાચીન સાહિત્યની પ્રેરણા ઝીલી, પચાવી તેના રસમાંથી નવું સાહિત્ય સર્જવાની જરૂર છે. અત્યારે કેટલાંક એવાં પુસ્તકો બહાર પડે છે કે જે વસ્તુતઃ ઉપકારક હોતા નથી-પ્રસિદ્ધી ખાતર પ્રસિદ્ધ થાય છે અને સારાં પુસ્તકોના પ્રકાશને ગુંગળાવી મારે છે તેથી તે દિશા ઉપર અંકુશ મૂકાઇ સંગીન અર્વાચીન પુસ્તકો રચાવીને બહાર પાડવાં જોઈએ.

૧૧૮૭. (૫) જૈન તત્ત્વજ્ઞાનને વહેવારૂ રીતે જીવનમાં ઉતારીને જીવન જીવવાની દિશા બતાવનારા સાહિત્યની આજે જૈન સમાજને મોટી જરૂર છે. 'જેમ સાહિત્યમાં માત્ર જૂના સાહિત્યના પાનથી સંતુષ્ટ થવાનું નથી, પણ નવું સાહિત્ય રચવાનું છે, તેજ રીતે તત્ત્વજ્ઞાનમાં પણ આપણે આગળ પ્રગતિ કરવાની છે. આપણા પ્રાચીન પૂર્વજોએ જેમ ઇતિહાસ તેમ તત્ત્વજ્ઞાન સાહિત્ય સાથે ગૂંથ્યું હતું; પરંતુ એ કાર્ય મહાન કવિઓ જ કરી શકે. આપણે તો, એ જ કાર્યની સામગ્રી તરીકે, તત્ત્વજ્ઞાનને એક સ્વતંત્ર શાખા રૂપે કેળવી પોષી સંવર્ધી શકીએ. તત્ત્વજ્ઞાન એ સંસારને વિલોકવાની એક દૃષ્ટિ છે, અને તે જેમ જ્ઞાનીને સિદ્ધ છે તેમ આપણા સહુને સાધ્ય છે અને આવશ્યક છે. તત્ત્વજ્ઞાન એ જ્ઞાનની અન્ય શાખાઓની સમાન કક્ષાનું એક શાસ્ત્ર છે એ સમઝણ પણ ભૂલ ભરેલી છે. જ્ઞાનની સર્વ શાખામાં તત્ત્વજ્ઞાન પ્રવેશ કરે છે, કારણ કે એ સર્વના મૂળ રૂપે એનું સ્થાન છે. તેથી જીવ જગત અને પરમાત્માના સ્વરૂપનું, જ્ઞાનની એક સ્વતંત્ર શાખારૂપે ચિન્તનઃ-એટલામાંજ તત્ત્વજ્ઞાન સમાપ્ત થતું નથી. ઇતિહાસ અને વિજ્ઞાનનાં મૂળ શોધવા તથા એનો અર્થ કરવામાં પણ તત્ત્વજ્ઞાન પ્રવર્ત્તે છે. આ દૃષ્ટિએ મનુષ્યનું બંધારણ, એનો આ પરિદૃશ્યમાન વિશ્વ સાથે સંબંધ, એની સ્વાભાવિક પ્રવૃત્તિ નિવૃત્તિની ભાવનાઓ–ઇત્યાદિ સર્વ વિચાર તત્ત્વજ્ઞાનના પેટામાં પડે છે. એ વિચારનું બહોળું પણ સુચિન્તિત સાહિત્ય ઉત્પન્ન કરવાની જરૂર છે. એ જ ભવિષ્યના કાવ્યસાહિત્યમાં ઉચ્ચતા અને ગંભીરતા, એ સાહિત્યના પ્રાણ રૂપે પ્રેરી શકશે, અને એ વિના આપણું સાહિત્ય રંગબેરંગી પરપોટા જેવું જ રહેશે.' (**આનંદશંકરભાઈ**)

૧૧૮૮. (૨) જૈન તત્ત્વજ્ઞાનમાં કર્મવાદ, અનેકાંત ફિલસૂફી, નયવાદ, સામ્યવાદ, અહિંસાદિ વ્રતો, ગુણસ્થાનક્રમ, યોગ, મતિજ્ઞાનાદિના સૂક્ષ્મ ભેદો, પ્રમાણમીમાંસા આદિ અનેક વિશિષ્ટ તત્ત્વોનો સમાવેશ થાય છે તો તે દરેક પર સ્વતંત્ર વિચારકોએ તે તે પરના મિશ્ર પ્રાચીન ગ્રંથોમાંથી તારવી ઊહાપોહ અને પરિશીલન-પૂર્વક નિબંધો, લેખો, પુસ્તકો અલગ અલગ રચવાં ઘટે. જૈનધર્મની અનેકાંત-સ્યાદ્વાદની ફિલોસોફીની અર્થ એ છે કે એક વસ્તુને અનેક દૃષ્ટિકોણથી જોઇ શકાય છે. જો એ વાત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૌ સમજી લે તો જગત્‌માં સાચો પ્રેમ, શાંતિ અને અભેદનીતિ પ્રવર્ત્તે અને એ સમજવાથી જ જૈનો શ્રી મહાવીર પ્રભુના સાચા અનુયાયીઓ થવાને અધિકારી બને. ભગવાન મહાવીરનો કલ્યાણકારક સંદેશ જો જગતમાં ફેલાવવો હોય તો સૌથી પહેલાં જૈન સમાજના વિખરાયેલા તંતુઓને એકઠા કરવા જોઈએ અને બધા સંપ્રદાયોને એક સૂત્રથી બાંધી માંહોમાંહેના ભેદભાવ અને પક્ષપાતનો નાશ કરવો જોઈએ. એ કરવા માટે અનાવશ્યક રૂઢીઓ પર ભાર ન મૂકતાં જૈન તત્ત્વજ્ઞાનને જ ધર્મના આધારરૂપ સમજવામાં આવે, તો જ સાંપ્રદાયિકતાની સંકુચિત દૃષ્ટિનો આપોઆપ લોપ થશે, અને તેથી આજે જૈન સમાજની જે શક્તિ વિખરાયેલી અને વહેંચાયેલી છે તે સંગઠિત થશે. એ સંગઠન સમગ્ર જૈન જાતિ માટે કલ્યાણકર નિવડશે. જ્યારે જૈન સમાજ પ્રત્યેક ધર્મ અને સંપ્રદાય તરફ આવી અનેકાંત દૃષ્ટિથી જોતાં શીખશે ત્યારે તેનામાંથી સાંપ્રદાયિકતા પાળતા છતાં સાંપ્રદાયિકતાનું દ્રઢ મમત્વ છૂટશે અને તેવા ઉદારચરિત જૈનો સમસ્ત ભારતના એકત્રીકરણ અને સંગઠનમાં સક્રિય ભાગ લેશે.

૧૧૮૯. (૭) ભાષા સંબંધે અને વિશિષ્ટ રીતે પ્રાકૃત ભાષા માટે જૈનોચાર્યોએ ઘણું કર્યું છે. તેથી તત્સંબંધી સર્વ પુસ્તકો પ્રકટ કરવાં આવશ્યક છે. પ્રાકૃત ભાષાના ઉદ્ધાર (revival)ની અતિ જરૂર છે કારણ કે તે જૈનોની શાસ્ત્રભાષા છે. તેથી તે સંબંધે તેની ઉત્પત્તિ, આગમોની ભાષા-તેની સાથે પ્રાકૃતનો સંબંધ, આગમો પછીના પ્રાકૃત ગ્રંથોની ભાષા, પછી સંસ્કૃત ટીકાઓ અને ગ્રંથોનો ઉદ્‌ભવ-તેનાં કારણ વગેરે સંબંધી શોધખોળ થતાં ઘણો પ્રકાશ પાડી શકાશે. એટલું જ નહિ પણ પ્રાકૃત ભાષાનો ઉદ્ધાર તે દ્વારા થઈ શકશે. આ ઉદ્ધાર કરવામાં-તેનો શાસ્ત્રીય અભ્યાસ કરવામાં પહેલાં જે મુશ્કેલીઓ હતી તે હવે તેના શબ્દાર્થ કોષ, વ્યાકરણ વ્યવસ્થિત આકારમાં પ્રસિદ્ધ થયેલ હોવાથી ઘણે અંશે દૂર થઈ છે. શ્રી **અભિધાન રાજેન્દ્ર** તો મોટાં મોટાં સાત પુસ્તકમાં આગમાદિના પ્રાકૃત શબ્દો લઈ તે પર જુદા જુદા ગ્રંથોમાં જે વક્તવ્ય હોય તે ટાંકી એક વિશ્વકોષ (encyclopoedia) જેવી સામગ્રી પૂરી પાડી છે; પંડિત **બહેચરદાસે પ્રાકૃત માર્ગોપદેશિકા, પાઈઅલચ્છીનામમાલા પ્રાકૃત વ્યાકરણ, પ્રાકૃત પાઠાવલી** {*પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળા આ. વિજયકસ્તુરસૂરિ મ.સા.*} દ્વારા આદિ શાસ્ત્રીય પદ્ધતિથી સંપાદિત કરેલાં તે પ્રકટ થયેલ છે; પંડિત હરગોવિન્દદાસે પ્રાકૃત ભાષાના પ્રકટ અને અપ્રકટ ગ્રંથોના પ્રાકૃત શબ્દો લઈ તેના સંસ્કૃત શબ્દો સહિત હિંદી ભાષામાં અર્થો મૂકી પોતાની વિજયપ્રશસ્તિરૂપે એક બૃહત્ પ્રાકૃત કોશ નામે **પાઈઅસદ્દ** મહણ્ણવો (પ્રાકૃત શબ્દ મહાર્ણવ) બહાર પાડ્યો છે અને શતાવધાની મુનિશ્રી **રત્નચંદ્રજી**એ આગમના પ્રાકૃત શબ્દોના અર્થવાળો કોષ સંગ્રહેલો પ્રકટ થયો છે, આ ઉપરાંત **ચંડ**કૃત **પ્રાકૃત** વ્યાકરણ વરરૂચિ કૃત **પ્રા**કૃત પ્રકાશ, પ્રાકૃત ભાષાના **પા**ણિની હેમાચાર્યના **સિદ્ધહેમ**નો અષ્ટમ અધ્યાય, **માર્કં**ડેય કૃત **પ્રા**કૃત સર્વસ્વ અને લક્ષ્મીધરકૃત **ષડ્‌ભાષા**ચંદ્રિકા એ પ્રાચીન વ્યાકરણો પ્રસિદ્ધ થયાં છે, અને પં. ધનપાલકૃત ઉક્ત **પાઈ**અ-લચ્છીનામમાલા અને હેમાચાર્યકૃત **દેશી** નામમાલા એ કોષ ઉપલબ્ધ છે. આ સર્વ સામગ્રીથી અપ્રકટ પ્રાકૃત ગ્રંથો પ્રકાશમાં આવતાં તેનો અભ્યાસ વિશેષ સારી રીતે થઈ શકશે.

૧૧૯૦. પ્રાકૃત ભાષામાં પણ અપભ્રંશ કે જે હાલની દેશી ભાષાઓની જનની છે અને જેનું વ્યાકરણ શ્રી હેમચંદ્રસૂરિએ ઘડી આપ્યું છે તે અત્યાર સુધી એક સ્થિર અને અધિકારી ભાષા મનાતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતી, તેને બદલે હવે એનો એક જીવંત અને વિકારી ભાષા તરીકે અભ્યાસ થવો ઘટે કારણ કે આ અપભ્રંશ સંબંધે 'જૈન ગૂર્જર કવિઓ' નામના પુસ્તકના પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં આ લેખકથી બન્યું તેટલું વક્તવ્ય પ્રકટ થયું છે, તે પરથી એ જીવંત અને કાળક્રમે બદલાતી ભાષા સિદ્ધ થઈ છે અને તેનું સાહિત્ય પણ ઠીક પ્રમાણમાં ઉપલબ્ધ છે એ જણાયું છે. તો જેટલું અપભ્રંશ સાહિત્ય ઉપલબ્ધ છે એટલું પ્રકાશમાં મૂકી–તેનો અભ્યાસ શરૂ કરી દેવો જોઈએ.

૧૧૯૧. (૮) દેશી ભાષામાં-ગૂજરાતી ભાષામાં પણ શ્રી નરસિંહ મહેતાના કાળ પહેલાની કાવ્યકૃતિઓ અને ગદ્યકૃતિઓ જૈનોની રચેલી મળી આવે છે તે સર્વ પ્રસિદ્ધ કરવી અતિ આવશ્યક છે, કારણ કે તેથી તે ભાષાનાં મૂળ વિક્રમ તેરમાંથી આપણને મળી આવે છે. એ વાત સ્પષ્ટ થવા ઉપરાંત ત્યારથી રચાયેલી કૃતિઓ પ્રસિદ્ધ થતાં ભાષાના ક્રમવાર વિકાસ અને વિસ્તાર પર સારો પ્રકાશ પડશે. તે ઉપરાંત લોકકથા પરની કાવ્યકૃતિઓ શામળ ભટ કરતાં ઘણા પૂર્વના જૈન કવિઓએ કરી છે તે પ્રકટ થતાં તેનું સાહિત્ય ભાષાદૃષ્ટિએ તેમજ વાર્ત્તાનિરૂપણની દૃષ્ટિએ આદરણીય થશે.

૧૧૯૨. (૯) દેશી ભાષામાં ઉપરનું સાહિત્ય ભાષાના ઇતિહાસ માટે ઉપયોગી છે, તે ઉપરાંત સંસ્કૃત અને દેશી ભાષામાં ઐતિહાસિક પ્રબંધો આદિ સાહિત્ય છે તે ગૂજરાતના ઇતિહાસ પર સારો પ્રકાશ નાંખે છે, તેથી તે સાહિત્યનું પ્રસિદ્ધિકરણ અતિ આવશ્યક છે.

૧૧૯૩. ગૂજરાતનું ગૌરવ કેમ વધે તે વિષેનું સદૈવ ચિંતન કરનાર સ્વ. રણજિતરામભાઈએ સં. ૧૯૭૧માં જણાવ્યું હતું કે 'ગુજરાતની મુખ્યત્વે વસ્તી હિંદુઓની છે, ગુજરાતની સંસ્કૃતિ ઘડનાર પણ તેઓજ છે. હિંદુઓની બે વિભાગ છે : વેદધર્મી અને જૈન. ગુજરાતી સંસ્કૃતિના પોષણ અર્થે થયેલાં વેદધર્મીઓનાં કૃત્યો વિશે લખવાનું મોકુફ રાખી જૈનીઓનાં કૃત્યો તરફ અંગુલિનિર્દેશ કરીશું. જૈન ધર્મનો જન્મ ગુજરાતમાં થયો નથી છતાં ગુજરાત અને ગુજરાતના પાડોશી પ્રદેશો-રાજસ્થાન અને માળવામાં એ ધર્મના શ્રાવકોની મહોટી વસ્તી છે. શત્રુંજય અને ગિરનાર જેવાં એમનાં મહોટાં તીર્થો ગુજરાતમાં છે. સિદ્ધરાજ, કુમારપાળ અને વસ્તુપાળ તેજપાળે જૈન સાહિત્ય અને લલિત કળાઓ (સ્થાપત્ય, મૂર્ત્તિવિધાન, ચિત્રવિદ્યા)ને ઉત્તેજન, પોષણ અને આશ્રય આપ્યાં હતાં. સોલંકીઓની સત્તા દરમ્યાન એમણે રાજકારભાર ચલાવ્યા હતા અને રણક્ષેત્રમાં વિજય મેળવ્યા હતા. પૂર્વે વેપાર ખેડતા અને આજે પણ ખેડે છે. વેપારથી મળતી લક્ષ્મી મંદિરો બાંધવામાં, મૂર્ત્તિઓની સ્થાપના કરવામાં, ગ્રંથભંડાર સ્થાપવામાં, ગ્રંથોની નકલો કરાવી પ્રચાર કરવામાં–વગેરેમાં વપરાતી. સર્વ ધર્મનું રહસ્ય જાણવા અકબર બાદશાહને જિજ્ઞાસા થઈ ત્યારે જૈન ધર્મનો પ્રબોધ કરવા હીરવિજયસૂરિ ગુજરાતમાંથી જ ગયા હતા. જ્યાં જ્યાં જૈનોની વસ્તિ હશે ત્યાં ત્યાં સાધુઓ અને સાધ્વીઓને રહેવા અપાસરા હોય છે. આવાં સ્થળોમાં તેઓ ચાતુર્માસ ગાળે છે અને ઉપદેશ આપી શ્રાવકોનાં જ્ઞાન અને ધર્મની જ્યોત સળગતી રાખે છે. ગુજરાતના સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, ગુજરાતી અને હિન્દી સાહિત્યના અનેક ગ્રંથો જૈનોએ લખ્યા છે એ બુહલર, ભાંડારકર (પિતા અને પુત્ર), પીટર્સન, કીલ્હોર્ન, કાથવટે, દલાલ, વેબર, જેકોબી આદિના રીપોર્ટો, ગ્રંથો પરથી સુપ્રસિદ્ધ છે. સાહિત્યનાં અંગો-કાવ્ય, કથા, નાટક-એમણે ખીલવ્યાં છે. વ્યાકરણના ગ્રંથો લખ્યા છે. જૈન તત્ત્વચિંતન અને ન્યાય તથા યોગ વિશે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ એમણે ઉત્તમ ગ્રંથો રચ્યા છે, ગુજરાતના ઇતિહાસને લગતી નાનાવિધની માહિતી ચરિત્ર રૂપે, કથા રૂપે, કાવ્ય રૂપે, ગ્રંથોની સમાપ્તિની નોંધ રૂપે, મૂર્ત્તિઓની સ્થાપનાના લેખ રૂપે, મંદિરોના શિલાલેખ રૂપે, ચિત્રોરૂપે એમણે સાચવી રાખી છે. ગુજરાતની એમણે ઘણી ઘણી સેવા કરી છે. અફસોસ છે કે વેદધર્મીઓ હજુ જોઇએ તેટલા પ્રમાણમાં એ સેવાનું મહત્ત્વ સમજતા નથી. પહેલી જૈન સાહિત્ય પરિષદ મળી તેના પ્રમુખપદે મહામહોપાધ્યાય **સતીશચંદ્ર વિદ્યાભૂષણ**-એક બંગાળી વેદધર્મી વિદ્વાન બિરાજ્યા હતા. ગુજરાતી વેદધર્મી કે જૈન વિદ્વાન નહીં. પણ **ગુજરાતના** વેદધર્મીઓ કાંઇક અતડા છે અને જ્ઞાનના જ્ઞાન ખાતર અનુરાગી નથી. જૈનોની જ ઉપેક્ષા કરે છે એમ નથી-પારસીઓ, મુસલમાનોની પણ ઉપેક્ષા કરે છે. કોઇ ગુજરાતી વેદધર્મી અવસ્તા પહેલવીમાં પ્રવીણ છે ? સંસ્કૃતમાં ઘણા પારસીઓ પ્રવીણ છે. ઈરાની સંસ્કૃતિનો જ્ઞાતા કોઈ ગુજરાતી હિંદુ છે ? અરબી સાહિત્યનો વિદ્વાન કોઇ ગુજરાતી હિંદુ છે ? નથી. જ્ઞાનની તૃષ્ણા નથી. તૃષ્ણા હોય તો તેની પરિતૃપ્તિ માટે સાધનો, અનુકૂળતા નથી.'[૫૭૭]

૧૧૯૪. શ્રીયુત **કૃષ્ણલાલભાઇ** સં. ૧૯૮૧માં જણાવે છે કે 'જુના ગુજરાતી સાહિત્યના બંધારણ તથા તેના વિકાસમાં બ્રાહ્મણ, વાણીઆ, શ્રાવક અને જૈન સાધુઓએ મુખ્ય ભાગ લીધો છે, એટલે કે જૈનેતર તેમજ જૈન એ બંને કોમોએ સાહિત્યને ખીલવવામાં મદદ કરી છે. એ બેમાંથી એક જ કોમે એવો દાવો કરવો કે એ સાહિત્ય અમારા વડે જ જીતવું રહ્યું છે તે કેવળ પ્રમાદ છે. જુના ગુજરાતી (કે અન્ય ભાષાનાં) સાહિત્યનો સીલસીલાબંધ, સંબદ્ધ (connected) ઇતિહાસ લખવો હોય તો જૈનોથી જૈનેતરની કૃતિ તરફ અને જૈનેતરથી જૈનોની કૃતિ તરફ દુર્લક્ષ થઈ શકે નહીં. અમુક વિષયો સંબંધે બંને કોમોએ એક જ નદીના મૂળમાંથી પાણી લીધેલું: એટલે કે સંસ્કૃત ગ્રંથ પર આધાર રાખેલો; અમુક બાબતમાં વિચારની પરસ્પર આપલે થયેલી (they acted and reacted on each other)- એટલે ખરા ઇતિહાસની રચનામાં તો એ બંને કોમની કૃતિની આલોચના થવી જોઇએ. ખરું જોતાં તો વખત એવો આવી લાગ્યો છે કે જુના ગુજરાતી (કે અન્ય ભાષાના) સાહિત્યનું ખરું ભાન કરાવવા માટે સાહિત્યમાં રસ લેતા અભ્યાસીને જેટલું જૈનેતર વર્ગના આચાર, વિચાર અને ધર્મનું જ્ઞાન હોવું જોઇએ તેટલું જ જૈનોના આચાર, વિચાર અને ધર્મનું હોવું જોઇએ. એ પરિચય આવશ્યક છે, એ ન હોય તો દૃષ્ટિબિંદુ ખોટું રહેવાનું (the perspective would be false) અને સાહિત્યના ચિત્રપર પડતું તેજ (light), અથવા તેને ઢાંકતી, ઝાંખું દેખાડતી તેજહીનતા (shade) બરાબર સમજાવાનાં નહીં. ઢાલની એક બાજુ અત્યાર સુધી જોવામાં આવતી; હવે બે બાજુ જોવી પડે છે ને પડશે. (**આનંદકાવ્ય મહોદધિ** મૌ. ૭માનો ઉપોદ્‌ઘાત. તા. ૨૪-૧૦-૧૯૨૫.)

૧૧૯૫. કોઇપણ દેશ બીજા દેશની સંસ્કારિતા કે સંસ્કૃતિને તિલાંજલિ આપે તો તે પોતાના આત્મહિતને-પ્રગતિને અટકાવે છે. પૂર્વની સંસ્કૃતિમાં પણ બ્રાહ્મણ સંપ્રદાય અને શ્રમણ સંપ્રદાય-એ

---

૫૭૭. 'જૈન સંસ્કૃતિ' પર લેખ તા. ૩-૭-૧૯૧૫ જૈન શ્વે. કૉ. **હેરેલ્ડ**નો જૈન ઇતિહાસ સાહિત્ય અંક વીરાત્ ૨૪૪૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંનેની સંસ્કૃતિનું સ્થાન છે-જૈન અને જૈનેતર, બ્રાહ્મણ અને બ્રાહ્મણોત્તર-એ બંનેના સાહિત્ય અને ધર્મચિંતનના ફાળાને જુદા-એકબીજાથી તદ્દન નોખા રાખી શકાશે નહિ; એટલું જ નહિ, પરંતુ પૂર્વ પણ પશ્ચિમની અને પશ્ચિમે પૂર્વની સંસ્કૃતિને આદર આપી સારાં તત્ત્વો જ્યાં જ્યાં જણાય ત્યાં ત્યાંથી લઈને તેમને અપનાવવાં પડશે-આમે જ કરવાં પડશે-મિલાવી લેવાં પડશે. આના જ્વલંત દૃષ્ટાંત રૂપે કવિસમ્રાટ ડો. રવીન્દ્રનાથે 'વિશ્વભારતી' નામની મહાસંસ્થા પોતાના શાંતિનિકેતનમાં સ્થાપી છે. આજનો યુગ કોમકોમનું, પ્રજાપ્રજાનું સંગઠન માગે છે-સર્વની સંસ્કૃતિનો સહકાર ઇચ્છે છે. તો તે પ્રત્યે આ પશ્ચિમ ભારતના-ગૂજરાતના શ્વેતામ્બર જૈન સાહિત્યનો ઇતિહાસ પણ યત્કિંચિત્ દિશા બતાવશે અને જૈન સંસ્કૃતિ પ્રત્યે આદર કેળવવામાં તે નિમિત્તભૂત થશે એવી સંપૂર્ણ આશા છે. જ્ઞાન અને શક્તિથી દેશનું પુનરુત્થાન છે તો તે બંને આપણને પ્રાપ્ત થાય તે માટે સહુ પ્રાર્થના કરીએ કેઃ-

सह वीर्यं करवामहै । तेजस्विनोऽप्यधीतमस्तु मा विद्विषामहै
मा विद्विषामहै
मा विद्विषामहै ॥

शान्तिरस्तु पुष्टिरस्तु आत्मकलासमृद्धिरस्तु ॥
सर्वे मेधाविनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
आत्मज्योति श्च पश्यन्तु मा कश्चित्तम आप्नुयात् ॥

અને એ પ્રાર્થના સિદ્ધ થતાં કવિ ન્હાનાલાલના શબ્દોમાં આપણે ભારતમાં યશોગાન ગાઈશું કે :-

જીવન સાફલ્યવન્તી સૃજનહેતુસિદ્ધિવન્તી;
વિરાટને કિરીટ તિલકટીલડી સમ હો !
ઇતિહાસની અનસ્ત પરમ પૂર્ણિમા અમ હો !
મનુષ્યકુલની પ્રફુલ્લ નિત્યવસન્ત હો !
અમ ભારતભૂમિ હો !
ભાખો એ કલ્યાણમંત્ર, ભાગ્યજનની હો !
ગાઓ એ મહાકથા મનુષ્યમોહિની, અહો ભારતકુલ !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન સાહિત્યનો ઇતિહાસ

જૈન ગૂર્જર કવિઓ-બીજો ભાગ-સંબંધી અભિપ્રાયો.

[જૈન ગૂર્જર કવિઓ-બીજો ભાગ કે જેની પ્રસ્તાવના તરીકે આ ઇતિહાસને મૂકવા ધાર્યું હતું તે આ ઇતિહાસ દળદાર થઇ જવાથી તેના વગર બહાર પડી ગયો છે અને તેમાં તેના પરિશિષ્ટ ૫ માં જૈન ગૂર્જર કવિઓ-પ્રથમ ભાગ સંબંધીના અભિપ્રાયો આપેલા છે અને ઉક્ત બીજા ભાગના સંબંધી આવેલ પહોંચ, સૂચના, અભિપ્રાય અત્ર પ્રકટ કરવામાં આવે છે કે જે પૈકી કેટલાંકમાં પ્રથમ ભાગ સંબંધી પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે.]

૧ પંડિત શ્રી લાલચંદ ભગવાનદાસ ગાંધી જૈન પંડિત ઓરિયન્ટલ ઇન્સ્ટિટયૂટ કોઠીપોળ વડોદરા-લેખક પરના તા. ૬-૭-૩૧ના પત્રમાં જણાવે છે કેઃ- આપનો 'જૈન ગૂર્જર કવિઓ' ભાગ ૨ જો **દળદાર ગ્રંથ** કો. ઓફીસ દ્વારા મ્હને ભેટ મળી ગયો છે, આપના એ ભગીરથ પરિશ્રમ માટે સર્વ કોઇ ઇતિહાસ પ્રેમી અને સાહિત્યપ્રેમી ધન્યવાદ ઉચ્ચારે એ સ્વાભાવિક છે.

૨ પ્રોફે૦ બલવન્તરાય કલ્યાણરાય ઠાકોર વડોદરા લેખક પરના તા. ૭-૭-૩૧ના પત્રમાં જણાવે છે કેઃ-**જૈન** ગૂર્જર કવિઓ બીજો ભાગ પ્રત ૧ ગઇ કાલે મળી તે માટે ત્હમને જેટલો ધન્યવાદ આપિયે તેટલો ઓછો, જો કે આગલા સૈકાઓમાંથી જેમ જેમ આ તર્ફ-વર્તમાનમાં-આવો છો તેમ તેમ કામની મુશ્કેલી અને અગત્ય બંને ઓછાં. કોન્ફરન્સના મંત્રી સાહેબોનો ઉપકાર માનું છું. આવી ચોપડીઓ વિદ્વાનો અને સંસ્થાઓને વિના મૂલ્યે મોટી સંખ્યામાં ભેટ આપવાની એમની નીતિ વિષે રા. રા. પંડિત લાલચંદ જે પ્રશંસવાચનો લખે છે તે યથાયોગ્ય છે. યુરોપમાં પણ આવી ચોપડીઓ યુનિવર્સિટીઓ લાયબ્રેરીઓ તજજ્ઞ પ્રોફેસરો આદિમાં વ્હેંચાય છે. પ્રાસ્તાવિક અને ઐતિહાસિક જુદા ગ્રંથ રૂપે બ્હાર પાડવાનો નિર્ણયજ ઉત્તમ છે.

જૂનાં પુસ્તકો જેમ વધુ જગાઓ વચ્ચે વ્હેંચાઇ ગયેલાં હોય તેમ તેમની ઈજા અને તેમના નાશનો ભય વધારે, તેમનો ઉપયોગ કરવામાં વિદ્વાનોને મુશ્કેલીઓ વધારે વગેરે દેખીતું છે. પરંતુ આ બાબતમાં જૈન લોકમત જ્યાં સુધી સુજ્ઞ બની અર્વાચીન મનોદશાવાળો ના થાય ત્યાં લગી ઉપાય જ નથી. લીમડીની આખી યાદી છપાઇ છે, પાટણ જેસલમેરની છપાય છે. (જો કે આખી નહીં) તેમ બીજા મોટા ભંડારોની છપાય તો પણ ઘણી સરલતા વધે, કૉન્ફરન્સ મંત્રીઓ ધારે તો આ કાર્યપણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કટકે કટકે ઉપાડી શકે, અને કચ્છ ? ત્યાંના સંગ્રહોનું તા. ૭-૭-૩૧.

૩ **પંડિત બેચરદાસ**-પ્રીતમનગર અમદાવાદ. આપણી કૉન્ફરન્સે **મોહનભાઈ**ના ગૂર્જર કવિઓના બે ભાગો બહાર પાડીને સાહિત્યની કિંમતી સેવા કરી છે. હું તો ઇચ્છું છું કે તે આપણું કેળવણી ખાતું ચલાવે છે એવી રીતે પ્રકાશન ખાતું ચલાવે તો ઘણું સરસ કામ કરી શકે. ગૂર્જર કવિઓના બન્ને ભાગો એટલા બધા વિશાળ છે એથી એની સમાલોચના મારી આંખ કરી શકે એમ નથી છતાંય એટલું કહેવું આવશ્યક છે કે એ મોહનભાઈનો સંગ્રહ ઘણો કિંમતી છે, છતાં મોહનભાઈને એક વિનંતિ કરૂં છું કે તેઓ જે કાંઇ સંગ્રહ કરે તેમાં વધુ ચોકસાઇ લાવવા કાળજી રાખે. પાટીદારના તંત્રીની સમાલોચનાનો છેવટનો પેરેગ્રાફ જરૂર તેઓ ધ્યાનમાં લે. તા. ૧૧-૭-૩૧.

૪ **શ્રી પૂર્ણચંદ્ર નહાર** M.A.B.L. -૪૮ ઇંડીયન મિરર સ્ટ્રીટ, કલકત્તા.

The author Mr. Desai is doing a good deal of substantial work in furtherance of the cause fo Vernacular jain Literature. My humble opinion on the work will be sent later on.

-કર્ત્તા મિ. દેશાઇ દેશી ભાષાના જૈન સાહિત્યના હિતને વધારવાનું અતિ સંગીન-નક્કર કાર્ય કરે છે. આ ગ્રંથ વિષે મારો નમ્ર અભિપ્રાય હવે પછી મોકલવામાં આવશે. તા. ૧૨-૭-૩૧.

૫. **ડૉ. પી. એલ. વૈદ્ય** M.A. (Cal); D.: Litt (Paris), Professor of Sanskrit and Allied Janguages, Fergusson College, Poona, પોતાના તા. ૧૫-૭-૩૧ના પત્રથી ઉક્ત પુસ્તકની પહોંચ સ્વીકારતાં જૈન શ્વે. કૉન્ફરન્સના સ્થાનિક જનરલ સેક્રેટરીઓને જણાવે છે :-

I am in due receipt of the 2nd Vol. of your publication Jaina Gurjara Kavio of which you kindly sent me a copy. I am indeed very grateful to you for your favour.

I have not yet published any review of the work as I am afraid I cannot review the Gujarati portion of extracts. As regards the Introduction to both the volumes I have formed a very high opinion of the scholarship of Mr. M. D. Desai, and can say that the world of linguists owe him a debt of gratitude for his efforts in presenting in a systematic form the part played by the Jain poets in the making of modern and ancient Gujarati.

-આપની પ્રકાશિત કૃતિ નામે **જૈન ગૂર્જર કવિઓ**નો બીજો ભાગ કે જેની એક નકલ મને આપે કૃપાથી મોકલી તે મળી. ખરેખર આપની તે કૃપા માટે આપનો અતિ ઉપકૃત છું.

આ પુસ્તકની સમાલોચના મેં અત્યાર સુધી પ્રકટ કરી નથી કારણ કે મને ભીતિ છે કે ઉતારાઓના ગૂજરાતી ભાગની સમાલોચના હું કરી છું શકું નહિ. (જૈન ગૂર્જર કવિઓના) બંને વૉલ્યુમોની પ્રસ્તાવના સંબંધે મિ. **એમ. ડી. દેસાઈ**ની વિદ્વત્તા માટે મેં અતિ ઉચ્ચ મત બાંધ્યો છે, અને હું કહી શકું છું કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્વાચીન અને પ્રાચીન ગૂજરાતીના ઘડતરમાં જૈન કવિઓએ ભજવેલા ભાગને વ્યવસ્થાબદ્ધ સ્વરૂપમાં રજુ કરવામાં તેણે લીધેલા શ્રમ માટે ભાષાશાસ્ત્રીઓનું જગત્ તેના ઉપકારનું ઋણી છે.

૬. મુનિ શ્રી અમરવિજયજી મહારાજના વિદ્વાન શિષ્ય **મુનિ શ્રી ચતુરવિજય** સં. ૧૯૮૭ના અષાઢ શુદિ ૧ (૧૬-૭-૩૧)ના કાર્ડથી જણાવે છે.

'વિશેષ, રા. **મોહનલાલ દ. દેસાઈ** કૃત **જૈન ગુર્જર કવિઓ** બીજો ભાગ આપના તરફથી ભેટ મળ્યો, આભાર. રા. દેસાઈએ અનેક વર્ષો સુધી મહેનત કરી જુદા જુદા સ્થળોના ભંડારો તપાસી દોહન કરી જે આ બે અપૂર્વ પુસ્તકરત્નો જૈન સમાજ સન્મુખ રજુ કર્યા છે તે માટે માત્ર જૈનોને જ નહીં. પરંતુ અનેક જૈનેતર વિદ્વાનો કે જે ઐતિહાસિક વિષયમાં રસ ધરાવતા હશે તેઓને પણ અત્યંત ઉપયોગી નિવડશે એમાં મને તો કંઈ શંકા નથી. અભિપ્રાય કરતાં હાર્દિક અભિનંદનજ બસ છે.

વ્યવસાયી જીવન છતાં રા. દેસાઈએ જે પ્રયાસ ઉઠાવ્યો છે તે માટે તેમને ધન્યવાદ. આવી જ રીતે સંસ્કૃત પ્રાકૃત ગ્રંથોનું લિસ્ટ થાય તેમજ ખાસ જૈનકથાકોષ થાય તો તો ઘણું સારૂં. + + લિ. મુનિ ચ. વિ. ના ધર્મલાભ.

૭. સાક્ષરશ્રી દિ. બ. **કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી** M.A.LL.B. મુંબઈ સ્મોલ કોઝ કોર્ટના માજી વડા જજ કર્ત્તા પરના તા. ૧૦-૮-૩૧ના પત્રમાં લખે છે કેઃ-

'શ્રી જૈન **શ્વે**તાંમબર **કોન્ફરન્સ**ના જનરલ સેક્રેટરીઓ મારફત -જૈન ગુર્જર કવિઓ બીજો ભાગ- એ પુસ્તક મળ્યું છે. લાંબો વખત થયા તેની પહોંચ તમને લખું લખું કર્યા કરતો હતો. પણ નાદુરસ્ત તબીએત તથા બીજા વ્યવસાયોને લીધે અત્યારથી વહેલી ઉપકાર સાથે પહોંચ લખી શકયો નહીં તેથી દિલગીર છું. એ બીજો ભાગ પણ પહેલા ભાગ જેવું જ Monumental Work છે અને તમારા આગ્રહ, ચીવટપણા તથા એ દિશામાં સતત મહેનત કર્યા કરવાની આકાંક્ષા-એક જાતના Mania -ની સાબિતી રૂપે છે. આ ભાગમાંથી પણ ઘણું નવું જાણવાનું ને શીખવાનું મળે છે અને જ્યારે એ હારમાળાનો ત્રીજો ભાગ છપાશે ત્યારે આ આખા વિષયનો સંપૂર્ણપણે Perspective લેવામાં તે અગત્યનો ભાગ બજાવશે એમાં શકય નથી. તમારા આ પ્રયાસ માટે ગુજરાતી સાહિત્ય તમારૂં ઋણી રહેશે.

૮. સાક્ષરશિરોમણી શ્રી **નરસિંહરાવ ભોળાનાથ દિવેટીઆ** તા. ૯-૮-૩૧ના કાર્ડથી માત્ર આટલું ટુંકમાં પહોંચ રૂપે જણાવે છે કેઃ-

વિ. વિ. જે આપની તરફથી 'જૈન ગુર્જર કવિઓ' ભાગ ૨ ની પ્રત મળી. તે માટે બહુ બહુ ઉપકાર માનું છું. પ્રથમ ભાગ પણ મળી ગયો હતો જ.

હાવા **આકર** ગ્રંથનું અવલોકન લખવું એ મ્હારા જેવાના સામર્થ્યની બહાર છે. માટે તે ખાતે ક્ષમા માગું છું.

૯. મુંબઈની મ્યુનિસિપલ સ્કૂલોના ઈન્સપેકટર શ્રી **હિમ્મતલાલ ગણેશજી અંજારિયા** M.A.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તા. ૯-૮-૩૧ના પત્રથી જણાવે છે કેઃ-

શ્રી મોહનલાલ દેસાઈ તરફથી પહેલો ભાગ ઘણા વખત થયાં મળ્યો છે અને બીજો હમણાં આપના કાગળ સાથે મળ્યો છે.

શ્રી **મો**હનલાલ દેસાઈએ જે શ્રમ લીધો છે, અને એ પુસ્તકો દ્વારા ગુજરાતી સાહિત્યના અને ભાષાના અભ્યાસ માટે જે સાધન પૂરાં પાડયાં છે તેની કિમ્મત આંકવા માટે તો પુષ્કળ અભ્યાસ અને અવકાશી જરૂર છે. તે પુસ્તકોની કિમ્મત એટલી ઉંચી અને મોટી છે કે ઉપર ઉપરથી જોઈને કાંઇ કહી નાંખવું એ અન્યાય આપવા જેવું જ ગણાય. અને તેથી જ હું તે સંબંધે કાંઇ લખી શકયો નથી. જેટલો અવકાશ અને જેટલો અભ્યાસ, તે પુસ્તકોની કદર કરાવવા માટે જોઈએ તે હું મેળવી શકયો નથી અને હજુ એક વરસ સુધી તો મેળવી શકું એમ નથી. પણ પછી તે રત્નોના ગાઢ પરિચયમાં આવવા અવશ્ય ઈચ્છું છું અને પ્રભુ ઈચ્છા હશે તો તે પુસ્તકો ભાષા ઉપર જે પ્રકાશ પાડે છે, ભાષાના વંશાવતારના અભ્યાસ માટે જે ઉપયોગી સાધન પૂરાં પાડે છે. ગુજરાતના જીવન માટે અને ધાર્મિક અને ઇતર પ્રવૃત્તિ માટે જે દૃષ્ટિ રજુ કરે છે તે બધાનો અભ્યાસ અવશ્ય કરીશ અને વિગતથી તે માટે લખીશ દરમ્યાન. શ્રી **મો**હનલાલ દેસાઈએ જે શ્રમ લીધો છે, અને જે અભ્યાસ કર્યો છે તે માટે તેમને અને આવાં સામાન્ય જગત જેને કોઈપણ રીતે અપનાવી ન શકે અને તેથી જેની રૂપિયા આના પાઈમાં ગણાતી કિમ્મતમાં પણ કાંઇ વળતર ન આવે, તેવાં, છતાં અત્યંત કિમ્મતી અને ઉપયોગી પુસ્તકો છપાવવા માટે આપના **કો**ન્ફરન્સને અનેક ધન્યવાદ ઘટે છે એટલું તો કહી દેવા તક લઉ છું.

જૂની ગુજરતીનો અભ્યાસ મેં શરૂ કરેલો, પણ ઘણા ઘણા અંતરાયોને લીધે તે પ્રારંભદશાથી આગળ વધી શકયો જ નથી. જેથી જ જૈન ભાઈઓ તરફથી પ્રગટ થતાં **આ**નંદ કાવ્ય મહોદધિના અંકે તથા **જૈ**ન ગુર્જર કવિઓના ભાગો માત્ર ઉપર ઉપરથી જોવા ઉપરાંત વધારે હું કરી શકયો નથી, પરંતુ હું જેટલું જોઈ શકયો છું તે ઉપરથી કહી શકું છું કે અભ્યાસનાં સાધન તરીકે ઘણું ઉપયોગી સાહિત્ય આ પુસ્તકો દ્વારા પ્રકટ થયું છે અને તેથી ગુજરાતી ભાષાનો દરેક અભ્યાસી આવાં પ્રકાશન માટે ઉપકૃત રહેશે જ. મને સંભાળી પુસ્તકો મોકલવા માટે આભાર માનું છું.

૧૦. રા. કહાનજી ધર્મસિંહ કવિ તા. ૧૩-૯-૩૧ ના પત્રથી લખે છેઃ-

-વિ. કે-'જૈન ગુર્જર કવિઓ' ના બે ભાગ આપના દ્વારા પ્રાપ્ત થતાં અતિ આનંદ ઉદભવ્યો. એ ઉપર વિવેચન કે વિવરણ તો સમર્થ વિદ્વાનો જ લખી શકે. હું તો એ મહાપુરુષોનો કેવલ ગુણપૂજક અને પ્રશંસક હોવાથી એટલું જ નિવેદન કરીશ કે.

(દોહરા)

જૈન કાવ્યસાહિત્યના, મહાભારત બે ભાગ,
અવલોકનથી ઉપજ્યો, અંતરમાં અનુરાગ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જતી સતી ગુરુ જ્ઞાનિનો, અનુપમ જ્ઞાનવિલાસ,
અચળ કર્યો ઈતિહાસથી, એ નહિ અલ્પ પ્રયાસ. ૨

ગુજરાતી સાહિત્યમાં, જૈન કવિ વર વીર,
શુદ્ધ સ્વરૂપે દાખવ્યા, મોહન મતિ ગંભીર. ૩

શ્વેતાંબર મંડળ મલી, તેનો કર્યો પ્રકાશ,
કહાન અભિવંદન કરે, ઈશ્વર પૂરે આશ. ૩

તથાસ્તુ.

૧૧. **'સૌરાષ્ટ્ર'** અગષ્ટ ૧૫ : ૧૯૩૧ ના અંકમાં પૃ. ૮૦૫ પર 'સંશોધન' ના મથાળા નીચે પરિચય કરાવે છે કેઃ-

ગુજરાતી ભાષાનું ઝરણ નરસિંહ મહેતાથી યે આગળ, તેરમી સદીથી વહેતું થયું છે અને એ બસો વર્ષનો પ્રવાહ બાંધવામાં જૈન સાધુઓના એક મોટા જૂથનો અવિરત ઉદ્યમ ઉત્તરોત્તર ચાલુ રહ્યો હતો, એ વસ્તુસ્થિતિ તરફ આપણી પ્રથમ આંખ ઉઘાડનાર ગ્રંથ જૈન ગૂર્જર કવિઓ ભા. ૧ છે. એની અંદર એ જૈન સાધુઓની રચેલી પ્રચૂર કાવ્યસામગ્રી સંઘરનાર શ્રી મોહનલાલ દેસાઈને મોટો જશ મળેલો છે. સાંપ્રદાયિકતાની સૂત્ર વગર સમસ્ત ગુજરાતે, સાહિત્યની વિમલ દૃષ્ટિએ શ્રી દેસાઈના એ પ્રયત્નને વધાવેલ છે. શ્રી દેસાઈએ પણ પોતાની આ ફતેહને સાંપ્રદાયિક શેખીની વૃત્તિથી રૂંધાવા દીધા વગર, શુદ્ધ સંશોધન બુદ્ધિથી પોતાનું કામ ચાલુ રાખીને આ ચાર વર્ષના ગાળામાં સ્થળે સ્થળે ભ્રમણ કરી, ખોળી ખોળી ૫૯૦ પાનાંની નવી સામગ્રી રજૂ કરી છે. તેમાં (૧) અઢારમી સદીમાંના લગભગ ૧૮૦ જૈન કવિઓ અને તેમની ચારસો જેટલી કૃતિઓની નોંધ કરી છે. (૨) કવિઓની અનુક્રમણિકા આપી છે. (૩) અઢારમા સૈકાની ગદ્યકૃતિઓની નોંધ કરી છે. (૪) પાંચ પરિશિષ્ટો આપેલાં છે તેમાં પણ કોઈ કવિ અથવા એની કૃતિનો કાલનિર્ણય કરવામાં સહાયભૂત થનારી હકીકતો છે. ગુર્જર ભાષા અને સાહિત્યના પ્રાચીન ઈતિહાસ પર અજવાળું પાડવામાં આ સંગ્રહ કેટલે અંશે ઉપકારક થાય, તે તપાસી જોવા અમે સંશોધનક્ષેત્રના ખાસ અભ્યાસીઓને ભલામણ કરીએ છીએ. કાવ્યદૃષ્ટિએ કદાચ કસોટીએ ચડાવી શકાય તેવી સામગ્રી આમાં ઓછી હશે, પણ ભાષાઘડતરની દૃષ્ટિને ઠીક સામગ્રી મળી રહેશે એમ અમે માનીએ છીએ.

૧૨. **પ્રસ્થાન**ના વિદ્વાન્ તંત્રીશ્રી **રામ**નારાયણ **પાઠક** સં. ૧૯૮૭ ના શ્રાવણ માસના અંકમાં પોતાનો ટુંક અભિપ્રાય પ્રકટ કરે છે કે :-

પહેલા ભાગ જેટલો જ આ ભાગ પણ ઉપયોગી છે. આમાં ૧૮મા શતકના કવિઓનાં કાવ્યોનાં આદિ અંતમાં પ્રતીકો છે. છેવાડે આપેલાં સૂચીઓથી પુસ્તક વધારે ઉપયોગી બન્યું છે. આ ઉદ્યોગી સંપાદકને ગ્રંથ માટે ધન્યવાદ ઘટે છે.

૧૩. **જૈન ધર્મપ્રકાશ** પુ. ૪૭-૫ સં. ૧૯૮૭ ના શ્રાવણના પૃ. ૧૮૧-૨ માં પુસ્તકોની પહોંચ આપતાં લખે છે કે-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ બુક ઘણા વર્ષોના પ્રયાસને પરિણામે બહાર પાડવામાં આવી છે. લેખકના પ્રયાસનું માપ કરી શકાય તેમ નથી. પેલા ભાગની પૂર્તિમાં કરેલો આ બીજો ભાગ વિશેષ ઉપયોગી થયો છે. આ બુકનું વિશેષ વર્ણન આપવા માટે વિશેષ સ્થળ ને અવકાશની આવશ્યકતા છે. પ્રસંગોપાત આ બુક વિષે વિશેષ લખવા ઇચ્છા વર્તે છે. દરેક જૈન બંધુઓએ અને સંસ્થાઓએ આ બુક રાખવા લાયક છે. પ્રયાસના અને બુકના પ્રમાણમાં કિંમત વધારે નથી.

૧૪. આત્માનંદ પ્રકાશ-પુ. ૨૯-૧ સં. ૧૯૮૭ ના શ્રાવણના અંકમાં પૃ. ૨૮ માં કહે છે કેઃ- આ બીજા ભાગમાં વિક્રમના અઢારમા શતકના ગુજરાતી ભાષાના જૈનકવિઓની કૃતિઓ સહિત વિસ્તૃત સૂચિ આપવામાં આવેલ છે. ભાઈ **મોહનલાલ** જૈન સાહિત્ય ઇતિહાસના ખરેખરા અભ્યાસી અને સંશોધક છે. જૈન વસ્તીવાળા, જૈન ભંડારોવાળા શહેરોમાં જઈ ખંતપૂર્વક કરેલ શોધ અને પ્રયત્નનું ફળ આ ગ્રંથનું પ્રકાશન તે છે, કે જે તેમના નિવેદનમાં વાંચવાથી જણાય છે. આ ગ્રંથમાં કવિઓની અનુક્રમણિકા અને છેવટે ગદ્યકૃતિઓની નોંધ કરી ચાર અનુક્રમણિકા આપેલ છે. જેથી કોઇ પણ હકીકત મેળવતાં વાચકને સરલતા થાય છે. તે પછી પાંચ પરિશિષ્ટો જૈનકથા નામકોષ, જૈન ગચ્છોની ગુરુપટ્ટાવલીઓ ત્રીજામાં અંચલ ગચ્છની પટ્ટાવલી, ચોથા રાજાવલી અને છેલ્લે પ્રથમ ગ્રંથના અભિપ્રાયો છે. ચાર પચીશીમાં આખા શતકના જૈન કવિઓની કૃતિની વહેંચણી કરવામાં આવે છે, જેથી સંકલનાપૂર્વક યથાયોગ્ય આ ગ્રંથની રચના વિદ્વતાપૂર્ણ બંધુ મોહનલાલે કરી છે. આ ગ્રંથ પ્રકટ થવાથી શ્રી જૈન કોન્ફરન્સ સાહિત્ય માટે જે પ્રયાસો કરે છે. તેમાં આ ગ્રંથ તેની વૃદ્ધિ કરે છે; એટલું જ નહિ પરંતુ ગુજરાતના સર્વમાન્ય ઇતિહાસના લેખકને ઉપયોગી વસ્તુ થઈ પડી છે. જૈન અને જનેતર ઇતિહાસપ્રિય વાંચકોએ આ ગ્રંથનો લાભ લેવા જેવું છે.

૧૫. પાટીદાર શ્રાવણ ૧૯૮૭ ના અંકમાં પૃ. ૪૭૧-૨ ૫૨ તેના વિદ્વાન તંત્રી શ્રી **નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ** 'ગ્રંથપરિચય'માં પ્રકાશે છે કેઃ-

આ ગ્રંથના પ્રથમ ભાગનો પરિચય આ માસિકના ૧૯૮૪ના પોષ માસના અંકમાં સવિસ્તર આપ્યો છે. આ બીજા ભાગ વિષે એથી વધારે કંઈ ખાસ કહેવા જેવું નથી. આ ભાગમાં વિક્રમના અઢારમા શતકના ગૂજરાતી ભાષાના જૈન કવિઓની કવિતાઓ આપી છે. જૈન કવિઓની ખાસ વિશેષતા એ છે કે તેઓ અપભંશ ભાષાને વળગી રહ્યા છે; બ્રાહ્મણ કવિઓ ચાલુ ગુજરાતીમાં લખતા થાય છે, છતાંયે જૈન કવિઓ અપભ્રંશ ભાષાને વળગી રહ્યા છે. એ એમની વિશેષતા આ ગ્રંથમાં પણ સ્પષ્ટ થાય છે. સં. ૧૭૩૯ માં **યશોવિજયજીએ** 'જંબૂરાસ'ની આમ સમાપ્તિ કરી છેઃ

નંદ તત્ત્વ મુનિ ઉડુપતિ સંખ્યા વરસ તણી એ ધારો જી,
ખંભનયરમાંહિ રહિઅ ચોમાસું રાસ રચ્યો છે સારો જી;

એ જ અરસામાં બ્રાહ્મણ કવિ **પ્રેમાનંદે** 'રણયજ્ઞ'માં આમ લખ્યું છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જળ છાંટે નવ જાગે જોદ્ધો, તાપણાં કીધાં ચોફેર,
રૂદે ઉપર શીલાપડ મુકયાં, કાનમાં ફુંકે મદન ભેર.+

ભાઈ મોહનલાલે પુષ્કળ પ્રવાસો કરીને, જ્યાં ત્યાંના જૈન ભંડારો ઉકેલીને, આ સંગ્રહ કર્યો છે. પુસ્તકને અંત ૪ અનુક્રમણિકા અને ૫ પરિશિષ્ટ મુકીને વાચકને બહુ જ સરળતા કરી આપી છે. એમણે લીધેલા આ શ્રમ માટે ગુજરાતે એમનો ઉપકાર જરૂર માનવો ઘટે છે.

૧૬. સાહિત્ય ૧૯૩૧ ના અગસ્ટ માસના અંકમાં પૃ. ૫૬૬-૭ પર વિદ્વાન્ તંત્રી રા. મગન હ. કાંટાવાળા પ્રકટ કરે છે કેઃ-

આમાં વિક્રમ સકા અઢારમામાં જે જૈન કવિઓ થઈ ગયા તેમની કૃતિઓ અને જીવન વિષે સંપૂર્ણ પણ ટુંકામાં માહિતી આપી છે, તે સાથે સાથે એ કૃતિઓમાંથી જરૂર પૂરતા ઉતારા આપ્યા છે. ભાઈ મોહનલાલની સંશોધક વૃત્તિ સહેજે જણાઈ આવે છે. તેમની ઐતિહાસિક પદ્ધતિ ચાલુ રહી છે, અને તેમણે લીધેલી તકલીફ વખાણવી જોઈએ.

પરંતુ એથી આગળ અમે જઈ શકતા નથી. પહેલા ભાગ વિષે જરા વિસ્તારથી અવલોકન કરતાં અમે સંપ્રદાયી સાહિત્ય વિષે ઉલ્લેખ કરેલો હતો. તે વખતે અમે લખ્યું હતું, કે "ભાઈ મોહનલાલ માને છે કે જૈનો અને બ્રાહ્મણોનાં સાહિત્ય જૂદાં જૂદાં ખીલ્યા નહોતાં. આને માટે કશો આધાર તેઓ આપી શકયા નથી." પ્રસ્તુત બીજા ભાગમાંથી એમના એ વિધાનને જબરો ફટકો પડશે. જૈન સાહિત્ય સામાન્ય ગુજરાતી સાહિત્યથી તદ્દન નિરાળું હતું. એમ આ ભાગથી સાબિત થશે. વિક્રમનું અઢારમું સૈકું એટલે આપણી છેક નજીકનો કાળ. બસો વર્ષપરની કૃતિઓ અણીશુદ્ધ જોવાને મળે છે. એ કૃતિઓની ભાષા અને આ સંગ્રહની ભાષામાં આસ્માન જમીનનો ફેર છે. અઢારમી સદીમાં

નિધિબાળ રિષિ શશિ વછરઈ X X
X X ગાયઉ મુનિ જસવાસ
શ્રી ગચ્છપર તરપતિ જપઉ X X
શ્રી શાંતિ હરખે વાચક તણઉ કહઈ X ષ

(પ્રસ્તુત સંગ્રહ પાન ૧૧૩)

+ જૈન અને બ્રાહ્મણ કવિઓ વચ્ચે જે ભેદ રા. નરસિંહભાઈએ કાઢયો છે તેને સંપૂર્ણ રીતે સંમતિ આપી શકાતી નથી. તે ભેદના ઉદાહરણ તરીકે તેમણે યશોવિજય કૃત જંબૂરાસની અને પ્રેમાનંદ કૃત રણયજ્ઞની બે બે પંક્તિઓ લીધી છે. તેમાંથી પોતાના મતની પુષ્ટિ થતી નથી. એકે રચના સંવત્ (સં. ૧૭૩૯) બતાવવા સંસ્કૃત પ્રાકૃત લેખકો પોતાની કૃતિઓમાં જે પ્રથા સાંકેતિક શબ્દોની રાખતા તે પ્રમાણે વામ બાજુથી આંક ગણવાની રીતે રાખી છે કે જે ગૂજરાતી ભાષામાં જૈન લેખકોએ સામાન્યઃ રાખી છે અને તેના તે સિવાયના બીજા શબ્દોમાં અપભ્રંશ ભાષા સાથે વળગવાપણું શું છે તે સમજી શકાતું નથી, બીજાની રચના સંવત્ની પંક્તિઓ ન લેતાં બીજી પંક્તિઓ લીધે છે તેમાંના બધા શબ્દો ચાલુ ગૂજરાતી છે ને તેમાં અપભ્રંશની લેશ માત્ર છાંટ છે કે નથી એ પણ જોવાનું રહે છે. અપભ્રંશ ગૂજરાતીની જનની છે, અને તે પરથી આવેલા અનેક શબ્દો ગૂજરાતીમાં પ્રચલિત થતા જતા, તે પૈકી કોઈ કોઈ છોડી પણ દેવાતા એમ દરેક ભાષાની ઉત્ક્રાંતિ થતાં બનતું આવ્યું છે. આ સંબંધી વિશેષ પ્રકાશ યથાપ્રસંગે પાડવામાં આવશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી ભાષા હોય એ કોઈ માની શકે નહીં. અઢારમી સદી સુધી આવી ભાષા ચાલુ રહે, તેનું એક જ કારણ હોઈ શકે. સંપ્રદાયને લગતી કથાઓ, વિચારો, સિદ્ધાંતો લખતાં ને ફેલાવતાં સંપ્રદાયની પરિભાષા વપરાય; ને તેને લીધે પરિભાષા સાથે પ્રાચીન સમયમાં જેવા શબ્દપ્રયોગો થયા હોય, તેજ ઉતારવાનું મુનિઓને સુઝે-અરે સુઝે નહીં, પણ લગભગ કંઠસ્થ હોય તેથી તેજ એની મેળે લખાઈ જાય. આવા જૈન સાહિત્ય પરથી પ્રાચીન ગુજરાતીની ઇમારત રચનારા કેવી ગંભીર ભૂલો કરે છે, તે સહેજે સમજી શકાશે❖

❖ આ અને તે ઉપરનો-એ બંને પારામાં જે વાત સાહિત્યના તંત્રી શ્રી લખે છે તે પોતાની અમુક માન્યતાને અનુલક્ષીને છે. પહેલા ભાગનું અવલોકન લેતાં તેમણે જે લખ્યું તે આ બીજા ભાગને અવલોકતાં તાજાું કર્યું છે તે માટે અત્યાર સુધી કંઇ પણ રદિયો આપવાનું મેં જરૂરી નથી ધાર્યું તેનું કારણ એ કે ગૂજરાતીના ઘડતરમાં જૈનોએ આપેલ ફાળા સંબંધી ત્રીજા ભાગની પ્રસ્તાવનામાં લખવા ધાર્યું છે, તેમાં તે યથાપ્રસંગે વિશેષ સ્પષ્ટતાથી અને વિશાલતાથી આપવામાં આવશે, છતાં અત્રે ટુંકમાં નિવેદન કરવાનું કે તંત્રી શ્રી રા. કાંટાવાલાએ મારૂં માનવા તરીકે જે લખેલ છે તે તો મારા ને તેમના મિત્ર સાક્ષર શ્રી અંબાલાલ જાનીનું માનવું છે. જાનીજીએ જ ત્રણ ભ્રમો ગણાવ્યા તેજ અક્ષરશઃ નોંધ્યા છે તે પૈકી 'ત્રીજો ભ્રમ એવો છે કે જૈનો અને બ્રાહ્મણોનાં સાહિત્ય જુદાં જુદાં ખીલ્યાં હતાં' એમ કહી તે જાની મહાશય સાથે સાથે જણાવે છે કે-'પરંતુ સાહિત્યનો ઈતિહાસ લખાયા છતાં વિદ્વાનોએ તેમાં સાવધાની નહિ રાખવાની એ ભ્રમો થવા પામ્યા છે'-આ તેમનું અવતરણ જૈન ગૂર્જર કવિઓના પ્રથમ ભાગમાં જૂની ગૂજરાતીના ઈતિહાસના નિબંધમાં પૃ. ૩૨૦ પારા ૩૩૦ માં સ્પષ્ટ રીતે મૂકેલ છે : આમ છતાં 'સાહિત્ય'કારે તેનું મારા પર આરોપણ કર્યું છે તે યોગ્ય નથી. હું તો એમ કહું છું કે 'તે બંને સાહિત્યો જૂદાં જૂદાં ખીલ્યાં હતાં, પણ જૂદી જૂદી ભાષામાં નહિ બંનેની ભાષા સામાન્ય રીતે એક જ ચાલુ લોકભાષાની ગૂજરાતી હતી.' આ વિધાનને આ બીજા ભાગથી જબરો ફટકો પડતો નથી, છતાં 'પડશે' એમ કહી તેના સમર્થનમાં તંત્રીશ્રીએ જે ઉદાહરણ ટાંકેલ છે તે યોગ્ય લીધું નથી તેમજ તે પણ શુદ્ધ રીતે મૂકી શકયા નથી (તેમાં કદાચ પ્રેસદોષ પણ હોય). શુદ્ધ રૂપ આ પ્રમાણે છેઃ-

નિધિ બાણ રિષિ શશિ (૧૭૫૯) વછરઈ X X
X X ગાયઉ મુનિ જસવાસ
શ્રી ગચ્છ ષરતરપતિ જયઉ X X
શ્રી શાંતિહરષ વાચક તણઉ, કહઇ X X

આ ટાંકવાનું કારણ એમ અનુમનાય છે કે 'વછરઈ, 'ગાયઉ', 'તઉણ', 'કહઈ' એને બદલે વછરેં, ગાયો, જયો, તણો, કહે-એમ જ જોઈએ એમ તેમનું માનવું છે. પણ નમ્રતાપૂર્વક કહીએ તો તંત્રીશ્રીને ઘણી હસ્તપ્રતોનો વિશાલ પરિચય હોય એમ લાગતું નથી. તે સૈકાની બ્રાહ્મણ કવિની પ્રતો મેળવી તેઓ જોશો તો તેમાં પણ બંને જાતનાં રૂપો મળી આવશે અને એક જ જાતની જોડણી નહોતી એમ પ્રતીત થશે. જૈન કવિઓની કૃતિઓની પ્રતોમાં પણ એક જ લેખક કે કર્ત્તા જુદે જુદે સ્થળે એક જ કૃતિમાં લખતા. જે ઉદાહરણ લીધું તે રા. નરસિંહભાઈની પેઠે રચના સંવત્ દાખવતું લીધું વળી જે કવિનું ઉદાહરણ ટાંકયું છે તેજ જિનહર્ષની અભયકુમાર રાસ નામની કૃતિ લ્યો (પૃ. ૧૦૮), તેમાં ઈ, અને ઉના અંતવાળા પ્રયોગો પ્રાયઃ નથી દા.ત.

રાજ કરે રાજા તીહાંરે, શ્રેણીક ગુણની શ્રેણ
નિરમલ સમકીત જેહનોરે, ચૂકવીઈ નહિ કેણ
ભગતિ કરે ભગવંતની રે, પૂજા કરે ત્રિકાલ.
વીર વચન શ્રવણેં સુણે રે, મિથ્યા મનથી ટાલ.
મંત્રીસરસેહરો રે નામે અભયકુમાર
પ્રથમ પૂત્ર રાજા તણોરે બુધી તણો ભંડાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજી વાત. સંપ્રદાયી❖ સાહિત્ય પ્રગટ કરનાર 'ગૂર્જર' કરતાં જૈન પર વધારે ભાર મૂકવામાં લલચાય ને તેથી ગુજરાતી ન હોય તેને પણ જૈન છે માટે ગુજરાતી કરીને ઠોકી બેસાડે-અલબત અજાણતાં. આ સંગ્રહમાંનો દાખલો લઈએ. દેવચંદ્ર નામના જૈનમુનિની કૃતિઓના નમુના મૂકયા છે. આ કવિ વીકાનેરમાં (મારવાડમાં) થઈ ગયા, ગુજરાતને ને વીકાનેરને વેપારનો કે ધર્મનો ગમે તેવો સંબંધ હોય, મારવાડી ભાઈ ગુજરાતી ભણીને ભલે ગ્રંથો રચે, પણ તેવો ગ્રંથોને ગુજરાતી કેમ કહેવાય ? વાંચો આ નમુના :

(૧) હિંદુધર્મ વીકાનયર, કીની સુખ ચૌમાસ
તિહાં એ નિજ જ્ઞાતમાં, કીનો ગ્રંથ અભ્યાસ (૧૫૩
વર્ત્તમાનકાલ થીત આગમ સકલ ગીત
જગમ્રેં જ્ઞાનવાન સબ કહેં હં
જિનવર ધર્મ પરિ જાકી પરતીતિ થિર
ઔર મન વાતચિતમાંહિ નાહિં કહે હૈ. પાન ૪૮૦

(૨) અભયચંદકે આગ્રહે, પુસ્તક લિખ્યો પ્રમાણ
X X X X
ઔર ધર્મ સબ ભર્મ હે, જાસૌ બંધે ધર્મ
ક્ષેત્ર સ્પર્શનાકે ઉદે, તુમ હમ દર્શન હોય,
મનોવર્ગણાકો મિલન, ચાહત હૈ નિત સોય. (પાન ૪૮૩)

